Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ-ના તારીખ : ૩૦મી નવેમ્બર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીવાયસી/૧૧/ ૨૦૧૬/પીઆરવી/ ૧૦૨૦૦૮/ ૧૪૨૦/એ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Sub-Overseer (Directorate of Archaeology and Museum), Class-III, Recruitment Rules, 2010.

સબ–ઓવરસિયર (પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી), વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૦ સુધારવા સંબંધી જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૩૦મી નવેમ્બર,૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીવાયસી–૧૧–૨૦૧૬/પીઆરવી/૧૦૨૦૦૮/૧૪૨૦/એ :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સબ–ઓવરસિયર (પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી), વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો સબ–ઓવરસિયર(પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી), વર્ગ–૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સબ–ઓવરસિયર (પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી), વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૦(જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, "૨૯ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૬ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો :–

"ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક–ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૫ અને નિયમ ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવેશ એરડા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 10

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, JANUARY 7, 2017/PAUSA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : **૨૨મી માર્ચ, ૨૦૧૬** ગુજરાત સરકારના **ગૃહ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસ/૩૧/૨૦૧૬/એનએપી/૧૦૨૦૧૩/૧૪૧૬/પી. નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૨/૦૩/૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક:જીએસ/૩૧/૨૦૧૬/એનએપી/૧૦૨૦૧૩/૧૪૧૬/પી:- **ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ,** ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ની કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અંગે સદરહુ પરિશિષ્ટની કોલમ ૩-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે, તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક	અધિનિયમની કલમ- ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ	નિયત સમયમર્યાદા
(૧)	(૨)	(૩)
	(ક) પોલીસ કમિશનરની કચેરી:	
૧.	પર્ફોર્મન્સ (ભજવણી) લાઈસન્સ (મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧)	૧૦ દિવસ
	(ખ) જિલ્લા મેજિસ્ટ્રેટ:	
૧	પર્ફોર્મન્સ (ભજવણી) લાઈસન્સ (મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧)	૧૦ દિવસ
	(ગ) નિયામક, ન્યાયસહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય:	
૧	આગ, અકસ્માત, વગેરેના કિસ્સામાં વીમાના દાવાઓની ચુકવણી માટે અભિપ્રાય	૩૦ દિવસ
૨	પાસપોર્ટ, ઇમીગ્રેશન અને વિઝાના કિસ્સામાં ફિંગરપ્રિન્ટની ઓળખ	૧ દિવસ
	(ઘ) નિયામક, નશાબંધી અને આબકારીની કચેરી, ગુજરાત રાજ્ય:	
૧	ફોર્મ -એસ.ડબલ્યુ. ૧ (S.W-1): ધર્મ-સંસ્કારના હેતુઓ માટે વાઇન અને/અથવા દારૂની ખરીદી, કબજો, વપરાશ અને ઉપયોગની અધિકૃતિ. (મુંબઈ ધર્મ સંસ્કાર માટેના દારૂ નિયમો, ૧૯૫૦)	૧૫ દિવસ
૨	ફોર્મ -એસ.ડબલ્યુ. ૨ (S.W-2): ધર્મ સંસ્કાર માટે દારૂ(વાઇન)ના ઉત્પાદનનું લાઈસન્સ (મુંબઈ ધર્મ સંસ્કાર માટેના દારૂ નિયમો, ૧૯૫૦)	૩૦ દિવસ

INDEX

અનુક્રમાંક	અધિનિયમની કલમ- ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ	નિયત સમયમર્યાદા
(૧)	(૨)	(3)
3	ફોર્મ -એસ.ડબલ્યુ. 3 (S.W-3): ધર્મ સંસ્કાર માટેના દારૂ (વાઇન)ની હેરફેર માટે પાસ (મુંબઈ ધર્મ સંસ્કાર માટેના દારૂ નિયમો, ૧૯૫૦)	૭ દિવસ
૪	ફોર્મ-આર.એસ. ૨ (R.S-2): ઔદ્યોગિક, તબીબી, વૈજ્ઞાનિક, શૈક્ષણિક અને તેના જેવા અન્ય સમાન હેતુઓ માટે એબસોલ્યુટ આલ્કોહોલ સહિત રેક્ટિફાઇડ સ્પિરિટના ઉપયોગ અને કબજા માટે લાઈસન્સ (મુંબઈ રેક્ટિફાઈડ સ્પિરિટ નિયમો, ૧૯૫૧)	30 દિવસ
૫	ફોર્મ -ડી.એસ. 3 (D.S-3): રજિસ્ટર્ડ તબીબી પ્રેક્ટિશનરો દ્વારા તબીબી ઉપયોગ માટે સામાન્ય વિકૃત સ્પિરિટના કબજા માટેનું લાઈસન્સ (મુંબઈ વિકૃત સ્પિરિટ નિયમો, ૧૯૫૯)	૧૫ દિવસ
૬	ફોર્મ -ડી.એસ. ૪ (D.S -IV): ખરેખરા તબીબી, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક હેતુઓ માટે સામાન્ય વિકૃત સ્પિરિટના કબજા, હેરફેર અને ઉપયોગ માટેનું લાઈસન્સ (મુંબઈ વિકૃત સ્પિરિટ નિયમો, ૧૯૫૯)	૧૫ દિવસ
૭	ફોર્મ -એસ.એ. ૨ (S.A -2): સ્પિરિટયુક્ત ચીજવસ્તુઓની આયાત માટે લાઈસન્સ. (ગુજરાત કેફી દારૂ તરીકે ઉપયોગ માટે અયોગ્ય ચીજવસ્તુઓ (ઉત્પાદન અને આયાત) વિનિયમ, ૧૯૬૬)	30 દિવસ
૮	ફોર્મ -એસ.એ. 3 (S.A -3): સ્પિરિટયુક્ત ચીજવસ્તુઓની આયાત માટે પાસ. (ગુજરાત કેફી દારૂ તરીકે ઉપયોગ માટે અયોગ્ય ચીજવસ્તુઓ (ઉત્પાદન અને આયાત) વિનિયમ, ૧૯૬૬)	૧૦ દિવસ
૯	ફોર્મ -એમ -૨ (M-2): કાકવીના ઉત્પાદકો સિવાયની અન્ય વ્યક્તિઓના કાકવીના કબજા માટે લાઈસન્સ (મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫)	30 દિવસ
૧૦	ફોર્મ -એમ -૪ (M-IV): કાકવીની આયાત માટે લાઈસન્સ (મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫)	૭ દિવસ
૧૧	ફોર્મ -એમ -૫ (M-V): કાકવીની નિકાસ માટે લાઈસન્સ (મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫)	૭ દિવસ
૧૨	ફોર્મ -એમ -૬ (M-VI): કાકવીની હેરફેર માટે પરમિટ (મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫)	૭ દિવસ
૧૩	ફોર્મ -એમ.એ. ૧ (M.A.I): મિથાઈલ આલ્કોહોલના ખરીદી, કબજો, અને ઉપયોગ માટે લાઈસન્સ (ગુજરાત મિથાઈલ આલ્કોહોલ નિયમો, ૧૯૮૧)	30 દિવસ
૧૪	ફોર્મ -એફ.એલ. ૬ (F.L.-VI): વ્યક્તિગત વપરાશ માટે વિદેશી દારૂના કબજા અને ઉપયોગ માટે હેલ્થ પરમિટ (મુંબઈ વિદેશી દારૂ નિયમો,૧૯૫૩)	૬૦ દિવસ
૧૫	ફોર્મ -બી(B): વિદેશી દારૂ માટે જૂથ પરમિટ (ગૃહ વિભાગ હુકમ કમાંક. જીજી/૧૩૭/૨૦૦૬/૨૯૫૨/ઈ.૧, તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૬)	૭ દિવસ

INDEX

અનુક્રમાંક	અધિનિયમની કલમ- ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ	નિયત સમયમર્યાદા
(૧)	(૨)	(૩)
૧૬	ફોર્મ -એલ/૧ (L/1): જકાત ચુકવણી બોન્ડ હેઠળ, દારૂ, અફીણ અને ભારતીય ગાંજો અને અન્ય કેફી ઔષધો અને કેફી દ્રવ્યો સહિત ઔષધીય અને પ્રસાધનીય બનાવટ ઉત્પાદનનું લાઈસન્સ (ઔષધીય અને પ્રસાધનીય બનાવટ (આબકારી ડ્યુટી) અધિનિયમ, ૧૯૫૫)	૬૦ દિવસ
૧૭	ફોર્મ -એલ/૪ (L/4): વેરાપાત્ર માલ રાખવાની વખાર(બોન્ડેડ વેરહાઉસ) માટે લાઈસન્સ (ઔષધીય અને પ્રસાધનીય બનાવટ (આબકારી ડ્યુટી) અધિનિયમ, ૧૯૫૫)	૦૩ દિવસ
૧૮	ફોર્મ -ડીડી ૩ (DD3): માન્ય કરેલ પ્રેક્ટિશનરો (વ્યાવસાયિકો) માટે તેમના વ્યવસાયના ઉપયોગ માટે પરંતુ વેચાણ માટે નહિ એમ કોકા વ્યુત્પન્નોના કબજા માટે ખાસ અધિકૃતિ (હાનિકારક ઔષધ અધિનિયમ, ૧૯૩૦)	૦૫ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિલીપ જી. સોની,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 11

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY JANUARY, 7, 2017/PAUSA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૭મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-ના તારીખ : ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-એસએચ-૨૧-૨૦૧૬-એમકેએમ-૧૦-૨૦૦૦-૫૮૩ (૨૫૧૯૧૫)છ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
The Chief Officer, Probation Officer and Head Master/ Principal of homes for disabled, Class III (Conditions of service relating to pre-service Training and passing of post-Training Examination) Rules, 2016.

ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/ આચાર્ય, વર્ગ–૩ (સેવાને લગતી પૂર્વ–સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની શરતો બાબત) નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીએચ/એસએચ/૨૧/૨૦૧૬/એમકેએમ/૧૦/૨૦૦૦/૫૮૩(૨૫૧૯૧૫)/છ:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ–૩ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તે જ્યાં સુધી તેમની પૂર્વ–સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.–**

(૧) આ નિયમો ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ–૩ (સેવાને લગતી પૂર્વ–સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની શરતો બાબત) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે *રાજપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે,સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં,ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ–૩ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ અન્યથા નીચલી જગાથી બઢતી મેળવેલી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.–આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-**

(ક) "પરિશિષ્ટ"એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ)"કરારગત જગા" એટલે જે જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની કરાર આધારિત નિમણૂક કરવામાં આવી હોય તેવી સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં,

ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ–૩ની જગા;

(ગ) "મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)"એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)–ના મહાનિયામક ડાયરેક્ટર જનરલ);

(ઘ) "સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ"એટલે સ્પર્ધાત્મક પરીક્ષા મારફત સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં, ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ–૩ની કરારગત જગા પર નિમાયેલી વ્યક્તિ;

(ચ) "પરીક્ષા" એટલે સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં, પરિશિષ્ટ "ક"માં નિર્દિષ્ટ કરેલ જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને પૂર્વ–સેવા તાલીમ આપેલ હોય તેવી સંસ્થા યોજેલી તાલીમાંત પરીક્ષા;

(છ) "સંસ્થા (ઈન્સ્ટિટ્યૂટ)" એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા);

(જ) "નિર્દિષ્ટ ક્રમ"એટલે કોઈ વ્યક્તિએ જેટલી ક્રમોની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી ક્રમોની સંખ્યા.

૩. સંસ્થાકીય તાલીમ ને પરીક્ષાની યોજના.–દરેક સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, નીચેની જોગવાઈઓ અનુસાસંસ્થાકીય તાલીમ, સંસ્થામાં લેવાની રહેશે અને સંસ્થાએ યોજેલ તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૧) સંસ્થાકીય તેમ,છ અઠવાડિયાની મુદત સુધીની હોવી જોઈશે. સંસ્થા દ્વારા તાલીમ આપવામાં આવશે.

(૨) સીધી ભરત નિમાયેલી વ્યક્તિઓ, તેમની સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન સંસ્થાના મહાનિયામાયરેક્ટર જનરલ)ના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) સંસ્થાકીય મની મુદત પૂરી થયા પછી, સંસ્થાએ પરીક્ષા યોજવી જોઈશે. જેણે સંસ્થાકીય તાલીમ કાપૂરો કર્યો હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ પરીક્ષા પાસ કરવાની રહેશે. સંસ્થ તાલીમ પૂરી થયા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તેમની પરીક્ષા યોજાય ત્યા, તેમની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

૪. **પરીક્ષા અને અભ્યા–**

(૧) તાલીમાંત ા ચાર પ્રશ્નપત્રોની રહેશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ (એક સો) ગુણનું રહેશે. દરેક પ્રશ્નપત્રનો ાસક્રમ, પરિશિષ્ટ–ક–માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

INDEX

(૨) વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નપત્ર–૪ સિવાય, પરીક્ષા બહુવિધ પસંદગી પ્રશ્નો (મલ્ટીચોઇસક્વેશ્ચન્સ)ની રહેશે.

(૩) ઉમેદવારને પ્રશ્નપત્રોના જવાબ,પુસ્તકોની મદદથી આપવા દેવામાં આવશે અને પ્રશ્નપત્ર–૪ ના જવાબ, પુસ્તકોની મદદ સિવાય આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ.– "પુસ્તકો સાથે" એટલે સરકારે અથવા સંસ્થાએ વખતોવખત મંજૂર કરેલ, વિષયનું અસલ (મૂળ) પુસ્તક અને તેમાં કોઇપણ વિવરણ (ટીપ્પણી)અથવા કેસ લો (પૂર્વ–કાયદા) સિવાયના મૂળ (ફક્ત) અધિનિયમો અને/અથવા નિયમો તેમજગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમસંગ્રહનો સમાવેશ થશે.

૫. પરીક્ષા પાસ કરવા માટેની તકો.–

(૧) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તેમના પાંચ વર્ષની કરારગત મુ દરમિયાન અને ત્રણ તકોમાં પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ ત્રણ તકોની અંદર પરીક્ષા પાસ કરવા નિષ્ફળ રહે તેવી સૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓને એક વધારાની તક આપવામાં આશે, જે, તેના તૃતીય તકની પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંલેવી જોઇશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણેાવેલ તકોમાં પરીક્ષા પાસ કરવા નિષ્ફળ જાય, તો તેની સેવા સમાપ્ત કરવામાં આવશે:

પરંતુ આવા કિસ્સામાં, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે ક્તિ, પોતાના કાબૂ બહારના કારણોસર ઠરાવેલ તકોની અંદર પરીક્ષા પાસ કરી શકી નથી, તે (રાજ્ય સરકાર), કારણોની લેખિતમાં નોંધ કર્યા પછી, સરકાર વખતો વખત નક્કી કરે તેટરીક્ષા ફી ભર્યે, તેને આવી પરીક્ષા પાસ કરવા માટે બે કરતાં વધુ નહિ તેટલી વધારાની તકો આકશે:

વધુમાં, વધારાની તકો લીધા પછી, વ્યક્તિએ ઠરાવેલી તકોમાં પ પાસ કરી ન હોય, તો તેની પહેલાં જેમણે નિર્દિષ્ટ તકો અને નિર્દિષ્ટ સમયની અંદર તેવી પરીાસ કરી હોય એવી વ્યક્તિઓ ઉપર, તે(વ્યક્તિ), સિનિયોરીટી માંગવાને હકદાર થશે નહિ.

(૩) ઉપર પેટા–નિયમ (૧) અને પેટા–નિયમ (૨)માં જણાવેલા સંજોગે પરીક્ષા સમયસર યોજવામાં આવી ન હોય અથવા સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની ક્ત મુદત પૂરી થાય તે પહેલાં તેનું પરિણામ જાહેર થઇ શક્યું ન હોય તો, તેની કરારગત મુોની છેલ્લી તકની પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી લંબાવેલી હોવાનું ગણાશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત નહિ થવાની બાબત, એક તક તરીકે ગણાશે.

INDEX

૬. **પરિણામની પ્રસિદ્ધિ.**–મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)–એ પરીક્ષાના પરિણામ જાહેર કરવા જોઈશે અને તે (પરિણામ) સરકારને મોકલવા જોઈશે. સરકારે તેને રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઈશે.

૭. **પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.**–

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા (૫૦%) ગુણનું રહેશે.

(૨) કોઈ એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં સાઠ ટકા અથવા તેનાથી વધુ ગુણ મેળવે તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષામાં તે પ્રશ્નપત્ર અથવા તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, સંસ્થાકીય તાલીમમાં હાજર રહેવા અને પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે, તેમણે કરેલી મુસાફરી માટે કોઈ મુસાફરી ભથ્થાં મેળવવાને હકદાર થશે નહિ.

૮. **પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતા.**–

(૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે લાયક થવા માટે, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, સંસ્થાકીય તાલીમમાં વ્યાખ્યાનોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનોમાં હાજર રહેવાનું જરૂરી રહેશે, અન્યથા તેઓ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ગેરલાયક ઠરશે અને તેમની કરારગત નિમણૂક સમાપ્ત થવાને જવાબદાર ઠરશે.

(૨) સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને, કોઈપણ પ્રકારની રજા અથવા ત્રણ દિવસ કરતાં વધુ દિવસની રજા અથવા ગેરહાજરીની છૂટ આપવામાં આવશે નહિ. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, ત્રણ દિવસ કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહે અને મહાનિયામકને ખાતરી થાય કે તેની ગેરહાજરી, તેના કાબૂ બહારના કોઈ અનિવાર્ય સંજોગોને કારણે નહતી, તો તેઓ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓનીની ગેરહાજરીના દિવસોના તેના પગારની કપાત કરવાનો આદેશ કરી શકશે.

૯. **સંસ્થાકીય તાલીમ માટે પુસ્તકો.**–સંસ્થાએ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને, સંસ્થામાં તેમની સંસ્થાકીય તાલીમ દરમિયાન, કોઈપણ અનામત જામીનગીરી મેળવ્યા વિના, સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટેના પુસ્તકો પૂરા પાડવા જોઈશે. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, પરીક્ષા પૂરી થાય કે તરત જ પુસ્તકો પરત કરવાના રહેશે. પુસ્તકો ખોવાઈ ગયાના અથવા તેને નુક્સાન થવાના કિસ્સામાં, સંસ્થાએ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ પાસેથી પુસ્તકોની કિંમત વસૂલ કરવી જોઈશે.

INDEX

૧૦. **પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર મનાઇ.**–કોઈપણ સીધી ભરતીથી નિમાયેલ વ્યક્તિને, પેજર, સેલ્યુલર ફોન, લેપ–ટોપ, આઇ–પેડ, કેલ્ક્યુલેટર વગેરે જેવા બીજા કોઈ વીજાણુ (ઈલેક્ટ્રોનિક) સંદેશાવ્યવહારના સાધનો, પરીક્ષા ખંડમાં પોતાની સાથે લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૧. **સુરક્ષા અને જામીનખત.**–

(૧) સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યક્તિએ, પરિશિષ્ટ–ખમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં બોન્ડ ભરવાનો રહેશે.

(૨) પરીક્ષા પાસ કર્યા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ,સમાજ સુરક્ષા ખાતાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં,ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને વિકલાંગ માટેના ગૃહના મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ–૩ની જગા પર કામ કરવાનું રહેશે.

૧૨. **પ્રકીર્ણ જોગવાઇઓ.**–પ્રવર્તમાન સંજોગો અનુસાર,મહાનિયામક (ડાયરેક્ટર જનરલ) પરીક્ષાનું તાલીમ સમયપત્રક બદલી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

પરિશિષ્ટ–ક

(જુઓ નિયમ ૪(૧))

અપંગ માટેના ગૃહોના, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, ચીફ ઓફિસર, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી અને મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ–૩ માટે સંસ્થાગત તાલીમ અને તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર ૧ : કચેરી કાર્યપદ્ધતિ

કુલ–૧૦૦ ગુણ, સમય ૨ કલાક, (પુસ્તકો સાથે)

(૧) સચિવાયલના વિભાગમાંની કચેરી કાર્યપદ્ધતિ.
(૨) વિભાગોના વડાની કચેરીઓ અને તેઓના વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓમાંની કચેરી કાર્યપદ્ધતિ.
(૩) સચિવાયલના વિભાગોની અને વિભાગોના વડાની કચેરીઓ અને તેઓના વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓના વહીવટી માળખા અંગેની અને સામાન્ય માહિતી.(પંચાયતો સહિત)
(૪) રજૂઆતની રાહ.

પ્રશ્નપત્ર ૨: સામાન્ય વહીવટી જ્ઞાન (સામાન્ય વિચાર)

કુલ–૧૦૦ ગુણ, સમય ૨ કલાક, (પુસ્તકો સાથે)

(૧) ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (વોલ્યુમ ૧ થી ૮).
(૨) ગુજરાત બજેટ મેન્યુઅલ.
(૩) ગુજરાત નાણાકીય નિયમો.
(૪) મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.
(૫) ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

પ્રશ્નપત્ર ૩:સેવા વિષયક બાબત

કુલ–૧૦૦ ગુણ, સમય ૨ કલાક, (પુસ્તકો સાથે)

(૧) માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

(૩) ખાનગી અહેવાલ નિયમો અને માર્ગદર્શિકા.

(૪) રોસ્ટર નિયમ સંગ્રહ (કેવી રીતે રોસ્ટર રજિસ્ટર તૈયાર કરવા, નિભાવવા અને રોસ્ટર પોઇન્ટની ફાળવણી કરવી).

(૫) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ (સામાન્ય વિચાર).

(૬) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

પ્રશ્નપત્ર ૪: અંગ્રેજી અને ગુજરાતી ભાષા

કુલ–૧૦૦ ગુણ, સમય ૩ કલાક, (પુસ્તકો વિના)

(૧)	જાહેર જનતા અને બીજી એજન્સીઓ સાથે નોંધ અને મુસદ્દાના ચોક્કસ સંદર્ભમાં પરિચ્છેદ ફરી લખવો.	૨૦ ગુણ
(૨)	અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર.	૧૦ ગુણ
(૩)	ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર.	૧૦ ગુણ
(૪)	ગુજરાતી વ્યાકરણ.	૧૦ ગુણ
(૫)	અંગ્રેજી વ્યાકરણ.	૧૦ ગુણ
(૬)	સરકારી પત્રવ્યવહાર,વિવિધ પ્રકારના પત્રો અને તેમની વચ્ચેનો તફાવત. સરકારી પત્રો–ડીઓલેટર્સ (અર્ધ–સરકારી પત્રો)વગેરે.	૨૦ ગુણ
(૭)	ગુજરાતી અને અંગ્રેજી વહીવટી શબ્દભંડોળ અને તેનો ઉપયોગ.	૨૦ ગુણ

પરિશિષ્ટ – ખ

(જુઓ નિયમ ૧૧ (૧))

જામીનખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું.....વિભાગના તારીખઃ.....ના સરકારી જાહેરનામા ક્રમાંક.....માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર .....ની જગા પર કરાર આધારિત નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજયપાલ (જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામ ફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે

INDEX

ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચુકવવાનું થતું હોવાથી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ–એ મને આપેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસો, એકિઝકયુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઈએ છીએ. ..... મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ)તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરાર આધારિત નિમણૂકના નિયમોની કોઈ જોગવાઈઓનું પાલન, સરકારને સંતોષ થાય તે રીતે ના કર્યેથી અથવા (ઘ) તે રીતે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂકની તારીખથી૩ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીનખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ ખતના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલ નિયત કરાર અને શરતનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે, અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે:

પરંતુ અન્ય હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦.....ના .....મહિનાની..... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

ઉમેદવારની સહી.

(આખું નામ અને પૂરેપૂરું સરનામું)

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોપ્યું:–

૧.સહી અને પૂરેપૂરું સરનામું.

૨.સહી અને પૂરેપૂરું સરનામું.

જામીનગીરી

અમે
શ્રી.....અને.....રહેવાસી....
તાલુકો..... જિલ્લો..... ...., તે ઉપરના નામવાળા
શ્રી.....ના (જેનો આમાં હવે પછી, "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) સરકારને સંતોષ થાય, તે રીતે તાલીમાંત પરીક્ષા, જો કોઇ હોય, તો તેમાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) સરકારને સંતોષ થાય તે રીતે કરાર આધારિત નિમણૂકની કોઇ જોગવાઇનું પાલન ન કર્યેથી અથવા (૪) તેની નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂર્ણ થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, તેની તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી, તાલીમ સંસ્થાએ તેને આપેલ તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઇ કરવા બંધાયેલો હોય તે રકમ, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતાં ગુજરાતના રાજયપાલને (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુકત અને વ્યકિતગત રીતે બંધાઇએ છીએ અને અમે કબૂલ થઇએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અને ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને વધુમાં અમે કબૂલ થઇએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઇ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુકત થઇશું નહિ અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે, અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુકત અને વ્યકિતગત રહેશે.

ઉપરના નામવાળા જામીને સન ૨૦.....ના .....મહિનાની .....તારીખે સહી કરી અને સોપ્યું.

તારીખ: જામીનની સહી.
સ્થળ: પૂરેપૂરું સરનામું અને ધંધો.
તારીખ: જામીનની સહી.
સ્થળ: પૂરેપૂરું સરનામું અને ધંધો.

નીચેનાની હાજરીમાં:
સાક્ષીની સહી,
પૂરેપૂરું સરનામું અને ધંધો:

સાક્ષીની સહી,
પૂરેપૂરું સરનામું અને ધંધો:

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર ચૌહાણ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 12

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, JANUARY 9, 2017/PAUSA 19, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના **તારીખ : ૧૧મી એપ્રિલ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસ/૩૧/૨૦૧૬/એનએપી/૧૦૨૦૧૩/૧૪૧૬**/પી.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Government Notification, Home Department No.GS/31/2016/NAP/102013/1416/P, dated the 22/03/2016.

ગૃહ વિભાગનું તારીખ:૨૨/૦૩/૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીએસ/૩૧/૨૦૧૬/એનએપી/૧૦૨૦૧૩/૧૪૧૬/પી. સુધારવા સંબંધી

જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩.

ક્રમાંક. જીએસ/૩૧/૨૦૧૬/એનએપી/૧૦૨૦૧૩/૧૪૧૬/પી:- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ: ૨૨/૦૩/૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીએસ/૩૧/૨૦૧૬/એનએપી/૧૦૨૦૧૩/૧૪૧૬/પી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, પરિશિષ્ટ-ક-માં,-

(૧) "[ક] પોલીસ કમિશનરની કચેરી:"એ શીર્ષક હેઠળ, અનુક્રમાંક ૧ પરની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી:-

અનુક્રમાંક.	અધિનિયમની કલમ-૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ.	નિયત સમયમર્યાદા.
(૧)	(૨)	(૩)
"૨	ફોર્મ-એલઇ-૧, ફટાકડા ઉત્પાદન માટે લાઈસન્સ(કાયમી) (સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૬૦ દિવસ
૩	ફોર્મ-એલઇ-૧, ફટાકડા ઉત્પાદન માટે લાઈસન્સ(કામચલાઉ) (સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૬૦ દિવસ
૪	ફોર્મ-એલઇ-૫, વર્ગ-૬, વિભાગ ૧-ના ફટાકડા/નાના હથિયારોનું નાઈટ્રો સંયોજન/ ચાઇનીઝ ફટાકડા અથવા સ્પાર્કલર્સ/આતશબાજીના વિસ્ફોટક ઉપકરણ (કાયમી) રાખવા અને વેચવા માટે લાઈસન્સ(સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૬૦ દિવસ
૫	ફોર્મ-એલઇ-૫, વર્ગ-૬, વિભાગ ૧-ના ફટાકડા/નાના હથિયારોનું નાઈટ્રો સંયોજન/ ચાઇનીઝ ફટાકડા અથવા સ્પાર્કલર્સ/આતશબાજીના વિસ્ફોટક ઉપકરણ (કામચલાઉ) રાખવા અને વેચવા માટે લાઈસન્સ (સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૨૧ દિવસ
૬	ફોર્મ-એલઇ-૧, ફટાકડાના ઉત્પાદનનું લાઈસન્સ તાજું કરવું. (સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૧૫ દિવસ
૭	ફોર્મ-એલઇ-૫, વર્ગ-૬, વિભાગ ૧-ના ફટાકડા/નાના હથિયારોનું નાઈટ્રો સંયોજન/ ચાઇનીઝ ફટાકડા અથવા સ્પાર્કલર્સ/આતશબાજીના વિસ્ફોટક ઉપકરણ (કામચલાઉ) રાખવા અને વેચવા માટેનું લાઈસન્સ તાજું કરવું.(સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮),";	૧૫ દિવસ

INDEX

(૨) "[ખ] જિલ્લા મેજિસ્ટ્રેટ:" એ શીર્ષક હેઠળ,અનુક્રમાંક ૧ પરની નોંધ પછી,નીચેની નોંધો ઉમેરવી:–

"૨	ફોર્મ–એલઇ–૧, ફટાકડા ઉત્પાદન માટે લાઇસન્સ(કાયમી) (સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૬૦ દિવસ
૩	ફોર્મ–એલઇ–૧, ફટાકડા ઉત્પાદન માટે લાઇસન્સ(કામચલાઉ) (સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૬૦ દિવસ
૪	ફોર્મ–એલઇ–૫, વર્ગ–૬, વિભાગ ૧–ના ફટાકડા/નાના હથિયારોનું નાઇટ્રો સંયોજન/ ચાઇનીઝ ફટાકડા અથવા સ્પાર્કલર્સ/આતશબાજીના વિસ્ફોટક ઉપકરણ (કાયમી) રાખવા અને વેચવા માટે લાઇસન્સ(સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૬૦ દિવસ
૫	ફોર્મ–એલઇ–૫, વર્ગ–૬, વિભાગ ૧–ના ફટાકડા/નાના હથિયારોનું નાઇટ્રો સંયોજન/ ચાઇનીઝ ફટાકડા અથવા સ્પાર્કલર્સ/આતશબાજીના વિસ્ફોટક ઉપકરણ (કામચલાઉ) રાખવા અને વેચવા માટે લાઇસન્સ (સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૨૧ દિવસ
૬	ફોર્મ–એલઇ–૧, ફટાકડાના ઉત્પાદનનું લાઇસન્સ તાજું કરવું. (સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮)	૧૫ દિવસ
૭	ફોર્મ–એલઇ–૫, વર્ગ–૬, વિભાગ ૧–ના ફટાકડા/નાના હથિયારોનું નાઇટ્રો સંયોજન/ ચાઇનીઝ ફટાકડા અથવા સ્પાર્કલર્સ/આતશબાજીના વિસ્ફોટક ઉપકરણ (કામચલાઉ) રાખવા અને વેચવા માટેનું લાઇસન્સ તાજું કરવું. (સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪ અને સ્ફોટક દ્રવ્ય નિયમો, ૨૦૦૮),";	૧૫ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નયના પટેલ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 13 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The GujaratGovernment Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, JANUARY 9, 2017/PAUSA 19, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** વિભાગ-ના તારીખ : ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીવાયસી/૨૦૧૫નો ૦૯-જીટીએલ-૧૦૨૦૦૮-૨૧૫ (૧) ૧૯૪૯-એફ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Director of Libraries, Class I, in the Gujarat Library Service, Recruitment Rules, 2016.

ગુજરાત ગ્રંથાલય સેવામાં, ગ્રંથાલય નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીવાયસી/૨૦૧૫નો ૦૯-જીટીએલ-૧૦૨૦૦૮-૨૧૫ (૧) ૧૯૪૯-એફ: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત રાજ્યની ગુજરાત ગ્રંથાલય સેવામાં, ગ્રંથાલય નિયામક, વર્ગ ૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત ગ્રંથાલય સેવામાં, ગ્રંથાલય નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત ગ્રંથાલય સેવામાં, ગ્રંથાલય નિયામક, વર્ગ-૧ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ગ્રંથાલય નિયામકની કચેરી હેઠળ, ગુજરાત ગ્રંથાલય સેવામાં, ગ્રંથપાલ, વર્ગ ૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ સરકારે તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી હોવાનું જાહેર થયેલી અન્ય શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૪) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અથવા ગ્રંથાલય વિજ્ઞાનમાં મેળવેલી પદવી ધરાવતો હોવો જોઈશે;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય જણાતી "ખૂબ સારાનો આધાર ચિહ્ન" ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર

INDEX

હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨–માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય–મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય–મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ સરકારે તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી હોવાનું જાહેર થયેલી અન્ય શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અથવા ગ્રંથાલય વિજ્ઞાનમાં મેળવેલી અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;અને

(ગ) (૧) જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી,ગુજરાત ગ્રંથાલય સેવામાંની,મદદનીશ ગ્રંથાલય નિયામક, વર્ગ ૨–ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે આઠ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી, ગુજરાત રાજ્યમાંની, ગુજરાત ગ્રંથાલય સેવામાંની, મદદનીશ ગ્રંથાલય નિયામક, વર્ગ ૨–ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો, સરકારમાં અથવા સ્થાનિક મંડળો અથવા યુનિવર્સિટીઓ અથવા કોલેજોમાં અથવા સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશનમાં અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની અથવા નોંધાયેલ ટ્રસ્ટ અથવા જાહેર ક્ષેત્ર અથવા ખાનગી ક્ષેત્રની સંસ્થામાં ગ્રંથાલયોની તપાસ અને/અથવા વહીવટનો આશરે આઠ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમુનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવેશ એરડા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 14

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, JANUARY 10, 2017/PAUSA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૮મી નવેમ્બર, ૨૦૧૬ના ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ/૨૦૧૬/૯૦/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૭/ડી.-૧**,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Senior Industries Inspector, Class III, in the Commissionerate of Industries, Recruitment Rules, 2016.

ઉદ્યોગ કમિશનરની કચેરીમાં, સિનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬

સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૮મી નવેમ્બર,૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૯૦/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૭/ડી–૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી ઉદ્યોગ કમિશનરની કચેરીમાં, સિનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ઉદ્યોગ કમિશનરની કચેરીમાં, સિનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ઉદ્યોગ કમિશનરની કચેરીમાં, સિનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૪ (ખ)માં, " એન્જિનિયરીંગ અથવા ટેક્નોલોજિ" એ શબ્દોને બદલે, " એન્જિનિયરીંગ અથવા ટેક્નોલોજિ (સિવિલ એન્જિનિયરીંગ સિવાય)" એ શબ્દો અને કૌંસ મૂકવા;

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.જી.ચૌધરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 15

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, JANUARY 17, 2017/PAUSA 27, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ : ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૭** ના ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના** જાહેરનામા **ક્રમાંક: કેપી/૨૦૧૭નો ૧/પીઆરસીએચ/ ૧૦૨૦૧૦/ જીઓઆઈ/૪૩/જી** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Gujarat Provisions of the Panchayats (Extension to the Scheduled Areas) Rules, 2017.

ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/ ૨૦૧૭નો ૧/ પીઆરસીએચ/ ૧૦૨૦૧૦/ જીઓઆઈ/ ૪૩/ જી:- સંસદે, પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) અધિનિયમ, ૧૯૯૬ (સન ૧૯૯૬ના અધિનિયમ ક્રમાંક: ૪૦મા)ની જોગવાઈઓ ઘડીને, સંવિધાન (તોંતેરમા સુધારા)થી દાખલ કર્યા પ્રમાણેની, ભારતના સંવિધાનના ભાગ ૯-ની જોગવાઈઓ લાગુ પાડી હતી;

અને સદરહુ કેન્દ્રીય અધિનિયમને અનુરૂપ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ કરવા, ગુજરાત રાજ્ય વિધાનમંડળે, ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ, ૧૯૯૮ (સન ૧૯૯૮નો ગુજરાતનો ૫-મો) અધિનિયમિત કરીને, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ સુધારેલ છે અને તેમાં કલમો ૨૭૮-ક અને ૨૭૮-કક દાખલ કરેલ છે અને તેનાથી અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામ સભા અને પંચાયત માટેની ખાસ જોગવાઈઓ કરેલ છે;

અને ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ, ૧૯૯૮ થી સુધાર્યા પ્રમાણેના ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩થી અનુસૂચિત વિસ્તારોમાંની ગ્રામ સભા અને પંચાયતને, લોકોની પરંપરાઓ અને રૂઢિઓ, તેમની સાંસ્કૃતિક ઓળખ, સામુદાયિક સંસાધન અને તકરારના ઉકેલ માટેની રૂઢિગત પ્રથા અને ગૌણ વન પેદાશોની માલિકી વગેરે સુરક્ષિત રાખવા અને તેને જાળવવાની સત્તા આપવામાં આવેલ છે;

અને ગ્રામ સભાને મધ્યસ્થ ભૂમિકા સોંપીને, જેનાથી સ્વરાજ્યને ઉત્તેજન આપવામાં આવે છે તેવા ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ, ૧૯૯૮નો અમલ કરવો એ અનુસૂચિત વિસ્તારોમાં રહેતા લોકોના હિતસંબંધને સુરક્ષિત રાખવા માટે આવશ્યક છે;

અને સંજોગોને ધ્યાનમાં લેતાં અને આદિજાતિ સમુદાયોના કલ્યાણ માટે, ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે નિયમો કરવા તાત્કાલિક પગલાં લેવા અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)ના પ્રથમ પરંતુક હેઠળ તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ (સન ૧૯૯૩ના ૧૮મા)ની કલમો ૯૩ અને ૯૪ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તા અને આ અર્થે તેને સક્ષમ બનાવતી બીજી તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

પ્રારંભિક

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, આ અધિનિયમ અમલમાં હોય તેવા રાજ્યમાંના તમામ અનુસૂચિત વિસ્તારોને લાગુ પડશે.

(૩) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(ખ) "જિલ્લા વિકાસ અધિકારી" એટલે આ અધિનિયમના હેતુ માટે, રાજ્ય સરકાર, જિલ્લા વિકાસ અધિકારી તરીકે નીમે તેવા અધિકારી;

(ગ) ''જૂથ ગ્રામ પંચાયત'' એટલે એકથી વધુ મહેસૂલી ગામોમાં હકૂમત ધરાવતી ગામ પંચાયત;

(ઘ) ''મામલતદાર'' એટલે રાજ્ય સરકાર, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ હેઠળ મામલતદાર તરીકે નીમે તેવા અધિકારી;

(ચ) ''બેઠક'' એટલે ગ્રામ સભાની બેઠક;

(છ) ''સભ્ય'' એટલે ગ્રામ સભાનો સભ્ય;

(જ) ''ગૌણ વન પેદાશ''નો, ગુજરાત ગૌણ વન-પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, ૧૯૭૯-ની કલમ ૨-ના ખંડ (૯)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે;

(ઝ) ''નાણાંની ધીરધાર કરનાર'' એટલે ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણેના નાણાંની ધીરધાર કરનાર;

(ટ) ''પ્રસ્તાવ'' એટલે ગ્રામ સભા દ્વારા ઠરાવ કરવા માટેની કામગીરીને સૂચિત કરવા માટે કરવામાં આવતી દરખાસ્ત અને તેમાં પ્રસ્તાવના સુધારાનો સમાવેશ થાય છે;

(ઠ) ''પંચાયત'' એટલે ગામ પંચાયત;

(ડ) ''અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી'' એટલે સરપંચ અથવા ઉપ-સરપંચ અથવા અધિનિયમની કલમ ૯૩ની પેટા-કલમ (૩) પ્રમાણે બેઠકનું અધ્યક્ષસ્થાન લેવા ગ્રામ સભાએ ચૂંટેલો પંચાયતનો સભ્ય;

(ઢ) ''સરપંચ'' એટલે ગામ પંચાયતના સરપંચ અને તેની ગેરહાજરીમાં, ગામ પંચાયતના ઉપ-સરપંચ;

(ત) ''સેક્રેટરી'' એટલે પંચાયતના સેક્રેટરી;

(થ) ''કલમ'' એટલે અધિનિયમની કલમ;

(દ) ''રાજ્ય'' એટલે ગુજરાત રાજ્ય;

(ધ) ''ગામની ચાવડી'' એટલે અને તેમાં ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ હેઠળ ચાવડી તરીકે ગણાતા હોય તેવા સ્થળનો સમાવેશ થાય છે;

(ન) ''તાલુકા વિકાસ અધિકારી'' એટલે આ અધિનિયમના હેતુ માટે, રાજ્ય સરકાર, તાલુકા વિકાસ અધિકારી તરીકે નીમે તેવા અધિકારી;

(૨) અહીં વ્યાખ્યા ન કરાયેલા પણ અધિનિયમમાં વ્યાખ્યા કરાયેલા શબ્દો અને શબ્દસમૂહોનો, અધિનિયમમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે.

ગ્રામ સભાની રચના અને તેના કાર્યો

૩. **ગ્રામ સભાની રચના.-**

ગામ સ્તરે પંચાયત માટેની મતદાર યાદીમાં જેમના નામોનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તમામ લોકો, તે ગામની ગ્રામ સભાના સભ્યો રહેશે.

૪. **પંચાયત, ગ્રામ સભાની કારોબારી સમિતિ હોવા બાબત.-**

(૧) પંચાયત, ગ્રામ સભાની કારોબારી સમિતિ હોવાનું ગણાશે.

(૨) પંચાયતે, ગ્રામ સભાની સામાન્ય દેખરેખ, નિયંત્રણ અને માર્ગદર્શન હેઠળ કાર્ય કરવું જોઈશે.

૫. **ગ્રામ સભાના સેક્રેટરી, કચેરી વગેરે બાબત.-**

(૧) પંચાયતમાં એકથી વધુ ગ્રામ સભા હોય તેવી પરિસ્થિતિમાં, પંચાયતના સેક્રેટરી, તમામ ગ્રામ સભાના સેક્રેટરી ગણાશે અને તેઓ અધિનિયમ અને તે હેઠળના નિયમો પ્રમાણે બેઠકો બોલાવવા માટે જવાબદાર રહેશે.

(૨) પંચાયતની કચેરી એ ગ્રામ સભાની કચેરી ગણાશે. પંચાયતમાં એકથી વધુ ગ્રામ સભા હોય, તો દરેક ગ્રામ સભાને તેની પોતાની કચેરી જાહેર મકાનો, સાર્વજનિક સભાખંડ, શાળા અથવા જાહેર જનતા જ્યાં સહેલાઈથી પ્રવેશ મેળવી શકે તેવા કોઈ સ્થળે રહેશે અને આવું કોઈ સ્થળ ઉપલભ્ય ન હોય તેવા કિસ્સામાં, સામાન્ય વ્યક્તિના મકાન (ઘર)માં રહેશે:

પરંતુ આવી કચેરી માટે કોઈપણ સ્વરૂપમાં કોઈ ભાડું ચૂકવવું જોઈશે નહિ.

(૩) પંચાયતના સેક્રેટરી, રેકર્ડની સુરક્ષિત કસ્ટડી માટે જવાબદાર રહેશે, જે (રેકર્ડ) પંચાયતની કચેરી ખાતે રાખી શકાશે.

૬. **ગ્રામ સભાના કાર્યો.-**

અધિનિયમની કલમ ૯૪માં નિર્દિષ્ટ કરેલી ફરજો અને કાર્યો ઉપરાંત, ગ્રામ સભા, સરકાર દ્વારા અપાયેલા આદેશો, હોય તો, તેને અધીન રહીને, નીચેના કાર્યો કરશેઃ-

(૧) અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદા હેઠળની પંચાયતની સત્તા અને તેના કાર્યોના સંબંધમાં અને ખાસ કરીને અધિનિયમની અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલી બાબતોના સંબંધમાં પંચાયત અને તાલુકા અથવા જિલ્લા પંચાયતના સત્તાધિકારીઓ અને સરકાર સાથે ચર્ચા કરવી અને તેમને ભલામણો કરવી;

(૨) પંચાયત દ્વારા અંદાજપત્ર પસાર કરવામાં આવે તે પહેલાં, અંદાજપત્રમાં, યોગ્ય જણાય તેવા કોઇ સુધારાની વિચારણા કરવી અને તે અંગે ભલામણો કરવી;

(૩) જરૂરી હોય, તો ચાલુ વર્ષના અંદાજપત્રમાં પુનર્વિનિયોગ સૂચવવો;

(૪) લોકકલ્યાણ અર્થે મહત્તમ લાભો મેળવવા માટે, પંચાયતના અંદાજપત્રમાંથી તેમજ સરકારી વિભાગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તાલુકા અથવા જિલ્લા પંચાયતના પોતાના ફંડો વગેરે જેવા બીજા વિવિધ પ્રકારના સ્ત્રોતોમાંથી, આગામી વર્ષ માટેના વિકાસ કાર્યો અને યોજનાઓની વિચારણા કરવી, તે અંગે સૂચન કરવા અને તે મંજૂર કરવા;

(૫) કાર્યો અને યોજનાઓ અને તેના સ્થળોનો અગ્રતાક્રમ નકકી કરવો;

(૬) પંચાયત અથવા સ્થાનિક અધિકારીઓએ નક્કી કરેલી વ્યક્તિઓમાંથી, અગ્રતા ક્રમ પ્રમાણે, વિવિધ ગરીબી નિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળના લાભાર્થીઓ નક્કી કરવા;

(૭) ગૌણ ખનિજોના ઉત્ખનનની પરવાનગી માટેના સ્થળો અંગે વિચારણા કરવી અને તે અંગે અભિપ્રાય આપવો;

(૮) ગામમાં મોટી પરિયોજનાઓના કિસ્સામાં, પુનઃસ્થાપન અંગેની સમસ્યાઓ અને કાર્યક્રમો અંગે વિચારણા કરવી અને ભલામણ કરવી;

(૯) લોકો દ્વારા અનુભવ કરાતી મુશ્કેલીઓના સંબંધમાં વિચારણા કરવી અને તે અંગે ભલામણ કરવી;

(૧૦) જાહેર જનતાને વિવિધ સામૂહિક અને લાભાર્થીલક્ષી યોજનાઓ અંગે માહિતગાર કરવી;

(૧૧) પંચાયતના સેક્રેટરી, ગ્રામ સેવક, શાળાઓના આચાર્ય, આરોગ્ય કાર્યકરો, વાજબી ભાવની દુકાન ચલાવનાર, સહકારી મંડળીના સેક્રેટરી, આંગણવાડી અથવા બાલવાડી કાર્યકર, સિંચાઇ, જાહેર બાંધકામો અને વિદ્યુત કંપનીઓના કર્મચારી જેવા ગ્રામ સ્તરના વિવિધ કર્મચારીઓના કાર્યની સમીક્ષા કરવી;

(૧૨) આગ, પૂર, ધરતીકંપ વગેરે જેવી કોઈ કુદરતી આફતના સંબંધમાં આપત્તિ ઉપશમન યોજનાની દર વર્ષે સમીક્ષા કરવી અને તેમાં સુધારા કરવા અને આવી આફતની અસર ઓછી કરવા માટે અને તેનાથી અસર પામેલ વ્યક્તિઓને તાત્કાલિક રાહત આપવા માટે અગાઉથી તમામ રક્ષણાત્મક પગલાં લેવા;

(૧૩) પ્રતિકૂળ સંજોગોમાં લોકોને સહાય કરવા માટે, જાન-માલ, આરોગ્ય અને પાક વીમા યોજનાઓ વિશે પ્રચાર કરવો અને તે અંગે લોકોને સલાહ આપવી;

(૧૪) સમાજલક્ષી ઓડિટ માટે નીચેની બાબતોના સંબંધમાં પંચાયત પાસેથી અહેવાલ મેળવવા અને તેની સમીક્ષા કરવી અને તે અંગે ભલામણો કરવીઃ

(૧) મંજૂર થયેલા, ચાલુ બાંધકામ અને યોજનાઓ અને મળેલા અને ખર્ચેલા ફંડ,

(૨) ગરીબી નિવારણ યોજનાઓ જેવી કે-

(ક) વાજબી ભાવની દુકાનેથી રાહત દરે અનાજ વગેરેનું જાહેર વિતરણ;

(ખ) મધ્યાહ્ન ભોજન;

(ગ) અંત્યોદય યોજના;

(ઘ) વૃદ્ધાવસ્થા પેન્શન યોજના;

(ચ) સંકલિત બાળ વિકાસ યોજના;

(છ) સગર્ભાવસ્થા લાભ યોજના;

(જ) મફત કાનૂની સહાય યોજના;

(ઝ) નબળા વર્ગો માટે પ્લોટની ફાળવણી અને ગૃહનિર્માણ.

(૩) અછત, પૂર અને ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત યોજનાઓ;

(૪) ગરીબી નિવારણ માટે ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ;

(૫) સમાજના નબળા વર્ગોના લાભ માટેની વિવિધ વિભાગોની બીજી યોજનાઓ જેવી કે વિધવા પેન્શન, શાળાના ગણવેશ, પુસ્તકો અને રોકડ શિષ્યવૃત્તિ વગેરે;

(૬) સ્માર્ટ ગામ (smart village), પ્રાથમિક શાળા, નાગરિક પુરવઠા (વાજબી ભાવની દુકાન), સામાજિક ન્યાય, પાણી અને સફાઇ, મધ્યાહન ભોજન વગેરે જેવા વિવિધ કાર્યક્રમોનો અમલ કરતી સમિતિઓની કામગીરી અને પ્રગતિ;

(૧૫) કૂવા, તળાવ, ઝરણા જેવા નાના જળાશયોનું આયોજન અને વ્યવસ્થાપન કરવું અને ચેક ડેમ (આડ બંધ) અને વોટરશેડ અને જળ સંરક્ષણની યોજનાઓ જેવી વિવિધ પદ્ધતિઓથી જળસ્ત્રોતો સમૃદ્ધ કરવા માટેનાં તમામ પગલાં લેવાં;

(૧૬) તમામ સામાજિક ક્ષેત્રોમાંની સ્થાનિક સંસ્થાઓ અને તેમાંના કર્મચારીઓની દેખરેખ રાખવી;

(૧૭) સમાજના તમામ વર્ગોમાં એકતા અને સંવાદિતાને પ્રોત્સાહન આપવું;

(૧૮) સામુદાયિક કલ્યાણ કાર્યક્રમો અને જાહેર કામો માટે રોકડ, વસ્તુ અથવા શ્રમ સ્વરૂપે સ્વૈચ્છિક યોગદાન આપવાને લગતી કામગીરી સક્રિય કરવી;

(૧૯) પંચાયત, સહકારી મંડળીઓના વેરા, ફી અને મહેસૂલી લેણાંની વસૂલાતના કેસોની સમીક્ષા કરવી અને બેઠકમાં કસૂરદારોના નામ જાહેર કરવા;

(૨૦) કાયદા અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવી અને જરૂરી જણાય, તો ગ્રામ્ય સ્વયંસેવક દળ અથવા ગૃહરક્ષક દળ ઊભું કરવા માટે પગલાં લેવાં;

(૨૧) જરૂરી જણાય, તો ખોરાક, ઘાસચારો, પીવાના પાણી, રોકડ નિભાવ–સહાય, રાહત કાર્યો વગેરેને લગતાં રાહતના પગલાંઓની સમીક્ષા કરવી;

(૨૨) સરકારી અથવા પંચાયતની જમીન (ગામતળ – ગોચર) વગેરે પરના દબાણ અને અનધિકૃત બાંધકામની સ્થિતિની સમીક્ષા કરવી અને નિર્ધારીત સમયના સામુદાયિક પ્રયત્નોના કાર્યક્રમોથી અથવા કાયદાકીય પગલાં દ્વારા તેને દૂર કરવા અને નિયંત્રિત કરવાનાં પગલાં લેવાં;

(૨૩) કુદરતી સાધનસંપત્તિ અને પર્યાવરણની જાળવણી કરવી, તેનું સંરક્ષણ કરવું અને તેનો વિકાસ કરવો;

(૨૪) ગામના રહેવાસીઓના કલ્યાણને પ્રોત્સાહન આપે તેવા બીજા કોઈ કાર્યો કરવા;

(૨૫) જે કાયદાની જોગવાઈઓ, રૂઢિગત કાયદા, સામાજિક અને ધાર્મિક પ્રથા, પરંપરાગત વ્યવસ્થા (વહીવટ), પ્રથા અથવા સામુદાયિક (સાર્વજનિક) સાધનસંપત્તિ સાથે અસંગત હોય તેવા કાયદામાં સુધારા સૂચિત કરવા અને આદિજાતિ સંસ્કૃતિને જાળવવી અને નિભાવવી;

(૨૬) સરકાર અથવા તાલુકા અથવા જિલ્લા પંચાયત દ્વારા સોંપવામાં આવે તેવું બીજું કોઇ કાર્ય.

શાંતિ, સલામતી અને તકરારનો ઉકેલ

૭. શાંતિ અને સલામતી જાળવવા અને તકરારના ઉકેલમાં ગ્રામ સભાની ભૂમિકા.-

(૧) સમુદાયની પરંપરાઓ અને સંબંધિત કાયદા અને તે હેઠળ કરેલા નિયમોની ભાવના અનુસાર, તેના વિસ્તારમાં શાંતિ, સલામતી અને વ્યવસ્થા જાળવવાની ગ્રામ સભાની મૂળભૂત ફરજ રહેશે.

(૨) ગ્રામ સભા, તેના પ્રદેશમાં નીચેની કામગીરી અને કાર્યો કરવા માટે સક્ષમ રહેશે. –

(૧) શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવા ;

(૨) દરેક નાગરિકના સ્વમાનને સુરક્ષિત રાખવા માટે અભિવ્યકિતની સ્વતંત્રતા જાળવવા ;

(૩) સ્ત્રીઓ સાથેના અભદ્ર વ્યવહાર, જાહેર સ્થળમાં લડાઇ અથવા ઝઘડો વગેરે સહિતના અસામાજિક તત્વોના દુર્ગુણોનો સામનો કરવો ;

(૪) પરસ્પર સંમતિથી (મૈત્રીભાવથી) વિવાદોનું નિવારણ લાવવું.

૮. **શાંતિ અને સલામતી દળ (સંગઠન) .-**

(૧) ગ્રામ સભા, જાનમાલના સંરક્ષણ માટે શાંતિ અને સલામતી દળ (સંગઠન)ની રચના કરી શકશે. તે ટીમ (ટુકડી), શાંતિ સમિતિના માર્ગદર્શન હેઠળ કાર્ય કરશે.

(૨) ૧૮ વર્ષથી ૩૦ વર્ષની વયજૂથમાં આવતાં ગામના યુવાનો, સ્વેચ્છાએ શાંતિ અને સલામતી દળ (સંગઠન)માં જોડાઇ શકશે.

(૩) શાંતિ અને સલામતી દળ (સંગઠન)ના નેતા, હોદ્દાની રૂએ શાંતિ સમિતિના સભ્ય રહેશે.

(૪) શાંતિ અને સલામતી દળે (સંગઠને), રાત્રી પહેરો ભરવા સહિતનું કોઇપણ કામ ફાળવી શકાય, તે માટે પોતાની જવાબદારીઓનું પાલન કરવા માટે નાના જૂથો રચવા જોઇશે.

(૫) ટીમ (ટુકડી)ના સભ્યોને, પ્રત્યક્ષ રીતે અથવા બીજા કોઇ માધ્યમથી કોઇ અનિચ્છનીય બનાવ અથવા તેવા બનાવની કોઇ શકયતા વિશે જાણ થાય, તો તેઓએ તાત્કાલિક તે બાબતને શાંતિ સમિતિના સંકલનકર્તા પાસે અથવા તેના કોઇપણ સભ્યો પાસે લઇ જવી જોઇશે અને તેની સૂચના મુજબ પગલું લેવું જોઇશે.

(૬) ટીમ (ટુકડી)ના સભ્યોએ, તેમના સ્વ-બચાવ સિવાય, કોઇપણ સ્વરૂપે બળનો ઉપયોગ કરવો નહિ.

૯. **વિવાદ નિવારણ માટેની પ્રક્રિયા .-**

(૧) શાંતિ સમિતિએ, વિવાદનું નિવારણ લાવતી વખતે, તેના પ્રવર્તમાન રીતરિવાજ મુજબ, પરંતુ કુદરતી ન્યાયના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને પગલાં લેવાં જોઇશે.

(૨) કોઇપણ વિવાદની સુનાવણી માત્ર જાહેરમાં કરવી જોઇશે. આખરી નિર્ણય પર આવતા પહેલાં, બંને પક્ષોની વ્યકિતઓને અને કાર્યવાહીમાં સક્રિય રીતે સંડોવાયેલા હોય તેવા બીજા લોકો, કોઇ હોય, તો તેમને તેમના મત રજૂ કરવાની તક આપવી જોઇશે.

(૩) તમામ લોકોનો મત સાંભળ્યા પછી, શાંતિ સમિતિની બેન્ચ-એ, તે બાબત ઉપર વિચારણા કર્યા પછી, પોતાનો આખરી નિર્ણય અને આગામી પગલાં લેવા માટેની દરખાસ્તો ગ્રામ સભાને રજૂ કરવી જોઇશે.

(૪) ગ્રામ સભાના હાજર હોય તેવા તમામ સભ્યોને, શાંતિ સમિતિના આખરી નિર્ણયો અને દરખાસ્તો અંગે પોતાના મત (અભિપ્રાયો) રજૂ કરવાની તક મળશે.

(૫) શાંતિ સમિતિના આખરી નિર્ણયો અથવા દરખાસ્તોને ગ્રામ સભામાં મહત્તમ મત (Vote) ન મળે, તે બાબતને શાંતિ સમિતિને પરત મોકલવી જોઇશે. પક્ષો સાથે વિચારણા કર્યા પછી, શાંતિ સમિતિએ, ગ્રામ સભાની ત્યાર પછીની બેઠકમાં તે બાબતને ફરી રજૂ કરવી જોઇશે.

(૬) સમિતિની દરખાસ્તને ગ્રામ સભામાં બહુમતીની મંજૂરી ન મળે તેવા કિસ્સામાં, શાંતિ સમિતિ, તેના વિવેકાધિકાર મુજબ નિર્ણય કરશે અને તેનો નિર્ણય, ગ્રામ સભાનો નિર્ણય હોય તેમ ગણવામાં આવશે અને બંને પક્ષોએ તેનો સ્વીકાર કરવાનો રહેશે.

(૭) કોઇપણ વિવાદનું નિવારણ કરવાનો મુખ્ય ઉદ્દેશ, વિવાદનું કારણ દૂર કરવાનો અને ગામમાં સુમેળભર્યું વાતાવરણ ઊભું કરવાનો રહેશે.

૧૦. **ગ્રામ સભાએ કરવાની લાભાર્થીઓની ઓળખ .-**

(૧) ગ્રામ સભા-એ, સરકારી યોજના, સૂચનો અથવા આદેશો અનુરૂપ, સામાજિક અને આર્થિક વિકાસના કાર્યક્રમો માટે કુટુંબની સામાજિક-આર્થિક પરિસ્થિતિને આધારે, ગામના લોકોમાંથી લાભાર્થીઓની ઓળખ કરવા માટે, માર્ગદર્શિકા અને માપદંડ આખરી કરવા માટે સક્ષમ રહેશે.

(૨) સંબંધિત વિભાગે, લાભાર્થીઓની ઓળખ કરવા માટે, તમામ જરૂરી માહિતી ગ્રામ સભાને આપવી જોઇશે. ગ્રામ સભાએ, વિચારણા કર્યા પછી, લાભાર્થીઓની યાદી આખરી કરવી જોઇશે.

૧૧. **ગ્રામસભાએ કાર્યક્રમોને આપવાની મંજૂરી બાબત.-**

ગામમાંના કોઇપણ પ્લાન, પ્રોગ્રામ અથવા પ્રોજેકટનો અમલ, તેના પર ગ્રામ સભાના મંતવ્યો મેળવ્યા પછી કરવો.

૧૨. **ગ્રામ સભાના નિર્ણયનું પાલન કરવા બાબત.-**

ગ્રામ સભા, નિયમ ૧૦ અથવા હેઠળ તેના કાર્યો કરતી વખતે કોઇ નિર્ણય લે કે જેનાથી કોઇ વિભાગ અથવા અધિકારીના સરકારી કામકાજને અડચણ પહોંચે તેમ હોય અથવા અડચણ પહોંચવાની સંભાવના હોય, તો નીચે મુજબના પગલાં લેવા જોઇશે :-

(ક) વિભાગે અથવા સંબંધિત અધિકારીએ, વિવાદસ્પદ બાબત અંગે પગલાં લેવાનું મુલતવી રાખવું જોઇશે અને તેના નિર્ણય અંગે પુનર્વિચારણા કરવાની વિનંતી સાથે, પોતાના અભિપ્રાયો ગ્રામ સભા સમક્ષ રજૂ કરવા જોઇશે. ગ્રામ સભા, તે અભિપ્રાયો મળ્યાની તારીખની પંદર દિવસની મુદતની અંદર વિભાગ અથવા અધિકારીના અભિપ્રાયોને લક્ષમાં રાખીને, તે બાબતમાં નિર્ણય કરવો જોઇશે.

(ખ) સંબંધિત વિભાગ, ગ્રામ સભાના નિર્ણયથી સંતુષ્ટ ન હોય, તો તે બાબતને નિર્ણય કર્યાની તારીખથી પંદર દિવસની અંદર, જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારીને પુછાણ માટે મોકલવી જોઇશે, જેઓ (જિલ્લા વિકાસ અધિકારી) અધિનિયમની જોગવાઇઓ અનુસાર તે અંગે નિર્ણય લેશે.

૧૩. ખર્ચનું પ્રમાણપત્ર.-

પંચાયતે, પોતે હાથ ધરેલા કાર્યો માટે, ગ્રામ સભા પાસેથી તમામ ફંડના ઉપયોગ અંગેનું પ્રમાણીકરણ મેળવવું જોઇશે.

૧૪. ગ્રામ સભાને આપવાના કાર્યો સંબંધી વિગતો.-

(૧) ગામમાં ચાલુ હોય તેવા દરેક કામની સંપૂર્ણ વિગતો, તે વિસ્તારમાં કામ કરતા તમામ વિભાગોએ, ગ્રામ સભાની બેઠકોમાં મૂકવી જોઇશે.

(૨) કામની ગુણવત્તા અને થયેલા ખર્ચને લગતો કોઇ વાંધો હોય, તો તે બાબતને ગ્રામ સભા સમક્ષ મૂકવી જોઇશે. ગ્રામ સભાએ તે બાબતની તપાસ કરવી જોઇશે અને તેની સુધારણા માટે સૂચનો આપવા જોઇશે.

(૩) કોઇપણ કાર્યક્રમ પૂર્ણ થયેથી, તેની સંપૂર્ણ વિગતો, ગ્રામ સભાની ત્યાર પછીની બેઠક સમક્ષ મૂકવી જોઇશે.

૧૫. સામાજિક ક્ષેત્રની સમીક્ષા.-

(૧) ગ્રામ સભા–એ, વખતોવખત, તમામ સામાજિક ક્ષેત્રની યોજના તેમજ આંગણવાડી, કેન્દ્રો, શાળા, હોસ્પિટલ વગેરે જેવી સ્થાનિક સંસ્થાઓની સમીક્ષા કરવા સક્ષમ રહેશે અને તેની સુધારણા માટેના સૂચનો કરશે.

(૨) ગ્રામ સભા, પોતાને સમીક્ષામાં સહાયરૂપ થવા માટે, ખાસ સમિતિઓની રચના કરી શકશે.

(૩) ગ્રામ સભાએ, સ્થાનિક સંસ્થાઓની સામાજિક ક્ષેત્રની યોજનાઓના અમલીકરણમાં સુધારો કરવા માટે, આપેલા સૂચનો ઉપર સંબંધિત વિભાગોના કર્મચારીઓએ યોગ્ય રીતે વિચારણા કરવી જોઇશે.

૧૬. વિકાસ પ્રવૃત્તિઓનું સામાજિક ઓડિટ અને દેખરેખ-નિયંત્રણ :-

ગ્રામ સભા, તકેદારી અને દેખરેખ–નિયંત્રણ સમિતિની રચના કરી શકશે.

આ સમિતિએ નીચેની બાબતો સુનિશ્ચિત કરવી જોઇશે,-

(ક) કામ અંગેની માહિતી, કામના સ્થળ પર અને કોઇ જાહેર સ્થળ પર પણ સ્થાનિક ભાષામાં પ્રદર્શિત કરેલ છે ;

(ખ) કામની પ્રગતિ અને ગુણવત્તા સુસંગત છે; અને

(ગ) કામદારોને ચુકવણી, ડિજિટલ રીતે અથવા ચેક દ્વારા કરવામાં આવેલ છે, તેની નોંધ કરેલ છે અને તે જાહેર સ્થળોએ આપવામાં આવેલ છે.

૧૭. રાજ્ય કાયદાને રિવાજ, સામાજિક, ધાર્મિક અને પરંપરાગત વ્યવસ્થા પ્રથા અનુસાર રાખવા બાબત.-

(૧) ગ્રામ સભાનો એવો અભિપ્રાય હોય કે અનુસૂચિત વિસ્તારો સુધી લાગુ પાડવામાં આવેલ વિદ્યમાન રાજ્ય કાયદાની કોઇપણ જોગવાઇઓ, તેમના રિવાજ, સામાજિક અને ધાર્મિક પ્રથા અને સમુદાય–સાધનસંપત્તિની પરંપરાગત વ્યવસ્થા પ્રથા અથવા અનુસૂચિત વિસ્તારોના કાર્યક્ષેત્રની અંદર આવતા કોઇપણ વિષયવસ્તુની બાબત અનુસાર નથી, તો તે, બેઠકમાં ઠરાવ પસાર કરીને ભલામણો કરી શકશે.

(૨) આવી રીતે પસાર કરવામાં આવેલ ઠરાવ, ગ્રામ સભાએ, જિલ્લા વિકાસ અધિકારીને મોકલવો જોઇશે, જેમણે તે (ઠરાવ)ની એક નકલ, ભારતના સંવિધાનની પાંચમી અનુસૂચિની આવશ્યકતાને સુસંગત રહીને, સરકારને તેમજ રાજ્યપાલને મોકલવી જોઇશે.

(૩) સરકારે, આવા ઠરાવ અંગે જરૂરી પગલાં લેવા જોઇશે અને ગ્રામ સભાને તેની જાણ કરવી જોઇશે.

૧૮. ગ્રામ સભાએ અનુસૂચિત વિસ્તારમાં કુદરતી સંસાધનને સુરક્ષિત રાખવા બાબત.-

(૧) ગ્રામ સભા, તેના વિસ્તારમાં આવેલ તેમજ સ્થાનિક પરંપરા મુજબ જેના પર તે પોતાના પરંપરાગત હકો ભોગવે છે તેવા જળ, વન, જમીન અને ખનીજસંપત્તિ સહિતના કુદરતી સંસાધનને અને સંઘ તથા રાજય સરકારોના કાયદાની ભાવના (અર્થ)ને સુરક્ષિત રાખવા અને તેને જાળવવા સક્ષમ રહેશે. આ ભૂમિકા પરિપૂર્ણ કરવા માટે ગ્રામ સભા, તેના વ્યવસ્થાપનમાં સલાહકારી ભૂમિકા ભજવી શકશે.

(૨) ગ્રામ સભાએ પ્રયત્ન કરવો જોઇશે કે સાધનસંપત્તિનો ઉપયોગ એવી રીતે કરવો જોઇશે કે,-

(૧) આજીવિકાના સાધનો ટકી રહે;

(૨) લોકોમાં રહેલી અસામનતા ઘટે ;

(૩) વિકાસક્ષમતાને ધ્યાનમાં રાખીને, સ્થાનિક સાધનસંપત્તિનો પૂરો ઉપયોગ થાય;

(૪) સંસાધન અમુક લોકો પૂરતા મર્યાદિત ન રહે.

(૩) તેમ છતાં પ્રવર્તમાન નિયમો મુજબ, કુદરતી અને અન્ય સાધનસંપત્તિ પરના વ્યકિગત અધિકારો (હકો)ને યોગ્ય રીતે સન્માન મળવું જોઇશે, તેની વ્યવસ્થા, સમુદાયના વારસની જન્મજાત (મૂળગત) ભાવનાને ધ્યાનમાં રાખીને કરવી જોઇશે.

૧૯. ખેતી માટે ગ્રામસભાએ કરવાનું આયોજન:-

(૧) ગ્રામ સભા, ખેડૂત માટે ખેતી કરવાનું આર્થિક રીતે પોષાય તે રીતે પોતાના ગામની ખેતી અંગેનું આયોજન કરવા અને પગલાં લેવા સક્ષમ રહેશે.

(૨) ગ્રામ સભા,

(ક) જમીનનું ધોવાણ થતું અટકાવવા માટે;

(ખ) પાકનું રક્ષણ કરવા અને ઘાસવાળી જમીન (બીડ)ની ક્ષમતા વધારવા ચરાઇનું નિયમન કરવા માટે;

(ગ) વરસાદના પાણીનો સંગ્રહ કરવા, તેનો ખેતી માટે ઉપયોગ કરવા અને તેની વહેંચણીની જોગવાઇ કરવા માટે;

(ઘ) બીજ, ખાતર વગેરે તેમજ જ્ઞાનની આપ-લે અંગેની જોગવાઇને સુનિશ્ચિત કરવા માટે;

(ચ) કાર્બનિક ખાતર, રસાયણી ખાતર અને જંતુનાશક દવાને ઉત્તેજન આપવા માટે,

યોગ્ય પગલાં સૂચવી શકશે.

૨૦. જમીન વ્યવસ્થાપન:-

(૧) ખેડૂતોના નામની સાચી રીતે નોંધણી કરેલ છે અને રેકર્ડ યોગ્ય રીતે નિભાવવામાં આવેલ છે, તે બાબત સુનિશ્ચિત કરવા માટે, દસ વર્ષે બહાર પાડવામાં આવતા ગામના ગામ નમૂના ૭ અને ૧૨-ને ગ્રામ સભાની બેઠકોમાં મૂકવો જોઇશે અને તેનું વાંચન કરવું જોઇશે.

(૨) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૧૩૫-ઘ હેઠળની નોટિસ, ગ્રામ સભાને પણ મોકલવી જોઇશે અને તેની જાણ અર્થે રજૂ કરવી જોઇશે.

૨૧. જમીન સ્વત્વાર્પણ અટકાવવા બાબત:-

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૭૩-કક હેઠળના તમામ કેસમાં ગ્રામ સભા સાથે પરામર્શ કરવાની વિદ્યમાન પ્રથાનું પાલન કરવું જોઇશે.

૨૨. સ્વત્વાર્પણ થઇ ગયેલી જમીનના પુન:સ્થાપન બાબત:-

ગ્રામ સભાને એવી જાણ થાય કે કોઇ અનધિકૃત વ્યકિત, કલમ ૭૩-કક હેઠળ મર્યાદિત ભોગવટાની જમીનોનો કબજો ધરાવે છે, તો તે વિસ્તારની હકૂમત ધરાવતા મામલતદારના ધ્યાને તે બાબત તાત્કાલિક લાવવી જોઇશે.

૨૩. જમીન સંપાદન કરતાં પહેલાં પરામર્શ કરવા બાબત:-

જમીન સંપાદનને લગતી તમામ બાબતોમાં, ગ્રામસભાએ, જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩–ની જોગવાઇઓ હેઠળ તેને સોંપવામાં આવેલ તમામ કાર્યો કરવા જોઇશે.

૨૪. અનુસૂચિત વિસ્તારમાં પરિયોજના (પ્રોજેક્ટ)થી અસરગ્રસ્ત વ્યકિતઓનું પુન:સ્થાપન.-

(૧) સંબંધિત જમીન સંપાદિત કરનાર એજન્સીએ, ગ્રામ સભા સમક્ષ પુન:સ્થાપનની તમામ વિગતો રજૂ કરવી જોઇશે. સત્તામંડળે રજૂ કરેલ તમામ પૃચ્છા અને આપેલ પ્રત્યુત્તરને ગ્રામ સભાની કાર્યનોંધમાં નોંધ કરવા જોઇશે.

(૨) ગ્રામ સભા, બહુમતીથી એવો અભિપ્રાય આપી શકશે કે સુખસગવડ પૂરી પાડવા જેવા કયા કામ પંચાયત દ્વારા કરી શકાશે. જેમાં ટેકનિકલ (તકનિકી) કૌશલની આવશ્યકતા હોય તેવા કામો, સંબંધિત વિભાગ દ્વારા અથવા પંચાયત દ્વારા યોગ્ય કક્ષાએ કરી શકાશે.

૨૫. જળ સંસાધનનું આયોજન અને વ્યવસ્થાપન:-

(૧) જળ સંપત્તિનું આયોજન અને વ્યવસ્થાપન એવું હોવું જોઇશે કે જે ભાવિ પેઢી માટે યથાવત રહે અને તમામ સભ્યોનો આ સંપત્તિ ઉપર સમાન હક રહે.

(૨) તાલુકા પંચાયતે એક કરતા વધુ ગ્રામ પંચાયતમાં વિસ્તૃત કરેલ અને જિલ્લા પંચાયતે એક કરતા વધુ તાલુકા પંચાયતમાં વિસ્તૃત કરેલ હોય, તેવા ગ્રામ પંચાયતની અંદર આવેલા જળાશયો, ગ્રામ પંચાયતે નિભાવવા અને જાળવવા જોઇશે.

(૩) ગ્રામ પંચાયતની અંદર આવેલ તમામ જાહેર કરેલ જળાશયોનું, જળાશયો સિવાયના બીજા કોઇ ઉપયોગ માટે સ્વત્વાર્પણ કરવું જોઇશે નહિ અથવા તેની તબદીલી કરવી જોઇશે નહિ અથવા તેનું રૂપાંતર કરવું જોઇશે નહિ તથા જળની ગુણવત્તા માટે તેને નિભાવવા જોઇશે અને તેના પર દેખરેખ રાખવી જોઇશે. તેના (જળાશયોના) પુન:પ્રભરણ (ફરી ભરવા) માટે યોગ્ય જોગવાઇ કરવી જોઇશે અને ગ્રામ પંચાયતે, આવા જળાશયોના પ્રદૂષણ અને દબાણ અંગે પગલાં લેવા જોઇશે.

(૪) ગ્રામ પંચાયત અથવા તાલુકા પંચાયત અથવા યથાપ્રસંગ, જિલ્લા પંચાયતે, ગ્રામ સભા સાથે પરામર્શ કર્યા પછી, તેની પરંપરા અને પ્રવર્તમાન કાયદાના અર્થને ધ્યાનમાં રાખીને, ગામમાં ઉપલભ્ય જળના ઉપયોગનું જુદા જુદા હેતુઓ માટે નિયમન કરવું જોઇશે અને તેના ઉપયોગની અગ્રતા અંગે પણ નિર્ણય કરવો જોઇશે.

(૫) જળાશય સંબંધી કોઇપણ નિર્ણય લેતાં પહેલાં, તમામ તબક્કાએ પંચાયતોએ, ગ્રામ સભાની સંસાધન (રિસોર્સ) આયોજન અને વ્યવસ્થા (મેનેજમેન્ટ) સમિતિ સાથે પરામર્શ કરવો જોઇશે.

૨૬. સિંચાઇનું વ્યવસ્થાપન :-

(૧) ગ્રામ પંચાયત અથવા તાલુકા પંચાયત અથવા યથાપ્રસંગ, જિલ્લા પંચાયત, સંસાધન (રિસોર્સ), આયોજન અને વ્યવસ્થાપન સમિતિની સલાહ લીધા પછી, સિંચાઇ માટે પાણીના ઉપયોગનું નિયમન કરશે.

(૨) સિંચાઇ માટે પાણીનો ઉપયોગ એવી રીતે કરવો જોઇશે કે તમામને સરખા ભાગે તેનો લાભ મળે.

(૩) ગ્રામ પંચાયતે, નહેર (કેનાલ) પદ્ધતિની જાળવણીમાં અને તેના સંરક્ષણ માટે સિંચાઇ વિભાગના અધિકારીઓને સહકાર આપવો જોઇશે અને ગ્રામ પંચાયતની અંદર સિંચાઇના પાણીના વિતરણમાં અને પાણીનો ઉપયોગ કરનારાઓના મંડળ (એસોસિએશન)ની રચના માટે સહાય કરવી જોઇશે.

(૪) સિંચાઇના વ્યવસ્થાપનમાં ઊભી થાય તેવી કોઇપણ તકરાર, ગ્રામ સભાની સંસાધન (રિસોર્સ), આયોજન અને વ્યવસ્થાપન સમિતિ સમક્ષ મૂકવી જોઇશે. ગ્રામ સભાનો નિર્ણય આખરી ગણાશે અને તે, તમામને બંધનકર્તા રહેશે.

૨૭. નાના જળાશયોનું વ્યવસ્થાપન:-

(૧) પંચાયત અથવા તાલુકા પંચાયત અથવા યથાપ્રસંગ, જિલ્લા પંચાયતે, સંસાધન (રિસોર્સ), આયોજન અને વ્યવસ્થાપન સમિતિ અને સંબંધિત વિભાગો સાથે પરામર્શ કરીને, સિંચાઇ અને અન્ય હેતુઓ માટે ગોઠવણો કરવી જોઇશે.

(૨) સ્થાનિક પરંપરાને ધ્યાનમાં રાખીને, પંચાયત, કોઇપણ વ્યકિત અથવા વ્યકિતઓનું જૂથ, પોતાની હકૂમત અન્યાયી રીતે વધારે નહિ તે સુનિશ્ચિત કરવા અને માછલીઓની સતત ઉપલભ્યતા સુનિશ્ચિત કરવા માટે પણ માછીમારીની કોઇ બાબત સંબંધી જરૂરી શરતો લાદી શકશે.

૨૮. અન્ય સામુદાયિક અસ્કયામતોનું વ્યવસ્થાપન:-

(૧) ગ્રામ સભાએ, સામાન્યપણે સમુદાય દ્વારા પરંપરાગત રીતે ઉપયોગ કરાતી હોય તેવી અસ્કયામતોનું વ્યવસ્થાપન કરવું જોઇશે.

(૨) સામુદાયિક અસ્કયાતોની વાર્ષિક ખરાઇ કરીને તે રજિસ્ટરમાં નોંધવી જોઇશે, જેથી કરી તેની માલિકી, તેનો ઉપયોગ અને હેતુ બદલવામાં આવે નહિ અને તેની ઉપર દબાણ કરવામાં આવે નહિ.

(૩) દાન, શ્રમદાન, સહાય વગેરે. મારફત ઊભી કરેલી કોઇ નવી સામુદાયિક અસ્કયામતોને તરત જ રજિસ્ટરમાં નોંધવી જોઇશે.

(૪) સામુદાયિક અસ્કયામતોનો ઉપયોગ, ગ્રામ સભા મારફત સમુદાયના નિર્ણય મુજબ કરવો જોઇશે.

૨૯. બીજ અને અનાજ ભંડાર (કોઠાર) :-

(૧) ગ્રામ સભા, નીચેના હેતુઓ માટે પરસ્પર સહકારથી ગામના અનાજ (ધાન્ય) ભંડારમાં બીજનો સંગ્રહ કરવા માટે સક્ષમ છે:–

(૧) કોઇ કારણસર પાક નિષ્ફળ જવાના કિસ્સામાં, આકસ્મિક (સંકટકાલીન) જોગવાઇ અને બીજ વગેરે. સહિતની ગ્રામજનોની જરૂરિયાતને પહોંચી વળવા માટે, જરૂરી જથ્થામાં અનાજ અને અન્ય પેદાશ ઉપલબ્ય બનાવવા માટે;

(૨) અનાજની તંગી અનુભવતી હોય તેવી વ્યકિતઓને પેશગીની સુવિધા પૂરી પાડવા માટે;

(૩) નીચા ભાવે વેચાણ કરવાની ફરજ પડતી હોય તેવા ખેડૂતોને તેમાંથી રાહત આપવા માટે.

(૨) ગ્રામ સભા, તેના સભ્યો દ્વારા સંગ્રહ (ભંડાર)ને ફાળો આપવા અને અનાજ–ભંડાર દ્વારા અનાજ (ધાન્યો)ની ખરીદી કરવા સંબંધી નિયમો કરી શકશે.

(૩) ગ્રામ સભા, સમજૂતિ પ્રમાણે અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસાર લોનના સ્વરૂપમાં સંગ્રહ (ભંડાર)માંથી પોતાના સભ્યોને અનાજ વગેરે પૂરું પાડવા માટેની શરતો નક્કી કરવા સક્ષમ છે.

માનવશકિત (માનવ બળ)

૩૦. ગ્રામ સભાએ શ્રમ દળ માટે આયોજન કરવા બાબત:-

(૧) ગ્રામ સભા, કેન્દ્ર સરકાર અને રાજય સરકારની જુદી જુદી યોજનાઓ હેઠળના કાર્ય આયોજન તૈયાર કરીને અને તેનો અમલ કરીને, ગ્રામ શ્રમ દળનો સંપૂર્ણ ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવા સક્ષમ રહેશે.

(૨) ગ્રામ સભા, લોકોમાં સહકારને પ્રોત્સાહન અપાય તેવું કોઇ પગલું લઇ શકશે.

૩૧. ગામ બહાર લઇ જવાયેલા કામદારો:-

(૧) રોજિંદા કામો માટે કામદારોને ગામ બહાર લઇ જતી તમામ વ્યકિતઓ માટે, ગ્રામ સભાને કાર્યનું સ્વરૂપ અને તેની શરતો નિર્દિષ્ટ કરતી લેખિત અથવા મૌખિક સમજૂતી અંગેની સંપૂર્ણ માહિતી પૂરી પાડવાનું અને ગ્રામ સભાને જાણ કરવાનું ફરજિયાત રહેશે.

(૨) સરકારી અથવા સંગઠિત ક્ષેત્રની સંસ્થાઓ સિવાયના ખાનગી અથવા અસંગઠિત ક્ષેત્રના મેનેજર માટે, ગ્રામીણ સ્ત્રીઓની સુખાકારી અંગે સંબંધિત ગ્રામ સભાને વખતોવખત જાણકારી આપવાનું ફરજિયાત રહેશે.

ગ્રામ હાટનું વ્યવસ્થાપન

૩૨. ગ્રામ હાટ ઉપર નિયંત્રણ:-

ગ્રામ સભા, વિદ્યમાન નિયમો અને વિનિયમોને અધીન રહીને,–

(ક) પોતાની હકૂમતની અંદરના ગ્રામ હાટ ઉપર દેખરેખ રાખવા માટે;

(ખ) ગ્રામ હાટમાં દુકાનદારો અને ગ્રાહકોને પાણી, શેડ અને અન્ય ભૌતિક સુવિધાઓ ઉપલભ્ય કરાવવા માટે;

(ગ) દુકાનદારો ઉપર વેરો લાદવા પંચાયતને સલાહ આપવા માટે;

(ઘ) કિંમતો (ભાવ) અંગેની માહિતી મેળવવા અને તેની વહેંચણી કરવા માટે;

(ચ) ગ્રામ હાટમાં હાનિકારક વસ્તુઓ લાવવા અને તેના વેચાણની તપાસ કરવા અને કોઇ ઉલ્લંઘન થયું હોય, તો સત્તાધિકારીઓને તે અંગેની જાણ કરવા માટે;

(છ) લેવડદેવડમાં વજન, માપ અને ચુકવણી વાસ્તવિક (વાજબી) છે અને કોઇપણ સ્વરૂપમાં કોઇ શોષણ કરવામાં આવેલ નથી. તેની તપાસ કરવા અને કોઇ ઉલ્લંઘન થયું હોય, તો સત્તાધિકારીઓને તે અંગેની જાણ કરવા માટે;

(જ) ભાવો સંબંધી છેતરપીંડી અને ખોટી માહિતી સહિત તમામ અનુચિત વ્યવહારોની તપાસ કરવા અને કોઇ ઉલ્લંઘન થયું હોય, તો સત્તાધિકારીઓને તે અંગેની જાણ કરવા માટે;

(ઝ) ગ્રામ હાટમાં અને તેની આસપાસના વિસ્તારમાં જુગાર, શરત, નસીબ કસોટી, મરઘા-સ્પર્ધા વગેરેને પ્રોત્સાહન ન આપવા અને કોઇ ઉલ્લંઘન થયું હોય તો સત્તાધિકારીઓને તેની જાણ કરવા માટે;

પ્રયત્ન કરશે.

(ટ) પેટા-નિયમો ૩૨ (ચ), (છ), (જ) અને (ઝ)માં જણાવેલી રીતે જેને જાણ કરાઇ હોય તે સત્તાધિકારીએ તાત્કાલિક જરૂરી પગલાં લેવા જોઇશે,

ખાણ અને ખનીજો

૩૩. **ગૌણ ખનીજો માટે આયોજન કરવાની ગ્રામ સભાની સત્તા:-**

ગ્રામ સભા, ગૌણ ખનીજોના આયોજન માટે,

(૧) અનુસુચિત વિસ્તારોમાં તમામ ગૌણ ખનીજોના ખોદકામ અને તેના ઉપયોગ માટે ગ્રામ સભા પૂર્વ ભલામણ જરૂરી રહેશે.

(૨) ભલામણો લેવાના હેતુ માટે, તમામ જરૂરી માહિતી, ગ્રામ સભાને મોકલવી જોઇશે. ગ્રામ સભા, આવી માહિતી મેળવ્યા પછી ત્રણ મહિનાની મુદ્દતની અંદર પોતાના નિર્ણયની જાણ કરશે.

(૩) (રિસોર્સ પ્લાનિંગ અને મેનેજમેન્ટ કમિટિ) (આર.પી.એમ.સી.)ની સલાહ ગ્રામ સભા મુજબ કાર્ય કરશે. રોયલ્ટી ઇન્સ્પેકટર/ ખાણકામ નિરીક્ષક કક્ષાની નીચેનો નહી એવો ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ વિભાગના અધિકારી આર.પી.એમ.સી.માં પ્રતિનિધિત્વ કરશે.

૩૪. વ્યક્તિગત સભ્યો દ્વારા ઉપયોગ :-

(૧) વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ અનુસાર ખાણ પરવાનો મેળવ્યા પછી, સભ્યો, અનુસૂચિત વિસ્તારોમાં તેમના વ્યક્તિગત ઉપયોગ માટે પરંપરા અનુસાર ગૌણ ખનિજનો ઉપયોગ કરી શકશે.

(૨) ગ્રામ સભા, ખાણકામ પરવાના હેઠળ, પરંપરાગત આવાસોથી અલગ. પાકા ઘરો બનાવવામાં ઉપયોગમાં લેવાતી સ્થાનિક સામગ્રી જેમકે પથ્થર, રેતી વગેરેનો જથ્થો નક્કી કરી શકશે

(૩) ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ,૧૯૫૭ અને તે હેઠળ કરેલા નિયમોની વખતો વખત સુધાર્યા પ્રમાણેની જોગવાઈઓ, અનુસાર કન્શેશન (છૂટછાટ) ધારક પાસે અધિકૃત સત્તાધિકારી દ્વારા મંજૂર કરેલ ખાણકામ યોજના હોવી જોઈશે.

(૪) ગ્રામ સભા આવી ખાણકામ યોજનામાં, કોઇક બાબત કમી કરવા અથવા શરતો ઉમેરવાનું સૂચન કરી શકશે. ખાણકામ યોજનાની મંજૂરી માટેની અરજીની પ્રક્રીયા કરતી વખતે ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ વિભાગ તે વિચારણામાં લઇ શકશે.

૩૫. **ગૌણ ખનિજ માટે ખાણ-પટો:-**

(૧) વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ અનુસાર, સક્ષમ સત્તાધિકારી, ગ્રામ સભાની પૂર્વભલામણો લીધા પછી, અનુસૂચિત વિસ્તાર હેઠળ આવેલા ગૌણ ખનિજ માટે ખાણ-પટો આપી શકે છે.

(૨) અરજદારે વખતોવખત સુધાર્યા પ્રમાણેના પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ તથા અને પર્યાવરણ અસર મૂલ્યાંકન જાહેરનામા, ૨૦૦૬ સહિતના બહાર પડાયેલા નિયમો અને જાહેરનામાઓની જોગવાઈઓ અનુસાર પર્યાવરણીય મંજૂરી મેળવવાની રહેશે.

(3) ગ્રામ સભા આવી પર્યાવરણ મંજૂરીમાં કોઈપણ શરતો કમી કરવા અથવા ઉમેરવા સૂચન કરી શકશે. સંબંધિત સત્તામંડળો પર્યાવરણીય મંજૂરી માટેની અરજીની વિચારણા કરતી વખતે ધ્યાનમાં લઈ શકશે.

(૪) અનુસૂચિત વિસ્તારમાં જિલ્લા ખનિજ ફાઉન્ડેશન (ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન) (ડીએમએફ) હેઠળ એકત્રિત કરવામાં આવેલ ફાળાનો માત્ર અનુસૂચિત વિસ્તારોમાં ગુજરાત જિલ્લા ખનિજ ફાઉન્ડેશન નિયમો, ૨૦૧૬ હેઠળ નિયત કરેલ હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવશે.

(૫) જિલ્લા ખનિજ ફાઉન્ડેશન (ડીએમએફ) અનુસૂચિત વિસ્તારમાં દરેક ગામમાં થયેલ કામનો વાર્ષિક અહેવાલ ગ્રામ સભાને પુરો પાડશે.

(૬) અનુસૂચિત વિસ્તારમાં ગેરકાયદેસર ખાણકામની પ્રવૃત્તિના કોઈ અહેવાલો હોય તો, ગ્રામ સભા સક્ષમ સત્તાધિકારીને તેની જાણ કરશે.

(૭) સક્ષમ સત્તાધિકારી સદરહુ અહેવાલ સંદર્ભે તપાસ કરી શકશે અને ગ્રામ સભાને લીધેલા પગલાં અંગે જાણ કરી શકશે.

(૮) પ્રવર્તમાન નિયમની કોઇ જોગવાઇઓ અને વખતોવખત સુધાર્યા પ્રમાણેના પર્યાવરણ અસર મૂલ્યાંકન જાહેરનામા, ૨૦૦૬ સહિત, પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ અને તે હેઠળ બહાર પાડેલા નિયમો અને જાહેરનામાની જોગવાઇઓ એકબીજાની વિરોધી હોય તે કિસ્સામાં પછીથી અમલી બનેલ જોગવાઇ પ્રવર્તમાન રહેશે.

૩૬. પર્યાવરણ સંરક્ષણ:-

(૧) ગૌણ ખનીજના વાણિજ્યિક ઉત્પાદનની શકયતા ધરાવતા ગામોમાં, ગૌણ ખનીજનો વ્યાવસાયિક ઉપયોગ કરવાની પરવાનગી આપતાં પહેલાં, ગ્રામ સભાની પૂર્વ સંમતિ (ભલામણ) મેળવવાની રહેશે.

(૨) સરકાર દ્વારા પર્યાવરણના સંરક્ષણ માટે જે કોઇ શરતો લાદવામાં આવી હોય તો, સંબંધિત સત્તાધિકારીએ, આ સંદર્ભમાં ગ્રામ સભાને સંપૂર્ણ માહિતી પૂરી પાડવી જોઇશે.

(૩) ગ્રામ સભા પર્યાવરણના સંરક્ષણ માટે અન્ય કોઇ શરત લાદવાનું સૂચન કરી શકે છે, જે સંબંધિત અધિકારીએ, પર્યાવરણીય મંજૂરી આપતાં પહેલાં વિચારણામાં લેવી જોઇશે, અને આવી કોઇ શરત ઉમેરવામાં આવી હોય, તો તે માત્ર સરકાર જ હળવી કરી શકશે.

(૪) ખાણકામ યોજના, ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો,૨૦૧૦ અનુસાર તૈયાર કરવામાં આવશે. આવી યોજના (પ્લાન)માં:

(ક) આગામી પાંચ વર્ષ માટે ખોદકામ માટે વાર્ષિક કાર્યક્રમ.

(ખ) ખાણ બંધ યોજના.

(ગ) પર્યાવરણીય અસરો હળવી કરવી જેમાં, ઉપલી જમીન દૂર કરી ઉપયોગ કરવો, નકામા પથ્થરો પર કચરાનો સંગ્રહ, જમીન સુધારણા અને નવપ્રાપ્તિ, હવા પ્રદૂષણ સામે સાવચેતી, ગંદા પાણીનો નિકાલ, ધોંધાટ સામે સાવચેતી, વનસ્પતિ અને જીવસૃષ્ટિનું પુન:સ્થાપન અને જળ વ્યવસ્થાપન વગેરે–નો સમાવેશ થાય છે.

(૫) પ્રવર્તમાન નિયમની કોઇ જોગવાઇ, વખતોવખત સુધાર્યા પ્રમાણેના ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ અને કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા તે હેઠળ અધિનિયમિત કરાયેલા નિયમોની કોઇ જોગવાઇથી વિરોધી હોય, તો પછીથી અમલી કરાયેલ જોગવાઇ પ્રવર્તમાન રહેશે.

૩૭. ગૌણ ખનીજોના લાભપ્રદ ઉપયોગ માટે હરાજીથી પરવાનગી આપવા બાબત:-

(૧) યોગ્ય અને પારદર્શક ભાડાપટા (લીઝ)ની ફાળવણી સુનિશ્ચિત કરવા માટે, ગૌણ ખનીજો માટે ખાણકામ પટ્ટાની હરાજી ફક્ત ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી કરવી જોઇશે.

(૨) અનુસૂચિત વિસ્તારોમાં, ખાણકામ, ફક્ત અનુસૂચિત જાતિના લોકોને અને તે વિસ્તારમાં રહેતા સ્થાનિક વ્યક્તિઓને જ ફાળવવો જોઇશે.

(૩) ગ્રામ સભા પાસેથી ભલામણો મેળવ્યા પછી જ, હરાજીની પ્રક્રિયા પછી, ખાણકામ પટ્ટો આપવામાં આવશે.

(૪) પેટા-નિયમ (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સંસાધનની હરાજીના વાજબી પ્રયાસો કર્યા પછી પણ, હરાજીની પ્રક્રિયા નિષ્ફળ રહે તો, ખાણ ખનીજ છૂટછાટના પ્રવર્તમાન નિયમો હેઠળ નિયત કર્યા પ્રમાણે, તે વિસ્તાર અન્ય લોકોને ભાગ લેવા માટે ખુલ્લો રાખવામાં આવશે.

ગૌણ વન પેદાશનું વ્યવસ્થાપન (મેનેજમેન્ટ)

૩૮. ગૌણ વન પેદાશ:-

ગૌણ વન પેદાશમાં, ગુજરાત ગૌણ વન-પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, ૧૯૭૯ હેઠળ જાહેર કરી હોય તેવી તમામ વન પેદાશનો સમાવેશ થશે.

૩૯. ગ્રામ સભાના અધિકારો-:

(૧) પંચાયતની જોગવાઇઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા) બાબત અધિનિયમ, ૧૯૯૬ (PESA)ના હેતુઓ સિદ્ધ કરવા માટે, ગામ (રાષ્ટ્રીય ઉપવન અથવા અભયારણ્યના વિસ્તારની અંદર આવતા ક્ષેત્ર સિવાય)ની હકૂમતની અંદર આવતા વન-વિસ્તારમાં મળતી ગૌણ વન પેદાશ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૦૮ પ્રમાણે ગ્રામ પંચાયતમાં નિહિત થશે:

પરંતુ આ પેટા-નિયમનું અર્થઘટન એવું નથી થતું કે અહીં આમાં ઉલ્લેખેલ વન જમીન, ગ્રામ પંચાયતમાં નિહિત થશે.

(૨) ગૌણ વન પેદાશો એકત્રિત કરનારાઓ, તેમણે એકત્રિત કરેલી ગૌણ વન પેદાશો તેઓ ઈચ્છે તે રીતે વેચવા માટે સ્વતંત્ર છે. તેમ છતાં, તેઓ પર્યાપ્ત કિંમત મેળવે અને મધ્યસ્થીઓ/આડતિયાઓ દ્વારા તેમનું શોષણ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, આ મતલબના ગ્રામ સભાના ઠરાવ પછી, એકત્રિત કરનારાઓએ એકત્રિત કરેલ ગૌણ વન પેદાશોનું સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી કિંમતે વેચાણ કરવા માટે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમને અધિકૃત કરી શકાશે:

પરંતુ આવું કરતી વખતે, ખર્ચ બાદ કર્યા પછીનો ચોખ્ખો નફો, સીધેસીધો એકત્રિત કરનારાના ખાતામાં જમા થાય એવું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમે સુનિશ્ચિત કરવું જોઇશે.

૪૦. નાણાની ધીરધાર:-

(૧) ગુજરાત નાણાની ધીરધાર કરનારાઓ બાબતનો અધિનિયમ, ૨૦૧૧. અને (તે હેઠળ કરેલા) નિયમોની જોગવાઇઓને અધીન રહીને અને પંચાયતની જોગવાઇઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) અધિનિયમ, ૧૯૯૬ (PESA)ની કલમ ૪ (ત)ના ખંડ (ત)ની જોગવાઇઓ અનુસાર, ગ્રામ સભાની શાંતિ સમિતિ ગામમાં નાણા ધીરધારના વ્યવહારોનું નિયંત્રણ કરવા સક્ષમ રહેશે.

સ્પષ્ટીકરણ :- નાણા ધીરધારના વ્યવહારો એટલે નાણા ધીરધાર કરનારાએ આપેલી લોન.

(૨) ગ્રામ સભા, નાણા ધીરધાર કરનારાએ આપેલી લોનની બાબતોમાં મહત્તમ વ્યાજ અને વસૂલાતની બોલીઓ નક્કી કરવા સક્ષમ રહેશે.

(૩) તકરાર નિવારણ માટે, શાંતિ સમિતિ, કોઇ નાણા ધીરધાર કરનારા દ્વારા આપેલી લોન સંબંધી કોઇ માહિતી માંગી શકશે. આ બાબતોમાં, માહિતી માટેની માંગણી થયેથી, નાણા ધીરધાર કરનારાએ, ગ્રામ સભાએ ઠરાવેલ સમયની અંદર ગ્રામ સભાને સંપૂર્ણ માહિતી પૂરી પાડવી જોઇશે.

(૪) કોઇપણ સભ્ય, નાણા ધીરધાર કરનારાએ આપેલી લોનના સંબંધમાં વ્યવહારમાંની કોઇ પ્રકારની અનિયમિતતા, ભ્રષ્ટાચાર, વસૂલાતની કાર્યવાહી, લોન ભરપાઇ કરવાની કરવાની અસમર્થતા વગેરે સંબંધી પોતાનો કેસ લેખિતમાં અથવા મૌખિક રીતે ગ્રામ સભા અથવા શાંતિ સમિતિ સમક્ષ મૂકી શકશે. કોઇ મૌખિક ફરિયાદ હોય, તો આ સંદર્ભમાં મેમો (યાદી) તૈયાર કરવા અને તેને રેકર્ડમાં રાખવાની ગ્રામ સભાના સેક્રેટરી અથવા યથાપ્રસંગ, શાંતિ સમિતિની ફરજ રહેશે.

(૫) ઉપર જણાવેલ અરજી અંગે વિચારણા કર્યા પછી, ગ્રામ સભાને પોતે અથવા શાંતિ સમિતિના તારણોના આધારે એવું જણાય કે અરજદારને અન્યાય થયેલો છે, તો તે, અન્યાયના નિવારણ માટે સંબંધિત નાણા ધીરધાર કરનારાને સૂચના આપી શકશે અને નાણા ધીરધારનું નિયંત્રણ કરતાં સક્ષમ સત્તાધિકારીને જાણ કરશે જે જરૂરી પગલાં લેશે.

૪૧. વ્યસનમુકિત સંબંધિત પગલાં:-

(૧) ગ્રામ સભા, રાજ્યમાં નિષિદ્ધ કેફી દ્રવ્યોના વપરાશથી ઊભા થતા આરોગ્ય જોખમ અને તેનાથી ઉદ્‌ભવતી આડઅસરો અને તમાકુ જેવા તમામ બીજા વ્યસની પદાર્થો અંગેની જાગૃતિ ફેલાવવા માટે જવાબદારી ધરાવશે.

(૨) ગ્રામ સભાએ સખાવતી સંગઠનોને જાગૃતતા અને વ્યસનમુકિત અભિયાન ચલાવવા માટે અને નિષિદ્ધ કેફી દ્રવ્યોના વ્યસની લોકો માટે પુનર્વસન કેન્દ્રો ચલાવવા માટે પ્રોત્સાહન આપવું જોઇશે.

(૩) વ્યસનથી પીડાતી વ્યકિતઓને પરામર્શ કેન્દ્રો અને આરોગ્ય કેન્દ્રોમાં મોકલવાની ગ્રામ સભાની ફરજ રહેશે.

(૪) ગ્રામ સભાની જાણમાં આવે તેવા કેફી પદાર્થોનું ઔદ્યોગિક ઉત્પાદન, વિતરણ, સંગ્રહ અથવા વપરાશની કોઇ ઘટનાની પોલીસને જાણ કરવા માટે ગ્રામ સભા જવાબદાર રહેશે.

૪૨. અંધશ્રદ્ધા, જાદુટોણા વગેરે વિષયક બાબતો :-

(૧) અંધશ્રદ્ધા અને જાદુ વિષયક બાબતો ઉપર ગ્રામ સભાની જાહેર બેઠકમાં વિચાર વિમર્શ કરવો જોઇશે.

(૨) અંધશ્રધ્ધા, જાદુટોણા અથવા જાદુ ને લગતી બાબતો ગ્રામ સભાની જાહેર બેઠકોમાં ચર્ચવી જોઇશે.

(૩) અંધશ્રદ્ધા સંબંધી બાબતો ગ્રામ સભાની બે સળંગ બેઠકોમાં ચર્ચી શકાશે જેથી કરીને દરેકને (અંધશ્રદ્ધાની) બાબત ઉપર વિચારવાની તક મળી શકે.

(૪) આવી બાબતોની ચર્ચા થાય ત્યારે, ગ્રામ સભાનો કોઇપણ સભ્ય મામલતદારને હાજર રહેવા માટે વિનંતી કરી શકશે. આવી વિનંતી મળતાં મામલતદાર, નિરીક્ષકને પ્રતિનિયુકત કરી શકશે.

(૫) આવી રીતે પ્રતિનિયુકત થયેલા નિરીક્ષકની ગ્રામ સભાને તેવી બાબત વિશે વાસ્તવિક અને વૈજ્ઞાનિક જાણકારી આપવાની જવાબદારી રહેશે.

ગ્રામ સભાના હિસાબો

૪૩. ગ્રામ સભાના હિસાબો :-

(૧) પંચાયત સેક્રેટરીએ, સંબંધિત સદર હેઠળ પંચાયત હિસાબોના ભાગ તરીકે ગ્રામસભાના આવક અને ખર્ચના હિસાબની જાળવણી કરવી જોઇશે.

(૨) ગુજરાત પંચાયત નાણાકીય હિસાબો અને અંદાજપત્ર નિયમો, ૨૦૧૪ના નમૂના ૩૬-ક (નિયમ ૧૬૪)માં આવક અને ખર્ચના વર્ગીકૃત પત્રકમાં આવક અને ખર્ચના હિસાબો ગ્રામ સભા દિઠ અલગ પાનામાં નોંધવા જોઇશે અને સદરહુ નિયમોના નિયમો ૧૬૫ થી ૧૬૯ મુજબ જાળવવા જોઇશે.

(૩) ગ્રામ સભાના કોઇપણ સભ્યને કચેરી સમય દરમ્યાન સેક્રેટરીની હાજરીમાં હિસાબ જોવાની પરવાનગી આપવી જોઇશે.

ગ્રામ સભા વિરૂધ્ધ ફરિયાદ

૪૪. ગ્રામ સભા વિરૂધ્ધ ફરિયાદ :-

(૧) પંચાયત અને ગ્રામ સભાનો તમામ રેકર્ડ તમામ સભ્યોને જોવા માટે ખુલ્લો રહેશે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને રાજય સરકારે મુકરર કરેલા સત્તાધિકારીને નિરીક્ષણ, ચકાસણી માટે તે (રેકર્ડ) ઉપલભ્ય કરાવવા જોઇશે.

(૨) ગ્રામ સભાએ લીધેલ કોઇ નિર્ણય સામે વાંધો ઉઠાવનાર વ્યકિત, ગ્રામ સભાની સામાન્ય બેઠકમાં તેની પુન:વિચારણા માટે એવો વાંધો ઉઠાવી શકાશે.

(૩) જો વાંધો ઉઠાવનાર અથવા અન્ય કોઇ વ્યકિતનો એવો અભિપ્રાય હોય કે વાંધાનો ઉકેલ લાવવા માટે, ગ્રામ સભાને સહાય કરે તેવા નિરીક્ષકની જરૂર છે, તો તે, તાલુકા વિકાસ અધિકારીને ગ્રામ સભાની બેઠકમાં ઉપસ્થિત રહેવા નિરીક્ષકને પ્રતિનિયુકત કરવા વિનંતી કરી શકશે.

(૪) જો તાલુકા વિકાસ અધિકારી નિરીક્ષકની જરૂરિયાત બાબતે ખાતરી થાય તો, તે વિસ્તરણ અધિકારીના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને ગ્રામ સભાની બેઠક માટે વાંધો ઉઠાવનારની જાણ હેઠળ નિરીક્ષક તરીકે પ્રતિનિયુક્ત કરી શકશે.

(૫) આવી રીતે નિમણૂક પામેલ નિરીક્ષકે, વાંધો ઉઠાવનારની ફરિયાદના નિવારણને સરળ બનાવવા પ્રયત્ન કરવો જોઇશે.

(૬) જો પ્રશ્નનો ઉકેલ ન આવે તો, વાંધો ઉઠાવનાર અથવા નિરીક્ષક, પ્રશ્નને તાલુકા વિકાસ અધિકારીને સોંપી (આપી) શકશે, જે, આ બાબતની તપાસ કરી અને જરૂરી સૂચના આપશે.

ગ્રામ સભાની બેઠકની કાર્યરીતિ

૪૫. ગ્રામ સભાની સાધારણ બેઠકો :-

(૧) ચાર મહિનાથી વધારે નહિ તેટલા મધ્યવર્તી સમયગાળામાં ગ્રામ સભાની સાધારણ બેઠક દરેક ત્રિમાસમાં ઓછામાં ઓછી એક વખત યોજવી જોઇશે.

(૨) દરેક નાણાકીય વર્ષમાં પ્રથમ સાધારણ સભા, કલમ ૯૪ની પેટા-કલમ (૧)માં ફરમાવ્યા પ્રમાણે, તેમા દર્શાવેલ કામકાજ માટે અને આ નિયમો અનુસાર વર્ષની શરૂઆતના બે મહીનાની અંદર યોજવી જોઇશે.

૪૬. ગ્રામ સભાની અસાધારણ બેઠક :-

(૧) તેની સાધારણ બેઠક ઉપરાંત, નીચેના સંજોગોમાં ગ્રામ સભાની અસાધારણ બેઠક યોજવી જોઇશે :

(૧) ગ્રામ સભાની સામાન્ય બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હોય ;

(૨) પંચાયતમાં એવી દરખાસ્ત હોય જે બાબતે ગ્રામ સભાની વિચારણા જરૂરી હોય ;

(૩) તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત-એ એમ કરવા આદેશ કરેલ હોય,

(૪) ગ્રામ સભાના કુલ સભ્યોના ઓછામાં ઓછા ૫ ટકા (સભ્યો) અથવા ૨૫ સભ્યો, બંન્નેમાંથી જે વધારે હોય તેટલા સભ્યો દ્વારા સેક્રેટરીને અપાયેલી લેખિત જાણના આધારે.

(૨) પરિસ્થિતિ (૧) સિવાય, તારીખ નક્કી ન હોય ત્યારે, સેક્રેટરી, સરપંચ સાથે વિચારવિનિમય કર્યા પછી, સાત દિવસ સુધીમાં બેઠક બોલાવી શકશે અને તેને લગતી નોટિસ, સંબંધિત તમામને તારીખ નક્કી કર્યાના ઓછામાં ઓછા ૩ દિવસ પહેલા આપવી જોઇશે :

પરંતુ સેક્રેટરીની ગેરહાજરી અથવા ચુકના પ્રસંગે, સરપંચ અથવા ઉપસરપંચ એક અઠવાડિયાની અંદર બેઠક યોજી શકશે:

વધુમાં, સેક્રેટરી અને સરપંચ બંને તેમાં ચૂક કરે, તો તાલુકા વિકાસ અધિકારીએ, આપ મેળે અથવા કોઇ ફરિયાદ મળ્યેથી આવી બેઠકની નોટીસ કાઢી આપવી જોઇશે અને આવી બેઠક યોજવાનું સુનિશ્ચિત કરવા અધિકારીને પ્રતિનિયુક્ત કરવા જોઇશે.

૪૭. બેઠકની નોટિસ :-

(૧) સાધારણ બેઠકની નોટિસ, એવી બેઠકની તારીખથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં આપવી જોઇશે અને અસાધારણ બેઠકના કિસ્સામાં, એવી બેઠકની તારીખથી ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલા આપવી જોઇશે.

(૨) પેટા-નિયમ(૧) હેઠળની નોટિસથી, તારીખ, સમય, સ્થળ અને કાર્યસૂચિની બાબતો સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કરવા જોઇશે.

૪૮. બેઠકનો સમય, સ્થળ અને કાર્યસૂચિ:-

(૧) અધિનિયમની કલમ ૯૩ની પેટા-કલમ(૧) અને કલમ ૯૪ની પેટા-કલમ(૧)ની જોગવાઇઓને અધીન રહીને, બેઠક, સામાન્યત: પંચાયતની કચેરીમાં અથવા ગામની ચાવડીમાં અથવા ચોરામાં અથવા ગામના કોઇ અનુકૂળ સ્થળે સરપંચ નકકી કરે તેવી તારીખે અને તેવા સમયે યોજવી જોઇશે:

પરંતુ પંચાયત એક કરતા વધારે ગામોની બનેલી હોય, ત્યારે બેઠકનું સ્થળ આવા ગામોની વસ્તીના ઉતરતા ક્રમ અનુસાર વારા પ્રમાણે નકકી કરવું જોઇશે.

(૨) સેક્રેટરીએ, સરપંચ સાથે વિચારવિનિમય કરીને બેઠકોની કાર્યસૂચિ તૈયાર કરવી જોઇશે.

૪૯. નોટિસ પ્રસિધ્ધ કરવાની રીત :-

(૧) દરેક બેઠક સંબંધી નોટિસ, નીચેની રીતે પ્રસિધ્ધ કરવી જોઇશે:-

(ક) (૧) દરેક વોર્ડમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળે,

(૨) પંચાયતની કચેરીએ; અને

(૩) ગામની ચાવડીએ અથવા ચોરાએ અથવા ગામના બીજા સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ,

તેને ચોંટાડીને; અને

(ખ) ગામના તમામ રહેણાંક વિસ્તારોમાં, બેઠકની તારીખની તરત પહેલાના દિવસે, ઢોલ પીટીને અથવા ધ્વનિવર્ધક યંત્ર (લાઉડ સ્પીકર) વગાડીને જાહેરાત કરીને.

(૨) પંચાયતની કચેરીએ પ્રસિધ્ધ કરેલી નોટિસની સાથે, એવી બેઠકના કાર્યસૂચિની બાબતોની વિગતો પણ લોકોની જાણ માટે જોડવી જોઇશે.

૫૦. બેઠકની નોટિસની નકલો અધિકારીઓ/પદાધિકારીઓને મોકલવા બાબત :-

(૧) નિયમ ૪૭ હેઠળ કાઢેલી દરેક નોટિસની નકલ, એવી બેઠકમાં હાજર રહેવાની વિનંતી સાથે :-

(૧) તાલુકા પંચાયતના પ્રમુખને,

(૨) તાલુકા વિકાસ અધિકારી અને નિયમ-૭૦ હેઠળ અધિકૃત કરવામાં આવેલ અધિકારીને,

(૩) જે મતવિસ્તારોમાં ગામ આવેલું હોય તેનું પ્રતિનિધિત્વ કરતાં તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યોને,

(૪) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના અને પંચાયતના કર્મચારી જેવા કે ગ્રામ સેવક, સહકારી મંડળીના, સેક્રેટરી, પ્રાથમિક અથવા માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક, આરોગ્ય કાર્યકર, મહિલા આરોગ્ય કાર્યકર અથવા વિવિધલક્ષી આરોગ્ય કાર્યકરને,

(૫) સહકારી મંડળીઓ, યુથ કલબો, મહિલા મંડળો, શૈક્ષણિક સંસ્થાઓ જેવી સ્થાનિક સંસ્થાઓના અધ્યક્ષો અથવા સેક્રેટરીઓને,

પણ મોકલવી જોઇશે.

(૨) પેટા-નિયમ(૧)માં નિર્દિષ્ટ કરેલી વ્યકિતઓ, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની પરવાનગીથી બેઠકને સંબોધી શકશે, પણ તેઓને મત આપવાનો અધિકાર રહેશે નહિ.

૫૧. બેઠકમાંના કામકાજનો ક્રમ:-

(૧) બેઠકના કામકાજની બાબતો, સામાન્ય રીતે નીચેના ક્રમમાં દર્શાવવી જોઇશે:-

(૧) અગાઉની બેઠકની કાર્યવાહીઓનું વાચન,

(૨) અગાઉની બેઠકમાં લીધેલા નિર્ણયો પર લીધેલાં પગલાંનો અહેવાલ,

(૩) તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત, બેઠક સમક્ષ મૂકવા ફરમાવે તેવી કોઇ બાબત,

(૪) ગ્રામ સભાની સમિતિઓની કાર્યવાહીઓ અને તેની ભલામણોની મંજૂરી,

(૫) ચાલુ વર્ષ માટે કરવા ધારેલા વિકાસના કામો અને બીજા કાર્યક્રમો અને યોજનાઓની મંજૂરી, (વર્ષની પ્રથમ બેઠક માટે)

(૬) પંચાયતે બેઠક સમક્ષ રજૂ કરવા નક્કી કર્યું હોય તેવું કામકાજ,

(૭) સભ્યોએ મોકલેલ પ્રસ્તાવ, હોય તો, તે,

(૮) જેમના પ્રસ્તાવો અને પ્રશ્નો રજૂ કરવાની છૂટ ન મળી હોય તેવા સભ્યોના નામનું વાંચન,

(૯) ૪૫ મિનિટ સુધીની મર્યાદામાં પ્રશ્નો (પંચાયતે મતદાનથી અગ્રતા નક્કી કર્યાનાં ક્રમમાં) અને બેઠકમાં હાજર સભ્યોમાં મહિલાઓને અગ્રતા આપીને મૌખિક રીતે પૂછેલ પ્રશ્નો ત્રીસ મિનિટ સુધીની મર્યાદામાં પૂછવાની બાબત,

(૧૦) અગાઉની બેઠક પછી, જમીન અને મકાનોના સંબંધમાં હકપત્રક અને મિલકત રજિસ્ટરમાં કરેલા કોઇ ફેરફાર અથવા તેને અધિકૃત કરેલ હોય, તો તે અંગે સેક્રેટરીનું વાંચન,

(૧૧) ખાસ કરીને નીચેની બાબતોમાં, અગાઉની બેઠક પછી, પંચાયતે લીધેલા મહત્વના નિર્ણયો વિશે સેક્રેટરીનું વાંચનઃ-

(ક) ગામઠાણ પ્લોટોની વહેંચણી;

(ખ) ખેડવાલાયક ખરાબાની જમીનની વહેંચણી;

(ગ) જાહેર સુવિધાઓના બાંધકામ માટે પસંદ કરેલી જગ્યા,

(ઘ) સરકારી વિભાગો, બોર્ડ, કોર્પોરેશનો, જિલ્લા આયોજન સમિતિ, તાલુકા અને જિલ્લા પંચાયતોની [લોકોને] લાભદાયી હોય તેવી યોજનાઓની વિગતો,

(ચ) વસૂલાતો અને કર અને ફી અને જમીન મહેસૂલની બાકીની સમીક્ષા અને કસૂરદારોના નામોનું વાંચન,

(છ) ગ્રામ્ય સ્થળ(ગામતળ) ની જમીન, ગૌચર જમીન અને કૃષિવિષયક જમીન પરના દબાણ અને અનધિકૃત બાંધકામો,

(જ) પંચાયતની સ્થાવર અને જંગમ મિલકતોની ખરીદી અને વેચાણ.

(૧૨) અગાઉના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ(વર્ષની પ્રથમ બેઠકના કિસ્સામાં).

(૧૩) વાર્ષિક હિસાબ પત્રકો(વર્ષની પ્રથમ બેઠકના કિસ્સામાં), અથવા ચાલુ વર્ષ દરમ્યાનની આવક અને ખર્ચનું પત્રક (અન્ય બેઠકોના કિસ્સામાં).

(૧૪) આખરી ઓડિટ અહેવાલ અને તેના સંબંધમાં કોઇ જવાબો, હોય તો તે;

(૧૫) કાર્યો, યોજનાઓ અને કાર્યક્રમોનો પ્રગતિ અહેવાલ.

(૧૬) જમીન અને મકાન જેવી મિલકતોના; કબજા હકની તબદીલી અને બાંધકામ માટેની પરવાનગી વગેરેને લગતા પંચાયત પાસે નિકાલ બાકી કેસોનું વાંચન અને સમીક્ષા.

(૧૭) બેઠકમાં આમંત્રિત કરાયેલા અધિકારીઓ દ્વારા સંબોધન.

(૧૮) અધ્યક્ષ સ્થાન લેનાર અધિકારીની સંમતિથી બેઠકમાં લાવી શકાય તેવું બીજું કોઇ કામકાજ.

(૨) અગાઉની બેઠકની કાર્યનોંધની યાદીના વાંચનના સંબંધમાં, તેની નકલ પંચાયત કચેરીના નોટિસ બોર્ડ ઉપર લગાડાયેલી હોય અને સભામાં હાજર બહુમતી સભ્યો સંમત હોય તો, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી તેને વંચાણે લીધેલી હોવાનું જાહેર કરશે અન્યથા તે વંચાણે લેવી જોઈશે.

(૩) કોઈ સભ્ય અયોગ્ય અથવા અપૂર્ણ રિપોર્ટીંગના આધાર ઉપર કાર્યનોંધ સામે વાંધો લે, તો અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, બેઠકમાં હાજર રહેલા સભ્યોનો અભિપ્રાય જાણી લીધા પછી, આવી કાર્યવાહીમાં કરવાનો સુધારો, હોય તો, તેના વિષે નિર્ણય લેશે અને અગાઉની બેઠકની કાર્યનોંધ અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની સહીથી સુધારવી જોઈશે.

(૪) યોગ્ય રીતે પસાર કરેલા અને અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની સહીથી કાર્યનોંધવહીમાં નોંધેલા ઠરાવોનો, ત્યાર પછીની બેઠકમાં તેને બહાલી આપવાની અથવા કાર્યનોંધ વંચાવાની પ્રતીક્ષા કર્યા સિવાય અમલ કરી શકાશે.

૫૨. નોટિસ મોકલ્યા બાદ, બેઠક મોકૂફ અથવા રદ ન કરવા બાબતઃ-

સેક્રેટરી અથવા સરપંચ દ્વારા બેઠકની નોટિસ મોકલાયા બાદ બેઠક મોકૂફ રાખી શકાશે નહિ અથવા રદ કરી શકાશે નહિ.

૫૩. પંચાયતની બેઠકઃ-

ગ્રામ સભાની બેઠક માટે સભ્યો પાસેથી મળેલી દરખાસ્તો અને પ્રશ્નો અને કાર્યસૂચિની બીજી બાબતોની વિચારણા કરવા, ગ્રામ સભાની બેઠક માટે નક્કી કરેલી તારીખની તરત જ પહેલાના દિવસે પંચાયતની બેઠક યોજવી જોઇશે.

૫૪. સભ્યોના પ્રશ્નો માટેની કાર્યરીતિઃ-

(૧) જે સભ્ય બેઠકમાં, પંચાયતના વહીવટ અને કામકાજ અથવા ગામના વિકાસને લગતો કોઇ પ્રશ્ન પૂછવા ઇચ્છતાં હોય તેમણે તે પ્રશ્ન, બેઠકની તારીખના ઓછામાં ઓછા પાંચ દિવસ પહેલા, સરપંચને અથવા સેક્રેટરીને મોકલવો જોઇશે અથવા તે (સભ્ય), અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની પરવાનગીથી બેઠકના સમયે પ્રશ્ન પૂછી શકશે.

(૨) પંચાયત, નિયમ ૫૩માં ઠરાવ્યા પ્રમાણે યોજવાની પોતાની બેઠકમાં, ટૂંકી નોટિસે કોઇ પ્રશ્નની છૂટ આપી શકશે અને નોટિસની પ્રસિધ્ધિ પહેલા અથવા તે પછીથી મળેલ કોઇ લેખિત પ્રશ્નને ગ્રામ સભા સમક્ષ મૂકવો કે નહિ તેનો નિર્ણય કરવો જોઇશે. પંચાયત, પેટા–નિયમ (૩) અનુસાર ન હોય તેવા કોઇ પ્રશ્નની, તે માટેના કારણોની લેખિતમાં નોંધ કરીને, તે પૂછવા છૂટ ન આપી શકે. એવી રીતે છૂટ ન આપવા અંગે કરેલ પ્રશ્નોની યાદીને ચિઠ્ઠી નાખીને અનુક્રમ આપવા અને તેને પંચાયતની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવી જોઇશે. બદનક્ષીકારક પ્રકારના પ્રશ્નો હોય તે કિસ્સામાં, ફકત પ્રશ્નનો અનુક્રમાંક અને તે પૂછનાર સભ્યનું નામ આપવા જોઇશે અને તેની વિગતો આપવી જોઇશે નહિ.

(૩) પ્રશ્ન અથવા પૂરક પ્રશ્નો સ્વીકારી શકાય તે હેતુથીઃ–

(ક) પ્રશ્નને સરળ બનાવવા માટે ખૂબ જરૂરી હોય તે સિવાય તેવું કોઇ નામ અથવા નિવેદન તેમાં દાખલ કરવું જોઇશે નહિ;

(ખ) પ્રશ્નમાં નિવેદનનો સમાવેશ થતો હોય તો, તે પૂછનાર સભ્ય પોતે નિવેદનની ચોકસાઇ માટે જવાબદાર રહેશે;

(ગ) તેમાં કોઇ દલીલો, અનુમાનો, દોષારોપણ, કટાક્ષયુકત શબ્દપ્રયોગો, ઉપનામો અથવા બદનક્ષીકારક નિવેદનો હોવા જોઇશે નહિ.

(ઘ) તેનાથી, કોઇ તારણ, કાનૂની પ્રશ્ન અથવા કાલ્પનિક પ્રસ્તાવ અંગે અભિપ્રાય અથવા તેના ઉકેલ માટે પૂછી શકાશે નહિ;

(ચ) તેનાથી, કોઇ વ્યકિતના, તેની સત્તાવાર અથવા જાહેર હેસિયત સિવાયના ચારિત્ર્યનો અથવા વર્તણૂંકનો ઉલ્લેખ કરી શકાશે નહિ.

(છ) તે સામાન્ય રીતે લંબાણપૂર્વકનો હોવો જોઇશે નહિ;

(જ) જેનો એકવાર ઉત્તર આપી દેવામાં આવ્યો હોય અથવા જેનો ઉત્તર આપવાની ના પાડવામાં આવી હોય તેવો પ્રશ્ન હોવો જોઇશે નહિ;

(ઝ) તે, પંચાયતના વહીવટ અથવા ગામના વિકાસને લગતી કોઇ બાબતની માહિતી મેળવવાના હેતુથી પૂછી શકાશે.

(૪) જેનો પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો હોય તે સભ્યની ગેરહાજરીમાં, તે (પ્રશ્ન) પડતો મૂકેલો ગણાશે, સિવાય કે એવો પ્રશ્ન પૂછવા ગેરહાજર સભ્ય વતી લેખિતમાં જેને અધિકૃત કરવામાં આવ્યો હોય તેવો બીજો કોઇ સભ્ય, તે પ્રશ્ન પૂછવા માટે પોતાની બેઠક પરથી ઊભો થાય,

પરંતુ તે મતલબનો અધિકૃતિ–પત્ર, બેઠકની શરૂઆત પહેલા સેક્રેટરીને સોંપેલો હોવો જોઇશે.

(૫) બેઠકમાં પ્રશ્નનો ઉત્તર આપવામા આવે, ત્યારે તે પૂછનાર સભ્ય, વધુ માહિતી મેળવવા પૂરક પ્રશ્ન પૂછી શકશે. અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, તે પેટા–નિયમ (૩)ની જોગવાઇઓનો ભંગ કરે છે તે આધાર પર તેવો પ્રશ્ન પૂછવાની છૂટ નહીં આપે. અન્યથા તેનો ઉત્તર આપી શકાશે અને તેની ચર્ચા થઇ કરી શકશે.

(૬) બેઠક માટે દાખલ કરેલા પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી માહિતી ઉપલબ્ધ ન હોય તો, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી તેને આગામી બેઠક સુધી મુલતવી રાખી શકશે અને એવી બેઠકમાં તેનો અગ્રતાના ધોરણે ઉત્તર આપવો જોઇશે અને સરપંચ અને સેક્રેટરીની સહીથી બેઠકના સાત દિવસની અંદર પંચાયતના નોટિસ બોર્ડ ઉપર લેખિતમાં ઉત્તર મૂકવો જોઇશે.

(૭) પ્રશ્ન પૂછનારના નામો અને તેના ઉત્તરોની સાથે તમામ પ્રશ્નોની એક નકલ, બેઠકની કાર્યવાહીઓની નકલની સાથે પંચાયતના નોટિસ બોર્ડ ઉપર મૂકવી જોઇશે અને કોઇપણ સભ્ય, રાબેતા મુજબનો ચાર્જ ચુકવીને તેની નકલ મેળવવાને હકદાર થશે.

૫૫. દરખાસ્ત માટેની કાર્યરીતિઃ-

(૧) આ નિયમની જોગવાઇઓને અધીન રહીને, કોઇપણ સભ્ય, પંચાયતના વહીવટ અથવા ગામના વિકાસને લગતી બાબત સંબંધી દરખાસ્ત રજૂ કરી શકશે.

(૨) (ક) જે સભ્ય દરખાસ્ત રજૂ કરવા ઇચ્છતો હોય, તેણે એમ કરવાના પોતાના ઇરાદાની પાંચ દિવસની નોટિસ આપવી જોઇશે અને નોટિસની સાથે પોતે અને ટેકેદારો તરીકે ઓછામાં ઓછા દસ સભ્યોએ સહી કરેલ દરખાસ્તની નકલ, સરપંચ અથવા સેક્રેટરીને મોકલવી જોઇશે. પંચાયત, નિયમ ૫૩ હેઠળ યોજેલી બેઠકમાં દરખાસ્તની સ્વીકાર્યતાઓ નિર્ણય કરશે અને તેના મતે, પેટા-નિયમ (૩)થી (૫)ની જરૂરિયાતો અનુસાર ન હોય અથવા અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરતી હોય તેવી કોઇપણ દરખાસ્ત નામંજૂર કરશે અને તેનો નિર્ણય આખરી રહેશે. દાખલ કરેલ દરખાસ્તોના અગ્રતાક્રમો, પંચાયતની બેઠકમાં ચીઠ્ઠી ઉછાળીને નક્કી કરવા જોઈશે અને આવી દાખલ કરેલ દરખાસ્તોની યાદી, દરખાસ્તકારના નામ સહિત પંચાયતના નોટિસ બોર્ડ પર મૂકવી જોઈશે.

(ખ) પંચાયત, કારણોની નોંધ કરીને, ટૂંકી નોટિસ પર કાર્યસૂચિ (એજન્ડા)ની બાબતોમાં દરખાસ્તને દાખલ કરવાની મંજૂરી આપી શકશે.

(૩) દરેક દરખાસ્ત સ્પષ્ટ અને સંક્ષિપ્ત રીતે અભિવ્યકત થયેલી હોવી જોઇશે અને તે, એક નિશ્ચિત મુદ્દો ઊભો કરતી હોવી જોઇશે.

(૪) દરખાસ્તમાં દલીલો, અનુમાનો, વક્રોકિતઓ અથવા બદનક્ષીભર્યા નિવેદનો હોવાં જોઇશે નહિ તેમજ કોઇ વ્યકિતના સત્તાવાર અથવા જાહેર દરજ્જાને લગતી હોય તે સિવાયની વર્તણૂંક અથવા ચારિત્ર્યને લગતો ઉલ્લેખ તેમાં હોવો જોઇએ નહિ.

(૫) દરખાસ્ત હકારાત્મક સ્વરૂપની હોવી જોઇશે.

(૬) જેની નોટિસ આપવામાં આવી હોય તેવી દરખાસ્તનો ક્રમ, નિયમ ૫૩ હેઠળ યોજેલી પંચાયતની બેઠકમાં મતદાનથી નકકી કરવો જોઇશે.

(૭) કોઇપણ સભ્ય એક જ સમયે એક કરતાં વધુ દરખાસ્ત માટે મતદાન માટે હકદાર થશે નહિ.

(૮) બેઠકમાં મતદાન થયું હોય પણ લેવાઇ ન હોય અથવા નિકાલ થયો ન હોય તેવી દરખાસ્તો રદ થશે, પરંતુ જે દરખાસ્ત રદ થઇ હોય તેવી કોઇ દરખાસ્તના સંબંધમાં નોટિસ આપવાની સભ્યને છૂટ રહેશે.

(૯) મતદાનથી નકકી કરેલા અગ્રતાના ક્રમ અનુસાર કાર્યસૂચિમાં દસ કરતાં વધારે ન હોય તેવી દરખાસ્તો દરેક બેઠક માટે રાખવી જોઇશે.

(૧૦) જે સભ્યના નામે કોઇ દરખાસ્ત કાર્યસૂચિ પર હોય તે સભ્યે ફરમાવવામાં આવે ત્યારે-

(ક) જેણે સમર્થન માટે સહી કરેલી હોય તેવા કોઇ સભ્ય દ્વારા યોગ્ય રીતે ટેકો આપેલો હોય તે દરખાસ્ત રજૂ કરવી જોઇશે;

(ખ) તે દરખાસ્ત પાછી ખેંચી લેવી અને તે કિસ્સામાં તેણે તે મતલબનું એક નિવેદન માત્ર રજૂ કરવું જોઇશે; પરંતુ દરખાસ્તને રજૂ કર્યા અને ટેકો આપ્યા પછી, જે સભ્યે બેઠકમાં ટેકો આપ્યો હતો તે સભ્યની સંમતિ લીધા સિવાય, તે પાછી ખેંચવી જોઇશે નહિ.

(૧૧) સભ્યને ફરમાવવામાં આવે, ત્યારે તે ગેરહાજર હોય, તો તેના નામે હોય તેવી દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવેલ છે તેમ ગણાશે સિવાય કે ટેકો આપનારા સભ્યોમાંનો કોઇ એક સભ્ય, ગેરહાજર સભ્યના નામે તેવી સદરહુ દરખાસ્ત રજૂ કરે.

(૧૨) જે દરખાસ્ત રજૂ કરવામાં આવી હોય, તેવી દરેક દરખાસ્તને ટેકો આપવો જરૂરી રહેશે. જે દરખાસ્તને ટેકો આપવામાં આવ્યો ન હોય તેવી કોઇ દરખાસ્તની ચર્ચા કરવી જોઇશે નહિ અથવા તે સંબંધી કોઇ પણ પ્રશ્ન મૂકવો જોઇશે નહિ અને ગ્રામ સભાની કાર્યનોંધ-વહીમાં નોંધ કરવી જોઇશે નહિ.

(૧૩) દરખાસ્ત રજૂ કરવામાં આવે અને તેને ટેકો આપવામાં આવે તે પછી, તેને વિચારણા માટે બેઠક સમક્ષ મૂકવી જોઇશે. દરખાસ્ત રજૂ કરનાર તે દરખાસ્તના સમર્થનમાં બોલી શકશે અને ટેકો આપનાર, તે ઉપરની ચર્ચાના પછીના તબકકા માટે પોતાનું નિવેદન આપી શકશે અથવા મોકૂફ રાખી શકશે.

(૧૪) દરખાસ્ત રજૂ કરનાર અથવા દરખાસ્ત રજૂ કરનાર પોતાનો હક જતો કરે, તો મહત્વની દરખાસ્તને ટેકો આપનાર, તે ઉપરની ચર્ચાને અંતે જવાબ આપી શકશે, પણ બીજા કોઇ સભ્ય, અધ્યક્ષ સ્થાન લેનાર અધિકારીની સ્પષ્ટ પરવાનગી સિવાય, એક જ દરખાસ્ત ઉપર અંગત ખુલાસો કરવાના હેતુ સારૂ હોય તે સિવાય, એકથી વધારે વાર બોલી શકશે નહિ, પણ આવા કિસ્સામાં, કોઇ ચર્ચાસ્પદ બાબત રજૂ કરવી જોઇશે નહિ.

(૧૫) દરખાસ્ત ઉપરની ચર્ચા તે દરખાસ્તના વિષય પૂરતી મર્યાદિત રહેશે.

INDEX

(૧૬) અલગ અલગ મુદ્દાઓનો સમાવેશ થતો હોય તેવી કોઇ દરખાસ્તની ચર્ચા કરવામાં આવી હોય, ત્યારે તે દરખાસ્તના ભાગ પાડવાનું અને પોતે યોગ્ય ગણે તે પ્રમાણે કોઇ પણ મુદ્દા ઉપર અલગ અલગ મત લેવાનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીના સ્વવિવેકાનુસાર રહેશે.

(૧૭) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, રજૂ કરેલ અથવા ટેકો આપ્યા સિવાયની પંચાયતના કામકાજની રાબેતા મુજબની દરખાસ્તો બેઠકમાં મૂકી શકશે.

(૧૮) બીજા કોઇ સભ્યને દરખાસ્ત રજૂ કરવાનો અથવા તેને ટેકો આપવાનો અથવા તે સંબંધી બોલવાનો જે હક છે તે જ હક અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને રહેશે:

પરંતુ પેટા-નિયમો (૬), (૭) અને (૧૨)ની જોગવાઇઓ, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીએ રજૂ કરેલા કોઇ પ્રસ્તાવના સંબંધમાં લાગુ પડશે નહિ.

(૧૯) કોઇ પણ સભ્ય, આકસ્મિક પ્રસંગે અને અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની સંમતિથી હોય તે સિવાય બેઠક સમક્ષના ચર્ચા હેઠળના વિષય પરથી સીધી રીતે ઉપસ્થિત થતા હોય અને તે વિષયને લગતા હોય તે સિવાયની કોઇ દરખાસ્ત રજૂ કરવાને હકદાર થશે નહિ.

(૨૦) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, જે યોગ્ય સમય મર્યાદાની અંદર, દરખાસ્ત રજૂ કરનાર, ટેકો આપનાર અને બીજા કોઇ સભ્યે પોતાનું પ્રવચન પૂરૂ કરવું જોઇશે તેવી કોઇ વાજબી સમય મર્યાદા નકકી કરી શકશે.

૫૬. બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી :-

(૧) કલમ ૯૩ની પેટા-કલમ (૩)માં જોગવાઇ કર્યા પ્રમાણે પંચાયતના સરપંચ અથવા ઉપ-સરપંચ અથવા ગ્રામ સભાના સભ્યોથી ચૂંટાયેલ સભ્ય,બેઠકનું અધ્યક્ષ સ્થાન સંભાળશે.

(૨) અધ્યક્ષસ્થાન લેવાનો હકદાર હોય તે વ્યકિત, બેઠકના કોઇપણ સમય દરમિયાન ઉપસ્થિત થાય ત્યારે, અધ્યક્ષસ્થાન લેનાર વ્યકિતએ હોદ્દો ખાલી કરવો જોઇશે અને પેટા- નિયમ (૧) મુજબ અધ્યક્ષસ્થાન લેવાને હકદાર હોય તેવી વ્યકિતના અધ્યક્ષસ્થાને બેઠક ચાલુ રાખવાની રહેશે.

(૩) બેઠકના સમય દરમિયાન અધ્યક્ષસ્થાન લેનારે બહાર જવાનું ફરમાવામાં આવ્યું હોય, ત્યારે પેટા-નિયમ (૧) અનુસાર અધ્યક્ષસ્થાન લેવાને હકદાર હોય તેવી વ્યકિતના અધ્યક્ષસ્થાને બેઠક ચાલુ રાખવાની રહેશે.

૫૭. અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની સત્તા:-

(૧) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી બેઠકમાં વ્યવસ્થા જાળવશે અને તેને પોતાના નિર્ણયનો અમલ કરવાના હેતુ માટે જરૂરી તમામ સત્તા રહેશે.

(૨) પોતાને ગ્રામસભાના અધિકાર (હકૂમત)ની બહાર જણાય તેવી કોઈપણ પ્રસ્તાવ અથવા દરખાસ્ત ઉપરની ચર્ચાને પોતે નામંજૂર કરી શકશે અને તેમ કરવા માટેના પોતાના કારણોની તે લેખિતમાં નોંધ કરશે.

(૩) તે, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર, બેઠક દરમિયાન કોઈપણ પ્રશ્ન અથવા પ્રસ્તાવને દાખલ કરી શકશે.

(૪) તે, પોતાને જરૂરી જણાય તે પ્રમાણે, કોઈ દરખાસ્ત અથવા સુધારાને, બે અથવા વધારે અલગ દરખાસ્તો અથવા યથાપ્રસંગ, સુધારામાં ભાગ પાડી શકશે.

(૫) તે ચર્ચાના કોઈપણ તબક્કે અથવા બેઠક દરમિયાન કોઈપણ સમયે બેઠકને સંબોધન કરી શકશે.

(૬) અધિનિયમ અને આ નિયમો મુજબ કાર્યવાહીઓ અને બેઠકના સરળ સંચાલનની નોંધ કરવા તે સેક્રેટરી અથવા બીજા પંચાયતના કર્મચારીઓની મદદ લેવા હકદાર થશે.

૫૮. કોરમ અને કોરમ ન થવાના લીધે મોકૂફી:-

(૧) ગામના મતદારોની યાદીમાં સમાવેશ કરેલા વ્યકિતઓની કુલ સંખ્યાના દસ ટકા, અથવા આવી પચાસ વ્યકિતઓ અથવા બેમાંથી જે ઓછી હોય તેટલી સંખ્યાથી , જેમાં ઓછામાં ઓછી એક તૃતિયાંશ સ્ત્રી મતદાર હોય , બેઠકમાં કામકાજ ચલાવવા માટે કોરમ બનશે.

સ્પષ્ટીકરણ: આ પેટા-નિયમના હેતુ માટે, કોરમના હેતુઓ માટેની સંખ્યાની ગણતરી કરવામાં અપૂર્ણાંક એક સમગ્ર ભાગ તરીકે ગણાશે.

(૨) બેઠક માટે નિયત કરેલા સમયથી ત્રીસ મિનિટની અંદર કોઇપણ કોરમ ન થાય અથવા બેઠકના કોઇપણ સમય દરમિયાન, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને ધ્યાને એવું લાવવામાં આવે અથવા તેને પોતાને જાણ થાય કે અધ્યક્ષસ્થાન અધિકારી સહિતના હાજર સભ્યો, કોરમ જરૂરી સંખ્યા કરતાં ઓછા થાય છે, તો પ્રમુખ અધિકારીએ બેઠકને મોકૂફ કરવી જોઇશે.

(૩) કોરમ ન થવાને લીધે, બેઠક મોકૂફ કરવામાં આવી હોય તો મોકૂફ થયેલી બેઠક માટે કોઇપણ કોરમની જરૂર રહેશે નહિ પરંતુ આવી મોકૂફ થયેલી બેઠકની નવી નોટિસ, નિયમો ૪૭ અને ૪૮ માં જોગવાઈ કરેલી રીતે આપવી જોઇશે. આવી બેઠકની તારીખ મોકૂફ થયેલી બેઠકના બે દિવસ પહેલાં અને પાંચ દિવસ બાદની હોવી જોઇશે નહિ.

(૪) કોઇપણ મોકૂફ થયેલી બેઠકમાં અગાઉની બેઠકમાં નિકાલ કરવામાં આવેલ ન હોય તેવા કોઇપણ કામકાજ ઉપરાંત નોટિસમાં જણાવેલ નવું કામકાજ ચલાવવાનું રહેશે.

૫૯. બેઠક લોકો માટે ખુલ્લી રાખવા બાબત.-

ગ્રામસભાની તમામ બેઠકો લોકો માટે ખુલ્લી રાખવી જોઈશે.

૬૦. કામકાજ સામાન્યતઃ કાર્યસૂચિ અનુસાર ચલાવવા બાબત.-

(૧) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની પરવાનગી લીધી હોય તે સિવાય, કાર્યસૂચિમાં દાખલ કરવામાં ન આવ્યું હોય તેવું કોઈપણ કામકાજ કોઈ બેઠકમાં ચલાવવું જોઈશે નહિ.

(૨) બેઠકના સભ્યોની પરવાનગી હોય તે સિવાય, કોઈપણ બેઠકમાં ચલાવવાનું કામકાજ, જે ક્રમમાં કાર્યસૂચિમાં દાખલ કરવામાં આવ્યું હોય તે ક્રમ પ્રમાણે હાથ ધરવું જોઈશે.

૬૧. બેઠક મુલતવી રાખવા અને બેઠકની કોઈ બાબત મોકૂફ રાખવા બાબત.-

(૧) હાજર રહેલા બહુમતિ સભ્યોની સંમતિથી બેઠક મુલતવી રાખી શકાશે.

(૨) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, નિયમના (કાયદાના) મુદ્દા ઉપર પોતાના નિર્ણયનું પાલન કરવાનો ઈનકાર કર્યો હોય તેવી કોઈપણ બેઠક અથવા બેઠકમાં ઊભી થતી ગંભીર અવ્યવસ્થાના કિસ્સામાં કોઈપણ બેઠક મુલતવી રાખી શકશે.

(૩) મુલતવી રાખેલી કોઈપણ બેઠકમાં કોરમ જરૂરી રહેશે અને શક્ય હોય તો મુલતવી રાખેલી બેઠકની તારીખ, તેનો સમય અને તેનું સ્થળ બેઠક મુલતવી રાખવામાં આવે તે પહેલાં, તે બેઠકમાં જાહેર કરી શકાશે અને નિયમો ૪૭ અને ૪૮માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મુલતવી રાખેલી આવી બેઠકની નવી નોટિસ પણ આપવી જોઈશે. આંવી બેઠકની તારીખ, મુલતવી રાખેલ બેઠકની ત્રણ દિવસ આગળની અને સાત દિવસ પછીની હોવી જોઈશે નહિ.

(૪) કોઈ બેઠક મુલતવી રાખવાના અથવા કાર્યસૂચિ પૈકીની કોઈપણ બાબત અથવા પ્રસ્તાવ અથવા પ્રશ્નની વિચારણા મોકૂફ રાખવાના પ્રસ્તાવને, બેઠક સમક્ષના બીજા કોઈપણ કામકાજમાં અગ્રતા આપવી જોઈશે.

૬૨. નિયમના (કાયદાના) મુદ્દાઃ-

(૧) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીએ, નિયમના (કાયદાના) તમામ મુદ્દાનો નિર્ણય કરવો જોઈશે અને તે ઉપરનો તેમનો નિર્ણય આખરી ગણાશે.

(૨) કોઈ સભ્ય, કોઈપણ સમયે અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીના નિર્ણય માટે નિયમનો (કાયદાનો) કોઈ મુદ્દો ઉપસ્થિત કરી શકશે, પરંતુ એમ કરતી વખતે, તેણે માત્ર તે મુદ્દો જ જણાવવો જોઈશે.

(૩) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની સંમતિથી હોય તે સિવાય, નિયમના (કાયદાના) કોઈપણ મુદ્દા ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહિ.

૬૩. પ્રસ્તાવ સુધારવા બાબતઃ-

(૧) પ્રસ્તાવ રજૂ કરવામાં આવે અને તેને ટેકો આપવામાં આવે તે પછી કોઇ સભ્ય તે પ્રસ્તાવ સંબંધી કોઇ સુધારો રજૂ કરી શકશે.

(૨) દરેક સુધારો, જે પ્રસ્તાવ સાથે તે સંબંધ ધરાવતો હોય તે પ્રસ્તાવ સાથે સુસંગત હોવો જોઇએ અને તે પ્રસ્તાવની ક્ષેત્ર–મર્યાદાની અંદરનો હોવો જોઇએ.

(૩) જે સુધારાથી માત્ર નકારાત્મક મતનું પરિણામ આવતું હોય તેવો કોઇ સુધારો રજૂ કરવો જોઇશે નહિ.

(૪) વૈકલ્પિક સુધારો રજૂ કરવો જોઇશે નહિ.

(૫) એક જ પ્રસ્તાવ માટે ગમે તેટલા સુધારા રજૂ કરી શકાશે, પણ કોઇ સભ્યે, એક જ પ્રસ્તાવમાં એક કરતાં વધુ સુધારા રજૂ કરવા જોઇશે નહિ.

(૬) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, જે સુધારો પોતાના અભિપ્રાય પ્રમાણે અસંગત અથવા નજીવો હોય તેવો કોઇ સુધારો નામંજૂર કરી શકશે.

૬૪. ચર્ચા સમાપ્ત થયેથી, પ્રસ્તાવ પર મત લેવા બાબત.-

(૧) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, કોઇ પ્રસ્તાવ ઉપરની ચર્ચા સમાપ્ત થયેથી અથવા અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને કોઇપણ સમયે એવી ખાતરી થાય કે, તે પ્રસ્તાવ ઉપર પૂરેપૂરી ચર્ચા કરવામાં આવી છે, ત્યારે બેઠકના મત માટે તે પ્રસ્તાવ રજૂ કરી શકશે.

(૨) (૧) પ્રસ્તાવમાં એક અથવા તેથી વધારે સુધારા હોય, ત્યારે અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીએ, સુધારો અથવા સુધારા એક પછી એક મત માટે પ્રથમ મૂકવા જોઇશે.

(૨) તમામ સુધારા પડતા મૂકવામાં આવ્યા હોય, તો અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીએ મત માટે તે પ્રસ્તાવ મૂકવો જોઇશે.

(૩) કોઇ પણ સુધારો અથવા સુધારા કરવામાં આવ્યા હોય તો, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અધિકારીએ, જે સુધારો અથવા સુધારા કરવામાં આવ્યા હોય તેને સમાવિષ્ટ કરતી દરખાસ્ત મત માટે મૂકવી જોઇશે;

(૪) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અધિકારી, વાસ્તવિકપણે સમાન હોય તેવા સુધારાને એકસાથે એક વર્ગમાં રાખી શકશે:

પરંતુ સુધારાના વર્ગમાં, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અધિકારી, જે સૌથી વધુ સર્વગ્રાહી હોય તેવા કોઇ પણ સુધારાને અગ્રતા આપી શકશે અને આવો સુધારો કરવામાં આવ્યો હોય અથવા પડતો મૂકવામાં આવ્યો હોય ત્યારે વર્ગમાં બીજા સુધારાની દરખાસ્ત મૂકવાનું જરૂરી રહેશે નહિ.

(૩) પેટા-નિયમ (૨) હેઠળ છેવટે લેવામાં આવ્યા મુજબના સુધારા સાથે અથવા તે વિનાની દરખાસ્ત, ગ્રામ સભાનો ઠરાવ અને નિર્ણય ગણાશે.

૬૫. મત લેવાની પદ્ધતિ:-

મત સામાન્યપણે, હાથ દર્શાવીને લઇ શકાશે અને જે સભ્ય તેનો મત આપવાની ઇચ્છા ધરાવે છે તેણે તે દરખાસ્તની તરફેણમાં પોતાનો હાથ ઊંચો કરવો જોઇશે.

૬૬. સભ્યોની વર્તણૂક:-

(૧) બેઠક સમક્ષ કોઈપણ બાબત વિષે મંતવ્ય રજૂ કરવા (બોલવા) ઈચ્છતા સભ્યએ, પોતાની બેઠક ઉપરથી ઊભા થવું જોઈશે અને અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી જણાવે, તો અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને સંબોધીને પોતાના મંતવ્યો રજૂ કરવા જોઈશે. અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી તેને જણાવે નહિ, તો તેણે પોતાની બેઠક ઉપર બેસી જવું જોઈશે:

પરંતુ અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, કોઈપણ સભ્યને પોતાની બેઠક ઉપર બેસીને બેઠકને સંબોધવાની પરવાનગી આપી શકશે.

(૨) કોઈપણ સભ્યએ, પોતાનું પ્રવચન બેઠક સમક્ષના પ્રશ્ન પૂરતું જ મર્યાદિત રાખવું જોઈશે અને અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીએ, અપ્રસ્તુત અથવા અપમાનજનક ઠરાવ્યા હોય તેવા મંતવ્યો આપવાનું તેણે બંધ કરવું જોઈશે.

(૩) સભ્યએ બેઠકમાં કાર્યવાહીઓને અથવા મંતવ્ય રજૂ કરતા સભ્યને ખલેલ પહોંચે એવી રીતે અરસપરસ વાતચીત કરવી જોઈશે નહિ.

(૪) કોઈ સભ્ય મંતવ્ય રજૂ કરતો હોય, ત્યારે અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી ઊભા થાય અથવા બીજો સભ્ય, નિયમનો (કાયદાનો) મુદ્દો ઉપસ્થિત કરે, તો મંતવ્ય રજૂ કરતા સભ્યએ પોતાની બેઠક ઉપર બેસી જવું જોઈશે.

(૫) કોઈ સભ્ય, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીના સત્તાધિકારની અવગણના કરે અથવા કોઈ બેઠકમાં અડચણકર્તા અથવા અપમાનજનક વર્તણૂક માટે દોષિત હોય, ત્યારે અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, પોતાને જરૂરી જણાય તો, તરત જ, આવા સભ્યને બેઠકની બાકી રહેલી મુદત માટે બેઠકમાંથી ફરજ-મોકૂફ કરવાનો પ્રસ્તાવ રજૂ કરી શકશે અને હાજર રહેલા સભ્યો પૈકીના બહુમતી સભ્યો તેની તરફેણમાં હોય, તો નામોલ્લેખિત સભ્યએ, બેઠકમાંથી ચાલ્યા જવું જોઈશે અને તેમ કરવામાં ચૂક થયે, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, આવી ફરજ-મોકૂફી અથવા બેઠકમાંથી ચાલ્યા જવાની બાબત માટે, પોતાને ઈષ્ટ લાગે તેવી સહાય મંગાવી શકશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-નિયમના હેતુ માટે, "અડચણકર્તા વતર્ણૂક" એટલે બેઠકમાં ચલાવવામાં આવતા કામકાજને અટકાવવાના હેતુથી, સ્વેચ્છાપૂર્વક અને દુરાગ્રહપૂર્વક અપનાવેલી વર્તણૂક.

૬૭. બેઠકની કાર્યવાહીઓના રેકર્ડ:-

(૧) સેક્રેટરીએ, બાંધેલા પુસ્તકમાં, ગ્રામસભાની દરેક બેઠકની કાર્યનોંધની નોંધ ગુજરાતીમાં કરવી જોઇશે. આ પુસ્તકમાં, તેણે દરેક બેઠક ખાતે હાજર સભ્યોની સંખ્યા, દરેક ઠરાવ માટે લીધેલો નિર્ણય, તરફેણમાં અથવા વિરુદ્ધમાં મતદાન કરનાર સભ્યોની સંખ્યા અને તટસ્થ રહેનાર સભ્યોની સંખ્યાની નોંધ કરવી જોઇશે. બેઠકની કાર્યનોંધને બેઠકની દ્વિવસના પછીના દ્વિવસે તૈયાર કરવી જોઇશે અથવા તરત જ પછી, વ્યવહાર્ય હોય તેમ, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અને સેક્રેટરી દ્વારા તેના પર સહી થયેલી હોવી જોઇશે અને પછીની બેઠક ખાતે, સમર્થન માટે તેને વાંચવી જોઇશે.

(૨) કાર્યનોંધની પ્રતને બેઠક પૂરી થયેથી સાત દ્વિવસની અંદર, તાલુકા પંચાયતને મોકલવાની રહેશે. કાર્યનોંધ, તમામ વાજબી સમયે નિરિક્ષણ માટે ખુલ્લી રહેશે. ગ્રામ સભાનો કોઇ સભ્ય, તેની અથવા તેના કોઇ પણ ભાગની પ્રત (નકલ), સામાન્ય ચાર્જની ચુકવણી પર મેળવવા માટે હકદાર થશે.

(૩) કાર્યનોંધની પ્રત (નકલ)ને સામાન્ય જનતાની માહિતી માટે પંચાયત કચેરીના નોટિસ બોર્ડ ઉપર દર્શાવવી જોઇશે અને તેને પંચાયતના વેબ પોર્ટલ પર મૂકી શકાશે.

(૪) ગ્રામ સભાના નિર્ણયો ઉપર ચર્ચા અને કાર્યવાહી કરવા માટે, કાર્યનોંધને પંચાયતની બેઠક સમક્ષ મૂકવી જોઇશે.

૬૮. ગ્રામસભાની સંયુક્ત બેઠકો.-

(૧) દરેક ગ્રામ સભા, તેની હકૂમતમાં પોતાના કાર્યો કરવા માટે સક્ષમ છે. પરંતુ બીજી ગ્રામ સભાઓ સાથે કામ કરવું જરૂરી હોય તેવી સંસાધન (રિસોર્સ)ના વ્યવસ્થાપન, રસ્તાના બાંધકામ, વગેરે જેવી બાબતોમાં, સંબંધિત તમામ ગ્રામ સભાઓ દ્વારા એક સંયુક્ત બેઠક યોજી શકાશે.

(૨) તમામ ગ્રામ સભાઓ એક જ હોય તેમ, ગ્રામ સભાઓની સંયુક્ત બેઠક, ગ્રામ સભાના નિયમો પ્રમાણે યોજવી જોઇશે.

(૩) સંયુક્ત બેઠકનું અધ્યક્ષસ્થાન, સરપંચ સંભાળશે અથવા તેની ગેરહાજરીમાં, ગ્રામ પંચાયતના ઉપ-સરપંચ બેઠક બોલાવી શકશે.

(૪) દરેક ગ્રામ સભામાંથી, ઓછામાં ઓછા ૫% સભ્યો અથવા ૧૦% સભ્યોની હાજરી, એ બેમાંથી જે ઓછું હોય તે, સંયુક્ત બેઠકમાં ફરજિયાત રહેશે. કોઇ કોરમ ન થવાને લીધે, આગામી બેઠકની તારીખ તે જ દ્વિવસે નક્કી કરવી જોઇશે અને નવી નોટિસ આપવી જોઇશે.

(૫) એક ગ્રામ સભાના કિસ્સામાં હોય તે પ્રમાણે, નિર્ણય કરવાની પદ્ધતિ રહેશે.

(૬) ગ્રામ પંચાયતમાં સરકારી કાર્યક્રમો માટે વિસ્તાર પ્રમાણે ફાળવણી, સંયુક્ત બેઠકોમાં કરવામાં આવશે, જેના માટેની દરખાસ્ત, ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવશે. સંયુક્ત ગ્રામ સભાનો નિર્ણય આખરી રહેશે.

૬૯. સેક્રેટરીની ફરજો.-

(૧) સેક્રેટરીએ, અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો અનુસાર ગ્રામ સભાની બેઠકો બોલાવવા અને તેના યોગ્ય સંચાલન માટે તમામ પગલાં લેવા જોઇશે.

(૨) તેણે કાર્યસૂચિની બાબતો માટે રિપોર્ટ અને પત્રકો તૈયાર કરવા જોઇશે અને સરપંચને અને પંચાયતની બેઠકમાં તેને મંજૂરી માટે રજૂ કરવા જોઇશે અને આવા રિપોર્ટ અને પત્રકોની પ્રતો (નકલો)ને, ગ્રામ સભાની બેઠકની કાર્યવાહીઓની પ્રતો (નકલો) સાથે તાલુકા પંચાયતને મોકલવી જોઇશે.

(૩) તેણે ગ્રામ સભાની બેઠક ખાતે રજૂ કરેલા ઠરાવોના અમલીકરણ માટે તમામ અનુવર્તી પગલાં લેવા જોઇશે અને પંચાયતની બેઠકોમાં સરપંચ સાથે વિકાસની સમીક્ષા કરવી જોઇશે અને માહિતી માટે, ગ્રામ સભાની આગામી બેઠકમાં પ્રગતિ અહેવાલ રજૂ કરવો જોઇશે.

(૪) તેણે યોજેલી ગ્રામ સભાઓની સંપૂર્ણ વિગતો આપતો વાર્ષિક અહેવાલ (રિપોર્ટ) તૈયાર કરવો જોઇશે અને તે, પંચાયતને, ગ્રામ સભાઓને અને તાલુકા વિકાસ અધિકારીને મોકલવો જોઇશે.

૭૦. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત દ્વારા અધિકૃત કરેલા અધિકારીની ફરજો:-

(૧) અધિનિયમની કલમ ૯૩-ની પેટા-કલમ (૨) અનુસાર, તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત, સામાન્ય અથવા ખાસ હુકમથી, નાયબ ચિટનીસ અથવા વિસ્તરણ અધિકારીથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઇપણ અધિકારીને, ગ્રામ સભાની બેઠકોની કાર્યવાહીઓમાં ભાગ લેવા માટે, અધિકૃત કરી શકશે.

(૨) તાલુકા પંચાયતના આવા અધિકારી,-

(ક) સરપંચ અને સેક્રેટરીને, અધિનિયમની જોગવાઇઓ અને આ નિયમો અનુસાર બેઠકોનું સમયસર આયોજન કરવા અને હાજર સભ્યોની સંખ્યા અને કાર્યનોંધની ખરાઇ કરવા માટે માર્ગદર્શન આપશે;

(ખ) ગ્રામ સભાની બેઠકની યોગ્ય તૈયારીઓ સુનિશ્ચિત કરવા માટે, નિયમ ૫૩ હેઠળ યોજવામાં આવેલી પંચાયતની બેઠકમાં હાજર રહેશે;

(ગ) ગ્રામ સભાની તમામ બેઠકોમાં સમયસર હાજર રહેશે અને જરૂર જણાય ત્યારે કાર્યવાહીઓમાં ભાગ લેશે;

(ઘ) સેક્રેટરી અથવા અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અધિકારી દ્વારા અધિકૃત કરાયેલી વ્યક્તિએ, બેઠકોની કાર્યવાહીઓની યોગ્યપણે નોંધ કરી છે તેની ખરાઇ કરવી જોઇશે. સેક્રેટરી અથવા અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અધિકારીએ, કાર્યવાહીઓ પર સહી કરેલી હોવી જોઇશે અને આવા અધિકારીએ પણ સામી સહી કરવી જોઇશે.

(ચ) તેને આદેશ કરવામાં આવે તેવી વિગતો સાથે તાલુકા વિકાસ અધિકારીને કાર્યવાહીઓની નકલો સહિત વિગતવાર અહેવાલ આપવા જવાબદાર રહેશે.

૭૧. ગ્રામ સભાના અહેવાલો (રિપોર્ટ):-

(૧) તાલુકા વિકાસ અધિકારીએ, દર વર્ષના એપ્રિલ માસના અંત સુધીમાં, ગામ પ્રમાણે ગ્રામ સભાના વાર્ષિક અહેવાલો (રિપોર્ટ) એકત્રિત કરવા જોઇશે અને ગામ પ્રમાણેની વિગતોનો તાલુકાનો એક એકત્રિત વાર્ષિક અહેવાલ (રિપોર્ટ), કામગીરી માટેના તેમના નિરિક્ષણ અને ટિપ્પણીઓ તથા સુધારા માટેના સૂચનો સાથે તૈયાર કરવો જોઇશે અને જૂન માસના અંત સુધીમાં તાલુકા પંચાયત અને જિલ્લા વિકાસ અધિકારીને તે સોંપવો જોઇશે.

(૨) જિલ્લા વિકાસ અધિકારીએ, પેટા-નિયમ (૧) હેઠળ, તાલુકા પ્રમાણે અહેવાલો (રિપોર્ટ) મળ્યેથી, તેને એકત્રિત કરવા અને તેમના નિરિક્ષણ અને સૂચનો ઉમેરવા જોઇશે અને જિલ્લા પંચાયતને અને વિકાસ કમિશનરને અને સેક્રેટરી, પંચાયત વિભાગ, ગુજરાત સરકાર-ને ઓગસ્ટ મહીનાના અંત સુધીમાં રજૂ કરવા જોઇશે.

ગ્રામ સભાની સમિતિઓની રચના અને તેના કાર્યો

૭૨. ગ્રામ સભાની સમિતિઓ:-

(૧) ગ્રામ સભા, આ અધિનિયમ અને નિયમો હેઠળ પોતાના કાર્યો અસરકારક અને કાર્યક્ષમ રીતે કરવા માટે તેના સભ્યોમાંથી, નીચે મુજબની સમિતિઓની રચના કરી શકશે.

(ક) શાંતિ સમિતિ.-

(૧) ગ્રામ સભા, શાંતિ સમિતિની રચના કરી શકશે. શાંતિ સમિતિમાં, ઓછામાં ઓછી તેત્રીસ ટકા મહિલા અને ઓછામાં ઓછા પચાસ ટકા અનુસૂચિત આદિજાતિઓના સભ્યો રહેશે.

(૨) શાંતિ સમિતિ, પડોશના ગામો સાથે યોગ્ય સંબંધો જાળવશે તથા સુનિશ્ચિત કરશે કે પડોશી ગામોના સમાન હિત અને પરસ્પરાવલંબન અંગેની બાબતોમાં કોઈપણ કાર્યવાહી, પડોશી ગામો સાથે પરામર્શના આધારે કરવામાં આવશે.

(૩) ગ્રામ સભા, શાંતિ સમિતિને,--

(૧) ગામની શાંતિનો ભંગ કરે તેવી ઘટનાઓની તપાસ કરવાની અને નિર્ણય માટે ગ્રામ સભાને રિપોર્ટ (અહેવાલ) આપવાની;

(૨) શાંતિ ભંગ કરનારાને સલાહ-સૂચન આપવાની અને લવાદ તરીકે ફેંસલો કરવાની;

(૩) જરૂરી જણાય ત્યાં તાત્કાલિક કાર્યવાહી કરવાની અને ત્યારપછી ગ્રામ સભાને રિપોર્ટ (અહેવાલ) આપવાની;

(૪) ગ્રામ સભાની મંજૂરી સાથે સરકારી સત્તાધિકારી અને પોલિસને યોગ્ય કાર્યવાહી માટે રિપોર્ટ અથવા વિનંતીપત્ર તૈયાર કરવાની

સત્તા સોંપી શકાશે.

(ખ) **સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ કમિટિ).-**

(૧) ગ્રામ સભાની સ્થાયી સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ અને મેનેજમેન્ટ કમિટિ) (આરપીએમસી) રહેશે. તમામ વિભાગોના પ્રતિનિધિઓ, આરપીએમસી-ના સલાહકાર તરીકે કાર્ય કરશે અને તેની બેઠકોમાં હાજરી આપશે.

(૨) સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ અને મેનેજમેન્ટ કમિટિ) ગામના પ્રદેશની અંદરની તમામ સંસાધનના શ્રેષ્ઠ સંભવિત ઉપયોગ માટે યોજના ઘડશે અને તદનુસાર તેનો ઉપયોગ કરવા માટે, ગ્રામ સભાના સભ્યોને સલાહ અને સહકાર આપશે.

(૩) સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ અને મેનેજમેન્ટ કમિટિ) સસંધાનના વ્યવસ્થાપન અથવા ઉપયોગ અંગેના મતભેદ અથવા વિવાદ સહિતના તમામ પાસાં અંગે વિચારણા હાથ ધરશે. ગ્રામ સભા-એ સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ પ્લાનિંગ અને મેનેજમેન્ટ કમિટિ)ને આવા વિવાદો અંગેનું નિવારણ લાવવા માટે અધિકૃત કરી શકશે. સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ અને મેનેજમેન્ટ કમિટિ), આ વિવાદો (તકરારો)નું નિવારણ લાવી શકવા અસમર્થ હોય, તો ગ્રામ સભાની બેઠકોમાં તે અંગેની (આવા મતભેદ-વિવાદો પર) વિચારણા કરવામાં આવશે. ગ્રામ સભાનો નિર્ણય આખરી રહેશે.

(૪) સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ અને મેનેજમેન્ટ કમિટિ), તેના કાર્યોમાં સહાયરૂપ થવા માટે ખેતી, ગૌણ ખનિજો જેવા નિર્દિષ્ટ મુદ્દાઓ પર પેટા-સમિતિઓની રચના કરી શકશે.

(ગ) **તકેદારી અને દેખરેખ સમિતિ**

તકેદારી અને દેખરેખ સમિતિ, નિયમ ૧૬ પ્રમાણે કામકાજ થાય છે અને બીજું સમાન કામકાજ થાય છે તે સુનિશ્ચિત કરશે.

(૨) સમિતિની મુદ્દત અઢી વર્ષની રહેશે, અને અધ્યક્ષ અને સભ્યો, પંચાયતના સભ્યો તરીકે લાયક હોય અને અધિનિયમની કલમ ૩૦-માં નિર્દિષ્ટ કોઇપણ ગેરલાયકાત હેઠળ આવતા ન હોય, તો ફરી ચૂંટાવા માટે પાત્ર થશે.

(૩) સમિતિ, ગ્રામ સભાના સભ્યોમાંથી અધ્યક્ષ અથવા સરપંચ સહિત, ૧૧ (અગિયાર) સભ્યોની રહેશે.

(૧) દરેક સમિતિના અધ્યક્ષ, પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી, ગ્રામ સભા-એ ચૂંટવાના રહેશે.

(૨) એવા અધ્યક્ષ, પંચાયતના સભ્ય અથવા યથાપ્રસંગ, સરપંચ હોતા બંધ થાય તો, તે અધ્યક્ષ હોતા બંધ થશે.

(૪) કોઇપણ વ્યક્તિ સામાન્ય રીતે એકથી વધુ સમિતિની અધ્યક્ષ રહેશે નહિ.

૭૩. સમિતિના સભ્યોની ચૂંટણી:-

(૧) દસ સભ્યોની ચૂંટણી ગ્રામ સભાની મુકત બેઠકમાં યોજવી અને બેઠકમાં ચૂંટણી દ્વારા ભરવાની ખાલી જગ્યાઓની સંખ્યાનો કાર્યસૂચિમાં સમાવેશ કરેલો હોવો જોઇશે.

(૨) બેઠકની નોટીસની સાથે જ અને તે જ રીતે નામનિયુક્તિ માટેની નોટિસ નમૂના ક-માં આપવી અને પ્રસિદ્ધ કરવી. નોટિસમાં એ બાબતનો ઉલ્લેખ કરવો જોઇશે કે, નામનિયુક્તિ ફોર્મ સરપંચ અને સેક્રેટરી પાસે ઉપલબ્ધ થશે અને બેઠકના નિયત સમયના ઓછાંમાં ઓછા બે કલાક પહેલાં યોગ્ય રીતે ભરીને તેમાંથી કોઇને પરત કરવાનું રહેશે.

(૩) દરેક સમિતિની ચૂંટણી, ગ્રામ સભાની બેઠકમાં, એક પછી એક, અલગથી યોજવી જોઇશે.

(૪) સેક્રેટરીએ સમયસર મળેલા તમામ નામનિયુક્તિ પત્રો પૂરા પાડવા જોઇશે, અને મતદાર યાદીમાં નામોની ચકાસણી કરીને, માન્ય નામનિયુક્તિઓ અને અમાન્ય નામનિયુક્તિઓની યાદી તૈયાર કરવી જોઇશે.

(૫) બેઠકના સમયે, જો કોરમની રચના થયેલ હોય તો, ચૂંટણીનું કામ પ્રથમ નીચે પ્રમાણે હાથ પર લેવું જોઇશે:-

(૧) બેઠકમાં, મહિલાઓ માટેની અનામત કક્ષામાં અને અન્ય માટે ભરવાની બેઠકોની સંખ્યા અને તેમના માટે પ્રાપ્ત થયેલ માન્ય નામનિયુક્તિઓ સેક્રેટરી-એ વાંચવી જોઇશે, અને કોઇ નામનિયુક્ત પરત ખેંચવાની થતી હોય, તો તે, સાદા કાગળ ઉપર, ગ્રામ સભા સમિતિની ચૂંટણીમાંથી તેણે પોતાની ઉમેદવારી પરત ખેંચી છે એમ જણાવતી, ઉમેદવારની સહી કરેલી હોવી જોઇશે, અને તે સરપંચ અથવા સેક્રેટરીને સોંપવી જોઇશે.

(૨) ઉમેદવારી પરત ખેંચવાના વિકલ્પ પછી, દરેક વર્ગમાં ભરવાની બેઠકોની સંખ્યા કરતાં સમાન અથવા ઓછી માન્ય નામનિયુક્તિ હોય તો, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી દ્વારા નામનિયુક્ત ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે.

(૩) જો નામનિયુક્ત સભ્યોની સંખ્યા ખાલી જગા કરતાં વધારે હોય, તો ચૂંટણીની શરૂઆત, વારાફરતી એક પછી એક, ઉમેદવારના નામની જાહેરાત કરીને કરવામાં આવશે અને હાથ ઊંચો કરાવીને મત લેવામાં આવશે તથા સેક્રેટરી દ્વારા તેને (મતને) નોંધવામાં આવશે તેમજ બહુમતિ મતોના આધારે અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી દ્વારા પરિણામ જાહેર કરવામાં આવશે અને બેઠકની કાર્યનોંધમાં તેને (મતને) નોંધવામાં આવશે તથા પંચાયત કચેરીના નોટિસ બોર્ડ પર તેને (પરિણામને) પ્રસિદ્ધ કરવામાં આવશે અને તાલુકા વિકાસ અધિકારીને તેની (પરિણામની) જાણ કરવામાં આવશે.

(૪) સમિતિની મુદત અઢી વર્ષની રહેશે તથા અધ્યક્ષ અને સભ્ય જો પંચાયતના સભ્યો બનવા માટે લાયક ઠરે અને કલમ ૩૦ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી કોઈ ગેરલાયકાત ધરાવતા ન હોય તો તેમને ફરી ચૂંટાવા માટે લાયક ગણાશે.

૭૪. સમિતિના સભ્યો અથવા અધ્યક્ષની ચૂંટણી સંબંધી વિવાદ:-

(૧) કોઈ સમિતિના અધ્યક્ષ અથવા સભ્યની ચૂંટણી અંગેનો કોઈ વિવાદ હોય, તો કોઈ નારાજ થયેલી વ્યક્તિએ, પરિણામની તારીખથી ૧૫ દિવસની અંદર તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવી જોઈશે અને તાલુકા વિકાસ અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૨) તાલુકા વિકાસ અધિકારી દ્વારા અધ્યક્ષ અથવા સભ્યની ચૂંટણીને રદ કરવામાં આવે, તો ખાલી પડેલી બેઠક, ત્યાર પછીની ગ્રામ સભાની બેઠકમાં ભરવામાં આવશે.

૭૫. ગ્રામ સભાની સમિતિઓની કાર્યરીતિ:-

ગ્રામ સભાની સમિતિઓની કાર્યરીતિ નીચે મુજબ રહેશે :-

(૧) તમામ સમિતિઓની બેઠકો જાહેરમાં યોજવામાં આવશે.

(૨) દરેક સમિતિની દરેક બેઠકની નોટિસ, જેમાં તેની તારીખ, સમય અને સ્થળ તથા ચલાવવાનું કામકાજ નિર્દિષ્ટ કરીને, સમિતિના સેક્રેટરી-એ ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ આપવી જોઈશે.

(૩) અધ્યક્ષની ગેરહાજરીમાં હાજર રહેલા સભ્યો દ્વારા પસંદ કરાયેલ સભ્ય, બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે.

(૪) સમિતિની બેઠક માટેનું કોરમ, અધ્યક્ષ સહિત (કુલ સભ્યોની) અડધી સંખ્યાની બનેલી વ્યક્તિઓનું રહેશે.

(૫) સમિતિઓના તમામ નિર્ણય અને અન્ય રેકર્ડ તેની તરત પછીની ગામની ગ્રામ સભા સમક્ષ મંજૂરી માટે મૂકવા જોઈશે અને મંજૂર થયેલા નિર્ણયને ગ્રામ સભાના નિર્ણયો તરીકે ગણવામાં આવશે.

૭૬. સમિતિના સેક્રેટરીઓ:-

(૧) પંચાયતના સેક્રેટરી, ગ્રામ સભાની તમામ સમિતિઓના સેક્રેટરી રહેશે અને દરેક સમિતિની દર મહિને (માસિક) બેઠકો બોલાવવા, બેઠકની નોટિસ બહાર પાડવા, બેઠકમાં હાજર રહેવા તેમજ તેની કાર્યવાહી જાળવવા તથા તેને પંચાયત અને ગ્રામ સભાની બેઠકો સમક્ષ રજૂ કરવા માટે જવાબદાર રહેશે.

(૨) સેક્રેટરીને સમિતિમાં બોલવાનો અને બાબતો સમજાવવાનો હક રહેશે અને કોઈ નિર્ણય, કાયદા અને નિયમો અથવા સરકારના હુકમોને અનુરૂપ ન જણાય, તો તેને મંજૂર કરવામાં આવે તે પહેલાં તે અંગે ગ્રામ સભાનું ધ્યાન દોરશે અને મંજૂરી મળ્યા પછી પણ તેઓએ પંચાયત અને તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં આ બાબતની જાણ કરવી જોઈશે.

(૩) સેક્રેટરી એક કરતાં વધુ પંચાયત અથવા ગ્રામ સભાનો હવાલો સંભાળતા હોય અને તમામ સમિતિઓની બેઠકોમાં હાજરી આપવા અસમર્થ હોય, તો સમિતિઓની મંજૂરી તથા તાલુકા વિકાસ અધિકારીના લેખિત આદેશની સાથે, સેવા આપતા અથવા નિવૃત્ત પંચાયત કર્મચારી જેવા કે શિક્ષક, ગ્રામ સેવક અથવા આરોગ્ય કાર્યકરની ગ્રામ સભાની સમિતિઓના માનદ જોઈન્ટ સેક્રેટરી તરીકે નિમણૂક કરી શકાશે. તેમ છતાં, સેક્રેટરી, સમિતિઓના સેક્રેટરીની એકંદર ફરજો અને કાર્યો માટે જવાબદાર રહેશે.

૭૭. સમિતિની પેટા-સમિતિઓ:-

પોતાની ફરજો અને કાર્યો બજાવતી સમિતિ, તેના સભ્યો પૈકીના ત્રણ સભ્યોની બનેલી પેટા-સમિતિને કોઈપણ તપાસ અથવા નિરીક્ષણ સોંપવાનો નિર્ણય લઈ શકશે, જે નિર્દિષ્ટ ફરજો નિભાવશે અને સમિતિની વિચારણા માટે તેની આગામી બેઠકમાં રિપોર્ટ (અહેવાલ) આપશે.

નમૂનો-ક

[જુઓ નિયમ ૭૩ (૨)]

ગ્રામ સભાની સમિતિના સભ્યની

ચૂંટણી માટેનું નામનિયુક્તિ પત્રક

સમિતિનું નામ.....

ગ્રામ સભાનું નામ: .....

તાલુકો ..... જિલ્લો .....

હું નીચે સહી કરનાર,.....(મતદાર યાદી પ્રમાણે પૂરું નામ) આથી, ઉપર જણાવેલી સમિતિના સભ્યપદના ઉમેદવાર તરીકે મારી નામનિયુક્તિ કરું છું.

હું ..... (પંચાયતનું નામ) પંચાયત ખાતે અનુક્રમ નં.....વોર્ડ નં.....ની મતદાર યાદીમાં મતદાર તરીકે નોંધાયેલ છું.

મને ગ્રામ સભાના ઓછામાં ઓછા પાંચ સભ્યોનું સમર્થન મળેલ છે, જેની વિગતો નીચે આપવામાં આવી છે.

હું સત્યનિષ્ઠાપૂર્વક એકરાર કરું છું કે હું અધિનિયમની કલમ ૩૦(૧)માં જણાવેલી કોઈ ગેરલાયકાત ધરાવતો નથી.

સહી.....

ઉમેદવારની સહી.....

સમર્થકોની વિગતો

અનુક્રમાંક	મતદાર યાદી પ્રમાણેનું પૂરું નામ	મતદાર યાદીમાં વોર્ડ નં અને અનુક્રમ નં.	સમર્થકની સહી
૧	૨	૩	૪
૧			
૨			
૩			
૪			
૫			

[નામનિયુક્તિ પત્રક મેળવનાર સરપંચ અથવા સેક્રેટરી દ્વારા ભરવું]

આ નામનિયુક્તિ પત્રક .....(તારીખ)ના રોજ.....(સમય) મળેલ છે.

સહી : .....

હોદ્દો : .....

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વનરાજસિંહ પઢારિયા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 16

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JANUARY 18, 2017/PAUSA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૨૩મી ડિસેમ્બર, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **કાયદા વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૧૧૪/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Scheduled Caste and the Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૩મી ડિસેમ્બર,૨૦૧૬.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,૧૯૮૯.

ક્રમાંક: જીકે/૧૧૪/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી:- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ(અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ના ૩૩મા) (જેનો આમાં હવે પછી,"સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો હોય તે)ની કલમ ૧૪ના પ્રથમ પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ સાથે, આથી, સદરહુ અધિનિયમના હેતુ માટે, અનુસૂચિના કોલમ (૨)માં દર્શાવ્યા પ્રમાણેના નિર્દિષ્ટ જિલ્લાઓમાં, કોલમ (૩)માં દર્શાવ્યા પ્રમાણે રાજ્યમાં તાબાની કોર્ટમાંના સબ-ડિવિઝનોમાં કાર્ય કરતી 'સેશન કોર્ટ'ને, તાત્કાલિક અસરથી'વિશેષ કોર્ટ' તરીકે મુકરર કરે છે.

અનુસૂચિ

અનુ ક્રમાંક	જિલ્લાનું નામ	સબ-ડિવિઝનનું નામ
(૧)	(૨)	(૩)
૧.	અમદાવાદ (ગ્રામ્ય)	વિરમગામ
૨.	અમરેલી	રાજુલા
૩.	આણંદ	-
૪.	મોડાસા ખાતે અરવલ્લી	-
૫.	પાલનપુર ખાતે બનાસકાંઠા	ડીસા, દીયોદર
૬.	ભરૂચ	અંકલેશ્વર
૭.	ભાવનગર	મહુવા
૮.	દાહોદ	-
૯.	ગાંધીનગર	કલોલ
૧૦.	વેરાવળ ખાતે ગીર સોમનાથ	-
૧૧.	જૂનાગઢ	-
૧૨.	ભૂજ ખાતે કચ્છ	અંજાર, ગાંધીધામ
૧૩.	નડિયાદ ખાતે ખેડા	-
૧૪.	મહેસાણા	વિસનગર
૧૫.	નર્મદા	-

INDEX

અનુ ક્રમાંક	જિલ્લાનું નામ	સબ–ડિવિઝનનું નામ
(૧)	(૨)	(૩)
૧૬.	નવસારી	આહવા
૧૭.	ગોધરા ખાતે પંચમહાલ	–
૧૮.	પાટણ	–
૧૯.	પોરબંદર	–
૨૦.	રાજકોટ	ગોંડલ, જેતપુર, ધોરાજી
૨૧.	હિંમતનગર ખાતે સાબરકાંઠા	ઈડર
૨૨.	સુરત	બારડોલી
૨૩.	સુરેન્દ્રનગર	લીંમડી, ધ્રાંગધ્રા
૨૪.	વ્યારા ખાતે તાપી	–
૨૫.	વડોદરા	છોટા ઉદેપુર, સાવલી
૨૬.	વલસાડ	–
૨૭.	શહેર દીવાની (સિટી સિવિલ)કોર્ટ,અમદાવાદ	–

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ વર્મા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 17

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JANUARY 18, 2017/PAUSA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૩જી ઓગસ્ટ, ૨૦૧૬ના ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : કેપી-૪૪/જીવીકે/એનઆરઈજીએ/૦૬/ એસએફએસ-૧૭/ખ-૨**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The National Rural Employment Guarantee Act, 2005.
રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી અધિનિયમ,૨૦૦૫ હેઠળ
જાહેરનામું.
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૩જી ઓગસ્ટ, ૨૦૧૬.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી અધિનિયમ,૨૦૦૫.

ક્રમાંકઃકેપી–૪૪/જીવીકે/એનઆરઈજીએ/૦૬/એસએફએસ–૧૭/ખ–૨.રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ૪૨મા)ની કલમ ૧૨ની પેટા–કલમ (૧) હેઠળ મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના સભ્યોની બનેલી રાજ્ય રોજગાર બાંયધરી કાઉન્સિલ, ગુજરાત રાજ્ય–ની રચના કરે છે:–

ક. સરકારી સભ્યો:

૧. માનનીય રાજ્ય મંત્રી, (સ્વતંત્ર હવાલો),ગ્રામ વિકાસ વિભાગ	અધ્યક્ષ(Chairperson)
૨. સરકારના અધિક મુખ્ય સચિવ, નાણા વિભાગ	સભ્ય
૩. સરકારના અધિક મુખ્ય સચિવ, વન અને પર્યાવરણ વિભાગ	સભ્ય
૪. સરકારના અગ્રસચિવ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	સભ્ય
૫. સરકારના અગ્રસચિવ, શ્રમ અને રોજગાર વિભાગ	સભ્ય
૬. સરકારના અગ્રસચિવ, ગ્રામ વિકાસ વિભાગ	સભ્ય
૭. સરકારના સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ	સભ્ય
૮. સરકારના અગ્રસચિવ,નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	સભ્ય
૯. ગ્રામ વિકાસ કમિશનર કચેરીના,ખાસ કમિશનર (એસ.બી.એમ.(જી.))	સભ્ય
૧૦. ગ્રામવિકાસ કમિશનર કચેરીના મુખ્ય વહીવટી અધિકારી, (જી.એસ.ડબલ્યુ.એમ.એ.)	સભ્ય
૧૧. જનરલ મેનેજર, રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામ વિકાસ બેંક (નાબાર્ડ) ગુજરાત	સભ્ય
૧૩. જિલ્લા વિકાસ અધિકારી, આણંદ	સભ્ય
૧૪. ગ્રામ વિકાસ કમિશનર કચેરીના અધિક કમિશનર (એમ.જી.એન.આર.ઈ.જી.એ.)	સભ્ય–સચિવ

ખ. બિન–સરકારી સભ્યો:

૧. શ્રી શાંતુભાઈ મોતીસિંહ વાઘેલા, મુ.ભડથ, તાલુકો અને જિલ્લો–બનાસકાંઠા.
૨. શ્રીમતી દીપિકાબેન પટેલ, મુ. લાંભવેલ, પંચાયત ઘર નજીક, તા. અને જિ.–આણંદ.
૩. શ્રી મનજીભાઈ આહીર, ૧૫– "માધવ" શ્રી સેન્ટર કોમ્પલેક્ષ, ટાઉનશીપ નજીક, અંજાર–કચ્છ.
૪. શ્રી શૈલેન્દ્રસિંહ કાનાભાઈ રાઠોડ, મુ. ખાંભા, પો. ઓ.ટોબરા, તાલુકો સૂત્રાપાડા, જિ.– ગીર સોમનાથ.
૫. શ્રી રવજીભાઈ ભડાભાઈ સરવૈયા, મુ.ભાડલા, તા.જસદણ, જિ.–રાજકોટ.
૬. શ્રીમતી અમિતાબેન અશ્વિનભાઈ પટેલ, મુ. તલાવચોરા, તા. ચીખલી, જિ.–નવસારી.
૭. શ્રીમતી હેમલતાબેન પ્રકાશભાઈ પટેલ(ચૌધરી), મુ. અને પો.–ઘનસુરા, રાવસાહેબની ફળી, તાલુકો–ઘનસુરા, જિ.અરવલ્લી.
૮. શ્રી શંભુભાઈ બાબરભાઈ દેસાઈ, ૬૨, ગુરુકૃપા સોસાયટી, હાઈવે પાસે, મુ. અને પો.–સિદ્ધપુર, જિ.– પાટણ.

૯. શ્રી ભગાજી તખાજી ઠાકોર, એચ– ૨૩૪, "સરદારધામ", દેદીયાસણ, જીઆઈડીસીની સામે, મોઢેરા રોડ, મહેસાણા–૩૮૪૦૦૨

૧૦. શ્રી કાનાજી શંકરજી ઠાકોર, હાઉસ નં– ૧૨૮૨, ઠાકોર વાસ, જૂના માધુપુરા, શાહીબાગ, અમદાવાદ– ૦૪

૧૧. શ્રી સગ્રામભાઈ ભાયાભાઈ ભરવાડ, મયૂરનગર, હળવદ રોડ, મુ. અને તા.–ધ્રાંગધ્રા, જિલ્લો–સુરેન્દ્રનગર.

૧૨. શ્રી ગિરીષભાઈ હરિભાઈ પરમાર, "પ્રતીક્ષા" શિવગંગા સોસાયટી, શેરી નં–૧, શિવ હોસ્ટેલ પાછળ, મારવાડી બિલ્ડીંગ પાસે, નાના માવા રોડ, રાજકોટ.

૧૩. શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા, મુ.મોવાણા, તા. કેશોદ, જિ. જૂનાગઢ

૧૪. શ્રી પ્રકુલભાઈ દલસીંગભાઈ ડામોર, મુ. અને પો.–જવેસી,તા.–ફતેપુરા, જિ.–દાહોદ.

૧૫. શ્રી ઉર્મિલાબેન રશ્મિકાંતભાઈ વસાવા, મુ.લોટીયા, વસાવા ફળિયા, પોસ્ટ– બાદલપુર, તા.–સંખેડા, જિ.–છોટાઉદેપુર.

બિન–સરકારી સભ્યોની નિમણૂકની બોલીઓ અને શરતો ગુજરાત રાજ્ય રોજગાર બાંયધરી કાઉન્સિલ નિયમો–૨૦૦૮થી વિનિયમિત કરાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યુ.યુ.પઠાણ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 18 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JANUARY 18, 2017/PAUSA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર** વિભાગ-ના **તારીખ : ૬ઠ્ઠી જાન્યુઆરી,** ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએન-૨૦૧૭નો ૧/આરઆરઆર/૧૦૨૦૧૪/૭૨૨૮૮૧/ઈ-૩**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Assistant Research Officer, Class-II, in the General State Service, under the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department, Recruitment Rules, 2017.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએન - ૨૦૧૭નો ૧ / આરઆરઆર / ૧૦૨૦૧૪ / ૭૨૨૮૮૧ / ઈ-૩ઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની તાબાની સેવામાં, સિનિયર વિજ્ઞાન મદદનીશ, વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૨-ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી, પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ બદલીથી કરવી જોઈશે; અથવા

(ગ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૩ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી એન્જિનિયરીંગ (સિવિલ) અથવા ટેક્નોલોજિ (સિવિલ) અથવા ભૂ-ભૌતિકવિજ્ઞાન અથવા ભૂસ્તરવિજ્ઞાનમાં મેળવેલી અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની તાબાની સેવામાં, જુનિયર વિજ્ઞાન મદદનીશ, વર્ગ-૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો જળસંપત્તિ, સિંચાઈ, માર્ગ અને મકાનના ક્ષેત્રમાં સંશોધનનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની તાબાની સેવામાં, જુનિયર વિજ્ઞાન મદદનીશ, વર્ગ-૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો, સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં જળસંપત્તિ, સિંચાઈ, માર્ગ અને મકાનના ક્ષેત્રમાં સંશોધનનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

INDEX

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ધીમંત એ. પટેલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 19 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, JANUARY 19, 2017/PAUSA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૭ ના ગુજરાત સરકારના નાણા વિભાગ ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૦૧) વીએટી-૨૦૧૭-એસ.૫ (૨) (૫૩)-(૭) -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No.(GHN-35) VAT-2006-S.5 (2) (1)-TH, dated the 31st March, 2006.

તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૫) વીએટી-૨૦૦૬-એસ.૫ (૨) (૧)-ઠ. સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક. (જીએચએન-૦૧)વીએટી-૨૦૧૭-એસ.૫ (૨) (૫૩)-ઠ:- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૫-ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૫) વીએટી-૨૦૦૬-એસ.૫ (૨) (૧)-ઠ, નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૧૦૧ પરની નોંધમાં, કોલમ ૪માં, ''તા. ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૭'' એ આંકડા, અક્ષરો અને શબ્દોને બદલે, ''તા. ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૮ અથવા જે તારીખથી રાજ્યમાં વસ્તુ અને સેવા કર અધિનિયમ અમલમાં આવે તે તારીખથી, એ બંનેમાંથી જે વહેલું હોય તે'' એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સમીર જોષી,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 20 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, JANUARY 19, 2017/PAUSA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૩જી ડિસેમ્બર, ૨૦૧૬ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૧૧૮/પીએસટી/૧૦૨૦૧૦/૨૮૦/ભાગ-૧/વી. -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department No. GG/25/PST/102010 /280/V, dated the 7th February, 2014.

ગૃહ વિભાગનું તારીખઃ ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીજી/૨૫/પીએસટી/૧૦૨૦૧૦/૨૮૦/વી. સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંકઃ જીજી/૧૧૮/પીએસટી/૧૦૨૦૧૦/૨૮૦/ભાગ-૧/વીઃ– ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખઃ ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીજી/૨૫/પીએસટી/ ૧૦૨૦૧૦/૨૮૦/વી. નીચે પ્રમાણે સુધારે છેઃ-

(૧) સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંકઃ ૯ પરની નોંધને બદલે, નીચેની નોંધો મૂકવીઃ-

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૯.	ધ્રાંગધ્રા	દસાડા	પાટડી			પાટડી
						જૂના સડલા
						નવા સડલા
						જોરાવરપુરા
						સુરજપુરા
						ખારાઘોડા
						નારાણપુરા
						હિંમતપુરા
						ગોરીયાવાડ
						સાવડા
						પોરડા
						નવા સવલાસ
						જૂના સવલાસ
						ઓડુ
					વઘાડા (ફુલ્કી ત્રણ રસ્તા ખાતે)	જરવાલા
						બામણવા
						કોચાડા
						હરિપુરા
						નવરંગપુરા

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						ઉપરિયાળા
						વઘાડા
						માલણપુર
						હાથીપુરા
						અમનગર
						મોટા ઉભડા
						ઘાસપુર
૯૬.	ધ્રાંગધ્રા	દસાડા	બજાણા			જીવણગઢ
						મોટી મજેઠી
						કમાલપુર
						નાની મજેઠી
						કામાલપુર
						રામગરી
						સીધસર
						રાજપર
						છાબલી
						ભડેણા
						લીંબડ
						હેબતપુર
						બજાણા
						સેદલા
						માલવણ
						નાના ગોરૈયા
						કચોલિયા
						દેગામ
						પીપળી
						અખિયાણા
						ખેરવા
						ઝેઝરી
						ગેડિયા
						નાગડકા'';

(૨) ''પોલીસ સ્ટેશન'' એ શીર્ષક હેઠળ કોલમ (૪)માં, નિર્દિષ્ટ કરેલા ''ઝીંઝુવાડા''ને લગતી નોંધમાં, ''ડિવિઝન/ સબ-ડિવિઝન'' એ શીર્ષક હેઠળ કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા ''ધ્રાંગધ્રા''ને લગતી અનુક્રમાંક ૧૦

પરની નોંધમાં, કોલમ (૭)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, તે હેઠળ આવતા ''સ્થાનિક વિસ્તારો/ ગામો''એ શીર્ષક હેઠળના ''ઓડુ''ગામને લગતી નોંધ કમી કરવી ;

(૩) ''પોલીસ સ્ટેશન'' એ શીર્ષક હેઠળ કોલમ (૪)માં, નિર્દિષ્ટ કરેલા ''દસાડા''ને લગતી નોંધમાં, ''ડિવિઝન/ સબ-ડિવિઝન'' એ શીર્ષક હેઠળ કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા ''ધ્રાંગધ્રા''ને લગતી અનુક્રમાંક ૧૧ પરની નોંધમાં, નીચેના ગામોને લગતી નોંધો, ''સ્થાનિક વિસ્તારો/ ગામો''એ શીર્ષક હેઠળના કોલમ (૭)માં અંતે ઉમેરવી :-

''વઘાડા
માલણપુર
હાથીપુરા
અમનગર
મોટા ઉભડા
ઘાસપુર'';

(૪) અનુક્રમાંક ૧૭ પરની નોંધને બદલે, નીચેની નોંધો મૂકવી :-

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
''૧૭.	લીંમડી	ચોટીલા	ચોટીલા			જાનીવડલા
						નાની મોલડી
						ચાણપા
						સણોસરા
						પિયાવા
						પાંચવડા
						રેશમીયા
						કાળાસર
						ખેરાડી (ખેરડી)
						કુંઢડા
						ત્રંબોડા
						નાળીયેરી
						લાખણકા
						ભીમગઢ
						મોકાસર
						ભીમોરા
						લાખાચોકિયા
						ખેરાણા
						પીપરાળી
						સાંગાણી

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						જસાપર
						નાના પાળિયાદ
						નાની મોરસલ
						અકાળા
						હબીયાસર
						નાના કાંધાસર
						મોટા કાંધાસર
						મઘરીખડા
						દેવસર
						રામપરા (ઝરીયા)
						રૂપાવટી
						પંજવડી
						રાજાવડ
						કુંભારા
						નવાગામ (ચોટીલા)
						સુખસર
						મોટા હરનીયા
						સુરઈ
						મેવાસા (સુરઈ)
						ગઢેચી
						દુધેલી
						હીરાસર
						નાનીયાણી
						ઝુંપડા
						નાવા
						ચોટીલા
						વાવડી
૧૭ક.	લીંબડી	ચોટીલા	બામણબોર			બામણબોર
						ગુંદાળા
						જીવાપર (બામણબોર)
						ગારીડા
						ડોસલીધુના

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						લોમાકોટડી
						પીપળિયા (ધા)
						મેવાસા (સણોસરા)
						શેખલીયા
						ઝીંઝુડા
						નવાગામ (બા)
						ચીરોડા (થા)
						રાજપરા
						રામપરા (રાજ)
						ખાટડી
						ડાકવડલા
						સાલખડા
						ફુલઝર
						મોટી મોલડી
					આણંદપુર	આણંદપુર
						ચોબારી
						ઢોકળવા
						ધારૈઈ (ધારી)
						ગોલીડા
						વડાળી
						પીપળિયા (ધો)
						ભેટસુડા
						કાબરણ
						રામપરા (ચો)
						નવાગામ (આ)
						તાજપર
						પરબડી
						ભોજપરા
						ભોજપરી
						મહીદડ
						સુખસર
						દેવપરા

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						મોણપર
						ગુંદા
						આંકડીઆ
						કંથારીયા
						જીવાપર (આ)
						ગોવિંદપરા
						દોલતપરા
						ધરમપુર.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. આર. ભમ્મર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 21

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JANUARY 20, 2017/PAUSA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૬ ના ગુજરાત સરકારના **કાયદા** વિભાગ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૧૧૫/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી.** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification Legal Department No. GK/114/2016/SCT/102016/2599/D, Dated 23rd December, 2016.

કાયદા વિભાગનું તારીખ: ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક જીકે/૧૧૪/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી. સુધારવા સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૬.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.

ક્રમાંક: જીકે/૧૧૫/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી:– અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ના ૩૩મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો હોય તે)ની કલમ ૧૪ના પ્રથમ પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કાયદા વિભાગનું તારીખ: ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીકે/૧૧૪/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૦ પર, કોલમ નં. ૨ની સામે, કોલમ નં. ૩માં, "ઉના" એ શબ્દ દાખલ કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ વર્મા,
ગુજરાત સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 22

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, JANUARY 23, 2017/MAGHA 3, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **વન અને પર્યાવરણ વિભાગ** -ના

(૧) તારીખ : ૨૨-૦૩-૨૦૧૬ ના જાહેરનામા **ક્રમાંક : જીએસ/જીવીએન/૨૦૧૬(૫)/એમઆઈએસ/૧૦૨૦૧૩/૨૧૮૩/એ-૧,**

(૧) તારીખ : ૩૧-૦૩-૨૦૧૬ ના જાહેરનામા **ક્રમાંક : જીએસ/જીવીએન/૨૦૧૬(૬)/એમઆઈએસ/૧૦૨૦૧૩/૨૧૮૩/એ-૧,** અને

(૩) તારીખ : ૨૯-૦૬-૨૦૧૬ ના જાહેરનામા **ક્રમાંક : જીએસ/જીવીએન/૨૦૧૬(૧૯)/એમઆઈએસ/૧૦૨૦૧૩/૨૧૮૩/એ-૧,** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

વન અને પર્યાવરણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૨/૦૩/૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક:જીએસ/જીવીએન/૨૦૧૬(૫)/એમઆઇએસ/૧૦૨૦૧૩/૨૧૮૩/એ-૧:- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ના કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટના કોલમ ૩-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે, તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક.	અધિનિયમની કલમ-૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ.	નિયત સમયમર્યાદા.
(૧)	(૨)	(૩)
૧	ફિલ્મ શૂટિંગ અને ફોટોગ્રાફી	૧૫ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. બી. અજમેરી,
સરકારના ઉપ સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

વન અને પર્યાવરણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૩૧/૦૩/૨૦૧૬.

વંચાણમાં લીધો:- આ વિભાગનું તારીખ:૨૨/૦૩/૨૦૧૬નું જાહેરનામું **ક્રમાંક:જીએસ/જીવીએન/૨૦૧૬(૫)/એમઆઇએસ/૧૦૨૦૧૩/૨૧૮૩/એ.૧**

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક:જીએસ/જીવીએન/૨૦૧૬(૬)/એમઆઇએસ/૧૦૨૦૧૩/૨૧૮૩/એ-૧:- આ વિભાગે ઉપર વંચાણમાં લીધેલા જાહેરનામાથી, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા) હેઠળ ૧ સેવા જાહેર કરેલ છે. હવે, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, નીચેની વધુ સેવાઓ, આથી, જાહેર કરવામાં આવે છે. ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ના કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટના કોલમ ૩-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે, તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

INDEX

પરિશિષ્ટ–ક

અનુક્રમાંક	અધિનિયમની કલમ–૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ	નિયત સમયમર્યાદા
૧	૨	૩
૧	ખાનગી ખેતરની જમીનમાં વૃક્ષના વાવેતર માટેની અરજી.	૩ મહિના
૨	કિસાન નર્સરી માટેની અરજી.	૨ મહિના
૩	છોડની જરૂરિયાત માટેની અરજી.	૭ દિવસ
૪	બાયોગેસ, સૌર ફાનસ, સૌર (સોલર) કૂકર, ધુમાડારહિત ચુલા માટેની અરજી.	૩ મહિના
૫	ફળના વૃક્ષના વાવેતર માટેની અરજી	૩ મહિના
૬	રાહત દરે વાંસની ફાળવણી (કોટવાલિયા યોજના સહિત)	૩૦ દિવસ
૭	સરકારના કોઠારો (ડિપો)માંથી રાહત દરે ઇમારતી લાકડા/બળતણ લાકડાની ફાળવણી	૬૦ દિવસ
૮	"આશ્રમશાળા"ને રાહત દરે બળતણ લાકડાનો પુરવઠો	૬૦ દિવસ
૯	સંયુક્ત વન સંચાલન માટેના અધિકારપત્રો.	૬૦ દિવસ
૧૦	હોનારતથી અસગ્રસ્ત વ્યક્તિઓને ઈમારતી લાકડા/લાકડાનો રાહત દરે પુરવઠો પૂરો પાડવો.	૩૦ દિવસ
૧૧	સુરક્ષિત વૃક્ષ પાડવા માટેની પરવાનગી.	૨ મહિના
૧૨	વન પેદાશની હેરફેર માટેની પરવાનગી.	૧ મહિનો
૧૩	ચાર્કોલ (લાકડાના કોલસા)ના ઉત્પાદન માટેની પરવાનગી.	૧ મહિનો
૧૪	લાકડું વહેરવાની મિલ માટે સ્થળના નામની તબદીલી (એક વિભાગથી બીજા વિભાગમાં પરંતુ સમાન વર્તુળ(સર્કલ)ની અંદર અને ૫ વર્ષ પહેલાં લાઈસન્સ કાઢી આપ્યાની તારીખ).	૩ મહિના
૧૫	લાકડું વહેરવાની મિલ માટે સ્થળના નામની તબદીલી (સમાન વિભાગની અંદર અને ૫ વર્ષ પહેલાં લાઈસન્સ કાઢી આપ્યાની તારીખ).	૩ મહિના
૧૬	લાઈસન્સ તાજું કરી આપવું (સમયગાળો પૂરો થાય તેના 3 મહિના પહેલાં મેળવેલી અરજી).	૩ મહિના
૧૭	વન્યપ્રાણી દ્વારા પશુ પર હુમલો કર્યા સામેનું વળતર.	૪૫ દિવસ
૧૮	વન્યપ્રાણી દ્વારા વ્યક્તિ પર હુમલો કર્યા સામેનું વળતર.	૧૦ દિવસ
૧૯	અભયારણ્ય અને એન.પી (નેશનલ પાર્ક/રાષ્ટ્રીય ઉપવન)થી ૧૦ કિ.મી હદની અંદર અગ્નયસ્ત્રના પરવાના (લાઈસન્સ) માટેનું ના વાંધા પ્રમાણપત્ર.	૧ મહિનો
૨૦	સંશોધન	૧ મહિનો
૨૧	ગીર, પાણિયા અને મિતિયાળા વન્યપ્રાણી અભયારણ્યથી ૨ કિ.મીથી વધુના અંતરે આવેલ હોટેલ અને રિસોર્ટ માટેનું ના વાંધા પ્રમાણપત્ર.	૧ મહિનો
૨૨	ડબલ્યુપીએ–૧૯૭૨ (વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨)ની કલમ–૧૭ હેઠળ, નિર્દિષ્ટ છોડની ખેતી અને તેની તજવીજ કરવી.	૧ મહિનો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. બી. અજમેરી,
સરકારના ઉપ સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

વન અને પર્યાવરણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૯/૦૬/૨૦૧૬.

વંચાણમાં લીધા:–

(૧) આ વિભાગનું તારીખ:૨૨/૦૩/૨૦૧૬નું જાહેરનામું ક્રમાંક: જીએસ/જીવીએન/ ૨૦૧૬(૫) એમઆઇએસ/ ૧૦૨૦૧૩/૨૧૮૩/એ.૧,

(૨) આ વિભાગનું તારીખ:૩૧/૦૩/૨૦૧૬નું જાહેરનામું ક્રમાંક: જીએસ/જીવીએન/ ૨૦૧૬(૬)/ એમઆઇએસ/૧૦૨૦૧૩/૨૧૮૩/એ.૧.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક:જીએસ/જીવીએન/૨૦૧૬(૧૯)/એમઆઇએસ/૧૦૨૦૧૩/૨૧૮૩/એ–૧:– આ વિભાગે ઉપર વંચાણમાં લીધેલા જાહેરનામાથી, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા) હેઠળ ૨૩ સેવાઓ જાહેર કરેલ છે. હવે, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ના કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટના કોલમ ૩-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે, તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે:–

પરિશિષ્ટ–ક

અનુક્રમાંક	અધિનિયમની કલમ–૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ	અરજી અંગેનો નિર્ણય કરવા માટેની નિયત સમયમર્યાદા
૧	૨	૩
૧	સ્થાપવાની મંજૂરી માટેની અરજી- સીટીઇ (પ્રથમ વખત કરવામાં આવતી અરજી).	૧૨૦ દિવસ
૨	સ્થાપવાની મંજૂરી માટેની અરજી- સીટીઇ (પ્રથમ વખત કરવામાં આવતી અરજી) (સુધારો).	૧૨૦ દિવસ
૩	સંચાલન કરવાની મંજૂરી માટેની અરજી- સીસીએ (પ્રથમ વખત કરવામાં આવતી અરજી).	૧૨૦ દિવસ
૪	સંચાલન કરવાની મંજૂરી માટેની અરજી- સીસીએ (નવીકરણ (તાજું કરી આપવા) અને સુધારો).	૧૨૦ દિવસ
૫	બાયો-મેડિકલ કચરા (વ્યવસ્થાપન અને તજવીજ કરવા) બાબતના નિયમો હેઠળની અધિકૃતિ માટેની અરજી.	૯૦ દિવસ
૬	પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન નિયમો હેઠળ નોંધણી માટેની અરજી.	૯૦ દિવસ
૭	ઇ-વેસ્ટ (કચરા) (વ્યવસ્થાપન) નિયમો હેઠળ અધિકૃતિ અને નોંધણી માટેની અરજી.	૯૦ દિવસ
૮	ઘન કચરાના વ્યવસ્થાપન નિયમો હેઠળની અધિકૃતિ માટેની અરજી.	૬૦ દિવસ
૯	જોખમકારક કચરાની આયાતની નોંધણીની અધિકૃતિ માટેની અરજી	૩૦ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.જી.સાગર,
સરકારના ઉપ સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 23 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, JANUARY 23, 2017/MAGHA 3, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ અને સહકાર વિભાગ** ના તારીખ : ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચકેએચ/૮૬/બીઆરએન/૧૦/૨૦૧૫/૯૩૧/કે.૯** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Office Superintendent, Class-III, in the subordinate service of the Directorate of Agriculture, Recruitment Rules, 2016.

કૃષિ નિયામકની કચેરીની, તાબાની સેવામાં, કચેરી અધિક્ષક, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

કૃષિ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીએચકેએચ/૮૬/બીઆરએન/૧૦/૨૦૧૫/૯૩૧/કે.૯:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, કચેરી અધિક્ષક, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, કૃષિ નિયામકની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધિક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, કચેરી અધિક્ષક, વર્ગ ૩-ની જગા ઉપરની નિમણૂક;-

(ક) (૧) જેમણે કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા ઠળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી

INDEX

ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના કિસ્સામાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવિતા રાઠોડ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 24

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JANUARY 25, 2017/MAGHA 5, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **મહિલા અને બાળ વિકાસ વિભાગ** ના તારીખ : ૨૯-૦૩-૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસ/૨/૨૦૧૬/એમઆઈએસ/૧૦૨૦૧૩/૯૪/ડી.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૯મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક:જીએસ/૨/૨૦૧૬/એમઆઇએસ/૧૦૨૦૧૩/૯૪/ડી:- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ના કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટના કોલમ ૩- માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે, તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક.	અધિનિયમની કલમ-૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ.	નિયત સમયમર્યાદા.
(૧)	(૨)	(૩)
૧	વિધવા પેન્શન	૩૦ દિવસ
૨	ઘર દીવડા માટેની યોજના	૪૫ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રાહુલ છત્રપતિ,
સરકારના નાયબ સચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 25

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JANUARY 25, 2017/MAGHA 5, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગ** ના **તારીખ : ૯મી જૂન, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચટી/૨૦૧૬/૧૨/એસએસએ-૧૦૨૦૧૬/૪૭/એ.** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Tax on Luxuries (Hotels and Lodging Houses) Rules, 1978.

ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ સુધારવા સંબંધી જાહેરનામું.

માહિતી અને પ્રસારણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૯મી જૂન, ૨૦૧૬.

ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંકઃ જીએચટી / ૨૦૧૬ / ૧૨ / એસએસએ - ૧૦૨૦૧૬ / ૪૭ / એઃ– ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા)ની કલમ ૨૧ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, માહિતી અને પ્રસારણ વિભાગના તારીખઃ ૨જી મે, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચટી / ૨૦૧૬ / ૧૨ / એસએસએ - ૧૦૨૦૧૬ / ૪૭ / એ. હેઠળ તારીખઃ ૪થી મે, ૨૦૧૬ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪-બી (અસાધારણ-૩૩૭)-માં, પાના ૩૩૭-૧ થી ૩૩૭-૧૩-માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધો અને સૂચન મંગાવ્યા હતા;

અને સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા)ની કલમ ૪૬ સાથે વાંચતા, કલમ ૨૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨૬-ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

''**૨૬. હોટેલનું રજિસ્ટ્રેશનઃ-** (૧) અધિનિયમ હેઠળ સુખસુવિધા કર ભરવાને જવાબદાર દરેક માલિકે, જે તારીખથી આવા માલિક હોટેલમાં વ્યક્તિને સુખસુવિધા પૂરી પાડવાનું શરૂ કરે તે તારીખથી ત્રીસ દિવસની અંદર, મનોરંજન કર કમિશનરની વેબસાઈટ (http://cet.gujarat.gov.in/) મારફત અથવા સરકાર વખતોવખત ઠરાવે તેવી બીજી કોઈ વેબસાઈટ મારફત, નમૂના-૧ખમાં, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર માટે, કલેક્ટરને અરજી કરવી જોઈશેઃ

પરંતુ ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર (સુધારા) નિયમો, ૨૦૧૬ના આરંભની તારીખે અગાઉથી સુખસુવિધા પૂરી પાડતા હોય તેવા માલિકોએ, ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર (સુધારા) નિયમો, ૨૦૧૬ના આરંભની તારીખથી ત્રીસ દિવસની અંદર, મનોરંજન કર કમિશનરની વેબસાઈટ (http://cet.gujarat.gov.in/) મારફત, નમૂના-૧ખમાં, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર માટે, કલેક્ટરને અરજી કરવી જોઈશે.

(૨) ઉપરના પેટા-નિયમ (૧)ના પરંતુક હેઠળ આવરી લેવામાં આવી હોય તે સિવાયની રજિસ્ટ્રેશન માટેની આવી દરેક અરજીની સાથે, મનોરંજન કર કમિશનરની વેબસાઈટ (http://cet.gujarat.gov.in/) મારફત અથવા સરકાર વખતોવખત ઠરાવે તેવી બીજી કોઈ વેબસાઈટ મારફત, પાંચ હજાર રૂપિયાની ફી ઓનલાઈન ભરવી જોઈશે.''.

INDEX

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨ખમાં,-

(૧) પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

"(૧) નિયમ ૨ક હેઠળની યોગ્ય રીતે ભરેલી અરજી મળ્યેથી, કલેક્ટરને, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે અરજદારે અધિનિયમ અને નિયમોની જોગવાઈઓનું પાલન કરેલ છે, તો તેઓએ, યોગ્ય રીતે ભરેલી અરજી મળ્યાની તારીખથી ૩૦ દિવસથી મોડું નહિ તે રીતે, નમૂના-૧ગમાં રજિસ્ટ્રેશ પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.".

(૨) પેટા-નિયમ (૨) પછી, નીચેનો મજકૂર ઉમેરવોઃ-

"(૩) કાઢી આપવામાં આવેલું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, મનોરંજન કર કમિશનરની વેબસાઈટ (http://cet.gujarat.gov.in/) ઉપર અપલોડ કરવું જોઈશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૩ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

"૩. *જે મુદતની અંદર અને જે રીતે કર ભરવો જોઈશે તે મુદત અને તે રીત બાબત.*- માલિક દ્વારા ભરવાપાત્ર કરની રકમ, તેમણે, જે મહિનાનો કર વસૂલ કર્યો હોય તે મહિનો પૂરો થયાના પાંચ દિવસની અંદર, મનોરંજન કર કમિશનરની વેબસાઈટ (http://cet.gujarat.gov.in/) મારફત અથવા સરકાર વખતોવખત ઠરાવે તેવી બીજી કોઈ વેબસાઈટ મારફત, નમૂના-૧કમાં, સરકારી તિજોરીમાં, ઓનલાઈન ભરવી જોઈશે. લાંબા ગાળાના કોઈ ટેકનિકલ કારણસર (કારણોસર) વેબસાઈટ મારફત (કરની) ઓનલાઈન ચુકવણીની પદ્ધતિ નિષ્ફળ જાય અને સંબંધિત વેબસાઈટ મેન્ટેનન્સ નિષ્ણાત, સાયબર ટ્રેઝરી પોર્ટલ મેન્ટેનન્સ નિષ્ણાત અને સંબંધિત બેંકે લેખિતમાં તેનું સમર્થન કરેલ હોય તેવા કિસ્સામાં, કલેક્ટર, કોઈ ચોક્કસ મુદત માટે અથવા ચોક્કસ કેસ માટે, ઓનલાઈન ચુકવણીની પદ્ધતિની સામાન્ય કામગીરી પૂર્વવત્ ન થાય ત્યાં સુધી, નમૂના-૧માંના ચલણથી (ચાર નકલમાં) (કરની) ચુકવણી સ્વીકારવાની છૂટ આપી શકશે. ઓનલાઈન ચુકવણીની પદ્ધતિનું સાતત્ય જાળવવા માટે, ઓનલાઈન ચુકવણીની પદ્ધતિની સામાન્ય કામગીરી પૂર્વવત્ થાય પછી તરત જ આવી રીતે ચલણથી કરેલી (મેન્યુઅલ) ચુકવણીની ઓનલાઈન પદ્ધતિમાં યોગ્ય રીતે અચૂક નોંધ કરવી જોઈએ.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૫ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

"૫. *કલમ ૫ હેઠળ રજૂ કરવાના પત્રકનો નમૂનો.*- (૧) આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર દરેક માલિકે, જે મહિનાને લગતું પત્રક હોય તે મહિનો પૂરો થયા પછી પંદર દિવસની અંદર, મનોરંજન કર કમિશનરની વેબસાઈટ (http://cet.gujarat.gov.in/) મારફત અથવા સરકાર વખતોવખત ઠરાવે તેવી બીજી કોઈ વેબસાઈટ મારફત, નમૂના-૭માં, કલેક્ટરને, ઓનલાઈન માસિક પત્રક રજૂ કરવા જોઈશે.

(૨) ઓનલાઈન પત્રક રજૂ કરતા દરેક માલિકે, ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા લઈને બાંયધરી આપવી જોઈશે કે ઓનલાઈન રજૂ કરેલા પત્રકમાં જણાવેલી હકીકતો, તેમની ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે.-

(૩) કલેક્ટરે, ઓનલાઈન રજૂ કરેલા પત્રકોની, નિયમ ૪ હેઠળ નિભાવેલા રજિસ્ટરોમાંથી ખરાઈ કરવી જોઈશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૬ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

"૬. *માલિકે, બિલો વગેરે કાઢી આપવા બાબત.*- કર વસૂલ કરવા અને ભરવા માટે જવાબદાર દરેક માલિકે, દરેક વ્યક્તિને, આવી વ્યક્તિ અથવા વ્યક્તિઓને હોટેલમાં આપેલી કોઈપણ સુખસુવિધાના સંબંધમાં બિલ અથવા કેશ મેમોરેન્ડમ આપવા જોઈશે અને એવા બિલમાં બિલની ઉપરની બાજુ અથવા કેશ મેમોરેન્ડમમાં, નિયમ ૨ ખ (૧) હેઠળ આપેલો મનોરંજન ટિન (TIN) નંબર, લાઈસન્સ નંબર, હોટેલનું પૂરું નામ, વસૂલ કરેલ રહેવા માટેનો ચાર્જ, વસૂલ કરેલા કરની રકમ, જેની પાસેથી આવો ચાર્જ અથવા કર વસૂલ કર્યો હોય તે વ્યક્તિનું નામ અને કોઈ વિદેશી બજારમાં ચાર્જ અથવા કર વસૂલ કર્યો હોય, ત્યારે ચલણનું નામ નિર્દિષ્ટ કરવું જોઈશે.".

૭. સદરહુ નિયમોમાં, વિદ્યમાન નમૂના ૧, ૧ક, ૧ખ, ૨, ૩, ૪ અને ૫ને બદલે, નવા નમૂના ૧, ૧ક, ૧ખ, ૧ગ, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ મૂકવાઃ-

નમૂનો - ૧

(જુઓ નિયમ ૩)

ચલણ

હિસાબી સદર:

..... મહિના (મહિનાઓ) માટે ..... તિજોરી / પેટા-તિજોરીમાં ભરેલા સુખસુવિધા કર / દંડ / વ્યાજનું ચલણ.

મનોરંજન ટિન (TIN) નંબર ..... લાઈસન્સ નંબર ..... અને પાન (PAN) નંબર ..... ધરાવતી હોટેલનું નામ .....

રકમ (આંકડામાં)

.....

₹

.....ને કારણે ચુકવણી

કોના દ્વારા કરવામાં આવેલ છે ..... --- ..... મહિના (મહિનાઓ) માટે જેના વતી કરની રકમ ભરવામાં આવેલ છે તે માલિકનું નામ અને સરનામું	(ક) પત્રક / હુકમના સંદર્ભમાં સુખસુવિધા કર નંબર: તારીખ: (ખ) હુકમના સંદર્ભમાં દંડ નંબર: તારીખ: (ગ) હુકમના સંદર્ભમાં વ્યાજ નંબર: તારીખ: --- કુલ:- ---

₹ (શબ્દોમાં) .....

સ્થળ: માલિક / માલિક વતી ચુકવણી કરતી

તારીખ: વ્યક્તિની સહી

(તિજોરીના ઉપયોગ માટે)

૧. ..... તરફથી ૩. ..... (શબ્દોમાં .....) મળેલ છે.

૨. નોંધની તારીખ .....

ચલણ નંબર .....

કોષાધ્યક્ષ. હિસાબનીસ

તિજોરી અધિકારી.

નમૂનો-૧ક

(જુઓ નિયમ ૩)

કર ચુકવણીનો નમૂનો (ઓનલાઈન રજૂ કરવાનું રહેશે)

મનોરંજન ટીન (TIN) નંબર : .....

લાઈસન્સ નંબર : .....

પાન (PAN) નંબર : .....

સિલેક્ટ યુનિટ :.....

રજિસ્ટ્રેશન ઓળખપત્ર(ID):.....

મોબાઈલ નંબર.: .....

હોટેલનું સરનામું : .....

કરનો પ્રકાર: .....

તારીખ : ..... થી તારીખ: .....

રૂપિયામાં ચૂકવવાની રકમ: .....

''પે (Pay)'' ઉપર ક્લિક કરવું.

નમૂનો-૧ખ

(જુઓ નિયમ ૨૬)

રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર માટેની અરજી (ઓનલાઈન રજૂ કરવાની રહેશે)

૧. માલિકી/ પેઢી/ કંપનીનું પૂરું નામ:

૨. માલિકનું રહેઠાણનું સરનામું :

૩. જિલ્લો :

૪. હોટલનું નામ:

૫. હોટલનું સરનામું :

૬. મેનેજરનું નામ:

૭. મેનેજરનું રહેઠાણનું સરનામું :

૮. લાઈસન્સ નંબર:

૯. પાન (PAN) નંબર:

૧૦. મોબાઈલ નંબર:

૧૧. ઈમેઈલ નંબર:

૧૨. લેન્ડલાઈન નંબર:

૧૩. ફીની વિગતો:

INDEX

એકરાર

૧. હું, જાહેર કરું છું કે ઉપર આપેલી માહિતી અને વિગતો, મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

૨. હું, જાહેર કરું છું કે હું ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ અને ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ની જોગવાઈઓને નિષ્ઠાપૂર્વક અનુસરીશ.

૩. હું, એકરાર કરું છું કે હું કલેકટર વખતોવખત આપે તેવા કોઈપણ આદેશ અને સૂચનાનું પાલન કરીશ.

૪. હું, એકરાર કરું છું કે હું ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭માં ઠરાવ્યા પ્રમાણે અને ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮માં ઠરાવેલી રીતે સુખસુવિધા કરની રકમ નિયમિત પણે ચૂકવીશ.

સ્થળ :

તારીખ : માલિકની સહી.

નમૂનો-૧૧

(જુઓ નિયમ ૨૫ (૧))

રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર

નંબર .....

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/ શ્રીમતિ ..... રહેવાસી ..... જિલ્લો ..... જેમની હોટેલ ..... નામે જાણીતી છે અને ..... ખાતે આવેલી છે, તે સદરહુ અધિનિયમની કલમ ૪ક અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અને નીચેની શરતો હેઠળ નીચેના નંબર અને વિગતો સાથે રજિસ્ટર કરવામાં આવેલી છે :-

૧. મનોરંજન ટીન (TIN) નંબર :

૨. લાઈસન્સ નંબર :

૩. પાન (PAN) નંબર :

શરતો :-

૧. આ પ્રમાણપત્ર હોટેલની જગ્યાની અંદર સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળે પ્રદર્શિત કરવું જોઈશે.

૨. પૂરી પાડેલ રહેવાની સગવડના ભોગવટાનો અને તેના સુખસુવિધા કરની વસૂલાતનો સાચો દૈનિક હિસાબ રાખવો જોઈશે.

૩. માલિકે, તમામ વાજબી સમયે હોટેલનું નિરીક્ષણ કરવા માટે તમામ સગવડો પૂરી પાડવી જોઈશે અને ધંધાને લગતા તમામ હિસાબો અને દસ્તાવેજો તપાસવા માટે રજૂ કરવા જોઈશે અને આ અર્થે સત્તા આપેલા કોઈપણ અધિકારીએ અધિનિયમ અથવા નિયમોના હેતુ માટે ફરમાવવામાં આવે તેવી તેના કબજામાંથી તમામ માહિતી સંપૂર્ણપણે અને યોગ્ય રીતે પૂરી પાડવી જોઈશે.

૪. ઠરાવેલ પત્રક (પત્રકો), ઠરાવેલા સમયની અંદર ઠરાવેલ સત્તાધિકારીને મોકલવા જોઈશે.

૫. માલિકને કાઢી આપેલ પ્રમાણપત્ર, તબદીલપાત્ર ગણાશે નહિ.

૬. માલિક તેના મેનેજર, નોમિની, એજન્ટ અથવા નોકરોના તમામ કાર્યો માટે જવાબદાર રહેશે.

૭. માલિકે, પોતે વસૂલ કર્યા પ્રમાણેના તમામ કર ચૂકવવો જોઈશે.

આજ તારીખ ..... માહે ..... ના રોજ મારી સહી કરી સિક્કો લગાવી આપ્યો

સ્થળ :

તારીખ : કલેકટર અને જિલ્લા

(સીલ) મેજિસ્ટ્રેટ.

નમૂનો -૨

(જુઓ નિયમ ૪(૧) (ક) અને નિયમ ૫(૧))

જગા અને ટેરિફની સામાન્ય માહિતી

મહિનો :-

૧. હોટેલનું નામ :

૨. હોટેલનું સરનામું :

૩. મનોરંજન ટીન (TIN) નંબર :

૪. લાઈસન્સ નંબર:

૫. પાન (PAN) નંબર.:

૬. માલિકનું નામ:

૭. મેનેજિંગ ડિરેકટર / મેનેજરનું નામ :

૮. આ રજિસ્ટર જેને લગતું હોય તે મહિનાનું નામ :

૯. જગાની સમાવેશ ક્ષમતા અને ટેરિફ :

અનુ ક્રમાંક	રૂમ			ટેરિફ		રૂમનું સરેરાશ ટેરિફ	વિશેષ નોંધ (રિમાર્કસ)
	પ્રકાર	નંબર	રૂમની સંખ્યા	વાતાનુકૂલિત હોય તે કિસ્સામાં	બિન-વાતાનુકૂલિત હોય તે કિસ્સામાં		
કુલ							

બીજી વિગતો :

(૧) હોટેલનો ચેક આઉટ સમય :

સ્થળ : સહી :

તારીખ : નામ :

હોદ્દો :

હું,.....ખાતે રહેતો ઉપર્યુકત નામે શ્રી.....આથી, પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરું છું અને જણાવું છું કે ઉપરના નમૂનાની વિગતો, મારી ઉત્તમ જાણ અને માન્યતા અનુસાર સાચી છે.

સ્થળ : માલિકની સહી.

તારીખ :

નમૂનો-૩

(જુઓ નિયમ ૪(૧)(ખ) અને નિયમ ૫(૧))

રૂમના ભોગવટા અને કરની વસૂલાતનો દૈનિક હિસાબ

મહિનો :-

૧. હોટેલનું નામ :

૨. હોટેલનું સરનામું :

૩. મનોરંજન ટીન (TIN) નંબર :

૪. લાઈસન્સ નંબર :

૫. પાન (PAN) નંબર :

અનુક્રમાંક	રૂમ નં.	પ્રસિદ્ધ થયેલ રૂમ ટેરિફ	રૂમ દીઠ જાહેર થયેલ સરેરાશ ટેરિફ	રોકાણના સમયગાળા સંબંધી વિગતો			કુલ લેવાપાત્ર રકમ	વસૂલ કરેલ કરની રકમ	બિલ નં. અને તારીખ	વિશેષ નોંધ (રિમાર્કસ)
				આગમનની તારીખ/ સમય	નિર્ગમનની તારીખ/ સમય	કુલ દિવસો				
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

સરકારને ચૂકવેલ કરની રકમ ₹ ..... મુદત/મહિનો ..... ડિજિટલી આપવામાં આવેલ ચલન નં. અને તારીખ.....

સ્થળ : સહી :

તારીખ : નામ:

હોદ્દો:

હું,..... ખાતે રહેતો ઉપર્યુકત નામે શ્રી..... , આથી, પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરું છું અને જણાવું છું કે ઉપરના નમૂનાની વિગતો, મારી ઉત્તમ જાણ અને માન્યતા અનુસાર સાચી છે.

સ્થળ : માલિકની સહી.

તારીખ :

નોંધ : (૧) રૂમના ચેક-ઈન અને ચેક-આઉટના સમયે તેની નોંધ હકારાત્મકપણે કરવી જોઈશે.

(૨) કોલમ નં. ૭, ૮ અને ૯નો કુલ સરવાળો દર્શાવવો જ જોઈશે.

INDEX

નમૂનો-૪

(જુઓ નિયમ ૫ક)

એકત્રિત કર ભરવા માટેની અરજીનો નમૂનો.

પ્રતિ,

કલેકટર.

સાહેબ,

હું, જેની વિગતો નીચે જોડેલી છે તેવો, ... (અહીં હોટલનું નામ નિર્દિષ્ટ કરવું)નો માલિક, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩ક ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા દરે એકત્રિત કર ભરવા માટેના વિકલ્પનો ઉપયોગ કરવા ઇચ્છું છું અને તે અંગેની પરવાનગી આપવા માટે વિનંતી કરું છું. હું નાંખવામાં આવે તેવી શરતોનું પાલન કરવાની સંમતિ આપું છું.

વિગતો :

૧. (ક) મનોરંજન ટી.આઇ.એન. (ટીન) નંબર :

(ખ) લાઇસન્સ નંબર :

(ગ) પી.એ.એન. (પાન) નંબર :

૨. (ક) માલિકનું નામ :

(ખ) અન્ય ભાગીદારોનું નામ : (કોઇ હોય તો તે)

૩. (ક) હાલનું સરનામું :

(ખ) કાયમી સરનામું :

૪. જેના સંબંધમાં અરજી કરવામાં આવી હોય તેવી હોટેલનું નામ અને સરનામું.

૫. આવાસ અને ટેરિફની માહિતી.

હું, આથી, જાહેર કરું છું કે હું, સન ૨૦ .....ના ..... મહિનાની ..... તારીખે અથવા તે તારીખથી અમલમાં આવે તે રીતે ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩ક-ની પેટા-કલમ (૧) હેઠળ કર ભરવાનો વિકલ્પ પસંદ કરું છું.

હું ..... જાહેર કરું છું કે મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ઉપરોકત પૂરી પાડેલ માહિતી સાચી અને સંપૂર્ણ છે.

સ્થળ :

તારીખ : માલિકની સહી.

નમૂનો-૫

(જુઓ નિયમ ૫ખ)

પરવાનગી હુકમ

મનોરંજન ટી.આઇ.એન. (ટીન)નં....., લાઇસન્સ નં. ..... અને પી.એ.એન (પાન) નં. ..... ધરાવનાર, ... ખાતે આવેલી ..... હોટેલના માલિક શ્રી ..... -એ, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩ ક ની પેટા-કલમ (૧)માં ઠરાવેલા દરે એકત્રિત કર ભરવાની પરવાનગી આપવા માટે અરજી કરેલ છે.

અને ....., કલેકટરને ખાતરી થઇ છે કે અરજદાર સદરહુ અધિનિયમની કલમ ૩ ક ની પેટા-કલમ (૧) હેઠળ કર ભરવા માટે પાત્ર છે.

તેથી, હવે,.....(હોટેલનું નામ) ના સંબંધમાં સદરહુ શ્રી .....-ને, આથી, નીચેની શરતોને અધીન રહીને, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩ કની પેટા-કલમ (૧) હેઠળ એકત્રિત કર ભરવા માટેની પરવાનગી આપવામાં આવે છે :-

૧. આ પરવાનગી, ... (તારીખ નિર્દિષ્ટ કરવી)થી માન્ય ગણાશે.

૨. દરેક માલિકે, કલેકટરને લેખિતમાં દરેક રૂમના સંબંધમાં હોટેલમાં પૂરી પાડેલી કોઇપણ સુખ સુવિધા માટેના ખર્ચના દર જાહેર કરવા જોઇશે.

૩. માલિકે, દરેક રૂમના સંબંધમાં હોટેલમાં પૂરી પાડેલ કોઇપણ સુખ સુવિધા માટેના ખર્ચના દર સુધારવા માટે કરેલ દરેક દરખાસ્તના સાત દિવસ પહેલાં કલેકટરને અગાઉથી જાણ કરવી.

૪. માલિકે, તેને લાગુ પડતી હોય તેટલે સુધી અધિનિયમ અને નિયમોની જોગવાઇઓ અને વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી અન્ય શરતોનું પાલન કરવું જોઇશે.

સ્થળ :
તારીખ : કલેકટર.

નમૂનો-૬

(જુઓ નિયમ ૫ ગ)

કલમ ૩ક ની પેટા-કલમ (૪) હેઠળ નોટિસનો નમૂનો.

પ્રતિ,
કલેકટર,
સાહેબ,

હું, મનોરંજન ટી.આઇ.એન. (ટીન) નં. ..... લાઇસન્સ નં. ..... અને પી.એ.એન. (પાન)નં. ..... ધરાવનાર, ... ખાતે આવેલ ..... હોટેલનો માલિક ....., આથી, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસવિધા કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩ ક ની પેટા-કલમ (૪) હેઠળ આથી, નોટિસ આપું છું કે હું, સન ૨૦ ..... ના ..... મહિનાની ..... તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે કલમ ૩ક ની પેટા-કલમ (૧) હેઠળ એકત્રિત કર ભરવાનો મારો વિકલ્પ રદ કરું છું. આથી વિનંતી કરવામાં આવે છે કે તારીખ ..... ની પરવાનગી (પરમિટ)નં ..... હેઠળ મને આપેલ પરવાનગી, તદ્નુસાર રદ કરી શકાશે.

સ્થળ :
તારીખ : માલિકની સહી.

નમૂનો - ૭

(જુઓ નિયમ ૫(૧))

માસિક પત્રક રજૂઆતનો નમૂનો (ઓનલાઈન રજૂ કરવું)

વ્યકિતગત માહિતી

મનોરંજન ટી.આઇ.એન. (ટીન) નં. :

લાઈસન્સ નં. :

પી.એ.એન. (પાન)નં. :

એકમ (યુનિટ) પસંદ કરવું :

જિલ્લો :

સેવા વેરા (સર્વિસ ટેક્ષ)નં. :

માલિકનું નામ :

માલિકનું સરનામું :

હોટેલનું નામ :

હોટેલનું સરનામું :

લેન્ડલાઈન નંબર :

મોબાઈલ નં. :

ઈમેઈલ એડ્રેસ :

રૂમોનો માસિક કબજો અને વેરા વસૂલાત

મહિનો અને વર્ષ :

સરેરાશ ટેરિફ :

રૂમોની સંખ્યા :

રૂમ નંબર :

કર (%) :

મળેલ રકમ :

વેરાની રકમ :

ઉઘરાવેલ કર :

ચલણની તારીખ :

ભરેલ કર :

વિશેષ નોંધ :

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કે. એલ. પટેલ,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 26

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JANUARY 25, 2017/MAGHA 5, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ** ના તારીખ : **૨૧મી જૂન, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસ/૨૦૧૬/૪૦/બીપીએન/૧૦૨૦૧૬/૦૧/કે** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Secretariat Deputy Section Officers, Deputy Mamlatdars and Sales Tax Inspectors Recruitment (Examination) Rules, 1979.

ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર અને વેચાણ વેરા નિરીક્ષક ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૧મી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ / ૨૦૧૬ / ૪૦ / બીપીએન / ૧૦૨૦૧૬ / ૦૧ / કેઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર અને વેચાણ વેરા નિરીક્ષક ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર અને વેચાણ વેરા નિરીક્ષક ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર અને વેચાણ વેરા નિરીક્ષક ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૯ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, આમુખમાં, ''ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર અને વેચાણ વેરા નિરીક્ષક'' એ શબ્દોને બદલે, ''ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર'' એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧માં, ''ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર અને વેચાણ વેરા નિરીક્ષક'' એ શબ્દોને બદલે, ''ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર'' એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, પેટા-નિયમ (૧)માં, ''વેચાણ વેરા નિરીક્ષક'' એ શબ્દો કમી કરવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

''૧૫. (૧) આયોગે, લેખિત પરીક્ષામાં દરેક ઉમેદવારને મળેલા એકંદર આખરી ગુણના આધારે ગુણવત્તા ક્રમમાં ઉમેદવારોના નામ ગોઠવવા જોઈશે. ત્યાર પછી, આયોગે, બિન-અનામત કક્ષાની ખાલી જગાની સામે ઉમેદવારો(ના નામની)ની ભલામણ કરવાના હેતુ માટે, લેખિત પરીક્ષાના આધારે ભરવાની બિનઅનામત કક્ષાની ખાલી જગાની સંખ્યાના સંદર્ભમાં લાયકી ગુણ (જેનો આમાં હવે પછી, ''સામાન્ય લાયકી ધોરણ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નક્કી કરવા જોઈશે. અનામત કક્ષાની ખાલી જગાઓની સામે, (વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિ સહિત) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અનામત કક્ષાના ઉમેદવારો(ના નામની)ની ભલામણ કરવાના હેતુ માટે, આયોગ, લેખિત પરીક્ષાના આધારે આ દરેક કક્ષામાં ભરવાની અનામત કક્ષાની ખાલી જગાઓની સંખ્યાના સંદર્ભમાં સામાન્ય લાયકી ધોરણમાં છૂટછાટ આપી શકશેઃ

પરંતુ પરીક્ષાના કોઈપણ તબક્કે, યોગ્યતા અથવા પસંદગીના માપદંડમાં કોઈપણ રાહત અથવા છૂટછાટનો લાભ ન મેળવેલ હોય અને સામાન્ય લાયકી ધોરણને લક્ષમાં લીધા પછી આયોગને ભલામણ કરવા માટે જેમના નામ યોગ્ય જણાય, તેવા (વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિ સહિત) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોના નામની, (વિચરતી આદિજાતિ અને વિમુક્ત

INDEX

આદિજાતિ સહિત) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની અનામત કક્ષાની ખાલી જગાઓની સામે ભલામણ કરવી જોઈશે નહિ.

(૨) (ઉમેદવારોએ આપેલ) અગ્રતાક્રમને વિચારણામાં લેતી વખતે, બિન-અનામત કક્ષાની ખાલી જગાઓની સામે જેમના નામની ભલામણ કરવામાં આવી હોય તેવા (વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિ સહિત) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારની, જો તેઓને આ પ્રક્રિયા દ્વારા તેમના અગ્રતાક્રમની ઉચ્ચતર પસંદગીની જગા મળતી હોય, તો આયોગ દ્વારા, અનામત કક્ષાની જગાઓની સામે ગોઠવણ કરી શકાશે.

(૩) આ નિયમની જોગવાઈથી ઊભી થયેલી બિન-અનામત કક્ષાની ખાલી જગા સામે નિમણૂક માટે ઉમેદવારોની કોઈ ઘટતી સંખ્યા અને અનામત કક્ષાની ખાલી જગા સામે ઉમેદવારની કોઈ વધતી (વધારાની) સંખ્યાને લગતી બાબત અંગે કાળજી લેવા માટે, આયોગ, સામાન્ય લાયકી ધોરણને વધુ નીચું કરી શકશે.

(૪) (ક) પરીક્ષાના પરિણામને નીચે પ્રમાણે બે ભાગોમાં વિભાજિત કરવામાં આવશેઃ-

ભાગ-૧ સરકારને ભલામણ કરવાના ઉમેદવારોના નામ.

ભાગ-૨ ભાગ-૧માં સમાવેશ કરેલો ન હોય તેવા ઉમેદવારોના નામ.

(ખ) ભાગ-૧માં સમાવિષ્ટ કરેલા ઉમેદવારોના નામ ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઈશે. પરિણામના બંને ભાગો આયોગના નોટિસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવા જોઈશે.

(૫) પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે નહિ. નાયબ સેકશન અધિકારી અથવા યથાપ્રસંગ, નાયબ મામલતદારની જગા માટેના નિમણૂકના હુકમ આપવામાં આવ્યા હોય તેવા ઉમેદવારોના કોઈપણ કારણસર હાજર નહિ થવાના કારણે ખાલી રહેતી જગા, કોઈ હોય તો, તે ત્યાર પછીની ભરતી વખતે તે જગાઓ ભરવી જોઈશે.

(૬) (ક) વ્યક્તિગત ઉમેદવારોને, પરીક્ષાના પરિણામની જાણ કરવા માટેનો નમૂનો અને રીત આયોગ દ્વારા નક્કી કરવામાં આવશે અને આયોગ, પરિણામ અંગે તેમની સાથે વધુ પત્રવ્યવહાર કરશે નહિ.

(ખ) આયોગે, ગુજરાત સરકારી રાજપત્રમાં આવી રીતે પ્રસિદ્ધ કરેલા પરિણામની એક નકલ સામાન્ય વહીવટ વિભાગને મોકલવી જોઈશે.''.

૬. સદરહુ નિયમોમાં, અનુસૂચિ ૧માં, ''કક્ષા-૩'' એ શીર્ષક હેઠળ, ''વેચાણ વેરા નિરીક્ષક''ને લગતી અનુક્રમાંકઃ ૩ ઉપરની નોંધ કમી કરવી.

૭. સદરહુ નિયમોમાં, અનુસૂચિ ૩માં, પરિચ્છેદ (ગ) કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દેવી પંડ્યા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 27

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JANUARY 27, 2017/MAGHA 7, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ ના તારીખ : ૧૫મી નવેમ્બર, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) જીકે/૮૭/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૩), (૨) જીકે/૮૮/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૪), (૩) જીકે/૮૯/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૬), અને (૪) જીકે/૯૦/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૭), - ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Family Courts Act, 1984

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી નવેમ્બર, ૨૦૧૬.

ફેમિલી કોર્ટ અધિનિયમ,૧૯૮૪

ક્રમાંક.જીકે/૮૭/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી(ભાગ-૩):- ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ક્રમા)ની કલમ ૩-ની, પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી, મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર-વિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૫-મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલા ભૂજ શહેરના મ્યુનિસિપલ વિસ્તારોની સ્થાનિક હદોમાંના વિસ્તારો માટે અને કચ્છ મહેસૂલી જિલ્લાના ભૂજ શહેર અને ભૂજ તાલુકાની સ્થાનિક હદો માટે બે ફેમિલી કોર્ટની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. જે. વોરા,

સચિવ અને સરકારના કાયદા પરામર્શી.

Notification

Under

The Family Courts Act, 1984

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી નવેમ્બર, ૨૦૧૬.

ફેમિલી કોર્ટ અધિનિયમ,૧૯૮૪

ક્રમાંક.જીકે/૮૮/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૪) :- ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ક્રમા)ની કલમ ૩-ની, પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી, મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર-વિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૫-મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલા નવસારી નગરપાલિકાની સ્થાનિક હદોમાંના વિસ્તારો માટે અને નવસારી મહેસૂલી જિલ્લાના નવસારી તાલુકાની સ્થાનિક હદો અને જલાલપોર તાલુકાની મહેસૂલી હદો માટે એક ફેમિલી કોર્ટની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. જે. વોરા,

સચિવ અને સરકારના કાયદા પરામર્શી.

INDEX

Notification

Under

The Family Courts Act, 1984

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી નવેમ્બર, ૨૦૧૬.

ફેમિલી કોર્ટ અધિનિયમ,૧૯૮૪

ક્રમાંક.જીકે/૮૯/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૬) :- ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ક્રમા)ની કલમ ૩-ની, પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી, મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર-વિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૫-મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલા પોરબંદર નગરપાલિકાની સ્થાનિક હદોમાંના વિસ્તારો માટે અને પોરબંદર મહેસૂલી જિલ્લાના પોરબંદર તાલુકાની સ્થાનિક હદો માટે એક ફેમિલી કોર્ટની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. જે. વોરા,

સચિવ અને સરકારના કાયદા પરામર્શી.

Notification

Under

The Family Courts Act, 1984

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી નવેમ્બર, ૨૦૧૬.

ફેમિલી કોર્ટ અધિનિયમ,૧૯૮૪

ક્રમાંક.જીકે/૯૦/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૭) :- ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ક્રમા)ની કલમ ૩-ની, પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી, મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર-વિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૫-મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલા સુરેન્દ્રનગર-દુધરેજ નગરની (ટાઉન) નગરપાલિકાની સ્થાનિક હદોમાંના વિસ્તારો માટે અને સુરેન્દ્રનગર મહેસૂલી જિલ્લાના સુરેન્દ્રનગર નગર અને વઢવાણ તાલુકાની સ્થાનિક હદો માટે એક ફેમિલી કોર્ટની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. જે. વોરા,

સચિવ અને સરકારના કાયદા પરામર્શી.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 28 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, JANUARY 31, 2017/MAGHA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ** ના **તારીખ : ૨૧-૧૨-૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (૧) જીકે/૯૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૨), અને (૨) જીકે/૧૦૦/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૨),** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Code of Criminal Procedure, 1973.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંકઃ જીકે/૯૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૨) :- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)ની કલમ ૯ સાથે વાંચતા, કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સેશન્સ કોર્ટ, વડોદરાના સેશન્સ વિભાગને લાગુ પડતા હોય તેટલે સુધી આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, નિર્દિષ્ટ કરે છે કે મહેસૂલ વિભાગના તારીખઃ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૩ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ/૨૦૧૩/૭૨/એમ/પીઈઆર/૧૦૨૦૧૩/૧૩૯/એલ-૧.થી, વડોદરા જિલ્લાનું, વડોદરા જિલ્લામાં અને છોટાઉદેપુર જિલ્લામાં દ્વિભાજન કરવાને પરિણામે, સેશન્સ કોર્ટ, વડોદરાનો સેશન્સ વિભાગ, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૪મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, વડોદરા જિલ્લાનો બનેલો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Code of Criminal Procedure, 1973.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંકઃ જીકે/૧૦૦/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ ડી, (ભાગ-૨):- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)ની કલમ ૯ સાથે વાંચતા, કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સેશન્સ કોર્ટ, વડોદરા જિલ્લાના સેશન્સ વિભાગને લાગુ પડતા હોય તેટલે સુધી આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૪મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, છોટાઉદેપુર જિલ્લા માટે સેશન્સ કોર્ટની સ્થાપના કરે છે અને નિર્દિષ્ટ કરે છે કે સેશન્સ કોર્ટ, છોટાઉદેપુરનો સેશન્સ વિભાગ, મહેસૂલ વિભાગના તારીખઃ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૩ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ/૨૦૧૩/૭૨/એમ/પીઈઆર/૧૦૨૦૧૩/૧૩૯/એલ-૧.થી, રચના કર્યા પ્રમાણેના છોટાઉદેપુર જિલ્લાનો બનેલો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 29

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, JANUARY 31, 2017/MAGHA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ** ના **તારીખ : ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૧૧૩/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Legal Department No. GK/54/2016/SCT/102016/2599/D, dated the 15th September, 2016.

કાયદા વિભાગનું તારીખ: ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક.

જીકે/૫૪/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી. સુધારવા સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૬.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.

ક્રમાંક:જીકે/૧૧૩/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી:- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ના ૩૩મા) (જેનો આમાં હવે પછી, 'સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો હોય તે)ની કલમ ૧૪ની પેટા-કલમ (૧)ના પ્રથમ પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ સાથે, સદરહુ અધિનિયમ હેઠળના ગુનાની કાર્યવાહી કરવા માટે, સેશન કોર્ટ, દેવભૂમિ દ્વારકા અને સેશન કોર્ટ, મોરબી- ને વિશેષ ન્યાયાલય તરીકે નિર્દિષ્ટ કરવા માટે કાયદા વિભાગનું તારીખ: ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીકે/ ૫૪/ ૨૦૧૬/ એસસીટી/ ૧૦૨૦૧૬/ ૨૫૯૯/ ડી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૪ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી :-

" ૫	ખંભાળિયા ખાતે દેવભૂમિ દ્વારકા
૬	મોરબી."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 30 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, FEBRUARY 1, 2017/MAGHA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**-ના તારીખ : **૧૧મી જાન્યુઆરી, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : એએસ/૨૦૧૭-૧/ડીપીસી/૧૫૨૦૧૬/૩૯૦/વાય** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, General Administration Department No. AS / 2016 – 12 (1) / DPC / 152016 / 390 / Y

dated the 1st March, 2016.

તારીખઃ ૧લી માર્ચ, ૨૦૧૬નું સામાન્ય વહીવટ વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંકઃ એએસ / ૨૦૧૬ - ૧૨(૧) / ડીપીસી / ૧૫૨૦૧૬ / ૩૯૦ / વાય. સુધારવા સંબંધી

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત જિલ્લા આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬.

ક્રમાંક : એએસ / ૨૦૧૭ - ૧ / ડીપીસી / ૧૫૨૦૧૬ / ૩૯૦ / વાયઃ- ગુજરાત જિલ્લા આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬ના નિયમ ૩ના પેટા-નિયમ (૨) અનુસાર, ગુજરાત સરકાર, આથી, તારીખઃ ૧લી માર્ચ, ૨૦૧૬નું સામાન્ય વહીવટ વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંકઃ એએસ / ૨૦૧૬ - ૧૨(૧) / ડીપીસી / ૧૫૨૦૧૬ / ૩૯૦ / વાય. નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહુ જાહેરનામામાં, ''૨૩ સભ્યો'' એ આંકડા અને શબ્દને બદલે, ''૨૨ સભ્યો'' એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કેતન સુથાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 31

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, FEBRUARY 1, 2017/MAGHA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧લી જાન્યુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ **ક્રમાંક : ૧**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 1 OF 2017.

THE GUJARAT STATE HIGHER EDUCATION COUNCIL ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ **સન ૨૦૧૭**ના **જાન્યુઆરી** મહિનાની **૩૧મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 1 OF 2017.

AN ACT

to establish and incorporate a Council to be known asthe Gujarat State Higher Education Council and for the mattersconnected therewith or incidental thereto.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના ફેબ્રુઆરી મહિનાની ૧લી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ તરીકે ઓળખાતી પરિષદની સ્થાપના અને તેનું સંસ્થાપન કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો અંગેનું અધિનિયમ.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન, ૨૦૧૩-એ ભલામણ કરી છે કે ઉચ્ચ શિક્ષણ અંગેનું રાજય સ્તરનું આયોજન અને તેનું સંકલન, ઉચ્ચ શિક્ષણ માટેની રાજય પરિષદ મારફત કરવું જોઈશે;

અને રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ સ્થાપવાનું ઈષ્ટ જણાયું છે, જે ઉચ્ચ શિક્ષણ માટેની સર્વોચ્ચ સંસ્થા રહેશે અને તે રાજયમાં ઉચ્ચ શિક્ષણના આયોજિત અને સંકલિત વિકાસ માટે અને ઉચ્ચ શિક્ષણને લગતી બાબતોમાં રાજય સરકારને સલાહ આપવા માટે અને યથાર્થલક્ષી આયોજન કરીને અને તેનું દેખરેખ રાખીને તેના વિકાસનું નિરીક્ષણ કરવા માટે જવાબદાર રહેશે.

આથી, ભારતના ગણરાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

INDEX

પ્રકરણ ૧
પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અધ્યક્ષ'' એટલે કલમ ૧૦ હેઠળ નિમાયેલા કારોબારી સમિતિના અધ્યક્ષ;

(ખ) ''કોલેજ'' એટલે કોઈ યુનિવર્સિટી દ્વારા નિભાવાતી અથવા મંજૂર કરાયેલી અથવા તેની સાથે જોડાયેલી અને યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રવેશ માટેના અભ્યાસક્રમો ચલાવતી કોઈ કોલેજ અથવા કોઈ સંસ્થા;

(ગ) ''પરિષદ'' એટલે કલમ ૩ હેઠળ રચાયેલી ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ;

(ઘ) ''કારોબારી સમિતિ'' એટલે કલમ ૯ હેઠળ રચાયેલી પરિષદની કારોબારી સમિતિ;

(ચ) ''ફંડ'' એટલે કલમ ૧૮ હેઠળ સ્થાપવામાં આવેલું ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ ફંડ;

(છ) ''ઉચ્ચ શિક્ષણ'' એટલે વ્યાવસાયિક, ટેકનિકલ અથવા અન્ય કોઈ શિક્ષણ અને તેમાં યુનિવર્સિટી દ્વારા અથવા યુનિવર્સિટીએ અથવા રાજ્ય સરકારે મંજૂર કરેલી સંસ્થા દ્વારા પદવી અથવા ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર આપવામાં આવતા હોય તેવા સંશોધન અભ્યાસોનો સમાવેશ થાય છે;

(જ) ''સંસ્થા'' એટલે કોલેજ ન હોય તેવી, યુનિવર્સિટી સાથે જોડાયેલી અને યુનિવર્સિટીના વિશેષાધિકારો ભોગવતી અથવા યુનિવર્સિટી દ્વારા નિભાવાતી હોય તેવી ઉચ્ચ શિક્ષણ અને સંશોધન માટેની શૈક્ષણિક સંસ્થા;

(ઝ) ''ઉચ્ચ શિક્ષણ સંસ્થા'' એટલે રાજય સરકારે તે તરીકે માન્ય કરેલી ઉચ્ચ શિક્ષણના કોઈપણ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા;

સન ૧૯૫૬નો ૧૦૨ મો.

(ટ) ''ભારતીય મેડિકલ પરિષદ'' એટલે ભારતીય મેડિકલ પરિષદ અધિનિયમ, ૧૯૫૬ હેઠળ રચાયેલી મેડિકલ પરિષદ;

INDEX

(ઠ) ''સભ્ય'' એટલે ગવર્નિંગ કાઉન્સિલ(સંચાલક પરિષદ) અથવા યથાપ્રસંગ, કારોબારી સમિતિના સભ્ય;

(ડ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઢ) ''પ્રમુખ'' એટલે ગવર્નિંગ કાઉન્સિલના પ્રમુખ;

સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

(ત) ''ખાનગી યુનિવર્સિટી'' એટલે ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ હેઠળ સ્થપાયેલી યુનિવર્સિટી;

(થ) ''વિનિયમો'' એટલે કલમ ૨૮ હેઠળ કરેલા પરિષદના વિનિયમો;

(દ) ''નિયમો'' એટલે કલમ ૨૭ હેઠળ કરેલા નિયમો;

(ધ) ''યુનિવર્સિટી'' એટલે ગુજરાત રાજય વિધાનમંડળના અધિનિયમથી સ્થાપવામાં આવેલી અથવા સંસ્થાપિત કરવામાં આવેલી રાજયમાંની કોઈ યુનિવર્સિટી;

સન ૧૯૫૬નો ૩જો.

(ન) ''યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન'' એટલે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૪ હેઠળ સ્થાપવામાં આવેલું કમિશન.

પ્રકરણ ૨
પરિષદની સ્થાપના અને તેનું સંસ્થાપન

પરિષદની રચના, તેનું સંસ્થાપન અને મુખ્ય મથક.

૩. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખે અને તેવી તારીખથી અમલમાં આવે તેમ, આ અધિનિયમના હેતુઓ માટે, ''ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ'' તરીકે ઓળખાતી નામના પરિષદની રચના કરી શકશે.

(૨) પરિષદ, શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ ધરાવતું, ઉપર્યુક્ત નામનું સંસ્થાપિત મંડળ રહેશે અને તેને મિલકત સંપાદિત કરવાની, ધરાવવાની અને તેનો નિકાલ કરવાની, કરાર કરવાની અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી હોય તેવી બીજી તમામ બાબતો કરવાની સત્તા રહેશે અને પોતાના નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૩) પરિષદનું મુખ્ય મથક, અમદાવાદ ખાતે અથવા રાજ્ય સરકાર આ અર્થે જાહેર કરે તેવા બીજા સ્થળે રહેશે.

ગવર્નિંગ કાઉન્સિલ (સંચાલક પરિષદ)નું માળખું.

૪. (૧) પરિષદનીચેના સભ્યોની બનશેઃ-

ક. હોદ્દાની રૂએ સભ્યો :

(૧)	મુખ્ય મંત્રી	:	પ્રમુખ;
(૨)	મંત્રી (શિક્ષણ)	:	ઉપપ્રમુખ;

INDEX

(૩) રાજ્યકક્ષાના મંત્રી (શિક્ષણ) : સહ-ઉપપ્રમુખ;

(૪) કારોબારી સમિતિના અધ્યક્ષ;

(૫) ગુજરાત સરકારના સચિવ, શિક્ષણ વિભાગ;

(૬) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ;

(૭) ગુજરાત સરકારના સચિવ, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ;

(૮) ગુજરાત સરકારના સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ;

(૯) ગુજરાત સરકારના સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ;

(૧૦) ગુજરાત સરકારના સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ;

(૧૧) ગુજરાત સરકારના સચિવ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ;

(૧૨) કમિશનર, ઉચ્ચ શિક્ષણ,ગુજરાત રાજ્ય;

(૧૩) કમિશનર, ટેકનિકલ શિક્ષણ,ગુજરાત રાજ્ય;

(૧૪) કમિશનર, તબીબી શિક્ષણ અને સંશોધન, ગુજરાત રાજ્ય;

(૧૫) અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી અથવા સંયુક્ત સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

ખ. બીજા સભ્યો :

(૧) કુલપતિના સંયુક્ત મંડળ (JBVC) સાથે વિચારવિનિમય કરીને, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના, યુનિવર્સિટીના વધુમાં વધુ પાંચ (પાંચ કરતાં વધુ નહિ તેટલા) કુલપતિ;

(૨) ખાનગી યુનિવર્સિટી ફોરમ સાથે વિચારવિનિમય કરીને, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના, ખાનગી યુનિવર્સિટીના એક વડા;

(૩) ગુજરાત રાજ્યમાં આવેલી, રાષ્ટ્રીય સ્તરે અગત્ય ધરાવતી સંસ્થાઓમાંથી રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના વધુમાં વધુ બે નામાંકિત વિદ્વાનો;

(૪) વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદા, એન્જિનિયરીંગ, સંચાલન, તબીબી, પત્રકારત્વ, ફિલ્મ અને ટેલિવિઝન, થિયેટર, રમતગમત, જાહેર વહીવટ, નાણાં વગેરે ક્ષેત્રોમાંથી, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાની વધુમાં વધુ પાંચ નામાંકિત વ્યક્તિઓ;

(૫) યુનિવર્સિટીઓ અથવા સંલગ્ન કોલેજમાંથી, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના, ૧૫ વર્ષથી વધુ વર્ષની સેવા પૂરી કરી હોય તેવા ત્રણ નામાંકિત શિક્ષણવિદ્;

(૬) રાજ્ય સરકારે નીમેલા સભ્ય-સચિવ.

(૨) હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૩) હોદ્દાની રૂએ સભ્ય હોય તેવા સભ્યો માટે પરિષદની બેઠકમાં હાજર રહેવાનું શક્ય ન હોય, તો તેઓ, નાયબ સચિવ અથવા યથાપ્રસંગ, નાયબ નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને નામનિયુક્ત કરી શકશે.

ગેરલાયકાતો.

૫. (૧) કોઈ વ્યક્તિ,

(ક) અસ્થિર મગજની હોય અને સક્ષમ કોર્ટે તેને એવી રીતે જાહેર કરી હોય;

(ખ) સક્ષમ કોર્ટ દ્વારા તેને અસ્થિર મગજની છે એવો ન્યાયનિર્ણય કરવામાં આવ્યોહોય;

(ગ) દેવામુક્ત નહિ થયેલા નાદાર તરીકે ન્યાયનિર્ણય થયો હોય;

(ઘ) રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે,પરિષદના સભ્ય તરીકે તેને અયોગ્ય બનાવે તેવા નૈતિક અધઃપતન સહિતના કોઈ ગુના માટે કાયદાની કોર્ટે દોષિત ઠરાવેલી હોય;

(ચ) પરિષદના હુકમથી અથવા પરિષદ વતી કરવામાં આવેલા કોઈ કરારમાં કરેલા કોઈ કૃત્યમાં તેનો અથવા તેના ભાગીદારનો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈ હિસ્સો અથવા હિતસંબંધ હોય;

તો, તે વ્યક્તિ, પરિષદના સભ્ય તરીકે નીમાવા માટે અથવા નામનિયુક્ત થવા માટે અથવા ચાલુ રહેવા માટે ગેરલાયક ગણાશે.

(૨) પેટા-કલમ (૧)હેઠળ કોઈ વ્યક્તિ ગેરલાયક છે કે કેમ તે બાબતમાં કોઈ વિવાદ અથવા શંકા હોય તેવા કિસ્સામાં, રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

સભ્યપદ દૂર કરવા બાબત.

૬. (૧) રાજ્ય સરકારને ગમે તે સમયે એવું જણાય કે કોઈ સભ્ય હોદ્દો ધરાવવા માટે અયોગ્ય સાબિત થઈ છે અથવા ગેરવર્તણૂક અથવા બેદરકારી માટે કસૂરવાર છે, જેના પરિણામે રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે,પરિષદના સભ્યપદ પરથી તેને દૂર કરવો ઈષ્ટ છે, તો રાજ્ય સરકાર, આવા સભ્યને પરિષદના સભ્ય તરીકેથી દૂર શા માટે ન કરવો જોઈએ તે બાબતનું કારણ દર્શાવવાની વાજબી તક આપીને, સભ્ય તરીકે દૂર કરી શકશે અને આ રીતે દૂર કર્યા પછી, આવો સભ્ય,પરિષદનો સભ્ય હોતો બંધ થશે.

INDEX

(૨) અધ્યક્ષ અથવા બીજા કોઈ અધિકારીને, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા વિનિયમોની જોગવાઈઓ પાર પાડવા માટે ઈરાદાપૂર્વક કરેલી ચૂક અથવા કરેલા ઈનકારના અથવા પોતાનામાં નિહિત થયેલી સત્તાનો દુરુપયોગ કરવાના કારણોસર, રાજ્ય સરકારે કરેલા હુકમથી જ અને રાજ્ય સરકારે આ અર્થે આદેશ કરેલા તપાસના અહેવાલની વિચારણા કર્યા પછી જ દૂર કરવા જોઈશે. કસૂરવાર અધિકારીની નિમણૂક સમા કરતાં પહેલાં, તેને સુનાવણીની વાજબી તક આપવી જોઈશે.

પરિષદના ઉદ્દેશો.

૭. પરિષદના ઉદ્દેશો નીચે મુજબના રહેશે:-

(૧) એક સર્વાંગી, લાંબા ગાળાની અને અદ્યતન શૈક્ષણિક યોજના વિકસાવવી;

(૨) રાજ્યમાંના તથા બીજી નિયમનકારી સંસ્થાઓ વગેરેમાંના ઉચ્ચ શિક્ષણના આયોજન અને સંકલન માટેની સંકલિત પદ્ધતિઓ વિકસાવવી;

(૩) યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજની શૈક્ષણિક / વહીવટી / નાણાકીય કામગીરીનું અસરકારક દેખરેખ-નિયંત્રણ કરવું અને વધુ સારી કામગીરી માટેના ઉપાયાત્મક પગલાંની ભલામણ કરવી;

(૪) રાજ્યમાં ઉચ્ચ શિક્ષણના આયોજિત અને સંકલિત વિકાસ માટેની ભલામણો કરવી;

(૫) ઉચ્ચ શિક્ષણ અંગેની સંગ્રહિત માહિતી(ડેટાબેંક) નિભાવવી અને સંશોધન તથા મૂલ્યાંકન અભ્યાસો કરવા;

(૬) ભાવિ વિકાસ અંગેની જરૂરિયાતો પરિપૂર્ણ કરવી; અનાયોજિત અને અનિર્ધારિત વિસ્તરણ પર નિયંત્રણ રાખવું અને સામાજિક-આર્થિક જરૂરિયાત અને શૈક્ષણિક આવશ્યકતાને આધારે ઉચ્ચ શિક્ષણને ઈચ્છનીય દિશામાં લઈ જવું;

(૭) યુનિવર્સિટીમાં સાધનસંપત્તિની આપ-લેને, સંસ્થાઓના જોડાણોમાંથી થતા લાભને પ્રોત્સાહન આપવું, સંસ્થાઓ ખાતે શૈક્ષણિક અને શાસન-વ્યવસ્થાકીય સુધારા અંગે માર્ગદર્શન આપવું, ઉચ્ચ શિક્ષણ અંગેની સંગ્રહિતમાહિતી નિભાવવી તથા સંશોધન અને મૂલ્યાંકન અભ્યાસો કરવા;

(૮) યુનિવર્સિટીને જરૂરી નાણાં પૂરા પાડવા અંગેના માપદંડો નક્કી કરવા અને રાજ્ય સરકારને તે અંગે ભલામણો કરવી;

INDEX

(૯) શિષ્યવૃત્તિ, ફી-માફી અંગેના માપદંડો નક્કી કરવા અને રાજ્ય સરકારને તે અંગે ભલામણો કરવી તેમજ જુદા-જુદા પછાત સામાજિક જૂથો વચ્ચે સમાનતા સ્થાપવા માટે આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ અને વિદ્વાનોને સહાય કરવી;

(૧૦) શિક્ષણ અંગેના સ્પષ્ટ દૃષ્ટિકોણ સાથે, દૂરના ભવિષ્યમાં (લાંબા ગાળે) થનાર અપેક્ષિત ફેરફારોને લક્ષમાં લઈને, ઉચ્ચ શિક્ષણમાં સુધારા અંગેના પગલાં નક્કી કરવા અને સૂચવવા તથા રાજ્ય સરકારને તે અંગે ભલામણો કરવી;

(૧૧) યુનિવર્સિટી સાથે પરામર્શ કરીને, પાઠ્યક્રમ અને અભ્યાસક્રમોના આયોજિત અને સંકલિત વિકાસ માટે ભલામણો કરવી,ઉચ્ચ શિક્ષણની વિવિધ વિદ્યાશાખાઓમાં વૈશ્વિક સ્તરના નિષ્ણાતો તૈયાર કરવા;

(૧૨) ઉચ્ચ શિક્ષણને વૈશ્વિક સ્પર્ધા તરફ દોરી જતી, સોફ્ટવેર, ફિલ્મ વગેરે જેવી શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા સહિતની નવીનતાના વિકાસ, કુશળતા, વિકાસ, લોકમાધ્યમ (મિડીયા)ના નિષ્ણાતો, સોફ્ટવેર અને શૈક્ષણિક ટેકનોલોજીમાંની બીજી આધુનિક જાણકારી અંગે ભલામણો કરવી;

(૧૩) વૈશ્વિક સ્પર્ધાનો ઉત્કૃષ્ટતાથી સામનો કરવા માટે, ઉચ્ચ શિક્ષણમાં ફિલ્મ, લોકમાધ્યમના પ્રશિક્ષકોનો સાયન્સ પાર્ક (media inculcators' science park), ગુણોત્કર્ષ કેન્દ્ર અથવા સંસ્થાઓના સંસ્થાગત વિકાસ માટે સુવ્યવસ્થિત આયોજનની તૈયારી કરવી;

(૧૪) રાજયમાં ફ્રેન્ચાઈઝ, અનુશિક્ષણ કેન્દ્ર, પરામર્શ કેન્દ્ર, વિદ્યાર્થી માર્ગદર્શન કેન્દ્ર જેવી અથવા બીજા કોઈપણ નામ હેઠળની કોઈ એજન્સી, સંબંધિત નિયમનકારી મંડળોની મંજૂરી સિવાય, અનધિકૃત અને ગેરકાયદેસર રીતે આવી પ્રવૃત્તિઓ ચલાવતી હોય, તો અને આવી એજન્સી અથવા સંસ્થાઓ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.) અથવા સંબંધિત નિયમનકારી મંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલી ન હોય તેવી બનાવટી પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્રો પૂરી પાડતી હોય, તેવા કિસ્સામાં પણ આવી એજન્સી દ્વારા રાજયમાં ચલાવવામાં આવતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ રાજય સરકારને ધ્યાને લાવવી;

(૧૫) રાજયમાંની યુનિવર્સિટી, ઉત્કૃષ્ટતામાં વિશ્વ કક્ષાનો લક્ષ્યાંક સિદ્ધ કરી શકે તે માટેના પગલાં સૂચવવા.

INDEX

પરિષદના કાર્યો.

૮. (૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા રાજય સરકાર દ્વારા વખતોવખત આપવામાં આવેલી માર્ગદર્શિકાઓ અનુસારનું સંકલન કરવાની અને ઉચ્ચ શિક્ષણ અથવા સંશોધન માટેની સંસ્થાઓ તથા વૈજ્ઞાનિક અને ટેકનિકલ સંસ્થાઓ માટેના ધોરણો નક્કી કરવાની પરિષદની સામાન્ય ફરજ રહેશે.

(૨) પરિષદના કાર્યો નીચે મુજબના રહેશે :-

૧. આયોજન અને સંકલનને લગતા કાર્યો :

(૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવે તેવી માર્ગદર્શિકાઓ અનુસાર, રાજયમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં એકત્રિત કાર્યક્રમો તૈયાર કરવા અને રાજયમાં ઉચ્ચ શિક્ષણની એકંદર અગ્રીમતા અને પરિપ્રેક્ષ્યને લક્ષમાં લઈને, તેના અમલ માટે સહાય કરવી;

(૨) ઉચ્ચ શિક્ષણના ધોરણોના નિર્ધારણ અને તેની જાળવણીના સંબંધમાં, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને સહાય કરવી અને જરૂરી હોય ત્યાં ઉપાયાત્મક પગલું સૂચવવું;

(૩) રાજયમાં ઉચ્ચ શિક્ષણના વિકાસ અને ભાવિ દૂરદર્શિતા માટે યથાર્થલક્ષી યોજનાઓ ઘડવી ;

(૪) પોતાની ટિપ્પણીઓ અને ભલામણો સાથે યુનિવર્સિટી અને કોલેજના વિકાસ કાર્યક્રમો રાજય સરકારને અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવા;

(૫) એવા વિકાસલક્ષીકાર્યક્રમોના અમલની પ્રગતિનું દેખરેખ રાખવું;

(૬) શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેના સહકાર અને સંકલનને પ્રોત્સાહન આપવું અને ઉદ્યોગ અને અન્ય મધ્યસ્થ વ્યકિતઓ સાથે વિચારવિનિમય માટેની સંભાવના તપાસવી;

(૭) નવી શૈક્ષણિક સંસ્થાઓની સંમતિ અને મંજૂરી માટે રાજય સરકારની માર્ગદર્શિકાઓ અનુસાર સિદ્ધાંતો ઘડવા;

(૮) રાજયમાં ઉચ્ચ શિક્ષણ માટે વધારાના સ્ત્રોતોની વૃદ્ધિ કરવાના સાધનોપાય સૂચવવા.

૨. શૈક્ષણિક કાર્યો :

(૧) યુનિવર્સિટી, કોલેજ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસક્રમના વિકાસમાં નવીનતા, કૌશલ વિકાસ સાથે પાઠયક્રમોના પુનર્ગઠન અને તેને અદ્યતન બનાવવામાં નવીનતાને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવું ;

(૨) યુનિવર્સિટી અને કોલેજના કાર્યક્રમોને પ્રોત્સાહન આપીને સંકલન કરવું અને દેખરેખપધ્ધતિ ઊભી કરીને તેનો અમલ કરવો;

INDEX

(૩) યુનિવર્સિટી અને જોડાણ કરેલ (સંલગ્ન) કોલેજો દ્વારા યોજવામાં આવતી પરીક્ષાઓના ધોરણ સુધારવાની પધ્ધતિઓ અને પગલાં માટે વિચારણા કરવી અને જરૂરી સુધારા સૂચવવા;

(૪) યુનિવર્સિટી અને કોલેજમાં વિદ્યાશાખાઓ વચ્ચે અસરકારક શૈક્ષણિક સહકાર અને વિચારવિનિમય માટેના કાર્યક્રમો વિકસાવવા અને રાજયમાં તથા રાજય બહાર અધ્યાપકો અને વિદ્યાર્થીઓના સ્થળાંતરને પણ સરળ બનાવવું;

(૫) યુનિવર્સિટી અને કોલેજમાં રમતગમત, ખેલકૂદ, શારીરિક શિક્ષણ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું;

(૬) યુનિવર્સિટીને લગતા ખાસ ક્ષેત્રોમાં અને પ્રાદેશિક આયોજન તથા કૌશલ્ય વિકાસમાં અસરકારક પરામર્શ મારફત યુનિવર્સિટી અને ઉદ્યોગો વચ્ચે વિસ્તરણ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું અને તેમની વચ્ચેના વિચારવિનિમયને પ્રોત્સાહન આપવું;

(૭) રાજયમાંની યુનિવર્સિટી અને કોલેજના કામકાજ ઉપરનો નિરીક્ષણ અહેવાલ તૈયાર કરવો અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને અહેવાલની નકલ પૂરી પાડવી;

(૮) યુનિવર્સિટીમાં ઉત્કૃષ્ટતા કેન્દ્રોની ઓળખ કરવી તથા વિજ્ઞાન અને ટેકનોલોજીની વૃદ્ધિ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંપર્ક પૂરો પાડવો ;

(૯) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફંડિંગ (નાણાં પૂરા પાડતી) એજન્સી તરફથીકોઇ સંશોધન ફંડમેળવ્યું હોય તો તેનો વહીવટ કરવો અને તે મુકત કરવું;

(૧૦) ટેકનિકલ શિક્ષણના સંબંધમાં ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશન(AICTE) ના સંપર્કમાં કામ કરવું;

(૧૧) રાજય સરકાર અથવા કોઇ યુનિવર્સિટી, કોલેજ અથવા ઉચ્ચ શિક્ષણની સંસ્થા દ્વારા પરિષદને મોકલવામાં આવે તેવી ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સંબંધી બીજી કોઇ બાબત પર તેમને સલાહ આપવી.

૩. સલાહકારી કાર્યો :

પરિષદ, નીચેની બાબતોમાં સલાહ આપશે,-

(૧) બ્લોક નિભાવણી ગ્રાન્ટ માટેની યોગ્ય માર્ગદર્શિકાઓ તૈયાર કરીને અને તેના ઉપયોગના નિયમન દ્વારા, યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને આપવામાં આવતી એવી ગ્રાન્ટ નક્કી કરવામાં;

(૨) વૈજ્ઞાનિક સંશોધન માટે રાજય કેન્દ્ર ઊભુ કરવામાં અને યુનિવર્સિટીમાં સંશોધન પ્રવૃત્તિઓનું સંકલન કરવામાં;

INDEX

(૩) યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ, ઓર્ડિનન્સિઝ (અધ્યાદેશો) અને વિનિયમો પર સલાહ આપવી અને શૈક્ષણિક અભિગમો માટેની સ્વાયત્તતાને બાધ આવ્યા સિવાય વહીવટમાં એકરૂપતા જાળવવા માટે ફેરફારો સૂચવવામાં;

(૪) નવી યુનિવર્સિટીની સ્થાપના સંબંધી કાયદા સહિત યુનિવર્સિટીને લગતા કાયદામાં જરૂરી સુધારાને લગતી બાબતમાં;

(૫) ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિકો, શિક્ષણવિદ્ો અને પ્રૌદ્યોગિકીવિદ્(ટેકનોલોજીસ્ટ)ને તેઓના પ્રદાન બદલ પ્રતિષ્ઠિત એવોર્ડ (પારિતોષિક) આપવાનું શરૂ કરવામાં;

(૬) ઉદ્યોગો, સંસ્થાઓ અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંગઠનોને પૂરી પાડવામાં આવતી પરામર્શ સેવા જેવી સેવાઓમાંથી સ્વ-નિર્મિત ફંડ મારફત સતત વૃદ્ધિ માટેના નવીનતમ કાર્યક્રમો ઓળખી કાઢવા અને તેનો વહીવટ કરવામાં તથા બૌદ્ધિક સંપત્તિ હકો ઊભા કરવા અને તેમાં સહાય કરવામાં;

(૭) ઉચ્ચ શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધનમાં ઉત્કૃષ્ટતા વધારવા માટે જરૂરી હોય તેવા બીજા કાર્યો કરવામાં;

(૮) રાજય સરકારની ઉચ્ચ શિક્ષણ નીતિ ઘડવા માટેના કાર્યક્રમો, શૈક્ષણિક સેમિનાર, તાલીમ કાર્યક્રમો, ક્ષમતા-નિર્માણ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંમેલનો વિકસાવવામાં તેમજ વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોની જૂથ ચર્ચા યોજવામાં;

(૯) અધ્યાપકો, અધિકારીઓ, આચાર્યો અને અન્ય કર્મચારીઓની ભરતી માટેના માપદંડ અથવા નિયમો સૂચવવામાં;

(૧૦) યુજીસી(UGC)ના વિનિયમો અને માર્ગદર્શિકાઓ અથવા રાજય સરકારની નીતિ અનુસાર, કોલેજ અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સિટી અધ્યાપકો માટે વિવિધ બઢતીઓ સંબંધી માપદંડ, નિયમો સૂચવવામાં.

કારોબારી સમિતિની રચના.

૯. પરિષદ માટે કારોબારી સમિતિની રચના કરવી જોઇશે.

કારોબારી સમિતિના અધ્યક્ષ.

૧૦. (૧) કારોબારી સમિતિના એક અધ્યક્ષ રહેશે, જેમની નિમણૂક રાજય સરકાર દ્વારા, પેટા-કલમ (૨) હેઠળના હેતુ માટે નીમાયેલી સમિતિ દ્વારા પેટા-કલમ (૪) હેઠળ ભલામણ કરવામાં આવી હોય તેવી ત્રણ વ્યકિતઓમાંથી કરવામાં આવશે.

(૨) પેટા-કલમ (૧)ના હેતુઓ માટે, રાજય સરકાર, સફળ કારકિર્દી અને પ્રામાણિકતા ધરાવતા ત્રણ નામાંકિત શિક્ષણવિદ્ની બનેલી સમિતિ નીમશે.

INDEX

(૩) રાજય સરકાર, સમિતિના ત્રણ સભ્યોમાંથી એક સભ્યની તેના (સમિતિના) અધ્યક્ષ તરીકે નિમણૂક કરશે.

(૪) આવી રીતે નિમાયેલી સમિતિ, તેની નિમણૂક થયાના એક મહિનાની મુદતની અંદર, પોતે અધ્યક્ષ તરીકે નિમણૂક આપવા માટે યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને આવી રીતે પસંદ કરેલી વ્યકિતઓના નામની, પોતે યોગ્ય ગણે તેવી બીજી વિગતો સહિત, રાજય સરકારને ભલામણ કરશે.

(૫) અધ્યક્ષની નિમણૂક, આવી રીતે ભલામણ કરેલી વ્યકિતઓમાંથી, નામાંકિત શિક્ષણશાસ્ત્રી હોય અને જેમણે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં પોતાના સફળ યોગદાનથી વિશેષ યોગ્યતા અને ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરેલી હોય, તેવી વ્યકિતઓમાંથી કરવી જોઈશે.

(૬) અધ્યક્ષ, મુખ્ય વહીવટકર્તા અને શૈક્ષણિક વડા તેમજ પરિષદના કામકાજના એકંદર ઈન્ચાર્જ (હવાલો ધરાવનાર) રહેશે. તેમને (અધ્યક્ષને) કારોબારી સમિતિની એકંદર કામગીરીનું સંચાલન કરવાની, તેની દેખરેખ રાખવાની અને નિરીક્ષણ કરવાની સત્તા રહેશે.

(૭) અધ્યક્ષના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૮) અધ્યક્ષની લાયકાત, સત્તા અને તેના કાર્યો, તેની સેવાની બોલીઓ અને શરતો, ઠરાવવામાં આવે તેવા રહેશે.

કારોબારી સમિતિનું માળખું.

૧૧. (૧) પરિષદની કારોબારી સમિતિ, નીચેના સભ્યોની બનેલી રહેશે :-

(૧) અધ્યક્ષ ;

હોદ્દાની રૂએ સભ્યો :

(૧) કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય ;

(૨) કમિશનર, ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજય;

(૩) કમિશનર, તબીબી શિક્ષણ અને સંશોધન, ગુજરાત રાજય;

અન્ય સભ્યો :

(૧) વધુમાં વધુ આઠ કુલપતિ, જેમાંથી ત્રણ કુલપતિ, કુલપતિના સંયુકત બોર્ડ (JBVC) સાથે વિચારવિનિમય કરીને રાજય સરકાર નામનિયુકત કરે તેવા ક્ષેત્રીય યુનિવર્સિટીઓમાંના રહેશે ;

(૨) ખાનગી યુનિવર્સિટી ફોરમ સાથે વિચારવિનિમય કરીને, રાજય સરકારે નામનિયુકત કરવાના કોલેજના એક વડા;

(૩) ગુજરાત રાજયમાં આવેલી રાષ્ટ્રીય સ્તરે અગત્ય ધરાવતી સંસ્થાઓમાંથી રાજય સરકારે નામનિયુકત કરવાના એક નામાંકિત વિદ્વાન;

(૪) વિનયન, વિજ્ઞાન, વાણિજય, કાયદા, એન્જિનિયરીંગ, સંચાલન, તબીબી, પત્રકારત્વ, ફિલ્મ અને ટેલિવિઝન, થિયેટર, રમતગમત, જાહેર વહીવટ, નાણાં વગેરે ક્ષેત્રોમાંથી, રાજય સરકારે નામનિયુકત કરવાની વધુમાં વધુ પાંચ નામાંકિત વ્યકિતઓ;

(૫) જેમણે વધુમાં વધુ દસ વર્ષની સેવા પૂરી કરેલી હોય તેવા યુનિવર્સિટીના અધ્યાપકો, સિનિયર પ્રિન્સિપાલ (આચાર્યો) અથવા સંલગ્ન કોલેજના અધ્યાપકોમાંથી રાજય સરકારે નામનિયુકત કરવાના ત્રણ શિક્ષણવિદ્.

(૨) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત, ત્રણ વર્ષની રહેશે.

(૩) હોદ્દાની રૂએ સભ્ય હોય તેવા સભ્યો માટે પરિષદની બેઠકમાં હાજર રહેવાનું શકય ન હોય, તો તેઓ, નાયબ સચિવ અથવા યથાપ્રસંગ, નાયબ નિયામકથી ઊતરતા દરજજાના ન હોય તેવા અધિકારીને નામનિયુકત કરી શકશે.

કારોબારી સમિતિની સત્તા અને તેના કાર્યો.

૧૨. કારોબારી સમિતિ નીચેની સત્તા ધરાવશે અને કાર્યો કરશે :-

(૧) તમામ બાબતોમાં પરિષદની સંમતિને અધીન રહીને, પરિષદ વતી નીતિવિષયક નિર્ણયો લેવા :

પરંતુ તાકિદના અને અણધાર્યા સંજોગોમાં, પરિષદના અનુસમર્થન (બહાલી)ને અધીન રહીને કારોબારી સમિતિ નિર્ણય લઇ શકશે ;

(૨) આ અધિનિયમમાં જણાવેલા ઉદ્દેશો પરિપૂર્ણ કરવા અને પરિષદે લીધેલા તમામ નિર્ણય પાર પાડવા માટે જરૂરી હોય તેવા ખર્ચ કરવાની;

(૩) પરિષદની મંજૂરી માટે, તેના (પરિષદ)ના વાર્ષિક શૈક્ષણિક અને નાણાકીય ઓડિટ અહેવાલો પરિષદ સમક્ષ રજૂ કરવાની;

(૪) રાજય ઉચ્ચ શિક્ષણ યોજના (યથાર્થ યોજના, વાર્ષિક યોજના અને અંદાજપત્ર યોજના) તૈયાર કરવાની ;

(૫) રાજય સંસ્થાઓને તેમની યોજના ઊભી કરવા અને તેના અમલ માટેની માહિતી પૂરી પાડવાની ;

(૬) સર્વોચ્ચ મંડળો, નિયમનકારી સંસ્થાઓ અને રાજય સરકાર વચ્ચે સંકલન કરવાની ;

(૭) ઉચ્ચ શિક્ષણમાં વ્યૂહાત્મક રોકાણકરવા અંગે રાજય સરકારને સલાહ આપવાની ;

(૮) સ્ટેચ્યૂટ અને અધ્યાદેશો (ઓર્ડિનન્સિઝ) ઘડવા બાબતે યુનિવર્સિટીને સલાહ આપવાની;

(૯) સંસ્થાઓને રાજયના ફંડનો હિસ્સો સમયસર તબદીલ કરવા માટેની પદ્ધતિ નક્કી કરવાની;

(૧૦) રાજય ઉચ્ચ શિક્ષણ યોજના અને પારદર્શક માપદંડના આધારે રાજય યુનિવર્સિટી અને કોલેજને ફંડ વહેંચવાની ;

(૧૧) રાજય ઉચ્ચ શિક્ષણ યોજનાના અમલીકરણ ઉપર દેખરેખ રાખવાની;

(૧૨) સંચાલન માહિતી પદ્ધતિઓ તૈયાર કરીને તેની જાળવણી કરવાની;

(૧૩) રાજય અને સંસ્થાકીય સ્તરે સામયિક આંકડાનું સંકલન કરીને તેની જાળવણી કરવાની;

(૧૪) રુસા (RUSA) (રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન) હેઠળ વિકસાવેલા માપદંડ અને મુખ્ય કામગીરી સૂચકો (KPIs)ના આધારે રાજય સંસ્થાઓનું મૂલ્યાંકન કરવાની;

(૧૫) સંસ્થાઓ પાસેથી ઉપયોગિતા પ્રમાણપત્રો (યુટિલાઇઝેશન સર્ટિફિકેટસ)ની સમયસરની રજૂઆત સુનિશ્ચિત કરવાની;

(૧૬) વિદ્યાશાખા ગુણવત્તા વૃદ્ધિની પહેલ માટેના ઉપાયો સૂચવવાની;

(૧૭) પરીક્ષાની ગુણવત્તાની કક્ષા ઊંચી લાવવા અને પરીક્ષામાં સુધારા માટે પદ્ધતિઓ સૂચવવાની ;

(૧૮) અભ્યાસક્રમની ગુણવત્તા જાળવવાની ;

(૧૯) સંશોધનમાં નવીનતાને પ્રોત્સાહન આપવાની;

(૨૦) રાજય સંસ્થાઓની સ્વાયત્તતાનું રક્ષણ કરવાની;

(૨૧) અધિકારપત્ર (એક્રેડિટેશન) બાબતના સુધારા સૂચવવાની;

(૨૨) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા, કાર્યો અને ફરજો.

૧૩. (૧) પરિષદે, જરૂરી હોય તેટલી વાર, તેવા સમયે અને સ્થળે બેઠક બોલાવવી પરિષદની જોઈશે અને તેવી બેઠકોમાં વિનિયમોથી ઠરાવવામાં આવે તેવા કામકાજના સંચાલન બેઠકો. માટેની કાર્યરીતિના નિયમોનું પાલન કરવું જોઈશે, પણ, વર્ષમાં ઓછામાં ઓછા બે વાર તેની બેઠક બોલાવવી જોઈશે.

(૨) સભ્ય-સચિવ-એ, કારોબારી સમિતિના અધ્યક્ષની સલાહ પરપરિષદની બેઠકો, બોલાવવી જોઈશે.

(૩) પરિષદની બેઠકનું કોરમ, પરિષદના કુલ સભ્યોના એક-તૃતીયાંશ સભ્યોનું રહેશે.

(૪) બેઠકો ખાતે તમામ બાબતોના નિર્ણય, હાજર રહીને મત આપતા સભ્યોની સાદી બહુમતીથી લેવા જોઈશે.

પરિષદની કાર્યવાહી, ખામી (ગેરવ્યવસ્થા)ના કારણે અમાન્ય ન ગણવા

૧૪. સભ્યપદમાં કોઈ ખાલી જગા હોય અથવા તેની રચનામાં કોઈ ખામી હોય તેમ છતાં, પરિષદને કાર્ય કરવાની સત્તા રહેશે અને સભ્ય તરીકે હકદાર ન હોય તેવી કોઈ વ્યકિતએ, બેઠકની કાર્યવાહીમાં હાજરી આપી હોય, મત આપ્યો હોય અથવા અન્યથા પરિષદની કાર્યવાહીમાં ભાગ લીધો હોય તેમ છતાં, પરિષદની કાર્યવાહી માન્ય ગણાશે.

આદેશો આપવાની રાજય સરકારની સત્તા.

૧૫. રાજય સરકાર, પરિષદની ભલામણના આધારે અથવા આપમેળે, તેમાં નિર્દિષ્ટ કરે તેવી રીતે સુધારાનો અમલ કરવા માટે જરૂરી હોય તેવા ફેરફાર કરવા કોઈ યુનિવર્સિટીને આદેશ કરી શકશે. તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજય સરકારે આપેલા આદેશોનો અમલ કરવાનું અને તદનુસાર લીધેલા પગલાં અંગેની જાણ રાજય સરકાર અને પરિષદને કરવાનું યુનિવર્સિટી માટે ફરજિયાત રહેશે.પરિષદે, રાજય સરકારે આપેલા આદેશોનું યુનિવર્સિટીએ પાલન કર્યા અંગે વખતોવખત સમીક્ષા કરવી જોઈશે.

પ્રાસંગિક ખાલી પડતી જગાઓ ભરવા બાબત.

૧૬. કોઈ સભ્યના હોદ્દાની જગા તેના મૃત્યુ, રાજીનામા, તેને છૂટા કરવાને કારણે અથવા અન્યથા પ્રાસંગિક ખાલી થઈ હોય, તો આવી ખાલી જગા,રાજય સરકારે નામનિયુકિત અથવા યથાપ્રસંગ, નિમણૂકથી ભરવી જોઈશે અને આવો સભ્ય, જે વ્યકિતની જગાએ આવા સભ્યની નામનિયુકિત અથવા નિમણૂક કરવામાં આવી હોય, તે વ્યકિતની બાકીની મુદત સુધી જ હોદ્દો ધરાવશે :

પરંતુ જે કક્ષામાં આવી ખાલી જગ્યા પડી હોય તે જ કક્ષાની વ્યકિતઓમાંથી આવી ખાલી જગા ભરવી જોઈશે.

પરિષદ સાથે વ્યકિતઓનું હંગામી જોડાણ કરવા બાબત.

૧૭. પરિષદ, તેના કાર્યો પાર પાડવા માટે જેની સલાહ અથવા સહાય લેવા ઇચ્છતી હોય તેવી કોઈ વ્યકિતને, તેવી રીતે અને તેવા હેતુ માટે પોતાની સાથે જોડી શકશે. પરિષદ સાથે તેવા હેતુ માટે જોડાયેલી વ્યકિતને, તે હેતુ સંબંધિત વિચારણાઓમાં ભાગ લેવાનો અધિકાર રહેશે પરંતુ તેને પરિષદની બેઠક ખાતે મત આપવાનો અધિકાર રહેશે નહિ અને કોઈ હેતુ માટે તે તેની સભ્ય બની શકશે નહિ.પરિષદ, યુનિવર્સિટી વચ્ચે સંકલન વિકસાવવાના હેતુથી તબીબી, ઈજનેરી અથવા કૃષિ યુનિવર્સિટીના કોઈ સભ્યને પોતાની સાથે જોડી શકશે.

INDEX

પ્રકરણ ૩
નાણાં

પરિષદનું ફંડ.

૧૮. (૧) 'ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ ફંડ' એ તરીકે ઓળખાતું એક ફંડ સ્થાપવામાં આવશે જેમાં, વખતોવખત, રાજય સરકારે તેને (પરિષદને) આપેલી તમામ રકમ અને કેન્દ્ર સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા અન્ય કોઈ સત્તામંડળ, સંસ્થાઓ અથવા વ્યકિત પાસેથી મળેલી કોઈ રકમ સહિતની બીજી તમામ આવકનો સમાવેશ થશે.

(૨) રાજય સરકાર, દરેક નાણાકીય વર્ષમાં,પરિષદને તેની કામગીરી માટે અને તેની જવાબદારીઓ અને ફરજો બજાવવા માટે જરૂરી ગણે તેવી રકમ આપી શકશે.

(૩) આ અધિનિયમના હેતુઓ હેઠળ અથવા તે માટે પરિષદે કરેલો તમામ ખર્ચ,પરિષદના ફંડમાંથી કરવો જોઈશે અને આવો ખર્ચ કર્યા પછી, બાકીની કોઈ ફાજલ રકમ ઠરાવવામાં આવે તેવી રીતે રોકાણ કરવી જોઈશે.

વાર્ષિક અંદાજપત્ર.

૧૯. પરિષદે, દર વર્ષેઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવા સમયે આગામી નાણાકીય વર્ષના સંબંધમાં અંદાજિત આવકો અને ખર્ચના અંદાજ દર્શાવતું અંદાજપત્ર તૈયાર કરવું જોઈશે અને તેની એક નકલ રાજય સરકારને મોકલવી જોઈશે.

વાર્ષિક હિસાબો અને ઓડિટ.

૨૦.(૧) પરિષદના હિસાબો, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા નમૂનામાં જાળવવા જોઈશે. પરિષદે વાર્ષિક હિસાબીપત્રક ઠરાવવામાં આવે તેવા નમૂનામાં તૈયાર કરવું જોઈશે.

(૨) પરિષદના હિસાબોનું ઓડિટ, આ અર્થે રાજય સરકાર નીમે તેવા ઓડિટર દ્વારા દરેક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછું એક વાર કરાવવું જોઈશે.

(૩) પેટા-કલમ(૨) હેઠળ નિમાયેલા ઓડિટરને, ઓડિટના હેતુઓ માટે ઠરાવવામાં આવે તેવી સત્તા રહેશે.

(૪) અધ્યક્ષે, ઓડિટ રિપોર્ટ છપાવવો જોઈશે અને તેની છાપેલી નકલ,પરિષદના દરેક સભ્યને મોકલવી જોઈશે અને પરિષદની આગામી બેઠકમાં તે (રિપોર્ટ), પરિષદની વિચારણા માટે તેની સમક્ષ મૂકવો જોઈશે.

(૫) પરિષદે, ઓડિટ રિપોર્ટમાં જણાયેલી કોઈ ખામી અથવા અનિયમિતતાને રાજય સરકારની જાણ હેઠળ તાત્કાલિક દૂર કરવા યોગ્ય પગલું લેવું જોઈશે

(૬) ઓડિટર-એ પ્રમાણિત કર્યા પ્રમાણેના પરિષદના હિસાબો, ઓડિટ રિપોર્ટ સાથે અને તેના ઉપરની પરિષદની વિશેષ નોંધ સહિત રાજય સરકારને એક મહિનાની અંદર મોકલવા જોઈશે.

(૭) રાજય સરકાર, ઓડિટ રિપોર્ટમાં જણાયેલી કોઇ ક્ષતિ, હોય તો, લેખિતમાં આદેશથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સમયની અંદર, ક્ષતિ દૂર કરવા માટે નિર્દિષ્ટ કરવામાં આવે તેવા પગલાં લેવા પરિષદનેઆદેશ કરી શકશે અને પરિષદે એવા આદેશોનું પાલન કરવું જોઇશે.

(૮) રાજય સરકારે, પેટા-કલમ (૬) હેઠળ ઓડિટ રિપોર્ટ સાથેના વાર્ષિક હિસાબો મળ્યા પછી, બનતી ત્વરાએ,રાજય વિધાનસભા સમક્ષ તેને મૂકાવવા જોઇશે.

પ્રકરણ ૪
પ્રકીર્ણ જોગવાઇઓ

વાર્ષિક અહેવાલ.

૨૧.પરિષદે, દરેક નાણાકીય વર્ષ પૂરું થયા પછી, બનતી ત્વરાએ, અગાઉના વર્ષ દરમિયાનની તેની પ્રવૃત્તિઓની માહિતી આપતો યોગ્ય રીતે તૈયાર કરેલો વિગતવાર અહેવાલ(રિપોર્ટ) ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલાં અને તેવા નમૂનામાં તૈયાર કરવો જોઇશે અને રાજય સરકારને રજૂ કરવો જોઇશે તથા અહેવાલમાં આગામી નાણાકીય વર્ષમાં હાથ ધરવાની શકયતા હોય તેવી પ્રવૃત્તિઓનો પણ વૃત્તાંત આપવો જોઇશે.સરકારે આવો દરેક અહેવાલ (રિપોર્ટ), તે મળ્યા પછી બનતી ત્વરાએ, રાજય વિધાનસભા સમક્ષ મૂકાવવા જોઇશે. વાર્ષિકઅહેવાલની એક નકલ, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને પણ મોકલવી જોઇશે.

તપાસણી અને તપાસ.

૨૨. (૧) રાજય સરકારને, પોતે અધિકૃત કરે તેવા સરકારના સચિવથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી દ્વારા પરિષદની તપાસણી કરાવવાની અને પરિષદને સોંપાયેલી કોઇ બાબતના સંબંધમાં પરિષદે કરેલા કામની તપાસ કરાવવાની સત્તા રહેશે. રાજય સરકારે દરેક કિસ્સામાં, આવી તપાસણી અથવા તપાસ કરાવવાના પોતાના ઇરાદાની નોટિસ પરિષદને આપવી જોઇશે અને પરિષદ, તે જગ્યાએ રજૂઆત કરવા માટે હકદાર રહેશે.તપાસણી અથવા તપાસ કરનાર અધિકારીએ, એવી રીતે કરાયેલી તપાસણી અથવા તપાસના આધારે રાજય સરકારને તેનો અહેવાલ રજૂ કરવો જોઇશે.

(૨) રાજય સરકાર,આવી તપાસણી અથવા તપાસના પરિણામ અંગેના પોતાના મંતવ્યો પરિષદને જણાવશે અને તે બાબતમાં લેવાના પગલાં અંગે પરિષદને સલાહ આપશે.

(૩) પરિષદે, રાજય સરકાર નકકી કરે તેટલા સમયની અંદર, આવી સલાહ પરથી લેવા ધારેલા અથવા લીધેલા પગલાં, હોય તો, તેનો અહેવાલ સરકારને આપવો જોઇશે.

(૪) પરિષદ, રાજય સરકારને ખાતરી થાય તેવી રીતે વાજબી સમયમાં પગલાં ન લે, ત્યારે રાજય સરકાર, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો પરિષદને આપી શકશે અને પરિષદે તેવા આદેશોનું તાત્કાલિક પાલન કરવું જોઇશે.

ફેરતપાસ.

૨૩. રાજય સરકાર, પોતાની મેળે અથવા તેને કરવામાં આવેલી અરજી પરથી, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ પરિષદે કરેલા કોઇ હુકમ અથવા લીધેલા નિર્ણયના રેકર્ડ, આવા હુકમ અથવા નિર્ણયની કાયદેસરતા અથવા સુસંગતતા અથવા કાર્યરીતિની

INDEX

નિયમિતતાના સંદર્ભમાં પોતાને ખાતરી કરાવવાના હેતુ માટે મંગાવી શકશે અને ચકાસી શકશે અને તે સંબંધમાં પોતે યોગ્ય ગણે તેવો હુકમ કરી શકશે :

પરંતુ પરિષદને અથવા હુકમથી અસર થવાનો સંભવ હોય તેવી વ્યકિતને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય આવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ.

૨૪. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો અથવા વિનિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્યના સંબંધમાં, પરિષદ અથવા પરિષદના કોઈ સભ્ય અથવા અધિકારી અથવા કર્મચારી વિરુદ્ધ કોઈપણ દાવો, ફોજદારી કાર્યવાહી અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

પરિષદનો કર્મચારી વર્ગ(સ્ટાફ).

૨૫. પરિષદે, રાજય સરકારની પૂર્વ-મંજૂરીથી, આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવવા માટે પોતે જરૂરી ગણે તેટલા અધિકારીઓ અને કર્મચારીવર્ગ (સ્ટાફ)નેનીમવા જોઈશે. પરિષદના અધિકારીઓ અને સ્ટાફની સેવાની બોલીઓ અને શરતો, પરિષદે ઘડવાના વિનિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રહેશે.

પરિષદના સભ્યો અને કર્મચારીવર્ગ (સ્ટાફ) રાજય સેવકો ગણાશે.

૨૬. પરિષદના પ્રમુખ, ઉપપ્રમુખ, સભ્યો, અધિકારીઓ અને કર્મચારીવર્ગ (સ્ટાફ), કારોબારી સમિતિના અધ્યક્ષ અને તેના સભ્યો, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો અથવા વિનિયમોની કોઈ જોગવાઈઓ અનુસાર કાર્ય કરતાં હોય અથવા તેમ કરતાં હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો છે એમ ગણાશે.

સન ૧૮૬૦નો ૪૫મો. નિયમો કરવાની સત્તા.

૨૭. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, આ અધિનિયમ સાથે અસંગત ન હોય તેવા નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે :-

(ક) કલમ ૧૦ની પેટા-કલમ (૮) હેઠળ અધ્યક્ષની લાયકાત, તેમની સત્તા અને તેમના કાર્યો તેમજ તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવા બાબત;

(ખ) કલમ ૧૨-ના ખંડ (૨૧) હેઠળ કારોબારી સમિતિની બીજી સત્તા, તેના કાર્યો અને તેની ફરજો ઠરાવવા બાબત;

(ગ) કલમ ૧૮ની પેટા-કલમ (૩) હેઠળ પરિષદના ફાજલ ફંડના રોકાણ માટેની રીત ઠરાવવા બાબત;

(ઘ) જે નમૂનામાં અને સમયમર્યાદાની અંદર પરિષદે કલમ ૧૯ હેઠળ વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવું જોઈશે, તે નમૂના (ફોર્મ) અને સમયમર્યાદા ઠરાવવા બાબત;

(ચ) પરિષદના હિસાબોની જાળવણી માટેની રીત અને નમૂના; અને કલમ ૨૦ના પેટા-કલમ (૧) હેઠળ હિસાબોના વાર્ષિક પત્રકનો નમૂનો ઠરાવવા બાબત;

(છ) કલમ ૨૦ની પેટા-કલમ (૩) હેઠળ ઓડિટરની સત્તા ઠરાવવા બાબત;

INDEX

(જ) **કલમ** ૨૧ હેઠળ વાર્ષિક અહેવાલનો નમૂનો ઠરાવવા અને તે (વાર્ષિક અહેવાલ) રાજય સરકારને રજૂ કરવાની તારીખ નક્કી કરવા બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તેમાં અથવા તેની તરત પછીના સત્રમાં, રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ એવી રીતે જે કાંઈ રદ કરે અથવા કોઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

વિનિયમો કરવાની સત્તા.

૨૮.પરિષદ, રાજય સરકારની પૂર્વ-મંજૂરીથી, આ અધિનિયમના તમામ અથવા તે પૈકીના કોઈ હેતુઓ પાર પાડવા માટે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૨૯. આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી જણાય તેવી આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે :

પરંતુ આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદત પૂરી થયા પછી આવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

सरकारी मध्यस्थ मुद्रणालय, गांधीनगर.

INDEX

Extra No. 32

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, FEBRUARY 7, 2017/MAGHA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ-ના તારીખ : ૧૫મી નવેમ્બર,** ૨૦૧૬ના સરકારી જાહેરનામા **ક્રમાંક** : (૧) જીકે/૯૧/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી. (ભાગ-૧૦), અને (૨) જીકે/૮૬/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી. (ભાગ-૨)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Family Courts Act, 1984.
ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ
જાહેરનામું.
કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી નવેમ્બર, ૨૦૧૬.

ફેમિલી કોર્ટ અધિનિયમ,૧૯૮૪.

ક્રમાંક.જીકે/૯૧/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૧૦) :- ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ૬૬મા)ની કલમ ૩-ની, પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી, મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર-વિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૫-મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલા મહેસાણા નગરપાલિકાની સ્થાનિક હદોમાંના વિસ્તારો માટે અને મહેસાણા મહેસૂલી જિલ્લાના મહેસાણા શહેર અને મહેસાણા તાલુકાની સ્થાનિક હદો માટે બે ફેમિલી કોર્ટની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ.જે.પોરા,
સચિવ અને સરકારના કાયદા પરામર્શી

Notification
Under
The Family Courts Act, 1984.
ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ
જાહેરનામું.
કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી નવેમ્બર, ૨૦૧૬.

ફેમિલી કોર્ટ અધિનિયમ,૧૯૮૪.

ક્રમાંક.જીકે/૮૬/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૨) :- ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ૬૬મા)ની કલમ ૩-ની, પેટા-કલમ (૧)ના ખંડ (ક)થી, મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર-વિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૫-મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલા પાલનપુર નગરપાલિકાની સ્થાનિક હદોમાંના વિસ્તારો માટે અને બનાસકાંઠાના મહેસૂલી જિલ્લાના પાલનપુર શહેર અને પાલનપુર તાલુકાની સ્થાનિક હદો માટે બે ફેમિલી કોર્ટની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ.જે.પોરા,
સચિવ અને સરકારના કાયદા પરામર્શી

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 33

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, FEBRUARY 8, 2017/MAGHA 19, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગ-ના તારીખ : ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૧૦૫/૨૦૧૬/કેએસએમ/૧૨૧૫/૧૦૯૬/કે.૧-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Agriculture officer, Class-II, in the Gujarat Agriculture Services,under the Directorate of Agriculture Recruitment Rules, 2016.

ખેતી નિયામકની કચેરી હેઠળની, ગુજરાત ખેતી સેવામાં, ખેતી અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

કૃષિ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૮/૧૦/૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીએચકેએચ/૧૦૫/૨૦૧૬/કેએસએમ/૧૨૧૫/૧૦૯૬/કે.૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, ગુજરાત ખેતી સેવામાં, ખેતી અધિકારી, વર્ગ ૨–ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો, ખેતી નિયામકની કચેરી હેઠળની, ગુજરાત ખેતી સેવામાં, ખેતી અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, ગુજરાત ખેતી સેવામાં, ખેતી અધિકારી, વર્ગ ૨–ની જગા ઉપરની નિમણૂકસીધી પસંદગીથી કરવામાં આવશે.

૩. નિયમ ૨–માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર–

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી (કૃષિ) વિજ્ઞાનમાં મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવિતા રાઠોડ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 34 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, FEBRUARY 9, 2017/MAGHA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૭

તારીખ : **૯મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના** ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 1 OF 2017.

THE GUJARAT SALARIES AND ALLOWANCES OF MEMBERS, SPEAKER AND DEPUTY SPEAKER OF THE GUJARAT LEGISLATIVE ASSEMBLY, MINISTERS AND LEADER OF THE OPPOSITION LAWS (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the laws relating to Salaries and Allowances of Members, Speaker and Deputy Speaker of the Gujarat Legislative Assembly, Ministers and Leader of the Opposition.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૭–અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધયક પ્રસિધ્ધ કર્યું છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧ .

ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૦મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૬૦ના ગુજરાતના ૨ જા અધિનિયમની કલમ ૮નો સુધારો.

૨. ગુજરાત વિધાનસભાના સભ્યો (સદસ્યો)ના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, સન ૧૯૬૦માં, કલમ ૮માં,- સન ૧૯૬૦નો ગુજરાતનો ૨ જો.

(૧) પેટા-કલમ (૫) કમી કરવી ;

(૨) *સ્પષ્ટીકરણ* (૨) કમી કરવું.

INDEX

સન ૧૯૬૦ના ગુજરાતના ૩જા અધિનિયમની કલમો ૭ અને ૧૨ચ કમી કરવા બાબત.

૩. ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦માં, કલમ ૭ અને કલમ ૧૨ચ કમી કરવી. સન ૧૯૬૦નો ગુજરાતનો ૩જો.

સન ૧૯૬૦ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૦ કમી કરવા બાબત.

૪. ગુજરાતના મંત્રીઓના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦માં, કલમ ૧૦ કમી કરવી. સન ૧૯૬૦નો ગુજરાતનો ૬ઠ્ઠો.

સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૭ કમી કરવા બાબત.

૫. ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં, કલમ ૭ કમી કરવી. સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો.

સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૧૨ નો સુધારો.

૬. ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં, કલમ ૧૨ માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ગ) કમી કરવો. સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો.

૨૬ કરવા બાબત અને અપવાદ.

૭. (૧) ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વટહુકમ, ૨૦૧૬ આથી ૨૬ કરવામાં આવે છે. સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૮-મો.

(૨) આવી રીતે ૨૬ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના ગુજરાત વિધાનસભાના સભ્યો (સદસ્યો)ના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાત મંત્રીઓના પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ અને ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં હેઠળ કરેલું કોઇપણ કાર્ય અથવા લીધેલું કોઇપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના સદરહુ અધિનિયમો હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે. સન ૧૯૬૦નો ગુજરાતનો ૨ જો. સન ૧૯૬૦નો ગુજરાતનો ૩ જો. સન ૧૯૬૦નો ગુજરાતનો ૬ ઠ્ઠો. સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, મંત્રીઓ અને વિરોધપક્ષના નેતા તથા સદરહુ ઉચ્ચ પદાધિકારીઓ (વ્યકિત વિશેષ)ના કુટુંબના સભ્યો, અનુક્રમે, ગુજરાત વિધાનસભાના સભ્યો (સદસ્યો)ના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાત મંત્રીઓના પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ અને ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં જોગવાઈ કર્યા પ્રમાણે, રાજ્ય સરકાર દ્વારા નિભાવવામાં આવતી હોસ્પિટલમાં તબીબી સુવિધાઓ મેળવવા માટે હકદાર હતા. તેમ છતાં, વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યોને તબીબી સુવિધાઓ પૂરી પાડવા માટેનો કોઈપણ કાયદો અમલમાં ન હતો અને તેઓને રાજ્ય સરકારના કારોબારી હુકમથી તબીબી સુવિધાઓ પૂરી પાડવામાં આવતી હતી.

રાજ્ય સરકાર, ઉપર્યુકત ઉચ્ચ પદાધિકારીઓ (વ્યકિત વિશેષ)ને અને વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યોને પૂરી પાડવામાં (ઉપલબ્ધ કરવામાં) આવતી હતી તેવી તબીબી સુવિધાઓ અંગેની સમગ્ર નીતિની સમીક્ષા કરવા અંગે વિચારણા કરી રહી હતી અને રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હતો કે તમામ (સભ્યો) માટે એકસરખી નીતિ અમલી બનાવવા માટે, સદરહુ ઉચ્ચ પદાધિકારીઓ (વ્યકિત વિશેષ)ને અને વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યોને, કારોબારી હુકમથી તબીબી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. આ બાબતને લક્ષમાં લેતાં, રાજ્ય સરકાર, આ સંબંધમાં અલગ નીતિ ઘડી શકે તે માટે, સદરહુ ઉચ્ચ પદાધિકારીઓ (વ્યકિત વિશેષ)ને આપવામાં (ઉપલબ્ધ કરવામાં) આવતી તબીબી સુવિધાઓને લગતી સંબંધિત જોગવાઈઓને વટહુકમથી, કમી કરવામાં અથવા સુધારવામાં આવી છે. રાજ્ય સરકારે, સક્રિય વિચારણા કર્યા પછી, સદરહુ ઉચ્ચ પદાધિકારીઓ (વ્યકિત વિશેષ) અને વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યોને, ગુજરાત રાજય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ હેઠળ સરકારી કર્મચારીઓને પૂરી પાડવામાં આંવતી હોય તેવી સદરહુ સેવાઓને સમકક્ષ તબીબી સેવાઓ ઉપલભ્ય કરવાનો નિર્ણય લીધો છે અને તદનુસાર ઉપર્યુક્ત હેતુને સિદ્ધ કરવા માટે, રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તારીખ : ૩૦/૧૨/૨૦૧૬ના રોજ ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે તેમજ સદરહુ અધિનિયમોમાં સુધારો કરવા માટે, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વટહુકમ, ૨૦૧૬-ને તારીખ : ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

તારીખ : ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૭. **પ્રદીપસિંહ જાડેજા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર
તારીખ : ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૭

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 35

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, FEBRUARY 10, 2017/MAGHA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના** ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના** જાહેરનામા **ક્રમાંક : કેપી/૨૦૧૭નો ૬ /પીઆરસીએચ/૧૦૨૦૧૦/ જીઓઆઈ-૪૩/જી-**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Provisions of the Panchayats (Extension to the Scheduled Areas) Rules, 2017.

ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી–૨૦૧૭નો ૬/પીઆરસીએચ/૧૦૨૦૧૦/જીઓઆઈ–૪૩/જી:– ગુજરાત સરકારને, સંજોગોને લક્ષમાં લઈને અને આદિજાતિ સમુદાયોના કલ્યાણ માટે એવી ખાતરી થઈ છે કે ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, ૨૦૧૭ સુધારવા અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩(સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા–કલમ (૫)ના પ્રથમ પરંતુક હેઠળ તેની પૂર્વ–પ્રસિદ્ધિની જરૂરિયાત વિના ચલાવી લેવા તાત્કાલિક પગલું લેવાનું જરૂરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૨૭૪ની પેટા–કલમો (૧) અને (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૦ પહેલાં, "**લાભાર્થીઓની ઓળખ, પ્લાનની મંજૂરી, દેખરેખ વિ.ની સત્તા**" એ શીર્ષક દાખલ કરવું.

૩ સદરહુ નિયમોમાં, નિયમ ૧૮ પહેલાં, "**કુદરતી સંસાધનો, કૃષિ, જમીન અને સામુદાયિક અસ્કયામતોનું વ્યવસ્થાપન**" એ શીર્ષક દાખલ કરવું.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૩૯માં, પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) ગૌણ વન પેદાશો એકત્રિત કરનારાઓ, તેમણે એકત્રિત કરેલી ગૌણ વન પેદાશો તેઓ ઈચ્છે તે રીતે વેચવા માટે સ્વતંત્ર રહેશે. તેમ છતાં, તેઓ પર્યાપ્ત કિંમત મેળવે અને મધ્યસ્થીઓ અથવા આડતિયાઓ દ્વારા તેમનું શોષણ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, આ મતલબના ગ્રામ સભાના ઠરાવ પછી, સરકાર દ્વારા કિંમત નક્કી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં, એકત્રિત કરનારાઓએ વેચાણ માટે એકત્રિત કરેલ ગૌણ વન પેદાશોને, સરકારે નક્કી કરેલ કિંમતે ખરીદવા માટે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમને અધિકૃત કરી શકાશે:

પરંતુ આવું કરતી વખતે, ખર્ચ બાદ કર્યા પછીનો ચોખ્ખો નફો, સીધેસીધો એકત્રિત કરનારાઓના ખાતામાં જમા થાય તેવું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમે સુનિશ્ચિત કરવું જોઈશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૪૦ પહેલાં, "**નાણાની ઘીરધાર**" એ શીર્ષક દાખલ કરવું.

૬. (ગુજરાતી નિયમોમાં) સુધારો લાગુ પડતો નથી.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૪૧ પહેલાં, "**વ્યસનમુકિત સંબંધિત પગલાં**" એ શીર્ષક દાખલ કરવું.

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૪૨ પહેલાં, "**અંધશ્રદ્ધા, જાદુટોણા વગેરે વિષયક બાબતો**" એ શીર્ષક દાખલ કરવું.

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૭૨માં, પેટા–નિયમ (૧)માં,––

(૧) પરિચ્છેદ **(ક)**માં, ખંડ (૧)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:–

"(૧) ગ્રામ સભા, શાંતિ સમિતિની રચના કરી શકશે."

(૨) પેટા–નિયમ (૪) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવો:–

"(૫) પેટા–નિયમ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણેની સમિતિઓમાં, ઓછામાં ઓછી તેત્રીસ ટકા મહિલાઓ અને અનુસૂચિત આદિજાતિના ઓછામાં ઓછા પચાસ ટકા સભ્યો રહેશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વનરાજસિંહ પઢારિયા,
સરકારના નાયબ સચિવ.

———————

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 36

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, FEBRUARY 10, 2017/MAGHA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ : ૦૩/૦૧/૨૦૧૭નું જાહેરનામું ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૦૨/જીએસઈ/૧૯/૨૦૧૬/૩૦૩૦૩/એમ-૩-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર.આર.ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Labour and Employment Department No. GHR/2016/216/GSE/19/2016/30303/M-3 dated the 13th December, 2016.

શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ: ૧૩મી ડિસેમ્બર ૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીએચઆર/૨૦૧૬/૨૧૬/જીએસઈ/૧૯/૨૦૧૬/૩૦૩૦૩/એમ-૩-સુધારવા સંબંધી જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩જી જાન્યુઆરી, ૨૦૧૭

ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૦૨/જીએસઈ/૧૯/૨૦૧૬/૩૦૩૦૩/એમ-૩:- આ વિભાગે તારીખ ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૬નું જાહેરનામું ક્રમાંક: જીએચઆર/૨૦૧૬/૨૧૬/જીએસઈ/૧૯/૨૦૧૬/૩૦૩૦૩/એમ-૩. બહાર પાડેલ છે. આ જાહેરનામામાં, બીજી લીટીમાં, "કલમ ૪ની પેટા-કલમ (૧)ના" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે "કલમ ૧ની પેટા-કલમ (૪)ના" એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.આર.મકવાણા,

સેકશન અધિકારી,

શ્રમ અને રોજગાર વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 37

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, FEBRUARY 10, 2017/MAGHA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગના**

(૧) તારીખ : ૧૮/૦૫/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૨૧/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૩/૨૮૦/એસ,

(૨) તારીખ : ૧૮/૦૫/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૨૨/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૩/૧૭/એસ,

(૩) તારીખ : ૨૩/૦૫/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૨૪/૨૦૧૫/પીવીએસ/૧૦૨૦૧૬/૧૬૧/એસ,

(૪) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૩૧(૧)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૬/૩૩૫/એસ,

(૫) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૩૧(૨)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૬/૩૩૫/એસ,

(૬) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૩૧(૩)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૬/૩૩૫/એસ,

(૭) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૩૧(૪)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૬/૩૩૫/એસ,

(૮) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૩૧(૫)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૬/૩૩૫/એસ,

(૯) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૩૧(૭)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૬/૩૩૫/એસ,

(૧૦) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૩૪/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૬/૨૮૦/એસ,

(૧૧) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૪૨/૨૦૧૫/પીવીએસ/૧૦૨૦૧૧/૧૬૧/એસ,

(૧૨) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૩૧(૬)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ, અને

(૧૩) તારીખ : ૧૪/૦૬/૨૦૧૬ના ક્રમાંક : જીએચ/એસએચ/૩૩/૨૦૧૬/પીવીએસ/૫૧૧/એસ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Bachelor of Engineering and Technology (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૮મી મે, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક: જીએચ / એસએચ / ૨૧ / ૨૦૧૬ / પીવીએસ / ૧૦૨૦૧૩ / ૨૮૦ / એસ:- ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

(ક) ''અધિનિયમ'' એટલે ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮નો ગુજરાતનો ૨જો);

(ખ) આ નિયમોના હેતુ માટે ''પ્રવેશ'' એટલે બેચલર ઓફ એન્જિનિયરીંગ અને ટેક્નોલોજી અભ્યાસક્રમોમાં ઉમેદવારોનો પ્રવેશ;

(ગ) ''અભ્યાસક્રમ'' એટલે પ્રોગ્રામમાંની શિક્ષણની શાખાઓ પૈકીની કોઈએક શાખા, જેમાં દ્વિપદવી અભ્યાસક્રમ અને સંકલિત અભ્યાસક્રમનો સમાવેશ થશે;

(ઘ) ''એન્જિનિયરીંગ શાખા'' એટલે રાજ્યની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં એન્જિનિયરીંગ અને ટેક્નોલોજીની વિવિધ શાખા;

(ચ) ''એન્જિનિયરીંગ અભ્યાસક્રમ'' એટલે રાજ્યની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં બેચલર ઓફ એન્જિનિયરીંગ અને ટેક્નોલોજી;

(છ) ''ગુજરાત બોર્ડ'' એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૩ હેઠળ સ્થપાયેલું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ;

(જ) ''સહાય કેન્દ્રો'' એટલે ઓફ-કેમ્પસ ઓન-લાઈન પ્રવેશ પ્રક્રિયા અર્થે ઉમેદવારની સુગમતા માટે પ્રવેશ સમિતિએ જાહેર કરેલું કેન્દ્ર;

(ઝ) ''જી (JEE) (મુખ્ય)'' એટલે વ્યાવસાયિક અભ્યાસક્રમો (અન્ડર ગ્રેજ્યુએટ એન્જિનિયરીંગ પ્રોગ્રામ)માં પ્રવેશના હેતુ માટે, જી એપેક્ષ બોર્ડ (જેએબી), નવી દિલ્હી-એ યોજેલી 'સંયુક્ત પ્રવેશ પરીક્ષા (JEE)';

(૮) ''લેવલ'' એટલે રાજ્યની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં એન્જિનિયરીંગ અને ટેક્નોલોજીમાંના અન્ડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ;

(૯) ''પર્સન્ટાઈલ ગુણ'' એટલે ઉમેદવારોના સંબંધિત બોર્ડમાં અને સંબંધિત વર્ષની જી (JEE) (મુખ્ય) પરીક્ષામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓની કુલ સંખ્યાને વિચારણામાં (ગણતરીમાં) લેતાં ઉમેદવારે મેળવેલા પર્સન્ટાઈલ;

(૧૦) ''લાયકી પરીક્ષા'' એટલે વિજ્ઞાન પ્રવાહમાં પાસ કરેલી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૨, ૧૦ + ૨ માળખું) અથવા તેના સમકક્ષ પરીક્ષા;

(૧૧) ''મંજૂર કરેલી પ્રવેશ-સંખ્યા'' એટલે નોંધણી અથવા વૈધાનિક મંડળ અને / અથવા માન્ય યુનિવર્સિટીએ મંજૂર કરેલી પ્રવેશ-સંખ્યા;

(૧૨) ''સંખ્યાધિક બેઠકો''નો, અધિનિયમની કલમ ૨ના ખંડ (૧૨)માં તેનો જે અર્થ આપ્યો છે તે થશે;

(૧૩) ''વેબસાઈટ'' એટલે ઓફ-કેમ્પસ ઓન-લાઈન પ્રવેશ પ્રક્રિયા માટેની પ્રવેશ સમિતિની સત્તાવાર વેબસાઈટ.''.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫માં, પેટા-નિયમ (૬)માં,-

(૧) ખંડ (૧)માં, પેટા-ખંડ (ખ)માં, ''જી (JEE) (મુખ્ય) પરીક્ષાના પર્સન્ટાઈલ ગુણ (આંક)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસને બદલે, ''સંબંધિત શૈક્ષણિક વર્ષ માટેની જી (JEE) (મુખ્ય) (પરીક્ષા) દ્વારા જાહેર કરાયેલા ઓલ ઈન્ડિયા રેન્ક (ક્રમ)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસ મૂકવા;

(૨) ખંડ (૨)માં, પેટા-ખંડ (ખ)માં, ''જી (JEE) (મુખ્ય) પરીક્ષાના પર્સન્ટાઈલ ગુણ (આંક)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસને બદલે, ''સંબંધિત શૈક્ષણિક વર્ષ માટેની જી (JEE) (મુખ્ય) (પરીક્ષા) દ્વારા જાહેર કરાયેલા ઓલ ઈન્ડિયા રેન્ક (ક્રમ)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસ મૂકવા;

(૩) ખંડ (૩)માં, પેટા-ખંડ (ખ)માં, ''જી (JEE) (મુખ્ય) પરીક્ષાના પર્સન્ટાઈલ ગુણ (આંક)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસને બદલે, ''સંબંધિત શૈક્ષણિક વર્ષ માટેની જી (JEE) (મુખ્ય) (પરીક્ષા) દ્વારા જાહેર કરાયેલા ઓલ ઈન્ડિયા રેન્ક (ક્રમ)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસ મૂકવા;

(૪) ખંડ (૫)માં, પેટા-ખંડ (ખ)માં, ''જી (JEE) (મુખ્ય) પરીક્ષાના પર્સન્ટાઈલ ગુણ (આંક)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસને બદલે, ''સંબંધિત શૈક્ષણિક વર્ષ માટેની જી (JEE) (મુખ્ય) (પરીક્ષા) દ્વારા જાહેર કરાયેલા ઓલ ઈન્ડિયા રેન્ક (ક્રમ)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસ મૂકવા;

(૫) ખંડ (૬)માં, પેટા-ખંડ (ખ)માં, ''જી (JEE) (મુખ્ય) પરીક્ષામાં મેળવેલ પર્સન્ટાઈલ ગુણ (આંક)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસને બદલે, ''સંબંધિત શૈક્ષણિક વર્ષ માટેની જી (JEE) (મુખ્ય) (પરીક્ષા) દ્વારા જાહેર કરાયેલા ઓલ ઈન્ડિયા રેન્ક (ક્રમ)-ને આધારે તૈયાર થશે'' એ શબ્દો, અક્ષરો અને કૌંસ મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં,-

(૧) પેટા-નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

''(ઘ) બિન-અનામત આર્થિક રીતે નબળા વર્ગો : ૧૦%'';

(૨) પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

INDEX

"(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે, સંબંધિત કક્ષામાં સમાવેશ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશેઃ

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારે, જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમી લેયરમાં તેનો સમાવેશ થતો નથી, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,-

(૧) પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવોઃ-

"(૨) ભૂતપૂર્વ સૈનિકો (એકસ-સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. **ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલીસ ડિવિઝન-૨-એ જાહેર કરેલી સંરક્ષણ સેવામાંની વ્યકિતઓ/નિવૃત્ત સંરક્ષણ સેવામાંની વ્યકિતઓએ,** તેઓ, અનુક્રમે જેમાં સેવા બજાવતા હોય અથવા નિવૃત્તિ પહેલાં જ્યાં સેવા બજાવતા હતા તે સંબંધિત યુનિટના કમાન્ડિંગ અધિકારી (ઓફિસર)-એ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા-નિયમ (૪) પછી, નીચેનો પેટા-નિયમ ઉમેરવોઃ-

"(૫) આવી અનામત બેઠક પરનો પ્રવેશ, જેના દ્વારા પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તેવા સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પુષ્ટિ આપીને તેની ખરાઈ કરવાને અધીન રહીને માન્ય ગણાશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (૨)માં, નીચેનો ભાગ અંતે ઉમેરવોઃ-

"આ સંખ્યાધિક બેઠકો, જે કોલેજો અથવા સંસ્થાઓમાં ઓછામાં ઓછી ૩૦% મંજૂર થયેલી બેઠકો ભરવામાં આવી હોય તેવી કોલેજો અથવા સંસ્થાઓમાંના અભ્યાસક્રમો માટે જ ઉપલબ્ધ કરવામાં આવશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા-નિયમ (૩)ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

"(૩) પ્રવેશ સમિતિ મારફતે અથવા કોલેજ ખાતે અથવા સંસ્થાકીય સ્તરે, પ્રવેશની કોઇ સ્વરૂપમાં નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની નોંધણી (રજિસ્ટ્રેશન) ફી, વગેરેને લગતી એવી રકમની ચુકવણી કરવાની રહેશે.".

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં, પેટા-નિયમ (૬)માં,-

(૧) "તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં" એ શબ્દોને બદલે, "તે જ સંસ્થામાં તે જ પાળીમાં અને તે જ અભ્યાસક્રમમાં" એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક ઉમેરવોઃ-

"પરંતુ બિન-ટ્યૂશન ફી માફી બેઠક (Non-TFW seat) પર પ્રવેશ આપવામાં આવ્યો હોય અને સદરહુ બેઠક પર પોતાનો પ્રવેશ મંજૂર ન કર્યો હોય તેવા ઉમેદવાર, તે જ સંસ્થામાં તે જ પાળીમાં અને તે જ અભ્યાસક્રમમાં ટ્યૂશન ફી માફી (યોજના હેઠળની) બેઠક પર પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણાશે.".

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬માં, ખંડ (૫) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

"(૫-ક) બિન-અનામત આર્થિક રીતે નબળા વર્ગો (UEWS)ના ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું કક્ષા અંગેનું પ્રમાણપત્ર,".

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૧૯માં, પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવોઃ-

"(૨) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા હોય તેવા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબ-સાઈટ ઉપર અને પોતાને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકો અંગેની અને ખાલી

બેઠકો પર પ્રવેશ માટેની અનુસૂચિ (કાર્યક્રમ) અંગેની વિગતો પ્રદર્શિત કરવી જોઈશે. પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં જેમનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા ઉમેદવારોએ, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સમયમર્યાદામાં, ખાલી બેઠકોના રાઉન્ડમાં ભાગ લેવા માટેની ઓન-લાઈન સંમતિ આપવાની રહેશે. અગાઉ (પોતાના નામની) નોંધણી ન કરાવી હોય તેવા પાત્ર ઉમેદવારોએ, પ્રવેશ સમિતિએ જાહેર કરેલી અનુસૂચિ (કાર્યક્રમ) પ્રમાણે, (પોતાના નામની) ઓન-લાઈન નોંધણી કરાવવાની રહેશે.

ઉપર મુજબ નવેસરથી (નામની) નોંધણી કરાવી હોય અથવા સંમતિ આપેલ હોય તેવા ઉમેદવારે, નોંધણી પત્ર / સંમતિ પત્રની પ્રિન્ટ-આઉટ લેવાની રહેશે અને ખાલી બેઠકો પર પ્રવેશ માટે પોતાની પસંદગીની સ્વ-નિર્ભર કોલેજ અથવા સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. સંબંધિત સ્વ-નિર્ભર કોલેજ અથવા સંસ્થા દ્વારા ઉમેદવારને પહોંચ આપવામાં આવશે.

પોતાની સંમતિ આપી હોય અથવા નવેસરથી (નામની) નોંધણી કરાવી હોય તેવા ઉમેદવારને જ ખાલી બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે. સંબંધિત સ્વ-નિર્ભર કોલેજ અથવા સંસ્થાએ, સંમતિ પત્ર / નોંધણી પત્ર રજૂ કરેલ હોય તેવા પાત્ર ઉમેદવારોમાંથી, નીચેના ક્રમમાં સામાન્ય આંતરિક ગુણવત્તા યાદી તૈયાર કરીને અને પ્રવેશ સમિતિએ વખતોવખત બહાર પાડેલી માર્ગદર્શિકા મુજબ, ખાલી બેઠકો ભરવા માટેની પ્રક્રિયા કરવી જોઈશેઃ

(૧) જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ;

(૨) જેમણે ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા પાસ કરી હોય અને તત્સમાન (સંબંધિત) વર્ષમાં યોજાયેલી જી (JEE) (મુખ્ય) પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય અને ખાલી બેઠકો પર પ્રવેશ માટે નવેસરથી (નામની) નોંધણી કરાવી હોય તેવા ઉમેદવારોના નામ;

(૩) મૂળ ગુજરાતના ઉમેદવારોને અગ્રતા આપીને, જેમણે ગુજરાત રાજ્ય બહારથી લાયકી પરીક્ષા પાસ કરી હોય અને તત્સમાન (સંબંધિત) શૈક્ષણિક વર્ષમાં યોજાયેલી જી (JEE) (મુખ્ય) પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય તેવા ઉમેદવારોના નામ;

(૪) ઉપરના પેટા-ખંડો (૧), (૨) અને (૩)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, કોઈ બેઠક ખાલી રહે, તો સંસ્થાએ ડિપ્લોમા એન્જિનિયરીંગ અથવા વિજ્ઞાનનો પદવી અભ્યાસક્રમ પાસ કરેલ હોય તેવા ઉમેદવારોમાંથી આવી બેઠકો ભરવી જોઈશે અને ગુણવત્તાના આધારે પ્રવેશ આપવો જોઈશે. છેલ્લા વર્ષમાં મેળવેલા ગુણને આધારે ગુણવત્તા-યાદી તૈયાર કરવી જોઈશે. આવા ઉમેદવારો માત્ર એન્જિનિયરીંગ અથવા ટેક્નોલોજી અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે પાત્ર થશે.

(૫) ઉપરના પેટા-ખંડો (૧) થી (૪)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, કોઈ બેઠક ખાલી રહે, તો સંસ્થાએ નિયમ ૫માં ઠરાવેલા લઘુત્તમ યોગ્યતા માપદંડ સાથે લાયકી પરીક્ષા પાસ કરી હોય પણ જી (JEE) (મુખ્ય) અથવા કોઈ પ્રવેશ કસોટીમાં ઉપસ્થિત રહેલ ન હોય તેવા ઉમેદવારોમાંથી આવી બેઠકો ભરવી જોઈશે. લાયકી પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રમાં થિયરીમાં મેળવેલા ગુણને આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઈશે.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Diploma of Engineering and Technology (Regulation of Admission and Payment of fees) Rules, 2013.

એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના ડિપ્લોમા (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૮મી મે, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક.જીએચ/એસએચ/૨૨/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૩/૧૭/એસ:– ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના ડિપ્લોમા (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના ડિપ્લોમા (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (*સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૨–માં,-

(૧) ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(ગગ) **"અભ્યાસક્રમ" એટલે કાર્યક્રમ શીખવાની શાખાઓમાંની એક શાખા કે જેમાં ડ્યુઅલ ડિગ્રી (પદવી) અભ્યાસક્રમ અને સંકલિત અભ્યાસક્રમનો સમાવેશ થશે;";**

(૨) ખંડ (ઘ)માં, "(GCVT)" એ કૌંસ અને અક્ષરો પછી, "અથવા ઈન્ડો જર્મન ટૂલ રૂમ (આઇ.જી.ટી.આર.) (IGTR)" એ શબ્દો, કૌંસ અને અક્ષરો ઉમેરવા;

(૩) ખંડ (ટ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(ટટ) "આઇ.જી.ટી.આર. (IGTR)" એટલે ભારત સરકાર દ્વારા સ્થપાયેલ ઈન્ડો જર્મન ટૂલ રૂમ.";

(૪) ખંડ(ડ)માં, "(GCVT)" એ કૌંસ અને અક્ષરો પછી, "અથવા આઇ.જી.ટી.આર. (IGTR)" એ શબ્દ અને અક્ષરો ઉમેરવા;

(૫) ખંડ (ડ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

(ડડ) "મંજૂર કરેલી (પ્રવેશ) સંખ્યા" એટલે પ્રવેશ વર્ષ માટે વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમના ચોક્કસ અભ્યાસક્રમ માટે અને પ્રવેશ માટે ઉપલબ્ધ બેઠકો માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી દ્વારા અથવા યથાપ્રસંગ, રજિસ્ટર કરતી અથવા વૈધાનિક સંસ્થા અને/અથવા માન્ય યુનિવર્સિટી દ્વારા મંજૂર કરેલી બેઠકોની સંખ્યા;".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં, -

(૧) પેટા–નિયમ (૧)માં, ખંડ (ગ) પછી નીચેનો ખંડ દાખલ કરવો:–

"(ઘ) બિન–અનામત આર્થિક રીતે પછાત વર્ગો: ૧૦%"

(૨) પેટા–નિયમ (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

"(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે, સંબંધિત વર્ગમાં સમાવેશ થાય છે તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમીલેયરમાં તેનો સમાવેશ થતો નથી તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,-

(૧) પેટા–નિયમ (૨) ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) ભૂતપૂર્વ સૈનિકની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલ તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે. ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલિસ વિભાગ–૨, દ્વારા જાહેર કરેલ સંરક્ષણ સેવામાંના વ્યક્તિઓ/ નિવૃત્ત સંરક્ષણ વ્યક્તિઓએ, તેઓ અનુક્રમે જે એકમમાં સેવા બજાવે છે અથવા નિવૃત્તિ પહેલાં સેવા બજાવતા હતા તે સંબંધિત એકમના કમાન્ડિંગ અધિકારી (ઓફિસર) દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૪) પછી, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૫) આવી અનામત બેઠક પરના પ્રવેશની કાયદેસરતા, પ્રમાણપત્ર કાઢી આપનાર સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની ખરાઇને અધીન રહેશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, -

(૧) પેટા–નિયમ (૨)માં, ખંડ (૨)માં, અંતમાં નીચેનો ભાગ ઉમેરવો:–

"આ સંખ્યાધિક બેઠકો, જે કોલેજો અથવા સંસ્થાઓમાં આવા અભ્યાસક્રમોની મંજૂર થયેલી બેઠકોની ૩૦% બેઠકો ભરવામાં આવેલ હોય તે માટે જ ઉપલબ્ધ રહેશે.";

(૨) પેટા–નિયમ (૬) કમી કરવો.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬માં, પેટા–નિયમ (૬)માં, -

(૧) "તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં પ્રવેશ" એ શબ્દોને બદલે "તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં અને તે જ પાળીમાં પ્રવેશ" એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક દાખલ કરવો :–

"પરંતુ જે ઉમેદવારને નોન–ટી.એફ.ડબલ્યુ. (Non-TFW) બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવેલ હોય અને તેણે સદરહુ બેઠક પર તેના પ્રવેશને બહાલી આપેલ ન હોય તો તે ઉમેદવાર ટી.એફ.ડબલ્યુ. (TFW) બેઠક ઉપર તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં અને તે જ પાળીમાં પ્રવેશ મેળવવા માટે પાત્ર થશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૯માં, પેટા–નિયમ (૧)માં, -

(૧) ખંડ (૩) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૩–ક) બિન–અનામત આર્થિક રીતે પછાત વર્ગોના (UEWS) ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું વર્ગ અંગેનું પ્રમાણપત્ર,".

(૨) ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૭–ક) તે જેમાં સેવા આપતા હતા તે સંબંધિત યુનિટના કમાન્ડિંગ અધિકારીએ કાઢી આપેલ નિવૃત્ત સંરક્ષણ વ્યક્તિનું પ્રમાણપત્ર.";

(૩) ખંડ (૮)માં, "ટી.ઇ.બી. અથવા ઔદ્યોગિક તાલીમ સંસ્થા" (ITI) એ અક્ષરો અને શબ્દોને બદલે, "આઇ.ટી.આઇ./ટી.ઇ.બી./આઇ.જી.ટી.આર." એ અક્ષરો મૂકવા.

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૨૨–માં, પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

"(૨) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા હોય તેવા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબ–સાઇટ ઉપર અને પોતાને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકો અંગેની વિગતો અને ખાલી બેઠકો પર પ્રવેશ માટેની યાદી (શિડ્યુલ) પ્રદર્શિત કરવી જોઇશે. પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં અગાઉથી જ જે ઉમેદવારો હોય તેમણે ખાલી બેઠકોના રાઉન્ડમાં ભાગ લેવા માટે, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમય–મર્યાદામાં ઓનલાઇન સંમતિ આપવાની રહેશે. અગાઉ જેમણે નોંધણી ન કરાવેલ હોય તેવા પાત્ર ઉમેદવારોએ, પ્રવેશ સમિતિએ જાહેર કરેલ શિડ્યુલ મુજબ ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે.

નવા નોંધણી થયેલ ઉમેદવારો અથવા તો ઉપર મુજબ સંમતિ આપવામાં આવેલ છે તેઓએ નોંધણી (રજીસ્ટ્રેશન) પત્ર/સંમતિપત્રની પ્રિન્ટ આઉટ મેળવી લેવાની રહેશે અને ખાલી બેઠકો ઉપર પ્રવેશ મેળવવા માટે તેઓની પસંદગીની સ્વ–નિર્ભર કોલેજ અથવા તો સંસ્થાનો સંપર્ક સાધવાનો રહેશે. સંબંધિત સ્વ–નિર્ભર કોલેજ અથવા સંસ્થાએ ઉમેદવારને સ્વીકૃતિની પહોંચ આપવી જોઇશે.

નવા નોંધણી થયેલ અથવા સંમતિ આપેલ ઉમેદવારોને ખાલી બેઠકોની પ્રવેશ કાર્યવાહીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે. સંબંધિત સ્વ–નિર્ભર કોલેજ અને સંસ્થાએ, પ્રવેશ સમિતિ દ્વારા વખતોવખત આપવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન કરીને આંતરિક ગુણવત્તા યાદી તૈયાર કરીને, જેમણે સંમતિપત્ર/નોંધણી (રજીસ્ટ્રેશન) પત્ર રજૂ કરેલ હોય તેવા લાયક ઉમેદવારોમાંથી ખાલી બેઠકો ભરવાની પ્રક્રિયા કરવી જોઇશે.–

(૧) પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં જેમના નામ હોય તેવા ઉમેદવારોના નામ, અને

(૨) જેમણે ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા પાસ કરી હોય અને પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવેલ સૂચિ પ્રમાણે ખાલી બેઠકો ઉપર પ્રવેશ માટે ઓનલાઇન નવી નોંધણી કરેલ હોય તેવા ઉમેદવારોના નામ, અને

(૩) ઉપરના પેટા–ખંડ (૧) અને (૨)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, કોઇ બેઠક ખાલી રહી હોય તો, સંસ્થાએ, મૂળ ગુજરાતના ઉમેદવારોને અગ્રતા આપીને, જેમણે ગુજરાત રાજ્ય બહારથી લાયકી પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારોમાંથી આવી બેઠકો ભરવી જોઇશે, પરંતુ આવા ઉમેદવારે પોતે ઓનલાઇન નોંધણી (રજીસ્ટ્રેશન) કરેલ હોવી જોઇએ/એ માટે સંમતિ આપેલ હોવી જોઇએ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification
Regarding
Amendment to the Government Notification, Education Department No. GH / SH / 27 / 2008 / PVS – 10 – 2006 – 3185 - S, dated the 18th November, 2008.

શિક્ષણ વિભાગનું તારીખ: ૧૮મી નવેમ્બર, ૨૦૦૮નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીએચ / એસએચ / ૨૭ / ૨૦૦૮ / પીવીએસ - ૧૦ - ૨૦૦૬ - ૩૧૮૫ - એસ. સુધારવા સંબંધી

જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૩મી મે, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક: જીએચ / એસએચ / ૨૪ / ૨૦૧૫ / પીવીએસ / ૧૦૨૦૧૬ / ૧૬૧ / એસ :- ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૨ના ખંડ (ડ)ના પેટા-ખંડ (૭)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શિક્ષણ

INDEX

વિભાગનું તારીખ: ૧૮મી નવેમ્બર, ૨૦૦૮નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીએચ / એસએચ / ૨૭ / ૨૦૦૮ / પીવીએસ - ૧૦ - ૨૦૦૬ - ૩૧૮૫ - એસ. નીચે મુજબ સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુક્રમાંક (૪)ની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી:-

''(૪) બેચલર ઓફ આર્કિટેકચર એન્ડ ઈન્ટિરિઅર ડિઝાઈન;

(૫) માસ્ટર્સ ઓફ પ્લાનિંગ''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

Amendment to the Master of Business Administration Course (Regulation of Admission and Payment of fees) Rules, 2013.

માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક. જીએચ/એસએચ/૩૧(૧)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ :- ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (* સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, ખંડ (જ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

''(જજ) ''મંજૂર કરેલી (પ્રવેશ) સંખ્યા'' એટલે નોંધણી કરનાર અથવા વૈધાનિક મંડળ અને/અથવા માન્ય યુનિવર્સિટી દ્વારા મંજૂર કરેલી (પ્રવેશ) સંખ્યા;''.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬-માં,-

(૧) પેટા-નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

''(ઘ) બિન-અનામત આર્થિક રીતે નબળા વર્ગો :૧૦%'';

(૨) પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો:-

''(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે સંબંધિત વર્ગમાં (તેના) સમાવેશનું પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી રહેશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે, જાતિના પ્રમાણપત્ર ઉપરાંત ક્રીમી-લેયર (ઉન્નત વર્ગ)માં તેનો સમાવેશ નથી થતો તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.''

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૮–માં,-

(૧) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ દાખલ કરવો:–

"(૨) ભૂતપૂર્વ સૈનિક (એકસ–સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલ તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે. ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલિસ વિભાગ–૨, દ્વારા જાહેર કરેલ સંરક્ષણ સેવામાંના વ્યક્તિઓ/ નિવૃત્ત સંરક્ષણ વ્યક્તિઓએ, તેઓ અનુક્રમે જે એકમમાં સેવા બજાવે છે અથવા નિવૃત્તિ પહેલાં સેવા બજાવતા હતા, તે સંબંધિત એકમના કમાન્ડિંગ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૪) પછી નીચેનો પેટા–નિયમ દાખલ કરવો:–

''(૫) આવી અનામત બેઠકોનો પરનો પ્રવેશ, જેણે પ્રમાણપત્ર કાઢી આપેલ હોય તે સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પ્રમાણભૂતતાને બહાલી અપાયાને અધીન રહીને માન્ય રહેશે.''

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦ માં, પેટા–નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

''(૩) નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, **પ્રવેશ સમિતિ દ્વારા અથવા સંસ્થાના સ્તર પર કોઈ પણ પદ્ધતિથી પ્રવેશ માટે** ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની, નોંધણી(રજિસ્ટ્રેશન) ફી વગેરેની લગતી એવી રકમની ચુકવણી કરવાની રહેશે.''.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં, પેટા–નિયમ (૧)માં, ખંડ (૬) પછી, નીચેનો પેટા–નિયમ દાખલ કરવો:–

''(૬–ક) બિન અનામત આર્થિક રીતે નબળા વર્ગ(UEWS)ના ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું કક્ષા અંગેનું પ્રમાણપત્ર, ''

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭માં, પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

''(૨) (ક) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, તેની વેબસાઈટ દ્વારા અને તેને (સમિતિને) અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા ખાલી બેઠકો અંગેની વિગતો અને ખાલી બેઠકો ઉપર પ્રવેશ માટેનો કાર્યક્રમ પ્રદર્શિત કરવા જોઈશે અને જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં અગાઉથી હોય તેવા ઉમેદવારોએ પ્રવેશ સમિતિ દ્વારા નિર્દિષ્ટ સમય મર્યાદાની અંદર ખાલી બેઠકોના તબક્કા(રાઉન્ડ)માં ભાગ લેવા માટે ઓન–લાઈન સંમતિ આપવી પડશે. અગાઉ રજિસ્ટર થયેલ (નોંધાયેલ) ન હોય તેવા પાત્ર ઉમેદવારોએ પ્રવેશ સમિતિએ જાહેર કર્યા પ્રમાણેના (અનુસૂચિ) કાર્યક્રમ મુજબ ઓનલાઈન નોંધણી કરાવવી જોઈશે.

(ખ) નવેસરથી નામની નોંધણી કરાવી હોય અથવા ખંડ (ક) પ્રમાણે સંમતિ આપી હોય તેવા ઉમેદવારે નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ)/ સંમતિ પત્રકની પ્રિન્ટ–આઉટ કાઢવાની રહેશે અને ખાલી બેઠકો ઉપરની (માટેની) પ્રવેશ પ્રક્રિયા માટે પોતાની પસંદગીની બિન– સહાયિત કોલેજ અથવા સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. ઉમેદવારને, સંબંધિત બિન સહાયિત કોલેજ અથવા સંસ્થાએ સ્વીકૃતિ આપવી જોઈશે.

(ગ) પોતાની સંમતિ આપી હોય અથવા નવેસરથી (નામની) નોંધણી કરાવી હોય તેવા ઉમેદવારને માત્ર ખાલી બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવશે. સંબંધિત બિન–સહાયિત કોલેજ અથવા સંસ્થાએ, સંમતિપત્ર/ નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) રજૂ કરેલ હોય તેવા પાત્ર ઉમેદવારોમાંથી, નીચેના ક્રમમાં સામાન્ય આંતરિક ગુણવત્તા યાદી (Intra-se merit list) તૈયાર કરીને અને પ્રવેશ સમિતિએ વખતોવખત બહાર પાડેલી માર્ગદર્શિકા મુજબ ખાલી બેઠકો ભરવા માટેની પ્રક્રિયા કરવી જોઈશે:–

(૧) જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ;

(૨) નિયમ ૫ પ્રમાણે પાત્ર હોય અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા, ઠરાવ્યા પ્રમાણે તત્સમાન વર્ષમાં યોજેલી કોમન મેનેજમન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ (CMAT)/ કોમન એપ્ટિટ્યુડ ટેસ્ટ

(CAT)/ મનેજમેન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ (MAT)માં અથવા તેવી બીજી કોઈ કસોટી (પરીક્ષા)માં ઉપસ્થિત રહેલ હોય અને ખાલી બેઠક પર પ્રવેશ માટે નવેસરથી નોંધણી કરાવેલ હોય તેવા ઉમેદવારોના નામ.

(૩) ગુજરાત રાજ્ય બહાર આવેલી કોઈપણ યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી, ઓપન કેટેગરી(સામાન્ય કક્ષા)માં, ઓછામાં ઓછા ૫૦,, (એસ.સી./ એસ.ટી/એસ.ઈ.બી.સી.માટે ૪૫%) સાથે લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા ઠરાવ્યા પ્રમાણેની કોમન મેનેજમન્ટ એપ્ટટ્યૂડ ટેસ્ટ (CMAT)/ કોમન એપ્ટિટ્યુડ ટેસ્ટ (CAT)/ મનેજમેન્ટ એપ્ટટ્યૂડ ટેસ્ટ (MAT)માં અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા મંજૂર થયેલી કોઈ એજન્સી/ સંસ્થાએ, તત્સમાન વર્ષમાં યોજેલી તેવી બીજી કોઈ કસોટીમાં ઉપસ્થિત રહેલ હોય તેવા ઉમેદવારોના નામ.

(૪) પેટા–ખંડો (૧)થી (૩)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, કોઈ બેઠક ખાલી રહે તો કોલેજ અથવા સંસ્થાએ તેવી બેઠક ભરવા નિયમ ૫ માં નિયત કર્યા પ્રમાણે, લઘુત્તમ યોગ્યતા માપદંડ સાથે લાયકી પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારોથી ભરવી જોઈશે, પણ કોમન મેનેજમન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ (CMAT)/ કોમન એપ્ટિટ્યુડ ટેસ્ટ (CAT)/ મનેજમેન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ (MAT)માં અથવા કોઈ પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત થયેલા હોવા જોઈશે નહિ. સ્નાતક કક્ષાની ટકાવારીના આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઈશે.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

Amendment to the Master of Computer Application Course (Regulation of Admission and Payment of fees) Rules, 2013.

માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક.જીએચ /એસએચ/૩૧(૨)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ:– ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨–માં, ખંડ (જ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :–

''(જજ) ''મંજૂર કરેલી (પ્રવેશ) સંખ્યા'' એટલે નોંધણી કરનાર અથવા વૈધાનિક મંડળ અને/અથવા માન્ય યુનિવર્સિટી દ્વારા મંજૂર કરેલી (પ્રવેશ) સંખ્યા;''.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬–માં,-

(૧) પેટા–નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:–

''(ઘ) બિન–અનામત આર્થિક રીતે નબળા વર્ગો :૧૦%'';

(૨) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ દાખલ કરવો:–

''(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે સંબંધિત વર્ગમાં (તેના) સમાવેશનું પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી રહેશે:

પરંતું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે, જાતિના પ્રમાણપત્ર ઉપરાંત ક્રીમી–લેયર (ઉન્નત વર્ગ)માં તેનો સમાવેશ નથી થતો, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.''

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૮–માં,-

(૧) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ દાખલ કરવો:–

"(૨) ભૂતપૂર્વ સૈનિક (એકસ–સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલ તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે. ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલિસ વિભાગ–૨, દ્વારા જાહેર કરેલ સંરક્ષણ સેવામાંના વ્યક્તિઓ/ નિવૃત્ત સંરક્ષણ વ્યક્તિઓએ, તેઓ અનુક્રમે જે એકમમાં સેવા બજાવે છે અથવા નિવૃત્તિ પહેલાં સેવા બજાવતા હતા, તે સંબંધિત એકમના કમાન્ડિંગ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૪) પછી નીચેનો પેટા–નિયમ દાખલ કરવો:–

''(૫) આવી અનામત બેઠકોનો પરનો પ્રવેશ, જેણે પ્રમાણપત્ર કાઢી આપેલ હોય તે સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પ્રમાણભૂતતાને બહાલી અપાયાને અધીન રહીને માન્ય રહેશે.''

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦ માં, પેટા–નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

(૩) નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, **પ્રવેશ સમિતિ દ્વારા અથવા સંસ્થાના સ્તર પર કોઈ પણ પદ્ધતિથી પ્રવેશ માટે** ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની, નોંધણી(રજિસ્ટ્રેશન) ફી વગેરેની લગતી એવી રકમની ચુકવણી કરવાની રહેશે.''.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં, પેટા–નિયમ (૧)માં, ખંડ (૬) પછી, નીચેનો પેટા–નિયમ દાખલ કરવો:–

''(૬–ક) બિન અનામત આર્થિક રીતે નબળા વર્ગ(UEWS)ના ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું કક્ષા અંગેનું પ્રમાણપત્ર, ''

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭માં, પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

''(૨) (ક) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, તેની વેબસાઈટ દ્વારા અને તેને (સમિતિને) અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા ખાલી બેઠકો અંગેની વિગતો અને ખાલી બેઠકો ઉપર પ્રવેશ માટેનો કાર્યક્રમ પ્રદર્શિત કરવા જોઈશે અને જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં અગાઉથી હોય તેવા ઉમેદવારોએ પ્રવેશ સમિતિ દ્વારા નિર્દિષ્ટ સમય મર્યાદાની અંદર ખાલી બેઠકોના તબક્કા(રાઉન્ડ)માં ભાગ લેવા માટે ઓન–લાઈન સંમતિ આપવી પડશે. અગાઉ રજિસ્ટર થયેલ (નોંધાયેલ) ન હોય તેવા પાત્ર ઉમેદવારોએ પ્રવેશ સમિતિએ જાહેર કર્યા પ્રમાણેના (અનુસૂચિ) કાર્યક્રમ મુજબ ઓનલાઈન નોંધણી કરાવવી જોઈશે.

(ખ) નવેસરથી નામની નોંધણી કરાવી હોય અથવા ખંડ (ક) પ્રમાણે સંમતિ આપી હોય તેવા ઉમેદવારે નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ)/ સંમતિ પત્રકની પ્રિન્ટ–આઉટ કાઢવાની રહેશે અને ખાલી બેઠકો ઉપરની (માટેની) પ્રવેશ પ્રક્રિયા માટે પોતાની પસંદગીની બિન સહાયિત કોલેજ અથવા સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. ઉમેદવારને, સંબંધિત બિન સહાયિત કોલેજ અથવા સંસ્થાએ સ્વીકૃતિ આપવી જોઈશે.

(ગ) પોતાની સંમતિ આપી હોય અથવા નવેસરથી (નામની) નોંધણી કરાવી હોય તેવા ઉમેદવારને માત્ર ખાલી બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવશે. સંબંધિત બિન–સહાયિત કોલેજ અથવા સંસ્થાએ, સંમતિપત્ર/ નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) રજૂ કરેલ હોય તેવા પાત્ર ઉમેદવારોમાંથી, નીચેના ક્રમમાં સામાન્ય આંતરિક ગુણવત્તા યાદી (Intra-se merit list) તૈયાર કરીને અને પ્રવેશ સમિતિએ વખતોવખત બહાર પાડેલી માર્ગદર્શિકા મુજબ ખાલી બેઠકો ભરવા માટેની પ્રક્રિયા કરવી જોઇશે:–

(૧) જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ;

(૨) નિયમ ૫ પ્રમાણે પાત્ર હોય અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા, ઠરાવ્યા પ્રમાણે તત્સમાન વર્ષમાં યોજેલી કોમન મેનેજમન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ (CMAT)/ કોમન એપ્ટિટ્યુડ ટેસ્ટ (CAT)/ મનેજમેન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ (MAT)માં અથવા તેવી બીજી કોઈ કસોટી (પરીક્ષા)માં ઉપસ્થિત રહેલ હોય અને ખાલી બેઠક પર પ્રવેશ માટે નવેસરથી નોંધણી કરાવેલ હોય તેવા ઉમેદવારોના નામ.

(૩) ગુજરાત રાજ્ય બહાર આવેલી કોઇપણ યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી, ઓપન કેટેગરી(સામાન્ય કક્ષા)માં, ઓછામાં ઓછા ૫૦,, (એસ.સી./ એસ.ટી/એસ.ઈ.બી.સી.માટે ૪૫%) સાથે લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા ઠરાવ્યા પ્રમાણેની કોમન મેનેજમન્ટ એપ્ટટ્યૂડ ટેસ્ટ (CMAT)/ કોમન એપ્ટિટ્યુડ ટેસ્ટ (CAT)/ મનેજમેન્ટ એપ્ટટ્યૂડ ટેસ્ટ (MAT)માં અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા મંજૂર થયેલી કોઈ એજન્સી/ સંસ્થાએ, તત્સમાન વર્ષમાં યોજેલી તેવી બીજી કોઈ કસોટીમાં ઉપસ્થિત રહેલ હોય તેવા ઉમેદવારોના નામ.

(૪) પેટા–ખંડો (૧)થી (૩)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, કોઈ બેઠક ખાલી રહે તો કોલેજ અથવા સંસ્થાએ તેવી બેઠક ભરવા નિયમ ૫ માં નિયત કર્યા પ્રમાણે લઘુત્તમ યોગ્યતા માપદંડ સાથે લાયકી પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારોથી ભરવી જોઇશે, પણ કોમન મેનેજમન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ (CMAT)/ કોમન એપ્ટિટ્યુડ ટેસ્ટ (CAT)/ મનેજમેન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ (MAT)માં અથવા કોઈ પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત થયેલા હોવા જોઇશે નહિ. સ્નાતક કક્ષાની ટકાવારીના આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

Amendment to the Master of Engineering and Technology and Master of Pharmacy Courses (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

_માસ્ટર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી અને માસ્ટર ઓફ ફાર્મસી અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી

જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંકઃ જીએચ/ એસએચ/૩૧(૩)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસઃ– ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨ જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

માસ્ટર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી અને માસ્ટર ઓફ ફાર્મસી અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો, માસ્ટર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી અને માસ્ટર ઓફ ફાર્મસી અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માસ્ટર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી અને માસ્ટર ઓફ ફાર્મસી અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨ માં, પેટા–નિયમ (૧)માં,-

(૧) ખંડ (છ) પછી, નીચેનો નીચેના ખંડ દાખલ કરવો:–

"(છછ) "અભ્યાસક્રમ" એટલે જેમાં બેવડા પદવી અભ્યાસક્રમ અને સંકલિત અભ્યાસક્રમનો સમાવેશ થશે તેવા કાર્યક્રમમાં શિક્ષણની શાખાઓ પૈકીની એક શાખા;";

(૨) ખંડ (ટ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

''(ટટ) "કક્ષા (લેવલ)" એટલે રાજ્યની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં એન્જિનિયરીંગ/ટેકનોલોજી અને/અથવા ફાર્મસીમાં **અનુસ્નાતક કાર્યક્રમ (પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ)**;";

(૩) ખંડ (ઢ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

''(ઢઢ) "મંજૂર કરેલી પ્રવેશ–સંખ્યા" એટલે નોંધણી કરતી અથવા વૈધાનિક મંડળ અને/અથવા માન્ય યુનિવર્સિટીએ મંજૂર કરેલ પ્રવેશ–સંખ્યા;".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં,–

(૧) પેટા–નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(ઘ) બિન–અનામત આર્થિક રીતે નબળા વર્ગો : ૧૦%";

(૨) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

"(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવતા ઇચ્છતા ઉમેદવારે, સંબંધિત કક્ષામાં સમાવેશ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારે, જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમી લેયર (ઉન્નત વર્ગ)માં તેનો સમાવેશ થતો નથી, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,–

(૧) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) ભૂતપૂર્વ સૈનિકો (એકસ–સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ભારત સરકરના ગૃહ મંત્રાલય, પોલીસ ડિવિઝન–૨–એ જાહેર કરેલી સંરક્ષણ સેવામાંની વ્યક્તિઓ/નિવૃત્ત સંરક્ષણ (સેવામાંની) વ્યક્તિઓએ, તેઓએ, અનુક્રમે જેમાં સેવા બજાવતા હોય અથવા નિવૃત્તિની તરત પહેલાં સેવા બજવતા હતા તે સંબંધિત યુનિટના કમન્ડિંગ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૩) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવો:–

"(૪) આવી અનામત બેઠક પરનો પ્રવેશ, જેના દ્વારા પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તેવા સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પુષ્ટિ આપીને તેની ખરાઇ કરવાને અધીન રહીને માન્ય ગણાશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા–નિયમ (૪) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

"(૪) પ્રવેશ સમિતિ દ્વારા અથવા સંસ્થા ખાતે આપવામાં આવેલા પ્રવેશની કોઇ પણ પદ્ધતિમાં નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની નોંધણી (રજિસ્ટ્રેશન) ફી, વગેરેને લગતી તેટલી રકમની ચુકવણી કરવાની રહેશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭માં, ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૭–ક) બિન–અનામત આર્થિક રીતે નબળા વર્ગો (UEWS)ના ઉમેદવાર માટેનું આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલ સત્તાધિકારીએ કાઢી આપેલું કક્ષા અંગેનું પ્રમાણપત્ર, (Category Certificate)".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૨૦માં, પેટા–નિયમો (૨) અને (૩) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

" (૨) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા હોય તેવા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબ–સાઈટ ઉપર અને પોતાને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકો અંગેની વિગતો અને ખાલી બેઠકો પર પ્રવેશ માટેની અનુસૂચિ (કાર્યક્રમ) અંગેની વિગતો પ્રદર્શિત કરવી જોઇશે. પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં અગાઉ જેમનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા ઉમેદવારોએ, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સમયમર્યાદામાં, ખાલી બેઠકોના રાઉન્ડમાં ભાગ લેવા માટેની ઓન–લાઇન સંમતિ આપવાની રહેશે. અગાઉ (પોતાના નામની) નોંધણી ન કરાવી હોય અથવા તેણે/તેણીએ અગાઉ નોંધણી કરાવેલ હોય પણ પ્રવેશ સમિતિએ યોજેલી તત્સમાન વર્ષની સામાન્ય પ્રવેશ કસોટી (કેટ–CET)માં ઉપસ્થિત રહેલ ન હોય, તેવા પાત્ર (લાયક) ઉમેદવારે, પ્રવેશ સમિતિએ જાહેર કરેલ સૂચિ મુજબ ઓનલાઇન નોંધણી કરાવવી પડશે.

નવા નોંધાયેલા હોય અથવા ઉપર મુજબ સંમતિ આપેલી હોય તેવા ઉમેદવારે, નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ)/સંમતિ પત્રની પ્રિન્ટ આઉટ મેળવવી પડશે અને ખાલી બેઠકો પર પ્રવેશ મેળવવા માટે પોતાની પસંદગીની સ્વનિર્ભર કોલેજ અથવા સંસ્થામાં જવું પડશે. સંબંધિત સ્વનિર્ભર કોલેજ અથવા સંસ્થાએ ઉમેદવારને પહોંચ આપવી જોઇશે.

સંમતિ આપેલી હોય અથવા નવા નોંધાયેલા હોય તેવા ઉમેદવારને, ફક્ત ખાલી બેઠકો માટેની પ્રવેશ કાર્યરીતિમાં ભાગ લેવાની પરવાનગી આપવી જોઇશે. સંબંધિત સ્વનિર્ભર કોલેજ અથવા સંસ્થા, નીચેના ક્રમમાં સામાન્ય આંતરિક ગુણવત્તા યાદી (Intra-se merit) તૈયાર કરીને અને પ્રવેશ સમિતિએ વખતોવખત બહાર પાડેલી માર્ગદર્શિકાઓ અનુસાર, સંમતિ પત્ર/નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) રજૂ કરેલું હોય તેવા પાત્ર (લાયક) ઉમેદવારોમાંથી ખાલી બેઠકો ભરવાની પ્રક્રિયા કરશે:–

(૧) જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ;

(૨) ઉપરના પરિચ્છેદ (૧)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, બેઠકો ખાલી રહે, તો કોલેજ અથવા સંસ્થાએ આવી બેઠકો, નિયમ ૫–માં ઠરાવેલા લઘુત્તમ યોગ્યતા માપદંડ સાથે લાયકી પરીક્ષા પાસ કરી હોય અને ખાલી બેઠક ઉપર પ્રવેશ માટે નવા નોંધાયેલા હોય તેવા ઉમેદવારોમાંથી ભરવી જોઇશે. તેવા ઉમેદવારો, ગ્રેજ્યુએટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ ઇન એન્જિનિયરીંગ (ગેટ–GATE) / ગ્રેજ્યુએટ ફાર્મસી એપ્ટિટ્યૂડ ટેસ્ટ (જીપીએટી–GPAT)ની પરીક્ષા પાસ કરેલી ન હોય અને પ્રવેશ સમિતિએ યોજેલી તત્સમાન વર્ષની સામાન્ય પ્રવેશ કસોટી (કેટ–CTT)માં ઉપસ્થિત રહ્યા ન હોય તેમ છતાં, તેઓ પ્રવેશ માટે પાત્ર રહેશે. લાયકી પરીક્ષામાં મેળવેલા ગુણને આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે. ".

૮. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ ૧ અને તે હેઠળની નોંધને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

"પરિશિષ્ટ-૧

(જુઓ નિયમ ૨ (૧) (ચ) અને નિયમ ૫ (૧), (૨) અને (૩))

વ્યાવસાયિક અનુસ્નાતક અભ્યાસક્રમો માટેની પાત્રતા

અનુ-ક્રમાંક	અનુસ્નાતક વિદ્યાશાખાનું નામ	અભ્યાસક્રમ/વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	૨	૩	૪
૧	સિવિલ એન્જિનિયરીંગ	વોટર રિસોર્સિસ મેનેજમેન્ટ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી. / એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે સિવિલ એન્જિનિયરીંગ અથવા ઈરિગેશન એન્ડ વોટર મેનેજમેન્ટમાં બી.ઈ. / બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		વોટર રિસોર્સિસ એન્જિનિયરીંગ	
		હાઈડ્રોલિક સ્ટ્રકચર્સ	
		ઈરિગેશન એન્ડ વોટર મેનેજમેન્ટ	
		વોટર રિસોર્સિસ એન્જિનિયરીંગ એન્ડ મેનેજમેન્ટ	
		ટ્રાન્સપોર્ટેશન એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે સિવિલ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ એન્જિનિયરીંગ	
		હાઈવે એન્ડ ટ્રાન્સપોર્ટેશન એન્જિનિયરીંગ	
		સ્ટ્રકચરલ એન્જિનિયરીંગ	
		સ્ટ્રકચરલ ડિઝાઈન	
		કોમ્પ્યુટર એઈડેડ સ્ટ્રકચરલ એનાલિસિસ એન્ડ ડિઝાઈન	
		ફ્રેકચર મિકેનિકસ	
		જિઓટેકનિકલ એન્જિનિયરીંગ	
		સોઈલ એન્જિનિયરીંગ	
		કન્સ્ટ્રકશન એન્જિનિયરીંગ એન્ડ મેનેજમેન્ટ	
		સિવિલ એન્જિનિયરીંગ	
		ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્જિનિયરીંગ	
		કોમ્પ્યુટર એઈડેડ ડિઝાઈન ઓફ સ્ટ્રક્ચર્સ	
		ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ	
		કન્સ્ટ્રકશન પ્રોજેકટ મેનેજમેન્ટ	
૨	મિકેનિકલ એન્જિનિયરીંગ	સી.એ.ડી./સી.એ.એમ. (CAD/CAM)	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા પ્રોડકશન એન્જિનિયરીંગ અથવા મેકાટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરીંગ અથવા ઓટોમોબાઈલ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		એડવાન્સ મેન્યુફેકચરિંગ ટેકનિકસ/ સિસ્ટમ્સ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો

અનુ-ક્રમાંક	અનુસ્નાતક વિદ્યાશાખાનું નામ	અભ્યાસક્રમ/વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	૨	૩	૪
			માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા પ્રોડકશન એન્જિનિયરીંગ અથવા મેકાટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરીંગ અથવા મેન્યુફેકચરીંગ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		કોમ્પ્યુટર એઈડેડ એનાલિસિસ એન્ડ ડિઝાઈન	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા પ્રોડકશન એન્જિનિયરીંગ અથવા મેકાટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		મશીન ડિઝાઈન	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા પ્રોડકશન એન્જિનિયરીંગ અથવા ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ અથવા ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરીંગ અથવા મેકાટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા મરીન એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ઈન્ટરનલ કમ્બશન એન્જિન્સ એન્ડ ઓટોમોબાઈલ ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ/ ટેકનોલોજી	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ અથવા મરીન એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ક્રાયોજેનિકસ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		જેટ પ્રોપલ્ઝન એન્ડ ગેસ ટર્બાઈન	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ અથવા એરોનોટિકલ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		એનર્જિ એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો

અનુ-ક્રમાંક	અનુસ્નાતક વિદ્યાશાખાનું નામ	અભ્યાસક્રમ/વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	૨	૩	૪
			માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા પ્રોડકશન એન્જિનિયરીંગ અથવા ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ અથવા ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરીંગ અથવા મરીન એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		પ્રોડકશન એન્જિનિયરીંગ મેન્યુફેક્ચરિંગ એન્જિનિયરીંગ મિકેનિકલ (પ્રોડકશન)	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા પ્રોડકશન એન્જિનિયરીંગ અથવા ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ અથવા ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરીંગ અથવા મરીન એન્જિનિયરીંગ અથવા મેન્યુફેકચરીંગ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		થર્મલ સાયન્સ/એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા મરીન એન્જિનિયરીંગ અથવા ઓટોમોબાઈલ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		થર્મલ એન્ડ ફ્લૂઈડ એન્જિનિયરીંગ થર્મલ સિસ્ટમ એન્ડ ડિઝાઈન	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા મરીન એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		મિકેનિકલ એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા પ્રોડકશન એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરીંગ અથવા મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા પ્રોડકશન એન્જિનિયરીંગ અથવા મેકાટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ અથવા એરોનોટિકલ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
૩	ઈલેકિટ્રકલ એન્જિનિયરીંગ	ઓટોમેશન એન્ડ કન્ટ્રોલ / પાવર સિસ્ટમ્સ હાઈ વોલ્ટેજ એન્ડ પાવર સિસ્ટમ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે ઈલેકિટ્રકલ

અનુ-ક્રમાંક	અનુસ્નાતક વિદ્યાશાખાનું નામ	અભ્યાસક્રમ/વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	૨	૩	૪
		એન્જિનિયરીંગ	એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ઓટોમેટિક કન્ટ્રોલ એન્ડ રોબોટિકસ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન અથવા ઈલેકટ્રોનિકસ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અથવા ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરીંગ અથવા બાયો-મેડિકલ એન્જિનિયરીંગ અથવા મેકાટ્રોનિકસ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ઈલેક્ટ્રિકલ પાવર એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ	
		ઈન્ડસ્ટ્રીયલ ઈલેકટ્રોનિકસ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિકસ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અથવા ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરીંગ અથવા ઈલેકિટ્રકલ એન્ડ ઈલેકટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા પાવર ઈલેકટ્રોનિકસ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		પાવર ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈલેક્ટ્રિકલ ડ્રાઈવ્સ	
		ઈલેક્ટ્રિકલ ડ્રાઈવ્સ એન્ડ કન્ટ્રોલ	
		માઈક્રોપ્રોસેસર સિસ્ટમ એન્ડ એપ્લિકેશન	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિકસ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અથવા ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		પાવર ઈલેક્ટ્રોનિક્સ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો

INDEX

અનુ-ક્રમાંક	અનુસ્નાતક વિદ્યાશાખાનું નામ	અભ્યાસક્રમ/વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	૨	૩	૪
			માટે ૪૫%) ગુણ સાથે પાવર ઈલેક્ટ્રોનિક્સ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અથવા ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ અથવા ઈન્ડસ્ટ્રિયલ ઈલેકટ્રોનિક્સ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
૪	ઈલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન	ઈલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./ એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે ઈલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશન અથવા ઈલેકટ્રોનિક્સ એન્જિનિયરીંગ અથવા ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ઈલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન સિસ્ટમ્સ એન્જિનિયરીંગ	
		કોમ્યુનિકેશન સિસ્ટમ્સ એન્જિનિયરીંગ	
		કોમ્યુનિકેશન	
		ડિજિટલ કોમ્યુનિકેશન	
		વાયરલેસ કોમ્યુનિકેશન સિસ્ટમ એન્ડ નેટવર્ક	
		સિગ્નલ પ્રોસેસિંગ એન્ડ વી.એલ.એસ.આઈ. (VLSI) ટેકનોલોજી	
		એમ્બેડેડ સિસ્ટમ ટેકનોલોજી	
		વાયરલેસ કોમ્યુનિકેશન ટેકનોલોજી	
		વી.એલ.એસ.આઈ. (VLSI) એન્ડ એમ્બેડેડ સિસ્ટમ	
		વી.એલ.એસ.આઈ. (VLSI) એન્ડ એમ્બેડેડ સિસ્ટમ ડિઝાઈન	
		માઈક્રોઈલેક્ટ્રોનિક્સ એન્ડ વી.એલ.એસ.આઈ. (VLSI) ડિઝાઈન	
		વી.એલ.એસ.આઈ. (VLSI) સિસ્ટમ ડિઝાઈન	
		સિગ્નલ પ્રોસેસિંગ એન્ડ કોમ્યુનિકેશન્સ	
૫	ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરીંગ	એપ્લાઈડ ઈન્સ્ટ્રુમેન્ટેશન	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. /એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરીંગ અથવા પાવર ઈલેકટ્રોનિક્સ એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અથવા ઈલેકટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરીંગમાં બી.ઈ./ બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરીંગ	
		પ્રોસેસ કન્ટ્રોલ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન	
૬	કેમિકલ એન્જિનિયરીંગ	કોમ્પ્યુટર એઈડેડ પ્રોસેસ ડિઝાઈન	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. /એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે કેમિકલ એન્જિનિયરીંગ/

અનુ-ક્રમાંક	અનુસ્નાતક વિદ્યાશાખાનું નામ	અભ્યાસક્રમ/વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	૨	૩	૪
			ટેકનોલોજી અથવા પેટ્રોલિયમ એન્ડ પેટ્રોકેમિકલ ટેકનોલોજી અથવા રબર ટેક્નોલોજી અથવા પ્લાસ્ટિક ટેક્નોલોજી અથવા બાયોટેકનોલોજીમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		પોલિમર ટેકનોલોજી પ્લાસ્ટિક્સ એન્જિનિયરીંગ રબર ટેક્નોલોજી	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી. / એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે કેમિકલ એન્જિનિયરીંગ/ ટેકનોલોજી અથવા પોલિમર એન્જિનિયરીંગ અથવા રબર ટેકનોલોજી અથવા પ્લાસ્ટિક ટેકનોલોજી અથવા બાયોટેકનોલોજીમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		પેટ્રોકેમિકલ એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./ એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે કેમિકલ એન્જિનિયરીંગ/ ટેકનોલોજી અથવા પેટ્રોલિયમ એન્ડ પેટ્રોકેમિકલ ટેકનોલોજી અથવા બાયોટેકનોલોજીમાં બી.ઈ./ બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		કેમિકલ એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./ એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે કેમિકલ એન્જિનિયરીંગ/ ટેકનોલોજી અથવા પેટ્રોલિયમ એન્ડ પેટ્રોકેમિકલ ટેકનોલોજી અથવા બાયોટેકનોલોજી અથવા એન્વાયર્નમેન્ટ સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		સરફેસ સાયન્સ એન્ડ નેનોટેક્નોલોજી	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./ એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે કેમિકલ એન્જિનિયરીંગ/ ટેકનોલોજી અથવા બાયોટેકનોલોજીમાં બી.ઈ./ બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
૭.	એન્વાયર્નમેન્ટ એન્જિનિયરીંગ	એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./ એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે એન્વાયર્ન્મેન્ટ એન્જિનિયરીંગ અથવા સિવિલ એન્જિનિયરીંગ અથવા કેમિકલ એન્જિનિયરીંગ/ ટેકનોલોજી, અથવા બાયો ટેકનોલોજી અથવા એન્વાયર્નમેન્ટ સાયન્સ એન્ડ ટેકનોલોજી/ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
૮.	મેટલર્જી	મટિરિયલ્સ ટેકનોલોજી	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./ એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મેટલર્જી અથવા મેટલર્જી

INDEX

અનુ-ક્રમાંક	અનુસ્નાતક વિદ્યાશાખાનું નામ	અભ્યાસક્રમ/વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	૨	૩	૪
			એન્ડ મટિરિયલ્સ એન્જિનિયરીંગ અથવા મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા પ્રોડકશન એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ઈન્ડસ્ટ્રીયલ મેટલર્જી	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./ એસ.ટી./ એસ.ઈ.બી.સી.ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે મેટલર્જી અથવા મેટલર્જી એન્ડ મટિરિયલ્સ એન્જિનિયરીંગમાં બી.ઈ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
૯	ટેક્સ્ટાઇલ એન્જિનિયરિંગ	મેન–મેઇડ ટેક્સ્ટાઇલ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./એસ.ટી./એસ.ઇ. બી.સી. ઉમેદવારો માટે ૪૫%) સાથે ટેક્સ્ટાઇલ ટેકનોલોજી અથવા ટેક્સ્ટાઇલ એન્જિનિયરીંગ અથવા ટેક્સ્ટાઇલ પ્રોસેસિંગમાં બી.ઇ./ બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ટેક્સ્ટાઇલ કેમિકલ પ્રોસેસિંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./એસ.ટી./એસ.ઇ. બી.સી. ઉમેદવારો માટે ૪૫%) સાથે ટેક્સ્ટાઇલ કેમેસ્ટ્રી અથવા ફાઇબર ટેકનોલોજી અથવા વેટ પ્રોસેસિંગ અથવા ટેક્સ્ટાઇલ પ્રોસેસિંગમાં બી.ઇ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		ટેક્સ્ટાઇલ એન્જિનિયરિંગ/ ટેકનોલોજી	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./એસ.ટી./એસ.ઇ. બી.સી. ઉમેદવારો માટે ૪૫%) સાથે ટેક્સ્ટાઇલ ટેકનોલોજી અથવા ટેક્સ્ટાઇલ એન્જિનિયરીંગ અથવા ટેક્સ્ટાઇલ પ્રોસેસિંગ અથવા જયુટ એન્ડ ફાઇબર ટેકનોલોજી અથવા ટેક્સ્ટાઇલ મેન્યુફેકચરીંગ અથવા ટેક્સ્ટાઇલ મેઇન્ટેનન્સમાં બી.ઇ./ બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
૧૦	કોમ્પ્યુટર એન્જિનિયરીંગ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી	કોમ્પ્યુટર એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./એસ.ટી./એસ.ઇ. બી.સી. ઉમેદવારો માટે ૪૫%) સાથે કોમ્પ્યુટર એન્જિનિયરીંગ/ ટેકનોલોજી અથવા કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ અથવા ઇન્ફર્મેશન ટેકનોલોજી એન્જિનિયરીંગ અથવા ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીમાં બી.ઇ./ બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
		કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજી/એન્જિનિયરીંગ	
		ઇન્ફર્મેશન ટેકનોલોજી	
		વાયરલેસ એન્ડ મોબાઇલ કોમ્પ્યુટીંગ	
		આઇ.ટી. સિસ્ટમ્સ એન્ડ નેટવર્ક સિક્યુરિટી	
		ઇન્ફર્મેશન એન્ડ સાયબર વૉરફેર	
		સાયબર સિક્યુરિટી	

અનુ-ક્રમાંક	અનુસ્નાતક વિદ્યાશાખાનું નામ	અભ્યાસક્રમ/વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	૨	૩	૪
		સોફ્ટવેર એન્જિનિયરિંગ	
		ડેટા સાયન્સ એન્ડ એનાલિટીક્સ	
		હાઇ પરફોર્મન્સ કોમ્પ્યુટીંગ	
૧૧	બાયો–મેડિકલ એન્જિનિયરિંગ	બાયો–મેડિકલ ઇન્સ્ટ્રુમેન્ટેશન	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./એસ.ટી./એસ.ઇ. બી.સી. ઉમેદવારો માટે ૪૫%) સાથે બાયો–મેડિકલ એન્જિનિયરીંગ અથવા બાયો–મેડિકલ એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયરીંગ અથવા ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરીંગમાં બી.ઇ./ બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત.
૧૨	નેટવર્કિંગ, કોમ્યુનિકેશન એન્ડ વેબ ટેકનોલોજી	નેટવર્કિંગ એન્ડ કોમ્યુનિકેશન	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./એસ.ટી./એસ.ઇ. બી.સી. ઉમેદવારો માટે ૪૫%) સાથે કોમ્પ્યુટર એન્જિનિયરીંગ / ટેકનોલોજી અથવા કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ અથવા ઇન્ફર્મેશન ટેકનોલોજી અથવા ઇલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગમાં બી.ઇ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત
		વેબ ટેકનોલોજી	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી.ઉમેદવારો માટે ૪૫%) સાથે કોમ્પ્યુટર એન્જિનિયરીંગ / ટેકનોલોજી અથવા કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ અથવા ઇન્ફર્મેશન ટેકનોલોજીમાં બી.ઇ./બી.ટેક. અથવા તેને સમકક્ષ લાયકાત
૧૩	મિકેટ્રોનિકસ એન્જિનિયરીંગ	મિકેટ્રોનિકસ એન્જિનિયરીંગ	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસ.સી./એસ.ટી./એસ.ઇ. બી.સી. ઉમેદવારો માટે ૪૫%) સાથે મિકેટ્રોનિકસ એન્જિનિયરીંગ અથવા મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા ઇલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અથવા ઇલેકટ્રોનિક્સ એન્ડ ટેલિ–કોમ્યુનિકેશન અથવા ઇલેકટ્રોનિક્સ એન્જિનિયરીંગમાં બી.ઇ/.બી.ટેક .અથવા તેને સમકક્ષ લાયકાત.
૧૪	ફાર્મસી	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી	લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૫% (એસ.સી./એસ.ટી./એસ.ઇ. બી.સી. ઉમેદવારો માટે ૫૦%) સાથે બી.ફાર્મ અથવા તેને સમકક્ષ લાયકાત.
		ફાર્માસ્યુટિકલ ટેકનોલોજી એન્ડ ફાર્માસ્યુટિકસ	
		ફાર્માકોલોજી	
		કવોલિટી એસ્યોરન્સ	
		ફાર્માસ્યુટિકસ	
		ફાર્માકોગ્નોસી	

INDEX

અનુ-ક્રમાંક	અનુસ્નાતક વિદ્યાશાખાનું નામ	અભ્યાસક્રમ/વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	૨	૩	૪
		ક્લિનિકલ ફાર્મસી	
		ફાર્મ. ટેકનોલોજી	
		ફાર્માસ્યુટિકલ બાયો–ટેકનોલોજી	
		ઇન્ડસ્ટ્રીયલ ફાર્મસી	
		ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી	
		મેડિકલ કેમેસ્ટ્રી	
		ન્યુ ડ્રગ ડિલિવરિ સિસ્ટમ	
		ફાર્માસ્યુટિકલ એનાલીસીસ	
		ફાર્માકોગ્નોસી એન્ડ ફાયટોકેમીસ્ટ્રી	
		ફાર્માસ્યુટીકલ કવોલિટી એસ્શોરન્સ	
		ફાર્માસ્યુટિકલ ટેકનોલોજી	
		હર્બલ ડ્રગ ટેકનોલોજી	
		ડ્રગ રેગ્યુલેટરી અફેર્સ	
		કવોલિટી એસ્શોરન્સ ટેકનિકસ	
		ફાર્માસ્યુટિકલ મેનેજમેન્ટ રેગ્યુલેટરી અફેર્સ	
		ફાર્માકોલોજી એન્ડ ટોક્સિકોલોજી	
		ફાર્મસી (કવોલિટી એસ્શોરન્સ)	
		કવોલિટી એસ્શોરન્સ એન્ડ ડ્રગ રેગ્યુલેટરી અફેર્સ	
		ફાર્માસ્યુટિકલ મેનેજમેન્ટ એન્ડ ડ્રગ રેગ્યુલેટરી અફેર્સ	

નોંધ:– ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય, માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ વિભાગ, નવી દિલ્હી–એ તારીખ ૧૬મી જાન્યુઆરી, ૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક. એફ.૨૪–૬/૨૦૦૨/ટી.એસ.૩ હેઠળ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયર્સ (ભારત), ૮ ગોખલે રોડ, કોલકાતા અથવા એસોસિએટ મેમ્બરશીપ ઓફ ઇન્સ્ટીટ્યુશન ઓફ ઇલેકટ્રોનિકસ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર્સ, નવી દિલ્હી અથવા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયર્સ, કોલકાતા અથવા જેના સભ્યપદને સરકાર દ્વારા માન્યતા આપવામાં આવી હોય તેવી કોઇ બીજી ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ચલાવાતા, સુધાર્યા પ્રમાણેના વિભાગ **એ** અને **બી** પરીક્ષાવાળા નીચેના ૧૫ અભ્યાસક્રમોને ભારતની માન્ય યુનિવર્સિટીઓની એન્જિનિયરિગની યોગ્ય શાખામાંની ડિગ્રી સમકક્ષ માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે.

૧. એરોસ્પેસ એન્જિનિયરીંગ.
૨. એગ્રીકલ્ચરલ એન્જિનિયરીંગ.
૩. આર્કીટેક્ચરલ એન્જિનિયરીંગ.
૪. કેમિકલ એન્જિનિયરીંગ.
૫. સિવિલ એન્જિનિયરીંગ.
૬. કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ.
૭. ઇલેકિટ્રકલ એન્જિનિયરીંગ.
૮. ઇલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ.
૯. એન્વાયર્મેન્ટલ એન્જિનિયરીંગ.
૧૦. મરિન એન્જિનિયરીંગ.

૧૧. મટિરિયલ્સ એન્ડ મેટલર્જિકલ એન્જિનિયરીંગ.

૧૨. મિકેનિકલ એન્જિનિયરીંગ.

૧૩. માઇનિંગ એન્જિનિયરીંગ.

૧૪. પ્રોડકશન એન્જિનિયરીંગ.

૧૫. ટેક્સટાઈલ એન્જિનિયરીંગ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

Amendment to the Bachelor of Hotel and Tourism Management Courses (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

બેચલર ઓફ હોટેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી

જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક.જીએચ/એસએચ/૩૧(૪)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ:- ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બેચલર ઓફ હોટેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો બેચલર ઓફ હોટેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. બેચલર ઓફ હોટેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૨-માં, પેટા-નિયમ (૧)માં,-

(૧) ખંડ (ચ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ચચ) "લેવલ" એટલે રાજ્યની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં હોટેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ અભ્યાસક્રમોમાંના અન્ડર ગ્રેજયુએટ પ્રોગ્રામ;";

(૨) ખંડ (જ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(જજ) "મંજૂર કરેલી પ્રવેશ-સંખ્યા" એટલે નોંધણી અથવા વૈધાનિક મંડળ અને/અથવા માન્ય યુનિવર્સિટીએ મંજૂર કરેલી પ્રવેશ-સંખ્યા:".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં, -

(૧) પેટા-નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(ઘ) બિન-અનામત આર્થિક રીતે પછાત વર્ગો : ૧૦%";

(૨) પેટા–નિયમ (૨) ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે, સંબંધિત કક્ષામાં સમાવેશ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારે, જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમી લેયર (ઉન્નત વર્ગ)માં તેનો સમાવેશ થતો નથી, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,-

(૧) પેટા–નિયમ (૨) ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) ભૂતપૂર્વ સૈનિક (એકસ–સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલ તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે. ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલિસ વિભાગ–૨, દ્વારા જાહેર કરેલ સંરક્ષણ સેવામાંના વ્યક્તિઓ/ નિવૃત્ત સંરક્ષણ વ્યક્તિઓએ, તેઓ અનુક્રમે જે એકમમાં સેવા બજાવે છે અથવા નિવૃત્તિ પહેલાં સેવા બજાવતા હતા તે સંબંધિત એકમના કમાન્ડિંગ અધિકારી (ઓફિસર) દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૪) પછી, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૫) આવી અનામત બેઠક પરની પ્રવેશની કાયદેસરતા, પ્રમાણપત્ર કાઢી આપનાર સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની ખરાઇને અધીન રહેશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, પેટા–નિયમ (૨)માં, ખંડ (૨)માં, અંતમાં નીચેનો ભાગ ઉમેરવો:–

"આ સંખ્યાધિક બેઠકો, જે કોલેજો અથવા સંસ્થાઓમાં આવા અભ્યાસક્રમોની મંજૂર થયેલી બેઠકોની ૩૦% બેઠકો ભરવામાં આવેલ હોય તે માટે જ ઉપલબ્ધ રહેશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા–નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:-

"(૩) પ્રવેશ સમિતિ મારફતે અથવા કોલેજ ખાતે અથવા સંસ્થાકીય સ્તરે, પ્રવેશની કોઇ સ્વરૂપમાં નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની નોંધણી (રજિસ્ટ્રેશન) ફી, વગેરેને લગતી એવી રકમની ચુકવણી કરવાની રહેશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં, પેટા–નિયમ (૬) માં, –

(૧) "તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં પ્રવેશ" એ શબ્દોને બદલે "તે જ કોલેજ અથવા સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં અને તે જ પાળીમાં પ્રવેશ" એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક દાખલ કરવો:–

"પરંતુ બિન–ટ્યુશન ફી માફી બેઠક નોન–ટી.એફ.ડબલ્યુ. (Non-TFW Seat) પર પ્રવેશ આપવામાં આવ્યો હોય અને સદરહુ બેઠક પર પોતાના પ્રવેશ મંજૂર ન કર્યો હોય તેવા ઉમેદવાર, તે જ ટી.એફ.ડબલ્યુ. (TFW) બેઠક ઉપર તે જ કોલેજ અથવા સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં અને તે જ પાળીમાં પ્રવેશ મેળવવા માટે પાત્ર થશે.".

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬માં, ખંડ (૪) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૪–ક) બિન–અનામત આર્થિક રીતે પછાત વર્ગોના (UEWS) ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું વર્ગ અંગેનું પ્રમાણપત્ર,".

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

Amendment to the Diploma in Engineering Courses to Second Year (Third Semester) to Bachelor of Engineering and Technology Courses (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

ડિપ્લોમા ઇન એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાંથી બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)ના અભ્યાસક્રમોમાં (પ્રવેશ નિયમન અને ફીની ચૂકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭

ક્રમાંક: જીએચ/એસએચ/૩૧(૫)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ:- ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ડિપ્લોમા ઇન એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાંથી બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)ના **અભ્યાસક્રમો**માં (પ્રવેશ નિયમન અને ફીની ચૂકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, ડિપ્લોમા ઇન એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાંથી બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)ના **અભ્યાસક્રમો**માં (પ્રવેશ નિયમન અને ફીની ચૂકવણી) (*સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ડિપ્લોમા ઇન એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાંથી બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)ના **અભ્યાસક્રમો**માં (પ્રવેશ નિયમન અને ફીની ચૂકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં,-

(૧) ખંડ (ઘ) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-

"(ઘક) "અભ્યાસક્રમ" એટલે જેમાં બેવડા પદવી અભ્યાસક્રમ અને સંકલિત અભ્યાસક્રમનો સમાવેશ થતો હોય તેવા કાર્યક્રમમાંના અભ્યાસની શાખાઓમાંની એક શાખા;

(ઘખ) "એન્જિનિયરીંગ શાખા" એટલે રાજ્ય વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં એન્જિનિયરીંગ અને ટેકનોલોજીની જુદી જુદી શાખાઓ;

(ઘગ) "કક્ષા (લેવલ)" એટલે રાજ્યની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં એન્જિનિયરીંગ અને ટેકનોલોજીમાંના પૂર્વસ્નાતક કાર્યક્રમ (અન્ડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ);";

(૨) ખંડ (ઠ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ઠક) "મંજૂર કરેલ પ્રવેશ-સંખ્યા" એટલે નોંધણી અથવા વૈધાનિક મંડળ અને/અથવા માન્ય યુનિવર્સિટીએ મંજૂર કરેલી પ્રવેશ-સંખ્યા;".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,-

(૧) પેટા-નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(ઘ) બિન-અનામત આર્થિક રીતે નબળા વર્ગો :૧૦%";

(૨) પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવતા ઇચ્છતા ઉમેદવારે, સંબંધિત કક્ષામાં સમાવેશ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે:

INDEX

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારે, જાતિ પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમી લેયર (ઉન્નત વર્ગ)માં તેનો સમાવેશ થતો નથી, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં,–

(૧) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) ભૂતપૂર્વ સૈનિકો (એકસ–સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. **ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલીસ ડિવિઝન–૨–એ જાહેર કરેલી સંરક્ષણ સેવામાંની વ્યકિતઓ/નિવૃત્ત સંરક્ષણ સેવામાંની વ્યકિતઓએ,** તેઓ, અનુક્રમે જેમાં સેવા બજાવતા હોય અથવા નિવૃત્તિ પહેલાં જ્યાં સેવા બજાવતા હતા તે સંબંધિત યુનિટના કમાન્ડિંગ અધિકારી (ઓફિસર)–એ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૪) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવો:–

"(૫) આવી અનામત બેઠક પરનો પ્રવેશ, જેમના દ્વારા પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તેવા સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પુષ્ટિ આપીને તેની ખરાઇ કરવાને અધીન રહીને માન્ય ગણાશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૧માં, પેટા–નિયમ (૨) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવો:–

"(૩) પેટા–નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ બેઠક ખાલી રહે, તો આવી ખાલી બેઠક, પેટા–નિયમ (૧) હેઠળ આવતા અને બોર્ડ/યુનિવર્સિટી વચ્ચે પ્રમાણ જળવાય તે રીતે તેવા ઉમેદવારને દરખાસ્ત કરીને તેના દ્વારા ભરવી જોઇશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં, પેટા–નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૩) પ્રવેશ સમિતિ મારફત અથવા કોલેજ અથવા સંસ્થાના સ્તરે પ્રવેશની કોઇ પદ્ધતિમાં નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, ઉમેદવારે, નોંધણી ફી વગેરે.ને લગતી પ્રવેશ સમિતિ નિર્ધારિત કરે તેટલી રકમની ચૂકવણી કરવાની રહેશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૮માં, પેટા–નિયમ (૧)માં, ખંડ (૫)પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૫–ક) બિન–અનામત આર્થિક રીતે નબળા વર્ગો (UEWS)ના ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું કક્ષા અંગેનું પ્રમાણપત્ર,".

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૨૧ને બદલે, નીચેનો નિયમ મૂકવો:–

"**૨૧. ખાલી બેઠકો.–**

(૧) પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી અથવા નિયમ ૫ મુજબ તમામ પાત્ર (લાયક) ઉમેદવારોને પ્રવેશ આપ્યા પછી, બેઠકો ખાલી રહે, તો પ્રવેશ સમિતિ અથવા કોલેજો અથવા સંસ્થાઓએ, આવી ખાલી બેઠકો, પેટા–નિયમ (૨)માં ઠરાવેલી રીતે પ્રવેશ સમિતિએ બહાર પાડેલી માર્ગદર્શિકાઓ અનુસાર સામાન્ય ગુણવત્તા યાદી તૈયાર કરીને ભરવી જોઇશે.

(૨) (ક) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા હોય તેવા

અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબ–સાઇટ દ્વારા અને પોતાને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકો અંગેની અને ખાલી બેઠકો પર પ્રવેશ માટેની અનુસૂચિ (કાર્યક્રમ) અંગેની વિગતો પ્રદર્શિત કરવી જોઇશે. પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં જેમનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા ઉમેદવારોએ, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સમય મર્યાદામાં, ખાલી રહેલી બેઠકોના રાઉન્ડમાં ભાગ લેવા માટેની ઓન–લાઇન સંમતિ આપવાની રહેશે. અગાઉ (પોતાના નામની)

નોંધણી ન કરાવી હોય તેવા પ્રવેશ પાત્ર (લાયક) ઉમેદવારોએ, પ્રવેશ સમિતિએ જાહેર કરેલી અનુસૂચિ (કાર્યક્રમ) પ્રમાણે, (પોતાના નામની) ઓન–લાઈન નોંધણી કરાવાની રહેશે.

(ખ) નવા નોંધાયેલા અથવા ખંડ (ક) મુજબ સંમતિ આપેલી હોય તેવા ઉમેદવારે, નોંધણી (રજિસ્ટ્રેશન) ફોર્મ/સંમતિ ફોર્મની પ્રિન્ટ આઉટ મેળવવાના રહેશે અને ખાલી બેઠકો પર પ્રવેશ મેળવવા માટે પોતાની પસંદગીની બિનસહાયિત કોલેજ અથવા સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. સંબંધિત બિનસહાયિત કોલેજ અથવા સંસ્થાએ ઉમેદવારને સ્વીકૃતિ પહોંચ આપવી જોઇશે.

(ગ) સંમતિ આપેલી હોય અથવા નવા નોંધાયેલા હોય તેવા ઉમેદવારને, ફક્ત ખાલી બેઠકો માટેની પ્રવેશ કાર્યરીતિમાં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવશે. સંબંધિત બિનસહાયિત કોલેજ અથવા સંસ્થા, નીચેના ક્રમમાં સામાન્ય આંતરિક ગુણવત્તા યાદી (Inter se merit) તૈયાર કરીને અને પ્રવેશ સમિતિએ વખતોવખત બહાર પાડેલી માર્ગદર્શિકાઓ અનુસાર, સંમતિ ફોર્મ/નોંધણી (રજિસ્ટ્રેશન) ફોર્મ રજૂ કરેલું હોય તેવા પ્રવેશ પાત્ર (લાયક) ઉમેદવારોમાંથી ખાલી બેઠકો ભરવાની પ્રક્રિયા કરશે:–

(૧) ઉમેદવારે, ટેકનિકલ પરીક્ષા બોર્ડ (TEB) અથવા AICTE–

એ માન્ય કરેલ અને ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટી અથવા કોલેજ અથવા સંસ્થામાંથી અનુસૂચિ ૧ની કોલમ ૨–માં જણાવ્યા પ્રમાણે સંબંધિત વિદ્યાશાખામાં તરત પહેલાંના શૈક્ષણિક વર્ષમાં નિયમ ૬માં ઠરાવ્યા પ્રમાણેના ઓછામાં ઓછા એકંદર ગુણ સાથે લાયકી પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે. પરંતુ પ્રવેશ સમિતિએ જાહેર કર્યા પ્રમાણે નોંધણી કરાવવાની છેલ્લી તારીખ પહેલાં સંબંધિત યુનિવર્સિટી અથવા બોર્ડ દ્વારા લાયકી પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં ન આવે, તો ઉમેદવાર, પ્રથમ રાઉન્ડ પૂરો થયા પછી જ અને પ્રવેશ સમિતિએ તે તરીકે જાહેર કરેલી પ્રવેશ પ્રક્રિયા પૂરી કર્યા પહેલાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

(૨) ઉમેદવારે, ટેકનિકલ પરીક્ષા બોર્ડ (TEB) અથવા AICTE–એ માન્ય કરેલ અને ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટી અથવા કોલેજ અથવા સંસ્થામાંથી અનુસૂચિ ૧ની કોલમ ૨–માં જણાવ્યા પ્રમાણે સંબંધિત વિદ્યાશાખામાં અગાઉના કોઇપણ શૈક્ષણિક વર્ષમાં નિયમ ૬માં ઠરાવ્યા પ્રમાણે ન્યૂનતમ એકંદર ગુણ સાથે લાયકી પરીક્ષા કરેલ હોવી જોઇશે અને તે, પ્રથમ રાઉન્ડ પૂરો થયા પછી જ અને પ્રવેશ સમિતિએ તે તરીકે જાહેર કરેલી પ્રવેશ પ્રક્રિયા પૂરી કર્યા પહેલાં પ્રવેશ માટે પાત્ર ગણાશે. નિયમ ૧૨માં જોગવાઇ કર્યા પ્રમાણે આવા વિદ્યાર્થીઓની શાખા અનુસારની સામાન્ય ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે.

(૩) એચ.એસ.સી. પરીક્ષામાં ગણિતશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના વિષયમાં મેળવેલા થિયરી ગુણના આધારે પેટા–નિયમો (૧) અને (૨) હેઠળ પ્રવેશ આપ્યા પછી બેઠકો ખાલી રહે, તો કોઇપણ પાછલા શૈક્ષણિક વર્ષમાં ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીમાંથી એચ.એસ.સી.માં વિષયો પૈકીના એક તરીકે ગણિતશાસ્ત્ર સાથે બી.એસ.સી. પદવી પરીક્ષા પાસ કરેલી હોય તેવો ઉમેદવાર પણ પ્રવેશપાત્ર (લાયક) ગણાશે. સમાન ગુણવત્તાગુણ ધરાવનાર વિદ્યાર્થીઓના કિસ્સામાં ગુણવત્તા ક્રમ નક્કી કરવા માટેનો માપદંડ, નીચેના ક્રમમાં રહેશે:–

(ક) એચ.એસ.સી. પરીક્ષામાં ગણિતશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના વિષયમાં થિયરીમાં મેળવેલા ગુણના આધારે,

(ખ) એચ.એસ.સી. પરીક્ષામાં ગણિતશાસ્ત્રમાં મેળવેલા ગુણ.

(ગ) એચ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજીમાં મેળવેલા ગુણ.

(ઘ) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૦)ના ફરજિયાત વિષયોમાં મેળવેલા કુલ ગુણ,

(ચ) જન્મ તારીખ (ઉંમરમાં મોટા હોય તેવા ઉમેદવારને અગ્રતા આપવી જોઇશે).

(૪) મૂળ ગુજરાતના ઉમેદવારને અગ્રતા આપીને પેટા–નિયમો (૧), (૨) અને (૩) હેઠળ પ્રવેશ આપ્યા પછી બેઠકો ખાલી રહે, તો નિયમ ૫ મુજબ પ્રવેશપાત્ર (લાયક) હોય અને માન્ય યુનિવર્સિટી અથવા એ.આઇ.સી.ટી.ઇ. (AICTE)-એ મંજૂર કરેલ અન્ય રાજ્યોમાંની કોલેજ અથવા સંસ્થામાંથી લાયકી ડિપ્લોમા પરીક્ષા પાસ કરેલી હોય તેવા ઉમેદવાર.".

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૨૪માં, પેટા–નિયમ (૨)માં, ખંડ (૨)માં, નીચેનો ભાગ, અંતે ઉમેરવો:–

"આ સંખ્યાધિક બેઠકો, કોલેજો અથવા સંસ્થાઓમાં કોઇ અભ્યાસક્રમોની મંજૂર કરેલ બેઠકો પૈકીની ઓછામાં ઓછી ૩૦% બેઠકો ભરાઇ ગઇ હોય, ત્યારે જ ઉપલભ્ય થશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification
Regarding

Amendment to the Bachelor of Architecture, Bachelor of Construction Technology and Bachelor of Interior Design Courses (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

બેચલર ઓફ આર્કિટેક્ચર, બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેક્નોલોજી અને બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી

જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક: જીએચ/એસએચ/૩૧(૭)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ :– ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨ જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બેચલર ઓફ આર્કિટેક્ચર, બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેક્નોલોજી અને બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. (૧) આ નિયમો બેચલર ઓફ આર્કિટેક્ચર, બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેક્નોલોજી અને બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. બેચલર ઓફ આર્કિટેક્ચર, બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેકનોલોજી અને બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, પેટા–નિયમ (૧)માં, ખંડ (ઘ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:–

'' (ન) "મંજૂર કરેલ પ્રવેશ–સંખ્યા" એટલે નોંધણી અથવા વૈધાનિક મંડળ અને/અથવા માન્ય યુનિવર્સિટીએ મંજૂર કરેલી પ્રવેશ–સંખ્યા.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩ માં, "બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેકનોલોજી અને બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઈન" એ શબ્દોને બદલે, "બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેકનોલોજી, બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઈન અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪–માં, "બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેકનોલોજી અને બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઈન" એ ત્રણ સ્થળે આવતાં શબ્દોને બદલે, "બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેકનોલોજી, બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઈન અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન" એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૪ ક–માં, પેટા–નિયમ (૧)માં, નીચેનું કોષ્ટક ઉમેરવું:–

" કોષ્ટક

નિરમા યુનિવર્સિટીમાં બેચલર ઓફ આર્કિટેક્ચરમાં પ્રવેશ માટે બેઠકોની ફાળવણી		
(૧)	ગુજરાત બોર્ડ અથવા ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય–માંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અથવા ગુજરાત રાજ્યમાં આવેલી યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી ડિપ્લોમા મેળવેલ હોય તેવા ઉમેદવારો માટે;	૯૦%
(૨)	ગુજરાત રાજ્યમાં આવેલી શાળાઓમાંથી અભ્યાસ કરેલ હોય અને,- (ક) કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)માંથી; અથવા (ખ) કાઉન્સિલ ઓફ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા બોર્ડ, નવી દિલ્હીમાંથી; અથવા (ગ) ઈન્ટરનેશનલ બેકાલોરિએટ (International Baccalaureate)માંથી ડિપ્લોમા મેળવીને, લાયકી પરીક્ષા પાસ કરેલી હોય તેવા ઉમેદવારો માટે.	૧૦%''.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૫–માં,-

(૧) પેટા–નિયમ (૧) માં, પરિચ્છેદ (ગ) પછી, નીચેનો પરિચ્છેદ ઉમેરવો:–

" (ઘ) બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશના હેતુ માટે, ઉમેદવારે, વિષયો પૈકીના વિષય તરીકે ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર અથવા ધંધાકીય ગણિતશાસ્ત્ર (બિઝનેશ મેથેમેટિક્સ) સાથે લાયકી પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.";

(૨) પેટા–નિયમ (૨) માં, ખંડ (૭) માં, "બેચલર ઓફ આર્કિટેક્ચર અભ્યાસક્રમ" એ શબ્દોને બદલે, " બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમો" એ શબ્દો મૂકવા;

(૩) પેટા–નિયમ (૩) માં, "બેચલર ઓફ આર્કિટેક્ચર અભ્યાસક્રમ" એ શબ્દોને બદલે, " બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમો" એ શબ્દો મૂકવા;

(૪) પેટા–નિયમ (૫) માં, ખંડ (૧) માં, "બેચલર ઓફ આર્કિટેક્ચર અભ્યાસક્રમ" એ શબ્દોને બદલે, " બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમો" એ શબ્દો મૂકવા;

(૫) પેટા–નિયમ (૬) માં, ખંડ (૪) માં, "બેચલર ઓફ આર્કિટેક્ચર અભ્યાસક્રમ" એ શબ્દોને બદલે, " બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમો" એ શબ્દો મૂકવા.

INDEX

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૬ માં,–

(૧) પેટા–નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:–

"(ઘ) બિન–અનામત આર્થિક રીતે નબળા વર્ગો : ૧૦%";

(૨) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવતા ઇચ્છતા ઉમેદવારે, સંબંધિત કક્ષામાં સમાવેશ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારે, જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમી લેયર (ઉન્નત વર્ગ)માં તેનો સમાવેશ થતો નથી, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.".

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,–

(૧) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) ભૂતપૂર્વ સૈનિકો (એક્સ–સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલીસ ડિવિઝન–૨–એ જાહેર કરેલી સંરક્ષણ સેવામાંની વ્યક્તિઓ/નિવૃત્ત સંરક્ષણ (સેવામાંની) વ્યક્તિઓએ, તેઓએ, અનુક્રમે જેમાં સેવા બજાવતા હોય અથવા નિવૃત્તિ પહેલાં જ સેવા બજવતા હતા તે સંબંધિત યુનિટના કમન્ડિંગ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૪) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવો:–

" (૫) આવી અનામત બેઠક પરનો પ્રવેશ, જેના દ્વારા પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તેવા સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પૃષ્ટિ આપીને તેની ખરાઇ કરવાને અધીન રહીને માન્ય ગણાશે.".

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૯ માં, પેટા–નિયમ (૧) માં, પરિચ્છેદ (ક) માં, અંતમાં નીચેનો ભાગ ઉમેરવો:–

" આ સંખ્યાધિક બેઠકો, જે કોલેજો અથવા સંસ્થાઓમાં ઓછામાં ઓછી ૩૦% મંજૂર થયેલી બેઠકો ભરવામાં આવી હોય, તેવી કોલેજો અથવા સંસ્થાઓમાંના જ અભ્યાસક્રમો માટે જ ઉપલભ્ય કરવામાં આવશે.".

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦ માં, પરિચ્છેદ (ક) માં, "બેચલર ઓફ આર્કિટેક્ચર" એ શબ્દોને બદલે, "બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન" એ શબ્દો મૂકવા.

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૧૧ માં,

(૧) પેટા–નિયમ (૧) માં,-

(ક) ખંડ (૨) માં, અંતમાં આવતો " અને " શબ્દને કમી કરવો;

(ખ) ખંડ (૩) પછી, નીચેનો ખંડ ઉમેરવો:–

"(૪) બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન. ";

(૨) પેટા–નિયમ (૨) માં, ખંડ (ક) માં, "બેચલર ઓફ આર્કિટેક્ચર અભ્યાસક્રમ" એ શબ્દોને બદલે, "બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન અભ્યાસક્રમો" એ શબ્દો મૂકવા;

(૩) પેટા–નિયમ (૩) માં, પરિચ્છેદ (૧) માં, "બેચલર ઓફ આર્કિટેક્ચર" એ શબ્દોને બદલે, " બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન" એ શબ્દો મૂકવા;

(૪) પેટા–નિયમ (૪) માં, ખંડ (ક) માં, પરિચ્છેદ (ક) માં, પેટા–પરિચ્છેદ (૧)માં, "બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ આર્કિટેક્ચર" એ શબ્દોને બદલે, "બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન" એ શબ્દો મૂકવા;

૧૨. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩ માં,-

(૧) પરિચ્છેદ (ક) માં,-

(ક) "બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેકનોલોજી અને બેચલર ઈન્ટિરિઅર ડિઝાઇન" એ શબ્દોને બદલે, " બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેકનોલોજી, બેચલર ઓફ ઈન્ટિરિઅર ડિઝાઇન અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઇન" એ શબ્દો મૂકવા;

(ખ) પેટા–નિયમ (૩) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

"(૩) પ્રવેશ સમિતિ મારફતે અથવા કોલેજ ખાતે અથવા સંસ્થાકીય સ્તરે, પ્રવેશની કોઇ સ્વરૂપમાં નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની નોંધણી (રજિસ્ટ્રેશન) ફી, વગેરેને લગતી એવી રકમની ચુકવણી કરવાની રહેશે.";

(૨) પરિચ્છેદ (ખ) માં, "શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે" એ શબ્દો અને આંકડા કમી કરવા.

૧૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪ માં, પેટા–નિયમ (૬) માં,-

(૧) " તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં" એ શબ્દોને બદલે, "તે જ કોલેજ અથવા સંસ્થામાં, તે જ અભ્યાસક્રમમાં અને તે જ પાળીમાં પ્રવેશ" એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક ઉમેરવો:–

" પરંતુ બિન– ટ્યુશન ફી માફી બેઠક (Non-TFW Seat) પર પ્રવેશ આપવામાં આવ્યો હોય અને સદરહુ બેઠક ઉપર પોતાના પ્રવેશની મંજૂર ન કર્યો હોય તેવો ઉમેદવાર, તે જ કોલેજ અથવા સંસ્થામાં, તે જ અભ્યાસક્રમમાં અને તે જ પાળીમાં ટ્યુશન ફી માફી (TFW) (યોજના હેઠળની) બેઠક પર પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણાશે." .

૧૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭ માં,–

(૧) પેટા–નિયમ (૧) માં,-

(ક) ખંડ (૩) માં, "બેચલર ઓફ આર્કિટેક્ચર અભ્યાસક્રમ" એ શબ્દોને બદલે, "બેચલર ઓફ આર્કિટેક્ચર અને બેચલર ઓફ આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર ડિઝાઇન અભ્યાસક્રમો" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

" (૭–ક) બિન–અનામત આર્થિક રીતે નબળા વર્ગો (UEWS)ના ઉમેદવાર માટેનું આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલ સત્તાધિકારીએ કાઢી આપેલું કક્ષા અંગેનું પ્રમાણપત્ર (Category Certificate),".

૧૫. સદરહુ નિયમોમાં, નિયમ ૨૦ માં, પેટા–કલમ (૨) ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

(૨)(ક) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા હોય તેવા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબ–સાઈટ દ્વારા અને પોતાને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકો અંગેની વિગતો અને ખાલી બેઠકો પર પ્રવેશ માટેની સૂચિ પ્રદર્શિત કરવી જોઇશે. જેઓ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં અગાઉથી હોય તેવા ઉમેદવારોએ, ખાલી રહેલી બેઠકોના તબક્કા માટે ભાગ લેવા પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સમયમર્યાદામાં ઓનલાઇન સંમતિ આપવી પડશે. અગાઉ નોંધાયેલા ન હોય તેવા પાત્ર (લાયક) ઉમેદવારોએ, પ્રવેશ સમિતિએ જાહેર કરેલ સૂચિ મુજબ ઓનલાઇન નોંધણી કરાવવી પડશે.

(ખ) નવા નોંધાયેલા હોય અથવા ખંડ (ક) મુજબ સંમતિ આપેલી હોય તેવા ઉમેદવારે, નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) પત્રક/સંમતિ પત્રની પ્રિન્ટ આઉટ મેળવવી પડશે અને ખાલી બેઠકો પર પ્રવેશ મેળવવા માટે પોતાની પસંદગીની બિનસહાયિત કોલેજ અથવા સંસ્થામાં જવું પડશે. સંબંધિત બિનસહાયિત કોલેજ અથવા સંસ્થાએ ઉમેદવારને પહોંચ આપવી જોઇશે.

(ગ) પોતાની સંમતિ આપેલી હોય અથવા નવા નોંધાયેલા હોય તેવા ઉમેદવારને, ફક્ત ખાલી બેઠકો માટેની પ્રવેશ કાર્યરીતિમાં ભાગ લેવાની પરવાનગી આપવી જોઇશે. સંબંધિત બિનસહાયિત કોલેજ અથવા સંસ્થા, નીચેના ક્રમમાં સામાન્ય આંતરિક ગુણવત્તા યાદી (Intra-se merit) તૈયાર કરીને અને પ્રવેશ સમિતિએ વખતોવખત

INDEX

બહાર પાડેલી માર્ગદર્શિકાઓ અનુસાર, સંમતિ પત્રક/નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) પત્ર રજૂ કરેલું હોય તેવા પાત્ર (લાયક) ઉમેદવારોમાંથી ખાલી બેઠકો ભરવાની પ્રક્રિયા કરશે:–

(૧) જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ;

(૨) જેમણે પૂરક પરીક્ષામાં, લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને નેશનલ એપ્ટિટયૂડ ટેસ્ટ ઇન આર્કિટેકચર (NATA) પરીક્ષા, માન્ય નેશનલ એપ્ટિટયૂડ ટેસ્ટ ઇન આર્કિટેકચર (NATA) ના ગુણ (સ્કોર) સાથે પાસ કરેલી હોય તેવા ઉમેદવારો;

(૩) ઉપરના પેટા–ખંડો (૧) અને (૨)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, કોઇ બેઠક ખાલી રહે, તો કોલેજ અથવા સંસ્થાએ આવી બેઠકો, નિયમ ૫–માં ઠરાવેલા લઘુત્તમ યોગ્યતા માપદંડ સાથે લાયકી પરીક્ષા પાસ કરેલી હોય પણ તમામ તબક્કા પૂર્ણ થયા પછી, ઓનલાઇન નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવેલ હોય, તેવા ઉમેદવારોથી તેવી બેઠક ભરવી જોઇશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

Amendment to the Bachelor of Pharmacy and Diploma in Pharmacy (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

બેચલર ઓફ ફાર્મસી અને ડિપ્લોમા ઇન ફાર્મસી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંકઃ જીએચ/એસએચ/૩૪/૨૦૧૩/પીવીએસ/૧૦૨૦૧૩/૨૮૦/એસઃ–ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨ જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બેચલર ઓફ ફાર્મસી અને ડિપ્લોમા ઇન ફાર્મસી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો બેચલર ઓફ ફાર્મસી અને ડિપ્લોમા ઇન ફાર્મસી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. બેચલર ઓફ ફાર્મસી અને ડિપ્લોમા ઇન ફાર્મસી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨–માં, પેટા–નિયમ (૧)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

" (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) ''અધિનિયમ" એટલે ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮નો ગુજરાતનો ૨ જો);

(ખ) આ નિયમોના હેતુ માટે ''પ્રવેશ" એટલે બેચલર ઓફ ફાર્મસી અને ડિપ્લોમા ઇન ફાર્મસી અભ્યાસક્રમોમાં ઉમેદવારોનો પ્રવેશ;

(ગ) "પ્રવેશ સમિતિ" એટલે શિક્ષણ વિભાગના તારીખ: ૫–મી મે, ૨૦૦૮ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/ એસએચ/ ૭/ ૨૦૦૮/પીવીએસ–૧૦૨૦૦૩–૬૩૯–એસ. હેઠળ, અધિનિયમની કલમ ૪ હેઠળ રાજ્ય સરકારે રચેલી વ્યાવસાયિક અભ્યાસક્રમો (Professional Courses) માટેની પ્રવેશ સમિતિ;

(ઘ) '' ગુજરાત બોર્ડ" એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૩ હેઠળ સ્થપાયેલું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ;

(ચ) ''ગુજરાત સામાન્ય પ્રવેશ કસોટી (ગુજકેટ/ GUJCET)" એટલે વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુ માટે, ગુજરાત બોર્ડે યોજેલી સામાન્ય પ્રવેશ કસોટી;

(છ) ''સહાય કેન્દ્ર" એટલે ઓફ–કેમ્પસ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે, ઉમેદવારોની સુગમતા માટે પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરેલું કેન્દ્ર.

(જ) ''જી (JEE) (મુખ્ય)" એટલે વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુ માટે જેઈઈ (JEE) એપેક્ષ બોર્ડ (જેએબી), નવી દિલ્હી–એ યોજેલી 'સંયુકત પ્રવેશ પરીક્ષા (ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમ) ;

(ઝ) "કક્ષા (લેવલ)" એટલે રાજ્યમાંની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં ફાર્મસી અને ડિપ્લોમામાં પૂર્વસ્નાતક કાર્યક્રમ (અન્ડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ);

(ટ) ''નીટ (NEET)" એટલે એમ.બી.બી.એસ. (MBBS) અને બી.ડી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશના હેતુ માટે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ, નવી દિલ્હી–એ યોજેલી નેશનલ એલિજિબિલિટી–કમ–એન્ટ્રન્સ ટેસ્ટ (NEET);

(ઠ) ''પર્સન્ટાઈલ ગુણ" એટલે (ઉમેદવારોના)/ સંબંધિત બોર્ડમાં ઉપસ્થિત રહ્યા હોય તેવા અને તત્સમાન શૈક્ષણિક વર્ષના જી (JEE) (મુખ્ય) / નીટ (NEET)/ ગુજકેટ (GUJCET) માં ઉપસ્થિત રહ્યા હોય તેવા વિદ્યાર્થીઓની કુલ સંખ્યાને ધ્યાનમાં લઈને, ઉમેદવારે મેળવેલા પર્સન્ટાઈલ ગુણ (આંક);

(ડ) આ નિયમોના હેતુઓ માટે, ''ફાર્મસી અભ્યાસક્રમ" એટલે રાજ્યની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાંના બેચલર ઓફ ફાર્મસી અને ડિપ્લોમા ઈન ફાર્મસી અભ્યાસક્રમો;

(ઢ) ''લાયકી પરીક્ષા" એટલે વિજ્ઞાન પ્રવાહમાં પાસ કરેલી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૨, ૧૦ + ૨ માળખું) અથવા તેને સમકક્ષ પરીક્ષા;

(ત) "મંજૂર કરેલી પ્રવેશ–સંખ્યા" એટલે નોંધણી અથવા વૈધાનિક મંડળ અને/અથવા માન્ય યુનિવર્સિટીએ મંજૂર કરેલી પ્રવેશ–સંખ્યા;

(થ) ''સંખ્યાધિક બેઠકો"નો અધિનિયમની કલમ ૨–ના ખંડ (ઢઢ)માં તેનો જે અર્થ આપ્યો છે તે થશે;

(દ) ''વેબસાઈટ" એટલે ઓફ–કેમ્પસ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટેની પ્રવેશ સમિતિની સત્તાવાર વેબસાઈટ.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં,–

(૧) પેટા–નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:–

"(ઘ) બિન–અનામત આર્થિક રીતે નબળા વર્ગો :૧૦%";

(૨) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવતા ઈચ્છતા ઉમેદવારે, સંબંધિત કક્ષામાં સમાવેશ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારે, જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમી લેયર (ઉન્નત વર્ગ)માં તેનો સમાવેશ થતો નથી, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,–

(૧) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) ભૂતપૂર્વ સૈનિકો (એકસ–સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્યએ અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલીસ ડિવિઝન–૨–એ જાહેર કરેલી સંરક્ષણ સેવામાંની વ્યક્તિઓ/નિવૃત્ત સંરક્ષણ (સેવામાંની) વ્યક્તિઓએ, તેઓએ, અનુક્રમે જેમાં સેવા બજાવતા હોય અથવા નિવૃત્તિ પહેલાં જ સેવા બજવતા હતા તે સંબંધિત યુનિટના કમાન્ડિંગ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૪) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવો:–

''(૫) આવી અનામત બેઠક પરનો પ્રવેશ, જેના દ્વારા પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તેવા સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પૃષ્ટિ આપીને તેની ખરાઇને અધીન રહીને માન્ય ગણાશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, પેટા–નિયમ (૨)માં, ખંડ (૨)માં, અંતમાં નીચેનો ભાગ ઉમેરવો:–

" આ સંખ્યાધિક બેઠકો, જે કોલેજો અથવા સંસ્થાઓમાં ઓછામાં ઓછી ૩૦% મંજૂર થયેલી બેઠકો ભરવામાં આવી હોય, તેવી કોલેજો અથવા સંસ્થાઓમાંના જ અભ્યાસક્રમો માટે જ ઉપલભ્ય કરવામાં આવશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા–નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૩) પ્રવેશ સમિતિ મારફતે અથવા કોલેજ ખાતે અથવા સંસ્થાકીય સ્તરે, પ્રવેશની કોઇ સ્વરૂપમાં નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની નોંધણી (રજિસ્ટ્રેશન) ફી વગેરે–ને લગતી તેટલી રકમની ચુકવણી કરવાની રહેશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં, પેટા–નિયમ (૬)માં,-

(૧) " તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં પ્રવેશ" એ શબ્દોને બદલે, "તે જ કોલેજ અથવા સંસ્થામાં, તે જ અભ્યાસક્રમમાં અને તે જ પાળીમાં પ્રવેશ" એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક ઉમેરવો:–

"પરંતુ બિન– ટ્યુશન ફી માફી બેઠક (Non-TFW Seat) પ્રવેશ આપવામાં આવ્યો હોય અને સદરહુ બેઠક ઉપર પોતાનો પ્રવેશ મંજૂર ન કર્યો હોય તેવો ઉમેદવાર, તે જ કોલેજ અથવા સંસ્થામાં, તે જ અભ્યાસક્રમમાં અને તે જ પાળીમાં ટ્યુશન ફી માફી (TFW) (યોજના હેઠળની) બેઠક પર પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણાશે. ".

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬માં, ખંડ (૫) પછી, નીચેનો દાખલ કરવો:–

"(૫–ક) બિન–અનામત આર્થિક રીતે નબળા વર્ગો (UEWS)ના ઉમેદવાર માટેનું આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલ સત્તાધિકારીએ કાઢી આપેલું કક્ષા અંગેનું પ્રમાણપત્ર (Category Certificate),".

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૧૯માં, પેટા–કલમ (૨) ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

(૨)(ક) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા હોય તેવા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબ–સાઈટ દ્વારા અને પોતાને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકો અંગેની વિગતો અને ખાલી બેઠકો પર પ્રવેશ માટેની સૂચિ પ્રદર્શિત કરવી જોઇશે. જેઓ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં અગાઉથી હોય તેવા ઉમેદવારોએ, ખાલી રહેલી બેઠકોના તબક્કા માટે ભાગ લેવા પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સમયમર્યાદામાં ઓનલાઇન સંમતિ આપવી પડશે. અગાઉ નોંધાયેલા ન હોય તેવા પાત્ર (લાયક) ઉમેદવારોએ, પ્રવેશ સમિતિએ જાહેર કરેલ સૂચિ મુજબ ઓનલાઇન નોંધણી કરાવવી પડશે.

(ખ) નવા નોંધાયેલા હોય અથવા ખંડ (ક) મુજબ સંમતિ આપેલી હોય તેવા ઉમેદવારે, નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) પત્ર/સંમતિ પત્રની પ્રિન્ટ આઉટ મેળવવી પડશે અને ખાલી બેઠકો પર પ્રવેશ મેળવવા માટે પોતાની પસંદગીની બિનસહાયિત કોલેજ અથવા સંસ્થામાં જવું પડશે. સંબંધિત બિનસહાયિત કોલેજ અથવા સંસ્થાએ ઉમેદવારને પહોંચ આપવી જોઇશે.

(૭) પોતાની સંમતિ આપેલી હોય અથવા નવા નોંધાયેલા હોય તેવા ઉમેદવારને, ફક્ત ખાલી બેઠકો માટેની પ્રવેશ કાર્યરીતિમાં ભાગ લેવાની પરવાનગી આપવી જોઇશે. સંબંધિત બિનસહાયિત કોલેજ અથવા સંસ્થા, નીચેના ક્રમમાં સામાન્ય આંતરિક ગુણવત્તા યાદી (Intra-se merit) તૈયાર કરીને અને પ્રવેશ સમિતિએ વખતોવખત બહાર પાડેલી માર્ગદર્શિકાઓ અનુસાર, સંમતિ પત્ર/નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) રજૂ કરેલું હોય તેવા પાત્ર (લાયક) ઉમેદવારોમાંથી ખાલી બેઠકો ભરવાની પ્રક્રિયા કરશે:–

(૧) જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ;

(૨) ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને તત્સમાન વર્ષની જી (JEE) (મુખ્ય) / ગુજકેટ (GUJCET)/ નીટ (NEET)ની પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય અને ખાલી બેઠક ઉપર પ્રવેશ માટે નવેસરથી નોંધણી કરાવેલી હોય, તેવા ઉમેદવારોના નામ;

(૩) મૂળ ગુજરાતના ઉમેદવારોને અગ્રતા આપીને, જેમણે ગુજરાત રાજ્ય બહારથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને તત્સમાન શૈક્ષણિક વર્ષમાં યોજાયેલી જી (JEE) (મુખ્ય) / ગુજકેટ (GUJCET)/ નીટ (NEET)ની પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય તેવા ઉમેદવારોના નામ;

(૪) ઉપરના પેટા–ખંડો (૧), (૨) અને (૩)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, બેઠકો ખાલી રહે, તો કોલેજ અથવા સંસ્થાએ, ડિપ્લોમા ફાર્મસી અથવા વિજ્ઞાનનો પદવી અભ્યાસક્રમ પાસ કરેલ હોય તેવા પાત્ર ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવી જોઇશે અને ગુણવત્તાના આધારે પ્રવેશ આપવો જોઇશે. છેલ્લા વર્ષમાં મેળવેલા ગુણના આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે. આવા ઉમેદવાર, માત્ર ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે પાત્ર થશે.

(૫) ઉપરના પેટા–ખંડો (૧) થી (૪)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, બેઠકો ખાલી રહે, તો કોલેજ અથવા સંસ્થાએ આવી બેઠકો, નિયમ ૫–માં ઠરાવેલા લઘુત્તમ યોગ્યતા માપદંડ સાથે લાયકી પરીક્ષા પાસ કરેલી હોય પણ જી (JEE) (મુખ્ય) / ગુજકેટ (GUJCET)/ નીટ (NEET)ની પરીક્ષામાં અથવા કોઇ પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ ન હોય તેવા ઉમેદવારોથી તેવી બેઠકો ભરવી જોઇશે. લાયકી પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર અથવા જીવવિજ્ઞાનમાં થિયરીમાં મેળવેલા ગુણને આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે. ".

૧૦. સદરહુ નિયમોમાં, " એઆઇપીએમટી (AIPMT)" એ શબ્દો, અક્ષરો અને કૌંસ જ્યાં આવે છે, ત્યાં ત્યાં તેને બદલે, "નીટ (NEET)" એ શબ્દો, અક્ષરો અને કૌંસ મૂકવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

The Master of Planning Course (Regulation of Admission and Payment of Fees) Rules, 2016.

માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી)

નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૧મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક: જીએચ/ એસએચ/ ૪૨/ ૨૦૧૫/ પીવીએસ/ ૧૦૨૦૧૫/ ૧૬૧/ એસ:- ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની

INDEX

કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમ-માં પ્રથમ વર્ષમાં પ્રવેશ અને ફીની ચુકવણીનું નિયમન કરવા માટે, નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-**

(૧) આ નિયમો માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અધિનિયમ'' એટલે ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮નો ગુજરાતનો ૨જો);

(ખ) આ નિયમોના હેતુ માટે ''પ્રવેશ'' એટલે માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં ઉમેદવારોનો પ્રવેશ;

(ગ) આ નિયમોના હેતુ માટે ''પ્રવેશ સમિતિ'' એટલે શિક્ષણ વિભાગના તારીખઃ ૫મી મે, ૨૦૦૮ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૭/ પીવીએસ-૧૦૨૦૦૩ - ૬૩૯ - એસ. હેઠળ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુ માટે રાજ્ય સરકારે રચેલી વ્યાવસાયિક અભ્યાસક્રમો માટેની પ્રવેશ સમિતિ;

(ઘ) ''એઆઈસીટીઈ (AICTE)'' એટલે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન અધિનિયમ, ૧૯૮૭ (સન ૧૯૮૭ના પરમા)ની કલમ ૩ હેઠળ રચાયેલું ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, એક વૈધાનિક મંડળ;

(ચ) ''પરિશિષ્ટ ૧'' એટલે આ નિયમોની સાથે જોડેલું પરિશિષ્ટ ૧;

(છ) ''સામાન્ય પ્રવેશ કસોટી (CET)'' એટલે રાજ્યમાંની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમમાં પ્રવેશના હેતુ માટે, ઉમેદવારોની ગુણવત્તા નકકી કરવા માટે, પ્રવેશ સમિતિ દ્વારા યોજાતી પ્રવેશ કસોટી;

(જ) ''સહાય કેન્દ્રો'' એટલે ઓફ-કેમ્પસ ઓન-લાઈન પ્રવેશ પ્રક્રિયા માટે ઉમેદવારોની સુગમતા માટે પ્રવેશ સમિતિએ જાહેર કરેલું કેન્દ્ર;

(ઝ) ''લાયકી પરીક્ષા'' એટલે નીચે જણાવેલી સ્નાતકની પદવી-

(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી મેળવેલી, અથવા

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬ના ૩જા)ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી કોઈપણ સંસ્થામાંથી મેળવેલી-

૧. બેચલર ઓફ આર્કિટેક્ચર, અથવા

૨. બી.ઈ. / બી.ટેક. (સિવિલ એન્જિનિયરીંગ), અથવા

૩. બેચલર ઓફ પ્લાનિંગ, અથવા

૪. ભૂગોળ અથવા અર્થશાસ્ત્ર અથવા સમાજશાસ્ત્રમાં અનુસ્નાતક-ની પદવી;

(૩) સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ બીજી કોઈ લાયકાત.

(ટ) ''પ્રયોજિત ઉમેદવાર'' એટલે સરકારી એન્જિનિયરીંગ કોલેજ, સરકારી પોલિટેકનિક, સહાયક અનુદાન મેળવતી વ્યાવસાયિક ટેકનિકલ કોલેજ અથવા સંસ્થા, બિન-સહાયિત કોલેજ અથવા સંસ્થા, સંશોધન અને વિકાસ સંગઠન અથવા ઉદ્યોગમાં સેવા બજાવતો હોય અને એઆઈસીટીઈ (AICTE)ની વિદ્યમાન યોજના

INDEX

હેઠળ માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમ માટે પ્રયોજિત થયેલ હોય અથવા પ્રતિનિયુક્ત થયેલ હોય તેવો ઉમેદવાર;

(ઠ) ''યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી)'' એટલે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬ના ઉજા)ની કલમ ૪ હેઠળ રચાયેલું યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, એક વૈધાનિક મંડળ;

(ડ) ''વેબસાઈટ'' એટલે ઓફ-કેમ્પસ ઓન-લાઈન પ્રવેશ પ્રક્રિયા યોજવા માટેની પ્રવેશ સમિતિની સત્તાવાર વેબસાઈટ.

(૨) આ નિયમોમાં વપરાયેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, અધિનિયમમાં તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

૩. ***માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમમાં પ્રવેશ:-*** (૧) માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં, પ્રવેશ, નીચે પ્રમાણે આપવામાં આવશે:-

(ક) તમામ સરકારી બેઠકો પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીના આધારે ભરવામાં આવશે.

(ખ) સંચાલક મંડળની તમામ બેઠકો, સંબંધિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાના સંચાલક મંડળ દ્વારા, પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાં જેના નામ હોય તેવા વિદ્યાર્થીઓની આંતરિક ગુણવત્તા યાદીના આધારે ભરવામાં આવશે.

(૨) પ્રવેશ સમિતિએ, વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાંના માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમમાં ઉમેદવારોના પ્રવેશની સંપૂર્ણ પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવું જોઈશે, દેખરેખ રાખવી જોઈશે અને તેના પર નિયંત્રણ રાખવું જોઈશે.

૪. ***પ્રવેશ માટે ઉપલબ્ય બેઠકો:-*** (૧) માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશના હેતુ માટે, ઉપલબ્ય બેઠકોમાં નીચેનાનો સમાવેશ થશે,-

ક. **સરકારી બેઠકો.-**

(૧) રાજ્યની, સરકારી કોલેજો અથવા સંસ્થાઓમાંની માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી તમામ બેઠકો,

(૨) સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી તમામ બેઠકો,

(૩) બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી બેઠકોની પંચોતેર ટકા બેઠકો, અને

(૪) સરકારી કોલેજો અથવા સંસ્થાઓ અને સહાયિત અને બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની તમામ સંખ્યાધિક બેઠકો.

ખ. **સંચાલક મંડળની બેઠકો.-**

(૧) પંદર ટકા બિન-નિવાસી ભારતીયોની બેઠકો સહિત, બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી બેઠકોની પચીસ ટકા બેઠકો,

(૨) પ્રથમ પરામર્શ કાર્યક્રમના આરંભના ત્રણ દિવસ અગાઉ પ્રવેશ સમિતિને બેઠકોની મંજૂરીના સંબંધમાં થયેલી જાણ, ઉપલબ્ય બેઠકો તરીકે ગણાશે, અને

(૩) પ્રથમ પરામર્શ કાર્યક્રમના આરંભના ત્રણ દિવસ અગાઉ, કોઈ બિન-સહાયિત કોલેજ અથવા સંસ્થા, સંચાલક મંડળની બેઠકો, પ્રવેશ સમિતિ દ્વારા ભરવા માટે વિનંતી કરે, તો સંચાલક મંડળની તેવી બેઠકો પણ પ્રવેશ આપવા માટે ઉપલબ્ય બેઠકો તરીકે ગણાશે.

૫. ***પ્રવેશ માટે યોગ્યતા.-*** (૧) પ્રવેશના હેતુ માટે, ઉમેદવાર, પ્રવેશ સમિતિએ યોજેલી સામાન્ય પ્રવેશ કસોટી (CET)માં ઉપસ્થિત રહેલો હોવો જોઈશે.

(૨) પ્રવેશના હેતુ માટે, ઉમેદવારે, પરિશિષ્ટના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની લાયકી પરીક્ષામાં ૫૦% (અનુસૂચિત જાતિ (એસ.સી.)/અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)qસામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (એસ.ઈ.બી.સી)ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે લાયકી પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે, અને

(૩) પ્રયોજિત ઉમેદવારે,-

(ક) પરિશિષ્ટના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની લાયકી પરીક્ષામાં ૫૦% (અનુસૂચિત જાતિ (એસ.સી.) / અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.) / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (એસ.ઈ.બી.સી)ના ઉમેદવારો માટે ૪૫%) ગુણ સાથે લાયકી પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે, અને

(ખ) પ્રવેશ માટેની અરજી જે વર્ષમાં કરવામાં આવી હોય તે વર્ષના જુલાઈ મહિનાની ૧લી તારીખ સુધીમાં લાયકી પરીક્ષા પાસ કર્યા પછી, ઉમેદવાર જે સંબંધિત ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તે શૈક્ષણિક, ઔદ્યોગિક અથવા સંશોધન સંગઠનમાં પૂર્ણકાલિક (પૂરા સમયનો) કામ કરવાનો ઓછામાં ઓછો બે વર્ષનો કામકાજનો અનુભવ ધરાવતો હોવો જોઈશે.

૬. *બેઠકોની અનામત.-*

(૧) પ્રવેશના હેતુ માટે, મૂળ ગુજરાતના અને નીચેની કક્ષા હેઠળ આવતા ઉમેદવારો માટે નીચે જણાવેલ પ્રમાણમાં બેઠકો અનામત રાખવામાં આવશે:-

(ક)	અનુસૂચિત જાતિ	:	૭%
(ખ)	અનુસૂચિત આદિજાતિ	:	૧૫%
(ગ)	કોઈપણ જાતિની વિધવાઓ અને અનાથ સહિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ	:	૨૭%
(ઘ)	બિન-અનામત આર્થિક રીતે નબળા વર્ગો	:	૧૦%

(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે સંબંધિત કક્ષામાં સમાવેશ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે, જાતિના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમી-લેયર (ઉન્નત વર્ગ)માં તેનો સમાવેશ નથી થતો તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

(૩) ગુજરાત સરકારે, આ અર્થે સત્તા આપેલા સત્તાધિકારી દ્વારા કાઢી આપવામાં આવેલ હોય અને યોગ્ય સ્ટેમ્પ લગાવીને સહી કરેલ હોય તે સિવાય, જાતિનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ.

(૪) ગુજરાત સરકારે, આ અર્થે સત્તા આપેલા સત્તાધિકારી દ્વારા કાઢી આપવામાં આવેલ હોય અને તેના પર યોગ્ય સ્ટેમ્પ લગાવીને સહી કરવામાં આવી હોય તે સિવાય ક્રિમી લેયર (ઉન્નત વર્ગ)માં સમાવેશ થતો નથી તે અંગેનું કોઈ પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ. આવું પ્રમાણપત્ર, ઉમેદવાર જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તે વર્ષના એપ્રિલ મહિનાની ૧લી તારીખના રોજ અથવા તે પછી કાઢી આપેલું હોવું જોઈશે.

(૫) ઉમેદવાર નિયત સમયની અંદર પેટા-નિયમ (૨) હેઠળ ફરમાવ્યા પ્રમાણેના પ્રમાણપત્રો રજૂ ન કરે, તો તેની ઉમેદવારી પ્રવેશ માટે, બિન-અનામત કક્ષા હેઠળ વિચારણામાં લેવામાં આવશે.

(૬) અનામત કક્ષાનો ઉમેદવાર, ગુણવત્તા ક્રમમાં બિન-અનામત બેઠક પર પ્રવેશ મેળવે, તો તેને તેની પસંદગી અનુસાર બિન-અનામત બેઠક પર પ્રવેશ આપવામાં આવશે.

(૭) અનામત બેઠક પરના અનામત વર્ગના ઉમેદવારનો પ્રવેશ, રાજ્ય સરકારે આ અર્થે સત્તા આપેલા સત્તાધિકારી દ્વારા તેને કાઢી આપવામાં આવેલ જાતિના પ્રમાણપત્રની ખરાઈને અધીન રહીને માન્ય ગણવામાં આવશે. જાતિના પ્રમાણપત્રની ખરાઈ કર્યે તે અમાન્ય માલૂમ પડે તે કિસ્સામાં, તેને અનામત બેઠક પર પ્રવેશ મેળવવાનો દાવો કરવાનો અધિકાર રહેશે નહિ અને તેને અગાઉથી જ પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય, તો આવો પ્રવેશ રદ કરવામાં આવશે. બિન-અનામત

કક્ષાની ખાલી બેઠકોની ઉપલભ્યતાના કિસ્સામાં, ગુણવત્તા અંગેની પાત્રતા અંગેની શરતને અધીન રહીને, આવા ઉમેદવારનો પ્રવેશ ચાલુ રાખી શકાશે.

(૮) સંબંધિત અનામત બેઠકો પર અનામત કક્ષાના તમામ ઉમેદવારોને પ્રવેશ આપ્યા પછી, અનામત કક્ષાની બાકી રહેલી ખાલી બેઠકો, બિન-અનામત કક્ષાની બેઠકોમાં તબદીલ થશે.

૭. ***પ્રયોજિત ઉમેદવારો માટે અનામત.***-

(૧) વખતોવખત બહાર પાડવામાં આવેલી એઆઈસીટીઈ (AICTE)ની માર્ગદર્શિકા અનુસાર, પ્રયોજિત ઉમેદવાર માટે બેઠકો અનામત રાખવામાં આવશે.

(૨) અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારે, પ્રયોજક પત્ર (sponsorship letter) રજૂ કરવાનો રહેશે.

(૩) સરકાર નક્કી કરે તેવા સત્તાધિકારીએ યોગ્ય રીતે સ્ટેમ્પ લગાવીને સહી કરેલ હોય અને કાઢી આપેલ હોય તે સિવાય, કોઈપણ પ્રયોજક પત્ર માન્ય ગણાશે નહિ.

(૪) પ્રયોજિત ઉમેદવારોની કક્ષાની બાકી રહેલી ખાલી બેઠકો, બિન-અનામત કક્ષાના ઉમેદવારોની ગુણવત્તા યાદીમાંથી ભરવામાં આવશે.

૮. ***શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે અનામત.***- શારીરિક અશકત વ્યકિત (સમાન તક, અધિકાર સંરક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) અધિનિયમ, ૧૯૯૫ (સન ૧૯૯૬ના ૧લા)ની જોગવાઈઓ અનુસાર દરેક કક્ષાની ઉપલભ્ય બેઠકો પૈકીની ત્રણ ટકા બેઠકો, સંબંધિત અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી શકે તેવી અશકતતા ધરાવતી વ્યકિતઓ માટે અનામત રહેશે. અશકતતા ધરાવતા ઉમેદવારે, સિવિલ સર્જન દ્વારા કાઢી આપવામાં આવેલું અને યોગ્ય રીતે સહી કરેલું અશકતતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

સ્પષ્ટીકરણ.- ''અશકત વ્યકિત'' એટલે સક્ષમ તબીબી સત્તાધિકારીએ પ્રમાણિત કર્યા પ્રમાણે કોઈપણ જાતની અશકતતાના ચાલીસ ટકા કરતાં ઓછા નહિ તેટલા પ્રમાણમાં પીડાતી (અશક્તતા ધરાવતી) વ્યકિત.

૯. **સંરક્ષણ દળોના કર્મચારીઓ અને ભૂતપૂર્વ સૈનિકોના બાળકો માટે અનામત.**-

(૧) ઉપલભ્ય બેઠકો પૈકી એક ટકા બેઠકો, સંરક્ષણ દળોના કર્મચારીઓ અને ભૂતપૂર્વ સૈનિકોના બાળકોના પ્રવેશ માટે અનામત રાખવામાં આવશે.

(૨) ભૂતપૂર્વ સૈનિકો (એકસ-સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલીસ ડિવિઝન-૨-એ જાહેર કરેલી સંરક્ષણ સેવામાંની વ્યકિતઓ/નિવૃત્ત સંરક્ષણ (સેવામાંની) વ્યકિતઓએ, તેઓએ, અનુક્રમે જેમાં સેવા બજાવતા હોય અથવા નિવૃત્તિ પહેલાં જ સેવા બજવતા હતા તે સંબંધિત યુનિટના કમન્ડિંગ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૩) સંરક્ષણ દળોના કર્મચારીઓ અને ભૂતપૂર્વ સૈનિકોની કક્ષાની ખાલી રહેતી બેઠકો, બિન-અનામત કક્ષાના ઉમેદવારોની ગુણવત્તા યાદીમાંથી ભરવામાં આવશે.

(૪) આવી અનામત બેઠક પરનો પ્રવેશ, જેના દ્વારા પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તેવા સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પુષ્ટિ (બહાલી) આપીને તેની ખરાઈ કરવાને અધીન રહીને માન્ય ગણાશે.

૧૦. ***બેઠકોની વહેંચણી.***- પ્રવેશના હેતુ માટે, બેઠકોની વહેંચણી નીચે મુજબ કરવામાં આવશેઃ-

ક. **સરકારી બેઠકો.**-

(૧) નિયમ ૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, અભ્યાકમની મંજૂર થયેલી તમામ સરકારી બેઠકોની પંચાણું ટકા બેઠકો,-

(ક) ગુજરાત રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઈપણમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, અથવા

(ખ) ગુજરાત રાજ્યમાં આવેલી શાળાઓ પૈકી કોઈપણમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૨ (૧૦ + ૨) માળખું) પાસ કરેલી હોય,

તેવા ઉમેદવારોથી ભરવી જોઈશે.

(૨) માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાક્રમની મંજૂર થયેલી તમામ સરકારી બેઠકોની પાંચ ટકા બેઠકો,-

(ક) ગુજરાત રાજ્યની બહાર આવેલી યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઈપણમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, અને

(ખ) ગુજરાત રાજ્યની બહાર આવેલી શાળાઓ પૈકી કોઈપણમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૨ (૧૦ + ૨) માળખું) પાસ કરેલી હોય,

તેવા ઉમેદવારોથી ભરવી જોઈશે.

(૩) પેટા-નિયમ (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પેટા-નિયમ (૨) હેઠળ આવતા ઉમેદવારોથી ભરવાની થતી હોય તેવી કોઈ બેઠક ખાલી રહે, તો આવી ખાલી રહેલી બેઠક પેટા-નિયમ (૧) હેઠળ આવતા ઉમેદવારોને આપવી જોઈશે અને તેવા ઉમેદવારોથી ભરવી જોઈશે અને તેવી જ રીતે, પેટા-નિયમ (૧) હેઠળ આવતા ઉમેદવારોથી ભરવાની થતી હોય તેવી કોઈ બેઠક ખાલી રહે, તો આવી ખાલી બેઠક પેટા-નિયમ (૨) હેઠળ આવતા ઉમેદવારોને આપવી જોઈશે અને તેવા ઉમેદવારોથી ભરવી જોઈશે.

ખ. **સંચાલક મંડળની બેઠકો.**- નિયમ ૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંના માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી કુલ બેઠકોની સંચાલક મંડળની પચીસ ટકા બેઠકોમાંથી, માસ્ટર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી કુલ બેઠકોની દસ ટકા બેઠકો,-

(ક) ગુજરાત રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઈપણમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, અથવા

(ખ) ગુજરાત રાજ્યમાં આવેલી શાળાઓ પૈકી કોઈપણમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૨ (૧૦ + ૨) માળખું) પાસ કરેલી હોય,

તેવા ઉમેદવારોથી ભરવી જોઈશે.

૧૧. ***સંખ્યાધિક બેઠકો.***- સંખ્યાધિક બેઠકો, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE), નવી દિલ્હી અને માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના આદેશો અનુસાર ભરવી જોઈશે.

૧૨. ***ગુણવત્તા યાદી તૈયાર કરવા બાબત.***- પ્રવેશ સમિતિએ, આ નિયમો હેઠળ જેમણે ઠરાવેલા નમૂનામાં, ઠરાવેલી સમયમર્યાદાની અંદર, પ્રવેશ માટે અરજી કરેલી હોય તેવા અને જેઓ પ્રવેશ માટે લાયક જણાય તેવા ઉમેદવારોની, નીચે જણાવેલી રીતે, ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઈશે અને પ્રસિદ્ધ કરવી જોઈશે:-

(૧) (ક) ગુણવત્તા યાદીમાં, નિયમ ૫ (પાંચ) હેઠળ પ્રવેશ માટે લાયક હોય તેવા ઉમેદવારોનો સમાવેશ થશે અને આવા ઉમેદવારોએ સંબંધિત વર્ષમાં પ્રવેશ સમિતિએ યોજેલી સામાન્ય પ્રવેશ કસોટી (CET)માં મેળવેલા ગુણને આધારે, ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઈશે;

(ખ) અનામત કક્ષાના ઉમેદવારોની ગુણવત્તા યાદી અલગથી તૈયાર કરવી જોઈશે.

(૨) સમાન ગુણવત્તા ગુણ ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં, ગુણવત્તા ક્રમ નક્કી કરવા માટેનો માપદંડ નીચેના ક્રમમાં રહેશે:-

(ક) લાયકી પરીક્ષામાં મેળવેલા ગુણની ટકાવારી,

(ખ) જન્મ તારીખ (ઉંમરમાં વધુ (મોટા) હોય તેવા ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે).

૧૩. **ગુણ સુધારવા બાબત.**– લાયકી પરીક્ષામાં ઉમેદવારના ગુણમાં ફેરફાર હોય તેવા કિસ્સામાં, એવા ઉમેદવારે, સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલ તે મતલબનો પત્ર અથવા સંસ્થા/યુનિવર્સિટીએ કાઢી આપેલું સુધારેલું ગુણપત્રક, પ્રવેશ પ્રક્રિયા (પરામર્શ કાર્યક્રમ) શરૂ થવાના ઓછામાં ઓછા એક દિવસ પહેલાં પરંતુ પત્ર અથવા યથાપ્રસંગ, સુધારેલું ગુણપત્રક મળ્યાના સાત દિવસથી પછી નહિ તેટલા સમયમાં પ્રવેશ સમિતિ સમક્ષ રજૂ કરવું જોઇશે. આવા કિસ્સામાં, તેને ગુણવત્તા યાદીમાં યોગ્ય ક્રમમાં મૂકવો જોઇશે.

૧૪. **પ્રવેશ માટે નોંધણી(રજિસ્ટ્રેશન) કરાવવા બાબત.–**

(૧) પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે, તેની ઉમેદવારીની નોંધણી (રજિસ્ટ્રેશન) માટે, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર, વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરવી જોઇશે.

(૨) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબસાઈટ ઉપર અને તેને (સમિતિને) અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવવાની તારીખ, સહાય કેન્દ્રોની યાદી, નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) રજૂ કરવાની છેલ્લી તારીખ, આપવામાં આવતા અભ્યાસક્રમો અને આ અર્થે જરૂરી હોય તેવી અન્ય માહિતી પ્રસિદ્ધ કરવી જોઇશે.

(૩) પ્રવેશ સમિતિ મારફતે અથવા કોલેજ ખાતે અથવા સંસ્થાકીય સ્તરે, પ્રવેશની કોઇ સ્વરૂપમાં નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની નોંધણી (રજિસ્ટ્રેશન) ફી, વગેરેને લગતી એવી રકમની ચુકવણી કરવાની રહેશે.";

(૪) ઉમેદવારે એક કરતાં વધુ વખત નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવેલ હોય ત્યારે છેલ્લા તબક્કે કરેલી નોંધણી (રજિસ્ટ્રેશન) ને પ્રવેશના હેતુ માટે વિચારણામાં લેવામાં આવશે અને બાકીની નોંધણી (રજિસ્ટ્રેશન) રદ થયેલી ગણાશે.

(૫) ઉમેદવારે નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રની પ્રિન્ટ–આઉટ મેળવવાની રહેશે અને તેની નકલ પર સહી કરવી જોઇશે અને નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જરૂરી પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવાઓની સ્વ–પ્રમાણિત નકલો સહિત તે (નોંધણીપત્ર) સહાય કેન્દ્ર ખાતે રજૂ કરવું જોઇશે. ઉમેદવારે,પ્રવેશ સમિતિ નિર્દિષ્ટ કરે તેટલી સમય–મર્યાદાની અંદર, સહાય કેન્દ્ર ખાતે, નોંધણી (રજિસ્ટ્રેશન) પત્ર સાથે જોડેલા અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજોના પુરાવા, ખરાઈ માટે, રજૂ કરવા પડશે. પ્રવેશ સમિતિએ અધિકૃત કરેલી વ્યક્તિએ તે માટેની સ્વીકૃતિની પહોંચ આપવી જોઇશે.

(૬) પુરસ્કૃત ઉમેદવારની અરજી પુરસ્કૃત સત્તાધિકારી દ્વારા ઉમેદવારને અપાયેલા પુરસ્કાર પત્ર સાથે રજૂ કરવી જોઇશે. ઉમેદવાર, અગાઉથી અરજીની એક નકલ પ્રવેશ સમિતિને રજૂ કરી શકશે.

(૭) સહાય કેન્દ્ર, પોતાને જરૂરી જણાય તેવા કોઇપણ અસલ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજના પુરાવા પ્રવેશ - પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી પોતાની પાસે રાખી શકશે અને તેની પહોંચ આપી શકશે. આવા સહાય કેન્દ્રએ, પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, અસલ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજના પુરાવા, ઉમેદવારને પરત કરવા જોઇશે.

(૮) પેટા–નિયમ (૬) માં ઠરાવેલી સમય–મર્યાદાની અંદર, નોંધણી (રજિસ્ટ્રેશન)ના સમયે, પ્રવેશના હેતુ માટે જરૂરી અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવા રજૂ કરી શકે તેમ ન હોય તેવો ઉમેદવાર, નીચેની શરતોને અધીન રહીને, પ્રવેશ માટે નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવી શકશે:–

(૧) ઉમેદવારે પ્રવેશ સમિતિને સિકયોરિટી ડિપોઝીટ તરીકે રૂ.૫, ૦૦૦/–(રૂપિયા પાંચ હજાર) ની ચુકવણી કર્યેથી, ઉમેદવાર કામકાજના પાંચ દિવસની મુદતની અંદર જરૂરી દસ્તાવેજો રજૂ કરે, તો તેને, વહીવટી ખર્ચ પેટે રૂ.૫૦૦/–(રૂપિયા પાંચસો) બાદ કરીને, સિકયોરિટી ડિપોઝીટની બાકીની રકમનું રિફંડ આપવું જોઇશે;

(૨) ઉપર્યુકત પ્રમાણેની સમય–મર્યાદાની અંદર, અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવા રજૂ ન કરવાના કિસ્સામાં, નોંધણી (રજિસ્ટ્રેશન) રદ કરી શકાશે અને સિકયોરીટી ડિપોઝીટ જપ્ત કરી શકાશે.

૧૫. પ્રવેશ કાર્યરીતિ.– ઓફ–કેમ્પસ ઓનલાઈન પ્રવેશ કાર્યરીતિ, નીચે પ્રમાણેની રહેશે :–

(૧) પ્રવેશ સમિતિ, નિયમ ૧૪ના પેટા–નિયમ (૫) હેઠળ રજૂ કરેલા દસ્તાવેજોની ખરાઈ કર્યા પછી, નિયમ ૧૪ના પેટા–નિયમ (૧) હેઠળ અરજી કરેલ હોય તેવા ઉમેદવારોની ગુણવત્તા યાદીઓ તૈયાર કરશે.

(૨) ગુણવત્તા યાદીઓ પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર અને સમિતિને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા પ્રદર્શિત કરવી જોઈશે.

(૩) પ્રવેશ સમિતિએ, તેની વેબસાઈટ ઉપર, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા અને તેને (સમિતિ)ને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા ઓનલાઈન પરામર્શ (કાઉન્સેલિંગ)ના કાર્યક્રમનું સમયપત્રક પ્રસિદ્ધ કરવું જોઈશે.

(૪) ઉમેદવારે, અભ્યાસક્રમો અને કોલેજો અથવા સંસ્થાઓની પોતાની પસંદગીઓનો ક્રમ ઓનલાઈન દર્શાવવાનો રહેશે. બેઠકોની ફાળવણી, ગુણવત્તા, ઉમેદવારની કક્ષા અને બેઠકોની ઉપલભ્યતાના આધારે કરવી જોઈશે. બેઠકોની ફાળવણી પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવી જોઈશે. ઉમેદવારોએ વેબસાઈટ ઉપરથી માહિતી પત્ર (ઈન્ફર્મેશન લેટર) અને બેન્ક ફીની પહોંચની નકલોની પ્રિન્ટ–આઉટ મેળવવાની રહેશે.

(૫) ગુણવત્તા યાદીમાં જેમના નામ હોય તેવા ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

(૬) ઉમેદવારે, પ્રવેશ સમિતિ નક્કી કરે તેટલી ફી ભરવાની રહેશે.

(૭) પેટા–નિયમ (૬) હેઠળ ફરમાવ્યા પ્રમાણેની ટ્યૂશન ફીની ઓન–લાઈન ચુકવણી કર્યેથી અથવા નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બેંકોની શાખામાં તે ફી ભર્યેથી, ઉમેદવારને આપેલા પ્રવેશને બહાલી મળશે. ઉમેદવારે પ્રવેશ–સ્લિપ (Admission Slip)ની પ્રિન્ટ–આઉટ મેળવવા માટે પોતાના એકાઉન્ટમાં લોગ–ઈન કરવાનું રહેશે. ઉમેદવાર ઠરાવેલી સમય–મર્યાદાની અંદર ઉપર જણાવ્યા પ્રમાણેની ટ્યૂશન ફી ન ભરે, તો તેને આપેલો પ્રવેશ રદ થયેલો ગણાશે. એવો ઉમેદવાર પરામર્શ (કાઉન્સેલિંગ)ના ત્યાર પછીના તબક્કાઓમાં તે જ કોલેજ અથવા સંસ્થામાં તે જ અભ્યાસક્રમ અને શિફ્ટમાં પ્રવેશ મેળવવાને પાત્ર રહેશે નહિ.

(૮) બેઠકો નોંધપાત્ર સંખ્યામાં ખાલી પડે અને પ્રવેશ સમિતિને ખાલી બેઠકો ભરવાનું જરૂરી લાગે ત્યારે, તે બેઠકોની ઉચ્ચતર પસંદગી (અપગ્રેડેશન) /ફેરગોઠવણી (રિશફલીંગ) માટેની ઓન લાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી શકશે. ઓનલાઈન સંમતિ આપીને આવી પ્રક્રિયામાં ભાગ લેવાનો વિકલ્પ પસંદ કરે તે ઉમેદવારને એવા તબક્કાઓ માટે વિચારણામાં લેવામાં આવશે અને ઉમેદવારને પેટા–નિયમ (૪) હેઠળ આપેલા વિકલ્પ પ્રમાણે ઉચ્ચતર પસંદગી (અપગ્રેડેશન)ને આધારે પ્રવેશ આપી શકાશે. ઉમેદવાર અગાઉ આપેલ પસંદગીથી ઉચ્ચતર પસંદગી (અપગ્રેડેશન) અથવા નવી પસંદગીના આધારે પ્રવેશ મેળવે, તો તેને અગાઉ આપેલો પ્રવેશ રદ થયેલો ગણાશે.

૧૬. ફી.–

(૧) સરકારી અથવા સહાયિત કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ મેળવે તેવા ઉમેદવારે, પ્રવેશ સમિતિ નક્કી કરે તેવા તબક્કે, સરકાર નક્કી કરે તેટલી ફી ભરવી પડશે.

(૨) બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થામાં પ્રવેશ મેળવે તેવા ઉમેદવારે, પ્રવેશ સમિતિ નક્કી કરે તેવા તબક્કે, બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓ માટે, અધિનિયમની કલમ ૯ હેઠળ રચાયેલી ફી નિયમન સમિતિ નક્કી કરે તેટલી ફી ભરવી પડશે.

(૩) જે ઉમેદવાર, પ્રવેશ મેળવીને ફી ભર્યા પછી પ્રવેશ સમિતિ દ્વારા નિર્દિષ્ટ કરેલ સમય મર્યાદામાં, તેનો/તેણીનો પ્રવેશ રદ કરાવે ત્યારે, તેણે/તેણીએ ખાલી કરેલી બેઠક કોઈ બીજા ઉમેદવારથી ભરવામાં આવે એ શરતે, પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી તેની ફી રિફંડ કરવી જોઈશે.

(૪) જે ઉમેદવારે પ્રવેશ મેળવ્યા પછી ફી ભરી દીધેલ હોય અને ઉચ્ચતર પસંદગી (અપગ્રેડેશન)/ ફેરગોઠવણી (રિશફલીંગ)ની પ્રક્રિયામાં કોઈ બીજા અભ્યાસક્રમમાં અને /અથવા કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ મેળવે ત્યારે, તેણે, ફીનો તફાવત, કોઈ હોય તો, તે પ્રવેશ મેળવવાના સમયે ભરવો જોઈશે અથવા યથાપ્રસંગ, પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, ફીનો કોઈ તફાવત હોય તો, તેને ફી રિફંડ કરવી જોઈશે.

૧૭. અભ્યાસક્રમ અથવા સંસ્થામાં ફેરફાર.–આ નિયમોમાં જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય,પ્રવેશ મેળવ્યા બાદ કોઈ પણ ઉમેદવારને, તેનો અભ્યાસક્રમ અથવા યથાપ્રસંગ, કોલેજ અથવા સંસ્થા બદલવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૮. અરજી સાથે જોડવાના દસ્તાવેજો.–

(૧) ઉમેદવારે નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રની પ્રિન્ટ–આઉટ સહિત, નીચેના દસ્તાવેજોની સ્વ–પ્રમાણિત નકલો સહાય કેન્દ્ર ખાતે રજૂ કરવી જોઈશે:–

(૧) એચ.એસ.સી. પરીક્ષા (ધોરણ ૧૨) નું ગુણપત્રક,

(૨) લાયકી પરીક્ષાનું ગુણપત્રક/અંતિમ વર્ષનું ગુણપત્રક, (જો ગુણપત્રક ગ્રેડ/ સીપીઆઈ/ સીજીપીએ અથવા % સિવાયના બીજા કોઈ સ્વરૂપમાં હોય, તો તેને સમકક્ષ % નું પ્રમાણપત્ર જોડવું)

(૩) પદવી પ્રમાણપત્ર,

(૪) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા તબદીલી પ્રમાણપત્ર,

(૫) અનુસૂચિત જાતિ (એસ.સી.), અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઈ.બી.સી.)ના ઉમેદવાર માટે, આ અર્થે ગુજરાત સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું જાતિ અંગેનું પ્રમાણપત્ર,

(૬) બિન–અનામત કક્ષાના આર્થિક રીતે પછાત વર્ગો(UEWS)ના ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું વર્ગ પ્રમાણપત્ર,

(૭) આ અર્થે ગુજરાત સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ, સંબંધિત શૈક્ષણિક વર્ષની ૧લી એપ્રિલ પછી કાઢી આપેલું પરિવારનું નોન–ક્રિમી લેયર (એન.સી.એલ.) (ઉન્નત વર્ગના ન હોવા બાબતનું) પ્રમાણપત્ર, અથવા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધોરણો મુજબનું પરિવારનું નોન–ક્રિમી લેયર (એન.સી.એલ.) પ્રમાણપત્ર માન્ય ગણાશે.

(૮) ઉમેદવાર શારીરિક ખોડખાંપણ ધરાવતો હોય તે કિસ્સામાં, સિવિલ સર્જન/ સક્ષમ તબીબી સત્તાધિકારીએ કાઢી આપેલું અને યોગ્ય રીતે સહી કરેલું શારીરિક અશક્તતા અંગેનું પ્રમાણપત્ર,

(૯) નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું એક્સ–સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિક)નું પ્રમાણપત્ર,

(૧૦) તેઓ જે યુનિટમાં સેવા આપતા હોય તે સંબંધિત યુનિટના કમાન્ડિંગ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલ ઈન–સર્વિસમેન (સેવારત સૈનિક)નું પ્રમાણપત્રની નકલ,

(૧૧) પુરસ્કૃત ઉમેદવારના કિસ્સામાં, પુરસ્કર્તા સત્તાધિકારીએ કાઢી આપેલો પુરસ્કાર પત્ર,

(૧૨) પુરસ્કૃત ઉમેદવારના કિસ્સામાં,આવકવેરા અધિનિયમ, ૧૯૬૧, હેઠળ નમૂનો ૧૬ સાથે છેલ્લા ૨ વર્ષોથી રોજગાર આપનાર (નિયોક્તા) તરફથી અનુભવનું પ્રમાણપત્ર,

(૧૩) પ્રવેશ સમિતિ જરૂરી ગણે તેવા બીજા પ્રમાણપત્રો.

૧૯. ખોટા દસ્તાવેજો રજૂ કર્યે પ્રવેશની અપાત્રતા.– દસ્તાવેજોની ખરાઈ દરમિયાન, પ્રવેશ સમિતિ/ સહાય કેન્દ્રોને કોઈપણ ઉમેદવારે રજૂ કરેલ કોઈ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજનો પુરાવો અથવા માહિતી ભૂલવાળા અથવા ખોટા જણાય, તો આવા ઉમેદવારની ઉમેદવારી તે વર્ષ માટે રદ કરવી જોઈશે અને ત્યાર પછીની બે વર્ષ માટેની મુદત માટે તેને પ્રવેશ માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

૨૦. પ્રવેશ રદ કરવા અને ફી રિફંડ કરવા બાબત.–

(૧) વહીવટી કારણોસર, પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ રદ કરવાના અથવા ઉમેદવારની તબદીલીના કિસ્સામાં, ઉમેદવારને પ્રવેશ આપવામાં આવ્યો હોય તે કોલેજ અથવા સંસ્થાએ, વસૂલ કરેલી ફી આવા ઉમેદવારને રિફંડ કરવી જોઈશે.

(૨) (ક) પ્રવેશ પ્રક્રિયા પૂરી થતા પહેલાં, ઉમેદવાર ગમે તે કારણોસર પોતાની ઉમેદવારી પાછી ખેંચે તે કિસ્સામાં, તે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટેની પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર પોતાના એકાઉન્ટમાં લોગ–ઈન કરી અને પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમય–મર્યાદાની અંદર પ્રવેશ રદ કરવા માટેની વિનંતી રજૂ કરી શકશે. આવા કિસ્સામાં પ્રવેશ સમિતિ દ્વારા વસૂલ કરેલી કોઇ ફી, હોય તો, તે પ્રવેશ સમિતિ દ્વારા આવી ખાલી થયેલી બેઠક ભરવામાં આવે તે શરતને અધીન રહીને, આવા ઉમેદવારને રિફંડ કરવી જોઈશે.

(ખ) ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી અને ખાલી બેઠકો ઉપરની (માટેની) પ્રવેશની યાદી જાહેર થયા પહેલાં, કોઈ ઉમેદવારે પરિચ્છેદ (ક)માં જોગવાઈ કર્યા પ્રમાણેની રીતે પોતાની ઉમેદવારી પાછી ખેંચી હોય, તો કોલેજ અથવા સંસ્થા દ્વારા પ્રવેશ સમિતિના આદેશો અને એ.આઈ.સી.ટી.ઈ. (AICTE)ના પ્રવર્તમાન નિયમો મુજબ આવી ખાલી બેઠક ભરવામાં આવશે એ શરતને અધીન રહીને, તેણે ભરેલી ફી રિફંડ કરવી જોઈશે.

(ગ) ખાલી બેઠકો ઉપરની (માટેની) પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી ગમે તે કારણસર, પોતાની ઉમેદવારી પાછી ખેંચવા માંગતા ઉમેદવારે, તેને જેમાં પ્રવેશ આપ્યો હોય તે કોલેજ અથવા સંસ્થાને રૂબરૂ લેખિત વિનંતી કરવાની રહેશે પણ પ્રવેશ મેળવવા માટે તેણે ભરેલી ફી રિફંડ મેળવવા માટે તે હકદાર રહેશે નહિ.

(ઘ) વિદ્યાર્થીની વિનંતી પરથી, કોલેજ અથવા સંસ્થા સ્તરે પ્રવેશ રદ કરવાના કિસ્સામાં, તે(વિદ્યાર્થી) ચાલુ સેમેસ્ટર માટેની ફી ભરવા માટે જવાબદાર રહેશે અને કોઈપણ કોલેજ અથવા સંસ્થાએ ત્યાર પછીના સેમેસ્ટર (સત્રો) માટેની ફીની માંગણી કરવી જોઇશે નહિ.

૨૧. ખાલી બેઠકો.–

(૧) ગુણવત્તા યાદીમાં જેમના નામ હોય તેવા તમામ ઉમેદવારોને પ્રવેશ આપ્યાં પછી અથવા પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, બેઠકો ખાલી રહે તો, કોલેજ અથવા સંસ્થાએ આવી ખાલી બેઠકો, પ્રવેશ સમિતિના આદેશો અનુસાર અને પેટા–નિયમ (૨)માં ઠરાવેલી રીતે, ભરવી જોઈશે.

(૨) (ક)પ્રવેશ સમિતિએ, તેની વેબસાઈટ ઉપર, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા અને તેને (સમિતિ)ને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા ખાલી બેઠકો અંગેની વિગતો અને તેની યાદી પ્રદર્શિત કરવી જોઇશે અને જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં અગાઉથી હોય તેવા ઉમેદવારોએ પ્રવેશ સમિતિ દ્વારા નિર્દિષ્ટ સમય મર્યાદાની અંદર ખાલી બેઠકોના તબક્કામાં ભાગ લેવા માટે ઓન–લાઈન સંમતિ આપવી પડશે.અગાઉ રજિસ્ટર્ડ થયેલ (નોંધાયેલ) ન હોય તેવા પાત્ર ઉમેદવારોએ પ્રવેશ સમિતિએ જાહેર કર્યા પ્રમાણેના કાર્યક્રમ મુજબ ઓનલાઈન નોંધણી કરાવવી જોઇશે.

(ખ) નવેસરથી નામની નોંધણી કરાવી હોય અથવા ખંડ (ક) મુજબ સંમતિ આપી હોય તેવા ઉમેદવારે નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ)/ સંમતિ પત્રકની પ્રિન્ટ–આઉટ કાઢવાની રહેશે અને ખાલી બેઠકો ઉપરની (માટેની) પ્રવેશ પ્રક્રિયા માટે પોતાની પસંદગીની બિન–સહાયિત કોલેજ અથવા સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. ઉમેદવારને, સંબંધિત બિન–સહાયિત કોલેજ અથવા સંસ્થાએ સ્વીકૃતિ આપવી જોઇશે.

(ગ) પોતાની સંમતિ આપી હોય અથવા નવેસરથી (નામની) નોંધણી કરાવી હોય તેવા ઉમેદવારને જ ખાલી બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવશે. સંબંધિત બિન–સહાયિત કોલેજ અથવા સંસ્થાએ, સંમતિપત્ર/ નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) રજૂ કરેલ હોય તેવા પાત્ર ઉમેદવારોમાંથી, નીચેના ક્રમમાં સામાન્ય આંતરિક ગુણવત્તા યાદી (Intra-se merit list) તૈયાર કરીને અને પ્રવેશ સમિતિએ વખતોવખત બહાર પાડેલી માર્ગદર્શિકા મુજબ ખાલી બેઠકો ભરવા માટેની પ્રક્રિયા કરવી જોઇશે.

(૧) જેમના નામ, પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ;

(૨) પેટા–ખંડ (૧)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, કોઈ બેઠક ખાલી રહે તો કોલેજ અથવા સંસ્થાએ તેવી બેઠક ભરવા નિયમ ૫માં નિયત કર્યા પ્રમાણે લઘુત્તમ યોગ્યતા માપદંડ સાથે લાયકી પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવી જોઈશે. લાયકી પરીક્ષામાં મેળવેલ ગુણોને આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે. આવા ઉમેદવારો માસ્ટર ઓફ પ્લાનીંગ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે યોગ્ય પાત્ર થશે.

૨૨. બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ.–

(૧) પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાં જે ઉમેદવારોના નામ હોય તેમની આંતરિક ગુણવત્તા યાદીને આધારે સંબંધિત બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓના સંચાલક મંડળ, સંચાલક મંડળની બેઠકો ભરી શકશે:

પરંતુ કોઈપણ ઉમેદવારને, પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાં તેનું નામ હોય તે સિવાય, સંચાલક મંડળની બેઠક પર પ્રવેશ આપવો જોઈશે નહિ:

વધુમાં, કોઈ બિન–નિવાસી ભારતીય બેઠક ખાલી રહી હોય ત્યારે, આવી બેઠક સંચાલક મંડળની બેઠકમાંથી ભરવી જોઈશે:

વળી, કોઈ સંચાલક મંડળની બેઠક ખાલી રહી હોય ત્યારે, પ્રવેશ સમિતિએ આવી બેઠક સરકારી બેઠક તરીકે ભરવી જોઈશે.

(૨) સંબંધિત બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓના સંચાલક મંડળે, સંચાલક મંડળની બેઠકો ભરવા માટે પ્રવેશ સમિતિ નક્કી કરે તેવી કાર્યરીતિ અનુસાર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવી જોઈશે.

(૩) બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓએ, અધિનિયમની કલમ ૯ હેઠળ રચાયેલી ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે તેટલી ફી અને અધિનિયમની જોગવાઈઓ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણેની એવી બીજી ફી વસૂલ કરવી જોઈશે.

(૪) કોઈપણ કોલેજ અથવા સંસ્થાએ ઉમેદવારના અસલ દસ્તાવેજો અથવા પ્રમાણપત્રો પોતાની પાસે રાખવા જોઈશે નહિ. આવી જોગવાઈનો ભંગ થવાના કિસ્સામાં, કોલેજ અથવા સંસ્થા, નિયમ ૨૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શિક્ષાને પાત્ર થશે.

૨૩. શિક્ષા.– અધિનિયમ અથવા આ નિયમોની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈનો અથવા યથાપ્રસંગ, સરકારે, બહાર પાડેલા આદેશો પૈકી કોઈપણ આદેશનો ભંગ કરે તેવી કોઈપણ વ્યક્તિ, અધિનિયમમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેની શિક્ષાને પાત્ર થશે.

૨૪. અર્થઘટન.– આ નિયમોની જોગવાઈઓના અમલીકરણમાં, કોઈપણ જોગવાઈના અર્થઘટન અંગે કોઈપણ મુશ્કેલી અથવા પ્રશ્ન ઉપસ્થિત થાય તો, તે અંગે રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

પરિશિષ્ટ

(જુઓ નિયમ ૨ (૧) (ચ) અને નિયમો ૫ (૧), (૨))

અનુ. ક્રમાંક.	અનુસ્નાતક અભ્યાસક્રમનું નામ	અભ્યાસક્રમ / વિશેષજ્ઞતા	યોગ્યતા
૧	માસ્ટર ઓફ પ્લાનિંગ	અર્બન પ્લાનિંગ	(૧) બેચલર ઓફ આર્કિટેક્ટ, અથવા (૨) બી.ઈ./બી.ટેક (સિવિલ એન્જિનિયરીંગ), અથવા (૩) બેચલર ઓફ પ્લાનીંગ, અથવા (૪) ભૂગોળ અથવા અર્થશાસ્ત્ર અથવા સમાજશાસ્ત્રમાં અનુસ્નાતક અથવા લાયકી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% (એસસી/એસટી/એસઈબીસી ઉમેદવારો માટે ૪૫% ગુણ) અથવા તેને સમકક્ષ લાયકાત. લાયકાત.
		રીજીયોનલ પ્લાનિંગ	
		એન્વાયરમેન્ટલ પ્લાનિંગ	
		હાઉસીંગ	
		ટ્રાન્સપોર્ટ પ્લાનિંગ	

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
ગુજરાત સરકારના ઉપ સચિવ.
શિક્ષણ વિભાગ

Notification

Regarding

Amendment to the Diploma in Pharmacy to Second Year (Third Semester) of Bachelor of Pharmacy Course (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

ડિપ્લોમા ઈન ફાર્મસીમાંથી બેચલર ઓફ ફાર્મસી અભ્યાસક્રમના દ્વિતીય વર્ષ (તૃતીય સેમેસ્ટર)માં (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક.જીએચ/એસએચ/૩૧(૬)/૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ:- ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨-જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ડિપ્લોમા ઈન ફાર્મસીમાંથી બેચલર ઓફ ફાર્મસી અભ્યાસક્રમના દ્વિતીય વર્ષ (તૃતીય સેમેસ્ટર)માં (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ડિપ્લોમા ઈન ફાર્મસીમાંથી બેચલર ઓફ ફાર્મસી અભ્યાસક્રમના દ્વિતીય વર્ષ (તૃતીય સેમેસ્ટર)માં (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ડિપ્લોમા ઈન ફાર્મસીમાંથી બેચલર ઓફ ફાર્મસી અભ્યાસક્રમના દ્વિતીય વર્ષ (તૃતીય સેમેસ્ટર)માં (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૨-માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ઝ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો;-

"(ઝક) "મંજૂર કરેલી પ્રવેશ-સંખ્યા" એટલે રજિસ્ટર કરતી અથવા વૈધાનિક સંસ્થા અને/અથવા માન્ય યુનિવર્સિટી દ્વારા મંજૂર કરેલી પ્રવેશ-સંખ્યા;".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં, -

(૧) પેટા-નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(ઘ) બિન-અનામત આર્થિક રીતે પછાત વર્ગો : ૧૦%";

(૨) પેટા-નિયમ (૨) ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે, સંબંધિત કક્ષામાં સમાવેશ થાય છે તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે, જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમી લેયર (ઉન્નત વર્ગ)માં તેનો સમાવેશ થતો નથી તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં,-

(૧) પેટા-નિયમ (૨) ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૨) ભૂતપૂર્વ સૈનિક (એક્સ–સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલ તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલીસ વિભાગ (ડિવિઝન)–૨, દ્વારા જાહેર કરેલ સંરક્ષણ સેવામાંની વ્યક્તિઓ/ સંરક્ષણ દળમાંની નિવૃત્ત વ્યક્તિઓએ, તેઓ અનુક્રમે જેમાં સેવા બજાવતા હોય અથવા નિવૃત્તિ પહેલાં સેવા બજાવતા હતા તે સંબંધિત એકમના કમાન્ડિંગ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૪) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવો:–

"(૫) આવી અનામત બેઠક પરનો પ્રવેશ, જે સત્તાધિકારી દ્વારા કાઢી આપેલા પ્રમાણપત્રને મંજૂર કરવામાં આવ્યું હોય તે પ્રમાણપત્રની પ્રમાણભૂતતાને અધીન રહીને, કાયદેસર રહેશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦ક–માં, પેટા–નિયમ (૨)માં, ખંડ (૨)માં, અંતમાં નીચેનો ભાગ ઉમેરવો:–

"આ સંખ્યાધિક બેઠકો, જે કોલેજો અથવા સંસ્થાઓમાં આવા અભ્યાસક્રમોની મંજૂર થયેલી બેઠકોની ઓછામાં ઓછી ૩૦% બેઠકો ભરવામાં આવેલ હોય તે માટે જ ઉપલબ્ધ રહેશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨માં, પેટા–નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:-

"(૩)પ્રવેશ સમિતિ મારફતે અથવા કોલેજ ખાતે અથવા સંસ્થાકીય સ્તરે, પ્રવેશની કોઇ કાર્યવાહીમાં નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની નોંધણી ફી વગેરેને લગતી એવી રકમની ચુકવણી કરવાની રહેશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપ સચિવ.

Notification

Regarding

The Bachelor of Planning Course (Regulation of Admission and Payment of Fees) Rules, 2016.

બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭

ક્રમાંક: જીએચ / એસએચ / ૩૩ / ૧૦૨૦૧૬ / પીવીએસ / ૫૧૧ / એસ:– ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમમાં પ્રવેશ અને ફીની ચુકવણીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.–** (૧) આ નિયમો, બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમ (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.–**

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) ''અધિનિયમ" એટલે ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮નો ગુજરાતનો ૨ જો);

(ખ) આ નિયમોના હેતુ માટે '' પ્રવેશ" એટલે બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમમાં ઉમેદવારોનો પ્રવેશ;

(ગ) ''પ્રવેશ સમિતિ'' એટલે શિક્ષણ વિભાગના તારીખ. ૫–મી મે, ૨૦૦૮ના સરકારી જાહેરનામા ક્રમાંક.જીએચ/ એસએચ/ ૭/ ૨૦૦૮/ પીવીએસ– ૧૦૨૦૦૩– ૬૩૯– એસ. હેઠળ, અધિનિયમની કલમ ૪ હેઠળ, રાજ્ય સરકારે રચેલી '' વ્યાવસાયિક અભ્યાસક્રમો માટેની પ્રવેશ સમિતિ'';

(ઘ) '' ગુજરાત બોર્ડ" એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩ હેઠળ સ્થપાયેલું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ;

(ચ) ''સહાય કેન્દ્ર" એટલે ઓફ–કેમ્પસ ઓન લાઈન પ્રવેશ પ્રક્રિયા માટે, ઉમેદવારની સુગમતા માટે પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલા કેન્દ્રો;

(છ) ''જે.ઈ.ઈ (JEE) (મુખ્ય)" એટલે વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુ માટે જે.ઈ.ઈ (JEE) એપેક્ષ બોર્ડ (જેએબી), નવી દિલ્હી–એ યોજેલી 'અખિલ ભારતીય સ્તરની એન્જિનિયરીંગ પ્રવેશ પરીક્ષા';

(જ) ''પ્લાનિંગ અભ્યાસક્રમ'' એટલે રાજ્યની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાંનો બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમ;

(ઝ) ''પર્સન્ટાઈલ ગુણ" એટલે તેમના સંબંધિત બોર્ડ અને તત્સમાન વર્ષમાં જે.ઈ.ઈ (JEE) મુખ્ય (પેપર–૧)ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓની સંખ્યાને વિચારણામાં લેતાં ઉમેદવારે મેળવેલા પર્સન્ટાઈલ (આંક);

(ટ) ''લાયકી પરીક્ષા" એટલે વિજ્ઞાન પ્રવાહમાં પાસ કરેલી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૨, ૧૦ +૨ માળખું) અથવા તેને સમકક્ષ પરીક્ષા;

(ઠ) ''મંજૂર કરેલી (પ્રવેશ) સંખ્યા'' એટલે નોંધણી કરનાર અથવા વૈધાનિક મંડળ અને/અથવા માન્ય યુનિવર્સિટી દ્વારા મંજૂર કરેલી (પ્રવેશ) સંખ્યા;

(ડ) ''સંખ્યાધિક બેઠકો"નો અધિનિયમની કલમ ૨ના ખંડ (ટટ)માં જે અર્થ આપ્યો છે તેજ થશે.

(ઢ) ''વેબ સાઇટ" એટલે પ્રવેશ સમિતિની ઓફ–કેમ્પસ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા માટેની સત્તાવાર વેબસાઇટ.

(૨) આ નિયમોમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, અધિનિયમમાં તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

૩. **બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમમાં માં પ્રવેશ.–** બેચલર પ્લાનિંગ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં નીચે પ્રવેશ પ્રમાણે આપવામાં આવશે:–

(૧) બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે તમામ સરકારી બેઠકો, અધિનિયમની કલમ ૪ હેઠળ રચાયેલી પ્રવેશ સમિતિએ તૈયાર કરેલ ગુણવત્તા યાદીના આધારે ભરવામાં આવશે.

(૨) સંચાલક મંડળની તમામ બેઠકો, સંબંધિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાના સંચાલક મંડળ દ્વારા, જેમના નામ પ્રવેશ સમિતિએ તૈયાર કરેલ ગુણવત્તા યાદીમાં હોય તેવા વિદ્યાર્થીઓની આંતરિક ગુણવત્તા યાદી (Inter-se merit list)ના આધારે ભરવામાં આવશે.

૪. **પ્રવેશ માટે ઉપલભ્ય બેઠકો.–** (૧) બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશના હેતુ માટે ઉપલભ્ય બેઠકોમાં નીચેનાનો સમાવેશ થશે,-

ક. સરકારી બેઠકો.–

(૧) રાજ્યની, સરકારી કોલેજો અથવા સંસ્થાઓમાંની, બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી તમામ બેઠકો,

(૨) સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી તમામ બેઠકો, અને

(૩) બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી કુલ બેઠકોની પંચોતેર ટકા બેઠકો,

(૪) સરકારી કોલેજો અથવા સંસ્થાઓમાંની અને સહાયિત અને બિન– સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની તમામ સંખ્યાધિક બેઠકો.

ખ. સંચાલક મંડળની બેઠકો.–

(૧) પંદર ટકા બિન–નિવાસી ભારતીયો માટેની બેઠકો સહિત બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમની મંજૂર થયેલી કુલ બેઠકોની પચીસ ટકા બેઠકો.

(૨) પ્રથમ પરામર્શ (કાઉન્સેલિંગ) કાર્યક્રમના આરંભના ત્રણ દિવસ અગાઉ પ્રવેશ સમિતિને બેઠકોની મંજૂરીના સંબંધમાં મળેલી જાણકારી, ઉપલભ્ય બેઠકો તરીકે ગણાશે.

(૩) કોઈ બિન–સહાયિત કોલેજ અથવા સંસ્થા, પરામર્શ (કાઉન્સેલિંગ) કાર્યક્રમના આરંભના ત્રણ દિવસ અગાઉ સંચાલક મંડળની બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા ભરવા માટે વિનંતી કરે ત્યારે, તેવી સંચાલક મંડળની બેઠકો પણ પ્રવેશ આપવા માટે ઉપલભ્ય બેઠકો તરીકે ગણાશે,

(૪) કોઈ બિન–સહાયિત કોલેજ અથવા સંસ્થા, સંચાલક મંડળની બેઠકોની મંજૂર કરેલ સંખ્યાના ૫% સુધીની બેઠકો રાજ્ય બહારનો વિદ્યાર્થી આ નિયમો હેઠળ ઠરાવેલ યોગ્યતા માપદંડો ધરાવતો હોય અને તેણે માન્ય બોર્ડમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલ હોય તે શરતને અધીન રહીને, ભલે તેવા ઉમેદવારે પ્રવેશ સમિતિને પ્રવેશ માટે અરજી કરેલ હોય કે ન હોય તે ધ્યાનમાં લીધા સિવાય જે.ઈ.ઈ (JEE) મુખ્ય (પેપર–૧)ના આધારે એવા બહારના વિદ્યાર્થીઓથી ભરવી જોઈશે.

૫. **પ્રવેશ માટે યોગ્યતા.–**

(૧) પ્રવેશના હેતુ માટે, ઉમેદવારે, ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE)-એ વખતોવખત ઠરાવેલા વિષયોમાં ગુણની ટકાવારીના લઘુત્તમ યોગ્યતાના માપદંડો સાથે નીચેની સંસ્થાઓમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે,-

(૧) ગુજરાત બોર્ડ; અથવા

(૨) કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) :

પરંતુ,

(ક) ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કરેલો હોય, તે શાળા ગુજરાત રાજ્યમાં આવેલી હોવી જોઈશે; અથવા

(ખ) ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કરેલો હોય, તે શાળા દમણ અને દીવ અથવા દાદરા અને નગર હવેલીના સંઘપ્રદેશોમાં આવેલી હોવી જોઇશે અને તેના માતાપિતા મૂળ ગુજરાતના હોવા જોઇશે; અથવા

(૩) ધી કાઉન્સિલ ઓફ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશન, નવી દિલ્હી:

પરંતુ,

(ક) ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કરેલો હોય, તે શાળા ગુજરાત રાજયમાં આવેલી હોવી જોઇશે; અથવા

(ખ) ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કરેલો હોય, તે શાળા દમણ અને દીવ અથવા દાદરા અને નગર હવેલીના સંઘપ્રદેશોમાં આવેલી હોવી જોઇશે અને તેના માતાપિતા મૂળ ગુજરાતના હોવા જોઇશે; અથવા

(૪) નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS) :

પરંતુ,

(ક) ઉમેદવારે જે અભ્યાસ કેન્દ્ર/ શાળામાં અભ્યાસ કરેલો હોય, તે અભ્યાસ કેન્દ્ર/ શાળા ગુજરાત રાજયમાં આવેલા હોવા જોઇશે; અથવા

(ખ) ઉમેદવારે જે અભ્યાસ કેન્દ્ર/ શાળામાં અભ્યાસ કરેલો હોય, તે અભ્યાસ કેન્દ્ર/ શાળા દમણ અને દીવ અથવા દાદરા અને નગર હવેલીના સંઘ પ્રદેશોમાં આવેલા હોવા જોઇશે અને તેના માતાપિતા મૂળ ગુજરાતના હોવા જોઇશે; અથવા

(૫) ઇન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ:

પરંતુ,

(ક) ઉમેદવારે જે અભ્યાસ કેન્દ્ર/ શાળામાં અભ્યાસ કરેલો હોય, તે અભ્યાસ કેન્દ્ર/ શાળા ગુજરાત રાજયમાં આવેલા હોવા જોઇશે; અથવા

(ખ) ઉમેદવારે જે અભ્યાસ કેન્દ્ર/ શાળામાં અભ્યાસ કરેલો હોય, તે અભ્યાસ કેન્દ્ર/ શાળા દમણ અને દીવ અથવા દાદરા અને નગર હવેલીના સંઘ પ્રદેશોમાં આવેલા હોવા જોઇશે અને તેના માતાપિતા મૂળ ગુજરાતના હોવા જોઇશે; અને

(૬) તે, તત્સમાન શૈક્ષણિક વર્ષમાં યોજાયેલી જે.ઈ.ઈ (JEE) મુખ્ય (પેપર-૧)માં ઉપસ્થિત રહેલો હોવો જોઇશે.

(૨) જે ઉમેદવારના માતાપિતા મૂળ ગુજરાતના હોય અને ગુજરાતની બહાર કેન્દ્ર સરકારની અથવા બીજી રાજય સરકારની, સશસ્ત્ર દળોની, કેન્દ્ર સરકાર અથવા બીજી રાજય સરકારની માલિકીના અથવા તેના દ્વારા નિયંત્રિત બોર્ડ અથવા કોર્પોરેશનની અથવા કોઇ રાષ્ટ્રીયકૃત બેન્કની સેવા બજાવતા હોય અને જેણે તેના માતાપિતા જે રાજયમાં સેવા બજાવતા હોય તે રાજયમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલ હોય અને તત્સમાન શૈક્ષણિક વર્ષમાં યોજાયેલી જે.ઈ.ઈ (JEE) મુખ્ય (પેપર-૧)માં ઉપસ્થિત રહેલો હોય તેવો ઉમેદવાર પ્રવેશ માટે પાત્ર થશે અને તેની ઉમેદવારીનો, નિયમ ૧૧ની જોગવાઇઓ અનુસાર તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

(૩) જે ઉમેદવારે, કોઇ બીજા રાજયમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને,-

(૧) તત્સમાન શૈક્ષણિક વર્ષમાં યોજાયેલી જે.ઈ.ઈ (JEE) મુખ્ય (પેપર-૧)માં ઉપસ્થિત રહેલો હોય; અને

(૨) જેના માતાપિતા નીચે જણાવ્યા પ્રમાણેની સેવાઓની કક્ષામાં સેવા બજાવતા હોય અને જેની બીજા રાજયોમાંથી ગુજરાતમાં બદલી થઇ હોય અને ગુજરાતમાં તેમની જયાં બદલી થઇ હોય તે સ્થળે તેઓ ફરજ ઉપર હાજર થયેલા હોય અને પ્રવેશ માટેની નોંધણી (રજિસ્ટ્રેશન)ના સમયે ગુજરાત રાજયમાં એવી રીતે બદલીથી ચાલુ રહ્યા હોય, તે પ્રવેશ માટે પાત્ર થશે અને તેની ઉમેદવારીનો, **નિયમ ૧૧**ની જોગવાઇઓ અનુસાર તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

સેવાની કક્ષાઃ

(ક) કેન્દ્ર સરકારના અધિકારીઓ અથવા કર્મચારીઓ; અથવા

(ખ) કેન્દ્ર સરકાર અથવા કોઈ રાજય સરકારના જાહેર ક્ષેત્રના ઉપક્રમો (અન્ડરટેકિંગ)ના અધિકારીઓ અથવા કર્મચારીઓ; અથવા

(ગ) રાષ્ટ્રીયકૃત બેન્કોના અધિકારીઓ અથવા કર્મચારીઓ; અથવા

(ઘ) સંયુક્ત રાષ્ટ્રો, યુનિસેફ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) અને ગુજરાત રાજયમાં આવેલી એવી બીજી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના અધિકારીઓ અથવા કર્મચારીઓ; અથવા

(ચ) ગુજરાતમાં કામ કરતાં અથવા પ્રતિનિયુક્તિ પર બીજા રાજયોમાં કામ કરતા ભારતીય વહીવટી સેવા, ભારતીય પોલીસ સેવા અથવા ભારતીય વન સેવાના ગુજરાત સંવર્ગના અધિકારીઓ; અથવા

(છ) વહીવટી કારણોસર ગુજરાત રાજયની બહાર નીમાયેલા ગુજરાત સરકારના અધિકારીઓ અથવા કર્મચારીઓ.

(૪) જે ઉમેદવારે,-

(૧) ગુજરાત રાજયમાં આવેલી શાળાઓ પૈકી કોઇપણ શાળામાં જવાહર નવોદય વિદ્યાલય યોજના હેઠળ ધોરણ ૮ સુધી અભ્યાસ કર્યો હોય, અને

(૨) ત્યારપછી સદરહુ યોજના હેઠળ ગુજરાત રાજયની બહાર આવેલી શાળાઓ પૈકી કોઇપણ શાળામાં અભ્યાસ કર્યો હોય,

(૩) ગુજરાત રાજયની બહાર આવેલ નવોદય વિદ્યાલયમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલ હોય, અને

(૪) તત્સમાન શૈક્ષણિક વર્ષમાં યોજાયેલ જે.ઈ.ઈ (JEE) મુખ્ય (પેપર-૧)માં ઉપસ્થિત રહેલ હોય,

તે ઉમેદવાર પ્રવેશ માટે પાત્ર થશે અને તેની ઉમેદવારીનો, **નિયમ ૧૧**ની જોગવાઇઓ અનુસાર તૈયાર કરેલ ગુણવત્તા યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ.– ''જવાહર નવોદય વિદ્યાલય યોજના"એટલે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર ભારત સરકાર દ્વારા સન ૧૯૮૫-૮૬ના વર્ષ દરમિયાન શરૂ કરવામાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના. સદરહુ યોજનાનું સંચાલન, શિક્ષણ વિભાગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના હેઠળના એક સ્વાયત સંગઠન, નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા કરવામાં આવે છે.

(૫) જે ઉમેદવારે, બોર્ડ દ્વારા યોજાયેલ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા પછી લાયકી પરીક્ષા પાસ કરેલ હોય, તે ઉમેદવાર ચાલુ શૈક્ષણિક વર્ષમાં અને પ્રવેશ પ્રક્રિયાના અંત પહેલા પ્રવેશના ત્યાર પછીના રાઉન્ડમાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

(૬) આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નિરમા યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ગુજરાતના ૧૦મા) હેઠળ સ્થપાયેલ બેચલર ઓફ પ્લાનિંગ અભ્યાસક્રમમાં નીચેની રીતે પ્રવેશ આપવામાં આવશે:-

(ક) જેમણે, ગુજરાત રાજયમાં આવેલી શાળાઓમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારોમાંથી, મંજૂર થયેલી કુલ બેઠકોની પચાસ ટકા બેઠકો, અધિનિયમની કલમ ૪ હેઠળ રચાયેલી પ્રવેશ સમિતિ દ્વારા, સમિતિએ તૈયાર કરેલ ગુણવત્તા યાદીના આધારે સરકારી બેઠકો તરીકે ભરવામાં આવશે.

(ખ) પાત્રીસ ટકા બેઠકો, જેમણે ભારત (ગુજરાત રાજય સહિત)માં આવેલી શાળાઓમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને તત્સમાન શૈક્ષણિક વર્ષ માટે યોજાયેલી જી (JEE)(મુખ્ય) પ્રશ્નપત્ર-૧ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય તેવા ઉમેદવારોમાંથી, નિરમા યુનિવર્સિટી-એ ભરવી જોઇશે. આ બેઠકો માટેની ગુણવત્તા યાદી, જી (JEE) (મુખ્ય) પ્રશ્નપત્ર-૧ દ્વારા જાહેર કરવામાં આવેલા ઓલ ઈન્ડિયા રેંક-ને આધારે તૈયાર થશે.

(ગ) પંદર ટકા બેઠકો, જેમણે ભારત (ગુજરાત રાજય સહિત)માં આવેલી અથવા વિદેશની (ભારત બહારની) શાળાઓમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય તેવા ઉમેદવારોમાંથી, નિરમા યુનિવર્સિટી-એ બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઇ) (NRI)માટેની બેઠકો તરીકે ભરવી જોઇશે. આ બેઠકો, આ અર્થે પ્રવેશ સમિતિએ બહાર પાડેલી માર્ગદર્શિકા અનુસાર ભરવામાં આવશે.

(૭) ઉમેદવારે, એક બોર્ડમાંથી લાયકી પરીક્ષાના તમામ વિષયો પાસ કરવા પડશે.

૬. બેઠકોની અનામત.-

(૧) પ્રવેશના હેતુ માટે, મૂળ ગુજરાતના અને નીચેની કક્ષાઓ હેઠળ આવતા ઉમેદવારો માટે, બેઠકો નીચેના પ્રમાણમાં અનામત રાખવામાં આવશે:-

(ક)	અનુસૂચિત જાતિઓ	: ૭%
(ખ)	અનુસૂચિ આદિજાતિઓ	: ૧૫%
(ગ)	કોઇપણ જાતિની વિધવાઓ અને અનાથ સહિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો	:૨૭%
(ઘ)	બિનઅનામત આર્થિક રીતે નબળાં વર્ગો	:૧૦%

(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે, સંબંધિત કક્ષામાં સમાવેશ કર્યો છે તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે :

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારે, જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમી લેયરમાં તેનો સમાવેશ થતો નથી, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ગુજરાત સરકાર દ્વારા સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલા હોય અને તેના ઉપર યોગ્ય સ્ટેમ્પ લગાડીને સહી કરેલી હોય તે સિવાય જાતિ અંગેનું કોઇપણ પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ.

(૪) ગુજરાત સરકાર દ્વારા સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલ હોય અને તેના પર યોગ્ય સ્ટેમ્પ લગાડીને સહી કરેલી હોય તે સિવાય ક્રિમી લેયરમાં તેનો સમાવેશ થતો નથી તે મતલબનું કોઇ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ. આવું પ્રમાણપત્ર, જે શૈક્ષણિક વર્ષમાં ઉમેદવાર પ્રવેશ મેળવવા માંગતો હોય તે વર્ષના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અથવા ત્યારપછી કાઢી આપેલું હોવું જોઇશે.

(૫) ઉમેદવાર, નિયત સમયની અંદર, પેટા-નિયમ (૨) હેઠળ ફરમાવ્યા પ્રમાણેના, પ્રમાણપત્રો રજૂ કરવામાં નિષ્ફળ જાય તો, તેની ઉમેદવારી, બિન-અનામત કક્ષા હેઠળ પ્રવેશ માટે વિચારણામાં લેવાશે.

(૬) અનામત કક્ષાનો ઉમેદવાર, ગુણવત્તા ક્રમમાં બિન-અનામત બેઠક પર પ્રવેશ મેળવે તો, તેને તેની પસંદગી અનુસાર બિન-અનામત બેઠક પર પ્રવેશ આપી શકાશે.

(૭) અનામત બેઠક પરના અનામત કક્ષાના ઉમેદવારનો પ્રવેશ, આ અર્થે રાજય સરકાર દ્વારા સત્તા આપેલા સત્તાધિકારીએ તેને આપેલા જાતિ અંગેના પ્રમાણપત્રની ખરાઇને અધીન રહીને, માન્ય ગણવામાં આવશે. ખરાઇ કર્યેથી જાતિ અંગેનું પ્રમાણપત્ર અમાન્ય જણાય તે કિસ્સામાં, તેને અનામત બેઠક પર તેનો પ્રવેશ મેળવવાનો દાવો કરવાનો અધિકાર રહેશે નહિ અને તેને અગાઉથી પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો આવો પ્રવેશ રદ કરવામાં આવશે. આવા ઉમેદવારનો પ્રવેશ, ગુણવત્તાની યોગ્યતા (પાત્રતા)ની શરતને અધીન રહીને, ખાલી બિન-અનામત બેઠકોની ઉપલભ્યતાના કિસ્સામાં, ચાલુ રાખી શકાશે.

(૮) સંબંધિત અનામત બેઠકો પરના અનામત કક્ષાઓના તમામ ઉમેદવારોને પ્રવેશ આપ્યા પછી, અનામત કક્ષાની બાકી રહેલી ખાલી બેઠકો, બિન-અનામત કક્ષાની બેઠકોમાં તબદીલ થશે.

૭. **શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે અનામત.-** અશકત વ્યકિત (સમાન તક, અધિકાર સંરક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) અધિનિયમ, ૧૯૯૫ (સન ૧૯૯૬ના ૧લા)ની જોગવાઈઓ અનુસાર દરેક કક્ષામાં ઉપલભ્ય બેઠકોની ત્રણ ટકા (૩%) બેઠકો, સંબંધિત અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી શકે તેવી અશકતતા ધરાવતી વ્યકિતઓ માટે અનામત રહેશે.

અશકતતા ધરાવતા ઉમેદવારે, સિવિલ સર્જન-એ કાઢી આપેલું અને યોગ્ય રીતે સહી કરેલું અશકતતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

સ્પષ્ટીકરણ.- "અશક્ત વ્યક્તિ" એટલે સક્ષમ તબીબી સત્તાધિકારી-એ પ્રમાણિત કર્યા પ્રમાણે, કોઈપણ જાતની અશકતતાના ચાલીસ ટકા (૪૦%) કરતાં ઓછા નહિ તેટલા પ્રમાણમાં પીડાતી (અશકતા ધરાવતી) વ્યકિત.

૮. **સંરક્ષણ દળોના કર્મચારીઓ અને ભૂતપૂર્વ સૈનિકો (એક્સ-સર્વિસમેન)ના બાળકો માટે અનામત.-**

(૧) ઉપલભ્ય બેઠકોની એક ટકા બેઠકો, સંરક્ષણ દળના કર્મચારીઓ અને ભૂતપૂર્વ સૈનિકો (એકસ-સર્વિસમેન)ના બાળકોના પ્રવેશ માટે અનામત રાખવામાં આવશે.

(૨) ભૂતપૂર્વ સૈનિકો (એકસ-સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. સંરક્ષણ સેવામાંની વ્યકિતઓએ / ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલીસ વિભાગ–૨, ભારત સરકાર દ્વારા જાહેર કરેલી સંરક્ષણ દળોની નિવૃત્ત વ્યકિતઓએ, તેઓ જેમાં સેવા બજાવતા હોય અથવા નિવૃત્તિ પહેલા જ્યાં સેવા બજાવતા હતા તે સંબંધિત એકમના કમાન્ડિંગ અધિકારી (ઓફિસર)-એ યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) સંરક્ષણ દળોના કર્મચારીઓ અને ભૂતપૂર્વ સૈનિકો (એક્સ–સર્વિસમેન)ની કક્ષાની ખાલી રહેલી બેઠકો, બિન-અનામત કક્ષાના ઉમેદવારોની ગુણવત્તા યાદીમાંથી ભરવામાં આવશે.

(૪) મૂળ ગુજરાતના સંરક્ષણ દળોના કર્મચારીઓ અને ભૂતપૂર્વ સૈનિકો (એક્સ–સર્વિસમેન)ના બાળકોએ, ગુજરાત રાજયની બહાર આવેલી શાળાઓમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને તત્સમાન શૈક્ષણિક વર્ષમાં યોજાયેલી જી (JEE) (મુખ્ય) (પ્રશ્નપત્ર–૧)-માં ઉપસ્થિત રહેલ હોય તો આ નિયમમાં નિર્દિષ્ટ કરેલી અનામત કક્ષા હેઠળ તેમનો (બાળકોનો) સમાવેશ કરવામાં આવશે.

(૫) આવી અનામત બેઠક પરનો પ્રવેશ, જેના દ્વારા પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તેવા સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પૃષ્ટિ આપીને ખરાઇ કરવાને અધીન રહીને માન્ય ગણાશે.

૯. **ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડોના ઉમેદવારો વચ્ચે બેઠકોની ફાળવણી (વહેંચણી).-** પ્રવેશના હેતુ માટે, ઉપલભ્ય બેઠકોની, નિયમ ૧૧ના પેટા-નિયમ (૧) હેઠળ તૈયાર કરેલ ગુણવત્તા યાદીના આધારે ફાળવણી (વહેંચણી) કરવી જોઇશે:

પરંતુ નિયમ ૫-ના પેટા-નિયમ (૧), પેટા-નિયમ (૨), પેટા-નિયમ (૩) અથવા યથાપ્રસંગ, પેટા-નિયમ (૪)માં જણાવેલા બોર્ડો પૈકી કોઇ બોર્ડમાં પર્સન્ટાઇલ ગુણ ઉપલભ્ય ન હોય, તો પછી ઉપલભ્ય બેઠકો, નિયમ ૧૧ના પેટા-નિયમ (૨) ની જોગવાઇઓ પ્રમાણે તૈયાર કરેલી બે ગુણવત્તા યાદીઓને વિચારણામાં લઈને ભાગે પડતા ઘોરણે, જે બોર્ડો માટે પર્સન્ટાઇલ

INDEX

ગુણ ઉપલભ્ય હોય તે બોર્ડોના ઉમેદવારો અને જે બોર્ડો માટે પર્સન્ટાઈલ ગુણ ઉપલભ્ય ન હોય તેવા અન્ય બોર્ડોના ઉમેદવારો વચ્ચે ફાળવવી (વહેંચણી કરવી) જોઈશે.

૧૦. સંખ્યાધિક બેઠકો.-

(૧) સંખ્યાધિક બેઠકો, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશન, નવી દિલ્હી અને માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના આદેશો અનુસાર ભરવી જોઈશે.

(૨) (૧) ટયૂશન ફી માફી યોજના (TFWS), સરકારી કોલેજો અથવા સંસ્થાઓમાં, સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાં અને એ.આઈ.સી.ટી.ઈ (AICTE), નવી દિલ્હી દ્વારા મંજૂર કરવામાં આવેલી બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાં આયોજન (પ્લાનિંગ) અભ્યાસક્રમની મંજૂર કરાયેલી તમામ બેઠકોને લાગુ પડશે;

(૨) કોલેજો અથવા સંસ્થાઓની મંજૂર કરવામાં આવેલી (પ્રવેશ) સંખ્યાના પાંચ ટકાથી વધુ નહિ તેટલી સંખ્યાધિક બેઠકો, જેમના માતાપિતાની વાર્ષિક આવક, આવકના તમામ સ્રોતોમાંથી રૂા. ૬ લાખ કરતાં ઓછી હોય તેવા ઉમેદવારની ગુણવત્તાના આધારે ભરવી જોઈશે. આ બેઠકો સંખ્યાધિક સ્વરૂપની રહેશે. જે કોલેજ અથવા સંસ્થામાં મંજૂર કરવામાં આવેલી બેઠકો પૈકીની ઓછામાં ઓછી ૩૦% બેઠકો ભરવામાં આવી હોય ત્યાં આ સંખ્યાધિક બેઠકો ઉપલબ્ધ રહેશે

(૩) તમામ સરકારી કોલેજો અથવા સંસ્થાઓ, સહાયિત કોલેજો અથવા સંસ્થાઓ અથવા એ.આઈ.સી.ટી.ઈ (AICTE)-દ્વારા મંજૂર કરવામાં આવેલી બિનસહાયિત કોલેજો અથવા સંસ્થાઓની મંજૂર કરેલ સંખ્યાના ૧૫ % કરતાં વધુ નહિ તેટલી સંખ્યાધિક બેઠકો, અખાતી દેશોમાંના ભારતીય કામદારોના બાળકો માટે તમામ કોલેજો અથવા સંસ્થાઓમાં જુદીજુદી વિદ્યાશાખાઓમાં ૧૫ % ના ૧/૩ સુધી અનામત રાખવી જોઈશે એ શરતને અધીન રહીને, વિદેશી નાગરિકો અથવા ભારતીય મૂળની વ્યકિતઓ (પીઆઈઓ) અથવા અખાતી દેશોમાંના ભારતીય કામદારોની કક્ષા હેઠળ આવતા ઉમેદવારોથી ભરવી જોઈશે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન (ICCR) અથવા ભારત સરકારના નામનિયુકત (નોમિની) મારફતે પ્રવેશ મેળવેલા વિદેશી નાગરિકો અથવા ભારતીય મૂળની વ્યકિતઓ (પીઆઈઓ) અથવા અખાતી દેશોમાં કામ કરતા ભારતીય કામદારોના બાળકોનો તેમની સંબંધિત કક્ષામાં સમાવેશ કરવો જોઈશે;

(૪) ખાલી રહેલી સંખ્યાધિક બેઠકો, સંબંધિત કક્ષા સિવાયની બીજી કોઈ વ્યકિતને આપવી જોઈશે નહિ;

(૫) ટયુશન ફી માફી યોજના, અભ્યાસક્રમની સંપૂર્ણ મુદત માટે રહેશે અને આ યોજના હેઠળ પ્રવેશ આપેલા ઉમેદવારને કોઈપણ સંજોગોમાં કોલેજ અથવા સંસ્થા બદલવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૩) (ક) આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, દરેક કોલેજ અથવા સંસ્થામાં બે સંખ્યાધિક બેઠકો, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશન, નવી દિલ્હી અને માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર-ના આદેશો અનુસાર, આ નિયમોમાં ઠરાવેલા પાત્રતા માપદંડને અધીન રહીને, જેઓ જમ્મુ અને કાશ્મીર રાજયમાંથી હિજરતી (સ્થળાંતરિત) હોય તેવા ઉમેદવારોથી ભરવી જોઈશે.

(ખ) એવા ઉમેદવારને જી (JEE) (મુખ્ય) (પ્રશ્નપત્ર–૧)- માં ઉપસ્થિત રહેવામાંથી મુકિત આપવામાં આવશે.

૧૧. ગુણવત્તા યાદી તૈયાર કરવા બાબત.- આ નિયમો હેઠળ જેમણે, ઠરાવેલી સમય મર્યાદાની અંદર, પ્રવેશ સમિતિએ ઠરાવેલી રીતે, પ્રવેશ માટે અરજી કરેલી હોય અને જેઓ પ્રવેશ માટે પાત્ર જણાય તેવા ઉમેદવારોની ગુણવત્તા યાદી નીચેની રીતે તૈયાર કરવી જોઈશે:-

(૧) જેમણે નિયમ ૫-ના પેટા-નિયમ (૧), પેટા-નિયમ (૨), પેટા-નિયમ (૩) અથવા યથાપ્રસંગ, પેટા-નિયમ (૪)માં જણાવેલા બોર્ડો પૈકી કોઈપણ બોર્ડમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય તેવા ઉમેદવારો માટે, થિયરી (સૈધ્ધાંતિક) વિષયો (ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર)માં મેળવેલા પર્સન્ટાઈલ ગુણના સાઠ ટકા ગુણભાર અને જી (JEE) (મુખ્ય) (પ્રશ્નપત્ર–૧)માં મેળવેલા પર્સન્ટાઈલ ગુણના ચાલીસ ટકા ગુણભારનો સરવાળો ગુણવત્તા ગુણ રહેશે:

પરંતુ નિયમ ૫-ના પેટા-નિયમ (૧), પેટા-નિયમ (૨), પેટા-નિયમ (૩) અથવા, યથાપ્રસંગ, પેટા-નિયમ (૪)માં જણાવેલા બોર્ડો પૈકી કોઈપણ બોર્ડમાં પર્સન્ટાઈલ ગુણ ઉપલબ્ય ન હોય, તો બે અલગ ગુણવત્તા યાદીઓ નીચે મુજબ તૈયાર કરવી જોઈશે.-

(૧) પ્રથમ ગુણવત્તા યાદીમાં, જે બોર્ડો માટે પર્સન્ટાઈલ ગુણ ઉપલબ્ય હોય તેવા બોર્ડોમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય તેવા ઉમેદવારોનો સમાવેશ થશે. આ ગુણવત્તા યાદી, થિયરી (સૈધ્ધાંતિક) વિષયો (ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર)માં મેળવેલા પર્સન્ટાઈલ ગુણના સાઠ ટકા ગુણભાર અને જી (JEE) (મુખ્ય) (પ્રશ્નપત્ર–૧)-માં મેળવેલા પર્સન્ટાઈલ ગુણના ચાલીસ ટકા ગુણભાર સાથે સરવાળો કરીને તૈયાર કરવી જોઈશે.

(૨) દ્વિતીય ગુણવત્તા યાદીમાં, જે બોર્ડો માટે પર્સન્ટાઈલ ગુણ ઉપલબ્ય ન હોય તેવા બોર્ડોમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારોનો સમાવેશ થશે. આ ગુણવત્તા યાદી, થિયરીના વિષયો (ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર)માં મેળવેલા ગુણોના સાઠ ટકા ગુણભારને ૧૦૦ સુધી રૂપાંતરિત કર્યા પછી, જી (JEE) (મુખ્ય) (પ્રશ્નપત્ર–૧)-માં મેળવેલ પર્સન્ટાઈલ ગુણના ચાલીસ ટકા ગુણભાર સાથે સરવાળો કરીને તેના આધારે તૈયાર કરવી જોઈશે.

(૨) સમાન ગુણવત્તા ગુણ ધરાવતા હોય તેવા ઉમેદવારોના કિસ્સામાં, ગુણવત્તા ક્રમ નક્કી કરવા માટેનો માપદંડ, લાયકી પરીક્ષામાં મેળવેલ ગુણોની ટકાવારીના આધારે, નીચેના ક્રમમાં હોવો જોઈશે.-

(ક) ગણિતશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાન
(ખ) ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન
(ગ) ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન
(ઘ) ગણિતશાસ્ત્ર
(ચ) ભૌતિકવિજ્ઞાન
(છ) રસાયણવિજ્ઞાન
(જ) અંગ્રેજી
(ઝ) એકંદર ગુણ

(3) પેટા–નિયમ (૧)ના હેતુ માટે, પર્સેન્ટાઈલ ગુણ એટલે માત્ર પર્સેન્ટાઈલ અને ગુણવત્તા યાદી તૈયાર કરતી વખતે, ઉમેદવારે મેળવેલ ટકાવારીને ધ્યાને લેવામાં આવશે નહિ. તેમ છતાં, સમાન ગુણવત્તા ગુણ ધરાવતા ઉમેદવારોનો ગુણવત્તા ક્રમ નક્કી કરવાના હેતુ માટે જ ગુણોની ટકાવારીને, પેટા–નિયમ (૨)માં જોગવાઈ કર્યા પ્રમાણે વિચારણામાં લેવામાં આવશે.

૧૨. ગુણ સુધારવા બાબત.-

(૧) લાયકી પરીક્ષામાં ઉમેદવારના ગુણમાં ફેરફાર હોય તેવા કિસ્સામાં, એવા ઉમેદવારે, સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલ તે મતલબનો પત્ર અથવા બોર્ડે કાઢી આપેલું સુધારેલું ગુણપત્રક, પ્રવેશ પ્રક્રિયા (પરામર્શ કાર્યક્રમ) શરૂ થવાના ઓછામાં ઓછા એક દિવસ પહેલાં પણ પત્ર અથવા યથાપ્રસંગ, સુધારેલું ગુણપત્રક મળ્યાના સાત દિવસથી પછી નહિ તેટલા સમયમાં પ્રવેશ સમિતિ સમક્ષ રજૂ કરવું જોઈશે. આવા કિસ્સામાં, તેને (તેનું નામ) ગુણવત્તા યાદીમાં યોગ્ય ક્રમમાં મૂકવું જોઈશે.

(૨) જે ઉમેદવાર લાયકી પરીક્ષામાં શરૂઆતમાં નાપાસ જાહેર થયેલો હોય, પણ બોર્ડે ગુણની પુનઃચકાસણી કર્યા પછી, પછીથી પાસ જાહેર કરેલો હોય એવો ઉમેદવાર, કોઈપણ સમયમર્યાદા ઠરાવી હોય તેમ છતાં, પત્ર અથવા યથાપ્રસંગ, સુધારેલું ગુણપત્રક મળ્યાના સાત દિવસની અંદર સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલ તે મતલબનો પત્ર અથવા બોર્ડે કાઢી આપેલું સુધારેલું ગુણપત્રક રજૂ કરે, તો તેને પ્રવેશ માટે અરજી કરવા દેવામાં આવશે. આવા કિસ્સામાં, તેને (તેનું નામ) ગુણવત્તા યાદીમાં યોગ્ય ક્રમમાં મૂકવું જોઈશે.

૧૩. **પ્રવેશ માટે નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવવા બાબત.-** (૧) પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે, તેની ઉમેદવારીની નોંધણી (રજિસ્ટ્રેશન) માટે, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર, વેબસાઇટ ઉપર ઓન-લાઇન અરજી કરવી જોઇશે.

(૨) પ્રવેશ સમિતિએ, રાજયમાં બહોળો ફેલાવો ધરાવતા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબસાઇટ ઉપર અને તેને (સમિતિને) અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવવાની તારીખ, સહાય કેન્દ્રોની યાદી, નોંધણી પત્ર (રજિસ્ટ્રેશન ફોર્મ) રજૂ કરવાની છેલ્લી તારીખ, આપવામાં આવતા અભ્યાસક્રમો અને આ અર્થે જરૂરી હોય તેવી અન્ય માહિતી પ્રસિદ્ધ કરવી જોઇશે.

(૩) પ્રવેશ સમિતિ અથવા કોલેજ ખાતે અથવા સંસ્થાકીય સ્તરે, પ્રવેશની કોઇપણ પદ્ધતિમાં, નોંધણી (રજિસ્ટ્રેશન)ના હેતુ માટે, ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણેની નોંધણી (રજિસ્ટ્રેશન) ફી વગેરેને લગતી એવી રકમની ચુકવણી કરવાની રહેશે.

(૪) ઉમેદવારે, એક કરતાં વધુ વખત નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવેલી હોય ત્યારે, છેલ્લા તબક્કે કરેલી નોંધણી (રજિસ્ટ્રેશન)ને પ્રવેશના હેતુ માટે વિચારણામાં લેવામાં આવશે અને બાકીની નોંધણી (રજિસ્ટ્રેશન) રદ થયેલી ગણાશે.

(૫) ઉમેદવારે, નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રની પ્રિન્ટ આઉટ મેળવવાની રહેશે અને તેની નકલ ઉપર સહી કરવી જોઇશે અને નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જરૂરી પ્રમાણપત્રો અને દસ્તાવેજોના પુરાવાની સ્વ-પ્રમાણિત નકલો સહિત તેને (નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રને) સહાય કેન્દ્ર ખાતે રજૂ કરવું જોઇશે. ઉમેદવારે, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ તેટલી સમયમર્યાદાની અંદર, નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રની સાથે જોડેલ, અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજોના પુરાવાઓ સહાય કેન્દ્ર ખાતે ખરાઇ માટે રજૂ કરવા જોઇશે. પ્રવેશ સમિતિએ અધિકૃત કરેલી વ્યકિતએ, તે માટેની સ્વીકૃતિ પહોંચ આપવી જોઇશે.

(૬) સહાય કેન્દ્ર, પ્રવેશ પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી પોતાને જરુરી જણાય તેવા કોઇ અસલ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજના પુરાવા પોતાની પાસે રાખી શકશે, અને તે માટેની સ્વીકૃતિ પહોંચ આપવી જોઇશે. આવા સહાય કેન્દ્રએ, પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, અસલ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજના પુરાવા ઉમેદવારને પરત કરવા જોઇશે.

(૭) જે ઉમેદવાર, પેટા-નિયમ (૫)માં ઠરાવેલી સમયમર્યાદાની અંદર, પ્રવેશના હેતુ માટે, નોંધણી (રજિસ્ટ્રેશન) વખતે, જરૂરી અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજોના પુરાવા રજૂ કરી શકે તેમ ન હોય તો, તેને, નીચેની શરતોને અધીન રહીને, નોંધણી (રજિસ્ટર) કરાવી શકશે.-

(૧) ઉમેદવારે, પ્રવેશ સમિતિને સિક્યોરિટી ડિપોઝીટ તરીકે રૂા.૫,૦૦૦/- (રૂપિયા પાંચ હજાર)ની ચુકવણી કર્યેથી, ઉમેદવાર કામકાજના પાંચ દિવસની મુદતની અંદર જરૂરી દસ્તાવેજો રજૂ કરે તો, (તેને) વહીવટી ખર્ચ તરીકે રૂા.૫૦૦/- (રૂપિયા પાંચસો) બાદ કરીને સિક્યોરિટી ડિપોઝીટની બાકી રકમનું રિફંડ આપવું જોઇશે;

(૨) ઉપર્યુક્ત જણાવેલી સમયમર્યાદાની અંદર અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવા રજૂ કરવામાં ચૂક થવાના કિસ્સામાં, નોંધણી (રજિસ્ટ્રેશન) રદ કરી શકાશે અને સિક્યોરિટી ડિપોઝીટ સરકાર દાખલ કરી શકાશે.

૧૪. **પ્રવેશ કાર્યરીતિ:**

ઓફ-કેમ્પસ ઓન લાઇન પ્રવેશ કાર્યરીતિ નીચે પ્રમાણેની રહેશે :-

(૧) પ્રવેશ સમિતિ, નિયમ ૧૩ના પેટા-નિયમ (૫) હેઠળ રજૂ કરેલા દસ્તાવેજોની ખરાઇ કર્યા પછી, નિયમ ૧૩ના પેટા-નિયમ (૧) હેઠળ અરજી કરેલ હોય તેવા પાત્ર ઉમેદવારોની ગુણવત્તા યાદીઓ તૈયાર કરશે.

(૨) ગુણવત્તા યાદીઓ પ્રવેશ સમિતિની વેબસાઇટ ઉપર અને સમિતિને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા પ્રદર્શિત કરવી જોઇશે.

(૩) પ્રવેશ સમિતિએ, ઓનલાઇન પરામર્શ (કાઉન્સેલિંગ)ના કાર્યક્રમનું સમયપત્રક તેની (પ્રવેશ સમિતિની) વેબસાઇટ ઉપર, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતાં અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા અને તેને (સમિતિને) અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા પ્રસિદ્ધ કરવું જોઇશે.

(૪) ઉમેદવારે, અભ્યાસક્રમો અને કોલેજો અથવા સંસ્થાઓની પોતાની પસંદગીઓનો ક્રમ ઓન લાઇન દર્શાવવાનો રહેશે. બેઠકોની ફાળવણી ગુણવત્તા, ઉમેદવારની કક્ષા અને બેઠકોની ઉપલભ્યતાના આધારે કરવી જોઇશે. બેઠકોની ફાળવણી સમિતિની વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવી જોઇશે. ઉમેદવારોએ વેબસાઇટ ઉપરથી માહિતી પત્ર (ઇન્ફર્મેશન લેટર) અને બેન્ક ફી પહોંચની નકલોની પ્રિન્ટ–આઉટ મેળવવાની રહેશે.

(૫) ઉમેદવારે, પ્રવેશ સમિતિ નક્કી કરે તેટલી ફી ભરવાની રહેશે.

(૬) પેટા–નિયમ (૫) હેઠળ જરૂરી ટ્યૂશન ફીની, નિર્દિષ્ટ કરેલ બેન્કની શાખાઓમાં અથવા તો ઓન લાઇન ચુકવણી થયેથી, ઉમેદવારને ફાળવવામાં આવેલ પ્રવેશ કાયમી કરી શકાશે. ઉમેદવારે, તેના એકાઉન્ટમાં (login) લોગઇન થઇને પ્રવેશ પત્રની પ્રિન્ટ–આઉટ મેળવવાની રહેશે. ઉમેદવાર, ઠરાવેલ સમય મર્યાદાની અંદર ઉપર્યુક્ત ટ્યુશન ફી ચૂકવવામાં ચૂક કરે તે કિસ્સામાં તેને આપેલો પ્રવેશ રદ થયેલો ગણાશે. આવો ઉમેદવાર, તે જ કોલેજમાં અથવા સંસ્થામાં તે જ પાળીમાં, પરામર્શ (કાઉન્સેલિંગ)ના પછીના તબક્કાઓમાં ભાગ લેવા માટે પાત્ર રહેશે નહિ:

પરંતુ જે ઉમેદવારને નોન–ટી.એફ.ડબલ્યુ. (Non-TFW) બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવેલ હોય અને તેણે સદરહુ બેઠક પર તેના પ્રવેશને બહાલી આપેલ (નક્કી કરેલ) ન હોય તો તે ઉમેદવાર, ટી.એફ.ડબલ્યુ. (TFW) બેઠક ઉપર તે જ કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ મેળવવા માટે પાત્ર થશે.

(૭) બેઠકો નોંધપાત્ર સંખ્યામાં ખાલી પડે અને (પ્રવેશ) સમિતિને ખાલી બેઠકો ભરવાનું જરૂરી લાગે ત્યારે, તે બેઠકોની ફેરગોઠવણી (રિશફલિંગ) માટેની ઓન લાઇન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી શકશે. જે ઉમેદવાર ફેરગોઠવણી (રિશફલિંગ) પ્રક્રિયામાં ભાગ લેવાનો વિકલ્પ પસંદ કરે, તેવો ઉમેદવાર એવા પ્રવેશ માટે વિચારણામાં લેવાશે. ઉમેદવાર, અગાઉ આપેલ પસંદગીથી ઉચ્ચતર પસંદગી (અપગ્રેડેશન)નો વિકલ્પ અથવા નવી પસંદગી આપી શકશે. ઉમેદવાર, ઉચ્ચતર પસંદગી (અપગ્રેડેશન) અથવા નવી પસંદગીના આધારે પ્રવેશ મેળવે, તો તેને અગાઉ આપેલો પ્રવેશ રદ થયેલો ગણાશે.

(૮) ઉમેદવાર પ્રવેશ મેળવી, પ્રવેશ સમિતિ સમક્ષ, પ્રવેશના કોઇપણ તબક્કા દરમ્યાન, તેનો પ્રવેશ રદ કરાવે અથવા પાછો ખેંચે, તો પરામર્શ (કાઉન્સેલિંગ)ના પછીના તબક્કાઓમાં ભાગ લેવા માટે પાત્ર રહેશે નહિ.

૧૫. ફી.–

(૧) સરકારી અથવા સહાયિત કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ મેળવે તેવા ઉમેદવારે, પ્રવેશ સમિતિ નક્કી કરે તેવા તબક્કે, સરકાર નક્કી કરે તેટલી ફી ભરવી પડશે.

(૨) બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થામાં પ્રવેશ મેળવે તેવા ઉમેદવારે, પ્રવેશ સમિતિ નક્કી કરે તેવા તબક્કે, બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓ માટે, અધિનિયમની કલમ ૯ હેઠળ રચાયેલી ફી નિયમન સમિતિ નક્કી કરે તેટલી ફી ભરવી પડશે.

(૩) જે ઉમેદવાર પ્રવેશ મેળવીને ફી ભર્યા પછી, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમય મર્યાદાની અંદર તેનો પ્રવેશ રદ કરાવે તે કિસ્સામાં, તેણે ખાલી કરેલી બેઠક કોઇ બીજા ઉમેદવારથી ભરવામાં આવે એ શરતે, પ્રવેશની પ્રક્રિયા પૂરી થયા પછી તેની ફી રિફંડ કરવી જોઇશે.

(૪) જે ઉમેદવારે પ્રવેશ મેળવ્યા પછી ફી ભરી દીધેલ હોય અને ફેરગોઠવણી (રિશફલિંગ)ની પ્રક્રિયામાં કોઇ બીજી કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ મેળવે તે કિસ્સામાં, તેણે, ફીનો તફાવત, કોઇ હોય તો તે, પ્રવેશ મેળવવાના સમયે તેણે ભરવો જોઇશે અથવા યથાપ્રસંગ, પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, ફીનો કોઇ તફાવત હોય તો, તેને રિફંડ કરવી જોઇશે.

૧૬. અરજી સાથે જોડવાના દસ્તાવેજો.–

(૧) ઉમેદવારે નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રની પ્રિન્ટ–આઉટ સહિત, નીચેના દસ્તાવેજોની સ્વ–પ્રમાણિત નકલો સહાય કેન્દ્ર ખાતે રજૂ કરવી જોઇશે :–

(૧) એસ.એસ.સી.પરીક્ષા (ધોરણ ૧૦)નું ગુણપત્રક,

(૨) એચ.એસ.સી.પરીક્ષા (ધોરણ ૧૨)નું ગુણપત્રક,

(૩) જી (JEE) (મુખ્ય) (પેપર–૧)નું ગુણપત્રક,

(૪) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા તબદીલી પ્રમાણપત્ર,

(૫) અનુસૂચિત જાતિ (એસ.સી.), અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)ના ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું જાતિ અંગેનું પ્રમાણપત્ર,

(૬) બિન–અનામત આર્થિક રીતે પછાત વર્ગો (યુ.ઇ.ડબલ્યુ.એસ.)ના ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું જાતિ અંગેનું પ્રમાણપત્ર,

(૭) આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ, સંબંધિત શૈક્ષણિક વર્ષની ૧લી એપ્રિલ પછી કાઢી આપેલું પરિવારનું નોન–ક્રિમી લેયર (એન.સી.એલ) (ઉન્નત વર્ગના ન હોવા બાબતનું) પ્રમાણપત્ર,

(૮) શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવાર હોય તે કિસ્સામાં, સિવિલ સર્જન/ સક્ષમ તબીબી સત્તાધિકારીએ કાઢી આપેલું અને યોગ્ય રીતે સહી કરેલું શારીરિક અશક્તતા અંગેનું પ્રમાણપત્ર,

(૯) નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું ભૂતપૂર્વ સૈનિક (એકસ– સર્વિસમેન) નું પ્રમાણપત્ર,

(૧૦) તેઓ જે યુનિટમાં સેવા આપતા હોય તે સંબંધિત યુનિટના કમાન્ડિંગ અધિકારીએ યોગ્ય રીતે કાઢી આપેલું ઇન–સર્વિસમેન (સેવારત સૈનિક)ના પ્રમાણપત્રની નકલ,

(૧૧) લાગુ પડતું હોય તો, આ અર્થે રાજય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલ આવકના પ્રમાણપત્રની નકલ,

(૧૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા બોર્ડ સિવાયના અન્ય રાજયના/ અન્ય બોર્ડના ઉમેદવાર માટે, તેનો ફોટોગ્રાફ, અને

(૧૩) પ્રવેશ સમિતિ જરૂરી ગણે તેવા બીજા પ્રમાણપત્રો.

૧૭. ખોટા દસ્તાવેજો રજૂ કર્યે પ્રવેશની અપાત્રતા.– દસ્તાવેજોની ખરાઇ દરમિયાન અથવા ત્યારપછી, પ્રવેશ સમિતિ/ સહાય કેન્દ્રને કોઇપણ ઉમેદવારે રજૂ કરેલ કોઇ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજના પુરાવો અથવા માહિતી ભૂલવાળી અથવા ખોટી જણાય, તો આવા ઉમેદવારની ઉમેદવારી તે વર્ષ માટે રદ કરવી જોઇશે અને પછીની બે વર્ષ માટેની મુદત માટે તેને પ્રવેશ માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

૧૮. પ્રવેશ રદ કરવા અને ફી રિફંડ કરવા બાબત.–

(૧) વહીવટી કારણોસર, પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ રદ કરવાના અથવા ઉમેદવારની તબદિલીના કિસ્સામાં, ઉમેદવારને જે કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે કોલેજ અથવા સંસ્થાએ, વસૂલ કરેલી ફી, આવા ઉમેદવારને રિફંડ કરવી જોઇશે.

(૨) (ક) પ્રવેશ પ્રક્રિયા પૂરી થતાં પહેલાં, ઉમેદવાર ગમે તે કારણસર પોતાની ઉમેદવારી પાછી ખેંચે, તે કિસ્સામાં, તે, આવી ઉમેદવારી પાછી ખેંચવા માટે પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદામાં, તેણે ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા માટે પ્રવેશ સમિતિની વેબ–સાઇટ પર જઇને પોતાના એકાઉન્ટમાં લોગઇન કરવાનું રહેશે અને પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદામાં

પ્રવેશ રદ કરવા માટેની વિનંતી કરવી જોઇશે. આવા કિસ્સામાં, પ્રવેશ સમિતિ દ્વારા વસૂલ કરેલી કોઇ ફી, હોય તો, તે પ્રવેશ સમિતિ દ્વારા આવી ખાલી થયેલી બેઠક ભરવામાં આવે તે શરતને અધીન રહીને, આવા ઉમેદવારને રિફંડ કરવી જોઇશે.

(ખ) ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી અને ખાલી બેઠકો પર પ્રવેશની અનુસૂચિની જાહેરાત પહેલાં, જો કોઇ ઉમેદવાર, પરિચ્છેદ (ક)માં જોગવાઇ કરેલી રીતે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લે તો, તેના દ્વારા ચૂકવવામાં આવેલી ફી, પ્રવેશ સમિતિના નિર્દેશ મુજબ અને એ.આઇ.સી.ટી.ઇ.ના પ્રવર્તમાન નિયમો પ્રમાણે, કોલેજ અથવા સંસ્થા દ્વારા આવી ખાલી થયેલી બેઠક ભરવામાં આવે તે શરતે તેણે ભરેલ ફી રિફંડ કરવી જોઇશે.

(ગ) ખાલી બેઠકો પરની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા પછી, ગમે તે કોઇ કારણસર તેની ઉમેદવારી પાછી ખેંચવા ઇચ્છતા ઉમેદવારે, તેને જે કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ આપેલ હોય તેને લેખિતમાં પોતે વિનંતી કરવાની રહેશે, પણ તેણે પ્રવેશ મેળવવા માટે ભરેલ ફી રિફંડ મેળવવા માટે તે હકદાર રહેશે નહિ.

(ઘ) વિદ્યાર્થિની વિનંતી પર, કોલેજ અથવા સંસ્થાકીય સ્તરે, પ્રવેશ રદ કરવાના કિસ્સામાં, તે ચાલુ સત્ર માટે ફી ભરવા માટે જવાબદાર રહેશે અને કોઇ કોલેજ અથવા સંસ્થા બીજા સત્રો માટે ફીની માંગણી કરી શકશે નહિ.

૧૯. ખાલી બેઠકો.–

(૧) ગુણવત્તા યાદીમાં જેમના નામ હોય તેવા તમામ ઉમેદવારોને પ્રવેશ આપ્યા પછી અથવા ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, બેઠકો ખાલી રહે તો, કોલેજ અથવા સંસ્થાએ આવી ખાલી બેઠકો, અગ્રતાક્રમ મુજબની આંતરિક ગુણવત્તા યાદી તૈયાર કરીને, પેટા–નિયમ (૨)માં ઠરાવેલી રીતે અને પ્રવેશ સમિતિના આદેશો અનુસાર ભરવી જોઇશે.

(૨) (ક) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબસાઇટ ઉપર અને તેને (સમિતિને) અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકોની વિગતો અને ખાલી બેઠકો પર પ્રવેશની સૂચિ પ્રસિદ્ધ કરવી જોઇશે. જે ઉમેદવાર પહેલેથી જ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય, તેણે ખાલી બેઠકો માટેના તબક્કા માટે પ્રવેશ સમિતિએ નક્કી કરેલી સમયમર્યાદાની અંદર ઓન–લાઇન સંમતિ આપવાની રહેશે. જ્યારે લાયક ઉમેદવારો, કે જેમણે, અગાઉ નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવેલ નથી, તેમણે પ્રવેશ સમિતિએ જાહેર કરેલી સૂચિ પ્રમાણે ઓનલાઇન નોંધણી (રજિસ્ટર) કરવાનું રહેશે.

(ખ) ઉમેદવાર, કે જેણે નવેસરથી નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવેલ હોય અથવા ખંડ (ક) મુજબ સંમતિ આપેલ હોય, તેણે નોંધણી ફોર્મ/સંમતિ પત્રની પ્રિન્ટ આઉટ મેળવવાની રહેશે અને ખાલી બેઠકો પર પ્રવેશ મેળવવા માટે તેની પસંદગીની બિન સહાયિત કોલેજ અથવા સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. સંબંધિત બિનસહાયિત કોલેજ અથવા સંસ્થાએ ઉમેદવારને પહોંચ આપવી જોઇશે.

(ગ) જે ઉમેદવાર પોતાની સંમતિ આપેલ હોય અને નવેસરથી નોંધાયેલા (રજિસ્ટર્ડ) હોય, તેને જ ફક્ત ખાલી બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા દેવામાં આવશે. સંબંધિત બિન–સહાયિત કોલેજ અથવા સંસ્થાએ, પ્રવેશ સમિતિ દ્વારા વખતોવખત આપવામાં આવતા માર્ગદર્શન પ્રમાણે, આવા લાયક ઉમેદવારો, કે જેમણે સંમતિ પત્ર/નોંધણી ફોર્મ જમા કરાવેલ છે, તેમાંથી, સમાન આંતરિક ગુણવત્તા યાદી નીચેના ક્રમમાં તૈયાર કરીને, ખાલી બેઠકો ભરવાની પ્રક્રિયા કરવી જોઇશે:–

(૧) જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ,

(૨) જેમણે ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને તત્સમાન વર્ષમાં યોજેલી જી (JEE) (મુખ્ય) પ્રશ્નપત્ર–૧–માં ઉપસ્થિત રહેલ હોય અને પ્રવેશ માટે નવેસરથી નોંધાયેલા (રજિસ્ટર્ડ) હોય તેવા ઉમેદવારોના નામો.

(૩) જેમણે ગુજરાત રાજ્ય બહારથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય અને તત્સમાન વર્ષમાં યોજેલી જી (JEE) (મુખ્ય) પ્રશ્નપત્ર–૧–માં ઉપસ્થિત રહેલ હોય અને ખાલી બેઠકો પર પ્રવેશ માટે નવેસરથી નોંધાયેલા (રજિસ્ટર્ડ) હોય તેવા ઉમેદવારોના નામો.

(૪) ઉપરના પેટા–ખંડો (૧) થી (૩)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, કોઇ બેઠક ખાલી રહેલ હોય તો, કોલેજ અથવા સંસ્થાએ, જેમણે લાયકી પરીક્ષા નિયમ ૫–માં નિયત કરેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત સાથે લાયકી પાસ કરેલ હોય, પરંતુ જી (JEE) (મુખ્ય) પ્રશ્નપત્ર–૧ અથવા અન્ય કોઇ પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ ન હોય, તેવા ઉમેદવારોમાંથી ભરવી જોઇશે. ગુણવત્તા યાદી, લાયકી પરીક્ષાના, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રમાં મેળવેલ ગુણને આધારે તૈયાર કરવી જોઇશે.

૨૦. બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ.–

(૧) પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાં જે ઉમેદવારોના નામ હોય તેમની આંતરિક ગુણવત્તા યાદીને આધારે, સંબંધિત બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓના સંચાલક મંડળ, સંચાલક મંડળની બેઠકો ભરી શકશે :

પરંતુ કોઇપણ ઉમેદવારને, પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાં તેનું નામ હોય તે સિવાય, સંચાલક મંડળની બેઠક પર પ્રવેશ આપવો જોઇશે નહિ :

વધુમાં, કોઇ બિન–નિવાસી ભારતીય બેઠક ખાલી રહી હોય ત્યારે, આવી બેઠક સંચાલક મંડળની બેઠકમાંથી ભરવી જોઇશે :

વળી, કોઇ સંચાલક મંડળની બેઠક ખાલી રહી હોય ત્યારે, પ્રવેશ સમિતિએ આવી બેઠક સરકારી બેઠક તરીકે ભરવી જોઇશે.

(૨) સંબંધિત બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓના સંચાલક મંડળે, સંચાલક મંડળની બેઠકો ભરવા માટે પ્રવેશ સમિતિ નકકી કરે તેવી કાર્યરીતિ અનુસાર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવી જોઇશે.

(૩) બિન–સહાયિત કોલેજો અથવા સંસ્થાઓએ, અધિનિયમની કલમ ૯ હેઠળ રચાયેલી ફી નિયમન સમિતિ દ્વારા અધિનિયમની જોગવાઇઓ હેઠળ નક્કી કરવામાં આવે તેટલી ફી વસૂલ કરવી જોઇશે.

(૪) કોઇ કોલેજ અથવા સંસ્થા ઉમેદવારોના મૂળ દસ્તાવેજો કે પ્રમાણપત્ર રાખી શકશે નહિ. આવી જોગવાઇઓનો ભંગ કરવાના કોઇ કિસ્સામાં, કોલેજ અથવા સંસ્થા નિયમ ૨૧–માં નિર્દિષ્ટ શિક્ષાને પાત્ર થશે.

૨૧. શિક્ષા.– અધિનિયમ, આ નિયમોની જોગવાઇઓનો અથવા સરકાર, પ્રવેશ સમિતિ અથવા યથાપ્રસંગ, ફી નિયમન સમિતિએ બહાર પાડેલા કોઇપણ આદેશોનો ભંગ કરે તેવી કોઇપણ વ્યકિત, અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણેની શિક્ષાને પાત્ર થશે.

૨૨. અર્થઘટન.– આ નિયમોની જોગવાઇઓના અમલીકરણમાં, કોઇપણ જોગવાઇના અર્થઘટન અંગે કોઇપણ મુશ્કેલી અથવા પ્રશ્ન ઉદ્ભવે તો, તે અંગે સરકારનો નિર્ણય આખરી ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 38

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, FEBRUARY 13, 2017/MAGHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ-ના તારીખ : ૫મી ઓકટોબર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૨૪/૨૦૧૬/એમકેએમ/૧૦/૨૦૧૪/૫૪/૫૪૬૦૦/છ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Child Marriage Prevention Officer Cum District Social Defence Officer, Class II, in the Directorate of Social Defence, Recruitment Rules, 2016.

સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, પમી ઓક્ટોબર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીએચ/એસએચ/૨૪/૨૦૧૬/એમકેએમ/૧૦/૨૦૧૪/૫૪૬૦૦/છ:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૬માં, ખંડ (ક)માં, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૪૦ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, "હિન્દી અથવા ગુજરાતી" એ શબ્દોને બદલે "હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંન્ને" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર ચૌહાણ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 39

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, FEBRUARY 13, 2017/MAGHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૬ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેપી/૨૦૧૬નો ૯૧/પીઆરએન/૧૦/૨૦૧૫/૧૮૭૮૮૩/જે.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Panchayats Act, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક.કેપી/૨૦૧૬નો ૯૧/પીઆરએન/૧૦/૨૦૧૫/૧૮૭૮૮૩/જે:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૧૫નો ૩૫/૨૦૧૫/૧૮૭૮૮૩/જે. હેઠળ તારીખઃ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેક્શનમાં, પાના ૨૪૦-૧ થી ૨૪૦-૨માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને સદરહુ જાહેરનામાની *રાજપત્ર*માં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકતિઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઇ વાંધો અથવા સૂચન મળેલ નથી અને ગુજરાત સરકારે સદરહુ જાહેરનામાને રદ કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાત સરકારના ૧૮મા)ની કલમ ૨૪૧ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી તારીખઃ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ કેપી/૨૦૧૫નો ૩૫/પીઆરએન/ ૧૦/૨૦૧૫/ ૧૮૭૮૮૩/જે. રદ કરે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

વનરાજસિંહ પઢારિયા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 40

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, FEBRUARY 13, 2017/MAGHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૨**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 2 OF 2017.

THE GUJARAT AADHAAR (TARGETED DELIVERY OF FINANCIAL AND OTHER SUBSIDIES, BENEFITS AND SERVICES) BILL, 2017.

A BILL

to provide for, as a good governance measure, efficient, transparent and targeted delivery of subsidies, benefits and services to the individuals residing in the State of Gujarat using Aadhaar as a sole identifier, and for matters connected therewith and incidental thereto.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયક, ૨૦૧૭.

એક સુશાસનવિષયક પગલા તરીકે, ગુજરાત રાજ્યમાં રહેતી વ્યક્તિઓને, એકમાત્ર ઓળખકર્તા તરીકે આધારનો ઉપયોગ કરીને, સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું અસરકારક, પારદર્શી અને લક્ષિત વિતરણ કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

એક સુશાસનવિષયક વ્યસ્થાના પગલા તરીકે, ગુજરાત રાજ્યમાં રહેતી વ્યક્તિઓને, એકમાત્ર ઓળખકર્તા તરીકે આધારનો ઉપયોગ કરીને, સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું અસરકારક, પારદર્શી અને લક્ષિત વિતરણ કરવાનું અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવાનું ઈષ્ટ જણાયું છે;

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

INDEX

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને આ અધિનિયમની બાકીની જોગવાઇઓ, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા. ૨. (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''આધાર નંબર'' એટલે કેન્દ્રીય અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૩) હેઠળ કોઈ વ્યક્તિને કાઢી આપવામાં આવેલ ઓળખ નંબર;

(ખ) ''રાજ્ય સરકારની એજન્સી'' એટલે સ્થાનિક મંડળો સહિત ગુજરાત રાજ્યમાં કોઈ કેન્દ્રીય અથવા રાજ્ય કાયદાથી સ્થપાયેલું અથવા રચાયેલું કોઈ સત્તામંડળ અથવા મંડળ અને રાજ્ય સરકારની માલિકીનું અને તેના નિયંત્રણ હેઠળનું બીજું કોઈ મંડળ અને તેમાં જેની રચના અને વહીવટ મોટા પ્રમાણમાં રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળ હોય તેવા મંડળોનો સમાવેશ થાય છે;

(ગ) ''પ્રમાણીકરણ'' એટલે જે પ્રક્રિયા દ્વારા કોઈ વ્યક્તિની ડિમોગ્રાફિક (વસ્તીસંખ્યાવિષયક) માહિતી અથવા બાયોમેટ્રિક (શારીરિક ચિહ્નો દ્વારા વ્યક્તિની ઓળખ) માહિતી આધાર નંબર સાથે, સેન્ટ્રલ આઈડેન્ટિટિ ડેટા રિપોઝિટરિ (કેન્દ્રીય ઓળખ માહિતી સંગ્રહ)ને તેની ખરાઈ માટે મોકલવામાં આવતી હોય તે પ્રક્રિયા અને આવી રિપોઝિટરિ (માહિતી સંગ્રહ) પોતાની પાસેથી ઉપલભ્ય માહિતીને આધારે તેની સત્યતા તેમાં રહેલી ખામી અથવા અંગેની ખરાઈ કરે છે;

(ઘ) ''લાભ'' એટલે કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથને, રોકડ અથવા વસ્તુ સ્વરૂપે આપવામાં આવતો કોઈ ફાયદો, ભેટ, પુરસ્કાર, રાહત અથવા ચુકવણી અને તેમાં, રાજ્ય સરકાર, વખતોવખત, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા બીજા લાભોનો સમાવેશ થાય છે;

(ચ) ''બાયોમેટ્રિક માહિતી'' એટલે ફોટોગ્રાફ્સ, આંગળાની છાપ, આઈરિશ સ્કેન અથવા કેન્દ્રીય અધિનિયમથી નિર્દિષ્ટ કરેલા વ્યક્તિના તેવા બીજા જૈવિક લક્ષણો;

(છ) ''કેન્દ્રીય અધિનિયમ'' એટલે આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬; સન ૨૦૧૬નો ૧૮મો.

(જ) ''સેન્ટ્રલ આઈડેન્ટિટિ ડેટા રિપોઝિટરિ (કેન્દ્રીય ઓળખ માહિતી સંગ્રહ)'' એટલે એક અથવા વધુ સ્થળોએ આવેલું, આધાર નંબર ધરાવનારાઓને કાઢી

આપવામાં આવેલા તમામ આધાર નંબર અને એવી વ્યક્તિઓની તત્સમાન ડિમોગ્રાફિક (વસ્તીસંખ્યાવિષયક) માહિતી તથા બાયોમેટ્રિક માહિતી તેને લગતી બીજી માહિતી ધરાવતું મધ્યસ્થ ડેટાબેઝ;

(ઝ) ''રાજ્યનું એકત્રિત ફંડ'' એટલે ગુજરાત રાજ્યનું એકત્રિત ફંડ;

(ટ) ''ડિમોગ્રાફિક (વસ્તીસંખ્યાવિષયક) માહિતી''માં, કેન્દ્રીય અધિનિયમની જોગવાઈઓ મુજબ વ્યક્તિના નામ, તેના જન્મ તારીખ, તેના સરનામા અને બીજી સંબંધિત માહિતીનો સમાવેશ થાય છે, પણ તેમાં વંશ, ધર્મ, જ્ઞાતિ, આદિજાતિ, જાતીયતા, ભાષા, હકદારીના રેકર્ડ, આવક અથવા ભૂતકાળની તબીબીવિષયક વિગતોનો સમાવેશ થશે નહિ;

(ઠ) ''નામ-નોંધણી (એનરોલમેન્ટ)'' એટલે કેન્દ્રીય અધિનિયમ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે, વ્યક્તિઓને આધાર નંબર કાઢી આપવાના હેતુ માટે, નામ-નોંધણી (એનરોલમેન્ટ) એજન્સી દ્વારા વ્યક્તિઓની ડિમોગ્રાફિક (વસ્તીસંખ્યાવિષયક) માહિતી અને બાયોમેટ્રિક માહિતી એકત્રિત કરવા માટેની પ્રક્રિયા;

(ડ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ઢ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ત) ''સેવા'' એટલે કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથને કોઈ સ્વરૂપે પૂરી પાડવામાં આવતી કોઈ સાધનસામગ્રી, સવલત, ઉપયોગી વસ્તુ અથવા બીજી કોઈ સહાય અને તેમાં રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવી બીજી સેવાઓનો સમાવેશ થાય છે;

(થ) ''સહાયકી (સબસિડી)'' એટલે કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથને રોકડ અથવા વસ્તુ સ્વરૂપે પૂરી પાડવામાં આવતી કોઈ પ્રકારની સહાય, મદદ, ગ્રાન્ટ, આર્થિક સહાય અથવા ખાસ હેતુ માટે આપવામાં આવતા નાણાં અને તેમાં રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી બીજી સહાયકી (સબસિડી)નો સમાવેશ થાય છે.

(૨) આ અધિનિયમમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, કેન્દ્રીય અધિનિયમ હેઠળ અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે.

અમુક સહાયકી, લાભો અને સેવાઓ, વગેરે મેળવવા માટે આધાર નંબરનો પુરાવો જરૂરી કોવા બાબત.

૩. રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારની કોઈ એજન્સી, જેના ખર્ચનો ઉપાડ સંપૂર્ણપણે રાજ્યના એકત્રિત ફંડમાંથી અથવા રાજ્ય સરકારની કોઈ એજન્સીએ સ્થાપેલા કોઈ ફંડમાંથી કરવામાં આવતો હોય અથવા જેમાંથી થતી આવક રાજ્યના એકત્રિત ફંડમાં અથવા રાજ્ય સરકારની કોઈ એજન્સીએ સ્થાપેલા કોઈ ફંડમાં ઉમેરાતી હોય તેવી સહાયકી, લાભ અથવા સેવા મેળવવાની શરત તરીકે કોઈ વ્યક્તિની ઓળખ સ્થાપવાના હેતુ માટે, આવી વ્યક્તિને પ્રમાણીકરણ કરવાનું અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા

INDEX

અથવા જે વ્યક્તિને કોઈપણ આધાર નંબર ફાળવવામાં આવ્યો ન હોય તેવી વ્યક્તિના કિસ્સામાં, તેવી વ્યક્તિને નામ-નોંધણી(એનરોલમેન્ટ) માટે અરજી કરવા ફરમાવી શકશે :

પરંતુ જ્યાં સુધી આધાર નંબર, વ્યક્તિને આપવામાં ન આવે ત્યાં સુધી, આવી વ્યક્તિને સહાયકી, લાભ અથવા સેવાના વિતરણ માટે, ઓળખના વૈકલ્પિક અને વ્યવહાર્ય સાધનો પૂરા પાડવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવાની યોજનાઓ.

૪. રાજ્ય સરકાર, આ અધિનિયમના આરંભની તારીખથી ત્રણ મહિનાની મુદત અંદર અને ત્યાર પછી, વખતોવખત, રાજપત્રમાં જાહેરનામાથી, જેના માટે કલમ ૩ મુજબ એવું પ્રમાણીકરણ અથવા પુરાવા જરૂર હોય તે યોજનાઓ, સહાયકી, લાભ અથવા સેવાઓની યાદી નિર્દિષ્ટ કરશે.

કેન્દ્રીય અધિનિયમના પ્રકરણો ૩ અને ૬ લાગુ પડવા બાબત.

૫. કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ ૩ અને પ્રકરણ ૬ની જોગવાઈઓ, આ અધિનિયમ હેઠળના પ્રમાણીકરણને ઉચિત ફેરફારો સાથે લાગુ પડશે.

અધિનિયમ, અન્ય કોઈપણ કાયદા ઉપરાંતનો રહેશે અને તેનાથી અન્ય કોઈપણ કાયદાનું અલ્પીકરણ થશે નહિ.

૬. આ અધિનિયમની જોગવાઈઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓ ઉપરાંતની અને તેનું અલ્પીકરણ કરતી ન હોય તેવી રહેશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

૭. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્ય માટે, રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારના કોઈ અધિકારી અથવા અન્ય કર્મચારીઓ સામે કોઈપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૮. (૧) રાજ્ય સરકાર, *રાજપત્રમાં* જાહેરનામાથી, સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એવા નિયમોથી, નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબતો માટે જોગવાઈ કરી શકાશે:-

INDEX

(ક) વિવિધ સહાયકી, લાભો, સેવાઓ અને જેના માટે આધાર નંબરનો ઉપયોગ કરી શકાય તેવા બીજા હેતુઓ પૂરા પાડવા અથવા ઉપલબ્ધ કરાવવાના હેતુઓ માટે, આધાર નંબરના ઉપયોગની રીત નિર્દિષ્ટ કરવી;

(ખ) ફરમાવવાની હોય અથવા નિર્દિષ્ટ કરવામાં આવે અથવા જેના સંબંધમાં નિયમોથી, જોગવાઈ કરવાનું ફરમાવ્યું હોય તેવી બીજી કોઈ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો, એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ, તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજય વિધાનમંડળ, તેમાં જે કોઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ, એવી રીતે જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તે *રાજપત્ર*માં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૯. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે, પોતાને જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી અને આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમની આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

ઉદ્દેશો અને કારણો

ગુજરાતના એકત્રિત ફંડમાંથી જેના માટે ફંડ પૂરું પાડવામાં આવતું હોય તેવી વિવિધ સહાયકી (સબસિડી), લાભો, સેવાઓ, અનુદાન(ગ્રાન્ટ), વેતન અને બીજી સામાજિક લાભ યોજનાઓના વિતરણ માટે લક્ષિત લાભાર્થીઓની સાચી ઓળખ કરવાનું, આ કાર્યક્રમોના અસરકારક અમલીકરણ માટે મહત્વનું છે. આવા યોગ્ય ઉદ્દેશવાળા કાર્યક્રમોથી, સ્ત્રીઓ, બાળકો, વરિષ્ઠ નાગરિકો, અપંગ વ્યકિતઓ, સ્થળાંતરિત અકુશળ અને અસંગઠિત કામદારો તથા વિચરતી આદિજાતિઓ જેવી ચોક્કસ કક્ષાની વ્યકિતઓને સંપૂર્ણપણે આવરી લેવાનું વધુ સરળ બનશે. લાભાર્થીઓની ઓળખ પ્રમાણિત કરવાની વિશ્વસનીય પદ્ધતિથી, સહાયકી, લાભો અને સેવાઓ, ઇચ્છિત લાભાર્થીઓ સુધી પહોંચે તે વધુ સુનિશ્ચિત થશે.

ભારત સરકારે, ભારતના એકત્રિત ફંડમાંથી જેના માટે ફંડમાંથી પૂરું પાડવામાં આવતું હોય તેવી વિવિધ સહાયકી, લાભો, સેવાઓ, અનુદાન(ગ્રાન્ટ), વેતન અને અન્ય સામાજિક લાભ યોજનાઓના વિતરણ માટે આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬ અધિનિયમિત કર્યો છે. સદરહુ કેન્દ્રીય અધિનિયમની કલમ ૫૭ પ્રમાણે, કાયદા હેઠળ પણ રાજય સરકારો માટે આધાર નંબરના ઉપયોગને બાધ નથી. તદ્નુસાર, ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી જેના માટે ફંડ પૂરું પાડવામાં આવતું હોય તેવી વિવિધ સહાયકી, લાભો, સેવાઓ, અનુદાન, વેતન અને બીજી સામાજિક લાભ યોજનાઓના વિતરણ માટે, આધાર ઓળખના ઉપયોગ સાથે સાંકળી લેવા માટે રાજયનો પોતાનો અધિનિયમ હોય તે જરૂરી છે.

આ બાબતને ધ્યાનમાં લેતાં અને લક્ષિત લાભાર્થીઓને ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી લાભો, સહાયકી અને સેવાઓની અસરકારક, સુરક્ષિત અને ચોક્કસ વિતરણ માટેની જોગવાઇ કરવા અને આધાર નંબર મારફત તેમની ઓળખને પ્રમાણિત કરવા માટે, એવું જરૂરી જણાયું છે કે આધાર સંબંધી માહિતીના પ્રમાણીકરણ, તેની સુરક્ષા, ગુપ્તતા અને તેના ઉપયોગની પ્રક્રિયાઓને કાયદેસર કરવી જોઇએ, જેથી કરીને, જેનો ખર્ચ ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી કરવામાં આવ્યો હોય તેવા વિવિધ લાભો, સહાયકી અને સેવાઓના વિતરણ માટે આધાર નંબરના ઉપયોગને સરળ બનાવી શકાય.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

નીતિન પટેલ,

નાણાકીય યાદી

ગુજરાત રાજયમાં રહેતી વ્યકિતઓ માટે એક સુશાસનવિષયક વ્યવસ્થાના પગલાં લેવાના ઉદ્દેશ તરીકે, રાજયના એકત્રિત ફંડમાંથી ઉપાડથી કરવામાં આવે તેવા ખર્ચ માટે, ગુજરાત રાજયમાં એકમાત્ર ઓળખકર્તા તરીકે આધાર નંબરનો ઉપયોગ કરીને સહાયકી, લાભો અને સેવાઓના અસરકારક, પારદર્શી અને લક્ષિત વિતરણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા કાયદો અધિનિયમિત કરવા ધાર્યું છે.

રાજય વિધાનમંડળના અધિનિયમ તરીકે અધિનિયમિત થયેથી, રાજયના એકત્રિત ફંડ માંથી આવર્તક અથવા અનાવર્તક ખર્ચ માટેની કોઈપણ જોગવાઈ નથી, તેમ છતાં વિધેયકથી, એકમાત્ર ઓળખકર્તા તરીકે આધાર નંબરનો ઉપયોગ કરીને ગુજરાત રાજયમાંના લાભાર્થીઓ માટે રાજયના એકત્રિત ફંડમાંથી નાણાનો ઉપાડ કરીને નાણાકીય અને બીજી સહાયકી, લાભો અને સેવાઓના લક્ષિત વિતરણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા કાયદો અધિનિયમિત કરવા માટે જોગવાઈ કરી છે.

નીતિન પટેલ,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઈ કરી છે :-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમની બાકીની જોગવાઈઓને અમલમાં લાવવા માટેની તારીખ નક્કી કરવાની સત્તા મળે છે .

કલમ ૨.- (૧) આ કલમની પેટા-કલમ (ઘ)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, વ્યકિત અથવા વ્યકિતઓના જૂથને રોકડ અથવા વસ્તુ સ્વરૂપે આપવામાં આવતો કોઈ ફાયદો, ભેટ, પુરસ્કાર, રાહત અથવા ચુકવણી સિવાયના બીજા લાભો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (ત)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, વ્યકિત અથવા વ્યકિતઓના જૂથને કોઈપણ સ્વરૂપે પૂરી પાડવામાં આવતી એવી કોઈ સાધનસામગ્રી, સવલત, ઉપયોગી વસ્તુ અથવા કોઈ બીજી સહાય સિવાયની બીજી સેવાઓ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૩) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, વ્યકિત અથવા વ્યકિતઓના જૂથને રોકડ અથવા વસ્તુના સ્વરૂપે પૂરી પાડવામાં આવેલી કોઇ પ્રકારની સહાય, મદદ, ગ્રાન્ટ (અનુદાન), આર્થિક સહાય અથવા ખાસ હેતુ માટે આપવામાં આવતા નાણા સિવાયની બીજી સહાયકી નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૪.- આ કલમથી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જેના માટે અધિનિયમની કલમ ૩ મુજબ એવું પ્રમાણીકરણ અથવા પુરાવા જરૂરી રહેશે તેવી યોજનાઓ, સહાયકી, લાભ અથવા સેવાઓની યાદી નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૮.- આ કલમથી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સામાન્ય રીતે અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અને ખાસ કરીને તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બાબતો માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૯.- આ કલમથી, રાજય સરકારને, બે વર્ષની મુદતની અંદર આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં ઊભી થતી હોય તેવી કોઇ મુશ્કેલી દૂર કરવા માટે, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭. **નીતિન પટેલ,**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 41 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, FEBRUARY 13, 2017/MAGHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક :** ૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO.3 OF 2017.

THE GUJARAT PANCHAYATS (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Panchayats Act, 1993.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩ .

ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવેછેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૨૧મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

સન૧૯૯૩ના ગુજરાતના ૧૮ અધિનિયમની કલમ ૨૬૨નો સુધારો.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ''તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨૬૨માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

''(૨) સદરહુ તારીખથી ચાર મહિનાની અંદર, એકત્રિત ગામ માટે પંચાયતની રચના, આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર કરવી જોઇશે અને આવી રચાયેલી પંચાયત, આ અધિનિયમ હેઠળ તેનું વહેલું વિર્સજન કરવામાં આવ્યું હોય તે સિવાય, તેની પહેલી બેઠક માટે નક્કી કરેલી તારીખથી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને તેથી વધુ ચાલુ રહેશે નહિ.''.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૬૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૬૩માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

INDEX

"(૨) સદરહુ તારીખથી ચાર મહિનાની અંદર, સંબંધિત નવા ગામ માટે પંચાયતની રચના, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર કરવી જોઈશે અને આવી રચાયેલી પંચાયત, આ અધિનિયમ હેઠળ તેનું વહેલું વિર્સજન કરવામાં આવ્યું હોય તે સિવાય, તેની પહેલી બેઠક માટે નક્કી કરેલી તારીખથી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને તેથી વધુ ચાલુ રહેશે નહિ.".

રદ કરવા બાબત અને અપવાદ.

૪. (૧) ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ, ૨૦૧૬, આથી, રદ કરવામાં આવે છે. સન ૨૦૧૬નો ગુજરાત નો વટહુકમ ૪થો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમો ૨૬૨ અને ૨૬૩થી, અનુક્રમે ગામોના એકત્રીકરણના અમલની અને ગામોના વિભાજનના અમલ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૬૨ની પેટા-કલમ (૨)થી જોગવાઇ કરી છે કે એકત્રિત ગામ માટે પંચાયતની રચના, સદરહુ તારીખથી ચાર મહિનાની મુદતની અંદર કરવી જોઇશે અને તેની મુદત, જે જિલ્લામાં એકત્રિત ગામ આવેલું હોય, તે જિલ્લામાંની ગ્રામ પંચાયતો માટેની બાકીની મુદતને ધ્યાનમાં લઇને, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદત માટે રહેશે.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૬૩ની પેટા-કલમ (૧) થી, બીજી બાબતોની સાથો સાથ એવી જોગવાઇ કરી છે કે કોઇપણ ગામને બે અથવા વધુ ગામોમાં વિભાજિત કરવામાં આવ્યું હોય, ત્યારે જે તારીખે તે ગામને એવી રીતે વિભાજિત કરવામાં આવ્યું હોય, તે તારીખથી, એવા સ્થાનિક વિસ્તારના સંબંધમાં રચાયેલી પંચાયત વિસર્જિત થયેલી ગણાશે. સદરહુ કલમ ૨૬૩ની પેટા-કલમ (૨)થી એવી જોગવાઇ કરી છે કે નવા ગામ માટેની પંચાયતની રચના, સદરહુ તારીખથી ચાર મહિનાની મુદતની અંદર કરવી જોઇશે અને તેની મુદત, જે જિલ્લામાં સંબંધિત નવા ગામો આવેલા હોય, તે જિલ્લાની ગ્રામ પંચાયતો માટેની બાકીની મુદતને ધ્યાનમાં લઇને, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદત માટે રહેશે.

આ રીતે, ઉપર્યુકત સદરહુ જોગવાઇઓથી એવું જણાય છે કે નવા ગામના કિસ્સામાં અથવા એકત્રિત ગામના કિસ્સામાં, આવી પંચાયતની મુદત, સંબંધિત જિલ્લામાં આવેલી બીજી ગ્રામ પંચાયતોની બાકીની મુદતને વિચારણામાં લઇને, રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેટલી રહેશે. તેમ છતાં, કોઇ નગરપાલિકાને બે અથવા વધુ નગરપાલિકાઓમાં વિભાજિત કરવામાં આવે, ત્યારે નગરપાલિકાના કિસ્સામાં તેમ નથી, આવી પુનઃરચના કરેલ નગરપાલિકાની મુદત, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨૬૬માં જોગવાઇ કર્યા પ્રમાણે પાંચ વર્ષની છે. સરકારનો એવો મત છે કે અનુક્રમે કલમો ૨૬૨ અને ૨૬૩ હેઠળ એકત્રિત ગામ અથવા નવા ગામની રચના કરવામાં આવે, ત્યારે તેની મુદત પણ, પંચાયતની રચના કરવાના હેતુ માટે યોજવામાં આવેલી ચૂંટણીના પરિણામ રૂપે આવી પંચાયતોની રચના કરવામાં આવી હોય તે હકીકત ને લક્ષમાં રાખીને, પાંચ વર્ષની હોવી જોઇએ. સરકારનો પણ એવો મત છે કે આવી પંચાયતોની મુદત, વિભાજિત કરેલી નગરપાલિકાઓના કિસ્સામાં જે રીતે હોય તે રીતે હોવી જોઇએ.

INDEX

એકત્રિત ગામ અથવા નવા ગામની રચના કરવામાં આવે, ત્યારે તેની મુદત પાંચ વર્ષની હોવી જોઈશે તે હેતુથી, કલમો ૨૬૨ અને ૨૬૩ની પેટા-કલમો(૨)ને આથી, યોગ્ય રીતે સુધાર વાધાર્યું છે.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૨૧મી તારીખે, ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ, ૨૦૧૬ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

તારીખ : ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭. જયંતિભાઈ કવાડિયા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખઃ ૧૩મીફેબ્રુઆરી, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 42 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, FEBRUARY 13, 2017/MAGHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૪**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 4 OF 2017.

THE GUJARAT PROVINCIAL MUNICIPAL CORPORATIONS (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યુ છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૪.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૩જી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૧૯ નો સુધારો.

૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૯માં,-

(૧) પેટા-કલમ (૧કક)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવીઃ-

''(૧કક) કોર્પોરેશને, સામાન્ય ચૂંટણી પછીની તેની પ્રથમ બેઠકમાં અને આગામી અઢી વર્ષની મુદત પૂરી થયે તેની પ્રથમ બેઠકમાં, કાઉન્સિલરોમાંથી તેના એક સભ્યને નાયબ (ડેપ્યુટી) મેયર તરીકે ચૂટી કાઢશેઃ

INDEX

પરંતુ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ના આરંભની તારીખે તે તરીકેનો હોદ્દો ધરાવતા હોય તેવા વિદ્યમાન નાયબ મેયરની મુદત, અઢી વર્ષની અથવા કોર્પોરેશનની મુદતના બાકીના સમયગાળા સુધીની, બેમાંથી જે વહેલું હોય, ત્યાં સુધીની રહેશેઃ સન ૨૦૧૭નો ગુજરાતનો મો.

વધુમાં, વિદ્યમાન નાયબ મેયરની મુદત પૂરી થયા પછી ચૂંટી કાઢવામાં આવે તેવા નાયબ મેયરની મુદત, કોઇ હોય તો, તે કોર્પોરેશનની મુદતના બાકીના સમયગાળા સુધીની રહેશે.'';

(૨) પેટા-કલમ (૨)માં, ''પેટા-કલમ (૧)'' એ શબ્દો, કૌંસ અને આંકડા પછી, ''અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૧કક)'' એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

રદ કરવા બાબત અને અપવાદ.

૩. (૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ, ૨૦૧૬ આથી રદ કરવામાં આવે છે. સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૫-મો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઇપણ કાર્ય અથવા લીધેલું કોઇપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૧૯ની પેટા-કલમ (૧કક)ની વિદ્યમાન જોગવાઈઓથી, કોર્પોરેશનના નાયબ મેયરની એક વર્ષની મુદત માટે જોગવાઈ કરે છે. મેયર, સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમીટી)ના અધ્યક્ષ અને તેના સભ્યો, વાહનવ્યવહાર સમિતિ (ટ્રાન્સપોર્ટ કમીટી)ના અધ્યક્ષ અને તેના સભ્યો અને કોર્પોરેશનની દરેક ખાસ સમિતિના સભ્યોની મુદત અઢી વર્ષની છે.

તેથી, નાયબ મેયરની મુદત અઢી વર્ષના સમયગાળા સુધી નક્કી કરવાનું જરૂરી જણાયું છે, જેથી કરીને, નાયબ મેયરની મુદત, બીજા પદાધિકારીઓ સાથે સંબંધિત હોય તેટલે સુધી (તેમની મુદતમાં) સમાનતા લાવી શકાય. તદનુસાર સદરહુ અધિનિયમની કલમ ૧૯ની પેટા-કલમ (૧કક) યોગ્ય રીતે સુધારવા ધાર્યું છે. વિદ્યમાન નાયબ મેયર અઢી વર્ષની મુદત (સુધી હોદ્દો) ધરાવી શકે તે માટેની જોગવાઈ પણ કરવા ધાર્યું છે. અમુક પારિણામિક સુધારાઓ પણ અમલમાં મૂકવામાં આવ્યા છે.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૩જી તારીખે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ, ૨૦૧૬ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

તારીખ : ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭. **શંકર ચૌધરી.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ: ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 43

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, FEBRUARY 13, 2017/MAGHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૫**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 5 OF 2017.

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યુ છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૫ .

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૬ના ઓકટોબર મહિનાની ૪થી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૫૧નો સુધારો.

૨. ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૫૧માં,-

(૧) પ્રથમ પરંતુકમાં, ''પરંતુ છ મહિના કરતાં વધુ નહિ તેટલી'' એ શબ્દો કમી કરવા;

(૨) બીજો પરંતુક કમી કરવો.

સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૩જો.

રદ કરવા બાબત અને અપવાદ.

૩. (૧) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વટહુકમ, ૨૦૧૬, આથી, રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૫૧થી, બીજી બાબતોની સાથોસાથ, એવી જોગવાઈ કરી છે કે નગર રચના અધિકારીએ, પોતાની નિમણૂકની તારીખથી બાર મહિનાની મુદતની અંદર, ઠરાવેલી કાર્યરીતિ અનુસર્યા પછી, નગર રચના યોજનાને, પ્રારંભિક અને આખરી યોજનામાં પેટા-વિભાજિત કરવી જોઈશે. રાજ્ય સરકારને, સદરહુ સમયમર્યાદા છ મહિનાથી વધુ ન હોય તેટલી મુદત સુધી લંબાવવાની સત્તા આપવામાં આવે છે. તેમ છતાં, એવું અનુભવાયું છે કે નગર રચના અધિકારી, વિવિધ કારણોસર, સદરહુ અધિનિયમની કલમ ૫૧ની જોગવાઈઓ હેઠળ ઉપલભ્ય વધુમાં વધુ અઢાર મહિનાની મુદતની અંદર, નગર રચના યોજનાને, પ્રારંભિક અને આખરી યોજનામાં પેટા-વિભાજિત કરી શકતા નથી અને તેથી, આ હેતુ માટેની ઠરાવેલી સમયમર્યાદાનું પાલન કરવું મુશ્કેલ બને છે, જેના કારણે ક્યારેક આ સંબંધી વૈધાનિક જોગવાઈઓનો ભંગ થઈ શકે છે. તેથી, જે જોગવાઈઓથી, બાર મહિનાની મુદત, છ મહિનાથી વધુ નહિ તેટલી મુદત માટે લંબાવવાની રાજ્ય સરકારને સત્તા મળે છે તે જોગવાઈઓ નાબૂદ કરવાનું જરૂરી જણાયું છે. અને તેથી ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમની સદરહુ કલમ ૫૧ સુધારવાનું જરૂરી જણાયું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૪થી તારીખે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વટહુકમ, ૨૦૧૬ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

તારીખ : ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭. **શંકર ચૌધરી.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 44

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, FEBRUARY 14, 2017/MAGHA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૬**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 6 OF 2017.

THE GUJARAT PROHIBITION (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Prohibition Act, 1949.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યુ છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૬ .

ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ

૧. (૧) આ અધિનિયમ ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૧૯મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫ મા અધિનિયમની કલમ ૨નો સુધારો

૨. ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં,-

(૧) ખંડ (૨૩)માં, પેટા-ખંડ (ક)ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવોઃ-

''(ક) ગાંજો એટલે કે ગમે તે નામે ઓળખાતા, (ઉપરના ભાગ સાથે ન હોય, ત્યારે બિયા અને પાંદડા સિવાયના) ગાંજાના છોડના ફુલ અથવા ફળ ધરાવતા ઉપરના ભાગો;'';

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

(૨) ખંડો (૨૯), (૩૩) અને (૫૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૬૫નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫માં,-

(૧) ખંડ (ચ)માં, ''વેચે અથવા ખરીદે'' એ શબ્દોને બદલે, ''પોતાના કબજામાં રાખે, તેની હેરફેર કરે, વેચે અથવા ખરીદે'' એ શબ્દો મૂકવા;

(૨) ''તે દોષિત ઠર્યે'' એ શબ્દોથી શરૂ થતા અને ''દંડની શિક્ષા પણ થશે'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, નીચેનો ભાગ અને તે હેઠળનો પરંતુક મૂકવોઃ-

''તે દોષિત ઠર્યે, આવા દરેક ગુના માટે, દસ વર્ષની મુદત સુધીની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશેઃ

પરંતુ કોર્ટના ફેંસલામાં જણાવવા જોઈએ તેવાં વિરુદ્ધનાં ખાસ અને પૂરતાં કારણો ન હોય, તો-

(૧) પહેલા ગુના માટે, આવી કેદ બે વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ એક લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ;

(૨) બીજા ગુના માટે, આવી કેદ ત્રણ વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ બે લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ;

(૩) ત્રીજા અથવા ત્યાર પછીના ગુના માટે, આવી કેદ સાત વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ પાંચ લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ.''.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમમાં નવી કલમ ૬૫કક દાખલ કરવા બાબત.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫ પછી, નીચેની નવી કલમ દાખલ કરવીઃ-

ઓછા જથ્થામાં કેફી પદાર્થ પોતાના કબજામાં રાખવા વગેરે માટેની શિક્ષા બાબત.

''**૬૫કક.** કલમ ૬૫માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જે કોઈ વ્યક્તિ, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામાં હોય તેવો કોઈ કેફી પદાર્થ વેચે, ખરીદે, પોતાના કબજામાં રાખે અથવા તેની હેરફેર કરે, તેને દોષિત ઠર્યે, આવા દરેક ગુના માટે, ત્રણ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા પણ થશે.''.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૬માં, પેટા-કલમ (૧)માં,- સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૬નો સુધારો.

(૧) ખંડ (ખ)માં, ''લે, તેનો ઉપયોગ કરે, તે કબજામાં રાખે અથવા તેની હેરફેર કરે'' એ શબ્દોને બદલે, ''લે અથવા તેનો ઉપયોગ કરે'' એ શબ્દો મૂકવા;

(૨) પરિચ્છેદો (૨) અને (૩)ને બદલે, નીચેનો પરિચ્છેદ મૂકવો :-

''(૨) બીજા અથવા ત્યાર પછીના ગુના માટે, બે વર્ષ સુધીની, પરંતુ છ મહિનાથી ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની અને બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.''.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૭માં,- સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૭નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં, ''એક વર્ષ'' અને ''એક હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''ત્રણ વર્ષ'' અને ''એક લાખ રૂપિયા'' એ શબ્દો અનુક્રમે મૂકવા;

(૨) પેટા-કલમ (૧)ના પરંતુકમાં, ''ત્રણ મહિનાથી'' અને ''પાંચસો રૂપિયા'' એ શબ્દોને બદલે, ''એક વર્ષથી'' અને ''પચાસ હજાર રૂપિયા'' એ શબ્દો અનુક્રમે મૂકવા.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૭-૧ક માં,- સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૭-૧કનો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં, ''એક વર્ષ'' અને ''એક હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''ત્રણ વર્ષ'' અને ''એક લાખ રૂપિયા'' એ શબ્દો અનુક્રમે મૂકવા;

(૨) પેટા-કલમ (૧)ના પરંતુકમાં, ''ત્રણ મહિનાથી'' અને ''પાંચસો રૂપિયા'' એ શબ્દોને બદલે, ''એક વર્ષથી'' અને ''પચાસ હજાર રૂપિયા'' એ શબ્દો અનુક્રમે મૂકવા.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૮માં, ''તેને, દોષિત ઠર્યેથી,'' એ શબ્દોથી શરૂ થતા અને ખંડ (૩)માં આપ્યા મુજબના ''એક હજાર રૂપિયાથી ઓછો ન હોવો જોઈએ'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, નીચેનો ભાગ મૂકવો :- સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૮નો સુધારો.

''તેને, દોષિત ઠર્યેથી, આવા દરેક ગુના માટે, દસ વર્ષ સુધીની, પરંતુ સાત વર્ષથી ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની અને એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.''.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૮૫-નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૫માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

''(૧) જે કોઈ વ્યકિત, જેમાં લોકોને આવ-જા કરવાની છૂટ હોય અથવા આવ-જા કરવા દેવામાં આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઊભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈ સ્ત્રી સાથે ગેરવર્તણૂક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય, તેને, દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની, પરંતુ એક વર્ષથી ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.''.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૧નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૧માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૨ કમી કરવા બાબત.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૨ કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૩નો સુધારો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૩માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૭નો સુધારો.

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૭માં,-

(૧) ''એક વર્ષ'' અને ''એક હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''ત્રણ વર્ષ'' અને ''પચાસ હજાર રૂપિયા'' એ શબ્દો અનુક્રમે મૂકવા;

(૨) નીચેનો પરંતુક ઉમેરવો :-

"પરંતુ કોઇ અધિકારી, કલમ ૬૫-ક હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરવામાં સહાય કરે, તો તેને, દોષિત ઠર્યેથી, સાત વર્ષની મુદત સુધીની કેદની અને એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.".

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૧૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૨માં, પેટા-કલમ (૧)માં, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" એ શબ્દો અને આંકડાને બદલે, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩" એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઇના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦૨-નો સુધારો.

૧૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૪માં, પેટા-કલમ (૧)ના પ્રથમ પરંતુકમાં, "પાંચસો રૂપિયાથી વધારે હોવી જોઇએ નહિ" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી હોવી જોઇએ" એ શબ્દો મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઇના ૨૫-મા અધિનિયમની કલ ૧૦૪નો સુધારો.

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૧૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૪ક-માં, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૫૬૨માંનો" એ શબ્દો અને આંકડાને બદલે, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૩૬૦માંનો" એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઇના ૨૫-મા અધિનિયમની કલ ૧૦૪ક-નો સુધારો.

૧૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૫ કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઇના ૨૫-મા અધિનિયમની કલ ૧૧૫ કમી કરવા બાબત.

સન ૧૮૯૮નો ૫મો. સન ૧૯૭૪નો ૨જો.

૧૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૫કમાં, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" એ શબ્દો અને આંકડાને બદલે, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩" એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઇના ૨૫-મા અધિનિયમની કલ ૧૧૫ક-નો સુધારો.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમો ૧૧૬ અને ૧૧૬-ક કમી કરવા બાબત.

૧૯. મુખ્ય અધિનિયમમાં, કલમો ૧૧૬ અને ૧૧૬-ક કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૭નો સુધારો.

૨૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૭માં, ''આ અધિનિયમમાં બીજી રીતે'' એ શબ્દોથી શરૂ થતા અને ''જોગવાઈઓ અનુસાર કરવી'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, નીચેનો ભાગ મૂકવો:- સન ૧૮૯૮નો ૫મો.

''તમામ તપાસ, ધરપકડ, અટક અને ઝડતી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ અનુસાર કરવી.''. સન ૧૯૭૪નો ૨જો.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૮ કમી કરવા બાબત.

૨૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૮ કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૨૦નો સુધારો.

૨૨. મુખ્ય અધિનિયમમાં, વિદ્યમાન કલમ ૧૨૦ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરીથી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

''(૨) જે કોઈ વ્યકિત, આ અધિનિયમ હેઠળની પોતાની ફરજો બજાવતા અથવા પોતાની સત્તા વાપરતા કોઈ અધિકારી અથવા વ્યક્તિ પર હુમલો કરે અથવા તેમના માટે અવરોધ ઊભો કરે, તેને દોષિત ઠર્યેથી, પાંચ વર્ષની મુદત સુધીની કેદની અને પાંચ લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષા થશે.''.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૨૮નો સુધારો.

૨૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૮માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૮૯૮નો ૫મો. સન ૧૯૭૪નો ૨જો.

સન ૧૮૯૮નો પમો.
સન ૧૯૭૪નો ૨જો.

૨૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૯માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૨૯નો સુધારો.

સન ૧૮૯૮નો પમો.
સન ૧૯૭૪નો ૨જો.

૨૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૧માં, પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)માં બે સ્થળોએ આવતા, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૩૧નો સુધારો.

૨૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૧માં, પેટા-કલમ (૧)માં ''કલમ ૬૫,'' એ શબ્દ અને આંકડાને બદલે, ''કલમો ૬૫, ૬૫ક, ૬૫કક,'' એ શબ્દ, આંકડા અને અક્ષર મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૪૧નો સુધારો.

સન ૧૮૯૮નો પમો.
સન ૧૯૭૪નો ૨જો.

૨૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૬કમાં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૪૬કનો સુધારો.

સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૭-મો.

૨૮. (૧) ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ, ૨૦૧૬ આથી રદ કરવામાં આવે છે.

રદ કરવા બાબત અને અપવાદ.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્ય, સન ૧૯૬૦માં તેની રચના થઈ ત્યારથી જ નશાબંધીવાળું રાજ્ય રહયું છે અને ત્યાર પછીની તમામ સરકારોએ નશાબંધી નીતિનું પાલન કર્યું છે તથા તેનો ચુસ્તપણે અમલ કર્યો છે. રાજ્ય સરકાર પણ સદરહુ નીતિના સંબંધમાં સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને કોઈપણ રીતે તેની પ્રત્યે હળવું વલણ અપનાવવાનો તેનો ઈરાદો નથી. આ રાજ્ય સરકાર, મહાત્મા ગાંધીના આદર્શો અને સિદ્ધાંતો માટે પણ પ્રતિબદ્ધ છે અને મદ્યપાનનું દૂષણ નાબૂદ કરવાનો દૃઢ ઈરાદો ધરાવે છે. આ રાજ્ય સરકાર, ખાસ કરીને વંચિત વર્ગોમાં મદ્યપાનની ટેવથી થતી પ્રતિકૂળ અસરોથી માહિતગાર છે.

રાજ્ય સરકારના ધ્યાને એ બાબત આવી છે કે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સુવિધામાં થયેલા સુધારા સાથે, બીજા રાજ્યોમાંથી આ રાજ્યમાં અને રાજ્યની અંદર એક જગ્યાએથી બીજી જગ્યાએ દારૂની હેરફેર કરવાનું બૂટલેગર (ચોરીછૂપીથી દારૂ લાવનાર) અને ગુનેગારો માટે વધુ સરળ બન્યું છે. નશાબંધી અંગેની નીતિનો વધુ કડકપણે અને વધુ અસરકારકપણે અમલ કરવાના હેતુથી, એ બાબત અનિવાર્ય છે કે દારૂની હેરફેરનું મહદંશે નિયંત્રણ કરવામાં આવે. દારૂ સાથે સંકળાયેલી અન્ય પ્રવૃત્તિઓ જેવી કે તેનું ઉત્પાદન, બોટલિંગ, વેચાણ અને તેની ખરીદી પણ શક્ય હોય ત્યાં સુધી નિયંત્રિત થાય તે પણ અનિવાર્ય છે.

ગુજરાત રાજ્યમાં લાગુ પડતો હાલનો નશાબંધી અધિનિયમ, સન ૧૯૪૯ના વર્ષમાં અધિનિયમિત કરવામાં આવ્યો હતો. આ અધિનિયમ હેઠળ, જુદા જુદા ગુના માટે જોગવાઈ કરેલી શિક્ષા, ગુનેગારોના મનમાં ભય ઉત્પન્ન કરવા માટે પૂરતી આકરી (પ્રતિબંધક) નથી અને તેના પરિણામે ગુનેગારો કોઈપણ ભય વિના આ અધિનિયમ હેઠળના ગુના આચરવાનું ચાલુ રાખે છે અને અધિનિયમ હેઠળના ગુનાનું પ્રમાણ એટલા પ્રમાણમાં વધી રહયું છે કે રાજ્ય સરકાર તે બાબતે આંખ-મિચામણાં કરી શકે નહિ. આ દૂષણને ડામવા માટે, રાજ્ય વહીવટીતંત્ર અને પોલીસ બળ તમામ જરૂરી પગલાં લઈ રહ્યાં છે પરંતુ એ બાબત પણ સંપૂર્ણપણે જરૂરી જણાય છે કે જે કોઈ વ્યક્તિ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને હાલની શિક્ષા કરતાં વધુ આકરી સજા ફટકારવામાં આવે.

તેથી, સદરહુ અધિનિયમ હેઠળ જોગવાઈ કરેલી શિક્ષાનું પ્રમાણ વધારવાનું જરૂરી જણાયું છે અને તે પ્રમાણે આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સંબંધિત કલમોને તદનુસાર સુધારવા ધાર્યું છે.

કેફી ઔષધ અને મન:પ્રભાવી દ્રવ્ય અધિનિયમ, ૧૯૮૫માં ગાંજા (કેનેબિસ) અને શણનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાથી, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૨(૨૩)(ક)ની જોગવાઈ પણ, અગાઉ મુજબ રહે તે રીતે, યોગ્ય રીતે સુધારવા ધાર્યું છે.

INDEX

અધિનિયમમાં, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ના અમુક સંદર્ભ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ના તેવા જ સંદર્ભ પ્રમાણે સુધારવા અને અમુક કલમોની બિનઉપયોગિતાને ધ્યાને રાખીને, તેને પણ કમી કરવા ધાર્યું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સન ૧૯૪૯નો સદરહુ અધિનિયમ સુધારવા સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૧૯મી તારીખે, ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ, ૨૦૧૬ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

પ્રદીપસિંહ જાડેજા.

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૪.- આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૬પકકથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈ વ્યક્તિ દ્વારા કોઈ કેફી પદાર્થનો જે જથ્થો ખરીદવા, તેનું વેચાણ કરવા, તે કબજામાં રાખવા અથવા તેની હેરફેર કરવાનું તેમાં જણાવ્યા પ્રમાણે શિક્ષાપાત્ર થાય તે જથ્થો, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૧૫.- આ કલમથી સુધારવા ધારેલા અધિનિયમની કલમ ૧૦૪ના પ્રથમ પરંતુકથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, એવી વ્યક્તિ પાસેથી કલમ ૬૯, ૭૦ અથવા ૧૦૮ હેઠળના ગુના કરવા માટે, માંડવાળ તરીકે સ્વીકારી શકાય તેવી નાણાંની રકમ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખઃ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭. **પ્રદીપસિંહ જાડેજા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખઃ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 45

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, FEBRUARY 14, 2017/MAGHA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૭**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 7 OF 2017.

THE CIGARETTES AND OTHER TOBACCO PRODUCTS (PROHIBITION OF ADVERTISEMENT AND REGULATION OF TRADE AND COMMERCE, PRODUCTION, SUPPLY AND DISTRIBUTION) (GUJARAT AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Cigarettes and Other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003 in its application to the State of Gujarat.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૭–અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સમંતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:–

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૭ .

સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત રાજયને લાગુ પડતો સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

સન ૨૦૦૩નો ૩૪મો.

૨. સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩માં, ખંડ (ચ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :-

INDEX

''(ચચ) ''હુક્કા બાર'' એટલે એવી જગા કે જયાં લોકો એકઠા થઈને સહિયારા હુક્કા અથવા વ્યકિતગત નાળચા વડે તમાકુનું ધુમ્રપાન કરતાં હોય:''.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૪ક દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪ પછી, નીચેની કલમ દાખલ કરવી.-

હુક્કા બાર પર પ્રતિબંધ.

''૪ક. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ વ્યકિત પોતે અથવા કોઈ બીજી વ્યકિત વતી વીશી (ઈટિંગ હાઉસ) સહિતના કોઈ સ્થળે કોઈ હુક્કા બાર ખોલી અથવા ચલાવી શકશે નહિ.

સ્પષ્ટીકરણ.- ''વીશી (ઈટિંગ હાઉસ)'' એ શબ્દનો અર્થ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨-ના ખંડ (૫-ક)માં જે આપ્યો છે તે જ થશે.''. સન ૧૯૫૧નો મુંબઈનો ૨૨મો.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમની કલમ ૧૨-નો સુધારો.

૪.મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨-માં, પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડ (ખ)માં, અંતમાં ''અથવા'' એ શબ્દ ઉમેરવો;

(૨) ખંડ (ખ) પછી, નીચેનો ખંડ ઉમેરવો :-

''(ગ) જયાં કોઈ હુક્કા બાર ચલાવવામાં આવી રહયા છે.''.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૧૩ક દાખલ કરવા બાબત.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩ પછી, નીચેની કલમ દાખલ કરવી :-

કબજે લેવાની સત્તા.

''૧૩ક. રાજય સરકારે અધિકૃત કરેલા સબ-ઈન્સ્પેકટરથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલિસ અધિકારીને એવું માનવા માટે કારણ હોય કે કલમ ૪ક-ની જોગવાઈઓનું ઉલ્લંઘન થયું છે અથવા ઉલ્લંઘન થઈ રહયું છે, તો તેઓ હુક્કા બારની વિષયવસ્તુ અથવા સાધનો તરીકે વાપરવામાં આવતી કોઈ સાધનસામગ્રી અથવા ચીજવસ્તુને કબજે લઈ શકશે.''.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૨૧ક દાખલ કરવા બાબત.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧ પછી, નીચેની કલમ દાખલ કરવી :-

હુક્કા બાર ચલાવવા માટે શિક્ષા.

''૨૧ક. કોઈપણ વ્યકિત, કલમ ૪ક-ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, તો તે, ત્રણ વર્ષ સુધીની, પણ એક વર્ષ કરતાં ઓછી નહિ તેટલી કેદની શિક્ષાને પાત્ર થશે અને પચાસ હજાર રૂપિયા સુધીના, પણ વીસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી દંડની શિક્ષાને પાત્ર થશે.''.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૨૭ક દાખલ કરવા બાબત.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭ પછી, નીચેની કલમ દાખલ કરવી :-

કલમ ૪ક હેઠળનો ગુનો, પોલીસ અધિકારનો હોવા બાબત.

''૨૭ક. કલમ ૪ક હેઠળનો ગુનો, પોલીસ અધિકારનો ગણાશે.''.

ઉદ્દેશો અને કારણો

કેન્દ્ર સરકારે, સિગારેટ અને તમાકુની અન્ય બનાવટની જાહેરખબર ઉપર પ્રતિબંધ મૂકવા અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ અધિનિયમિત કર્યો છે. સદર અધિનિયમ બીજી બાબતોની સાથોસાથ, બાળકો અને યુવાન લોકોને તમાકુના સેવનના વ્યસની બનતા અટકાવવાનું સનિશ્ચિત કરવા માટે, સભ્ય રાષ્ટ્રોને અનુરોધ કરતા વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૧૫મી મે, ૧૯૯૬ના રોજ પસાર કરેલા ઠરાવ અને ૧૭મી મે, ૧૯૯૦ના રોજ પસાર કરેલા બીજા ઠરાવના સંબંધમાં, અધિનિયમિત કરવામાં આવ્યો છે.

સદરહુ અધિનિયમથી, જાહેર સ્થળમાં ધૂમ્રપાન પર પ્રતિબંધ માટેની જોગવાઇ કરી છે. તે (સદરહુ અધિનિયમ) સિગારેટ અને તમાકુની અન્ય બનાવટની જાહેરખબર ઉપર પણ પ્રતિબંધ મૂકે છે. તેમ છતાં, હૂક્કાના ધૂમ્રપાનની નવી વિભાવના, તાજેતરના સમયમાં પ્રચલિત થઇ છે અને વધુને વધુ હૂક્કા બાર ખુલી રહ્યા છે. ધૂમ્રપાનની આડઅસરો જણાવવાની જવલ્લે જ કોઇ જરૂરિયાત છે કારણકે માનવ શરીરના સંબંધમાં ધૂમ્રપાનના ભયસ્થાનો સારી પેઠે જાણીતા છે. તાજેતરના વર્ષમાં, ખાસ કરીને રાજયમાં મોટે ભાગે યુવાનો અને કોલેજના વિદ્યાર્થીઓમાં હૂક્કાના વપરાશમાં અસાધારણ વૃદ્ધિ થયેલી છે, જે સમગ્રતઃ સમાજ માટે નિઃશંકપણે ચિંતાજનક બાબત (પરિવર્તન) છે. યુવાનો અને કોલેજના વિદ્યાર્થીઓ, સહેલાઇથી હૂકાના ધૂમ્રપાનના વ્યસની થઇ જાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અભ્યાસ અનુસાર, હૂક્કાનું ધૂમ્રપાન, સિગારેટના ધૂમ્રપાન કરતાં વધુ માત્રામાં ઝેરી ન હોય પણ તેને સમકક્ષ ઝેરી અવશ્યપણે છે. સિગારેટનું નિયમિત (કાયમ) ધૂમ્રપાન કરનાર, જૂજ દિવસોમાં જેટલા પ્રમાણમાં ઝેરી ધુમાડો શ્વાસમાં લેતો હોય છે, તેના કરતાં વધુ ઝેરી ધુમાડો હૂક્કાનું કાયમ ધૂમ્રપાન કરનાર, એક જ વધુ લાંબી બેઠકમાં લઇ શકે છે. વાસ્તવમાં, ધૂમ્રપાન કરનારા એક જ સિગારેટમાંથી જેટલી માત્રામાં ધુમાડો શ્વાસમાં લેતા હોય છે, તેના કરતાં ૧૦૦ થી ૨૦૦ ગણો વધુ માત્રામાં ધુમાડો હૂક્કાનું ધૂમ્રપાન કરનારા, સાઠ મિનિટની હૂક્કાની બેઠકમાં લેતા હોય છે. સિગારેટનું ધૂમ્રપાન કરતી વખતે, ધૂમ્રપાન કરનારને જે લાંબા સમયગાળા દરમિયાન ધુમાડો શ્વાસમાં જવાનું જોખમ રહેલું હોય છે, તેના કરતાં વધુ જોખમ, હૂક્કાના ધૂમ્રપાન કરવાના સમયગાળા દરમિયાન ધૂમ્રપાન કરનારને થઇ શકે છે. હૂક્કામાં તમાકુ સળગાવવા માટે વાપરવામાં આવતો લાકડાનો કોલસો (ચાર્કોલ), વધુ પ્રમાણમાં કાર્બન મોનોકસાઇડ, ધાતુઓ અને કેન્સરના રોગ માટે કારણભૂત થતા રસાયણો સમાવિષ્ટ હોય તેવો ધુમાડો ઉત્પન

INDEX

કરીને, આરોગ્યવિષયક જોખમોમાં વૃદ્ધિ કરે છે. એક કલાકની લાંબી હૂક્કાના ધૂમ્રપાનની બેઠક દરમિયાન, હૂક્કાનું કાયમ (નિયમિત) ધૂમ્રપાન કરનારા સામાન્ય રીતે ૨૦૦ પફ (કશ) લેતા હોય છે, જયારે સિગારેટનું ધૂમ્રપાન કરનારા સરેરાશ ૨૦ પફ (કશ) લેતા હોય છે. સામાન્ય રીતે હૂક્કાનું કાયમ ધૂમ્રપાન કરવાના સમયગાળા દરમિયાન શ્વાસમાં લેવાતા ધુમાડાનો જથ્થો (પ્રમાણ) આશરે ૯૦,૦૦૦ મિલીલિટર હોય છે જયારે તેની સરખામણીમાં સિગારેટનું ધૂમ્રપાન કરતી વખતે, શ્વાસમાં લેવાતા ધુમાડાનો જથ્થો (પ્રમાણ) ૫૦૦-૬૦૦ મિલિલીટર હોય છે. એક જ સિગારેટની સરખામણીમાં, હૂક્કાના ધૂમ્રપાનનો ધુમાડો, મોટા પ્રમાણમાં આર્સનિક (સોમલખાર), સીસું (લીડ) અને નિકલ (કલાઈ), સિગારેટ કરતાં ૩૬ ગણી વધુ માત્રામાં ટાર (લાકડા કે કોલસામાંથી બનતો ડામર) અને ૧૫ ગણી વધુ માત્રામાં વધુ કાર્બન મોનોકસાઈડનો સમાવેશ કરવા માટે જાણીતું છે.

રાજય સરકાર, ખાસ કરીને, યુવાનો અને કોલેજના વિદ્યાર્થીઓમાં હૂક્કાના ધૂમ્રપાનથી ઉદ્‌ભવતા જોખમ અંગે સંપૂર્ણપણે સભાન છે. લોકો હૂક્કાના ધૂમ્રપાનના બંધાણી થાય અને તેની દૂરગામી અસર સમગ્ર સમાજ પર પડે એ બાબતને, રાજય સરકાર, જવલ્લે જ નજર અંદાજ કરી શકે તેમ છે. રાજય સરકાર, લોકોના કલ્યાણ (તંદુરસ્તી) અર્થે પ્રતિબદ્ધ છે અને તેથી, લોકોને હૂક્કાના ધૂમ્રપાન (સેવન)ના બંધાણી થવાની પરવાનગી ન આપી શકે. હૂક્કા બારમાં મળતો આસાન પ્રવેશ, લોકોને હૂક્કાના ધૂમ્રપાનના સંબંધમાં અસુરક્ષિત બનાવીને જોખમમાં મૂકે છે. લોકો તેના વ્યસની બનીને સમૂહમાં હૂક્કાનું ધૂમ્રપાન કરે છે અને પછી તેઓ તેના બંધાણી બને છે, ત્યારે તેઓ તેની કાયમની લતવાળા થઈ જાય છે અને જેના પરિણામે, તેમના જીવન વિનાશના આરે આવી જાય છે. રાજય સરકારનો આથી, એવો અભિપ્રાય છે કે જાહેર હિતમાં હૂક્કાબાર પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ, જેથી કરીને, લોકોને હૂક્કાનું ધૂમ્રપાન કે જે સિગારેટના ધૂમ્રપાન કરતાં પણ વધુ નુકસાનકારક છે તેના (હૂક્કાના ધૂમ્રપાન) જોખમોથી તેમને બચાવી શકાય. તેથી, ઉપર્યુકત કેન્દ્રીય અધિનિયમ સુધારવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સન ૨૦૦૩નો સદરહુ કેન્દ્રીય અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ : ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭. **પ્રદીપસિંહ જાડેજા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખઃ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 46

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, FEBRUARY 15, 2017/MAGHA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૮**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 8 OF 2017.

THE CODE OF CRIMINAL PROCEDURE (GUJARAT AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Code of Criminal Procedure, 1973 in its application to the State of Gujarat .

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૮ .

ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૨૭૩નો સુધારો.

સન ૧૯૭૪નો ૨-જો.

૨. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨૭૩માં, ''તેના વકીલની હાજરીમાં'' એ શબ્દો પછી, ''અથવા, યથાપ્રસંગ, કોર્ટ તેની પોતાની મેળે અથવા અરજીના આધારે ન્યાયના હિતમાં તેવો આદેશ કરે ત્યારે ઇલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે'' એ શબ્દો ઉમેરવા.

સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૨૭૮નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭૮માં, પેટા-કલમ (૩) પછી, નીચેની પેટા-કલમો ઉમેરવી :-

''(૪) કલમ ૨૭૩ હેઠળ ઇલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે પુરાવો લેવામાં આવે, ત્યારે પેટા-કલમો (૧) થી (૩)માંનો કોઇપણ મજકૂર લાગુ પડશે નહિ.

સન ૨૦૦૦નો ૨૧મો.

(૫) ઇલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે ઇલેકટ્રોનિક સ્વરૂપે લીધેલ પુરાવો, ઇન્ફર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ની કલમ ૨-ના ખંડ (બ)ના અર્થ પ્રમાણે ઇલેકટ્રોનિક રેકર્ડ ગણાશે.''.

INDEX

સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૨૮૧નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૮૧માં, પેટા-કલમ (૬)માં, ''કાર્યવાહી દરમિયાનની'', એ શબ્દો પછી, ''અથવા ઈલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે લીધેલ'' એ શબ્દો ઉમેરવા.

સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૨૯૧નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૯૧માં, પેટા-કલમ (૧)માં, ''આરોપીની હાજરીમાં'', એ શબ્દો પછી, ''અથવા યથાપ્રસંગ, ઈલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે'' એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૩૧૭નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૧૭માં, નીચેનું સ્પષ્ટીકરણ ઉમેરવું :-

''**સ્પષ્ટીકરણ.**- આ કલમના હેતુ માટે, ''આરોપીને જાતે હાજર રહેવા''માં, કલમ ૨૭૩માં જોગવાઈ કર્યા પ્રમાણે ઈલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે તેની હાજરીનો સમાવેશ થશે.''.

ઉદ્દેશો અને કારણો

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૭૩થી, ઈન્સાફી કાર્યવાહી કે બીજી કાર્યવાહીઓ દરમિયાન તમામ પુરાવા આરોપીની હાજરીમાં અથવા આરોપીની હાજરી જરૂરી ગણવામાં ન આવે અને તે તેના વકીલ મારફત હાજર રહયો હોય, ત્યારે વકીલની હાજરીમાં લેવા માટેની જોગવાઈ કરી છે. તદુપરાંત, અધિનિયમની કલમ ૨૭૮થી, અધિનિયમની કલમ ૨૭૫ અથવા કલમ ૨૭૬ હેઠળ સાક્ષીઓના પુરાવા લેવામાં આવે, ત્યારે અનુસરવાની કાર્યરીતિ માટેની જોગવાઈ કરી છે. વધુમાં, અધિનિયમની કલમ ૨૯૧થી જોગવાઈ કરી છે કે કોઈ મેજિસ્ટ્રેટે આરોપીની હાજરીમાં લીધેલી અને શાખ કરેલી અથવા અધિનિયમના પ્રકરણ ૨૩ હેઠળ કમિશનથી લેવાયેલી કોઈ સિવિલ સર્જન અથવા બીજા તબીબી સાક્ષીની જુબાની, કોઈપણ તપાસ, ઈન્સાફી કાર્યવાહી અથવા બીજી કાર્યવાહીમાં, તે જુબાની આપનારને સાક્ષી તરીકે બોલાવેલ ન હોય, તો પણ પુરાવા તરીકે આપી શકાશે.

ગુજરાત હાઈકોર્ટે, અધિનિયમની ઉપર્યુક્ત જોગવાઈઓમાં ઉલ્લેખ કર્યા મુજબ, ઈન્સાફી કાર્યવાહી કે બીજી કાર્યવાહી દરમિયાન આરોપી અથવા તેના વકીલની હાજરીમાં પુરાવો લેવાને લગતી અને તબીબી સાક્ષીની જુબાની લેવાને લગતી બાબતોમાં કોર્ટ દ્વારા ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવા અંગેની દરખાસ્ત કરી છે. તેથી, હાઈકોર્ટે, ઈન્સાફી કાર્યવાહી કે બીજી કાર્યવાહી દરમિયાન પુરાવો લેવા માટે અને તબીબી સાક્ષીની જુબાની લેવા માટે, ઈલેક્ટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમનો ઉપયોગ થઈ શકે તે હેતુથી, સદરહુ અધિનિયમની સંબંધિત જોગવાઈઓ સુધારવા રાજ્ય સરકારને ભલામણ કરી છે. આરોપીની જાતે હાજર રહેવાની બાબતમાં, ઈલેક્ટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફત તેની હાજરીનો સમાવેશ થશે એ બાબતને સ્પષ્ટ કરવાના હેતુથી, કલમ ૩૧૭ હેઠળ સ્પષ્ટીકરણ ઉમેરવા પણ ધાર્યું છે.

ગુજરાત હાઈકોર્ટની દરખાસ્તને વિચારણામાં લેતાં, ઈન્સાફી કાર્યવાહી કે બીજી કાર્યવાહી દરમિયાન કોર્ટ દ્વારા ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવાથી, કોર્ટમાં થતા વિલંબને ઘટાડીને, કેસોના અનિર્ણીત રહેવાના સમયગાળામાં ઘટાડો કરવામાં અને ઝડપી ન્યાય મેળવવામાં સહાય મળશે અને તેથી, સદરહુ અધિનિયમની કલમો ૨૭૩, ૨૭૮, ૨૮૧, ૨૯૧ અને ૩૧૭ સુધારવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ : ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૭. **પ્રદીપસિંહ જાડેજા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ: ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 47

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, FEBRUARY 16, 2017/MAGHA 27, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર,૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખઃ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના **ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 9 OF 2017.

THE GUJARAT VALIDATION OF OCCUPANCY AND ALLOTMENT OF CERTAIN LANDS OF EXCESS VACANT LAND VESTED IN THE STATE GOVERNMENT (UNDER THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976) BILL, 2017.

A BILL

to provide for validation of occupancy and allotment of certain lands of excess vacant land vested in the State Government under sub-section (3) of section 10 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 and whose possession had been taken over by the State Government prior to the 30th March, 1999 and for the matters connected therewith or incidental thereto.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પુરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતીથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યુ છે:-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯ .

ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વિધેયક, ૨૦૧૭.

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૦ની પેટા-કલમ (૩) હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલી અને સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં રાજ્ય સરકારે જેનો કબજો લીધો હોય તેવી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાની માન્યતા (કાયદેસરતા) અને તેની ફાળવણી માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

સન ૧૯૭૬નો ૩૩મો.

ભારત સરકારે, સમન્વિત શહેરી વિસ્તારોમાં ખાલી જમીન ઉપર ટોચમર્યાદા લાદવાની અને ટોચમર્યાદા કરતાં વધારાની એવી જમીનનું સંપાદન કરવાની જોગવાઈ કરવા માટે, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ અધિનિયમિત કર્યો હતો;

અને શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯ની કલમ ૧ની પેટા-કલમ (૨)ને લક્ષમાં લેતાં, સદરહુ રદ કરવા બાબત અધિનિયમ, બીજા કોઈપણ રાજ્યનું વિધાનમંડળ જે તારીખથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૨-ના ખંડ (૨) હેઠળ તે અર્થે ઠરાવ કરીને આ અધિનિયમને સ્વીકારે તે તારીખથી બીજા કોઈપણ રાજ્યને લાગુ પડશે; સન ૧૯૯૯નો ૧૫મો.

અને ગુજરાત રાજ્યના વિધાનમંડળે, સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખે ઠરાવ કરીને સદરહુ રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯ સ્વીકાર્યો હતો અને આ રીતે તે (અધિનિયમ), સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખથી ગુજરાત રાજ્યમાં અમલમાં આવ્યો છે;

અને આ રીતે શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવે તે રીતે, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯થી રદ કરવામાં આવ્યો છે; સન ૧૯૭૬નો ૩૩મો. સન ૧૯૯૯નો ૧૫મો.

અને સન ૧૯૭૬નો સદરહુ અધિનિયમ રદ થતાં પહેલાં, કેટલીક વધારાની ખાલી જમીન, રદ થયેલા સદરહુ અધિનિયમની જોગવાઈઓ હેઠળ, રાજ્ય સરકારમાં નિહિત થઈ છે;

અને રાજ્ય સરકારે, રદ થયેલા સદરહુ અધિનિયમમાં જોગવાઈ કર્યા પ્રમાણેની રીતે, પોતાનામાં નિહિત થયેલી આવી ફાજલ વધારાની ખાલી જમીનની ફાળવણી કરવાની રહે છે;

INDEX

અને સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં રાજ્ય સરકારે જેનો કબજો લીધો હતો તેવી વધારાની ખાલી જમીન ઉપર અગાઉથી જ રહેઠાણના મકાન (રહેણાક માળખા) ઊભા કરવામાં આવ્યા હતા;

અને સમન્વિત શહેરી વિસ્તારોમાંના સમાજના નિમ્ન આર્થિક વર્ગની વ્યક્તિઓ, આ રહેઠાણના મકાન (રહેણાક માળખા) ભોગવટો ધરાવે છે અને તે તરીકે તેઓ આવી વધારાની ખાલી જમીનનો ભોગવટો ધરાવે છે;

અને રાજ્ય સરકાર એવો અભિપ્રાય ધરાવે છે કે આવા ભોગવટો ધરાવનારાને આવા ભોગવટામાંથી દૂર કરવા માટેના પગલાં લેવામાં આવે, તો તેમના માટે મોટી મુશ્કેલી ઊભી થશે;

અને રાજ્ય સરકાર, સમાજના આર્થિક રીતે નબળા વર્ગોના લાભાર્થે, સમન્વિત શહેરી વિસ્તારોમાં જમીનની વાજબી વહેંચણીને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે;

આથી, ભારતના ગણરાજયના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૧૫મી તારીખથી અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

(ક) ''કોર્પોરેશન'' એટલે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૨ના ખંડ (૧૦)થી વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મ્યુનિસિપલ કોર્પોરેશન;

(ખ) ''વધારાની ખાલી જમીન'' એટલે રદ થયેલા અધિનિયમ હેઠળ સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં, રાજ્ય સરકારે જેનો કબજો લીધેલ હોય તેવી રાજ્ય સરકારમાં નિહિત થયેલી જમીન;

(ગ) ''ભોગવટો ધરાવનાર'' એટલે સન ૨૦૧૧ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી અથવા તે પહેલાથી આ અધિનિયમ અમલમાં આવ્યાની તારીખ સુધી વધારાની ખાલી જમીન ઉપર બાંધવામાં આવેલા રહેણાક માળખાનો, ભોગવટો ધરાવનાર વ્યક્તિ અને તેમાં, આ અધિનિયમ અમલમાં આવ્યાની તારીખે, ૧લી જાન્યુઆરી, ૨૦૧૧થી શરૂ થતી અને ૩૧મી મે, ૨૦૧૬ના રોજ પૂરી થતી મુદત દરમિયાન કરવામાં આવેલી લેવડદેવડ અથવા લેવડદેવડોને પરિણામે આવા માળખાનો ભોગવટો ધરાવતી હોય તેવી વ્યકિતનો સમાવેશ થાય છે;

(ઘ) ''ભોગવટા કિંમત'' એટલે ભોગવટાને કાયદેસર (માન્ય) ઠરાવવા માટે, રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે નાણાની જેટલી રકમ ભોગવટો ધરાવનારે ચૂકવવી જરૂરી હોય, તેટલી રકમ;

(ચ) ''ઠરાવેલું'' એટલે કલમ ૧૫ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

સન ૧૯૭૬નો ૩૩મો.

(છ) ''રદ થયેલો અધિનિયમ'' એટલે શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ;

(જ) ''રહેઠાણનું મકાન (રહેણાક માળખું)'' એટલે ખાનગી વસવાટના હેતુ માટે ભોગવટો ધરાવનાર દ્વારા ઉપયોગમાં લેવામાં આવતું વધારાની ખાલી જમીન ઉપર આવેલું કોઈ

INDEX

પ્રકારનું નિવાસસ્થાન અને તેમાં સદરહુ મકાન (માળખા)ની અંદર કરવામાં આવતી કોઇ આનુષંગિક આજીવિકાને લગતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે ;

(ઝ) ''રાજય સરકાર'' એટલે ગુજરાત સરકાર.

ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની ફાળવણી.

૩. બીજા કોઇ કાયદા અથવા કોઇ સક્ષમ કોર્ટના કોઇ ચુકાદા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજય સરકાર, ભોગવટાને માન્ય (કાયદેસર) ઠરાવી શકશે અને તેમાં (રાજય સરકારમાં) નિહિત થતી વધારાની ખાલી જમીનો પૈકીની કેટલીક જમીન કે જેનો કબજો આમાં હવે પછી જોગવાઇ કર્યા પ્રમાણેની રીતે રદ થયેલા અધિનિયમ હેઠળ લેવામાં આવ્યો હોય, તે જમીનોની ફાળવણી કરી શકશે.

જમીનના ભોગવટાની માન્યતા અને તેની ફાળવણી માટેની અરજી.

૪. રહેઠાણના મકાન (રહેણાક માળખા)નો ભોગવટો ધરાવનારે, તેના તે જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા અને તેની ફાળવણીના હેતુ માટે રાજય સરકાર આ અર્થે નક્કી કરે તેટલી ભોગવટા કિંમત તરીકે ઠરાવવામાં આવે તેટલી ફી સાથે, ઠરાવેલા નમૂનામાં, મામલતદારને, આ અધિનિયમ અમલમાં આવે તે તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર અથવા રાજય સરકાર, હુકમથી, વખતોવખત લંબાવે તેટલી મુદતની અંદર અરજી કરવી જોઇશે.

અરજી સાથે રજૂ કરવાના દસ્તાવેજો.

૫. (૧) ભોગવટો ધરાવનારે, તેની અરજી સાથે, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમો ૬૧ અને ૨૦૨ હેઠળ તેને આપવામાં આવેલી નોટિસ અને તે હેઠળ કરેલા હુકમો, કોઇ હોય, તો તેની એક નકલ રજૂ કરવી જોઇશે. સન ૧૮૭૯નો મુંબઇના ૫-મો.

(૨) ભોગવટો ધરાવનારે, ભોગવટા અંગેનો દાવો કરવા માટે, તેની અરજી સાથે, શકય હોય તેટલી જૂનામાં જૂની નીચેનાં એક અથવા તેથી વધારે દસ્તાવેજોની નકલ રજૂ કરવી જોઇશે :-

(૧) રેશન કાર્ડ;

(૨) આધાર કાર્ડ;

(૩) પાસપોર્ટ;

(૪) ડ્રાઇવિંગ લાઇસન્સ;

(૫) મતદાર ઓળખપત્ર;

(૬) વીજળી બિલ;

(૭) મિલકત વેરા બિલ;

(૮) પાણી વેરા બિલ:

પરંતુ ભોગવટો ધરાવનારે તેના ભોગવટાના દાવાના સમર્થનમાં, વેચાણ ખત અથવા વેચાણ માટેના કરાર અથવા કબજા માટેના લેખ, કોઇ હોય, તો તે પણ રજૂ કરી શકશે.

(૩) ભોગવટો ધરાવનારને, તેની ઓળખના હેતુ માટે, તેની અરજી સાથે નીચેના દસ્તાવેજો પૈકી કોઇ એક અથવા તેથી વધુ દસ્તાવેજો રજૂ કરવા જોઇશે :-

(૧) પાન (PAN) કાર્ડ;

(૨) આધાર કાર્ડ;

(૩) પાસપોર્ટ;

(૪) ડ્રાઇવિંગ લાઇસન્સ;

(૫) મતદાર ઓળખપત્ર.

૬. મામલતદાર, કલમ ૪ હેઠળની અરજી મળ્યા પછી, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં નોટિસ પ્રસિદ્ધ કરી શકશે અને તે (નોટિસ) દ્વારા ભોગવટો ઘરાવનારે કરેલા ભોગવટાના દાવાના સંબંધમાં, કોઈ વ્યકિત પાસેથી, આવી નોટિસની પ્રસિદ્ધિની તારીખથી એક મહિનાની મુદતની અંદર વાંધા મંગાવી શકશે. મામલતદાર દ્વારા વાંધા મંગાવવા માટેની નોટિસ.

૭. (૧) કલમ ૬ હેઠળની નોટિસના સંબંધમાં વાંધા મળ્યા હોય તેવા કિસ્સામાં, મામલતદારે તે અંગે વિચારણા કરવી જોઈશે અને તમામ સંબંધિતોને સુનાવણીની તક આપ્યા પછી અને તેમના દ્વારા કરવામાં આવેલા દાવાને વિચારણામાં લીધા પછી, ભોગવટો ઘરાવનારની અરજી મંજૂર કરવી જોઈશે અથવા તે નામંજૂર કરવી જોઈશે. મામલતદારનો નિર્ણય.

(૨) ભોગવટો ઘરાવનારની અરજી, પેટા-કલમ (૧) હેઠળ નામંજૂર કરવામાં ન આવે તેવા કિસ્સામાં અને મામલતદારને સુસંગત દસ્તાવેજોને વિચારણામાં લીધા પછી, રહેઠાણના મકાન (રહેણાક માળખા)ના સંબંધમાં ભોગવટો ઘરાવનારના દાવાની યથાર્થતા અંગે ખાતરી થાય, તો તેમણે, ભોગવટો ઘરાવનારને, ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની ફાળવણીના હેતુ માટે, ભોગવટાની કિંમતના સંબંધમાં બાકીની ચુકવણી કરવા માટે તે દ્વારા હુકમ કરતી નોટિસ આપવી જોઈશે:

પરંતુ ઉપર ઉલ્લેખ્યા પ્રમાણેની તેવી ખાતરી કરવા માટે મામલતદાર, કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજય સરકાર દ્વારા કરવામાં આવેલી ઘરવાર મોજણી (સરવે)ની કોઈ માહિતી, રેશન કાર્ડ અને મતદાર યાદીના જૂના રેકર્ડ અથવા પોતે યોગ્ય ગણે તેવા, તેમની કચેરીમાં અથવા બીજી કોઈ જાહેર કચેરીમાં ઉપલભ્ય હોય તેવા બીજા કોઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજો પણ વિચારણામાં લઈ શકશે.

(૩) ભોગવટો ઘરાવનારે, પેટા-કલમ (૨) હેઠળ નોટિસ મળ્યેથી એક મહિનાની મુદતની અંદર, નોટિસમાં જણાવ્યા પ્રમાણેની જરૂરી ચુકવણી કરવી જોઈશે, તેમ કરવામાં ચૂક કર્યેથી, તેની અરજી નામંજૂર થયેલી હોવાનું ગણાશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણેની જરૂરી ચુકવણી થયા પછી, મામલતદારે, રાજય સરકાર ઠરાવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની ફાળવણી અંગે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હુકમ કરવો જોઈશે.

ફાળવેલી જમીનની તબદીલીને બાધ.

૮. કલમ ૭ની પેટા-કલમ (૪) હેઠળ જમીનની ફાળવણી માટે જેની તરફેણમાં હુકમ કરવામાં આવ્યો હોય તેવો કોઈપણ ભોગવટો કરનાર અથવા તેના વારસદાર આવા હુકમની તારીખથી પંદર વર્ષ પૂરા થયા પહેલાં, આવી જમીન તબદીલ કરી શકશે નહિ.

અરજી કરવામાં ચૂક થવાના પ્રસંગે પરિણામો.

૯. કોઈ રહેઠાણના મકાન (રહેણાક માળખા)નો ભોગવટો ઘરાવનાર, ઠરાવેલી સમયમર્યાદાની અંદર કલમ ૪ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે અરજી કરવામાં ચૂક કરે તેવા કિસ્સામાં, ભોગવટો ઘરાવનારને, આવા રહેઠાણના મકાન (રહેણાક માળખા)માંથી દૂર કરવો જોઈશે અને મામલતદારે, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની જોગવાઈઓ હેઠળ નિયત કર્યા પ્રમાણેની રીતે રહેઠાણના મકાન (રહેણાક માળખા)ને વધારાની ખાલી જમીન ઉપરના દબાણ તરીકે ગણીને તેનો કબજો લેવો જોઈશે. સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.

અપીલ.

૧૦. (૧) કલમ ૭ની પેટા-કલમ (૪) હેઠળના મામલતદારે કરેલા હુકમથી નારાજ થયેલી ભોગવટો ઘરાવનાર સહિતની દાવો કરનાર કોઈ વ્યકિત, આવો હુકમ મળ્યાની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર અપીલ અધિકારી સમક્ષ અપીલ કરી શકશે :

પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે આવી વ્યકિતને, પૂરતા કારણસર ઠરાવેલી સમયમર્યાદાની અંદર અપીલ કરતાં અટકાવવામાં આવી હતી, તો તેઓ, તેવી ઠરાવેલી સમયમર્યાદા પછી, પણ છ મહિના કરતાં વધારે નહિ તેટલી સમયમર્યાદાની અંદર પણ અપીલ સ્વીકારી શકશે :

INDEX

વધુમાં, કોઈ વ્યકિત અથવા ભોગવટો ધરાવનાર દ્વારા અપીલ કરવામાં આવે તેવા કિસ્સામાં, ભોગવટો કરનાર દ્વારા અરજી કરવામાં આવે, ત્યારે કલમ ૪ હેઠળ રાજય સરકારે નક્કી કર્યા પ્રમાણેની ચુકવણી કરવામાં આવી હોય તે સિવાય, તે (અપીલ), સ્વીકારવી જોઈશે નહિ.

(૨) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, જુદા જુદા વિસ્તારો માટે અથવા કોઈ વિસ્તારના ભાગ માટે, અપીલ અધિકારીઓ તરીકે જરૂરી ગણે તેટલા ડેપ્યુટી (નાયબ) કલેકટરને નીમી શકશે.

(૩) અપીલ અધિકારી, તેવી વ્યકિતને સુનાવણીની તક આપ્યા પછી, જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેવો હુકમ બહાલ રાખી શકશે, તેને સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

ફેર તપાસ.

૧૧. (૧) કલમ ૧૦ની પેટા-કલમ (૩) હેઠળ અપીલ અધિકારીએ કરેલા કોઈ હુકમથી નારાજ થયેલી ભોગવટો ધરાવનાર સહિતની કોઈપણ વ્યકિત, તેવો હુકમ કર્યાના સાઠ દિવસની મુદતની અંદર ખાસ સચિવ, મહેસૂલ વિભાગ (અપીલ) સમક્ષ ફેરતપાસ અરજી કરી શકશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે :

પરંતુ કોઈ વ્યકિત અથવા ભોગવટો ધરાવનાર દ્વારા ફેરતપાસ અરજી કરવામાં આવે તેવા કિસ્સામાં, તે (ફેરતપાસ અરજી), ભોગવટો ધરાવનાર દ્વારા અરજી કરવામાં આવે, ત્યારે કલમ ૪ હેઠળ રાજય સરકારે નક્કી કર્યા પ્રમાણેની ચુકવણી કરવામાં આવી હોય તે સિવાય, તે (ફેરતપાસ અરજી), સ્વીકારવી જોઈશે નહિ.

(૨) ખાસ સચિવ, મહેસૂલ વિભાગ (અપીલ), પેટા-કલમ (૧) હેઠળ કરેલી અરજીઓ સ્વીકારવા માટે સુરત, વડોદરા અને રાજકોટ ખાતે ખાસ બેન્ચની રચના કરી શકશે.

દીવાની (સિવિલ) કોર્ટની હકૂમતને બાધ.

૧૨. કોઈપણ દીવાની (સિવિલ) કોર્ટને, આ અધિનિયમથી અથવા તે હેઠળ મામલતદાર, અપીલ અધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારીને જે પ્રશ્નની તજવીજ કરવા અથવા તે અંગેના નિર્ણય કરવા માટે સત્તા આપી હોય તેવા કોઈ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તે અંગેના નિર્ણય કરવાની કોઈ હકૂમત રહેશે નહિ અને કોઈ દીવાની કોર્ટે, આ અધિનિયમથી અથવા તે હેઠળની કોઈ સત્તા અનુસાર લીધેલાં અથવા લેવાના કોઈ પગલાંના સંબંધમાં કોઈપણ મનાઈ હુકમ આપવો જોઈશે નહિ.

કલમો ૪, ૧૦ અને ૧૧ હેઠળની ચુકવણી રિફંડપાત્ર હોવા બાબત.

૧૩. અરજી અથવા અપીલ અથવા ફેરતપાસ અરજી સ્વીકારવામાં આવી ન હોય અથવા યથાપ્રસંગ, કાઢી નાંખવામાં આવી હોય તેવા કિસ્સામાં, ભોગવટો ધરાવનારે, અરજીની સાથે કલમ ૪ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે કરેલી કોઈ ચુકવણી અથવા અપીલ કરવા માટે કલમ ૧૦ હેઠળ અથવા ફેરતપાસ અરજી કરવા માટે કલમ ૧૧ હેઠળ કરેલી કોઈ ચુકવણી રિફંડપાત્ર રહેશે.

ક્ષતિપૂર્તિ.

૧૪. આ અધિનિયમથી અથવા તે હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઈ કાર્યના સંબંધમાં, રાજય સરકાર અથવા રાજય સરકારના કોઈ અધિકારી સામે કોઈપણ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૧૫. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના તમામ અથવા તે પૈકીના કોઈ હેતુ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ, તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજય વિધાનમંડળ, તેમાં જે કોઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં કંઈ ફેરફાર કરે, તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

INDEX

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૧૬. આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશેઃ

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, એવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

રદ કરવા બાબત અને અપવાદ.

૧૭. ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વટહુકમ, ૨૦૧૬, આથી, રદ કરવામાં આવે છે. સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૬૬ો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

ઉદ્દેશો અને કારણો

ભારત સરકારે સમન્વિત શહેરી વિસ્તારોમાં ખાલી જમીન પર ટોચમર્યાદા લાદવા માટે જોગવાઇ કરવા અને ટોચમર્યાદાથી વધારાની આવી જમીનને સંપાદિત કરવા માટે, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬નો ૩૩મો) અધિનિયમિત કર્યો હતો. શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯ની કલમ ૧ની પેટા-કલમ (૨)ને લક્ષમાં લેતાં, સદરહુ રદ થયેલો અધિનિયમ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૨-ના ખંડ (૨) હેઠળ તે અર્થે જે તે રાજયનું વિધાનમંડળ જે તારીખે ઠરાવ પસાર કરીને, અધિનિયમ સ્વિકારે તે તારીખથી એવા બીજા કોઇ રાજયને લાગુ પડશે. ગુજરાત રાજયના વિધાનમંડળે તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૯ના રોજ ઠરાવ પસાર કરીને, સદરહુ રદ થયેલો અધિનિયમ, ૧૯૯૯ સ્વિકાર્યો છે અને આ રીતે તે (આ અધિનિયમ) તારીખ : ૩૦મી માર્ચ, ૧૯૯૯થી ગુજરાત રાજયમાં અમલમાં આવ્યો છે. તદનુસાર, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬, તારીખ : ૩૦મી માર્ચ, ૧૯૯૯થી અમલમાં આવે તેમ, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯થી રદ કરવામાં આવ્યો હતો.

સન ૧૯૭૬નો સદરહુ અધિનિયમ રદ કરતાં પહેલાં, રદ થયેલા સદરહુ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કેટલીક વધારાની ખાલી જમીનો રાજય સરકારમાં નિહિત થઈ હતી, જેનો કબજો રાજય સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો. રાજય સરકારે, પોતાનામાં નિહિત થયેલી આવી વધારાની ફાજલ જમીન, સદરહુ રદ થયેલા અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણેની રીતે ફાળવવી જરૂરી છે. તેમ છતાં, અમુક કિસ્સામાં, રાજય સરકાર દ્વારા જેનો કબજો લઈ લેવામાં આવ્યો હતો તેવી વધારાની ખાલી જમીન પર તારીખ : ૩૦મી માર્ચ, ૧૯૯૯ પહેલાં અગાઉથી જ રહેઠાણના મકાનો (રહેણાંક માળખા) ઊભા કરવામાં આવ્યા હતા. સંબધિત વ્યકિત દ્વારા ભોગવટો કરેલી વધારાની જમીનનું સરેરાશ માપ પચ્ચીસ ચો.મીટરથી સિત્તેર ચો.મીટરની શ્રેણીમાં છે, જે સૂચવે છે કે રહેઠાણના મકાનોના ભોગવટો ઘરાવ્યો હોય અને તે તરીકે આવી વધારાની ખાલી જમીનોનો ભોગવટો ઘરાવતી હોય તેવી મોટાભાગની સદરહુ વ્યકિતઓ, સમન્વિત શહેરી વિસ્તારોમાંની સમાજની નબળા વર્ગની વ્યકિતઓ છે.

રાજય સરકાર, ખાસ કરીને, સમાજના આર્થિક રીતે નબળા વર્ગોને આવાસન (મકાનો) પૂરા પાડવાના અભિપ્રેત હેતુ માટે, વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીન પર બાંધકામ કરવામાં આવ્યું હતું અને આથી, આવી જમીનોનો કબજો બાંધકામ સાથે લેવામાં આવ્યો હતો, સદરહુ જમીનોમાં મુખ્યત્વે રહેણાંક અને કેટલાક કિસ્સામાં ઔદ્યોગિક અને વાણિજિયક પ્રકારના બાંધકામો થયા હોવાથી, આવી જમીનોને અભિપ્રેત હેતુ માટે ફાળવી શકાઈ ન હતી.

સદરહુ ભોગવટો ઘરાવનાર, ખાસ કરીને, રહેઠાણનો (રહેણાંકનો) ભોગવટો ઘરાવનારા આ જમીન પર અધુરો માલિકી-હક ધરાવે છે અને આથી, તેમની આવાસનની જરૂરિયાતો માટે ધિરાણ, સુધારણા અને

INDEX

વિસ્તરણના હેતુ માટે, ઔપચારિક નાણાકીય વ્યવસ્થાનો ઉપયોગ કરી શકતા નથી. આથી, આ પ્રકારના રહેઠાણ (રહેણાક) આવાસન સમય જતાં ધીમે ધીમે જર્જરિત થઈ રહયાં છે અને તે જાહેર આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી રહયાં છે. તદુપરાંત, ભોગવટો ધરાવનારા તેમનો કબજો (ભોગવટો) જવાના ભય હેઠળ પણ જીવી રહયાં છે, જે આર્થિક નબળા વર્ગમાં નિર્બળ હોવાની મનોવૃત્તિને વધુ ઉત્તેજન આપે છે.

બીજી તરફ, રાજય સરકારે સમાજના નિમ્ન અને મધ્યમ વર્ગ માટે પરવડે તેવા સસ્તા ભાવે આવાસન (મકાનો) પૂરા પાડવાની નીતિ અપનાવેલી છે, જેથી કરીને તેમના જીવનધોરણમાં એકંદરે સુધારણા કરી શકાય તથા શહેરી વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી (ગંદા વસવાટ) અને નબળા આવાસન એકમોનું પુનર્વસન થઈ શકે. સરકારી અને ખાનગી જમીન પર રહેઠાણના (રહેણાક) હેતુઓ માટે અતિક્રમણને ઝૂંપડપટ્ટી તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હોવાથી તેને ઝૂંપડપટ્ટી પુનર્વસન નીતિનો લાભ મળે છે, વધારાની ખાલી જમીન પરના રહેઠાણના (રહેણાક) મકાનોના રહેવાસીઓને, શહેરી ગરીબ અને નિમ્ન મધ્યમ વર્ગ માટે આવાસન (મકાનો)ની સુધારણા માટેની નીતિમાંથી લાભ મળી શકયા નથી. આથી, આવા રહેઠાણના મકાનોના રહેવાસીઓને તેમના ભોગવટાને માન્ય (કાયદેસર) ઠરાવવાની તક પૂરી પાડવી જરૂરી છે અને તદનુસાર તમામ લોકોને આવાસન પૂરા પાડવા માટેની સર્વસમાવેશી નીતિના ભાગરૂપે તેમને આવાસનનો લાભ લેવા માટે સમર્થ બનાવી શકાય છે.

રાજય સરકાર એવો મત ધરાવે છે કે આવા ભોગવટો ધરાવનારાને આવા ભોગવટામાંથી દૂર કરવાના પગલાં લેવામાં આવે તો તેમને (ભોગવટો ધરાવનારાને) અત્યંત મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. રાજય સરકાર, સમાજના આર્થિક રીતે નબળા વર્ગોના લાભ માટે, સમન્વિત શહેરી વિસ્તારોમાં જમીનની વાજબી ફાળવણીને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

રાજય સરકારે, આથી, ભોગવટો ધરાવનારાને અન્યથા સામનો કરવો પડી શકે તેમ હોય તેવી ગંભીર મુશ્કેલીઓને હળવી બનાવવાના હેતુથી, ભોગવટાને માન્ય (કાયદેસર) ઠરાવવાનો અને ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વટહુકમ, ૨૦૧૬ અમલમાં આવ્યાની તારીખે આવી વધારાની ખાલી જમીન પૈકીની અમુક જમીનનો કબજો ધરાવતા હોય તેવા ભોગવટો ધરાવનારા દ્વારા જેના પર રહેઠાણના (રહેણાક) મકાનોનું બાંધકામ કરવામાં આવ્યું હોય તેવી કેટલીક વધારાની ખાલી જમીનો પૈકીની અમુક જમીન ફાળવવાનો નિર્ણય કર્યો છે. કોઈ વ્યકિત વધારાની ખાલી જમીન પરના બાંધકામ કરવામાં આવેલા રહેઠાણના (રહેણાક) મકાનોનું તારીખ : ૧-લી જાન્યુઆરી, ૨૦૧૧થી અથવા તેની પહેલાંથી, આ વટહુકમ અમલમાં આવ્યાની તારીખ સુધી કબજો (ભોગવટો) ધરાવતો હોય અથવા તારીખ : ૧-લી જાન્યુઆરી, ૨૦૧૧થી શરૂ થતાં અને તારીખ : ૩૧મી મે, ૨૦૧૬ના રોજ પૂરા થતાં સમયગાળા દરમિયાન લેવડદેવડ અથવા લેવડદેવડોના કારણે સદર વટહુકમ અમલી બન્યાની તારીખે આવા બાંધકામ પર કબજો (ભોગવટો) ધરાવતો હોય તો તે કિસ્સામાં, આ ભોગવટો માન્ય (કાયદેસર) ઠરાવવામાં આવશે અને આ બાબતને ધ્યાનમાં લેતા, તારીખ : ૧-લી જૂન, ૨૦૧૬ના રોજ અથવા તે પછી, કોઈ વ્યકિત, આવા રહેઠાણના (રહેણાક) બાંધકામ પર કબજો લીધો હોવાનો દાવો કરે તો તે કિસ્સામાં, આવો કોઈપણ ભોગવટો માન્ય (કાયદેસર) ગણાશે નહિ.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ વટહુકમ ૧૫મી, ડિસેમ્બર ૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે .

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની મહત્વની જોગવાઈઓ ટૂંકમાં સમજાવી છે :-

કલમ ૧.- આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા અને આરંભની જોગવાઈ કરી છે.

કલમ ૨.- આ કલમથી, વિધેયકમાં વપરાયેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

INDEX

કલમ ૩.- આ કલમથી, રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા અને તેની ફાળવણી કરવાની જોગવાઇ કરી છે.

કલમ ૪.- આ કલમથી, વધારાની ખાલી જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા અને તેની ફાળવણીની માટેની અરજી કરવા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૫.- આ કલમથી, અરજદારે કરેલ અરજી સાથે દસ્તાવેજો ની રજૂ કરવા માટે જોગવાઇ કરી છે.

કલમ ૬.- આ કલમથી, ભોગવટાના દાવા બાબતે કોઇ વ્યક્તિ પાસેથી વાંધા મંગાવવા માટેની નોટીસ પ્રસિદ્ધ કરવા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૭.- આ કલમથી, ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની ફાળવણી માટે ભોગવટો ધરાવનારે કરેલ અરજી ઉપર મામલતદારના નિર્ણય માટેની જોગવાઇ કરી છે.

કલમ ૮.- આ કલમથી, વધારાની ખાલી જમીનની ફાળવણી અને ભોગવટાની માન્યતા અંગેના હુકમની તારીખથી પંદર વર્ષ પૂરા થયા પહેલાં વધારાની ખાલી જમીન તબદીલ કરી શકશે નહિ તેવી જોગવાઇ કરી છે.

કલમ ૯.- આ કલમથી, ભોગવટો ધરાવનાર, ઠરાવેલી સમયમર્યાદાની અંદર ભોગવટા માન્યતા માટેની અરજી કરવામાં ચૂક કરે તો, વધારાની ખાલી જમીન પર રહેઠાણના મકાનો (રહેણાક માળખા)નો કબજો ધરાવતા હોય તેવા ભોગવટો ધરાવનારને મકાનો દૂર કરવામાં આવશે, તેનાથી એવી પણ જોગવાઇ કરી છે કે સદરહુ જમીનનો કબજો, વધારાની ખાલી જમીન ઉપરના દબાણ તરીકે ગણવામાં આવશે.

કલમ ૧૦.- આ કલમથી, અપીલ અધિકારી સમક્ષ કોઇ વ્યક્તિએ અપીલ રજૂ કરવાની જોગવાઇ કરી છે.

કલમ ૧૧.- આ કલમથી, ખાસ સચિવ, મહેસૂલ વિભાગ (અપીલ) સમક્ષ કોઇ વ્યક્તિએ ફેરતપાસ અરજી રજૂ કરવાની જોગવાઇ કરી છે.

કલમ ૧૨.- આ કલમથી, દીવાની કોર્ટને, મામલતદાર, અપીલ અધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારીને જે પ્રશ્નની તજવીજ કરવા અથવા તે અંગે નિર્ણય કરવા માટે સત્તા આપી હોય તેવા કોઇ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તે અંગેના નિર્ણય કરવાની કોઇ હકૂમત રહેશે નહિ તેવી જોગવાઇ કરી છે.

કલમ ૧૩.- આ કલમથી, અરજી, અરજી, અપીલ અથવા ફેરતપાસ અરજી સ્વીકારવામાં ન આવે તે કિસ્સામાં ભોગવટો ધરાવનારે, અધિનિયમની કલમો ૪, ૧૦ અને ૧૧ હેઠળ કરેલી કોઇપણ ચૂકવણી, રિફંડપાત્ર રહેશે તેવી જોગવાઇ કરી છે.

કલમ ૧૪.- આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલાં કાર્યો માટે સામાન્ય ક્ષતિપૂર્તિની જોગવાઇ કરી છે.

કલમ ૧૫.- આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૧૬.- આ કલમથી, રાજ્ય સરકારને, આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,

INDEX

નાણાકીય યાદી

ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત અધિનિયમ, ૨૦૧૭થી શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૦ની પેટા-કલમ (૩) હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલી અને જેમનો કબજો ૩૦મી માર્ચ, ૧૯૯૯ પહેલાં રાજ્ય સરકારે લઈ લીધો છે તેવી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાની માન્યતા માટે જોગવાઈ કરવા ધાર્યું છે. વિભાગનો વિદ્યમાન કર્મચારી વર્ગ (સ્ટાફ) અધિનિયમના ઉદ્દેશો પાર પાડવા માટે કાર્યો કરશે. આના લીધે રાજ્યની તિજોરી પર કોઈ નાણાકીય જવાબદારી આવશે નહિ. તેથી, વિધેયક અધિનિયમિત કરીને અમલમાં લાવવામાં આવે તો, રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઈ વધારાનો ખર્ચનો તેમાં સમાવેશ થશે નહિ.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૪.- આ કલમથી, રાજ્ય સરકારને, નિયમોથી, રહેઠાણના મકાન (રહેણાક માળખા)નો ભોગવટો ધરાવનારે વધારાની ખાલી જમીનના ભોગવટાની માન્યતા અને તેની ફાળવણી માટે કરવાની અરજીનો નમૂનો ઠરાવવા તેમજ ભોગવટા કિંમત પેટે ચૂકવવાની ફી પણ ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬.- આ કલમથી, રાજ્ય સરકારને, નિયમોથી, ભોગવટો કરનારે કરેલા ભોગવટાના દાવાના સંબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી વાંધા મંગાવવા માટે મામલતદારે કાઢવાની નોટિસનો નમૂનો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭.- આ કલમની પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને, નિયમોથી, વધારાની ખાલી જમીનના ભોગવટાની માન્યતા માટે અને તેની ફાળવણી માટે મામલતદારે કરેલા હુકમનો નમૂનો ઠરાવવાની તેમજ જે રીતે અને જે શરતોને અધીન રહીને હુકમ કરવો જોઈશે તે રીત અને તે શરતો પણ ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૦.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જુદા જુદા વિસ્તારો માટે અથવા કોઈ વિસ્તારના ભાગ માટે અપીલ અધિકારીઓ તરીકે જરૂરી ગણે તેટલા ડેપ્યુટી (નાયબ) કલેક્ટરોને નીમવાની સત્તા મળે છે.

કલમ ૧૫.- આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૧૬.- આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદતની અંદર ઉભી થાય તેવી મુશ્કેલીઓ દૂર કરવા માટે અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરવા માટેની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૭. ભૂપેન્દ્રસિંહ ચુડાસમા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગુજરાત સરકારના સચિવ.

ગાંધીનગર,

તારીખઃ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 48

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, FEBRUARY 17, 2017/MAGHA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૧૦**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 10 OF 2017.

THE GUJARAT TRIBAL DEVELOPMENT CORPORATION (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Tribal Development Corporation Act, 1972.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૦.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

સન ૧૯૭૨-ના ગુજરાતના ૫-મા અધિનિયમની કલમ ૫-નો સુધારો.

સન ૧૯૭૨નો ગુજરાતનો ૫-મો.

૨. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨-માં, કલમ ૫-માં, પેટા-કલમ (૧) અને તેના પરંતુકમાં, ત્રણ જગ્યાએ આવતા ''પચાસ કરોડ રૂપિયા'' એ શબ્દોને બદલે, ''પાંસઠ કરોડ રૂપિયા'' એ શબ્દો મૂકવા.

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨-ની કલમ ૫-ની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, પચાસ કરોડ રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમ, મૂડી તરીકે કોર્પોરેશનને જોગવાઇ કરવાની સત્તા મળે છે. રાજય સરકાર જરૂરી હોય, ત્યારે મૂડીની વધુ રકમની જોગવાઇ, સદરહુ કોર્પોરેશન માટે કરી શકે તે માટે, કોર્પોરેશનની મૂડીની ઉપર્યુકત ટોચમર્યાદાને પાંસઠ કરોડ રૂપિયા સુધી વધારવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

ગણપતસિંહ વસાવા,

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૨-થી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨-ની કલમ ૫-ની પેટા-કલમ (૧) સુધારવા ધાર્યું છે, જેનાથી, રાજય સરકારને ઉચિત જણાય તે પ્રમાણે, કોર્પોરેશનની મૂડી તરીકે પાંસઠ કરોડ રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમની જોગવાઇ, જરૂરી હોય, ત્યારે કોર્પોરેશન માટે કરવાની સત્તા રાજય સરકારને મળે છે. વિધેયક, અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે, તો સદરહુ કોર્પોરેશન માટે, પંદર કરોડ રૂપિયા સુધીનો અનાવર્તક ખર્ચ થશે, જે વખતોવખત રાજય સરકારે કરવાનું (ભોગવવાનું) રહેશે.

તારીખ : ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭. **ગણપતસિંહ વસાવા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, **કે. એમ. લાલા,**

તારીખ: ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭. ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 49

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, FEBRUARY 17, 2017/MAGHA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭

તારીખ: ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત વિધેયક ક્રમાંક:૧૧- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,

સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 11 OF 2017.

THE BIRSA MUNDA TRIBAL UNIVERSITY BILL, 2017.

A BILL

to establish and incorporate a teaching University in the State of Gujarat to be known as the Birsa Munda Tribal University at Rajpipla District, Narmada, to develop flexible and innovative academic and research programs in emerging areas, with special reference to the tribal population of Gujarat; to provide access to education in the areas of technical, skill based, vocational, management, tourism, tribal arts, culture and traditional value system and other related areas for faster growth in the tribal areas; to provide instructional and research facilities in tribal art, culture, tradition, language medicinal systems, customs, forest based economic activities, flora and fauna and advancement in technologies relating to the natural resources of tribal areas and for matters connected therewith or incidental thereto.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭–અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક સિધ્ધ કર્યું છેઃ–

સન ૨૦૧૭ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૧ .

બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭.

ગુજરાતની આદિજાતિ વસતીના ખાસ સંદર્ભમાં, વિકસતા વિસ્તારોમાં પરિવર્તનશીલ અને નવીન શૈક્ષણિક અને સંશોધન કાર્યક્રમો વિક્સાવવા; આદિજાતિ વિસ્તારના ઝડપી વિકાસ માટે ટેકનિકલ(તકનિકી), કૌશલ્ય આધારિત, વ્યાવસાયિક, સંચાલન, પ્રવાસન, આદિજાતિ કળા, સંસ્કૃતિ અને પરંપરાગત મૂલ્ય પ્રથાના ક્ષેત્રોને અને બીજા સંબંધિત ક્ષેત્રોને શિક્ષણમાં દાખલ કરવાની જોગવાઇ કરવા; આદિજાતિ કળા, સંસ્કૃતિ, પરંપરા, ભાષા,ઔષધીય પદ્ધતિ, રિવાજો, વન-આધારિત આર્થિક પ્રવૃત્તિઓ, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ અને આદિજાતિ વિસ્તારની કુદરતી સંપત્તિ સંબંધિત ટેકનોલોજી (પ્રૌદ્યોગિકી) માંની પ્રગતિ માટે સૂચનાત્મક અને સંશોધનાત્મક સગવડો પૂરી પાડવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બીજી બાબતો માટે જોગવાઇ કરવા માટે ગુજરાત રાજયમાં નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી અધ્યાપન યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત વિધેયક.

INDEX

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

પ્રકરણ ૧
પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઇઓ, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે અને જુદી જુદી જોગવાઇઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "એકેડેમિક કાઉન્સિલ" એટલે કલમ ૨૭ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ;

(ખ) "બોર્ડ" એટલે કલમ ૨૨ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું સંચાલક મંડળ;

(ગ) "અભ્યાસ સમિતિ" એટલે કલમ ૩૪ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની અભ્યાસ સમિતિ;

(ઘ) " કોલેજ" એટલે અભ્યાસ અથવા તાલીમના અભ્યાસક્રમો પૂરા પાડી યુનિવર્સિટીના પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા યુનિવર્સિટીએ સ્થાપેલી અથવા તેના દ્વારા નિભાવાતી કોલેજ;

(ચ) "ડીન" એટલે કલમ ૧૬ હેઠળ નિમાયેલ યુનિવર્સિટીના ડીન;

(છ) "દૂરવર્તી શિક્ષણ" એટલે રેડિયો પ્રસારણ, ટેલિવિઝન પ્રસારણ, વેબકાસ્ટિંગ પત્રવ્યવહાર અભ્યાસક્રમો, પરિસંવાદ (સેમિનાર), સંપર્ક કાર્યક્રમો અથવા તેવા પ્રકારના બે કે તેથી વધુ પ્રકારના કાર્યક્રમોના સંયોજનથી આપવામાં આવતું શિક્ષણ;

(જ) "એક્ઝિક્યુટિવ કાઉન્સિલ" એટલે કલમ ૨૫ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ;

INDEX

(ઝ) "વિદ્યાશાખા" એટલે યુનિવર્સિટીની વિદ્યાશાખા;

(ટ) "નાણા સમિતિ" એટલે કલમ ૨૯ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની નાણા સમિતિ;

(ઠ) "સંસ્થા" એટલે યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી અથવા યુનિવર્સિટીના વિશેષાધિકારો મેળવતી હોય, તેવી કોલેજ ન હોય તેવી શૈક્ષણિક સંસ્થા;

(ડ) "અધ્યાદેશ" એટલે કલમ ૩૮ હેઠળ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કરેલા અધ્યાદેશ;

(ઢ) "પ્રિન્સિપાલ (આચાર્ય)" એટલે કોલેજના અથવા યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી સંસ્થાના વડા અને તેમાં, પ્રિન્સિપાલ ન હોય, તો પ્રિન્સિપાલ તરીકે તત્પૂરતા સમય માટે યોગ્ય રીતે નિમવામાં આવેલ કોઇ વ્યક્તિનો અને પ્રિન્સિપાલની અથવા કાર્યકારી પ્રિન્સિપાલની ગેરહાજરીમાં, તે તરીકે યોગ્ય રીતે નિમવામાં આવેલ વાઇસ-પ્રિન્સિપાલ (ઉપાચાર્ય)–નો સમાવેશ થાય છે;

(ત) " વિનિયમો" એટલે કલમ ૪૦ હેઠળ યુનિવર્સિટીએ કરેલા વિનિયમો;

(થ) " નિયમો" એટલે કલમ ૪૦ની પેટા-કલમ (૨) હેઠળ યુનિવર્સિટીના અધિકારીમંડળો પૈકીના કોઇ અધિકારીમંડળે કરેલા નિયમો;

(દ) " સ્ટેચ્યૂટ" એટલે કલમ ૩૬ હેઠળ યુનિવર્સિટીએ કરેલા સ્ટેચ્યૂટ;

(ધ) "અધ્યાપક" એટલે પ્રિન્સિપાલ (આચાર્ય), પ્રાધ્યાપક, સહ-પ્રાધ્યાપક, સહાયક પ્રાધ્યાપક અથવા કોલેજો પૈકીની કોઇપણ કોલેજ અથવા સંસ્થામાં પ્રશિક્ષણ આપતી અથવા સંશોધન પર દેખરેખ રાખતી અને જેની નિમણૂકને યુનિવર્સિટીએ મંજૂરી આપેલી હોય એવી બીજી કોઇ વ્યકિત અને તેમાં, કરારગત ધોરણે અથવા હંગામી ધોરણે અથવા કાર્યકારી (એડ-હોક) ધોરણે અથવા જરૂરિયાતના ધોરણે અથવા અન્યથા નિમણૂક થયેલી હોય તેવી વ્યકિત, મુલાકાતી અધ્યાપકો, પ્રતિષ્ઠિત પ્રાધ્યાપકો, પરામર્શકો, વિદ્વાનો, માર્ગદર્શકો અને સલાહકારોનો સમાવેશ થાય છે;

(ન) "યુનિવર્સિટી" એટલે કલમ ૩ હેઠળ સ્થપાયેલી અને રચાયેલી બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી";

(૫) "યુનિવર્સિટી વિભાગ" એટલે યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી કોઇ અનુસ્નાતક અથવા સંશોધન સંસ્થા અથવા વિભાગ.

પ્રકરણ ૨
યુનિવર્સિટી

યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન.

૩. (૧) "બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી" તરીકે ઓળખાતી યુનિવર્સિટી સ્થાપવામાં અને રચવામાં આવશે.

(૨) યુનિવર્સિટીના કુલપતિ, ઉપકુલપતિ અને સંચાલક મંડળ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ, નાણા સમિતિ તથા મકાન અને મિલકત સમિતિના સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તેવી તમામ વ્યકિતઓ, પોતાનો એવો હોદ્દો અથવા સભ્યપદ ધરાવવાનું ચાલુ રાખે ત્યાં સુધી, તે બધાથી "બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી" એ નામનું સંસ્થાપિત મંડળ રચાશે.

(૩) યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર અને એક સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૪) યુનિવર્સિટી, જંગમ અને સ્થાવર એમ બન્ને પ્રકારની મિલકત સંપાદિત કરી શકશે અને ધરાવી શકશે અને યુનિવર્સિટીના હેતુઓ માટે તેનામાં નિહિત થાય અથવા તે પ્રાપ્ત કરે તેવી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપી શકશે, વેચી શકશે અથવા અન્યથા તબદીલ કરી શકશે, તેની અસ્કયામતોની જામીનગીરીઓ ઉપર લોન ઊભી કરી શકશે અને કરાર કરી શકશે અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી હોય તેવી બીજી તમામ બાબતો કરી શકશે:

પરંતુ રાજય સરકારની પૂર્વ-મંજૂરી સિવાય આવી મિલકતનું આવું કોઇપણ વેચાણ કરવું જોઇશે નહિ, તેને પટે આપવી જોઇશે નહિ અથવા તેને તબદીલ કરવી જોઇશે નહિ અથવા એવી કોઇ લોન ઊભી કરવાની સત્તા વાપરવી જોઇશે નહિ.

યુનિવર્સિટીનું મુખ્ય મથક.

૪. યુનિવર્સિટીનું મુખ્ય મથક રાજપીપળા, જિલ્લો: નર્મદા, ગુજરાત રાજ્ય ખાતે રહેશે.

INDEX

૫. નીચે જણાવેલા ઉદ્દેશો ઉપરાંત યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ, ન્યાયોચિત બહુવિધ સામાજિક-આર્થિક વિકાસ કેન્દ્રો અને ગુણોત્કર્ષ કેન્દ્રો શરૂ કરવાનો રહેશે:- યુનિવર્સિટીના ઉદ્દેશો.

(૧) મુખ્યત્વે ગુજરાત રાજયની આદિજાતિ વસ્તી માટે ઉચ્ચતર શિક્ષણ અને સંશોધન સુવિધાઓની તકો ખૂરી પાડવી;

(૨) પ્રમાણપત્ર અથવા ડિપ્લોમા અભ્યાસક્રમો, પૂર્વ-સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો અને ડોકટરેટ સ્તર સુધીના અધ્યાપનની જુદી જુદી પદ્ધતિઓ વિકસાવવી તથા શિક્ષણ અને તેના ઉપયોગોના ઉચ્ચ ધોરણ જાળવવા;

(૩) આદિજાતિ પરંપરા, આદિજાતિ કલા અને સંસ્કૃતિ, આદિજાતિ ભાષાનું જ્ઞાન આપવા; પરંપરાગત ખોરાક, પશુધન, ડેરી વિકાસ, સેન્દ્રિય (ઓર્ગેનિક) ખેતી, વન સંવર્ધન વિદ્યા, પરિસ્થિતિવિજ્ઞાન (ઇકોલોજી), પર્યાવરણલક્ષી વિજ્ઞાન, પારિસ્થિતિક પ્રવાસન, કૃષિ, ખેતી, ગૌણ વન-પેદાશ (MFP), આયુર્વેદિક પરંપરાગત ઔષધિ, માર્કેટિંગ, વ્યવસાય સંચાલન અને ગુજરાતમાંની આદિમ જાતિઓ સહિતની વિવિધ આદિજાતિઓના વન સંબંધિત અને અન્ય કૌશલ્યોને ઉત્તેજન આપવા ગુણોત્કર્ષ કેન્દ્ર અથવા સ્વતંત્ર સંશોધન કેન્દ્ર (કેન્દ્રો), સંગ્રહાલયો વગેરે સ્થાપવા;

(૪) આદિજાતિ કેન્દ્રીત વિકાસના મોડલ્સ (આદર્શરૂપ નમૂના) તૈયાર કરવા, અહેવાલો અને ખાસ નિબંધો પ્રસિદ્ધ કરવા અને આદિજાતિને લગતા વિષયો પર સંમેલનો, પરિસંવાદો વગેરે ગોઠવવા અને રાજ્ય સરકારના જુદા જુદા ક્ષેત્રોમાં નીતિવિષયક બાબતોના સંબંધમાં માહિતી પૂરી પાડવી;

(૫) આંતર-વિદ્યાશાખાકીય અભ્યાસ અને સંશોધનમાં અધ્યાપન-શિક્ષણ પ્રક્રિયાઓમાં નવીનતાને ઉત્તેજન આપવા માટે યોગ્ય પગલાં લેવા;

(૬) યુનિવર્સિટી ખાતેના અધ્યાપન, સંશોધન, ઉદ્યોગસાહસિકતા અને તાલીમને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે સમાજની જરૂરિયાતો સાથે સુસંગત બનાવવા માટે ઉદ્યોગ સાથે ઘનિષ્ઠ સંપર્કો સ્થાપિત કરવા;

INDEX

(૭) ખાસ કરીને આદિજાતિ સમુદાયો અંગેના સાંસ્કૃતિક અભ્યાસો અને સંશોધન હાથ ધરવા માટે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી અથવા સંસ્થાઓ સાથે સહયોગ કરવો;

(૮) આદિજાતિ સંચાલન અભ્યાસ માટે સુવિધાઓ પૂરી પાડવી;

(૯) આધુનિક કૌશલ્ય અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો સ્થાપવા, તેને નિભાવવા અને વિક્સાવવા.

યુનિવર્સિટીની સત્તા અને કાર્યો.

૬. આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, યુનિવર્સિટીને નીચેની સત્તા અને કાર્યો રહેશે:-

(૧) (ક) દૂરવર્તી અધ્યયન શિક્ષણ સહિતના શિક્ષણ કેન્દ્ર;

(ખ) સંશોધન કેન્દ્ર;

(ગ) કારકિર્દી પરામર્શ અને નોકરીની નિયુક્તિ સહિતના તાલીમ કેન્દ્ર;

(ઘ) વિસ્તરણ શિક્ષણ કેન્દ્ર;

(ચ) આદિજાતિ પેદાશોના માર્કેટિંગ અને સંચાલન માટેના કેન્દ્ર;

- જેવા કેન્દ્રો સ્થાપવા, ચલાવવા અને વિક્સાવવાની;

(૨) પોતાને યોગ્ય લાગે તેવી જ્ઞાનની વિદ્યાશાખાઓમાં અને અભ્યાસક્રમોમાં પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ માટે જોગવાઇ કરવાની અને આદિજાતિના વિદ્યાર્થીઓના ખાસ સંદર્ભમાં જ્ઞાનના સંશોધન, વિકાસ અને પ્રસાર માટે જોગવાઇઓ કરવાની;

(૩) અધ્યાપન અને સંશોધન માટે સહિયારી પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો અને બીજી સાધનસામગ્રીની વ્યવસ્થા કરવાની;

(૪) યુનિવર્સિટીને જરૂર હોય તેવી પ્રાધ્યાપકો, સહ-પ્રાધ્યાપકો અથવા સહાયક પ્રાધ્યાપકો અને અધ્યાપકોની બીજી જગાઓ શરૂ કરવી;

INDEX

(૫) પ્રાધ્યાપકો, સહ-પ્રાધ્યાપકો અથવા સહાયક પ્રાધ્યાપકો અથવા અભ્યાસક્રમ સંકલનકર્તા અથવા ક્ષેત્ર નિષ્ણાતો અથવા અન્યથા યુનિવર્સિટીના અધ્યાપકો તરીકે વ્યકિતઓની નિમણૂક કરવાની અથવા તેમને માન્યતા આપવાની;

(૬) પદવીઓ, ડિપ્લોમા, પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો શરૂ કરવાની;

(૭) પરીક્ષાઓ લેવાની અને જે વ્યક્તિઓએ-

(ક) પોતાને તેમાંથી માફી આપવામાં આવી હોય તે સિવાય જેણે સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોથી ઠરાવેલી રીતે, યુનિવર્સિટીનો અથવા કોલેજનો માન્ય અભ્યાસક્રમ કર્યો હોય અને યુનિવર્સિટી દ્વારા ઠરાવેલી પરીક્ષાઓ પાસ કરેલી હોય; અથવા

(ખ) અધ્યાદેશ, વિનિયમ અથવા નિયમોથી ઠરાવેલી શરતો મુજબ સંશોધન કર્યું હોય;

તેવી વ્યક્તિઓને પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવાની;

(૮) સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે માનદ પદવીઓ અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરવાની;

(૯) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તરીકે નોંધાયેલી ન હોય તેવી વ્યકિતઓને સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોથી ઠરાવવામાં આવે તેવા ડિપ્લોમા આપવાની અને તેમના માટે તેવા વ્યાખ્યાનો, પ્રશિક્ષણ અને તાલીમ માટે જોગવાઇ કરવાની;

(૧૦) કોલેજ, સંસ્થાઓ તપાસવાની અને તેમાં પ્રશિક્ષણ, અધ્યાપન અથવા તાલીમના યોગ્ય ધોરણો જળવાય છે અને ગ્રંથાલય, પ્રયોગશાળાની અને કૌશલ્ય નિર્માણ થાય અને તેમાં વૃદ્ધિ થાય તે માટેની સુવિધાઓની પૂરતી જોગવાઇ કરવામાં આવી છે તે બાબત સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવાની;

(૧૧) કોલેજ અને સંસ્થાઓની પ્રવૃત્તિઓનું નિયંત્રણ અને સંકલન કરવાની તથા આવી કોલેજમાં અને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓએ ભરવાની ફીનું નિયમન કરવાની;

(૧૨) શૈક્ષણિક રીતે પછાત હોય તેવા વર્ગો અને સમુદાયોમાં યુનિવર્સિટી શિક્ષણના પ્રસાર માટે ખાસ જોગવાઇઓ કરવાની;

(૧૩) અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેવી ફી અને બીજા ખર્ચ (ચાર્જિસ) નક્કી કરવાની, માગવાની અને લેવાની અથવા વસૂલ કરવાની;

(૧૪) યુનિવર્સિટીએ છાત્રાલયો સ્થાપવા, નિભાવવા અને તેનું સંચાલન કરવાની અને યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતા ન હોય તેવા છાત્રાલયોને માન્યતા આપવાની. યુનિવર્સિટી, આવા છાત્રાલયોની તપાસ કરી શકશે અને યુનિવર્સિટીને પોતે ઉચિત અને યોગ્ય લાગે, તો માન્યતા પાછી ખેંચી શકશે;

(૧૫) યુનિવર્સિટી, કોલેજો અને સંસ્થાઓના વિદ્યાર્થીઓના નિવાસ, વર્તણૂક અને શિસ્ત અંગે દેખરેખ રાખવાની, તેનું નિયમન અને નિયંત્રણ કરવાની તથા તેમના આરોગ્ય અને સામાન્ય કલ્યાણના ઉત્તેજન માટે ગોઠવણો કરવાની;

(૧૬) (૧) મુદ્રણ અને પ્રકાશન વિભાગ;

(૨) યુનિવર્સિટી વિસ્તરણ બોર્ડો;

(૩) માહિતી બ્યૂરો; અને

(૪) રોજગાર બ્યૂરો;

શરૂ કરવાની અને તેનું સંચાલન કરવાની ;

(૧૭) (૧) શારીરિક શિક્ષણ, રાષ્ટ્રીય સમાજ સેવા, મુખ્યમંત્રી શ્રમદાન યોજના, નેશનલ કેડેટ કોર માટે;

(૨) રમતગમત અને વ્યાયામ પ્રવૃત્તિઓ માટે ;

(૩) બીજી શૈક્ષણિક, અભ્યાસેતર અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓના પાલન માટે;

(૪) નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC), એકેડેમિક એન્ડ ધ એડમિનિસ્ટ્રેટીવ ઓડિટ (AAA), નેશનલ બોર્ડ ઓફ એસેસમેન્ટ (NBA) અથવા કેન્દ્ર સરકારે અથવા યથાપ્રસંગ, રાજય સરકારે રચેલી

INDEX

એવી બીજી કોઇ વૈધાનિક એક્રેડિટેશન એજન્સીમાંથી અધિકાર પત્ર (એક્રેડિટેશન) મેળવવા માટે જરૂરી વ્યવસ્થા કરવા માટે;

(૫) રાજય સરકાર દ્વારા કોલેજ અને માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીને વખતોવખત, આપવામાં આવતા આદેશો/ સૂચનાઓનું પાલન કરવા માટે,

જોગવાઇઓ કરવાની;

(૧૮) યુનિવર્સિટી નક્કી કરે તેવી રીતે અને તેવા હેતુઓ માટે બીજી યુનિવર્સિટી અને અધિકારી મંડળોને સહકાર આપવાની;

(૧૯) કેન્દ્ર અને રાજય સરકાર હેઠળની સેવાઓમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ અર્થેની તાલીમ માટે વ્યવસ્થા કરવાની;

(૨૦) યુનિવર્સિટીના હેતુઓ માટે ગ્રાન્ટ, વસિયતી વ્યવસ્થા તરીકે અથવા અન્યથા મળેલી, પોતાનામાં નિહિત થાય તેવા કોઇ દેણગી, દાન અથવા ફંડ સ્વીકારવાની, ધરાવવાની અને તેનું સંચાલન કરવાની અને આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર આવી દેણગી, દાન અથવા ફંડનું રોકાણ કરવાની:

પરંતુ યુનિવર્સિટીએ, કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજય સરકારની મંજૂરીથી હોય તે સિવાય, વિદેશી રાષ્ટ્ર, વિદેશી ફાઉન્ડેશન અથવા આવા રાષ્ટ્ર, ફાઉન્ડેશનમાંની કોઇ વ્યક્તિ પાસેથી કોઇ દાન સ્વીકારવું નહિ;

(૨૧) કેન્દ્ર સરકાર, કોઇપણ રાજય સરકાર અથવા કોઇ વ્યકિત, મંડળ અથવા સંસ્થાપિત મંડળ પાસેથી નાણાં ઉછીના લેવા:

પરંતુ નાણાં ઉછીના લેવાની સત્તા, રાજય સરકારની પૂર્વ-મંજૂરી મેળવ્યા પછી વાપરવી જોઇશે;

(૨૨) યુનિવર્સિટીના ઉદ્દેશો આગળ ધપાવવા માટે અને સામાન્ય રીતે આદિજાતિ કલા, સંસ્કૃતિ, ઔષધીય પદ્ધતિ, ભાષા વગેરેને વિક્સાવવા અને તેને ઉત્તેજન આપવા માટે જરૂરી હોય તેવા ઉપર્યુકત સત્તા અને કાર્યોને આનુષંગિક હોય કે ન હોય તેવા તમામ કાર્યો અને બાબતો કરવાની.

યુનિવર્સિટીની હકૂમત..

૭. યુનિવર્સિટીની પ્રાદેશિક હકૂમત, સમગ્ર ગુજરાત રાજ્ય પૂરતી રહેશે.

લિંગ, ધર્મ, વર્ગ, પંથ કે મંતવ્યના ભેદ વેના યુનિવર્સિટી પ્રધાને માટે મુલ્લી રહેશે.

૮. (૧) કોઇ વ્યકિતને લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા અથવા રાજકીય કે અન્ય મંતવ્ય હોવાના એકમાત્ર કારણે જ યુનિવર્સિટીના કોઇ હોદ્દાથી અથવા તેના કોઇ અધિકારી મંડળોના સભ્યપદથી અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનથી અથવા કોઇ અભ્યાસક્રમમાં પ્રવેશથી વંચિત રાખી શકાશે નહિ:

પરંતુ રાજય સરકારની પૂર્વ-મંજૂરીને અધીન રહીને, યુનિવર્સિટી, કોઇ કોલેજ અથવા સંસ્થા માત્ર સ્ત્રીઓ માટે નિભાવી શકશે અથવા યુનિવર્સિટી દ્વારા નિભાવાતી હોય તેવી કોઇ સંસ્થામાં વિદ્યાર્થીઓ તરીકે પ્રવેશ આપવાના હેતુઓ માટે, સ્ત્રીઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અથવા અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના સભ્યો માટે બેઠકો અનામત રાખી શકશે.

(૨) કોઇ વ્યકિતને, યુનિવર્સિટીમાં અધ્યાપક અથવા વિદ્યાર્થી તરીકે દાખલ થવાનો અથવા કોઇ હોદ્દો અથવા જગા ધરાવવાનો અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવાનો અથવા યુનિવર્સિટીનો કોઇ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેનો કોઇ લાભ મેળવવાનો તેમને હક મળી શકે તે માટે, યુનિવર્સિટી લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા કે વ્યવસાય અથવા રાજકીય કે બીજા મંતવ્ય અંગેની કોઇ કસોટી રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

રાજય સરકારની આદેશો આપવાની મૂલ્યાંકન કરવા માટેનો હુકમ કરવાની અને તપાસનો હુકમ કરવાની સત્તા.

૯. (૧) રાજય સરકારને, આ અધિનિયમથી અથવા તે હેઠળ કરેલી જોગવાઇઓ પૈકીની કોઇપણ જોગવાઇના પાલન માટે જરૂરી હોય તેવા આદેશો વખતોવખત બહાર પાડવાની સત્તા રહેશે.

(૨) રાજય સરકારને એમ માનવાને સબળ કારણો હોય કે અધ્યાપનને લગતા ધોરણો, પરીક્ષાઓ, સંશોધન અથવા વહીવટનું સ્તર મોટા પ્રમાણમાં નીચું ગયું છે અને તે સ્વીકાર્ય કક્ષાનું નથી, તો રાજય સરકાર, તે ક્ષેત્રમાંના સ્વતંત્ર વ્યાવસાયિક તજજ્ઞોની

INDEX

બનેલી સમિતિ દ્વારા તે બાબતનું મૂલ્યાંકન કરાવી શકશે. રાજય સરકાર, સમિતિના તારણની જાણ કરશે અને શૈક્ષણિક કામગીરી તથા ધોરણોના શ્રેષ્ઠતમ હિતમાં, ભલામણો મુજબના સુધારાત્મક પગલાં લેવા માટે યુનિવર્સિટીને આદેશ કરશે. યુનિવર્સિટીએ, શૈક્ષણિક સંસ્થાઓના અમુક સ્વીકારેલા શૈક્ષણિક ધોરણોનું ગંભીર ઉલ્લંઘન કર્યું હોય, તો રાજય સરકાર, વાજબી સમયની અંદર, તેના પાલન માટેના આદેશો આપી શકશે.

(૩) રાજય સરકારને એમ માનવાને ગંભીર કારણો હોય અથવા પ્રથમ દર્શનીય કેસમાં એવું જણાય કે યુનિવર્સિટીએ આ અધિનિયમ, વિનિયમો, સ્ટેચ્યૂટની આવશ્યક જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કર્યું છે અથવા નાણાકીય ગેરવહીવટની અથવા યુનિવર્સિટીના સંચાલનમાં ગંભીર ગેરવહીવટની પરિસ્થિતિ છે, તો રાજય સરકારે, તપાસ શા માટે કરવી જોઇએ નહિ તે અંગેનો ઉત્તર પિસ્તાળીસ દિવસની અંદર આપવાનું ફરમાવતી નોટિસ આપવી જોઇશે. નોટિસ અંગેનો યુનિવર્સિટીનો ઉત્તર સંતોષકારક ન હોય, તો રાજય સરકાર, તપાસ કરી શકશે.

(૪) રાજ્ય સરકારે તે હેતુ માટે નીમેલા તપાસ અધિકારી અથવા સમિતિને, વ્યક્તિઓને પુરાવા રજૂ કરવા માટે બોલાવવા અને કોઇપણ કચેરી વગેરેમાંથી દસ્તાવેજો અને રેકર્ડ રજૂ કરવા જેવી બાબતોમાં, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટમાં નિહિત થયેલી હોય છે તેવી જ સત્તા રહેશે.

સન ૧૯૦૮નો ૫-મો.

(૫) રાજ્ય સરકાર સમક્ષ પોતાનો કેસ રજૂ કરવા માટે યુનિવર્સિટીને તપાસનો રિપોર્ટ આપવો જોઇશે. તેમ છતાં, યુનિવર્સિટીની રજૂઆત અને યુનિવર્સિટીએ સૂચિત કરેલા સુધારાત્મક પગલાં અંગે વિચારણા કર્યા પછી પણ, રાજય સરકારનો એવો અભિપ્રાય હોય કે યુનિવર્સિટીના વિદ્યમાન વહીવટને ચાલુ રાખવાથી, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, કર્મચારીવર્ગ (સ્ટાફ)ના હિતોને અને યુનિવર્સિટીના ઉદ્દેશોને ગંભીરપણે હાનિ પહોંચે તેમ છે અથવા ગંભીર નાણાકીય ગેરવહીવટ અને ગંભીર ગેરવહીવટ થઇ રહયો છે તો, રાજ્ય સરકાર, પોતે જરૂરી અને યોગ્ય ગણે તેવા ઉચિત પગલાં લઇ શકશે.

પ્રકરણ 3

યુનિવર્સિટીના અધિકારીઓ

યુનિવર્સિટીના અધિકારીઓ.

૧૦. યુનિવર્સિટીના અધિકારીઓ નીચે પ્રમાણે રહેશે:-

(૧) કુલાધિપતિ;

(૨) કુલપતિ;

(૩) ઉપકુલપતિ;

(૪) વિદ્યાશાખાઓના ડીન;

(૫) રજિસ્ટ્રાર;

(૬) કાયદા અધિકારી;

(૭) નાણા અને હિસાબ અધિકારી;

(૮) પરીક્ષાઓના નિયંત્રક;

(૯) સ્ટેચ્યૂટથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાં હોય તેવા બીજા અધિકારીઓ.

વિવિધ અધિકારીમંડળો અને હોદ્દા માટે વયમર્યાદાની પાત્રતા.

૧૧. કોઇપણ વ્યકિતને,-

(૧) કલમ ૧૦ના ખંડો (૪) થી (૯)માં ઉલ્લેખેલા અધિકારી તરીકે;

(૨) અધ્યાપકની જગા પર; અથવા

(૩) યુનિવર્સિટીના અધિકારી મંડળો પૈકીના કોઇ અધિકારીમંડળ, કોઇ સમિતિ અથવા તેના કોઇ બીજા બોર્ડ અથવા મંડળના સભ્ય તરીકે,

તે ૬૨ વર્ષની વય પૂર્ણ કરે ત્યાર પછી, નિમણૂક આપવી જોઇશે નહિ, નામનિયુકત કરવી જોઇશે નહિ અથવા યથાપ્રસંગ, કો-ઓપ્ટ કરવી જોઇશે નહિ:

પરંતુ આ કલમનો કોઇપણ મજકૂર, કુલાધિપતિ અથવા કુલપતિ તરીકેના તેમના હોદ્દાની રૂએ અધ્યક્ષ અથવા સભ્ય હોય તેવા યુનિવર્સિટીના અધિકારીમંડળો પૈકીના કોઇ અધિકારીમંડળના, સમિતિના અથવા તેના કોઇ બીજા બોર્ડ અથવા મંડળના અધ્યક્ષ અથવા સભ્યને લાગુ પડશે નહિ:

INDEX

વધુમાં, આ કલમનો કોઇપણ મજકૂર મુલાકાતી અધ્યાપકો, પ્રતિષ્ઠિત પ્રાધ્યાપકો, પરામર્શકો, વિદ્વાનો, માર્ગદર્શકો અથવા સલાહકારોને લાગુ પડશે નહિ.

કુલાધિપતિ. ૧૨. (૧) ગુજરાત રાજ્યના રાજ્યપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

(૨) કુલાધિપતિ, તેમના હોદ્દાની રૂએ, યુનિવર્સિટીના વડા અને બોર્ડના અધ્યક્ષ ગણાશે અને હાજર હોય ત્યારે, તેઓ, બોર્ડની બેઠકોમાં અને યુનિવર્સિટીના કોઇ પદવીદાન સમારંભમાં અધ્યક્ષસ્થાન લેશે.

(૩) કુલાધિપતિને, આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટથી આપવામાં આવે તેવી અન્ય સત્તા રહેશે.

કુલપતિ. ૧૩. (૧) કુલપતિની નિમણૂક, પેટા-કલમ (૪) હેઠળ તે હેતુ માટે રચાયેલી શોધ સમિતિએ ભલામણ કરેલી ત્રણ વ્યક્તિઓમાંથી રાજય સરકાર દ્વારા કરવામાં આવશે.

(૨) કુલપતિ તરીકે નિમણૂકને પાત્ર થવા માટે કોઇ વ્યકિત,-

(૧) પી.એચ.ડી.ની પદવી સાથે પ્રાધ્યાપક તરીકે ઓછામાં ઓછા દસ વર્ષનો અનુભવ ધરાવતી પ્રતિષ્ઠિત શિક્ષણવિદ્ હોવી જોઇશે; અથવા

(૨) પી.એચ.ડી.ની પદવી સાથે યુનિવર્સિટીમાં, નામાંકિત શૈક્ષણિક, વહીવટી અથવા સંશોધન સંસ્થામાં એકેડેમિક, શિક્ષણ અથવા આદિજાતિ બાબતોના ક્ષેત્રમાં ઓછામાં ઓછા બાર વર્ષનો અનુભવ ધરાવતી પ્રતિષ્ઠિત શિક્ષણવિદ્ હોવી જોઇશે;

(૩) નિમણૂક પામનાર વ્યક્તિ ઇચ્છનીય રીતે અનુસૂચિત આદિજાતિઓમાંથી હોવી જોઇશે.

(૩) પેટા-કલમ (૬) હેઠળ શોધ સમિતિએ ભલામણ કરેલી ત્રણ વ્યકિતઓમાં, અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવાર અથવા ઉમેદવારોનો સમાવેશ

INDEX

કરવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં, કુલપતિ તરીકે નિમણૂક કરવાની હોય તેવી વ્યક્તિની, આવી આદિજાતિમાંથી જ પસંદ કરવી જોઇશે.

(૪) પેટા-કલમ (૧)ના હેતુ માટે, રાજય સરકાર, નીચેના સભ્યોની બનેલી એક શોધ સમિતિની રચના કરશે:-

(૧) (યુનિવર્સિટી સાથે અથવા કોઇ કોલેજ અથવા સંસ્થા સાથે સંબંધ ધરાવતી વ્યકિતઓ ન હોય તેવા) બે સભ્યો, જેમાંનો એક સભ્ય, એક્ઝિકયુટિવ કાઉન્સિલ અને એકડેમિક કાઉન્સિલે સંયુકત રીતે સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત હોવી જોઇશે અને બીજો સભ્ય, ગુજરાત રાજયમાં કાયદાથી સ્થાપિત તમામ રાજય યુનિવર્સિટીઓના કુલપતિઓએ સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત હોવી જોઇશે;

(૨) પ્રતિષ્ઠિત શિક્ષણશાસ્ત્રી હોય અને જેમણે યુનિવર્સિટી શિક્ષણ પદ્ધતિમાં યોગદાન આપેલ હોય તેવો રાજય સરકારે નામનિયુકત કરવાનો એક સભ્ય.

(૫) રાજય સરકાર, શોધ સમિતિના ત્રણ સભ્યો પૈકીના એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે મુકરર કરશે.

(૬) આવી રીતે નિમાયેલી સમિતિ, વધુમાં વધુ આઠ અઠવાડિયાની અંદર અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રીતે, કુલપતિ તરીકે નીમવા માટે પોતે જેને યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને રાજય સરકારને, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી વિગતોની સાથે આવી રીતે પસંદ કરેલી વ્યકિતઓના નામોની ભલામણ કરશે.

(૭) કુલપતિ ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તે, માત્ર વધુ એક મુદત માટે તે હોદ્દા ઉપર ફેરનિમણૂક માટે પાત્ર રહેશે:

પરંતુ કુલપતિ તરીકે નિમાયેલી અથવા ફેર નિમણૂક કરેલી કોઇ વ્યકિત, તેમની સિત્તેર વર્ષની ઉંમર પૂર્ણ કરે પછી કુલપતિ તરીકે તેના હોદ્દા પર ચાલુ રહી શકશે નહિ.

(૮) કુલપતિને આપવાના મળતરો અને જે બોલીઓ અને શરતોને અધીન રહીને તેઓ હોદ્દો ધરાવશે તે બોલીઓ અને શરતો, રાજય સરકાર નક્કી કરે તેવા રહેશે:

પરંતુ આવા મળતરોમાં અથવા આવી બોલીઓ અને શરતોમાં, તે હોદ્દો ધરાવનારની મુદત ચાલુ હોય તે દરમિયાન, તેમની સંમતિ વિના તેમને ગેરલાભ થાય તે રીતે કોઇ ફેરફાર થઇ શકશે નહિ.

(૯) (ક) કુલપતિની રજા અથવા ગેરહાજરી દરમિયાન, અથવા

(ખ) કુલપતિના હોદ્દાની જગા કાયમ માટે ખાલી પડે તે પ્રસંગે, તે હોદ્દા ઉપર પેટા-કલમ (૧) હેઠળ નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી, ઉપકુલપતિને તે જગાનો હવાલો આપવામાં આવશે અને ઉપકુલપતિની ગેરહાજરીમાં, રાજય સરકારે તે હેતુ માટે નામનિયુકત કરેલા ડીન પૈકી કોઇપણ એક ડીન, કુલપતિના હોદ્દાની ચાલુ ફરજો બજાવશે.

(૧૦) કુલપતિ, એક મહિનાની નોટિસ આપ્યા પછી, પોતાની સહીથી લેખિતમાં, રાજ્ય સરકારને સંબોધીને, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, રાજ્ય સરકાર જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

(૧૧) રાજય સરકારને એવી ખાતરી થાય કે પદધારી,-

(ક) અસ્થિર મગજનો બન્યો છે અને સક્ષમ કોર્ટે તેને એવી રીતે જાહેર કર્યો છે;

(ખ) નૈતિક અધઃપતન સહિતના કોઇપણ ગુના માટે કોર્ટે દોષિત ઠરાવેલ છે;

(ગ) નાદાર ઠર્યો છે અને સક્ષમ કોર્ટે તે તરીકે જાહેર કર્યો છે;

(ઘ) શારીરિક રીતે અક્ષમ બન્યો છે અને લાંબી માંદગી અથવા શારીરિક અશકતતાને કારણે કાર્યો બજાવવા અસમર્થ બન્યો છે;

(ચ) તેમણે (પદધારીએ) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં સ્વેચ્છાએ ચૂક અથવા ઇનકાર કર્યો છે અથવા રાજય સરકારે નિર્ધારિત કર્યા પ્રમાણેની સેવાની બોલીઓ અને શરતો પૈકીની કોઇપણ બોલી અને શરતનો ભંગ કર્યો છે અથવા તેમનામાં નિહિત સત્તાનો દુરુપયોગ કર્યો છે અથવા કુલપતિના હોદ્દા ઉપર તેમને ચાલુ રાખવાનું યુનિવર્સિટીના હિતને હાનિકારક છે;

તો રાજય સરકાર, કુલપતિને તેમના હોદ્દા પરથી દૂર કરી શકશેઃ

પરંતુ કુલપતિને સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહિ..

કુલપતિની સત્તા.

૧૪. (૧) કુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય કારોબારી અને શૈક્ષણિક અધિકારી રહેશે અને કુલાધિપતિની ગેરહાજરીમાં, બોર્ડની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે. તેઓ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ, નાણા સમિતિ તથા મકાન અને મિલકત સમિતિના હોદ્દાની રૂએ અધ્યક્ષ રહેશે. તેમને યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીમંડળની અથવા મંડળની કોઇ બેઠકમાં બોલવાના અધિકાર સાથે હાજર રહેવાનો હક રહેશે, પણ તેઓ તે અધિકારીમંડળ અથવા મંડળના સભ્ય હોય તે સિવાય, તેમને તેમાં મત આપવાનો હક રહેશે નહિ.

(૨) કુલપતિને, યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને નાણા સમિતિની અને પોતે જેના અધ્યક્ષ હોય તેવા યુનિવર્સિટીના બીજા અધિકારીમંડળોની બેઠકો બોલાવવાની સત્તા રહેશે. તેઓ આ સત્તા, યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીને સોંપી શકશે.

INDEX

(૩) આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમોનું વિશ્વસનીય રીતે પાલન થાય તે સુનિશ્ચિત કરવાની કુલપતિની ફરજ રહેશે અને તેમને, આ હેતુ માટે જરૂરી તમામ સત્તા રહેશે.

(૪) (ક) કુલપતિ, આ અધિનિયમ હેઠળ ફરમાવ્યા પ્રમાણે અધિકારી મંડળો પૈકીના કોઇપણ અધિકારી મંડળમાં સભ્યોને નામનિયુકત કરી શકશે;

(ખ) (૧) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સંબંધમાં શિસ્તની જાળવણી અને શિસ્તવિષયક પગલાંને લગતી અને સમગ્ર યુનિવર્સિટીને લગતી તમામ સત્તા કુલપતિમાં નિહિત થશે.

(૨) કુલપતિ, પોતે યોગ્ય ગણે તેવી, પેટા-ખંડ (૧)માં ઉલ્લેખેલી પોતાની તમામ અથવા તૈ પૈકીની કોઈ સત્તા, ઉપકુલપતિને અને પોતે આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા બીજા અધિકારીને સોંપી શકશે.

(૫) (ક) કોઇ તાકીદના પ્રસંગે, કુલપતિનો એવો અભિપ્રાય હોય કે તાત્કાલિક પગલું લેવું જરૂરી છે, તો તેઓ પોતે જરૂરી ગણે તેવું પગલું લેશે અને ત્યારબાદ વહેલામાં વહેલી તકે, આવી બાબતની સામાન્ય ક્રમમાં જેમણે તજવીજ કરી હોત તેવા અધિકારી, અધિકારીમંડળ અથવા મંડળને, પોતાને તાકીદના જણાયેલ કારણો સહિત પોતે લીધેલા પગલાં વિષેની માહિતી પૂરી પાડશે;

(ખ) કુલપતિએ આ પેટા-કલમ હેઠળ લીધેલાં પગલાંથી યુનિવર્સિટીની સેવામાં હોય તેવી કોઇ વ્યકિતને અસર થાય, ત્યારે તેવી વ્યકિત, પોતાને આવાં પગલાં વિષે જાણ કરવામાં આવે તે તારીખથી એક મહિનાની અંદર, સદરહુ અધિકારી, અધિકારી મંડળ અથવા મંડળ મારફત એક્ઝિક્યુટિવ કાઉન્સિલને અપીલ કરવાને હકદાર રહેશે.

(૬) (ક) પેટા-કલમ (૪)માં સમાવિષ્ટ જોગવાઇઓને અધીન રહીને અને પેટા-કલમ (૫)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પોતે યોગ્ય ગણે તેવી

તપાસ કર્યા પછી, કુલપતિનો એવો અભિપ્રાય હોય કે કલમ ૨૧માં નિર્દિષ્ટ કરેલ અથવા તે હેઠળ જાહેર કરેલ અધિકારી મંડળના કોઇપણ હુકમ અથવા ઠરાવની અમલ બજવણી અથવા યુનિવર્સિટી દ્વારા અથવા તેના વતી કરવાનું હોય અથવા કરવામાં આવી રહ્યું હોય તેવું કોઇ કાર્ય,-

(૧) આ અધિનિયમની અથવા કોઇપણ સ્ટેચ્યૂટ, અધ્યાદેશ, નિયમ અથવા વિનિયમની જોગવાઇઓ સાથે અસંગત છે, અથવા

(૨) યુનિવર્સિટીના હિતમાં નથી, અથવા

(૩) તેનાથી શાંતિનો ભંગ થવાનો સંભવ છે, અથવા

(૪) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, કોઇ નિયમનકારી મંડળની માર્ગદર્શિકા, આદેશો સાથે અસંગત છે,

તો તે, સદરહુ હુકમ અથવા ઠરાવ, તેમણે જણાવેલી રીતે શા માટે રદ ન કરવો અથવા ન સુધારવો અથવા તેમાં ફેરફાર ન કરવો અથવા કાર્ય કરતાં ન અટકાવવું તે સંબંધી જે અધિકારીમંડળે હુકમ કર્યો હોય અથવા ઠરાવ પસાર કર્યો હોય અથવા જે અધિકારી મંડળ પોતાની પુનઃવિચારણા અર્થે તે કાર્ય કરવાની દરખાસ્ત કરેલ હોય તે અધિકારી મંડળને, હુકમ અથવા ઠરાવની નકલ મોકલી શકશે અથવા યથાપ્રસંગ, કારણોના નિવેદન સહિત તે કાર્ય કરવા અંગે પૂછાણ કરી શકશે.

(ખ) અધિકારી મંડળ, પુનઃવિચારણા કર્યા પછી, કુલપતિએ જણાવેલી રીતે હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે ખંડ (ચ)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આવી રીતે સુધારેલો અથવા ફેરફાર કરેલો હુકમ અથવા ઠરાવ, આવી રીતે સુધાર્યાની અથવા ફેરફાર કર્યાની તારીખથી ફરી અમલમાં આવશે.

INDEX

(ગ) કુલપતિએ જણાવેલી રીત સાથે અસંગત હોય તેવી રીતે અધિકારીમંડળ હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે કુલપતિ તે બાબત રાજ્ય સરકારને તેના નિર્ણય માટે લખી મોકલશે;

(ઘ) રાજ્ય સરકાર, આવું લખાણ કરવામાં આવ્યે, હુકમ અથવા ઠરાવ કરી શકશે, સુધારી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અથવા આદેશ કરી શકશે કે તે હુકમ અથવા ઠરાવ, ફેરફાર સાથે અથવા ફેરફાર વિના, કાયમ માટે અથવા પોતે નિર્દિષ્ટ કરે તેટલી મુદત સુધી અમલમાં ચાલુ રહેશેઃ

પરંતુ સંબંધિત અધિકારી મંડળને, આવા હુકમ અથવા ઠરાવ સામે કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા વિના, રાજ્ય સરકાર તેવો હુકમ અથવા ઠરાવ સુધારી શકશે નહિ અથવા તેમાં ફેરફાર કરી શકશે નહિ અથવા તે ચાલુ રાખી શકશે નહિ;

(ચ) હુકમ અથવા ઠરાવની નકલ મોકલ્યાના અથવા ખંડ (ક) હેઠળ લખી મોકલવાના કુલપતિના પગલાંની તારીખથી ખંડ (ઘ) હેઠળના રાજ્ય સરકારના હુકમની તારીખ સુધી હુકમ, ઠરાવ અથવા યથાપ્રસંગ, કાર્ય કરવાનું સ્થગિત રહેશે.

(છ) અધિકારી મંડળ, ખંડ (ખ) હેઠળ પોતાના હુકમ અથવા ઠરાવમાં ફેરફાર કરે અથવા તેને સુધારે, ત્યારે અથવા રાજ્ય સરકાર, ખંડ (ઘ) હેઠળ હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે તેવા કિસ્સામાં, કુલપતિએ ખંડ (ક) હેઠળ સંબંધિત અધિકારીમંડળને, હુકમ અથવા ઠરાવની નકલ મોકલ્યા પહેલાં અથવા કાર્ય કરવાને લગતું લખાણ મોકલ્યા પહેલાં લીધેલું કોઈ પગલું, હોય તો, તે શરૂઆતથી જ રદબાતલ ગણાશે.

(૭) કુલપતિ સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અથવા વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવા બીજા કાર્યો કરશે.

ઉપકુલપતિ. ૧૫. (૧) રાજ્ય સરકાર, શોધ સમિતિએ ભલામણ કરેલી ત્રણ વ્યક્તિઓની પેનલમાંથી, ઉપકુલપતિની નિમણૂક કરશે.

(૨) પેટા-કલમ (૧)ના હેતુ માટે, રાજ્ય સરકાર, નીચેના સભ્યોની બનેલી શોધ સમિતિની રચના કરશે:-

(૧) (યુનિવર્સિટી સાથે અથવા કોઇ કોલેજ અથવા સંસ્થા સાથે સંબંધ ધરાવતી વ્યકિતઓ ન હોય તેવા) બે સભ્યો, જેમાંનો એક સભ્ય, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકડેમિક કાઉન્સિલે સંયુકત રીતે સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત હોવી જોઇશે અને બીજો સભ્ય, ગુજરાત રાજયમાં કાયદાથી સ્થાપિત તમામ રાજય યુનિવર્સિટીઓના કુલપતિઓએ સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત હોવી જોઇશે;

(૨) પ્રતિષ્ઠિત શિક્ષણશાસ્ત્રી હોય અને યુનિવર્સિટી શિક્ષણ પદ્ધતિમાં યોગદાન આપેલ હોય તેવો રાજય સરકારે નામનિયુકત કરવાનો એક સભ્ય.

(૩) રાજય સરકાર, સમિતિના ત્રણ સભ્યો પૈકીના એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે મુકરર કરશે.

(૪) આવી રીતે નિમાયેલી સમિતિ, વધુમાં વધુ આઠ અઠવાડિયાની અંદર અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રીતે, ઉપકુલપતિ તરીકે નીમવા માટે પોતે જેને યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને રાજય સરકારને, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી વિગતોની સાથે આવી રીતે પસંદ કરેલી વ્યકિતઓના નામોની ભલામણ કરશે.

(૫) ઉપકુલપતિ તરીકે નિમાયેલી કોઇ વ્યકિત, અડસઠ વર્ષની ઉંમર થયા પછી, તે તરીકેના પોતાના હોદ્દા ઉપર ચાલુ રહી શકશે નહિ.

(૬) ઉપકુલપતિના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે અને તે, માત્ર વધુ એક મુદત સુધી હોદ્દા ઉપર ફેરનિમણૂક માટે પાત્ર રહેશે:

INDEX

(૭) ઉપકુલપતિ, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને તેમના મળતરો અને સેવાની બોલીઓ અને શરતો, રાજય સરકાર નક્કી કરે તેવા રહેશેઃ

પરંતુ એવો હોદ્દો ધરાવવાની મુદત ચાલુ હોય તે દરમિયાન, તે હોદ્દો ધરાવનારના મળતરો અને તેમની સેવાની શરતોમાં તેમની સંમતિ વિના, તેમને ગેરલાભ થાય તે રીતે ફેરફાર થઇ શકશે નહિ.

(૮) ઉપકુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય નિરીક્ષણ અધિકારી ગણાશે અને કુલપતિ દ્વારા ખાસ રીતે અથવા સામાન્ય રીતે તેમને સોંપવામાં આવે અને સંબંધિત સ્ટેચ્યૂટ હેઠળ ઠરાવેલી હોય તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

(૯) ઉપકુલપતિ, કુલપતિની ગેરહાજરીમાં અથવા તેઓ પોતાના હોદ્દાની ફરજો બજાવી શકે તેમ ન હોય તેવા પ્રસંગે, કુલપતિની તમામ સત્તા વાપરશે અને તેમના તમામ કાર્યો કરશે અને તેમની તમામ ફરજો બજાવશે.

(૧૦) ઉપકુલપતિ,-

(ક) કુલાધિપતિ અથવા કુલપતિની ગેરહાજરીમાં, બોર્ડની બેઠકોનું, અને

(ખ) કુલપતિની ગેરહાજરીમાં, યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીમંડળની અથવા તેની સમિતિની બેઠકોનું, અધ્યક્ષસ્થાન લેશે.

(૧૧) ઉપકુલપતિ, એક મહિનાની નોટિસ આપ્યા પછી, પોતાની સહીથી લેખિતમાં, રાજ્ય સરકારને સંબોધીને, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, રાજ્ય સરકાર જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

વિદ્યાશાખાના ડીન.

૧૬. (૧) દરેક વિદ્યાશાખા માટે એક ડીન રહેશે, જેમને કુલપતિ દ્વારા નીમવામાં આવશે.

(૨) ડીન, કુલપતિ દ્વારા તેમને સોંપવામાં આવે તેવા યુનિવર્સિટીના શૈક્ષણિક અને બીજા સંલગ્ન કામકાજનું સંચાલન કરવામાં કુલપતિ અને ઉપ કુલપતિને સહાય કરશે.

(૩) ડીન, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૪) ડીન, વિદ્યાશાખાના મુખ્ય કારોબારી અધિકારી રહેશે અને તેઓ નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો કરશેઃ-

(૧) તેઓ સંબંધિત વિદ્યાશાખાના અધ્યક્ષ રહેશે અને વિદ્યાશાખાની બેઠકોનું અધ્યક્ષ સ્થાન લેશે;

(૨) તેઓ કોઈપણ અભ્યાસ-સમિતિની બેઠકમાં હાજર રહી શકશે;

(૩) તેઓ વિદ્યાશાખા હેઠળની જુદીજુદી સમિતિઓ (બોર્ડ)ના કામ ઉપર દેખરેખ રાખશે અને તેનું સંકલન કરશે;

(૪) તેઓ વિદ્યાશાખા હેઠળના વિષયોને લગતા પરિસંવાદો, ઓપ અભ્યાસક્રમો અને વર્કશોપ (કાર્યશિબિરો) યોજશે અને ગોઠવશે;

(૫) તેઓ વિદ્યાશાખા હેઠળના વિષયોના સંબંધમાં યુનિવર્સિટીના વિભાગો, કોલેજો અને સંસ્થાઓની તપાસ કરશે અને તેમને માર્ગદર્શન આપશે;

(૬) તેઓ વિદ્યાશાખાને લગતા સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોના યોગ્ય પાલન માટે જવાબદાર રહેશે;

(૭) તેઓ મુલાકાતી અધ્યાપકોના કાર્યક્રમોની અને અધ્યાપકોના આદાન-પ્રદાન (આપ-લે)ની દરખાસ્તોની મંજૂરી માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરશે;

(૮) તેઓ સંબંધિત સ્ટેચ્યૂટ હેઠળ ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવા બીજા કાર્યો કરશે.

રજિસ્ટ્રાર. બોર્ડ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલના સેક્રેટરી તરીકે કાર્ય કરશે.

૧૭. (૧) રજિસ્ટ્રાર, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને તેઓ

INDEX

(૨) રાજ્ય સરકાર, યુનિવર્સિટીની ભલામણ પર આ અર્થે કરેલા સ્ટેચ્યુટ અનુસાર રજિસ્ટ્રારની નિમણૂક કરશે અને તેમનાં મળતર અને સેવાની શરતો સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૩) રજિસ્ટ્રાર, યુનિવર્સિટીના રેકર્ડ, સામાન્ય સીલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પોતાના હવાલે સોંપે તેવી, યુનિવર્સિટીની તેવી બીજી મિલકતો અને અસ્ક્યામતની યોગ્ય કસ્ટડી માટે જવાબદાર ગણાશે.

(૪) રજિસ્ટ્રાર,સ્ટેચ્યૂટથી અધ્યાદેશોથી, નિયમોથી અને વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

કાયદા અધિકારી.

૧૮. (૧) યુનિવર્સિટી, કાયદા અધિકારીની નિમણૂક કરશે. તેઓ યુનિવર્સિટી વતી અને તેની સામે કરવામાં આવતી તમામ કાનૂની બાબતોના સંબંધમાં હવાલો ધરાવશે.

(૨) કાયદા અધિકારીની લાયકાતો, અનુભવ, સત્તા, કાર્યો અને ફરજો સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

નાણા અને હિસાબ અધિકારી.

૧૯. (૧) નાણા અને હિસાબ અધિકારીની નિમણૂક, રાજ્ય સરકાર દ્વારા, પ્રતિનિયુક્તિથી કરવામાં આવશે. તેઓ સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

(૨) નાણા અને હિસાબ અધિકારીની લાયકાતો, પગાર, ભથ્થા, મળતર, બીજા લાભો અને સુવિધાઓ અને સેવાની બોલીઓ અને શરતો, રાજ્ય સરકાર નક્કી કરે તેવા રહેશે.

(૩) નાણા અને હિસાબ અધિકારીનો હોદ્દો ખાલી હોય, ત્યારે અથવા નાણા અને હિસાબ અધિકારી માંદગી, ગેરહાજરી નાકારણે અથવા અન્ય કોઇ કારણોસર પોતાના હોદ્દાની ફરજો બજાવવા અસમર્થ હોય, ત્યારે કુલપતિ આ હેતુ માટે નીમે તેવી વ્યકિત હોદ્દાની ફરજો બજાવશે.

(૪) નાણા અને હિસાબ અધિકારી,-

(૧) યુનિવર્સિટીના ફંડ ઉપર સામાન્ય દેખરેખ રાખશે અને તેની નાણાકીય નીતિના સંબંધમાં સલાહ આપશે; અને

(૨) સ્ટેચ્યૂટ હેઠળ ઠરાવવામાં આવે તેવા અને કુલપતિ દ્વારા પોતાને સોંપવામાં આવ્યા હોય તેવા બીજા નાણાકીય કાર્યો પણ કરશે.

પરીક્ષા નિયંત્રક.

૨૦. (૧) પરીક્ષા નિયંત્રક, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે. યુનિવર્સિટી, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી લઈને, તેઓની (પરીક્ષા નિયંત્રકની) નિમણૂક કરશે.

(૨) પરીક્ષા નિયંત્રકની લાયકાતો, સેવાની બોલીઓ અને શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

પ્રકરણ ૪
યુનિવર્સિટીના અધિકારીમંડળો

યુનિવર્સિટીના અધિકારીમંડળો.

૨૧. યુનિવર્સિટીના અધિકારીમંડળો નીચે પ્રમાણે રહેશેઃ-

(૧) સંચાલક મંડળ;

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ;

(૩) એકેડેમિક કાઉન્સિલ;

(૪) નાણા સમિતિ;

(૫) મકાન અને મિલકત સમિતિ;

(૬) વિદ્યાશાખાઓ;

(૭) અભ્યાસ સમિતિ;

(૮) યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકે સ્ટેચ્યૂટથી જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીના બીજા બોર્ડ અને મંડળો.

સંચાલક મંડળ.

૨૨. (૧) સંચાલક મંડળ નીચેના સભ્યોનું બનશેઃ-

૧. હોદ્દાની રૂએ સભ્યો

(૧) કુલાધિપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) કુલપતિ, હોદ્દાની રૂએ ઉપાધ્યક્ષ;

(૩) ઉપકુલપતિ;

(૪) સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર;

(૫) સચિવ, નાણા વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૬) સચિવ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૭) સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૮) સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૯) સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૦) આદિજાતિ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત.

(૧૧) ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૨) ટેકનિકલ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૩) નાયબ કમિશનર –સહ- નિયામક, આદિમ આદિજાતિ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય.

૨. સામાન્ય સભ્યો

(૧) કુલપતિ દ્વારા, સમગ્ર સિનિયોરિટી પ્રમાણે વિભાગોના વડામાંથી વારાફરતી નામનિયુક્ત કરવાના વિભાગોના ત્રણ વડા;

(૨) કુલપતિ દ્વારા, સમગ્ર સિનિયોરિટી પ્રમાણે કોલેજોના પ્રિન્સિપાલમાંથી વારાફરતી, નામનિયુક્ત કરવાના કોલેજોના બે પ્રિન્સિપાલ (આચાર્ય);

(૩) કુલપતિ દ્વારા, સમગ્ર સિનિયોરિટી પ્રમાણે અધ્યાપકોમાંથી વારાફરતી નામનિયુક્ત કરવાના યુનિવર્સિટીના એક અધ્યાપક;

(૪) કુલપતિ દ્વારા, સમગ્ર સિનિયોરિટી પ્રમાણે કોલેજોના અધ્યાપકોમાંથી વારાફરતી નામનિયુક્ત કરવાના કોલેજોના ચાર અધ્યાપકો;

(૫) રાજ્ય સરકારે, નામનિયુક્ત કરવાના રાજપીપળા નગરપાલિકાના એક સભ્ય;

(૬) રાજ્ય સરકારે, નામનિયુક્ત કરવાના નર્મદા જિલ્લા પંચાયતમાંથી એક સભ્ય;

(૭) રાજ્ય સરકારે, નામનિયુક્ત કરવાના, નર્મદા જિલ્લામાંથી ચૂંટાયેલા વિધાનસભાના બે સભ્યો;

(૮) રાજ્ય સરકારે, પ્રખ્યાત શિક્ષણવિદો, સામાજિક કાર્યકરો, આદિજાતિ સમુદાયો, મહિલાઓ અને વ્યક્તિઓના એવા બીજા વર્ગની વ્યક્તિઓના પ્રતિનિધિઓમાંથી નામનિયુક્ત કરવાની ચાર પ્રતિષ્ઠિત વ્યક્તિઓ;

(૯) રાજય સરકારે નામનિયુકત કરવાના એક દાતા.

(૨) સામાન્ય સભ્યોની કક્ષા હેઠળ નામનિયુક્ત કરવાના કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા તેત્રીસ ટકા સભ્યો, મહિલા સભ્યો હોવા જોઈશે.

(૩) સામાન્ય સભ્યોની કક્ષા હેઠળ નામનિયુક્ત કરવાના કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા તેત્રીસ ટકા સભ્યો, અનુસૂચિત આદિજાતિના સભ્યો હોવા જોઈશે.

(૪) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના સભ્યોની હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

INDEX

૨૩. (૧) બોર્ડ, સામાન્ય રીતે કેલેન્ડર વર્ષ દરમિયાન ઓછામાં ઓછા બે વખત કુલાધિપતિ નક્કી કરે તેવી તારીખે મળશે. નાણાકીય વર્ષ દરમિયાન, બોર્ડની વાર્ષિક બેઠક, ખાસ કરીને કુલાધિપતિના આદેશ હેઠળ, નક્કી કરવામાં આવશે. બોર્ડની બેઠકો.

(૨) કુલાધિપતિ, જ્યારે યોગ્ય અને જરૂરી ગણે ત્યારે ખાસ કારણ માટે બેઠક બોલાવી શકશે.

(૩) કોરમ, બોર્ડના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા એક તૃતીયાંશ સભ્યોનું રહેશે. (તે એક તૃતીયાંશમાં સમાવિષ્ટ કોઇ ભાગને એક પૂર્ણ સંખ્યા તરીકે ગણવી.)

(૪) રજિસ્ટ્રારે, બોર્ડના સભ્યોને એજન્ડા સહિત દરેક બેઠકની લેખિત નોટિસ, બેઠકની તારીખના ઓછામાં ઓછા પૂરા પંદર દિવસ પહેલાં અચૂકપણે પરિપત્રિત કરવી જોઇશે. કુલપતિ, બેઠકમાં એજેન્ડામાં જે કોઇ બાબત માટે યોગ્ય નોટિસ ન આપી શકાઇ હોય તેવી કોઇ બાબતનો એજેન્ડામાં સમાવેશ કરવાની પરવાનગી આપી શકશે.

(૫) અધ્યક્ષ હાજર હોય, તો તેઓ બોર્ડની બેઠકના અધ્યક્ષ સ્થાને રહેશે અને તેમની ગેરહાજરીમાં, ઉપાધ્યક્ષ અધ્યક્ષસ્થાન લેશે.

(૬) કાર્યરીતિને લગતા કોઇપણ પ્રશ્ન બાબતે અધ્યક્ષનો નિર્ણય આખરી ગણાશે.

(૭) સભ્યો વચ્ચેના અભિપ્રાયોના મતભેદ થવાના કિસ્સામાં, અધ્યક્ષનો અભિપ્રાય નિર્ણાયક રહેશે.

(૮) અધ્યક્ષ સહિતના બોર્ડના દરેક સભ્યને એક મત આપવાનો રહેશે અને એકસરખા મત પડે એટલે કે મડાગાંઠ થાય અને બોર્ડે નક્કી કરવાના કોઇ પ્રશ્ન ઉપર સરખા મત પડેલા હોય, ત્યારે બોર્ડના અધ્યક્ષને નિર્ણાયક મત રહેશે.

(૯) બોર્ડની બેઠકની કાર્યવાહીની કાર્યનોંધ, બોર્ડના અધ્યક્ષની મંજૂરીથી રજિસ્ટ્રારે તૈયાર કરવી જોઇશે અને બોર્ડના તમામ સભ્યોને વીસ દિવસની અંદર અચૂકપણે પરિપત્રિત કરવી જોઇશે. સુધારા, જો કોઇ સૂચવેલ હોય, તો તે સહિતની કાર્યનોંધ બોર્ડની આગામી બેઠકમાં મંજૂરી માટે મૂકવી જોઇશે. કાર્યનોંધને મંજૂરી મળે અને બોર્ડના અધ્યક્ષ દ્વારા તેની પર સહી કરવામાં આવે, ત્યાર પછી, તેની કાર્યનોંધવહીમાં નોંધ કરવામાં આવશે, જે બોર્ડના સભ્યોને જોવા માટે ખુલ્લી રહેશે .

INDEX

(૧૦) (૧) સ્ટેચ્યૂટ મુજબ, સિનિયોરિટી અનુસાર કોઈ વ્યક્તિ વારાફરતી યુનિવર્સિટીના અધિકારી મંડળમાં હોદ્દો ધરાવતી હોય અથવા સભ્ય તરીકે રહે ત્યારે, આવી સિનિયોરિટી, આવી વ્યક્તિના જે તે ગ્રેડ (કક્ષા)માં સળંગ સેવાના સમયગાળા અને બોર્ડ વખતો વખત નક્કી કરે તેવા બીજા સિદ્ધાંતો અનુસાર નક્કી કરવામાં આવશે.

(૨) ખંડ (૧)ની જોગવાઈ અનુસાર, સંબંધિત સ્ટેચ્યૂટની જોગવાઇ લાગુ પડતી હોય તેવા સભ્યોના દરેક વર્ગના સંબંધમાં પુર્ણ અને અદ્યાવત સિનિયોરિટી યાદી તૈયાર કરવાની અને નિભાવવાની રજિસ્ટ્રારની ફરજ રહેશે.

(૩) બે અથવા તેથી વધુ વ્યક્તિઓની કોઈ ચોક્કસ ગ્રેડ (કક્ષા)માં સળંગ સેવાનો સમયગાળો સરખો હોય અથવા કોઈ વ્યક્તિ અથવા વ્યકિતઓની સંબંધિત સિનિયોરિટી બાબતે અન્યથા કોઈ શંકા હોય તો, રજિસ્ટ્રાર પોતાની મેળે અથવા, એવી વ્યક્તિની વિનંતી પરથી આ બાબત બોર્ડને સાદર કરશે જેનો નિર્ણય આખરી ગણાશે.

બોર્ડની સત્તા અને ફરજો.

૨૪. આ અધિનિયમની બીજી જોગવાઈઓને અધીન રહીને, બોર્ડ નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે:-

(૧) યુનિવર્સિટીના સારા શાસન (સુશાસન) માટે આયોજન, વિકાસ, સંચાલન અને બીજી સંબંધિત બાબતો અંગે નીતિવિષયક નિર્ણયો લેવા અને તેના યોગ્ય અમલીકરણ માટે આદેશો આપવા;

(૨) યુનિવર્સિટીને જરૂર હોય તેવી પ્રોફેસરશિપ, એસોસિએટ પ્રોફેસરશિપ, આસિસ્ટન્ટ પ્રોફેસરશિપ, વિષય નિષ્ણાતો, કો.ઓર્ડિનેટર્સ, ક્ષેત્ર નિષ્ણાતો અને અધ્યાપકોની બીજી જગાઓ શરૂ કરવી;

(૩) સ્ટેચ્યૂટ ઘડવા, સુધારવા અથવા તેને રદ કરવા;

(૪) અધ્યક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલી કોઇપણ દરખાસ્ત અથવા બાબત વિચારણામાં લેવી;

(૫) અધ્યાદેશો મંજૂર કરવા, રદ કરવા અથવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ફરી પુછાણ માટે મોકલવા, પણ તેમાં સુધારા કરવા નહિ;

(૭) ઓડિટ કરેલા હિસાબો વિચારણામાં લેવા;

(૮) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ, નાણા સમિતિ, મકાન અને મિલકત સમિતિ, યુનિવર્સિટી બોર્ડની અધ્યાપન અને સંશોધન સમિતિ, વિદ્યાશાખાઓ, અભ્યાસ સમિતિ અને બીજી સમિતિઓના વાર્ષિક અહેવાલોની સમીક્ષા કરવી અને તે મંજુર કરવા;

(૯) આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશ, તે હેઠળ કરવામાં આવેલા નિયમો અથવા વિનિયમોથી તેને મળે તેવી બીજી સત્તા વાપરવી અને તેના ઉપર નાખવામાં આવે તેવી અન્ય ફરજો બજાવવી અને યુનિવર્સિટીના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે બીજી તમામ સત્તા વાપરવી.

૨૫. (૧) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, યુનિવર્સિટીનું કારોબારી અધિકારી મંડળ ગણાશે અને તે નીચેના સભ્યોનું બનશે :- એક્ઝિક્યુટિવ કાઉન્સિલ.

૧. હોદ્દાની રૂએ સભ્યો

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ઉપકુલપતિ, હોદ્દાની રૂએ ઉપાધ્યક્ષ;

(૩) આદિજાતિ વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા નાયબ કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૫) ટેકનિકલ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૬) જિલ્લા કલેક્ટર, નર્મદા જિલ્લો;

(૭) પ્રદેશના અધીક્ષક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ;

(૮) જિલ્લા વિકાસ અધિકારી, નર્મદા જિલ્લો;

(૯) પ્રાજેક્ટ એડમિનિસ્ટ્રેટર, નર્મદા જિલ્લો; આદિજાતિ વિકાસ વિભાગ.

૨. સામાન્ય સભ્યો

(૧) કુલપતિ દ્વારા સમગ્ર સિનિયોરિટી પ્રમાણે યુનિવર્સિટીના વિભાગોના વડામાંથી વારાફરતી, નામનિયુક્ત કરવાના યુનિવર્સિટીના વિભાગોના ત્રણ વડા;

(૨) કુલપતિ દ્વારા સમગ્ર સિનિયોરિટી પ્રમાણે પ્રિન્સિપાલમાંથી વારાફરતી, નામનિયુક્ત કરવાના બે પ્રિન્સિપાલ (આચાર્ય);

(૩) કુલપતિ દ્વારા સમગ્ર સિનિયોરિટી પ્રમાણે વિભાગના વડા સિવાયના યુનિવર્સિટીના અધ્યાપકોમાંથી નામનિયુક્ત કરવાના બે અધ્યાપકો;

(૪) કુલપતિ દ્વારા સમગ્ર સિનિયોરિટી પ્રમાણે કોલેજોના અધ્યાપકોમાંથી વારાફરતી નામનિયુક્ત કરવાના કોલેજોના ચાર અધ્યાપકો;

(૫) પ્રખ્યાત શિક્ષણવિદ્રો, સામાજિક કાર્યકરો, મહિલાઓ, જાહેર વહીવટકર્તાઓ, આદિજાતિ સમુદાયો અથવા વ્યક્તિઓના એવા બીજા વર્ગોના પ્રતિનિધિઓમાંથી સરકાર યોગ્ય ગણે તેવી, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાની પાંચ નામાંકિત વ્યક્તિઓ.

(૨) સામાન્ય સભ્યોની કક્ષા હેઠળ નામનિયુક્ત કરવાના સભ્યોમાંથી ઓછામાં ઓછા તેત્રીસ ટકા સભ્યો, મહિલા સભ્યો હોવા જોઈશે.

(૩) સામાન્ય સભ્યોની કક્ષા હેઠળ નામનિયુક્ત કરવાના સભ્યોમાંથી ઓછામાં ઓછા તેત્રીસ ટકા સભ્યો, અનુસૂચિત આદિજાતિના સભ્યો હોવા જોઈશે.

(૪) હોદ્દાની રૂએ સભ્યો હોય, તે સિવાયના સભ્યોની હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સત્તા અને ફરજો.

૨૬. (૧) આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે :-

(ક) યુનિવર્સિટીની મિલકત અને નાણા ભંડોળ (ફંડ) ધરાવવા, તેનું નિયંત્રણ કરવું તથા તેનો વહીવટ કરવો;

(ખ) આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને મળેલી સત્તા વાપરીને અને સોંપેલી ફરજો બજાવીને, એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી નાણા સમિતિ, મકાન અને મિલકત સમિતિ અથવા કાયદા સમિતિ હોય, તો તેની સાથે વિચાર વિનિમય કરીને, યુનિવર્સિટી વતી કરાર કરવા, તેમાં ફેરફાર કરવો, તેમનો અમલ કરવો અને તે રદ કરવા ;

INDEX

(ગ) યુનિવર્સિટીના સામાન્ય સીલનો નમૂનો નક્કી કરવો અને તેની કસ્ટડી માટે જોગવાઇ કરવી અને તેના ઉપયોગનું નિયમન કરવું;

(ઘ) ખાસ હેતુઓ માટે યુનિવર્સિટીને હસ્તક સોંપેલ નાણાં ભંડોળ (ફંડ)નો વહીવટ કરવો;

(ચ) યુનિવર્સિટીના વાર્ષિક નાણાકીય અંદાજો તૈયાર કરવા અને તે બોર્ડ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવા;

(છ) બજેટ ગ્રાન્ટ (અંદાજપત્રીય અનુદાન)ની કોઇ રકમ ઘટાડવી અથવા વધારવી;

(જ) બજેટ ગ્રાન્ટ (અંદાજપત્રીય અનુદાન)ની કોઇ રકમ, એક ગૌણ સદરમાંથી બીજા ગૌણ સદરમાં અથવા એક ગૌણ સદર હેઠળના પેટા-સદરમાંથી બીજા ગૌણ સદર હેઠળના પેટા-સદરમાં તબદીલ કરવાની મંજૂરી આપવી;

(ઝ) યુનિવર્સિટીનું કાર્ય કરવા માટે જરૂરી મકાનો, જગા, ઉપકરણો, ફર્નિચર, સામગ્રી અને બીજા સાધનો માટે જોગવાઇ કરવી;

(ટ) યુનિવર્સિટીને કરેલા વસિયતી દાન, દાન અને કોઇ જંગમ અથવા સ્થાવર મિલકતની તબદીલી યુનિવર્સિટી વતી સ્વીકારવી અને વિકાસના કામો, પુરસ્કારો, પારિતોષિકો વગેરે માટે મળેલા ફંડો માટે અલગ બેંક ખાતાઓ નિભાવવા;

(ઠ) યુનિવર્સિટી વતી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકતની તબદીલી કરવી;

(ડ) યુનિવર્સિટીની અસ્કયામતોની જામીનગીરી ઉપર લોન ઊભી કરવી;

(ઢ) યુનિવર્સિટીનાં નાણાં, હિસાબો અને રોકાણોની વ્યવસ્થા કરવી તથા તેનું નિયમન કરવું;

(ત) શારીરિક શિક્ષણ, રાષ્ટ્રીય સામાજિક સેવા, નેશનલ કેડેટ કોર્પસ, મુખ્ય મંત્રી શ્રમદાન યોજના માટે જોગવાઇઓ કરવી ;

(થ) યુનિવર્સિટી તરફથી નિભાવાતી કોલેજો, યુનિવર્સિટીના વિભાગો, સંશોધનની અથવા વિશેષિત અભ્યાસની સંસ્થા, પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો અને છાત્રાલયનો વહીવટ કરવો;

(દ) કોલેજો, સંસ્થા અને છાત્રાલયોની તપાસ કરવા માટે વ્યવસ્થા કરવી તથા તેની તપાસ કરવા માટે આદેશો કરવા, તેની કાર્યક્ષમતા જળવાઇ રહે અને/ અથવા તેના સ્ટાફના સભ્યો માટે નોકરીની યોગ્ય શરતો

સુનિશ્ચિત થાય તે માટે સૂચના આપવી અને એવી સૂચનાનો અનાદર કરવામાં આવે તે પ્રસંગે, પોતે યોગ્ય ગણે તેવાં અન્ય પગલાં લેવા;

(ધ) કોલેજો, સંસ્થાઓ અથવા છાત્રાલયો તરફથી અહેવાલો, પત્રકો અને બીજી માહિતી મંગાવવી;

(ન) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનાં નિવાસ, વર્તણૂક અને શિસ્ત અંગે દેખરેખ રાખવી અને તેનું નિયંત્રણ કરવું અને તેમનું આરોગ્ય અને સામાન્ય સુખાકારી વધારવા માટે ગોઠવણો કરવી;

(પ) સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે, માનદ પદવીઓ એનાયત કરવા અને શૈક્ષણિક વિશિષ્ટમાન આપવા અંગે બોર્ડને ભલામણ કરવી;

(ફ) અધ્યેતાવૃત્તિઓ, પ્રવાસી અધ્યેતાવૃત્તિઓ, શિષ્યવૃત્તિઓ, છાત્રવૃત્તિઓ, ચંદ્રકો અને પારિતોષિકો એનાયત કરવા;

(બ) બોર્ડ સાથે વિચારવિનિમય કરીને, યુનિવર્સિટીના અધ્યાપકો અને કર્મચારીઓની નિમણૂક માટે રાજય સરકારને ભલામણો કરવી, તેમના મળતર નક્કી કરવા અને તેમની ફરજો અને શિસ્તવિષયક બાબતો સહિતની તેમની સેવાની બોલીઓ અને શરતો નક્કી કરવી;

(ભ) કોલેજ અથવા સંસ્થાના સ્ટાફના કોઇ સભ્યને, યુનિવર્સિટીના પ્રાધ્યાપક, સહ-પ્રાધ્યાપક અને મદદનીશ પ્રાધ્યાપક અથવા અધ્યાપક તરીકે માન્યતા આપવી;

(મ) પરીક્ષકોનું મહેનતાણું નક્કી કરવું અને યુનિવર્સિટીની પરીક્ષાઓ અને અન્ય કસોટીઓ યોજવી તથા તેનાં પરિણામ જાહેર કરવા માટે ગોઠવણ કરવી;

(ય) અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેટલી ફી અને બીજા ચાર્જીસ નક્કી કરવા, માંગવા અને લેવાં;

(ર) અધ્યાદેશો કરવા, સુધારવા અને રદ કરવા;

(લ) બોર્ડ દ્વારા સોપવામાં આવે અથવા આ અધિનિયમથી અથવા તે હેઠળ તેના પર નાખવામાં આવે તેવી અને યુનિવર્સિટીના ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે, તેવી બીજી સત્તા વાપરવી અને તેવી બીજી ફરજો બજાવવી;

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ-એ, બોર્ડને, પેટા-કલમ (૧) નાં ખંડો (૮), (૬) અને (૬)માં ઉલ્લેખેલી તમામ લેવડદેવડો અંગે રિપોર્ટ (અહેવાલ) કરવો જોઇશે.

(૩) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ-એ, બોર્ડ અને રાજય સરકારની પૂર્વ-મંજૂરી વિના, કોઇ સ્થાવર મિલકત તબદીલ કરવી જોઇશે નહિ.

(૪) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે સત્તા વાપરે તે સત્તા, યુનિવર્સિટીના અધ્યાપકો અને કર્મચારીઓના પગારધોરણો અને ભથ્થાં ઠરાવવાને અને તેનું નિયમન કરવાને લગતી હોય તેટલે સુધી, તે સત્તા વાપરવાનું રાજય સરકારની મંજૂરીને અધીન રહેશે.

(૫) એકેડેમિક કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલી ભલામણો ઉપરથી હોય તે સિવાય એક્ઝિક્યુટિવ કાઉન્સીલ-એ, ખંડ (૫), (૬) અને (૨) હેઠળની સત્તા અને ફરજો વાપરવી જોઇશે નહિ.

(૬) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, અધ્યાદેશોથી પોતાનું વહીવટી કાર્ય કરવા માટે, એક અથવા તેના કરતાં વધુ સમિતિ નીમી શકશે અને તેમનાં રચના, કાર્યો અને મુદત નક્કી કરી શકશે.

૨૭. (૧) એકેડેમિક કાઉન્સિલ, યુનિવર્સિટીનું શૈક્ષણિક મંડળ રહેશે અને તે નીચેના સભ્યોનું બનશે :- એકેડેમિક કાઉન્સિલ.

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ઉપકુલપતિ;

(૩) વિદ્યાશાખાના ડીન;

(૪) કુલપતિએ નામનિયુક્ત કરવાના, ડીન ન હોય તેવા, વિદ્યાશાખાના સભ્યોમાંથી વધુમાં વધુ છ સભ્યો;

(૨) એકેડેમિક કાઉન્સિલના હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાયના સભ્યોની હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે:

પરંતુ પેટા-કલમ (૧)ના ખંડો (૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલા સભ્ય, વિદ્યાશાખાના ડીન અથવા યથાપ્રસંગ, સંબંધિત વિદ્યાશાખાના સભ્ય હોતા બંધ થાય, તો તે આવા સભ્ય તરીકે પોતાનો હોદ્દો ધરાવતા બંધ થશે.

એકેડેમિક કાઉન્સિલની સત્તા અને ફરજો.

૨૮. (૧) એકેડેમિક કાઉન્સિલનું, યુનિવર્સિટીના અધ્યાપન અને પરીક્ષાઓનાં ધોરણો જાળવવા અંગે નિયંત્રણ અને સામાન્ય નિયમન રહેશે અને તે તેને માટે જવાબદાર રહેશે. તમામ શૈક્ષણિક બાબતોમાં, એકેડેમિક કાઉન્સિલનો નિર્ણય, કુલપતિની મંજૂરી સાથે આખરી ગણાશે.

(૨) પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય અને આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, એકેડેમિક કાઉન્સિલ, નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે :-

(૧) સંબંધિત વિદ્યાશાખાએ અભ્યાસક્રમો અને ખાસ અભ્યાસક્રમો સંબંધી કરેલા વિનિયમો મંજૂર કરવા;

(૨) કોલેજ અને સંસ્થાઓમાં અભ્યાસ અને અધ્યાપનનું સંકલન કરવા માટે વ્યવસ્થા કરવી;

(૩) યુનિવર્સિટીમાં સંશોધનને ઉત્તેજન આપવું;

(૪) વિદ્યાશાખાઓને વિષયો ફાળવવા માટે દરખાસ્તો મંજૂર કરવી;

(૫) બોર્ડને યુનિવર્સિટીના વિભાગો, સંશોધન અને વિશેષિત અભ્યાસની સંસ્થાઓ, ગ્રંથાલયો તથા પ્રયોગશાળાઓ તેમજ કૌશલ્ય વિકાસ અને વ્યાવસાયિક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા માટેની દરખાસ્તો કરવી;

(૬) પ્રોફેસરશિપ, એસોસિએટ પ્રોફેસરશિપ અને આસિસ્ટન્ટ પ્રોફેસરશિપની જગા અને યુનિવર્સિટીને જરૂરી હોય તેવી અધ્યાપકોની બીજી કોઇ જગાઓ શરૂ કરવા માટેની દરખાસ્તો મંજૂર કરવી અને આવી જગાઓ માટેની ફરજો ઠરાવવા અને મળતર નક્કી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી;

(૭) અધ્યેતાવૃત્તિઓ, પ્રવાસી અધ્યેતાવૃત્તિઓ, શિષ્યવૃત્તિઓ, બર્સરિઝ (વિદ્યાર્થીઓને આપવામાં આવતી એક પ્રકારની શિષ્યવૃત્તિઓ કે છાત્રવૃત્તિઓ), છાત્રવૃત્તિઓ, ચંદ્રકો અને પારિતોષિકો શરૂ કરવા માટેની દરખાસ્તો મંજૂર કરવી અને બોર્ડને તે અંગે ભલામણ કરવી;

(૮) યુનિવર્સિટીની પરીક્ષાઓ અને જે શરતોએ વિદ્યાર્થીઓને આવી પરીક્ષાઓમાં બેસવા દેવામાં આવશે તે સંબંધી વિનિયમો કરવા;

(૯) પરીક્ષાનાં સમકક્ષ ધોરણ ઠરાવતા વિનિયમો મંજૂર કરવા ;

(૧૦) પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો મેળવવાને લાયક થવા માટે, યુનિવર્સિટીમાં અથવા કોલેજમાંના અભ્યાસક્રમોમાંથી મુક્તિ આપવા માટેની રીત ઠરાવતા વિનિયમો મંજૂર કરવા;

(૧૧) આંતરવિદ્યાશાખાકીય અભ્યાસક્રમો મંજૂર કરવા અને ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ (પસંદગી આધારિત ગુણવત્તા પદ્ધતિ) સુધારવા માટે તમામ પગલાં લેવા;

(૧૨) સામાન્યતઃ તમામ શૈક્ષણિક બાબતો અંગે યુનિવર્સિટીને સલાહ આપવી;

(૧૩) આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી બીજી કોઇ સત્તા વાપરવી અને તેના ઉપર નાખવામાં આવે તેવી બીજી ફરજો બજાવવી.

નાણા સમિતિ.

૨૯. (૧) નાણા સમિતિ, નીચેના સભ્યોની બનશે:-

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ઉપકુલપતિ, હોદ્દાની રૂએ ઉપાધ્યક્ષ;

(૩) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ, હોદ્દાની રૂએ અથવા નાણા વિભાગના નાયબ સચિવ અથવા નાણાકીય સલાહકારના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, હોદ્દાની રૂએ અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૫) બોર્ડે નામનિયુક્ત કરવાના બોર્ડના એક સભ્ય;

(૬) બોર્ડે નામનિયુક્ત કરવાના નાણા ક્ષેત્રમાંના એક નિષ્ણાત;

(૭) પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર (પરિયોજના વહીવટદાર) અને અધિક કલેક્ટર, (આદિજાતિ વિકાસ), નર્મદા જિલ્લો.

(૨) નાણા અને હિસાબ અધિકારી, નાણા સમિતિના સેક્રેટરી રહેશે.

(૩) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના સભ્યોની હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૪) નામનિયુક્ત કરેલા કોઈ સભ્ય, કુલપતિને સંબોધીને, પોતાની સહીથી લેખિતમાં રાજીનામું આપી શકશે અને કુલપતિ જે તારીખે રાજીનામું સ્વીકારે તે તારીખથી તે અમલમાં આવશે.

નાણા સમિતિની સત્તા અને તેની ફરજો .

30. આ અધિનિયમની બીજી જોગવાઇઓને અધીન રહીને, નાણા સમિતિ, નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે :-

INDEX

(૧) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો અને વાર્ષિક અંદાજો ચકાસવા અને બોર્ડને તે અંગે સલાહ આપવી;

(૨) યુનિવર્સિટીની નાણાકીય સ્થિતિની વખતોવખત સમીક્ષા કરવી;

(૩) યુનિવર્સિટીની તમામ નાણાકીય નીતિવિષયક બાબતો પર બોર્ડને ભલામણો કરવી;

(૪) ફંડ ઊભા કરવા તથા આવક અને ખર્ચને લગતી તમામ દરખાસ્તો પર બોર્ડને ભલામણો કરવી;

(૫) વધારાના ફંડના રોકાણ માટે માર્ગદર્શિકાઓ પૂરી પાડવી;

(૬) જેના માટે બજેટમાં કોઈપણ જોગવાઇ કરેલી ન હોય તેવા ખર્ચ અથવા બજેટમાં જોગવાઈ કરેલી રકમથી વધારે રકમનો ખર્ચ કરવાની જરૂરિયાત હોય તેવા ખર્ચની દરખાસ્તો પર બોર્ડને ભલામણો કરવી;

(૭) પગારધોરણોમાં સુધારા અને પગારધોરણો ઊંચા લાવવાને લગતી લગતી દરખાસ્તો ચકાસવી તથા બજેટમાં સમાવિષ્ટ કરેલી ન હોય તેવી બાબતોને બોર્ડ સમક્ષ મૂકવી;

(૮) કોઇ અનુસૂચિત બેંકમાં ખાતા ખોલાવવા, આવા ખાતામાં લેવડદેવડો કરવી અને આવા ખાતાના વહીવટ (સંચાલન) અંગે બેંકને સૂચનો આપવા;

(૯) દેણગી ફંડ, સામાન્ય ફંડ અને વિકાસ ફંડનો વહીવટ કરવો;

(૧૦) પ્રોજેકટ માટે ટેન્ડર, કરારો અને બીજા ખર્ચ મંજૂર કરવા અને આખરી મંજૂરી માટે, એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી;

(૧૧) યુનિવર્સિટીના અધિકારીઓને નાણાકીય સત્તા સોંપવા અંગે વિચારણા કરવી;

(૧૨) વિનિયમોથી પોતાને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને પોતાની પર નાખવામાં આવે તેવા બીજા કાર્યો કરવા.

૩૧. (૧) મકાન અને મિલકત સમિતિ, નીચેના સભ્યોની બનશે:- મકાન અને મિલકત સમિતિ.

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

INDEX

(૨) ઉપકુલપતિ, હોદ્દાની રૂએ ઉપાધ્યક્ષ;

(૩) ગુજરાત સરકારના સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૫) મુખ્ય ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ અથવા અધિક્ષક ઈજનેરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૬) ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયર્સ (ઇન્ડિયા) ગુજરાત સેન્ટર-ના અધ્યક્ષે તેમના સભ્યોમાંથી નામનિયુક્ત કરેલા સદરહુ ઇન્સ્ટિટ્યૂટના એક પ્રતિનિધિ;

(૭) ઇન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ (ઇન્ડિયા) ગુજરાત સેન્ટર-ના અધ્યક્ષે તેમના સભ્યોમાંથી નામનિયુક્ત કરવાના સદરહુ ઇન્સ્ટિટ્યૂટના એક પ્રતિનિધિ.

(૨) યુનિવર્સિટીના એન્જિનિયર (ઇજનેર), સમિતિના સેક્રેટરી રહેશે.

(૩) સમિતિના નામનિયુક્ત કરેલા સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૪) સમિતિ,-

(ક) વિવિધ બાંધકામ પ્રોજેક્ટના પ્લાન અને અંદાજો આખરી કરવા માટે તથા મકાનો પૂર્ણ કરવા અંગેની અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (**UGC**), રાજ્ય સરકાર અથવા કોઇ એજન્સી પાસેથી મેળવેલી ગ્રાન્ટના યોગ્ય ઉપયોગ અંગેની બાબત સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે;

(ખ) યુનિવર્સિટીના મકાનોના નિભાવ અને તેની જાળવણી માટે જવાબદાર રહેશે;

(ગ) યુનિવર્સિટીના મકાનોની મરામત કરવા, તેમાં ઉમેરો કરવા, ફેરફાર કરવા અને તેને પાડી નાખવા અંગેના ખર્ચની વાર્ષિક આકારણી કરશે અને તે માટેનું બજેટ તૈયાર કરીને, નાણા સમિતિ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મંજૂરી માટે રજૂ કરશે;

(ઘ) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા તેને સોંપવામાં આવે તેવી તમામ સત્તા વાપરશે.

(ચ) મંજૂર થયેલા પ્લાન અને અંદાજ અનુસાર મકાનો પૂર્ણ કરવા તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC), સરકાર અથવા યથાપ્રસંગ, યુનિવર્સિટીના પોતાના સ્ત્રોતો પાસેથી મેળવેલા ફંડના યોગ્ય ઉપયોગ અંગેની બાબત સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે.

(૫) સમિતિ, તેને સોંપવામાં આવેલા કોઈપણ કામો અને જવાબદારીઓની દેખરેખ રાખવા માટે, એક અથવા તેનાથી વધુ પેટા-સમિતિની રચના કરી શકશે.

વિદ્યાશાખા. ૩૨. (૧) યુનિવર્સિટીમાં વિનયન, શિક્ષણ, વિજ્ઞાન, કાયદા, ઔષધ, વાણિજ્ય, સંચાલન (મેનેજમેન્ટ), આદિજાતિ અભ્યાસોની વિદ્યાશાખા અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી વિદ્યાશાખાનો સમાવેશ થશે. દરેક વિદ્યાશાખામાં સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા વિષયોનો સમાવેશ થશે.

(૨) દરેક વિદ્યાશાખા નીચેનાની બનશે :-

(૧) વિદ્યાશાખા સાથે સંબંધિત હોય તેવા વિષયો માટેની અભ્યાસ સમિતિના અધ્યક્ષ; અને

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા વિદ્યાશાખાને ફાળવેલા હોય તેવા અભ્યાસ સમિતિના વધુમાં વધુ ત્રણ સભ્યો.

(૩) એક કરતાં વધુ વિદ્યાશાખામાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા કોઇ વિષયના અધ્યાપકે, પોતે વિદ્યાશાખાની આવી પસંદગી કરવા માંગતો હોય, તો આવી વિદ્યાશાખાઓ પૈકીની જે કોઇ એક વિદ્યાશાખા પોતાને ફાળવવામાં આવે તેમ ઇચ્છતા હોય તે વિદ્યાશાખાની, પોતે અભ્યાસ સિમતિના સભ્ય બને તે તારીખથી એક મહિનાની અંદર પસંદગી કરવી જોઇશે અને રજિસ્ટ્રારને આવી પસંદગીની જાણ, લેખિતમાં કરવી જોઇશે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ-એ, આવી વિદ્યાશાખાઓ પૈકીની કોઇપણ એક વિદ્યાશાખા તેમને ફાળવવી જોઇશે અને આ રીતે કરેલી પસંદગી અથવા ફાળવણી, સભ્યપદની સંપૂર્ણ મુદત સુધી રદ કરી શકાશે નહિ.

(૪) તમામ વિદ્યાશાખા, યુનિવર્સિટીના મુખ્ય મથક ખાતે રહેશે:

INDEX

પરંતુ આવી વિદ્યાશાખાઓ પૈકીની કોઇ વિદ્યાશાખાના સંબંધમાં, રાજ્ય સરકાર, યુનિવર્સિટી સાથે વિચારવિનિમય કરીને, રાજપત્રમાં જાહેરનામાથી, આદેશ કરી શકશે કે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલી વિદ્યાશાખા, યુનિવર્સિટીના મુખ્ય મથકની બહારના સ્થળે રહેશે અને તેમ થયે, વિદ્યાશાખાની તદનુસાર સ્થાપના કરવી જોઇશે.

વિદ્યાશાખાની સત્તા અને ફરજો.

૩૩. (૧) વિદ્યાશાખાને, તેને સોંપેલા વિષયો માટે, યુનિવર્સિટીના શિક્ષણના ધોરણો અને પરીક્ષા સંબંધી ફરજો જાળવવા માટે, સામાન્ય નિયંત્રણ અને નિયમન કરવાની સત્તા રહેશે તથા તેને માટે તે જવાબદાર રહેશે.

(૨) પૂર્વવર્તી જોગવાઇની વ્યાપકતાને બાધ આવ્યા વિના અને આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, વિદ્યાશાખા નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે :-

(૧) સંબંધિત અભ્યાસ સમિતિ સાથે વિચારવિનિમય કરીને, અભ્યાસક્રમો ઠરાવતા વિનિયમો કરવા;

(૨) ખાસ અભ્યાસક્રમો સંબંધી વિનિયમો કરવા;

(૩) વિદ્યાશાખામાં સંબંધિત પરીક્ષા પાસ કરવા માટેના ધોરણો અને પરીક્ષાઓમાં વર્ગો આપવા માટે વિનિયમો કરવા;

(૪) યુનિવર્સિટીમાં સંશોધનને ઉત્તેજન આપવા માટે દરખાસ્તો કરવી અને યુનિવર્સિટી તથા કોલેજમાં સંશોધનના વિકાસ માટેના પગલાં સૂચવવા;

(૫) વિદ્યાશાખાને વિષયો ફાળવવા માટે દરખાસ્તો કરવી;

(૬) યુનિવર્સિટી વિભાગો, સંશોધન અને વિશેષિત અભ્યાસની સંસ્થા, ગ્રંથાલયો, પ્રયોગશાળા સ્થાપવા માટે દરખાસ્તો કરવી;

(૭) પ્રોફેસરશિપ, એસોસિએટ પ્રોફેસરશિપ, આસિસ્ટન્ટ પ્રોફેસરશિપની જગા અને યુનિવર્સિટીને જરૂરી હોય તેવી અધ્યાપકોની બીજી કોઇ જગા શરૂ કરવા માટે તથા આવી જગાઓ માટેની ફરજો ઠરાવવા માટે અને મળતર નક્કી કરવા માટે દરખાસ્તો કરવી;

(૮) અધ્યેતાવૃત્તિઓ, પ્રવાસી અધ્યેતાવૃત્તિઓ, શિષ્યવૃત્તિઓ, છાત્રવૃત્તિઓ, ચંદ્રકો અને ઇનામો શરૂ કરવા માટે દરખાસ્તો કરવી અને તે આપવા માટેના વિનિયમો કરવા;

INDEX

(૯) અધ્યાપકના વધુમાં વધુ કાર્યબોજ, દરેક વિષય માટે ઓછામાં ઓછું અધ્યાપન કાર્ય, કોઇ વિષય માટે વિદ્યાર્થીઓએ કરવાના ઓછામાં ઓછા પ્રયોગશાળા કાર્ય, સંશોધન ગ્રંથાલય કાર્ય, પરામર્શ, પ્રોજેક્ટ કાર્ય માટે વિનિયમો કરવા;

(૧૦) પરીક્ષાઓના સમકક્ષ ધોરણ ઠરાવતા વિનિયમો કરવા;

(૧૧) પદવી, ડિપ્લોમા અને બીજા વિશિષ્ટમાનો મેળવવાને લાયક થવા માટે યુનિવર્સિટીમાં અથવા કોલેજમાંના અભ્યાસક્રમોમાંથી મુકિત આપવા માટેની રીત ઠરાવતા વિનિયમો કરવા;

(૧૨) સામાન્યતઃ સંબંધિત અભ્યાસક્રમોને લગતી તમામ શૈક્ષણિક બાબતો અંગે યુનિવર્સિટીને સલાહ આપવી;

(૧૩) આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોથી અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેના ઉપર નાખવામાં આવે તેવી બીજી ફરજો બજાવવી.

અભ્યાસ-સમિતિ. ૩૪. (૧) સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા દરેક વિષય અથવા વિષયોના સમૂહ માટે અભ્યાસ-સમિતિ રહેશે.

(૨) પેટા-કલમ (૩)ની જોગવાઇઓને અધીન રહીને, દરેક અભ્યાસ-સમિતિ નીચેના સભ્યોની બનશેઃ-

(૧) અભ્યાસ-સમિતિ ફક્ત એક જ વિષય માટે હોય અથવા કોઇ વિષય અથવા વિષયોના જૂથ સાથે સંકળાવેલી હોય ત્યારે તે વિષય સાથે સંબંધિત હોય તેવા યુનિવર્સિટીના વિભાગના એક વડા;

(૨) કોલેજ અને સંસ્થાઓમાં પદવી કક્ષાએ શીખવવામાં આવતા ખાસ વિષયોમાંના વિભાગોના વધુમાં વધુ ત્રણ વડા;

(૩) કુલપતિની પૂર્વ-મંજૂરી લઇને, અભ્યાસ-સમિતિના સભ્યોએ કો-ઓપ્ટ કરેલા વિષયમાંના વધુમાં વધુ ત્રણ નિષ્ણાતો.

(૩) દરેક અભ્યાસ-સમિતિ વધુમાં વધુ સાત સભ્યોની બનશે. સભ્યોની સંખ્યા સાત કરતાં ઓછી હોય, ત્યારે કુલપતિ, ખૂટતી સંખ્યા પૂરી કરવાને જરૂરી હોય તેટલી સંખ્યાના સભ્યોને નામનિયુકત કરશે.

INDEX

(૪) અભ્યાસ-સમિતિનું સભ્યપદ, વિષયમાં મેળવેલી સિનિયોરિટીથી, વારાફરતી, ત્રણ વર્ષની મુદત માટે આપવામાં આવશે. તેમ છતાં, આવું સભ્યપદ માત્ર એક વર્ષની મુદત સુધી લંબાવી શકાશે.

(૫) કુલપતિ, અભ્યાસ-સમિતિના અધ્યક્ષ અને સભ્યોને નામનિયુક્ત કરશે.

(૬) અભ્યાસ-સમિતિની સત્તા અને ફરજો નીચે પ્રમાણે રહેશે:-

(૧) વિષયમાંના અભ્યાસક્રમોની ભલામણ કરવી;

(૨) વિષયના અભ્યાસ માટે, જરૂર હોય ત્યાં, પુસ્તકો માટે ભલામણ કરવી અને તે ઠરાવવા;

(૩) વિસ્તરણ સેવા અને વિષયમાં સંશોધન કરવા માટેના કાર્યક્રમોની ભલામણ કરવી;

(૪) પરિસંવાદો, ઓપઅભ્યાસક્રમો અને વર્કશોપ, વગેરે યોજવા માટે સંબંધિત વિદ્યાશાખાના ડીનને ભલામણ કરવી;

(૫) વિષયમાંના ઠરાવેલા અભ્યાસક્રમોમાં, ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ (પસંદગી આધારિત ગુણવત્તા પદ્ધતિ) સાથે કૌશલ્યલક્ષી શિક્ષણ સહિત પ્રયોગો અને સંશોધન માટેના કાર્યક્રમોની ભલામણ કરવી;

(૬) વિષયમાંના પુસ્તકો તૈયાર કરવા અને તેનું ભાષાંતર કરવા માટેની યોજનાઓની ભલામણ કરવી તથા અભ્યાસ માટેના પુસ્તકોની ગ્રંથસૂચિ સૂચવવી;

(૭) વિષયમાંના અભ્યાસક્રમો અને પરીક્ષાઓને લગતા વિનિયમો ઘડવા અને તે અંગે દરખાસ્ત કરવી;

(૮) વિષયમાં વર્તમાન પરિભાષાની સમયાંતરે સમીક્ષા કરવી; અને

(૯) સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવી બીજી ફરજો બજાવવી.

(૭) અભ્યાસ-સમિતિ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા, શૈક્ષણિક સત્ર દરમ્યાન ઓછામાં ઓછી બે વાર મળશે.

યુનિવર્સિટીના બીજા બોર્ડ અને મંડળોની રચના, તેની સત્તા અને ફરજો.

૩૫. કલમ ૨૧ના ખંડ (૮) હેઠળ યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકે જાહેર કરવામાં આવે તેવા બીજા બોર્ડ અને મંડળોની રચના, સત્તા અને ફરજો સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

પ્રકરણ ૫

સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમો

સ્ટેચ્યૂટ.

૩૬. આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, સ્ટેચ્યૂટથી, નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશેઃ-

(૧) ડિપ્લોમા અને પદવીઓ એનાયત કરવી તથા માનદ પદવીઓ એનાયત કરવી અને પદવીઓ એનાયત કરવા માટે પદવીદાન સમારંભો યોજવા;

(૨) યુનિવર્સિટીના અધિકારીઓની સત્તા અને ફરજો;

(૩) આ અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણે હોય તે સિવાય, યુનિવર્સિટીના અધિકારીમંડળોની રચના, સત્તા અને ફરજો;

(૪) યુનિવર્સિટીના વિભાગો, સંશોધન અથવા વિશેષિત અભ્યાસની સંસ્થા અને છાત્રાલયો શરૂ કરવાં તથા તેને નિભાવવાં;

(૫) વસિયતી દાન, દાન અને દેણગી સ્વીકારવાં અને તેની વ્યવસ્થા કરવી;

(૬) સ્નાતકોનું રજિસ્ટ્રેશન અને રજિસ્ટર થયેલા સ્નાતકોના રજિસ્ટરની જાળવણી;

(૭) યુનિવર્સિટીના અધિકારીમંડળોની બેઠકોની કાર્યરીતિ અને તેમના કામકાજનું સંચાલન;

(૮) કોલેજના અને સંસ્થાઓના પ્રાધ્યાપકો, સહ-પ્રાધ્યાપકો, સહાયક પ્રાધ્યાપકો અને અધ્યાપકોની લાયકાતો;

(૯) આ અધિનિયમથી ઠરાવવાની અથવા સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી તમામ બાબતો.

સ્ટેચ્યૂટ ઘડવા, સુધારવા, તેનો અમલ કરવા અને તે રદ કરવા બાબત.

૩૭. (૧) બોર્ડ, સ્ટેચ્યૂટ ઘડી શકશે અથવા આમાં હવે પછી જોગવાઇ કરેલી રીતે, બોર્ડ, તેમાં સુધારો કરી શકશે, તે રદ કરી શકશે અથવા તેમાં ઉમેરો કરી શકશે.

INDEX

(૨) બોર્ડ, પોતાની મેળે અથવા એકિઝકયુટિવ કાઉન્સિલની દરખાસ્ત ઉપરથી, કોઇ સ્ટેચ્યૂટના મુસદ્દા અંગે વિચારણા કરી શકશે.

(૩) એકિઝકયુટિવ કાઉન્સિલ, બોર્ડે કરવાના કોઇ સ્ટેચ્યૂટના મુસદ્દાની તેને (બોર્ડને) દરખાસ્ત કરી શકશે.

(૪) બોર્ડે, પોતાની તરત પછીની બેઠકમાં (સ્ટેચ્યૂટના) તેવા મુસદ્દા ઉપર વિચારણા કરવી જોઇશે. બોર્ડ એવો મુસદ્દો મંજૂર કરીને, સ્ટેચ્યૂટ કરી શકશે અથવા તે નામંજૂર કરી શકશે અથવા બોર્ડ સૂચવે તેવા કોઇ સુધારા સાથે, તે સમગ્ર મુસદ્દો અથવા તેનો કોઇપણ ભાગ ફેરવિચારણા માટે, એકિઝકયુટિવ કાઉન્સિલને પાછો મોકલી શકશે. બોર્ડે સૂચવેલા કોઇ સુધારા સાથેના આવી રીતે પાછા મોકલેલા (સ્ટેચ્યૂટના) કોઇ મુસદ્દા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલ વધુ વિચારણા કરી લે ત્યારપછી, તે અંગેના એકિઝકયુટિવ કાઉન્સિલના રિપોર્ટ (અહેવાલ) સાથે બોર્ડને તે ફરી રજૂ કરવો જોઇશે અને ત્યારપછી પોતાને ઉચિત લાગે તેવી રીતે બોર્ડ, તે (સ્ટેચ્યૂટના) મુસદ્દાનો નિકાલ કરી શકશે.

(૫) સ્ટેચ્યૂટ, યુનિવર્સિટીના કોઇ અધિકારી અથવા અધિકારીમંડળની સત્તા અથવા ફરજોને અસર કરતો હોય, ત્યારે -

(૧) એકિઝકયુટિવ કાઉન્સિલે, એવા સ્ટેચ્યૂટના મુસદ્દાની દરખાસ્ત કરતાં પહેલાં, સંબંધિત અધિકારી અથવા અધિકારીમંડળના મંતવ્યો જાણી તે અંગે વિચારણા કરવી જોઇશે; અને

(૨) બોર્ડે, પોતાની મેળે વિચારણામાં લીધેલો આવો કોઇ સ્ટેચ્યૂટ કરતાં પહેલાં, સંબંધિત અધિકારી અથવા અધિકારીમંડળના મંતવ્યો અને એકિઝકયુટિવ કાઉન્સિલનો અભિપ્રાય જાણીને તેના ઉપર વિચારણા કરવી જોઇશે.

(૬) બોર્ડે કરેલો દરેક સ્ટેચ્યૂટ, રાજ્ય સરકારને મોકલવો જોઇશે, જેઓ તેને મંજૂરી આપી શકશે અથવા તેને મંજૂરી આપવાનું અટકાવી શકશે અથવા તેની ફેરવિચારણા માટે બોર્ડને તે (સ્ટેચ્યૂટ) પાછો મોકલી શકશે.

(૭) બોર્ડે કરેલો કોઇપણ સ્ટેચ્યૂટ, રાજ્ય સરકાર તેને અનુમતિ ન આપે ત્યાં સુધી કાયદેસર ગણાશે નહિ.

અધ્યાદેશો. ૩૮. આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, એકિઝકયુટિવ કાઉન્સિલ, નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબતો માટે જોગવાઇ કરવા અધ્યાદેશો કરી શકશેઃ-

(૧) વિદ્યાર્થીઓને જે શરતોએ પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનોના અભ્યાસક્રમમાં દાખલ કરવા જોઇશે તે શરતો;

(૨) પરીક્ષકોની નિમણૂક અને ફરજોનું નિયમન કરતી શરતો;

(૩) પરીક્ષાઓનું સંચાલન;

(૪) યુનિવર્સિટીના અધ્યાપકોને માન્યતા;

(૫) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના રહેઠાણ, વર્તણૂક અને શિસ્તની શરતો;

(૬) છાત્રાલયોની માન્યતા;

(૭) કોલેજ, સંસ્થાઓ અને છાત્રાલયોની તપાસણી;

(૮) વિદ્યાર્થીઓની તબદીલીના સંબંધમાં, કોલેજ અને સંસ્થાઓએ પાલન કરવાના અને અમલ કરવાના નિયમો;

(૯) યુનિવર્સિટી માટે અથવા તેના વતી કરારો અથવા કબૂલાતો કરી આપવાની રીત;

(૧૦) આ અધિનિયમથી જોગવાઇ કરવાની હોય અથવા અધ્યાદેશોથી જોગવાઇ કરવામાં આવે તેવી તમામ બાબતો;

(૧૧) વિદ્યાર્થીઓ પાસેથી લેવાની ફી નક્કી કરવી;

(૧૨) સામાન્ય રીતે, એકિઝકયુટિવ કાઉન્સિલના અભિપ્રાય પ્રમાણે, જે બાબતો માટે તેને આ અધિનિયમથી અથવા સ્ટેચ્યૂટથી મળેલી સત્તા વાપરવા માટે અથવા તેના ઉપર મૂકવામાં આવેલી ફરજો બજાવવા માટે, જોગવાઇ કરવી જરૂરી લાગે તે તમામ બાબતો.

અધ્યાદેશો ઘડવા બાબત.

૩૯. (૧) એકિઝકયુટિવ કાઉન્સિલે અધ્યાદેશો ઘડવા જોઇશેઃ

પરંતુ કલમ ૩૮ના ખંડો (૧) થી (૪)માં ઉલ્લેખેલી બાબતો સંબંધી અથવા યુનિવર્સિટીમાં અધ્યાપન અને પરીક્ષાઓના ધોરણોની જાળવણી સાથે સંબંધ ધરાવતી બીજી કોઇ બાબતને લગતા કોઇ અધ્યાદેશના મુસદ્દાની દરખાસ્ત, એકેડેમિક કાઉન્સિલ-એ કરી હોય તે સિવાય, તેવો કોઇપણ અધ્યાદેશ કરી શકશે નહિ.

(૨) એકિઝકયુટિવ કાઉન્સિલ-એ કરેલા તમામ અધ્યાદેશો, આ અધિનિયમથી જોગવાઇ કરી હોય તે સિવાય, તે આદેશ કરે તેવી તારીખથી અમલમાં આવશે પણ એવી રીતે કરેલો દરેક અધ્યાદેશ, બોર્ડ સમક્ષ મૂકવો જોઇશે અને બોર્ડે પોતાની તરત પછીની બેઠકમાં તેની વિચારણા કરવી જોઇશે.

(૩) બોર્ડને, ઠરાવ દ્વારા એવો કોઇ અધ્યાદેશ રદ કરવાની અથવા તેને પરત મોકલવાની સત્તા રહેશે, પણ તેને સુધારવાની સત્તા રહેશે નહિ. આવા કોઇ અધ્યાદેશને

INDEX

૨૬ કરતો ઠરાવ, તેવી બેઠકમાં હાજર રહેલા સભ્યોની બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી બહુમતી અને બોર્ડના ઓછામાં ઓછા અડધા સભ્યોની બનેલી બહુમતીથી કરવો જોઇશે.

(૪) બોર્ડે, પેટા-કલમ (૩)માં જોગવાઇ કર્યા પ્રમાણે તે અંગે વિચારણા કરેલી હોય તે સિવાય, કુલપતિ, બોર્ડના ઓછામાં ઓછા અડધા સભ્યોએ કરેલી અરજી મળ્યેથી, એવા કોઇ અધ્યાદેશનો અમલ મોકૂફ રાખી શકશે.

વિનિયમો અને નિયમો.

૪૦. (૧) એકેડેમિક કાઉન્સિલ અથવા યથાપ્રસંગ, વિદ્યાશાખા, એકેડેમિક કાઉન્સિલની મંજૂરીને અધીન રહીને, આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અને અધ્યાદેશો સાથે સુસંગત રહીને વિનિયમો કરીને, તેમાં જે બાબતો માટે આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અથવા અધ્યાદેશોથી વિનિયમો દ્વારા જોગવાઇ કરવાની હોય તે અને એકમાત્ર તેને લગતી બીજી તમામ બાબતો માટે જોગવાઇ કરી શકશે.

(૨) કલમ ૨૧ના ખંડો (૪) થી (૮)માં નિર્દિષ્ટ કરેલું યુનિવર્સિટીનું કોઇ અધિકારીમંડળ, એકિઝકયુટિવ કાઉન્સિલની મંજૂરીને અધીન રહીને, એવા અધિકારીમંડળને જ લગતી તમામ બાબતોની જોગવાઇ કરવા માટે, આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમો સાથે સુસંગત રહીને નિયમો કરી શકશે.

પ્રકરણ ૬

અનુસ્નાતક અધ્યાપન અને સંશોધન

અનુસ્નાતક પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ.

૪૧. (૧) યુનિવર્સિટીએ અથવા યુનિવર્સિટીના નિયંત્રણને અધીન રહીને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી કોલેજે અથવા સંસ્થાઓએ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા વિષયોમાં તમામ અનુસ્નાતક પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ આપવા જોઇશે.

(૨) અનુસ્નાતક પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમની વ્યવસ્થા કરવાના અને તેનું સંકલન કરવાના હેતુ માટે, યુનિવર્સિટી અધ્યાપન અને સંશોધન બોર્ડ તરીકે ઓળખાતું બોર્ડ રચવામાં આવશે.

(૩) તમામ અનુસ્નાતક વિભાગો, સામાન્ય રીતે, યુનિવર્સિટીના મુખ્ય મથક ખાતે રહેશે. તેમ છતાં, યુનિવર્સિટી, આવા વિભાગો પૈકીનો કોઇ વિભાગ, પોતાના મુખ્ય મથકની બહારના સ્થળે અથવા સ્થળોએ રાખી શકશે.

INDEX

(૪) યુનિવર્સિટી, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ, યુનિવર્સિટીના મુખ્ય મથક સિવાયના સ્થળોએ યુનિવર્સિટી કેન્દ્રો નિભાવી શકશે.

(૫) યુનિવર્સિટી અધ્યાપન અને સંશોધન બોર્ડ,-

(૧) યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસો અને સંશોધનને પ્રોત્સાહન આપવા સાથે સંકળાયેલી તમામ બાબતો ઉપર અધિકારીમંડળોને સલાહ આપશે;

(૨) યુનિવર્સિટીમાં સંશોધન પદવીઓ શરૂ કરવા ઉપર વિચારણા કરીને અધિકારીમંડળોને રિપોર્ટ (અહેવાલ) આપશે;

(૩) સંશોધન પદવીઓ આપવા સંબંધી વિનિયમોની દરખાસ્ત કરશે;

(૪) સંશોધન અભ્યાસો માટે સુપરવાઇઝરની નિમણૂક કરશે અને તેમના મહાનિબંધના વિષયો નિર્ધારિત કરશે;

(૫) આ અર્થે અભ્યાસ-સમિતિની દરખાસ્તો અંગે વિચારણા કર્યા પછી, પરીક્ષાના પ્રશ્નપત્રો તૈયાર કરવા માટેના નિષ્ણાતો તેમજ સંશોધન અને પરીક્ષાઓ માટે પરીક્ષકોના નામની પેનલ અંગે ભલામણ કરશે;

(૬) સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો કરશે.

પ્રકરણ ૭

પદવીઓ, ડિપ્લોમા વગેરે એનાયત કરવા બાબત

પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરવા બાબત.

૪૨. (૧) બોર્ડ, એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટિવ કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કરીને, સ્ટેચ્યૂટ હેઠળ ઠરાવવામાં આવે તેવી પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો શરૂ કરી શકશે.

(૨) એકેડમિક કાઉન્સિલ, યોગ્ય ઠરાવ અથવા ઠરાવો દ્વારા, જેમણે જુદા જુદા સમયે પરીક્ષા પાસ કરી હોય અને યુનિવર્સિટીએ તેમને તે પદવીઓ અથવા ડિપ્લોમા અથવા પ્રમાણપત્રો મેળવવા માટે લાયક હોવાનું જાહેર કરેલી હોય તેવી વ્યક્તિઓને, એવી પદવીઓ આપશે અને એવા ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરશે અને સ્ટેચ્યૂટથી જોગવાઇ કર્યા પ્રમાણે પદવી પ્રમાણપત્રો આપશે.

(૩) માનદ પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્ર અને શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરવા માટે યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રીતે યોજવા જોઇશે.

INDEX

(૪) કુલાધિપતિ યુનિવર્સિટીનો પદવીદાન સમારંભનું અધ્યક્ષસ્થાન લેશે. તેમની ગેરહાજરીમાં કુલપતિ પદવીદાન સમારંભનું અધ્યક્ષસ્થાન લેશે.

માનદ પદવી.

૪૩. (૧) એકેડેમિક કાઉન્સિલના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યો ભલામણ કરે કે કોઇ વ્યકિત તેના ઉચ્ચ સ્થાન અને સિદ્ધિઓના કારણે, તેમના અભિપ્રાય પ્રમાણે કોઇ માનદ પદવી અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન મેળવવાને યોગ્ય અને લાયક વ્યકિત છે તે કારણસર તેને આવી પદવી અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન મળવા જોઇએ અને તેમની ભલામણને, બોર્ડની બેઠકમાં હાજર રહેલા બોર્ડના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોની, જેમાં બોર્ડના ઓછામાં ઓછા અડધા સભ્યો હોય એવી બહુમતી ટેકો આપે અને તે ભલામણને રાજ્ય સરકાર મંજૂર કરે, ત્યારે બોર્ડ તેવી વ્યકિતને કોઇ પરીક્ષા આપવાનું ફરમાવ્યા સિવાય એવી ભલામણ કરેલી માનદ પદવી અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન આપી શકશે;

(૨) યુનિવર્સિટીએ, શૈક્ષણિક વર્ષ દરમિયાન વધુમાં વધુ બે વ્યક્તિઓને એવા શૈક્ષણિક વિશિષ્ટમાન અથવા માનદ પદવી એનાયત કરવા જોઇશે.

(૩) એકેડેમિક કાઉન્સિલ, કુલપતિ સાથે વિચાર વિનિમય કર્યા પછી, હાજર રહીને મત આપતા બે-તૃતીયાંશથી ઓછા નહિ તેટલા સભ્યોની બહુમતીથી કરેલા ખાસ ઠરાવ દ્વારા, વાજબી અને પૂરતા કારણસર, યુનિવર્સિટીએ કોઈ વ્યક્તિને આપેલી માનદ પદવી પાછી ખેંચી લેવા માટે રાજ્ય સરકારને ભલામણ કરી શકશે:

પરંતુ નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમયની અંદર એવો કોઇ ઠરાવ શા માટે પસાર ન કરવો એવું કારણ જણાવવાનું ફરમાવતી લેખિત નોટિસ તે વ્યક્તિને આપેલી ન હોય ત્યાં સુધી અને કોઈ વાંધા, હોય તો, તે અને તેના આધારરૂપે રજૂ કરે તેવા કોઈ પુરાવાની એકેડેમિક કાઉન્સિલ વિચારણા કરે નહિ ત્યાં સુધી એવો કોઈ પણ ઠરાવ કરવો જોઇશે નહિ.

સ્નાતકોના રજિસ્ટરમાંથી વ્યકિતનું નામ દૂર કરવા અને પદવી અથવા ડિપ્લોમા પાછા ખેંચવા બાબત.

૪૪. (૧) કોઇ વ્યકિતને, કાયદાની કોર્ટે કોઇ નૈતિક અધઃપતનવાળો ગંભીર ગુનો ગણાય તેવા કોઇ ગુના માટે દોષિત ઠરાવી હોય, તો અથવા તે વ્યકિત નાલેશીભર્યા વર્તન માટે ગુનેગાર ઠરી હોય, તો કુલપતિ, બોર્ડ અને એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ પરથી કે જે ભલામણને, તેની બેઠકમાં હાજર રહેલા દરેક મંડળના સભ્યોની ઓછામાં ઓછી બે તૃતીયાંશ અને દરેક મંડળના સભ્યોના ઓછામાં ઓછા અડધા સભ્યોની બનેલી બહુમતીએ ટેકો આપ્યો હોય તે (ભલામણ) ઉપરથી તે વ્યકિતનું નામ

INDEX

સ્નાતકોના રજિસ્ટરમાંથી કાઢી નાખી શકશે અથવા તેનો ડિપ્લોમા અથવા પદવી પાછા ખેંચી લઇ શકશે.

(૨) સંબંધિત વ્યકિતને સુનાવણીની તક આપવામાં આવી હોય તે સિવાય, પેટા-કલમ (૧) હેઠળ કોઇપણ પગલું લઇ શકાશે નહિ.

પ્રકરણ ૮

સમિતિઓ

પરીક્ષક સમિતિ.

૪૫. (૧) યુનિવર્સિટી પરીક્ષકોની નિમણૂક કરવા માટેની યાદી તૈયાર કરવાના હેતુ માટે, દરેક વિદ્યાશાખા માટે એક સમિતિ રચવામાં આવશે, જે નીચેનાની બનશે:-

(૧) ડીન, હોદ્દાની રૂએ અધ્યક્ષ ;

(૨) અભ્યાસ-સમિતિના અધ્યક્ષ; અને

(૩) વર્ષ માટે કુલપતિએ નામનિયુકત કરેલ અભ્યાસ-સમિતિના બે સભ્યો.

(૨) એકેડેમિક કાઉન્સિલે, સમિતિએ તૈયાર કરેલી પરીક્ષકોની યાદી કુલપતિની મંજૂરી માટે તેમની સમક્ષ મૂકવી જોઇશે, જેઓ તે મંજૂર કરી શકશે અથવા કારણોની લેખિત નોંધ કરીને તેમાં ફેરફાર કરી શકશે.

(૩) સમિતિએ અનુસરવાની કાર્યરીતિ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

બીજી સમિતિઓ.

૪૬. બોર્ડ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને બીજા અધિકારીમંડળો, વખતોવખત, પોતાને યોગ્ય લાગે તેટલી સ્થાયી સમિતિઓ, ખાસ સમિતિઓ અથવા સલાહકાર સમિતિઓ નીમી શકશે અને એવી સમિતિઓ નીમતા અધિકારીમંડળોના સભ્યો ન હોય તેવી વ્યક્તિઓને આ સમિતિઓમાં નામનિયુક્ત કરી શકશે.

INDEX

પ્રકરણ ૯

નાણાં

૪૭. (૧) યુનિવર્સિટી, "યુનિવર્સિટી ફંડ" નામનું એક ફંડ સ્થાપશે. યુનિવર્સિટી ફંડ.

(૨) યુનિવર્સિટી ફંડ નીચેનાનું બનશે અથવા તે ફંડમાં નીચે પ્રમાણેના નાણાં જમા કરી શકશે :-

(ક) કેન્દ્ર સરકાર, રાજય સરકાર અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી મળેલો કોઇ ફાળો અથવા ગ્રાન્ટ;

(ખ) ફી અને ચાર્જની આવક સહિત તમામ સ્ત્રોતમાંથી યુનિવર્સિટીને થતી આવક;

(ગ) વસિયતી દાન, દાન, દેણગી અને અન્ય ગ્રાન્ટ હોય, તો તે;

(ઘ) રાજય સરકારની અગાઉથી પરવાનગી લઇને બેન્કો પાસેથી ઉછીની લીધેલી કોઇ રકમ.

(૩) યુનિવર્સિટી ફંડમાં જમા કરાવેલા તમામ નાણાં, ભારતીય રિઝર્વ બેન્ક અધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની અનુસૂચિત બેન્ક પૈકીની કોઇ અનુસૂચિત બેન્કમાં ભરવા જોઈશે અથવા વધારાના ફંડનું, બોર્ડ-એ, નાણા સમિતિની ભલામણના આધારે અથવા રાજ્યસરકારના આ અર્થે વખતોવખત બહાર પાડવામાં આવેલા આદેશો મુજબ, રોકાણ કરવું જોઈશે. સન ૧૯૩૪નો ૨જો.

(૪) યુનિવર્સિટીના ફંડમાંથી કોઈ નાણાં, તેના ઉદ્દેશો પૂરા કરવા માટે અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, સંબંધિત મંજૂર કરનાર અધિકારીમંડળની પૂર્વ મંજૂરી વગર-વાપરવા જોઈશે નહિ.

૪૮. (૧) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો, એકિઝકયુટિવ કાઉન્સિલની દેખરેખ હેઠળ તૈયાર કરીને ઓડિટ કરાવવા જોઇશે અને બોર્ડની મંજૂરી મેળવ્યા પછી તે હિસાબો રાજય સરકાર સમક્ષ રજૂ કરવા જોઇશે. વાર્ષિક હિસાબો, નાણાકીય અંદાજો અને ઓડિટ.

(૨) એકિઝકયુટિવ કાઉન્સિલે, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલાં, આગામી વર્ષ માટેના નાણાકીય અંદાજો પણ તૈયાર કરવા જોઇશે.

(૩) વાર્ષિક હિસાબો અને નાણાકીય અંદાજો, બોર્ડને તેની વાર્ષિક બેઠકમાં, તેની મંજૂરી માટે મોકલવા જોઇશે અને તે, તેના સંબંધમાં ઠરાવ કરી શકશે અને એકિઝકયુટિવ કાઉન્સિલને તે ઠરાવ મોકલી શકશે અને એકિઝકયુટિવ કાઉન્સિલ તેના સંબંધમાં જરૂરી હોય તેવું પગલું લેશે અને છેવટે તે હિસાબો અને નાણાકીય અંદાજો મંજૂર કરશે. એકિઝકયુટિવ કાઉન્સિલે, બોર્ડને તેની આગામી બેઠકમાં સદરહુ ઠરાવ અંગે પોતે લીધેલા પગલા અંગે અથવા કોઇ પગલું લીધું ન હોય, તો પગલું ન લેવા માટેના કારણો જણાવવા જોઇશે.

(૪) યુનિવર્સિટીના હિસાબોનું ઓડિટ દર વર્ષે અને કોઇપણ કિસ્સામાં નાણાકીય વર્ષ પૂરું થયાના ત્રણ મહિનાની અંદર, જેના ભાગીદારો, યુનિવર્સિટીના અધિકારીમંડળો પૈકીના કોઈ અધિકારીમંડળમાં અથવા યુનિવર્સિટીના કામકાજમાં હિત ધરાવતા ન હોય તેવી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની પેઢીઓમાંથી નાણા સમિતિએ નીમેલા ઓડિટરો દ્વારા કરાવવું જોઈશે. રજિસ્ટ્રાર તેમજ નાણા અને હિસાબ અધિકારી, સંયુક્ત રીતે, નિયત સમયમર્યાદાની અંદર યુનિવર્સિટીના હિસાબોનું એવું ઓડિટ કરાવવા માટે જવાબદાર રહેશે, જેમાં ચૂક થયેથી કુલપતિ, આવા અધિકારીઓ વિરુદ્ધ શિસ્તવિષયક પગલાં સહિત પોતે યોગ્ય ગણે તેવાં પગલાં લેશે.

(૫) યુનિવર્સિટીએ ઓડિટ થયેલા હિસાબો પ્રસિદ્ધ કરવા જોઇશે અને તેની નકલ, ઓડિટરના રિપોર્ટની નકલ સાથે બોર્ડને મંજૂરી માટે મોકલવી જોઇશે, જે તેની ઉપર વિચારણા કરશે અને પોતાને યોગ્ય લાગે તેવો ઠરાવ પસાર કરશે. બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલા ઓડિટ થયેલા હિસાબો, રાજ્ય સરકારને મોકલવા જોઇશે.

(૬) રાજ્ય સરકાર, સમયાંતરે યુનિવર્સિટીના હિસાબોનું ચકાસણી ઓડિટ અથવા સંપૂર્ણ ઓડિટ, રાજય સરકારે નીમેલા ઓડિટરો પાસે કરાવી શકશે.

વાર્ષિક અહેવાલ (રિપોર્ટ).

૪૯. યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ (રિપોર્ટ), એકિઝકયુટિવ કાઉન્સિલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવો જોઇશે અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી તારીખે અથવા તે પહેલાં બોર્ડ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવો જોઇશે. બોર્ડ તેના ઉપર ઠરાવ પસાર કરી શકશે અને તે એકિઝકયુટિવ કાઉન્સિલને મોકલી શકશે, જે જરૂરી હોય તેવા પગલાં લઇ શકશે અને એકઝિકયુટિવ કાઉન્સિલે, બોર્ડને પોતાની આગામી બેઠકમાં સદરહુ ઠરાવ અંગે પોતે લીધેલા પગલાં અંગે અથવા પગલું લીધેલું ન હોય, તો પગલું ન લેવા માટેનાં કારણો જણાવવાં જોઇશે.

પ્રકરણ ૧૦

પૂરક જોગવાઇઓ

યુનિવર્સિટીનું એક્રેડિટેશન.

૫૦. યુનિવર્સિટીએ, પોતાની સ્થાપનાના પાંચ વર્ષની અંદર, નેશનલ કાઉન્સિલ ઓફ એસેસમેન્ટ એક્રેડિટેશન (NAAC) અને યુનિવર્સિટીએ હાથ ધરેલા અભ્યાસક્રમો સાથે જોડાયેલી હોય તેવી ભારત સરકારની અને ગુજરાત સરકારની બીજી કોઇ નિયમન કરતી સંસ્થાઓ પાસેથી એક્રેડિટેશન (અધિકાર પત્ર) મેળવવું જોઇશે અને યુનિવર્સિટીને પૂરા પાડેલા ગ્રેડ અંગે રાજ્ય સરકારને જાણ કરવી જોઇશે. યુનિવર્સિટીએ વખતોવખત આવું એક્રેડિટેશન (અધિકાર પત્ર) તાજું કરાવવું જોઇશે.

અધ્યાપકો અને બીજા કર્મચારીઓની નિમણૂક.

૫૧. (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓની નિમણૂક, સંબંધિત સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રીતે તથા તેવા હોદ્દા અને પગારધોરણોમાં કરવી જોઇશે.

(૨) આ અધિનિયમ હેઠળ નિમાયેલા યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓ, સંબંધિત સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોમાં ઠરાવવામાં આવે તેવા પગાર અને ભથ્થાં મેળવવા હકદાર રહેશે અને સેવાની તેવી શરતો અને આચારસંહિતાથી તેનું નિયમન કરવામાં આવશે.

(૩) કોઈપણ વ્યક્તિ, ઠરાવેલી લાયકાતો ધરાવતી હોય, ત્યારે અને સંબંધિત સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.), રાજ્ય સરકાર, યુનિવર્સિટી અથવા બીજા વૈધાનિક નિયમનકારી મંડળોએ આવી જગા માટે ઠરાવેલી યોગ્ય પસંદગી કાર્યરીતિને અનુસર્યા પછી જ, તેની યુનિવર્સિટી અથવા કોલેજ અથવા સંસ્થાના અધ્યાપક તરીકે નિમણૂક કરી શકાશે.

(૪) કલમ ૬૨-ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) હેઠળ પ્રથમ સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો ઘડવામાં આવે, ત્યાં સુધી ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ સહિત અમલમાં હોય તેવા, રાજ્ય સરકારના જુદા જુદા કારોબારી (વહીવટી) હુકમોથી જણાવ્યા પ્રમાણેના સંબંધિત સરકારી નિયમો, ધોરણો યુનિવર્સિટીના કામકાજનું સંચાલન કરવા માટે લાગુ પડશે.

અધિકારીઓ અને કર્મચારીઓ રાજય સેવકો ગણાશે.

૫૨. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે. સન ૧૮૬૦ નો ૪૫-મો.

સ્પષ્ટીકરણ- આ કલમના હેતુઓ માટે, જેની નિમણૂક યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે કરી હોય અથવા કરેલા કોઈ કામ માટે જેને યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કોઈ મહેનતાણું મળતું હોય, તેવી વ્યક્તિ, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલી ફરજો તથા કાર્યો તે બજાવતી હોય, ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતોના સંબંધમાં, યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી છે એમ ગણાશે.

યુનિવર્સિટીનાં સ્ટાફનાં પેન્શન, વીમા અને પ્રોવિડન્ટ ફંડ વગેરે.

૫૩. યુનિવર્સિટી-એ, વીમા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અથવા પોતે યોગ્ય ગણે તેવા બીજા લાભોની બાબતોમાં, પોતાના અને કોલેજ તથા સંસ્થાઓના પણ અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભાર્થે, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને જોગવાઈઓ કરવી જોઇશે.

પ્રોવિડન્ટ ફંડ સરકારી તિજોરીમાં અનામત મૂકવા બાબત.

૫૪. (૧) યુનિવર્સિટીએ, કલમ ૫૩ હેઠળ પોતાના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભાર્થે પ્રોવિડન્ટ ફંડ સ્થાપ્યું હોય, ત્યારે એવા ફંડનાં નાણાં, તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, લેખિત હુકમથી, વખતોવખત આપે તેવા આદેશો અનુસાર, સરકારી તિજોરીમાં અનામત મૂકવાનાં રહેશે અને તેમ થયે,-

(૧) રાજ્ય સરકારનો કર્મચારી, જે દરે પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે જે તે સમયે હકદાર થાય તે જ દરે, ફંડનો બચતદાર, પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે હકદાર રહેશે; અને

(૨) સરકારી કર્મચારીઓને લાગુ પડતા પ્રોવિડન્ટ ફંડમાંથી પૈસા ઉપાડવા અંગેની મર્યાદાને લગતા, તત્સમયે અમલમાં હોય તેવા નિયમો, શકય હોય તેટલે સુધી, બચતદારને લાગુ પડશે.

(૨) આ કલમમાંનો કોઇપણ મજકૂર, જેને કર્મચારી પ્રોવિડન્ટ ફંડ અને પ્રકીર્ણ જોગવાઈઓ અધિનિયમ, ૧૯૫૨ લાગુ પડતો હોય, તેવા યુનિવર્સિટી દ્વારા સ્થાપવામાં આવેલા પ્રોવિડન્ટ ફંડને લાગુ પડશે નહિ. સન ૧૯૫૨નો ૧૯મો.

INDEX

હોદ્દો છોડવા બાબત.

૫૫. (૧) યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળનો કોઈ સભ્ય, રજીસ્ટ્રાર મારફત, કુલપતિને ઉદ્દેશીને પત્ર લખીને, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને કુલપતિ તે રાજીનામું સ્વીકારે તે તારીખથી અથવા કુલપતિને તે પત્ર મળ્યાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે, બેમાંથી જે પ્રસંગ વહેલો બને ત્યારથી, રાજીનામું અમલમાં આવશે.

(૨) યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા મંડળનો કોઇ સભ્ય, કાયદાની કોર્ટમાં કોઈ ગુના માટે દોષિત ઠર્યો હોય અને એવો ગુનો, એક્ઝિકયુટિવ કાઉન્સિલના અભિપ્રાય પ્રમાણે નૈતિક અધઃપતનવાળો ગુનો હોય, તો તે, સભ્ય હોતો બંધ થશે.

પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ ભરવા બાબત.

૫૬. યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા બીજા મંડળના (હોદ્દાની રૂએ સભ્ય હોય તેવા સભ્ય સિવાયના) સભ્યનો કોઇ હોદ્દો, તેવા સભ્યના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં કોઇ ખાલી પડે, તો તેવી જગા, જેમ બને તેમ જલદી, કોઇ એક સભ્યને નામનિયુકત કરીને, નીમીને અથવા યથાપ્રસંગ, તેને કો-ઓપ્ટ કરીને ભરવી જોઇશે અને તે સભ્ય, પોતે જે સભ્યને બદલે નામનિયુકત થયેલો, નિમાયેલો અથવા કો-ઓપ્ટ થયેલો હોય તે સભ્ય, જો તે જગા ખાલી પડી ન હોત, તો જેટલા સમય સુધી હોદ્દો ધરાવત તેટલા સમય સુધી જ તે હોદ્દો ધરાવશે.

નુક્સાન અંગેની જવાબદારી.

૫૭. (૧) યુનિવર્સિટીના હિતોનું યોગ્ય રીતે રક્ષણ કરવામાં આવે છે તે બાબત સુનિશ્ચિત કરવાની ફરજ, યુનિવર્સિટીના દરેક અધિકારી, અધ્યાપક અને બીજા કર્મચારીની રહેશે.

(૨) એમ જણાય કે આવા અધિકારી, અધ્યાપક અથવા બીજા કર્મચારી દ્વારા શુદ્ધબુદ્ધિથી કરવામાં આવ્યા ન હોય તેવા કોઈ ગેરકાયદેસર કૃત્યથી અથવા તેમના દ્વારા આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોની જોગવાઈઓ અનુસાર કાર્ય કરવામાં થયેલી ઈરાદાપૂર્વકની નિષ્ફળતા અથવા કોઇ ઈરાદાપૂર્વકની ઉપેક્ષા અથવા કસૂરને કારણે યુનિવર્સિટીને કોઈ નુક્સાન અથવા હાનિ થઇ છે, તો આવા નુક્સાન અથવા હાનિ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવેલી કાર્યરીતિ અનુસાર, તેમની પાસેથી વસૂલ કરવાને પાત્ર રહેશે.

જગાઓ ખાલી પડવાને લીધે કાર્યવાહી અમાન્ય ગણાશે નહિ.

૫૮. યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા બીજા મંડળનું કોઇ કાર્ય અથવા કાર્યવાહી, તેના સભ્યપદની કોઇ જગા ખાલી હોવાના કારણમાત્રથી અમાન્ય ઠરશે નહિ.

યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળની રચના સંબંધી તકરારો.

૫૯. જ્યારે,-

(૧) આ અધિનિયમની અથવા કોઇ સ્ટેચ્યૂટ, અધ્યાદેશ, વિનિયમ અથવા નિયમની કોઇ જોગવાઇના અર્થઘટન સંબંધી, અથવા

(૨) કોઇ વ્યકિત, યુનિવર્સિટીના કોઇપણ અધિકારીમંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નિમાયેલી છે કે કેમ અથવા એવા સભ્ય તરીકે હકદાર છે અથવા હકદાર હોતી બંધ થઇ છે કે કેમ તે સંબંધી,

કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે-

(ક) જો તે, ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય, તો રાજ્ય સરકારને તે નિર્ણયાર્થે રજૂ કરી શકાશે; અને

(ખ) (૧) જો તે, ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય, તો; અથવા

(૨) જો બોર્ડના વીસ સભ્યો એવું ફરમાવે, તો ખંડ (૧) અથવા ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી બાબતને તે લગતો હોય કે ન હોય તો પણ,

રાજ્ય સરકારને તે નિર્ણયાર્થે રજૂ કરી શકાશે અને રાજ્ય સરકાર, (જરૂર હોય ત્યાં સુનાવણીની તક આપવા સહિત) પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, એ પ્રશ્નનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

ાર્યો અને કમોનું રક્ષણ.

૬૦. યુનિવર્સિટીએ અથવા તેના અધિકારીમંડળો, મંડળો કે અધિકારીઓ પૈકીના કોઇ અધિકારીમંડળ, મંડળ કે અધિકારીએ શુદ્ધબુદ્ધિથી કરેલાં તમામ કાર્યો અને કરેલા હુકમો, આખરી ગણાશે અને આ અધિનિયમ અને તે હેઠળ ઘડેલા સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો અનુસાર કર્યું હોવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કાર્ય માટે, યુનિવર્સિટી સામે કે તેના અધિકારીમંડળો, મંડળો કે અધિકારીઓ સામે કોઇપણ દાવો માંડી શકાશે નહિ અથવા તેમની પાસેથી કોઇપણ નુકસાની માગી શકાશે નહિ.

પ્રકરણ ૧૧

વચગાળાની જોગવાઇઓ

પ્રથમ કુલપતિની નિમણૂક.

૬૧. કલમ ૧૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પ્રથમ કુલપતિની નિમણૂક, આ અધિનિયમ મંજૂર થયા પછી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકાર, વ્યવહાર્ય હોય તેટલી જલદી કરશે.

INDEX

પ્રથમ કુલપતિની વચગાળાની સત્તા.

૬૨. (૧) પોતાની નિમણૂકની તારીખ પછી છ મહિનાની અંદર અથવા રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી આદેશ કરે તેટલી વધુમાં વધુ એક વર્ષની મુદતની અંદર બોર્ડ, એક્ઝિકયુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને યુનિવર્સિટીનાં બીજા અધિકારીમંડળો રચવા માટે ગોઠવણો કરવાની પ્રથમ કુલપતિની ફરજ રહેશે.

(૨) પ્રથમ કુલપતિ, રાજ્ય સરકારે નામનિયુકત કરેલા વધુમાં વધુ પંદર સભ્યોની બનેલી સલાહકાર સમિતિની મદદથી,-

(ક) આ અધિનિયમની જોગવાઇઓ અને રાજ્ય સરકારની મંજૂરીને અધીન રહીને,-

(૧) ઉપર્યુકત અધિકારીમંડળો રચવા અને તેમની બેઠકોમાંની કાર્યરીતિનું નિયમન કરવા તથા તેમના કામકાજનું સંચાલન કરવા માટે જરૂરી કામચલાઉ સ્ટેચ્યૂટ કરશે;

(૨) ઉપર્યુકત અધિકારીમંડળોની રચના કરવા માટે જરૂરી હોય તેવા કોઈ નિયમો ઘડશે;

(ખ) આ અધિનિયમ હેઠળ પ્રથમ સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમો ઘડશે અને સંબંધિત અધિકારીમંડળો પોતાનાં કાર્યો બજાવવાનું શરૂ કરે, ત્યારે બહાલી માટે તેમને તે રજૂ કરશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ રચાયેલા અધિકારીમંડળો, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી આદેશ કરે તેવી તારીખે અથવા તારીખોએ પોતાનાં કાર્યો બજાવવાની શરૂઆત કરશે.

(૪) પ્રથમ કુલપતિએ ઘડેલા સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોને, સંબંધિત અધિકારીમંડળો બહાલી આપે, ત્યારે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

પ્રથમ કુલપતિની અસાધારણ સત્તા.

૬૩. કલમ ૬૧ હેઠળ નિમાયેલા કુલપતિને, એક્ઝિકયુટિવ કાઉન્સિલ, પોતાનાં કાર્યો બજાવવાંનું શરૂ કરે નહિ ત્યાં સુધી, નીચેની સત્તા રહેશેઃ-

(ક) પ્રથમ સ્ટેચ્યૂટમાં જોગવાઇ કરવામાં આવેલી ન હોય તેવી કોઇ બાબતની જોગવાઇ કરવા માટે, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરીથી વધારાના સ્ટેચ્યૂટ ઘડવા;

(ખ) કામચલાઉ અધિકારીમંડળો અને મંડળો રચવા અને તેમની ભલામણો ઉપરથી યુનિવર્સિટીના કાર્યના સંચાલન માટે જોગવાઇ કરતા નિયમો કરવા;

(ગ) રાજ્ય સરકારના નિયંત્રણને અધીન રહીને, આ અધિનિયમ અથવા તેના કોઇ ભાગને અમલમાં મૂકવા જરૂરી હોય તેવી નાણાકીય વ્યવસ્થાઓ કરવી;

(ઘ) આ અધિનિયમ અથવા તેનો કોઇ ભાગ અમલમાં મૂકી શકાય એ માટે રાજ્ય સરકારની મંજૂરીથી, જરૂરી હોય તેવી નિમણૂકો, વધુમાં વધુ બે વર્ષની મુદત માટે કરવી;

(ચ) પોતે આદેશ કરે તેવા કાર્યો બજાવવા માટે, તેમને યોગ્ય લાગે તેવી કોઇ સમિતિ નીમવી; અને

(છ) સામાન્યતઃ આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ એક્ઝિકયુટિવ કાઉન્સિલને સોંપેલી તમામ અથવા તે પૈકીની કોઇ સત્તા વાપરવી.

પ્રથમ ઉપકુલપતિની નિમણૂક.

૬૪. કલમ ૧૫-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પ્રથમ ઉપકુલપતિની નિમણૂક, આ અધિનિયમ થયા પછી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકાર, વ્યવહાર્ય હોય તેટલી જલદી કરશે.

પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક.

૬૫. કલમ ૧૭માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક, અધિનિયમ થયા પછી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકાર, વ્યવહાર્ય હોય તેટલી જલદી કરશે.

યુનિવર્સિટીના અધિકારીઓ અને અધ્યાપકોની નિમણૂક.

૬૬. (૧) અધિનિયમ થયા પછી કોઇપણ સમયે, યુનિવર્સિટીનાં અધિકારીમંડળો, પોતાનાં કાર્યો બજાવવાની શરૂઆત કરે નહિ, ત્યાં સુધી-

(ક) રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરીથી, કુલપતિ, યુનિવર્સિટીના કોઇ અધિકારીની નિમણૂક કરી શકશે;

(ખ) કુલપતિ, ઉચ્ચ શિક્ષણ કમિશનર અને રાજ્ય સરકાર તેમની સાથે જોડવાનું ઉચિત ગણે તેવી બીજી કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓ, હોય તો,

INDEX

તેમની બનેલી સલાહકાર સમિતિની ભલામણો વિચારણામાં લઈને, રાજ્ય સરકાર, યુનિવર્સિટીના અધ્યાપકોની નિમણૂક કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી કોઇ નિમણૂક, વધુમાં વધુ બે વર્ષની મુદત માટે અને નિમણૂક કરનાર સત્તાધિકારીને ઉચિત લાગે તેવી બોલીઓ અને શરતોએ કરવામાં આવશે:

પરંતુ આવી કોઇપણ નિમણૂક, તે માટેની નાણાકીય જોગવાઇ કરવામાં ન આવે ત્યાં સુધી કરી શકાશે નહિ.

મુશ્કેલી દૂર કરવાની સત્તા.

૬૭. આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યમાં અનુસૂચિત આદિજાતિઓની વસ્તી, રાજ્યના ચૌદ જેટલા જિલ્લાઓના વિસ્તારમાં ફેલાયેલી છે. આદિજાતિ વિસ્તારોની આદિજાતિ વસ્તી, શિક્ષણવિષયક સુવિધાઓ મેળવી શકે તે માટે, રાજ્ય સરકારે, આદિજાતિ વિસ્તારોમાં આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મોડેલ સ્કૂલ, અલ્પ શિક્ષણ નિવાસી શાળા વગેરે સ્વરૂપે ઘણી પહેલ કરેલ છે. રાજ્ય સરકાર એવો અભિપ્રાય ધરાવે છે કે આદિજાતિ વિસ્તારની યુવા પેઢી ઉચ્ચ અભ્યાસના લાભોથી વંચિત ન રહે તે બાબત સુનિશ્ચિત કરવા માટે તેઓને પણ પોતાના ઘરઆંગણે જ ઉચ્ચ શિક્ષણ માટેની સુવિધાઓ મળવી જોઈએ.

તેથી, રાજ્યની આદિજાતિ વસ્તી માટે, આદિજાતિ સંસ્કૃતિને લગતા અભ્યાસક્રમોનો સમાવેશ થાય તેવી ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સુવિધાઓની તકોને ઉત્તેજન આપવા માટે અને પ્રાચીન આદિજાતિ સંસ્કૃતિના મૂલ્યોને જાળવવા માટે પણ, રાજપીપળા, જિલ્લોઃ નર્મદા ખાતે અધ્યાપન કરતી અને બિન-સંલગ્ન યુનિવર્સિટીની સ્થાપના કરવા અને તેનું સંસ્થાપન કરવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક મહત્વની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવવામાં આવી છેઃ-

કલમ ૧.- આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને તેના આરંભ માટે જોગવાઈ કરી છે.

કલમ ૨.- આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

કલમો ૩ થી ૭.- આ કલમોથી, ગુજરાત આદિજાતિ યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન, યુનિવર્સિટીના મુખ્ય મથક, ઉદ્દેશો તથા તેની સત્તા, તેના કાર્યો અને તેની હકૂમત માટેની જોગવાઇ કરી છે.

કલમ ૮.- આ કલમથી જોગવાઈ કરી છે કે લિંગ, જાતિ, પંથ, વર્ગ, જ્ઞાતિ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા અથવા રાજકીય અથવા અન્ય મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી રહેશે.

INDEX

કલમ ૯.- આ કલમથી, અધ્યાપનને લગતા ધોરણો, પરીક્ષાઓ, સંશોધન અથવા વહીવટનું સ્તર મોટા પ્રમાણમાં નીચું ગયેલ હોય અને તે સ્વીકાર્ય કક્ષાનું ન હોય તેવા કારણોસર, આદેશો આપવાની, મૂલ્યાંકન કરવા માટેનો અને તપાસનો હુકમ કરવાની રાજ્ય સરકારની સત્તા માટે જોગવાઈ કરી છે.

કલમો ૧૦ અને ૧૧.- આ કલમોથી, યુનિવર્સિટીના અધિકારીઓ અને વિવિધ અધિકારીમંડળોના અધિકારીઓની વયમર્યાદાની પાત્રતા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૧૨.- આ કલમથી જોગવાઈ કરી છે કે ગુજરાતના રાજ્યપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે અને તેઓ સંચાલક મંડળના અધ્યક્ષ રહેશે.

કલમો ૧૩ અને ૧૪.- આ કલમોથી, યુનિવર્સિટીના કુલપતિની લાયકાત, નિમણૂક માટેની બોલીઓ અને શરતો અને તેમની સત્તા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૧૫.- આ કલમથી, યુનિવર્સિટીના ઉપકુલપતિની નિમણૂક માટેની અને તેમની નિમણૂક માટેની બોલીઓ અને શરતો અને તેમની સત્તા માટે જોગવાઈ કરી છે.

કલમો ૧૬ થી ૨૦.- આ કલમોથી, વિદ્યાશાખાઓના ડીન, રજિસ્ટ્રાર, કાયદા અધિકારી, નાણા અને હિસાબ અધિકારી અને પરીક્ષા નિયંત્રકની નિમણૂક, સેવાની શરતો અને તેમની સત્તા અને તેમના કાર્યો માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨૧.- આ કલમથી, યુનિવર્સિટીના અધિકારીમંડળો માટેની જોગવાઈ કરી છે.

કલમો ૨૨ થી ૨૪.- આ કલમોથી, સંચાલક મંડળની રચના, મંડળના સભ્યોની મુદત, મંડળની બેઠકો, સંચાલક મંડળની સત્તા અને ફરજો માટેની જોગવાઈ કરી છે.

કલમો ૨૫ થી ૩૧.- આ કલમોથી, યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ, નાણા સમિતિ, મકાન અને મિલકત સમિતિની રચના, કાઉન્સિલ અને સમિતિઓના સભ્યોની મુદત અને તેમની સત્તા અને ફરજો માટેની જોગવાઈ કરી છે.

કલમો ૩૨ થી ૩૪.- આ કલમોથી, યુનિવર્સિટીની વિદ્યાશાખાઓ અને અભ્યાસ સમિતિની રચના અને તેમની સત્તા અને ફરજો માટે જોગવાઈ કરી છે.

INDEX

કલમ ૩૫.- આ કલમથી એવી જોગવાઈ કરી છે કે યુનિવર્સિટીના અધિકારીમંડળ તરીકે જાહેર કરવામાં આવે તેવા બોર્ડો અને મંડળોની રચના, તેમની સત્તા અને ફરજો, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

કલમો ૩૬ અને ૩૭.- આ કલમોથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી બાબતો માટે, બોર્ડ દ્વારા સ્ટેચ્યૂટ કરવા, તેમાં સુધારા કરવા અને તેનો અમલ કરવા અને તે રદ કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમો ૩૮ અને ૩૯.- આ કલમોથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી બાબતો માટે, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા અધ્યાદેશો કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૪૦.- આ કલમથી, એકેડેમિક કાઉન્સિલ અથવા વિદ્યાશાખા દ્વારા વિનિયમો કરવા માટેની જોગવાઈ કરી છે. તેનાથી, નાણા સમિતિ, મકાન અને મિલકત સમિતિ જેવા બીજા અધિકારીમંડળો દ્વારા નિયમો કરવા માટેની પણ જોગવાઈ કરી છે.

કલમ ૪૧.- આ કલમથી, યુનિવર્સિટીમાં અનુસ્નાતક પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ માટેની જોગવાઈ કરી છે અને વધુમાં યુનિવર્સિટીના અધ્યાપન અને સંશોધન બોર્ડની રચના કરવા માટેની અને તેના કાર્યો માટેની જોગવાઈ કરી છે.

કલમો ૪૨ થી ૪૪.- આ કલમોથી, સંચાલક મંડળ મંજૂર કરે તે પ્રમાણે, પદવીઓ, ડિપ્લોમા, માનદ પદવીઓ અને પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો આપવા માટેની અને તે પાછા ખેંચવા માટેની યુનિવર્સિટીની સત્તા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૪૫.- આ કલમથી, દરેક વિદ્યાશાખા માટે પરીક્ષક સમિતિ રચવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૪૬.- આ કલમથી, સંચાલક મંડળ, એક્ઝિક્યુટીવ કાઉન્સલ અને એકેડેમિક કાઉન્સિલ તથા બીજા અધિકારીમંડળોને, પોતાને યોગ્ય લાગે તેવી સમિતિઓ નીમવાની સત્તા મળે છે.

કલમ ૪૭.- આ કલમથી, યુનિવર્સિટી ફંડની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૪૮.- આ કલમથી, યુનિવર્સિટીના હિસાબો અને નાણાકીય અંદાજો તૈયાર કરવા માટેની અને તેના ઓડિટ માટેની અને રાજ્ય સરકાર દ્વારા તેનું ઓડિટ કરાવવા માટેની જોગવાઈ કરી છે.

INDEX

કલમ ૪૯.- આ કલમથી, યુનિવર્સિટીનો વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૫૦.- આ કલમથી, યુનિવર્સિટીએ નેશનલ કાઉન્સિલ ઓફ એસેસમેન્ટ એક્રેડિટેશન પાસેથી એક્રેડિટેશન (અધિકાર પત્ર) મેળવવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૫૧.- આ કલમથી, યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓની નિમણૂક માટેની તેમજ તેમના મળતરો અને સેવાની શરતો માટેની જોગવાઈ કરી છે.

કલમ ૫૨.- આ કલમથી એવી જોગવાઈ કરી છે કે તમામ અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓ રાજ્ય સેવકો હોવાનું ગણાશે.

કલમ ૫૩.- આ કલમથી, યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના પેન્શન, પ્રોવિડન્ટ ફંડ, વીમા અને બીજા લાભો માટેની જોગવાઈ કરી છે.

કલમ ૫૪.- આ કલમથી, પ્રોવિડન્ટ ફંડ સરકારી તિજોરીમાં જમા કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમો ૫૫ અને ૫૬.- આ કલમોથી, કોઈ અધિકારીમંડળ અથવા મંડળનો સભ્ય જે રીતે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે તે રીત માટેની અને પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ ભરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૫૭.- આ કલમથી, યુનિવર્સિટીના અધિકારી, અધ્યાપક અથવા કર્મચારી દ્વારા થતા કોઈ નુક્સાન અંગેની જવાબદારી માટેની જોગવાઈ કરી છે.

કલમ ૫૯.- આ કલમથી, આ અધિનિયમની કોઈ જોગવાઈના અર્થઘટન સંબંધી અથવા કોઇપણ અધિકારીમંડળના કોઈ સભ્યની નિમણૂક સંબંધી તકરારને લગતી બાબત પુછાણ માટે રાજ્ય સરકારને મોકલવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૦.- આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલા કૃત્યો માટેની સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઈ કરી છે.

કલમો ૬૧ થી ૬૩.- આ કલમોથી, રાજ્ય સરકાર દ્વારા, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે, યુનિવર્સિટીના પ્રથમ કુલપતિની નિમણૂક કરવા માટેની જોગવાઈ

કરી છે. તેનાથી પ્રથમ કુલપતિની વચગાળાની સત્તા અને અસાધારણ સત્તા માટેની પણ જોગવાઈ કરી છે.

કલમો ૬૪ અને ૬૫.- આ કલમોથી, રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ અને પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૬.- આ કલમથી, કુલપતિ દ્વારા, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી મેળવીને, વધુમાં વધુ બે વર્ષની મુદત માટે, અધિકારીઓ અને અધ્યાપકોની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૭.- આ કલમથી, રાજ્ય સરકારને, આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર, આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

INDEX

નાણાકીય યાદી

આ વિધેયકની કલમ ૪૭ની પેટા-કલમ (૨)(ક)થી, રાજ્ય સરકાર દ્વારા, યુનિવર્સિટીને ફાળો અને અનુદાન આપવા ઠરાવ્યું છે, જે યુનિવર્સિટીના ફંડમાં જમા કરવામાં આવશે.. યુનિવર્સિટીને રૂપિયા બે કરોડનું વાર્ષિક અનુદાન આપવામાં આવશે. આ સંજોગોમાં, આ વિધેયકની કલમ ૪૭ જો અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે, તો રાજ્યના એકત્રિત ફંડમાંથી, તેટલા પ્રમાણમાં આવર્તક અને અનાવર્તક પ્રકારનું ખર્ચ થશે.

ગણપતસિંહ વસાવા,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છેઃ-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમની કલમ ૧ સિવાયની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની અને અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરવાની પણ સત્તા મળે છે.

કલમ ૬.- (૧) આ કલમથી, યુનિવર્સિટીના સંબંધિત અધિકારીમંડળને, જે શરતોને અધીન રહીને યુનિવર્સિટીને, તે કલમમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી સત્તા રહેશે તે શરતો, ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમો (૭) અને (૮)થી, યુનિવર્સિટીને, જે વ્યક્તિઓએ મંજૂર કરેલા અભ્યાસક્રમો પૂરા કરેલ હોય અને સંશોધન કાર્ય કરેલ હોય તેમને, સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન આપવાની સત્તા મળે છે;

(૩) આ કલમની પેટા-કલમ (૯)થી, યુનિવર્સિટીને, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તરીકે નોંધાયેલ ન હોય તેવી વ્યકિતઓને સ્ટેચ્યૂટ, અધ્યાદેશો,

INDEX

વિનિયમો અને નિયમોથી ઠરાવેલી રીતે, ડિપ્લોમા આપવાની અને તેમના માટે તેવા વ્યાખ્યાનો, પ્રશિક્ષણ અને તાલીમની જોગવાઇ કરવાની સત્તા મળે છે;

(૪) આ કલમની પેટા-કલમ (૧૩)થી, યુનિવર્સિટીને, અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેવી ફી અને બીજા ચાર્જીસ નક્કી કરવાની, માગવાની અને લેવાની અથવા વસૂલ કરવાની સત્તા મળે છે.

કલમ ૧૦.- આ કલમની પેટા-કલમ (૯)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીની સેવામાં હોય તેવા બીજા અધિકારીઓને, યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે, સ્ટેચ્યૂટથી જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ ૧૨.- આ કલમની પેટા-કલમ (૩)થી, સંચાલક મંડળને, કુલાધિપતિએ વાપરવાની બીજી સત્તા અને તેમણે કરવાના બીજા કાર્યો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.- (૧) આ કલમની પેટા-કલમ (૪)ના પરિચ્છેદ (૧)થી, એક્ઝિક્યુટીવ કાઉન્સિલને અને એકેડેમિક કાઉન્સિલને, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તે રીતે, સંયુક્ત રીતે, શોધ સમિતિમાં એક વ્યક્તિને નામનિયુક્ત કરવાની સત્તા મળે છે અને ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થપાયેલી તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને, શોધ સમિતિમાં બીજી વ્યક્તિને નામનિયુક્ત કરવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૬)થી, સંચાલક મંડળને, જે સમયમર્યાદાની અંદર અને જે રીતે સમિતિ, કુલપતિ તરીકે નીમાવા માટે યોગ્ય ગણે તેવી ત્રણ વ્યક્તિઓ પસંદ કરશે તે સમયમર્યાદા અને રીત સ્ટેચ્યૂટથી ઠરાવવાની તેમજ સમિતિએ, રાજ્ય સરકારને ભલામણ કરવી જોઇશે તેવી બીજી વિગતો ઠરાવવાની પણ સત્તા મળે છે.

કલમ ૧૪.- આ કલમની પેટા-કલમ (૮)થી, સંબંધિત અધિકારીમંડળને, કુલપતિએ વાપરવાની બીજી સત્તા અને તેમણે કરવાના બીજા કાર્યો સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૧૫.- (૧) આ કલમની પેટા-કલમ (૨)ના પરિચ્છેદ (૧)થી, એક્ઝિક્યુટીવ કાઉન્સિલને અને એકેડેમિક કાઉન્સિલને, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તે રીતે, સંયુક્ત રીતે, શોધ સમિતિમાં એક વ્યક્તિને નામનિયુક્ત કરવાની સત્તા મળે છે અને ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થપાયેલી તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને, શોધ સમિતિમાં બીજી વ્યક્તિને નામનિયુક્ત કરવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૪)થી, સંચાલક મંડળને, જે સમયમર્યાદાની અંદર અને જે રીતે સમિતિ, ઉપકુલપતિ તરીકે નીમાવા માટે યોગ્ય ગણે તેવી ત્રણ વ્યક્તિઓ પસંદ કરશે તે સમયમર્યાદા અને રીત સ્ટેચ્યૂટથી ઠરાવવાની તેમજ સમિતિએ, રાજ્ય સરકારને ભલામણ કરવી જોઇશે તેવી બીજી વિગતો ઠરાવવાની પણ સત્તા મળે છે.

(૩) આ કલમની પેટા-કલમ (૮)થી, સંચાલક મંડળને, ઉપકુલપતિએ વાપરવાની બીજી સત્તા અને તેમણે બજાવવાની બીજી ફરજો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૬.- આ કલમની પેટા-કલમ (૪)ના પરિચ્છેદ (૮)થી, સંચાલક મંડળને, વિદ્યાશાખાઓના ડીને વાપરવાની બીજી સત્તા અને તેમણે કરવાના બીજા કાર્યો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૭.- (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, રજિસ્ટ્રારના મળતર અને સેવાની શરતો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૪)થી, સંબંધિત અધિકારીમંડળને, રજિસ્ટ્રારે વાપરવાની બીજી સત્તા અને તેમણે બજાવવાની બીજી ફરજો, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૮.- આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીના કાયદા અધિકારીની લાયકાત, અનુભવ, સત્તા, કાર્યો અને ફરજો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૧૯.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીના નાણા અને હિસાબ અધિકારીએ વાપરવાની સત્તા અને તેમણે બજાવવાની ફરજો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૪)ના પરિચ્છેદ (૨)થી, રાજ્ય સરકારને, નાણા અને હિસાબ અધિકારીએ કરવાના બીજા નાણાકીય કાર્યો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૦.- આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીના પરીક્ષા નિયંત્રકની લાયકાત, સેવાની બોલીઓ અને શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૧.- આ કલમના પરિચ્છેદ (૮)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીના બીજા બોર્ડ અને મંડળોને, યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકે, સ્ટેચ્યૂટથી જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ ૨૩.- આ કલમની પેટા-કલમ (૧૦)ના પરિચ્છેદ (૧)થી, સંચાલક મંડળને, જે સિદ્ધાંતો અનુસાર વ્યક્તિ વારાફરતી યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળનો હોદ્દો ધરાવશે અથવા તેના સભ્ય તરીકે રહેશે તેવા બીજા સિદ્ધાંતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૬.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, યુનિવર્સિટીના સંબંધિત અધિકારીમંડળને, જે શરતોને અધીન રહીને, એક્ઝિક્યુટીવ કાઉન્સિલ, પેટા-કલમ (૧)માં જણાવ્યા પ્રમાણેની સત્તા વાપરશે અને ફરજો બજાવશે તે શરતો, ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૧)ના પરિચ્છેદ (૫)થી, સંબંધિત અધિકારી મંડળને, જે રીતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલે, માનદ પદવીઓ અને શૈક્ષણિક વિશિષ્ટમાન આપવા માટે સંચાલક મંડળને ભલામણ કરવી જોઈશે તે રીત, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

INDEX

(૩) આ કલમની પેટા-કલમ (૧)ના પરિચ્છેદ (ય)થી, સંબંધિત અધિકારી મંડળને, એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા ફી અને બીજા ચાર્જીસ નક્કી કરવાની, માગવાની અને લેવાની બાબત, અધ્યાદેશોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૪) આ કલમની પેટા-કલમ (૬)થી, એક્ઝિક્યુટીવ કાઉન્સિલને અધ્યાદેશોથી, તેના વહીવટી કાર્યો કરવા માટે સમિતિ અથવા સમિતિઓ નીમવાની અને તેની રચના, કાર્યો અને મુદત નક્કી કરવાની બાબત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૮.- આ કલમની પેટા-કલમ (૨)થી, યુનિવર્સિટીના સંબંધિત અધિકારીમંડળને, જે શરતોને અધીન રહીને, એકેડેમિક કાઉન્સિલને આ કલમના પરિચ્છેદ (૧) થી (૧૩)માં નિર્દિષ્ટ કરેલી બાબતો માટેની સત્તા મળશે તે શરતો, ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૨.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, વિનયન, શિક્ષણ, વિજ્ઞાન, કાયદા, ઔષધ, વાણિજ્ય, સંચાલન અને આદિજાતિ અભ્યાસોની વિદ્યાશાખાઓ સિવાયની વિદ્યાશાખાઓ સ્ટેચ્યૂટથી ઠરાવવાની અને દરેક વિદ્યાશાખાના વિષયો ઠરાવવાની પણ સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૪)ના પરંતુકથી, રાજ્ય સરકારને, યુનિવર્સિટી સાથે વિચારવિનિમય કરીને, રાજપત્રમાં જાહેરનામાથી, એવો આદેશ આપવાની સત્તા મળે છે કે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલી વિદ્યાશાખા, યુનિવર્સિટીના મુખ્ય મથક સિવાયના સ્થળે રહેશે.

કલમ ૩૩.- (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, યુનિવર્સિટીના સંબંધિત અધિકારીમંડળને, વિદ્યાશાખાએ, જે શરતોને અધીન રહીને, આ કલમના પરિચ્છેદો (૧) થી (૧૩)માં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે સત્તા વાપરવી જોઈશે અને ફરજો બજાવવી જોઈશે તે શરતો, ઠરાવવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૩૪.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, કોઇ અભ્યાસ સમિતિ માટેના વિષયો અથવા વિષયોનો સમૂહ, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૬)ના પરિચ્છેદ (૯)થી, સંચાલક મંડળને, અભ્યાસ સમિતિએ જે બીજી સત્તા વાપરવી જોઈશે અને જે બીજી ફરજો બજાવવી જોઈશે તે, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમની પેટા-કલમ (૭)થી, અભ્યાસ સમિતિને, અભ્યાસ સમિતિની બેઠક ક્યારે મળશે તે બાબત, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૫.- આ કલમથી, સંચાલક મંડળને, કલમ ૨૧ ના ખંડ (૮) હેઠળ યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકે જાહેર કરવામાં આવે તેવા બોર્ડ અને મંડળોની રચના, સત્તા અને ફરજો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૬.- આ કલમના પરિચ્છેદ (૯)થી, સંચાલક મંડળને, જે શરતોને અધીન રહીને, સંચાલક મંડળે આ કલમમાં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે સ્ટેચ્યૂટ કરવા જોઈશે તે શરતો, ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૮.- આ કલમથી, એક્ઝિક્યુટિવ કાઉન્સિલને, જે શરતોને અધીન રહીને, એક્ઝિક્યુટિવ કાઉન્સિલે, આ કલમના પરિચ્છેદ (૧) થી (૧૨)માં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે અધ્યાદેશો કરવા જોઈશે, તે શરતો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪૦.- (૧) આ કલમથી, એકેડેમિક કાઉન્સિલ અને વિદ્યાશાખાને, પોતાને લગતી બાબતો માટે, આ અધિનિયમ અને અધ્યાદેશોની જોગવાઈઓ સાથે સુસંગત વિનિયમો કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, કલમ ૨૧ના પરિચ્છેદો (૪) થી (૭) હેઠળ જાહેર થયેલા અધિકારીમંડળોને, એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મંજૂરી લઈને, આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો સાથે સુસંગત નિયમો કરવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૪૧.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટી દ્વારા જે વિષયોનું અનુસ્નાતક પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ અપવામાં આવશે તે વિષયો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૪)થી, સંચાલક મંડળને, જે બોલીઓ અને શરતોને અધીન રહીને યુનિવર્સિટીના મુખ્ય મથક સિવાયના સ્થળોએ યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી કેન્દ્રો નિભાવવા જોઇશે તે બોલીઓ અને શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમની પેટા-કલમ (૫)ના પરિચ્છેદ (૬)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીના અધ્યાપન અને સંશોધન બોર્ડે કરવાના બીજા કાર્યો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪૨.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, સંબંધિત અધિકારીમંડળને, સંચાલક મંડળ, એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સાથે વિચારવિનિમય કરીને જે પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન શરૂ કરી શકશે અને એનાયત કરી શકશે, તે પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, સંબંધિત અધિકારીમંડળને, જે રીતે માનદ પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્ર અને શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા માટે યુનિવર્સિટીએ પદવીદાન સમારંભ યોજવો જોઇશે તે રીત, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪૫.- આ કલમની પેટા-કલમ (૩)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીના પરીક્ષકની નિમણૂક કરવા માટે પરીક્ષક સમિતિએ અનુસરવાની કાર્યરીતિ, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪૮.- આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, એક્ઝિક્યુટિવ કાઉન્સિલે, જે તારીખ પહેલાં આગામી વર્ષ માટેના નાણાકીય અંદાજો તૈયાર કરવા જોઇશે તે તારીખ, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૪૯.- આ કલમથી, સંચાલક મંડળને, જે તારીખે અથવા તે પહેલાં યુનિવર્સિટીનો વાર્ષિક રિપોર્ટ તૈયાર કરીને સંચાલક મંડળ સમક્ષ રજૂ કરવો જોઇશે તે તારીખ, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫૧.- આ કલમની પેટા-કલમો (૧) થી (૩)થી, યુનિવર્સિટીના સંબંધિત અધિકારીમંડળોને, યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓના હોદ્દા અને પગારધોરણ, પગાર અને ભથ્થાંની હકદારી, સેવાની શરતો અને આચારસંહિતા અને અધ્યાપકોની નિમણૂક માટેની લાયકાતો, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫૩.- આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, જે રીતે અને જે શરતોને અધીન રહીને, યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના વીમા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને બીજા લાભો માટે જોગવાઇઓ કરવી જોઇશે તે રીત અને શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫૭.- આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, કોઇ અધિકારી, અધ્યાપક અથવા બીજા કર્મચારી દ્વારા યુનિવર્સિટીને કોઇ નુક્સાન અથવા હાનિ થયેલ હોય, તો તે વસૂલ કરવા માટે અનુસરવાની કાર્યરીતિ, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬૨.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે મુદતની અંદર પ્રથમ કુલપતિએ સંસ્થાઓને માન્યતા આપવાના અને તે પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલ અધિકારીમંડળોની રચના કરવાના કાર્યો બજાવવા જોઇશે તે મુદત, એક વર્ષ સુધી વધારવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, જે તારીખે અથવા તારીખોએ આ કલમની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલા અધિકારીમંડળો તેમના કાર્યો બજાવવાનું શરૂ કરશે, તે તારીખ અથવા તારીખો, રાજપત્રમાં જાહેરનામાથી આદેશ કરવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૬૩.- આ કલમના ખંડ (ક)થી, પ્રથમ સ્ટેચ્યૂટમાં સમાવેશ કરેલ ન હોય તેવી બાબતો માટે રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરીથી વધારાના સ્ટેચ્યૂટ કરવા માટેની પ્રથમ કુલપતિની અસાધારણ સત્તા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૭.- આ કલમથી, રાજ્ય સરકારને, આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં બે વર્ષની મુદતની અંદર ઊભી થયેલી કોઇ મુશ્કેલી દૂર કરવા માટે રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખઃ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭. ગણપતસિંહ વસાવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર,
તારીખ : ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 50

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, FEBRUARY 18, 2017/MAGHA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

તારીખ : ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૧૨**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 12 OF 2017.

THE GUJARAT MARITIME BOARD (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Maritime Board Act, 1981.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૭–અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ–

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૨.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. આ અધિનિયમ ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. — ટૂંકી સંજ્ઞા.

સન ૧૯૮૧નો ગુજરાતનો ૩૦મો.

૨. ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧-માં, કલમ ૨૨ક-માં, પેટા-કલમ (૩)માં, "રાજય સરકારે, લીધેલા રાજય ચાર્જના પંદર ટકાના દરે ગણતરી કરેલું" એ શબ્દોને બદલે, "રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા દરે" એ શબ્દો મૂકવા. — સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૨૨ક-નો સુધારો.

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત મેરીટાઇમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ની કલમ ૨૨ક-ની પેટા-કલમ (૩)થી, ફરમાવે છે કે રાજય સરકાર દ્વારા લેવાપાત્ર રાજય વેરાના પંદર ટકાના દરે ગણતરી કરેલું વહીવટી ખર્ચ, રાજય સરકારે ગુજરાત મેરીટાઇમ બોર્ડને ચૂકવવાનું રહે છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ કે જેની માલિકી અને નિયંત્રણ રાજય સરકાર ધરાવે છે, તેના રો-રો પ્રોજેકટ, સાગરમાલા, વગેરે જેવા મોટા પ્રોજેકટ કે જે બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવે છે તેના અમલીકરણમાં ફંડ પૂરું પાડીને રાજય સરકાર મદદ કરે છે અને બોર્ડ પણ દર વર્ષે કોઇ વિશિષ્ટ મોટા આયોજીત ખર્ચ કરતું નથી. તેથી, સદરહુ અધિનિયમની કલમ ૨૨-ક ની જોગવાઇઓ સુધારવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમની કલમ ૨૨-ક સુધારવા ધાર્યું છે.

શંકર ચૌધરી,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૨.- આ કલમથી સુધારવા ધારેલી અધિનિયમની કલમ ૨૨-ક ની પેટા-કલમ (૩)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, રાજય સરકારે, ગુજરાત મેરીટાઇમ બોર્ડને ચૂકવવાના વહીવટી ખર્ચની ચુકવણીનો દર, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭. **શંકર ચૌધરી.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, **કે. એમ. લાલા,**

તારીખ: ૧૮મી ફ્રેબ્રુઆરી, ૨૦૧૭. ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 51

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, FEBRUARY 21, 2017/PHALGUNA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગના તારીખઃ ૧૮/૦૫/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૨૩/૨૦૧૩/પીવીએસ/૧૦૨૦૧૩/૧૬/એસ**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Certificate Courses to Second Year of Professional Diploma Courses (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાંથી વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમોના દ્વિતિય વર્ષમાં (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી
જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૮મી મે, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક.જીએચ/એસએચ/૨૩/૨૦૧૩/પીવીએસ/૧૦૨૦૧૩/૧૬/એસ:–ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨–જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાંથી વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમોના દ્વિતિય વર્ષમાં (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાંથી વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમોનાદ્વિતિય વર્ષમાં(પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી)(સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. વ્યાવસાયિક દ્વિતિય વર્ષ ડિપ્લોમા અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ૨–માં,-

(૧) ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–
"(ગગ) "અભ્યાસક્રમ" એટલે કાર્યક્રમ શીખવાની શાખાઓમાંની એકશાખા કે જેમાં ડ્યુઅલ ડિગ્રી (પદવી) અભ્યાસક્રમ અને સંકલિત અભ્યાસક્રમનો સમાવેશ થશે;";

(૨) ખંડ (ઘ)માં, "(GCVT)" એ કૌંસ અને અક્ષરો પછી, "અથવા ઇન્ડો જર્મન ટૂલ રૂમ (આઇ.જી.ટી.આર.) (IGTR)" એ કૌંસ અને અક્ષરો ઉમેરવા;

(૩) ખંડ (ટ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–
"(ટટ) "આઇ.જી.ટી.આર. (IGTR)" એટલે ભારત સરકાર દ્વારા સ્થપાયેલ ઇન્ડો જર્મન ટૂલ રૂમ.";

(૪) ખંડ(ડ)માં,"(GCVT)" એ કૌંસ અને અક્ષરો પછી, "અથવા આઇ.જી.ટી.આર. (IGTR)" એ કૌંસ અને અક્ષરો ઉમેરવા;

(૫) ખંડ (૬) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

(૬૬) "મંજૂર કરેલી (પ્રવેશ) સંખ્યા" એટલે પ્રવેશ વર્ષ માટે વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમના ચોક્કસ અભ્યાસક્રમ માટે અને પ્રવેશ માટે ઉપલબ્ધ બેઠકો માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી દ્વારા અથવા યથાપ્રસંગ, રજિસ્ટર કરતી અથવા વૈધાનિક સંસ્થા અને/અથવા માન્ય યુનિવર્સિટી દ્વારા મંજૂર કરેલી બેઠકોની સંખ્યા;".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં, -

(૧) પ્રથમ ફકરામાં, "પ્રથમ પાળીમાં"એ શબ્દો કમી કરવા;

(૨) દ્વિતીય ફકરામાં, "પ્રથમ પાળીનું"એ શબ્દો કમી કરવા;

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, -

(૧) પેટા–નિયમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(ઘ) બિન–અનામત આર્થિક રીતે પછાત વર્ગો: ૧૦%";

(૨) પેટા–નિયમ (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

"(૨) અનામત બેઠક પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે,સંબંધિત વર્ગમાં સમાવેશ થાય છે, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે, જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ક્રિમીલેયરમાં તેનો સમાવેશ થતો નથી, તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં, પેટા–નિયમો (૨) અને (૩) કમી કરવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં,-

(૧) પેટા–નિયમ (૨) ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૨) ભૂતપૂર્વ સૈનિકો (એક્સ–સર્વિસમેન)ની કક્ષામાં પ્રવેશ માટે દાવો કરનાર ઉમેદવારે, નિયામક, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે. ભારત સરકારના ગૃહ મંત્રાલય, પોલીસ વિભાગ–૨, દ્વારા જાહેર કરેલ સંરક્ષણ સેવામાંની વ્યક્તિઓ/ નિવૃત્ત સંરક્ષણ(સેવામાંની) વ્યક્તિઓએ, તેઓ અનુક્રમે જેમાં સેવા બજાવે છે અથવા નિવૃત્તિ પહેલાં સેવા બજાવતા હતા તે સંબંધિત એકમના કમાન્ડિંગ અધિકારી દ્વારા યોગ્ય રીતે કાઢી આપેલું તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.";

(૨) પેટા–નિયમ (૩) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવો:–

"(૪) આવી અનામત બેઠક પરનો પ્રવેશ, જેના દ્વારા પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તેવા સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રની પૃષ્ટિ આપીને તેની ખરાઈ કરવાને અધીન રહીને માન્ય ગણાશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ૧૦માં, -

(૧) પેટા–નિયમ (૨)માં, ખંડ (૨)માં, અંતમાં નીચેનો ભાગ ઉમેરવો:–

"આ સંખ્યાધિક બેઠકો, જે કોલેજો અથવા સંસ્થાઓમાં ઓછામાં ઓછી 30%મંજૂર થયેલી બેઠકો ભરવામાં આવી હોય તેવી કોલેજો અથવા સંસ્થાઓમાંના અભ્યાસક્રમો માટે જ ઉપલભ્ય કરવામાં આવશે.";

(૨) પેટા–નિયમ (૬) કમી કરવો.

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં,પેટા–નિયમ (૬)માં, -

(૧) "તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં" એ શબ્દોને બદલે, "તે જ સંસ્થામાં તે જ પાળીમાં અને તે જ અભ્યાસક્રમમાં" એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક દાખલ કરવો:–

"પરંતુ બિન–ટ્યૂશન ફી માફી બેઠક(Non-TFWseat)પર પ્રવેશ આપવામાં આવ્યો હોય અને સદરહુ બેઠક પર પોતાનો પ્રવેશ મંજૂર ન કર્યો હોય તેવા ઉમેદવાર,બેઠક ઉપર તે જ સંસ્થામાં તે જ પાળીમાં અને તે જ અભ્યાસક્રમમાં ટ્યૂશન ફી માફી (યોજના હેઠળની) બેઠક પર પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણાશે.".

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭માં, પેટા–નિયમ (૧)માં, -

(૧) ખંડ (૨)માં, "ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI)/ટી.ઇ.બી." એ અક્ષરો અને શબ્દોને બદલે, "આઇ.ટી.આઇ./ટી.ઇ.બી./આઇ.જી.ટી.આર." એ શબ્દો મૂકવા.

(૨) ખંડ (૩) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૩–ક) બિન–અનામત આર્થિક રીતે પછાત વર્ગોના(UEWS) ઉમેદવાર માટે, આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલા સત્તાધિકારીએ કાઢી આપેલું કક્ષા અંગેનું પ્રમાણપત્ર,";

(૩) ખંડ (૭) પછી,નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૭–ક) તે જેમાં સેવા આપતા હતા તે સંબંધિત યુનિટના કમાન્ડિંગ અધિકારી (ઓફિસર)એ કાઢી આપેલ નિવૃત્ત સંરક્ષણ(સેવામાંથી) વ્યક્તિનું પ્રમાણપત્ર.";

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૨૦–માં, પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

"(૨) પ્રવેશ–સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા હોય તેવા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબ–સાઇટ ઉપર અને પોતાને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકો અંગેની વિગતો અને ખાલી બેઠકો પર પ્રવેશ માટેની અનુસૂચિ (કાર્યક્રમ) પ્રદર્શિત કરવી જોઇશે. પ્રવેશ–સમિતિની ગુણવત્તા યાદીમાં અગાઉથી જ જે ઉમેદવારો હોય, તેમણે પ્રવેશ–સમિતિએ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સમયમર્યાદામાં, ખાલી બેઠકોના રાઉન્ડમાં ભાગ લેવા માટે ઓન–લાઇન સંમતિ આપવાની રહેશે. અગાઉ (પોતાના નામની) જેમણે નોંધણી ન કરાવી હોય તેવા પાત્ર ઉમેદવારોએ, પ્રવેશ–સમિતિએ જાહેર કરેલી અનુસૂચિ (કાર્યક્રમ) મુજબ (પોતાના નામની) ઓન–લાઇન નોંધણી કરાવવાની રહેશે.

INDEX

ઉપર મુજબ નવેસરથી (નામની) નોંધણી કરાવી હોય અથવા સંમતિ આપેલ હોય તેવા ઉમેદવારે, તેઓએ નોંધણી પત્ર/સંમતિ પત્રની પ્રિન્ટ–આઉટ લેવાની રહેશે અને ખાલી બેઠકો ઉપરપ્રવેશ માટે પોતાની પસંદગીની સ્વ–નિર્ભર કોલેજ અથવા સંસ્થાનો સંપર્ક સાધવાનો રહેશે. સંબંધિત સ્વ–નિર્ભર કોલેજ અથવા સંસ્થા દ્વારા ઉમેદવારને પહોંચ આપવામાં આવશે.

પોતાની સંમતિ આપી હોય અથવા નવેસરથી (નામની) નોંધણી કરાવી હોય તેવા ઉમેદવારને જ ખાલી બેઠકો માટેની પ્રવેશ–પ્રક્રિયામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.સંબંધિત સ્વ–નિર્ભર કોલેજ અથવા સંસ્થાએ,સંમતિ–પત્ર/નોંધણી પત્ર રજૂ કરેલ હોય તેવા લાયક ઉમેદવારોમાંથી, નીચેના ક્રમમાં સામાન્ય આંતરિક ગુણવત્તા યાદી તૈયાર કરીને અને પ્રવેશ સમિતિએ વખતોવખત બહાર પાડેલી માર્ગદર્શિકા મુજબ, ખાલી બેઠકો ભરવા માટેની પ્રક્રિયા કરવી જોઇશે:

(૧) જેમના નામ પ્રવેશ–સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ;અને

(૨) જેમણે ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા પાસ કરી હોય અને પ્રવેશ–સમિતિ દ્વારા આપવામાં આવેલ અનુસૂચિ (કાર્યક્રમ) પ્રમાણે ખાલી બેઠકો ઉપર પ્રવેશ માટે ઓન–લાઇન નવેસરથી (નામની) નોંધણી કરાવી હોય તેવા ઉમેદવારોના નામ;અને

(૩) ઉપરના પેટા–ખંડો (૧) અને (૨)માં જણાવેલા ઉમેદવારોને બેઠકોની ફાળવણી કર્યા પછી, કોઇ બેઠક ખાલી રહે તો, સંસ્થાએ,મૂળ ગુજરાતના ઉમેદવારોને અગ્રતા આપીને, જેમણે ગુજરાત રાજ્ય બહારથી લાયકી પરીક્ષા પાસ કરી હોયતેવા ઉમેદવારોમાંથી આવી બેઠકો ભરવી જોઇશે, પરંતુ આવા ઉમેદવારે પોતે ઓન–લાઇન નોંધણી (રજિસ્ટ્રેશન) કરેલ હોવી જોઇએ/એ માટે સંમતિ આપેલ હોવી જોઇએ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કિલ્લોલ પંડ્યા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 52

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MARCH 1, 2017/PHALGUNA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**-ના **તારીખ : ૯મી જાન્યુઆરી,** ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી/૦૨/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૧૭/પાર્ટ-૨/વી.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Government Notification, Home Department, No.GG/95/TTC/10(2002)/1317/V, Datedthe, 11th November, 2005.

ગૃહ વિભાગનું તારીખ:૧૧મી નવેમ્બર, ૨૦૦૫નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીજી/૯૫/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૧૭/વી સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૯મી જાન્યુઆરી, ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક:જીજી/૦૨/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૧૭/પાર્ટ-૨/વી:-ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)ની કલમ ૨-ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ: ૧૧મી નવેમ્બર, ૨૦૦૫નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીજી/૯૫/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૧૭/વી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૯ ઉપરની વિદ્યમાન નોંધને બદલે, નીચેની નોંધોમૂકવી:-

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૯.	વિસનગર	વિજાપુર	વિજાપુર	-	પીલવાઇ	ફતેહપુરા
						કણભા
						કોટડી
						ખણુસા
						પટેલપુરા
						પીલવાઇ
						રણાસણ
						રામનગર
				રણછોડપુરા		ભાણપુર
						ભાથીપુરા
						ભીમપુરા
						દેવપુરા
						ઘનપુરા (ઘાંટુ)
						ગણેશપુરા
						ઘસાયતા (સંઘપુર)

INDEX

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						રણછોડપુરા
						રામપુરા (કુ)
						સંઘપુર
						સાંકાપુરા
						વજાપુર
						આનંદપુરા
						ભાવસોર
						ગવાડા
						ગોવિન્દપુરા
						કનકપુરા
						મહેશ્વરપુરા
						મહાદેવપુરા (જી)
						મનીપુરા ગામ/સોસાયટી વિસ્તાર
						મોતીપુરા
						પામોલ
						તાતોસણ
				ચક્કર		વિજાપુર નગર (ટાઉન)
				જકાતનાકા ચાર રસ્તા		વિજાપુર નગર (ટાઉન)
૯૬.	વિસનગર	વિજાપુર	લાડોલ	–		ચાંગોદ
						લાડોલ
						માલોસણ
						સરદારપુર
						સુંદરપુર
					આગલોડ	આગલોડ
						ડેરિયા
						ફલુ
						કુદેડા
						ગઢડા
						હસ્નાપુર
						હાથીપુરા
						હીરપુરા
						જેપુર
						કોટ
						મઢી
						પેઢામલી

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						રણસીપુર
						રામપુર (કોટ)
						સોજા
						ટેચાવા
					ખરોડ	અબાસણા
						અભરામપુરા
						અમરપુરા
						બામણવા
						બીલિયા
						ગુંછલી
						ગુંદરાસણ
						જંત્રાલ
						કમાલપુર
						કરશનપુરા
						ખરોડ
						મલાવ
						મંડાલી
						મોરવાડ
						પીરોજપુરા
						રામપુર (જુના).".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી.ડી.પટેલ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 53 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MARCH 1, 2017/PHALGUNA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ**-ના **તારીખ : ૧૬મી જાન્યુઆરી,** ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૦૧/૨૦૧૭/એસપીસી/૧૦૨૦૧૬/યુઓઆર-૨/ડી.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Code of Criminal Procedure, 1973.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક:જીકે/૦૧/૨૦૧૭/એસપીસી/૧૦૨૦૧૬/યુઓઆર-૨/ડી:- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૧૧ની પેટા-કલમ (૧)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ,ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, નવીબંદર તટીય (કોસ્ટલ) પોલીસ સ્ટેશન, જિલ્લો-પોરબંદર ખાતે નોંધાયેલા, પ્રાદેશિક જળ વિસ્તાર, ખંડીય સમુદ્ર તળપટ્ટી, સુવાંગ આર્થિક ક્ષેત્ર અને અન્ય દરિયાઇક્ષેત્ર અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના ૮૦મા)હેઠળના ગુનાઓની કાર્યવાહી માટે મુખ્ય અદાલતી મેજિસ્ટ્રેટ, પોરબંદરની કોર્ટ-ને નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 54

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MARCH 2, 2017/PHALGUNA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૧૭.

તારીખ : ૨જી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૧૩**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 13 OF 2017.

THE GUJARAT (SUPPLEMENTARY) APPROPRIATION BILL, 2017.

A BILL

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the financial year ending on the thirty-first day of March, 2017.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૩ .

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૭.

સન ૨૦૧૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. આ અધિનિયમ ગુજરાત (પૂરક) વિનિયોગ અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા આઠ હજાર ચારસો નવ્વાણું કરોડ, બાર લાખ, આડત્રીસ હજારની રકમ, અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે. સન ૨૦૧૬-૨૦૧૭ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૮૪,૯૯,૧૨,૩૮,૦૦૦/- આપવા બાબત.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો જોઈશે. વિનિયોગ.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪	૫	૬
૨	કૃષિ	મૂડી	૧૦૦૦	૦	૧૦૦૦
૪	પશુપાલન	મહેસૂલ	૦	૫૪૫૮૦૦૦	૫૪૫૮૦૦૦
૫	સહકાર	મહેસૂલ	૦	૬૫૫૦૦૦	૬૫૫૦૦૦
		મૂડી	૧૦૦૦	૦	૧૦૦૦
૭	કૃષિ અને સહકાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૧૨૦૯૦૦૦	૧૨૦૯૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૬૯૧૩૨૧૯૦૦૦	૧૨૭૮૦૦૦૦૦	૭૦૪૧૦૧૯૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૨૦૦૦	૦	૧૦૦૨૦૦૦
		મૂડી	૧૧૬૦૦૦૦	૦	૧૧૬૦૦૦૦
૧૩	વિદ્યુત પરિયોજનાઓ	મહેસૂલ	૬૮૦૯૯૭૦૦૦	૦	૬૮૦૯૯૭૦૦૦
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૧૭	તિજોરી અને હિસાબી વહીવટ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૧૮	પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો	મહેસૂલ	૦	૩૦૦૦૦૦૦૦	૩૦૦૦૦૦૦૦
૨૦	નાણા વિભાગ અને તેની સેવાઓને લગતું દેવું ભરપાઇ કરવું	મહેસૂલ	૦	૪૨૦૫૧૧૮૦૦૦	૪૨૦૫૧૧૮૦૦૦
		મૂડી	૦	૪૮૧૨૩૭૯૧૦૦૦	૪૮૧૨૩૭૯૧૦૦૦
૨૧	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ	મહેસૂલ	૫૨૯૩૦૦૦	૦	૫૨૯૩૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૨૩	અન્ન	મૂડી	૧૦૦૦	૦	૧૦૦૦
૨૬	વન	મહેસૂલ	૨૨૬૦૯૦૦૦	૬૧૭૦૦૦	૨૩૨૨૬૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ	૦	૧૦૦૮૦૦૦	૧૦૦૮૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૩૧૩૬૦૦૦	૦	૩૧૩૬૦૦૦
૩૧	ચૂંટણીઓ	મહેસૂલ	૦	૧૧૯૮૦૦૦	૧૧૯૮૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૪૬૧૯૨૦૦૦	૧૩૨૩૨૦૦૦	૫૯૪૨૪૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૧૯૦૮૬૦૦૦	૦	૧૯૦૮૬૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૧૨૬૬૪૩૦૦૦	૦	૧૨૬૬૪૩૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૨૬૨૦૦૦	૨૦૨૯૦૦૦	૭૨૯૧૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૪૭૭૭૦૦૦	૦	૪૭૭૭૦૦૦

INDEX

મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪	૫	૬
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૧૬૪૦૮૭૫૦૦૦	૦	૧૬૪૦૮૭૫૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૧૭૫૬૭૨૧૦૦૦	૦	૧૭૫૬૭૨૧૦૦૦
૪૧	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૩૫૦૦૦૦૦	૦	૩૫૦૦૦૦૦
૪૩	પોલીસ	મહેસૂલ	૪૧૮૮૮૦૦૦૦	૦	૪૧૮૮૮૦૦૦૦
૪૪	જેલ	મહેસૂલ	૨૬૮૨૫૦૦૦	૦	૨૬૮૨૫૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૪૭૩૮૦૦૦૦	૦	૧૪૭૩૮૦૦૦૦
૪૭	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૩૯૨૨૦૦૦	૦	૩૯૨૨૦૦૦
૪૮	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૧૨૦૮૯૦૦૦	૦	૧૨૦૮૯૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૫૫૦૦૦	૦	૫૫૦૦૦
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૮૧૨૦૦૦૦	૦	૮૧૨૦૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૧૦૦૦	૧૦૦૦	૨૦૦૦
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૦૦૦	૦	૨૦૦૦
૬૪	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	મહેસૂલ	૧૨૮૭૨૦૦૦	૦	૧૨૮૭૨૦૦૦
૬૫	નર્મદા વિકાસ યોજના	મૂડી	૫૩૬૭૩૩૩૦૦૦	૦	૫૩૬૭૩૩૩૦૦૦
૬૬	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧૩૨૭૧૪૮૦૦૦	૦	૧૩૨૭૧૪૮૦૦૦
		મૂડી	૧૦૦૦૦	૦	૧૦૦૦૦
૬૭	પાણી પુરવઠો	મૂડી	૨૭૯૫૧૩૦૦૦	૦	૨૭૯૫૧૩૦૦૦
૬૮	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૧૦૦૦૦૦૦૦૦	૧૦૦૦૦૦૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૮૯૧૧૮૯૦૦૦	૦	૮૯૧૧૮૯૦૦૦
૭૧	ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ	મહેસૂલ	૭૧૩૮૪૦૮૦૦૦	૦	૭૧૩૮૪૦૮૦૦૦
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૬૯૭૮૦૦૦૦	૦	૧૦૬૯૭૮૦૦૦૦
૭૪	વાહનવ્યવહાર	મહેસૂલ	૧૦૦૦	૧૭૦૯૦૦૦	૧૭૧૦૦૦૦
૭૫	બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૧૭૮૯૫૦૦૦	૧૭૮૯૫૦૦૦
		મૂડી	૫૨૦૦૦	૦	૫૨૦૦૦
૭૭	કર વસૂલાત અંગેનું ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૧૫૪૩૬૮૦૦૦	૦	૧૫૪૩૬૮૦૦૦

મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪	૫	૬
૭૯	કુદરતી આપત્તિઓને કારણે રાહત	મૂડી	૮૬૬૯૯૭૦૦૦	૦	૮૬૬૯૯૭૦૦૦
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૩૮૨૯૦૦૦	૧૦૨૧૦૦૦	૪૮૫૦૦૦૦
૮૨	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૯૬૦૦૦	૦	૩૯૬૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૨૬૫૯૨૦૦૦	૦	૨૬૫૯૨૦૦૦
૮૪	બિન-રહેણાક મકાનો	મહેસૂલ	૦	૧૨૬૦૦૦૦૦	૧૨૬૦૦૦૦૦
		મૂડી	૫૦૦૦	૦	૫૦૦૦
૮૫	રહેણાક મકાનો	મહેસૂલ	૧૮૦૪૪૩૦૦૦	૬૫૦૦૦	૧૮૦૫૦૮૦૦૦
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૦	૨૦૦૦૦૦	૨૦૦૦૦૦
		મૂડી	૪૦૦૦	૪૫૦૦૦૦૦	૪૫૦૪૦૦૦
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૩૦૦૦૦૦૦૦	૩૦૦૦૦૦૦૦
૯૧	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ	મહેસૂલ	૮૦૦૦૦૦	૦	૮૦૦૦૦૦
૯૩	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૧૬૫૫૦૦૦૦	૦	૧૬૫૫૦૦૦૦
૯૫	અનુસૂચિત જાતિઓ માટેની પેટા-યોજના	મહેસૂલ	૧૧૯૭૮૯૦૦૦	૦	૧૧૯૭૮૯૦૦૦
		મૂડી	૨૦૦૦	૦	૨૦૦૦
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મહેસૂલ	૭૦૯૨૭૦૦૦૦	૦	૭૦૯૨૭૦૦૦૦
		મૂડી	૩૦૦૦	૦	૩૦૦૦
૯૮	યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૧૦૧	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૧૮૦૨૯૨૪૦૦૦	૧૯૯૦૦૦૦૦	૧૮૨૨૮૨૪૦૦૦
૧૦૨	શહેરી વિકાસ	મહેસૂલ	૧૮૪૨૦૧૦૦૦	૦	૧૮૪૨૦૧૦૦૦
૧૦૩	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગેનું ખર્ચ	મહેસૂલ	૨૦૦૦૦૦૦૦	૦	૨૦૦૦૦૦૦૦
૧૦૬	મહિલા અને બાળવિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૦૦૦૦૦૦	૦	૧૦૦૦૦૦૦
કુલ મહેસૂલ		મહેસૂલ	૨૫૫૦૧૫૯૫૦૦૦	૪૮૪૧૭૧૫૦૦૦	૩૦૩૪૩૩૧૦૦૦૦
કુલ મૂડી		મૂડી	૬૫૧૯૬૩૭૦૦૦	૪૮૧૨૮૨૯૧૦૦૦	૫૪૬૪૭૯૨૮૦૦૦
કુલ સરવાળો			૩૨૦૨૧૨૩૨૦૦૦	૫૨૯૭૦૦૦૬૦૦૦	૮૪૯૯૧૨૩૮૦૦૦

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી સન ૨૦૧૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ સંબંધી અમુક સેવાઓ અને હેતુઓ અંગે પૂરક ખર્ચને પહોંચી વળવા માટે જોઈતા નાણાના વિનિયોગ અર્થે જોગવાઈ કરવા માટે, આ વિધેયક, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૦૫ સાથે વાંચતા, તેના અનુચ્છેદ ૨૦૪ અનુસાર દાખલ કરવામાં આવે છે.

આ રકમો નીચે દર્શાવેલી છે:-		₹
(ક)	મહેસૂલી ખર્ચ	૩૦,૩૪,૩૩,૧૦,૦૦૦
(ખ)	મૂડી ખર્ચ	૫૪,૬૪,૭૯,૨૮,૦૦૦
	કુલ :-	૮૪,૯૯,૧૨,૩૮,૦૦૦

તારીખ : ૨જી માર્ચ, ૨૦૧૭. **નીતિન પટેલ.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૨જી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 55 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 3, 2017/PHALGUNA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૨૦૧૭.

તારીખ : ૩જી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક :** ૧૪નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO.14 OF 2017.

THE GUJARAT ANIMAL PRESERVATION (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Animal Preservation Act, 1954.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૪.

ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા અને આરંભ

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૫૪નો મુંબઈનો ૭૨મો.

સન ૧૯૫૪ના મુંબઈના ૭૨મા અધિનિયમની કલમ ૬કનો સુધારો.

૨. ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૬-કમાં, પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૪) પેટા-કલમ (૩) હેઠળ એવી રીતે જપ્ત કરેલું વાહન અથવા કોઇ સાધન, ઠરાવવામાં આવે તેવી રીતે સરકાર-દાખલ થશે.".

સન ૧૯૫૪ના મુંબઈના ૭૨મા અધિનિયમની કલમ ૬ખ નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-ખ માં, પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૩) પેટા-કલમ (૨) હેઠળ એવી રીતે જપ્ત કરેલું વાહન અથવા કોઇ સાધન, ઠરાવવામાં આવે તેવી રીતે સરકાર-દાખલ થશે.".

INDEX

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમની કલમ ૮નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮માં, પેટા–કલમ(૨)માં, "સાત વર્ષ સુધીની પણ ત્રણ વર્ષથી ઓછી નહિ તેટલી મુદતની કેદની અને પચાસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "દસ વર્ષ સુધીની પણ સાત વર્ષથી ઓછી નહિ તેટલી મુદતની કેદની અને એક લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષા થશે." એ શબ્દો મૂકવા.

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમમાં કલમ ૯ બદલવા બાબત.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯ ને બદલે, નીચેની કલમ મૂકવી:-

અધિનિયમ હેઠળના ગુના પોલીસ અધિકારના અને બિન-જામીનપાત્રગણાશે.

"૯.ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળના તમામ ગુના, પોલીસ અધિકારના અને બિન–જામીનપાત્ર ગણાશે.". સન ૧૯૭૪નો ૨ જો.

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમની કલમ ૧૫નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫–માં, ખંડ (ગગ) પછી, નીચેના નવા ખંડો દાખલ કરવા:-

"(ગઘ) કલમ ૬–કની પેટા–કલમ (૩) હેઠળ, વાહન અથવા કોઇ સાધન સરકાર–દાખલ કરવાની રીત;

(ગચ) કલમ ૬–ખની પેટા–કલમ (૨) હેઠળ, વાહન અથવા કોઇ સાધન સરકાર–દાખલ કરવાની રીત;".

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે દૂધાળા પશુના, સંવર્ધનના અથવા ખેતીના હેતુઓ માટે યોગ્ય હોય તેવા પશુઓના સંરક્ષણ માટેની જોગવાઇ કરવા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ અધિનિયમિત કર્યો છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૧માં, અધિનિયમના વધુ સારા અમલીકરણ માટે સદરહુ અધિનિયમમાં કેટલાક સુધારા કર્યા હતા. તેમ છતાં, સદરહુ અધિનિયમનો અમલ કરતી વખતે અનુભવાયું છે કે સદરહુ અધિનિયમ હેઠળ આવરી લીધેલા પશુઓના ગેરકાયદેસર વધ (કતલ) કરવાના દૂષણ ઉપર અંકુશ મેળવવા માટે, સદરહુ અધિનિયમ સુધારીને હજુ વધુ કડક જોગવાઇઓ કરવાનું જરૂરી છે, જેથી કરીને આવા પશુઓની હેરફેર કરવા માટે, વધુ કડક શિક્ષા માટેની જોગવાઇ કરીને અને (આવા પશુઓની હેરફેર કરવા માટે)વાહનોના નિરંકુશ ઉપયોગ ઉપર અસરકારક રીતે નિયંત્રણની જોગવાઇ કરી શકાય.

તેથી, પશુઓ,ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટોની હેરફેર માટે વપરાતા વાહન અથવા કોઇ સાધન, સરકાર–દાખલ કરવાની જોગવાઇ કરવા માટે, કલમો ૬ક અને ૬ ખ સુધારવાનું જરૂરી જણાયું છે. અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને કરવામાં આવતા ગુના માટે, વધુ કડક શિક્ષાની જોગવાઇ કરવાનું તેમજ એ ગુનાને પોલીસ અધિકારના અને બિન–જામીનપાત્ર ગુના ગણવા માટેની જોગવાઇ કરવાનું પણ જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ હેઠળની પશુઓના સંરક્ષણને લગતી વિદ્યમાન જોગવાઇઓ સુધારવા ધાર્યું છે.

બાબુભાઈ બોખીરીયા,

ધારાકીય સત્તા સોંપવાની ચાદી

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરે છે :–

કલમ ૧.– આ કલમની પેટા–કલમ (૨)થી, રાજ્ય સરકારને, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૨.– આ કલમથી મૂકવા ધારેલી કલમ ૬કની પેટા–કલમ (૪)થી, રાજ્ય સરકારને, કલમ ૫ની પેટા–કલમ (૧૬)માં નિર્દિષ્ટ કરેલા કોઈ પશુની, રાજ્યની અંદરના કોઈ સ્થળેથી રાજ્યની અંદરના બીજા કોઈ સ્થળે, તેના વધના હેતુ માટે, તેની હેરફેર કરવા ઉપયોગમાં લીધા હોય તેવા,એવી રીતે જપ્ત કરેલા વાહન અથવા કોઇ સાધન, જે રીતે સરકાર– દાખલ થશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩.– આ કલમથી મૂકવા ધારેલી કલમ ૬ખની પેટા–કલમ (૩)થી, રાજ્ય સરકારને, ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટોની હેરફેર કરતા હોય અથવા હેરફેર કરાવતા હોય તેવા, આવી રીતે જપ્ત કરેલા વાહન અથવા કોઇ સાધન, જે રીતે સરકાર– દાખલ થશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૩જી માર્ચ, ૨૦૧૭. **બાબુભાઈ બોખીરીયા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ: ૩જી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 56

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 3, 2017/PHALGUNA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ**-ના **તારીખ : ૦૬/૦૨/૨૦૧૭**ના જાહેરનામા (૧) **ક્રમાંક : જીએચઆર/૨૦૧૭/૨૧/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૭) /એમ-૩**, (૨) **ક્રમાંક : જીએચઆર/૨૦૧૭/૧૫/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૧)/એમ-૩**, અને (૩) **ક્રમાંક : જીએચઆર/૨૦૧૭/૨૨/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૮) /એમ-૩**.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Contract Labour (Regulation and Abolition) Act, 1970
કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭.

કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦

ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૨૧/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૭)/એમ-૩ :- ગુજરાત રાજ્યને લાગુ પડતા, કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭મા) (જેનો આમાં હવે પછી, " સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ: ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૭નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીયુ-૩૧૬/એમઆઇએસ-૧૦૯૭/૧૦૭૧૬/એમ-(૩). નીચે પ્રમાણે વધુ સુધારે છે.

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અસલને બદલે, નીચેની નોંધો મૂકવી:-

અનુસૂચિ

ક્રમાંક ૧	અધિકારીઓનો હોદ્દો ૨	વિસ્તાર ૩
૫	મદદનીશ શ્રમ આયુક્ત, ગાંધીનગર (મુખ્ય કચેરી)	સમગ્ર ગુજરાત રાજ્ય
૬	સરકારી શ્રમ અધિકારી, ગાંધીનગર (મુખ્ય કચેરી)	સમગ્ર ગુજરાત રાજ્ય

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.આર.મકવાણા

સેક્શન અધિકારી,

શ્રમ અને રોજગાર વિભાગ

Notification
Under
The Trade Unions Act, 1970
કામદાર સંઘ અધિનિયમ, ૧૯૨૬ હેઠળ
જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭.

કામદાર સંઘ અધિનિયમ, ૧૯૨૬.

ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૧૫/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૧)/એમ-૩ :- ગુજરાત રાજ્યને લાગુ પડતા કામદાર સંઘ અધિનિયમ, ૧૯૨૬ (સન ૧૯૨૬ના ૧૬મા)ની કલમ ૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ: ૨૩મી માર્ચ, ૨૦૦૭નું સરકારી જાહેરનામું ક્રમાંક: કેએચ-એસએચ-૨૦૦૭-૨૧-ટીયુએ-૨૦૦૬-એચઓડી.૦૭-એમ-(૩). નીચે પ્રમાણે વધુ સુધારે છે.

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અસલને બદલે, નીચેની નોંધો મૂકવી:-

INDEX

અનુસૂચિ

ક્રમાંક	હોદ્દો	સંબંધિત હકૂમત
૧	નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ	અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લા
૨	નાયબ શ્રમ આયુક્ત, વડોદરા	વડોદરા, દાહોદ, ભરૂચ, પંચમહાલ, આણંદ, ખેડા, નર્મદા, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લા
૩	નાયબ શ્રમ આયુક્ત, સુરત	સુરત, વલસાડ, ડાંગ, નવસારી અને તાપી જિલ્લા
૪	નાયબ શ્રમ આયુક્ત, રાજકોટ	રાજકોટ, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ–દ્વારકા, ગીર–સોમનાથ, બોટાદ અને કચ્છ જિલ્લા

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.આર.મકવાણા
સેક્શન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ

Notification
Under
The Inter-State Migrant Workmen (Regulation of Employment and Conditions of service) Act, 1979.

આંતર–રાજ્ય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯ હેઠળ

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭.

આંતર–રાજ્ય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯

ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૨૨/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૮)/એમ–૩ :– ગુજરાત રાજ્યને લાગુ પડતા આંતર–રાજ્ય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ૩૦મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૦ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ: ૨૯મી માર્ચ, ૨૦૦૩નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીઆર–૪૮/એમઆઈએસ–૧૦૯૭/૧૦૭૧૬/એમ–(૩). નીચે પ્રમાણે વધુ સુધારે છે.

(૧) સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અસલને બદલે, નીચેની નોંધો મૂકવી:

અનુસૂચિ

ક્રમાંક ૧	હોદ્દો ૨	હકુમત ૩
૧	શ્રમ આયુક્ત અથવા શ્રમ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૨	અધિક શ્રમ આયુક્ત, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય

(૨) નીચેની નોંધો ઉમેરવી:

ક્રમાંક ૧	હોદ્દો ૨	હકૂમત ૩
૫૬	નાયબ શ્રમ આયુક્ત, ગાંધીનગર (મુખ્ય કચેરી)	સમગ્ર ગુજરાત રાજ્ય
૫૭	મદદનીશ શ્રમ આયુક્ત, ગાંધીનગર (મુખ્ય કચેરી)	સમગ્ર ગુજરાત રાજ્ય
૫૮	સરકારી શ્રમ અધિકારી, ગાંધીનગર (મુખ્ય કચેરી)	સમગ્ર ગુજરાત રાજ્ય

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.આર.મકવાણા,

સેક્શન અધિકારી,

શ્રમ અને રોજગાર વિભાગ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 57

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MARCH 6, 2017/PHALGUNA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૫ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 15 OF 2017.

THE GUJARAT ORGANIC AGRICULTURAL UNIVERSITY BILL, 2017.

A BILL

to establish and incorporate a University for the development of organic agricultural sciences in the State of Gujarat.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૫ .

ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭.

ગુજરાત રાજ્યમાં ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ સાયન્સ (જૈવિક કૃષિવિષયક વિજ્ઞાન)ના વિકાસ માટે યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

પ્રકરણ ૧
પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) "એકેડેમિક કાઉન્સિલ" એટલે કલમ ૧૩ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ;

INDEX

(ખ) "સંલગ્ન કોલેજ અથવા સંસ્થા" એટલે કલમ ૪૫ હેઠળ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ અથવા સંસ્થા;

(ગ) "કૃષિ (એગ્રિકલ્ચર)" એટલે કુદરતી સાધનસંપત્તિ વ્યવસ્થાપન (નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ), પાકના ઉત્પાદન અને રક્ષણ સહિત પાકમાં સુધારણા, બાગાયત, પશુચિકિત્સા, પશુ વિજ્ઞાન અને મત્સ્યોદ્યોગ, ડેરી વિજ્ઞાન અને ટેકનોલોજી, પ્લાન્ટ મોલેક્યુલર બાયોલોજી અને બાયોટેકનોલોજી, વનવિદ્યા, એગ્રિકલ્ચર એન્જિનિયરીંગ અને ટેકનોલોજી, ફૂડ ટેકનોલોજી (ખાદ્ય પ્રૌદ્યોગિકી), ગૃહવિજ્ઞાન, કૃષિ-વ્યાપાર સંચાલન, કૃષિના સંબંધમાં મૂળભૂત વિજ્ઞાન અને માનવવિદ્યા, કૃષિને લગતો બીજો કોઇ વિષય;

(ઘ) "સત્તામંડળ" એટલે કલમ ૧૦માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું યુનિવર્સિટીનું કોઇ સત્તામંડળ;

(ચ) "બોર્ડ" એટલે કલમ ૧૧ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું સંચાલક મંડળ;

(છ) "અભ્યાસ સમિતિ" એટલે વિદ્યાશાખાના સ્તરે રચાયેલી શૈક્ષણિક બાબતોની સમિતિ;

(જ) "કોલેજ અથવા સંસ્થા" એટલે યુનિવર્સિટીના સીધા વહીવટ અને નાણાકીય નિયંત્રણ તથા સંચાલન હેઠળની ઘટક કોલેજ અથવા સંલગ્ન કોલેજ;

(ઝ) "કુલાધિપતિ" એટલે યુનિવર્સિટીના કુલાધિપતિ;

(ટ) "સીઓઆઇ (COI)" એટલે યુનિવર્સિટીની હકૂમત હેઠળનું સેવન કેન્દ્ર (Centre of Incubations);

(ઠ) "કોમ્પ્ટ્રોલર (નિયંત્રક)" એટલે કલમ ૩૧ હેઠળ નિમાયેલા યુનિવર્સિટીના કોમ્પ્ટ્રોલર;

(ડ) "ડીન" એટલે કલમ ૨૯ હેઠળ નિમાયેલા કોલેજના ડીન અથવા વિદ્યાશાખાના ડીન;

(ઢ) "નિયામક" એટલે અનુક્રમે કલમો ૨૭ અને ૨૮ હેઠળ નિમાયેલા સંશોધનના નિયામક અને અનુસ્નાતક અભ્યાસના ડીન તથા વિસ્તરણ શિક્ષણના નિયામક;

(ત) "વિસ્તરણ શિક્ષણ પરિષદ" એટલે કલમ ૧૭ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદ;

(થ) "વિદ્યાશાખા" એટલે આ અધિનિયમ અને સ્ટેચ્યૂટમાં નિર્દિષ્ટ કર્યા મુજબની યુનિવર્સિટીમાંની વિદ્યાશાખા;

(દ) "નાણા સમિતિ" એટલે કલમ ૪૧ હેઠળ રચાયેલી નાણા સમિતિ;

(ધ) "છાત્રાલય" એટલે આ અધિનિયમ હેઠળ યુનિવર્સિટીએ નિભાવેલી અથવા માન્ય કરેલી યુનિવર્સિટીના અથવા કોલેજના અથવા સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટેનું નિવાસનું સ્થળ;

(ન) "કેવીકે (KVK)" એટલે યુનિવર્સિટીના હકૂમત હેઠળનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર;

(પ) "અધિકારી" એટલે અધિનિયમની કલમ ૨૨માં નિર્દિષ્ટ કર્યા મુજબના યુનિવર્સિટીના અધિકારી;

(ફ) "ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ)" એટલે અને તેમાં ખંડ (ગ)માં ઉલ્લેખેલી તમામ શાખા જેમાં કૃત્રિમ ખાતર (સિન્થેટિક ફર્ટિલાઇઝર્સ), જંતુનાશક પદાર્થો, જેનેટિકલિ મોડિફાઇડ ઓર્ગેનિઝમ્સ (જનનિક પરિવર્તન કરેલું જીવતંત્ર), સિન્થેટિક હોર્મોન્સ (કૃત્રિમ રસસ્ત્રાવ) અને રસાયણોનો ઉપયોગ કરવામાં આવતો ન હોય અને જેનાથી હવા, જમીન અને જળનું પ્રદૂષણ ઘટતું હોય તથા વનસ્પતિ, પશુઓ અને લોકોના પરસ્પર અવલંબિત સમુદાયોના આરોગ્ય અને તેમની ઉત્પાદકતામાં વૃદ્ધિ થતી હોય;

(બ) "ઠરાવેલું" એટલે સ્ટેચ્યૂટથી ઠરાવેલું;

(ભ) "રજિસ્ટ્રાર" એટલે કલમ ૩૦ હેઠળ નિમાયેલા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર;

(મ) "સંશોધન પરિષદ" એટલે કલમ ૧૫ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની સંશોધન પરિષદ;

(ય) "સ્ટેચ્યૂટ અને વિનિયમો" એટલે અનુક્રમે કલમો ૪૨ અને ૪૪ હેઠળ નિર્દિષ્ટ કરેલી યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ અને વિનિયમો;

(ર) "વિદ્યાર્થી" એટલે પદવી માટેના અભ્યાસક્રમ અથવા યોગ્ય રીતે શરૂ કરવામાં આવેલા બીજા શૈક્ષણિક કાર્યક્રમમાં અભ્યાસ કરવા માટે, ઘટક કોલેજ અથવા યુનિવર્સિટીના એકમમાં પ્રવેશ લીધો હોય અને પોતાનું નામ નોંધાવ્યું હોય તેવી કોઇ વ્યક્તિ;

(લ) "અધ્યાપક" એટલે પ્રશિક્ષણ આપવાના અને/ અથવા સંશોધન અથવા વિસ્તરણ કાર્યક્રમો યોજવાના અને તેમાં માર્ગદર્શન આપવાના હેતુ માટે,

INDEX

યુનિવર્સિટી દ્વારા નિમાયેલા અથવા માન્ય કરવામાં આવેલા સહાયક પ્રાધ્યાપકના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી કોઇ વ્યક્તિ અને તેમાં સ્ટેચ્યૂટથી અધ્યાપક તરીકે જાહેર કરવામાં આવે તેવી બીજી કોઇ વ્યક્તિનો સમાવેશ થશે;

(વ) "યુનિવર્સિટી' એટલે આ અધિનિયમની કલમ ૩ હેઠળ રચાયેલી ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી;

(વક) "કુલપતિ" એટલે કલમ ૨૪ હેઠળ નિમાયેલા યુનિવર્સિટીના કુલપતિ.

પ્રકરણ ૨
યુનિવર્સિટી

યુનિવર્સિટીની સ્થાપના અને તેનું સંસ્થાપન.

૩.(૧) "ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી" નામે એક યુનિવર્સિટી સ્થાપવામાં અને રચવામાં આવશે.

(૨) યુનિવર્સિટીમાં કુલાધિપતિ, કુલપતિ, સંચાલક મંડળ, એકેડેમિક કાઉન્સિલ, સંશોધન પરિષદ, વિસ્તરણ શિક્ષણ પરિષદ અને બીજા અધિકારીમંડળ અને અધિકારીઓ તથા આ અધિનિયમમાં નિયત કરેલા અથવા સ્ટેચ્યૂટમાં જોગવાઇ કર્યા પ્રમાણે ઘટક મંડળનો સમાવેશ થશે.

(૩) યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર અને એક સામાન્ય સીલ રહેશે તથા સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૪) યુનિવર્સિટીનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે અથવા રાજય સરકાર નક્કી કરે તેવા બીજા સ્થળે રહેશે.

પ્રાદેશિક હકૂમત અને ઘટક મંડળો.

૪. (૧) ઓર્ગેનિક એગ્રિકલ્ચરના ક્ષેત્રમાં યુનિવર્સિટી અથવા કોલેજ સ્તરના અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમોના સંબંધમાં, યુનિવર્સિટીની પ્રાદેશિક હકૂમત અને જવાબદારી સમગ્ર ગુજરાત રાજયમાં વિસ્તરેલી રહેશે.

(૨) યુનિવર્સિટીની હકૂમત અને સત્તાધિકાર હેઠળની તમામ કોલેજ, સંશોધન મથકો, સી.ઓ.આઇ. (Centres of Incubation) (સેવન કેન્દ્રો) અને બીજી સંસ્થાઓ, યુનિવર્સિટીના અધિકારીઓ અને અધિકારીમંડળના સંચાલન અને નિયંત્રણ હેઠળના યુનિવર્સિટીના ઘટક એકમો ગણાશે.

INDEX

(૩) ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, જરૂરી જણાય તે પ્રમાણે, પ્રાદેશિક હકૂમતમાંના અને વિદેશમાંના તેના ઘટક મંડળ માટેની સ્થાપના, તેના વિકાસ અને તેની કામગીરી માટે જવાબદારી લઇ શકશે.

૫. યુનિવર્સિટીના ઉદ્દેશો નીચે મુજબના રહેશે:- યુનિવર્સિટીના ઉદ્દેશો.

(૧) ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ)માં અભ્યાસની વિવિધ શાખામાં ગુણવત્તાયુકત માનવ સાધનસંપત્તિ વિક્સાવવાની દિશામાં શિક્ષણ આપવા માટેની જોગવાઇ કરવી;

(૨) સંશોધનના અધ્યયન અને સંચાલનમાં પ્રગતિ કરવી;

(૩) પરંપરાગત અને પ્રાચીન જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેને આધુનિક વૈજ્ઞાનિક સાધનોથી મઠારવું;

(૪) વિસ્તરણ શિક્ષણ અને તાલીમ હાથ ધરવા;

(૫) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓ સાથેની ભાગીદારી અને જોડાણને પ્રોત્સાહન આપવું;

(૬) યુનિવર્સિટી વખતોવખત નક્કી કરે તેવા યુનિવર્સિટીના તેવા બીજા હેતુઓ.

૬. (૧) યુનિવર્સિટી, આ અધિનિયમની અને સ્ટેચ્યૂટની જોગવાઇઓને અધીન રહીને, તમામ વ્યક્તિઓ માટે ખુલ્લી રહેશે. યુનિવર્સિટીમાં પ્રવેશ બાબત.

(૨) પેટા-કલમ (૧) હેઠળની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીએ, સરકારે નિર્દિષ્ટ કરેલી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યકિત અથવા ભારતના બીજા રાજ્યોમાંના ઉમેદવારો માટે બેઠકો અનામત રાખવી જોઇશે:

પરંતુ આવી કોઇપણ વ્યક્તિ, આવા ઉમેદવારોના સંબંધમાં ઠરાવવામાં આવેલા માપદંડ પરિપૂર્ણ ન કરતી હોય, તો તે, યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે હકદાર રહેશે નહિ.

૭. યુનિવર્સિટીને નીચેની સત્તા અને કાર્યો રહેશે:- યુનિવર્સિટીની સત્તા અને તેના કાર્યો.

INDEX

(૧) ઓર્ગેનિક એગ્રિકલ્ચરમાં અને યુનિવર્સિટી યોગ્ય ગણે તેવા બીજા ક્ષેત્રોમાં ડિપ્લોમા, અનુસ્નાતક અને વ્યાવસાયિક અભ્યાસક્રમના પ્રશિક્ષણ માટેની જોગવાઇ કરવાની;

(૨) ઓર્ગેનિક એગ્રિકલ્ચરમાં સંશોધન કરવા માટેની જોગવાઇ કરવાની;

(૩) વિસ્તરણ કાર્યક્રમો દ્વારા સંશોધનના તારણો અને ટેકનિકલ (તકનિકી) માહિતીના પ્રસાર માટે જોગવાઇ કરવાની;

(૪) જે વ્યક્તિઓએ, યુનિવર્સિટીમાંથી ઠરાવેલા અભ્યાસક્રમ અથવા સંશોધન કાર્ય અથવા તે બન્ને પૂર્ણ કર્યા હોય અને તેને માટે તેઓ લાયક ઠર્યા હોય અથવા બીજી કોઇ યુનિવર્સિટી અથવા તે હેતુ માટેની માન્ય સંસ્થાઓમાં અંશકાલિક અભ્યાસક્રમ અને સંશોધન કાર્ય કર્યા હોય તેવી વ્યક્તિઓ માટે અભ્યાસક્રમો શરૂ કરવાની અને પરીક્ષા યોજવાની તથા તેમને પદવીઓ અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો આપવાની;

(૫) યુનિવર્સિટી દ્વારા આપવામાં અથવા એનાયત કરવામાં આવેલી કોઇ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર ઠરાવવામાં આવે તેવી રીતે પાછા ખેંચી લેવાની અથવા રદ કરવાની;

(૬) ખેડૂતો, ક્ષેત્ર કાર્યકરો, ગ્રામીણ યુવકો અને યુનિવર્સિટીના કાયમી વિદ્યાર્થીઓ તરીકે નોંધાયેલી ન હોય તેવી બીજી વ્યક્તિઓને તાલીમ પૂરી પાડવાની;

(૭) બીજી યુનિવર્સિટીઓ, ભારતીય કૃષિવિષયક સંશોધન સંસ્થા પરિષદ (ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટયૂટસ) અને જાહેર અને ખાનગી સંશોધન તથા વિકાસ સંગઠનો અથવા સંસ્થાઓ સાથે શૈક્ષણિક, સંશોધન અને વિસ્તરણ કાર્યક્રમોમાં સહયોગ કરવાની;

(૮) જંગમ અને સ્થાવર એમ બન્ને પ્રકારની મિલકત સંપાદિત કરવાની, ધરાવવાની અને પોતાના કબજામાં રાખવાની તથા યુનિવર્સિટીના હેતુઓ માટે તેનામાં નિહિત થાય અથવા તે સંપાદિત કરે તેવી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપવાની, તેનું વેચાણ કરવાની અથવા અન્યથા તબદીલ કરવાની અને કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અથવા બીજા કોઇ મંજૂર કરેલા સ્ત્રોત દ્વારા નાણાં મેળવવાની અને ઉછીના

લેવાની તથા આ અધિનિયમના હેતુ માટે જરૂરી હોય તેવા બીજા તમામ કાર્યો કરવાની;

(૯) રાજ્યની કૃષિ આબોહવાવિષયક પરિસ્થિતિ મુજબ કોલેજ, પ્રયોગશાળા, ગ્રંથાલય, સંગ્રહાલય, સંશોધન મથકો, કેવીકે (KVK) (કૃષિ વિજ્ઞાન કેન્દ્ર) અથવા સેવન કેન્દ્ર (Centre of Incubations) અને ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) અને સંલગ્ન વિજ્ઞાનને લગતા તેના એકમો સ્થાપવાની અને નિભાવવાની;

(૧૦) સરકારની મંજૂરીથી અધ્યાપન, સંશોધન, વિસ્તરણને લગતી અને બીજી જગાઓ ઊભી કરવાની તથા આવી જગાઓ ઉપર વ્યકિતઓની નિમણૂક કરવાની;

(૧૧) યુનિવર્સિટી વખતોવખત જરૂરી ગણે તેવી વહીવટી અને બીજી જગાઓ ઊભી કરવાની તથા આવી જગાઓ ઉપર વ્યકિતઓની નિમણૂક કરવાની;

(૧૨) સ્ટેચ્યૂટ અનુસાર અધ્યેતાવૃત્તિ, શિષ્યવૃત્તિ, વૃત્તિકા (સ્ટાઇપેન્ડ), પારિતોષિક શરૂ કરવાની અને એનાયત કરવાની;

(૧૩) સંશોધન મથકો અને માન્ય સંસ્થાઓની તપાસ કરવાની તથા તેમાં પ્રશિક્ષણ, અધ્યાપનને લગતા યોગ્ય ધોરણો નિભાવવામાં આવે છે, તે બાબત સુનિશ્ચિત કરવા માટેના પગલાં લેવાની;

(૧૪) યુનિવર્સિટીના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગાર-ધોરણો, ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો ઠરાવવાની અને તેનું નિયમન કરવાની;

(૧૫) યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો અથવા કેન્દ્રો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગાર-ધોરણો, ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો ઠરાવવાની અને તેનું નિયમન કરવાની;

(૧૬) ઠરાવવામાં આવે તેટલી ફી અને બીજા ચાર્જિસ નક્કી કરવાની, માંગવાની અને મેળવવાની;

(૧૭) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ઉચિત જણાય તેવી નિવાસી સવલતો ઊભી કરવાની અને નિભાવવાની;

INDEX

(૧૮) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નિવાસની દેખરેખ રાખવાની, તેમની વર્તણૂક અને શિસ્તનું નિયમન કરવાની તથા તેમના આરોગ્ય અને કલ્યાણના ઉત્તેજન માટે ગોઠવણી કરવાની;

(૧૯) યુનિવર્સિટીના ખર્ચનું નિયમન કરવાની અને નાણાંની વ્યવસ્થા કરવાની તથા તેનો હિસાબ નિભાવવાની;

(૨૦) યુનિવર્સિટીના હેતુ માટે જરૂરી અથવા અનુકૂળ હોય તેવી કોઇ જમીન અથવા ઇમારત અથવા બાંધકામ, યુનિવર્સિટી યોગ્ય અને ઉચિત ગણે તેવી બોલી અને શરતોએ ખરીદવાની અથવા પટે લેવાની અને આવી કોઇ ઇમારત અથવા બાંધકામ બાંધવાની, તેમાં ફેરફાર કરવાની અને તેને તેનો નિભાવ કરવાની;

(૨૧) સરકારી વચનચિઠ્ઠીઓ અને બીજી વચનચિઠ્ઠીઓ, વિનિયમપત્રો, ચેક અથવા બીજા વટાઉખત કાઢવાની અને સ્વીકારવાની, બનાવવાની અને શેરો કરવાની, વટાવવાની અને પરક્રમ્ય કરવાની;

(૨૨) જામીનખત, ગીરોખત, વચનચીઠ્ઠી પર અથવા યુનિવર્સિટીની તમામ અથવા કોઈપણ મિલકત અને અસ્કયામત પર નાખેલી બીજી જવાબદારીઓ અથવા જામીનગીરી આધારિત અથવા કોઇ જામીનગીરી વગર અને પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકારની પૂર્વ-પરવાનગી લઇને, નાણાં ઊભા કરવાની અને ઉછીના લેવાની તથા નાણાં ઊભા કરવાને અને ભરપાઇ કરવાને અને ઉછીના લીધેલા કોઇ નાણા ભરપાઇ કરવાને આનુષંગિક તમામ ખર્ચ યુનિવર્સિટીના ફંડમાંથી ચૂકવવાની;

(૨૩) યુનિવર્સિટીના હેતુઓ માટે અને જેના માટે યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હોય તે ઉદ્દેશને સુસંગત રહીને, અનુદાન, આર્થિક સહાય, ફાળો, દાન અને બક્ષિસ મેળવવાની તથા સંસ્થાઓ અને તેમણે માન્ય કરેલા અભ્યાસક્રમોના વિકસાવવાના હેતુ માટે ફંડમાંથી તેમને અનુદાનની વહેંચણી કરવાની જેથી કરીને ઓર્ગેનિક ફાર્મિંગ (જૈવિક ખેતી)ને ઉત્તેજન આપી શકાય;

(૨૪) પોતાના ઉદ્દેશો આગળ ધપાવવા માટે, યુનિવર્સિટીના અભિપ્રાય મુજબ જરૂરી હોય તેવા, સંશોધન અને પ્રશિક્ષણ માટેના વિશિષ્ટ કેન્દ્રો, વિશેષિત અભ્યાસ કેન્દ્રો અથવા બીજા એકમો સ્થાપવાની;

(૨૫) સંશોધન અને બીજી કામગીરીના મુદ્રણ, પુનર્નિર્માણ અને પ્રકાશન માટેની જોગવાઇ કરવાની અને ઓર્ગેનિક ફાર્મિંગ અને કૃષિને લગતા પ્રદર્શનો, વર્કશોપ, સેમિનાર, પરિષદ, વગેરે યોજવાની;

(૨૬) ટ્રસ્ટ અને દેણગી ધરાવવાની અને તેની વ્યવસ્થા કરવાની;

(૨૭) ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) માટેની પ્રયોગશાળાઓ, સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને એક્રેડિટેશન (અધિકારપત્ર) આપવું;

(૨૮) યુનિવર્સિટીના ઉદ્દેશો આગળ ધપાવવા માટે જરૂરી હોય તેવા, ઉપર્યુકત સત્તાને આનુષંગિક હોય અથવા ન હોય તેવા બીજા તમામ કૃત્યો અને કાર્યો કરવાની.

લિંગ, ધર્મ, વર્ગ, પંથ કે મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી રહેશે.

૮. (૧) કોઇપણ વ્યકિતને ધર્મ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, ભાષા, લિંગ, જન્મસ્થળ, વર્ગ અથવા વ્યાવસાયિક અથવા રાજકીય કે અન્ય મંતવ્ય હોવાના એકમાત્ર કારણે જ યુનિવર્સિટીના કોઇ હોદ્દાથી અથવા તેના કોઇ અધિકારીમંડળના સભ્યપદથી અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનથી અથવા કોઇ અભ્યાસક્રમમાં પ્રવેશથી વંચિત રાખી શકાશે નહિ.

(૨) કોઇ વ્યકિતને, યુનિવર્સિટીમાં અધ્યાપક અથવા વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવાનો અથવા કોઇ હોદ્દો અથવા જગા ધરાવવાનો અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવાનો અથવા યુનિવર્સિટીના કોઇ વિશેષાધિકાર ભોગવવાના કે વાપરવાના અથવા તેનો કોઇ લાભ મેળવવાના હક મળી શકે તે માટે, યુનિવર્સિટી ધાર્મિક માન્યતા, જાતિ, પંથ, જ્ઞાતિ, ભાષા, લિંગ, જન્મસ્થળ, વર્ગ, વ્યાવસાય અથવા રાજકીય કે બીજા મંતવ્ય અંગેની કોઇ કસોટી રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

તપાસણી અને તપાસ.

૯. (૧) કુલાધિપતિને, પોતે આદેશ કરે તેવી વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા યુનિવર્સિટીની, તેના મકાનો, પ્રયોગશાળા અને તેની સાધનસામગ્રીની તથા યુનિવર્સિટીના કોઇ ઘટક એકમની અને યુનિવર્સિટી સાથે સંકળાયેલી કોઇ બાબતના સંબંધમાં તપાસ કરાવવાનો હક રહેશે.

INDEX

(૨) કુલાધિપતિએ, દરેક પ્રસંગે, યુનિવર્સિટીને, તપાસણી અથવા તપાસ કરાવવાના પોતાના ઇરાદાની નોટિસ આપવી જોઇશે અને યુનિવર્સિટીને તે તપાસના સમયે પોતાની રજૂઆત કરવાનો હક રહેશે.

(૩) કુલાધિપતિએ, યુનિવર્સિટીને આવી તપાસણી અથવા તપાસના પરિણામ અંગે જાણ કરવી જોઇશે અને તે વિષે બોર્ડનો અભિપ્રાય મેળવ્યા પછી, યુનિવર્સિટીને તેણે લેવાનાં પગલાં વિષે સલાહ આપશે અને એવા પગલાં લેવા માટેની સમયમર્યાદા નક્કી કરશે.

(૪) યુનિવર્સિટીએ, આવી રીતે નક્કી કરેલી સમય મર્યાદામાં, કુલાધિપતિએ આપેલી સલાહ ઉપરથી લીધેલા અથવા લેવા ધારેલા પગલા અંગે, કુલાધિપતિને જાણ કરવી જોઇશે.

(૫) યુનિવર્સિટી, કુલાધિપતિને ખાતરી થાય તેવી રીતે, નકકી કરેલી સમયમર્યાદામાં પગલાં લે નહિ, તો કુલાધિપતિ, યુનિવર્સિટીએ આપેલો કોઇ ખુલાસો અથવા કરેલી રજૂઆત વિચારણામાં લીધા પછી, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો આપી શકશે અને યુનિવર્સિટીએ એવા આદેશોનું પાલન કરવું જાઇશે.

(૬) પૂર્વવર્તી પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ સમયે, કુલાધિપતિનો એવો અભિપ્રાય હોય કે યુનિવર્સિટીનું કામકાજ, યુનિવર્સિટીના ઉદ્દેશોને આગળ ધપાવવા માટે અથવા આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર થઈ રહયું નથી અને યુનિવર્સિટીના અધ્યાપન, પરીક્ષા, સંશોધન, વિસ્તરણ શિક્ષણના ધોરણો જાળવવા માટે, વૈધાનિક વિનિયમો કરવા અથવા ખાસ પગલાં લેવા ઈષ્ટ છે, તો તેઓ, જે બાબતના સંબંધમાં સ્પષ્ટતા જરૂરી હોય તેવી કોઈ બાબત અંગે યુનિવર્સિટીને નિર્દેશ કરી શકશે અને કુલાધિપતિ નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર, આવી સ્પષ્ટતા કરવા યુનિવર્સિટીને આદેશ કરી શકશે. યુનિવર્સિટી નિર્દિષ્ટ સમયની અંદર કોઈ સ્પષ્ટતા રજૂ ન કરે અથવા કુલાધિપતિના અભિપ્રાય પ્રમાણે સંતોષકારક ન હોય તેવી સ્પષ્ટતા રજૂ કરે, તો કુલાધિપતિ, કેસના સંજોગો પ્રમાણે પોતાને જરૂરી અને ઈષ્ટ જણાય તેવી સૂચના આપી શકશે અને એ સૂચનાઓનો અમલ કરવા માટે જરૂરી હોય તેવી સત્તા વાપરી શકશે.

(૭) યુનિવર્સિટીએ, કુલાધિપતિ ફરમાવે તેવી, યુનિવર્સિટીના વહીવટને લગતી માહિતી પૂરી પાડવી જોઈશે.

પ્રકરણ 3
યુનિવર્સિટીના અધિકારીમંડળ

યુનિવર્સિટીના અધિકારીમંડળ.

૧૦. યુનિવર્સિટીના અધિકારીમંડળ નીચે પ્રમાણેના રહેશેઃ-

(૧) સંચાલક મંડળ;

(૨) એકેડેમિક કાઉન્સિલ;

(૩) સંશોધન પરિષદ;

(૪) વિસ્તરણ શિક્ષણ પરિષદ;

(૫) વિદ્યાશાખા અને તેની અભ્યાસ સમિતિ;

(૬) સ્ટેચ્યૂટથી યુનિવર્સિટીના અધિકારીમંડળ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીના એવા બીજા મંડળ.

સંચાલક મંડળ અને તેની રચના.

૧૧. (૧) કુલાધિપતિએ, પ્રથમ કુલપતિની નિમણૂક કરવામાં આવે તે પછી તરત જ સંચાલક મંડળની રચના કરવી જોઈશે.

(૨) સંચાલક મંડળ નીચેના સભ્યોનું બનશેઃ-

(૧) કુલપતિ - અધ્યક્ષ;

(૨) સચિવ, કૃષિ વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૩) સચિવ, નાણા વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) પશુપાલન અથવા મત્સ્યોદ્યોગ અથવા વન વિભાગના સચિવ અથવા યુનિવર્સિટીના અધ્યાપન અને સંશોધન કાર્યક્રમોને લક્ષમાં લઈને, ગુજરાત સરકાર દ્વારા નામનિયુક્ત કરવાના નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૫) રાજ્ય સરકારે ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) અને સંલગ્ન વિજ્ઞાનના ક્ષેત્રમાંથી નામનિયુક્ત કરવાની એક નામાંકિત વ્યક્તિ;

INDEX

(૬) રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાની, ઓર્ગેનિક ફાર્મિંગ (જૈવિક ખેતી)ની પશ્ચાદભૂમિકા ધરાવતી એક શ્રેષ્ઠ મહિલા;

(૭) રાજ્ય સરકારે યુનિવર્સિટીની હકૂમતમાંથી, નામનિયુક્ત કરવાના, ઓર્ગેનિક ફાર્મિંગની પશ્ચાદભૂમિકા ધરાવતા એક પ્રગતિશીલ ખેડૂત;

(૮) ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (ICAR)ના મહાનિયામકે નામનિયુક્ત કરવાના ICARના એક પ્રતિનિધિ;

(૯) કૃષિ નિયામક, ગુજરાત રાજ્ય;

(૧૦) પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય;

(૧૧) બાગાયત નિયામક, ગુજરાત રાજ્ય;

(૧૨) કુલપતિએ, ડીનમાંથી, ઠરાવેલી રીતે વારાફરતી નામનિયુકત કરેલા એક સભ્ય;

(૧૩) સંશોધન નિયામક અથવા વિસ્તરણ શિક્ષણ નિયામકમાંથી કુલપતિએ નામનિયુક્ત કરવાના એક નિયામક;

(૧૪) રજસ્ટ્રિાર - સભ્ય સચિવ;

(૩) હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત બે વર્ષની રહેશે.

(૪) સભ્યના મૃત્યુ, રાજીનામા અથવા નિમણૂકની મુદત પૂરી થયા સિવાયના કોઇ કારણસર કોઇ સભ્યના હોદ્દાની જગા ખાલી પડે, ત્યારે આ કલમની જોગવાઈઓ અનુસાર ખાલી જગા ભરવી જોઈશે અને આવી ખાલી જગા જે વ્યક્તિથી ભરવામાં આવે, તે વ્યક્તિ, જેની જગા પર પોતે સભ્ય તરીકે રહ્યો હોય તે વ્યક્તિની બાકીની મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૫) બોર્ડના કોઇપણ કાર્ય અથવા કાર્યવાહી, તેમાં સભ્યપદની કોઇ જગા ખાલી હોવાના અથવા બોર્ડની રચનામાં કોઇ ખામી હોવાના કારણમાત્રથી અમાન્ય ઠરશે નહિ.

(૬) યુનિવર્સિટીના બીજા કોઈપણ અધિકારી અથવા કર્મચારી, આ કલમની પેટા-કલમ (૨)ના ખંડ (૫) થી (૭) હેઠળ, બોર્ડના સભ્ય થવા માટે પાત્ર ગણાશે નહિ.

(૭) બોર્ડે, કુલપતિએ નક્કી કરેલી તેવી તારીખે અને તેવા સ્થળે પોતાની બેઠક યોજવી જોઈશેઃ

પરંતુ કુલપતિએ, દર ત્રણ મહિને એક વખત, બોર્ડની બેઠક માટે તારીખ અને સ્થળ નક્કી કરવા જોઈશે.

(૮) બોર્ડની બેઠક માટેનું કોરમ, બોર્ડના સભ્યોના એક તૃતીયાંશ સભ્યોનું હોવું જોઇશેઃ

પરંતુ કોરમ પૂરું ન હોવાના કારણે મંડળની બેઠક મુલતવી રાખવામાં આવે, તો તે જ કામકાજ ચલાવવા માટે બોલાવવામાં આવેલી ત્યાર પછીની બેઠકમાં કોઈપણ કોરમ જરૂરી રહેશે નહિ.

(૯) બોર્ડ, પરામર્શના હેતુ માટે, વિચારણા હેઠળના કોઈ વિષય અંગેનો અનુભવ અથવા વિશેષ જાણકારી ધરાવતી કોઈ વ્યક્તિને, પોતાની બેઠકમાં હાજર રહેવા બોલાવી શકશે. આવી વ્યક્તિ, આવી બેઠકમાં ચર્ચા કરી શકશે અથવા અન્યથા તેની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે, પણ તે મત આપવા માટે હકદાર રહેશે નહિ. આવી રીતે બોલાવેલી કોઈપણ વ્યક્તિ, બેઠકમાં હાજર રહેવા માટે, ઠરાવવામાં આવે તેટલા ભથ્થાં મેળવવા હકદાર રહેશે.

બોર્ડની સત્તા અને તેના કાર્યો.

૧૨. (૧) આ અધિનિયમ અને સ્ટેટયૂટની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડ, યુનિવર્સિટીનું મુખ્ય કારોબારી મંડળ ગણાશે અને તે યુનિવર્સિટીની મિલકત અને પ્રવૃત્તિઓનું સંચાલન કરશે તથા તેનું દેખરેખ રાખશે અને આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ ન કરી હોય તેવી યુનિવર્સિટીની તમામ વહીવટી બાબતોના સંચાલન માટે જવાબદાર રહેશે.

(૨) પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, બોર્ડે, નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો કરશેઃ-

(૧) યુનિવર્સિટીની નાણાકીય જરૂરિયાતો, અંદાજો અને અંદાજપત્ર પર વિચારણા કરવી અને તે મંજૂર કરવા;

INDEX

(૨) યુનિવર્સિટીની મિલકત અને ફંડ ધરાવવા તથા તેનું નિયંત્રણ કરવું અને યુનિવર્સિટી વતી કોઈ સામાન્ય આદેશ આપવા;

(૩) યુનિવર્સિટી વતી કોઈ મિલકત સ્વીકારવી અથવા તેની તબદીલી કરવી;

(૪) યુનિવર્સિટી વતી, વસિયત, દાન અને દેણગી સ્વીકારવા;

(૫) અભિપ્રેત હેતુ માટે, યુનિવર્સિટીને હસ્તક હોય તેવા ફંડનો વહીવટ કરવો;

(૬) યુનિવર્સિટીના ફંડના રોકાણ અને તેના ઉપાડ માટે ગોઠવણ કરવી;

(૭) રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી લઈને, મૂડીરોકાણ માટે નાણાં ઉછીના લેવા અને તે ભરપાઈ કરવા માટેની યોગ્ય ગોઠવણો કરવી;

(૮) યુનિવર્સિટીની વૃદ્ધિ અને વિકાસને લગતી સામાન્ય નીતિવિષયક બાબતો અંગે વિચારણા કરવી અને તે બાબતો નક્કી કરવી;

(૯) બોર્ડે નક્કી કરેલી નીતિ અનુસાર, યુનિવર્સિટીના અધિકારીમંડળોએ લેવાનાં પગલાં સૂચવવા;

(૧૦) આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટથી તેને સોંપવામાં આવેલી સત્તા વાપરતી અને કાર્યોનું પાલન કરતી વખતે, યુનિવર્સિટી વતી કરારો કરવા, તેમાં ફેરફાર કરવા, તેનો અમલ કરવો અને તે રદ કરવા;

(૧૧) યુનિવર્સિટીની કામગીરી કરવા માટે જરૂરી હોય તેવા મકાનો, જગ્યા, ફર્નિચર, ઉપકરણ અને બીજા સાધનોની જોગવાઈ કરવી;

(૧૨) જરૂરી હોય, ત્યાં એકેડેમિક, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ પરિષદની ભલામણો અંગે વિચારણા કરવી અને તે મંજૂર કરવી;

(૧૩) યુનિવર્સિટીના સામાન્ય સીલના નમૂના અને તેના ઉપયોગ અંગે આદેશ આપવા;

(૧૪) પોતે જરૂરી ગણે તેવી સમિતિઓ અને મંડળો નીમવા તથા આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઈઓ અનુસાર તેના સંદર્ભની બોલીઓ ઠરાવવી;

(૧૫) એકેડેમિક કાઉન્સિલ, સંશોધન પરિષદ અથવા વિસ્તરણ શિક્ષણ પરિષદની ભલામણ પરથી, કોલેજ, વિભાગ, કેન્દ્ર અથવા સંશોધન મથક અથવા પેટા-મથક સ્થાપવા, તેનું જોડાણ કરવા અને તે રદ કરવા અંગે વિચારણા કરવી અને તે મંજૂર કરવા;

(૧૬) રાજ્ય સરકારની મંજૂરી લઈને, શિક્ષણ, સંશોધન, વિસ્તરણ શિક્ષણને લગતી અને બીજી જગાઓ ઊભી કરવી;

(૧૭) સહાયક પ્રાધ્યાપક અને તેથી ઉપરના દરજ્જાના અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓની નિમણૂક માટે, ઠરાવેલી રીતે, પસંદગી સમિતિની ભલામણો મંજૂર કરવી;

(૧૮) સ્ટેચ્યૂટથી જોગવાઈ કરવામાં આવે તે રીતે, ઓર્ગેનિક એગ્રિકલ્ચર અથવા વિસ્તરણ શિક્ષણમાં સંશોધનના કેન્દ્રો અથવા કોલેજ અથવા માન્ય સંસ્થાઓનું જોડાણ કરવું;

(૧૯) સંલગ્ન કેન્દ્રો અથવા કોલેજો, માન્ય સંસ્થાઓ અને છાત્રાલયનું નિરીક્ષણ કરવા માટેની ગોઠવણ કરવી અને તે માટેના આદેશો આપવો, તેમના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગાર ધોરણ અને ભથ્થાં સહિત, તેમની કાર્યદક્ષતા નિભાવવા માટેની અને નિમણૂકની યોગ્ય શરતો સુનિશ્ચિત કરવા માટેની સૂચના આપવી;

(૨૦) જોડાણ દ્વારા કોલેજને અથવા માન્યતા દ્વારા સંસ્થાને આપવામાં આવેલા સંપૂર્ણ અથવા આંશિક અધિકારો પાછા ખેંચવા અથવા તેમાં ફેરફાર કરવો;

(૨૧) જોડાણની શરતો પાર પાડવામાં કસૂર કરે તેવી કોલેજનું અનુદાન (ગ્રાન્ટ) પાછું ખેંચવા માટે અથવા તેમાં ઘટાડો કરવા માટે, રાજ્ય સરકારને ભલામણ કરવી;

INDEX

(૨૨) સંલગ્ન કેન્દ્ર અથવા કોલેજ અથવા માન્ય સંસ્થાઓના સ્ટાફના સભ્યને, વિશેષિત અભ્યાસ શરૂ કરવા માટે માન્યતા આપવી;

(૨૩) સંલગ્ન કેન્દ્ર અથવા કોલેજ અને માન્ય સંસ્થાઓ, વિશેષિત અભ્યાસ શરૂ કરી શકે તે અંગેની જોગવાઈ કરવી;

(૨૪) યુનિવર્સિટીના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગારધોરણ, ભથ્થાં અને સેવાની બીજી શરતો ઠરાવવી અને તેનું નિયમન કરવું;

(૨૫) યુનિવર્સિટીના સંલગ્ન કેન્દ્રો, કોલેજ અને માન્ય સંસ્થાઓના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગારધોરણ, ભથ્થાં અને સેવાની બીજી શરતો ઠરાવવી અને તેનું નિયમન કરવું;

(૨૬) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નિવાસ, તેમના વર્તણૂક અને શિસ્ત અંગે દેખરેખ રાખવી તથા અને તેમના આરોગ્ય અને કલ્યાણને ઉત્તેજન આપવા માટેની ગોઠવણ કરવી;

(૨૭) અધ્યેતાવૃત્તિ (ફેલોશિપ) અને શિષ્યવૃત્તિ, છાત્રવૃત્તિ, ચંદ્રકો, પારિતોષિક અને બીજા પુરસ્કાર શરૂ કરવા અને આપવા;

(૨૮) પદવી, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન શરૂ કરવા અને એનાયત કરવા અથવા આપવા;

(૨૯) કોલેજ અને માન્ય સંસ્થાઓ પાસેથી અહેવાલો, પત્રકો અને બીજી માહિતી મંગાવવી;

(૩૦) ડિપ્લોમા, અનુસ્નાતક અને વ્યાવસાયિક અભ્યાસક્રમો, અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણને ઉત્તેજન આપવાની તમામ સત્તા વાપરવી;

(૩૧) ઠરાવવામાં આવે તેટલી ફી અને બીજા ચાર્જિસ નક્કી કરવા, માંગવા અને લેવાં;

(૩૨) આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટથી અન્યથા જોગવાઈ કરવામાં ન આવી હોય તેવી બાબતો માટે, યુનિવર્સિટીને ભલામણ કરવી અને આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટની જોગવાઈઓનો અમલ કરવા જરૂરી હોય તેવી તમામ બીજી સત્તા;

(૩૩) પ્રયોગશાળાઓ, સંસ્થાઓ અને યુનિવર્સિટીની માન્યતા માટે સમિતિની રચના કરવી.

(૩) એકેડેમિક કાઉન્સિલને કરેલી ભલામણ ઉપરથી હોય તે સિવાય, બોર્ડે, પેટા-કલમ (૨)ના ખંડો (૧૮) થી (૨૩) હેઠળની સત્તા વાપરવી જોઈશે નહિ અને તે હેઠળના કાર્યો કરવા જોઈશે નહિ.

(૪) યુનિવર્સિટી, ઘટક કોલેજ, સંલગ્ન કોલેજ અને માન્ય સંસ્થાના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સભ્યોના પગારધોરણ, ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો ઠરાવવા અને તેનું નિયમન કરવાને લગતી, પેટા-કલમ (૨)ના ખંડો (૨૪) અને (૨૫) હેઠળ બોર્ડે વાપરવાની સત્તા, રાજ્ય સરકારની મંજૂરીને અધીન રહેશે.

(૫) બોર્ડ, પોતાની વહીવટી કામગીરી બજાવવા માટે સમિતિની રચના કરી શકશે અને ઠરાવવામાં આવે તેમ તેની રચના, તેના કાર્યો અને તેની મુદત નક્કી કરી શકશે.

૧૩.(૧) એકેડેમિક કાઉન્સિલ નીચેના સભ્યોની બનશેઃ- એકેડેમિક કાઉન્સિલ.

(૧) કુલપતિ - અધ્યક્ષ, હોદ્દાની રૂએ;

(૨) સંશોધનના નિયામક અને અનુસ્નાતક અભ્યાસના ડીન, હોદ્દાની રૂએ;

(૩) વિસ્તરણ શિક્ષણના નિયામક, હોદ્દાની રૂએ;

(૪) તમામ ડીન, હોદ્દાની રૂએ;

(૫) કુલપતિએ દરેક વિદ્યાશાખામાંથી રોટેશનના આધારે નામનિયુક્ત કરવાના વિભાગના બે વડા;

INDEX

(૬) કુલપતિએ દરેક વિદ્યાશાખામાંથી વારાફરતી નામનિયુક્ત કરવાના, પ્રાધ્યાપકના દરજ્જાના એક અધ્યાપક;

(૭) કુલપતિએ નામનિયુક્ત કરવાના, યુનિવર્સિટી બહારના ત્રણ નામાંકિત શિક્ષણશાસ્ત્રી;

(૮) રજિસ્ટ્રાર, હોદ્દાની રૂએ - સભ્ય સચિવ.

કોમ્પ્ટ્રોલર અને યુનિવર્સિટીના ગ્રંથપાલ, સભ્ય ન હોય તેવા આમંત્રિત (non-member invitees) ગણાશે.

(૨) એકેડેમિક કાઉન્સિલ, ઠરાવવામાં આવે તેટલી મુદત માટે અને તેવી રીતે, ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) અને સંલગ્ન ક્ષેત્રોની જુદી જુદી શાખાનું પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકાય તે માટે, બેથી વધુ ન હોય, તેટલી વ્યક્તિઓને સભ્યો તરીકે કો-ઓપ્ટ કરી શકશે.

(૩) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના અને પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલા સભ્યો સિવાયના એકેડેમિક કાઉન્સિલના તમામ સભ્યો, બે વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૪) એકેડેમિક કાઉન્સિલની બેઠકનું કોરમ, કાઉન્સિલના એક તૃતીયાંશ સભ્યોનું બનશેઃ

પરંતુ કોરમ પૂરું ન હોવાના કારણે એકેડેમિક કાઉન્સિલની બેઠક મુલતવી રાખવામાં આવે, તો તે જ કામકાજ ચલાવવા માટે, બોલાવવામાં આવેલી ત્યાર પછીની બેઠકમાં કોઈપણ કોરમ જરૂરી રહેશે નહિ.

(૫) એકેડેમિક કાઉન્સિલ, દરેક સેમેસ્ટરમાં ઓછામાં ઓછી એક વખત, કુલપતિ નક્કી કરે તેવી તારીખે મળશે. તેમ છતાં, કુલપતિ દ્વારા એકેડેમિક કાઉન્સિલની ખાસ બેઠકો બોલાવી શકાશે.

એકેડેમિક કાઉન્સિલની સત્તા અને તેના કાર્યો.

૧૪. (૧) એકેડેમિક કાઉન્સિલને, આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઈઓને અધીન રહીને, તમામ અભ્યાસક્રમ, વિનિયમોથી ઠરાવવાની અને પાઠયક્રમ નક્કી કરવાની સત્તા રહેશે તથા તે યુનિવર્સિટીની અંદર અધ્યાપકીય અને બીજા

INDEX

શૈક્ષણિક કાર્યક્રમોનું નિયંત્રણ કરશે તથા તેના ધોરણો જાળવવા માટે જવાબદાર રહેશે.

(૨) તેને, પોતાના નિયંત્રણને અધીન રહીને, તમામ શૈક્ષણિક બાબતોને લગતા, આ અધિનિયમ અને સ્ટેચ્યૂટને સુસંગત વિનિયમો કરવાની તથા આવા વિનિયમોમાં સુધારો કરવાની અને તે રદ કરવાની સત્તા રહેશે.

(૩) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એકેડેમિક કાઉન્સિલને નીચેની સત્તા રહેશેઃ-

(૧) તમામ શૈક્ષણિક બાબતો અંગે બોર્ડને અને કુલપતિને સલાહ આપવાની;

(૨) સંશોધન અને વિસ્તરણમાંની જગાઓ સહિત પ્રોફેસરશિપ, એસોસિએટ પ્રોફેસરશિપ, આસિસ્ટન્ટ પ્રોફેસરશિપની જગા અને બીજી અધ્યાપકીય જગાઓ શરૂ કરવા માટે તથા તેની ફરજોની બાબતમાં ભલામણો કરવાની;

(૩) એડજંક્ટ (સંલગ્ન) પ્રોફેસરશિપ માટે ભલામણો કરવાની;

(૪) વિદ્યાશાખા, કોલેજ, અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ વિભાગ સ્થાપવા માટેની, તેના જોડાણ માટેની અથવા તે નાબૂદ કરવા માટેની ભલામણો કરવાની;

(૫) યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રવેશને લગતા વિનિયમો કરવાની અને પ્રવેશ આપવાના હોય તેટલા વિદ્યાર્થીઓની સંખ્યા નક્કી કરવાની;

(૬) પદવી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો આપી શકાય તેવા અભ્યાસક્રમોને લગતા વિનિયમો કરવાની;

(૭) પરીક્ષાઓના સંચાલન સંબંધિત વિનિયમો કરવાની અને શિક્ષણના ધોરણો જાળવવા તથા તેમાં સુધારો કરવાની;

(૮) સંલગ્ન કોલેજ અને માન્ય સંસ્થાઓમાં અભ્યાસ અને અધ્યાપનના સંકલન માટે ગોઠવણ કરવાની;

INDEX

(૯) પદવી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો માટે પાત્ર થવા યુનિવર્સિટીમાં અથવા સંલગ્ન કોલેજમાં અભ્યાસના માન્ય અભ્યાસક્રમોમાં મુકિત આપવાની રીત ઠરાવતા વિનિયમો મંજૂર કરવાની;

(૧૦) કોલેજના જોડાણ અને સંસ્થાની માન્યતા અંગે બોર્ડને ભલામણ કરવાની;

(૧૧) વિદ્યાશાખાને વિષયો ફાળવવા માટે દરખાસ્તો કરવાની ;

(૧૨) ડિપ્લોમા, વ્યાવસાયિક અભ્યાસક્રમ, અનુસ્નાતક શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે દરખાસ્ત કરવાની;

(૧૩) યુનિવર્સિટીમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ સ્ટાફ (કર્મચારીવર્ગ) માટે ઠરાવવાની લાયકાત અંગે ભલામણ કરવાની;

(૧૪) યુનિવર્સિટીમાં અધ્યાપકો માટે ઠરાવવાની લાયકાત સંબંધી ભલામણો કરવાની;

(૧૫) આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ બોર્ડ અથવા કુલપતિ દ્વારા તેને સોંપવામાં આવે અથવા તેના ઉપર નાખવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવી બીજી ફરજો બજાવવી.

સંશોધન પરિષદ. ૧૫. (૧) સંશોધન પરિષદ, નીચેના સભ્યોની બનશે:-

(૧) કુલપતિ- અધ્યક્ષ;

(૨) યુનિવર્સિટીના સંશોધન આદેશ અને કાર્યક્રમો આધારિત કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યોદ્યોગના નિયામક અથવા સરકારના મુખ્ય વન સંરક્ષક;

(૩) વિસ્તરણ શિક્ષણના નિયામક;

(૪) તમામ ડીન;

(૫) વિભાગોના તમામ વડા/ સહ-નિયામક;

(૬) સંશોધન નિયામક-સભ્ય-સચિવ.

રજિસ્ટ્રાર અને કોમ્પ્ટ્રોલર, સભ્ય ન હોય તેવા આમંત્રિત ગણાશે.

(૨) સંશોધન પરિષદ, કૃષિના જુદા જુદા ક્ષેત્રો અને સંલગ્ન ક્ષેત્રો પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકાય તે માટે, ઠરાવવામાં આવે તેટલા સમયગાળા માટે અને તેવી રીતે

INDEX

ઓર્ગેનિક ફાર્મિંગ (જૈવિક ખેતી)ની પશ્ચાદભૂમિકા ધરાવતા એક પ્રગતિશીલ ખેડૂત સહિત વધુમાં વધુ ચાર વ્યકિતઓને સભ્યો તરીકે કો-ઓપ્ટ કરી શકશે.

સંશોધન પરિષદના કાર્યો.

૧૬. સંશોધન પરિષદ, નીચેના સંબંધમાં વિચારણા કરીને, ભલામણો કરશે:-

(૧) ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) અને સંલગ્ન વિજ્ઞાન તેમજ તેના અગ્રતાપ્રદાન, દેખરેખ-નિયંત્રણ અને મૂલ્યાંકનના ક્ષેત્રમાં જુદી જુદી યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરવામાં આવેલા અથવા હાથ ધરવાના સંશોધન કાર્યક્રમો અને પ્રોજેકટ (પરિયોજના);

(૨) સંશોધન પ્રોજેકટનું અમલીકરણ કરવા માટે, જરૂરી હોય તેવી ભૌતિક, રાજવિત્તીય અને વહીવટી સુવિધાઓ;

(૩) ખેડૂતો અને બીજા સ્ટેક હોલ્ડર્સની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે, તેમને સંશોધન અંગે માહિતગાર કરવા;

(૪) સંશોધનમાં જાહેર-ખાનગી ભાગીદારી;

(૫) કુલપતિ અથવા બોર્ડ અથવા યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીમંડળ દ્વારા નિર્ણયાર્થે મોકલવામાં આવે તેવા સંશોધન કાર્યક્રમોને લગતી બીજી કોઇ બાબત.

વિસ્તરણ શિક્ષણ પરિષદ.

૧૭. (૧) વિસ્તરણ શિક્ષણ પરિષદ નીચેના સભ્યોની બનશે:-

(૧) કુલપતિ-અધ્યક્ષ;

(૨) યુનિવર્સિટીના આદેશ અને કાર્યક્રમો આધારિત કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યોદ્યોગના નિયામક અથવા સરકારના મુખ્ય વન સંરક્ષક ;

(૩) સંશોધન નિયામક અને તમામ સહ-નિયામક અથવા સંયુકત નિયામક;

(૪) તમામ ડીન;

(૫) વિભાગો, પ્રાદેશિક સંશોધન મથક અથવા કેન્દ્રોના તમામ વડા;

(૬) કુલપતિએ નામનિયુકત કરવાની, યુનિવર્સિટી બહારની વિસ્તરણ શિક્ષણના ક્ષેત્રમાંની બે નામાંકિત વ્યકિતઓ;

(૭) કુલપતિએ નામનિયુકત કરવાના ઓર્ગેનિક ફાર્મિંગ (જૈવિક ખેતી)ની પૂર્વભૂમિકા ધરાવતા બે પ્રગતિશીલ ખેડૂતો;

(૮) વિસ્તરણ શિક્ષણ નિયામક-સભ્ય સચિવ.

રજિસ્ટ્રાર અને કોમ્પ્ટ્રોલર, સભ્ય ન હોય તેવા આમંત્રિતો ગણાશે.

(૨) કુલપતિ, સંબંધિત સંસ્થાઓમાંથી વધુમાં વધુ બે સભ્યોને કો-ઓપ્ટ કરી શકશે.

INDEX

વિસ્તરણ શિક્ષણ પરિષદના કાર્યો.

૧૮. વિસ્તરણ શિક્ષણ પરિષદ, નીચેની બાબતોમાં વિચારણા કરીને ભલામણો કરશે:-

(૧) યુનિવર્સિટીના વિસ્તરણ કાર્યક્રમો અને પ્રોજેકટ;

(૨) વિસ્તરણ પ્રવૃત્તિઓનું સંકલન;

(૩) ખેડૂતોનું શિક્ષણ, તેમની તાલીમ અને સલાહકારી સેવાઓનો વિકાસ;

(૪) યુનિવર્સિટીના વિસ્તરણ કાર્યક્રમો અને પ્રોજેકટનું દેખરેખ-નિયંત્રણ અને મૂલ્યાંકન;

(૫) કુલપતિ, બોર્ડ અથવા યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીમંડળ દ્વારા તેને ઉલ્લેખેલી બીજી કોઇ બાબત.

વિદ્યાશાખા અને અભ્યાસ બોર્ડ.

૧૯. (૧) યુનિવર્સિટીને વિદ્યાશાખા રહેશે.

(૨) દરેક વિદ્યાશાખાને, નીચેના સભ્યોનું બનેલું અભ્યાસ બોર્ડ રહેશે:

(૧) વિદ્યાશાખાના ડીન-અધ્યક્ષ;

(૨) ઘટક કોલેજના પ્રિન્સિપાલ (આચાર્ય);

(૩) સંબંધિત વિદ્યાશાખાના વિભાગોના તમામ વડા;

(૪) વિદ્યાશાખાના ડીન દ્વારા દરેક વિભાગમાંથી નામનિયુક્ત કરવાના એક સિનિયર વિદ્યાશાખાના સભ્ય;

વિભાગના સિનિયર વડા, સભ્ય-સચિવ રહેશે.

(૩) દરેક વિદ્યાશાખાનાં કાર્યો, નીચે મુજબનાં રહેશે:-

(૧) શૈક્ષણિક કાર્યક્રમોની સમીક્ષા કરવી અને તેને લગતા સુધારા સૂચવવા;

(૨) અભ્યાક્રમ અને પાઠ્યક્રમની સમિતિની ભલામણો વિચારણામાં લેવી અને એકેડેમિક કાઉન્સિલને મંજૂરી માટે મોકલવી;

(૩) એકેડેમિક કાઉન્સિલ અથવા કુલપતિ દ્વારા સોંપવામાં આવે તેવા બીજા કાર્યો કરવા.

સમિતિની રચના.

૨૦. દરેક અધિકારીમંડળ સમિતિની નિમણૂક કરવાની સત્તા રહેશે, જે આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટમાં અન્યથા કરેલી જોગવાઇઓ સિવાય, અધિકારીમંડળના સભ્યો અને તેને યોગ્ય જણાય તેવી બીજી વ્યક્તિઓની બનશે.

અધિકારમંડળની સભ્યપદ સંબંધિત જોગવાઇઓ.

૨૧. (૧) આ અધિનિયમમાં જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળના, હોદ્દાની રૂએ સભ્ય હોય તેવા સભ્ય સિવાયનો કોઈ સભ્ય, તેના મૃત્યુ, તેનું રાજીનામું, છૂટા કરવાના કારણે અથવા અન્યથા, પોતાની સમગ્ર મુદત પૂરી ન કરે, તે સંજોગોમાં એ રીતે ખાલી પડેલી જગા નિમણૂક, નામનિયુક્તિ અથવા યથાપ્રસંગ, સહવરણી (કો-ઓપ્શન)થી, શક્ય હોય તેમ જલદી પૂરવી જોઇશે અને તે વ્યકિત, પોતે જે સભ્યને બદલે નિમણૂક પામેલી, નામનિયુકત થયેલી અથવા કો-ઓપ્ટ થયેલી હોય તેવી વ્યકિત, જો તે ખાલી જગા પડી ન હોત, તો જેટલી બાકીની મુદત સુધી હોદ્દો ધરાવતા તેટલી બાકીની મુદત સુધી આ રીતે નિમણૂક પામેલી, નામનિયુકત થયેલી અથવા કો-ઓપ્ટ થયેલી વ્યકિત આવો હોદ્દો ધરાવશે.

(૨) બોર્ડ, કુલપતિની મંજૂરીથી, કોઇપણ વ્યક્તિને, નૈતિક અધઃપતનવાળો ગંભીર ગુનો ગણાય તે ગુના માટે દોષિત ઠરાવી હોય, તો અથવા સંબંધિત સભ્યએ ધરાવેલા હોદ્દા માટે યોગ્ય ન હોય તેવી વર્તણૂક કરેલી હોય, તો યુનિવર્સિટીના કોઇ અધિકારમંડળ અથવા મંડળમાંથી આવી કોઇ વ્યકિતને સભ્યપદ પરથી દૂર કરી શકશે.

પરંતુ, કાયદાની સક્ષમ કોર્ટે તેવી વ્યકિતને દોષિત ઠરાવી હોય, ત્યારે કુલાધિપતિની પૂર્વ-મંજૂરી જરૂરી રહેશે નહિ:

વધુમાં, કોઇ વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, તેની વિરુદ્ધ આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

(૩) યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળની સભ્ય હોય તેવી વ્યકિત, યુનિવર્સિટીના હોય કે ન હોય, તેવા કોઇ બીજા મંડળના પ્રતિનિધિ તરીકે હોય, ત્યારે તે, જે બીજા મંડળ કે જેમાં તેની નિમણૂક અથવા નામનિયુકિત કરવામાં આવી હોય તેની સભ્ય હોતી તેની મુદતની સમાપ્તિ પહેલા બંધ થાય, તો, તે આવા અધિકારીમંડળ અથવા મંડળની સભ્ય હોતી બંધ થશે.

(૪) જ્યારે કોઇ વ્યક્તિ, યુનિવર્સિટીના કોઇ અધિકારમંડળ અથવા મંડળના તેણે ધરાવેલા હોદ્દાની રૂએ સભ્ય બને તો, તે તેના સભ્યપદની મુદત પૂરી થાય તે પહેલા

INDEX

તેવો હોદ્દો ધરાવતી બંધ થાય, તો તે તરત જ આવા અધિકારીમંડળ અથવા મંડળની સભ્ય હોતી બંધ થશે:

પરંતુ ચાર મહિનાથી વધુ નહિ તેટલી મુદતની રજા પર જવાના કારણમાત્રથી પોતાનો હોદ્દો ધરાવતો બંધ થયો છે એમ ગણાશે નહિ.

(૫) યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળનો હોદ્દાની રૂએ સભ્ય હોય, તે સિવાયનો કોઈ સભ્ય, કુલપતિને ઉદ્દેશીને પત્ર લખીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, કુલપતિ સ્વીકારે તો, તે કુલપતિને રજૂ કર્યાની તારીખથી અમલમાં આવશે.

પ્રકરણ ૪

યુનિવર્સિટીના અધિકારીઓ

યુનિવર્સિટીના અધિકારીઓ.

૨૨. યુનિવર્સિટીના અધિકારીઓ નીચે પ્રમાણે રહેશે:-

(૧) કુલાધિપતિ;

(૨) કુલપતિ;

(૩) સંશોધનના નિયામક અને અનુસ્નાતક અભ્યાસના ડીન;

(૪) વિસ્તરણ શિક્ષણના નિયામક;

(૫) ડીન;

(૬) રજિસ્ટ્રાર;

(૭) કોમ્પ્ટ્રોલર;

(૮) સ્ટેચ્યૂટથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાં હોય તેવા બીજા અધિકારીઓ.

કુલાધિપતિ.

૨૩. (૧) ગુજરાત રાજ્યના રાજ્યપાલ, તેમના હોદ્દાની રૂએ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

(૨) કુલાધિપતિ, યુનિવર્સિટીના વડા બનશે અને યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે હાજર હોય ત્યારે, અધ્યક્ષસ્થાન સંભાળશે.

INDEX

(૩) કુલાધિપતિ, લેખિતમાં આદેશ દ્વારા, યુનિવર્સિટીના અધિકારી અથવા કોઇ અધિકારીમંડળનો કોઇ હુકમ અથવા કાર્યવાહીઓ, કે જે આ અધિનિયમ અને સ્ટેચ્યૂટ સાથે અનુરૂપ ન હોય તેને, તેઓ રદ કરી શકશે:

પરંતુ આવો કોઇ હુકમ કરતાં પહેલાં તેમણે સંબંધિત અધિકારી અથવા અધિકારીમંડળને આવો હુકમ કેમ ન કરવો તેનું કારણ દર્શાવવા જણાવશે અને આ સંબંધમાં કોઇ યોગ્ય કારણ, નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદામાં દર્શાવવામાં આવ્યું હોય તો, તેઓ તેને વિચારણામાં લેશે અને યોગ્ય હુકમો પસાર કરશે.

(૪) કુલાધિપતિ, આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટથી તેમને મળેલી તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

૨૪. (૧) રાજય સરકાર, કુલપતિની નિમણૂક, પેટા-કલમ (૩) હેઠળના હેતુ માટે રચાયેલી શોધ સમિતિએ ભલામણ કરેલી ત્રણ વ્યકિતઓમાંથી કરવી જોઇશે. કુલપતિ.

(૨) કુલપતિ તરીકે નિમણૂકને પાત્ર થવા માટે, કોઇ વ્યકિત, ગુજરાત રાજયમાં ઓછામાં ઓછા દસ વર્ષના વહીવટી અનુભવ સહિત કૃષિ વિકાસમાં ઉત્કૃષ્ટતા ધરાવતો હોવો જોઇશે અને તેમણે નેતૃત્વ ગુણ સિદ્ધ કરેલા હોવા જોઇશે તથા તેમની પાંસઠ વર્ષની ઉંમર થઇ હોવી જોઇશે નહિ.

(૩) કુલપતિએ, પેટા-કલમ (૧)ના હેતુ માટે, નીચેના સભ્યોની બનેલી શોધ સમિતિની રચના કરવી જોઇશે:-

(૧) મહાનિયામક, આઇ.સી.એ.આર. (ICAR) અથવા તેમના નામનિયુક્ત;

(૨) રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાની કુલપતિના દરજ્જાની અથવા તેની સમકક્ષના દરજ્જાની એક વ્યક્તિ;

(૩) કુલાધિપતિના એક નામનિયુક્ત, જેઓ, શોધ સમિતિના નિમંત્રક (કન્વીનર) અને અધ્યક્ષ રહેશે;

(૪) તે રીતે નિમાયેલ સમિતિએ, વધુમાં વધુ આઠ અઠવાડિયાની અંદર અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તે રીતે, કુલપતિ તરીકે નીમવા માટે પોતાને યોગ્ય જણાય તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરવી જોઇશે અને સ્ટેચ્યૂટની ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો સાથે, આવી રીતે પસંદ કરાયેલી વ્યકિતઓના નામોની ભલામણ રાજય સરકારને કરવી જોઇશે.

INDEX

(૫) કુલપતિ પાંચ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે :

પરંતુ કુલપતિ તરીકે નિમાયેલી કોઇ વ્યકિત સિત્તેર વર્ષની ઉંમરે પહોંચે ત્યાર પછી તે તરીકેનો પોતાનો હોદ્દો ધરાવવાનું ચાલું રાખી શકશે નહિ.

(૬) કુલપતિને ચૂકવવાના મળતર અને જેને અધીન રહીને તેઓ હોદ્દો ધરાવશે તેવી બોલીઓ અને શરતો, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) અથવા ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ (ICAR)ના ધોરણોને આધારે રાજય સરકાર નિર્ધારિત કરે તેવી રહેશે.

(૭) (ક) કુલપતિની રજા અથવા તેમની ગેરહાજરી દરમિયાન, અથવા

(ખ) કુલપતિને હોદ્દો કાયમી રીતે ખાલી પડે તેવા પ્રસંગે, તે હોદ્દા પર પેટા-કલમ (૧) હેઠળ નિમણૂક કરવામાં આવે નહિ ત્યાં સુધી તે જગાનો હવાલો, કુલપતિની પૂર્વ-મંજૂરીથી, યુનિવર્સિટીના સૌથી સિનિયર નિયામક, ડીન અથવા રજિસ્ટ્રાર-ને આપવો જોઇશે અને તેમણે કુલપતિના હોદ્દાની ચાલુ ફરજો બજાવવી જોઇશે.

(૮) કુલપતિ, એક મહિનાની નોટિસ આપ્યા પછી, કુલાધિપતિને સંબોધીને, પોતાની સહીથી લેખિતમાં, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, કુલાધિપતિ જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

(૯) કુલાધિપતિને એવી ખાતરી થાય કે પદધારી (કુલપતિ),-

(ક) અસ્થિર મગજનો બન્યો છે અને સક્ષમ કોર્ટે તેને એવી રીતે જાહેર કર્યો છે;

(ખ) નૈતિક અધઃપતન સહિતના કોઇ ગુના માટે કોર્ટે દોષિત ઠરાવ્યો છે;

(ગ) નાદાર ઠર્યો છે અને સક્ષમ કોર્ટે તેને તેવી રીતે જાહેર કર્યો છે;

(ઘ) શારીરિક રીતે અક્ષમ બન્યો છે અને લાંબી માંદગી અથવા શારીરિક અશકતતાને કારણે કાર્યો બજાવવા અસમર્થ બન્યો છે;

(ચ) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં જાણીબુઝીને ચૂક કરી છે અથવા તેનો ઇનકાર કર્યો છે અથવા રાજય સરકારે નિર્ધારિત કર્યા પ્રમાણેની સેવાની બોલીઓ અને શરતો પૈકીની કોઇપણ બોલી અને શરતનો ભંગ કર્યો છે અથવા તેમનામાં નિહિત થયેલી સત્તાનો દુરુપયોગ કર્યો છે અથવા કુલપતિના હોદ્દા ઉપર તેમને ચાલુ રાખવાનું યુનિવર્સિટીના હિતને હાનિકારક છે;

તો, કુલપતિને તેમના હોદ્દા પરથી દૂર કરી શકશેઃ

પરંતુ કુલપતિને સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય, તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહિ.

(૧૦) કોઇ વ્યકિત,-

(૧) તેઓ સંસદ સભ્ય અથવા કોઇ રાજય વિધાનમંડળના અથવા કોઇ સ્થાનિક સત્તામંડળની સભ્ય હોય;

(૨) તેઓ રાજકીય પક્ષની સભ્ય હોય; અથવા

(૩) તેઓ પેટા-કલમ (૯)માં જણાવ્યા પ્રમાણેની ગેરલાયકાતો ધરાવતી હોય,

તો, તેમને કુલપતિ તરીકે નીમવા માટે અથવા તે તરીકે ચાલુ રહેવા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

કુલપતિની સત્તા અને ફરજો.

૨૫. (૧) કુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય કારોબારી અધિકારી રહેશે અને હોદ્દાની રૂએ, બોર્ડ, એકેડેમિક કાઉન્સિલ અને બીજા અધિકારીમંડળોના અધ્યક્ષ રહેશે અને તે, કુલાધિપતિની ગેરહાજરીમાં, યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં અધ્યક્ષસ્થાન લેશે અને પદવીઓ મેળવવા હકદાર હોય તેવી વ્યક્તિઓને પદવીઓ એનાયત કરશે.

(૨) કુલપતિ, યુનિવર્સિટીના કામકાજ પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવશે અને તેઓ, યુનિવર્સિટીમાં શિસ્તની યોગ્ય જાળવણી માટે જવાબદાર ગણાશે.

(૩) (ક) કુલપતિને, સંચાલક મંડળ, એકેડેમિક કાઉન્સિલ, સંશોધન પરિષદ અને વિસ્તરણ પરિષદ બેઠકો બોલાવવાની સત્તા રહેશે.

(ખ) કુલપતિ, યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીને, ખંડ (ક) હેઠળની સત્તા સોંપી શકશે.

INDEX

(૪) કુલપતિ, આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અને વિનિયમોની જોગવાઇઓનું પાલન સુનિશ્ચિત કરશે.

(૫) કુલપતિ, બોર્ડને વાર્ષિક નાણાકીય અંદાજો અને વાર્ષિક હિસાબોની રજૂઆત માટે જવાબદાર ગણાશે.

(૬) કુલપતિ, પોતાના અભિપ્રાય મુજબ તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી જણાય તેવા કોઇ આકસ્મિક સંજોગોમાં કોઇ પગલું લઇ શકશે. તેઓ, એવા કિસ્સામાં અને ત્યારપછી તરત જ, સામાન્ય રીતે તે બાબતની બહાલી માટે તજવીજ કરતા હોય તેવા અધિકારમંડળોને પોતાના પગલાં અંગેનો અહેવાલ આપશે. અધિકારીમંડળ, કુલપતિના પગલાં સાથે અસંમત થાય તો, તે બાબત કુલાધિપતિને પુછાણ અર્થે મોકલવી જોઇશે, જેમનો નિર્ણય આખરી ગણાશે.

(૭) પેટા-કલમ (૬) હેઠળ કુલપતિએ લીધેલું કોઇ પગલું, યુનિવર્સિટીની સેવામાંની કોઇ વ્યક્તિને ગેરલાભ થાય તે રીતે તેને અસર કરે ત્યારે, જે તારીખે આવી વ્યક્તિને લીધેલાં પગલાંની નોટિસ બજાવવામાં આવી હોય તે તારીખથી ત્રીસ દિવસની અંદર તેવી વ્યક્તિ, બોર્ડને અપીલ કરી શકશે.

(૮) કુલપતિને એવી ખાતરી થાય કે બોર્ડનો નિર્ણય યુનિવર્સિટીના શ્રેષ્ઠ હિતમાં નથી તો, તેઓ, કુલાધિપતિને તે બાબત પુછાણ અર્થે મોકલી આપશે, જે ઉપરનો તેમનો નિર્ણય આખરી ગણાશે.

(૯) પૂર્વવર્તી પેટા-કલમોની જોગવાઇઓને અધીન રહીને, કુલપતિ, યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓની નિમણૂકો, બઢતીઓ અને તેમની બરતરફી સંબંધી બોર્ડના નિર્ણયોનો અમલ કરશે.

(૧૦) કુલપતિ, યુનિવર્સિટીના કામકાજના યોગ્ય વહીવટ માટે અને અધ્યાપન, સંશોધન અને વિસ્તરણના ઘનિષ્ઠ સંકલન અને એકીકરણ માટે જવાબદાર ગણાશે.

(૧૧) કુલપતિ, આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઇઓ હેઠળ તેમને આપવામાં આવે અથવા તેમના પર નાખવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

યુનિવર્સિટીના બીજા અધિકારીઓ.

૨૬. કુલપતિ, બોર્ડ અથવા યુનિવર્સિટીના નામનિયુક્ત મંડળની મંજૂરીથી, કલમ ૨૨ના ખંડ (૮)માં ઉલ્લેખ્યા પ્રમાણેના યુનિવર્સિટીના બીજા અધિકારીઓની નિમણૂક, ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ કરી શકશે:

પરંતુ કુલપતિ, યુનિવર્સિટીના બોર્ડ અથવા તેવા નામનિયુક્ત મંડળની જાણ હેઠળ છ મહિનાની મુદત સુધી કામચલાઉ પગલાં તરીકે આવા બીજા અધિકારીઓની નિમણૂકો કરી શકશે.

સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસોના ડીન.

૨૭. (૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસોના ડીન, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને બોર્ડની પૂર્વ-મંજૂરીથી કુલપતિએ તેમની નિમણૂક કરવી જોઇશે.

(૨) નિયામકની લાયકાતો, તેના મળતરો અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) તેઓ કલમ ૩૩માં નિયત કર્યા પ્રમાણે યુનિવર્સિટીમાં અનુસ્નાતક અભ્યાસો અને સંશોધન કાર્યક્રમોના નિર્દેશ અને સંકલન માટે તથા સંશોધન મથકોની કાર્યક્ષમ કામગીરી માટે જવાબદાર ગણાશે.

(૪) નિયામક, ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૫) નિયામક, કુલપતિ દ્વારા વખતોવખત તેમને સોંપવામાં આવે તેવી બીજી ફરજો પણ બજાવશે.

વિસ્તરણ શિક્ષણ નિયામક.

૨૮. (૧) વિસ્તરણ શિક્ષણ નિયામક, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને બોર્ડની પૂર્વ-મંજૂરીથી કુલપતિએ તેમની નિમણૂક કરવી જોઇશે.

(૨) વિસ્તરણ શિક્ષણ નિયામકની લાયકાતો, તેના મળતરો અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે;

(૩) તેઓ કલમ ૩૪માં નિયત કર્યા પ્રમાણેના કૃષિ વિસ્તરણ કાર્યક્રમો માટે જવાબદાર ગણાશે.

(૪) તેઓ વિદ્યાર્થીઓની સલાહ મસલત અને પરામર્શના કાર્યક્રમ તથા સંભવિત નિયોક્તા અને રોજગાર એજન્સીના સહયોગથી યાદીમાં નામ નોંધવા માટે,

INDEX

યુનિવર્સિટીના સ્નાતકોને નોકરી અપાવવામાં સહાય કરવા તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં શિસ્તને પ્રોત્સાહિત કરવા માટે કાર્યક્રમનું આયોજન કરશે અને માર્ગદર્શન આપશે.

(૫) તેઓ, રમતગમત, સાંસ્કૃતિક અને બીજી મનોરંજન પ્રવૃત્તિઓ, નેશનલ કેડેટ કોર્પ્સ (એન.સી.સી.), રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.), સંચાર કૌશલ્ય સુધારણા તથા બીજી અન્ય સંલગ્ન પ્રવૃત્તિઓ જેવી વિદ્યાર્થીઓની અભ્યાસેતર પ્રવૃત્તિઓનું આયોજન કરીને તેની વ્યવસ્થા કરશે.

(૬) તેઓ વિદ્યાર્થીઓના છાત્રાલય, અલ્પાહારગૃહ અને ભોજનાલયની વ્યવસ્થા કરશે અને તેની વ્યવસ્થા (મેનેજમેન્ટ)ની દેખરેખ કરશે.

(૭) તેઓ, યુનિવર્સિટીમાં તબીબી અને આરોગ્ય સેવાઓ તથા બીજી કલ્યાણકારી પગલાંની દેખરેખ રાખશે અને તેનું નિયંત્રણ કરશે.

(૮) વિસ્તરણ શિક્ષણ નિયામક, ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૯) વિસ્તરણ શિક્ષણ નિયામક, કુલપતિ દ્વારા વખતોવખત તેમને સોંપવામાં આવે તેવી બીજી ફરજો પણ બજાવશે.

ડીન. ૨૯. (૧) દરેક વિદ્યાશાખા માટે ડીન અથવા યથાપ્રસંગ, કોલેજના ડીન રહેશે, જેમને ઠરાવવામાં આવે તેવી રીતે પસંદ કરવા જોઇશે;

(૨) ડીન, કોલેજના વડા રહેશે અને કોલેજમાં અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટે જવાબદાર ગણાશે.

(૩) વિદ્યાશાખાના ડીન, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને વધારાની ત્રણ વર્ષની મુદત માટે તેઓ તે હોદ્દા પર પસંદ થવા માટે પાત્ર થશે.

(૪) વિદ્યાશાખાના ડીન, સંબંધિત વિદ્યાશાખાની અભ્યાસ સમિતિના અધ્યક્ષ રહેશે અને વિદ્યાશાખાના અધ્યાપકીય કાર્યક્રમની વ્યવસ્થા અને તેના અમલીકરણ માટે કુલપતિને જવાબદાર રહેશે.

(૫) દરેક વિદ્યાશાખાના ડીન, તે વિદ્યાશાખાને લગતા સ્ટેચ્યૂટ અને વિનિયમોના યોગ્ય પાલન માટે જવાબદાર ગણાશે.

(૬) ડીન ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવા બીજા કાર્યો કરશે તથા ફરજો બજાવશે.

(૭) ડીન, કુલપતિ તેમને વખતોવખત સોંપે તેવી બીજી ફરજો પણ બજાવશે.

રજિસ્ટ્રાર. ૩૦. (૧) રજિસ્ટ્રાર, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને હોદ્દાની રૂએ બોર્ડના સેક્રેટરી અને યુનિવર્સિટીની તમામ કાઉન્સિલની બેઠકોમાં કાયમી આમંત્રિત રહેશે.

(૨) કુલપતિ, બોર્ડની પૂર્વ-મંજૂરીથી તેમની નિમણૂક કરશે અને તેમની લાયકાતો, તેમના મળતરો અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે;

(૩) તેઓ, યુનિવર્સિટીના રેકર્ડ અને સામાન્ય મહોર (Common Seal)ની યોગ્ય કસ્ટડી માટે જવાબદાર રહેશે.

(૪) તેઓ, યુનિવર્સિટીમાં ઠરાવવામાં આવે તેવી મહેકમની બાબતો અને સામાન્ય વહીવટ માટે જવાબદાર રહેશે.

(૫) તેઓ, લીધેલા અભ્યાસક્રમો, મેળવેલા (અભ્યાસક્રમ પૂરો કર્યાના) પ્રમાણપત્રો, પદવીઓ, ઇનામો અથવા બીજા વિશિષ્ટમાનો તથા વિદ્યાર્થીઓના શૈક્ષણિક દેખાવ અને શિસ્તને લગતી બીજી બાબતો સહિત યુનિવર્સિટીમાં પરીક્ષાઓમાં પ્રવેશ અને તેના સંચાલન અને વ્યવસ્થા, વિદ્યાર્થીઓના કાયમી રેકર્ડના નિભાવ માટે જવાબદાર રહેશે.

(૬) રજિસ્ટ્રાર, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૭) રજિસ્ટ્રાર, કુલપતિ તેમને વખતોવખત સોંપે તેવી બીજી ફરજો પણ બજાવશે.

કોમ્પ્ટ્રોલર (નિયંત્રક). ૩૧. (૧) કુલપતિએ, બોર્ડની પૂર્વ-મંજૂરીથી કમ્પ્ટ્રોલર (નિયંત્રક)ની નિમણૂક કરવી જોઇશે અને તેમની લાયકાતો, તેમના મળતર અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) તેઓ યુનિવર્સિટીના બજેટ, હિસાબ-પત્રક તૈયાર કરવા અને તેના ફંડ અને રોકાણનો વહીવટ કરવા માટે જવાબદાર રહેશે.

(૩) તેઓ, યુનિવર્સિટી દ્વારા અધિકૃત કર્યા પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે છે તેવું સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે.

(૪) તેઓએ યુનિવર્સિટીના વિવિધ એકમો દ્વારા નિભાવવા (જાળવવા)માં આવતા હિસાબોની સમયાંતરે આંતરિક ચકાસણી ગોઠવવી જોઇશે.

INDEX

(૫) તેઓ બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલા નમૂનામાં અને તેવી રીતે યુનિવર્સિટીના હિસાબો નિભાવવા માટે અને રોકડ તથા બેન્ક સિલકની સ્થિતિ ઉપર અને રોકાણની સ્થિતિ ઉપર સતત દેખરેખ રાખવા માટે જવાબદાર રહેશે.

(૬) તેઓએ જોવું જોઇશે કે અસ્કયામતોના રજિસ્ટરોની અદ્યતન નિભાવણી (જાળવણી) થાય છે અને જથ્થાની નિયમિત ચકાસણીનું સંચાલન કરવામાં આવે છે.

(૭) તેઓ સ્ટેચ્યૂટ દ્વારા ઠરાવવામાં આવે તેવા બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૮) કોમ્પ્ટ્રોલર, કુલપતિ તેમને વખતોવખત સોંપે તેવી બીજી ફરજો પણ બજાવશે.

પ્રકરણ ૫

શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ

શૈક્ષણિક કાર્યક્રમો.

૩૨. (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીના શિક્ષણમાં, ઠરાવવામાં આવે તેવા ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) અને સંલગ્ન વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાંના અનુસ્નાતક અને ડોક્ટરલ પદવી કાર્યક્રમો, ટૂંકી મુદતના ડિપ્લોમા, પ્રમાણપત્ર અથવા વ્યાવસાયિક અભ્યાસક્રમોનો સમાવેશ થશે.

(૨) શૈક્ષણિક કાર્યક્રમો, રાજ્ય અને રાષ્ટ્રની નીતિ સાથે સુસંગતતા જાળવશે.

(૩) યુનિવર્સિટીએ, ઇ-લર્નિંગ, વિતરિત અથવા દૂરવર્તી શિક્ષણ, જ્ઞાનના આદાન-પ્રદાનને સમર્થ બનાવતા ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજિ (આઇસીટી)વિ. ને ગતિશીલ બનાવવા માટે પહેલ કરવી જોઇશે.

સંશોધન.

૩૩. (૧) આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીએ ઓર્ગેનિક એગ્રિકલ્ચરમાં વ્યૂહાત્મક, પાયાનું અને પ્રયોજિત સંશોધન ચાલુ રાખવું જોઇશે.

(૨) યુનિવર્સિટી, પોતાના સંશોધન સંગઠન મારફત, ઓર્ગેનિક એગ્રિકલ્ચર, પશુપાલન અને તેની હકૂમતમાંની બીજી સંલગ્ન શાખાઓમાંની સંશોધન પ્રવૃત્તિઓમાં નિયંત્રણની મુખ્ય એજન્સી તરીકે રહેશે.

(૩) યુનિવર્સિટી કાર્ય સંશોધન સહિત સંશોધનનું સંચાલન કરવા માટે, તેની પ્રાદેશિક હકૂમતમાં આવતાં જુદા જુદા એગ્રો-ક્લાઇમેટિક (કૃષિ આબોહવાવિષયક) ઝોનમાં પ્રાદેશિક અને ઝોનલ સંશોધન મથકો તથા પેટા-મથકો સ્થાપી શકશે.

વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો.

૩૪. (૧) યુનિવર્સિટીમાં વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો સ્થાપવામાં આવશે અને આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઇઓને અધીન રહીને, ત્વરિત કૃષિવિષયક વિકાસ

INDEX

માટે ખેડૂતો અને બીજી વ્યક્તિઓને સંશોધનને લગતા તારણો પર આધારિત તકનિકી મૂલ્યાંકન અને સુધારણા તથા ટેક્નોલોજિ સ્વીકારવાની બાબતને સુગમ બનાવવાનું સુનિશ્ચિત કરશે. યુનિવર્સિટી જુદા જુદા સ્ટેક હોલ્ડરોના લાભ માટે, નિદર્શનો અને તાલીમ કાર્યક્રમોનું સંચાલન કરશે. વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમોનું યુનિવર્સિટીના જુદા જુદા એકમો અને કેન્દ્ર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારની બીજી સમૂચિત એજન્સીઓ સાથે સંકલન કરવામાં આવશે.

(૨) રાજ્યમાં ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ વિસ્તરણ શિક્ષણના નમૂના વિકસાવવા માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે.

અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણનું એકીકરણ.

૩૫. (૧) યુનિવર્સિટીના સમુચિત અધિકારીઓ સાથે વિચારવિનિમય કરીને, કુલપતિ યુનિવર્સિટીની અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓના સંપૂર્ણ એકીકરણ માટે જરૂરી હોય તેવા પગલાં લેવા માટે જવાબદાર રહેશે.

(૨) અધ્યાપન સંવર્ગમાં સંકળાયેલા દરેક વિદ્યાશાખાના સભ્યએ, અધ્યાપન ઉપરાંત સંશોધન અથવા વિસ્તરણ શિક્ષણ હાથ ધરવા માટે, શૈક્ષણિક વર્ષમાં કુલપતિ, યુનિવર્સિટીના સમુચિત અધિકારીઓ સાથે વિચારવિનિમય કરીને, નક્કી કરવામાં આવે તેટલો સમય આપવો જોઇશે. તેવી જ રીતે, સંશોધન અથવા વિસ્તરણ શિક્ષણ સાથે સંકળાયેલા દરેક વિદ્યાશાખાના સભ્યએ, અધ્યાપન (કાર્ય)માં થોડો સમય આપવો જોઇશે.

(૩) કોલેજમાં આવેલા તમામ અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કર્મચારી વર્ગ (સ્ટાફ), કોલેજના ડીનના વહીવટી નિયંત્રણ અને સંશોધન નિયામક અથવા યથાપ્રસંગ, વિસ્તરણ શિક્ષણ નિયામકના સમગ્ર તકનિકી (ટેક્નિકલ) નિયંત્રણ હેઠળ રહેશે.

(૪) યુનિવર્સિટી, રાજ્યની પ્રાદેશિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, તેના સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમનો વિકાસ કરશે તથા સરકાર અને બીજા સ્ટેક હોલ્ડરોને યોગ્ય પ્રોદ્યોગિક (ટેકનોલોજિકલ) બેકસ્ટોપિંગ (સુરક્ષા) પૂરું પાડશે.

પ્રકરણ ૬

નાણા

યુનિવર્સિટીનું ફંડ.

૩૬. (૧) યુનિવર્સિટીનું સામાન્ય ફંડ રહેશે. યુનિવર્સિટી ફંડ નીચેનાનું બનશે અને તેમાં નીચેની રકમ કરી શકાશે :

INDEX

(ક) ફી, દેણગી અને ગ્રાન્ટમાંથી મળતી આવક અને છાત્રાલય, પ્રયોગાત્મક કેન્દ્રો અને ખેતરો સહિત યુનિવર્સિટીની અસ્કયામતોમાંથી મળતી આવક;

(ખ) આ અધિનિયમની જોગવાઇઓ સાથે સુસંગત હોય તેવી શરતો પર, રાજ્ય સરકાર તરફથી મળેલો કોઇ ફાળો અને અનુદાન (ગ્રાન્ટ) ;

(ગ) બીજા ફાળા, અનુદાન (ગ્રાન્ટ), દાન, વસિયતી દાન અને લોન અને બીજી આવકો.

(૨) યુનિવર્સિટી-એ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા તે ફંડમાં જમા કરાવા માટે માન્ય કરાયેલી એજન્સી તરફથી મળેલા ફાળા અને અનુદાન (ગ્રાન્ટ)માંથી ફાઉન્ડેશન ફંડ તરીકે ઓળખાતું એક ફંડ બનાવશે તથા બોર્ડ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી રકમ, આ ફંડમાં જમા કરવામાં આવશે. બોર્ડને જ્યારે જરૂરી લાગે તેમ અને ત્યારે ઠરાવેલી રીતે નિર્દિષ્ટ કરેલી રકમની ફેરબદલી ફાઉન્ડેશન ફંડમાંથી સામાન્ય ફંડમાં કરી શકશે.

(૩) યુનિવર્સિટીએ હિસાબોના પત્રક, અહેવાલો (રિપોર્ટ) અને સરકાર દ્વારા આપવામાં આવેલી કોઇ અનુદાન (ગ્રાન્ટ)ને લગતી બીજી વિગતો, સરકારને પૂરી પાડવી જોઇશે તથા તેવા પગલાં લેવા જોઇશે અને સરકાર ફરમાવે તેવા સમયગાળાની અંદર અને તેવી રીતે કોઇ અનુદાનના ઉપયોગને લગતા તેવા પત્રકો, હિસાબો, અહેવાલો અને બીજી વિગતો પૂરી પાડવી જોઇશે.

(૪) યુનિવર્સિટી પોતાના ઉદ્દેશોને પ્રોત્સાહન આપવા માટે, યુનિવર્સિટી અને અનુદાન આપનાર અથવા દાન કરનાર વચ્ચે સંમતિ આપવામાં આવે તેવી શરતો હેઠળ રાજય સરકાર અથવા બીજી કોઇ રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર અથવા વૈધાનિક મંડળો પાસેથી અનુદાન અથવા દેણગી અથવા દાન સ્વીકારી શકશે.

ફંડનું સંચાલન.

૩૭. યુનિવર્સિટીના સામાન્ય ભંડોળ, ફાઉન્ડેશન ફંડ અને બીજા ફંડનું સંચાલન, સ્ટેચ્યૂટથી ઠરાવેલ જોગવાઇઓ અનુસાર કરવું જોઇશે.

હિસાબ અને ઓડિટ.

૩૮. યુનિવર્સિટીના (દ્વિ-નોંધી નામાપદ્ધતિની વ્યવસ્થાના આધારે) હિસાબોના વાર્ષિક પત્રક, કોમ્પ્ટ્રોલર-એ તૈયાર કરવા જોઇશે અને બોર્ડ દ્વારા નામનિયુક્ત થયેલા અથવા અધિકૃત કરેલા અધિકારીમંડળે તેને પ્રમાણિત કરવા જોઇશે. પત્રકમાં, કોઇપણ સ્ત્રોતમાંથી યુનિવર્સિટીને જમાં મળતાં અથવા યુનિવર્સિટીએ મેળવેલા તમામ નાણા અને યુનિવર્સિટીએ ચુકવેલી અને ખર્ચ કરેલી તમામ રકમનો સમાવેશ થશે. બોર્ડે સામાન્ય

રીતે, જે નાણાકીય વર્ષને લગતા આવા પત્રક હોય તે વર્ષ પૂરું થયા પછી છ મહિનાની અંદર આ પત્રક સરકારને રજૂ કરવું જોઇશે.

વાર્ષિક અહેવાલ (રિપોર્ટ).

૩૯. યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ (રિપોર્ટ), કુલપતિના માર્ગદર્શન હેઠળ મુકરર કરવામાં આવે તેવા રજિસ્ટ્રાર અથવા બીજા કોઇ અધિકારી દ્વારા સામાન્યપણે નાણાકીય વર્ષ પૂરું થયાના છ મહિનાની અંદર તૈયાર કરવો જોઇશે અને જે બેઠકમાં તેની વિચારણા કરવાની હોય તે બેઠક સમક્ષ બોર્ડના સભ્યોને તે વાર્ષિક અહેવાલ પરિપત્રિત કરવો જોઇશે. બોર્ડે, વાર્ષિક અહેવાલ અંગે વિચારણા કર્યા પછી, તેની એક નકલ રાજય સરકારને મોકલવી જોઇશે.

સરકારી અનુદાન (ગ્રાન્ટ).

૪૦. રાજ્ય સરકાર, દર વર્ષે નીચેનું ઊચક અનુદાન યુનિવર્સિટીને આપી શકશે:-

(૧) યુનિવર્સિટીની યોગ્ય કામગીરી માટે, સ્ટાફની આકસ્મિકતા પગાર અને ભથ્થાં, પુરવઠા અને યુનિવર્સિટીની સેવા અંગે અંદાજિત ખર્ચ કરતાં ઓછી ન હોય તેટલી રકમનું અનુદાન;

(૨) યુનિવર્સિટીના નિવૃત્તિ વેતન મેળવનાર વ્યક્તિઓ (પેન્શનરો)ના વાસ્તવિક પેન્શન અને તમામ બીજી નિવૃત્તિની જવાબદારીઓને પરિપૂર્ણ કરવા માટે અનુદાન ; અને

(૩) પંચવર્ષીય યોજનામાં સમાવિષ્ટ યોજનાઓના સંબંધમાં યુનિવર્સિટીને વાર્ષિક યોજનામાંના ચોખ્ખા મૂડીરોકાણને સમાન અને યુનિવર્સિટીએ અમલ માટે તેને તબદીલ કરેલ રકમનું બિન-રદપાત્ર ઉચક અનુદાન.

નાણા સમિતિ.

૪૧. (૧) બોર્ડની નાણા સમિતિ, નીચેના સભ્યોની બનશે:

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ગુજરાત સરકારના નાણા વિભાગના સચિવ, નાણા વિભાગ અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુકત;

(૩) ગુજરાત સરકારના સચિવ, કૃષિ વિભાગ અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) કુલપતિ દ્વારા નામનિયુક્ત કરવાના બોર્ડના સભ્યોમાંથી એક નિયામક અથવા ડીન;

(૫) બોર્ડના એક નામનિયુકત;

INDEX

(૬) નિયંત્રક-સભ્ય-સચિવ.

રજીસ્ટ્રાર, બિન-સભ્ય આમંત્રિત તરીકે રહેશે.

(૨) નાણા સમિતિ નીચેના કાર્યો કરશે:-

(૧) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો અને બજેટ (અંદાજપત્રીય) અંદાજો ચકાસવા તથા બોર્ડને તે અંગે સલાહ આપવી;

(૨) યુનિવર્સિટીની નાણાકીય સ્થિતિની વખતોવખત સમીક્ષા કરવી;

(૩) યુનિવર્સિટીની તમામ નાણાકીય નીતિવિષયક બાબતો પર બોર્ડને ભલામણો કરવી.

પ્રકરણ ૭

સ્ટેચ્યૂટ અને વિનિયમો

સ્ટેચ્યૂટ. ૪૨. આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીના સ્ટેચ્યૂટથી, યુનિવર્સિટીના કામકાજ સાથે સંકળાયેલી કોઇ બાબત માટે જોગવાઇ કરી શકાશે અને વ્યાપકતાને બાધ સિવાય, ખાસ કરીને નીચેની બાબતો માટે જોગવાઇ કરશે:-

(૧) અધિકારીમંડળોની રચના, તેમની સત્તા અને તેમની ફરજો;

(૨) યુનિવર્સિટીની શૈક્ષણિક અવધિ સુધારવા માટે જરૂરી અથવા ઇચ્છનીય હોય તેવી અન્ય સંસ્થાઓ અથવા સમિતિઓ ઊભી કરવા બાબત, તેની રચના અને તેના કાર્યો;

(૩) હોદ્દા, સત્તા, કાર્યો, ફરજો, નિમણૂકની રીત અને પસંદગી, મળતર તથા કુલાધિપતિ અને કુલપતિ સિવાયના અધિકારીઓની સેવાની બોલીઓ અને શરતો;

(૪) વર્ગીકરણ, હોદ્દો, લાયકાત અને નિમણૂકની રીત, મળતર, યુનિવર્સિટીના અધ્યાપકો અને બિનશૈક્ષણિક સ્ટાફની સેવાની બોલીઓ અને શરતો અને ફરજો;

(૫) કુલપતિની સેવાની બોલીઓ અને શરતો;

(૬) યુનિવર્સિટીની વિદ્યાશાખાઓ, વિભાગો, સંશોધન મથકો, કેન્દ્રો અથવા અન્ય એકમો (યુનિટ)નું મેહકમ, જોડાણ (એકીકરણ), પેટા-વિભાજન, અથવા તેની નાબૂદી;

INDEX

(૭) યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભ માટે પેન્શનનું મહેકમ તથા વીમા યોજનાઓ અને આવી યોજનાઓના નિયમો, બોલીઓ અને શરતો;

(૮) પદવીઓ અને ડિપ્લોમા એનાયત કરવા માટે, પદવીદાન સમારંભ યોજવા;

(૯) માનદ પદવીઓ અને શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા અને તેને પાછા ખેંચવા;

(૧૦) યુનિવર્સિટી હેઠળ નોકરીમાં રાખવામાં આવ્યા હોય તેવા અધિકારીઓ, અધ્યાપકો અને બીજી વ્યક્તિઓને ચૂકવવાના મુસાફરી અને દૈનિક ભથ્થાં સહિત સેવાની શરતો, મહેનતાણાં અને ભથ્થાં ;

(૧૧) પરીક્ષણ સંસ્થાઓ અને પરીક્ષકોની નિમણૂકની શરતો અને પદ્ધતિ તથા તેમની ફરજો;

(૧૨) યુનિવર્સિટી દ્વારા જેને ફંડ પૂરું પાડવામાં આવ્યું હોય અથવા યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી હોય તેવી કોલેજ, કેન્દ્રો, ડિવિઝન, વિભાગો, પ્રાદેશિક મથકો, સી.ઓ.આઇ., કે.વી.કે. અને બીજી સંસ્થાઓનું સંચાલન;

(૧૩) અધ્યાપકો અને બીજા કર્મચારીવર્ગ (સ્ટાફ)ની નિમણૂક કરવા માટે પસંદગી સમિતિની રચના;

(૧૪) આ અધિનિયમ હેઠળ સ્ટેચ્યૂટથી જોગવાઇ કરવી જરૂરી હોય તેવી બીજી તમામ બાબતો.

સ્ટેચ્યૂટ ઘડવા, સુધારવા, રદ કરવા અને તેનો અમલ કરવા બાબત.

૪૩. (૧) બોર્ડ, કુલાધિપતિને તેમના સંમતિ માટે કલમ ૪૨ હેઠળ કરવાના સ્ટેચ્યૂટની દરખાસ્ત કરવી જોઇશે અને તે (સ્ટેચ્યૂટ), માત્ર કુલાધિપતિની સંમતિ મળ્યા પછી અને કુલપતિએ જાહેર કર્યા પછી જ માન્ય ગણાશે.

(૨) કુલાધિપતિની સંમતિથી બોર્ડ કોઇ સ્ટેચ્યૂટ સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

(૩) આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા તમામ સ્ટેચ્યૂટ, *રાજપત્ર*માં પ્રસિદ્ધ કરવા જોઇશે;

વિનિયમો.

૪૪. (૧) યુનિવર્સિટીના અધિકારીમંડળો, આ અધિનિયમને અને સ્ટેચ્યૂટને સુસંગત વિનિયમો, નીચેની બાબતો માટે ઘડી શકશે:-

INDEX

(૧) તેમની (અધિકારીમંડળોની) બેઠકો માટે કાર્યપદ્ધતિ અને કોરમ બનાવવા માટે જરૂરી હોય તેવા સભ્યોની સંખ્યા નિયત કરવા માટે;

(૨) જે બાબતો આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટ હેઠળ વિનિયમોથી નિયમન કરવાનું આ અધિનિયમ અને સ્ટેચ્યૂટથી ફરમાવવામાં આવે તેવી બાબતો માટે જોગવાઇ કરવાની;

(૩) એકમાત્ર અધિકારીમંડળને લગતી હોય અને આ અધિનિયમ અને સ્ટેચ્યૂટથી જોગવાઇ કરવામાં આવી ન હોય તેવી બીજી કોઇ બાબત માટેની જોગવાઇ કરવાની;

(૨) એકેડેમિક કાઉન્સિલ, આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઇઓને અધીન રહીને, અભ્યાસક્રમો, પરીક્ષાની પદ્ધતિ, શૈક્ષણિક કેલેન્ડર, યુનિવર્સિટીની પદવીઓ અને ડિપ્લોમા એનાયત કરવા અને નિવાસી પ્રશિક્ષણ સાથે સંકળાયેલી બીજી બાબતો માટેની જોગવાઇ કરતાં વિનિયમો કરી શકશે.

(૩) યુનિવર્સિટીના કોઇ અધિકારી મંડળે કરેલા વિનિયમો, બોર્ડ આ અર્થે વખતોવખત આપે તેવા આદેશોને અધીન રહેશે.

(૪) એકેડમિક કાઉન્સિલ નીચેની બાબતો માટે વિનિયમો કરી શકશે:

(૧) શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા અને પદવીઓ પાછી ખેંચવા બાબત;

(૨) યુનિવર્સિટીએ, તેના દ્વારા નિભાવાતા છાત્રાલયો સ્થાપવા અને બંધ કરવા;

(૩) અધ્યેતાવૃત્તિ, શિષ્યવૃત્તિ, સ્ટાઇપેન્ડ (પગાર), બર્સરિઝ (વિદ્યાર્થીઓને આપવામાં આવતી એક પ્રકારની શિષ્યવૃત્તિઓ કે છાત્રવૃત્તિઓ), પદકો અને ચંદ્રકો અને પુરસ્કાર શરૂ કરવા અને તે આપવા અંગેની શરતો;

(૪) યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અને તે તરીકે તેમની નોંધણી તથા તે તરીકે ચાલુ રાખવા અને નોંધણીમાંથી વિદ્યાર્થીઓને બાકાત કરવા માટેની શરતો અને કાર્યરીતિ;

(૫) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવે તેવી ફી;

(૬) યુનિવર્સિટીની તમામ પદવીઓ, ડિપ્લોમા અને પ્રમાણપત્રો માટે નિયત કરવાના અભ્યાસક્રમો ;

(૭) જે શરતો હેઠળ વિદ્યાર્થીઓને, યુનિવર્સિટીની પદવી, ડિપ્લોમા અથવા બીજા અભ્યાસક્રમો અને પરીક્ષાઓમાં પ્રવેશ આપવો જોઇશે તે શરતો અને પદવી અને ડિપ્લોમા આપવા માટેની તેમની પાત્રતા;

(૮) પદવી અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા માટેની શરતો;

(૯) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં શિસ્તની જાળવણી,

(૧૦) મહિલા વિદ્યાર્થીઓ માટે નિવાસ, વિદ્યાશાખા અને અધ્યાપન માટે કરવામાં આવે તેવી ખાસ વ્યવસ્થા કોઇ હોય, તો તે, અને મહિલાઓ માટે ખાસ અભ્યાસક્રમોની જોગવાઇઓ કરવા બાબત;

(૧૧) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નિવાસ માટેની શરતો અને છાત્રાલયમાં રહેવા માટે ફી લેવી (વસૂલ કરવી).

પ્રકરણ ૮
જોડાણ, માન્યતા અને એક્રેડિટેશન (સ્વીકૃતિ)

જોડાણ (એફિલિએશન)

૪૫. (૧) જૈવિક કૃષિ અને સંલગ્ન વિજ્ઞાનોનું શિક્ષણ આપવા માંગતા કેન્દ્ર અથવા કોલેજે, જે વર્ષમાં કેન્દ્ર અથવા કોલેજ શરૂ કરવા ધાર્યું હોય તેના અગાઉના વર્ષની ૩૧મી માર્ચથી મોડું નહિ તેટલા સમયમાં, યુનિવર્સિટી સાથે જોડાણ માટે રજિસ્ટ્રારને અરજી કરવી જોઇશેઃ

પરંતુ, કુલપતિની ભલામણ ઉપરથી, બોર્ડ, પોતાને એવી ખાતરી થાય કે તેમ કરવા માટેના ખાસ કારણો છે, તો તેવા કારણોની લેખિતમાં નોંધ કર્યા પછી, તારીખ ૩૧મી માર્ચ પછી રજિસ્ટ્રારને મોકલેલા અરજી પત્ર સ્વીકારી શકશે.

(૨) જોડાણ માટે અરજી કરતા કેન્દ્ર અથવા કોલેજે, બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલને એવી ખાતરી કરાવવી જોઇશે કે,-

(ક) કેન્દ્ર અથવા કોલેજ, નિયમિત રીતે રચાયેલ સંચાલક મંડળના વહીવટ હેઠળ રહેશે;

(ખ) અધ્યાપકીય સ્ટાફનું સંખ્યાબળ અને તેમની લાયકાતો અને તેમના હોદ્દાની મુદતનું નિયમન કરતી શરતો એવી રાખવામાં આવેલી છે કે

INDEX

કેન્દ્ર અથવા કોલેજ દ્વારા અપાતા જૈવિક કૃષિ અને સંલગ્ન વિજ્ઞાનના શિક્ષણ માટે અને કેન્દ્રો અથવા કોલેજો દ્વારા હાથ ધરવાના વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો અને જૈવિક કૃષિમાં સંશોધન કરવા અને માર્ગદર્શન આપવા માટે યોગ્ય જોગવાઇ થઇ શકે;

(ગ) જે મકાનોમાં કેન્દ્ર અથવા કોલેજ આવેલી હોય કે આવશે તે મકાનો યોગ્ય છે અને જે વિદ્યાર્થીઓ તેમના માતા-પિતા અથવા વાલીઓ સાથે રહેતા ન હોય તેવા વિદ્યાર્થીઓને કોલેજમાં નિવાસ માટે અથવા કેન્દ્રે અથવા કોલેજે મંજૂર કરેલ નિવાસગૃહ (લોજિંગ)માં રહેવા માટે અને વિદ્યાર્થીઓ પર દેખરેખ રાખવા તેમજ તેમના કલ્યાણ માટે અધ્યાદેશો સાથે સુસંગત રહીને જોગવાઇ કરવામાં આવી છે અથવા કરવામાં આવશે;

(ઘ) ગ્રંથાલય માટે યોગ્ય જોગવાઇ કરવામાં આવેલી છે અથવા કરવામાં આવશે;

(ચ) પ્રયોગાત્મક વિજ્ઞાનની કોઇ શાખામાં જોડાણ માટેની માગણી કરવામાં આવી હોય, ત્યારે યોગ્ય સાધનોથી સુસજ્જ પ્રયોગશાળામાં વિજ્ઞાનની તે શાખામાં પ્રશિક્ષણ આપવા માટે સ્ટેચ્યૂટ અને વિનિયમો સાથે સુસંગત રહીને તે ગોઠવણો કરવામાં આવેલી છે અથવા કરવામાં આવશે;

(છ) પ્રિન્સિપાલ અને અધ્યાપકીય સ્ટાફના બીજા સભ્યો માટે કેન્દ્ર અથવા કોલેજમાં અથવા વિદ્યાર્થીઓના નિવાસ માટે જોગવાઇ કરેલ સ્થળે અથવા તેની નજીક નિવાસની યોગ્ય જોગવાઇ કરેલ છે અથવા સંજોગો અનુસાર કરવામાં આવશે;

(જ) કેન્દ્ર અથવા કોલેજના નાણાકીય સંસાધનો એવા છે કે તેના સતત નિભાવ અને કાર્યક્ષમ કામગીરી માટે યોગ્ય જોગવાઇઓ કરી શકાય;

(ઝ) કેન્દ્ર અથવા કોલેજ દ્વારા વિદ્યાર્થીઓએ ચૂકવવાની ફી નક્કી કરવા માટેના નિયમો કોઇ હોય તો, તે એવી રીતે ઘડવામાં આવ્યા નથી કે તેનાથી નજીકના વિસ્તારના કોઇ વિદ્યમાન કેન્દ્ર અથવા કોલેજ સાથે શિક્ષણના હિતને નુકસાન થાય તેવી કોઇ સ્પર્ધા ઉભી થાય;

(ટ) કોલેજના પ્રિન્સિપાલ અને અધ્યાપકીય સ્ટાફના સભ્યોની ભરતી માટે કોલેજની પસંદગી સમિતિ છે, જેમાં નીચેનાનો સમાવેશ થશે,-

(ક) પ્રિન્સિપાલની ભરતીના કિસ્સામાં, કુલપતિએ નામનિયુક્ત કરેલ યુનિવર્સિટીના એક પ્રતિનિધિ, અને

(ખ) કેન્દ્ર અથવા કોલેજના અધ્યાપકીય સ્ટાફના સભ્યની ભરતીના કિસ્સામાં, કુલપતિએ અને એવા સભ્ય દ્વારા શીખવવાના વિષય સાથે સંબંધિત વિભાગના વડા, કોઇ હોય તો, તેમણે નામનિયુક્ત કરેલ યુનિવર્સિટીના એક પ્રતિનિધિઃ

પરંતુ આ ખંડમાંનો કોઇ મજકૂર, સરકારી કોલેજ, સરકાર દ્વારા નીભાવાતી કોલેજ અથવા લઘુમતી દ્વારા સ્થપાયેલ અને સંચાલિત થતી કોલેજને લાગુ પડશે નહિ;

(ઠ) સરકારી કેન્દ્ર અથવા કોલેજ અથવા સરકાર દ્વારા નીભાવાતા કેન્દ્ર અથવા કોલેજ ન હોય તેવા કેન્દ્ર અથવા કોલેજ, જોડાણ પામેલ કેન્દ્ર અથવા કોલેજના અધ્યાપકીય અને બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના પગાર ધોરણ અને ભથ્થાં સહિતની સેવાની શરતો માટે જોગવાઇ કરતાં સ્ટેચ્યૂટ અને વિનિયમોનું પાલન કરશે;

(ડ) આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર સ્ટેચ્યૂટમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી શરતોનું પાલન કરવામાં આવ્યું છે.

(૩) અરજીમાં એવી બાંયધરીનો સમાવેશ કરવો જોઇશે કે કેન્દ્ર અથવા કોલેજનું જોડાણ કરવામાં આવ્યા પછી, સંચાલક મંડળની કોઇ તબદીલી, અધ્યાપકીય સ્ટાફમાંના તમામ ફેરફારો અને બીજા તમામ ફેરફારોના પરિણામે ઉપર્યુકત કોઇ આવશ્યકતાનું પાલન થાય નહિ અથવા પાલન થવાનું ચાલુ રહે નહિ, તો તે બાબત બોર્ડને તરત જ જણાવવામાં આવશે.

(૪) પેટા- કલમ (૧) હેઠળ અરજીપત્ર મળ્યેથી, બોર્ડ,-

(ક) પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલી બાબતો અને જરૂરી અને પ્રસ્તુત જણાય તેવી બીજી બાબતોના સંબંધમાં બોર્ડે આ અર્થે અધિકૃત કરેલી સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા તપાસ કરાવવા ફરમાવશે;

(ખ) પોતાને જરૂર જણાય તેવી બીજી વધુ તપાસ કરશે;

(ગ) અરજદારને જણાવવામાં આવેલી શરતો પૈકીની કોઇપણ શરતની પુનર્વિચારણા માટે અરજદારે કોઇ વિનંતી કરી હોય, તો તેની યોગ્ય વિચારણા કરશે;

INDEX

(ઘ) ખંડો (ક) અને (ખ) હેઠળ કરવામાં આવેલી કોઇ તપાસનું પરિણામ જણાવીને, અરજી સંપૂર્ણતઃ અથવા અંશતઃ મંજૂર કરવી અથવા નામંજૂર કરવી જોઇએ કે કેમ તે બાબત વિષે એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી પોતાનો અભિપ્રાય નોંધશે:

પરંતુ કેન્દ્ર અથવા કોલેજના જોડાણ સંબંધી એકેડેમિક કાઉન્સિલનાં મંતવ્યો બોર્ડને સ્વીકાર્ય ન હોય, ત્યારે બોર્ડ તે બાબત ફરીથી પોતાની ટીપ્પણી સાથે અથવા તે વિના એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલશે અને એકેડેમિક કાઉન્સિલ કેન્દ્ર અથવા કોલેજના જોડાણ સંબંધી પોતાના મંતવ્યો ફરીથી બોર્ડને જણાવશે.

(૫) રજિસ્ટ્રારે તે અરજી અને તેને લગતી એકેડેમિક કાઉન્સિલ અને બોર્ડની તમામ કાર્યવાહી, કોઇ હોય, તો તે રાજય સરકારને રજૂ કરવી જોઇશે અને પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, રાજય સરકાર, તે અરજી અથવા તેનો કોઇ ભાગ મંજૂર કરશે અથવા તેને નામંજૂર કરશે.

(૬) અરજી અથવા તેનો કોઇ ભાગ મંજૂર કરવામાં આવે, ત્યારે રાજય સરકારના હુકમમાં, જેના સંબંધમાં કેન્દ્ર અથવા કોલેજનું જોડાણ થયું હોય તે પ્રશિક્ષણના અભ્યાસક્રમો નિર્દિષ્ટ કરવા જોઇશે અને અરજી અથવા તેનો કોઇ ભાગ નામંજૂર કરવામાં આવે, ત્યારે તેવી નામંજૂરી અંગેના કારણો નોંધવા જોઇશે.

(૭) રાજય સરકાર હુકમ કરે તે પછી, બનતી ત્વરાએ, રજિસ્ટ્રારે, તે અરજી અંગે પેટા-કલમો (૪) થી (૬) હેઠળ લેવાયેલાં પગલાં સંબંધી અને તેને લગતી તમામ કાર્યવાહીનો સંપૂર્ણ રિપોર્ટ બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલને રજૂ કરવો જોઇશે.

(૮) પેટા-કલમ (૧) હેઠળ કરેલી અરજી, પેટા-કલમ (૬) હેઠળ કોઇ હુકમ કરવામાં આવે તે પહેલાં કોઇપણ સમયે પાછી ખેંચી શકાશે.

જોડાણનું વિસ્તરણ

૪૬. કોઇ કેન્દ્ર અથવા કોલેજ, જેના સંબંધમાં તે જોડાયેલી હોય તે પ્રશિક્ષણના અભ્યાસક્રમોમાં ઉમેરો કરવા ઇચ્છતી હોય, ત્યારે તેણે શક્ય હોય ત્યાં સુધી કલમ ૪૫ હેઠળ ઠરાવેલી કાર્યરીતિ અનુસરવી જોઇશે.

સંસ્થાની માન્યતા.

૪૭. (૧) બોર્ડને, એકેડિમક કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કર્યા પછી, કોલેજ સિવાયની, જૈવિક કૃષિ અથવા વિસ્તરણ શિક્ષણમાંની કોઇ સંશોધન સંસ્થાને માન્ય કરવાની સત્તા રહેશે.

(૨) આવી માન્યતા મેળવવા ઇચ્છતી સંસ્થાએ, રજિસ્ટ્રારને અરજીના પત્રમાં નીચેની બાબતોના સંબંધમાં સંપૂર્ણ માહિતી આપતી અરજી કરવી જોઇશેઃ-

(ક) સંચાલક મંડળની રચના અને તેના કર્મચારીઓ;

(ખ) જેના સંબંધમાં માન્યતા જરૂરી હોય તે વિષયો અને અભ્યાસક્રમો;

(ગ) જગાની સવલત, સાધનસામગ્રી, ગ્રંથાલય સુવિધાઓ અને જેમના માટે જોગવાઇ કરેલી હોય અથવા કરવા ધાર્યું હોય તે વિદ્યાર્થીઓની સંખ્યા;

(ઘ) સ્ટાફનું સંખ્યાબળ, તેમની લાયકાતો અને પગાર અને તેમણે કરેલું સંશોધન કાર્ય;

(ચ) લીધેલી અથવા લેવા ધારેલી ફી અને મકાનો તથા સાધનસામગ્રી અંગેના મૂડી ખર્ચ માટે અને સંસ્થાના સતત નિભાવ અને કાર્યક્ષમ સંચાલન માટે કરવામાં આવેલી નાણાકીય જોગવાઇ.

(૩) અરજી વિચારણામાં લેતા પહેલાં, બોર્ડ પોતાને જરૂરી લાગે તેવી કોઇ વધુ માહિતી મંગાવી શકશે.

(૪) બોર્ડ અરજીને વિચારણામાં લેવાનું નક્કી કરે, તો તે આ અર્થે અધિકૃત કરેલી સક્ષમ વ્યકિત દ્વારા તપાસ કરવાનું ફરમાવી શકશે. આવી તપાસના પરિણામે કરવામાં આવેલા રિપોર્ટ ઉપર વિચારણા કર્યા પછી અને પોતાને જરૂરી લાગે તેવી વધુ તપાસ કર્યા પછી, બોર્ડ, એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવ્યા પછી, અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર કરશે અથવા નામંજૂર કરશે.

(૫) અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર કરવામાં આવે ત્યારે, બોર્ડ જેના સંબંધમાં સંસ્થાને માન્યતા આપી હોય તેવા વિષયો અને પ્રશિક્ષણના અભ્યાસક્રમ નિર્દિષ્ટ કરશે અને ત્યાર પછીની તેમની બેઠકમાં એકેડેમિક કાઉન્સિલને તે મતલબનો રિપોર્ટ કરશે. અરજી અથવા તેનો કોઇપણ ભાગ નામંજૂર કર્યો હોય ત્યારે એવી નામંજૂરીના કારણો જણાવવા જોઇશે.

કેન્દ્ર અથવા કોલેજ અને માન્ય સંસ્થાની તપાસણી.

૪૮. (૧) જોડાણ પામેલા દરેક કેન્દ્ર અથવા કોલેજે અને માન્ય સંસ્થાએ, કેન્દ્ર અથવા કોલેજ અથવા સંસ્થાની કાર્યક્ષમતા વિષે નિર્ણય કરી શકાય તે માટે બોર્ડ, એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, ફરમાવે તેવા રિપોર્ટ, પત્રકો અને બીજી માહિતી પૂરી પાડવી જોઇશે.

INDEX

(૨) બોર્ડ દ્વારા તે અર્થે આદેશ થયે, જોડાણ પામેલી કોલેજ અથવા માન્ય સંસ્થાની તપાસ કરવા અને બોર્ડને રિપોર્ટ કરવા તે હેતુ માટે રચાયેલી તપાસ સમિતિની ફરજ રહેશે.

(૩) બોર્ડ, તપાસ સમિતિ દ્વારા આવા દરેક કેન્દ્ર અથવા કોલેજ અથવા સંસ્થાની વખતોવખત તપાસ કરાવશે.

(૪) બોર્ડ, એવી રીતે તપાસ થયેલી કોઇપણ કેન્દ્ર અથવા કોલેજ અથવા સંસ્થાને નિર્દિષ્ટ સમયની અંદર કલમ ૪૫ ની પેટા-કલમ (૨) અથવા, યથાપ્રસંગ, કલમ ૪૭ની પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલી કોઇપણ બાબતના સંબંધમાં પોતાને જરૂરી જણાય તેવું પગલું લેવા ફરમાવી શકશે.

જોડાણ પામેલા કેન્દ્રો અથવા કોલેજો અને માન્ય સંસ્થાઓએ શિક્ષણના માધ્યમ ને લગતી જોગવાઇઓનું પાલન કરવા બાબત.

૪૯. (૧) દરેક જોડાણ પામેલા કેન્દ્ર અથવા કોલેજ અથવા માન્ય સંસ્થાએ, જૈવિક કૃષિ અને સંલગ્ન વિજ્ઞાનમાં શિક્ષણના માધ્યમ અને જૈવિક કૃષિમાં સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો અને તેમાં પરીક્ષાઓના સંબંધમાં આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અને વિનિયમોથી, તે અર્થે કરેલી જોગવાઇઓનું પાલન કરવું જોઇશે.

(૨) કોઇ જોડાણ પામેલા કેન્દ્ર અથવા કોલેજ અથવા માન્ય સંસ્થા, પેટા-કલમ (૧)ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે, તો આ અધિનિયમની બીજી જોગવાઇઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં,-

(ક) આવા કેન્દ્ર અથવા કોલેજ અથવા સંસ્થાને જોડાણ અથવા માન્યતાથી આપેલા હકો, આવું ઉલ્લંઘન કર્યાની તારીખથી પરત ખેંચી લીધેલા ગણાશે, અને

(ખ) આવા કેન્દ્ર, કોલેજ અથવા માન્ય સંસ્થા, આ અધિનિયમના હેતુઓ માટે જોડાણ પામેલા કેન્દ્ર, કોલેજ અથવા માન્ય સંસ્થા તરીકે હોતા બંધ થશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ જેનું જોડાણ પાછું ખેચ્યું હોય, તેવા જોડાણ પામેલા કોઇપણ કેન્દ્ર, કોલેજ અથવા માન્ય સંસ્થા, જોડાણ અથવા માન્યતાના પોતાના હક પરત ખેંચી લેવા સંબંધી કોઇ તકરાર ઊભી કરે તો, આવી તકરાર, રાજય સરકારને પૂછાણ અર્થે મોકલવી જોઇશે અને રાજય સરકાર આવી તકરારનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

જોડાણ પાછું ખેંચી લેવા બાબત.

૫૦. (૧) કલમ ૪૫ની પેટા-કલમ (૨)ની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈઓનું અથવા તેના જોડાણની કોઇપણ શરતનું પાલન કરવામાં નિષ્ફળ જાય અથવા શિક્ષણના હિતને બાધ આવે તેવી રીતે તે કેન્દ્ર અથવા કોલેજ ચલાવવામાં આવતી હોય, તો કેન્દ્ર

અથવા કોલેજને જોડાણથી મળેલા હકો, સમગ્રપણે અથવા અંશતઃ પાછા ખેંચી શકાશે અથવા તેમાં ફેરફાર કરી શકાશે.

(૨) આવા હકો પાછા ખેંચી લેવાની અથવા તેમાં ફેરફાર કરવાની દરખાસ્ત, ફકત બોર્ડમાં જ લાવી શકાશે. આવી દરખાસ્ત લાવવા માંગતા બોર્ડના સભ્યે, દરખાસ્તની નોટિસ આપવી જોઇશે અને જે કારણોસર તે દરખાસ્ત લાવવામાં આવી હોય તે કારણો લેખિતમાં જણાવવા જોઇશે.

(૩) સદરહુ દરખાસ્ત ઉપર વિચારણા કરતાં પહેલાં, બોર્ડ, દરખાસ્તની નોટિસની અને જે કારણોસર તે કરવામાં આવી હોય તે કારણોના નિવેદનની એક નકલ સંબંધિત કેન્દ્ર અથવા કોલેજના પ્રિન્સિપાલને મોકલી આપશે અને તેની સાથે એવી સૂચના મોકલશે કે તેવી સૂચનામાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર કેન્દ્ર અથવા કોલેજ તરફથી સાદર કરવામાં આવેલી કોઇપણ લેખિત રજૂઆત ઉપર બોર્ડ વિચારણા કરશેઃ

પરંતુ બોર્ડ, આવી રીતે નિર્દિષ્ટ કરેલી મુદત, કેન્દ્ર અથવા કોલેજે દર્શાવેલા વાજબી કારણોસર, જરુરી હોય, તો તે, લંબાવી શકશે.

(૪) રજૂઆત મળ્યે અથવા પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલી મુદત પૂરી થયે, બોર્ડ, દરખાસ્તની નોટિસ, નિવેદન અને રજૂઆત પર વિચારણા કર્યા પછી, અને બોર્ડે આ અર્થે અધિકૃત કરેલી સક્ષમ વ્યકિતઓએ આવી તપાસણી કર્યા પછી અને તેને જરૂરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી અને એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, તે બાબતમાં તેનો અભિપ્રાય નોંધશેઃ

પરંતું જોડાણથી મળેલા હકો પાછાં લેવા અથવા તેમાં ફેરફાર કરવા સંબંધી એકેડેમિક કાઉન્સિલના મંતવ્યો, બોર્ડને સ્વીકાર્ય ન હોય ત્યારે, બોર્ડે આવા ઠરાવ પસાર કરતાં પહેલાં, પોતાની ટીપ્પણો સાથે કે તે વિના તે બાબત એકેડેમિક કાઉન્સિલ સમક્ષ ફરીથી વિચારણા માટે મોકલવી જોઇશે અને એકેડેમિક કાઉન્સિલે તે બાબતમાં પોતાના મંતવ્યો બોર્ડને ફરી જણાવવા જોઈશે.

(૫) રજિસ્ટ્રાર, દરખાસ્ત અને તેને લગતી એકેડેમિક કાઉન્સિલની અને બોર્ડ તમામ કાર્યવાહી, હોય તો, તે રાજ્ય સરકારને મોકલશે, જે પોતાને જરુર જણાય તેવી કોઇ વધુ તપાસ, હોય તો, તે કર્યા પછી, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરશે અને બોર્ડને તેની જાણ કરશે.

(૬) પેટા-કલમ (૫) હેઠળ કરેલ હુકમથી, જોડાણથી કોઈ કેન્દ્ર અથવા કોલેજને મળેલા હકો, સંપૂર્ણ રીતે અથવા અંશતઃ રીતે પાછા ખેંચી લેવામાં આવે અથવા તેમાં

INDEX

ફેરફાર કરવામાં આવે ત્યારે, એવી રીતે હકો પાછા ખેંચી લેવા માટેના અથવા તેમાં ફેરફાર કરવા માટેના કારણો, હુકમમાં જણાવવા જોઈશે.

(૭) બોર્ડ, એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપરથી, તપાસ સમિતિના રિપોર્ટ અનુસાર અથવા અન્યથા જોડાણની શરતોનું પાલન કરવામાં સતત કસૂર કરતી હોવાનું જણાયું હોય તેવા જોડાણ પામેલા કેન્દ્ર અથવા કોલેજની ગ્રાન્ટ અટકાવવાની અથવા ઘટાડવાની રાજ્ય સરકારને ભલામણ કરી કરશે.

માન્યતા પાછી ખેંચી લેવા બાબત.

૫૧. (૧) કોઈ સંસ્થા તેની માન્યતાની શરતો પૈકીની કોઈ પણ શરતનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો અથવા શિક્ષણના હિતને બાધ આવે તે રીતે તે સંસ્થા ચલાવવામા આવે ત્યારે, કલમ ૪૭ હેઠળ આપેલી માન્યતા, કોઈ મુદત માટે પાછી ખેંચી લઈ શકાશે અથવા મોકૂફ રાખી શકાશે.

(૨) આવી માન્યતા પાછી ખેંચી લેવા અથવા મોકૂફ રાખવા બાબતની દરખાસ્ત ફકત બોર્ડમાં જ લાવી શકાશે. આવી દરખાસ્ત લાવવા માંગતા બોર્ડના સભ્યે, તે બાબતની નોટિસ આપવી જોઈશે અને જે કારણોસર દરખાસ્ત લાવવામાં આવી હોય તે કારણો લેખિતમાં જણાવવા જોઈશે.

(૩) સદરહુ દરખાસ્ત ઉપર વિચારણા કરતા પહેલાં, બોર્ડે, દરખાસ્તની નોટિસ અને જે આધાર પર તે કરવામાં આવી હોય તેના લેખિત કારણોના નિવેદનની નકલ સંબંધિત સંસ્થાના વડાને એવી સૂચના સાથે મોકલવી જોઈશે અને દરખાસ્તમાં નિર્દિષ્ટ કરેલ મુદતની અંદર તે સંસ્થા વતી કરવામાં આવેલી કોઈ પણ લેખિત રજૂઆત ઉપર બોર્ડ વિચારણા કરશે:

પરંતુ બોર્ડ, આવી રીતે નિર્દિષ્ટ કરેલી મુદત, સંસ્થાએ દર્શાવેલા પૂરતા કારણસર, જરૂરી હોય તો, લંબાવી શકશે.

(૪) રજૂઆત મળ્યે અથવા પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલી મુદત પૂરી થયે, બોર્ડ, દરખાસ્તની નોટિસ, નિવેદન અને રજૂઆત પર વિચારણા કર્યા પછી અને બોર્ડે આ અર્થે અધિકૃત કરેલી કોઈ સક્ષમ વ્યકિતએ આવી તપાસ કર્યા પછી અને પોતાને જરૂરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી અને એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, ઠરાવથી માન્યતા પાછી ખેંચી લઈ શકશે અથવા મોકૂફ રાખી શકશે.

સ્વીકૃતિ (એકેડિ ટેશન) પદ્ધતિ.

૫૨. (૧) નિયમિત મંજૂરી ધરાવતી કોઈપણ સંસ્થા માટે રાજ્ય અથવા રાષ્ટ્રીય સ્તરના ક્રમ નિર્ધારણ (ગ્રેડેશન) આધારિત સ્વીકૃતિ અને કામગીરીની રેટિંગ પદ્ધતિ રહેશે. આવી કામગીરીનો ગ્રેડ (દરજ્જો)નો, સંસ્થાના પ્રોસ્પેક્ટસ (માહિતીપત્ર) અને

INDEX

ફ્રેન્ચાઇઝ સામગ્રીઓ સહિત તમામ નામ-સરનામા પત્રમાં, નામના પાટિયા (સાઇન બોર્ડ) પર, સાહિત્ય અને પ્રકાશનોમાં ઉપયોગ કરી શકાશે.

(૨) એક વાર મેળવેલી કામગીરીની સ્વીકૃતિ, પાંચ વર્ષની મુદત સુધી માન્ય રહેશે.

સ્વીકૃતિ સમિતિ.

૫૩. (૧) બોર્ડ, હોદ્દાની રૂએ તેનો ઓછામાં ઓછો એક સભ્ય અને એક શિક્ષણશાસ્ત્રીની બનેલી સ્વીકૃતિ સમિતિની રચના કરશે, જેઆ સ્વૈચ્છિક સ્વીકૃતિને અધીન રહીને, ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીના અને જૈવિક કૃષિનું અધ્યાપન કરાવતી સંસ્થાઓને બોર્ડ વખતોવખત નિર્ધારિત કરેલા માપદંડોના આધારે ક્રેડિટ રેટિંગ પૂરા પાડશે અને લોકોની જાણ માટે પ્રસિદ્ધ કરીને યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર પણ મૂકશે.

(૨) સ્વીકૃતિ સમિતિની મુદત બે વર્ષની રહેશે.

સ્વીકૃતિ માટે અરજી.

૫૪. કલમ ૫૨ હેઠળ સ્વીકૃતિ માટેની અરજી, જાહેર કરેલ તારીખની અંદર પણ દર વર્ષની ૩૧મી જુલાઇથી મોડું નહિ એ રીતે, બેન્ક ડ્રાફ્ટથી, વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી જમા કરાવીને, હાર્ડ અને સોફ્ટ કોપીમાં બોર્ડને કરવી જોઇશે.

સ્વીકૃતિ માટેના માપદંડો.

૫૫. બોર્ડ, નીચેના માપદંડોના આધારે સ્વીકૃતિ મંજૂર કરી શકશે:-

(૧) બોર્ડની સ્વીકૃતિ સમિતિએ પ્રત્યક્ષ રીતે, સ્વીકાર્ય હોય ત્યાં સુધી, ક્રેડિટ રેટિંગ સિસ્ટમના વિશ્લેષણાત્મક સાધનોના આધારે સ્વીકૃતિ અને પ્રમાણન કરવું જોઇશે અથવા નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિશન કાઉન્સિલ મારફત સ્વીકૃતિ અને પ્રમાણન કરાવડાવી શકશે;

(૨) એકવાર સ્વીકૃતિ કરવામાં આવ્યેથી, જે તારીખે સ્વીકૃતિનું પ્રમાણપત્ર સંબંધિત સંસ્થાને આપવામાં આવે તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી માન્ય રહેશે;

(૩) કામગીરી વિશ્લેષણમાં, શૈક્ષણિક, વહીવટી અને નાણાકીય એવા ત્રણ ઘટકો રહેશે;

(૪) કામગીરી દર નક્કી કરવા માટેનો અભ્યાસ, અગાઉના પાંચ વર્ષની માહિતી, કાર્યક્રમની વર્તમાન વિષયવસ્તુઓ અને માહિતી વિશ્લેષણના આધારે કરેલા ભવિષ્યના અંદાજ (પ્રોજેક્શન) પર આધારિત રહેશે;

INDEX

(૫) સ્વીકૃતિ સમિતિ, સંસ્થાના કામગીરી રેકર્ડ, હિસાબી અને નાણાકીય રેકર્ડ અને તેના માનવ અને અન્ય અસ્કયામત સંચાલનની કાર્યરીતિઓની સંપૂર્ણ જાહેરાત કરવા ફરમાવી શકશે;

(૬) શૈક્ષણિક ઘટકના સંબંધમાં, નીચેની માહિતી, અભ્યાસનો આધાર રહેશે:

(ક) વિદ્યાશાખા-વિદ્યાર્થીઓનું પ્રમાણ;

(ખ) વિગતવાર પાઠ્યક્રમ વિકાસ અને અધ્યાપન અભ્યાસ સત્રોની પદ્ધતિ;

(ગ) વાર્ષિક કામકાજના દિવસોની સંખ્યા;

(ઘ) ગુમાવેલા કામકાજના દિવસોની સંખ્યા અને તેના કારણો;

(ચ) ફેકલ્ટી (અધ્યાપકો)ની લાયકાત;

(છ) વિદ્યાર્થીઓનો વર્ગમાં દેખાવ અને વર્ગના રેકર્ડ;

(જ) ચિકિત્સકીય કાર્યક્રમ (ક્લિનિકલ પ્રોગ્રામ) અને ઈન્ટર્નશિપ (ફરજિયાત મુકામી સેવા)ની પદ્ધતિ;

(ઝ) મૂલ્યાંકન પદ્ધતિ અને રેકર્ડની જાળવણી;

(ટ) વિદ્યાર્થી-કોમ્પ્યુટરનું પ્રમાણ;

(ઠ) ઓનલાઈન ગ્રંથાલય (લાઈબ્રેરી)ની સુવિધા;

(ડ) વિદ્યાર્થી દીઠ સંસ્થાનું મૂડીરોકાણ;

(ઢ) વિદ્યાર્થી દીઠ ગ્રંથાલયનું મૂડીરોકાણ;

(ત) નિવાસી સુવિધા;

(થ) ફેકલ્ટીના વર્ગ બહારના કલાક (કામનો નિયત સમય) અને વિદ્યાર્થી દીઠ સલાહ અને સંવાદ;

(દ) કારકીર્દિ પરામર્શની તકો;

(ધ) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના મંડળની ગુણવત્તા;

(ન) સામાયિકો (જર્નલ)માં ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રકાશન;

(પ) પ્રયોગશાળાની સુવિધા;

(ફ) વિદ્યાર્થી દીઠ પુસ્તકો અને સામાયિકો (જર્નલ)ની પ્રાપ્તિ;

(બ) વર્ગખંડનું વાતાવરણ;

(ભ) ફીનું સ્તર; અને

(મ) સમિતિને જરૂર હોય એવી બીજી કોઈ માહિતી.

(૭) નાણાકીય કામગીરીની માહિતી, અગાઉના પાંચ વર્ષના વાર્ષિક હિસાબો, વાર્ષિક અહેવાલો (રિપોર્ટ), વાર્ષિક અંદાજપત્ર, ઊભા કરેલા ભંડોળ (ફંડ), નાણાકીય અસ્કયામત વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) અને વ્યૂહરચના, ભવિષ્યની યોજના, અસ્કયામત માળખા અને ફરમાવવામાં આવે તેવી બીજી કોઈ નાણાકીય માહિતી પર આધારિત રહેશે;

(૮) વહીવટી કામગીરી ઘટકનું મૂલ્યાંકન, સંચાલક મંડળની રચના, નિયમનકારી નિયમોના પાલન, વહીવટી કર્મચારીવર્ગ (સ્ટાફ)નું પ્રમાણ, ગુમાવેલા કામકાજના દિવસો અને વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે જરૂરી હોય એવી અન્ય માહિતીના આધારે કરવામાં આવશે;

(૯) અભ્યાસ, સંસ્થાના રેકર્ડ, મુલાકાત, તપાસ અને સંચાલક મંડળ (મેનેજમેન્ટ), કર્મચારીવર્ગ (સ્ટાફ), વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સાથે સમિતિના સંવાદના નિષ્કર્ષ પર આધારિત રહેશે;

(૧૦) સમિતિ, નોટિસ આપીને અથવા નોટિસ આપ્યા વગર સંસ્થાની મુલાકાત લઈ શકશે અને તે, જરૂરી જણાય, તો એકથી વધુ વખત સંસ્થાની મુલાકાત લઈ શકશે;

(૧૧) જરૂરી જણાય, તો વધુ અવલોકન અને પૂરક માહિતી માટેનું ગુણાંકન (રેટિંગ) શરૂ થાય તે પહેલાં, સંસ્થાને માહિતી આધારિત વિશ્લેષણની જાણકારી આપવી જોઇશે.

મુક્ત અને ન્યાયી તપાસ અંગેની સગવડ કરી આપવાની સંસ્થાની જવાબદારી.

૫૬. સંસ્થાએ, સ્વીકૃતિ સમિતિને, તમામ જરૂરી માહિતી તથા દસ્તાવેજોની નકલો અને સુવિધાઓ પૂરી પાડવી જોઇશે. સુવિધા પૂરી પાડવામાં આવશે કે જેથી સમિતિ સંચાલક મંડળ (મેનેજમેન્ટ), વિદ્યાશાખાના સભ્યો, સ્ટાફ અને વિદ્યાર્થીઓને મળી શકે અને જરૂરી જણાય, તો તેમની ટિપ્પણી નોંધી શકે.

પ્રકરણ ૯

પૂરક જોગવાઈઓ

સ્ટાફને બરતરફ કરવા, દૂર કરવા તથા તેમની સેવા સમાપ્ત કરવા બાબત.

૫૭. (૧) અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના કોઈપણ સભ્યને, એવી કોઈ તપાસ કે જેમાં તેમને તેમની સામેના એવા આરોપો અંગેની જાણ કરવામાં આવી હોય અને તે આરોપોના સંબંધમાં સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય અને તેમને કરવાની શિક્ષા, કુલપતિએ અથવા આ અર્થે કુલપતિએ અધિકૃત કરેલા યુનિવર્સિટીના બીજા કોઈ અધિકારીએ મંજૂર કરી હોય તે સિવાય, તેમને બરતરફ અથવા દૂર કરી શકાશે નહિ અથવા તેમનો પાયરી ઉતાર કરી શકાશે નહિ.

INDEX

(૨) આવા સભ્યની પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવતી તેમની બરતરફી અથવા તેમને દૂર કરવામાં પરિણમતી ન હોય તેવી કોઈપણ સેવાની સમાપ્તિ,-

(ક) સેવાની સૂચિત સમાપ્તિ સામે કારણ દર્શાવવાની વાજબી તક તેમને આપવામાં આવી હોય, અને

(ખ) કુલપતિએ અથવા આ અર્થે કુલપતિએ અધિકૃત કરેલા યુનિવર્સિટીના કોઈ અધિકારીએ સેવાની આવી સમાપ્તિ મંજૂર કરી હોય તે સિવાય, કાયદેસર ગણાશે નહિ:

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર, ફક્ત અજમાયશ (પ્રોબેશન) ઉપર અથવા હંગામી મુદત માટે નિમાયેલી કોઈ વ્યક્તિને લાગુ પડશે નહિ.

(૩) પેટા-કલમ (૧) હેઠળ બરતરફી, દૂર કરવા અથવા પાયરી ઉતારના અથવા પેટા-કલમ (૨) હેઠળ સેવા સમાપ્તિના હુકમ સામેની અપીલ, આવા હુકમની જાણ થયાની તારીખથી સાઠ દિવસની અંદર, બોર્ડને કરવી જોઈશે અને આવી અપીલના સંબંધમાં બોર્ડનો નિર્ણય આખરી ગણાશે:

પરંતુ અપીલ કરનાર, બોર્ડને એવી ખાતરી કરાવે કે આ કલમ હેઠળ ઠરાવેલી મુદતની મર્યાદાની અંદર અપીલ ન કરવા માટે પોતાને પૂરતું કારણ હતું, તો બોર્ડ આવી મુદત પછી પણ, કોઈ અપીલ દાખલ કરી શકશે.

પ્રોવિડન્ટ ફંડ, પેન્શન અને વીમો .

૫૮. (૧) યુનિવર્સિટીએ તેના અધિકારીઓ, અધ્યાપકો, દફતરી સ્ટાફ અને બીજા કર્મચારીઓના લાભાર્થે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવા પેન્શન, ગ્રેચ્યુઇટી, વીમા, પ્રોવિડન્ટ ફંડ અને વર્ધિત પેન્શન ફંડની રચના કરવી જોઇશે.

(૨) યુનિવર્સિટીએ એવી રીતે રચેલ પેન્શન, ગ્રેચ્યુઇટી, વીમા અને પ્રોવિડન્ટ ફંડ માટે, સરકારે એવું જાહેર કરવું જોઇશે કે આવા ફંડને ભવિષ્યનિધિ અધિનિયમની જોગવાઇઓ એવી રીતે લાગુ પડશે જાણે કે તે રાજય સરકારનું પ્રોવિડન્ટ ફંડ હોય:

પરંતુ નાણા સમિતિ અને બોર્ડ સાથે વિચારવિનિમય કરીને, યુનિવર્સિટીને, પ્રોવિડન્ટ ફંડની રકમનું પોતે નકકી કરે તેવી રીતે રોકાણ કરવાની સત્તા રહેશે.

હોદ્દો ખાલી કરવા બાબત .

૫૯. (૧) યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળના કોઈ સભ્ય, રજિસ્ટ્રાર મારફત, કુલપતિને સંબોધીને, પત્ર દ્વારા પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને કુલપતિએ રાજીનામું સ્વીકાર્યેથી, આવા સભ્યોનો હોદ્દો ખાલી પડશે.

INDEX

(૨) બોર્ડ, યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા મંડળના સભ્યપદ પરથી કોઈ વ્યક્તિને, નૈતિક અધ:પતનના ગુના માટે કાયદાની કોર્ટે દોષિત ઠરાવેલી હોય, તો એવા કારણે દૂર કરી શકશે:

પરંતુ આવી વ્યક્તિને, સુનાવણીની તક આપ્યા સિવાય, તેને દૂર કરવાનો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૩) પેટા-કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળનો કોઈ સભ્ય, યુનિવર્સિટીનું હોય કે ન હોય તેવા બીજા મંડળના પ્રતિનિધિ તરીકે હોય તે વ્યક્તિ, જે બોર્ડ દ્વારા તેની નિમણૂક કરવામાં આવી હોય તે મંડળના સભ્ય તરીકે તે ચાલુ રહે ત્યાં સુધી અને ત્યારપછી તેના અનુગામીની યોગ્ય રીતે નિમણૂક કરવામાં આવે ત્યાં સુધી, યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળમાં તેની બેઠક પર ચાલુ રહી શકશે.

પ્રાસંગોપાત ખાલી પડતી જગા ભરવા બાબત.

૬૦. યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા મંડળના હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાયના સભ્યનો કોઈ હોદ્દો, એવા સભ્યના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં ખાલી પડે, તો તેવી જગા, જેમ બને તેમ જલદી, કોઈ એક સભ્યને નામનિયુક્ત કરીને, નીમીને અથવા યથાપ્રસંગ, તેને કો-ઓપ્ટ કરીને ભરવી જોઈશે અને તે સભ્ય, પોતે જે સભ્યને બદલે નામનિયુક્ત થયેલો, નિમાયેલો અથવા કો-ઓપ્ટ થયેલો હોય તે સભ્ય, જો તે જગા ખાલી પડી ન હોત, તો જેટલો સમય હોદ્દો ધરાવત તેટલા સમય સુધી જ તે હોદ્દો ધરાવશે.

જગા ખાલી પડવાને લીધે કાર્યવાહી અમાન્ય ગણાશે નહિ.

૬૧. યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા મંડળનું કોઈપણ કાર્ય અથવા કાર્યવાહી, તેના સભ્યપદની કોઈ જગ્યા ખાલી પડી હોવાના કારણમાત્રથી અથવા અધિકારીમંડળ અથવા બીજા મંડળની કાર્યવાહીમાં ભાગ લેતી હોય તેવી વ્યક્તિ, જે પાછળથી તેમ કરવા માટે હકદાર ન હોવાનું જણાયું હોય તે કારણે અમાન્ય ગણાશે નહિ.

અધિકારીઓ અને કર્મચારીઓ રાજય સેવકો ગણાશે .

સન ૧૮૬૦નો ૪૫ મો.

૬૨. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુ માટે, યુનિવર્સિટી દ્વારા કોઇ નિર્દિષ્ટ મુદત અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે નીમાયેલી અથવા કરેલ કોઇ કામ માટે યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કોઇ મહેનતાણું મેળવતી હોય તેવી વ્યકિત,

INDEX

એવી નિમણૂક અથવા કામ સાથે સંકળાયેલી કોઇ ફરજો તથા કાર્યો કરતી હોય ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતોના સંબંધમાં તે યુનિવર્સિટીની અધિકારી અથવા કર્મચારી ગણાશે.

યુનિવર્સિટીની રચના સંબંધિત તકરારો.

૬૩. જ્યારે-

(૧) આ અધિનિયમ અથવા કોઈ સ્ટેચ્યૂટ અથવા વિનિયમની કોઈ જોગવાઈના અર્થઘટન સંબંધી, અથવા

(૨) કોઈ વ્યક્તિ, યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નિમાયેલો છે કે કેમ અથવા તે તરીકે હકદાર છે કે કેમ અથવા તે તરીકે હકદાર હોતી બંધ થઈ છે કે કેમ તે સંબંધી, કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે-

(ક) જો તે, ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો પ્રશ્ન હોય, તો તે રાજ્ય સરકારને નિર્ણયાર્થે મોકલી શકાશે, અને

(ખ) (૧) જો તે ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય તો, અથવા

(૨) બોર્ડના ચાર સભ્યો એવી રીતે ફરમાવે તો, ખંડ (૧) અથવા ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય કે ન હોય તેને લક્ષમાં લીધા સિવાય, રાજ્ય સરકારને નિર્ણયાર્થે મોકલી શકાશે અને રાજ્ય સરકાર, (જરૂર હોય ત્યારે સુનાવણીની તક આપવા સહિત) પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, એ પ્રશ્ન અંગે નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

કાર્યો અને હુકમોનું રક્ષણ.

૬૪. યુનિવર્સિટીએ અથવા તેના કોઈ અધિકારીમંડળો, મંડળોએ અથવા અધિકારીઓએ શુદ્ધબુદ્ધિથી કરેલા તમામ કાર્યો અને હુકમો, આખરી ગણાશે અને અધિનિયમ અને તે હેઠળ ઘડેલા સ્ટેચ્યૂટ અને વિનિયમો અનુસાર કરેલ હોવાનું અભિપ્રેત હોય તેવા કોઈ કાર્ય માટે, યુનિવર્સિટી અથવા તેના અધિકારીમંડળો, મંડળો અથવા અધિકારીઓ સામે કોઈપણ દાવો માંડી શકાશે નહિ અથવા તેમની પાસેથી કોઈપણ નુકસાન માંગી શકાશે નહિ.

પ્રકરણ ૧૦

વચગાળાની જોગવાઈઓ

પ્રથમ કુલપતિની નિમણૂક.

૬૫. (૧) કલમ ૨૪-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજય સરકારે, પ્રથમ કુલપતિની નિમણૂક, વ્યવહાર્ય હોય તેટલું જલદી, આ અધિનિયમના આરંભની તારીખ પછી, વધુમાં વધુ બે વર્ષની મુદત માટે અને પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ કરવી જોઇશે.

INDEX

(૨) ગુજરાત રાજ્યમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષના વહીવટી અનુભવ સાથે કૃષિ વિકાસમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરેલ હોય અને નેતૃત્વ શક્તિ સંબંધિત ગુણો સિદ્ધ કરેલ હોય અને જેની ઉંમર ૬૫ વર્ષ થઈ ન હોય તે વ્યક્તિ, કુલપતિના હોદ્દાની ઉમેદવારી માટે પાત્ર રહેશે.

પ્રથમ કુલપતિની વચગાળાની સત્તા.

૬૬. (૧) પોતાની નિમણૂકની તારીખ પછી છ મહિનાની અંદર અથવા રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેટલી એકંદરે વધુમાં વધુ એક વર્ષની મુદતની અંદર, એકેડેમિક કાઉન્સિલ અને બોર્ડ સિવાયના યુનિવર્સિટીના અધિકારીમંડળોની રચના માટે ગોઠવણ કરવાની પ્રથમ કુલપતિની ફરજ રહેશે.

(૨) પ્રથમ કુલપતિ, રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા તેર સભ્યો કરતાં વધુ ન હોય તેટલા સભ્યોની બનેલી સલાહકાર સમિતિની મદદથી,-

(ક) આ અધિનિયમની જોગવાઈઓ અને કુલાધિપતિની મંજૂરીને અધીન રહીને,-

(૧) યુનિવર્સિટીના અધિકારીમંડળો રચવા માટે અને તેમની બેઠકોમાંના કાર્યરીતિનું નિયમન કરવા માટે અને તેમના કામકાજનું સંચાલન કરવા માટે, જરૂરી હોય તેવા કામચલાઉ સ્ટેચ્યૂટ કરશે,

(૨) અધિકારીમંડળોની રચનાની પદ્ધતિનું નિયમન કરવા માટે જરૂરી હોય તેવા નિયમો ઘડશે.

(ખ) આ અધિનિયમ હેઠળ પ્રથમ સ્ટેચ્યૂટ અને વિનિયમો ઘડશે તથા સંબંધિત અધિકારીમંડળો, પોતાના કાર્યો બજાવવાનું શરૂ કરે, ત્યારે બહાલી માટે તેમને તે સાદર કરશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ રચાયેલા અધિકારીમંડળો, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી તારીખે અથવા તારીખોએ તેમના કાર્યો બજાવવાનું શરૂ કરશે.

(૪) પ્રથમ કુલપતિએ ઘડેલા સ્ટેચ્યૂટ અને વિનિયમોને, સંબંધિત અધિકારીમંડળો દ્વારા બહાલી આપવામાં આવે, ત્યારે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઈશે.

પ્રથમ કુલપતિની અસાધારણ સત્તા.

૬૭. બોર્ડ, પોતાના કાર્યો બજાવવાનું શરૂ કરે નહિ ત્યાં સુધી, કલમ ૬૫ હેઠળ નિમાયેલા પ્રથમ કુલપતિને નીચેની સત્તા રહેશે:-

(ક) કુલાધિપતિની પૂર્વ-મંજૂરી લઈને, પ્રથમ સ્ટેચ્યૂટથી જોગવાઈ ન કરેલી હોય તેવી કોઈ બાબત માટે જોગવાઈ કરવા માટે વધારાના સ્ટેચ્યૂટ કરવાની;

INDEX

(ખ) કામચલાઉ અધિકારીમંડળો અને મંડળો રચવાની તથા તેમની ભલામણો ઉપરથી યુનિવર્સિટીના કાર્યસંચાલન માટેની જોગવાઇ કરતા નિયમો કરવાની;

(ગ) રાજ્ય સરકારના નિયંત્રણને અધીન રહીને, આ અધિનિયમ અથવા તેના કોઈ ભાગને અમલમાં મૂકવા જરૂરી હોય તેવી નાણાકીય અને જમીન/કચેરી સંબંધિત વ્યવસ્થા કરવાની;

(ઘ) કુલાધિપતિની મંજૂરી લઈને, આ અધિનિયમ અથવા તેના કોઈ ભાગને અમલમાં મૂકવા જરૂરી હોય તેવી નિમણૂકો કરવાની;

(ચ) પોતે આદેશ કરે તેવા તેના કાર્યો બજાવવા માટે, તેમને યોગ્ય લાગે તેવી કોઈ સમિતિ નીમવાની; અને

(છ) સામાન્ય, રીતે આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ બોર્ડને સોંપેલી તમામ સત્તા અથવા તે પૈકી કોઈ સત્તા વાપરવાની.

પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક.

૬૮. કલમ ૩૦માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજય સરકારે, પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક, વ્યવહાર્ય હોય તેટલું જલદી, આ અધિનિયમના આરંભની તારીખ પછી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ કરવી જોઇશે.

યુનિવર્સિટીનાં અધિકારીઓ અને અધ્યાપકોની પ્રથમ નિમણૂક.

૬૯. (૧) આ અધિનિયમ થયા પછી, કોઈપણ સમયે યુનિવર્સિટીનાં અધિકારીમંડળો તેમના કાર્યો બજાવવાનું શરૂ કરે નહિ તે સમય સુધી,-

(ક) કુલાધિપતિની પૂર્વ-મંજૂરી મેળવીને, કુલપતિ, યુનિવર્સિટીના કોઈ અધિકારીને નીમી શકશે;

(ખ) કુલપતિ, કૃષિ નિયામક અને કુલાધિપતિ, તેમની સાથે રાખવા પોતે યોગ્ય ગણે તેવી બીજી વ્યક્તિ અથવા વ્યક્તિઓ, હોય તો, તેમની બનેલી સલાહકાર સમિતિની ભલામણો વિચારણામાં લીધા પછી, કુલાધિપતિ, યુનિવર્સિટીના અધ્યાપકો અથવા તકનિકી કર્મચારીવર્ગ (ટેકનિકલ સ્ટાફ)ની નિમણૂક કરી શકશે;

(ગ) કુલાધિપતિ, સરકારી માર્ગદર્શિકા પ્રમાણેની ભરતી પ્રક્રિયા દ્વારા બિન-તકનિકી કર્મચારીવર્ગ (નોન-ટેકનિકલ સ્ટાફ)ની નિમણૂક કરી શકશે:

પરંતુ આવી કોઈપણ નિમણૂક તે માટે નાણાકીય જોગવાઈ કરવામાં આવે નહિ ત્યાં સુધી કરી શકાશે નહિ.

INDEX

પ્રકરણ ૧૧

પ્રકીર્ણ

વિદ્યાર્થીઓના નિવાસ.

૭૦. વિદ્યાર્થીઓ, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતા અથવા કુલપતિ દ્વારા મંજૂર કરવામાં આવેલા નિવાસમાં રહી શકશે. તેમ છતાં, કુલપતિ અથવા યુનિવર્સિટીના અધિકૃત અધિકારી, યુનિવર્સિટીમાં આવું કોઈપણ નિવાસ ઉપલબ્ધ ન હોય ત્યારે, વિદ્યાર્થીને તેમના માતા-પિતા સાથે અથવા ખાનગી નિવાસમાં રહેવાની પરવાનગી આપી શકશે.

સત્તાની સોંપણી

૭૧. કુલપતિ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા સ્ટેચ્યૂટ હેઠળ વાપરવાની સત્તા, કુલપતિ યોગ્ય ગણે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, સ્ટેચ્યૂટથી, કોલેજ/ ડિવિઝન/ વિભાગો/ સંસ્થાઓ અથવા એકમો (યુનિટ)/કચેરીના કોઈ અધિકારીમંડળ, અધિકારી, વડાને સોંપી શકશે.

એડહોક (તદર્થ) સમિતિની રચના.

૭૨. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં અને અધિકારીમંડળોની યોગ્ય રીતે રચના કરવામાં ન આવે ત્યાં સુધી, કુલપતિ, બોર્ડની મંજૂરીને અધીન રહીને, તેની (અધિકારીમંડળોની) રચના કરવામાં આવે તે પછી, આ અધિનિયમ હેઠળ આવા અધિકારીમંડળોની કોઇ સત્તા વાપરવા, તેના કાર્યો બજાવવા અને તેની ફરજોનું પાલન કરવા માટે, કામચલાઉ ધોરણે સમિતિઓ નીમી શકશે.

અધિકારીમંડળો અથવા મંડળોની રચના સંબંધી તકરારો.

૭૩. કોઈ વ્યક્તિ, યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નિમાયેલી છે કે કેમ અથવા એવા સભ્ય તરીકે હકદાર છે કે કેમ તે સંબંધી કોઈ પ્રશ્ન ઊભો થાય, તો આ બાબત કુલાધિપતિ સમક્ષ નિર્ણાયાર્થે લખી મોકલવી જોઈશે, જે અંગેનો કુલાધિપતિનો નિર્ણય આખરી રહેશે:

પરંતુ આવો કોઈ નિર્ણય લેતા પહેલાં, કુલાધિપતિએ તેનાથી અસર થયેલ હોય તે વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપવી જોઇશે.

કાનૂની કાર્યવાહી.

૭૪. યુનિવર્સિટી દ્વારા અથવા તેની સામે કરવામાં આવતા તમામ દાવા અને બીજી કાનૂની કાર્યવાહીઓ, રજિસ્ટ્રાર અથવા કુલપતિએ આ અર્થે વિશિષ્ટ રીતે નામનિયુક્ત કરેલા બીજા કોઇ અધિકારી દ્વારા, યુનિવર્સિટી વતી, શરૂ કરવામાં આવશે, તે અંગે કામ ચલાવવામાં આવશે અથવા બચાવ કરવામાં આવશે.

સરકારી કર્મચારીઓની પ્રતિનિયુક્તિ.

૭૫. કોલેજ, સંશોધન સંસ્થાઓ અને અન્ય કચેરીઓ તથા સરકારી વિભાગોની સંસ્થાઓના તમામ કર્મચારીઓ કે જેમની સેવાઓ યુનિવર્સિટીમાં તબદીલ કરવામાં

INDEX

આવી હોય, તેઓ સરકારના તબદીલ થયેલા કર્મચારીઓ ગણાશે. આવા તબદીલ થયેલા કર્મચારીઓનું, સરકાર સાથે વિચારવિનિમય કરીને, બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલી બોલીઓ અને શરતો અનુસાર, સંચાલન કરવામાં આવશે, જ્યારે યુનિવર્સિટી દ્વારા નિમણૂક કરવામાં આવેલી વ્યક્તિઓ, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા સ્ટેચ્યૂટની જોગવાઈઓને અધીન રહેશે. તબદીલ થયેલા સરકારી કર્મચારીઓ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતો પર યુનિવર્સિટીની સેવા માટેના વિકલ્પની પસંદગી કરી શકશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૭૬. (૧) આ અધિનિયમ અમલમાં આવ્યા પછી અથવા અન્યથા આ અધિનિયમની જોગવાઇઓને અમલમાં લાવવામાં, યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળની પ્રથમ રચના અથવા પુનઃરચના સંબંધી કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઇષ્ટ હોવાનું જણાય તેવી આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષ પૂરા થયા પછી, આ કલમ હેઠળ આવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલા કોઈપણ હુકમની સામે, સદરહુ પેટા-કલમમાં ઉલ્લેખ્યા પ્રમાણેની કોઈપણ મુશ્કેલી અસ્તિત્વમાં ન હોય તે કારણસર, કાયદાની કોઈ કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

(૩) આ કલમ હેઠળ કરવામાં આવેલા દરેક હુકમને, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

ઉદ્દેશો અને કારણો

ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) એ ઉત્પાદનની સમગ્રલક્ષી વ્યવસ્થા પદ્ધતિ છે જેમાં કૃત્રિમ ખાતર, જંતુનાશક પદાર્થો, જેનેટિકલ મોડિફાઇડ ઓર્ગેનિઝમ (જનીનિક પરિવર્તન કરેલા જીવતંત્ર)નો ઉપયોગ ટાળવામાં આવે છે અને તેનાથી હવા, જમીન અને જળનું પ્રદૂષણ ઘટે છે તથા વનસ્પતિ, પશુ અને લોકોના પરસ્પર અવલંબિત સમુદાયોના આરોગ્ય અને તેમની ઉત્પાદકતામાં વૃદ્ધિ થાય છે.

આ ઉદ્દેશો પરિપૂર્ણ કરવા માટે, ઓર્ગેનિક એગ્રિકલ્ચર (સાથે સંકળાયેલા) કરતાં ખેડૂતોએ, જેનાથી પોષકતત્વોમાં વૃદ્ધિ થાય અને કાર્યશક્તિને વેગ મળે તથા જોખમમાં ઘટાડો થાય તેવી શ્રેણીબદ્ધ પદ્ધતિઓ જેમ કે પાક ફેરબદલી અને પાક વૈવિધ્ય વૃદ્ધિ, પશુધન અને વનસ્પતિનું વિવિધ પ્રકારના સંયોજન, સિમ્બિયોટિક (સંયોજિત) નાઇટ્રોજનનું લેગ્યૂમ સાથે જોડાણ, ઓર્ગેનિક ખાતર અને બાયોલોજિકલ પેસ્ટ કન્ટ્રોલ (જૈવિક ઉપદ્રવી જીવાતનિયંત્રણ)ના ઉપયોગનો અમલ કરવો જરૂરી છે.

આ તમામ વ્યૂહરચનાથી, ઓર્ગેનિક એગ્રિકલ્ચર વિસ્તરણ અને સંશોધનના ક્ષેત્રમાં સમર્પિત પ્રયત્નો કરવા ધાર્યું છે. આથી, ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ)માં સંકળાયેલા દરેક અને તમામ પાસાની સંભાળ લેવામાં આવે તેવી એક સંસ્થાની આવશ્યકતા છે.

ઓર્ગેનિક પેદાશોની ખૂબ મોટી માંગ છે અને તે જ રીતે કૃષિવિષયક સમુદાય, ઓર્ગેનિક એગ્રિકલ્ચરનો સ્વીકાર કરવા પણ તૈયાર છે, પરંતુ ઉત્પાદન પ્રક્રિયા, તકનિક (ટેકનિક), પાક માટેની પોષક સામગ્રી, ઉપદ્રવી જીવાત-રોગ-નીંદણ વ્યવસ્થાપન તેમજ જળ અને જમીન સંસાધનના નિરંતર વ્યવસ્થાપન અંગે મોટા પ્રમાણમાં દુવિધા છે.

એવું પણ એક હેતુરહિત માધ્યમ છે (જેના પરત્વે ઉપેક્ષા સેવવામાં આવેલી છે અને) જેનાથી પુરવઠો અને માંગ સંતોષાય છે તથા કૃષિવિષયક સમુદાયને ઉપયોગ થવા માટે, ધનસંપત્તિ મારફત કાર્ય કરવામાં આવે છે અને સમાજના શારીરિક-માનસિક આરોગ્યને સહાયભૂત થાય છે.

ઓર્ગેનિક ઉત્પાદન, પ્રક્રિયા અને વેચાણ વ્યવસ્થા (માર્કેટિંગ)માં સંકળાયેલા દરેક અને તમામ પાસા માટેના સંસાધનો ઉપલભ્ય કરાવવા પણ જરૂરી છે. તદુપરાંત, ઓર્ગેનિક એગ્રિકલ્ચર મારફત અન્ન સુરક્ષા, આબોહવા પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ), પર્યાવરણ વ્યવસ્થાપન અને નિરંતર કૃષિના ક્ષેત્રમાં આવતા પડકારોનો સામનો કરવા માટે માનવશક્તિને તાલીમ આપીને તૈયાર કરવી ઇચ્છનીય છે. ઓર્ગેનિક એગ્રિકલ્ચર

INDEX

સાયન્સ (જૈવિક કૃષિવિષયક વિજ્ઞાન) માટે સર્વગ્રાહી નિરાકરણ, અધ્યયન સામગ્રી, શિક્ષણ, અધિકારપત્ર (એક્રેડિટેશન) અને સંલગ્નતા (જોડાણ) અંગેનો પ્રસ્તાવ રજૂ કરે તેવી કોઇપણ સંસ્થા નથી. આવા પ્રકારના સંસાધન ઉપલભ્ય કરી આપવા માટે, ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (જૈવિક કૃષિવિષયક યુનિવર્સિટી)ની સ્થાપના કરવાની આવશ્યકતા છે.

તેથી, ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી સ્થાપવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની મહત્વની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવી છે:-

કલમ ૧.- આ કલમથી, ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨.- આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

કલમો ૩ થી ૭.- આ કલમોથી, ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીની સ્થાપના અને તેના સંસ્થાપન, યુનિવર્સિટીની પ્રાદેશિક હકૂમત તથા તેના ઘટક મંડળો, ઉદ્દેશો, તેમાં પ્રવેશ, તેના સત્તા અને તેના કાર્યો માટેની જોગવાઇ કરી છે.

કલમ ૮.- આ કલમથી જોગવાઇ કરી છે કે યુનિવર્સિટી લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા અથવા રાજકીય કે અન્ય મંતવ્યના ભેદ વિના બધાને માટે ખુલ્લી રહેશે.

કલમ ૯.- આ કલમથી, કુલાધિપતિ આદેશ કરે તેવી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા યુનિવર્સિટીની તપાસણી અને તપાસ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૦.- આ કલમથી, યુનિવર્સિટીના અધિકારીમંડળો માટેની જોગવાઇ કરી છે.

કલમો ૧૧ અને ૧૨.- આ કલમોથી, સંચાલક મંડળની રચના, બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત, બોર્ડની બેઠક, સંચાલક મંડળની સત્તા અને તેના કાર્યો માટેની જોગવાઇ કરી છે.

કલમો ૧૩ અને ૧૪.- આ કલમોથી, એકેડેમિક કાઉન્સિલની રચના, એકેડેમિક કાઉન્સિલના સભ્યોના હોદ્દાની મુદત, એકેડેમિક કાઉન્સિલની બેઠક, એકેડેમિક કાઉન્સિલની સત્તા અને ફરજો માટેની જોગવાઇ કરી છે.

કલમો ૧૫ અને ૧૬.- આ કલમોથી, સંશોધન પરિષદની રચના અને સંશોધન પરિષદે બજાવવાના કાર્યો માટેની જોગવાઇ કરી છે.

INDEX

કલમો ૧૭ અને ૧૮.- આ કલમોથી, વિસ્તરણ શિક્ષણ પરિષદની રચના અને વિસ્તરણ શિક્ષણ પરિષદે બજાવવાના કાર્યો માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૯.- આ કલમથી, યુનિવર્સિટીની વિદ્યાશાખા અને અભ્યાસ સમિતિ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૦.- આ કલમથી, આ અધિનિયમથી અથવા તે હેઠળ અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, યુનિવર્સિટીના અધિકારીમંડળો દ્વારા સમિતિઓની રચના કરવા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૧.- આ કલમથી, યુનિવર્સિટીના વિવિધ અધિકારીમંડળોના સભ્યપદ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૨.- આ કલમથી, યુનિવર્સિટીના અધિકારીઓ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૩.- આ કલમથી જોગવાઇ કરી છે કે ગુજરાતના રાજ્યપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

કલમો ૨૪ અને ૨૫.- આ કલમોથી, યુનિવર્સિટીના કુલપતિની નિમણૂક માટેની લાયકાત, સેવાની બીજી બોલીઓ અને શરતો માટેની જોગવાઇ કરી છે અને તેમની સત્તા તથા ફરજો માટેની પણ જોગવાઇ કરી છે.

કલમ ૨૬.- આ કલમથી જોગવાઈ કરી છે કે કુલપતિ, યુનિવર્સિટીના સંચાલક મંડળ અથવા તેવા નામનિયુક્ત મંડળની જાણ હેઠળ, છ મહિનાની મુદત માટે, કામચલાઉ ધોરણે, આવા અધિકારીઓની નિમણૂકો કરી શકશે.

કલમો ૨૭ થી ૩૧.- આ કલમોથી, સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસના ડીન, વિસ્તરણ શિક્ષણ નિયામક, ડીન, રજિસ્ટ્રાર અને કોમ્પ્ટ્રોલરની નિમણૂક અને તેમની સત્તા અને ફરજો માટેની જોગવાઈ કરી છે.

કલમો ૩૨ થી ૩૫.- આ કલમોથી, યુનિવર્સિટીમાં પૂરા પાડવાના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો માટેની અને તેના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કાર્યક્રમોના સમન્વય માટેની જોગવાઈ કરી છે.

કલમો ૩૬ થી ૩૭.- આ કલમોથી, યુનિવર્સિટીના ફંડ અને તેના સંચાલન માટેની જોગવાઈ કરી છે.

કલમ ૩૮.- આ કલમથી, યુનિવર્સિટીના હિસાબો અને ઓડિટ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૩૯.- આ કલમથી, કુલપતિના આદેશ હેઠળ, રજિસ્ટ્રાર-એ અથવા બીજા કોઇ અધિકારીએ નાણાકીય વર્ષ પૂરું થયાના છ મહિનાની અંદર વાર્ષિક રિપોર્ટ (અહેવાલ) તૈયાર કરવાની જોગવાઇ કરી છે.

INDEX

કલમ ૪૦.- આ કલમથી જોગવાઈ કરી છે કે સરકાર દર વર્ષે તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે યુનિવર્સિટીને ઊચક અનુદાન (ગ્રાન્ટ) આપી શકશે.

કલમ ૪૧.- આ કલમથી, નાણા સમિતિની રચના અને તેના કાર્યો માટેની જોગવાઇ કરી છે.

કલમો ૪૨ અને ૪૩.- આ કલમોથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી બાબતો માટે, બોર્ડ દ્વારા સ્ટેચ્યૂટ કરવા અને રદ કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૪૪.- આ કલમથી, તેમાં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે, યુનિવર્સિટીના વિવિધ અધિકારીમંડળો દ્વારા વિનિયમો કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમો ૪૫ અને ૪૬.- આ કલમોથી, કોલેજના યુનિવર્સિટી સાથે જોડાણ અને તેના જોડાણના વિસ્તરણ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૪૭.- આ કલમથી, કોલેજ સિવાયની ઓર્ગેનિક એગ્રિકલ્ચર અથવા વિસ્તરણ શિક્ષણની કોઈ સંસ્થાને બોર્ડ દ્વારા માન્યતા આપવાની જોગવાઈ કરી છે.

કલમ ૪૮.- આ કલમથી, જોડાણ પામેલા કેન્દ્ર અથવા કોલેજ અથવા માન્ય સંસ્થાની તપાસ સમિતિ દ્વારા તપાસણી કરાવવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૪૯.- આ કલમથી જોગવાઈ કરી છે કે દરેક જોડાણ પામેલા કેન્દ્ર અથવા કોલેજ અથવા માન્યતાપ્રાપ્ત સંસ્થાએ, પ્રશિક્ષણના માધ્યમને લગતી જોગવાઈઓનું પાલન કરવું જોઈશે.

કલમો ૫૦ અને ૫૧.- આ કલમોથી, કોઈ કેન્દ્ર અથવા કોલેજનું જોડાણ પાછું ખેંચવા માટેની અને યુનિવર્સિટીના કોઈ કેન્દ્રની માન્યતા પાછી ખેંચવા માટેની જોગવાઈ કરી છે.

કલમો ૫૨ અને ૫૩.- આ કલમોથી, નિયમિત મંજૂરી ધરાવતી કોઈપણ સંસ્થા માટે, રાજ્ય અને/ અથવા રાષ્ટ્રીય સ્તરના ક્રમનિર્ધારણ (ગ્રેડેશન) આધારિત, સ્વીકૃતિ અને કામગીરીની રેટિંગ પદ્ધતિ માટેની જોગવાઈ કરી છે અને સ્વીકૃતિ સમિતિની રચના માટેની પણ જોગવાઈ કરી છે.

કલમો ૫૪ અને ૫૫.- આ કલમોથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા ધોરણોને આધારે, સ્વીકૃતિ મેળવવા અને પ્રમાણીકરણ કરાવવા માટેની અરજી કરવા માટે અનુસરવાની કાર્યરીતિ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૫૭.- આ કલમથી, યુનિવર્સિટીના સ્ટાફને બરતરફ કરવા, દૂર કરવા તથા તેમની નોકરી સમાપ્ત કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૫૮.- આ કલમથી, યુનિવર્સિટીના અધિકારીઓ, દફતરી સ્ટાફ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભ માટે પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને વીમા માટેની જોગવાઇ કરી છે.

કલમો ૫૯ અને ૬૦.- આ કલમોથી, જે રીતે કોઈ અધિકારીમંડળ અથવા મંડળના સભ્ય પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને જે રીતે પ્રાસંગિક ખાલી જગાઓ ભરી શકાશે તે રીતે માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૧.- આ કલમથી એવી જોગવાઈ કરી છે કે યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા અન્ય મંડળનું સભ્યપદ ખાલી પડવાને લીધે કાર્યવાહીઓ અમાન્ય ઠરશે નહિ.

કલમ ૬૨.- આ કલમથી એવી જોગવાઈ કરી છે કે યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ, ભારતના ફોજદારી અધિનિયમના અર્થ મુજબ જાહેર સેવકો ગણાશે.

કલમ ૬૩.- આ કલમથી, આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટ વગેરેના અર્થઘટન સંબંધી અને યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા કોઈ મંડળના સભ્યની નિમણૂક સંબંધી, તે વ્યક્તિ એવા સભ્ય તરીકે હકદાર છે અથવા હકદાર હોતી બંધ થઈ છે કે કેમ તે સંબંધી તકરારોનું નિરાકરણ કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૪.- આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલા કૃત્યોની સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૫.- આ કલમથી, રાજ્ય સરકાર દ્વારા, વધુમાં વધુ બે વર્ષની મુદત માટે, પ્રથમ કુલપતિની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૬.- આ કલમથી, પ્રથમ કુલપતિની વચગાળાની સત્તા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૭.- આ કલમથી, પ્રથમ કુલપતિની અસાધારણ સત્તા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૮.- આ કલમથી, રાજ્ય સરકાર દ્વારા, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે, પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૯.- આ કલમથી, આ અધિનિયમ અમલમાં આવ્યા પછી તરત જ, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી લઈને, કુલપતિ દ્વારા, અધિકારીઓ અને અધ્યાપકો, ટેકનિકલ અને નોન-ટેકિનકલ (તકનિકી અને બિન-તકનિકી) સ્ટાફની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૭૦.- આ કલમથી, યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતા અથવા કુલપતિ દ્વારા મંજૂર કરવામાં આવતા વિદ્યાર્થીઓના નિવાસ માટેની જોગવાઈ કરી છે.

INDEX

કલમ ૭૧.- આ કલમથી જોગવાઇ કરી છે કે, કુલપતિ, પોતે યોગ્ય ગણે તેવી શરતો અને તેવા નિયંત્રણોને અધીન રહીને, કોલેજ/ ડિવિઝન/ વિભાગો/ સંસ્થાઓ અથવા એકમો (યુનિટ)/ કચેરીના કોઈ અધિકારીમંડળ, અધિકારી, વડાને સત્તા સોંપી શકશે.

કલમ ૭૨.- આ કલમથી, સંચાલક મંડળની મંજૂરીને અધીન રહીને, કુલપતિ દ્વારા, એડ્હોક સમિતિની રચના કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૭૩.- આ કલમથી, અધિકારીમંડળો અથવા મંડળોની રચના સંબંધી તકરારો માટેની જોગવાઈ કરી છે.

કલમ ૭૪.- આ કલમથી એવી જોગવાઇ કરી છે કે યુનિવર્સિટી દ્વારા અથવા તેની સામે કરવામાં આવતા તમામ દાવા અને કાનૂની કાર્યવાહીઓ, રજિસ્ટ્રાર અથવા કુલપતિએ નામનિયુકત કરેલા કોઇ બીજા અધિકારી દ્વારા શરૂ કરવામાં આવશે, તે અંગે કામ ચલાવવામાં અથવા બચાવ કરવામાં આવશે.

કલમ ૭૫.- આ કલમથી, જેમની સેવાઓ યુનિવર્સિટીને તબદીલ કરવામાં આવેલી હોય તેવી કોલેજ, સંશોધન સંસ્થાઓ અને સરકારી વિભાગની અન્ય કચેરીઓ અને સંસ્થાઓની પ્રતિનિયુકિત માટેની જોગવાઇ કરી છે.

કલમ ૭૬.- આ કલમથી, રાજય સરકારને, આ અધિનિયમની આરંભથી ત્રણ વર્ષની મુદતની અંદર, અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

ચીમનભાઇ સાપરીયા,

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૩૬ની પેટા-કલમ (૧)(ખ)થી, રાજ્ય સરકાર દ્વારા, બીજી બાબતોની સાથોસાથ, યુનિવર્સિટીને ગ્રાન્ટ (અનુદાન)ની ફાળવણી કરવા ધાર્યું છે. વિધેયક, જો અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે, તો રાજ્યના એકત્રિત ફંડમાંથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂપિયા ૧૦.૦૦ કરોડનો અંદાજિત વાર્ષિક ખર્ચ થશે. સન ૨૦૧૭-૧૮ના વર્ષ માટે બજેટ અંદાજમાં રૂપિયા ૧૦.૦૦ કરોડની જોગવાઇ કરવી જોઇશે, જેમાંથી રૂપિયા ૧૦.૦૦ કરોડ એ આવર્તક અને અનાવર્તક એમ બન્ને પ્રકારના રહેશે.

ચીમનભાઇ સાપરીયા,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૬.- આ કલમની પેટા-કલમ (૨)ના પરંતુકથી, યુનિવર્સિટીને, સ્ટેચ્યૂટથી, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના સંબંધમાં, યુનિવર્સિટીમાં પ્રવેશ આપવા માટેના ધોરણો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭.- (૧) આ કલમની પેટા-કલમ (૫)થી, યુનિવર્સિટીએ, જે રીતે તેના દ્વારા એનાયત કરવામાં આવેલા અથવા આપવામાં આવેલા કોઇ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર પાછા ખેંચવા જોઇશે અથવા રદ કરવા જોઇશે તે રીત, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૧૬)થી, યુનિવર્સિટીને, અધ્યાદેશ (ઓર્ડિનન્સ) દ્વારા ઠરાવવામાં આવે તેટલી ફી અને બીજા ચાર્જ નક્કી કરવાની, માંગવાની અને વસૂલ કરવાની સત્તા મળે છે.

કલમ ૧૦.- આ કલમની પેટા-કલમ (૬)થી, બોર્ડને, યુનિવર્સિટીના અન્ય મંડળોને યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકે સ્ટેચ્યૂટથી, જાહેર કરવાની, સત્તા મળે છે.

કલમ ૧૧.- (૧) આ કલમની પેટા-કલમ (૨)ના પરિચ્છેદ (૧૨)થી, યુનિવર્સિટીને, કુલપતિએ, જે રીતે વિદ્યાશાખાના ડીનમાંથી એક સભ્યની વારાફરતી નામનિયુક્તિ કરવી જોઇશે તે રીત સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૯)થી, યુનિવર્સિટીને, પરામર્શના હેતુ માટે, મંડળ દ્વારા આમંત્રિત કરવામાં આવે તેવી, યુનિવર્સિટીની બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે વિચારણા હેઠળના કોઈ વિષય અંગેનો અનુભવ અથવા વિશેષ જાણકારી ધરાવતી કોઈ વ્યક્તિ માટેના ભથ્થાં, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૨.- (૧) આ કલમની પેટા-કલમ (૨)ના પેરા (૧૭)થી , બોર્ડને, ઠરાવેલી રીતે, સહાયક પ્રાધ્યાપક અને તેથી ઉપરના દરજ્જાના અધિકારીઓ, અધ્યાપકો

INDEX

અને કર્મચારીઓની નિમણૂક માટે, પસંદગી સમિતિની ભલામણો મંજૂર કરવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૨)ના પરિચ્છેદ (૩૧)થી, બોર્ડને, સ્ટેચ્યૂટથી, ઠરાવવામાં આવે તેવી ફી અને બીજા ચાર્જ નક્કી કરવા, માંગવા અને લેવા અથવા વસૂલ કરવાની સત્તા મળે છે;

(૩) આ કલમની પેટા-કલમ (૫)થી, સંચાલક મંડળને, વહીવટી કામગીરી પાર પાડવા માટે નિમાયેલી સમિતિની રચના, કાર્યો અને મુદત, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.- આ કલમની પેટા-કલમ (૨)થી, બોર્ડને, એકેડેમિક કાઉન્સિલ, જે મુદત માટે અને જે રીતે, ઓર્ગેનિક એગ્રિકલ્ચર અને સંલગ્ન ક્ષેત્રોની જુદીજુદી શાખાનું પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકાય તે માટે બેથી વધુ ન હોય એટલી વ્યક્તિઓને સભ્યો તરીકે કો-ઓપ્ટ કરી શકશે, તે મુદત અને તે રીત, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૪.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, બોર્ડને, સ્ટેચ્યૂટથી અભ્યાસક્રમો, ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૩)ના પરિચ્છેદ (૧૩)થી, બોર્ડને, યુનિવર્સિટીઓના અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ સ્ટાફ માટે એકેડેમિક કાઉન્સિલ દ્વારા ભલામણ કરવાની લાયકાતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમની પેટા-કલમ (૩)ના પરિચ્છેદ (૧૪)થી, બોર્ડને, યુનિવર્સિટીના અધ્યાપકો માટે એકેડેમિક કાઉન્સિલ દ્વારા ભલામણ કરવાની લાયકાતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૫.- આ કલમથી, પેટા-કલમ (૨)થી, બોર્ડને, જે મુદત માટે અને જે રીતે સંશોધન પરિષદ ચાર કરતાં વધુ નહિ તેટલી વ્યકિતઓને સભ્યો તરીકે કો-ઓપ્ટ કરી શકશે, જેમાં એક ઓર્ગેનિક ખેતીની પશ્ચાદભૂમિકા ધરાવતા પ્રગતિશીલ ખેડૂત હોવા જોઇશે જેથી એગ્રિકલ્ચર અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ વિભાગોનું પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકાય, તે મુદત અને રીત, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૪.- આ કલમની, પેટા-કલમ (૫)થી, સંચાલક મંડળને, જે રીતે શોધ સમિતિ પોતે જેને કુલપતિ તરીકે નીમાવા માટે યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓની

પસંદગી કરશે તે રીત સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે અને જે બીજી વિગતોની સાથે સમિતિ, કુલપતિની જગ્યા માટે એવી રીતે પસંદ કરેલ વ્યકિતઓના નામોની રાજય સરકારને ભલામણ કરશે તે વિગતો ઠરાવવાની પણ સત્તા મળે છે.

કલમ ૨૬.- આ કલમથી, બોર્ડને, જે બોલીઓને અને જે શરતોને અધીન રહીને, યુનિવર્સિટીના સંચાલક મંડળ અથવા નામનિયુકત મંડળ-ની મંજૂરીથી, કુલપતિ યુનિવર્સિટીના બીજા અધિકારીઓ નીમશે તે બોલીઓ અને શરતો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૭- (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસોના ડીનની લાયકાતો, મળતરો અને સેવાની બોલીઓ અને શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૪)થી, સંચાલક મંડળને, નિયામકે વાપરવાની બીજી સત્તાઓ અને બજાવવાની બીજી ફરજો, સ્ટેચ્યૂટની ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૮- (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, બોર્ડને, વિસ્તરણ શિક્ષણ નિયામકની લાયકાતો, મળતરો અને તેમની સેવાની બોલીઓ અને શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૮)થી, સંચાલક મંડળને, વિસ્તરણ શિક્ષણ નિયામકે વાપરવાની બીજી સત્તા અને બજાવવાની બીજી ફરજો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૯- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, દરેક વિદ્યાશાખાના ડીનને પસંદ કરવાની રીત, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૬)થી, સંચાલક મંડળને, વિદ્યાશાખાના ડીને વાપરવાની બીજી સત્તા અને બજાવવાની બીજી ફરજો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ 30- (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, રજિસ્ટ્રારની લાયકાતો, મળતરો અને સેવાની બોલીઓ અને શરતો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

INDEX

(૨) આ કલમની પેટા-કલમ (૪)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીમાં જે મહેકમની બાબતો અને સામાન્ય વહીવટ માટે રજિસ્ટ્રાર જવાબદાર રહેશે, તે સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમની પેટા-કલમ (૬)થી, બોર્ડને, રજિસ્ટ્રારે વાપરવાની બીજી સત્તા અને બજાવવાની તેવી બીજી ફરજો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૧- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, કોમ્પ્ટ્રોલર (નિયંત્રક)ની લાયકાતો, મળતરો અને સેવાની બોલીઓ અને શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૭)થી, સંચાલક મંડળને, કમ્પ્ટ્રોલર (નિયંત્રક)એ વાપરવાની બીજી સત્તા અને બજાવવાની બીજી ફરજો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૨.- આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીના શિક્ષણમાં સમાવવામાં આવે તેવા ઓર્ગેનિક એગ્રિકલ્ચર અથવા સંલગ્ન વિજ્ઞાનની વિદ્યાશાખામાંના અનુસ્નાતક અને ડોક્ટરલ પદવી કાર્યક્રમો અને ટૂંકી મુદતના ડિપ્લોમા, પ્રમાણપત્ર અથવા વ્યાવસાયિક અભ્યાસક્રમો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૬.- આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, જે રીતે બોર્ડ, જરૂર હોય ત્યારે અને તે પ્રમાણે જેટલી રકમની ફેરબદલી ફાઉન્ડેશન ફંડમાંથી સામાન્ય ફંડમાં કરી શકશે, તે રીત સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૭.- આ કલમથી, સંચાલક મંડળને, જે રીતે યુનિવર્સિટીના સામાન્ય ફંડ ફાઉન્ડેશન ફંડ અને બીજા ફંડોનું સંચાલન કરવું જોઇશે તે રીત, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫૪.- આ કલમથી, નાણા સમિતિને, સંચાલક મંડળને કરવાની એક્રેડિટેશન (સ્વીકૃતિ)ની અરજી સાથે જમા કરાવવાની ફી, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫૮.- આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, જે રીતે અને જે શરતોને અધીન રહીને, યુનિવર્સિટીએ, યુનિવર્સિટીના અધિકારીઓ, દફતરી કર્મચારીવર્ગ, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓ માટે, વીમા, પેન્શન, પ્રોવિડન્ટ

ફંડ, ગ્રેચ્યુઇટી અને વર્ધિત પેન્શન ફંડ માટે જોગવાઇ કરવી જોઇશે તે રીત અને શરતો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬૬.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે મુદ્દતની અંદર, પ્રથમ કુલપતિએ એકેડેમિક કાઉન્સિલ અને યુનિવર્સિટીના બીજા અધિકારીમંડળોની રચના કરવા માટે ગોઠવણ કરવી જોઈશે તેવી, એકંદરે એક વર્ષથી વધુ નહિ તેટલી મુદત નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખ અથવા તારીખોથી એકેડેમિક કાઉન્સિલ અને સંચાલક મંડળ સિવાયના યુનિવર્સિટીના બીજા અધિકારીમંડળો તેમના કાર્યો બજાવવાનું શરૂ કરશે, તે તારીખ અથવા તારીખો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૭૦.- આ કલમથી, બોર્ડને, જે શરતોને અધીન રહીને, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતા અથવા કુલપતિ દ્વારા મંજૂર કરવામાં આવેલા નિવાસમાં રહેવું જોઈશે તે શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭૫.- આ કલમથી, બોર્ડને, જે બોલીઓ અને શરતોને અધીન રહીને, તબદીલ થયેલા સરકારી કર્મચારીઓ, યુનિવર્સિટી સેવા માટેની પસંદગી કરી શકશે તે બોલીઓ અને શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭૬.- આ કલમથી, રાજ્ય સરકારને, ત્રણ વર્ષની મુદતની અંદર આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં ઊભી થયેલી કોઇ મુશ્કેલી દૂર કરવા માટે, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭. ચીમનભાઇ સાપરીયા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭.

.....

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

I
I-4

Extra No. 58

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MARCH 6, 2017/PHALGUNA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭.

તારીખઃ **૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **સન ૨૦૧૭**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૨** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 2 OF 2017.

THE GUJARAT SALARIES AND ALLOWANCES OF MEMBERS, SPEAKER AND DEPUTY SPEAKER OF THE GUJARAT LEGISLATIVE ASSEMBLY, MINISTERS AND LEADER OF THE OPPOSITION LAWS (AMENDMENT) BILL, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની ૩જી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 2 OF 2016.

AN ACT

further to amend the laws relating to Salaries and Allowances of Members, Speaker and Deputy Speaker of the Gujarat Legislative Assembly, Ministers and Leader of the Opposition.

સન ૨૦૧૭નું ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૬ઠ્ઠી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૦મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

INDEX

સન ૧૯૬૦ના ગુજરાતના ૨જા અધિનિયમની કલમ ૮નો સુધારો.

૨. ગુજરાત વિધાનસભાના સભ્યો (સદસ્યો)ના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦માં, કલમ ૮માં,- સન ૧૯૬૦નો ગુજરાતનો ૨ જો.

(૧) પેટા-કલમ (૫) કમી કરવી ;

(૨) *સ્પષ્ટીકરણ* (૨) કમી કરવું.

સન ૧૯૬૦ના ગુજરાતના ૩જા અધિનિયમની કલમો ૭ અને ૧૨ચ કમી કરવા બાબત.

૩. ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦માં, કલમ ૭ અને કલમ ૧૨ચ કમી કરવી. સન ૧૯૬૦નો ગુજરાતનો ૩જો.

સન ૧૯૬૦ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૦ કમી કરવા બાબત.

૪. ગુજરાતના મંત્રીઓના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦માં, કલમ ૧૦ કમી કરવી. સન ૧૯૬૦નો ગુજરાતનો ૬ઠ્ઠો.

સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૭ કમી કરવા બાબત.

૫. ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં, કલમ ૭ કમી કરવી. સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો.

સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૧૨ નો સુધારો.

૬. ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં, કલમ ૧૨ માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ગ) કમી કરવો. સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો.

રદ કરવા બાબત અને અપવાદ.

૭. (૧) ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વટહુકમ, ૨૦૧૬ આથી રદ કરવામાં આવે છે. સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૮-મો.

સન ૧૯૬૦નો ગુજરાતનો ૨ જો. સન ૧૯૬૦નો ગુજરાતનો ૩ જો. સન ૧૯૬૦નો ગુજરાતનો ૬ ઠ્ઠો. સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના ગુજરાત વિધાનસભાના સભ્યો (સદસ્યો)ના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાત મંત્રીઓના પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ અને ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના સદરહુ અધિનિયમો હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 59

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 1938

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MARCH 6, 2017/PHALGUNA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

તારીખ: ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭ ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૩** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 3 OF 2017.

THE GUJARAT AADHAAR (TARGETED DELIVERY OF FINANCIAL AND OTHER SUBSIDIES, BENEFITS AND SERVICES) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલ-એ સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૪થી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO.3 OF 2017

AN ACT

to provide for, as a good governance measure, efficient, transparent and targeted delivery of subsidies, benefits and services to the individuals residing in the State of Gujarat using Aadhaar as a sole identifier, and for matters connected therewith and incidental thereto.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૩ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૬ઠ્ઠી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર" માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

સુશાસનવિષયક વ્યવસ્થાના એક પગલા તરીકે, ગુજરાત રાજ્યમાં રહેતી વ્યક્તિઓને, એકમાત્ર ઓળખકર્તા તરીકે આધારનો ઉપયોગ કરીને, સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું અસરકારક, પારદર્શી અને લક્ષિત વિતરણ કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

સુશાસનવિષયક વ્યવસ્થાના એક પગલા તરીકે, ગુજરાત રાજ્યમાં રહેતી વ્યક્તિઓને, એકમાત્ર ઓળખકર્તા તરીકે આધારનો ઉપયોગ કરીને, સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું અસરકારક, પારદર્શી અને લક્ષિત વિતરણ કરવાનું અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા માટે કાયદો કરવાનું ઈષ્ટ છે;

INDEX

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ. ૧. (૧) આ અધિનિયમ ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા. ૨. (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''આધાર નંબર'' એટલે કેન્દ્રીય અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૩) હેઠળ કોઈ વ્યક્તિને કાઢી આપવામાં આવેલ ઓળખ નંબર;

(ખ) ''રાજ્ય સરકારની એજન્સી'' એટલે સ્થાનિક મંડળો સહિત ગુજરાત રાજ્યમાં કોઈ કેન્દ્રીય અથવા રાજ્ય કાયદાથી સ્થપાયેલું અથવા રચાયેલું કોઈ સત્તામંડળ અથવા મંડળ અને રાજ્ય સરકારની માલિકીનું તથા તેના નિયંત્રણ હેઠળનું બીજું કોઈ મંડળ અને તેમાં જેની રચના અને વહીવટ મહદ્ અંશે રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળ હોય તેવા મંડળોનો સમાવેશ થાય છે;

(ગ) ''પ્રમાણીકરણ'' એટલે જે પ્રક્રિયા દ્વારા કોઈ વ્યક્તિની ડિમોગ્રાફિક (વસ્તીસંખ્યાવિષયક) માહિતી અથવા બાયોમેટ્રિક (શારીરિક ચિહ્નો દ્વારા વ્યક્તિની ઓળખ) માહિતી આધાર નંબર સાથે, સેન્ટ્રલ આઈડેન્ટિટિ ડેટા રિપોઝિટરિ (કેન્દ્રીય ઓળખ માહિતી સંગ્રહ)ને તેની ખરાઈ માટે મોકલવામાં આવતી હોય તે પ્રક્રિયા અને આવી રિપોઝિટરિ (માહિતી સંગ્રહ) પોતાની પાસની ઉપલભ્ય માહિતીને આધારે તેની સત્યતા અને તેમાં રહેલી ખામી અંગેની ખરાઈ કરે છે;

(ઘ) ''લાભ'' એટલે કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથને, રોકડ અથવા વસ્તુ સ્વરૂપે આપવામાં આવતો કોઈ ફાયદો, ભેટ, પુરસ્કાર, રાહત અથવા ચુકવણી અને તેમાં, રાજ્ય સરકાર, વખતોવખત, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા બીજા લાભોનો સમાવેશ થાય છે;

(ચ) ''બાયોમેટ્રિક માહિતી'' એટલે ફોટોગ્રાફ્સ, આંગળાની છાપ, આઈરિશ સ્કેન અથવા કેન્દ્રીય અધિનિયમથી નિર્દિષ્ટ કરેલા વ્યક્તિના તેના બીજા જૈવિક લક્ષણો;

(છ) ''કેન્દ્રીય અધિનિયમ'' એટલે આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬; સન ૨૦૧૬નો ૧૮મો.

(જ) ''સેન્ટ્રલ આઈડેન્ટિટિઝ ડેટા રિપોઝિટરિ (કેન્દ્રીય ઓળખ માહિતી સંગ્રહ)'' એટલે એક અથવા વધુ સ્થળોએ આવેલ, આધાર નંબર ધરાવનારાને કાઢી આપવામાં આવેલા તમામ આધાર નંબર અને એવી વ્યક્તિઓની તત્સમાન ડિમોગ્રાફિક (વસ્તીસંખ્યાવિષયક) માહિતી અને બાયોમેટ્રિક માહિતી તથા તેને લગતી બીજી માહિતી ધરાવતું મધ્યસ્થ ડેટાબેઝ;

(ઝ) ''રાજ્યનું એકત્રિત ફંડ'' એટલે ગુજરાત રાજ્યનું એકત્રિત ફંડ;

(ટ) ''ડિમોગ્રાફિક (વસ્તીસંખ્યાવિષયક) માહિતી''માં, કેન્દ્રીય અધિનિયમની જોગવાઈઓ મુજબ વ્યક્તિના નામ, તેની જન્મ તારીખ, તેના સરનામા અને બીજી સંબંધિત માહિતીનો સમાવેશ થાય છે, પણ તેમાં વંશ, ધર્મ, જ્ઞાતિ, આદિજાતિ, જાતીયતા, ભાષા, હકદારીના રેકર્ડ, આવક, અથવા ભૂતકાળની તબીબીવિષયક વિગતોનો સમાવેશ થશે નહિ;

(ઠ) ''નામ-નોંધણી(એનરોલમેન્ટ)'' એટલે કેન્દ્રીય અધિનિયમ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે, વ્યક્તિઓને આધાર નંબર કાઢી આપવાના હેતુ માટે, નામ-નોંધણી (એનરોલમેન્ટ) એજન્સી દ્વારા વ્યક્તિઓની ડિમોગ્રાફિક (વસ્તીસંખ્યાવિષયક) માહિતી અને બાયોમેટ્રિક માહિતી એકત્રિત કરવા માટેની પ્રક્રિયા;

(ડ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ઢ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ત) ''સેવા'' એટલે કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથને કોઈ સ્વરૂપે પૂરી પાડવામાં આવતી કોઈ સાધનસામગ્રી, સવલત, ઉપયોગી વસ્તુ અથવા બીજી કોઈ સહાય અને તેમાં રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવી બીજી સેવાઓનો સમાવેશ થાય છે;

(થ) ''સહાયકી (સબસિડી)'' કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથને રોકડ અથવા વસ્તુ સ્વરૂપે પૂરી પાડવામાં આવતી કોઈ પ્રકારની સહાય, મદદ, ગ્રાન્ટ, આર્થિક સહાય અથવા ખાસ હેતુ માટે આપવામાં આવતા નાણાં અને

INDEX

તેમાં રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી બીજી સહાયકી (સબસિડી)નો સમાવેશ થાય છે;

(૨) આ અધિનિયમમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, કેન્દ્રીય અધિનિયમમાં હેઠળ અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે.

અમુક સહાયકી, લાભો અને સેવાઓ વગેરે મેળવવા માટે આધાર નંબરનો પુરાવો જરૂરી હોવા બાબત.

૩. રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારની કોઈ એજન્સી, જેના ખર્ચનો ઉપાડ સંપૂર્ણપણે રાજ્યના એકત્રિત ફંડમાંથી અથવા રાજ્ય સરકારની કોઈ એજન્સીએ સ્થાપેલા કોઈ ફંડમાંથી કરવામાં આવતો હોય અથવા જેમાંથી થતી આવક રાજ્યના એકત્રિત ફંડમાં અથવા રાજ્ય સરકારની કોઈ એજન્સીએ સ્થાપેલા કોઈ ફંડમાં ઉમેરાતી હોય તેવી સહાયકી, લાભ અથવા સેવા મેળવવાની શરત તરીકે કોઈ વ્યક્તિની ઓળખ સ્થાપવાના હેતુ માટે, આવી વ્યક્તિને પ્રમાણીકરણ કરવાનું અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા અથવા જે વ્યક્તિને કોઈપણ આધાર નંબર ફાળવવામાં આવ્યો ન હોય તેવી વ્યક્તિના કિસ્સામાં, તેવી વ્યક્તિને નામ-નોંધણી(એનરોલમેન્ટ) માટે અરજી કરવા ફરમાવી શકશે:

પરંતુ કોઈ વ્યક્તિ જ્યાં સુધી આધાર નંબર, આપવામાં ન આવે ત્યાં સુધી, આવી વ્યક્તિને સહાયકી, લાભ અથવા સેવાના વિતરણ માટે, ઓળખના વૈકલ્પિક અને વ્યવહાર્ય સાધનો પૂરા પાડવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવાની યોજનાઓ.

૪. રાજ્ય સરકાર, આ અધિનિયમના આરંભની તારીખથી ત્રણ મહિનાની મુદત અંદર અને ત્યારપછી, વખતોવખત, રાજપત્રમાં જાહેરનામાથી, જેના માટે કલમ ૩ મુજબ એવા પ્રમાણીકરણ અથવા પુરાવા જરૂરી હોય તેવી યોજનાઓ, સહાયકી, લાભ અથવા સેવાઓની યાદી નિર્દિષ્ટ કરશે.

કેન્દ્રીય અધિનિયમના પ્રકરણો ૩ અને ૬ લાગુ પડવા બાબત.

૫. કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ ૩ અને પ્રકરણ ૬ની જોગવાઈઓ, આ અધિનિયમ હેઠળના પ્રમાણીકરણને ઉચિત ફેરફારો સાથે લાગુ પડશે.

અધિનિયમ, અન્ય કોઈપણ કાયદા કરતાંનો હોવા છતાં અને તેનાથી તેનું કોઈપણ કાયદાનું) અલ્પીકરણ થશે નહિ.

૬. આ અધિનિયમની જોગવાઈઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓ ઉપરાંતની રહેશે અને તેનું અલ્પીકરણ કરતી ન હોય તેવી રહેશે.

૭. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્ય માટે, રાજય સરકાર અથવા રાજય સરકારના કોઇ અધિકારી અથવા અન્ય કર્મચારીઓ સામે કોઇપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ. **શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.**

૮. (૧) રાજય સરકાર, *રાજપત્રમાં* જાહેરનામાથી, સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. **નિયમો કરવાની સત્તા.**

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એવા નિયમોથી, નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબતો માટે જોગવાઇ કરી શકાશેઃ-

(ક) વિવિધ સહાયકી, લાભો, સેવાઓ અને જેના માટે આધાર નંબરનો ઉપયોગ કરી શકાય તેવા બીજા હેતુઓ પૂરા પાડવા અથવા ઉપલબ્ધ કરાવવાના હેતુઓ માટે, આધાર નંબરના ઉપયોગની રીત નિર્દિષ્ટ કરવી;

(ખ) ફરમાવવાની હોય અથવા નિર્દિષ્ટ કરવામાં આવે અથવા જેના સંબંધમાં નિયમોથી, જોગવાઇ કરવાનું ફરમાવ્યું હોય તેવી બીજી કોઇ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો, એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ, તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજય વિધાનમંડળ, તેમાં જે કોઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ, એવી રીતે જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તે *રાજપત્રમાં* પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

૯. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે, પોતાને જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી અને આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશેઃ **મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**

પરંતુ આ અધિનિયમની આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

INDEX

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 60 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MARCH 7, 2017/PHALGUNA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૩જી નવેમ્બર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) જીએચવી/૨૦૧૬નો ૨૦૦/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલ, અને તારીખ : ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : (૨) જીએચ/વી/૨૦૧૬નો ૧૮૭/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૧)-એલ,-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Town Planning and Urban Development Act, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

બ્લોક નં. ૧૪, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૦૩-૧૧-૨૦૧૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૨૦૦/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલ :– ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૨ની પેટા-કલમ (૧), (૨-ક)થી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૦૯-૧૨-૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૧૫નો ૩૩૦/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલ, અને તારીખ : ૧૮-૧૨-૨૦૧૫ના શુદ્ધિપત્ર ક્રમાંક : જીએચ/વી/૨૦૧૫નો ૩૩૬/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલ, હેઠળ શહેરી વિકાસ વિસ્તારને, સુરત શહેરી વિકાસ સત્તામંડળ (જેનો આમાં હવે પછી ''સદરહુ સત્તામંડળ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં અને આસપાસના ગામડામાં જોડવામાં આવ્યો હોવાનું જાહેર કરે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) સાથે વાંચતા, કલમ ૨૨ની પેટા-કલમ (૨-ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે અનુસૂચિમાં જણાવેલ વિસ્તારને, સુરત શહેરી વિકાસ સત્તામંડળમાંથી બાકાત રાખવો અને સદરહુ અધિનિયમની સંબંધિત જોગવાઈ સદરહુ વિસ્તારને લાગુ પડતી બંધ થશે.

અનુસૂચિ

અનુક્રમાંક	જિલ્લાનું નામ	તાલુકો	ગામડા
૧	૨	૩	૪
૧	સુરત	પલસાણા	તુંડી, ભુતપોર, ઘલુડા (ગલુડા), કણાવ, માખીંગા, ઈટાળવા,
		ઓલપાડ	સિથાણ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી

અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

Notification

Under

The Gujarat Town Planning and Urban Development Act, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

બ્લોક નં. ૧૪, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૮-૧૦-૨૦૧૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૧૮૭/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૧)-એલ :– ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૨ની પેટા-કલમ (૧), (૨), (૨-ક), કલમ ૨૨ની પેટા-કલમ (૫), કલમ ૨૩ની પેટા-કલમ (૩) અને કલમ ૧૦૮-થી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૦૯-૧૨-૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૧૫નો ૩૨૮/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૧)-એલ, હેઠળ શહેરી

વિકાસ વિસ્તારને, નવસારી વિસ્તાર વિકાસ સત્તામંડળ (જેનો આમાં હવે પછી "સદરહુ સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં અને આસપાસના ગામડામાં જોડવામાં આવ્યો હોવાનું જાહેર કરે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) સાથે વાંચતા, કલમ ૨૨ની પેટા-કલમ (૨-ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે અનુસૂચિમાં જણાવેલ વિસ્તારને, નવસારી શહેરી વિકાસ સત્તામંડળમાંથી બાકાત રાખવો અને સદરહુ અધિનિયમની સંબંધિત જોગવાઈ સદરહુ વિસ્તારને લાગુ પડતી બંધ થશે.

અનુસૂચિ

જિલ્લાનું નામ	તાલુકો	ગામ/નગરનું નામ
૧	૨	૩
નવસારી	નવસારી	અડદા, આસુંદર, મોગાર, મોલધરા, મુનસાડ, ઓણમી (ઓણછી), પરતાપોર, પેરા, પીનસાડ, સરોણા, સુપા, તેલમડા, ઉન, વીરવાડી, વાડા, છાપરા, કબીલપોર
	જલાલપોર	આલંક, અલુરા, અરસાણ, આસણા, આટ, ભાઠા, ભીનાર, ભુતસાડ, બોદાલી, બોરસી, છીણમ, ચોખડ, ડાભેલ, ડાલકી, દાંતી, દેલવાડા, દીપલા, એથાણ, કડોલી, કાળાકાછા, કરાડી, કશંખટ, ખંભલાવ, કોલસણા, કોથમડી, કુચેદ, મછાડ, મગોબ, મંદિર, માણેકપોર, માંગરોળ, મરોલી, મટવાડ, મીરજાપુર, નડોદ, નિમલાઈ, પારડી (આલક), પરસોલી, પરુજણ, પેથાણ, પોંસરા, રણોદરા, સડોદરા, સાગરા, સંદલપોર, સીમળગામ, સીમલક, સીસોદ્રા (આલક), ટંકોલી, તવડી, ઉભરાટ, વડોલી, વાંસી, વેસ્મા, વાડા, વીજલપોર (એમ), મહુવર (સીટી) (CT).

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી

અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 61

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MARCH 9, 2017/PHALGUNA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૨૦૧૭

તારીખ: **૯મી માર્ચ,૨૦૧૭** ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૪-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO.4 OF 2017.

THE GUJARAT PANCHAYATS (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૪થી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 4 OF 2017.

AN ACT

Further to amend the Gujarat Panchayats Act. 1993.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૪.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૯મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર'' માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ–

ટૂંકી સંજ્ઞા અને આરંભ

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૨૧મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૬૨નો સુધારો.

૨. ગુજરાત પંચાયત અધિનિયા, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં,કલમ ૨૬૨માં, પેટા–કલમ (૨)ને બદલે, નીચેની પેટા–કલમ મૂકવીઃ– સન ૧૯૯૩નો ગુજરાતના ૧૮મો

''(૨) સદરહુ તારીખથી ચાર મહિનાની અંદર, એકત્રિત ગામ માટે પંચાયતની રચના, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર કરવી જોઇશે અને આવી રચાયેલી પંચાયત, આ અધિનિયમ હેઠળ તેનું વહેલું વિર્સજન કરવામાં આવ્યું હોય તે સિવાય, તેની પહેલી બેઠક માટે નક્કી કરેલી તારીખથી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને તેથી વધુ ચાલુ રહેશે નહિ.''.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૬૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૬૩માં, પેટા–કલમ (૨)ને બદલે, નીચેની પેટા–કલમ મૂકવીઃ–

''(૨) સદરહુ તારીખથી ચાર મહિનાની અંદર, સંબંધિત નવા ગામ માટે પંચાયતની રચના, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર કરવી જોઇશે અને આવી રચાયેલી પંચાયત, આ અધિનિયમ હેઠળ તેનું વહેલું વિર્સજન કરવામાં આવ્યું હોય તે સિવાય, તેની પહેલી બેઠક માટે નક્કી કરેલી તારીખથી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને તેથી વધુ ચાલુ રહેશે નહિ.''.

રદ કરવા બાબત અને અપવાદ.

૪. (૧) ગુજરાદ પંચાયત (સુધારા) વટહુકમ, ૨૦૧૬, આથી, રદ કરવામાં આવે છે. સન ૨૦૧૬ નો ગુજરાતનો વટહુકમ ૪થો

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 62

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 10, 2017/PHALGUNA 19, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ-ના તારીખ : ૧૮મી નવેમ્બર ૨૦૧૬ના સરકારી હુકમ ક્રમાંક : પીટી/૨૦૧૬/૫૩/એમવીડી/૧૦૨૦૧૧/ ૫૫૦ /ખ** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order
Under
The Gujarat Motor Vehicles Tax Act,1958.
ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮ હેઠળ
હુકમ.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૮મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮.

ક્રમાંક:પીટી/૨૦૧૬/૫૩/એમવીડી/૧૦૨૦૧૧/૫૫૦/ખ:– ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮, ની કલમ ૮ ક ની પેટા–કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ,રાજ્ય સરકાર, આથી, મુદ્દલ રકમની અને તેના પર નાંખવામાં આવેલા દંડની ચુકવણીને અધીન રહીને, સન ૨૦૧૩ ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધીની મુદત માટે, કલમ ૮ ક ની પેટા–કલમ (૩)હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજની પૂરેપૂરી રકમને માફ કરે છે.

આ હુકમ બહાર પાડવાની તારીખથી ફેબ્રુઆરી, ૨૦૧૭ના છેલ્લા દિવસ સુધી, આ હુકમ અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.આર.સોની,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 63 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MARCH 14, 2017/PHALGUNA 23, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી માર્ચ, ૨૦૧૭.

તારીખ : ૧૪મી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૫**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO.5 OF 2017.

THE GUJARAT PROVINCIAL MUNICIPAL CORPORATIONS (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૧૦મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવેછે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 5 OF 2017.

AN ACT

further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૫ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૧૪મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૩જી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

INDEX

સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૧૯નો સુધારો.

૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ''તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૯માં,- સન૧૯૪૯નો મુંબઈનો પ૯મો.

(૧) પેટા-કલમ (૧કક)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

''(૧કક) કોર્પોરેશન, સામાન્ય ચૂંટણી પછીની તેની પ્રથમ બેઠકમાં અને આગામી અઢી વર્ષની મુદત પૂરી થયે તેની પ્રથમ બેઠકમાં, કાઉન્સિલરમાંથી તેના એક સભ્યને નાયબ (ડેપ્યુટિ) મેયર તરીકે ચૂંટી કાઢશે :

પરંતુ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ના આરંભની તારીખે તે તરીકેનો હોદો ધરાવતા હોય તેવા વિદ્યમાન નાયબ મેયરની મુદત, અઢી વર્ષની અથવા કોર્પોરેશનની મુદતના બાકીના સમયગાળા સુધીની, બેમાંથી જે વહેલું હોય, ત્યાં સુધીની રહેશે: સન૨૦૧૭નો ગુજરાતનો ૫-મો.

વધુમાં, વિદ્યમાન નાયબ મેયરની મુદત પૂરી થયા પછી ચૂંટી કાઢવામાં આવે તેવા નાયબ મેયરની મુદત, કોઈ હોય,તો તે, કોર્પોરેશનની મુદતના બાકીના સમયગાળા સુધીની રહેશે.'';

(૨) પેટા-કલમ (૨)માં, ''પેટા-કલમ (૧)'' એ શબ્દો, કૌંસ અને આંકડા પછી, ''અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૧કક)'' એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

રદ કરવા બાબત અને અપવાદ.

૩. (૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ, ૨૦૧૬ આથી રદ કરવામાં આવે છે. સન૨૦૧૬નો ગુજરાત વટહુકમ ૫-મો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 64

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MARCH 15, 2017/PHALGUNA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી માર્ચ, ૨૦૧૭.

તારીખ: **૧૫મી માર્ચ, ૨૦૧૭** ના ગુજરાત રાજપત્ર, (**અસાધારણ**)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન **૨૦૧૭** ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક: ૬** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 6 OF 2017.

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૧૪મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 6 OF 2017.

AN ACT

Further to amend the Gujarat Town Planning and Urban Development Act, 1976

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૬.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૧૫મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર "માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

ગુજરાત નગરરચના અને શહેરી વિકસ અધિનિયમ,૧૯૭૬ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા)અધિનિયમ ,૨૦૧૭ કહેવાશે.

(૨) ત્વ સન ૨૦૧૬ના ઑકટોબર મહિનાની ૪થી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૭૬નો ૨. રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬(જેનો આમાં હવે, પછી, "મુખ્ય અધિનિયમ " તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૫૧માં,

સન ૧૯૭૬નં રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૫૧નો સુધારો.

(૧) પ્રથમ પરંતુકમાં, "પરંતુ છ મહિના કરતાં વધુ નહિ તેટલી" એ શબ્દો કમી કરવા;

INDEX

(૨) બીજો પરંતુક કમી કરવો.

સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૩જો.

રદ કરવા બાબત અને અપવાદ.

૩. (૧) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વટહુકમ,૨૦૧૬, આથી, રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 65

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 1938

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MARCH 15, 2017/PHALGUNA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી માર્ચ, ૨૦૧૭

તારીખ: **૧૫મી માર્ચ, ૨૦૧૭** ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન **૨૦૧૭**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક: ૭** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO.7 OF 2017.

THE GUJARAT VALIDATION OF OCCUPANCY AND ALLOTMENT OF CERTAIN LANDS OF EXCESS VACANT LAND VESTED IN THE STATE GOVERNMENT (UNDER THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૧૪મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 7 OF 2017.

AN ACT

to provide for validation of occupancy and allotment of certain lands of excess vacant land vested in the State Government under sub-section (3) of section 10 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 and whose possession had been taken over by the State Government prior to the 30th March, 1999 and for the matters connected therewith or incidental thereto.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૭ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૧૫મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૦ની પેટા-કલમ (૩) હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલી અને સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં રાજ્ય સરકારે જેનો કબજો લીધો હોય તેવી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાની માન્યતા (કાયદેસરતા) અને તેની ફાળવણી માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

સન ૧૯૭૬નો ૩૩મો.

ભારત સરકારે, સમન્વિત શહેરી વિસ્તારોમાં ખાલી જમીન ઉપર ટોચમર્યાદા લાદવાની અને ટોચમર્યાદા કરતાં વધારાની એવી જમીનનું સંપાદન કરવાની જોગવાઈ કરવા માટે, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ અધિનિયમિત કર્યો હતો;

સન ૧૯૯૯નો ૧૫મો.

અને શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯ની કલમ ૧ની પેટા-કલમ (૨)ને લક્ષમાં લેતાં, સદરહુ રદ કરવા બાબત અધિનિયમ, બીજા કોઈ રાજ્યનું

INDEX

વિધાનમંડળ, જે તારીખથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૨-ના ખંડ (૨) હેઠળ તે અર્થે ઠરાવ કરીને, આ અધિનિયમને સ્વીકારે તે તારીખથી બીજા કોઈ રાજ્યને લાગુ પડશે;

અને ગુજરાત રાજ્યના વિધાનમંડળે, સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખે ઠરાવ કરીને સદરહુ રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯ સ્વીકાર્યો હતો અને આ રીતે તે (અધિનિયમ), સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખથી ગુજરાત રાજ્યમાં અમલમાં આવ્યો છે;

અને આ રીતે શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવે તે રીતે, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯થી રદ કરવામાં આવ્યો છે; સન ૧૯૭૬નો ૩૩મો. સન ૧૯૯૯નો ૧૫મો.

અને સન ૧૯૭૬નો સદરહુ અધિનિયમ રદ થતાં પહેલાં, કેટલીક વધારાની ખાલી જમીન, રદ થયેલા સદરહુ અધિનિયમની જોગવાઈઓ હેઠળ, રાજ્ય સરકારમાં નિહિત થઈ છે;

અને રાજ્ય સરકારે, રદ થયેલા સદરહુ અધિનિયમમાં જોગવાઈ કર્યા પ્રમાણેની રીતે, પોતાનામાં નિહિત થયેલી આવી ફાજલ વધારાની જમીનની ફાળવણી કરવાની રહે છે;

અને સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં રાજ્ય સરકારે જેનો કબજો લીધો હતો તેવી વધારાની ખાલી જમીન ઉપર અગાઉથી જ રહેઠાણના મકાન (રહેણાક માળખા)ઊભા કરવામાં આવ્યા હતા;

અને સમન્વિત શહેરી વિસ્તારોમાંના સમાજના નિમ્ન આર્થિક વર્ગની વ્યક્તિઓ,આ રહેઠાણના મકાન (રહેણાક માળખા)નો ભોગવટો ધરાવે છે અને તે તરીકે તેઓ આવી વધારાની ખાલી જમીનનો ભોગવટો ધરાવે છે;

અને રાજ્ય સરકાર એવો અભિપ્રાય ધરાવે છે કે આવા ભોગવટો ધરાવનારાને આવા ભોગવટામાંથી દૂર કરવા માટેના પગલાં લેવામાં આવે, તો તેમના માટે મોટી મુશ્કેલી ઊભી થશે;

અને રાજ્ય સરકાર, સમાજના આર્થિક રીતે નબળા વર્ગોના લાભાર્થે, સમન્વિત શહેરી વિસ્તારોમાં જમીનની વાજબી વહેંચણીને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે;

આથી, ભારતના ગણરાજયના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા)અને તેની ફાળવણી કરવા બાબત અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૧૫મી તારીખથી અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

સન ૧૯૪૯નો મુંબઈનો પ૯મો.

(ક) ''કોર્પોરેશન'' એટલે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૨-ના ખંડ (૧૦)થી વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મ્યુનિસિપલ કોર્પોરેશન;

(ખ) ''વધારાની ખાલી જમીન'' એટલે રદ થયેલા અધિનિયમ હેઠળ, સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં, રાજ્ય સરકારે જેનો કબજો લીધેલ હોય તેવી રાજ્ય સરકારમાં નિહિત થયેલી જમીન;

(ગ) ''ભોગવટો ધરાવનાર'' એટલે સન ૨૦૧૧ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી અથવા તે પહેલાથી આ અધિનિયમ અમલમાં આવ્યાની તારીખ સુધી,વધારાની ખાલી જમીન ઉપર બાંધવામાં આવેલા રહેઠાણના મકાન (રહેણાક માળખા)નો ભોગવટો ધરાવનાર વ્યક્તિ અને તેમાં,આ અધિનિયમ અમલમાં આવ્યાની તારીખે, ૧લી જાન્યુઆરી, ૨૦૧૧થી શરૂ થતી અને ૩૧મી મે, ૨૦૧૬ના રોજ પૂરી થતી મુદત દરમિયાન કરવામાં આવેલી લેવડદેવડ અથવા લેવડદેવડોને પરિણામે આવા માળખાનો ભોગવટો ધરાવતી હોય તેવી વ્યકિતનો સમાવેશ થાય છે;

(ઘ) ''ભોગવટા કિંમત'' એટલે ભોગવટાને કાયદેસર (માન્ય) ઠરાવવા માટે, રાજય સરકારે જાહેર કર્યા પ્રમાણે નાણાંની જેટલી રકમ ભોગવટો ધરાવનારે ચૂકવવી જરૂરી હોય, તેટલી રકમ;

(ચ) ''ઠરાવેલું'' એટલે કલમ ૧૫ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

સન૧૯૭૬નો ૩૩મો.

(છ) ''રદ થયેલો અધિનિયમ'' એટલે શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬;

(જ) ''રહેઠાણનું મકાન (રહેણાક માળખું)'' એટલે ખાનગી વસવાટના હેતુ માટે ભોગવટો ધરાવનાર દ્વારા ઉપયોગમાં લેવામાં આવતું વધારાની ખાલી જમીન ઉપર આવેલું કોઇ પ્રકારનું નિવાસસ્થાન અને તેમાં સદરહુ મકાન (માળખા)ની અંદર કરવામાં આવતી કોઇ આનુષંગિક આજીવિકાને લગતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે ;

(ઝ) ''રાજય સરકાર''એટલે ગુજરાત સરકાર.

ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની ફાળવણી.

૩. બીજા કોઇ કાયદા અથવા કોઇ સક્ષમ કોર્ટના કોઇ ચુકાદા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજય સરકાર, ભોગવટાને માન્ય (કાયદેસર) ઠરાવી શકશે અને તેમાં (રાજય સરકારમાં) નિહિત થતી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીન કે જેનો કબજો આમાં હવે પછી જોગવાઇ કર્યા પ્રમાણેની રીતે રદ થયેલા અધિનિયમ હેઠળ લેવામાં આવ્યો હોય, તે જમીનની ફાળવણી કરી શકશે.

જમીનના ભોગવટાની માન્યતા અને તેની ફાળવણી માટેની

૪. રહેઠાણના મકાન (રહેણાક માળખા)નો ભોગવટો ધરાવનારે, તેના તે જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા અને તેની ફાળવણીના હેતુ માટે રાજય સરકાર આ અર્થે નક્કી કરે તેટલી ભોગવટા કિંમત તરીકે ઠરાવવામાં આવે તેટલી ફી સાથે, ઠરાવેલા નમૂનામાં, મામલતદારને, આ અધિનિયમ

INDEX

અમલમાં આવે તે તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર અથવા રાજય સરકાર, હુકમથી, વખતોવખત લંબાવે તેટલી મુદતની અંદર અરજી કરવી જોઈશે.

અરજી સાથે રજૂ કરવાના દસ્તાવેજો.

૫. (૧) ભોગવટો ધરાવનારે, તેની અરજી સાથે, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમો ૬૧ અને ૨૦૨ હેઠળ તેને આપવામાં આવેલી નોટિસ અને તે હેઠળ કરેલા હુકમો, કોઈ હોય, તો તેની એક નકલ રજૂ કરવી જોઈશે. સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.

(૨) ભોગવટો ધરાવનારે, ભોગવટા અંગેનો દાવો કરવા માટે, તેની અરજી સાથે, શકય હોય તેટલી જૂનામાં જૂની નીચેના એક અથવા તેથી વધારે દસ્તાવેજોની નકલ રજૂ કરવી જોઈશે :-

(૧) રેશન કાર્ડ;

(૨) આધાર કાર્ડ;

(૩) પાસપોર્ટ;

(૪) ડ્રાઈવિંગ લાઈસન્સ;

(૫) મતદાર ઓળખપત્ર;

(૬) વીજળી બિલ;

(૭) મિલકત વેરા બિલ;

(૮) પાણી વેરા બિલ:

પરંતુ ભોગવટો ધરાવનાર તેના ભોગવટાના દાવાના સમર્થનમાં, વેચાણ ખત અથવા વેચાણ માટેના કરાર અથવા કબજા માટેના લેખ, કોઈ હોય, તો તેની નકલ પણ રજૂ કરી શકશે.

(૩) ભોગવટો ધરાવનારે, તેની ઓળખના હેતુ માટે, તેની અરજી સાથે નીચેના દસ્તાવેજો પૈકી કોઈ એક અથવા તેથી વધુ દસ્તાવેજો રજૂ કરવા જોઈશે :-

(૧) પાન (PAN) કાર્ડ;

(૨) આધાર કાર્ડ;

(૩) પાસપોર્ટ;

(૪) ડ્રાઈવિંગ લાઈસન્સ;

(૫) મતદાર ઓળખપત્ર.

મામલતદાર દ્વારા વાંધા મંગાવવા માટેની નોટિસ.

૬. મામલતદાર, કલમ ૪ હેઠળની અરજી મળ્યા પછી, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં નોટિસ પ્રસિદ્ધ કરી શકશે અને તે (નોટિસ) દ્વારા ભોગવટો ધરાવનારે કરેલા ભોગવટાના દાવાના સંબંધમાં, કોઈ વ્યકિત પાસેથી, આવી નોટિસની તારીખથી એક મહિનાની મુદતની અંદર વાંધા મંગાવી શકશે.

મામલતદારનો નિર્ણય.

૭. (૧) કલમ ૬ હેઠળની નોટિસના સંબંધમાં વાંધા મળ્યા હોય તેવા કિસ્સામાં, મામલતદારે તે અંગે વિચારણા કરવી જોઈશે અને તમામ સંબંધિતોને સુનાવણીની તક આપ્યા પછી અને તેમના દ્વારા

INDEX

કરવામાં આવેલા દાવાને વિચારણામાં લીધા પછી, ભોગવટો ધરાવનારની અરજી મંજૂર કરવી જોઈશે અથવા તે નામંજૂર કરવી જોઈશે.

(૨) ભોગવટો ધરાવનારની અરજી પેટા-કલમ (૧) હેઠળ નામંજૂર કરવામાં ન આવે તેવા કિસ્સામાં અને મામલતદારને સુસંગત દસ્તાવેજોને વિચારણામાં લીધા પછી, રહેઠાણના મકાન (રહેણાક માળખા)ના સંબંધમાં ભોગવટો ધરાવનારના દાવાની યથાર્થતા અંગે ખાતરી થાય, તો તેમણે, ભોગવટો ધરાવનારને, ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની ફાળવણીના હેતુ માટે, ભોગવટાની કિંમતના સંબંધમાં બાકીની ચુકવણી કરવાનો હુકમ કરતી નોટિસ તેને આપવી જોઈશે:

પરંતુ ઉપર ઉલ્લેખ્યા પ્રમાણેની ખાતરી કરવા માટે મામલતદાર, કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજય સરકાર દ્વારા કરવામાં આવેલી ઘરવાર મોજણી (સરવે)ની કોઈ માહિતી, રેશન કાર્ડ અને મતદાર યાદીના જૂના રેકર્ડ અથવા પોતે યોગ્ય ગણે તેવા, તેમની કચેરીમાં અથવા બીજી કોઈ જાહેર કચેરીમાં ઉપલભ્ય હોય તેવા બીજા કોઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજો પણ વિચારણામાં લઈ શકશે.

(૩) ભોગવટો ધરાવનારે, પેટા-કલમ (૨) હેઠળ નોટિસ મળ્યેથી એક મહિનાની મુદતની અંદર, નોટિસમાં જણાવ્યા પ્રમાણેની જરૂરી ચુકવણી કરવી જોઈશે, તેમ કરવામાં ચૂક કર્યેથી, તેની અરજી નામંજૂર થયેલી હોવાનું ગણાશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણેની જરૂરી ચુકવણી થયા પછી, મામલતદારે, રાજય સરકાર ઠરાવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની ફાળવણી અંગે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હુકમ કરવો જોઈશે.

ફાળવેલી જમીનની તબદીલીને બાધ.

૮. કલમ ૭ની પેટા-કલમ (૪) હેઠળ જમીનની ફાળવણી માટે જેની તરફેણમાં હુકમ કરવામાં આવ્યો હોય તેવો કોઈપણ ભોગવટો ધરાવનાર અથવા તેના વારસદાર, આવા હુકમની તારીખથી પંદર વર્ષ પૂરા થયા પહેલાં, આવી જમીન તબદીલ કરી શકશે નહિ.

અરજી કરવામાં ચૂક થવાના પ્રસંગે પરિણામો.

૯. કોઈ રહેઠાણના મકાન (રહેણાક માળખા)નો ભોગવટો ધરાવનાર, ઠરાવેલી સમયમર્યાદાની અંદર કલમ ૪ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે અરજી કરવામાં ચૂક કરે તેવા કિસ્સામાં, ભોગવટો ધરાવનારને, આવા રહેઠાણના મકાન(રહેણાક માળખા)માંથી દૂર કરવો જોઈશે અને મામલતદારે, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની જોગવાઈઓ હેઠળ નિયત કર્યા પ્રમાણેની રીતે રહેઠાણના મકાન(રહેણાક માળખા)ને વધારાની ખાલી જમીન ઉપરના દબાણ તરીકે ગણીને તેનો કબજો લેવો જોઈશે.

ક્ષન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.

અપીલ

૧૦. (૧) કલમ ૭ની પેટા-કલમ (૪) હેઠળના મામલતદારે કરેલા હુકમથી નારાજ થયેલી ભોગવટો ધરાવનાર સહિતની દાવો કરનાર કોઈ વ્યકિત, આવો હુકમ મળ્યાની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર અપીલ અધિકારી સમક્ષ અપીલ કરી શકશે :

INDEX

પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે આવી વ્યકિતને, પૂરતા કારણસર ઠરાવેલી સમયમર્યાદાની અંદર અપીલ કરતાં અટકાવવામાં આવી હતી, તો તેઓ, તેવી ઠરાવેલી સમયમર્યાદા પછી, પણ છ મહિના કરતાં વધારે નહિ તેટલી સમયમર્યાદાની અંદર પણ અપીલ સ્વીકારી શકશે :

વધુમાં, કોઇ વ્યકિત અથવા ભોગવટો ધરાવનાર દ્વારા અપીલ કરવામાં આવે તેવા કિસ્સામાં, ભોગવટો ધરાવનાર દ્વારા અરજી કરવામાં આવે, ત્યારે કલમ ૪ હેઠળ રાજય સરકારે નક્કી કર્યા પ્રમાણેની ચુકવણી કરવામાં આવી હોય તે સિવાય, તે (અપીલ) સ્વીકારવી જોઇશે નહિ.

(૨) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, જુદા જુદા વિસ્તારો માટે અથવા કોઇ વિસ્તારના ભાગ માટે, પોતે જરૂરી ગણે તેટલા ડેપ્યુટી(નાયબ) કલેકટરને અપીલ અધિકારીઓ તરીકે નીમી શકશે.

(૩) અપીલ અધિકારી, તેવી વ્યકિતને સુનાવણીની તક આપ્યા પછી, જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેવો હુકમ બહાલ રાખી શકશે, તેને સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

ફેરતપાસ.

૧૧. (૧) કલમ ૧૦ની પેટા-કલમ (૩) હેઠળ અપીલ અધિકારીએ કરેલા કોઇ હુકમથી નારાજ થયેલી ભોગવટો ધરાવનાર સહિતની કોઇ વ્યકિત, તેવો હુકમ કર્યાના સાઠ દિવસની મુદતની અંદર, ખાસ સચિવ, મહેસૂલ વિભાગ (અપીલ) સમક્ષ ફેરતપાસ અરજી કરી શકશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે :

પરંતુ કોઇ વ્યકિત અથવા ભોગવટો ધરાવનાર દ્વારા ફેરતપાસ અરજી કરવામાં આવે તેવા કિસ્સામાં, ભોગવટો ધરાવનાર દ્વારા અરજી કરવામાં આવે, ત્યારે કલમ ૪ હેઠળ રાજય સરકારે નક્કી કર્યા પ્રમાણેની ચુકવણી કરવામાં આવી હોય તે સિવાય, તે (ફેરતપાસ અરજી) સ્વીકારવી જોઇશે નહિ.

(૨) ખાસ સચિવ, મહેસૂલ વિભાગ (અપીલ), પેટા-કલમ (૧) હેઠળ કરેલી અરજીઓ સ્વીકારવા માટે સુરત, વડોદરા અને રાજકોટ ખાતે ખાસ બેન્ચની રચના કરી શકશે.

દીવાની (સિવિલ) કોર્ટની હકૂમતને બાધ.

૧૨. કોઇપણ દીવાની (સિવિલ) કોર્ટને, આ અધિનિયમથી અથવા તે હેઠળ મામલતદાર, અપીલ અધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારીને જે પ્રશ્નની તજવીજ કરવા અથવા તે અંગેના નિર્ણય કરવા માટે સત્તા આપી હોય, તેવા કોઇ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તે અંગેના નિર્ણય કરવાની કોઇ હકૂમત રહેશે નહિ અને કોઇ દીવાની કોર્ટે, આ અધિનિયમથી અથવા તે હેઠળની કોઇ સત્તા અનુસાર લીધેલાં અથવા લેવાના કોઇ પગલાંના સંબંધમાં કોઇપણ મનાઇ હુકમ આપવો જોઇશે નહિ.

કલમો ૪, ૧૦ અને ૧૧ હેઠળની ચુકવણી રિફંડપાત્ર હોવા બાબત.

૧૩. અરજી અથવા અપીલ અથવા ફેરતપાસ અરજી સ્વીકારવામાં આવી ન હોય અથવા યથાપ્રસંગ, કાઢી નાખવામાં આવી હોય તેવા કિસ્સામાં, ભોગવટો ધરાવનારે, અરજીની સાથે કલમ ૪ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે કરેલી કોઇ ચુકવણી અથવા અપીલ કરવા માટે કલમ ૧૦ હેઠળ અથવા કલમ ૧૧ હેઠળ ફેરતપાસ અરજી કરવા માટે કરેલી કોઇ ચુકવણી રિફંડપાત્ર રહેશે.

ક્ષતિપૂર્તિ.

૧૪. આ અધિનિયમથી અથવા તે હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કાર્યના સંબંધમાં, રાજય સરકાર અથવા રાજય સરકારના કોઇ અધિકારી સામે કોઇપણ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૧૫. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના તમામ અથવા તે પૈકીના કોઇ હેતુ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ,તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજય વિધાનમંડળ, તેમાં જે કંઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે, તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૧૬. આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશેઃ

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, એવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

રદ કરવા બાબત અને અપવાદ.

૧૭. ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વટહુકમ, ૨૦૧૬, આથી, રદ કરવામાં આવે છે. સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૬ઠ્ઠો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમ હેઠળકરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું,આ અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 66

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MARCH 15, 2017/PHALGUNA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી માર્ચ, ૨૦૧૭.

તારીખ : **૧૫મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૮**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 8 OF 2017.

THE GUJARAT (SUPPLEMENTARY) APPROPRIATION ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૧૪મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 8 OF 2017.

AN ACT

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the financial year ending on the thirty-first day of March, 2017.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૮ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૧૫મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

સન ૨૦૧૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. આ અધિનિયમ ગુજરાત (પૂરક) વિનિયોગ અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા આઠ હજાર ચારસો નવ્વાણું કરોડ, બાર લાખ, આડત્રીસ હજારની રકમ, અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે. સન ૨૦૧૬-૨૦૧૭ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૮૪,૯૯,૧૨,૩૮,૦૦૦/- આપવા બાબત.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ વિનિયોગ. કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો જોઈશે.

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪	૫	૬
૨	કૃષિ	મૂડી	૧૦૦૦	૦	૧૦૦૦
૪	પશુપાલન	મહેસૂલ	૦	૫૪૫૮૦૦૦	૫૪૫૮૦૦૦
૫	સહકાર	મહેસૂલ	૦	૬૫૫૦૦૦	૬૫૫૦૦૦
		મૂડી	૧૦૦૦	૦	૧૦૦૦
૭	કૃષિ અને સહકાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૧૨૦૯૦૦૦	૧૨૦૯૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૬૯૧૩૨૧૯૦૦૦	૧૨૭૮૦૦૦૦૦	૭૦૪૧૦૧૯૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૨૦૦૦	૦	૧૦૦૨૦૦૦
		મૂડી	૧૧૬૦૦૦૦	૦	૧૧૬૦૦૦૦
૧૩	વિદ્યુત પરિયોજનાઓ	મહેસૂલ	૬૮૦૯૯૭૦૦૦	૦	૬૮૦૯૯૭૦૦૦
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૧૭	તિજોરી અને હિસાબી વહીવટ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૧૮	પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો	મહેસૂલ	૦	૩૦૦૦૦૦૦૦	૩૦૦૦૦૦૦૦
૨૦	નાણા વિભાગ અને તેની સેવાઓને લગતું દેવું ભરપાઇ કરવું	મહેસૂલ	૦	૪૨૦૫૧૧૮૦૦૦	૪૨૦૫૧૧૮૦૦૦
		મૂડી	૦	૪૮૧૨૩૭૯૧૦૦૦	૪૮૧૨૩૭૯૧૦૦૦
૨૧	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ	મહેસૂલ	૫૨૯૩૦૦૦	૦	૫૨૯૩૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૨૩	અન્ન	મૂડી	૧૦૦૦	૦	૧૦૦૦
૨૬	વન	મહેસૂલ	૨૨૬૦૯૦૦૦	૬૧૭૦૦૦	૨૩૨૨૬૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ	૦	૧૦૦૮૦૦૦	૧૦૦૮૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૩૧૩૬૦૦૦	૦	૩૧૩૬૦૦૦
૩૧	ચૂંટણીઓ	મહેસૂલ	૦	૧૧૯૮૦૦૦	૧૧૯૮૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૪૬૧૯૨૦૦૦	૧૩૨૩૨૦૦૦	૫૯૪૨૪૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૧૯૦૮૬૦૦૦	૦	૧૯૦૮૬૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૧૨૬૬૪૩૦૦૦	૦	૧૨૬૬૪૩૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૨૬૨૦૦૦	૨૦૨૯૦૦૦	૭૨૯૧૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૪૭૭૭૦૦૦	૦	૪૭૭૭૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૧૬૪૦૮૭૫૦૦૦	૦	૧૬૪૦૮૭૫૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૧૭૫૬૭૨૧૦૦૦	૦	૧૭૫૬૭૨૧૦૦૦
૪૧	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૩૫૦૦૦૦૦	૦	૩૫૦૦૦૦૦
૪૩	પોલીસ	મહેસૂલ	૪૧૮૮૮૦૦૦૦	૦	૪૧૮૮૮૦૦૦૦
૪૪	જેલ	મહેસૂલ	૨૬૮૨૫૦૦૦	૦	૨૬૮૨૫૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૪૭૩૮૦૦૦૦	૦	૧૪૭૩૮૦૦૦૦
૪૭	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૩૯૨૨૦૦૦	૦	૩૯૨૨૦૦૦
૪૮	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૧૨૦૮૯૦૦૦	૦	૧૨૦૮૯૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૫૫૦૦૦	૦	૫૫૦૦૦
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૮૧૨૦૦૦૦	૦	૮૧૨૦૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૧૦૦૦	૧૦૦૦	૨૦૦૦
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૦૦૦	૦	૨૦૦૦
૬૪	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	મહેસૂલ	૧૨૮૭૨૦૦૦	૦	૧૨૮૭૨૦૦૦
૬૫	નર્મદા વિકાસ યોજના	મૂડી	૫૩૬૭૩૩૩૦૦૦	૦	૫૩૬૭૩૩૩૦૦૦

INDEX

મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪	૫	૬
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧૩૨૭૧૪૮૦૦૦	૦	૧૩૨૭૧૪૮૦૦૦
		મૂડી	૧૦૦૦૦	૦	૧૦૦૦૦
૬૭	પાણી પુરવઠો	મૂડી	૨૭૯૫૧૩૦૦૦	૦	૨૭૯૫૧૩૦૦૦
૬૮	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૧૦૦૦૦૦૦૦૦	૧૦૦૦૦૦૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૮૯૧૧૮૯૦૦૦	૦	૮૯૧૧૮૯૦૦૦
૭૧	ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ	મહેસૂલ	૭૧૩૮૪૦૮૦૦૦	૦	૭૧૩૮૪૦૮૦૦૦
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૬૯૭૮૦૦૦૦	૦	૧૦૬૯૭૮૦૦૦૦
૭૪	વાહનવ્યવહાર	મહેસૂલ	૧૦૦૦	૧૭૦૯૦૦૦	૧૭૧૦૦૦૦
૭૫	બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૧૭૮૯૫૦૦૦	૧૭૮૯૫૦૦૦
		મૂડી	૫૨૦૦૦	૦	૫૨૦૦૦
૭૭	કર વસૂલાત અંગેનું ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૧૫૪૩૬૮૦૦૦	૦	૧૫૪૩૬૮૦૦૦
૭૯	કુદરતી આપત્તિઓને કારણે રાહત	મૂડી	૮૬૬૯૯૭૦૦૦	૦	૮૬૬૯૯૭૦૦૦
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૩૮૨૯૦૦૦	૧૦૨૧૦૦૦	૪૮૫૦૦૦૦
૮૨	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૯૬૦૦૦	૦	૩૯૬૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૨૬૫૯૨૦૦૦	૦	૨૬૫૯૨૦૦૦
૮૪	બિન-રહેણાક મકાનો	મહેસૂલ	૦	૧૨૬૦૦૦૦૦	૧૨૬૦૦૦૦૦
		મૂડી	૫૦૦૦	૦	૫૦૦૦
૮૫	રહેણાક મકાનો	મહેસૂલ	૧૮૦૪૪૩૦૦૦	૬૫૦૦૦	૧૮૦૫૦૮૦૦૦
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૦	૨૦૦૦૦૦	૨૦૦૦૦૦
		મૂડી	૪૦૦૦	૪૫૦૦૦૦૦	૪૫૦૪૦૦૦
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૩૦૦૦૦૦૦૦	૩૦૦૦૦૦૦૦
૯૧	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ	મહેસૂલ	૮૦૦૦૦૦	૦	૮૦૦૦૦૦
૯૩	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૧૬૫૫૦૦૦૦	૦	૧૬૫૫૦૦૦૦
૯૫	અનુસૂચિત જાતિઓ માટેની પેટા-યોજના	મહેસૂલ	૧૧૯૭૮૯૦૦૦	૦	૧૧૯૭૮૯૦૦૦
		મૂડી	૨૦૦૦	૦	૨૦૦૦
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મહેસૂલ	૭૦૯૨૭૦૦૦૦	૦	૭૦૯૨૭૦૦૦૦
		મૂડી	૩૦૦૦	૦	૩૦૦૦
૯૮	યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૧૦૧	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૧૮૦૨૯૨૪૦૦૦	૧૯૯૦૦૦૦૦	૧૮૨૨૮૨૪૦૦૦
૧૦૨	શહેરી વિકાસ	મહેસૂલ	૧૮૪૨૦૧૦૦૦	૦	૧૮૪૨૦૧૦૦૦
૧૦૩	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગેનું ખર્ચ	મહેસૂલ	૨૦૦૦૦૦૦૦	૦	૨૦૦૦૦૦૦૦
૧૦૬	મહિલા અને બાળવિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૦૦૦૦૦૦	૦	૧૦૦૦૦૦૦
કુલ મહેસૂલ		**મહેસૂલ**	**૨૫૫૦૧૫૯૫૦૦૦**	**૪૮૪૧૭૧૫૦૦૦**	**૩૦૩૪૩૩૧૦૦૦૦**
કુલ મૂડી		**મૂડી**	**૬૫૧૯૬૩૭૦૦૦**	**૪૮૧૨૮૨૯૧૦૦૦**	**૫૪૬૪૭૯૨૮૦૦૦**
કુલ સરવાળો			**૩૨૦૨૧૨૩૨૦૦૦**	**૫૨૯૭૦૦૦૬૦૦૦**	**૮૪૯૯૧૨૩૮૦૦૦**

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 67

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MARCH 16, 2017/PHALGUNA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૨૦૧૭

તારીખ: **૧૬મી માર્ચ, ૨૦૧૭** ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન **૨૦૧૭**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક: ૯** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 9 OF 2017.

THE GUJARAT PROHIBITION (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૧૫મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 9 OF 2017.

AN ACT

further to amend the Gujarat Prohibition Act, 1949.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૯ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૧૬મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી,ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૧૯મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૨. ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,-

(૧) ખંડ (૨૩)માં, પેટા-ખંડ (ક)ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવોઃ-

''(ક) ગાંજો એટલે કે ગમે તે નામે ઓળખાતા(ઉપરના ભાગ સાથે ન હોય, ત્યારે બિયા અને પાંદડા સિવાયના) ગાંજાના છોડના ફૂલ અથવા ફળ ધરાવતા ઉપરના ભાગો;'';

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

(૨) ખંડો (૨૯), (૩૩) અને (૫૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૫-નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫માં,-

(૧) ખંડ (ચ)માં, ''વેચે અથવા ખરીદે'' એ શબ્દોને બદલે, ''પોતાના કબજામાં રાખે, તેની હેરફેર કરે, વેચે અથવા ખરીદે'' એ શબ્દો મૂકવા;

(૨) ''તે દોષિત ઠર્યે'' એ શબ્દોથી શરૂ થતા અને ''દંડની શિક્ષા પણ થશે'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, નીચેનો ભાગ અને તે હેઠળનો પરંતુક મૂકવોઃ-

''તે દોષિત ઠર્યે, આવા દરેક ગુના માટે, દસ વર્ષની મુદત સુધીની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશેઃ

પરંતુ કોર્ટના ફેંસલામાં જણાવવા જોઈએ તેવાં વિરુદ્ધનાં ખાસ અને પૂરતાં કારણો ન હોય, તો-

(૧) પહેલા ગુના માટે, આવી કેદ બે વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ એક લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ;

(૨) બીજા ગુના માટે, આવી કેદ ત્રણ વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ બે લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ;

(૩) ત્રીજા અથવા ત્યાર પછીના ગુના માટે, આવી કેદ સાત વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ પાંચ લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ.''.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમમાં નવી કલમ ૬૫કક દાખલ કરવા બાબત.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫ પછી, નીચેની નવી કલમ દાખલ કરવીઃ-

ઓછા જથ્થામાં કેફી પદાર્થ પોતાના કબજામાં રાખવા વગેરે માટેની શિક્ષા બાબત.

''**૬૫કક.** કલમ ૬૫-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જે કોઈ વ્યક્તિ, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામાં હોય તેવો કોઈ કેફી પદાર્થ વેચે, ખરીદે, પોતાના કબજામાં રાખે અથવા તેની હેરફેર કરે, તેને દોષિત ઠર્યે, આવા દરેક ગુના માટે, ત્રણ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા પણ થશે.''.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૬નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૬માં, પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડ (ખ)માં, ''લે, તેનો ઉપયોગ કરે, તે કબજામાં રાખે અથવા તેની હેરફેર કરે''એ શબ્દોને બદલે, ''લે અથવા તેનો ઉપયોગ કરે''એ શબ્દો મૂકવા;

(૨) પરિચ્છેદો (૨) અને (૩)ને બદલે, નીચેનો પરિચ્છેદ મૂકવો :-

''(૨) બીજા અથવા ત્યાર પછીના ગુના માટે, બે વર્ષ સુધીની, પરંતુ છ મહિનાથી ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની અને બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.''.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૭નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૭માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ''એક વર્ષ'' અને ''એક હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''ત્રણ વર્ષ'' અને ''એક લાખ રૂપિયા'' એ શબ્દો અનુક્રમે મૂકવા;

(૨) પેટા-કલમ (૧)ના પરંતુકમાં, ''ત્રણ મહિનાથી'' અને ''પાંચસો રૂપિયા'' એ શબ્દોને બદલે, ''એક વર્ષથી'' અને ''પચાસ હજાર રૂપિયા'' એ શબ્દો અનુક્રમે મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૭-૧ક નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૭-૧ક માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ''એક વર્ષ'' અને ''એક હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''ત્રણ વર્ષ'' અને ''એક લાખ રૂપિયા'' એ શબ્દો અનુક્રમે મૂકવા;

(૨) પેટા-કલમ (૧)ના પરંતુકમાં, ''ત્રણ મહિનાથી'' અને ''પાંચસો રૂપિયા'' એ શબ્દોને બદલે, ''એક વર્ષથી'' અને ''પચાસ હજાર રૂપિયા'' એ શબ્દો અનુક્રમે મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૮નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૮માં, ''તેને, દોષિત ઠર્યેથી,'' એ શબ્દોથી શરૂ થતા અને ખંડ (૩)માં આપ્યા મુજબના ''એક હજાર રૂપિયાથી ઓછો ન હોવો જોઈએ'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, નીચેનો ભાગ મૂકવો :-

''તેને, દોષિત ઠર્યેથી, આવા દરેક ગુના માટે, દસ વર્ષ સુધીની, પરંતુ સાત વર્ષથી ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની અને એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.''.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૮૫-નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૫માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

''(૧) જે કોઈ વ્યક્તિ, જેમાં લોકોને આવજા કરવાની છૂટ હોય અથવા આવજા કરવા દેવામાં આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઊભો કરતો હોય, કોઈ વ્યક્તિ સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈ સ્ત્રી સાથે ગેરવર્તણૂક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય, તેને, દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની, પરંતુ એક વર્ષથી ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.''.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૧નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૧માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૨ કમી કરવા બાબત.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૨ કમી કરવી.

INDEX

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૩નો સુધારો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૩માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૭નો સુધારો.

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૭માં,-

(૧) ''એક વર્ષ'' અને ''એક હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''ત્રણ વર્ષ'' અને ''પચાસ હજાર રૂપિયા''એ શબ્દો અનુક્રમે મૂકવા;

(૨) નીચેનો પરંતુક ઉમેરવો :-

''પરંતુ કોઈ અધિકારી, કલમ ૬૫-ક હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરવામાં સહાય કરે, તો તેને, દોષિત ઠર્યેથી, સાત વર્ષની મુદત સુધીની કેદની અને એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.''.

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૧૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૨માં, પેટા-કલમ (૧)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦૨-નો સુધારો.

૧૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૪માં, પેટા-કલમ (૧)ના પ્રથમ પરંતુકમાં, ''પાંચસો રૂપિયાથી વધારે હોવી જોઈએ નહિ''એ શબ્દોને બદલે, ''રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી હોવી જોઈએ'' એ શબ્દો મૂકવા. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦૪નો સુધારો.

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૧૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૪ક-માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૫૬૨માંનો'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૩૬૦માંનો''એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦૪ક-નો સુધારો.

૧૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૫ કમી કરવી. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૫ કમી કરવા બાબત.

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૧૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૫ક-માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે,''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૫ક-નો સુધારો.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમો ૧૧૬ અને ૧૧૬-ક કમી કરવા બાબત.

૧૯. મુખ્ય અધિનિયમમાં, કલમો ૧૧૬ અને ૧૧૬-ક કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૭નો સુધારો.

૨૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૭માં, ''આ અધિનિયમમાં બીજી રીતે'' એ શબ્દોથી શરૂ થતા અને ''જોગવાઈઓ અનુસાર કરવી''એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, નીચેનો ભાગ મૂકવો:- સન૧૮૯૮નો ૫-મો.

''તમામ તપાસ, ધરપકડ, અટક અને ઝડતી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ અનુસાર કરવી.''. સન ૧૯૭૪નો ૨-જો.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૮ કમી કરવા બાબત.

૨૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૮ કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૧૨૦નો સુધારો.

૨૨. મુખ્ય અધિનિયમમાં, વિદ્યમાન કલમ ૧૨૦ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરીથી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

''(૨) જે કોઈ વ્યકિત, આ અધિનિયમ હેઠળની પોતાની ફરજો બજાવતા અથવા પોતાની સત્તા વાપરતા કોઈ અધિકારી અથવા વ્યક્તિ પર હુમલો કરે અથવા તેમના માટે અવરોધ ઊભો કરે, તેને દોષિત ઠર્યેથી, પાંચ વર્ષની મુદત સુધીની કેદની અને પાંચ લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષા થશે.''.

સન ૧૯૪૯ના મુંબઈના૨૫મા અધિનિયમની કલમ ૧૨૮નો સુધારો.

૨૩.મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૮માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૨૪.મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૯માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૯૪૯ના મુંબઈના૨૫મા અધિનિયમની કલમ ૧૨૯નો સુધારો.

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૨૫.મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૧માં, પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)માં બે જગ્યાએ આવતા, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૩૧નો સુધારો.

સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૪૧નો સુધારો.

૨૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૧માં, પેટા-કલમ (૧)માં ''કલમ ૬૫,'' એ શબ્દ અને આંકડાને બદલે, ''કલમો ૬૫, ૬૫ક, ૬૫કક,'' એ શબ્દ, આંકડા અને અક્ષર મૂકવા.

સન ૧૯૭૪ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૪૬ક-નો સુધારો.

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૨૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૬ક-માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા.

રદ કરવા બાબત અને અપવાદ.

સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૭-મો.

૨૮. (૧) ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ, ૨૦૧૬ આથી રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 68

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 17, 2017/PHALGUNA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગના** તારીખ : ૨૧ ડિસેમ્બર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા (૧) **ક્રમાંક : જીકે/૧૦૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,** (ભાગ ૨), **અને** (૨) **ક્રમાંક : જીકે/૧૦૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,** (ભાગ ૨)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Civil Courts Act,2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાનીકોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ/ જીકે/૧૦૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી(ભાગ ૨):–ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમ ૪ની પેટા–કલમ (૩) અને કલમો ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને , ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, **સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૪મી** તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન અધિક જિલ્લા જજની કોર્ટની સ્થાપના કરે છેઃ–

(૧) જિલ્લા કોર્ટ, વડાદરાના તાબા હેઠળની અધિક જિલ્લા જજની કોર્ટ, છોટાઉદેપુર હવે જિલ્લા કોર્ટ, છોટાઉદેપુરના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહું કોર્ટનું અધ્યક્ષસ્થાન અધિક જિલ્લા જજ લેશે, જેઓ તેમની કોર્ટ છોટાઉદેપુર ખાતે ભરશે.

(૩) અધિક જિલ્લા જજની કોર્ટ, છોટાઉદેપુરની હકૂમતની સ્થાનિક હદો, છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર, જેતપુર–પાવી, ક્વાંટ, નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,
સરકારના ઉપસચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act,2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાનીકોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ/જીકે/૧૦૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી(ભાગ ૨):–ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૫, ૭, ૧૧ અને ૧૩થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને , ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, **સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૪મી** તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન સિનિયર દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ–

(૧) જિલ્લા કોર્ટ, વડોદરાના તાબા હેઠળની સિનિયર દિવાની જજની કોર્ટ, છોટાઉદેપુર હવે જિલ્લા કોર્ટ, છોટાઉદેપુરના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહું કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય સિનિયર દિવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ છોટાઉદેપુર ખાતે ભરશે.

(૩) સિનિયર દિવાની જજની કોર્ટ, છોટાઉદેપુરની હકૂમતની સ્થાનિક હદો, છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર, જેતપુર–પાવી, કવાંટ, નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 69

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 17, 2017/PHALGUNA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીટીએચ/૧/૨૦૧૬/પીડીએસ/૧૦૨૦૧૬/૧૫૧/સી-૧.** તારીખ : ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬ (૨) **જીટીએચ/૨૦૧૬/૧૨/પીડીએસ/૧૦૨૦૧૬/૧૫૧/સી-૧.** તારીખ : ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૬ (૩) **જીટીએચ/૨૦૧૬/૧૩/પીડીએસ/૧૦૨૦૧૬/૩૩૦/સી-૧.** તારીખ : ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૬ (૪) **જીટીએચ/૧૦-૨૦૧૬/ ૧૮/પીડીએસ/૧૦૨૦૧૬/૧૫૦/સી-૧.** તારીખ : ૨૨મી માર્ચ, ૨૦૧૬ અને (૫) **જીટીએચ/૨૦૧૬/ ૨૦/એમકેએમ/ ૧૦/૨૦૧૫/૭૯૪૯૩૫/સી-૧.** તારીખ : ૨ જી એપ્રિલ, ૨૦૧૬ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
National Food Security Act, 2013.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩

હેઠળ

જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. ૨૭મીજાન્યુઆરી, ૨૦૧૬.

વંચાણે લીધા: (૧) **રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩, તારીખ: ૧૦-૯-૨૦૧૩.**
(૨) **તારીખ: ૧-૭-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક. એમકેએમ/૧૦૨૦૧૩/૬૩૧/સી૧.**

ક્રમાંકઃજીટીએચ/૨૦૧૬/૧/પીડીએસ/૧૦-૨૦૧૬-૧૫૧-સી-૧: રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,સંબંધિત જિલ્લાના જિલ્લા પુરવઠા અધિકારીને જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મુકેશ મોદી,
સરકારના સંયુક્ત સચિવ,

Notification
Under
National Food Security Act, 2013.
રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩

હેઠળ

જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

વંચાણે લીધા: (૧) રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩, તારીખ: ૧૦/૯/૨૦૧૩.

ક્રમાંકઃજીટીએચ/૨૦૧૬/૧૨/પીડીએસ/૧૦-૨૦૧૬/૧૫૧-સી-૧:રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાયબ અન્ન નિયંત્રક, અન્ન અને નાગરિક પુરવઠાના અન્ન નિયંત્રકની કચેરી, અમદાવાદ શહેર-ને, જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે ,

મુકેશ મોદી,
સરકારના સંયુક્ત સચિવ,

Notification
Under
National Food Security Act, 2013.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩

હેઠળ

જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

વંચાણે લીધા: (૧) રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩, તારીખ: ૧૦/૯/૨૦૧૩.
(૨) અન્ન સુરક્ષા ભથ્થાં નિયમો, ૨૦૧૫.

ક્રમાંકઃજીટીએચ/૨૦૧૬/૧૩/પીડીએસ/૧૦-૨૦૧૬/૩૩૦-સી-૧:રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,અન્ન સુરક્ષા ભથ્થાં નિયમો, ૨૦૧૫માં જણાવેલા કાર્યો કરવા માટે નાયબ મામલતદાર (પુરવઠા)/સંબંધિત તાલુકા/ઝોનના ઝોનલ અધિકારીને, નોડલ અધિકારી તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મુકેશ મોદી,
સરકારના સંયુક્ત સચિવ.

Notification
Under
National Food Security Act, 2013.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩

હેઠળ

જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર ૨૨મી માર્ચ, ૨૦૧૬.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃજીટીએચ/૧૦-૨૦૧૬/૧૮/પીડીએસ/૧૦-૨૦૧૬/૧૫૦/સી-૧:રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૪૦ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) સાથે વાંચતા, કલમ ૧૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,ગુજરાત રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં "અગ્રતા પ્રાપ્ત પરિવાર"ને અલગ તારવવા (ઓળખી કાઢવા) માટે નીચેના માપદંડો નિયત કરે છે:-

(૧) ગ્રામીણ વિસ્તારોમાં "અગ્રતા પ્રાપ્ત પરિવારો"ને અલગ તારવવા (ઓળખી કાઢવા) માટે:-

(ક) નીચેનામાંથી કોઇ એક અથવા વધુ માપદંડ ધરાવતાં હોય તેવા પરિવારને અન્ન સુરક્ષા માટે બાકાત કરવા જોઇશે એટલે કે બાકાત કરેલ પરિવારો સિવાયના સામાજિક આર્થિક જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી ૨૦૧૧માં હોય તેવા તમામ કુટુંબોને,"અગ્રતા પ્રાપ્ત પરિવારો" તરીકે માન્ય કરવા જોઇશે.

(૧) યંત્ર-ચલિત ૩ અથવા ૪ પૈડાવાળું વાહન અથવા યાંત્રિક માછીમારી હોડી ધરાવતો હોય તેવો પરિવાર.

(૨) જેનો કોઇપણ સભ્ય સરકારી કર્મચારી હોય તેવો પરિવાર.

(૩) જેનો સભ્ય માસિક રૂ. ૧૦,૦૦૦/- કરતાં વધારે આવક ધરાવતો હોય તેવો પરિવાર.

(૪) જેનો સભ્ય આવક વેરો અથવા વ્યવસાય વેરો ભરતો હોય તેવો પરિવાર.

(૫) જે,પાંચ અથવા તેથી વધુ એકર સિંચિત જમીન ધરાવતો હોય, બે અથવા વધારે મોસમમાં પાક લણણી કરતો હોય તેવો પરિવાર.

(૬) ૭.૫ એકર અથવા તે કરતાં વધુ જમીન સહિત સિંચાઇનો સ્ત્રોત ધરાવતો હોય તેવો પરિવાર.

(ખ) અન્ન સુરક્ષા માટે સમાવેશ કરવા અંગેનો માપદંડ:-

(૧) ઉપરોક્ત સદરહુ (ક) પૈકીના કોઇપણ માપદંડને કારણે, આવો પરિવાર "બાકાત કરેલ" તરીકે પાત્ર હોય તેવી હકીકતને ધ્યાનમાં લીધા સિવાય, જેના તમામ કમાઉ પુખ્તવયી સભ્યો અપંગ હોય, ગંભીરપણે બીમાર હોય અથવા ૬૫ વર્ષથી વધારે વયના હોય તેવો પરિવાર.

(૨) શહેરી વિસ્તારોમાં "અગ્રતા પ્રાપ્ત પરિવારો"ની ઓળખ માટે:-
નીચેનામાંથી કોઇપણથી વંચિત/અસલામતી ધરાવનાર પરિવારને અન્ન સુરક્ષા માટે સમાવિષ્ટ કરવા જોઇશે.

(ક) આવાસની અસલામતી.

(૧) કોઇ મકાન (આવાસ) ધરાવતા ન હોય તેવો પરિવાર.

(૨) પ્લાસ્ટિક અથવા પોલીથીનની દિવાલ અને છાપરા વાળું મકાન ધરાવતો હોય તેવો પરિવાર.

(૩) જે સૂકું ઘાસ વાંસ, છાણ, ગારાની ઇંટોની દિવાલ અથવા લાકડાની દિવાલ અને એક રૂમ અથવા સૂકું ઘાસ વાંસ, છાણ અથવા લાકડાનું છાપરું ધરાવતા ઘર કરતાં ઓછું હોય તેવું મકાન ધરાવતો હોય તેવો પરિવાર.

(ખ) વ્યાવસાયિક અસલામતી.

(૧) કોઇપણ સ્ત્રોતમાંથી કોઇ આવક ધરાવતા ન હોય તેવો પરિવાર.

INDEX

(૨) જેનો કોઇપણ સભ્ય (બાળક સહિત) ભિખારી હોય, કચરો ઉપાડનાર હોય, ઘરેલું નોકર હોય (જેને ખરેખર મળતર ચૂકવવામાં આવતું હોય) અને સફાઈ કામદાર/કચરાની સફાઈ કરવાની/માળીની કામગીરીમાં સંકળાયેલો હોય તેવો પરિવાર.

(૩) જેના તમામ કમાઉ પુખ્ત સભ્યો દૈનિક વેતન/અનિયમિત મળતર મેળવતા હોય તેવો પરિવાર.

(૭) સામાજિક અસલામતી

(૧) જેના વડા (મુખ્ય વ્યક્તિ) સગીર હોય એટલે કે પરિવારનો કોઇપણ સભ્ય, ૧૮ વર્ષ અથવા તે કરતાં વધારે વયનો ન હોય તેવો પરિવાર.

(૨) જે ૧૮ થી ૬૦ વર્ષ વયની સશક્ત વ્યક્તિઓ ઘરાવતો ન હોય એટલે કે ૧૮ થી ૬૦ વર્ષ વયના પરિવારના તમામ સભ્યો અપંગ હોય અથવા ગંભીરરીતે બીમાર હોય તેવો પરિવાર.

(૩) જેના તમામ કમાઉ પુખ્ત સભ્યો અપંગ હોય, ગંભીર રીતે બીમાર હોય અથવા ૬૫ વર્ષથી વધારે વયના હોય તેવો પરિવાર.

(૩) ઉપર મુજબ નક્કી કરેલા 'અગ્રતા પ્રાપ્ત પરિવારો'ની ઓળખ માટે માપદંડના કિસ્સામાં, વિધમાન રેશન–કાર્ડ ધારકો નવા માપદંડને અનુરૂપ છે કે કેમ તે ચકાસવું જોઇશે.

(૪) ઉંમરમાં સૌથી મોટી હોય તેવી પરિવારની સ્ત્રીને, દરેક રેશન–કાર્ડમાં "પરિવારના વડા (મુખ્ય વ્યક્તિ)" તરીકે દર્શાવવી જોઇશે પણ સૌથી મોટી સ્ત્રીની ઉંમર, ૧૮ વર્ષથી ઓછી હોય, તો ૧૮ વર્ષથી વધારે વયના પુરુષને દર્શાવવો જોઇશે.

(૫) વિધમાન જુના રેશન–કાર્ડ ધારકોની કક્ષા બદલવા માટે, "અગ્રતા પ્રાપ્ત પરિવારો"નો યોગ્ય સ્ટેમ્પ લગાડવો જોઇશે.

(૬) 'અગ્રતા પ્રાપ્ત પરિવારો'ને અલગ તારવવા (ઓળખીકાઢવા)માટેના માપદંડ મુજબ, જિલ્લા અને તાલુકા કક્ષાઓએ રેશન–કાર્ડોને અનુરૂપ બનાવવા, સ્ત્રી વડાના નામે રેશન કાર્ડ કાઢી આપવું અને કાર્ડની કક્ષા બદલવી વગેરે ખૂબ મોટું કાર્ય છે. તેના અમલીકરણ માટે, અન્ન અને નાગરિક પુરવઠાના નિયામકે આયોજન, અમલીકરણ અને દેખરેખનું કાર્ય કરવું જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મુકેશ મોદી,
સરકારના સંયુક્ત સચિવ.

Notification
Under
National Food Security Act, 2013.
રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩
હેઠળ
જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. ૨જી એપ્રિલ, ૨૦૧૬.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃજીટીએચ/૨૦૧૬/૨૦/એમકેએમ/૧૦/૨૦૧૫/૭૯૪૯૩૫/સી–૧:ગુજરાત સરકારને તેમ કરવાનું જરૂરી જણાયું છે;

તેથી, હવે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૧૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,સદરહુ અધિનિયમના હેતુઓ માટે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ આયોગને, રાજ્ય અન્ન આયોગ તરીકે મુકરર કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મુકેશ કે. પંડિત,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 70

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, MARCH 18, 2017/PHALGUNA 27, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૨૦૧૭

તારીખ: ૧૮મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૧૬** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 16 OF 2017.

THE GUJARAT PRIVATE UNIVERSITIES (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Private Universities Act, 2009.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૬ .

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

ગયા પ્રસાદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, પી.પી. સવાણી નોલેજ સિટી, સુરત, શ્રી સરસ્વતી એજ્યુકેશન સંસ્થાન્સ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ, તાલુકોઃ કડી, જિલ્લોઃ મહેસાણા, કર્ણાવતી મેડિકલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ, ઉવારસદ, જિલ્લો : ગાંધીનગર-એ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકારને અરજી કરી છે; સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

અને ચકાસણી સમિતિએ, સદરહુ અરજીઓની ચકાસણી કરેલી છે અને ચકાસણી સમિતિના અહેવાલ પરથી, રાજ્ય સરકારે, ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે સંબંધિત પુરસ્કર્તા મંડળને ઇરાદાપત્ર કાઢી આપ્યો છે;

અને રાજ્ય સરકારને ખાતરી થઇ છે કે સદરહુ અધિનિયમની કલમ ૧૦માં જોગવાઇ કર્યા પ્રમાણે, પુરસ્કર્તા મંડળોએ ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે અને ઇરાદાપત્ર પ્રમાણેનું દેણગી ફંડ પણ સ્થાપ્યું છે;

તેથી, હવે, ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઇઓ અનુસાર, સદરહુ અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ઉપર્યુકત પુરસ્કર્તા મંડળોના નામે અને સ્થળે અનુસૂચિના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સંસ્થાઓનો ખાનગી યુનિવર્સિટી તરીકે સમાવેશ કરે છે.

INDEX

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની અનુસૂચિનો સુધારો.

૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૨૧ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો દાખલ કરવી:-

સન ૨૦૦૯નો ગુજરાત અધિનિયમ ૮મો.

અનુક્રમાંક	ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું	નોંધણી અને નોંધણી નંબરની વિગતો	પુરસ્કર્તા મંડળ
૧.	૨.	૩.	૪.
"૨૨.	સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, મુ.:-ભોયણ રાઠોડ, અડાલજ શેરથા રોડ, તાલુકો અને જિલ્લો: ગાંધીનગર.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર: ઈ/ ૧૮૦૫૦, અમદાવાદ. તારીખ: ૦૭/૦૫/૨૦૦૭.	ગયા પ્રસાદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, ૩૫, વર્લ્ડ બિઝનેસ હાઉસ, પરિમલ ગાર્ડન નજીક, એલિસ બ્રિજ, અમદાવાદ, ગુજરાત.
૨૩.	પી.પી. સવાણી યુનિવર્સિટી, મુકામ અને ગામ ધામડોદ, કોસંબા નજીક, તાલુકો: માંગરોળ, જિલ્લો: સુરત.	કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર: યુ૮૦૯૦૪જીજે૨૦૧૫ એનપીએલ૦૮૨૫૭૭. તારીખ: ૧૩/૦૩/૨૦૧૫.	પી.પી.સવાણી નોલેજ સિટી, માનસી બિલ્ડિંગ, સિદ્ધકુટિર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કાપોદ્રા, સુરત, ગુજરાત.

૨૪.	ઈન્દ્રશિલ યુનિવર્સિટી,ધોલેરા, મુ. પોસ્ટ: રતનપુર, તાલુકો: ધંધુકા, જિલ્લો: અમદાવાદ.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. ઈ/ ૧૪૭૩, ગાંધીનગર. તારીખ: ૧૪/૦૯/૨૦૦૮.	શ્રી સરસ્વતી એજ્યુકેશન સંસ્થાન ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ, મુ. પોસ્ટ: રાજપુર, તાલુકો: કડી, જિલ્લો: મહેસાણા, ગુજરાત.
૨૫.	કર્ણાવતી યુનિવર્સિટી, ઉવારસદ, જિલ્લો : ગાંધીનગર.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. ઇ/ ૧૬૩૭૯/ અમદાવાદ. તારીખ : ૨૪/૧૦/૨૦૧૦.	કર્ણાવતી મેડિકલ એન્ડ એજયુકેશનલ ટ્રસ્ટ, ઉવારસદ, જિલ્લો : ગાંધીનગર, ગુજરાત.''.

ઉદ્દેશો અને કારણો

રાજય સરકારે, ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી, રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા અને અધિનિયમની જાગવાઇઓ અનુસાર તેના કાર્યોનું નિયમન કરવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો) અધિનિયમિત કર્યો છે. સદરહુ અધિનિયમ હેઠળ તે તરીકે જાહેર કરેલી ખાનગી યુનિવર્સિટીએ, સદરહુ અધિનિયમની જોગવાઇઓ મુજબ યુનિવર્સિટીની બાબતોનો વહીવટ કરવાનો હોય છે અને ગવર્નિંગ બોડી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકેડેમિક કાઉન્સિલ અને એવા બીજા અધિકારીમંડળોએ, સદરહુ અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણે તેમની ફરજો બજાવવાની હોય છે અને તેમના કાર્યો કરવાના હોય છે તથા એવા મંડળોની રચના, સદરહુ અધિનિયમમાં જોગવાઇ કર્યા મુજબની હોવી જોઇશે.

રાજ્ય સરકારને, ગયા પ્રસાદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, પી.પી. સવાણી નોલેજ સિટી, સુરત, શ્રી સરસ્વતી એજ્યુકેશન સંસ્થાન ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ, તાલુકો: કડી, જિલ્લો: મહેસાણા કર્ણાવતી મેડિકલ એન્ડ એજયુકેશનલ ટ્રસ્ટ, ઉવારસદ, જિ : ગાંધીનગર પાસેથી, અનુક્રમે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર, પી.પી. સવાણી યુનિવર્સિટી, સુરત, ઈન્દ્રશિલ યુનિવર્સિટી, ધોલેરા, અમદાવાદ અને કર્ણાવતી યુનિવર્સિટી, ઉવારસદ, ગાંધીનગર-ની ખાનગી યુનિવર્સિટીઓ તરીકે સ્થાપના કરવા માટેની દરખાસ્તો મળી છે. સદરહુ અધિનિયમની કલમ ૧૦થી એવી જોગવાઇ કરી છે કે રાજય સરકારને એવી ખાતરી થાય કે પુરસ્કર્તા મંડળે, ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે, તો પછી રાજય સરકારે, સદરહુ અધિનિયમની અનુસૂચિમાં યુનિવર્સિટીના નામનો સમાવેશ કરવા માટે, યોગ્ય કાયદો લાવવાનો હોય છે. સદરહુ દરખાસ્તોની, સદરહુ અધિનિયમની કલમ ૮ હેઠળ નિમાયેલી ચકાસણી સમિતિએ વિચારણા કરી છે અને સમિતિએ તેનો રિપોર્ટ રાજય સરકારને રજૂ કર્યો છે તથા એવા રિપોર્ટના આધારે રાજય સરકારને ખાતરી થયા પછી, અધિનિયમની કલમ ૯ હેઠળ જોગવાઇ કર્યા મુજબ ઇરાદાપત્ર કાઢી આપ્યો છે અને પુરસ્કર્તા મંડળે ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું હોવાથી, સદરહુ અધિનિયમની કલમ ૧૦ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે યુનિવર્સિટીના નામને, અધિનિયમની અનુસૂચિમાં સમાવેશ કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨) થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૭મી માર્ચ, ૨૦૧૭. ભૂપેન્દ્રસિંહ ચુડાસમા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૧૮મી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 71

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, MARCH 18, 2017/PHALGUNA 27, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ-ના** તારીખ :૨૦/૧૦/ ૨૦૧૬ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૭૧/૨૦૧૬/એમએચકે/૨૦૧૬/૦૮/એફ.૧** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Under Secretary (Legal side) in the Gujarat Secretariat Services, Class-1 Recruitment Rules, 2008

ગુજરાત સચિવાલય સેવામાં ઉપસચિવ (કાયદાકીય બાજુ), વર્ગ–૧, ભરતી નિયમો, ૨૦૦૮ સુધારવા સંબંધી

જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓક્ટોબર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીકે/૭૧/૨૦૧૬/એમએચકે/૨૦૧૬/૦૮/એફ.૧ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સચિવાલય સેવામાં ઉપસચિવ (કાયદાકીય બાજુ), વર્ગ–૧, ભરતી નિયમો, ૨૦૦૮ વધુ સુધારવા નિયમો કરે છેઃ–

૧. આ નિયમો ગુજરાત સચિવાલય સેવામાં ઉપસચિવ (કાયદાકીય બાજુ), વર્ગ–૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત સચિવાલય સેવામાં ઉપસચિવ (કાયદાકીય બાજુ), વર્ગ–૧, ભરતી નિયમો, ૨૦૦૮માં નિયમ–૨માં, પેટા–નિયમ (૧)માં, ''આઠ વર્ષ'' એ શબ્દોને બદલે, ''સાત વર્ષ'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એલ.વાળા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 72

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, MARCH 18, 2017/PHALGUNA 27, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ–ના તારીખ:૨૧મી ડિસેમ્બર,૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક(૧) જીકે/૧૦૫/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ–૨),(૨)જીકે/૧૦૬/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,(ભાગ–૨),(૩)જીકે/૧૦૭/૨૦૧૬ /સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,(ભાગ–૨),અને(૪)તારીખ:૨૩મી ફેબ્રુઆરી,૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીકે/૧૪/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૬/૧૮૯૫/ડી.–ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યા છે.

આર. આર. ચાવડા,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંકઃજીકે/૧૦૫/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (ભાગ ૨):–ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને , ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, **સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૪મી** તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ–

(૧) જિલ્લા કોર્ટ, વડોદરાના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, કવાંટ હવે જિલ્લા કોર્ટ, છોટાઉદેપુરના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહું કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ કવાંટ ખાતે ભરશે.

(૩) દીવાની જજની કોર્ટ, કવાંટ ની હકૂમતની સ્થાનિક હદો, છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,

સરકારના ઉપસચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act,2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંકઃજીકે/૧૦૬/૨૦૧૬/સીસીએ /૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (ભાગ ૨):–ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૫, ૭, અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને , ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, **સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૪મી** તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ–

(૧) જિલ્લા કોર્ટ, વડોદરાના તાબા હેઠળની દિવાની જજની કોર્ટ, નસવાડી, હવે જિલ્લા કોર્ટ, છોટાઉદેપુરના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહું કોર્ટનું અધ્યક્ષસ્થાન દિવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ નસવાડી ખાતે ભરશે.

(૩) દિવાની જજની કોર્ટ, નસવાડી ની હકૂમતની સ્થાનિક હદો, છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર, નસવાડી તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,

સરકારના ઉપસચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act,2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંકઃજીકે / ૧૦૭/ ૨૦૧૬ /સીસીએ /૧૦૨૦૧૪/ ૧૧૬૧ /ડી (ભાગ ૨):–ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૫, ૭, ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને , ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, **સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૪મી** તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ–

(૧) જિલ્લા કોર્ટ, વડોદરાના તાબા હેઠળની દિવાની જજની કોર્ટ, સંખેડા, હવે જિલ્લા કોર્ટ, છોટાઉદેપુરના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહું કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દિવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ સંખેડા ખાતે ભરશે.

(૩) દિવાની જજની કોર્ટ, નસવાડી ની હકૂમતની સ્થાનિક હદો, છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર, સંખેડા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,

સરકારના ઉપસચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act,2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંકઃજીકે / ૧૪/ ૨૦૧૭ /સીસીએ /૧૦૨૦૧૬/ ૧૮૯૫ /ડી:–ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમ ૪ ની પેટા કલમ (૩) અને કલમો ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, **સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૧લી** તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન અધિક જિલ્લા જજની કોર્ટની સ્થાપના કરે છેઃ–

(૧) જૂનાગઢ જિલ્લામાં વિસાવદર ખાતે અધિક જિલ્લા જજની એક નવી કોર્ટ રહેશે .

(૨) સદરહું કોર્ટનું અધ્યક્ષસ્થાન અધિક જિલ્લા જજ લેશે, જેઓ તેમની કોર્ટ વિસાવદર ખાતે ભરશે.

(૩) વિસાવદર ખાતેની અધિક જિલ્લા જજની કોર્ટની સામાન્ય હકૂમતની સ્થાનિક હદો, જૂનાગઢ જિલ્લાના વિસાવદર અને ભેંસાણ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 73

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MARCH 20, 2017/PHALGUNA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી માર્ચ, ૨૦૧૭

તારીખ: ૨૦મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૧૭** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 17 OF 2017.

THE GUJARAT PROVINCIAL MUNICIPAL CORPORATIONS (SECOND AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૭.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.

૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ૨૦ માં, પેટા-કલમ(૮) કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૨૧નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં, પેટા-કલમ (૨ક) કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૨૫નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૫માં, પેટા-કલમ (૭) કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭માં, પેટા-કલમ (૨ક) કમી કરવી.

INDEX

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૪૫ નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૫માં,-

(૧) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

''(૨) કોર્પોરેશન, વખતોવખત રાજ્યસરકારની મંજૂરીથી પોતાને જરૂરી જણાય તેટલી નાયબ મ્યુનિસિપલ કમિશનરની, મદદનીશ મ્યુનિસિપલ કમિશનરની અથવા તેવા બીજા અધિકારીઓની જગાઓ ઊભી કરી શકશે. રાજ્ય સરકાર, નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર અથવા તેવા બીજા અધિકારી તરીકે લાયક વ્યક્તિને અથવા લાયક વ્યક્તિઓને નીમી શકશે.'';

(૨) પેટા-કલમ (૪)માં, '' મ્યુનિસિપલ સેક્રેટરીની'' એ શબ્દોને બદલે, '' મ્યુનિસિપલ સેક્રેટરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનરની'' એ શબ્દો દાખલ કરવા.

(૩) પેટા-કલમ(૫)માં, '' આ કલમમાં'' એ શબ્દોને બદલે,''પેટા-કલમ (૧)મા '' એ શબ્દો, કૌંસ અને આંકડો મૂકવા.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩માં, પેટા-કલમ (૧)માં, ''કોઈપણ કામચલાઉ અથવા કાયમી મ્યુનિસિપલ અધિકારીઓને'' એ શબ્દો પહેલાં, ''નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર સિવાયના'' એ શબ્દો દાખલ કરવા. સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમનીકલમ ૫૩નો સુધારો.

ઉદ્દેશો અને કારણો

રાજય સરકારે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩માં સમાવિષ્ટ અમુક બાબતોના સંબંધમાં એકરૂપતા લાવવા માટે તેમજ સ્થાનિક મંડળોનો વહીવટ સરળતાથી ચલાવવા માટે પણ સદરહુ અધિનિયમો સુધારવા ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૫ અધિનિયમિત કર્યો છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૫થી, બીજી બાબતોની સાથોસાથ, સ્થાયી સમિતિ, વાહનવ્યવહાર સમિતિ અને કોર્પોરેશનોની ખાસ સમિતિના સભ્યોની મુદત અઢી વર્ષની રાખવાની જોગવાઈ કરી છે. એવી પણ જોગવાઈ કરી છે કે સન ૨૦૧૫ના સદરહુ સુધારા અધિનિયમની આરંભની તારીખ પછી યોજાયેલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીથી નવી સ્થાયી સમિતિ, વાહનવ્યવહાર સમિતિ અથવા યથાપ્રસંગ, ખાસ સમિતિની રચના કરવામાં આવે ત્યાં સુધી, જાણે કે સન ૨૦૧૫ના સુધારા અધિનિયમથી આવી સંબંધિત જોગવાઈઓ કમી કરવામાં આવી ન હોય તેમ, સન ૨૦૧૫નો સદરહુ સુધારા અધિનિયમ અમલમાં આવે તે પહેલાંની અમલમાં હોય તેવી સંબંધિત જોગવાઈઓ અનુસાર, સ્થાયી સમિતિ, વાહનવ્યવહાર સમિતિ અથવા ખાસ સમિતિના વિદ્યમાન સભ્યોની મુદતનું નિયમન કરવાનું રહેશે.

તેમ છતાં, સરકારના ધ્યાન પર આવ્યું છે કે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના કિસ્સામાં સામાન્ય ચૂંટણીઓ, સન ૨૦૧૫ના સુધારા અધિનિયમના આરંભની તારીખ પહેલાં યોજવામાં આવી હતી અને તેથી જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિ, વાહનવ્યવહાર સમિતિ અથવા ખાસ સમિતિના સભ્યોની મુદતનું નિયમન, સન ૨૦૧૫ના સુધારા અધિનિયમના આરંભની તારીખે અમલમાં હોય તેવી સંબંધિત જોગવાઈઓથી થવાનું ચાલુ રહયું છે. તેથી, રાજયના તમામ કોર્પોરેશનોની સદરહુ સમિતિઓના સભ્યોની મુદતમાં એકરૂપતા લાવવા માટે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૨૦, ૨૧, ૨૫ અને ૨૭માં અમુક સુધારા કરવાનું જરૂરી જણાયું છે.

આ ઉપરાંત, રાજય સરકારના મુખ્ય (ફલેગશીપ) કાર્યક્રમોના વધુ સારા અમલ માટે અને રાજય તેમજ કેન્દ્ર સરકારની એજન્સીઓ સાથે વધુ સારુ સંકલન સાધવા માટે, સરકારના જુદા જુદા વિભાગોની બહોળી જાણકારી અને અનુભવ ધરાવતા રાજય સેવાઓમાંના અધિકારીઓને, મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર, મદદનીશ મ્યુનિસિપલ કમિશનર અને એવા બીજા અધિકારીઓની જગાઓ પર નીમવા જરૂરી છે. તેથી, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમો ૪૫ અને ૫૩માં અુમક સુધારા કરવા પણ ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ, સુધારવા ધાર્યું છે.

શંકર ચૌધરી,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરે છે :-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૦મી માર્ચ, ૨૦૧૭.

શંકર ચૌધરી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,

તારીખઃ ૨૦મી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 74

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MARCH 20, 2017/PHALGUNA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ** ના તારીખ : ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૭ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીટીએચ/૨૦૧૭/પીડીએસ/૧૦૨૦૧૬/૨૬૮૯/સી-૧.** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Gujarat Procedure for Redressal of Grievance (Food Security) Rules, 2017.

ગુજરાત (અન્ન સુરક્ષા) ફરિયાદ નિવારણ માટેની પદ્ધતિ બાબતના નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

*તારીખ: ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૭.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક.જીટીએચ/૨૦૧૭/૨/પીડીએસ-૧૦.૨૦૧૬-૨૬૮૯/સી-૧ : રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૧૫ સાથે વાંચતાં, કલમ ૪૦ની પેટા-કલમ (૨)ના ખંડ (ગ), (ઘ) અને (ચ)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક મુસદ્દા નિયમો, સરકારી જાહેરનામા ક્રમાંક.જીટીએચ/૨૦૧૬/૩૭/પીડીએસ-૧૦.૨૦૧૬-૨૬૮૯/સી-૧ હેઠળ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના તારીખ:૮મી નવેમ્બર, ૨૦૧૬ના ગુજરાત સરકારના અસાધારણ, રાજપત્ર, ભાગ ૯-એ-માં, પાના ૨૧૪-૧ થી ૨૧૪-૧૦ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલા અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, આ જાહેરનામાની સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અથવા સૂચનો મંગાવેલ હતાં;

અને, સદરહુ મુસદ્દા નિયમો પર સરકારને મળેલા વાંધા અથવા સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

આથી, હવે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૧૫ સાથે વાંચતા, કલમ ૪૦ની પેટા-કલમ (૨)ના ખંડ (ગ), (ઘ) અને (ચ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**- (૧) આ નિયમો, ગુજરાત (અન્ન સુરક્ષા) ફરિયાદ નિવારણ માટેની પદ્ધતિ બાબતના નિયમો, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩નો ૨૦મો);

---

* સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર-ના તારીખ-૧૬-૦૨-૨૦૧૭ના Extra No.28-મુજબ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના આ જાહેરનામા મુજબ તારીખ-"૧૬મી ડિસેમ્બર, ૨૦૧૬" ને બદલે "૧૬મી જાન્યુઆરી, ૨૦૧૭" તરીકે વાંચવી.

INDEX

(ખ) "બારકોડેડ રેશન કાર્ડ" એટલે અધિનિયમ મુજબ ઓળખી કાઢેલ પાત્ર પરિવારોને આપવામાં આવેલ રેશન કાર્ડ;

(ગ) "આયોગ" એટલે અધિનિયમની કલમ ૧૬ હેઠળ રચાયેલ અથવા કલમ ૧૮ હેઠળ મુકરર કરેલ રાજ્ય અન્ન આયોગ;

(ઘ) "જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી" એટલે અધિનિયમની કલમ ૧૫ હેઠળ નીમાયેલા અથવા મુકરર કરેલ અધિકારી;

(ચ) "પાત્ર પરિવારો" એટલે એવી વ્યક્તિ કે જે આવા અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે દ્વારા ઓળખી કાઢેલ પરિવારની હોય અને માન્ય રેશન કાર્ડ ધરાવતી હોય;

(છ) "નમૂનો" એટલે અ નિયમો સાથે જોડેલો નમૂનો;

(જ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(ઝ) "નોડલ અધિકારી" એટલે અધિનિયમની કલમ ૧૪ હેઠળ રાજ્ય સરકારે મુકરર કરેલ અથવા નીમાયેલા અધિકારી;

(ટ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

(ઠ) આ નિયમોમાં વપરાયેલા હોય પણ વ્યાખ્યાયિત કરેલા ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપવામાં આવ્યો હોય તે જ થશે.

૩. **જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી અને નોડલ અધિકારીની લાયકાતો.-**

(૧) રાજ્ય સરકારે મુકરર કરેલ, નાયબ કલેક્ટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી, જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી રહેશે:

પરંતુ ડાંગ જિલ્લાના કિસ્સામાં, રાજ્ય સરકારે મુકરર કરેલ, મામલતદારના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી, જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી રહેશે:

વધુમાં, અધિનિયમ હેઠળ હકદારી અપાવવામાં સીધી રીતે સંકળાયેલા હોય તેવા કોઇ અધિકારીને, જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે મુકરર કરવામાં આવશે નહિ.

(૨) રાજ્ય સરકાર, નાયબ મામલતદારથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને, નોડલ અધિકારી તરીકે તમામ જિલ્લાઓમાં મુકરર કરશે, જ્યારે, અમદાવાદ શહેરના કિસ્સામાં, ખાદ્ય નિયંત્રકની કચેરીના ઝોનલ અધિકારીને, નોડલ અધિકારી તરીકે મુકરર કરવામાં આવશે.

૪. **જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીઓ અને નોડલ અધિકારીઓના નામ પ્રકાશિત કરવા બાબત.-** દરેક જિલ્લાના જિલ્લા કલેક્ટર, પાત્ર પરિવારોની સુવિધા માટે, તેમના જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીઓ અને નોડલ અધિકારીઓના નામ અને સરનામા, તમામ વાજબી ભાવની દુકાનના લાઇસન્સદારો, ગ્રામ પંચાયતની કચેરીઓ અને શહેરી વિસ્તારમાં વોર્ડ ઓફિસ ખાતે,

INDEX

પ્રકાશિત કરવાની ખાતરી કરશે. દરેક જિલ્લા કલેક્ટર કચેરીની વેબસાઇટ અને નિયામક, અન્ન નાગરિક પુરવઠાના ટ્રાન્સપરન્સી પોર્ટલ પર જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીઓ અને નોડલ અધિકારીઓના નામ, સરનામા, સંપર્ક નંબરો, ઇ-મેઇલ આઇડી, ફેક્સ નંબરો પણ પ્રદર્શિત કરવા જોઇશે.

૫. **હેલ્પ લાઇન.**- (૧) પરિવારો તરફથી ફરિયાદો પ્રાપ્ત કરવા માટે, નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા દ્વારા ટોલ ફ્રી ટેલિફોન નંબરો ધરાવતી હેલ્પ લાઇન, ઓનલાઇન ફરિયાદ નોંધણી તંત્ર ગોઠવવું જોઇશે.

(૨) આવી હેલ્પ લાઇનની સેવાઓના સંચાલનના સમયને બહોળી રીતે પ્રસિદ્ધ કરવો.

૬. **ફી રાહત.**- જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી અને અપીલ અધિકારીને કરવામાં આવતી અરજી માટે કોઇ ફી વસૂલવામાં આવશે નહિ.

૭. **ફરિયાદ પ્રાપ્ત કરવાની પદ્ધતિ.**- (૧) નારાજ થયેલ પાત્ર પરિવારોના કિસ્સામાં, અધિનિયમ મુજબ મળવાપાત્ર અનાજ વહેંચણીને લગતી બાબતોમાં અને તે સંબંધિત બાબતોમાં, નારાજ થયેલ પાત્ર પરિવારો, અધિનિયમની કલમ ૧૫ની પેટા-કલમ (૧) હેઠળ, સરકાર દ્વારા નીમાયેલ અથવા મુકરર સંબંધિત જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીને, નમૂના ક-માં લેખિત ફરિયાદ હાથોહાથ, ફેક્સ, ઇ-મેઇલ, ઓનલાઇન ફરિયાદ, ટપાલ અથવા રજિસ્ટર્ડ ટપાલ વડે કરી શકશે.

(૨) કોઇ અનામી અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(૩) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી, લેખિત ફરિયાદ પ્રાપ્ત થયેથી, ફરિયાદ મળ્યાના કામકાજના ત્રણ દિવસોની અંદર, **નમૂના ખ**-માં ફરિયાદીને મળવાપાત્ર પહોંચ આપશે.

૮. **નોટિસ આપવાની પદ્ધતિ.**- (૧) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી, ફરિયાદ મળ્યાના કામકાજના સાત દિવસોની અંદર, પાત્ર પરિવારને અનાજ પૂરુ પાડવામાં થયેલ વિલંબ અથવા ચૂક માટે જવાબદાર વાજબી ભાવની દુકાનના લાઇસન્સ ધારકને અને પાત્ર પરિવારને સુનાવણી માટે નોટિસ આપશે.

(૨) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી દ્વારા ફરિયાદની સુનાવણીની જાણ, જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી દ્વારા નીચે જણાવેલ રીતો પૈકીની કોઈપણ એક રીતે, કરવી જોઇશે.-

(ક) હાથોહાથ સોંપણી દ્વારા; અથવા

(ખ) ટપાલ દ્વારા; અને

(ગ) ટેલિફોન /ફેક્સ/ઈ-મેઈલ/એસએમએસ દ્વારા (ફરિયાદી દ્વારા કોઈપણ સંચાર(માધ્યમ)ની પસંદગી કરી શકાશે)

(૩) કામકાજના ઓછામાં ઓછા સાત દિવસ પહેલા, ફરિયાદી અને યથાપ્રસંગ, વાજબી ભાવની દુકાનના લાઈસન્સ ધારકને સુનાવણીની તારીખ જણાવવી જોઈશે.

(૪) ફરિયાદી અને યથાપ્રસંગ, વાજબી ભાવની દુકાનનો લાઈસન્સ ધારક, સુનાવણી દરમિયાન પોતે હાજર રહી શકે.

(૫) તેમને સુનાવણીની વિધિસર જાણ કર્યા પછી પણ, સુનાવણીની તારીખના રોજ જો કોઈ એક પક્ષકાર ગેરહાજર રહે તો, એકપક્ષીય ફરિયાદ નક્કી કરી શકાશે.

૯. જિલ્લા ફરિયાદ-નિવારણ અધિકારીની સત્તા અને ફરિયાદ-નિવારણ માટેની કાર્યરીતિ.-

(૧) અધિનિયમની કલમ ૧૫ની પેટા-કલમ (૫) હેઠળ કરાયેલી ફરિયાદોના નિવારણ માટે જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી, નીચેની કાર્યરીતિ અપનાવશે.

(૧) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીએ,

(ક) અધિનિયમ હેઠળ, હકદારી અનાજના વિતરણ અને અનાજની હકદારી અમલમાં મૂકવાને લગતી બાબતોમાં, નારાજ થયેલ વ્યક્તિની ફરિયાદના અસરકારક અને ઝડપી નિવારણ માટે પગલાં લેવા જોઈશે;

(ખ) કરાયેલી ફરિયાદોની તપાસ કરવી જોઈશે, દસ્તાવેજો અને તેની નકલોની ચકાસણી કરવી જોઈશે;

(ગ) સરકાર દ્વારા વખતોવખત ઠરાવેલા માપદંડો મુજબ, પાત્ર પરિવારની ઓળખ માટે કાઢી આપેલા બારકોડેડ રેશન કાર્ડની ચકાસણી અને યથાર્થતા સુનિશ્ચિત કરવી જોઈશે;

(ઘ) અધિનિયમની કલમ ૧૫ની પેટા-કલમ (૫) હેઠળની અથવા સંબંધિત જિલ્લા/અમદાવાદ શહેરના નોડલ અધિકારીએ મોકલી આપેલ અથવા આપમેળે (સ્વયં) નિર્દિષ્ટ ફરિયાદની સુનાવણી કરવી જોઈશે;

(૨) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીએ, જ્યાં સરકારે દુષ્કાળ જાહેર કર્યો છે અને કોઈ પરિવાર બારકોડેડ રેશન કાર્ડ ધરાવે છે અથવા રેશન કાર્ડ ધરાવતાં નથી તેને લક્ષ્યમાં લીધા સિવાય પણ અનાજનું વિતરણ કરવાનું નક્કી કર્યું હોય (તેવા) સંબંધિત જિલ્લાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોને લગતી ફરિયાદની પણ સુનાવણી કરવી જોઈશે.

(૨) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીએ, નિર્ણય કરતી વખતે ફરિયાદ મળ્યાના કામકાજના ત્રીસ દિવસની મુદતની અંદર વિગતદર્શક હુકમ જાહેર કરવો જોઈશે.

(૩) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીએ, હુકમની તારીખથી કામકાજના સાત દિવસની અંદર ચુકાદાની નકલો સંબંધિત પક્ષોને પહોંચાડવાની વ્યવસ્થા કરવી જોઈશે.

(૪) મહિના દરમિયાન મળેલી અને નિકાલ કરેલી ફરિયાદોનો માસિક અહેવાલ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીએ, આગામી મહિનાની ૧૦મી તારીખે અથવા તે પહેલાં, રાજ્ય અન્ન આયોગને મોકલવો જોઈશે.

INDEX

૧૦. રાજ્ય અન્ન આયોગની સમક્ષ અપીલની સુનાવણી માટેની કાર્યરીતિ.-

(૧) અધિનિયમની કલમ ૧૫ની પેટા-કલમ (૬) હેઠળ, જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી નારાજ કોઈ પાત્ર પરિવાર, આવા નિર્ણયના ત્રીસ દિવસની અંદર રાજ્ય અન્ન આયોગને નમૂના-ગમાં અપીલની યાદી દાખલ કરી શકશે. અપીલની દરેક યાદી સુવાચ્ય હસ્તાક્ષરમાં અથવા ટાઇપ કરેલી હોવી જોઈશે.

(૨) અધિનિયમની કલમ ૧૫ની પેટા-કલમ (૬) હેઠળ કરેલી દરેક ફરિયાદ અપીલ તરીકે દાખલ થયેલ ગણાશે.

(૩) રાજ્ય અન્ન આયોગે, કામકાજના ત્રણ દિવસોમાં, નમૂના-ઘ માં, આવી અપીલની પહોંચ આપવી જોઈશે.

(૪) કામકાજના ત્રીસ દિવસ પછી, અપીલ યાદી/નિવેદન રજૂ કરવામાં આવે, ત્યારે આવી અપીલ યાદી/નિવેદનની સાથે વિલંબ માફી માટેની અરજી જોડવી જોઈશે.

(૫) રાજ્ય અન્ન આયોગને એવી રીતે દાખલ અપીલ યાદી/નિવેદનની સુનાવણી કરવી જોઈશે અને આવી રીતે દાખલ થયેલ અપીલનો કામકાજના પિસ્તાળીસ દિવસની મુદતની અંદર નિકાલ કરવો જોઈશે.

(૬) અપીલ યાદી/નિવેદનની યાદી ત્રણ નકલમાં દાખલ કરવી જોઈશે અને તેની સાથે નીચે જણાવેલ યોગ્ય રીતે સ્વ-પ્રમાણિત કરેલા દસ્તાવેજો જોડવા જોઈશે.-

(૧) જેની સામે અપીલ કરવામાં આવી હોય તે જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના હુકમની નકલ;

(૨) ઉલ્લેખેલ અને અરજદાર જેના પર આધારિત હોય તેવા દસ્તાવેજોની નકલો અને તેની યાદી;

(૩) અપીલની યાદી/નિવેદનમાં ઉલ્લેખેલ વાંધાના આધારના સમર્થન માટે જરૂરી એવા બીજા દસ્તાવેજો.

(૭) અપીલની સુનાવણી કરતી વખતે, બેન્ચે અપીલના આધારો ધ્યાનમાં લેવા જોઈશે અને તદનુસાર કેસનો નિર્ણય કરવો જોઈશે.

(૮) અપીલ પરના રાજ્ય અન્ન આયોગના હુકમોમાં, સુનાવણી કરતા તેના સભ્યો દ્વારા તારીખ સાથે સહી કરાવવી જોઈશે અને અપીલ અંગેના નિર્ણયની જાણ, પક્ષકારોને વિનામૂલ્યે કરવી જોઈશે.

(૯) રાજ્ય અન્ન આયોગનો નિર્ણય આખરી રહેશે.

૧૧. તમામ અપીલોનો નીચે જણાવેલી રીતે નિકાલ કરવો જોઈશે.-

(૧) રાજ્ય અન્ન આયોગે, ફરિયાદ મળ્યાની તારીખથી સાત કામકાજના દિવસો પહેલેથી (વેળાસર), જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીને, પાત્ર પરિવારને મળવાપાત્ર (હકદાર) અનાજ પૂરું

પાડવામાં વિલંબ અથવા ચૂક માટે જવાબદાર વાજબી ભાવની દુકાનનું લાઇસન્સ ધરાવનારને અને પાત્ર પરિવારને સુનાવણી માટેની નોટિસ કાઢવી જોઇશે.

(૨) રાજ્ય અન્ન આયોગ દ્વારા ફરિયાદની સુનાવણીની જાણ, રાજ્ય અન્ન આયોગ દ્વારા નીચે જણાવેલ રીતો પૈકી કોઈપણ એક રીતે, કરવી જોઈશે.-

(ક) હાથોહાથ સોંપણી દ્વારા; અથવા

(ખ) ટપાલ દ્વારા; અને

(ગ) ટેલિફોન /ફેક્સ/ઈ-મેઈલ/એસએમએસ દ્વારા (ફરિયાદી દ્વારા કોઈપણ સંચાર(માધ્યમ)ની પસંદગી કરી શકાશે)

(૩) કામકાજના ઓછામાં ઓછા સાત દિવસ પહેલા, જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી, ફરિયાદી અને યથાપ્રસંગ, વાજબી ભાવની દુકાનના લાઈસન્સ ધારકને સુનાવણીની તારીખ જણાવવી જોઈશે.

(૪) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી, ફરિયાદી અને યથાપ્રસંગ, વાજબી ભાવની દુકાનના લાઈસન્સ ધારક સુનાવણી દરમિયાન પોતે હાજર રહી શકે.

(૫) તેમને સુનાવણીની વિધિસર જાણ કર્યા પછી પણ, સુનાવણીની તારીખના રોજ જો કોઈ પક્ષકાર ગેરહાજર રહે તો, એકપક્ષીય ફરિયાદ નક્કી કરી શકાશે.

૧૨. અધિનિયમ હેઠળના, દરેક કેસોના રેકર્ડની જાળવણી.-જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી, નોડલ અધિકારી અને અપીલ અધિકારીએ, લીધેલ પગલાંના સંબંધમાં અનુક્રમે નમૂના ચ-માં અને નમૂનો છ-માં દરેક કેસોના રેકર્ડની જાળવણી કરવી જોઈશે.

INDEX

નમૂનો ક

(જુઓ નિયમ ૭નો પેટા-નિયમ (૧))

જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીને ફરિયાદ નોંધાવવા માટેનો નમૂનો

પ્રતિ,

જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી

જિલ્લો.....

નીચે દર્શાવ્યા પ્રમાણે, હું રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ હેઠળ મળવાપાત્ર અન્ન (અનાજ)નું વિતરણ ન કરવા અથવા તેને લગતી બાબતો અંગે ફરિયાદ કરવા (નોંધાવવા) ઇચ્છું છું.-

૧. રેશન કાર્ડ પ્રમાણે ફરિયાદીનું પૂરું નામ :

૨. પૂરું સરનામું :

(૧) મકાન(નો) નંબર :

(૨) ગામ / વિસ્તાર :

(૩) તાલુકો / શહેર (નગર) :

(૪) જિલ્લો :

(૫) પીન કોડ :

(૬) મોબાઇલ અથવા ફોન નંબર (જો કોઇ હોય તો) :

(૭) ઈ-મેઇલ એડ્રેસ (જો કોઇ હોય તો) :

૩. રેશન કાર્ડનો પ્રકાર (અંત્યોદય અન્ન યોજના (એએવાય) અથવા અગ્રતાપ્રાપ્ત પરિવારો (પીએચએચ)):

૪. બારકોડેડ રેશનકાર્ડનો નંબર :

૫. વાજબી ભાવની દુકાનના માલિકનું નામ અને વિસ્તાર :

ફરિયાદનું વર્ણન :

૧.

૨.

૩.

ફરિયાદના આધારરૂપે સાથે બિડેલા દસ્તાવેજો :

(૧)

(૨)

(૩)

હું આથી જાહેર કરું છું કે હું ભારતનો નાગરિક છું અને ઉપરની વિગતો મારી સંપૂર્ણ જાણકારી અને માન્યતા અનુસાર સાચી છે.

સ્થળ : પાત્ર પરિવારની વ્યક્તિઓ- ફરિયાદીની સહી અથવા અંગૂઠાની છાપ

તારીખ:

INDEX

નમૂનો ખ

(જુઓ નિયમ ૭નો પેટા-નિયમ (૩))

સ્વીકૃતિ (પહોંચ).-

ઉપરની ફરિયાદ..... તરફથી તા. / /૨૦ (ના રોજ)

જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી, ... ને મળેલ છે.

સ્થળ :

તારીખ:

જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના

સીલ (મહોર) અને સહી.

INDEX

નમૂનો ગ

(જુઓ નિયમ ૧૦નો પેટા-નિયમ (૧))

(રાજ્ય અન્ન આયોગ સમક્ષ અપીલ (કરવા માટે)નો નમૂનો)

પ્રતિ,

અધ્યક્ષ

રાજ્ય અન્ન આયોગ,

સરનામું: _____

હું તા. ના રોજના જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી, ... ના નિર્ણય/ હુકમની વિરુદ્ધ અપીલ નોંધાવવા ઈચ્છું છું.

૧. બારકોડેડ રેશન કાર્ડ પ્રમાણે અપીલ કરનારનું પૂરું નામ :

૨. પૂરું સરનામું :

(૧) મકાન(નો) નંબર :

(૨) ગામ / વિસ્તાર :

(૩) તાલુકો / શહેર (નગર) :

(૪) જિલ્લો :

(૫) પીન કોડ :

(૬) મોબાઇલ અથવા ફોન નંબર (જો કોઇ હોય તો) :

(૭) ઈ-મેઇલ એડ્રેસ (જો કોઇ હોય તો) :

૩. રેશન કાર્ડનો પ્રકાર ((અંત્યોદય અન્ન યોજના (એએવાય) અથવા અગ્રતાપ્રાપ્ત પરિવારો (પીએચએચ)) :

૪. બારકોડેડ રેશનકાર્ડનો નંબર :

૫. વાજબી ભાવની દુકાનના માલિકનું નામ અને વિસ્તાર :

જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણય/ હુકમ તા. / /૨૦ ના (રોજના) નિર્ણયની સ્વપ્રમાણિત નકલ તેની સાથે બીડવી.

નીચેના કારણોસર મને સદરહુ નિર્ણય/ હુકમ અન્યાયપૂર્ણ અને ગેરવાજબી હોવાનું જણાય છે.

૧.

૨.

૩.

જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણય/ હુકમને સત્તાધિકારી રદ કરી શકશે અને પોતે ઉચિત ગણે તેવા કોઇ વધુ હુકમ અને આદેશો કરી શકશે.

હું આથી જાહેર કરું છું કે હું ભારતનો નાગરિક છું અને ઉપરની વિગતો મારી સંપૂર્ણ જાણકારી અને માન્યતા અનુસાર સાચી છે.

સ્થળ : અપીલ કરનારની સહી

તારીખ:

નમૂનો ૬૧

(જુઓ નિયમ ૧૦નો પેટા-નિયમ (૩))

સ્વીકૃતિ (પહોંચ).-

ઉપરની અપીલ..... જિલ્લાના જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણય/ હુકમની વિરુદ્ધમાં, તા. / /૨૦ (ના રોજ) રાજ્ય અન્ન આયોગને મળેલ છે.

સ્થળ : અપીલ અધિકારીના સીલ (મહોર) અને સહી

તારીખ :

INDEX

નમૂનો ચ

(જુઓ નિયમ ૧૨)

જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી/ નોડલ અધિકારીએ નિભાવવાનું પત્રક (રજિસ્ટર)

નામ :

હોદ્દો :

જિલ્લો :

સરનામું :

અનુ-ક્રમાંક	મોબાઈલ / ફોન નંબર ઇ-મેઇલ (જો કોઇ હોય તો તે) સાથેનું ફરિયાદી-નું નામ અને પૂરું સરનામું	બારકોડેડ રેશન કાર્ડનો નંબર	બારકોડેડ રેશન કાર્ડ અંત્યોદય અન્ન યોજના અથવા અગ્રતા પ્રાપ્ત પરિવારો	વાજબી ભાવની દુકાનના માલિકનું નામ અને વિસ્તાર	ફરિયાદ-ની તારીખ	સ્વીકૃતિ તારીખ અને નંબર	ફરિયાદ-ની વિગતો	ફરિયાદ-નો આધાર	માંગેલી રાહત	સુનાવણી-ની તારીખ	ફરિયાદ-ના નિકાલ-ની તારીખ	જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી (ડીજીઆરઓ) નો નિર્ણય	અપીલ રજૂ કરાયેલ છે કે કેમ, જો હા (તો) તેની તારીખ	રાજ્ય અન્ન-આયોગનો નિર્ણય	લેવાયેલ પગલાં	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭

નમૂનો ૭

(જુઓ નિયમ ૧૨)

અપીલ અધિકારીએ નિભાવવાનું પત્રક (રજિસ્ટર)

નામ :

હોદ્દો :

સરનામું :

અનુ-ક્રમાંક	મોબાઈલ/ફોન નંબર ઇ-મેઇલ (જો કોઇ હોય તો તે) સાથેનું અપીલ કરનારનું નામ અને પૂરું સરનામું.	બારકોડેડ રેશન કાર્ડ અંત્યોદય અન્ન યોજના અથવા અગ્રતા પ્રાપ્ત પરિવારો	બારકોડેડ રેશન કાર્ડનો નંબર	વાજબી ભાવની દુકાન-ના માલિક-નું નામ	અપીલ-ની તારીખ	અપીલ-ની વિગતો	સ્વીકૃતિ તારીખ અને નંબર	જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી (ડીજીઆરઓ)નું નામ અને હોદ્દો અને જિલ્લો	જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી (ડીજીઆરઓ) ના હુકમની તારીખ	જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી (ડીજીઆરઓ) દ્વારા ફરિયાદ નામંજૂર કરવાના કારણો (જો કોઇ હોય તો)	અપીલનો આધાર	સુનાવણીની તારીખ	અપીલના નિકાલની તારીખ	અપીલનો નિર્ણય	લેવાયેલ પગલાં	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મુકેશ કે. પંડિત,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 75

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MARCH 22, 2017/CAITRA 1, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૨૦૧૭

તારીખ ૨૨મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત **વિધેયક ક્રમાંકઃ ૧૮** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 18 OF 2017.

THE GUJARAT PANCHAYATS (SECOND AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Panchayats Act, 1993.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૮ .

ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૨નો સુધારો.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, " મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩૨માં, પેટા-કલમ (૧)માં, "કલમ ૩૦" એ શબ્દ અને આંકડા જે બે સ્થળોએ આવે છે ત્યાં તેને બદલે, "કલમ ૩૦ની પેટા-કલમ (૧)" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૫૫નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૫માં, પેટા-કલમ (૪)માં, "સરપંચની અને યથાપ્રસંગ, પંચાયતે તે અર્થે અધિકાર આપેલા પંચાયતના બીજા બે સભ્યો પૈકી કોઇપણ એક સભ્યની સહી સિવાય, પંચાયતના ફંડમાંથી કંઇપણ નાણાં ઉપાડી શકાશે નહિ." એ શબ્દોને બદલે, "સરપંચની અથવા પંચાયતે તે અર્થે અધિકાર

INDEX

આપેલા પંચાયતના કોઇ સભ્યની અને સેક્રેટરીની સહી સિવાય, પંચાયતના ફંડમાંથી કોઇપણ નાણા ઉપાડી શકાશે નહિ.'' એ શબ્દો મૂકવા.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૪૫નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૫માં, પેટા-કલમ (૧)માં, ખંડ (૭)ને બદલે, નીચેના ખંડો મૂકવા:-

" (૭) ઉત્પાદન, સહકાર અને સિંચાઇ માટેની સમિતિ;

(૮) મહિલા અને બાળ વિકાસ તથા યુવા પ્રવૃત્તિઓ માટેની સમિતિ.''

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૨૨-નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૨૨માં, પેટા-કલમો (૩) અને (૪) કમી કરવી.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમો ૩૦ અને ૩૨-થી અનુક્રમે પંચાયતના સભ્યની ગેરલાયકાતો અને સભ્યો તરીકે ચાલુ રહેવાની અસમર્થતા અંગેની જોગવાઇ કરી છે.

સદરહુ અધિનિયમની કલમ ૩૨-ની પેટા-કલમ (૧)ના ખંડો (ક) અને (ખ)થી એવી જોગવાઇ કરી છે કે પંચાયતનો કોઇ ચૂંટાયેલો સભ્ય કે જે તેની ચૂંટણીના સમયે કલમ ૩૦માં જણાવેલી ગેરલાયકાતો પૈકીની કોઇ ગેરલાયકાત ધરાવતો હોય અથવા જે મુદત માટે તે ચૂંટાયેલો હોય તે મુદત દરમિયાન, કલમ ૩૦માં જણાવેલી ગેરલાયકાતો પૈકીની કોઇ ગેરલાયકાત ધરાવતો હોય, તો તે સભ્ય તરીકે ચાલુ રહેવા માટે અસમર્થ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે.

તેમ છતાં, સદરહુ અધિનિયમની કલમ ૩૦માં બે પેટા-કલમો છે. સદરહુ કલમ ૩૦ની પેટા-કલમ (૧)થી, પંચાયતના સભ્યની ગેરલાયકાતો માટેની જોગવાઇ કરી છે, જયારે કલમ ૩૦ની પેટા-કલમ (૨), ગુજરાતના પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઇ કરતા અધિનિયમ, ૧૯૮૬ હેઠળ, કોઇ સભ્યને, તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતના સભ્ય બનવા ગેરલાયક ઠરાવે છે. આથી, સદરહુ પેટા-કલમ (૨), ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ પંચાયતના સભ્ય તરીકે ચાલુ રહેવા અસમર્થ થશે તેવા સભ્યને લાગુ પડશે નહિ. કલમ ૩૨-ની પેટા-કલમ (૧), તદનુસાર સુધારવા ધાર્યું છે.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૫૫-ની પેટા-કલમ (૪)થી, સરપંચની સહી અને પંચાયતે તે અર્થે અધિકૃત કરેલા પંચાયતના બીજા બે સભ્યો પૈકીના કોઇ એક સભ્યની સહી સિવાય, પંચાયતના ફંડમાંથી નાણાનો ઉપાડ કરવા ઉપર પ્રતિબંધ મૂકે છે. ગુજરાત રાજય દ્વિતીય નાણા આયોગ-ની ભલામણોને ધ્યાને લેતાં અને નાણાકીય અનિયમિયતતાને નિયંત્રિત કરવા, સરપંચ અને ગ્રામ પંચાયતના એક સભ્યને બદલે, સરપંચ અથવા પંચાયતે તે અર્થે અધિકૃત કરેલા પંચાયતના સભ્ય અને ગ્રામ પંચાયતના સેક્રેટરીની સહીથી ચેક આપવામાં આવે તે જરૂરી છે. કલમ ૫૫-ની પેટા-કલમ (૪) તદનુસાર સુધારવા ધાર્યું છે.

INDEX

ઉત્પાદન, સહકાર અને સિંચાઇ માટેની સમિતિ તેમજ મહિલા અને બાળ વિકાસ તથા યુવા પ્રવૃત્તિઓ માટેની સમિતિની રચનાને લગતી જોગવાઇ દાખલ કરી શકાય, તે માટે સદરહુ અધિનિયમની કલમ ૧૪૫-ને પણ સુધારવા ધાર્યું છે.

સદરહુ અધિનિયમની કલમ ૨૨૨-ની પેટા-કલમ (૧)થી, દરેક જિલ્લામાં જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા ગામ ઉત્તેજન ફંડ સ્થાપવા માટેની જોગવાઇ કરી છે, સદરહુ અધિનિયમ હેઠળ ગ્રામ પંચાયતોએ લેવાના કર અને ફી લઇને, પોતાની આવક વધારવા માટે ગ્રામ પંચાયતોને ઉત્તેજન આપવા, પ્રોત્સાહન ગ્રાન્ટ આપવા માટે તેનો ઉપયોગ જિલ્લા પંચાયત દ્વારા કરી શકાશે. આ ફંડ, નિયમો અનુસાર ગ્રામ પંચાયતોને લોન આપવા માટે અને સદરહુ પંચાયતો તરફથી આપવામાં આપેલા ફાળા પરનું વ્યાજ આપવા માટે, ઉપયોગમાં લઇ શકાશે નહિ. તેથી, સદરહુ કલમ ૨૨૨-ની પેટા-કલમો (૩) અને (૪) કમી કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સન ૧૯૯૩-નો સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ : ૨૨મી માર્ચ, ૨૦૧૭. જયંતિભાઇ કવાડિયા,

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,

તારીખ : ૨૨મી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 76

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MARCH 23, 2017/CAITRA 2, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૨૦૧૭.

તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૯ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ

INDEX

INDEX

GUJARAT BILL NO.19 OF 2017.

THE GUJARAT LAND REVENUE (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Land Revenue Code, 1879.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૯.

ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯થી, જમીન મહેસૂલ અને ફેરફારના રજિસ્ટર અને હકપત્રના નિભાવના હેતુ માટે, જમીનોના સંબંધમાં હકપત્ર તૈયાર કરવાની, તેને અદ્યતન કરવાની અને તેની જાળવણી કરવા માટેની જોગવાઈ કરી છે;

અને રાજયમાં થઈ રહેલી ઝડપી આર્થિક અને બીજી વિકાસલક્ષી પ્રવૃત્તિઓને કારણે, કલેકટર અથવા યથાપ્રસંગ, સરવે અધિકારીઓએ નક્કી કરેલી હદ કરતાં વધારે વિસ્તારો વિસ્તારવામાં આવ્યા હોય ત્યારે અમુક પરિવર્તનીય વિસ્તારો (Transitional areas) અસ્તિત્વમાં આવ્યા છે અને ગ્રામ્ય, અર્ધ શહેરી અથવા શહેરી વિસ્તારોના મિશ્રણથી બનેલા સંપૂર્ણપણે નવા અથવા અન્યથા સંયોજિત વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે, જેને પરિણામે રાજયના પ્રાચીન ગામ, નગર અથવા શહેરી વિસ્તારમાં પરિવર્તન થયું છે;

અને ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ તેમજ બીજા મહેસૂલ કાયદાથી, ગુજરાત રાજયમાં ધારણ કરનારા અને ભોગવટો કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવાની જમીન અંગે બોલીઓ અને શરતો અથવા યથાપ્રસંગ, નિયંત્રણો નિયત કરવામાં આવે છે;

અને આવા મહેસૂલ કાયદામાં જોગવાઈ કરેલી બોલીઓ અને શરતો અથવા નિયંત્રણોના ઉલ્લંઘનથી આવા પરિવર્તનીય વિસ્તારોમાં થઈ રહેલો વિકાસ, ફેરફારના રજિસ્ટરમાં અને હકપત્રમાં જમીન ધારણ વગેરે અંગેની ખરેખરી સ્થિતિ નહિ દર્શાવવાને પરિણામે જમીન પરના અપૂર્ણ હક, માલિકી હક અને હિતસંબંધ તરફ દોરી ગયો છે;

INDEX

અને તેના પરિણામે, ફેરફારના રજિસ્ટરમાં અને હકપત્રમાં નોંધાયેલા ખાતાની ખરેખરી સ્થિતિ નક્કી કરવામાં વ્યાપક પ્રમાણમાં થતી અસમાનતાના કારણે, મહેસૂલ કાયદાના સરળ વહીવટમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે;

અને રાજય સરકારને, જમીન મહેસૂલના સેટલમેન્ટ, રૂપાંતરિત વેરો અને પ્રીમિયમની રકમ તથા બીજા સરકારી લેણાં ભરવા વગેરે હેતુ માટે, આવી તમામ ધારણ કરેલી જમીનને રેકર્ડ પર લાવવા માટે, માંડવાળ ફી અને પ્રીમિયમની રકમ તથા બીજા સરકારી લેણાંની રકમ ભર્યેથી અમુક મહેસૂલ કાયદાના ઉલ્લંઘનને કારણે ઊભી થતી નિર્દિષ્ટ કરેલી કાર્યવાહીની જોગવાઇ કરવા માટે તેમજ ખાતાની ચોક્કસ અને સાચી સ્થિતિને પણ રેકર્ડ પર લાવવાના હેતુ માટે તથા ફેરફારના રજિસ્ટર અને હકપત્રને તેની વર્તમાન સ્થિતિમાં લાવવાના હેતુ માટે, ખાનગી જમીનોનું પૂરક સેટલમેન્ટ કરવા માટેની ખાસ જોગવાઇઓ કરીને, પરિવર્તનીય વિસ્તારોમાં આવેલી જમીનો પરના ફેરફારોનું રજિસ્ટર તૈયાર કરવાનું, તેને અદ્યતન કરવાનું અને તેનો નિભાવ કરવાનું ઇષ્ટ જણાયું છે;

આથી,ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૮૭૯-ના મુંબઇના ૫-મા અધિનિયમની કલમ ૧૮-નો સુધારો.

૨. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૮-માં, ''પ્રકરણો ૮, ૮-ક, ૯ તથા ૧૦'' એ શબ્દો, આંકડા અને અક્ષરને બદલે, ''પ્રકરણો ૮, ૮-ક, ૯, ૯-ક અને ૧૦''એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા. સન ૧૮૭૯નો મુંબઇનો ૫-મો.

સન ૧૮૭૯-ના મુંબઇના ૫-મા અધિનિયમમાં નવું પ્રકરણ ૯-ક દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૯ પછી, નીચેનું નવું પ્રકરણ દાખલ કરવું :-

''પ્રકરણ ૯-ક

પરિવર્તનીય વિસ્તારોમાંની જમીન બાબત

અર્થઘટન અંગેની કલમ.

૧૨૫-ક. આ પ્રકરણમાં, વિષય અથવા સંદર્ભથી કંઇ વિરુદ્ધ ન હોય, તો-

(૧) ''પરિવર્તનીય વિસ્તારમાંની જમીનો'' એટલે કલમ ૧૨૫-ખ-ની પેટા-કલમ (૧)માં વર્ણવેલી અને કલમ ૧૨૫-ખ-ની પેટા-કલમ (૨) હેઠળ કલેકટર-એ, નિર્ધારિત અને નિયત કરેલી ગામ, નગર અથવા શહેરી વિસ્તારની જમીનો તથા તેવી બીજી જમીન;

(૨) ''દાવા અંગેનું પ્રમાણપત્ર''એટલે સંબંધિત મુદત દરમિયાન ફેરફારના રજિસ્ટરમાં નોંધ દાખલ કરવા માટે અને દાવેદારે ચૂકવવાપાત્ર સરકારી લેણાં, કોઇ હોય, તો તે દર્શાવવા માટે અધિકૃત મહેસૂલ અધિકારીએ કાઢી આપેલું પ્રમાણપત્ર;

(૩) ''ના-લેણાં પ્રમાણપત્ર''એટલે કલમ ૧૩૫-ગ હેઠળ હકના સંપાદનની જાણ કરવાના હેતુ માટે, માંડવાળ ફી, પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી અને યથાપ્રસંગ, પ્રીમિયમ વગેરે સહિત તમામ સરકારી લેણાંની પૂરેપૂરી ચુકવણી દર્શાવતું અધિકૃત મહેસૂલ અધિકારીએ કાઢી આપેલું પ્રમાણપત્ર;

(૪) ''દાવેદાર'' એટલે સંબંધિત મુદત દરમિયાન પરિવર્તનીય વિસ્તારમાં આવેલી ખાનગી જમીનનો ખરેખરો અને શાંતિપૂર્ણ કબજો હોવાનો દાવો કરતી વ્યકિત;

(૫) ''માંડવાળ ફી'' એટલે રાજય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, કલમ ૧૨૫-છ ની પેટા-કલમ (૧)માં જણાવેલા અધિનિયમોની જોગવાઇઓ હેઠળ નિર્દિષ્ટ કરેલી કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે કલમ ૧૨૫-ડ ની પેટા-કલમ (૩) હેઠળ દાવાનો નિકાલ કરતાં પહેલાં, દાવેદારે ચૂકવવાની નાણાની એકત્રિત રકમ;

(૬) ''સરકારી લેણાં'' એટલે માંડવાળ ફી સિવાય કલમ ૧૨૫-છ-ની પેટા-કલમ (૧)માં જણાવેલા કાયદાની જોગવાઇઓના ઉલ્લંઘનના સંબંધમાં અથવા અન્યથા દાવેદારે સરકારને ચૂકવવાપાત્ર થઇ હોય એવા નાણાંની રકમ અને તેમાં તેની જમીનના સંબંધમાં કલમ ૧૪૮ અને કલમ ૭૩-ખ હેઠળ ચૂકવવાપાત્ર થતી હોય તેવી રકમોનો સમાવેશ થાય છે;

(૭) ''ઠરાવેલું'' એટલે રાજય સરકારે કરેલા નિયમોથી ઠરાવેલું;

(૮) ''સંબંધિત મુદત'' એટલે સન ૨૦૧૭નો સુધારા અધિનિયમ અમલમાં આવે તે તારીખ પછી, સરકારે ઠરાવ્યા મુજબની તેવી મુદત; સન ૨૦૧૭નો ગુજરાતનો ...

(૯) ''પૂરક મહેસૂલ સેટલમેન્ટ'' એટલે માંડવાળની ફી, પ્રીમિયમની રકમ તથા તમામ બીજા સરકારી લેણાં ભર્યેથી, કલમ ૧૨૫-છ માં જણાવેલા મહેસૂલ કાયદાના ઉલ્લંઘનો માંડવાળ કરીને ગામ, નગર અથવા શહેરી વિસ્તાર અથવા બીજા કોઈના (વિસ્તારના) ભાગની રચના કરતી અથવા તેને લગોલગ આવેલ હોય તેવા પરિવર્તનીય વિસ્તારમાંની જમીનોની વર્તમાન સ્થિતિ નક્કી કરવાના અને તેને રેકર્ડ પર લાવવાના હેતુથી, આ પ્રકરણ હેઠળ કરેલું પૂરક મહેસૂલ સેટલમેન્ટ;

(૧૦) ''પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી'' એટલે રાજય સરકાર ઠરાવે તેટલી પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી;

(૧૧) ''રાજય'' એટલે ગુજરાત રાજય.

ગામ, નગર અને શહેર તથા પરિવર્તનીય વિસ્તારોની ઘરથારની હદ કઈ રીતે નક્કી કરવી તે બાબત.

૧૨૫-ખ. (૧) રાજય સરકારનો અભિપ્રાય છે કે,-

(ક) રાજયમાં થઈ રહેલા વિકાસને કારણે, કલમ ૧૧૮માં વ્યાખ્યાયિત કરેલા ગામ અથવા કલમ ૧૨૬માં વ્યાખ્યાયિત કરેલા નગર અથવા શહેર અથવા તે બન્ને અને તેવા બીજા વિસ્તારોના સંયોજનથી નક્કી કરેલી હદ કરતાં વધારે વિસ્તારો વિસ્તારવામાં આવ્યા હોય ત્યારે અમુક વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે; અને

સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.

(ખ) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અને બીજા મહેસૂલ કાયદામાં જોગવાઈ કરેલી બોલીઓ અને શરતો અથવા નિયંત્રણોનું ઉલ્લંઘન કરીને અથવા કર્યા સિવાય, ગ્રામ્ય, અર્ધ શહેરી અથવા શહેરી વિસ્તારોના મિશ્રણથી બનેલા સંપૂર્ણપણે નવા અથવા અન્યથા સંયોજિત વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે, જે જમીનો પરના અપૂર્ણ હકો, માલિકી હકો અને હિતસંબંધો તરફ દોરી જાય છે, જેને પરિણામે ફેરફારના રજિસ્ટરમાં અને હકપત્રમાં જમીન ધારણ વગેરે અંગેની ખરેખરી સ્થિતિ દર્શાવી શકાતી નથી;

(૨) રાજય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી, સંબંધિત જિલ્લાના કલેકટરને, ગામ, નગર અથવા શહેરના ઘરથારમાં સમાવેશ કરેલી જમીનોમાંથી કઈ જમીનનો અને બીજી કઈ જમીનનો પરિવર્તનીય વિસ્તારોમાં સમાવેશ કરવો તે નક્કી કરવા માટે અને તેની હદ નક્કી કરવા માટે આદેશ આપી શકશે. રાજય સરકારે, આ રીતે આદેશ કર્યો હોય, ત્યારે તેની હદ નક્કી કરવી તે કલેકટર માટે કાયદેસર ગણાશે.

(૩) કલેકટર-એ, પેટા-કલમ (૨) હેઠળ પોતે નક્કી કરેલી આવા પરિવર્તનીય વિસ્તારની હદના નિર્ધારણ અને તેની ઠરાવણી અંગેનો રિપોર્ટ (અહેવાલ) રાજય સરકારને મંજૂરી માટે મોકલવો જોઈશે.

પૂરક મહેસૂલ સેટલમેન્ટની ઓળખ.

૧૨૫-ગ.આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પરંતુ આ પ્રકરણની જોગવાઈઓને અધીન રહીને, ઈષ્ટ જણાય ત્યારે, જમીન મહેસૂલના સેટલમેન્ટને અને તેની સાથે સંકળાયેલા હકોના રેકર્ડ અને તેની જાળવણી અથવા તે પ્રકારના બીજા કોઇ હેતુને ધ્યાને લઇને, રાજય સરકાર, કલમ ૧૨૫-છમાં વર્ણવેલી જમીન સિવાયની બીજી કોઇ જમીનની બાબતમાં, કલમ ૧૨૫-ખ હેઠળ કલેકટર-એ નિર્ધારિત અને નિયત કરેલા પરિવર્તનીય વિસ્તારના સમગ્ર અથવા કોઇ ભાગના સંબંધમાં, પૂરક મહેસૂલ સેટલમેન્ટ કરવાનો આદેશ કરી શકશે.

મહેસૂલી અધિકારીઓની નિમણૂક.

૧૨૫-ઘ. રાજય સરકાર, કલમ ૧૨૫-ખ હેઠળનો રિપોર્ટ મળ્યેથી, રાજપત્રમાં જાહેરનામાથી, સંબંધિત વિસ્તારો માટે પૂરક મહેસૂલ સેટલમેન્ટ હાથ ધરવા માટે, પોતે જરૂરી ગણે, તેટલી સંખ્યામાં અને તેવા વિસ્તારો માટે અધિકૃત મહેસૂલી અધિકારીઓની નિમણૂક કરી શકશે.

પૂરક મહેસૂલ સેટલમેન્ટ માટે અનુસરવાની કાર્યવાહી.

૧૨૫-ચ. કલમ ૧૨૫-ઘ હેઠળ અધિકૃત કરેલા મહેસૂલી અધિકારીએ, કલમો ૧૨૫-જ-થી ૧૨૫-ઢ અનુસાર, પરિવર્તનીય વિસ્તારમાંની જમીનના સંબંધમાં પૂરક મહેસૂલ સેટલમેન્ટની સંક્ષિપ્ત કાર્યવાહી અનુસરવી જોઇશે.

પૂરક મહેસૂલ સેટલમેન્ટના ઉલ્લંઘન અને તેને બાકાત રાખવા બદલ માંડવાળ ફી બાબત.

૧૨૫-છ. (૧) નીચેના અધિનિયમો હેઠળ જે જમીન માટે કલેકટરની પૂર્વ-મંજૂરી લેવી જરૂરી હોય પણ મંજૂરી લીધી ન હોય અને અનધિકૃત વિકાસ કરવામાં આવ્યો હોય અથવા ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય, ત્યારે નીચેના અધિનિયમો હેઠળની શરત અથવા યથાપ્રસંગ, જોગવાઇઓના ઉલ્લંઘન માટે જેટલી પ્રીમિયમની રકમ અને બીજા સરકારી લેણાં લેવાપાત્ર હોય તેના સિવાય માંડવાળ ફી લેવાનું રાજય સરકાર માટે કાયદેસર રહેશે.

સન ૧૮૭૯નો મુંબઇનો ૫-મો.

(૧) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમો ૬૫ અને ૬૮ ;

સન ૧૯૪૮નો મુંબઇનો ૬૭મો.

(૨) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪૩ ;

સન૧૯૫૮નો મુંબઇનો ૯૯મો.

(૩) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૫૭;

સન૧૯૫૮નો મુંબઇનો ૬૨-મો.

(૪) ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઇ હેઠળ લેવાપાત્ર અને વસૂલ કરવાપાત્ર સ્ટેમ્પ ડયુટી;

INDEX

સન૧૯૪૭નો મુંબઈનો ૬૨-મો.

(૫) ગુજરાત ખેતીની જમીનોના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના અધિનિયમ, ૧૯૪૭ની કલમો ૭, ૮ અને ૩૧;

(૬) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી વિભિન્ન મહેસૂલ કાયદા હેઠળની બીજી કોઇ કલમ.

(૨) નીચેની કક્ષાઓમાં આવતી જમીનો, પૂરક મહેસૂલ સેટલમેન્ટને અધીન રહેશે નહિ :-

(ક) દુમાલા ન હોય એવી તમામ સરકારી જમીનો;

(ખ) સ્થાનિક સત્તામંડળ અથવા વૈધાનિક સત્તામંડળની જમીનો;

સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.

(ગ) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૭૩કક હેઠળ આદિજાતિની જમીનો ;

સન૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મો.

(ઘ) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ નગર રચના યોજનાઓ હેઠળ નિયત કરેલી અથવા અનામત રાખેલી જમીનો;

સન૧૯૫૩નો સૌરાષ્ટ્રનો અધિનિયમ ૩૪મો.

(ચ) સૌરાષ્ટ્ર ભૂદાન યજ્ઞ અધિનિયમ, ૧૯૫૩ હેઠળ ફાળવેલી જમીનો;

સન૧૯૬૧નો ગુજરાતનો અધિનિયમ ૨૬મો.

(છ) ગુજરાત ખેત જમીન ટોચ-મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ની જોગવાઈઓ હેઠળ સંપાદન કરેલી નવી અને અવિભાજય ભોગવટા-હકના આધારે ફાળવેલી જમીનો; અને

(જ) જળમાર્ગો અને જળાશયો, સરોવરો, નદીના પટો અને કુદરતી જળ-નિકાલ વ્યવસ્થા;

(ઝ) મુકત કૃષિવિષયક ઉપયોગ માટેની હોય તેવી જમીનો અને કલમ ૬૫ અને કલમ ૬૫ ખ ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ના પરિચ્છેદ ૨ હેઠળની બાબતો અનુસાર મુકત બિન-કૃષિવિષયક હેતુ માટે ઉપયોગ કરાતી જમીનો સહિતની મુકત ખાનગી જમીનો;

(ટ) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી કોઇ બીજી જમીન.

મહેસૂલી અધિકારી દ્વારા જાહેર નોટિસ.

૧૨૫ જ. પૂરક મહેસૂલ સેટલમેન્ટ કરવાના હેતુ માટે, મહેસૂલી અધિકારીએ, દાવેદારોને, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર અરજી કરવાનું જણાવતી જાહેર નોટિસો આપવી જોઇશે.

દાવેદાર દ્વારા અરજી.

૧૨૫ ઝ. (૧) દાવેદારે, સંબંધિત મુદત દરમિયાનના પોતાના કબજાના હેતુ માટેની પોતાની અરજીની સાથે, નીચેના દસ્તાવેજો પૈકી કોઇ એક અથવા વધારે દસ્તાવેજો રજૂ કરવા જોઈશે:-

(૧) વેચાણખત;

(૨) વેચાણ સમજૂતી;

(૩) વેચાણ કરવા અંગેની સમજૂતી;

(૪) કબજાનો પુરાવો આપતો કોઇ દસ્તાવેજ;

(૨) દાવેદારે, પોતાની ઓળખના હેતુ માટે, પોતાની અરજી સાથે નીચેના પૈકી કોઇ એક અથવા વધારે દસ્તાવેજો રજૂ કરવા જોઈશે :-

(૧) પાન કાર્ડ;

(૨) આધાર કાર્ડ ;

(૩) પાસપોર્ટ ;

(૪) ડ્રાઇવિંગ લાઇસન્સ;

(૫) મતદાર ઓળખપત્ર.

(૩) કોઇ વ્યકિત, કલમ ૧૨૫-ઝ હેઠળ અરજી ન કરે, તો અધિકૃત મહેસૂલી અધિકારી, આવી જમીનના સંબંધમાં અને કલમો ૧૨૫-ટ થી ૧૨૫-ઢ-ની જોગવાઇઓ અનુસાર પૂરક જમીન સરવે કરી શકશે અને આવી વ્યકિતનો કબજો, પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી અથવા યથાપ્રસંગ, માંડવાળ ફીની ચાર ગણી રકમ સુધીની રકમની ચુકવણીને અધીન રહેશે.

અધિકૃત મહેસૂલ અધિકારી દ્વારા દાવેદારોને નોટિસ.

૧૨૫-ટ. (૧) અધિકૃત મહેસૂલી અધિકારી, દાવેદારે કરેલા કબજાના દાવા અંગેના સંબંધમાં, ઠરાવે તેવી રીતે લેખિતમાં દાવેદારોને નોટિસ બજાવશે અથવા બજાવડાવશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નોટિસ આપ્યા પછી, અધિકૃત મહેસૂલી અધિકારીએ, કલમો ૯૬ અને ૯૭માં ઠરાવેલી કાર્યરીતિને ઉચિત ફેરફારો સાથે અનુસરવી જોઈશે.

(૩) સંબંધિત મુદત દરમિયાન, કબજાનો દાવો સાબિત કરવાની જવાબદારી, દાવેદાર ઉપર રહેશે.

મુકરર અધિકારી દ્વારા વાંધા મંગાવતી નોટિસ.

૧૨૫-ઠ. અધિકૃત મહેસૂલી અધિકારીએ, કલમ ૧૨૫-ઝ હેઠળની અરજી મળ્યા પછી, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, નોટિસ દ્વારા સંબંધિત મુદત દરમિયાન દાવેદારે કરેલા કબજાના દાવાના સંબંધમાં, આવી નોટિસની તારીખથી એક મહિનાની મુદતની અંદર કોઇ વ્યકિત પાસેથી વાંધા મંગાવતી નોટિસ બહાર પાડવી જોઈશે.

INDEX

અધિકૃત મહેસૂલ અધિકારીનો નિર્ણય અને પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી નિર્ધારણ.

૧૨૫-ડ. (૧) કલમ ૧૨૫-ઠ હેઠળની નોટિસના સંબંધમાં કોઈપણ વાંધા મળ્યા ન હોય તેવા કિસ્સામાં, અધિકૃત મહેસૂલી અધિકારી, દાવાની યથાર્થતા અંગે વિચારણા કરશે અને દાવેદારને સુનાવણીની તક આપ્યા પછી, વિરુદ્ધનું સાબિત થાય તે સિવાય, દાવેદારની અરજી મંજૂર કરી શકશે.

(૨) કલમ ૧૨૫-ઠ હેઠળ નોટિસ અનુસાર વાંધા મળ્યા હોય તેવા કિસ્સામાં, અધિકૃત મહેસૂલી અધિકારી, તે અંગે વિચારણા કરશે અને તમામ સંબંધિતને સુનાવણીની તક આપ્યા પછી તથા તેમણે કરેલા દાવા અંગે વિચારણા કર્યા પછી, દાવેદારની અરજી મંજૂર કરી શકશે અથવા તેને નામંજૂર કરી શકશે.

(૩) દાવેદારની અરજી, પેટા-કલમ (૨) હેઠળ નામંજૂર કરવામાં ન આવી હોય અને અધિકૃત મહેસૂલી અધિકારીને, સંબંધિત મુદત દરમિયાન, કબજા માટેના દાવેદારના દાવાની યથાર્થતા અંગે ખાતરી થાય તેવા કિસ્સામાં, તેમણે, રાજય સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવે તેવી પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી અથવા યથાપ્રસંગ, માંડવાળ ફી, પ્રીમિયમની રકમ અને બીજા સરકારી લેણાં, કોઈ હોય તો, તેની ચુકવણી કરવા માટે, દાવેદારને આદેશ આપતી નોટિસ આપવી જોઈશે.

અધિકૃત મહેસૂલી અધિકારી દ્વારા દાવાનું પ્રમાણપત્ર આપવા બાબત.

૧૨૫-ઢ. (૧) દાવેદાર પાસેથી પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી અથવા યથાપ્રસંગ, માંડવાળ ફી, કોઈ હોય, તો તે મળ્યેથી, અધિકૃત મહેસૂલી અધિકારીએ, સંબંધિત મુદત દરમિયાન ફેરફારોના રજિસ્ટરમાં નોંધ કર્યા અંગેનું રાજય સરકાર ઠરાવે તેવા ફોર્મેટમાં અને તેવી રીતે માંડવાળ ફી અને પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફીની ચુકવણી દર્શાવતું અને પ્રીમિયમની રકમતથા બીજા સરકારી લેણાં ચૂકવવાપાત્ર, હોય તો, તે જણાવતું દાવાનું પ્રમાણપત્ર આપવું જોઈશે.

(૨) અધિકૃત મહેસૂલી અધિકારીએ આપેલું પ્રમાણપત્ર, ૯૦ દિવસ સુધી માન્ય ગણાશે. આ મુદત દરમિયાન, દાવેદાર, પ્રમાણપત્રમાં સૂચવ્યા પ્રમાણે સરકારી લેણાં અને પ્રીમિયમ વગેરેની ચૂકવણી કરે, તો આ મતલબની નોંધ, ફેરફારોના રજિસ્ટરમાં કરવી જોઈશે અને ના-લેણાં પ્રમાણપત્ર આપવું જોઈશે, જે (પ્રમાણપત્ર), કલમ ૧૩૫-ગ હેઠળ હક સંપાદનનો રિપોર્ટ કરવા માટે માન્ય ગણાશે. દાવેદાર, ૯૦ દિવસની મુદતની અંદર સૂચવ્યા પ્રમાણે સરકારી લેણાં અને પ્રીમિયમની ચૂકવણી ન કરે, તો મહેસૂલી અધિકારીએ, દાવેદાર સામે સદરહુ નોંધમાં સરકારી લેણાંનો બોજો (ચાર્જ) દર્શાવતી નોંધ ફેરફારોના રજિસ્ટરમાં નોંધ કરવાની કાર્યવાહી કરવી જોઈશે.

(૩) ત્યારપછી કોઈપણ તબક્કે, દાવેદાર, સરકારી લેણાંની ચુકવણી કરીને તેમાંથી મુકત થવા ઈચ્છતો હોય અને બોજા (ચાર્જ)ની નોંધ, તેના દાવો કરાયેલા ભોગવટા વિરુદ્ધ

કમીકરવામાં આવે, ત્યારે તેણે, ના-લેણાં પ્રમાણપત્ર કાઢી આપવા માટે, ઠરાવેલી રીતે અને રાજય સરકાર વખતોવખત જાહેર કરે તેવા ફોર્મેટમાં અધિકૃત મહેસૂલ અધિકારીને અરજી કરવી જોઈશે, જે (પ્રમાણપત્ર), કલમ ૧૩૫-ગ હેઠળ હક સંપાદનનો રિપોર્ટ કરવા માટે માન્ય ગણાશે.

અપીલ.

૧૨૫-ત. (૧) કલમ ૧૨૫-ઢ-ની પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ કરેલા મહેસૂલી અધિકારીના હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત, તેવા હુકમની તારીખથી છ મહિનાની મુદતની અંદર તેવા અપીલ અધિકારી સમક્ષ અપીલ કરી શકશે :

પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે તેવી વ્યકિતને પૂરતાં કારણસર ઠરાવેલી સમયમર્યાદાની અંદર અપીલ કરતા અટકાવવામાં આવી હતી, તો તે, તેવી ઠરાવેલી સમયમર્યાદા પછી પણ, પરંતુ હુકમની તારીખથી વધુમાં વધુ છ મહિના સુધી અપીલ સ્વીકારી શકશે.

(૨) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, પોતે જરૂરી ગણે તેવા જુદા જુદા વિસ્તારો માટે અપીલ અધિકારીઓ તરીકે તેવા દરજજાના તેટલા અધિકારીઓને નીમી શકશે.

(૩) અપીલ અધિકારી, તેવી વ્યકિતને સુનાવણીની તક આપ્યા પછી, જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેવો હુકમ બહાલ રાખી શકશે, તેને સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

ફેરતપાસ.

૧૨૫-થ. રાજય સરકાર અથવા રાજય સરકારે અધિકૃત કર્યા હોય તેવા મહેસૂલી અધિકારી, કોઈ અધિકૃત મહેસૂલી અધિકારીએ આપેલા કોઈ આદેશ અથવા હુકમની કાયદેસરતા અથવા યોગ્યતા અંગે અને તેવા અધિકારીની કાર્યવાહીઓની નિયમિતતા અંગે પોતે અથવા યથાપ્રસંગ, જાતે ખાતરી કરવાના હેતુ માટે, તેવા કોઈ અધિકારીની કોઈ કાર્યવાહીઓના રેકર્ડ મંગાવી શકશે અને તપાસી શકશે. કોઈ કિસ્સામાં, રાજય સરકારને અથવા તેવા અધિકારીને એવું જણાય કે તેવી રીતે મંગાવેલા કોઈ નિર્ણય અથવા હુકમ અથવા કાર્યવાહીઓમાં કોઈ અનિયમિતતાનો સમાવેશ થાય છે, તો રાજય સરકાર અથવા તેવા અધિકારી, નવેસરથી કાર્યવાહીઓનું સંચાલન કરવા માટે, તેવા અધિકૃત મહેસૂલી અધિકારીને તે બાબત પાછી મોકલી શકશે.

દીવાની કોર્ટની હકૂમતને બાધ.

૧૨૫-દ. કોઈપણ દીવાની કોર્ટને, કલમ ૧૨૫-ઢ હેઠળ અધિકૃત મહેસૂલી અધિકારી દ્વારા પ્રમાણપત્ર આપવાને અથવા ફેરફારોના રજિસ્ટરમાંની કોઈ નોંધને સ્પર્શતા કોઈ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તે અંગે નિર્ણય કરવાની કોઈ હકૂમત રહેશે નહિ અને આ પ્રકરણ

INDEX

હેઠળની એવી સત્તા અનુસાર લીધેલાં કોઇ પગલાં અથવા લેવાના પગલાંના સંબંધમાં કોઇ દીવાની કોર્ટ દ્વારા કોઇપણ મનાઇ હુકમ આપી શકાશે નહિ.

ક્ષતિપૂર્તિ.

૧૨૫-ધ. આ પ્રકરણથી અથવા તે હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇપણ કાર્યમાં સંબંધમાં રાજય સરકાર અથવા રાજય સરકારના કોઇ અધિકારી સામે કોઇ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહીઓ થઇ શકશે નહિ.

કલેકટરો અને બીજા મહેસૂલી અધિકારીઓ ઉપર સેટલમેન્ટ કમિશનરની દેખરેખ અને નિયંત્રણ.

૧૨૫-ન. કલેકટર અને તેમના તાબાના અધિકૃત મહેસૂલી અધિકારીઓ, રાજય સરકારના સમગ્ર વહીવટી નિયંત્રણને અધીન રહીને, સેટલેમેન્ટ કમિશનરના નિયંત્રણ અને દેખરેખને અધીન રહેશે.

રજિસ્ટરો, નમૂનાઓ (ફોર્મ્સ) વગેરે ઠરાવવા અંગેની સેટલમેન્ટ કમિશનરની સત્તા.

૧૨૫-પ. આ પ્રકરણના હેતુઓ પાર પાડવા માટે, સેટલમેન્ટ કમિશનરે, જુદા જુદા રજિસ્ટરો, નમૂનાઓ (ફોર્મ્સ), ફોર્મેટ વગેરે ઠરાવવા જોઇશે.

કલેકટરને આદેશ આપવા બાબત.

૧૨૫-ફ.રાજય સરકાર, કોઇ પરિવર્તનીય વિસ્તારનું પૂરક મહેસૂલ સેટલમેન્ટનું કાર્ય સમગ્રતઃ અથવા અંશતઃ નક્કરપણે પૂર્ણ થયું છે એવી ખાતરી થયેથી, કલમ ૧૧૮ હેઠળ અથવા યથાપ્રસંગ, કલમ ૧૨૬ હેઠળ તેવા વિસ્તારના સંબંધમાં પોતે જરૂરી ગણે તેવું પગલું લેવા માટે કલેકટરને આદેશ આપી શકશે.

પ્રકરણ ૮-ક નો ઉપરવટ અમલ.

૧૨૫-બ.બીજા કોઇરાજય અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ પ્રકરણની જોગવાઇઓનો ઉપરવટ અમલ થશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૧૨૫-ભ. (૧) સન ૨૦૧૭ના સુધારા અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે.

પરંતુ સન ૨૦૧૭ના સુધારા અધિનિયમના આરંભથી ત્રણ વર્ષ પૂરા થયાં પછી આ કલમ હેઠળ આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

INDEX

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલા કોઈપણ હુકમ સામે, સદરહુ પેટા-કલમમાં જણાવ્યા પ્રમાણે, કોઇ મુશ્કેલી વિદ્યમાન ન હતી તેવા આધાર પર કાયદાની કોઇ કોર્ટમાં પ્રશ્ન ઉઠાવી શકાશે નહિ.

(૩) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.''.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૧માં, પ્રથમ પરંતુક પછી, નીચેનો નવો પરંતુક ઉમેરવો :- સન ૧૮૭૯ના મુંબઇના પમા અધિનિયમની કલમ ૧૩૧નો સુધારો.

''વધુમાં, આવા સરવેના સંબંધમાં રેકર્ડ જાળવવાની રીત અને તેનું ફોર્મેટ ઠરાવવા અને આ કલમના અમલને કારણે બનેલા હોય તેવા તમામ મહેસૂલી રેકર્ડમાં તેની ન્યાયિક નોંધ લેવાનું તેમજ ફેરફારોના રજિસ્ટર અને સરવેના પરિણામે ઊભા થયેલા હકપત્રનો પ્રકાર અને ફોર્મેટ ઠરાવવાનું રાજય સરકાર માટે કાયદેસર ગણાશે.''

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૩માં, વિદ્યમાન જોગવાઈને પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને આવી રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની નવી પેટા-કલમ ઉમેરવી :- સન ૧૮૭૯ના મુંબઇના પમા અધિનિયમની કલમ ૧૩૩નો સુધારો.

''(૨) અધિકૃત મહેસૂલી અધિકારીએ કલમ ૧૨૫-ઢ ની પેટા-કલમ (૨) અને પેટા-કલમ (૩)માં જોગવાઇ કરેલી સમાન રીતે અને રાજય સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા ફોર્મેટમાં ના-લેણાં પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે.''

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૩ પછી, નીચેની નવી કલમ ૧૩૩ક દાખલ કરવી :- સન ૧૮૭૯ના મુંબઇના ૫-મા અધિનિયમમાં નવી કલમ ૧૩૩-ક દાખલ કરવા બાબત.

હકપત્રમાં નોંધ કરાવવા માટેનો દાવો.

''૧૩૩ક.દરેક ના-લેણાં પ્રમાણપત્રધારક, કલમ ૧૩૫ ગ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે હકપત્રમાં નોંધ કરાવવા માટે પોતાનો દાવો રજૂ કરવા હકદાર થશે.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-ખમાં, પેટા-કલમ (૧)માં, ''દરેક ગામમાં રાખવું''એ શબ્દોને બદલે, ''દરેક ગામ, નગર, પરિવર્તનીય વિસ્તાર અને શહેરમાં રાખવું''એ શબ્દો મૂકવા. સન ૧૮૭૯ના મુંબઇના ૫-મા અધિનિયમની કલમ ૧૩૫-ખ નો સુધારો.

INDEX

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૩૫-ગ નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-ગ-માં, ''પટાની રૂએ અથવા બીજી રીતે''એ શબ્દોને બદલે, ''પટાની રૂએ અથવા કલમ ૧૨૫-ઢ-ની પેટા-કલમ (૨) અને (૩) અને કલમ ૧૩૩ (૨) હેઠળ કરેલા કોઈ ના-લેણાં પ્રમાણપત્રની અથવા બીજી રીતે'' એ શબ્દો મૂકવા.

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૨૧૪-નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧૪માં, પેટા-કલમ (૨)માં, ખંડ (મ) પછી, નીચેના નવા ખંડો દાખલ કરવા :-

''(ય) જે રીતે અને જે મુદતની અંદર દાવેદારે કલમ ૧૨૫-જ હેઠળ પૂરક મહેસૂલ સેટલમેન્ટ કરવાના હેતુ માટે અરજી કરવી જોઈશે તે રીત અને તે મુદત;

(૨) કલમ ૧૨૫-ટ હેઠળ દાવેદારને નોટિસ આપવા માટેની રીત;

(લ) કલમ ૧૨૫-ઠ હેઠળ આપવાની નોટિસનો નમૂનો;

(વ) કલમ ૧૨૫-ડ હેઠળ આપવાની નોટિસનો નમૂનો;

(વક) કલમ ૧૨૫-ઢ હેઠળ આપવાના દાવાના પ્રમાણપત્ર અથવા ના-લેણાં પ્રમાણપત્રનું ફોર્મેટ;

(વખ) કલમ ૧૨૫ ઢ ની પેટા-કલમ (૩) હેઠળ અરજી કરવાની રીત અને તેનું ફોર્મેટ;

(વગ) કલમ ૧૩૩ની પેટા-કલમ (૨) હેઠળ આપવાના ના-લેણાં પ્રમાણપત્રની રીત અને ફોર્મેટ;

ઉદ્દેશો અને કારણો

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯થી, જમીન મહેસૂલ અને ફેરફારના રજિસ્ટરના નિભાવના હેતુ માટે જમીનોના સંબંધમાં હકપત્ર કાઢી આપવાની, તેને અદ્યતન કરવાની અને તેની જાળવણી કરવા માટેની જોગવાઇ કરી છે. છેલ્લા જૂજ વર્ષો દરમિયાન, રાજયમાં થઇ રહેલી ઝડપી આર્થિક અને બીજી વિકાસલક્ષી પ્રવૃત્તિઓને કારણે કલેકટર અથવા સરવે અધિકારીઓએ નક્કી કરેલી હદ કરતાં વધારે વિસ્તારોની વૃધ્ધિ થયેલી છે ત્યારે અમુક પરિવર્તનીય વિસ્તારો (Transitional areas) અસ્તિત્વમાં આવ્યા છે અને ગ્રામ્ય, અર્ધ શહેરી અથવા શહેરી વિસ્તારોના મિશ્રણથી બનેલા સંપૂર્ણપણે નવા સંયોજિત (હાઇબ્રિડ)વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે, જેને પરિણામે રાજયના પ્રાચીન ગામ, નગર અથવા શહેરી વિસ્તારોમાં પરિવર્તન થયું છે;

આવા મહેસૂલ કાયદાથી જોગવાઇ કરેલી બોલીઓ અને શરતો અથવા નિયંત્રણોનું ઉલ્લંઘન કરીને આવા પરિવર્તનીય વિસ્તારોમાં થઇ રહેલો વિકાસ, જમીન પરના અપૂર્ણ હકો, માલિકી હકો અને હિતસંબંધો તરફ દોરી ગયો છે, જેને પરિણામે હકપત્રમાં અને ફેરફારના રજિસ્ટરમાં જમીન ધારણ વગેરે અંગેની વાસ્તવિક સ્થિતિ દર્શાવી શકાતી નથી અને તેથી, હકપત્રમાં નોંધાયેલા ખાતાની વાસ્તવિક સ્થિતિ નક્કી કરવામાં વ્યાપક પ્રમાણમાં અસમાનતા હોવાને કારણે મહેસૂલ કાયદાના સરળ વહીવટમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે;

રાજય સરકારને, જમીન મહેસૂલના સેટલમેન્ટ, રૂપાંતરિત વેરો ભરવા વગેરે હેતુ માટે આવી તમામ ધારણ કરેલી જમીનને રેકર્ડ પર લાવવા માટે, માંડવાળ ફી ભર્યેથી અમુક મહેસૂલ કાયદા હેઠળના ઉલ્લંઘનને કારણે ઊભી થતી તમામ કાર્યવાહીની સમાપ્તિ અંગેની જોગવાઇ કરવા માટે તેમજ ખાતાની ચોક્કસ અને સાચી સ્થિતિને પણ રેકર્ડ પર લાવવાના હેતુ માટે તથા રેકર્ડ અને ફેરફારના રજિસ્ટરને તેની વર્તમાન સ્થિતિમાં લાવવાના હેતુ માટે, ખાનગી જમીનોનું પૂરક સેટલમેન્ટ કરવા માટે, ખાસ જોગવાઇઓ કરીને પરિવર્તનીય વિસ્તારોમાં આવેલી જમીનોના હકપત્ર કાઢી આપવાનું, તેને અદ્યતન કરવાનું અને તેનો નિભાવ કરવાનું ઇષ્ટ હોવાનું જણાયું છે;

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની અગત્યની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવેલી છે :-

કલમ ૧.- આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા અને તેના આરંભ માટેની જોગવાઇ કરી છે.

INDEX

કલમ ૩.- (૧) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ક, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દો અંગેનું અર્થઘટન કરે છે;

(૨) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ખ થી, કોઈ ગામ નગર અથવા શહેર અને બીજા સ્થળ (વિસ્તાર)ના ઘરથારની અંદર સમાવેશ કરવામાં આવી હોય તે જમીનોને કલેકટર દ્વારા નિર્ધારિત કરવા અને તેની હદની ઠરાવવા માટેની જોગવાઈ કરી છે;

(૩) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ગથી, કલેકટર-એ નિર્ધારિત કરેલા અનેનક્કી કરેલા પરિવર્તનીય વિસ્તારના સમગ્ર અથવા કોઈ ભાગના સંબંધમાં, પૂરક મહેસૂલ સેટલમેન્ટના સંદર્ભમાં, રાજય સરકાર આદેશ આપી શકશે તે માટેની જોગવાઈ કરી છે;

(૪) આ કલમથી, અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમો ૧૨૫-ઘ અને ૧૨૫-ચ-થી, મહેસૂલ અધિકારીની નિમણૂક અને તેમણે અનુસરવાની પૂરક મહેસૂલ સેટલમેન્ટની સંક્ષિપ્ત કાર્યવાહી અંગેની જોગવાઈ કરી છે;

(૫) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-છ થી, પૂરક મહેસૂલ સેટલમેન્ટના ઉલ્લંઘનો અને તેને બાકાત રાખવા માટેની તેમજ તેમાં જણાવ્યા પ્રમાણેની કક્ષાઓ હેઠળ આવતી જમીનોના પૂરક મહેસૂલ સેટલમેન્ટને નિયંત્રિત કરવા માટેની જોગવાઈ કરી છે;

(૬) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-જ થી, પરિવર્તનીય વિસ્તારમાંની જમીનોના સંબંધમાં પૂરક મહેસૂલ સેટલમેન્ટ કરવા માટે, મહેસૂલ અધિકારી દ્વારા ભોગવટો કરનારાને જાહેર નોટિસ આપવા અંગેની જોગવાઈ કરી છે;

(૭) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ઝ થી, ભોગવટો કરનાર દ્વારા તેમાં જણાવ્યા પ્રમાણેના દસ્તાવેજો સહિત અરજી રજૂ કરવા અંગેની જોગવાઈ કરી છે;

(૮) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ટ થી, ભોગવટો કરનારે કરેલા ભોગવટાના દાવાના સંબંધમાં, મહેસૂલ અધિકારી દ્વારા ભોગવટો કરનારને નોટિસ આપવા અંગેની જોગવાઈ કરી છે.

INDEX

(૯) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ઠ થી, ભોગવટાના દાવાના સંબંધમાં કોઇ વ્યકિત પાસેથી વાંધા મંગાવવા માટે નોટિસ આપવા અંગેની જોગવાઇ કરી છે.

(૧૦) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ડ થી, સંબંધિત મુદત દરમિયાન, દાવેદારના દાવાની મંજૂરી આપવાના હેતુ માટે મહેસૂલ અધિકારીના નિર્ણય અને પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફીનું નિર્ધારણ કરવા માટેની જોગવાઇ કરી છે.

(૧૧) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ઢ થી, અધિકૃત મહેસૂલ અધિકારી દ્વારા સંબંધિત મુદત દરમિયાન ફેરફારના રજિસ્ટરમાં નોંધ કરવા માટે, દાવેદારને પ્રમાણપત્ર કાઢી આપવા માટેની જોગવાઇ કરી છે.

(૧૨) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ત થી, મહેસૂલ અધિકારીના હુકમથી નારાજ થયેલી કોઇ વ્યકિત દ્વારા અપીલ અધિકારી સમક્ષ અપીલ તૈયાર કરવા માટેની જોગવાઇ કરી છે.

(૧૩) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-થ થી, રાજય સરકાર અથવા તેમણે (રાજય સરકારે) અધિકૃત કરેલા આવા મહેસૂલ અધિકારી દ્વારા કોઇ અધિકૃત મહેસૂલ અધિકારીની કોઇ કાર્યવાહીઓના રેકર્ડની ફેરતપાસ માટેની જોગવાઇ કરી છે.

(૧૪) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-દ થી, જે પ્રશ્ન અંગે મહેસૂલ અધિકારી અથવા અપીલ અધિકારીને તજવીજ કરવા અથવા તે અંગે નિર્ણય કરવા માટેની સત્તા આપવામાં આવી હોય તે પ્રશ્ન અંગે તજવીજ કરવા અથવા તે અંગે નિર્ણય કરવા માટે કોર્ટની હકૂમત, દીવાની કોર્ટ (ન્યાયાલય)ની બાધ અંગેની જોગવાઇ કરી છે.

(૧૫) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ધ થી, શુદ્ધબુદ્ધિથી કરેલા કાર્યના સંબંધમાં સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઇ કરી છે.

(૧૬) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ન-થી, કલેક્ટર અને બીજા મહેસૂલ અધિકારીઓ પર સેટલમેન્ટ કમિશનરના દેખરેખ અને નિયંત્રણ માટેની જોગવાઇ કરી છે;

(૧૭) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-પ-થી, સેટલમેન્ટ કમિશનરને, જુદા જુદા રજિસ્ટરો, નમૂના, ફોર્મેટ વગેરે ઠરાવવાની સત્તા મળે છે;

(૧૮) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ફ-થી, પૂરક મહેસૂલ સેટલમેન્ટનું કાર્ય મોટા પ્રમાણમાં પૂર્ણ થઈ ગયેલ હોય તેવા વિસ્તારોમાં પગલાં લેવા સંબંધિત રાજ્ય સરકારે કલેક્ટરને આદેશ આપવાને લગતી જોગવાઈ કરી છે;

(૧૯) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-બ-થી, પ્રકરણ ૯-કની ઉપરવટ અસર અંગેની જોગવાઈ કરી છે;

(૨૦) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ભ-થી, રાજ્ય સરકારને, આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષની મુદતની અંદર, ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

કલમ ૪.- આ કલમથી સુધારવા ધારેલી અધિનિયમની કલમ ૧૩૧થી, રાજ્ય સરકારને, કોઈ ગામ, નગર અથવા શહેરના ઘરથારની અંદર ફકત ખેતીના જ હેતુ માટે સામાન્ય રીતે ઉપયોગ કરવામાં આવતી હોય તેવી જમીન સિવાયની જમીનોના સરવેના સંબંધમાં નિભાવવાના રેકર્ડની રીત અને તેનું ફોર્મેટ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે. તેનાથી, રાજ્ય સરકારને, સરવેના પરિણામ રૂપે તૈયાર કરેલા ફેરફારના રજિસ્ટર અને હકપત્રના પ્રકાર અને તેનું ફોર્મેટ, નિયમોથી ઠરાવવાની પણ સત્તા મળે છે.

કલમ ૫.- આ કલમથી કલમ ૧૩૩માં ઉમેરવા ધારેલી નવી પેટા-કલમ (૨)થી, અધિકૃત મહેસૂલી અધિકારીએ, કોઈ વ્યક્તિને, ના-લેણાં પ્રમાણપત્ર આપવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬.- આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૩૩-ક-થી, અધિનિયમના પ્રકરણ ૧૦-ક હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે, હકપત્રમાં નોંધ કરવા માટે, ના-લેણાં પ્રમાણપત્ર ધરાવનાર દ્વારા કરાયેલા દાવા અંગેની જોગવાઈ કરી છે.

ભુપેન્દ્રસિંહ ચુડાસમા,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૩.- (૧) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-કના ખંડ (૪)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, દાવેદારે ચૂકવવાની માંડવાળ ફી નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૨) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ઘ-થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સંબંધિત વિસ્તારો માટે પૂરક મહેસૂલ સેટલમેન્ટ હાથ ધરવા માટે, જુદા જુદા વિસ્તારો માટેના મહેસૂલી અધિકારી તરીકે, પોતે જરૂરી ગણે તેટલી સંખ્યામાં મહેસૂલી અધિકારીની નિમણૂક કરવાની સત્તા મળે છે;

(૩) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-છ-ની પેટા-કલમ (૨)ના ખંડ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, પૂરક મહેસૂલ સેટલમેન્ટને અધીન ન હોય તેવી જમીનો, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૪) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-જ-થી, રાજ્ય સરકારને, જે રીતે અને જે મુદતની અંદર, દાવેદારે પૂરક મહેસૂલ સેટલમેન્ટ કરવાના હેતુ માટે અરજી કરવી જોઈશે, તે રીત અને તે મુદત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૫) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ટ-ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, જે રીતે મહેસૂલી અધિકારીએ, દાવેદાર દ્વારા કરવામાં આવેલા ખાતા અંગેના દાવાના સંબંધમાં, દાવેદારને નોટિસ બજાવવી જોઈશે અથવા બજાવડાવવી જોઈશે, તે રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૬) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ઠ-થી, રાજ્ય સરકારને, સંબંધિત મુદત દરમિયાન દાવેદારે કરેલા ખાતા અંગેના દાવાના સંબંધમાં, કોઈ વ્યક્તિ પાસેથી વાંધા મંગાવવા માટે, મહેસૂલી અધિકારીએ બહાર પાડવાની નોટિસનો નમૂનો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૭) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ઢ-થી, રાજ્ય સરકારને, સંબંધિત મુદત દરમિયાન, મહેસૂલી અધિકારીએ, ફેરફારોના

રજિસ્ટરમાં નોંધ કર્યા અંગે કાઢી આપવાના પ્રમાણપત્રનો નમૂનો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૮) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ત-ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જુદા જુદા વિસ્તારો માટે પોતે જરૂરી ગણે તેટલા અધિકારીઓને અપીલ અધિકારી તરીકે નીમવાની સત્તા મળે છે;

(૯) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-૫-થી, સેટલમેન્ટ કમિશનરને, જુદા જુદા રજિસ્ટરો, નમૂના, ફોર્મેટ વગેરે ઠરાવવાની સત્તા મળે છે;

(૧૦) આ કલમથી અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૨૫-ભ-થી, રાજ્ય સરકારને, આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવા માટે, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરવાની સત્તા મળે છે.

કલમ ૪.- અધિનિયમની કલમ ૧૩૧માં દાખલ કરવા ધારેલા નવા પરંતુકથી, રાજ્ય સરકારને, કોઈ ગામ, નગર અથવા શહેરના ઘરથારની અંદર ફક્ત ખેતીના જ હેતુ માટે સામાન્ય રીતે ઉપયોગ કરવામાં આવતી હોય તેવી જમીન સિવાયની જમીનોના સરવેના સંબંધમાં નિભાવવાના રેકર્ડની રીત અને તેનું ફોર્મેટ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે. તેનાથી, રાજ્ય સરકારને, સરવેના પરિણામરૂપે તૈયાર કરેલા ફેરફારના રજિસ્ટર અને હકપત્રનો પ્રકાર અને તેનું ફોર્મેટ, નિયમોથી ઠરાવવાની પણ સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૨મી માર્ચ, ૨૦૧૭. **ભુપેન્દ્રસિંહ ચુડાસમા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એમ.લાલા,

ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,

તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 77

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MARCH 23, 2017/CAITRA 2, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૨૦૧૭.

તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૦ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 20 OF 2017.

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT (SECOND AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૦.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મો.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૭નો સુધારો.

૨. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ-૭માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (૨)માં, "નગર આયોજનની યોજનાઓ" એ શબ્દો પછી, "અથવા સ્થાનિક વિસ્તાર યોજના" એ શબ્દો દાખલ કરવા;

(૨) પેટા-કલમ (૨)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, વિસ્તાર વિકાસ સત્તામંડળ પાસેથી દરખાસ્ત મળ્યેથી અથવા અન્યથા, વિસ્તાર વિકાસ સત્તામંડળોના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ સત્તા અને કાર્યો સ્થાનિક સત્તામંડળ અથવા સત્તામંડળો અથવા પોતાની હકૂમતની અંદરના અધિકારીને સોંપી શકશે.".

INDEX

૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૨૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં,-

(૧) પેટા–કલમ (૧)માં, ખંડ (૨)માં, "નગર રચના યોજના", એ શબ્દો પછી, "અથવા સ્થાનિક વિસ્તાર યોજના" એ શબ્દો દાખલ કરવા;

(૨) પેટા–કલમ (૨)ને બદલે,નીચેનો મજકૂર મૂકવો:-

"(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, શહેરી વિકાસ સત્તામંડળ પાસેથી દરખાસ્ત મળ્યેથી અથવા અન્યથા, શહેરી વિકાસ સત્તામંડળોના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ સત્તા અને કાર્યો સ્થાનિક સત્તામંડળ અથવા સત્તામંડળો અથવા પોતાની હકૂમતની અંદરના અધિકારીને સોંપી શકશે.".

૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૪૯નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૯માં, પેટા–કલમ (૧)માં, ખંડ (ખ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:–

"પરંતુ આવી કોઈ પરવાનગી અથવા તે અંગેની શરત, કલમ ૪૮ની પેટા–કલમ (૨) હેઠળ મંજૂર કરેલા નગર રચના યોજનાના મુસદ્દા અને આવી મંજૂરી આપતી વખતે, સરકારના જાહેરનામાને અનુસારનું રહેશે.".

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૫૨નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ–૫૨–માં, પેટા–કલમ (૧)માં, સ્પષ્ટીકરણ (૧)માં, "અથવા એક લાખ રૂપિયા, એ બેમાંથી ઓછી હોય તે રકમ" એ શબ્દો કમી કરવા.

૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૭૬–ક–નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ–૭૬–કમાં, પેટા–કલમ (૬) પછી, નીચેની પેટા–કલમો ઉમેરવી:-

"(૭) રાજ્ય સરકાર,પેટા–કલમ (૬)ના ખંડ (ક) હેઠળ, સ્થાનિક વિસ્તાર યોજનાને મંજૂરી આપે, ત્યારે તેણે (રાજ્ય સરકારે) જાહેરનામામાં નીચેની બાબતો જણાવવી જોઈશે–

(ક) સ્થાનિક વિસ્તાર યોજના, જે સ્થળે જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવી જોઈશે તે સ્થળ, અને

(ખ) સ્થાનિક વિસ્તાર યોજનાથી ઉત્પન્ન થયેલી તમામ જવાબદારીઓ જે તારીખે અમલમાં આવવાની હોય તે તારીખ:

પરંતુ રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, એકી સાથે ત્રણ મહિનાથી વધુ ન હોય તેવી પોતાને ઉચિત જણાય તેમ આવી મુદત વખતો વખત લંબાવી શકશે.

(૮) સ્થાનિક વિસ્તાર યોજના અમલમાં આવે તે તારીખે અને તે તારીખ પછી, સ્થાનિક વિસ્તાર યોજના હેઠળ, કોઇ વ્યક્તિ, કોઇ જમીન કે જેનો તે ભોગવટો કરવા હકદાર નથી, તેનો ભોગવટો ચાલુ રાખે તો, ત્રણ મહિનાની અંદર તેણે તે જમીન સમુચિત સત્તામંડળને સોંપવી જોઇશે, અને તે તેમ કરવામાં ચૂક કરે તો, સમુચિત સતામંડળ, નોટિસમાં દર્શાવેલ મુદતની અંદર તે જમીન ખાલી કરાવવા માટે લેખિતમાં નોટિસ આપશે. કોઇ વ્યક્તિ આવી જમીન જેના માટે નોટિસ કાઢવામાં આવેલ હોય, તે પર પોતાનો ભોગવટો ચાલુ રાખે તેવા કિસ્સામાં, સમુચિત સત્તામંડળે નીચે મુજબનાં પગલાં લેવાં જોઇશે:–

(ક) સ્થાનિક વિસ્તાર યોજના અથવા બાંધકામની આવી કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન અથવા સ્થાનિક વિસ્તાર યોજનાની કોઇ જોગવાઇઓનું પાલન કરવામાં આવેલ ન હોય તેવી સ્થાનિક વિસ્તાર યોજનામાં સમાવિષ્ટ જમીનમાંના કોઇ મકાન અથવા બીજા કામને દૂર કરશે, તોડી પાડશે અથવા તેમાં ફેરફાર કરશે.

(ખ) આ કલમ હેઠળ સમુચિત સત્તામંડળ દ્વારા કરવામાં આવેલ કોઇ ખર્ચ, આ અધિનિયમની જોગવાઇ હેઠળ સમુચિત સત્તામંડળને લેણી થયેલી રકમની વસુલાત માટે કરેલી જોગવાઇની રીતે કસૂરદાર વ્યક્તિ અથવા પ્લોટના માલિક પાસેથી વસૂલ કરવામાં આવશે.

(ગ) આ કલમની જોગવાઇઓ હેઠળ સમુચિત સત્તામંડળ દ્વારા લેવામાં આવેલ પગલાંને પરિણામે થયેલ કોઇ નુક્સાન, ખોટ અથવા હાનિના સંબંધમાં કોઇ પણ વ્યક્તિ વળતર માટે હકદાર થશે નહિ, સિવાય કે પેટા–કલમ (૭)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલી તારીખ પહેલાં મકાન અથવા કામ શરૂ કરવામાં આવેલ હોય અને માત્ર આવા મકાન અથવા કામને લાગુ પડે તે તારીખ સુધીમાં આગળ વધેલ હોય:

પરંતુ આ પેટા–કલમ દ્વારા બાધિત ન હોય તેવો કોઇ વળતરનો કોઇ દાવો, દાવેદાર અને સમુચિત સત્તામંડળ વચ્ચે કરવામાં આવેલ કોઇ કબુલાતની શરતને અધીન રહેશે.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૯માં, પેટા–કલમ (૧)માં, "રાજ્ય સરકારની પૂર્વસંમતિથી" એ શબ્દો પછી, "અથવા, રાજ્ય સરકાર આપમેળે" એ શબ્દો દાખલ કરવા.

INDEX

ઉદ્દેશો અને કારણો

રાજ્યમાં વિકાસ યોજના (પ્લાન) અને નગર રચના યોજના (સ્કીમ) કરવાના અને તેનો અમલ કરવાના હેતુ માટે, આશરે એકતાલીસ વર્ષ પહેલાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અધિનિયમિત કરવામાં આવ્યો હતો. વિકાસ યોજના (પ્લાન) અને નગર રચના યોજનાઓ (સ્કીમ) ઝડપી બની છે અને અધિનિયમનો અમલ કરવાની કાર્યરીતિને સરળ કરી શકાય છે. વધુમાં, અધિનિયમની કાર્યરીતિનો અમલ કરવામાં સમુચિત સત્તામંડળ વિલંબ કરે અથવા અસમર્થ બને તેવા કિસ્સામાં, રાજ્ય સરકાર અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે અધિકારીની નિમણૂક કરી શકે છે અથવા આપમેળે પગલું લઈ શકે છે. સદરહુ અધિનિયમની અમુક જોગવાઈઓ સુધારવાનું ઈષ્ટ અને જરૂરી છે.

કલમ ૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૨)ની વિદ્યમાન જોગવાઈ હેઠળ, વિસ્તાર વિકાસ સત્તામંડળ, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અને તેનો અમલ કરવાની બાંયધરી આપે છે. હવે, સદરહુ જોગવાઈ સુધારવા ધાર્યું છે, જેથી કરીને વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા નગર રચના યોજનાઓ (સ્કીમ) અથવા સ્થાનિક વિસ્તાર યોજના (પ્લાન) તૈયાર કરવાની અને તેનો અમલ કરવાની બાંયધરી આપી શકાય. વિધેયકની કલમ ૩થી તે માટેની જોગવાઈ કરી છે. કલમ ૭ની પેટા-કલમ (૨)ને બદલવા પણ ધાર્યું છે, જેથી કરીને રાજ્ય સરકાર દ્વારા વિસ્તાર વિકાસ સત્તામંડળની સત્તા અને કાર્યો, સ્થાનિક સત્તામંડળને અથવા સત્તામંડળોને અથવા પોતાની હકૂમતની અંદરના કોઈ અધિકારીને સોંપી શકાય. શહેરી વિકાસ સત્તામંડળ માટે સદરહુ અધિનિયમની કલમ ૨૩માં સમાન જોગવાઈ કરવા પણ ધાર્યું છે. વિધેયકની કલમો ૨ અને ૩થી તે માટેની જોગવાઈ કરી છે.

કલમ ૪૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ની વિદ્યમાન જોગવાઈઓથી, નગર રચના અધિકારી સાથે વિચારવિનિમય કરીને, સમુચિત સત્તામંડળ દ્વારા આપવાની વિકાસ પરવાનગી માટેની જોગવાઈ છે. કલમ ૪૮ની પેટા-કલમ (૨) હેઠળ નગર રચના યોજનાનો મુસદ્દો મંજૂર કરતી વખતે સમુચિત સત્તામંડળ નગર રચના અધિકારી સાથે વિચારવિનિમય કરીને આવી પરવાનગી મંજૂર અથવા નામંજૂર કરી શકશે અથવા સરકારી જાહેરનામામાં દર્શાવ્યા પ્રમાણેની એવી શરતોને અધીન રહીને તેને મંજૂર કરવા ધાર્યું છે. વિધેયકની કલમ ૪થી તે માટેની જોગવાઈ કરી છે.

સ્થાનિક વિસ્તાર યોજના (પ્લાન) અમલ માટે અધિનિયમમાં કલમ ૭૬ક-ની નવી પેટા-કલમો (૭) અને (૮) દાખલ કરવા ધાર્યું છે. વિધેયકની કલમ ૬થી તે માટેની જોગવાઈ કરી છે.

કલમો ૫૨ અને ૧૧૯માં અમુક સુધારા કરવા પણ ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

શંકર ચૌધરી,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તા સોંપણી માટે જોગવાઇ કરે છે:–

કલમ ૨.– આ કલમથી બદલવા ધારેલી અધિનિયમની કલમ ૭ની પેટા–કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સ્થાનિક સત્તામંડળ અથવા સત્તામંડળો અથવા પોતાની હકૂમતની અંદરના અધિકારીને વિસ્તાર વિકાસ સત્તામંડળની સત્તા અને કાર્યો પૈકીની કોઇ સત્તા અને કાર્યો સોપવાની સત્તા મળે છે.

કલમ ૩.– આ કલમથી બદલવા ધારેલી અધિનિયમની કલમ ૨૩ની પેટા–કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી,સ્થાનિક સત્તામંડળ અથવા સત્તામંડળો અથવા પોતાની હકૂમતની અંદરના અધિકારીને શહેરી વિકાસ સત્તામંડળની સત્તા અને કાર્યો પૈકીની કોઇ સત્તા અને કાર્યો સોપવાની સત્તા મળે છે.

કલમ ૪.– આ કલમથી અધિનિયમની કલમ ૭૪–ક–માં દાખલ કરવા ધારેલી નવી પેટા–કલમ (૭)ના ખંડ (ખ)ના પરંતુકથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, રાજ્ય સરકારે મંજૂર કરેલ સ્થાનિક વિસ્તાર યોજનાથી ઉત્પન્ન થયેલી તમામ જવાબદારીઓ, જે મુદતમાં અમલમાં આવશે તેવી ત્રણ મહિનાથી વધુ નહિ તેટલી મુદત વધારવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૭. **શંકર ચૌધરી.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ: ૨૩મી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 78

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MARCH 23, 2017/CAITRA 2, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૩મી માર્ચ, ૨૦૧૭.

તારીખઃ **૨૩મી માર્ચ, ૨૦૧૭**-ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન **૨૦૧૭**ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૨૧**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 21 OF 2017.

THE GUJARAT MOTOR VEHICLES TAX (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Motor Vehicles Tax Act, 1958.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૭–અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૧.

ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક,૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૫મો

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૪-નો સુધારો.

૨. ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૪માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (૧)ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ-

અનુક્રમાંક	વાહનનું વર્ણન	ચુકવણીની રીત
''(૧)(ક)	મુકરર ઓમ્નિબસ સિવાયના સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા ભાડે (ચલાવવા માટે) અથવા બદલા માટે વપરાતા વાહનો.	વાર્ષિક અથવા ત્રિમાસિક, રાજ્ય સરકારે કલમ ૩ હેઠળ નક્કી કરેલા દરે અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.

અનુક્રમાંક	વાહનનું વર્ણન	ચુકવણીની રીત
(ખ)	સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા ખાનગી સેવા વાહનો.	વાર્ષિક અથવા ત્રિમાસિક, રાજ્ય સરકારે કલમ ૩ હેઠળ નક્કી કરેલા દરે અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.
(ગ)	કૃષિવિષયક હેતુ સિવાયના હેતુ માટે વપરાતા ટ્રેક્ટર અને ભાર લાદ્યા વગર જેનું વજન ૨૦૦૦ કિલોગ્રામ કરતાં વધારે હોય પણ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવા બાંધકામ સાધનોના વાહનો.	વાર્ષિક અથવા ત્રિમાસિક, રાજ્ય સરકારે કલમ ૩ હેઠળ નક્કી કરેલા દરે અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.
(ઘ)	ઉપર જણાવેલા વાહનો સિવાયના વાહનો.	વાર્ષિક અથવા ત્રિમાસિક.'';

(૨) પેટા-કલમ (૧કક)માં, વિદ્યમાન કોષ્ટકને બદલે, નીચેનું કોષ્ટક મૂકવું:-

અનુક્રમાંક	વાહનનું વર્ણન	ચુકવણીની રીત
''(ક)	પહેલી અનુસૂચિના, ખંડ-૩માં નિર્દિષ્ટ કરેલા અને સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા મોટર વાહનો.	વાર્ષિક અથવા અર્ધ વાર્ષિકની બાબતમાં, વાર્ષિક દરના અડધા જેટલા દર વત્તા તેના દસ ટકા અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.
(ખ)	વધુમાં વધુ બાર ઉતારુઓને લઈ જવાની પરવાનગી આપેલ, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલી મુકરર ઓમ્નિબસના કિસ્સામાં.	વાર્ષિક અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.''.

(૩) પેટા-કલમ (૧કખખ)માં, ખંડ (૧)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

''પરંતુ પ્રથમ અનુસૂચિ હેઠળ આવતા મોટર વાહનોના માલિક અથવા તેનો કબજો અથવા નિયંત્રણ ધરાવતી વ્યક્તિ, મહિનાની પંદરમી તારીખ પછી પોતાનું વાહન રજિસ્ટ્રેશન માટે લાવે, ત્યારે તેઓ, મહિનાની બાકી રહેતી

મુદતના દરેક દિવસ માટે, વેરાના વાર્ષિક દરના એક બારાંશ ટકાના દરે, એક દિવસના વેરાની રકમ જેટલી રકમનો વેરો ચૂકવવા જવાબદાર થશે અને જે મહિનામાં વાહન રજિસ્ટ્રેશન માટે લાવવામાં આવ્યું હોય તે મહિનાના તરત પછીના મહિનાથી ઉપરનો ખંડ લાગુ પડશે.''.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬માં, પેટા-કલમ (૧)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:- સન ૧૯૫૮ના મુંબઈના ૬૫-મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

''પંરતુ ચુકવણીની ઓનલાઈન પદ્ધતિ ઉપલભ્ય હોય, ત્યારે રાજ્યમાં વપરાતાં અથવા વાપરવા માટે રાખેલાં મોટર વાહનના રજિસ્ટર થયેલા માલિકે અથવા જેના કબજામાં અથવા નિયંત્રણ હેઠળ આવું વાહન હોય તે વ્યક્તિએ, સ્વ-એકરાર પત્ર (self-declaration form) ભરવું જોઈશે અને તેની કાયદેસરતા, ઉપર નિર્દિષ્ટ કરેલા એકરાર જેવી જ કાયદેસરતા ગણાશે.''.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯માં, ''છ મહિના સુધીની મુદતની કેદની અને વણચૂકવાયેલા વેરાની રકમની બમણી રકમ અને લેણા થતા વ્યાજની રકમ જેટલી રકમના દંડની શિક્ષા થશે.'' એ શબ્દોને બદલે, ''છ મહિના સુધીની મુદતની કેદની અથવા વણચૂકવાયેલા વેરાની રકમની બમણી રકમ અને લેણા થતા વ્યાજની રકમ જેટલી રકમના દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે.'' એ શબ્દો મૂકવા. સન ૧૯૫૮ના મુંબઈના ૬૫-મા અધિનિયમની કલમ ૧૯નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, પહેલી અનુસૂચિમાં,- સન ૧૯૫૮ના મુંબઈના ૬૫-મા અધિનિયમની પહેલી અનુસૂચિનો સુધારો.

(૧) ખંડ ૩માં,-

(૧) બાબત (ઘ)માં, કોલમ ૨-માં, ''૭૫૦૦ કિલો ગ્રામ કરતાં વધારે હોય તેવા'' એ આંકડા, અક્ષરો અને શબ્દોને બદલે, ''૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે હોય તેવા સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા'' એ આંકડા અને શબ્દો મૂકવા;

(૨) બાબત (ચ) પછી, કોલમ ૨-માં, નીચેની નવી બાબત દાખલ કરવી :-

''(ચચ) હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજ્યમાં લાવવામાં આવેલા અથવા ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલા કુલ (ગ્રોસ) વજન ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે હોય તેવા વાહનો.

(૨) ખંડ ૪માં, શીર્ષકમાં, ''મુકરર ઓમ્નિબસ'' એ શબ્દો પહેલાં, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા અથવા હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજયમાં લાવવામાં આવેલા અથવા ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલા ''એ શબ્દો અને આંકડા ઉમેરવા;

(૩) ખંડ ૪-ક-માં, કોલમ ૨-માં, ''ખાનગી સેવા વાહનો'' એ શબ્દોને બદલે, ''સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા ખાનગી સેવા વાહનો અથવા હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજયમાં લાવવામાં આવેલા અથવા ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલા વાહનો'' એ શબ્દો અને આંકડા મૂકવા;

(૪) ખંડ ૪-કકક-માં,-

(ક) બાબત (ક)માં, કોલમ ૨-માં, પેટા-બાબત (૧)માં, ''મેકસી કેબ સહિત''એ શબ્દોને બદલે, ''સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલી અથવા હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલી'' એ શબ્દો અને આંકડા મૂકવા;

(ખ) બાબત (ખ)માં, કોલમ ૨-માં, પેટા-બાબત (૧)ને બદલે, નીચેની પેટા-બાબત મૂકવી :-

''(૧)	બાર કરતાં વધારે ન હોય તેટલા ઉતારુઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલી લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમ્નિબસ.
(૧-ક)	બાર કરતાં વધારે, પરંતુ વીસ કરતાં ઓછા ઉતારુઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલી લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમ્નિબસ.'';

(૧) ખંડ ૬-માં, બાબત (છ)માં, કોલમ ૨-માં, પેટા-બાબતો (૧) અને (૨)ને બદલે, નીચેની પેટા-બાબતો મૂકવી :-

''(૧) રિગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલી હોય કે ન હોય અને ભાર લાદ્યા વગર ૨૦૦૦ કિલોગ્રામ કરતા વધુ વજનના, પરંતુ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વજનમાં વધારે નહિ તેવા સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા અથવા હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજયમાં લાવવામાં આવેલા અથવા ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલા ટ્રેકટર.
(૨)(ક) કોઈ ઉતારુઓ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધાર્યું ન હોય અને જેને રિગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલી હોય અને જેનો કોઈ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે અથવા કોઈ બાંધકામ સાધનના વાહનો અથવા ખોટકાયેલા વાહનોને ખેંચવા માટે ઉપયોગ કરાતી બ્રેકડાઉન વાન તરીકે ઉપયોગ કરવામાં આવતો હોય તેવા ભાર લાદ્યા વગરના ૨૦૦૦ કિલોગ્રામ કરતાં વધુ વજનના, પરંતુ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વજનમાં વધારે નહિ એવા સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા અથવા હંગામી

મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજયમાં લાવવામાં આવેલા કોઈ મોટર વાહનો;
(ખ) કોઈ ઉતારુઓ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈ સાધનસામગ્રી બેસાડેલ હોય અને કોઈ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે અથવા કોઈ બાંધકામ સાધનના વાહનો અથવા ખોટકાયેલા વાહનોને ખેંચવા માટે ઉપયોગ કરાતી બ્રેકડાઉન વાન તરીકે ઉપયોગ કરાતો હોય તેવા ભાર લાદ્યા વગર ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજન ધરાવતાં કોઈ મોટર વાહનો.

૬. મુખ્ય અધિનિયમમાં, બીજી અનુસૂચિમાં, ભાગ-૧માં,- સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની બીજી અનુસૂચિનો સુધારો.

(૧) કોલમ ૨માં, ''સન ૨૦૦૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે'' એ આંકડા, અક્ષરો અને શબ્દોને બદલે, ''સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે''એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા.

(૨) ખંડ ૧માં, કોલમ ૨માં, પેટા-ખંડ (૪) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :-

''(૫) ભાર લાદ્યા વગર ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધુ વજનના ન હોય તેવા, કૃષિવિષયક હેતુઓ સિવાયના બીજા હેતુઓ માટે ઉપયોગ કરાતા અને રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ હોય કે ન હોય તેવા ટ્રેકટર અથવા કોઈ ઉતારુ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ હોય અને જેનો કોઈ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે ઉપયોગ કરાતો હોય તેવા કોઈ મોટર વાહનો અથવા કોઈ બાંધકામ સાધનના ભારવહન વાહનો.'';

(૩) ખંડ ૨માં, કોલમ ૨માં, પેટા-ખંડ (૩) પછી, નીચેના પેટા-ખંડો ઉમેરવા :-

''(૪) બાર કરતાં વધુ ન હોય તેટલાં ઉતારુઓને લઈ જવા માટે લાઈસન્સ આપેલ મુકરર ઓમ્નિબસ.

(૫) મુકરર ઓમ્નિબસો સિવાયના મોટર વાહનો.'';

(૪) ખંડ ૨ પછી, નીચેનો ખંડ દાખલ કરવો :-

''૨ ક. ખાનગી સેવા વાહનો.'';

(૫) ખંડ ૩માં, કોલમ ૨માં, ''કુલ વાહન વજન ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવા'' એ શબ્દો, આંકડા અને અક્ષરો કમી કરવા;

(૬) સ્પષ્ટીકરણ ૭ પછી, નીચેનું સ્પષ્ટીકરણ ઉમેરવું.

"**સ્પષ્ટીકરણ ૮.**- આ અનુસૂચિ હેઠળ ઊચક વેરાની ગણતરી કરવાના હેતુ માટે, જોડેલા વાહનો અને ટ્રેકટર-ટ્રેઈલર જોડેલું હોય એવા કિસ્સામાં, ટ્રેકટરની વેચાણ કિંમત અને ટ્રેઈલર અથવા, યથાપ્રસંગ સેમી-ટ્રેઈલરની વેચાણ કિંમતનો કુલ સરવાળો વેચાણ કિંમત ગણાશે.".

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની ત્રીજી અનુસૂચિનો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, ત્રીજી અનુસૂચિમાં, ભાગ-૧માં,-

(૧) કોલમ ૨માં, "સન ૨૦૦૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અથવા તે પછી ગુજરાત રાજયમાં રજિસ્ટર થયેલા હેરફેરના વાહનો હોય તેવા મોટર વાહનો" એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, "સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા મોટર વાહનો" એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા;

(૨) ખંડ ૧ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

"**૧.** બારથી વધુ નહિ તેટલા ઉતારુઓને લઈ જવા માટે લાઈસન્સ આપેલ મુકરર ઓમ્નિબસ.";

(૩) ખંડ ૧ પછી, નીચેના ખંડો દાખલ કરવા :-

"**૧ક.** મુકરર ઓમ્નિબસ સિવાયના ભાડાં અથવા બદલા માટે ફેરવાતા અને ઉતારુઓને લઈ જવા માટે ઉપયોગ કરાતા ટ્રાઈસિકલ સહિતના મોટર વાહનો.

૧ખ. ખાનગી સેવા વાહનો.";

(૪) ખંડ ૩ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

"**૩.** જેનું કુલ વાહન વજન ૭૫૦૦ કિલોગ્રામથી વધુ હોય તેવા માલ અથવા સામગ્રી લઈ જવા માટે વપરાતાં મોટર વાહનો.";

(૫) ખંડ ૪ કમી કરવો;

(૬) એવી રીતે કમી કરેલ ખંડ ૪ પછી, નીચેનો ખંડ ઉમેરવો :-

"**૫.** ભાર લાદ્યા વગર ૨૦૦૦ કિલોગ્રામ કરતાં વધુ પણ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધુ નહિ તેટલું વજન ધરાવતાં, રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ હોય કે ન હોય તેવા ટ્રેકટર અથવા કોઈ ઉતારુ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈ સાધનસામગ્રી બેસાડેલ હોય અને જેનો કોઈ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે ઉપયોગ કરાતો હોય તેવા કોઈ મોટર વાહનો અથવા કોઈ બાંધકામ સાધનના વાહનો.".

ઉદ્દેશો અને કારણો

તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ ગુજરાત વિધાનસભામાં નાણામંત્રીશ્રીના અંદાજપત્રના પ્રવચનમાં સમાવિષ્ટ અંદાજપત્રની દરખાસ્તને અમલી બનાવવા માટે, આ વિધેયકથી, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ સુધારવા ધાર્યું છે.સરલીકરણ અને તર્કસંગતતાની સાથે વિધેયકથી, વહીવટી કાર્યક્ષમતા લાવવા પણ ધાર્યું છે.

સદરહુ અધિનિયમની જોગવાઈઓ અનુસાર રાજ્યમાં ઉપયોગ કરાતાં અને ઉપયોગ માટે રાખેલ મોટર વાહનો પર મોટર વાહન વેરો લેવામાં આવે છે. અમુક વાહનો પર આવર્તક ધોરણે વેરો લેવામાં આવે છે એટલે કે વાર્ષિક/ છમાસિક / ત્રિમાસિક/ અથવા માસિક, જ્યારે અમુક વાહનો પર ઊચક ધોરણે વેરો લેવામાં આવે છે. અમુક વાહનો પર, વેરાની ચુકવણી માટે બન્ને વિકલ્પો ઉપલબ્ધ છે એટલેકે આવર્તક તેમજ ઊચક ધોરણે. આવર્તક વેરો ચૂકવતા મોટર વાહનોના માલિકોએ વાહનોના પ્રકારો -માણે વર્ષમાં એકથી ચાર વખત વાહનવ્યવહાર કચેરીની મુલાકાત લેવી પડે છે. મોટા ભાગના મોટર વાહનોના માલિકો એપ્રિલ અને ઓક્ટોબર મહિનામાં વાહનવ્યવહાર કચેરીની મુલાકાત લેતા હોય છે અને તેથી વેરાની ચુકવણીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને સમયનો ઘણો જ વ્યય થાય છે. મોટર વાહન વેરાની ચુકવણીની પ્રક્રિયામાં રાજ્યના નાગરિકોને રાહત આપવા અને પ્રક્રિયાને સરળ બનાવવાના હેતુથી, માલ વાહનની કક્ષામાંના ૭.૫ ટનથી વધારે એકંદર વજન ધરાવતાં વાહનો, ખાનગી સેવા વાહનો, શૈક્ષણિક સંસ્થાઓની બસો, સ્ટેજ કેરેજ બસો, મેક્સી કેબ, બાંધકામ સાધનના વાહનો અને ભાર લાદ્યા વિના ૨ ટનથી વધારે પણ ૭.૫ ટનથી વધારે નહિ એવા કૃષિવિષયક હેતુ સિવાયના બીજા હેતુ માટે ઉપયોગમાં લેવાતા ટ્રેક્ટર, જે સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અથવા તે પછીથી રજિસ્ટર થયેલ હોય તેવા ફકત નવા વાહનો માટે ઊચક મોટર વાહન વેરો લેવા ધાર્યું છે. સન ૨૦૧૭ની એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા જૂના વાહનો પર તાત્કાલિક બોજો વધે નહિ તે માટે, આવર્તક રીતે વેરાની ચુકવણીનો વિકલ્પ ચાલુ રાખીને, ઊચક વેરાનો વિકલ્પ પણ આપવા ધાર્યું છે.

મોટર વાહન વેરાના માળખામાં અને દરોમાં સૂચિત સરલીકરણથી, ઉપરની કક્ષામાં દર વર્ષે રજિસ્ટર થતાં આશરે ૨૫,૦૦૦ નવા વાહનોના માલિકો/ પ્રતિનિધિઓએ વર્ષમાં ફક્ત એક જ વાર વાહનવ્યવહાર કચેરીની મુલાકાત લેવી પડશે. સન ૨૦૧૭ની એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા જૂના વાહનોના માલિકો માટે ઊચક વેરાનો

INDEX

વિકલ્પ પણ ઉપલબ્ધ રહેશે અને આશરે સાડા ત્રણ લાખ જૂના વાહનોના માલિકો, જો વેરાની ચૂકવણી માટે ઊંચક રકમનો વિકલ્પ પસંદ કરે, તો તેમને પણ ફક્ત એક જ વાર વાહનવ્યવહાર કચેરીની મુલાકાત લેવાની થશે. નવા વાહનો માટે ઊંચક વેરાની રકમ ફરજિયાત બનાવીને, દર વર્ષે આવર્તક ધોરણે વેરાની આવકને બદલે, નવા વાહનના રજિસ્ટ્રેશન વખતે જ સમગ્ર વેરાની આવક ઉપલબ્ધ થશે. સરલીકરણ માટે કલમો ૪ અને ૧૯માં અમુક બીજા સુધારા કરવા પણ ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૭. **વલ્લભભાઈ કાકડિયા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એમ.લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૭. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 79

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MARCH 23, 2017/CAITRA 2, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૨૩મી માર્ચ, ૨૦૧૭.

તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૨ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 22 OF 2017.

THE GUJARAT SELF FINANCED SCHOOLS (REGULATION OF FEES) BILL, 2017.

A BILL

to make special provisions for fixation of fees for the self financed schools in the State and matters connected therewith and incidental thereto.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૨ .

ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક, ૨૦૧૭.

રાજ્યમાં આવેલી સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈઓ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

પ્રકરણ ૧

પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''શૈક્ષણિક વર્ષ'' એટલે સરકાર દ્વારા અથવા યથાપ્રસંગ, શાળા જેની સાથે સંલગ્ન હોય તેવા કોઈ મંડળ અથવા કાઉન્સિલ દ્વારા નિર્દિષ્ટ કરેલું વર્ષ;

(ખ) ''સહાયિત શાળા'' એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ પાસેથી કોઈ નાણાકીય અનુદાન અથવા સહાય મેળવતી હોય તેવી, કોઈ

INDEX

વ્યક્તિ અથવા વ્યક્તિઓના મંડળ દ્વારા સ્થપાયેલી અને તેમના દ્વારા સંચાલિત અથવા નિભાવાતી હોય અને તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ સક્ષમ સત્તામંડળ દ્વારા માન્યતા અપાયેલી અથવા મંજૂર કરાયેલી કોઈ પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, ઉચ્ચ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા;

(ગ) ''શૈક્ષણિક જિલ્લો'' એટલે રાજ્ય સરકાર દ્વારા રાજપત્રમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવો શૈક્ષણિક જિલ્લો;

(ઘ) ''પ્રારંભિક શિક્ષણ'' એટલે પ્રથમ વર્ગથી આઠમા વર્ગ સુધીનું શિક્ષણ;

(ચ) ''કર્મચારી'' એટલે અધ્યાપક અને તેમાં માન્યતાપ્રાપ્ત શાળામાં કામ કરતા બીજા દરેક કર્મચારીનો સમાવેશ થાય છે;

(છ) ''વિદ્યમાન શાળા'' એટલે આ અધિનિયમના આરંભે અસ્તિત્વમાં હોય તેવી માન્યતાપ્રાપ્ત સ્વનિર્ભર શાળા;

(જ) ''ફી'' એટલે કોઈ શાળા દ્વારા કોઈ વર્ગમાં અથવા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીના પ્રવેશ માટે, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, વસૂલ કરાતી, કોઈપણ નામે ઓળખાતી, કોઈ રકમ અને તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:-

(૧) ટ્યૂશન ફી;

(૨) સત્ર ફી (ટર્મ ફી), જે સત્ર દીઠ એક મહિનાની ટ્યૂશન ફી કરતાં વધુ હોવી જોઈશે નહિ;

(૩) ગ્રંથાલય ફી અને ડિપોઝિટ (અનામત મૂકેલી રકમ);

(૪) પ્રયોગશાળા ફી અને ડિપોઝિટ (અનામત મૂકેલી રકમ);

(૫) જિમખાના ફી;

(૬) બાંયધરી રકમ;

(૭) પરીક્ષા ફી;

(૮) પ્રવેશ ફી, જે એક મહિનાની ટ્યૂશન ફી કરતાં વધુ હોવી જોઈશે નહિ;

(૯) યોગ અને શારીરિક શિક્ષણ ફી;

(૧૦) ફી નિયમન સમિતિએ નક્કી કર્યા મુજબની બીજી કોઈ ફી;

(ઝ) ''ફી નિયમન સમિતિ'' એટલે કલમ ૩ હેઠળ રચાયેલી સમિતિ;

(ટ) ''ફી સુધારણા સમિતિ'' એટલે કલમ ૧૨ હેઠળ રચાયેલી સમિતિ;

(ઠ) ''સરકાર'' એટલે રાજ્ય સરકાર;

(ડ) ''સરકારી શાળા'' એટલે સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ દ્વારા સ્થપાયેલી, તેમની માલિકીની અથવા તેમના દ્વારા નિભાવાતી શાળા;

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(ઢ) ''ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ''નો અર્થ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨-ના ખંડ (ઝઝ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો જ રહેશે;

(ત) ''સ્થાનિક સત્તામંડળ'' એટલે,-

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

(૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયેલું મ્યુનિસિપલ કોર્પોરેશન;

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(૨) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલી નગરપાલિકા;

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રચાયેલું પંચાયત.

(થ) ''વ્યવસ્થાપક મંડળ'' એટલે-

(૧) સરકાર દ્વારા સંચાલિત શાળાના કિસ્સામાં, સરકાર;

(૨) કોઈ સ્થાનિક સત્તામંડળ દ્વારા સંચાલિત શાળાના કિસ્સામાં, સંબંધિત સ્થાનિક સત્તામંડળ;

INDEX

(૩) બીજા કોઇ કિસ્સામાં, શાળાનું કામકાજ જેને સોંપવામાં આવ્યું હોય તેવી, ગમે તે નામે ઓળખાતી, વ્યવસ્થાપક સમિતિ અથવા તેવું સંચાલક મંડળ અને આવું કામકાજ કોઈ વ્યક્તિને સોંપવામાં આવ્યું હોય, ત્યારે ગમે તે નામે અથવા ગમે તે હોદ્દાથી ઓળખાતી વ્યક્તિ અને તેમાં કોઈપણ રીતે શાળા સાથે જોડાયેલા ટ્રસ્ટ અથવા કંપનીનો પણ સમાવેશ થશે;

(૬) ''લઘુમતી શૈક્ષણિક સંસ્થા'' એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦ના ખંડ (૧) હેઠળ તેમ કરવાનો (શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો) હક ધરાવતી લઘુમતી દ્વારા સ્થાપવામાં અને વહીવટ કરવામાં આવતી સરકાર માન્ય સંસ્થા;

(૭) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૮) ''પૂર્વ-પ્રાથમિક શાળા'' એટલે નર્સરિ, જુનિયર બાળવાડી, સિનિયર બાળવાડી અથવા ૩ થી ૬ વર્ષના બાળકો માટેની, પૂર્વ-પ્રાથમિક શાળાના સ્તર સુધીનું શિક્ષણ આપતી અને કોઈ માધ્યમની, ઠરાવેલી રીતે શાળા સાથે જોડાયેલી કોઇ શાળા, પણ તેમાં ઘોડિયાઘર અને પ્લે ગ્રુપનો સમાવેશ થશે નહિ;

(૯) ''નફાખોરી'' એટલે આ અધિનિયમની જોગવાઈઓ મુજબ નક્કી કરેલી અથવા મંજૂર કરેલી ફી ઉપરાંતની હોય તેવી, રોકડ અથવા વસ્તુ સ્વરૂપે, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્વીકારેલી કોઈ રકમ અને તેમાં કોઈપણ રીતે શાળા સાથે જોડાયેલા ટ્રસ્ટ અથવા કંપનીએ શાળા પાસેથી મેળવેલા નફાનો સમાવેશ થશે;

(૧૦) ''જાહેર પરીક્ષા'' એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા ભારતીય શાળા પ્રમાણપત્ર પરીક્ષા કાઉન્સિલ (Council of Indian School Certificate Examinations) અથવા સરકારે માન્ય કરેલા બીજા કોઈ બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષા;

(૧૧) ''માન્યતાપ્રાપ્ત શાળા'' એટલે રાજ્ય અથવા કેન્દ્ર સરકારના સક્ષમ શૈક્ષણિક સત્તામંડળ દ્વારા માન્યતા અપાયેલી શાળા;

(૧૨) ''સ્વનિર્ભર શાળા'' એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ પાસેથી કોઈ નાણાકીય અનુદાન અથવા સહાય ન મેળવતી હોય તેવી, ટ્રસ્ટ અને કંપનીઓ સહિત કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના મંડળ દ્વારા સ્થપાયેલી અને તેમના દ્વારા સંચાલિત અથવા નિભાવતી હોય તથા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ સક્ષમ સત્તામંડળ દ્વારા માન્યતા અપાયેલી અથવા મંજૂર કરાયેલી અને ગુજરાત રાજ્યમાં કાર્ય

કરતા આંતરાષ્ટ્રીય અથવા કેન્દ્રીય રાજ્ય મંડળો સાથે જોડાણો ધરાવતી, કોઈ પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, ઉચ્ચ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા, પણ તેમાં માત્ર ધાર્મિક પ્રશિક્ષણ આપતી, તેની જોગવાઈ કરતી અથવા તે પૂરી પાડતી શાળાનો સમાવેશ થતો નથી;

(મ) ''શાળા''માં, પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, ઉચ્ચ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સમાવેશ થાય છે અને તેમાં પદવી કક્ષાથી નીચેના સ્તરનું શિક્ષણ અથવા તાલીમ આપતી હોય તેવી બીજી કોઈ સંસ્થાનો પણ સમાવેશ થાય છે, પણ ફકત ટેકનિકલ શિક્ષણ આપતી હોય તેવી કોઈ સંસ્થાનો તેમાં સમાવેશ થતો નથી;

(ય) ''શાળાની મિલકત'' એટલે શાળાની માલિકીની અથવા શાળાના કબજામાં હોય તેવી તમામ જંગમ અને સ્થાવર મિલકત અને આવી મિલકતમાંના અથવા તેમાંથી ઉદ્‌ભવતા બીજા તમામ હક અને હિતસંબંધો તથા તેમાં, જમીન, મકાન અને તેની સાથે જોડાયેલા ભાગો, રમતગમતના મેદાન, છાત્રાલયો, ફર્નિચર, પુસ્તકો, ઉપકરણ, નકશા, સાધનસામગ્રી, સાધનો, રોકડ રકમ, અનામત ભંડોળ, રોકાણો અને બેંકમાંની સિલકનો સમાવેશ થાય છે;

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(૨) ''માધ્યમિક શિક્ષણ''નો અર્થ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨-ની કલમ ૨-ના ખંડ (ભ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો જ થશે.

પ્રકરણ ૨
સમિતિની રચના, ફી નિર્ધારણ અને વધારાની ફી વસૂલ કરવા પર પ્રતિબંધ

ફી નિયમન સમિતિની રચના.

૩. (૧) સરકારે, સ્વનિર્ભર શાળામાં કોઈ ધોરણ અથવા અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની ફી નક્કી કરવાના હેતુ માટે, ફી નિયમન સમિતિની રચના કરવી જોઈશે.

(૨) અધ્યક્ષ અને સભ્યોની ઉંમર, નિમણૂકના સમયે ૬૫ વર્ષથી વધુ હોવી જોઈશે નહિ. અધ્યક્ષ અને બીજા નામનિયુક્ત સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૩) સભ્યોને ચૂકવવાપાત્ર માનદ વેતન અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

INDEX

(૪) સમિતિ નીચેના સભ્યોની બનશે:-

(ક) સરકારે નામનિયુક્ત કરવાના, નિવૃત્ત જિલ્લા અને સેસન્સ જજ અથવા અખિલ ભારતીય સેવાના સભ્ય તરીકે રહી હોય અને સરકારના અગ્ર સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરથી નિવૃત્ત થઈ હોય તેવી વ્યક્તિ અથવા ભારતીય પોલીસ સેવાના સભ્ય તરીકે રહી હોય અને અધિક પોલીસ મહાનિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તે જગા પરથી નિવૃત્ત થઈ હોય તેવી વ્યક્તિ, જેઓ સમિતિના અધ્યક્ષ રહેશે;

(ખ) સરકારે નામનિયુક્ત કરવાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ;

(ગ) સરકારે નામનિયુકત કરવાના એક સિવિલ ઈજનેર/ સરકાર માન્ય મૂલ્યાંકનકાર;

(ઘ) સંબંધિત ઝોનની સ્વનિર્ભર શાળા વ્યવસ્થાપક મંડળમાંથી સરકારે નામનિયુક્ત કરવાના એક પ્રતિનિધિ;

(ચ) સરકારે નામનિયુક્ત કરવાના જાણીતા શિક્ષણશાસ્ત્રી.

(૫) જિલ્લા શિક્ષણ અધિકારી અથવા યથાપ્રસંગ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, વહીવટી સહાય પૂરી પાડવા માટે, સમિતિના કો-ઓર્ડિનેટર (સંયોજક) તરીકે કાર્ય કરશે.

સમિતિની હકૂમત અને તેના મુખ્ય મથકો.

૪. (૧) દરેક ફી નિયમન સમિતિની હકૂમત, રાજય સરકાર, જાહેરનામાથી, રાજપત્રમાં નિર્દિષ્ટ કરે તેવા જિલ્લાના બનેલા ઝોન રહેશે.

(૨) ફી નિયમન સમિતિના મુખ્ય મથકો, ગાંધીનગર અથવા સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા સ્થળે રહેશે.

ખાલી જગા, વગેરે હોવાને કારણે કાર્યવાહી અમાન્ય ઠરશે નહિ.

૫. (૧) મૃત્યુ, રાજીનામું, હોદ્દાની મુદત પૂરી થવાથી અથવા સભ્યની નિમણૂક સમાપ્ત થવાથી અથવા બીજા ગમે તે કોઈ કારણસર, કોઈ ખાલી જગા પડે, તો, આવી ખાલી જગા, રાજય સરકારે, આવી જગા ખાલી પડયાની તારીખથી છ મહિનાની મુદતની અંદર, બનતી ત્વરાએ ભરવી જોઈશે. રાજય સરકારે, તેમ છતાં, ખાલી જગાનો કામચલાઉ હવાલો, કોઈ સભ્યને છ મહિનાથી વધુ નહિ, તેટલી મુદત માટે આપવો જોઈશે.

(૨) સમિતિના કોઈપણ કાર્ય અથવા કાર્યવાહી સામે, સમિતિની કોઈ જગા ખાલી હોવાને અથવા તેની રચનામાં ખામી હોવાને કારણે જ વાંધો ઉઠાવી શકાશે નહિ અને તે અમાન્ય ઠરશે નહિ.

ફી નિયમન સમિતિએ નિયમ કરવાની કાર્યરીી

૬. (૧) ફી નિયમન સમિતિએ, જયાં અને જયારે જરૂરી જણાય ત્યારે બેઠક યોજવી જોઈશે, પણ દર ત્રિમાસે એક વાર, અધ્યક્ષને યોગ્ય લાગે તેવા સમયે અને સ્થળે બેઠક યોજવી જોઈશે.

(૨) સમિતિએ, તેના કામકાજના સંચાલન માટેની પોતાની કાર્યરીતિનું નિયમન કરવું જોઈશે.

(૩) સમિતિના અધ્યક્ષ અથવા અધ્યક્ષ આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા સમિતિના બીજા કોઈ અધિકારીએ, સમિતિના તમામ હુકમો અને નિર્ણયોને પ્રમાણભૂત કરવા જોઈશે.

ફી નિયમન સમિતિના સભ્યોની ગેરલાયકાત.

૭. સરકાર, ફી નિયમન સમિતિના અધ્યક્ષ અથવા કોઈ સભ્યની નિમણૂક, તેના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં સમાપ્ત કરી શકશે, જો તે-

(૧) નાદાર ઠર્યો હોય;

(૨) રાજય સરકારના અભિપ્રાય મુજબ, સભ્ય તરીકે કાર્ય કરવા શારીરિક અથવા માનસિક રીતે અસમર્થ બન્યો હોય;

(૩) નૈતિક અધ:પતનના ગુના માટે દોષિત ઠર્યો હોય; અથવા

(૪) સાબિત થયેલી ગેરવર્તણૂક માટે કસૂરવાર થયો હોય:

પરંતુ કોઈપણ સભ્યને, સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, ઉપર્યુક્ત કારણોસર તેના હોદ્દા ઉપરથી દૂર કરવો જોઈશે નહિ.

ફી નિયમન સમિતિની સત્તા અને તેના કાર્યો.

૮. (૧) કલમ ૯ની જોગવાઈઓને અધીન રહીને, ફી નિયમન સમિતિએ, સ્વનિર્ભર શાળામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેનું ફીનું માળખું નક્કી કરવું જોઈશે.

(૨) સમિતિને નીચેની સત્તા રહેશે,-

(ક) દરેક સ્વનિર્ભર શાળાને, સમિતિ નિર્દિષ્ટ કરે તેવી તારીખ પહેલાં ચકાસણી માટે, તમામ સંબંધિત દસ્તાવેજો અને હિસાબની પુસ્તિકા સાથેનું આવી શાળાનું સૂચિત ફી માળખું સમિતિ સમક્ષ રજૂ કરવા ફરમાવવાની;

(ખ) સ્વનિર્ભર શાળાએ સૂચિત કરેલી ફી વાજબી છે કે કેમ અને તે નફાખોરી અથવા અતિશય ફી વસૂલ કરવા જેટલી છે કે કેમ તેની ખરાઈ કરવાની;

(ગ) વિદ્યમાન ફીના માળખાને મંજૂર કરવાની અથવા સ્વનિર્ભર શાળાએ વસૂલ કરી શકાય તેટલી ફી નક્કી કરવાની;

INDEX

(ઘ) ગુજરાત રાજયના રાજય ક્ષેત્રની અંદર ચલાવવામાં આવતી, સ્વનિર્ભર શાળા દ્વારા લેવામાં (ઉઘરાવવામાં) આવતી ફી, સક્ષમ રાજય શૈક્ષણિક સત્તામંડળે માન્ય કરી છે અથવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ/ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ/ કાઉન્સિલ ફોર ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશનસ/ આઇ.બી. બોર્ડ અથવા યથાપ્રસંગ, કોઇ બીજા બોર્ડ સાથે સંલગ્ન છે કે કેમ અને શાળા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા ઉપર ઉલ્લેખેલા બીજા કોઇ બોર્ડ-એ ઠરાવેલું પ્રશિક્ષણ આપે છે કે કેમ તે અંગેની ખરાઇ કરવાની;

(ચ) ઉપર ખંડ (ઘ)માં ઉલ્લેખ્યા પ્રમાણે સ્વનિર્ભર શાળા દ્વારા લેવામાં (ઉઘરાવવામાં) આવતી વધારે ફીના સંબંધમાં ફરિયાદો સાંભળવાની અથવા આપમેળે સુનાવણી કરવાની;

(છ) શાળાએ વસૂલ કરેલી ફીનું નિયમન કરવાની અને આ અધિનિયમની જોગવાઇઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની;

(જ) સંબંધિત સક્ષમ શૈક્ષણિક સત્તામંડળને તે બાબતનો રિપોર્ટ (અહેવાલ) આપવો કે શાળાએ વધુ ફી લીધેલી (ઉઘરાવેલી) છે અને તેણે (શાળાએ) સંબંધિત બોર્ડના સંબંધિત લાગુ પડતા અધિનિયમો તથા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું પાલન કર્યું નથી.

(૩) (ક) આ અધિનિયમના હેતુઓ માટે, તપાસ કરતી વખતે ફી નિયમન સમિતિને, નીચેની બાબતોના સંબંધમાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દાવાની અદાલતી કાર્યવાહી કરતી દીવાની કોર્ટની સત્તા રહેશે: સન ૧૯૦૮નો પમો .

(૧) કોઇ સાક્ષીને સમન્સથી બોલાવવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની તથા તેને સોગંદ ઉપર તપાસવાની;

(૨) કોઇ દસ્તાવેજ પ્રગટ કરવાની અને તે રજૂ કરવાનું ફરમાવવાની;

(૩) સોગંદનામા ઉપર પુરાવો લેવાની; અને

(૪) સ્થાનિક નિરીક્ષણ (સ્થળ તપાસ) માટે સાક્ષીઓની તપાસ માટે કમિશન કાઢવાની;

(ખ) આ અધિનિયમ હેઠળની તમામ તપાસ અને પુનર્વિલોકન, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩, ૨૧૯ અને ૨૨૮ના અર્થ મુજબ, અદાલતી કાર્યવાહી હોવાનું ગણાશે. સન ૧૮૬૦નો ૪૫-મો.

૯. (૧) ફી નિયમન સમિતિ, રાજપત્રમાં જાહેરનામાથી, સરકારે ઠરાવેલી ફી કરતાં ઓછી ફીની રકમ વસૂલ કરતી હોય તેવી સ્વનિર્ભર શાળાને ફી નિર્ધારણમાંથી માફી આપી શકશે: સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ.

પરંતુ આવી કોઇ શાળા, ફી સુધારવા ઇચ્છતી હોય, તો તે શાળાએ, કલમ ૮માં ઠરાવ્યા મુજબની કાર્યરીતિ અનુસરવી જોઇશે :

વધુમાં, માત્ર પ્લે ગ્રુપ/ ક્રેશ (ઘોડીયા ઘર)/ પૂર્વ-પ્રાથમિક શાળા ચલાવતી હોય તેવી પૂર્વ-પ્રાથમિક શાળાને, આ અધિનિયમની જોગવાઈઓના અમલમાંથી મુકિત આપવામાં આવશે.

(૨) ફી નિયમન સમિતિ, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા પૂર્વ-પ્રાથમિક, પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અથવા યથાપ્રસંગ, ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળા સિવાયની તમામ શાળાની ફી નિર્ધારિત કરી શકશે અને આવી સ્વનિર્ભર શાળા, તે મતલબનું સોગંદનામું રજૂ કરીને, સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ મેળવી શકશે.

(૩) સરકાર, ઠરાવેલી ફીમાં સુધારણા કરે ત્યાં સુધી આપવામાં આવેલી મુક્તિ ચાલુ રહેશે.

(૪) ફી નિયમન સમિતિને, એવું માનવાને કારણ હોય કે શાળાએ, પેટા-કલમ (૧) હેઠળ ઠરાવવામાં આવેલી ફી કરતાં વધુ ફી વસૂલ કરી છે, અથવા સમિતિને ખોટી અથવા ગેરમાર્ગે દોરતી અથવા અપૂરતી માહિતી રજૂ કરી છે, તો એવી ભૂલ કરી હોય, તેવી શાળાને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, તે (સમિતિ) આપેલી મુક્તિ પાછી ખેંચી લઈ શકશે.

(૫) વધુ ફી લેવાની ભૂલ કરી હોય તેવી શાળાના સંબંધમાં તેના સંચાલનની વિગતો સહિતની માહિતી, વિદ્યાર્થીઓ, તેમના માતાપિતા અને સમાજના બહોળા હિતમાં, અગ્રગણ્ય દૈનિક સમાચારપત્રમાં જાહેરાતથી પ્રસિદ્ધ કરવી જોઈશે.

ફી નિર્ધારણ માટેના પરિબળો.

૧૦. (૧) ફી નિયમન સમિતિએ, નીચેના પરિબળોને ધ્યાને લઈને, સ્વનિર્ભર શાળાએ લેવાપાત્ર ફી નિર્ધારિત કરવી જોઈશે;

(૧) સ્વનિર્ભર શાળાનું સ્થળ એટલે કે શાળા જયાં આવેલી હોય તે ગામ, નગર અથવા શહેર;

(૨) શાળા ઊભી કરવા કરવામાં આવેલું મૂડીરોકાણ;

(૩) ગુણવત્તાસભર શિક્ષણ માટે વિદ્યાર્થીઓને ઉપલભ્ય કરી આપેલું આંતર-માળખું અને શાળાના માહિતીપત્ર અથવા વેબસાઈટમાં જણાવેલી અને પૂરી પાડવામાં આવેલી સગવડો;

(૪) શાળાના વહીવટ અને સેવાઓના નિભાવ તથા ઉપયોગિતા માટે કરવામાં આવેલો ખર્ચ;

(૫) વ્યવસ્થાપક મંડળ દ્વારા સખાવતના ભાગરૂપે બિન-નિવાસી ભારતીયો પાસેથી મેળવેલું વધારાનું ફંડ અને ફી-માફી પૂરી પાડવા અથવા વિદ્યાર્થીઓ માટે શાળાને આપવામાં આવેલી વિવિધ સરકારી યોજનાઓ હેઠળની બીજી બાબતો માટે સરકારે આપેલો ફાળો;

(૬) સ્વનિર્ભર શાળામાં વિદ્યાર્થીઓનું સંખ્યાબળ;

INDEX

(૭) શાળા દ્વારા આપવામાં આવતા અભ્યાસના વર્ગો અને અભ્યાસક્રમો;

(૮) શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીવર્ગની (સંબંધિત ધોરણો મુજબની) લાયકાત, તેમના પગારની રકમ અને વાર્ષિક પગાર ઈજાફાની વાજબી રકમ;

(૯) આવી શાળા સાથે જોડાયેલા ટ્રસ્ટ અથવા કંપનીએ શાળામાંથી મેળવેલા નફા સહિતની શાળાની કુલ આવકની સામે વિદ્યાર્થીઓ ઉપર કરવામાં આવેલો ખર્ચ;

(૧૦) શાળાના વિકાસ, શિક્ષણ અને વિસ્તરણના હેતુ માટે વાજબી વધારાની આવક;

(૧૧) સરકાર વખતોવખત ઠરાવે તેવા બીજા કોઈ પરિબળ.

(૨) ફી નિયમન સમિતિએ, સ્વનિર્ભર શાળાએ લેવાપાત્ર ફી નિર્ધારિત કર્યા પછી, સંબંધિત શાળાને તેના નિર્ણયની જાણ કરવી જોઈશે.

(૩) ફી નિયમન સમિતિએ, શાળા દ્વારા વસૂલ કરવામાં આવતી જુદી જુદી તમામ ફીને ધ્યાને લઈને, લેવાપાત્ર કુલ ફી નક્કી કરવી જોઈશે.

(૪) ફી નિયમન સમિતિએ આ રીતે નિર્ધારિત કરેલી ફીનું માળખું, સ્વનિર્ભર શાળાને ત્રણ વર્ષની મુદત માટે બંધનકર્તા રહેશે.

(૫) ફી સુધારણા સમિતિ, રાજયમાંની શાળા માટે રાખવાની ઉપલી ફી મર્યાદાની ભલામણ કરી શકશે. સરકાર આવી ભલામણોની યોગ્ય રીતે વિચારણા કરશે.

વધુ ફી લેવા ઉપર પ્રતિબંધ.

૧૧. (૧) કોઈપણ સ્વનિર્ભર શાળાએ, શાળામાંના કોઈ ધોરણમાં અથવા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે, ફી નિયમન સમિતિએ નિયત કરેલી ફીથી વધુ કોઈ ફી લેવી (ઉઘરાવવી) જોઈશે નહિ.

(૨) કોઈ વ્યક્તિએ પોતાના માટે અથવા આવી સ્વનિર્ભર શાળા વતી અથવા આવી સ્વનિર્ભર શાળાના વ્યવસ્થાપક મંડળ વતી વધુ કોઈપણ ફી લેવી (ઉઘરાવવી) જોઈશે નહિ.

(૩) કોઈપણ શાળાએ પોતે અથવા તેના વતી ગમે તે કોઈ નામ હેઠળ કોઈ ડોનેશન અથવા કેપિટેશન ફી ઉઘરાવવી જોઈશે નહિ અથવા શાળાના વ્યવસ્થાપક મંડળ, શાળાના ટ્રસ્ટ, કંપનીના અથવા શાળાના કોઈ ટ્રસ્ટી અથવા સભ્ય-એ કોઈ સદર હેઠળ કોઈ ડિપોઝિટ (અનામત)ની રકમ લેવી જોઈશે નહિ. વિદ્યાર્થીના કોઈ માતા-પિતા અથવા વાલી (પાલક) દ્વારા સ્વૈચ્છિક રીતે ઉપર ઉલ્લેખેલી કોઈ રકમ ચૂકવવામાં આવેલી હોય, તો તેમણે સોગંદનામા ઉપર આવી ચુકવણીની વિગતોની માહિતી, સંબંધિત ફી નિયમન સમિતિને આપવી જોઈશે. આવી જાણ ન કરવા અંગેની બાબતને, શાળા વ્યવસ્થાપક મંડળને નફાખોરી કરવા માટે દુષ્પ્રેરણરૂપ ગણવામાં આવશે.

(૪) શાળાએ, વ્યક્તિગત રીતે રજિસ્ટર કરેલી શાળા માટે, અલગથી અને ફક્ત એક બેંક ખાતું ખોલાવવું તથા વાપરવું જોઈશે. (વિદ્યાર્થીઓના) માતા-પિતાએ, સંબંધિત શાળાના બેંક

ખાતાની અંદર ઠરાવેલી ફીની સીધી જ ચુકવણી કરવી જોઈશે. (વિદ્યાર્થીઓના) માતા-પિતા પાસેથી ઉઘરાવેલી કુલ ફી મળ્યાની પહોંચ, બેંક અને યથાપ્રસંગ, સંબંધિત શાળાના અડધિયાવાળી પહોંચના સ્વરૂપમાં આપવી જોઈશે.

ફી સુધારણા સમિતિ.

૧૨. (૧) સરકારે, ફી નિયમન સમિતિએ કરેલા હુકમ સામે સુધારણાના હેતુ માટે, એક સમિતિની રચના કરવી જોઈશે. ફી સુધારણા સમિતિના મુખ્ય મથક ગાંધીનગર ખાતે રહેશે અથવા સમિતિના અધ્યક્ષ દ્વારા નક્કી કરવામાં આવે તેવા બીજા કોઈ સ્થળે રહેશે.

(૨) સમિતિ, નીચેના સભ્યોની બનશે :-

(૧) સરકારે નામનિયુકત કરવાના હાઈકોર્ટના નિવૃત્ત જજ (ન્યાયાધીશ), સમિતિના અધ્યક્ષ રહેશે;

(૨) ગુજરાત સરકારના સચિવ, શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક);

(૩) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ અથવા નાયબ સચિવથી ઊતરતા દરજજાના ન હોય તેવા તેમના નામનિયુકત;

(૪) સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા યથાપ્રસંગ, નિયામક, પ્રાથમિક શિક્ષણ, હોદ્દાની રૂએ જેઓ સભ્ય સચિવ રહેશે;

(૫) સરકારે નામનિયુકત કરવાના સ્વનિર્ભર શાળાના વ્યવસ્થાપક મંડળમાંથી એક પ્રતિનિધિ;

(૬) સરકારે નામનિયુકત કરવાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ.

(૩) કલમ ૧૦ હેઠળ કરેલા ફી નિયમન સમિતિના હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત, આવો હુકમ મળ્યાની તારીખથી એકવીસ દિવસની મુદતની અંદર ફી સુધારણા સમિતિ સમક્ષ ફેરતપાસ અરજી કરી શકશે :

પરંતુ ફી સુધારણા સમિતિને એવી ખાતરી થાય કે શાળા પૂરતા કારણસર ઠરાવેલી સમયમર્યાદામાં ફેરતપાસ અરજી દાખલ કરી શકી ન હતી તો, તે, ફેરતપાસ અરજી દાખલ કરવામાં થયેલા વિલંબને માફ કરી શકશે અને ત્રણ મહિનાથી મોડી નહિ તેમ અરજી સ્વીકારી શકશે.

(૪) ફી સુધારણા સમિતિએ કરેલા હુકમો આખરી ગણાશે અને તે, સ્વ-નિર્ભર શાળાને બંધનકર્તા રહેશે.

INDEX

પ્રકરણ ૩

હિસાબોનું નિયમન અને રેકર્ડનો નિભાવ

હિસાબોનું નિયમન અને રેકર્ડનો નિભાવ.

૧૩. (૧) સરકારે, ઠરાવવામાં આવે તેવી રીતે સ્વનિર્ભર શાળાઓ દ્વારા હિસાબોના નિભાવનું નિયમન કરવું જોઈશે.

(૨) સ્વનિર્ભર શાળાએ, ઠરાવવામાં આવે તેવી રીતે તેવા રેકર્ડ નિભાવવા જોઈશે.

(૩) દરેક સ્વનિર્ભર શાળાએ, વસૂલ કરેલી ફી, મેળવેલા અનુદાન, બિન-નિવાસી ભારતીયો પાસેથી મેળવેલા ફંડ સહિત મેળવેલી નાણાકીય સહાય, કર્મચારીવર્ગ (સ્ટાફ)ના પગારની ચુકવણી, યંત્રસામગ્રી અને સાધનસામગ્રી, ફર્નિચર, પ્રયોગશાળાની વસ્તુઓ, રમતગમતના સાધનો, ગ્રંથાલયના પુસ્તકો, સ્ટેશનરી (લેખનસામગ્રી)ની ખરીદી અને જુદી જુદી સેવાઓ માટે રોકેલી કે કામે રાખેલી એજન્સી, કંપનીને કરેલી ચુકવણી સહિત કરેલા અન્ય ખર્ચ જેવી જુદી જુદી પ્રકારની સેવાઓ માટે હિસાબો નિભાવવા જોઈશે અને આ હિસાબોનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવવું જોઈશે.

(૪) દરેક સ્વનિર્ભર શાળાએ, શૈક્ષણિક સંસ્થાની જગ્યામાં હિસાબો અને રેકર્ડ રાખવા જોઈશે અને ફી નિયમન સમિતિ અથવા તેના અધિકૃત અધિકારી દ્વારા તપાસ માટે તમામ વાજબી સમયે તેને ઉપલબ્ય કરાવવા જોઈશે.

(૫) સ્વનિર્ભર શાળાએ આવક અને ખર્ચની જુદી જુદી બાબતો સહિતના તમામ વાઉચર સાથે નિભાવેલા હિસાબો સાત વર્ષની મુદત સુધી સાચવવા જોઈશે.

પ્રકરણ ૪

ગુના અને શિક્ષા

ગુના અને શિક્ષા.

૧૪. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકીની કોઇ જોગવાઈના ઉલ્લંઘન માટે, દોષિત ઠર્યેથી શાળા સંચાલક મંડળ, માતા-પિતા અથવા વાલી અથવા જેણે ચુકવણી કરી હોય તે વ્યકિતને ફીની બમણી રકમ રિફંડ કરવા ઉપરાંત,-

(ક) પ્રથમ ગુના માટે, રૂપિયા પાંચ લાખ સુધીના દંડની;

(ખ) બીજા ગુના માટે, ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયા પરંતુ દસ લાખ રૂપિયા સુધીના દંડની; અને

(ગ) ત્રીજા અને ત્યારપછીના ગુના માટે શાળાનું રજિસ્ટ્રેશન/ જોડાણ/ ના વાંધા પ્રમાણપત્ર રદ કરવા અથવા પાછુ ખેંચી લેવાની, શિક્ષાને પાત્ર થશે.

(૨) દંડની રકમ અને રિફંડની રકમ, હુકમ મળ્યેથી પંદર દિવસની અંદર ચૂકવવાની રહેશે, જેમાં ચૂક થયેથી, દંડ અને રિફંડની કુલ રકમ ચૂકવવામાં આવે ત્યાં સુધી દરેક દિવસ માટે એવી રકમના એક ટકા જેટલો દંડ લેવામાં આવશે. તેમ છતાં, તે ત્રણ મહિનામાં દંડ અને વધારાની ફી ચૂકવવામાં ચૂક કરે, તો વણચૂકવાયેલી સમગ્ર રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

ગુનાની ન્યાયિ નોંધ.

૧૫. કોઈપણ કોર્ટ, ઝોનની સંબંધિત ફી નિયમન સમિતિના કો-ઓર્ડિનેટરે (સંયોજકે) અથવા યથાપ્રસંગ, ફી સુધારણા સમિતિએ અધિકૃત કરેલી કોઈ વ્યકિતએ દાખલ કરેલી ફરિયાદ પરથી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની ન્યાયિક નોંધ લઈ શકશે નહિ.

પ્રકરણ ૫

પ્રકીર્ણ

આદેશો આપવાની રાજય સરકાર સત્તા.

૧૬. રાજય સરકાર, વખતોવખત, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અથવા તેમાં અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો અથવા હુકમોમાં સમાવિષ્ટ જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈનો અમલ કરવા માટે, તેના અભિપ્રાય પ્રમાણે જરૂરી અથવા ઈષ્ટ હોય તે પ્રમાણે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ સાથે સુસંગત હોય તેવા સામાન્ય અથવા ખાસ આદેશો આપી શકશે અને આવા આદેશો, સ્વનિર્ભર શાળાના સંચાલક મંડળને બંધનકર્તા રહેશે.

બીજા કાયદાનો અમલ.

૧૭. આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઈઓ તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા ઉપરાંતની અને તેનું અલ્પીકરણ ન કરતી હોય તેવી રહેશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

૧૮. આ અધિનિયમથી અથવા તે હેઠળ સત્તા વાપરવા અથવા કાર્યો કરવા માટે અધિકૃત કરેલી કોઈ સમિતિ અથવા તેના સભ્યો, સરકાર અથવા કોઈ અધિકારી અથવા સત્તામંડળ અથવા વ્યકિત વિરુધ્ધ આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે, કોઈપણ દાવો, ફોજદારી કાર્યવાહી અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

સમિતિના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ રાજયસેવક ગણાશે.

૧૯. સમિતિના તમામ સભ્યો અને અધિકારીઓ તથા કર્મચારીઓ, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસાર કાર્ય કરતા હોય અથવા તેમ કરતાં હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક ગણાશે.

સન ૧૮૬૦નો ૪૫મો.

INDEX

નિયમો કરવાની સત્તા.

૨૦. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એવા નિયમોથી, નીચેની તમામ અથવા તે પૈકીની કોઈ બાબત માટે જોગવાઈ કરી શકશે :-

(ક) કલમ ૩ની પેટા-કલમ (૩) હેઠળ ફી નિયમન સમિતિના સભ્યોને ચૂકવવાપાત્ર માનવેતન અને ભથ્થાં તેમજ તેમની સેવાની અન્ય બોલીઓ તથા શરતો બાબત ;

(ખ) કલમ ૯ની પેટા-કલમ (૧) હેઠળ સ્વનિર્ભર શાળા દ્વારા લેવાની ફી બાબત;

(ગ) જે પરિબળો હેઠળ ફી નિયમન સમિતિએ કલમ ૧૦ની પેટા-કલમ (૧)ના ખંડ (૧૧) હેઠળ સ્વનિર્ભર શાળા દ્વારા લેવાપાત્ર ફી નિર્ધારીત કરવી જોઈશે તેવા અન્ય પરિબળો બાબત;

(ઘ) કલમ ૧૩ની પેટા-કલમ (૧) હેઠળ સ્વનિર્ભર શાળા દ્વારા હિસાબોના નિભાવનું નિયમન કરવા બાબત;

(ચ) કલમ ૧૩ની પેટા-કલમ (૨) હેઠળ ફી નિયમન સમિતિના હિસાબોના રેકર્ડના નિભાવ માટે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઈ રદ કરે અથવા કંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

મુશ્કેલી દૂર કરવાની સત્તા.

૨૧. (૧) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં સામાન્ય અથવા ખાસ હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવાના હેતુઓ માટે જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, એવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

ઉદ્દેશો અને કારણો

હાલમાં, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨-ની કલમ ૧૭ના ખંડ (૧૯)થી, સરકારને, નોંધાયેલી (રજિસ્ટર્ડ થયેલી) શાળામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની શરતો ઠરાવવાની સત્તા મળે છે અને તે હેતુ માટે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને આદેશો આપી શકે છે. વધુમાં, ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯, સદરહુ નિયમોની અને બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઈઓનું કડક પાલન કરવાનું પણ ફરમાવે છે. તેમ છતાં, શાળા અને ખાસ કરીને સ્વનિર્ભર શાળા દ્વારા ફીનું નિર્ધારણ ઠરાવતો કોઈપણ કાયદો નથી. એવું ધ્યાન પર આવ્યું છે કે સ્વનિર્ભર શાળા દ્વારા લેવાપાત્ર ફીના ધોરણો ઠરાવતો હોય તેવો કોઈ કાયદો ન હોવાથી, આવી શાળા બેહદ ફી વસૂલ કરે છે. તેથી, પોતાના પાલ્ય માટે સ્વનિર્ભર શાળામાં પ્રવેશ મેળવવા માંગતા માતા-પિતાની તકલીફ ઘટાડવાના હેતુથી, સ્વનિર્ભર શાળા માટે ફીના નિર્ધારણ માટે કાયદા દ્વારા, ખાસ જોગવાઈઓ કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક મહત્વની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવવામાં આવી છે :-

કલમ ૧.- આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને તેના આરંભ માટે જોગવાઈ કરી છે.

કલમ ૨.- આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

કલમો ૩ અને ૪.- આ કલમોથી, ફી નિયમન સમિતિની રચના, તેની હકૂમત અને તેના મુખ્ય મથક માટે જોગવાઈ કરી છે.

કલમ ૫.- આ કલમથી એવી જોગવાઈ કરી છે કે સમિતિમાં ખાલી પડતી જગાઓથી, સમિતિની કાર્યવાહીઓ અમાન્ય ઠરશે નહિ.

કલમ ૬.- આ કલમથી, ફી નિયમન સમિતિએ પોતાની બેઠકમાં નિયમન કરવાની કાર્યરીતિ માટે જોગવાઈ કરી છે.

કલમ ૭.- આ કલમથી, તેમાં દર્શાવ્યા પ્રમાણેના સંજોગો હેઠળ ફી નિયમન સમિતિના અધ્યક્ષ અથવા તેના કોઈ સભ્યની નિમણૂક સમાપ્ત કરવાની રાજય સરકારની સત્તા માટે જોગવાઈ કરી છે.

કલમ ૮.- આ કલમથી, ફી નિયમન સમિતિએ વાપરવાની સત્તા અને કરવાના કાર્યો માટેની જોગવાઈ કરી છે.

INDEX

કલમ ૯.- આ કલમથી, ફી નિયમન સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવામાંથી કોઇ સ્વનિર્ભર શાળાને આપેલી મુકિત માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૦.- આ કલમથી, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જે પરિબળો હેઠળ ફી નિયમન સમિતિએ સ્વનિર્ભર શાળા દ્વારા લેવાપાત્ર ફી નિર્ધારિત કરવી જોઇશે, તેવા પરિબળો માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૧.- આ કલમથી, ફી નિયમન સમિતિએ નક્કી કરેલી ફીથી વધુ કોઇ ફી લેવાની (ઉઘરાવવાની) સ્વનિર્ભર શાળા પર પ્રતિબંધ મૂકયો છે.

કલમ ૧૨.- આ કલમથી, ફી સુધારણા સમિતિની રચના માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૩.- આ કલમથી, સ્વનિર્ભર શાળાના હિસાબોના નિયમન અને તેના રેકર્ડના નિભાવ માટે જોગવાઇ કરી છે.

કલમો ૧૪ અને ૧૫.- આ કલમોથી, આ અધિનિયમ હેઠળ કરેલા ગુના અને તેની શિક્ષા માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૬.- આ કલમથી, અધિનિયમ, તે હેઠળ કરેલા નિયમો અથવા હુકમોની જોગવાઇઓનો અમલ કરવાના હેતુ માટે આદેશો આપવાની રાજય સરકારની સત્તા માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૭.- આ કલમથી એવી જોગવાઇ કરી છે કે આ અધિનિયમની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા ઉપરાંતની અને તેનું અલ્પીકરણ ન કરતી હોય તેવી રહેશે.

કલમ ૧૮.- આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલા કાર્યો માટે સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૯.- આ કલમથી એવી જોગવાઇ કરી છે કે સમિતિના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક ગણાશે.

કલમ ૨૦.- આ કલમથી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૧.- આ કલમથી, રાજય સરકારને, અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

ભુપેન્દ્રસિંહ ચુડાસમા,

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૩ની પેટા-કલમ (૩) અને કલમ ૧૨-ની પેટા-કલમ (૧)થી, રાજય સરકારે બીજી શાળાઓની સાથે શાળાઓના નિયામક (ડિરેકટર)ને અનુદાનના ફાળાની ચુકવણી કરવા ધાર્યું છે. વિધેયક, અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે તો, તેનાથી રાજયના એકત્રિત ફંડમાંથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે રૂપિયા ૧.૫૦ કરોડના અંદાજિત વાર્ષિક ખર્ચનો સમાવેશ થશે. સન ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે અંદાજપત્ર ના અંદાજમાં, રૂપિયા ૧.૫૦ કરોડની જોગવાઇ કરવી જોઇશે, તેમાંથી રૂપિયા ૧.૫૦ કરોડ આવર્તક પ્રકારનું ખર્ચ થશે અને રૂપિયા શૂન્ય કરોડ અનાવર્તક પ્રકારનું ખર્ચ થશે.

ભુપેન્દ્રસિંહ ચુડાસમા,

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૩)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૨.- આ કલમના ખંડ (ગ)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, શૈક્ષણિક જિલ્લો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૩.- આ કલમની પેટા-કલમ (૩)થી, રાજય સરકારને, ફી નિયમન સમિતિના સભ્યોને ચૂકવવાપાત્ર માનદ વેતન અને ભથ્થાં તેમજ તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ફી નિયમન સમિતિના ગાંધીનગર સિવાયના મુખ્ય મથકોના સ્થળ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૯.- આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ઠરાવેલી ફી કરતાં ઓછી ફી વસૂલ કરતી હોય તેવી સ્વનિર્ભર શાળાને ફી નિયમન સમિતિ સમક્ષ ઉપસ્થિત થવામાંથી મુકિત આપવાની સત્તા મળે છે.

કલમ ૧૦.- આ કલમની પેટા-કલમ (૧)ના પરિચ્છેદ (૧૧)થી, રાજય સરકારને, જે પરિબળો હેઠળ ફી નિયમન સમિતિએ સ્વનિર્ભર શાળા દ્વારા લેવાપાત્ર ફી નિર્ધારિત કરવી જોઈશે તેવા, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના પરિબળો સિવાયના બીજા પરિબળો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજય સરકારે, જે રીતે સ્વનિર્ભર શાળાના હિસાબોના નિભાવનું નિયમન કરવું જોઈશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, જે રીતે સ્વનિર્ભર શાળાએ હિસાબોના રેકર્ડ જાળવવા જોઈશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૦.- આ કલમથી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સામાન્ય રીતે અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અને ખાસ કરીને તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બાબતો માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૧.- આ કલમથી, રાજય સરકારને, બે વર્ષની મુદતની અંદર આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં ઊભી થતી મુશ્કેલી, કોઈ હોય, તો તે દૂર કરવા માટે, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૭. **ભુપેન્દ્રસિંહ ચુડાસમા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 80

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 24, 2017/CAITRA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી માર્ચ, ૨૦૧૭

તારીખઃ ૨૪મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત <u>વિધેયક ક્રમાંક : ૨૩</u> નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 23 OF 2017.

THE GUJARAT PRIVATE UNIVERSITIES (SECOND AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Private Universities Act, 2009.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૩ .

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર-એ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકારને અરજી કરી છે; સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

અને ચકાસણી સમિતિએ, સદરહુ અરજીની ચકાસણી કરેલી છે અને ચકાસણી સમિતિના અહેવાલ પરથી, રાજ્ય સરકારે, ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે સંબંધિત પુરસ્કર્તા મંડળને ઇરાદાપત્ર કાઢી આપ્યો છે;

અને રાજ્ય સરકારને ખાતરી થઇ છે કે સદરહુ અધિનિયમની કલમ ૧૦માં જોગવાઇ કર્યા પ્રમાણે, પુરસ્કર્તા મંડળ-એ ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે અને ઇરાદાપત્ર પ્રમાણેનું દેણગી ફંડ પણ સ્થાપ્યું છે;

તેથી, હવે, ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઇઓ અનુસાર, અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના, ઉપર્યુકત પુરસ્કર્તા મંડળના

નામે અને સ્થળે અનુસૂચિના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સંસ્થાને ખાનગી યુનિવર્સિટી તરીકે સમાવેશ કરે છે.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની અનુસૂચિનો સુધારો.

૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૨૫ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી :- સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

અનુક્રમાંક	ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું.	નોંધણી અને નોંધણી નંબરની વિગતો.	પુરસ્કર્તા મંડળ.
૧.	૨.	૩.	૪.
"૨૬.	ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી, ગાંધીનગર.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર. જીયુજે/૧૮૧૩/ગાંધીનગર. તારીખ: ૨૧/૦૩/૨૦૧૧.	જીએમબી એજ્યુકેશન ટ્રસ્ટ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, સેક્ટર ૧૦-એ, એર ફોર્સ સેન્ટરની સામે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦. ગુજરાત.".

ઉદ્દેશો અને કારણો

રાજય સરકારે, ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી, રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા અને અધિનિયમની જોગવાઇઓ અનુસાર તેના કાર્યોનું નિયમન કરવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો) અધિનિયમિત કર્યો છે. સદરહુ અધિનિયમ હેઠળ તે તરીકે જાહેર કરેલ ખાનગી યુનિવર્સિટીએ, સદરહુ અધિનિયમની જોગવાઇઓ મુજબ યુનિવર્સિટીની બાબતોનો વહીવટ કરવાનો હોય છે અને ગવર્નિંગ બોડી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકેડેમિક કાઉન્સિલ અને એવા બીજા અધિકારીમંડળો-એ, સદરહુ અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણેની તેમની ફરજો બજાવવાની હોય છે અને તેમના કાર્યો કરવાના હોય છે અને એવા મંડળોની રચના, સદરહુ અધિનિયમમાં જોગવાઇ કર્યા મુજબની હોવી જોઇશે.

રાજ્ય સરકારને, ગુજરાત મેરિટાઇમ બોર્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર પાસેથી, ગુજરાત મેરિટાઇમ યુનિવર્સિટી, ગાંધીનગર-ની ખાનગી યુનિવર્સિટી તરીકે સ્થાપના કરવા માટેની દરખાસ્ત મળી છે. સદરહુ અધિનિયમની કલમ ૧૦થી એવી જોગવાઇ કરી છે કે રાજય સરકારને એવી ખાતરી થાય કે પુરસ્કર્તા મંડળે, ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે, તો પછી રાજય સરકારે, સદરહુ અધિનિયમની અનુસૂચિમાં યુનિવર્સિટીના નામનો સમાવેશ કરવા માટે યોગ્ય કાયદો લાવવાનો હોય છે. સદરહુ દરખાસ્તની, સદરહુ અધિનિયમની કલમ ૮ હેઠળ નીમાયેલી ચકાસણી સમિતિએ વિચારણા કરી છે અને સમિતિએ તેનો રિપોર્ટ રાજય સરકારને રજૂ કર્યો છે અને એવા રિપોર્ટના આધારે રાજય સરકારને ખાતરી થયા પછી, અધિનિયમની કલમ ૯ હેઠળ જોગવાઇ કર્યા મુજબ ઇરાદાપત્ર કાઢી આપ્યો છે અને પુરસ્કર્તા મંડળે ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું હોવાથી, સદરહુ અધિનિયમની કલમ ૧૦ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે યુનિવર્સિટીના નામને, અધિનિયમની અનુસૂચિમાં સમાવિષ્ટ કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

ભુપેન્દ્રસિંહ ચુડાસમા,

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ(૨) થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૪મી માર્ચ, ૨૦૧૭. ભુપેન્દ્રસિંહ ચુડાસમા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૨૪મી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 81

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 24, 2017/CAITRA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી માર્ચ, ૨૦૧૭

તારીખ: ૨૪મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૨૪** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 24 OF 2017.

THE GUJARAT APPROPRIATION BILL, 2017.

A BILL

to authorise payment and appropriation of certain sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the financial year ending on the thirty-first day of March, 2018.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૪ .

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૭.

સન ૨૦૧૮ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે, ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. આ અધિનિયમ ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. — ટૂંકી સંજ્ઞા.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા એક લાખ બોત્તેર હજાર એકસો ઓગણ્યાએંસી કરોડ, ચોવીસ લાખની રકમ, અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ઉપાડી શકાશે. — સન ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૧૭,૨૧,૭૯,૨૪,૦૦,૦૦૦/- ઉપાડવા બાબત.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો જોઈશે. — વિનિયોગ.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ / મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪		
૧	કૃષિ અને સહકાર વિભાગ	મહેસૂલ	૧૮૪૫૫૫૦૦૦		૧૮૪૫૫૫૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૩૨૫૬૦૭૩૧૦૦૦		૩૨૫૬૦૭૩૧૦૦૦
		મૂડી	૧૨૬૦૦૦૦૦૦૦		૧૨૬૦૦૦૦૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૧૫૫૪૪૪૩૦૦૦		૧૫૫૪૪૪૩૦૦૦
		મૂડી	૯૨૧૪૫૩૦૦૦		૯૨૧૪૫૩૦૦૦
૪	પશુપાલન	મહેસૂલ	૫૬૮૨૬૨૨૦૦૦		૫૬૮૨૬૨૨૦૦૦
૫	સહકાર	મહેસૂલ	૭૫૩૬૦૦૩૦૦૦		૭૫૩૬૦૦૩૦૦૦
		મૂડી	૯૬૫૯૦૧૦૦૦		૯૬૫૯૦૧૦૦૦
૬	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૨૨૧૪૨૯૯૦૦૦		૨૨૧૪૨૯૯૦૦૦
		મૂડી	૨૬૮૦૦૦૦૦૦૦		૨૬૮૦૦૦૦૦૦૦
૭	કૃષિ અને સહકાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨૬૦૦૦૦૦		૨૬૦૦૦૦૦
૮	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૧૦૪૪૮૩૦૦૦		૧૦૪૪૮૩૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૨૧૭૯૬૮૪૧૮૦૦૦	૨૪૧૨૭૦૦૦૦૦	૨૨૦૩૮૧૧૧૮૦૦૦
		મૂડી	૭૧૨૮૪૩૭૦૦૦		૭૧૨૮૪૩૭૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૨૦૩૧૦૦૦		૨૨૦૩૧૦૦૦
		મૂડી	૪૦૬૧૦૦૦૦૦		૪૦૬૧૦૦૦૦૦
૧૧	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૪૪૩૭૮૦૦૦		૪૪૩૭૮૦૦૦
૧૨	કર વસૂલાત અંગેનું ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૨૩૫૫૩૫૦૦૦		૨૩૫૫૩૫૦૦૦
૧૩	વીજ પરિયોજનાઓ	મહેસૂલ	૪૮૨૪૮૯૩૩૦૦૦		૪૮૨૪૮૯૩૩૦૦૦
		મૂડી	૨૭૧૭૨૪૨૨૦૦૦		૨૭૧૭૨૪૨૨૦૦૦
૧૪	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૨૩૧૦૦૦		૯૨૩૧૦૦૦
		મૂડી	૧૬૦૧૦૦૦		૧૬૦૧૦૦૦
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૯૭૬૦૪૯૦૦૦		૯૭૬૦૪૯૦૦૦
૧૬	કર વસૂલાત અંગેનું ખર્ચ (નાણા વિભાગ)	મહેસૂલ	૩૨૧૩૬૬૨૦૦૦		૩૨૧૩૬૬૨૦૦૦
૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૧૮૬૪૮૪૪૦૦૦		૧૮૬૪૮૪૪૦૦૦
૧૮	પેન્શન અને બીજા નિવૃત્તિ લાભો	મહેસૂલ	૧૦૩૧૧૨૦૦૫૦૦૦	૪૦૦૦૦૦૦૦	૧૦૩૧૫૨૦૦૫૦૦૦
૧૯	નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૮૦૬૨૨૦૧૦૦૦		૮૦૬૨૨૦૧૦૦૦
		મૂડી	૧૦૦૭૦૦૦૦૦૦	૧૦૦૦	૧૦૦૭૦૦૧૦૦૦

૨૦	નાણા વિભાગ અને તેની સેવાને લગતું દેવું ભરપાઇ કરવા બાબત	મહેસૂલ	૦	૧૮૪૧૩૩૬૯૮૦૦૦	૧૮૪૧૩૩૬૯૮૦૦૦
		મૂડી	૦	૧૫૭૯૯૭૯૫૦૦૦૦	૧૫૭૯૯૭૯૫૦૦૦૦
૨૧	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ	મહેસૂલ	૩૫૭૩૩૧૦૦૦		૩૫૭૩૩૧૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૬૧૫૦૪૮૦૦૦૦		૬૧૫૦૪૮૦૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ	૫૫૪૭૬૭૦૦૦		૫૫૪૭૬૭૦૦૦
		મૂડી	૧૧૫૨૮૭૮૦૦૦		૧૧૫૨૮૭૮૦૦૦
૨૪	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૦૧૦૦૦		૧૦૧૦૦૦
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૧૩૩૧૩૦૦૦૦		૧૩૩૧૩૦૦૦૦
૨૬	વન	મહેસૂલ	૪૨૨૨૯૯૮૦૦૦	૨૩૦૦૦૦૦	૪૨૨૫૨૯૮૦૦૦
		મૂડી	૪૨૬૫૮૦૪૦૦૦		૪૨૬૫૮૦૪૦૦૦
૨૭	પર્યાવરણ	મહેસૂલ	૨૪૩૩૦૦૦૦૦		૨૪૩૩૦૦૦૦૦
૨૮	વન અને પર્યાવરણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૩૪૪૦૦૦૦		૩૪૪૦૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ		૭૬૯૬૧૦૦૦	૭૬૯૬૧૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૫૭૮૪૨૦૦૦		૫૭૮૪૨૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૩૨૦૧૬૧૦૦૦૦		૩૨૦૧૬૧૦૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૧૩૪૪૦૮૦૦૦	૩૪૭૦૮૦૦૦૦	૪૮૧૪૮૮૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૧૦૭૪૨૧૬૦૦૦		૧૦૭૪૨૧૬૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૩૦૦૪૪૩૦૦૦		૩૦૦૪૪૩૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૭૯૦૩૬૦૦૦	૨૪૩૮૦૦૦	૨૮૧૪૭૪૦૦૦
		મૂડી	૧૦૦૫૩૫૦૦૦૦૦		૧૦૦૫૩૫૦૦૦૦૦
૩૬	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૩૮૫૯૩૩૦૦૦	૪૫૬૦૦૦૦	૩૯૦૪૯૩૦૦૦
૩૭	ગુજરાત વિધાનસભા સચિવાલયમાં સરકારી કર્મચારીઓને લોન અને પેશગી આપવા બાબત	મૂડી	૩૪૦૭૦૦૦	૦	૩૪૦૭૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૧૧૮૦૦૩૦૦૦		૧૧૮૦૦૩૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૪૮૪૧૩૮૧૨૦૦૦		૪૮૪૧૩૮૧૨૦૦૦
		મૂડી	૧૩૯૯૧૨૩૭૦૦૦		૧૩૯૯૧૨૩૭૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૧૦૭૧૪૬૩૯૦૦૦		૧૦૭૧૪૬૩૯૦૦૦
		મૂડી	૪૩૬૨૧૩૦૦૦		૪૩૬૨૧૩૦૦૦
૪૧	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ		૩૩૨૦૦૦૦	૩૩૨૦૦૦૦
		મૂડી	૪૫૦૦૦૦૦	૦	૪૫૦૦૦૦૦
૪૨	ગૃહ વિભાગ	મહેસૂલ	૧૭૧૭૪૭૦૦૦		૧૭૧૭૪૭૦૦૦
૪૩	પોલીસ	મહેસૂલ	૩૯૫૮૧૬૪૪૦૦૦		૩૯૫૮૧૬૪૪૦૦૦
૪૪	જેલ	મહેસૂલ	૧૧૫૭૩૨૭૦૦૦		૧૧૫૭૩૨૭૦૦૦
૪૫	રાજ્ય આબકારી	મહેસૂલ	૨૦૨૦૩૮૦૦૦		૨૦૨૦૩૮૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૨૪૫૧૫૪૦૦૦	૩૫૦૧૦૦૦	૨૨૪૮૬૫૫૦૦૦
		મૂડી	૬૧૬૨૪૮૯૦૦૦		૬૧૬૨૪૮૯૦૦૦
૪૭	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૧૨૫૦૪૪૦૦૦		૧૨૫૦૪૪૦૦૦

૪૮	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૬૯૧૪૪૬૦૦૦		૬૯૧૪૪૬૦૦૦
		મૂડી	૨૪૫૨૫૦૦૦		૨૪૫૨૫૦૦૦
૪૯	ઉદ્યોગ	મહેસૂલ	૨૩૨૪૪૯૫૦૦૦૦		૨૩૨૪૪૯૫૦૦૦૦
		મૂડી	૧૬૫૩૬૦૦૦૦૦		૧૬૫૩૬૦૦૦૦૦
૫૦	ખાણ અને ખનિજ	મહેસૂલ	૨૦૨૩૮૮૪૦૦૦		૨૦૨૩૮૮૪૦૦૦
		મૂડી	૫૧૦૦૦૦૦૦		૫૧૦૦૦૦૦૦
૫૧	પ્રવાસન	મહેસૂલ	૯૨૧૮૧૬૦૦૦		૯૨૧૮૧૬૦૦૦
		મૂડી	૪૫૫૧૦૦૦૦૦૦		૪૫૫૧૦૦૦૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬૮૦૬૫૦૦૦૦		૬૮૦૬૫૦૦૦૦
		મૂડી	૧૬૭૨૦૦૦૦૦૦		૧૬૭૨૦૦૦૦૦૦
૫૩	માહિતી અને પ્રસારણ વિભાગ	મહેસૂલ	૧૭૪૫૧૦૦૦		૧૭૪૫૧૦૦૦
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૧૧૬૧૪૩૫૦૦૦		૧૧૬૧૪૩૫૦૦૦
૫૫	માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૯૫૭૧૪૦૦૦		૧૯૫૭૧૪૦૦૦
		મૂડી	૩૦૦૦૦૦૦		૩૦૦૦૦૦૦
૫૬	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૨૨૩૧૮૦૦૦૦		૨૨૩૧૮૦૦૦૦
૫૭	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૧૦૫૬૮૬૬૯૦૦૦		૧૦૫૬૮૬૬૯૦૦૦
		મૂડી	૬૯૮૫૦૦૦૦૦		૬૯૮૫૦૦૦૦૦
૫૮	શ્રમ અને રોજગાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨૨૦૦૦૦૦		૨૨૦૦૦૦૦
૫૯	કાયદા વિભાગ	મહેસૂલ	૧૬૨૩૩૯૦૦૦		૧૬૨૩૩૯૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૯૫૯૦૦૬૮૦૦૦	૧૬૮૮૪૬૦૦૦૦	૧૧૨૭૮૫૨૮૦૦૦
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬૯૩૩૦૫૦૦૦		૬૯૩૩૦૫૦૦૦
		મૂડી	૧૭૭૦૦૦૦૦		૧૭૭૦૦૦૦૦
૬૨	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ	મહેસૂલ	૭૫૨૫૦૦૦૦		૭૫૨૫૦૦૦૦
૬૩	વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૮૫૦૦૦૦		૮૫૦૦૦૦
૬૪	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	મહેસૂલ	૧૭૧૦૦૨૦૦૦		૧૭૧૦૦૨૦૦૦
૬૫	નર્મદા વિકાસ યોજના	મૂડી	૪૭૦૦૦૦૦૦૦૦		૪૭૦૦૦૦૦૦૦૦
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧૧૪૧૧૦૭૨૦૦૦		૧૧૪૧૧૦૭૨૦૦૦
		મૂડી	૩૪૮૭૪૭૦૪૦૦૦	૪૦૦૦૦૦૦૦	૩૫૨૭૪૭૦૪૦૦૦
૬૭	પાણી પુરવઠો	મહેસૂલ	૧૨૩૯૨૦૦૦૦૦		૧૨૩૯૨૦૦૦૦૦
		મૂડી	૨૦૦૯૫૯૮૦૦૦૦		૨૦૦૯૫૯૮૦૦૦૦
૬૮	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ		૧૦૦૦૦૦૦૦૦૦	૧૦૦૦૦૦૦૦૦૦
		મૂડી	૫૫૦૦૦૦૦		૫૫૦૦૦૦૦
૬૯	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૧૦૩૯૧૧૦૦૦		૧૦૩૯૧૧૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૧૯૩૮૩૩૭૩૦૦૦		૧૯૩૮૩૩૭૩૦૦૦

૭૧	ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ	મહેસૂલ	૧૭૮૫૬૪૨૭૦૦૦	૩૮૧૦૧૦૦૦૦૦	૨૧૬૬૬૫૨૭૦૦૦
૭૨	વળતર અને સોંપણી	મહેસૂલ	૧૩૨૮૪૬૯૦૦૦		૧૩૨૮૪૬૯૦૦૦
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭૦૨૯૪૨૦૦૦૦		૭૦૨૯૪૨૦૦૦૦
		મૂડી	૩૪૫૦૦૦૦૦		૩૪૫૦૦૦૦૦
૭૪	વાહનવ્યવહાર	મહેસૂલ	૫૦૯૩૮૦૪૦૦૦		૫૦૯૩૮૦૪૦૦૦
		મૂડી	૬૨૬૩૨૬૮૦૦૦		૬૨૬૩૨૬૮૦૦૦
૭૫	બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૧૯૦૧૩૦૦૦		૫૧૯૦૧૩૦૦૦
		મૂડી	૨૫૦૦૦૨૦૦૦		૨૫૦૦૦૨૦૦૦
૭૬	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૩૩૧૨૦૫૦૦૦		૩૩૧૨૦૫૦૦૦
૭૭	કર વસૂલાત અંગેનું ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૩૨૮૪૯૬૫૦૦૦		૩૨૮૪૯૬૫૦૦૦
૭૮	જિલ્લા વહીવટ	મહેસૂલ	૫૦૬૧૦૫૭૦૦૦		૫૦૬૧૦૫૭૦૦૦
૭૯	કુદરતી આપત્તિઓને કારણે રાહત	મહેસૂલ	૧૬૧૮૯૫૬૯૦૦૦		૧૬૧૮૯૫૬૯૦૦૦
		મૂડી	૧૧૬૨૫૪૦૦૦૦		૧૧૬૨૫૪૦૦૦૦
૮૦	ડાંગ જિલ્લો	મહેસૂલ	૫૨૬૮૭૮૦૦૦		૫૨૬૮૭૮૦૦૦
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૨૨૪૮૬૫૮૦૦૦	૭૦૦૦૦૦	૨૨૪૯૩૫૮૦૦૦
		મૂડી	૩૦૦૦૦૦	૨૦૦૦૦૦	૫૦૦૦૦૦
૮૨	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૨૧૧૨૦૦૦		૪૨૧૧૨૦૦૦
		મૂડી	૨૬૧૦૦૦૦		૨૬૧૦૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૧૭૪૭૭૭૦૦૦		૧૭૪૭૭૭૦૦૦
૮૪	બિન-રહેણાક મકાનો	મહેસૂલ	૬૬૯૩૧૫૯૦૦૦	૬૨૦૦૦૦૦	૬૬૯૯૩૫૯૦૦૦
		મૂડી	૧૩૩૨૯૯૬૭૦૦૦		૧૩૩૨૯૯૬૭૦૦૦
૮૫	રહેણાક મકાનો	મહેસૂલ	૧૭૫૨૪૯૫૦૦૦		૧૭૫૨૪૯૫૦૦૦
		મૂડી	૩૦૨૭૦૯૪૦૦૦		૩૦૨૭૦૯૪૦૦૦
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૩૨૬૫૮૦૮૧૦૦૦	૪૧૦૫૦૦૦૦	૩૨૬૯૯૧૩૧૦૦૦
		મૂડી	૨૫૨૯૩૮૭૩૦૦૦	૪૦૦૦૦૦૦૦	૨૫૩૩૩૮૭૩૦૦૦
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૧૫૯૦૮૨૦૦૦		૧૫૯૦૮૨૦૦૦
		મૂડી	૨૧૭૯૧૦૦૦૦૦	૯૦૦૦૦૦	૨૧૮૦૦૦૦૦૦૦
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૮૦૨૫૧૦૦૦	૧૭૦૦૦૦૦૦૦	૪૫૦૨૫૧૦૦૦
૮૯	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	મૂડી	૫૪૫૦૦૦૦૦		૫૪૫૦૦૦૦૦
		મહેસૂલ	૨૪૮૫૩૨૪૦૦૦		૨૪૮૫૩૨૪૦૦૦
૯૦	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૯૭૩૧૨૪૦૦૦		૧૯૭૩૧૨૪૦૦૦
		મૂડી	૪૧૫૫૨૦૦૦		૪૧૫૫૨૦૦૦
૯૧	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ	મહેસૂલ	૮૯૮૭૨૦૦૦		૮૯૮૭૨૦૦૦
૯૨	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૧૪૮૭૨૮૬૧૦૦૦	૨૨૩૦૦૦૦૦	૧૪૮૯૫૧૬૧૦૦૦
		મૂડી	૯૦૮૧૪૦૦૦૦		૯૦૮૧૪૦૦૦૦
૯૩	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૩૬૪૪૯૦૬૦૦૦		૩૬૪૪૯૦૬૦૦૦
		મૂડી	૧૫૦૩૭૪૦૦૦		૧૫૦૩૭૪૦૦૦

૯૪	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૬૦૦૦૦૦		૧૬૦૦૦૦૦
૯૫	અનુસૂચિત જાતિ પેટા-યોજના	મહેસૂલ	૩૫૮૨૪૨૫૦૦૦૦		૩૫૮૨૪૨૫૦૦૦૦
		મૂડી	૧૦૨૧૨૬૮૨૦૦૦		૧૦૨૧૨૬૮૨૦૦૦
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મહેસૂલ	૭૯૨૯૮૮૫૦૦૦૦	૬૦૦૦૦૦૦૦	૭૯૩૫૮૮૫૦૦૦૦
		મૂડી	૪૨૩૫૯૨૬૮૦૦૦	૮૦૦૦૦૦૦૦	૪૨૪૩૯૨૬૮૦૦૦
૯૭	રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ	મહેસૂલ	૭૦૧૩૯૦૦૦		૭૦૧૩૯૦૦૦
૯૮	યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	મહેસૂલ	૩૮૬૮૯૬૫૦૦૦		૩૮૬૮૯૬૫૦૦૦
		મૂડી	૮૫૯૯૦૦૦૦૦		૮૫૯૯૦૦૦૦૦
૯૯	રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૧૦૬૦૦૦		૧૧૦૬૦૦૦
૧૦૦	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૫૦૮૪૫૦૦૦		૫૦૮૪૫૦૦૦
૧૦૧	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૧૦૮૧૨૩૪૪૦૦૦	૧૭૫૬૧૦૫૦૦૦	૧૨૫૬૮૪૪૯૦૦૦
૧૦૨	શહેરી વિકાસ	મહેસૂલ	૮૬૧૯૫૯૮૩૦૦૦		૮૬૧૯૫૯૮૩૦૦૦
		મૂડી	૯૦૦૦૦૦૦૦		૯૦૦૦૦૦૦૦
૧૦૩	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગેનું ખર્ચ	મહેસૂલ	૧૫૮૨૦૦૦૦૦	૩૦૦૦૦૦૦૦	૧૮૮૨૦૦૦૦૦
૧૦૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૨૦૧૦૦૦		૩૨૦૧૦૦૦
		મૂડી	૬૦૦૦૦		૬૦૦૦૦
૧૦૫	મહિલા અને બાળવિકાસ વિભાગ	મહેસૂલ	૩૭૬૦૭૦૦૦		૩૭૬૦૭૦૦૦
૧૦૬	મહિલા અને બાળવિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૯૯૬૯૨૭૫૦૦૦	૮૫૦૦૦૦૦	૧૯૯૭૭૭૭૫૦૦૦
		મૂડી	૫૫૪૧૫૦૦૦૦		૫૫૪૧૫૦૦૦૦
૧૦૭	કલાઇમેટ ચેઇન્જ વિભાગ	મહેસૂલ	૧૦૧૦૦૦૦૦		૧૦૧૦૦૦૦૦
૧૦૮	કલાઇમેટ ચેઇન્જ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૬૯૫૦૦૦૦૦		૯૬૯૫૦૦૦૦૦
	કુલ મહેસૂલ	મહેસૂલ	૧૦૭૧૫૨૬૬૦૮૦૦૦	૧૯૫૮૮૯૯૭૩૦૦૦	૧૨૬૭૪૧૬૫૮૧૦૦૦
	કુલ મૂડી	મૂડી	૨૯૫૮૫૬૭૬૮૦૦૦	૧૫૮૫૧૯૦૫૧૦૦૦	૪૫૪૩૭૫૮૧૯૦૦૦
	કુલ સરવાળો		૧૩૬૭૩૮૩૩૭૬૦૦૦	૩૫૪૪૦૯૦૨૪૦૦૦	૧૭૨૧૭૯૨૪૦૦૦૦૦

ઉદ્દેશો અને કારણો

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૦૪ (૧)થી ફરમાવ્યું છે કે વિધાનસભાએ અનુદાન મંજૂર કર્યા પછી,-

(ક) વિધાનસભાએ એ રીતે મંજૂર કરેલા અનુદાનને, અને

(ખ) રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા, પણ વિધાનસભા સમક્ષ અગાઉ મૂકેલા પત્રકમાં દર્શાવેલી રકમ કરતાં કોઈપણ સંજોગોમાં વધુ નહિ તેટલા ખર્ચને,

પહોંચી વળવા માટે જોઈતા તમામ નાણાંનો રાજ્યના એકત્રિત ફંડમાંથી વિનિયોગ કરવા માટેની જોગવાઈ કરવા માટે, બનતી ત્વરાએ, વિધેયક દાખલ કરવું જોઈએ.

તદનુસાર વિધેયકમાં, સન ૨૦૧૮ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ માટે, વિધાનસભાએ મંજૂર કરેલા અનુદાનને અને રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા ખર્ચને પહોંચી વળવા માટે જરૂરી કુલ રકમ નિર્દિષ્ટ કરી છે.

આ રકમો નીચે દર્શાવેલી છેઃ-		₹
(ક)	મહેસૂલી ખર્ચ	૧૨૬૭૪૧૬૫૮૧૦૦૦/-
(ખ)	મૂડી ખર્ચ	૪૫૪૩૭૫૮૧૯૦૦૦/-
	કુલઃ	૧૭૨૧૭૯૨૪૦૦૦૦૦/-

તારીખઃ ૨૪મી માર્ચ, ૨૦૧૭.

નીતિનભાઈ પટેલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૨૪મી માર્ચ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 82

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MARCH 28, 2017/CAITRA 7, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી માર્ચ, ૨૦૧૭

તારીખ : ૨૮મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંક:૧૦ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,

સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 10 OF 2017.

THE GUJARAT PRIVATE UNIVERSITIES (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૨૮મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 10 OF 2017.

AN ACT

further to amend the Gujarat Private Universities Act, 2009.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૦.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૨૮મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર" માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

ગયા પ્રસાદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, પી.પી. સવાણી નોલેજ સિટી, સુરત, શ્રી સરસ્વતી એજ્યુકેશન સંસ્થાન્સ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ, તાલુકો: કડી, જિલ્લો: મહેસાણા, કર્ણાવતી મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ઉવારસદ, જિલ્લો : ગાંધીનગર–એ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઈઓ હેઠળ રાજ્ય સરકારને અરજી કરી છે;

અને ચકાસણી સમિતિએ, સદરહુ અરજીઓની ચકાસણી કરેલી છે અને ચકાસણી સમિતિના અહેવાલ પરથી, રાજ્ય સરકારે, ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે સંબંધિત પુરસ્કર્તા મંડળને ઈરાદાપત્ર કાઢી આપ્યો છે;

અને રાજ્ય સરકારને ખાતરી થઈ છે કે સદરહુ અધિનિયમની કલમ ૧૦માં જોગવાઈ કર્યા પ્રમાણે, પુરસ્કર્તા મંડળોએ ઈરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે અને ઈરાદાપત્ર પ્રમાણેનું દેણગી ફંડ પણ સ્થાપ્યું છે;

તેથી, હવે, ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઈઓ અનુસાર, સદરહુ અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ઉપર્યુકત પુરસ્કર્તા મંડળોના નામે અને સ્થળે અનુસૂચિના કોલમ ૨–માં નિર્દિષ્ટ કરેલી સંસ્થાઓનો ખાનગી યુનિવર્સિટી તરીકે સમાવેશ કરે છે.

INDEX

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની અનુસૂચિનો સુધારો.

૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૨૧ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો દાખલ કરવી:–

અનુક્રમાંક	ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું	નોંધણી અને નોંધણી નંબરની વિગતો	પુરસ્કર્તા મંડળ
૧.	૨.	૩.	૪.
"૨૨.	સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, મુ.:-ભોયણ રાઠોડ, અડાલજ શેરથા રોડ, તાલુકો અને જિલ્લો: ગાંધીનગર.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર: ઈ/૧૮૦૫૦, અમદાવાદ. તારીખ: ૦૭/૦૫/૨૦૦૭.	ગયા પ્રસાદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, ૩૫, વર્લ્ડ બિઝનેસ હાઉસ, પરિમલ ગાર્ડન નજીક, એલિસ બ્રિજ, અમદાવાદ, ગુજરાત.
૨૩.	પી.પી. સવાણી યુનિવર્સિટી, મુકામ અને ગામ ઘામડોદ, કોસંબા નજીક, તાલુકો: માંગરોળ, જિલ્લો: સુરત.	કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર: યુ૮૦૯૦૪જીજે૨૦૧૫ એનપીએલ૦૮૨૫૭૭. તારીખ: ૧૩/૦૩/૨૦૧૫.	પી.પી.સવાણી નોલેજ સિટી, માનસી બિલ્ડિંગ, સિદ્ધકુટિર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કાપોદ્રા, સુરત, ગુજરાત.
૨૪.	ઈન્દ્રશિલ યુનિવર્સિટી, ઘોલેરા, મુ. પોસ્ટ: રતનપુર, તાલુકો: ધંધુકા, જિલ્લો: અમદાવાદ.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. ઈ/ ૧૪૭૩, ગાંધીનગર. તારીખ: ૧૪/૦૯/૨૦૦૮.	શ્રી સરસ્વતી એજ્યુકેશન સંસ્થાન ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ, મુ. પોસ્ટ: રાજપુર, તાલુકો: કડી, જિલ્લો: મહેસાણા, ગુજરાત.
૨૫.	કર્ણાવતી યુનિવર્સિટી, ઉવારસદ, જિલ્લો : ગાંધીનગર.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. ઈ/૧૬૩૭૯/અમદાવાદ. તારીખ : ૨૪/૧૦/૨૦૧૦.	કર્ણાવતી મેડિકલ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ, ઉવારસદ, જિલ્લો : ગાંધીનગર, ગુજરાત.".

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 83

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MARCH 28, 2017/CAITRA 7, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ** ના તારીખ : ૦૯મી જાન્યુઆરી, ૨૦૧૭ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ-૨૦૧૭-૦૧-બીઆરટી-૧૦૨૦૦૮-૩૧૭-ડી-૩** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Care Taker(Electrical), Class-III, in the Commissionerate of Geology and Mining, Recruitment Rules, 2017.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, કેર ટેકર(ઇલેક્ટ્રિકલ), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધિનગર, ૯મી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીયુ-૨૦૧૭-૦૧-બીઆરટી-૧૦૨૦૦૮-૩૧૭-ડી-૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કેર ટેકર(ઇલેક્ટ્રિકલ), વર્ગ-૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો,ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં,કેર ટેકર, વર્ગ-૩,ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કેર ટેકર(ઇલેક્ટ્રિકલ), વર્ગ-૩ની જગા ઉપરની નિમણૂક, જેણે:-

(ક) (૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીનીતાબાની સેવામાં, મિસ્ત્રી,વર્ગ-૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો,૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારીની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપરપેટા-ખંડ(૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ(૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બેતૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ-૨માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ટેકનિકલ પરીક્ષા બોર્ડ અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણ માંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ

યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગમાં દ્વિતિય વર્ગનો ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે:

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(૩) ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક–ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.જી.ચૌધરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 84

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 1962

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MARCH 30, 2017/CAITRA 9, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી માર્ચ, ૨૦૧૭

તારીખ: ૩૦મી માર્ચ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૧૧** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 11 OF 2017.

THE GUJARAT MARITIME BOARD (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૩૦મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 11 OF 2017.

AN ACT

further to amend the Gujarat Maritime Board Act, 1981.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૩૦મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા. ૧. આ અધિનિયમ ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૨૨ક-નો સુધારો. સન ૧૯૮૧નો ગુજરાતનો ૩૦મો. ૨. ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧-માં, કલમ ૨૨ક-માં, પેટા-કલમ (૩)માં, ''રાજય સરકારે, લીધેલા રાજય ચાર્જના પંદર ટકાના દરે ગણતરી કરેલું'' એ શબ્દોને બદલે, ''રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા દરે'' એ શબ્દો મૂકવા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 85

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 31, 2017/CAITRA 10, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૧૭.

તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૧૭-ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન **૨૦૧૭**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૧૨**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 12 OF 2017.

THE GUJARAT MOTOR VEHICLES TAX (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૩૧મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 12 OF 2017.

AN ACT

further to amend the Gujarat Motor Vehicles Tax Act, 1958.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૨ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૪-નો સુધારો.

૨. ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૪માં,- સન ૧૯૫૮નો મુંબઈનો ૬૫મો.

INDEX

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (૧)ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ-

અનુક્રમાંક	વાહનનું વર્ણન	ચુકવણીની રીત
''(૧)(ક)	મુકરર ઓમ્નિબસ સિવાયના સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા ભાડે (ચલાવવા માટે) અથવા બદલા માટે વપરાતા વાહનો.	વાર્ષિક અથવા ત્રિમાસિક, રાજ્ય સરકારે કલમ ૩ હેઠળ નક્કી કરેલા દરે અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.
(ખ)	સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા ખાનગી સેવા વાહનો.	વાર્ષિક અથવા ત્રિમાસિક, રાજ્ય સરકારે કલમ ૩ હેઠળ નક્કી કરેલા દરે અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.
(ગ)	કૃષિવિષયક હેતુ સિવાયના હેતુ માટે વપરાતા ટ્રેક્ટર અને ભાર લાદ્યા વગર જેનું વજન ૨૦૦૦ કિલોગ્રામ કરતાં વધારે હોય પણ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવા બાંધકામ સાધનોના વાહનો.	વાર્ષિક અથવા ત્રિમાસિક, રાજ્ય સરકારે કલમ ૩ હેઠળ નક્કી કરેલા દરે અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.
(ઘ)	ઉપર જણાવેલા વાહનો સિવાયના વાહનો.	વાર્ષિક અથવા ત્રિમાસિક.'';

(૨) પેટા-કલમ (૧કક)માં, વિદ્યમાન કોષ્ટકને બદલે, નીચેનું કોષ્ટક મૂકવું:-

અનુક્રમાંક	વાહનનું વર્ણન	ચુકવણીની રીત
''(ક)	પહેલી અનુસૂચિના ખંડ-૩માં નિર્દિષ્ટ કરેલા અને સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા મોટર વાહનો.	વાર્ષિક અથવા અર્ધ વાર્ષિકની બાબતમાં, વાર્ષિક દરના અડધા જેટલા દર વત્તા તેના દસ ટકા અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.
(ખ)	વધુમાં વધુ બાર ઉતારુઓને લઈ જવાની પરવાનગી આપેલ, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલી મુકરર ઓમ્નિબસના કિસ્સામાં.	વાર્ષિક અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલો ઊચક વેરો.''.

(૩) પેટા-કલમ (૧કખખ)માં, ખંડ (૧)માં, નીચેનો પરંતુક દાખલ કરવોઃ-

''પરંતુ પ્રથમ અનુસૂચિ હેઠળ આવતા મોટર વાહનોના માલિક અથવા તેનો કબજો અથવા નિયંત્રણ ધરાવતી વ્યક્તિ, મહિનાની પંદરમી તારીખ પછી પોતાનું વાહન રજિસ્ટ્રેશન માટે લાવે, ત્યારે તેઓ, મહિનાની બાકી રહેતી મુદતના દરેક દિવસ માટે, વેરાના વાર્ષિક દરના એક બારાંશ ટકાના દરે, એક દિવસના વેરાની રકમ જેટલી રકમનો વેરો ચૂકવવા જવાબદાર થશે અને જે મહિનામાં વાહન રજિસ્ટ્રેશન માટે લાવવામાં આવ્યું હોય તે મહિનાના તરત પછીના મહિનાથી ઉપરનો ખંડ લાગુ પડશે.''.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬માં, પેટા-કલમ (૧)માં, નીચેનો પરંતુક દાખલ કરવોઃ- સન ૧૯૫૮ના મુંબઈના ૬૫-મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

''પંરતુ ચુકવણીની ઓનલાઈન પદ્ધતિ ઉપલભ્ય હોય, ત્યારે રાજ્યમાં ઉપયોગમાં લેવાતા અથવા ઉપયોગમાં લેવા માટે રાખેલાં મોટર વાહનના રજિસ્ટર થયેલા માલિકે અથવા જેના કબજામાં અથવા નિયંત્રણ હેઠળ આવું વાહન હોય તે વ્યક્તિએ, સ્વ-એકરાર પત્ર (Self-declaration form) ભરવું જોઈશે અને તેની કાયદેસરતા, ઉપર નિર્દિષ્ટ કરેલા એકરાર જેવી જ કાયદેસરતા ગણાશે.''.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯માં, ''છ મહિના સુધીની મુદતની કેદની અને વણચૂકવાયેલા વેરાની રકમની બમણી રકમ અને લેણા થતા વ્યાજની રકમ જેટલી રકમના દંડની શિક્ષા થશે.'' એ શબ્દોને બદલે, ''છ મહિના સુધીની મુદતની કેદની અથવા વણચૂકવાયેલા વેરાની રકમની બમણી રકમ અને લેણા થતા વ્યાજની રકમ જેટલી રકમના દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે.'' એ શબ્દો મૂકવા. સન ૧૯૫૮ના મુંબઈના ૬૫-મા અધિનિયમની કલમ ૧૯નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, પહેલી અનુસૂચિમાં,- સન ૧૯૫૮ના મુંબઈના ૬૫-મા અધિનિયમની પહેલી અનુસૂચિનો સુધારો.

(૧) ખંડ ૩માં,-

(૧) બાબત (ઘ)માં, કોલમ ૨-માં, ''૭૫૦૦ કિલો ગ્રામ કરતાં વધારે હોય તેવા'' એ આંકડા અને શબ્દો ને બદલે, ''૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે હોય તેવા સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા'' એ આંકડા અને શબ્દો મૂકવા;

(૨) બાબત (ચ) પછી, કોલમ ૨-માં, નીચેની નવી બાબત દાખલ કરવી :-

''(ચચ) હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજ્યમાં લાવવામાં આવેલા અથવા ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલા કુલ (ગ્રોસ) વજન ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે હોય તેવા વાહનો.'';

(૨) ખંડ ૪માં, શીર્ષકમાં, ''મુકરર ઓમ્નિબસ'' એ શબ્દો પહેલાં, ''સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા અથવા હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજયમાં લાવવામાં આવેલા અથવા ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલા'' એ શબ્દો અને આંકડા ઉમેરવા;

(૩) ખંડ ૪-ક-માં, કોલમ ૨-માં, ''ખાનગી સેવા વાહનો'' એ શબ્દોને બદલે, ''સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા ખાનગી સેવા વાહનો અથવા હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજયમાં લાવવામાં આવેલા અથવા ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલા વાહનો'' એ શબ્દો અને આંકડા મૂકવા;

(૪) ખંડ ૪-કકક-માં,-

(ક) બાબત (ક)માં, કોલમ ૨-માં, પેટા-બાબત (૧)માં, ''મેકસી કેબ સહિત'' એ શબ્દોને બદલે, ''સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલી અથવા હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજયમાં લાવવામાં આવેલી અથવા ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલી'' એ શબ્દો અને આંકડા મૂકવા;

(ખ) બાબત (ખ)માં, કોલમ ૨-માં, પેટા-બાબત (૧)ને બદલે, નીચેની પેટા-બાબત મૂકવી :-

''(૧)	બાર કરતાં વધારે ન હોય તેટલા ઉતારુઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલી લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમ્નિબસ.
(૧-ક)	બાર કરતાં વધારે, પરંતુ વીસ કરતાં ઓછા ઉતારુઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલી લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમ્નિબસ.'';

(૧) ખંડ ૬-માં, બાબત (છ)માં, કોલમ ૨-માં, પેટા-બાબતો (૧) અને (૨)ને બદલે, નીચેની પેટા-બાબતો મૂકવી :-

''(૧) રિગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલી હોય કે ન હોય અને ભાર લાદ્યા વગર ૨૦૦૦ કિલોગ્રામ કરતા વધુ વજનના, પરંતુ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વજનમાં વધારે નહિ તેવા સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા અથવા હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજયમાં લાવવામાં આવેલા અથવા ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવેલા ટ્રેકટર.
(૨)(ક) કોઈ ઉતારુઓ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધાર્યું ન હોય અને જેને રિગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલી હોય અને જેનો કોઈ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે અથવા કોઈ બાંધકામ સાધનના વાહનો અથવા ખોટકાયેલા વાહનોને ખેંચવા માટે ઉપયોગ કરાતી બ્રેકડાઉન વાન તરીકે ઉપયોગ કરવામાં આવતો હોય તેવા ભાર લાદ્યા વગર ૨૦૦૦ કિલોગ્રામ કરતાં વધુ વજનના, પરંતુ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વજનમાં વધારે નહિ એવા સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા અથવા હંગામી મુદત માટે ઉપયોગમાં લેવા માટે રાજયમાં લાવવામાં આવેલા કોઈ મોટર વાહનો;
(ખ) કોઈ ઉતારુઓ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈ સાધનસામગ્રી બેસાડેલ હોય અને જેનો કોઈ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે અથવા કોઈ બાંધકામ સાધનના વાહનો અથવા ખોટકાયેલા વાહનોને ખેંચવા માટે ઉપયોગ કરાતી બ્રેકડાઉન વાન તરીકે ઉપયોગ કરાતો હોય તેવા ભાર લાદ્યા વગર ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજન ધરાવતાં કોઈ મોટર વાહનો.''.

૬. મુખ્ય અધિનિયમમાં, બીજી અનુસૂચિમાં, ભાગ-૧માં,-

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની બીજી અનુસૂચિનો સુધારો.

(૧) કોલમ ૨માં, ''સન ૨૦૦૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે'' એ આંકડા, અક્ષરો અને શબ્દોને બદલે, ''સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે''એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા.

(૨) ખંડ ૧માં, કોલમ ૨માં, પેટા-ખંડ (૪) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :-

''(૫) ભાર લાદ્યા વગર ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધુ વજનના ન હોય તેવા, કૃષિવિષયક હેતુઓ સિવાયના બીજા હેતુઓ માટે ઉપયોગ કરાતા અને રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ હોય કે ન હોય તેવા ટ્રેકટર અથવા કોઈ ઉતારુ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ હોય અને જેનો કોઈ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે ઉપયોગ કરાતો હોય તેવા કોઈ મોટર વાહનો અથવા કોઈ બાંધકામ સાધનના ભારવહન વાહનો.'';

(૩) ખંડ ૨માં, કોલમ ૨માં, પેટા-ખંડ (૩) પછી, નીચેના પેટા-ખંડો ઉમેરવા :-

''(૪) બાર કરતાં વધુ ન હોય તેટલા ઉતારુઓને લઈ જવા માટે લાઈસન્સ આપેલ મુકરર ઓમ્નિબસ.

(૫) મુકરર ઓમ્નિબસો સિવાયના મોટર વાહનો.'';

(૪) ખંડ ૨ પછી, નીચેનો ખંડ દાખલ કરવો :-

''૨ ક. ખાનગી સેવા વાહનો.'';

(૫) ખંડ ૩માં, કોલમ ૨માં, ''વાહનમાં કુલ વજન ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવા'' એ શબ્દો, આંકડા અને અક્ષરો કમી કરવા;

(૬) સ્પષ્ટીકરણ ૭ પછી, નીચેનું સ્પષ્ટીકરણ ઉમેરવું:-

''સ્પષ્ટીકરણ ૮.- આ અનુસૂચિ હેઠળ ઊચક વેરાની ગણતરી કરવાના હેતુ માટે, જોડેલા વાહનો અને ટ્રેકટર-ટ્રેઈલર જોડેલું હોય એવા કિસ્સામાં, ટ્રેકટરની વેચાણ કિંમત અને ટ્રેઈલર અથવા, યથાપ્રસંગ સેમી-ટ્રેઈલરની વેચાણ કિંમતનો કુલ સરવાળો વેચાણ કિંમત ગણાશે.''.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની ત્રીજી અનુસૂચિનો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, ત્રીજી અનુસૂચિમાં, ભાગ-૧માં,-

(૧) કોલમ ૨માં, ''સન ૨૦૦૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અથવા તે પછી ગુજરાત રાજયમાં રજિસ્ટર થયેલા હેરફેરના વાહનો હોય તેવા મોટર વાહનો'' એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, ''સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા મોટર વાહનો'' એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા;

(૨) ખંડ ૧ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''૧. બારથી વધુ નહિ તેટલા ઉતારુઓને લઈ જવા માટે લાઈસન્સ આપેલ મુકરર ઓમ્નિબસ.'';

(૩) ખંડ ૧ પછી, નીચેના ખંડો દાખલ કરવા :-

INDEX

"૧ક. મુકરર ઓમ્નિબસ સિવાયના ભાડાં અથવા બદલા માટે ચલાવાતા અને ઉતારુઓને લઇ જવા માટે ઉપયોગ કરાતા ટ્રાઇસિકલ સહિતના મોટર વાહનો.

૧ખ. ખાનગી સેવા વાહનો.";

(૪) ખંડ ૩ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

"૩. જેનું કુલ વાહન વજન ૭૫૦૦ કિલોગ્રામથી વધુ હોય તેવા માલ અથવા સામગ્રી લઇ જવા માટે વપરાતાં મોટર વાહનો.";

(૫) ખંડ ૪ કમી કરવો;

(૬) એવી રીતે કમી કરેલ ખંડ ૪ પછી, નીચેનો ખંડ ઉમેરવો :-

"૫. ભાર લાદ્યા વગર ૨૦૦૦ કિલોગ્રામ કરતાં વધુ પણ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધુ નહિ તેટલું વજન ધરાવતાં, રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઇપણ સાધનસામગ્રી બેસાડેલ હોય કે ન હોય તેવા ટ્રેકટર અથવા કોઇ ઉતારુ, માલ અથવા બીજા ભારને લઇ જવા ધારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઇ સાધનસામગ્રી બેસાડેલ હોય અને જેનો કોઇ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે ઉપયોગ કરાતો હોય તેવા કોઇ મોટર વાહનો અથવા કોઇ બાંધકામ સાધનના વાહનો.".

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 86

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 31, 2017/CAITRA 10, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૭.

તારીખ : ૩૧ એપ્રિલ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ

INDEX

INDEX

GUJARAT ACT NO. 13 OF 2017.

THE GUJARAT APPROPRIATION ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૩૧મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 13 OF 2017.

AN ACT

to authorise payment and appropriation of certain sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the financial year ending on the thirty-first day of March, 2018.

સન ૨૦૧૭ નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૩ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

સન ૨૦૧૮ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે, ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. આ અધિનિયમ ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા એક લાખ બોત્તેર હજાર એકસો ઓગણ્યાએંસી કરોડ, ચોવીસ લાખની રકમ, અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ઉપાડી શકાશે. સન ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ૧૭,૨૧,૭૯,૨૪,૦૦,૦૦૦ ઉપાડવા બાબત.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો જોઈશે. વિનિયોગ.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)					
મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ / મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			`	`	`
૧	૨	૩	૪		
૧	કૃષિ અને સહકાર વિભાગ	મહેસૂલ	૧૮૪૫૫૫૦૦૦		૧૮૪૫૫૫૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૩૨૫૬૦૭૩૧૦૦૦		૩૨૫૬૦૭૩૧૦૦૦
		મૂડી	૧૨૬૦૦૦૦૦૦		૧૨૬૦૦૦૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૧૫૫૪૪૪૩૦૦૦		૧૫૫૪૪૪૩૦૦૦
		મૂડી	૯૨૧૪૫૩૦૦૦		૯૨૧૪૫૩૦૦૦
૪	પશુપાલન	મહેસૂલ	૫૬૮૨૬૨૨૦૦૦		૫૬૮૨૬૨૨૦૦૦
૫	સહકાર	મહેસૂલ	૭૫૩૬૦૦૩૦૦૦		૭૫૩૬૦૦૩૦૦૦
		મૂડી	૯૬૫૯૦૧૦૦૦		૯૬૫૯૦૧૦૦૦
૬	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૨૨૧૪૨૯૯૦૦૦		૨૨૧૪૨૯૯૦૦૦
		મૂડી	૨૬૮૦૦૦૦૦૦		૨૬૮૦૦૦૦૦૦
૭	કૃષિ અને સહકાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨૬૦૦૦૦૦		૨૬૦૦૦૦૦
૮	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૧૦૪૪૮૩૦૦૦		૧૦૪૪૮૩૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૨૧૭૯૬૮૪૧૮૦૦૦	૨૪૧૨૭૦૦૦૦૦	૨૨૦૩૮૧૧૧૮૦૦૦
		મૂડી	૭૧૨૮૪૩૭૦૦૦		૭૧૨૮૪૩૭૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૨૦૩૧૦૦૦		૨૨૦૩૧૦૦૦
		મૂડી	૪૦૬૧૦૦૦૦૦		૪૦૬૧૦૦૦૦૦
૧૧	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૪૪૩૭૮૦૦૦		૪૪૩૭૮૦૦૦
૧૨	કર વસૂલાત અંગેનું ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૨૩૫૫૩૫૦૦૦		૨૩૫૫૩૫૦૦૦
૧૩	વીજ પરિયોજનાઓ	મહેસૂલ	૪૮૨૪૮૯૩૩૦૦૦		૪૮૨૪૮૯૩૩૦૦૦
		મૂડી	૨૭૧૭૨૪૨૨૦૦૦		૨૭૧૭૨૪૨૨૦૦૦
૧૪	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૨૩૧૦૦૦		૯૨૩૧૦૦૦
		મૂડી	૧૬૦૧૦૦૦		૧૬૦૧૦૦૦
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૯૭૬૦૪૯૦૦૦		૯૭૬૦૪૯૦૦૦
૧૬	કર વસૂલાત અંગેનું ખર્ચ (નાણા વિભાગ)	મહેસૂલ	૩૨૧૩૬૬૨૦૦૦		૩૨૧૩૬૬૨૦૦૦
૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૧૮૬૪૮૪૪૦૦૦		૧૮૬૪૮૪૪૦૦૦
૧૮	પેન્શન અને બીજા નિવૃત્તિ લાભો	મહેસૂલ	૧૦૩૧૧૨૦૦૫૦૦૦	૪૦૦૦૦૦૦૦	૧૦૩૧૫૨૦૦૫૦૦૦
૧૯	નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૮૦૬૨૨૨૦૧૦૦૦		૮૦૬૨૨૨૦૧૦૦૦

		મૂડી	૧૦૦૭૦૦૦૦૦૦	૧૦૦૦	૧૦૦૭૦૦૧૦૦૦
૨૦	નાણા વિભાગ અને તેની સેવાને લગતું દેવું ભરપાઇ કરવા બાબત	મહેસૂલ	૦	૧૮૪૧૩૩૬૯૮૦૦૦	૧૮૪૧૩૩૬૯૮૦૦૦
		મૂડી	૦	૧૫૭૯૯૭૯૫૦૦૦૦	૧૫૭૯૯૭૯૫૦૦૦૦
૨૧	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ	મહેસૂલ	૩૫૭૩૩૧૦૦૦		૩૫૭૩૩૧૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૬૧૫૦૪૮૦૦૦૦		૬૧૫૦૪૮૦૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ	૫૫૪૭૬૭૦૦૦		૫૫૪૭૬૭૦૦૦
		મૂડી	૧૧૫૨૮૭૮૦૦૦		૧૧૫૨૮૭૮૦૦૦
૨૪	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૦૧૦૦૦		૧૦૧૦૦૦
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૧૩૩૧૩૦૦૦૦		૧૩૩૧૩૦૦૦૦
૨૬	વન	મહેસૂલ	૪૨૨૨૯૯૮૦૦૦	૨૩૦૦૦૦૦	૪૨૨૫૨૯૮૦૦૦
		મૂડી	૪૨૬૫૮૦૪૦૦૦		૪૨૬૫૮૦૪૦૦૦
૨૭	પર્યાવરણ	મહેસૂલ	૨૪૩૩૦૦૦૦૦		૨૪૩૩૦૦૦૦૦
૨૮	વન અને પર્યાવરણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૩૪૪૦૦૦૦		૩૪૪૦૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ		૭૬૯૬૧૦૦૦	૭૬૯૬૧૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૫૭૮૪૨૦૦૦		૫૭૮૪૨૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૩૨૦૧૬૧૦૦૦૦		૩૨૦૧૬૧૦૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૧૩૪૪૦૮૦૦૦	૩૪૭૦૮૦૦૦૦	૪૮૧૪૮૮૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૧૦૭૪૨૧૬૦૦૦		૧૦૭૪૨૧૬૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૩૦૦૪૪૩૦૦૦		૩૦૦૪૪૩૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૭૯૦૩૬૦૦૦	૨૪૩૮૦૦૦	૨૮૧૪૭૪૦૦૦
		મૂડી	૧૦૦૫૩૫૦૦૦૦૦		૧૦૦૫૩૫૦૦૦૦૦
૩૬	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૩૮૫૯૩૩૦૦૦	૪૫૬૦૦૦૦	૩૯૦૪૯૩૦૦૦
૩૭	ગુજરાત વિધાનસભા સચિવાલયમાં સરકારી કર્મચારીઓને લોન અને પેશગી આપવા બાબત	મૂડી	૩૪૦૭૦૦૦	૦	૩૪૦૭૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૧૧૮૦૦૩૦૦૦		૧૧૮૦૦૩૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૪૮૪૧૩૮૧૨૦૦૦		૪૮૪૧૩૮૧૨૦૦૦
		મૂડી	૧૩૯૯૧૨૩૭૦૦૦		૧૩૯૯૧૨૩૭૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૧૦૭૧૪૬૩૯૦૦૦		૧૦૭૧૪૬૩૯૦૦૦
		મૂડી	૪૩૬૨૧૩૦૦૦		૪૩૬૨૧૩૦૦૦
૪૧	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ		૩૩૨૦૦૦૦	૩૩૨૦૦૦૦
		મૂડી	૪૫૦૦૦૦૦	૦	૪૫૦૦૦૦૦
૪૨	ગૃહ વિભાગ	મહેસૂલ	૧૭૧૭૪૭૦૦૦		૧૭૧૭૪૭૦૦૦
૪૩	પોલીસ	મહેસૂલ	૩૯૫૮૧૬૪૪૦૦૦		૩૯૫૮૧૬૪૪૦૦૦
૪૪	જેલ	મહેસૂલ	૧૧૫૭૩૨૭૦૦૦		૧૧૫૭૩૨૭૦૦૦
૪૫	રાજ્ય આબકારી	મહેસૂલ	૨૦૨૦૩૮૦૦૦		૨૦૨૦૩૮૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૨૪૫૧૫૪૦૦૦	૩૫૦૧૦૦૦	૨૨૪૮૬૫૫૦૦૦

INDEX

		મૂડી	૬૧૬૨૪૮૯૦૦૦		૬૧૬૨૪૮૯૦૦૦
૪૭	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૧૨૫૦૪૪૦૦૦		૧૨૫૦૪૪૦૦૦
૪૮	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૬૯૧૪૪૬૦૦૦		૬૯૧૪૪૬૦૦૦
		મૂડી	૨૪૫૨૫૦૦૦		૨૪૫૨૫૦૦૦
૪૯	ઉદ્યોગ	મહેસૂલ	૨૩૨૪૪૯૫૦૦૦૦		૨૩૨૪૪૯૫૦૦૦૦
		મૂડી	૧૬૫૩૬૦૦૦૦૦		૧૬૫૩૬૦૦૦૦૦
૫૦	ખાણ અને ખનિજ	મહેસૂલ	૨૦૨૩૮૮૪૦૦૦		૨૦૨૩૮૮૪૦૦૦
		મૂડી	૫૧૦૦૦૦૦૦		૫૧૦૦૦૦૦૦
૫૧	પ્રવાસન	મહેસૂલ	૯૨૧૮૧૬૦૦૦		૯૨૧૮૧૬૦૦૦
		મૂડી	૪૫૫૧૦૦૦૦૦૦		૪૫૫૧૦૦૦૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬૮૦૬૫૦૦૦૦		૬૮૦૬૫૦૦૦૦
		મૂડી	૧૬૭૨૦૦૦૦૦૦		૧૬૭૨૦૦૦૦૦૦
૫૩	માહિતી અને પ્રસારણ વિભાગ	મહેસૂલ	૧૭૪૫૧૦૦૦		૧૭૪૫૧૦૦૦
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૧૧૬૧૪૩૫૦૦૦		૧૧૬૧૪૩૫૦૦૦
૫૫	માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૯૫૭૧૪૦૦૦		૧૯૫૭૧૪૦૦૦
		મૂડી	૩૦૦૦૦૦૦		૩૦૦૦૦૦૦
૫૬	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૨૨૩૧૮૦૦૦૦		૨૨૩૧૮૦૦૦૦
૫૭	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૧૦૫૬૮૬૬૯૦૦૦		૧૦૫૬૮૬૬૯૦૦૦
		મૂડી	૬૯૮૫૦૦૦૦૦		૬૯૮૫૦૦૦૦૦
૫૮	શ્રમ અને રોજગાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨૨૦૦૦૦૦		૨૨૦૦૦૦૦
૫૯	કાયદા વિભાગ	મહેસૂલ	૧૬૨૩૩૯૦૦૦		૧૬૨૩૩૯૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૯૫૯૦૦૬૮૦૦૦	૧૬૮૮૪૬૦૦૦૦	૧૧૨૭૮૫૨૮૦૦૦
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬૯૩૩૦૫૦૦૦		૬૯૩૩૦૫૦૦૦
		મૂડી	૧૭૭૦૦૦૦૦		૧૭૭૦૦૦૦૦
૬૨	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ	મહેસૂલ	૭૫૨૫૦૦૦૦		૭૫૨૫૦૦૦૦
૬૩	વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૮૫૦૦૦૦		૮૫૦૦૦૦
૬૪	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	મહેસૂલ	૧૭૧૦૦૨૦૦૦		૧૭૧૦૦૨૦૦૦
૬૫	નર્મદા વિકાસ યોજના	મૂડી	૪૭૦૦૦૦૦૦૦૦૦		૪૭૦૦૦૦૦૦૦૦૦
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧૧૪૧૧૦૭૨૦૦૦		૧૧૪૧૧૦૭૨૦૦૦
		મૂડી	૩૪૮૭૪૭૦૪૦૦૦	૪૦૦૦૦૦૦૦૦	૩૫૨૭૪૭૦૪૦૦૦
૬૭	પાણી પુરવઠો	મહેસૂલ	૧૨૩૯૨૦૦૦૦૦		૧૨૩૯૨૦૦૦૦૦
		મૂડી	૨૦૦૯૫૯૮૦૦૦૦		૨૦૦૯૫૯૮૦૦૦૦
૬૮	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા	મહેસૂલ		૧૦૦૦૦૦૦૦૦૦	૧૦૦૦૦૦૦૦૦૦

	અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૫૫૦૦૦૦૦		૫૫૦૦૦૦૦
૬૯	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૧૦૩૯૧૧૦૦૦		૧૦૩૯૧૧૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૧૯૩૮૩૩૭૩૦૦૦		૧૯૩૮૩૩૭૩૦૦૦
૭૧	ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ	મહેસૂલ	૧૭૮૫૬૪૨૭૦૦૦	૩૮૧૦૧૦૦૦૦૦	૨૧૬૬૬૫૨૭૦૦૦
૭૨	વળતર અને સોંપણી	મહેસૂલ	૧૩૨૮૪૬૯૦૦૦		૧૩૨૮૪૬૯૦૦૦
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭૦૨૯૪૨૦૦૦૦		૭૦૨૯૪૨૦૦૦૦
		મૂડી	૩૪૫૦૦૦૦૦		૩૪૫૦૦૦૦૦
૭૪	વાહનવ્યવહાર	મહેસૂલ	૫૦૯૩૮૦૪૦૦૦		૫૦૯૩૮૦૪૦૦૦
		મૂડી	૬૨૬૩૨૬૮૦૦૦		૬૨૬૩૨૬૮૦૦૦
૭૫	બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૧૯૦૧૩૦૦૦		૫૧૯૦૧૩૦૦૦
		મૂડી	૨૫૦૦૦૨૦૦૦		૨૫૦૦૦૨૦૦૦
૭૬	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૩૩૧૨૦૫૦૦૦		૩૩૧૨૦૫૦૦૦
૭૭	કર વસૂલાત અંગેનું ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૩૨૮૪૯૬૫૦૦૦		૩૨૮૪૯૬૫૦૦૦
૭૮	જિલ્લા વહીવટ	મહેસૂલ	૫૦૬૧૦૫૭૦૦૦		૫૦૬૧૦૫૭૦૦૦
૭૯	કુદરતી આપત્તિઓને કારણે રાહત	મહેસૂલ	૧૬૧૮૯૫૬૯૦૦૦		૧૬૧૮૯૫૬૯૦૦૦
		મૂડી	૧૧૬૨૫૪૦૦૦૦		૧૧૬૨૫૪૦૦૦૦
૮૦	ડાંગ જિલ્લો	મહેસૂલ	૫૨૬૮૭૮૦૦૦		૫૨૬૮૭૮૦૦૦
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૨૨૪૮૬૫૮૦૦૦	૭૦૦૦૦૦	૨૨૪૯૩૫૮૦૦૦
		મૂડી	૩૦૦૦૦૦	૨૦૦૦૦૦	૫૦૦૦૦૦
૮૨	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૨૧૧૨૦૦૦		૪૨૧૧૨૦૦૦
		મૂડી	૨૬૧૦૦૦૦		૨૬૧૦૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૧૭૪૭૭૭૦૦૦		૧૭૪૭૭૭૦૦૦
૮૪	બિન-રહેણાક મકાનો	મહેસૂલ	૬૬૯૩૧૫૯૦૦૦	૬૨૦૦૦૦૦	૬૬૯૯૩૫૯૦૦૦
		મૂડી	૧૩૩૨૯૯૬૭૦૦૦		૧૩૩૨૯૯૬૭૦૦૦
૮૫	રહેણાક મકાનો	મહેસૂલ	૧૭૫૨૪૯૫૦૦૦		૧૭૫૨૪૯૫૦૦૦
		મૂડી	૩૦૨૭૦૯૪૦૦૦		૩૦૨૭૦૯૪૦૦૦
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૩૨૬૫૮૦૮૧૦૦૦	૪૧૦૫૦૦૦૦	૩૨૬૯૯૧૩૧૦૦૦
		મૂડી	૨૫૨૯૩૮૭૩૦૦૦	૪૦૦૦૦૦૦૦	૨૫૩૩૩૮૭૩૦૦૦
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૧૫૯૦૮૨૦૦૦		૧૫૯૦૮૨૦૦૦
		મૂડી	૨૧૭૯૧૦૦૦૦૦	૯૦૦૦૦૦	૨૧૮૦૦૦૦૦૦૦
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૮૦૨૫૧૦૦૦	૧૭૦૦૦૦૦૦૦	૪૫૦૨૫૧૦૦૦
૮૯	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	મૂડી	૫૪૫૦૦૦૦૦		૫૪૫૦૦૦૦૦
		મહેસૂલ	૨૪૮૫૩૨૪૦૦૦		૨૪૮૫૩૨૪૦૦૦
૯૦	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૯૭૩૧૨૪૦૦૦		૧૯૭૩૧૨૪૦૦૦
		મૂડી	૪૧૫૫૨૦૦૦		૪૧૫૫૨૦૦૦

INDEX

૯૧	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ	મહેસૂલ	૮૯૮૭૨૦૦૦		૮૯૮૭૨૦૦૦
૯૨	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૧૪૮૭૨૮૬૧૦૦૦	૨૨૩૦૦૦૦૦	૧૪૮૯૫૧૬૧૦૦૦
		મૂડી	૯૦૮૧૪૦૦૦૦		૯૦૮૧૪૦૦૦૦
૯૩	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૩૬૪૪૯૦૬૦૦૦		૩૬૪૪૯૦૬૦૦૦
		મૂડી	૧૫૦૩૭૪૦૦૦		૧૫૦૩૭૪૦૦૦
૯૪	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૬૦૦૦૦૦		૧૬૦૦૦૦૦
૯૫	અનુસૂચિત જાતિ પેટા-યોજના	મહેસૂલ	૩૫૮૨૪૨૫૦૦૦૦		૩૫૮૨૪૨૫૦૦૦૦
		મૂડી	૧૦૨૧૨૬૮૨૦૦૦		૧૦૨૧૨૬૮૨૦૦૦
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મહેસૂલ	૭૯૨૯૮૮૫૦૦૦૦	૬૦૦૦૦૦૦૦	૭૯૩૫૮૮૫૦૦૦૦
		મૂડી	૪૨૩૫૯૨૬૮૦૦૦	૮૦૦૦૦૦૦૦	૪૨૪૩૯૨૬૮૦૦૦
૯૭	રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ	મહેસૂલ	૭૦૧૩૯૦૦૦		૭૦૧૩૯૦૦૦
૯૮	યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	મહેસૂલ	૩૮૬૮૯૬૫૦૦૦		૩૮૬૮૯૬૫૦૦૦
		મૂડી	૮૫૯૯૦૦૦૦૦		૮૫૯૯૦૦૦૦૦
૯૯	રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૧૦૬૦૦૦		૧૧૦૬૦૦૦
૧૦૦	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૫૦૮૪૫૦૦૦		૫૦૮૪૫૦૦૦
૧૦૧	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૧૦૮૧૨૩૪૪૦૦૦	૧૭૫૬૧૦૫૦૦૦	૧૨૫૬૮૪૪૯૦૦૦
૧૦૨	શહેરી વિકાસ	મહેસૂલ	૮૬૧૯૫૯૮૩૦૦૦		૮૬૧૯૫૯૮૩૦૦૦
		મૂડી	૯૦૦૦૦૦૦૦૦		૯૦૦૦૦૦૦૦૦
૧૦૩	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગેનું ખર્ચ	મહેસૂલ	૧૫૮૨૦૦૦૦૦૦	૩૦૦૦૦૦૦૦૦	૧૮૮૨૦૦૦૦૦૦
૧૦૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૨૦૧૦૦૦		૩૨૦૧૦૦૦
		મૂડી	૬૦૦૦૦૦		૬૦૦૦૦૦
૧૦૫	મહિલા અને બાળવિકાસ વિભાગ	મહેસૂલ	૩૭૬૦૭૦૦૦		૩૭૬૦૭૦૦૦
૧૦૬	મહિલા અને બાળવિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૯૯૬૯૨૭૫૦૦૦	૮૫૦૦૦૦૦	૧૯૯૭૭૭૭૫૦૦૦
		મૂડી	૫૫૪૧૫૦૦૦૦		૫૫૪૧૫૦૦૦૦
૧૦૭	કલાઈમેટ ચેઇન્જ વિભાગ	મહેસૂલ	૧૦૧૦૦૦૦૦		૧૦૧૦૦૦૦૦
૧૦૮	કલાઈમેટ ચેઇન્જ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૬૯૫૦૦૦૦૦		૯૬૯૫૦૦૦૦૦
કુલ મહેસૂલ		મહેસૂલ	૧૦૭૧૫૨૬૬૦૮૦૦૦	૧૯૫૮૮૯૯૭૩૦૦૦	૧૨૬૭૪૧૬૫૮૧૦૦૦
કુલ મૂડી		મૂડી	૨૯૫૮૫૬૭૬૮૦૦૦	૧૫૮૫૧૯૦૫૧૦૦૦	૪૫૪૩૭૫૮૧૯૦૦૦
કુલ સરવાળો			૧૩૬૭૩૮૩૩૭૬૦૦૦	૩૫૪૪૦૯૦૨૪૦૦૦	૧૭૨૧૭૯૨૪૦૦૦૦૦

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 87

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 1961 Government of Gujarat

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 31, 2017/CAITRA 10, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ** ના **તારીખ : ૨૧મી ડિસેમ્બર,** ૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૧૦૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,** (ભાગ-૨) **અને** (૨) **ક્રમાંક : જીકે/૧૧૦/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,** (ભાગ-૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Government Notification, Legal Department No. GK / 101 / 2016 / 102014 / 1161 / D (Part-2), dated the 21st December, 2016.

તારીખ: ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬નું કાયદા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: જીકે / ૧૦૧ / ૨૦૧૬ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી (ભાગ-૨), સુધારવા સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૧૦૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૨):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ ૪ની પેટા-કલમ (૩) અને કલમો ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કાયદા વિભાગનું તારીખ: ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીકે / ૧૦૧ / ૨૦૧૬ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી (ભાગ-૨). નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુક્રમાંક: ૧ પરના પરિચ્છેદમાં,-

૧. ''જિલ્લા કોર્ટ, વડોદરાના તાબા હેઠળની અધિક જિલ્લા જજની કોર્ટ, છોટાઉદેપુર'' એ શબ્દોને બદલે, ''જિલ્લા કોર્ટ, છોટાઉદેપુરના તાબા હેઠળની અધિક જિલ્લા જજની કોર્ટ, છોટાઉદેપુર'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification
Regarding
Amendment to the Government Notification, Legal Department No. GK / 102/2016/102014/1161/D (Part-2), dated the 21st December, 2016.

તારીખ: ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬નું કાયદા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: જીકે/૧૦૨/૨૦૧૬/૧૦૨૦૧૪/ ૧૧૬૧/ડી (ભાગ-૨), સુધારવા સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે / ૧૧૦ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ-૨):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૫, ૭, ૧૧ અને ૧૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત

સરકાર, આથી, કાયદા વિભાગનું તારીખઃ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીકે / ૧૦૨ / ૨૦૧૬ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી (ભાગ-૨). નીચે પ્રમાણે સુધારે છેઃ-

સદરહુ જાહેરનામામાં, અનુક્રમાંકઃ ૧ પરના પરિચ્છેદમાં,-

૧. ''જિલ્લા કોર્ટ, વડોદરાના તાબા હેઠળની સિનિયર દીવાની જજની કોર્ટ, છોટાઉદેપુર'' એ શબ્દોને બદલે, ''જિલ્લા કોર્ટ, છોટાઉદેપુરના તાબા હેઠળની સિનિયર દીવાની જજની કોર્ટ, છોટાઉદેપુર'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 88

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MARCH 31, 2017/CAITRA 10, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ના તારીખ : ૧લી ડિસેમ્બર, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસ/૧૦/ડીએફએસ/૨૦૦૮/૨૦૨૦/એફ- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Office Superintendent, Class III, in the Directorate of Archives, Recruitment Rules, 2016.

દફતરસંગ્રહ નિયામકની કચેરીમાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩,
ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી
જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. ૧લી ડિસેમ્બર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીએસ/૧૦/ડીએફએસ/૨૦૦૮/૨૦૨૦/એફ:– ભારતના સંવિધાનનાં અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, દફતરસંગ્રહ નિયામકની કચેરી , ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો, દફતરસંગ્રહ નિયામકની કચેરીમાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. દફતરસંગ્રહ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક, જેણે,–

(ક) (૧) દફતરસંગ્રહ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, દફતરસંગ્રહ મદદનીશ, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય; તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે–તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨–માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,–

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી ઇતિહાસ અથવા રાજનીતિશાસ્ત્ર

INDEX

અથવા જાહેર વહીવટના વિષયમાં ઓછામાં ઓછા બીજા (દ્વિતિય) વર્ગમાં મેળવેલ અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મુખ્ય વિષય તરીકે ઇતિહાસ અથવા રાજનીતિશાસ્ત્ર અથવા જાહેર વહીવટ સાથે પ્રથમ વર્ગમાં મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. (૧) સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, દફતરસંગ્રહ અભ્યાસક્રમના વિષયમાં ડિપ્લોમા અભ્યાસક્રમ માટે તાલીમ લેવી પડશે અને કરાર અધારિત સેવાની નિયત સમયમર્યાદાની અંદર, નેશનલ આર્કાઇવ્ઝ ઓફ ઇન્ડિયા, નવી દિલ્હીમાં તાલીમાંત પરીક્ષા પાસ કરવી જોઇશે, અથવા

(૨) સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, દફતરવિદ્યામાં પારંગત અંગેની તાલીમ લેવી પડશે અને કરાર આધારિત સેવાની નિયત સમયમર્યાદાની અંદર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં તાલીમાંત પરીક્ષા પાસ કરવી જોઇશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.જોષી,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 89

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, APRIL 1, 2017/CAITRA 11, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૧૭.

તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૪ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 14 OF 2017.

THE GUJARAT TRIBAL DEVELOPMENT CORPORATION (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની **૩૧મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય
બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 14 OF 2017.

AN ACT

Further to amend the Gujarat Tribal Development Corporation Act, 1972.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૪.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર "માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ,૧૯૭૨ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

ટૂંકી સંજ્ઞા. **૧.** આ અધિનિયમ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા)અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

સન ૧૯૭૨ નો ગુજરાતનો ૫-મો. સન ૧૯૭૨-ના ગુજરાતના ૫-મા અધિનિયની કલમ-૫-નો સુધારો. **૨.** ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ,૧૯૭૨–માં, કલમ ૫–માં, પેટા– કલમ (૧) અને તેના પરંતુકમાં, ત્રણ જગ્યાએ આવતા ''પચાસ કરોડ રુપિયા'' એ શબ્દોને બદલે, ''પાંસઠ કરોડ રુપિયા'' એ શબ્દો મુકવા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 90 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, APRIL 1, 2017/CAITRA 11, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૧૭

તારીખ: **૧લી એપ્રિલ, ૨૦૧૭**ના **ગુજરાત રાજપત્ર (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક:૧૫**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 15 OF 2017.

THE BIRSA MUNDA TRIBAL UNIVERSITY ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **માર્ચ** મહિનાની ૩૧**મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 15 OF 2017.

AN ACT

to establish and incorporate a teaching University in the State of Gujarat to be known as the Birsa Munda Tribal University at Rajpipla District, Narmada, to develop flexible and innovative academic and research programs in emerging areas, with special reference to the tribal population of Gujarat; to provide access to education in the areas of technical, skill based, vocational, management, tourism, tribal arts, culture and traditional value system and other related areas for faster growth in the tribal areas; to provide instructional and research facilities in tribal art, culture, tradition, language medicinal systems, customs, forest based economic activities, flora and fauna and advancement in technologies relating to the natural resources of tribal areas and for matters connected therewith or incidental thereto.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૫ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાતની આદિજાતિ વસ્તીના ખાસ સંદર્ભમાં, વિકસતા વિસ્તારોમાં પરિવર્તનશીલ અને નવીન શૈક્ષણિક અને સંશોધન કાર્યક્રમો વિક્સાવવા; આદિજાતિ વિસ્તારના ઝડપી વિકાસ માટે ટેકનિકલ(તકનિકી), કૌશલ્ય આધારિત, વ્યાવસાયિક, સંચાલન, પ્રવાસન, આદિજાતિ કળા, સંસ્કૃતિ અને પરંપરાગત મૂલ્ય પ્રથાના ક્ષેત્રોને અને બીજા સંબંધિત ક્ષેત્રોને શિક્ષણમાં દાખલ કરવાની જોગવાઇ કરવા; આદિજાતિ કળા, સંસ્કૃતિ, પરંપરા,

INDEX

ભાષા, ઔષધીય પદ્ધતિ, રિવાજો, વન-આધારિત આર્થિક પ્રવૃત્તિઓ, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ અને આદિજાતિ વિસ્તારની કુદરતી સંપત્તિ સંબંધિત ટેકનોલોજી (પ્રૌદ્યોગિકી)ની પ્રગતિ માટે સૂચનાત્મક અને સંશોધનાત્મક સગવડો પૂરી પાડવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બીજી બાબતો માટે જોગવાઇ કરવા માટે ગુજરાત રાજયમાં નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી અધ્યાપન યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

પ્રકરણ ૧
પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઇઓ, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે અને જુદી જુદી જોગવાઇઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "એકેડેમિક કાઉન્સિલ" એટલે કલમ ૨૭ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ;

(ખ) "બોર્ડ" એટલે કલમ ૨૨ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું સંચાલક મંડળ;

(ગ) "અભ્યાસ સમિતિ" એટલે કલમ ૩૪ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની અભ્યાસ સમિતિ;

(ઘ) " કોલેજ" એટલે અભ્યાસ અથવા તાલીમના અભ્યાસક્રમો પૂરા પાડતી યુનિવર્સિટીના પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા યુનિવર્સિટીએ સ્થાપેલી અથવા તેના દ્વારા નિભાવાતી કોલેજ;

(ચ) "ડીન" એટલે કલમ ૧૬ હેઠળ નિમાયેલ યુનિવર્સિટીના ડીન;

INDEX

(છ) "દૂરવર્તી શિક્ષણ" એટલે રેડિયો પ્રસારણ, ટેલિવિઝન પ્રસારણ, વેબકાસ્ટિંગ પત્રવ્યવહાર અભ્યાસક્રમો, પરિસંવાદ (સેમિનાર), સંપર્ક કાર્યક્રમો અથવા તેવા પ્રકારના બે કે તેથી વધુ પ્રકારના કાર્યક્રમોના સંયોજનથી આપવામાં આવતું શિક્ષણ;

(જ) "એક્ઝિક્યુટિવ કાઉન્સિલ" એટલે કલમ ૨૫ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ;

(ઝ) "વિદ્યાશાખા" એટલે યુનિવર્સિટીની વિદ્યાશાખા;

(ટ) "નાણા સમિતિ" એટલે કલમ ૨૯ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની નાણા સમિતિ;

(ઠ) "સંસ્થા" એટલે યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી અથવા યુનિવર્સિટીના વિશેષાધિકારો મેળવતી હોય, તેવી કોલેજ ન હોય તેવી શૈક્ષણિક સંસ્થા;

(ડ) "અધ્યાદેશ'' એટલે કલમ ૩૮ હેઠળ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કરેલા અધ્યાદેશ;

(ઢ) ''પ્રિન્સિપાલ (આચાર્ય)" એટલે કોલેજના અથવા યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી સંસ્થાના વડા અને તેમાં, પ્રિન્સિપાલ ન હોય, તો પ્રિન્સિપાલ તરીકે તત્પૂરતા સમય માટે યોગ્ય રીતે નિમવામાં આવેલ કોઇ વ્યક્તિનો અને પ્રિન્સિપાલની અથવા કાર્યકારી પ્રિન્સિપાલની ગેરહાજરીમાં, તે તરીકે યોગ્ય રીતે નિમવામાં આવેલ વાઇસ-પ્રિન્સિપાલ (ઉપાચાર્ય)–નો સમાવેશ થાય છે;

(ત) " વિનિયમો" એટલે કલમ ૪૦ હેઠળ કરેલા યુનિવર્સિટીના વિનિયમો;

(થ) " નિયમો" એટલે કલમ ૪૦ની પેટા-કલમ (૨) હેઠળ યુનિવર્સિટીના અધિકારીમંડળો પૈકીના કોઇ અધિકારીમંડળે કરેલા નિયમો;

(દ) " સ્ટેચ્યૂટ" એટલે કલમ ૩૬ હેઠળ કરેલા યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ;

(ધ) "અધ્યાપક" એટલે પ્રિન્સિપાલ (આચાર્ય), પ્રાધ્યાપક, સહ-પ્રાધ્યાપક, સહાયક પ્રાધ્યાપક અથવા કોલેજો પૈકીની કોઇપણ કોલેજ અથવા સંસ્થામાં પ્રશિક્ષણ આપતી અથવા સંશોધન પર દેખરેખ રાખતી અને જેની નિમણૂકને યુનિવર્સિટીએ મંજૂરી આપેલી હોય એવી બીજી કોઇ વ્યકિત અને તેમાં, કરારગત બોલીઓના આધારે હંગામી ધોરણે અથવા કાર્યકારી (એડ-હોક) ધોરણે અથવા જરૂરિયાતના ધોરણે અથવા અન્યથા નિમણૂક થયેલી હોય તેવી વ્યકિત,

INDEX

મુલાકાતી અધ્યાપકો, પ્રતિષ્ઠિત પ્રાધ્યાપકો, પરામર્શકો, વિદ્વાનો, માર્ગદર્શકો અને સલાહકારોનો સમાવેશ થાય છે;

(ન) "યુનિવર્સિટી" એટલે કલમ ૩ હેઠળ સ્થપાયેલી અને રચાયેલી બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી";

(પ) "યુનિવર્સિટી વિભાગ" એટલે યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી કોઇ અનુસ્નાતક અથવા સંશોધન સંસ્થા અથવા વિભાગ.

પ્રકરણ ૨
યુનિવર્સિટી

યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન.

૩.(૧) "બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી" તરીકે ઓળખાતી યુનિવર્સિટી સ્થાપવામાં અને રચવામાં આવશે.

(૨) યુનિવર્સિટીના કુલપતિ, ઉપકુલપતિ અને સંચાલક મંડળ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ, નાણા સમિતિ તથા મકાન અને મિલકત સમિતિના સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તેવી તમામ વ્યકિતઓ, પોતાનો એવો હોદ્દો અથવા સભ્યપદ ધરાવવાનું ચાલુ રાખે ત્યાં સુધી, તે બધાથી "બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી" એ નામનું સંસ્થાપિત મંડળ રચાશે.

(૩) યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર અને એક સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૪) યુનિવર્સિટી, જંગમ અને સ્થાવર એમ બન્ને પ્રકારની મિલકત સંપાદિત કરી શકશે અને ધરાવી શકશે અને યુનિવર્સિટીના હેતુઓ માટે તેનામાં નિહિત થાય અથવા તે પ્રાપ્ત કરે તેવી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપી શકશે, વેચી શકશે અથવા અન્યથા તબદીલ કરી શકશે, તેની અસ્કયામતોની જામીનગીરીઓ ઉપર લોન ઊભી કરી શકશે અને કરાર કરી શકશે અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી હોય તેવી બીજી તમામ બાબતો કરી શકશે:

પરંતુ રાજય સરકારની પૂર્વ-મંજૂરી સિવાય આવી મિલકતનું આવું કોઇપણ વેચાણ કરવું જોઇશે નહિ, તેને પટે આપવી જોઇશે નહિ અથવા તેને

INDEX

તબદીલ કરવી જોઇશે નહિ અથવા એવી કોઇ લોન ઊભી કરવાની સત્તા વાપરવી જોઇશે નહિ.

૪. યુનિવર્સિટીનું મુખ્ય મથક રાજપીપળા, જિલ્લો: નર્મદા, ગુજરાત રાજ્ય ખાતે રહેશે. યુનિવર્સિટીનું મુખ્ય મથક.

૫. નીચે જણાવેલા ઉદ્દેશો ઉપરાંત યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ, ન્યાયોચિત બહુવિધ સામાજિક-આર્થિક વિકાસ કેન્દ્રો અને ગુણોત્કર્ષ કેન્દ્રો શરૂ કરવાનો રહેશે:- યુનિવર્સિટીના ઉદ્દેશો.

(૧) મુખ્યત્વે ગુજરાત રાજયની આદિજાતિ વસ્તી માટે ઉચ્ચતર શિક્ષણ અને સંશોધન સુવિધાઓની તકો પૂરી પાડવી;

(૨) પ્રમાણપત્ર અથવા ડિપ્લોમા અભ્યાસક્રમો, પૂર્વ-સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો અને ડોકટરેટ સ્તર સુધીના અધ્યાપનની જુદી જુદી પદ્ધતિઓ વિકસાવવી તથા શિક્ષણ અને તેના ઉપયોગોના ઉચ્ચ ધોરણ જાળવવા;

(૩) આદિજાતિ પરંપરા, આદિજાતિ કલા અને સંસ્કૃતિ, આદિજાતિ ભાષાનું જ્ઞાન આપવા; પરંપરાગત ખોરાક, પશુધન, ડેરી વિકાસ, સેન્દ્રિય (ઓર્ગેનિક) ખેતી, વનસંવર્ધન વિદ્યા, પરિસ્થિતિવિજ્ઞાન (ઇકોલોજી), પર્યાવરણલક્ષી વિજ્ઞાન, પારિસ્થિતિક પ્રવાસન, કૃષિ, ખેતી, ગૌણ વન-પેદાશ (MFP), આયુર્વેદિક પરંપરાગત ઔષધિ, માર્કેટિંગ, વ્યવસાય સંચાલન અને ગુજરાતમાંની આદિમ જાતિઓ સહિતની વિવિધ આદિજાતિઓના વન સંબંધિત અને અન્ય કૌશલ્યોને ઉત્તેજન આપવા ગુણોત્કર્ષ કેન્દ્ર અથવા સ્વતંત્ર સંશોધન કેન્દ્ર (કેન્દ્રો), સંગ્રહાલયો વગેરે સ્થાપવા;

(૪) આદિજાતિ કેન્દ્રીત વિકાસના મોડલ્સ (આદર્શરૂપ નમૂના) તૈયાર કરવા, અહેવાલો અને ખાસ નિબંધો પ્રસિદ્ધ કરવા; આદિજાતિને લગતા વિષયો પર સંમેલનો, પરિસંવાદો વગેરે ગોઠવવા; રાજ્ય સરકારના જુદા જુદા ક્ષેત્રોમાં નીતિવિષયક બાબતોના સંબંધમાં માહિતી પૂરી પાડવી;

(૫) આંતર-વિદ્યાશાખાકીય અભ્યાસ અને સંશોધનમાં અધ્યાપન-શિક્ષણ પ્રક્રિયાઓમાં નવીનતાને ઉત્તેજન આપવા માટે યોગ્ય પગલાં લેવા;

INDEX

(૬) યુનિવર્સિટી ખાતેના અધ્યાપન, સંશોધન, ઉદ્યોગસાહસિકતા અને તાલીમને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે સમાજની જરૂરિયાતો સાથે સુસંગત બનાવવા માટે ઉદ્યોગ સાથે ઘનિષ્ઠ સંપર્કો સ્થાપિત કરવા;

(૭) ખાસ કરીને આદિજાતિ સમુદાયો અંગેના સાંસ્કૃતિક અભ્યાસો અને સંશોધન હાથ ધરવા માટે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ સાથે સહયોગ કરવો;

(૮) આદિજાતિ સંચાલન અભ્યાસ માટે સુવિધાઓ પૂરી પાડવી;

(૯) આધુનિક કૌશલ્ય અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો સ્થાપવા, તેને નિભાવવા અને વિક્સાવવા.

યુનિવર્સિટીની સત્તા અને કાર્યો.

૬. આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, યુનિવર્સિટીને નીચેની સત્તા અને કાર્યો રહેશે:-

(૧) (ક) દૂરવર્તી અધ્યયન શિક્ષણ સહિતના શિક્ષણ કેન્દ્ર;

(ખ) સંશોધન કેન્દ્ર;

(ગ) કારકિર્દી પરામર્શ અને નોકરીની નિયુક્તિ સહિતના તાલીમ કેન્દ્ર;

(ઘ) વિસ્તરણ શિક્ષણ કેન્દ્ર;

(ચ) આદિજાતિ પેદાશોના ખરીદ-વેચાણ (માર્કેટિંગ) અને સંચાલન માટેના કેન્દ્ર;

- જેવા કેન્દ્રો સ્થાપવા, ચલાવવા અને વિક્સાવવાની;

(૨) પોતાને યોગ્ય લાગે તેવી જ્ઞાનની વિદ્યાશાખાઓમાં અને અભ્યાસક્રમોમાં પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ માટે જોગવાઇ કરવાની અને આદિજાતિના વિદ્યાર્થીઓના ખાસ સંદર્ભમાં જ્ઞાનના સંશોધન, વિકાસ અને પ્રસાર માટે જોગવાઇઓ કરવાની;

(૩) અધ્યાપન અને સંશોધન માટે સહિયારી પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો અને બીજી સાધનસામગ્રીની વ્યવસ્થા કરવાની;

INDEX

(૪) યુનિવર્સિટીને જરૂર હોય તેવી પ્રાધ્યાપકો, સહ-પ્રાધ્યાપકો અથવા સહાયક પ્રાધ્યાપકો અને અધ્યાપકોની બીજી જગાઓ શરૂ કરવી;

(૫) પ્રાધ્યાપકો, સહ-પ્રાધ્યાપકો અથવા સહાયક પ્રાધ્યાપકો અથવા અભ્યાસક્રમ સંકલનકર્તા અથવા ક્ષેત્ર નિષ્ણાતો અથવા અન્યથા યુનિવર્સિટીના અધ્યાપકો તરીકે વ્યકિતઓની નિમણૂક કરવાની અથવા તેમને માન્યતા આપવાની;

(૬) પદવીઓ, ડિપ્લોમા, પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો શરૂ કરવાની;

(૭) પરીક્ષાઓ યોજવાની અને જે વ્યક્તિઓએ-

(ક) પોતાને તેમાંથી માફી આપવામાં આવી હોય તે સિવાય જેણે સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોથી ઠરાવેલી રીતે, યુનિવર્સિટીનો અથવા કોલેજનો માન્ય અભ્યાસક્રમ કર્યો હોય અને યુનિવર્સિટી દ્વારા ઠરાવેલી પરીક્ષાઓ પાસ કરેલી હોય; અથવા

(ખ) અધ્યાદેશો, વિનિયમ અથવા નિયમોથી ઠરાવેલી શરતો મુજબ સંશોધન કર્યું હોય;

તેવી વ્યક્તિઓને પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવાની;

(૮) સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે માનદ પદવીઓ અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરવાની;

(૯) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તરીકે નોંધાયેલી ન હોય તેવી વ્યકિતઓને સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોથી ઠરાવવામાં આવે તેવા, ડિપ્લોમા આપવાની અને તેમના માટે તેવા વ્યાખ્યાનો, પ્રશિક્ષણ અને તાલીમ માટે જોગવાઇ કરવાની;

(૧૦) કોલેજ, સંસ્થાઓ તપાસવાની અને તેમાં પ્રશિક્ષણ, અધ્યાપન અથવા તાલીમના યોગ્ય ધોરણો જળવાય છે અને ગ્રંથાલય, પ્રયોગશાળાની અને કૌશલ્ય નિર્માણ થાય અને તેમાં વૃદ્ધિ થાય તે માટેની સુવિધાઓની પૂરતી જોગવાઇ કરવામાં આવી છે તે બાબત સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવાની;

INDEX

(૧૧) કોલેજ અને સંસ્થાઓની પ્રવૃત્તિઓનું નિયંત્રણ અને સંકલન કરવાની તથા આવી કોલેજમાં અને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓએ ભરવાની ફીનું નિયમન કરવાની;

(૧૨) શૈક્ષણિક રીતે પછાત હોય તેવા વર્ગો અને સમુદાયોમાં યુનિવર્સિટી શિક્ષણના પ્રસાર માટે ખાસ જોગવાઇઓ કરવાની;

(૧૩) અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેવી ફી અને બીજા ખર્ચ (ચાર્જિસ) નક્કી કરવાની, માગવાની અને લેવાની અથવા વસૂલ કરવાની;

(૧૪) યુનિવર્સિટીએ છાત્રાલયો સ્થાપવા, નિભાવવા અને તેનું સંચાલન કરવાની અને યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતા ન હોય તેવા છાત્રાલયોને માન્યતા આપવાની. યુનિવર્સિટી, આવા છાત્રાલયોની તપાસ કરી શકશે અને યુનિવર્સિટીને ઉચિત અને યોગ્ય લાગે, તો માન્યતા પાછી ખેંચી શકશે;

(૧૫) યુનિવર્સિટી, કોલેજો અને સંસ્થાઓના વિદ્યાર્થીઓના નિવાસ, વર્તણૂક અને શિસ્ત અંગે દેખરેખ રાખવાની, તેનું નિયમન અને નિયંત્રણ કરવાની તથા તેમના આરોગ્ય અને સામાન્ય કલ્યાણના ઉત્તેજન માટે ગોઠવણો કરવાની;

(૧૬) (૧) મુદ્રણ અને પ્રકાશન વિભાગ;

(૨) યુનિવર્સિટી વિસ્તરણ બોર્ડો;

(૩) માહિતી બ્યૂરો; અને

(૪) રોજગાર બ્યૂરો;

શરૂ કરવાની અને તેનું સંચાલન કરવાની ;

(૧૭) (૧) શારીરિક શિક્ષણ, રાષ્ટ્રીય સમાજ સેવા, મુખ્યમંત્રી શ્રમદાન યોજના, નેશનલ કેડેટ કોર માટે;

(૨) રમતગમત અને વ્યાયામ પ્રવૃત્તિઓ માટે ;

(૩) બીજી શૈક્ષણિક, અભ્યાસેતર અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓના પાલન માટે;

INDEX

(૪) નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC), એકેડેમિક એન્ડ એડમિનિસ્ટ્રેટીવ ઓડિટ (AAA), નેશનલ બોર્ડ ઓફ એસેસમેન્ટ (NBA) અથવા કેન્દ્ર સરકારે અથવા યથાપ્રસંગ, રાજય સરકારે રચેલી એવી બીજી કોઇ વૈધાનિક એક્રેડિટેશન એજન્સીમાંથી અધિકાર પત્ર (એક્રેડિટેશન) મેળવવા માટે જરૂરી વ્યવસ્થા કરવા માટે;

(૫) રાજય સરકાર દ્વારા કોલેજ અને સંસ્થાઓ તથા યુનિવર્સિટીને વખતોવખત, આપવામાં આવતા આદેશો/ સૂચનાઓનું પાલન કરવા માટે,

જોગવાઇઓ કરવાની;

(૧૮) યુનિવર્સિટી નક્કી કરે તેવી રીતે અને તેવા હેતુઓ માટે બીજી યુનિવર્સિટીઓ અને અધિકારીમંડળોને સહકાર આપવાની;

(૧૯) કેન્દ્ર સરકાર અને રાજય સરકાર હેઠળની સેવાઓમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ અર્થેની તાલીમ માટે વ્યવસ્થા કરવાની;

(૨૦) યુનિવર્સિટીના હેતુઓ માટે ગ્રાન્ટ, વસિયતી વ્યવસ્થા તરીકે અથવા અન્યથા મળેલા, પોતાનામાં નિહિત થાય તેવા કોઇ દેણગી, દાન અથવા ફંડ સ્વીકારવાની, ધરાવવાની અને તેનું સંચાલન કરવાની અને આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર આવી દેણગી, દાન અથવા ફંડનું રોકાણ કરવાની:

પરંતુ યુનિવર્સિટીએ, કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજય સરકારની મંજૂરીથી હોય તે સિવાય, વિદેશી રાષ્ટ્ર, વિદેશી ફાઉન્ડેશન અથવા આવા રાષ્ટ્ર, ફાઉન્ડેશનમાંની કોઇ વ્યક્તિ પાસેથી કોઇ દાન સ્વીકારવું નહિ;

(૨૧) કેન્દ્ર સરકાર, કોઇપણ રાજય સરકાર અથવા કોઇ વ્યકિત, મંડળ અથવા સંસ્થાપિત મંડળ પાસેથી નાણાં ઉછીના લેવાની:

પરંતુ નાણાં ઉછીના લેવાની સત્તા, રાજય સરકારની પૂર્વ-મંજૂરી મેળવ્યા પછી વાપરવી જોઇશે;

INDEX

(૨૨) યુનિવર્સિટીના ઉદ્દેશો આગળ ધપાવવા માટે અને સામાન્ય રીતે આદિજાતિ કલા, સંસ્કૃતિ, ઔષધીય પદ્ધતિ, ભાષા વગેરેને વિક્સાવવા અને તેને ઉત્તેજન આપવા માટે જરૂરી હોય તેવા ઉપર્યુકત સત્તા અને કાર્યોને આનુષંગિક હોય કે ન હોય તેવા તમામ કાર્યો અને બાબતો કરવાની.

યુનિવર્સિટીની હકૂમત..

૭. યુનિવર્સિટીની પ્રાદેશિક હકૂમત, સમગ્ર ગુજરાત રાજ્ય પૂરતી રહેશે.

લિંગ, ધર્મ, વર્ગ, પંથ કે મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી રહેશે.

૮. (૧) કોઇ વ્યકિતને લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા અથવા રાજકીય કે અન્ય મંતવ્ય હોવાના એકમાત્ર કારણે જ યુનિવર્સિટીના કોઇ હોદ્દાથી અથવા તેના કોઇ અધિકારીમંડળોના સભ્યપદથી અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનથી અથવા કોઇ અભ્યાસક્રમમાં પ્રવેશથી વંચિત રાખી શકાશે નહિ:

પરંતુ રાજય સરકારની પૂર્વ-મંજૂરીને અધીન રહીને, યુનિવર્સિટી, કોઇ કોલેજ અથવા સંસ્થા માત્ર સ્ત્રીઓ માટે નિભાવી શકશે અથવા યુનિવર્સિટી દ્વારા નિભાવાતી હોય તેવી કોઇ સંસ્થામાં વિદ્યાર્થીઓ તરીકે પ્રવેશ આપવાના હેતુઓ માટે, સ્ત્રીઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અથવા અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના સભ્યો માટે બેઠકો અનામત રાખી શકશે.

(૨) કોઇ વ્યકિતને, યુનિવર્સિટીમાં અધ્યાપક અથવા વિદ્યાર્થી તરીકે દાખલ થવાનો અથવા કોઇ હોદ્દો અથવા જગા ધરાવવાનો અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવાનો અથવા યુનિવર્સિટીનો કોઇ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેનો કોઇ લાભ મેળવવાનો તેમને હક મળી શકે તે માટે, યુનિવર્સિટી લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા કે વ્યવસાય અથવા રાજકીય કે બીજા મંતવ્ય અંગેની કોઇ કસોટી રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

INDEX

૯. (૧) રાજય સરકારને, આ અધિનિયમથી અથવા તે હેઠળ કરેલી જોગવાઇઓ પૈકીની કોઇપણ જોગવાઇના પાલન માટે જરૂરી હોય તેવા આદેશો વખતોવખત બહાર પાડવાની સત્તા રહેશે. રાજ્ય સરકારની આદેશો આપવાની

(૨) રાજય સરકારને એમ માનવાને સબળ કારણો હોય કે અધ્યાપનને લગતા ધોરણો, પરીક્ષાઓ, સંશોધન અથવા વહીવટનું સ્તર મોટા પ્રમાણમાં નીચું ગયું છે અને તે સ્વીકાર્ય કક્ષાનું નથી, તો રાજય સરકાર, તે ક્ષેત્રમાંના સ્વતંત્ર વ્યાવસાયિક તજજ્ઞોની બનેલી સમિતિ દ્વારા તે બાબતનું મૂલ્યાંકન કરાવી શકશે. રાજય સરકાર, સમિતિના તારણની જાણ કરશે અને શૈક્ષણિક કામગીરી તથા ધોરણોના શ્રેષ્ઠતમ હિતમાં, ભલામણો મુજબના સુધારાત્મક પગલાં લેવા માટે યુનિવર્સિટીને આદેશ કરશે. યુનિવર્સિટીએ, શૈક્ષણિક સંસ્થાઓના અમુક સ્વીકારેલા શૈક્ષણિક ધોરણોનું ગંભીર ઉલ્લંઘન કર્યું હોય, તો રાજય સરકાર, વાજબી સમયની અંદર, તેના પાલન માટેના આદેશો આપી શકશે. મૂલ્યાંકન કરવા માટેનો હુકમ કરવાની અને તપાસનો હુકમ કરવાની સત્તા.

(૩) રાજય સરકારને એમ માનવાને ગંભીર કારણો હોય અથવા પ્રથમ દર્શનીય કેસમાં એવું જણાય કે યુનિવર્સિટીએ આ અધિનિયમ, વિનિયમો, સ્ટેચ્યૂટની મહત્વની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કર્યું છે અથવા નાણાકીય ગેરવહીવટની અથવા યુનિવર્સિટીના સંચાલનમાં ગંભીર ગેરવહીવટની પરિસ્થિતિ છે, તો રાજય સરકારે, તપાસ શા માટે કરવી જોઇએ નહિ તે અંગેનો ઉત્તર પિસ્તાળીસ દિવસની અંદર આપવાનું ફરમાવતી નોટિસ આપવી જોઇશે. નોટિસ અંગેનો યુનિવર્સિટીનો ઉત્તર સંતોષકારક ન હોય, તો રાજય સરકાર, તપાસ કરી શકશે.

(૪) રાજ્ય સરકારે તે હેતુ માટે નીમેલા તપાસ અધિકારી અથવા સમિતિને, વ્યકિતઓને પુરાવા રજૂ કરવા માટે બોલાવવા અને કોઇપણ કચેરી વગેરેમાંથી દસ્તાવેજો અને રેકર્ડ રજૂ કરવા જેવી બાબતોમાં, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટમાં નિહિત થયેલી હોય છે તેવી જ સત્તા રહેશે.

સન ૧૯૦૮નો ૫-મો.

(૫) રાજ્ય સરકાર સમક્ષ પોતાનો કેસ રજૂ કરવા માટે યુનિવર્સિટીને તપાસનો રિપોર્ટ આપવો જોઇશે. તેમ છતાં, યુનિવર્સિટીની રજૂઆત અને યુનિવર્સિટીએ સૂચિત કરેલા સુધારાત્મક પગલાં અંગે વિચારણા કર્યા પછી પણ, રાજય સરકારનો એવો અભિપ્રાય હોય કે યુનિવર્સિટીના વિદ્યમાન વહીવટને ચાલુ રાખવાથી, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ,

INDEX

કર્મચારીવર્ગ (સ્ટાફ)ના હિતોને અને યુનિવર્સિટીના ઉદ્દેશોને ગંભીરપણે હાનિ પહોંચે તેમ છે અથવા ગંભીર નાણાકીય ગેરવહીવટ અને ગંભીર ગેરવહીવટ થઇ રહયો છે, તો રાજ્ય સરકાર, પોતે જરૂરી અને યોગ્ય ગણે તેવા ઉચિત પગલાં લઇ શકશે.

પ્રકરણ 3

યુનિવર્સિટીના અધિકારીઓ

યુનિવર્સિટીના અધિકારીઓ.

૧૦. યુનિવર્સિટીના અધિકારીઓ નીચે પ્રમાણે રહેશે:-

(૧) કુલાધિપતિ;

(૨) કુલપતિ;

(૩) ઉપકુલપતિ;

(૪) વિદ્યાશાખાઓના ડીન;

(૫) રજિસ્ટ્રાર;

(૬) કાયદા અધિકારી;

(૭) નાણા અને હિસાબ અધિકારી;

(૮) પરીક્ષા નિયંત્રક;

(૯) સ્ટેચ્યૂટથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાં હોય તેવા બીજા અધિકારીઓ.

વિવિધ અધિકારીમંડળો અને હોદ્દા માટે વયમર્યાદાની પાત્રતા.

૧૧. કોઇપણ વ્યકિતને,-

(૧) કલમ ૧૦ના ખંડો (૪) થી (૯)માં ઉલ્લેખેલા અધિકારી તરીકે;

(૨) અધ્યાપકની જગા પર; અથવા

(૩) યુનિવર્સિટીના અધિકારીમંડળો પૈકીના કોઇ અધિકારીમંડળ, કોઇ સમિતિ અથવા તેના કોઇ બીજા બોર્ડ અથવા મંડળના સભ્ય તરીકે,

INDEX

તે ૬૨ વર્ષની વય પૂર્ણ કરે ત્યાર પછી, નિમણૂક આપવી જોઇશે નહિ, નામનિયુકત કરવી જોઇશે નહિ અથવા યથાપ્રસંગ, કો-ઓપ્ટ કરવી જોઇશે નહિ:

પરંતુ આ કલમનો કોઇપણ મજકૂર, કુલાધિપતિ અથવા કુલપતિ તરીકેના તેમના હોદ્દાની રૂએ અધ્યક્ષ અથવા સભ્ય હોય તેવા યુનિવર્સિટીના અધિકારીમંડળો પૈકીના કોઇ અધિકારીમંડળના, સમિતિના અથવા તેના કોઇ બીજા બોર્ડ અથવા મંડળના અધ્યક્ષ અથવા સભ્યને લાગુ પડશે નહિ:

વધુમાં, આ કલમનો કોઇપણ મજકૂર મુલાકાતી અધ્યાપકો, પ્રતિષ્ઠિત પ્રાધ્યાપકો, પરામર્શકો, વિદ્વાનો, માર્ગદર્શકો અથવા સલાહકારોને લાગુ પડશે નહિ.

કુલાધિપતિ.

૧૨. (૧) ગુજરાત રાજ્યના રાજ્યપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

(૨) કુલાધિપતિ, તેમના હોદ્દાની રૂએ, યુનિવર્સિટીના વડા અને બોર્ડના અધ્યક્ષ ગણાશે અને હાજર હોય, ત્યારે તેઓ, બોર્ડની બેઠકોમાં અને યુનિવર્સિટીના કોઇ પદવીદાન સમારંભમાં અધ્યક્ષસ્થાન લેશે.

(૩) કુલાધિપતિને, આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટથી તેમને આપવામાં આવે તેવી અન્ય સત્તા રહેશે.

કુલપતિ.

૧૩. (૧) કુલપતિની નિમણૂક, પેટા-કલમ (૪) હેઠળ તે હેતુ માટે રચાયેલી શોધ સમિતિએ ભલામણ કરેલી ત્રણ વ્યક્તિઓમાંથી રાજય સરકાર દ્વારા કરવામાં આવશે.

(૨) કુલપતિ તરીકે નિમણૂકને પાત્ર થવા માટે કોઇ વ્યકિત,-

(૧) પી.એચ.ડી.ની પદવી સાથે પ્રાધ્યાપક તરીકે ઓછામાં ઓછા દસ વર્ષનો અનુભવ ધરાવતી પ્રતિષ્ઠિત શિક્ષણવિદ્ હોવી જોઇશે; અથવા

(૨) પી.એચ.ડી.ની પદવી સાથે યુનિવર્સિટીમાં, નામાંકિત શૈક્ષણિક, વહીવટી અથવા સંશોધન સંસ્થામાં એકેડેમિક, શિક્ષણ અથવા

INDEX

આદિજાતિ બાબતોના ક્ષેત્રમાં ઓછામાં ઓછા બાર વર્ષનો અનુભવ ધરાવતી પ્રતિષ્ઠિત શિક્ષણવિદ્ હોવી જોઇશે;

(૩) નિમણૂક પામનાર વ્યક્તિ ઇચ્છનીય રીતે અનુસૂચિત આદિજાતિઓમાંથી હોવી જોઇશે.

(૩) પેટા-કલમ (૬) હેઠળ શોધ સમિતિએ ભલામણ કરેલી ત્રણ વ્યક્તિઓમાં, અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવાર અથવા ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં, કુલપતિ તરીકે નિમણૂક કરવાની હોય તેવી વ્યક્તિની, આવી આદિજાતિમાંથી જ પસંદ કરવી જોઇશે.

(૪) પેટા-કલમ (૧)ના હેતુ માટે, રાજય સરકાર, નીચેના સભ્યોની બનેલી એક શોધ સમિતિની રચના કરશે:-

(૧) (યુનિવર્સિટી સાથે અથવા કોઇ કોલેજ અથવા સંસ્થા સાથે સંબંધ ધરાવતી વ્યકિતઓ ન હોય તેવા) બે સભ્યો, જેમાંનો એક સભ્ય, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકડેમિક કાઉન્સિલે સંયુકત રીતે સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત હોવી જોઇશે અને બીજો સભ્ય, ગુજરાત રાજયમાં કાયદાથી સ્થાપિત તમામ રાજય યુનિવર્સિટીઓના કુલપતિઓએ સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત હોવી જોઇશે;

(૨) પ્રતિષ્ઠિત શિક્ષણશાસ્ત્રી હોય અને જેમણે યુનિવર્સિટી શિક્ષણ પદ્ધતિમાં યોગદાન આપેલ હોય તેવો રાજય સરકારે નામનિયુકત કરવાનો એક સભ્ય.

(૫) રાજય સરકાર, શોધ સમિતિના ત્રણ સભ્યો પૈકીના એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે મુકરર કરશે.

(૬) આવી રીતે નિમાયેલી સમિતિ, વધુમાં વધુ આઠ અઠવાડિયાની અંદર અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રીતે, કુલપતિ તરીકે નીમવા માટે પોતે જેને યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને રાજય

INDEX

સરકારને, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી વિગતોની સાથે આવી રીતે પસંદ કરેલી વ્યકિતઓના નામોની ભલામણ કરશે.

(૭) કુલપતિ ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તે, માત્ર વધુ એક મુદત માટે તે હોદ્દા ઉપર ફેરનિમણૂક માટે પાત્ર રહેશે:

પરંતુ કુલપતિ તરીકે નિમાયેલી અથવા ફેરનિમણૂક કરેલી કોઇ વ્યકિત, સિત્તેર વર્ષની ઉંમર પૂર્ણ કરે પછી કુલપતિ તરીકે તેના હોદ્દા પર ચાલુ રહી શકશે નહિ.

(૮) કુલપતિને આપવાના મળતરો અને જે બોલીઓ અને શરતોને અધીન રહીને તેઓ હોદ્દો ધરાવશે તે બોલીઓ અને શરતો, રાજય સરકાર નક્કી કરે તેવા રહેશે:

પરંતુ આવા મળતરોમાં અથવા આવી બોલીઓ અને શરતોમાં, તે હોદ્દો ધરાવનારની મુદત ચાલુ હોય તે દરમિયાન, તેમની સંમતિ વિના તેમને ગેરલાભ થાય તે રીતે કોઇ ફેરફાર થઇ શકશે નહિ.

(૯) (ક) કુલપતિની રજા અથવા ગેરહાજરી દરમિયાન, અથવા

(ખ) કુલપતિના હોદ્દાની જગા કાયમ માટે ખાલી પડે તે પ્રસંગે, તે હોદ્દા ઉપર પેટા-કલમ (૧) હેઠળ નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી, ઉપકુલપતિને તે જગાનો હવાલો આપવામાં આવશે અને ઉપકુલપતિની ગેરહાજરીમાં, રાજય સરકારે તે હેતુ માટે નામનિયુકત કરેલા ડીન પૈકી કોઇપણ એક ડીન, કુલપતિના હોદ્દાની ચાલુ ફરજો બજાવશે.

(૧૦) કુલપતિ, એક મહિનાની નોટિસ આપ્યા પછી, પોતાની સહીથી લેખિતમાં, રાજ્ય સરકારને સંબોધીને, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, રાજ્ય સરકાર જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

INDEX

(૧૧) રાજય સરકારને એવી ખાતરી થાય કે પદધારી,-

(ક) અસ્થિર મગજનો બન્યો છે અને સક્ષમ કોર્ટે તેને એવી રીતે જાહેર કર્યો છે;

(ખ) નૈતિક અધઃપતન સહિતના કોઇપણ ગુના માટે કોર્ટે દોષિત ઠરાવેલ છે;

(ગ) નાદાર ઠર્યો છે અને સક્ષમ કોર્ટે તે તરીકે જાહેર કર્યો છે;

(ઘ) શારીરિક રીતે અક્ષમ બન્યો છે અને લાંબી માંદગી અથવા શારીરિક અશકતતાને કારણે કાર્યો બજાવવા અસમર્થ બન્યો છે;

(ચ) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં સ્વેચ્છાએ ચૂક અથવા ઇનકાર કર્યો છે અથવા રાજય સરકારે નિર્ધારિત કર્યા પ્રમાણેની સેવાની બોલીઓ અને શરતો પૈકીની કોઇપણ બોલી અને શરતનો ભંગ કર્યો છે અથવા તેમનામાં નિહિત સત્તાનો દુરુપયોગ કર્યો છે અથવા કુલપતિના હોદ્દા ઉપર તેમને ચાલુ રાખવાનું યુનિવર્સિટીના હિતને હાનિકારક છે;

તો રાજય સરકાર, કુલપતિને તેમના હોદ્દા પરથી દૂર કરી શકશેઃ

પરંતુ કુલપતિને સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય, તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહિ.

કુલપતિની સત્તા.

૧૪. (૧) કુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય કારોબારી અને શૈક્ષણિક અધિકારી રહેશે અને કુલાધિપતિની ગેરહાજરીમાં, બોર્ડની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે. તેઓ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ, નાણા સમિતિ તથા મકાન અને મિલકત સમિતિના હોદ્દાની રૂએ અધ્યક્ષ રહેશે. તેમને યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીમંડળની અથવા મંડળની કોઇ બેઠકમાં હાજર રહેવાનો અને બોલવાનો હક રહેશે, પણ તેઓ તે અધિકારીમંડળ અથવા મંડળના સભ્ય હોય તે સિવાય, તેમને તેમાં મત આપવાનો હક રહેશે નહિ.

INDEX

(૨) કુલપતિને, યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને નાણા સમિતિની અને પોતે જેના અધ્યક્ષ હોય તેવા યુનિવર્સિટીના બીજા અધિકારીમંડળોની બેઠકો બોલાવવાની સત્તા રહેશે. તેઓ આ સત્તા, યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીને સોંપી શકશે.

(૩) આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમોનું વિશ્વસનીય રીતે પાલન થાય તે સુનિશ્ચિત કરવાની કુલપતિની ફરજ રહેશે અને તેમને, આ હેતુ માટે જરૂરી તમામ સત્તા રહેશે.

(૪) (ક) કુલપતિ, આ અધિનિયમ હેઠળ ફરમાવ્યા પ્રમાણે અધિકારીમંડળો પૈકીના કોઇપણ અધિકારીમંડળમાં સભ્યોને નામનિયુકત કરી શકશે;

(ખ) (૧) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સંબંધમાં શિસ્તની જાળવણી અને શિસ્તવિષયક પગલાંને લગતી અને સમગ્ર યુનિવર્સિટીને લગતી તમામ સત્તા કુલપતિમાં નિહિત થશે;

(૨) કુલપતિ, પોતે યોગ્ય ગણે તેવી, પેટા-ખંડ (૧)માં ઉલ્લેખેલી પોતાની તમામ અથવા તે પૈકીની કોઈ સત્તા, ઉપકુલપતિને અને પોતે આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા બીજા અધિકારીને સોંપી શકશે.

(૫) (ક) કોઇ તાકીદના પ્રસંગે, કુલપતિનો એવો અભિપ્રાય હોય કે તાત્કાલિક પગલું લેવું જરૂરી છે, તો તેઓ પોતે જરૂરી ગણે તેવું પગલું લેશે અને ત્યારબાદ વહેલામાં વહેલી તકે, આવી બાબતની સામાન્ય ક્રમમાં જેમણે તજવીજ કરી હોત તેવા અધિકારી, અધિકારીમંડળ અથવા મંડળને, પોતાને તાકીદના જણાયેલ કારણો સહિત પોતે લીધેલા પગલાં વિષેની માહિતી પૂરી પાડશે;

(ખ) કુલપતિએ આ પેટા-કલમ હેઠળ લીધેલાં પગલાંથી યુનિવર્સિટીની સેવામાં હોય તેવી કોઇ વ્યકિતને અસર થાય, ત્યારે તેવી વ્યકિત, પોતાને આવાં પગલાં વિષે જાણ કરવામાં આવે તે તારીખથી એક

INDEX

મહિનાની અંદર, સદરહુ અધિકારી, અધિકારીમંડળ અથવા મંડળ મારફત એક્ઝિક્યુટિવ કાઉન્સિલને અપીલ કરવાને હકદાર રહેશે.

(૬) (ક) પેટા-કલમ (૪)માં સમાવિષ્ટ જોગવાઇઓને અધીન રહીને અને પેટા-કલમ (૫)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, કુલપતિનો એવો અભિપ્રાય હોય કે કલમ ૨૧માં નિર્દિષ્ટ કરેલ અથવા તે હેઠળ જાહેર કરેલ અધિકારીમંડળના કોઇપણ હુકમ અથવા ઠરાવની અમલબજવણી અથવા યુનિવર્સિટી દ્વારા અથવા તેના વતી કરવાનું હોય અથવા કરવામાં આવી રહ્યું હોય તેવું કોઇ કાર્ય,-

(૧) આ અધિનિયમની અથવા કોઇપણ સ્ટેચ્યૂટ, અધ્યાદેશ, નિયમ અથવા વિનિયમની જોગવાઇઓ સાથે અસંગત છે, અથવા

(૨) યુનિવર્સિટીના હિતમાં નથી, અથવા

(૩) તેનાથી શાંતિનો ભંગ થવાનો સંભવ છે, અથવા

(૪) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, કોઇ નિયમનકારી મંડળની માર્ગદર્શિકા, આદેશો સાથે અસંગત છે,

તો તે, સદરહુ હુકમ અથવા ઠરાવ, તેમણે જણાવેલી રીતે શા માટે રદ ન કરવો અથવા ન સુધારવો અથવા તેમાં ફેરફાર ન કરવો અથવા કાર્ય કરતાં ન અટકાવવું તે સંબંધી જે અધિકારીમંડળે હુકમ કર્યો હોય અથવા ઠરાવ પસાર કર્યો હોય અથવા જે અધિકારીમંડળ પોતાની પુનઃવિચારણા અર્થે તે કાર્ય કરવાની દરખાસ્ત કરે તે અધિકારીમંડળને, હુકમ અથવા ઠરાવની નકલ મોકલી શકશે અથવા યથાપ્રસંગ, કારણોના નિવેદન સહિત તે કાર્ય કરવા અંગે પુછાણ કરી શકશે.

(ખ) અધિકારીમંડળ, પુનઃવિચારણા કર્યા પછી, કુલપતિએ જણાવેલી રીતે હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે

INDEX

ખંડ (ચ)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આવી રીતે સુધારેલો અથવા ફેરફાર કરેલો હુકમ અથવા ઠરાવ, આવી રીતે સુધાર્યાની અથવા ફેરફાર કર્યાની તારીખથી ફરી અમલમાં આવશે.

(ગ) કુલપતિએ જણાવેલી રીત સાથે અસંગત હોય તેવી રીતે અધિકારીમંડળ હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે કુલપતિ તે બાબત રાજ્ય સરકારને તેના નિર્ણય માટે લખી મોકલશે.

(ઘ) રાજ્ય સરકાર, આવું લખાણ કરવામાં આવ્યે, હુકમ અથવા ઠરાવ સુધારી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અથવા આદેશ કરી શકશે કે તે હુકમ અથવા ઠરાવ, ફેરફાર સાથે અથવા ફેરફાર વિના, કાયમ માટે અથવા પોતે નિર્દિષ્ટ કરે તેટલી મુદત સુધી અમલમાં ચાલુ રહેશેઃ

પરંતુ સંબંધિત અધિકારીમંડળને, આવા હુકમ અથવા ઠરાવ સામે કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા વિના, રાજ્ય સરકાર તેવો હુકમ અથવા ઠરાવ સુધારી શકશે નહિ અથવા તેમાં ફેરફાર કરી શકશે નહિ અથવા તે ચાલુ રાખી શકશે નહિ.

(ચ) હુકમ અથવા ઠરાવની નકલ મોકલ્યાના અથવા ખંડ (ક) હેઠળ લખી મોકલવાના કુલપતિના પગલાંની તારીખથી ખંડ (ઘ) હેઠળના રાજ્ય સરકારના હુકમની તારીખ સુધી હુકમ, ઠરાવ અથવા યથાપ્રસંગ, કાર્ય કરવાનું સ્થગિત રહેશે.

(છ) અધિકારીમંડળ, ખંડ (ખ) હેઠળ પોતાના હુકમ અથવા ઠરાવમાં ફેરફાર કરે અથવા તેને સુધારે, ત્યારે અથવા રાજ્ય સરકાર, ખંડ (ઘ) હેઠળ હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે તેવા કિસ્સામાં, કુલપતિએ ખંડ (ક) હેઠળ સંબંધિત અધિકારીમંડળને, હુકમ અથવા ઠરાવની નકલ મોકલ્યા પહેલાં અથવા કાર્ય કરવાને લગતું લખાણ મોકલ્યા પહેલાં લીધેલું કોઈ પગલું, હોય તો, તે શરૂઆતથી જ રદબાતલ ગણાશે.

INDEX

(૭) કુલપતિ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અથવા વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવા બીજા કાર્યો કરશે.

ઉપકુલપતિ. ૧૫. (૧) રાજ્ય સરકાર, શોધ સમિતિએ ભલામણ કરેલી ત્રણ વ્યક્તિઓની પેનલમાંથી, ઉપકુલપતિની નિમણૂક કરશે.

(૨) પેટા-કલમ (૧)ના હેતુ માટે, રાજ્ય સરકાર, નીચેના સભ્યોની બનેલી શોધ સમિતિની રચના કરશે:-

(૧) (યુનિવર્સિટી સાથે અથવા કોઇ કોલેજ અથવા સંસ્થા સાથે સંબંધ ધરાવતી વ્યકિતઓ ન હોય તેવા) બે સભ્યો, જેમાંનો એક સભ્ય, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકડેમિક કાઉન્સિલે સંયુકત રીતે સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત હોવી જોઇશે અને બીજો સભ્ય, ગુજરાત રાજયમાં કાયદાથી સ્થાપિત તમામ રાજય યુનિવર્સિટીઓના કુલપતિઓએ સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત હોવી જોઇશે;

(૨) પ્રતિષ્ઠિત શિક્ષણશાસ્ત્રી હોય અને યુનિવર્સિટી શિક્ષણ પદ્ધતિમાં યોગદાન આપેલ હોય તેવો રાજય સરકારે નામનિયુકત કરવાનો એક સભ્ય.

(૩) રાજય સરકાર, સમિતિના ત્રણ સભ્યો પૈકીના એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે મુકરર કરશે.

(૪) આવી રીતે નિમાયેલી સમિતિ, વધુમાં વધુ આઠ અઠવાડિયાની અંદર અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રીતે, ઉપકુલપતિ તરીકે નીમવા માટે પોતે જેને યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને રાજય સરકારને, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી વિગતોની સાથે આવી રીતે પસંદ કરેલી વ્યકિતઓના નામોની ભલામણ કરશે.

(૫) ઉપકુલપતિ તરીકે નિમાયેલી કોઇ વ્યકિત, અડસઠ વર્ષની ઉંમર પૂર્ણ કરે પછી, તે તરીકેના પોતાના હોદ્દા ઉપર ચાલુ રહી શકશે નહિ.

INDEX

(૬) ઉપકુલપતિના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે અને તે, માત્ર વધુ એક મુદત સુધી હોદ્દા ઉપર ફેરનિમણૂક માટે પાત્ર રહેશે.

(૭) ઉપકુલપતિ, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને તેમના મળતરો અને સેવાની બોલીઓ અને શરતો, રાજય સરકાર નક્કી કરે તેવા રહેશેઃ

પરંતુ એવો હોદ્દો ધરાવવાની મુદત ચાલુ હોય તે દરમિયાન, તે હોદ્દો ધરાવનારના મળતરો અને તેમની સેવાની શરતોમાં, તેમની સંમતિ વિના, તેમને ગેરલાભ થાય તે રીતે ફેરફાર થઇ શકશે નહિ.

(૮) ઉપકુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય નિરીક્ષણ અધિકારી ગણાશે અને કુલપતિ દ્વારા ખાસ રીતે અથવા સામાન્ય રીતે તેમને સોંપવામાં આવે અને સંબંધિત સ્ટેચ્યૂટ હેઠળ ઠરાવેલી હોય તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

(૯) ઉપકુલપતિ, કુલપતિની ગેરહાજરીમાં અથવા તેઓ પોતાના હોદ્દાની ફરજો બજાવી શકે તેમ ન હોય તેવા પ્રસંગે, કુલપતિની તમામ સત્તા વાપરશે અને તેમના તમામ કાર્યો કરશે અને તેમની તમામ ફરજો બજાવશે.

(૧૦) ઉપકુલપતિ,-

(ક) કુલાધિપતિ અથવા કુલપતિની ગેરહાજરીમાં, બોર્ડની બેઠકોનું, અને

(ખ) કુલપતિની ગેરહાજરીમાં, યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીમંડળની અથવા તેની સમિતિની બેઠકોનું, અધ્યક્ષસ્થાન લેશે.

(૧૧) ઉપકુલપતિ, એક મહિનાની નોટિસ આપ્યા પછી, પોતાની સહીથી લેખિતમાં, રાજ્ય સરકારને સંબોધીને, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, રાજ્ય સરકાર જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

INDEX

વિદ્યાશાખાના ડીન.

૧૬. (૧) દરેક વિદ્યાશાખા માટે એક ડીન રહેશે, જેમને કુલપતિ દ્વારા નામનિયુક્ત કરવામાં આવશે.

(૨) ડીન, કુલપતિ દ્વારા તેમને સોંપવામાં આવે તેવા યુનિવર્સિટીના શૈક્ષણિક અને બીજા સંલગ્ન કામકાજનું સંચાલન કરવામાં કુલપતિ અને ઉપકુલપતિને સહાય કરશે.

(૩) ડીન, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૪) ડીન, વિદ્યાશાખાના મુખ્ય કારોબારી અધિકારી રહેશે અને તેઓ નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો કરશેઃ-

(૧) તેઓ સંબંધિત વિદ્યાશાખાના અધ્યક્ષ રહેશે અને વિદ્યાશાખાની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે;

(૨) તેઓ કોઈપણ અભ્યાસ-સમિતિની બેઠકમાં હાજર રહી શકશે;

(૩) તેઓ વિદ્યાશાખા હેઠળની જુદીજુદી સમિતિઓ (બોર્ડ)ના કામ ઉપર દેખરેખ રાખશે અને તેનું સંકલન કરશે;

(૪) તેઓ વિદ્યાશાખા હેઠળના વિષયોને લગતા પરિસંવાદો, ઓપ અભ્યાસક્રમો અને વર્કશોપ (કાર્યશિબિરો) યોજશે અને તેની ગોઠવણ કરશે;

(૫) તેઓ વિદ્યાશાખા હેઠળના વિષયોના સંબંધમાં યુનિવર્સિટીના વિભાગો, કોલેજો અને સંસ્થાઓની તપાસ કરશે અને તેમને માર્ગદર્શન આપશે;

(૬) તેઓ વિદ્યાશાખાને લગતા સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોના યોગ્ય પાલન માટે જવાબદાર રહેશે;

(૭) તેઓ મુલાકાતી અધ્યાપકોના કાર્યક્રમોની અને અધ્યાપકોના આદાન-પ્રદાન (આપ-લે)ની દરખાસ્તોની મંજૂરી માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરશે;

INDEX

(૮) તેઓ સંબંધિત સ્ટેચ્યૂટ હેઠળ ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવા બીજા કાર્યો કરશે.

રજિસ્ટ્રાર.

૧૭. (૧) રજિસ્ટ્રાર, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને તેઓ બોર્ડ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલના સેક્રેટરી તરીકે કાર્ય કરશે.

(૨) રાજ્ય સરકાર, યુનિવર્સિટીની ભલામણ પરથી, આ અર્થે કરેલા સ્ટેચ્યુટ અનુસાર રજિસ્ટ્રારની નિમણૂક કરશે અને તેમનાં મળતર અને સેવાની શરતો સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૩) રજિસ્ટ્રાર, યુનિવર્સિટીના રેકર્ડ, સામાન્ય સીલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પોતાના હવાલે સોંપે તેવી, યુનિવર્સિટીની તેવી બીજી મિલકતો અને અસ્ક્યામતની યોગ્ય કસ્ટડી માટે જવાબદાર ગણાશે.

(૪) રજિસ્ટ્રાર,સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, નિયમો અને વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

કાયદા અધિકારી.

૧૮. (૧) યુનિવર્સિટી, કાયદા અધિકારીની નિમણૂક કરશે. તેઓ યુનિવર્સિટી વતી અને તેની સામે કરવામાં આવતી તમામ કાનૂની બાબતોના સંબંધમાં હવાલો ધરાવશે.

(૨) કાયદા અધિકારીની લાયકાતો, અનુભવ, સત્તા, કાર્યો અને ફરજો, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

નાણા અને હિસાબ અધિકારી.

૧૯. (૧) નાણા અને હિસાબ અધિકારીની નિમણૂક, રાજ્ય સરકાર દ્વારા, પ્રતિનિયુક્તિથી કરવામાં આવશે. તેઓ સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

(૨) નાણા અને હિસાબ અધિકારીની લાયકાત, પગાર, ભથ્થા, મળતર, બીજા લાભો અને સુવિધાઓ અને સેવાની બોલીઓ અને શરતો, રાજ્ય સરકાર નક્કી કરે તેવા રહેશે.

(૩) નાણા અને હિસાબ અધિકારીનો હોદ્દો ખાલી હોય, ત્યારે અથવા નાણા અને હિસાબ અધિકારી માંદગી, ગેરહાજરીના કારણે અથવા અન્ય કોઇ કારણોસર પોતાના

INDEX

હોદ્દાની ફરજો બજાવવા અસમર્થ હોય, ત્યારે કુલપતિ આ હેતુ માટે નીમે તેવી વ્યકિત આવા હોદ્દાની ફરજો બજાવશે.

(૪) નાણા અને હિસાબ અધિકારી,-

(૧) યુનિવર્સિટીના ફંડ ઉપર સામાન્ય દેખરેખ રાખશે અને તેની નાણાકીય નીતિના સંબંધમાં સલાહ આપશે;

(૨) સ્ટેચ્યૂટ હેઠળ ઠરાવવામાં આવે તેવા અને કુલપતિ દ્વારા પોતાને સોંપવામાં આવ્યા હોય તેવા બીજા નાણાકીય કાર્યો પણ કરશે.

પરીક્ષા નિયંત્રક.

૨૦. (૧) પરીક્ષા નિયંત્રક, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે. યુનિવર્સિટી, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી લઈને, તેઓની (પરીક્ષા નિયંત્રકની) નિમણૂક કરશે.

(૨) પરીક્ષા નિયંત્રકની લાયકાત, સેવાની બોલીઓ અને શરતો, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

પ્રકરણ ૪
યુનિવર્સિટીના અધિકારીમંડળો

યુનિવર્સિટીના અધિકારીમંડળો.

૨૧. યુનિવર્સિટીના અધિકારીમંડળો નીચે પ્રમાણે રહેશેઃ-

(૧) સંચાલક મંડળ;

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ;

(૩) એકેડેમિક કાઉન્સિલ;

(૪) નાણા સમિતિ;

(૫) મકાન અને મિલકત સમિતિ;

(૬) વિદ્યાશાખાઓ;

(૭) અભ્યાસ સમિતિ;

(૮) યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકે સ્ટેચ્યૂટથી જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીના બીજા બોર્ડ અને મંડળો.

સંચાલક મંડળ.

૨૨. (૧) સંચાલક મંડળ નીચેના સભ્યોનું બનશેઃ-

INDEX

૧. હોદ્દાની રૂએ સભ્યો

(૧) કુલાધિપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) કુલપતિ, હોદ્દાની રૂએ ઉપાધ્યક્ષ;

(૩) ઉપકુલપતિ;

(૪) સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર;

(૫) સચિવ, નાણા વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૬) સચિવ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૭) સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૮) સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૯) સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૦) આદિજાતિ વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત.

(૧૧) ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૨) ટેકનિકલ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

INDEX

(૧૩) નાયબ કમિશનર –સહ- નિયામક, આદિમ આદિજાતિ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય.

૨. સામાન્ય સભ્યો

(૧) કુલપતિ દ્વારા, સમગ્ર સિનિયોરિટી પ્રમાણે વિભાગોના વડામાંથી વારાફરતી નામનિયુકત કરવાના વિભાગોના ત્રણ વડા;

(૨) કુલપતિ દ્વારા, સમગ્ર સિનિયોરિટી પ્રમાણે કોલેજોના પ્રિન્સિપાલમાંથી વારાફરતી, નામનિયુક્ત કરવાના કોલેજોના બે પ્રિન્સિપાલ (આચાર્ય);

(૩) કુલપતિ દ્વારા, સમગ્ર સિનિયોરિટી પ્રમાણે અધ્યાપકોમાંથી વારાફરતી નામનિયુક્ત કરવાના યુનિવર્સિટીના એક અધ્યાપક;

(૪) કુલપતિ દ્વારા, સમગ્ર સિનિયોરિટી પ્રમાણે કોલેજોના અધ્યાપકોમાંથી વારાફરતી નામનિયુક્ત કરવાના કોલેજોના ચાર અધ્યાપકો;

(૫) રાજ્ય સરકારે, નામનિયુક્ત કરવાના રાજપીપળા નગરપાલિકાના એક સભ્ય;

(૬) રાજ્ય સરકારે, નામનિયુક્ત કરવાના નર્મદા જિલ્લા પંચાયતના એક સભ્ય;

(૭) રાજ્ય સરકારે, નામનિયુક્ત કરવાના, નર્મદા જિલ્લામાંથી ચૂંટાયેલા વિધાનસભાના બે સભ્યો;

(૮) રાજ્ય સરકારે, પ્રખ્યાત શિક્ષણવિદો, સામાજિક કાર્યકરો, આદિજાતિ સમુદાયો, મહિલાઓ અને એવા બીજા વર્ગની વ્યક્તિઓના પ્રતિનિધિઓમાંથી નામનિયુક્ત કરવાની ચાર પ્રતિષ્ઠિત વ્યક્તિઓ;

(૯) રાજય સરકારે નામનિયુકત કરવાના એક દાતા.

(૨) સામાન્ય સભ્યોની કક્ષા હેઠળ નામનિયુક્ત કરવાના કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા તેત્રીસ ટકા સભ્યો, મહિલા સભ્યો હોવા જોઈશે.

INDEX

(૩) સામાન્ય સભ્યોની કક્ષા હેઠળ નામનિયુક્ત કરવાના કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા તેત્રીસ ટકા સભ્યો, અનુસૂચિત આદિજાતિના સભ્યો હોવા જોઈશે.

(૪) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

બોર્ડની બેઠકો. ૨૩. (૧) બોર્ડ, સામાન્ય રીતે કેલેન્ડર વર્ષ દરમિયાન ઓછામાં ઓછા બે વખત કુલાધિપતિ નક્કી કરે તેવી તારીખે મળશે. નાણાકીય વર્ષ દરમિયાન, બોર્ડની વાર્ષિક બેઠક, ખાસ કરીને કુલાધિપતિના આદેશ હેઠળ, નક્કી કરવામાં આવશે.

(૨) કુલાધિપતિ, યોગ્ય અને જરૂરી ગણે, ત્યારે ખાસ કારણ માટે બેઠક બોલાવી શકશે.

(૩) કોરમ, બોર્ડના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા એક તૃતીયાંશ સભ્યોનું રહેશે. (તે એક તૃતીયાંશમાં સમાવિષ્ટ કોઇ ભાગને, એક પૂર્ણ સંખ્યા તરીકે ગણવી.)

(૪) રજિસ્ટ્રારે, બોર્ડના સભ્યોને એજન્ડા સહિત દરેક બેઠકની લેખિત નોટિસ, બેઠકની તારીખના ઓછામાં ઓછા પૂરા પંદર દિવસ પહેલાં અચૂકપણે પરિપત્રિત કરવી જોઇશે. કુલપતિ, બેઠકમાં જે કોઇ બાબત માટે યોગ્ય નોટિસ ન આપી શકાઇ હોય તેવી કોઇ બાબતનો એજન્ડામાં સમાવેશ કરવાની પરવાનગી આપી શકશે.

(૫) અધ્યક્ષ હાજર હોય, તો તેઓ બોર્ડની બેઠકના અધ્યક્ષસ્થાને રહેશે અને તેમની ગેરહાજરીમાં, ઉપાધ્યક્ષ અધ્યક્ષસ્થાન લેશે.

(૬) કાર્યરીતિને લગતા કોઇપણ પ્રશ્ન બાબતે અધ્યક્ષનો નિર્ણય આખરી ગણાશે.

(૭) સભ્યો વચ્ચે મતભેદ થવાના કિસ્સામાં, અધ્યક્ષનો અભિપ્રાય નિર્ણાયક રહેશે.

(૮) અધ્યક્ષ સહિતના બોર્ડના દરેક સભ્યને એક મત આપવાનો રહેશે અને એકસરખા મત પડે એટલે કે મડાગાંઠ થાય અને બોર્ડે નક્કી કરવાના કોઇ પ્રશ્ન ઉપર સરખા મત પડેલા હોય, ત્યારે બોર્ડના અધ્યક્ષને નિર્ણાયક મત રહેશે.

(૯) બોર્ડની બેઠકની કાર્યવાહીની કાર્યનોંધ, બોર્ડના અધ્યક્ષની મંજૂરીથી રજિસ્ટ્રારે તૈયાર કરવી જોઇશે અને બોર્ડના તમામ સભ્યોને વીસ દિવસની અંદર અચૂકપણે પરિપત્રિત કરવી જોઇશે. સુધારા, જો કોઇ હોય, તો તે સહિતની કાર્યનોંધ બોર્ડની આગામી બેઠકમાં મંજૂરી માટે મૂકવી જોઇશે. કાર્યનોંધને મંજૂરી મળે અને બોર્ડના અધ્યક્ષ દ્વારા તેની પર સહી કરવામાં આવે, ત્યાર પછી, તેની

INDEX

કાર્યનોંધવહીમાં નોંધ કરવામાં આવશે, જે બોર્ડના સભ્યોને જોવા માટે ખુલ્લી રહેશે.

(૧૦) (૧) સ્ટેચ્યૂટ મુજબ, સિનિયોરિટી અનુસાર કોઈ વ્યક્તિ વારાફરતી યુનિવર્સિટીના અધિકારી મંડળમાં હોદ્દો ધરાવતી હોય અથવા સભ્ય તરીકે રહે ત્યારે, આવી સિનિયોરિટી, આવી વ્યક્તિના જે તે ગ્રેડ (કક્ષા)માં સળંગ સેવાના સમયગાળા અને બોર્ડ વખતોવખત ઠરાવે તેવા બીજા સિદ્ધાંતો અનુસાર નક્કી કરવામાં આવશે.

(૨) ખંડ (૧)ની જોગવાઈઓ અનુસાર, સંબંધિત સ્ટેચ્યૂટની જોગવાઇઓ લાગુ પડતી હોય તેવા સભ્યોના દરેક વર્ગના સંબંધમાં પૂર્ણ અને અદ્યાવત સિનિયોરિટી યાદી તૈયાર કરવાની અને નિભાવવાની રજિસ્ટ્રારની ફરજ રહેશે.

(૩) બે અથવા તેથી વધુ વ્યક્તિઓની કોઈ ચોક્કસ ગ્રેડ (કક્ષા)માં સળંગ સેવાનો સમયગાળો સરખો હોય અથવા કોઈ વ્યક્તિ અથવા વ્યકિતઓની સંબંધિત સિનિયોરિટી બાબતે અન્યથા કોઈ શંકા હોય, તો રજિસ્ટ્રાર, પોતાની મેળે અથવા એવી વ્યક્તિની વિનંતી પરથી, આ બાબત બોર્ડને સાદર કરશે, જેનો તે બાબત અંગેની નિર્ણય આખરી ગણાશે.

બોર્ડની સત્તા અને ફરજો.

૨૪. આ અધિનિયમની બીજી જોગવાઈઓને અધીન રહીને, બોર્ડ નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે:-

(૧) યુનિવર્સિટીના યોગ્ય વહીવટ માટે આયોજન, વિકાસ, સંચાલન અને બીજી સંબંધિત બાબતો અંગે નીતિવિષયક નિર્ણયો લેવા અને તેના યોગ્ય અમલીકરણ માટે આદેશો આપવા;

(૨) યુનિવર્સિટીને જરૂર હોય તેવી પ્રોફેસરશિપ, એસોસિએટ પ્રોફેસરશિપ, આસિસ્ટન્ટ પ્રોફેસરશિપ, વિષય નિષ્ણાતો, કો.ઓર્ડિનેટર્સ, ક્ષેત્ર નિષ્ણાતો અને અધ્યાપકોની બીજી જગાઓ શરૂ કરવી;

(૩) સ્ટેચ્યૂટ ઘડવા, સુધારવા અથવા રદ કરવા;

(૪) અધ્યક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલી કોઇપણ દરખાસ્ત અથવા બાબત વિચારણામાં લેવી;

(૫) અધ્યાદેશો મંજૂર કરવા, રદ કરવા અથવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ફરી પુછાણ માટે મોકલવા, પણ તેમાં સુધારા કરવા નહિ;

INDEX

(૬) વાર્ષિક અહેવાલો, વાર્ષિક હિસાબો અને નાણાકીય અંદાજો વિચારણામાં લેવા અને તે અંગે ઠરાવો પસાર કરવા;

(૭) ઓડિટ કરેલા હિસાબો વિચારણામાં લેવા;

(૮) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ, નાણા સમિતિ, મકાન અને મિલકત સમિતિ, યુનિવર્સિટી અધ્યાપન અને સંશોધન સમિતિ, વિદ્યાશાખાઓ, અભ્યાસ સમિતિ અને બીજી સમિતિઓના વાર્ષિક અહેવાલોની સમીક્ષા કરવી અને તે મંજૂર કરવા;

(૯) આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશ, તે હેઠળ કરવામાં આવેલા નિયમો અથવા વિનિયમોથી તેને મળે તેવી બીજી સત્તા વાપરવી અને તેના ઉપર નાખવામાં આવે તેવી અન્ય ફરજો બજાવવી અને યુનિવર્સિટીના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે બીજી તમામ સત્તા વાપરવી.

૨૫. (૧) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, યુનિવર્સિટીનું કારોબારી અધિકારીમંડળ ગણાશે અને તે નીચેના સભ્યોનું બનશે :- એક્ઝિક્યુટિવ કાઉન્સિલ.

૧. હોદ્દાની રૂએ સભ્યો

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ઉપકુલપતિ, હોદ્દાની રૂએ ઉપાધ્યક્ષ;

(૩) આદિજાતિ વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા નાયબ કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૫) ટેકનિકલ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૬) જિલ્લા કલેક્ટર, નર્મદા જિલ્લો;

(૭) પ્રદેશના અધીક્ષક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ;

(૮) જિલ્લા વિકાસ અધિકારી, નર્મદા જિલ્લો;

(૯) પ્રાજેક્ટ એડમિનિસ્ટ્રેટર, નર્મદા જિલ્લો; આદિજાતિ વિકાસ વિભાગ.

INDEX

૨. સામાન્ય સભ્યો

(૧) કુલપતિ દ્વારા સમગ્ર સિનિયોરિટી પ્રમાણે યુનિવર્સિટીના વિભાગોના વડામાંથી વારાફરતી, નામનિયુક્ત કરવાના યુનિવર્સિટીના વિભાગોના ત્રણ વડા;

(૨) કુલપતિ દ્વારા સમગ્ર સિનિયોરિટી પ્રમાણે પ્રિન્સિપાલમાંથી વારાફરતી, નામનિયુક્ત કરવાના બે પ્રિન્સિપાલ (આચાર્ય) ;

(૩) કુલપતિ દ્વારા સમગ્ર સિનિયોરિટી પ્રમાણે વિભાગના વડા સિવાયના યુનિવર્સિટીના અધ્યાપકોમાંથી નામનિયુક્ત કરવાના બે અધ્યાપકો;

(૪) કુલપતિ દ્વારા સમગ્ર સિનિયોરિટી પ્રમાણે કોલેજોના અધ્યાપકોમાંથી વારાફરતી નામનિયુક્ત કરવાના કોલેજોના ચાર અધ્યાપકો;

(૫) પ્રખ્યાત શિક્ષણવિદ્દો, સામાજિક કાર્યકરો, મહિલાઓ, જાહેર વહીવટકર્તાઓ, આદિજાતિ સમુદાયો અથવા વ્યક્તિઓના એવા બીજા વર્ગોના પ્રતિનિધિઓમાંથી સરકાર યોગ્ય ગણે તેવી, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાની પાંચ નામાંકિત વ્યક્તિઓ.

(૨) સામાન્ય સભ્યોની કક્ષા હેઠળ નામનિયુક્ત કરવાના સભ્યોમાંથી ઓછામાં ઓછા તેત્રીસ ટકા સભ્યો, મહિલા સભ્યો હોવા જોઈશે.

(૩) સામાન્ય સભ્યોની કક્ષા હેઠળ નામનિયુક્ત કરવાના સભ્યોમાંથી ઓછામાં ઓછા તેત્રીસ ટકા સભ્યો, અનુસૂચિત આદિજાતિના સભ્યો હોવા જોઈશે.

(૪) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સત્તા અને ફરજો.

૨૬. (૧) આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે :-

(ક) યુનિવર્સિટીની મિલકત અને નાણા ભંડોળ (ફંડ) ધરાવવા, તેનું નિયંત્રણ કરવું તથા તેનો વહીવટ કરવો;

(ખ) આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને મળેલી સત્તા વાપરીને અને સોંપેલી ફરજો બજાવીને, એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી નાણા સમિતિ, મકાન અને મિલકત સમિતિ અથવા કાયદા સમિતિ, હોય તો તેની સાથે

INDEX

વિચારવિનિમય કરીને, યુનિવર્સિટી વતી કરાર કરવા, તેમાં ફેરફાર કરવો, તેમનો અમલ કરવો અથવા તે રદ કરવા ;

(ગ) યુનિવર્સિટીના સામાન્ય સીલનો નમૂનો નક્કી કરવો અને તેની કસ્ટડી માટે જોગવાઇ કરવી અને તેના ઉપયોગનું નિયમન કરવું;

(ઘ) ખાસ હેતુઓ માટે યુનિવર્સિટીને હસ્તક સોંપેલ નાણાં ભંડોળ (ફંડ)નો વહીવટ કરવો;

(ચ) યુનિવર્સિટીના વાર્ષિક નાણાકીય અંદાજો તૈયાર કરવા અને તે બોર્ડ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવા;

(છ) બજેટ ગ્રાન્ટ (અંદાજપત્રીય અનુદાન)ની રકમ ઘટાડવી અથવા વધારવી;

(જ) બજેટ ગ્રાન્ટ (અંદાજપત્રીય અનુદાન)ની કોઇ રકમ, એક ગૌણ સદરમાંથી બીજા ગૌણ સદરમાં અથવા એક ગૌણ સદર હેઠળના પેટા-સદરમાંથી બીજા ગૌણ સદર હેઠળના પેટા-સદરમાં તબદીલ કરવાની મંજૂરી આપવી;

(ઝ) યુનિવર્સિટીનું કાર્ય કરવા માટે જરૂરી મકાનો, જગા, ઉપકરણો, ફર્નિચર, સામગ્રી અને બીજા સાધનો માટે જોગવાઇઓ કરવી;

(ટ) યુનિવર્સિટીને કરેલા વસિયતી દાન, દાન અને કોઇ જંગમ અથવા સ્થાવર મિલકતની તબદીલી યુનિવર્સિટી વતી સ્વીકારવી અને વિકાસના કામો, પુરસ્કારો, પારિતોષિકો વગેરે માટે મળેલા ફંડો માટે અલગ બેંક ખાતાઓ નિભાવવા;

(ઠ) યુનિવર્સિટી વતી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકતની તબદીલી કરવી;

(ડ) યુનિવર્સિટીની અસ્કયામતોની જામીનગીરી ઉપર લોન ઊભી કરવી;

(ઢ) યુનિવર્સિટીનાં નાણાં, હિસાબો અને રોકાણોની વ્યવસ્થા કરવી તથા તેનું નિયમન કરવું;

(ત) શારીરિક શિક્ષણ, રાષ્ટ્રીય સામાજિક સેવા, નેશનલ કેડેટ કોર, મુખ્ય મંત્રી શ્રમદાન યોજના માટે જોગવાઇઓ કરવી ;

(થ) યુનિવર્સિટી દ્વારા નિભાવાતી કોલેજો, યુનિવર્સિટીના વિભાગો, સંશોધનની અથવા વિશેષિત અભ્યાસની સંસ્થા, પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો અને છાત્રાલયનો વહીવટ કરવો;

INDEX

(૬) કોલેજો, સંસ્થા અને છાત્રાલયોની તપાસ કરવા માટે વ્યવસ્થા કરવી તથા તેની તપાસ કરવા માટે આદેશો કરવા, તેની કાર્યક્ષમતા જળવાઇ રહે અને/ અથવા તેના સ્ટાફના સભ્યો માટે નોકરીની યોગ્ય શરતો સુનિશ્ચિત થાય તે માટે સૂચના આપવી અને એવી સૂચનાનો અનાદર કરવામાં આવે તે પ્રસંગે, પોતે યોગ્ય ગણે તેવાં અન્ય પગલાં લેવા;

(ધ) કોલેજો, સંસ્થાઓ અથવા છાત્રાલયો તરફથી અહેવાલો, પત્રકો અને બીજી માહિતી મંગાવવી;

(ન) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનાં નિવાસ, વર્તણૂક અને શિસ્ત અંગે દેખરેખ રાખવી અને તેનું નિયંત્રણ કરવું અને તેમનું આરોગ્ય અને સામાન્ય સુખાકારી વધારવા માટે ગોઠવણો કરવી;

(પ) સ્ટેચ્યૂટથી ઠરાવેલી રીતે, માનદ પદવીઓ એનાયત કરવા અને શૈક્ષણિક વિશિષ્ટમાન આપવા અંગે બોર્ડને ભલામણ કરવી;

(ફ) અધ્યેતાવૃત્તિઓ, પ્રવાસી અધ્યેતાવૃત્તિઓ, શિષ્યવૃત્તિઓ, છાત્રવૃત્તિઓ, ચંદ્રકો અને પારિતોષિકો એનાયત કરવા;

(બ) બોર્ડ સાથે વિચારવિનિમય કરીને, યુનિવર્સિટીના અધ્યાપકો અને કર્મચારીઓની નિમણૂક માટે રાજય સરકારને ભલામણો કરવી, તેમના મળતર નક્કી કરવા અને તેમની ફરજો અને શિસ્તવિષયક બાબતો સહિતની તેમની સેવાની બોલીઓ અને શરતો નક્કી કરવી;

(ભ) કોલેજ અથવા સંસ્થાના સ્ટાફના કોઇ સભ્યને, યુનિવર્સિટીના પ્રાધ્યાપક, સહ-પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક અથવા અધ્યાપક તરીકે માન્યતા આપવી;

(મ) પરીક્ષકોનું મહેનતાણું નક્કી કરવું અને યુનિવર્સિટીની પરીક્ષાઓ અને અન્ય કસોટીઓ યોજવા માટે તથા તેનાં પરિણામ જાહેર કરવા માટે ગોઠવણ કરવી;

(ય) અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેટલી ફી અને બીજા ચાર્જીસ નક્કી કરવા, માંગવા અને લેવાં;

(ર) અધ્યાદેશો કરવા, સુધારવા અથવા રદ કરવા;

INDEX

(લ) બોર્ડ દ્વારા સોપવામાં આવે અથવા આ અધિનિયમથી અથવા તે હેઠળ તેના પર નાખવામાં આવે તેવી અને યુનિવર્સિટીના ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે, બીજી તમામ સત્તા વાપરવી અને તેવી બીજી ફરજો બજાવવી.

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ-એ, બોર્ડને, પેટા-કલમ (૧) નાં ખંડો (ટ), (ઠ) અને (ડ)માં ઉલ્લેખેલી તમામ લેવડદેવડો અંગે રિપોર્ટ (અહેવાલ) કરવો જોઇશે.

(૩) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ-એ, બોર્ડ અને રાજય સરકારની પૂર્વ-મંજૂરી વિના, કોઇ સ્થાવર મિલકત તબદીલ કરવી જોઇશે નહિ.

(૪) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે સત્તા વાપરે તે સત્તા, યુનિવર્સિટીના અધ્યાપકો અને કર્મચારીઓના પગારધોરણો અને ભથ્થાં ઠરાવવાને અને તેનું નિયમન કરવાને લગતી હોય તેટલે સુધી, તે સત્તા વાપરવાનું રાજય સરકારની મંજૂરીને અધીન રહેશે.

(૫) એકેડેમિક કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલી ભલામણો ઉપરથી હોય તે સિવાય, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ-એ, ખંડ (૫), (ફ) અને (૨) હેઠળની સત્તા અને ફરજો વાપરવી જોઈશે નહિ.

(૬) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, અધ્યાદેશોથી, પોતાનું વહીવટી કાર્ય કરવા માટે, એક અથવા વધુ સમિતિઓ નીમી શકશે અને તેમનાં રચના, કાર્યો અને મુદત નક્કી કરી શકશે.

એકેડેમિક કાઉન્સિલ.

૨૭. (૧) એકેડેમિક કાઉન્સિલ, યુનિવર્સિટીનું શૈક્ષણિક મંડળ રહેશે અને તે નીચેના સભ્યોનું બનશે :-

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ઉપકુલપતિ;

(૩) વિદ્યાશાખાઓના ડીન;

(૪) કુલપતિએ નામનિયુક્ત કરવાના, ડીન ન હોય તેવા, વિદ્યાશાખાઓના સભ્યોમાંથી વધુમાં વધુ છ સભ્યો;

INDEX

(૨) એકેડેમિક કાઉન્સિલના હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે:

પરંતુ પેટા-કલમ (૧)ના ખંડો (૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલા સભ્ય, વિદ્યાશાખાના ડીન અથવા યથાપ્રસંગ, સંબંધિત વિદ્યાશાખાના સભ્ય હોતા બંધ થાય, તો તે આવા સભ્ય તરીકે પોતાનો હોદ્દો ધરાવતા બંધ થશે.

એકેડેમિક કાઉન્સિલની સત્તા અને ફરજો.

૨૮. (૧) એકેડેમિક કાઉન્સિલનું, યુનિવર્સિટીના અધ્યાપન અને પરીક્ષાઓનાં ધોરણો જાળવવા અંગે નિયંત્રણ અને સામાન્ય નિયમન રહેશે અને તે તેને માટે જવાબદાર રહેશે. તમામ શૈક્ષણિક બાબતોમાં, એકેડેમિક કાઉન્સિલનો નિર્ણય, કુલપતિની મંજૂરી લઇને આખરી કરવામાં આવશે.

(૨) પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય અને આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, એકેડેમિક કાઉન્સિલ, નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે :-

(૧) સંબંધિત વિદ્યાશાખાએ અભ્યાસક્રમો અને ખાસ અભ્યાસક્રમો સંબંધી કરેલા વિનિયમો મંજૂર કરવા;

(૨) કોલેજ અને સંસ્થાઓમાં અભ્યાસ અને અધ્યાપનનું સંકલન કરવા માટે વ્યવસ્થા કરવી;

(૩) યુનિવર્સિટીમાં સંશોધનને ઉત્તેજન આપવું;

(૪) વિદ્યાશાખાઓને વિષયો ફાળવવા માટે દરખાસ્તો મંજૂર કરવી;

(૫) બોર્ડને યુનિવર્સિટીના વિભાગો, સંશોધન અને વિશેષિત અભ્યાસની સંસ્થાઓ, ગ્રંથાલયો, પ્રયોગશાળાઓ તથા સંગ્રહાલયો તેમજ કૌશલ્ય વિકાસ અને વ્યાવસાયિક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા માટેની દરખાસ્તો કરવી;

(૬) પ્રોફેસરશિપ, એસોસિએટ પ્રોફેસરશિપ અને આસિસ્ટન્ટ પ્રોફેસરશિપની જગા અને યુનિવર્સિટીને જરૂર હોય તેવી અધ્યાપકોની બીજી કોઇ જગાઓ શરૂ કરવા માટેની દરખાસ્તો મંજૂર કરવી અને આવી જગાઓ માટેની ફરજો ઠરાવવા અને મળતર નક્કી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી;

INDEX

(૭) અધ્યેતાવૃત્તિઓ, પ્રવાસી અધ્યેતાવૃત્તિઓ, શિષ્યવૃત્તિઓ, બર્સરિઝ (વિદ્યાર્થીઓને આપવામાં આવતી એક પ્રકારની શિષ્યવૃત્તિઓ કે છાત્રવૃત્તિઓ), છાત્રવૃત્તિઓ, ચંદ્રકો અને પારિતોષિકો શરૂ કરવા માટેની દરખાસ્તો મંજૂર કરવી અને બોર્ડને તે અંગે ભલામણ કરવી;

(૮) યુનિવર્સિટીની પરીક્ષાઓ અને જે શરતોએ વિદ્યાર્થીઓને આવી પરીક્ષાઓમાં બેસવા દેવામાં આવશે તે સંબંધી વિનિયમો કરવા;

(૯) પરીક્ષાનાં સમકક્ષ ધોરણ ઠરાવતા વિનિયમો મંજૂર કરવા ;

(૧૦) પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો મેળવવાને લાયક થવા માટે, યુનિવર્સિટીમાં અથવા કોલેજમાંના અભ્યાસક્રમોમાંથી મુકિત આપવા માટેની રીત ઠરાવતા વિનિયમો મંજૂર કરવા;

(૧૧) આંતરવિદ્યાશાખાકીય અભ્યાસક્રમો મંજૂર કરવા અને ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ (પસંદગી આધારિત ગુણવત્તા પદ્ધતિ) સુધારવા માટે તમામ પગલાં લેવા;

(૧૨) સામાન્યતઃ તમામ શૈક્ષણિક બાબતો અંગે યુનિવર્સિટીને સલાહ આપવી;

(૧૩) આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી બીજી કોઇ સત્તા વાપરવી અને તેના ઉપર નાખવામાં આવે તેવી બીજી ફરજો બજાવવી.

૨૯. (૧) નાણા સમિતિ, નીચેના સભ્યોની બનશે:- નાણા સમિતિ.

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ઉપકુલપતિ, હોદ્દાની રૂએ ઉપાધ્યક્ષ;

(૩) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ, હોદ્દાની રૂએ અથવા નાણા વિભાગના નાયબ સચિવ અથવા નાણાકીય સલાહકારના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, હોદ્દાની રૂએ અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૫) બોર્ડે નામનિયુક્ત કરવાના બોર્ડના એક સભ્ય;

(૬) બોર્ડે નામનિયુક્ત કરવાના નાણા ક્ષેત્રમાંના એક નિષ્ણાત;

(૭) પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર (પરિયોજના વહીવટદાર) અને અધિક કલેક્ટર, (આદિજાતિ વિકાસ), નર્મદા જિલ્લો.

INDEX

(૨) નાણા અને હિસાબ અધિકારી, નાણા સમિતિના સેક્રેટરી રહેશે.

(૩) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૪) નામનિયુક્ત કરેલા કોઈ સભ્ય, કુલપતિને સંબોધીને, પોતાની સહીથી લેખિતમાં રાજીનામું આપી શકશે અને કુલપતિ જે તારીખે રાજીનામું સ્વીકારે તે તારીખથી તે અમલમાં આવશે.

નાણા સમિતિની સત્તા અને તેની ફરજો .

30. આ અધિનિયમની બીજી જોગવાઇઓને અધીન રહીને, નાણા સમિતિ, નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે :-

(૧) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો અને વાર્ષિક અંદાજો ચકાસવા અને બોર્ડને તે અંગે સલાહ આપવી;

(૨) યુનિવર્સિટીની નાણાકીય સ્થિતિની વખતોવખત સમીક્ષા કરવી;

(૩) યુનિવર્સિટીની તમામ નાણાકીય નીતિવિષયક બાબતો પર બોર્ડને ભલામણો કરવી;

(૪) ફંડ ઊભા કરવા, આવક અને ખર્ચને લગતી તમામ દરખાસ્તો પર બોર્ડને ભલામણો કરવી;

(૫) વધારાના ફંડના રોકાણ માટે માર્ગદર્શિકાઓ પૂરી પાડવી;

(૬) જેના માટે બજેટમાં કોઈપણ જોગવાઇ કરેલી ન હોય તેવા ખર્ચ અથવા બજેટમાં જોગવાઈ કરેલી રકમથી વધારે રકમનો ખર્ચ કરવાની જરૂરિયાત હોય તેવા ખર્ચની દરખાસ્તો પર બોર્ડને ભલામણો કરવી;

(૭) પગારધોરણોમાં સુધારા અને પગારધોરણો ઊંચા લાવવાને લગતી લગતી દરખાસ્તો ચકાસવી તથા બજેટમાં સમાવિષ્ટ કરેલી ન હોય તેવી બાબતો બોર્ડ સમક્ષ મૂકવી;

(૮) કોઇ અનુસૂચિત બેંકમાં ખાતા ખોલાવવા, આવા ખાતામાં લેવડદેવડો કરવી અને આવા ખાતાના વહીવટ (સંચાલન) અંગે બેંકને સૂચના આપવી;

(૯) દેણગી ફંડ, સામાન્ય ફંડ અને વિકાસ ફંડનો વહીવટ કરવો;

(૧૦) પ્રોજેકટ માટે ટેન્ડર, કરારો અને બીજા ખર્ચ મંજૂર કરવા અને આખરી મંજૂરી માટે, એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી;

INDEX

(૧૧) યુનિવર્સિટીના અધિકારીઓને નાણાકીય સત્તા સોંપવા અંગે વિચારણા કરવી;

(૧૨) વિનિયમોથી પોતાને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને પોતાની પર નાખવામાં આવે તેવા બીજો કાર્યો કરવા.

મકાન અને મિલકત સમિતિ.

૩૧. (૧) યુનિવર્સિટીની મકાન અને મિલકત સમિતિ, નીચેના સભ્યોની બનશે:-

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ઉપકુલપતિ, હોદ્દાની રૂએ ઉપાધ્યક્ષ;

(૩) ગુજરાત સરકારના સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય અથવા સંયુક્ત નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૫) મુખ્ય ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ અથવા અધીક્ષક ઈજનેરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૬) ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયર્સ (ઇન્ડિયા) ગુજરાત સેન્ટર-ના અધ્યક્ષે તેમના સભ્યોમાંથી નામનિયુક્ત કરેલા સદરહુ ઇન્સ્ટિટ્યૂટના એક પ્રતિનિધિ;

(૭) ઇન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ (ઇન્ડિયા) ગુજરાત સેન્ટર-ના અધ્યક્ષે તેમના સભ્યોમાંથી નામનિયુક્ત કરેલા સદરહુ ઇન્સ્ટિટ્યૂટના એક પ્રતિનિધિ.

(૨) યુનિવર્સિટીના એન્જિનિયર (ઇજનેર), સમિતિના સેક્રેટરી તરીકે રહેશે.

(૩) સમિતિના નામનિયુક્ત કરેલા સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૪) સમિતિ,-

(ક) વિવિધ બાંધકામ પ્રોજેક્ટના પ્લાન અને અંદાજો આખરી કરવા માટે તથા મકાનો પૂર્ણ કરવા અંગેની અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC), રાજ્ય સરકાર અથવા કોઇ એજન્સી પાસેથી મેળવેલી ગ્રાન્ટના યોગ્ય ઉપયોગ અંગેની બાબત સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે;

INDEX

(ખ) યુનિવર્સિટીના મકાનોના નિભાવ અને તેની જાળવણી માટે જવાબદાર રહેશે;

(ગ) યુનિવર્સિટીના મકાનોની મરામત કરવા, તેમાં ઉમેરો કરવા, ફેરફાર કરવા અને તેને પાડી નાખવા અંગેના ખર્ચની વાર્ષિક આકારણી કરશે અને તે માટેનું બજેટ તૈયાર કરીને, નાણા સમિતિ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મંજૂરી માટે રજૂ કરશે;

(ઘ) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા તેને સોંપવામાં આવે તેવી તમામ સત્તા વાપરશે;

(ચ) મંજૂર થયેલા પ્લાન અને અંદાજ અનુસાર મકાનો પૂર્ણ કરવા તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC), સરકાર અથવા યથાપ્રસંગ, યુનિવર્સિટીના પોતાના સ્ત્રોતો પાસેથી મેળવેલા ફંડના યોગ્ય ઉપયોગ અંગેની બાબત સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે.

(૫) સમિતિ, તેને સોંપવામાં આવેલા કોઈપણ કામો અને જવાબદારીઓની દેખરેખ રાખવા માટે, એક અથવા તેનાથી વધુ પેટા-સમિતિઓની રચના કરી શકશે.

વિદ્યાશાખા. ૩૨. (૧) યુનિવર્સિટીમાં વિનયન, શિક્ષણ, વિજ્ઞાન, કાયદા, ઔષધ, વાણિજ્ય, સંચાલન (મેનેજમેન્ટ), આદિજાતિ અભ્યાસોની વિદ્યાશાખા અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી વિદ્યાશાખાનો સમાવેશ થશે. દરેક વિદ્યાશાખામાં સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા વિષયોનો સમાવેશ થશે.

(૨) દરેક વિદ્યાશાખા નીચેનાની બનશે :-

(૧) વિદ્યાશાખા સાથે સંબંધિત હોય તેવા વિષયો માટેની અભ્યાસ સમિતિના અધ્યક્ષ; અને

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા વિદ્યાશાખાને ફાળવેલા હોય તેવા અભ્યાસ સમિતિના વધુમાં વધુ ત્રણ સભ્યો.

(૩) એક કરતાં વધુ વિદ્યાશાખામાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા કોઇ વિષયના અધ્યાપકે, પોતે વિદ્યાશાખાની આવી પસંદગી કરવા માંગતો હોય, તો આવી વિદ્યાશાખાઓ પૈકીની જે કોઇ એક વિદ્યાશાખા પોતાને ફાળવવામાં આવે તેમ ઇચ્છતા હોય તે વિદ્યાશાખાની, પોતે અભ્યાસ સિમતિના સભ્ય બને તે તારીખથી એક મહિનાની અંદર પસંદગી કરવી જોઇશે અને રજિસ્ટ્રારને આવી પસંદગીની

INDEX

જાણ, લેખિતમાં કરવી જોઇશે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ-એ, આવી વિદ્યાશાખાઓ પૈકીની કોઇપણ એક વિદ્યાશાખા તેમને ફાળવવી જોઇશે અને આ રીતે કરેલી પસંદગી અથવા ફાળવણી, સભ્યપદની સંપૂર્ણ મુદત સુધી રદ કરી શકાશે નહિ.

(૪) તમામ વિદ્યાશાખા, યુનિવર્સિટીના મુખ્ય મથક ખાતે રહેશે:

પરંતુ આવી વિદ્યાશાખાઓ પૈકીની કોઇ વિદ્યાશાખાના સંબંધમાં, રાજ્ય સરકાર, યુનિવર્સિટી સાથે વિચારવિનિમય કરીને, રાજપત્રમાં જાહેરનામાથી, આદેશ કરી શકશે કે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલી વિદ્યાશાખા, યુનિવર્સિટીના મુખ્ય મથકની બહારના સ્થળે રહેશે અને તેમ થયે, વિદ્યાશાખાની તદનુસાર સ્થાપના કરવી જોઇશે.

વિદ્યાશાખાની સત્તા અને ફરજો.

૩૩. (૧) વિદ્યાશાખાને, તેને સોંપેલા વિષયો માટે, યુનિવર્સિટીના શિક્ષણના ધોરણો અને પરીક્ષા સંબંધી ફરજો જાળવવા માટે, સામાન્ય નિયંત્રણ અને નિયમન કરવાની સત્તા રહેશે તથા તેને માટે તે જવાબદાર રહેશે.

(૨) પૂર્વવર્તી જોગવાઇની વ્યાપકતાને બાધ આવ્યા વિના અને આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, વિદ્યાશાખા નીચેની સત્તા વાપરશે અને નીચેની ફરજો બજાવશે :-

(૧) સંબંધિત અભ્યાસ સમિતિ સાથે વિચારવિનિમય કરીને, અભ્યાસક્રમો ઠરાવતા વિનિયમો કરવા;

(૨) ખાસ અભ્યાસક્રમો સંબંધી વિનિયમો કરવા;

(૩) વિદ્યાશાખામાં સંબંધિત પરીક્ષા પાસ કરવા માટેનાં ધોરણો અને પરીક્ષાઓમાં વર્ગો આપવા માટે વિનિયમો કરવા;

(૪) યુનિવર્સિટીમાં સંશોધનને ઉત્તેજન આપવા માટે દરખાસ્તો કરવી અને યુનિવર્સિટી તથા કોલેજમાં સંશોધનના વિકાસ માટેનાં પગલાં સૂચવવા;

(૫) વિદ્યાશાખાને વિષયો ફાળવવા માટે દરખાસ્તો કરવી;

(૬) યુનિવર્સિટી વિભાગો, સંશોધન અને વિશેષિત અભ્યાસની સંસ્થા, ગ્રંથાલયો, પ્રયોગશાળા સ્થાપવા માટે દરખાસ્તો કરવી;

(૭) પ્રોફેસરશિપ, એસોસિએટ પ્રોફેસરશિપ, આસિસ્ટન્ટ પ્રોફેસરશિપની જગા અને યુનિવર્સિટીને જરૂર હોય તેવી અધ્યાપકોની બીજી કોઇ જગા શરૂ

INDEX

કરવા માટે તથા આવી જગાઓ માટેની ફરજો ઠરાવવા માટે અને મળતર નક્કી કરવા માટે દરખાસ્તો કરવી;

(૮) અધ્યેતાવૃત્તિઓ, પ્રવાસી અધ્યેતાવૃત્તિઓ, શિષ્યવૃત્તિઓ, છાત્રવૃત્તિઓ, ચંદ્રકો અને ઇનામો શરૂ કરવા માટે દરખાસ્તો કરવી અને તે આપવા માટેના વિનિયમો કરવા;

(૯) અધ્યાપકના વધુમાં વધુ કાર્યબોજ, દરેક વિષય માટે ઓછામાં ઓછું અધ્યાપન કાર્ય, કોઇ વિષય માટે વિદ્યાર્થીઓએ કરવાના ઓછામાં ઓછા પ્રયોગશાળા કાર્ય, સંશોધન ગ્રંથાલય કાર્ય, પરામર્શ, પ્રોજેક્ટ કાર્ય માટે વિનિયમો કરવા;

(૧૦) પરીક્ષાઓના સમકક્ષ ધોરણ ઠરાવતા વિનિયમો કરવા;

(૧૧) પદવી, ડિપ્લોમા અને બીજા વિશિષ્ટમાનો મેળવવાને લાયક થવા માટે યુનિવર્સિટીમાં અથવા કોલેજમાંના અભ્યાસક્રમોમાંથી મુક્તિ આપવા માટેની રીત ઠરાવતા વિનિયમો કરવા;

(૧૨) સામાન્યતઃ સંબંધિત અભ્યાસક્રમોને લગતી તમામ શૈક્ષણિક બાબતો અંગે યુનિવર્સિટીને સલાહ આપવી;

(૧૩) આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોથી અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેના ઉપર નાખવામાં આવે તેવી બીજી ફરજો બજાવવી.

અભ્યાસ-સમિતિ. ૩૪. (૧) સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા દરેક વિષય અથવા વિષયોના જૂથ માટે અભ્યાસ-સમિતિ રહેશે.

(૨) પેટા-કલમ (૩)ની જોગવાઇઓને અધીન રહીને, દરેક અભ્યાસ-સમિતિ નીચેના સભ્યોની બનશેઃ-

(૧) અભ્યાસ-સમિતિ ફક્ત એક જ વિષય માટે હોય અથવા કોઇ વિષય અથવા વિષયોના જૂથ સાથે સંકળાવેલી હોય, ત્યારે તે વિષય સાથે સંબંધિત હોય તેવા યુનિવર્સિટીના વિભાગના એક વડા;

(૨) કોલેજ અને સંસ્થાઓમાં પદવી કક્ષાએ શીખવવામાં આવતા ખાસ વિષયોમાંના વિભાગોના વધુમાં વધુ ત્રણ વડા;

INDEX

(૩) કુલપતિની પૂર્વ-મંજૂરી લઇને, અભ્યાસ-સમિતિના સભ્યોએ કો-ઓપ્ટ કરેલા વિષયમાંના વધુમાં વધુ ત્રણ નિષ્ણાતો.

(૩) દરેક અભ્યાસ-સમિતિ વધુમાં વધુ સાત સભ્યોની બનશે. સભ્યોની સંખ્યા સાત કરતાં ઓછી હોય, ત્યારે કુલપતિ, ખૂટતી સંખ્યા પૂરી કરવાને જરૂરી હોય તેટલી સંખ્યાના સભ્યોને નામનિયુકત કરશે.

(૪) અભ્યાસ-સમિતિનું સભ્યપદ, વિષયમાં મેળવેલી સિનિયોરિટીથી, વારાફરતી, ત્રણ વર્ષની મુદત માટે આપવામાં આવશે. તેમ છતાં, આવું સભ્યપદ માત્ર એક મુદત માટે લંબાવી શકાશે.

(૫) કુલપતિ, અભ્યાસ-સમિતિના અધ્યક્ષ અને સભ્યોને નામનિયુક્ત કરશે.

(૬) અભ્યાસ-સમિતિની સત્તા અને ફરજો નીચે પ્રમાણે રહેશે:-

(૧) વિષયના અભ્યાસક્રમોની ભલામણ કરવી;

(૨) વિષયના અભ્યાસ માટે, જરૂર હોય ત્યાં, પુસ્તકો માટે ભલામણ કરવી અને તે ઠરાવવા;

(૩) વિસ્તરણ સેવા અને વિષયમાં સંશોધન કરવા માટેના કાર્યક્રમોની ભલામણ કરવી;

(૪) પરિસંવાદો, ઓપઅભ્યાસક્રમો અને વર્કશોપ, વગેરે યોજવા માટે સંબંધિત વિદ્યાશાખાના ડીનને ભલામણ કરવી;

(૫) વિષયના ઠરાવેલા અભ્યાસક્રમોમાં, ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ (પસંદગી આધારિત ગુણવત્તા પદ્ધતિ) સાથે કૌશલ્યલક્ષી શિક્ષણ સહિત પ્રયોગો અને સંશોધન માટેના કાર્યક્રમોની ભલામણ કરવી;

(૬) વિષયના પુસ્તકો તૈયાર કરવા અને તેનું ભાષાંતર કરવા માટેની યોજનાઓની ભલામણ કરવી તથા અભ્યાસ માટેના પુસ્તકોની ગ્રંથસૂચિ સૂચવવી;

(૭) વિષયના અભ્યાસક્રમો અને પરીક્ષાઓને લગતા વિનિયમો ઘડવા અને તે અંગે દરખાસ્ત કરવી;

(૮) વિષયની વર્તમાન પરિભાષાની સમયાંતરે સમીક્ષા કરવી; અને

(૯) સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવી બીજી ફરજો બજાવવી.

INDEX

(૭) અભ્યાસ-સમિતિ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તે પ્રમાણે, શૈક્ષણિક સત્ર દરમ્યાન ઓછામાં ઓછી બે વાર મળશે.

યુનિવર્સિટીના બીજા બોર્ડ અને મંડળોની રચના, તેની સત્તા અને ફરજો.

૩૫. કલમ ૨૧ના ખંડ (૮) હેઠળ યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકે જાહેર કરવામાં આવે તેવા બીજા બોર્ડ અને મંડળોની રચના, સત્તા અને ફરજો, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

પ્રકરણ ૫

સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમો

સ્ટેચ્યૂટ.

૩૬. આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, સ્ટેચ્યૂટથી, નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશેઃ-

(૧) ડિપ્લોમા અને પદવીઓ એનાયત કરવી તથા માનદ પદવીઓ એનાયત કરવી અને પદવીઓ એનાયત કરવા માટે પદવીદાન સમારંભો યોજવા;

(૨) યુનિવર્સિટીના અધિકારીઓની સત્તા અને ફરજો;

(૩) આ અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણે હોય તે સિવાય, યુનિવર્સિટીના અધિકારીમંડળોની રચના, સત્તા અને ફરજો;

(૪) યુનિવર્સિટીના વિભાગો, સંશોધન અથવા વિશેષિત અભ્યાસની સંસ્થા અને છાત્રાલયો શરૂ કરવાં તથા તેને નિભાવવાં;

(૫) વસિયતી દાન, દાન અને દેણગી સ્વીકારવાં અને તેની વ્યવસ્થા કરવી;

(૬) સ્નાતકોનું રજિસ્ટ્રેશન અને રજિસ્ટર થયેલા સ્નાતકોના રજિસ્ટરની જાળવણી;

(૭) યુનિવર્સિટીના અધિકારીમંડળોની બેઠકોની કાર્યરીતિ અને તેમના કામકાજનું સંચાલન;

(૮) કોલેજના અને સંસ્થાઓના પ્રાધ્યાપકો, સહ-પ્રાધ્યાપકો, સહાયક પ્રાધ્યાપકો અને અધ્યાપકોની લાયકાતો;

(૯) આ અધિનિયમથી ઠરાવવાની અથવા સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી તમામ બાબતો.

INDEX

૩૭. (૧) બોર્ડ, સ્ટેચ્યૂટ ઘડી શકશે અથવા આમાં હવે પછી જોગવાઇ કરેલી રીતે, બોર્ડ, તેમાં સુધારો કરી શકશે, તે રદ કરી શકશે અથવા તેમાં ઉમેરો કરી શકશે. સ્ટેચ્યૂટ ઘડવા, સુધારવા, તેનો અમલ કરવા અને તે રદ કરવા બાબત.

(૨) બોર્ડ, પોતાની મેળે અથવા એકિઝકયુટિવ કાઉન્સિલની દરખાસ્ત ઉપરથી, કોઇ સ્ટેચ્યૂટના મુસદ્દા અંગે વિચારણા કરી શકશે.

(૩) એકિઝકયુટિવ કાઉન્સિલ, બોર્ડે કરવાના કોઇ સ્ટેચ્યૂટના મુસદ્દાની, તેને (બોર્ડને) દરખાસ્ત કરી શકશે.

(૪) બોર્ડે, પોતાની તરત પછીની બેઠકમાં (સ્ટેચ્યૂટના) તેવા મુસદ્દા ઉપર વિચારણા કરવી જોઇશે. બોર્ડ એવો મુસદ્દો મંજૂર કરીને, સ્ટેચ્યૂટ કરી શકશે અથવા તે નામંજૂર કરી શકશે અથવા બોર્ડ સૂચવે તેવા કોઇ સુધારા સાથે, તે સમગ્ર મુસદ્દો અથવા તેનો કોઇપણ ભાગ ફેરવિચારણા માટે, એકિઝકયુટિવ કાઉન્સિલને પાછો મોકલી શકશે. બોર્ડે સૂચવેલા કોઇ સુધારા સાથેના આવી રીતે પાછા મોકલેલા (સ્ટેચ્યૂટના) કોઇ મુસદ્દા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલ વધુ વિચારણા કરી લે ત્યારપછી, તે અંગેના એકિઝકયુટિવ કાઉન્સિલના રિપોર્ટ (અહેવાલ) સાથે બોર્ડને તે ફરી રજૂ કરવો જોઇશે અને ત્યારપછી પોતાને ઉચિત લાગે તેવી રીતે બોર્ડ, (સ્ટેચ્યૂટના) તે મુસદ્દાનો નિકાલ કરી શકશે.

(૫) સ્ટેચ્યૂટ, યુનિવર્સિટીના કોઇ અધિકારી અથવા અધિકારીમંડળની સત્તા અથવા ફરજોને અસર કરતો હોય, ત્યારે -

(૧) એકિઝકયુટિવ કાઉન્સિલે, એવા સ્ટેચ્યૂટના મુસદ્દાની દરખાસ્ત કરતાં પહેલાં, સંબંધિત અધિકારી અથવા અધિકારીમંડળના મંતવ્યો જાણી તે અંગે વિચારણા કરવી જોઇશે; અને

(૨) બોર્ડે, પોતાની મેળે વિચારણામાં લીધેલો આવો કોઇ સ્ટેચ્યૂટ કરતાં પહેલાં, સંબંધિત અધિકારી અથવા અધિકારીમંડળના મંતવ્યો અને એકિઝકયુટિવ કાઉન્સિલનો અભિપ્રાય જાણીને તેના ઉપર વિચારણા કરવી જોઇશે.

(૬) બોર્ડે કરેલો દરેક સ્ટેચ્યૂટ, રાજ્ય સરકારને મોકલવો જોઇશે, જેઓ તેને મંજૂરી આપી શકશે અથવા તેને મંજૂરી આપવાનું અટકાવી શકશે અથવા તેની ફેરવિચારણા માટે બોર્ડને તે (સ્ટેચ્યૂટ) પાછો મોકલી શકશે.

(૭) બોર્ડે કરેલો કોઇપણ સ્ટેચ્યૂટ, રાજ્ય સરકાર તેને અનુમતિ ન આપે ત્યાં સુધી, કાયદેસર ગણાશે નહિ.

INDEX

અધ્યાદેશો. ૩૮. આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, એકિઝકયુટિવ કાઉન્સિલ, નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબતો માટે જોગવાઇ કરવા અધ્યાદેશો કરી શકશેઃ-

(૧) વિદ્યાર્થીઓને જે શરતોએ પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનોના અભ્યાસક્રમમાં દાખલ કરવા જોઇશે તે શરતો;

(૨) પરીક્ષકોની નિમણૂક અને ફરજોનું નિયમન કરતી શરતો;

(૩) પરીક્ષાઓનું સંચાલન;

(૪) યુનિવર્સિટીના અધ્યાપકોને માન્યતા;

(૫) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના રહેઠાણ, વર્તણૂક અને શિસ્તની શરતો;

(૬) છાત્રાલયોની માન્યતા;

(૭) કોલેજ, સંસ્થાઓ અને છાત્રાલયોની તપાસણી;

(૮) વિદ્યાર્થીઓની તબદીલીના સંબંધમાં, કોલેજ અને સંસ્થાઓએ પાલન કરવાના અને અમલ કરવાના નિયમો;

(૯) યુનિવર્સિટી માટે અથવા તેના વતી કરારો અથવા કબૂલાતો કરી આપવાની રીત;

(૧૦) આ અધિનિયમથી જોગવાઇ કરવાની હોય અથવા અધ્યાદેશોથી જોગવાઇ કરવામાં આવે તેવી તમામ બાબતો;

(૧૧) વિદ્યાર્થીઓ પાસેથી લેવાની ફી નક્કી કરવી;

(૧૨) સામાન્ય રીતે, એકિઝકયુટિવ કાઉન્સિલના અભિપ્રાય પ્રમાણે, જે બાબતો માટે તેને આ અધિનિયમથી અથવા સ્ટેચ્યૂટથી મળેલી સત્તા વાપરવા માટે અથવા તેના ઉપર મૂકવામાં આવેલી ફરજો બજાવવા માટે, જોગવાઇ કરવી જરૂરી લાગે તે તમામ બાબતો.

અધ્યાદેશો ઘડવા બાબત. ૩૯. (૧) એકિઝકયુટિવ કાઉન્સિલે અધ્યાદેશો ઘડવા જોઇશેઃ

પરંતુ કલમ ૩૮ના ખંડો (૧) થી (૪)માં ઉલ્લેખેલી બાબતો સંબંધી અથવા યુનિવર્સિટીમાં અધ્યાપન અને પરીક્ષાઓના ધોરણોની જાળવણી સાથે સંબંધ ધરાવતી બીજી કોઇ બાબતને લગતા કોઇ અધ્યાદેશના મુસદ્દાની દરખાસ્ત, એકેડેમિક કાઉન્સિલ-એ કરી હોય તે સિવાય, તેવો કોઇપણ અધ્યાદેશ કરી શકાશે નહિ.

(૨) એકિઝકયુટિવ કાઉન્સિલ-એ કરેલા તમામ અધ્યાદેશો, આ અધિનિયમથી જોગવાઇ કરી હોય તે સિવાય, તે આદેશ કરે તેવી તારીખથી અમલમાં આવશે પણ

INDEX

એવી રીતે કરેલો દરેક અધ્યાદેશ, બોર્ડ સમક્ષ મૂકવો જોઇશે અને બોર્ડે પોતાની તરત પછીની બેઠકમાં તેની વિચારણા કરવી જોઇશે.

(૩) બોર્ડને, ઠરાવ દ્વારા એવો કોઇ અધ્યાદેશ રદ કરવાની અથવા પરત મોકલવાની સત્તા રહેશે, પણ તેને સુધારવાની સત્તા રહેશે નહિ. આવા કોઇ અધ્યાદેશને રદ કરતો ઠરાવ, તેવી બેઠકમાં હાજર રહેલા સભ્યોની બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી બહુમતી અને બોર્ડના ઓછામાં ઓછા અડધા સભ્યોની બનેલી બહુમતીથી કરવો જોઇશે.

(૪) બોર્ડે, પેટા-કલમ (૩)માં જોગવાઇ કર્યા પ્રમાણે તે અંગે વિચારણા કરેલી હોય તે સિવાય, કુલપતિ, બોર્ડના ઓછામાં ઓછા અડધા સભ્યોએ કરેલી અરજી મળ્યેથી, એવા કોઇ અધ્યાદેશનો અમલ મોકૂફ રાખી શકશે.

વિનિયમો અને નિયમો.

૪૦. (૧) એકેડેમિક કાઉન્સિલ અથવા યથાપ્રસંગ, વિદ્યાશાખા, એકેડેમિક કાઉન્સિલની મંજૂરીને અધીન રહીને, આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અને અધ્યાદેશો સાથે સુસંગત રહીને વિનિયમો કરીને, તેમાં જે બાબતો માટે આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અથવા અધ્યાદેશોથી વિનિયમો દ્વારા જોગવાઇ કરવાની હોય તે અને એકમાત્ર તેને લગતી બીજી તમામ બાબતો માટે જોગવાઇ કરી શકશે.

(૨) કલમ ૨૧ના ખંડો (૪) થી (૮)માં નિર્દિષ્ટ કરેલું યુનિવર્સિટીનું કોઇ અધિકારીમંડળ, એકિઝકયુટિવ કાઉન્સિલની મંજૂરીને અધીન રહીને, એવા અધિકારીમંડળને જ લગતી તમામ બાબતોની જોગવાઇ કરવા માટે, આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમો સાથે સુસંગત રહીને નિયમો કરી શકશે.

પ્રકરણ ૬

અનુસ્નાતક અધ્યાપન અને સંશોધન

અનુસ્નાતક પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ.

૪૧. (૧) યુનિવર્સિટીએ અથવા યુનિવર્સિટીના નિયંત્રણને અધીન રહીને, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી કોલેજોએ અથવા સંસ્થાઓએ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા વિષયોમાં, તમામ અનુસ્નાતક પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ આપવા જોઇશે.

(૨) અનુસ્નાતક પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમની વ્યવસ્થા કરવાના અને તેનું સંકલન કરવાના હેતુ માટે, યુનિવર્સિટી અધ્યાપન અને સંશોધન બોર્ડ તરીકે ઓળખાતું એક બોર્ડ રચવામાં આવશે.

INDEX

(૩) તમામ અનુસ્નાતક વિભાગો, સામાન્ય રીતે, યુનિવર્સિટીના મુખ્ય મથક ખાતે રહેશે. તેમ છતાં, યુનિવર્સિટી, આવા વિભાગો પૈકીનો કોઇ વિભાગ, પોતાના મુખ્ય મથકની બહારના સ્થળે અથવા સ્થળોએ રાખી શકશે.

(૪) યુનિવર્સિટી, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ, યુનિવર્સિટીના મુખ્ય મથક સિવાયના સ્થળોએ યુનિવર્સિટી કેન્દ્રો નિભાવી શકશે.

(૫) યુનિવર્સિટી અધ્યાપન અને સંશોધન બોર્ડ,-

(૧) યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસો અને સંશોધનને પ્રોત્સાહન આપવા સાથે સંકળાયેલી તમામ બાબતો ઉપર અધિકારીમંડળોને સલાહ આપશે;

(૨) યુનિવર્સિટીમાં સંશોધન પદવીઓ શરૂ કરવા ઉપર વિચારણા કરીને અધિકારીમંડળોને રિપોર્ટ (અહેવાલ) આપશે;

(૩) સંશોધન પદવીઓ આપવા સંબંધી વિનિયમોની દરખાસ્ત કરશે;

(૪) સંશોધન અભ્યાસો માટે સુપરવાઇઝરની નિમણૂક કરશે અને તેમના મહાનિબંધના વિષયો નિર્ધારિત કરશે;

(૫) આ અર્થે અભ્યાસ-સમિતિની દરખાસ્તો અંગે વિચારણા કર્યા પછી, પરીક્ષાના પ્રશ્નપત્રો તૈયાર કરવા માટેના નિષ્ણાતો તેમજ સંશોધન અને પરીક્ષાઓ માટે પરીક્ષકોના નામની પેનલ અંગે ભલામણ કરશે;

(૬) સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો કરશે.

પ્રકરણ ૭

પદવીઓ, ડિપ્લોમા વગેરે એનાયત કરવા બાબત

પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરવા બાબત.

૪૨. (૧) બોર્ડ, એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટિવ કાઉન્સિલ સાથે વિચારવિનિમય કરીને, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો શરૂ કરી શકશે.

(૨) એકેડમિક કાઉન્સિલ, યોગ્ય ઠરાવ અથવા ઠરાવો દ્વારા, જેમણે જુદા જુદા સમયે પરીક્ષા પાસ કરી હોય અને યુનિવર્સિટીએ તેમને તે પદવીઓ અથવા ડિપ્લોમા અથવા પ્રમાણપત્રો મેળવવા માટે લાયક હોવાનું જાહેર કરેલી હોય તેવી વ્યક્તિઓને, એવી પદવીઓ આપશે અને એવા ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરશે અને સ્ટેચ્યૂટથી જોગવાઇ કર્યા પ્રમાણે પદવી પ્રમાણપત્રો આપશે.

INDEX

(૩) માનદ પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્ર અને શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરવા માટે યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રીતે યોજવો જોઇશે.

(૪) કુલાધિપતિ, યુનિવર્સિટીના પદવીદાન સમારંભનું અધ્યક્ષસ્થાન લેશે. તેમની ગેરહાજરીમાં, કુલપતિ પદવીદાન સમારંભનું અધ્યક્ષસ્થાન લેશે.

માનદ પદવી.

૪૩. (૧) એકેડેમિક કાઉન્સિલના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યો ભલામણ કરે કે કોઇ વ્યકિત તેના ઉચ્ચ સ્થાન અને સિદ્ધિઓના કારણે, તેમના અભિપ્રાય પ્રમાણે કોઇ માનદ પદવી અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન મેળવવાને યોગ્ય અને લાયક વ્યકિત છે તે કારણસર તેને આવી પદવી અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન મળવા જોઇએ અને તેમની ભલામણને, બોર્ડની બેઠકમાં હાજર રહેલા બોર્ડના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોની, જેમાં બોર્ડના ઓછામાં ઓછા અડધા સભ્યો હોય એવી બહુમતી ટેકો આપે અને તે ભલામણને રાજ્ય સરકાર મંજૂર કરે, ત્યારે બોર્ડ તેવી વ્યકિતને કોઇ પરીક્ષા આપવાનું ફરમાવ્યા સિવાય એવી ભલામણ કરેલી માનદ પદવી અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન આપી શકશે;

(૨) યુનિવર્સિટીએ, શૈક્ષણિક વર્ષ દરમિયાન વધુમાં વધુ બે વ્યક્તિઓને એવા શૈક્ષણિક વિશિષ્ટમાન અથવા માનદ પદવી એનાયત કરવા જોઈશે.

(૩) એકેડેમિક કાઉન્સિલ, કુલપતિ સાથે વિચારવિનિમય કર્યા પછી, હાજર રહીને મત આપતા બે-તૃતીયાંશથી ઓછા નહિ તેટલા સભ્યોની બહુમતીથી કરેલા ખાસ ઠરાવ દ્વારા, વાજબી અને પૂરતા કારણસર, યુનિવર્સિટીએ કોઈ વ્યક્તિને આપેલી માનદ પદવી પાછી ખેંચી લેવા માટે રાજ્ય સરકારને ભલામણ કરી શકશેઃ

પરંતુ નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમયની અંદર એવો કોઇ ઠરાવ શા માટે પસાર ન કરવો એવું કારણ જણાવવાનું ફરમાવતી લેખિત નોટિસ તે વ્યક્તિને આપેલી ન હોય ત્યાં સુધી અને કોઈ વાંધા, હોય તો, તે અને તેના આધારરૂપે તે વ્યકિત રજૂ કરે તેવા કોઈ પુરાવાની એકેડેમિક કાઉન્સિલ વિચારણા કરે નહિ ત્યાં સુધી એવો કોઈ પણ ઠરાવ કરવો જોઈશે નહિ.

સ્નાતકોના રજિસ્ટરમાંથી વ્યકિતનું નામ દૂર કરવા અને પદવી અથવા ડિપ્લોમા પાછા ખેંચવા બાબત.

૪૪. (૧) કોઇ વ્યકિતને, કાયદાની કોર્ટે, નૈતિક અધઃપતનવાળો ગંભીર ગુનો ગણાય તેવા કોઇ ગુના માટે દોષિત ઠરાવી હોય, તો અથવા તે વ્યકિત નાલેશીભર્યા વર્તન માટે ગુનેગાર ઠરી હોય, તો કુલપતિ, બોર્ડ અને એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ પરથી કે જે ભલામણને, તેની બેઠકમાં હાજર રહેલા દરેક મંડળના સભ્યોની ઓછામાં ઓછી બે

INDEX

તૃતીયાંશ અને દરેક મંડળના સભ્યોના ઓછામાં ઓછા અડધા સભ્યોની બનેલી બહુમતીએ ટેકો આપ્યો હોય તે (ભલામણ) ઉપરથી, તે વ્યકિતનું નામ સ્નાતકોના રજિસ્ટરમાંથી કાઢી નાખી શકશે અથવા તેનો ડિપ્લોમા અથવા પદવી પાછા ખેંચી લઇ શકશે.

(૨) સંબંધિત વ્યકિતને સુનાવણીની તક આપવામાં આવી હોય તે સિવાય, પેટા-કલમ (૧) હેઠળ કોઇપણ પગલું લઇ શકાશે નહિ.

પ્રકરણ ૮

સમિતિઓ

પરીક્ષક સમિતિ.

૪૫. (૧) યુનિવર્સિટી પરીક્ષકોની નિમણૂક કરવા માટેની યાદી તૈયાર કરવાના હેતુ માટે, દરેક વિદ્યાશાખા માટે એક સમિતિ રચવામાં આવશે, જે નીચેનાની બનશે:-

(૧) ડીન, હોદ્દાની રૂએ અધ્યક્ષ ;

(૨) અભ્યાસ-સમિતિના અધ્યક્ષ; અને

(૩) વર્ષ માટે કુલપતિએ નામનિયુકત કરેલ અભ્યાસ-સમિતિના બે સભ્યો.

(૨) એકેડેમિક કાઉન્સિલે, સમિતિએ તૈયાર કરેલી પરીક્ષકોની યાદી કુલપતિની મંજૂરી માટે તેમની સમક્ષ મૂકવી જોઇશે, જેઓ તે મંજૂર કરી શકશે અથવા કારણોની લેખિત નોંધ કરીને તેમાં ફેરફાર કરી શકશે.

(૩) સમિતિએ અનુસરવાની કાર્યરીતિ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

બીજી સમિતિઓ.

૪૬. બોર્ડ, એક્ઝિકયુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને બીજા અધિકારીમંડળો, વખતોવખત, પોતાને યોગ્ય લાગે તેટલી સ્થાયી સમિતિઓ, ખાસ સમિતિઓ અથવા સલાહકાર સમિતિઓ નીમી શકશે અને એવી સમિતિઓ નીમતા અધિકારીમંડળોના સભ્યો ન હોય તેવી વ્યક્તિઓને આ સમિતિઓમાં નામનિયુક્ત કરી શકશે.

INDEX

પ્રકરણ ૯

નાણાં

૪૭. (૧) યુનિવર્સિટી, "યુનિવર્સિટી ફંડ" નામનું એક ફંડ સ્થાપશે. યુનિવર્સિટી ફંડ.

(૨) યુનિવર્સિટી ફંડ નીચેનાનું બનશે અથવા તે ફંડમાં નીચે પ્રમાણેના નાણાં જમા કરી શકાશે :-

(ક) કેન્દ્ર સરકાર, રાજય સરકાર અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી મળેલો કોઇ ફાળો અથવા ગ્રાન્ટ;

(ખ) ફી અને ચાર્જની આવક સહિત તમામ સ્ત્રોતમાંથી યુનિવર્સિટીને થતી આવક;

(ગ) વસિયતી દાન, દાન, દેણગી અને અન્ય ગ્રાન્ટ હોય, તો તે;

(ઘ) રાજય સરકારની અગાઉથી પરવાનગી લઇને બેન્કો પાસેથી ઉછીની લીધેલી કોઇ રકમ.

(૩) યુનિવર્સિટી ફંડમાં જમા કરાવેલા તમામ નાણાં, ભારતીય રિઝર્વ બેન્ક અધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની અનુસૂચિત બેન્ક પૈકીની કોઇ અનુસૂચિત બેન્કમાં ભરવા જોઈશે અથવા વધારાના ફંડનું, બોર્ડ-એ, નાણા સમિતિની ભલામણના આધારે અથવા રાજ્યસરકારના આ અર્થે વખતોવખત બહાર પાડવામાં આવેલા આદેશો મુજબ, રોકાણ કરવું જોઈશે . સન ૧૯૩૪નો રજો.

(૪) યુનિવર્સિટીના ફંડમાંથી કોઈ નાણાં, તેના ઉદ્દેશો પૂરા કરવા માટે અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, સંબંધિત મંજૂર કરનાર અધિકારીમંડળની પૂર્વ મંજૂરી વગર-વાપરવા જોઈશે નહિ.

૪૮. (૧) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો, એકિઝકયુટિવ કાઉન્સિલની દેખરેખ હેઠળ તૈયાર કરીને ઓડિટ કરાવવા જોઇશે અને બોર્ડની મંજૂરી મેળવ્યા પછી તે હિસાબો રાજય સરકાર સમક્ષ રજૂ કરવા જોઇશે. વાર્ષિક હિસાબો, નાણાકીય અંદાજો અને ઓડિટ.

(૨) એકિઝકયુટિવ કાઉન્સિલે, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલાં, આગામી વર્ષ માટેના નાણાકીય અંદાજો પણ તૈયાર કરવા જોઇશે.

INDEX

(૩) વાર્ષિક હિસાબો અને નાણાકીય અંદાજો, બોર્ડને તેની વાર્ષિક બેઠકમાં, તેની મંજૂરી માટે મોકલવા જોઇશે અને બોર્ડ, તેના સંબંધમાં ઠરાવ કરી શકશે અને એકિઝકયુટિવ કાઉન્સિલને તે ઠરાવ મોકલી શકશે અને એકિઝકયુટિવ કાઉન્સિલ તેના સંબંધમાં જરૂરી હોય તેવું પગલું લેશે અને છેવટે તે હિસાબો અને નાણાકીય અંદાજો મંજૂર કરશે. એકિઝકયુટિવ કાઉન્સિલે, બોર્ડને તેની આગામી બેઠકમાં સદરહુ ઠરાવ અંગે પોતે લીધેલા પગલા અંગે અથવા કોઇ પગલું લીધું ન હોય, તો પગલું ન લેવા માટેના કારણો જણાવવા જોઇશે.

(૪) યુનિવર્સિટીના હિસાબોનું ઓડિટ દર વર્ષે અને કોઇપણ કિસ્સામાં નાણાકીય વર્ષ પૂરું થયાના ત્રણ મહિનાની અંદર, જેના ભાગીદારો, યુનિવર્સિટીના અધિકારીમંડળો પૈકીના કોઈ અધિકારીમંડળમાં અથવા યુનિવર્સિટીના કામકાજમાં હિત ધરાવતા ન હોય તેવી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની પેઢીઓમાંથી નાણા સમિતિએ નીમેલા ઓડિટરો દ્વારા કરાવવું જોઈશે. રજિસ્ટ્રાર તેમજ નાણા અને હિસાબ અધિકારી, સંયુક્ત રીતે, નિયત સમયમર્યાદાની અંદર, યુનિવર્સિટીના હિસાબોનું એવું ઓડિટ કરાવવા માટે જવાબદાર રહેશે, જેમાં ચૂક થયેથી કુલપતિ, આવા અધિકારીઓ વિરુદ્ધ શિસ્તવિષયક પગલાં સહિત પોતે યોગ્ય ગણે તેવાં પગલાં લેશે.

(૫) યુનિવર્સિટીએ ઓડિટ થયેલા હિસાબો પ્રસિદ્ધ કરવા જોઇશે અને તેની નકલ, ઓડિટરના રિપોર્ટની નકલ સાથે બોર્ડને મંજૂરી માટે મોકલવી જોઇશે, જે તેની ઉપર વિચારણા કરશે અને પોતાને યોગ્ય લાગે તેવો ઠરાવ પસાર કરશે. બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલા ઓડિટ થયેલા હિસાબો, રાજ્ય સરકારને મોકલવા જોઇશે.

(૬) રાજ્ય સરકાર, સમયાંતરે યુનિવર્સિટીના હિસાબોનું ચકાસણી ઓડિટ અથવા સંપૂર્ણ ઓડિટ, રાજય સરકારે નીમેલા ઓડિટરો પાસે કરાવી શકશે.

વાર્ષિક અહેવાલ (રિપોર્ટ).

૪૯. યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ (રિપોર્ટ), એકિઝકયુટિવ કાઉન્સિલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવો જોઇશે અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી તારીખે અથવા તે પહેલાં બોર્ડ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવો જોઇશે. બોર્ડ તેના ઉપર ઠરાવ પસાર કરી શકશે અને તે એકિઝકયુટિવ કાઉન્સિલને મોકલી શકશે, જે જરૂરી હોય તેવા પગલાં લઇ શકશે અને એકઝિકયુટિવ કાઉન્સિલે, બોર્ડને પોતાની આગામી બેઠકમાં સદરહુ ઠરાવ અંગે પોતે લીધેલા પગલાં અંગે અથવા પગલું લીધેલું ન હોય, તો પગલું ન લેવા માટેનાં કારણો જણાવવાં જોઇશે.

INDEX

પ્રકરણ ૧૦

પૂરક જોગવાઇઓ

યુનિવર્સિટીનું એક્રેડિટેશન.

૫૦. યુનિવર્સિટીએ, પોતાની સ્થાપનાના પાંચ વર્ષની અંદર, નેશનલ કાઉન્સિલ ઓફ એસેસમેન્ટ એક્રેડિટેશન (NAAC) અને યુનિવર્સિટીએ હાથ ધરેલા અભ્યાસક્રમો સાથે જોડાયેલી હોય તેવી ભારત સરકારની અને ગુજરાત સરકારની બીજી કોઇ નિયમન કરતી સંસ્થાઓ પાસેથી એક્રેડિટેશન (અધિકાર પત્ર) મેળવવું જોઇશે અને યુનિવર્સિટીને પૂરા પાડેલા ગ્રેડ અંગે રાજ્ય સરકારને જાણ કરવી જોઇશે. યુનિવર્સિટીએ વખતોવખત આવું એક્રેડિટેશન (અધિકાર પત્ર) તાજું કરાવવું જોઇશે.

અધ્યાપકો અને બીજા કર્મચારીઓની નિમણૂક.

૫૧. (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓની નિમણૂક, સંબંધિત સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રીતે તથા તેવા હોદ્દા અને પગારધોરણોમાં કરવી જોઇશે.

(૨) આ અધિનિયમ હેઠળ નિમાયેલા યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓ, સંબંધિત સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા પગાર અને ભથ્થાં મેળવવા હકદાર રહેશે અને સેવાની તેવી શરતો અને આચારસંહિતાથી તેમનું નિયમન કરવામાં આવશે.

(૩) કોઈપણ વ્યક્તિ ઠરાવેલી લાયકાતો ધરાવતી હોય, ત્યારે અને સંબંધિત સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.), રાજ્ય સરકાર, યુનિવર્સિટી અથવા બીજા વૈધાનિક નિયમનકારી મંડળોએ આવી જગા માટે ઠરાવેલી યોગ્ય પસંદગી કાર્યરીતિને અનુસર્યા પછી જ, તેની યુનિવર્સિટી અથવા કોલેજ અથવા સંસ્થાના અધ્યાપક તરીકે નિમણૂક કરી શકાશે.

(૪) કલમ ૬૨-ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) હેઠળ પ્રથમ સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો ઘડવામાં આવે, ત્યાં સુધી ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ સહિત અમલમાં હોય તેવા, રાજ્ય સરકારના જુદા જુદા કારોબારી (વહીવટી) હુકમોથી ઠરાવ્યા પ્રમાણેના સંબંધિત સરકારી નિયમો અને ધોરણો, યુનિવર્સિટીના કામકાજનું સંચાલન કરવા માટે લાગુ પડશે.

INDEX

અધિકારીઓ અને કર્મચારીઓ રાજય સેવકો ગણાશે.

૫૨. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે. સન ૧૮૬૦ નો ૪૫-મો.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે, જેની નિમણૂક યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે કરી હોય અથવા કરેલા કોઈ કામ માટે જેને યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કોઈ મહેનતાણું મળતું હોય, તેવી વ્યક્તિ, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલી ફરજો તથા કાર્યો બજાવતી હોય, ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતોના સંબંધમાં, યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી છે એમ ગણાશે.

યુનિવર્સિટીનાં સ્ટાફનાં પેન્શાન, વીમા અને પ્રોવિડન્ટ ફંડ વગેરે.

૫૩. યુનિવર્સિટી-એ, વીમા, પેન્શાન, પ્રોવિડન્ટ ફંડ અથવા પોતે યોગ્ય ગણે તેવા બીજા લાભોની બાબતોમાં, પોતાના અને કોલેજ તથા સંસ્થાઓના પણ અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભાર્થે, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને જોગવાઈઓ કરવી જોઇશે.

પ્રોવિડન્ટ ફંડ સરકારી તિજોરીમાં અનામત મૂકવા બાબત.

૫૪. (૧) યુનિવર્સિટીએ, કલમ ૫૩ હેઠળ પોતાના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભાર્થે પ્રોવિડન્ટ ફંડ સ્થાપ્યું હોય, ત્યારે એવા ફંડનાં નાણાં, તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, લેખિત હુકમથી, વખતોવખત આપે તેવા આદેશો અનુસાર, સરકારી તિજોરીમાં અનામત મૂકવાનાં રહેશે અને તેમ થયે,-

(૧) રાજ્ય સરકારનો કર્મચારી, જે દરે પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે જે તે સમયે હકદાર થાય તે જ દરે, ફંડનો બચતદાર, પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે હકદાર રહેશે; અને

(૨) સરકારી કર્મચારીઓને લાગુ પડતા પ્રોવિડન્ટ ફંડમાંથી પૈસા ઉપાડવા અંગેની મર્યાદાને લગતા, તત્સમયે અમલમાં હોય તેવા નિયમો, શકય હોય તેટલે સુધી, બચતદારને લાગુ પડશે.

(૨) આ કલમમાંનો કોઇપણ મજકૂર, જેને કર્મચારી પ્રોવિડન્ટ ફંડ અને પ્રકીર્ણ જોગવાઈઓ અધિનિયમ, ૧૯૫૨ લાગુ પડતો હોય, તેવા યુનિવર્સિટી દ્વારા સ્થાપવામાં આવેલા પ્રોવિડન્ટ ફંડને લાગુ પડશે નહિ. સન ૧૯૫૨નો ૧૯મો.

INDEX

હોદ્દો છોડવા બાબત.

૫૫. (૧) યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળનો કોઈ સભ્ય, રજિસ્ટ્રાર મારફત, કુલપતિને ઉદ્દેશીને પત્ર લખીને, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને કુલપતિ તે રાજીનામું સ્વીકારે તે તારીખથી અથવા કુલપતિને તે પત્ર મળ્યાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે, બેમાંથી જે પ્રસંગ વહેલો બને ત્યારથી, રાજીનામું અમલમાં આવશે.

(૨) યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા મંડળનો કોઇ સભ્ય, કાયદાની કોર્ટમાં કોઈ ગુના માટે દોષિત ઠર્યો હોય અને એવો ગુનો, એકિઝકયુટિવ કાઉન્સિલના અભિપ્રાય પ્રમાણે નૈતિક અધઃપતનવાળો ગુનો હોય, તો તે, સભ્ય હોતો બંધ થશે.

પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ ભરવા બાબત.

૫૬. યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા બીજા મંડળના (હોદ્દાની રૂએ સભ્ય હોય તેવા સભ્ય સિવાયના) સભ્યનો કોઇ હોદ્દો, તેવા સભ્યના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં ખાલી પડે, તો તેવી જગા, જેમ બને તેમ જલદી, કોઇ એક સભ્યને નામનિયુકત કરીને, નીમીને અથવા યથાપ્રસંગ, તેને કો-ઓપ્ટ કરીને ભરવી જોઇશે અને તે સભ્ય, પોતે જે સભ્યને બદલે નામનિયુકત થયેલો, નિમાયેલો અથવા કો-ઓપ્ટ થયેલો હોય તે સભ્ય, જો તે જગા ખાલી પડી ન હોત, તો જેટલા સમય સુધી હોદ્દો ધરાવત, તેટલા સમય સુધી જ હોદ્દો ધરાવશે.

નુક્સાન અંગેની જવાબદારી.

૫૭. (૧) યુનિવર્સિટીના હિતોનું યોગ્ય રીતે રક્ષણ કરવામાં આવે છે તે બાબત સુનિશ્ચિત કરવાની ફરજ, યુનિવર્સિટીના દરેક અધિકારી, અધ્યાપક અને બીજા કર્મચારીની રહેશે.

(૨) એમ જણાય કે આવા અધિકારી, અધ્યાપક અથવા બીજા કર્મચારી દ્વારા શુદ્ધબુદ્ધિથી કરવામાં આવ્યા ન હોય તેવા કોઈ ગેરકાયદેસર કૃત્યથી અથવા તેમના દ્વારા આ અધિનિયમ, સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોની જોગવાઈઓ અનુસાર કાર્ય કરવામાં થયેલી ઈરાદાપૂર્વકની નિષ્ફળતા અથવા કોઇ ઈરાદાપૂર્વકની ઉપેક્ષા અથવા કસૂરને કારણે યુનિવર્સિટીને કોઈ નુક્સાન અથવા હાનિ થઇ છે, તો આવા નુક્સાન અથવા હાનિ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવેલી કાર્યરીતિ અનુસાર, તેમની પાસેથી વસૂલ કરવાને પાત્ર રહેશે.

જગાઓ ખાલી પડવાને લીધે કાર્યવાહી અમાન્ય ગણાશે નહિ.

૫૮. યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા બીજા મંડળનું કોઇ કાર્ય અથવા કાર્યવાહી, તેના સભ્યપદની કોઇ જગા ખાલી હોવાના કારણમાત્રથી અમાન્ય ઠરશે નહિ.

INDEX

યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળની રચના સંબંધી તકરારો.

૫૯. જ્યારે,-

(૧) આ અધિનિયમની અથવા કોઇ સ્ટેચ્યૂટ, અધ્યાદેશ, વિનિયમ અથવા નિયમની કોઇ જોગવાઇના અર્થઘટન સંબંધી, અથવા

(૨) કોઇ વ્યકિત, યુનિવર્સિટીના કોઇપણ અધિકારીમંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નિમાયેલી છે કે કેમ અથવા એવા સભ્ય તરીકે હકદાર છે અથવા હકદાર હોતી બંધ થઇ છે કે કેમ તે સંબંધી,

કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે-

(ક) જો તે, ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય, તો રાજ્ય સરકારને તે નિર્ણયાર્થે રજૂ કરી શકાશે; અને

(ખ) (૧) જો તે, ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય, તો; અથવા

(૨) જો બોર્ડના વીસ સભ્યો એવું ફરમાવે, તો ખંડ (૧) અથવા ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી બાબતને તે લગતો હોય કે ન હોય તો પણ,

રાજ્ય સરકારને તે નિર્ણયાર્થે રજૂ કરી શકાશે અને રાજ્ય સરકાર, (જરૂર હોય ત્યાં સુનાવણીની તક આપવા સહિત) પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, એ પ્રશ્નનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

કાર્યો અને હુકમોનું રક્ષણ.

૬૦. યુનિવર્સિટીએ અથવા તેના અધિકારીમંડળો, મંડળો કે અધિકારીઓ પૈકીના કોઇ અધિકારીમંડળ, મંડળ કે અધિકારીએ શુદ્ધબુદ્ધિથી કરેલાં તમામ કાર્યો અને કરેલા હુકમો, આખરી ગણાશે અને આ અધિનિયમ અને તે હેઠળ ઘડેલા સ્ટેચ્યૂટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો અનુસાર કર્યું હોવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કાર્ય માટે, યુનિવર્સિટી સામે કે તેના અધિકારીમંડળો, મંડળો કે અધિકારીઓ સામે કોઇપણ દાવો માંડી શકાશે નહિ અથવા તેમની પાસેથી કોઇપણ નુકસાની માગી શકાશે નહિ.

પ્રકરણ ૧૧

વચગાળાની જોગવાઇઓ

પ્રથમ કુલપતિની નિમણૂક.

૬૧. કલમ ૧૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પ્રથમ કુલપતિની નિમણૂક, આ અધિનિયમ થયા પછી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકાર, વ્યવહાર્ય હોય તેટલી જલદી કરશે.

INDEX

પ્રથમ કુલપતિની વયગાળાની સત્તા.

૬૨. (૧) પોતાની નિમણૂકની તારીખ પછી છ મહિનાની અંદર અથવા રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી આદેશ કરે તેટલી વધુમાં વધુ એક વર્ષની મુદતની અંદર બોર્ડ, એક્ઝિકયુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને યુનિવર્સિટીનાં બીજા અધિકારીમંડળો રચવા માટે ગોઠવણો કરવાની પ્રથમ કુલપતિની ફરજ રહેશે.

(૨) પ્રથમ કુલપતિ, રાજ્ય સરકારે નામનિયુકત કરેલા વધુમાં વધુ પંદર સભ્યોની બનેલી સલાહકાર સમિતિની મદદથી,-

(ક) આ અધિનિયમની જોગવાઇઓ અને રાજ્ય સરકારની મંજૂરીને અધીન રહીને,-

(૧) ઉપર્યુકત અધિકારીમંડળો રચવા અને તેમની બેઠકોમાંની કાર્યરીતિનું નિયમન કરવા તથા તેમના કામકાજનું સંચાલન કરવા માટે જરૂરી કામચલાઉ સ્ટેચ્યૂટ કરશે;

(૨) ઉપર્યુકત અધિકારીમંડળોની રચના કરવા માટે જરૂરી હોય તેવા કોઈ નિયમો ઘડશે;

(ખ) આ અધિનિયમ હેઠળ પ્રથમ સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમો ઘડશે અને સંબંધિત અધિકારીમંડળો પોતાનાં કાર્યો બજાવવાનું શરૂ કરે, ત્યારે બહાલી માટે તેમને તે રજૂ કરશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ રચાયેલા અધિકારીમંડળો, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી આદેશ કરે તેવી તારીખે અથવા તારીખોએ પોતાનાં કાર્યો બજાવવાની શરૂઆત કરશે.

(૪) પ્રથમ કુલપતિએ ઘડેલા સ્ટેચ્યૂટ, અધ્યાદેશો અને વિનિયમોને, સંબંધિત અધિકારીમંડળો બહાલી આપે, ત્યારે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

પ્રથમ કુલપતિની અસાધારણ સત્તા.

૬૩. કલમ ૬૧ હેઠળ નિમાયેલા પ્રથમ કુલપતિને, એક્ઝિકયુટિવ કાઉન્સિલ, પોતાનાં કાર્યો બજાવવાંનું શરૂ કરે નહિ ત્યાં સુધી, નીચેની સત્તા રહેશેઃ-

(ક) પ્રથમ સ્ટેચ્યૂટમાં જોગવાઇ કરવામાં આવેલી ન હોય તેવી કોઇ બાબતની જોગવાઇ કરવા માટે, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરીથી વધારાના સ્ટેચ્યૂટ ઘડવા;

INDEX

(ખ) કામચલાઉ અધિકારીમંડળો અને મંડળો રચવા અને તેમની ભલામણો ઉપરથી યુનિવર્સિટીના કાર્યના સંચાલન માટે જોગવાઇ કરતા નિયમો કરવા;

(ગ) રાજ્ય સરકારના નિયંત્રણને અધીન રહીને, આ અધિનિયમ અથવા તેના કોઇ ભાગને અમલમાં મૂકી શકાય એ માટે, જરૂરી હોય તેવી નાણાકીય વ્યવસ્થાઓ કરવી;

(ઘ) આ અધિનિયમ અથવા તેનો કોઇ ભાગ અમલમાં મૂકી શકાય એ માટે, રાજ્ય સરકારની મંજૂરીથી, જરૂરી હોય તેવી નિમણૂકો, વધુમાં વધુ બે વર્ષની મુદત માટે કરવી;

(ચ) પોતે આદેશ કરે તેવા પોતાના કાર્યો બજાવવા માટે, તેમને યોગ્ય લાગે તેવી કોઇ સમિતિ નીમવી; અને

(છ) સામાન્યતઃ આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ એક્ઝિકયુટિવ કાઉન્સિલને સોંપલી તમામ અથવા તે પૈકીની કોઇ સત્તા વાપરવી.

પ્રથમ ઉપકુલપતિની નિમણૂક.

૬૪. કલમ ૧૫-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પ્રથમ ઉપકુલપતિની નિમણૂક, આ અધિનિયમ થયા પછી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તેવી શરતોએ, રાજ્ય સરકાર, વ્યવહાર્ય હોય તેટલી જલદી કરશે.

પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક.

૬૫. કલમ ૧૭માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક, અધિનિયમ થયા પછી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તેવી શરતોએ, રાજ્ય સરકાર, વ્યવહાર્ય હોય તેટલી જલદી કરશે.

યુનિવર્સિટીના અધિકારીઓ અને અધ્યાપકોની નિમણૂક.

૬૬. (૧) અધિનિયમ થયા પછી કોઇપણ સમયે, યુનિવર્સિટીનાં અધિકારીમંડળો, પોતાનાં કાર્યો બજાવવાની શરૂઆત કરે નહિ, ત્યાં સુધી-

(ક) રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરીથી, કુલપતિ, યુનિવર્સિટીના કોઇ અધિકારીની નિમણૂક કરી શકશે;

(ખ) કુલપતિ, ઉચ્ચ શિક્ષણ કમિશનર અને રાજ્ય સરકાર તેમની સાથે જોડવાનું ઉચિત ગણે તેવી બીજી કોઈ વ્યકૃતિ અથવા વ્યક્તિઓ, હોય તો, તેમની બનેલી સલાહકાર સમિતિની ભલામણો વિચારણામાં લઈને, રાજ્ય સરકાર, યુનિવર્સિટીના અધ્યાપકોની નિમણૂક કરી શકશે.

INDEX

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી કોઇ નિમણૂક, વધુમાં વધુ બે વર્ષની મુદત માટે અને નિમણૂક કરનાર સત્તાધિકારીને ઉચિત લાગે તેવી શરતોએ કરવામાં આવશે:

પરંતુ આવી કોઇપણ નિમણૂક, તે માટેની નાણાકીય જોગવાઇ કરવામાં ન આવે ત્યાં સુધી કરી શકાશે નહિ.

મુશ્કેલી દૂર કરવાની સત્તા.

૬૭. આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 91

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY,APRIL, 3, 2017/CAITRA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારીતા**-વિભાગ ના તારીખ : **૨જી ફેબ્રુઆરી, ૨૦૧૭ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએચએસએચ-૨-૨૦૧૭-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૫૦-છ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Assistant Teacher, Class III, in the Blind School, Deaf and Dumb School for Children, Home for Crippled Children and Home for Mentally Deficient Children, Recruitment Rules,2015.

અંધ બાળકો માટેની શાળા, બહેરા અને મૂંગા બાળકો માટેની શાળા, અપંગ બાળકો માટેના ગૃહ અને માનસિક ખામીવાળા બાળકો માટેના ગૃહમાં મદદનીશ શિક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, રજી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીએચ–એસએચ–૨–૨૦૧૭–એમકેએમ–૧૦૨૦૧૪–૩૬૨૫૦–છ:–ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, અંધ બાળકો માટેની શાળા, બહેરા અને મૂંગા બાળકો માટેની શાળા, અપંગ બાળકો માટેના ગૃહ અને માનસિક ખામીવાળા બાળકો માટેના ગૃહમાં મદદનીશ શિક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો અંધ બાળકો માટેની શાળા, બહેરા અને મૂંગા બાળકો માટેની શાળા, અપંગ બાળકો માટેના ગૃહ અને માનસિક ખામીવાળા બાળકો માટેના ગૃહમાં મદદનીશ શિક્ષક, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. અંધ બાળકો માટેની શાળા, બહેરા અને મૂંગા બાળકો માટેની શાળા, અપંગ બાળકો માટેના ગૃહ અને માનસિક ખામીવાળા બાળકો માટેના ગૃહમાં મદદનીશ શિક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, ''૩૨ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે ''૩૭ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર ચૌહાણ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 92

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, APRIL 3, 2017/CAITRA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએ/વી/૨૦૧૭નો ૪૧/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ–૨/વી.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Metropolitan Planning Committees Act, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧ મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંકઃજીએચ/વી/૨૦૧૭નો૪૧/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ-૨/વીઃ ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે તા. ૧૧-૩-૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક જીએચ/ વી/ ૨૦૧૬ નો ૫૮/ ડીપીસી/ ૧૩૮૪/ ભાગ-૨/વી. મુજબ અમદાવાદ મહાનગર વિસ્તાર માટે ૮ સભ્યોની બનેલી મહાનગર આયોજન સમિતિ (મેટ્રોપોલિટન પ્લાનિંગ કમિટી)ની રચના કરી છે. ત્યાર પછી ગુજરાત સરકારે, તા.૨૦-૦૨-૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક જીએચ/ વી/ ૨૦૧૭ નો ૩૪/ ડીપીસી/ ૧૦૯૭/૧૩૮૪/ ભાગ-૫/ વી મુજબ અમદાવાદ મહાનગર વિસ્તાર માટે વધુ ૭ સભ્યોની નિમણૂક કરી હતી. હવે, ગુજરાત સરકાર, કલમ ૩ ની પેટા કલમ(૨) નાં ખંડ(૧૦) હેઠળ,અમદાવાદ મહાનગર વિસ્તાર માટેની મહાનગર આયોજન સમિતિમાં ચૂંટાયેલા વધુ ૩૦ સભ્યોની નીચે મુજબ નિમણૂંક કરે છે.

અનુક્રમાંક	નામ	હોદ્દો
૧	શ્રીજયેશભાઈ પરમાનંદ પટેલ	સભ્ય
૨	શ્રી રમેશભાઈ રત્નાભાઈ દેસાઈ	સભ્ય
૩	શ્રી અનિરૂદ્ધસિંહ જશવંતસિંહ ઝાલા	સભ્ય
૪	શ્રી અમિતભાઈ પોપટલાલ શાહ	સભ્ય
૫	શ્રી અમૂલભાઈ બળવંતરાય ભટ્ટ	સભ્ય
૬	શ્રી અરૂણાબેન સતીશકુમાર શાહ	સભ્ય
૭	શ્રી ગિરીશકુમાર હરગોવિંદભાઈ પ્રજાપતિ	સભ્ય
૮	શ્રી ગૌતમભાઈ બાબરભાઈ પટેલ	સભ્ય
૯	શ્રી ગૌતમભાઈ લાલજીભાઈ કથિરિયા	સભ્ય
૧૦	શ્રી જતિનકુમાર ઝવેરભાઈ પટેલ	સભ્ય
૧૧	શ્રી દિલીપભાઈ ડાહ્યાભાઈ બગરીયા	સભ્ય
૧૨	શ્રીમતી નંદિનીબેન નિર્દેશકુમાર પંડ્યા	સભ્ય
૧૩	શ્રી પ્રમોદાબેન શશીકાંત સુતરિયા	સભ્ય
૧૪	શ્રી પ્રવીણકુમાર ભગવાનદાસ પટેલ	સભ્ય
૧૫	શ્રી બિપીનકુમાર રામસ્વરૂપ સિક્કા	સભ્ય
૧૬	શ્રી બિપીનચંદ્ર અંબાલાલ પટેલ	સભ્ય
૧૭	શ્રીમતી ભાવનાબેન હરીશભાઈ નાયક	સભ્ય
૧૮	શ્રી મધુબેન ચંદુભાઈ પટેલ	સભ્ય
૧૯	શ્રી મયૂર નટવરલાલ દવે	સભ્ય
૨૦	શ્રી રમેશભાઈ દલાભાઈ દેસાઈ	સભ્ય
૨૧	શ્રી રશ્મિકાન્ત નટવરલાલ શાહ	સભ્ય

INDEX

અનુક્રમાંક	નામ	હોદ્દો
૨૨	શ્રી ગયાપ્રસાદભાઇ મૂલચંદ કનોજિયા	સભ્ય
૨૩	શ્રી ભરતભાઇ કેશવલાલ પટેલ	સભ્ય
૨૪	શ્રી મહેન્દ્રભાઇ પરસોત્તમભાઇ પટેલ	સભ્ય
૨૫	શ્રી દેવાંગ જિતેન્દ્રભાઇ દાણી	સભ્ય
૨૬	શ્રી પ્રવીણભાઇ નરોતમદાસ મોદી	સભ્ય
૨૭	શ્રી સુરેશભાઇ મીઠાભાઇ પટેલ	સભ્ય
૨૮	શ્રી લાલસિંહ રમતુજી ઠાકોર	સભ્ય
૨૯	શ્રી સુજય જ્યોતિન્દ્રભાઇ મેહતા	સભ્ય
૩૦	શ્રીમતી ચેતના બ્રિજેશકુમાર પટેલ	સભ્ય

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.એમ.પટેલ ,

સેક્શન અધિકારી

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 93

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, APRIL 3, 2017/CAITRA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૧૭નો ૧૩/એએમએન–૨૦૨૦૦૦/૭૧૨૨–પી–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Provincial Municipal Corporation Act, 1949.
ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ
જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,૧૩/૦૧/૨૦૧૭.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક.કેવી–૨૦૧૭નો ૧૩/એએમએન–૨૦૨૦૦૦/૭૧૨૨–પી:–મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન–એ જણાવ્યું છે કે અમદાવાદ શહેરની અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવા, મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ચલાવાતી શેઠ વી.એસ. જનરલ હોસ્પિટલ, (તબીબી) મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, બી.આર.ટી.એસ. અને સાબરમતી રિવર ફ્રન્ટ સર્વિસીસ હડતાલનો આશરો લે તેવી સંભાવના છે;

અને ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, '' સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની અનુસૂચિ–ક ના પ્રકરણ–૪માં વર્ગ ૧,૨,૩માં જણાવેલી અને સદરહુ અધિનિયમની કલમ ૬૨–માં જણાવેલી આવશ્યક સેવાઓમાંની કોઇપણ સેવા બજાવવામાં રૂકાવટ થવાથી અથવા તેના બંધ થવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરમાં સમુદાયના જીવનની સલામતી અથવા તેમના આરોગ્ય અથવા તેમના માટે જરૂરી એવી આવશ્યક સેવાઓની જાળવણીને પ્રતિકૂળ રીતે અસર થશે.

તેથી, હવે સદરહુ અધિનિયમની કલમ ૬૨થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે અમદાવાદ શહેરમાં કટોકટી પ્રવર્તે છે અને તેના પરિણામે, સદરહુ અધિનિયમની અનુસૂચિ–ક ના પ્રકરણ ૪માં, વર્ગ ૧,૨અને ૩માં જણાવેલી આવશ્યક સેવામાંના કોઇપણ સભ્યે, તત્સમયે અમલમાં હોય તેવા કોઇપણ કાયદા અથવા કોઇપણ કરારમાં ગમે તે મજકૂર હોય તે છતાં, તારીખ ૧૯.૦૧.૨૦૧૭ના રોજ અને તે તારીખથી શરૂ થતી ૧૮૦ દિવસની મુદત માટે;

(ક) પોતાની ફરજો બજાવવામાં તેને અશક્ત બનાવે તેવી માંદગી અથવા અકસ્માતના કિસ્સામાં હોય તે સિવાય, પોતાની ફરજો છોડીને ચાલ્યા જવું નહિ અથવા તેવી ફરજો ઉપર ગેરહાજર રહેવું નહિ અથવા,

(ખ) પોતાની ફરજો બજાવવામાં બેદરકારી રાખવી નહિ અથવા તે બજાવવાની ના પાડવી નહિ અથવા જાણીબૂઝીને તે ફરજો, અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનરના અને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવાના ટ્રાન્સપોર્ટ મેનેજરના અભિપ્રાય પ્રમાણે બિનકાર્યક્ષમ હોય તેવી રીતે બજાવવી નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આનંદ ઝીંઝાલા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 94

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] **MONDAY, APRIL 3, 2017/CAITRA 13, 1939**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૨૦૧૭

તારીખ : ૩જી એપ્રિલ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO.16 OF 2017.

THE GUJARAT ORGANIC AGRICULTURAL UNIVERSITY ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 16 OF 2017.

AN ACT

to establish and incorporate a University for the development of organic agricultural sciences in the State of Gujarat.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૬ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૩જી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત રાજ્યમાં ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ સાયન્સ (જૈવિક કૃષિવિષયક વિજ્ઞાન)ના વિકાસ માટે યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

પ્રકરણ ૧
પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો–

(ક) "એકેડેમિક કાઉન્સિલ" એટલે કલમ ૧૩ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ;

(ખ) "સંલગ્ન કોલેજ અથવા સંસ્થા" એટલે કલમ ૪૫ હેઠળ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ અથવા સંસ્થા;

(ગ) "કૃષિ (એગ્રિકલ્ચર)"એટલે કુદરતી સાધનસંપત્તિ વ્યવસ્થાપન (નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ), પાકના ઉત્પાદન અને રક્ષણ સહિત પાકમાં સુધારણા, બાગાયત, પશુચિકિત્સા, પશુ વિજ્ઞાન અને મત્સ્યોદ્યોગ, ડેરી વિજ્ઞાન અને ટેકનોલોજી, પ્લાન્ટ મોલેક્યુલર બાયોલોજી અને બાયોટેકનોલોજી, વનવિદ્યા, એગ્રિકલ્ચર એન્જિનિયરીંગ અને ટેકનોલોજી, ફૂડ ટેકનોલોજી(ખાદ્ય પ્રૌદ્યોગિકી), ગૃહવિજ્ઞાન, કૃષિ–વ્યાપાર સંચાલન, કૃષિના સંબંધમાં મૂળભૂત વિજ્ઞાન અને માનવવિદ્યા, કૃષિને લગતો બીજો કોઇ વિષય;

(ઘ) "સત્તામંડળ" એટલે કલમ ૧૦માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું યુનિવર્સિટીનું કોઇ સત્તામંડળ;

INDEX

(ચ) "બોર્ડ" એટલે કલમ ૧૧ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું સંચાલક મંડળ;

(છ) "અભ્યાસ સમિતિ" એટલે વિદ્યાશાખાના સ્તરે રચાયેલી શૈક્ષણિક બાબતોની સમિતિ;

(જ) "કોલેજ અથવા સંસ્થા"એટલે યુનિવર્સિટીના સીધા વહીવટ અને નાણાકીય નિયંત્રણ તથા સંચાલન હેઠળની ઘટક કોલેજ અથવા સંલગ્ન કોલેજ;

(ઝ) "કુલાધિપતિ" એટલે યુનિવર્સિટીના કુલાધિપતિ;

(ટ) "સીઓઆઇ (COI)" એટલે યુનિવર્સિટીની હકૂમત હેઠળનું સેવન કેન્દ્ર (Centre of Incubations);

(ઠ) "કોમ્પ્ટ્રોલર (નિયંત્રક)" એટલે કલમ ૩૧ હેઠળ નિમાયેલા યુનિવર્સિટીના કોમ્પ્ટ્રોલર;

(ડ) "ડીન" એટલે કલમ ૨૯ હેઠળ નિમાયેલા કોલેજના ડીન અથવા વિદ્યાશાખાના ડીન;

(ઢ) "નિયામક" એટલે અનુક્રમે કલમો ૨૭ અને ૨૮ હેઠળ નિમાયેલા સંશોધનના નિયામક અને અનુસ્નાતક અભ્યાસના ડીન તથા વિસ્તરણ શિક્ષણના નિયામક;

(ત) "વિસ્તરણ શિક્ષણ પરિષદ" એટલે કલમ ૧૭ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદ;

(થ) "વિદ્યાશાખા" એટલે આ અધિનિયમ અને સ્ટેચ્યૂટમાં નિર્દિષ્ટ કર્યા મુજબની યુનિવર્સિટીમાંની વિદ્યાશાખા;

(દ) "નાણા સમિતિ" એટલે કલમ ૪૧ હેઠળ રચાયેલી નાણા સમિતિ;

(ધ) "છાત્રાલય" એટલે આ અધિનિયમ હેઠળ યુનિવર્સિટીએ નિભાવેલી અથવા માન્ય કરેલી યુનિવર્સિટીના અથવા કોલેજના અથવા સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટેનું નિવાસનું સ્થળ;

(ન) "કેવીકે (KVK)" એટલે યુનિવર્સિટીના હકૂમત હેઠળનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર;

(પ) "અધિકારી" એટલે અધિનિયમની કલમ ૨૨માં નિર્દિષ્ટ કર્યા મુજબના યુનિવર્સિટીના અધિકારી;

(ફ) "ઓર્ગેનિક એગ્રિકલ્ચર(જૈવિક કૃષિ)" એટલે અને તેમાં ખંડ (ગ)માં ઉલ્લેખેલી તમામ શાખા જેમાં કૃત્રિમ ખાતર (સિન્થેટિક ફર્ટિલાઇઝર્સ), જંતુનાશક પદાર્થો, જેનેટિકલિ મોડિફાઇડ ઓર્ગેનિઝમ્સ (જનનિક પરિવર્તન કરેલું જીવતંત્ર), સિન્થેટિક હોર્મોન્સ (કૃત્રિમ રસસ્ત્રાવ) અને રસાયણોનો ઉપયોગ કરવામાં આવતો ન હોય અને જેનાથી હવા, જમીન અને જળનું પ્રદૂષણ ઘટતું હોય તથા વનસ્પતિ, પશુઓ અને લોકોના પરસ્પર અવલંબિત સમુદાયોના આરોગ્ય અને તેમની ઉત્પાદકતામાં વૃદ્ધિ થતી હોય;

(બ) "ઠરાવેલું" એટલે સ્ટેચ્યૂટથી ઠરાવેલું;

(ભ) "રજિસ્ટ્રાર" એટલે કલમ ૩૦ હેઠળ નિમાયેલા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર;

(મ) "સંશોધન પરિષદ" એટલે કલમ ૧૫ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની સંશોધન પરિષદ;

(ય) "સ્ટેચ્યૂટ અને વિનિયમો" એટલે અનુક્રમે કલમો ૪૨ અને ૪૪ હેઠળ નિર્દિષ્ટ કરેલી યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ અને વિનિયમો;

(ર) "વિદ્યાર્થી" એટલે પદવી માટેના અભ્યાસક્રમ અથવા યોગ્ય રીતે શરૂ કરવામાં આવેલા બીજા શૈક્ષણિક કાર્યક્રમમાં અભ્યાસ કરવા માટે, ઘટક કોલેજ અથવા યુનિવર્સિટીના એકમમાં પ્રવેશ લીધો હોય અને પોતાનું નામ નોંધાવ્યું હોય તેવી કોઇ વ્યકિત;

(લ) "અધ્યાપક" એટલે પ્રશિક્ષણ આપવાના અને/ અથવા સંશોધન અથવા વિસ્તરણ કાર્યક્રમો યોજવાના અને તેમાં માર્ગદર્શન આપવાના હેતુ માટે, યુનિવર્સિટી દ્વારા નિમાયેલા અથવા માન્ય કરવામાં આવેલા સહાયક પ્રાધ્યાપકના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી કોઇ વ્યકિત અને તેમાં સ્ટેચ્યૂટથી અધ્યાપક તરીકે જાહેર કરવામાં આવે તેવી બીજી કોઇ વ્યકિતનો સમાવેશ થશે;

(૧૫) "યુનિવર્સિટી'એટલે આ અધિનિયમની કલમ ૩ હેઠળ રચાયેલી ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી;

(૧૬) "કુલપતિ" એટલે કલમ ૨૪ હેઠળ નિમાયેલા યુનિવર્સિટીના કુલપતિ.

પ્રકરણ ૨
યુનિવર્સિટી

યુનિવર્સિટીની સ્થાપના અને તેનું સંસ્થાપન.

૩.(૧) "ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી"નામે એક યુનિવર્સિટી સ્થાપવામાં અને રચવામાં આવશે.

(૨) યુનિવર્સિટીમાં કુલાધિપતિ, કુલપતિ, સંચાલક મંડળ, એકેડેમિક કાઉન્સિલ, સંશોધન પરિષદ, વિસ્તરણ શિક્ષણ પરિષદ અને બીજા અધિકારીમંડળ અને અધિકારીઓ તથાઆ અધિનિયમમાં નિયત કરેલા અથવા સ્ટેચ્યૂટમાં જોગવાઇ કર્યા પ્રમાણે ઘટક મંડળનો સમાવેશ થશે.

(૩) યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર અને એક સામાન્ય સીલ રહેશે તથા સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૪) યુનિવર્સિટીનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે અથવા રાજયસરકાર નક્કી કરે તેવા બીજા સ્થળે રહેશે.

પ્રાદેશિક હકૂમત અને ઘટક મંડળો.

૪. (૧) ઓર્ગેનિક એગ્રિકલ્ચરના ક્ષેત્રમાંયુનિવર્સિટી અથવા કોલેજ સ્તરના અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમોના સંબંધમાં, યુનિવર્સિટીની પ્રાદેશિક હકૂમત અને જવાબદારી સમગ્ર ગુજરાત રાજયમાં વિસ્તરેલી રહેશે.

(૨) યુનિવર્સિટીની હકૂમત અને સત્તાધિકાર હેઠળની તમામ કોલેજ, સંશોધન મથકો, સી.ઓ.આઇ.(Centres of Incubation) (સેવન કેન્દ્રો) અને બીજી સંસ્થાઓ, યુનિવર્સિટીના અધિકારીઓ અને અધિકારી મંડળના સંચાલન અને નિયંત્રણ હેઠળના યુનિવર્સિટીના ઘટક એકમો ગણાશે.

(૩) ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, જરૂરી જણાય તે પ્રમાણે, પ્રાદેશિક હકૂમતમાંના અને વિદેશમાંના તેના ઘટક મંડળ માટેની સ્થાપના, તેના વિકાસ અને તેની કામગીરી માટે જવાબદારી લઇ શકશે.

યુનિવર્સિટીના ઉદ્દેશો.

૫. યુનિવર્સિટીના ઉદ્દેશો નીચે મુજબના રહેશે:–

(૧)ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ)માં અભ્યાસની વિવિધ શાખામાં ગુણવત્તાયુકત માનવ સાધનસંપત્તિ વિક્સાવવાની દિશામાં શિક્ષણ આપવા માટેની જોગવાઇ કરવી;

(૨) સંશોધનના અધ્યયન અને સંચાલનમાં પ્રગતિ કરવી;

(૩) પરંપરાગત અને પ્રાચીન જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેને આધુનિક વૈજ્ઞાનિક સાધનોથી મઠારવું;

(૪) વિસ્તરણ શિક્ષણ અને તાલીમ હાથ ધરવા;

(૫) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓ સાથેની ભાગીદારી અને જોડાણને પ્રોત્સાહન આપવું;

(૬) યુનિવર્સિટી વખતોવખત નક્કી કરે તેવા યુનિવર્સિટીના તેવા બીજા હેતુઓ.

યુનિવર્સિટીમાં પ્રવેશ બાબત.

૬. (૧) યુનિવર્સિટી, આ અધિનિયમની અને સ્ટેચ્યૂટની જોગવાઇઓને અધીન રહીને, તમામ વ્યકિતઓ માટે ખુલ્લી રહેશે.

(૨) પેટા–કલમ (૧)હેઠળની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીએ, સરકારે નિર્દિષ્ટ કરેલી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યકિત અથવા ભારતના બીજા રાજ્યોમાંના ઉમેદવારો માટે બેઠકો અનામત રાખવી જોઇશે:

પરંતુ આવી કોઇપણ વ્યકિત, આવા ઉમેદવારોના સંબંધમાં ઠરાવવામાં આવેલા માપદંડ પરિપૂર્ણ ન કરતી હોય, તો તે, યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે હકદાર રહેશે નહિ.

INDEX

યુનિવર્સિટીની સત્તા અને તેના કાર્યો. ૭. યુનિવર્સિટીને નીચેની સત્તા અને કાર્યો રહેશે:–

(૧) ઓર્ગેનિક એગ્રિકલ્ચરમાં અને યુનિવર્સિટી યોગ્ય ગણે તેવા બીજા ક્ષેત્રોમાં ડિપ્લોમા, અનુસ્નાતક અને વ્યાવસાયિક અભ્યાસક્રમના પ્રશિક્ષણ માટેની જોગવાઇ કરવાની;

(૨) ઓર્ગેનિક એગ્રિકલ્ચરમાં સંશોધન કરવા માટેની જોગવાઇ કરવાની;

(૩) વિસ્તરણ કાર્યક્રમો દ્વારા સંશોધનના તારણો અને ટેકનિકલ (તકનિકી) માહિતીના પ્રસાર માટે જોગવાઇ કરવાની;

. . . . .

(૪) જે વ્યક્તિઓએ, યુનિવર્સિટીમાંથી ઠરાવેલા અભ્યાસક્રમ અથવા સંશોધન કાર્ય અથવા તે બન્ને પૂર્ણ કર્યા હોય અને તેને માટે તેઓ લાયક ઠર્યા હોય અથવા બીજી કોઇ યુનિવર્સિટી અથવા તે હેતુ માટેની માન્ય સંસ્થાઓમાં અંશકાલિક અભ્યાસક્રમ અને સંશોધન કાર્ય કર્યા હોય તેવી વ્યક્તિઓ માટે અભ્યાસક્રમો શરૂ કરવાની અને પરીક્ષા યોજવાની તથા તેમને પદવીઓ અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો આપવાની;

(૫) યુનિવર્સિટી દ્વારા આપવામાં અથવા એનાયત કરવામાં આવેલી કોઇ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર ઠરાવવામાં આવે તેવી રીતે પાછા ખેંચી લેવાની અથવા રદ કરવાની;

(૬) ખેડૂતો, ક્ષેત્ર કાર્યકરો, ગ્રામીણયુવકો અને યુનિવર્સિટીના કાયમી વિદ્યાર્થીઓ તરીકે નોંધાયેલી ન હોય તેવી બીજી વ્યક્તિઓને તાલીમ પૂરી પાડવાની;

(૭) બીજી યુનિવર્સિટીઓ, ભારતીય કૃષિવિષયક સંશોધન સંસ્થા પરિષદ (ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટયૂટસ) અને જાહેર અને ખાનગી સંશોધન તથા વિકાસ સંગઠનો અથવા સંસ્થાઓ સાથે શૈક્ષણિક, સંશોધન અને વિસ્તરણ કાર્યક્રમોમાં સહયોગ કરવાની;

(૮) જંગમ અને સ્થાવર એમ બન્ને પ્રકારની મિલકત સંપાદિત કરવાની, ધરાવવાની અને પોતાના કબજામાં રાખવાની તથા યુનિવર્સિટીના હેતુઓ માટે તેનામાં નિહિત થાય અથવા તે સંપાદિત કરે તેવી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપવાની, તેનું વેચાણ કરવાની અથવા અન્યથા તબદીલ કરવાની અને કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અથવા બીજા કોઇ મંજૂર કરેલા સ્ત્રોત દ્વારા નાણાં મેળવવાની અને ઉછીના લેવાની તથા આ અધિનિયમના હેતુ માટે જરૂરી હોય તેવા બીજા તમામ કાર્યો કરવાની;

(૯) રાજ્યની કૃષિ આબોહવા વિષયક પરિસ્થિતિ મુજબ કોલેજ, પ્રયોગશાળા, ગ્રંથાલય, સંગ્રહાલય, સંશોધન મથકો, કેવીકે (KVK) (કૃષિ વિજ્ઞાન કેન્દ્ર) અથવા સેવન કેન્દ્ર(Centre of Incubations) અને ઓર્ગેનિક એગ્રિકલ્ચર(જૈવિક કૃષિ) અને સંલગ્ન વિજ્ઞાનને લગતા તેના એકમો સ્થાપવાની અને નિભાવવાની;

(૧૦) સરકારની મંજૂરીથી અધ્યાપન, સંશોધન, વિસ્તરણને લગતી અને બીજી જગાઓ ઊભી કરવાની તથા આવી જગાઓ ઉપર વ્યકિતઓની નિમણૂક કરવાની;

(૧૧) યુનિવર્સિટી વખતોવખત જરૂરી ગણે તેવી વહીવટી અને બીજી જગાઓ ઊભી કરવાની તથા આવી જગાઓ ઉપર વ્યકિતઓની નિમણૂક કરવાની;

(૧૨) સ્ટેચ્યૂટ અનુસાર અધ્યેતાવૃત્તિ, શિષ્યવૃત્તિ, વૃત્તિકા(સ્ટાઇપેન્ડ), પારિતોષિક શરૂ કરવાની અને એનાયત કરવાની;

(૧૩) સંશોધન મથકો અને માન્ય સંસ્થાઓની તપાસ કરવાની તથા તેમાં પ્રશિક્ષણ, અધ્યાપનને લગતા યોગ્ય ધોરણો નિભાવવામાં આવે છે, તે બાબત સુનિશ્ચિત કરવા માટેના પગલાં લેવાની;

(૧૪) યુનિવર્સિટીના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગાર–ધોરણો, ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો ઠરાવવાની અને તેનું નિયમન કરવાની;

INDEX

(૧૫) યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો અથવા કેન્દ્રો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગાર–ઘોરણો, ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો ઠરાવવાની અને તેનું નિયમન કરવાની;

(૧૬) ઠરાવવામાં આવે તેટલી ફી અને બીજા ચાર્જિસ નક્કી કરવાની, માંગવાની અને મેળવવાની;

(૧૭) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ઉચિત જણાય તેવી નિવાસી સવલતો ઊભી કરવાની અને નિભાવવાની;

(૧૮) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નિવાસની દેખરેખ રાખવાની, તેમની વર્તણૂક અને શિસ્તનું નિયમન કરવાની તથા તેમના આરોગ્ય અને કલ્યાણના ઉત્તેજન માટે ગોઠવણી કરવાની;

(૧૯) યુનિવર્સિટીના ખર્ચનું નિયમન કરવાની અને નાણાંની વ્યવસ્થા કરવાની તથા તેનો હિસાબ નિભાવવાની;

(૨૦) યુનિવર્સિટીના હેતુ માટે જરૂરી અથવા અનુકૂળ હોય તેવી કોઈ જમીન અથવા ઈમારત અથવા બાંધકામ, યુનિવર્સિટી યોગ્ય અને ઉચિત ગણે તેવી બોલી અને શરતોએ ખરીદવાની અથવા પટે લેવાની અને આવી કોઈ ઈમારત અથવા બાંધકામ બાંધવાની, તેમાં ફેરફાર કરવાની અને તેને તેનો નિભાવ કરવાની;

(૨૧) સરકારી વચનચિઠ્ઠીઓ અને બીજી વચનચિઠ્ઠીઓ, વિનિયમપત્રો, ચેક અથવા બીજા વટાઉખત કાઢવાની અને સ્વીકારવાની, બનાવવાની અને શેરો કરવાની, વટાવવાની અને પરક્રમ્ય કરવાની;

(૨૨) જામીનખત, ગીરોખત, વચનચીઠ્ઠી પર અથવા યુનિવર્સિટીની તમામ અથવા કોઈપણ મિલકત અને અસ્કયામત પર નાખેલી બીજી જવાબદારીઓ અથવા જામીનગીરી આધારિત અથવા કોઈ જામીનગીરી વગર અને પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકારની પૂર્વ–પરવાનગી લઈને, નાણાં ઊભા કરવાની અને ઉછીના લેવાની તથા નાણાં ઊભા કરવાને અને ભરપાઈ કરવાને અને ઉછીના લીધેલા કોઈ નાણા ભરપાઈ કરવાને આનુષંગિક તમામ ખર્ચ યુનિવર્સિટીના ફંડમાંથી ચૂકવવાની;

(૨૩) યુનિવર્સિટીના હેતુઓ માટે અને જેના માટે યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હોય તે ઉદ્દેશને સુસંગત રહીને, અનુદાન, આર્થિક સહાય, ફાળો, દાન અને બક્ષિસ મેળવવાની તથા સંસ્થાઓ અને તેમણે માન્ય કરેલા અભ્યાસક્રમોના વિકસાવવાના હેતુ માટે ફંડમાંથી તેમને અનુદાનની વહેંચણી કરવાની જેથી કરીને ઓર્ગેનિક ફાર્મિંગ (જૈવિક ખેતી)ને ઉત્તેજન આપી શકાય;

(૨૪) પોતાના ઉદ્દેશો આગળ ધપાવવા માટે, યુનિવર્સિટીના અભિપ્રાય મુજબ જરૂરી હોય તેવા, સંશોધન અને પ્રશિક્ષણ માટેના વિશિષ્ટ કેન્દ્રો, વિશેષિત અભ્યાસ કેન્દ્રો અથવા બીજા એકમો સ્થાપવાની;

(૨૫) સંશોધન અને બીજી કામગીરીના મુદ્રણ, પુનર્નિર્માણ અને પ્રકાશન માટેની જોગવાઈ કરવાની અને ઓર્ગેનિક ફાર્મિંગ અને કૃષિને લગતા પ્રદર્શનો, વર્કશોપ, સેમિનાર, પરિષદ, વગેરે યોજવાની;

(૨૬) ટ્રસ્ટ અને દેણગી ઘરાવવાની અને તેની વ્યવસ્થા કરવાની;

(૨૭)ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ)માટેની પ્રયોગશાળાઓ, સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને એક્રેડિટેશન (અધિકારપત્ર) આપવું;

(૨૮) યુનિવર્સિટીના ઉદ્દેશો આગળ ધપાવવા માટે જરૂરી હોય તેવા, ઉપર્યુકત સત્તાને આનુષંગિક હોય અથવા ન હોય તેવા બીજા તમામ કૃત્યો અને કાર્યો કરવાની.

લિંગ,ધર્મ,વર્ગ,પંથ કે મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી રહેશે.

૮. (૧) કોઈપણ વ્યકિતને ધર્મ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, ભાષા, લિંગ, જન્મસ્થળ, વર્ગ અથવા વ્યાવસાયિક અથવા રાજકીય કે અન્ય મંતવ્ય હોવાના એકમાત્ર કારણે જ યુનિવર્સિટીના કોઈ હોદ્દાથી અથવા તેના કોઈ અધિકારીમંડળના સભ્યપદથી અથવા કોઈ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટ માનથી અથવા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશથી વંચિત રાખી શકાશે નહિ.

INDEX

(૨) કોઇ વ્યકિતને, યુનિવર્સિટીમાં અધ્યાપક અથવા વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવાનો અથવા કોઇ હોદ્દો અથવા જગા ધરાવવાનો અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવાનો અથવા યુનિવર્સિટીના કોઇ વિશેષાધિકાર ભોગવવાના કે વાપરવાના અથવા તેનો કોઇ લાભ મેળવવાના હક મળી શકે તે માટે, યુનિવર્સિટી ધાર્મિક માન્યતા, જાતિ, પંથ, જ્ઞાતિ, ભાષા, લિંગ, જન્મસ્થળ, વર્ગ, વ્યાવસાય અથવા રાજકીય કે બીજા મંતવ્ય અંગેની કોઇ કસોટી રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

તપાસણી અને તપાસ.

૯. (૧) કુલાધિપતિને, પોતે આદેશ કરે તેવી વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા યુનિવર્સિટીની, તેના મકાનો, પ્રયોગશાળા અને તેની સાધનસામગ્રીની તથા યુનિવર્સિટીના કોઇ ઘટક એકમની અને યુનિવર્સિટી સાથે સંકળાયેલી કોઇ બાબતના સંબંધમાં તપાસ કરાવવાનો હક રહેશે.

(૨) કુલાધિપતિએ, દરેક પ્રસંગે, યુનિવર્સિટીને, તપાસણી અથવા તપાસ કરાવવાના પોતાના ઇરાદાની નોટિસ આપવી જોઇશે અને યુનિવર્સિટીને તે તપાસના સમયે પોતાની રજૂઆત કરવાનો હક રહેશે.

(૩) કુલાધિપતિએ, યુનિવર્સિટીને આવી તપાસણી અથવા તપાસના પરિણામ અંગે જાણ કરવી જોઇશે અને તે વિષે બોર્ડનો અભિપ્રાય મેળવ્યા પછી, યુનિવર્સિટીને તેણે લેવાનાં પગલાં વિષે સલાહ આપશે અને એવા પગલાં લેવા માટેની સમયમર્યાદા નક્કી કરશે.

(૪) યુનિવર્સિટીએ, આવી રીતે નક્કી કરેલી સમય મર્યાદામાં, કુલાધિપતિએ આપેલી સલાહ ઉપરથી લીધેલા અથવા લેવા ધારેલા પગલા અંગે, કુલાધિપતિને જાણ કરવી જોઇશે.

(૫) યુનિવર્સિટી, કુલાધિપતિને ખાતરી થાય તેવી રીતે, નકકી કરેલી સમયમર્યાદામાં પગલાં લે નહિ, તો કુલાધિપતિ, યુનિવર્સિટીએ આપેલો કોઇ ખુલાસો અથવા કરેલી રજૂઆત વિચારણામાં લીધા પછી, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો આપી શકશે અને યુનિવર્સિટીએ એવા આદેશોનું પાલન કરવું જાઇશે.

(૬) પૂર્વવર્તી પેટા–કલમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ સમયે, કુલાધિપતિનો એવો અભિપ્રાય હોય કે યુનિવર્સિટીનું કામકાજ, યુનિવર્સિટીના ઉદ્દેશોને આગળ ધપાવવા માટે અથવા આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર થઈ રહયું નથી અને યુનિવર્સિટીના અધ્યાપન, પરીક્ષા, સંશોધન, વિસ્તરણ શિક્ષણના ધોરણો જાળવવા માટે, વૈધાનિક વિનિયમો કરવા અથવા ખાસ પગલાં લેવા ઈષ્ટ છે, તો તેઓ, જે બાબતના સંબંધમાં સ્પષ્ટતા જરૂરી હોય તેવી કોઈ બાબત અંગે યુનિવર્સિટીને નિર્દેશ કરી શકશે અને કુલાધિપતિ નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર, આવી સ્પષ્ટતા કરવા યુનિવર્સિટીને આદેશ કરી શકશે. યુનિવર્સિટી નિર્દિષ્ટ સમયની અંદર કોઈ સ્પષ્ટતા રજૂ ન કરે અથવા કુલાધિપતિના અભિપ્રાય પ્રમાણે સંતોષકારક ન હોય તેવી સ્પષ્ટતા રજૂ કરે, તો કુલાધિપતિ, કેસના સંજોગો પ્રમાણે પોતાને જરૂરી અને ઈષ્ટ જણાય તેવી સૂચના આપી શકશે અને એ સૂચનાઓનો અમલ કરવા માટે જરૂરી હોય તેવી સત્તા વાપરી શકશે.

(૭) યુનિવર્સિટીએ, કુલાધિપતિ ફરમાવે તેવી, યુનિવર્સિટીના વહીવટને લગતી માહિતી પૂરી પાડવી જોઇશે.

પ્રકરણ ૩
યુનિવર્સિટીના અધિકારીમંડળ

યુનિવર્સિટીના અધિકારી મંડળ.

૧૦. યુનિવર્સિટીના અધિકારીમંડળ નીચે પ્રમાણેના રહેશેઃ–

(૧) સંચાલક મંડળ;

(૨) એકેડેમિક કાઉન્સિલ;

(૩) સંશોધન પરિષદ;

INDEX

(૪) વિસ્તરણ શિક્ષણ પરિષદ;

(૫) વિદ્યાશાખા અને તેની અભ્યાસ સમિતિ;

(૬) સ્ટેચ્યૂટથી યુનિવર્સિટીના અધિકારીમંડળ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીના એવા બીજા મંડળ.

૧૧. (૧) કુલાધિપતિએ, પ્રથમ કુલપતિની નિમણૂક કરવામાં આવે તે પછી તરત જ સંચાલક મંડળની રચના કરવી જોઈશે. **સંચાલક મંડળ અને તેની રચના.**

(૨) સંચાલક મંડળ નીચેના સભ્યોનું બનશેઃ–

(૧) કુલપતિ – અધ્યક્ષ;

(૨) સચિવ, કૃષિ વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામ નિયુક્ત;

(૩) સચિવ, નાણા વિભાગ, ગુજરાત સરકાર અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામ નિયુક્ત;

(૪) પશુપાલન અથવા મત્સ્યોદ્યોગ અથવા વન વિભાગના સચિવ અથવા યુનિવર્સિટીના અધ્યાપન અને સંશોધન કાર્યક્રમોને લક્ષમાં લઈને, ગુજરાત સરકાર દ્વારા નામ નિયુક્ત કરવાના નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૫) રાજ્ય સરકારે ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) અને સંલગ્ન વિજ્ઞાનના ક્ષેત્રમાંથી નામ નિયુક્ત કરવાની એક નામાંકિત વ્યકિત;

(૬) રાજ્ય સરકારે નામ નિયુક્ત કરવાની, ઓર્ગેનિક ફાર્મિંગ (જૈવિક ખેતી)ની પશ્ચાદભૂમિકા ધરાવતી એક શ્રેષ્ઠ મહિલા;

(૭) રાજ્ય સરકારે યુનિવર્સિટીની હકૂમતમાંથી, નામ નિયુક્ત કરવાના, ઓર્ગેનિક ફાર્મિંગની પશ્ચાદ ભૂમિકા ધરાવતા એક પ્રગતિશીલ ખેડૂત;

(૮) ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (ICAR)ના મહાનિયામકે નામ નિયુક્ત કરવાના ICARના એક પ્રતિનિધિ;

(૯) કૃષિ નિયામક, ગુજરાત રાજ્ય;

(૧૦) પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય;

(૧૧) બાગાયત નિયામક, ગુજરાત રાજ્ય;

(૧૨) કુલપતિએ, ડીનમાંથી, ઠરાવેલી રીતે વારાફરતી નામનિયુકત કરેલા એક સભ્ય;

(૧૩) સંશોધન નિયામક અથવા વિસ્તરણ શિક્ષણ નિયામકમાંથી કુલપતિએ નામનિયુક્ત કરવાના એક નિયામક;

(૧૪) રજસ્ટ્રિાર – સભ્ય સચિવ;

(૩) હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત બે વર્ષની રહેશે.

(૪) સભ્યના મૃત્યુ, રાજીનામા અથવા નિમણૂકની મુદત પૂરી થયા સિવાયના કોઈ કારણસર કોઈ સભ્યના હોદ્દાની જગા ખાલી પડે, ત્યારે આ કલમની જોગવાઈઓ અનુસાર ખાલી જગા ભરવી જોઈશે અને આવી ખાલી જગા જે વ્યકિતથી ભરવામાં આવે, તે વ્યકિત, જેની જગા પર પોતે સભ્ય તરીકે રહ્યો હોય તે વ્યકિતની બાકીની મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૫) બોર્ડના કોઈપણ કાર્ય અથવા કાર્યવાહી, તેમાં સભ્યપદની કોઇ જગા ખાલી હોવાના અથવા બોર્ડની રચનામાં કોઇ ખામી હોવાના કારણમાત્રથી અમાન્ય ઠરશે નહિ.

(૬) યુનિવર્સિટીના બીજા કોઈપણ અધિકારી અથવા કર્મચારી, આ કલમની પેટા–કલમ (૨)ના ખંડ (૫) થી (૭) હેઠળ, બોર્ડના સભ્ય થવા માટે પાત્ર ગણાશે નહિ.

(૭) બોર્ડે, કુલપતિએ નક્કી કરેલી તેવી તારીખે અને તેવા સ્થળે પોતાની બેઠક યોજવી જોઇશેઃ

પરંતુ કુલપતિએ, દર ત્રણ મહિને એક વખત, બોર્ડની બેઠક માટે તારીખ અને સ્થળ નક્કી કરવા જોઈશે.

(૮) બોર્ડની બેઠક માટેનું કોરમ, બોર્ડના સભ્યોના એક તૃતીયાંશ સભ્યોનું હોવું જોઇશે:

પરંતુ કોરમ પૂરું ન હોવાના કારણે મંડળની બેઠક મુલતવી રાખવામાં આવે, તો તે જ કામકાજ ચલાવવા માટે બોલાવવામાં આવેલી ત્યાર પછીની બેઠકમાં કોઈપણ કોરમ જરૂરી રહેશે નહિ.

(૯) બોર્ડ, પરામર્શના હેતુ માટે, વિચારણા હેઠળના કોઈ વિષય અંગેનો અનુભવ અથવા વિશેષ જાણકારી ધરાવતી કોઈ વ્યક્તિને, પોતાની બેઠકમાં હાજર રહેવા બોલાવી શકશે.આવી વ્યક્તિ, આવી બેઠકમાં ચર્ચા કરી શકશે અથવા અન્યથા તેની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે, પણ તે મત આપવા માટે હકદાર રહેશે નહિ. આવી રીતે બોલાવેલી કોઈપણ વ્યક્તિ, બેઠકમાં હાજર રહેવા માટે, ઠરાવવામાં આવે તેટલા ભથ્થાં મેળવવા હકદાર રહેશે.

બોર્ડની સત્તા અને તેના કાર્યો.

૧૨. (૧) આ અધિનિયમ અને સ્ટેટયૂટની જોગવાઇઓને અધીન રહીને, બોર્ડ, યુનિવર્સિટીનું મુખ્ય કારોબારી મંડળ ગણાશે અને તે યુનિવર્સિટીની મિલકત અને પ્રવૃત્તિઓનું સંચાલન કરશે તથા તેનું દેખરેખ રાખશે અને આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ ન કરી હોય તેવી યુનિવર્સિટીની તમામ વહીવટી બાબતોના સંચાલન માટે જવાબદાર રહેશે.

(૨) પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, બોર્ડે, નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો કરશેઃ–

(૧) યુનિવર્સિટીની નાણાકીય જરૂરિયાતો, અંદાજો અને અંદાજપત્ર પર વિચારણા કરવી અને તે મંજૂર કરવા;

(૨) યુનિવર્સિટીની મિલકત અને ફંડ ધરાવવા તથા તેનું નિયંત્રણ કરવું અને યુનિવર્સિટી વતી કોઈ સામાન્ય આદેશ આપવા;

(૩) યુનિવર્સિટી વતી કોઈ મિલકત સ્વીકારવી અથવા તેની તબદીલી કરવી;

(૪) યુનિવર્સિટી વતી, વસિયત, દાન અને દેણગી સ્વીકારવા;

(૫) અભિપ્રેત હેતુ માટે, યુનિવર્સિટીને હસ્તક હોય તેવા ફંડનો વહીવટ કરવો;

(૬) યુનિવર્સિટીના ફંડના રોકાણ અને તેના ઉપાડ માટે ગોઠવણ કરવી;

(૭) રાજ્ય સરકારની પૂર્વ–મંજૂરી લઈને, મૂડીરોકાણ માટે નાણાં ઉછીના લેવા અને તે ભરપાઈ કરવા માટેની યોગ્ય ગોઠવણો કરવી;

(૮) યુનિવર્સિટીની વૃદ્ધિ અને વિકાસને લગતી સામાન્ય નીતિવિષયક બાબતો અંગે વિચારણા કરવી અને તે બાબતો નક્કી કરવી;

(૯) બોર્ડે નક્કી કરેલી નીતિ અનુસાર, યુનિવર્સિટીના અધિકારીમંડળોએ લેવાનાં પગલાં સૂચવવા;

(૧૦) આ અધિનિયમ અથવા સ્ટેટ્યૂટથી તેને સોંપવામાં આવેલી સત્તા વાપરતી અને કાર્યોનું પાલન કરતી વખતે, યુનિવર્સિટી વતી કરારો કરવા, તેમાં ફેરફાર કરવા, તેનો અમલ કરવો અને તે રદ કરવા;

(૧૧) યુનિવર્સિટીની કામગીરી કરવા માટે જરૂરી હોય તેવા મકાનો, જગ્યા, ફર્નિચર, ઉપકરણ અને બીજા સાધનોની જોગવાઈ કરવી;

(૧૨) જરૂરી હોય, ત્યાં એકેડેમિક, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ પરિષદની ભલામણો અંગે વિચારણા કરવી અને તે મંજૂર કરવી;

(૧૩) યુનિવર્સિટીના સામાન્ય સીલના નમૂના અને તેના ઉપયોગ અંગે આદેશ આપવા;

(૧૪) પોતે જરૂરી ગણે તેવી સમિતિઓ અને મંડળો નીમવા તથા આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઈઓ અનુસાર તેના સંદર્ભની બોલીઓ ઠરાવવી;

(૧૫) એકેડેમિક કાઉન્સિલ, સંશોધન પરિષદ અથવા વિસ્તરણ શિક્ષણ પરિષદની ભલામણ પરથી, કોલેજ, વિભાગ, કેન્દ્ર અથવા સંશોધન મથક અથવા પેટા–મથક સ્થાપવા, તેનું જોડાણ કરવા અને તે રદ કરવા અંગે વિચારણા કરવી અને તે મંજૂર કરવા;

(૧૬) રાજ્ય સરકારની મંજૂરી લઈને, શિક્ષણ, સંશોધન, વિસ્તરણ શિક્ષણને લગતી અને બીજી જગાઓ ઊભી કરવી;

(૧૭) સહાયક પ્રાધ્યાપક અને તેથી ઉપરના દરજ્જાના અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓની નિમણૂક માટે, ઠરાવેલી રીતે, પસંદગી સમિતિની ભલામણો મંજૂર કરવી;

(૧૮) સ્ટેચ્યૂટથી જોગવાઈ કરવામાં આવે તે રીતે, ઓર્ગેનિક એગ્રિકલ્ચર અથવા વિસ્તરણ શિક્ષણમાં સંશોધનના કેન્દ્રો અથવા કોલેજ અથવા માન્ય સંસ્થાઓનું જોડાણ કરવું;

(૧૯) સંલગ્ન કેન્દ્રો અથવા કોલેજો, માન્ય સંસ્થાઓ અને છાત્રાલયનું નિરીક્ષણ કરવા માટેની ગોઠવણ કરવી અને તે માટેના આદેશો આપવો, તેમના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગારધોરણ અને ભથ્થાં સહિત, તેમની કાર્યદક્ષતા નિભાવવા માટેની અને નિમણૂકની યોગ્ય શરતો સુનિશ્ચિત કરવા માટેની સૂચના આપવી;

(૨૦) જોડાણ દ્વારા કોલેજને અથવા માન્યતા દ્વારા સંસ્થાને આપવામાં આવેલા સંપૂર્ણઅથવા આંશિક અધિકારો પાછા ખેંચવા અથવા તેમાં ફેરફાર કરવો;

(૨૧) જોડાણની શરતો પાર પાડવામાં કસૂર કરે તેવી કોલેજનું અનુદાન (ગ્રાન્ટ) પાછું ખેંચવા માટે અથવા તેમાં ઘટાડો કરવા માટે, રાજ્ય સરકારને ભલામણ કરવી;

(૨૨) સંલગ્ન કેન્દ્ર અથવા કોલેજ અથવા માન્ય સંસ્થાઓના સ્ટાફના સભ્યને, વિશેષિત અભ્યાસ શરૂ કરવા માટે માન્યતા આપવી;

(૨૩) સંલગ્ન કેન્દ્ર અથવા કોલેજ અને માન્ય સંસ્થાઓ, વિશેષિત અભ્યાસ શરૂ કરી શકે તે અંગેની જોગવાઈ કરવી;

(૨૪) યુનિવર્સિટીના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગારધોરણ, ભથ્થાં અને સેવાની બીજી શરતો ઠરાવવી અને તેનું નિયમન કરવું;

INDEX

(૨૫) યુનિવર્સિટીના સંલગ્ન કેન્દ્રો, કોલેજ અને માન્ય સંસ્થાઓના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગારધોરણ, ભથ્થાં અને સેવાની બીજી શરતો ઠરાવવી અને તેનું નિયમન કરવું;

(૨૬) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નિવાસ, તેમના વર્તણૂક અને શિસ્ત અંગે દેખરેખ રાખવી તથા અને તેમના આરોગ્ય અને કલ્યાણને ઉત્તેજન આપવા માટેની ગોઠવણ કરવી;

(૨૭) અધ્યેતાવૃત્તિ (ફેલોશિપ) અને શિષ્યવૃત્તિ, છાત્રવૃત્તિ, ચંદ્રકો, પારિતોષિક અને બીજા પુરસ્કાર શરૂ કરવા અને આપવા;

(૨૮) પદવી, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન શરૂ કરવા અને એનાયત કરવા અથવા આપવા;

(૨૯) કોલેજ અને માન્ય સંસ્થાઓ પાસેથી અહેવાલો, પત્રકો અને બીજી માહિતી મંગાવવી;

(૩૦) ડિપ્લોમા, અનુસ્નાતક અને વ્યાવસાયિક અભ્યાસક્રમો, અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણને ઉત્તેજન આપવાની તમામ સત્તા વાપરવી;

(૩૧) ઠરાવવામાં આવે તેટલી ફી અને બીજા ચાર્જિસ નક્કી કરવા, માંગવા અને લેવાં;

(૩૨) આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટથી અન્યથા જોગવાઈ કરવામાં ન આવી હોય તેવી બાબતો માટે, યુનિવર્સિટીને ભલામણ કરવી અને આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટની જોગવાઈઓનો અમલ કરવા જરૂરી હોય તેવી તમામ બીજી સત્તા;

(૩૩) પ્રયોગશાળાઓ, સંસ્થાઓ અને યુનિવર્સિટીની માન્યતા માટે સમિતિની રચના કરવી.

(૩) એકેડેમિક કાઉન્સિલને કરેલી ભલામણ ઉપરથી હોય તે સિવાય, બોર્ડે, પેટા–કલમ (૨)ના ખંડો (૧૮) થી (૨૩) હેઠળની સત્તા વાપરવી જોઈશે નહિ અને તે હેઠળના કાર્યો કરવા જોઇશે નહિ.

(૪) યુનિવર્સિટી, ઘટક કોલેજ, સંલગ્ન કોલેજ અને માન્ય સંસ્થાના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સભ્યોના પગારધોરણ, ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો ઠરાવવા અને તેનું નિયમન કરવાને લગતી, પેટા–કલમ (૨)ના ખંડો (૨૪) અને (૨૫) હેઠળ બોર્ડે વાપરવાની સત્તા, રાજ્ય સરકારની મંજૂરીને અધીન રહેશે.

(૫) બોર્ડ, પોતાની વહીવટી કામગીરી બજાવવા માટે સમિતિની રચના કરી શકશે અને ઠરાવવામાં આવે તેમ તેની રચના, તેના કાર્યો અને તેની મુદત નક્કી કરી શકશે.

૧૩. (૧) એકેડેમિક કાઉન્સિલ નીચેના સભ્યોની બનશે:– **એકેડેમિક કાઉન્સિલ.**

(૧) કુલપતિ – અધ્યક્ષ, હોદ્દાની રૂએ;

(૨) સંશોધનના નિયામક અને અનુસ્નાતક અભ્યાસના ડીન, હોદ્દાની રૂએ;

(૩) વિસ્તરણ શિક્ષણના નિયામક, હોદ્દાની રૂએ;

(૪) તમામ ડીન, હોદ્દાની રૂએ;

(૫) કુલપતિએ દરેક વિદ્યાશાખામાંથી રોટેશનના આધારે નામનિયુક્ત કરવાના વિભાગના બે વડા;

(૬) કુલપતિએ દરેક વિદ્યાશાખામાંથી વારાફરતી નામનિયુક્ત કરવાના, પ્રાધ્યાપકના દરજ્જાના એક અધ્યાપક;

(૭) કુલપતિએ નામનિયુક્ત કરવાના, યુનિવર્સિટી બહારના ત્રણ નામાંકિત શિક્ષણશાસ્ત્રી;

(૮) રજિસ્ટ્રાર, હોદ્દાની રૂએ – સભ્ય સચિવ.

કોમ્પ્ટ્રોલર અને યુનિવર્સિટીના ગ્રંથપાલ, સભ્ય ન હોય તેવા આમંત્રિત(non-member invitees) ગણાશે.

(૨) એકેડેમિક કાઉન્સિલ, ઠરાવવામાં આવે તેટલી મુદત માટે અને તેવી રીતે, ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) અને સંલગ્ન ક્ષેત્રોની જુદીજુદી શાખાનું પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકાય તે માટે, બેથી વધુ ન હોય, તેટલી વ્યકિતઓને સભ્યો તરીકે કો–ઓપ્ટ કરી શકશે.

(૩) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના અને પેટા–કલમ (૨)માં ઉલ્લેખેલા સભ્યો સિવાયના એકેડેમિક કાઉન્સિલના તમામ સભ્યો, બે વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૪) એકેડેમિક કાઉન્સિલની બેઠકનું કોરમ, કાઉન્સિલના એક તૃતીયાંશ સભ્યોનું બનશે:

પરંતુ કોરમ પૂરું ન હોવાના કારણે એકેડેમિક કાઉન્સિલની બેઠક મુલતવી રાખવામાં આવે, તો તે જ કામકાજ ચલાવવા માટે, બોલાવવામાં આવેલી ત્યાર પછીની બેઠકમાં કોઈપણ કોરમ જરૂરી રહેશે નહિ.

(૫) એકેડેમિક કાઉન્સિલ, દરેક સેમેસ્ટરમાં ઓછામાં ઓછી એક વખત, કુલપતિ નક્કી કરે તેવી તારીખે મળશે. તેમ છતાં, કુલપતિ દ્વારા એકેડેમિક કાઉન્સિલની ખાસ બેઠકો બોલાવી શકાશે.

એકેડેમિક કાઉન્સિલની સત્તા અને તેના કાર્યો.

૧૪. (૧) એકેડેમિક કાઉન્સિલને, આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઈઓને અધીન રહીને, તમામ અભ્યાસક્રમ, વિનિયમોથી ઠરાવવાની અને પાઠયક્રમ નક્કી કરવાની સત્તા રહેશે તથા તે યુનિવર્સિટીની અંદર અધ્યાપકીય અને બીજા શૈક્ષણિક કાર્યક્રમોનું નિયંત્રણ કરશે તથા તેના ધોરણો જાળવવા માટે જવાબદાર રહેશે.

(૨) તેને, પોતાના નિયંત્રણને અધીન રહીને, તમામ શૈક્ષણિક બાબતોને લગતા, આ અધિનિયમ અને સ્ટેચ્યૂટને સુસંગત વિનિયમો કરવાની તથા આવા વિનિયમોમાં સુધારો કરવાની અને તે રદ કરવાની સત્તા રહેશે.

(૩) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એકેડેમિક કાઉન્સિલને નીચેની સત્તા રહેશે:–

(૧) તમામ શૈક્ષણિક બાબતો અંગે બોર્ડને અને કુલપતિને સલાહ આપવાની;

(૨) સંશોધન અને વિસ્તરણમાંની જગાઓ સહિત પ્રોફેસરશિપ, એસોસિએટ પ્રોફેસરશિપ, આસિસ્ટન્ટ પ્રોફેસરશિપની જગા અને બીજી અધ્યાપકીય જગાઓ શરૂ કરવા માટે તથા તેની ફરજોની બાબતમાં ભલામણો કરવાની;

(૩) એડજંક્ટ (સંલગ્ન) પ્રોફેસરશિપ માટે ભલામણો કરવાની;

(૪) વિદ્યાશાખા, કોલેજ, અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ વિભાગ સ્થાપવા માટેની, તેના જોડાણ માટેની અથવા તે નાબૂદ કરવા માટેની ભલામણો કરવાની;

(૫) યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રવેશને લગતા વિનિયમો કરવાની અને પ્રવેશ આપવાના હોય તેટલા વિદ્યાર્થીઓની સંખ્યા નક્કી કરવાની;

(૬) પદવી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો આપી શકાય તેવા અભ્યાસક્રમોને લગતા વિનિયમો કરવાની;

(૭) પરીક્ષાઓના સંચાલન સંબંધિત વિનિયમો કરવાની અને શિક્ષણના ધોરણો જાળવવા તથા તેમાં સુધારો કરવાની;

(૮) સંલગ્ન કોલેજ અને માન્ય સંસ્થાઓમાં અભ્યાસ અને અધ્યાપનના સંકલન માટે ગોઠવણ કરવાની;

(૯) પદવી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો માટે પાત્ર થવા યુનિવર્સિટીમાં અથવા સંલગ્ન કોલેજમાં અભ્યાસના માન્ય અભ્યાસક્રમોમાં મુકિત આપવાની રીત ઠરાવતા વિનિયમો મંજૂર કરવાની;

(૧૦) કોલેજના જોડાણ અને સંસ્થાની માન્યતા અંગે બોર્ડને ભલામણ કરવાની;

(૧૧) વિદ્યાશાખાને વિષયો ફાળવવા માટે દરખાસ્તો કરવાની;

(૧૨) ડિપ્લોમા, વ્યાવસાયિક અભ્યાસક્રમ, અનુસ્નાતક શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે દરખાસ્ત કરવાની;

(૧૩) યુનિવર્સિટીમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ સ્ટાફ (કર્મચારીવર્ગ) માટે ઠરાવવાની લાયકાત અંગે ભલામણ કરવાની;

(૧૪) યુનિવર્સિટીમાં અધ્યાપકો માટે ઠરાવવાની લાયકાત સંબંધી ભલામણો કરવાની;

(૧૫) આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ બોર્ડ અથવા કુલપતિ દ્વારા તેને સોંપવામાં આવે અથવા તેના ઉપર નાખવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવી બીજી ફરજો બજાવવી.

સંશોધન પરિષદ. **૧૫.** (૧) **સંશોધન પરિષદ, નીચેના સભ્યોની બનશે:–**

(૧) કુલપતિ– અધ્યક્ષ;

(૨) યુનિવર્સિટીના સંશોધન આદેશ અને કાર્યક્રમો આધારિત કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યોદ્યોગના નિયામક અથવા સરકારના મુખ્ય વન સંરક્ષક;

(૩) વિસ્તરણ શિક્ષણના નિયામક;

(૪) તમામ ડીન;

(૫) વિભાગોના તમામ વડા/ સહ–નિયામક;

(૬) સંશોધન નિયામક–સભ્ય–સચિવ.

રજિસ્ટ્રાર અને કોમ્પ્ટ્રોલર, સભ્ય ન હોય તેવા આમંત્રિત ગણાશે.

(૨) સંશોધન પરિષદ, કૃષિના જુદા જુદા ક્ષેત્રો અને સંલગ્ન ક્ષેત્રો પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકાય તે માટે, ઠરાવવામાં આવે તેટલા સમયગાળા માટે અને તેવી રીતે ઓર્ગેનિક ફાર્મિંગ(જૈવિક ખેતી)ની પશ્ચાદભૂમિકા ધરાવતા એક પ્રગતિશીલ ખેડૂત સહિત વધુમાં વધુ ચાર વ્યકિતઓને સભ્યો તરીકે કો–ઓપ્ટ કરી શકશે.

૧૬. સંશોધન પરિષદ, નીચેના સંબંધમાં વિચારણા કરીને, ભલામણો કરશે:– સંશોધન પરિષદના કાર્યો.

(૧) ઓર્ગેનિક એગ્રિકલ્ચર(જૈવિક કૃષિ)અને સંલગ્ન વિજ્ઞાન તેમજ તેના અગ્રતાપ્રદાન, દેખરેખ–નિયંત્રણ અને મૂલ્યાંકનના ક્ષેત્રમાં જુદી જુદી યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરવામાં આવેલા અથવા હાથ ધરવાના સંશોધન કાર્યક્રમો અને પ્રોજેકટ(પરિયોજના);

(૨) સંશોધન પ્રોજેકટનું અમલીકરણ કરવા માટે, જરૂરી હોય તેવી ભૌતિક, રાજવિત્તીય અને વહીવટી સુવિધાઓ;

(૩) ખેડૂતો અને બીજા સ્ટેક હોલ્ડર્સની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે, તેમને સંશોધન અંગે માહિતગાર કરવા;

(૪) સંશોધનમાં જાહેર–ખાનગી ભાગીદારી;

(૫) કુલપતિ અથવા બોર્ડ અથવા યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીમંડળ દ્વારા નિર્ણયાર્થે મોકલવામાં આવે તેવા સંશોધન કાર્યક્રમોને લગતી બીજી કોઇ બાબત.

૧૭. (૧) વિસ્તરણ શિક્ષણ પરિષદ નીચેના સભ્યોની બનશે:– વિસ્તરણ શિક્ષણ પરિષદ.

(૧) કુલપતિ–અધ્યક્ષ;

(૨) યુનિવર્સિટીના આદેશ અને કાર્યક્રમો આધારિત કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યોદ્યોગના નિયામક અથવા સરકારના મુખ્ય વન સંરક્ષક ;

(૩) સંશોધન નિયામક અને તમામ સહ–નિયામક અથવા સંયુકત નિયામક;

(૪) તમામ ડીન;

(૫) વિભાગો, પ્રાદેશિક સંશોધન મથક અથવા કેન્દ્રોના તમામ વડા;

(૬) કુલપતિએ નામનિયુકત કરવાની, યુનિવર્સિટી બહારની વિસ્તરણ શિક્ષણના ક્ષેત્રમાંની બે નામાંકિત વ્યકિતઓ;

(૭) કુલપતિએ નામનિયુકત કરવાના ઓર્ગેનિક ફાર્મિંગ (જૈવિક ખેતી)ની પૂર્વભૂમિકા ધરાવતા બે પ્રગતિશીલ ખેડૂતો;

(૮) વિસ્તરણ શિક્ષણ નિયામક–સભ્ય સચિવ.

રજિસ્ટ્રાર અને કોમ્પ્ટ્રોલર,સભ્ય ન હોય તેવા આમંત્રિતો ગણાશે.

(૨) કુલપતિ, સંબંધિત સંસ્થાઓમાંથી વધુમાં વધુ બે સભ્યોને કો–ઓપ્ટ કરી શકશે.

વિસ્તરણ શિક્ષણ પરિષદના કાર્યો.

૧૮. વિસ્તરણ શિક્ષણ પરિષદ, નીચેની બાબતોમાં વિચારણા કરીને ભલામણો કરશે:–

(૧) યુનિવર્સિટીના વિસ્તરણ કાર્યક્રમો અને પ્રોજેકટ;

(૨) વિસ્તરણ પ્રવૃત્તિઓનું સંકલન;

(૩) ખેડૂતોનું શિક્ષણ, તેમની તાલીમ અને સલાહકારી સેવાઓનો વિકાસ;

(૪) યુનિવર્સિટીના વિસ્તરણ કાર્યક્રમો અને પ્રોજેકટનું દેખરેખ–નિયંત્રણ અને મૂલ્યાંકન;

(૫) કુલપતિ, બોર્ડ અથવા યુનિવર્સિટીના બીજા કોઈ અધિકારીમંડળ દ્વારા તેને ઉલ્લેખેલી બીજી કોઈ બાબત.

વિદ્યાશાખા અને અભ્યાસ બોર્ડ.

૧૯. (૧) યુનિવર્સિટીને વિદ્યાશાખા રહેશે.

(૨) દરેક વિદ્યાશાખાને, નીચેના સભ્યોનું બનેલું અભ્યાસ બોર્ડ રહેશે:

(૧) વિદ્યાશાખાના ડીન–અધ્યક્ષ;

(૨) ઘટક કોલેજના પ્રિન્સિપાલ (આચાર્ય);

(૩) સંબંધિત વિદ્યાશાખાના વિભાગોના તમામ વડા;

(૪) વિદ્યાશાખાના ડીન દ્વારા દરેક વિભાગમાંથી નામ નિયુકત કરવાના એક સિનિયર વિદ્યાશાખાના સભ્ય;

વિભાગના સિનિયર વડા, સભ્ય–સચિવ રહેશે.

(૩) દરેક વિદ્યાશાખાનાં કાર્યો, નીચે મુજબનાં રહેશે:–

(૧) શૈક્ષણિક કાર્યક્રમોની સમીક્ષા કરવી અને તેને લગતા સુધારા સૂચવવા;

(૨) અભ્યાક્રમ અને પાઠ્યક્રમની સમિતિની ભલામણો વિચારણામાં લેવી અને એકેડેમિક કાઉન્સિલને મંજૂરી માટે મોકલવી;

(૩) એકેડેમિક કાઉન્સિલ અથવા કુલપતિ દ્વારા સોંપવામાં આવે તેવા બીજા કાર્યો કરવા.

સમિતિની રચના.

૨૦. દરેક અધિકારીમંડળ સમિતિની નિમણૂક કરવાની સત્તા રહેશે, જે આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટમાં અન્યથા કરેલી જોગવાઈઓ સિવાય, અધિકારીમંડળના સભ્યો અને તેને યોગ્ય જણાય તેવી બીજી વ્યકિતઓની બનશે.

અધિકાર મંડળ ની સભ્યપદ સંબંધિત જોગવાઈઓ.

૨૧. (૧) આ અધિનિયમમાં જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા મંડળના, હોદ્દાની રૂએ સભ્ય હોય તેવા સભ્ય સિવાયનો કોઈ સભ્ય, તેના મૃત્યુ, તેનું રાજીનામું, છૂટા કરવાના કારણે અથવા અન્યથા, પોતાની સમગ્ર મુદત પૂરી ન કરે, તે સંજોગોમાં એ રીતે ખાલી પડેલી જગા નિમણૂક, નામનિયુકિત અથવા યથાપ્રસંગ, સહવરણી (કો–ઓપ્શન)થી, શક્ય હોય તેમ જલદી પૂરવી જોઈશેઅને તે વ્યકિત, પોતે જે સભ્યને બદલે નિમણૂક પામેલી, નામનિયુકત થયેલી અથવા કો–ઓપ્ટ થયેલી હોય તેવી

વ્યકિત, જો તે ખાલી જગા પડી ન હોત, તો જેટલી બાકીની મુદત સુધી હોદ્દો ધરાવતા તેટલી બાકીની મુદત સુધી આ રીતે નિમણૂક પામેલી, નામનિયુકત થયેલી અથવા કો–ઓપ્ટ થયેલી વ્યકિત આવો હોદ્દો ધરાવશે.

(૨) બોર્ડ, કુલપતિની મંજૂરીથી, કોઇપણ વ્યકિતને, નૈતિક અધઃપતનવાળો ગંભીર ગુનો ગણાય તે ગુના માટે દોષિત ઠરાવી હોય, તો અથવા સંબંધિતસભ્યએ ધરાવેલા હોદ્દા માટે યોગ્ય ન હોયતેવી વર્તણૂક કરેલી હોય, તો યુનિવર્સિટીના કોઇ અધિકારમંડળ અથવા મંડળમાંથી આવી કોઇ વ્યકિતને સભ્યપદ પરથી દૂર કરી શકશે.

પરંતુ, કાયદાની સક્ષમ કોર્ટે તેવી વ્યકિતને દોષિત ઠરાવી હોય, ત્યારે કુલાધિપતિની પૂર્વ–મંજૂરી જરૂરી રહેશે નહિ:

વધુમાં, કોઇ વ્યકિતને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, તેની વિરુદ્ધ આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

(૩) યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળની સભ્ય હોય તેવી વ્યકિત, યુનિવર્સિટીના હોય કે ન હોય, તેવા કોઇ બીજા મંડળના પ્રતિનિધિ તરીકે હોય, ત્યારે તે, જે બીજા મંડળ કે જેમાં તેની નિમણૂક અથવા નામનિયુકિત કરવામાં આવી હોય તેની સભ્ય હોતી તેની મુદતની સમાપ્તિ પહેલા બંધ થાય, તો, તે આવા અધિકારીમંડળ અથવા મંડળની સભ્ય હોતી બંધ થશે.

(૪) જ્યારે કોઇ વ્યકિત, યુનિવર્સિટીના કોઇ અધિકારમંડળ અથવા મંડળના તેણે ધરાવેલા હોદ્દાની રૂએ સભ્ય બને તો, તે તેના સભ્યપદની મુદત પૂરી થાય તે પહેલા તેવોહોદ્દો ધરાવતી બંધ થાય, તો તે તરત જ આવા અધિકારીમંડળ અથવા મંડળની સભ્ય હોતી બંધ થશેઃ

પરંતુ ચાર મહિનાથી વધુ નહિ તેટલી મુદતની રજા પર જવાના કારણમાત્રથી પોતાનો હોદ્દો ધરાવતો બંધ થયો છે એમ ગણાશે નહિ.

(૫) યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળનો હોદ્દાની રૂએ સભ્ય હોય, તે સિવાયનો કોઈ સભ્ય, કુલપતિને ઉદ્દેશીને પત્ર લખીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, કુલપતિ સ્વીકારે તો, તે કુલપતિને રજૂ કર્યાની તારીખથી અમલમાં આવશે.

પ્રકરણ ૪
યુનિવર્સિટીના અધિકારીઓ

યુનિવર્સિટીના અધિકારીઓ. **૨૨. યુનિવર્સિટીના અધિકારીઓ નીચે પ્રમાણે રહેશે:–**

(૧) કુલાધિપતિ;

(૨) કુલપતિ;

(૩) સંશોધનના નિયામક અને અનુસ્નાતક અભ્યાસના ડીન;

(૪) વિસ્તરણ શિક્ષણના નિયામક;

(૫) ડીન;

(૬) રજિસ્ટ્રાર;

(૭) કોમ્પ્ટ્રોલર;

(૮) સ્ટેચ્યૂટથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાં હોય તેવા બીજા અધિકારીઓ.

કુલાધિપતિ. **૨૩.** (૧) ગુજરાત રાજ્યના રાજ્યપાલ, તેમના હોદ્દાની રૂએ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

(૨) કુલાધિપતિ, યુનિવર્સિટીના વડા બનશે અને યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે હાજર હોય ત્યારે, અધ્યક્ષસ્થાન સંભાળશે.

INDEX

(૩) કુલાધિપતિ, લેખિતમાં આદેશ દ્વારા, યુનિવર્સિટીના અધિકારી અથવા કોઇ અધિકારીમંડળનો કોઇ હુકમ અથવા કાર્યવાહીઓ, કે જે આ અધિનિયમ અને સ્ટેચ્યૂટ સાથે અનુરૂપ ન હોય તેને, તેઓ રદ કરી શકશે:

પરંતુ આવો કોઇ હુકમ કરતાં પહેલાં તેમણે સંબંધિત અધિકારી અથવા અધિકારીમંડળને આવો હુકમ કેમ ન કરવો તેનું કારણ દર્શાવવા જણાવશે અને આ સંબંધમાં કોઇ યોગ્ય કારણ, નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદામાં દર્શાવવામાં આવ્યું હોય તો, તેઓ તેને વિચારણામાં લેશે અને યોગ્ય હુકમો પસાર કરશે.

(૪) કુલાધિપતિ, આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટથી તેમને મળેલી તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

૨૪. (૧) રાજ્ય સરકાર, કુલપતિની નિમણૂક, પેટા–કલમ (૩) હેઠળના હેતુ માટે રચાયેલી શોધ સમિતિએ ભલામણ કરેલી ત્રણ વ્યકિતઓમાંથી કરવી જોઇશે. કુલપતિ.

(૨) કુલપતિ તરીકે નિમણૂકને પાત્ર થવા માટે, કોઇ વ્યકિત, ગુજરાત રાજ્યમાં ઓછામાં ઓછા દસ વર્ષના વહીવટી અનુભવ સહિત કૃષિ વિકાસમાં ઉત્કૃષ્ટતા ધરાવતો હોવો જોઇશે અને તેમણે નેતૃત્વ ગુણ સિદ્ધ કરેલા હોવા જોઇશે તથા તેમની પાંસઠ વર્ષની ઉંમર થઇ હોવી જોઇશે નહિ.

(૩) કુલપતિએ, પેટા–કલમ (૧)ના હેતુ માટે, નીચેના સભ્યોની બનેલી શોધ સમિતિની રચના કરવી જોઇશે:–

(૧) મહાનિયામક, આઇ.સી.એ.આર.(ICAR)અથવા તેમના નામનિયુક્ત;

(૨) રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાની કુલપતિના દરજ્જાની અથવા તેની સમકક્ષના દરજ્જાની એક વ્યકિત;

(૩) કુલાધિપતિના એક નામનિયુક્ત, જેઓ, શોધ સમિતિના નિમંત્રક (કન્વીનર) અને અધ્યક્ષ રહેશે;

(૪) તે રીતે નિમાયેલ સમિતિએ, વધુમાં વધુ આઠ અઠવાડિયાની અંદર અને સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તે રીતે, કુલપતિ તરીકે નીમવા માટે પોતાને યોગ્ય જણાય તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરવી જોઇશે અને સ્ટેચ્યૂટની ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો સાથે, આવી રીતે પસંદ કરાયેલી વ્યકિતઓના નામોની ભલામણ રાજ્ય સરકારને કરવી જોઇશે.

(૫) કુલપતિ પાંચ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે :

પરંતુ કુલપતિ તરીકે નિમાયેલી કોઇ વ્યકિત સિત્તેર વર્ષની ઉંમરે પહોંચે ત્યાર પછી તે તરીકેનો પોતાનો હોદ્દો ધરાવવાનું ચાલું રાખી શકશે નહિ.

(૬) કુલપતિને ચૂકવવાના મળતર અને જેને અધીન રહીને તેઓ હોદ્દો ધરાવશે તેવી બોલીઓ અને શરતો, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) અથવા ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ (ICAR)ના ધોરણોને આધારે રાજ્ય સરકાર નિર્ધારિત કરે તેવી રહેશે.

(૭) (ક) કુલપતિની રજા અથવા તેમની ગેરહાજરી દરમિયાન, અથવા

(ખ) કુલપતિને હોદ્દો કાયમી રીતે ખાલી પડે તેવા પ્રસંગે, તે હોદ્દા પર પેટા–કલમ (૧) હેઠળ નિમણૂક કરવામાં આવે નહિ ત્યાં સુધી તે જગાનો હવાલો, કુલપતિની પૂર્વ–મંજૂરીથી, યુનિવર્સિટીના સૌથી સિનિયર નિયામક, ડીન અથવા રજિસ્ટ્રાર–ને આપવો જોઇશે અને તેમણે કુલપતિના હોદ્દાની ચાલુ ફરજો બજાવવી જોઇશે.

INDEX

(૮) કુલપતિ, એક મહિનાની નોટિસ આપ્યા પછી, કુલાધિપતિને સંબોધીને, પોતાની સહીથી લેખિતમાં, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, કુલાધિપતિ જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

(૯) કુલાધિપતિને એવી ખાતરી થાય કે પદધારી (કુલપતિ),-

(ક) અસ્થિર મગજનો બન્યો છે અને સક્ષમ કોર્ટે તેને એવી રીતે જાહેર કર્યો છે;

(ખ) નૈતિક અધઃપતન સહિતના કોઇ ગુના માટે કોર્ટે દોષિત ઠરાવ્યો છે;

(ગ) નાદાર ઠર્યો છે અને સક્ષમ કોર્ટે તેને તેવી રીતે જાહેર કર્યો છે;

(ઘ) શારીરિક રીતે અક્ષમ બન્યો છે અને લાંબી માંદગી અથવા શારીરિક અશકતતાને કારણે કાર્યો બજાવવા અસમર્થ બન્યો છે;

(ચ) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં જાણીબુઝીને ચૂક કરી છે અથવા તેનો ઇનકાર કર્યો છે અથવા રાજય સરકારે નિર્ધારિત કર્યા પ્રમાણેની સેવાની બોલીઓ અને શરતો પૈકીની કોઇપણ બોલી અને શરતનો ભંગ કર્યો છે અથવા તેમનામાં નિહિત થયેલી સત્તાનો દુરુપયોગ કર્યો છે અથવા

કુલપતિના હોદ્દા ઉપર તેમને ચાલુ રાખવાનું યુનિવર્સિટીના હિતને હાનિકારક છે;

તો, કુલપતિને તેમના હોદ્દા પરથી દૂર કરી શકશેઃ

પરંતુ કુલપતિને સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય,તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહિ.

(૧૦) કોઇ વ્યકિત,–

(૧) તેઓ સંસદ સભ્ય અથવા કોઇ રાજય વિધાનમંડળના અથવા કોઇ સ્થાનિક સત્તામંડળની સભ્ય હોય;

(૨) તેઓ રાજકીય પક્ષની સભ્ય હોય; અથવા

(૩) તેઓ પેટા–કલમ (૯)માં જણાવ્યા પ્રમાણેની ગેરલાયકાતો ધરાવતી હોય,

તો, તેમને કુલપતિ તરીકે નીમવા માટે અથવા તે તરીકે ચાલુ રહેવા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

૨૫. (૧) કુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય કારોબારી અધિકારી રહેશે અને હોદ્દાની રૂએ, બોર્ડ, એકેડેમિક કાઉન્સિલ અને બીજા અધિકારીમંડળોના અધ્યક્ષ રહેશે અને તે, કુલાધિપતિની ગેરહાજરીમાં, યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં અધ્યક્ષસ્થાન લેશે અને પદવીઓ મેળવવા હકદાર હોય તેવી વ્યકિતઓને પદવીઓ એનાયત કરશે. **કુલપતિની સત્તા અને ફરજો.**

(૨) કુલપતિ, યુનિવર્સિટીના કામકાજ પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવશે અને તેઓ, યુનિવર્સિટીમાં શિસ્તની યોગ્ય જાળવણી માટે જવાબદાર ગણાશે.

(૩) (ક) કુલપતિને, સંચાલક મંડળ, એકેડેમિક કાઉન્સિલ, સંશોધન પરિષદ અને વિસ્તરણ પરિષદ બેઠકો બોલાવવાની સત્તા રહેશે.

(ખ) કુલપતિ, યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીને, ખંડ (ક) હેઠળની સત્તા સોંપી શકશે.

(૪) કુલપતિ, આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અને વિનિયમોની જોગવાઇઓનું પાલન સુનિશ્ચિત કરશે.

(૫) કુલપતિ, બોર્ડને વાર્ષિક નાણાકીય અંદાજો અને વાર્ષિક હિસાબોની રજૂઆત માટે જવાબદાર ગણાશે.

(૬) કુલપતિ, પોતાના અભિપ્રાય મુજબ તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી જણાય તેવા કોઇ આકસ્મિક સંજોગોમાં કોઇ પગલું લઇ શકશે. તેઓ, એવા કિસ્સામાં અને ત્યાર પછી તરત જ, સામાન્ય રીતે તે બાબતની

INDEX

બહાલી માટે તજવીજ કરતા હોય તેવા અધિકારમંડળોને પોતાના પગલાં અંગેનો અહેવાલ આપશે. અધિકારીમંડળ, કુલપતિના પગલાં સાથે અસંમત થાય તો, તે બાબત કુલાધિપતિને પુછાણ અર્થે મોકલવી જોઇશે, જેમનો નિર્ણય આખરી ગણાશે.

(૭) પેટા-કલમ (૬) હેઠળ કુલપતિએ લીધેલું કોઇ પગલું, યુનિવર્સિટીની સેવામાંની કોઇ વ્યક્તિને ગેરલાભ થાય તે રીતે તેને અસર કરે ત્યારે, જે તારીખે આવી વ્યક્તિને લીધેલાં પગલાંની નોટિસ બજાવવામાં આવી હોય તે તારીખથી ત્રીસ દિવસની અંદર તેવી વ્યક્તિ, બોર્ડને અપીલ કરી શકશે.

(૮) કુલપતિને એવી ખાતરી થાય કે બોર્ડનો નિર્ણય યુનિવર્સિટીના શ્રેષ્ઠ હિતમાં નથી તો, તેઓ, કુલાધિપતિને તે બાબત પુછાણ અર્થે મોકલી આપશે, જે ઉપરનો તેમનો નિર્ણય આખરી ગણાશે.

(૯) પૂર્વવર્તી પેટા-કલમોની જોગવાઇઓને અધીન રહીને, કુલપતિ, યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓની નિમણૂકો, બઢતીઓ અને તેમની બરતરફી સંબંધી બોર્ડના નિર્ણયોનો અમલ કરશે.

(૧૦) કુલપતિ, યુનિવર્સિટીના કામકાજના યોગ્ય વહીવટ માટે અને અધ્યાપન, સંશોધન અને વિસ્તરણના ઘનિષ્ઠ સંકલન અને એકીકરણ માટે જવાબદાર ગણાશે.

(૧૧) કુલપતિ, આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઇઓ હેઠળ તેમને આપવામાં આવે અથવા તેમના પર નાખવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

યુનિવર્સિટીના બીજા અધિકારીઓ.

૨૬. કુલપતિ,બોર્ડ અથવા યુનિવર્સિટીના નામનિયુક્ત મંડળની મંજૂરીથી, કલમ ૨૨ના ખંડ (૮)માં ઉલ્લેખ્યા પ્રમાણેના યુનિવર્સિટીના બીજા અધિકારીઓની નિમણૂક, ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ કરી શકશે:

પરંતુ કુલપતિ, યુનિવર્સિટીના બોર્ડ અથવા તેના નામનિયુક્ત મંડળની જાણ હેઠળ છ મહિનાની મુદત સુધી કામચલાઉ પગલાં તરીકે આવા બીજા અધિકારીઓની નિમણૂકો કરી શકશે.

સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસોના ડીન.

૨૭. (૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસોના ડીન, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને બોર્ડની પૂર્વ-મંજૂરીથી કુલપતિએ તેમની નિમણૂક કરવી જોઇશે.

(૨) નિયામકની લાયકાતો, તેના મળતરો અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) તેઓ કલમ ૩૩માં નિયત કર્યા પ્રમાણે યુનિવર્સિટીમાં અનુસ્નાતક અભ્યાસો અને સંશોધન કાર્યક્રમોના નિર્દેશ અને સંકલન માટે તથા સંશોધન મથકોની કાર્યક્ષમ કામગીરી માટે જવાબદાર ગણાશે.

(૪) નિયામક, ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૫) નિયામક, કુલપતિ દ્વારા વખતોવખત તેમને સોંપવામાં આવે તેવી બીજી ફરજો પણ બજાવશે.

વિસ્તરણ શિક્ષણ નિયામક.

૨૮. (૧) વિસ્તરણ શિક્ષણ નિયામક, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને બોર્ડની પૂર્વ-મંજૂરીથી કુલપતિએ તેમની નિમણૂક કરવી જોઇશે.

(૨) વિસ્તરણ શિક્ષણ નિયામકની લાયકાતો, તેના મળતરો અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે;

(૩) તેઓ કલમ ૩૪માં નિયત કર્યા પ્રમાણેના કૃષિ વિસ્તરણ કાર્યક્રમો માટે જવાબદાર ગણાશે.

(૪) તેઓ વિદ્યાર્થીઓની સલાહ મસલત અને પરામર્શના કાર્યક્રમ તથા સંભવિત નિયોક્તા અને રોજગાર એજન્સીના સહયોગથી યાદીમાં નામ નોંધવા માટે,યુનિવર્સિટીના સ્નાતકોને નોકરી અપાવવામાં સહાય કરવા તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં શિસ્તને પ્રોત્સાહિત કરવા માટે કાર્યક્રમનું આયોજન કરશે અને માર્ગદર્શન આપશે.

INDEX

(૫) તેઓ, રમતગમત, સાંસ્કૃતિક અને બીજી મનોરંજન પ્રવૃત્તિઓ, નેશનલ કેડેટ કોર્પ્સ (એન.સી.સી.), રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.),સંચાર કૌશલ્ય સુધારણા તથા બીજી અન્ય સંલગ્ન પ્રવૃત્તિઓ જેવી વિદ્યાર્થીઓની અભ્યાસેતર પ્રવૃત્તિઓનું આયોજન કરીને તેની વ્યવસ્થા કરશે.

(૬) તેઓ વિદ્યાર્થીઓના છાત્રાલય, અલ્પાહારગૃહ અને ભોજનાલયની વ્યવસ્થા કરશે અને તેની વ્યવસ્થા (મેનેજમેન્ટ)ની દેખરેખ કરશે.

(૭) તેઓ, યુનિવર્સિટીમાં તબીબી અને આરોગ્ય સેવાઓ તથા બીજી કલ્યાણકારી પગલાંની દેખરેખ રાખશે અને તેનું નિયંત્રણ કરશે.

(૮) વિસ્તરણ શિક્ષણનિયામક, ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૯) વિસ્તરણ શિક્ષણ નિયામક, કુલપતિ દ્વારા વખતોવખત તેમને સોંપવામાં આવે તેવી બીજી ફરજો પણ બજાવશે.

ડીન. **૨૯.** (૧) દરેક વિદ્યાશાખા માટે ડીન અથવા યથાપ્રસંગ, કોલેજના ડીન રહેશે, જેમને ઠરાવવામાં આવે તેવી રીતે પસંદ કરવા જોઈશે;

(૨) ડીન, કોલેજના વડા રહેશે અને કોલેજમાં અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટે જવાબદાર ગણાશે.

(૩) વિદ્યાશાખાના ડીન, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને વધારાની ત્રણ વર્ષની મુદત માટે તેઓ તે હોદ્દા પર પસંદ થવા માટે પાત્ર થશે.

(૪) વિદ્યાશાખાના ડીન, સંબંધિત વિદ્યાશાખાની અભ્યાસ સમિતિના અધ્યક્ષ રહેશે અને વિદ્યાશાખાના અધ્યાપકીય કાર્યક્રમની વ્યવસ્થા અને તેના અમલીકરણ માટે કુલપતિને જવાબદાર રહેશે.

(૫) દરેક વિદ્યાશાખાના ડીન, તે વિદ્યાશાખાને લગતા સ્ટેચ્યૂટ અને વિનિયમોના યોગ્ય પાલન માટે જવાબદાર ગણાશે.

(૬) ડીન ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવા બીજા કાર્યો કરશે તથા ફરજો બજાવશે.

(૭) ડીન, કુલપતિ તેમને વખતોવખત સોંપે તેવી બીજી ફરજો પણ બજાવશે.

રજિસ્ટ્રાર. **૩૦.** (૧) રજિસ્ટ્રાર, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી રહેશે અને હોદ્દાની રૂએ બોર્ડના સેક્રેટરી અને યુનિવર્સિટીની તમામ કાઉન્સિલની બેઠકોમાં કાયમી આમંત્રિત રહેશે.

(૨) કુલપતિ, બોર્ડની પૂર્વ–મંજૂરીથી તેમની નિમણૂક કરશે અને તેમની લાયકાતો, તેમના મળતરો અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે;

(૩) તેઓ, યુનિવર્સિટીના રેકર્ડ અને સામાન્ય મહોર (Common Seal)ની યોગ્ય કસ્ટડી માટે જવાબદાર રહેશે.

(૪) તેઓ, યુનિવર્સિટીમાં ઠરાવવામાં આવે તેવી મહેકમની બાબતો અને સામાન્ય વહીવટ માટે જવાબદાર રહેશે.

(૫) તેઓ, લીધેલા અભ્યાસક્રમો, મેળવેલા(અભ્યાસક્રમ પૂરો કર્યાના) પ્રમાણપત્રો, પદવીઓ, ઈનામો અથવા બીજા વિશિષ્ટમાનો તથા વિદ્યાર્થીઓના શૈક્ષણિક દેખાવ અને શિસ્તને લગતી બીજી બાબતો સહિત યુનિવર્સિટીમાં પરીક્ષાઓમાં પ્રવેશ અને તેના સંચાલન અને વ્યવસ્થા, વિદ્યાર્થીઓના કાયમી રેકર્ડના નિભાવ માટે જવાબદાર રહેશે.

(૬) રજિસ્ટ્રાર, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૭) રજિસ્ટ્રાર, કુલપતિ તેમને વખતોવખત સોંપે તેવી બીજી ફરજો પણ બજાવશે.

કોમ્પ્ટ્રોલર (નિયંત્રક).

૩૧. (૧) કુલપતિએ, બોર્ડની પૂર્વ–મંજૂરીથી કમ્પ્ટ્રોલર (નિયંત્રક)ની નિમણૂક કરવી જોઇશે અને તેમની લાયકાતો, તેમના મળતર અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) તેઓ યુનિવર્સિટીના બજેટ, હિસાબ–પત્રક તૈયાર કરવાઅને તેના ફંડ અને રોકાણનો વહીવટ કરવા માટે જવાબદાર રહેશે.

(૩) તેઓ, યુનિવર્સિટી દ્વારા અધિકૃત કર્યા પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે છે તેવું સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે.

(૪) તેઓએ યુનિવર્સિટીના વિવિધ એકમો દ્વારા નિભાવવા (જાળવવા)માં આવતા હિસાબોની સમયાંતરે આંતરિક ચકાસણી ગોઠવવી જોઇશે.

(૫) તેઓ બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલા નમૂનામાં અને તેવી રીતે યુનિવર્સિટીના હિસાબો નિભાવવા માટે અને રોકડ તથા બેન્ક સિલકની સ્થિતિ ઉપર અને રોકાણની સ્થિતિ ઉપર સતત દેખરેખ રાખવા માટે જવાબદાર રહેશે.

(૬) તેઓએ જોવું જોઇશે કે અસ્કયામતોના રજિસ્ટરોની અદ્યતન નિભાવણી (જાળવણી) થાય છે અને જથ્થાની નિયમિત ચકાસણીનું સંચાલન કરવામાં આવે છે.

(૭) તેઓ સ્ટેચ્યૂટ દ્વારા ઠરાવવામાં આવે તેવા બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૮) કોમ્પ્ટ્રોલર, કુલપતિ તેમને વખતોવખત સોંપે તેવી બીજી ફરજો પણ બજાવશે.

પ્રકરણ ૫

શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ

શૈક્ષણિક કાર્યક્રમો.

૩૨. (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીના શિક્ષણમાં, ઠરાવવામાં આવે તેવા ઓર્ગેનિક એગ્રિકલ્ચર(જૈવિક કૃષિ) અને સંલગ્ન વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાંના અનુસ્નાતક અને ડોકટરલ પદવી કાર્યક્રમો, ટૂંકી મુદતના ડિપ્લોમા, પ્રમાણપત્ર અથવા વ્યાવસાયિક અભ્યાસક્રમોનો સમાવેશ થશે.

(૨) શૈક્ષણિક કાર્યક્રમો, રાજ્ય અને રાષ્ટ્રની નીતિ સાથે સુસંગતતા જાળવશે.

(૩) યુનિવર્સિટીએ, ઇ–લર્નિંગ, વિતરિત અથવા દૂરવર્તી શિક્ષણ, જ્ઞાનના આદાન–પ્રદાનને સમર્થ બનાવતા ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજિ (આઇસીટી)વિ. ને ગતિશીલ બનાવવા માટે પહેલ કરવી જોઇશે.

સંશોધન.

૩૩. (૧) આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીએ ઓર્ગેનિક એગ્રિકલ્ચરમાં વ્યૂહાત્મક, પાયાનું અને પ્રયોજિત સંશોધન ચાલુ રાખવું જોઇશે.

(૨) યુનિવર્સિટી, પોતાનાસંશોધન સંગઠન મારફત,ઓર્ગેનિક એગ્રિકલ્ચર, પશુપાલન અને તેની હકૂમતમાંની બીજી સંલગ્ન શાખાઓમાંની સંશોધન પ્રવૃત્તિઓમાં નિયંત્રણની મુખ્ય એજન્સી તરીકે રહેશે.

(૩) યુનિવર્સિટી કાર્ય સંશોધન સહિત સંશોધનનું સંચાલન કરવા માટે, તેની પ્રાદેશિક હકૂમતમાં આવતાં જુદા જુદા એગ્રો–કલાઇમેટિક (કૃષિ આબોહવાવિષયક) ઝોનમાં પ્રાદેશિક અને ઝોનલ સંશોધન મથકો તથા પેટા–મથકો સ્થાપી શકશે.

વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો.

૩૪. (૧) યુનિવર્સિટીમાં વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો સ્થાપવામાં આવશે અને આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઇઓને અધીન રહીને, ત્વરિત કૃષિવિષયક વિકાસ માટે ખેડૂતો અને બીજી વ્યકિતઓને સંશોધનને લગતા તારણો પર આધારિત તકનિકી મૂલ્યાંકન અને સુધારણા તથા ટેક્નોલોજિ સ્વીકારવાની બાબતને સુગમ બનાવવાનું સુનિશ્ચિત કરશે. યુનિવર્સિટીજુદા જુદા સ્ટેક હોલ્ડરોના લાભ માટે, નિદર્શનો અને તાલીમ કાર્યક્રમોનું સંચાલન કરશે. વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમોનું યુનિવર્સિટીના જુદા જુદા એકમો અને કેન્દ્ર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારની બીજી સમૂચિત એજન્સીઓ સાથે સંકલન કરવામાં આવશે.

INDEX

(૨) રાજ્યમાં ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ વિસ્તરણ શિક્ષણના નમૂના વિકસાવવા માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે.

અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણનું એકીકરણ.

૩૫. (૧) યુનિવર્સિટીના સમુચિત અધિકારીઓ સાથે વિચારવિનિમય કરીને, કુલપતિ યુનિવર્સિટીની અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓના સંપૂર્ણ એકીકરણ માટે જરૂરી હોય તેવા પગલાં લેવા માટે જવાબદાર રહેશે.

(૨) અધ્યાપન સંવર્ગમાં સંકળાયેલા દરેક વિદ્યાશાખાના સભ્યએ,અધ્યાપન ઉપરાંત સંશોધન અથવા વિસ્તરણ શિક્ષણ હાથ ધરવા માટે, શૈક્ષણિક વર્ષમાં કુલપતિ, યુનિવર્સિટીના સમુચિત અધિકારીઓ સાથે વિચારવિનિમય કરીને, નક્કી કરવામાં આવે તેટલો સમય આપવો જોઇશે. તેવી જ રીતે, સંશોધન અથવા વિસ્તરણ શિક્ષણ સાથે સંકળાયેલા દરેક વિદ્યાશાખાના સભ્યએ, અધ્યાપન (કાર્ય)માં થોડો સમય આપવો જોઇશે.

(૩) કોલેજમાં આવેલા તમામ અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કર્મચારી વર્ગ (સ્ટાફ), કોલેજના ડીનના વહીવટી નિયંત્રણ અને સંશોધન નિયામક અથવા યથાપ્રસંગ, વિસ્તરણ શિક્ષણ નિયામકના સમગ્ર તકનિકી (ટેક્નિકલ) નિયંત્રણ હેઠળ રહેશે.

(૪) યુનિવર્સિટી, રાજ્યની પ્રાદેશિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, તેના સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમનો વિકાસ કરશેતથા સરકાર અને બીજા સ્ટેક હોલ્ડરોને યોગ્ય પ્રોદ્યોગિક (ટેકનોલોજિકલ) બેકસ્ટોપિંગ (સુરક્ષા) પૂરું પાડશે.

પ્રકરણ ૬

નાણા

યુનિવર્સિટીનું ફંડ.

૩૬.(૧) યુનિવર્સિટીનું સામાન્ય ફંડ રહેશે. યુનિવર્સિટી ફંડનીચેનાનું બનશે અને તેમાં નીચેની રકમ કરી શકાશે:

(ક) ફી, દેણગી અને ગ્રાન્ટમાંથી મળતી આવક અને છાત્રાલય, પ્રયોગાત્મક કેન્દ્રો અને ખેતરો સહિત યુનિવર્સિટીની અસ્ક્યામતોમાંથી મળતી આવક;

(ખ) આ અધિનિયમની જોગવાઇઓ સાથે સુસંગત હોય તેવી શરતો પર, રાજ્ય સરકાર તરફથી મળેલો કોઇ ફાળો અને અનુદાન (ગ્રાન્ટ) ;

(ગ) બીજા ફાળા, અનુદાન (ગ્રાન્ટ), દાન, વસિયતી દાન અને લોન અને બીજી આવકો.

(૨) યુનિવર્સિટી–એ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા તે ફંડમાં જમા કરાવા માટે માન્ય કરાયેલી એજન્સી તરફથી મળેલા ફાળા અને અનુદાન (ગ્રાન્ટ)માંથી ફાઉન્ડેશન ફંડ તરીકે ઓળખાતું એક ફંડ બનાવશે તથા બોર્ડ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી રકમ, આ ફંડમાં જમા કરવામાં આવશે. બોર્ડને જ્યારે જરૂરી લાગે તેમ અને ત્યારે ઠરાવેલી રીતે નિર્દિષ્ટ કરેલી રકમની ફેરબદલી ફાઉન્ડેશન ફંડમાંથી સામાન્ય ફંડમાં કરી શકશે.

(૩) યુનિવર્સિટીએ હિસાબોના પત્રક, અહેવાલો(રિપોર્ટ) અને સરકાર દ્વારા આપવામાં આવેલી કોઇ અનુદાન (ગ્રાન્ટ)ને લગતી બીજી વિગતો, સરકારને પૂરી પાડવી જોઇશે તથા તેવા પગલાં લેવા જોઇશે અને સરકાર ફરમાવે તેવા સમયગાળાની અંદર અને તેવી રીતે કોઇ અનુદાનના ઉપયોગને લગતા તેવા પત્રકો, હિસાબો, અહેવાલો અને બીજી વિગતો પૂરી પાડવી જોઇશે.

(૪) યુનિવર્સિટી પોતાના ઉદ્દેશોને પ્રોત્સાહન આપવા માટે,યુનિવર્સિટી અને અનુદાન આપનાર અથવા દાન કરનાર વચ્ચે સંમતિ આપવામાં આવે તેવી શરતો હેઠળ રાજય સરકાર અથવા બીજી કોઇ રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર અથવા વૈધાનિક મંડળો પાસેથી અનુદાન અથવા દેણગી અથવા દાન સ્વીકારી શકશે.

ફંડનું સંચાલન.

૩૭. યુનિવર્સિટીના સામાન્ય ભંડોળ, ફાઉન્ડેશન ફંડ અને બીજા ફંડનું સંચાલન, સ્ટેચ્યૂટથી ઠરાવેલ જોગવાઇઓ અનુસાર કરવું જોઇશે.

હિસાબ અને ઓડિટ.

૩૮. યુનિવર્સિટીના (ડ્રિ–નોંધી નામાપદ્ધતિની વ્યવસ્થાના આધારે) હિસાબોના વાર્ષિક પત્રક, કોમ્પ્ટ્રોલર–એ તૈયાર કરવા જોઇશે અને બોર્ડ દ્વારા નામનિયુક્ત થયેલા અથવા અધિકૃત કરેલા અધિકારીમંડળે તેને પ્રમાણિત કરવા જોઇશે. પત્રકમાં, કોઇપણ સ્ત્રોતમાંથી યુનિવર્સિટીને જમાં મળતાં અથવા યુનિવર્સિટીએ મેળવેલા તમામ નાણા અને યુનિવર્સિટીએ ચુકવેલી અને ખર્ચ કરેલી તમામ રકમનો સમાવેશ થશે. બોર્ડે સામાન્ય રીતે, જે નાણાકીય વર્ષને લગતા આવા પત્રક હોય તેવર્ષ પૂરું થયા પછી છ મહિનાની અંદર આ પત્રક સરકારને રજૂ કરવું જોઇશે.

INDEX

વાર્ષિક અહેવાલ (રિપોર્ટ).

૩૯. યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ (રિપોર્ટ), કુલપતિના માર્ગદર્શન હેઠળ મુકરર કરવામાં આવે તેવા રજિસ્ટ્રાર અથવા બીજા કોઈ અધિકારી દ્વારા સામાન્યપણે નાણાકીય વર્ષ પૂરું થયાના છ મહિનાની અંદર તૈયાર કરવો જોઈશે અને જે બેઠકમાં તેની વિચારણા કરવાની હોય તે બેઠક સમક્ષ બોર્ડના સભ્યોને તે વાર્ષિક અહેવાલ પરિપત્રિત કરવો જોઈશે. બોર્ડે, વાર્ષિક અહેવાલ અંગે વિચારણા કર્યા પછી, તેની એક નકલ રાજય સરકારને મોકલવી જોઈશે.

સરકારી અનુદાન (ગ્રાન્ટ).

૪૦. રાજ્ય સરકાર, દર વર્ષે નીચેનું ઊચક અનુદાન યુનિવર્સિટીને આપી શકશે:–

(૧) યુનિવર્સિટીની યોગ્ય કામગીરી માટે, સ્ટાફની આકસ્મિકતા પગાર અને ભથ્થાં, પુરવઠા અને યુનિવર્સિટીની સેવા અંગે અંદાજિત ખર્ચ કરતાં ઓછી ન હોય તેટલી રકમનું અનુદાન;

(૨) યુનિવર્સિટીના નિવૃત્તિ વેતન મેળવનાર વ્યક્તિઓ (પેન્શનરો)ના વાસ્તવિક પેન્શન અને તમામ બીજી નિવૃત્તિની જવાબદારીઓને પરિપૂર્ણ કરવા માટે અનુદાન; અને

(૩) પંચવર્ષીય યોજનામાં સમાવિષ્ટ યોજનાઓના સંબંધમાં યુનિવર્સિટીને વાર્ષિક યોજનામાંના ચોખ્ખા મૂડીરોકાણને સમાન અને યુનિવર્સિટીએ અમલ માટે તેને તબદીલ કરેલ રકમનું બિન–રદપાત્ર ઉચક અનુદાન.

નાણા સમિતિ.

૪૧. **(૧) બોર્ડની નાણા સમિતિ, નીચેના સભ્યોની બનશે:-**

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ગુજરાત સરકારના નાણા વિભાગના સચિવ, નાણા વિભાગ અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુકત;

(૩) ગુજરાત સરકારના સચિવ, કૃષિ વિભાગ અથવા નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૪) કુલપતિ દ્વારા નામનિયુક્ત કરવાના બોર્ડના સભ્યોમાંથી એક નિયામક અથવા ડીન;

(૫) બોર્ડના એક નામનિયુકત;

(૬) નિયંત્રક–સભ્ય–સચિવ.

રજીસ્ટ્રાર, બિન–સભ્ય આમંત્રિત તરીકે રહેશે.

(૨) નાણા સમિતિ નીચેના કાર્યો કરશે:–

(૧) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો અને બજેટ (અંદાજપત્રીય) અંદાજો ચકાસવા તથા બોર્ડને તે અંગે સલાહ આપવી;

(૨) યુનિવર્સિટીની નાણાકીય સ્થિતિની વખતોવખત સમીક્ષા કરવી;

(૩) યુનિવર્સિટીની તમામ નાણાકીય નીતિવિષયક બાબતો પર બોર્ડને ભલામણો કરવી.

પ્રકરણ ૭
સ્ટેચ્યૂટ અને વિનિયમો

સ્ટેચ્યૂટ.

૪૨. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના સ્ટેચ્યૂટથી, યુનિવર્સિટીના કામકાજ સાથે સંકળાયેલી કોઈ બાબત માટે જોગવાઈ કરી શકાશે અને વ્યાપકતાને બાધ સિવાય, ખાસ કરીને નીચેની બાબતો માટે જોગવાઈ કરશે:–

(૧) અધિકારીમંડળોની રચના, તેમની સત્તા અને તેમની ફરજો;

(૨) યુનિવર્સિટીની શૈક્ષણિક અવધિ સુધારવા માટે જરૂરી અથવા ઈચ્છનીય હોય તેવી અન્ય સંસ્થાઓ અથવા સમિતિઓ ઊભી કરવા બાબત, તેની રચના અને તેના કાર્યો;

(૩) હોદ્દા, સત્તા, કાર્યો, ફરજો, નિમણૂકની રીત અને પસંદગી, મળતર તથા કુલાધિપતિ અને કુલપતિ સિવાયના અધિકારીઓની સેવાની બોલીઓ અને શરતો;

INDEX

(૪) વર્ગીકરણ, હોદ્દો, લાયકાત અને નિમણૂકની રીત,મળતર, યુનિવર્સિટીના અધ્યાપકો અને બિનશૈક્ષણિક સ્ટાફની સેવાની બોલીઓ અને શરતો અને ફરજો;

(૫) કુલપતિની સેવાની બોલીઓ અને શરતો;

(૬) યુનિવર્સિટીની વિદ્યાશાખાઓ, વિભાગો, સંશોધન મથકો, કેન્દ્રોઅથવા અન્ય એકમો (યુનિટ)નું મેહકમ, જોડાણ (એકીકરણ), પેટા–વિભાજન, અથવા તેની નાબૂદી;

(૭) યુનિવર્સિટીના અધિકારીઓ,અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભ માટે પેન્શનનું મહેકમ તથા વીમા યોજનાઓ અને આવી યોજનાઓના નિયમો,બોલીઓ અને શરતો;

(૮) પદવીઓ અને ડિપ્લોમા એનાયત કરવા માટે, પદવીદાન સમારંભ યોજવા;

(૯) માનદ પદવીઓ અને શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા અને તેને પાછા ખેંચવા;

(૧૦) યુનિવર્સિટી હેઠળ નોકરીમાં રાખવામાં આવ્યા હોય તેવા અધિકારીઓ, અધ્યાપકો અને બીજી વ્યક્તિઓને ચૂકવવાના મુસાફરી અને દૈનિક ભથ્થાં સહિત સેવાની શરતો, મહેનતાણાં અને ભથ્થાં ;

(૧૧) પરીક્ષણ સંસ્થાઓ અને પરીક્ષકોની નિમણૂકની શરતો અને પદ્ધતિ તથા તેમની ફરજો;

(૧૨) યુનિવર્સિટી દ્વારા જેને ફંડ પૂરું પાડવામાં આવ્યું હોય અથવા યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી હોય તેવી કોલેજ, કેન્દ્રો, ડિવિઝન, વિભાગો, પ્રાદેશિક મથકો, સી.ઓ.આઇ., કે.વી.કે. અને બીજી સંસ્થાઓનું સંચાલન;

(૧૩) અધ્યાપકો અને બીજા કર્મચારીવર્ગ (સ્ટાફ)ની નિમણૂક કરવા માટે પસંદગી સમિતિની રચના;

(૧૪) આ અધિનિયમ હેઠળ સ્ટેચ્યૂટથી જોગવાઇ કરવી જરૂરી હોય તેવી બીજી તમામ બાબતો.

સ્ટેચ્યૂટ ઘડવા, સુધારવા, રદ કરવા અને તેનો અમલ કરવા બાબત.

૪૩. (૧) બોર્ડ, કુલાધિપતિને તેમના સંમતિ માટે કલમ ૪૨ હેઠળ કરવાના સ્ટેચ્યૂટની દરખાસ્ત કરવી જોઇશે અને તે (સ્ટેચ્યૂટ), માત્ર કુલાધિપતિની સંમતિ મળ્યા પછી અને કુલપતિએ જાહેર કર્યા પછી જ માન્ય ગણાશે.

(૨) કુલાધિપતિની સંમતિથી બોર્ડ કોઇ સ્ટેચ્યૂટ સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

(૩) આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા તમામ સ્ટેચ્યૂટ, *રાજપત્ર*માં પ્રસિદ્ધ કરવા જોઇશે;

વિનિયમો.

૪૪. (૧) યુનિવર્સિટીના અધિકારીમંડળો, આ અધિનિયમને અને સ્ટેચ્યૂટને સુસંગત વિનિયમો, નીચેની બાબતો માટે ઘડી શકશે:–

(૧) તેમની (અધિકારીમંડળોની) બેઠકો માટે કાર્યપદ્ધતિ અને કોરમ બનાવવા માટે જરૂરી હોય તેવા સભ્યોની સંખ્યા નિયત કરવા માટે;

(૨) જે બાબતો આ અધિનિયમ અથવા સ્ટેચ્યૂટ હેઠળ વિનિયમોથી નિયમન કરવાનું આ અધિનિયમ અને સ્ટેચ્યૂટથી ફરમાવવામાં આવે તેવી બાબતો માટે જોગવાઇ કરવાની;

(૩) એકમાત્ર અધિકારીમંડળને લગતી હોય અને આ અધિનિયમ અને સ્ટેચ્યૂટથી જોગવાઇ કરવામાં આવી ન હોય તેવી બીજી કોઇ બાબત માટેની જોગવાઇ કરવાની;

INDEX

(૨) એકેડેમિક કાઉન્સિલ, આ અધિનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઈઓને અધીન રહીને, અભ્યાસક્રમો, પરીક્ષાની પદ્ધતિ, શૈક્ષણિક કેલેન્ડર, યુનિવર્સિટીની પદવીઓ અને ડિપ્લોમા એનાયત કરવા અને નિવાસી પ્રશિક્ષણ સાથે સંકળાયેલી બીજી બાબતો માટેની જોગવાઇ કરતાં વિનિયમો કરી શકશે.

(૩) યુનિવર્સિટીના કોઇ અધિકારી મંડળે કરેલા વિનિયમો, બોર્ડ આ અર્થે વખતોવખત આપે તેવા આદેશોને અધીન રહેશે.

(૪) એકેડમિક કાઉન્સિલ નીચેની બાબતો માટે વિનિયમો કરી શકશે:

(૧) શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા અને પદવીઓ પાછી ખેંચવા બાબત;

(૨) યુનિવર્સિટીએ, તેના દ્વારા નિભાવાતા છાત્રાલયો સ્થાપવા અને બંધ કરવા;

(૩) અધ્યેતાવૃત્તિ, શિષ્યવૃત્તિ, સ્ટાઇપેન્ડ (પગાર), બર્સરિઝ (વિદ્યાર્થીઓને આપવામાં આવતી એક પ્રકારની શિષ્યવૃત્તિઓ કે છાત્રવૃત્તિઓ), પદકો અને ચંદ્રકો અને પુરસ્કાર શરૂ કરવા અને તે આપવા અંગેની શરતો;

(૪) યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અને તે તરીકે તેમની નોંધણી તથા તે તરીકે ચાલુ રાખવા અને નોંધણીમાંથી વિદ્યાર્થીઓને બાકાત કરવા માટેની શરતો અને કાર્યરીતિ;

(૫) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવે તેવી ફી;

(૬) યુનિવર્સિટીની તમામ પદવીઓ, ડિપ્લોમા અને પ્રમાણપત્રો માટે નિયત કરવાના અભ્યાસક્રમો ;

(૭) જે શરતો હેઠળ વિદ્યાર્થીઓને, યુનિવર્સિટીની પદવી, ડિપ્લોમા અથવા બીજા અભ્યાસક્રમો અને પરીક્ષાઓમાં પ્રવેશ આપવો જોઇશે તે શરતો અને પદવી અને ડિપ્લોમા આપવા માટેની તેમની પાત્રતા;

(૮) પદવી અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા માટેની શરતો;

(૯) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં શિસ્તની જાળવણી,

(૧૦) મહિલા વિદ્યાર્થીઓ માટે નિવાસ, વિદ્યાશાખા અને અધ્યાપન માટે કરવામાં આવે તેવી ખાસ વ્યવસ્થા કોઇ હોય, તો તે, અને મહિલાઓ માટે ખાસ અભ્યાસક્રમોની જોગવાઇઓ કરવા બાબત;

(૧૧) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નિવાસ માટેની શરતો અને છાત્રાલયમાં રહેવા માટે ફી લેવી (વસૂલ કરવી).

પ્રકરણ ૮

જોડાણ, માન્યતા અને એક્રેડિટેશન (સ્વીકૃતિ)

જોડાણ (એફિલિએશન)

૪૫. (૧) જૈવિક કૃષિ અને સંલગ્ન વિજ્ઞાનોનું શિક્ષણ આપવા માંગતા કેન્દ્ર અથવા કોલેજે, જે વર્ષમાં કેન્દ્ર અથવા કોલેજ શરૂ કરવા ધાર્યું હોય તેના અગાઉના વર્ષની ૩૧મી માર્ચથી મોડું નહિ તેટલા સમયમાં, યુનિવર્સિટી સાથે જોડાણ માટે રજિસ્ટ્રારને અરજી કરવી જોઇશે:

INDEX

પરંતુ, કુલપતિની ભલામણ ઉપરથી, બોર્ડ, પોતાને એવી ખાતરી થાય કે તેમ કરવા માટેના ખાસ કારણો છે, તો તેવા કારણોની લેખિતમાં નોંધ કર્યા પછી, તારીખ ૩૧મી માર્ચ પછી રજિસ્ટ્રારને મોકલેલા અરજી પત્ર સ્વીકારી શકશે.

(૨) જોડાણ માટે અરજી કરતા કેન્દ્ર અથવા કોલેજે, બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલને એવી ખાતરી કરાવવી જોઈશે કે,–

(ક) કેન્દ્ર અથવા કોલેજ, નિયમિત રીતે રચાયેલ સંચાલક મંડળના વહીવટ હેઠળ રહેશે;

(ખ) અધ્યાપકીય સ્ટાફનું સંખ્યાબળ અને તેમની લાયકાતો અને તેમના હોદ્દાની મુદતનું નિયમન કરતી શરતો એવી રાખવામાં આવેલી છે કે કેન્દ્ર અથવા કોલેજ દ્વારા અપાતા જૈવિક કૃષિ અને સંલગ્ન વિજ્ઞાનના શિક્ષણ માટે અને કેન્દ્રો અથવા કોલેજો દ્વારા હાથ ધરવાના વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો અને જૈવિક કૃષિમાં સંશોધન કરવા અને માર્ગદર્શન આપવા માટે યોગ્ય જોગવાઈ થઈ શકે;

(ગ) જે મકાનોમાં કેન્દ્ર અથવા કોલેજ આવેલી હોય કે આવશે તે મકાનો યોગ્ય છે અને જે વિદ્યાર્થીઓ તેમના માતા–પિતા અથવા વાલીઓ સાથે રહેતા ન હોય તેવા વિદ્યાર્થીઓને કોલેજમાં નિવાસ માટે અથવા કેન્દ્રે અથવા કોલેજે મંજૂર કરેલ નિવાસગૃહ (લોજિંગ)માં રહેવા માટે અને વિદ્યાર્થીઓ પર દેખરેખ રાખવા તેમજ તેમના કલ્યાણ માટે અધ્યાદેશો સાથે સુસંગત રહીને જોગવાઈ કરવામાં આવી છે અથવા કરવામાં આવશે;

(ઘ) ગ્રંથાલય માટે યોગ્ય જોગવાઈ કરવામાં આવેલી છે અથવા કરવામાં આવશે;

(ચ) પ્રયોગાત્મક વિજ્ઞાનની કોઈ શાખામાં જોડાણ માટેની માગણી કરવામાં આવી હોય, ત્યારે યોગ્ય સાધનોથી સુસજ્જ પ્રયોગશાળામાં વિજ્ઞાનની તે શાખામાં પ્રશિક્ષણ આપવા માટે સ્ટેચ્યૂટ અને વિનિયમો સાથે સુસંગત રહીને તે ગોઠવણો કરવામાં આવેલી છે અથવા કરવામાં આવશે;

(છ) પ્રિન્સિપાલ અને અધ્યાપકીય સ્ટાફના બીજા સભ્યો માટે કેન્દ્ર અથવા કોલેજમાં અથવા વિદ્યાર્થીઓના નિવાસ માટે જોગવાઈ કરેલ સ્થળે અથવા તેની નજીક નિવાસની યોગ્ય જોગવાઈ કરેલ છે અથવા સંજોગો અનુસાર કરવામાં આવશે;

(જ) કેન્દ્ર અથવા કોલેજના નાણાકીય સંસાધનો એવા છે કે તેના સતત નિભાવ અને કાર્યક્ષમ કામગીરી માટે યોગ્ય જોગવાઈઓ કરી શકાય;

(ઝ) કેન્દ્ર અથવા કોલેજ દ્વારા વિદ્યાર્થીઓએ ચૂકવવાની ફી નક્કી કરવામાટેના નિયમો કોઈ હોય તો, તે એવી રીતે ઘડવામાં આવ્યા નથી કે તેનાથી નજીકના વિસ્તારના કોઈ વિદ્યમાન કેન્દ્ર અથવા કોલેજ સાથે શિક્ષણના હિતને નુકસાન થાય તેવી કોઈ સ્પર્ધા ઉભી થાય;

(ટ) કોલેજના પ્રિન્સિપાલ અને અધ્યાપકીય સ્ટાફના સભ્યોની ભરતી માટે કોલેજની પસંદગી સમિતિ છે, જેમાં નીચેનાનો સમાવેશ થશે,–

(ક) પ્રિન્સિપાલની ભરતીના કિસ્સામાં, કુલપતિએ નામ નિયુક્ત કરેલ યુનિવર્સિટીના એક પ્રતિનિધિ,અને

(ખ) કેન્દ્ર અથવા કોલેજના અધ્યાપકીય સ્ટાફના સભ્યની ભરતીના કિસ્સામાં, કુલપતિએ અને એવા સભ્ય દ્વારા શીખવવાના વિષય સાથે સંબંધિત વિભાગના વડા, કોઈ હોય તો, તેમણે નામ નિયુક્ત કરેલ યુનિવર્સિટીના એક પ્રતિનિધિ:

INDEX

પરંતુ આ ખંડમાંનો કોઇ મજકૂર, સરકારી કોલેજ, સરકાર દ્વારા નીભાવાતી કોલેજ અથવા લઘુમતી દ્વારા સ્થપાયેલ અને ચાલિત થતી કોલેજને લાગુ પડશે નહિ;

(ઠ) સરકારી કેન્દ્ર અથવા કોલેજ અથવા સરકાર દ્વારા નીભાવાતા કેન્દ્ર અથવા કોલેજ ન હોય તેવા કેન્દ્ર અથવા કોલેજ,જોડાણ પામેલ કેન્દ્ર અથવા કોલેજના અધ્યાપકીય અને બીજા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફના પગાર ધોરણ અને ભથ્થાં સહિતની સેવાની શરતો માટે જોગવાઇ કરતાં સ્ટેચ્યૂટ અને વિનિયમોનું પાલન કરશે;

(ડ) આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર સ્ટેચ્યૂટમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી શરતોનું પાલન કરવામાં આવ્યું છે.

(૩) અરજીમાં એવી બાંયધરીનો સમાવેશ કરવો જોઇશે કે કેન્દ્ર અથવા કોલેજનું જોડાણ કરવામાં આવ્યા પછી, સંચાલક મંડળની કોઇ તબદીલી, અધ્યાપકીય સ્ટાફમાંના તમામ ફેરફારો અને બીજા તમામ ફેરફારોના પરિણામે ઉપર્યુકત કોઇ આવશ્યકતાનું પાલન થાય નહિ અથવા પાલન થવાનું ચાલુ રહે નહિ, તો તે બાબત બોર્ડને તરત જ જણાવવામાં આવશે.

(૪) પેટા– કલમ (૧) હેઠળ અરજીપત્ર મળ્યેથી, બોર્ડ,-

(ક) પેટા–કલમ(૨)માં ઉલ્લેખેલી બાબતો અને જરૂરી અને પ્રસ્તુત જણાય તેવી બીજી બાબતોના સંબંધમાં બોર્ડે આ અર્થે અધિકૃત કરેલી સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા તપાસ કરાવવા ફરમાવશે;

(ખ) પોતાને જરૂર જણાય તેવી બીજી વધુ તપાસ કરશે;

(ગ) અરજદારને જણાવવામાં આવેલી શરતો પૈકીની કોઇપણ શરતની પુનર્વિચારણા માટે અરજદારે કોઇ વિનંતી કરી હોય, તો તેની યોગ્ય વિચારણા કરશે;

(ઘ) ખંડો (ક) અને (ખ) હેઠળ કરવામાં આવેલી કોઇ તપાસનું પરિણામ જણાવીને, અરજી સંપૂર્ણતઃ અથવા અંશતઃ મંજૂર કરવી અથવા નામંજૂર કરવી જોઇએ કે કેમ તે બાબત વિષે એકેડેમિક કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કર્યા પછી પોતાનો અભિપ્રાય નોંધશે:

પરંતુ કેન્દ્ર અથવા કોલેજના જોડાણ સંબંધી એકેડેમિક કાઉન્સિલનાં મંતવ્યો બોર્ડને સ્વીકાર્ય ન હોય, ત્યારે બોર્ડ તે બાબત ફરીથી પોતાની ટીપ્પણી સાથે અથવા તે વિના એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલશે અને એકેડેમિક કાઉન્સિલ કેન્દ્ર અથવા કોલેજના જોડાણ સંબંધી પોતાના મંતવ્યો ફરીથી બોર્ડને જણાવશે.

(૫) રજિસ્ટ્રારે તે અરજી અને તેને લગતી એકેડેમિક કાઉન્સિલ અને બોર્ડની તમામ કાર્યવાહી, કોઇ હોય, તો તે રાજય સરકારને રજૂ કરવી જોઇશે અને પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, રાજય સરકાર, તે અરજી અથવા તેનો કોઇ ભાગ મંજૂર કરશે અથવા તેને નામંજૂર કરશે.

(૬) અરજી અથવા તેનો કોઇ ભાગ મંજૂર કરવામાં આવે, ત્યારે રાજય સરકારના હુકમમાં, જેના સંબંધમાં કેન્દ્ર અથવા કોલેજનું જોડાણ થયું હોય તે પ્રશિક્ષણના અભ્યાસકમો નિર્દિષ્ટ કરવા જોઇશે અને અરજી અથવા તેનો કોઇ ભાગ નામંજૂર કરવામાં આવે, ત્યારે તેવી નામંજૂરી અંગેના કારણો નોંધવા જોઇશે.

INDEX

(૭) રાજ્ય સરકાર હુકમ કરે તે પછી, બનતી ત્વરાએ, રજિસ્ટ્રારે, તે અરજી અંગે પેટા–કલમો (૪) થી (૬) હેઠળ લેવાયેલાં પગલાં સંબંધી અને તેને લગતી તમામ કાર્યવાહીનો સંપૂર્ણ રિપોર્ટ બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલને રજૂ કરવો જોઇશે.

(૮) પેટા–કલમ (૧) હેઠળ કરેલી અરજી, પેટા–કલમ (૬) હેઠળ કોઇ હુકમ કરવામાં આવે તે પહેલાં કોઇપણ સમયે પાછી ખેંચી શકાશે.

જોડાણનું વિસ્તરણ

૪૬. કોઇ કેન્દ્ર અથવા કોલેજ, જેના સંબંધમાં તે જોડાયેલી હોય તે પ્રશિક્ષણના અભ્યાસક્રમોમાં ઉમેરો કરવા ઇચ્છતી હોય, ત્યારે તેણે શક્ય હોય ત્યાં સુધી કલમ ૪૫ હેઠળ ઠરાવેલી કાર્યરીતિ અનુસરવી જોઇશે.

સંસ્થાની માન્યતા.

૪૭. (૧) બોર્ડને, એકેડિમક કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કર્યા પછી, કોલેજ સિવાયની, જૈવિક કૃષિ અથવા વિસ્તરણ શિક્ષણમાંની કોઇ સંશોધન સંસ્થાને માન્ય કરવાની સત્તા રહેશે.

(૨) આવી માન્યતા મેળવવા ઇચ્છતી સંસ્થાએ, રજિસ્ટ્રારને અરજીના પત્રમાં નીચેની બાબતોના સંબંધમાં સંપૂર્ણ માહિતી આપતી અરજી કરવી જોઇશેઃ–

(ક) સંચાલક મંડળની રચના અને તેના કર્મચારીઓ;

(ખ) જેના સંબંધમાં માન્યતા જરૂરી હોય તે વિષયો અને અભ્યાસક્રમો;

(ગ) જગાની સવલત, સાધનસામગ્રી, ગ્રંથાલય સુવિધાઓ અને જેમના માટે જોગવાઇ કરેલી હોય અથવા કરવા ધાર્યું હોય તે વિદ્યાર્થીઓની સંખ્યા;

(ઘ) સ્ટાફનું સંખ્યાબળ, તેમની લાયકાતો અને પગાર અને તેમણે કરેલું સંશોધન કાર્ય;

(ચ) લીધેલી અથવા લેવા ધારેલી ફી અને મકાનો તથા સાધનસામગ્રી અંગેના મૂડી ખર્ચ માટે અને સંસ્થાના સતત નિભાવ અને કાર્યક્ષમ સંચાલન માટે કરવામાં આવેલી નાણાકીય જોગવાઇ.

(૩) અરજી વિચારણામાં લેતા પહેલાં, બોર્ડ પોતાને જરૂરી લાગે તેવી કોઇ વધુ માહિતી મંગાવી શકશે.

(૪) બોર્ડ અરજીને વિચારણામાં લેવાનું નક્કી કરે, તો તે આ અર્થે અધિકૃત કરેલી સક્ષમ વ્યકિત દ્વારા તપાસ કરવાનું ફરમાવી શકશે. આવી તપાસના પરિણામે કરવામાં આવેલા રિપોર્ટ ઉપર વિચારણા કર્યા પછી અને પોતાને જરૂરી લાગે તેવી વધુ તપાસ કર્યા પછી, બોર્ડ, એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવ્યા પછી, અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર કરશે અથવા નામંજૂર કરશે.

(૫) અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર કરવામાં આવે ત્યારે,બોર્ડ જેના સંબંધમાં સંસ્થાને માન્યતા આપી હોય તેવા વિષયો અને પ્રશિક્ષણના અભ્યાસક્રમ નિર્દિષ્ટ કરશે અને ત્યાર પછીની તેમની બેઠકમાં એકેડિમક કાઉન્સિલને તે મતલબનો રિપોર્ટ કરશે. અરજી અથવા તેનો કોઇપણ ભાગ નામંજૂર કર્યો હોય ત્યારે એવી નામંજૂરીના કારણો જણાવવા જોઇશે.

કેન્દ્ર અથવા કોલેજ અને માન્ય સંસ્થાની તપાસણી.

૪૮. (૧) જોડાણ પામેલા દરેક કેન્દ્ર અથવા કોલેજે અને માન્ય સંસ્થાએ, કેન્દ્ર અથવા કોલેજ અથવા સંસ્થાની કાર્યક્ષમતા વિષે નિર્ણય કરી શકાય તે માટે બોર્ડ, એકેડેમિક કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ફરમાવે તેવા રિપોર્ટ, પત્રકો અને બીજી માહિતી પૂરી પાડવી જોઇશે.

(૨) બોર્ડ દ્વારા તે અર્થે આદેશ થયે, જોડાણ પામેલી કોલેજ અથવા માન્ય સંસ્થાની તપાસ કરવા અને બોર્ડને રિપોર્ટ કરવા તે હેતુ માટે રચાયેલી તપાસ સમિતિની ફરજ રહેશે.

(૩) બોર્ડ, તપાસ સમિતિ દ્વારા આવા દરેક કેન્દ્ર અથવા કોલેજ અથવા સંસ્થાની વખતોવખત તપાસ કરાવશે.

(૪) બોર્ડ, એવી રીતે તપાસ થયેલી કોઇપણ કેન્દ્ર અથવા કોલેજ અથવા સંસ્થાને નિર્દિષ્ટ સમયની અંદર કલમ ૪૫ ની પેટા–કલમ (૨) અથવા, યથાપ્રસંગ, કલમ ૪૭ની પેટા–કલમ (૨)માં ઉલ્લેખેલી કોઇપણ બાબતના સંબંધમાં પોતાને જરૂરી જણાય તેવું પગલું લેવા ફરમાવી શકશે.

જોડાણ પામેલા કેન્દ્રો અથવા કોલેજો અને માન્ય સંસ્થાઓએ શિક્ષણના માધ્યમ ને લગતી જોગવાઇઓનું પાલન કરવા બાબત.

૪૯. (૧) દરેક જોડાણ પામેલા કેન્દ્ર અથવા કોલેજ અથવા માન્ય સંસ્થાએ, જૈવિક કૃષિ અને સંલગ્ન વિજ્ઞાનમાં શિક્ષણના માધ્યમ અને જૈવિક કૃષિમાં સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો અને તેમાં પરીક્ષાઓના સંબંધમાં આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અને વિનિયમોથી, તે અર્થે કરેલી જોગવાઇઓનું પાલન કરવું જોઇશે.

(૨) કોઇ જોડાણ પામેલા કેન્દ્ર અથવા કોલેજ અથવા માન્ય સંસ્થા, પેટા–કલમ (૧)ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે, તો આ અધિનિયમની બીજી જોગવાઇઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં,–

(ક) આવા કેન્દ્ર અથવા કોલેજ અથવા સંસ્થાને જોડાણ અથવા માન્યતાથી આપેલા હકો, આવું ઉલ્લંઘન કર્યાની તારીખથી પરત ખેંચી લીધેલા ગણાશે, અને

(ખ) આવા કેન્દ્ર,કોલેજ અથવા માન્ય સંસ્થા, આ અધિનિયમના હેતુઓ માટે જોડાણ પામેલા કેન્દ્ર, કોલેજ અથવા માન્ય સંસ્થા તરીકે હોતા બંધ થશે.

(૩) પેટા–કલમ(૨) હેઠળ જેનું જોડાણ પાછું ખેચ્યું હોય, તેવા જોડાણ પામેલા કોઇપણ કેન્દ્ર, કોલેજ અથવા માન્ય સંસ્થા, જોડાણ અથવા માન્યતાના પોતાના હક પરત ખેંચી લેવા સંબંધી કોઇ તકરાર ઊભી કરે તો, આવી તકરાર, રાજય સરકારને પૂછાણ અર્થે મોકલવી જોઇશે અને રાજય સરકાર આવી તકરારનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

જોડાણપાછું ખેંચી લેવા બાબત.

૫૦. (૧) કલમ ૪૫ની પેટા–કલમ (૨)ની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇઓનું અથવા તેના જોડાણની કોઇપણ શરતનું પાલન કરવામાં નિષ્ફળ જાય અથવા શિક્ષણના હિતને બાધ આવે તેવી રીતે તે કેન્દ્ર અથવા કોલેજ ચલાવવામાં આવતી હોય, તો કેન્દ્ર અથવા કોલેજને જોડાણથી મળેલા હકો, સમગ્રપણે અથવા અંશતઃ પાછા ખેંચી શકાશે અથવા તેમાં ફેરફાર કરી શકાશે.

(૨) આવા હકો પાછા ખેંચી લેવાની અથવા તેમાં ફેરફાર કરવાની દરખાસ્ત, ફકત બોર્ડમાં જ લાવી શકાશે. આવી દરખાસ્ત લાવવા માંગતા બોર્ડના સભ્યે, દરખાસ્તની નોટિસ આપવી જોઇશે અને જે કારણોસર તે દરખાસ્ત લાવવામાં આવી હોય તે કારણો લેખિતમાં જણાવવા જોઇશે.

(૩) સદરહુ દરખાસ્ત ઉપર વિચારણા કરતાં પહેલાં, બોર્ડ, દરખાસ્તની નોટિસની અને જે કારણોસર તે કરવામાં આવી હોય તે કારણોના નિવેદનની એક નકલ સંબંધિત કેન્દ્ર અથવા કોલેજના પ્રિન્સિપાલને મોકલી આપશે અને તેની સાથે એવી સૂચના મોકલશે કે તેવી સૂચનામાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર કેન્દ્ર અથવા કોલેજ તરફથી સાદર કરવામાં આવેલી કોઇપણ લેખિત રજૂઆત ઉપર બોર્ડ વિચારણા કરશેઃ

પરંતુ બોર્ડ, આવી રીતે નિર્દિષ્ટ કરેલી મુદત, કેન્દ્ર અથવા કોલેજે દર્શાવેલા વાજબી કારણોસર,જરુરી હોય, તો તે, લંબાવી શકશે.

(૪) રજૂઆત મળ્યે અથવા પેટા–કલમ (૩)માં ઉલ્લેખેલી મુદત પૂરી થયે, બોર્ડ, દરખાસ્તની નોટિસ, નિવેદન અને રજૂઆત પર વિચારણા કર્યા પછી, અને બોર્ડે આ અર્થે અધિકૃત કરેલી સક્ષમ વ્યકિતઓએ આવી તપાસણી કર્યા પછી અને તેને જરૂરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી અને એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, તે બાબતમાં તેનો અભિપ્રાય નોંધશે:

પરંતુ જોડાણથી મળેલા હકો પાછાં લેવા અથવા તેમાં ફેરફાર કરવા સંબંધી એકેડેમિક કાઉન્સિલના મંતવ્યો, બોર્ડને સ્વીકાર્ય ન હોય ત્યારે, બોર્ડે આવા ઠરાવ પસાર કરતાં પહેલાં, પોતાની ટીપ્પણો સાથે કે તે વિના તે બાબત એકેડેમિક કાઉન્સિલ સમક્ષ ફરીથી વિચારણા માટે મોકલવી જોઇશે અને એકેડેમિક કાઉન્સિલે તે બાબતમાં પોતાના મંતવ્યો બોર્ડને ફરી જણાવવા જોઇશે.

(૫) રજિસ્ટ્રાર, દરખાસ્ત અને તેને લગતી એકેડેમિક કાઉન્સિલની અને બોર્ડ તમામ કાર્યવાહી, હોય તો, તે રાજ્ય સરકારને મોકલશે, જે પોતાને જરુર જણાય તેવી કોઇ વધુ તપાસ, હોયતો, તે કર્યા પછી, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરશે અને બોર્ડને તેની જાણ કરશે.

(૬) પેટા–કલમ (૫) હેઠળ કરેલ હુકમથી, જોડાણથી કોઈ કેન્દ્ર અથવા કોલેજને મળેલા હકો, સંપૂર્ણ રીતે અથવા અંશત: રીતે પાછા ખેંચી લેવામાં આવે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યારે, એવી રીતે હકો પાછા ખેંચી લેવા માટેના અથવા તેમાં ફેરફાર કરવા માટેના કારણો, હુકમમાં જણાવવા જોઈશે.

(૭) બોર્ડ, એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપરથી, તપાસ સમિતિના રિપોર્ટ અનુસાર અથવા અન્યથા જોડાણની શરતોનું પાલન કરવામાં સતત કસૂર કરતી હોવાનું જણાયું હોય તેવા જોડાણ પામેલા કેન્દ્ર અથવા કોલેજની ગ્રાન્ટ અટકાવવાની અથવા ઘટાડવાની રાજ્ય સરકારને ભલામણ કરી કરશે.

માન્યતા પાછી ખેંચી લેવા બાબત.

૫૧. (૧) કોઈ સંસ્થા તેની માન્યતાની શરતો પૈકીની કોઈ પણ શરતનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો અથવા શિક્ષણના હિતને બાધ આવે તે રીતે તે સંસ્થા ચલાવવામા આવે ત્યારે, કલમ ૪૭ હેઠળ આપેલી માન્યતા,કોઈ મુદત માટે પાછી ખેંચી લઈ શકાશે અથવા મોકૂફ રાખી શકાશે.

(૨) આવી માન્યતા પાછી ખેંચી લેવા અથવા મોકૂફ રાખવા બાબતની દરખાસ્ત ફકત બોર્ડમાં જ લાવી શકાશે.આવી દરખાસ્ત લાવવા માંગતા બોર્ડના સભ્યે, તે બાબતની નોટિસ આપવી જોઈશે અને જે કારણોસર દરખાસ્ત લાવવામાં આવી હોય તે કારણો લેખિતમાં જણાવવા જોઈશે.

(૩) સદરહુ દરખાસ્ત ઉપર વિચારણા કરતા પહેલાં, બોર્ડે, દરખાસ્તની નોટિસ અને જે આધાર પર તે કરવામાં આવી હોય તેના લેખિત કારણોના નિવેદનની નકલ સંબંધિત સંસ્થાના વડાને એવી સૂચના સાથે મોકલવી જોઇશે અને દરખાસ્તમાં નિર્દિષ્ટ કરેલ મુદતની અંદર તે સંસ્થા વતી કરવામાં આવેલી કોઈ પણ લેખિત રજૂઆત ઉપર બોર્ડ વિચારણા કરશે:

પરંતુ બોર્ડ, આવી રીતે નિર્દિષ્ટ કરેલી મુદત,સંસ્થાએ દર્શાવેલા પૂરતા કારણસર,જરૂરી હોય તો, લંબાવી શકશે.

(૪) રજૂઆત મળ્યે અથવા પેટા–કલમ (૩)માં ઉલ્લેખેલી મુદત પૂરી થયે, બોર્ડ, દરખાસ્તની નોટિસ, નિવેદન અને રજૂઆત પર વિચારણા કર્યા પછી અને બોર્ડે આ અર્થે અધિકૃત કરેલી કોઈ સક્ષમ વ્યકિતએ આવી તપાસ કર્યા પછી અને પોતાને જરુરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી અને એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, ઠરાવથી માન્યતા પાછી ખેંચી લઈ શકશે અથવા મોકૂફ રાખી શકશે.

સ્વીકૃતિ (એકેડિટેશન) પદ્ધતિ.

૫૨. (૧) નિયમિત મંજૂરી ધરાવતી કોઇપણ સંસ્થા માટે રાજ્ય અથવા રાષ્ટ્રીય સ્તરના ક્રમ નિર્ધારણ(ગ્રેડેશન)આધારિત સ્વીકૃતિ અને કામગીરીની રેટિંગ પદ્ધતિ રહેશે. આવી કામગીરીનો ગ્રેડ (દરજ્જો)નો, સંસ્થાના પ્રોસ્પેકટસ (માહિતીપત્ર) અને ફ્રેન્ચાઇઝ સામગ્રીઓ સહિત તમામ નામ–સરનામા પત્રમાં, નામના પાટિયા(સાઇન બોર્ડ) પર, સાહિત્ય અને પ્રકાશનોમાં ઉપયોગ કરી શકાશે.

(૨) એક વાર મેળવેલી કામગીરીની સ્વીકૃતિ,પાંચ વર્ષની મુદત સુધી માન્ય રહેશે.

૫૩. (૧) બોર્ડ, હોદ્દાની રૂએ તેનો ઓછામાં ઓછો એક સભ્ય અને એક શિક્ષણશાસ્ત્રીની બનેલી સ્વીકૃતિ સમિતિની રચના કરશે, જે આ સ્વૈચ્છિક સ્વીકૃતિને અધીન રહીને, ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીના અને જૈવિક કૃષિનું અધ્યાપન કરાવતી સંસ્થાઓને બોર્ડ વખતોવખત નિર્ધારિત કરેલા માપદંડોના આધારે ક્રેડિટ રેટિંગ પૂરા પાડશે અને લોકોની જાણ માટે પ્રસિદ્ધ કરીને યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર પણ મૂકશે. સ્વીકૃતિ સમિતિ.

(૨) સ્વીકૃતિ સમિતિની મુદત બે વર્ષની રહેશે.

૫૪. કલમ પર હેઠળ સ્વીકૃતિ માટેની અરજી, જાહેર કરેલ તારીખની અંદર પણ દર વર્ષની ૩૧મી જુલાઇથી મોડું નહિ એ રીતે, બેન્ક ડ્રાફ્ટથી, વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી જમા કરાવીને, હાર્ડ અને સોફ્ટ કોપીમાં બોર્ડને કરવી જોઇશે. સ્વીકૃતિ માટે અરજી.

INDEX

૫૫. બોર્ડ, નીચેના માપદંડોના આધારે સ્વીકૃતિ મંજૂર કરી શકશે:– **સ્વીકૃતિ માટેના માપદંડો.**

(૧) બોર્ડની સ્વીકૃતિ સમિતિએ પ્રત્યક્ષ રીતે, સ્વીકાર્ય હોય ત્યાં સુધી, ક્રેડિટ રેટિંગ સિસ્ટમના વિશ્લેષણાત્મક સાધનોના આધારે સ્વીકૃતિ અને પ્રમાણન કરવું જોઇશે અથવા નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિશન કાઉન્સિલ મારફત સ્વીકૃતિ અને પ્રમાણન કરાવડાવી શકશે;

(૨) એકવાર સ્વીકૃતિ કરવામાં આવ્યેથી, જે તારીખે સ્વીકૃતિનું પ્રમાણપત્ર સંબંધિત સંસ્થાને આપવામાં આવે તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી માન્ય રહેશે;

(૩) કામગીરી વિશ્લેષણમાં, શૈક્ષણિક, વહીવટી અને નાણાકીય એવા ત્રણ ઘટકો રહેશે;

(૪) કામગીરી દર નક્કી કરવા માટેનો અભ્યાસ, અગાઉના પાંચ વર્ષની માહિતી, કાર્યક્રમની વર્તમાન વિષયવસ્તુઓ અને માહિતી વિશ્લેષણના આધારે કરેલા ભવિષ્યના અંદાજ (પ્રોજેક્શન)પર આધારિત રહેશે;

(૫) સ્વીકૃતિ સમિતિ, સંસ્થાના કામગીરી રેકર્ડ, હિસાબી અને નાણાકીય રેકર્ડ અને તેના માનવ અને અન્ય અસ્કયામત સંચાલનની કાર્યરીતિઓની સંપૂર્ણ જાહેરાત કરવા ફરમાવી શકશે;

(૬) શૈક્ષણિક ઘટકના સંબંધમાં, નીચેની માહિતી, અભ્યાસનો આધાર રહેશે:

(ક) વિદ્યાશાખા–વિદ્યાર્થીઓનું પ્રમાણ;

(ખ) વિગતવાર પાઠ્યક્રમ વિકાસ અને અધ્યાપન અભ્યાસ સત્રોની પદ્ધતિ;

(ગ) વાર્ષિક કામકાજના દિવસોની સંખ્યા;

(ઘ) ગુમાવેલા કામકાજના દિવસોની સંખ્યા અને તેના કારણો;

(ચ) ફેકલ્ટી (અધ્યાપકો)ની લાયકાત;

(છ) વિદ્યાર્થીઓનો વર્ગમાં દેખાવ અને વર્ગના રેકર્ડ;

(જ) ચિકિત્સકીય કાર્યક્રમ (ક્લિનિકલ પ્રોગ્રામ) અને ઈન્ટર્નશિપ (ફરજિયાત મુકામી સેવા)ની પદ્ધતિ;

(ઝ) મૂલ્યાંકન પદ્ધતિ અને રેકર્ડની જાળવણી;

(ટ) વિદ્યાર્થી–કોમ્પ્યુટરનું પ્રમાણ;

(ઠ) ઓનલાઈન ગ્રંથાલય (લાઈબ્રેરી)ની સુવિધા;

(ડ) વિદ્યાર્થી દીઠ સંસ્થાનું મૂડીરોકાણ;

(ઢ) વિદ્યાર્થી દીઠ ગ્રંથાલયનું મૂડીરોકાણ;

(ત) નિવાસી સુવિધા;

(થ) ફેકલ્ટીના વર્ગ બહારના કલાક (કામનો નિયત સમય) અને વિદ્યાર્થી દીઠ સલાહ અને સંવાદ;

(દ) કારકીર્દિ પરામર્શની તકો;

(ધ) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના મંડળની ગુણવત્તા;

(ન) સામાયિકો (જર્નલ)માં ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રકાશન;

(પ) પ્રયોગશાળાની સુવિધા;

INDEX

(ફ) વિદ્યાર્થી દીઠ પુસ્તકો અને સામાયિકો (જર્નલ)ની પ્રાપ્તિ;

(બ) વર્ગખંડનું વાતાવરણ;

(ભ) ફીનું સ્તર; અને

(મ) સમિતિને જરૂર હોય એવી બીજી કોઈ માહિતી.

(૭) નાણાકીય કામગીરીની માહિતી, અગાઉના પાંચ વર્ષના વાર્ષિક હિસાબો, વાર્ષિક અહેવાલો (રિપોર્ટ), વાર્ષિક અંદાજપત્ર, ઊભા કરેલા ભંડોળ (ફંડ), નાણાકીય અસ્કયામત વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) અને વ્યૂહરચના, ભવિષ્યની યોજના, અસ્કયામત માળખા અને ફરમાવવામાં આવે તેવી બીજી કોઈ નાણાકીય માહિતી પર આધારિત રહેશે;

(૮) વહીવટી કામગીરી ઘટકનું મૂલ્યાંકન, સંચાલક મંડળની રચના, નિયમનકારી નિયમોના પાલન, વહીવટી કર્મચારીવર્ગ (સ્ટાફ)નું પ્રમાણ, ગુમાવેલા કામકાજના દિવસો અને વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે જરૂરી હોય એવી અન્ય માહિતીના આધારે કરવામાં આવશે;

(૯) અભ્યાસ, સંસ્થાના રેકર્ડ, મુલાકાત, તપાસ અને સંચાલક મંડળ (મેનેજમેન્ટ), કર્મચારીવર્ગ (સ્ટાફ), વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સાથે સમિતિના સંવાદના નિષ્કર્ષ પર આધારિત રહેશે;

(૧૦) સમિતિ, નોટિસ આપીને અથવા નોટિસ આપ્યા વગર સંસ્થાની મુલાકાત લઈ શકશે અને તે, જરૂરી જણાય, તો એકથી વધુ વખત સંસ્થાની મુલાકાત લઈ શકશે;

(૧૧) જરૂરી જણાય, તો વધુ અવલોકન અને પૂરક માહિતી માટેનું ગુણાંકન (રેટિંગ) શરૂ થાય તે પહેલાં, સંસ્થાને માહિતી આધારિત વિશ્લેષણની જાણકારી આપવી જોઈશે.

મુક્ત અને ન્યાયી તપાસ અંગેની સગવડ કરી આપવાની સંસ્થાની જવાબદારી.

૫૬. સંસ્થાએ, સ્વીકૃતિ સમિતિને, તમામ જરૂરી માહિતી તથા દસ્તાવેજોની નકલોઅને સુવિધાઓ પૂરી પાડવી જોઈશે. સુવિધા પૂરી પાડવામાં આવશે કે જેથી સમિતિ સંચાલક મંડળ(મેનેજમેન્ટ), વિદ્યાશાખાના સભ્યો, સ્ટાફ અને વિદ્યાર્થીઓને મળી શકે અને જરૂરી જણાય, તો તેમની ટિપ્પણી નોંધી શકે.

પ્રકરણ ૯
પૂરક જોગવાઈઓ

સ્ટાફને બરતરફ કરવા, દૂર કરવા તથા તેમની સેવા સમાપ્ત કરવા બાબત.

૫૭. (૧) અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફના કોઈપણ સભ્યને, એવી કોઈ તપાસ કે જેમાં તેમને તેમની સામેના એવા આરોપો અંગેની જાણ કરવામાં આવી હોય અને તે આરોપોના સંબંધમાં સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય અને તેમને કરવાની શિક્ષા, કુલપતિએ અથવા આ અર્થે કુલપતિએ અધિકૃત કરેલા યુનિવર્સિટીના બીજા કોઈ અધિકારીએ મંજૂર કરી હોય તે સિવાય, તેમને બરતરફ અથવા દૂર કરી શકાશે નહિ અથવા તેમનો પાયરી ઉતાર કરી શકાશે નહિ.

(૨) આવા સભ્યની પેટા–કલમ (૧) હેઠળ કરવામાં આવતી તેમની બરતરફી અથવા તેમને દૂર કરવામાં પરિણમતી ન હોય તેવી કોઈપણ સેવાની સમાપ્તિ,–

(ક) સેવાની સૂચિત સમાપ્તિ સામે કારણ દર્શાવવાની વાજબી તક તેમને આપવામાં આવી હોય, અને

(ખ) કુલપતિએ અથવા આ અર્થે કુલપતિએ અધિકૃત કરેલા યુનિવર્સિટીના કોઈ અધિકારીએ સેવાની આવી સમાપ્તિ મંજૂર કરી હોય તે સિવાય, કાયદેસર ગણાશે નહિ:

પરંતુ આ પેટા–કલમમાંનો કોઈપણ મજકૂર, ફક્ત અજમાયશ (પ્રોબેશન) ઉપર અથવા હંગામી મુદત માટે નિમાયેલી કોઈ વ્યક્તિને લાગુ પડશે નહિ.

(૩) પેટા–કલમ (૧) હેઠળ બરતરફી, દૂર કરવા અથવા પાયરી ઉતારના અથવા પેટા–કલમ (૨) હેઠળ સેવા સમાપ્તિના હુકમ સામેની અપીલ, આવા હુકમની જાણ થયાની તારીખથી સાઠ દિવસની અંદર, બોર્ડને કરવી જોઈશે અને આવી અપીલના સંબંધમાં બોર્ડનો નિર્ણય આખરી ગણાશે:

પરંતુ અપીલ કરનાર, બોર્ડને એવી ખાતરી કરાવે કે આ કલમ હેઠળ ઠરાવેલી મુદતની મર્યાદાની અંદર અપીલ ન કરવા માટે પોતાને પૂરતું કારણ હતું, તો બોર્ડ આવી મુદતપછી પણ, કોઈ અપીલ દાખલ કરી શકશે.

પ્રોવિડન્ટ ફંડ, પેન્શન અને વીમો.

૫૮. (૧) યુનિવર્સિટીએ તેના અધિકારીઓ, અધ્યાપકો, દફતરી સ્ટાફ અને બીજા કર્મચારીઓના લાભાર્થે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવા પેન્શન, ગ્રેચ્યુઇટી, વીમા, પ્રોવિડન્ટ ફંડઅ ને વર્ધિત પેન્શન ફંડની રચના કરવી જોઇશે.

(૨) યુનિવર્સિટીએ એવી રીતે રચેલ પેન્શન, ગ્રેચ્યુઇટી, વીમાઅને પ્રોવિડન્ટ ફંડ માટે, સરકારે એવું જાહેર કરવું જોઇશે કે આવા ફંડને ભવિષ્યનિધિ અધિનિયમની જોગવાઇઓ એવી રીતે લાગુ પડશે જાણે કે તે રાજય સરકારનું પ્રોવિડન્ટ ફંડ હોય:

પરંતુ નાણા સમિતિ અને બોર્ડ સાથે વિચારવિનિમય કરીને, યુનિવર્સિટીને, પ્રોવિડન્ટ ફંડની રકમનું પોતે નકકી કરે તેવી રીતે રોકાણ કરવાની સત્તા રહેશે.

હોદ્દો ખાલી કરવા બાબત.

૫૯. (૧)યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળના કોઈ સભ્ય, રજિસ્ટ્રાર મારફત, કુલપતિને સંબોધીને, પત્ર દ્વારા પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને કુલપતિએ રાજીનામું સ્વીકાર્યેથી, આવા સભ્યોનો હોદ્દો ખાલી પડશે.

(૨)બોર્ડ, યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા મંડળના સભ્યપદ પરથી કોઈ વ્યકિતને, નૈતિક અધ:પતનના ગુના માટે કાયદાની કોર્ટે દોષિત ઠરાવેલી હોય, તો એવા કારણે દૂર કરી શકશે:

પરંતુ આવી વ્યકિતને, સુનાવણીની તક આપ્યા સિવાય, તેને દૂર કરવાનો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૩)પેટા–કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળનો કોઈ સભ્ય, યુનિવર્સિટીનું હોય કે ન હોય તેવા બીજા મંડળના પ્રતિનિધિ તરીકે હોય તે વ્યકિત, જે બોર્ડ દ્વારા તેની નિમણૂક કરવામાં આવી હોય તે મંડળના સભ્ય તરીકે તે ચાલુ રહે ત્યાં સુધી અને ત્યારપછી તેના અનુગામીની યોગ્ય રીતે નિમણૂક કરવામાં આવે ત્યાં સુધી, યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળમાં તેની બેઠક પર ચાલુ રહી શકશે.

પ્રાસંગોપાત ખાલી પડતી જગા ભરવા બાબત.

૬૦. યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા મંડળના હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાયના સભ્યનો કોઈ હોદ્દો, એવા સભ્યના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં ખાલી પડે, તો તેવી જગા, જેમ બને તેમ જલદી, કોઈ એક સભ્યને નામનિયુકત કરીને, નીમીને અથવા યથાપ્રસંગ, તેને કો–ઓપ્ટ કરીને ભરવી જોઇશે અને તે સભ્ય, પોતે જે સભ્યને બદલે નામનિયુક્ત થયેલો, નિમાયેલો અથવા કો–ઓપ્ટ થયેલો હોય તે સભ્ય, જો તે જગા ખાલી પડી ન હોત, તો જેટલો સમય હોદ્દો ધરાવત તેટલા સમય સુધી જ તે હોદ્દો ધરાવશે.

જગા ખાલી પડવાને લીધે કાર્યવાહી અમાન્ય ગણાશે નહિ.

૬૧. યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા મંડળનું કોઈપણ કાર્ય અથવા કાર્યવાહી, તેના સભ્યપદની કોઈ જગ્યા ખાલી પડી હોવાના કારણમાત્રથી અથવા અધિકારીમંડળ અથવા બીજા મંડળની કાર્યવાહીમાં ભાગ લેતી હોય તેવી વ્યકિત, જે પાછળથી તેમ કરવા માટે હકદાર ન હોવાનું જણાયું હોય તે કારણે અમાન્ય ગણાશે નહિ.

સન ૧૮૬૦નો ૪૫ મો.

અધિકારીઓ અને કર્મચારીઓ રાજય સેવકો ગણાશે.

૬૨. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુ માટે, યુનિવર્સિટી દ્વારા કોઇ નિર્દિષ્ટ મુદત અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે નીમાયેલી અથવા કરેલ કોઇ કામ માટે યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કોઇ મહેનતાણું મેળવતી હોય તેવી વ્યકિત, એવી નિમણૂક અથવા કામ સાથે સંકળાયેલી કોઇ ફરજો તથા કાર્યો કરતી હોય ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતોના સંબંધમાં તે યુનિવર્સિટીની અધિકારી અથવા કર્મચારી ગણાશે.

યુનિવર્સિટી ની રચના સંબંધિત તકરારો.

૬૩. જ્યારે–

(૧) આ અધિનિયમ અથવા કોઈ સ્ટેચ્યૂટ અથવા વિનિયમની કોઈ જોગવાઈના અર્થઘટન સંબંધી, અથવા

(૨) કોઈ વ્યકિત, યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નિમાયેલો છે કે કેમ અથવા તે તરીકે હકદાર છે કે કેમ અથવા તે તરીકે હકદાર હોતી બંધ થઈ છે કે કેમ તે સંબંધી, કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે–

INDEX

(ક) જો તે, ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો પ્રશ્ન હોય, તો તે રાજ્ય સરકારને નિર્ણયાર્થે મોકલી શકાશે, અને

(ખ) (૧) જો તે ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય તો, અથવા

(૨) બોર્ડના ચાર સભ્યો એવી રીતે ફરમાવે તો, ખંડ (૧) અથવા ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય કે ન હોય તેને લક્ષમાં લીધા સિવાય, રાજ્ય સરકારને નિર્ણાયાર્થે મોકલી શકાશે અને રાજ્ય સરકાર, (જરૂર હોય ત્યારે સુનાવણીની તક આપવા સહિત) પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, એ પ્રશ્ન અંગે નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

કાર્યો અને હુકમોનું રક્ષણ.

૬૪. યુનિવર્સિટીએ અથવા તેના કોઈ અધિકારીમંડળો, મંડળોએ અથવા અધિકારીઓએ શુદ્ધબુદ્ધિથી કરેલા તમામ કાર્યો અને હુકમો, આખરી ગણાશે અને અધિનિયમ અને તે હેઠળ ઘડેલા સ્ટેચ્યૂટ અને વિનિયમો અનુસાર કરેલ હોવાનું અભિપ્રેત હોય તેવા કોઈ કાર્ય માટે, યુનિવર્સિટી અથવા તેના અધિકારીમંડળો, મંડળો અથવા અધિકારીઓ સામે કોઈપણ દાવો માંડી શકાશે નહિ અથવા તેમની પાસેથી કોઈપણ નુકસાન માંગી શકાશે નહિ.

પ્રકરણ ૧૦
વચગાળાની જોગવાઈઓ

પ્રથમ કુલપતિની નિમણૂક.

૬૫. (૧)કલમ ૨૪–માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકારે, પ્રથમ કુલપતિની નિમણૂક, વ્યવહાર્ય હોય તેટલું જલદી, આ અધિનિયમના આરંભની તારીખ પછી, વધુમાં વધુ બે વર્ષની મુદત માટે અને પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ કરવી જોઈશે.

(૨) ગુજરાત રાજ્યમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષના વહીવટી અનુભવ સાથે કૃષિ વિકાસમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરેલ હોય અને નેતૃત્વ શકિત સંબંધિત ગુણો સિદ્ધ કરેલ હોય અને જેની ઉંમર ૬૫ વર્ષ થઈ ન હોય તે વ્યક્તિ, કુલપતિના હોદ્દાની ઉમેદવારી માટે પાત્ર રહેશે.

પ્રથમ કુલપતિની વચગાળાની સત્તા.

૬૬. (૧)પોતાની નિમણૂકની તારીખ પછી છ મહિનાની અંદર અથવા રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેટલી એકંદરે વધુમાં વધુ એક વર્ષની મુદતની અંદર, એકેડેમિક કાઉન્સિલ અને બોર્ડ સિવાયના યુનિવર્સિટીના અધિકારીમંડળોની રચના માટે ગોઠવણ કરવાની પ્રથમ કુલપતિની ફરજ રહેશે.

(૨)પ્રથમ કુલપતિ, રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા તેર સભ્યો કરતાં વધુ ન હોય તેટલા સભ્યોની બનેલી સલાહકાર સમિતિની મદદથી,–

(ક) આ અધિનિયમની જોગવાઈઓ અને કુલાધિપતિની મંજૂરીને અધીન રહીને,–

(૧) યુનિવર્સિટીના અધિકારીમંડળો રચવા માટે અને તેમની બેઠકોમાંના કાર્યરીતિનું નિયમન કરવા માટે અને તેમના કામકાજનું સંચાલન કરવા માટે, જરૂરી હોય તેવા કામચલાઉ સ્ટેચ્યૂટ કરશે,

(૨) અધિકારીમંડળોની રચનાની પદ્ધતિનું નિયમન કરવા માટે જરૂરી હોય તેવા નિયમો ઘડશે.

(ખ) આ અધિનિયમ હેઠળ પ્રથમ સ્ટેચ્યૂટ અને વિનિયમો ઘડશે તથા સંબંધિત અધિકારીમંડળો, પોતાના કાર્યો બજાવવાનું શરૂ કરે, ત્યારે બહાલી માટે તેમને તે સાદર કરશે.

(૩) પેટા–કલમ (૧) હેઠળ રચાયેલા અધિકારીમંડળો, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી તારીખે અથવા તારીખોએ તેમના કાર્યો બજાવવાનું શરૂ કરશે.

(૪) પ્રથમ કુલપતિએ ઘડેલા સ્ટેચ્યૂટ અને વિનિયમોને, સંબંધિત અધિકારીમંડળો દ્વારા બહાલી આપવામાં આવે, ત્યારે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઈશે.

પ્રથમ કુલપતિની અસાધારણ સત્તા.

૬૭. બોર્ડ, પોતાના કાર્યો બજાવવાનું શરૂ કરે નહિ ત્યાં સુધી, કલમ ૬૫ હેઠળ નિમાયેલા પ્રથમ કુલપતિને નીચેની સત્તા રહેશે:–

(ક) કુલાધિપતિની પૂર્વ–મંજૂરી લઈને, પ્રથમ સ્ટેચ્યૂટથી જોગવાઈ ન કરેલી હોય તેવી કોઈ બાબત માટે જોગવાઈ કરવા માટે વધારાના સ્ટેચ્યૂટ કરવાની;

(ખ) કામચલાઉ અધિકારીમંડળો અને મંડળો રચવાની તથા તેમની ભલામણો ઉપરથી યુનિવર્સિટીના કાર્યસંચાલન માટેની જોગવાઈ કરતા નિયમો કરવાની;

(ગ) રાજ્ય સરકારના નિયંત્રણને અધીન રહીને, આ અધિનિયમ અથવા તેના કોઈ ભાગને અમલમાં મૂકવા જરૂરી હોય તેવી નાણાકીય અને જમીન/કચેરી સંબંધિત વ્યવસ્થા કરવાની;

INDEX

(ઘ) કુલાધિપતિની મંજૂરી લઈને, આ અધિનિયમ અથવા તેના કોઈ ભાગને અમલમાં મૂકવા જરૂરી હોય તેવી નિમણૂકો કરવાની;

(ચ) પોતે આદેશ કરે તેવા તેના કાર્યો બજાવવા માટે, તેમને યોગ્ય લાગે તેવી કોઈ સમિતિ નીમવાની; અને

(છ) સામાન્ય, રીતે આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ બોર્ડને સોંપેલી તમામ સત્તા અથવા તે પૈકી કોઈ સત્તા વાપરવાની.

પ્રથમ રજિસ્ટ્રાર ની નિમણૂક.

૬૮. કલમ ૩૦માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકારે, પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક, વ્યવહાર્ય હોય તેટલું જલદી, આ અધિનિયમના આરંભની તારીખ પછી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ કરવી જોઇશે.

યુનિવર્સિટી નાં અધિકારીઓ અને અધ્યાપકોની પ્રથમ નિમણૂક.

૬૯. (૧)આ અધિનિયમ થયા પછી, કોઈપણ સમયે યુનિવર્સિટીનાં અધિકારીમંડળો તેમના કાર્યો બજાવવાનું શરૂ કરે નહિ તે સમય સુધી,–

(ક) કુલાધિપતિની પૂર્વ–મંજૂરી મેળવીને, કુલપતિ, યુનિવર્સિટીના કોઈ અધિકારીને નીમી શકશે;

(ખ) કુલપતિ, કૃષિ નિયામક અને કુલાધિપતિ, તેમની સાથે રાખવા પોતે યોગ્ય ગણે તેવી બીજી વ્યકિત અથવા વ્યકિતઓ, હોય તો, તેમની બનેલી સલાહકાર સમિતિની ભલામણો વિચારણામાં લીધા પછી, કુલાધિપતિ, યુનિવર્સિટીના અધ્યાપકો અથવા તકનિકી કર્મચારીવર્ગ (ટેકનિકલ સ્ટાફ)ની નિમણૂક કરી શકશે;

(ગ) કુલાધિપતિ, સરકારી માર્ગદર્શિકા પ્રમાણેની ભરતી પ્રક્રિયા દ્વારા બિન–તકનિકી કર્મચારીવર્ગ (નોન–ટેકનિકલ સ્ટાફ)ની નિમણૂક કરી શકશેઃ

પરંતુ આવી કોઈપણ નિમણૂક તે માટે નાણાકીય જોગવાઈ કરવામાં આવે નહિ ત્યાં સુધી કરી શકાશે નહિ.

પ્રકરણ ૧૧
પ્રકીર્ણ

વિદ્યાર્થીઓ ના નિવાસ.

૭૦. વિદ્યાર્થીઓ, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતા અથવા કુલપતિ દ્વારા મંજૂર કરવામાં આવેલા નિવાસમાં રહી શકશે. તેમ છતાં, કુલપતિ અથવા યુનિવર્સિટીના અધિકૃત અધિકારી, યુનિવર્સિટીમાં આવું કોઈપણ નિવાસ ઉપલબ્ધ ન હોય ત્યારે, વિદ્યાર્થીને તેમના માતા–પિતા સાથે અથવા ખાનગી નિવાસમાં રહેવાની પરવાનગી આપી શકશે.

સત્તાની સોંપણી.

૭૧. કુલપતિ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા સ્ટેચ્યૂટ હેઠળ વાપરવાની સત્તા, કુલપતિ યોગ્ય ગણે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, સ્ટેચ્યૂટથી, કોલેજ/ડિવિઝન/વિભાગો/સંસ્થાઓ અથવા એકમો (યુનિટ)/કચેરીના કોઈ અધિકારીમંડળ, અધિકારી, વડાને સોંપી શકશે.

એડહોક (તદર્થ) સમિતિની રચના.

૭૨. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં અને અધિકારીમંડળોની યોગ્ય રીતે રચના કરવામાં ન આવે ત્યાં સુધી, કુલપતિ, બોર્ડની મંજૂરીને અધીન રહીને, તેની (અધિકારીમંડળોની) રચના કરવામાં આવે તે પછી, આ અધિનિયમ હેઠળ આવા અધિકારી મંડળોની કોઇ સત્તા વાપરવા, તેનાકાર્યો બજાવવા અને તેની ફરજોનું પાલન કરવામાટે, કામચલાઉ ધોરણે સમિતિઓ નીમી શકશે.

અધિકારી મંડળો અથવા મંડળોની રચના સંબંધી તકરારો.

૭૩. કોઈ વ્યકિત, યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નિમાયેલી છે કે કેમ અથવા એવા સભ્ય તરીકે હકદાર છે કે કેમ તે સંબંધી કોઈ પ્રશ્ન ઊભો થાય, તોઆ બાબત કુલાધિપતિ સમક્ષ નિર્ણયાર્થે લખી મોકલવી જોઇશે, જે અંગેનો કુલાધિપતિનો નિર્ણય આખરી રહેશે:

પરંતુ આવો કોઈ નિર્ણય લેતા પહેલાં, કુલાધિપતિએ તેનાથી અસર થયેલ હોય તે વ્યકિતને સુનાવણીની વાજબી તક આપવી જોઇશે.

કાનૂની કાર્યવાહી.

૭૪. યુનિવર્સિટી દ્વારા અથવા તેની સામે કરવામાં આવતા તમામ દાવા અને બીજી કાનૂની કાર્યવાહીઓ, રજિસ્ટ્રાર અથવા કુલપતિએ આ અર્થે વિશિષ્ટ રીતે નામ નિયુકત કરેલા બીજા કોઇ અધિકારી દ્વારા, યુનિવર્સિટી વતી, શરૂ કરવામાં આવશે, તે અંગે કામ ચલાવવામાં આવશે અથવા બચાવ કરવામાં આવશે.

INDEX

સરકારી કર્મચારીઓની પ્રતિનિયુક્તિ.

૭૫. કોલેજ, સંશોધન સંસ્થાઓ અને અન્ય કચેરીઓ તથા સરકારી વિભાગોની સંસ્થાઓના તમામ કર્મચારીઓ કે જેમની સેવાઓ યુનિવર્સિટીમાં તબદીલ કરવામાં આવી હોય, તેઓ સરકારના તબદીલ થયેલા કર્મચારીઓ ગણાશે. આવા તબદીલ થયેલા કર્મચારીઓનું, સરકાર સાથે વિચારવિનિમય કરીને, બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલી બોલીઓ અને શરતો અનુસાર, સંચાલન કરવામાં આવશે, જ્યારે યુનિવર્સિટી દ્વારા નિમણૂક કરવામાં આવેલી વ્યક્તિઓ, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા સ્ટેચ્યૂટની જોગવાઈઓને અધીન રહેશે. તબદીલ થયેલા સરકારી કર્મચારીઓ, સ્ટેચ્યૂટથી ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતો પર યુનિવર્સિટીની સેવા માટેના વિકલ્પની પસંદગી કરી શકશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૭૬. (૧) આ અધિનિયમ અમલમાં આવ્યા પછી અથવા અન્યથા આ અધિનિયમની જોગવાઈઓને અમલમાં લાવવામાં, યુનિવર્સિટીના કોઇ અધિકારી મંડળની પ્રથમ રચના અથવા પુનઃરચના સંબંધી કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઇષ્ટ હોવાનું જણાય તેવી આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇ કરી શકશે: પરંતુ આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષ પૂરા થયા પછી,આ કલમ હેઠળ આવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલા કોઈપણ હુકમની સામે,સદરહુ પેટા-કલમમાં ઉલ્લેખ્યા પ્રમાણેની કોઈપણ મુશ્કેલી અસ્તિત્વમાં ન હોય તે કારણસર, કાયદાની કોઈ કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

(૩) આ કલમ હેઠળ કરવામાં આવેલા દરેક હુકમને, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 95

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, APRIL 3, 2017/CAITRA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૨૦૧૭

તારીખ : ૩જી એપ્રિલ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંક:૧૭ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 17 OF 2017.

THE GUJARAT PROVINCIAL MUNICIPAL CORPORATIONS (SECOND AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે** અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 17 OF 2017.

AN ACT

further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૭.

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૩જી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

INDEX

સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.

૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨૦માં, પેટા-કલમ (૮) કમી કરવી. સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૨૧નો સુધારો

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં, પેટા-કલમ (૨ક) કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૨૫નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૫માં, પેટા-કલમ (૭) કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૨૭નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭માં, પેટા-કલમ (૨ક) કમી કરવી.

સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૪૫-નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૫માં,-

(૧) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

''(૨) કોર્પોરેશન, વખતોવખત રાજ્ય સરકારની મંજૂરીથી પોતાને જરૂરી જણાય તેટલી નાયબ મ્યુનિસિપલ કમિશનરની, મદદનીશ મ્યુનિસિપલ કમિશનરની અથવા તેવા બીજા અધિકારીઓની જગાઓ ઊભી કરી શકશે. રાજ્ય સરકાર, નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર અથવા તેવા બીજા અધિકારી તરીકે લાયક વ્યક્તિને અથવા લાયક વ્યક્તિઓને નીમી શકશે.'';

(૨) પેટા-કલમ (૪)માં, '' મ્યુનિસિપલ સેક્રેટરીની '' એ શબ્દોને બદલે, ''મ્યુનિસિપલ સેક્રેટરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનરની '' એ શબ્દો દાખલ કરવા.

(૩) પેટા-કલમ (૫)માં, '' આ કલમમાં '' એ શબ્દોને બદલે, '' પેટા-કલમ (૧)માં '' એ શબ્દો, કૌંસ અને આંકડો મૂકવા.

INDEX

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩માં, પેટા-કલમ (૧)માં, ''કોઈપણ કામચલાઉ અથવા કાયમી મ્યુનિસિપલ અધિકારીઓને'' એ શબ્દો પહેલાં, ''નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર સિવાયના''એ શબ્દો દાખલ કરવા. સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૫૩નો સુધારો.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 96

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, APRIL 4, 2017/CAITRA 14, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ–ના તારીખ:૨૯ મી જુલાઈ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીયુ/૨૦૧૬/૭૫/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૫/ડી–૧– નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

(ખ)(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અથવા મેનેજમેન્ટ અથવા ઑન્ટ્રપ્રનરશિપ ડેવલપમેન્ટમાં ઓછામાં ઓછા દ્વિતીય વર્ગમાં અનુસ્નાતકની પદવી અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશને માન્ય કરેલી અન્ય કોઈ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૨) શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી, ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, સિનિયર (પ્રવર) ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૩) શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી, ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, સિનિયર (પ્રવર) ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સરકારમાં, સ્થાનિક મંડળ, સરકાર હસ્તક બોર્ડ, કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં વહીવટનો અથવા અવેક્ષણની કાર્યક્ષમતા (સુપરવાઈઝરી કેપેસિટી) અથવા તે ક્ષેત્રના અનુભવમાં આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. બઢતી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીન ખતપૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એસ.પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 97

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, APRIL 4, 2017/CAITRA 14, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૩જી માર્ચ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીપી–૫૩–એમકેએમ–૧૦૨૦૦૯–૨૪૨૬–છ.–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Deputy Commissioner of Industries, Class I, in the Gujarat Industrial Service, Recruitment Rules, 2016.

ગુજરાત ઔદ્યોગિક સેવામાં, નાયબ ઉદ્યોગ આયુક્ત (કમિશનર), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઇ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૭૫/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૫/ડી–૧:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, નાયબ ઉદ્યોગ આયુક્ત(કમિશનર), વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, નાયબ ઉદ્યોગ આયુક્ત (કમિશનર), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત ઔદ્યોગિક સેવામાં, નાયબ ઉદ્યોગ આયુક્ત (કમિશનર), વર્ગ ૧ની જગા ઉપરની નિમણૂક, જેણે,–

(ક)(૧) ગુજરાત ઔદ્યોગિક સેવામાં, મદદનીશ ઉદ્યોગ આયુક્ત (કમિશનર), વર્ગ ૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય, અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય જણાતી ''ખૂબ સારા''નું આધારચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂંક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે–તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો અનુક્રમે, ૨:૧ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ ૨–માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર–,

(ક) ૪૨ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય–મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોયત્યાં સુધી, લાગુ પડશે નહિ;

INDEX

Notification
Regarding
Amendment to the Lecturer, Class II, in the Gujarat Ayurved Service, in the Government Ayurvedic Colleges and Ayurvedic Institutes allied with it, Recruitment Rules, 2013.

ગુજરાત આયુર્વેદ સેવામાં,તેની સાથે સંલગ્ન સરકારી આયુર્વેદિક કોલેજો અને આયુર્વેદિક સંસ્થાઓમાં, વ્યાખ્યાતા (લેક્ચરર), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીપી–૫૩–એમકેએમ–૧૦૨૦૦૯–૨૪૨૬–છ:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી,ગુજરાત આયુર્વેદ સેવામાં, તેની સાથે સંલગ્ન સરકારી આયુર્વેદિક કોલેજો અને આયુર્વેદિક સંસ્થાઓમાં, વ્યાખ્યાતા (લેક્ચરર), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત આયુર્વેદ સેવામાં, તેની સાથે સંલગ્ન સરકારી આયુર્વેદિક કોલેજો અને આયુર્વેદિક સંસ્થાઓમાં, વ્યાખ્યાતા (લેક્ચરર), વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત આયુર્વેદ સેવામાં, તેની સાથે સંલગ્ન સરકારી આયુર્વેદિક કોલેજો અને આયુર્વેદિક સંસ્થાઓમાં, વ્યાખ્યાતા (લેક્ચરર), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૩માં, નિયમ ૪માં,ખંડ (ક)માં, " પાંત્રીસ વર્ષથી" એ શબ્દોને બદલે, " સાડત્રીસ વર્ષથી" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 98

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, APRIL 6, 2017/CAITRA 16, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર,
૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએચ/વી /૨૦૧૭નો ૪૩/ ડીપીસી/૧૦૯૭/ ૧૩૮૪/ભાગ-૨/વી**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Metropolitan Planning Committees Act, 2008.
ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ
જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૧ મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંકઃ જીએચ/ વી/ ૨૦૧૭નો ૪૩/ ડીપીસી/ ૧૦૯૭/ ૧૩૮૪/ ભાગ-૨/ વી: ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે તા. ૨૪-૬-૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક જીએચ/ વી/ ૨૦૧૬ નો ૧૩૨/ ડીપીસી/ ૧૩૮૪/ ભાગ-૨/ વી. થી રાજકોટ મહાનગર વિસ્તાર માટે ૮ સભ્યોની બનેલી મહાનગર આયોજન સમિતિ (મેટ્રોપોલિટન પ્લાનિંગ કમિટી) રચેલી છે. ત્યારપછી ગુજરાત સરકારે તા.૨૦-૦૨-૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક જીએચ/ વી/ ૨૦૧૭ નો ૩૫/ ડીપીસી/ ૧૦૯૭/ ૧૩૮૪/ ભાગ-૫/ વી. થી રાજકોટ મહાનગર વિસ્તાર માટે વધુ ૭ સભ્યોની નિમણૂક કરી હતી. હવે, ગુજરાત સરકાર કલમ ૩ ની પેટા-કલમ(૨) નાં ખંડ(૧૦) હેઠળ, રાજકોટ મહાનગર વિસ્તાર માટેની મહાનગર આયોજન સમિતિમાં ચૂંટાયેલા વધુ ૩૦ સભ્યોની નીચે પ્રમાણે નિમણૂક કરે છે.

અનુક્રમાંક	નામ	હોદ્દો
૧	શ્રીમતી હિરલબેન નિરવભાઈ મેહતા	સભ્ય
૨	શ્રી જયમીનભાઈ નવનીતભાઈ ઠાકર	સભ્ય
૩	શ્રીમતી સજુબેન ગેલાભાઈ કલોત્તરા	સભ્ય
૪	શ્રી અજયભાઈ ગોપાલભાઈ પરમાર	સભ્ય
૫	શ્રી અનિલભાઈ કવાંભાઈ રાઠોડ	સભ્ય
૬	શ્રી અશ્વિનભાઈ ચતુરભાઈ મોલિયા	સભ્ય
૭	શ્રી અશ્વિનભાઈ પરસોત્તમભાઈ ભોરણીયા	સભ્ય
૮	શ્રી આશિષભાઈ રમેશભાઈ વાગડિયા	સભ્ય
૯	શ્રીમતી અંજનાબેન અલ્પેશભાઈ મોરજરિયા	સભ્ય
૧૦	શ્રી ઉદયભાઈ પ્રભાત કાનગડ	સભ્ય
૧૧	શ્રી કમલેશભાઈ શશિકાંતભાઈ મિરાણી	સભ્ય
૧૨	શ્રી કશ્યપભાઈ ચિમનભાઈ શુક્લા	સભ્ય
૧૩	શ્રી મનિષ નટવરલાલ રાડિયા	સભ્ય
૧૪	શ્રીમતી મીનાબેન અનિલભાઈ પારેખ	સભ્ય
૧૫	શ્રી મુકેશભાઈ પ્રાણજીભાઈ રાદડિયા	સભ્ય
૧૬	શ્રી રાજેશભાઈ વાલજીભાઈ અઘેરા	સભ્ય
૧૭	શ્રીમતી વિજ્યાબેન ઈશ્વરભાઈ વાછાણી	સભ્ય
૧૮	શ્રીમતી શિલ્પાબેન દિનેશભાઈ જાવિયા	સભ્ય
૧૯	શ્રીમતી સોફિયાબેન જાહિદભાઈ દલ	સભ્ય
૨૦	શ્રી અરવિંદભાઈ ગોરધનભાઈ રૈયાણી	સભ્ય
૨૧	શ્રીમતી જ્યોત્સનાબેન પ્રફુલભાઈ ટિલાળા	સભ્ય
૨૨	શ્રી દલસુખભાઈ અંબાભાઈ જાગાણી	સભ્ય

INDEX

અનુક્રમાંક	નામ	હોદ્દો
૨૩	શ્રી દર્શિતાબેન પારસભાઈ શાહ	સભ્ય
૨૪	શ્રીમતી દક્ષાબેન અરવિંદભાઈ ભેંસાણિયા	સભ્ય
૨૫	શ્રીમતી દુર્ગાબા જયદીપસિંહ જાડેજા	સભ્ય
૨૬	શ્રી દેવરાજ બિજલભાઈ મકવાણા	સભ્ય
૨૭	શ્રી નિતિનભાઈ ગણપતરાઈ ભારદ્વાજ	સભ્ય
૨૮	શ્રીમતી પ્રિતીબેન દિપકભાઈ પનારા	સભ્ય
૨૯	શ્રી પુષ્કરભાઈ હરિલાલ પટેલ	સભ્ય
૩૦	શ્રીમતી બિનાબેન જયેન્દ્રભાઈ આચાર્ય	સભ્ય

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી.એમ.પટેલ,
સેક્શન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 99

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, APRIL 7, 2017/CAITRA 17, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** ના તારીખ : ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ/વી/૨૦૧૭ નો ૩૨/ડીપીસી/૧૦૯૭/ ૧૩૮૪/ભાગ-૫/વી.** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Metropolitan Planning Committees Act, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક.જીએચ/વી/૨૦૧૭નો ૩૨/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ-૫/વી :— ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, તારીખ: ૧૧-૦૩-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક.જીએચ/વી/૨૦૧૬નો ૫૮/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી. થી, અમદાવાદના મહાનગર વિસ્તાર માટે ૮ સભ્યોની બનેલી મહાનગર આયોજન સમિતિ રચેલી છે. હવે, ગુજરાત સરકાર, કલમ ૩ ની પેટા-કલમ (૨)ના ખંડ (૯) હેઠળ, અમદાવાદના મહાનગર વિસ્તાર માટેની મહાનગર આયોજન સમિતિમાં વધુ ૭ સભ્યોની નિમણૂક નીચે મુજબ કરે છે:-

અનુક્રમાંક	નામ	હોદ્દો
૧	શ્રી યમલભાઇ વ્યાસ	સભ્ય
૨	શ્રી બિમલભાઇ પટેલ	સભ્ય
૩	શ્રી રાજેન્દ્રભાઇ ચુતરિયા	સભ્ય
૪	શ્રી જૈનીકભાઇ વકીલ (સી.એ.)	સભ્ય
૫	શ્રી અશોકભાઇ પટેલ (સી.એ.)	સભ્ય
૬	શ્રી જક્ષયભાઇ શાહ	સભ્ય
૭	શ્રી ચુનિલભાઇ શાહ	સભ્ય

પરંતુ સદરહુ અધિનિયમની કલમ ૩ ની પેટા-કલમ (૨)ના ખંડ (૧૦) હેઠળ સમિતિના બાકીના 30 સભ્યોની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 100

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, APRIL 11, 2017/CAITRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર. ૧૧મી એપ્રિલ,૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૦-૦૨-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક (૧) જીએચ / વી / ૨૦૧૭નો ૩૫ / ડીપીસી / ૧૦૯૭ / ૧૩૮૪ / ભાગ-૫ / વી, અને (૨) જીએચ / વી / ૨૦૧૭નો ૩૬ / ડીપીસી / ૧૦૯૭ / ૧૩૮૪ / ભાગ-૫ / વી.**ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

આર.આર.ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

NOTIFICATION

Under

THE GUJARAT METROPOLITAN PLANNING COMMITTEES ACT, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક.જીએચ/વી/૨૦૧૭નો ૩૫/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ-૫/વીઃ ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે,તારીખઃ૨૪-૦૬-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/વી/૨૦૧૬નો ૧૩૨/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી. થી, રાજકોટના મહાનગર વિસ્તાર માટે ૮ સભ્યોની બનેલી મહાનગર આયોજન સમિતિ રચેલી છે. હવે, ગુજરાત સરકાર, કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૯) હેઠળ, રાજકોટના મહાનગર વિસ્તાર માટેની મહાનગર આયોજન સમિતિમાં, નીચે પ્રમાણે વધુ ૭ સભ્યોની નિમણૂક કરે છેઃ-

અનુક્રમાંક	નામ	હોદ્દો
૧	શ્રી ગુણુભાઈ ડેલાવાળા	સભ્ય
૨	શ્રી ડી.વી. મેહતા	સભ્ય
૩	શ્રી મુકેશભાઈ દોશી	સભ્ય
૪	શ્રી ઘનશ્યામભાઈ પટેલ	સભ્ય
૫	શ્રી ખીમજીભાઈ ટી. મકવાણા	સભ્ય
૬	ડૉ. અતુલ પંડ્યા	સભ્ય
૭	શ્રી જયંત લાખલાણી	સભ્ય

પરંતુ સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૧૦) હેઠળ સમિતિના બાકીના ૩૦ સભ્યોની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.વી. શાહ,
સરકારના ઉપ સચિવ.

NOTIFICATION

Under

THE GUJARAT METROPOLITAN PLANNING COMMITTEES ACT, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક.જીએચ/વી/૨૦૧૭નો ૩૬/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ-૫/વીઃ ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે,

તારીખ:૨૪-૦૬-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૨૦૧૬નો ૧૩૪/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી. થી, વડોદરાના મહાનગરના વિસ્તાર માટે ૮ સભ્યોની બનેલી મહાનગર આયોજન સમિતિ રચેલી છે. હવે, ગુજરાત સરકાર, કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૯) હેઠળ, વડોદરાના મહાનગર વિસ્તાર માટેની મહાનગર આયોજન સમિતિમાં, નીચે પ્રમાણે વધુ ૭ સભ્યોની નિમણૂક કરે છે:-

અનુક્રમાંક	નામ	હોદ્દો
૧	શ્રી વિક્રમ ગુપ્તા	સભ્ય
૨	શ્રી મોહન નાયર	સભ્ય
૩	શ્રી નિલેશ શુક્લા	સભ્ય
૪	શ્રીમતી તેજલબેન અમીન	સભ્ય
૫	શ્રી જગદીશ પટેલ	સભ્ય
૬	શ્રી વિનુભાઈ પટેલ	સભ્ય
૭	શ્રી બિપિન પટેલ	સભ્ય

પરંતુ સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૧૦) હેઠળ સમિતિના બાકીના ૩૦ સભ્યોની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.વી. શાહ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 101

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, APRIL 11, 2017/CAITRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**-ના **તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૧૭**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૧૭/૭/એમવીડી/૨૦૧૭/૬૯૯/ખ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Ports and Transport Department No. PT/2009/23/MVD/102007/685/Part-1/kh, dated the 20th June, 2009.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગનું તારીખ ૨૦મી જૂન, ૨૦૦૯નું સરકારી જાહેરનામું ક્રમાંક : પીટી/૨૦૦૯/૨૩/એમવીડી/૧૦૨૦૦૭/૬૮૫/ભાગ-૧/ખ સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: પીટી/૨૦૧૭/૭/એમવીડી/૨૦૧૭/૬૯૯/ખ :- ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ-૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગનું તારીખ, ૨૦મી જૂન, ૨૦૦૯નું સરકારી જાહેરનામું ક્રમાંક : પીટી/૨૦૦૯/૨૩/એમવીડી/૧૦૨૦૦૭/૬૮૫/ભાગ-૧/ખ, નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, શીર્ષકમાં, બે જગ્યાએ આવતો, ''હેરફેરના'' શબ્દ કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 102

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, APRIL 11, 2017/CAITRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ** ના તારીખ : **૨૧મી માર્ચ, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : કેવી/૨૦૧૭નો ૪૦/એનપીએલ/૧૧૨૦૧૧/ ૫૨૯૧/આર.** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Municipal Engineer, Class III, Recruitment Rules, 2011.

નગરપાલિકા ઈજનેર, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૧ સુધારવા સંબંધી

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩

ક્રમાંક:કેવી/૨૦૧૭નો ૪૦/એનપીએલ/૧૧૨૦૧૧–૫૨૯૧/આર:– ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭ ક–ની પેટા–કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નગરપાલિકા ઈજનેર, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૧ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નગરપાલિકા ઈજનેર, વર્ગ–૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નગરપાલિકા ઈજનેર, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૧માં, નિયમ ૪માં, ખંડ (ખ)માં, પ્રથમ પરંતુક કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 103

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, APRIL 12, 2017/CAITRA 22, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી એપ્રિલ, ૨૦૧૭.

તારીખ : ૧૨મી એપ્રિલ, ૨૦૧૭**ના** ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૧૮**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 18 OF 2017.

THE GUJARAT ANIMAL PRESERVATION (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **એપ્રિલ** મહિનાની **૧૨મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 18 OF 2017.

AN ACT

further to amend the Gujarat Animal Preservation Act, 1954.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૮ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧૨મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર'' માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૫૪નો મુંબઇનો ૭૨મો.

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમની કલમ ૬કનો સુધારો.

૨. ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૬-કમાં, પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૪) પેટા-કલમ (૩) હેઠળ એવી રીતે જપ્ત કરેલું વાહન અથવા કોઇ સાધન, ઠરાવવામાં આવે તેવી રીતે સરકાર-દાખલ થશે.".

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમની કલમ ૬ખ નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-ખ માં,પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૩) પેટા-કલમ (૨) હેઠળ એવી રીતે જપ્ત કરેલું વાહન અથવા કોઇ સાધન,ઠરાવવામાં આવે તેવી રીતે સરકાર-દાખલ થશે.".

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમની કલમ ૮નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮ માં,

(૧) પેટા-કલમ (૨)માં, " સાત વર્ષ સુધીની પણ ત્રણ વર્ષથી ઓછી નહિ તેટલી મુદતની કેદની અને પચાસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે,"આજીવન કેદની પણ દસ વર્ષથી ઓછી નહિ તેટલી મુદતની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના પણ એક લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષા થશે." એ શબ્દો મૂકવા.

(૨) પેટા-કલમ (૪)માં, "ત્રણ વર્ષ સુધીની મુદતની કેદની અને પચીસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે,"દસ વર્ષ સુધીની પણ સાત વર્ષથી ઓછી નહિ તેટલી મુદતની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના પણ એક લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષા થશે." એ શબ્દો મૂકવા.

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમમાં કલમ ૯ બદલવા બાબત.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯ ને બદલે,નીચેની કલમ મૂકવી:-

અધિનિયમ હેઠળના ગુના પોલીસ અધિકારના અને બિન-જામીનપાત્ર ગણાશે.

"૯.ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળના તમામ ગુના, પોલીસ અધિકારના અને બિન-જામીનપાત્ર ગણાશે.". સન ૧૯૭૪નો ૨ જો.

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમની કલમ ૧૫નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫-માં, ખંડ (ગગ) પછી, નીચેના નવા ખંડો દાખલ કરવા:-

"(ગઘ) કલમ ૬-કની પેટા-કલમ (૩) હેઠળ,વાહન અથવા કોઇ સાધન સરકાર-દાખલ કરવાની રીત;

(ગચ) કલમ ૬-ખની પેટા-કલમ (૨) હેઠળ, વાહન અથવા કોઇ સાધન સરકાર-દાખલ કરવાની રીત;".

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 104

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, APRIL 12, 2017/CAITRA 22, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી એપ્રિલ, ૨૦૧૭

તારીખ: ૧૨મી એપ્રિલ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૯ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 19 OF 2017.

THE GUJARAT PANCHAYATS (SECOND AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **એપ્રિલ** મહિનાની **૧૨મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 19 OF 2017.

AN ACT

further to amend the Gujarat Panchayats Act, 1993.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૯ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧૨મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૨નો

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, " મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩૨માં, પેટા-કલમ (૧)માં,

INDEX

"કલમ ૩૦" એ શબ્દ અને આંકડા જે બે સ્થળોએ આવે છે ત્યાં તેને બદલે, "કલમ ૩૦ની પેટા-કલમ (૧)" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૫૫નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૫માં, પેટા-કલમ (૪)માં, "સરપંચની અને યથાપ્રસંગ, પંચાયતે તે અર્થે અધિકાર આપેલા પંચાયતના બીજા બે સભ્યો પૈકી કોઇપણ એક સભ્યની સહી સિવાય, પંચાયતના ફંડમાંથી કંઇપણ નાણાં ઉપાડી શકાશે નહિ." એ શબ્દોને બદલે, "સરપંચની અથવા પંચાયતે તે અર્થે અધિકાર આપેલા પંચાયતના કોઇ સભ્યની અને સેક્રેટરીની સહી સિવાય, પંચાયતના ફંડમાંથી કોઇપણ નાણા ઉપાડી શકાશે નહિ." એ શબ્દો મૂકવા.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૪૫નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૫માં, પેટા-કલમ (૧)માં, ખંડ (૭)ને બદલે, નીચેના ખંડો મૂકવા:-

" (૭) ઉત્પાદન, સહકાર અને સિંચાઇ માટેની સમિતિ;

(૮) મહિલા અને બાળ વિકાસ તથા યુવા પ્રવૃત્તિઓ માટેની સમિતિ."

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૨૨-નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૨૨માં, પેટા-કલમો (૩) અને (૪) કમી કરવી.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 105

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, APRIL 12, 2017/CAITRA 22, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોને વિભાગ

સચિવાલય,ગાંધીનગર.૧૨મી એપ્રિલ,૨૦૧૭.

તારીખઃ ૧૨મી એપ્રિલ, ૨૦૧૭–ના ગુજરાત રાજપત્ર, (**અસાધારણ**)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન **૨૦૧૭**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંકઃ ૨૦**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર.આર.ચાવડા,

સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 20 OF 2017.

THE GUJARAT SELF FINANCED SCHOOLS (REGULATION OF FEES) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧૨મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 20 OF 2017.

AN ACT

to make special provisions for fixation of fees for the self financed schools in the State and matters connected therewith and incidental thereto.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૦ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧૨મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

રાજ્યમાંની સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈઓ કરવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

પ્રકરણ ૧

પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

INDEX

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''શૈક્ષણિક વર્ષ'' એટલે સરકાર દ્વારા અથવા યથાપ્રસંગ, સંબંધિત શાળા જેની સાથે સંલગ્ન હોય તેવા કોઈ મંડળ અથવા કાઉન્સિલ દ્વારા નિર્દિષ્ટ કરેલું વર્ષ;

(ખ) ''સહાયિત શાળા'' એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ પાસેથી કોઈ નાણાકીય અનુદાન અથવા સહાય મેળવતી હોય તેવી, કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના મંડળ દ્વારા સ્થપાયેલી અને તેમના દ્વારા સંચાલિત અથવા નિભાવાતી હોય અને તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ સક્ષમ સત્તામંડળ દ્વારા માન્યતા અપાયેલી અથવા મંજૂર કરાયેલી કોઈ પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, ઉચ્ચ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા;

(ગ) ''શૈક્ષણિક જિલ્લો'' એટલે રાજ્ય સરકાર દ્વારા રાજપત્રમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવો શૈક્ષણિક જિલ્લો;

(ઘ) ''પ્રારંભિક શિક્ષણ'' એટલે પહેલા ધોરણથી આઠમા ધોરણ સુધીનું શિક્ષણ;

(ચ) ''કર્મચારી'' એટલે અધ્યાપક અને તેમાં માન્યતાપ્રાપ્ત શાળામાં કામ કરતા બીજા દરેક કર્મચારીનો સમાવેશ થાય છે;

(છ) ''વિદ્યમાન શાળા'' એટલે આ અધિનિયમના આરંભે અસ્તિત્વમાં હોય તેવી માન્યતાપ્રાપ્ત સ્વનિર્ભર શાળા;

(જ) ''ફી અથવા ફીનું માળખું'' એટલે કોઈ શાળા દ્વારા કોઈ વર્ગમાં અથવા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીના પ્રવેશ માટે, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, વસૂલ કરાતી, કોઈપણ નામે ઓળખાતી, કોઈ રકમ અને તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:-

(૧) ટ્યૂશન ફી;

(૨) સત્ર ફી (ટર્મ ફી), જે સત્ર દીઠ એક મહિનાની ટ્યૂશન ફી કરતાં વધુ હોવી જોઈશે નહિ;

INDEX

(૩) ગ્રંથાલય ફી અને ડિપોઝિટ (અનામત મૂકેલી રકમ);

(૪) પ્રયોગશાળા ફી અને ડિપોઝિટ (અનામત મૂકેલી રકમ);

(૫) જિમખાના ફી;

(૬) બાંયધરી રકમ;

(૭) પરીક્ષા ફી;

(૮) પ્રવેશ ફી, જે એક મહિનાની ટ્યૂશન ફી કરતાં વધુ હોવી જોઈશે નહિ;

(૯) યોગ અને શારીરિક શિક્ષણ ફી;

(૧૦) ફી નિયમન સમિતિએ નક્કી કર્યા મુજબની બીજી કોઈ ફી;

(ઝ) ''ફી નિયમન સમિતિ'' એટલે કલમ ૩ હેઠળ રચાયેલી સમિતિ;

(ટ) ''ફી સુધારણા સમિતિ'' એટલે કલમ ૧૨ હેઠળ રચાયેલી સમિતિ;

(ઠ) ''સરકાર'' એટલે રાજ્ય સરકાર;

(ડ) ''સરકારી શાળા'' એટલે સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ દ્વારા સ્થપાયેલી, તેમની માલિકીની અથવા તેમના દ્વારા નિભાવાતી શાળા;

(ઢ) ''ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ''નો અર્થ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨-ના ખંડ (ઝઝ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો જ રહેશે; સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(ત) ''સ્થાનિક સત્તામંડળ'' એટલે,-

(૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયેલું મ્યુનિસિપલ કોર્પોરેશન; સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

INDEX

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(૨) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલી નગરપાલિકા;

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રચાયેલી પંચાયત.

(થ) ''વ્યવસ્થાપક મંડળ'' એટલે-

(૧) સરકાર દ્વારા સંચાલિત શાળાના કિસ્સામાં, સરકાર;

(૨) કોઈ સ્થાનિક સત્તામંડળ દ્વારા સંચાલિત શાળાના કિસ્સામાં, સંબંધિત સ્થાનિક સત્તામંડળ;

(૩) બીજા કોઇ કિસ્સામાં, શાળાનું કામકાજ જેને સોંપવામાં આવ્યું હોય તેવી, ગમે તે નામે ઓળખાતી, વ્યવસ્થાપક સમિતિ અથવા તેવું સંચાલક મંડળ અને આવું કામકાજ કોઈ વ્યક્તિને સોંપવામાં આવ્યું હોય, ત્યારે ગમે તે નામે અથવા ગમે તે હોદ્દાથી ઓળખાતી વ્યક્તિ અને તેમાં કોઈપણ રીતે શાળા સાથે જોડાયેલા ટ્રસ્ટ અથવા કંપનીનો પણ સમાવેશ થશે;

(દ) ''લઘુમતી શૈક્ષણિક સંસ્થા'' એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦ના ખંડ (૧) હેઠળ તેમ કરવાનો (શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો) હક ધરાવતી લઘુમતી દ્વારા સ્થાપવામાં અને વહીવટ કરવામાં આવતી સરકાર માન્ય સંસ્થા;

(ધ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ન) ''પૂર્વ-પ્રાથમિક શાળા'' એટલે નર્સરિ, જુનિયર બાળવાડી, સિનિયર બાળવાડી અથવા ૩ થી ૬ વર્ષના બાળકો માટેની, પૂર્વ-પ્રાથમિક શાળાના સ્તર સુધીનું શિક્ષણ આપતી અને કોઈ માધ્યમની, ઠરાવેલી રીતે શાળા સાથે જોડાયેલી ગમે તે નામે ઓળખાતી કોઇ શાળા;

(પ) ''નફાખોરી'' એટલે આ અધિનિયમની જોગવાઈઓ મુજબ નક્કી કરેલી અથવા મંજૂર કરેલી ફી ઉપરાંતની હોય તેવી, રોકડ અથવા વસ્તુ સ્વરૂપે, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્વીકારેલી કોઈ રકમ અને તેમાં કોઈપણ રીતે

શાળા સાથે જોડાયેલા ટ્રસ્ટ અથવા કંપનીએ શાળા પાસેથી મેળવેલા નફાનો સમાવેશ થશે;

(ફ) ''જાહેર પરીક્ષા'' એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા ભારતીય શાળા પ્રમાણપત્ર પરીક્ષા કાઉન્સિલ (Council of Indian School Certificate Examinations) અથવા સરકારે માન્ય કરેલા બીજા કોઈ બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષા;

(બ) ''માન્યતાપ્રાપ્ત શાળા'' એટલે રાજ્ય અથવા કેન્દ્ર સરકારના સક્ષમ શૈક્ષણિક સત્તામંડળ દ્વારા માન્યતા અપાયેલી શાળા;

(ભ) ''સ્વનિર્ભર શાળા'' એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ પાસેથી કોઈ નાણાકીય અનુદાન અથવા સહાય ન મેળવતી હોય તેવી, ટ્રસ્ટ અને કંપનીઓ સહિત કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના મંડળ દ્વારા સ્થપાયેલી અને તેમના દ્વારા સંચાલિત અથવા નિભાવતી હોય તથા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ સક્ષમ સત્તામંડળ દ્વારા માન્યતા અપાયેલી અથવા મંજૂર કરાયેલી અને ગુજરાત રાજ્યમાં કાર્ય કરતા આંતરાષ્ટ્રીય અથવા કેન્દ્રીય અથવા રાજ્ય બોર્ડ સાથે જોડાણ ધરાવતી, કોઈ પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, ઉચ્ચ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા, પણ તેમાં માત્ર ધાર્મિક પ્રશિક્ષણ આપતી, તેની જોગવાઈ કરતી અથવા તે પૂરી પાડતી શાળાનો સમાવેશ થતો નથી;

(મ) ''શાળા''માં, પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, ઉચ્ચ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સમાવેશ થાય છે અને તેમાં પદવી કક્ષાથી નીચેના સ્તરનું શિક્ષણ અથવા તાલીમ આપતી હોય તેવી બીજી કોઈ સંસ્થાનો પણ સમાવેશ થાય છે, પણ ફકત ટેકનિકલ શિક્ષણ આપતી હોય તેવી કોઈ સંસ્થાનો તેમાં સમાવેશ થતો નથી;

(ય) ''શાળાની મિલકત'' એટલે શાળાની માલિકીની અથવા શાળાના કબજામાં હોય તેવી તમામ જંગમ અને સ્થાવર મિલકત અને આવી મિલકતમાંના અથવા તેમાંથી ઉદ્ભવતા બીજા તમામ હક અને હિતસંબંધો તથા તેમાં, જમીન, મકાન અને તેની સાથે જોડાયેલા ભાગો, રમતગમતના મેદાન,

INDEX

છાત્રાલયો, ફર્નિચર, પુસ્તકો, ઉપકરણ, નકશા, સાધનસામગ્રી, સાધનો, રોકડ રકમ, અનામત ભંડોળ, રોકાણો અને બેંકમાંની સિલકનો સમાવેશ થાય છે;

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(૨) ''માધ્યમિક શિક્ષણ''નો અર્થ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨-ની કલમ ૨-ના ખંડ (ભ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો જ થશે.

પ્રકરણ ૨

સમિતિની રચના, ફી નિર્ધારણ અને વધારાની ફી વસૂલ કરવા પર પ્રતિબંધ

ફી નિયમન સમિતિની રચના.

૩. (૧) સરકારે, સ્વનિર્ભર શાળામાં કોઈ ધોરણ અથવા અભ્યાસક્રમ માટેની ફી નક્કી કરવાના હેતુ માટે, ફી નિયમન સમિતિની રચના કરવી જોઈશે.

(૨) અધ્યક્ષ અને સભ્યોની ઉંમર, નિમણૂકના સમયે ૬૫ વર્ષથી વધુ હોવી જોઈશે નહિ. અધ્યક્ષ અને બીજા નામનિયુક્ત સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૩) સભ્યોને ચૂકવવાપાત્ર માનદ વેતન અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૪) સમિતિ નીચેના સભ્યોની બનશે:-

(ક) સરકારે નામનિયુક્ત કરવાના, નિવૃત્ત જિલ્લા અને સેસન્સ જજ અથવા અખિલ ભારતીય સેવાના સભ્ય તરીકે રહી હોય અને સરકારના અગ્ર સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરથી નિવૃત્ત થઈ હોય તેવી વ્યક્તિ અથવા ભારતીય પોલીસ સેવાના સભ્ય તરીકે રહી હોય અને અધિક પોલીસ મહાનિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તે જગા પરથી નિવૃત્ત થઈ હોય તેવી વ્યક્તિ, જેઓ સમિતિના અધ્યક્ષ રહેશે;

(ખ) સરકારે નામનિયુક્ત કરવાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ;

(ગ) સરકારે નામનિયુક્ત કરવાના એક સિવિલ ઈજનેર/ સરકાર માન્ય મૂલ્યાંકનકાર;

(ઘ) સંબંધિત ઝોનની સ્વનિર્ભર શાળા વ્યવસ્થાપક મંડળમાંથી સરકારે નામનિયુક્ત કરવાના એક પ્રતિનિધિ;

(ચ) સરકારે નામનિયુક્ત કરવાના એક જાણીતા શિક્ષણશાસ્ત્રી.

(૫) જિલ્લા શિક્ષણ અધિકારી અથવા યથાપ્રસંગ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, વહીવટી સહાય પૂરી પાડવા માટે, સમિતિના કો-ઓર્ડિનેટર તરીકે કાર્ય કરશે.

સમિતિની હકૂમત અને તેના મુખ્ય મથકો.

૪. (૧) દરેક ફી નિયમન સમિતિની હકૂમત, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા જિલ્લાના બનેલા ઝોન રહેશે.
(૨) ફી નિયમન સમિતિના મુખ્ય મથકો, સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા સ્થળે રહેશે.

ખાલી જગા, વગેરે હોવાને કારણે સમિતિની કાર્યવાહી અમાન્ય ઠરશે નહિ.

૫. (૧) સભ્યના મૃત્યુ, રાજીનામા, હોદ્દાની મુદત પૂરી થવાના અથવા નિમણૂક સમાપ્ત થવાના કારણસર અથવા બીજા ગમે તે કોઇ કારણસર, કોઇ જગા ખાલી પડે, તો, આવી ખાલી જગા, રાજય સરકારે, આવી જગા ખાલી પડયાની તારીખથી છ મહિનાની મુદતની અંદર, બનતી ત્વરાએ ભરવી જોઇશે.

(૨) સમિતિના કોઇપણ કાર્ય અથવા કાર્યવાહી સામે, સમિતિની કોઇ જગા ખાલી હોવાને અથવા તેની રચનામાં ખામી હોવાને કારણે જ વાંધો ઉઠાવી શકાશે નહિ અથવા તે અમાન્ય ઠરશે નહિ.

ફી નિયમન સમિતિએ કાર્યરીતિનું નિયમન કરવા બાબત.

૬. (૧) ફી નિયમન સમિતિએ, જયાં અને જયારે જરૂરી જણાય ત્યારે પણ દર ત્રિમાસે ઓછામાં ઓછી એક વાર, અધ્યક્ષને યોગ્ય લાગે તેવા સમયે અને સ્થળે બેઠક યોજવી જોઇશે.

(૨) સમિતિએ, તેના કામકાજના સંચાલન માટેની પોતાની કાર્યરીતિનું નિયમન કરવું જોઇશે.

(૩) સમિતિના અધ્યક્ષ અથવા અધ્યક્ષે આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલી કોઇ વ્યકિતએ, સમિતિના તમામ હુકમો અને નિર્ણયોને પ્રમાણભૂત કરવા જોઇશે.

ફી નિયમન સમિતિના સભ્યોની ગેરલાયકાત.

૭. સરકાર, ફી નિયમન સમિતિના અધ્યક્ષ અથવા કોઇ સભ્યની નિમણૂક, તેના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં સમાપ્ત કરી શકશે, જો તે-

(૧) નાદાર ઠર્યો હોય;

(૨) રાજય સરકારના અભિપ્રાય મુજબ, સભ્ય તરીકે કાર્ય કરવા શારીરિક અથવા માનસિક રીતે અસમર્થ બન્યો હોય;

(૩) નૈતિક અધ:પતનના ગુના માટે દોષિત ઠર્યો હોય; અથવા

INDEX

(૪) સાબિત થયેલી ગેરવર્તણૂક માટે કસૂરવાર થયો હોય:

પરંતુ કોઈપણ સભ્યને, સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, ઉપર્યુક્ત કારણોસર તેના હોદ્દા ઉપરથી દૂર કરવો જોઈશે નહિ.

ફી નિયમન સમિતિની સત્તા અને તેના કાર્યો.

૮. (૧) કલમ ૯ની જોગવાઈઓને અધીન રહીને, ફી નિયમન સમિતિએ, સ્વનિર્ભર શાળામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ભરવાપાત્ર ફી નક્કી કરવી જોઈશે.

(૨) સમિતિને નીચેની સત્તા રહેશે,-

(ક) દરેક સ્વનિર્ભર શાળાને, સમિતિ નિર્દિષ્ટ કરે તેવી તારીખ પહેલાં ચકાસણી માટે, તમામ સંબંધિત દસ્તાવેજો અને હિસાબના ચોપડા સાથેનું આવી શાળાનું સૂચિત ફી માળખું સમિતિ સમક્ષ રજૂ કરવા ફરમાવવાની;

(ખ) સ્વનિર્ભર શાળાએ સૂચિત કરેલી ફી વાજબી છે કે કેમ અને તેનાથી નફાખોરી કરવામાં આવે છે અથવા વધારે પડતી ફી વસૂલ કરવામાં આવે છે કે કેમ તેની ખરાઈ કરવાની;

(ગ) વિદ્યમાન ફીના માળખાને મંજૂર કરવાની અથવા સ્વનિર્ભર શાળાએ વસૂલ કરી શકાય તેટલી ફી નક્કી કરવાની;

(ઘ) ગુજરાત રાજયના રાજય ક્ષેત્રની અંદર ચલાવવામાં આવતી, સ્વનિર્ભર શાળા દ્વારા લેવામાં (ઉઘરાવવામાં) આવતી ફી, સક્ષમ રાજય શૈક્ષણિક સત્તામંડળે માન્ય કરી છે અથવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ/ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ/ કાઉન્સિલ ફોર ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશનસ/ આઈ.બી. બોર્ડ અથવા યથાપ્રસંગ, કોઈ બીજા બોર્ડ સાથે સંલગ્ન છે કે કેમ અને શાળા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા ઉપર ઉલ્લેખેલા બીજા કોઈ બોર્ડ-એ ઠરાવેલું પ્રશિક્ષણ આપે છે કે કેમ તે અંગેની ખરાઈ કરવાની;

(ચ) ઉપર ખંડ (ઘ)માં ઉલ્લેખ્યા પ્રમાણે સ્વનિર્ભર શાળા દ્વારા લેવામાં (ઉઘરાવવામાં) આવતી વધારે ફીના સંબંધમાં ફરિયાદો સાંભળવાની અથવા આપમેળે સુનાવણી કરવાની;

(છ) શાળા દ્વારા વસૂલ કરવામાં આવતી ફીનું નિયમન કરવાની અને આ અધિનિયમની જોગવાઈઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની;

(જ) સંબંધિત સક્ષમ શૈક્ષણિક સત્તામંડળને યોગ્ય કાર્યવાહી માટે તે બાબતનો રિપોર્ટ (અહેવાલ) આપવો કે શાળાએ વધુ ફી લીધેલી (ઉઘરાવેલી) છે અને

INDEX

તેણે (શાળાએ) સંબંધિત બોર્ડના સંબંધિત લાગુ પડતા અધિનિયમો તથા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું પાલન કર્યું નથી.

(૩) (ક) આ અધિનિયમના હેતુઓ માટે, તપાસ કરતી વખતે ફી નિયમન સમિતિને, નીચેની બાબતોના સંબંધમાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દાવાની અદાલતી કાર્યવાહી કરતી દીવાની કોર્ટની સત્તા રહેશે:- સન ૧૯૦૮નો પમો .

(૧) કોઈ સાક્ષીને સમન્સથી બોલાવવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની તથા તેને સોગંદ ઉપર તપાસવાની;

(૨) કોઈ દસ્તાવેજ પ્રગટ કરવાની અને તે રજૂ કરવાનું ફરમાવવાની;

(૩) સોગંદનામા ઉપર પુરાવો લેવાની; અને

(૪) સ્થાનિક નિરીક્ષણ (સ્થળ તપાસ) માટે સાક્ષીઓની તપાસ માટે કમિશન કાઢવાની.

સન ૧૮૬૦નો ૪૫-મો. (ખ) આ અધિનિયમ હેઠળની તમામ તપાસ અને ફેરતપાસ, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩, ૨૧૯ અને ૨૨૮ના અર્થ મુજબ, અદાલતી કાર્યવાહી હોવાનું ગણાશે.

૯. (૧) ફી નિયમન સમિતિ, રાજપત્રમાં જાહેરનામાથી, સરકારે ઠરાવેલી ફી કરતાં ઓછી ફીની રકમ વસૂલ કરતી હોય તેવી સ્વનિર્ભર શાળાને ફી નિર્ધારણમાંથી મુક્તિ આપી શકશે. આવી સ્વનિર્ભર શાળાએ તે મતલબનું સોગંદનામું રજૂ કરવું જોઈશે. સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ.

પરંતુ આવી કોઈ શાળા, ફી સુધારવા ઈચ્છતી હોય, તો તે શાળાએ, કલમ ૮માં ઠરાવ્યા મુજબની કાર્યરીતિ અનુસરવી જોઈશે :

વધુમાં, કોઈ શાળા સાથે જોડાયેલી ન હોય તેવી માત્ર પૂર્વ-પ્રાથમિક શાળાઓ/ પ્લે ગ્રુપ/ ક્રેશ (ઘોડિયા ઘર) ચલાવતી હોય તેવી પૂર્વ-પ્રાથમિક શાળાને આ અધિનિયમની જોગવાઈઓ લાગુ પડવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૨) ફી નિયમન સમિતિ, પેટા-કલમ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણેની સ્વનિર્ભર શાળા સિવાયની પૂર્વ-પ્રાથમિક, પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી તમામ સ્વનિર્ભર શાળાઓ માટે ફી નક્કી કરી શકશે.

(૩) સરકાર, ઠરાવેલી ફીમાં સુધારણા કરે ત્યાં સુધી આપવામાં આવેલી મુક્તિ ચાલુ રહેશે.

INDEX

(૪) ફી નિયમન સમિતિને, એવું માનવાને કારણ હોય કે શાળાએ પેટા-કલમ (૧) હેઠળ ઠરાવવામાં આવેલી ફી કરતાં વધુ ફી વસૂલ કરી છે, અથવા સમિતિને ખોટી અથવા ગેરમાર્ગે દોરતી અથવા અપૂરતી માહિતી રજૂ કરી છે, તો તે (સમિતિ), એવી ભૂલ કરી હોય તેવી શાળાને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, આપેલી મુક્તિ પાછી ખેંચી લઇ શકશે.

(૫) વધુ ફી લેવાની ભૂલ કરી હોય તેવી શાળાના સંબંધમાં તેના સંચાલનની વિગતો સહિતની માહિતી, વિદ્યાર્થીઓ, તેમના માતાપિતા અને સમાજના બહોળા હિતમાં, અગ્રગણ્ય દૈનિક સમાચારપત્રમાં જાહેરાતથી પ્રસિદ્ધ કરવી જોઇશે.

ફી નિર્ધારણ માટેના પરિબળો.

૧૦. (૧) ફી નિયમન સમિતિએ, નીચેના પરિબળોને ધ્યાને લઇને, સ્વનિર્ભર શાળાએ લેવાપાત્ર ફી નિર્ધારિત કરવી જોઇશે:-

(૧) સ્વનિર્ભર શાળાનું સ્થળ એટલે કે શાળા જયાં આવેલી હોય તે ગામ, નગર અથવા શહેર;

(૨) શાળા ઊભી કરવા કરવામાં આવેલું મૂડીરોકાણ;

(૩) ગુણવત્તાસભર શિક્ષણ માટે વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરી આપેલું આંતર-માળખું અને શાળાના માહિતીપત્ર અથવા વેબસાઇટમાં જણાવ્યા પ્રમાણે પૂરી પાડવામાં આવેલી સગવડો;

(૪) શાળાના વહીવટ, સેવાઓના નિભાવ તથા ઉપયોગિતા માટે કરવામાં આવેલો ખર્ચ;

(૫) વ્યવસ્થાપક મંડળ દ્વારા સખાવતના ભાગરૂપે બિન-નિવાસી ભારતીયો પાસેથી મેળવેલું વધારાનું ફંડ અને ફી-માફી પૂરી પાડવા અથવા વિદ્યાર્થીઓ માટે શાળાને આપવામાં આવતી વિવિધ સરકારી યોજનાઓ હેઠળની બીજી બાબતો માટે સરકારે આપેલો ફાળો;

(૬) સ્વનિર્ભર શાળામાં વિદ્યાર્થીઓનું સંખ્યાબળ;

(૭) શાળા દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસના વર્ગો અને અભ્યાસક્રમો;

(૮) શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીવર્ગની (સંબંધિત ધોરણો મુજબની) લાયકાત, તેમના પગારની રકમ અને વાર્ષિક પગાર ઇજાફાની વાજબી રકમ;

(૯) આવી શાળા સાથે જોડાયેલા ટ્રસ્ટ અથવા કંપનીએ શાળામાંથી મેળવેલા નફા સહિતની શાળાની કુલ આવકની સામે વિદ્યાર્થીઓ ઉપર કરવામાં આવેલો ખર્ચ;

INDEX

(૧૦) શાળાના વિકાસ, શિક્ષણ અને વિસ્તરણના હેતુ માટે વાજબી વધારાની આવક;

(૧૧) સરકાર વખતોવખત ઠરાવે તેવા બીજા કોઇ પરિબળ.

(૨) ફી નિયમન સમિતિએ, સ્વનિર્ભર શાળાએ લેવાપાત્ર ફી નિર્ધારિત કર્યા પછી, સંબંધિત શાળાને તેના નિર્ણયની જાણ કરવી જોઇશે.

(૩) ફી નિયમન સમિતિએ, શાળા દ્વારા વસૂલ કરવામાં આવતી જુદી જુદી તમામ ફીને ધ્યાને લઇને, લેવાપાત્ર કુલ ફી નક્કી કરવી જોઇશે.

(૪) ફી નિયમન સમિતિએ આ રીતે નિર્ધારિત કરેલી ફીનું માળખું, સ્વનિર્ભર શાળાને ત્રણ વર્ષની મુદત માટે બંધનકર્તા રહેશે.

(૫) ફી સુધારણા સમિતિ, રાજયમાંની શાળા માટે રાખવાની ઉપલી ફી મર્યાદાની સરકારને ભલામણ કરી શકશે. સરકાર આવી ભલામણોની યોગ્ય રીતે વિચારણા કરશે.

વધુ ફી લેવા ઉપર પ્રતિબંધ.

૧૧. (૧) કોઇપણ સ્વનિર્ભર શાળાએ, શાળામાંના કોઇ ધોરણમાં અથવા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે, ફી નિયમન સમિતિએ નિયત કરેલી ફીથી વધુ કોઇ ફી લેવી (ઉઘરાવવી) જોઇશે નહિ.

(૨) કોઇ વ્યક્તિએ પોતાના માટે અથવા આવી સ્વનિર્ભર શાળા વતી અથવા આવી સ્વનિર્ભર શાળાના વ્યવસ્થાપક મંડળ વતી વધુ કોઇપણ ફી લેવી (ઉઘરાવવી) જોઇશે નહિ.

(૩) કોઇપણ શાળાએ પોતે અથવા તેના વતી ગમે તે કોઇ નામ હેઠળ કોઇ ડોનેશન અથવા કેપિટેશન ફી ઉઘરાવવી જોઇશે નહિ અથવા શાળાના વ્યવસ્થાપક મંડળ, શાળાના ટ્રસ્ટ, કંપની અથવા શાળાના કોઇ ટ્રસ્ટી અથવા સભ્ય-ના કોઇ સદર (નામ) હેઠળ કોઇ ડિપોઝિટ (અનામત)ની રકમ લેવી જોઇશે નહિ. વિદ્યાર્થીના કોઇ માતા-પિતા અથવા વાલી (પાલક) દ્વારા સ્વૈચ્છિક રીતે ઉપર ઉલ્લેખેલી કોઇ રકમ ચૂકવવામાં આવેલી હોય, તો તેમણે સોગંદનામા ઉપર આવી ચુકવણીની વિગતોની માહિતી, સંબંધિત ફી નિયમન સમિતિને આપવી જોઇશે. આવી જાણ ન કરવા અંગેની બાબતને, શાળા વ્યવસ્થાપક મંડળ દ્વારા કરવામાં આવતી નફાખોરી માટે દુષ્પ્રેરણરૂપ ગણવામાં આવશે.

(૪) શાળાએ, વ્યક્તિગત રીતે રજિસ્ટર કરેલી શાળા માટે, અલગથી અને ફક્ત એક બેંક ખાતું ખોલાવવું તથા વાપરવું જોઇશે. (વિદ્યાર્થીઓના) માતા-પિતાએ, સંબંધિત શાળાના બેંક ખાતાની અંદર ઠરાવેલી ફીની સીધી જ ચુકવણી કરવી જોઇશે. (વિદ્યાર્થીઓના) માતા-પિતા પાસેથી ઉઘરાવેલી કુલ ફી મળ્યાની પહોંચ, બેંક અને યથાપ્રસંગ, સંબંધિત શાળા દ્વારા અડધિયાવાળી પહોંચના સ્વરૂપમાં આપવી જોઇશે.

INDEX

ફી સુધારણા સમિતિ.

૧૨. (૧) સરકારે, ફી નિયમન સમિતિએ કરેલા હુકમ સામે સુધારણાના હેતુ માટે, એક સમિતિની રચના કરવી જોઈશે. ફી સુધારણા સમિતિના મુખ્ય મથક ગાંધીનગર ખાતે રહેશે અથવા સમિતિના અધ્યક્ષ દ્વારા નક્કી કરવામાં આવે તેવા બીજા કોઈ સ્થળે રહેશે.

(૨) સમિતિ, નીચેના સભ્યોની બનશે :-

(૧) સરકારે નામનિયુકત કરવાના હાઈકોર્ટના નિવૃત્ત જજ (ન્યાયાધીશ), સમિતિના અધ્યક્ષ રહેશે;

(૨) ગુજરાત સરકારના સચિવ, શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક);

(૩) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ અથવા નાયબ સચિવથી ઊતરતા દરજજાના ન હોય તેવા તેમના નામનિયુકત;

(૪) સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા યથાપ્રસંગ, નિયામક, પ્રાથમિક શિક્ષણ, જેઓ હોદ્દાની રૂએ, સભ્ય સચિવ રહેશે;

(૫) સરકારે નામનિયુકત કરવાના સ્વનિર્ભર શાળાના વ્યવસ્થાપક મંડળમાંથી એક પ્રતિનિધિ;

(૬) સરકારે નામનિયુકત કરવાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ.

(૩) કલમ ૧૦ હેઠળ કરેલા ફી નિયમન સમિતિના હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત, આવો હુકમ મળ્યાની તારીખથી એકવીસ દિવસની મુદતની અંદર ફી સુધારણા સમિતિ સમક્ષ ફેરતપાસ અરજી કરી શકશે :

પરંતુ ફી સુધારણા સમિતિને એવી ખાતરી થાય કે શાળા પૂરતા કારણસર ઠરાવેલી સમયમર્યાદામાં ફેરતપાસ અરજી દાખલ કરી શકી ન હતી, તો તે, ફેરતપાસ અરજી દાખલ કરવામાં થયેલા વિલંબને માફ કરી શકશે અને ત્રણ મહિનાથી મોડી નહિ તેમ ફેરતપાસ અરજી સ્વીકારી શકશે.

(૪) ફી સુધારણા સમિતિએ કરેલા હુકમો આખરી ગણાશે અને તે સ્વ-નિર્ભર શાળાને બંધનકર્તા રહેશે.

પ્રકરણ ૩

હિસાબોનું નિયમન અને રેકર્ડનો નિભાવ

હિસાબોનું નિયમન અને રેકર્ડનો નિભાવ.

૧૩. (૧) સરકારે, ઠરાવવામાં આવે તેવી રીતે, સ્વનિર્ભર શાળાઓ દ્વારા નિભાવવામાં આવતા હિસાબોનું નિયમન કરવું જોઈશે.

INDEX

(૨) સ્વનિર્ભર શાળાએ, ઠરાવવામાં આવે તેવી રીતે તેવા રેકર્ડ નિભાવવા જોઈશે.

(૩) દરેક સ્વનિર્ભર શાળાએ, વસૂલ કરેલી ફી, મેળવેલા અનુદાન, બિન-નિવાસી ભારતીયો પાસેથી મેળવેલા ફંડ સહિત મેળવેલી નાણાકીય સહાય, કર્મચારીવર્ગ (સ્ટાફ)ના પગારની ચુકવણી, યંત્રસામગ્રી અને સાધનસામગ્રી, ફર્નિચર, પ્રયોગશાળાની વસ્તુઓ, રમતગમતના સાધનો, ગ્રંથાલયના પુસ્તકો, સ્ટેશનરી (લેખનસામગ્રી)ની ખરીદી અને જુદી જુદી સેવાઓ માટે રોકેલી કે કામે રાખેલી એજન્સી, કંપનીને કરેલી ચુકવણી સહિત કરેલા અન્ય ખર્ચ જેવી જુદી જુદી પ્રકારની લેવડદેવડો માટે હિસાબો નિભાવવા જોઈશે અને આ હિસાબોનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવવું જોઈશે.

(૪) દરેક સ્વનિર્ભર શાળાએ, શૈક્ષણિક સંસ્થાની જગ્યામાં હિસાબો અને રેકર્ડ રાખવા જોઈશે અને ફી નિયમન સમિતિ અથવા તેના અધિકૃત અધિકારી દ્વારા તપાસ માટે તમામ વાજબી સમયે તેને ઉપલબ્ય કરાવવા જોઈશે.

(૫) સ્વનિર્ભર શાળાએ આવક અને ખર્ચની જુદી જુદી બાબતોને લગતા તમામ વાઉચર સાથે નિભાવેલા હિસાબો સાત વર્ષની મુદત સુધી સાચવવા જોઈશે.

પ્રકરણ ૪

ઉલ્લંઘન અને શિક્ષા

ઉલ્લંઘન અને શિક્ષા.

૧૪. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈના ઉલ્લંઘન માટે, શાળા સંચાલક મંડળ, માતાપિતા અથવા વાલી અથવા જેણે ચુકવણી કરી હોય તે વ્યકિતને ફીની બમણી રકમ રિફંડ કરવા ઉપરાંત,-

(ક) પ્રથમ ઉલ્લંઘન માટે, ફી નિયમન સમિતિને, રૂપિયા પાંચ લાખ સુધીનો દંડ ચૂકવવાને;

(ખ) બીજા ઉલ્લંઘન માટે, ફી નિયમન સમિતિને, ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયા પરંતુ દસ લાખ રૂપિયા સુધીનો દંડ ચૂકવવાને; અને

(ગ) ત્રીજું અને ત્યારપછીનું ઉલ્લંઘન કર્યેથી, ફી નિયમન સમિતિની ભલામણ પર સંબંધિત સત્તામંડળ દ્વારા શાળાનું રજિસ્ટ્રેશન/ જોડાણ/ ના વાંધા પ્રમાણપત્ર રદ કરવા અથવા પાછું ખેંચી લેવાને પાત્ર થશે.

(૨) દંડની રકમ અને રિફંડની રકમ, હુકમ મળ્યેથી પંદર દિવસની અંદર ચૂકવવાની રહેશે, જેમાં ચૂક થયેથી, દંડ અને રિફંડની કુલ રકમ ચૂકવવામાં આવે ત્યાં સુધી દરેક દિવસ માટે ચૂકવવાપાત્ર કુલ રકમના એક ટકા જેટલો દંડ લેવામાં આવશે. તેમ છતાં, શાળા સંચાલક મંડળ, ત્રણ મહિનામાં દંડ અને રિફંડ ચૂકવવામાં ચૂક કરે, તો વણચૂકવાયેલી સમગ્ર રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

દીવાની કોર્ટની હકૂમતને બાધ.

૧૫. કોઈપણ દીવાની કોર્ટને, આ અધિનિયમથી અથવા તે હેઠળ જે પ્રશ્નની તજવીજ કરવાની અથવા જેના અંગે નિર્ણય કરવાની સત્તા, ફી નિયમન સમિતિ અથવા યથાપ્રસંગ, ફી સુધારણા સમિતિને આપવામાં આવી હોય, તેવા કોઈ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તે અંગે નિર્ણય કરવાની કોઈ હકૂમત રહેશે નહિ અને આ અધિનિયમની કોઈ જોગવાઈઓ અનુસાર લીધેલાં કોઈ પગલાં અથવા લેવાના પગલાંના સંબંધમાં કોઈ દીવાની કોર્ટ દ્વારા કોઈપણ મનાઈ હુકમ આપી શકાશે નહિ.

પ્રકરણ ૫

પ્રકીર્ણ

આદેશો આપવાની રાજય સરકારની સત્તા.

૧૬. રાજય સરકાર, વખતોવખત, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અથવા તેમાં અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો અથવા હુકમોમાં સમાવિષ્ટ જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈનો અમલ કરવા માટે, તેના અભિપ્રાય પ્રમાણે જરૂરી અથવા ઈષ્ટ હોય તે પ્રમાણે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ સાથે સુસંગત હોય તેવા સામાન્ય અથવા ખાસ આદેશો આપી શકશે અને આવા આદેશો, સ્વનિર્ભર શાળાના સંચાલક મંડળને બંધનકર્તા રહેશે.

બીજા કાયદાનો અમલ.

૧૭. આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઈઓ તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા ઉપરાંતની અને તેનું અલ્પીકરણ ન કરતી હોય તેવી રહેશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

૧૮. આ અધિનિયમથી અથવા તે હેઠળ સત્તા વાપરવા અથવા કાર્યો કરવા માટે અધિકૃત કરેલી કોઈ સમિતિ અથવા તેના સભ્યો, સરકાર અથવા કોઈ અધિકારી અથવા સત્તામંડળ અથવા વ્યકિત વિરુધ્ધ આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે, કોઈપણ દાવો, ફોજદારી કાર્યવાહી અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

સમિતિના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ રાજયસેવક ગણાશે.

૧૯. સમિતિના તમામ સભ્યો અને અધિકારીઓ તથા કર્મચારીઓ, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસાર કાર્ય કરતા હોય અથવા તેમ કરતાં હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો.

નિયમો કરવાની સત્તા.

૨૦. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એવા નિયમોથી, નીચેની તમામ અથવા તે પૈકીની કોઈ બાબત માટે જોગવાઈ કરી શકશે :-

INDEX

(ક) કલમ ૩ની પેટા-કલમ (૩) હેઠળ ફી નિયમન સમિતિના સભ્યોને ચૂકવવાપાત્ર માનવેતન અને ભથ્થાં તેમજ તેમની સેવાની અન્ય બોલીઓ તથા શરતો બાબત ;

(ખ) કલમ ૯ની પેટા-કલમ (૧) હેઠળ સ્વનિર્ભર શાળા દ્વારા લેવાની ફી બાબત;

(ગ) જે પરિબળો હેઠળ ફી નિયમન સમિતિએ, કલમ ૧૦ની પેટા-કલમ (૧)ના ખંડ (૧૧) હેઠળ સ્વનિર્ભર શાળા દ્વારા લેવાપાત્ર ફી નિર્ધારીત કરવી જોઈશે તેવા અન્ય પરિબળો બાબત;

(ઘ) કલમ ૧૩ની પેટા-કલમ (૧) હેઠળ સ્વનિર્ભર શાળા દ્વારા હિસાબોના નિભાવનું નિયમન કરવા બાબત;

(ચ) કલમ ૧૩ની પેટા-કલમ (૨) હેઠળ ફી નિયમન સમિતિના હિસાબોના રેકર્ડના નિભાવ માટે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઈ રદ કરે અથવા કંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

મુશ્કેલી દૂર કરવાની સત્તા.

૨૧. (૧) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં સામાન્ય અથવા ખાસ હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવાના હેતુઓ માટે જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, એવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 106

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, APRIL 12, 2017/CAITRA 22, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૨મી એપ્રિલ,૨૦૧૭.

તારીખ: **૧૨ એપ્રિલ, ૨૦૧૭** ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૭**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક: ૨૧** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

આર.આર.ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 21 OF 2017.

THE GUJARAT PRIVATE UNIVERSITIES (SECOND AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના એપ્રિલ મહિનાની **૧૨મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 21 OF 2017.

AN ACT

further to amend the Gujarat Private Universities Act, 2009.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૧ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧૨મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

ગુજરાત મેરીટાઇમ બોર્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર–એ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકારને અરજી કરી છે; **સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.**

અને ચકાસણી સમિતિએ, સદરહુ અરજીની ચકાસણી કરેલી છે અને ચકાસણી સમિતિના અહેવાલ પરથી, રાજ્ય સરકારે, ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે સંબંધિત પુરસ્કર્તા મંડળને ઇરાદાપત્ર કાઢી આપ્યો છે;

અને રાજ્ય સરકારને ખાતરી થઇ છે કે સદરહુ અધિનિયમની કલમ ૧૦માં જોગવાઇ કર્યા પ્રમાણે, પુરસ્કર્તા મંડળ–એ ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે અને ઇરાદાપત્ર પ્રમાણેનું દેણગી ફંડ પણ સ્થાપ્યું છે;

તેથી, હવે, ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઇઓ અનુસાર, અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ઉપર્યુકત પુરસ્કર્તા મંડળના નામે અને સ્થળે અનુસૂચિના કોલમ ૨–માં નિર્દિષ્ટ કરેલી સંસ્થાને ખાનગી યુનિવર્સિટી તરીકે સમાવેશ કરે છે.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની અનુસૂચિનો સુધારો.

૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૨૫ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી :– **સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.**

અનુક્રમાંક	ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું.	નોંધણી અને નોંધણી નંબરની વિગતો.	પુરસ્કર્તા મંડળ.
૧.	૨.	૩.	૪.
''૨૬.	ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી, ગાંધીનગર.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર. જીયુજે/૧૮૧૩/ગાંધીનગર. તારીખ: ૨૧/૦૩/૨૦૧૧.	જીએમબી એજ્યુકેશન ટ્રસ્ટ, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, સેક્ટર ૧૦–એ, એર ફોર્સ સેન્ટરની સામે, ''છ'' રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦. ગુજરાત.''.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

ા ૮મા યમની નુસૂચિનો સુધારો.

૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૨૫ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી :– સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

અનુક્રમાંક	ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું.	નોંધણી અને નોંધણી નંબરની વિગતો.	પુરસ્કર્તા મંડળ.
૧.	૨.	૩.	૪.
"૨૬.	ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી, ગાંધીનગર.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર. જીયુજે/૧૮૧૩/ગાંધીનગર. તારીખ: ૨૧/૦૩/૨૦૧૧.	જીએમબી એજ્યુકેશન ટ્રસ્ટ, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, સેક્ટર ૧૦–એ, એર ફોર્સ સેન્ટરની સામે, "છ" રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦. ગુજરાત.".

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 107

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, APRIL 13, 2017/CAITRA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી એપ્રિલ, ૨૦૧૭

તારીખ: **૧૩મી એપ્રિલ, ૨૦૧૭** ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન **૨૦૧૭**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક:૨૨** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO.22 OF 2017.

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT (SECOND AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧૩મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 22 OF 2017.

AN ACT

further to amend the Gujarat Town Planning and Urban Development Act, 1976.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૨ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧૩મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મો.

૨. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ–૭માં,–

(૧) પેટા–કલમ (૧)માં, ખંડ (૨)માં, "નગર આયોજનની યોજનાઓ" એ શબ્દો પછી, "અથવા સ્થાનિક વિસ્તાર યોજના" એ શબ્દો દાખલ કરવા;

(૨) પેટા–કલમ (૨)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, વિસ્તાર વિકાસ સત્તામંડળ પાસેથી દરખાસ્ત મળ્યેથી અથવા અન્યથા, વિસ્તાર વિકાસ સત્તામંડળોના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ સત્તા અને કાર્યો સ્થાનિક સત્તામંડળ અથવા સત્તામંડળો અથવા પોતાની હકૂમતની અંદરના અધિકારીને સોંપી શકશે.".

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૭નો સુધારો.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૨૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં,-

(૧) પેટા–કલમ (૧)માં, ખંડ (૨)માં, "નગર રચના યોજના", એ શબ્દો પછી, "અથવા સ્થાનિક વિસ્તાર યોજના" એ શબ્દો દાખલ કરવા;

(૨) પેટા–કલમ (૨)ને બદલે,નીચેનો મજકૂર મૂકવો:-

"(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, શહેરી વિકાસ સત્તામંડળ પાસેથી દરખાસ્ત મળ્યેથી અથવા અન્યથા, શહેરી વિકાસ સત્તામંડળોના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ સત્તા અને કાર્યો સ્થાનિક સત્તામંડળ અથવા સત્તામંડળો અથવા પોતાની હકૂમતની અંદરના અધિકારીને સોંપી શકશે.".

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૪૯નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૯માં, પેટા–કલમ (૧)માં, ખંડ (ખ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:–

"પરંતુ આવી કોઈ પરવાનગી અથવા તે અંગેની શરત, કલમ ૪૮ની પેટા–કલમ (૨) હેઠળ મંજૂર કરેલા નગર રચના યોજનાના મુસદ્દા અને આવી મંજૂરી આપતી વખતે, સરકારના જાહેરનામાને અનુસારનું રહેશે.".

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૫૨નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ–૭૬–કમાં, પેટા–કલમ (૬) પછી, નીચેની પેટા–કલમો ઉમેરવી:-

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭ની કલમ ૭૬-૬–નો સુધારો.

"(૭) રાજ્ય સરકાર,પેટા–કલમ (૬)ના ખંડ (ક) હેઠળ, સ્થાનિક વિસ્તાર યોજનાને મંજૂરી આપે, ત્યારે તેણે (રાજ્ય સરકારે) જાહેરનામામાં નીચેની બાબતો જણાવવી જોઇશે–

(ક) સ્થાનિક વિસ્તાર યોજના, જે સ્થળે જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવી જોઇશે તે સ્થળ, અને

(ખ) સ્થાનિક વિસ્તાર યોજનાથી ઉત્પન્ન થયેલી તમામ જવાબદારીઓ જે તારીખે અમલમાં આવવાની હોય તે તારીખ:

પરંતુ રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, એકી સાથે ત્રણ મહિનાથી વધુ ન હોય તેવી, પોતાને ઉચિત જણાય તેમ આવી મુદત વખતોવખત લંબાવી શકશે.

(૮) સ્થાનિક વિસ્તાર યોજના અમલમાં આવે તે તારીખે અને તે તારીખ પછી, સ્થાનિક વિસ્તાર યોજના હેઠળ, કોઇ વ્યકિત, કોઇ જમીન કે જેનો તે ભોગવટો કરવા હકદાર નથી, તે જમીનનો ભોગવટો ચાલુ રાખે તો, ત્રણ મહિનાની અંદર તેણે તે જમીન સમુચિત સત્તામંડળને સોંપવી જોઇશે, અને તે તેમ કરવામાં ચૂક કરે તો, સમુચિત સતામંડળ, નોટિસમાં દર્શાવેલ મુદતની અંદર તે જમીન ખાલી કરાવવા માટે લેખિતમાં નોટિસ આપશે.કોઇ વ્યકિત આવી જમીન જેના માટે નોટિસ કાઢવામાં આવેલ હોય, તે (જમીન)

પર પોતાનો ભોગવટો ચાલુ રાખે તેવા કિસ્સામાં, સમુચિત સત્તામંડળે નીચે મુજબનાં પગલાં લેવાં જોઇશે:–

(ક) સ્થાનિક વિસ્તાર યોજના અથવા બાંધકામની આવી કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન અથવા સ્થાનિક વિસ્તાર યોજનાની કોઇ જોગવાઇઓનું પાલન કરવામાં આવેલ ન હોય તેવી સ્થાનિક વિસ્તાર યોજનામાં સમાવિષ્ટ જમીનમાંના કોઇ મકાન અથવા બીજા કામને દૂર કરશે, તોડી પાડશે અથવા તેમાં ફેરફાર કરશે.

(ખ) આ કલમ હેઠળ સમુચિત સત્તામંડળ દ્વારા કરવામાં આવેલ કોઇ ખર્ચ, આ અધિનિયમની જોગવાઇ હેઠળ સમુચિત સત્તામંડળને લેણી થયેલી રકમની વસુલાત માટે કરેલી જોગવાઇની રીતે કસૂરદાર વ્યકિત અથવા પ્લોટના માલિક પાસેથી વસૂલ કરવામાં આવશે.

(ગ) આ કલમની જોગવાઇઓ હેઠળ સમુચિત સત્તામંડળ દ્વારા લેવામાં આવેલ પગલાંને પરિણામે થયેલ કોઇ નુકસાન, ખોટ અથવા હાનિના સંબંધમાં કોઇ પણ વ્યકિત વળતર માટે હકદાર થશે નહિ, સિવાય કે પેટા–કલમ (૭)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલી તારીખ પહેલાં મકાનનું બાંધકામ અથવા કામ શરૂ કરવામાં આવેલ હોય અને માત્ર આવા મકાન અથવા કામને લાગુ પડે તે તારીખ સુધીમાં આગળ વધેલ હોય:

પરંતુ આ પેટા–કલમ દ્વારા બાધિત ન હોય તેવો કોઇ વળતરનો કોઇ દાવો, દાવેદાર અને સમુચિત સત્તામંડળ વચ્ચે કરવામાં આવેલ કોઇ કબુલાતની શરતને અધીન રહેશે.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૯માં, પેટા–કલમ (૧)માં, "રાજ્ય સરકારની પૂર્વસંમતિથી" એ શબ્દો પછી, "અથવા, રાજ્ય સરકાર આપમેળે" એ શબ્દો દાખલ કરવા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 108

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] **MONDAY, APRIL 17, 2017/CAITRA 27, 1939**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર. ૧૭મી એપ્રિલ,૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ **વિભાગ–ના તારીખઃ ૧લી એપ્રિલ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક. જીએચ/વી/ ૨૦૧૭નો ૬૧/ યુએનડી–૧૧૨૦૧૩–૧૨૮૮–એલ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

આર.આર.ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Regularisation of Unauthorised Development Act, 2011.

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૧૧ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧લી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૧૧.

ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૭નો ૬૧/યુએનડી-૧૧૨૦૧૩-૧૨૮૮-એલ:- ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૧૧ (સન ૨૦૧૧ના ગુજરાતના ૨૬મા)ની કલમ ૧૨ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અપીલીય અધિકારી તરીકે સૌરાષ્ટ્ર પ્રદેશ અને દક્ષિણ ગુજરાત પ્રદેશ માટે શ્રી અનુપમ આનંદ(આઇએએસ),સચિવ, મહિલા અને બાળ વિકાસ વિભાગ-ને અને ઉત્તર ગુજરાત પ્રદેશ અને મધ્ય ગુજરાત પ્રદેશ માટે શ્રી મિલિન્દ તોરવણે, સચિવ (ગૃહનિર્માણ)-ને નીમે છે. દક્ષિણ ગુજરાત પ્રદેશ માટેની અપીલ, મહિનામાં બે વખત સુરત ખાતે સાંભળવામાં આવશે અને બાકીની અપીલ, ગાંધીનગર ખાતે સાંભળવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી

અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 109

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, APRIL 18, 2017/CAITRA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર. ૧૮મી એપ્રિલ,૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૧મી માર્ચ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક (૧) જીએચ/વી/૨૦૧૭નો ૪૨/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪ /ભાગ-૨/વી.** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર.આર.ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

notification

Under

THE GUJARAT METROPOLITAN PLANNING COMMITTEES ACT, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક. જીએચ/વી/૨૦૧૭નો ૪૨/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ-૨/વીઃ- ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, તા. ૧૧-૦૩-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૬નો ૫૯/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી. થી સુરતના મહાનગર વિસ્તાર માટે ૮ સભ્યોની બનેલી મહાનગર આયોજન સમિતિ (મેટ્રોપોલિટન પ્લાનિંગ કમિટિ)ની રચના કરેલી છે. ત્યાર પછી ગુજરાત સરકારે, તા. ૨૦-૦૨-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૭નો ૩૨/ ડીપીસી/ ૧૦૯૭/ ૧૩૮૪/ભાગ-૫/વી. થી સુરતના મહાનગર વિસ્તાર માટે વધુ ૭ સભ્યોની નિમણૂક કરી હતી. હવે, ગુજરાત સરકાર, કલમ ૩ ની પેટા કલમ (૨) ના ખંડ (૧૦) હેઠળ, સુરત મહાનગર વિસ્તાર માટેની મહાનગર આયોજન સમિતિમાં ચૂંટાયેલા વધુ ૩૦ સભ્યોની નીચે પ્રમાણે નિમણૂક કરે છે :-

અનુક્રમાંક	નામ	હોદ્દો
૧	શ્રીમતી અતોદરિયા કલ્પનાબેન મદનસિંહ	સભ્ય
૨	શ્રી ઉકાણી રમેશ	સભ્ય
૩	શ્રી કણસાગરા સુરેશભાઈ કાનજીભાઈ	સભ્ય
૪	શ્રીમતી કાપડિયા કિશોરીબેન રાજેન્દ્રભાઈ	સભ્ય
૫	શ્રી ઠાકર નીતિનભાઈ દેવપ્રસાદભાઈ	સભ્ય
૬	શ્રી દલાલ મુકેશ ચંદ્રકાંત	સભ્ય
૭	શ્રીમતી દેસાઈ અનિતાબેન યશોધરભાઈ	સભ્ય
૮	શ્રી દેસાઈ રાજેશભાઈ મનુભાઈ	સભ્ય
૯	શ્રીમતી નિકમ ઉજ્વલાબેન શશીકાંતભાઈ	સભ્ય
૧૦	શ્રી પટેલ જગદીશભાઈ	સભ્ય
૧૧	શ્રી પટેલ નરેશભાઈ મફતભાઈ	સભ્ય
૧૨	શ્રી પટેલ પ્રવીણભાઈ મગનભાઈ	સભ્ય
૧૩	શ્રી પટેલ મુકેશભાઈ બાબુભાઈ	સભ્ય
૧૪	શ્રીમતી પટેલ સુચિત્રાબેન સુભાષભાઈ	સભ્ય
૧૫	શ્રીમતી પરાતે જયશ્રીબેન શૈલેષભાઈ	સભ્ય
૧૬	શ્રી બારડ દિગ્વિજયસિંહ નરસિંહ	સભ્ય
૧૭	શ્રી બેલડિયા હિંમતભાઈ ગગજિભાઈ	સભ્ય
૧૮	શ્રી ભંડેરી કાંતિભાઈ હિરજીભાઈ	સભ્ય
૧૯	શ્રી મરાઠે સોમનાથભાઈ રઘુનાથભાઈ	સભ્ય
૨૦	શ્રી માલી રાકેશભાઈ ચંપકલાલ	સભ્ય

INDEX

અનુક્રમાંક	નામ	હોદ્દો
૨૧	શ્રી મિશ્રા ગિરજાશંકરભાઈ વિભૂતીનારાયણ	સભ્ય
૨૨	શ્રી મોરડિયા વિનોદભાઈ અમરશીભાઈ	સભ્ય
૨૩	શ્રી રાજપૂત અમિતસિંહ જમનાસિંહ	સભ્ય
૨૪	શ્રીમતી રમીમાલી ઉર્વશીબેન અનિમેષભાઈ	સભ્ય
૨૫	શ્રી વઘાસિયા ભરતભાઈ મોનાભાઈ	સભ્ય
૨૬	શ્રી શાહ નિરવ સુરેશચંદ્ર	સભ્ય
૨૭	શી શાહ રૂપલ કમલભાઈ	સભ્ય
૨૮	શ્રી સિંહ દયાશંકર સકલનારાયણ	સભ્ય
૨૯	શ્રીમતી સુમરા નેન્સી મોહનભાઈ	સભ્ય
૩૦	શ્રીમતી જયરાજકુંવરબા દેવરાજસિંહ	સભ્ય

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એમ. પટેલ,

સરકારના સેકશન અધિકારી.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 110

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, APRIL 18, 2017/CAITRA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર. ૧૮મી એપ્રિલ,૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના સરકારી જાહેરનામા કમાંક જીએચ/વી/૨૦૧૭નો ૩૨/ડીપીસી/ ૧૦૯૭/૧૩૮૪/ભાગ–૫ / વી–** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

આર.આર.ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

NOTIFICATION

Under

THE GUJARAT METROPOLITAN PLANNING COMMITTEES ACT, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક. જીએચ/વી/૨૦૧૭નો ૩૨/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ-૫/વીઃ- ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, તારીખઃ૧૧-૦૩-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/વી/૨૦૧૬નો ૫૯/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી. થી, સુરતના મહાનગર વિસ્તાર માટે ૮ સભ્યોની બનેલી મહાનગર આયોજન સમિતિ (મેટ્રોપોલિટન પ્લાનિંગ કમિટી) રચેલી છે. હવે, ગુજરાત સરકાર, કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૯) હેઠળ, સુરતના મહાનગર વિસ્તાર માટેની મહાનગર આયોજન સમિતિમાં વધુ ૭ સભ્યોની નિમણૂક કરે છે, જે ૭ સભ્યોના નામ નીચે પ્રમાણે છેઃ-

અનુક્રમાંક	નામ	હોદ્દો
૧	શ્રી કે. ઓ. શાહ	સભ્ય
૨	ડૉ. જી. જે. જોષી	સભ્ય
૩	શ્રી પી. સી. શાહ	સભ્ય
૪	શ્રી નિહાર ડૉક્ટર	સભ્ય
૫	શ્રી જીગ્નેશભાઈ પટેલ	સભ્ય
૬	શ્રી કે. સી. મહેતા	સભ્ય
૭	શ્રી આર. જે. પટેલ (નિવૃત્ત આઈએએસ)	સભ્ય

પરંતુ સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૧૦) હેઠળ સમિતિના બાકીના ૩૦ સભ્યોની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.વી. શાહ,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 111

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, APRIL 18, 2017/CAITRA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ** ના તારીખ : ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ-૨૦૧૬-૭૬-બીઆરટી-૧૫૨૦૧૫-૮૮૩-ડી-૩** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Senior Laboratory Assistant, Class-III, in the Commissionerate of Geology and Mining, Recruitment Rules, 2016.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, સિનિયર લેબોરેટરી આસિસ્ટન્ટ, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ–૨૦૧૬–૭૬–બીઆરટી–૧૫૨૦૧૫–૮૮૩–ડી–૩:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, સિનિયર લેબોરેટરી આસિસ્ટન્ટ, વર્ગ ૩, ભરતી નિયો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, સિનિયર લેબોરેટરી આસિસ્ટન્ટ, વર્ગ–૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, સિનિયર લેબોરેટરી આસિસ્ટન્ટ, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૩માં, ખંડ (ખ)માં, પેટા–ખંડ (૧)માં, "અથવા ભૂસ્તરવિજ્ઞાન" એ શબ્દો કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. ચૌધરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 112

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, APRIL 18, 2017/CAITRA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૭.

તારીખ : ૧૮ એપ્રિલ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૨૩** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ

INDEX

INDEX

GUJARAT ACT NO. 23 OF 2017.

THE GUJARAT LAND REVENUE (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **એપ્રિલ** મહિનાની **૧૩મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

શ્રીનિવાસ કટિકિથાલા,
ગુજરાત સરકારના અગ્ર સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 23 OF 2017.

AN ACT

further to amend the Gujarat Land Revenue Code, 1879.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૩ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧૮મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯થી, જમીન મહેસૂલ અને ફેરફારના રજિસ્ટર અને હકપત્રના નિભાવના હેતુ માટે, જમીનોના સંબંધમાં હકપત્ર તૈયાર કરવાની, તેને અદ્યતન કરવાની અને તેની જાળવણી કરવા માટેની જોગવાઇ કરી છે;

અને રાજયમાં થઇ રહેલી ઝડપી આર્થિક અને બીજી વિકાસલક્ષી પ્રવૃત્તિઓને કારણે, કલેકટર અથવા યથાપ્રસંગ, સરવે અધિકારીઓએ નક્કી કરેલી હદ કરતાં વધારે વિસ્તારો વિસ્તારવામાં આવ્યા હોય ત્યારે અમુક પરિવર્તનીય વિસ્તારો (Transitional areas) અસ્તિત્વમાં આવ્યા છે અને ગ્રામ્ય, અર્ધ શહેરી અથવા શહેરી વિસ્તારોના મિશ્રણથી બનેલા સંપૂર્ણપણે નવા અથવા અન્યથા સંયોજિત વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે, જેને પરિણામે રાજયના પ્રાચીન ગામ, નગર અથવા શહેરી વિસ્તારમાં પરિવર્તન થયું છે;

INDEX

અને ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ તેમજ બીજા મહેસૂલ કાયદાથી, ગુજરાત રાજયમાં ધારણ કરનારા અને ભોગવટો કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવાની જમીન અંગે બોલીઓ અને શરતો અથવા યથાપ્રસંગ, નિયંત્રણો નિયત કરવામાં આવે છે;

અને આવા મહેસૂલ કાયદામાં જોગવાઇ કરેલી બોલીઓ અને શરતો અથવા નિયંત્રણોના ઉલ્લંઘનથી આવા પરિવર્તનીય વિસ્તારોમાં થઇ રહેલો વિકાસ, ફેરફારના રજિસ્ટરમાં અને હકપત્રમાં જમીન ધારણ વગેરે અંગેની ખરેખરી સ્થિતિ નહિ દર્શાવવાને પરિણામે જમીન પરના અપૂર્ણ હક, માલિકી હક અને હિતસંબંધ તરફ દોરી ગયો છે;

અને તેના પરિણામે, ફેરફારના રજિસ્ટરમાં અને હકપત્રમાં નોંધાયેલા ખાતાની ખરેખરી સ્થિતિ નક્કી કરવામાં વ્યાપક પ્રમાણમાં થતી અસમાનતાના કારણે, મહેસૂલ કાયદાના સરળ વહીવટમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે;

અને રાજય સરકારને, જમીન મહેસૂલના સેટલમેન્ટ, રૂપાંતરિત વેરો અને પ્રીમિયમની રકમ તથા બીજા સરકારી લેણાં ભરવા વગેરે હેતુ માટે, આવી તમામ ધારણ કરેલી જમીનને રેકર્ડ પર લાવવા માટે, માંડવાળ ફી અને પ્રીમિયમની રકમ તથા બીજા સરકારી લેણાંની રકમ ભર્યેથી અમુક મહેસૂલ કાયદાના ઉલ્લંઘનને કારણે ઊભી થતી નિર્દિષ્ટ કરેલી કાર્યવાહીની જોગવાઇ કરવા માટે તેમજ ખાતાની ચોક્કસ અને સાચી સ્થિતિને પણ રેકર્ડ પર લાવવાના હેતુ માટે તથા ફેરફારના રજિસ્ટર અને હકપત્રને તેની વર્તમાન સ્થિતિમાં લાવવાના હેતુ માટે, ખાનગી જમીનોનું પૂરક સેટલમેન્ટ કરવા માટેની ખાસ જોગવાઇઓ કરીને, પરિવર્તનીય વિસ્તારોમાં આવેલી જમીનો પરના ફેરફારોનું રજિસ્ટર તૈયાર કરવાનું, તેને અદ્યતન કરવાનું અને તેનો નિભાવ કરવાનું ઇષ્ટ જણાયું છે;

આથી,ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) અધિનિયમ,૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૮૭૯-ના મુંબઇના ૫-મા અધિનિયમની કલમ ૧૮-નો સુધારો.

૨. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૮-માં, ''પ્રકરણો ૮, ૮-ક, ૯ તથા સન ૧૮૭૯નો મુંબઇનો ૫-મો.

INDEX

૧૦'' એ શબ્દો, આંકડા અને અક્ષરને બદલે, ''પ્રકરણો ૮, ૮-ક, ૯, ૯-ક અને ૧૦''એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા.

૩. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૯ પછી, નીચેનું નવું પ્રકરણ દાખલ કરવું :- સન ૧૮૭૯-ના મુંબઈના ૫-મા અધિનિયમમાં નવું પ્રકરણ ૯-ક દાખલ કરવા બાબત.

''પ્રકરણ ૯-ક

પરિવર્તનીય વિસ્તારોમાંની જમીન બાબત

૧૨૫-ક. આ પ્રકરણમાં, વિષય અથવા સંદર્ભથી કંઈ વિરુદ્ધ ન હોય, તો- અર્થઘટન અંગેની કલમ.

(૧) ''પરિવર્તનીય વિસ્તારમાંની જમીનો'' એટલે કલમ ૧૨૫-ખ-ની પેટા-કલમ (૧)માં વર્ણવેલી અને કલમ ૧૨૫-ખ-ની પેટા-કલમ (૨) હેઠળ કલેકટર-એ, નિર્ધારિત અને નિયત કરેલી ગામ, નગર અથવા શહેરી વિસ્તારની જમીનો તથા તેવી બીજી જમીન;

(૨) ''દાવા અંગેનું પ્રમાણપત્ર''એટલે સંબંધિત મુદત દરમિયાન ફેરફારના રજિસ્ટરમાં નોંધ દાખલ કરવા માટે અને દાવેદારે ચૂકવવાપાત્ર સરકારી લેણાં, કોઈ હોય, તો તે દર્શાવવા માટે અધિકૃત મહેસૂલ અધિકારીએ કાઢી આપેલું પ્રમાણપત્ર;

(૩) ''ના-લેણાં પ્રમાણપત્ર''એટલે કલમ ૧૩૫-ગ હેઠળ હકના સંપાદનની જાણ કરવાના હેતુ માટે, માંડવાળ ફી, પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી અને યથાપ્રસંગ, પ્રીમિયમ વગેરે સહિત તમામ સરકારી લેણાંની પૂરેપૂરી ચુકવણી દર્શાવતું અધિકૃત મહેસૂલ અધિકારીએ કાઢી આપેલું પ્રમાણપત્ર;

(૪) ''દાવેદાર'' એટલે સંબંધિત મુદત દરમિયાન પરિવર્તનીય વિસ્તારમાં આવેલી ખાનગી જમીનનો ખરેખરો અને શાંતિપૂર્ણ કબજો હોવાનો દાવો કરતી વ્યકિત;

(૫) ''માંડવાળ ફી'' એટલે રાજય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, કલમ ૧૨૫-છ ની પેટા-કલમ (૧)માં જણાવેલા અધિનિયમોની જોગવાઈઓ હેઠળ નિર્દિષ્ટ કરેલી કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે કલમ ૧૨૫-ડ ની પેટા-કલમ (૩) હેઠળ દાવાનો નિકાલ કરતાં પહેલાં, દાવેદારે ચૂકવવાની નાણાની એકત્રિત રકમ;

(૬) ''સરકારી લેણાં'' એટલે માંડવાળ ફી સિવાય કલમ ૧૨૫-છ-ની પેટા-કલમ (૧)માં જણાવેલા કાયદાની જોગવાઈઓના ઉલ્લંઘનના સંબંધમાં અથવા અન્યથા દાવેદારે સરકારને ચૂકવવાપાત્ર થઈ હોય એવા નાણાંની રકમ અને તેમાં તેની જમીનના

INDEX

સંબંધમાં કલમ ૧૪૮ અને કલમ ૭૩-ખ હેઠળ ચૂકવવાપાત્ર થતી હોય તેવી રકમોનો સમાવેશ થાય છે;

(૭) ''ઠરાવેલું'' એટલે રાજય સરકારે કરેલા નિયમોથી ઠરાવેલું;

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૩મો.

(૮) ''સંબંધિત મુદત'' એટલે સન ૨૦૧૭નો સુધારા અધિનિયમ અમલમાં આવે તે તારીખ પછી, સરકારે ઠરાવ્યા મુજબની તેવી મુદત;

(૯) ''પૂરક મહેસૂલ સેટલમેન્ટ'' એટલે માંડવાળની ફી, પ્રીમિયમની રકમ તથા તમામ બીજા સરકારી લેણાં ભર્યેથી, કલમ ૧૨૫-છ માં જણાવેલા મહેસૂલ કાયદાના ઉલ્લંઘનોમાંડવાળ કરીને ગામ, નગર અથવા શહેરી વિસ્તાર અથવા બીજા કોઈના (વિસ્તારના) ભાગની રચના કરતી અથવા તેને લગોલગ આવેલ હોય તેવા પરિવર્તનીય વિસ્તારમાંની જમીનોની વર્તમાન સ્થિતિ નક્કી કરવાના અને તેને રેકર્ડ પર લાવવાના હેતુથી, આ પ્રકરણ હેઠળ કરેલું પૂરક મહેસૂલ સેટલમેન્ટ;

(૧૦) ''પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી'' એટલે રાજય સરકાર ઠરાવે તેટલી પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી;

(૧૧) ''રાજય'' એટલે ગુજરાત રાજય.

ગામ, નગર અને શહેર તથા પરિવર્તનીય વિસ્તારોની ઘરથારની હદ કઈ રીતે નક્કી કરવી તે બાબત.

૧૨૫-ખ. (૧) રાજય સરકારનો અભિપ્રાય છે કે,-

(ક) રાજયમાં થઈ રહેલા વિકાસને કારણે, કલમ ૧૧૮માં વ્યાખ્યાયિત કરેલા ગામ અથવા કલમ ૧૨૬માં વ્યાખ્યાયિત કરેલા નગર અથવા શહેર અથવા તે બન્ને અને તેવા બીજા વિસ્તારોના સંયોજનથી નક્કી કરેલી હદ કરતાં વધારે વિસ્તારો વિસ્તારવામાં આવ્યા હોય ત્યારે અમુક વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે; અને

(ખ) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અને બીજા મહેસૂલ કાયદામાં જોગવાઈ કરેલી બોલીઓ અને શરતો અથવા નિયંત્રણોનું ઉલ્લંઘન કરીને અથવા કર્યા સિવાય, ગ્રામ્ય, અર્ધ શહેરી અથવા શહેરી વિસ્તારોના મિશ્રણથી બનેલા સંપૂર્ણપણે નવા અથવા અન્યથા સંયોજિત વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે, જે જમીનો પરના અપૂર્ણ હકો, માલિકી હકો અને હિતસંબંધો તરફ દોરી જાય છે, જેને પરિણામે ફેરફારના રજિસ્ટરમાં અને હકપત્રમાં જમીન ધારણ વગેરે અંગેની ખરેખરી સ્થિતિ દર્શાવી શકાતી નથી;

સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.

(૨) રાજય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી, સંબંધિત જિલ્લાના કલેકટરને, ગામ, નગર અથવા શહેરના ઘરથારમાં સમાવેશ કરેલી જમીનોમાંથી કઈ જમીનનો અને બીજી કઈ જમીનનો પરિવર્તનીય વિસ્તારોમાં સમાવેશ કરવો તે નક્કી કરવા માટે અને તેની હદ નક્કી કરવા માટે આદેશ આપી શકશે. રાજય સરકારે, આ રીતે આદેશ કર્યો હોય, ત્યારે તેની હદ નક્કી કરવી તે કલેકટર માટે કાયદેસર ગણાશે.

(૩) કલેકટર-એ, પેટા-કલમ (૨) હેઠળ પોતે નક્કી કરેલી આવા પરિવર્તનીય વિસ્તારની હદના નિર્ધારણ અને તેની ઠરાવણી અંગેનો રિપોર્ટ (અહેવાલ) રાજય સરકારને મંજૂરી માટે મોકલવો જોઈશે.

પૂરક મહેસૂલ સેટલમેન્ટની ઓળખ.

૧૨૫-ગ. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પરંતુ આ પ્રકરણની જોગવાઈઓને અધીન રહીને, ઈષ્ટ જણાય ત્યારે, જમીન મહેસૂલના સેટલમેન્ટને અને તેની સાથે સંકળાયેલા હકોના રેકર્ડ અને તેની જાળવણી અથવા તે પ્રકારના બીજા કોઈ હેતુને ધ્યાને લઈને, રાજય સરકાર, કલમ ૧૨૫-છમાં વર્ણવેલી જમીન સિવાયની બીજી કોઈ જમીનની બાબતમાં, કલમ ૧૨૫-ખ હેઠળ કલેકટર-એ નિર્ધારિત અને નિયત કરેલા પરિવર્તનીય વિસ્તારના સમગ્ર અથવા કોઈ ભાગના સંબંધમાં, પૂરક મહેસૂલ સેટલમેન્ટ કરવાનો આદેશ કરી શકશે.

મહેસૂલી અધિકારીઓની નિમણૂક.

૧૨૫-ઘ. રાજય સરકાર, કલમ ૧૨૫-ખ હેઠળનો રિપોર્ટ મળ્યેથી, રાજપત્રમાં જાહેરનામાથી, સંબંધિત વિસ્તારો માટે પૂરક મહેસૂલ સેટલમેન્ટ હાથ ધરવા માટે, પોતે જરૂરી ગણે, તેટલી સંખ્યામાં અને તેવા વિસ્તારો માટે અધિકૃત મહેસૂલી અધિકારીઓની નિમણૂક કરી શકશે.

પૂરક મહેસૂલ સેટલમેન્ટ માટે અનુસરવાની કાર્યવાહી.

૧૨૫-ચ. કલમ ૧૨૫-ઘ હેઠળ અધિકૃત કરેલા મહેસૂલી અધિકારીએ, કલમો ૧૨૫-જ-થી ૧૨૫-ઢ અનુસાર, પરિવર્તનીય વિસ્તારમાંની જમીનના સંબંધમાં પૂરક મહેસૂલ સેટલમેન્ટની સંક્ષિપ્ત કાર્યવાહી અનુસરવી જોઈશે.

પૂરક મહેસૂલ સેટલમેન્ટના ઉલ્લંઘન અને તેને બાકાત રાખવા બદલ માંડવાળ ફી બાબત.

૧૨૫-છ. (૧) નીચેના અધિનિયમો હેઠળ જે જમીન માટે કલેકટરની પૂર્વ-મંજૂરી લેવી જરૂરી હોય પણ મંજૂરી લીધી ન હોય અને અનધિકૃત વિકાસ કરવામાં આવ્યો હોય અથવા ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય, ત્યારે નીચેના અધિનિયમો હેઠળની શરત અથવા યથાપ્રસંગ, જોગવાઈઓના ઉલ્લંઘન માટે જેટલી પ્રીમિયમની રકમ અને બીજા સરકારી લેણાં લેવાપાત્ર હોય તેના સિવાય માંડવાળ ફી લેવાનું રાજય સરકાર માટે કાયદેસર રહેશે.

INDEX

સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો. (૧) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમો ૬૫ અને ૬૮ ;

સન ૧૯૪૮નો મુંબઈનો ૬૭મો. (૨) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪૩ ;

સન૧૯૫૮નો મુંબઈનો ૯૯મો. (૩) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૫૭;

સન૧૯૫૮નો મુંબઈનો ૬૨-મો. (૪) ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઈ હેઠળ લેવાપાત્ર અને વસૂલ કરવાપાત્ર સ્ટેમ્પ ડયુટી;

સન૧૯૪૭નો મુંબઈનો ૬૨-મો. (૫) ગુજરાત ખેતીની જમીનોના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના અધિનિયમ, ૧૯૪૭ની કલમો ૭, ૮ અને ૩૧;

(૬) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી વિભિન્ન મહેસૂલ કાયદા હેઠળની બીજી કોઇ કલમ.

(૨) નીચેની કક્ષાઓમાં આવતી જમીનો, પૂરક મહેસૂલ સેટલમેન્ટને અધીન રહેશે નહિ :-

(ક) દુમાલા ન હોય એવી તમામ સરકારી જમીનો;

(ખ) સ્થાનિક સત્તામંડળ અથવા વૈધાનિક સત્તામંડળની જમીનો;

સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો. (ગ) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૭૩કક હેઠળ આદિજાતિની જમીનો ;

સન૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મો. (ઘ) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ નગર રચના યોજનાઓ હેઠળ નિયત કરેલી અથવા અનામત રાખેલી જમીનો;

સન૧૯૫૩નો સૌરાષ્ટ્રનો અધિનિયમ ૩૪મો. (ચ) સૌરાષ્ટ્ર ભૂદાન યજ્ઞ અધિનિયમ, ૧૯૫૩ હેઠળ ફાળવેલી જમીનો;

સન૧૯૬૧નો ગુજરાતનો અધિનિયમ ૨૬મો. (છ) ગુજરાત ખેત જમીન ટોચ-મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ની જોગવાઈઓ હેઠળ સંપાદન કરેલી નવી અને અવિભાજય ભોગવટા-હકના આધારે ફાળવેલી જમીનો; અને

(જ) જળમાર્ગો અને જળાશયો, સરોવરો, નદીના પટો અને કુદરતી જળ-નિકાલ વ્યવસ્થા;

INDEX

(ઝ) મુકત કૃષિવિષયક ઉપયોગ માટેની હોય તેવી જમીનો અને કલમ ૬૫ અને કલમ ૬૫ ખ ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ના પરિચ્છેદ ૨ હેઠળની બાબતો અનુસાર મુકત બિન-કૃષિવિષયક હેતુ માટે ઉપયોગ કરાતી જમીનો સહિતની મુકત ખાનગી જમીનો;

(ટ) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી કોઇ બીજી જમીન.

મહેસૂલી અધિકારી દ્વારા જાહેર નોટિસ.

૧૨૫જ. પૂરક મહેસૂલ સેટલમેન્ટ કરવાના હેતુ માટે, મહેસૂલી અધિકારીએ, દાવેદારોને, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર અરજી કરવાનું જણાવતી જાહેર નોટિસો આપવી જોઇશે.

દાવેદાર દ્વારા અરજી.

૧૨૫ ઝ. (૧) દાવેદારે, સંબંધિત મુદત દરમિયાનના પોતાના કબજાના હેતુ માટેની પોતાની અરજીની સાથે, નીચેના દસ્તાવેજો પૈકી કોઇ એક અથવા વધારે દસ્તાવેજો રજૂ કરવા જોઇશે:-

(૧) વેચાણખત;

(૨) વેચાણ સમજૂતી;

(૩) વેચાણ કરવા અંગેની સમજૂતી;

(૪) કબજાનો પુરાવો આપતો કોઇ દસ્તાવેજ;

(૨) દાવેદારે, પોતાની ઓળખના હેતુ માટે, પોતાની અરજી સાથે નીચેના પૈકી કોઇ એક અથવા વધારે દસ્તાવેજો રજૂ કરવા જોઇશે :-

(૧) પાન કાર્ડ;

(૨) આધાર કાર્ડ ;

(૩) પાસપોર્ટ ;

(૪) ડ્રાઇવિંગ લાઇસન્સ;

(૫) મતદાર ઓળખપત્ર.

(૩) કોઇ વ્યકિત, કલમ ૧૨૫-ઝ હેઠળ અરજી ન કરે, તો અધિકૃત મહેસૂલી અધિકારી, આવી જમીનના સંબંધમાં અને કલમો ૧૨૫-ટ થી ૧૨૫-ઢ-ની જોગવાઇઓ અનુસાર પૂરક જમીન સરવે કરી શકશે અને આવી વ્યકિતનો કબજો, પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી અથવા યથાપ્રસંગ, માંડવાળ ફીની ચાર ગણી રકમ સુધીની રકમની ચુકવણીને અધીન રહેશે.

INDEX

અધિકૃત મહેસૂલ અધિકારી દ્વારા દાવેદારોને નોટિસ.

૧૨૫-૮. (૧) અધિકૃત મહેસૂલી અધિકારી, દાવેદારે કરેલા કબજાના દાવા અંગેના સંબંધમાં, ઠરાવે તેવી રીતે લેખિતમાં દાવેદારોને નોટિસ બજાવશે અથવા બજાવડાવશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નોટિસ આપ્યા પછી, અધિકૃત મહેસૂલી અધિકારીએ, કલમો ૯૬ અને ૯૭માં ઠરાવેલી કાર્યરીતિને ઉચિત ફેરફારો સાથે અનુસરવી જોઈશે.

(૩) સંબંધિત મુદત દરમિયાન, કબજાનો દાવો સાબિત કરવાની જવાબદારી, દાવેદાર ઉપર રહેશે.

મુકરર અધિકારી દ્વારા વાંધા મંગાવતી નોટિસ.

૧૨૫-૯. અધિકૃત મહેસૂલી અધિકારીએ, કલમ ૧૨૫-ઝ હેઠળની અરજી મળ્યા પછી, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, નોટિસ દ્વારા સંબંધિત મુદત દરમિયાન દાવેદારે કરેલા કબજાના દાવાના સંબંધમાં, આવી નોટિસની તારીખથી એક મહિનાની મુદતની અંદર કોઈ વ્યકિત પાસેથી વાંધા મંગાવતી નોટિસ બહાર પાડવી જોઈશે.

અધિકૃત મહેસૂલ અધિકારીનો નિર્ણય અને પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી નિર્ધારણ.

૧૨૫-૧૦. (૧) કલમ ૧૨૫-૯ હેઠળની નોટિસના સંબંધમાં કોઈપણ વાંધા મળ્યા ન હોય તેવા કિસ્સામાં, અધિકૃત મહેસૂલી અધિકારી, દાવાની યથાર્થતા અંગે વિચારણા કરશે અને દાવેદારને સુનાવણીની તક આપ્યા પછી, વિરુદ્ધનું સાબિત થાય તે સિવાય, દાવેદારની અરજી મંજૂર કરી શકશે.

(૨) કલમ ૧૨૫-૯ હેઠળ નોટિસ અનુસાર વાંધા મળ્યા હોય તેવા કિસ્સામાં, અધિકૃત મહેસૂલી અધિકારી, તે અંગે વિચારણા કરશે અને તમામ સંબંધિતને સુનાવણીની તક આપ્યા પછી તથા તેમણે કરેલા દાવા અંગે વિચારણા કર્યા પછી, દાવેદારની અરજી મંજૂર કરી શકશે અથવા તેને નામંજૂર કરી શકશે.

(૩) દાવેદારની અરજી, પેટા-કલમ (૨) હેઠળ નામંજૂર કરવામાં ન આવી હોય અને અધિકૃત મહેસૂલી અધિકારીને, સંબંધિત મુદત દરમિયાન, કબજા માટેના દાવેદારના દાવાની યથાર્થતા અંગે ખાતરી થાય તેવા કિસ્સામાં, તેમણે, રાજય સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવે તેવી પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી અથવા યથાપ્રસંગ, માંડવાળ ફી, પ્રીમિયમની રકમ અને બીજા સરકારી લેણાં, કોઈ હોય તો, તેની ચુકવણી કરવા માટે, દાવેદારને આદેશ આપતી નોટિસ આપવી જોઈશે.

અધિકૃત મહેસૂલી અધિકારી દ્વારા દાવાનું પ્રમાણપત્ર આપવા બાબત.

૧૨૫-૧૧. (૧) દાવેદાર પાસેથી પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફી અથવા યથાપ્રસંગ, માંડવાળ ફી, કોઈ હોય, તો તે મળ્યેથી, અધિકૃત મહેસૂલી અધિકારીએ, સંબંધિત મુદત દરમિયાન ફેરફારોના રજિસ્ટરમાં નોંધ કર્યા અંગેનું રાજય સરકાર ઠરાવે તેવા ફોર્મેટમાં અને તેવી રીતે માંડવાળ ફી

અને પૂરક મહેસૂલ સેટલમેન્ટ ફીની ચુકવણી દર્શાવતું અને પ્રીમિયમની રકમ તથા બીજા સરકારી લેણાં ચૂકવવાપાત્ર, હોય તો, તે જણાવતું દાવાનું પ્રમાણપત્ર આપવું જોઈશે.

(૨) અધિકૃત મહેસૂલી અધિકારીએ આપેલું પ્રમાણપત્ર, ૯૦ દિવસ સુધી માન્ય ગણાશે. આ મુદત દરમિયાન, દાવેદાર, પ્રમાણપત્રમાં સૂચવ્યા પ્રમાણે સરકારી લેણાં અને પ્રીમિયમ વગેરેની ચૂકવણી કરે, તો આ મતલબની નોંધ, ફેરફારોના રજિસ્ટરમાં કરવી જોઈશે અને ના-લેણાં પ્રમાણપત્ર આપવું જોઈશે, જે (પ્રમાણપત્ર), કલમ ૧૩૫-ગ હેઠળ હક સંપાદનનો રિપોર્ટ કરવા માટે માન્ય ગણાશે. દાવેદાર, ૯૦ દિવસની મુદતની અંદર સૂચવ્યા પ્રમાણે સરકારી લેણાં અને પ્રીમિયમની ચૂકવણી ન કરે, તો મહેસૂલી અધિકારીએ, દાવેદાર સામે સદરહુ નોંધમાં સરકારી લેણાંનો બોજો (ચાર્જ) દર્શાવતી નોંધ ફેરફારોના રજિસ્ટરમાં નોંધ કરવાની કાર્યવાહી કરવી જોઈશે.

(૩) ત્યારપછી કોઈપણ તબક્કે, દાવેદાર, સરકારી લેણાંની ચુકવણી કરીને તેમાંથી મુકત થવા ઈચ્છતો હોય અને બોજા (ચાર્જ)ની નોંધ, તેના દાવો કરાયેલા ભોગવટા વિરુદ્ધ કમી કરવામાં આવે, ત્યારે તેણે, ના-લેણાં પ્રમાણપત્ર કાઢી આપવા માટે, ઠરાવેલી રીતે અને રાજય સરકાર વખતોવખત જાહેર કરે તેવા ફોર્મેટમાં અધિકૃત મહેસૂલ અધિકારીને અરજી કરવી જોઈશે, જે (પ્રમાણપત્ર), કલમ ૧૩૫-ગ હેઠળ હક સંપાદનનો રિપોર્ટ કરવા માટે માન્ય ગણાશે.

અપીલ.

૧૨૫-ત. (૧) કલમ ૧૨૫-ઢ-ની પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ કરેલા મહેસૂલી અધિકારીના હુકમથી નારાજ થયેલી કોઇ વ્યકિત, તેવા હુકમની તારીખથી છ મહિનાની મુદતની અંદર તેવા અપીલ અધિકારી સમક્ષ અપીલ કરી શકશે :

પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે તેવી વ્યકિતને પૂરતાં કારણસર ઠરાવેલી સમયમર્યાદાની અંદર અપીલ કરતા અટકાવવામાં આવી હતી, તો તે, તેવી ઠરાવેલી સમયમર્યાદા પછી પણ, પરંતુ હુકમની તારીખથી વધુમાં વધુ છ મહિના સુધી અપીલ સ્વીકારી શકશે.

(૨) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, પોતે જરૂરી ગણે તેવા જુદા જુદા વિસ્તારો માટે અપીલ અધિકારીઓ તરીકે તેવા દરજજાના તેટલા અધિકારીઓને નીમી શકશે.

(૩) અપીલ અધિકારી, તેવી વ્યકિતને સુનાવણીની તક આપ્યા પછી, જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેવો હુકમ બહાલ રાખી શકશે, તેને સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

INDEX

ફેરતપાસ. **૧૨૫-થ.** રાજય સરકાર અથવા રાજય સરકારે અધિકૃત કર્યા હોય તેવા મહેસૂલી અધિકારી, કોઈ અધિકૃત મહેસૂલી અધિકારીએ આપેલા કોઈ આદેશ અથવા હુકમની કાયદેસરતા અથવા યોગ્યતા અંગે અને તેવા અધિકારીની કાર્યવાહીઓની નિયમિતતા અંગે પોતે અથવા યથાપ્રસંગ, જાતે ખાતરી કરવાના હેતુ માટે, તેવા કોઈ અધિકારીની કોઈ કાર્યવાહીઓના રેકર્ડ મંગાવી શકશે અને તપાસી શકશે. કોઈ કિસ્સામાં, રાજય સરકારને અથવા તેવા અધિકારીને એવું જણાય કે તેવી રીતે મંગાવેલા કોઈ નિર્ણય અથવા હુકમ અથવા કાર્યવાહીઓમાં કોઈ અનિયમિતતાનો સમાવેશ થાય છે, તો રાજય સરકાર અથવા તેવા અધિકારી, નવેસરથી કાર્યવાહીઓનું સંચાલન કરવા માટે, તેવા અધિકૃત મહેસૂલી અધિકારીને તે બાબત પાછી મોકલી શકશે.

દીવાની કોર્ટની હકૂમતને બાધ. **૧૨૫-દ.** કોઈપણ દીવાની કોર્ટને, કલમ ૧૨૫-ઢ હેઠળ અધિકૃત મહેસૂલી અધિકારી દ્વારા પ્રમાણપત્ર આપવાને અથવા ફેરફારોના રજિસ્ટરમાંની કોઈ નોંધને સ્પર્શતા કોઈ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તે અંગે નિર્ણય કરવાની કોઈ હકૂમત રહેશે નહિ અને આ પ્રકરણ હેઠળની એવી સત્તા અનુસાર લીધેલાં કોઈ પગલાં અથવા લેવાના પગલાંના સંબંધમાં કોઈ દીવાની કોર્ટ દ્વારા કોઈપણ મનાઈ હુકમ આપી શકાશે નહિ.

ક્ષતિપૂર્તિ. **૧૨૫-ધ.** આ પ્રકરણથી અથવા તે હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કાર્યમાં સંબંધમાં રાજય સરકાર અથવા રાજય સરકારના કોઈ અધિકારી સામે કોઈ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહીઓ થઈ શકશે નહિ.

કલેકટરો અને બીજા મહેસૂલી અધિકારીઓ ઉપર સેટલમેન્ટ કમિશનરની દેખરેખ અને નિયંત્રણ. **૧૨૫-ન.** કલેકટર અને તેમના તાબાના અધિકૃત મહેસૂલી અધિકારીઓ, રાજય સરકારના સમગ્ર વહીવટી નિયંત્રણને અધીન રહીને, સેટલમેન્ટ કમિશનરના નિયંત્રણ અને દેખરેખને અધીન રહેશે.

રજિસ્ટરો, નમૂનાઓ (ફીર્મ્સ) વગેરે ઠરાવવા અંગેની સેટલમેન્ટ કમિશનરની સત્તા. **૧૨૫-પ.** આ પ્રકરણના હેતુઓ પાર પાડવા માટે, સેટલમેન્ટ કમિશનરે, જુદા જુદા રજિસ્ટરો, નમૂનાઓ (ફોર્મ્સ), ફોર્મેટ વગેરે ઠરાવવા જોઈશે.

કલેકટરને આદેશ આપવા બાબત. **૧૨૫-ફ.**રાજય સરકાર, કોઈ પરિવર્તનીય વિસ્તારનું પૂરક મહેસૂલ સેટલમેન્ટનું કાર્ય સમગ્રતઃ અથવા અંશતઃ નક્કરપણે પૂર્ણ થયું છે એવી ખાતરી થયેથી, કલમ ૧૧૮ હેઠળ અથવા

યથાપ્રસંગ, કલમ ૧૨૬ હેઠળ તેવા વિસ્તારના સંબંધમાં પોતે જરૂરી ગણે તેવું પગલું લેવા માટે કલેકટરને આદેશ આપી શકશે.

૧૨૫-બ.બીજા કોઇરાજય અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ પ્રકરણની જોગવાઇઓનો ઉપરવટ અમલ થશે. પ્રકરણ ૯-ક નો ઉપરવટ અમલ.

૧૨૫-ભ. (૧) સન ૨૦૧૭ના સુધારા અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

પરંતુ સન ૨૦૧૭ના સુધારા અધિનિયમના આરંભથી ત્રણ વર્ષ પૂરા થયાં પછી આ કલમ હેઠળ આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલા કોઇપણ હુકમ સામે, સદરહુ પેટા-કલમમાં જણાવ્યા પ્રમાણે, કોઇ મુશ્કેલી વિદ્યમાન ન હતી તેવા આધાર પર કાયદાની કોઇ કોર્ટમાં પ્રશ્ન ઉઠાવી શકાશે નહિ.

(૩) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.''.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૧માં, પ્રથમ પરંતુક પછી, નીચેનો નવો પરંતુક ઉમેરવો :- સન ૧૮૭૯ના મુંબઇના પમા અધિનિયમની કલમ ૧૩૧નો સુધારો.

''વધુમાં, આવા સરવેના સંબંધમાં રેકર્ડ જાળવવાની રીત અને તેનું ફોર્મેટ ઠરાવવા અને આ કલમના અમલને કારણે બનેલા હોય તેવા તમામ મહેસૂલી રેકર્ડમાં તેની ન્યાયિક નોંધ લેવાનું તેમજ ફેરફારોના રજિસ્ટર અને સરવેના પરિણામે ઊભા થયેલા હકપત્રનો પ્રકાર અને ફોર્મેટ ઠરાવવાનું રાજય સરકાર માટે કાયદેસર ગણાશે.''

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૩માં, વિદ્યમાન જોગવાઇને પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને આવી રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની નવી પેટા-કલમ ઉમેરવી :- સન ૧૮૭૯ના મુંબઇના પમા અધિનિયમની કલમ ૧૩૩નો સુધારો.

INDEX

''(૨) અધિકૃત મહેસૂલી અધિકારીએ કલમ ૧૨૫-ઢ ની પેટા-કલમ (૨) અને પેટા-કલમ (૩)માં જોગવાઇ કરેલી સમાન રીતે અને રાજય સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા ફોર્મેટમાં ના-લેણાં પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે.''

સન ૧૮૭૯ના મુંબઇના ૫-મા અધિનિયમમાં નવી કલમ ૧૩૩-ક દાખલ કરવા બાબત.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૩ પછી, નીચેની નવી કલમ ૧૩૩ક દાખલ કરવી :-

હકપત્રમાં નોંધ કરાવવા માટેનો દાવો .

''૧૩૩ક.દરેક ના-લેણાં પ્રમાણપત્ર ધારક, કલમ ૧૩૫ ગ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે હકપત્રમાં નોંધ કરાવવા માટે પોતાનો દાવો રજૂ કરવા હકદાર થશે.

સન ૧૮૭૯ના મુંબઇના ૫-મા અધિનિયમની કલમ ૧૩૫-ખ નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-ખમાં, પેટા-કલમ (૧)માં, ''દરેક ગામમાં રાખવું''એ શબ્દોને બદલે, ''દરેક ગામ, નગર, પરિવર્તનીય વિસ્તાર અને શહેરમાં રાખવું''એ શબ્દો મૂકવા.

સન ૧૮૭૯ના મુંબઇના ૫મા અધિનિયમની કલમ ૧૩૫ગ-નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-ગ-માં, ''પટાની રૂએ અથવા બીજી રીતે''એ શબ્દોને બદલે, ''પટાની રૂએ અથવા કલમ ૧૨૫-ઢ-ની પેટા-કલમ (૨) અને (૩) અને કલમ ૧૩૩ (૨) હેઠળ કરેલા કોઇ ના-લેણાં પ્રમાણપત્રની અથવા બીજી રીતે'' એ શબ્દો મૂકવા.

સન ૧૮૭૯ના મુંબઇના ૫મા અધિનિયમની કલમ ૨૧૪-નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧૪માં, પેટા-કલમ (૨)માં, ખંડ (મ) પછી, નીચેના નવા ખંડો દાખલ કરવા :-

''(ય) જે રીતે અને જે મુદતની અંદર દાવેદારે કલમ ૧૨૫-જ હેઠળ પૂરક મહેસૂલ સેટલમેન્ટ કરવાના હેતુ માટે અરજી કરવી જોઇશે તે રીત અને તે મુદત;

(૨) કલમ ૧૨૫-ટ હેઠળ દાવેદારને નોટિસ આપવા માટેની રીત;

(લ) કલમ ૧૨૫-ઠ હેઠળ આપવાની નોટિસનો નમૂનો;

(વ) કલમ ૧૨૫-ડ હેઠળ આપવાની નોટિસનો નમૂનો;

(વક) કલમ ૧૨૫-ઢ હેઠળ આપવાના દાવાના પ્રમાણપત્ર અથવા ના-લેણાં પ્રમાણપત્રનું ફોર્મેટ;

(વખ) કલમ ૧૨૫ ઢ ની પેટા-કલમ (૩) હેઠળ અરજી કરવાની રીત અને તેનું ફોર્મેટ;

(વગ) કલમ ૧૩૩ની પેટા-કલમ (૨) હેઠળ આપવાના ના-લેણાંપ્રમાણપત્રની રીત અને ફોર્મેટ;

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 113

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, APRIL 18, 2017/CAITRA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** ના તારીખ: ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૭ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીપી/૧/એમકેએમ/૧૦૨૦૧૪/૨૬૦૬/છ** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Nitification

Regarding

The Staff Nurse, Class-III, in the Gujarat Ayurved Services, under the Directorate of Indian System of Medicine and Homeopathy, Recruitment Rules, 2017

નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી હેઠળ, ગુજરાત આયુર્વેદ સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૭

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીપી/૧/એમકેએમ/૧૦૨૦૧૪/૨૬૦૬/છ.– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલ તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી હેઠળ, ગુજરાત આયુર્વેદ સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩ ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે :–

૧. આ નિયમો નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી હેઠળ, ગુજરાત આયુર્વેદ સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી હેઠળ, ગુજરાત આયુર્વેદ સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩ ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ-૨ માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર–

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;

(ખ) આયુર્વેદિક નર્સિંગ (પરિચર્યા)માં ડિપ્લોમાં એટલે કે ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત ગુજરાત આયુર્વેદિક નર્સિંગ વિદ્યાશાખામાંથી મેળવેલ પાત્ર આયુર્વેદ નર્સિંગ અભ્યાસક્રમ પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે;

(૧) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ ૯-ક ની જોગવાઇઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સીધી પસંદગી માટે પોતાની અરજી કરવાના સમયે, એવી રીતે નોંધાયેલા (રજિસ્ટર થયેલા) ન હોય, તો તેણે, ધ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સીસ્ટમ ઓફ મેડીસીન-માં પોતાની નોંધણી કરાવવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. એમ. કુરેશી,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 114

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, APRIL 18, 2017/CAITRA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** ના **તારીખ : ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : કેવી/૨૦૧૬ નો ૧૯૪/ઈએસટી-૧૦૧૪-૩૦૫૧-આર** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amednment to the Chief Officer, Class II, in the Gujarat State Municipal Chief Officers' Service (Competitive Examination) Rules, 2016

ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ–૨ (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક: કેવી–૨૦૧૬નો ૧૯૪–ઈએસટી–૧૦૧૪–૩૦૫૧–આર:– ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭-ક-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારી સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૨ (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૨ (સ્પર્ધાત્મક પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૨ (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, ખંડ (ગ)માં, "નિયમ ૪માં ઉલ્લેખેલી પ્રારંભિક પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને રૂબરૂ મુલાકાતનો" એ શબ્દો અને આંકડાને બદલે, "નિયમ-૪માં ઉલ્લેખ્યા પ્રમાણે પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષાનો" એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૬માં,-

(૧) પેટા-નિયમ (૧)માં, "અંગ્રેજી ભાષામાં આપવાના રહેશે" એ શબ્દો પછી, "અને ગુજરાતી ભાષાના પ્રશ્નપત્રોના જવાબ ગુજરાતી ભાષામાં આપવાના રહેશે." એ શબ્દો ઉમેરવા;

(૨) પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૨) મુખ્ય પરીક્ષામાં સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રોના જવાબ ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં આપવાના રહેશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, પેટા-નિયમ (૨)માં, "મુખ્ય પરીક્ષામાં" એ શબ્દોને બદલે, "મુખ્ય પરીક્ષા (લેખિત)માં"એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા-નિયમ (૧)માં, "મુખ્ય પરીક્ષામાં" એ શબ્દોને બદલે, "મુખ્ય પરીક્ષા (લેખિત)માં" એ શબ્દો મૂકવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫-માં, "મુખ્ય પરીક્ષા" એ શબ્દો પછી, "અને ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી)" એ શબ્દો કમી કરવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭માં, પેટા-નિયમ (૩) ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૩) આયોગ, રાજપત્રમાં પ્રસિદ્ધિ માટે સરકારને પરિણામની નકલ મોકલશે.".

INDEX

૮. સદરહુ નિયમોમાં, અનુસૂચિમાં,-

(૧) વિભાગ-૧માં,-

(૧) પરિચ્છેદ (ખ)માં, "મુખ્ય પરીક્ષા (લેખિત પરીક્ષા) અને ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી)" એ શબ્દોને બદલે, "મુખ્ય પરીક્ષા" એ શબ્દો મૂકવા;

(૨) "૧. પ્રારંભિક પરીક્ષા" એ શીર્ષક હેઠળ, "મુખ્ય પરીક્ષા" એ શબ્દો, જ્યાં તે આવે છે ત્યાં તેને બદલે, "મુખ્ય પરીક્ષા (લેખિત)" એ શબ્દો મૂકવા;

(૩) "૨. મુખ્ય પરીક્ષા" એ શીર્ષક હેઠળ, પરિચ્છેદ (૧) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(૧) મુખ્ય પરીક્ષા માટેની લેખિત કસોટી, અનુસૂચિના વિભાગ-૩માં દર્શાવ્યા પ્રમાણે ચાર પ્રશ્નપત્રોની રહેશે.";

(૨) વિભાગ-૨-માં,-

(૧) કોષ્ટકમાં, કોલમ-૪માં, "૯૦ મિનિટ" એ આંકડા અને શબ્દને બદલે, "૭૫ મિનિટ" એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) નોંધ ૩-ને બદલે, નીચેની નોંધ મૂકવી:-

"૩. પ્રશ્નપત્ર, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં હેતુલક્ષી પ્રકારનું (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળું) રહેશે.";

(૩) વિભાગ-૩માં,-

(૧) બે જગ્યાએ આવતા "મુખ્ય પરીક્ષા" એ શબ્દોને બદલે, "મુખ્ય પરીક્ષા (લેખિત)" એ શબ્દો મૂકવા;

(૨) કોષ્ટકમાં, પ્રશ્નપત્ર નં. ૩ અને ૪-ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"પ્રશ્નપત્ર નં.	વિષય	ગુણ	સમયગાળો
૩	સામાન્ય અભ્યાસ-૧ (વર્ણનાત્મક)	૨૦૦	૩ કલાક
૪	સામાન્ય અભ્યાસ-૨ (વર્ણનાત્મક)	૨૦૦	૩ કલાક".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 115

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, APRIL 19, 2017/CAITRA 29, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૨૧મી માર્ચ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ/વી/૨૦૧૭નો ૪૪/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ-૨/વી.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Metropolitan Planning Committees Act, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૧ મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક: જીએચ/ વી/ ૨૦૧૭નો ૪૪/ ડીપીસી/ ૧૦૯૭/ ૧૩૮૪/ ભાગ-૨/ વી- ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, તા. ૨૪-૬-૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક: જીએચ/ વી/ ૨૦૧૬ નો ૧૩૪/ ડીપીસી/ ૧૩૮૪/ ભાગ-૨/ વી. થી વડોદરા મહાનગર વિસ્તાર માટે ૮ સભ્યોની બનેલી મહાનગર આયોજન સમિતિ (મેટ્રોપોલિટન પ્લાનિંગ કમિટિ)ની રચના કરેલી છે. ત્યારપછી ગુજરાત સરકારે, તા.૨૦-૨-૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક: જીએચ/ વી/ ૨૦૧૭ નો ૩૬/ ડીપીસી/ ૧૦૯૭/ ૧૩૮૪/ ભાગ-૫/ વી. થી વડોદરા મહાનગર વિસ્તાર માટે વધુ ૭ સભ્યોની નિમણૂક કરી હતી. હવે, ગુજરાત સરકાર, કલમ ૩ ની પેટા-કલમ (૨) ના ખંડ (૧૦) હેઠળ, વડોદરા મહાનગર વિસ્તાર માટેની મહાનગર આયોજન સમિતિમાં ચૂંટાયેલા વધુ ૩૦ સભ્યોની, નીચે પ્રમાણે નિમણૂક કરે છે:-

અનુક્રમાંક	નામ	હોદ્દો
૧	શ્રીમતી કાલે મમતા કેતનભાઇ	સભ્ય
૨	શ્રીમતી ખરાડે મનોરમાબેન પ્રદીપભાઇ	સભ્ય
૩	શ્રીમતી ચૌહાણ ભાવિનાબેન યોગેશભાઇ	સભ્ય
૪	શ્રીમતી ઠક્કર હેમિષા જયેશભાઇ	સભ્ય
૫	શ્રી દવે ગાર્ગી દિવ્યકાંત	સભ્ય
૬	શ્રી દધિચ અજિત ચંપાલાલ	સભ્ય
૭	શ્રીમતી દેસાઇ પ્રવિણા કમલેશ	સભ્ય
૮	શ્રી પગર મનિષ દિનકર	સભ્ય
૯	શ્રીમતી પટણી દિપિકાબેન ધર્મેન્દ્રભાઇ	સભ્ય
૧૦	શ્રી પટેલ અજિતભાઇ મનુભાઇ	સભ્ય
૧૧	શ્રીમતી પટેલ કલ્પનાબેન મુકેશભાઇ	સભ્ય
૧૨	શ્રી પટેલ કલ્પેશ મનુભાઇ	સભ્ય
૧૩	શ્રી પરમાર રમેશચંદ્ર નગીનભાઇ	સભ્ય
૧૪	શ્રીમતી પાટણવાડિયા ભાવનાબેન રમણભાઇ	સભ્ય
૧૫	શ્રી પંચાલ ધર્મેન્દ્ર હરિશભાઇ	સભ્ય
૧૬	શ્રીમતી ભટ્ટ રાધિકા મહેશ	સભ્ય

INDEX

અનુક્રમાંક	નામ	હોદ્દો
૧૭	શ્રી મહેતા શૈલેષભાઇ કનૈયાલાલ	સભ્ય
૧૮	શ્રીમતી રાય કંચનબેન જયદેવભાઇ	સભ્ય
૧૯	શ્રી વસાવા મોહનભાઇ નવધનભાઇ	સભ્ય
૨૦	શ્રી અમિન જૈમિન જશભાઇ	સભ્ય
૨૧	શ્રી ગાંધી નિતલકુમાર નવીનચંદ્ર	સભ્ય
૨૨	શ્રી પટેલ અરવિંદભાઇ ગોરધનભાઇ	સભ્ય
૨૩	શ્રીમતી દક્ષાબેન નટવરભાઇ	સભ્ય
૨૪	શ્રી પવાર વિજયકુમાર વિઠ્ઠલરાવ	સભ્ય
૨૫	શ્રી પ્રજાપતિ અરવિંદ પરષોત્તમભાઇ	સભ્ય
૨૬	શ્રીમતી મહેતા શકુંતલા જનકરંગ	સભ્ય
૨૭	શ્રી લિંબાચીયા અલ્પેશ મધુસૂદન	સભ્ય
૨૮	શ્રીમતી વ્યાસ તેજલબેન બિજલભાઇ	સભ્ય
૨૯	શ્રી શ્રીવાસ્તવ દીપક મધુભાઇ	સભ્ય
૩૦	શ્રીમતી હેમ્નાણી પરષોત્તમ મુળચંદ	સભ્ય

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.એમ.પટેલ,
સેક્શન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 116

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, APRIL 19, 2017/CAITRA 29, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ : ૧૦મી એપ્રિલ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : પીટી/૨૦૧૭/૧૧ /એમટીએ/૧૦૨૦૧૦/૪૦૬**/ખ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Motor Vehicles Tax Act, 1958.
ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ
જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૦મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક:પીટી / ૨૦૧૭ / ૧૧ / એમટીએ / ૧૦૨૦૧૦ / ૪૦૬ / ખ:- મુંબઇ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૮ના પેટા-નિયમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા મોટર વાહનોના સંબંધમાં, તારીખ: ૧૧/૦૪/૨૦૧૭થી તારીખ: ૨૦/૦૪/૨૦૧૭ સુધી અમલમાં આવે તે રીતે, જાહેર હિતમાં, મોટર વાહન વેરો ભરવા માટેની સમય મર્યાદા વધારે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મદ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 117

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, APRIL 20, 2017/CAITRA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહવ્યવહાર** વિભાગ ના **તારીખ : ૪થી એપ્રિલ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : પીટી/૨૦૧૭/૯/એમવીડી/૧૦૨૦૧૬//૪૧૮/ખ-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Motor Vehicles Act, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૨૦૧૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃપીટી/૨૦૧૭/૯/એમવીડી/૧૦૨૦૧૬/૪૧૮/ખઃ– મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના અધિનિયમ ક્રમાંક. ૫૯મા)ની કલમ ૧૧૦ની પેટા–કલમ (૩)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, **હવે પછી કોઈ વધુ મુકિત આપવામાં આવશે નહિ એ શરતને અધીન રહીને**, જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી તારીખ: ૩૧/૧૨/૨૦૧૭ સુધી કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૨૬ના પેટા–નિયમ (૩)ના કાર્યક્ષેત્રમાંથી ટ્રેલર્સને અને સેમી ટ્રેલર્સને મુકિત આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 118 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, APRIL 20, 2017/CAITRA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહવવ્યવહાર** વિભાગ– ના તારીખ : **૩જી એપ્રિલ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : પીટી/૨૦૧૭/૦૮/એમવીડી/૧૦૨૦૧૪/મંત્રી–૮૨/ખ–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Motor Vehicles Act, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૩જી એપ્રિલ, ૨૦૧૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: પીટી/૨૦૧૭/૦૮/એમવીડી/૧૦૨૦૧૪/મંત્રી-૮૨/ખ:- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના અધિનિયમ ક્રમાંક પ૯મા)ની કલમ ૧૧૦ની પેટા-કલમ (૩)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી તારીખ: ૩૧/૧૨/૨૦૧૭ સુધી, હવે પછી વધુ કોઇ મુક્તિ ન આપવાની શરતને અધીન રહીને, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૯૭ના પેટા-નિયમ (૩) ના કાર્યક્ષેત્રમાંથી એગ્રિકલ્ચર (ખેતીવિષયક) ટ્રેલર્સને, મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 119

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, APRIL 26, 2017/VAISAKHA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ **૧લી એપ્રિલ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા ક્રમાંકઃ**જીએચ/વી/૨૦૧૭નો ૬૦/એએચએમ/૧૩૨૦૧૬/૯૯૩/થ-૧.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ

INDEX

Notification

Under

The Gujarat Slum Areas (Improvement, Clearance and Redevelopment) Act, 1973.

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ)

અધિનિયમ, ૧૯૭૩ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૭નો ૬૦/એએચએમ/૧૩૨૦૧૬/૯૯૩/થ–૧:– ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ના ૧૧મા) (જેનો આમાં હવે પછી,'સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૫૬ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/૧૭૦/૨૦૧૩/પીઆરસી/૧૦૨૦૧૩/૭૮૩(૧)/થ–થી નિમાયેલા નિયત સત્તાધિકારીઓને,સદરહુ અધિનિયમની કલમ ૧૧ હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલી,કોઈ પણ ગંદા વસવાટ વિસ્તારને ગંદા વસવાટ નાબૂદી વિસ્તાર તરીકે જાહેર કરવાને લગતી રાજ્ય સરકારની સત્તા વાપરવા માટે અધિકૃત કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર.પી.પટેલ,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 120

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, APRIL 26, 2017/VAISAKHA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ **૭મી એપ્રિલ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા ક્રમાંકઃ**જીએસ/૧૨/૨૦૧૭/કભય/૧૦૨૦૧૪/૮૭/જી-૪(પાર્ટ ફાઈલ)** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ

INDEX

Notification
Regarding
Amendment to the Gujarat Non-Secretariat Clerks, Class III, (Training and Examination) Rules, 2016.

ગુજરાત બિન–સચિવાલય કારકુન, વર્ગ 3, (તાલીમ અને પરીક્ષા)

નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ / ૧૨/ ૨૦૧૭ /કભય / ૧૦૨૦૧૪ / ૮૭ /જી–૪ (પાર્ટ ફાઈલ) :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત બિન–સચિવાલય કારકુન, વર્ગ 3, (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો ગુજરાત બિન–સચિવાલય કારકુન, વર્ગ 3, (તાલીમ અને પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત બિન–સચિવાલય કારકુન, વર્ગ 3, (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૧૬ માં, પરિશિષ્ટ–ક માં, "પ્રશ્નપત્ર ૪ કોમ્પ્યુટર" ને લગતો સંપૂર્ણ ભાગ કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જ્વલંત ત્રિવેદી,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 121

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, APRIL 29, 2017/VAISAKHA 9, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ : ૧૧મી માર્ચ, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીપી-૦૯-એમકેએમ-૧૦૨૦૦૯-૧૬-છ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Lecturer, (Senior Scale) [Reader (Ayurved)], Class I, in the Government Ayurvedic Colleges, in Gujarat Ayurved Service, Recruitment Rules, 2016.

ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)], વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૧મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીપી/૦૯/એમકેએમ/૧૦૨૦૦૯/૧૬/છ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત આયુર્વેદ સેવામાં, નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી હેઠળની સરકારી આયુર્વેદિક કોલેજોમાં, આ નિયમો સાથે જોડેલ એનેક્ષર-૧માં જણાવેલા વિષયોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)], વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)], વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''આયુર્વેદિક ઉમેદવાર'' એટલે આયુર્વેદની પદવી (બેચલર ઓફ આયુર્વેદ મેડિસિન એન્ડ સર્જરી / બેચલર ઓફ સર્જરી એન્ડ આયુર્વેદ મેડિસિન) ધરાવતા અને તબીબી રજિસ્ટ્રેશનને લગતા અને તબીબી રજિસ્ટ્રેશન કરાવવાનું ફરમાવતા રાજ્ય અથવા કેન્દ્રીય કાયદા હેઠળ રજિસ્ટ્રેશન ધરાવતા ઉમેદવાર;

(ખ) 'એનેક્ષર'' એટલે આ નિયમો સાથે જોડેલું એનેક્ષર;

(ગ) ''સમકક્ષ લાયકાત'' એટલે ભારતીય ચિકિત્સા કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન) એ માન્ય કર્યા પ્રમાણેની લાયકાત.

૩. એનેક્ષર-૧માં જણાવેલા વિષય માટે, ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)], વર્ગ ૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ગુજરાત આયુર્વેદ સેવામાં, નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી હેઠળની સરકારી આયુર્વેદિક કોલેજોમાં, સંબંધિત વિષયોમાં, વ્યાખ્યાતા વર્ગ-૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, અને

(૩) નિયમ ૪ના ખંડ (ખ)માં ઠરાવ્યા પ્રમાણેની ભારતીય ચિકિત્સા કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન)એ માન્ય કર્યા પ્રમાણેની સંલગ્ન વિષયોમાંની લાયકાત સહિતની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય:

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ

INDEX

કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૪. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂકો અનુક્રમે ૧:૨ના પ્રમાણમાં કરવામાં આવશે:

પરંતુ આ જોગવાઈ આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી ત્રણ વર્ષની મુદત પછી અમલમાં આવશે.

૫. નિયમ-૩માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે.

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી એનેક્ષર ૧માં દરેક જગા સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા ભારતીય ચિકિત્સા કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન)એ માન્ય કર્યા પ્રમાણેની તેને સમકક્ષ લાયકાત અને એનેક્ષર ૧ના કોલમ (૪)માં ઠરાવ્યા પ્રમાણેનો અનુભવ ધરાવતો હોવો જોઈશે:

પરંતુ સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પદવી ધરાવતો હોય તેવો ઉમેદવાર ઉપલબ્ધ ન હોય, તો એનેક્ષર ૨-માં સંબંધિત વિષયની સામે દર્શાવેલા સંલગ્ન વિષયોમાં અનુસ્નાતકની પદવી અથવા ભારતીય ચિકિત્સા કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન)એ માન્ય કર્યા પ્રમાણેની પદવી ધરાવતો હોય, તેવા ઉમેદવારની સીધી પસંદગી માટે વિચારણા કરી શકાશે:

વધુમાં, નિયમિત પીએચ.ડી.ની પદવી ધરાવનારનો સંશોધનનો અનુભવ, એક વર્ષના અધ્યાપનના અનુભવને સમકક્ષ ગણાશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) સંસ્કૃત અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

સ્પષ્ટીકરણ :-

''અધ્યાપનનો અનુભવ'' એટલે ભારતમાં કાયદાથી સ્થપાયેલી યુનિવર્સિટી સાથે સંલગ્ન હોય તેવી માન્ય આયુર્વેદિક કોલેજોમાંનો અધ્યાપનનો અનુભવ.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

INDEX

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગી માટે અરજી કરતા ઉમેદવાર, અરજી કરવાના સમયે, એવી રીતે નોંધાયેલા (રજિસ્ટર થયેલા) ન હોય, તો તેણે, સ્ટેટ બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન-માં પોતાની નોંધણી કરાવવાની રહેશે.

૧૧. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

એનેક્ષર ૧

ક્રમાંક	વિષય	શિક્ષણ/લાયકાત	અનુભવ
(૧)	(૨)	(૩)	(૪)
૧	સંહિતા	એમ.ડી. (સંહિતા)	સંહિતામાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૨	રચના શરીર	એમ.ડી. (રચના શરીર)	*[સંહિતામાં] અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૩	ક્રિયા શરીર	એમ.ડી. (ક્રિયા શરીર)	ક્રિયા શરીરમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૪	દ્રવ્યગુણ	એમ.ડી. (દ્રવ્ય ગુણ)	દ્રવ્યગુણમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૫	રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના	એમ.ડી. (રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના)	**[સંહિતામાં] રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પનામાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૬	રોગનિદાન અને વિકૃત વિજ્ઞાન	એમ.ડી. (રોગનિદાન અને વિકૃત વિજ્ઞાન)	**[સંહિતામાં] રોગનિદાન અને વિકૃત વિજ્ઞાનમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૭	સ્વસ્થવૃત્ત	એમ.ડી. (સ્વસ્થવૃત્ત)	**[સંહિતામાં] સ્વસ્થવૃત્તમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૮	અગદતંત્ર અને વિધિ આયુર્વેદ	એમ.ડી. (અગદતંત્ર અને વિધિ આયુર્વેદ)	**[સંહિતામાં] અગદતંત્ર અને વિધિ આયુર્વેદમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૯	પ્રસૂતિ અને સ્ત્રી રોગ	એમ.ડી. (પ્રસૂતિ અને સ્ત્રી રોગ)	પ્રસૂતિ અને સ્ત્રી રોગમાં ***[અથવા સંહિતામાં] અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૧૦	કૌમાર ભૃત્ય	એમ.ડી. (કૌમાર ભૃત્ય)	કૌમાર ભૃત્યમાં ***[અથવા સંહિતામાં] અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૧૧	કાયા ચિકિત્સા	એમ.ડી. (કાયા ચિકિત્સા)	કાયા ચિકિત્સામાં ***[અથવા સંહિતામાં] અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૧૨	શલ્ય તંત્ર	એમ.ડી. (શલ્ય તંત્ર)	શલ્ય તંત્રમાં ***[અથવા સંહિતામાં] અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.
૧૩	શલાક્ય તંત્ર	એમ.ડી. (શલાક્ય તંત્ર)	શલાક્ય તંત્રમાં ***[અથવા સંહિતામાં] અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.

INDEX

ક્રમાંક	વિષય	શિક્ષણ/લાયકાત	અનુભવ
(૧)	(૨)	(૩)	(૪)
૧૪	પંચકર્મ	એમ.ડી. (પંચકર્મ)	**[સંહિતામાં] પંચકર્મમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ.

***નોંધ :-** આ ભરતી નિયમોમાં, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના (સુધારા) નિયમો મુજબ સુધારા (Extra No. 341) કરવામાં આવેલ છે.

૧. * ''સંહિતામાં'' એ શબ્દોને બદલે, ''રચના શરીરમાં'' એ શબ્દો વાંચવા.

૨. ** ''સંહિતામાં'' એ શબ્દો કમી કરવા.

૩. *** ''અથવા સંહિતામાં'' એ શબ્દો કમી કરવા.

એનેક્ષર ૨

ક્રમાંક.	જરૂરી વિશેષતા (વિશેષ વિષય).	સંલગ્ન વિષયનું નામ.
(૧)	(૨)	(૩)
૧	સ્વસ્થવૃત્ત	કાયાચિકિત્સા
૨	અગદતંત્ર	દ્રવ્યગુણ / રસશાસ્ત્ર
૩	રોગ વિજ્ઞાન	કાયાચિકિત્સા
૪	રચના શરીર	શલ્ય
૫	ક્રિયા શરીર	સંહિતા સિદ્ધાંત
૬	શલાક્ય	શલ્ય
૭	પંચકર્મ	કાયાચિકિત્સા
૮	બાળરોગ	પ્રસૂતિ અને સ્ત્રી રોગ / કાયાચિકિત્સા
૯	કાયાચિકિત્સા	મનસરોગ
૧૦	શલ્ય	નિશ્ચેતના એવમ્ ક્ષ-કિરણ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. વણઝારા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 122 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MAY 2, 2017/VAISAKHA 12, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ ના** તારીખ : **૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચઆર/૨૦૧૭/૨૩ /એલબીએલ/૧૯/ ૨૦૧૬/૭૬૯૯૨૦(૯)/એમ-૩.-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Motor Transport Workers Act, 1961.

મોટર ટ્રાન્સપોર્ટ કામદાર અધિનિયમ, ૧૯૬૧ હેઠળ

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭

મોટર ટ્રાન્સપોર્ટ કામદાર અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૨૩/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૬૨૦(૯)/એમ-૩:- મોટર ટ્રાન્સપોર્ટ કામદાર અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના અધિનિયમ ક્રમાંક. ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪ની પેટા- કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત રાજ્યને તે લાગુ પડતું હોય તેટલે સુધી, ગુજરાત સરકાર, આથી, તારીખ: ૧૭ મી જૂન, ૨૦૦૦ નું શ્રમ અને રોજગાર વિભાગનું જાહેરનામું ક્રમાંક:જીજે-૨૦૦૦/૧૧૮/એમટીએ-૨૦૦૦/૧૬૭૦-એમ(૩), નીચે પ્રમાણે વધુ સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, નીચેની નોંધો બદલવી:-

અનુસૂચિ

ક્રમાંક	અધિકારીઓ	વિસ્તાર
૧	૨	૩
૧	શ્રમ આયુક્ત અથવા નિયામક, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૨	અધિક શ્રમ આયુક્ત, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૩	નાયબ શ્રમ આયુક્ત, ગાંધીનગર (મુખ્ય કચેરી)	સમગ્ર ગુજરાત રાજ્ય
૪	મદદનીશ શ્રમ આયુક્ત, ગાંધીનગર (મુખ્ય કચેરી)	સમગ્ર ગુજરાત રાજ્ય
૫	સરકારી શ્રમ અધિકારી, ગાંધીનગર (મુખ્ય કચેરી)	સમગ્ર ગુજરાત રાજ્ય
૬	તમામ નાયબ શ્રમ આયુક્ત (નાયબ શ્રમ આયુક્ત, ગાંધીનગર (મુખ્ય કચેરી) સિવાય)	તેમના પોતપોતાના (સંબંધિત) વિસ્તારો/હકૂમત.
૭	તમામ મદદનીશ શ્રમ આયુક્ત (મદદનીશ શ્રમ આયુક્ત, ગાંધીનગર (મુખ્ય કચેરી) સિવાય)	તેમના પોતપોતાના (સંબંધિત) વિસ્તારો/હકૂમત.
૮	તમામ સરકારી શ્રમ અધિકારી, (સરકારી શ્રમ અધિકારી, ગાંધીનગર (મુખ્ય કચેરી) સિવાય)	તેમના પોતપોતાના (સંબંધિત) વિસ્તારો/હકૂમત.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. આર. મકવાણા,
સેક્શન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 123

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MAY 2, 2017/VAISAKHA 12, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય ગાંધીનગર,

તારીખ: ૨જી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ- ના તારીખ: ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચઆર/૨૦૧૭/૨૦/ એલબીએલ/૧૯/૨૦૧૬/ ૭૬૯૯૨૦(૬)/એમ-૩,** (૨) **જીએચઆર/૨૦૧૭/૨૦/ એલબીએલ/૧૯/૨૦૧૬/ ૭૬૯૯૨૦(૫)/એમ-૩,** અને(૩) **જીએચઆર/૨૦૧૭/૧૮/ એલબીએલ/૧૯/૨૦૧૬/ ૭૬૯૯૨૦(૪)/એમ-૩.** -ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Contract Labour (Regulation and Abolition) Act, 1970

કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭.

કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૨૦/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૬)/ એમ-૩ :- ગુજરાત રાજ્યને લાગુ પડતા, કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૮થી મળેલી સત્તાની રૂએ, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ: ૩૧/૧૨/૧૯૯૭ ના જાહેરનામા ક્રમાંક: જીયુ-૩૧૬/એમઆઈએસ-૧૦૯૭/ ૧૦૭૧૬/એમ-(૩) અનુસાર, ગુજરાત સરકાર, આથી,-

ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિને, સદરહુ અધિનિયમના હેતુઓ માટે નિરીક્ષક (ઇન્સ્પેક્ટર) તરીકે નીમે છે, અને

ખ) જે સ્થાનિક હદોની અંદર તેઓ પોતાના કાર્યો કરશે તે સ્થાનિક હદો તરીકે, સદરહુ અનુસૂચિના કોલમ-૩માં તેમની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તાર નક્કી કરે છે.

અનુસૂચિ

ક્રમાંક ૧	હોદ્દો ૨	વિસ્તાર ૩
૧	સરકારી શ્રમ અધિકારી/મદદનીશ શ્રમ આયુક્ત, સાબરકાંઠા	અરવલ્લી જિલ્લો
૨	સરકારી શ્રમ અધિકારી/મદદનીશ શ્રમ આયુક્ત, પંચમહાલ	મહીસાગર જિલ્લો
૩	સરકારી શ્રમ અધિકારી/મદદનીશ શ્રમ આયુક્ત, મોરબી	મોરબી જિલ્લો
૪	સરકારી શ્રમ અધિકારી/મદદનીશ શ્રમ આયુક્ત, દેવભૂમિ-દ્વારકા	દેવભૂમિ-દ્વારકા જિલ્લો
૫	મદદનીશ શ્રમ આયુક્ત, જૂનાગઢ	ગીર-સોમનાથ જિલ્લો
૬	સરકારી શ્રમ અધિકારી/મદદનીશ શ્રમ આયુક્ત, બોટાદ	બોટાદ જિલ્લો
૭	સરકારી શ્રમ અધિકારી/મદદનીશ શ્રમ આયુક્ત, છોટાઉદેપુર	છોટાઉદેપુર જિલ્લો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.આર.મકવાણા,
સેક્શન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

Notification
Under
The Contract Labour (Regulation and Abolition) Act, 1970
કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ
જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭.

કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૧૯/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૫)/ એમ-૩ :- ગુજરાત રાજ્યને લાગુ પડતા, કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭મા) (જેનો આમાં હવે પછી, " સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૧થી મળેલી સત્તાની રૂએ, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ: ૦૨/૧૨/૧૯૯૯ના જાહેરનામા ક્રમાંક: જીઆર-૯૯/૨૦૧/એમઆઈએસ-૧૦૯૭ /૧૦૭૧૬/એમ-(૩) અને તારીખ: ૧૪/૦૭/૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક. જીઆર-૨૦૦૦/૧૪૧/ એમઆઇએસ/૧૦૯૭/૧૦૭૧૬/એમ-(૩) અનુસાર, ગુજરાત સરકાર, આથી,-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિને, સદરહુ અધિનિયમના હેતુઓ માટે લાઇસન્સ અધિકારી તરીકે નીમે છે, અને

(ખ) જે સ્થાનિક હદોની અંદર તેઓ પોતાના કાર્યો કરશે તે સ્થાનિક હદો તરીકે, સદરહુ અનુસૂચિના કોલમ-૩માં તેમની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તાર નક્કી કરે છે.

અનુસૂચિ

ક્રમાંક	હોદ્દો	વિસ્તાર
૧	૨	૩
૧	મદદનીશ શ્રમ આયુક્ત, સાબરકાંઠા	અરવલ્લી જિલ્લો
૨	મદદનીશ શ્રમ આયુક્ત, પંચમહાલ	મહીસાગર જિલ્લો
૩	મદદનીશ શ્રમ આયુક્ત, મોરબી	મોરબી જિલ્લો
૪	મદદનીશ શ્રમ આયુક્ત, દેવભૂમિ-દ્વારકા	દેવભૂમિ-દ્વારકા જિલ્લો
૫	મદદનીશ શ્રમ આયુક્ત, જૂનાગઢ	ગીર-સોમનાથ જિલ્લો
૬	મદદનીશ શ્રમ આયુક્ત, બોટાદ	બોટાદ જિલ્લો
૭	મદદનીશ શ્રમ આયુક્ત, છોટાઉદેપુર	છોટાઉદેપુર જિલ્લો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.આર.મકવાણા,

સેક્શન અધિકારી,

શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

Notification
Under
The Contract Labour (Regulation and Abolition) Act, 1970
કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ
જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭.

કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૧૮/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૪)/એમ-૩ :- ગુજરાત રાજ્યને લાગુ પડતા, કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭મા) (જેનો આમાં હવે પછી, " સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૬થી મળેલી સત્તાની રૂએ, શ્રમ અને રોજગાર વિભાગના, તારીખ: ૦૨/૧૨/૧૯૯૯ના જાહેરનામા ક્રમાંક: જીઆર-૯૯/૨૦૧/એમઆઈએસ- ૧૦૯૭/૧૦૭૧૬/એમ-(૩) અને તારીખ: ૧૪/૦૭/૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક. જીઆર-૨૦૦૦/૧૪૧/ એમઆઇએસ/૧૦૯૭/૧૦૭૧૬/એમ-(૩) અનુસાર, ગુજરાત સરકાર, આથી,-

ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિને, સદરહુ અધિનિયમના હેતુઓ માટે નોંધણી અધિકારી તરીકે નીમે છે, અને

ખ) જે સ્થાનિક હદોની અંદર તેઓ પોતાના કાર્યો કરશે તે સ્થાનિક હદો તરીકે, સદરહુ અનુસૂચિના કોલમ-૩માં તેમની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તાર નક્કી કરે છે.

અનુસૂચિ

ક્રમાંક ૧	હોદ્દો ૨	વિસ્તાર ૩
૧	મદદનીશ શ્રમ આયુક્ત, સાબરકાંઠા	અરવલ્લી જિલ્લો
૨	મદદનીશ શ્રમ આયુક્ત, પંચમહાલ	મહીસાગર જિલ્લો
૩	મદદનીશ શ્રમ આયુક્ત, મોરબી	મોરબી જિલ્લો
૪	મદદનીશ શ્રમ આયુક્ત, દેવભૂમિ-દ્વારકા	દેવભૂમિ-દ્વારકા જિલ્લો
૫	મદદનીશ શ્રમ આયુક્ત, જૂનાગઢ	ગીર-સોમનાથ જિલ્લો
૬	મદદનીશ શ્રમ આયુક્ત, બોટાદ	બોટાદ જિલ્લો
૭	મદદનીશ શ્રમ આયુક્ત, છોટાઉદેપુર	છોટાઉદેપુર જિલ્લો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.આર.મકવાણા,

સેક્શન અધિકારી,

શ્રમ અને રોજગાર વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 124 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MAY 2, 2017/VAISAKHA 12, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય ગાંધીનગર,

તારીખ: ૨જી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગ- ના તારીખ: ૧૧મી એપ્રિલ, ૨૦૧૭ ના સરકારી **જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૦૮) વીએઆર-૨૦૧૭(૪૧)/ઠ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to The Gujarat Value Added Tax Rules, 2006.
ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી
જાહેરનામું.

નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૧મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩. ક્રમાંક: (જીએચએન-૦૮) વીએઆર-૨૦૧૭ (૪૧)/૬.- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬માં, નિયમ ૫૬-માં, પેટા-નિયમ (૨)માં, નીચેનો પરંતુક દાખલ કરવો.

"પરંતુ (અપીલ કરનાર અથવા યથાપ્રસંગ, અરજદાર પાસે) હાજર ન રહેવાના પૂરતા કારણો હતા એવી અપીલ સત્તાધિકારીને ખાતરી થાય, તો એવી રીતે કાઢી નાખેલી અથવા નામંજૂર કરેલી અપીલ અથવા અરજી, અપીલ કરનાર અથવા યથાપ્રસંગ, અરજદાર દ્વારા અરજી કર્યેથી, આવા નિર્ણયની તારીખથી નેવું દિવસોની અંદર, પુન:સ્થાપિત કરી શકાશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 125

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MAY 3, 2017/VAISAKHA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૩જી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ–ના તારીખઃ ૧૨મી એપ્રિલ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૧૪/૨૦૧૩/સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/જી.૫ – નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the class IV posts (in inferior Service) in the Gujarat Secretariat and non-Secretariat offices Recruitment Rules, 2005.

ગુજરાત સચિવાલય અને બિન–સચિવાલયની કચેરીઓમાં, વર્ગ–૪ની જગાઓના (નિમ્ન કક્ષાની સેવામાં) ભરતી નિયમો, ૨૦૦૫ સુધારવા સંબંધી જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૨મી એપ્રિલ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ/૧૪/૨૦૧૩/સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/જી.પ. – ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સચિવાલય અને બિન–સચિવાલયની કચેરીઓમાં, વર્ગ–૪ની જગાઓના (નિમ્ન કક્ષાની સેવામાં), ભરતી નિયમો, ૨૦૦૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો ગુજરાત સચિવાલય અને બિન–સચિવાલય કચેરીઓમાં વર્ગ–૪ની જગાઓના (નિમ્ન કક્ષાની સેવામાં) ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત સચિવાલય અને બિન–સચિવાલયની કચેરીઓમાં વર્ગ–૪ની જગાઓના (નિમ્ન કક્ષાની સેવામાં) ભરતી નિયમો, ૨૦૦૫માં, નિયમ ૩માં, ખંડ (૧)માં ''૨૫ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૩ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.એચ.મન્સુરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 126

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪૦૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX] MONDAY, MAY 14, 2018/VAISAKHA 24, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૧૮.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**–ના તારીખ: **૧૬મી જાન્યુઆરી, ૨૦૧૮**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ–૧૮–૨૦૧૮–આઈએસટી–૧૦–૨૦૧૬–૬૩–કે–૬**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

C:\Users\Administrator\Desktop\Extra Ordinary\IX\Ex. 126 The Seed Act, 1966 Dt 16-05-2018dsp.doc

INDEX

Notification

Under

The Seeds Act, 1966 and the Seeds (Control) Order, 1983.

બિયારણ અધિનિયમ, ૧૯૬૬ અને બિયારણ (નિયંત્રણ) હુકમ, ૧૯૮૩ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૮.

બિયારણ અધિનિયમ, ૧૯૬૬ અને બિયારણ (નિયંત્રણ) હુકમ, ૧૯૮૩.

ક્રમાંક: જીએચકેએચ-૧૮-૨૦૧૮-આઇએસટી-૧૦-૨૦૧૬-૬૩-કે-૬:- બિયારણ અધિનિયમ, ૧૯૬૬ (સન ૧૯૬૬ના પ૪મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ બિયારણ (નિયંત્રણ) હુકમ, ૧૯૮૩ના ખંડ ૧૨ સાથે વાંચતાં અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓની, ઉપર્યુક્ત અધિનિયમ અને હુકમના હેતુઓ માટે બિયારણ નિરીક્ષકો(સીડ ઇન્સ્પેકટરો) તરીકે નિમણૂક કરે છે અને સદરહુ અનુસૂચિની કોલમ ૩માં તે દરેકની સામે નિર્દિષ્ટ સ્થાનિક વિસ્તાર નક્કી કરે છે, જેમાં આવા દરેક નિરીક્ષકો તેમની હકૂમત વાપરશે.

અનુસૂચિ

અનુક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	ક્ષેત્રાધિકારનો સ્થાનિક વિસ્તાર
૧	૨	૩
૧	નાયબ કૃષિ નિયામક(ગુણવત્તા નિયંત્રણ),કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૨	મદદનીશ કૃષિ નિયામક (તકેદારી), કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૩	મદદનીશ કૃષિ નિયામક (કાયદા), કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૪	કૃષિ અધિકારી (ગુણવત્તા નિયંત્રણ-૧), કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૫	કૃષિ અધિકારી (ગુણવત્તા નિયંત્રણ-૨), કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૬	કૃષિ અધિકારી (ગુણવત્તા નિયંત્રણ-૩), કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૭	સંયુક્ત કૃષિ નિયામક (બિયારણ), કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૮	નાયબ કૃષિ નિયામક (બિયારણ), કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર	સમગ્ર ગુજરાત રાજ્ય
૯	સંયુક્ત કૃષિ નિયામક (વિસ્તરણ), મહેસાણા	સમગ્ર મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લો
૧૦	સંયુક્ત કૃષિ નિયામક (વિસ્તરણ), અમદાવાદ	સમગ્ર અમદાવાદ, ગાંધીનગર, ખેડા અને આણંદ જિલ્લો
૧૧	સંયુક્ત કૃષિ નિયામક (વિસ્તરણ), વડોદરા	સમગ્ર વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, પંચમહાલ, દાહોદ, નર્મદા અને મહીસાગર જિલ્લો
૧૨	સંયુક્ત કૃષિ નિયામક (વિસ્તરણ), સુરત	સમગ્ર સુરત, વલસાડ, નવસારી, ડાંગ અને તાપી જિલ્લો
૧૩	સંયુક્ત કૃષિ નિયામક (વિસ્તરણ), રાજકોટ	સમગ્ર રાજકોટ, જામનગર, કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લો
૧૪	સંયુક્ત કૃષિ નિયામક (વિસ્તરણ), જૂનાગઢ	સમગ્ર જૂનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર, બોટાદ અને ગીર સોમનાથ જિલ્લો

INDEX

અનુક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	ક્ષેત્રાધિકારનો સ્થાનિક વિસ્તાર
૧	૨	૩
૧૫	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), પાલનપુર, જિલ્લો: બનાસકાંઠા	સમગ્ર બનાસકાંઠા જિલ્લો
૧૬	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), પાલનપુર, જિલ્લો: બનાસકાંઠા	સમગ્ર બનાસકાંઠા જિલ્લો
૧૭	કૃષિ અધિકારી, પાલનપુર	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર પાલનપુર તાલુકો
૧૮	કૃષિ અધિકારી, વડગામ	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર વડગામ તાલુકો
૧૯	કૃષિ અધિકારી, દાંતા	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર દાંતા તાલુકો
૨૦	કૃષિ અધિકારી, દાંતીવાડા	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર દાંતીવાડા તાલુકો
૨૧	કૃષિ અધિકારી, અમીરગઢ	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર અમીરગઢ તાલુકો
૨૨	કૃષિ અધિકારી, ડીસા	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર ડીસા તાલુકો
૨૩	કૃષિ અધિકારી, ધાનેરા	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર ધાનેરા તાલુકો
૨૪	કૃષિ અધિકારી, કાંકરેજ	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર કાંકરેજ તાલુકો
૨૫	કૃષિ અધિકારી, દિયોદર	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર દિયોદર તાલુકો
૨૬	કૃષિ અધિકારી, વાવ	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર વાવ તાલુકો
૨૭	કૃષિ અધિકારી, થરાદ	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર થરાદ તાલુકો
૨૮	કૃષિ અધિકારી, ભાભર	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર ભાભર તાલુકો
૨૯	કૃષિ અધિકારી, સૂઈગામ	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર સૂઈગામ તાલુકો
૩૦	કૃષિ અધિકારી, લાખણી	બનાસકાંઠા જિલ્લાનો સમગ્ર લાખણી તાલુકો
૩૧	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), મહેસાણા	સમગ્ર મહેસાણા જિલ્લો
૩૨	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), મહેસાણા	સમગ્ર મહેસાણા જિલ્લો
૩૩	કૃષિ અધિકારી, મહેસાણા	મહેસાણા જિલ્લાનો સમગ્ર મહેસાણા તાલુકો
૩૪	કૃષિ અધિકારી, કડી	મહેસાણા જિલ્લાનો સમગ્ર કડી તાલુકો
૩૫	કૃષિ અધિકારી, બેચરાજી	મહેસાણા જિલ્લાનો સમગ્ર બેચરાજી તાલુકો
૩૬	કૃષિ અધિકારી, વિસનગર	મહેસાણા જિલ્લાનો સમગ્ર વિસનગર તાલુકો
૩૭	કૃષિ અધિકારી, ખેરાલુ	મહેસાણા જિલ્લાનો સમગ્ર ખેરાલુ તાલુકો
૩૮	કૃષિ અધિકારી, ઉંઝા	મહેસાણા જિલ્લાનો સમગ્ર ઉંઝા તાલુકો
૩૯	કૃષિ અધિકારી, સતલાસણા	મહેસાણા જિલ્લાનો સમગ્ર સતલાસણા તાલુકો
૪૦	કૃષિ અધિકારી, વિજાપુર	મહેસાણા જિલ્લાનો સમગ્ર વિજાપુર તાલુકો
૪૧	કૃષિ અધિકારી, વડનગર	મહેસાણા જિલ્લાનો સમગ્ર વડનગર તાલુકો
૪૨	કૃષિ અધિકારી, જોટાણા	મહેસાણા જિલ્લાનો સમગ્ર જોટાણા તાલુકો
૪૩	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), પાટણ	સમગ્ર પાટણ જિલ્લો
૪૪	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), પાટણ	સમગ્ર પાટણ જિલ્લો
૪૫	કૃષિ અધિકારી, પાટણ	પાટણ જિલ્લાનો સમગ્ર પાટણતાલુકો
૪૬	કૃષિ અધિકારી, સિધ્ધપુર	પાટણ જિલ્લાનો સમગ્ર સિધ્ધપુર તાલુકો
૪૭	કૃષિ અધિકારી, ચાણસ્મા	પાટણ જિલ્લાનો સમગ્ર ચાણસ્મા તાલુકો
૪૮	કૃષિ અધિકારી, સમી	પાટણ જિલ્લાનો સમગ્ર સમી તાલુકો
૪૯	કૃષિ અધિકારી, સાંતલપુર	પાટણ જિલ્લાનો સમગ્ર સાંતલપુર તાલુકો
૫૦	કૃષિ અધિકારી, રાધનપુર	પાટણ જિલ્લાનો સમગ્ર રાધનપુર તાલુકો
૫૧	કૃષિ અધિકારી, હારીજ	પાટણ જિલ્લાનો સમગ્ર હારીજ તાલુકો
૫૨	કૃષિ અધિકારી, સરસ્વતી	પાટણ જિલ્લાનો સમગ્ર સરસ્વતી તાલુકો
૫૩	કૃષિ અધિકારી, શંખેશ્વર	પાટણ જિલ્લાનો સમગ્ર શંખેશ્વર તાલુકો
૫૪	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), હિંમતનગર, જિલ્લો: સાબરકાંઠા	સમગ્ર સાબરકાંઠા જિલ્લો
૫૫	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), હિંમતનગર, જિલ્લો: સાબરકાંઠા	સમગ્ર સાબરકાંઠા જિલ્લો
૫૬	કૃષિ અધિકારી, હિંમતનગર	સાબરકાંઠા જિલ્લાનો સમગ્ર હિંમતનગર તાલુકો
૫૭	કૃષિ અધિકારી, ઈડર	સાબરકાંઠા જિલ્લાનો સમગ્ર ઈડર તાલુકો

અનુક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	ક્ષેત્રાધિકારનો સ્થાનિક વિસ્તાર
૧	૨	૩
૫૮	કૃષિ અધિકારી, વડાલી	સાબરકાંઠા જિલ્લાનો સમગ્ર વડાલી તાલુકો
૫૯	કૃષિ અધિકારી, ખેડબ્રહ્મા	સાબરકાંઠા જિલ્લાનો સમગ્ર ખેડબ્રહ્મા તાલુકો
૬૦	કૃષિ અધિકારી, પોશીના	સાબરકાંઠા જિલ્લાનો સમગ્ર પોશીના તાલુકો
૬૧	કૃષિ અધિકારી, વિજયનગર	સાબરકાંઠા જિલ્લાનો સમગ્ર વિજયનગર તાલુકો
૬૨	કૃષિ અધિકારી, તલોદ	સાબરકાંઠા જિલ્લાનો સમગ્ર તલોદ તાલુકો
૬૩	કૃષિ અધિકારી, પ્રાંતિજ	સાબરકાંઠા જિલ્લાનો સમગ્ર પ્રાંતિજ તાલુકો
૬૪	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), મોડાસા, જિલ્લો: અરવલ્લી	સમગ્ર અરવલ્લી જિલ્લો
૬૫	મદદનીશ કૃષિ નિયામક (વિસ્તરણ), મોડાસા C/o નાયબ કૃષિ નિયામકની કચેરી (વિસ્તરણ), મોડાસા, જિલ્લો: અરવલ્લી	સમગ્ર અરવલ્લી જિલ્લો
૬૬	કૃષિ અધિકારી, ભિલોડા	અરવલ્લી જિલ્લાનો સમગ્ર ભિલોડા તાલુકો
૬૭	કૃષિ અધિકારી, મેઘરજ	અરવલ્લી જિલ્લાનો સમગ્ર મેઘરજ તાલુકો
૬૮	કૃષિ અધિકારી, મોડાસા	અરવલ્લી જિલ્લાનો સમગ્ર મોડાસા તાલુકો
૬૯	કૃષિ અધિકારી, ધનસુરા	અરવલ્લી જિલ્લાનો સમગ્ર ધનસુરા તાલુકો
૭૦	કૃષિ અધિકારી, માલપુર	અરવલ્લી જિલ્લાનો સમગ્ર માલપુર તાલુકો
૭૧	કૃષિ અધિકારી, બાયડ	અરવલ્લી જિલ્લાનો સમગ્ર બાયડતાલુકો
૭૨	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), અમદાવાદ	સમગ્ર અમદાવાદ જિલ્લો
૭૩	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), અમદાવાદ	સમગ્ર અમદાવાદ જિલ્લો
૭૪	કૃષિ અધિકારી, અમદાવાદ શહેર	અમદાવાદ જિલ્લાનો સમગ્ર અમદાવાદ શહેર તાલુકો
૭૫	કૃષિ અધિકારી, દસ્ક્રોઇ	અમદાવાદ જિલ્લાનો સમગ્ર દસ્ક્રોઇ તાલુકો
૭૬	કૃષિ અધિકારી, ધોળકા	અમદાવાદ જિલ્લાનો સમગ્ર ધોળકા તાલુકો
૭૭	કૃષિ અધિકારી, ધંધુકા	અમદાવાદ જિલ્લાનો સમગ્ર ધંધુકા તાલુકો
૭૮	કૃષિ અધિકારી, બાવળા	અમદાવાદ જિલ્લાનો સમગ્ર બાવળા તાલુકો
૭૯	કૃષિ અધિકારી, વિરમગામ	અમદાવાદ જિલ્લાનો સમગ્ર વિરમગામ તાલુકો
૮૦	કૃષિ અધિકારી, માંડલ	અમદાવાદ જિલ્લાનો સમગ્ર માંડલ તાલુકો
૮૧	કૃષિ અધિકારી, દેત્રોજ–રામપુરા	અમદાવાદ જિલ્લાનો સમગ્ર દેત્રોજ–રામપુરા તાલુકો
૮૨	કૃષિ અધિકારી, સાણંદ	અમદાવાદ જિલ્લાનો સમગ્ર સાણંદ તાલુકો
૮૩	કૃષિ અધિકારી, ધોલેરા	અમદાવાદ જિલ્લાનો સમગ્ર ધોલેરા તાલુકો
૮૪	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), ગાંધીનગર	સમગ્ર ગાંધીનગર જિલ્લો
૮૫	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), ગાંધીનગર	સમગ્ર ગાંધીનગર જિલ્લો
૮૬	કૃષિ અધિકારી, ગાંધીનગર	ગાંધીનગર જિલ્લાનો સમગ્ર ગાંધીનગર તાલુકો
૮૭	કૃષિ અધિકારી, દહેગામ	ગાંધીનગર જિલ્લાનો સમગ્ર દહેગામ તાલુકો
૮૮	કૃષિ અધિકારી, કલોલ	ગાંધીનગર જિલ્લાનો સમગ્ર કલોલ તાલુકો
૮૯	કૃષિ અધિકારી, માણસા	ગાંધીનગર જિલ્લાનો સમગ્ર માણસા તાલુકો
૯૦	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), નડિયાદ, જિલ્લો: ખેડા	સમગ્ર ખેડા જિલ્લો
૯૧	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ),નડિયાદ, જિલ્લો: ખેડા	સમગ્ર ખેડા જિલ્લો
૯૨	કૃષિ અધિકારી, નડિયાદ	ખેડા જિલ્લાનો સમગ્ર નડિયાદ તાલુકો
૯૩	કૃષિ અધિકારી, મહુધા	ખેડા જિલ્લાનો સમગ્ર મહુધા તાલુકો
૯૪	કૃષિ અધિકારી, માતર	ખેડા જિલ્લાનો સમગ્ર માતર તાલુકો
૯૫	કૃષિ અધિકારી, મહેમદાવાદ	ખેડા જિલ્લાનો સમગ્ર મહેમદાવાદ તાલુકો
૯૬	કૃષિ અધિકારી, ખેડા	ખેડા જિલ્લાનો સમગ્ર ખેડા તાલુકો
૯૭	કૃષિ અધિકારી, કપડવંજ	ખેડા જિલ્લાનો સમગ્ર કપડવંજ તાલુકો
૯૮	કૃષિ અધિકારી, કઠલાલ	ખેડા જિલ્લાનો સમગ્ર કઠલાલ તાલુકો
૯૯	કૃષિ અધિકારી, ઠાસરા	ખેડા જિલ્લાનો સમગ્ર ઠાસરા તાલુકો
૧૦૦	કૃષિ અધિકારી, ગલતેશ્વર	ખેડા જિલ્લાનો સમગ્ર ગલતેશ્વર તાલુકો
૧૦૧	કૃષિ અધિકારી, વસો	ખેડા જિલ્લાનો સમગ્ર વસો તાલુકો
૧૦૨	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ),આણંદ	સમગ્ર આણંદ જિલ્લો

INDEX

અનુક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	ક્ષેત્રાધિકારનો સ્થાનિક વિસ્તાર
૧	૨	૩
૧૦૩	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ),આણંદ	સમગ્ર આણંદ જિલ્લો
૧૦૪	કૃષિ અધિકારી,આણંદ	આણંદ જિલ્લાનો સમગ્ર આણંદ તાલુકો
૧૦૫	કૃષિ અધિકારી,ઉમરેઠ	આણંદ જિલ્લાનો સમગ્ર ઉમરેઠ તાલુકો
૧૦૬	કૃષિ અધિકારી,બોરસદ	આણંદ જિલ્લાનો સમગ્ર બોરસદ તાલુકો
૧૦૭	કૃષિ અધિકારી,આંકલાવ	આણંદ જિલ્લાનો સમગ્ર આંકલાવ તાલુકો
૧૦૮	કૃષિ અધિકારી,પેટલાદ	આણંદ જિલ્લાનો સમગ્ર પેટલાદ તાલુકો
૧૦૯	કૃષિ અધિકારી,સોજીત્રા	આણંદ જિલ્લાનો સમગ્ર સોજીત્રા તાલુકો
૧૧૦	કૃષિ અધિકારી,ખંભાત	આણંદ જિલ્લાનો સમગ્ર ખંભાત તાલુકો
૧૧૧	કૃષિ અધિકારી,તારાપુર	આણંદ જિલ્લાનો સમગ્ર તારાપુર તાલુકો
૧૧૨	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ),લુણાવાડા, જિલ્લો:મહીસાગર	સમગ્ર મહીસાગર જિલ્લો
૧૧૩	મદદનીશ કૃષિ નિયામક, લુણાવાડા C/o. નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ)ની કચેરી, લુણાવાડા, જિલ્લો:મહીસાગર	સમગ્ર મહીસાગર જિલ્લો
૧૧૪	કૃષિ અધિકારી,લુણાવાડા	મહીસાગર જિલ્લાનો સમગ્ર લુણાવાડા તાલુકો
૧૧૫	કૃષિ અધિકારી,સંતરામપુર	મહીસાગર જિલ્લાનો સમગ્ર સંતરામપુર તાલુકો
૧૧૬	કૃષિ અધિકારી,કડાણા	મહીસાગર જિલ્લાનો સમગ્ર કડાણા તાલુકો
૧૧૭	કૃષિ અધિકારી,ખાનપુર	મહીસાગર જિલ્લાનો સમગ્ર ખાનપુર તાલુકો
૧૧૮	કૃષિ અધિકારી,બાલાસિનોર	મહીસાગર જિલ્લાનો સમગ્ર બાલાસિનોર તાલુકો
૧૧૯	કૃષિ અધિકારી,વીરપુર	મહીસાગર જિલ્લાનો સમગ્ર વીરપુર તાલુકો
૧૨૦	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), ગોધરા, જિલ્લો:પંચમહાલ	સમગ્ર પંચમહાલ જિલ્લો
૧૨૧	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ),ગોધરા, જિલ્લો:પંચમહાલ	સમગ્ર પંચમહાલ જિલ્લો
૧૨૨	કૃષિ અધિકારી,ગોધરા	પંચમહાલ જિલ્લાનો સમગ્ર ગોધરા તાલુકો
૧૨૩	કૃષિ અધિકારી,મોરવાહડફ	પંચમહાલ જિલ્લાનો સમગ્ર મોરવાહડફ તાલુકો
૧૨૪	કૃષિ અધિકારી,શહેરા	પંચમહાલ જિલ્લાનો સમગ્ર શહેરા તાલુકો
૧૨૫	કૃષિ અધિકારી,હાલોલ	પંચમહાલ જિલ્લાનો સમગ્ર હાલોલ તાલુકો
૧૨૬	કૃષિ અધિકારી,કાલોલ	પંચમહાલ જિલ્લાનો સમગ્ર કાલોલ તાલુકો
૧૨૭	કૃષિ અધિકારી,જાંબુઘોડા	પંચમહાલ જિલ્લાનો સમગ્ર જાંબુઘોડા તાલુકો
૧૨૮	કૃષિ અધિકારી, ઘોઘંબા	પંચમહાલ જિલ્લાનો સમગ્ર ઘોઘંબા તાલુકો
૧૨૯	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), દાહોદ	સમગ્ર દાહોદ જિલ્લો
૧૩૦	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), દાહોદ	સમગ્ર દાહોદ જિલ્લો
૧૩૧	કૃષિ અધિકારી,દાહોદ	દાહોદ જિલ્લાનો સમગ્ર દાહોદ તાલુકો
૧૩૨	કૃષિ અધિકારી,ઝાલોદ	દાહોદ જિલ્લાનો સમગ્ર ઝાલોદ તાલુકો
૧૩૩	કૃષિ અધિકારી,ફતેપુરા	દાહોદ જિલ્લાનો સમગ્ર ફતેપુરા તાલુકો
૧૩૪	કૃષિ અધિકારી,ગરબાડા	દાહોદ જિલ્લાનો સમગ્ર ગરબાડા તાલુકો
૧૩૫	કૃષિ અધિકારી,લીમખેડા	દાહોદ જિલ્લાનો સમગ્ર લીમખેડા તાલુકો
૧૩૬	કૃષિ અધિકારી,ધાનપુર	દાહોદ જિલ્લાનો સમગ્ર ધાનપુર તાલુકો
૧૩૭	કૃષિ અધિકારી,દેવગઢ–બારિયા	દાહોદ જિલ્લાનો સમગ્ર દેવગઢ–બારિયા તાલુકો
૧૩૮	કૃષિ અધિકારી,સંજેલી	દાહોદ જિલ્લાનો સમગ્ર સંજેલી તાલુકો
૧૩૯	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), વડોદરા	સમગ્ર વડોદરા જિલ્લો
૧૪૦	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), વડોદરા	સમગ્ર વડોદરા જિલ્લો
૧૪૧	કૃષિ અધિકારી,વડોદરા	વડોદરા જિલ્લાનો સમગ્ર વડોદરા તાલુકો
૧૪૨	કૃષિ અધિકારી,વાઘોડીયા	વડોદરા જિલ્લાનો સમગ્ર વાઘોડીયા તાલુકો
૧૪૩	કૃષિ અધિકારી,સાવલી	વડોદરા જિલ્લાનો સમગ્ર સાવલી તાલુકો
૧૪૪	કૃષિ અધિકારી,ડભોઇ	વડોદરા જિલ્લાનો સમગ્ર ડભોઇ તાલુકો
૧૪૫	કૃષિ અધિકારી,શિનોર	વડોદરા જિલ્લાનો સમગ્ર શિનોર તાલુકો
૧૪૬	કૃષિ અધિકારી,પાદરા	વડોદરા જિલ્લાનો સમગ્ર પાદરા તાલુકો
૧૪૭	કૃષિ અધિકારી,કરજણ	વડોદરા જિલ્લાનો સમગ્ર કરજણ તાલુકો

INDEX

અનુક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	ક્ષેત્રાધિકારનો સ્થાનિક વિસ્તાર
૧	૨	૩
૧૪૮	કૃષિ અધિકારી,ડેસર	વડોદરા જિલ્લાનો સમગ્ર ડેસર તાલુકો
૧૪૯	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), છોટાઉદેપુર	સમગ્ર છોટાઉદેપુર જિલ્લો
૧૫૦	મદદનીશ કૃષિ નિયામક, છોટાઉદેપુર C/o. નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ)ની કચેરી, છોટાઉદેપુર	સમગ્ર છોટાઉદેપુર જિલ્લો
૧૫૧	કૃષિ અધિકારી,જેતપુર–પાવી	છોટાઉદેપુર જિલ્લાનો સમગ્ર જેતપુર પાવી તાલુકો
૧૫૨	કૃષિ અધિકારી,છોટાઉદેપુર	છોટાઉદેપુર જિલ્લાનો સમગ્ર છોટાઉદેપુર તાલુકો
૧૫૩	કૃષિ અધિકારી,ક્વાંટ	છોટાઉદેપુર જિલ્લાનો સમગ્ર ક્વાંટ તાલુકો
૧૫૪	કૃષિ અધિકારી,સંખેડા	છોટાઉદેપુર જિલ્લાનો સમગ્ર સંખેડા તાલુકો
૧૫૫	કૃષિ અધિકારી,નસવાડી	છોટાઉદેપુર જિલ્લાનો સમગ્ર નસવાડી તાલુકો
૧૫૬	કૃષિ અધિકારી,બોડેલી	છોટાઉદેપુર જિલ્લાનો સમગ્ર બોડેલી તાલુકો
૧૫૭	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), ભરૂચ	સમગ્ર ભરૂચ જિલ્લો
૧૫૮	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), ભરૂચ	સમગ્ર ભરૂચ જિલ્લો
૧૫૯	કૃષિ અધિકારી,ભરૂચ	ભરૂચ જિલ્લાનો સમગ્ર ભરૂચ તાલુકો
૧૬૦	કૃષિ અધિકારી,અંકલેશ્વર	ભરૂચ જિલ્લાનો સમગ્ર અંકલેશ્વર તાલુકો
૧૬૧	કૃષિ અધિકારી,હાંસોટ	ભરૂચ જિલ્લાનો સમગ્ર હાંસોટ તાલુકો
૧૬૨	કૃષિ અધિકારી,ઝઘડીયા	ભરૂચ જિલ્લાનો સમગ્ર ઝઘડીયા તાલુકો
૧૬૩	કૃષિ અધિકારી,વાલિયા	ભરૂચ જિલ્લાનો સમગ્ર વાલિયા તાલુકો
૧૬૪	કૃષિ અધિકારી,અમોડ	ભરૂચ જિલ્લાનો સમગ્ર અમોડ તાલુકો
૧૬૫	કૃષિ અધિકારી,જંબુસર	ભરૂચ જિલ્લાનો સમગ્ર જંબુસર તાલુકો
૧૬૬	કૃષિ અધિકારી,વાગરા	ભરૂચ જિલ્લાનો સમગ્ર વાગરા તાલુકો
૧૬૭	કૃષિ અધિકારી,નેત્રંગ	ભરૂચ જિલ્લાનો સમગ્ર નેત્રંગ તાલુકો
૧૬૮	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), રાજપીપળા, જિલ્લો:નર્મદા	સમગ્ર નર્મદા જિલ્લો
૧૬૯	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), રાજપીપળા, જિલ્લો:નર્મદા	સમગ્ર નર્મદા જિલ્લો
૧૭૦	કૃષિ અધિકારી,નાંદોદ	નર્મદા જિલ્લાનો સમગ્ર નાંદોદ તાલુકો
૧૭૧	કૃષિ અધિકારી,તિલકવાડા	નર્મદા જિલ્લાનો સમગ્ર તિલકવાડા તાલુકો
૧૭૨	કૃષિ અધિકારી,ડેડીયાપાડા	નર્મદા જિલ્લાનો સમગ્ર ડેડીયાપાડા તાલુકો
૧૭૩	કૃષિ અધિકારી,સાગબારા	નર્મદા જિલ્લાનો સમગ્ર સાગબારા તાલુકો
૧૭૪	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), સુરત	સમગ્ર સુરત જિલ્લો
૧૭૫	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), સુરત	સમગ્ર સુરત જિલ્લો
૧૭૬	કૃષિ અધિકારી,સુરત શહેર (સિટી)	સુરત જિલ્લાનો સમગ્ર સુરત શહેર (સિટી) તાલુકો
૧૭૭	કૃષિ અધિકારી,કામરેજ	સુરત જિલ્લાનો સમગ્ર કામરેજ તાલુકો
૧૭૮	કૃષિ અધિકારી,પલસાણા	સુરત જિલ્લાનો સમગ્ર પલસાણા તાલુકો
૧૭૯	કૃષિ અધિકારી,બારડોલી	સુરત જિલ્લાનો સમગ્ર બારડોલી તાલુકો
૧૮૦	કૃષિ અધિકારી,મહુવા	સુરત જિલ્લાનો સમગ્ર મહુવા તાલુકો
૧૮૧	કૃષિ અધિકારી,માંડવી	સુરત જિલ્લાનો સમગ્ર માંડવી તાલુકો
૧૮૨	કૃષિ અધિકારી,ઓલપાડ	સુરત જિલ્લાનો સમગ્ર ઓલપાડ તાલુકો
૧૮૩	કૃષિ અધિકારી,માંગરોળ	સુરત જિલ્લાનો સમગ્ર માંગરોળ તાલુકો
૧૮૪	કૃષિ અધિકારી,ઉમરપાડા	સુરત જિલ્લાનો સમગ્ર ઉમરપાડા તાલુકો
૧૮૫	કૃષિ અધિકારી,ચોર્યાસી	સુરત જિલ્લાનો સમગ્ર ચોર્યાસી તાલુકો
૧૮૬	કૃષિ અધિકારી,વ્યારા	તાપી જિલ્લાનો સમગ્ર વ્યારા તાલુકો
૧૮૭	કૃષિ અધિકારી,સોનગઢ	તાપી જિલ્લાનો સમગ્ર સોનગઢ તાલુકો
૧૮૮	કૃષિ અધિકારી,ઉચ્છલ	તાપી જિલ્લાનો સમગ્ર ઉચ્છલ તાલુકો
૧૮૯	કૃષિ અધિકારી,નિઝર	તાપી જિલ્લાનો સમગ્ર નિઝર તાલુકો

અનુક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	ક્ષેત્રાધિકારનો સ્થાનિક વિસ્તાર
૧	૨	૩
૧૯૦	કૃષિ અધિકારી,વાલોડ	તાપી જિલ્લાનો સમગ્ર વાલોડ તાલુકો
૧૯૧	કૃષિ અધિકારી,કુકરમુંડા (કુકરમુંડે)	તાપી જિલ્લાનો સમગ્ર કુકરમુંડા(કુકરમુંડે) તાલુકો
૧૯૨	કૃષિ અધિકારી,ડોલવણ	તાપી જિલ્લાનો સમગ્ર ડોલવણ તાલુકો
૧૯૩	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), વલસાડ	સમગ્ર વલસાડ જિલ્લો
૧૯૪	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), વલસાડ	સમગ્ર વલસાડ જિલ્લો
૧૯૫	કૃષિ અધિકારી,વલસાડ	વલસાડ જિલ્લાનો સમગ્ર વલસાડ તાલુકો
૧૯૬	કૃષિ અધિકારી,ધરમપુર	વલસાડ જિલ્લાનો સમગ્ર ધરમપુર તાલુકો
૧૯૭	કૃષિ અધિકારી,કપરાડા	વલસાડ જિલ્લાનો સમગ્ર કપરાડા તાલુકો
૧૯૮	કૃષિ અધિકારી,પારડી	વલસાડ જિલ્લાનો સમગ્ર પારડી તાલુકો
૧૯૯	કૃષિ અધિકારી,ઉમરગામ	વલસાડ જિલ્લાનો સમગ્ર ઉમરગામ તાલુકો
૨૦૦	કૃષિ અધિકારી,વાપી	વલસાડ જિલ્લાનો સમગ્ર વાપી તાલુકો
૨૦૧	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), નવસારી	સમગ્ર નવસારી અને ડાંગ જિલ્લો
૨૦૨	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), નવસારી	સમગ્ર નવસારી અને ડાંગ જિલ્લો
૨૦૩	કૃષિ અધિકારી,નવસારી	નવસારી જિલ્લાનો સમગ્ર નવસારી તાલુકો
૨૦૪	કૃષિ અધિકારી,ચીખલી	નવસારી જિલ્લાનો સમગ્ર ચીખલી તાલુકો
૨૦૫	કૃષિ અધિકારી,ગણદેવી	નવસારી જિલ્લાનો સમગ્ર ગણદેવી તાલુકો
૨૦૬	કૃષિ અધિકારી,વાંસદા	નવસારી જિલ્લાનો સમગ્ર વાંસદા તાલુકો
૨૦૭	કૃષિ અધિકારી,જલાલપુર (જલાલપોર)	નવસારી જિલ્લાનો સમગ્ર જલાલપુર(જલાલપોર)તાલુકો
૨૦૮	કૃષિ અધિકારી,ખેરગામ	નવસારી જિલ્લાનો સમગ્ર ખેરગામ તાલુકો
૨૦૯	કૃષિ અધિકારી,આહવા	ડાંગ જિલ્લાનો સમગ્ર આહવા તાલુકો
૨૧૦	કૃષિ અધિકારી,સુબીર	ડાંગ જિલ્લાનો સમગ્ર સુબીર તાલુકો
૨૧૧	કૃષિ અધિકારી,વઘઇ	ડાંગ જિલ્લાનો સમગ્ર વઘઇ તાલુકો
૨૧૨	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), સુરેન્દ્રનગર	સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લો
૨૧૩	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), સુરેન્દ્રનગર	સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લો
૨૧૪	કૃષિ અધિકારી,વઢવાણ	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર વઢવાણ તાલુકો
૨૧૫	કૃષિ અધિકારી,લખતર	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર લખતર તાલુકો
૨૧૬	કૃષિ અધિકારી,લીંબડી	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર લીંબડી તાલુકો
૨૧૭	કૃષિ અધિકારી,ચોટીલા	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર ચોટીલા તાલુકો
૨૧૮	કૃષિ અધિકારી,સાયલા	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર સાયલા તાલુકો
૨૧૯	કૃષિ અધિકારી,ધ્રાંગધ્રા	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર ધ્રાંગધ્રા તાલુકો
૨૨૦	કૃષિ અધિકારી,થાનગઢ	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર થાનગઢ તાલુકો
૨૨૧	કૃષિ અધિકારી,દસાડા	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર દસાડા તાલુકો
૨૨૨	કૃષિ અધિકારી, મુળી	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર મુળી તાલુકો
૨૨૩	કૃષિ અધિકારી, ચૂડા	સુરેન્દ્રનગર જિલ્લાનો સમગ્ર ચૂડા તાલુકો
૨૨૪	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), રાજકોટ	સમગ્ર રાજકોટ જિલ્લો
૨૨૫	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), રાજકોટ	સમગ્ર રાજકોટ જિલ્લો
૨૨૬	કૃષિ અધિકારી, રાજકોટ	રાજકોટ જિલ્લાનો સમગ્ર રાજકોટ તાલુકો
૨૨૭	કૃષિ અધિકારી, વિંછીયા	રાજકોટ જિલ્લાનો સમગ્ર વિંછીયા તાલુકો
૨૨૮	કૃષિ અધિકારી, ગોંડલ	રાજકોટ જિલ્લાનો સમગ્ર ગોંડલ તાલુકો
૨૨૯	કૃષિ અધિકારી, જસદણ	રાજકોટ જિલ્લાનો સમગ્ર જસદણ તાલુકો
૨૩૦	કૃષિ અધિકારી, પડધરી	રાજકોટ જિલ્લાનો સમગ્ર પડધરી તાલુકો
૨૩૧	કૃષિ અધિકારી, લોધિકા	રાજકોટ જિલ્લાનો સમગ્ર લોધિકા તાલુકો
૨૩૨	કૃષિ અધિકારી, કોટડા–સાંગાણી	રાજકોટ જિલ્લાનો સમગ્ર કોટડા–સાંગાણી તાલુકો

અનુક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	ક્ષેત્રાધિકારનો સ્થાનિક વિસ્તાર
૧	૨	૩
૨૩૩	કૃષિ અધિકારી, ધોરાજી	રાજકોટ જિલ્લાનો સમગ્ર ધોરાજી તાલુકો
૨૩૪	કૃષિ અધિકારી, ઉપલેટા	રાજકોટ જિલ્લાનો સમગ્ર ઉપલેટા તાલુકો
૨૩૫	કૃષિ અધિકારી, જેતપુર	રાજકોટ જિલ્લાનો સમગ્ર જેતપુર તાલુકો
૨૩૬	કૃષિ અધિકારી, જામકંડોરણા	રાજકોટ જિલ્લાનો સમગ્ર જામકંડોરણા તાલુકો
૨૩૭	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ),જામનગર	સમગ્ર જામનગર જિલ્લો
૨૩૮	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ),જામનગર	સમગ્ર જામનગર જિલ્લો
૨૩૯	કૃષિ અધિકારી,જામનગર	જામનગર જિલ્લાનો સમગ્ર જામનગર તાલુકો
૨૪૦	કૃષિ અધિકારી, લાલપુર	જામનગર જિલ્લાનો સમગ્ર લાલપુર તાલુકો
૨૪૧	કૃષિ અધિકારી, કાલાવડ	જામનગર જિલ્લાનો સમગ્ર કાલાવડ તાલુકો
૨૪૨	કૃષિ અધિકારી, ધ્રોળ	જામનગર જિલ્લાનો સમગ્ર ધ્રોળ તાલુકો
૨૪૩	કૃષિ અધિકારી, જોડિયા	જામનગર જિલ્લાનો સમગ્ર જોડિયા તાલુકો
૨૪૪	કૃષિ અધિકારી, જામજોધપુર	જામનગર જિલ્લાનો સમગ્ર જામજોધપુર તાલુકો
૨૪૫	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), ખંભાળિયા, જિલ્લો: દેવભૂમિ દ્વારકા	સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લો
૨૪૬	મદદનીશ કૃષિ નિયામક,ખંભાળિયા C/o નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), ખંભાળિયા, જિલ્લો: દેવભૂમિ દ્વારકા	સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લો
૨૪૭	કૃષિ અધિકારી, ભાણવડ	દેવભૂમિ દ્વારકા જિલ્લાનો સમગ્ર ભાણવડ તાલુકો
૨૪૮	કૃષિ અધિકારી, કલ્યાણપુર	દેવભૂમિ દ્વારકા જિલ્લાનો સમગ્ર કલ્યાણપુર તાલુકો
૨૪૯	કૃષિ અધિકારી,ખંભાળિયા	દેવભૂમિ દ્વારકા જિલ્લાનો સમગ્ર ખંભાળિયા તાલુકો
૨૫૦	કૃષિ અધિકારી, ઓખામંડળ (દ્વારકા)	દેવભૂમિ દ્વારકા જિલ્લાનો સમગ્ર ઓખામંડળ (દ્વારકા) તાલુકો
૨૫૧	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), ભુજ, જિલ્લો: કચ્છ	સમગ્ર કચ્છ જિલ્લો
૨૫૨	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), ભુજ, જિલ્લો: કચ્છ	સમગ્ર કચ્છ જિલ્લો
૨૫૩	કૃષિ અધિકારી,ભુજ	કચ્છ જિલ્લાનો સમગ્ર ભુજ તાલુકો
૨૫૪	કૃષિ અધિકારી, માંડવી	કચ્છ જિલ્લાનો સમગ્ર માંડવી તાલુકો
૨૫૫	કૃષિ અધિકારી, નખત્રાણા	કચ્છ જિલ્લાનો સમગ્ર નખત્રાણા તાલુકો
૨૫૬	કૃષિ અધિકારી, અબડાસા	કચ્છ જિલ્લાનો સમગ્ર અબડાસા તાલુકો
૨૫૭	કૃષિ અધિકારી, લખપત	કચ્છ જિલ્લાનો સમગ્ર લખપત તાલુકો
૨૫૮	કૃષિ અધિકારી, ગાંધીધામ	કચ્છ જિલ્લાનો સમગ્ર ગાંધીધામ તાલુકો
૨૫૯	કૃષિ અધિકારી, ભચાઉ	કચ્છ જિલ્લાનો સમગ્ર ભચાઉ તાલુકો
૨૬૦	કૃષિ અધિકારી, રાપર	કચ્છ જિલ્લાનો સમગ્ર રાપર તાલુકો
૨૬૧	કૃષિ અધિકારી, મુંદ્રા	કચ્છ જિલ્લાનો સમગ્ર મુંદ્રા તાલુકો
૨૬૨	કૃષિ અધિકારી, અંજાર	કચ્છ જિલ્લાનો સમગ્ર અંજાર તાલુકો
૨૬૩	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), મોરબી	સમગ્ર મોરબી જિલ્લો
૨૬૪	મદદનીશ કૃષિ નિયામક, મોરબી C/o નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ)ની કચેરી	સમગ્ર મોરબી જિલ્લો
૨૬૫	કૃષિ અધિકારી, હળવદ	મોરબી જિલ્લાનો સમગ્ર હળવદ તાલુકો
૨૬૬	કૃષિ અધિકારી, મોરબી	મોરબી જિલ્લાનો સમગ્ર મોરબી તાલુકો
૨૬૭	કૃષિ અધિકારી, વાંકાનેર	મોરબી જિલ્લાનો સમગ્ર વાંકાનેર તાલુકો
૨૬૮	કૃષિ અધિકારી, માળીયા (મીયાણા)	મોરબી જિલ્લાનો સમગ્ર માળીયા (મીયાણા) તાલુકો

અનુક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	ક્ષેત્રાધિકારનો સ્થાનિક વિસ્તાર
૧	૨	૩
૨૬૯	કૃષિ અધિકારી, ટંકારા	મોરબી જિલ્લાનો સમગ્ર ટંકારા તાલુકો
૨૭૦	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), જૂનાગઢ	સમગ્ર જૂનાગઢ જિલ્લો
૨૭૧	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), જૂનાગઢ	સમગ્ર જૂનાગઢ જિલ્લો
૨૭૨	કૃષિ અધિકારી,જૂનાગઢ સીટી	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર જૂનાગઢ સીટી તાલુકો
૨૭૩	કૃષિ અધિકારી, જૂનાગઢ	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર જૂનાગઢ તાલુકો
૨૭૪	કૃષિ અધિકારી, ભેસાણ	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર ભેસાણ તાલુકો
૨૭૫	કૃષિ અધિકારી, વિસાવદર	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર વિસાવદર તાલુકો
૨૭૬	કૃષિ અધિકારી, મેંદરડા	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર મેંદરડા તાલુકો
૨૭૭	કૃષિ અધિકારી, માળિયા-હાટીના	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર માળિયા-હાટીનાતાલુકો
૨૭૮	કૃષિ અધિકારી, કેશોદ	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર કેશોદ તાલુકો
૨૭૯	કૃષિ અધિકારી, માંગરોળ	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર માંગરોળ તાલુકો
૨૮૦	કૃષિ અધિકારી, વંથળી	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર વંથળી તાલુકો
૨૮૧	કૃષિ અધિકારી, માણાવદર	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર માણાવદર તાલુકો
૨૮૨	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), પોરબંદર	સમગ્ર પોરબંદર જિલ્લો
૨૮૩	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), પોરબંદર	સમગ્ર પોરબંદર જિલ્લો
૨૮૪	કૃષિ અધિકારી, પોરબંદર	પોરબંદર જિલ્લાનો સમગ્ર પોરબંદર તાલુકો
૨૮૫	કૃષિ અધિકારી, રાણાવાવ	પોરબંદર જિલ્લાનો સમગ્ર રાણાવાવ તાલુકો
૨૮૬	કૃષિ અધિકારી, કુતિયાણા	પોરબંદર જિલ્લાનો સમગ્ર કુતિયાણા તાલુકો
૨૮૭	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), અમરેલી	સમગ્ર અમરેલી જિલ્લો
૨૮૮	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), અમરેલી	સમગ્ર અમરેલી જિલ્લો
૨૮૯	કૃષિ અધિકારી, અમરેલી	અમરેલી જિલ્લાનો સમગ્ર અમરેલી તાલુકો
૨૯૦	કૃષિ અધિકારી, લિલિયા	અમરેલી જિલ્લાનો સમગ્ર લિલિયા તાલુકો
૨૯૧	કૃષિ અધિકારી, લાઠી	અમરેલી જિલ્લાનો સમગ્ર લાઠી તાલુકો
૨૯૨	કૃષિ અધિકારી, ધારી	અમરેલી જિલ્લાનો સમગ્ર ધારી તાલુકો
૨૯૩	કૃષિ અધિકારી, બાબરા	અમરેલી જિલ્લાનો સમગ્ર બાબરા તાલુકો
૨૯૪	કૃષિ અધિકારી, વડીયા(આ)	અમરેલી જિલ્લાનો સમગ્ર વડીયા(આ) તાલુકો
૨૯૫	કૃષિ અધિકારી, બગસરા	અમરેલી જિલ્લાનો સમગ્ર બગસરા તાલુકો
૨૯૬	કૃષિ અધિકારી, રાજુલા	અમરેલી જિલ્લાનો સમગ્ર રાજુલા તાલુકો
૨૯૭	કૃષિ અધિકારી, સાવરકુંડલા	અમરેલી જિલ્લાનો સમગ્ર સાવરકુંડલા તાલુકો
૨૯૮	કૃષિ અધિકારી, જાફરાબાદ	અમરેલી જિલ્લાનો સમગ્ર જાફરાબાદ તાલુકો
૨૯૯	કૃષિ અધિકારી, ખાંભા	અમરેલી જિલ્લાનો સમગ્ર ખાંભા તાલુકો
૩૦૦	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), ભાવનગર	સમગ્ર ભાવનગર જિલ્લો
૩૦૧	મદદનીશ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), ભાવનગર	સમગ્ર ભાવનગર જિલ્લો
૩૦૨	કૃષિ અધિકારી, ભાવનગર	ભાવનગર જિલ્લાનો સમગ્ર ભાવનગર તાલુકો
૩૦૩	કૃષિ અધિકારી, ઘોઘા	ભાવનગર જિલ્લાનો સમગ્ર ઘોઘા તાલુકો
૩૦૪	કૃષિ અધિકારી, વલ્લભીપુર	ભાવનગર જિલ્લાનો સમગ્ર વલ્લભીપુર તાલુકો
૩૦૫	કૃષિ અધિકારી, ઉમરાળા	ભાવનગર જિલ્લાનો સમગ્ર ઉમરાળા તાલુકો
૩૦૬	કૃષિ અધિકારી, પાલીતાણા	ભાવનગર જિલ્લાનો સમગ્ર પાલીતાણા તાલુકો
૩૦૭	કૃષિ અધિકારી, ગારીયાધર	ભાવનગર જિલ્લાનો સમગ્ર ગારીયાધર તાલુકો
૩૦૮	કૃષિ અધિકારી, શિહોર	ભાવનગર જિલ્લાનો સમગ્ર શિહોર તાલુકો
૩૦૯	કૃષિ અધિકારી, તળાજા	ભાવનગર જિલ્લાનો સમગ્ર તળાજા તાલુકો
૩૧૦	કૃષિ અધિકારી, મહુવા	ભાવનગર જિલ્લાનો સમગ્ર મહુવા તાલુકો
૩૧૧	કૃષિ અધિકારી, જેસર	ભાવનગર જિલ્લાનો સમગ્ર જેસર તાલુકો

અનુક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	ક્ષેત્રાધિકારનો સ્થાનિક વિસ્તાર
૧	૨	૩
૩૧૨	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), વેરાવળ, જિલ્લો: ગીર સોમનાથ	સમગ્ર ગીર સોમનાથજિલ્લો
૩૧૩	મદદનીશ કૃષિ નિયામક, વેરાવળ C/o નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ)ની કચેરી, વેરાવળ, જિલ્લો: ગીર સોમનાથ	સમગ્ર ગીર સોમનાથજિલ્લો
૩૧૪	કૃષિ અધિકારી, વેરાવળ	ગીર સોમનાથજિલ્લાનો સમગ્ર વેરાવળ તાલુકો
૩૧૫	કૃષિ અધિકારી, ઉના	ગીર સોમનાથજિલ્લાનો સમગ્ર ઉના તાલુકો
૩૧૬	કૃષિ અધિકારી, તલાલા	ગીર સોમનાથજિલ્લાનો સમગ્ર તલાલા તાલુકો
૩૧૭	કૃષિ અધિકારી, સૂત્રાપાડા	ગીર સોમનાથજિલ્લાનો સમગ્ર સૂત્રાપાડા તાલુકો
૩૧૮	કૃષિ અધિકારી, કોડીનાર	ગીર સોમનાથજિલ્લાનો સમગ્ર કોડીનાર તાલુકો
૩૧૯	કૃષિ અધિકારી, ગીર ગઢડા	ગીર સોમનાથજિલ્લાનો સમગ્ર ગીર ગઢડા તાલુકો
૩૨૦	નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ), બોટાદ	સમગ્ર બોટાદ જિલ્લો
૩૨૧	મદદનીશ કૃષિ નિયામક,બોટાદ C/o નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ)ની કચેરી,બોટાદ	સમગ્ર બોટાદ જિલ્લો
૩૨૨	કૃષિ અધિકારી, ગઢડા	બોટાદ જિલ્લાનો સમગ્ર ગઢડા તાલુકો
૩૨૩	કૃષિ અધિકારી,બોટાદ	બોટાદ જિલ્લાનો સમગ્ર બોટાદ તાલુકો
૩૨૪	કૃષિ અધિકારી, બરવાળા	બોટાદ જિલ્લાનો સમગ્ર બરવાળા તાલુકો
૩૨૫	કૃષિ અધિકારી, રાણપુર	બોટાદ જિલ્લાનો સમગ્ર રાણપુર તાલુકો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવિતા રાઠોડ,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,ગાંધીનગર

Extra No. 127

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MAY, 3, 2017/VAISAKHA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી મે, ૨૦૧૭

તારીખ : ૩જી મે, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત વિધેયક ક્રમાંક:૨૫ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર.આર.ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 25 OF 2017.

THE GUJARAT GOODS AND SERVICES TAX BILL, 2017.

A BILL

to make a provision for levy and collection of tax on intra-State supply of goods or services or both and the matters connected therewith or incidental thereto.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક કમાંક :૨૫ .

ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક, ૨૦૧૭.

રાજયાંતર્ગત માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવાના સંબંધમાં વેરો લેવા અને વસૂલ કરવા અથવા તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

પ્રકરણ ૧

પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાતને લાગુ પડે છે.

(૩) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે:

પરંતુ આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે અને આ અધિનિયમના આરંભને લગતી એવી જોગવાઈના કોઈ સંદર્ભનો અર્થ તે જોગવાઈના અમલમાં આવવાના સંદર્ભ તરીકે કરવો જોઈશે.

વ્યાખ્યા. **૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો–

(૧) "દાવાયોગ્ય હક''નો મિલકત તબદીલી અધિનિયમ,૧૮૮૨ની કલમ ૩માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે, તે જ અર્થ થશે; સન ૧૮૮૨નો ૪થો.

(૨) ''માલ પહોંચાડવાનું સરનામું''એટલે માલ અથવા સેવા અથવા તે બંને પહોંચાડવા માટેનું, રજિસ્ટર થયેલ વ્યકિતએ કાઢી આપેલા વેરા ભરતિયા પર દર્શાવેલું, આવા માલ અથવા સેવા અથવા તે બંને લેનારનું સરનામું;

(૩) ''રેકર્ડ પરનું સરનામું'' એટલે પુરવઠાકારના રેકર્ડમાં ઉપલભ્ય હોય તેવું, લેનારનું સરનામું;

INDEX

(૪) ''ન્યાયનિર્ણય સત્તાધિકારી (ચુકાદો આપનાર અધિકારી)'' એટલે આ અધિનિયમ હેઠળ કોઈ હુકમ કરવા અથવા નિર્ણય આપવા માટે નિમાયેલા અથવા અધિકૃત કરેલા કોઈ સત્તાધિકારી, પણ તેમાં કમિશનર, ફેરતપાસ સત્તાધિકારી,એડવાન્સ રૂલિંગ માટેના સત્તાધિકારી, એડવાન્સ રૂલિંગ માટેના અપીલ સત્તાધિકારી (એપેલેટ અધિકારી), અપીલ સત્તાધિકારી (એપેલેટ અધિકારી) અને અપીલ (એપેલેટ) ટ્રિબ્યુનલનો સમાવેશ થતો નથી;

(૫) ''એજન્ટ'' એટલે બીજી કોઈ વ્યકિત વતી માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડવાનો અથવા લેવાનો ધંધો કરતી કોઈ વ્યકિત અને તેમાં આડતિયા, દલાલ, કમિશન એજન્ટ, અર્હશિયા, ડેલ ક્રેડર એજન્ટ(ખરીદદારની સદ્ધરના એજન્ટ), હરાજી કરનાર અથવા બીજા કોઈ વેપારી એજન્ટનો સમાવેશ થાય છે;

(૬) ''એકંદર ટર્નઓવર'' એટલે (કોઈ વ્યકિત દ્વારા જેના પર વિપરીત ચાર્જ(reverse charge)ને આધારે વેરો ભરવાપાત્ર થતો હોય તેવા આવક-પુરવઠા (inward supplies)નું મૂલ્ય બાદ કરતા) તમામ વેરાપાત્ર પુરવઠાનું, મુકિત આપેલા પુરવઠા (exempt supplies)નું, માલ અથવા સેવા અથવા તે બંનેના નિકાસનું અને સરખા કાયમી ખાતા નંબર (PAN) ધરાવતી વ્યકિતઓના રાજ્યની અંદરના પુરવઠાનું, અખિલ ભારત ધોરણે ગણતરી કરવાનું એકંદર મૂલ્ય, પણ તેમાં કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંઘ રાજ્યક્ષેત્ર વેરા, સંકલિત વેરા અને ઉપકરનો સમાવેશ થતો નથી;

(૭) ''ખેડૂત'' એટલે-

(ક) પોતાના શ્રમ દ્વારા, અથવા

(ખ) કુટુંબના શ્રમ દ્વારા, અથવા

(ગ) રોકડ અથવા વસ્તુ સ્વરૂપે વેતન ચૂકવીને,નોકર (સેવક) દ્વારા અથવા અંગત દેખરેખ હેઠળ અથવા કુટુંબના કોઈ સભ્યની અંગત દેખરેખ હેઠળ, ભાડે રાખેલા મજૂર દ્વારા જમીનની ખેતી કરતી કોઈ વ્યકિત અથવા તેવું હિંદુ અવિભકત કુટુંબ;

(૮) ''અપીલ સત્તાધિકારી (એપેલેટ ઓથોરિટી)'' એટલે અપીલની સુનાવણી કરવા માટે નિમાયેલા અથવા અધિકૃત કરાયેલા અને કલમ ૧૦૭માં ઉલ્લેખ કરેલા સત્તાઅધિકારી;

(૯) ''અપીલ (એપેલેટ) ટ્રિબ્યુનલ'' એટલે કલમ ૧૦૯માં ઉલ્લેખેલું સેવા વેરા અપીલ ટ્રિબ્યુનલ;

(૧૦) ''નિયત દિવસ'' એટલે આ અધિનિયમની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ;

(૧૧) ''આકારણી'' એટલે આ અધિનિયમ હેઠળ વેરા જવાબદારી નક્કી કરવી અને તેમાં સ્વ-આકારણી, ફેર-આકારણી, કામચલાઉ આકારણી, સંક્ષિપ્ત આકારણી અને યથાબુદ્ધિ આકારણીનો સમાવેશ થાય છે;

સન ૧૯૬૧નો ૪૩મો.

(૧૨) ''સંલગ્ન ઉદ્યોગ-સાહસ''નો, આવક-વેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૯૨-ક-માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે;

INDEX

(૧૩) ''ઓડિટ'' એટલે જાહેર કરેલા ટર્નઓવર, ચૂકવેલા વેરા, દાવો કરેલા રિફંડ અને મેળવેલા ઈનપુટ વેરા શાખની યથાર્થતા અંગે ખરાઈ કરવા માટે અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈ અનુસાર તેણે કરેલી પૂર્તતાનું મૂલ્યાંકન કરવા માટે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા નિભાવવામાં આવતા અથવા પૂરા પાડવામાં આવતા રેકર્ડ, પત્રકો અને બીજા દસ્તાવેજોની તપાસ;

(૧૪) ''અધિકૃત બેંક'' એટલે વેરો અથવા આ અધિનિયમ હેઠળ ભરવાપાત્ર બીજી કોઈ રકમ વસૂલ કરવા માટે, કેન્દ્ર સરકારે અધિકૃત કરેલી બેંક અથવા બેંકની શાખા;

(૧૫) ''અધિકૃત પ્રતિનિધિ'' એટલે કલમ ૧૧૬ હેઠળ ઉલ્લેખ્યા પ્રમાણેના પ્રતિનિધિ;

(૧૬) ''બોર્ડ'' એટલે કેન્દ્રીય મહેસૂલ–બોર્ડ અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલું કેન્દ્રીય આબકારી અને જકાત બોર્ડ; સન ૧૯૬૩નો ૫૪મો.

(૧૭) ''ધંધા''માં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:–

(ક) નાણાકીય લાભ માટે હોય કે ન હોય તેવો કોઈ વ્યાપાર, વાણિજ્ય, ઉત્પાદન પ્રક્રિયા, ધંધો–રોજગાર, વ્યવસાય,ઉદ્યોગ–સાહસ,હોડ (wager) અથવા તેના જેવી બીજી કોઈ પ્રવૃત્તિ;

(ખ) પેટા–ખંડ (ક) સાથે સંકળાયેલી અથવા તેના આનુષંગિક અથવા તેને સંલગ્ન કોઈ પ્રવૃત્તિ અથવા લેવડદેવડ;

(ગ) પેટા–ખંડ (ક)ના સ્વરૂપની કોઈ પ્રવૃત્તિ અથવા લેવડદેવડ,પછી આવી લેવડદેવડનું પ્રમાણ, તેની સંખ્યા (frequency),તેનું સાતત્ય અથવા તેની નિયમિતતા હોય કે ન હોય;

(ઘ) ધંધો શરૂ કરવા અથવા બંધ કરવા સાથે સંકળાયેલા કેપિટલ ગુડ્ઝ(મૂડીગત માલ) અને સેવા સહિતના માલનો પુરવઠો અથવા તેનું સંપાદન;

(ચ) કલબ, એસોસિએશન, મંડળી અથવા આવા કોઈ મંડળ દ્વારા પોતાના સભ્યોને (ફાળા અથવા બીજા કોઈ અવેજને બદલે) સુવિધા અથવા લાભો પૂરા પાડવા;

(છ) અવેજને બદલે,કોઈ જગ્યામાં વ્યક્તિઓનો પ્રવેશ;

(જ) કોઈ હોદ્દો ધરાવનાર તરીકે કોઈ વ્યક્તિએ, પોતાના વ્યાપાર, ધંધા અથવા વ્યવસાયની પ્રગતિ દરમિયાન અપનાવેલી હોય તેવી તેના દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા;

(ઝ) કોઈ રેસ કલબ દ્વારા, આવી કલબમાંના બુક મેકરને,ટોટલાઈઝેટર અથવા લાઈસન્સ સ્વરૂપે આપવામાં આવતી સેવા; અને

(ટ) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ જેમાં જાહેર સત્તામંડળ તરીકે રોકાયેલ હોય તેવી તેમના દ્વારા હાથ ધરવામાં આવતી કોઈ પ્રવૃત્તિ અથવા લેવડદેવડ;

(૧૮) ''વેપાર કાર્યક્ષેત્ર (business vertical)'' એટલે કોઈ વ્યક્તિગત માલ અથવા સેવા પૂરી પાડવાની અથવા સંબંધિત માલ અથવા સેવા જૂથમાં પૂરી પાડવાની કામગીરીમાં રોકાયેલું હોય તેવું ઉદ્યોગ–સાહસનું વિશિષ્ટ ઘટક, કે જે બીજા વેપાર કાર્યક્ષેત્રના જોખમ અને મળતર કરતાં જુદા પ્રકારના જોખમ અને મળતરને અધીન હોય.

સ્પષ્ટીકરણ.– આ ખંડના હેતુઓ માટે,માલ અથવા સેવા સંબંધિત છે કે કેમ તે નક્કી કરવા માટે વિચારણામાં લેવાની બાબતોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:–

(ક) માલ અથવા સેવાનો પ્રકાર;

(ખ) ઉત્પાદનની પ્રક્રિયાનો પ્રકાર;

(ગ) માલ અથવા સેવાના ગ્રાહકોનો પ્રકાર અથવા તેનો વર્ગ;

(ઘ) માલનું વિતરણ કરવા માટે અથવા સેવા પૂરી પાડવા માટે વપરાતી પદ્ધતિ; અને

(ચ) બેંકિંગ, વીમા અથવા જાહેર ઉપયોગિતાની સેવા સહિત (જ્યાં પણ લાગુ પડતા હોય ત્યાં તેવા) નિયમનકારી માળખાનો પ્રકાર;

(૧૯) ''કેપિટલ ગુડ્ઝ (મૂડીગત માલ)'' એટલે ઈનપુટ વેરા શાખનો દાવો કરતી વ્યક્તિના હિસાબના ચોપડામાં જે માલની કિંમતનું મૂડીમાં રૂપાંતર કરવામાં આવ્યું હોય અને ધંધો આગળ વધારવામાં જેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય અથવા ઉપયોગ કરવા ધાર્યું હોય તેવો માલ;

(૨૦) ''પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ'' એટલે ધંધાની પ્રગતિ દરમિયાન, જ્યાં પોતાના ધંધાનું કોઈપણ નિયત સ્થળ આવેલું ન હોય તેવા વેરાપાત્ર પ્રદેશમાં,મુખ્ય એજન્ટ તરીકે અથવા બીજી કોઈ હેસિયતથી,પ્રસંગોપાત, માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવા સહિતની લેવડદેવડ કરતી હોય તેવી વ્યક્તિ;

(૨૧) ''કેન્દ્રીય વેરો'' એટલે કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૯ હેઠળ લેવામાં આવતો કેન્દ્રીય માલ અને સેવા વેરો;

(૨૨) ''ઉપકર''નો,માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમમાં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે;

(૨૩) ''ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ'' એટલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૨–ની પેટા–કલમ (૧)ના ખંડ (ખ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ; સન ૧૯૪૯નો ૩૮મો.

(૨૪) ''કમિશનર'' એટલે કલમ ૩ હેઠળ નિમાયેલા રાજ્ય વેરા કમિશનર અને તેમાં કલમ ૩ હેઠળ નિમાયેલા રાજ્ય વેરાના મુખ્ય કમિશનર અથવા અગ્ર વેરા કમિશનરનો સમાવેશ થાય છે;

(૨૫) ''બોર્ડના કમિશનર'' એટલે કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૬૮માં ઉલ્લેખેલા કમિશનર;

(૨૬) ''કોમન (સામાન્ય) પોર્ટલ'' એટલે કલમ ૧૪૬માં ઉલ્લેખેલ સામાન્ય માલ અને સેવા વેરા ઈલેક્ટ્રોનિક પોર્ટલ;

(૨૭) ''કામકાજના સામાન્ય દિવસો'' એટલે કેન્દ્ર સરકાર અથવા ગુજરાત સરકારે રાજપત્રિત રજા તરીકે જાહેર કરેલા ન હોય તેવા ક્રમશઃ આવતા દિવસો;

સન ૧૯૮૦નો પ૬મો.

(૨૮) ''કંપની સેક્રેટરી'' એટલે કંપની સેક્રેટરી અધિનિયમ,૧૯૮૦ની કલમ ૨–ની પેટા–કલમ (૧)ના ખંડ (ગ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના કંપની સેક્રેટરી;

(૨૯) ''સક્ષમ સત્તાધિકારી'' એટલે સરકાર જાહેર કરે તેવા સત્તાધિકારી;

(૩૦) ''સંયુક્ત પુરવઠો'' એટલે ધંધાના સામાન્ય ક્રમમાં, સામાન્ય રીતે જેને એક બીજા સાથે જોડીને, પેક કરીને પૂરા પાડવામાં આવતા હોય તેવા,માલ અથવા સેવા અથવા તે બંનેના અથવા તેના કોઈ સંયોજનના, વેરાપાત્ર વ્યકિતએ લેનારને કરેલા બે અથવા વધુ વેરાપાત્ર પુરવઠાવાળો પુરવઠો, જેમાંનો એક મુખ્ય પુરવઠો હોય છે;

ઉદાહરણઃમાલને પેક કરીને વીમા સાથે તેની હેરફેર કરવામાં આવે, ત્યારે માલનો પુરવઠો, પેકિંગની સામગ્રી, હેરફેર અને વીમો એ સંયુક્ત પુરવઠો છે અને માલનો પુરવઠો એ મુખ્ય પુરવઠો છે.

(૩૧) માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં ''અવેજ''માં, નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ–

(ક) માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં, તેની સામેના પ્રતિભાવમાં (સામેની પ્રતિક્રિયા તરીકે) અથવા તેના પ્રલોભન માટે, (પુરવઠો) લેનાર અથવા બીજી કોઈ વ્યકિતએ, નાણાકીય સ્વરૂપે અથવા અન્યથા કરેલી અથવા કરવાની હોય તેવી કોઈ ચુકવણી પણ તેમાં કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી કોઈ સબસિડી (સહાયકી)નો સમાવેશ થશે નહિ;

(ખ) માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં, તેની સામેના પ્રતિભાવમાં (સામેની પ્રતિક્રિયા તરીકે) અથવા તેના પ્રલોભન માટે, (પુરવઠો) લેનાર અથવા બીજી કોઈ વ્યકિતએ, કરેલા કોઈ કૃત્ય માટેનું અથવા કોઈ કૃત્ય બંધ કરવા માટેનું નાણાકીય મૂલ્ય પણ તેમાં કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી કોઈ સબસિડીનો સમાવેશ થશે નહિઃ

પરંતુ પુરવઠાકાર,માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં આપવામાં આવતી અનામત રકમને, સદરહુ પુરવઠા માટેના અવેજ તરીકે ગણવા માટેની અરજી કરે તે સિવાય, સદરહુ અનામત રકમને, આવા પુરવઠા માટે કરવામાં આવેલી ચુકવણી તરીકે ગણવી જોઈશે નહિ;

(૩૨) ''માલનો નિરંતર પુરવઠો'' એટલે કોઈ કરાર હેઠળ, વાયર, કેબલ, પાઈપલાઈન અથવા બીજી નળી (નીક)ના માધ્યમથી અથવા તેવા માધ્યમ સિવાય, સતત અથવા આવર્તિત ધોરણે, પૂરા પાડવામાં આવતા અથવા પૂરા પાડવાનું કબૂલ કરવામાં આવ્યું હોય તેવા અને જેના માટે પુરવઠાકાર, (પુરવઠો) લેનારને નિયમિત ધોરણે અથવા સમયાંતરે ભરતિયું મોકલતા હોય તેવા માલનો પુરવઠો અને તેમાં સરકાર, જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન હોય તેવા માલના પુરવઠાનો સમાવેશ થાય છે;

(૩૩) ''સેવાનો નિરંતર પુરવઠો'' એટલે કોઈ કરાર હેઠળ, સમયાંતરે ચુકવણી કરવાની જવાબદારી હોય તેવી, ત્રણ મહિનાથી વધુની મુદત માટે, સતત અથવા આવર્તિત ધોરણે, પૂરી પાડવામાં આવતી અથવા પૂરી પાડવાનું કબૂલ કરવામાં આવ્યું હોય તેવી સેવાનો પુરવઠો અને તેમાં સરકાર, જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન હોય તેવી સેવાનો સમાવેશ થાય છે;

(૩૪) ''વાહન''માં,કોઈ વહાણ, વિમાન અને વાહનનો સમાવેશ થાય છે;

(૩૫) ''કોસ્ટ એકાઉન્ટન્ટ'' એટલે કોસ્ટ અને વર્કસ એકાઉન્ટન્ટ અધિનિયમ,૧૯૫૯– સન ૧૯૫૯નો ૨૩મો.
ની કલમ ૨–ની પેટા–કલમ (૧)ના ખંડ (ગ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના કોસ્ટ એકાઉન્ટન્ટ;

(૩૬) ''કાઉન્સિલ'' એટલે સંવિધાનના અનુચ્છેદ ૨૭૯–ક હેઠળ સ્થપાયેલી માલ અને સેવા વેરા કાઉન્સિલ;

(૩૭) ''જમા નોંધ'' એટલે કલમ ૩૪–ની પેટા–કલમ (૧) હેઠળ રજિસ્ટર થયેલી વ્યકિતએ કાઢી આપેલો દસ્તાવેજ;

(૩૮) ''ઉધાર નોંધ''એટલે કલમ ૩૪–ની પેટા–કલમ (૩) હેઠળ રજિસ્ટર થયેલી વ્યકિતએ કાઢી આપેલો દસ્તાવેજ;

(૩૯) ''માની લીધેલો નિકાસ'' એટલે કલમ ૧૪૭ હેઠળ જાહેર કરવામાં આવે તેવો માલનો પુરવઠો;

(૪૦) ''મુકરર સત્તાધિકારી'' એટલે કમિશનર દ્વારા જાહેર કરવામાં આવે તેવા સત્તાધિકારી;

સન ૨૦૦૦નો ૨૧મો. (૪૧) ''દસ્તાવેજ''માં, કોઈપણ પ્રકારના લેખિત અથવા મુદ્રિત રેકર્ડનો અને ઈન્ફરમેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ની કલમ ૨–ના ખંડ (બ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના ઈલેકટ્રોનિક રેકર્ડનો સમાવેશ થાય છે;

(૪૨) ભારતમાં ઉત્પાદિત થયેલા અને નિકાસ કરાયેલા કોઈ માલના સંબંધમાં ''પરત વેરો'' એટલે આયાત કરેલ કોઈ ઈનપુટ અથવા આવા માલની બનાવટમાં વપરાયેલા કોઈ આંતરિક ઈનપુટ અથવા ઈનપુટ સેવા પર લેવાપાત્ર શુલ્ક, વેરા અથવા ઉપકર પર આપવામાં આવતું રિબેટ (વળતર);

(૪૩) ''ઈલેકટ્રોનિક રોકડ ખાતાવહી'' એટલે કલમ ૪૯ની પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ ઈલેકટ્રોનિક રોકડ ખાતાવહી;

(૪૪) ''ઈલેકટ્રોનિક વાણિજ્ય'' એટલે ડિજિટલ અથવા ઈલેકટ્રોનિક નેટવર્ક પર, ડિજિટલ પેદાશ સહિત માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવા;

(૪૫) ''ઈલેકટ્રોનિક વાણિજ્ય ઓપરેટર'' એટલે ઈલેકટ્રોનિક વાણિજ્ય માટે ડિજિટલ અથવા ઈલેકટ્રોનિક સુવિધા અથવા પ્લેટફોર્મની માલિકી ધરાવતી અથવા તેનું સંચાલન કરતી અથવા તેનો વહીવટ કરતી કોઇ વ્યકિત;

(૪૬) ''ઈલેકટ્રોનિક જમા ખાતાવહી'' એટલે કલમ ૪૯ની પેટા–કલમ (૨)માં ઉલ્લેખેલ ઈલેકટ્રોનિક જમા ખાતાવહી;

(૪૭) ''મુકિત આપેલો પુરવઠા (exempt supplies)'' એટલે જેનો વેરાનો દર શૂન્ય હોય અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૧ અથવા કલમ ૬ હેઠળ જેને સપૂર્ણત:વેરામાંથી મુકિત આપી શકાય તેવા કોઈ માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો અને તેમાં બિન–વેરાપાત્ર પુરવઠાનો સમાવેશ થાય છે;

(૪૮) ''વિદ્યમાન કાયદો'' એટલે આ અધિનિયમના આરંભ પહેલાં,માલ અથવા સેવા અથવા તે બંને પરનો શુલ્ક અથવા વેરો લેવાને અને તેને વસૂલ કરવાને (ઉઘરાવવાને) લગતા, વિધાનમંડળ અથવા એવા કાયદા, જાહેરનામા, હુકમ, નિયમ અથવા વિનિયમ કરવાની સત્તા

ધરાવતા સત્તાધિકારી અથવા વ્યકિત દ્વારા કરવામાં અથવા તૈયાર કરવામાં આવેલ કોઈ કાયદો, જાહેરનામું,હુકમ, નિયમ અથવા વિનિયમ;

(૪૯) ''કુટુંબ'' એટલે,–

(૧) કોઈ વ્યકિતના પતિ/પત્ની અને બાળકો, અને

(૨) કોઈ વ્યકિત પર સંપૂર્ણ અથવા મુખ્યત્વે આશ્રિત હોય તેવા સદરહુ વ્યકિતના માતા–પિતા,દાદા–દાદી, ભાઈઓ અને બહેનો;

(૫૦) ''ધંધાનું નિયત સ્થળ'' એટલે સેવા પૂરી પાડવા માટે અથવા તેની પોતાની જરૂરિયાત માટે સેવા મેળવવા અને તેનો ઉપયોગ કરવા માટે,માનવ અને ટેકનિકલ સાધનોના સંદર્ભમા કાયમી અને યોગ્ય માળખું ધરાવતું હોય તેવું (ધંધાના રજિસ્ટર થયેલા સ્થળ સિવાયનું) કોઈ સ્થળ;

(૫૧) ''ફંડ'' એટલે કલમ ૫૭ હેઠળ સ્થપાયેલું ગ્રાહક કલ્યાણ ફંડ;

(૫૨) ''માલ'' એટલે નાણાં અને જામીનગીરી સિવાયની દરેક પ્રકારની જંગમ મિલકત,પણ તેમાં દાવાપાત્ર હક, વિકસતા પાક અને પુરવઠો પૂરો પાડતા પહેલાં અથવા પુરવઠાના કરાર હેઠળ (જમીનથી) અલગ કરવાનું કબૂલ કરવામાં આવ્યું હોય તેવા ઘાસચારા અને જમીન સાથે જોડાયેલી અથવા જમીનનો ભાગ બનતી વસ્તુઓ;

(૫૩) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

સન ૨૦૧૭નો ૧૫મો.

(૫૪) ''માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમ'' એટલે માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમ,૨૦૧૭;

(૫૫) ''માલ અને સેવા વેરા વ્યવસાયી'' એટલે કલમ ૪૮ હેઠળ એવા વ્યવસાયી તરીકે કાર્ય કરવા માટે માન્ય કરવામાં આવેલ તેવી કોઈ વ્યકિત;

(૫૬) ''ભારત'' એટલે સંવિધાનના અનુચ્છેદ ૧–માં ઉલ્લેખેલ ભારતનો સંઘ રાજ્યક્ષેત્ર,તેનો પ્રાદેશિક જળવિસ્તાર,આવા જળવિસ્તાર નીચેની જમીન અને ભૂગર્ભ સ્તર, ખંડીય સમુદ્રતળપટ્ટી,પ્રાદેશિક જળવિસ્તાર, ખંડીય સમુદ્રતળપટ્ટી, સુવાંગ આર્થિક ક્ષેત્ર અને અન્ય

સન ૧૯૭૬નો ૮૦મો.

દરિયાઈ ક્ષેત્ર અધિનિયમ,૧૯૭૬ હેઠળના સુવાંગ આર્થિક ક્ષેત્ર અથવા બીજા કોઈ દરિયાઈ ક્ષેત્ર અને તેના સંઘ રાજ્યક્ષેત્ર અને પ્રાદેશિક જળવિસ્તાર ઉપરનો હવાઈ વિસ્તાર;

સન ૨૦૧૭નો ૧૩મો.

(૫૭) ''સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ'' એટલે સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭;

(૫૮) ''સંકલિત વેરો'' એટલે સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ લેવામાં આવતો સંકલિત માલ અને સેવા વેરો;

(૫૯) ''ઈનપુટ'' એટલે ધંધાની પ્રગતિ દરમિયાન પુરવઠાકાર દ્વારા વાપરવામાં આવતો અથવા વાપરવા ધાર્યું હોય તેવો કેપિટલ ગુડ્ઝ સિવાયનો કોઈ માલ;

(૬૦) ''ઈનપુટ સેવા'' એટલે ધંધાની પ્રગતિ દરમિયાન પુરવઠાકાર દ્વારા વાપરવામાં આવતી અથવા વાપરવા ધાર્યું હોય તેવી કોઈ સેવા;

(૬૧) ''ઈનપુટ સેવા વિતરણકર્તા''એટલે ઈનપુટ સેવા મળ્યા બદલ કલમ ૩૧ હેઠળ કાઢી આપવામાં આવેલ વેરા ભરતિયા સ્વીકારે અને માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારની કચેરીનો હોય તે જ કાયમી ખાતા નંબર ધરાવતા વેરાપાત્રમાલ અથવા સેવાના

પુરવઠાકારને, સદરહુ સેવા પર ચૂકવેલ કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંકલિત વેરા અથવા સંઘ રાજ્યક્ષેત્ર વેરાની શાખનું વિતરણ કરવાના હેતુ માટે, ઠરાવેલો દસ્તાવેજ કાઢી આપે તેવા માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારની કચેરી;

(૬૨) રજિસ્ટર થયેલી વ્યક્તિના સંબંધમાં ''ઈનપુટ વેરો'' એટલે માલ અથવા સેવા અથવા તે બંનેના તેને પૂરા પડાયેલ પુરવઠા ઉપર લેવામાં આવતો કેન્દ્રીય વેરો, રાજ્ય વેરો, સંકલિત વેરો અથવા સંઘ રાજ્યક્ષેત્ર વેરો અને તેમાં નીચેના વેરાનો સમાવેશ થાય છે–

(ક) માલની આયાત પર લેવામાં આવતો સંકલિત માલ અને સેવા વેરો;

(ખ) કલમ ૯–ની પેટા–કલમો (૩) અને (૪)ની જોગવાઈઓ હેઠળ ભરવાપાત્ર વેરો;

(ગ) સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫–ની પેટા–કલમો (૩) અને (૪)ની જોગવાઈઓ હેઠળ ભરવાપાત્રવેરો; અથવા

(ઘ) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૯ની પેટા–કલમો (૩) અને (૪)ની જોગવાઈઓ હેઠળ ભરવાપાત્ર વેરો,

પણ તેમાં પતાવટ–વેરા (composition levy) હેઠળ ચૂકવેલા વેરાનો સમાવેશ થતો નથી.

(૬૩) ''ઈનપુટ વેરા શાખ'' એટલે ઈનપુટ વેરાની શાખ;

(૬૪) ''માલના રાજ્યાંતર્ગત પુરવઠા''નો,સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૮–માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે;

(૬૫) ''સેવાના રાજ્યાંતર્ગત પુરવઠા''નો,સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૮–માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે;

(૬૬) ''ભરતિયું'' અથવા ''વેરા ભરતિયું'' એટલે કલમ ૩૧–માં ઉલ્લેખેલ વેરા ભરતિયું;

(૬૭) કોઈ વ્યક્તિના સંબંધમાં ''આવક–પુરવઠો (inward supplies)'' એટલે અવેજથી અથવા અવેજ વગર, ખરીદીથી, સંપાદન કરીને અથવા બીજા કોઈ માધ્યમથી, માલ અથવા સેવા અથવા તે બંને મેળવવા;

(૬૮) ''છૂટક કામ (જોબ વર્ક)'' એટલે રજિસ્ટર થયેલી બીજી વ્યક્તિની માલિકીના માલ પર કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવતી કોઈ ક્રિયા અથવા પ્રક્રિયા અને ''છૂટક કામદાર (જોબ વર્ક કરનાર)''નો અર્થ તદનુસાર કરવામાં આવશે;

(૬૯) ''સ્થાનિક સત્તામંડળ'' એટલે–

(ક) સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ના ખંડ (ઘ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની ''પંચાયત'';

(ખ) સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–ઘ–ના ખંડ (ચ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની ''નગરપાલિકા'';

(ગ) નગરપાલિકા સમિતિ, જિલ્લા પરિષદ, જિલ્લા બોર્ડ અને કેન્દ્ર સરકાર અથવા કોઈ રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકા અથવા સ્થાનિક ફંડનું નિયંત્રણ અને સંચાલન જેને સોંપવામાં આવેલ હોય અથવા જે તેને કાયદેસર રીતે હકદાર હોય તેવું બીજું કોઈ સત્તામંડળ;

સન ૨૦૦૬નો ૪૧મો.

(ઘ) કેન્ટોનમેન્ટ અધિનિયમ, ૨૦૦૬ની કલમ ૩માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું કેન્ટોનમેન્ટ બોર્ડ;

(ચ) સંવિધાનની છઠ્ઠી અનુસૂચિ હેઠળ રચાયેલી પ્રાદેશિક કાઉન્સિલ અથવા જિલ્લા કાઉન્સિલ;

(છ) સંવિધાનના અનુચ્છેદ ૩૭૧ હેઠળ રચાયેલું વિકાસ બોર્ડ; અથવા

(જ) સંવિધાનના અનુચ્છેદ ૩૭૧ક હેઠળ રચાયેલી પ્રાદેશિક કાઉન્સિલ;

(૭૦) ''સેવા લેનારનું સ્થળ'' એટલે–

(ક) જેના માટે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તેવી ધંધાની જગ્યાએ પુરવઠો મેળવવામાં આવે, ત્યારે ધંધાની તેવી જગ્યાનું સ્થળ;

(ખ) જેના માટે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તેવી ધંધાની જગ્યા સિવાયની જગ્યાએ (ધંધાના બીજા કોઈ નિયત સ્થળે) પુરવઠો મેળવવામાં આવે, ત્યારે ધંધાનું એવું નિયત સ્થળ;

(ગ) ધંધાની જગ્યા હોય કે ધંધાનું નિયતસ્થળ હોય તેવા એક કરતાં વધુ નિયત સ્થળોએ પુરવઠો મેળવવામાં આવે, ત્યારે પુરવઠો મેળવવા માટે મોટાભાગે પ્રત્યક્ષ રીતે સંબંધિત હોય તેવુંનિયત સ્થળ; અને

(ઘ) આવી જગ્યાઓ ન હોય, ત્યારે સેવા લેનારના સામાન્ય રહેઠાણનું સ્થળ;

(૭૧) ''સેવા પૂરી પાડનારનું સ્થળ'' એટલે–

(ક) જેના માટે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તેવી ધંધાની જગ્યાએથી સેવા પૂરી પાડવામાં આવે, ત્યારે ધંધાની આવી જગ્યાનું સ્થળ;

(ખ) જેના માટે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તેવી ધંધાની જગ્યા સિવાયની જગ્યાએથી (ધંધાના બીજા કોઈ નિયત સ્થળેથી) સેવા પૂરી પાડવામાં આવે, ત્યારે ધંધાનું એવું નિયત સ્થળ;

(ગ) ધંધાની જગ્યા હોય કે ધંધાનું નિયત સ્થળ હોય તેવા એક કરતાં વધુ નિયત સ્થળોએથી સેવા પૂરી પાડવામાં આવે, ત્યારે સેવા પૂરી પાડવા સાથે મોટાભાગે પ્રત્યક્ષ રીતે સંબંધિત હોય તેવું નિયત સ્થળ; અને

(ઘ) આવી જગ્યાઓ ન હોય, ત્યારે સેવા પૂરી પાડનારના સામાન્ય રહેઠાણનું સ્થળ;

(૭૨) ''ઉત્પાદન'' એટલે જે પ્રક્રિયાને પરિણામે ચોક્કસ નામ, સ્વરૂપ અને ઉપયોગ ધરાવતી નવી બનાવટ ઉત્પન્ન થાય તેવી, કાચા માલ અથવા ઈનપુટની કોઈપણ રીતે કરવામાં આવતી પ્રક્રિયા અને ''ઉત્પાદક'' એ શબ્દનો તદનુસાર અર્થ કરવામાં આવશે;

(૭૩) ''બજાર–મૂલ્ય'' એટલે પુરવઠો લેનાર અને પૂરો પાડનાર એકબીજા સાથે સંબધ ધરાવતા ન હોય, ત્યારે સમાન પ્રકાર અને ગુણવત્તાવાળા માલ અથવા સેવા અથવા તે બંને, એક જ સમયે અથવા તે સમયની આસપાસના સમયે અને એક જ વાણિજ્ય સ્તરે મેળવવા માટે, પુરવઠો લેનારે ચૂકવવાની થતી હોય તેવી પૂરેપૂરી રકમ;

(૭૪) ''મિશ્ર પુરવઠો'' એટલે કોઈ વેરાપાત્ર વ્યક્તિ દ્વારા,એક જ કિમતે પૂરા પાડવામાં આવતા,માલ અથવા સેવા અથવા એકબીજા સાથેના સંયોજનથી તૈયાર કરવામાં આવેલા તેના કોઈ મિશ્રણ (સંયોજન)ના, સંયુક્ત પુરવઠો ન હોય તેવા,બે અથવા વધુ વ્યક્તિગત પુરવઠા;

ઉદાહરણ:કેનમાં ભરેલા ખોરાક, મીઠાઈ, ચોકલેટ, કેક, સૂકા મેવા, વાયુમિશ્ર પીણાં અને ફળોના રસનું પેકેજ એક જ કિમતે પૂરું પાડવામાં આવે, ત્યારે તે મિશ્ર પુરવઠો ગણાય છે. આ વસ્તુઓ પૈકીની દરેક વસ્તુ અલગથી પૂરી પાડી શકાય છે અને તે બીજી કોઈ વસ્તુ પર આધારિત નથી. જો આ વસ્તુઓ અલગ અલગ પૂરી પાડવામાં આવે,તો તે મિશ્ર પુરવઠો ગણાશે નહિ.

(૭૫) ''નાણાં'' એટલે કોઈ જવાબદારીની ચુકવણી કરવા માટે અવેજ તરીકે વપરાતા અથવા બીજા અંકિત મૂલ્યનો ભારતીય કાયદેસર ચલણમાં વિનિમય કરવા માટે વપરાતા ભારતીય કાયદેસર ચલણ અથવા કોઈ વિદેશી ચલણ, ચેક, પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર, શાખ–પત્ર, ડ્રાફ્ટ, ચુકવણી હુકમ, પ્રવાસી ચેક, મની ઓર્ડર, પોસ્ટલ અથવા ઈલેક્ટ્રોનિક ભરણું અથવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ માન્ય કરેલા બીજા કોઈ ખત, પણ તેના સિક્કા વિષયક ચલણ માટે ઘરાવવામાં આવેલ કોઈ ચલણનો તેમાં સમાવેશ થતો નથી;

(૭૬) ''મોટર વાહન''નો, મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ની કલમ ૨–ના ખંડ (૨૮)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે; સન ૧૯૮૮નો ૫૯મો.

(૭૭) ''બિન–નિવાસી વેરાપાત્ર વ્યક્તિ'' એટલે મુખ્ય માલિક (પ્રિન્સિપાલ) તરીકે અથવા એજન્ટ તરીકે અથવા બીજી કોઈ હેસિયતથી, માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડવા સહિતની લેવડદેવડ પ્રસંગોપાત કરતી હોય પણ જેના ધંધાનું કોઈપણ નિયત સ્થળ અથવા રહેઠાણ ભારતમાં આવેલું ન હોય તેવી કોઈ વ્યક્તિ;

(૭૮) ''બિન–વેરાપાત્ર પુરવઠો'' એટલે આ અધિનિયમ હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ વેરાને પાત્ર ન હોય તેવો માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો;

(૭૯) ''બિન–વેરાપાત્ર પ્રદેશ'' એટલે વેરાપાત્ર પ્રદેશની બહાર આવેલો પ્રદેશ;

(૮૦) ''જાહેરનામું'' એટલે રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલું જાહેરનામું અને 'જાહેર કરવું' અને 'જાહેર કરેલું' એ શબ્દપ્રયોગોનો તદનુસાર અર્થ કરવામાં આવશે;

(૮૧) ''બીજા પ્રદેશો''માં, રાજ્યની બહાર આવેલા અને ખંડ (૧૧૪)ના પેટા–ખંડો (ક) થી (ચ)માં ઉલ્લેખેલા પ્રદેશો સિવાયના પ્રદેશોનો સમાવેશ થાય છે;

(૮૨) વેરાપાત્ર વ્યક્તિના સંબંધમાં ''ઉત્પાદન (આઉટપુટ) વેરો'' એટલે, વેરાપાત્ર વ્યક્તિએ અથવા તેના એજન્ટે તૈયાર કરેલા માલ અથવા સેવા અથવા તે બંનેના વેરાપાત્ર પુરવઠા પર, આ અધિનિયમ હેઠળ લેવાપાત્ર વેરો, પણ વિપરીતચાર્જ (reverse charge)ને આધારે તેણે ભરવાપાત્ર વેરાનો તેમાં સમાવેશ થતો નથી;

(૮૩) વેરાપાત્ર વ્યક્તિના સંબંધમાં ''જાવક પુરવઠો (outward supply)'' એટલે આવી વ્યક્તિ દ્વારા ધંધાની પ્રગતિ દરમિયાન, વેચાણ, તબદીલી, વસ્તુવિનિમય, વિનિમય,લાઈસન્સ, ભાડા, ભાડાપટા અથવા નિકાલથી અથવા બીજી કોઈ પદ્ધતિથી,કરવામાં આવેલો અથવા કરવાનું કબૂલ કરવામાં આવ્યું હોય તેવો, માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો;

(૮૪) ''વ્યક્તિ''માં નીચેનાનો સમાવેશ થાય છે–

(ક) વ્યક્તિ;

(ખ) હિન્દુ અવિભક્ત કુટુંબ;

(ગ) કંપની;

(ઘ) પેઢી;

(ચ) મર્યાદિત જવાબદારી ભાગીદારી;

(છ) ભારતમાં અથવા ભારત બહાર આવેલું, સંસ્થાપિત હોય કે ન હોય તેવું, વ્યક્તિઓનું એસોસિએશન અથવા વ્યક્તિઓનું મંડળ;

સન ૨૦૧૩નો ૧૮મો.

(જ) કોઈ કેન્દ્રીય અધિનિયમ, રાજ્ય અધિનિયમ અથવા પ્રાંતીય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલું કોઈ કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૨–ના ખંડ (જ૫)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની સરકારી કંપની;

(ઝ) ભારતની બહારના કોઈ દેશના કાયદાથી અથવા તે હેઠળ સંસ્થાપિત થયેલું કોઈ સંસ્થાપિત મંડળ;

(ટ) સહકારી મંડળીને લગતા કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી સહકારી મંડળી;

(ઠ) સ્થાનિક સત્તામંડળ;

(ડ) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર;

(ઢ) મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણેની મંડળી;

સન ૧૮૬૦નો ૨૧મો.

(ત) ટ્રસ્ટ; અને

(થ) ઉપર જણાવેલી કક્ષા પૈકી કોઈપણ કક્ષામાં ન આવતી હોય તેવી દરેક કૃત્રિમ કાનૂની વ્યક્તિ;

(૮૫) ''ધંધાના સ્થળ''માં નીચેનાનો સમાવેશ થાય છે–

(ક) સામાન્ય રીતે જ્યાંથી ધંધો ચલાવવામાં આવતો હોય તે સ્થળ અને તેમાં વખાર, ગોદામ અથવા વેરાપાત્ર વ્યક્તિ જ્યાં પોતાના માલનો સંગ્રહ કરતો હોય અથવા માલ અથવા સેવા અથવા તે બંને મેળવતો હોય તેવા બીજા કોઈ સ્થળનો સમાવેશ થાય છે; અથવા

(ખ) વેરાપાત્ર વ્યક્તિ જે સ્થળે પોતાના હિસાબના ચોપડા નિભાવતો હોય તે સ્થળ; અથવા

(ગ) વેરાપાત્ર વ્યક્તિ,જે સ્થળે એજન્ટ મારફત ધંધામાં રોકાયેલી હોય તેવું ગમે તે નામે ઓળખાતું સ્થળ;

(૮૬) ''માલ પૂરો પાડવાનું સ્થળ'' એટલે સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમના પ્રકરણ ૫–માં ઉલ્લેખ્યા પ્રમાણેનું માલ પૂરો પાડવાનું સ્થળ;

(૮૭) ''ઠરાવેલું'' એટલે કાઉન્સિલની ભલામણો ઉપરથીઆ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૮૮) ''મુખ્ય માલિક (પ્રિન્સિપાલ)'' એટલે જે વ્યક્તિ વતી એજન્ટ,માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવાનો અથવા મેળવવાનો ધંધો કરતો હોય તે વ્યક્તિ;

(૮૯) ''ધંધાનું મુખ્ય સ્થળ'' એટલે રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રમાં ધંધાના મુખ્ય સ્થળ તરીકે નિર્દિષ્ટ કરેલું ધંધાનું સ્થળ;

(૯૦) ''મુખ્ય પુરવઠો'' એટલે સંયુક્ત પુરવઠાનો મુખ્ય ભાગ હોય અને તે સંયુક્ત પુરવઠાનો ભાગ બનતા બીજા કોઈ પુરવઠા જેને આનુષંગિક હોય તેવો માલ અથવા સેવાનો પુરવઠો;

(૯૧) આ અધિનિયમ હેઠળ કરવાના કોઈ કાર્યના સંબંધમાં ''યોગ્ય અધિકારી'' એટલે કમિશનર અથવા કમિશનરે જેને તે કાર્ય સોંપેલ હોય તેવા રાજ્ય વેરા અધિકારી;

(૯૨) ''ત્રિમાસ'' એટલે કેલેન્ડર વર્ષના માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બર મહિનાના છેલ્લા દિવસે પૂરી થતી, લાગલાગટ ત્રણ કેલેન્ડર મહિનાની મુદત;

(૯૩) માલ અથવા સેવા અથવા તે બંને ''લેનાર'' એટલે–

(ક) માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડવા બદલ અવેજ ચૂકવવાપાત્ર હોય, ત્યારે તે અવેજ ચૂકવવા માટે જવાબદાર હોય તે વ્યક્તિ;

(ખ) માલ પૂરો પાડવા બદલ કોઈપણ અવેજ ચૂકવવાપાત્ર ન હોય, ત્યારે જે વ્યક્તિને માલ મોકલવામાં આવે અથવા ઉપલભ્ય કરવામાં આવે તે અથવા જે વ્યક્તિને માલનો કબજો આપવામાં આવે અથવા માલ ઉપયોગ માટે આપવામાં આવે અથવા ઉપલભ્ય કરવામાં આવે તે વ્યક્તિ; અથવા

(ગ) સેવા પૂરી પાડવા બદલ કોઈપણ અવેજ ચૂકવવાપાત્ર ન હોય, ત્યારે જે વ્યક્તિને સેવા આપવામાં આવે તે વ્યક્તિ,

અને જેને માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવામાં આવેલ હોય તેવી વ્યક્તિના કોઈ ઉલ્લેખનો અર્થ, પુરવઠો લેનારના ઉલ્લેખ તરીકે કરવો જોઈશે અને તેમાં માલ અથવા સેવા અથવા તે બંને લેનાર વતી, તે તરીકે કાર્ય કરતા એજન્ટનો સમાવેશ થશે;

(૯૪) ''રજિસ્ટર થયેલી વ્યક્તિ'' એટલે કલમ ૨૫ હેઠળ રજિસ્ટર થયેલી વ્યક્તિ, પણ તેમાં યુનિક આઈડેન્ટિટી નંબર (Unique Identity Number)ધરાવતી હોય તેવી વ્યક્તિનો સમાવેશ થતો નથી;

(૯૫) ''વિનિયમો'' એટલે કાઉન્સિલની ભલામણ ઉપરથી આ અધિનિયમ હેઠળ સરકારે કરેલા વિનિયમો;

(૯૬) માલના સંબંધમાં ''ખસેડવો'' એટલે–

(ક) માલના પુરવઠાકાર દ્વારા અથવા આવા પુરવઠાકાર વતી કાર્ય કરતી બીજી કોઈ વ્યક્તિ દ્વારા ડિલિવરી માટે માલ મોકલવો; અથવા

(ખ) માલ લેનાર દ્વારા અથવા આવા લેનાર વતી કાર્ય કરતી બીજી કોઈ વ્યક્તિ દ્વારા માલ સ્વીકારવો (મેળવવો);

(૯૭) ''પત્રક'' એટલે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોથી અથવા તે હેઠળ ઠરાવેલું અથવા અન્યથા પૂરું પાડવું જરૂરી હોય તેવું કોઈ પત્રક;

(૯૮) ''વિપરીત ચાર્જ (reverse charge)'' એટલે સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૯–ની પેટા–કલમ (૩) અથવા પેટા–કલમ (૪) અથવા કલમ ૫–ની પેટા–

કલમ (૩) અથવા પેટા–કલમ (૪) હેઠળ માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારને બદલે, માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો લેનાર દ્વારા વેરો ચૂકવવાની જવાબદારી;

(૯૯) ''ફેરતપાસ સત્તાધિકારી'' એટલે કલમ ૧૦૮માં ઉલ્લેખેલા નિર્ણય અથવા હુકમોની ફેરતપાસ માટે નિમાયેલા અથવા અધિકૃત કરેલા સત્તાધિકારી;

(૧૦૦)''અનુસૂચિ'' એટલે આ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિ;

(૧૦૧)''સિક્યુરિટી''નો, સિક્યુરિટી સોદા (નિયમન) અધિનિયમ,૧૯૫૬–ની કલમ ૨–ના ખંડ (ઝ)માં, તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે; સન ૧૯૫૬નો ૪૨મો.

(૧૦૨)''સેવા'' એટલે માલ, નાણાં અને સિક્યુરિટી સિવાયની ગમે તે વસ્તુ પણ તેમાં નાણાંના ઉપયોગને લગતી અથવા જેના માટે અલગથી અવેજ લેવામાં આવતો હોય તેવા,રોકડથી અથવા બીજી કોઈ પદ્ધતિથી એક સ્વરૂપ, ચલણ અથવા અંકિત મૂલ્યમાંથી બીજા સ્વરૂપ,ચલણ અથવા અંકિત મૂલ્યમાં નાણાંના રૂપાંતરને લગતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે;

(૧૦૩)''રાજ્ય''એટલે ગુજરાત રાજ્ય;

(૧૦૪)''રાજ્ય વેરો'' એટલે આ અધિનિયમ હેઠળ લેવામાં આવતો વેરો;

(૧૦૫)માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં ''પુરવઠાકાર'' એટલે સદરહુ માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડનાર વ્યકિત અને તેમાં પૂરા પાડવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં આવા પુરવઠાકાર વતી તે તરીકે કાર્ય કરતા એજન્ટનો સમાવેશ થશે;

(૧૦૬)''વેરા મુદત'' એટલે જે મુદત માટે પત્રક ભરવાનું હોય તે મુદત;

(૧૦૭)''વેરાપાત્ર વ્યકિત'' એટલે કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટર થયેલી અથવા રજિસ્ટર થવાને પાત્ર વ્યકિત;

(૧૦૮)''વેરાપાત્ર પુરવઠો'' એટલે આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય તેવો માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો;

(૧૦૯)''વેરાપાત્ર પ્રદેશ'' એટલે આ અધિનિયમની જોગવાઈઓ જેને લાગુ પડતી હોય તેવો પ્રદેશ;

(૧૧૦)''દૂરસંચાર સેવા'' એટલે કોઈ સંકેત, સિગ્નલ, લેખ, આકૃતિ અને ધ્વનિ મોકલીને અથવા મેળવીને અથવા તાર, રેડિયો, દૃશ્ય અથવા બીજા ઈલેક્ટ્રો મેગ્નેટિક સાધનોદ્વારા કોઈપણ પ્રકારની માહિતીના માધ્યમથી, વપરાશકારોને ઉપલભ્ય કરાવવામાં આવતી (ઈલેક્ટ્રોનિક મેઈલ, વોઈસ મેઈલ, ડેટા સર્વિસ, ઓડિયો ટેક્સ્ટ સર્વિસ, વિડિયો ટેક્સ્ટ સર્વિસ,રેડિયો પેજિંગ અને સેલ્યુલર મોબાઈલ ટેલિફોન સર્વિસ સહિતની) કોઈપણ પ્રકારની સેવા;

(૧૧૧)''કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ'' એટલે કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭; સન ૨૦૧૭નો ૧૨મો.

(૧૧૨)''રાજ્યમાંનું ટર્નઓવર'' એટલે કોઈ વેરાપાત્ર વ્યકિત દ્વારા રાજ્યની અંદર કરવામાં આવેલા (કોઈ વ્યકિત દ્વારા જેના પર વિપરિત ચાર્જના આધારે વેરો ચૂકવવાપાત્ર હોય તેવા આવક પુરવઠાના મૂલ્યને બાદ કરતા) તમામ વેરાપાત્ર પુરવઠા અને મુકિત આપેલા પુરવઠાનું,સદરહુ વેરાપાત્ર વ્યકિત દ્વારા રાજ્યમાંથી માલ અથવા સેવા અથવા તે બંનેના કરવામાં આવતા નિકાસ અને માલ અથવા સેવા અથવા તે બંનેના આંતરરાજ્ય પુરવઠાનું એકંદર મૂલ્ય, પણ તેમાં કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંઘ રાજ્યક્ષેત્ર વેરા, સંકલિત વેરા અને ઉપકરનો સમાવેશ થતો નથી;

(૧૧૩)''રહેઠાણનું સામાન્ય સ્થળ'' એટલે–

(ક) કોઈ વ્યક્તિના કિસ્સામાં, સામાન્ય રીતે જે સ્થળે તે રહેતો હોય તે સ્થળ;

(ખ) બીજા કિસ્સામાં,જે સ્થળે વ્યક્તિ સંસ્થાપિત થયેલ હોય અથવા અન્યથા કાયદેસર રીતે રચાયેલ હોય તે સ્થળ;

(૧૧૪)''સંઘ રાજ્યક્ષેત્ર'' એટલે –

(ક) આંદામાન અને નિકોબાર ટાપુ;

(ખ) લક્ષદ્વીપ;

(ગ) દાદરા અને નગરહવેલી;

(ઘ) દમણ અને દીવ;

(ચ) ચંદીગઢ; અને

(છ) અન્ય રાજ્યક્ષેત્ર;

સ્પષ્ટીકરણ.–આ અધિનિયમના હેતુઓ માટે, પેટા–ખંડો (ક) થી (છ)માં નિર્દિષ્ટ કરેલ દરેક સંઘ રાજ્યક્ષેત્ર એ અલગ સંઘ રાજ્યક્ષેત્ર ગણાશે.

(૧૧૫)''સંઘ રાજ્યક્ષેત્ર વેરો'' એટલે સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ લેવામાં આવતો સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરો;

(૧૧૬)''સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ'' એટલે સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭;

(૧૧૭)''કાયદામાન્ય પત્રક'' એટલે જેના પર સ્વયં–આકારણી કરેલ વેરો સંપૂર્ણપણે ચૂકવવામાં આવેલ હોય તેવું, કલમ ૩૯ની પેટા–કલમ (૧) હેઠળ રજૂ કરેલું પત્રક;

(૧૧૮)''વાઉચર'' એટલે માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડવા માટે અવેજ તરીકે અથવા આંશિક અવેજ તરીકે જે ખત સ્વીકારવાની જવાબદારી હોય તેવું ખત અને તેમાં પૂરા પાડવાના માલ અથવા સેવા અથવા તેના સંભવિત પુરવઠાકારની ઓળખ, આવા ખતના ઉપયોગ માટેની બોલીઓ અને શરતો સહિત, ખત ઉપર અથવા સંબંધિત દસ્તાવેજીકરણમાં દર્શાવેલી હોય;

(૧૧૯)''બાંધકામ કરાર (વર્ક્સ કોન્ટ્રાક્ટ)'' એટલે કોઈ સ્થાવર મિલકતના નિર્માણ, બાંધકામ,તેની રચના,તેના બાંધકામ પૂરા કરવા,સ્થાવર મિલકત ઊભી કરવા, તેની સ્થાપના, તેને સજ્જ કરવા,સુધારવા, તેમાં ફેરફાર કરવા,તેની મરામત કરવા,તેને નિભાવવા,તેનો જીર્ણોદ્ધાર કરવા,તેમાં પરિવર્તન કરવા અથવા તેને બનાવવા માટેનો કરાર અને આવા કરારની અમલબજવણીમાં(માલ સ્વરૂપે અથવા બીજા કોઈ સ્વરૂપના) માલને લગતી મિલકતની તબદીલીનો સમાવેશ થાય છે;

(૧૨૦)આ અધિનિયમમાં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા, પણ સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ તથા માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, તે અધિનિયમોમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે.

પ્રકરણ ૨

વહીવટ

આ અધિનિયમ હેઠળના અધિકારીઓ.

૩. સરકારે, આ અધિનિયમના હેતુઓ માટે, જાહેરનામાથી, નીચેના વર્ગના અધિકારીઓ નીમવા જોઈશે:–

(ક) રાજ્ય વેરા મુખ્ય કમિશનર/ અગ્ર કમિશનર/ કમિશનર,

(ખ) રાજ્ય વેરા ખાસ કમિશનર,

(ગ) રાજ્ય વેરા અધિક કમિશનરો,

(ઘ) રાજ્ય વેરા સંયુકત કમિશનરો,

(ચ) રાજ્ય વેરા નાયબ કમિશનરો,

(છ) રાજ્ય વેરા મદદનીશ કમિશનરો, અને

(જ) પોતે ઉચિત ગણે તેવા બીજા કોઈ વર્ગના અધિકારીઓ:

પરંતુ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ નિમાયેલા અધિકારીઓ, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નિમાયેલા હોવાનું ગણાશે. સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

અધિકારીઓની નિમણૂક.

૪. (૧) કલમ ૩ હેઠળ સરકાર જાહેર કરે તેવા અધિકારીઓ ઉપરાંત, સરકાર,પોતાને ઉચિત જણાય તેવી વ્યકિતઓને, આ અધિનિયમ હેઠળના અધિકારીઓ તરીકે નીમી શકશે.

(૨) કમિશનરને સમગ્ર રાજ્ય પર હકૂમત રહેશે, ખાસ કમિશનર અને અધિક કમિશનરને, તેમને સોંપવામાં આવેલા તમામ અથવા તે પૈકીના કોઈ કાર્યના સંબંધમાં,સમગ્ર રાજ્ય પર અથવા રાજ્ય સરકાર તેવો આદેશ કરે, ત્યારે તેના કોઈ સ્થાનિક વિસ્તાર પર હકૂમત રહેશે અને બીજા તમામ અધિકારીઓને, નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને,સમગ્ર રાજ્ય પર અથવા કમિશનર, હુકમથી, નિર્દિષ્ટ કરે તેવા સ્થાનિક વિસ્તારો પર હકૂમત રહેશે.

અધિકારીઓની સત્તા.

૫. (૧) રાજ્ય વેરા અધિકારી, કમિશનર નાંખે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ તેમને મળેલી અથવા તેમને સોંપવામાં આવે તેવી સત્તા વાપરી શકશે અને તેવી ફરજો બજાવી શકશે.

(૨) રાજ્ય વેરા અધિકારી,પોતાના તાબામાં હોય તેવા બીજા કોઈ રાજ્ય વેરા અધિકારીને આ અધિનિયમ હેઠળ સોંપવામાં અથવા આપવામાં આવેલી સત્તા વાપરી શકશે અને તેવી ફરજો બજાવી શકશે.

(૩) કમિશનર, પોતે આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી શરતો અને તેવા નિયંત્રણોને અધીન રહીને,પોતાની સત્તા,પોતાના તાબામાં હોય તેવા બીજા કોઈ અધિકારીને સોંપી શકશે.

(૪) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, અપીલ સત્તાધિકારી, બીજા કોઈ રાજ્ય વેરા અધિકારીને મળેલી સત્તા વાપરવી જોઈશે નહિ અથવા તેમને સોંપવામાં આવેલી ફરજો બજાવવી જોઈશે નહિ.

કેન્દ્રીય વેરાના અધિકારીઓને, અમુક સંજોગોમાં યોગ્ય અધિકારીઓ તરીકે અધિકૃત કરવા બાબત.

૬. (૧) આ અધિનિયમની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય,કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ નિમાયેલા અધિકારીઓને, સરકાર,કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ માટે, યોગ્ય અધિકારીઓ તરીકે અધિકૃત કર્યા છે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ બહાર પાડેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને,–

(ક) કોઈ યોગ્ય અધિકારી આ અધિનિયમ હેઠળ હુકમ બહાર પાડે, ત્યારે તેઓએ, સદરહુ અધિનિયમથી અધિકૃત કર્યા પ્રમાણે, કેન્દ્રીય વેરાના હકૂમત અધિકારીની જાણ હેઠળ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ પણ હુકમ બહાર પાડવો જોઈશે;

(ખ) યોગ્ય અધિકારીએ કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ કોઈ વિષયવસ્તુ ઉપર કોઈ કાર્યવાહી શરૂ કરી હોય, ત્યારે આ અધિનિયમ હેઠળના યોગ્ય અધિકારીએ તે જ વિષયવસ્તુ ઉપર કોઈપણ કાર્યવાહી શરૂ કરવી જોઈશે નહિ.

(૩) જ્યાં લાગુ પડતું હોય ત્યાં,આ અધિનિયમ હેઠળ નિમાયેલા કોઈ અધિકારીએ કરેલા કોઈ હુકમની સુધારણા, અપીલ અને ફેરતપાસ માટેની કોઈ કાર્યવાહી, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ નિમાયેલા અધિકારી સમક્ષ કરવી જોઈશે નહિ.

પ્રકરણ ૩

વેરો લેવા અને વસૂલ કરવા બાબત

પુરવઠાનું ક્ષેત્ર. **૭.** (૧) આ અધિનિયમના હેતુઓ માટે,''પુરવઠો'' એ શબ્દપ્રયોગમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે–

(ક) કોઈ વ્યક્તિ દ્વારા ધંધાની પ્રગતિ દરમિયાન અવેજને બદલે કરવામાં આવતા અથવા કરવાનું કબૂલ કરવામાં આવતા વેચાણ, તબદીલી, વસ્તુવિનિમય,વિનિમય, લાઈસન્સ,ભાડું, ભાડાપટો અથવા નિકાલ જેવા માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના તમામ સ્વરૂપના પુરવઠા;

(ખ) ધંધાની પ્રગતિ દરમિયાન હોય કે ન હોય તેવી,અવેજને બદલે સેવા મેળવવી;

(ગ) અવેજ સિવાય કરવામાં આવતી અથવા કરવાનું કબૂલ કરવામાં આવતી અનુસૂચિ ૧–માં નિર્દિષ્ટ કરેલી પ્રવૃત્તિઓ; અને

(ઘ) અનુસૂચિ ૨–માં ઉલ્લેખ્યા પ્રમાણેની માલના પુરવઠા અથવા સેવાના પુરવઠા તરીકે ગણવામાં આવતી પ્રવૃત્તિઓ.

(૨) પેટા–કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં,–

(ક) અનુસૂચિ ૩–માં નિર્દિષ્ટ કરેલી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડને; અથવા

(ખ) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ જેમાં જાહેર સત્તામંડળ તરીકે રોકાયેલ હોય તેવી, કાઉન્સિલની ભલામણોને આધારે સરકાર જાહેર કરે તેવી, તેમના દ્વારા હાથ ધરવામાં આવતી તેવી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડને;

માલના પુરવઠા અથવા સેવાના પુરવઠા તરીકે ગણવામાં આવશે નહિ.

(૩) પેટા–કલમો (૧) અને (૨)ની જોગવાઈઓને અધીન રહીને, સરકાર,કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી,–

(ક) સેવાના પુરવઠા તરીકે નહિ, પણ માલના પુરવઠા તરીકે ગણાતી; અથવા

(ખ) માલના પુરવઠા તરીકે નહિ, પણ સેવાના પુરવઠા તરીકે ગણાતી, લેવડદેવડ નિર્દિષ્ટ કરી શકશે.

સંયુક્ત અને મિશ્ર પુરવઠા પરની વેરાની જવાબદારી.

૮. સંયુક્ત અથવા મિશ્ર પુરવઠા પરની વેરાની જવાબદારી નીચેની રીતે નક્કી કરવી જોઈશે:–

(ક) જેમાંનો એક પુરવઠો મુખ્ય પુરવઠો હોય તેવા બે કે વધુ પુરવઠાવાળા સંયુક્ત પુરવઠાને, આવા પુરવઠા પૈકીના મુખ્ય પુરવઠા તરીકે ગણાવો જોઈશે; અને

(ખ) બે અથવા વધુ પુરવઠાવાળા મિશ્ર પુરવઠાને, જે પુરવઠાના વેરાનો દર વધુ હોય તેવા પુરવઠા પૈકીના ચોક્કસ પુરવઠા તરીકે ગણાવો જોઈશે.

વેરો લેવા અને વસૂલ કરવા બાબત.

૯. (૧) પેટા–કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને,માનવ ઉપયોગ માટેના મદ્યાર્કયુક્ત દારૂના પુરવઠા સિવાયના, માલ અથવા સેવા અથવા તે બંનેના તમામ આંતરરાજ્ય પુરવઠા પર, કલમ ૧૫ હેઠળ નક્કી કરેલા મૂલ્ય–એ અને સરકાર દ્વારા કાઉન્સિલની ભલામણોના આધારે જાહેર કરવામાં આવે તેવા વધુમાં વધુ વીસ ટકાના દરે,ગુજરાત માલ અને સેવા વેરા તરીકે ઓળખાતો વેરો ઠરાવવામાં આવે તેવી રીતે લેવો જોઈશે અને વસૂલ કરવો જોઈશે તથા વેરાપાત્ર વ્યક્તિએ તે વેરો ભરવો જોઈશે.

(૨) કાચા પેટ્રોલિયમ, હાઈ સ્પીડ ડીઝલ,મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે ઓળખાતા) કુદરતી ગેસ અને વિમાનચાલન માટેના ટર્બાઈન બળતણના પુરવઠા પરનો રાજ્ય વેરો, કાઉન્સિલની ભલામણ પરથી, સરકાર જાહેર કરે તેવી તારીખથી અમલમાં આવે તે રીતે લેવો જોઈશે.

(૩) સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના વર્ગ નિર્દિષ્ટ કરી શકશે,જેના પરનો વેરો, આવા માલ અથવા સેવા અથવા તે બંને લેનાર દ્વારા વિપરીત ચાર્જ(reverse charge)ને આધારે ભરવો જોઈશે અને આ અધિનિયમની તમામ જોગવાઈઓ,આવો પુરવઠો લેનારને,જાણે કે તે આવા માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં વેરો ભરવા માટે જવાબદાર વ્યક્તિ હોય તે રીતે,લાગુ પડશે.

(૪) રજિસ્ટર થયેલ ન હોય તેવા પુરવઠાકાર દ્વારા, રજિસ્ટર થયેલ વ્યક્તિને, વેરાપાત્ર માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવાના સંબંધમાં ભરવાનો રાજ્ય વેરો, આવી વ્યક્તિ દ્વારા પુરવઠો લેનાર તરીકે વિપરીત ચાર્જ(reverse charge)ને આધારે ભરવો જોઈશે અને આ અધિનિયમની તમામ જોગવાઈઓ, આવો પુરવઠો લેનારને, જાણે કે તે આવા માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં વેરો ભરવા માટે જવાબદાર વ્યક્તિ હોય તે રીતે, લાગુ પડશે.

(૫) સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, સેવાના પુરવઠાના વર્ગ નિર્દિષ્ટ કરી શકશે, જેના આંતરરાજ્ય પુરવઠા પરનો વેરો, જો આવી સેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર દ્વારા પૂરી પાડવામાં આવેલ હોય, તો તેમના દ્વારા ચૂકવવો જોઈશે અને આ અધિનિયમની તમામ જોગવાઈઓ,આવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટરને, જાણે કે તે આવી સેવાના પુરવઠાના સંબંધમાં વેરો ભરવા માટે જવાબદાર વ્યક્તિ હોય તે રીતે, લાગુ પડશે:

પરંતુ ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર, વેરાપાત્ર પ્રદેશમાં પ્રત્યક્ષ રૂપે હાજર ન હોય, ત્યારે વેરાપાત્ર પ્રદેશમાં કોઈપણ હેતુ માટે આવા ઈલેટ્રોનિક કોમર્સ ઓપરેટરનું પ્રતિનિધિત્વ કરતી કોઈ વ્યક્તિ, વેરો ભરવા માટે જવાબદાર ગણાશે:

વધુમાં,પરંતુ ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર, વેરાપાત્ર પ્રદેશમાં પ્રત્યક્ષ રૂપે હાજર ન હોય અને સદરહુ પ્રદેશમાં તેના કોઈ પ્રતિનિધિ પણ ન હોય, ત્યારે આવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટરે, વેરો ભરવાના હેતુ માટે વેરાપાત્ર પ્રદેશમાં કોઈ વ્યક્તિની નિમણૂક કરવી જોઈશે અને આવી વ્યક્તિ વેરો ભરવા માટે જવાબદાર ગણાશે.

પતાવટ–વેરા બાબત.

૧૦. (૧) આ અધિનિયમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, પણ કલમ ૯–ની પેટા–કલમો (૩) અને (૪)ની જોગવાઈઓને અધીન રહીને, અગાઉના નાણાકીય વર્ષમાં જેનું

એકંદર ટર્નઓવર પચાસ લાખ રૂપિયા કરતાં વધુ રહ્યું ન હોય તેવી રજિસ્ટર થયેલી વ્યકિત, પોતે ભરવાપાત્ર વેરાને બદલે,ઠરાવવામાં આવે તેવા પણ–

(ક) ઉત્પાદકના કિસ્સામાં,રાજ્યમાંના ટર્નઓવરના એક ટકાથી વધુ નહિ તેટલા દરે,

(ખ) અનુસૂચિ ૨–ના પરિચ્છેદ ૬–ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ પુરવઠો મોકલવામાં રોકાયેલી વ્યકિતના કિસ્સામાં,રાજ્યના ટર્નઓવરના અઢી ટકાથી વધુ નહિ તેટલા દરે, અને

(ગ) બીજા પુરવઠાકારના કિસ્સામાં, રાજ્યમાંના ટર્નઓવરના અર્ધા ટકાથી વધુ નહિ તેટલા દરે,

ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, ગણતરી કરેલી રકમ ચૂકવવાનો વિકલ્પ પસંદ કરી શકશે:

પરંતુ સરકાર, જાહેરનામાથી,પચાસ લાખ રૂપિયાની સદરહુ મર્યાદા, કાઉન્સિલ ભલામણ કરે તેવી એક કરોડ રૂપિયાથી વધારે નહિ તેટલી મર્યાદા સુધી વધારી શકશે.

(૨) રજિસ્ટર થયેલ વ્યકિત,

(ક) જો તે અનુસૂચિ ૨–ના પરિચ્છેદ ૬–ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ પુરવઠા સિવાયની સેવાનો પુરવઠો મોકલવામાં રોકાયેલી ન હોય;

(ખ) જો તે આ અધિનિયમ હેઠળ વેરાને પાત્ર ન હોય તેવા માલનો કોઈ પુરવઠો મોકલવામાં રોકાયેલી ન હોય;

(ગ) જો તે માલનો કોઈ આંતરરાજ્ય જાવક પુરવઠો મોકલવામાં રોકાયેલી ન હોય;

(ઘ) જો તે કલમ પર હેઠળ જેણે સ્થળ પર વેરો વસૂલ કરવાનો જરૂરી હોય તેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત માલનો કોઈ પુરવઠો મોકલવામાં રોકાયેલો ન હોય; અને

(ચ) જો તે કાઉન્સિલની ભલામણ પરથી સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા માલનો ઉત્પાદક ન હોય,

–તો તે, પેટા–કલમ (૧) હેઠળનો વિકલ્પ પસંદ કરવા માટે પાત્ર ગણાશે:

પરંતુ એક કરતા વધુ રજિસ્ટર થયેલી વ્યકિતઓ (આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કાઢી આપવામાં આવેલો) એક સરખો કાયમી ખાતા નંબર ધરાવતી હોય, ત્યારે રજિસ્ટર થયેલી આવી તમામ વ્યકિતઓ, પેટા–કલમ (૧) હેઠળ વેરો ભરવાનો વિકલ્પ પસંદ કરે તે સિવાય, રજિસ્ટર થયેલી આવી વ્યકિત તે પેટા–કલમ હેઠળની યોજનાનો વિકલ્પ પસંદ કરવા માટે પાત્ર ગણાશે નહિ. સન ૧૯૬૧નો ૪૩ મો.

(૩) રજિસ્ટર થયેલ વ્યકિતએ પેટા–કલમ (૧) હેઠળ ઉપયોગ કરેલ વિકલ્પ,નાણાકીય વર્ષ દરમિયાન જે તારીખે તેનું એકંદર ટર્નઓવર, પેટા–કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદતથી વધી જાય તે તારીખથી અમલમાં આવે તે રીતે રદ થશે.

(૪) પેટા–કલમ (૧)ની જોગવાઈઓ લાગુ પડતી હોય તેવી વેરાપાત્ર વ્યકિતએ,પોતે મોકલેલા પુરવઠા પર લેનાર પાસેથી કોઈ વેરો વસૂલ કરવો જોઈશે નહિ અથવા તે ઈનપુટ વેરાની કોઈ શાખ મેળવવા માટે પણ હકદાર રહેશે નહિ.

INDEX

(૫) યોગ્ય અધિકારીને એમ માનવાને કારણ હોય કે વેરાપાત્ર વ્યક્તિએ, પાત્ર ન હોવા છતાં પેટા–કલમ (૧) હેઠળનો વેરો ભરેલ છે, તો આવી વ્યક્તિ,આ અધિનિયમની બીજી કોઈ જોગવાઈઓ હેઠળ પોતાના દ્વારા ભરવાપાત્ર હોય તેવા કોઈ વેરા ઉપરાંત,શિક્ષાને પાત્ર થશે અને વેરાની રકમ અને શિક્ષા નક્કી કરવા માટે કલમ ૭૩ અને કલમ ૭૪ની જોગવાઈઓ ઉચિત, ફેરફાર સાથે લાગુ પડશે.

વેરો ભરવામાંથી મુક્તિ આપવાની સત્તા.

૧૧. (૧) સરકારને ખાતરી થાય કે એમ કરવું જાહેર હિતમાં જરૂરી છે, ત્યારે તે, કાઉન્સિલની ભલામણને આધારે, જાહેરનામાથી, સામાન્ય રીતે,કોઈ નિર્દિષ્ટ વિગતોવાળા માલ અથવા સેવા અથવા તે બંનેને,સંપૂર્ણપણે અથવા તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને,એવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખથી અમલમાં આવે તેમ, તેની ઉપર લેવાપાત્ર સંપૂર્ણ વેરો અથવા તેનો કોઈ ભાગ ભરવામાંથી, મુક્તિ આપી શકશે.

(૨) સરકારને ખાતરી થાય કે એમ કરવું જાહેર હિતમાં જરૂરી છે, ત્યારે તે, કાઉન્સિલની ભલામણને આધારે, દરેક કિસ્સામાં ખાસ હુકમથી,આવા હુકમમાં જણાવવામાં આવે તેવા અપવાદરૂપ પ્રકારના સંજોગો હેઠળ, જેના પર વેરો લેવાપાત્ર હોય તેવા કોઈ માલ અથવા સેવા અથવા તે બંનેને વેરો ભરવામાંથી મુક્તિ આપી શકશે.

(૩) સરકાર, પેટા–કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ જાહેરનામા અથવા પેટા–કલમ (૨) હેઠળ બહાર પાડલા હુકમના કાર્યક્ષેત્ર અથવા તેના લાગુ પડવા સંબંધે સ્પષ્ટતા કરવાના હેતુ માટે તેમ કરવું પોતાને જરૂરી અથવા ઈષ્ટ જણાય, તો પેટા–કલમ (૧) હેઠળ જાહેરનામું અથવા પેટા–કલમ (૨) હેઠળ હુકમ બહાર પાડ્યાના એક વર્ષની અંદર, કોઈ પણ સમયે, જાહેરનામાથી, આવા જાહેરનામા અથવા યથાપ્રસંગ, હુકમમાં સ્પષ્ટીકરણ દાખલ કરી શકશે અને આવા દરેક સ્પષ્ટીકરણની, જાણે કે તે હંમેશા આવા પ્રથમ જાહેરનામા અથવા યથાપ્રસંગ, હુકમનો ભાગ હોય તેવી જ અસર રહેશે.

(૪) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૧ની પેટા–કલમ (૧) હેઠળ, કાઉન્સિલની ભલામણ પરથી, કેન્દ્ર સરકારે બહાર પાડેલું કોઈ જાહેરનામું અથવા સદરહુ કલમની પેટા–કલમ (૨) હેઠળ બહાર પાડેલો હુકમ, આ અધિનિયમ હેઠળ બહાર પાડેલું જાહેરનામું અથવા યથાપ્રસંગ, બહાર પાડેલો હુકમ હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે,કોઈ માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં, તેના પર લેવાપાત્ર સંપૂર્ણ વેરા અથવા તેના કોઈ ભાગમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવેલ હોય, ત્યારે આવો માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડતી રજિસ્ટર થયેલી વ્યક્તિએ, માલ અથવા સેવા અથવા તે બંનેના આવા પુરવઠા પર, વાસ્તવિક (અસરકારક) દર કરતાં વધુ દરે વેરો વસૂલ કરવો જોઈશે નહિ.

પ્રકરણ ૪

પુરવઠાનો સમય અને તેનું મૂલ્ય (કિંમત)

માલના પુરવઠાનો સમય.

૧૨. (૧) માલ પર વેરો ભરવાની જવાબદારી, આ કલમની જોગવાઈઓ અનુસાર નક્કી કર્યા મુજબ, માલ પૂરો પાડવાના સમયે ઉદ્ભવશે.

(૨) માલના પુરવઠાનો સમય, નીચે જણાવેલી તારીખોથી પહેલાંનો રહેશે:–

(ક) પુરવઠાકારે ભરતિયું કાઢી આપ્યાની તારીખ અથવા કલમ ૩૧ની પેટા–કલમ (૧) હેઠળ જે છેલ્લી તારીખે પુરવઠાના સંબંધમાં તેણે ભરતિયું કાઢી આપવાનું જરૂરી હોય તે છેલ્લી તારીખ; અથવા

(ખ) જે તારીખે પુરવઠાકાર, પુરવઠાના સંબંધમાં ચુકવણીના નાણાં મેળવે તે તારીખઃ

પરંતુ વેરાપાત્ર માલના પુરવઠાકાર, વેરા ભરતિયામાં દર્શાવેલી રકમ કરતાં એક હજાર રૂપિયા સુધીની વધારે રકમ મેળવે, ત્યારે,આવી વધારાની રકમના પ્રમાણમાં પુરવઠાનો સમય,સદરહુ પુરવઠાકારના વિકલ્પને આધારે, આવી વધારાની રકમના સંબંધમાં ભરતિયું કાઢી આપ્યાની તારીખ ગણાશે.

સ્પષ્ટીકરણ ૧.– ખંડો (ક) અને (ખ)ના હેતુઓ માટે,''પુરવઠો''ભરતિયા અથવા યથાપ્રસંગ, ચુકવણીથી જેટલા પ્રમાણમાં તે આવરી લેવામાં આવેલ હોય તેટલા પ્રમાણમાં કરવામાં આવ્યો હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ ૨.– ખંડ (ખ)ના હેતુઓ માટે,''જે તારીખે પુરવઠાકાર પુરવઠાના સંબંધમાં ચુકવણીના નાણાં મેળવે તે તારીખ'' એટલે જે તારીખે તેના હિસાબના ચોપડામાં ચુકવણીની નોંધ કરવામાં આવેલ હોય તે તારીખ અથવા જે તારીખે તેના બેંકના ખાતામાં ચુકવણીનાં નાણાં જમા કરવામાં આવેલ હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય તે તારીખ.

(૩) જેના સંબંધમાં વિપરીત ચાર્જ(reverse charge)ને આધારે વેરો ભરવામાં આવેલ હોય અથવા ભરવાની જવાબદારી હોય તેવા પુરવઠાના કિસ્સામાં,પુરવઠાનો સમય, નીચે જણાવેલી તારીખોથી પહેલાંનો રહેશેઃ–

(ક) માલ મળ્યાની તારીખ; અથવા

(ખ) માલ લેનારના હિસાબના ચોપડામાં નોંધવામાં આવી હોય તેવી નાણાંની ચુકવણીની તારીખ અથવા જે તારીખે તેના બેંકના ખાતામાંથી ચુકવણીનાં નાણાં ઉધારવામાં આવેલ હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય તે તારીખ;અથવા

(ગ) પુરવઠાકાર દ્વારા ભરતિયું અથવા ગમે તે નામે ઓળખાતા બીજા કોઈ દસ્તાવેજ કાઢી આપ્યાની તારીખથી ત્રીસ દિવસ પછી તરત આવતી તારીખ;

(ઘ) પરંતુ ખંડ (ક) અથવા ખંડ (ખ) અથવા ખંડ (ગ) હેઠળ પુરવઠાનો સમય નક્કી કરવાનું શક્ય ન હોય, ત્યારે પુરવઠાનો સમય, પુરવઠો મેળવનાર (માલ લેનાર)ના હિસાબના ચોપડામાં કરેલી નોંધની તારીખ ગણાશે.

(૪) પુરવઠાકાર દ્વારા વાઉચરના પુરવઠાના કિસ્સામાં, પુરવઠાનો સમય–

(ક) તે સમયે પુરવઠો ઓળખપાત્ર હોય, તો વાઉચર કાઢી આપ્યાની તારીખ; અથવા

(ખ) બીજા તમામ કિસ્સામાં, વાઉચરની મુક્તિની તારીખ;

(૫) પેટા–કલમ (૨), અથવા પેટા–કલમ (૩) અથવા પેટા–કલમ (૪)ની જોગવાઈઓ હેઠળ સમય નક્કી કરવાનું શક્ય ન હોય, ત્યારે પુરવઠાનો સમય–

(ક) મુદતી પત્રક રજૂ કરવાનું હોય, તેવા કિસ્સામાં, જે તારીખે આવું પત્રક રજૂ કરવામાં આવે તે તારીખ; અથવા

(ખ) બીજા કોઈ કિસ્સામાં, વેરો ભરવામાં આવ્યો હોય તે તારીખ.

(૬) કોઈ અવેજની વિલંબિત ચુકવણી માટે, વ્યાજ, વિલંબ–ફી અથવા શિક્ષાના રૂપે પુરવઠાના મૂલ્યમાં વધારાને સંબંધિત હોય તેટલા પ્રમાણમાં પુરવઠાનો સમય, પુરવઠાકાર આવા મૂલ્યમાં જે તારીખે વધારો મેળવે, તે તારીખ ગણાશે.

૧૩. (૧) સેવાઓ ઉપર વેરો ભરવાની જવાબદારી, આ કલમની જોગવાઇઓની બોલીઓમાં નક્કી કર્યા મુજબ, પુરવઠાના સમયે રહેશે. **સેવાઓ પૂરી પાડવાનો સમય.**

(૨) સેવાઓ પૂરી પાડવાનો સમય, નીચેની તારીખ કરતાં વહેલો રહેશે:–

(ક) પુરવઠાકારે કાઢી આપવાના ભરતિયાની તારીખ, કલમ ૩૧ની પેટા–કલમ (૨) હેઠળ ઠરાવેલી મુદતની અંદર ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય, તો તે અથવા ચુકવણી મળ્યાની તારીખ, બેમાંથી જે વહેલું હોય;તે અથવા

(ખ) સેવાની જોગવાઇની તારીખ, કલમ ૩૧ની પેટા–કલમ (૨) હેઠળ ઠરાવેલી મુદતની અંદર ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય, તો તે અથવા ચુકવણી મળ્યાની તારીખ, બેમાંથી જે વહેલું હોય;તે અથવા

(ગ) ખંડ (ક) અથવા ખંડ (ખ) ની જોગવાઇઓ જ્યાં લાગુ પડતી ન હોય તે કિસ્સામાં, પ્રાપ્ત કરનાર, તેના હિસાબના ચોપડામાં સેવાઓની પહોંચ જે તારીખે દર્શાવે, તે તારીખ:

પરંતુ વેરાપાત્ર સેવાના પુરવઠાકાર, વેરા ભરતિયામાં દર્શાવી હોય તેટલી રકમ કરતાં વધારે એક હજાર રૂપિયા સુધીની રકમ મેળવે,ત્યારે, આવી વધારાની રકમના પ્રમાણ મુજબ પુરવઠાનો સમય, સદરહુ પુરવઠાકાર વિકલ્પ આપે તે પ્રમાણે, આવી વધારાની રકમના સંબંધમાં ભરતિયું કાઢી આપ્યાની તારીખ ગણાશે.

સ્પષ્ટીકરણ.– ખંડો (ક) અને (ખ)ના હેતુઓ માટે–

(૧) પુરવઠો તેટલા પ્રમાણમાં તૈયાર કર્યો હોવાનું ગણાશે જેટલો ભરતિયામાં અથવા યથાપ્રસંગ, ચુકવણીમાં આવરી લીધો હોય;

(૨) "ચુકવણી મળ્યાની તારીખ" એ પુરવઠાકારના હિસાબના ચોપડામાં ચુકવણીની નોંધ જે તારીખે કરવામાં આવી હોય તે તારીખ અથવા જે તારીખે તેના બેંકના ખાતામાં ચુકવણી જમા કરવામાં આવી હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય તે.

(૩) પુરવઠાના કિસ્સામાં, જેના સંબંધમાં વેરો ભરવામાં આવ્યો હોય અથવા વિપરીત ચાર્જ(Revese charge)ના આધારે વેરો ભરવાને જવાબદાર હોય, તો પુરવઠાનો સમય નીચેની તારીખ પહેલા ગણાશે:–

(ક) પ્રાપ્ત કરનારના હિસાબના ચોપડામાં ચુકવણીની નોંધ જે તારીખે કરવામાં આવી હોય તે તારીખ અથવા જે તારીખે તેના બેંકના ખાતામાં ચુકવણી ઉધારવામાં આવી હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય તે;અથવા

(ખ) ભરતિયું અથવા બીજા કોઇ દસ્તાવેજ, પુરવઠાકારે તેને બદલે જે કોઇ નામે કાઢી આપ્યો હોય, તે કાઢી આપ્યાની તારીખથી ત્યાર પછીના તરતના સાઠ દિવસે આવતી તારીખ:

પરંતુ ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ પુરવઠાનો સમય નક્કી કરવાનું શક્ય ન હોય, ત્યારે પુરવઠાનો સમય, પુરવઠો પ્રાપ્ત કરનારના હિસાબના ચોપડામાં જે તારીખ નોંધવામાં આવી હોય તે તારીખ ગણાશે:

વધુમાં, સંલગ્ન ઉદ્યોગ–સાહસ દ્વારા આપવાના પુરવઠાના કિસ્સામાં, સેવાનો પુરવઠાકાર, ભારત બહાર રહેતો હોય, ત્યારે પુરવઠાનો સમય, પુરવઠો પ્રાપ્ત કરનારના હિસાબના ચોપડામાં જે તારીખ નોંધવામાં આવી હોય તે તારીખ અથવા ચુકવણીની જે તારીખ હોયતે તારીખ, બેમાંથી જે વહેલું હોય, તે તારીખ ગણાશે.

INDEX

(૪) પુરવઠાકારે કરેલા વાઉચરોના પુરવઠાના કિસ્સામાં, પુરવઠાનો સમય–

(ક) તે સમયે પુરવઠો ઓળખપાત્ર હોય, તો વાઉચર કાઢી આપ્યાની તારીખ; અથવા

(ખ) બીજા તમામ કિસ્સામાં, વાઉચરની મુકિતની તારીખ;

(૫) પેટા–કલમ (૨) અથવા પેટા–કલમ (૩) અથવા પેટા–કલમ (૪)ની જોગવાઇઓ હેઠળ પુરવઠાનો સમય નક્કી કરવાનું શક્ય ન હોય, ત્યારે પુરવઠાનો સમય–

(ક) મુદતી પત્રક ફાઇલ કરવાનું હોય, ત્યારે તેવા કિસ્સામાં, જે તારીખે આવું પત્રક ફાઇલ કરવામાં આવે તે તારીખ; અથવા

(ખ) બીજા કોઇ કિસ્સામાં, જે તારીખે વેરો ભરવામાં આવ્યો હોય તે તારીખ.

(૬) કોઇ અવેજની વિલંબિત ચુકવણી માટે, વ્યાજ, વિલંબ–ફી અથવા શિક્ષા કરવાની રીતના સ્વરૂપે પુરવઠાના મૂલ્યમાં વધારાને સંબંધિત હોય તેટલા પ્રમાણમાં પુરવઠાનો સમય, પુરવઠાકાર આવા મૂલ્યમાં જે તારીખે વધારો મેળવે, તે તારીખ ગણાશે.

માલ અથવા સેવાના પુરવઠાના સંબંધમાં વેરાના દરમાં ફેરફાર બાબત.

૧૪. કલમ ૧૨ અથવા કલમ ૧૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, માલ અથવા સેવાના પુરવઠાના અથવા તે બન્નેના સંબંધમાં વેરાના દરમાં ફેરફાર હોય, ત્યારે પુરવઠાનો સમય, નીચેની રીતે નક્કી કરવો જોઇશે:–

(ક) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં, માલ અથવા સેવા અથવા તે બન્નેનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો હોય, તેવા કિસ્સામાં,–

(૧) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી, તે માટેનું ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય અને ચુકવણી પણ મેળવેલી હોય, ત્યારે પુરવઠાનો સમય, ચુકવણી મળ્યાની તારીખ અથવા ભરતિયું કાઢી આપ્યાની તારીખ, બેમાંથી જે વહેલું હોય, તે તારીખ ગણાશે; અથવા

(૨) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય, પરંતુ વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી ચુકવણી,મેળવેલી હોય, ત્યારે પુરવઠાનો સમય, ભરતિયું કાઢી આપ્યાની તારીખ ગણાશે; અથવા

(૩) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં ચુકવણી મેળવેલી હોય, પરંતુ તે માટેનું ભરતિયું વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી કાઢી આપવામાં આવ્યું હોય, ત્યારે પુરવઠાનો સમય, ચુકવણી મળ્યાની તારીખ ગણાશે; અથવા

(ખ) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી, માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં,–

(૧) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી, ચુકવણી મેળવેલી હોય, પરંતુ વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં ભરતિયું,કાઢી આપવામાં આવ્યું હોય, ત્યારે પુરવઠાનો સમય, ચુકવણી મળ્યાની તારીખ ગણાશે; અથવા

(૨) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય, વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી પરંતુ ચુકવણી, મેળવેલી હોય, ત્યારે પુરવઠાનો સમય, ભરતિયું કાઢી આપ્યાની તારીખ ગણાશે; અથવા

(૩) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં પરંતુચુકવણી, મેળવેલી હોય, ત્યારે પુરવઠાનો સમય, ચુકવણી મળ્યાની તારીખ ગણાશે :

INDEX

પરંતુ ચુકવણી મળ્યાની તારીખ, આવી (રકમ) વેરાના દરમાં ફેરફાર થયાની તારીખથી કામકાજના ચાર દિવસ પછી બેંક ખાતામાં જમા કરવામાં આવી હોય, તો બેંક ખાતામાં (રકમ) જમા કર્યાની તારીખ ગણાશે.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુ માટે, "ચુકવણી મળ્યાની તારીખ" એ, પુરવઠાકારના હિસાબના ચોપડામાં જે તારીખે ચુકવણીની નોંધ કરવામાં આવી હોય તે તારીખ અથવા જે તારીખે તેના બેંક ખાતામાં (રકમ) જમા કરવામાં આવી હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય, તે તારીખ ગણાશે.

વેરાપાત્ર પુરવઠાનું મૂલ્ય (કિંમત).

૧૫. (૧) માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાનું મૂલ્ય, પુરવઠાકાર અને પુરવઠો પ્રાપ્ત કરનાર સંબંધિત ન હોય અને કિંમત જ પુરવઠા માટે એકમાત્ર અવેજ હોય, ત્યારે સદરહુ માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા માટે ખરેખર ચૂકવેલી અથવા ચૂકવવાપાત્ર જે કિંમત હોય, તે કિંમતની લેવડદેવડનું મૂલ્ય રહેશે.

(૨) પુરવઠાના મૂલ્યમાં–

(ક) આ અધિનિયમ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ તથા માલ અને સેવા વેરા (રાજ્યને વળતર) અધિનિયમ સિવાયના, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ લેવામાં આવેલા કોઇ વેરા, શુલ્ક, ઉપકર, ફી અને ખર્ચ (ચાર્જિસ)પુરવઠાકાર દ્વારા અલગથી વસૂલ કરવામાં આવ્યા હોય, તો તેનો;

(ખ) આવા પુરવઠાના સંબંધમાં પુરવઠાકાર ચૂકવવા માટે જવાબદાર હોય, તેવી કોઇ રકમ, પરંતુ જે પુરવઠો પ્રાપ્ત કરનાર દ્વારા ચૂકવવામાં આવેલ હોય અને માલ અથવા સેવા અથવા તે બન્ને માટે ચૂકવેલી અથવા ચૂકવવાપાત્ર ખરેખર કિંમતમાં તેનો સમાવેશ થયો ન હોય, તો તેનો;

(ગ) પુરવઠો પ્રાપ્ત કરનાર પાસેથી પુરવઠાકારે ચાર્જ કરેલા કમિશન અને માલ ભરવાના (પેકિંગ) ખર્ચ સહિતના આનુષંગિક ખર્ચનો, માલ અથવા સેવા પુરવઠાના વિતરણના સમયે અથવા તે પહેલાં, માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાના સંબંધમાં પુરવઠાકારે કરેલા કોઇ કામ માટે ચાર્જ (વસૂલ) કરેલી કોઇ રકમનો;

(ઘ) કોઇ પુરવઠા માટેના કોઇ અવેજની વિલંબિત ચુકવણી માટેના વ્યાજની(રકમ) અથવા વિલંબિત ફી અથવા દંડનો; અને

(ચ) કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે પૂરી પાડેલ સબસિડી (સહાયકી) સિવાયની કિંમત સાથે સીધી સંકળાયેલી સબસિડીનો.

સમાવેશ કરવો જોઇશે.

સ્પષ્ટીકરણ.– આ પેટા–કલમના હેતુ માટે, સબસિડીની રકમમાં, સબસિડી પ્રાપ્ત કરનાર પુરવઠાકારના પુરવઠાના મૂલ્યનો સમાવેશ કરવો જોઇશે.

(૩) પુરવઠાના મૂલ્યમાં કોઇ વળતરનો સમાવેશ થશે નહિ, કે જે–

(ક) આવા પુરવઠાના સંબંધમાં કાઢી આપેલા ભરતિયામાં યોગ્ય રીતે નોંધ કરીને પુરવઠો આપતા પહેલા અથવા તે વખતે આપવામાં આવ્યું હોય; તો અને

(ખ) (૧) આવો પુરવઠો આપતી વખતે અથવા તે પહેલાં કરેલ કોઇ કરારની બોલીમાં આવું વળતર નક્કી કરવામાં આવ્યું હોય અને અને ખાસ કરીને તે સંબંધિત ભરતિયા સાથે સંકળાયેલું હોય; તો અને

(૨) પુરવઠાકારે કાઢી આપેલા દસ્તાવેજના આધારે વળતરના કારણે હોય તે મુજબ પુરવઠો પ્રાપ્ત કરનાર દ્વારા ઇનપુટ વેરા શાખ, ઉલટાવવામાં આવી હોય; તો

પુરવઠો મોકલવામાં આવ્યો હોય તે પછી આપવામાં આવેલા તેવા કોઇ (વળતર) ડિસ્કાઉન્ટનો સમાવેશ થશે નહિ.

(૪) માલ અથવા સેવા અથવા બન્નેના પુરવઠાનું મૂલ્ય, પેટા–કલમ (૧) હેઠળ નક્કી કરી શકાય તેમ ન હોય ત્યારે, તે ઠરાવવામાં આવે તેવી રીતે નક્કી કરવું જોઇશે;

(૫) પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૪)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કાઉન્સિલની ભલામણને આધારે સરકાર જાહેર કરે તેવા પુરવઠાનું મૂલ્ય, ઠરાવવામાં આવે તેવી રીતે નક્કી કરવું જોઇશે.

સ્પષ્ટીકરણ.– આ અધિનિયમના હેતુ માટે,–

(ક) વ્યક્તિઓ "સંબંધિત વ્યક્તિઓ" હોવાનું ગણાશે, જો–

(૧) તેવી વ્યક્તિઓ, એક બીજાના ધંધાના અધિકારીઓ અથવા ડિરેક્ટર હોય;

(૨) તેવી વ્યક્તિઓ, ધંધામાં કાયદાકીય રીતે માન્ય ભાગીદાર હોય;

(૩) તેવી વ્યક્તિઓ, માલિક (કામે રાખનાર) અને કર્મચારી હોય;

(૪) તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, આઉટસ્ટેન્ડિંગ વોટિંગ સ્ટોકની અથવા શેર અથવા તે બંને પર પચીસ ટકા અથવા તેથી વધારે માલિકી ધરાવતી હોય, નિયંત્રણ ધરાવતી હોય અથવા કબજો ધરાવતી હોય તેવી કોઇ વ્યક્તિ હોય;

(૫) તે બે પૈકીમાંથી એક પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે બીજા ઉપર નિયંત્રણ ધરાવતી હોય;

(૬) તે બન્ને ઉપર પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઇ ત્રીજી વ્યક્તિનું નિયંત્રણ હોય;

(૭) તે બન્ને સાથે મળીને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ત્રીજી વ્યક્તિ ઉપર નિયંત્રણ ધરાવતી હોય; અથવા

(૮) તેઓ એક જ કુટુંબના સભ્યો હોય;

(ખ) "વ્યક્તિ" એ શબ્દપ્રયોગમાં કાયદામાન્ય વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.

(ગ) એક બીજાના ધંધામાં સંકળાયેલી હોય એવી વ્યક્તિઓ પૈકીની કોઇ ધંધામાંની એક વ્યક્તિ, બીજાનો (બીજી વ્યક્તિનો) ગમે તે રીતે વર્ણવેલો, એકમાત્ર એજન્ટ અથવા એકમાત્ર વિતરણકર્તા અથવા એકમાત્ર વિશેષાધિકારી હોય તેવી વ્યક્તિઓ, સંબંધિત વ્યક્તિઓ હોવાનું ગણાશે.

પ્રકરણ ૫

ઇનપુટ વેરા શાખ

ઇનપુટ વેરા શાખ લેવા માટેની યોગ્યતા અને શરતો.

૧૬. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, કલમ ૭૯માં ઠરાવવામાં આવે અને નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, તેને માલ અથવા સેવા અથવા તે બન્નેનો કોઇ પુરવઠો કે જે તેના ધંધાના કામકાજ અથવા તેની પ્રગતિ માટે વાપરવામાં આવતો હોય અથવા વાપરવાનો ઇરાદો હોય, તેની ઉપર ચાર્જ કરવામાં આવેલા ઇનપુટ વેરાની શાખ લેવા માટે હકદાર થશે અને સદરહુ રકમ, આવી વ્યક્તિના ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર (વીજાણુ શાખ ખાતાવહી)માં જમા કરવી જોઇશે.

INDEX

(૨) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રજિસ્ટર થયેલી કોઈપણ વ્યકિત, માલ અથવા સેવા અથવા તે બન્નેના કોઇ પુરવઠાના સંબંધમાં કોઇ ઇનપુટ વેરાની શાખ માટે હકદાર રહેશે, સિવાય કે,–

(ક) તે આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલા પુરવઠાકારે કાઢી આપેલું વેરા ભરતિયું અથવા ઉધારપત્રનો કબજો ધરાવતો હોય અથવા ઠરાવવામાં આવે તેવા બીજા વેરો ભરવાના દસ્તાવેજોનો કબજો ધરાવતો હોય;

(ખ) તેણે માલ અથવા સેવા અથવા બન્ને મેળવેલી હોય.

સ્પષ્ટીકરણ.– આ ખંડના હેતુ માટે, એવું માનવામાં આવશે કે પુરવઠાકાર દ્વારા પ્રાપ્ત કરનારને અથવા બીજી કોઇ વ્યકિતને, આવા રજિસ્ટર થયેલી વ્યકિત, પછી તે માલની હેરફેર પહેલા અથવા તે દરમિયાન, માલના માલિકી હકના દસ્તાવેજોની તબદીલીથી અથવા અન્યથા રીતે એજન્ટ તરીકે અથવા અન્યથા કામ કરતો હોય કે ન હોય તેના આદેશ પર માલનું જ્યારે વિતરણ કરવામાં આવે, ત્યારે રજિસ્ટર થયેલ વ્યકિતએ માલ મેળવેલો હોવાનું ગણાશે :

(ગ) કલમ ૪૧ની જોગવાઇઓને અધીન રહીને, આવા પુરવઠાના સંબંધમાં ચાર્જ (વસૂલ) કરવામાં આવેલો વેરો, સરકારને, રોકડમાં અથવા સદરહુ પુરવઠાના સંબંધમાં મળવાપાત્ર ઇનપુટ વેરા શાખની ઉપયોગિતાથી ખરેખર ચુકવણી કરવામાં આવી હોય; અને

(ઘ) તેણે કલમ ૩૯ હેઠળ પત્રક રજૂ કર્યું હોય:

પરંતુ ભરતિયા સામે માલ અનેક હપ્તામાં મેળવ્યો હોય, ત્યારે રજિસ્ટર થયેલી વ્યકિત, છેલ્લા જથ્થા અથવા હપ્તાની પહોંચને આધારે શાખ લેવા માટે હકદાર રહેશે :

વધુમાં, પુરવઠો પ્રાપ્ત કરનાર, માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકારને ચુકવણી કરવામાં નિષ્ફળ રહે, ત્યારે, વિપરીત ચાર્જના અધારે વેરો ભરવાપાત્ર હોય તેવા પુરવઠા સિવાય, પુરવઠાના મૂલ્ય ઉપર ભરવાપાત્ર વેરા સહિત પુરવઠાના મૂલ્ય માટેની રકમ, પુરવઠાકાર દ્વારા ભરતિયું કાઢી આપવામાં આવે તે તારીખથી એકસો એંસી દિવસની મુદતની અંદર, પ્રાપ્ત કરનારે મેળવેલી ઇનપુટ વેરા શાખની જેટલી રકમ હોય તેટલી રકમ તેની આઉટપુટ વેરા જવાબદારીમાં તેના વ્યાજ સહિત, ઠરાવવામાં આવેલી રીતે ઉમેરવી જોઇશે :

વળી, માલ અથવા સેવા અથવા તે બન્નેના, તેના ઉપર ભરવાપાત્ર વેરા સહિતના પુરવઠા મૂલ્ય સામે ભરવાની થતી રકમ ભર્યેથી, પુરવઠો પ્રાપ્ત કરનાર, ઇનપુટ વેરાની શાખ મેળવવા માટે હકદાર રહેશે.

'સન ૧૯૬૧નો ૪૩મો.

(૩) રજિસ્ટર થયેલી વ્યકિતએ, આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ મૂડીગત માલ તથા પ્લાન્ટ અને મશિનરી(યંત્રસામગ્રી) ની કિમત (ખર્ચ)ના વેરા ઘટક ઉપર ઘસારા ચાર્જનો દાવો કર્યો હોય, ત્યારે સદરહુ વેરા ઘટક ઉપર ઇનપુટ વેરા શાખની મંજૂરી આપવી જોઇશે નહિ.

(૪) રજિસ્ટર થયેલી વ્યકિત, આવું ભરતિયું અથવા આવા ઉધારપત્રને લગતું ભરતિયું જે નાણાકીય વર્ષને લાગુ પડતું હોય તે નાણાકીય વર્ષ પૂરું થયા પછી સપ્ટેમ્બર મહિના માટે કલમ ૩૯ હેઠળ પત્રક પૂરુ પાડવાની અથવા સંબંધિત વાર્ષિક પત્રક પૂરુ પાડવાની નિયત તારીખ પછી અથવા બન્નેમાંથી જે વહેલી હોય, તે તારીખ પછી, માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા માટે, કોઇ ભરતિયું અથવા ઉધારપત્રના સંબંધમાં ઇનપુટ વેરા શાખ લેવા માટે હકદાર રહેશે નહિ.

શાખ અને બ્લોક કરેલા શાખની વહેંચણી બાબત.

૧૭. (૧) રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા આંશિક રીતે ધંધાના હેતુ માટે અને આંશિક રીતે બીજા હેતુ માટે માલ અથવા સેવા અથવા તે બન્નેનો ઉપયોગ કરવામાં આવતો હોય, ત્યારે શાખની રકમ, તેના ધંધાના હેતુઓ માટે આપવા યોગ્ય હોય તેટલા પ્રમાણમાં ઈનપુટ વેરા પૂરતો મર્યાદિત રહેશે.

(૨) રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા, આ અધિનિયમ હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ શૂન્ય દરવાળા પુરવઠા સહિતના વેરાપાત્ર પુરવઠાને આંશિક રીતે અસર થાય તે માટે અને આંશિક રીતે સદરહુ અધિનિયમ હેઠળ મુકિત આપવામાં આવી હોય તેવા પુરવઠાને અસર થાય તે માટે, માલ અથવા સેવા અથવા તે બન્નેનો ઉપયોગ કરવામાં આવતો હોય, તો શાખની રકમ, શૂન્ય દરવાળા પુરવઠા સહિતના સદરહુ વેરાપાત્ર પુરવઠા માટે આપવા યોગ્ય હોય તેટલા પ્રમાણમાં ઈનપુટ વેરા પૂરતી મર્યાદિત રહેશે.

(૩) પેટા–કલમ (૨) હેઠળ મુકિત આપવામાં આવ્યા હોય તેવા પુરવઠાનું મૂલ્ય, ઠરાવવામાં આવે તેટલું રહેશે અને તેમાં પુરવઠો પ્રાપ્ત કરનાર, વિપરીત ચાર્જના આધારે વેરો ભરવા, જામીનગીરીથી લેવડદેવડ કરવા, જમીનનું વેચાણ કરવા અને અનુસૂચિ ૨–ના પરિચ્છેદ ૫–ના ખંડ (ખ) ને અધીન રહીને, મકાનનું વેચાણ કરવા માટે જવાબદાર હોય તેવા પુરવઠાનો સમાવેશ થાય છે;

(૪) અનામત સ્વીકારીને, લોન અથવા પેશગી વધારીને સેવાઓ પૂરી પડવામાં રોકાયેલી નોન–બેંકિંગ નાણાકીય કંપની સહિતની બેંકિંગ કંપની અથવા નાણાકીય સંસ્થા પાસે, પેટા–કલમ (૨)ની જોગવાઇઓનું પાલન કરવાનો અથવા દર મહિને, તે મહિનાના ઈનપુટ, મૂડીગત માલ અને ઈનપુટ સેવાઓ ઉપરની યોગ્ય ઈનપુટ વેરા શાખના પચાસ ટકા રકમ જેટલી રકમ મેળવવાનો વિકલ્પ રહેશે અને બાકીનું રદ થશે:
પરંતુ એક વાર જે વિકલ્પ ઉપયોગમાં લીધો હોય, તે વિકલ્પ, નાણાકીય વર્ષના બાકીના ભાગ માટે પાછો ખેંચી શકાશે નહિ:
વધુમાં, પચાસ ટકાની મર્યાદા, સમાન કાયમી ખાતા નંબર ધરાવતી રજિસ્ટર થયેલી કોઇ વ્યકિત બીજી રજિસ્ટર થયેલી વ્યકિતને પુરવઠો આપે, તે પુરવઠા ઉપર ભરવાના વેરાને લાગુ પડશે નહિ.

(૫) કલમ ૧૬ની પેટા–કલમ (૧) અને કલમ ૧૮ની પેટા–કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ઈનપુટ વેરા શાખ, નીચેની બાબતના સંબંધમાં ઉપલભ્ય રહેશે નહિ:–

(ક) મોટર વાહન અને બીજા વાહન સિવાય કે તેમનો ઉપયોગ–

(૧) નીચેના વેરાપાત્ર પુરવઠો પૂરો પાડવા માટે થયો હોય:–

(ક) આવા મોટર વાહનો અથવા વાહનોના વધુ પુરવઠા માટે થયો હોય; અથવા

(ખ) ઉતારૂઓની હેરફેર માટે થયો હોય; અથવા

(ગ) આવા મોટરવાહનો અથવા બીજા વાહનોના ચલાવવા (ડ્રાઇવીંગ) ઉડ્ડયન (ફલાઇંગ), દિશાસૂચન (નેવીગેટીંગ) ની તાલીમ આપવા માટે થયો હોય.

(૨) માલની હેરફેર માટે થયો હોય;

(ખ) નીચેના માલ અથવા સેવા અથવા તે બન્નેનો પુરવઠો:–

(૧) રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા, કોઇ ચોક્કસ વર્ગના માલ અથવા સેવા અથવા તે બન્નેનો બાહ્ય વેરાપત્ર પુરવઠો પૂરો પાડવા માટે અથવા વેરાપાત્ર સંયુક્ત અથવા મિશ્ર પુરવઠાના ભાગ તરીકે, તે જ વર્ગના માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક–પુરવઠાનો ઉપયોગ કરવામાં આવ્યો

હોય તે સિવાય, ખોરાક અને પીણા, બાહ્ય આહાર વ્યવસ્થા, સૌંદર્ય સારવાર,આરોગ્યસેવા, કોસ્મેટિક (સૌંદર્ય પ્રસાધન) અને પ્લાસ્ટિક સર્જરિ (શસ્ત્રક્રિયા) ;

(૨) કલબ, હેલ્થ અને ફિટનેસ સેન્ટરનું સભ્યપદ;

(૩) રેન્ટ–એ–કેબ, જીવન વીમો અને આરોગ્ય વીમો હોય, તે સિવાય–

(ક) સરકાર, તત્સમયે અમલમાં હોય, તેવા કાયદા હેઠળ માલિકે તેના કર્મચારીઓને પૂરી પાડવી અનિવાર્ય હોય તેવી સેવાઓ જાહેર કરે;અથવા

(ખ) રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા, કોઈ ચોક્કસ વર્ગના માલ અથવા સેવા અથવા તે બન્નેનો બાહ્ય વેરાપત્ર પુરવઠો પૂરો પાડવા માટે અથવા વેરાપાત્ર સંયુકત અથવા મિશ્ર પુરવઠાના ભાગ તરીકે, તે જ વર્ગના માલ અથવા સેવા અથવા તે બન્નેનો આવો આવક–પુરવઠો; અને

(૪) કર્મચારીને રજા અથવા વતન પ્રવાસ રાહત જેવા આપવામાં આવતા પ્રવાસ લાભો.

(ગ) બાંધકામ કરાર સેવાના વધુ પુરવઠા માટેની ઈનપુટ સેવા હોય, ત્યારે તે સિવાય (પ્લાન્ટ અને મશિનરી સિવાયની) સ્થાવર મિલકતના બાંધકામ માટે પૂરી પાડવામાં આવતી બાંધકામ કરાર સેવા;

(ઘ) વેરાપાત્ર વ્યકિત દ્વારા, (પ્લાન્ટ અથવા મશિનરી સિવાયની) સ્થાવર મિલકતના બાંધકામ માટે તેના પોતાના હિસાબમાં આવા માલ અથવા સેવા અથવા તે બન્નેનો ઉપયોગ, ધંધાના કામકાજમાં અથવા પ્રગતિમાં કરવામાં આવ્યો હોય તે સહિત, જ્યારે માલ અથવા સેવા અથવા તે બન્ને મેળવવામાં મેળવવામાં આવ્યા હોય.

સ્પષ્ટીકરણ.– ખંડો (ગ) અને (ઘ)ના હેતુઓ માટે, "બાંધકામ"એ શબ્દમાં, મૂડીકરણના પ્રમાણમાં સદરહુ સ્થાવર મિલકતમાં પુન: બાંધકામ, સમારકામ, વધારો અથવા ફેરફાર અથવા મરામતનો સમાવેશ થાય છે;

(ચ) કલમ ૧૦ હેઠળ જેના ઉપર વેરો ભરવામાં આવ્યો હોય, તે માલ અથવા સેવા અથવા તે બન્ને;

(છ) બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતએ મેળવેલ, તેણે આયાત કરેલા માલ સિવાયના માલ અથવા સેવા અથવા તે બન્ને;

(જ) અંગત વપરાશ માટે વાપરેલો માલ અથવા સેવા અથવા તે બન્ને;

(ઝ) બક્ષિસ અથવા નિ:શુલ્ક નમૂના રૂપે ગુમાવેલા, ચોરાઇ ગયેલા, નાશ થયેલા, દુરસ્ત કરેલા અથવા નિકાલ કરેલા માલ;

(ટ) કલમો ૭૪, ૧૨૯ અને ૧૩૦ની બોલી મુજબ ભરેલો કોઇ વેરો.

(૬) સરકાર, પેટા–કલમો (૧) અને (૨)માં ઉલ્લેખેલી શાખ જે રીતે આપી હોય તેવી ઠરાવેલી રીતે આપી શકશે.

સ્પષ્ટીકરણ.– આ પ્રકરણ અને પ્રકરણ ૬ના હેતુઓ માટે, "પ્લાન્ટ અને મશિનરી"એ શબ્દો એટલે પાયા અથવા માળખાકીય સહાયથી જમીન સાથે જોડેલા સાધન, સાધનસામગ્રી અને મશિનરી કે જેનો ઉપયોગ, માલ અથવા સેવા અથવા તે બન્નેનો બાહ્ય પુરવઠો તૈયાર કરવા માટે થતો હોય અને તેમાં આવા પાયાનો અથવા માળખાકીય સહાયનો સમાવેશ થાય છે, પરંતુ–

(૧) જમીન, બાંધકામ અથવા બીજા આંતરિક માળખાનો;

(૨) ટેલિકોમ્યુનિકેશન ટાવર; અને

(૩) કારખાના જગ્યા બહાર લગાડેલી પાઈપલાઈન.

ાસ સંજોગોમાં ાખની પલબ્ધતા ાબત.

૧૮. (૧) ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણને અધીન રહીને,

(ક) કોઇ વ્યકિત નોંધણી (રજિસ્ટ્રેશન) માટે જવાબદાર બને, તે તારીખથી ત્રીસ દિવસની અંદર, આ અધિનિયમ હેઠળ તેણે નોંધણી માટે અરજી કરી હોય અને આવી નોંધણી કરી આપવામાં આવી હોય, તો તે આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ વેરો ભરવા માટે જે તારીખથી જવાબદાર બને, તે તારીખ પહેલા તરત આવતા દિવસે જથ્થા (સ્ટોક)માં રાખવામાં આવેલા ઇનપુટ અને જથ્થા (સ્ટોક)માં રાખેલા અર્ધ–તૈયાર કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટની શાખ લેવા માટે હકદાર થશે;

(ખ) કલમ ૨૫–ની પેટા–કલમ (૩) હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવે તે વ્યકિત, નોંધણી (રજિસ્ટ્રેશન) કરવામાં આવી હોય, તે તારીખ પહેલા તરત આવતા દિવસે સ્ટોકમાં રાખવામાં આવેલા ઇનપુટ અને સ્ટોકમાં રાખેલા અર્ધ–તૈયાર કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટની શાખ લેવા માટે હકદાર થશે;

(ગ) કલમ ૧૦ હેઠળ રજિસ્ટર થયેલી વ્યકિત, વેરો ભરવાનું બંધ કરે, ત્યારે તે કલમ ૯ હેઠળ વેરો ભરવા માટે જે તારીખથી જવાબદાર બને, તે તારીખ પહેલા તરત આવતા દિવસે સ્ટોકમાં રાખવામાં આવેલ ઇનપુટ, સ્ટોકમાં રાખેલા અર્ધ–તૈયાર કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટ અને મૂડીગત માલ ઉપર ઇનપુટ વેરા શાખ લેવા માટે હકદાર થશે:

પરંતુ મૂડીગત માલ ઉપરની શાખ, ઠરાવવામાં આવે તેટલી ટકાવારીના પોઇન્ટ મુજબ ઘટાડવી જોઇશે;

(ઘ) રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા મુકિત આપવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બન્ને વેરાપાત્ર પુરવઠો બને, ત્યારે આવી વ્યકિત, આવો પુરવઠો જે તારીખથી વેરાપાત્ર બને, તે તારીખ પહેલા તરત આવતા દિવસે સ્ટોકમાં રાખવામાં આવેલા ઇનપુટ, આવા મુકિત આપેલા સ્ટોક સંબંધિત રાખવામાં આવેલા અર્ધ–તૈયાર કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટ અને આવા મુકિત આપેલા પુરવઠા માટે જ વાપરવામાં આવતા મૂડીગત માલ ઉપર ઇનપુટ શાખ લેવા માટે હકદાર થશે:

પરંતુ મૂડીગત માલ ઉપરની શાખ, ઠરાવવામાં આવે તેટલી ટકાવારીના પોઇન્ટ મુજબ ઘટાડવી જોઇશે;

(૨) રજિસ્ટર થયેલ વ્યકિત, આવા પુરવઠાના સંબંધમાં કાઢી આપવામાં આવેલા વેરાના ભરતિયાની તારીખથી એક વર્ષની મુદત સમાપ્ત થાય ત્યાર પછી, માલ અથવા સેવા અથવા તે બન્નેના કોઇ પુરવઠાના સંબંધમાં પેટા–કલમ (૧) હેઠળ ઇનપુટ વેરા શાખ લેવા માટે હકદાર રહેશે.

(૩) રજિસ્ટર થયેલી વ્યકિતએ કરેલી રચનામાં વેચાણ, જોડાણ, બિન–જોડાણ, એકીકરણ, જવાબદારીની તબદીલી માટે વિશિષ્ટ જોગવાઇઓ સાથે ધંધામાં પટે આપવાના અથવા તબદીલીના કારણે ફેરફાર થયો હોય, ત્યારે સદરહુ રજિસ્ટર થયેલી વ્યકિતને, આવા વેચાણ કરેલા, જોડાણ કરેલા, બિન–જોડાણ કરેલા, એકીકરણ કરેલા, ઠરાવવામાં આવે તેવી રીતે ધંધામાં પટે આપેલા અથવા તબદીલ કરેલા હોય તેવા તેના ઇલેક્ટ્રોનિક (વીજાણુ) શાખ ખાતાવાહીમાં ઉપયોગ કર્યો ન હોય, તેમ બતાવતું હોય, તેવા ઇનપુટ વેરા શાખને તબદીલ કરવાની મંજૂરી આપવી જોઇશે.

INDEX

(૪) કલમ ૧૦ હેઠળ વેરો ભરવાનો ઇનપુટ વેરા શાખનો વિકલ્પનો ઉપયોગ કર્યો હોય તેવી રજિસ્ટર થયેલી કોઇ વ્યકિત અથવા તેના દ્વારા પૂરા પાડેલા માલ અથવા સેવા અથવા તે બન્નેને સંપૂર્ણ મુકિત આપવામાં આવેલી હોય, ત્યારે તેણે ઇલેક્ટ્રોનિક (વીજાણુ) શાખ ખાતાવાહી અથવા ઇલેક્ટ્રોનિક (વીજાણુ) રોકડ ખાતાવાહીમાં ઉધાર રાખીને, તેના દ્વારા આવો વિકલ્પનો ઉપયોગ તારીખથી કરવામાં આવે તે તારીખ અથવા યથાપ્રસંગ, આવી મુકિત જે તારીખે આપવામાં આવે તે તારીખની તરત પહેલા આવતા દિવસે, સ્ટોકમાં રાખવામાં આવેલા ઇનપુટ અને સ્ટોક સંબંધિત રાખવામાં આવેલા અર્ધ–તૈયાર કરેલા અથવા સંપૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટ અને મૂડીગત માલ ઉપર, ઠરાવવામાં આવે તેવી ટકાવારીના પોઇન્ટ મુજબ ઇનપુટના સંબંધમાં ઘટાડેલી, ઇનપુટ વેરાની શાખને સમકક્ષ રકમ ભરવી જોઇશે:

પરંતુ આવી રકમની ચુકવણી પછી, ઇનપુટ વેરા શાખની સિલક, તેની ઇલેક્ટ્રોનિક (વીજાણુ) શાખ ખાતાવાહીમાં કંઇ હોય તો, તે રકમ રદ થશે.

(૫) પેટા–કલમ (૧) હેઠળની શાખની રકમ અને પેટા–કલમ (૪) હેઠળની ભરવાપાત્ર રકમની, ઠરાવવામાં આવે તેવી રીતે ગણતરી કરવી જોઇશે.

(૬) મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશિનરી, જેના ઉપર ઇનપુટ વેરા શાખ લેવામાં આવી હોય, તેના પુરવઠાના કિસ્સામાં, રજિસ્ટર થયેલ વ્યકિતએ, ઠરાવવામાં આવે તેવા ટકાવારીના પોઇન્ટથી ઘટાડેલી અથવા સદરહુ મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશિનરી ઉપર લેવામાં આવેલી અથવા કલમ ૧૫ હેઠળ નક્કી કરેલી આવા મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશિનરીના લેવડદેવડ મૂલ્ય ઉપર લેવામાં આવેલી ઇનપુટ વેરા શાખને, બેમાંથી જે વધારે હોય, તેને સમકક્ષ રકમ ભરવી જોઇશે:

પરંતુ મજબૂત ઇંટો, ધાતુના બીબા અને નાણા પાડવાના બીબા, નકશીકામવાળી અને જડિત વસ્તુઓને ભંગાર તરીકે પૂરી પાડવામાં આવી હોય, ત્યારે વેરાપાત્ર વ્યકિત, કલમ ૧૫ હેઠળ નક્કી કરેલા આવા માલના લેવડદેવડના મૂલ્ય ઉપર વેરો ભરી શકશે.

છૂટક કામ માટે મોકલેલ ઇનપુટ અને મૂડીગત માલ ઉપર ઇનપુટ વેરા શાખ.

૧૯. (૧) મુખ્ય માલિકે, ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, છૂટક કામ માટે છૂટક કામદારને મોકલેલી ઇનપુટ (ઉત્પાદક સામગ્રી) ઉપર ઇનપુટ વેરા શાખ મંજૂર કરવી જોઇશે.

(૨) કલમ ૧૬ની પેટા–કલમ (૨)ના ખંડ (ખ)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, મુખ્ય માલિક, તેના ધંધાના સ્થળે પહેલા લાવ્યા વગર, છૂટક કામદારને છૂટક કામ માટે સીધું જ ઇનપુટ મોકલી આપે, તો તેવા ઇનપુટ ઉપર તે (મુખ્ય માલિક) ઇનપુટ વેરાની શાખ લેવા માટે હકદાર રહેશે.

(૩) છૂટક કામ માટે મોકલેલી ઇનપુટ (ઉત્પાદક સામગ્રી) મુખ્ય માલિકને, છૂટક કામ પૂર્ણ થાય ત્યાર પછી અથવા અન્યથા પરત મળી ન હોય અથવા તે મોકલ્યાના એક વર્ષની મુદતની અંદર કલમ ૧૪૩ની પેટા–કલમ (૧) ખંડ (ક) અથવા ખંડ (ખ) અનુસાર છૂટક કામદારના ધંધાના સ્થળેથી પૂરું પાડવામાં આવ્યું ન હોય, ત્યારે આવી ઇનપુટ (ઉત્પાદક સામગ્રી) મુખ્ય માલિક દ્વારા છૂટક કામદારને જે દિવસે મોકલવામાં આવી હોય તે દિવસે સદરહુ ઇનપુટ પૂરી પાડવામાં આવી હોવાનુ ગણાશે :

પરંતુ ઇનપુટ જ્યારે પ્રત્યક્ષ રીતે છૂટક કામદારને મોકલવામાં આવી હોય, ત્યારે એક વર્ષની મુદત, છૂટક કામદાર જે તારીખથી ઇનપુટ મેળવે, તે તારીખથી ગણવી જોઇશે.

(૪) મુખ્ય માલિકે, ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, છૂટક કામ માટે છૂટક કામદારને મોકલેલા મૂડીગત માલ ઉપર ઇનપુટ વેરા શાખ મંજૂર કરવી જોઇશે.

(૫) કલમ ૧૬ની પેટા–કલમ (૨)ના ખંડ (ખ)માંગમે તે મજકૂર હોય તેમ છતાં, મુખ્ય માલિક, મૂડીગત માલને પહેલાં તેના ધંધાના સ્થળે છૂટક કામ માટે લાવ્યા વગર છૂટક કામ માટે કોઈ છૂટક કામદારને સીધો જ મોકલી દે તો પણ, મૂડીગત માલ ઉપર, ઈનપુટ વેરા શાખ લેવા માટે હકદાર થશે.

(૬) છૂટક કામ માટે મોકલેલા મૂડીગત માલ, મુખ્ય માલિકને, મોકલવામાં આવ્યાના ત્રણ વર્ષની મુદતની અંદર પાછો મળે નહિ, ત્યારે તેમ માનવામાં આવશે કે મુખ્ય માલિક દ્વારા છૂટક કામદારને આવો મૂડીગત માલ, જ્યારે સદરહુ માલ મોકલવામાં આવ્યો હતો તે દિવસે છૂટક કામદારને મુખ્ય માલિક દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો:

પરંતુ છૂટક કામદારને મૂડીગત માલ સીધો જ મોકલવામાં આવે, ત્યારે ત્રણ વર્ષની મુદત, છૂટક કામદાર જે તારીખથી મૂડીગત માલ મેળવે, તે તારીખથી ગણવી જોઈશે.

(૭) પેટા–કલમ (૩) અથવા પેટા–કલમ (૬)માંનો કોઈપણ મજકૂર છૂટક કામ માટે છૂટક કામદારને મોકલેલા ધાતુના બીબા અને નાણા પડવાના બીબા, નક્શીકામવાળી અને જડિત વસ્તુઓ અથવા સાધનોને લાગુ પડશે.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુ માટે, "મુખ્ય માલિક"એટલે કલમ ૧૪૩માં ઉલ્લેખેલી વ્યકિત.

ઈનપુટ સેવા વિતરણકર્તા દ્વારા શાખ વિતરણની રીત.

૨૦. (૧) ઈનપુટ સેવા વિતરકે, રાજ્ય વેરાની શાખનું રાજ્યવેરા તરીકે અથવા સંકલિત વેરા તરીકે અને સંકલિત વેરો સંકલિત વેરા તરીકે અથવા રાજ્ય વેરા તરીકે, ઠરાવવામાં આવે તેવી રીતે વિતરણ કરવામાં આવેલી ઈનપુટ વેરા શાખની રકમ ઘરાવતા દસ્તાવેજ કાઢી આપીને, (શાખનું) વિતરણ કરવું જોઈશે.

(૨) ઈનપુટ સેવા વિતરકે, નીચેની શરતોને અધીન રહીને, શાખનું વિતરણ કરવું જોઈશે:–

(ક) શાખ પ્રાપ્ત કરનારને, ઠરાવવામાં આવે તેવી માહિતીનો સમાવેશ કરતા દસ્તાવેજ સામે શાખનું વિતરણ કરી શકાશે;

(ખ) વિતરણ કરેલી શાખની રકમ, વિતરણ માટે ઉપલભ્ય હોય તેવી શાખની રકમથી વધુ હોવી જોઈશે નહિ;

(ગ) શાખ પ્રાપ્ત કરનારને આપવામાં આવેલી ઈનપુટ સેવાઓ ઉપર ચૂકવેલી વેરા શાખનું વિતરણ, તે શાખ પ્રાપ્ત કરનારને જ કરવું જોઈશે;

(ઘ) એક કરતાં વધુ શાખ પ્રાપ્ત કરનાર વ્યકિતઓને આપવામાં આવેલી ઈનપુટ સેવાઓ ઉપર ચૂકવેલી વેરા શાખનું વિતરણ, એવી શાખ પ્રાપ્ત કરનારની વચ્ચે કરવું જોઈશે જેમના માટે ઈનપુટ સેવા આપી શકાય અને આવું વિતરણ, સંબંધિત મુદત દરમિયાન એવી શાખ પ્રાપ્ત કરનારના રાજ્યમાંના અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંના ટર્નઓવરના ભાગે પડતા આધારે, તેવી તમામ શાખ પ્રાપ્ત કરનારના એકંદર ટર્નઓવર કે જેમને આવી ઈનપુટ સેવા આપી શકાય તેમ હોય અને જે સંબંધિત સદરહુ મુદત દરમિયાન ચાલુ વર્ષમાં અમલમાં હોય;

(ચ) તમામ શાખ પ્રાપ્ત કરનારને આપવામાં આવેલી ઈનપુટ સેવા ઉપર ચૂકવેલી વેરા શાખનો એવી શાખ પ્રાપ્ત કરનારની વચ્ચે વિતરણ કરવું જોઈશે અને આવું વિતરણ, સંબંધિત મુદત દરમિયાન તમામ શાખ પ્રાપ્ત કરનારના એકંદર ટર્નઓવર અને જે સદરહુ સંબંધિત મુદત દરમિયાન ચાલુ વર્ષમાં અમલમાં હોય, તેવા શાખ પ્રાપ્ત કરનારના રાજ્યમાંના ટર્નઓવર અથવા સંઘ રાજ્ય ક્ષેત્રમાંના ટર્નઓવરના ભાગે પડતા આધારે, વિતરણ કરવું જોઈશે.

સ્પષ્ટીકરણ– આ કલમના હેતુ માટે,–

(ક) "સંબંધિત મુદત" એટલે–

(૧) શાખ પ્રાપ્ત કરનારને, જે વર્ષ દરમિયાન શાખનું વિતરણ કરવાનું હોય તે વર્ષના અગાઉના નાણાકીય વર્ષમાં પોતાના રાજ્યો અથવા સંઘ રાજ્ય ક્ષેત્રમાં ટર્ન ઓવર થયું હોય, તો સદરહુ નાણાકીય વર્ષ; અથવા

(૨) શાખ પ્રાપ્ત કરનારી અમુક અથવા તમામ વ્યકિતઓને, શાખનું વિતરણ કરવાનું હોય તે વર્ષ અગાઉના વર્ષના નાણાકીય વર્ષ દરમિયાન, તેમના રાજ્યોમાંનું અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંનું કોઇ ટર્નઓવર ન હોય, તો શાખ જે મહિના દરમિયાન આપવાની હોય તે મહિના અગાઉ શાખ પ્રાપ્ત કરનારી તમામ વ્યકિતઓના આવા ટર્નઓવરની માહિતી ઉપલભ્ય હોય, તેવો છેલ્લો ત્રિમાસ;

(ખ) "શાખ પ્રાપ્ત કરનાર" એ શબ્દ એટલે ઇનપુટ સેવા તરીકે સમાન કાયમી ખાતા નંબર ધરાવતા માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકાર;

(ગ) આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર માલ તેમજ વેરાપાત્ર ન હોય, તેવા માલના પુરવઠામાં સંકળાયેલી રજિસ્ટર થયેલી કોઇ વ્યકિતના સંબંધમાં "ટર્નઓવર" એટલે સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૧–ની નોંધ ૮૪ અને સદરહુ અનુસૂચિની યાદી ૨–ની નોંધ ૫૧ અને ૫૪ હેઠળ લેવાપાત્ર કોઇ શુલ્ક અથવા વેરાની રકમથી ઘટાડવામાં આવેલા ટર્નઓવરનું મૂલ્ય.

વધારે વિતરણ કરેલી શાખ વસૂલ કરવાની પદ્ધતિ.

૨૧. ઇનપુટ સેવા વિતરણકર્તા, કલમ ૨૦–માંની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, એવું વિતરણ કરે છે, જેના પરિણામસ્વરૂપ શાખના એક અથવા વધારે લેનારાને શાખનું વધારે વિતરણ થાય છે, ત્યારે આવી રીતે વધારે વિતરણ કરેલી શાખ, આવા શાખ લેનારા પાસેથી, વ્યાજ સહિત વસૂલ કરવું જોઇશે અને વસૂલ કરવા માટેની રકમ નક્કી કરવા અંગે કલમ ૭૩ અથવા યથાપ્રસંગ, કલમ ૭૪ ઉચિત ફેરફાર સાથે લાગુ પડશે.

પ્રકરણ–૬

રજિસ્ટ્રેશન (નોંધણી)

રજિસ્ટ્રેશન માટે જવાબદાર વ્યકિતઓ.

૨૨. (૧) રાજ્યમાં માલ અથવા સેવા અથવા બન્નેનો વેરાપાત્ર પુરવઠો તૈયાર કરનાર દરેક પુરવઠાકાર, જો કોઇ નાણાકીય વર્ષમાં તેનું એકંદર ટર્નઓવર વીસ લાખ રૂપિયા કરતાં વધારે હોય, તો આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થવાને જવાબદાર રહેશે:

પરંતુ આવી કોઇ વ્યકિત, ખાસ વર્ગના રાજ્યોમાં કોઇ રાજ્યમાંથી માલ અથવા સેવા અથવા બન્નેનો વેરાપાત્ર પુરવઠો પૂરો પાડતી હોય, ત્યારે તેનું એકંદર ટર્નઓવર, દસ લાખ રૂપિયા કરતાં વધારે હોય, તો તે રજિસ્ટર થવાને જવાબદાર રહેશે.

(૨) નિયત દિવસની તરત પહેલાના દિવસે, વિદ્યમાન કાયદા હેઠળ રજિસ્ટર થયેલ હોય અથવા લાઇસન્સ ધરાવતી હોય તેવી દરેક વ્યકિત, આ અધિનિયમ હેઠળ નિયત દિવસથી અમલમાં આવે તેમ રજિસ્ટર થવા માટે જવાબદાર રહેશે.

(૩) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી વેરાપાત્ર વ્યકિત દ્વારા ચલાવવામાં આવતો ધંધો, ઉત્તરાધિકારના કારણોસર અથવા અન્યથા બીજી વ્યકિતને ચાલુ ધંધા તરીકે તબદીલ કરવામાં આવે, તો તબદીલીથી પ્રાપ્ત કરનાર અથવા યથાપ્રસંગ, ઉત્તરાધિકારી, આવી તબદીલી અથવા ઉત્તરાધિકાર અમલમાં આવે તે તારીખથી રજિસ્ટર થવા માટે જવાબદાર રહેશે.

(૪) પેટા–કલમો (૧) અને (૩)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ યોજનાની મંજૂરી અથવા જોડાણની વ્યવસ્થા અનુસાર અથવા યથાપ્રસંગ, ઉચ્ચ ન્યાયાલય (હાઇકોર્ટ), ટ્રિબ્યુનલના હુકમ અનુસાર અથવા અન્યથા બે અથવા વધુ કંપનીના વિભાજનના કિસ્સામાં, તબદીલી કરાઇ હોય,

ત્યારે તબદીલીથી પ્રાપ્ત કરનાર, ઉચ્ચ ન્યાયાલય (હાઈકોર્ટ)અથવા ટ્રિબ્યુનલના આવા હુકમનો અમલ કરીને, કંપનીના રજિસ્ટ્રાર સંસ્થાપિત કરવા અંગેનું પ્રમાણપત્ર જે તારીખે કાઢી આપે, તે તારીખથી રજિસ્ટર થવા માટે જવાબદાર રહેશે.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે.–

(૧) ''એકંદર ટર્નઓવર'' એ શબ્દપ્રયોગમાં, વેરાપાત્ર વ્યકિતએ,પોતે તૈયાર કરેલા કે તેના તમામ મુખ્ય માલિકો વતી તૈયાર કરેલા તમામ પુરવઠાનો સમાવેશ થાય છે.

(૨) રજિસ્ટર થયેલા છૂટક કામદાર(જોબવર્ક) કરનાર દ્વારા છૂટક કામ પૂર્ણ થયા પછી, માલનો પુરવઠો, કલમ ૧૪૩માં ઉલ્લેખેલા મુખ્ય માલિક દ્વારા કરેલો માલનો પુરવઠો ગણાશે અને આવા માલના મૂલ્યનો, રજિસ્ટર થયેલા છૂટક કામ કરનારના એકંદર ટર્નઓવરમાં સમાવેશ થશે નહિ.

(૩) "ખાસ વર્ગના રાજ્યો"એ શબ્દપ્રયોગ એટલે સંવિધાનની કલમ ૨૭૯ ક–ના ખંડ (૪)ના પેટા–ખંડ (૪)માં નિર્દિષ્ટ કરેલ રાજ્યો.

રજિસ્ટ્રેશન માટે જવાબદાર ન હોય તેવી વ્યકિતઓ .

૨૩. (૧) નીચેની વ્યકિતઓ રજિસ્ટ્રેશન માટે જવાબદાર રહેશે નહિ:–

(ક) આ અધિનિયમ હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ વેરા માટે જવાબદાર (પાત્ર) ન હોય અથવા વેરાથી સંપૂર્ણ રીતે મુકિત મળેલી હોય, તેવો માલ અથવા સેવા અથવા બન્ને પૂરા પાડવાના ધંધા સાથે સુવાંગ રીતે સંકળાયેલી કોઇ વ્યકિત;

(ખ) ખેડૂત, જમીનની ખેતીના ઉત્પાદનના પુરવઠાના પ્રમાણ મુજબ.

(૨) સરકાર, કાઉન્સિલની ભલામણ પર, જાહેરનામા દ્વારા, આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવામાંથી મુકિત આપી શકાય તેમ હોય, તેવી વ્યકિતઓના વર્ગને નિર્દિષ્ટ કરી શકશે.

અમુક કિસ્સામાં ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવા બાબત.

૨૪. કલમ ૨૨–ની પેટા–કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નીચેના વર્ગની વ્યકિતઓને આ અધિનિયમ હેઠળ, રજિસ્ટર કરાવવું જરૂરી રહેશે.–

(૧) કોઇ આંતર રાજ્ય વેરાપાત્ર પુરવઠો પૂરો પાડનાર વ્યકિતઓ;

(૨) વેરાપાત્ર પુરવઠો પૂરો પાડનાર પ્રાસંગિક વેરાપાત્ર વ્યકિતઓ;

(૩) વિપરીત (રિવર્સ) ચાર્જ હેઠળ જેને વેરો ભરવા ફરમાવેલ હોય તેવી વ્યકિતઓ;

(૪) કલમ ૯ની પેટા–કલમ (૫) હેઠળ જેને વેરો ભરવો ફરમાવેલ હોય તેવી વ્યકિતઓ;

(૫) વેરાપાત્ર પુરવઠો પૂરો પાડનાર બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતઓ;

(૬) કલમ ૫૧ હેઠળ વેરાની કપાત કરવા ફરમાવેલ હોય, તેવી વ્યકિતઓ, ભલે આ અધિનિયમ હેઠળ અલગથી રજિસ્ટર થયેલી હોય કે ન હોય;

(૭) એજન્ટ તરીકે અથવા અન્યથા, બીજી વેરાપાત્ર વ્યકિતઓ વતી, માલ અથવા સેવા અથવા તે બન્નેનો વેરાપાત્ર પુરવઠો પૂરા પાડતી વ્યકિતઓ;

(૮) ઇનપુટ સેવા વિતરણકર્તા, ભલે આ અધિનિયમ હેઠળ અલગથી રજિસ્ટર થયેલો હોય કે ન હોય;

(૯) કલમ ૫૨ હેઠળના મૂળ સ્થાનેથી વેરો ઉઘરાવવો આવશ્યક હોય તેવા ઇલેકટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત, કલમ ૯ની પેટા–કલમ (૫) હેઠળ નિર્દિષ્ટ કરેલા પુરવઠા સિવાયના માલ અથવા સેવા અથવા તે બન્નેપૂરા પાડતી હોય, તેવી વ્યકિતઓ;

(૧૦) દરેક ઇલેકટ્રોનિક કોમર્સ ઓપરેટર;

(૧૧) રજિસ્ટર થયેલી વ્યકિત સિવાયની, ભારત બહારના સ્થળથી ભારતમાં કોઇ વ્યકિતને ઓનલાઇન સૂચના અથવા માહિતી (ડેટા બેઝ) પ્રવેશ અથવા પુન:પ્રાપ્તિ સેવાઓ પૂરી પાડતી દરેક વ્યકિત;

(૧૨) સરકાર દ્વારા કાઉન્સિલની ભલામણ પર જાહેર કરવામાં આવે તેવી બીજી વ્યકિત અથવા વ્યકિતઓનો વર્ગ.

રજિસ્ટ્રેશન માટેની કાર્યરીતિ.

૨૫. (૧) કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટર થવા જવાબદાર હોય, તેવી દરેક વ્યકિતએ, તે જે તારીખથી રજિસ્ટ્રેશન કરાવવા માટે જવાબદાર બને તે તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, રજિસ્ટ્રેશન કરાવવા માટે અરજી કરવી જોઇશે:

પરંતુ પ્રાસંગિક વેરાપાત્ર વ્યકિત અથવા બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિત, ધંધાના આરંભના વધુમાં વધુ પાંચ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન માટે અરજી કરી શકશે.

સ્પષ્ટીકરણ.– ભારતના રાજ્યક્ષેત્રીય સમુદ્ર (સમુદ્રી સીમા)માંથી પુરવઠો પૂરો પાડતી દરેક વ્યકિત, જ્યાં સમુચિત આધાર રેખાનું સૌથી નિકટવર્તી બિંદુ આવ્યું હોય, (તેવા દરિયાકાંઠાના) રાજ્યમાં રજિસ્ટ્રેશન મેળવવાનું રહેશે.

(૨) આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવા ઇચ્છતી વ્યકિતને, એકનોંધી (single) રજિસ્ટ્રેશનની મંજૂરી આપવામાં આવશે:

પરંતુ રાજ્યમાં મલ્ટિપ્લ બિઝનેસ વર્ટિકલ (બહુવિધ વેપાર કાર્યક્ષેત્ર) ધરાવનાર વ્યકિતને, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, દરેક બિઝનેસ વર્ટિકલ (વેપાર કાર્યક્ષેત્ર) માટે અલગ રજિસ્ટ્રેશનની મંજૂરી આપી શકાશે.

(૩) કોઇ વ્યકિત, કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટર થવા જવાબદાર ન હોય તેમ છતાં, પોતાને સ્વેચ્છાથી રજિસ્ટર કરાવી શકશે અને રજિસ્ટર થયેલી વ્યકિતને લાગુ પડતી હોય, તે તેવી અધિનિયમની તમામ જોગવાઇઓ આવી વ્યકિતને લાગુ પડશે.

(૪) એક કરતા વધુ રજિસ્ટ્રેશન મેળવેલ હોય અથવા તેને તે એક રાજ્યમાં અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં અથવા એકથી વધુ રાજ્ય અથવા રાજ્યક્ષેત્રમાં મેળવવું જરૂરી હોય, તેવી વ્યકિતને, આવા દરેક રજિસ્ટ્રેશનના સંબંધમાં, આ અધિનિયમના હેતુઓ માટે ભિન્ન વ્યકિત તરીકે ગણવી જોઇશે.

(૫) કોઇ વ્યકિતએ, કોઇ સંસ્થાના સંબંધમાં, રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં રજિસ્ટ્રેશન મેળવ્યું હોય અથવા મેળવવું જરૂરી હોય, તેની પાસે કોઇ બીજા રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં એક સંસ્થા સ્થાપિત કરેલી હોય, તો આવી સંસ્થાઓને, આ અધિનિયમના હેતુઓ માટે ભિન્ન વ્યકિતઓની સંસ્થા તરીકે ગણવામાં આવશે.

(૬) દરેક વ્યકિત, રજિસ્ટ્રેશનની મંજૂરી મેળવવા પાત્ર થવા માટે, આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કાઢી આપવામાં આવેલો કાયમી ખાતા નંબર (પરમેનન્ટ એકાઉન્ટ નંબર (P A N) ધરાવતી હોવી જોઇશે: સન ૧૯૬૧નો ૪૩મો .

પરંતુ કલમ ૫૧ હેઠળ વેરો કપાત કરવો જરૂરી હોય તેવી વ્યકિત, રજિસ્ટ્રેશન મેળવવા પાત્ર થવા માટે, કાયમી ખાતા નંબરને બદલે, સદરહુ અધિનિયમ હેઠળ કાઢી આપવામાં આવેલા વેરા કપાત અને વસૂલાત ખાતા નંબર રાખી શકશે.

(૭) પેટા–કલમ (૬)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ઠરાવવામાં આવે તેવા બીજા દસ્તાવેજોના આધાર પર પેટા–કલમ (૧) હેઠળ બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતને રજિસ્ટ્રેશનની મંજૂરી આપી શકાશે.

(૮) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થવાને જવાબદાર હોય, તેવી વ્યકિત, રજિસ્ટ્રેશન મેળવવામાં નિષ્ફળ જાય, તો યોગ્ય અધિકારી, આ અધિનિયમ હેઠળ લેવામાં આવે તેવા પગલાંને બાધ આવ્યા સિવાય અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદા હેઠળ, ઠરાવવામાં આવે તેવી રીતે, તેવી વ્યકિતને રજિસ્ટર કરવા માટેની કાર્યવાહી કરી શકશે.

(૯) પેટા–કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તેમ છતાં,–

(ક) સંયુકત રાષ્ટ્ર સંગઠનની કોઇ ખાસ એજન્સી અથવા સંયુકત રાષ્ટ્ર (વિશેષાધિકાર અને સુરક્ષિતતા) અધિનિયમ, ૧૯૪૭ હેઠળ જાહેર કરેલી બહુપક્ષીય નાણાકીય સંસ્થા અને સંગઠન, વિદેશી રાષ્ટ્રોના વાણિજ્ય–દૂતાવાસ અથવા રાજદૂતભવન; અને

સન ૧૯૪૭નો ૪૬મો .

(ખ) બીજી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓનો વર્ગને,

ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા હેતુઓ માટે, જેમાં તેમના દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બન્નેના જાહેર કરેલા પુરવઠા ઉપર વેરાના રિફંડ સહિત, વિશિષ્ટ ઓળખ નંબર આપવામાં આવશે.

(૧૦) રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબર, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર, યોગ્ય ખરાઇ કર્યા પછી મંજૂર કરવામાં આવશે અથવા નામંજૂર કરવામાં આવશે.

(૧૧) રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી તારીખથી અમલમાં આવે તે રીતે કાઢી આપવામાં આવશે.

(૧૨) રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબર, પેટા–કલમ (૧૦) હેઠળ ઠરાવવામાં આવે તેવી મુદતની સમાપ્તિ પછી, જો તે મુદતની અંદર અરજદારને કોઇપણ ખામી બાબતે જાણ કરાયેલ ન હોય, તો મંજૂર કર્યો હોવાનું ગણાશે.

જિસ્ટ્રેશન થયું ોવાનું ગણવા ાબત.

૨૬. (૧) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબરની મંજૂરી, કલમ ૨૫ની પેટા–કલમ (૧૦)માં નિર્દિષ્ટ કરેલ સમયની અંદર, રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ માટેની અરજી નામંજૂર કરવામાં આવેલ નથી તે શરતને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબર અંગેની મંજૂરી આપી હોવાનું ગણાશે.

(૨) કલમ ૨૫ની પેટા–કલમ (૧૦)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબર માટેની અરજીની કોઇ નામંજૂરી, આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન માટેની અરજીની નામંજૂરી હોવાનું ગણાશે.

ાાસંગિકવેરાપાત્ર યકિત અને બિન– ેવાસી વેરાપાત્ર યકિત સંબંધિત ાાસ જોગવાઇઓ.

૨૭. (૧) પ્રાસંગિક વેરાપાત્ર વ્યકિત અથવા બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતને કાઢી આપેલું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, રજિસ્ટ્રેશન માટેની અરજીમાં નિર્દિષ્ટ કરેલી મુદત માટે અથવા રજિસ્ટ્રેશન અમલમાં આવે તે તારીખથી નેવું દિવસ માટે, બેમાંથી જે વહેલું બને ત્યાં સુધી માન્ય રહેશે અને રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે, ત્યાર પછી જ આવી વ્યકિતએ, વેરાપાત્ર પુરવઠો તૈયાર કરવો જોઇશે:

પરંતુ યોગ્ય અધિકારી, સદરહુ વેરાપાત્ર વ્યકિત દ્વારા દર્શાવવામાં આવેલા પૂરતા કારણસર, નેવું દિવસની સદરહુ મુદત, નેવું દિવસથી વધુ નહિ તેટલી બીજી મુદત માટે વધારી શકાશે.

INDEX

(૨) પ્રાસંગિક વેરાપાત્ર વ્યકિત અથવા બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતએ, કલમ ૨૫–ની પેટા–કલમ (૧) હેઠળ રજિસ્ટ્રેશન માટેની અરજી રજૂ કરતી વખતે, જે મુદત માટે રજિસ્ટ્રેશન માગવામાં આવ્યું હોય, તે મુદત માટે આવી વ્યકિતની અંદાજિત વેરા જવાબદારીને સમકક્ષ રકમ જેટલો વેરો અગાઉથી જમા કરવો જોઇશે:

પરંતુ પેટા–કલમ (૧) હેઠળ સમય લંબાવી આપવાની માગ કરવામાં આવી હોય, ત્યારે આવી વેરાપાત્ર વ્યકિતએ, મુદત લંબાવી આપવાની માગ કરી હોય, તે મુદત માટે આવી વ્યકિતની અંદાજિત વેરા જવાબદારીને સમકક્ષ વેરાની વધારાની રકમ જમા કરાવવી જોઇશે.

(૩) પેટા–કલમ (૨) હેઠળ જમા કરેલી રકમ, આવી વ્યકિતની ઇલેકટ્રોનિક રોકડ ખાતાવહીમાં જમા કરવી જોઇશે અને કલમ ૪૯ હેઠળ જોગવાઇ કરેલી રીતે ઉપયોગમાં લેવી જોઇશે.

રજિસ્ટ્રેશનનો સુધારો.

૨૮. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ અને જેને વિશિષ્ટ ઓળખ નંબર આપવામાં આવ્યો હોય તેવી કોઇ વ્યકિતએ, રજિસ્ટ્રેશન વખતે અથવા ત્યાર પછી રજૂ કરેલી માહિતીમાં કોઇ ફેરફાર હોય, તો તેની જાણ યોગ્ય અધિકારીને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેવી રીતે અને તેવી મુદતની અંદર કરવી જોઇશે.

(૨) યોગ્ય અધિકારીએ, પેટા–કલમ (૧) હેઠળ રજૂ કરેલી અથવા તેમણે (યોગ્ય અધિકારીએ) સુનિશ્ચિત કરેલી માહિતીના આધારે, રજિસ્ટ્રેશનની વિગતોમાં, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર, રજિસ્ટ્રેશનમાં સુધારા મંજૂર કરવા જોઇશે અથવા નામંજૂર કરવા જોઇશે:

પરંતુ યોગ્ય અધિકારીની મંજૂરી, ઠરાવવામાં આવે તેવી વિગતોના સુધારાના સંબંધમાં લેવી જરૂરી રહેશે નહિ:

વધુમાં, યોગ્ય અધિકારીએ, વ્યકિતને સુનાવણીની એક તક આપ્યા સિવાય, રજિસ્ટ્રેશનની વિગતોમાંના સુધારા માટેની અરજી નામંજૂર કરવી જોઇશે નહિ.

(૩) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ સુધારાની કોઇ નામંજૂરી અથવા મંજૂરી, આ અધિનિયમ હેઠળની, નામંજૂરી અથવા મંજૂરી ગણાશે.

રજિસ્ટ્રેશન રદ કરવા બાબત.

૨૯. (૧) યોગ્ય અધિકારી, પોતાની મેળે અથવા રજિસ્ટર થયેલી વ્યકિતએ અથવા આવી વ્યકિતના મૃત્યુના કિસ્સામાં, તેના કાયદામાન્ય વારસદારે કરેલી અરજીના આધારે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર, નીચેના સંજોગોને લક્ષમાં લેતાં, રજિસ્ટ્રેશન રદ કરી શકશે,–

(ક) ધંધો બંધ થવાથી, જેમાં માલિકનું મૃત્યુ થવાથી, કોઇ બીજી કાનૂની વ્યકિત સાથે જોડાણ થવાથી, વિભાજન થવાથી અથવા અન્યથા પતાવટ કરવા સહિતના કારણોથી સંપૂર્ણપણે તબદીલ થવાથી; અથવા

(ખ) ધંધાની રચનામાં કોઇ ફેરફાર થયો હોય; અથવા

(ગ) કલમ ૨૫–ની પેટા–કલમ (૩) હેઠળ રજિસ્ટર થયેલી વ્યકિત સિવાયની કોઇ વેરાપાત્ર વ્યકિત, કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટ્રેશન માટે હવે જવાબદાર રહેશે નહિ.

(૨) (ક) રજિસ્ટર થયેલી વ્યકિતએ, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની ઠરાવવામાં આવે તેવી જોગવાઇઓનું ઉલ્લંઘન કર્યું હોય; અથવા

(ખ) કલમ ૧૦ હેઠળ વેરો ભરનાર વ્યકિતએ, કે જે લાગલાગટ ત્રણ વેરા મુદત માટે પત્રક રજૂ ન કર્યું હોય;અથવા

(ગ) ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિ સિવાયની કોઇ વ્યક્તિએ, છ મહિનાની સતત મુદત સુધી પત્રક રજૂ ના કર્યું હોય; અથવા

(ઘ) કલમ ૨૫–ની પેટા–કલમ (૩) હેઠળ સ્વૈચ્છિક રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તેવી કોઇ વ્યક્તિ જેણે રજિસ્ટ્રેશનની તારીખથી છ મહિનાની અંદર ધંધો ચાલુ કર્યો ન હોય; અથવા

(ચ) છેતરપીંડીથી, જાણીબૂજીને આપેલા ખોટા નિવેદનથી અથવા હકીકત છુપાવીને રજિસ્ટ્રેશન, મેળવ્યું હોય:

ત્યારે યોગ્ય અધિકારી, પોતાને યોગ્ય જણાય તેવી કોઇ પાછલી તારીખ સહિતની તારીખથી રજિસ્ટ્રેશન રદ કરી શકશે :

પરંતુ યોગ્ય અધિકારીએ, વ્યક્તિને સુનાવણીની તક આપ્યા સિવાય, રજિસ્ટ્રેશન રદ કરવું જોઇશે નહિ.

(૩) આ કલમ હેઠળનું રજિસ્ટ્રેશન રદ થવાથી, આ અધિનિયમ હેઠળ વેરો ભરવાની અને બીજા લેણાં ભરવાની જવાબદારીને અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ, રદ કરવાની તારીખની અગાઉની કોઇ મુદત માટે, આવો કોઇ વેરો અથવા બીજા લેણાં, ભલે તે રદ કરવાની તારીખ પહેલાં અથવા ત્યાર પછી નક્કી કરવામાં આવ્યા હોય, તો તે વેરો ભરવા માટેની વ્યક્તિની, કોઇ જવાબદારી અદા કરવાને અસર થશે નહિ.

(૪) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ, રદ કરેલું રજિસ્ટ્રેશન, આ અધિનિયમ હેઠળ રદ કરેલ રજિસ્ટ્રેશન હોવાનું ગણાશે.

(૫) જેનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું હોય, તે દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, આવી રીતે જે તારીખે રજિસ્ટ્રેશન રદ કરવામાં આવે તે તારીખની તરત પહેલાની તારીખે, સ્ટોકમાં રાખવામાં આવેલા ઇનપુટના અને સ્ટોકમાં રાખવામાં આવેલો અર્ધ–તૈયાર કરેલા અથવા સંપૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટ અથવા મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશીનરીમાં સમાવિષ્ટ હોય, તે ઇનપુટના સંબંધમાં અથવા એવા માલ પર ભરવાપાત્ર આઉટપુટ વેરો, એ બધામાંથી જે વધુ હોય તેટલી ઇનપુટ વેરા શાખને સમકક્ષ રકમ, ઠરાવવામાં આવે તેવી રીતે ઇલેક્ટ્રોનિક શાખ ખાતાવાહી અથવા ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવાહીમાં ઉધારીને ભરવી જોઇશે:

પરંતુ મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશીનરીના કિસ્સામાં, વેરાપાત્ર વ્યક્તિએ, સદરહુ મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશીનરી ઉપર લેવામાં આવેલી, ઠરાવવામાં આવે તેવી ટકાવારીના પોઇન્ટ મુજબ ઇનપુટના સંબંધમાં ઘટાડેલી ઇનપુટ વેરા શાખને સમકક્ષઅથવા કલમ ૧૫ હેઠળ આવા મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશિનરીના લેવડદેવડ મૂલ્ય ઉપરના વેરાને સમકક્ષ, બેમાંથી જે વધુ હોય, તે રકમ ભરવી જોઇશે.

(૬) પેટા–કલમ (૫) હેઠળ ભરવાપાત્ર રકમની, ઠરાવવામાં આવે તેવી રીતે ગણતરી કરવી જોઇશે.

રદ કરેલું રજિસ્ટ્રેશન રદ બાતલ કરવા બાબત.

૩૦. (૧) ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, રજિસ્ટર થયેલી કોઇ વ્યક્તિ જેનું રજિસ્ટ્રેશન, યોગ્ય અધિકારી દ્વારા આપમેળે રદ કરવામાં આવ્યું હોય, તે આવા અધિકારીને, રદ કર્યાનો હુકમ બજાવ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર, એવું રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કરવા માટે, ઠરાવેલી રીતે અરજી કરી શકશે.

(૨) યોગ્ય અધિકારી, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર, હુકમથી, રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કરી શકશે અથવા અરજી નામંજૂર કરી શકશે:

INDEX

પરંતુ રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કરવા અંગેની અરજી, અરજદારને સુનાવણીની તક આપ્યા સિવાય, નામંજૂર કરવી જોઇશે નહિ.

(૩) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ, રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કરવું, તે આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કર્યું હોવાનું ગણાશે.

પ્રકરણ– ૭

વેરા ભરતિયું, શાખ અને ઉધાર નોંધ (પત્ર)

વેરા ભરતિયું.

૩૧. (૧)વેરાપાત્ર માલ પૂરો પાડનાર રજિસ્ટર થયેલી વ્યક્તિએ, –

(ક) પ્રાપ્ત કરનારને પુરવઠો પૂરો પાડવા માટે, જેમાં પુરવઠામાં માલની હેરફેરનો સમાવેશ થતો હોય, તેમાં માલને દૂર કરતી વખતે; અથવા

(ખ) બીજા કોઇ કિસ્સામાં, માલની રવાનગી અથવા તે પુરવઠો પ્રાપ્ત કરનારને ઉપલભ્ય કરી આપતી વખતે,

અથવા તે પહેલાં માલનું વર્ણન, જથ્થો અને મૂલ્ય, તેના પર વસૂલ કરેલો વેરો અને ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો દર્શાવતું વેરા ભરતિયું કાઢી આપવું જોઇશે:

પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણ પર, જાહેરનામાથી, જેના સંબંધમાં વેરા ભરતિયું કાઢી આપવું જોઇશે, તે માલ અથવા પુરવઠાના વર્ગો (પ્રકારો), ઠરાવવામાં આવે તેટલા સમયમાં અને તેવી રીતે નિર્દિષ્ટ કરવા જોઇશે.

(૨) વેરાપાત્ર સેવા પૂરી પાડનાર રજિસ્ટર થયેલી વ્યક્તિએ, સેવા પૂરી પાડતા પહેલાં અથવા તે પછી, પરંતુ ઠરાવેલી મુદતની અંદર, વર્ણન, મૂલ્ય, તેના પર વસૂલ કરેલો વેરો અને ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો દર્શાવતું વેરા ભરતિયું કાઢી આપવું જોઇશે:

પરંતુ સરકારે, કાઉન્સિલની ભલામણ પર, જાહેરનામાથીઅને તેમાં જણાવેલી શરતોને અધીન રહીને, સેવાના વર્ગો (પ્રકારો) નિર્દિષ્ટ કરવા જોઇશે, કે જેના સંબંધમાં–

(ક) પુરવઠાના સંબંધમાં કાઢી આપવામાં આવેલો બીજા કોઇ દસ્તાવેજ, વેરા ભરતિયું હોવાનું ગણાશે; અથવા

(ખ) વેરા ભરતિયું કાઢી આપવું આવશ્યક ન હોય.

(૩) પેટા–કલમો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, –

(ક) રજિસ્ટર થયેલી વ્યક્તિ, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખથી એક મહિનાની અંદર અને ઠરાવવામાં આવે તેવી રીતે, રજિસ્ટ્રેશન અમલમાં આવે તે તારીખથી શરૂ કરીને, તેને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે તે તારીખ સુધીની મુદત દરમિયાન અગાઉ કાઢી આપેલા ભરતિયા સામે સુધારેલું ભરતિયું કાઢી આપી શકશે;

(ખ) પૂરા પાડવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બન્નેનું મૂલ્ય, બસો રૂપિયા કરતાં ઓછું હોય, તો રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને અને તેવી રીતે, વેરા ભરતિયું કાઢી આપશે નહિ;

(ગ) મુક્તિ આપવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડતી અથવા કલમ ૧૦ની જોગવાઇઓ હેઠળ વેરો ભરતી રજિસ્ટર થયેલી વ્યક્તિએ, વેરા ભરતિયાને બદલે, આવી વિગતો ધરાવતું અને ઠરાવવામાં આવે તેવી રીતે, પુરવઠાનું બિલ કાઢી આપવું જોઇશે:

પરંતુ પૂરા પાડવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બન્નેનું મૂલ્ય, બસો રૂપિયા કરતાં ઓછું હોય, તો રજિસ્ટર થયેલી વ્યકિત,ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને અને તેવી રીતે, પુરવઠાનું બિલ કાઢી આપશે નહિ;

(ઘ) રજિસ્ટર થયેલી વ્યકિત, માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં અગ્રિમ ચુકવણી મળ્યેથી, આવી ચુકવણીના પુરાવારૂપે, ઠરાવવામાં આવે તેવી વિગતો ધરાવતી પહોંચ–વાઉચર અથવા બીજા દસ્તાવેજ કાઢી આપી શકશે;

(ચ) માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં અગ્રિમ (ચુકવણી) મેળવેલી હોય, ત્યારે રજિસ્ટર થયેલી વ્યકિતએ, પહોંચ–વાઉચર કાઢી આપેલ હોય, પરંતુ ત્યાર પછી કોઇપણ પુરવઠો પૂરો પાડવામાં આવ્યો ન હોય અને તદનુસાર કોઇ પણ વેરા ભરતિયું કાઢી આપવામાં આવ્યું ન હોય, તો સદરહુ રજિસ્ટર થયેલી વ્યકિત, જેણે ચુકવણી કરેલી હોય તેવી વ્યકિતને, આવી ચુકવણી સામે રિફંડ–વાઉચર કાઢી આપી શકશે;

(છ) કલમ ૯ની પેટા–કલમ (૩) અથવા પેટા–કલમ (૪) હેઠળ, વેરો ભરવા માટે જવાબદાર હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યકિતએ, રજિસ્ટર થયેલ ન હોય તેવા પુરવઠાકાર પાસેથી તેણે મેળવેલ માલ અથવા સેવા અથવા તે બંને મળ્યાની તારીખે, માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં ભરતિયું કાઢી આપવું જોઇશે;

(જ) કલમ ૯ની પેટા–કલમ (૩) અથવા પેટા–કલમ (૪) હેઠળ, વેરો ભરવા માટે જવાબદાર હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યકિતએ, પુરવઠાકારને ચુકવણી કરતી વખતે, ચુકવણી વાઉચર કાઢી આપવું જોઇશે.

(૪) માલના સતત પુરવઠાના કિસ્સામાં, હિસાબનું ક્રમવાર નિવેદન અથવા ક્રમવાર ચુકવણીનો સમાવેશ થતો હોય, ત્યારે આવું દરેક નિવેદન કરવામાં આવે અથવા યથાપ્રસંગ, આવી દરેક ચુકવણી મેળવવામાં આવે ત્યાર પહેલાં અથવા તે વખતે ભરતિયું કાઢી આપવું જોઇશે.

(૫) પેટા–કલમ (૩)ના ખંડ (ઘ)ની જોગવાઇઓને અધીન રહીને, સેવાના સતત પુરવઠાના કિસ્સામાં, –

(ક) ચુકવણીની નિયત તારીખ, કરાર પરથી સુનિશ્ચિત કરી શકાય તેમ હોય, ત્યારે ભરતિયું, ચુકવણીની નિયત તારીખે અથવા તે પહેલાં કાઢી આપવું જોઇશે;

(ખ) ચુકવણીની નિયત તારીખ, કરાર પરથી સુનિશ્ચિત કરી શકાય તેમ ન હોય, ત્યારે સેવા પૂરી પાડનારને ચુકવણી મળે તે પહેલાં અથવા તે વખતે ભરતિયું, કાઢી આપવું જોઇશે;

(ગ) ચુકવણીને કોઇ ઘટના પૂર્ણ થાય તેની સાથે જોડવામાં આવે, ત્યારે તે ઘટના પૂર્ણ થાય તે તારીખે અથવા તે પહેલાં ભરતિયું, કાઢી આપવું જોઇશે.

(૬) કરાર હેઠળનો પુરવઠો પૂરો થાય તે પહેલાં સેવાનો પુરવઠો બંધ થઇ જાય તેવા કિસ્સામાં, પુરવઠો બંધ થાય તેવા સમયે ભરતિયું,કાઢી આપવું જોઇશે અને આવું ભરતિયું, આવો પુરવઠો બંધ થવા પહેલાં પૂરા પાડવામાં આવેલા પુરવઠાના પ્રમાણ મુજબ કાઢી આપવું જોઇશે.

(૭) પેટા–કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વેચાણ માટે મંજૂરી ઉપર મોકલવામાં આવતો અથવા લેવામાં અથવા પરત કરવામાં આવતો માલ, પુરવઠો આપવામાં આવે તે પહેલાં દૂર કરવામાં આવે, ત્યારે ભરતિયું, પુરવઠો આપવામાં આવે તે પહેલા અથવા તે સમયે અથવા તે દૂર કરવામાં આવે તે તારીખથી છ મહિના સુધી, બેમાંથી જે વહેલું બને, ત્યારે કાઢી આપવું જોઇશે.

INDEX

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે, "વેરા ભરતિયું" એ શબ્દપ્રયોગના અર્થમાં, અગાઉ પૂરા પાડવામાં આવેલા પુરવઠાના સંબંધમાં પુરવઠાકારે કાઢી આપેલા કોઇ સુધારેલા ભરતિયાનો સમાવેશ થાય છે.

અનધિકૃત વેરા વસૂલાત પર પ્રતિબંધ.

૩૨. (૧) રજિસ્ટર થયેલી ન હોય તેવી કોઇ વ્યક્તિએ, માલના કોઇ પુરવઠા અથવા સેવા અથવા તે બન્નેના સંબંધમાં આ અધિનિયમ હેઠળ વેરા સ્વરૂપે કોઇ રકમની વસૂલાત કરવી જોઇશે નહિ.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર હોય તે સિવાય કોઇપણ રજિસ્ટર થયેલી વ્યક્તિએ વેરાની વસૂલાત કરવી જોઇશે નહિ.

વેરા ભરતિયા અને અન્ય દસ્તાવેજોમાં વેરાની રકમ દર્શાવવા બાબત.

૩૩. આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, અવેજના બદલામાં કોઇ પુરવઠો આપવામાં આવે ત્યારે, આવા પુરવઠા માટે વેરો ચૂકવવા માટે જવાબદાર હોય તેવી દરેક વ્યક્તિએ જે કિમતે આવો પુરવઠો આપવામાં આવે તે કિમતનો ભાગ બનતી હોય તેવી વેરાની રકમ, આકારણી, વેરા ભરતિયું અને અન્ય સમાન દસ્તાવેજોને લગતાં તમામ દસ્તાવેજોમાં સ્પષ્ટપણે દર્શાવવી જોઇશે.

જમા નોંધ અને ઉધાર નોંધ.

૩૪. (૧) કોઇ માલનો પુરવઠો અથવા સેવાઓ અથવા તે બન્ને માટે વેરા ભરતિયુંકાઢી આપ્યું હોય અને તે વેરા ભરતિયામાંની વેરાપાત્ર કિમત અથવા તેમાં ચાર્જ કરેલો વેરો, આવા પુરવઠાના સંબંધમાં ભરવાપાત્ર વેરાપાત્ર કિમત અથવા તેમાં ચાર્જ કરેલા વેરાથી વધુ હોવાનું જણાય ત્યારે અથવા પૂરો પાડેલો માલનો પુરવઠો, લેનાર દ્વારા પરત કરવામાં આવે ત્યારે અથવા પૂરો પાડેલો માલ અથવા સેવા અથવા તે બન્ને ઓછા હોવાનું જણાય ત્યારે, આવો માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિ, લેનારને ઠરાવવામાં આવે તેવી વિગતો સમાવતી જમા નોંધ કાઢી આપી શકશે.

(૨) માલના પુરવઠા અથવા સેવા અથવા તે બન્નેના સંબંધમાં જમા નોંધ કાઢી આપતી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, જે મહિના દરમિયાન આવી જમા નોંધ આપવામાં આવી હોય તે મહિના દરમિયાન પણ જે વર્ષમાં આવો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો હોય તે નાણાકીય વર્ષના અંત પછીના સપ્ટેમ્બર મહિનાથી મોડું નહિ તેટલા સમય અથવા સંબંધિત વાર્ષિક પત્રક રજૂ કરવાની તારીખ, એ બેમાંથી જે વહેલું હોય તેટલા સમયની અંદર પત્રકમાં આવી જમા નોંધની વિગતો જાહેર કરવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે વેરા જવાબદારી સરભર કરવી જોઇશે:

પરંતુ આવા પુરવઠા પરના વેરા અને વ્યાજનું ભારણ, કોઇ બીજી વ્યક્તિ પર આગળ મોકલવામાં આવ્યું (નાંખવામાં આવ્યું હોય) હોય, તો પુરવઠાકારની ઉત્પાદન (આઉટપુટ) વેરા જવાબદારીમાં કોઇપણ ઘટાડો કરવા દેવો જોઇશે નહિ.

(૩) કોઇ માલના પુરવઠા અથવા સેવાઓ અથવા તે બન્ને માટે વેરા ભરતિયું આપ્યું હોય અને તે વેરા ભરતિયામાંની વેરાપાત્ર કિમત અથવા તેમાં ચાર્જ કરેલો વેરો, આવા પુરવઠાના સંબંધમાં ભરવાપાત્ર વેરાપાત્ર કિમત અથવા ચાર્જ કરેલા વેરાથી ઓછો હોવાનું જણાય ત્યારે, આવો માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિ, લેનારને ઠરાવવામાં આવે તેવી વિગતો સમાવતી ઉધાર નોંધ આપી શકશે.

(૪) માલના પુરવઠા અથવા સેવા અથવા તે બન્નેના સંબંધમાં ઉધાર નોંધ કાઢી આપે તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, જે મહિના દરમિયાન આવી ઉધાર નોંધ આપવામાં આવી હોય તે મહિના માટેના પત્રકમાં આવી ઉધાર નોંધની વિગતો જાહેર કરવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે વેરા જવાબદારી સરભર કરવી જોઇશે.

સ્પષ્ટીકરણ.– આ અધિનિયમના હેતુઓ માટે, "ઉધાર નોંધ" એ શબ્દપ્રયોગમાં, પૂરક ભરતિયાનો સમાવેશ થાય છે.

પ્રકરણ ૮

હિસાબો અને રેકર્ડ.

હિસાબો અને અન્ય રેકર્ડ.

૩૫. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, પોતાના ધંધાના મુખ્ય સ્થળે, રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં જણાવ્યા પ્રમાણે, નીચે પ્રમાણેના ખરા અને સાચા હિસાબો રાખવા અને જાળવવા જોઇશે–

(ક) માલના ઉત્પાદન અથવા તેની બનાવટ માટેના;

(ખ) માલના પુરવઠા અથવા સેવા અથવા તે બન્નેની આવક અથવા રવાનગીના;

(ગ) માલના સ્ટોકના;

(ઘ) લાભ લીધેલી ઇનપુટ વેરા શાખના;

(ચ) ચૂકવવાપાત્ર અને ચૂકવેલા આઉટપુટ વેરાના; અને

(છ) ઠરાવવામાં આવે તેવી અન્ય વિગતોના:

પરંતુ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં ધંધાના એકથી વધારે સ્થળ નિર્દિષ્ટ કરવામાં આવે ત્યારે, ધંધાના દરેક સ્થળને લગતાં હિસાબો ધંધાના તેવા સ્થળોએ રાખવા જોઇશે:

વધુમાં, રજિસ્ટર થયેલી વ્યકિત, ઠરાવવામાં આવે તેવી રીતે ઇલેક્ટ્રોનિક સ્વરૂપ (ફોર્મ)માં તેવા હિસાબો અને અન્ય વિગતો રાખી શકશે અને જાળવી શકશે.

(૨) માલના સંગ્રહ માટે ઉપયોગ કરાતી વખાર, ગોદામ અથવા બીજા કોઇ સ્થળના દરેક માલિક અથવા ઓપરેટર (પ્રચાલક) અને દરેક પરિવાહક–એ ભલે તે રજિસ્ટર થયેલ વ્યકિત હોય કે ન હોય તેમ છતાં, ઠરાવવામાં આવે તેવી રીતે માલ મોકલનાર, માલ લેનાર અને માલને લગતી બીજી સંબંધિત વિગતોનો રેકર્ડ રાખવો જોઇશે.

(૩) કમિશનર, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા હેતુ માટે વધારાના હિસાબો અથવા દસ્તાવેજો જાળવવા માટે વેરાપાત્ર વ્યકિતઓના વર્ગને જાહેર કરી શકશે.

(૪) કમિશનરને એવું જણાય કે વેરાપાત્ર વ્યકિતઓનો કોઇ વર્ગ, આ કલમની જોગવાઇઓ અનુસાર હિસાબો રાખવા અને તેને જાળવવાની સ્થિતિમાં નથી, ત્યારે તેઓ કારણોની લેખિતમાં નોંધ કરીને,ઠરાવવામાં આવે તેવી રીતે હિસાબો જાળવવા માટે વેરાપાત્ર વ્યકિતઓના તેવા વર્ગને પરવાનગી આપી શકશે.

(૫) નાણાકીય વર્ષ દરમિયાન જેનું ટર્નઓવર ઠરાવેલી મર્યાદાથી વધી જાય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, પોતાના હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવવા જોઇશે અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે ઓડિટ થયેલા વાર્ષિક હિસાબો,કલમ ૪૪ની પેટા–કલમ (૨) હેઠળ મેળ પત્રક અને તેવા બીજા દસ્તાવેજોની નકલ રજૂ કરવી જોઇશે.

(૬) કલમ ૧૭ની પેટા–કલમ (૫)ના ખંડ (ઝ)ની જોગવાઇઓને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યકિત, પેટા–કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર માલ અથવા સેવા અથવા તે બન્નેનો હિસાબ આપવામાં ચૂક કરે, ત્યારે યોગ્ય અધિકારી, જેનો હિસાબ આપવામાં આવ્યો ન હોય તેવા માલ અથવા સેવા અથવા તે બન્ને પર ચૂકવવાપાત્ર વેરાની રકમ નિર્ધારિત કરવી જોઇશે, જાણે કે

આવો માલ અથવા સેવા અથવા તે બન્ને, આવી વ્યકિત દ્વારા પૂરી પાડવામાં આવી હતી અને કલમ ૭૩ અથવા યથાપ્રસંગ, કલમ ૭૪ની જોગવાઇઓ, તેવા વેરાના નિર્ધારણ માટે ઉચિત ફેરફારો સાથે લાગુ પડશે.

હિસાબો રાખવાની મુદત.

૩૬. કલમ ૩૫ની પેટા–કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર હિસાબના ચોપડા અથવા બીજા રેકર્ડ રાખવા અને તેને જાળવવા ફરમાવ્યું હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, આવા હિસાબો અને રેકર્ડને લગતાં વર્ષ માટે વાર્ષિક પત્રક રજૂ કરવાની નિયત તારીખથી બોતેર મહિના સુધી તેને જાળવી રાખવા જોઇશે:

પરંતુ અપીલ સત્તાધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારી અથવા અપીલ ટ્રિબ્યુનલ અથવા કોર્ટ સમક્ષ રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા અથવા કમિશનર દ્વારા ફાઇલ કરેલી અપીલ અથવા ફેરતપાસ અથવા બીજી અન્ય કાર્યવાહીઓના પક્ષકાર હોય તેવી અથવા પ્રકરણ ૧૯ હેઠળના ગુના માટે તપાસ હેઠળ હોય તેવી વ્યકિત, તેવી અપીલ અથવા ફેરતપાસ અથવા કાર્યવાહીઓ અથવા તપાસનો આખરી નિકાલ કર્યા પછી એક વર્ષની મુદત સુધી અથવા ઉપર નિર્દિષ્ટ કરેલી મુદત સુધી, એ બેમાંથી જે મોડું હોય તેટલી મુદત સુધી તેવી અપીલ અથવા ફેરતપાસ અથવા કાર્યવાહીઓ અથવા તપાસની વિષય–વસ્તુને લગતાં હિસાબના ચોપડાં અને બીજા રેકર્ડ રાખી શકશે.

પ્રકરણ ૯

પત્રક

જાવક પુરવઠાની વિગતો પૂરી પાડવા બાબત.

૩૭. (૧) ઇનપુટ સેવા વિતરણ કર્તા સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યકિત, વેરાપાત્ર બિન–નિવાસી વ્યકિત અને કલમ ૧૦ અથવા કલમ ૫૧ અથવા કલમ ૫૨–ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી વ્યકિતએ ઇલેકટ્રોનિક રીતે, સદરહુ વેરા મુદત પછીના મહિનાના દસમા દિવસે અથવા તે પહેલાં વેરા મુદત દરમિયાન માલ અથવા સેવાના જાવક પુરવઠા અથવા તે બન્નેની વિગતો, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતેરજૂ કરવી જોઇશે અને આવી વિગતો,ઠરાવવામાં આવે તેટલા સમયમાં અને તેવી રીતે, સદરહુ પુરવઠાના લેનારને જણાવવી જોઇશે:

પરંતુ રજિસ્ટર થયેલી વ્યકિતને, વેરા મુદત પછીના મહિનાના અગિયારમા દિવસથી પંદરમા દિવસ સુધીની મુદત દરમિયાનના જાવક પુરવઠાની વિગતો રજૂ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ:

વધુમાં, કમિશનર, કારણોની લેખિતમાં નોંધ કરીને, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી વેરાપાત્ર વ્યકિતઓના તેવા વર્ગ માટે એવી વિગતો રજૂ કરવા માટેની સમયમર્યાદા વધારી શકશે:

વળી, કેન્દ્રીય વેરા કમિશનર જાહેર કરેલો સમયમર્યાદાનો કોઇ વધારો, કમિશનર–એ જાહેર કર્યો હોવાનું ગણાશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ કોઇ વેરા મુદત માટેની અને કલમ ૪૨ અથવા કલમ ૪૩ હેઠળ અસંગત રહી હોય તેવી વિગતો રજૂ કરી હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યકિતએ, તેમાંની કોઇ ભૂલ અથવા ચૂક શોધી કાઢ્યેથી, ઠરાવવામાં આવે તેવી રીતે તેવી ભૂલ અથવા ચૂક સુધારવી જોઇશે અને તેવી વેરા મુદત માટે રજૂ કરવાના પત્રકમાં, તેવી ભૂલ અથવા ચૂકના કારણે વેરાની ઓછી ચૂકવણી થાય તેવા કિસ્સામાં વેરો અને વ્યાજ, કોઇ હોય, તો તે ચૂકવવા જોઇશે:

પરંતુ પેટા–કલમ (૧) હેઠળ રજૂ કરેલી વિગતોના સંબંધમાં ભૂલ અથવા ચૂકમાં કોઇ સુધારા કરવાની પરવાનગી, જે વર્ષને લગતી તેવી વિગતો હોય તેવું નાણાકીય વર્ષ પુરું થયા

પછીના સપ્ટેમ્બર મહિના માટે કલમમાં ૩૯ હેઠળ પત્રક રજૂ કર્યા પછી અથવા સંબંધિત વાર્ષિક પત્રકરજૂ કર્યા પછી, એ બેમાંથી જે વહેલું હોય તે પછી આપવી જોઈશે નહિ.

સ્પષ્ટીકરણ.– આ પ્રકરણના હેતુઓ માટે, "જાવક પુરવઠાની વિગતો" એ શબ્દપ્રયોગમાં, કોઇ વેરા મુદત દરમિયાન જાવક પુરવઠાના સંબંધમાં આપેલા ભરતિયા, ઉધાર નોંધો, જમા નોંધો અને સુધારેલા ભરતિયાની વિગતોનો સમાવેશ થશે.

પુરવઠા આવકની વિગતો પૂરી પાડવા બાબત.

૩૮. (૧) ઇનપુટ સેવા વિતરણકર્તા સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યકિત અથવા વેરાપાત્ર બિન–નિવાસી વ્યકિત અથવા કલમ ૧૦ અથવા કલમ ૫૧ અથવા કલમ ૫૨–ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી વ્યકિતએ, પોતાની આવક પુરવઠા અને જમા નોંધો અથવા ઉધાર નોંધોની વિગતો તૈયાર કરવા માટે, કલમ ૩૭ની પેટા–કલમ (૧) હેઠળ જાવક પુરવઠા અને જમા અથવા ઉધાર નોંધોને લગતી જણાવેલી વિગતો, જરૂરી હોય, તો તેની ખરાઇ કરવી જોઇશે, તેને માન્ય કરવી જોઇશે, તેમાં ફેરફાર કરવો જોઇશે અથવા તે કમી કરવી જોઇશે અને તેમાં, કલમ ૩૭ની પેટા–કલમ (૧) હેઠળ પુરવઠાકારે જાહેર કરેલી ન હોય તેવી, એવા પુરવઠાના સંબંધમાં તેણે મેળવેલી આવક પુરવઠાની અને જમા નોંધોઅથવા ઉધાર નોંધોની વિગતોનો સમાવેશ કરી શકશે.

(૨) ઇનપુટ સેવા વિતરણકર્તા સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યકિત અથવા બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતઅથવા કલમ ૧૦ અથવા કલમ ૫૧ અથવા કલમ ૫૨–ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી વ્યકિતએ, જેના પર આ અધિનિયમ હેઠળ વિપરીત (Reverse Charge) આધારે વેરો ચૂકવવાપાત્ર થાય તેવા માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક પુરવઠા અને સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર અથવા જેના પર કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ની કલમ ૩ હેઠળ સંકલિત માલ અને સેવા વેરો ચૂકવવાપાત્ર થાય તેવા માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક પુરવઠા અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે વેરા મુદત પછીના મહિનાના દસમા દિવસ પછી પણ તેના પંદરમા દિવસે અથવા તે પહેલાં વેરા મુદત દરમિયાન આવા પુરવઠાના સંબંધમાં મેળવેલી જમા નોંધો અથવા ઉધાર નોંધો સહિત વેરાપાત્ર માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના આવક પુરવઠાની વિગતો ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવી જોઇશે:

પરંતુ કમિશનર, કારણોની લેખિતમાં નોંધ કરીને, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વેરાપાત્ર વ્યકિતઓના વર્ગ માટે તેવી વિગતો રજૂ કરવા માટેની સમયમર્યાદા વધારી શકશે:

વધુમાં, કેન્દ્રીય વેરા કમિશનર–એ જાહેર કરેલી સમયમર્યાદાનો કોઇ વધારો, કમિશનર–એ જાહેર કર્યો હોવાનું ગણાશે.

(૩) લેનારે ફેરફાર કરેલી, કમી કરેલી અથવા સુધારેલી અને પેટા–કલમ (૨) હેઠળ રજૂ કરેલી પુરવઠાની વિગતોની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી સમયની અંદર સંબંધિત પુરવઠાકારને કરવી જોઇશે.

(૪) કલમ ૩૯ની પેટા–કલમ (૨) અથવા પેટા–કલમ (૪) હેઠળ રજૂ કરેલા પત્રકમાં લેનારે ફેરફાર કરેલી, કમી કરેલી અથવા સમાવેશ કરેલી પુરવઠાની વિગતોની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર સંબંધિત પુરવઠાકારને કરવી જોઇશે.

(૫) પેટા–કલમ (૨) હેઠળકોઇ વેરા મુદત માટેની અને કલમ ૭૨ અથવા કલમ ૭૩ હેઠળ અસંગત હોય તેવી વિગતો રજૂ કરી હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યકિતએ, તેમાંની કોઇ ભૂલ અથવા ચૂક શોધી કાઢ્યેથી, જે દરમિયાન તેવી ભૂલ અથવા ચૂક,ઠરાવવામાં આવે તેવી રીતે ધ્યાનમાં આવે તેવી વેરા મુદતમાં તેવી ભૂલ અથવા ચૂક સુધારવી જોઇશે અને તેવી વેરા મુદત માટે

રજૂ કરવાના પત્રકમાં, તેવી ભૂલ અથવા ચૂકના કારણે વેરાની ઓછી ચુકવણી થાય તેવા કિસ્સામાં વેરો અને વ્યાજ, કોઇ હોય, તો તે ચૂકવવા જોઇશે:

પરંતુ પેટા–કલમ (૨) હેઠળ પૂરી પાડેલી વિગતોના સંબંધમાં ભૂલ અથવા ચૂકનો કોઇપણ સુધારા કરવાની, જે વર્ષને લગતી એવી વિગતો હોય તેવું નાણાકીય વર્ષ પુરું થયા પછીના સપ્ટેમ્બર મહિના સુધી કલમમાં ૩૯ હેઠળ પત્રક રજૂ કર્યા પછી અથવા સંબંધિત વાર્ષિક પત્રકરજૂ કર્યા પછી, એ બેમાંથી જે વહેલું હોય તે પછી કોઇ પરવાનગી આપવી જોઇશે નહિ.

પત્રકો રજૂ કરવા બાબત.

૩૯. (૧) ઇનપુટ સેવા વિતરણકર્તા સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યકિત અથવા બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતઅથવા કલમ ૧૦ અથવા કલમ ૫૧ અથવા કલમ ૫૨–ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી વ્યકિતએ, દરેક કેલેન્ડર મહિના અથવા તેના ભાગ માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, દરેક કેલેન્ડર મહિના અથવા તેના ભાગ પછીના મહિનાના બારમા દિવસે અથવા તે પહેલાં માલના પુરવઠા અથવા સેવા અથવા તે બન્નેના આવક અને જાવક પુરવઠા, મેળવેલી ઇનપુટ વેરા શાખ, ચૂકવવાપાત્ર વેરો, ચૂકવેલો વેરો અને ઠરાવવામાં આવે તેવી બીજી વિગતોનું પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૨) કલમ ૧૦ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી રજિસ્ટર થયેલી વ્યકિતએ, દરેક ત્રિમાસ અથવા તેના ભાગ માટે,ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવો ત્રિમાસ પૂરો થયા પછીના અઢાર દિવસની અંદર રાજ્યમાંનું ટર્નઓવર, માલઅથવા સેવા અથવા તે બન્નેના આવક પુરવઠા, ચૂકવવાપાત્ર વેરો અને ચૂકવેલા વેરાનું પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૩) કલમ ૫૧ની જોગવાઇઓ હેઠળ મૂળ સ્થાને વેરાની કપાત જરૂરી હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવો મહિનો પૂરો થયા પછીના દસ દિવસની અંદર, જે મહિનામાં આવી કપાત કરવામાં આવી હોય તે મહિના માટેનું પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૪) ઇનપુટ સેવા વિતરણકર્તા તરીકે રજિસ્ટર થયેલી દરેક વેરાપાત્ર વ્યકિતએ, દરેક કેલેન્ડર વર્ષ અથવા તેના ભાગ માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવો મહિનો પૂરો થયા પછીના તેર દિવસની અંદર, ઇલેક્ટ્રોનિક રીતે પત્રક રજૂ કરવું જોઇશે.

(૫) દરેક રજિસ્ટર થયેલી બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતએ, દરેક કેલેન્ડર મહિના અથવા તેના ભાગ માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે,કેલેન્ડર મહિનો પૂરો થયા પછીના વીસ દિવસની અંદર અથવા કલમ ૨૭ની પેટા–કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા રજિસ્ટ્રેશનની મુદતના છેલ્લા દિવસ પછીના સાત દિવસની અંદર, એ બેમાંથી જે વહેલું હોય તેટલા સમયમાં પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૬) કમિશનર, કારણોની લેખિતમાં નોંધ કરીને, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યકિતઓના વર્ગ માટે આ કલમ હેઠળ પત્રકો રજૂ કરવા માટેની સમયમર્યાદા વધારી શકશે:

પરંતુ કેન્દ્રીય વેરા કમિશનર–એ જાહેર કરેલો સમયમર્યાદાનો કોઇ વધારો, કમિશનર–એ જાહેર કર્યો હોવાનું ગણાશે.

(૭) જેણે પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૨) અથવા પેટા–કલમ (૩) અથવા પેટા–કલમ (૫) હેઠળ પત્રક રજૂ કરવું જરૂરી હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, જે તારીખે તેણે આવું પત્રક રજૂ કરવું જરૂરી હોય તેવી છેલ્લી તારીખ કરતાં વધુ મોડું નહિ તેટલા સમયમાં આવા પત્રક મુજબનો ચૂકવવાપાત્ર વેરો સરકારને ચૂકવવો જોઇશે.

(૮) જેણે પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૨) હેઠળ પત્રક રજૂ કરવું જરૂરી હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, આવી વેરા મુદત દરમિયાન કોઈ માલ અથવા સેવા અથવા તે બન્નેના કોઈ પુરવઠા પૂરા પાડ્યા હોય અથવા પૂરા પાડ્યા ન હોય તેવી દરેક વેરા મુદત માટે પત્રક રજૂ કરવું જોઈશે.

(૯) કલમો ૩૭ અને ૩૮ની જોગવાઈઓને અધીન રહીને, પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૨) અથવા પેટા–કલમ (૩) અથવા પેટા–કલમ (૪) અથવા પેટા–કલમ (૫) હેઠળ પત્રક રજૂ કર્યા પછી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, વેરા સત્તાધિકારીઓ ચકાસણી, ઓડિટ, તપાસ અથવા અમલબજવણીની પ્રવૃત્તિને પરિણામે શોધી કાઢે તે સિવાય, તેમાંની કોઈ ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતો શોધી કાઢે, તો તેણે, આ કલમ હેઠળ વ્યાજની ચુકવણીને અધીન રહીને, જે સમય દરમિયાન આવી ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતો ધ્યાન પર આવે તે મહિના અથવા ત્રિમાસ માટે રજૂ કરવાના પત્રકમાં આવી ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતો સુધારવી જોઈશે:

પરંતુ કોઈપણ ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતોના તેવા સુધારાની પરવાનગી, નાણાકીય વર્ષ પૂરું થયા પછીના સપ્ટેમ્બર મહિના અથવા તેના બીજા ત્રિમાસ માટેનું પત્રક રજૂ કરવા માટેની નિયત તારીખ અથવા સંબંધિત વાર્ષિક પત્રક રજૂ કરવાની વાસ્તવિક તારીખ, એ બેમાંથી જે વહેલું હોય તે સમય પછી આપવી જોઈશે નહિ.

(૧૦) રજિસ્ટર થયેલી વ્યક્તિએ,અગાઉની વેરા મુદતો પૈકીની કોઈ મુદત માટેનું પત્રક રજૂ કર્યું ન હોય, તો તેને, વેરા મુદત માટે પત્રક રજૂ કરવાની પરવાનગી આપવી જોઈશે નહિ.

પ્રથમ પત્રક.

૪૦. દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ,જે તારીખે રજિસ્ટ્રેશન કરાવવા માટે જવાબદાર બની હોય તે તારીખથી જે તારીખે રજિસ્ટ્રેશન મંજૂર કરવામાં આવ્યું હોય તે તારીખ સુધીની વચ્ચેની મુદતમાં પુરવઠો બહાર મોકલેલો હોય, તો તેણે (દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ), રજિસ્ટ્રેશન મંજૂર કર્યા પછી તેણે રજૂ કરેલા પ્રથમ પત્રકમાં તે જાહેર કરવું જોઈશે.

ઈનપુટ વેરા શાખનો દાવો અને તેનો કામચલાઉ સ્વીકાર.

૪૧. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી શરતો અને તેવા નિયંત્રણોને અધીન રહીને, પોતાના પત્રકમાં, સ્વ–આકારણી કર્યા પ્રમાણે, (મળવા) પાત્ર ઈનપુટ વેરા શાખ લેવા હકદાર થશે અને આવી રકમ, કામચલાઉ આધાર પર પોતાની ઈલેક્ટ્રોનિક શાખ ખાતાવહી (ક્રેડિટ લેજર)માં જમા કરવી જોઈશે.

(૨) પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલી શાખનો ઉપયોગ, સદરહુ પેટા–કલમમાં ઉલ્લેખેલા પત્રક મુજબ ફક્ત સ્વ–આકારણી કરાયેલા આઉટપુટ વેરાની ચુકવણી માટે જ કરવો જોઈશે.

ઈનપુટ વેરા શાખની સરખામણી, ઓલટાકમ અને શાખી મેળવવા બાબત.

૪૨. (૧) વેરા મુદત માટે રજિસ્ટર થયેલી વ્યક્તિએ (જેનો આ કલમમાં હવે પછી, "(માલ) લેનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) રજૂ કરેલી દરેક આવક પુરવઠાની વિગતો, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર સરખાવવી જોઈશે–

(ક) તે વેરા મુદત અથવા કોઈ પહેલાંની વેરા મુદત માટે પોતાના માન્ય પત્રકમાં તત્સમાન રજિસ્ટર થયેલી વ્યક્તિએ (જેનો આ કલમમાં હવે પછી, "પુરવઠાકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે)રજૂ કરેલી જાવક માલની તત્સમાન વિગતો સાથે;

(ખ) તેણે આયાત કરેલા માલના સંબંધમાં, કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫–ની કલમ ૩ હેઠળ સંકલિત માલ અને સેવા વેરા ચુકવણી સાથે; અને

સન ૧૯૭૫–નો ૫૧મો.

(ગ) ઈનપુટ વેરા શાખના દાવા બેવડાતા હોય તે માટે.

(૨) તત્સમાન જાવક પુરવઠાની વિગતો સાથે અથવા તેણે આયાત કરેલા માલના સંબંધમાં કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫–ની કલમ ૩ હેઠળ સંકલિત માલ અને સેવા વેરા ચુકવણી સાથે સમાન થાય (મેળ ખાય) તેવી, આવક માલ પુરવઠાને લગતાં ભરતિયા અથવા ઉધાર નોંધોના સંબંધમાં ઇનપુટ વેરા શાખનો દાવો, છેવટે સ્વીકારવો જોઇશે અને આવા સ્વીકારની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે લેનારને કરવી જોઇશે. **સન ૧૯૭૫–નો ૫૧મો.**

(૩) આવક પુરવઠાના સંબંધમાં લેનારે દાવો કરેલી ઇનપુટ વેરા શાખ, તે જ પુરવઠા માટે પુરવઠાકારે જાહેર કરેલા વેરાથી વધી જાય ત્યારે અથવા પુરવઠાકારે જાવક પુરવઠાને પોતાના માન્ય પત્રકોમાં જાહેર કર્યો ન હોય, ત્યારે વિસંગતતાની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે તેવી બન્ને વ્યક્તિઓને કરવી જોઇશે.

(૪) ઇનપુટ વેરા શાખના દાવા બેવડાતા હોય, તો તેની જાણ,ઠરાવવામાં આવે તેવી રીતે લેનારને કરવી જોઇશે.

(૫) જેના સંબંધમાં પેટા–કલમ (૩) હેઠળ કોઇ વિસંગતતાની જાણ કરવામાં આવે અને જે મહિનામાં વિસંગતતાની જાણ કરવામાં આવી હોય તે મહિના માટેના પોતાના માન્ય પત્રકમાં પુરવઠાકારે જેનો સુધારો કર્યો ન હોય તેના સંબંધમાં રકમ, જે મહિનામાં વિસંગતતાની જાણ કરવામાં આવી હોય તે મહિના પછીના મહિના માટે પોતાના પત્રકમાં ઠરાવવામાં આવે તેવી રીતે, લેનારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે.

(૬) દાવા બેવડાતા હોય તે કારણે જે વધારે હોવાનું જણાયું હોય તેવી ઇનપુટ વેરા શાખ તરીકે દાવો કરેલી રકમ, જે મહિનામાં દ્વિ–ગુણનની જાણ કરવામાં આવી હોય તે મહિના માટે પોતાના પત્રકમાં લેનારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે.

(૭) પુરવઠાકાર કલમ ૩૯ની પેટા–કલમ (૯)માં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર પોતાના માન્ય પત્રકમાં ભરતિયું અથવા ઉધાર નોંધની વિગતો જાહેર કરે, તો લેનાર, પોતાની આઉટપુટ વેરા જવાબદારીમાંથી પેટા–કલમ (૫) હેઠળ ઉમેરેલી રકમ ઘટાડવા માટે પાત્ર ગણાશે.

(૮) જેના આઉટપુટ વેરા જવાબદારીમાં કોઇ રકમ, પેટા–કલમ (૫) અથવા પેટા–કલમ (૬) હેઠળ ઉમેરવામાં આવેલી હોય તેવો કોઇ લેનાર, શાખ મેળવ્યાની તારીખથી સદરહુ પેટા–કલમો હેઠળ તત્સમાન ઉમેરા કરવામાં આવ્યા હોય તેવી રીતે ઉમેરેલી રકમ પર કલમ ૫૦ની પેટા–કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા દરે વ્યાજ ચૂકવવા માટે જવાબદાર ગણાશે.

(૯) આઉટપુટ વેરા જવાબદારીમાંનો કોઇ ઘટાડો, પેટા–કલમ (૭) હેઠળ સ્વીકારવામાં આવે, ત્યારે પેટા–કલમ (૮) હેઠળ ચૂકવેલું વ્યાજ, ઠરાવવામાં આવે તેવી રીતે તેના ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીના તત્સમાન સદરમાં રકમ જમા કરીને લેનારને રિફંડ કરવું જોઇશે:

પરંતુ કોઇ કેસમાં જમા કરવાની વ્યાજની રકમ, પુરવઠાકારે ચૂકવેલી વ્યાજની રકમથી વધારે હોવી જોઇશે નહિ.

(૧૦) પેટા–કલમ (૭)ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડેલી રકમ, જે મહિનામાં આવું ઉલ્લંઘન કરવામાં આવે તે મહિના માટે પોતાના પત્રકમાં લેનારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે અને આવો લેનાર, કલમ ૫૦ની પેટા–કલમ (૩)માં નિર્દિષ્ટ કરેલા દરે તેવી રીતે ઉમેરેલી રકમ ઉપર વ્યાજ ચૂકવવા જવાબદાર ગણાશે.

આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડાની સરખામણી, ઉલટાક્રમ અને

૪૩. (૧) વેરા મુદત માટે રજિસ્ટર થયેલી વ્યક્તિએ (જેનો આ કલમમાં હવે પછી, "પુરવઠાકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે),ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર,રજૂ કરેલી જાવક પુરવઠાને લગતી દરેક જમા નોંધની વિગતોને,–

INDEX

(ક) તે જ વેરા મુદત અથવા તે પછીની કોઇ વેરા મુદત માટે પોતાના માન્ય પત્રકમાં તત્સમાન રજિસ્ટર થયેલી વ્યકિતએ (જેનો આ કલમમાં હવે પછી, "લેનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે)ઇનપુટ વેરા શાખ માટેના દાવામાં તત્સમાન ઘટાડા સાથે; અને

(ખ) આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડા માટેના દાવા બેવડાતા હોય તે માટે,

સરખાવવી જોઇશે.

(૨) લેનારે,ઇનપુટ વેરા શાખ માટેના દાવામાં તત્સમાન ઘટાડા સાથે સમાન થાય તેવી, પુરવઠાકારે આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડા માટેનો દાવો છેવટે સ્વીકારવો જોઇશે અને તેની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે પુરવઠાકારને કરવી જોઇશે.

(૩) જાવક પુરવઠાના સંબંધમાં આઉટપુટ વેરા જવાબદારી, ઇનપુટ વેરા શાખ અથવા તત્સમાનજમા નોંધ માટેના દાવામાં તત્સમાન ઘટાડાથી વધી જાય ત્યારે અથવા લેનારે પોતાના માન્ય પત્રકોમાં તત્સમાન જમા નોંધ જાહેર કરી ન હોય, ત્યારે વિસંગતતા ની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે તેવી બન્ને વ્યકિતઓને કરવી જોઇશે.

(૪) આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડા માટેના દાવા બેવડાતા હોય તે જાણ,ઠરાવવામાં આવે તેવી રીતે પુરવઠાકારને કરવી જોઇશે.

(૫) જેના સંબંધમાં પેટા–કલમ (૩) હેઠળ કોઇ વિસંગતતાની જાણ કરવામાં આવે અને જે મહિનામાં વિસંગતતાની જાણ કરવામાં આવી હોય તે મહિના માટેના પોતાના માન્ય પત્રકમાં પુરવઠાકારે જેનો સુધારો કર્યો ન હોય તેવી રકમ, જે મહિનામાં વિસંગતતાની જાણ કરવામાં આવી હોય તે મહિના પછીના મહિના માટે પોતાના પત્રકમાં ઠરાવવામાં આવે તેવી રીતે, પુરવઠાકારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે.

(૬) દાવા બેવડાતા હોય તે કારણે જણાયું હોય તેવી આઉટપુટ વેરા જવાબદારીમાં કોઇ ઘટાડા સંબંધી રકમ, જે મહિનામાં આવા દ્વિ–ગુણનની જાણ કરવામાં આવી હોય તે મહિના માટે પોતાના પત્રકમાં પુરવઠાકારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે.

(૭) લેનાર, કલમ ૩૯ની પેટા–કલમ (૯)માં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર પોતાના માન્ય પત્રકમાં જમા નોંધની વિગતો જાહેર કરે, તોપુરવઠાકાર, પોતાની આઉટપુટ વેરા જવાબદારીમાંથી પેટા–કલમ (૫) હેઠળ ઉમેરેલી રકમ ઘટાડવા માટે પાત્ર ગણાશે.

(૮) જેના આઉટપુટ વેરા જવાબદારીમાં કોઇ રકમ, પેટા–કલમ (૫) અથવા પેટા–કલમ (૬) હેઠળ ઉમેરવામાં આવેલી હોય તેવો કોઇ પુરવઠાકાર, આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડા માટેના તેવા દાવાની તારીખથી સદરહુ પેટા–કલમો હેઠળ તત્સમાન ઉમેરા કરવામાં આવ્યા હોય તેવી રીતે ઉમેરેલી રકમના સંબંધમાં કલમ ૫૦ની પેટા–કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા દરે વ્યાજ ચૂકવવા માટે જવાબદાર ગણાશે.

(૯) આઉટપુટ વેરા જવાબદારીમાંનો કોઇ ઘટાડો, પેટા–કલમ (૭) હેઠળ સ્વીકારવામાં આવે, ત્યારેપેટા–કલમ (૮) હેઠળ ચૂકવેલું વ્યાજ, ઠરાવવામાં આવે તેવી રીતે તેના ઇલેકટ્રોનિક રોકડ ખાતાવહીના તત્સમાન સદરમાં રકમ જમા કરીને પુરવઠાકારને રિફંડ કરવું જોઇશે:

પરંતુ કોઇ કેસમાં જમા કરવાની વ્યાજની રકમ, લેનારે ચૂકવેલા વ્યાજની રકમથી વધારે હોવી જોઇશે નહિ.

(૧૦) પેટા–કલમ (૭)ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડેલી રકમ, જે મહિનામાં આવું ઉલ્લંઘન કરવામાં આવે તે મહિના માટે પોતાના પત્રકમાં પુરવઠાકારની

INDEX

આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે અને આવો પુરવઠાકાર, કલમ ૫૦ની પેટા–કલમ (૩)માં નિર્દિષ્ટ કરેલા દરે તેવી રીતે ઉમેરેલી રકમ ઉપર વ્યાજ ચૂકવવા જવાબદાર ગણાશે.

વાર્ષિક પત્રક.

૪૪. (૧) ઇનપુટ સેવા વિતરણકર્તાસિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યકિત,કલમ ૫૧ અથવા કલમ ૫૨ હેઠળ વેરો ચૂકવતી વ્યકિત, પ્રાસંગિક વેરાપાત્ર વ્યકિત અને બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતએ, તેવું નાણાકીય વર્ષપૂરું થાય તે પછીના ડિસેમ્બર મહિનાની એકત્રીસમી તારીખે અથવા તે પહેલાં ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવીરીતે દરેક નાણાકીય વર્ષ માટેઇલેકટ્રોનિક રીતે વાર્ષિક અહેવાલ રજૂ કરવો જોઇશે.

(૨) કલમ ૩૫ની પેટા–કલમ (૫)ની જોગવાઇઓ અનુસાર પોતાના હિસાબોનું ઓડિટ કરાવવું જરૂરી હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ,ઓડિટ થયેલા વાર્ષિક નાણાકીય પત્રક સહિત ઓડિટ કરેલા વાર્ષિક હિસાબોની નકલ અને નાણાકીય વર્ષ માટે રજૂ કરેલા પત્રકમાં જાહેર કરેલી પુરવઠાની કિમતનો મેળ કરતાં મેળવણી પત્રક સાથે પેટા–કલમ (૧) હેઠળ વાર્ષિક પત્રક ઇલેકટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

છેવટનું પત્રક.

૪૫. કલમ ૩૯ની પેટા–કલમ (૧) હેઠળ પત્રક રજૂ કરવું જરૂરી હોય અને જેનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, રદ કર્યાની તારીખ અથવા રદ કરતાં હુકમની તારીખ, એ બેમાંથી જે મોડું હોય તે તારીખથી ત્રણ મહિનાની અંદરઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે છેવટનું પત્રક રજૂ કરવું જોઇશે.

પત્રક રજૂ કરવામાં ચૂક કરનારાને નોટિસ.

૪૬. રજિસ્ટર થયેલી વ્યકિત, કલમ ૩૯ અથવા કલમ ૪૪ અથવા કલમ ૪૫ હેઠળ પત્રક રજૂ કરવામાં ચૂક કરે, ત્યારે તેને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે પંદર દિવસની અંદર તેવું પત્રક રજૂ કરવાનું ફરમાવતી નોટિસ આપવી જોઇશે.

વિલંબ (લેઇટ) ફી લેવા બાબત.

૪૭. (૧) નિયત તારીખ સુધીમાં કલમ ૩૭ અથવા કલમ ૩૮ હેઠળ ફરમાવેલા જાવક અથવા આવક પુરવઠાની અથવા કલમ ૩૯ અથવા કલમ ૪૫ હેઠળ ફરમાવેલા પત્રકોની વિગતો રજૂ કરવામાં ચૂક કરે તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યકિતએ, વધુમાં વધુ પાંચ હજાર રૂપિયાની રકમને અધીન રહીને, જે દિવસ દરમિયાન આવી ચૂક કરવાનું ચાલુ રહે તેવા દરેક દિવસ માટે એક સો રૂપિયાની વિલંબ ફી ચૂકવવી જોઇશે.

(૨) નિયત તારીખ સુધીમાં કલમ ૪૪ હેઠળ ફરમાવેલું પત્રક રજૂ કરવામાં ચૂક કરે તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યકિત, રાજ્યમાંના તેના કુલ વેચાણના એક ચતુર્થાંશ ટકાવારીએ ગણેલી વધુમાં વધુ રકમને અધીન રહીને, જે દિવસ દરમિયાન આવી ચૂક કરવાનું ચાલુ રહે તેવા દરેક દિવસ માટે એક સો રૂપિયાની વિલંબ ફી ચૂકવવા માટે જવાબદાર રહેશે.

માલ અને સેવા વેરા વ્યવસાયીઓ.

૪૮. (૧) માલ અને સેવા વેરા વ્યવસાયીઓની માન્યતા આપવાની રીત, તેમની પાત્રતાની શરતો, ફરજો અને જવાબદારીઓ, દૂર કરવાની રીત અને તેમની કામગીરીને સંબંધિત બીજી શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) રજિસ્ટર થયેલી વ્યકિત, ઠરાવવામાં આવે તેવી રીતે કલમ ૩૭ હેઠળ જાવક પુરવઠાની વિગતો, કલમ ૩૮ હેઠળ આવક પુરવઠા અને કલમ ૩૯ અથવા કલમ ૪૪ અથવા કલમ ૪૫ હેઠળ પત્રકની વિગતો રજૂ કરવા માટે માન્ય માલ અને સેવા વેરા વ્યવસાયીને સત્તા આપી શકશે.

(૩) પેટા–કલમ (૨)માંગમે તે મજકૂર હોય તેમ છતાં, પત્રકમાં રજૂ કરેલી કોઇ વિગતો અથવા માલ અને સેવા વેરા વ્યવસાયીએ ફાઇલ કરેલી વિગતોની ચોકસાઇ માટેની જવાબદારી,

જેના વતી આવું પત્રક અને વિગતો પૂરી પાડવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિને અધીન ચાલુ રહેશે.

પ્રકરણ – ૧૦

વેરાની ચુકવણી

વેરા, વ્યાજ, દંડ અને બીજી રકમોની ચુકવણી.

૪૯. (૧) વ્યક્તિએ ઇન્ટરનેટ બેન્કિંગથી અથવા ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડ અથવા નેશનલ ઇલેક્ટ્રોનિક ફન્ડ ટ્રાન્સફર અથવા રિયલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટથી અથવા તેવી અન્ય પદ્ધતિથી અને ઠરાવવામાં આવે તેવી શરતો અને તેવા નિયંત્રણોને અધીન રહીને વેરા, વ્યાજ, દંડ, ફી અથવા બીજી કોઇ રકમ પેટે કરેલી દરેક ડિપોઝિટ, ઠરાવવામાં આવે તેવી રીતે જાળવવાના તેવી વ્યક્તિની ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં જમા કરવા જોઇશે.

(૨) રજિસ્ટર થયેલી વ્યક્તિના પત્રકમાં સ્વ–આકારણી કરેલી ઇનપુટ વેરા શાખ, કલમ ૪૧ અનુસાર, ઠરાવવામાં આવે તેવી રીતે જાળવવાના તેના ઇલેક્ટ્રોનિક જમા ખાતાવહી (ક્રેડિટ લેજર)માં જમા કરવી જોઇશે.

(૩) ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં ઉપલભ્ય રકમનોઉપયોગ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને તથા તેટલા સમયની અંદર આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ ચૂકવવાપાત્ર વેરો, વ્યાજ, દંડ, ફી અથવા બીજી કોઇ રકમ પેટે કોઇ ચુકવણી કરવા માટે કરી શકાશે.

(૪) ઇલેક્ટ્રોનિક જમા ખાતાવહી (ક્રેડિટ લેજર)માં ઉપલભ્ય રકમનોઉપયોગ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને તથા તેટલા સમયની અંદર આ અધિનિયમ હેઠળઅને સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ આઉટપુટ વેરા પેટે કોઇ ચુકવણી કરવા માટે કરી શકાશે.

(૫) રજિસ્ટર થયેલી વ્યક્તિના ઇલેક્ટ્રોનિક જમા ખાતાવહી (ક્રેડિટ લેજર)માં ઉપલભ્યઇનપુટ વેરા શાખની રકમનો,–

(ક) સંકલિત વેરાને કારણે, સૌથી પહેલાં સંકલિત વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે અને બાકી રહેતી રકમ, કોઇ હોય, તો તે, તે ક્રમમાં કેન્દ્રીય વેરા અને રાજ્ય વેરા અથવા યથાપ્રસંગ, સંઘ રાજયક્ષેત્ર વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરી શકાશે;

(ખ) કેન્દ્રીય વેરાને કારણે, સૌથી પહેલાં કેન્દ્રીય વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે અને બાકી રહેતી રકમ, કોઇ હોય, તો તે સંકલિત વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરી શકાશે;

(ગ) રાજ્ય વેરાને કારણે, સૌથી પહેલાં રાજ્ય વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે અને બાકી રહેતી રકમ, કોઇ હોય, તો તે સંકલિત વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરી શકાશે;

(ઘ) સંઘ રાજયક્ષેત્ર વેરાને કારણે, સૌથી પહેલાં સંઘ રાજયક્ષેત્રના વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે અને બાકી રહેતી રકમ, કોઇ હોય, તો તે સંકલિત વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરી શકાશે;

(ચ) કેન્દ્રીય વેરાનો ઉપયોગ, રાજ્ય વેરા અથવા સંઘ રાજયક્ષેત્ર વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે નહિ;

(છ) રાજ્ય વેરા અથવા સંઘ રાજયક્ષેત્ર વેરાનો ઉપયોગ, કેન્દ્રીય વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે નહિ.

(૬) આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળચૂકવવાપાત્ર વેરો, વ્યાજ, દંડ, ફી અથવા બીજી કોઇ રકમની ચુકવણી કર્યા પછી ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહી અથવા ઇલેક્ટ્રોનિક જમા ખાતાવહી (ક્રેડિટ લેજર)માંની સિલક, કલમ ૫૪ની જોગવાઇઓ અનુસાર રિફંડ કરી શકાશે.

(૭) આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર વ્યક્તિની તમામ જવાબદારીઓ, ઠરાવવામાં આવે તેવી રીતે ઇલેક્ટ્રોનિક જવાબદારી રજિસ્ટરમાં નોંધવી જોઇશે અને તેને જાળવવી જોઇશે.

(૮) દરેક વેરાપાત્ર વ્યક્તિએ, નીચેના ક્રમમાં આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ પોતાના વેરા અને બીજા લેણા ચૂકવી દેવા જોઇશે:

(ક) અગાઉની વેરા મુદતોના પત્રકોને લગતાં સ્વ–આકારણી કરેલા વેરા અને બીજા લેણા;

(ખ) ચાલુ વેરા મુદતના પત્રકને લગતો સ્વ–આકારણી કરેલો વેરો અને બીજા લેણા;

(ગ) કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળની નિર્ધારિત માંગણી સહિત આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ચૂકવવાપાત્ર બીજી કોઇ રકમ.

(૯) આ અધિનિયમ હેઠળ માલ અથવા સેવા અથવા તે બન્ને પર વેરો ચૂકવ્યો હોય તેવી દરેક વ્યક્તિ દ્વારા વિરુદ્ધ સાબિત કરવામાં આવે તે સિવાય, તેણે, આવા માલ અથવા સેવા અથવા તે બન્નેના લેનાર પર તેવા વેરાનું સંપૂર્ણ ભારણ નાખ્યું હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે,

(ક) અધિકૃત બેન્કમાં સરકારના હિસાબમાં શાખ (ઉધાર વ્યવહાર)ની તારીખ, ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં ડિપોઝીટ કર્યાની તારીખ તરીકે ગણાશે;

(ખ) (૧) "વેરા લેણાં" એટલે આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વેરા અને તેમાંવ્યાજ, ફી અને દંડનો સમાવેશ થશે નહિ; અને

(૨) "બીજા લેણાં" એટલે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ, દંડ, ફી અથવા બીજી કોઇ રકમ.

વેરાની વિલંબિત ચુકવણી પર વ્યાજ.

૫૦. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર વેરો ચૂકવવા જવાબદાર હોય પણ ઠરાવેલી મુદતની અંદર સરકારને વેરો અથવા તેનો કોઇ ભાગ ચૂકવવામાં ચૂક કરે તેવી દરેક વ્યક્તિએ,જે મુદત માટે વેરો અથવા તેનો કોઇ ભાગ વણચૂકવાયેલો રહે તે મુદત સુધી, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા અઢાર ટકાથી વધારે નહિ તેટલા દરે વ્યાજ તેની પોતાની રીતે ચૂકવવું જોઇશે.

(૨) પેટા–કલમ (૨) હેઠળ વ્યાજ, જે તારીખે આવો વેરો ચૂકવવાપાત્ર થયો હતો તે તારીખ પછીના દિવસથી, ઠરાવવામાં આવે તેવી રીતે, ગણવું જોઇશે.

(૩) કલમ ૪૨–ની પેટા–કલમ (૧૦) હેઠળ ઇનપુટ વેરા શાખનો અનુચિત અથવા વધારાનો દાવો કરે તેવી અથવા કલમ ૪૩ની પેટા–કલમ (૧૦) હેઠળ આઉટપુટ વેરા જવાબદારીમાં અનુચિત અથવા વધારે ઘટાડો કરે તેવી વેરાપાત્ર વ્યક્તિએ, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા ચોવીસ ટકાથી વધુ નહિ તેટલા દરે વ્યાજ તેવા અનુચિત અથવા વધારાના દાવાની રકમ અથવા યથાપ્રસંગ, તેવા અનુચિત અથવા વધારે ઘટાડાની રકમ પર ચૂકવવું જોઇશે.

મૂળ સ્થાને વેરા કપાત.

૫૧. (૧) આ અધિનિયમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, કરાર હેઠળ તેવા માલના પુરવઠાની કુલ કિંમતઅઢી લાખ રૂપિયાથી વધી જાય, ત્યારે સરકાર,–

(ક) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારનો વિભાગ અથવા તેની સંસ્થાને; અથવા

(ખ) સ્થાનિક સત્તામંડળને; અથવા

(ગ) સરકારી એજન્સીને; અથવા

(ઘ) કાઉન્સિલની ભલામણોને આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી વ્યકિતઓ અથવા કક્ષાની વ્યકિતઓને,

(આ કલમમાં હવે પછી "કપાત કરનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને) વેરાપાત્ર માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકાર (આ કલમમાં હવે પછી "કપાત આપનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને કરેલી ચુકવણી અથવા તેના ખાતે જમા કરેલી રકમમાંથી એક ટકાના દરે વેરાની કપાત કરવાનું ફરમાવી શકશે:

પરંતુ પુરવઠાકારનું સ્થાન અને પુરવઠાનું સ્થળ, લેનારના રજિસ્ટ્રેશનના રાજ્ય અથવા યથાપ્રસંગ,સંઘ રાજયક્ષેત્રથી જુદા હોય તેવા રાજ્ય અથવા સંઘ રાજયક્ષેત્રમાં આવેલું હોય, તો કોઈપણ કપાત કરવી જોઇશે નહિ.

સ્પષ્ટીકરણ.– ભરતિયામાં દર્શાવેલા કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંકલિત વેરા અને ઉપકર (સેસ)ને બાકાત કરીને, ઉપર નિર્દિષ્ટ કરેલા વેરાની કપાત કરવાના હેતુ માટે, પુરવઠાની કિમતને રકમ તરીકે લેવી જોઇશે.

(૨) કપાત કરનારે, આ કલમ હેઠળ વેરા તરીકે કપાત કરેલી રકમ, જે મહિનામાં આવી કપાત કરવામાં આવી હોય તે મહિનો પૂરો થયા પછી, દસ દિવસની અંદર ઠરાવવામાં આવે તેવી રીતે સરકારને ચૂકવવી જોઇશે.

(૩) કપાત કરનારે, ઠરાવવામાં આવે તેવી રીતે કરાર કિમત, કપાતનો દર, કપાત કરેલી રકમ, સરકારને ચૂકવેલી રકમ અને તેવી બીજી વિગતો પ્રમાણપત્રમાં દર્શાવીને, તે પ્રમાણપત્ર, કપાત આપનારને મોકલવું જોઇશે.

(૪) કોઇ કપાત કરનાર, મૂળ સ્થાને વેરાની કપાત કર્યા પછી, તેવી રીતે કપાત કરેલી રકમ, સરકારમાં જમા કર્યાના પાંચ દિવસની અંદર કપાત આપનારને પ્રમાણપત્ર મોકલવામાં ચૂક કરે, તો કપાત કરનાર, વધુમાં વધુ પાંચ હજારરૂપિયાની રકમને અધીન રહીને, (થયેલી) ચૂક સુધારવામાં આવે ત્યાં સુધી તેવી પાંચ દિવસની મુદત પૂરી થયા પછીના દિવસથી દિવસ દીઠ એક સો રૂપિયા–ની રકમ, વિલંબ ફી રૂપે ચૂકવવી જોઇશે.

(૫) કપાત મેળવનાર, ઠરાવવામાં આવે તેવી રીતે, કલમ ૩૯ની પેટા–કલમ (૩) હેઠળ રજૂ કરેલા કપાત કરનારના પત્રકમાં કપાત કરીને દર્શાવેલા વેરાની, ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં,શાખ (જમા રકમ)નો દાવો કરી શકશે.

(૬) કોઇ કપાત કરનાર, પેટા–કલમ (૧) હેઠળ વેરા તરીકે કપાત કરેલી રકમ, સરકારને ચૂકવવામાં ચૂક કરે, તો તેણે, કપાત કરેલા વેરાની રકમ ઉપરાંત કલમ ૫૦ની પેટા–કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર વ્યાજ ચૂકવવું જોઇશે.

(૭) આ કલમ હેઠળ કસૂર થતાં રકમનું નિર્ધારણ, કલમ ૭૩ અથવા કલમ ૭૪માં નિર્દિષ્ટ કરેલી રીતે કરવું જોઇશે.

(૮) વધારાની અથવા ભૂલ ચૂકવાળી કપાતને કારણે કપાત કરનાર અથવા કપાત મેળવનારને ઊભા થતા રિફંડની તજવીજ, કલમ ૫૪ની જોગવાઇઓ અનુસાર કરવી જોઇશે:

પરંતુ કપાત કરેલી રકમ, કપાત આપનારના ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં જમા કરવામાં આવી હોય, તો કપાત કરનારને કોઇ રિફંડ આપવું જોઇશે નહિ.

મૂળ સ્થાને વેરાની વસૂલાત.

૫૨. (૧) આ અધિનિયમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, આવા પુરવઠાના સંબંધમાં ઇલેક્ટ્રોનિક વાણિજ્ય (કોમર્સ)ઓપરેટર (આ કલમમાં હવે પછી "ઓપરેટર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેના) દ્વારા અવેજનીવસૂલાત કરવામાં આવે, ત્યારે એજન્ટ ન હોય તેવા દરેક ઓપરેટરે, બીજા પુરવઠાકારે તેના મારફત કરેલા વેરાપાત્ર માલના પુરવઠાની ચોખ્ખી કિમતના, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા, એક ટકાથી વધુ નહિ તેટલા દરે ગણેલી રકમની વસૂલાત કરવી જોઇશે.

સ્પષ્ટીકરણ.– આ પેટા–કલમના હેતુઓ માટે, "વેરાપાત્ર પુરવઠાની ચોખ્ખી કિમત" એટલે કોઇ મહિના દરમિયાન તમામ રજિસ્ટર થયેલી વ્યક્તિઓએ ઓપરેટર મારફત કરેલા વેરાપાત્ર માલના પુરવઠા અથવાકલમ ૯ની પેટા–કલમ (૫) હેઠળ જાહેર કરેલી સેવાઓ સિવાયની સેવાઓ અથવા તે બન્નેની એકંદર કિમતમાંથી સદરહુ મહિના દરમિયાન પુરવઠાકારને પરત કરેલા વેરાપાત્ર માલની એકંદર કિમતથી ઘટાડ્યા પછીની એકંદર કિમત.

(૨) પેટા–કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી રકમની વસૂલાત કરવાની સત્તા, ઓપરેટર પાસેથી વસૂલાતની બીજી કોઇ પદ્ધતિને બાધ કર્યા સિવાય રહેશે.

(૩) ઓપરેટરે, પેટા–કલમ (૧) હેઠળ વસૂલાત કરેલી રકમ, જે મહિનામાં આવી વસૂલાત કરવામાં આવી હોય તે મહિનો પૂરો થયા પછી, દસ દિવસની અંદર ઠરાવવામાં આવે તેવી રીતે સરકારને ચૂકવવી જોઇશે.

(૪) પેટા–કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી રકમની વસૂલાત કરતાં હોય તેવા દરેક ઓપરેટર–એ, તેવો મહિનો પૂરો થયા પછી દસ દિવસની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અનેતેવી રીતે, મહિના દરમિયાન તેના મારફત પરત કરેલામાલના પુરવઠા અથવાસેવાઓ અથવા તે બન્ને અને પેટા–કલમ (૧) હેઠળ વસૂલાત કરેલી રકમ સહિત તેના મારફત કરેલા માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના જાવક પુરવઠાની વિગતોનો સમાવેશ કરતું પત્રક ઇલેક્ટ્રોનિક રીતે પત્રક રજૂ કરવું જોઇશે.

(૫) પેટા–કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી રકમની વસૂલાત કરતાં હોય તેવા દરેક ઓપરેટરે, તેવું નાણાકીય વર્ષ પૂરું થયા પછીના ડિસેમ્બર મહિનાની એકત્રીસમી તારીખ પહેલાં, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અનેતેવી રીતે, તેના મારફત પરત કરેલામાલઅથવાસેવાઓ અથવા તે બન્નેના પુરવઠા અને નાણાકીય વર્ષ દરમિયાન સદરહુ પેટા–કલમ હેઠળ વસૂલાત કરેલી રકમ સહિત તેના મારફત કરેલા માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના જાવક પુરવઠાની વિગતોનો સમાવેશ કરતું ઇલેક્ટ્રોનિક રીતે વાર્ષિક પત્રક રજૂ કરવું જોઇશે.

(૬) પેટા–કલમ (૬) હેઠળ પત્રક રજૂ કર્યા પછી કોઇ ઓપરેટર, વેરા સત્તાધિકારીઓ, બારીક ચકાસણી, ઓડિટ, તપાસ અથવા અમલબજવણીની પ્રવૃત્તિના પરિણામે શોધી કાઢે તે સિવાય, તેમાં કોઇ ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતો શોધી કાઢે, તો તેણે, કલમ ૫૦ની પેટા–કલમ (૧)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, વ્યાજની ચુકવણીને અધીન રહીને, જાણમાં આવે તે મહિના માટે રજૂ કરવાના પત્રકમાં આવી ચૂક અથવા ભૂલવાળી વિગતો સુધારવી જોઇશે:

પરંતુ કોઇ ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતોની આવી કોઇપણ સુધારણાની પરવાનગી, નાણાકીય વર્ષ પુરું થયા પછીના સપ્ટેમ્બર મહિના સુધીમાં પત્રક રજૂ કરવા માટેની

નિયત તારીખ અથવા સંબંધિત વાર્ષિક પત્રક રજૂ કરવાની ખરેખર તારીખ, એ બેમાંથી જે વહેલું હોય તે સમય પછી આપવી જોઈશે નહિ.

(૭) ઓપરેટર મારફત માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા હોય તેવા પુરવઠાકારે, ઠરાવવામાં આવે તેવી રીતે પેટા–કલમ (૪) હેઠળ રજૂ કરેલા ઓપરેટરના પત્રકમાં વસૂલાત કરીને દર્શાવેલી રકમની, તેના ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં, શાખનો દાવો કરવો જોઈશે.

(૮) પેટા–કલમ (૪) હેઠળ દરેક ઓપરેટરે રજૂ કરેલી પુરવઠાની વિગતો, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર, આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલા સંબંધિત પુરવઠાકારે રજૂ કરેલી જાવક પુરવઠાની તત્સમાન વિગતો સાથે સુસંગત હોવી જોઈશે.

(૯) પેટા–કલમ (૪) હેઠળ ઓપરેટર–એ રજૂ કરેલી જાવક પુરવઠાની વિગતો, કલમ ૩૭ હેઠળ પુરવઠાકારે રજૂ કરેલી તત્સમાન વિગતોની સાથે સુસંગત ન હોય, ત્યારે તે તફાવત, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર, બન્ને વ્યક્તિઓને જણાવવો જોઈશે.

(૧૦) ઓપરેટરે રજૂ કરેલા જાવક પુરવઠાની કિમત, જે મહિનામાં તફાવત ઠરાવવામાં આવે તેવી રીતે જણાવવામાં આવે તે મહિના પછીના મહિના માટે, પોતાના પત્રકમાં પુરવઠાકારે રજૂ કરેલાજાવક પુરવઠાની કિમત કરતાં વધારે હોય, ત્યારેજે મહિના માટે તફાવત જણાવવામાં આવે તે મહિના માટે જેના સંબંધમાં કોઈ તફાવત પેટા–કલમ (૯) હેઠળ જણાવવામાં આવે અને પુરવઠાકારે પોતાના માન્ય પત્રકમાં અથવા ઓપરેટર–એ સુધારો કર્યો ન હોય તેવી રકમ, સદરહુ પુરવઠાકારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઈશે.

(૧૧) જેની આઉટપુટ વેરા જવાબદારીમાં કોઈ રકમપેટા–કલમ (૧૦) હેઠળ ઉમેરવામાં આવેલી હોય તેવા સંબંધિત પુરવઠાકારે, જે તારીખથી આવો વેરો ચૂકવવાનો થયો હતો તે તારીખથી તેની ચુકવણીની તારીખ સુધીમાં તેવી રીતે ઉમેરેલી રકમ ઉપર કલમ ૫૦ની પેટા–કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા દરે વ્યાજ સાથે તેવા પુરવઠાના સંબંધમાં ચૂકવવાપાત્ર વેરો ચૂકવવો જોઈશે.

(૧૨) નાયબ કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવા કોઈ સત્તાધિકારી, નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેમ,–

(ક) કોઈ મુદત દરમિયાન તેવા ઓપરેટર મારફત આપેલા માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા; અથવા

(ખ) એવા ઓપરેટર દ્વારા સંચાલિત થતાં અને તેવા પુરવઠાકાર દ્વારા ધંધાના વધારાના સ્થળો તરીકે જાહેર કરેલા, ગમે તે નામે ઓળખાતા, તેવા ઓપરેટર મારફત માલ મોકલવા માટે પુરવઠાકારે ગોડાઉન અથવા વખારોમાં રાખેલા માલ સ્ટોકને લગતી એવી વિગતો રજૂ કરવાનું ઓપરેટરને ફરમાવતી નોટિસ આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહી કરતા પહેલાં અથવા તે દરમિયાન ફરમાવતી નોટિસ બજાવી શકશે.

(૧૩) જેની ઉપર પેટા–કલમ (૧૨) હેઠળ નોટિસ બજાવવામાં આવેલી હોય તેવા દરેક ઓપરેટર–એ, આવી નોટિસ બજાવ્યાની તારીખથી કામકાજના પંદર દિવસની અંદર જરૂરી માહિતી રજૂ કરવી જોઈશે.

(૧૪) પેટા–કલમ (૧૨)હેઠળ બજાવેલી નોટિસથી જરૂરી માહિતી રજૂ કરવામાં ચૂક કરે તેવી કોઈ વ્યક્તિ, કલમ ૧૨૨ હેઠળ લેવામાં આવે તેવા કોઈ પગલાંને બાધ કર્યા સિવાય રૂપિયા પચ્ચીસ હજાર સુધીના દંડને પાત્ર થશે.

INDEX

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે, "સંબંધિત પુરવઠાકાર" એટલે ઓપરેટર મારફત માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરી પાડનાર પુરવઠાકાર.

ઈનપુટ વેરા શાખની તબદીલી.

૫૩. કલમ ૩૯ની પેટા–કલમ (૧) હેઠળ રજૂ કરેલા માન્ય પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે, પેટા–કલમ (૫)ની જોગવાઈઓ અનુસાર સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ લેણાં થયેલા વેરાની ચુકવણી માટે આ અધિનિયમ હેઠળ મેળવેલી ઈનપુટ વેરા શાખનો ઉપયોગ કર્યેથી, રાજ્ય વેરા તરીકે વસૂલાત કરેલી રકમ, તેવી રીતે ઉપયોગ કરેલી એવી શાખની સમાન રકમથી ઘટાડેલી ગણાશે અને રાજ્ય સરકારે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર, રાજ્ય વેરા ખાતામાંથી એવી રીતે ઘટાડેલી રકમની સમાન રકમ સંકલિત વેરા ખાતે તબદીલ કરવી જોઇશે.

પ્રકરણ ૧૧

રિફંડ

વેરાનું રિફંડ.

૫૪. (૧) કોઇ વેરાના રિફંડ અથવા તેવા વેરા ઉપર ચૂકવેલા વ્યાજ અથવા તેણે ચૂકવેલી બીજી રકમ, કોઇ હોય તો, તેનો દાવો કરતી કોઇ વ્યકિત, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, સંબંધિત તારીખથી બે વર્ષ પૂરા થતાં પહેલાં અરજી કરી શકશે:

પરંતુ કલમ ૪૯ની પેટા–કલમ (૬)ની જોગવાઇઓ અનુસાર ઇલેકટ્રોનિક રોકડ ખાતાવહીમાંની કોઇ સિલકના રિફંડનો દાવો કરતી રજિસ્ટર થયેલી વ્યકિત, ઠરાવવામાં આવે તેવી રીતે કલમ ૩૯ હેઠળ રજૂ કરેલા પત્રકમાં તેવા રિફંડનો દાવો કરી શકશે.

સન ૧૯૪૭નો ૪૬મો.

(૨) સંયુકત રાષ્ટ્ર સંસ્થા (યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન)ની વિશેષિત એજન્સી અથવા સંયુકત રાષ્ટ્ર સંસ્થા (વિશેષાધિકાર અને મુકિત) અધિનિયમ, ૧૯૪૭ હેઠળ જાહેર થયેલી કોઇ બહુપક્ષી નાણાકીય સંસ્થા અને સંગઠન, વિદેશી રાષ્ટ્રોની કોન્સ્યુલેટ (વાણિજ્ય–દૂતાવાસ) અથવા એમ્બેસિ (એલપી કચેરી) અથવા માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક પુરવઠા પર પોતે ચૂકવેલા વેરાના રિફંડ માટે હકદાર થયેલી બીજી કોઇ વ્યકિત અથવા કલમ ૫૫ હેઠળ જાહેર કર્યા પ્રમાણેનો વ્યકિતઓનો વર્ગ, જે ત્રિમાસમાં તેવો પુરવઠો મેળવ્યો હતો તે ત્રિમાસના છેલ્લા દિવસથી છ મહિના પૂરા થાય તે પહેલાં, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવા રિફંડ માટે અરજી કરી શકશે.

(૩) પેટા–કલમ (૧૦)ની જોગવાઇઓને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યકિત, કોઇ વેરા મુદત પૂરી થતાં કોઇ વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડનો દાવો કરી શકશે:

પરંતુ વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડની પરવાનગી,નીચેના કિસ્સા સિવાયના અન્ય કિસ્સામાં આપવી જોઇશે:–

(૧) વેરાની ચૂકવણી કર્યા સિવાય મોકલેલો શૂન્ય દરનો પુરવઠો;

(૨) શાખ, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવો માલઅથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા સિવાય ઇનપુટ પરનો વેરાનો દર, (શૂન્ય દરના અથવા સંપૂર્ણ મુકિત આપેલા પુરવઠા સિવાયના)આઉટપુટ પુરવઠા પર વેરાના દર કરતાં વધારે ઊંચો દર હોવાને કારણે જમા થયેલી હોય છે ત્યારે;

વધુમાં, ભારતની બહાર નિકાસ કરેલો માલ, નિકાસ વેરાને અધીન હોય તેવા કિસ્સામાં વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના કોઇ રિફંડની પરવાનગી આપવી જોઇશે નહિ:

વળી, માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકારને, આવા પુરવઠા ઉપર ચૂકવેલા સંકલિત વેરાના રિફંડનો દાવો કરે, તો ઇનપુટ વેરા શાખના કોઇ રિફંડની પરવાનગી આપવી જોઇશે નહિ.

(૪) અરજીની સાથે–

(ક) અરજદારને રિફંડ ચૂકવવાપાત્ર થયું છે તેવું પ્રસ્થાપિત કરવા માટે ઠરાવવામાં આવે તેવો દસ્તાવેજી પુરાવો; અને

(ખ) જેના સંબંધમાં તેવા રિફંડનો દાવો કરવામાં આવે તેવા ચૂકવેલા વેરા અથવા બીજી કોઇ ચૂકવેલી રકમ ઉપર ચૂકવેલો કોઇ વેરો અને વ્યાજની રકમ, હોય તો, તે, તેની પાસેથી વસૂલાત કરવામાં આવી હતી અથવા તેણે ચૂકવેલો હતો અને આવા વેરા અને વ્યાજનું ભારણ બીજી કોઇ વ્યક્તિ પર આગળ મોકલવામાં આવ્યું ન હતું તેવું પ્રસ્થાપિત કરવામાં અરજદાર રજૂ કરી શકે તેવો (કલમ ૩૩માં ઉલ્લેખેલા દસ્તાવેજો સહિતનો) તેવો દસ્તાવેજી અથવા બીજો પુરાવો:

પરંતુ રિફંડ તરીકે દાવો કરેલી રકમ બે લાખ રૂપિયા કરતાં ઓછી હોય, ત્યારે કોઇ દસ્તાવેજી અને બીજા પુરાવા રજૂ કરવા અરજદાર માટે જરૂરી રહેશે નહિ પણ તે, આવા વેરા અને વ્યાજનું ભારણ બીજી કોઇ વ્યક્તિ પર આગળ મોકલવામાં આવ્યું હતું તેવું પ્રમાણિત કરતાં તેની પાસે ઉપલબ્ધ દસ્તાવેજી અથવા બીજા દસ્તાવેજોના આધારે એકરાર ફાઇલ કરી શકશે.

(૫) તેવી કોઇ અરજીની પ્રાપ્તિ થયેથી, યોગ્ય અધિકારીને એવી ખાતરી થાય કે રિફંડ તરીકે દાવો કરાયેલ પૂરી રકમ અથવા તેનો ભાગ રિફંડપાત્ર હોય, તો તે તદનુસાર હુકમ કરી શકશે અને તેવી રીતે નિર્ધારિત કરેલી રકમ, કલમ ૫૭માં ઉલ્લેખેલા ફંડમાં જમા કરવી જોઇશે.

(૬) પેટા–કલમ (૫)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, યોગ્ય અધિકારી, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓના તેવા વર્ગ સિવાયની બીજી રજિસ્ટર થયેલી વ્યક્તિઓએ કરેલા માલ અથવા સેવા અથવા તે બન્નેના શૂન્ય–દરના પુરવઠાને કારણે રિફંડ માટેના કોઇ દાવાના કિસ્સામાં, કામચલાઉ આધાર પર ઠરાવવામાં આવે તેવી રીતેઅને તેવી શરતોએ, મર્યાદાઓ અને સલામતીને અધીન રહીને, પ્રસંગોપાત સ્વીકારેલી ઇનપુટ વેરા શાખની રકમને ધ્યાનમાં લીધા સિવાય, તેવી રીતે દાવો કરેલા કુલ રકમની નેવું ટકા રકમ રિફંડ કરી શકશે અને ત્યારપછી અરજદારે રજૂ કરેલા દસ્તાવેજોની યોગ્ય ખરાઇ કર્યા પછી, દાવો કરેલા રિફંડની આખરી પતાવટ માટે પેટા–કલમ (૫) હેઠળ હુકમ કરી શકશે.

(૭) યોગ્ય અધિકારી, તમામ બાબતોથી પૂર્ણ ભરાયેલી અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસની અંદર પેટા–કલમ (૫) હેઠળ હુકમ કરી શકશે.

(૮) પેટા–કલમ (૫)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રિફંડપાત્ર રકમ,–

(ક) શૂન્ય–દરના માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા ઉપર અથવા આવા શૂન્ય–દરના પુરવઠા બનાવવામાં વપરાયેલી ઇનપુટ અથવા ઇનપુટ સેવા ઉપર ચૂકવેલા વેરાના રિફંડ;

(ખ) પેટા–કલમ (૩) હેઠળ વણ વપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડ;

(ગ) જે પુરવઠો સંપૂર્ણત: અથવા અંશત: પૂરો પાડવામાં આવ્યો ન હોય તેવા અને જેના માટે ભરતિયું આપવામાં આવ્યું ન હોય તેવા અથવા રિફંડ વાઉચર આપવામાં આવ્યું હોય ત્યારે તેવા પુરવઠા પર ચૂકવેલા વેરાના રિફંડ;

(ઘ) કલમ ૭૭ અનુસાર વેરાના રિફંડ;

(ચ) અરજદારે તેવા વેરા અને વ્યાજનું ભારણ બીજી કોઈ વ્યક્તિ પર આગળ મોકલ્યું નહોય, તો તેણે ચૂકવેલો વેરો અને વ્યાજ, કોઇ હોય, તો તે અને બીજી કોઇ રકમ; અથવા

(છ) સરકાર, કાઉન્સિલની ભલામણોના આધારે, જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા અરજદારોના બીજા વર્ગ દ્વારા લઇ જવાયેલા વેરા અથવા વ્યાજ,

–ને સંબંધિત હોય, તો તેવી રકમ, ફંડમાં જમા કરવાને બદલે, અરજદારને ચૂકવવી જોઇશે.

(૯) અપીલ ટ્રિબ્યુનલ અથવા કોઇ કોર્ટના અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની બીજી કોઇ જોગવાઇઓમાં અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાંના કોઇ ચુકાદા, હુકમનામા, હુકમ અથવા આદેશમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, પેટા–કલમ (૮)ની જોગવાઇઓ અનુસાર હોય તે સિવાય કોઇ રિફંડ કરવામાં આવશે નહિ.

(૧૦) કોઇ પત્રક રજૂ કરવામાં કસૂર કરેલી હોય તેવી અથવા નિર્દિષ્ટ તારીખ સુધીમાં કોઇ કોર્ટે, ટ્રિબ્યુનલે અથવા અપીલ સત્તાધિકારીએ મનાઇ કરેલી ન હોય તેવા કોઇ વેરા, વ્યાજ અથવા દંડ ચૂકવવાનું ફરમાવવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિને પેટા–કલમ (૩) હેઠળ કોઇ રિફંડ ચૂકવવાપાત્ર થાય ત્યારે–

(ક) સદરહુ વ્યક્તિએ પત્રક રજૂ કર્યું હોય અથવા વેરો, વ્યાજ અથવા યથાપ્રસંગ, દંડ ચૂકવ્યો હોય ત્યાં સુધી ચૂકવવાપાત્ર રિફંડની ચુકવણી અટકાવી શકશે;

(ખ) જે રકમ વેરાપાત્ર વ્યક્તિ, ચૂકવવા જવાબદાર હોય પણ તે આ અધિનિયમ હેઠળ અથવા વિદ્યમાન કાયદા હેઠળ વણચૂકવાયેલી રહી હોય તેવી કોઇ વેરા, વ્યાજ, દંડ, ફીની રકમ અથવા બીજી કોઇ રકમ વેરાપાત્ર રિફંડમાંથી કપાત કરી શકશે.

સ્પષ્ટીકરણ.– આ પેટા–કલમના હેતુઓ માટે, "નિર્દિષ્ટ તારીખ" એટલે આ અધિનિયમ હેઠળ અપીલ ફાઇલ કરવા માટેની છેલ્લી તારીખ.

(૧૧) રિફંડમાં વધારો કરતો હુકમ, અપીલ અથવા વધુ કાર્યવાહીઓની વિષયવસ્તુ હોય, ત્યારે અથવા આ અધિનિયમ હેઠળ બીજી કોઇ કાર્યવાહીઓ અનિર્ણિત હોય અને કમિશનરનો એવો અભિપ્રાય હોય કે આવા રિફંડની મંજૂરીથી, કરેલા દુષ્કૃત્ય અથવા છળકપટને કારણે સદરહુ અપીલ અથવા બીજી કાર્યવાહીઓમાં મહેસૂલી આવકને પ્રતિકૂળ રીતે અસર થવાની સંભાવના હોય, ત્યારેતે, વેરાપાત્ર વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી, પોતે નિર્ધારિત કરે તેટલા સમય સુધી રિફંડ અટકાવી શકશે.

(૧૨) પેટા–કલમ (૧) હેઠળ રિફંડ અટકાવવામાં આવ્યું હોય, ત્યારે વેરાપાત્ર વ્યક્તિ, અપીલ અથવા વધુ કાર્યવાહીઓને પરિણામે રિફંડ માટે હકદાર બની હોય, તો તે, કલમ ૫૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કાઉન્સિલની ભલામણોના આધારે જાહેર કરવામાં આવે તેવા છ ટકાથી વધુ નહિ તેટલા દરે વ્યાજ માટે હકદાર થશે.

(૧૩) આ કલમમાં વિરુદ્ધનું ગમે તે મજકૂર હોય તેમ છતાં, પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિએ અથવા બિન–નિવાસી વેરાપાત્ર વ્યક્તિએ જમા કરાવેલી વેરાની આગોતરી રકમ રિફંડ કરવી જોઇશે નહિ સિવાય કે આવી વ્યક્તિએ, જે મુદત સુધી આપેલું રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર અમલમાં ચાલું રહ્યું હતું તેવી સમગ્ર મુદતના સંબંધમાં, કલમ ૩૯ હેઠળ ફરમાવેલા તમામ પત્રકો રજૂ કરેલા હોય.

(૧૪) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રકમ એક હજાર રૂપિયાથી ઓછી હોય, તો પેટા–કલમ (૫) અથવા પેટા–કલમ (૬) હેઠળ કોઇ રિફંડ અરજદારને ચૂકવવું જોઇશે નહિ.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે,–

(૧) "રિફંડ" એ શબ્દમાં, શૂન્ય–દરના માલઅથવા સેવા અથવા તે બન્નેના ઉપર અથવા આવા શૂન્ય–દરના પુરવઠા બનાવવામાં વપરાયેલી ઇનપુટ અથવા ઇનપુટ સેવા ઉપર ચૂકવેલા વેરાનું રિફંડ અથવા માની લીધેલી નિકાસ તરીકે ગણેલા માલના પુરવઠા પરના વેરાના રિફંડ અથવા પેટા–કલમ (૩) હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડનો સમાવેશ થાય છે.

(૨) "સંબંધિત તારીખ" એટલે–

(ક) ભારતની બહાર મોકલેલા (આપાત કરેલા) માલના કિસ્સામાં, ચૂકવેલા વેરાનું રિફંડ, તેવા તેમના માલ અથવા યથાપ્રસંગ, માલમાં વપરાયેલી ઇનપુટ અથવા ઇનપુટ સેવાઓના સંબંધમાં ઉપલભ્ય હોય ત્યારે,–

(૧) માલ સમુદ્ર અથવા હવાઇ માર્ગે નિકાસ કરવામાં આવે, તો જેમાં આવો માલ ભરવામાં આવ્યો હોય તે વહાણ અથવા વિમાન જે તારીખે ભારત છોડીને જાય તે તારીખ; અથવા

(૨) માલ જમીનમાર્ગે નિકાસ કરવામાં આવે તો, જે તારીખે આવો માલ સરહદ પાર કરી જાય તે તારીખ; અથવા

(૩) માલ ટપાલથી નિકાસ કરવામાં આવે તો, ભારત બહારના સ્થળે સંબંધિત પોસ્ટ ઓફિસ દ્વારા માલની રવાનગી કર્યાની તારીખ;

(ખ) માની લીધેલી નિકાસ તરીકે ગણેલા માલના પુરવઠાના કિસ્સામાં, ચૂકવેલા વેરાનું રિફંડ તે માલના સંબંધમાં ઉપલભ્ય હોય ત્યારે, જે તારીખે તેવી માની લીધેલી નિકાસ સંબંધી પત્રક રજૂ કરવામાં આવે તે તારીખ;

(ગ) ભારતની બહાર નિકાસ કરેલી સેવાઓના કિસ્સામાં,ચૂકવેલા વેરાનું રિફંડ, પોતાની સેવા અથવા તેવી સેવાઓમાં વપરાયેલા ઇનપુટ અથવા ઇનપુટ સેવાઓના સંબંધમાં ઉપલભ્ય હોય ત્યારે,
(૧) સેવાઓનો પુરવઠોતેવી ચૂકવણી મળ્યાં પહેલાં પૂરો થયેલ હોય ત્યારે, વિનિમયપાત્ર વિદેશી હૂંડિયામણમાં ચૂકવણી મળ્યાની તારીખ; અથવા
(૨) સેવાઓ માટેની ચૂકવણી, ભરતિયું આપ્યાની તારીખ પહેલાં અગાઉથી મળેલ હોય ત્યારે, ભરતિયું આપ્યાની તારીખ;

(ઘ) અપીલ સત્તાધિકારી, અપીલ ટ્રિબ્યુનલ અથવા કોઇ કોર્ટના ચુકાદા, હુકમનામા, હુકમ અથવા આદેશને પરિણામે વેરો રિફંડપાત્ર બને તેવા કિસ્સામાં, તેવા ચુકાદા, હુકમનામા, હુકમ અથવા આદેશની જાણ કર્યાની તારીખ;

(ચ) પેટા–કલમ (૩) હેઠળ વણવપરાયેલી ઇનપુટ ટેક્ષ ક્રેડિટના રિફંડના કિસ્સામાં, જે વર્ષમાં આવા રિફંડ માટેનો દાવો ઉભો થાય તે નાણાકીય વર્ષના અંતે;

(છ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ કામચલાઉ રીતે વેરો ચૂકવવાના કિસ્સામાં, તેની અંતિમ આકારણી પછી વેરાના સરભરની તારીખ;

(જ) પુરવઠાકાર સિવાયની બીજી વ્યકિતના કિસ્સામાં, એવી વ્યકિત દ્વારા માલ અથવા સેવા અથવા બન્ને પ્રાપ્ત કર્યાની તારીખ; અને

(ઝ) અન્ય કોઇ કિસ્સામાં, વેરો ચુકવવાની તારીખ.

મુક કિસ્સામાં ફંડ.

૫૫. સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, જાહેરનામાંથી, યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન ઓર મલ્ટીલેટરલ ફાઇનાન્શિયલ ઇન્સ્ટીટ્યુશન એન્ડ ઓર્ગેનાઇઝેશન નોટિફાઇડ અન્ડર ધી યુનાઇટેડ નેશન્સ (પ્રિવીલીજીસ એન્ડ ઇમ્યુનિટીઝ) એક્ટ, ૧૯૪૭ ની કોઇ ખાસ એજન્સી, કોંસ્યુલેટ અથવા વિદેશોની એમ્બેસી અને આ અર્થે નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી કોઇ વ્યકિત અથવા

સન ૧૯૪૭નો ૪૬મો.

વ્યક્તિઓના વર્ગોને, નિર્દિષ્ટ કરી શકશે, જે ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણને આધીન, તેઓએ પ્રાપ્ત કરેલ માલ અથવા સેવા અથવા બન્નેના જાહેર કરેલ પુરવઠા પર ચૂકવેલ વેરાના રિફંડનો દાવો કરવા હકદાર થશે.

વિલંબિત રિફંડ પર વ્યાજ.

૫૬. કોઈ અરજદારને કલમ ૫૪ ની પેટા–કલમ(૫) હેઠળ કોઈ વેરો રિફંડ કરવાનો હુકમ થયેલ હોય અને તે કલમની પેટા–કલમ(૧) હેઠળ અરજી પ્રાપ્ત થયાની તારીખથી સાંઠ દિવસની અંદર રિફંડ કરવામાં ન આવે તો, કાઉન્સિલની ભલામણ પરથી સરકારે બહાર પાડેલ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા છ ટકાથી વધુ નહિ તેટલા દરે સદરહુપેટા–કલમ હેઠળ અરજી પ્રાપ્ત થયાની તારીખથી સાઠ દિવસ પુરા થયાની તરત પછીની તારીખથી એવા વેરાના રિફંડની તારીખ સુધી, એવા રિફંડ માટે વ્યાજ ચુકવવાપાત્ર થશે:

પરંતુ કોઈ ન્યાયનિર્ણય સત્તાધિકારી અથવા અપીલ સત્તાધિકારી અથવા અપીલીય ટ્રિબ્યુનલ અથવા કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ હુકમ કે જે આખરી હોય તેના પરથી રિફંડનો કોઈ દાવો ઊભો થયો હોય અને એવા હુકમને પરિણામે ફાઈલ કરેલી અરજી પ્રાપ્ત થયાની તારીખથી સાંઠ દિવસની અંદર એવું રિફંડ કરવામાં ન આવે ત્યારે, કાઉન્સિલની ભલામણ પરથી, સરકાર જાહેર કરે તેટલા નવ ટકાથી વધુ નહિ તેટલા દરે, અરજી પ્રાપ્ત થયાની તારીખથી સાઠ દિવસ પુરા થયાની તરત પછીની તારીખથી રિફંડની તારીખ સુધી વ્યાજ ચુકવવાપાત્ર થશે.

સ્પષ્ટીકરણ :– આ કલમના હેતુ માટે કલમ ૫૪ ની પેટા–કલમ (૫) હેઠળ યોગ્ય અધિકારીના હુકમની વિરુદ્ધ કોઈ અપીલીય સત્તાધિકારી, અપીલ ટ્રિબ્યુનલ અથવા કોઈ કોર્ટ દ્વારા રિફંડનો કોઈ હુકમ પસાર કરવામાં આવેલ હોય ત્યારે અપીલ સત્તાધિકારી, અપીલ ટ્રિબ્યુનલઅથવા કોર્ટે પસાર કરેલ હુકમને સદરહુ પેટા–કલમ(૫) હેઠળ પસાર કરેલ હુકમ તરીકે ગણાશે.

ગ્રાહક કલ્યાણ ફંડ.

૫૭. સરકાર ગ્રાહક કલ્યાણ ફંડ તરીકે ઓળખાતા એક ફંડની રચના કરશે અને ફંડમાં ઠરાવવામાં આવે તે રીતે, નીચેનું જમા કરવામાં આવશે.

(ક) કલમ ૫૪ ની પેટા–કલમ(૫) માં ઉલ્લેખેલ રકમ.

(ખ) ફંડમાં જમા કરેલી રકમના રોકાણમાંથી કોઈ આવક, અને

(ગ) તેને મળેલ એવા બીજા નાણા.

ફંડની ઉપયોગિતા.

૫૮.(૧) ફંડમાં જમા થયેલી તમામ રકમોનો, સરકાર ઠરાવવામાં આવે તેવી રીતે, ગ્રાહકોના કલ્યાણ માટે ઉપયોગ કરશે.

(૨) સરકાર અથવા તેણે નિર્દિષ્ટ કરેલ સત્તામંડળ, ફંડ સંબંધી યોગ્ય અને અલગ ખાતું અને અન્ય સબંધિત રેકર્ડ નિભાવશે અને ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના પરામર્શમાં ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હિસાબોનું વાર્ષિક પત્રક તૈયાર કરશે.

પ્રકરણ–૧૨

આકારણી

સ્વ–આકારણી.

૫૯. દરેક નોંધાયેલી વ્યક્તિએ, આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વેરાની સ્વ–આકારણી કરવી જોઇશે અને કલમ ૩૯ હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે દરેક વેરા મુદત માટે પત્રક(રિટર્ન) પૂરું પાડવું જોઇશે.

કામચલાઉ આકારણી.

૬૦. (૧) વેરાપાત્ર વ્યકિત, પેટા–કલમ(૨) ની જોગવાઇઓને આધીન, માલ અથવા સેવા અથવા બન્નેની કિમત નક્કી કરવા અથવા તેને લાગુપાત્ર વેરાનો દર નક્કી કરવા અસમર્થ હોય ત્યારે, તે યોગ્ય અધિકારીને લેખિતમાં, કામચલાઉ આધારે વેરાની ચુકવણી માટેના કારણો આપીને વિનંતી કરી શકશે અને યોગ્ય અધિકારીને એવી વિનંતી મળ્યાની તારીખથી નેવું દિવસની મુદતની અંદર તે નિર્દિષ્ટ કરે, તેવા દરે અથવા કિમતે, કામચલાઉ ધોરણે વેરાની ચુકવણી કરવાની પરવાનગી આપતો હુકમ પસાર કરશે.

(૨) કામચલાઉ ધોરણે વેરાની ચુકવણી, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને યોગ્ય અધિકારીને ઉચિત જણાય તેવા જામીન અથવા જામીનગીરી સાથેનું બોન્ડ કરવામાં આવે તો, કરવા દેવામાં આવશે, જે વેરાપાત્ર વ્યકિતને આખરી આકારેલી વેરાની રકમ અને કામચલાઉ ધોરણે આકારેલી વેરાની રકમની વચ્ચેના તફાવતની ચુકવણી કરવા બંધનકર્તા રહેશે.

(૩) યોગ્ય અધિકારી, પેટા–કલમ(૧) હેઠળ કાઢેલા હુકમની જાણ થયાની તારીખથી છ મહિનાથી વધુ નહિ તેટલી મુદતની અંદર, આકારણીને આખરી કરવા માટે જરૂરી હોય તેવી માહિતીને લક્ષમાં લઇને આખરી આકારણીનો હુકમ પસાર કરશે:

પરંતુ આ પેટા–કલમમાં નિર્દિષ્ટ કરેલ મુદત, પૂરતું કારણ દર્શાવવામાં આવ્યે અને લેખિતમાં કારણોની નોંધ કરીને, સંયુક્ત કમિશનર અથવા અધિક કમિશનર, છ મહિનાથી વધુ નહીં તેટલી વધુ મુદત માટે અને કમિશનર ચાર વર્ષથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, લંબાવી શકશે.

(૪) નોંધાયેલી વ્યકિત, કામચલાઉ આકારણી હેઠળ માલ અથવા સેવા અથવા બન્નેના પુરવઠા પરના ચુકવવાપાત્ર કોઇ વેરા કે જે કલમ ૩૯ ની પેટા–કલમ(૭) અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ નિર્દિષ્ટ કરેલ લેણી તારીખે નહિ ચૂકવેલા વેરા પર, કલમ ૫૦ ની પેટા–કલમ(૧) માં નિર્દિષ્ટ કરેલા દરે,સદરહુ માલ અથવા સેવા અથવા બન્નેના પુરવઠાના સંબંધમાં વેરાની ચુકવણીની લેણી તારીખ પછીના પ્રથમ દિવસથી ખરેખર ચુકવણી તારીખ સુધી, વ્યાજ ચૂકવવા જવાબદાર થશે. આખરી આકારણી માટેનો હુકમ બહાર પાડ્યા પહેલા કે પછી આવી રકમ ચુકવવામાં આવી તો પણ.

(૫) પેટા–કલમ (૩) હેઠળ આખરી આકારણીના હુકમને પરિણામે નોંધાયેલી વ્યકિત રિફંડ માટે હકદાર હોય ત્યારે કલમ ૫૪ નીપેટા–કલમ (૮) ની જોગવાઇઓને આધીન, કલમ ૫૬ માં જોગવાઇ કર્યા પ્રમાણે એવા રિફંડ પર વ્યાજ ચૂકવવું જોઇશે.

પત્રક(રિટર્ન)ની ચકાસણી.

૬૧.(૧) યોગ્ય અધિકારી, પત્રકના ખરાપણાની ખરાઇ કરવા નોંધાયેલી વ્યકિતએ પૂરી પાડેલ પત્રક (રિટર્ન) અને સંબંધિત પત્રક (રિટર્ન)ની વિગતોની,માટે ચકાસણી કરી શકશે અને ઠરાવવામાં આવે તેવી રીતે વિસંગતતાની, કોઇ હોય તો, તેની તેને જાણ કરશે અને તેનું સ્પષ્ટીકરણ માંગી શકશે.

(૨) સ્પષ્ટીકરણ સ્વીકાર્ય જણાય તો, નોંધાયેલી વ્યકિતને તદનુસાર જાણ કરવી જોઇશે અને આ સબંધમાં કોઇ વધુ પગલું લેવું નહિ.

(૩) યોગ્ય અધિકારીએ જાણ કર્યાના ત્રીસ દિવસની મુદતની અંદર અથવા તે છૂટ આપે તેવી વધુ મુદ્દતમાં કોઇ સંતોષકારક સ્પષ્ટીકરણ પૂરું પાડવામાં ન આવે તે કિસ્સામાં અથવા નોંધાયેલી વ્યકિત, વિસંગતતાઓ સ્વીકાર્યા પછી, વિસંગતતા જે મહિનામાં સ્વીકારી હોય તે મહિના માટેના તેના પત્રકમાં સુધારાત્મક પગલા ન લે તે કિસ્સામાં,યોગ્ય અધિકારી, કલમ ૬૫ અથવા કલમ ૬૬ અથવા કલમ ૬૭ હેઠળ સહિતના ઉચિત પગલાં લઇ શકશે. અથવા કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ વેરા અને અન્ય લેણાં નક્કી કરવા આગળ વધશે.

પત્રકો નહિ ભરનારની આકારણી.

૬૨. (૧) કલમ ૭૩ અથવા કલમ ૭૪ માં વિરુધ્ધનો કોઇ પણ મજકૂર હોય તે છતાં, કલમ ૪૬ હેઠળ નોટિસની બજવણી છતાં નોંધાયેલી વ્યકિત , કલમ ૩૯ અથવા કલમ ૪૫ હેઠળ પત્રક પૂરું પાડવામાં ચુક કરે ત્યારે, યોગ્ય અધિકારી ઉપલબ્ધ અથવા તેણે ભેગી કરેલી સબંધિત તમામ

સાધનસામગ્રીને વિચારણામાં લઈને, પોતાના ઉત્તમ નિર્ણય અનુસાર સદરહુ વ્યક્તિની વેરા જવાબદારીની આકારણીની કાર્યવાહી કરી શકશેઅને જે વર્ષે વેરો ચૂકવેલ ન હોય તે નાણાકીય વર્ષના વાર્ષિક પત્રક પૂરું પાડવા માટે કલમ ૭૪ હેઠળ નિર્દિષ્ટ તારીખથી પાંચ વર્ષની મુદતની અંદર આકારણી હુકમ કાઢશે.

(૨) નોંધાયેલી વ્યક્તિ, પેટા–કલમ(૧) હેઠળ આકારણી હુકમની બજવણીના ત્રીસ દિવસની અંદર માન્ય પત્રક પૂરું પાડે ત્યારે,સદરહુ આકારણી હુકમ પાછો ખેંચી લીધેલ ગણાશે પણ કલમ ૫૦ ની પેટા–કલમ (૧) હેઠળ વ્યાજની ચુકવણીની અથવા કલમ ૭૭ હેઠળ મોડી ફીની ચુકવણીની જવાબદારી ચાલુ રહેશે.

બિન– નોંધાયેલી વ્યક્તિઓની આકારણી.

૬૩. કલમ ૭૩ અથવા કલમ ૭૪ માં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, રજિસ્ટ્રેશન મેળવવા જવાબદાર હોય અને ન મેળવે અથવા કલમ ૨૯ ની પેટા કલમ(૨) હેઠળ જેનું રજિસ્ટ્રેશન રદ થયેલ હોય પણ જે વેરો ભરવા જવાબદાર હોય તેવી વેરાપાત્ર વ્યક્તિના કિસ્સામાં, યોગ્ય અધિકારી, સબંધિત વેરા મુદતો માટે પોતાના ઉત્તમ નિર્ણય પ્રમાણે, એવી વેરાપાત્ર વ્યક્તિની વેરાની જવાબદારીની આકારણી કરવા આગળ વધી શકશે અને જે નાણાકીય વર્ષ માટે વેરો ભરવામાં ન આવ્યો હોય તે નાણાકીય વર્ષને લગતા વાર્ષિક પત્રક પૂરા પાડવા માટે કલમ ૭૪ હેઠળ નિર્દિષ્ટ કરેલી તારીખથી પાંચ વર્ષની મુદતની અંદર આકારણીનો હુકમ કાઢી શકશે:

પરંતુ એવોકોઈપણ આકારણી હુકમ વ્યક્તિને સુનાવણીની તક આપ્યા વિના પસાર કરવો નહિ.

અમુક ખાસ કિસ્સામાં સમરિ આકારણી.

૬૪. (૧)યોગ્ય અધિકારી, વ્યક્તિની વેરાની જવાબદારી દર્શાવતો કોઈ પૂરાવો તેની જાણમાં આવે ત્યારે, અધિક કમિશનર અથવા સંયુક્ત કમિશનરની પૂર્વ–મંજૂરીથી મહેસૂલના રક્ષણ માટે એવી વ્યક્તિની વેરાની જવાબદારીની આકારણી કરવા આગળ વધશે અને તેને એમ માનવાને પૂરતાં કારણો હોય કે એમ કરવામાં વિલંબ થયે, મહેસૂલના હિતને પ્રતિકૂળ અસર થશે તો આકારણી હુકમ કાઢશે :

પરંતુ જેની વેરાની લગતી જવાબદારી હોય તે વેરાપાત્ર વ્યક્તિની ખાતરી ન થઈ શકે અને એવી જવાબદારી માલના પૂરવઠાને લગતી હોય ત્યારે, એવા માલનો હવાલો ધરાવતી વ્યક્તિને, આ કલમ હેઠળ, આકારણીને પાત્ર અને લેણા કોઈ વેરા અને કોઈ બીજી રકમ ચૂકવવાને જવાબદાર વેરાપાત્ર વ્યક્તિ ગણવામાં આવશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ પસાર કરેલ હુકમની પ્રાપ્તિની તારીખથી ત્રીસ દિવસની અંદર વેરાપાત્ર વ્યક્તિએ કરેલી અરજી પરથી અથવા પોતાની મેળે, અધિક કમિશનર અથવા સંયુક્ત કમિશનરને એવું લાગે તે હુકમ ભૂલભરેલો છે તો તેઓ એવા હુકમને પાછો ખેંચી શકશે અને કલમ ૭૩ અથવા કલમ ૭૪ માં ઠરાવેલી કાર્યરીતિને અનુસરશે.

INDEX

પ્રકરણ ૧૩

ઓડિટ

વેરા સત્તાધિકારી દ્વારા ઓડિટ.

૬૫.(૧) કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલ કોઇ અધિકારી, સામાન્ય અથવા ખાસ હુકમથી, નોંધાયેલી વ્યક્તિનું ઠરાવવામાં આવે તેટલી મુદત માટે, તેટલી વખત અને તેવી રીતે ઓડિટ હાથ ધરી શકશે.

(૨) પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ અધિકારીઓ, નોંધાયેલી વ્યક્તિના ધંધાના સ્થળે અથવા તેઓની કચેરીમાં ઓડિટ કરી શકશે.

(૩) નોંધાયેલી વ્યક્તિને, ઓડિટ કરતાં પહેલાં, ઠરાવવામાં આવે તેવી રીતે,કામકાજના ઓછામાં ઓછા પંદર દિવસની નોટિસ આપીને જાણ કરવી જોઇશે.

(૪) પેટા–કલમ(૧) હેઠળનું ઓડિટ, ઓડિટના આરંભની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર પૂરું કરવું જોઇશેઃ

પરંતુ કમિશનરને ખાતરી થાય કે એવી નોંધાયેલી વ્યક્તિના સંબંધમાં ત્રણ મહિનામાં ઓડિટ પૂરું થઇ શકે તેમ નથી, તો તે કારણોની લેખિતમાં નોંધ કરીને , છ મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, મુદત લંબાવી શકશે.

સ્પષ્ટીકરણ.– આ પેટા કલમના હેતુઓ માટે, ''ઓડિટના આરંભ'' એ શબ્દપ્રયોગ એટલે વેરા સત્તાધિકારીએ માંગેલ રેકર્ડ અને બીજા દસ્તાવેજો, નોંધાયેલી વ્યક્તિ જે તારીખે પૂરા પાડે તે તારીખ અથવા ધંધાના સ્થળે ઓડિટની ખરી શરૂઆત થાય, એ બેમાંથી જે મોંડું હોય તે.

(૫) ઓડિટ દરમિયાન, અધિકૃત અધિકારી, નોંધાયેલી વ્યક્તિને,

(૧) હિંસાબોના ચોપડા અથવા તેને જરૂરી હોય તેવા અન્ય દસ્તાવેજોની ખરાઇ કરવા જરૂરી સુવિધા પૂરી પાડવા;

(૨) તેને જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડવા અને સમયસર ઓડિટની પૂર્ણતા માટે સહાય કરવા,

ફરમાવી શકશે.

(૬) ઓડિટ પૂરું થયે, યોગ્ય અધિકારી, ત્રીસ દિવસની અંદર જેના રેકર્ડનું ઓડિટ કરવામાં આવેલ હોય તે નોંધાયેલી વ્યક્તિને નિષ્કર્ષ, તેના અધિકારોઅને જવાબદારીઓ અને એવા નિષ્કર્ષ માટેના કારણોની જાણ કરશે.

(૭) પેટા – કલમ (૧) હેઠળ કરેલ ઓડિટના પરિણામે કોઇ વણ–ચૂકવાયેલા વેરાની અથવા ઓછા ભરેલા વેરાની અથવા ભૂલથી ચૂકવેલ રિફંડની અથવા ખોટીરીતે મળેલ અથવા ઉપયોગમાં લીધેલ ઇનપુટ વેરા શાખની ખબર પડે ત્યારે, યોગ્ય અધિકારી, કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ પગલાં લઇ શકશે.

ખાસ ઓડિટ.

૬૬. (૧) પોતાની સમક્ષની કોઇ ચકાસણી, તપાસ અથવા અન્વેષણની અથવા બીજી કોઇ કાર્યવાહીના કોઇ તબક્કે, મદદનીશ કમિશનરના દરજ્જાથી ઉતરતા દરજજાના નહિ તેવા કોઇ અધિકારીનો કેસના પ્રકાર અને જટિલતાને અને મહેસૂલના હિતને લક્ષમાં લેતા, એવો અભિપ્રાય હોય કે કિમત ખરી રીતે જાહેર કરવામાં આવી નથી અથવા ઉપલબ્ધ ક્રેડિટ, સામાન્ય મર્યાદામાં નથી તો, તે કમિશનરની પૂર્વ–મંજુરીથી, એવી નોંધાયેલી વ્યક્તિને, કમિશનર નામનિયુક્ત કરે તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા યથાપ્રસંગ કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે તેના હિસાબોના ચોપડા સહિતના રેકર્ડની તપાસ અને ઓડિટ કરવવા લેખિતમાં જાણ કરી શકશે.

(૨) એવી રીતે નામનિયુક્ત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે અથવા કોસ્ટ એકાઉન્ટન્ટે, નેવું દિવસની મુદતની અંદર નિર્દિષ્ટ કરવામાં આવે તેવી અન્ય વિગતો તેમાં જણાવીને યોગ્ય રીતે સહી કરીને પ્રમાણિત કરેલો ઓડિટ રિપોર્ટ, સદરહુ મદદનીશ કમિશનરને રજૂ કરવો જોઈશે :

પરંતુ મદદનીશ કમિશનર, નોંધાયેલી વ્યક્તિએ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ દ્વારા તેને આ અર્થે કરવામાં આવેલી અરજી પરથી અથવા કોઈ મહત્વના અને પૂરતાં કારણોસર સદરહુ મુદતને બીજી નેવું દિવસની વધુ મુદત માટે લંબાવી શકશે.

(૩) પેટા–કલમ (૧)ની જોગવાઈઓ, નોંધાયેલી વ્યક્તિના હિસાબોનુ ઓડિટ, આ અધિનિયમની અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની બીજી કોઈ જોગવાઈઓ હેઠળ થયેલ હોય તેમ છતાં અમલમાં રહેશે.

(૪) નોંધાયેલી વ્યક્તિને, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ તેની વિરુધ્ધની કોઈ કાર્યવાહીમાં ઉપયોગમાં લેવાની પેટા–કલમ (૧) હેઠળ ખાસ ઓડિટના આધારે એકત્ર કરેલી કોઈ સામગ્રીના સંબંધમાં સુનાવણીની તક આપવામાં આવશે.

(૫) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટના મળતરો સહિતના પેટા–કલમ(૧) હેઠળ રેકર્ડની તપાસઅને ઓડિટનું ખર્ચ, કમિશનરે નક્કી કરવું અને ચૂકવવું જોઈશે અને આવો નિર્ણય આખરી ગણાશે.

(૬) પેટા–કલમ (૧)હેઠળ કરેલ ખાસ ઓડિટના પરિણામે કોઈ વણ–ચૂકવાયેલા વેરાની અથવા ઓછા ભરેલા વેરાની અથવા ભૂલથી ચૂકવેલ રિફંડની અથવા ખોટીરીતે મેળવી અથવા ઉપયોગમાં લીધેલી ઈનપુટ વેરા શાખની ખબર પડે ત્યારે યોગ્ય અધિકારી, કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ પગલાં લઈ શકશે.

પ્રકરણ–૧૪

તપાસ, શોધ, જપ્તી અને ધરપકડ

તપાસ, શોધ અને જપ્તીની સત્તા.

૬૭. (૧) સંયુક્ત કમિશનરના દરજ્જાથી ઊતરતા ન હોય તેવા યોગ્ય અધિકારીને એમ માનવાને કારણ હોય કે–

(ક) વેરાપાત્ર વ્યક્તિએ, માલ અથવા સેવા અથવા બંનેના પુરવઠાને અથવા હાથ પરના માલના સ્ટોકને લગતી કોઈ લેવડદેવડ છૂપાવી છે અથવા આ અધિનિયમ હેઠળ તેની હકદારી ઉપરાંતની ઈનપુટ વેરા શાખ માટે દાવો કરેલ છે અથવા આ અધિનિયમ હેઠળ વેરો ટાળવા માટે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈના ઉલ્લંઘનમાં સંડોવાયેલ છે; અથવા

(ખ) માલની હેરફેરના ધંધામાં રોકાયેલી કોઈ વ્યક્તિ અથવા કોઈ વખાર ગોડાઉન અથવા અન્ય કોઈ સ્થળનો માલિક અથવા સંચાલક,વેરો ભર્યા વિનાનો માલ રાખે છે અથવા પોતાના હિસાબો અથવા માલ એવી રીતે રાખે છે કે જેથી આ અધિનિયમ હેઠળ વેરો ટાળવાનું સંભવ છે તો, તે રાજ્ય વેરાના કોઈ બીજા અધિકારીને, વેરાપાત્ર વ્યક્તિના અથવા માલની હેરફેરના ધંધામાં રોકાયેલી વ્યક્તિઓ અથવા વખાર અથવા ગોડાઉન અથવા કોઈ બીજા સ્થળના માલિક અથવા સંચાલકના ધંધાના કોઈ સ્થળોએ તપાસ કરવા, લેખિતમાં અધિકૃત કરી શકશે.

(૨) સંયુક્ત કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજજાના ન હોય તેવા અધિકારીને,પેટા–કલમ (૧) હેઠળ કરેલી તપાસ પરથીઅથવા અન્યથા, એમ માનવાને કારણ હોય કે જપ્તીને પાત્ર કોઈ માલ અથવા પોતાના અભિપ્રાય પ્રમાણે આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીમાં ઉપયોગી થઈ શકે

અથવા સંબંધિત હોય તેવા કોઈ દસ્તાવેજો અથવા ચોપડા, કોઈ સ્થળેગુપ્ત રાખવામાં આવેલ છે તો, તે રાજ્યવેરાના કોઈ બીજાઅધિકારીને તે શોધવા અને જપ્ત કરવા લેખિતમાં અધિકૃત કરી શકશે અથવા પોતે એવા માલ, દસ્તાવેજો અથવા ચોપડા અથવા વસ્તુઓ શોધશે અને જપ્ત કરશે:

પરંતુ એવો કોઈ માલ જપ્ત કરવો વ્યવહાર્ય ન હોય ત્યારે, યોગ્ય અધિકારી અથવા તેઓ અધિકૃત કરે તેવા બીજા અધિકારી, માલના માલિક અથવા રખેવાળ ઉપર એવો હુકમ બજાવી શકશે કે તે, એવા અધિકારીની પૂર્વ–મંજૂરી વિના, એવા માલને ખસેડશે નહિ, અલગ કરશે નહિ અથવા અન્યથા તેની તજવીજ કરશે નહિ:

વધુમાં એવી રીતે જપ્ત કરેલ દસ્તાવેજો,ચોપડા અથવા વસ્તુઓને, એવા અધિકારીએ, આ અધિનિયમ હેઠળ તેની તપાસ અથવા કોઈ તપાસણી અથવા કાર્યવાહી માટે જ્યાં સુધી જરૂર હોય ફક્ત ત્યાં સુધી જ રાખવા જોઈએ.

(૩) પેટા–કલમ (૨)માં ઉલ્લેખેલ દસ્તાવેજો, ચોપડા અથવા વસ્તુઓ અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ નોટિસ કાઢવામાટેનો આધાર રાખેલ ન હોય તેવા વેરાપાત્ર વ્યક્તિ અથવા બીજી કોઈ વ્યક્તિએ રજૂ કરેલ બીજા કોઈ દસ્તાવેજો, ચોપડા અથવા વસ્તુઓ,એવી નોટિસ કાઢયાની તારીખથી ત્રીસ દિવસથી વધુ નહીં તેટલી મુદતમાં એવી વ્યક્તિને પરત કરવા જોઈશે.

(૪) પેટા–કલમ(૨) હેઠળ અધિકૃત કરેલ અધિકારીને, કોઈ ઈમારતને સીલ મારવા અથવા તેનો દરવાજો ખોલવા અથવા જેમાં વ્યક્તિનો કોઈ માલ, હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજો છુપાવેલા હોવાની શંકા હોય તેવા કોઈ અલમારી, વિજાણું ઉપકરણો, પેટી, પાત્રોને કે જયારે એવી ઈમારતો, અલમારી, વિજાણુ ઉપકરણો, પેટી અથવા પાત્ર સુધી પહોંચી ન શકાય ત્યારે,તેને તોડવાની સત્તા રહેશે.

(૫) પેટા–કલમ (૨) હેઠળ જેના કબજામાંથી એવા કોઈ દસ્તાવેજો જપ્ત કરવામાં આવેલ હોય તેવી વ્યક્તિ, અધિકૃત અધિકારી આ અર્થે સૂચવે તેવા સ્થળે અને સમયે તેમની હાજરીમાં તેની નકલો કરવા અને તેમાંથી ઉતારા લેવા હકદાર રહેશે, સિવાય કે યોગ્ય અધિકારીના મતે, એવી રીતે નકલ કરવાથી અથવા ઉતારા કરવાથી તપાસને પ્રતિકૂળ રીતે અસર થઈ શકે તેમ હોય.

(૬) પેટા–કલમ(૨) હેઠળ એવી રીતે જપ્ત કરેલ માલને,અનુક્રમે ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા પ્રમાણમાં બોન્ડ કરીને અને જામીનગીરી આપીને અથવા યથાપ્રસંગ,લાગુ પડતા ભરવાપાત્ર વેરા, વ્યાજ અને દંડની ચુકવણી કર્યેથી, કામચલાઉ ધોરણે મુક્ત કરી શકાશે.

(૭) પેટા–કલમ (૨) હેઠળ કોઈ માલ જપ્ત કરવામાં આવે અને માલની જપ્તીના છ મહિનામાં તેના સબંધમાં કોઈ નોટિસ આપેલી ન હોય ત્યારે, જેના કબજામાંથી તે જપ્ત કરવામાં આવેલ હોય તેવી વ્યક્તિને તે પરત કરવામાં આવશે:

પરંતુ છ મહિનાની મુદત, પૂરતું કારણ દર્શાવવામાં આવ્યે, યોગ્ય અધિકારી,વધુ છ મહિનાનીમુદત સુધી લંબાવી શકાશે.

(૮) સરકાર, કોઈ માલના નાશવંત અથવા જોખમી પ્રકારને, સમયાંતરે માલની કિંમતમાંના અવમૂલ્યનને, માલ માટેના સંગ્રહ સ્થાનના નિગ્રહ અથવા બીજા કોઈ સંબંધિત કારણોને લક્ષમાં લઈને,જાહેરનામાથી,માલ અથવા માલના વર્ગને, નિર્દિષ્ટ કરી શકશે અને તે માલનો,પેટા–કલમ (૨) હેઠળ તેની જપ્તી પછી તરત જ, ઠરાવવામાં આવે તેવી રીતે, યોગ્ય અધિકારી દ્વારા નિકાલ કરી શકાશે.

INDEX

(૯) પેટા–કલમ(૮) હેઠળ નિર્દિષ્ટ માલ હોય તેવો કોઇ માલ, યોગ્ય અધિકારી અથવા પેટા કલમ(૨) હેઠળ તેમણે અધિકૃત કરેલ કોઇ અધિકારીએ જપ્ત કરેલ હોય ત્યારે, તેમણે ઠરાવવામાં આવે તેવી રીતે એવા માલની યાદી તૈયાર કરવી જોઇશે.

(૧૦) શોધ અને જપ્તીને લગતી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઇઓ, શક્ય હોય ત્યાં સુધી, સદરહુ અધિનિયમની કલમ ૧૬૫ ની પેટા–કલમ (૫) માંના "મેજિસ્ટ્રેટ"એ શબ્દ જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે "કમિશનર" એ શબ્દ મૂકવો તે ફેરફારને અધીન રહીને, આ કલમ હેઠળની શોધ અને જપ્તીને લાગુ પડશે. સન ૧૯૭૪નો ૨જો.

(૧૧) યોગ્ય અધિકારીને એમ માનવાને કારણો હોય કે કોઇ વ્યકિતએ કોઇ વેરાની ચુકવણી ટાળી છે અથવા ટાળવાનો પ્રયાસ કરે છે તો, તે લેખિતમાં કારણોની નોંધ કરીને, તે વ્યકિતએ પોતાની સમક્ષ રજૂ કરેલ હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજો જપ્ત કરી શકશે અને તે બદલ પહોંચ આપશે અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળની કોઇ કાર્યવાહીના સંબંધમાં પ્રોસિક્યુશન માટે જરૂરી હોય તેટલા સમય સુધી રાખી શકશે.

(૧૨) કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલઅધિકારી, વેરાપાત્ર વ્યકિતના પુરવઠાના વેરા ભરતિયાં અથવા બિલની ચકાસણી કરવા,તેમણે અધિકૃત કરેલી વ્યકિત દ્વારા વેરાપાત્ર વ્યકિતના ધંધાના સ્થળેથી કોઇ માલ અથવા સેવાની અથવા બન્નેની ખરીદી કરાવી શકશે અને એવા અધિકારીએ ખરીદી કરેલ એવો માલ પરત કરવામાં આવ્યે, એવી વેરાપાત્ર વ્યકિત અથવા ધંધાની જગાનો હવાલો ધરાવતી કોઇ વ્યકિતએ અગાઉ આપેલ પુરવઠાના વેરા ભરતિયાં અથવા બિલને રદ કર્યા પછી, માલ સામે ચૂકવેલ રકમનું રિફંડ આપવું જોઇશે.

માર્ગસ્થ માલની તપાસ .

૬૮. (૧) સરકાર, નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કરતાં વધુ કિમતના માલના કોઇ કન્સાઇનમેન્ટને લઇ જતા વાહનનો હવાલો ધરાવતી વ્યકિતને, ઠરાવવામાં આવે તેવા દસ્તાવેજો અને તેવા સાધનો પોતાની સાથે લઇ જવા ફરમાવી શકશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ પોતાની સાથે લઇ જવા ફરમાવેલ દસ્તાવેજોની વિગતો, ઠરાવવામાં આવે તેવી રીતે માન્ય કરવી જોઇશે.

(૩) પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ વાહનને કોઇ યોગ્ય અધિકારી દ્વારા કોઇ સ્થળે આંતરવામાં આવે ત્યારે, તે, સદરહુ વાહનનો હવાલો ધરાવતી વ્યકિતને, સદરહુ પેટા–કલમ હેઠળ ઠરાવેલ દસ્તાવેજો અને સાધનો ખરાઇ કરવા રજૂ કરવા ફરમાવી શકશે અને સદરહુ વ્યકિત, દસ્તાવેજો અને સાધનો રજૂ કરવા જવાબદાર રહેશે અને માલની તપાસ કરવાની પણ છૂટ આપશે.

ધરપકડની સત્તા.

૬૯. (૧) કમિશનરને એમ માનવાને કારણો હોય કે વ્યકિતએ કલમ ૧૩૨ ની પેટા–કલમ(૧) ના ખંડ (ક) અથવા ખંડ(ખ) અથવા ખંડ(ગ) અથવા ખંડ (ઘ)માં નિર્દિષ્ટ કોઇ ગુનો કરેલ છે જેસદરહુ કલમની પેટા–કલમ(૧) ના ખંડ(૧) અથવા ખંડ(૨) અથવા પેટા–કલમ (૨) હેઠળ શિક્ષાપાત્ર છે ત્યારે, તે એવી વ્યકિતની ધરપકડ કરવા રાજ્ય વેરાના કોઇ અધિકારીને,હુકમથી, અધિકૃત કરી શકશે.

(૨) કલમ ૧૩૨ ની પેટા–કલમ(૫) હેઠળ નિર્દિષ્ટ કોઇ ગુના માટે પેટા–કલમ (૧) હેઠળ વ્યકિતની ધરપકડ કરવામાં આવેલ હોય, ત્યારે તે વ્યકિતની ધરપકડ કરવા અધિકૃત અધિકારીએ એવી વ્યકિતને ધરપકડના કારણોની જાણ કરવી જોઇશે અને ચોવીસ કલાકમાં તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જોઇશે.

(૩) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની જોગવાઇઓને અધીન રહીને, સન ૧૯૭૪નો ૨જો.

(ક) કલમ ૧૩૨ ની પેટા–કલમ (૪) હેઠળ નિર્દિષ્ટ કોઇ ગુના માટે વ્યક્તિની પેટા–કલમ (૧) હેઠળ ધરપકડ કરેલી હોય ત્યારે, તેને જામીન આપવામાં આવશે અને જામીનમાં કસૂર બદલ, મેજિસ્ટ્રેટની કસ્ટડીમાં મોકલવામાં આવશે.

(ખ) પોલીસ અધિકાર સિવાયના અને જામીનપાત્ર ગુનાના કિસ્સામાં, નાયબ કમિશનર અથવા મદદનીશ કમિશનરને, ધરપકડ કરાયેલી વ્યક્તિને જામીન પર અથવા અન્યથા છોડવાના હેતુ માટે,પોલીસ સ્ટેશનના ઇન–ચાર્જ અધિકારીને હોય તેવી જ સત્તાઓ રહેશે અને તેવી જ જોગવાઇઓને અધીન રહેશે.

પુરાવા આપવા અને દસ્તાવેજો રજૂ કરવા માટે વ્યક્તિઓને બોલાવવાની સત્તા.

૭૦. (૧) આ અધિનિયમ હેઠળના યોગ્ય અધિકારીને, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ ની જોગવાઇઓ હેઠળ દીવાની કોર્ટના કિસ્સામાં જોગવાઇ કર્યા મુજબની રીતે તપાસમાં પુરાવો આપવા માટે અથવા દસ્તાવેજ અથવા બીજી કોઇ વસ્તુ રજૂ કરવા માટે જેની હાજરી પોતાને જરૂરી જણાય તેવી કોઇ વ્યક્તિને બોલાવવાની સત્તા રહેશે. સન ૧૯૦૮નો ૫–મો.

(૨) પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ દરેક તપાસને, ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૯૩ અને કલમ ૨૨૮ ના અર્થ મુજબ "અદાલતી કાર્યવાહી" હોવાનું ગણવામાં આવશે. સન ૧૮૬૦નો ૪૫મો.

ધંધાની જગામાં પ્રવેશ.

૭૧.(૧) સંયુક્ત કમિશનરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા યોગ્ય અધિકારીએ અધિકૃત કરેલ કોઇ અધિકારી, હિસાબોના ચોપડા, દસ્તાવેજો, કોમ્પ્યુટરો, કોમ્પ્યુટર પ્રોગ્રામ,કોમ્પ્યુટરમાં ઇન્સ્ટોલ કરેલા કે અન્યથા કોમ્પ્યુટર સોફ્ટવેર અને પોતે ફરમાવે તેવી બીજી વસ્તુઓઅને એવા સ્થળે ઉપલબ્ધ હોય તેવી વસ્તુઓની, મહેસૂલના હિતનું રક્ષણ કરવા જરૂરી હોય તેવા કોઇ ઓડિટ, ચકાસણી, ખરાઇ અને તપાસ કરવાના હેતુઓ માટે, તપાસ કરવા,નોંધાયેલી વ્યક્તિના ધંધાના કોઇ સ્થળે પ્રવેશ કરી શકશે.

(૨) પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ સ્થળનો હવાલો ધરાવતી દરેક વ્યક્તિએ, માંગણી થયે, પેટા–કલમ(૧) હેઠળના અધિકૃત અધિકારી અથવા યોગ્ય અધિકારીએ નિયુકત કરેલ ઓડિટ પક્ષકારને અથવા કલમ ૬૬ હેઠળ નામનિયુકત થયેલા કોસ્ટ એકાઉન્ટન્ટ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને,–

(૧) નોંધાયેલી વ્યક્તિએ તૈયાર કરેલ અથવા નિભાવેલ અને ઠરાવવામાં આવે તેવી રીતે યોગ્ય અધિકારી સમક્ષ જાહેર કરેલ રેકર્ડ;

(૨) કાચું સરવૈયું ટ્રાયલ બેલેન્સ અથવા તેના જેવા દસ્તાવેજ;

(૩) જરૂરી હોય ત્યાં, યોગ્ય રીતે ઓડિટ કરેલ વાર્ષિક નાણાકીય હિસાબોના પત્રકો;

(૪) કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૪૮ હેઠળનો કોસ્ટ ઓડિટ રિપોર્ટ, કોઇ હોય તો;

સન ૧૯૬૧નો ૪૩મો.

(૫) આવક–વેરા અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૪૪–કખ હેઠળનો આવક વેરાનો ઓડિટ રિપોર્ટ, કોઇ હોય તો; અને સન ૨૦૧૩નો ૧૮મો.

(૬) કોઇ બીજું સંબંધિત રેકર્ડ;

એવી માંગણી કરવામાં આવી હોય તે દિવસથી કામકાજના પંદર કરતાં વધુ નહિ તેટલા દિવસની અંદર અથવા સદરહુ અધિકારી અથવા ઓડિટ પક્ષકાર અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ છૂટ આપે તેટલી વધુ મુદતમાં, અધિકારી અથવા ઓડિટ પક્ષકાર અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટને ચકાસણી કરવા માટે ઉપલબ્ધ કરાવવું જોઇશે.

અધિકારીઓએ યોગ્ય અધિકારીને મદદ કરવા બાબત.

૭૨. (૧) પોલીસ, રેલવે, કસ્ટમ્સના તમામ અધિકારીઓએઅને ગ્રામ્ય અધિકારીઓ, કેન્દ્રીય વેરાના અધિકારીઓ અને સંઘ રાજયક્ષેત્રના વેરા અધિકારીઓ સહિતના જમીન મહેસૂલ વસૂલ કરવામાં રોકાયેલ અધિકારીઓએ, આ અધિનિયમના અમલીકરણમાં યોગ્ય અધિકારીને મદદ કરવી જોઈશે.

(૨) સરકાર,જાહેરનામાથી, કમિશનર દ્વારા એમ કરવાનું કહેવામાં આવે, ત્યારે આ અધિનિયમના અમલીકરણમાં, યોગ્ય અધિકારીઓને મદદ કરવા માટે અધિકારીઓના કોઈ બીજા વર્ગને સત્તા આપી શકશે અને ફરમાવી શકશે.

પ્રકરણ ૧૫

માંગણી અને વસૂલાત

વેરો ન ચૂકવવા અથવા ઓછો વેરો ભરવા અથવા ભૂલથી રિફંડ આપવા અથવા કપટ અથવા વેરો ટાળવા માટે સ્વેચ્છાપૂર્વક કોઇ ખોટું નિવેદન અથવા હકીકત છુપાવવા કારણ સિવાયના કારણસર ઇનપુટ વેરા શાખ ખોટી રીતે લેવા અથવા ઉપયોગ કરવાના કિસ્સામાં વેરો નક્કી કરવા બાબત .

૭૩.(૧) યોગ્ય અધિકારીને એમ જણાય કે કોઇ વેરો ચૂકવવામાં આવેલ નથી અથવા ઓછો વેરો ભરેલ છે અથવા ભૂલથી રિફંડ આપેલ છે અથવા કપટ અથવા વેરો ટાળવા માટે સ્વેચ્છાપૂર્વક કોઇ ખોટું નિવેદન અથવા હકીકત છુપાવવાના કારણ સિવાયના કોઇ કારણસર ઇનપુટ વેરા શાખ ખોટી લીધેલ છે અથવા ઉપયોગ કરેલ છે ત્યારે, તેઓએ એવી વેરાપાત્ર વ્યકિત કે જેણે વેરો ચૂકવેલ ન હોય અથવા ઓછો ચૂકવેલ હોય અથવા ભૂલથી જેને રિફંડ આપેલ હોય અથવા જેણે ખોટી રીતે ઇનપુટ વેરા શાખ લીધી હોય અથવા ઉપયોગ કરેલ હોય તેવી વ્યકિત ઉપર,કલમ ૫૦ હેઠળ તેના પર ચૂકવવાપાત્ર વ્યાજ સહિત નોટિસમાં જણાવેલ રકમ અને આ અધિનિયમ અથવાતે હેઠળ કરેલા નિયમો હેઠળ લેવા પાત્ર દંડ શા માટે તેણે ભરવો જોઇએ નહિ તેના કારણો દર્શાવવા ફરમાવતી નોટિસ બજાવવી જોઇશે.

(૨) યોગ્ય અધિકારીએ, પેટા–કલમ(૧) હેઠળની નોટિસ, હુકમ કાઢવા માટેની પેટા– કલમ (૧૦) માં જણાવેલ સમય–મર્યાદાના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાં, બજાવવી જોઇશે.

(૩) પેટા–કલમ(૧) હેઠળ કોઇ મુદત માટે નોટિસ કાઢવામાં આવેલ હોય ત્યારે, યોગ્ય અધિકારીએ, ન ભરેલ કે ઓછા ભરેલ વેરા અથવા ભૂલથી કરેલા રિફંડની અથવા ખોટી રીતે લીધેલ અથવા પેટા–કલમ(૧) હેઠળ આવરી લીધેલ મુદત સિવાયની મુદતો માટે ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની વિગતો ધરાવતું પત્રક, વેરાપાત્ર વ્યકિત ઉપર બજાવવું જોઇશે.

(૪) પેટા–કલમ (૧) હેઠળ આવરી લીધેલ હોય તે મુદત સિવાયની મુદતો માટે જેના પર આધાર રાખવામાં આવેલ હોય તે કારણો, આગાઉની નોટિસમાં જણાવેલ કારણો જ હતાં એવી શરતને અધીનરહીને, એવા પત્રકની બજવણીને, પેટા–કલમ(૧)હેઠળ એવી વ્યકિત ઉપર કરવામાં આવેલ નોટિસની બજવણી ગણવામાં આવશે.

(૫) વેરાપાત્ર વ્યકિતએ, પેટા–કલમ(૧) હેઠળની નોટિસની અથવા યથાપ્રસંગ, પેટા કલમ(૩) હેઠળના પત્રકની બજવણી કરતાં પહેલાં, એવા વેરાની પોતે કરેલી ખાતરીના આધારે અથવા યોગ્ય અધિકારીએ ખાતરી કરેલ વેરાને આધારે, કલમ ૫૦ હેઠળ તેના પર ચૂકવવાપાત્ર વ્યાજ સહિત વેરાની રકમ ચૂકવવી જોઇશે અને એવી ચૂકવણી કર્યાની જાણ, યોગ્ય અધિકારીને લેખિતમાં કરવી જોઇશે.

(૬) યોગ્ય અધિકારીએ, એવી માહિતી મળ્યે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ એવી રીતે ચૂકવેલ વેરાના અથવા ચૂકવવાપાત્ર કોઇ દંડના સબંધમાં,પેટા–કલમ (૧) હેઠળની કોઇ નોટિસ અથવા યથાપ્રસંગ, પેટા–કલમ (૩) હેઠળના પત્રકની બજવણી કરવી જોઇશે નહિ.

(૭) યોગ્ય અધિકારીનો એવો અભિપ્રાય હોય કે પેટા–કલમ(૫) હેઠળ ચૂકવેલી રકમ, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી છે ત્યારે, તેઓએ, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી રકમના સબંધમાં, પેટા–કલમ(૧) માં જોગવાઇ કર્યા પ્રમાણે નોટિસ કાઢવા અંગેની કાર્યવાહી કરવી જોઇશે.

(૮) પેટા–કલમ(૧) અથવા પેટા–કલમ(૩) હેઠળની કોઇ વેરાપાત્ર વ્યકિત, કારણદર્શક નોટિસ કાઢયાના ત્રીસ દિવસની અંદર, કલમ ૫૦ હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ સહિત સદરહુ વેરો ચૂકવે ત્યારે, કોઇ દંડ ચૂકવવાપાત્ર થશે નહિ અને સદરહુ નોટિસના સબંધમાંની તમામ કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

(૯) યોગ્ય અધિકારીએ, વેરાપાત્ર વ્યકિતએ કરેલી રજૂઆત, કોઇ હોય તો, તેને વિચારણામાં લઇને, એવી વ્યકિત પાસેના લેણાં વેરાના દસ ટકા જેટલી અથવા દસ હજાર રૂપિયા, એ બેમાંથી જે વધુ હોય તેટલી વેરા, વ્યાજ અને દંડની સમકક્ષ રકમ નક્કી કરવી જોઇશે અને હુકમ કરવો જોઇશે.

(૧૦) યોગ્ય અધિકારીએ,જે વર્ષ માટે વેરો ભરેલન હોય અથવા ઓછો ભરેલો હોય અથવા ખોટી રીતે ઇનપુટ વેરા ક્રેડિટ લીધેલી હોય કે ઉપયોગ કરેલ હોય તે નાણાકીય વર્ષ માટેનું વાર્ષિક પત્રક પૂરું પાડવા માટેની છેલ્લી તારીખથી ત્રણ વર્ષની અંદર અથવા ભૂલથી રિફંડ આપેલ હોય તે તારીખથી ત્રણ વર્ષની અંદર, પેટા–કલમ (૯) હેઠળનો હુકમ કરવો જોઇશે.

(૧૧) પેટા–કલમ (૬) અથવા પેટા–કલમ(૮)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સ્વ–આકારેલ વેરાની કોઇ રકમ અથવા વેરા તરીકે વસૂલ કરેલ કોઇ રકમ, એવો વેરો ચૂકવવાની છેલ્લી તારીખથી ત્રીસ દિવસની મુદતમાં ભરેલ ન હોય, ત્યારેપેટા–કલમ(૯) હેઠળનો દંડ ચૂકવવો જોઇશે.

ો ન ચૂકવવા
થવા ઓછો
ો ભરવા
થવા ભૂલથી
ફંડ આપવા
થવા
ાટપૂર્વક ઇનપુટ
ા શાખ ખોટી
ને લેવા અથવા
યોગ કરવા
થવા
ચ્છાપૂર્વક કોઇ
ટું નિવેદન
ાપવા અથવા
ઈ હકીકત
ાવવાના
સ્સામાં વેરો
કી કરવા
બત.

૭૪.(૧) યોગ્ય અધિકારીને એમ જણાય કે કોઇ વેરો ચૂકવવામાં આવેલ નથી અથવા ઓછો વેરો ભરેલ છે અથવા ભૂલથી રિફંડ આપેલ છે અથવા કપટ અથવા વેરો ટાળવા માટે સ્વેચ્છાપૂર્વક કોઇ ખોટું નિવેદન આપીને અથવા હકીકતો છુપાવીને ઇનપુટ વેરા શાખ ખોટી રીતે મેળવેલ છે અથવા ઉપયોગ કરેલ છે, ત્યારે તેઓએ એવી વેરાપાત્ર વ્યકિત કે જેણે વેરો ચૂકવેલ ન હોય અથવા ઓછો ચૂકવેલ હોય અથવા ભૂલથી જેને રિફંડ આપેલ હોય અથવા જેણે ખોટી રીતે ઇનપુટ વેરા શાખ લીધી હોય અથવા ઉપયોગ કરેલ હોય તેવી વ્યકિતને, નોટિસમાં નિર્દિષ્ટ કરેલી રકમ તેમજ કલમ ૫૦ હેઠળ તેની ઉપર ચૂકવવાપાત્ર વ્યાજની રકમ અને નોટિસમાં નિર્દિષ્ટ કરેલ વેરા જેટલો જ દંડ તેણે શા માટે ભરવો જોઇએ નહિ તેના કારણો દર્શાવવા ફરમાવતી નોટિસ બજાવવી જોઇશે.

(૨) યોગ્ય અધિકારીએ, પેટા–કલમ(૧) હેઠળની નોટિસ, હુકમ કાઢવા માટેની પેટા– કલમ (૧૦) માં જણાવેલ સમય–મર્યાદાના ઓછામાં ઓછા છ મહિના પહેલાં બજાવવી જોઇશે.

(૩) પેટા–કલમ(૧) હેઠળ કોઇ મુદત માટે નોટિસ કાઢવામાં આવેલ હોય ત્યારે, યોગ્ય અધિકારીએ, ન ભરેલ કે ઓછા ભરેલ વેરા અથવા ભૂલથી કરેલારિફંડનીઅથવા ખોટી રીતે લીધેલ અથવા પેટા–કલમ(૧) હેઠળ આવરી લીધેલ મુદત સિવાયની મુદતો માટે ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખ ઘરાવતું પત્રક, વેરાપાત્ર વ્યકિત ઉપર બજાવવું જોઇશે.

(૪) પેટા–કલમ (૧) હેઠળ આવરી લીધેલ હોય તે મુદત સિવાયની મુદતો માટે,કપટ અથવા સ્વેચ્છાપૂર્વકના કોઇ ખોટા નિવેદન અથવા વેરો ટાળવા કોઈ હકીકત છુપાવવાના કારણો સિવાયનાજે કારણો પર આધાર રાખવામાં આવ્યો હોય તે કારણો, આગાઉની નોટિસમાં જણાવેલ કારણો જેવા જ હતાં એવી શરતને અધીનરહીને પેટા–કલમ (૩) હેઠળ પત્રકની બજવણીને, કલમ ૭૩ ની પેટા–કલમ (૧)હેઠળ કરવામાં આવેલ નોટિસની બજવણી ગણવામાં આવશે.

(૫) વેરાપાત્ર વ્યકિતએ પેટા–કલમ(૧) હેઠળની નોટિસની બજવણી પહેલાં,એવા વેરાની પોતે કરેલી ખાતરીના આધારે અથવા યોગ્ય અધિકારીએ કરેલ ખાતરીને આધારે, કલમ ૫૦ હેઠળ તેના

પર ચૂકવવાપાત્ર વ્યાજ અને એવા વેરાના પંદર ટકા જેટલો દંડ સહિત વેરાની રકમ ચૂકવવી જોઇશે અને એવી ચૂકવણી કર્યાની જાણ, યોગ્ય અધિકારીને લેખિતમાં કરવી જોઇશે.

(૬) યોગ્ય અધિકારીએ એવી માહિતી મળ્યે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ એવી રીતે ચૂકવેલ વેરાના અથવા ચૂકવવાપાત્ર કોઇ દંડના સબંધમાં,પેટા–કલમ (૧) હેઠળની કોઇ નોટિસની,બજવણી કરવી જોઇશે નહિ.

(૭) યોગ્ય અધિકારીનો એવો અભિપ્રાય હોય કે પેટા–કલમ(૫) હેઠળ ચૂકવેલી રકમ, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી છે ત્યારે, તેઓએ, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી રકમના સબંધમાં, પેટા–કલમ(૧) માં જોગવાઇ કર્યા પ્રમાણે નોટિસ કાઢવા અંગેની કાર્યવાહી કરવી જોઇશે.

(૮) પેટા–કલમ(૧) હેઠળની કોઇ વેરાપાત્ર વ્યકિત, નોટિસ કાઢયાના ત્રીસ દિવસની અંદર, કલમ ૫૦ હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ સહિત સદરહુ વેરો અને એવા વેરાના પચીસ ટકા જેટલી રકમનો દંડ ચૂકવે ત્યારે,સદરહુ નોટિસના સબંધમાંની તમામ કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

(૯) યોગ્ય અધિકારીએ વેરાપાત્ર વ્યકિતએ કરેલી રજૂઆત, કોઇ હોય તો, તેને વિચારણામાં લઇને,એવી વ્યકિત પાસેના લેણાં વેરા, વ્યાજ અને દંડની રકમ નક્કી કરવી જોઇશે અને હુકમ કરવો જોઇશે.

(૧૦) યોગ્ય અધિકારીએ, જે વર્ષ માટે વેરો ભરેલન હોય અથવા ઓછો ભરેલો હોય અથવા ખોટી રીતે ઇનપુટ વેરા ક્રેડિટ લીધેલી હોય કે ઉપયોગ કરેલ હોય તે નાણાકીય વર્ષ માટેનું વાર્ષિક પત્રક પૂરું પાડવા માટેની છેલ્લી તારીખથી પાંચ વર્ષની અંદર અથવા ભૂલથી રિફંડ આપેલ હોય તે તારીખથી પાંચ વર્ષની અંદર, પેટા–કલમ (૯) હેઠળનો હુકમ કરવો જોઇશે.

(૧૧) કોઇ વ્યકિત તેના ઉપર પેટા–કલમ(૯) હેઠળ કાઢેલ હુકમની જાણ થયાના ત્રીસ દિવસની અંદર, કલમ ૫૦ હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ સહિત વેરો અને એવા વેરાના પચાસ ટકાને સમકક્ષ રકમનો દંડ ચૂકવે ત્યારે,સદરહુ નોટિસના સબંધમાંની તમામ કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ૧.–કલમ ૭૩ અને આ કલમના હેતુઓ માટે,–

(૧) ''સદરહુ નોટિસના સંબંધમાંની તમામ કાર્યવાહીઓ'' એ શબ્દપ્રયોગમાં, કલમ ૧૩૨ હેઠળની કાર્યવાહીઓનો સમાવેશ થશે નહીં ;

(૨) તે જ કાર્યવાહી હેઠળની નોટિસ, વેરો ચૂકવવા જવાબદાર મુખ્ય વ્યકિત અને કેટલીક બીજી વ્યકિતઓને આપવામાં આવે અને મુખ્ય વ્યકિત સામેની એવી કાર્યવાહીઓ કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ પૂરી થયેલી હોય ત્યારે, કલમો ૧૨૨,૧૨૫,૧૨૯ અને૧૩૦ હેઠળ દંડ ચૂકવવા જવાબદાર તમામ વ્યકિતઓ સામેની કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ ૨.– આ અધિનિયમના હેતુઓ માટે "માહિતી છુપાવવી" એ શબ્દપ્રયોગનો અર્થ,કોઇ વેરાપાત્ર વ્યકિતએ આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ, કોઇ પત્રક, નિવેદન, રિપોર્ટ અથવા પૂરા પાડેલ બીજા કોઇ દસ્તાવેજમાં જાહેર કરવાનું જરૂરી હોય તેવી હકીકતો અને માહિતી જાહેર ન કરવી અથવા યોગ્ય અધિકારીને જે માહિતી માંગેલી હોય તે માહિતી લેખિતમાં પૂરી ન પાડવી, એવો થશે.

વેરા નિર્ધારણને લગતી સામાન્ય જોગવાઇઓ.

૭૫. (૧) જ્યારે કોઇ કોર્ટ અથવા અપીલ ટ્રિબ્યુનલના હુકમથી નોટિસની બજવણી કરવાની અથવા હુકમ કાઢવાની મનાઇ કરવામાં આવેલ હોય ત્યારે, આવી મનાઇ કરવામાં આવેલી મુદતને, કલમ

૭૩ ની પેટા–કલમ (૨) અને (૧૦) અથવા યથાપ્રસંગ, કલમ ૭૪ ની પેટા–કલમ (૨) અને (૧૦)–માં નિર્દિષ્ટ કરેલી મુદતની ગણતરી કરવામાં બાકાત કરવી જોઇશે.

(૨) જ્યારે કોઇ એપેલેટ ઓથોરિટી અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા કોર્ટ એવા નિષ્કર્ષ પર આવે કે કલમ ૭૪ ની પેટા–કલમ (૧) હેઠળ કાઢેલી નોટિસ જે વ્યક્તિની સામે આવી નોટિસ કાઢવામાં આવી હોય તેની સામેના કપટ અથવા વેરો ટાળવા માટે સ્વેચ્છાપૂર્વકના ખોટા નિવેદન અથવા હકીકતો છુપાવવાના આરોપો સાબિત કરવામાં આવેલ નથી તે કારણસર, ટકી શકે તેમ નથી ત્યારે, યોગ્ય અધિકારીએ એવી વ્યક્તિએ ચૂકવવાના વેરો, કલમ ૭૩ ની પેટા–કલમ(૧) હેઠળ નોટિસ કાઢવામાં આવેલી હોય એમ માનીને નક્કી કરવો જોઇશે.

(૩) એપેલેટ ઓથોરિટી અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા કોર્ટના આદેશ અનુસાર કોઇ હુકમ કરવો જરૂરી હોય ત્યારે એવો હુકમ સદરહુ આદેશની જાણ થયાની તારીખથી બે વર્ષમાં કરવો જોઇશે.

(૪) વેરો અથવા દંડ ચૂકવવાપાત્ર વ્યક્તિ તરફથી લેખિતમાં વિનંતી કરવામાં આવે અથવા એવી વ્યક્તિ વિરુદ્ધ કોઇ પ્રતિકૂળ નિર્ણય લેવા ધારેલ હોય ત્યારે, સુનાવણીની તક આપવામાં આવશે.

(૫) યોગ્ય અધિકારી, વેરાપાત્ર વ્યક્તિ પૂરતું કારણ દર્શાવે, તો સદરહુ વ્યક્તિને સમય આપશે અને લેખિતમાં કારણોની નોંધ કરીને સુનાવણી મુલતવી રાખશે :

પરંતુ કાર્યવાહી દરમિયાન કોઇ પણ વ્યક્તિની સુનાવણી ત્રણ કરતાં વધુ વાર એવી રીતે મુલતવી રાખવામાં આવશે નહીં.

(૬) યોગ્ય અધિકારીએ, પોતાના હુકમમાં, પોતાના નિર્ણયની સંબંધિત હકીકતો અને આધાર જણાવવો જોઇશે.

(૭) હુકમમાં માંગેલ વેરો, વ્યાજ અને દંડની રકમ, નોટિસમાં નિર્દિષ્ટ રકમ કરતાં વધુ હોવી જોઇશે નહિ અને નોટિસમાં નિર્દિષ્ટ કારણો સિવાયના બીજા કોઇ કારણસર માંગણીને બહાલી આપવી જોઇશે નહિ.

(૮) એપેલેટ ઓથોરિટી, અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા કોર્ટ, યોગ્ય અધિકારીએ નક્કી કરેલી વેરાની રકમમાં ફેરફાર કરે, ત્યારે વ્યાજ અને દંડની રકમ, એવી રીતે ફેરફાર કરેલી રકમને વિચારણામાં લઇને, તદનુસાર ફેરફાર થયેલી રહેશે.

(૯) વેરા જવાબદારી નક્કી કરતાં હુકમમાં નિર્દિષ્ટ કરેલ હોય કે ન હોય,તો પણ, ઓછા ચૂકવેલા અથવા નહિ ચૂકવેલા વેરા ઉપર વ્યાજ ચૂકવવાપાત્ર થશે.

(૧૦) કલમ ૭૩ ની પેટા–કલમ (૧૦) માં જોગવાઇ કર્યા પ્રમાણે ત્રણ વર્ષની અંદર અથવા કલમ ૭૪ ની પેટા–કલમ (૧૦)માં જોગવાઇ કર્યા પ્રમાણે પાંચ વર્ષની અંદર હુકમ કાઢવામાં ન આવે, તો ન્યાય નિર્ણય કાર્યવાહી પૂરી થયેલી ગણાશે.

(૧૧) જે મુદ્દા પર એપેલેટ ઓથોરિટી અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા હાઇકોર્ટે નિર્ણય આપેલ હોય જે બીજી કોઇ કાર્યવાહીમાંના મહેસૂલ હિતને પ્રતિકૂળ હોય અને એપેલેટ ઓથોરિટી, એપેલેટ ટ્રિબ્યુનલ અથવા હાઇકોર્ટના એવા નિર્ણયની સામે એપેલેટ ટ્રિબ્યુનલ અથવા હાઇકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં અપીલ પડતર હોય ત્યારે, એપેલેટ ઓથોરિટી અને એપેલેટ ટ્રિબ્યુનલના નિર્ણયની તારીખ વચ્ચેની, એપેલેટ ટ્રિબ્યુનલ અને હાઇકોર્ટના નિર્ણયની તારીખ વચ્ચેની અથવા હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના નિર્ણયની તારીખ વચ્ચેની વીતેલી મુદતને, કલમ ૭૩ની પેટા–કલમ (૧૦) અથવા કલમ ૭૪ની પેટા–કલમ (૧૦) હેઠળ કારણદર્શક નોટિસ આપીને કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય, ત્યારે સદરહુ કલમોમાં ઉલ્લેખેલ મુદતની ગણતરી કરવામાં બાકાત રાખવી જોઇશે.

(૧૨) કલમ ૭૩ અથવા કલમ ૭૪ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૩૯ હેઠળ પૂરા પાડેલ પત્રક અનુસાર સ્વ–આકારેલી વેરાની રકમ, પૂર્ણતઃ અથવા અંશત: વણચૂકવાયેલી રહે અથવા એવા વેરા પર ચૂકવવાપાત્ર કોઇ વ્યાજની રકમ વણચૂકવાયેલી રહે ત્યારે, તેની વસૂલાત, કલમ ૭૯ ની જોગવાઇઓ હેઠળ કરવી જોઇશે.

(૧૩) કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ કોઇ દંડ લાદવામાં આવેલ હોય, ત્યારે એવા કોઇ કૃત્ય અથવા ચૂક બદલ, આ અધિનિયમની કોઇ બીજી જોગવાઇ હેઠળ તે જ વ્યકિત પર કોઇ દંડ લાદવામાં આવશે નહિ.

ઉઘરાવેલ વેરો સરકારને નહિ ચૂકવવા બાબત.

૭૬. (૧) કોઇ એપેલેટ ઓથોરિટી અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા કોર્ટના કોઇ હુકમ અથવા આદેશમાં અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોઅથવા તત્સમયે અમલી બીજા કોઇ કાયદાની બીજી કોઇ જોગવાઇઓમાં વિરુધ્ધનો કોઇપણ મજકૂર હોય તે છતાં, કોઇપણ વ્યકિત કે જેણે આ અધિનિયમ હેઠળ વેરા તરીકેની કોઇ રકમ બીજી વ્યકિત પાસેથી ઉઘરાવેલ હોય અને સરકારને તે રકમ ચૂકવી ન હોય, ત્યારે તેણે, જે પુરવઠાના સંબંધમાં આવી રકમ વસૂલ કરવામાં આવી હોય તે પુરવઠો વેરાપાત્ર હોય કે ન હોય તે બાબત લક્ષમાં લીધા સિવાય, તરત જ,સદરહુ રકમ સરકારને ચૂકવવી જોઇશે.

(૨) પેટા–કલમ(૧) હેઠળ સરકારને કોઇ રકમ ચૂકવવી જરૂરી હોય અને તે ચૂકવેલ ન હોય ત્યારે, યોગ્ય અધિકારીએ એવી રકમ ચૂકવવાને જવાબદાર વ્યકિતને, નોટિસમાં જણાવેલ સદરહુ રકમ એવી વ્યકિતએ શા માટે સરકારને ચૂકવેલ નથી અને આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ નોટિસમાં જણાવેલ સદરહુ રકમ જેટલો દંડ શા માટે તેના પર ન લાદવો તેના કારણો દર્શાવવા ફરમાવતી નોટિસ બજાવવી જોઇશે.

(૩) યોગ્ય અધિકારીએ,પેટા–કલમ (૨) હેઠળ જેની ઉપર નોટિસ બજાવવામાં આવેલ હોય તેવી વ્યકિતની રજૂઆત કોઇ હોય, તો તેને વિચારણામાં લઇને, તેવી વ્યકિત પાસેથી લેણી વેરાની રકમ નક્કી કરવી જોઇશે અને ત્યારપછી તેવી વ્યકિતએ એવી નક્કી કરેલ રકમ ચૂકવવી જોઇશે.

(૪) પેટા–કલમ (૧) માં ઉલ્લેખેલી વ્યકિત,પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૩) માં ઉલ્લેખેલી રકમ ચૂકવવા ઉપરાંત, તેણે આવી રકમ વસૂલ કર્યાની તારીખથી તે સરકારને એવી રકમ ચૂકવે તે તારીખ સુધી, કલમ ૫૦ હેઠળ નિર્દિષ્ટ કરેલ દરે, તેના ઉપર વ્યાજ ચૂકવવા પણ જવાબદાર થશે.

(૫) કારણદર્શક નોટિસ જેને બજાવવામાં આવેલ હોય તેવી વ્યકિત તરફથી લેખિતમાં વિનંતી મળ્યે, સુનાવણીની તક આપવામાં આવશે.

(૬) યોગ્ય અધિકારીએ, નોટિસ કાઢ્યાની તારીખથી એક વર્ષની અંદર હુકમ કાઢવો જોઇશે.

(૭) કોર્ટ અથવા એપેલેટ ઓથોરિટીના હુકમથી, એવા હુકમ કાઢવા પર મનાઇ કરવામાં આવેલ હોય ત્યારે, એવી મનાઇની મુદતને એક વર્ષની મુદતની ગણતરી કરવામાંથી બાકાત કરવામાં આવશે.

(૮) યોગ્ય અધિકારીએ, તેના હુકમમાં, પોતાના નિર્ણયની સંબંધિત હકીકતો અને આધાર જણાવવા જોઇશે.

(૯) પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ(૩) હેઠળ સરકારને ચૂકવેલી રકમને, પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ પૂરવઠાના સબંધમાં, વ્યકિતએ, કોઇ વેરો ચૂકવવાપાત્ર હોય તો તેની સામે સરભર કરવી જોઇશે.

(૧૦) પેટા–કલમ (૯) હેઠળ સરભર કર્યા પછી કોઇ રકમ બાકી રહે ત્યારે, એવી રકમ ફંડમાં જમા કરવી જોઇશે અથવા એવી રકમનું ભારણ જેણે વેઠ્યું હોય તેવી વ્યકિતને રિફંડ કરવી જોઇશે.

(૧૧) રકમનું ભારણ જે વ્યકિતએ વેઠયું હોય તે વ્યકિત, કલમ ૫૪ ની જોગવાઇઓ અનુસાર તેના રિફંડ માટે અરજી કરી શકશે.

ખોટી રીતે વેરો વસૂલ કરીને કેન્દ્ર સરકારને અને રાજ્ય સરકારને ચૂકવવા બાબત.

૭૭. (૧) નોંધાયેલી વ્યકિતએ રાજયાંતર્ગત પુરવઠો ગણીને કરેલી લેવડદેવડ પર કેન્દ્રીય વેરો અથવા રાજ્યવેરો ચૂકવેલ હોય, પણ પાછળથી તેને આંતર–રાજ્ય પુરવઠા તરીકે ઠરાવવામાં આવે ત્યારે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોએ એવી રીતે ચૂકવેલ વેરાની રકમ તેને રિફંડ કરવી જોઇશે.

(૨) નોંધાયેલી વ્યકિતએઆંતર–રાજય પુરવઠો ગણીને કરેલી લેવડદેવડ પર સંકલિત વેરો ચૂકવેલ હોય, પણ પાછળથી તેને રાજયાંતર્ગત પુરવઠા તરીકે ઠરાવવામાં આવે ત્યારે, ચૂકવવાપાત્ર રાજ્યવેરાની રકમ ઉપર તેણે કોઇ વ્યાજ ચૂકવવાનું રહેશે નહિ.

વસૂલાતની કાર્યવાહીઓ શરૂ કરવા બાબત.

૭૮. આ અધિનિયમ હેઠળ પસાર કરેલ કોઇ હુકમ અનુસાર વેરાપાત્ર વ્યકિતએ ચૂકવવાપાત્ર કોઇ રકમ, એવી વ્યકિતએ, એવા હુકમની બજવણીની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર ચૂકવવી જોઇશે અને તેમાંચૂક થયે વસૂલાતની કાર્યવાહીઓ શરૂ કરવામાં આવશે :

પરંતુ યોગ્ય અધિકારીને મહેસૂલી હિતમાં ઇષ્ટ જણાય ત્યારે, તેઓ, લેખિતમાં કારણોની નોંધ કરીને,સદરહુ વેરાપાત્ર વ્યકિતને, તેઓ નિર્દિષ્ટ કરે તેટલી ત્રણ મહિનાથી ઓછી મુદતની અંદર, એવી ચૂકવણી કરવા ફરમાવી શકશે.

વેરાની વસૂલાત.

૭૯. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇ હેઠળ કોઇ વ્યકિતએ સરકારને ચૂકવવાપાત્ર કોઇ રકમ ચૂકવવામાં ન આવેલ હોય ત્યારે, યોગ્ય અધિકારીએ,નીચે પૈકીની એક અથવા વધુ રીતે, રકમ વસૂલવાની કાર્યવાહી કરવી જોઇશે:–

(ક) યોગ્ય અધિકારી અથવા એવા બીજા નિર્દિષ્ટ કરેલ અધિકારીના નિયંત્રણ હેઠળના એવી વ્યકિતના કોઇ નાણામાંથી, યોગ્ય અધિકારી, એવી ચૂકવવાપાત્ર રકમની કપાત કરી શકશે અથવા એવા બીજા નિર્દિષ્ટ અધિકારીને તે રકમની કપાત કરવા ફરમાવી શકશે;

(ખ) યોગ્ય અધિકારી અથવા એવા બીજા નિર્દિષ્ટ અધિકારીના નિયંત્રણ હેઠળના એવી વ્યકિતના માલને અટકાવીને અને વેચીને, યોગ્ય અધિકારી, એવી ચૂકવવાપાત્ર રકમ વસૂલ કરી શકશે અથવા એવા બીજા નિર્દિષ્ટ અધિકારીને તે રકમ વસૂલ કરવા ફરમાવી શકશે;

(ગ) (૧) યોગ્ય અધિકારી, લેખિતમાં નોટિસ આપીને, એવી વ્યકિતના નાણા જેની પાસેથી લેણાં હોય અથવા લેણાં થઇ શકે તેવી કોઇ બીજી વ્યકિતને અથવા એવી વ્યકિત માટે અથવા તેના વતી નાણાં ધરાવતી હોય અથવા ત્યારપછીથી ધરાવી શકે તેવી વ્યકિતને, લેણાં થતાં અથવા ધરાવેલ નાણા, તાત્કાલિક અથવા નાણા લેણા થાય કે ધરાવે તે પહેલાંની ન હોય તેવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલ મુદતમાં એવી વ્યકિત પાસેથી લેણી થતી રકમ ચૂકવવા પૂરતાં અથવા તે રકમ જેટલી જ રકમ હોય અથવા તેનાથી ઓછી રકમ હોય, ત્યારે સંપૂર્ણ નાણાં, સરકારને ચૂકવવા ફરમાવી શકશે;

(૨) પેટા–ખંડ(૧) હેઠળ જેના પર નોટિસ કાઢેલ હોય તેવી દરેક વ્યકિત એવી નોટિસનું પાલન કરવા બંધાયેલી રહેશે અને ખાસ કરીને જ્યારે એવી કોઇ નોટિસ ટપાલ કચેરી, બેકિંગ કંપની અથવા વીમો ઉતારનારને આપેલી હોય ત્યારે, કોઇ નિયમ, પ્રણાલી અથવા કોઇ આવશ્યકતા વિરુદ્ધની હોય તે છતાં, ચુકવણી કરતાં પહેલાં, કરવાની કોઇ નોંધ,શેરા અથવા એવી બીજી બાબતના હેતુ

માટે, કોઇ પાસ–બુક,જમા–પહોંચ, પોલિસી અથવા કોઇ બીજો દસ્તાવેજ રજૂ કરવાનું જરૂરી રહેશે નહિ;

(૩) પેટા–ખંડ (૧) હેઠળ જેના પર નોટિસ કાઢેલી હોય તે વ્યકિત, તદનુસાર સરકારને ચૂકવણી કરવામાં ચૂક કરે તો, તેને નોટિસમાં જણાવેલી રકમના સબંધમાં કસૂરવાર ગણવામાં આવશે અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળના તમામ પરિણામો ભોગવશે.

(૪) પેટા–ખંડ(૧) હેઠળ નોટિસ કાઢનાર અધિકારી, કોઇપણ સમયે, એવી નોટિસ સુધારી શકશે અથવા રદ કરી શકશે અથવા નોટિસ અનુસાર કોઇ ચુકવણી કરવાનો સમય લંબાવી શકશે.

(૫) પેટા–ખંડ(૧) હેઠળ કાઢેલી નોટિસના પાલનમાં કોઇ ચુકવણી કરતી કોઇ વ્યકિતએ, કસૂરવાર વ્યકિતના અધિકાર હેઠળ ચુકવણી કરેલ હોવાનું ગણાશે અને એવી સરકારમાં જમા થયેલી રકમથી, રસીદમાં નિર્દિષ્ટ કરેલી રકમના પ્રમાણમાં એવી વ્યકિતની કસૂરવાર વ્યકિત પ્રત્યેની જવાબદારી યોગ્ય અને પૂરતી રીતે અદા થયેલ હોવાનું ગણાશે.

(૬) પેટા–ખંડ(૧) હેઠળ પોતાની ઉપર કાઢેલી નોટિસ પછી કસૂરવાર વ્યકિત પ્રત્યેની કોઇ જવાબદારી અદા કરતી કોઇ વ્યકિત, તેણે નિભાવેલી જવાબદારીના પ્રમાણમાં, અથવા કસૂરવાર વ્યકિતની વેરા, વ્યાજ અને દંડ માટેની જવાબદારીના પ્રમાણમાં બેમાંથી જે ઓછું હોય તેટલા પ્રમાણમાં સરકારને વ્યકિતગત રીતે જવાબદાર રહેશે.

(૭) પેટા–ખંડ(૧) હેઠળ જેના ઉપર નોટિસ બજાવવામાં આવેલ હોય તે વ્યકિત, નોટિસ કાઢનાર વ્યકિતને ખાતરી થાય તે રીતે સાબિત કરે કે માંગેલ નાણા કે તેના કોઇ ભાગ, તેને જ્યારે નોટિસ બજાવવામાં આવી ત્યારે, કસૂરવાર વ્યકિતના લેણાં નથી અથવા કસૂરવાર વ્યકિત માટેઅથવા તેના વતી તે કોઇ પણ નાણા ધરાવતી નથી અથવા માંગેલ નાણા અથવા તેનો કોઇ ભાગ,સદરહુ વ્યકિતનો લેણો થવાનો નથી અથવા તેવી વ્યકિત માટે અથવા તેના વતી ધરાવવાની નથી, ત્યારે આ કલમના કોઇપણ મજકૂરથી નોટિસ જેના પર બજાવવામાં આવેલી છે તેવી વ્યકિતને એવા કોઇ પણ નાણાં અથવા તેનો ભાગ સરકારને ચૂકવવાનું ફરમાવેલ છે તેમ ગણાશે નહિ.

(૮) યોગ્ય અધિકારી, આ અર્થે કરવામાં આવે તેવા નિયમો અનુસાર,એવી વ્યકિતની માલિકીની અથવા તેના નિયંત્રણ હેઠળની કોઇ જંગમ અથવા સ્થાવર મિલકત જપ્તકરી શકશે અને રકમની ચૂકવણી ન થાય ત્યાંસુધી તેને અટકમાં રાખી શકશે; અને ચૂકવવાપાત્ર સદરહુ રકમનો કોઇ ભાગ, અથવા જપ્તીનું અથવા મિલકત રાખવાનું ખર્ચ એવી રીતે જપ્ત કર્યા પછીના ત્રીસ દિવસની મુદત માટે વણચૂકવેલું રહે ત્યારે, એવી મિલકતનું વેચાણ કરાવી શકશે અને એવા વેચાણની ઉપજથી, ચૂકવવાપાત્ર રકમ અને વણચૂકવેલ વેચાણના ખર્ચ સહિતના ખર્ચ રકમસરભર કરી શકશે અને કોઇ ફાજલ રકમ હોય તો, એવી વ્યકિતને આપી શકશે;

(૯) યોગ્ય અધિકારીએવી વ્યકિત તરફથી લેણી રકમ નિર્દિષ્ટ કરીને પોતે સહી કરેલું પ્રમાણપત્ર તૈયાર કરી શકશે અને એવી વ્યકિતની કોઇ મિલકત જ્યાં આવેલી હોય અથવા તે જ્યાં રહેતી હોય અથવા પોતાનો ધંધો કરતી હોય તે જિલ્લાના કલેકટરને અથવા સરકારે અધિકૃત કરેલા કોઇ અધિકારીને મોકલી શકશે અને સદરહુ કલેકટર અથવા સદરહુ અધિકારીએ, એવું પ્રમાણપત્ર મળ્યે, તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ જાણે કે જમીન મહેસૂલની બાકી હોય તેમ, એવી વ્યકિત પાસેથી વસૂલ કરવા માટેની કાર્યવાહી કરવી જોઇશે;

સન ૧૯૭૪નો ૨જો. (૧૦) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ માં ગમે તે મજકૂર હોય તે છતાં, યોગ્ય અધિકારી, ઉચિત મેજિસ્ટ્રેટને અરજી ફાઇલ કરી શકશે અને એવા મેજિસ્ટ્રેટે તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ જાણે કે તે, તેમણે નાખેલ દંડ હોય તેમ, એવી વ્યકિત પાસેથી વસૂલ કરવા માટેની કાર્યવાહી કરવી જોઇશે.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો અથવા વિનિયમો હેઠળ કરેલા કોઇ બોન્ડ અથવા લેખમાંની શરતોમાં એવી જોગવાઇ કરેલી હોય કે એવા લેખ હેઠળની લેણી રકમ, પેટા–કલમ(૧) માં નક્કી કરેલી રીતે વસૂલ કરવી ત્યારે, એવી રકમ, વસૂલાતની અન્ય કોઇ રીતને બાધ આવ્યા સિવાય, તે પેટા–કલમની જોગવાઇઓ અનુસાર વસૂલ કરી શકાશે.

(૩) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇ હેઠળ કોઇ વ્યકિત દ્વારા વેરા, વ્યાજ, અથવા દંડની રકમ સરકારને ચૂકવવાપાત્ર હોય અને તે વણચૂકવાયેલી રહે ત્યારે, કેન્દ્રીય વેરાના યોગ્ય અધિકારી,સદરહુ વેરાની બાકીની વસૂલાત દરમિયાન, તે રકમ જાણે કે કેન્દ્રીય વેરાની બાકી હોય તેમ,સદરહુ વ્યકિત પાસેથી વસૂલ કરી શકશે અને એવી રીતે વસૂલેલી રકમ સરકારના ખાતામાં જમા કરી શકશે.

(૪) પેટા–કલમ (૩) હેઠળ વસૂલ કરેલી રકમ, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની લેણી રકમ કરતાં ઓછી હોય ત્યારે સંબંધિત સરકારોના ખાતામાં જમા કરવાની રકમ, એવી દરેક સરકારની લેણી રકમના પ્રમાણસર રહેશે.

રા અને અન્ય કમની હપતામાં ુકવણી.

૮૦. વેરાપાત્ર વ્યકિત દ્વારા અરજી કરવામાં આવ્યે, કમિશનર, લેખિતમાં કારણોની નોંધ કરીને, કલમ ૫૦ હેઠળ વ્યાજની ચૂકવણીને અધીન રહીને અને ઠરાવવામાં આવે તેવી શરતો અને મર્યાદાને અધીન રહીને, ચુકવણી માટેનો સમય લંબાવી શકશે અથવા કોઇ પત્રકમાં સ્વ–આકારેલી જવાબદારી મુજબ લેણી થતી રકમ સિવાયની આ અધિનિયમ હેઠળ કોઇ લેણી થતી રકમની ચુકવણી, એવી વ્યકિત દ્વારા ચોવીસ કરતાં વધુ નહિ તેટલા માસિક હપ્તામાં કરવાની છૂટ આપી શકશે:

પરંતુ તેની લેણી તારીખના રોજ કોઇ એક હપ્તાની ચૂકવણીમાં કસૂર થાય તો, એવી તારીખે ચૂકવવાપાત્ર સમગ્ર બાકી પુરાંત લેણું થશે અને તત્કાળ ચૂકવવાપાત્ર થશે અને એવી વ્યકિત ઉપર કોઇ વધુ નોટિસની બજવણી વિના, વસૂલાતને પાત્ર થશે.

મમુક કિસ્સામાં મેલકતની ાબદીલી રદ થવા ાબત.

૮૧. કોઇ વ્યકિત તેની પાસે કોઇ રકમ લેણી થયા પછી પોતાની માલિકીની અથવા પોતાના કબજામાં રહેલી કોઇ પણ પ્રકારની મિલકતો પર, વેચાણ, ગીરો, ફેરબદલી અથવા બીજી કોઇપણ તબદીલીની રીતે, કોઇ બીજી વ્યકિતની તરફેણમાં, સરકારી મહેસૂલ સાથે છેતરપિંડી કરવાના ઇરાદાથી, બોજો ઉભો કરે અથવા અથવા મિલકતની ફેરબદલી કરે ત્યારે, એવો બોજો અથવા તબદીલી,સદરહુ વ્યકિતએ ચૂકવવાપાત્ર કોઇ વેરા અથવા કોઇ બીજી રકમ સામેના કોઇ દાવા સામે રદ થશે:

પરંતુ એવો બોજો અથવા તબદીલી પૂરતાં અવેજ આપીને, શુદ્ધબુદ્ધિપૂર્વક અને આ અધિનિયમ હેઠળની એવી કાર્યવાહીઓની પડતરની નોટિસ વિના અથવા એવી વ્યકિતએ ચૂકવવાપાત્ર એવા વેરા અથવા બીજી રકમની નોટિસ વિના, અથવા યોગ્ય અધિકારીની પૂર્વ–મંજૂરીથી કરેલ હોય તો રદ થશે નહિ.

ન ૨૦૧૬નો ૧મો.

૮૨. તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ઇન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી કોડ, ૨૦૧૬ માં અન્યથા જોગવાઇ કરેલ હોય તે સિવાય, સરકારને ચૂકવવા જવાબદાર હોય તેવા કોઇ વેરા, વ્યાજ અને દંડને લીધે કોઇ વેરાપાત્ર વ્યકિત અથવા કોઇ બીજી વ્યકિતએ ચૂકવવાપાત્ર કોઇ રકમ, એવી વેરાપાત્ર વ્યકિત અથવા બીજી વ્યકિતની મિલકત ઉપર પ્રથમ બોજો રહેશે. **વેરો–એ મિલકત પરનો પ્રથમ બોજો ગણાશે.**

૮૩. (૧) કલમ ૬૨ અથવા કલમ ૬૩ અથવા કલમ ૬૪ અથવા કલમ ૬૭ અથવા કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળની કોઇ કાર્યવાહી પડતર હોય તે દરમિયાન, કમિશનરનો એવો અભિપ્રાય હોય કે સરકારી મહેસૂલના હિતના રક્ષણના હેતુ માટે એમ કરવું જરૂરી છે તો, તેઓ લેખિતમાં હુકમ **અમુક કિસ્સામાં મહેસૂલનું રક્ષણ કરવા કામચલાઉ જપ્તી.**

કરીને, ઠરાવવામાં આવે તેવી રીતે વેરાપાત્ર વ્યક્તિની માલિકીના બેંક ખાતા સહિતની કોઇ પણ મિલકત કામચલાઉ રીતે જપ્ત કરી શકશે.

(૨) આવી દરેક કામચલાઉ જપ્તી, પેટા–કલમ (૧) હેઠળ કરવામાંઆવેલા હુકમની તારીખથી એક વર્ષની મુદત પૂરી થયા પછી, અમલમાં હોતી બંધ થશે.

વસૂલાતની અમુક કાર્યવાહીઓ ચાલુ રહેવા અને માન્ય રહેવા બાબત.

૮૪. આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર કોઇ વેરો, વ્યાજ, દંડ અથવા કોઇ બીજી રકમ (આ કલમમાં હવે પછી જેને "સરકારીલેણાં"તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સબંધમાં કોઇ માંગણીની નોટિસ કોઇ વેરાપાત્ર વ્યક્તિ અથવા કોઇ બીજી વ્યક્તિ ઉપર બજાવેલી હોય અને એવા સરકારી લેણાંના સબંધમાં કોઇ અપીલ અથવા ફેરવિચારણા અરજી ફાઇલ કરેલી હોય અથવા બીજી કાર્યવાહીઓ શરૂ કરેલી હોય ત્યારે–

(ક) એવા સરકારી લેણાંનો, એવી અપીલ, ફેરવિચારણા અથવા બીજી કાર્યવાહીમાં વધારો કરવામાં આવે ત્યારે, કમિશનર, એવી વેરાપાત્ર વ્યક્તિ અથવા બીજી કોઇ વ્યક્તિઉપર, એવા સરકારી લેણાંમાં જેટલો વધારો થયેલ હોય તેટલી રકમના સબંધમાં માંગણીની બીજી નોટિસ બજાવશે અને એવી અપીલ, ફેરવિચારણા અથવા બીજી કાર્યવાહીઓના નિકાલ પહેલાં તેના ઉપર બજાવેલી નોટિસ હેઠળ આવરી લીધેલ એવા સરકારીલેણાંને સંબંધિત કોઇ વસૂલાત કાર્યવાહીઓ, કોઇ નવી માંગણીની નોટિસનીબજવણી વિના, એવા નિકાલની તરત પહેલાં જે તબક્કે એવી કાર્યવાહીઓ હોય તે તબકકેથી ચાલુ રહેશે;

(ખ) એવી અપીલ,ફેરવિચારણા અથવા બીજી કાર્યવાહીઓમાં એવા સરકારી લેણાંમાં ઘટાડો થાય ત્યારે –

(૧) વેરાપાત્ર વ્યક્તિ ઉપર નવી માંગણીની નોટિસ બજાવવાનું કમિશનર માટે જરૂરી રહેશે નહિ;

(૨) કમિશનર એવા ઘટાડાની તેને અને જેની પાસે વસૂલાત કાર્યવાહીઓ પડતર હોય તેવા ઉચિત સત્તાકારીને જાણ કરશે;

(૩) એવી અપીલ, ફેરવિચારણા અથવા બીજી કાર્યવાહીઓના નિકાલ પહેલાં, તેના ઉપર બજાવેલી માંગણીના આધારે શરૂ કરેલી કોઇ વસૂલાત કાર્યવાહીઓ, એવા નિકાલની તરત પહેલાં જે તબક્કે એવી કાર્યવાહીઓ હોય તે તબક્કેથી એવી ઘટાડેલી રકમના સંબંધમાં ચાલુ રહેશે.

પ્રકરણ– ૧૬

અમુક કિસ્સામાં ચૂકવવાની જવાબદારી

ધંધાની તબદીલીના કિસ્સામાં જવાબદારી.

૮૫.(૧) (૧)આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવા જવાબદાર હોય તેવી વેરાપાત્ર વ્યક્તિ, વેચાણ, બક્ષિક્ષ, પટા,અનુમતિ અને લાઇસન્સ, ભાડેથી અથવા કોઇ પણ બીજી રીતે , સમગ્ર: અથવા અંશત: રીતે પોતાનો ધંધો તબદીલ કરે ત્યારે, વેરાપાત્ર વ્યક્તિ અથવા એવી રીતે ધંધો જેને તબદીલ કરવામાં આવેલ હોય તે વ્યક્તિ,સંયુકત રીતે અને વ્યકિતગત રીતે, એવી તબદીલીના સમય સુધીની વેરાપાત્ર વ્યકિતની લેણી થતી વેરા, વ્યાજ અથવા દંડની કોઇ રકમ સંપૂર્ણપણે અથવા એવી તબદીલીના પ્રમાણમાં ચૂકવવા જવાબદાર થશે, પછી આવી વેરા, વ્યાજ અથવા દંડની રકમ, આવી તબદીલી પહેલાં નક્કી કરવામાં આવેલ હોય, પણ વણચુકવાયેલી રહેલ હોય અથવા ત્યાર બાદ નક્કી કરવામાં આવેલ હોય.

(૨) પેટા–કલમ (૧) માં ઉલ્લેખેલ ધંધાને તબદીલીથી લેનાર, પોતાના નામે અથવા કોઇ બીજા નામે ધંધો હોય ત્યારે, તેણે કરેલ માલ, અથવા સેવા અથવા બન્નેના પુરવઠા પર એવી તબદીલીની

તારીખથી વેરો ચૂકવવા જવાબદાર રહેશે અને તે, આ અધિનિયમ હેઠળ નોંધાયેલી વ્યકિત હોય તો તેણે ઠરાવેલ સમયમાં તેના નોંધણી પ્રમાણપત્રમાં સુધારો કરવા અરજી કરવી જોઇશે.

એજેન્ટ અને માલિકની જવાબદારી.

૮૬. કોઇ એજન્ટ પોતાના માલિક વતી, કોઇપણ વેરાપાત્ર માલ મોકલે અથવા મેળવે ત્યારે, એવો એજન્ટ અને તેના માલિક, સંયુકત રીતે અથવા વ્યકિતગત રીતે, આ અધિનિયમ હેઠળ એવા માલ ઉપર ચૂકવવા પાત્ર વેરો ભરવાને જવાબદાર થશે.

કંપની જોડાણ અથવા વિલય થવાના કિસ્સામાં જવાબદારી.

૮૭.(૧) કોર્ટના અથવા ટ્રિબ્યુનલના હુકમ અનુસાર અથવા અન્યથા બે અથવા વધારે કંપનીઓનું જોડાણ અથવા વિલીનીકરણ થાય અને હુકમનો હુકમની તારીખ પહેલાંથી અમલ કરવાનો હોય અનેઆવી કોઇપણ બે અથવા તેથી વધુ કંપનીઓએ જે તારીખથી આવા હુકમનો અમલ થવાનો હોય તે તારીખથી શરૂ થતી અને હુકમની તારીખ સુધીની મુદત દરમિયાન કોઇ માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરો પાડેલ હોય અથવા એકબીજી કંપનીઓ તરફથી મેળવેલ હોય ત્યારે, માલ મોકલવા અને મેળવવા અંગેની આવી લેવડદેવડનો સંબંધિત કંપનીના મોકલેલ પુરવઠા અથવા મળેલ માલના ટર્નઓવરમાં સમાવેશ થશે અને તદ્અનુસાર તેઓ વેરો ચૂકવવાને જવાબદાર થશે.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે સદરહુ હુકમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સદરહુ બે અથવા વધુ કંપનીઓ, સદરહુ હુકમની તારીખ સુધીની મુદત માટે, વિશિષ્ટ કંપનીઓ તરીકે ગણાશે અને સદરહુ કંપનીના નોધણી પ્રમાણપત્રો સદરહુ હુકમની તારીખથી અમલમાં આવે તેમ રદ થયેલા ગણાશે.

ફડચામાં ગયેલી કંપનીના કિસ્સામાં કંપનીની જવાબદારી.

૮૮. (૧) કોઇ કોર્ટના અથવા ટ્રિબ્યુનલના હુકમ હેઠળ અથવા અન્યથા કોઇ કંપનીને આટોપી લેવામાં આવી રહી હોય ત્યારે,કંપનીની કોઇપણ અસ્કયામતો મેળવનાર તરીકે નિમાયેલ દરેક વ્યકિતએ (જેનો આ કલમમાં હવે પછી, ફડચા અધિકારી તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે,) પોતાની નિમણૂક પછી ત્રીસ દિવસની મુદતની અંદર, પોતાની નિમણૂક અંગેની જાણ કમિશનને કરવી જાઇશે.

(૨) કમિશનરે,પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી અને તેવી માહિતી મંગાવ્યા પછી, ફડચા અધિકારીની નિમણૂકની પોતાને જાણ થયાની તારીખથી ત્રણ મહિનાની મુદત અંદર, કમિશનરના અભિપ્રાય મુજબ કંપની દ્વારા તે સમયે ચૂકવવાપાત્ર હોય અથવા ત્યાર પછી ચૂકવવાપાત્ર બને તેવો સંભવ હોય, તેટલી રકમની, ફડચા અધિકારીને જાણ કરવી જોઇશે.

(૩) કોઇપણ ખાનગી કંપનીને આટોપી લેવામાં આવે અને કંપનીફડચામાં જતા પહેલા કે તે દરમિયાન અથવા તે પછી કોઇપણ મુદત માટે, આ અધિનિયમ હેઠળ નક્કી કરેલ કોઇપણ વેરો, વ્યાજ અથવા દંડ કંપની પાસેથી વસૂલ કરી શકાય નહિ,ત્યારે જે મુદત દરમિયાન વેરો લેણો નીકળતો હોય તેવી કોઇપણ મુદતના સમયે એવી કંપનીની ડીરેકટર હોય તેવી દરેક વ્યકિત એવા વેરા, વ્યાજ અથવા દંડભરવા માટે સંયુકત રીતે અથવા વ્યકિતગત રીતે જવાબદાર રહેશે, સિવાય કે તે કમિશનરને ખાતરીથાય તે રીતે પુરવાર કરે કે કંપનીના કામકાજના સંબંધમાં તેની કોઇ ગંભીર ઉપેક્ષા, અપકરતણ અથવા પોતાના પક્ષે ફરજ ભંગ થવાના કારણે આવી બિનવસુલાત થયેલ નથી.

ાનગી કંપનીના રેકટરની વાબદારી.

સન ૨૦૧૩નો ૧૮મો.

૮૯. (૧) કંપની અધિનિયમ, ૨૦૧૩–માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ ખાનગી કંપની પાસેથી કોઇપણ મુદત માટે માલ અથવા સેવા પૂરી પાડવા અથવા તે બંને સંબંધમાં બાકી રહેતો કોઇ વેરો, વ્યાજ અથવા દંડ વસૂલ કરી શકાશે નહિ. ત્યારે, ખાનગી કંપનીની ડીરેકટર હોય તેવી દરેક વ્યકિત એવી મુદત દરમિયાન એવા વેરા, વ્યાજ અથવા દંડની ચૂકવણી માટે સંયુકત રીતે અથવા વ્યકિતગત રીતે જવાબદાર રહેશે, સિવાય કે, તે એવું પુરવાર કરે કે તે કંપનીના કામકાજના સંબંધમાં કોઇ ગંભીર ઉપેક્ષા, અપકરણ અથવા તેના ભાગે ફરજના ભંગના કારણે આવી બિન–વસૂલાત કરી શકાઇ ન હોય.

(૨) કોઈ ખાનગી કંપનીનું જાહેર કંપનીમાં રૂપાંતર કરવામાં આવે અને આવી કંપની જે મુદત દરમિયાન ખાનગી કંપની હોય તેવી કોઈ મુદત માટે માલ અથવા સેવા અથવા તે બંનેના કોઈ પુરવઠાના સંબંધમાં વેરો, વ્યાજ અથવા દંડ, આવા રૂપાંતર પહેલાં વસૂલ કરી શકાયા ન હોય, ત્યારે પેટા–કલમ (૧)માંનો કોઈપણ મજકૂર,આવી ખાનગી કંપનીના માલ અથવા સેવા અથવા તે બંનેના આવા પુરવઠાને લગતા કોઈ વેરા, વ્યાજ અથવા દંડના સંબંધમાં ખાનગી કંપનાના ડિરેક્ટર હોય તેવી કોઈ વ્યકિતને લાગુ પડશે નહિ:

પરંતુ પેટા–કલમમાંનો કોઇપણ મજકૂર આવા ડીરિકટર પર નાખવામાં આવેલી કોઇપણ વ્યકિતગત દંડને લાગુ પડશે નહિ.

વેરો ચૂકવવાની ભાગીદારી પેઢીની જવાબદારી.

૯૦. વિરુદ્ધનો કોઈ કરાર અને તત્સમયે અમલમાં હોય તેવા કોઈ બીજા કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ પેઢી આ અધિનિયમ હેઠળ કોઈ વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવા જવાબદાર હોય ત્યારે, પેઢી અને પેઢીના દરેક ભાગીદારો એવી ચુકવણી માટે સંયુકત રીતે અને વ્યકિતગત રીતે જવાબદાર રહેશે:

પરંતુ કોઈ ભાગીદાર પેઢીમાંથી નિવૃત્ત થાય ત્યારે તેણે (ભાગીદારે) અથવા પેઢીએ સદરહુ ભાગીદારની નિવૃત્તિની તારીખ અંગે, લેખિતમાં તે અંગેની નોટિસથી કમિશનરને જાણ કરવી જોઇશે અને આવો ભાગીદાર તે તારીખે નક્કી કરવામાં આવી હોય કે ન હોય તો પણ તેની (ભાગીદાર) નિવૃત્તિની તારીખ સુધીમાં એવો ભાગીદાર બાકી વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવા માટે જવાબદાર થશે:

વધુમાં, નિવૃત્તિની તારીખથી એક મહિનાની મુદતની અંદર એવી માહિતી આપવામાં આવી ન હોય તો, પ્રથમ પરંતુક હેઠળ એવા ભાગીદારની જવાબદારી જે તારીખ સુધીમાં આવી માહિતી કમિશનરને મળે ત્યાં સુધી ચાલુ રહેશે.

ગાર્ડિયન, ટ્રસ્ટીઓ વગેરેની જવાબદારી.

૯૧. જે ધંધાના સંબંધમાં આ અધિનિયમ હેઠળ કોઈ વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવાપાત્ર હોય તે ધંધો, કોઇપણ ગાર્ડિયન, ટ્રસ્ટી અથવા સગીરનો એજન્ટ અથવા તે અર્થે બીજા સક્ષમ વ્યકિત દ્વારા અથવા એવા સગીર અથવા સક્ષમ વ્યકિતના ફાયદા માટે કરવામાં આવતો હોય, ત્યારે એવા ગાર્ડિયન અથવા ટ્રસ્ટી અથવા એજન્ટ પાસેથી,જાણે કે તે પોતે પુખ્ત અથવા સક્ષમ વ્યકિતની જેમ ધંધો ચલાવતો હોય અને જાણે કે પોતે ધંધાનું સંચાલન કરતો હોય તેમ આવા કોઈ સગીર અથવા બીજા કોઈ સક્ષમ વ્યકિત માટે નક્કી કરેલ હોય અને તેની પાસેથી વસૂલ કરવાપાત્ર હોય, તે રીતે અને તેટલા પ્રમાણમાં, વેરો, વ્યાજ અથવા દંડ લેવો જોઈશે અને વસૂલવો જોઈશે અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ નિયમોની તમામ જોગવાઈઓ તદનુસાર લાગુ પડશે.

પાલ્ય કોર્ટ વગેરેની જવાબદારી.

૯૨. આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર હોય તેવા કોઈ વેરા, વ્યાજ અથવા દંડના સંબંધમાં, વ્યવસાય (ધંધા)ની માલિકી ધરાવતી વેરાપાત્ર વ્યકિતની મિલકત (એસ્ટેટ) અથવા મિલકતનો કોઈ ભાગ, પાલ્ય કોર્ટ, કોર્ટના કોઈ હુકમથી અથવા તે હેઠળ નીમાયેલા મહાવહીવટદાર, સરકારી ટ્રસ્ટી અથવા કોઇ પ્રાપ્તકર્તા અથવા મેનેજર (કોઇ વ્યકિત, જે કોઇપણ તેમનો હોદ્દો હોય અને જે વાસ્તવમાં વ્યવસાય (ધંધા)નું સંચાલન કરતી હોય તે સહિત)ના નિયંત્રણ હેઠળ હોય, ત્યારે, આવી પાલ્ય કોર્ટ, મહાવહીવટદાર, સરકારી ટ્રસ્ટી, પ્રાપ્તકર્તા અથવા મેનેજર પાસેથી, તે પોતે વ્યવસાય (ધંધો) ચલાવતા હોય તેમ, વેરાપાત્ર વ્યકિત પાસેથી વેરો, વ્યાજ અથવા દંડ નક્કી કરવામાં આવે અને વસૂલાત હોય તે જ પ્રમાણે અને તેટલે અંશે વેરો, વ્યાજ અથવા દંડ લેવામાં આવશે અને વસૂલાતપાત્ર રહેશે અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની તમામ જોગવાઇઓ તદનુસાર લાગુ પડશે.

મુક કેસોમાં
ા, વ્યાજ અથવા
ચૂકવવા
બંધી ખાસ
ગવાઈઓ.

૯૩.(૧) ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી અધિનિયમ, ૨૦૧૬માં અન્યથા જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવા જવાબદાર હોય તે વ્યક્તિ મૃત્યુ પામે તેના મૃત્યુ પહેલાં એવો વેરો, વ્યાજ અથવા દંડ નક્કી કરવામાં આવ્યો હોયકે ન હોય, પરંતુ ચુકવવાનો બાકી રહ્યો હોય અથવા તેના મૃત્યુ પછી નક્કી કરવામાં આવ્યો હોયત્યારે, સન ૨૦૧૬નો ૩૧મો.

(ક) કોઇ વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતો ધંધો, તેના મૃત્યુ પછી તેના કાયદેસર પ્રતિનિધિ અથવા અન્ય વ્યક્તિ દ્વારા ચાલુ હોય તો, તેવા કાયદેસર પ્રતિનિધિ અથવા અન્ય વ્યક્તિ આ અધિનિયમ હેઠળ બાકી વેરો, વ્યાજ અથવા દંડ ભરવાને જવાબદાર રહેશે; અને

(ખ) કોઇ વ્યક્તિએ ચાલુ રાખેલો ધંધો તેના મૃત્યુ પહેલાં કે પછી બંધ કરવામાં આવે તો, તેનો કાયદેસર પ્રતિનિધિ મૃતકની સંપત્તિમાંથી, જેટલા પ્રમાણમાં ચાર્જ વસૂલ કરી શકાય તેમ હોય તેટલા પ્રમાણમાં આ અધિનિયમ હેઠળ એવી વ્યકિત પાસેથી વેરો, વ્યાજ અથવા દંડ વસૂલ કરી શકાશે;

(૨)ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી અધિનિયમ, ૨૦૧૬માં અન્યથા જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવા જવાબદાર વેરાપાત્ર વ્યક્તિ હિન્દુ અવિભકત કુટુંબ અથવા વ્યક્તિઓના એસોસિએશનની હોય અને હિન્દુ અવિભકત કુટુંબ અથવા વ્યકિતઓના એસોસિએશનની મિલકતો જુદા જુદા સભ્યો અથવા સભ્યોના જૂથો વચ્ચે, વહેંચી દેવામાં આવી હોય, ત્યારે, દરેક સભ્ય અથવા સભ્યોના જૂથો, મિલકતની વહેંચણી કરવામાં આવે ત્યાં સુધીમાં, આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર વ્યકિત પાસેથી બાકી હોય, તેવો વેરો, વ્યાજ અથવા દંડ, એવો વેરો, દંડ અથવા વ્યાજ વહેંચણી પહેલા નક્કી કરવામાં આવ્યો હોય કે ના હોય પરંતુ ચૂકવવાનો બાકી હોય અથવા વહેંચણી પછી નક્કી કરવામાં આવ્યો હોય, તે વેરો, વ્યાજ અથવા દંડ, સંયુકત રીતે અથવા વ્યકિતગત રીતે ભરવાને જવાબદાર રહેશે. સન ૨૦૧૬નો ૩૧મો.

(૩) ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી અધિનિયમ, ૨૦૧૬માં અન્યથા જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડ ભરવાને જવાબદાર વેરાપાત્ર વ્યકિત, પેઢી હોય અને પેઢીનું વિસર્જન થાય ત્યારે, ભાગીદાર હોય તેવી દરેક વ્યકિત, વિસર્જન કરવામાં આવે ત્યાં સુધીમાં, આ અધિનિયમ હેઠળ પેઢી તરફના બાકી વેરા, વ્યાજ અથવા દંડ, એવો વેરો, વ્યાજ અથવા દંડ વિસર્જન પહેલા નક્કી કરવામાં આવ્યો હોય કે ના હોય પરંતુ ચુકવવામાં બાકી રહી ગયો હોય અથવા વિસર્જન પછી નક્કી કરવામાં આવ્યો હોય, તે વેરો, વ્યાજ અથવા દંડ સંયુકત રીતે અથવા વ્યકિતગત રીતે ભરવાને જવાબદાર રહેશે. સન ૨૦૧૬નો ૩૧મો.

ન ૨૦૧૬નો
૧મો.

(૪) ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી અધિનિયમ, ૨૦૧૬–માં અન્યથા જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડ ભરવાને જવાબદાર વેરાપાત્ર વ્યકિત,–

(ક) જે સગીર વતી ગાર્ડિયન દ્વારા ધંધો ચલાવવામાં આવતો હોય, તે સગીરનો ગાર્ડિયન હોય; અથવા

(ખ) લાભાર્થી માટે ટ્રસ્ટ હેઠળ ધંધો ચલાવનાર વ્યકિત ટ્રસ્ટી હોય, ત્યારે, ગાર્ડિયનશીપ અને ટ્રસ્ટને સમાપ્ત કરવામાં આવે તો, સગીર અથવા લાભાર્થી, ગાર્ડિયનશીપ અથવા ટ્રસ્ટની સમાપ્તિ સુધી, વેરાપાત્ર વ્યકિત તરફથી બાકી વેરો, વ્યાજ અથવા દંડ,એવો વેરો, વ્યાજ અથવા દંડ ગાર્ડિયનશીપ અથવા ટ્રસ્ટની સમાપ્તિ પહેલા નક્કી થયો હોય કે ન હોય પરંતુ ચુકવવાનો બાકી રહી ગયો હોય અથવા ત્યારબાદ નક્કી કરવામાં આવ્યો હોય, તે (વેરો, વ્યાજ અથવા દંડ) ચુકવવાને જવાબદાર રહેશે.

બીજા કેસોમાં જવાબદારી.

૯૪. (૧) વેરાપાત્ર વ્યકિત, કોઇ પેઢી, અથવા વ્યકિતઓનું એસોસિએશન અથવા હિન્દુ અવિભકત કુટુંબની હોય અનેઆવી પેઢી, એસોસિએશન અથવા કુટુંબ દ્વારા ધંધો બંધ કરી દેવામાં આવ્યો હોય ત્યારે,–

(ક) એવો ધંધો બંધ કરવાનું નક્કી કરવામાં આવે તેવી તારીખ સુધીમાં એવી પેઢી, એસોસિએશનઅથવા કુટુંબ દ્વારા આ અધિનિયમ હેઠળ ચુકવવાપાત્ર વેરો, વ્યાજ અથવા દંડ, જાણે કે એવો ધંધો બંધ કરવામાં આવ્યો ન હોય, અને

(ખ) દરેક વ્યકિત જે વ્યસાય (ધંધો) આ રીતે બંધ કર્યાના સમયે, આવી પેઢીની ભાગીદાર હોય અથવા એસોસિએશન અથવા કુટુંબની સભ્ય હોય, તે (વ્યવસાય) આ રીતે બંધ કર્યા હોય તેમ છતાં, નક્કી કરેલા અને લાદેલા દંડની ચુકવણી માટે સંયુકત અને વ્યકિતગત રીતે પાત્ર રહેશે અને આ વ્યવસાય (ધંધો) આ રીતે બંધ કર્યા પહેલા અથવા તે પછી જે વેરો અને વ્યાજ નક્કી કરવામાં આવ્યા હોય અથવા દંડ લાદવામાં આવ્યો હોય તેટલો વેરો અને વ્યાજ અથવા દંડ, આવી પેઢી, એસોસિએશન અથવા કુટુંબ દ્વારા ચૂકવવાપાત્ર રહેશે અને દરેક આવી વ્યકિત અથવા ભાગીદાર, અથવા સભ્ય, પોતે વેરાપાત્ર વ્યકિત હોય તો ઉપર જણાવેલી આ અધિનિયમની જોગવાઇઓ, તેટલે અંશે લાગુ પડશે.

(૨) પેઢી અથવા વ્યકિતઓના એસોસિએશનની રચના કરવામાં ફેરફાર કરવામાં આવ્યો હોય ત્યારે, પુન:રચના પહેલા તે પેઢીના ભાગીદારો અથવા એસોસિએશનના સભ્યો તરીકે એ વિધમાન હતા અથવા પુન:રચના પછી તે તરીકે વિધમાન હોય ત્યારે, તેઓ કલમ ૯૦ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, તેની પુન:રચના પહેલા કોઇપણ મુદત માટે એવી પેઢી અથવા એસોસિએશન તરફથી બાકી વેરો, વ્યાજ અથવા દંડ, સંયુકત રીતે અથવા વ્યકિતગત રીતે ભરવાને જવાબદાર થશે.

(૩) પેટા–કલમ (૧)ની જોગવાઇઓ વેરાપાત્ર વ્યકિતને લાગુ પડે છે તેટલે સુધી, વેરાપાત્ર વ્યકિત (તે) જેનું પેઢી અથવા વ્યકિતઓના એસોસિએશનનું વિસર્જન થયું હોય અથવા વેરાપાત્ર વ્યકિત જે હિન્દુ અવિભકત કુટુંબ હોય, તેના દ્વારા કરવામાં આવતા ધંધાના સંબંધમાં વિભાજનને અસર થઇ હોય અને તદનુસાર ધંધો બંધ કરવા માટે તે પેટા–કલમના સંદર્ભમાં, વિસર્જન કરવા અથવા વિભાજનના સંદર્ભ તરીકે ગણાશે.

સ્પષ્ટીકરણ: આ પ્રકરણના હેતુઓ માટે,–

સન ૨૦૦૯નો ૬૨.

(ક) મર્યાદિત જવાબદારી ભાગીદારી અધિનિયમ, ૨૦૦૮ની જોગવાઇઓ હેઠળ બનેલી અને રજિસ્ટર્ડ થયેલી ''મર્યાદિત જવાબદારી ભાગીદારી''ને પણ એક પેઢી તરીકે વિચારણામાં લઇ શકાશે.

(ખ) ''કોર્ટ'' એટલે જિલ્લા કોર્ટ, હાઇકોર્ટ અથવા સર્વોચ્ચ ન્યાયાલય.

પ્રકરણ–૧૭

અગ્રિમ ચુકાદો

વ્યાખ્યા.

૯૫. મુખ્ય પ્રકરણમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,

(ક) ''અગ્રિમ ચુકાદો'' એટલે અરજદાર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું હોય અથવા હાથ ધરાવા ધાર્યું હોય તેવા માલ અથવા સેવા પૂરી પાડવાના સંબંધમાં કલમ ૯૭ની પેટા–કલમ (૨)માં અથવા કલમ ૧૦૦ની પેટા–કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ બાબત અંગે અથવા ઉપસ્થિત થયેલ પ્રશ્ન અંગે અરજદાર માટે સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળે કરવાનો નિર્ણય.

(ખ) ''અપીલ સત્તામંડળ'' કલમ ૯૯ હેઠળ રચાયેલ અગ્રિમ ચુકાદા માટેનું અપીલ સત્તામંડળ.

(ગ) ''અરજદાર'' એટલે આ અધિનિયમ હેઠળ રજિસ્ટર્ડ થયેલ અથવા રજિસ્ટ્રેશન મેળવવા ઇચ્છતી કોઇપણ વ્યક્તિ;

(ઘ) ''અરજી'' એટલે કલમ ૯૭ની પેટા-કલમ (૧) હેઠળ સત્તામંડળને કરવાની અરજી;

(ચ) ''સત્તામંડળ'' એટલે કલમ ૯૬ હેઠળ રચાયેલ અગ્રીમ ચુકાદા માટેનું સત્તામંડળ;

ગ્રિમ ચુકાદા ટે સત્તામંડળની ચના.

૯૬. (૧) સરકાર જાહેરનામાથી અગ્રિમ ચુકાદા માટે ગુજરાત અગ્રીમ ચુકાદા માટેનું સત્તામંડળ નામે ઓળખાતા સત્તામંડળની રચના કરશે:

પરંતુ સરકાર, કાઉન્સિલ (પરિષદ)ની ભલામણ પરથી રાજ્ય માટે કાર્ય કરવા માટે અન્ય રાજ્યમાં આવેલ કોઇપણ સત્તામંડળને જાહેર કરી શકશે.

(૨) સત્તામંડળ,કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર અનુક્રમે નીમે તેવા,-

(૧) કેન્દ્રીય વેરા અધિકારીઓમાંથી એક સભ્ય; અને

(૨) રાજ્ય વેરા અધિકારીઓમાંથી એક સભ્ય;

-નું બનેલું રહેશે.

(૩) સભ્યોની લાયકાતો, નિમણૂકની પદ્ધતિઓ અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

અગ્રિમ ચુકાદા માટેની અરજી.

૯૭. (૧) આ પ્રકરણ હેઠળ અગ્રિમ ચુકાદો મેળવવા ઇચ્છતા અરજદારે જે કહેવાતા પ્રશ્ન અંગે અગ્રીમ ચુકાદો માગ્યો હોય, તે માટે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે અને તેવી ફી સાથે અરજી કરી શકાશે.

(૨) આ અધિનિયમ હેઠળ જે પ્રશ્ન અંગે અગ્રિમ ચુકાદો માગવામાં આવ્યો હોય તે પ્રશ્નના નીચેના સંબંધમાં રહેશે,-

(ક) કોઇપણ માલ અથવા સેવા અથવા તે બંનેના વર્ગીકરણ;

(ખ) આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામાને લાગુ પાડવાનું;

(ગ) માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવા માટેનો સમય અને મૂલ્ય નક્કી કરાવાનું;

(ઘ) ચૂકવેલ અથવા ચૂકવેલ હોવાનું ગણાશે તેવા ઇનપુટ વેરાશાખાની સ્વીકાર્યતા;

(ચ) કોઇપણ માલ અથવા સેવા અથવા તે બંને ઉપર વેરો ચૂકવવાની જવાબદારી નક્કી કરવાની;

(છ) કોઇ માલ અથવા સેવાના અથવા તે બંનેના સંબંધમાં અરજદારે કોઇ ખાસ બાબત કરેલ હોય, તો તે શબ્દપ્રયોગના અર્થ મુજબ માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠામાં પરિણમે છે કે કેમ;

(જ) અરજી રજિસ્ટર્ડ કરાવવી આવશ્યક છે કે કેમ;

અરજી મળ્યે કરવાની કાર્યરીતિ.

૯૮. (૧) અરજદારની અરજી મળ્યે, સત્તામંડળ તેની કોપી (નકલ) સંબંધિત અધિકારીને મોકલાવશે અને જરૂર જણાય તો, સંબંધિત રેકર્ડ પૂરુ પાડવા માટે તે (અરજદાર)ને બોલાવી શકશે:

પરંતુ કોઇપણ કેસમાં, સત્તામંડળ દ્વારા કોઇપણ રેકર્ડ મંગાવવામાં આવ્યું હોય ત્યારે, એવું રેકર્ડ શક્ય હોય તેટલું જલ્દી સંબંધિત અધિકારીને પરત કરવું જોઇશે.

(૨) સત્તામંડળ, અરજદારની અરજી અને મંગાવેલ રેકર્ડની તપાસ કર્યા પછી અને અરજદાર અથવા તેના અધિકૃત પ્રતિનિધિ અને સંબંધિત અધિકારી અથવા તેના સંબંધિત પ્રતિનિધિને સાંભળ્યા બાદ હુકમથી અરજી ગ્રાહ્ય રાખી શકશે અથવા નકારી શકશે:

પરંતુ સત્તામંડળ અરજીમાં ઊભો કરવામાં આવેલો પ્રશ્ન પહેલેથી જ અનિર્ણિત હોય અથવા આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓ હેઠળ અરજદારના કિસ્સામાં કોઈપણ કાર્યવાહીમાં નિર્ણય લેવાય ગયો હોય ત્યારે, અરજીને ગ્રાહ્ય રાખી શકશે નહિ:

વધુમાં, આ પેટા–કલમ હેઠળ અરજી નામંજૂર કરી શકાશે નહિ, સિવાય કે અરજદારને સુનાવણીની તક આપવામાં આવી હોય:

વળી, અરજી નામંજૂર કરવામાં આવી હોય ત્યારે, એવી નામંજૂરી માટેના કારણો હુકમમાં નિર્દિષ્ટ કરવા જોઈશે.

(૩) પેટા–કલમ (૨) હેઠળ કરેલ દરેક હુકમની નકલ અરજદારને અને સંબંધિત અધિકારીને મોકલવી જોઈશે.

(૪) પેટા–કલમ (૨) હેઠળ અરજી ગ્રાહ્ય રાખવામાં આવી હોય ત્યારે, અરજદાર દ્વારા તેની (સત્તામંડળ) સમક્ષ મુકવામાં આવે તેવી, અથવા સત્તામંડળ દ્વારા મેળવવામાં આવે તેવી વધુ મહત્વની હકીકત (મટીરીયલ્સ) અને અરજદારને અથવા તેના અધિકૃત પ્રતિનિધિ તેમજ સંબંધિત અધિકારી અથવા તેના અધિકૃત પ્રતિનિધિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, અરજીમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ પ્રશ્ન અંગે પોતાનો અગ્રીમ ચુકાદો સંભળાવી શકશે.

(૫) જે કોઈપણ પ્રશ્ન અંગે અગ્રીમ ચૂકાદો આપવામાં આવે તે અંગે, સત્તામંડળના સભ્યોમાં મતભેદ હોય ત્યારે, તેઓ જે મુદ્દા અંગે મતભેદ હોય તે કહેશે અને એવા પ્રશ્ન અંગે સુનાવણી અને નિર્ણય માટે અપીલ સત્તાધિકારીને પૂછાણ કરી શકશે.

(૬) સત્તાધિકારી, અરજી મળ્યાની તારીખથી નેવુ દિવસની અંદર લેખિતમાં અગ્રીમ ચુકાદો સંભળાવશે.

(૭) સત્તામંડળ દ્વારા સંભળાવવામાં (આપવામાં) આવેલ અગ્રીમ ચુકાદાની નકલ ઉપર, એવા નિર્ણય (ચુકાદો) બાદ સભ્યો દ્વારા યોગ્ય રીતે સહી કરેલી અને ઠરાવવામાં આવે તેવી રીતે પ્રમાણિત કરેલી નકલ અરજદારને, સંબંધિત અધિકારીને અને હકુમત ધરાવતા અધિકારીને મોકલવી જોઈશે.

અગ્રિમ ચુકાદો (નિર્ણય) આપવા માટે એપેલેટ (અપીલ) સત્તામંડળની રચના.

૯૯. સરકાર, જાહેરનામાથી, અગ્રિમ ચુકાદો આપતા સત્તામંડળ દ્વારા સંભળાવવામાં આવેલ ચુકાદા સામે અપીલની સુનાવણી માટે માલ અને એવા વેરા માટેના અગ્રિમ ચુકાદા માટે અપીલ સત્તામંડળ, ગુજરાત રાજ્ય તરીકે ઓળખાતા સત્તામંડળની રચના કરશે:

(૧) બોર્ડ દ્વારા મુકરર કરવામાં આવેલ કેન્દ્રીય વેરા મુખ્ય કમિશનર; અને

(૨) રાજ્ય વેરા કમિશનર.

પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી રાજ્યમાં અપીલ સત્તામંડળ તરીકે કાર્ય કરવા બીજા રાજ્યમાં અથવા સંઘ પ્રદેશમાં આવેલ કોઈપણ અપીલ સત્તામંડળની જાહેરાત કરી શકશે.

અપીલ સત્તામંડળને કરવાની અપીલ.

૧૦૦. (૧) કલમ ૯૮ની પેટા–કલમ (૪) હેઠળ સંભળાવવામાં આવેલ કોઈપણ અગ્રિમ ચુકાદાથી નારાજ થયેલ સંબંધિત અધિકારી, હકૂમત ધરાવતા અધિકારી અથવા અરજદાર અપીલ સત્તામંડળને અપીલ કરશે.

(૨) આ કલમ હેઠળની દરેક અપીલ, જે તારીખે અગ્રિમ ચુકાદો આપવામાં આવ્યો હોય તેની વિરુદ્ધ કરવાની અપીલ અંગે સંબંધિત અધિકારી, હકૂમત ધરાવતા અધિકારી અને અરજદારને જાણ કરવામાં આવે તે તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ફાઇલ કરવી જોઇશે:

પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનારને ત્રીસ દિવસની સદરહુ મુદતની અંદર અપીલ કરવામાં પૂરતા કારણોસર અટકાવવામાં આવ્યો હોય, તો ત્રીસ દિવસથી વધુ નહિ તેટલી વધુ મુદતની અંદર તે રજૂ કરવાની પરવાનગી આપી શકશે.

(૩) આ કલમ હેઠળ દરેક અપીલ ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવી જોઇશે, ઠરાવવામાં આવે તેટલી ફી જોડેલી હોવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે તેની ખરાઇ કરેલી હોવી જોઇશે.

અપીલ સત્તામંડળનો હુકમ.

૧૦૧. (૧) અપીલ સત્તામંડળ, પક્ષકારોને અપીલ કરવા અથવા સુનાવણીની તક આપ્યા પછી, પોતાને યોગ્ય લાગે તેમ, કરવામાં આવેલ અપીલ સામેનો નિર્ણય અને આપવામાં આવેલ ચુકાદાને બહાલી આપતો અથવા તેમાં ફેરફાર કરતો એવો હુકમ પસાર કરી શકશે.

(૨) પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ હુકમ, કલમ ૧૦૦ હેઠળ અપીલની તારીખથી, અથવા કલમ ૯૮ની પેટા–કલમ (૫) હેઠળના સંદર્ભથી, નેવુ દિવસની મુદતની અંદર કરી શકશે.

(૩) અપીલ અથવા સંદર્ભમાં ઉલ્લેખેલ કોઇ મુદ્દો અથવા મુદ્દાઓ અંગે અપીલ સત્તામંડળમાં મતભેદ હોય ત્યારે, અપીલ અથવા સંદર્ભ હેઠળના પ્રશ્નના સંબંધમાં કોઇ અગ્રીમ ચુકાદો આપી શકાશે નહિ એવું માની લેવામાં આવશે.

(૪) અપીલ સત્તામંડળ દ્વારા જાહેર કરવામાં આવેલ અગ્રીમ ચુકાદાની નકલ, સભ્યો દ્વારા યોગ્ય રીતે સહી કરેલી અથવા ઠરાવવામાં આવે તેવી રીતે પ્રમાણિત કરેલી નકલ, એવા નિર્ણયની જાહેરાત પછી અરજદાર, સંબંધિત અધિકારી, હકૂમત ધરાવતા અધિકારી અને સત્તામંડળને મોકલવી જોઇશે.

અગ્રિમ ચુકાદા સુધારવા બાબત.

૧૦૨. સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળ, રેકર્ડમાં અંકિત થયેલ દેખાઇ આવતી કોઇપણ ભૂલ, જો એવી ભૂલ સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળને સ્વયં ધ્યાન પર આવી હોય અથવા સંબંધિત અધિકારી, હકૂમત ધરાવતા અધિકારી અથવા અરજદાર અથવા અપીલ કરનાર દ્વારા હુકમ થયાની તારીખથી છ મહિનાની અંદર ધ્યાન પર લાવવામાં આવી હોય, તો તે સુધારવા માટે, કલમ ૯૮ અથવા કલમ ૧૦૧ હેઠળ પોતે કરેલો કોઇપણ હુકમ સુધારી શકશે.

પરંતુ વેરા જવાબદારીનો વધારો અથવા ગ્રાહ્ય ઇનપુટ વેરા શાખની રકમના ઘટાડાને લગતા કરેલ કોઇ સુધારાનો અમલ કરવો જોઇશે નહિ, સિવાય કે અરજદાર અથવા અપીલ કરનારને સુનાવણીની તક આપવામાં આવી હોય.

અગ્રિમ ચુકાદો લાગુ પડવા બાબત.

૧૦૩. (૧) આ પ્રકરણ હેઠળ સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળ દ્વારા સંભળાવવામાં આવેલ અગ્રિમ ચુકાદો ફકત,–

(ક) કલમ ૯૭ની પેટા–કલમ (૨)માં ઉલ્લેખેલ કોઇપણ બાબતના સંબંધમાં, જે અરજદાર દ્વારા માગવામાં આવ્યો હોય, તે અરજદારને,

(ખ) અરજદારના સંબંધમાં સંબંધિત અધિકારી અથવા હકૂમત ધરાવતા અધિકારીને જ બંધનકર્તા રહેશે.

(૨) પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલઅગ્રીમ ચુકાદો બંધનકર્તા રહેશે, સિવાય કે મૂળ અગ્રીમ ચુકાદાના સમર્થનમાં કોઇ કાયદા, હકીકત અથવા સંજોગો બદલાયાં હોય.

અમુક સંજોગોમાં અગ્રિમ ચુકાદાને રદબાતલ ગણવા બાબત.

૧૦૪.(૧) સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળને એમ જણાય કે કલમ ૯૮ની પેટા–કલમ (૪) હેઠળ અથવા કલમ ૧૦૧ની પેટા–કલમ (૧) હેઠળ તેના (સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળ)

દ્વારાઆપવામાં આવેલ અગ્રિમ ચુકાદો, અરજદાર અથવા અપીલ કરનાર દ્વારા કપટથી અથવા મહત્વની હકીકત છુપાવીને અથવા ખોટી રજૂઆત કરીને મેળવવામાં આવ્યો છે, ત્યારેતે હુકમથી, એવા ચુકાદાને પ્રારંભથી જ રદબાતલ તરીકે જાહેર કરી શકશે અને તેમ થયે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની તમામ જોગવાઇઓ જાણે કે એવો અગ્રિમ ચુકાદો ક્યારેય આપવામાં આવ્યો ન હોય તેમ અરજદારને લાગુ અથવા અપીલ કરનારને લાગુ પડશે:

પરંતુ અરજદારને અથવા અપીલ કરનારને સુનાવણીની તક આપવામાં આવી હોય તે સિવાય, આ પેટા–કલમ હેઠળ કોઇ હુકમ કરી શકાશે નહિ.

સ્પષ્ટીકરણ – કલમ ૭૩ની પેટા–કલમો (૨) અને (૧૦) અથવા કલમ ૭૪ની પેટા–કલમો(૨) અને (૧૦)માં નિર્દિષ્ટ કરેલ મુદતની ગણતરી કરતી વખતે, એવા અગ્રિમ ચુકાદાની તારીખથી શરૂ થતી અને આ પેટા–કલમ હેઠળના હુકમની તારીખે પૂરી થતી મુદત બાકાત કરવી જોઇશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ કરેલ હુકમની નકલ અરજદાર, સંબંધિત અધિકારી અને હકૂમત ધરાવતા અધિકારીને મોકલવી જોઇશે.

સત્તામંડળ અને અપીલ સત્તામંડળની સત્તા.

૧૦૫. (૧) સત્તામંડળ અથવા અપીલ–

(ક) શોધ કરવા અને તપાસણી કરવા;

(ખ) કોઇપણ વ્યક્તિને હાજર રહેવાની ફરજ પાડવા અને તેની સોગંદ પર તેને તપાસવા;

(ગ) કમિશનો કાઢવા અને હિસાબોના ચોપડા અને અન્ય રેકર્ડ રજૂ કરવાની ફરજ પાડવા ને લગતી પોતાની સત્તા વાપરવા હેતુ માટે,દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે. સન ૧૯૦૮નો પમો.

(૨) સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળ, કલમ ૧૯૫ના હેતુઓ માટે દીવાની કોર્ટ હોવાનું ગણાશે, પણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ના પ્રકરણ–૨૬ના હેતુ માટે ગણાશે નહિ અને સતામંડળ અથવા અપીલ સત્તામંડળ સમક્ષની દરેક કાર્યવાહી ભારતના ફોજદારી અધિનિયમનીકલમો ૧૯૩ અને ૨૨૮ના અર્થ મુજબ અને કલમ ૧૯૬ના હેતુ માટે ન્યાયિક કાર્યવાહી હોવાનું ગણાશે. સન ૧૯૭૪નો ૨જો. સન ૧૮૬૦નો ૪૫મો.

સત્તામંડળ અને અપીલ સત્તામંડળની કાર્યરીતિ.

૧૦૬. સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળને, આ પ્રકરણની જોગવાઇઓને અધીન રહીને, પોતાની કાર્યરીતિનું નિયમન કરવાની સત્તા રહેશે.

પ્રકરણ–૧૮

અપીલ અને ફેરતપાસ

અપીલ સત્તામંડળને અપીલ કરવા બાબત.

૧૦૭. (૧)ન્યાયનિર્ણય કરતા સત્તા મંડળેઆ અધિનિયમ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ કરેલા કોઇ નિર્ણય અથવા હુકમથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, જે તારીખે સદરહુ નિર્ણય અથવા હુકમ અંગેની જાણ એવી વ્યક્તિને કરવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર, ઠરાવવામાં આવે તેવા અપીલ સત્તામંડળને અપીલ કરી શકશે.

(૨) કમિશનર, સદરહુ નિર્ણય અથવા હુકમની કાયદેસરતા અથવા ઔચિત્ય અંગે ખાતરી કરવાના હેતુ માટે, આપમેળે અથવા કેન્દ્રીય વેરા કમિશનર તરફથી કરવામાં આવેલી વિનંતી પરથી, આ અધિનિયમ હેઠળ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ ન્યાય નિર્ણય કરનારસત્તામંડળે જે કોઇપણ કાર્યવાહીના આધારે કોઇ નિર્ણય અથવા હુકમ કર્યો હોય તે કાર્યવાહીનું રેકર્ડ મંગાવી શકશે અને તેની તપાસ કરી શકશે અને કમિશનર દ્વારા પોતાના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સદરહુ નિર્ણય અથવા હુકમમાંથી ઊભા થતા એવા મુદ્દાના નિકાલ માટે, સદરહુ

નિર્ણય અથવા હુકમની જાણ થયાની તારીખથી છ મહિનાની અંદર, અપીલ સત્તામંડળને અરજી કરવા માટે પોતાના તાબાના કોઈપણ અધિકારીને આદેશ કરી શકશે.

(૩) પેટા–કલમ (૨) હેઠળના હુકમ અનુસાર અધિકૃત કરેલ અધિકારી અપીલ સત્તામંડળને અરજી કરે, ત્યારે એવી અરજીની અપીલ સત્તામંડળ દ્વારા એવી રીતે તજવીજ કરવામાં આવશે, જાણે કે તે ન્યાયનિર્ણય કરતા સત્તામંડળના નિર્ણય અથવા હુકમ વિરુદ્ધની અપીલ હોય અને એવા અધિકૃત અધિકારી અપીલ કરનાર હોય અને અપીલને લગતી આ અધિનિયમની જોગવાઇઓ એવી અરજીને લાગુ પડશે.

(૪) અપીલ સત્તામંડળ, પોતાને ખાતરી થાય કે અપીલ કરનારને ત્રણ મહીના અથવા યથાપ્રસંગ, છ મહિનાની ઉપર્યુક્ત મુદતની અંદર અપીલ રજૂ કરવામાં પૂરતા કારણસર અટકાવવામાં આવ્યો હતો, તો તેને(અપીલ કરનારને) એક મહિનાની વધુ મુદતની અંદર અપીલ રજૂ કરવા દેવાની પરવાનગી આપી શકાશે.

(૫) આ કલમ હેઠળની દરેક અપીલ ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે તેની ખરાઇ કરેલી હોવી જોઇશે.

(૬) અપીલ કરનારે–

(ક) વાદગ્રસ્ત હુકમમાંથી ઊભા થતા વેરા, વ્યાજ, દંડ, ફી અને શિક્ષાની રકમના પોતે કબૂલ કર્યા હોય તેવા ભાગની સંપૂર્ણ રકમની, અને

(ખ) જેના સંબંધમાં અપીલ દાખલ કરવામાં આવી હોય તેવા સદરહુ હુકમમાંથી ઊભા થતા વિવાદગ્રસ્ત વેરાની બાકી રહેતી રકમના દસ ટકા જેટલી રકમની,

–ચુકવણી કરી હોય તે સિવાય, પેટા–કલમ (૧) હેઠળ કોઇ અપીલ દાખલ કરી શકાશે નહિ.

(૭) અપીલ કરનારે પેટા–કલમ (૬) હેઠળ રકમની ચૂકવણી કરી હોય ત્યારે, બાકી રકમ(બેલેન્સ) માટે વસુલાતની કાર્યવાહી સ્થગિત કરી હોવાનું ગણાશે.

(૮) અપીલ સત્તામંડળ અપીલ કરનારને સુનાવણીની તક આપવી જોઇએ.

(૯) અપીલ સત્તામંડળ,પક્ષકારો અપીલની સુનાવણીના કોઇપણ તબક્કે પૂરતા કારણો બતાવે તો, પક્ષકારો અથવા તેમનામાંથી કોઇપણને સમય આપી શકશે અને લેખિતમાં કારણોની નોંધ કરીને, અપીલની સુનાવણી મુલતવી રાખી શકશે:

પરંતુ અપીલની સુનાવણી દરમિયાન પક્ષકારને વધુમાં વધુ ત્રણ વખત, અપીલની સુનાવણી એવી રીતે મુલતવી રાખવાની છૂટ આપી શકશે.

(૧૦) અપીલ સત્તમંડળને અપીલની સુનાવણી વખતે એમ ખાતરી થાય કે અપીલના કારણો(આધારો)માંથી કોઈ કારણો(આધારો)નો કાર્યલોપ (ભૂલ) જાણીબૂઝીને અથવા ગેરવાજબી રીતે કરવામાં આવેલ નથી, તો અપીલ સત્તામંડળ, અપીલ કરનારને અપીલના કારણો(આધારો) નિર્દિષ્ટ કરેલ ન હોય તેવા અપીલના કોઇપણ કારણો(આધારો) ઉમેરવાની પરવાનગી આપી શકશે.

(૧૧) અપીલ સત્તામંડળે, જરૂરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી, પોતાને ન્યાયી અને વાજબી લાગે તેવો, જેની સામે અપીલ કરવામાં આવી હોય તેવા નિર્ણય અથવા હુકમને બહાલી આપતો,તેમાં ફેરફાર કરતો અથવા તેને રદ કરતો હુકમ કરવો જોઇશે પણ જેણે સદરહુ નિર્ણય અથવા હુકમ કર્યો હોય તેવા ન્યાયનિર્ણય કરનાર સત્તામંડળને આ કેસ પાછો મોકલવો જોઇશે નહિ:

પરંતુ અપીલ કરનારને સૂચિત હુકમ સામે કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય, વધુ કિંમતના માલની જપ્તી અથવા જપ્ત કરવાને બદલે કોઇ ફી અથવા શિક્ષા અથવા દંડ વધારતો અથવા રિફંડ અથવા ઇનપુટ વેરા શાખની રકમ ઘટાડતો કોઇ હુકમ કરી શકાશે નહિ:

વધુમાં, અપીલ સત્તામંડળનો એવો અભિપ્રાય હોય કે કોઇ વેરો ચૂકવવામાં આવ્યો નથી અથવા ઓછો ચૂકવવામાં આવ્યો છે અથવા ભૂલથી રિફંડ કરવામાં આવ્યો છે, ત્યારે અથવા ઇનપુટ વેરા શાખ ખોટી રીતે પ્રાપ્ત કરવામાં આવી છે અથવા ઉપયોગ કરવામાં આવી છે ત્યારે એવો વેરો અથવા ઇનપુટ વેરા શાખ ચૂકવવા માટે અરજદારને ફરમાવતો કોઇ હુકમ કરી શકાશે નહિ, સિવાય કે અરજદારને સૂચિત હુકમ સામે કારણ દર્શાવવાની નોટિસ આપવામાં આવી હોય અને કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલ સમય મર્યાદાની અંદર હુકમ કરવામાં આવ્યો હોય.

(૧૨) અપીલનો નિકાલ કરતો અપીલ સત્તામંડળનો હુકમ લેખિતમાં હોવો જોઇશે તેમજ તેમાં અપીલનો નિકાલ કરવા માટેના મુદ્દાઓ, તેની ઉપરના નિર્ણય અને એવા નિર્ણય માટેના કારણો જણાવવા જોઇશે.

(૧૩) અપીલ સત્તામંડળ, તેમ કરવાનું શક્ય હોય, ત્યારે જે તારીખે તે(અપીલ) ફાઇલ કરવામાં આવી હોય તે તારીખથી એક વર્ષની મુદતની અંદર દરેક અપીલની સુનાવણી કરીને નિર્ણય કરવો જોઇશે:

પરંતુ કોર્ટ અથવા ટ્રીબ્યુનલના હુકમથી, હુકમ કરવાનુ મુલતવી, રાખવામાં આવે, ત્યારે મુલતવી રાખવામાં આવેલી એવી મુદતને, એક વર્ષની મુદતની ગણતરી કરવામાંથી બાકાત રાખવી જોઇશે.

(૧૪) અપીલનો નિકાલ થયે, અપીલ સત્તામંડળે, તેણે કરેલા હુકમ અંગેની જાણ, અપીલ કરનારને, પ્રતિવાદીને અને ન્યાયનિર્ણય કરતા સત્તામંડળને કરવી જોઇશે.

(૧૫) અપીલ સત્તામંડળ દ્વારા કરવામાં આવેલ હુકમની નકલ, કમિશનરને અથવા આ અર્થે તેમણે મુકરર કરેલા સત્તાધિકારીને અને કેન્દ્રીય વેરાની હકૂમત ધરાવતા કમિશનરને અથવા આ અંગે તેમણે મુકરર કરેલા સત્તાધિકારીને પણ મોકલવી જોઇશે.

(૧૬) આ કલમ હેઠળ કરેલ દરેક હુકમ, કલમ ૧૦૮ અથવા કલમ ૧૧૭ અથવા કલમ ૧૧૩ અથવા કલમ ૧૧૮ની જોગવાઇઓને અધીન રહીને આખરી ગણાશે અને તે પક્ષકારોને બંધનકર્તા રહેશે.

ફેરતપાસ સત્તામંડળની સત્તા.

૧૦૮. (૧) કલમ ૧૨૧ અને તે હેઠળ કરેલા કોઇપણ નિયમોની જોગવાઇઓને અધીન રહીને, ફેરતપાસ સત્તામંડળ, આપમેળે અથવા તેને મળેલી માહિતી પરથી અથવા કેન્દ્રીય વેરા કમિશનર તરફથી થયેલી વિનંતી પરથી,કોઇ કાર્યવાહીનું રેકર્ડ મંગાવીને તપાસી શકશે અને તેને એવું જણાય કે તેના કોઇ તાબાના અધિકારી દ્વારા આ અધિનિયમ હેઠળ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ કરેલો કોઇ નિર્ણય અથવા હુકમ ભૂલભરેલો છે જે મહેસૂલી હિતોને લાગે વળગે તેટલે સુધી, પ્રતિકૂળ છે તેમજ કાયદા વિરુદ્ધનો અને ગેરવાજબી છે અથવા ચોક્કસ મહત્વની હકીકતોને ધ્યાનમાં લેવામાં આવી નથી, પછી તે તે ચોક્કસ મહત્વની હકીકત સદરહુ હુકમ કરવાના સમયે ઉપલબ્ધ કરાવવામાં આવી હોય કે ન હોયઅથવા ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા કરવામાં આવેલા નિરીક્ષણના પરિણામરૂપ હોય, તો તે, જરૂર જણાય તો,પોતાને યોગ્ય લાગે એવી મુદત માટે, એવા નિર્ણય અથવા હુકમના અમલને સ્થગિત કરી શકશે અને સંબંધિત વ્યકિતને સુનાવણીની વાજબી તક આપ્યા પછી અને જરૂરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી, પોતાને

ન્યાયી અને વાજબી લાગે તેવો, સદરહુ નિર્ણય અથવા હુકમમાં વધારા કરવા, અથવા તેમાં ફેરફાર કરવા અથવા તેને રદ કરવા સહિતનો હુકમ કરી શકશે.

(૨) (ક) કલમ ૧૦૭ અથવા કલમ ૧૧૨ અથવા કલમ ૧૧૭ અથવા કલમ ૧૧૮ હેઠળની અપીલને અધીન રહીને હુકમ કરવામાં આવ્યો હોય; અથવા

(ખ) કલમ ૧૦૭ની પેટા–કલમ (૨) હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદત સમાપ્ત થઈ ના હોયઅથવા સુધારો કરવાનો નિર્ણય અથવા હુકમ કર્યા પછી ત્રણ વર્ષ કરતાં વધુ મુદત પુરી થઈ હોય; અથવા

(ગ) અગાઉના તબક્કે,જ આ કલમ હેઠળ ફેરતપાસ માટેના હુકમને ધ્યાનમાં લેવામાં આવ્યો હોય; અથવા

(ઘ) પેટા–કલમ (૧) હેઠળ સત્તા વાપરીને હુકમ કરવામાં આવ્યો હોય, તો,

– ફેરતપાસ સત્તામંડળ, પેટા–કલમ (૧) હેઠળની કોઈપણ સત્તા વાપરી શકશે નહિ:

પરંતુ ફેરતપાસ સત્તામંડળ, એવી અપીલમાં કરેલા હુકમની તારીખથી એક વર્ષની મુદત પૂરી થયા પહેલાં અથવા તે પેટા–કલમના ખંડ (ખ)માં ઉલ્લેખેલ ત્રણ વર્ષની મુદત પૂરી થયા પહેલાં, આ બેમાંથી જે મોડી હોય તે મુદ્દત પહેલાં, જે કોઇ મુદ્દો,પેટા–કલમ (૨)ના ખંડ (ક)માં ઉલ્લેખેલ અપીલમાં ઉભો કરવામાં આવ્યો ન હોય અને નિર્ણય કરવામાં આવ્યો નહોય તે મુદ્દા અંગે પેટા–કલમ (૧) હેઠળ હુકમ કરી શકશે.

(૩) પેટા–કલમ (૧) હેઠળ ફેરતપાસમાં કરેલ દરેક હુકમ, કલમ ૧૧૩ અથવા કલમ ૧૧૭ અથવા કલમ ૧૧૮ની જોગવાઇઓને અધીન આખરી રહીને,ગણાશે અને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(૪) સદરહુ નિર્ણય અથવા હુકમમાં એવો કોઇ મુદ્દો સમાવિષ્ટ હોય કે જે મુદ્દા અંગે અપીલ ટ્રિબ્યુનલે અથવા હાઇકોર્ટે કોઇ બીજી કાર્યવાહીમાં નિર્ણય આપ્યો હોય અને અપીલ ટ્રિબ્યુનલ અને હાઇકોર્ટના એવા નિર્ણયની સામે હાઇકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં અપીલ અનિર્ણીત હોય, તો અપીલ ટ્રિબ્યુનલના નિર્ણયની તારીખ અને હાઇકોર્ટના નિર્ણયની તારીખ અથવા હાઇકોર્ટના નિર્ણયની તારીખા અને સુપ્રીમ કોર્ટ(સર્વોચ્ચ ન્યાયાલય)ના નિર્ણયની તારીખ વચ્ચે પસાર થયેલી મુદત(સમય)ને, આ કલમ હેઠળ નોટિસ કાઢીને ફેરતપાસ માટેની કાર્યવાહી શરુ કરી દેવામાં આવી હોય, ત્યારે, પેટા–કલમ (૨)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ મર્યાદાની મુદતની ગણતરી કરવામાંથી બાકાત રાખવામાં આવશે.

(૫) પેટા–કલમ (૧) હેઠળ હુકમ કરવાનું, કોર્ટ અથવા અપીલ ટ્રિબ્યુનલના હુકમથી મુલતવી રાખવામાં આવે ત્યારે એવી રીતે મુલતવી રાખેલા હુકમની મુદતને, પેટા–કલમ (૨)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ મર્યાદાની મુદતની (મુદત મર્યાદા) ગણતરી કરવામાંથી બાકાત રાખવી જોઇશે.

(૬) આ કલમના હેતુ માટે,–

(૧) ''રેકર્ડ'' એ શબ્દપ્રયોગમાં ફેરતપાસ સત્તામંડળ દ્વારા તપાસવાના સમયે ઉપલબ્ધ હોય તેવા રેકર્ડ સહિત આ અધિનિયમ હેઠળની કોઇપણ કાર્યવાહીને લગતા તમામ રેકર્ડનો સમાવેશ થશે;

(૨) "નિર્ણય" એ શબ્દપ્રયોગમાં, ફેરતપાસ સત્તાધિકારી કરતા નીચલા દરજ્જાના કોઇપણ અધિકારીએ કરેલી જાણનો સમાવેશ થશે.

અપીલ ટ્રિબ્યુનલ અને તેની બેન્ચ.

૧૦૯. (૧) આ પ્રકરણની જોગવાઇઓને અધીન રહીને, કેન્દ્રીય માલ અને વેરા અધિનિયમ હેઠળ રચાયેલ માલ અને સેવા વેરા ટ્રિબ્યુનલ, આ અધિનિયમ હેઠળ અપીલ સત્તામંડળ અથવા ફેરતપાસ સત્તામંડળ દ્વારા કરવામાં આવેલ હુકમની સામે સુનાવણી કરવા માટે અપીલની ટ્રિબ્યુનલ ગણાશે.

(૨) રાજ્યમાં આવેલ રાજ્યની બેન્ચ અને ક્ષેત્રીય બેન્ચની રચના અને તેની હકૂમત, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૦૯ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસારની રહેશે.

અપીલ ટ્રિબ્યુનલના પ્રમુખ અને સભ્યો, તેમની લાયકાત, નિમણૂક, સેવાની શરતો વગેરે.

૧૧૦. રાજ્ય બેન્ચ અને ક્ષેત્રીય બેન્ચના પ્રમુખ અને સભ્યોની લાયકાત,તેમની નિમણૂક, પગાર અને ભથ્થાં, હોદ્દાની મુદત, રાજીનામુ, રુખસદ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૧૦ની જોગવાઇ અનુસાર રહેશે.

અપીલ ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યરીતિ.

૧૧૧. (૧) અપીલ ટ્રિબ્યુનલ પોતાની સમક્ષની કોઇપણ કાર્યવાહી અથવા પોતાની સમક્ષની અપીલનો નિકાલ કરતી વખતે દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮માં નિયત કરેલી કાર્યરીતિને બંધનકર્તા રહેશે નહિ પરંતુ કુદરતી ન્યાયની સિધ્ધાંત દ્વારા અને આ અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની અન્ય જોગવાઇઓને અધીન રહીને, માર્ગદર્શન મેળવશે અને અપીલ ટ્રિબ્યુનલને પોતાની કાર્યરીતિનું નિયમન કરવાની સત્તા રહેશે.

સન ૧૯૦૮નો પમો.

(૨) અપીલ ટ્રિબ્યુનલને, આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવવાના હેતુઓ માટે, નીચેની બાબતના સંબંધના દાવાની ઇન્સાફી કાર્યવાહી કરતી વખતે દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટમાં નિહિત થયેલી હોય તેવી જ સત્તા રહેશે:–

સન ૧૯૦૮નો પમો.

(ક) કોઇપણ વ્યક્તિને બોલાવવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની અને તેની સોગંદ ઉપર જુબાની લેવાની;

(ખ) દસ્તાવેજો મેળવવા (શોધવા) અને તે રજૂ કરવા ફરમાવવુ;

(ગ) સોગંદનામા પર પુરાવો મેળવવાની;

સન ૧૮૭૨નો ૧લો.

(ઘ) ભારતના પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમો ૧૨૩ અને ૧૨૪ની જોગવાઇઓને અધીન રહીને, કોઇપણ કચેરીમાંથી કોઇપણ જાહેર રેકર્ડ અથવા દસ્તાવેજ અથવા એવા રેકર્ડ અથવા દસ્તાવેજની નકલ માંગવાની;

(ચ) સાક્ષીઓ અથવા દસ્તાવેજો તપાસવા માટે કમિશનો કાઢવાની;

(છ) કોઇ કસૂર કરવામાં આવ્યો હોય તેવા હુકમ (રજૂઆત) ને રદ કરવાની અને તે અંગે એકતરફી નિર્ણય કરવાની;

(જ) કોઇ કસૂર માટેની કોઇ રજૂઆતને રદ કરવાનો કોઇ હુકમ અથવા તેણે એકતરફી કરેલા કોઇ હુકમને રદબાતલ કરવાની; અને

(ઝ) ઠરાવવામાં અવે તેવી બીજી બાબતો.

(૩) અપીલ ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવેલો કોઇપણ હુકમનો, તેઅપીલ ટ્રિબ્યુનલ દ્વારા,જાણે કે તે, તેમાં (અપીલ ટ્રિબ્યુનલમાં) અનિર્ણિત દાવા અંગે કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમનામું હોય તે જ રીતે અમલ કરી શકાશે,અને

(ક) કંપનીની વિરુદ્ધના કિસ્સામાં, જેની હકૂમતમાં કંપનીની રજિસ્ટર્ડ કચેરી આવેલી હોય; અથવા

(ખ) કોઇ બીજી વ્યક્તિની વિરુદ્ધના હુકમના કિસ્સામાં,જેની હકૂમતમાં સંબંધિત વ્યક્તિ સ્વેચ્છાએ રહેતી હોય અથવા ધંધો ચલાવતી હોય અથવા લાભ માટે વ્યક્તિગત રીતે કામ કરતી હોય;

–તેની સ્થાનિક હદોમાં આવેલી કોર્ટને પોતાના હુકમો અમલ બજવણી માટે મોકલવાનું અપીલ ટ્રિબ્યુનલ માટે કાયદેસર ગણાશે.

(૪) અપીલ ટ્રિબ્યુનલ સમક્ષની તમામ કાર્યવાહી ભારતના ફોજદારી અધિનિયમનીકલમો ૧૯૩ અને ૨૨૮ ના અર્થ મુજબ અને કલમ ૧૯૬ના હેતુઓ માટે ન્યાયિક કાર્યવાહી હોવાનું ગણાશેઅને અપીલ ટ્રિબ્યુનલ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૫ અને પ્રકરણ ૨૬ ના હેતુઓ માટે દીવાની કોર્ટ હોવાનુ ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો. સન ૧૯૭૪નો ૨જો.

૧૧૨.(૧) આ અધિનિયમની કલમ ૧૦૭ અથવા કલમ ૧૦૮ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ પોતાની વિરુદ્ધ કરેલ હુકમથી નારાજ થયેલ કોઇપણ વ્યક્તિ, જેની સામે અપીલ કરવા ધાર્યું હોય તેવા હુકમની જાણ અપીલ કરતી વ્યક્તિને કરવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર એવા હુકમની વિરુદ્ધ અપીલ ટ્રીબ્યુનલને અપીલ કરી શકશે. **અપીલ ટ્રિબ્યુનલને અપીલો કરવા બાબત.**

(૨) અપીલ ટ્રિબ્યુનલ, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર,જેમાં વેરા અથવા ઇનપુટ વેરા શાખનો સમાવેશ થયેલ હોય અથવા જેમાં વેરા અથવા ઇનપુટ વેરા શાખના તફાવતનો સમાવેશ થયેલ હોય અથવા એવા હુકમથી નક્કી કરેલ દંડ, ફી અથવા શિક્ષાની રકમ, પચાસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય, ત્યારે એવી કોઇ પણ અપીલ સ્વીકારવાનો ઇનકાર કરી શકશે.

(૩) કમિશનર, પોતાની મેળે, અથવા કેન્દ્રીય વેરા કમિશનરની વિનંતી પરથી સદરહુ હુકમની કાયદેસરતા અથવા ઔચિત્ય અંગે પોતાને ખાતરી કરવવા હેતુ માટે, આ અધિનિયમ હેઠળ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ અપીલ સત્તામંડળ અથવા ફેરતપાસસત્તામંડળ દ્વારા કરવામાં આવેલ કોઇપણ હુકમનું રેકર્ડ મંગાવીને તપાસી શકશે અને કમિશનર દ્વારા પોતાના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સદરહુ હુકમમાંથી ઉભા થતા મુદ્દાના નિકાલ માટે, જે તારીખે સદરહુ હુકમ કરવામાં આવ્યો હોય તે તારીખથી છ મહિનાની અંદર, અપીલ સત્તામંડળને અપીલ કરવા માટે, પોતાના તાબાના કોઇ પણ અધિકારીને, હુકમથી, આદેશ આપી શકશે.

(૪) પેટા કલમ(૩) હેઠળના હુકમ અનુસાર, અધિકૃત અધિકારી, અપીલ ટ્રિબ્યુનલને અરજી કરે, ત્યારે એવી અરજી બાબતે અપીલ ટ્રિબ્યુનલે, જાણે કે, તે કલમ ૧૦૭ ની પેટા કલમ (૧૧) હેઠળ અથવા કલમ ૧૦૮ ની પેટા કલમ (૧) હેઠળના હુકમ સામે અપીલ કરવામાં આવી હોય તે રીતે તજવીજ કરવી જોઇશેઅને આ અધિનિયમની જોગવાઇઓ, પેટા કલમ (૧) હેઠળ દાખલ કરવામાં આવેલ અપીલોના સબંધમાં લાગુ પડતી હોય તેવી જા રીતે આવી અરજીને લાગુ પડશે.

(૫) આ કલમ હેઠળ અપીલ કરવામાં આવી હોય તેવી નોટિસ મળ્યેથી, જે પક્ષકાર વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તે પક્ષકાર, પોતે આવા હુકમ અથવા તેના ભાગ વિરુદ્ધ અપીલ કરી શક્યો ન હોય તેમ છતાં, જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેવા હુકમના કોઇ ભાગ સામે, નોટિસ મળ્યાના પિસ્તાળીસ દિવસની અંદર, ઠરાવેલી રીતે ખરાઇ કરેલા સામા વાંધાની યાદી દાખલ કરી શકાશે અને આવી યાદીનો નિકાલ, જાણે કે તે પેટા–કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર રજૂ કરેલી અપીલ હોય તેમ અપીલ ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવશે.

(૬) અપીલ ટ્રિબ્યુનલ, પેટા–કલમ(૧)માં ઉલ્લેખેલ મુદત પૂરી થયા પછી ત્રણ મહિનાની મુદતની અંદર અપીલ ગ્રાહ્ય રાખી શકશે અથવા તેને (અપીલ ટ્રિબ્યુનલને), એવી ખાતરી થાય કે, તે મુદતની અંદર તે (અપીલ) રજૂ ન કરવા માટેના પુરતા કારણો છે તો, પેટા કાલમ (૫) માં

ઉલ્લેખેલ મુદત પૂરી થયા પછી પિસ્તાળીસ દિવસની અંદર સામા વાંધાની યાદી દખલ કરવાની પરવાનગી આપી શકશે.

(૭) અપીલ ટ્રિબ્યુનલને કરવાની અપીલ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવી જોઇશે, તેવી રીતે ખરાઇ કરેલી હોવી જોઇશે અને તેની સાથે ઠરાવવામાં આવે તેટલી ફી જોડેલી હોવી જોઇશે.

(૮) પેટા કલમ(૧) હેઠળ કોઇ અપીલ ફાઇલ કરી શકાશે નહી, સિવાય કે અપીલ કરનારે,–

(ક) વિરુધ્ધના હુકમમાંથી ઉત્પન્ન થયેલ વેરા, વ્યાજ, દંડ, ફી અને શિક્ષાની રકમના પોતાના દ્વારા મંજૂર કરવામાં આવેલ ભાગની પૂરેપૂરે રકમ; અને

(ખ) જેના સંબંધમાં અપીલ દાખલ કરવામાં આવી હોય તેવા સદરહુ હુકમમાંથી ઉત્પન્ન થયેલી, કલમ ૧૦૭ ની પેટા કલમ(૬) હેઠળ ચૂકવેલી રકમ ઉપરાંત, વિવાદી વેરાની બાકી રકમની વીસ ટકા જેટલી રકમ ચૂકવેલ હોય.

(૯) અપીલ કરનારે પેટા–કલમ (૮) મુજબ રકમ ચૂકવી હોય, ત્યારે બાકી રકમ (બેલેન્સ) માટેની વસૂલાતની કાર્યવાહી, અપીલનો નિકાલ થાય ત્યાં સુધી સ્થગિત કરવામાં આવી હોવાનું ગણાશે.

(૧૦) અપીલ ટ્રિબ્યુનલ સમક્ષની,–

(ક) ભૂલને સુધારવા માટે અથવા બીજા કોઇ હેતુ માટેની અપીલમાં, અથવા

(ખ) અપીલ અથવા અરજીના પુન:સ્થાપન માટે કરવામાં આવેલી દરેક અરજી સાથે ઠરાવવામાં આવે તેવી ફી જોડેલી હોવી જોઇશે.

અપીલ ટ્રિબ્યુનલના હુકમો.

૧૧૩. (૧) અપીલ ટ્રિબ્યુનલ, અપીલના પક્ષકારોને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, જેની સામે અપીલ કરવામાં આવી હોય તેવા નિર્ણય અથવા હુકમને બહાલી આપતા, તેમાં ફેરફાર કરતા અથવા તે રદ કરતા,પોતાને યોગ્ય લાગે તેવા, તે અંગેના એવા હુકમો કરી શકશે અથવા આવો કેસ, જરૂરી હોય તો, વધારાના પુરાવા લીધા પછી નવા ચુકાદા અથવા નિર્ણય માટે પોતાને યોગ્ય લાગે તેવા આદેશો સાથે અપીલ સત્તામંડળ અથવા ફેરતપાસ સત્તામંડળ અથવા મૂળ ન્યાયનિર્ણય કરતા સત્તામંડળને પાછો મોકલી શકશે.

(૨) અપીલ ટ્રિબ્યુનલ, અપીલની સુનાવણીના કોઇપણ તબક્કે, પૂરતા કારણ બતાવવામાં આવ્યા હોય, તો પક્ષકારોને અથવા તે પૈકીના કોઇને પણ સમય (મુદત) આપી શકશે અને લેખિતમાં કારણોની નોંધ કરીને, અપીલની સુનાવણીને મોકૂફ રાખી શકશે:

પરંતુ અપીલની સુનાવણી દરમિયાન પક્ષકારને વધુમાં વધુ ત્રણ વખત અપીલની સુનાવણી આવી રીતે મોકૂફ રાખવાની છૂટ આપી શકાશે.

(૩) હુકમની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર જો એવી ભૂલ આપમેળે (પોતાના) ધ્યાનમાં આવી હોય અથવા કમિશનર ધ્વારા અથવા કેન્દ્રીય વેરા કમિશનર દ્વારા અથવા અપીલના અન્ય પક્ષકાર ધ્વારા ધ્યાન પર લાવવામાં આવી હોય, તો અપીલ ટ્રિબ્યુનલ પેટા–કલમ (૧) હેઠળ પોતે કરેલ કોઇ પણ હુકમ સુધારી શકશે જેથી કરીને, રેકર્ડમાં સ્પષ્ટ રીતે દેખાઇ આવતી કોઇ પણ ભૂલ સુધારી શકાય :

પરંતુ પક્ષકારોને સુનાવણીની તક આપવામાં આવી હોય તે સિવાય, આકારણીનો વધારો કરતો અથવા રિફંડમાં અથવા ઇનપુટ વેરા શાખનો ઘટાડો કરતો અથવા અન્યથા બીજા પક્ષકારોની જવાબદારીમાં વધારો કરતો કોઇ સુધારો કરવો જોઇશે નહી

(૪) અપીલ ટ્રિબ્યુનલે શક્ય હોય ત્યાં સુધી, જે તારીખે અપીલ દાખલ કરવામાં આવી હોય તે તારીખથી, એક વર્ષની મુદતની અંદર દરેક અપીલને સુનવણી કરીને તેનો નિર્ણય કરવો જોઈશે.

(૫) અપીલ ટ્રિબ્યુનલે આ કલમ હેઠળ કરેલ દરેક હુકમની નકલ, અપીલ સત્તામંડળ અથવા ફેરતપાસ સત્તામંડળ અથવા યથાપ્રસંગ, મૂળ ન્યાયનિર્ણય કરતાં સત્તામંડળ અને અપીલ કરનાર અને કમિશનર અથવા કેન્દ્રીય વેરાના હકૂમત ધરાવતા કમિશનરને મોકલવી જોઈશે.

(૬) કલમ ૧૧૭ અથવા કલમ ૧૧૮ માં જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, અપીલ પર અપીલ ટ્રિબ્યુનલે કરેલા હુકમ આખરી ગણાશે અને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

રાજ્યના પ્રમુખની નાણાકીય અને વહીવટી સત્તા.

૧૧૪. રાજ્યના પ્રમુખ, રાજ્યમાંની રાજ્ય બેન્ચઅને અપીલ ટ્રિબ્યુનલની ક્ષેત્રીય બેન્ચ ઉપર ઠરાવવામાં આવે તેવી, નાણાકીય અને વહીવટી સત્તા વાપરશે:

પરંતુ, રાજ્ય પ્રમુખને, રાજ્ય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચના કોઈ બીજા સભ્ય અથવા કોઈ પણ અધિકારીને, એવો સભ્ય અથવા અધિકારી તેને સોંપવામાં આવેલી સત્તા વાપરતી વખતે રાજ્યના પ્રમુખના આદેશ, નિયંત્રણ અને દેખરેખ હેઠળ કાર્ય કરવાનું ચાલુ રાખશે, તે શરતને અધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવી, તેની નાણાકીય અને વહીવટી સત્તા સોંપવાનો અધિકાર રહેશે.

અપીલ દાખલ કરવા માટે ચૂકવેલ રકમના રિફંડ ઉપર વ્યાજ ચૂકવવા બાબત.

૧૧૫. અપીલ કરનાર દ્વારા કલમ ૧૦૭ ની પેટા-કલમ (૬) હેઠળ અથવા કલમ ૧૧૨ ની પેટા-કલમ (૮) હેઠળ ચૂકવેલ રકમનું અપીલ સત્તામંડળ અથવા અપીલ ટ્રિબ્યુનલના કોઈ પણ હુકમના પરિણામે રિફંડ આપવાનું ફરમાવવામાં આવ્યું હોય ત્યારે, એવા રિફંડના સંબંધમાં,એવી રકમની ચુકવણીની તારીખથી એવી રકમના રિફંડની તારીખ સુધી, કલમ ૫૬ હેઠળ નિર્દિષ્ટ કરેલ દરે વ્યાજ ચૂકવવાપાત્ર થશે.

અધિકૃત કરેલ તિનિધિ દ્વારા હાજર થવા બાબત.

૧૧૬. (૧)આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહીના સંબંધમાંઆ અધિનિયમ હેઠળ નિમણૂક પામેલ અધિકારી અથવા અપીલ સત્તામંડળ અથવા અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થવા હકદાર હોય તેવી અથવા ફરમાવવામાં આવી હોય તેવી વ્યકિતને, સોગંદ અથવા સોગંદનામા ઉપર જુબાની આપવા માટે વ્યકિતગત રીતે હાજર રહેવા ફરમાવ્યુંહોય તે સિવાય, તે આ કલમની બીજી જોગવાઈઓને આધીન રહીને, આ અધિનિયમ હેઠળ ફરમાવવામાં આવ્યું હોય ત્યારે, અધિકૃત પ્રતિનિધિ દ્વારા હાજર કરી શકશે.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે,"અધિકૃત પ્રતિનિધિ" એટલેપેટા-કલમ (૧) માં ઉલ્લેખ વ્યકિત દ્વારા, પોતાના વતી હાજર થવા માટે, નીચે જણાવેલ વ્યકિતઓ પૈકીની અધિકૃત કરેલ વ્યકિત –

(ક) તેનો સંબંધી અથવા નિયમિત કર્મચારી હોય અથવા :

(ખ) ભારતમાં કોઈપણ કોર્ટમાં વકીલાત કરવા હકદાર હોય તેવો વકીલ અને ભારતની કોઈપણ કોર્ટમાં વકીલાત કરતી રોકવામાં આવી ન હોય તેવી વ્યકિત; અથવા

(ગ) કોઈ પણ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ અથવા કોસ્ટ અકાઉન્ટન્ટ અથવા કંપની સેક્રેટરી, જે કિટ કરવા માટે પ્રમાણપત્ર ધરાવતો હોય અને કિટ કરતાં રોકવામાં આવી ન હોય તેવી વ્યકિત; અથવા

(ઘ) કોઈ પણ રાજ્ય સરકાર, સંઘ સરકાર અથવા બોર્ડના વાણિજ્યિક વેરા વિભાગના નિવૃત અધિકારી જેણે, સરકાર હેઠળની તેની સેવા દરમિયાન, બે વર્ષથી ઓછી નહિ તેટલી મુદત સુધી, ગ્રુપ-બી રાજપત્રિત અધિકારીના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપર કામ કર્યું હોય :

પરંતુ એવો અધિકારી પોતાની નિવૃત્તિની અથવા રાજીનામાની તારીખથી એક વર્ષની મુદત માટે આ અધિનિયમ હેઠળ કોઈપણ કાર્યવાહી સમક્ષ હાજર થવાને હકદાર થશે નહિ; અથવા

(ચ) સંબંધિત રજિસ્ટર થયેલ વ્યકિત વતી માલ અને સેવા વેરા વ્યવસાયી તરીકે કાર્ય કરવા અધિકૃત કરવામાં આવી હોય તેવી કોઇ વ્યકિત.

(૩) (ક) સરકારી સેવામાંથી બરતરફ કરવામાં આવી હોય અથવા દૂર કરવામાં આવી હોય તેવી વ્યકિત, અથવા

(ખ) આ અધિનિયમ, કેન્દ્રિય માલ અને સેવા વેરા અધિનિયમ, સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંઘ રાજ્ય ક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ અથવા કોઈ વિદ્યમાન કાયદા હેઠળ અથવા માલના વેચાણ અથવા માલ અને સેવાના પુરવઠા અથવા તે બંને ઉપર વેરા નાખવા સંબંધી (તજવીજ કરવા સંબંધી) રાજ્ય વિધાનમંડળે પસાર કરેલા અધિનિયમ પૈકી કોઈપણ અધિનિયમ હેઠળની કોઈ પણ કાર્યવાહી સાથે સંકળાયેલા ગુના માટે દોષિત જાહેર થયેલ વ્યકિત, અથવા

(ગ) ઠરાવેલ સત્તામંડળ દ્વારા ગેરવર્તણૂક માટે દોષિત જણાયેલ હોય તેવી વ્યકિત ;

(ઘ) નાદાર તરીકે જાહેર કરવામાં આવી હોય તેવી વ્યકિત,

(૧) ખંડો (ક), (ખ) અને (ગ) માં ઉલ્લેખેલ વ્યકિતના કિસ્સામાં તમામ સમય માટે; અને

(૨) ખંડ (ઘ) માં ઉલ્લેખેલ વ્યકિતના કિસ્સામાં,જે સમય દરમિયાન નાદારી ચાલુ હોય તે મુદત સુધી,

પેટાકલમ (૧) હેઠળ કોઈ વ્યકિતનું પ્રતિનિધિત્વ કરવા ગેર લાયક ગણાશે.

(૪) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા માલ અને સેવા વેરા અધિનિયમ અથવા બીજા કોઇ રાજયના સંઘ રાજયક્ષેત્રના અથવા માલ અને સેવા વેરા અધિનિયમની જોગવાઇઓ હેઠળ ગેરલાયક ઠરાવવામાં આવી હોય તેવી કોઇ વ્યકિત, આ અધિનિયમ હેઠળ ગેરલાયક ઠરાવવામાં આવી છે એમ ગણાશે.

હાઇકોર્ટને અપીલ.

૧૧૭. (૧) અપીલ ટ્રિબ્યુનલની રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા કરવામાં આવેલા કોઇ હુકમથી નારાજ થયેલી કોઇ વ્યકિત, હાઇકોર્ટને અપીલ કરી શકશે અને હાઇકોર્ટને ખાતરી થાય કે કેસમાં કાયદાના મહત્વના પ્રશ્નનો સમાવેશ થાય છે, તો તે અપીલ સ્વીકારી શકશે.

(૨) નારાજ થયેલી વ્યકિતએ, જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેવો હુકમ મળ્યાની તારીખથી એકસો એંસી દિવસની મુદતની અંદર પેટા–કલમ (૧) હેઠળ અપીલ રજૂ કરવી જોઇશે અને તે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવી જોઇશે અને ઠરાવવામાં આવે, તેવી રીતે તેની ખરાઈ કરેલી હોવી જોઇશે :

પરંતુ હાઇકોર્ટને ખાતરી થાય કે આવી મુદતની અંદર અપીલ રજૂ ન કરવા માટે પૂરતું કારણ હતું, તો તે, આવી મુદત પૂરી થયા પછી, અપીલ સ્વીકારી શકશે.

(૩) હાઇકોર્ટને ખાતરી થાય કે કોઇ કેસમાં કાયદાના મહત્વના મુદ્દાનો સમાવેશ થયોછે, ત્યારે કોર્ટે મુદ્દો ઘડવો જોઇશે અને આ રીતે ઘડેલા મુદ્દાના આધારે જ અપીલની સુનાવણી કરવી જોઇશે તથા પ્રતિવાદીને, અપીલની સુનાવણી વખતે, કેસમાં એવા મુદ્દાનો સમાવેશ થતો નથી તેવી દલીલ કરવાની પરવાનગી આપવી જોઇશે :

પરંતુ હાઇકોર્ટને ખાતરી થાય કે કેસમાં આવા મુદ્દાનો સમાવેશ થાય છે, તો આ પેટા–કલમમાંના કોઇપણ મજકૂરથી, કારણોની નોંધ કરીને, તેણે (હાઇકોર્ટે) ઘડેલાના હોય તેવા કાયદાના બીજા કોઇ મહત્વના મુદ્દા અંગે કોર્ટની અપીલ અંગે સુનાવણી કરવાની સત્તા લઇ લીધી અથવા ટૂંકાવેલી (ઓછી કરી) હોવાનું ગણાશે નહિ.

(૪) હાઇકોર્ટ આ રીતે ઘડેલા કાયદાના મુદ્દા અંગે નિર્ણય કરવો જોઇશે અને જેના આધારે આવો નિર્ણય કરવામાં આવ્યો હોય તેવા કારણોનો સમાવેશ કરતો તે અંગેનો ચુકાદો આપવો જોઇશે તથા પોતે યોગ્ય તેવો ખર્ચ અંગેનો હુકમ શકશે.

(૫) હાઇકોર્ટ–

(ક) રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા નક્કી કરવામાં આવી હોય તેવી કોઇ બાબત; અથવા

(ખ) આમાં પેટા–કલમ (૩)માં ઉલ્લેખ્યા પ્રમાણે, કાયદાના આવા મુદ્દાના નિર્ણયના કારણે, રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા ખોટી રીતે નકકી કરવામાં આવી હોય તેવી કોઇ બાબત નક્કી કરી શકશે.

(૬) હાઇકોર્ટ સમક્ષ અપીલ રજૂ કરવામાં આવી હોય, ત્યારે હાઇકોર્ટના ઓછામાં ઓછા બે ન્યાયાધીશની બનેલી બેન્ચ દ્વારા તેની સુનાવણી કરવી જોઇશે અને આવા ન્યાયાધીશના અભિપ્રાય અનુસાર અથવા આવા ન્યાયાધીશની બહુમતી હોય તો, તે અનુસાર તે અંગે નિર્ણય કરવો જોઇશે.

(૭) આવી કોઇપણ બહુમતી ન હોય, ત્યારે ન્યાયાધીશ જે કાયદાના મુદ્દા અંગે ભિન્ન અભિપ્રાય ધરાવતા હોય તે કાયદાનો મુદ્દો જણાવવો જોઇશે અને હાઇકોર્ટના એક અથવા બીજા વધુ ન્યાયાધીશે માત્ર તે મુદ્દા પર જ કેસ અંગે ત્યાર પછી સુનાવણી કરવી જોઇશે તથા જે ન્યાયાધીશે તે કેસ અંગે પ્રથમ સુનાવણી આપી હોય તે ન્યાયાધીશ સહિતના કેસ અંગે જેમણે સુનાવણી આપી હોય તેવા બહુમતી ન્યાયાધીશોના અભિપ્રાય અનુસાર આવા મુદ્દા અંગે નિર્ણય કરવો જોઇશે.

(૮) હાઇકોર્ટ, આ કલમ હેઠળ તેની સમક્ષ રજૂ કરવામાં આવેલી અપીલ અંગે ચુકાદો આપે, ત્યારે ચુકાદાની પ્રમાણિત નકલના આધારે બેમાંથી એક બાજુથી આવા ચુકાદાનો અમલ કરવવો જોઇશે.

ાન ૧૯૦૮નો –મો.

(૯) આ અધિનિયમમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, હાઇકોર્ટને અપીલ કરવાને લગતી દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ની જોગવાઇઓ, શકય હોય ત્યાં સુધી આ કલમ હેઠળની અપીલના કિસ્સામાં લાગુ પડશે.

સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ.

૧૧૮. (૧) (ક) અપીલ ટ્રિબ્યુનલની રાષ્ટ્રીય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચ દ્વારા કરવામાં આવેલા કોઇ હુકમ પરથી;અથવા

(ખ) કોઇ કેસમાં કલમ ૧૧૭ હેઠળ કરવામાં આવેલી અપીલના સંબંધમાં, ચુકાદો અથવા હુકમ થયા પછી તરત જ નારાજ થયેલા પક્ષકાર દ્વારા તેની પોતાની દરખાસ્ત પર અથવા તેના વતી કરવામાં આવેલી અરજી પર, સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ કરવા માટે હાઇકોર્ટ તેને યોગ્ય હોવાનું પ્રમાણિત કરે, તેવા હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલા કોઇ ચુકાદા અથવા હુકમ પરથી;

– સર્વોચ્ચ ન્યાયાલય (સુપ્રિમ કોર્ટ)નેઅપીલ કરી શકશે.

ન ૧૯૦૮નો –મો.

(૨) સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ કરવાને લગતી દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ની જોગવાઇઓ, શકય હોય ત્યાં સુધી, હાઇકોર્ટના હુકમનામાને કારણે કરવામાં આવતી અપીલના કિસ્સામાં તે લાગુ પડે છે તે જા રીતે આ કલમ હેઠળની અપીલના કિસ્સામાં લાગુ પડશે.

(૩) કોઇ અપીલમાં હાઇકોર્ટના ચુકાદામાં ફેરફાર કરવામાં આવ્યો હોય અથવા તેને રદ કરવામાં આવ્યો હોય, ત્યારે હાઇકોર્ટના ચુકાદાના કિસ્સામાં કલમ ૧૧૭માં જોગવાઇ કરેલી રીતે, સર્વોચ્ચ ન્યાયાલયના હુકમને અસર આપવી જાઇશે.

અપીલ વગેરે રજૂ કરી હોવા છતાં, ચૂકવવાપાત્ર બાકી નીકળતી રકમ.

૧૧૯. હાઇકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય) અથવા સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ કરવામાં આવી હોય તેમ છતાં, કલમ ૧૧૩ની પેટા–કલમ (૧) હેઠળ અપીલ ટ્રિબ્યુનલની રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક બેન્ચ દ્વારા કરવામાં આવેલા હુકમ અથવા કલમ ૧૧૩ની પેટા–કલમ (૧) હેઠળ અપીલ ટ્રિબ્યુનલની રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા કરવામાં આવેલા હુકમ અથવા યથાપ્રસંગ, કલમ ૧૧૭ હેઠળ હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલા હુકમના કારણે, સરકારને ચૂકવવાપાત્ર રકમ, આ રીતે કરવામાં આવેલા હુકમ અનુસાર ચૂકવવાપાત્ર રહેશે.

અમુક કિસ્સામાં અપીલ રજૂ ન કરવા બાબત.

૧૨૦. (૧) કાઉન્સિલની ભલામણો પરથી કમિશનરે, આ પ્રકરણની જોગવાઇઓ હેઠળ, રાજય વેરાના અધિકારી દ્વારા અપીલ અથવા અરજીદાખલ કરવાની બાબતનું નિયમન કરવાના હેતુઓ માટે, પોતે યોગ્ય ગણે તેટલી નાણાકીય મર્યાદા નક્કી કરતાં હુકમો અથવા સૂચના અથવા આદેશો વખતોવખત આપવા જોઇશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ આપેલા હુકમો અથવા સૂચના અથવા આદેશો અનુસાર, રાજય વેરાના અધિકારીએ, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ કરવામાં આવેલા કોઇ નિર્ણય અથવા હુકમ વિરુદ્ધ અપીલ અથવા અરજી દાખલ કરી ન હોય, ત્યારે આવા અથવા આ પ્રકારના મુદ્દા અથવા કાયદાના પ્રશ્નોનો સમાવેશ કરતા બીજા કોઇ કેસમાં,રાજય વેરાના આવા અધિકારીને અપીલ અથવા અરજી રજૂ કરતા રોકી શકાશે નહિ.

(૩) પેટા–કલમ (૧) હેઠળ કરવામાં આવેલા હુકમો અથવા સૂચના અથવા આદેશો અનુસાર, રાજય વેરાના અધિકારી દ્વારા કોઇપણ અપીલ અથવા અરજી દાખલ કરવામાં આવી ન હોય તેવી હકીકત હોવા છતાં, અપીલ અથવા અરજીમાંની પક્ષકાર હોય તેવી કોઇપણ વ્યકિતએ એવી દલીલ કરવી જોઇશે નહિ કે રાજય વેરાના અધિકારીએ, અપીલ અથવા અરજી રજૂ ન કરીને, વિવાદિત મુદ્દા પરના નિર્ણયમાં વાંધો ઉઠાવ્યો નથી.

(૪) આવી અપીલ અથવા અરજી પર સુનાવણી કરતી, અપીલ ટ્રિબ્યુનલ અથવા કોર્ટે, પેટા–કલમ (૧) હેઠળ આપેલા હુકમો અથવા સૂચના અથવા આદેશો અનુસાર, રાજય વેરાના અધિકારી દ્વારા જે સંજોગો હેઠળ અપીલ અથવા અરજી રજૂ કરવામાં આવી ન હોય તે સંજોગો ધ્યાનમાં લેવા જાઇશે.

જેની સામે અપીલ ન કરી શકાય તેવા નિર્ણયો અને હુકમો.

૧૨૧. આ અધિનિયમની કોઇ જોગવાઇઓમાં કંઇપણ વિરુદ્ધનું હોય તેમ છતાં, નીચેની બાબતો પૈકીની કોઇ એક અથવા વધુ બાબતોને લગતો નિર્ણય લેવામાં આવ્યો હોય અથવા હુકમ કરવામાં આવ્યો હોય, તો રાજય વેરા અધિકારી દ્વારા કરવામાં આવેલા કોઇ નિર્ણય અથવા લેવામાં આવેલા આવાહુકમ વિરુદ્ધ કોઇપણ અપીલ કરી શકાશે નહિ:–

(ક) એક અધિકારી પાસેથી બીજા અધિકારી નેકાર્યવાહી તબદીલ કરવા માટેનો આદેશ આપવા ની સત્તા આપતો કમિશનર અથવા બીજા સત્તાધિકારીનો હુકમ; અથવા

(ખ) હિસાબના ચોપડા, પત્રક (રજિસ્ટર) અને બીજા દસ્તાવેજાની જપ્તી અથવા તેને રાખવા સંબંધી હુકમ; અથવા

(ગ) આ અધિનિયમ હેઠળ ફોજદારી કાર્યવાહી મંજૂર કરતો હુકમ ; અથવા

(ઘ) કલમ ૮૦ હેઠળ કરવામાં આવેલો હુકમ.

પ્રકરણ ૧૯

ગુના અને શિક્ષા

અમુક ગુના માટે શિક્ષા.

૧૨૨. (૧) વેરાપાત્ર વ્યકિત જે–

(૧) કોઇ ભરતિયું કાઢી આપ્યા સિવાય, કોઇ માલ અથવા સેવાઓ અથવા બંને પૂરી પાડે અથવા આવા કોઇ પુરવઠાના સંબંધમાં, અયોગ્ય અથવા ખોટું ભરતિયું કાઢી આપે;

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માલ અથવા સેવાઓ અથવા બંને પૂરી પાડયા સિવાય, કોઇ ભરતિયું અથવા બિલ કાઢી આપે;

(૩) કોઇ રકમ વેરા તરીકે વસૂલ કરે પણ આવી ચુકવણી જે તારીખે ચૂકવવાપાત્ર હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદતથી વધારે મુદતની અંદર સરકારને તે ચૂકવવામાં નિષ્ફળ જાય;

(૪) આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, કોઇ વેરો વસૂલ કરે પણ આવી ચુકવણી જે તારીખે ચૂકવવાપાત્ર હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદતથી વધારે મુદતની અંદર સરકારને તે ચૂકવવામાં નિષ્ફળ જાય;

(૫) કલમ ૫૧ની પેટા–કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર, વેરાની કપાત કરાવવામાં નિષ્ફળ જાય અથવા સદરહુ પેટા–કલમ હેઠળ કપાત કરાવવાની જરૂરી હોય તેવી રકમ કરતાં ઓછી રકમની કપાત કરાવે અથવા તેની પેટા–કલમ (૨) હેઠળ સરકારને વેરા તરીકે કપાત કરેલી રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય;

(૬) કલમ ૫૨–ની પેટા–કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર, વેરો વસૂલ કરવામાં નિષ્ફળ જાય અથવા સદરહુ પેટા–કલમ હેઠળ વસૂલ કરવાને જરૂર હોય તેટલી રકમ કરતાં ઓછી રકમ વસૂલ કરે અથવા કલમ ૫૨–ની પેટા–કલમ (૩) હેઠળ વેરા તરીકે વસૂલ કરેલી રકમ સરકારને ચૂકવવામાં નિષ્ફળ જાય;

(૭) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માલ અથવા સેવાઓ અથવા બંનેની સંપૂર્ણત: અથવા અંશત:ખરેખર પ્રાપ્તિ સિવાય, ઇનપુટ વેરા શાખ લે અથવા તેનો ઉપયોગ કરે;

(૮) આ અધિનિયમ હેઠળ વેરાનું રિફંડ છળકપટથી મેળવે;

(૯) કલમ ૨૦ અથવા તે હેઠળ કરેલા નિયમોનું ઉલ્લંઘન કરીને, ઇનપુટ વેરા શાખ લે અથવા તેનું વિતરણ કરે;

(૧૦) આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વેરાની ચુકવણી ટાળવાના હેતુથી, નાણાકીય રેકર્ડમાં કપટથી ફેરફાર કરે અથવા બદલે અથવા બનાવટી હિસાબો અથવા દસ્તાવેજો રજૂ કરે અથવા કોઇ ખોટી માહિતી અથવા પત્રક પૂરા પાડે;

(૧૧) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થવાને પાત્ર હોય પણ રજિસ્ટ્રેશન (નોંધણી) કરાવવામાં નિષ્ફળ જાય;

(૧૨) રજિસ્ટ્રેશન (નોંધણી) માટે અરજી કરતી વખતેઅથવા ત્યાર પછી રજિસ્ટ્રેશનની વિગતોના સંબંધમાં, કોઇ ખોટી માહિતી પૂરી પાડે ;

(૧૩) આ અધિનિયમ હેઠળ કોઇ અધિકારીને તેમની ફરજો બજાવતા અવરોધે અથવા અટકાવે;

(૧૪) આ અર્થે નિર્દિષ્ટ કરવામાં આવે તેવા દસ્તાવેજોના કવર સિવાય કોઇ વેરાપાત્ર માલની હેરફેર કરે;

(૧૫) પોતાનું ટર્નઓવર છુપાવે જેના કારણે આ અધિનિયમ હેઠળ વેરો (ચૂકવવાનું) ટાળવામાં આવે;

(૧૬) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર, હિસાબના ચોપડા અને બીજા દસ્તાવેજો રાખવામાં, તેને નિભાવવામાં અથવા પોતાના કબજામાં રાખવામાં નિષ્ફળ જાય ;

(૧૭) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર, અધિકારી દ્વારા માંગવામાં આવેલી માહિતી અથવા દસ્તાવેજો પૂરા પાડવામાં નિષ્ફળ જાય અથવા આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહી દરમિયાન, ખોટી માહિતી અથવા દસ્તાવેજો પૂરા પાડે;

(૧૮) આ અધિનિયમ હેઠળ જપ્તીને પાત્ર છે તેવું માનવાને એને કારણ હોય એવો કોઇ માલ પૂરો પાડે, તેની હેરફેર કરે અથવા તેનો સંગ્રહ કરે;

(૧૯) બીજી રજિસ્ટર થયેલી વ્યકિતના રજિસ્ટ્રેશન (નોંધણી) નંબરનો ઉપયોગ કરીને, કોઇ ભરતિયું અથવા દસ્તાવેજ કાઢી આપે;

(૨૦) કોઇ મહત્વના પુરાવા અથવા દસ્તાવેજો સાથે ચેડાં કરે અથવા તેનો નાશ કરે;

(૨૧) આ અધિનિયમ હેઠળ અટકાયત કરવામાં આવ્યા હોય, જપ્ત કરવામાં આવ્યા હોય અથવા ટાંચમાં લેવામાં આવ્યા હોય તેવા કોઇ માલનો નિકાલ કરે અથવા તેની સાથે ચેડાં કરે;

તો તે દસ હજાર રૂપિયાનો દંડ અથવા જેટલો વેરો ચૂકવવાનું ટાળ્યું હોય તેને સમકક્ષ રકમ અથવા કલમ ૫૧ હેઠળ કપાત ન કરવામાં આવેલો વેરા અથવા ઓછો કપાત કરવામાં આવેલો વેરો અથવા કપાત કરવામાં આવેલો પણ સરકારને ચૂકવવામાં ન આવેલો વેરો અથવા કલમ ૫૨ હેઠળ વસૂલ ન કરવામાં આવેલો વેરો અથવા ઓછો વસૂલ કરવામાં આવેલો વેરો અથવા વસૂલ કરવામાં આવેલો પણ સરકારને ચૂકવવામાં ન આવેલો વેરો અથવા અનિયમિત પણે લીધેલી હોય અથવા આગળ પહોંચાડેલી અથવા વહેંચેલી ઇનપુટ વેરા શાખ અથવા છળકપટપૂર્વક દાવો કરેલ રિફંડ, આમાંથી જે વધુ હોય તેટલી રકમ ચૂકવવાને જવાબદાર રહેશે.

(૨) જેના પર કોઇ વેરો ચૂકવવામાં આવ્યો ન હોય અથવા ઓછો વેરો ચૂકવવામાં આવ્યો હોય અથવા ખોટી રીતે રિફંડ લેવામાં આવ્યું હોય અથવા ઇનપુટ વેરા શાખનો લાભ ખોટી રીતે મેળવવામાં આવ્યો હોય અથવા તેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવા કોઇ માલ અથવા સેવાઓ અથવા બંને પૂરી પાડતી હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યકિત,

(ક) વેરો ટાળવા માટે, છળકપટ કર્યાના અથવા જાણીબુજીને કોઇ ખોટી રજૂઆત કર્યાના અથવા હકીકતો છુપાવવાના કારણ સિવાયના કોઇ કારણસર તેને દસ હજાર રૂપિયાનો દંડ અથવા આવી વ્યકિતએ ચૂકવવાપાત્ર વેરાના દસ ટકા,એ બેમાંથી જે વધુ હોય તેટલી રકમ ચૂકવવાને જવાબદાર રહેશે;

(ખ) વેરો ટાળવા માટે, છળકપટ કર્યાના અથવા જાણીબુજીને કોઇ ખોટી રજૂઆત કર્યાના અથવા હકીકતો છુપાવવાના કારણસર, દસ હજાર રૂપિયાને સમકક્ષ હોય તેટલો દંડ અથવા આવી વ્યકિતએ ચૂકવવાપાત્ર વેરો, બેમાંથી જે વધુ હોય તેટલી રકમ ચૂકવવાને જવાબદાર રહેશે.

(૩) જે કોઇ વ્યકિત –

(ક) પેટા–કલમ (૧) ના ખંડો (૧) થી (૨૧) માં નિર્દિષ્ટ કરેલા ગુના પૈકીના કોઇ ગુનામાં સહાય કરે અથવા તેમાં મદદગારી કરે;

(ખ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ જપ્તીને પાત્ર છે, તેવું તે જાણતો હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવા કોઇ માલનો કબજો સંપાદિત કરે અથવા તેવા માલની હેરફેર

કરવામાં, માલને દૂર કરવામાં, જમા કરવામાં, રાખવામાં, છૂપાવવામાં, પૂરો પાડવામાં અથવા ખરીદવામાં પોતે કોઇ રીતે સંકળાયેલી હોય અથવા બીજી કોઇ રીતે તેવા માલની તજવીજ કરે;

(ગ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે, તેવું તે જાણતો હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવી સેવાઓનો કોઇ પુરવઠો મેળવે અથવા તેના પુરવઠા સાથે કોઇ રીતે સંકળાયેલી હોય અથવા બીજી કોઇ રીતે તેની તજવીજ કરે;

(ઘ) તપાસમાં પુરાવો આપવા માટે ઉપસ્થિત થવા અથવા દસ્તાવેજ રજૂ કરવા સમન પાઠવવામાં આવ્યું હોય, ત્યારે રાજય વેરાના અધિકારી સમક્ષ ઉપસ્થિત થવામાં નિષ્ફળ જાય;

(ચ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર, ભરતિયું કાઢી આપવામાં નિષ્ફળ જાય અથવા હિસાબના તેના ચોપડામાં ભરતિયા અંગેનો હિસાબ આપવામાં નિષ્ફળ જાય,

તે, પચીસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા માટે જવાબદાર થશે.

માહિતી પત્રક પૂરું પાડવામાં નિષ્ફળ થયા બદલ દંડ.

૧૨૩. કલમ ૧૫૦ હેઠળ માહિતી પત્રક પૂરું પાડવાનું ફરમાવ્યું હોય તેવી વ્યકિત, તેની પેટા–કલમ (૩) હેઠળ કાઢી આપવામાં આવેલી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર આવું કરવામાં નિષ્ફળ થાય, તો યોગ્ય અધિકારી, આવું પત્રક પૂરું પાડવામાં નિષ્ફળ હોવાનું ચાલુ રહયું હોય તે મુદતના દરેક દિવસ માટે એકસો રૂપિયાનો દંડ ચૂકવવાને એવી વ્યકિત જવાબદાર થશે તેવો આદેશ આપી શકશે :

પરંતુ આ કલમ હેઠળ નાખવામાં આવેલો દંડ, પાંચ હજાર રૂપિયા કરતાં વધુ હોવો જોઇશે નહિ.

આંકડા પૂરા પાડવા માટેની નિષ્ફળતા બદલ દંડ.

૧૨૪. કલમ ૧૫૧ હેઠળ કોઇ માહિતી અથવા પત્રક પૂરું પાડવા માટે ફરમાવ્યું હોય તેવી કોઇ વ્યકિત,–

(ક) વાજબી કારણ સિવાય, તે કલમ હેઠળ ફરમાવવામાં આવે તેવી માહિતી અથવા પત્રક પૂરું પાડવામાં નિષ્ફળ જાય; અથવા

(ખ) તે ખોટું હોવાનું જાણતો હોય તેવી કોઇ માહિતી અથવા પત્રક સ્વેચ્છાપૂર્વક પૂરું પાડે અથવા પૂરું પડાવે,

દંડને લગતી સામાન્ય નિયમબદ્ધતા (આચારસંહિતા).

તો તે, દસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે અને ગુનો કરવાનું ચાલુ રહયું હોય તે કિસ્સામાં, જે સમય દરમિયાન ગુનો ચાલુ રહયો હોય તેના પ્રથમ દિવસ પછીના દરેક દિવસ માટે, પચીસ હજાર રૂપિયાની મહત્તમ મર્યાદાને અધીન રહીને, એકસો રૂપિયા સુધીના વધુ દંડની શિક્ષાને પાત્ર થશે.

૧૨૫. આ અધિનિયમમાં જેના માટે કોઇપણ દંડની અલગથી જોગવાઇ કરવામાં ન આવી હોય તેવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમોની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કરે,તેવી કોઇ વ્યકિત, પચીસ હજાર રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

૧૨૬. (૧) આ અધિનિયમ હેઠળના કોઇપણ અધિકારી, વેરા નિયમન અથવા કાર્યરીતિવિષયક આવશ્યકતાના નાના (ગૌણ) ભંગ બદલ અથવા ખાસ કરીને, જે સહેલાઇથી સુધારી શકાય તેવી અને છળકપટપૂર્વકના ઉદ્દેશ અથવા ગંભીર બેદરકારી સિવાય કરવામાં આવેલી દસ્તાવેજીકરણમાંની કોઇ ચૂક અથવા ભૂલ બદલ કોઇ દંડ નાખી શકશે નહિ.

સ્પષ્ટીકરણ .– આ પેટા–કલમના હેતુ માટે,–

(ક) સંબંધિત વેરાની રકમ, પાંચ હજાર રૂપિયા કરતાં ઓછી હોય, તો એવો ભંગ–, ''નાના (ગૌણ) ભંગ'' તરીકે ગણાશે.

INDEX

(ખ) દસ્તાવેજીકરણમાંની ચૂક અથવા ભૂલ, રેકર્ડ પરની દેખીતી ભૂલ હોય, તો તેને સહેલાઈથી સુધારી શકાય તેવી ભૂલ હોવાનું ગણાશે.

(૨) અધિનિયમ હેઠળ નાખવામાં આવેલો દંડ, દરેક કેસની હકીકતો અને તેના સંજોગો પર આધારિત રહેશે અને તે કરવામાં આવેલા ભંગની માત્રા તથા તેની ગંભીરતા અનુસાર લેવામાં આવશે.

(૩) કોઇ વ્યકિતને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, તેના પર કોઇપણ દંડ નાખવામાં આવશે નહિ.

(૪) કોઇ કાયદા, વિનિયમ અથવા કાર્યરીતિવિષયક જરૂરિયાતના ભંગ બદલ હુકમ દ્વારા દંડ નાખતી વખતે આ અધિનિયમ હેઠળના અધિકારીએ, ભંગનો પ્રકાર અને જેના હેઠળ ભંગ બદલ લેવાના દંડની રકમ નિર્દિષ્ટ કરવામાં આવી હોય તે લાગુ પડતો કાયદો, વિનિયમ અથવા કાર્યરીતિ નિર્દિષ્ટ કરવા જોઇશે.

(૫) આ અધિનિયમ હેઠળ અધિકારીને ભંગ થયા અંગેની જાણ થાય તે પહેલા કોઇ વ્યકિત, સ્વૈચ્છિક રીતે વેરા કાયદા, વિનિયમ અથવા કાર્યરીતિવિષયક જરૂરિયાતનો ભંગ કર્યા અંગેના સંજોગો, આ અધિનિયમ હેઠળ ના અધિકારી સમક્ષ જાહેર કરે, ત્યારે યોગ્ય અધિકારી, તે વ્યકિત માટે દંડનું પ્રમાણ નક્કી કરતી વખતે, આ હકીકતને, શિક્ષા હળવી કરતાં પરિબળ તરીકે ગણી શકશે.

(૬) આ કલમની જોગવાઇઓ, આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલો દંડ, નક્કી કરેલી રકમ હોય અથવા નક્કી કરેલી (નિયત) ટકાવારી તરીકે દર્શાવવામાં આવ્યો હોય, તેવા કેસમાં લાગુ પડશે નહિ.

અમુક કિસ્સામાં દંડ નાખવાની સત્તા.

૧૨૭. યોગ્ય અધિકારી, એવો અભિપ્રાય ધરાવતા હોય કે વ્યકિત દંડને પાત્ર છે અને તેને કલમ ૬૨ અથવા કલમ ૬૩ અથવા કલમ ૬૪ અથવા કલમ ૭૩ અથવા કલમ ૭૪ અથવા કલમ ૧૨૯ અથવા કલમ ૧૩૦ હેઠળની કોઇ કાર્યવાહીઓ હેઠળ આવરી લેવામાં આવ્યો નથી, ત્યારે તેઓ આવી વ્યકિતને, સુનાવણીની વાજબી તક આપ્યા પછી, આવો દંડ નાખતો હુકમ કાઢી શકશે.

દંડ અથવા ફી અથવા બંને જતાં કરવાની સત્તા.

૧૨૮. સરકાર, જાહેરનામાથી, કાઉન્સિલની ભલામણો પર તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવાવેરાદાતાના આવા વર્ગ માટે અને તેવા હળવા કરતાં સંજોગો હેઠળ કલમ ૧૨૨ અથવા કલમ ૧૨૩ અથવા કલમ ૧૨૫–માં ઉલ્લેખ કરવામાં આવેલો કોઇ દંડ અથવા કલમ ૪૭ માં ઉલ્લેખ કરવામાં આવેલી કોઇ વિલંબ ફીને અંશતઃ અથવા સંપૂર્ણત: જતાં કરી શકશે.

માર્ગસ્થ હોય તેવા માલ અને વાહનની અટકાયત, જપ્તી અને તેને મુકત કરવા બાબત.

૧૨૯. (૧) આ અધિનિયમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ વ્યકિત, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માર્ગમાં હોય તેવા કોઇ માલની હેરફેર કરે અથવા સંગ્રહ કરે, ત્યારે આવો તમામ માલ અને સદરહુ માલ અને આવા માલને લગતાં દસ્તાવેજો લઇ જવા માટે, હેરફેરના સાધન તરીકે વાપરવામાં આવતા વાહન, અટકાયત અથવા જપ્તીને પાત્ર થશે અને આવી અટકાયત અથવા જપ્તી પછી, તેને,–

(ક) માલનો માલિક, આવા વેરા અને દંડની ચુકવણી માટે તૈયાર થાય, ત્યારે લાગુ પડતો વેરો અને આવા માલ પર ચૂકવવાપાત્ર વેરાના એકસો ટકાને સમકક્ષ દંડ અને મુકિત (માફી) આપવામાં આવેલા માલના કિસ્સામાં, માલની કિમતના બે ટકાને સમકક્ષ રકમ અથવા પચીસ હજાર રૂપિયા, બેમાંથી જે ઓછું હોય તેની ચુકવણી કર્યેથી;

(ખ) માલનો માલિક, આવા વેરા અને દંડની ચુકવણી માટે તૈયાર થાય નહિ, ત્યારે લાગુ પડતો વેરો અને માલ પર ચૂકવેલી વેરા રકમ ઘટાડીને, માલની કિમતના પચાસ ટકાને સમકક્ષ દંડની ચુકવણી

કર્યેથી અને મુક્તિ (માફી) આપેલા માલના કિસ્સામાં, માલની કિમતના પાંચ ટકાને સમકક્ષ રકમ અથવા પચીસ હજાર રૂપિયા, બેમાંથી જે ઓછું હોય, તેની ચુકવણી કર્યેથી;

(ગ) ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે ખંડ (ક) અથવા ખંડ(ખ) હેઠળ ચૂકવવાપાત્ર રકમને સમકક્ષ જામીનગીરી પૂરી પાડયેથી,

–મુક્ત કરવામાં આવશે:

પરંતુ માલની હેરફેર કરતી વ્યક્તિને, અટકાયત અથવા જપ્તીનો હુકમ બજાવ્યા વિના, આવા કોઈપણ માલ અથવા વાહનની અટકાયત કરી શકાશે નહિ અથવા તેને જપ્ત કરી શકાશે નહિ.

(૨) કલમ ૬૭ની પેટા–કલમ (૬) ની જોગવાઈઓ, ઉચિત ફેરફારો સાથે માલ અને વાહનોની અટકાયત અને જપ્તી માટે લાગુ પડશે.

(૩) માલ અથવા વાહનોની અટકાયત કરતા અથવા તેને જપ્ત કરતા યોગ્ય અધિકારીએ, ચૂકવવાપાત્ર વેરા અને દંડ નિર્દિષ્ટ કરતી નોટિસ આપવી જોઇશે અને ત્યાર પછી ખંડ (ક) અથવા ખંડ (ખ) અથવા ખંડ (ગ) હેઠળ વેરા અને દંડની ચુકવણી માટે હુકમ કરવો જોઇશે.

(૪) સંબંધિત વ્યકિતને સુનાવણીની તક આપ્યા સિવાય, પેટા–કલમ (૩) હેઠળ કોઈપણ વેરા, વ્યાજ અથવા દંડ નક્કી કરવા જોઇશે નહિ.

(૫) પેટા–કલમ (૧) માં ઉલ્લેખેલી રકમની ચુકવણી કર્યેથી, પેટા–કલમ (૩) માં નિર્દિષ્ટ કરેલી નોટિસના સંબંધમાં તમામ કાર્યવાહીઓ, પૂર્ણ થયેલી છે એમ ગણાશે.

(૬) કોઈ માલની હેરફેર કરતી વ્યકિત અથવા માલનો માલિક, આવી અટકાયત અથવા જપ્તીના સાત દિવસની અંદર પેટા–કલમ (૧) માં જોગવાઇ કર્યા પ્રમાણે, વેરા અને દંડની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, ત્યારે કલમ ૧૩૦ની જોગવાઈઓ અનુસાર, વધુ કાર્યવાહીઓ કરવી જોઇશે:

પરંતુ અટકાયત કરવામાં આવેલો અથવા જપ્ત કરવામાં આવેલો માલ, ખરાબ થઇ જાય તેવો અથવા જોખમી પ્રકારનો હોય અથવા સમય જતાં તેની કિમત ઘટવાની સંભાવના હોય, ત્યારે સાત દિવસની સદરહુ મુદત, યોગ્ય અધિકારી ઘટાડી શકશે.

ાલ અથવા ાહનોની જપ્તી અને ૬ લેવા બાબત.

૧૩૦. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ વ્યકિત–

(૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, વેરાની ચુકવણી ટાળવાના ઉદ્દેશ સાથે કોઇ માલ પૂરો પાડે અથવા મેળવે; અથવા

(૨) આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવાને તે પાત્ર હોય તેવા કોઇ માલનો હિસાબ આપે નહિ; અથવા

(૩) રજિસ્ટ્રેશન (નોંધણી) માટે અરજી કર્યા સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવાને પાત્ર હોય તેવો કોઇ માલ પૂરો પાડે; અથવા

(૪) વેરાની ચુકવણી ટાળવાના ઉદ્દેશ સાથે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે; અથવા

(૫) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માલ લઇ જવા માટે, હેરફેરના સાધન તરીકે કોઇ વાહનનો ઉપયોગ કરે સિવાય કે વાહનનો માલિક પુરવાર કરે કે માલિકની પોતાની તેના એજન્ટ, હોય તો, તેની અને વાહનનો હવાલો ધરાવતી વ્યકિતની જાણ અથવા મૂક સંમતિ વિના આ રીતે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો,

INDEX

તો આવા તમામ માલ અથવા વાહનો, જપ્તી ને પાત્ર રહેશે અને કલમ ૧૨૨ હેઠળ વ્યકિત, દંડને પાત્ર રહેશે.

(૨) આ અધિનિયમથી કોઇ માલ અથવા વાહનની જપ્તીને અધિકૃત કરવામાં આવે, ત્યારે તેનો ન્યાયનિર્ણય કરતાં અધિકારીએ, પોતાને યોગ્ય લાગે તેટલો દંડ, જપ્તીને બદલે ચૂકવવા નો વિકલ્પ માલના માલિકને આપવો જોઇશે:

પરંતુ આવો લેવાપાત્ર દંડ, જપ્ત કરેલા માલ ઉપર લેવાપાત્ર વેરાને બાદ કરતાં તેની (જપ્ત કરેલા માલની) બજાર કિમત કરતાં વધવો જોઇશે નહિ :

વધુમાં, લેવાપાત્ર આવા દંડ અને શિક્ષાની એકંદર રકમ, કલમ ૧૨૯ ની પેટા–કલમ (૧) હેઠળ લેવાપાત્ર શિક્ષાની રકમ કરતાં ઓછી હોવી જોઇશે નહિ:

વળી, આવું કોઇ વાહન, ભાડા માટે માલ અથવા મુસાફરો લઇ જવા માટે ઉપયોગમાં લેવાતું હોય, ત્યારે વાહનના માલિકને, વાહનની જપ્તીના બદલે, તેના પર હેરફેર કરવામાં આવતા માલ પર ચૂકવવાપાત્ર વેરાને સમકક્ષ દંડ ચૂકવવાનો વિકલ્પ આપવો જોઇશે.

(૩) પેટા–કલમ (૨) હેઠળ માલ અથવા વાહનની જપ્તીને બદલે, કોઇ દંડ નાખવામાં આવ્યો હોય, ત્યારે આવા માલ અથવા વાહનનો માલિક અથવા પેટા–કલમ (૧) માં ઉલ્લેખેલી વ્યકિત, વધુમાં, આવા માલ અથવા વાહનના સંબંધમાં ચૂકવવાપાત્ર કોઇ વેરા, દંડ અને ચાર્જ (ખર્ચ)ને પાત્ર થશે.

(૪) માલ અથવા વાહનની જપ્તી માટે અથવા દંડ નાખવા માટેનો કોઇપણ હુકમ, વ્યકિતને સુનાવણીની તક આપ્યા વિના કરવો જોઇશે નહિ.

(૫) આ અધિનિયમ હેઠળ કોઇ માલ અથવા વાહનને જપ્ત કરવામાં આવે, ત્યારે આવા માલ અથવા વાહનનો માલિકી હક, તેમ થતાં, સરકારમાં નિહિત થશે.

(૬) જપ્તી અંગેનો ન્યાયનિર્ણય આપતા યોગ્ય અધિકારીએ, જપ્ત કરેલી વસ્તુ લઇ લેવી જોઇશે અને તેનો કબજો લેવો જોઇશે અને પોલીસના દરેક અધિકારીએ, આવા યોગ્ય અધિકારીની માંગણી પર, આવો કબજો લેવામાં તથા તેને ઘરાવવામાં તેમની સહાય કરવી જોઇશે.

(૭) યોગ્ય અધિકારી, પોતાને ખાતરી થાય કે જપ્ત કરેલો માલ અથવા વાહનની આ અધિનિયમ હેઠળની બીજી કોઇ કાર્યવાહીઓમાં આવશ્યકતા નથી અને જપ્તીને બદલે દંડ ચૂકવવા માટે ત્રણ મહિનાથી વધુ નહિ તેટલો વાજબી સમય આપ્યા પછી, આવા માલ અથવા વાહનનો નિકાલ કરી શકશે અને તેની વેચાણ ઉપજ, સરકારમાં જમા કરી શકશે.

જપ્તી અથવા દંડથી બીજી શિક્ષામાં દરમિયાનગીરી (હસ્તક્ષેપ) થશે નહિ.

સન ૧૯૭૪નો ૨–જો.

૧૩૧. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ માં સમાવિષ્ટ જોગવાઇઓને બાધ આપ્યા સિવાય, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ કરવામાં આવેલી કોઇપણ જપ્તી અથવા નાખવામાં આવેલો દંડથી, આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદાની જોગવાઇઓ હેઠળ ની બીજી કોઇ શિક્ષા, અસરગ્રસ્ત વ્યકિતને કરવામાંથી અટકાવી શકાશે નહિ.

અમુક ગુના માટેની શિક્ષા .

૧૩૨. (૧) જે કોઇ, નીચેનાગુના પૈકીનો કોઇ ગુના કરે,–

(ક) વેરો ટાળવાના ઉદ્દેશ સાથે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, કોઇ ભરતિયું કાઢી આપ્યા સિવાય, કોઇ માલ અથવા સેવાઓ અથવા તે બંને પૂરી પાડે;

(ખ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, માલ અથવા સેવાઓ અથવા બંને પૂરી પાડ્યા સિવાય, કોઈ ભરતિયું અથવા બિલ કાઢી આપે, જેનાથી ઈનપુટ વેરા શાખ અથવા વેરાના રિફંડની ખોટી રીતે પ્રાપ્તિ થાય અથવા તેનો ઉપયોગ થાય;

(ગ) ખંડ (ખ)માં ઉલ્લેખેલું ભરતિયું અથવા બિલ વાપરીને ઈનપુટ વેરા શાખ પ્રાપ્ત કરે;

(ઘ) કોઈ રકમ વેરા તરીકે વસૂલ કરે પરંતુ આવી ચુકવણી જે તારીખે બાકી નીકળતી હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદત કરતાં વધુ મુદતમાં સરકારને તે ચૂકવવા માટે નિષ્ફળ જાય;

(ચ) ત્યારે વેરો ચૂકવવાનું ટાળે અથવા છળકપટપૂર્વક ઈનપુટ વેરા શાખ પ્રાપ્ત કરે અથવા છળકપટપૂર્વક રિફંડ મેળવે; અને આવો ગુનો ખંડો (ક) થી (ઘ) હેઠળ આવરી લીધેલો ન હોય.

(છ) આ અધિનિયમ હેઠળ બાકી નીકળતી વેરાની ચુકવણી ટાળવાના ઉદ્દેશ સાથે, નાણાકીય રેકર્ડ ખોટી રીતે રજૂ કરે અથવા તેને બદલે અથવા બનાવટી હિસાબો અથવા દસ્તાવેજો રજૂ કરે અથવા કોઈ ખોટી માહિતી પૂરી પાડે;

(જ) આ અધિનિયમ હેઠળ કોઈ અધિકારીને પોતાની ફરજો બજાવવામાં અવરોધે અથવા અટકાવે,

(ઝ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ જપ્તીને પાત્ર હોય તેવા તેની જાણમાં હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવા કોઈ માલનો કબજો સંપાદિત કરે અથવા માલની હેરફેર કરવામાં, તેને દૂર કરવામાં, તેને જમા કરવામાં, રાખવામાં, છુપાવવામાં, તેને પૂરો પાડવામાં, તેની ખરીદી કરવામાં પોતે કોઈ રીતે સંડોવાય અથવા બીજી કોઈ રીતે તેની તજવીજ કરે;

(ટ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવતું હોય તે તેની જાણમાં હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવી સેવાઓ મેળવે અથવા તે પૂરી પાડવામાં કોઈ રીતે તે સંડોવાયઅથવા સેવાઓના કોઈ પુરવઠા સાથે બીજી કોઈ રીતે તજવીજ કરે;

(ઠ) કોઈ મહત્વના પુરાવા અથવા દસ્તાવેજો સાથે ચેડાં કરે અથવા તેનો નાશ કરે,

(ડ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ તેને પૂરી પાડવાનું ફરમાવ્યું હોય તેવી કોઈ માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ જાય અથવા,(તેણે પૂરી પાડેલી માહિતી સાચી છે તે સાબિત કરવાનો બોજો, તેના પર રહેશે તેવી વાજબી માન્યતા હોય તે સિવાય) ખોટી માહિતી પૂરી પાડે; અથવા

(ઢ) આ કલમના ખંડો (ક) થી (ડ) માં ઉલ્લેખેલા ગુના પૈકીનો કોઈ ગુનો કરવાનો પ્રયત્ન કરે અથવા તે કરવામાં મદદગારી કરે,

તેને, નીચે જણાવ્યા મુજબની શિક્ષા થશે–

(૧) ટાળવામાં આવેલી વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઈનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ પાંચસો લાખ રૂપિયા કરતાં વધુ હોય તેવા કિસ્સામાં, પાંચ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે;

(૨) ટાળવામાં આવેલી વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઈનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ બસો લાખ રૂપિયા કરતાં વધુ પણ પાંચસો લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તેવા કિસ્સામાં, ત્રણ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે;

(૩) બીજા કોઇ ગુનાના કિસ્સામાં,ટાળવામાં આવેલી વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ એકસો લાખ રૂપિયા કરતાં વધુ પણ બસો લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તેવા કિસ્સામાં, એક વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે;

(૪) ખંડ (છ) અથવા ખંડ (જ) અથવા ખંડ (ઠ)માં નિર્દિષ્ટ કરેલો ગુનો કરે અથવા ગુનો કરવામાં મદદગારી કરે, ત્યારે તે કિસ્સામાં, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

(૨) આ કલમ હેઠળ કોઇ વ્યક્તિને કોઇ ગુના માટે દોષિત ઠરાવવામાં આવી હોય તેને ફરીથી આ કલમ હેઠળના ગુના માટે દોષિત ઠરાવવામાં આવે, ત્યારે તે વ્યક્તિ,બીજા અને ત્યાર પછીના દરેક ગુના માટે, પાંચ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે.

(૩) વિરુદ્ધના ખાસ અને પૂરતા કારણો ન હોય, ત્યારે, કોર્ટના ચુકાદામાં તેની નોંધ કરીને,પેટા–કલમ (૧)ના ખંડો (૧) (૨) અને (૩) તથા પેટા–કલમ (૨) માં ઉલ્લેખેલી કેદની શિક્ષા,ઓછામાં ઓછા છ મહિનાની મુદત માટે રહેશે.

(૪) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પેટા–કલમ (૫)માં ઉલ્લેખેલા ગુના સિવાયના, આ અધિનિયમ હેઠળના તમામ ગુના, પોલીસ અધિકાર બહારના અને જામીનપાત્ર રહેશે. સન ૧૯૭૪નો ૨જો.

(૫) પેટા–કલમ (૧) ના ખંડ (ક) અથવા ખંડ(ખ) અથવા ખંડ(ગ) અથવા ખંડ(ઘ)માં નિર્દિષ્ટ કરેલા અને તે પેટા–કલમના ખંડ (૮) હેઠળ ના શિક્ષાપાત્ર ગુના, પોલીસ અધિકારના અને બિન–જામીનપાત્ર રહેશે.

(૬) કમિશનરની પૂર્વ–મંજૂરી સિવાય, આ કલમ હેઠળ કોઇ ગુના માટે કોઈ વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી ચલાવી શકાશે નહિ.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે,"વેરા"એ શબ્દપ્રયોગમાં આ અધિનિયમ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની જોગવાઇઓ હેઠળ ટાળવામાં આવેલા વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલા અથવા ઉપયોગમાં લીધેલા ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ, માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર) અધિનિયમ હેઠળ લેવામાં આવેલા સેસ (ઉપકર) નો સમાવેશ થશે.

અધિકારીઓ અને અમુક બીજી વ્યક્તિઓની જવાબદારી.

૧૩૩. (૧) કલમ ૧૫૧ હેઠળ આંકડાના સંગ્રહ અથવા તેના સંકલન અથવા કોમ્પ્યુટરીકરણના સંબંધમાં રોકાયેલી કોઇ વ્યક્તિ અથવા કલમ ૧૫૦ ની પેટા–કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ માહિતી પ્રાપ્ત કરતા કોઇ રાજ્યવેરા અધિકારી અથવા કોમન (સામાન્ય) પોર્ટલ પર સેવાની જોગવાઇના સંબંધમાં રોકાયેલી કોઇ વ્યક્તિ અથવા કોમન પોર્ટલના એજન્ટ,સદરહુ કલમો હેઠળ તેની ફરજોની અમલ બજવણી કરતી વખતે હોય તે સિવાય અથવા આ અધિનિયમ હેઠળના અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ અધિનિયમ હેઠળના ગુના બદલ ફોજદારી કાર્યવાહીના હેતુઓ માટે,આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ પૂરા પાડેલા કોઇ પત્રકની કોઇ માહિતી અથવા વિગતો જાણીબુજીને પ્રગટ કરે, ત્યારે તે છ મહિનાની મુદત સુધીની કેદની અથવા પચીસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્રથશે.

(૨) (ક) સરકારી કર્મચારી હોય તેવી કોઈ વ્યક્તિ વિરુદ્ધ સરકારની પૂર્વ–મંજૂરી થી હોય તે સિવાય, આ કલમ હેઠળ કોઇ ગુના માટે ફોજદારી કાર્યવાહી કરી શકાશે નહિ.

(ખ) સરકારી કર્મચારી ન હોય તેવી કોઈ વ્યકિતવિરુદ્ધ કમિશનરની પૂર્વ–મંજૂરીથી હોય તે સિવાય, આ કલમ હેઠળ કોઇ ગુના માટે ફોજદારી કાર્યવાહી કરી શકાશે નહિ.

ગુનાની ન્યાયિક નોંધ.

૧૩૪. કોઇપણ કોર્ટ, કમિશનરની પૂર્વ–મંજૂરીથી હોય તે સિવાય, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શિક્ષાપાત્ર હોય તેવા કોઇ ગુનાની ન્યાયિક નોંધ લઇ શકશે નહિ અને પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટથી ઊતરતા દરજ્જાની હોય તેવી કોઇપણ કોર્ટ, આવા કોઇ ગુના બદલઅદાલતી કાર્યવાહી કરી શકશે નહિ.

દોષપાત્ર માનસિક સ્થિતિની પૂર્વધારણા.

૧૩૫. આરોપીના ભાગે દોષપાત્ર માનસિક સ્થિતિની આવશ્યકતા હોય તેવા આ અધિનિયમ હેઠળના ગુના માટે ની કોઇ અદાલતી કાર્યવાહીમાં, કોર્ટે આવી માનસિક સ્થિતિ અસ્તિત્વમાં છે તેમ માની લેવું જોઇશે પણ આરોપીને પોતાના બચાવ માટે તે હકીકત પુરવાર કરવી જોઇશે કે તે અદાલતી કાર્યવાહીમાં ગુના તરીકેનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવા કૃત્યના સંબંધમાં તેની આવી કોઇ માનસિક સ્થિતિ (અસ્તિત્વમાં) ન હતી.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે, –

(૧) "દોષપાત્ર માનસિક સ્થિતિ" એટલે ઇરાદો, આશય, હકીકતની જાણ અને હકીકતમાં માન્યતા અથવા તે માનવાનું કારણ;

(૨) જ્યારે હકીકત, વાજબી શંકા સિવાય અસ્તિત્વમાં છે તેવું કોર્ટ દ્વારા માનવામાં આવે અને જ્યારે માત્ર મોટી શક્યતા દ્વારા તેનું અસ્તિત્વ પુરવાર કરવામાં ન આવે ત્યારે જ હકીકત સાબિત થયેલી હોવાનું ગણાશે.

અમુક સંજોગો હેઠળ પત્રકોની સુસંગતતા.

૧૩૬. આ અધિનિયમ હેઠળ કોઇ તપાસ અથવા કાર્યવાહીઓની પ્રક્રિયા દરમિયાન કલમ ૭૦ હેઠળ આપવામાં આવેલા કોઇ સમન્સના પ્રત્યુતરમાં વ્યકિતએ ઉપસ્થિત થયેથી તૈયાર કરેલું અને સહી કરેલું પત્રક, આ અધિનિયમ હેઠળના ગુના માટેની કોઇ અદાલતી કાર્યવાહીમાંનીચે જણાવેલી હકીકતોના તથ્યને પુરવાર કરવાના હેતુ માટે સુસંગત રહેશે,–

(ક) જેણે પત્રક તૈયાર કર્યું હોય તેવી વ્યકિત મૃત્યુ પામી હોય અથવા તેને શોધી શકાય તેમ ન હોય અથવા પુરાવો આપવા માટે અસમર્થ હોય અથવા વિરુદ્ધના પક્ષકાર દ્વારા બહાર રાખવામાં આવી હોય અથવા કોઇ પણ અંશે વિલંબ અથવા ખર્ચ કર્યા વિના જેની હાજરી મેળવી શકાય તેમ ન હોય તેવા કેસના સંજોગો હેઠળ, કોર્ટ બિનવાજબી ગણે ત્યારે; અથવા

(ખ) જેણે પત્રક તૈયાર કર્યું હોય તેવી વ્યકિતને કોર્ટ સમક્ષ કેસમાં સાક્ષી તરીકે તપાસવામાં આવી હોય અને કેસના સંજોગોને લક્ષમાં લેતાં, કોર્ટનો અભિપ્રાય હોય કે ન્યાયના હિતમાં પત્રકને પુરાવા તરીકે સ્વીકારવું જોઇશે ત્યારે .

ંપનીએ કરેલા ુના.

૧૩૭. (૧) આ અધિનિયમ હેઠળ ગુનો કરનારી વ્યકિત, કંપની હોય, ત્યારે દરેક વ્યકિત, જે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે કંપનીનો હવાલો સંભાળતી હોય અને કંપનીના કાર્યસંચાલન માટે કંપનીને જવાબદાર હોય તેમજ કંપની, ગુનાની દોષિત હોવાનું ગણાશે તથા તેમની વિરુદ્ધ કાર્યવાહી ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

(૨) પેટા–કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ કંપની દ્વારા ગુનો કરવામાં આવ્યો હોય અને તેવું પુરવાર કરવામાં આવે કે કંપનીના કોઇ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા મૂકસંમતિથી ગુનો કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે કોઇ બેદરકારીના કારણે થયો છે, ત્યારે આવા ડિરેક્ટર, મેનેજર,સેક્રેટરી અથવા બીજા અધિકારી, તે ગુના માટે દોષિત હોવાનું ગણાશે અને તેમની સામે ફોજદારી કાર્યવાહી ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

INDEX

(૩) આ અધિનિયમ હેઠળ ગુનો, ભાગીદારી પેઢી અથવા મર્યાદિત ભાગીદારી જવાબદારી (પેઢી) અથવા હિંદુ અવિભકત કુટુંબ અથવા ટ્રસ્ટ હોય તેવી વેરાપાત્ર વ્યકિત દ્વારા કરવામાં આવ્યો હોય, ત્યારે ભાગીદાર અથવા કર્તા અથવા મેનેજિંગ ટ્રસ્ટી તે ગુનાનો દોષિત હોવાનું ગણાશે અને તેમની સામે કાર્યવાહી ચલાવી શકાશે તથા તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે અને પેટા–કલમ (૨) ની જોગવાઈઓ, ઉચિત ફેરફારો સાથે આવી વ્યકિતઓને લાગુ પડશે.

(૪) આ કલમમાંના કોઈપણ મજકૂરથી,આવી કોઈ વ્યકિત આ અધિનિયમમાં જોગવાઈ કરેલી કોઈ શિક્ષાને પાત્ર ઠરશે નહિ, જો તે પુરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તેવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ પૂરતી કાળજી રાખી હતી.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે–

(૧) "કંપની" એટલે સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યકિતઓના બીજા એસોસિએશનનો સમાવેશ થાય છે; અને

(૨) પેઢીના સંબંધમાં"ડિરેક્ટર" એટલે પેઢીમાંનો ભાગીદાર.

ગુનાની માંડવાળ.

૧૩૮. (૧) આ અધિનિયમ હેઠળના કોઈ ગુનાની માંડવાળ,અદાલતી કાર્યવાહી શરૂ થતા પહેલાં અથવા ત્યારપછી, કમિશનર દ્વારા, ગુનાની આરોપી વ્યકિતએ કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારને, ઠરાવવામાં આવે તેવી રીતે તેટલી માંડવાળની રકમની ચુકવણી કરી શકાશે.

પરંતુ આ કલમમાંનો કોઈ પણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ.

(ક) કલમ ૧૩૨–ની પેટા–કલમ (૧) ના ખંડો (ક) થી (છ) માં નિર્દિષ્ટ કરેલા ગુના પૈકીના કોઈ ગુના અને સદરહુ પેટા–કલમ ના ખંડો (ક) થી (છ) માં નિર્દિષ્ટ કરેલા ગુનાને સંબંધિત હોય તેવા ખંડ (ઢ) માં નિર્દિષ્ટ કરેલા ગુનાના સંબંધમાં, જેને એક વખત માંડવાળ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને;

(ખ) એક કરોડ રૂપિયા કરતાં વધુ કિંમતના પુરવઠાના સંબંધમાં, આ અધિનિયમ અથવા કોઈ રાજ્ય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંઘપ્રદેશ માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની જોગવાઈઓ હેઠળના, ખંડ (ક) માં ઉલ્લેખેલા હોય તે સિવાયના, કોઈપણ ગુનાના સંબંધમાં, જેને એક વખત માંડવાળ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને;

(ગ) આ અધિનિયમ હેઠળનો ગુનો જે તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ પણ ગુનો હોય તેવો ગુનો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યકિતને;

(ઘ) આ અધિનિયમ હેઠળ કોર્ટે ગુના માટે ગુનેગાર ઠરાવી હોય તેવી વ્યકિતને;

(ચ) કલમ ૧૩૨–ની પેટા–કલમ (૧) ના ખંડ (જ) અથવા ખંડ (ઠ) અથવા ખંડ (ડ) માં નિર્દિષ્ટ કરેલો ગુનો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યકિતને; અને

(છ) ઠરાવવામાં આવે તેવી વ્યકિતઓના અથવા ગુનાના બીજા કોઈ વર્ગને:

વધુમાં, આ કલમની જોગવાઈઓ હેઠળ કોઈ માંડવાળની પરવાનગી આપવામાં આવી હોય તો તેનાથી બીજા કોઈ કાયદા હેઠળ શરૂ કરવામાં આવેલી કાર્યવાહીઓ, હોય તો તેને અસર થશે નહિ:

વળી, આવા ગુનાને સંબંધિત વેરા, વ્યાજ અને દંડની ચુકવણી કર્યા પછી જ માંડવાળની પરવાનગી આપવી જોઈશે.

(૨) આ કલમ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેની રકમ, દસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી ન્યૂનતમ રકમ અથવા સંબંધિત વેરાના પચાસ ટકા બેમાંથી જે વધુ હોય તેને અને ત્રીસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી મહત્તમ રકમ અથવા વેરાના એકસો અને પચાસ ટકા, બેમાંથી જે વધુ હોય તેને અધીન રહીને ઠરાવવામાં આવે તેટલી રહેશે.

(૩) કમિશનર નક્કી કરે તેટલી માંડવાળની રકમની ચુકવણી કર્યેથી, તે જ ગુનાના સંબંધમાં, આરોપી વ્યકિત વિરુદ્ધ આ અધિનિયમ હેઠળ વધુ કોઈપણ કાર્યવાહી શરૂ કરવી જોઈશે નહિ અને કોઈ ફોજદારી કાર્યવાહી, સદરહુ ગુનાના સંબંધમાં અગાઉથી શરૂ કરવામાં આવી હોય, તો તે સમાપ્ત થયેલી ગણાશે.

પ્રકરણ ૨૦

વચગાળાની જોગવાઈઓ.

વિદ્યમાન વેરાદાતાનું સ્થળાંતર.

૧૩૯. (૧) નિયત તારીખે અને તે તારીખથી વિદ્યમાન કાયદા પૈકીના કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી અને માન્ય (કાયદેસર) કાયમી ખાતા નંબર ધરાવતી વ્યકિતને,ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને અને તેવા નમૂનામાં અને તેવી રીતે કામચલાઉ ધોરણે રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર આપવું જોઈશે, જે પેટા-કલમ (૨) હેઠળ છેવટના (આખરી) રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્રથી બદલવામાં આવ્યું હોય તે સિવાય, આ રીતે ઠરાવવામાં આવેલી શરતોનું પાલન કરવામાં આવ્યું ન હોય, તો રદ થવાને પાત્ર ગણાશે.

(૨) છેવટનું(આખરી) રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે તથા તેવી શરતોને અધીન રહીને, આપવામાં આવશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ વ્યકિતને આપવામાં આવેલું રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર, આવી વ્યકિત, કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટ્રેશન (નોંધણી)ને પાત્ર ન હતી તેવી તેણે આપેલી અરજી અનુસાર સદરહુ નોંધણી રદ કરવામાં આવે, તો આપવામાં આવેલું ગણાશે નહિ.

ઈનપુટ વેરા શાખ માટે વચગાળાની જોગવાઈઓ.

૧૪૦. (૧) કલમ ૧૦ હેઠળ વેરો ચૂકવવા ઈચ્છતી વ્યકિત સિવાયની રજિસ્ટર થયેલી વ્યકિત, ઠરાવવામાં આવે તેવી રીતે વિદ્યમાન કાયદા હેઠળ તેણે પૂરા પાડેલા નિયત દિવસની તરત પહેલા આવતા દિવસે પૂરી થતી મુદતને લગતા પત્રકમાં આગળ લઈ જવામાં આવેલ મૂલ્યવર્ધિત વેરો અને પ્રવેશ વેરોની રકમની, શાખ, હોય તો તેના વીજાણુ શાખ ખાતાવહી (ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર) માં લેવા માટે હકદાર રહેશે.

પરંતુ રજિસ્ટર થયેલી વ્યકિતને, નીચેના સંજોગોમાં શાખ લેવાની પરવાનગી આપવામાં આવશે નહિ:-

(૧) શાખની સદરહુ રકમ, આ અધિનિયમ હેઠળ ઈનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર ન હોય ત્યારે; અથવા

(૨) નિયત તારીખની તરત પહેલાની છ મહિનાની મુદત માટે, વિદ્યમાન કાયદા હેઠળ જરૂરી હોય તેવા તમામ પત્રકો તેણે પૂરા પાડ્યા ન હોય ત્યારે; અથવા

(૩) શાખની સદરહુ રકમ, તારીખ :૩૧મી ડિસેમ્બર, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૫૧) જીએસટી- ૨૦૦૧ એસ.૪૯ (૩૫૫)ઠ, તારીખ : ૧૧મી ઓકટોબર, ૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૨૪) વીએટી- ૨૦૧૩/ એસ.૪૦ (૮)-ઠ અને

INDEX

વેચેલા માલ પર ચૂકવેલ મૂલ્યવર્ધિત વેરાના રિફંડનો દાવો કરતા બીજા કોઈ જાહેરનામા હેઠળ વેચેલા માલને લગતી હોય ત્યારે:

વધુમાં, કેન્દ્રીય વેચાણવેરા (રજિસ્ટ્રેશન અને ટર્નઓવર) બાબતના નિયમો, ૧૯૫૭ ના નિયમ ૧૨–માં ઠરાવેલી રીતે અને ઠરાવેલી સમયમર્યાદાની અંદર જેને પ્રમાણભૂત ઠરાવવામાં આવી ન હોય તેવી કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩, કલમ ૫–ની પેટા–કલમ (૩), કલમ ૬, કલમ ૬–ક અથવા કલમ ૮ ની પેટા– કલમ (૮) ને સંબંધિત કોઈ દાવાને જવાબદાર હોય તેવી મોટા પ્રમાણની સદરહુ શાખ, વીજાણુ શાખ ખાતાવહી (ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર) માં જમા કરાવવાને પાત્ર રહેશે નહિ:

વળી, બીજા પરંતુકમાં નિર્દિષ્ટ કરેલી શાખને સમકક્ષ રકમ, કેન્દ્રીય વેચાણવેરા રજિસ્ટ્રેશન અને ટર્નઓવર બાબતના નિયમો, ૧૯૫૭ ના નિયમ ૧૨–માં ઠરાવેલી રીતે સદરહુ દાવાને પ્રમાણિત ઠરાવવામાં આવે, ત્યારે વિધમાન કાયદા હેઠળ રિફંડ કરવી જોઈશે.

(૨) કલમ ૧૦ હેઠળ વેરો ચૂકવવા ઈચ્છતી વ્યકિત સિવાયની રજિસ્ટર થયેલી વ્યકિત, ઠરાવવામાં આવે તેવી રીતે, નિયત દિવસ પહેલા તરત આવતા દિવસે પૂરી થતી મુદત માટે, વિધમાન કાયદા હેઠળ, તેણે પૂરા પાડેલા પત્રકમાં, મૂડીરૂપ માલના સંબંધમાં, આગળ લઈ જવામાં ન આવેલી વણભોગવેલી ઈનપુટ વેરા શાખની શાખને તેના વીજાણુ શાખ ખાતાવહી (ઈલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લેવાને હકદાર રહેશે:

પરંતુ રજિસ્ટર થયેલી વ્યકિતને, વિધમાન કાયદા હેઠળ, સદરહુ શાખ, ઈનપુટ વેરા શાખા તરીકે મળવાપાત્ર હોય અને આ અધિનિયમ હેઠળ ઈનપુટ વેરા શાખ તરીકે પણ મળવાપાત્ર હોયતે સિવાય, શાખ લેવાની પરવાનગી આપવી જોઈશે નહિ.

સ્પષ્ટીકરણ.–આ કલમના હેતુઓ માટે,"વણભોગવેલીઈનપુટ વેરા શાખ"એ શબ્દપ્રયોગનો અર્થ, વિધમાન કાયદા હેઠળ, સદરહુ મૂડીરૂપ માલના સંબંધમાં, સદરહુ વ્યકિત જેને હકદાર હોય તે ઈનપુટ વેરા શાખની એકંદર રકમમાંથી વિધમાન કાયદા હેઠળ વેરાપાત્ર વ્યકિત દ્વારા મૂડીરૂપ માલના સંબંધમાં, અગાઉ મેળવેલી (ભોગવેલી) ઈનપુટ વેરા શાખની રકમ બાદ કર્યા પછી, બાકી રહેતી રકમ એવો થાય છે.

(૩) વિધમાન કાયદા હેઠળ, રજિસ્ટર થવાને પાત્ર ન હોય અથવા ગમે તે નામે ઓળખાતા મુકિત આપેલા માલ અથવા વેરામુકત માલના વેચાણના અથવા રાજયમાં પ્રથમ તબક્કે જે માલ માટે વેરો ચૂકવ્યો હોય તેવા માલ અને વિધમાન કાયદા હેઠળ પરંતુ આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવાને પાત્ર હોય તેવા રાજયમાં વેરાને અધીન ન હોય તેવા ત્યાર પછીના વેચાણમાં રોકાયેલી રજિસ્ટર થયેલી વ્યકિત અથવા માલનું વેચાણ હોય તો તે સમયે ઈનપુટ વેરા શાખને વ્યકિત હકદાર હોય, તો તે નીચેની શરતોને અધીન રહીને, નિયત દિવસે જથ્થા (સ્ટોક)માં ધરાવેલી ઉત્પાદક સામગ્રી (ઈનપુટ) અને અમુક અંશે તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ ઉત્પાદક સામગ્રીના સંબંધમાં, મૂલ્યવર્ધિત વેરો અને પ્રવેશ વેરો, હોય તો, તેની શાખ તેના વીજાણુ શાખ ખાતાવહી (ઈલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લેવા માટે હકદાર રહેશે:–

(૧) આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર પુરવઠો તૈયાર કરવા માટે એવી ઉત્પાદક સામગ્રી અથવા માલ વાપરવામાં આવતા હોય અથવા વાપરવા માટે અભિપ્રેત હોય;

(૨) આ અધિનિયમ હેઠળ આવી ઈનપુટ પર ઈનપુટ વેરા શાખ માટે સદરહુ રજિસ્ટર થયેલી વ્યકિત પાત્ર હોય;

(૩) આવી ઈનપુટના સંબંધમાં, વિદ્યમાન કાયદા હેઠળ, સદરહુ રજિસ્ટર થયેલી વ્યકિત, વેરાની ચુકવણી અંગેનો પુરાવો દર્શાવતા ભરતિયાં અથવા બીજા ઠરાવેલા દસ્તાવેજોના કબજા ધરાવતી હોય; અને

(૪) આવા ભરતિયાં અથવા બીજા ઠરાવેલા દસ્તાવેજો, નિયત દિવસ પહેલાની તરતના બાર મહિના કરતા વહેલા ન હોય તેમ કાઢી આપવામાં આવ્યા હોય :

પરંતુ સેવાઓના ઉત્પાદક અથવા સેવાઓ પૂરી પાડનાર સિવાયની રજિસ્ટર થયેલી વ્યકિત, ઈંપુટના સંબંધમાં, વેરાની ચુકવણી અંગેનો પુરાવો દર્શાવતા ભરતિયાં અથવા બીજા કોઈ દસ્તાવેજોનો કબજો ધરાવતીન હોય ત્યારે,આવી રજિસ્ટર થયેલી વ્યકિતને ઠરાવવામાં આવે તેવી શરતો, મર્યાદા અને બાંયધરીને અધીન રહીને અને સદરહુ વેરાપાત્ર વ્યકિતએ ઘટાડેલી કિમતે સેવા મેળવનારને આવી શાખનો લાભ આપવો જોઈશે એ હકીકતને પણ અધીન રહીને, ઠરાવવામાં આવે તેટલા દરે અને તેવી રીતે શાખ લેવાની પરવાનગી આપવી જોઈશે.

(૪) વિદ્યમાન કાયદા હેઠળ પરંતુ આ અધિનિયમ હેઠળ વેરાને પાત્ર હોય તેવા ગમે તે નામે ઓળખાતા વેરાપાત્ર માલ તેમજ મુકિત આપી હોય તેવા માલ અથવા વેરામુકત માલના વેચાણમાં રોકાયેલી રજિસ્ટર થયેલી વ્યકિત,–

(ક) પેટા–કલમ (૧) ની જોગવાઈઓ અનુસાર વિદ્યમાન કાયદા હેઠળ તેણે પૂરા પાડેલા પત્રકમાં આગળ લઈ જવામાં આવેલો મૂલ્યવર્ધિત વેરો અને પ્રવેશ વેરો હોય, તો તેની શાખની રકમ; અને

(ખ) પેટા–કલમ (૩) ની જોગવાઈઓ અનુસાર ગમે તે નામે ઓળખાતા આવા મુકિત આપેલા માલ અથવા વેરામુકત માલને સંબંધિત નિયત દિવસે જથ્થામાં ધરાવેલી ઈનપુટઅને જથ્થામાં ધરાવેલા અર્ધ તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે (સંપૂર્ણતઃ) તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ ઈનપુટના સંબંધમા મૂલ્યવર્ધિત વેરો અને પ્રવેશ વેરો હોય તો તેની શાખની રકમ

તેના વીજાણુ શાખ ખાતાવહી (ઈલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લેવા માટે હકદાર રહેશે.

(૫) રજિસ્ટર થયેલી વ્યકિત, નિયત તારીખે અથવા તે પછી મેળવેલી ઈનપુટના સંબંધમાં મૂલ્યવર્ધિત વેરો અને પ્રવેશ વેરો, હોય તો, તેની શાખને, પરંતુ તે ભરતિયાં અથવા વેરો ચૂકવતાં બીજા કોઈ દસ્તાવેજને નિયત દિવસથી ત્રીસ દિવસની મુદતની અંદર આવી વ્યકિતના હિસાબના ચોપડામાં નોંધવામાં આવ્યાં હોય તે શરતને અધીન રહીને, વિદ્યમાન કાયદા હેઠળ પુરવઠાકાર દ્વારા જેના સંબંધમાં વેરો ચૂકવવામાં આવ્યો હોય તેવી વેરાની શાખને, તેના વીજાણુ શાખ ખાતાવહી (ઈલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લઈ જવાને હકદાર રહેશે :

પરંતુ ત્રીસ દિવસની મુદત, કમિશનર દ્વારા ત્રીસ દિવસથી વધુ નહિ હોય તેટલી વધુ મુદત માટે પૂરતું કારણ દર્શાવ્યેથી લંબાવી શકાશે:

વધુમાં, આ પેટા–કલમ હેઠળ જેના સંબંધમાં શાખ લેવામાં આવી હોય તેના સંબંધમાં ઠરાવવામાં આવે તેવી રીતે સદરહુ રજિસ્ટર થયેલી વ્યકિતએ, પત્રક પૂરું પાડવું જોઈશે.

(૬) વિદ્યમાન કાયદા હેઠળ નક્કી કરેલા દરે વેરો ચૂકવતી અથવા ચૂકવવાપાત્ર વેરાના બદલે નક્કી કરેલી રકમ ચૂકવતી હોય તેવી રજિસ્ટર થયેલી વ્યકિત, નીચેની શરતોને અધીન રહીને, નિયત દિવસે જથ્થામાં ધરાવેલી ઈનપુટઅને જથ્થામાં ધરાવેલા અર્ધ તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ ઈનપુટના સંબંધમાં, મૂલ્યવર્ધિત વેરા શાખને,
તેના વીજાણુ શાખ ખાતાવહી (ઈલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લેવા માટે હકદાર રહેશે:

(૧) આવી ઈનપુટ અથવા માલ, આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર પુરવઠો તૈયાર કરવા માટે વાપરવામાં આવતો હોય અથવા વાપરવા માટે ઈરાદો હોય;

(૨) સદરહુ રજિસ્ટર થયેલી વ્યકિત, કલમ ૧૦ હેઠળ વેરો ચૂકવતી ન હોય;

(૩) સદરહુ રજિસ્ટર થયેલી વ્યકિત, આ અધિનિયમ હેઠળ આવી ઈનપુટ પર ઈનપુટ વેરા શાખ માટે પાત્ર હોય;

(૪) સદરહુ રજિસ્ટર થયેલી વ્યકિત, ઈનપુટના સંબંધમાં, વિદ્યમાન કાયદા હેઠળ વેરાની ચુકવણી દર્શાવતા ભરતિયાં અથવા બીજા ઠરાવેલા દસ્તાવેજોનો કબજો ધરાવતી હોય; અને

(૫) આવાં ભરતિયાં અથવા બીજા ઠરાવેલા દસ્તાવેજો, નિયત દિવસ પહેલાની તરતના બાર મહિનાથી પહેલા નહિ તેમ કાઢી આપવામાં આવ્યાં હોય.

(૭) પેટા-કલમો (૩), (૪) અને (૬) હેઠળની શાખની રકમની ગણતરી, ઠરાવવામાં આવે તેવી રીતે કરવી જોઇશે.

૧૪૧. (૧) કામકાજના સ્થળે મેળવેલી કોઇ ઈનપુટને, નિયત દિવસ પહેલા, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર તે તરીકે મોકલવામાં આવી હોય અથવા વધુ પ્રક્રિયા (પ્રોસેસિંગ), ચકાસણી (ટેસ્ટિંગ), મરામત (રિપેર), રિકન્ડિશનિંગ અથવા બીજા કોઇ હેતુ માટે, છૂટકકામદાર(જોબ વર્ક કરનારને)ને અંશત: પ્રક્રિયા કર્યા પછી, તે મોકલવામાં આવી હોય અને નિયત દિવસે અથવા તે પછી, સદરહુ સ્થળે આવી ઈનપુટને પરત મોકલવામાં આવી હોય, ત્યારે આવી ઈનપુટ , છૂટકકામ પૂર્ણ થયા પછી અથવા અન્યથા નિયત દિવસથી છ મહિનાની અંદર સદરહુ સ્થળે મોકલવામાં આવે તે કિસ્સામાં, કોઇપણ વેરો ચૂકવવાપાત્ર રહેશે નહિ: **છૂટકકામ જોબ વર્કને લગતી વચગાળાની જોગવાઇઓ .**

પરંતુ છ મહિનાની મુદત, કમિશનર દ્વારા બે મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, પૂરતું કારણ દર્શાવ્યેથી લંબાવી શકાશે:

વધુમાં, આવી ઉત્પાદક ઈનપુટને આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પરત કરવામાં આવી ન હોય, તો કલમ ૧૪૨-ની પેટા-કલમ (૮) ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર ઈનપુટ વેરા શાખ, વસૂલ થવાને પાત્ર રહેશે.

(૨) કોઇ અર્ધ તૈયાર કરેલા માલને, નિયત દિવસ પહેલા, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર અમુક ઉત્પાદન પ્રક્રિયા કરવા માટે, કામકાજના સ્થળથી બીજી કોઇ જગા સુધી મોકલવામાં આવ્યો હોય અને આવા માલ (જેનો આમાં હવે પછી, આ પેટા-કલમમાં "સદરહુ માલ"તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને નિયત દિવસે અથવા તે પછી, સદરહુ સ્થળે પરત મોકલવામાં આવ્યો હોય, ત્યારે ઉત્પાદન પ્રક્રિયા કર્યા પછી અથવા અન્યથા નિયત દિવસથી છ મહિનાની અંદર સદરહુ માલ પરત મોકલવામાં આવે તે કિસ્સામાં, કોઇપણ વેરો ચૂકવવાપાત્ર થશે નહિ:

પરંતુ છ મહિનાની મુદત, કમિશનર દ્વારા બે મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, પૂરતું કારણ દર્શાવ્યેથી લંબાવી શકાશે:

વધુમાં, સદરહુ માલને, આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પરત મોકલવામાં ન આવે, તો કલમ ૧૪૨-ની પેટા-કલમ (૮) ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર ઈનપુટ વેરા શાખ વસૂલ થવાને પાત્ર રહેશે:

વળી, માલ મોકલતી (રવાના કરતી) વ્યકિત, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર, આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, ભારતમાં વેરાની ચુકવણી કર્યેથી અથવા આયાત

માટે વેરાની ચુકવણી સિવાય,માલને મોકલવાના હેતુથી, કોઇ રજિસ્ટર થયેલી વ્યકિતની જગાએ સદરહુ માલને બીજી જગાએથી તબદીલ કરી શકશે.

(૩) કોઇ માલને, નિયત દિવસ પહેલા, વિધમાન કાયદાની જોગવાઇઓ અનુસાર ચકાસણી અથવા બીજી કોઇ પ્રક્રિયા હાથ ધરવા માટે, કામકાજના સ્થળેથી રજિસ્ટર થયેલી હોય અથવા ન હોય તેવી બીજી કોઈ જગાએ મોકલવામાં આવે અને આવો માલ, નિયત દિવસે અથવા તે પછી, કામકાજના સદરહુ સ્થળે પરત મોકલવામાં આવે, ત્યારે અને સદરહુ માલ, ચકાસણી અથવા બીજી કોઇ પ્રકિયા કર્યા પછી, નિયત દિવસથી છ મહિનાની અંદર આવા સ્થળે પરત મોકલવામાં આવે તે કિસ્સામાં, કોઇપણ વેરો ચૂકવવાપાત્ર રહેશે નહિ :

પરંતુ છ મહિનાની મુદત, કમિશનર દ્વારા બે મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, પૂરતું કારણ દર્શાવ્યેથી લંબાવી શકાશે:

વધુમાં, સદરહુ માલને, આ પેટા–કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પરત મોકલવામાં ન આવે, તો કલમ ૧૪૨–ની પેટા–કલમ (૮) ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર ઇનપુટ વેરા શાખ વસૂલ થવાને પાત્ર રહેશે:

વળી, માલ મોકલતી (રવાના કરતી) વ્યકિત, વિધમાન કાયદાની જોગવાઇઓ અનુસાર, આ પેટા–કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, ભારતમાં વેરાની ચુકવણી કર્યેથી અથવા આયાત માટે વેરાની ચુકવણી સિવાય, સદરહુ માલને સદરહુ બીજી જગાએથી તબદીલ કરી શકશે.

(૪) પેટા–કલમો (૧), (૨) અને (૩) હેઠળ વેરો, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે અને તેટલા સમયની અંદર નિયત દિવસે માલ મોકલતી વ્યકિત અને છૂટકકામ પર રાખેલી વ્યકિત, સદરહુ વ્યકિત વતી કામે રાખેલા કામદારે જથ્થામાં ઘરાવેલી ઇનપુટ અથવા માલની વિગતો જાહેર કરે, તે કિસ્સામાં જ ચૂકવવાપાત્ર રહેશે નહિ.

પ્રકીર્ણ વચગાળાની જોગવાઇઓ.

૧૪૨. (૧) કોઇ માલ જેના પર નિયત દિવસ પહેલા છ મહિનાથી વહેલું નહિ તેમ તેના વેચાણના સમયે, વિધમાન કાયદા હેઠળ વેરો, હોય તો, તેને ચૂકવવામાં આવ્યો હોય તેને (માલને) નિયત દિવસે અથવા તેપછી, કામકાજના કોઇ સ્થળે પરત મોકલવામાં આવે ત્યારે,આવા માલને નિયત દિવસથી છ મહિનાની મુદતની અંદર રજિસ્ટર થયેલી વ્યકિત સિવાયની વ્યકિત દ્વારા કામકાજના સદરહુ સ્થળે પરત મોકલવામાં આવે તથા આવો માલ, યોગ્ય અધિકારીને ખાતરી થાય તે મુજબ ઓળખી શકાય તેમ હોય ત્યારે,રજિસ્ટર થયેલી વ્યકિત, વિધમાન કાયદા હેઠળ ચૂકવેલા વેરાના રિફંડ માટે પાત્ર રહેશે;

પરંતુ રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા સદરહુ માલને પરત મોકલવામાં આવ્યો હોય, તો આવા માલનો પુરવઠો પરત મોકલવાની બાબત હોવાનું ગણાશે.

(૨) (ક) નિયત દિવસ પહેલા કરવામાં આવેલા કરાર અનુસાર કોઇ માલની કિમત, નિયત દિવસે અથવા તે પછી વધારવામાં આવે, ત્યારે આવા માલનું વેચાણ કર્યું હોય તેવી રજિસ્ટર થયેલી વ્યકિતએ, આવી કિમત સુધારણાની ત્રીસ દિવસની અંદર ઠરાવવામાં આવે તેથી વિગતોનો સમાવેશ કરતું પૂરક ભરતિયું અથવા ઉધાર નોંધ (માલ) મેળવનારને આપવું જોઇશે અને આ અધિનિયમના માટે, આવું પૂરક ભરતીયું અથવા ઉધાર નોંધ,આ અધિનિયમ હેઠળ જાવક પુરવઠાના સંબંધમાં કાઢી આપેલું હોવાનું ગણાશે;

(ખ) નિયત દિવસ પહેલા કરવામાં આવેલા કરાર અનુસાર કોઇ માલની કિમત, નિયત દિવસે અથવા તે પછી ઘટાડવામાં આવે, ત્યારે આવા માલનું વેચાણ કર્યું હોય તેવી રજિસ્ટર થયેલી વ્યકિત, આવી કિમત સુધારણાની ત્રીસ દિવસની અંદર ઠરાવવામાં આવે તેથી વિગતોનો સમાવેશ

કરતી જમા નોંધ (માલ) મેળવનારને આપી શકશે અને આ અધિનિયમના હેતુઓ માટે, આવી જમા નોંધ, આ અધિનિયમ હેઠળ જાવક પુરવઠાના સંબંધમાં કાઢી આપેલું હોવાનું ગણાશેઃ

પરંતુ રજિસ્ટર થયેલી વ્યકિતને, શાખ આપવાના કારણે તેની વેરા જવાબદારી ઘટાડવાની પરવાનગી તે કિસ્સામાં જ આપવી જોઈશે કે જમા નોંધ મેળવનારે, વેરા જવાબદારીના આવા ઘટાડાને અનુરૂપ તેની ઈનપુટ વેરા શાખ ઘટાડી હોય.

(૩) કોઇ વ્યકિતએ નિયત દિવસ પહેલા, તે દિવસે અથવા તે પછી, વિધમાન કાયદા હેઠળ ચૂકવેલા ઇનપુટ વેરા શાખ, વેરા, વ્યાજ અથવા બીજી કોઇ રકમના રિફંડ માટે કોઇ વ્યકિતએ રજૂ કરેલા રિફંડ માટેના દરેક દાવાનો નિકાલ, વિધમાન કાયદાની જોગવાઇઓ અનુસાર કરવો જોઇશે અને તેને આખરે જમા મળતી કોઇ રકમ, સદરહુ કાયદાની જોગવાઇઓ અનુસાર તેને રોકડમાં ચૂકવવી જોઇશેઃ

પરંતુ ઇનપુટ વેરા શાખની રકમના રિફંડ માટેનો કોઇ દાવો, સંપૂર્ણતઃ અથવા અંશતઃ રીતે નામંજૂર કરવામાં આવે, ત્યારે આ રીતે ના મંજૂર કરેલી રકમ રદ થશેઃ

વધુમાં, ઇનપુટ વેરા શાખની કોઇ રકમનું કોઇપણ રિફંડ આ અધિનિયમ હેઠળ સદરહુ રકમની સિલક, નિયત દિવસે આગળ લઇ જવામાં આવી હોય, ત્યારે મંજૂર કરવામાં આવશે નહિ.

(૪) નિયત દિવસ પહેલા અથવા તે પછી આયાત કરેલા માલના સંબંધમાં, વિધમાન કાયદા હેઠળ ચૂકવેલા કોઇ વેરાના રિફંડ માટે, નિયત દિવસ પછી રજૂ કરેલા રિફંડ માટેના દરેક દાવાનો નિકાલ, વિધમાન કાયદાની જોગવાઇઓ અનુસાર કરવો જોઇશેઃ

પરંતુ ઇનપુટ વેરા શાખના રિફંડ માટેનો કોઇ દાવો સંપૂર્ણતઃ અથવા અંશતઃ નામંજૂર કરવામાં આવે, ત્યારે આ રીતે નામંજૂર કરેલી રકમ રદ થશેઃ

વધુમાં, ઇનપુટ વેરા શાખની કોઇ રકમનું કોઇપણ રિફંડ આ અધિનિયમ હેઠળ સદરહુ રકમની સિલક, નિયત દિવસે રોજ આગળ લઇ જવામાં આવી હોય, ત્યારે મંજૂર કરવામાં (આપવામાં) આવશે નહિ.

(૫) આ અધિનિયમમાં કંઇપણ વિરુદ્ધનું હોય તેમ છતાં, નિયત દિવસ પહેલા ઉલટાવવામાં આવેલી ઇનપુટ વેરા શાખની કોઇ રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર રહેશે નહિ.

(૬) (ક) વિધમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલા, તે દિવસે અથવા તે દિવસ પછી, શરૂ કરવામાં આવેલા ઇનપુટ વેરા શાખ માટેના દાવાને લગતી અપીલ ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભ (પૂછાણ) ની દરેક કાર્યવાહીનો નિકાલ, વિધમાન કાયદાની જોગવાઇઓ અનુસાર કરવો જોઇશે અને દાવો કરનારને મળવાપાત્ર હોવાનું જણાયેલી શાખની કોઇ રકમ, વિધમાન કાયદાની જોગવાઇઓ અનુસાર, તેને રોકડમાં રિફંડ કરવી જોઇશે તથા નામંજૂર કરેલી રકમ, હોય તો, તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરાશાખ તરીકે મળવાપાત્ર રહેશે નહિ :

પરંતુ ઇનપુટ વેરા શાખની કોઇ રકમનું કોઇપણ રિફંડ આ અધિનિયમ હેઠળ સદરહુ રકમની સિલક, નિયત દિવસે રોજ આગળ લઇ જવામાં આવી હોય, ત્યારે મંજૂર કરવામાંઆવશે નહિ.

(ખ) વિધમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી,ઇનપુટ વેરા શાખની વસૂલાતના સંબંધમાં શરૂ કરાયેલી કોઇ અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભની દરેક કાર્યવાહીનો નિકાલ, વિધમાન કાયદાની જોગવાઇઓ અનુસાર કરવો જોઇશે અને એવી અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભના પરિણામે વસૂલવાપાત્ર વેરા શાખની કોઇ રકમ, વિધમાન

કાયદા હેઠળ વસૂલ કરી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરાની બાકી તરીકે વસૂલ કરવી જોઇશે અને આવી રીતે વસૂલ કરેલી રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(૭) (ક) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી, કોઇપણ આઉટપુટ વેરાની જવાબદારીના સંબંધમાં શરૂ કરાયેલી કોઇ અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભની દરેક કાર્યવાહીનો નિકાલ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર કરવો જોઇશે અને એવી અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભના પરિણામે વસૂલવાપાત્ર વેરા શાખની કોઇ રકમ, વિદ્યમાન કાયદા હેઠળ વસૂલ કરી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરાની બાકી તરીકે વસૂલ કરવી જોઇશે અને આવી રીતે વસૂલ કરેલી રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(ખ) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી,આઉટપુટ વેરાની જવાબદારીના સંબંધમાં શરૂ કરાયેલી કોઇ અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભની દરેક કાર્યવાહીનો નિકાલ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર કરવો જોઇશે અને દાવેદારને ચૂકવવાપાત્ર જણાય તેવી કોઇ રકમ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર, તેને રોકડમાં રિફંડ કરવી જોઇશે અને મંજૂર ન કરેલી રકમ, હોય તો, તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(૮) (ક) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી શરૂ કરાયેલી કોઇ આકારણી અથવા ન્યાય નિર્ણયની કાર્યવાહીમાં કોઇ વ્યક્તિ પાસેથી કોઇ વેરા, વ્યાજ અથવા દંડ અથવા શિક્ષાની કોઇ રકમ વસૂલવાપાત્ર હોય, ત્યારે એવી રકમ, વિદ્યમાન કાયદા હેઠળ વસૂલ કરેલી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરાની બાકી તરીકે વસૂલ કરવી જોઇશે અને આવી રીતે વસૂલ કરેલી રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(ખ) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી શરૂ કરાયેલી કોઇ આકારણી અથવા ન્યાય નિર્ણયની કાર્યવાહીમાં કોઇ વેરાપાત્ર વ્યક્તિ, કોઇ વેરા, વ્યાજ, દંડ અથવા શિક્ષાની કોઇ રકમનું રિફંડ મેળવવાને પાત્ર થતી હોય, ત્યારે એવી રકમ, સદરહુ કાયદા હેઠળ રોકડમાં તેને રિફંડ તરીકે આપવી જોઇશે અને મંજૂર ન કરેલી રકમ, હોય તો, તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(૯) (ક) વિદ્યમાન કાયદા હેઠળ રજૂ કરેલું કોઇ પત્રક, નિયત દિવસ પછી સુધારવામાં આવ્યું હોય અને આવી સુધારણા પછી, કોઇ રકમ વસૂલવાપાત્ર હોવાનું અથવા ઇનપુટ વેરા શાખની કોઇ રકમ મળવાપાત્ર ન હોવાનું જણાય, તો એવી રકમ, વિદ્યમાન કાયદા હેઠળ વસૂલ કરેલી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરાની બાકી તરીકે વસૂલ કરવી જોઇશે અને આવી રીતે વસૂલ કરેલી રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(ખ) વિદ્યમાન કાયદા હેઠળ પૂરા પાડેલા કોઇ પત્રકમાં, નિયત દિવસ પછી પરંતુ વિદ્યમાન કાયદામાં સુધારણા માટે નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર સુધારો કરાયેલ હોય અને એવી સુધારણા અનુસાર, કોઇ વેરાપાત્ર વ્યક્તિને કોઇ રકમ રિફંડ પાત્ર જણાય અથવા કોઇ ઇનપુટ વેરા શાખ આપવાનું જરૂરી જણાય તો, એવી રકમ, વિદ્યમાન કાયદા હેઠળ રોકડમાં તેને રિફંડ તરીકે આપવી જોઇશે અને મંજૂર ન કરેલી રકમ, હોય તો, તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

INDEX

(૧૦) આ પ્રકરણમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, નિયત દિવસ પહેલાં કરાયેલ કોઇ કરાર અનુસાર નિયત દિવસે અથવા તે પછી પૂરા પાડેલાકોઇ માલ અથવા સેવા અથવા તે બન્ને, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ વેરાને પાત્ર થશે.

(૧૧) (ક) કલમ ૧૨ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ કોઇ માલ પર લેવાપાત્ર થતાં વેરાના પ્રમાણ સુધી, આ અધિનિયમ હેઠળ સદરહુ માલ પર કોઇ વેરો ચૂકવવાપાત્ર થશે નહિ. સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

(ખ) કલમ ૧૩ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નાણા અધિનિયમ, ૧૯૯૪ ના પ્રકરણ હેઠળ કોઇ સેવા પર લેવાપાત્ર થતાં વેરાના પ્રમાણ સુધી, આ અધિનિયમ હેઠળ સદરહુ સેવા પર કોઇ વેરો ચૂકવવાપાત્ર થશે નહિ. સન ૧૯૯૪નો ૩૨ મો.

(ગ) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ અને નાણા અધિનિયમ, ૧૯૯૪ના પ્રકરણ ૫–,એ બન્ને હેઠળ પૂરવઠા પર વેરો ચૂકવવામાં આવ્યો હોય, ત્યારે આ અધિનિયમ હેઠળ વેરો લેવાપાત્ર થશે અને વેરાપાત્ર વ્યકિત, નિયત દિવસ પછી પૂરા પાડેલા પુરવઠાના પ્રમાણમાં વિદ્યમાન કાયદા હેઠળ ચૂકવેલા મૂલ્ય વર્ધિત વેરા અથવા સેવા કરની શાખ મેળવવા હકદાર થશે અને એવી શાખની ગણતરી, ઠરાવવામાં આવે તેવી રીતે કરવામાં આવશે. સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

(૧૨) નિયત દિવસની અગાઉના છ મહિના કરતાં વહેલો નહિ તેમ મંજૂરીને આધારે મોકલેલો હોય તેવો કોઇ માલ, ખરીદનાર સ્વીકારે નહિ અથવા તે નામંજૂર કરે અને નિયત દિવસે અથવા તે પછી વેચનારને પરત મોકલે, ત્યારે આવો માલ, નિયત દિવસથી છ મહિના સુધીમાં પરત મોકલવામાં આવ્યો હોય, તો તેના પર કોઇ વેરો ભરવાપાત્ર થશે નહિઃ સન ૧૯૯૪નો ૩૨મો.

પરંતુ કમિશનર, છ મહિનાની સદરહુ મુદત, પૂરતું કારણ દર્શાવ્યેથી, બે મહિના કરતાં વધુ નહિ તેટલી વધુ મુદત સુધી લંબાવી આપી શકશેઃ

વધુમાં, એવો માલ આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય અને આ પેટા–કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદત પછી પરત કર્યો હોય, તો માલ પરત કરનાર વ્યકિત, વેરો ભરવા જવાબદાર થશેઃ

વળી, એવો માલ, મંજૂરીને અધીન રહીને મોકલ્યો હોય અને આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય તથા આ પેટા–કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પરત કર્યો ન હોય, તો જેણે માલ મોકલ્યો હોય તે વ્યકિત, વેરો ભરવા જવાબદાર થશે.

(૧૩) પુરવઠાકારે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૫ હેઠળ મૂળસ્થાને વેરાની કપાત કરવાનું જરૂરી હોય તેવા કોઇ માલનું વેચાણ કર્યું હોય અને નિયત દિવસ પહેલાં તે માલ માટે ભરતિયુંપણ કાઢી આપ્યું હોય, ત્યારે સદરહુ પુરવઠાકારને નિયત દિવસે અથવા તે પછી ચુકવણી કરવામાં આવી હોય, તો કપાત કરનારે, સદરહુ કલમ ૫૧ હેઠળ કોઇ વેરાની મૂળસ્થાનેથી કપાત કરવી જોઇશે નહિ. સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

(૧૪) નિયત દિવસે મુખ્ય માલિકનો કોઇ માલ અથવા મૂડીગત માલ, એજન્ટની જગ્યામાં પડેલા હોય, તો એજન્ટ નીચેની શરતોને પરિપૂર્ણ કરીને એવા માલ અથવા મૂડીગત માલ પર ભરેલા વેરાની શાખ લેવા હકદાર થશેઃ–

(૧) એજન્ટ, આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી વેરાપાત્ર વ્યકિત હોય;

(૨) મુખ્ય માલિક અને એજન્ટ બન્ને, નિયત દિવસની તરત અગાઉના દિવસે એવા એજન્ટ પાસે પડેલા માલ અથવા મૂડીગત માલના સ્ટોકની વિગતો, આ અર્થે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે તથા તેટલા સમયની અંદર જાહેર કરેલી હોય;

(૩) એવા માલ અથવા કેપિટલ ગુડઝ માટેના ભરતિયાં, નિયત દિવસની તરત અગાઉના બાર મહિના કરતાં વહેલાં નહિ તેમ કાઢી આપ્યા હોય; અને

(૪) મુખ્ય માલિકે, એવા–

(ક) માલ; અથવા

(ખ) મૂડીગત માલ

ના સંબંધમાં ઇનપુટ વેરા શાખ ઉલટાવેલી હોય અથવા લીધેલી ન હોય અથવા એવી શાખ લીધેલી હોય અને એવી શાખ તેણે લીધેલી શાખના પ્રમાણમાં ઉલટાવેલી હોય.

ક્ષન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

સ્પષ્ટીકરણ.– આ પ્રકરણના હેતુઓ માટે "મૂડીગત માલ" એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩માં જે આપેલો છે તે જ થશે.

પ્રકરણ ૨૧

પ્રકીર્ણ

ટક કામ (જોબ ર્ક)ની કાર્યરીતિ.

૧૪૩. (૧) રજિસ્ટર થયેલી કોઇ વ્યકિત (જેનો આમાં હવે પછી, "મુખ્ય માલિક" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) જાણ હેઠળ અને ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, વેરાની ચુકવણી કર્યા વગર કોઇ છૂટક કામદાર (જોબ વર્ક) કરનારને છૂટક કામ (જોબ વર્ક) માટે કોઇ ઇનપુટ અથવા મૂડીગત માલ મોકલી શકશે અને ત્યારપછી ત્યાંથી બીજા છૂટક કામદારને અને તે જ પ્રમાણે આગળ મોકલી આપી શકશે અને તેણે,–

(ક) છૂટક કામ પૂરૂ થયાં પછી અથવા અન્યથા, મોલ્ડ(ધાતુ ઢાળવાના બીબા) અને ડાઇ(નાણા પાડવાના બીબા), જીગ્સ અને ફીક્સચર્સ અથવા ઓજારો સિવાયના ઇનપુટ અથવા કેપિટલ ગુડઝ, તે બહાર મોકલ્યાના અનુક્રમે એક અને ત્રણ વર્ષની અંદર તેના ધંધાના કોઇ સ્થળે કોઇ વેરાની ચુકવણી કર્યા વગર પાછા મંગાવી શકશે;

(ખ) છૂટક કામ પૂરું થયાં પછી અથવા અન્યથા, મોલ્ડ(ધાતુ ઢાળવાના બીબા) અને ડાઇ(નાણા પાડવાના બીબા), જીગ્સ અને ફિકસ્ચર (નકશીકાવાળી અને જડિત વસ્તુ) અથવા ઓજારો સિવાયના ઇનપુટ અથવા કેપિટલ ગુડઝ, ધંધાના સ્થળેથી તે બહાર મોકલ્યાના અનુક્રમે એક અને ત્રણ વર્ષની અંદર છૂટક કામ(જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળેથી વેરો ભરીને આવા ઇનપુટ ભારતની અંદર મોકલી શકશે અથવા યથાપ્રસંગ, વેરો ચૂકવીને અથવા વેરાની ચુકવણી કર્યા વગર તેની નિકાસ કરી શકશેઃ

પરંતુ મુખ્ય માલિક, આ ખંડની જોગવાઇઓ અનુસાર છૂટક કામ(જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળેથી માલ મોકલી શકશે નહિ સિવાયકે –

(૧) છૂટક કામ(જોબ વર્ક) કરનાર કલમ ૨૫ હેઠળ રજિસ્ટર થયો હોય; અથવા

(૨) મુખ્ય માલિક, કમિશનર જાહેર કરે તેવો માલ પૂરો પાડવામાં રોકાયેલો હોય,

તે કિસ્સામાં, સદરહુ મુખ્ય માલિકછૂટક કામ(જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળને પોતાના ધંધાના વધારાના સ્થળ તરીકે જાહેર કર્યો હોય.

(૨) ઇનપુટ અથવા કેપિટલ ગુડઝ માટેના યોગ્ય હિસાબો રાખવાની જવાબદારી મુખ્ય માલિકની રહેશે.

(૩) છૂટક કામ(જોબ વર્ક)માટે મોકલવામાં આવેલી ઇનપુટ, પેટા–કલમ(૧)ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર છૂટક કામ (જોબ વર્ક) પૂરું થયાં પછી અથવા અન્યથા મુખ્ય માલિકે પરત

મળ્યા ન હોય અથવા પેટા–કલમ(૧)ના ખંડ (ખ) ની જોગવાઇઓ અનુસાર છૂટક કામ(જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળેથી તે મોકલાવ્યાના એક વર્ષની અંદર મોકલવામાં આવ્યાં ન હોય, ત્યારે મુખ્ય માલિકે એવા ઇનપુટ તે બહાર મોકલ્યાની તારીખથી છૂટક કામ(જોબ વર્ક) કરનારને પૂરા પાડેલા છે એમ ગણાશે.

(૪) છૂટક કામ(જોબ વર્ક) માટે મોકલવામાં આવેલ મોલ્ડ અને ડાઇ, જિગ્સ અને ફીક્સચર અથવા ઓજારો સિવાયના કેપિટલ ગુડઝ પેટા–કલમ(૧)ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર મુખ્ય માલિકને પરત મળ્યા ન હોય અથવા પેટા–કલમ(૧)ના ખંડ (ખ) ની જોગવાઇઓ અનુસાર છૂટક કામ(જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળેથી તે બહાર મોકલાવ્યાના ત્રણ વર્ષની અંદર (ખરીદનારને) મોકલવામાં આવ્યાં ન હોય, ત્યારે મુખ્ય માલિકેએવા સદરહુ કેપિટલ ગુડઝ, તે બહાર મોકલ્યાની તારીખથી છૂટક કામ(જોબ વર્ક) કરનારને પૂરા પાડેલ છે એમ ગણાશે.

(૫) પેટા–કલમો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, છૂટક કામ(જોબ વર્ક) દરમિયાન ઉત્પન્ન થયેલા કોઇ કચરા અથવા ભંગાર, છૂટક કામ(જોબ વર્ક) કરનાર રજિસ્ટર થયો હોય, તો તેણે અને રજિસ્ટર થયો ન હોય, તો મુખ્ય માલિકે વેરો ભરીને, છૂટક કામ(જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળેથી સીધો જ પૂરા પાડી શકાશે.

સ્પષ્ટીકરણ.–છૂટક કામ(જોબ વર્ક)ના હેતુ માટે, ઇનપુટમાં તેની ઉપર મુખ્ય માલિકેઅથવા છૂટક કામ(જોબ વર્ક) કરનારે કરેલી કોઇ ક્રિયા અથવા પ્રક્રિયાના લીધે મળતાં કોઇ વચગાળાના માલનો સમાવેશ થાય છે.

અમુક કેસોમાં દસ્તાવેજો માની લેવા બાબત.

૧૪૪. કોઇ દસ્તાવેજ,–

(૧) કોઇ વ્યકિતએ આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય બીજા કોઇ કાયદા હેઠળ રજૂ કર્યો હોય; અથવા

(૨) આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય બીજા કોઇ કાયદા હેઠળ કોઇ વ્યકિતના કબજા અથવા નિયંત્રણમાંથી જપ્ત કર્યો હોય; અથવા

(૩) આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળની કોઇ કાર્યવાહી દરમિયાન ભારતની બહારના કોઇ સ્થળેથી મેળવવામાં આવ્યો હોય,

અને એવો દસ્તાવેજ, એવી વ્યકિત અથવા તેની સાથે સંયુકત રીતે જેની સામે કેસ ચાલતો હોય તેવી બીજી કોઇ વ્યકિત સામે પુરાવા તરીકે ફરિયાદ પક્ષ તરફથી સોંપવામાં આવ્યો હોય, ત્યારે કોર્ટ,–

(ક) એવી વ્યકિત વિરુધ્ધનું પુરવાર કરે તે સિવાય, માની લેશે કે–

(૧) એવા દસ્તાવેજમાંની વિગતો સાચી છે;

(૨) એવા દસ્તાવેજમાંની સહી અને બીજો છૂટક ભાગ જે કોઇ ચોક્કસ વ્યકિતના હસ્તાક્ષરમાં હોવાનું અભિપ્રેત છે અથવા કોર્ટ એવું વાજબીપણે માની લેશે કે તેના પર જે કોઇ ચોક્કસ વ્યકિતની સહી હોવી જોઇએ અથવા જેના હસ્તાક્ષરમાં તે હોવી જોઇએ તે જ વ્યકિતએતેના પર સહી કરી છે અથવા તેના જ હસ્તાક્ષર છે અને દસ્તાવેજ કરવાના અથવા તે પ્રમાણિત કરવાના કિસ્સામાં, તે જેણે આવી રીતે કરવાનું અથવા પ્રમાણિત કરવાનું અભિપ્રેત છે તે જ વ્યકિતએ તે કરેલી અથવા પ્રમાણિત કરેલી છે;

દસ્તાવેજના માઇક્રો ફિલ્મસ , ફેસિમાઇલ નકલ અને કોમ્પ્યુટર પ્રિન્ટ આઉટને પુરાવા તરીકે સ્વીકારવા બાબત.

(ખ) જો એવો દસ્તાવેજ અન્યથા પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય તેમ હોય, તો તેના પર યોગ્ય સ્ટેમ્પ ન લગાડેલ હોય તેમ છતાં તે દસ્તાવેજને પુરાવા તરીકે સ્વીકારી શકશે.

૧૪૫. (૧)તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં,–

(ક) દસ્તાવેજની માઇક્રોફિલ્મ અથવા એવી માઇક્રોફિલ્મમાં સમાવિષ્ટ દ્રશ્ય અથવા દ્રશ્યોની પ્રતિકૃતિ(વિસ્તૃત કરેલી હોય અથવા ના હોય); અથવા

(ખ) દસ્તાવેજની ફેસિમાઇલ નકલ; અથવા

(ગ) દસ્તાવેજમાંનું કોઇ નિવેદન જે ઠરાવવામાં આવે તેવી શરતોએ કોઇ કોમ્પ્યુટરમાંથી મેળવેલી છાપેલી સામગ્રીમાં સમાવિષ્ટ હોય; અથવા

(ઘ) કોઇ માહિતીની હાર્ડ કોપી(પ્રત્યક્ષ નકલો) સહિત કોઇ ડિવાઇસ(સંરચના) અથવા માધ્યમમાં ઇલેકટ્રોનિક સ્વરૂપે સંગ્રહ કરેલી એવી કોઇ માહિતી,

આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોના હેતુઓ માટે દસ્તાવેજ હોવાનુ ગણાશે અને વધુ અસલ પુરાવા અથવા પુરાવા તરીકે અસલમાંનો કોઇ ભાગ અથવા જેનો સીધો પુરાવો ગ્રાહ્ય રાખવામાં આવે તેવા પુરાવામાં જણાવેલી કોઇ હકીકતની અસલ રજૂ કર્યા સિવાય જ તે હેઠળની કોઇ કાર્યવાહીમાં પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળની કોઇ કાર્યવાહીમાં, આ કલમની રૂએ પુરાવા તરીકે કોઇ નિવેદન આપવાનું ઇચ્છનીય હોય, ત્યારે–

(ક) નિવેદન ધરાવતા દસ્તાવેજની ઓળખ અને તે જે રીતે રજૂ કર્યુ હોય તે રીત દર્શાવતું પ્રમાણપત્ર;

(ખ) એવો દસ્તાવેજ કોમ્પ્યુટર દ્વારા રજૂ કરવામાં આવ્યો છે તે દર્શાવવાના હેતુ માટે યોગ્ય હોય તે પ્રમાણે તે દસ્તાવેજ રજૂ કરવામાં સંકળાયેલી કોઇ ડિવાઇસની એવી વિગતો આપતું પ્રમાણપત્ર,

એવા પ્રમાણપત્રમાં જણાવેલી કોઇ બાબતનો પુરાવો ગણાશે અને આ પેટા–કલમના હેતુઓ માટે એવી બાબત જણાવતી વ્યકિતની ઉત્તમ જાણ અને માન્યતા અનુસાર જણાવાયેલી બાબત પૂરતી ગણાશે.

કોમન પોર્ટલ.

૧૪૬. સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, રજિસ્ટ્રેશન, વેરાની ચુકવણી, પત્રકરજૂ કરવા, એકત્રિત વેરાની ગણતરી અને પતાવટ, ઇલેકટ્રોનિક વે બિલ વગેરેને સુવિધાજનક બનાવવા અને ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો કરવા અને તેવા હેતુઓ માટે કોમન ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ (માલ અને સેવા વેરા) ઇલેકટ્રોનિક પોર્ટલ જાહેર કરી શકશે.

નિકાસ માની (ગણી) લીધેલી.

૧૪૭. સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, ભારતમાં ઉત્પાદન થયેલો હોય એવો પૂરો પાડેલો માલ ભારતની બહાર જતો ન હોયઅને એવો માલ પૂરો પાડવા બદલની ચુકવણી ભારતીય રૂપિયામાં અથવા વિનિમયયોગ્ય વિદેશી હૂંડિયામણના સ્વરૂપમાં મળતી હોય, તેવા માલના અમુક પુરવઠાને "માનીલીધેલી નિકાસ" જાહેર કરી શકશે.

અમુક પ્રકિયાઓ માટે ખાસ કાર્યરીતિ.

૧૪૮. સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી અને ઠરાવવામાં આવે તેવી શરતો અને સાવચેતીઓને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યકિતઓના અમુક વર્ગો અને એવી વ્યકિતઓએ અનુસરવાની ખાસ કાર્યરીતિ રજિસ્ટ્રેશન, પત્રક રજૂ કરવા, વેરાની ચુકવણી અને એવી વ્યકિતઓના વહીવટ સહિતની બાબતો જાહેર કરી શકશે.

માલ અને સેવા કર અનુપાલન રેટિંગ

૧૪૯. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યકિતને સરકાર દ્વારા માલ અને સેવા વેરા અનુપાલન રેટિંગ સ્કોર આપી શકાશે જે તેના આ અધિનિયમની જોગવાઇઓના પાલનના રેકર્ડ પર આધારિત હશે.

(૨) માલ અને સેવા વેરા અનુપાલન રેટિંગ સ્કોર ઠરાવવામાં આવે તેવા માપદંડોને આધારે નક્કી કરી શકાશે.

માહિતી પત્રક(રિટર્ન) રજૂ કરવાની જવાબદારી.

(૩) માલ અને સેવા વેરા અનુપાલન રેટીંગ સ્કોર, સામયિક સમગ્રાળાએ અદ્યાવત કરવામાં આવશે અને તેની જાણ રજિસ્ટર થયેલી વ્યકિતને કરવામાં આવશે અને ઠરાવવામાં આવે તેવી રીતે જાહેરડોમેઇન(જાહેર ક્ષેત્રવિસ્તાર)માં પણ તે મૂકી શકાશે.

૧૫૦. (૧) કોઇ વ્યકિત–

(ક) જે વેરાપાત્ર વ્યકિત હોય; અથવા

(ખ) સ્થાનિક સત્તામંડળ અથવા જાહેર મંડળ અથવા એસોસિએશન હોય; અથવા

(ગ) મૂલ્ય વર્ધિત વેરા અથવા વેચાણ વેરા અથવા રાજય આબકારી જકાત વસૂલવા માટે જવાબદાર હોય તેવું રાજય સરકારનું કોઇ સત્તામંડળ અથવા આબકારી જકાત અથવા કસ્ટમ ડયુટિ (સીમા શુલ્ક) વસૂલવા માટે જવાબદાર હોય તેવું કેન્દ્ર સરકારનું કોઇ સત્તામંડળ હોય; અથવા

સન ૧૯૬૧નો ૪૩મો.

(ઘ) આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ નિમાયેલું આવક વેરા સત્તામંડળ; અથવા

સન ૧૯૩૪નો ૨ જો.

(ચ) ભારતીય રિઝર્વ બેન્ક અધિનિયમ, ૧૯૩૪ની કલમ ૪૫–ક ના ખંડ(ક)ના અર્થ મુજબની કોઇ બેંકિંગ કંપની; અથવા

સન ૨૦૦૩નો ૩૬મો.

(છ) રાજય વિદ્યુત બોર્ડ અથવા વીજળી અધિનિયમ, ૨૦૦૩ હેઠળ વીજ વિતરણ અથવા પ્રવહનનો લાઇસન્સધારક અથવા કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર દ્વારા તેવી કામગીરી સોંપાયેલી હોય તેવી કોઇ બીજી કાનૂની વ્યકિત; અથવા

સન ૧૯૦૮નો ૧૬મો.

(જ) રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ની કલમ ૬ હેઠળ નિમાયેલા રજિસ્ટ્રાર અથવા સબરજિસ્ટ્રાર; અથવા

સન ૨૦૧૩નો ૧૮મો.

(ઝ) કંપની અધિનિયમ, ૨૦૧૩ના અર્થ મુજબનો રજિસ્ટ્રાર; અથવા

સન ૧૯૮૮નો ૫૯મો.

(ટ) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ મોટર વાહનોનું રજિસ્ટ્રેશન કરવા સત્તા અપાયેલ રજિસ્ટર કરનાર સત્તામંડળ; અથવા

સન ૨૦૧૩નો ૩૦મો.

(ઠ) વાજબી વળતરનો અધિકાર અને જમીન સંપાદન, પુનઃવસન અને ફેરપતાવટ અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૩ના ખંડ (ગ)માં ઉલ્લેખેલા કલેકટર; અથવા

સન ૧૯૫૬નો ૪૨ મો.

(ડ) જામીનગીરી કરાર (નિયમન) અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨ ના ખંડ (છ)માં ઉલ્લેખેલા માન્ય સ્ટોક એકસચેન્જ; અથવા

સન ૧૯૯૬નો ૨૨મો.

(ઢ) ડિપોઝિટરિ અધિનિયમ, ૧૯૯૬ની કલમ ૨ ની કલમ ૨–ની પેટા– કલમ (૧) ના ખંડ (ચ)માં ઉલ્લેખેલી ડિપોઝિટરિ; અથવા

સન ૧૯૩૪નો ૨ જો.

(ત) ભારતીય રિઝર્વ બેન્ક અધિનિયમ, ૧૯૩૪ની કલમ ૩ હેઠળ રચાયેલી ભારતીય રિઝર્વ બેન્કનો કોઇ અધિકારી; અથવા

સન ૨૦૧૩નો ૧૮મો.

(થ) કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રજિસ્ટર થયેલું માલ અને સેવા વેરા તંત્ર(નેટવર્ક), એક કંપની; અથવા

(દ) કલમ ૨૫ ની પેટા–કલમ (૯) હેઠળ જેને યુનિક આઇડેન્ટિટી નંબર (અનન્ય ઓળખ ક્રમાંક–આધાર નંબર) આપવામાં આવ્યો હોય તેવી વ્યકિત; અથવા

(ઘ) કાઉન્સિલની ભલામણ પરથી, સરકાર નિર્દિષ્ટ કરે તેવી બીજી કોઇ વ્યકિત,જે રજિસ્ટ્રેશનનું રેકર્ડ અથવા વેરાની ચુકવણીની વિગતો ધરાવતા કોઇ સામયિક પત્રકના હિસાબનું નિવેદન અને માલ અને સેવા અથવા તે બન્નેના વ્યવહારની બીજી વિગતો ધરાવતા દસ્તાવેજ અથવા બેન્ક ખાતાને લગતાં વ્યવહારો અથવા વીજ વપરાશ અથવા માલની ખરીદી, વેચાણ અથવા વિનિમયના વ્યવહાર અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ કોઇ મિલકતમાંના હક અથવા હિતનું રેકર્ડ જાળવવા માટે જવાબદાર હોય, તેણે ઠરાવવામાં આવે તેવી મુદત માટેના, તેટલા સમયની અંદર, તેવા નમૂનામાં અને તેવી રીતે તથા તેવા સત્તામંડળ અથવા એજન્સીને તે સંબંધી માહિતી પત્રક પૂરું પાડવું જોઇશે.

(૨) કમિશનર અથવા તેમ આ અર્થે અધિકૃત કરેલા કોઇ અધિકારીને એમ જણાય કે માહિતી પત્રકમાં પૂરી પાડવામાં આવેલી માહિતી ક્ષતિયુકત છે, તો તે જાણે આવું, માહિતી પત્રક પૂરી પાડનાર વ્યકિતને તે ક્ષતિ અંગે જાણ કરી શકશે અને આવી જાણ કર્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર અથવા આ અર્થે કરેલી અરજી પરથી સદરહુ સત્તાધિકારી છૂટ આપે તેટલી વધુ મુદતની અંદર તે ક્ષતિ સુધારવા માટેની તક આપી શકશે અને ત્રીસ દિવસની સદરહુ મુદત અથવા એવી રીતે છૂટ આપેલી વધારાની મુદત દરમિયાન ક્ષતિ સુધારવામાં ન આવે, તો આ અધિનિયમની બીજી કોઈ જોગવાઇઓમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, એવું માહિતી પત્રક રજૂ ન કરેલું ગણાશે અને આ અધિનિયમની જોગવાઇઓ લાગુ પડશે.

(૩) જેને માહિતી પત્રક રજૂ કરવા ફરમાવેલું હોય તેવી કોઇ વ્યકિતએ, પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર માહિતી પત્રક રજૂ ન કર્યું હોય, તો સદરહુ સત્તાધિકારી તેના પર એવું માહિતી પત્રક, એવી નોટિસ બજવ્યાની તારીખથી નેવુંથી વધુ નહિ તેટલી મુદ્દતની અંદર રજૂ કરવા ફરમાવતી નોટિસ બજાવી શકશે અને એવી વ્યકિતએ માહિતી પત્રક રજૂ કરવું જોઇશે.

આંકડા એકઠા કરવાની સત્તા.

૧૫૧. (૧) કમિશનર, તેમને એમ કરવું જરૂરી જણાય, તો આ અધિનિયમથી તજવીજ કરાયેલી અથવા તેની સાથે સંકળાયેલી કોઇ બાબતને લગતાં આંકડા એકઠા કરવાં, જાહેરનામાથી આદેશ કરી શકશે.

(૨) આવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યેથી, કમિશનર અથવા તેમણે આ અર્થે અધિકૃત કરેલી વ્યકિત, જેના સંબંધમાં આંકડા એકઠા કરવાના હોય તે સંબંધમાં, સંબંધિત વ્યકિતઓને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે એવી માહિતી અથવા પત્રકો રજૂ કરવા ફરમાવી શકશે.

માહિતી જાહેર કરવાને બાધ.

૧૫૨. (૧) કલમ ૧૫૦ અથવા કલમ ૧૫૧ના હેતુઓ માટે કોઇ બાબતના સંબંધમાં કોઇ વ્યકિતગત પત્રક અથવા તેના કોઇ ભાગમાં આપેલી કોઇ માહિતી, સંબંધિત વ્યકિત અથવા તેના અધિકૃત પ્રતિનિધિની લેખિત સંમતિ સિવાય, એવી રીતે પ્રસિદ્ધ કરી શકાશે નહિ જેથી કરીને તે કોઇ ચોક્કસ વ્યકિતને લગતી છે એમ ઓળખાઇ જાય અને એવી કોઇ માહિતી, આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહીના હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

(૨) આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ અધિનિયમ હેઠળના ફોજદારી કામના હેતુઓ માટે હોય તે સિવાય, આ અધિનિયમના હેતુઓ માટે આંકડા એકઠા કરવા અથવા તેના સંગ્રહ અથવા કોમ્પ્યુટરીકરણમાં રોકાયેલી ન હોય તેવી કોઇપણ વ્યકિતને, કલમ ૧૫૧માં ઉલ્લેખેલી કોઇ માહિતી અથવા કોઇ વ્યકિતગત પત્રક જોવા અથવા તેનેઉપલબ્ધ કરાવાની પરવાનગી આપી શકાશે નહિ.

INDEX

(૩) કમિશનરના અભિપ્રાય પ્રમાણે એવી માહિતી પ્રસિદ્ધ કરવાનું જાહેર હિતમાં ઇચ્છનીય હોય, તો આ કલમમાંનો કોઇ મજકૂર, કોઇ વેરાપાત્ર વ્યકિતઓના વર્ગ અથવા વ્યવહારોના વર્ગને લગતી કોઇ માહિતીની પ્રસિદ્ધિને લાગુ પડશે નહિ.

નિષ્ણાતની સહાય લેવા બાબત.

૧૫૩. મદદનીશ કમિશનરથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ અધિકારી, કેસના પ્રકાર અને તેની જટિલતાને ધ્યાનમાં રાખીને તથા મહેસૂલના હિતમાં, તેમની સમક્ષની કાર્યવાહીના ચકાસણી, તપાસ, તપાસણી (અન્વેષણ) અથવા કોઇ બીજા તબક્કે કોઇ તજજ્ઞની સહાય લઇ શકશે.

નમૂના લેવાની સત્તા.

૧૫૪. કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઇ અધિકારી, પોતે જરૂરી ગણે ત્યારે, કોઇ વેરાપાત્ર વ્યકિતના કબજામાં હોય તેવા માલના નમૂના લઇ શકશે અને આવી રીતે લીધેલા કોઇ નમૂનાની રસી આપી શકાશે.

સાબિતીનો બોજો.

૧૫૫. કોઇ વ્યકિત એવો દાવો કરતી હોય કે તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ માટે પાત્ર છે, તો તેવો દાવો સાબિત કરવાનો બોજો તેવી વ્યકિત પર રહેશે.

વ્યકિતઓ જાહેર સેવકો ગણવા બાબત.

૧૫૬. આ અધિનિયમ હેઠળ કાર્ય કરતી તમામ વ્યકિતઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ જાહેર સેવકો ગણાશે. **સન ૧૮૬૦નો ૪૫મો.**

અધિનિયમ હેઠળ લીધેલા પગલાંને રક્ષણ .

૧૫૭. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કૃત્ય બદલ અપીલ ટ્રિબ્યુનલના પ્રમુખ, રાજય પ્રમુખ, સભ્યો, અધિકારીઓ અથવા બીજા કર્મચારીઓ અથવા સદરહુ અપીલ ટ્રિબ્યુનલે અધિકૃત કરેલી કોઇ બીજી વ્યકિત સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કૃત્ય બદલ આ અધિનિયમ હેઠળ નિમાયેલા અથવા અધિકૃત કરેલા અધિકારી સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

જાહેર સેવક દ્વારા માહિતી જાહેર કરવા બાબત.

૧૫૮. (૧) આ અધિનિયમ અનુસાર કરેલા કોઇ નિવેદન, રજૂ કરેલાપત્રક અથવા હિસાબો અથવા દસ્તાવેજ અથવા આ અધિનિયમ હેઠળની (ફોજદારી કોર્ટ સમક્ષની કાર્યવાહી સિવાયની) કાર્યવાહીમાં પુરાવા તરીકે આપેલા કોઇ રેકર્ડ અથવા આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહીનું કોઇ રેકર્ડ, પેટા–કલમ (૩)માં જોગવાઇ કરેલી હોય તે સિવાય, જાહેર કરવા જોઇશે નહિ.

(૨) ભારતના પુરાવા અધિનિયમ, ૧૮૭૨માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ કોર્ટ, પેટા–કલમ(૩)માં અન્યથા જોગવાઇ કરેલી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ નિમાયેલા અથવા અધિકૃત કરેલા કોઇ અધિકારીને પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલી વિગતોના સંબંધમાં, પોતાની સમક્ષ રજૂ કરવા અથવાપુરાવો આપવા ફરમાવી શકશે નહિ. **સન ૧૮૭૨નો ૧લો.**

(૩) આ કલમમાંનો કોઇ મજકૂર નીચેની માહિતી જાહેર થવાને લાગુ પડશે નહિ,–

(ક) ભારતના ફોજદારી અધિનિયમ અથવા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ અથવા તત્સમયે અમલમાં હોય તેવાબીજા કોઇ કાયદા હેઠળ ફોજદારી કામ ચલાવવાના હેતુ માટે કોઇ નિવેદન, પત્રક, હિસાબો, દસ્તાવેજો, પુરાવા, સોગંદનામું અથવા જુબાની સંબંધી કોઇ વિગતો; અથવા **સન ૧૯૮૮નો ૪૯મો.**

(ખ) આ અધિનિયમના ઉદ્દેશો પાર પાડવા માટે, આ અધિનિયમના અમલ માટે કામ કરતી કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા કોઇ વ્યકિતની કોઇ વિગતો; અથવા **સન ૧૮૬૦નો ૪૫મો.**

(ગ) કોઇ નોટિસની બજવણી અથવા કોઇ માગણાની વસૂલાત માટેની કોઇ પ્રક્રિયામાં આ અધિનિયમ હેઠળની કોઇ કાયદેસર કાર્યવાહી દરમિયાન એવી જાહેરાત થઈ હોય તેની કોઇ વિગતો; અથવા

(ઘ) આ અધિનિયમ હેઠળની અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળની કોઇ સત્તા વાપરવા માટે કોઇ સત્તામંડળે અધિકૃત કરતી આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવી બીજા કોઇ કાર્યવાહીમાંથી ઉદભવતી કોઇ બાબતને લગતા, સરકાર અથવા આવા કોઇ સત્તામંડળ જેમાં પક્ષકાર હોય તેવા કોઇ દાવા અથવા કાર્યવાહીઓમાંની દીવાની કોર્ટને લગતી કોઇ વિગતો; અથવા

(ચ) આ અધિનિયમ હેઠળ લાદેલા વેરાની આવક અથવા વેરાના રિફંડના ઓડિટના હેતુ માટે નિમાયેલા કોઇ અધિકારીની કોઇ વિગતો; અથવા

(છ) આ અધિનિયમ હેઠળ નિમાયેલા અથવા અધિકૃત કરેલા કોઇ અધિકારી અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદા હેઠળ તપાસ અધિકારી તરીકે નિમાયેલી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓની વર્તણૂકની કોઇ તપાસના હેતુઓ માટે સંગત હોય તેવી કોઇ વિગતો; અથવા

(જ) સરકાર,કોઇ વેરા અથવા જકાત લઇ અથવા વસૂલ કરી શકે તે હેતુ માટે જરૂરી હોય તેવી કેન્દ્ર સરકાર અથવા કોઇ રાજય સરકારના અધિકારીને લગતી એવી કોઇ વિગતો; અથવા

(ઝ) તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ જાહેર સેવક તેની અથવા બીજા કોઇ વૈધાનિક સત્તામંડળ પોતાની સત્તા વાપરતી વખતે,તેના (જાહેર સેવક) અથવા પોતાના (બીજા કોઇ વૈધાનિક સત્તામંડળ) દ્વારા કાયદેસર રીતે બહાર પાડેલી હોય તેવી કોઇ વિગતો; અથવા

(ટ) કાયદા વ્યવસાયી, કોસ્ટ એકાઉન્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા યથાપ્રસંગ, કંપની સેક્રેટરીના વ્યવસાયમાં કામ કરતાં સભ્યો સામે શિસ્તવિષયક પગલાં લેવા સત્તા અપેલા સત્તામંડળ દ્વારા કોઇ વ્યવસાયી એડવોકેટ, વેરા વ્યવસાયી, વ્યવસાયી કોસ્ટ એકાઉન્ટન્ટ, વ્યવસાયી કંપની સેક્રેટરી સામે ગેરવર્તણૂક સંબંધી આરોપને લગતી કોઇ તપાસ સંબંધી આ અધિનિયમ હેઠળની કાર્યવાહીને લગતી કોઇ વિગતો; અથવા

(ઠ) કોઇ ઓટોમેટેડ સિસ્ટમ (સ્વચાલિત પ્રણાલી)માં કોઇ ડેટા એન્ટ્રી કરવાના હેતુ માટે અથવા કોઇ ઓટોમેટેડ સિસ્ટમ (સ્વચાલિત પ્રણાલી)નું સંચાલન કરવા, તેને અદ્યાવત કરવા અથવા તેની જાળવણી કરવાના હેતુ માટે કોઇ એજન્સીને નીમેલી હોય અને એવી એજન્સી ઉપર્યુકત હેતુઓ સિવાયના હેતુઓ સિવાય એવી વિગતોનો ઉપયોગ ન કરવા અથવા તેને જાહેર ન કરવા માટે કરારથી બંધાયેલી હોય તેવી કોઇ વિગતો; અથવા

(ડ) તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાના હેતુઓ માટે જરૂરી હોય તેવી સરકારના કોઇ અધિકારીને આપેલી તેવી કોઇ વિગતો; અથવા

(ઢ) કમિશનરના અભિપ્રાય મુજબ જાહેર હિતમાં કોઇ માહિતી પ્રસિધ્ધ કરવાનું ઇચ્છનીય હોય, તો પ્રસિધ્ધ કરવા માટેની વેરાપાત્ર વ્યકિતઓના વર્ગ અથવા કોઇ વ્યવહારોના વર્ગને લગતી માહિતી.

અમુક કેસમાં વ્યકિતઓ સંબંધી માહિતી પ્રસિદ્ધ કરવા બાબત.

૧૫૯. (૧) કમિશનર અથવા તેમણે આ અર્થે અધિકૃત કરેલા બીજા કોઇ અધિકારીનો એવો અભિપ્રાય હોય કે કોઇ વ્યકિતનું નામ અથવા આવી કોઇ વ્યકિતના સંબંધમાં આ અધિનયમ હેઠળની કોઇ કાર્યવાહી અથવા ફોજદારી કામને લગતી બીજી કોઇ વિગતો પ્રસિદ્ધ કરવાનું જાહેર હિતમાં જરૂરી અથવા ઇષ્ટ છે, તો તેઓ, પોતે યોગ્ય ગણે તેવી રીતે એવું નામ અથવા વિગતો પ્રસિદ્ધ કરાવી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ નાખેલા કોઇ દંડના સંબંધમાં, કલમ ૧૦૭ હેઠળ અપીલ સત્તાધિકારીને અપીલ રજૂ કરવાનો સમય, કોઇ અપીલ રજૂ કર્યા વિના પૂરો થઇ ગયો હોય અથવા અપીલ, રજૂ કરવામાં આવી હોય તો નિકાલ કરવામાં આવ્યો હોય તે સિવાય, આ કલમ હેઠળ કોઇ પ્રસિદ્ધિ કરી શકાશે નહિ.

સ્પષ્ટીકરણ.– કમિશનર અથવા તેમણે આ અર્થે અધિકૃત કરેલા બીજા કોઇ અધિકારીનો એવો અભિપ્રાય હોય કે કેસના સંજોગો અનુસાર એમ કરવું વાજબી છે, તો કોઇ પેઢી, કંપની અથવા વ્યક્તિઓના બીજા એસોસિએશનના કિસ્સામાં, પેઢીના ભાગીદારો, કંપનીના ડિરેકટર, મેનેજિંગ એજન્ટ, સેક્રેટરી અને ખજાનચી અથવા મેનેજર અથવા યથાપ્રસંગ, એસોસિએશનના સભ્યોના નામ પણ પ્રસિદ્ધ કરી શકાશે.

અમુક આદ્યારો પર આકારણીની કાર્યવાહી વગેરે અમાન્ય ન ઠરવા બાબત.

૧૬૦. (૧) આ અધિનિયમની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇ અનુસાર કરેલ, સ્વીકારેલ, આપેલ, બહાર પાડેલ, શરૂ કરેલ અથવા કરેલ, સ્વીકારેલ, આપેલ, બહાર પાડેલ, શરૂ કરેલ હોવાનું અભિપ્રેત હોય તેવી કોઇ આકારણી, ફેર આકારણી, ન્યાયનિર્ણય, સમીક્ષા, ફેરતપાસ, અપીલ, સુધારણા, નોટિસ, સમન્સ અથવા બીજી કાર્યવાહી, જો એવી આકારણી, ફેર આકારણી, ન્યાય નિર્ણય, સમીક્ષા, ફેરતપાસ, અપીલ, સુધારણા, નોટિસ, સમન્સ અથવા બીજી કાર્યવાહી આ અધિનિયમ અથવા બીજા કોઇ વિદ્યમાન કાયદાના ઉદ્દેશો, હેતુઓ અને જરૂરિયાતો અનુસાર મહત્વની અને સુસંગત હોય, તો તેમાંની કોઇ ભૂલ, ક્ષતિ અથવા કાર્યલોપના કારણ માત્રથી જ તે અમાન્ય ઠરશે નહિ અથવા અમાન્ય હોવાનુ ગણાશે નહિ.

(૨) કોઇ નોટિસ, હુકમ અથવા યથાપ્રસંગ, પત્રવ્યવહાર જેની સાથે કરવામાં આવ્યા હોય તે વ્યક્તિએ તે બાબતે અગાઉથી જરૂરી કામગીરી કરીહોય અને તેની અગાઉના તબક્કે તે અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો ન હોય અથવા એવી નોટિસ, હુકમ અથવા પત્રવ્યવહાર સંબંધી કાર્યવાહી અગાઉથી જ શરૂ થયેલી હોય, ચાલુ હોય અથવા આખરી કરવામાં આવેલી હોય, તો આવા નોટિસ, હુકમ અથવા યથાપ્રસંગ, પત્રવ્યવહાર સામે કોઇ પ્રશ્ન ઉઠાવી શકાશે નહિ.

રેકર્ડની દેખીતી ભૂલો સુધારવા બાબત.

૧૬૧. કલમ ૧૬૦ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય અને આ અધિનિયમની કોઇ બીજી જોગવાઇઓમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ નિર્ણય અથવા હુકમ અથવા નોટિસ અથવા પ્રમાણપત્ર આપ્યું હોય તેવા કોઇ સત્તાધિકારી, એવા કોઇ નિર્ણય અથવા હુકમ અથવા નોટિસ અથવા પ્રમાણપત્ર અથવા બીજા કોઇ દસ્તાવેજમાં કોઇ ભૂલ હોય તો, તેઓ પોતાની મેળે અથવા આ અધિનિયમ હેઠળ નિમાયેલા કોઇ અધિકારી અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ નિમાયેલા કોઇ અધિકારી અથવા એવો કોઇ નિર્ણય અથવા હુકમ અથવા નોટિસ અથવા પ્રમાણપત્ર અથવા યથાપ્રસંગ, બીજો કોઇ દસ્તાવેજ કાઢી આપ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર અસર પામેલી વ્યક્તિ, એવી ભૂલ પોતાને ધ્યાને લાવી હોય, તો રેકર્ડની કોઇ દેખીતી હોય તેવી કોઇ ભૂલ સુધારી શકશેઃ

પરંતુ એવા કોઇ નિર્ણય અથવા હુકમ અથવા નોટિસ અથવા પ્રમાણપત્ર અથવા બીજો કોઇ દસ્તાવેજ કાઢી આપ્યાની તારીખથી છ મહિનાની મુદત પૂરી થયા પછી એવો કોઇ સુધારો કરી શકાશે નહિઃ

વધુમાં, આકસ્મિક ચૂક અથવા કાર્યલોપને કારણે ઊભી થતી હોય તેવી સંપૂર્ણપણે કારકુની અથવા ગાણિતિક પ્રકારની હોય તેવી ભૂલના સુધારાને છ મહિનાની સદરહુ મુદત લાગુ પડશે નહિઃ

વળી, એવા સુધારાથી કોઇ વ્યક્તિને પ્રતિકૂળ અસર થતી હોય, તો સત્તાધિકારીએ એવો સુધારો કરતી વખતે કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસરવા જોઇશે.

ાની કોર્ટની મતને બાધ .

૧૬૨. કલમો ૧૧૭ અને ૧૧૮માં જોગવાઇ કરેલી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ કરેલાં અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કૃત્યને લીધે ઊભા થતા અથવા તેને લગતાં કોઇ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તેનો નિર્ણય કરવાની કોઇ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ.

ફી લેવા બાબત.

૧૬૩. કોઇ વ્યકિતએ તે હેતુ માટે કરેલી અરજી પરથી તેને કોઇ હુકમ અથવા દસ્તાવેજની નકલ પૂરી પાડવાની હોય, ત્યારે ઠરાવવામાં આવે તેટલી ફી ચુકવવાની રહેશે.

ાયમો કરવાની રકારની સત્તા.

૧૬૪.(૧) સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવા માટે જાહેરનામાથી નિયમો કરી શકશે.

(૨) પેટા–કલમ (૧)ની જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, સરકાર, જેના માટે આ અધિનિયમથી નિયમો કરવા જરૂરી હોય અથવા જરૂરી બની શકે તેવી ઠરાવવામાં આવે તેવી બાબતો અથવા જેના સંબંધમાં નિયમો કરીને જોગવાઇઓ કરવાની હોય અથવા કરી શકાય તેવી બાબતો માટે નિયમો કરી શકશે.

(૩) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તામાં, નિયમોને પશ્ચાદ્વર્તી અસર આપવાનો અથવા તેમાંના કોઇ નિયમને આ અધિનિયમની જોગવાઇઓ અમલમાં આવે તેનાથી વહેલી નહિ તેવી કોઇ તારીખે અમલી બનાવવાનો સમાવેશ થાય છે.

(૪) પેટા–કલમ(૧) અથવા પેટા–કલમ(૨) હેઠળ કરેલા કોઇ નિયમોથી એવી જોગવાઇ કરી શકાશે કે તેનું ઉલ્લંઘન કરનાર દસ હજાર રૂપિયાથી વધારે નહિ તેટલા દંડની શિક્ષાને પાત્ર થશે.

વિનિયમો કરવાની સત્તા .

૧૬૫. સરકાર જાહેરનામાથી, આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવા માટે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો સાથે સુસંગત હોય તેવા વિનિયમો કરી શકશે.

નિયમો, વિનિયમો અને જાહેરનામા રજૂ કરવા બાબત.

૧૬૬. આ અધિનિયમ હેઠળ સરકારે કરેલા દરેક નિયમ, વિનિયમ અને બહાર પાડેલું જાહેરનામું, તે કરવામાં અથવા બહાર પાડવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ તેનું સત્ર ચાલુ હોય, ત્યારે ત્રીસ દિવસની કુલ મુદત જે એક અથવા ત્યારપછીના બે અથવા વધુ સત્રોની બનેલી હોય તેટલી મુદત સુધી મૂકવા જોઇશે અને તે સત્રની તરત પછીનું સત્ર પૂરું થતાં પહેલા અથવા ઉપર્યુકત ત્યારપછીના સત્રોમાં રાજય વિધાનમંડળ નિયમ, વિનિયમ અથવા યથાપ્રસંગ, જાહેરનામામાં કોઇ ફેરફાર કરવા સંમત થાય અથવા એમ સંમત થાય કે નિયમ, વિનિયમ અથવા જાહેરનામું કરવા જોઇશે નહિ, તો નિયમ, વિનિયમ અથવા યથાપ્રસંગ, જાહેરનામું એવા સુધારેલા સ્વરૂપમાં અમલી રહેશે અથવા યથાપ્રસંગ, અમલમાં રહેશે નહિ; તેમ છતાં આવા સુધારા અથવા રદ થવાથી, નિયમ, વિનિયમ અથવા યથાપ્રસંગ, જાહેરનામાથી અગાઉ કરેલા કોઇ કૃત્યને બાધ આવશે નહિ.

સત્તાની સોંપણી .

૧૬૭. કમિશનર, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને એમ આદેશ કરી શકશે કે આ અધિનિયમ હેઠળ કોઇ સત્તાધિકારી અથવા અધિકારીએ વાપરવાની કોઇ સત્તા, એવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા બીજા સત્તાધિકારી અથવા અધિકારી પણ વાપરી શકશે.

સૂચનાઓ અથવા આદેશો બહાર પાડવાની સત્તા .

૧૬૮. કમિશનર, આ અધિનિયમના અમલીકરણમાં સમાનતા લાવવાના હેતુ માટે જરૂરી અથવા ઇષ્ટ ગણે, તો રાજય વેરા અધિકારીઓને પોતે યોગ્ય ગણે તેવા હુકમો, સૂચનાઓ અથવા આદેશો આપી શકશે અને તેમ થયેથી, આ અધિનિયમના અમલમાં કામે રાખેલા એવા તમામ અધિકારીઓ અને તમામ બીજી વ્યકિતઓએ તેવા હુકમો, સૂચનાઓ અથવા આદેશોનું અનુસરણ અને પાલન કરવું જોઇશે.

અમુક સંજોગોમાં નોટિસની બજવણી.

૧૬૯. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળના કોઇ નિર્ણય, હુકમ, સમન્સ, નોટિસ અથવા બીજા પત્રવ્યવહારની બજવણી નીચેની પૈકી કોઇ એક પદ્ધતિથી કરવી જોઇશે:–

(ક) સીધી રીતે અથવા કુરિયર સહિતના સંદેશવાહક મારફત જેને મોકલ્યો હોય તે વ્યકિતને અથવા વેરાપાત્ર વ્યકિતને અથવા વેરાપાત્ર વ્યકિત વતી કાર્યવાહીમાં હાજર રહેવાનો અધિકાર ધરાવતા તેના મેનેજર અથવા અધિકૃત પ્રતિનિધિને અથવા એડવોકેટને અથવા વેરા વ્યવસાયીને અથવા તેણે તેના કામકાજના સંબંધમાં નિયમિત રીતે કામે રાખેલી વ્યકિતને અથવા વેરાપાત્ર વ્યકિતની સાથે રહેતા કુટુંબના કોઇ પુખ્ત સભ્યને આપી અથવા સોંપીને; અથવા

(ખ) જેને મોકલવા ધાર્યું હોય તેને અથવા તેના અધિકૃત પ્રતિનિધિને, તેના કામકાજના અથવા નિવાસના છેલ્લા જાણીતાં સ્થળે પહોંચ મળવાપાત્ર સાથે રજિસ્ટર્ડ પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટ અથવા કુરિયર મારફત; અથવા

(ગ) રજિસ્ટ્રેશનના સમયે તેણે પૂરા પાડેલા અથવા વખતોવખત સુધાર્યા પ્રમાણેના તેના ઇ–મેઇલ એડ્રેસ પર મેઇલ(પત્ર) મોકલીને; અથવા

(ઘ) કોમન પોર્ટલ પર તેને ઉપલબ્ધ કરાવીને; અથવા

(ચ) વેરાપાત્ર વ્યકિત અથવા જેના નામે બજવણી કરવાની હોય તે વ્યકિતએ વસવાટ કર્યો હોય ધંધો ચલાવ્યો હોય અથવા લાભ માટે અંગત રીતે કામ કર્યું હોય તેવી છેલ્લી જાણીતી જગ્યામાં ફેલાવો ધરાવતા વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરીને ; અથવા

(છ) ઉપર્યુકત પૈકીના કોઇ પ્રકાર વ્યવહાર્ય ન હોય, તો તેના ધંધા અથવા રહેઠાણના છેલ્લા જાણીતા સ્થળે અમુક દેખાઇ આવે તેવી જગ્યાએ ચોંટાડીને અને કોઇ કારણસર આવા પ્રકાર પણ વ્યવહાર્ય ન હોય, તો જેણે આવો નિર્ણયઅથવા હુકમ કર્યો હોય અથવા એવું સમન્સઅથવા નોટિસ કાઢી હોય તે સંબંધિત અધિકારી અથવા સત્તાધિકારીની કચેરીના નોટિસ બોર્ડ પર તેની એક નકલ ચોંટાડીને.

(૨) દરેક નિર્ણય, હુકમ, સમન્સ, નોટિસ અથવા કોઇ પત્રવ્યવહાર, તે સોંપવામાં આવે અથવા પ્રસિદ્ધ કરવામાં આવે અથવા તેની નકલ પેટા–કલમ(૧)માં જોગવાઇ કરેલી રીતે ચોંટાડવામાં આવે તે તારીખથી બજાવ્યો છે એમ ગણાશે.

(૩) આવો નિર્ણય, હુકમ, સમન્સ, નોટિસ અથવા કોઇ પત્રવ્યવહાર રજિસ્ટર્ડ ટપાલ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવામાં આવ્યો હોય, ત્યારે વિરુદ્ધનું પુરવાર થાય તે સિવાય, આવી ટપાલને પહોંચતા સામાન્ય રીતે થતો સમય પૂરો થતાં જેને તે મોકલ્યો હોય તે(વ્યકિત)ને તે મળી ગયો છે એમ ગણાશે.

વેરા વગેરેની પતાવટ.

૧૭૦. વેરા, વ્યાજ, શિક્ષા, દંડની રકમ અથવા ચૂકવવા પાત્ર બીજી કોઇ રકમ અને આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ રિફંડની અથવા બીજી કોઇ લેણી રકમની ગણતરી, રૂપિયાના તેના સૌથી નજીકના ગુણાંક સાથે કરવી જોઇશે અને આ હેતુ માટે, એવી રકમ રૂપિયાના કોઇ ભાગ જેટલા પૈસાની બનેલી હોય, ત્યારે, એવો ભાગ પચાસ પૈસા કરતાં અથવા તેના કરતાં વધુ હોય, તો તેને એક રૂપિયા તરીકે સુધી વધારવો(ગણવો) જોઇશે અને જો એવો ભાગ પચાસ પૈસા કરતાં ઓછો હોય, તો તેને ગણતરીમાં લેવો જોઇશે નહિ.

નફાખોરી વિરુદ્ધના પગલાં.

૧૭૧. (૧) કોઇ માલ અથવા સેવા પૂરી પાડવા ઉપર વેરાના દરમાં કોઇ ઘટાડા અથવા ઇનપુટ વેરા શાખનો લાભ,કિમતમાં સમપ્રમાણ ઘટાડો કરીને પ્રાપ્તકર્તાને (લેનારને) પહોંચાડવો જોઇશે.

(૨) કેન્દ્ર સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, જાહેરનામાથી, કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ મેળવેલા ઇનપુટ વેરા શાખ અથવા વેરા દરમાં ઘટાડાના પરિણામે તેણે પૂરા પાડેલા માલ અથવા સેવાની કિંમતમાં ખરેખર કોઇ સમપ્રમાણ ઘટાડો થયો છે કે કેમ તે ચકાસવા કોઇ સત્તામંડળ રચી શકશે અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ રચાયેલા કોઇ વિદ્યમાન સત્તામંડળને સત્તા આપી શકશે.

(૩) પેટા–કલમ (૨)માં ઉલ્લેખેલું સત્તામંડળ, ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો કરશે.

મુશ્કેલી દૂર કરવા બાબત.

૧૭૨.(૧) આ અધિનિયમની કોઇ જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો સરકાર, કાઉન્સિલની ભલામણો પરથી, રાજપત્રમાં, સામાન્ય અથવા ખાસ હુકમ પ્રસિદ્ધ કરીને, સદરહુ મુશ્કેલી દૂર કરવા ના હેતુ માટે જરૂરી અથવા ઇષ્ટ હોય તેવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા વિનિયમોની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે.

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

રદ કરવા બાબત.

૧૭૩.(૧) આ અધિનિયમમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, આ અધિનિયમના આરંભની તારીખે અને તે તારીખથી,–

સન ૨૦૦૧નો ગુજરાતનો ૨૨મો.

(૧) ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૦૧;

સન ૧૯૭૭નો ગુજરાતનો ૨૪મો.

(૨) ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) અધિનિયમ, ૧૯૭૭; અને

(૩) ગુજરાત મનોરંજન કર અધિનિયમ,૧૯૭૭

સન ૧૯૭૭નો ગુજરાતનો ૧૬મો.

(જેનો આમાં હવે પછી,''રદ થયેલા અધિનિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે), આથી, રદ કરવામાં આવે છે.

(૨) રદ થયેલા કોઇ અધિનિયમ અથવા રદ થયેલી આવી જોગવાઇ હેઠળ આપવામાં આવેલા દરેક રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, લાઇસન્સ અથવા યથાપ્રસંગ, પરવાનગી, નિયત તારીખથી અમલમાં આવે તે રીતે રદ થયેલી ગણાશે અને નિયત તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર તેને રદ કરવા માટે, આવા પ્રમાણપત્ર, લાઇસન્સ અથવા યથાપ્રસંગ,પરવાનગી રદ કરવા માટે સક્ષમ સત્તાધિકારીને તે પરત કરવા જોઇશે. સક્ષમ સત્તાધિકારીએ, સદરહુ પ્રમાણપત્ર, લાઇસન્સ અથવા પરવાનગીની તેની પોતાની નકલ અને તેમને પરત કરવામાં આવેલી નકલને પણ રદ કરવી જોઇશે અને તેનેરદ કર્યા પછી,રદ કરેલી નકલ, આવા પ્રમાણપત્ર, લાઇસન્સઅથવા પરવાનગી અગાઉ ધરાવનારને પરત કરવી જોઇશે.

અપવાદ .

૧૭૪. (૧) કલમમાં નિર્દિષ્ટ કરેલા અધિનિયમો રદ થવાથી,–

(ક) આવા સુધારા અથવા રદ થવાના સમયે અમલમાં ન હોય અથવા વિદ્યમાન ન હોય તેવી કોઇ બાબત ફરી પ્રચલિત થશે નહિ; અથવા

(ખ) સુધારેલા અધિનિયમો અથવા રદ થયેલા અધિનિયમો અને હુકમોના અગાઉ થયેલા અમલને અથવા તે હેઠળ યોગ્ય રીતે કરેલા અથવા થયેલા કૃત્યોને અસર થશે નહિ; અથવા

(ગ) રદ થયેલા અધિનિયમો અથવા આવા રદ થયેલા અધિનિયમો હેઠળના હુકમો હેઠળ સંપાદિત કરેલા,મેળવેલા અથવા પ્રાપ્ત કરેલા કોઈ હક, વિશેષાધિકાર, ફરજ અથવા જવાબદારીને અસર થશે નહિ:

પરંતુ કોઇ જાહેરનામાથી કોઇ રોકાણ સામે પ્રોત્સાહન તરીકે આપવામાં આવેલી કોઇ વેરા મુક્તિ, સદરહુ જાહેરનામું નિયત દિવસે અથવા તે પછી રદ કરવામાં આવ્યું હોય, તો વિશેષાધિકાર તરીકે ચાલુ રહેશે નહિ; અથવા

(ઘ) લેણા હોય અથવા લેણા થાય તેવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજને અથવા રદ થયેલા અધિનિયમોની જોગવાઇઓ વિરુધ્ધ કરેલા કોઇ ગુના અથવા ઉલ્લંઘનના સંબંધમાં કરવામાં આવેલી કોઈ જપ્તી અથવા લાદવામાં આવેલ કોઇ શિક્ષાને અસર થશે નહિ; અથવા

(ચ) ઉપર્યુક્ત પ્રમાણેના કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ, હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી, જપ્તી અથવા શિક્ષાના સંબંધમાંની કોઇ તપાસણી, તપાસ(અંવેષણ), ખરાઇ(ચકાસણી અને ઓડિટ સહિત), આકારણીની કાર્યવાહી, ન્યાયનિર્ણય અને બીજી કોઇ કાનૂની કાર્યવાહી અથવા બાકી લેણાની વસૂલાત અથવા ઉપાયને અસર થશે નહિ અને એવી કોઇ તપાસણી, તપાસ, ખરાઇ(ચકાસણી અને ઓડિટ સહિત), આકારણીની કાર્યવાહી, ન્યાયનિર્ણય અને કોઇ બીજી કાનૂની કાર્યવાહી અથવા બાકી લેણાની વસૂલાત અથવા ઉપાય શરૂ કરી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં લાવી શકાશે અને એવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ, જપ્તી અથવા શિક્ષા જાણે કે આ અધિનિયમો એવી રીતે રદ કરવામાં આવ્યા ન હોય તે રીતે જ લઇ શકાશે અથવા કરી શકાશે; અથવા

(છ) સદરહુ રદ થયેલા અધિનિયમો હેઠળ નિયત દિવસ પહેલાં,નિયત દિવસે અથવા તે પછી, શરૂ કરેલી હોય તેવા અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભને લગતી કોઇ કાર્યવાહીને અસર થશે નહિ અને એવી કાર્યવાહીઓ,જાણે કે આ અધિનિયમ અમલમાં આવ્યો ન હોય અને સદરહુ અધિનિયમો રદ કરવામાં આવ્યા ન હોય તેવી જ રીતે રદ થયેલા અધિનિયમો હેઠળ ચાલુ રાખવામાં આવશે.

સન ૧૯૦૪નો મુંબઇનો ૧લો.

(૨) કલમ ૧૭૩માં ઉલ્લેખેલી ચોક્કસ બાબતોમાં જણાવેલી વિગતોથી, ગુજરાત સામાન્ય કલમ અધિનિયમ ૧૯૦૪ની કલમ ૭ અથવા કલમ ૭ક અથવા કલમ ૨૫ના સામાન્ય અમલને બાધ આવશે નહિ અથવા અસર થશે નહિ.

અનુસૂચિ ૧

(જુઓ કલમ ૭ (૧) (ગ))

અવેજ વિના કરવામાં આવી હોવા છતાં પુરવઠા તરીકે હોવાનું ગણવામાં આવે તેવી પ્રવૃત્તિઓ

૧. ધંધાની અસ્કયામતો પર ઇનપુટ વેરા શાખ મેળવેલી હોય તો તેવી અસ્કયામતોની કાયમી તબદીલી અથવા તેનો નિકાલ.

૨. કલમ ૨૫માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સંબંધિત વ્યક્તિઓ અથવા ચોક્કસ વ્યક્તિઓ વચ્ચે ધંધાનું કામકાજ ચલાવવા અથવા તે આગળ ધપાવવા દરમિયાન માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડવામાં આવ્યા હોય:

પરંતુ કામે રાખનાર દ્વારા કર્મચારીને કોઇ નાણાકીય વર્ષમાં આપવામાં આવેલી પચાસ હજાર રૂપિયા કરતાં વધુ નહિ તેટલા મૂલ્યની ભેટને, માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા છે એમ ગણાશે નહિ.

૩. (ક) મુખ્ય માલિક વતી કોઇ માલ પૂરો પાડવાની જવાબદારી કોઇ એજન્ટે લીધી હોય, ત્યારે પ્રિન્સિપાલે તેના એજન્ટને પૂરો પાડેલો એવો માલ; અથવા

(ખ) મુખ્ય માલિક વતી કોઇ માલ સ્વીકારવાની જવાબદારી કોઇ એજન્ટે લીધેલી હોય, ત્યારે એજન્ટે પ્રિન્સિપાલને પૂરો પાડેલો એવો માલ; અથવા

૪. ધંધાનું કામકાજ ચલાવવા અથવા તે અગળ ધપાવવા દરમિયાન, કોઇ વેરાપાત્ર વ્યક્તિએ તેની સાથે સંકળાયેલી વ્યક્તિ અથવા ભારત બહારની તેની બીજી કોઇ સંસ્થા પાસેથી કરેલી સેવાની આયાત.

અનુસૂચિ ૨
(જુઓ કલમ ૭ (૧) (ઘ))
માલના પુરવઠા અથવા સેવાના પુરવઠા તરીકે હોવાનું ગણવામાં આવે તેવી પ્રવૃત્તિઓ

૧. તબદીલી

(ક) માલના માલિકી હકની કોઇ તબદીલી એ માલ પૂરો પાડ્યો છે;

(ખ) માલ પરના હકની કોઇ તબદીલી અથવા માલના માલિકી હકની તબદીલી વિના માલમાંના વણવહેંચાયેલા હિસ્સાની તબદીલી એ સેવા પૂરી પાડેલી છે;

(ગ) માલમાંની મિલકત ભવિષ્યની કોઇ તારીખે કબૂલાત મુજબના પૂરા અવેજની ચુકવણી કર્યેથી તબદીલ થશે એમ નિયત થયેલી હોય તેવી કોઇ કબૂલાત હેઠળ કરતાં માલના માલિકી હકની કોઇ તબદીલી એ માલ પૂરો પાડ્યો છે;

૨. જમીન અને મકાન

(ક) કોઇ જમીનનો ભોગવટો કરવા માટેનો કોઇ ભાડાપટ્ટો, ગણોતહક, સુખાધિકાર, લાઇસન્સએ સેવા પૂરી પાડેલી ગણાશે;

(ખ) વાણિજ્યિક, ઔદ્યોગિક અથવા રહેણાક સંકુલ સહિતનું કોઇ મકાન, ધંધા અથવા વ્યાપાર માટે સમગ્રતઃ અથવા તેનો કોઇ ભાગ ભાડાપટ્ટે અથવા ભાડે આપવો એ સેવા પૂરી પાડેલી ગણાશે.

૩. ક્રિયા અથવા પ્રક્રિયા

બીજી કોઇ વ્યક્તિના માલ પર કરવામાં આવેલી કોઇ ક્રિયા અથવા પ્રક્રિયા એ સેવા પૂરી પાડેલી ગણાશે.

૪. ધંધાકીય અસ્કયામતોની તબદીલી

(ક) કોઇ માલ કોઇ ધંધાની અસ્કયામતનો ભાગ બનતો હોય અને એ ધંધો ચલાવતી વ્યક્તિના આદેશથી અથવા તે હેઠળ એવા માલની તબદીલી અથવા તેનો નિકાલ કરવામાં આવે જેથી તે એવી અસ્કયામતનો ભાગ હોતો બંધ થાય, તો આવી તબદીલી અથવા નિકાલ ભલે કોઇ અવેજ સાથે અથવા તે વિના ક્યાં હોય, ત્યારે તે વ્યક્તિ દ્વારા માલ પૂરો પાડ્યો છે એમ ગણાશે.

(ખ) કોઇ ધંધો ચલાવતી વ્યક્તિના આદેશથી અથવા તે હેઠળ, ધંધાના હેતુ માટે રાખેલા અથવા ઉપયોગ કરવાના માલનો કોઇ ખાનગી ઉપયોગ કરવામાં આવે અથવા કોઇ વ્યક્તિને તે ધંધા સિવાયના ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવવામાં આવે, ત્યારે ભલે કોઇ અવેજ સાથે અથવા તે વિના કર્યો હોય પરંતુ એવો ઉપયોગ અથવા એવી રીતે ઉપલબ્ધ કરાવવાને સેવા પૂરી પાડેલી છે એમ ગણાશે.

(ગ) કોઇ વ્યકિત વેરાપાત્ર વ્યકિત હોતી બંધ થાય, ત્યારે તેના દ્વારા ચલાવાતા કોઇ ધંધાની અસ્કયામતોનો ભાગ બનતો હોય તેવો કોઇ માલ, તે એવી રીતે વેરાપાત્ર વ્યકિત હોતો બંધ થયો તેની તરત પહેલાં તેના ધંધાનું કામકાજ ચલાવતા અથવા આગળ ધપાવવા દરમિયાન પૂરો પાડ્યો છે એમ ગણાશે, સિવાય કે–

(૧) ધંધો પુરોગામી તરીકે બીજી વ્યકિતને તબદીલ કર્યો હોય; અથવા

(૨) ધંધો કોઇ અંગત પ્રતિનિધિ દ્વારા ચલાવાતો હોય જે વેરાપાત્ર વ્યકિત હોવાનું ગણાશે.

૫. સેવા પૂરી પાડવા બાબત

નીચેની બાબતો એ સેવા પૂરી પાડેલી છે એમ ગણાશેઃ–

(ક) કોઇ સ્થાવર મિલકત ભાડે આપવી;

(ખ) કોઇ ખરીદનારને સમગ્રતઃ અથવા અંશતઃ વેચવા ધાર્યું હોય તેવા સંકુલ અથવા મકાન સહિતના કોઇ સંકુલ, મકાન, બાંધકામના માળખા અથવા તેના ભાગનું બાંધકામ સિવાય કે એમ ફરમાવ્યુ હોય કે સંપૂર્ણ અવેજ કોઇ સક્ષમ સત્તામંડળદ્વારા પૂર્ણતા પ્રમાણપત્ર કાઢી આપ્યા પછી અથવા તેના પ્રથમ ભોગવટા પછી એ બન્નેમાંથી જે વહેલું હોય તે પછી મળ્યું હોય.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે–

(૧) "સક્ષમ સત્તાધિકારી" એ શબ્દપ્રયોગ એટલે સરકાર અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ પૂર્ણતા પ્રમાણપત્ર આપવા અધિકૃત કરેલ કોઇ સત્તાધિકારી અથવા એવું પ્રમાણપત્ર એવા સત્તાધિકારી પાસેથી લેવું જરૂરી ન હોય, ત્યારે નીચેના પૈકી કોઇપણઃ–

(૧) આર્કિટેકટ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ રચાયેલી કાઉન્સિલ ઓફ આર્કિટેકચરમાં રજિસ્ટર થયેલા કોઇ આર્કિટેકટ; અથવા સન ૧૯૭૨નો ૨૦મો.

(૨) ઇન્સ્ટિટયુટ ઓફ એન્જિનિયર્સ (ભારત)માં રજિસ્ટર થયેલા કોઇ ચાર્ટર્ડ એન્જિનિયર; અથવા

(૩) અથવા શહેર અથવા નગર અથવા ગામના સંબંધિત સ્થાનિક મંડળ અથવા વિકાસ અથવા આયોજન સત્તામંડળના લાઇસન્સ ધરાવતા સર્વેયર;

(૨) "બાંધકામ" એ શબ્દપ્રયોગમાં, કોઇ વિદ્યમાન મકાનના માળખામાં કોઇ વધારા, સુધારા, ફેરબદલી અથવા તેના આકારમાં ફેરફારનો સમાવેશ થશે;

(ગ) કોઇ બૌદ્ધિક મિલકત હકની હંગામી તબદીલી અથવા તેનો ઉપયોગ કરવા અથવા તે ભોગવવાની પરવાનગી;

(ઘ) કોઇ ઇન્ફર્મેશન ટેકનોલોજી સોફટવેરનો વિકાસ, ડિઝાઇન, પ્રોગ્રામિંગ, કસ્ટમાઇઝેશન(અનુકૂલન), એડેપ્ટેશન, અપગ્રેડેશન (અદ્યાવત કરવા), એન્હેન્સમેન્ટ(વધારો) અથવા તેનો ઉપયોગ(ઇમ્પ્લિમેન્ટેશન);

(ચ) કોઇ કૃત્ય કરવાથી દૂર રહેવાની ફરજ સ્વીકારવીઅથવા કોઇ કૃત્ય અથવા સ્થિતીને ચલાવી લેવી અથવા કોઇ કૃત્ય કરવું; અને

(છ) રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ કોઇ હેતુ માટે કોઇ માલનો ઉપયોગ કરવાના અધિકારની (નિર્દિષ્ટ મુદત માટે હોય કે ન હોય તેવી) તબદીલી.

૬. સંયુકત પુરવઠો પૂરો પાડવા બાબત

નીચે પ્રમાણે પૂરો પાડેલો સંયુકત પુરવઠો એ સેવા પૂરી પાડેલી તરીકે ગણાશેઃ–

(ક) કલમ ૨ ના ખંડ (૧૧૯)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો વર્કસ કોન્ટ્રાકટ; અને

(ખ) સેવા અથવા તેના કોઇ ભાગ તરીકે અથવા ગમે તે કોઇ રીતે માનવ વપરાશ માટેની ખાદ્ય અથવા બીજી કોઇ ચીજવસ્તુ અથવા કોઇ પીણું(માનવ વપરાશ માટેના આલ્કોહોલયુકત દારૂ સિવાયનું) પૂરું પાડવું જયારે આવો પુરવઠો, રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ પૂરો પાડ્યો હોય.

૭. માલ પૂરો પાડવા બાબત.

નીચેની બાબત એ માલ પૂરો પાડ્યો છે એમ ગણાશેઃ–

વ્યકિતઓના બિન–સંસ્થાપિત એસોસિએશન અથવા મંડળ દ્વારા તેના સભ્યને રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ પૂરો પાડેલો માલ.

અનુસૂચિ ૩

(જુઓ કલમ ૭ (૨) (ક))

માલના પુરવઠા કે સેવાના પુરવઠા તરીકે ગણી ન શકાય તેવી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડ

૧. કર્મચારીએ તેના રોજગાર દરમિયાન અથવા તેના સંબંધમાં તેણે (કર્મચારીએ) તેના માલિકને આપેલી સેવા.

૨. તત્સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ કોઇ કોર્ટ અથવા ટ્રિબ્યુનલે આપેલી સેવા.

૩. (ક) સંસદસભ્યો, રાજય વિધાનમંડળના સભ્યો, પંચાયતના સભ્યો, નગરપાલિકાઓના સભ્યો અને બીજા સ્થાનિક સત્તામંડળના સભયોએ કરેલા કાર્યો.

(ખ) સંવિધાનની જોગવાઇઓ અનુસાર તે ક્ષમતામાં હોદ્દો ધરાવતી કોઇ વ્યકિતએ બજાવેલી ફરજો; અથવા

(ગ) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળે સ્થાપેલા મંડળમાં અધ્યક્ષ અથવા સભ્ય અથવા ડિરેકટર તરીકે કોઇ વ્યકિત, જે આ કલમના આરંભ પહેલાં કર્મચારી ગણાતી ન હોય તેણે બજાવેલી ફરજો.

૪. મૃતકની હેરફેર સહિત અંત્યેષ્ટિ, સ્મશાન અથવા શબઘરની સેવાઓ.

૫. જમીનનું વેચાણ અને અનુસૂચિ ૨ ના પરિચ્છેદ ૫ ના ખંડ(ખ)ને અધીન રહીને મકાનનું વેચાણ.

૬. લોટરી, સટ્ટા અને જુગાર સિવાયના દાવાપાત્ર હક.

સ્પષ્ટીકરણ.– પરિચ્છેદ ૨ ના હેતુઓ માટે, "કોર્ટ" એ શબ્દમાં, જિલ્લા કોર્ટ, હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટનો સમાવેશ થાય છે.

ઉદ્દેશો અને કારણો

હાલમાં, ભારતના સંવિધાનથી, કેન્દ્ર સરકારને ઉત્પાદન (વસ્તુ નિર્માણ) પર એકસાઇઝ ડયુટી (આબકારી જકાત) અને સેવાઓના પુરવઠા પર સેવા કર (વેરા) નાંખવાની સત્તા મળી છે. વધુમાં, તેનાથી રાજય સરકારને, માલના વેચાણ પર મૂલ્ય વર્ધિત વેરા (V A T) નાંખવાની સત્તા મળી છે. રાજવિત્તીય સત્તાનું આ સુવાંગ વિભાજન, દેશમાં પરોક્ષ વેરાની બહુવિધતા (મોટી સંખ્યા) તરફ દોરી ગયું છે. તદુપરાંત, કેન્દ્ર સરકાર દ્વારા માલના આંતર–રાજય વેચાણ પર કેન્દ્રીય વેચાણ

INDEX

વેરા (C S T) લેવામાં આવે છે પણ તે, નિકાસ કરનાર રાજયો દ્વારા વસૂલાત કરીને પોતાની પાસે રાખવામાં આવે છે. વધુમાં, ગુજરાત રાજયમાં, સ્થાનિક વિસ્તારોમાં માલના પ્રવેશ પરના પ્રવેશ વેરા, મનોરંજન કર, સુખસુવિધા કર વગેરે. લેવામાં આવે છે.

(૧) દેશમાં માલ અને સેવાઓ પરના વેરા અંગેની પ્રવર્તમાન વેરા પદ્ધતિને, નીચે મુજબની કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે–

(ક) કેન્દ્ર અને રાજય સ્તરોએ વેરાની બહુવિધતા, દેશમાં પરોક્ષ વેરાના જટિલ માળખા (રચના)માં પરિણમેલ છે. જે, વેપાર અને ઉદ્યોગ માટે છૂપા ખર્ચ (છૂપી કિમતો)થી ચાલે છે.

(ખ) રાજયોમાં વિવિધ સ્થળોએ વેરાના દરો અને માળખામાં એકરૂપતા (સમાનતા) નથી અને ''વેરા પરના વેરા''ને કારણે વેરાઓમાં વ્યાપક પ્રમાણમાં વધારો થયેલ છે; અને

(ગ) ઉત્પાદન (વસ્તુ નિર્માણ)ના તબક્કે ચૂકવેલી એકસાઇઝ ડ્યુટી અને સેવા વેરાની શાખ, રાજય સ્તરના વેચાણ વેરા અથવા મૂલ્ય વર્ધિત વેરા ચૂકવતી વખતે અને તેનાથી ઊલટા વ્યવહાર વખતે વેપારીઓને ઉપલભ્ય થતી નથી. વધુમાં, એક રાજયમાં ચૂકવેલા રાજય વેરાની શાખ, અન્ય રાજયોમાં ઉપયોગમાં લઇ શકાતી નથી. તેથી, માલ અને સેવાઓની કિમતોમાં, આ ''વેરા પરના વેરા''ના પ્રમાણમાં કૃત્રિમ વધારો થાય છે.

(૨) આ સંદર્ભમાં, સંસદે સંવિધાન (એક સો એકમા સુધારા) અધિનિયમ, ૨૦૧૬ અધિનિયમિત કર્યો હતો, જેનાથી, દેશમાં માલ અને સેવા વેરા (G S T)ને દાખલ કરવાનું સરળ બન્યું. સંવિધાનમાંના સુધારાઓથી, સંસદ અને રાજય વિધાનસભાઓ બંનેને, સહવર્તી રીતે, માલ અને સેવાઓના પુરવઠાના સરખા વ્યવહાર પર જી.એસ.ટી. (G S T)ની વસૂલાત કરવા માટે કાયદા બનાવવાની સત્તા મળે છે.

(૩) તદનુસાર સંસદે, માલ અને સેવાઓના રાજ્યાંતર્ગત પુરવઠા પર વેરા નાંખવા માટે કેન્દ્રીય જી.એસ.ટી. (GST) અધિનિયમ અને માલ અને સેવાઓના આંતર–રાજય પુરવઠા માટે સંકલિત જી.એસ.ટી.(ICST) અધિનિયમ અને રાજયોને વળતર આપવા માટે, સંઘ રાજ્યક્ષેત્રના જી.એસ.ટી. (UTGST) અધિનિયમ અને વળતર અધિનિયમ પસાર કર્યા હતા.

(૪) જી.એસ.ટી. (GST) કાઉન્સિલે, રાજય જી.એસ.ટી. (SGST) વિધેયકનો આદર્શ મુસદ્દો (મોડેલ ડ્રાફટ) મંજૂર કર્યો છે અને રાજય વિધાનમંડળમાં એસ.જી.એસ.ટી. (SGST) વિધેયક પસાર કરવાની વિનંતી સાથે તમામ રાજયોને મોકલવામાં આવ્યો છે.

(૫) ઉપરોકત બાબતને ધ્યાનમાં લેતાં, ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક, ૨૦૧૭ નામનો રાજયનો કાયદો હોવાનું જરૂરી બન્યું છે. સૂચિત કાયદાથી, રાજય સરકારને, રાજયની અંદર માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા પર માલ અને સેવા વેરાની વસૂલાત કરવા માટેની સત્તા મળશે.

(૬) સૂચિત ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક, ૨૦૦૭થી, દેશમાંના પરોક્ષ વેરાના પ્રચલનને સરળ અને સમાન બનાવશે. અર્થતંત્રમાં ઉત્પાદન ખર્ચ અને કુગાવો ઘટાડવા ધાર્યું છે જેથી કરીને ઘરેલું તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય વેપાર અને ઉદ્યોગને વધુ સ્પર્ધાત્મક બનાવી શકાય. એવી પણ આશા રાખવામાં આવે છે કે માલ અને સેવા વેરા દાખલ કરવાથી, સમાન અને સાતત્યપૂર્ણ ભારતીય બજારને પોષશે અને અર્થતંત્રની વૃદ્ધિમાં નોંધપાત્ર ફાળો આપશે. મૂલ્ય વર્ધનની શૃંખલામાં એક તબક્કેથી બીજા તબક્કા સુધી ઇનપુટ વેરા શાખની સતત તબદીલીને કારણે, વેરા ભરનારાઓ દ્વારા વેરા અનુપાલનને પ્રોત્સાહન આપે તેવું સંન્નિહિત તંત્ર (ઇન–બિલ્ટ

મિકેનિઝમ) માલ અને સેવા વેરાની યોજના (ડિઝાઇન)માં મહત્વના ભાગ તરીકે વિદ્યમાન છે. સૂચિત રાજ્ય માલ અને સેવા વેરો, વેરાના વ્યાપને વધુ વિસ્તૃત બનાવશે અને તે, માહિતી (ઇન્ફર્મેશન) ટેકનોલોજીના મજબૂત આંતરમાળખા (ઇન્ફ્રાસ્ટ્રકચર)ને કારણે વધુ સારા વેરા અનુપાલનમાં પરિણમશે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની અગત્યની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવેલી છે :–

કલમ ૧.– આ કલમથી, સૂચિત અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨.– આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

કલમ ૩.– આ કલમથી, સૂચિત અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે કમિશનરો અને જરૂરી હોય તેવા બીજા વર્ગના અધિકારીઓની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરી છે. આ કલમથી એવી પણ જોગવાઈ કરી છે કે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળના અધિકારીઓ, સૂચિત અધિનિયમ હેઠળ નિમાયેલા અધિકારીઓ હોવાનું ગણાશે.

કલમ ૪.– આ કલમથી, વિધેયકની કલમ ૩ હેઠળ નિમાયેલા અધિકારીઓ ઉપરાંતના અધિકારીઓની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૫.– આ કલમથી, વિધેયકની કલમ ૩ હેઠળ નિમાયેલા અધિકારીઓની સત્તા અને ફરજો માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬.– આ કલમથી, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ નિમાયેલા અધિકારીઓને, અમુક સંજોગોમાં, રાજ્ય સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે જાહેર કરે તેવી શરતોને અધીન રહીને, સૂચિત અધિનિયમના હેતુઓ માટે, યોગ્ય અધિકારીઓ તરીકે અધિકૃત કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૭.– આ કલમથી, પુરવઠાના ક્ષેત્ર(વ્યાપ) અંગેની જોગવાઈ કરી છે. આ કલમથી, જે પ્રવૃત્તિઓને પુરવઠા તરીકે ગણાવી જોઈશે તેવી પ્રવૃત્તિઓની જોગવાઈ કરી છે. વધુમાં, આ કલમથી જોગવાઈ કરી છે કે અવેજ સિવાય કરવામાં આવતી અથવા કરવાનું કબૂલ કરવામાં આવતી સૂચિત અધિનિયમની અનુસૂચિ ૧–માં નિર્દિષ્ટ કરેલી અમુક પ્રવૃત્તિઓને પુરવઠા તરીકે ગણાવી જોઈશે. આ કલમથી, માલના પુરવઠા તરીકે અને સેવાના પુરવઠા તરીકે પણ ન હોય તેવી પ્રવૃત્તિઓ માટેની પણ જોગવાઈ કરી છે.

કલમ ૮.– આ કલમથી,સંયુકત અથવા મિશ્ર પુરવઠા પરની વેરાની જવાબદારી માટેની જોગવાઈ કરી છે.

કલમ ૯.– આ કલમથી,માનવ વપરાશ માટેના આલ્કોહોલયુકત દારૂના પુરવઠા સિવાયના, માલ અથવા સેવા અથવા તે બંનેના કરવામાં આવતા તમામ આંતરરાજ્ય પુરવઠા પર, કલમ ૧૫ હેઠળ નક્કી કરેલા મૂલ્યએ, ગુજરાત માલ અને સેવા વેરો લેવા અને વસૂલ કરવા માટેની જોગવાઈ કરી છે. વધુમાં, આ કલમથી વધુમાં એવી જોગવાઈ કરી છે કે–

(૧) કાચા પેટ્રોલિયમ, હાઈ સ્પીડ ડીઝલ, (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતા) મોટર સ્પિરિટ, કુદરતી ગેસ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલના પુરવઠા પરનો રાજ્ય વેરો, કાઉન્સિલની ભલામણો પરથી, સરકાર જાહેર કરે તેવી તારીખથી લેવો જોઈશે;

(૨) રાજ્ય સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના વર્ગ જાહેર કરી શકશે, જેના પરનો વેરો આવા માલ અથવા સેવા અથવા તે બંને લેનાર દ્વારા વિપરીત ચાર્જ (reverse charge)ને આધારે ભરવો જોઈશે;

(૩) રજિસ્ટર થયેલ ન હોય તેવા પુરવઠાકાર દ્વારા, રજિસ્ટર થયેલ વ્યક્તિને, વેરાપાત્ર માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવાના સંબંધમાં ભરવાનો રાજ્ય વેરો, આવી વ્યક્તિ દ્વારા વિપરીત ચાર્જ (reverse charge)ને આધારે ભરવો જોઈશે;

(૪) રાજ્ય સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, સેવાના પુરવઠાના વર્ગ જાહેર કરી શકશે, જેના આંતરરાજ્ય પુરવઠા પરનો વેરો, જો આવી સેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર દ્વારા પૂરી પાડવામાં આવેલ હોય, તો તેમના દ્વારા ચૂકવવો જોઈશે.

કલમ ૧૦.– આ કલમથી, પતાવટ–વેરા માટેની જોગવાઈ કરી છે. તે, ઠરાવેલી મર્યાદા સુધીનું ટર્નઓવર ધરાવતા નાના વેરો ભરનારાઓ માટે તૈયાર કરવામાં આવેલી વેરો લેવા માટેની વૈકલ્પિક પદ્ધતિ છે. આ કલમથી એવી પણ જોગવાઈ કરી છે કે અમુક વર્ગના પુરવઠા માટે અથવા અમુક વર્ગના પુરવઠાકાર પતાવટ–વેરાનો વિકલ્પ પસંદ કરી શકશે નહિ. આ કલમ હેઠળ વેરો ભરવાનો વિકલ્પ પસંદ કરતી વ્યક્તિ, ઈનપુટ પર ભરેલા વેરાની શાખ મેળવી શકશે નહિ કે લેનાર પાસેથી કોઈ વેરો વસૂલ કરી શકશે નહિ.

કલમ ૧૧.– આ કલમથી,કોઈ નિર્દિષ્ટ વિગતોવાળા માલ અથવા સેવા અથવા તે બંનેને, સંપૂર્ણપણે અથવા શરતોને અધીન રહીને, સંપૂર્ણ રાજ્યવેરો અથવા તેનો કોઈ ભાગ ભરવામાંથી, કાઉન્સિલની ભલામણને આધારે મુક્તિ આપવાની રાજ્ય સરકારને સત્તા આપવામાં આવી છે. આ કલમથી,કાઉન્સિલની ભલામણને આધારે, ખાસ હુકમથી, કોઈ માલ અથવા સેવા અથવા તે બંનેને, વેરો ભરવામાંથી મુક્તિ આપવાની પણ રાજ્ય સરકારને સત્તા આપવામાં આવી છે.

કલમ ૧૨.– આ કલમથી, માલ પૂરો પાડવાના સમય માટેની જોગવાઈ કરી છે. આ કલમમાં, સામાન્ય પરિસ્થિતિમાં,વિપરીત ચાર્જ(reverse charge)(ને આધારે વેરો ભરવાની)ની પરિસ્થિતિમાં, વાઉચર પૂરું પાડવાની પરિસ્થિતિમાં અને બાકીની પરિસ્થિતિઓમાં કરવાના પુરવઠાનો સમય વિસ્તૃતપણે દર્શાવવામાં આવેલ છે.

કલમ ૧૩.– આ કલમથી, સેવા પૂરી પાડવાના સમય માટેની જોગવાઈ કરી છે. આ કલમમાં, સામાન્ય પરિસ્થિતિમાં,વિપરીત ચાર્જ(reverse charge)(ને આધારે વેરો ભરવાની)ની પરિસ્થિતિમાં, વાઉચર પૂરું પાડવાની પરિસ્થિતિમાં અને બાકીની પરિસ્થિતિઓમાં કરવાના પુરવઠાનો સમય વિસ્તૃતપણે દર્શાવવામાં આવેલ છે.

કલમ ૧૪.– આ કલમથી, વેરાના દરમાં ફેરફાર થતો હોય, ત્યારે માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવાના સમય માટેની જોગવાઈ કરી છે.

કલમ ૧૫.– આ કલમથી, વેરાપાત્ર પુરવઠાના મૂલ્ય માટેની જોગવાઈ કરી છે. આ કલમથી જોગવાઈ કરી છે કે માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાનું મૂલ્ય એ લેવડદેવડનું મૂલ્ય રહેશે, કે જે પુરવઠાકાર અને પુરવઠો લેનાર સંબંધિત ન હોય અને કિમત જ પુરવઠા માટેનો મુખ્ય અવેજ હોય, ત્યારે સદરહુ માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા માટે ખરેખર ચૂકવેલી અથવા તેના માટેની ચૂકવવાપાત્ર કિમત છે. આ કલમમાં, વેરાની ગણતરી કરવાના હેતુ માટે પુરવઠાના મૂલ્યમાં જેનો સમાવેશ કરવામાં આવશે તે બાબતો અને પુરવઠાના મૂલ્યમાં જેનો સમાવેશ કરવામાં નહિ આવે તે બાબતો નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. આ કલમથી, અમુક પરિસ્થિતિમાં મૂલ્ય નક્કી કરવા માટેના નિયમો કરવાની સત્તા માટેની પણ જોગવાઈ કરી છે.

કલમ ૧૬.– આ કલમથી, ઈનપુટ વેરા શાખ લેવા માટેની લાયકાત, શરતો અને મુદતની જોગવાઇ કરી છે. આ કલમથી જોગવાઇ કરી છે કે રજિસ્ટર થયેલી વ્યકિત, માલ અથવા સેવા અથવા તે બન્નેનો કોઇ પુરવઠો કે જે તેના ધંધાના કામકાજ અથવા પ્રગતિ માટે ઉપયોગમાં લેવામાં આવ્યો હોય અથવા ઉપયોગમાં લેવાનો ઇરાદો હોય, તેના ઉપર વસૂલ (ચાર્જ) કરવામાં આવેલા ઇનપુટ વેરાની શાખ લેવા માટે હકદાર રહેશે.

કલમ ૧૭.– આ કલમથી, ઈનપુટ વેરા શાખ અને બ્લોકડ્ (અટકાવાયેલી) ઈનપુટ વેરા શાખ શાખની વહેંચણી માટે જોગવાઇ કરી છે. આ કલમથી, શાખની વહેંચણીના પ્રમાણની કે જેમાં રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા આંશિક રીતે કોઇ ધંધાના હેતુ માટે અથવા આંશિક રીતે બીજા કોઇ હેતુ માટે માલ અથવા સેવા અથવા તે બન્નેનો ઉપયોગ કરવામાં આવતો હોય અથવા રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા શૂન્ય દરવાળા પુરવઠા સહિતના વેરાપાત્ર પુરવઠાને આંશિક રીતે અસર થાય તે માટે માલ અથવા સેવા અથવા તે બન્નેનો ઉપયોગ કરવામાં આવતો હોય, તે બાબતની જોગવાઇ કરી છે. આ કલમથી વધુમાં, અનામત સ્વીકારીને, લોન અથવા પેશગી વધારીને સેવાઓ પૂરી પાડવામાં રોકાયેલી નોન–બેંકિંગ નાણાકીય કંપની સહિતની બેંકિંગ કંપની અથવા નાણાકીય સંસ્થા પાસેથી ઇનપુટ વેરા શાખ લેવા અંગેની ખાસ વ્યવસ્થાની જોગવાઇ કરી છે. આ કલમથી, જેના ઉપર ઇનપુટ વેરા શાખ મળવાપાત્ર નથી, તેની યાદીની પણ જોગવાઇ કરી છે.

કલમ ૧૮.– આ કલમથી, નવું રજિસ્ટ્રેશન, પતાવટ વેરા (કર)–માંથી સામાન્ય વેરા (કર)–માં રૂપાંતર, મુકિત આપવામાં આવેલા પુરવઠો વેરાપાત્ર બને તેવા ખાસ સંજોગોમાં અને તેનાથી ઊલટા ક્રમમાં શાખની ઉપલભ્યતા અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૯.– આ કલમથી,("મુખ્ય માલિક" કહેવાતી) કોઇ વ્યકિત કે જેણે ઇનપુટ અથવા કેપિટલ ગુડઝ(મૂડીગત માલ), ઠરાવેલી શરતોને અધીન રહીને, જોબ વર્ક(છૂટક કામ) માટે મોકલ્યો હોય, તેના દ્વારા ઇનપુટ વેરા શાખ લેવા માટેની ખાસ જોગવાઇ કરી છે.

કલમ ૨૦.– આ કલમથી, ઠરાવેલી રીતે અને નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, ઇનપુટ વેરાની શાખનું વિતરણ જેણે કરવાનું હોય તેવા "ઇનપુટ સેવા વિતરક" અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૨૧.– આ કલમથી, ઇનપુટ સેવા વિતરકે, વિતરણ કરેલી વધારાની ઇનપુટ વેરા શાખ, તેની ઉપરના વ્યાજ સહિત વસૂલ કરવાની રીત અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૨૨.– આ કલમથી, રાજ્યમાં માલ અથવા સેવા અથવા બન્નેનો વેરાપાત્ર પુરવઠો તૈયાર કરનાર દરેક પુરવઠાકારનું, જો કોઇ નાણાકીય વર્ષમાં એકંદર ટર્નઓવર, ઠરાવેલી રકમ કરતાં વધારે હોય, તો રજિસ્ટ્રેશન માટેની તેની જવાબદારી ઊભી કરવાનું ધાર્યું છે. આ કલમથી, વિદ્યમાન કાયદા હેઠળ રજિસ્ટર થયેલી હોય તેવી દરેક વ્યકિતની નિમણૂકની તારીખથી અમલમાં આવે તે રીતે સૂચિત અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન માટેની જવાબદારી ઊભી કરી છે.

કલમ ૨૩.– આ કલમથી જોગવાઇ કરી છે કે અમુક વર્ગની વ્યકિતઓ, રજિસ્ટ્રેશન કરાવવા માટે જવાબદાર નથી.

કલમ ૨૪.– આ કલમથી, ખંડ ૨૨–માં જોગવાઇ કરેલી મુકિત આપેલા પુરવઠા કરતાં તેનું એકંદર ટર્નઓવર ઓછું હોય તેમ છતાં, તેમાં જણાવ્યા પ્રમાણે અમુક પુરવઠાકારના ફરજિયાત રજિસ્ટ્રેશન માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૫.– આ કલમથી, રજિસ્ટ્રેશનની કાર્યરીતિની જોગવાઇ કરી છે. આ કલમથી જોગવાઇ કરી છે કે રજિસ્ટર થવા જવાબદાર હોય, તેવી દરેક વ્યકિતએ, તે જે તારીખથી રજિસ્ટ્રેશન કરાવવા માટે જવાબદાર બને તે તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, રજિસ્ટ્રેશન કરાવવા અરજી કરવી

જોઇશે.આ કલમથી વધુમાં જોગવાઇ કરી છે કે આકસ્મિક વેરાપાત્ર વ્યકિતએ અથવા બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિતએ, ધંધાના આરંભના ઓછામાં ઓછા પાંચ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઇશે. આ કલમથી, સ્વૈચ્છિક રજિસ્ટ્રેશનની પણ જોગવાઇ કરી છે. આ કલમથી એવી પણ જોગવાઇ કરી છે કે અમુક સંગઠનોને, ખાસ કરીને આંતરિક પુરવઠા ઉપર ભરેલા વેરાના રિફંડના હેતુ માટે, વિશિષ્ટ ઓળખ નંબર(યુનિક આઈડેન્ટીટી નંબર) કાઢી આપવો જોઇશે.

કલમ ૨૬.– આ કલમથી, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન નંબર અથવા વિશિષ્ટ ઓળખ નંબર કાઢી આપવામાં આવ્યો હોય અથવા નામંજૂર કરવામાં આવ્યો હોય, ત્યારે તેવા સૂચિત અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન માટેની અરજીથી રજિસ્ટ્રેશન થયું હોવાનું અથવા તે અરજી નામંજૂર થયેલી હોવાનું ગણાશે, તે બાબતની જોગવાઇ કરી છે.

કલમ ૨૭.– આ કલમથી, આકસ્મિક વેરાપાત્ર વ્યકિત અને બિન–નિવાસી વેરાપાત્ર વ્યકિત માટેની ખાસ જોગવાઇઓ કરી છે.

કલમ ૨૮.– આ કલમથી, રજિસ્ટ્રેશનના સુધારા માટેની જોગવાઇ કરી છે. આ કલમથી, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ કોઇ સુધારા મંજૂર કરવામાં આવ્યા હોય અથવા નામંજૂર કરવામાં આવ્યા હોય, ત્યારે સુધારા મંજૂર થયા હોવાનું અથવા તે નામંજૂર થયા હોવાનું ગણાશે, તે બાબતની પણ જોગવાઇ કરી છે.

કલમ ૨૯.– આ કલમથી, જોગવાઇ કરી છે કે યોગ્ય અધિકારી, પોતાની મેળે અથવા રજિસ્ટર થયેલી વ્યકિતએ અથવા આવી વ્યકિતના મૃત્યુના કિસ્સામાં, તેના કાયદા માન્ય વારસદારે કરેલી અરજીના આધારે, અમુક નિર્દિષ્ટ સંજોગો હેઠળ રજિસ્ટ્રેશન રદ કરી શકશે. આ કલમથી, વધુમાં જોગવાઇ કરી છે કે કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ, રજિસ્ટ્રેશનનું રદ થવું, તે આ અધિનિયમ હેઠળનું રજિસ્ટ્રેશનનું રદ થયું હોવાનું ગણાશે.

કલમ ૩૦.– આ કલમથી, યોગ્ય અધિકારી દ્વારા પોતાની મેળે રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું હોય, ત્યારે રજિસ્ટ્રેશન રદ અથવા રદબાતલ કરવા માટેની જોગવાઇ કરી છે. આ કલમથી, વધુમાં જોગવાઇ કરી છે કે કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ, રજિસ્ટ્રેશન રદ અથવા રદબાતલ થવું, તે આ સૂચિત અધિનિયમ હેઠળ રદ કરેલું રજિસ્ટ્રેશન રદબાતલ થયું હોવાનું ગણાશે.

કલમ ૩૧.– આ કલમથી, ઠરાવેલી વિગતો દર્શાવીને, ઠરાવેલી મુદતની અંદર, વેરા ભરતિયું કાઢી આપવા માટેની જોગવાઇ કરી છે. આ કલમથી, રાજ્ય સરકારને, સેવાઓ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે કે જેના માટે વેરા ભરતિયુંને બદલે, બીજા કોઇ દસ્તાવેજકાઢી આપવામાં આવ્યો હોય, તે વેરા ભરતિયું હોવાનું ગણાશે અને જ્યાં કોઇપણ વેરા ભરતિયું કાઢી આપવું આવશ્યક ન હોય તે બાબતની સેવાઓ પણ નિર્દિષ્ટ કરી છે. આ કલમથી, અમુક કિસ્સામાં, વેરા ભરતિયું સિવાયના દસ્તાવેજો કાઢી આપવા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૩૨.– આ કલમથી, રજિસ્ટર ન થયેલી હોય તેવી વ્યકિતને, વેરો વસૂલ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ કલમથી,એવી પણ જોગવાઇ કરવામાં આવી છે કે રજિસ્ટર થયેલી વ્યકિતએ, સૂચિત અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર વેરો ઉઘરાવવો જોઇશે.

કલમ ૩૩.– આ કલમથી,જોગવાઇ કરવામાં આવી છે કે અવેજના બદલામાં કોઇ પુરવઠો આપવામાં આવે, ત્યારે આવા પુરવઠા માટે વેરો ચૂકવવા જવાબદાર હોય તેવી દરેક વ્યકિતએ મુખ્યત્વે, આકારણી, વેરા ભરતિયુંને લગતા તમામ દસ્તાવેજો અને બીજા સમાન દસ્તાવેજોમાં કિમતનો ભાગ બનતી વેરાની રકમ દર્શાવવી જોઇશે.

કલમ ૩૪.– આ કલમથી, નિર્દિષ્ટ કરેલ પરિસ્થિતિઓમાં જમા નોંધો અને ઉધાર નોંધો આપવા માટેની જોગવાઇ કરી છે. આ કલમથી, જે સમયમાં અને જે પત્રકમાં જમા નોંધ અને ઉધાર નોંધની વિગતો જાહેર કરવાનું ફરમાવવામાં આવે તેવા વધુમાં વધુ સમય અને તેવા પત્રક માટેની પણ જોગવાઇ કરી છે.

કલમ ૩૫.– આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, તેના ધંધાના મુખ્ય સ્થળે, નિર્દિષ્ટ કરેલ વિગતોના સાચા હિસાબ દર્શાવતા રેકર્ડ રાખવા જોઇશે અને તેને જાળવવા જોઇશે. આ કલમથી, માલના સંગ્રહ માટે વપરાતી વખાર અથવા ગોદામ અથવા કોઇ અન્ય સ્થળના માલિક અથવા ઓપરેટર ઉપર અને નિર્દિષ્ટ કરેલા રેકર્ડ જાળવવા માટે દરેક પરિવાહક(ટ્રાન્સપોર્ટર) ઉપર જવાબદારી નાંખેલ છે. આ કલમથી, કમિશનરને, નિર્દિષ્ટ હેતુ માટે વધારાના હિસાબો અથવા દસ્તાવેજો જાળવવા માટે અથવા અન્ય ઠરાવેલી રીતે હિસાબો જાળવવા માટે વેરાપાત્ર વ્યકિતઓના વર્ગને જાહેર કરવાની સત્તા મળે છે. આ કલમથી એવી જોગવાઇ કરી છે કે નાણાકીય વર્ષ દરમિયાન જેમનું ટર્નઓવર ઠરાવેલી મર્યાદા કરતાં વધી જતું હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે પોતાના હિસાબો ઓડિટ કરાવવા જાઇશે.

કલમ ૩૬.– આ કલમથી, રજિસ્ટર થયેલી દરેક વ્યકિતને, હિસાબો અને રેકર્ડ જે વર્ષને લગતાં હોય તે વર્ષ માટે વાર્ષિક પત્રક રજૂ કરવાની નિયત તારીખથી બોંતેર મહિના પૂરા થાય, ત્યાં સુધી તેવા હિસાબી ચોપડા અથવા અન્ય દસ્તાવેજો રાખવાનું ફરમાવે છે.

કલમ ૩૭.– આ કલમથી, રજિસ્ટર થયેલી વ્યકિતઓની અમુક નિર્દિષ્ટ કરેલ કક્ષાઓ સિવાયની અન્ય રજિસ્ટર થયેલ વ્યકિતઓએ જાવક માલ પુરવઠાની વિગતો રજૂ કરવાની રીત અને તે સમય તેમજ તત્સમાન માલ લેનારાઓને આ વિગતોની જાણ કરવાની રીત અને તે સમય માટે જોગવાઇ કરી છે. વધુમાં, આ કલમથી, માલ લેનારાઓ તરફથી જાણ કરાયેલ વિગતોનો સ્વીકાર અથવા અસ્વીકારની રીત અને સમય માટે જોગવાઇ કરી છે. વળી, આ કલમથી, લેનારની જાવક માલ પુરવઠાની વિગતો આવક માલ પુરવઠા સાથે અસમાન થવાને પરિણામે થયેલ ભૂલ અથવા ચૂકની સુધારણા માટે તેમજ વેરા અને વ્યાજ, હોય તો, તેની ચૂકવણી માટેની રીત અને તે સમયગાળા માટે જોગવાઇ કરી છે.

કલમ ૩૮.– આ કલમથી, તત્સમાન પુરવઠાકારે રજૂ કરેલી જાવક માલ પુરવઠાની વિગતોની ખરાઇ,માન્યતા સુધારો અથવા કમી કરવા સહિત રજિસ્ટર થયેલી વ્યકિતઓની અમુક નિર્દિષ્ટ કરેલી કક્ષાઓ સિવાયની અન્ય રજિસ્ટર થયેલી વ્યકિતઓએ આવક માલ પુરવઠાની વિગતો રજૂ કરવાની રીત અને તે સમય માટે જોગવાઇ કરી છે. વધુમાં આ કલમથી, તત્સમાન પુરવઠાકારને, માલ લેનારે સુધારા કર્યા પ્રમાણે અથવા સ્વીકાર્યા પ્રમાણે પુરવઠાની વિગતોની જાણ કરવાની રીત અને તે સમય માટે જોગવાઇ કરી છે. વળી આ કલમથી, અસમાન થયેલી વિગતોને પરિણામે થયેલ ભૂલ અથવા ચૂકની સુધારણા માટે તેમજ વેરા અને વ્યાજ, કોઇ હોય તો, તે માટેની રીત અને સમયગાળા માટે જોગવાઇ કરી છે.

કલમ ૩૯.– આ કલમથી, રજિસ્ટર થયેલી વ્યકિતઓની જુદી જુદી કક્ષાઓ દ્વારા પત્રકો રજૂ કરવાની રીત, શરતો અને તેના સમય માટે જોગવાઇ કરી છે. વધુમાં આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે પત્રક ફાઇલ કરવાની નિયત તારીખ સુધીમાં વેરો ચૂકવવાનું ફરમાવવામાં આવે છે. વળી આ કલમથી, જે સમય મર્યાદામાં પત્રકમાંની કોઇ ચૂક અથવા ભૂલ ભરેલી વિગતોની સુધારણા કરી શકાય તેવી સમય–મર્યાદા માટે જોગવાઇ કરી છે.

કલમ ૪૦.– આ કલમથી એવી જોગવાઇ કરી છે કે જે તારીખે દરેક રજિસ્ટર થયેલી વ્યકિત રજિસ્ટ્રેશન માટે જવાબદાર બની હોય તે તારીખથી જે તારીખે રજિસ્ટ્રેશન મંજૂર કરવામાં આવ્યું હોય તે તારીખ સુધીની વચ્ચેની મુદતમાં માલનો પુરવઠો બહાર મોકલ્યો હોય તેવી વ્યકિતએ, રજિસ્ટ્રેશન મંજૂર કર્યા પછી તેણે રજૂ કરેલા પ્રથમ પત્રકમાં તે જાહેર કરવું જોઇશે.

કલમ ૪૧.– આ કલમથી એવી જોગવાઇ કરી છે કે દરેક રજિસ્ટર થયેલી વ્યકિત, ઠરાવેલ શરતો અને નિયંત્રણોને અધીન રહીને પાત્ર ઇનપુટ વેરા શાખ લેવા માટે વ્યકિતગતરીતે હકદાર થશે. વધુમાં આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે કામચલાઉ ધોરણે લીધેલી શાખનો ઉપયોગ ફકત જે પત્રકમાં કામચલાઉ ધોરણે શાખ લેવામાં આવી હોય તે પત્રકમાં સ્વ–આકારણી કરેલ ઉત્પાદન વેરાની ચૂકવણી માટે જ કરવો જોઇશે.

કલમ ૪૨.– આ કલમથી, ઠરાવેલા સમયમાં અને તેવી રીતે, વેરા મુદત માટે લેનારે રજૂ કરેલ આવક માલ પુરવઠાની વિગતોની તત્સમાન વિગતો સાથે સરખામણી કરવા માટેની જોગવાઇ કરી છે. આ કલમથી, બંધ–બેસતી (સમાન) ન હોવાના પરિણામો માટે પણ જોગવાઇ કરી છે.

કલમ ૪૩.– આ કલમથી, ઠરાવેલા સમયમાં અને તેવી રીતે, વેરા મુદત માટે પુરવઠાકારે રજૂ કરેલ જાવક માલ પુરવઠાને લગતી દરેક જમા નોંધની વિગતોની તત્સમાન વિગતો સાથે સરખામણી કરવા માટે જોગવાઇ કરી છે. આ કલમથી, વિગતો બંધ–બેસતી ન હોવાના પરિણામો માટે પણ જોગવાઇ કરી છે.

કલમ ૪૪.– આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે વ્યકિતઓની અમુક નિર્દિષ્ટ કક્ષા સિવાયની અન્ય દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, ઓડિટ કરેલા વાર્ષિક હિસાબોની નકલ,મેળવણી પત્રક અને ઠરાવવામાં આવે તેવી અન્ય વિગતો સાથે વાર્ષિક પત્રક રજૂ કરવું જોઇશે.

કલમ ૪૫.– આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે જેનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું છે તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યકિતએ, રદ કર્યાની તારીખ અથવા રદ કરવાનો હુકમ કર્યાની તારીખ, એ બેમાંથી જે મોડું હોય તે તારીખથી ત્રણ મહિનાની અંદર આખરી વાર્ષિક પત્રક રજૂ કરવું જોઇશે.

કલમ ૪૬.– આ કલમથી, પત્રક રજૂ કરવામાં ચૂક કરેલી હોય તેવી રજિસ્ટર થયેલી વ્યકિતને, પંદર દિવસની અંદર તેવું પત્રક રજૂ કરવા ફરમાવતી નોટિસ આપવા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૪૭.– આ કલમથી, પત્રકના વિલંબિત ફાઇલિંગ માટેની ફીની વસૂલાત માટે જોગવાઇ કરી છે.

કલમ ૪૮.– આ કલમથી, માલ અને સેવા વેરા વ્યવસાયીની મંજૂરીની રીત, તેમની પાત્રતા શરતો, ફરજો અને જવાબદારીઓ, તેમને દૂર કરવાની રીત માટે જોગવાઇ કરી છે. આ કલમથી, એવી પણ જોગવાઇ કરી છે કે રજિસ્ટર થયેલી વ્યકિત, જુદા જુદા પત્રકો ફાઇલ કરવા માટે વેરા વ્યવસાયીને સત્તા આપી શકશે પણ સૂચિત અધિનિયમ હેઠળની તમામ જવાબદારીઓ રજિસ્ટર થયેલી વ્યકિતની રહે છે.

કલમ ૪૯.– આ કલમથી, વેરા, વ્યાજ, દંડ અને અન્ય રકમોની ચૂકવણી માટે જોગવાઇ કરી છે. વધુમાં આ કલમથી, ઇલેકટ્રોનિક રોકડ ખાતાવહીની જાળવણી માટે જોગવાઇ કરી છે. આ કલમથી એવી જોગવાઇ કરી છે કે રજિસ્ટર થયેલી વ્યકિતના પત્રકના સ્વ–આકારણી કર્યા પ્રમાણેની ઇનપુટ વેરા શાખ તેના ઇલેકટ્રોનિક શાખ ખાતાવહીમાં જમા કરવી જોઇશે.આ કલમથી એવી પણ જોગવાઇ કરી છે કે ઇલેકટ્રોનિક રોકડ વહી અથવા ઇલેકટ્રોનિક જમા વહીમાંની રકમનો કઇ રીતે ઉપયોગ કરી શકાશે. આ કલમથી એમ પણ જોગવાઇ કરી છે કે ઇનપુટ વેરા શાખનો ઉપયોગ કરીને વેરાની

ચુકવણીનો હુકમ કરી શકાશે અને અમુક વિરૂધ્ધ ઉપયોગો પર પ્રતિબંધ માટે પણ જોગવાઇ કરી છે. આ કલમથી કોઇ વ્યક્તિને આપેલ ક્રમ પ્રમાણે જવાબદારી પૂરી કરવા પણ ફરમાવેલ છે.

કલમ ૫૦.– આ કલમથી, વેરાની વિલંબિત ચૂકવણી પરના વ્યાજ માટે જોગવાઇ કરી છે. આ કલમથી, સામાન્ય અથવા અન્ય નિર્દિષ્ટ પરિસ્થિતિઓમાં વ્યાજના દરની ટોચ–મર્યાદા નક્કી કરી છે.

કલમ ૫૧.– આ કલમથી, સરકારી વિભાગો, સ્થાનિક સત્તામંડળો, સરકારી એજન્સીઓ અને અન્ય જાહેર કરાયેલ વ્યકિતઓએ નિર્દિષ્ટ પરિસ્થિતિઓમાં પુરવઠાકારને કરેલ ચૂકવણી અથવા તેના ખાતે જમા કરેલ રકમમાંથી એક ટકાના દરે મૂળ સ્થાનેથી વેરાની કપાત કરવા માટે જોગવાઇ કરી છે. આ કલમથી, કપાતની તારીખ, રાજય સરકારના ખાતે જમા થયેલ કપાત કરેલ રકમની કપાતની તારીખ, ચુકવણીની તારીખ અને ઠરાવેલા પત્રકો રજૂ (ફાઇલ) કરવાની તારીખ વિસ્તૃતપણે દર્શાવવામાં આવેલ છે.

કલમ ૫૨.– આ કલમથી, ઓપરેટર દ્વારા માલના પુરવઠા માટેની અવેજની વસૂલાત કરવાની હોય ત્યારે, ઇલેકટ્રોનિક કોમર્સ ઓપરેટર દ્વારા જાહેર કરેલા દરે મૂળ સ્થાનેથી વેરાની વસૂલાત કરવા માટે જોગવાઇ કરી છે. આ કલમથી, વસૂલાતની તારીખ, સરકારના ખાતે જમા થયેલ રકમની વસૂલાતની તારીખ, ચૂકવણી કર્યાની તારીખ અને ઠરાવેલા પત્રકો રજૂ (ફાઇલ) કરવાની તારીખ વિસ્તૃતપણે દર્શાવવામાં આવેલ છે.

કલમ ૫૩.– આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ લેણા થયેલા વેરાની ચૂકવણી માટે સૂચિત અધિનિયમ હેઠળ પ્રાપ્ત થયેલી ઇનપુટ વેરા શાખનો ઉપયોગ કર્યેથી, રાજય વેરા તરીકે વસૂલાત કરેલ રકમ, તેવી રીતે ઉપયોગ કરેલી એવી શાખની સમાન રકમથી ઘટાડેલી ગણાશે અને રાજય સરકારે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયમાં રાજય વેરા ખાતામાંથી એવી રીતે ઘટાડેલી રકમની સમાન રકમ સંકલિત વેરા ખાતે તબદીલ કરવી જોઇશે.

કલમ ૫૪.– આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે વધારાના વેરા અને વ્યાજ અથવા કરેલ બીજી કોઇ ચુકવણીના રિફંડનો દાવો પ્રસ્તુત તારીખથી બે વર્ષ પૂરા થતાં પહેલાં કરી શકાશે. આ કલમથી, વધુમાં એવી જોગવાઇ કરી છે કે ઝીરો રેટેડ ટેક્સ(શૂન્ય વેરા) અને વ્યસ્ત વેરા માળખાના કિસ્સામાં, ઉપયોગ ન કરેલી ઇનપુટ વેરા શાખના રિફંડનો દાવો કરી શકાશે. આ કલમથી જે સમય મર્યાદામાં રિફંડની અરજીનો નિર્ણય કરવો જોઇશે તેની પણ જોગવાઇ કરી છે. આ કલમથી, એવી પણ જોગવાઇ કરી છે કે ઝીરો રેટેડ પુરવઠાના કિસ્સામાં નેવુ ટકા સુધીનું અગ્રીમ રિફંડ મંજૂર કરી શકાશે. આ કલમથી, એમ પણ જોગવાઇ કરી છે કે રિફંડનો દાવો કરતી વ્યકિતએ એ સાબિત કરવું પડશે કે તે અન્યાયી રીતે વેરાનો બોજો ખસેડીને પોતે લાભ લઇ રહ્યો નથી. અરજદાર, વેરાનો બોજો કોઇ બીજી વ્યકિત પર ખસેડે, તો અન્યથા રિફંડને પાત્ર થાય તેવી વેરાની અથવા બીજી રકમ, ગ્રાહક કલ્યાણ ફંડ નામના ફંડમાં જમા કરવામાં આવશે.

કલમ ૫૫.– આ કલમથી, નિર્દિષ્ટ વ્યકિત અથવા વ્યકિતઓના વર્ગ–એ મેળવેલ માલ અથવા સેવા અથવા તે બન્નેના જાહેર કરેલ પુરવઠા ઉપર ભરવાપાત્ર વેરાની રકમના રિફંડ માટે જોગવાઇ કરી છે.

કલમ ૫૬.– આ કલમથી, રિફંડની વિલંબિત ચુકવણી પર વ્યાજ ચૂકવવા માટે જોગવાઇ કરી છે. તેનાથી, સામાન્ય અને નિર્દિષ્ટ પરિસ્થિતિઓમાં વ્યાજના દરની ટોચમર્યાદા નિયત કરી છે.

કલમ ૫૭.– આ કલમથી, રાજય સરકાર દ્વારા ગ્રાહક કલ્યાણ ફંડની રચના માટે જોગવાઈ કરી છે. તેનાથી, એમ પણ જોગવાઈ કરી છે કે અન્યાયી ફાયદો મેળવેલ હોય તે સિવાય અન્યથા રિફંડપાત્ર હોય તેવી વેરાની અને બીજી રકમો ગ્રાહક કલ્યાણ ફંડમાં જમા કરવી જોઈશે.

કલમ ૫૮.– આ કલમથી, જોગવાઈ કરી છે કે ગ્રાહક સુરક્ષા ફંડમાં જમા કરેલી રકમનો ઉપયોગ, ગ્રાહકોના કલ્યાણ માટે કરવામાં આવશે. આ કલમથી એવી જોગવાઈ પણ કરી છે કે સરકાર અથવા તેણે નિર્દિષ્ટ કરેલા સત્તાધિકારી, ફંડનો યોગ્ય અને અલગ હિસાબ નિભાવશે તથા હિસાબોના વાર્ષિક પત્રક તૈયાર કરશે.

કલમ ૫૯.– આ કલમથી, દરેક રજિસ્ટર થયેલી વ્યકિત માટે સ્વ–આકારણી અંગેની જોગવાઈ કરી છે.

કલમ ૬૦.– આ કલમથી, ખાસ સંજાગોમાં વેરાપાત્ર વ્યકિત દ્વારા વિનંતી મળ્યેથી, કામચલાઉ આકારણી માટેની જોગવાઈ કરી છે. આ કલમથી, વેરો ચૂકવવાની પદ્ધતિ માટેની જોગવાઈ કરી છે અને કામચલાઉ આકારણી આખરી કરવા માટેની પદ્ધતિ તથા તેની સમયમર્યાદા અંગેની જોગવાઈ કરી છે.

કલમ ૬૧.– આ કલમથી, પત્રક અને બીજી વિગતોની ચકાસણી તથા પત્રકમાંની વિસંગતતાનો ઉકેલ લાવવાની પદ્ધતિ અને ઓછી કરેલી ચુકવણીની વસૂલાત માટે સુધારાત્મક પગલાં લેવાની પણ જોગવાઈ કરી છે.

કલમ ૬૨.– આ કલમથી, નિયત તારીખ સુધીમાં જેણે પત્રક રજૂ ન કર્યા હોય તેવી વ્યકિતઓની આકારણીની કાર્યરીતિ માટેની જોગવાઈ કરી છે. આ કલમથી જોગવાઈ કરી છે કે યોગ્ય અધિકારી, તેમની સર્વોત્તમ નિર્ણયશકિત અનુસાર, પત્રક રજૂ ન કરનાર વ્યકિતની વેરા જવાબદારીની આકારણી કરવા માટે કાર્યવાહી શરૂ કરી શકશે.

કલમ ૬૩.– આ કલમથી, રજિસ્ટર થવાને પાત્ર હોય તેમ છતાં, રજિસ્ટર થયેલી ન હોય તેવા વ્યકિતઓની આકારણીની કાર્યરીતિ અંગેની જોગવાઈ કરી છે. આ કલમથી જોગવાઈ કરી છે કે યોગ્ય અધિકારી, તેમની સર્વોત્તમ નિર્ણયશકિત અનુસાર, રજિસ્ટર થયેલી ન હોય તેવી વ્યકિતની વેરા જવાબદારીની આકારણી કરવા માટેની કાર્યવાહી કરી શકશે.

કલમ ૬૪.– આ કલમથી, અધિક કમિશનર અથવા સંયુકત કમિશનરની પરવાનગી સહિત ખાસ સંજાગોમાં સંક્ષિપ્ત આકારણી માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૫.– આ કલમથી, વેરા જવાબદારી અને વેરા ચુકવણીની યથાર્થતા અંગેની ખરાઈ કરવા માટે, રજિસ્ટર થયેલી વ્યકિત દ્વારા નિભાવવામાં આવેલા રેકર્ડનું ઓડિટ કરવા માટેની વિગતવાર કાર્યરીતિ અંગેની જોગવાઈ કરી છે.

કલમ ૬૬.– આ કલમથી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ દ્વારા અમુક સંજાગો હેઠળ રજિસ્ટર થયેલી વ્યકિતના ઓડિટ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૬૭.– આ કલમથી, સૂચિત અધિનિયમની જોગવાઈઓનું અપાલન (થયાના કેસ) શોધી કાઢવા માટે ઝડતી, જપ્તી અને તપાસ કરવા માટેની સત્તા તથા વિગતવાર કાર્યરીતિ અંગેની જોગવાઈ કરી છે. આ સત્તા, સંયુકત કમિશનર અથવા સંયુકત કમિશનર–એ અધિકૃત કરેલા અધિકારીથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી દ્વારા વાપરી શકાશે.

કલમ ૬૮.– આ કલમથી, હેરફેરમાં માલના નિરિક્ષણની જોગવાઈ કરી છે. આ કલમથી એવી જોગવાઈ કરી છે કે સરકાર, નિર્દિષ્ટ કરેલ રકમથી વધારાની કિમતના કોઈપણ મોકલાવવાના

માલને લઈ જતાં વાહનનો હવાલો ધરાવતી વ્યકિતને ઠરાવેલ દસ્તાવેજો અને સાધનો પોતાની સાથે લઈ જવા ફરમાવી શકશે.

કલમ ૬૯.– આ કલમથી, જે વ્યકિતએ અમુક નિર્દિષ્ટ ગુનો કર્યો હોય તેવી વ્યકિતની ધરપકડ કરવાની સત્તા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૭૦– આ કલમથી, કોઈ પણ તપાસમાં જે કોઈ વ્યકિતની હાજરીની જરૂર જણાય તેવી કોઈ પણ વ્યકિતને બોલાવવા માટેની સત્તા મળે છે.

કલમ ૭૧.– આ કલમથી, એવી જોગવાઈ કરી છે કે કોઈ પણ અધિકૃત અધિકારીને મહેસૂલી હિતની સલામતી માટે જરૂરી હોય તેવા, કોઈ પણ ઓડિટ, ચકાસણી, ખરાઈ અને ચેકિંગ (તપાસ) હાથ ધરવાના હેતુઓ માટે રજિસ્ટર થયેલી વ્યકિતના ધંધાના કોઈ પણ સ્થળમાં પ્રવેશવાની સત્તા રહેશે.

કલમ ૭૨.– આ કલમથી સૂચિત અધિનિયમને અમલમાં લાવવામાં રોકાયેલા અધિકારીઓને મદદ કરવા જમીન મહેસૂલ એકઠું કરવામાં રોકાયેલા પોલીસ, રેલવે, કસ્ટમ અને બીજા અધિકારીઓ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૭૩.– આ કલમથી, કોઈ કપટ અથવા જાણી બુઝીને કરેલી ખોટી રજૂઆત અથવા હકીકતોને છૂપાવ્યા સિવાય અન્ય કોઈ કારણોસર વેરો ચૂકવ્યો ન હોય અથવા ઓછો ચૂકવ્યો હોય અથવા ભૂલથી રિફંડ કરવામાં આવ્યું હોય અથવા ખોટી રીત ઈનપુટ વેરા શાખ પ્રાપ્ત કરી હોય અથવા તેનો ઉપયોગ કર્યો હોય તેના નિકાલ માટેની જોગવાઈ કરી છે, જે વર્ષ માટેની વિસંગતતા ધ્યાનમાં આવી હોય તે વર્ષના વાર્ષિક પત્રક ફાઈલ કરવાની નિયત તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર ન્યાયનિર્ણય કરતો હુકમ બહાર પાડવામાં આવશે. આ કલમથી એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે સમય મર્યાદા અગાઉ આશરે ત્રણ મહિને જરૂરી હોય તેવી કારણદર્શક નોટિસ કાઢવાની રહેશે. એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે જો આવી નોટિસ આપતાં પહેલાં વ્યાજ સાથે વેરો ચૂકવી દેવામાં આવ્યો હોય, તો એસ.સી.એન–એ નોટિસ કાઢવાની જરૂર રહેશે નહિ. આ કલમથી એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે જ્યારે કોઈ પણ વેરાપાત્ર વ્યકિત કારણદર્શક નોટિસ આપ્યાના ત્રીસ દિવસની અંદર વ્યાજ સાથે વેરો ચૂકવી દે ત્યારે, તે કોઈ પણ દંડ ચૂકવવાને પાત્ર થશે નહિ અને નોટિસ સંબંધી તમામ કાર્યવાહી પૂર્ણ થયેલ ગણાશે.

કલમ ૭૪.– આ કલમથી, એવી જોગવાઈ કરવામાં આવી છે કે કોઈ કપટ અથવા જાણી બુઝીને કરેલી કોઈ ખોટી રજૂઆત અથવા હકીકતો છૂપાવવામાં આવી હોય તેવા કારણસર કોઈ વેરો ચૂકવવામાં આવ્યો ના હોય અથવા ઓછો ચૂકવવામાં આવ્યો હોય અન્યથા ભૂલથી રિફંડ કરવામાં આવ્યો હોય અથવા ખોટી રીતે ઈનપુટ વેરા શાખ પ્રાપ્ત કરવામાં આવી હોય અથવા તેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં જે વર્ષ માટે આવી વિસંગતતા ધ્યાનમાં આવી હોય તે વર્ષ માટેના વાર્ષિક પત્રક ફાઈલ કરવાની નિયત તારીખથી પાંચ વર્ષની અંદર ન્યાય નિર્ણય કરતો હુકમ કરવો જોઈશે. વધુમાં, સમયમર્યાદા અગાઉ આશરે છ મહિના અગાઉ કારણ દર્શાવતી નોટિસ કાઢવાની જરૂરી રહેશે. આ કલમથી એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે એવી નોટિસ કાઢતા પહેલા, પંદર ટકાને સમકક્ષ વ્યાજ અને દંડ સાથે વેરો ચૂકવી દેવામાં આવ્યો હોય, તો એવી નોટિસ કાઢવાની જરૂર રહેશે નહિ. આ કલમથી એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે જ્યારે કોઈ વેરાપાત્ર વ્યકિત કારણદર્શક નોટિસ કાઢવાના ત્રીસ દિવસની અંદર પચીસ ટકા જેટલા વેરો, વ્યાજ અને દંડ સહિત ચૂકવે ત્યારે, નોટિસ સંબંધી તમામ કાર્યવાહી પૂર્ણ થયેલ હોવાનું ગણાશે. આ કલમથી એવી પણ જોગવાઈ કરી છે કે જ્યારે વેરાપાત્ર વ્યકિત હુકમની જાણ થયાની તારીખથી પચાસ ટકા વેરા

INDEX

સાથે વ્યાજ અને દંડ સહિતનો વેરો ચૂકવે ત્યારે, નોટિસ સંબંધી તમામ કાર્યવાહી પૂર્ણ થયેલી ગણાશે.

કલમ ૭૫.– આ કલમથી, વેરો નક્કી કરવા માટેની સામાન્ય જોગવાઈ કરી છે. આ કલમથી એવી જોગવાઈ કરી છે કે મુદત મોકૂફી, હોય તો, તે કારણ દર્શક નોટિસ કાઢવા માટેની અથવા હુકમ કરવા માટેની સમયમર્યાદાની ગણતરી કરતી વખતે, આવી મોકૂફ રાખેલી મુદતને ગણતરી કરવામાંથી બાકાત રાખવી જોઈશે. આ કલમથી વધુમાં એવી જોગવાઈ કરી છે કે જે મુદત દરમિયાન કોઈ પણ અપીલ ફોરમમાં (સત્તામંડળ)માં અપીલ અનિર્ણિત હોય તે મુદતને, એવી નોટિસ કાઢવા માટે અથવા હુકમ કરવા માટેની સમય મર્યાદાની ગણતરી કરતી વખતે બાકાત રાખવી જોઈશે. આ કલમથી એવી પણ જોગવાઈ છે કે પત્રક મુજબ વણચૂકવેલ સ્વ આકારણી કરેલ વેરા અને તેના પરના વ્યાજની વસૂલાત માટે આવી કોઈ નોટિસ કાઢવાની જરૂર રહેશે નહિ. આ કલમથી એવી પણ જોગવાઈ છે કે વૈધાનિક સમય મર્યાદાની અંદર એવો કોઈ હુકમ કરવામાં આવ્યો ન હોય, તો ન્યાયનિર્ણય (ચુકાદા) અંગેની કાર્યવાહી પૂર્ણ થયેલ હોવાનું ગણાશે.

કલમ ૭૬.– ગ્રાહક તરફથી વ્યાજ સહિત વેરા તરીકે વસૂલ કરેલી કોઈપણ રકમ જેના સંબંધમાં, વસૂલ કરેલી એવી રકમ વેરાપાત્ર હોય કે ન હોય તેને ધ્યાનમાં લીધા વિના સરકારી ખાતામાં જમા કરવી જોઈશે. આ કલમથી વધુમાં, રકમ વસૂલ કરવામાં આવી હોય પરંતુ જમા કરવામાં આવેલ ન હોય તે માટે કારણ દર્શક નોટિસ કાઢવાની જોગવાઈ કરી છે. આ કલમથી એવી પણ જોગવાઈ કરી છે કે આવી નોટિસ કાઢવાની તારીખથી એક વર્ષની અંદર હુકમ કરવાનું જરૂરી રહેશે.

કલમ ૭૭.– આ કલમથી, આંતર રાજ્ય પૂરવઠાને ત્યાર પછી, આંતરરાજ્ય પૂરવઠા તરીકે રાખવાનો હોય ત્યારે તેવી પરિસ્થિતિમાં કેન્દ્રિય વેરા અથવા રાજ્ય વેરાના રિફંડની જોગવાઈ કરી છે.

કલમ ૭૮.– આ કલમથી, એવી જોગવાઈ કરી છે કે હુકમ અનુસાર ચૂકવવા પાત્ર રકમ વસૂલાત કાર્યવાહી શરૂ થવી જોઈશે, તે હુકમની સેવામાં ક્ષતિ હોય (જણાય) તે તારીખથી અમુક નિર્દિષ્ટ કરેલ કેસને સિવાય ત્રણ મહિનાની મુદતની અંદર એવી વ્યક્તિને ચૂકવવી જોઈશે.

કલમ ૭૯.– આ કલમથી, સૂચિત કાયદા હેઠળ ચૂકવવા પાત્ર રકમની વસૂલાતની જુદી જુદી રીતો માટેની જોગવાઈકરી છે.

કલમ ૮૦.– આ કલમથી, વધુમાં વધુ ચોવીસ હપ્તામાં બાકી (રકમ)ની ચૂકવણી માટેની જોગવાઈ કરી છે.

કલમ ૮૧.– આ કલમથી, અમુક નિર્દિષ્ટ સંજોગોમાં મિલકતની તબદીલી ફોક (રદ) કરવી જોઈશે તે અંગેની જોગવાઈ કરી છે.

કલમ ૮૨.– આ કલમથી સૂચિત અધિનિયમ હેઠળની જવાબદારીઓ નાદારી અને ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી અધિનિયમ, ૨૦૧૬ માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, વેરા પાત્ર વ્યક્તિની મિલકત પર પ્રથમ ચાર્જ કરવાનો રહેશે.

કલમ ૮૩.– આ કલમથી સૂચિત અધિનિયમની અમુક કલમો હેઠળ કોઈપણ કાર્યવાહીઓ અનિર્ણિત હોય તે દરમિયાન, કમિશનર લેખિતમાં હુકમથી કામ ચલાઉ જપ્તી માટેના હુકમની તારીખથી એક વર્ષની મુદત માટે કોઈ પણ મિલકતને કામ ચલાઉ રીતે જપ્ત કરી શકશે.

કલમ ૮૪.– આ કલમથી, અમુક વસૂલાત કાર્યવાહીઓ ચાલુ રાખવા અને માન્ય ઠરાવવાની જોગવાઇ કરી છે.

કલમ ૮૫.– આ કલમથી, જોગવાઇ કરી છે કે વેરાપાત્ર વ્યકિત, સમગ્રઃ અથવા અંશતઃ પોતાનો ધંધો તબદીલ કરે અને જે વ્યકિતને તે તબદીલ કરે તે, સંયુકત અથવા પૃથક રીતે, સંપૂર્ણ રીતે અથવા એવી તબદીલીના વિસ્તાર સુધી એવી તબદીલીના સમય સુધી, વેરાપાત્ર વ્યકિત તરફથી લેણાં કોઇ વેરા, વ્યાજ અથવા કોઇ દંડ ચૂકવવાને પાત્ર થશે.

કલમ ૮૬.– આ કલમથી, જોગવાઇ કરી છે કે પોતાના પ્રિન્સિલપાલ વતી એજન્ટ કોઇ વેરાપાત્ર માલ પૂરો પાડે અથવા મેળવે ત્યારે, એવો એજન્ટ અને તેનો પ્રિન્સિપાલ, સંયુકત અને પૃથક રીતે એવા માલ ઉપર વેરો ચૂકવવાને પાત્ર થશે.

કલમ ૮૭.– આ કલમથી, કોર્ટ અથવા ટ્રિબ્યુનલના હુકમ અનુસાર અથવા અન્યથા બે અથવા તેથી વધુ કંપનીના એકત્રિકરણ અથવા જોડાણથી કંપનીઓની જવાબદારી માટે જોગવાઇ કરી છે.

કલમ ૮૮.– આ કલમથી, કોઇ કંપની બંધ થયે કંપની અને તેના ડિરેકટરોની જવાબદારી માટે જોગવાઇ કરી છે.

કલમ ૮૯.– આ કલમથી, ખાનગી કંપનીના ડિરેકટરની જવાબદારી માટે જોગવાઇ કરી છે.

કલમ ૯૦.– આ કલમથી, પેઢી અને પેઢીના દરેક ભાગીદારની જવાબદારી માટે જોગવાઇ કરી છે.

કલમ ૯૧.– આ કલમથી, સગીર અથવા અસમર્થ વ્યકિત વતી કાર્ય કરતા વાલીઓ અને ટ્રસ્ટીઓની જવાબદારી માટે જોગવાઇ કરી છે.

કલમ ૯૨.– આ કલમથી, કોર્ટ ઓફ વોર્ડ, એડમિનિસ્ટ્રેટર જનરલ, સરકારી ટ્રસ્ટી અથવા કોઇ રિસિવર અથવા મેનેજરની જવાબદારી માટે જોગવાઇ કરી છે.

કલમ ૯૩.– આ કલમથી, અમુક કિસ્સામાં, વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવાની જવાબદારીને લગતી ખાસ જોગવાઇઓ માટે જોગવાઇ કરી છે.

કલમ ૯૪.– આ કલમથી, વેરાપાત્ર વ્યકિત પેઢી અથવા વ્યકિતઓનું મંડળ અથવા હિન્દુ અવિભીકત કુટુંબ હોય અને એવી પેઢી, મંડળ અથવા કુટુંબ ધંધો ચાલુ ન રાખે ત્યારે તેમની જવાબદારી માટે જોગવાઇ કરી છે.

કલમ ૯૫.– આ કલમથી, ચેપ્ટર ઓન એડવાન્સ રૂલિંગમાંના શબ્દો અને શબ્દપ્રયોગની વ્યાખ્યાઓ ઘરાવે છે.

કલમ ૯૬.– આ કલમથી, ગુજરાત ઓથોરિટી ઓફ એડવાન્સ રૂલિંગની રચનાની જોગવાઇ કરી છે.

કલમ ૯૭.– આ કલમથી, એડવાન્સ રૂલિંગ માટે અરજી ફાઇલ કરવાના નમૂના, રીત અને ફીની જોગવાઇ કરી છે. આ કલમ, જે પ્રકારના પ્રશ્નો અંગે એડવાન્સ રૂલિંગ મેળવી શકાય તેની યાદીની પણ જોગવાઇ કરી છે.

કલમ ૯૮.– આ કલમથી, એડવાન્સ રૂલિંગ મેળવવા માટે મળેલી અરજી પર વિગતવાર કાર્યરીતિ માટે જોગવાઇ કરી છે. આ કમલથી જોગવાઇ કરી છે કે અરજી મળ્યાની તારીખથી નેવું દિવસમાં એડવાન્સ રૂલિંગ જાહેર કરવું જાઇશે.

કલમ ૯૯.– આ કલમથી, એડવાન્સ રૂલિંગ માટે ગુજરાત એપેલેટ ઓથોરિટિની રચના માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૦૦.– આ કલમથી, જોગવાઇ કરી છે કે એડવાન્સ રૂલિંગથી નારાજ કોઇપણ પક્ષકાર, જેની વિરૂદ્ધ અપીલ કરવાની હોય તે રૂલિંગની જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર એપેલેટ ઓથોરિટિને અપીલ કરી શકાશે.

કલમ ૧૦૧.– આ કલમથી, જોગવાઇ કરી છે કે એડવાન્સ રૂલિંગ માટેના ગુજરાત એપેલેટ ઓથોરિટીએ, અપીલ અથવા રેફરન્સ ફાઇલ કર્યાની તારીખથી નેવું દિવસમાં હુકમ પસાર કરવો જાઇશે. આ કલમથી એવી પણ જોગવાઇ કરી છે કે અપીલ અથવા રેફરન્સમાં ઉલ્લેખેલ કોઇ મુદા્ પર એપેલેટ ઓથોરિટીના સભ્યો જુદા પડે ત્યારે, અપીલ અથવા રેફરન્સ હેઠળના પ્રશ્નના સંબંધમાં કોઇ એડવાન્સ રૂલિંગ આપી શકાય તેમ નથી એવું માનવમાં આવશે.

કલમ ૧૦૨.– આ કલમથી, જોગવાઇ કરી છે કે અમુક નિર્દિષ્ટ સંજાગો સિવાય ગુજરાત ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ અથવા ગુજરાત એપેલેટ ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ, તેણે પસાર કરેલા કોઇપણ હુકમને સુધારી શકશે, જેથી કરીને રેકર્ડ પરની દેખીતી ભૂલ હુકમની તારીખથી છ મહિનાની મુદતમાં સુધારી શકશે.

કલમ ૧૦૩.– આ કલમથી, જોગવાઇ કરી છે કે ફકત અરજદાર અને અરજદારના સંબંધમાં સંબંધિત અધિકારી અથવા હકુમતવાળા અધિકારીને બંધનકર્તા રહેશે. આ કલમથી એવી પણ જોગવાઇ કરી છે કે કાયદા અથવા હકીકમાં ફેરફાર હોય તે સિવાય એડવાન્સ રૂલિંગ બંધનકર્તા રહેશે.

કલમ ૧૦૪.– આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે એડવાન્સ રૂલિંગ રદબાદલ થશે, જયારે રૂલિંગ કપટ અથવા મહત્વની હકીકતો છુપાવીને અથવા હકીકતોની ખોટી રજૂઆત કરીને મેળવેલ હોય.

કલમ ૧૦૫.– આ કલમથી જોગવાઇ કરી છે કે ગુજરાત ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ અથવા ગુજરાત એપેલેટ ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગને, સૂચિત અધિનિયમ હેઠળ સત્તાઓ વાપરવાના હેતુ માટે, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટની તમામ સત્તાઓ રહેશે.

કલમ ૧૦૬.– આ કલમથી જોગવાઇ કરી છે કે ઓથોરિટી અથવા એપેલેટ ઓથોરિટીને પોતાની કાર્યરીતિનું નિયમન કરવાની સત્તા રહેશે.

કલમ ૧૦૭.– આ કલમથી જોગવાઇ કરી છે કે વેરો ભરનાર અથવા વિભાગ, સૂચિત અધિનિયમ અથવા કેન્દ્રીય માલ અને સેવા કર અધિનિયમ હેઠળ ન્યાયનિર્ણય અધિકારીએ પસાર કરેલા કોઇ નિર્ણય અથવા હુકમની સામે ત્રણ મહિનામાં અપીલ કરી શકશે. કલમથી, વેરો ભરનાર ફાઇલ કરેલ અપીલને દાખલ કરવા માટે દસ ટકાની પ્રિ–ડિપોઝિટ માટેની અને બાકીની રકમ ઉપર ઓટોમેટિક સ્ટે આપવાની જોગવાઇ કરી

કલમ ૧૦૮.– આ કલમથી, કમિશનરને ફેરતપાસની સત્તા અંગેની જોગવાઇ કરી છે. આ કલમથી જોગવાઇ કરી છે કે ફેરતપાસ સત્તાધિકારી તેની પોતાની દરખાસ્ત પર અથવા કેન્દ્રીય વેરા કમિશનર દ્વારા વિનંતી મળ્યેથી, તેમના તાબામાં હોય તેવા અધિકારીએ મંજૂર કરેલો હુકમ, તેમને ભૂલચૂકવાળો અને મહેસૂલના હિતને બાધક હોવાનું જણાય, તેને સુધારી શકશે.

કલમ ૧૦૯.– આ કલમથી, જોગવાઇ કરી છે કે કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રચવામાં આવેલું માલ અને સેવા વેરા ટ્રિબ્યુનલ, આ અધિનિયમ હેઠળ અપીલ સત્તાધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારી દ્વારા મંજૂર કરવામાં આવેલા હુકમો વિરુદ્ધ અપીલ સાંભાળવા માટે, અપીલ ટ્રિબ્યુનલ રહેશે. આ કલમથી, રાજ્ય અને વિસ્તાર (એરિયા) બેન્ચની રચના માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૧૦.– આ કલમથી, અપીલ ટ્રિબ્યુનલના પ્રમુખ અને સભ્યોની લાયકાત, નિમણૂક, સેવાની શરતો, તેમને દૂર કરવા અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૧૧.– આ કલમથી, અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ કોઇ કાર્યવાહીઓ અથવા તેની સમક્ષ રજૂ કરેલી અપીલનો નિકાલ કરતી વખતે, તેણે (અપીલ ટ્રિબ્યુનલે) અનુસરવાની કાર્યરીતિ અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૧૨.– આ કલમથી, અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ રજૂ કરવાની વિગતવાર કાર્યરીતિ અંગેની જોગવાઇ કરી છે. આ કલમથી વધુમાં, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ મંજૂર કરવામાં આવેલા હુકમ દ્વારા ટ્રિબ્યુનલમાં અપીલ રજૂ કરવાની જોગવાઇ કરી છે. આ કલમથી, અપીલ ટ્રિબ્યુનલમાં વેરાદાતા દ્વારા રજૂ કરવામાં આવેલી અપીલની પરવાનગી માટે તકરારી વેરાની રકમની વીસ ટકા રકમને, અગાઉથી જમા કરવા અને બાકીની રકમ પર આપોઆપ મનાઇ આપવા માટેની પણ જોગવાઇ કરી છે.

કલમ ૧૧૩.– આ કલમથી, જેની વિરુદ્ધ અપીલ રજૂ કરવામાં આવી હોય તેવા નિર્ણય અથવા હુકમને બહાલી આપતી, તેમાં ફેરફાર કરતી અથવા તેને રદ કરતી અપીલ ટ્રિબ્યુનલે અનુસરવાની પ્રક્રિયા અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૧૪.– આ કલમથી, રાજ્ય અને વિસ્તાર (એરિયા) બેન્ચ પર અપીલ ટ્રિબ્યુનલના પ્રમુખની નાણાકીય અને વહીવટી સત્તા અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૧૫.– આ કલમથી, અપીલ સત્તાધિકારી અથવા અપીલ ટ્રિબ્યુનલના કોઇ હુકમની સાથોસાથ, અગાઉ જમા કરેલી રકમને રિફંડ કરવાનું ફરમાવ્યું હોય, ત્યારે વેરાની ચુકવણી અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૧૬.– આ કલમથી, અધિકૃત પ્રતિનિધિને લગતી લાયકાત, ગેરલાયકાત, અને બીજી કાર્યરીતિ અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૧૭.– આ કલમથી જોગવાઇ કરી છે કે અપીલ ટ્રિબ્યુનલની રાજ્ય બેન્ચ અથવા વિસ્તાર (એરિયા) બેન્ચના હુકમથી નારજ થયેલી વ્યકિત દ્વારા એકસો એંસી દિવસની અંદર વ્યકિત દ્વારા હાઇકોર્ટમાં અપીલ રજૂ કરી શકાશે. આ કલમથી, એવી પણ જોગવાઇ કરી છે કે હાઇકોર્ટ, કાયદાના મહત્વના પ્રશ્ન અંગે અપીલ સ્વીકારી શકશે.

કલમ ૧૧૮.– આ કલમથી, અપીલ ટ્રિબ્યુનલની રાષ્ટ્રીય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચના હુકમના સંબંધમાં અથવા હાઇકોર્ટે આપેલા કોઇ ચુકાદા અથવા મંજૂર કરેલા હુકમના સંબંધમાં, સુપ્રિમ કોર્ટ સમક્ષ અપીલ કરવા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૧૯.– આ કલમથી, જોગવાઇ કરી છે કે હાઇકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટને અપીલ કરવામાં આવી હોય તેમ છતાં, રાષ્ટ્રીય, પ્રાદેશિક, રાજ્ય, વિસ્તાર (એરિયા) બેન્ચ અથવા હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલા હુકમ અનુસાર સરકારને લેણી નીકળતી રકમ ચૂકવવાપાત્ર રહેશે.

કલમ ૧૨૦.– આ કલમથી, જે નાણાકીય મર્યાદા નીચે (હેઠળ) વિભાગ દ્વારા અપીલ રજૂ કરવામાં આવશે નહિ તે નાણાકીય મર્યાદા નક્કી કરતાં હુકમો અથવા સૂચના અથવા આદેશો આપવાની બોર્ડને સત્તા મળે છે.

કલમ ૧૨૧.– આ કલમથી, જે બાબતોમાં રાજ્ય વેરા અધિકારી દ્વારા લીધેલા કોઇ નિર્ણય અથવા મંજૂર કરવામાં આવેલા હુકમની વિરુદ્ધ અપીલ કરી શકાશે નહિ તે બાબતો માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૨૨.– આ કલમથી, દંડને પાત્ર હોય તેવું ભરતિયું(આપ્યા) સિવાય પુરવઠો પૂરો પાડવો, (પુરવઠો) પૂરો પાડ્યા સિવાય ભરતિયું આપવું, વગેરે જેવા ગુનાની યાદી માટેની જોગવાઇ કરી છે. આ કલમથી, નિર્દિષ્ટ કરેલા ગુના પૈકીના કોઇ ગુનામાં મદદગારી અથવા સહાય કરતી કોઇ વ્યકિત માટે દંડની જોગવાઇ કરી છે, જે હેઠળ સમન્સ પર હાજર થવામાં નિષ્ફળ થયેથી, પચીસ હજાર રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

કલમ ૧૨૩.– આ કલમથી, કલમ ૧૫૦ હેઠળ માહિતી પત્રક પૂરું પાડવામાં નિષ્ફળતા માટે દંડ અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૨૪.– આ કલમથી, કલમ ૧૫૧ હેઠળ કોઇ માહિતી અથવા પત્રક પૂરું પાડવામાં નિષ્ફળ જાય તેવી કોઇ વ્યકિત પર દંડ નાખવા અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૨૫.– આ કલમથી, સૂચિત અધિનિયમની જોગવાઇઓના કોઇ ઉલ્લંઘન માટે અને આવા ઉલ્લંઘન માટે કોઇપણ દંડ અલગથી નિર્દિષ્ટ કરવામાં આવ્યો ન હોય, ત્યારે પચીસ હજાર રૂપિયા સુધીના સામાન્ય દંડ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૨૬.– આ કલામથી, સૂચિત અધિનિયમ હેઠળ દંડ નાખતા અધિકારીએ જેનું પાલન કરવું જોઇશે, તેવી સામાન્ય આચારસંહિતા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૨૭.– આ કલમથી સૂચિત અધિનિયમની નિર્દિષ્ટ કલમો હેઠળ કોઇ વ્યકિતને કોઇ કાર્યવાહીઓ હેઠળ આવરી લેવામાં આવી ન હોય, તો તેના પર દંડ નાખવા માટે યોગ્ય અધિકારીની સત્તા અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૨૮.– આ કલમથી, સૂચિત અધિનિયમની નિર્દિષ્ટ કલમોમાં ઉલ્લેખેલી કોઇ શિક્ષા અથવા વેરાદાતાના નિર્દિષ્ટ વર્ગ માટે કોઇ વિલંબ ફી અને નિર્દિષ્ટ કરેલા સંજોગો હેઠળ અંશત: અથવા સંપૂર્ણત: માફ કરવાની રાજય સરકારને સત્તા મળે છે.

કલમ ૧૨૯.– આ કલમથી, હેરફેરમાં હોય તેવા માલ અને વાહનોની અટકાયત, જપ્તી અને તેને મુકત કરવાને લગતી જોગવાઇઓ કરી છે. આ કલમથી, આવો માલ મુકત કરવા માટે ચૂકવવાપાત્ર રહેશે તેવા દંડ અંગેની જોગવાઇ પણ કરી છે.

કલમ ૧૩૦.– આ કલમથી, માલ અથવા વાહનોની જપ્તીને લગતી જોગવાઇઓ કરી છે. આ કલમથી આવો માલ મુકત કરવા માટે ચૂકવવાપાત્ર રહેશે તેવા દંડ અંગેની જોગવાઇ પણ કરી છે.

કલમ ૧૩૧.– સૂચિત અધિનિયમની જોગવાઇઓ હેઠળ કરેલી જપ્તી અથવા લાદવામાં આવેલો દંડ, સૂચિત અધિનિયમની જોગવાઇઓ હેઠળ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદા હેઠળની બીજી કોઇ સજાને બાધ આવશે નહિ (સજા) અટકશે નહિ. એ બાબતને આ કલમ સ્પષ્ટ કરે છે.

કલમ ૧૩૨.– આ કલમથી,કરચોરીની રકમ અથવા ખોટી રીતે મેળવેલ અથવા ઉપયોગમાં લીધેલ ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલી રિફંડની રકમના આધારે દંડ અને કેદની સજા માટે ક્રમાનુસાર સજાપાત્ર હોય તેવા ગુનાની યાદી માટેની જોગવાઇ કરી છે. આ કલમથી, પોલીસ અધિકાર બહારનો ગુનો અને જામીનપાત્ર અથવા પોલીસ અધિકારનો ગુનો અને બિન–જામીનપાત્ર ગુના માટેની પણ જોગવાઇ કરી છે.

કલમ ૧૩૩.– આ કલમથી,કલમ ૧૫૧ હેઠળ આંકડા એકઠા કરવાના હોય તે બાબત સાથે સંકળાયેલી કોઇ વ્યકિતએ અથવા કોમન (સામાન્ય) પોર્ટલ અથવા કોમન પોર્ટલના એજન્ટ પર

સેવાની જોગવાઇના સંબંધમાં રોકાયેલી કોઇ વ્યકિતએ ખોટી માહિતી જાહેર કરેલી હોય તેના માટે શિક્ષા અને કેદની સજા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૩૪.– આ કલમથી, કમિશનરની પૂર્વ–મંજૂરી સિવાય સૂચિત અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની હેઠળ કોઇ ગુનાની કોર્ટ દ્વારા ન્યાયિક નોંધ લઇ શકાશે નહિ.

કલમ ૧૩૫.– આ કલમથી, આરોપી દ્વારા અન્યથા સાબિત કરવામાં આવે તે સિવાય કોર્ટ દ્વારા તેની અપરાધીક માનસિકતા માની લેવા બાબતે જોગવાઇ કરી છે.

કલમ ૧૩૬.– આ કલમથી, કોઇ સમન્સના પ્રત્યુત્તરમાં ઉપસ્થિત રહીને વ્યકિત દ્વારા કરવામાં આવેલા અને સહી કરેલા નિવેદનોની સુસંગતતા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૩૭.– આ કલમથી, કોઇ વ્યકિતઓ ગુનો કર્યો હોય અને તે કંપની હોય, તો કંપનીના કામકાજનો હવાલો ધરાવતો અને જવાબદાર હોય તે વ્યકિત તે ગુના માટે દોષિત હોવાનું માનવામાં આવશે અને તદ્નુસાર સજા કરવામાં આવશે એ મતલબની જોગવાઇ કરે છે.

કલમ ૧૩૮.– આ કલમથી, ફોજદારી કામ શરૂ કરતા પહેલા અથવા તે પછી, ઠરાવેલી માંડવાળની રકમની ચૂકવણી કમિશનરને ચુકવણી કરીને, સૂચિત કાયદા હેઠળ

કલમ ૧૩૯.– આ કલમથી, વેરો ભરનારને સૂચિત અધિનિયમની જોગવાઇઓ હેઠળ રજિસ્ટર થવું જરૂરી હોય, તો વિદ્યમાન કાયદા હેઠળ તેવી રજિસ્ટર થયેલ વેરો ભરનાર વ્યકિતને સૂચિત અધિનિયમ હેઠળ, કામચલાઉ રજિસ્ટ્રેશન (પ્રમાણપત્ર) આપવાનું હોય, તેના (વેરો ભરનાર વ્યકિતના) સ્થળાંતર માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૪૦.– આ કલમથી, વિદ્યમાન કાયદા હેઠળ ઉપલભ્ય હોય તેવી ઇનપુટ વેરા શાખને આગળ ચાલુ રાખવા માટે વચગાળાની વ્યવસ્થા કરવા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૪૧.– આ કલમથી, છૂટક કામ માટેને લગતી વચગાળાની જોગવાઇઓ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૪૨.– આ કલમ, વિભિન્ન પરિસ્થિતિઓમાં વિદ્યમાન વેરા ચૂકવાનારાઓના હેરફેર અંગેની પ્રકીર્ણ જોગવાઇઓ કરે છે.

કલમ ૧૪૩.– આ કલમથી, છૂટક કામ માટે છૂટક કામદારને વેરાની ચુકવણી વગર, કોઇ ઇનપુટ અથવા મૂડીગત માલ (કેપિટલ ગુડસ) મોકલવા માટેની કાર્યરીતિ અને શરતો માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૪૪.– આ કલમ, જેના પર ફોજદારી કામ ચલાવવામાં આવતું હોય તે વ્યકિત વિરૂદ્ધનું કઇ પુરવાર કરે તે સિવાય, ફોજદારી કામ ચલાવનારાઓએ રજૂ કરેલા દસ્તાવેજો માટે અનુમાન અંગેની જોગવાઇ કરે છે.

કલમ ૧૪૫.– આ કલમથી, દસ્તાવેજની માઇક્રોફિલ્મ, દસ્તાવેજની ફેસિમાઇલ નકલ અને કોમ્પ્યુટરમાંથી મેળવીને છાપેલી સામગ્રી (પ્રિન્ટઆઉટ)ને પુરાવા તરીકે ગ્રાહ્ય રાખવા અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૪૬.– આ કલમથી, રજિસ્ટ્રેશન, વેરાની ચુકવણી, પત્રક રજૂ કરવા, સંકલિત વેરાની ગણતરી અને પતાવટ, ઇલેકટ્રોનિક વે બિલ વગેરેને સુવિધાજનક બનાવવા અને તેવા બીજા કાર્યો કરવા માટે કોમન ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (માલ અને સેવા વેરા) ઇલેકટ્રોનિક પોર્ટલ જાહેર કરવા બાબતની જોગવાઇ કરી છે.

કલમ ૧૪૭.– આ કલમથી,સરકારને, કાઉન્સિલની ભલામણ પરથી, માલના અમુક પુરવઠાનેનિકાસ ગણવામાં આવશે એમ જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ ૧૪૮.– આ કલમથી, સરકારને, કાઉન્સિલની ભલામણ પરથી, રજિસ્ટર થયેલી વ્યકિતઓના અમુક વર્ગો અને આવી વ્યકિતઓએ અનુસરવાની વિશિષ્ટ કાર્યરીતિ જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ ૧૪૯.– આ કલમથી, સોંપણી અને માલ તથા સેવા વેરા અનુપાલન રેટિંગ માપદંડની જોગવાઇ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૫૦.– આ કલમથી, માહિતી પત્રક રજૂ કરવાની ફરજ પાડવામાં આવી હોય તેવી વ્યકિતઓની યાદી માટેની અને આવી વ્યકિતઓએ અનુસરવાની કાર્યરીતિ અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૫૧.– આ કલમથી, સૂચિત અધિનિયમ સાથે સંકળાયેલી કોઇ બાબતને લગતાં આંકડા એકત્રિત કરવાંનો આદેશ કરવાની સત્તા, કમિશનરને આપવા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૫૨.– આ કલમથી, કલમ ૧૫૧ હેઠળ જરૂરી માહિતી જાહેર કરવાને બાધ હોય, તેવી સ્થિતિ અને ઉદાહરણ અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૫૩.– આ કલમથી, અધિકારીઓને, ચકાસણી, તપાસ, અન્વેષણ અથવા બીજી કોઇ કાર્યવાહીના તબક્કે કોઇ તજજ્ઞની સહાય લેવા માટેની સત્તા મળે છે.

કલમ ૧૫૪.– આ કલમથી, કમિશનર અથવા તેના દ્વારા અધિકૃત કરવામાં આવેલા કોઇ અધિકારીની, વેરાપાત્ર વ્યકિતના કબજામાં હોય તેવા માલના નમૂના લેવાની સતા અંગે જોગવાઇ કરી છે.

કલમ ૧૫૫.– આ કલમથીએવી જોગવાઇ કરી છે કે કોઇ વ્યકિત એવો દાવો કરતી હોય કે પોતે ઇનપુટ વેરા શાખ માટે કાયદેસરની હકદાર છે, તો તે સાબિત કરવાનો બોજો શાખનો દાવો કરનાર તેવી વ્યકિત પર રહેશે.

કલમ ૧૫૬.– આ કલમથી એવી જોગવાઇ કરી છે કે સૂચિત અધિનિયમ હેઠળ કાર્ય કરતી તમામ વ્યકિતઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ જાહેર સેવકો ગણાશે.

કલમ ૧૫૭.– આ કલમથી એવી જોગવાઇ કરી છે કે સૂચિત અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કૃત્ય બદલ અપીલ ટ્રિબ્યુનલના પ્રમુખ, રાજય પ્રમુખ, સભ્યો, અધિકારીઓ અથવા બીજા કર્મચારીઓ અથવા સદરહુ અપીલ ટ્રિબ્યુનલે અધિકૃત કરેલી કોઇ બીજી વ્યકિત સામે કોઇપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

કલમ ૧૫૮.– આ કલમથી એવી જોગવાઇ કરી છે કે સૂચિત અધિનિયમ અનુસાર કરવામાં આવેલું કોઇ નિવેદન, રજૂ કરેલા રિટર્ન અથવા રજૂ કરેલા હિસાબો અથવા દસ્તાવેજમાંની કોઇપણ વિગતોજાહેર કરવી જોઇશે નહિ. આ કલમથી, આવી માહિતી જે ખાસ સંજોગો હેઠળ જાહેર કરી શકાય, તેવા ખાસ સંજોગો માટેની પણ જોગવાઇ કરી છે.

કલમ ૧૫૯.– આ કલમથી,કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઇ બીજા અધિકારીને, કોઇ વ્યકિતનું નામ અથવા સૂચિત અધિનયમ હેઠળની કોઇ કાર્યવાહી અથવા ફોજદારી કામને લગતી કોઇ બીજી વિગતો પ્રસિદ્ધ કરવાનું જાહેર હિતમાં જરૂરી હોય, તો, તેવી કોઇ વ્યકિતનું નામ અથવા તેની વિગતો પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

કલમ ૧૬૦.– આ કલમથી એવી જોગવાઇ કરી છે કે સૂચિત અધિનિયમની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇ અનુસાર કરેલ, સ્વીકારેલ, આપેલ, બહાર પાડેલ, શરૂ કરેલ અથવા કરેલ,

સ્વીકારેલ, આપેલ, બહાર પાડેલ, શરૂ કરેલ હોવાનું અભિપ્રેત હોય તેવી કોઇપણ આકારણી, ફેર–આકારણી, ન્યાયનિર્ણય, સમીક્ષા, ફેરતપાસ, અપીલ, સુધારણા, નોટિસ, સમન્સ અથવા બીજી કાર્યવાહી, તેમાંની કોઇ ભૂલ, ક્ષતિ અથવા કાર્યલોપના કારણમાત્રથી જ તે અમાન્ય ઠરશે નહિ અથવા અમાન્ય ઠરી હોવાનું ગણાશે નહિ.

કલમ ૧૬૧.– આ કલમ, કોઇ નિર્ણય અથવા હુકમ અથવા નોટિસ અથવા પ્રમાણપત્ર અથવા બીજા કોઇ દસ્તાવેજના રેકર્ડ પર દેખીતી કોઇ ભૂલ કોઇ સત્તામંડળ સુધારી શકે છે એવી જોગવાઇ કરે છે.

કલમ ૧૬૨.– આ કલમ, સૂચિત અધિનિયમ હેઠળ કોઇપણ કરેલા કાર્યમાંથી ઉદભવતું અથવા તેને લગતો પ્રશ્નની તજવીજ કરવાની અથવા તેના પર નિર્ણય કરવાની દીવાની ન્યાયાલયની હકૂમત પર નિયંત્રણ મૂકે છે.

કલમ ૧૬૩.– આ કલમ, કોઇ વ્યકિતએ પોતે કરેલી અરજી પરથી તેને પૂરા પાડવામાં આવેલ કોઇ હુકમ અથવા દસ્તાવેજની નકલ માટે ફી વસૂલ થઇ શકે તે મતલબની જોગવાઇ કરે છે.

કલમ ૧૬૪.– આ કલમ, કાઉન્સિલની ભલામણો ઉપર સૂચિત અધિનિયમની જોગવાઇઓ પાર પાડવા માટે નિયમો કરવાની રાજય સરકારને સત્તા આપે છે.

કલમ ૧૬૫.– આ કલમ, સૂચિત અધિનિયમની જોગવાઇઓ પાર પાડવા માટે વિનિયમો કરવાની રાજય સરકારને સત્તા આપે છે.

કલમ ૧૬૬.– આ કલમ, રાજય સરકારે કરેલા નિયમો, વિનિયમો અને જાહેરનામા રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા માટેની જોગવાઇ કરે છે.

કલમ ૧૬૭.– આ કલમથી એવી જોગવાઇ કરી છે કે કમિશનર, સૂચિત અધિનિયમ હેઠળ કોઇ અધિકારી અથવા સત્તાધિકારીએ વાપરવાની સત્તા, નિર્દિષ્ટ શરતોને અધીન રહીને કોઇ બીજા અધિકારી અથવા સત્તાધિકારી પણ વાપરી શકશે એવો આદેશ કરી શકશે.

કલમ ૧૬૮.– આ કલમ, સૂચિત અધિનિયમની જોગવાઇઓના એકસમાન અમલીકરણ માટે રાજય વેરા અધિકારીઓને હુકમો, સૂચનાઓ અથવા આદેશો આપવાની કમિશનરને સત્તા આપે છે.

કલમ ૧૬૯.– આ કલમથી, સૂચિત અધિનિયમ હેઠળ કોઇ નિર્ણય, હુકમ, સમન્સ, નોટિસ અથવા બીજા પત્રવ્યવહારની બજવણી જે પદ્ધતિથી કરવી જોઇશે, તે પદ્ધતિ અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૭૦.– આ કલમથી, વેરા, વ્યાજ, શિક્ષા, દંડની રકમ અથવા બીજી કોઇ ચૂકવવાપાત્ર રકમ અને રિફંડની રકમ અથવા બીજી કોઇ લેણી રકમની ગણતરી અંગેની જોગવાઇ કરી છે.

કલમ ૧૭૧.– આ કલમથી એવી જોગવાઇ કરી છે કે વેરાના દરમાં અથવા ઇનપુટ વેરા શાખમાં થયેલા ઘટાડાને કારણે, કિમતમાં સમપ્રમાણ ઘટાડાથી થતાં લાભની જાણ ગ્રાહકને કરવી આવશ્યક રહેશે.

કલમ ૧૭૨.– આ કલમથી, રાજય સરકારને, સૂચિત અધિનિયમના આરંભની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર, કાઉન્સિલની ભલામણો પરથી, સામાન્ય અથવા ખાસ હુકમથી, સૂચિત અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા વિનિયમોની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરવાની સત્તા મળે છે.

કલમ ૧૭૩.– આ કલમ, કેટલાક રાજય અધિનિયમોના સુધારા માટે જોગવાઇ કરે છે.

કલમ ૧૭૪.– આ કલમ, કેટલાક રાજય અધિનિયમો અને કેટલાક પગલાં અપવાદને રદ કરવા માટે જોગવાઇ કરે છે.

નીતિન પટેલ,

નાણાકીય ચાદી

વિધેયકની કલમ ૫૩થી, કેન્દ્ર સરકાર દ્વારા સંકલિત માલ અને સેવા વેરા હેઠળ બાકી વેરાની ચુકવણી માટે આ વિધેયક હેઠળ વેરાની વહેચણી અને ઇનપુટ વેરા શાખના ઉપયોગની તબદીલીની કારણે વેરાનું વિતરણ અને ફંડની પતાવટ માટે જોગવાઇ કરી છે.

૨. વિધેયકની કલમ ૯૬થી, આગોતરા નિર્ણય માટે સત્તામંડળની રચના માટેની જોગવાઇ કરી છે.

૩. વિધેયકની કલમ ૯૯થી, આગોતરા નિર્ણય માટે અપીલ સત્તામંડળની રચના માટેની જોગવાઇ કરી છે.

૪. વિધેયકની કલમ ૧૧૦ની પેટા–કલમ (૮)થી, રાજય બેન્ચ અને વિસ્તાર બેન્ચના પ્રમુખ અને સભ્યોને ચુકવવાના પગાર અને ભથ્થાં માટેની જોગવાઇ કરી છે.

૫. વિધેયકની કલમ ૧૭૧ની પેટા–કલમ (૨)થી, ધંધાકીય એકમ માલ અથવા વેરા ઉપરના ઘટાડેલા વેરાનો લાભ ગ્રાહકને આપે છે તે બાબત સુનિશ્ચિત કરવા નફાખોરી નિષેધ માટે સત્તા મંડળની સ્થાપના માટેની જોગવાઇ કરે છે.

સુચિત કાયદા હેઠળ વિભિન્ન કાર્યો કરવા માટે આવર્તક અને બિન–આવર્તક ખર્ચના સંબંધમાં કુલ નાણાકીય જવાબદારીઓ રાજય સરકાર ભોગવશે. વિધેયક હેઠળના વિભિન્ન કાર્યો કરવા માટે વાણિજિયક વેરા કમિશનરની કચેરીના મોટાભાગના વિદ્યમાન અધિકારીઓ અને કર્મચારીગણનો ઉપયોગ કરવો જાઇશે. તેમ છતાં, આ તબક્કે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી ચોક્કસપણે કેટલો આવર્તક અને બિન–આવર્તક ખર્ચ થશે તેનો અંદાજ કાઢવો શક્ય નથી.

નીતિન પટેલ,

ધારાકીય સત્તા સોપવાની ચાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોપણીનો સમાવેશ થાય છે:–

ગુજરાત રાજય માલ અને વેરા વિધેયક, ૨૦૧૭ની કલમ ૧૬૪થી, રાજય સરકારને બીજી બાબતોની સાથો સાથ, નીચેની બાબતોના સંબંધમાં નિયમો કરવાની સત્તા આપવા ધાર્યું છે:–

(ક) કલમ ૯ હેઠળ વેરાની ઉઘરાણી બાબત;

(ખ) કલમ ૧૦ હેઠળ પતાવટ વેરાનો વિકલ્પ આપતા વ્યકિતને લાગુ પડતા નિયંત્રણો અને શરતો બાબત;

(ગ) કલમ ૧૫ હેઠળ માલ અથવા વેરા અથવા તે બન્નેના પુરવઠાના મૂલ્ય બાબત;

(ઘ) કલમ ૧૬ હેઠળ ઇનપુટ વેરા શાખ મેળવવા ઉપરની શરતો અને નિયંત્રણો તથા વેરા ચૂકવવાના દસ્તાવેજોના વર્ગીકરણ બાબત;

(ચ) કલમ ૧૮ હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલ કેપિટલ ગુડઝ (મૂડી માલ) અને પ્લાન્ટ તથા મશીનરી ઉપરના ઘસારા બાબત;

(છ) કલમ ૧૯ હેઠળ જોબવર્ક માટે મોકલવામાં આવેલ ઇન પુટ ઉપર ઇનપુટ ટેક્ષ ક્રેડીટ(વેરા શાખ)ની છૂટ આપવા માટેની શરતો અને નિયંત્રણો બાબત;

(જ) કલમ ૧૯ હેઠળ જોબવર્ક માટે મોકલવામાં આવેલ કેપિટલ ગુડઝ ઉપર ઇનપુટ ટેક્ષ ક્રેડીટ(વેરા શાખ)ની છૂટ આપવા માટેની શરતો અને નિયંત્રણો બાબત;

(ઝ) કલમ ૨૦ હેઠળ ઇનપુટ સર્વીસ ડ્રિસ્ટ્રયુબ્યુટર દ્વારા ઇનપુટ ટેક્ષ ક્રેડીટની વહેંચણીની રીત બાબત;

(ટ) કલમ ૨૫ હેઠળ રજિસ્ટર કરવા માટેની રીત અને શરતો બાબત;

(ઠ) કલમ ૨૫ હેઠળ બિઝનેશ વર્ટીકલ માટે અલગ રજિસ્ટેશન કરવા માટેની બાબત;

(ડ) કલમ ૩૧ હેઠળ જે મુદત માટે વેરા ભરતિયું કાઢવામાં આવશે તે બાબત;

(ઢ) કલમ ૩૧ હેઠળ વેરા ભરતિયામાં જાહેર કરવાની વિગતો બાબત અને જે સમયે આવા ભરતિયાં કાઢવા જાઇશે તે સમય બાબત;

(ત) કલમ ૩૪ હેઠળ જમા અને ઉધાર નોંધ ઉપર જાહેર કરવાની વિગતો બાબત;

(થ) કલમ ૩૫ હેઠળ નોંધાયેલ વ્યકિત દ્વારા તેના ધંધાના મુખ્ય સ્થળે જાળવવી જરૂરી હોય તેવી વિગતો બાબત;

(દ) કલમ ૩૭ હેઠળ બહાર પૂરા પાડેલા માલની વિગતો જે નમૂનામાં અને જે રીતે જાહેર કરવી જોઇશે અને તે નમૂનો અને રીત બાબત;

(ધ) કલમ ૩૮ હેઠળ અંદર પૂરા પડાયેલા માલ (જાવક પુરવઠા)ની વિગતો જે નમૂનામાં અને જે રીતે જાહેર કરવી જોઇશે અને તે નમૂનો અને રીત બાબત;

(ન) કલમ ૩૯ હેઠળ નોંધાયેલ વ્યકિત દ્વારા જે નમૂનામાં અને જે રીતે પત્રક ફાઇલ કરવું જાઇશે તે નમૂનો અને રીત બાબત;

(પ) કલમ ૪૧ હેઠળ હંગામી સ્વીકાર અને ઇનપુટ ટેક્ષ ક્રેડિટના દાવા માટેની શરતો અને નિયંત્રણો બાબત;

(ફ) કલમ ૫૦ હેઠળ વેરાની વિલંબિત ચુકવણી ઉપર વ્યાજની ગણતરી બાબત;

(બ) કલમ ૫૧ હેઠળ જે રીતે મુળ સ્થાનેથી વેરાની કપાત કરવી જોઇશે તે રીત બાબત;

(ભ) કલમ ૫૨ હેઠળ જે રીતે મુળ સ્થાનેથી વેરાની ઉઘરાણી કરવી જોઇશે તે રીત બાબત;

(મ) કલમ ૫૩ હેઠળ ઇનપુટ ટેક્ષ ક્રેડિટની તબદીલી માટેની રીત અને સમય બાબત;

(ય) કલમ ૫૪ હેઠળ રીફંડ માટેની અરજી જે નમૂનામાં અને જે રીતે કરવી જાઇશે તે નમૂનો અને રીત બાબત;

(ર) કલમ ૫૫ હેઠળ અમુક કિસ્સામાં રિફંડ ઉપરની શરતો અને નિયંત્રણ બાબત;

(લ) કલમ ૫૭ હેઠળ ગ્રાહક કલ્યાણ ફંડ જે રીતે રચવું જાઇશે તે રીત બાબત;

(વ) કલમ ૫૮ હેઠળ જે રીતે ગ્રાહક કલ્યાણ ફંડનો ઉપયોગ કરવો જોઇશે તે રીત બાબત;

(વક) કલમ ૬૦ હેઠળ જે નમૂનામાં હંગામી આકારણી માટેનું બોન્ડ ફાઇલ કરવું જાઇશે તે નમૂના બાબત;

(વખ) કલમ ૬૧ હેઠળ પત્રકોની જે રીતે ચકાસણી કરવી જાઇશે તે રીત બાબત;

(વગ) કલમ ૬૫ હેઠળ વેરા સત્તામંડળ દ્વારા જે આવર્તન (સમયગાળો) અને જે રીતે ઓડિટ કરવું જોઇશે તે સમય અને રીત બાબત;

(વઘ) કલમ ૯૮ હેઠળ જે રીતે જાહેર કરેલો આગોતરો નિર્ણય પ્રમાણિત કરવો જાઈશે તે રીત બાબત ;

(વચ) કલમ ૧૦૦ હેઠળ જે નમૂનામાં, જે રીતે અને જેટલી ફી સાથે અપીલ સત્તાધિકારીને અપીલ કરવી જોઈશે તે બાબત ;

(વછ) કલમ ૧૦૧ હેઠળ જે રીતે અપીલ સત્તાધિકારી દ્વારા જાહેર કરેલો આગોતરો નિર્ણય પ્રમાણિત કરવો જાઈશે તે રીત બાબત ;

(વજ) કલમ ૧૦૭ હેઠળ અપીલ સત્તાધિકારીને કરવાની અપીલ બાબત;

(વઝ) કલમ ૧૧૨ હેઠળ ઉલટ વાંધાની યાદીની ખરાઇ બાબત;

(વટ) કલમ ૧૧૪ હેઠળ જે રીતે પ્રમુખ તેની નાણાકીય અને વહીવટી સત્તા વાપરશે તે રીત બાબત;

(વઠ) કલમ ૧૫૦ હેઠળ વ્યકિતઓ જે સમયે, જે નમૂનામાં અને જે રીતે પત્રકની માહિતી પૂરી પાડશે તે સમય, નમૂનો અને રીત બાબત;

(વડ) કલમ ૧૫૧ હેઠળ જે નમૂનામાં અને જે રીતે આંકડાઓ એકત્રિત કરવા જાઈશે તે નમૂનો અને તે રીત બાબત;

(વઢ) કલમ ૧૬૩ હેઠળ કોઇ હુકમ અથવા દસ્તાવેજની નકલ લેવા માટેની ફી બાબત;

(વત) કલમ ૧૭૧ હેઠળ સત્તા અને કરવાના તેવા કાર્યો બાબત; અને

(વથ) નિયમો દ્વારા ઠરાવવામાં આવી હોય અથવા ઠરાવી શકાય અથવા જેના સંબંધમાં જોગવાઇ કરવામાં આવી હોય તેવી બીજી કોઇ બાબત.

૨. વિધેયકની કલમ ૧૬પથી, રાજય સરકારને વિનિયમ દ્વારા નિર્દિષ્ટ કરીને ફરમાવી હોય અથવા ફરમાવી શકાય અથવા વિનિયમો દ્વારા જેના સંબંધમાં જોગવાઇ કરવાની હોય તેવી કોઇ બાબત માટે જોગવાઇ કરવા માટે વિનિયમો કરવાની સત્તા મળે છે.

૩. જે બાબતોના સંબંધમાં સદરહુ નિયમો અને વિનિયમો કરવામાં આવે તે બાબતો કાર્યરીતિ અને વહીવટી ઉંડાણને લગતી છે અને તેથી સૂચિત વિધેયકની અંદર જ તે માટે જોગવાઇ કરવી વ્યવહાર્ય નથી.

૪. ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૩જી મે, ૨૦૧૭. **નીતિન પટેલ.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૩જી મે, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 128

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MAY 3, 2017/VAISAKHA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી મે, ૨૦૧૭

તારીખ : ૩જી મે, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૨૬** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 26 OF 2017.

THE GUJARAT VALUE ADDED TAX (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Value Added Tax Act, 2003.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૬ .

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની દીર્ઘ સંજ્ઞાનો સુધારો.

૨. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, દીર્ઘ સંજ્ઞામાં, ''અથવા ખરીદીઓ'' એ શબ્દો કમી કરવા.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨-માં,-

(૧) ખંડો (૧), (૧ક) અને (૨) કમી કરવા;

(૨) ખંડ (૪)માં, પેટા-ખંડ (૨)માં, ''પ્લાન્ટ, યંત્રસામગ્રી, કાચા પદાર્થો, પ્રક્રિયાનો માલસામાન, પેકીંગ માટેની સામગ્રી, ખોખાં, વપરાશી માલ, વેસ્ટમાંની બનાવટોનો અથવા એવા વેપાર, વાણિજય, ઉત્પાદન, સાહસ અથવા કામકાજને સહાયક અથવા આનુષંગિક અથવા તેમાંથી પરિણમતો એવો બીજો માલ અથવા તેમાંનો વેસ્ટ અથવા ભંગાર,'' એ શબ્દોને બદલે, ''કાચા પદાર્થો, પ્રક્રિયાનો માલસામાન, વપરાશી માલ, વેસ્ટમાંની બનાવટોનો અથવા એવા વેપાર, વાણિજય, ઉત્પાદન, સાહસ અથવા કામકાજને સહાયક અથવા આનુષંગિક એવો બીજો માલ'' એ શબ્દો મૂકવા;

(૩) ખંડો (૫) અને (૯) કમી કરવા;

(૪) ખંડ (૧૦)માં, અપવાદો (૧) થી (૩) કમી કરવા;

INDEX

(૫) ખંડ (૧૧) કમી કરવો;

(૬) ખંડ (૧૩)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''(૧૩) ''માલ'' એટલે ભારતના સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨-ની નોંધ ૫૪ હેઠળ આવરી લીધેલો માલ ;'';

(૭) ખંડ (૧૯)માં, ''માલના પેકિંગમાં ઉપયોગમાં લીધેલ સામગ્રીનો'' એ શબ્દોને બદલે, ''માલનો'' એ શબ્દ મૂકવો ;

(૮) ખંડ (૨૭)માં, ''આ અધિનિયમ હેઠળ માલના વેચાણો અથવા ખરીદીઓ ઉપર લેવાપાત્ર અને ચુકવવાપાત્ર વેરો અને તેમાં કલમ ૧૪, ૧૪ક, ૧૪ખ, ૧૪ગ અથવા ૧૪ઘ હેઠળ લેવાપાત્ર અથવા ચુકવવાપાત્ર ઉચકવેરાનો સમાવેશ થાય છે; '' એ શબ્દ, આંકડા અને અક્ષરોને બદલે, ''આ અધિનિયમ હેઠળ માલના વેચાણ ઉપર લેવાપાત્ર અને ચૂકવવાપાત્ર વેરો ;'' એ શબ્દો મૂકવા;

(૯) ખંડ (૨૯)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''(૨૯) ''વેરાપાત્ર માલ'' એટલે જે માલ પર કલમ ૫ હેઠળ કોઈપણ વેરો ચૂકવવાપાત્ર ન હોય તે સિવાયનો કલમ ૭ હેઠળ વેરાને પાત્ર હોય તેવો માલ;'';

(૧૦) ખંડ (૩૦)માં,-

(૧) ''અથવા ખરીદીઓ'' એ શબ્દો કમી કરવા;

(૨) પેટા-ખંડ (ખ)માં, ''કલમ ૫ની પેટા-કલમ (૧) હેઠળ અથવા'' એ શબ્દો, આંકડા અને કૌંસ કમી કરવા;

(૧૧) ખંડ ૩૪માં, પેટા-ખંડ (ક)માં, બે જગ્યાએ આવતાં ''અથવા ખરીદીઓ'' એ શબ્દો કમી કરવા.

(૧૨) ખંડ (૩૭) કમી કરવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫-નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-માં,-

(૧) પેટા-કલમો (૧) અને (૧ક) કમી કરવી;

(૨) પેટા-કલમ (૨)માં, જયાં જયાં ''અથવા ખરીદીઓ'' એ શબ્દો આવતાં હોય ત્યાં તે કમી કરવા.

(૩) પેટા-કલમ (૩)માં, ''પેટા-કલમ (૧ક) અને'' એ શબ્દો, કૌંસ, આંકડો અને અક્ષર કમી કરવા.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫-ક કમી કરવા બાબત.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-ક કમી કરવી.

INDEX

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭-નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં,-

(૧) પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

''(૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, સામાન્ય રીતે મોટર સ્પિરિટ તરીકે જાણીતા પેટ્રોલ, હાઇ સ્પીડ ડીઝલ, એવિએશન ટર્બાઇન ફ્યુઅલ, પેટ્રોલિયમ ક્રુડ, કુદરતી વાયુ અને માનવ વપરાશ માટેના આલ્કોહોલ યુકત દારૂના વેચાણના ટર્નઓવર ઉપર, અનુસૂચિ ૩માં નિર્દિષ્ટ તે દરેકની સામે જણાવેલા દરે વેરો લેવામાં આવશે :

પરંતુ સરકાર, આયાતકાર અથવા ઉત્પાદક અથવા ઓઇલ માર્કેટિંગ કંપનીઓ પાસેથી, સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી રીતે છૂટક કિંમત ઉપર પૂરા દરે વેરો લઇ શકશે.'';

(૨) પેટા-કલમ (૧ક) કમી કરવી;

(૩) પેટા-કલમ (૨)માં, ખંડ (૧) કમી કરવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૯ કમી કરવા બાબત.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯ કમી કરવી.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૦ બદલવા બાબત.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦ ને બદલે, નીચેની કલમ મૂકવી :-

પેકિંગની સામગ્રી માટે જોગવાઇ ગણવાની બાબત.

''૧૦. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, માલની કિંમત, પેકિંગ સામગ્રીની કિંમત સહિતની ગણાશે, સિવાય કે પેકિંગ સામગ્રીની કિંમત અલગથી ચાર્જ કરેલી હોય અને વેરો, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ઉઘરાવવામાં આવ્યો હોય.''.

સન ૨૦૧૭નો ગુજરાતનો...

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૧નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (ક)માં, પેટા-ખંડો (૨) અને (૩) કમી કરવા ;

(૨) પેટા-કલમ (૩)માં,-

(૧) ખંડ (ક)માં,-

(ક) પેટા-ખંડ (૬)માં, ''અથવા એવી રીતે બનાવેલ માલના પેકીંગમાં ઉપયોગના હેતુ માટે''એ શબ્દો કમી કરવા;

(ખ) પેટા-ખંડ (૭) કમી કરવો.

(૨) ખંડ (ખ)માં,-

(ક) પેટા-ખંડ (૨)માં, ''બનાવટ અથવા પેકીંગમાં'' એ શબ્દોને બદલે, ''બનાવટમાં''એ શબ્દ મૂકવો;

(ખ) પેટા-ખંડ (૩)માં, ''માલની બનાવટમાં'' એ શબ્દોને બદલે, ''વેરાપાત્ર માલની બનાવટમાં''એ શબ્દો મૂકવા;

(૩) પેટા-કલમ (૫)માં,-

(૧) ખંડ (ગ) કમી કરવો;

(૨) ખંડ (જ)માં, ''અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ માલ અથવા'' એ શબ્દો કમી કરવા;

(૩) ખંડ (ઝ)માં,-

(ક) ''અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ માલની અથવા'' એ શબ્દો કમી કરવા;

(ખ) ''અથવા એવી રીતે બનાવેલ માલના પેકીંગમાં'' એ શબ્દો કમી કરવા;

(૪) ખંડો (ટ) અને (ઠ) કમી કરવા;

(૫) ખંડ (ઢઢ)માં, '', ક્રુડ ઓઈલ અથવા લિગ્નાઈટની'' એ શબ્દોને બદલે, ''અને પેટ્રોલિયમ ક્રુડની'' એ શબ્દો મૂકવા;

(૬) ખંડો (તત) અને (થથ) કમી કરવા;

(૭) સર્વોપરી ખંડ (૧) અને (૩) કમી કરવા.

(૪) પેટા-કલમ (૭ક)માં, તે હેઠળનો પહેલો અને બીજો પરંતુક કમી કરવો;

(૫) પેટા-કલમ (૮)ને બદલે, નીચેનો પરંતુક ઉમેરવો :-

''પરંતુ ફેરબદલીથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં રજિસ્ટર થયેલ વેપારી, પાંચ વર્ષની મર્યાદાની બાકી રહેતી મુદત પૂરી થાય ત્યાં સુધી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ કેપિટલ ગુડ્ઝનો સતત ઉપયોગ કરે, ત્યારે તેવી મુદત માટે વેરાશાખ ઘટાડવી જોઈશે નહિ.''. સન ૨૦૧૭નો ગુજરાતનો... સન ૨૦૧૭નો ગુજરાતનો...

(૬) પેટા-કલમ (૮) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:-

''(૮ક) (૧) વેપારીએ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવે તે તારીખે, સ્ટોકમાં રાખેલા ઈનપુટ અને સ્ટોકમાં રાખેલા અર્ધ-તૈયાર કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તેવા ઈનપુટના સંબંધમાં માલની ખરીદીઓ ઉપર ચૂકવેલા વેરા માટેની વેરાશાખ મેળવેલ હોય અને તે, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૦ હેઠળ પતાવટ માટેનો વિકલ્પ પસંદ કરે, ત્યારે આવી વેરા શાખ ઉલટાવેલી (રિવર્સ) ગણાશે. ઉલટાવેલી (રિવર્સ) વેરા શાખની આવી રકમ, વેરા શાખની ઉપલભ્ય વર્તમાન સિલકમાંથી સરભર કરવી જોઈશે. આવા વેપારી પાસે ઉલટાવેલી (રિવર્સ) વેરા શાખને સરભર કરવા માટે ઉપલભ્ય વેરાશાખ સિલકમાં ન હોય, તો તેણે સરભર ન કરી હોય તેવી ઉલટાવેલી (રિવર્સ) વેરાશાખની રકમ જેટલી રકમ સરકારી તિજોરીમાં ભરવી જોઈશે. સન ૨૦૧૭નો ગુજરાતનો... સન ૨૦૧૭નો ગુજરાતનો...

(૨) વેપારીએ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવે તે તારીખે મૂડીગત માલની ખરીદી ઉપર ચૂકવેલા વેરા માટેની વેરા શાખ મેળવેલ હોય અને તે, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૦ હેઠળ પતાવટ માટેનો વિકલ્પ પસંદ કરે પણ પાંચ વર્ષની મુદત પૂરી ન થઈ હોય, ત્યારે આવી વેરાશાખ ઉલટાવેલી (રિવર્સ) થયેલી ગણાશે. ઉલટાવેલી (રિવર્સ) વેરાશાખની આવી રકમ, વેરાશાખની ઉપલભ્ય વર્તમાન સિલકમાંથી સરભર કરવી જોઈશે. આવા વેપારી સન ૨૦૧૭નો ગુજરાતનો... સન ૨૦૧૭નો ગુજરાતનો...

પાસે ઉલટાવેલી (રિવર્સ) વેરાશાખને સરભર કરવા માટે ઉપલભ્ય વેરાશાખ સિલકમાં ન હોય, તો તેણે સરભર ન કરી હોય તેવી ઉલટાવેલી (રિવર્સ) વેરાશાખની રકમ જેટલી રકમ સરકારી તિજોરીમાં ભરવી જોઈશે.''.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨ કમી કરવી. સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૨ કમી કરવા બાબત.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમો ૧૪, ૧૪ક, ૧૪ખ, ૧૪ગ અને ૧૪ઘ કમી કરવી. સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમો ૧૪ થી ૧૪ઘ કમી કરવા બાબત.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમો ૧૬નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)ને બદલે, નીચેનો પરંતુક ઉમેરવોઃ-

''પરંતુ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ નીમાયેલા અધિકારીઓ, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નીમાયેલા અધિકારીઓ તરીકે ગણાશે.''. સન ૨૦૧૭નો ગુજરાતનો...

(૨) પેટા-કલમ (૨)માં, નીચેનો પરંતુક ઉમેરવો-

''પરંતુ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ નીમાયેલા અધિકારીઓ, આ પેટા-કલમ હેઠળ અમલ બજવણીમાં કમિશનરને સહાય કરવા માટે આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નીમાયેલા અધિકારીઓ તરીકે ગણાશે.''. સન ૨૦૧૭નો ગુજરાતનો...

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં, પેટા-કલમ (૨) કમી કરવી. સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૨૧નો સુધારો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૨૩ કમી કરવા બાબત.

૧૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩ કમી કરવી.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમમાં નવી કલમ ૨૭ક દાખલ

૧૫. કલમ ૨૭ પછી, નીચેની કલમ દાખલ કરવી- સન ૨૦૧૭નો ગુજરાતનો...

વેપારીઓ રજિસ્ટર થયેલા ન હોવાનું ગણાશે.

"૨૭ ક. કલમ ૨ના ખંડ (૧૩) હેઠળ વ્યાખ્યાયિત કરેલા માલની તજવીજ ન કરતાં તમામ રજિસ્ટર થયેલા વેપારીઓ, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારો) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવ્યાની તારીખથી રજિસ્ટર ન થયેલા હોવાનું ગણાશે અને તેમના રજિસ્ટ્રેશન પ્રમાણપત્રો રદ થયેલા ગણાશે.".

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૬૦નો સુધારો.

૧૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૦માં, પેટા-કલમ (૧)માં, પરંતુકમાં,-

(૧) ખંડ (ક)માં, "અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલ અથવા" એ શબ્દો અને આંકડો કમી કરવા;

(૨) ખંડ (ખ) કમી કરવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૬૩નો સુધારો

૧૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૩માં, પેટા-કલમ (૧)માં, નીચેના પરંતુકો દાખલ કરવા:-

"પરંતુ જેનું વેરાપાત્ર ટર્નઓવર પચીસ લાખ કરતાં વધુ હોય તેવા રજિસ્ટર થયેલા વેપારીએ, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવ્યાના નિયત દિવસ અગાઉના છેલ્લા દિવસે પૂરી થતી મુદત સુધીનું હિસાબના ચોપડામાંથી ઠરાવવામાં આવે તેવી વિગતો દર્શાવતું આખરી (છેવટનું) પત્રક ઠરાવવામાં આવે તેવી રીતે ફાઈલ કરવું જોઈશે : સન ૨૦૧૭નો ગુજરાતનો...

વધુમાં, વેરા શાખની પાંચ લાખ રૂપિયા કરતાં વધુ રકમ આગળ લઈ જવામાં આવે ત્યારે, આવા આખરી પત્રકને લગતાં હિસાબના ચોપડા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે યોગ્ય રીતે ઓડિટ કરાવવા જોઈશે.".

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૦૦નો સુધારો.

૧૮. કલમ ૧૦૦માં, પેટા- કલમ (૨) પછી, નીચેની પેટા- કલમ ઉમેરવી :- સન ૨૦૧૭નો ગુજરાતનો...

"(૨ક) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ના સુધારાથી-

(ક) આવા સુધારા અથવા રદ કરવાના સમયે અમલમાં ન હોય અથવા વિદ્યમાન ના હોય તેવુ કંઈ પણ ફરી ચાલુ કરી શકાશે નહિ; અથવા

(ખ) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવતાં પહેલાં આ અધિનિયમના અગાઉના અમલ અને તે હેઠળ કરેલા હુકમો, યોગ્ય રીતે કરેલા કોઈ પણ કૃત્યો અથવા લીધેલા પગલાને અસર થશે નહિ; અથવા સન ૨૦૧૭નો ગુજરાતનો...

(ગ) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અથવા તે હેઠળ કરેલા હુકમો અમલમાં આવતાં પહેલાં આ અધિનિયમ હેઠળ સંપાદિત કરેલ, ઉપાર્જિત કરેલ, વહોરેલ કોઈ હક, વિશેષાધિકાર, ફરજ અથવા જવાબદારીને અસર થશે નહી : સન ૨૦૧૭નો ગુજરાતનો...

પરંતુ જાહેરનામા દ્વારા મૂડીરોકાણ સામે પ્રોત્સાહક તરીકે આપવામાં આવેલી કોઇ વેરા માફી, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવે તે તારીખે અથવા તે પછી, સદરહુ જાહેરનામું રદ કરવામાં આવ્યું હોય તો વિશેષાધિકાર તરીકે ચાલુ રહેશે નહિ; અથવા સન ૨૦૧૭નો ગુજરાતનો...

(ઘ) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવતાં પહેલાં આ અધિનિયમની જોગવાઇઓ વિરૂધ્ધ કરેલા કોઇ ગુના અથવા ઉલ્લંઘનના સંબંધમાં લેણા હોય અથવા લેણા થાય તેવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ અથવા વહોરેલ કોઇ જપ્તી અથવા કરેલ કોઇ સજાને અસર થશે નહિ ; અથવા સન ૨૦૧૭નો ગુજરાતનો...

(ચ) ઉપર્યુક્ત પ્રમાણેના એવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ, હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી, જપ્તી અથવા શિક્ષાના સંબંધમાંની કોઇ તપાસણી, તપાસ, ખરાઇ (ચકાસણી અને ઓડિટ સહિત), આકારણીની કાર્યવાહીઓ, ન્યાયનિર્ણય અને કોઇ બીજી કાનૂની કાર્યવાહી અથવા બાકી લેણાંની વસૂલાત અથવા ઉપાયને અસર થશે નહિ અને એવી કોઇ તપાસણી, તપાસ, ખરાઇ (ચકાસણી અને ઓડિટ સહિત), આકારણીની કાર્યવાહીઓ, ન્યાયનિર્ણય અને કોઇ બીજી કાનૂની કાર્યવાહી અથવા બાકી લેણાની વસૂલાત અથવા ઉપાય શરૂ કરી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં લાવી શકાશે અને એવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ, જપ્તી અથવા શિક્ષા લઇ શકાશે અથવા કરી શકાશે; અથવા

(છ) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવતાં પહેલાં શરૂ કરાયેલ હોય તેવા અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભને લગતી કાર્યવાહી સહિત કોઇ કાર્યવાહીઓને અસર થશે નહિ અને એવી કાર્યવાહીઓ, સદરહુ સુધારા અધિનિયમ હેઠળ ચાલુ રાખવામાં આવશે.''. સન ૨૦૧૭નો ગુજરાતનો...

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૧ અને અનુસૂચિ ૨ કમી કરવા બાબત.

૧૯. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧ અને અનુસૂચિ ૨ કમી કરવી.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૩ બદલવા બાબત.

૨૦. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૩-ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:-

"અનુસૂચિ ૩
(જુઓ કલમ ૭)

જેના વેચાણો વેરાપાત્ર હોય તે માલ અને વેરાના દર

અનુક્રમાંક	માલનું વર્ણન	વેરાનો દર
૧	હાઈ સ્પીડ ડીઝલ	રૂપિયે ચોવીસ પૈસા
૨	(સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું) મોટર સ્પિરિટ	રૂપિયે છવ્વીસ પૈસા
૩	પેટ્રોલિયમ ક્રુડ	રૂપિયે પાંચ પૈસા
૪	એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ડ્યુટી પેઈડ)	રૂપિયે ત્રીસ પૈસા
૫	એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (બોન્ડેડ)	રૂપિયે આડત્રીસ પૈસા
૬	કુદરતી ગેસ (વાયુ)	રૂપિયે પંદર પૈસા
૭	માનવ વપરાશ માટેનો આલ્કોહોલ યુકત દારૂ	રૂપિયે પાંસઠ પૈસા.".

INDEX

ઉદ્દેશો અને કારણો

સંવિધાન (એકસો એકમા સુધારા) અધિનિયમ, ૨૦૧૬થી, પેટ્રોલિયમ ક્રુડ, હાઇ સ્પીડ ડિઝલ, (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે ઓળખાતું) મોટર સ્પિરિટ, કુદરતી વાયુ, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ અને માનવ વપરાશ માટેના આલ્કોહોલ યુકત દારૂ જેવા માલ સિવાયના માલ માટે મૂલ્ય વર્ધિત વેરાને સ્થાને માલ અને સેવા વેરા લાગુ પાડવાના છે, જે, માલ અને સેવા વેરા કાઉન્સિલ ભલામણ કરે તેવી તારીખથી અમલી બનશે. તેથી, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩માં જરૂરી સુધારા કરવા આવશ્યક છે. અધિનિયમમાંના મહત્વના સુધારાના ઉદ્દેશો અને કારણો નીચે પ્રમાણે છેઃ-

૧. ભારતના સંવિધાનની યાદી-૨ ની નોંધ ૫૪ માંના સુધારા પ્રમાણે, હવે ખરીદ વેરા લઈ શકાશે નહિ. તેથી અધિનિયમની દીર્ઘ સંજ્ઞામાંથી ''ખરીદીઓ'' એ શબ્દ કમી કરવો જરૂરી છે.

૨. પ્લાન્ટ, મશીનરી (યંત્રસામગ્રી), પેકિંગની સામગ્રી, ભંગાર (સ્ક્રેપ) વગેરેને મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમમાંથી બાકાત કર્યા હોવાથી, ધંધાની વ્યાખ્યા સુધારવાની છે.

૩. કલમ ૫ની પેટા-કલમો (૧) અને (૧ક)ને કમી કરવા ધારી છે, કારણકે કલમ ૫(૨) હેઠળ જાહેર કરેલ હોય તે સિવાય કોઈ મુક્તિ આપેલ માલ રહેશે નહિ. વધુમાં, ગુજરાત ખાસ આર્થિક ઝોન અધિનિયમ, ૨૦૦૪થી, અનુસૂચિ ૩ દ્વારા આવરી લીધેલા તમામ મુક્તિ આપેલ માલને બાકાત કરીને, તમામ વેરાપાત્ર માલને અનુસૂચિ ૩માં સમાવેશ કરવા ધાર્યું છે.

૪. ફક્ત છ પ્રકારના માલને, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ આવરી લીધા છે. કૃષિ, ખેડૂત દ્વારા ખેડાણ, કેપિટલ ગુડઝ (મૂડીગત માલ)ને લગતી અમુક અસંબદ્ધ જોગવાઈઓ કમી કરવાની છે. તદનુસાર માલની વ્યાખ્યા પણ સુધારવાની છે. ફક્ત છ પ્રકારના માલ ઉપર વેરો લેવાને લગતી કલમ ૭ સુધારવાની છે, અનુસૂચિઓ ૧ અને ૨ કમી કરવાની છે અને અનુસૂચિ ૩-ને છ પ્રકારના માલ પરના વેરાના દર દર્શાવવા માટે સુધારવાની છે. છૂટક વેચાણ કિંમત પર વેરો લેવાને લગતી સત્તા આપતી જોગવાઈ પણ કલમ ૭-માં કરી છે.

૫. ભારતના સંવિધાનથી રાજયને ખરીદી પર વેરો લેવાની સત્તા મળતી ન હોવાથી, કલમ ૯ કમી કરવા ધારી છે.

૬. કલમ ૧૦-માં બિનજરૂરી વિસંગતતા ઊભી ન થાય તે માટે, પેકિંગની કિંમતનો વેચેલા માલની કિંમતમાં સમાવેશ કરેલ છે.

૭. મૂલ્ય વર્ધિત વેરા માટે બાકી રહેતા મર્યાદિત વેરાપાત્ર માલને ધ્યાનમાં લેતાં, કલમ ૧૧ સુધારવા ધાર્યું છે. સૂચિત ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ પતાવટ ઈચ્છતા ઉત્પાદકના કિસ્સામાં, ઈનપુટ વેરા શાખ ઘટાડવા માટે, પેટા-કલમ (૮)માં જોગવાઈઓ કરી છે.

૮. ઊચક વેરો દૂર કરવામાં આવ્યો છે અને તેથી, કલમો ૧૪, ૧૪ ક, ૧૪ ખ, ૧૪ ગ અને ૧૪ ઘ કમી કરવા ધાર્યું છે.

૯. ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭નો વિકલ્પ લેનારા અને ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઈઓ હેઠળ વેરો ભરવા જવાબદાર ન હોય તેવા તમામ રજિસ્ટર થયેલ વેપારીઓના રજિસ્ટ્રેશન રદ જાહેર કરવા માટે કલમ ૨૭-ક દાખલ કરવા ધાર્યું છે.

૧૦. તમામ રજિસ્ટર થયેલ વેપારીઓ માટે આખરી પત્રક (રિટર્ન) મેળવવા અને અમુક કિસ્સામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ થયેલો અહેવાલ (રિપોર્ટ) મેળવવા માટે કલમ ૬૩ સુધારવા ધાર્યું છે.

૧૧. કુદરતી વાયુ, ક્રુડ અને માનવ વપરાશ માટેના આલ્કોહોલ યુકત દારૂને, અનુસૂચિ ૩-માં સમાવેશ કરવા ધાર્યું છે. વધારાના વેરાને, પણ વિલીન કરેલ છે અને વેરાનો એક જ દર રહેશે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

નીતિન પટેલ,

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨) થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૩જી મે, ૨૦૧૭. **નીતિન પટેલ.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૩જી મે, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 129

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MAY 3, 2017/VAISAKHA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૩જી મે, ૨૦૧૭.

તારીખઃ ૩જી મે, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **વિધેયક ક્રમાંકઃ ૨૭** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO.27 OF 2017.

THE GUJARAT LOCAL AUTHORITIES LAWS (AMENDMENT) BILL, 2017.

A BILL

further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949, the Gujarat Municipalities Act, 1963 and the Gujarat Panchayats Act, 1993.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૭ .

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૭.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખથી અમલમાં આવશે.

સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૨ નો સુધારો.

સન૧૯૪૯નો મુંબઈનો પ૯મો. ૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, ખંડ (૧૮-ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

"(૧૮ ખ) "મનોરંજન" એ શબ્દમાં, જેમાં વ્યક્તિઓને ચુકવણી કર્યેથીપ્રવેશ આપવામાં આવતો હોય તેવા અથવા ટેલિવિઝન સાથે જોડેલા કેબલ નેટવર્ક સાથેના કોઇપણ પ્રકારના એન્ટેનાની સહાયથી ટેલિવિઝન પ્રદર્શનના કિસ્સામાં અથવા કેબલ ટેલિવિઝન અથવા ડાયરેક્ટ-ટુ-હોમ (D T H) બ્રોડકાસ્ટિંગ સર્વિસના કિસ્સામાં, જેના માટે વ્યક્તિઓએ ફાળો અથવા લવાજમ અથવા ઇન્સ્ટોલેશન (સ્થાપન) ચાર્જીસ અથવા કનેક્શન (જોડાણ) ચાર્જીસ અથવા ગમે તે કોઇ રીતે ઉઘરાવેલા કોઇ બીજા ચાર્જીસ રૂપે ચુકવણી કરવી જરૂરી હોય તેવા કોઇ પ્રદર્શન, ભજવણી, તમાશો (જાહેર કાર્યક્રમ), રમતગમત અથવા ખેલકૂદનો સમાવેશ થાય છે.''.

સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૧૨૭નો સુધારો.

૩. મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમમાં, કલમ ૧૨૭માં, પેટા-કલમ (૨)માં,-

(૧) ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

"(ગગ) મનોરંજન ઉપરનો કર.";

(૨) ખંડ (છ)માં, "અથવા કોઇ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપરનો કર ન હોય તેવો'' એ શબ્દો કમી કરવા.

સન ૧૯૬૩નો ગુજરાતનો ૩૪મો.

સન ૧૯૬૩ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૨-નો સુધારો. ૪. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, ''નગરપાલિકા અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, ખંડ (૭ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

''(૭કક) "મનોરંજન" એ શબ્દમાં, જેમાં વ્યક્તિઓને ચુકવણી કર્યેથી પ્રવેશ આપવામાં આવતો હોય તેવા અથવા ટેલિવિઝન સાથે જોડેલા કેબલ નેટવર્ક સાથેના કોઇપણ પ્રકારના એન્ટેનાની સહાયથી ટેલિવિઝન પ્રદર્શનના કિસ્સામાં અથવા કેબલ ટેલિવિઝન અથવા ડાયરેક્ટ-ટુ-હોમ (D T H) બ્રોડકાસ્ટિંગ સર્વિસના કિસ્સામાં, જેના માટે વ્યક્તિઓએ ફાળો અથવા લવાજમ અથવા ઇન્સ્ટોલેશન (સ્થાપન) ચાર્જીસ અથવા કનેક્શન (જોડાણ) ચાર્જીસ અથવા ગમે તે કોઇ રીતે ઉઘરાવેલા કોઇ બીજા ચાર્જીસ રૂપે ચુકવણી કરવી જરૂરી હોય તેવા કોઇ પ્રદર્શન, ભજવણી, તમાશો (જાહેર કાર્યક્રમ), રમતગમત અથવા ખેલકૂદનો સમાવેશ થાય છે.''.

INDEX

૫. નગરપાલિકા અધિનિયમમાં, કલમ ૯૯માં, પેટા–કલમ (૧)માં, સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૯૯નો સુધારો.

(૧) ખંડ (૧૫)માં, "કોઇ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપરનો કર ન હોય તેવો" એ શબ્દો કમી કરવા.

(૨) ખંડ (૧૫) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૧૬) મનોરંજન ઉપરનો કર.".

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

૬. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, ''પંચાયત અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨–માં, ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:– સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨–નો સુધારો.

''(૭ક) "મનોરંજન" એ શબ્દમાં, જેમાં વ્યક્તિઓને ચુકવણી કર્યેથી પ્રવેશ આપવામાં આવતો હોય તેવા અથવા ટેલિવિઝન સાથે જોડેલા કેબલ નેટવર્ક સાથેના કોઇપણ પ્રકારના એન્ટેનાની સહાયથી ટેલિવિઝન પ્રદર્શનના કિસ્સામાં અથવા કેબલ ટેલિવિઝન અથવા ડાયરેક્ટ–ટુ–હોમ (D T H) બ્રોડકાસ્ટિંગ સર્વિસના કિસ્સામાં,જેના માટે વ્યક્તિઓએ ફાળો અથવા લવાજમ અથવા ઇન્સ્ટોલેશન (સ્થાપન) ચાર્જીસ અથવા કનેક્શન (જોડાણ) ચાર્જીસ અથવા ગમે તે કોઇ રીતે ઉઘરાવેલા કોઇ બીજા ચાર્જીસ રૂપે ચુકવણી કરવી જરૂરી હોય તેવા કોઇ પ્રદર્શન, ભજવણી, તમાશો (જાહેર કાર્યક્રમ), રમતગમત અથવા ખેલકૂદનો સમાવેશ થાય છે.''.

૭. પંચાયત અધિનિયમમાં, કલમ ૨૦૦માં, પેટા–કલમ (૧)માં,– સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨૦૦નો સુધારો.

(૧) ખંડ (૪) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૪–ક) મનોરંજન ઉપરનો કર.'';

(૨) ખંડ (૧૦)માં, "અથવા કોઇ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપર કર" એ શબ્દો કમી કરવા.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ મનોરંજન કર અત્યાર સુધી રાજ્ય સરકાર દ્વારા લેવામાં અને ઉઘરાવવામાં આવતો હતો, પરંતુ સંવિધાન (એકસો એકમા સુધારા) અધિનિયમ, ૨૦૧૬ના અમલને કારણે, રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતા મનોરંજન કરનો તેમાં (સંવિધાન (એકસો એક સુધારા) અધિનિયમ, ૨૦૧૬માં) સમાવેશ થઇ જતો હોવાથી, ગુજરાત રાજ્યમાં હાલમાં અમલમાં છે તે ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭–ને સૂચિત ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭–થી રદ કરવામાં આવશે.

ભારતના સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨–ની નોંધ ૬૨ પણ સદરહુ સંવૈધાનિક સુધારાથી, પંચાયત અથવા નગરપાલિકા અથવા પ્રાદેશિક કાઉન્સિલ અથવા જિલ્લા કાઉન્સિલને મનોરંજન અને આનંદપ્રમોદ પરના કર લેવા અને ઉઘરાવવાની સત્તા આપવા માટે બદલવામાં આવી છે. ગુજરાત રાજ્યમાંના મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા અને પંચાયતને સત્તા આપવા માટે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩–માં સુધારો કરવાનું જરૂરી જણાયું છે. સદરહુ અધિનિયમોમાં આવશ્યક સુધારા,સૂચિત કરવામાં આવ્યા છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમો સુધારવા ધાર્યું છે.

નીતિન પટેલ,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:–

કલમ ૧.– આ કલમની પેટા–કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૩જી મે, ૨૦૧૭. **નીતિનપટેલ.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એમ.લાલા,
ગુજરાતસરકારનાસચિવ,
વૈધાનિક અને સંસદીયબાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૩જી મે, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 130

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MAY 4, 2017/VAISAKHA 14, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૪થી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ** વિભાગ–ના તારીખ: **૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીપી/૬૧/કેઆરવી/૧૦૨૦૧૪/૪૮૨/ચ**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
The Laboratory Technician, Class III, in the subordinate service of the Directorate of Medical Services, Employees' State Insurance Scheme, Recruitment Rules, 2016.
નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, પ્રયોગશાળા તકનિકવિદ્ (લેબોરેટરી ટેકનિશિયન), વર્ગ ૩,ભરતી નિયમો,૨૦૧૬ સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીપી/૬૧/કેઆરવી/૧૦૨૦૧૪/૪૮૨/ચ–ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, પ્રયોગશાળા તકનિકવિદ્ (લેબોરેટરી ટેકનિશિયન), વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો, નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, પ્રયોગશાળા તકનિકવિદ્ (લેબોરેટરી ટેકનિશિયન), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, પ્રયોગશાળા તકનિકવિદ્ (લેબોરેટરી ટેકનિશિયન), વર્ગ ૩ ની જગા ઉપરની નિમણૂક,

(ક) (૧) જેણે નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, પ્રયોગશાળા તકનિકવિદ્ (લેબોરેટરી ટેકનિશિયન), વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ભૌતિક વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર અને અંગ્રેજી વિષય સાથે ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદ્દતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨–માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,–

(ક) ૩૬ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિઃ

INDEX

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય–મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટિઓ પૈકીની કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કમલ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી મુખ્ય વિષય તરીકે રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) અથવા જીવ–રસાયણશાસ્ત્ર (બાયો–કેમેસ્ટ્રી) અથવા સૂક્ષ્મ જીવવિજ્ઞાન (માઈક્રોબાયોલોજિ)માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) સરકારે માન્ય કરેલી સંસ્થા અથવા મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા–એ માન્ય કરેલી તબીબી કોલેજ દ્વારા ચલાવવામાં આવતા પ્રયોગશાળા તકનિકવિદ્ (લેબોરેટરી ટેકનિશિયન કોર્સ) પાસ કરેલો હોય,

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 131 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MAY 4, 2017/VAISAKHA 14, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૪થી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ** વિભાગ–ના તારીખ: **૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીપી/૬૦/કેઆરવી/૧૦૨૦૧૦/૮૧૬/ચ**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Chief Pharmacist/Store Officer, Class III, in the subordinate service of the Directorate of Medical Services, Employees' State Insurance Scheme, Gujarat State, Recruitment Rules, 2016.

નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજનાની,ગુજરાત રાજ્યની, તાબાની સેવામાં, ચીફ ફાર્મસિસ્ટ (મુખ્ય ઔષધ નિર્માણ વિજ્ઞાની)/સ્ટોર ઓફિસર (ભંડાર અધિકારી), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીપી/૬૦/કેઆરપી/૧૦૨૦૧૦/૮૧૬/ચ:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત રાજ્યની, તાબાની સેવામાં, ચીફ ફાર્મસિસ્ટ (મુખ્ય ઔષધ નિર્માણ વિજ્ઞાની)/સ્ટોર ઓફિસર (ભંડાર અધિકારી), વર્ગ ૩– ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત રાજ્યની, તાબાની સેવામાં, ચીફ ફાર્મસિસ્ટ (મુખ્ય ઔષધ નિર્માણ વિજ્ઞાની)/સ્ટોર ઓફિસર (ભંડાર અધિકારી), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત રાજ્યની, તાબાની સેવામાં, ચીફ ફાર્મસિસ્ટ (મુખ્ય ઔષધ નિર્માણ વિજ્ઞાની)/સ્ટોર ઓફિસર (ભંડાર અધિકારી)ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત રાજ્યની, તાબાની સેવામાં, સિનિયર ફાર્મસિસ્ટ, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨ માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર–

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય, ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ,

INDEX

૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ફાર્મસીમાં અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(૧) નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત રાજ્યની, તાબાની સેવામાં, જુનિયર ફાર્મસિસ્ટ, વર્ગ ૩–ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) સરકાર, સ્થાનિક મંડળો, સરકાર હસ્તકના બોર્ડ, કોર્પોરેશન, અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની અથવા હોસ્પિટલ્સમાં, ફાર્મસિસ્ટ (ઔષધ નિર્માણ વિજ્ઞાની) અથવા સ્ટોર કીપર તરીકેનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ગ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ફાર્મસીની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(૧) નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત રાજ્યની, તાબાની સેવામાં, જુનિયર ફાર્મસિસ્ટ, વર્ગ ૩–ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) સરકાર, સ્થાનિક મંડળો, સરકાર હસ્તકના બોર્ડ, કોર્પોરેશન, અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની અથવા હોસ્પિટલ્સમાં, ફાર્મસિસ્ટ (ઔષધ નિર્માણ વિજ્ઞાની) અથવા સ્ટોર કીપર તરીકેનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે.

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી ભરતીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઇઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવાર, એવી રીતે રજિસ્ટર થયેલ ન હોય, તો તેણે સીધી પસંદગી માટેની તેની અરજીના સમયે ભારતનો ફાર્મસી અધિનિયમ, ૧૯૪૮ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા તત્સમાન કાયદા હેઠળ પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 132 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MAY 4, 2017/VAISAKHA 14, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૪થી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**-ના (૧) તારીખઃ **૨૪મી જાન્યુઆરી, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃજીપી/૨/કેઆરવી/૧૦૨૦૧૩/૧૬૫૧/ચ, અને** (૨) તારીખઃ **૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃજીપી/૪/કેઆરવી/૧૦૨૦૧૬/૬૬૬/ચ.**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Staff Nurse, Class-III, in the subordinate service of the Directorate of Medical Services, Employees' State Insurance Scheme, Recruitment Rules, 2016.

નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.૨૪મી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીપી/૨/કેઆરવી/૧૦૨૦૧૩/૧૬૫૧/ચઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજના–ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજના–ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર–

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતીય નર્સિંગ કાઉન્સિલ અથવા ગુજરાત નર્સિંગ કાઉન્સિલ–એ માન્ય કરેલી સંસ્થામાંથી જનરલ (સામાન્ય) નર્સિંગ અને મિડવાઇફરિમાં ડિપ્લોમા મેળવેલ હોય; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી અને ભારતીય નર્સિંગ કાઉન્સિલ એ માન્ય કરેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી બી.એસસી. (નર્સિંગ) અથવા પોસ્ટ બેઝિક બી.એસસી. (નર્સિંગ)ની પદવી ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯– ક–ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, એવી રીતે નોંધાયેલા (રજિસ્ટર થયેલા) ન હોય, તો તેણે, રજિસ્ટર્ડ નર્સ અને રજિસ્ટર્ડ મિડવાઇફરિ તરીકે નર્સિંગ કાઉન્સિલમાં નોંધણી કરાવવાની રહેશે અથવા તેને સમકક્ષ, ગુજરાત નર્સ, મિડવાઇવ્ઝ અને આરોગ્ય તપાસનીશ અધિનિયમ, ૧૯૬૮ હેઠળ, ફરજ ઉપર જોડાતા પહેલા, પોતાની નોંધણી કરાવવાની રહેશે.

INDEX

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, જો તેને એમ ફરમાવવામાં આવે, તો તાલીમમાં ગાળેલી કોઇ મુદત હોય, તો તે સહિત, ચાર વર્ષથી ઓછી ન હોય તેટલી મુદત માટે ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલી જગાની કોઇપણ સંરક્ષણ સેવા અથવા જગામાં સેવા બજાવવી પડશે:

પરંતુ આવા ઉમેદવારે,-

(ક) તેની નિમણૂકની તારીખથી દસ વર્ષ પૂરાં થયા પછી ઉપર્યુક્ત પ્રમાણેની સેવા બજાવવાનું જરૂરી રહેશે નહિ;

(ખ) પિસ્તાળીસ વર્ષની ઉંમર પ્રાપ્ત કર્યા પછી ઉપર્યુક્ત પ્રમાણેની સેવા બજાવવાનું સામાન્યત: જરૂરી રહેશે નહિ.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,

સરકારના ઉપ સચિવ

Notification
Regarding
The Physiotherapist, Class-III, in the Directorate of Medical Services, Employees' State Insurance Scheme, Recruitment Rules, 2016.

નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજનાની કચેરીમાં, ફિઝિઓથેરપિસ્ટ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી
જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીપી/૪/કેઆરવી/૧૦૨૦૧૬/૬૬૬/ચ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજના–ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ફિઝિઓથેરપિસ્ટ, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:

૧. આ નિયમો, નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજનાની કચેરીમાં, ફિઝિઓથેરપિસ્ટ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજના–ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ફિઝિઓથેરપિસ્ટ, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર–

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ફિઝિઓથેરપિમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,
સરકારના ઉપ સચિવ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 133

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MAY 4, 2017/VAISAKHA 14, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૪થી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**–ના તારીખ:૨૪મી જાન્યુઆરી, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીપી/૩/કેઆરપી/૧૦૨૦૧૦/૧૬૦૦/ચ**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Central Sterilizer Technician, Class-III, in the subordinate service of the Directorate of Medical Services, Employees' State Insurance Scheme, Recruitment Rules, 2016.

નિયામક, તબીબી સેવાઓ,કામદાર રાજ્ય વીમા યોજનાની તાબાની સેવામાં, સેન્ટ્રલ સ્ટરિલાઈઝર ટેકનિશિયન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.૨૪મી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીપી/૩/કેઆરવી/૧૦૨૦૧૦/૧૬૦૦/ચ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજના–ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સેન્ટ્રલ સ્ટરિલાઈઝર ટેકનિશિયન, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજનાની કચેરીની તાબાની સેવામાં, સેન્ટ્રલ સ્ટરિલાઈઝર ટેકનિશિયન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજના–ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સેન્ટ્રલ સ્ટરિલાઈઝર ટેકનિશિયન, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧) જેણે નિયામક, તબીબી સેવાઓ, કામદાર વીમા યોજના–ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સેન્ટ્રલ સ્ટરિલાઈઝર આસિસ્ટન્ટ, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ભૌતિક વિજ્ઞાન (ફિઝિક્સ), રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) અને અંગ્રેજી વિષય સાથે ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨–માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,–

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી વિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્ર (ફિઝિક્સ) અથવા રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી)માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

INDEX

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 134

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MAY 5, 2017/VAISAKHA 15, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, પમી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**–ના તારીખ: **૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીજી/૧૨૨/ટીટીસી/૧૦૨૦૧૦/૨૮૨(ભાગ–૩)/વી.**– નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Government Notification, Home Department
No. GG/31/TTC/102010/282/V, dated 25th June, 2010.

ગૃહ વિભાગનું તારીખ: ૨૫મી જૂન, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૩૧/ટીટીસી/૧૦૨૦૧૦/૨૮૨/વી. સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીજી/૧૨૨/ટીટીસી/૧૦૨૦૧૦/૨૮૨ (ભાગ-૩)/વી: ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)ની કલમ ૨ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ: ૨૫મી જૂન, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૩૧/ટીટીસી/૧૦૨૦૧૦/૨૮૨/વી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, ભાગ ૧માં, કચ્છ જિલ્લા (પશ્ચિમ ડિવિઝન)ને લગતી,-

(૧) અનુક્રમાંક: ૧ પરની વિદ્યમાન નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

અનુ ક્રમાંક	ડિવિઝન/ સબ-ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૧.	કચ્છ જિલ્લો (પશ્ચિમ ડિવિઝન)	નખત્રાણા	નખત્રાણા	સદર બીટ	-	(૧) અરલમોટી (૨) બગપાટ (૩) બેરૂ (૪) ભારાપર (ગ) (૫) ગડાપુઠા (૬) ચાવડકા (૭) ચરાખડા (૮) દેવીસર (૯) દેવસર (૧૦) ધામાય (૧૧) ધાવડામોટા (૧૨) જાડાય (૧૩) જતાવીરા (૧૪) જડોદર (૧૫) ખાંભલા (૧૬) કોટડા (જ) (૧૭) લાખિયારવીરા (૧૮) મથલ (૧૯) મોટાઅંગિયા (૨૦) નાના ધાવડા

INDEX

						(૨૧) નાના અંગિયા (૨૨) નાની અરલ (૨૩) નાના નખત્રાણા (૨૪) નખત્રાણા (૨૫) નાગલપર (૨૬) સાંગનારા (૨૭) સુખપર(વીરાણી) (૨૮) ઉમરાપર (૨૯) વીરાણી નાની (૩૦) વીરાણીમોટી (૩૧) વ્યાર (૩૨) જીંદાય (જાડાઇ) (૩૩) વીરખાલ (૩૪) ગણેશનગર
					ઘડાણી	(૧) ઘડાણી (૨) રવાપર (૩) રતડિયા (૪) ઉગેડી (૫) આમારા (૬) વિગોડી (૭) મુરુ (૮) મોટા વાલ્કા (૯) દેશલપર (ગુથલી) (૧૦) નાગવીરી (૧૧) ગજણસર (૧૨) નાના વાલ્કા (૧૩) મોરાય (૧૪) નાડાપા (૧૫) ઐયર (૧૬) ખીરસરા (૧૭) હીરાપર (૧૮) નવાવાસ (૧૯) જીજાય (જીંજાય)
					મંજલ	(૧) મંજલ (૨) વીથોણ (૩) મોરજર (૪) ભડલી (૫) સાયરા (સાંયરા) (૬) આણંદસર (૭) લક્ષ્મીપર (તરા) (૮) તરા (૯) દેવપર (યક્ષ) (૧૦) કલ્યાણપર

INDEX

						(૧૧) અધોછની (૧૨) સુખસાણ (૧૩) મોટા ચક્ષ (કકડભીટ) (૧૪) મોરગર (૧૫) રાણારા મોટા (૧૬) રાણારા નાના (૧૭) લાખાડી (૧૮) થરાવડા (૧૯) કોટડા (થ) (૨૦) આણંદપર (ચક્ષ) (૨૧) વમરા પાડર (૨૨) મથલા પાડર (૨૩) માધાપર (માથાપર) (મંજલ) (૨૪) મણિપર (૨૫) પલીવાડ (૨૬) નવી મંજલ
					રસલિયા	(૧) બાંડિયારા (૨) લક્ષ્મીપર (નેત્રા) (૩) મોટાકાદીયા (૪) મોટી ખોંભડી (૫) નાનાકાદીયા (૬) નાનીખોંભડી (૭) નેત્રા (૮) રસલિયા (૯) ટોડિયા (૧૦) ઉખેડા (૧૧) ભુજાય મોટી (૧૨) ભુજાય નાની (૧૩) રામપર (સરવા) (૧૪) રંગાય પડાર (૧૫) હીરાપર (૧૬) ભારાપર ભદ્રા
					મંગવાણા	(૧) જીયાપર (૨) મંગવાણા (૩) સુખપર (રોહા) (૪) વરમછેડા (૫) વીજપાસર (૬) વડવાકાયા (૭) સામાપર (૮) વડવા (ભોપા)
					રોહા	(૧) ખીરસરા નવા (૨) મોસુણા

INDEX

						(૩) નાની ગંગોણ (૪) મોટી ગંગોણ (૫) રામપર (રોહા) (૬) રોહા (૭) વેસલપર (૮) વિભાપર (૯) ઓળંગીયા (૧૦) નારણપર (૧૧) ખુઈયા (કોટીયા) (૧૨) ખીરસરા ટીમ્બો
					કોટડા (રોહા)	(૧) ભીટારા (૨) ભોજરાજવાંઢ (૩) જારજોગ (૪) જેસરવાંઢ (૫) કોટડા (રોહા) (૬) દનણા (૭) હમીરપર
૧૬.	**કચ્છ જિલ્લો (પશ્ચિમ ડિવિઝન)**	**નખત્રાણા**	**નીરોણા**			(૧) નીરોણા (૨) અકાદના (૩) ભીમસર (૪) બીબર (૫) ડાડોર (૬) હીરાપર (૭) ખારડીયા (૮) મેડીસર (૯) ઓરીડા (૧૦) પાલનપુર (બાડી) (૧૧) રતામીયા (૧૨) થાન (જાગીર) (૧૩) જાલુ (૧૪) ઉલટ (૧૫) વંગ (૧૬) રાજડાય (૧૭) મોતીચુર (૧૮) હરિપુરા (૧૯) મોટી ગોધીયાર (૨૦) નાની ગોધીયાર (૨૧) અમરગઢ નાની (૨૨) મોટી વેડહાર (૨૩) ચંદ્રનગર (૨૪) કુલાય (૨૫) છારી (૨૬) લૈયારી

INDEX

						(૨૭) તલ (૨૮) વેડહાર (૨૯) ગેચડા (૩૦) પૈયા.".

(૨) "ડિવિઝન/સબ–ડિવિઝન" એ શીર્ષક હેઠળ કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ "નખત્રાણા"ને લગતી અનુક્રમાંક ૪ પરની નોંધમાં, "પોલીસ સ્ટેશન" એ શીર્ષક હેઠળ કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ "વાયોર"ને લગતી નોંધમાં, "સ્થાનિક વિસ્તારો/ગામો" એ શીર્ષક હેઠળ, કોલમ ૩માં, નોંધ નંબર ૭ પછી, નીચેની નોંધ ઉમેરવી:–

(૨૧) સાંઘી સીમેન્ટ (કોલોની સહિત);

(૩) "ડિવિઝન/સબ–ડિવિઝન" એ શીર્ષક હેઠળ કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ "નખત્રાણા"ને લગતી અનુક્રમાંક ૭ પરની નોંધમાં, "પોલીસ સ્ટેશન" એ શીર્ષક હેઠળ કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ "નારાયણ સરોવર'ને લગતી નોંધમાં, "આઉટ–પોસ્ટ" શીર્ષક હેઠળ કોલમ (૬)માં નિર્દિષ્ટ કરેલ "બારાન્દા આઉટ–પોસ્ટ"ને લગતી નોંધમાં, "સ્થાનિક વિસ્તારો/ગામો" એ શીર્ષક હેઠળ, કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી નોંધ નંબર "(૨૩) સાંઘી સીમેન્ટ (કોલોની સહિત)" કમી કરવી;

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.આર.ભમ્મર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No.135

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MAY 8, 2017/VAISAKHA 18, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**ના તારીખ : ૧૩/૦૪/૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ **જીવાયસી /૩/ ૨૦૧૭/ એસએચએલ /૧૦૨૦૦૬ /૯૦૧/ એ.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Assistant Curator, Class-III,
Recruitment Rules, 2015.

મદદનીશ ક્યુરેટર (આસિસ્ટન્ટ ક્યુરેટર) વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૩મી એપ્રિલ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીવાયસી/૩/૨૦૧૭/એસએચએલ/૧૦૨૦૦૬/૯૦૧/એ.:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ ક્યુરેટર (આસિસ્ટન્ટ ક્યુરેટર) વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:

૧. આ નિયમો, મદદનીશ ક્યુરેટર (આસિસ્ટન્ટ ક્યુરેટર) વર્ગ–૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. મદદનીશ ક્યુરેટર (આસિસ્ટન્ટ ક્યુરેટર) વર્ગ–૩, ભરતી નિયમો,૨૦૧૫માં, નિયમ ૩માં,–

(૧) ખંડ (ક)માં, "૩૨ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૭ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) ખંડ (ખ)માં, પેટા–ખંડ (૨)માં, "અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે" એ શબ્દો કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. જી. જોષી,
સરકારના ઉપ સચિવ.

———————

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No.136

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MAY 8, 2017/VAISAKHA 18, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ : **૨૫મી એપ્રિલ, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ પીટી/૨૦૧૭/૧૩/એમટીએ/૧૦૨૦૧૦/૪૦૬/ખ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Motor Vehicles Tax Act, 1958.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮ હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૫મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮

ક્રમાંકઃ પીટી/૨૦૧૭/૧૩/એમટીએ/૧૦૨૦૧૦/૪૦૬/ખ.-- મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૮ના પેટા-નિયમ(૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા મોટર વાહનોના સંબંધમાં, જાહેર હિતમાં, મોટર વાહન વેરો ભરવા માટેની સમયમર્યાદા તારીખઃ ૩૦મી એપ્રિલ,૨૦૧૭ સુધી વધારે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 137 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MAY 8, 2017/VAISAKHA 18, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૮ મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**–ના તારીખ: **૧૨મી એપ્રિલ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: પીટી/૨૦૧૭/૧૨/એમટીએ/૧૨૨૦૧૬/૨૭૭૫/ખ**– નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
under
The Gujarat Motor Vechicles Tax Act, 1958.
ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮ હેઠળ
જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૨મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંકઃ પીટી/૨૦૧૭/૧૨/એમટીએ/૧૨૨૦૧૬/૨૭૭૫/ખઃ–ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના મુંબઈના ૨૯મા) હેઠળ, સત કૈવલ આઈ હોસ્પિટલ, સારસા, તાલુકોઃ આણંદ, જિલ્લોઃ આણંદ (જેનો આમાં હવે પછી, ''સદરહુ ટ્રસ્ટ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સખાવતી હેતુઓ માટે રજિસ્ટ્રેશન નંબર. ઈ/૨૫૭૮/આણંદ–થી, ૧૩મી માર્ચ, ૨૦૧૩ તારીખે, રજિસ્ટર થયેલું ટ્રસ્ટ છે;

અને સદરહુ ટ્રસ્ટની માલિકીના મોટર વાહન નં. જીજે–૨૩–એક્સ–૭૬૦૨, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની પહેલી અનુસૂચિની નોંધ ૪–ક 'ખાનગી સેવા વાહન'ની જોગવાઈઓ હેઠળ વેરો ભરવાને પાત્ર થાય છે;

અને વાહન, કેવળ(માત્ર) સદરહુ ટ્રસ્ટની જ એક મિલકત છે અને તેને નહિ નફાના ધોરણે, સખાવતી પ્રવૃત્તિઓ માટે જાહેર હિતમાં વાપરવામાં આવે છે, એ કારણે સદરહુ ટ્રસ્ટ–એ તેની માલિકીના સદરહુ મોટર વાહન પર વેરો ભરવામાંથી મુક્તિ આપવા માટે રાજ્ય સરકારને રજૂઆત કરેલ છે;

અને રાજ્ય સરકારે, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬૬–ની જોગવાઈઓ અનુસાર સદરહુ ટ્રસ્ટની રજૂઆત પર વિચારણા કરેલ છે;

તેથી, હવે, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬ ક સાથે વાંચતા, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા–કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ ટ્રસ્ટની માલિકીના રજિસ્ટ્રેશન નંબર જીજે–૨૩–એક્સ–૭૬૦૨ ધરાવતા મોટર વાહન–અશોક લેલેન્ડ બસ–ને, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવે તેમ, તેના સખાવતી હેતુઓ/ઉદ્દેશો આગળ ધપાવવા માટે વાપરવાનું ચાલુ રાખવાનું હોય અથવા વાપરવા માટે રાખેલ હોય અથવા વાપરવા માટે રાખવામાં આવે ત્યાં સુધી, વાર્ષિક વેરો ભરવામાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 138 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MAY 9, 2017/VAISAKHA 19, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** ના **તારીખ : ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : કેવી/૨૦૧૬ નો ૧૯૫/ઇએસટી-૧૦૧૪-૩૦૫૧-આર** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amednment to the Chief Officer, Class II, in the Gujarat State Municipal Chief Officers' Service (Competitive Examination) Rules, 2016

ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૩ (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક: કેવી-૨૦૧૬નો ૧૯૫-ઈએસટી-૧૦૧૪-૩૦૫૧-આર- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭-ક-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારી સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૩ (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૩ (સ્પર્ધાત્મક પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૩ (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૬-માં,

(૧) પેટા-નિયમ (૧)માં, "અંગ્રેજી ભાષામાં આપવાના રહેશે" એ શબ્દો પછી, "અને ગુજરાતી ભાષાના પ્રશ્નપત્રોના જવાબ ગુજરાતી ભાષામાં આપવાના રહેશે." એ શબ્દો ઉમેરવા;

(૨) પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો-

"(૨) મુખ્ય પરીક્ષામાં સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રોના જવાબ ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં આપવાના રહેશે."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬માં, પેટા-નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૩) આયોગ, રાજપત્રમાં પ્રસિદ્ધિ માટે સરકારને પરિણામની નકલ મોકલશે."

૪. સદરહુ નિયમોમાં, અનુસૂચિમાં,-

(૧) વિભાગ-૨માં,-

(ક) કોષ્ટકમાં, કોલમ-૪માં, "૯૦ મિનિટ" એ આંકડા અને શબ્દને બદલે, "૭૫ મિનિટ" એ આંકડા અને શબ્દ મૂકવા;

(ખ) નોંધ ૨-ને બદલે, નીચેની નોંધ મૂકવી:-

"૨. પ્રશ્નપત્ર, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં હેતુલક્ષી પ્રકારનું (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળું) રહેશે.";

(૨) વિભાગ-૩માં, કોષ્ટકમાં, પ્રશ્નપત્ર નં. ૩ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

INDEX

"પ્રશ્નપત્ર નં.	વિષય	ગુણ	સમયગાળો
૩	સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)	૨૦૦	૩ કલાક".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,

સરકારના નાયબ સચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 139 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MAY 9, 2017/VAISAKHA 19, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૯મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગના તારીખ : ૨૧મી માર્ચ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : એએસ/૨૦૧૭-૧૦/ડીપીસી/૧૫૨૦૧૭/૧/વાય.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat District Planning Committees Act, 2008.
ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ
જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક: એએસ/૨૦૧૭-૧૦/ડીપીસી/૧૫૨૦૧૭/૧/વાય:- ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૧મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, દરેક જિલ્લા માટે જિલ્લા આયોજન સમિતિની રચના કરેલી છે;

અને રાજ્ય સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડો (૧) થી (૪)ની જોગવાઇઓ હેઠળ દરેક જિલ્લા માટે સભ્યોને નામનિયુક્ત કરેલ છે;

અને તેથી, સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૭)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જિલ્લા પંચાયતોના ચૂંટાયેલા સભ્યોએ અને તેમાંથી ચૂંટવાના સભ્યોની સંખ્યા અને દરેક જિલ્લામાંની નગરપાલિકાઓના ચૂંટાયેલા સભ્યોએ અને તેમાંથી ચૂંટવાના સભ્યોની સંખ્યા નીચે પ્રમાણે નક્કી કરે છે:-

અનુક્રમાંક	જિલ્લાનું નામ	ચૂંટવાના સભ્યોની સંખ્યા		
		જિલ્લા પંચાયતોમાંથી (ચૂંટવાના) સભ્યોની સંખ્યા	નગરપાલિકાઓમાંથી(ચૂંટવાના) સભ્યોની સંખ્યા	કુલ ચૂંટાયેલા સભ્યો
૧	૨	૩	૪	૫
૧	ડાંગ	૧૭	–	૧૭
૨	પોરબંદર	૧૦	૧૦	૨૦
૩	બોટાદ	૧૫	૫	૨૦
૪	ગીર-સોમનાથ	૧૫	૫	૨૦
૫	દેવભૂમિ દ્વારકા	૧૪	૬	૨૦
૬	નર્મદા	૧૯	૧	૨૦
૭	મોરબી	૧૪	૬	૨૦
૮	જામનગર	૧૭	૩	૨૦
૯	તાપી	૧૮	૨	૨૦

INDEX

અનુક્રમાંક	જિલ્લાનું નામ	ચૂંટવાના સભ્યોની સંખ્યા		
		જિલ્લા પંચાયતોમાંથી (ચૂંટવાના) સભ્યોની સંખ્યા	નગરપાલિકાઓમાંથી(ચૂંટવાના) સભ્યોની સંખ્યા	કુલ ચૂંટાયેલા સભ્યો
૧	૨	૩	૪	૫
૧૦	મહિસાગર	૧૮	૨	૨૦
૧૧	પાટણ	૧૬	૪	૨૦
૧૨	અરવલ્લી	૧૮	૨	૨૦
૧૩	નવસારી	૧૫	૫	૨૦
૧૪	ગાંધીનગર	૧૬	૪	૨૦
૧૫	જૂનાગઢ	૧૬	૪	૨૦
૧૬	છોટા ઉદેપુર	૨૦	–	૨૦
૧૭	અમદાવાદ	૧૫	૫	૨૦
૧૮	અમરેલી	૧૫	૫	૨૦
૧૯	ભરૂચ	૧૬	૪	૨૦
૨૦	સુરેન્દ્રનગર	૧૪	૬	૨૦
૨૧	ખેડા	૧૫	૫	૨૦
૨૨	રાજકોટ	૧૫	૫	૨૦
૨૩	સાબરકાંઠા	૧૭	૩	૨૦
૨૪	વડોદરા	૧૮	૨	૨૦
૨૫	પંચમહાલ	૧૭	૩	૨૦
૨૬	વલસાડ	૧૬	૪	૨૦
૨૭	ભાવનગર	૧૭	૩	૨૦
૨૮	ભૂજ	૧૩	૭	૨૦
૨૯	સુરત	૧૮	૨	૨૦
૩૦	આણંદ	૧૪	૬	૨૦
૩૧	મહેસાણા	૧૫	૫	૨૦
૩૨	દાહોદ	૧૮	૨	૨૦
૩૩	બનાસકાંઠા	૧૮	૨	૨૦

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી.આર. રાજપૂત,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No.140

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MAY 10, 2017/VAISAKHA 20, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૦મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના તારીખ : **૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬ ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** ના સરકારી જાહેરનામા ક્રમાંક :જીપી/૩૭/કેઆરવી/૧૦૨૦૧૨/૧૧૩૨/ચ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding

Amendment to the Junior Pharmasist, Class-III, (in the subordinate service of the Directorate of Medical services, Employees' State Insurance Scheme), Recruitment Rules, 2014.

(નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરીની તાબાની સેવામાં),
જુનિયર ફાર્માસિસ્ટ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી
જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીપી/૩૭/કેઆરવી/૧૦૨૦૧૨/૧૧૩૨/ચ.-- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરીની તાબાની સેવામાં, જુનિયર ફાર્માસિસ્ટ, વર્ગ-૩ની જગા પરની ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા તે અંગેના ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ

૧. આ નિયમો, નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરીની તાબાની સેવામાં, જુનિયર ફાર્માસિસ્ટ, વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. (નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરીની તાબાની સેવામાં), જુનિયર ફાર્માસિસ્ટ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૪ (જેનો આમાં હવે પછી, સદરહુ નિયમો તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં "૩૦ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

"૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઈઓ લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એલ. ખાંટ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 141 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MAY 11, 2017/VAISAKHA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **આદિજાતિ વિકાસ વિભાગ** ના **તારીખ : ૨જી જુલાઇ, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : કેએચટીપી/૧૫૦૩/૯૪૧/ખ** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચૂડાસમા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Assistant Commissioner, Class I, and Tribal Development Officer, Class II (Departmental Examination) Rules, 2016.

મદદનીશ કમિશનર, વર્ગ ૧, અને આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું

આદિજાતિ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ કેએચટીપી / ૧૫૦૩ / ૯૪૧ / ખઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ખાતાકીય પરીક્ષા પાસ કરવાને લગતી હોય તેટલા પૂરતી, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય-ની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ કમિશનર, વર્ગ ૧, અને આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨-ની જગા પર નિમણૂક કરવામાં આવેલી વ્યક્તિઓની સેવાની શરતોનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા, આરંભ અને વ્યાપ્તિ.-**

(૧) આ નિયમો મદદનીશ કમિશનર, વર્ગ ૧, અને આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની, આદિજાતિ વિકાસ કમિશનરની કચેરીની, સામાન્ય રાજ્ય સેવામાં, સીધી ભરતીથી નિમાયેલા મદદનીશ કમિશનર, વર્ગ ૧, અને આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨-ને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.-**

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમોને જોડેલું પરિશિષ્ટ;

(ખ) ''નિયત તારીખ'' એટલે આ નિયમો જે તારીખે અમલમાં આવશે તે તારીખ;

(ગ) ''સ્પીપા (SPIPA)'' એટલે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડ્મિનિસ્ટ્રેશન (સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા);

(ઘ) ''જૂના નિયમો'' એટલે તારીખઃ ૩૦મી જાન્યુઆરી, ૧૯૭૧ના ગુજરાત શિક્ષણ અને શ્રમ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જી-એસએચ-૨૫૬૮-બીસીઈ-૧૬૬૬-૮૨૦૧૮-જે. હેઠળ ઠરાવેલા નિયમો;

(ચ) ''સંબંધિત પરીક્ષા'' એટલે મદદનીશ કમિશનર, વર્ગ ૧ અને આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨-ની જગા પર નિયમિત નિમણૂક માટેની પૂર્વ-જરૂરિયાત તરીકે આ નિયમો હેઠળ ઠરાવેલી સુસંગત ખાતાકીય પરીક્ષા અને તેમાં જૂના નિયમો હેઠળ ઠરાવ્યા પ્રમાણેની સંબંધિત ખાતાકીય પરીક્ષાનો સમાવેશ થાય છે;

(છ) ''નિર્દિષ્ટ કરેલી તકો'' એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી, જેટલી તકોમાં કોઈપણ વ્યક્તિએ પરીક્ષા પાસ કરવાની જરૂરી હોય તેટલી તકો;

(જ) ''નિર્દિષ્ટ કરેલી મુદત'' એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી, જેટલી મુદતમાં કોઈપણ વ્યક્તિએ પરીક્ષા પાસ કરવાની જરૂરી હોય તેટલી મુદત;

INDEX

(ઝ) ''વિભાગના વડા (એચ.ઓ.ડી.)'' એટલે આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના વિભાગના વડા;

(ટ) ''સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત'' એટલે મદદનીશ કમિશનર, વર્ગ ૧, અને આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨-ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત.

૩. **પરીક્ષામાં હાજર રહેવા માટેની યોગ્યતા અને તકોની ઉપલભ્યતા બાબત.-**

નિયત તારીખ પહેલાં સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યક્તિએ, જૂના નિયમો હેઠળ આવી સંબંધિત પરીક્ષા પાસ કરી હોય તે સિવાય, તેણે, નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર અને ત્રણ તકોની અંદર સુસંગત પરીક્ષા પાસ કરવાની રહેશે;

નિયત તારીખે અથવા ત્યાર પછી સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યક્તિએ, પોતાની અજમાયશની મુદત દરમિયાન, સુસંગત પરીક્ષા પાસ કરવાની રહેશેઃ

પરંતુ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિને, વધારાની એક તક આપી શકાશે, જેનો લાભ, તેણે ઉપર્યુક્ત ત્રણ વર્ષની સદરહુ મુદત પૂરી થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવાનો રહેશેઃ

વધુમાં, જેને પરીક્ષા પાસ કરવાની છેલ્લી તક હોય તેવી વ્યક્તિના કિસ્સામાં, આ નિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણેની સુસંગત પરીક્ષા પાસ કરવા માટેની મુદત, ત્યાર પછીની પરીક્ષા યોજવાની તારીખ પહેલાં પૂરી થઈ જાય, તો સદરહુ મુદત, એવી રીતે યોજેલી પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખ સુધી લંબાવવામાં આવી હોવાનું ગણાશેઃ

વળી, જૂના નિયમો હેઠળની સુસંગત પરીક્ષા પાસ કરવા માટેની તકો, આ નિયમો હેઠળ આપવામાં આવી હોવાનું ગણાશે અને જૂના નિયમો હેઠળ આવી કોઈ તક આપવામાં આવી હોય તેવા આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨-ને, આ નિયમો હેઠળ બાકીની તકોનો લાભ લેવાની છૂટ આપવામાં આવશેઃ

વળી, નિયત તારીખ પહેલાં સંબંધિત પરીક્ષા પાસ કરી હોય અથવા પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવામાં આવી હોય, તેવી કોઈ વ્યક્તિએ, આ નિયમો હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણેની ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે નહિ.

વળી, નિયત તારીખ પહેલાં, પરીક્ષા પાસ કરવા માટે જૂના નિયમો હેઠળ ઠરાવવામાં આવેલી તમામ તકોનો લાભ લીધેલ હોય તેવી કોઈ વ્યક્તિને, આ નિયમો હેઠળ પરીક્ષા પાસ કરવા માટેની વધારાની એક તકનો લાભ લેવાની છૂટ આપવામાં આવશે, જેનો લાભ તેણે, સિનિયોરિટી માટે દાવો કરવા પોતે હકદાર રહેશે નહિ એ શરતને અધીન રહીને, આ નિયમો હેઠળ યોજનારી પ્રથમ પરીક્ષા વખતે લેવાનો રહેશે અને તે (વ્યક્તિ), જેણે પરીક્ષા પાસ કરી હોય અને તેના કરતાં વહેલાં ઉપલી જગા પર નિયમિત રીતે બઢતી મેળવેલ હોય તેવી વ્યક્તિ કરતાં જુનિયર ગણાશે.

વળી, અજમાયશની મુદત દરમિયાન અને નિર્દિષ્ટ તકોની અંદર સુસંગત પરીક્ષા પાસ ન કરી હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિની અજમાયશની મુદત, તે / તેણી સંબંધિત પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી, લંબાવવામાં આવી હોવાનું ગણાશે.

૪. **સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે, ઠરાવવામાં આવેલી તકોની અંદર, ખાતાકીય પરીક્ષા પાસ ન કરે, તો તેની સેવા સમાપ્ત કરવામાં આવશેઃ**

પરંતુ રાજ્ય સરકારને ખાતરી થાય કે તે વ્યક્તિ તેના કાબૂ બહારના કારણસર ઠરાવેલી તકોની અંદર ખાતાકીય પરીક્ષા પાસ કરી શકી ન હતી, તો તે (રાજ્ય સરકાર), કારણોની લેખિતમાં નોંધ કરીને, સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તેટલી પરીક્ષા ફી ભર્યેથી, તેને, આવી ખાતાકીય પરીક્ષા પાસ કરવા માટેની વધુમાં વધુ બે વધારાની તકો આપી શકશે.

વધુમાં, કોઈ વ્યક્તિ, વધારાની તકોનો લાભ લીધા પછી ખાતાકીય પરીક્ષા પાસ કરે, તો તે વ્યક્તિ, નિર્દિષ્ટ તકો અને નિર્દિષ્ટ મુદતની અંદર, તેના કરતાં વહેલાં આવી પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યક્તિઓ ઉપર સિનિયોરિટીનો દાવો કરવા હકદાર રહેશે નહિ.

૫. **પ્રશ્નપત્ર અને અભ્યાસક્રમ.-**

(૧) સંબંધિત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ પરિશિષ્ટ 'ક'માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે. પરીક્ષામાં, પ્રશ્નપત્ર ૪ સિવાયના પ્રશ્નપત્રો બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો (MCQ)વાળા રહેશે, પ્રશ્નપત્ર ૪ વર્ણનાત્મક પ્રકારનું રહેશે.

(૨) પ્રશ્નપત્ર-૪ સિવાયના, વિષયના પ્રશ્નપત્રોમાં પુસ્તકોની મદદથી જવાબ લખવાની છૂટ આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ.- પુસ્તકો સાથે એટલે મૂળ કાયદા અને / અથવા નિયમો ધરાવતા કોઈ ટિપ્પણી અથવા કેસને લગતા કાયદા સિવાયના પુસ્તકો સાથે અને તેમાં ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલ નિયમ-સંગ્રહો (મેન્યુઅલ)નો સમાવેશ થાય છે.

(૩) પ્રશ્નપત્ર ૪-ના જવાબો, પ્રશ્નપત્રમાં આપેલી સૂચના મુજબ, અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખવાના રહેશે.

૬. **પરીક્ષાનું માધ્યમ.-**

લેખિત પરીક્ષાનું માધ્યમ, પ્રશ્નપત્રમાં આપેલી સૂચના મુજબ, ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૭. **પરીક્ષા યોજવા બાબત.-**

(૧) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), વર્ષમાં બે વખત સામાન્ય રીતે જૂન અને ડિસેમ્બર મહિનામાં સુસંગત પરીક્ષા યોજશે.

(૨) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના સચિવને જાણ હેઠળ, સુસંગત પરીક્ષા યોજવા માટેના સ્થળ, તારીખ અને સમય અંગેની જાણ કરશે.

૮. **પરીક્ષામાં પ્રવેશ મેળવવા બાબત.-**

(૧) સુસંગત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા મદદનીશ કમિશનર, વર્ગ ૧ અથવા યથાપ્રસંગ, આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨-એ, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલાં, આવી પરીક્ષા માટે ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવા માટે, પોતાની અરજી, પરિશિષ્ટ 'ખ'માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં, કમિશનર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય-ને મોકલવી જોઈશે.

(૨) કમિશનર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય-ની કચેરીએ, સુસંગત પરીક્ષામાં બેસવા માટેની તેની યોગ્યતાના સંબંધમાં, અરજીની ચકાસણી કરવી જોઈશે અને પરિશિષ્ટ 'ગ'માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના યોગ્યતા પ્રમાણપત્ર સાથે, તે અરજી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)-ને મોકલવી જોઈશે.

(૩) અરજદાર, ત્યાર પછી, સંબંધિત પરીક્ષામાં નહિ બેસવાનો નિર્ણય કરે, તો તેણે, કમિશનર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય-ની કચેરી મારફત, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં, તે અંગેની જાણ, કમિશનરને કરવી જોઈશે.

(૪) ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવ્યા પછી, પણ પેટા-નિયમ (૩)માં ઉલ્લેખ કર્યા પ્રમાણે જાણ કર્યા સિવાય, કોઈ વ્યક્તિ સંબંધિત પરીક્ષામાં હાજર ન થાય તેવા કિસ્સામાં, તેણે પરીક્ષા પાસ કરવા માટેની એક તક ગુમાવી હોવાનું ગણાશે.

પરંતુ કમિશનરને એવી ખાતરી થાય કે વ્યકિતએ તેની/ તેણીના કાબૂ બહારના કારણોસર સમયમર્યાદાની અંદર જાણ કરવામાં ચૂક કરી હતી તો તે, પેટા-નિયમ (૩)માં ઉલ્લેખેલી જાણ કરવા માટે વ્યકિતના પક્ષે થયેલી ચૂક અને તેનાથી ઉદ્ભવતા પરિણામોને માફ કરી શકશે.

(૫) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (SPIPA)-એ ઉમેદવાર એવી પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર હોય તો, કમિશનર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય-એ કાઢી આપેલ પ્રમાણપત્રના આધારે તેને/ તેણીને સુસંગત પરીક્ષામાં બેસવા દેશે :

૯. **પરીક્ષા પાસ કરવા માટે લાયકી ધોરણ.-**

(૧) સુસંગત પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રમાં મેળવેલ કુલ ગુણના પચાસ ટકા (૫૦ %) રહેશે.

(૨) નાપાસ થયેલ જે કોઇ ઉમેદવારે, કોઇ એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં સાઇઠ ટકા અથવા તેથી વધારે ગુણ મેળવ્યા હોય તેને ત્યારપછીની પરીક્ષામાં તેટલા પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મુકિત આપવામાં આવશે.

(૩) પરીક્ષામાં ૮૦ % (એંશી ટકા) અથવા તેથી વધુ એકંદર ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવારને ગુજરાત સરકારે નક્કી કર્યા પ્રમાણેના પ્રોત્સાહન તરીકે રોકડ રકમ ચૂકવવામાં આવશે.

૧૦. **પરીક્ષાનું પરિણામ.-**

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (SPIPA), પરીક્ષાનું પરિણામ સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરશે અને તે અંગે સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજય-ને પણ જાણ કરશે.

૧૧. **ગુણની ફેરચકાસણી.-** પરીક્ષાના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઈચ્છતો ઉમેદવાર, દરેક પ્રશ્નપત્ર માટે સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (SPIPA) નક્કી કરે તેટલી ફી સાથે, પરીક્ષાનું આખરી પરિણામ પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (SPIPA)ને અરજી કરી શકશે.

૧૨. **પરીક્ષા ખંડમાં અમુક સાધનો (ડિવાઇસ)ના ઉપયોગ પર પ્રતિબંધ (મનાઈ).-** ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્કયુલેટર, પેજર વગેરે જેવા ઇલેકટ્રોનિક સંદેશા વ્યવહારના બીજા કોઇપણ સાધનો (ડિવાઇસ) પોતાની સાથે લઇ જવા દેવાની પરવાનગી આપવી જોઇશે નહિ.

પરિશિષ્ટ 'ક'

(જુઓ નિયમ ૪)

(પરીક્ષા માટેનો અભ્યાસક્રમ)

પ્રશ્નપત્ર-૧ ભારતનું સંવિધાન અને સેવાને લગતી બાબતો. ગુણ :૧૦૦, સમયગાળો : ૨ કલાક.

૧. ભારતનું સંવિધાનના નીચેના સંદર્ભમાં,-

(૧) અનુચ્છેદ ૩૦૯,

(૨) સુધારા ૭૩ અને ૭૪ને ધ્યાને રાખીને પંચાયતો અને નગરપાલિકાઓની જોગવાઇ,

(૩) ચૂંટણી આયોગ (કમિશન),

(૪) નાણા આયોગ,

(૫) સમવર્તી યાદી અને રાજય યાદી,

(૬) સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટ

૨. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧,

૩. ગુજરાત વિધાનસભા નિયમો,

૪. ખાસ ગુજરાત (રાજય)ના સંદર્ભમાં હાલની પંચવર્ષીય યોજના.

૫. ગુજરાતમાં પંચાયત રાજનું માળખું, તેની સત્તા અને મર્યાદા.

પ્રશ્નપત્ર-૨ હિસાબી બાબતો. ગુણ :૧૦૦ , સમયગાળો : ૨ કલાક.

૧. ગુજરાત મુલકી સેવા નિયમો (જી.સી.એસ.આર.) ૨૦૦૦, વોલ્યુમ ૧ થી ૮.

૨. ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ), ૧૯૮૩, ભાગ ૧ અને ભાગ ૨.

૩. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ (સંબંધિત નિયમો).

૪. ભારત સરકારના હિસાબ અને ઓડિટ અંગેની પ્રસ્તાવના :

નીચેના પ્રકરણો સિવાયનું સમગ્ર પુસ્તક : ૭, ૯ ભાગ ગ, ઘ, ચ પ્રકરણો ૧૮, ૨૧, ૨૩, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬ (પરિચ્છેદો ૭૬ થી ૭૭૬, ૭૭૬ થી ૭૮૫) પ્રકરણો ૩૭, ૩૮, ૩૯.

૫. ગુજરાત સરકારની ખરીદ નીતિ.

૬. ગુજરાત નાણાકીય નિયમો, ૨૦૦૨.

પ્રશ્નપત્ર-૩ કચેરી કાર્યપદ્ધતિ :- ગુણ :૧૦૦, સમયગાળો : ૨ કલાક.

૧. વેપારના નિયમો અને તે હેઠળ બહાર પાડેલી સૂચનાઓ.

૨. બિન-સચિવાલય કચેરી કાર્યપદ્ધતિ અંગેનું મેન્યુઅલ (નિયમસંગ્રહ).

૩. સરકારના વહીવટીતંત્રનું સંગઠન અને માળખું.

૪. વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ (APAR).

૫. રોસ્ટર મેન્યુઅલ (નિયમસંગ્રહ)ની સૂચનાઓ (કેવી રીતે તૈયાર કરવી, રોસ્ટર રજિસ્ટરની જાળવણી અને રોસ્ટરના મુદ્દાની ફાળવણી).

૬. ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૭૨.

૭. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫. (તમામ સુધારા સાથે).

પ્રશ્નપત્ર-૪ ગુજરાતી અને અંગ્રેજી ભાષા અને સામાન્ય વિષય,
ગુણ : ૧૦૦, સમયગાળો : ૩ કલાક. (પુસ્તકો સિવાય)

૧.	અંગ્રેજી અને ગુજરાતીમાં નિબંધ.	૩૦ ગુણ
૨.	સેક્રેટરિએટ એન્ડ ફિલ્ડ રિલેશનશીપ (દફતરી અને ક્ષેત્રવિષયક સંબંધ).	૧૦ ગુણ
૩.	હાઇકોર્ટની બાબતો- પરિચ્છેદ પ્રમાણે વિશેષ નોંધની તૈયારી, સોગંદનામું ફાઈલ કરવું અને 'વિગતદર્શક હુકમ'નું મુસદ્દાલેખન.	૨૦ ગુણ
૪.	પછાત વર્ગોની પરિસ્થિતિમાં સુધારણા, જમીન સુધારા, શિક્ષણ, નશાબંધી, સહકાર, સમાજ કલ્યાણ, ઔદ્યોગીકરણ, જાહેર આરોગ્યના સંબંધમાં સરકારની નીતિ.	૪૦ ગુણ

પ્રશ્નપત્ર-૫ ગુણ : દરેક વિભાગના ૧૦૦ ગુણ, સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે)

ખાતાકીય બાબતો

૧. દલિત વર્ગો અને યોજના તથા ઉપર્યુકત પ્રાદેશિક આદિજાતિઓ સમિતિ, મુંબઈ પ્રેસિડન્સી ૧૯૩૦ (રાજય).

૨. તેના નિયમો સહિતની વિશેષાધિકૃત, રાહત અને કલ્યાણ યોજનાઓ અને આદિજાતિ વર્ગોને પૂરા પાડવામાં આવેલ આયોજન હેઠળના, આયોજન બહારના વિગતવાર લખાણો, ટી.એસ.પી. (T.S.P.) અને સી.એસ.પી. (C.S.P.) કાર્યક્રમ.

૩. રાજયમાંની વર્તમાન આદિજાતિ સમસ્યા.

૪. અનુસૂચિત આદિજાતિ આયોગના અનૂસૂચિત વિસ્તારોને અહેવાલ (રિપોર્ટ).
(શ્રી યુ.એન.ઢેબર દ્વારા)

INDEX

પ્રશ્નપત્ર-૬ ગૌણ અધિનિયમો (Minor Acts) : ગુણ : ૧૦૦, સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે)

૧. વખતોવખત સુધાર્યા મુજબનો મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭. (સન ૧૯૪૭નો ૬૧મો અધિનિયમ)

૨. નિયમો સાથે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧.

૩. મુંબઈ નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૧૯૪૬ (સન ૧૯૪૭નો ૨૧મો).

૪. (વખતોવખત સુધાર્યા મુજબનો) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.

૫. વખતોવખત સુધાર્યા મુજબનો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

૬. પંચાયત વિસ્તરણ અનુસૂચિત વિસ્તાર (PESA).

૭. વન અધિકાર અધિનિયમ (FRA), ૨૦૦૬.

પરિશિષ્ટ 'ખ'

(જુઓ નિયમ ૭(૧))

મંડળ દ્વારા યોજવાની "મદદનીશ કમિશનર, વર્ગ ૧ અને આદિજાતિ વિકાસ અધિકારી- વર્ગ ૨ પરીક્ષા" માં ઉપસ્થિત રહેવા માટેનું અરજીપત્ર.

૧.	અરજદારનું પૂરું નામ (અટક પહેલાં લખવી) (અંગ્રેજી અને ગુજરાતીમાં) :	
૨.	હોદ્દો (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં):	
૩.	હાલમાં જે કચેરીમાં કામ કરતા હોય તે કચેરીનું નામ:	
૪.	જન્મ તારીખ અને આ પરીક્ષાના સમયે ઉંમર:	
૫.	નિમણૂકની તારીખ અને સેવા (નોકરી)ના કુલ વર્ષો :	
૬.	અરજદાર અગાઉ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ છે કે કેમ? જો તેમ હોય, તો-	
	(ક) જે પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય તે પરીક્ષાનો મહિનો અને તેનું વર્ષ :	
	(ખ) કોઈ મુક્તિ આપવામાં આવી છે કે કેમ? જો તેમ હોય, તો ગુણ, પરીક્ષાના વર્ષ અને વિષયની માહિતી આપવી જોઈશે :	
	(ગ) અરજદાર, મેળવેલી મુક્તિનો લાભ મેળવવા ઇચ્છા ધરાવે છે ? 'હા' અથવા 'ના' જણાવવું (પસંદગી આખરી ગણવામાં આવશે અને તેમાં કોઈપણ ફેરફાર માન્ય રાખવામાં આવશે નહિ) :	
૭.	અરજદાર, જે નિયમની સત્તા હેઠળ પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનો ઈરાદો ધરાવે છે તે.	
૮.	અરજદારે, જેટલી તકોની અંદર અને જે સમયમર્યાદાની અંદર પરીક્ષા પાસ કરવાની હોય તે તકોની સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતાની તારીખ અને તેની મુદતની સમાપ્તિની તારીખ જણાવવી) :	
૯.	કરેલા પ્રયત્નોની સંખ્યા:	
૧૦.	વધારાની (ખાસ તક) આપવામાં આવેલ છે કે કેમ? જો તેમ હોય, તો જે હુકમ હેઠળ, અરજદારને વધારાની તક આપવામાં આવેલ હોય તે હુકમનો ક્રમાંક નિર્દિષ્ટ કરવો અને તારીખની વિગતો આપવી અને તેની નકલ જોડવી:	

INDEX

૧૧.	પરીક્ષા પાસ કરવા માટેનો હેતુ (દા.ત. સરકારી સેવામાં કાયમી થવા, સરકારી સેવામાં ચાલુ રહેવા, બઢતી માટે વગેરે):	
૧૨.	અરજદાર, ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર છે કે કેમ?	
૧૩.	સક્ષમ સત્તાધિકારી તરફથી ઉંમર અને સેવા-મર્યાદામાં છૂટછાટ આપતા હુકમનો પત્રનો ક્રમાંક અને તારીખ (હુકમોની નકલો જોડવી):	
૧૪.	વિશેષ નોંધ, જો હોય તો:	

સ્થળ: **અરજદારની સહી**

તારીખ:

પરિશિષ્ટ 'ગ'

(જુઓ નિયમ ૭(૨))

યોગ્યતા પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે,-

(૧) ઉપર જણાવેલી વિગતો તપાસેલ છે અને તે સાચી જણાયેલ છે. શ્રી/ શ્રીમતી/ કુમારી ....., વર્ષ ૨૦.....ના .....મહિનાની ..... તારીખે યોજાનાર મદદનીશ કમિશનર, વર્ગ ૧ અને આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨-ની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા પાત્ર છે.

(૨) * જરૂરી ફી ચૂકવેલ છે, ચલણની નકલ આ સાથે જોડેલ છે.

(૩) * ઉમેદવારને વધારાની તક આપવામાં આવે છે. હુકમની નકલ આ સાથે જોડેલ છે.

સ્થળ:

તારીખ:

* જે કંઇ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

(વિભાગ/ કચેરીના વડાની સહી અને તેમનો હોદ્દો)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિદ્યુત પંડ્યા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 142

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MAY 11, 2017/VAISAKHA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ** ના **તારીખ : ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચઆર/૨૦૧૭/જીએસઈ/૧૯/૨૦૧૬/૩૨૪૩૯૩/એમ.૩** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Shops and Establishments Act, 1948.

ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ,૧૯૪૮ હેઠળ

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૦૬/૦૪/૨૦૧૭.

ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૫૧/જીએસઈ/૧૯/૨૦૧૬/૩૨૪૩૯૩/એમ.૩:- ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ ના મુંબઈના ૬૯મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪ ની પેટા-કલમ (૧) ના પરંતુક મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ,૧૯૪૮ હેઠળ નોંધાયેલી તમામ દુકાનને, આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી બે વર્ષની મુદત સુધી, કલમ ૧૦, ૧૧, ૧૮ અને ૩૩ હેઠળની જોગવાઈઓમાંથી મુક્તિ આપવાના હેતુ માટે, સદરહુ અધિનિયમની અનુસૂચિ ૨ નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ અધિનિયમની, અનુસૂચિ-૨-માં, અનુક્રમાંક ૨૦૦ પરની નોંધ પછી, નીચેની નોંધ ક્રમાંક- ૨૦૧ દાખલ કરવી:-

અનુક્રમાંક ૧	સંસ્થાઓ, કર્મચારીઓ અથવા બીજી વ્યક્તિઓ ૨	અધિનિયમની જોગવાઈઓ ૩
૨૦૧	ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ,૧૯૪૮ હેઠળ રજિસ્ટર થયેલી તમામ દુકાન.	નીચેની શરતોને અધીન રહીને, કલમ ૧૦,૧૧,૧૮ અને ૩૩- (૧) સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલા જાહેરનામાની તારીખથી બે વર્ષ સુધીના સમયગાળા માટે આ મુક્તિ ચાલુ રહેશે. (૨) તેની/તેણીના ખાતામાં જમા થયેલા વેતનમાંથી કંઈ પણ કપાત કર્યા સિવાય, દરેક કર્મચારીને અઠવાડિયામાં એક દિવસ રજા આપવી જોઇશે અને આવી એક મહિના માટેની રજાના સમયપત્રકની યાદી, અગાઉથી જ નોટિસ બોર્ડ પર મૂકવી જોઇશે.

INDEX

		(૩)વીસ અથવા તેથી વધુ કર્મચારીઓને નોકરીએ રાખતા માલિકે, વેતન માત્ર ચેકથી અથવા તેને બેંકમાં જમા કરાવીને, ચૂકવવું જોઇશે. (૪)કોઇપણ કર્મચારીએ એક દિવસમાં ૯(નવ) કલાકથી વધારે અથવા એક અઠવાડિયામાં ૪૮ કલાકથી વધારે કામ કરવાનું જરૂરી રહેશે નહિ.એક દિવસમાં ૯(નવ) કલાકથી અથવા એક અઠવાડિયામાં ૪૮ કલાકથી વધુ કરેલા કામને, ઓવરટાઇમ કામ તરીકે ગણવામાં આવશે અને કર્મચારી, ઓવરટાઇમ વેતન માટે હકદાર રહેશે. (૫) દુકાન કોઇપણ દિવસે, રાત્રિના ૧૧:૦૦ વાગ્યા પછી ખુલ્લી રાખવી જોઇશે નહિ. (૬) કોઇપણ સ્ત્રી કર્મચારીઓને, સાંજના ૭:૦૦ વાગ્યા પછી તેણીની લેખિત સંમતિ વિના અને દુકાન/સંસ્થાથી તેમની રહેઠાણની જગ્યા સુધી વાહનવ્યવહારની સુવિધા આપ્યા વિના કામ કરવા માટે ફરજ પાડી શકશે નહિ. સ્ત્રી કર્મચારીઓને, રાત્રિના ૯:૦૦ વાગ્યા કરતા વધારે સમય સુધી કામ કરાવી શકાશે નહિ. (૭) સંબંધિત મજૂર(શ્રમ) કાયદામાં જણાવેલી સુવિધાઓ કર્મચારીઓને પૂરી પાડવી જોઇશે. (૮) ઈપીએફ(કામદાર પ્રોવિડન્ટ ફંડ)અધિનિયમ અને ઈએસઆઇસી (કામદાર રાજ્ય વીમા કોર્પોરેશન) અધિનિયમની જોગવાઇઓ પ્રમાણે, કર્મચારીઓનો ઈપીએફ (કામદાર પ્રોવિડન્ટ ફંડ) અને ઈએસઆઇ(કામદાર રાજ્ય વીમા) યોજના માટેનો ફાળો, તેના/તેણીના વેતનમાંથી બાદ કરવામાં આવશે. (૯) કર્મચારીઓને વેતન સહિત રાષ્ટ્રીય અને તહેવારની રજાઓ આપવી જોઇશે.

		(૧૦) આ મુક્તિ માત્ર ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ,૧૯૪૮ ને સંબંધિત છે. (૧૧) આ બોલીઓ અને શરતો હોવા છતાં, આ અધિનિયમની તમામ જોગવાઇઓ, દુકાન અને સંસ્થાને લાગુ પડશે. (૧૨) દુકાન નિરીક્ષક દ્વારા ધ્યાન (જાણ)માં આવેલી ઉપરની બોલીઓ અને શરતો પૈકીની કોઇપણ બોલી અને શરતનું ઉલ્લંઘન થયાના કિસ્સામાં, દુકાન/સંસ્થાને નોટિસ આપ્યા પછી, (આપેલી) મુક્તિ રદ કરવામાં આવશે. (૧૩) ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ,૧૯૪૮ની કોઇપણ જોગવાઇના ઉલ્લંઘનના કિસ્સામાં, દુકાન/સંસ્થાને નોટિસ આપ્યા પછી, (આપેલી) મુક્તિ રદ કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.બી.પંડ્યા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર૦૦૨૨

Extra No. 143

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MAY 11, 2017/VAISAKHA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર. ૧૧મી મે,૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૨૧મી માર્ચ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ પીટી/૨૦૧૭/૨/એમટીએ/૧૨૨૦૧૬/૨૦૫૧/ખ.–** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર.આર.ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Motor Vehicles Tax Act, 1958.
ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ
જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮.

ક્રમાંક: પીટી/૨૦૧૭/૨/એમટીએ/૧૨૨૦૧૬/૨૦૫૧/ખ.– ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના મુંબઈના ૨૯મા) હેઠળ, શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર (જેનો આમાં હવે પછી, "સદરહુ ટ્રસ્ટ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સખાવતી હેતુઓ માટે રજિસ્ટ્રેશન નંબર. ફ/૩૪૮૦/ સુરેન્દ્રનગર થી, રજિસ્ટર થયેલું ટ્રસ્ટ છે;

અને સદરહુ ટ્રસ્ટની માલિકીના એન્જિન નં. જી૯૭ટીસી૭૩ડીટીવાય૮૧૬૯૦૭ અને ચેસિસ નં. એમએટી૭૫૧૧૬જીએફડી૦જ૭૦૯ ધરાવતા મોટર વાહન, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની પહેલી અનુસૂચિની નોંધ જ–ક 'ખાનગી સેવા વાહન'ની જોગવાઈઓ હેઠળ વેરો ભરવાને પાત્ર થાય છે;

અને વાહન, કેવળ(માત્ર) સદરહુ ટ્રસ્ટની જ એક મિલકત છે અને તેને નહિ નફાના ધોરણે, સખાવતી હેતુઓ માટે જાહેર હિતમાં વાપરવામાં આવે છે, એ કારણે સદરહુ ટ્રસ્ટ–એ તેની માલિકીના સદરહુ મોટર વાહન પર વેરો ભરવામાંથી મુક્તિ આપવા માટે રાજ્ય સરકારને રજૂઆત કરેલ છે;

અને રાજ્ય સરકારે, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬ ક–ની જોગવાઈઓ અનુસાર સદરહુ ટ્રસ્ટની રજૂઆત પર વિચારણા કરેલ છે;

તેથી, હવે, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬ ક સાથે વાંચતા, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા–કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ ટ્રસ્ટની માલિકીના એંજિન નંબર જી૯૭ટીસી૭૩ડીટીવાય૮૧૬૯૦૭ અને ચેસિસ નં. એમએટી૭૫૧૧૬જીએફડી૦જ૭૦૯ ધરાવતા મોટર વાહન – ટાટા સ્ટાર બસ–ને, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવે તેમ, તેના સખાવતી હેતુઓ/ ઉદ્દેશો આગળ ધપાવવા માટે વાપરવાનું ચાલુ રાખવાનું હોય અથવા વાપરવા માટે રાખેલ હોય ત્યાં સુધી,રૂપિયા ૩૦,૦૦૦(ફક્ત રૂપિયા ત્રીસ હજાર)સુધી વાર્ષિક મોટર વાહન વેરો ભરવામાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 144

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MAY 15, 2017/VAISAKHA 25, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદારભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૫મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગના તારીખ : ૫મી મે, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક. (જીએચએન-૧૩) વીએઆર-૨૦૧૭(૪૨)/૭.** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to The Gujarat Value Added Tax Rules, 2006.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૫મી મે, ૨૦૧૭.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક : (જીએચએન-૧૩) વીએઆર-૨૦૧૭(૪૨)/૫ :- ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મુલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત મુલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ માં, નિયમ ૩૭માં, પેટા-નિયમ (૮)માં, ''નેવું દિવસ'' એ શબ્દોને બદલે, ''ત્રીસ દિવસ'' એ શબ્દો મૂકવા''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 145

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MAY 15, 2017/VAISAKHA 25, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદારભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૫મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ : ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીપી/૫૯/કેઆરવી/૧૦૨૦૧૫/૧૨૭૧/ચ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Senior Pharmacist, Class III, in the subordinate service of the Directorate of Medical Services, Employees' State Insurance Scheme, Recruitment Rules, 2016.

નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરીની તાબાની સેવામાં સિનિયર ફાર્માસિસ્ટ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીપી/૫૯/કેઆરવી/૧૦૨૦૧૫/૨૧૭૧/ચ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરી, ગુજરાત રાજ્યની તબીબી સેવામાં, સિનિયર ફાર્માસિસ્ટ, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરીની તાબાની સેવામાં, સિનિયર ફાર્માસિસ્ટ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર ફાર્માસિસ્ટ, વર્ગ ૩ની જગા પરની નિમણૂંક,-

(ક) (૧) જેણે નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરી, ગુજરાત રાજ્યની, તાબાની સેવામાં, જુનિયર ફાર્માસિસ્ટ, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહી તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબધિત હોય, ત્યાં સુધી લાગુ પડશે નહિ;

INDEX

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ફાર્મસી(ઔષધ-નિર્માણ વિજ્ઞાન)માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(૨) નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરીની તાબાની સેવામાં, જુનિયર ફાર્માસિસ્ટ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશ; અથવા

(૩) સરકાર, સ્થાનિક મંડળો, સરકાર હસ્તકના બોર્ડ, કોર્પોરેશન, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની અથવા ખાનગી હોસ્પિટલ્સમાં, નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરીની, તાબાની સેવામાં, જુનિયર ફાર્માસિસ્ટ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી સમકક્ષ જગા પરનો આશરે બે વર્ષનો ફાર્માસિસ્ટ તરીકેનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો. ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો. ૧૯૬૭ના નિયમ ૯ કની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલો ઉમેદવાર, એવી રીતે રજિસ્ટર થયેલો ન હોય, તો તેણે સીધી પસંદગી માટેની તેની અરજીના સમયે ફાર્મસી અધિનિયમ, ૧૯૪૮ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ બીજા તત્સમાન કાયદા હેઠળ પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમુનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,
સરકારના ઉપ સચિવ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 146

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MAY 17, 2017/VAISAKHA 27, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૭મી મે, ૨૦૧૭.

તારીખ: **૧૭ મે, ૨૦૧૭** ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૭**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક: ૨૪** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર.આર.ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 24 OF 2017.

THE GUJARAT LOCAL AUTHORITIES LAWS (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૭**ના **મે** મહિનાની **૧૭મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 24 OF 2017.

AN ACT

further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949, the Gujarat Municipalities Act, 1963 and the Gujarat Panchayats Act, 1993.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૪

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના મે મહિનાની ૧૭મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ–

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખથી અમલમાં આવશે.

સન ૧૯૪૯નો મુંબઈનો પ૯મો.

૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨–માં, ખંડ (૧૮ ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ–

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૨–નો સુધારો.

"(૧૮ ખ) "મનોરંજન" એ શબ્દમાં, જેમાં વ્યક્તિઓને ચુકવણી કર્યેથી પ્રવેશ આપવામાં આવતો હોય તેવા અથવા ટેલિવિઝન સાથે જોડેલા કેબલ નેટવર્ક સાથેના કોઇપણ પ્રકારના એન્ટેનાની સહાયથી ટેલિવિઝન પ્રદર્શનના કિસ્સામાં અથવા કેબલ ટેલિવિઝન અથવા ડાયરેક્ટ–ટુ–હોમ (DTH) બ્રોડકાસ્ટિંગ સર્વિસના કિસ્સામાં, જેના માટે વ્યક્તિઓએ ફાળો અથવા લવાજમ અથવા ઇન્સ્ટોલેશન (સ્થાપન) ચાર્જીસ અથવા કનેક્શન (જોડાણ) ચાર્જીસ અથવા ગમે તે કોઇ રીતે ઉઘરાવેલા કોઇ બીજા ચાર્જીસ રૂપે ચુકવણી કરવી જરૂરી હોય, તેવા કોઇ પ્રદર્શન, ભજવણી, તમાશો (જાહેર કાર્યક્રમ), રમતગમત અથવા ખેલકૂદનો સમાવેશ થાય છે.''.

સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા અધિનિયમની કલમ ૧૨૭નો સુધારો.

૩. મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમમાં, કલમ ૧૨૭માં, પેટા–કલમ (૨)માં,–

(૧) ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(ગગ) મનોરંજન ઉપરનો કર.";

(૨) ખંડ (છ)માં,"અથવા કોઈ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપરનો કર ન હોય તેવો''એ શબ્દો કમી કરવા.

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૨–નો સુધારો.

૪. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, ''નગરપાલિકા અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨–માં, ખંડ (૭ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:– સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

''(૭કક) "મનોરંજન" એ શબ્દમાં, જેમાં વ્યકિતઓને ચુકવણી કર્યેથી પ્રવેશ આપવામાં આવતો હોય તેવા અથવા ટેલિવિઝન સાથે જોડેલા કેબલ નેટવર્ક સાથેના કોઈપણ પ્રકારના એન્ટેનાની સહાયથી ટેલિવિઝન પ્રદર્શનના કિસ્સામાં અથવા કેબલ ટેલિવિઝન અથવા ડાયરેક્ટ–ટુ–હોમ (DTH) બ્રોડકાસ્ટિંગ સર્વિસના કિસ્સામાં, જેના માટે વ્યકિતઓએ ફાળો અથવા લવાજમ અથવા ઈન્સ્ટોલેશન (સ્થાપન) ચાર્જીસ અથવા કનેક્શન (જોડાણ) ચાર્જીસ અથવા ગમે તે કોઈ રીતે ઉઘરાવેલા કોઈ બીજા ચાર્જીસ રૂપે ચૂકવણી કરવી જરૂરી હોય, તેવા કોઈ પ્રદર્શન, ભજવણી, તમાશો (જાહેર કાર્યક્રમ), રમતગમત અથવા ખેલકૂદનો સમાવેશ થાય છે.''.

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમ ની કલમ ૯૯નો સુધારો.

૫. નગરપાલિકા અધિનિયમમાં, કલમ ૯૯માં, પેટા–કલમ (૧)માં,

(૧) ખંડ (૧૫)માં, "કોઈ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપરનો કર ન હોય તેવો" એ શબ્દો કમી કરવા.

(૨) ખંડ (૧૬) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૧૬) મનોરંજન ઉપરનો કર.".

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

૬. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, ''પંચાયત અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨–માં, ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:– સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમન કલમ ૨–નો સુધારો.

''(૭ક) "મનોરંજન" એ શબ્દમાં, જેમાં વ્યકિતઓને ચુકવણી કર્યેથી પ્રવેશ આપવામાં આવતો હોય તેવા અથવા ટેલિવિઝન સાથે જોડેલા કેબલ નેટવર્ક સાથેના કોઈપણ પ્રકારના એન્ટેનાની સહાયથી ટેલિવિઝન પ્રદર્શનના કિસ્સામાં અથવા કેબલ ટેલિવિઝન અથવા ડાયરેક્ટ–ટુ–હોમ (DTH) બ્રોડકાસ્ટિંગ સર્વિસના કિસ્સામાં, જેના માટે વ્યકિતઓએ ફાળો અથવા લવાજમ અથવા ઈન્સ્ટોલેશન (સ્થાપન) ચાર્જીસ અથવા કનેક્શન (જોડાણ) ચાર્જીસ અથવા ગમે તે કોઈ રીતે ઉઘરાવેલા કોઈ બીજા ચાર્જીસ રૂપે ચુકવણી કરવી જરૂરી હોય, તેવા કોઈ પ્રદર્શન, ભજવણી, તમાશો (જાહેર કાર્યક્રમ), રમતગમત અથવા ખેલકૂદનો સમાવેશ થાય છે.''.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમ ની કલમ ૨૦૦નો સુધારો.

૭. પંચાયત અધિનિયમમાં, કલમ ૨૦૦માં, પેટા–કલમ (૧)માં,–

(૧) ખંડ (૪) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(૪–ક) મનોરંજન ઉપરનો કર.'';

(૨) ખંડ (૧૦)માં, "અથવા કોઈ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપર કર" એ શબ્દો કમી કરવા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 147

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MAY 19, 2017/VAISAKHA 29, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૯મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના** વિભાગના સરાકારી જાહેરનામા ક્રમાંકઃ**(૧) જીટીએચ/૨૦૧૭/૧૨/પીડીએસ/૧૦૨૦૧૭/૯૨૨૮૨/સી૧, તારીખઃ૧૩મી એપ્રિલ, ૨૦૧૭ અને (૨) જીટીએચ/૨૦૧૭/૧૩/પીડીએસ/૧૦૨૦૧૭/૯૨૨૮૨/સી૧, તારીખઃ૧૬મી એપ્રિલ, ૨૦૧૭**–ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The National Food Security Act, 2013.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩

હેઠળ

જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ:૧૩મી એપ્રિલ, ૨૦૧૭.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક: જીટીએચ/૨૦૧૭/૧૨/પીડીએસ/૧૦૨૦૧૭/૯૨૨૮૨/સી૧: રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩(સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૧૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જીટીએચ/૨૦૧૭/૧૧/ પીડીએસ/૧૦.૨૦૧૬/ ૧૬૬૭/સી૧. થી રાજ્ય અન્ન આયોગની રચના કરેલી છે.

હવે, સદરહુ અધિનિયમની કલમ ૧૬ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, રાજ્ય સરકાર જાહેર કરે છે કે આયોગ નીચેની વ્યકિતઓનું બનશે:-

અનુક્રમ નંબર	નામ	હોદ્દો
(૧)	(૨)	(૩)
૧	શ્રી ભુપેન્દ્ર લાખાવાલા	અધ્યક્ષ
૨	શ્રી પ્રતાપ કોટક	સભ્ય
૩	ડૉક્ટર દર્શનાબેન દેશમુખ	સભ્ય
૪	શ્રીમતી વંદનાબેન મકવાણા	સભ્ય
૫	શ્રી નિરંજનભાઇ ઝાંઝમેરા	સભ્ય
૬	શ્રી નીતિન શાહ	સભ્ય
૭	શ્રી એમ.એ. નરમાવાલા	સભ્ય સચિવ

તેઓ હવાલો સંભાળ્યાની તારીખથી ૩ વર્ષ સુધી અથવા ૬૫ વર્ષની ઉંમર સુધી અથવા એ બંનેમાંથી જે વહેલું હોય તેટલા સમય સુધી હોદ્દો ધરાવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રોનક મહેતા,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The National Food Security Act, 2013.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩

હેઠળ

જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર,તારીખ:૧૬મી એપ્રિલ, ૨૦૧૭.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૭/૧૩/પીડીએસ/૧૦૨૦૧૭/૯૨૨૮૨/સી૧: રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩(સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૧૬ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,તારીખ:૧૩મી એપ્રિલ, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જીટીએચ/૨૦૧૭/૧૨/પીડીએસ/ ૧૦૨૦૧૭/ ૯૨૨૮૨/સી૧. માં આંશિક સુધારો કરીને, આથી, રાજ્ય અન્ન આયોગના સભ્ય તરીકે શ્રી પ્રતાપ કોટકની નિમણૂક રદ કરે છે અને તે હેતુ માટે કોષ્ટકના અનુક્રમાંક ૨ પરની નોંધ કમી કરે છે.

તેથી, હવે, ગુજરાત સરકાર, રાજ્ય અન્ન આયોગના સભ્ય તરીકે નીચેની વ્યક્તિની નિમણૂક કરે છે:

અનુક્રમ નંબર	નામ	હોદ્દો
(૧)	(૨)	(૩)
૧	શ્રી દિનેશ કારિયા	સભ્ય

તેઓ હવાલો સંભાળ્યાની તારીખથી ૩ વર્ષ સુધી અથવા ૬૫ વર્ષની ઉંમર સુધી અથવા એ બંનેમાંથી જે વહેલું હોય તેટલા સમય સુધી હોદ્દો ધરાવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રોનક મહેતા,

સરકારના નાયબસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 148 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MAY 22, 2017/JYAISTHA 1, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૨મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગ**ના તારીખઃ ૧૭મી મે, ૨૦૧૭ના સરાકારી જાહેરનામા ક્રમાંક. (જીએસટી/૨૦૧૭/૭/એસએસએ/૧૦૨૦૧૭/૫૧૨/એ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Tax on Luxuries (Hotels and Lodging Houses) Act, 1977.
ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી અને પ્રસારણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૭મી મે, ૨૦૧૭.

ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંકઃ (જીએચટી/૨૦૧૭/૭) /એસએસએ/૧૦૨૦૧૭/૫૧૨/એઃ– ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે:

તેથી, હવે, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા)ની કલમ ૨૦ ખ ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેની શરતોને અધીન રહીને, તારીખ ૨૨મી મે, ૨૦૧૭ થી તારીખ ૨૬મી મે, ૨૦૧૭ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાનારી આફ્રિકન ડેવલપમેન્ટ બેન્ક ગ્રુપની વાર્ષિક બેઠક, ૨૦૧૭ના પ્રતિનિધિઓને, અધિનિયમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર વેરાના ૧૦૦% સુધીના સુખસુવિધા કરની ચુકવણીમાંથી મુક્તિ આપે છે.

(૧) ટેરીફ (પ્રશુલ્ક)ના દરો, લેવાપાત્ર કરની રકમ જેટલા ઘટાડવા જોઈશે.

(૨) સુખસુવિધા કરની ચુકવણીમાંથી મુક્તિનો આ લાભ, અધિનિયમની જોગવાઈઓ અનુસાર લેવાનો રહેશે.

(૩) ઉપર દર્શાવેલી શરતો અથવા અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકી કોઈનો ભંગ થવાના પ્રસંગે, નિયત અધિકારીએ ઠરાવેલી જોગવાઈઓ મુજબ પગલાં લેવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.પટેલ,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 149 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MAY 23, 2017/JYAISTHA 2, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૩મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**ના તારીખઃ ૧૭મી મે, ૨૦૧૭ના સરાકારી જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૧૮)વીએઆર-૨૦૧૭(૪૫)/૬-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Gujarat Value Added Tax Rules,2006.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૭મી મે, ૨૦૧૭.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક (જીએચએન–૧૮)વીએઆર–૨૦૧૭(૪૫)/૬.:– ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ–પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો,૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (પાંચમા સુધારા) નિયમો,૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત મૂલ્ય વર્ધિત વેરાનિયમ, ૨૦૦૬ માં, નિયમ ૫માં, પેટા નિયમ ૮માં, "વેચાણવેરાવ્યવસાયી અથવા રાજપત્રિત અધિકારી અથવા એડવોકેટ દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કરેલ " એ શબ્દો પહેલાં"ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 150 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MAY 24, 2017/JYAISTHA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૪મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ–ના તારીખ:૧૮મી જાન્યુઆરી, ૨૦૧૭ના સરાકારી જાહેરનામા **ક્રમાંકઃ જીએન–૨૦૧૭નો ૨/આરઆરજી/૧૦૨૦૧૪/૭૨૨૮૮/ઈ–૩.**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
The Geologist, Class II, in the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department,Recruitment Rules, 2017.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં,

ભૂસ્તરશાસ્ત્રી,વર્ગ–૨,ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનુંસંવિધાન.

ક્રમાંકઃ જીએન–૨૦૧૭નો ૨/આરઆરજી/૧૦૨૦૧૪/૭૨૨૮૮/ઈ–૩:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ–૨–ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ–૨, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ–૨ની જગા પરની નિમણૂક,જેણે–

(ક) (૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની તાબાની સેવામાં, જુનિયર ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ–૩ ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૩ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ ૨–માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,–

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

INDEX

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ભૂસ્તરવિજ્ઞાન અથવા પ્રયોજિત ભૂસ્તરવિજ્ઞાન અથવા જીયોટેકનિકલ એન્જિનિયરીંગમાં મેળવેલી અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર, ખાતાકીય પરીક્ષા, અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

હેમેશ મારડિયા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 151 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MAY 24, 2017/JYAISTHA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૪મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ:૧૨મી મે, ૨૦૧૭ સરાકારી જાહેરનામા જાહેરના **ક્રમાંક: (જીએચએન-૧૪)વીએઆર-૨૦૧૭(૪૩)ઠ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Gujarat Value Added Tax Rules,2006.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૨મી મે, ૨૦૧૭.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક (જીએચએન-૧૪)વીએઆર-૨૦૧૭(૪૩)/૬. :- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો,૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (તૃતિય સુધારા) નિયમો,૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમ, ૨૦૦૬ માં, નિયમ ૬૧ના, પેટા-નિયમ (૨) પછી,નીચેનો પેટા-નિયમ ઉમેરવો:-

"(૩) આ નિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વેપારી કે વ્યક્તિ દ્વારા જાહેર કરવામાં આવેલ ઇ-મેઇલ એડ્રેસ પર, ઇ-મેઇલ કરીને, ડિજિટલ સિગ્નેચર કરીને (સાથે) મોકલવામાં આવેલ કોઇ નોટિસને,નીચે પ્રમાણેની સ્વિકૃતિ આપવામા આવી હોય ત્યારે,આ નિયમના હેતુ માટે કાયદેસરની નોટિસ બજાવવામાં આવી હોવાનું ગણાશે.

(ક) નોટિસ જેને મોકલી હોય તે વ્યક્તિએ (addressee), સ્વયંચાલિત (automated) અથવા અન્યથા કરેલ કોઇ પત્રવ્યવહાર; અથવા

(ખ) ઇલેક્ટ્રોનિક રેકોર્ડ મળેલ છે, તેવું પ્રવર્તક (originator) ને જણાવવા માટે પર્યાપ્ત હોય તેવો નોટિસ જેને મોકલવામાં આવેલ હોય તે વ્યક્તિનો કોઇ વ્યવહાર.

સંબંધિત વાણિજ્યિક વેરા અધિકારીએ, પોતે જાહેર કરેલ વેપારી અથવા વ્યક્તિના લોગ ઇન આઇડી પ્રમાણે, ડેશબોર્ડ ઉપર આવા ઇ-મેઇલ અંગે જાણ કરવી જોઇશે".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 152

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MAY 25, 2017/JYAISTHA 4, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૫મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગના તારીખઃ૧૨મી મે, ૨૦૧૭** સરકારી જાહેરનામા **ક્રમાંકઃ (જીએચએન-૧૫)વીએઆર-૨૦૧૭(૪૪)ઠ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Gujarat Value Added Tax Rules, 2006.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૨મી મે, ૨૦૧૭.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક (જીએચએન-૧૫)વીએઆર-૨૦૧૭(૪૪)/૬. :- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (ચોથા સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬માં, નિયમ ૧૯-માં,-

(૧) પેટા-નિયમ (૨)માં, ખંડ (૩)માં, "૩૦મી જૂન, ૩૦મી સપ્ટેમ્બર, ૩૧મી ડિસેમ્બર અને ૩૧મી માર્ચના રોજ પૂરી થતી મુદત માટે, પ્રથમ દસ ચીજવસ્તુઓની તેની કિંમત અનુસાર અને તે મુદત દરમિયાન તજવીજ કરાયેલી બાકીની ચીજવસ્તુઓની એકત્રિત વિગતોના સંબંધમાં તેના પત્રક સાથે નમૂના ૨૦૧૭-માં ત્રિમાસિક માહિતી પૂરી પાડવી જોઇશે.",એ શબ્દો, આંકડા અને અક્ષરોને બદલે,"પ્રથમ દસ ચીજવસ્તુઓની તેની કિંમત અનુસાર અને તે મુદત દરમિયાન તજવીજ કરાયેલી બાકીની ચીજવસ્તુઓની એકત્રિત વિગતોના સંબંધમાં તેના પત્રક સાથે નમૂના ૨૦૧૭-માં માસિક માહિતી પૂરી પાડવી જોઇશે." એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા.

(૨) પેટા-નિયમ (૩ક)માં, ખંડ (૨)માં, "૩૦મી સપ્ટેમ્બર અને ૩૧મી માર્ચના રોજ પૂરી થતી મુદત માટે માલ સૂચિ-(યાદી)ના સંબંધમાં પ્રથમ દસ ચીજવસ્તુઓની તેની કિંમત અનુસાર અને તે મુદત દરમ્યાન તજવીજ કરેલ બાકીની ચીજવસ્તુઓની એકત્રિત માહિતીના સંબંધમાં તેના રીટર્ન સાથેની માહિતી અર્ધવાર્ષિક ધોરણે નમૂના ૨૦૧૭માં પૂરી પાડવી જોઇશે"એ શબ્દો અને અક્ષરોને બદલે,"માલ સૂચિ-(યાદી)ના સંબંધમાં પ્રથમ દસ ચીજવસ્તુઓની તેની કિંમત અનુસાર અને તે મુદત દરમ્યાન તજવીજ કરેલ બાકીની ચીજવસ્તુઓની એકત્રિત માહિતીના સંબંધમાં તેના રીટર્ન સાથેની માહિતી ત્રિમાસિક ધોરણે નમૂના ૨૦૧૭-માં પૂરી પાડવી જોઇશે"એ શબ્દોઅને અક્ષરો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 153

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MAY 25, 2017/JYAISTHA 4, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૫મી મે, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**–ના **તારીખઃ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંકઃ પીટીડી/૫૬/૨૦૧૬/એમવીડી/૧૦૨૦૧૫/૨૩૭૧/ખ.** –નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Bombay Motor Vehicles Tax Rules, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ:૧૯મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક:પીટીડી/૫૬/૨૦૧૬/એમવીડી/૧૦૨૦૧૫/૨૩૭૧/ખ:–ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮(સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા–કલમ(૧)થી ફરમાવ્યા પ્રમાણે, મુંબઈ મોટર વાહન વેરા નિયમો,૧૯૫૯ વધુ સુધારવા માટેના અમુક નિયમોનો મુસદ્દો, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ: ૧૭મી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક.પીટીડી/૪૩/૨૦૧૬/એમવીડી/૧૦૨૦૧૫/૨૩૭૧/ખ. હેઠળ તારીખ: ૧૭મી જૂન, ૨૦૧૬ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ–૪–બી–ના પાના ૪૩૦–૧ થી ૪૩૦–૨–માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની અંદર, વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, કોઈપણ વ્યકિત તરફથી સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮(સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩થી મળેલી સત્તાની રૂએ,ગુજરાત સરકાર,આથી,મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. (૧) આ નિયમો મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે સન ૧૯૬૦ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, નિયમ ૧માં,–

(૧) પેટા–નિયમ (૧)માં, "મુંબઈ" એ શબ્દને બદલે "ગુજરાત" એ શબ્દ મૂકવો;

(૨) પેટા–નિયમ (૨)માં,"મુંબઈ" એ શબ્દને બદલે "ગુજરાત" એ શબ્દ મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 154

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MAY, 26, 2017/JYAISTHA 5, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** વિભાગ-ના તારીખ : **૨૦મી એપ્રિલ, ૨૦૧૭**ના સરકારી **જાહેરનામા કમાંક : જીવાયસી/૦૪/ ૨૦૧૭/પીઆરવી/ ૧૦૨૦૦૯/ ૧૧૫૦/એ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Building Survey Assistant, Class-III, Recruitment Rules, 2010.

ભવન સર્વેક્ષણ સહાયક, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૦ સુધારવા સંબંધી જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૨૦મી એપ્રિલ,૨૦૧૭

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીવાયસી/૪/૨૦૧૭/પીઆરવી/૧૦૨૦૦૯/૧૧૫૦/એ:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભવન સર્વેક્ષણ સહાયક,વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ભવન સર્વેક્ષણ સહાયક, વર્ગ–૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભવન સર્વેક્ષણ સહાયક, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૦(જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં,-

(૧) ખંડ(ક)માં,"૩૦ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

(૨) ખંડ(ખ)માં, પેટા–ખંડ(૧) માં, "અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;" એ શબ્દો કમી કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો :–

"ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૫ અને નિયમ ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવેશ એરડા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 155

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, MAY 26, 2017/JYAISTHA 5, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના તારીખ : ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૮૬/બીઆરટી/૧૦૨૦૦૮/૨૪૬/ડી-૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Chief Chemist, Class-I, in the Commissionerate of Geology and Mining, Recruitment Rules, 2017.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, મુખ્ય રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ–૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધિનગર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૮૬/બીઆરટી/૧૦૨૦૦૮/૨૪૬/ડી.૩:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ વિદ્યમાન નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, મુખ્ય રસાયણશાસ્ત્રી(કેમિસ્ટ),વર્ગ–૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો,ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં,મુખ્ય રસાયણશાસ્ત્રી(કેમિસ્ટ),વર્ગ–૧ ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં,મુખ્ય રસાયણશાસ્ત્રી(કેમિસ્ટ), વર્ગ–૧ની જગા ઉપરની નિમણૂક, જેણે:–

(ક) (૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, સિનિયર રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ),વર્ગ ૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇ અનુસાર, સીનિઓરિટિ (પ્રવરતા)ને લક્ષમાં લીધા સિવાય,પસંદગીના સિદ્ધાંતને આધારે વિચારણા ક્ષેત્રની અંદરની વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરીછે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ(૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ–૨માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,–

(ક) ૪૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય), ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

(ખ)(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા સરકારે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી અકાર્બનીક (ઇનઓર્ગેનિક)રસાયણશાસ્ત્રમાં ખનિજ રસાયણશાસ્ત્ર(મિનરલ કેમેસ્ટ્રી)ના પાસા પર મેળવેલી પીએચ.ડી (P h .D)ની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(ક) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ ૧ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો ઓછામાં ઓછા આઠ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, રસાયણશાસ્ત્રી, વર્ગ–૧ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી સમકક્ષ ગણીશકાય તેવી જગા પરનોલગભગ આઠ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે જેમાંથી ખડકો, ખનિજો અથવા કાચી ધાતુઓના પૃથક્કરણમાં ચાર વર્ષનો પ્રાયોગિક (પ્રત્યક્ષ) અનુભવ અને ખનિજ ટેસ્ટિંગ (પરિક્ષણ) લેબોરેટરી (પ્રયોગશાળા)માં પ્રવર દરજ્જામાં લગભગ ચાર વર્ષનો વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થાનમાંથી અકાર્બનીક (ઇનઓર્ગેનિક) અથવા પૃથક્કરણાત્મક (એનાલિટિકલ) અથવા ભૌતિક (ફિઝિકલ) રસાયણશાસ્ત્રમાં ઓછામાં ઓછા દ્વિતીય વર્ગ સાથેનીઅનુસ્નાતક પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે તે તરીકે માન્યસ કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(ક) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરનીકચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, રસાયણશાસ્ત્રી(કેમિસ્ટ),વર્ગ ૧ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો ઓછામાં ઓછા દશવર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ–૧નાદરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો લગભગ દશ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે જેમાંથી ખડકો, ખનિજો અથવા કાચી ધાતુઓના પૃથક્કરણમાં પાંચ વર્ષનો પ્રાયોગિક (પ્રત્યક્ષ) અનુભવ અને ખનિજ ટેસ્ટિંગ (પરિક્ષણ) લેબોરેટરી (પ્રયોગશાળા)માં પ્રવર દરજ્જામાં લગભગ પાંચ વર્ષનો વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેંનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન,રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર, પૂર્વ–સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાનારહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. ચૌધરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 156 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, MAY 29, 2017/JYAISTHA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**-ના **તારીખ : ૨૨મી મે, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૨૦) વીએટી-૨૦૧૭-એસ.૫(૨) (૫૪)-ઠ** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department

No. (GHN-35) VAT-2006-(S.5) (2) (1) - TH dated the 31st March, 2006.

તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંકઃ (જીએચએન-૩૫) વીએટી - ૨૦૦૬ - (એસ.૫) (૨) (૧) - ૦ સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી મે, ૨૦૧૭.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંકઃ (જીએચએન-૨૦) વીએટી - ૨૦૧૭ - એસ.૫ (૨) (૫૪) - ૦ઃ- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૫ની પેટા-કલમ(૨)ના ખંડ(ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંકઃ (જીએચએન-૩૫) વીએટી - ૨૦૦૬ - (એસ.૫) (૨) (૧) ૦. નીચે પ્રમાણે સુધારે છેઃ-

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૧૪ પરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવીઃ-

નોંધ ક્રમાંક	વેચાણો અથવા ખરીદીઓનો વર્ગ	સમગ્ર વેરો અથવા તેના કોઇ ભાગમાંથી મુકિત	નિયંત્રણ અને શરતો, કોઇ હોય તો તે.
૧	૨	૩	૪
''૧૧૫	આફ્રિકન ડેવલપમેન્ટ બેંક અધિનિયમ, ૧૯૮૩ના આર્ટિકલ ૫૭ની જોગવાઈઓ હેઠળ આફ્રિકન ડેવલપમેન્ટ બેંકને કરવામાં આવેલાં માલનાં વેચાણ.	સમગ્ર વેરો	બેંકે આ જાહેરનામા સાથે જોડેલા નમૂના એએફડીબી-૧-માં પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સમીર જોષી,
સરકારના ઉપ સચિવ.

નમૂનો એએફડીબી– ૨

(તારીખ: ૨૨મી, ૨૦૧૭ના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૨૦) વીએટી-૨૦૧૭-એસ.૫ (૨) (૫૪) - ઠ.માં જણાવ્યા પ્રમાણે) આફ્રિકન ડેવલપમેન્ટ બેંક દ્વારા કરવાનો એકરાર

હું ..... (નામ), ... (પદ અથવા હોદ્દો જણાવો), આથી, પ્રમાણિત કરું છું કે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના પ્રતિનિધિઓ અને અધિકારી/કર્મચારીઓએ ખરીદેલો માલ, આફ્રિકન ડેવલપમેન્ટ બેંક અધિનિયમ, ૧૯૮૩ હેઠળ મુક્તિને પાત્ર છે.

સ્થળ: **સહી:**

તારીખ: **હોદ્દો:**

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 157 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, MAY 30, 2017/JYAISTHA 9, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ** ના **તારીખ : ૧૨મી મે, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૧૬) પીએફટી-૨૦૧૭-(એસ ૨૭)-(૧૩)/૮** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat State Tax on Professions, Trades, Callings and Employments Rules, 1976.

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૬ સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી મે, ૨૦૧૭.

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬

ક્રમાંક: (જીએચએન-૧૬) પીએફટી-૨૦૧૭-(એસ ૨૭)-(૧૩)/૮ :- ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના અધિનિયમ ક્રમાંક. ૧૧મા)ની કલમ ૨૭-ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૬ વધુ સુધારવા નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૬ (જેનો આમાં, હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩-માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ક)માં, "નમૂના ૨ મુજબનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર," એ શબ્દો અને આંકડો પછી, "અરજી મળ્યાની તારીખ પછી કામકાજના એક દિવસની અંદર" એ શબ્દો દાખલ કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪-માં, પેટા-નિયમ (૪)માં, "નમૂના ૪ મુજબ નોંધણી-પ્રમાણપત્ર" એ શબ્દો અને આંકડો પછી, "અરજી મળ્યાની તારીખ પછી કામકાજના એક દિવસ અથવા યથાપ્રસંગ, વધારાની માહિતી અથવા પુરાવો મળ્યાની તારીખની અંદર" એ શબ્દો દાખલ કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 158

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, MAY 31, 2017/JYAISTHA 10, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ** ના તારીખ : **૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ/૨૦૧૭/૦૩/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૩/ડી.૧** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Technical Advisor (Chemical), Class I, in the Commissionerate of Industries, Recruitment Rules, 2017.

ઉદ્યોગ કમિશનરની કચેરીમાં, તકનિકી સલાહકાર (રસાયણ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, રપમી જન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/૨૦૧૭/૦૩/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૩/ડી-૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, તકનિકી સલાહકાર (રસાયણ), વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, ઉદ્યોગ કમિશનરની કચેરીમાં, તકનિકી સલાહકાર (રસાયણ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, તકનિકી સલાહકાર (રસાયણ), વર્ગ ૧ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૪૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમ હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇ શૈક્ષણિક સંસ્થામાંથી કેમિકલ એન્જિનિઅરિંગ અથવા પેટ્રો-કેમિકલ એન્જિનિઅરિંગ અથવા પેટ્રોલિયમ એન્જિનિઅરિંગમાં અનુસ્નાતકની પદવી; અથવા

(૨) (બી.એસસી. એન્જિનિઅરિંગમાં સ્નાતક પછી) આઇ.આઇ.ટી.-માંથી ઇન્ડસ્ટ્રિઅલ કેમેસ્ટ્રિમાં એમ.એસસી.ની પદવી;

(૩) સરકારમાં અથવા સરકારી અંડરટેકિંગ, બોર્ડ, કોર્પોરેશન, સ્થાનિક મંડળ, અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં અથવા સરકારી પ્રોજેક્ટમાં પર્યાવરણ સંરક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ, કેમિકલ, પેટ્રોકેમિકલ, ઓઇલ રિફાઇનીંગ અથવા ઓઇલ એન્ડ ગેસ ઇન્ડસ્ટ્રિઝના ક્ષેત્રમાં આશરે ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી ગુજરાત રાજ્ય સેવામાં, વર્ગ ૧ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો ૩ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

INDEX

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી, તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા, નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જમીનગીરી અને જમીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. ચૌધરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 159

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JUNE 2, 2017/JYAISTHA 12, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જૂન, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ : ૨૨મી મે, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીપી-૨૪-કેઆરવી-૧૦૨૦૧૨-૧૧૩૨-ચ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

C:\Users\Administrator\Desktop\Extra Ordinary\IX\159-Health & Famioly Department-Dt. 08-06-2017.doc

INDEX

Notification

Regarding

Amendment to the Government notification No. GP/37/KRV/102012/1132/CH, Health and Family Welfare Department dated the 6th December, 2016

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬નું જાહેરનામું ક્રમાંક : જીપી/૩૭/કેઆરવી/૧૦૨૦૧૨/૧૧૩૨/ચ. સુધારવા સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી મે, ૨૦૧૭.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીપી/૨૪/કેઆરવી/૧૦૨૦૧૨/૧૧૩૨/ચ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬નું જાહેરનામું ક્રમાંક : જીપી/૩૭/કેઆરવી/૧૦૨૦૧૨/૧૧૩૨/ચ. નીચે પ્રમાણે સુધારે છે,-

૧. સદરહુ જાહેરનામામાં, આમુખમાં, ''અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને'' અને ''ની જગા પરની ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા તે અંગેના'' એ શબ્દો, સદરહુ જાહેરનામું બહાર પાડ્યાની તારીખથી અમલમાં આવે એ રીતે હંમેશ માટે કમી કરેલા હોવાનું ગણાશે.

૨. મૂળ ગુજરાતી જાહેરનામાના આમુખમાં, આ શબ્દો હોવાથી આ સુધારો લાગુ પડતો નથી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. ડી. ચૌધરી,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 160

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, JUNE 5, 2017/JYAISTHA 15, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જૂન, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ - ના તારીખ : ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૭/૦૪/બીઆરટી/૧૧૨૦૧૫/૨૦૧૨/ડી.૨- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Joint Technical Advisor (Precision Instruments), Class I, in the Gujarat Industrial Service, Recruitment Rules, 2017.

ગુજરાત ઔદ્યોગિક સેવામાં, સંયુક્ત તકનિકી સલાહકાર (પરિશુદ્ધતા (પ્રિસિશન) ઉપકરણો), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/૨૦૧૭/૦૪/બીઆરટી/૧૧૨૦૧૫/૨૦૧૨/ડી-૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, સંયુક્ત તકનિકી સલાહકાર (પરિશુદ્ધતા (પ્રિસિશન) ઉપકરણો), વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, સંયુક્ત તકનિકી સલાહકાર (પરિશુદ્ધતા (પ્રિસિશન) ઉપકરણો), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, સંયુક્ત તકનિકી સલાહકાર (પરિશુદ્ધતા (પ્રિસિશન) ઉપકરણો), વર્ગ ૧ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(૧) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

(૨)

(૧) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇ શૈક્ષણિક સંસ્થામાંથી એન્જિનિઅરિંગ અથવા ટેકનોલોજી (સિવિલ એન્જિનિઅરિંગ અથવા ટેકનોલોજી સિવાય)માં પ્રથમ વર્ગ સાથે સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(૨) (ક) એન્જિનિઅરિંગ અથવા ટેકનોલોજી (સિવિલ એન્જિનિઅરિંગ અથવા ટેકનોલોજી સિવાય)માં અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા

INDEX

(ખ) બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા

(ગ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમ હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇ શૈક્ષણિક સંસ્થામાંથી ઓછામાં ઓછા બે વર્ષના સમયગાળા (મુદત)નો વહીવટ (મેનેજમેન્ટ)માં અનુસ્નાતક પ્રોગ્રામમાં પદવી અથવા ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે; અને

(૩) (ક) ગુજરાત ઔદ્યોગિક સેવા, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, ઉદ્યોગ અધિકારી (તકનિકી), વર્ગ ૨, અથવા ઉદ્યોગ અધિકારી, વર્ગ ૨ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે આઠ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) ગુજરાત ઔદ્યોગિક સેવા, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, ઉદ્યોગ અધિકારી (તકનિકી) વર્ગ-૨ અથવા ઉદ્યોગ અધિકારી, વર્ગ ૨-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સરકારમાં, સ્થાનિક મંડળ, સરકારી અંડરટેકિંગ, બોર્ડ, કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીનો એન્જિનિયરિંગ અથવા વહીવટના સંબંધિત ક્ષેત્રમાં આશરે આઠ વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમ હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇ શૈક્ષણિક સંસ્થામાંથી એન્જિનિઅરિંગ અથવા ટેકનોલોજી (સિવિલ એન્જિનિઅરિંગ અથવા ટેકનોલોજી સિવાય)માં ડોક્ટરેટ (પીએચ.ડી.)ની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(ક) ગુજરાત ઔદ્યોગિક સેવા, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, ઉદ્યોગ અધિકારી (તકનિકી), વર્ગ ૨ અથવા ઉદ્યોગ અધિકારી, વર્ગ ૨ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) ગુજરાત ઔદ્યોગિક સેવા, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, ઉદ્યોગ અધિકારી (તકનિકી) વર્ગ-૨ અથવા ઉદ્યોગ અધિકારી, વર્ગ ૨-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સરકારમાં, સરકારી અંડરટેકિંગ, બોર્ડ, કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીનો એન્જિનિયરિંગ અથવા વહીવટના સંબંધિત ક્ષેત્રમાં આશરે પાંચ વર્ષનો અલગ અથવા સંયુક્ત અનુભવ ધરાવતો હોવો જોઇશે; અને

(૩) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જમીનગીરી અને જમીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. ચૌધરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 161

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY,JUNE 5, 2017/JYAISTHA 15, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૫મી જૂન, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ** - ના તારીખ : **૩૧મી માર્ચ, ૨૦૧૭ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએસ-૨૦૧૬-૧૧-બીપીએન -૧૦૨૦૧૬-૦૧-કે**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to Gujarat Secretariat Deputy Section Officers and Deputy Mamlatdars, Recruitment (Examination) Rules, 1979.

ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર
ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી

જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ / ૨૦૧૬ / ૧૧ / બીપીએન / ૧૦૨૦૧૬ / ૦૧ / કેઃ– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો ગુજરાત સચિવાલય નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત સચિવાલય નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૧૫માં,

(૧) પેટા–નિયમ (૪)માં, ખંડ(ખ) કમી કરવો.

(૨) પેટા–નિયમ (૬)માં, ખંડો (ક) અને (ખ) કમી કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ–૧૬માં, નીચેનો મજકૂર કરવોઃ–

"૧૬. પરીક્ષામાં સફળ થવાથી જ નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને નિમણૂક કરનાર સત્તાધિકારીને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે ઉમેદવાર બધી રીતે જાહેર સેવા માટેની નિમણૂક માટે યોગ્ય નથી, તો નિમણૂક કરનાર સત્તાધિકારી ઉમેદવારના દાવાને ધ્યાનમાં ન લેવા માટે મુક્ત રહેશે. ઉમેદવાર કોઇ જગા પરની નિમણૂકના પ્રસ્તાવનો સ્વીકાર કરવાની ના પાડે તો તેની નિમણૂક રદ થશે અને તે ઉમેદવારનું નામ પસંદ થયેલા ઉમેદવારોની યાદીમાંથી દૂર કરવામાં આવશે".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૮માં, "મુંબઈ મુલકી સેવા નિયમો, ૧૯૫૯" એ શબ્દો અને આંકડાને બદલે " ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨" એ શબ્દો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.એચ.મન્સુરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 162

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪૦૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX] FRIDAY, JUNE 9, 2017/JYAISTHA 19, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જૂન, ૨૦૧૭.

તારીખ: **૯મી જૂન, ૨૦૧૭**–ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક: ૨૫** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 25 OF 2017.

THE GUJARAT GOODS AND SERVICES TAX ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૭ના જૂન મહિનાની ૯મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 25 OF 2017.

AN ACT

to make a provision for levy and collection of tax on intra-State supply of goods or services or both and the matters connected therewith or incidental thereto.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૫.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના જૂન મહિનાની ૯મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

રાજ્યાંતર્ગત માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવાના સંબંધમાં વેરો લેવા અને વસૂલ કરવા અથવા તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

પ્રકરણ ૧
પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાતને લાગુ પડે છે.

(૩) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશેઃ

પરંતુ આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે અને આવી કોઇ જોગવાઇમાંના આ અધિનિયમના આરંભને લગતા કોઈ ઉલ્લેખનો અર્થ, તે જોગવાઈના અમલમાં આવવાના ઉલ્લેખ તરીકે કરવો જોઈશે.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(૧) "દાવાયોગ્ય હક"નો મિલકત તબદીલી અધિનિયમ,૧૮૮૨ની કલમ ૩માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે, તે જ અર્થ થશે; સન ૧૮૮૨નો ૪થો.

(૨) "માલ પહોંચાડવાનું સરનામું" એટલે માલ અથવા સેવા અથવા તે બંને પહોંચાડવા માટેનું, રજિસ્ટર થયેલ વ્યક્તિએ કાઢી આપેલા વેરા ભરતિયા પર દર્શાવેલું, આવા માલ અથવા સેવા અથવા તે બંને લેનારનું સરનામું;

(૩) "રેકર્ડ પરનું સરનામું" એટલે પુરવઠાકારના રેકર્ડમાં ઉપલભ્ય હોય તેવું, લેનારનું સરનામું;

(૪) "ન્યાયનિર્ણય સત્તાધિકારી (ચુકાદો આપનાર અધિકારી)" એટલે આ અધિનિયમ હેઠળ કોઈ હુકમ કરવા અથવા નિર્ણય આપવા માટે નિમાયેલા અથવા અધિકૃત કરેલા કોઈ સત્તાધિકારી, પણ તેમાં કમિશનર, ફેરતપાસ સત્તાધિકારી, એડવાન્સ રૂલિંગ માટેના સત્તાધિકારી, એડવાન્સ રૂલિંગ માટેના અપીલ સત્તાધિકારી (એપેલેટ અધિકારી), અપીલ સત્તાધિકારી (એપેલેટ અધિકારી) અને અપીલ (એપેલેટ) ટ્રિબ્યુનલનો સમાવેશ થતો નથી;

(૫) "એજન્ટ" એટલે બીજી કોઈ વ્યક્તિ વતી માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડવાનો અથવા લેવાનો ધંધો કરતી કોઈ વ્યક્તિ અને તેમાં આડતિયા, દલાલ, કમિશન એજન્ટ, અર્હશિયા, ડેલ ક્રેડર એજન્ટ (ખરીદદારની સધ્ધરના એજન્ટ), હરાજી કરનાર અથવા બીજા કોઈ વેપારી એજન્ટનો સમાવેશ થાય છે;

INDEX

(૬) "એકંદર ટર્નઓવર" એટલે (કોઈ વ્યક્તિ દ્વારા જેના પર વિપરીત ચાર્જ (reverse charge)ને આધારે વેરો ભરવાપાત્ર થતો હોય તેવા આવક-પુરવઠા (inward supplies)નું મૂલ્ય બાદ કરતા) તમામ વેરાપાત્ર પુરવઠાનું, મુક્તિ આપેલા પુરવઠા (exempt supplies)નું, માલ અથવા સેવા અથવા તે બંનેના નિકાસનું અને સરખા કાયમી ખાતા નંબર (PAN) ધરાવતી વ્યક્તિઓના રાજ્યની અંદરના પુરવઠાનું, અખિલ ભારત ધોરણે ગણતરી કરવાનું એકંદર મૂલ્ય, પણ તેમાં કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંઘ રાજ્યક્ષેત્ર વેરા, સંકલિત વેરા અને ઉપકરનો સમાવેશ થતો નથી;

(૭) "ખેડૂત" એટલે-

(ક) પોતાના શ્રમ દ્વારા, અથવા

(ખ) કુટુંબના શ્રમ દ્વારા, અથવા

(ગ) રોકડ અથવા વસ્તુ સ્વરૂપે વેતન ચૂકવીને, નોકર (સેવક) દ્વારા અથવા અંગત દેખરેખ હેઠળ અથવા કુટુંબના કોઈ સભ્યની અંગત દેખરેખ હેઠળ, ભાડે રાખેલા મજૂર દ્વારા જમીનની ખેતી કરતી કોઈ વ્યક્તિ અથવા તેવું હિંદુ અવિભક્ત કુટુંબ;

(૮) "અપીલ સત્તાધિકારી (એપેલેટ ઓથોરિટી)" એટલે અપીલની સુનાવણી કરવા માટે નિમાયેલા અથવા અધિકૃત કરાયેલા અને કલમ ૧૦૭માં ઉલ્લેખ કરેલા સત્તાધિકારી;

(૯) "અપીલ (એપેલેટ) ટ્રિબ્યુનલ" એટલે કલમ ૧૦૯માં ઉલ્લેખેલું સેવા વેરા અપીલ ટ્રિબ્યુનલ;

(૧૦) "નિયત દિવસ" એટલે આ અધિનિયમની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ;

(૧૧) "આકારણી" એટલે આ અધિનિયમ હેઠળ વેરા જવાબદારી નક્કી કરવી અને તેમાં સ્વ-આકારણી, ફેર-આકારણી, કામચલાઉ આકારણી, સંક્ષિપ્ત આકારણી અને યથાબુદ્ધિ આકારણીનો સમાવેશ થાય છે;

INDEX

(૧૨) "સંલગ્ન ઉદ્યોગ-સાહસ"નો, આવક-વેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૯૨-ક-માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે; સન ૧૯૬૧નો ૪૩મો.

(૧૩) "ઓડિટ" એટલે જાહેર કરેલા ટર્નઓવર, ચૂકવેલા વેરા, દાવો કરેલા રિફંડ અને મેળવેલા ઈનપુટ વેરા શાખની યથાર્થતા અંગે ખરાઈ કરવા માટે અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈ અનુસાર તેણે કરેલી પૂર્તતાનું મૂલ્યાંકન કરવા માટે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા નિભાવવામાં આવતા અથવા પૂરા પાડવામાં આવતા રેકર્ડ, પત્રકો અને બીજા દસ્તાવેજોની તપાસ;

(૧૪) "અધિકૃત બેંક" એટલે વેરો અથવા આ અધિનિયમ હેઠળ ભરવાપાત્ર બીજી કોઈ રકમ વસૂલ કરવા માટે, કેન્દ્ર સરકારે અધિકૃત કરેલી બેંક અથવા બેંકની શાખા;

(૧૫) "અધિકૃત પ્રતિનિધિ" એટલે કલમ ૧૧૬ હેઠળ ઉલ્લેખ્યા પ્રમાણેના પ્રતિનિધિ;

(૧૬) "બોર્ડ" એટલે કેન્દ્રીય મહેસૂલ-બોર્ડ અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલું કેન્દ્રીય આબકારી અને જકાત બોર્ડ; સન ૧૯૬૩નો ૫૪મો.

(૧૭) "ધંધા"માં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ-

(ક) નાણાકીય લાભ માટે હોય કે ન હોય તેવો કોઈ વ્યાપાર, વાણિજ્ય, ઉત્પાદન પ્રક્રિયા, ધંધો-રોજગાર, વ્યવસાય, ઉદ્યોગ-સાહસ, હોડ (wager) અથવા તેના જેવી બીજી કોઈ પ્રવૃત્તિ;

(ખ) પેટા-ખંડ (ક) સાથે સંકળાયેલી અથવા તેના આનુષંગિક અથવા તેને સંલગ્ન કોઈ પ્રવૃત્તિ અથવા લેવડદેવડ;

(ગ) પેટા-ખંડ (ક)ના સ્વરૂપની કોઈ પ્રવૃત્તિ અથવા લેવડદેવડ, પછી આવી લેવડદેવડનું પ્રમાણ, તેની સંખ્યા (frequency), તેનું સાતત્ય અથવા તેની નિયમિતતા હોય કે ન હોય;

(ઘ) ધંધો શરૂ કરવા અથવા બંધ કરવા સાથે સંકળાયેલા કેપિટલ ગુડ્ઝ (મૂડીગત માલ) અને સેવા સહિતના માલનો પુરવઠો અથવા તેનું સંપાદન;

(ચ) ક્લબ, એસોસિએશન, મંડળી અથવા આવા કોઈ મંડળ દ્વારા પોતાના સભ્યોને (ફાળા અથવા બીજા કોઈ અવેજને બદલે) સુવિધા અથવા લાભો પૂરા પાડવા;

(છ) અવેજને બદલે, કોઈ જગ્યામાં વ્યક્તિઓનો પ્રવેશ;

(જ) કોઈ હોદ્દો ધરાવનાર તરીકે કોઈ વ્યક્તિએ, પોતાના વ્યાપાર, ધંધા અથવા વ્યવસાયની પ્રગતિ દરમિયાન અપનાવેલી હોય તેવી તેના દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા;

(ઝ) કોઈ રેસ ક્લબ દ્વારા, આવી ક્લબમાંના બુક મેકરને, ટોટલાઈઝેટર અથવા લાઈસન્સ સ્વરૂપે આપવામાં આવતી સેવા; અને

(ટ) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ જેમાં જાહેર સત્તામંડળ તરીકે રોકાયેલ હોય તેવી તેમના દ્વારા હાથ ધરવામાં આવતી કોઈ પ્રવૃત્તિ અથવા લેવડદેવડ;

(૧૮) "વેપાર કાર્યક્ષેત્ર (business vertical)" એટલે કોઈ વ્યક્તિગત માલ અથવા સેવા પૂરી પાડવાની અથવા સંબંધિત માલ અથવા સેવા જૂથમાં પૂરી પાડવાની કામગીરીમાં રોકાયેલું હોય તેવું ઉદ્યોગ-સાહસનું વિશિષ્ટ ઘટક, કે જે બીજા વેપાર કાર્યક્ષેત્રના જોખમ અને મળતર કરતાં જુદા પ્રકારના જોખમ અને મળતરને અધીન હોય.

સ્પષ્ટીકરણ.- આ ખંડના હેતુઓ માટે, માલ અથવા સેવા સંબંધિત છે કે કેમ તે નક્કી કરવા માટે વિચારણામાં લેવાની બાબતોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:-

(ક) માલ અથવા સેવાનો પ્રકાર;

INDEX

(ખ) ઉત્પાદનની પ્રક્રિયાનો પ્રકાર;

(ગ) માલ અથવા સેવાના ગ્રાહકોનો પ્રકાર અથવા તેનો વર્ગ;

(ઘ) માલનું વિતરણ કરવા માટે અથવા સેવા પૂરી પાડવા માટે વપરાતી પદ્ધતિ; અને

(ચ) બેંકિંગ, વીમા અથવા જાહેર ઉપયોગિતાની સેવા સહિત (જ્યાં પણ લાગુ પડતા હોય ત્યાં તેવા) નિયમનકારી માળખાનો પ્રકાર;

(૧૯) "કેપિટલ ગુડ્ઝ (મૂડીગત માલ)" એટલે ઈનપુટ વેરા શાખનો દાવો કરતી વ્યક્તિના હિસાબના ચોપડામાં જે માલની કિંમતનું મૂડીમાં રૂપાંતર કરવામાં આવ્યું હોય અને ધંધો આગળ વધારવામાં જેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય અથવા ઉપયોગ કરવા ધાર્યું હોય તેવો માલ;

(૨૦) "પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ" એટલે ધંધાની પ્રગતિ દરમિયાન, જ્યાં પોતાના ધંધાનું કોઇપણ નિયત સ્થળ આવેલું ન હોય તેવા વેરાપાત્ર પ્રદેશમાં, મુખ્ય એજન્ટ તરીકે અથવા બીજી કોઈ હેસિયતથી, પ્રસંગોપાત, માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવા સહિતની લેવડદેવડ કરતી હોય તેવી વ્યક્તિ;

(૨૧) "કેન્દ્રીય વેરો" એટલે કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૯ હેઠળ લેવામાં આવતો કેન્દ્રીય માલ અને સેવા વેરો;

(૨૨) "ઉપકર"નો, માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમમાં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે;

(૨૩) "ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ" એટલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૨-ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ; સન ૧૯૪૯નો ૩૮મો.

(૨૪) "કમિશનર" એટલે કલમ 3 હેઠળ નિમાયેલા રાજ્ય વેરા કમિશનર અને તેમાં કલમ 3 હેઠળ નિમાયેલા રાજ્ય વેરાના મુખ્ય કમિશનર અથવા અગ્ર વેરા કમિશનરનો સમાવેશ થાય છે;

INDEX

(૨૫) "બોર્ડના કમિશનર" એટલે કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૬૮માં ઉલ્લેખેલા કમિશનર;

(૨૬) "કોમન (સામાન્ય) પોર્ટલ" એટલે કલમ ૧૪૬માં ઉલ્લેખેલ સામાન્ય માલ અને સેવા વેરા ઇલેક્ટ્રોનિક પોર્ટલ;

(૨૭) "કામકાજના સામાન્ય દિવસો" એટલે કેન્દ્ર સરકાર અથવા ગુજરાત સરકારે રાજપત્રિત રજા તરીકે જાહેર કરેલા ન હોય તેવા ક્રમશઃ આવતા દિવસો;

સન ૧૯૮૦નો ૫૬મો.

(૨૮) "કંપની સેક્રેટરી" એટલે કંપની સેક્રેટરી અધિનિયમ, ૧૯૮૦ની કલમ ૨-ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના કંપની સેક્રેટરી;

(૨૯) "સક્ષમ સત્તાધિકારી" એટલે સરકાર જાહેર કરે તેવા સત્તાધિકારી;

(૩૦) "સંયુક્ત પુરવઠો" એટલે ધંધાના સામાન્ય ક્રમમાં, સામાન્ય રીતે જેને એક બીજા સાથે જોડીને, પેક કરીને પૂરા પાડવામાં આવતા હોય તેવા, માલ અથવા સેવા અથવા તે બંનેના અથવા તેના કોઈ સંયોજનના, વેરાપાત્ર વ્યક્તિએ લેનારને કરેલા બે અથવા વધુ વેરાપાત્ર પુરવઠાવાળો પુરવઠો, જેમાંનો એક મુખ્ય પુરવઠો હોય છે;

ઉદાહરણઃ માલને પેક કરીને વીમા સાથે તેની હેરફેર કરવામાં આવે, ત્યારે માલનો પુરવઠો, પેકિંગની સામગ્રી, હેરફેર અને વીમો એ સંયુક્ત પુરવઠો છે અને માલનો પુરવઠો એ મુખ્ય પુરવઠો છે.

(૩૧) માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં "અવેજ"માં, નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ-

(ક) માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં, તેની સામેના પ્રતિભાવમાં (સામેની પ્રતિક્રિયા તરીકે) અથવા તેના પ્રલોભન માટે, (પુરવઠો) લેનાર અથવા બીજી કોઈ વ્યક્તિએ, નાણાકીય સ્વરૂપે અથવા અન્યથા કરેલી અથવા કરવાની હોય તેવી કોઈ ચુકવણી પણ તેમાં કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર

INDEX

દ્વારા આપવામાં આવતી કોઈ સબસિડી (સહાયકી)નો સમાવેશ થશે નહિ;

(ખ) માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં, તેની સામેના પ્રતિભાવમાં (સામેની પ્રતિક્રિયા તરીકે) અથવા તેના પ્રલોભન માટે, (પુરવઠો) લેનાર અથવા બીજી કોઈ વ્યક્તિએ કરેલા કોઈ કૃત્ય માટેનું અથવા કોઈ કૃત્ય બંધ કરવા માટેનું નાણાકીય મૂલ્ય પણ તેમાં કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી કોઈ સબસિડીનો સમાવેશ થશે નહિ:

પરંતુ પુરવઠાકાર, માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં આપવામાં આવતી અનામત રકમને, સદરહુ પુરવઠા માટેના અવેજ તરીકે ગણવા માટેની અરજી કરે તે સિવાય, સદરહુ અનામત રકમને, આવા પુરવઠા માટે કરવામાં આવેલી ચુકવણી તરીકે ગણવી જોઈશે નહિ;

(૩૨) "માલનો નિરંતર પુરવઠો" એટલે કોઈ કરાર હેઠળ, વાયર, કેબલ, પાઈપલાઈન અથવા બીજી નળી (નીક)ના માધ્યમથી અથવા તેવા માધ્યમ સિવાય, સતત અથવા આવર્તિત ધોરણે, પૂરા પાડવામાં આવતા અથવા પૂરા પાડવાનું કબૂલ કરવામાં આવ્યું હોય તેવા અને જેના માટે પુરવઠાકાર, (પુરવઠો) લેનારને નિયમિત ધોરણે અથવા સમયાંતરે ભરતિયું મોકલતા હોય તેવા માલનો પુરવઠો અને તેમાં સરકાર, જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન હોય તેવા માલના પુરવઠાનો સમાવેશ થાય છે;

(૩૩) "સેવાનો નિરંતર પુરવઠો" એટલે કોઈ કરાર હેઠળ, સમયાંતરે ચુકવણી કરવાની જવાબદારી હોય તેવી, ત્રણ મહિનાથી વધુની મુદત માટે, સતત અથવા આવર્તિત ધોરણે, પૂરી પાડવામાં આવતી અથવા પૂરી પાડવાનું કબૂલ કરવામાં આવ્યું હોય તેવી સેવાનો પુરવઠો અને તેમાં સરકાર, જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન હોય તેવી સેવાનો સમાવેશ થાય છે;

(૩૪) "વાહન"માં, કોઈ વહાણ, વિમાન અને વાહનનો સમાવેશ થાય છે;

INDEX

સન ૧૯૫૯નો ૨૩મો.

(૩૫) "કોસ્ટ એકાઉન્ટન્ટ" એટલે કોસ્ટ અને વર્કસ એકાઉન્ટન્ટ અધિનિયમ, ૧૯૫૯-ની કલમ ૨-ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના કોસ્ટ એકાઉન્ટન્ટ;

(૩૬) "કાઉન્સિલ" એટલે સંવિધાનના અનુચ્છેદ ૨૭૯-ક હેઠળ સ્થપાયેલી માલ અને સેવા વેરા કાઉન્સિલ;

(૩૭) "જમા નોંધ" એટલે કલમ ૩૪-ની પેટા-કલમ (૧) હેઠળ રજિસ્ટર થયેલી વ્યક્તિએ કાઢી આપેલો દસ્તાવેજ;

(૩૮) "ઉધાર નોંધ" એટલે કલમ ૩૪-ની પેટા-કલમ (૩) હેઠળ રજિસ્ટર થયેલી વ્યક્તિએ કાઢી આપેલો દસ્તાવેજ;

(૩૯) "માની લીધેલી નિકાસ" એટલે કલમ ૧૪૭ હેઠળ જાહેર કરવામાં આવે તેવો માલનો પુરવઠો;

(૪૦) "મુકરર સત્તાધિકારી" એટલે કમિશનર દ્વારા જાહેર કરવામાં આવે તેવા સત્તાધિકારી;

(૪૧) "દસ્તાવેજ"માં, કોઈપણ પ્રકારના લેખિત અથવા મુદ્રિત રેકર્ડનો અને ઈન્ફરમેશન ટેક્નોલોજી અધિનિયમ, ૨૦૦૦ની કલમ ૨-ના ખંડ (બ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના ઈલેક્ટ્રોનિક રેકર્ડનો સમાવેશ થાય છે;

સન ૨૦૦૦નો ૨૧મો.

(૪૨) ભારતમાં ઉત્પાદિત થયેલા અને નિકાસ કરાયેલા કોઈ માલના સંબંધમાં "પરત વેરો" એટલે આયાત કરેલ કોઈ ઈનપુટ અથવા આવા માલની બનાવટમાં વપરાયેલા કોઈ આંતરિક ઈનપુટ અથવા ઈનપુટ સેવા પર લેવાપાત્ર શુલ્ક, વેરા અથવા ઉપકર પર આપવામાં આવતું રિબેટ (વળતર);

(૪૩) "ઈલેક્ટ્રોનિક રોકડ ખાતાવહી" એટલે કલમ ૪૯ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ ઈલેક્ટ્રોનિક રોકડ ખાતાવહી;

(૪૪) "ઈલેક્ટ્રોનિક વાણિજ્ય" એટલે ડિજિટલ અથવા ઈલેક્ટ્રોનિક નેટવર્ક પર, ડિજિટલ પેદાશ સહિત માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવા;

INDEX

(૪૫) "ઈલેક્ટ્રોનિક વાણિજ્ય ઓપરેટર" એટલે ઈલેક્ટ્રોનિક વાણિજ્ય માટે ડિજિટલ અથવા ઈલેક્ટ્રોનિક સુવિધા અથવા પ્લેટફોર્મની માલિકી ધરાવતી અથવા તેનું સંચાલન કરતી અથવા તેનો વહીવટ કરતી કોઇ વ્યક્તિ;

(૪૬) "ઈલેક્ટ્રોનિક જમા ખાતાવહી" એટલે કલમ ૪૯ની પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલ ઈલેક્ટ્રોનિક જમા ખાતાવહી;

(૪૭) "મુક્તિ આપેલો પુરવઠો (exempt supplies)" એટલે જેનો વેરાનો દર શૂન્ય હોય અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૧ અથવા કલમ ૬ હેઠળ જેને સંપૂર્ણત: વેરામાંથી મુક્તિ આપી શકાય તેવા કોઈ માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો અને તેમાં બિન-વેરાપાત્ર પુરવઠાનો સમાવેશ થાય છે;

(૪૮) "વિદ્યમાન કાયદો" એટલે આ અધિનિયમના આરંભ પહેલાં, માલ અથવા સેવા અથવા તે બંને પરનો શુલ્ક અથવા વેરો લેવાને અને તેને વસૂલ કરવાને (ઉઘરાવવાને) લગતા, વિધાનમંડળ અથવા એવા કાયદા, જાહેરનામા, હુકમ, નિયમ અથવા વિનિયમ કરવાની સત્તા ધરાવતા સત્તાધિકારી અથવા વ્યક્તિ દ્વારા કરવામાં અથવા તૈયાર કરવામાં આવેલ કોઈ કાયદો, જાહેરનામું, હુકમ, નિયમ અથવા વિનિયમ;

(૪૯) "કુટુંબ" એટલે,-

(૧) કોઈ વ્યક્તિના પતિ/પત્ની અને બાળકો, અને

(૨) કોઈ વ્યક્તિ પર સંપૂર્ણ અથવા મુખ્યત્વે આશ્રિત હોય તેવા સદરહુ વ્યક્તિના માતા-પિતા, દાદા-દાદી, ભાઈઓ અને બહેનો;

(૫૦) "ધંધાનું નિયત સ્થળ" એટલે સેવા પૂરી પાડવા માટે અથવા તેની પોતાની જરૂરિયાત માટે સેવા મેળવવા અને તેનો ઉપયોગ કરવા માટે, માનવ અને ટેકનિકલ સાધનોના સંદર્ભમાં કાયમી અને યોગ્ય માળખું ધરાવતું હોય તેવું (ધંધાના રજિસ્ટર થયેલા સ્થળ સિવાંયનું) કોઈ સ્થળ;

(૫૧) "ફંડ" એટલે કલમ ૫૭ હેઠળ સ્થપાયેલું ગ્રાહક કલ્યાણ ફંડ;

INDEX

(૫૨) "માલ" એટલે નાણાં અને જામીનગીરી સિવાયની દરેક પ્રકારની જંગમ મિલકત, પણ તેમાં દાવાપાત્ર હક, વિકસતા પાક અને પુરવઠો પૂરો પાડતા પહેલાં અથવા પુરવઠાના કરાર હેઠળ (જમીનથી) અલગ કરવાનું કબૂલ કરવામાં આવ્યું હોય તેવા ઘાસચારા અને જમીન સાથે જોડાયેલી અથવા જમીનનો ભાગ બનતી વસ્તુઓનો સમાવેશ થાય છે;

(૫૩) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(૫૪) "માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમ" એટલે માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમ, ૨૦૧૭; સન ૨૦૧૭નો ૧૫મો.

(૫૫) "માલ અને સેવા વેરા વ્યવસાયી" એટલે કલમ ૪૮ હેઠળ એવા વ્યવસાયી તરીકે કાર્ય કરવા માટે માન્ય કરવામાં આવેલ કોઇ વ્યક્તિ;

(૫૬) "ભારત" એટલે સંવિધાનના અનુચ્છેદ ૧-માં ઉલ્લેખેલ ભારતનું રાજ્યક્ષેત્ર (નો પ્રદેશ), તેનો પ્રાદેશિક જળવિસ્તાર, આવા જળવિસ્તાર નીચેની જમીન અને ભૂગર્ભ સ્તર, ખંડીય સમુદ્રતળપટ્ટી, પ્રાદેશિક જળવિસ્તાર, ખંડીય સમુદ્રતળપટ્ટી, સુવાંગ આર્થિક ક્ષેત્ર અને અન્ય દરિયાઈ ક્ષેત્ર અધિનિયમ, ૧૯૭૬ હેઠળના સુવાંગ આર્થિક ક્ષેત્ર અથવા બીજા કોઈ દરિયાઈ ક્ષેત્ર અને તેના રાજ્યક્ષેત્ર અને પ્રાદેશિક જળવિસ્તાર ઉપરનો હવાઈ વિસ્તાર; સન ૧૯૭૬નો ૮૦મો.

(૫૭) "સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ" એટલે સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭; સન ૨૦૧૭નો ૧૫મો.

(૫૮) "સંકલિત વેરો" એટલે સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ લેવામાં આવતો સંકલિત માલ અને સેવા વેરો;

(૫૯) "ઈનપુટ" એટલે ધંધાની પ્રગતિ દરમિયાન પુરવઠાકાર દ્વારા વાપરવામાં આવતો અથવા વાપરવા ધાર્યું હોય તેવો કેપિટલ ગુડ્ઝ સિવાયનો કોઇ માલ;

(૬૦) "ઈનપુટ સેવા" એટલે ધંધાની પ્રગતિ દરમિયાન પુરવઠાકાર દ્વારા વાપરવામાં આવતી અથવા વાપરવા ધાર્યું હોય તેવી કોઈ સેવા;

(૬૧) "ઈનપુટ સેવા વિતરણકર્તા" એટલે ઈનપુટ સેવા મળ્યા બદલ કલમ ૩૧ હેઠળ કાઢી આપવામાં આવેલ વેરા ભરતિયા સ્વીકારે અને માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારની કચેરીનો હોય તે જ કાયમી ખાતા નંબર ધરાવતા વેરાપાત્રમાલ અથવા સેવાના પુરવઠાકારને, સદરહુ સેવા પર ચૂકવેલ કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંકલિત વેરા અથવા સંઘ રાજ્યક્ષેત્ર વેરાની શાખનું વિતરણ કરવાના હેતુ માટે, ઠરાવેલો દસ્તાવેજ કાઢી આપે તેવી માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારની કચેરી;

(૬૨) રજિસ્ટર થયેલી વ્યક્તિના સંબંધમાં "ઈનપુટ વેરો" એટલે માલ અથવા સેવા અથવા તે બંનેના તેને પૂરા પડાયેલ પુરવઠા ઉપર લેવામાં આવતો કેન્દ્રીય વેરો, રાજ્ય વેરો, સંકલિત વેરો અથવા સંઘ રાજ્યક્ષેત્ર વેરો અને તેમાં નીચેના વેરાનો સમાવેશ થાય છે-

(ક) માલની આયાત પર લેવામાં આવતો સંકલિત માલ અને સેવા વેરો;

(ખ) કલમ ૯-ની પેટા-કલમો (૩) અને (૪)ની જોગવાઈઓ હેઠળ ભરવાપાત્ર વેરો;

(ગ) સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫-ની પેટા-કલમો (૩) અને (૪)ની જોગવાઈઓ હેઠળ ભરવાપાત્ર વેરો; અથવા

(ઘ) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૯ની પેટા-કલમો (૩) અને (૪)ની જોગવાઈઓ હેઠળ ભરવાપાત્ર વેરો,

પણ તેમાં પતાવટ-વેરા (composition levy) હેઠળ ચૂકવેલા વેરાનો સમાવેશ થતો નથી.

(૬૩) "ઈનપુટ વેરા શાખ" એટલે ઈનપુટ વેરાની શાખ;

INDEX

(૬૪) "માલના રાજ્યાંતર્ગત પુરવઠા"નો, સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૮-માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે;

(૬૫) "સેવાના રાજ્યાંતર્ગત પુરવઠા"નો, સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૮-માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે;

(૬૬) "ભરતિયું" અથવા "વેરા ભરતિયું" એટલે કલમ ૩૧-માં ઉલ્લેખેલ વેરા ભરતિયું;

(૬૭) કોઈ વ્યક્તિના સંબંધમાં "આવક-પુરવઠો (inward supplies)" એટલે અવેજથી અથવા અવેજ વગર, ખરીદીથી, સંપાદન કરીને અથવા બીજા કોઈ માધ્યમથી, માલ અથવા સેવા અથવા તે બંને મેળવવા;

(૬૮) "છૂટક કામ (જોબ વર્ક)" એટલે રજિસ્ટર થયેલી બીજી વ્યક્તિની માલિકીના માલ પર કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવતી કોઈ ક્રિયા અથવા પ્રક્રિયા અને "છૂટક કામદાર (જોબ વર્ક કરનાર)"નો અર્થ તદનુસાર કરવામાં આવશે;

(૬૯) "સ્થાનિક સત્તામંડળ" એટલે-

(ક) સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ના ખંડ (ઘ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની "પંચાયત";

(ખ) સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ધ-ના ખંડ (ચ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની "નગરપાલિકા";

(ગ) નગરપાલિકા સમિતિ, જિલ્લા પરિષદ, જિલ્લા બોર્ડ અને કેન્દ્ર સરકાર અથવા કોઈ રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકા અથવા સ્થાનિક ફંડનું નિયંત્રણ અને સંચાલન જેને સોંપવામાં આવેલ હોય અથવા જે તેને કાયદેસર રીતે હકદાર હોય તેવું બીજું કોઈ સત્તામંડળ;

(ઘ) કેન્ટોનમેન્ટ અધિનિયમ, ૨૦૦૬ની કલમ ૩માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું કેન્ટોનમેન્ટ બોર્ડ; સન ૨૦૦૬નો ૪૧મો.

(ચ) સંવિધાનની છઠ્ઠી અનુસૂચિ હેઠળ રચાયેલી પ્રાદેશિક કાઉન્સિલ અથવા જિલ્લા કાઉન્સિલ;

(છ) સંવિધાનના અનુચ્છેદ ૩૭૧ હેઠળ રચાયેલું વિકાસ બોર્ડ; અથવા

(જ) સંવિધાનના અનુચ્છેદ ૩૭૧ ક હેઠળ રચાયેલી પ્રાદેશિક કાઉન્સિલ;

(૭૦) "સેવા લેનારનું સ્થળ" એટલે-

(ક) જેના માટે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તેવી ધંધાની જગ્યાએ પુરવઠો મેળવવામાં આવે, ત્યારે ધંધાની તેવી જગ્યાનું સ્થળ;

(ખ) જેના માટે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તેવી ધંધાની જગ્યા સિવાયની જગ્યાએ (ધંધાના બીજા કોઈ નિયત સ્થળે) પુરવઠો મેળવવામાં આવે, ત્યારે ધંધાનું એવું નિયત સ્થળ;

(ગ) ધંધાની જગ્યા હોય કે ધંધાનું નિયત સ્થળ હોય તેવા એક કરતાં વધુ નિયત સ્થળોએ પુરવઠો મેળવવામાં આવે, ત્યારે પુરવઠો મેળવવા માટે મોટાભાગે પ્રત્યક્ષ રીતે સંબંધિત હોય તેવું નિયત સ્થળ; અને

(ઘ) આવી જગ્યાઓ ન હોય, ત્યારે સેવા લેનારના સામાન્ય રહેઠાણનું સ્થળ;

(૭૧) "સેવા પૂરી પાડનારનું સ્થળ" એટલે-

(ક) જેના માટે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તેવી ધંધાની જગ્યાએથી સેવા પૂરી પાડવામાં આવે, ત્યારે ધંધાની આવી જગ્યાનું સ્થળ;

(ખ) જેના માટે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તેવી ધંધાની જગ્યા સિવાયની જગ્યાએથી (ધંધાના બીજા કોઈ નિયત સ્થળેથી) સેવા પૂરી પાડવામાં આવે, ત્યારે ધંધાનું એવું નિયત સ્થળ;

(ગ) ધંધાની જગ્યા હોય કે ધંધાનું નિયત સ્થળ હોય તેવા એક કરતાં વધુ નિયત સ્થળોએથી સેવા પૂરી પાડવામાં આવે, ત્યારે સેવા પૂરી પાડવા સાથે મોટાભાગે પ્રત્યક્ષ રીતે સંબંધિત હોય તેવું નિયત સ્થળ; અને

(ઘ) આવી જગ્યાઓ ન હોય, ત્યારે સેવા પૂરી પાડનારના સામાન્ય રહેઠાણનું સ્થળ;

(૭૨) "ઉત્પાદન" એટલે જે પ્રક્રિયાને પરિણામે ચોક્કસ નામ, સ્વરૂપ અને ઉપયોગ ધરાવતી નવી બનાવટ ઉત્પન્ન થાય તેવી, કાચા માલ અથવા ઈનપુટની કોઈપણ રીતે કરવામાં આવતી પ્રક્રિયા અને "ઉત્પાદક" એ શબ્દનો તદનુસાર અર્થ કરવામાં આવશે;

(૭૩) "બજાર-મૂલ્ય" એટલે પુરવઠો લેનાર અને પૂરો પાડનાર એકબીજા સાથે સંબધ ધરાવતા ન હોય, ત્યારે સમાન પ્રકાર અને ગુણવત્તાવાળા માલ અથવા સેવા અથવા તે બંને, એક જ સમયે અથવા તે સમયની આસપાસના સમયે અને એક જ વાણિજ્ય સ્તરે મેળવવા માટે, પુરવઠો લેનારે ચૂકવવાની થતી હોય તેવી પૂરેપૂરી રકમ;

(૭૪) "મિશ્ર પુરવઠો" એટલે કોઈ વેરાપાત્ર વ્યક્તિ દ્વારા, એક જ કિંમતે પૂરા પાડવામાં આવતા, માલ અથવા સેવા અથવા એકબીજા સાથેના સંયોજનથી તૈયાર કરવામાં આવેલા તેના કોઈ મિશ્રણ (સંયોજન)ના, સંયુક્ત પુરવઠો ન હોય તેવા, બે અથવા વધુ વ્યક્તિગત પુરવઠા;

ઉદાહરણ: કેનમાં ભરેલા ખોરાક, મીઠાઈ, ચોકલેટ, કેક, સૂકા મેવા, વાયુમિશ્ર (એરેટેડ) પીણાં અને ફળોના રસનું પેકેજ એક જ કિંમતે પૂરું પાડવામાં આવે, ત્યારે તે મિશ્ર પુરવઠો ગણાય છે. આ વસ્તુઓ પૈકીની દરેક વસ્તુ અલગથી પૂરી પાડી શકાય છે અને તે બીજી કોઈ વસ્તુ પર આધારિત નથી. જો આ વસ્તુઓ અલગ અલગ પૂરી પાડવામાં આવે, તો તે મિશ્ર પુરવઠો ગણાશે નહિ.

INDEX

(૭૫) "નાણાં" એટલે કોઈ જવાબદારીની ચુકવણી કરવા માટે અવેજ તરીકે વપરાતા અથવા બીજા અંકિત મૂલ્યનો ભારતીય કાયદેસર ચલણમાં વિનિમય કરવા માટે વપરાતા ભારતીય કાયદેસર ચલણ અથવા કોઈ વિદેશી ચલણ, ચેક, પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર, શાખ-પત્ર, ડ્રાફ્ટ, ચુકવણી હુકમ, પ્રવાસી ચેક, મની ઓર્ડર, પોસ્ટલ અથવા ઈલેક્ટ્રોનિક ભરણું અથવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ માન્ય કરેલા બીજા કોઈ ખત, પણ તેના સિક્કાવિષયક ચલણ માટે ધરાવવામાં આવેલ કોઈ ચલણનો તેમાં સમાવેશ થતો નથી;

(૭૬) "મોટર વાહન"નો, મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ની કલમ ૨-ના ખંડ (૨૮)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે; સન ૧૯૮૮નો ૫૯મો.

(૭૭) "બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિ" એટલે મુખ્ય માલિક (પ્રિન્સિપાલ) તરીકે અથવા એજન્ટ તરીકે અથવા બીજી કોઈ હેસિયતથી, માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડવા સહિતની લેવડદેવડ પ્રસંગોપાત કરતી હોય પણ જેના ધંધાનું કોઇપણ નિયત સ્થળ અથવા રહેઠાણ ભારતમાં આવેલું ન હોય તેવી કોઈ વ્યક્તિ;

(૭૮) "બિન-વેરાપાત્ર પુરવઠો" એટલે આ અધિનિયમ હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ વેરાને પાત્ર ન હોય તેવો માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો;

(૭૯) "બિન-વેરાપાત્ર પ્રદેશ" એટલે વેરાપાત્ર પ્રદેશની બહાર આવેલો પ્રદેશ;

(૮૦) "જાહેરનામું" એટલે રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલું જાહેરનામું અને 'જાહેર કરવું' અને 'જાહેર કરેલું' એ શબ્દપ્રયોગોનો તદનુસાર અર્થ કરવામાં આવશે;

(૮૧) "બીજા પ્રદેશો"માં, રાજ્યની બહાર આવેલા અને ખંડ (૧૧૪)ના પેટા-ખંડો (ક) થી (ચ)માં ઉલ્લેખેલા પ્રદેશો સિવાયના પ્રદેશોનો સમાવેશ થાય છે;

(૮૨) વેરાપાત્ર વ્યક્તિના સંબંધમાં "ઉત્પાદન (આઉટપુટ) વેરો" એટલે, વેરાપાત્ર વ્યક્તિએ અથવા તેના એજન્ટે તૈયાર કરેલા માલ અથવા સેવા

અથવા તે બંનેના વેરાપાત્ર પુરવઠા પર, આ અધિનિયમ હેઠળ લેવાપાત્ર વેરો, પણ વિપરીત ચાર્જ (reverse charge)ને આધારે તેણે ભરવાપાત્ર વેરાનો તેમાં સમાવેશ થતો નથી;

(૮૩) વેરાપાત્ર વ્યક્તિના સંબંધમાં "જાવક પુરવઠો (outward supply)" એટલે આવી વ્યક્તિ દ્વારા ધંધાની પ્રગતિ દરમિયાન, વેચાણ, તબદીલી, વસ્તુવિનિમય, વિનિમય, લાઈસન્સ, ભાડા, ભાડાપટા અથવા નિકાલથી અથવા બીજી કોઈ પદ્ધતિથી, કરવામાં આવેલો અથવા કરવાનું કબૂલ કરવામાં આવ્યું હોય તેવો, માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો;

(૮૪) "વ્યક્તિ"માં નીચેનાનો સમાવેશ થાય છે-

(ક) વ્યક્તિ;

(ખ) હિન્દુ અવિભક્ત કુટુંબ;

(ગ) કંપની;

(ઘ) પેઢી;

(ચ) મર્યાદિત જવાબદારી ભાગીદારી;

(છ) ભારતમાં અથવા ભારત બહાર આવેલું, સંસ્થાપિત હોય કે ન હોય તેવું, વ્યક્તિઓનું એસોસિએશન અથવા વ્યક્તિઓનું મંડળ;

(જ) કોઈ કેન્દ્રીય અધિનિયમ, રાજ્ય અધિનિયમ અથવા પ્રાંતીય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલું કોઈ કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૨-ના ખંડ (૪૫)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની સરકારી કંપની;

સન ૨૦૧૩નો ૧૮મો.

(ઝ) ભારતની બહારના કોઈ દેશના કાયદાથી અથવા તે હેઠળ સંસ્થાપિત થયેલું કોઈ સંસ્થાપિત મંડળ;

(ટ) સહકારી મંડળીને લગતા કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી સહકારી મંડળી;

INDEX

(ઠ) સ્થાનિક સત્તામંડળ;

(ડ) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર;

(ઢ) મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણેની મંડળી; સન ૧૮૬૦નો ૨૧મો.

(ત) ટ્રસ્ટ; અને

(થ) ઉપર જણાવેલી કક્ષા પૈકી કોઈપણ કક્ષામાં ન આવતી હોય તેવી દરેક કૃત્રિમ કાનૂની વ્યક્તિ;

(૮૫) "ધંધાના સ્થળ"માં નીચેનાનો સમાવેશ થાય છે-

(ક) સામાન્ય રીતે જ્યાંથી ધંધો ચલાવવામાં આવતો હોય તે સ્થળ અને તેમાં વખાર, ગોદામ અથવા વેરાપાત્ર વ્યક્તિ જ્યાં પોતાના માલનો સંગ્રહ કરતો હોય અથવા માલ અથવા સેવા અથવા તે બંને મેળવતો હોય તેવા બીજા કોઈ સ્થળનો સમાવેશ થાય છે; અથવા

(ખ) વેરાપાત્ર વ્યક્તિ જે સ્થળે પોતાના હિસાબના ચોપડા નિભાવતો હોય તે સ્થળ; અથવા

(ગ) વેરાપાત્ર વ્યક્તિ, જે સ્થળે એજન્ટ મારફત ધંધામાં રોકાયેલી હોય તેવું ગમે તે નામે ઓળખાતું સ્થળ;

(૮૬) "માલ પૂરો પાડવાનું સ્થળ" એટલે સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમના પ્રકરણ ૫-માં ઉલ્લેખ્યા પ્રમાણેનું માલ પૂરો પાડવાનું સ્થળ;

(૮૭) "ઠરાવેલું" એટલે કાઉન્સિલની ભલામણો ઉપરથી આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

INDEX

(૮૮) "મુખ્ય માલિક (પ્રિન્સિપાલ)" એટલે જે વ્યક્તિ વતી એજન્ટ, માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવાનો અથવા મેળવવાનો ધંધો કરતો હોય તે વ્યક્તિ;

(૮૯) "ધંધાનું મુખ્ય સ્થળ" એટલે રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રમાં ધંધાના મુખ્ય સ્થળ તરીકે નિર્દિષ્ટ કરેલું ધંધાનું સ્થળ;

(૯૦) "મુખ્ય પુરવઠો" એટલે સંયુક્ત પુરવઠાનો મુખ્ય ભાગ હોય અને તે સંયુક્ત પુરવઠાનો ભાગ બનતા બીજા કોઈ પુરવઠા જેને આનુષંગિક હોય તેવો માલ અથવા સેવાનો પુરવઠો;

(૯૧) આ અધિનિયમ હેઠળ કરવાના કોઈ કાર્યના સંબંધમાં "યોગ્ય અધિકારી" એટલે કમિશનર અથવા કમિશનરે જેને તે કાર્ય સોંપેલ હોય તેવા રાજ્ય વેરા અધિકારી;

(૯૨) "ત્રિમાસ" એટલે કેલેન્ડર વર્ષના માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બર મહિનાના છેલ્લા દિવસે પૂરી થતી, લાગલાગટ ત્રણ કેલેન્ડર મહિનાની મુદત;

(૯૩) માલ અથવા સેવા અથવા તે બંને "લેનાર" એટલે-

(ક) માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવા બદલ અવેજ ચૂકવવાપાત્ર હોય, ત્યારે તે અવેજ ચૂકવવા માટે જવાબદાર હોય તે વ્યક્તિ;

(ખ) માલ પૂરો પાડવા બદલ કોઈપણ અવેજ ચૂકવવાપાત્ર ન હોય, ત્યારે જે વ્યક્તિને માલ મોકલવામાં આવે અથવા ઉપલભ્ય કરવામાં આવે તે અથવા જે વ્યક્તિને માલનો કબજો આપવામાં આવે અથવા માલ ઉપયોગ માટે આપવામાં આવે અથવા ઉપલભ્ય કરવામાં આવે તે વ્યક્તિ; અથવા

(ગ) સેવા પૂરી પાડવા બદલ કોઈપણ અવેજ ચૂકવવાપાત્ર ન હોય, ત્યારે જે વ્યક્તિને સેવા આપવામાં આવે તે વ્યક્તિ,

INDEX

અને જેને માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવામાં આવેલ હોય તેવી વ્યક્તિના કોઈ ઉલ્લેખનો અર્થ, પુરવઠો લેનારના ઉલ્લેખ તરીકે કરવો જોઈશે અને તેમાં માલ અથવા સેવા અથવા તે બંને લેનાર વતી, તે તરીકે કાર્ય કરતા એજન્ટનો સમાવેશ થશે;

(૯૪) "રજિસ્ટર થયેલી વ્યક્તિ" એટલે કલમ ૨૫ હેઠળ રજિસ્ટર થયેલી વ્યક્તિ, પણ તેમાં યુનિક આઈડેન્ટિટી નંબર (Unique Identity Number) ધરાવતી હોય તેવી વ્યક્તિનો સમાવેશ થતો નથી;

(૯૫) "વિનિયમો" એટલે કાઉન્સિલની ભલામણ ઉપરથી આ અધિનિયમ હેઠળ સરકારે કરેલા વિનિયમો;

(૯૬) માલના સંબંધમાં "ખસેડવો" એટલે-

(ક) માલના પુરવઠાકાર દ્વારા અથવા આવા પુરવઠાકાર વતી કાર્ય કરતી બીજી કોઈ વ્યક્તિ દ્વારા ડિલિવરી માટે માલ મોકલવો; અથવા

(ખ) માલ લેનાર દ્વારા અથવા આવા લેનાર વતી કાર્ય કરતી બીજી કોઈ વ્યક્તિ દ્વારા માલ સ્વીકારવો (મેળવવો);

(૯૭) "પત્રક" એટલે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોથી અથવા તે હેઠળ ઠરાવેલું અથવા અન્યથા પૂરું પાડવું જરૂરી હોય તેવું કોઈ પત્રક;

(૯૮) "વિપરીત ચાર્જ (reverse charge)" એટલે સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૯-ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) અથવા કલમ ૫-ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારને બદલે, માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો લેનાર દ્વારા વેરો ચૂકવવાની જવાબદારી;

(૯૯) "ફેરતપાસ સત્તાધિકારી" એટલે કલમ ૧૦૮માં ઉલ્લેખેલા નિર્ણય અથવા હુકમોની ફેરતપાસ માટે નિમાયેલા અથવા અધિકૃત કરેલા સત્તાધિકારી;

(૧૦૦) "અનુસૂચિ" એટલે આ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિ;

INDEX

સન ૧૯૫૬નો ૪૨મો.

(૧૦૧) "સિક્યુરિટી"નો, સિક્યુરિટી સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૬-ની કલમ ૨-ના ખંડ (ઝ)માં, તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે;

(૧૦૨) "સેવા" એટલે માલ, નાણાં અને સિક્યુરિટી સિવાયની ગમે તે વસ્તુ પણ તેમાં નાણાંના ઉપયોગને લગતી અથવા જેના માટે અલગથી અવેજ લેવામાં આવતો હોય તેવા, રોકડથી અથવા બીજી કોઈ પદ્ધતિથી એક સ્વરૂપ, ચલણ અથવા અંકિત મૂલ્યમાંથી બીજા સ્વરૂપ, ચલણ અથવા અંકિત મૂલ્યમાં નાણાંના રૂપાંતરને લગતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે;

(૧૦૩) "રાજ્ય" એટલે ગુજરાત રાજ્ય;

(૧૦૪) "રાજ્ય વેરો" એટલે આ અધિનિયમ હેઠળ લેવામાં આવતો વેરો;

(૧૦૫) માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં "પુરવઠાકાર" એટલે સદરહુ માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડનાર વ્યક્તિ અને તેમાં પૂરા પાડવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં આવા પુરવઠાકાર વતી તે તરીકે કાર્ય કરતા એજન્ટનો સમાવેશ થશે;

(૧૦૬) "વેરા મુદત" એટલે જે મુદત માટે પત્રક ભરવાનું હોય તે મુદત;

(૧૦૭) "વેરાપાત્ર વ્યક્તિ" એટલે કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટર થયેલી અથવા રજિસ્ટર થવાને પાત્ર વ્યક્તિ;

(૧૦૮) "વેરાપાત્ર પુરવઠો" એટલે આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય તેવો માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો;

(૧૦૯) "વેરાપાત્ર પ્રદેશ" એટલે આ અધિનિયમની જોગવાઈઓ જેને લાગુ પડતી હોય તેવો પ્રદેશ;

(૧૧૦) "દૂરસંચાર સેવા" એટલે કોઈ સંકેત, સિગ્નલ, લેખ, આકૃતિ અને ધ્વનિ મોકલીને અથવા મેળવીને અથવા તાર, રેડિયો, દૃશ્ય અથવા બીજા

INDEX

ઈલેક્ટ્રોમેગ્નેટિક સાધનો દ્વારા કોઈપણ પ્રકારની માહિતીના માધ્યમથી, વપરાશકારોને ઉપલભ્ય કરાવવામાં આવતી (ઈલેક્ટ્રોનિક મેઈલ, વોઈસ મેઈલ, ડેટા સર્વિસ, ઓડિયો ટેક્સ્ટ સર્વિસ, વિડિયો ટેક્સ્ટ સર્વિસ, રેડિયો પેજિંગ અને સેલ્યુલર મોબાઈલ ટેલિફોન સર્વિસ સહિતની) કોઈપણ પ્રકારની સેવા;

(૧૧૧) "કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ" એટલે કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭; સન ૨૦૧૭નો ૧૨મો.

(૧૧૨) "રાજ્યમાંનું ટર્નઓવર" એટલે કોઈ વેરાપાત્ર વ્યક્તિ દ્વારા રાજ્યની અંદર કરવામાં આવેલા (કોઈ વ્યક્તિ દ્વારા જેના પર વિપરિત ચાર્જના આધારે વેરો ચૂકવવાપાત્ર હોય તેવા આવક પુરવઠાના મૂલ્યને બાદ કરતા) તમામ વેરાપાત્ર પુરવઠા અને મુક્તિ આપેલા પુરવઠાનું, સદરહુ વેરાપાત્ર વ્યક્તિ દ્વારા રાજ્યમાંથી માલ અથવા સેવા અથવા તે બંનેના કરવામાં આવતા નિકાસ અને માલ અથવા સેવા અથવા તે બંનેના આંતરરાજ્ય પુરવઠાનું એકંદર મૂલ્ય, પણ તેમાં કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંઘ રાજ્યક્ષેત્ર વેરા, સંકલિત વેરા અને ઉપકરનો સમાવેશ થતો નથી;

(૧૧૩) "રહેઠાણનું સામાન્ય સ્થળ" એટલે-

(ક) કોઈ વ્યક્તિના કિસ્સામાં, સામાન્ય રીતે જે સ્થળે તે રહેતો હોય તે સ્થળ;

(ખ) બીજા કિસ્સામાં, જે સ્થળે વ્યક્તિ સંસ્થાપિત થયેલ હોય અથવા અન્યથા કાયદેસર રીતે રચાયેલ હોય તે સ્થળ;

(૧૧૪) "સંઘ રાજ્યક્ષેત્ર" એટલે –

(ક) આંદામાન અને નિકોબાર ટાપુ;
(ખ) લક્ષદ્વીપ;
(ગ) દાદરા અને નગરહવેલી;
(ઘ) દમણ અને દીવ;
(ચ) ચંદીગઢ; અને
(છ) અન્ય રાજ્યક્ષેત્ર;

INDEX

સ્પષ્ટીકરણ.- આ અધિનિયમના હેતુઓ માટે, પેટા-ખંડો (ક) થી (છ)માં નિર્દિષ્ટ કરેલ દરેક સંઘ રાજ્યક્ષેત્ર એ અલગ સંઘ રાજ્યક્ષેત્ર ગણાશે.

(૧૧૫) "સંઘ રાજ્યક્ષેત્ર વેરો" એટલે સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ લેવામાં આવતો સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરો;

(૧૧૬) "સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ" એટલે સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭;

(૧૧૭) "કાયદામાન્ય પત્રક" એટલે જેના પર સ્વયં-આકારણી કરેલ વેરો સંપૂર્ણપણે ચૂકવવામાં આવેલ હોય તેવું, કલમ ૩૯ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલું પત્રક;

(૧૧૮) "વાઉચર" એટલે માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડવા માટે અવેજ તરીકે અથવા આંશિક અવેજ તરીકે જે ખત સ્વીકારવાની જવાબદારી હોય તેવું ખત અને તેમાં પૂરા પાડવાના માલ અથવા સેવા અથવા તેના સંભવિત પુરવઠાકારની ઓળખ, આવા ખતના ઉપયોગ માટેની બોલીઓ અને શરતો સહિત, ખત ઉપર અથવા સંબંધિત દસ્તાવેજીકરણમાં દર્શાવેલી હોય;

(૧૧૯) "બાંધકામ કરાર (વર્કસ કોન્ટ્રાક્ટ)" એટલે કોઈ સ્થાવર મિલકતના નિર્માણ, બાંધકામ, તેની રચના, તેના બાંધકામ પૂરા કરવા, સ્થાવર મિલકત ઊભી કરવા, તેની સ્થાપના, તેને સજ્જ કરવા, સુધારવા, તેમાં ફેરફાર કરવા, તેની મરામત કરવા, તેને નિભાવવા, તેનો જીર્ણોદ્ધાર કરવા, તેમાં પરિવર્તન કરવા અથવા તેને બનાવવા માટેનો કરાર અને આવા કરારની અમલબજવણીમાં (માલ સ્વરૂપે અથવા બીજા કોઈ સ્વરૂપના) માલને લગતી મિલકતની તબદીલીનો સમાવેશ થાય છે;

(૧૨૦) આ અધિનિયમમાં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા, પણ સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ તથા માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમમાં

INDEX

વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, તે અધિનિયમોમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે.

પ્રકરણ ૨
વહીવટ

આ અધિનિયમ હેઠળના અધિકારીઓ.

૩. સરકારે, આ અધિનિયમના હેતુઓ માટે, જાહેરનામાથી, નીચેના વર્ગના અધિકારીઓ નીમવા જોઈશેઃ-

(ક) રાજ્ય વેરા મુખ્ય કમિશનર/ અગ્ર કમિશનર/ કમિશનર,
(ખ) રાજ્ય વેરા ખાસ કમિશનર,
(ગ) રાજ્ય વેરા અધિક કમિશનરો,
(ઘ) રાજય વેરા સંયુકત કમિશનરો,
(ચ) રાજય વેરા નાયબ કમિશનરો,
(છ) રાજ્ય વેરા મદદનીશ કમિશનરો, અને
(જ) પોતે ઉચિત ગણે તેવા બીજા કોઈ વર્ગના અધિકારીઓઃ

પરંતુ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ નિમાયેલા અધિકારીઓ, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નિમાયેલા હોવાનું ગણાશે. સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

અધિકારીઓની નિમણૂક.

૪. (૧) કલમ ૩ હેઠળ સરકાર જાહેર કરે તેવા અધિકારીઓ ઉપરાંત, સરકાર, પોતાને ઉચિત જણાય તેવી વ્યક્તિઓને, આ અધિનિયમ હેઠળના અધિકારીઓ તરીકે નીમી શકશે.

(૨) કમિશનરને સમગ્ર રાજ્ય પર હકૂમત રહેશે, ખાસ કમિશનર અને અધિક કમિશનરને, તેમને સોંપવામાં આવેલા તમામ અથવા તે પૈકીના કોઈ કાર્યના સંબંધમાં, સમગ્ર રાજ્ય પર અથવા રાજ્ય સરકાર તેવો આદેશ કરે, ત્યારે તેના કોઈ સ્થાનિક વિસ્તાર પર હકૂમત રહેશે અને બીજા તમામ અધિકારીઓને, નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, સમગ્ર રાજ્ય પર અથવા કમિશનર, હુકમથી, નિર્દિષ્ટ કરે તેવા સ્થાનિક વિસ્તારો પર હકૂમત રહેશે.

INDEX

અધિકારીઓની સત્તા.

૫. (૧) રાજ્ય વેરા અધિકારી, કમિશનર નાંખે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ તેમને મળેલી અથવા તેમને સોંપવામાં આવે તેવી સત્તા વાપરી શકશે અને તેવી ફરજો બજાવી શકશે.

(૨) રાજ્ય વેરા અધિકારી, પોતાના તાબામાં હોય તેવા બીજા કોઈ રાજય વેરા અધિકારીને આ અધિનિયમ હેઠળ સોંપવામાં અથવા આપવામાં આવેલી સત્તા વાપરી શકશે અને તેવી ફરજો બજાવી શકશે.

(૩) કમિશનર, પોતે આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી શરતો અને તેવા નિયંત્રણોને અધીન રહીને, પોતાની સત્તા, પોતાના તાબામાં હોય તેવા બીજા કોઈ અધિકારીને સોંપી શકશે.

(૪) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, અપીલ સત્તાધિકારીએ, બીજા કોઈ રાજ્ય વેરા અધિકારીને મળેલી સત્તા વાપરવી જોઇશે નહિ અથવા તેમને સોંપવામાં આવેલી ફરજો બજાવવી જોઇશે નહિ.

કેન્દ્રીય વેરાના અધિકારીઓને, અમુક સંજોગોમાં યોગ્ય અધિકારીઓ તરીકે અધિકૃત કરવા બાબત.

૬. (૧) આ અધિનિયમની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ નિમાયેલા અધિકારીઓને, સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ માટે, યોગ્ય અધિકારીઓ તરીકે અધિકૃત કર્યા છે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને,-

(ક) કોઇ યોગ્ય અધિકારી આ અધિનિયમ હેઠળ હુકમ બહાર પાડે, ત્યારે તેઓએ, સદરહુ અધિનિયમથી અધિકૃત કર્યા પ્રમાણે, કેન્દ્રીય વેરાના હકૂમત અધિકારીની જાણ હેઠળ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ પણ હુકમ બહાર પાડવો જોઈશે;

(ખ) યોગ્ય અધિકારીએ કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ કોઈ વિષયવસ્તુ ઉપર કોઇ કાર્યવાહી શરૂ કરી હોય, ત્યારે આ

INDEX

અધિનિયમ હેઠળના યોગ્ય અધિકારીએ તે જ વિષયવસ્તુ ઉપર કોઈપણ કાર્યવાહી શરૂ કરવી જોઈશે નહિ.

(૩) જ્યાં લાગુ પડતું હોય ત્યાં, આ અધિનિયમ હેઠળ નિમાયેલા કોઈ અધિકારીએ કરેલા કોઈ હુકમની સુધારણા, અપીલ અને ફેરતપાસ માટેની કોઈ કાર્યવાહી, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ નિમાયેલા અધિકારી સમક્ષ કરવી જોઈશે નહિ.

પ્રકરણ ૩
વેરો લેવા અને વસૂલ કરવા બાબત

પુરવઠાનું ક્ષેત્ર. ૭. (૧) આ અધિનિયમના હેતુઓ માટે, "પુરવઠો" એ શબ્દપ્રયોગમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે-

(ક) કોઈ વ્યક્તિ દ્વારા ધંધાની પ્રગતિ દરમિયાન અવેજને બદલે કરવામાં આવતા અથવા કરવાનું કબૂલ કરવામાં આવતા વેચાણ, તબદીલી, વસ્તુવિનિમય, વિનિમય, લાઈસન્સ, ભાડું, ભાડાપટો અથવા નિકાલ જેવા માલ અથવા સેવા અથવા તે બંનેના તમામ સ્વરૂપના પુરવઠા;

(ખ) ધંધાની પ્રગતિ દરમિયાન હોય કે ન હોય તેવી, અવેજને બદલે સેવા મેળવવી;

(ગ) અવેજ સિવાય કરવામાં આવતી અથવા કરવાનું કબૂલ કરવામાં આવતી અનુસૂચિ ૧-માં નિર્દિષ્ટ કરેલી પ્રવૃત્તિઓ; અને

(ઘ) અનુસૂચિ ૨-માં ઉલ્લેખ્યા પ્રમાણેની માલના પુરવઠા અથવા સેવાના પુરવઠા તરીકે ગણવામાં આવતી પ્રવૃત્તિઓ.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં,-

(ક) અનુસૂચિ ૩-માં નિર્દિષ્ટ કરેલી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડને; અથવા

INDEX

(ખ) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ જેમાં જાહેર સત્તામંડળ તરીકે રોકાયેલ હોય તેવી, કાઉન્સિલની ભલામણોને આધારે સરકાર જાહેર કરે તેવી, તેમના દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડને;

માલના પુરવઠા અથવા સેવાના પુરવઠા તરીકે ગણવામાં આવશે નહિ.

(૩) પેટા-કલમો (૧) અને (૨)ની જોગવાઈઓને અધીન રહીને, સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી,-

(ક) સેવાના પુરવઠા તરીકે નહિ, પણ માલના પુરવઠા તરીકે ગણાતી; અથવા

(ખ) માલના પુરવઠા તરીકે નહિ, પણ સેવાના પુરવઠા તરીકે ગણાતી, લેવડદેવડ નિર્દિષ્ટ કરી શકશે.

સંયુક્ત અને મિશ્ર પુરવઠા પરની વેરાની જવાબદારી.

૮. સંયુક્ત અથવા મિશ્ર પુરવઠા પરની વેરાની જવાબદારી નીચેની રીતે નક્કી કરવી જોઈશેઃ-

(ક) જેમાંનો એક પુરવઠો મુખ્ય પુરવઠો હોય તેવા બે કે વધુ પુરવઠાવાળા સંયુક્ત પુરવઠાને, આવા પુરવઠા પૈકીના મુખ્ય પુરવઠા તરીકે ગણવો જોઈશે; અને

(ખ) બે અથવા વધુ પુરવઠાવાળા મિશ્ર પુરવઠાને, જે પુરવઠાના વેરાનો દર વધુ હોય તેવા પુરવઠા પૈકીના ચોક્કસ પુરવઠા તરીકે ગણવો જોઈશે.

વેરો લેવા અને વસૂલ કરવા બાબત.

૯. (૧) પેટા-કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, માનવ ઉપયોગ માટેના આલ્કોહોલયુક્ત દારૂના પુરવઠા સિવાયના, માલ અથવા સેવા અથવા તે બંનેના તમામ આંતરરાજ્ય પુરવઠા પર, કલમ ૧૫ હેઠળ નક્કી કરેલા મૂલ્ય-એ અને સરકાર દ્વારા કાઉન્સિલની ભલામણોના આધારે જાહેર કરવામાં આવે તેવા વધુમાં વધુ વીસ ટકાના દરે, ગુજરાત માલ અને સેવા વેરા તરીકે ઓળખાતો વેરો ઠરાવવામાં આવે તેવી રીતે લેવો જોઈશે અને વસૂલ કરવો જોઈશે તથા વેરાપાત્ર વ્યક્તિએ તે વેરો ભરવો જોઈશે.

INDEX

(૨) કાચા પેટ્રોલિયમ, હાઈ સ્પીડ ડીઝલ, મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે ઓળખાતા) કુદરતી ગેસ અને વિમાનચાલન માટેના ટર્બાઈન બળતણના પુરવઠા પરનો રાજ્ય વેરો, કાઉન્સિલની ભલામણ પરથી, સરકાર જાહેર કરે તેવી તારીખથી અમલમાં આવે તે રીતે લેવો જોઈશે.

(૩) સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના વર્ગ નિર્દિષ્ટ કરી શકશે, જેના પરનો વેરો, આવા માલ અથવા સેવા અથવા તે બંને લેનાર દ્વારા વિપરીત ચાર્જ (reverse charge)ને આધારે ભરવો જોઈશે અને આ અધિનિયમની તમામ જોગવાઈઓ, આવો પુરવઠો લેનારને, જાણે કે તે આવા માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં વેરો ભરવા માટે જવાબદાર વ્યક્તિ હોય તે રીતે, લાગુ પડશે.

(૪) રજિસ્ટર થયેલ ન હોય તેવા પુરવઠાકાર દ્વારા, રજિસ્ટર થયેલ વ્યક્તિને, વેરાપાત્ર માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવાના સંબંધમાં ભરવાનો રાજ્ય વેરો, આવી વ્યક્તિ દ્વારા પુરવઠો લેનાર તરીકે વિપરીત ચાર્જ (reverse charge)ને આધારે ભરવો જોઈશે અને આ અધિનિયમની તમામ જોગવાઈઓ, આવો પુરવઠો લેનારને, જાણે કે તે આવા માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાના સંબંધમાં વેરો ભરવા માટે જવાબદાર વ્યક્તિ હોય તે રીતે, લાગુ પડશે.

(૫) સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, સેવાના પુરવઠાના વર્ગ નિર્દિષ્ટ કરી શકશે, જેના આંતરરાજ્ય પુરવઠા પરનો વેરો, જો આવી સેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર દ્વારા પૂરી પાડવામાં આવેલ હોય, તો તેમના દ્વારા ચૂકવવો જોઈશે અને આ અધિનિયમની તમામ જોગવાઈઓ, આવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટરને, જાણે કે તે આવી સેવાના પુરવઠાના સંબંધમાં વેરો ભરવા માટે જવાબદાર વ્યક્તિ હોય તે રીતે, લાગુ પડશે:

પરંતુ ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર, વેરાપાત્ર પ્રદેશમાં પ્રત્યક્ષ રૂપે હાજર ન હોય, ત્યારે વેરાપાત્ર પ્રદેશમાં કોઈપણ હેતુ માટે આવા

INDEX

ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટરનું પ્રતિનિધિત્વ કરતી કોઈ વ્યક્તિ, વેરો ભરવા માટે જવાબદાર ગણાશેઃ

વધુમાં, ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર, વેરાપાત્ર પ્રદેશમાં પ્રત્યક્ષ રૂપે હાજર ન હોય અને સદરહુ પ્રદેશમાં તેના કોઈ પ્રતિનિધિ પણ ન હોય, ત્યારે આવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટરે, વેરો ભરવાના હેતુ માટે વેરાપાત્ર પ્રદેશમાં કોઈ વ્યક્તિની નિમણૂક કરવી જોઈશે અને આવી વ્યક્તિ વેરો ભરવા માટે જવાબદાર ગણાશે.

પતાવટ-વેરા બાબત.

૧૦. (૧) આ અધિનિયમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, પણ કલમ ૯-ની પેટા-કલમો (૩) અને (૪)ની જોગવાઈઓને અધીન રહીને, અગાઉના નાણાકીય વર્ષમાં જેનું એકંદર ટર્નઓવર પચાસ લાખ રૂપિયા કરતાં વધુ રહ્યું ન હોય તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિ, પોતે ભરવાપાત્ર વેરાને બદલે, ઠરાવવામાં આવે તેવા પણ-

(ક) ઉત્પાદકના કિસ્સામાં, રાજ્યમાંના ટર્નઓવરના એક ટકાથી વધુ નહિ તેટલા દરે,

(ખ) અનુસૂચિ ૨-ના પરિચ્છેદ ૬-ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ પુરવઠો મોકલવામાં રોકાયેલી વ્યક્તિના કિસ્સામાં, રાજ્યના ટર્નઓવરના અઢી ટકાથી વધુ નહિ તેટલા દરે, અને

(ગ) બીજા પુરવઠાકારના કિસ્સામાં, રાજ્યમાંના ટર્નઓવરના અર્ધા ટકાથી વધુ નહિ તેટલા દરે,

ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, ગણતરી કરેલી રકમ ચૂકવવાનો વિકલ્પ પસંદ કરી શકશેઃ

પરંતુ સરકાર, જાહેરનામાથી, પચાસ લાખ રૂપિયાની સદરહુ મર્યાદા, કાઉન્સિલ ભલામણ કરે તેવી એક કરોડ રૂપિયાથી વધારે નહિ તેટલી મર્યાદા સુધી વધારી શકશે.

(૨) રજિસ્ટર થયેલ વ્યક્તિ,

(ક) જો તે અનુસૂચિ ૨-ના પરિચ્છેદ ૬-ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ પુરવઠા સિવાયની સેવાનો પુરવઠો મોકલવામાં રોકાયેલી ન હોય;

INDEX

(ખ) જો તે આ અધિનિયમ હેઠળ વેરાને પાત્ર ન હોય તેવા માલનો કોઈ પુરવઠો મોકલવામાં રોકાયેલી ન હોય;

(ગ) જો તે માલનો કોઈ આંતરરાજ્ય જાવક પુરવઠો મોકલવામાં રોકાયેલી ન હોય;

(ઘ) જો તે કલમ ૫૨ હેઠળ જેણે સ્થળ પર વેરો વસૂલ કરવાનો જરૂરી હોય તેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત માલનો કોઈ પુરવઠો મોકલવામાં રોકાયેલી ન હોય; અને

(ચ) જો તે કાઉન્સિલની ભલામણ પરથી સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા માલની ઉત્પાદક ન હોય,

-તો તે, પેટા-કલમ (૧) હેઠળનો વિકલ્પ પસંદ કરવા માટે પાત્ર ગણાશે:

પરંતુ એક કરતા વધુ રજિસ્ટર થયેલી વ્યક્તિઓ (આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કાઢી આપવામાં આવેલો) એક સરખો કાયમી ખાતા નંબર ધરાવતી હોય, ત્યારે રજિસ્ટર થયેલી આવી તમામ વ્યક્તિઓ, પેટા-કલમ (૧) હેઠળ વેરો ભરવાનો વિકલ્પ પસંદ કરે તે સિવાય, રજિસ્ટર થયેલી વ્યક્તિ તે પેટા-કલમ હેઠળની યોજનાનો વિકલ્પ પસંદ કરવા માટે પાત્ર ગણાશે નહિ. સન ૧૯૬૧નો ૪૩ મો.

(૩) રજિસ્ટર થયેલ વ્યક્તિએ પેટા-કલમ (૧) હેઠળ ઉપયોગ કરેલ વિકલ્પ, નાણાકીય વર્ષ દરમિયાન જે તારીખે તેનું એકંદર ટર્નઓવર, પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદતથી વધી જાય તે તારીખથી અમલમાં આવે તે રીતે રદ થશે.

(૪) પેટા-કલમ (૧)ની જોગવાઈઓ લાગુ પડતી હોય તેવી વેરાપાત્ર વ્યક્તિએ, પોતે મોકલેલા પુરવઠા પર લેનાર પાસેથી કોઈ વેરો વસૂલ કરવો જોઈશે નહિ અથવા તે ઈનપુટ વેરાની કોઈ શાખ મેળવવા માટે પણ હકદાર રહેશે નહિ.

(૫) યોગ્ય અધિકારીને એમ માનવાને કારણ હોય કે વેરાપાત્ર વ્યક્તિએ, પાત્ર ન હોવા છતાં પેટા-કલમ (૧) હેઠળનો વેરો ભરેલ છે, તો આવી વ્યક્તિ, આ અધિનિયમની બીજી કોઈ જોગવાઈઓ હેઠળ પોતાના દ્વારા

INDEX

ભરવાપાત્ર હોય તેવા કોઈ વેરા ભરવા ઉપરાંત, શિક્ષાને પાત્ર થશે અને વેરાની રકમ અને શિક્ષા નક્કી કરવા માટે કલમ ૭૩ અને કલમ ૭૪ની જોગવાઈઓ ઉચિત, ફેરફાર સાથે લાગુ પડશે.

વેરો ભરવામાંથી મુક્તિ આપવાની સત્તા.

૧૧. (૧) સરકારને ખાતરી થાય કે એમ કરવું જાહેર હિતમાં જરૂરી છે, ત્યારે તે, કાઉન્સિલની ભલામણને આધારે, જાહેરનામાથી, સામાન્ય રીતે, કોઈ નિર્દિષ્ટ વિગતોવાળા માલ અથવા સેવા અથવા તે બંનેને, સંપૂર્ણપણે અથવા તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, એવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખથી અમલમાં આવે તેમ, તેની ઉપર લેવાપાત્ર સંપૂર્ણ વેરો અથવા તેનો કોઈ ભાગ ભરવામાંથી, મુક્તિ આપી શકશે.

(૨) સરકારને ખાતરી થાય કે એમ કરવું જાહેર હિતમાં જરૂરી છે, ત્યારે તે, કાઉન્સિલની ભલામણને આધારે, દરેક કિસ્સામાં ખાસ હુકમથી, આવા હુકમમાં જણાવવામાં આવે તેવા અપવાદરૂપ પ્રકારના સંજોગો હેઠળ, જેના પર વેરો લેવાપાત્ર હોય તેવા કોઇ માલ અથવા સેવા અથવા તે બંનેને વેરો ભરવામાંથી મુક્તિ આપી શકશે.

(૩) સરકાર, પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ જાહેરનામા અથવા પેટા-કલમ (૨) હેઠળ બહાર પાડલા હુકમના કાર્યક્ષેત્ર અથવા તેના લાગુ પડવા સંબંધે સ્પષ્ટતા કરવાના હેતુ માટે તેમ કરવું પોતાને જરૂરી અથવા ઈષ્ટ જણાય, તો પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું અથવા પેટા-કલમ (૨) હેઠળ હુકમ બહાર પાડયાના એક વર્ષની અંદર, કોઈ પણ સમયે, જાહેરનામાથી, આવા જાહેરનામા અથવા યથાપ્રસંગ, હુકમમાં સ્પષ્ટીકરણ દાખલ કરી શકશે અને આવા દરેક સ્પષ્ટીકરણની, જાણે કે તે હંમેશા આવા પ્રથમ જાહેરનામા અથવા યથાપ્રસંગ, હુકમનો ભાગ હોય તેવી જ અસર રહેશે.

(૪) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૧ની પેટા-કલમ (૧) હેઠળ, કાઉન્સિલની ભલામણ પરથી, કેન્દ્ર સરકારે બહાર પાડેલું કોઈ જાહેરનામું અથવા સદરહુ કલમની પેટા-કલમ (૨) હેઠળ બહાર પાડેલો હુકમ, આ અધિનિયમ હેઠળ બહાર પાડેલું જાહેરનામું અથવા યથાપ્રસંગ, બહાર પાડેલો હુકમ હોવાનું ગણાશે.

INDEX

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે, કોઈ માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં, તેના પર લેવાપાત્ર સંપૂર્ણ વેરા અથવા તેના કોઈ ભાગમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવેલ હોય, ત્યારે આવો માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડતી રજિસ્ટર થયેલી વ્યક્તિએ, માલ અથવા સેવા અથવા તે બંનેના આવા પુરવઠા પર, વાસ્તવિક (અસરકારક) દર કરતાં વધુ દરે વેરો વસૂલ કરવો જોઈશે નહિ.

પ્રકરણ ૪
પુરવઠાનો સમય અને તેનું મૂલ્ય (કિંમત)

માલના પુરવઠાનો સમય.

૧૨. (૧) માલ પર વેરો ભરવાની જવાબદારી, આ કલમની જોગવાઈઓ અનુસાર નક્કી કર્યા મુજબ, માલ પૂરો પાડવાના (ના પુરવઠાના) સમયે ઉદ્ભવશે.

(૨) માલના પુરવઠાનો સમય, નીચે જણાવેલી તારીખોથી પહેલાંનો રહેશેઃ-

(ક) પુરવઠાકારે ભરતિયું કાઢી આપ્યાની તારીખ અથવા કલમ ૩૧ની પેટા-કલમ (૧) હેઠળ જે છેલ્લી તારીખે પુરવઠાના સંબંધમાં તેણે ભરતિયું કાઢી આપવાનું જરૂરી હોય તે છેલ્લી તારીખ; અથવા

(ખ) જે તારીખે પુરવઠાકાર, પુરવઠાના સંબંધમાં ચુકવણીના નાણાં મેળવે તે તારીખઃ

પરંતુ વેરાપાત્ર માલના પુરવઠાકાર, વેરા ભરતિયામાં દર્શાવેલી રકમ કરતાં એક હજાર રૂપિયા સુધીની વધારે રકમ મેળવે, ત્યારે, આવી વધારાની રકમના પ્રમાણમાં પુરવઠાનો સમય, સદરહુ પુરવઠાકારના વિકલ્પને આધારે, આવી વધારાની રકમના સંબંધમાં ભરતિયું કાઢી આપ્યાની તારીખ ગણાશે.

સ્પષ્ટીકરણ ૧.- ખંડો (ક) અને (ખ)ના હેતુઓ માટે, "પુરવઠો" ભરતિયા અથવા યથાપ્રસંગ, ચુકવણીથી જેટલા પ્રમાણમાં તે આવરી લેવામાં આવેલ હોય તેટલા પ્રમાણમાં કરવામાં આવ્યો હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ ૨.- ખંડ (ખ)ના હેતુઓ માટે, "જે તારીખે પુરવઠાકાર પુરવઠાના સંબંધમાં ચુકવણીના નાણાં મેળવે તે તારીખ" એટલે જે તારીખે તેના હિસાબના

INDEX

ચોપડામાં ચુકવણીની નોંધ કરવામાં આવેલ હોય તે તારીખ અથવા જે તારીખે તેના બેંકના ખાતામાં ચુકવણીનાં નાણાં જમા કરવામાં આવેલ હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય તે તારીખ.

(૩) જેના સંબંધમાં વિપરીત ચાર્જ (reverse charge)ને આધારે વેરો ભરવામાં આવેલ હોય અથવા ભરવાની જવાબદારી હોય તેવા પુરવઠાના કિસ્સામાં, પુરવઠાનો સમય, નીચે જણાવેલી તારીખોથી પહેલાંનો રહેશેઃ-

(ક) માલ મળ્યાની તારીખ; અથવા

(ખ) માલ લેનારના હિસાબના ચોપડામાં નોંધવામાં આવી હોય તેવી નાણાંની ચુકવણીની તારીખ અથવા જે તારીખે તેના બેંકના ખાતામાંથી ચુકવણીનાં નાણાં ઉધારવામાં આવેલ હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય તે તારીખ; અથવા

(ગ) પુરવઠાકાર દ્વારા ભરતિયું અથવા ગમે તે નામે ઓળખાતા બીજા કોઈ દસ્તાવેજ કાઢી આપ્યાની તારીખથી ત્રીસ દિવસ પછી તરત આવતી તારીખ;

(ઘ) પરંતુ ખંડ (ક) અથવા ખંડ (ખ) અથવા ખંડ (ગ) હેઠળ પુરવઠાનો સમય નક્કી કરવાનું શક્ય ન હોય, ત્યારે પુરવઠાનો સમય, પુરવઠો મેળવનાર (માલ લેનાર)ના હિસાબના ચોપડામાં કરેલી નોંધની તારીખ ગણાશે.

(૪) પુરવઠાકાર દ્વારા વાઉચરના પુરવઠાના કિસ્સામાં, પુરવઠાનો સમય-

(ક) તે સમયે પુરવઠો ઓળખપાત્ર હોય, તો વાઉચર કાઢી આપ્યાની તારીખ; અથવા

(ખ) બીજા તમામ કિસ્સામાં, વાઉચરની ચુકવણી તારીખ.

(૫) પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪)ની જોગવાઇઓ હેઠળ સમય નક્કી કરવાનું શક્ય ન હોય, ત્યારે પુરવઠાનો સમય-

(ક) મુદતી પત્રક રજૂ કરવાનું હોય તેવા કિસ્સામાં, જે તારીખે આવું પત્રક રજૂ કરવામાં આવે તે તારીખ; અથવા

(ખ) બીજા કોઇ કિસ્સામાં, વેરો ભરવામાં આવ્યો હોય તે તારીખ.

(૬) કોઇ અવેજની વિલંબિત ચુકવણી માટે, વ્યાજ, વિલંબ-ફી અથવા શિક્ષા સ્વરૂપે પુરવઠાનાં મૂલ્યમાં થતા વધારાને સંબંધિત હોય તેટલા પ્રમાણમાં પુરવઠાનો સમય, પુરવઠાકાર આવા મૂલ્યમાં જે તારીખે વધારો મેળવે, તે તારીખ ગણાશે.

સેવાઓ પૂરી પાડવાનો સમય.

૧૩. (૧) સેવાઓ ઉપર વેરો ભરવાની જવાબદારી, આ કલમની જોગવાઇઓની બોલીઓમાં નક્કી કર્યા મુજબ, પુરવઠાના સમયે રહેશે.

(૨) સેવાઓ પૂરી પાડવાનો સમય, નીચેની તારીખ કરતાં વહેલો રહેશે:-

(ક) કલમ ૩૧ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવેલી મુદતની અંદર ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય, તો પુરવઠાકારે કાઢી આપેલા ભરતિયાની તારીખ અથવા ચુકવણી મળ્યાની તારીખ, બેમાંથી જે વહેલું હોય તે; અથવા

(ખ) કલમ ૩૧ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવેલી મુદતની અંદર ભરતિયું કાઢી આપવામાં ન આવ્યું હોય, તો સેવાની જોગવાઇની તારીખ અથવા ચુકવણી મળ્યાની તારીખ, બેમાંથી જે વહેલું હોય તે; અથવા

(ગ) ખંડ (ક) અથવા ખંડ (ખ) ની જોગવાઇઓ જ્યાં લાગુ પડતી ન હોય તે કિસ્સામાં, સેવા લેનાર, તેના હિસાબના ચોપડામાં જે તારીખે સેવા મળી હોવાનું દર્શાવે તે તારીખ:

પરંતુ વેરાપાત્ર સેવાના પુરવઠાકાર, વેરા ભરતિયામાં દર્શાવી હોય તેટલી રકમ કરતાં એક હજાર રૂપિયા સુધીની વધારે રકમ મેળવે, ત્યારે, આવી વધારાની રકમના પ્રમાણમાં પુરવઠાનો સમય, સદરહુ પુરવઠાકારના વિકલ્પને આધારે, આવી વધારાની રકમના સંબંધમાં ભરતિયું કાઢી આપ્યાની તારીખ ગણાશે.

સ્પષ્ટીકરણ.- ખંડો (ક) અને (ખ)ના હેતુઓ માટે-

(૧) પુરવઠો, ભરતિયામાં અથવા યથાપ્રસંગ, ચુકવણીમાં જેટલા પ્રમાણમાં આવરી લીધો હોય તેટલા પ્રમાણમાં તૈયાર કર્યો હોવાનું ગણાશે;

(૨) "ચુકવણી મળ્યાની તારીખ" એ પુરવઠાકારના હિસાબના ચોપડામાં ચુકવણીની નોંધ જે તારીખે કરવામાં આવી હોય તે તારીખ અથવા જે તારીખે તેના બેંકના ખાતામાં ચુકવણી જમા કરવામાં આવી હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય તે તારીખ ગણાશે.

INDEX

(૩) જેના સંબંધમાં વેરો ભરવામાં આવ્યો હોય અથવા વિપરીત ચાર્જ (Revese charge)ના આધારે વેરો ભરવાની જવાબદારી હોય, તેવા પુરવઠાના કિસ્સામાં, પુરવઠાનો સમય નીચેની તારીખ પહેલાંનો ગણાશે:-

(ક) સેવા લેનારના હિસાબના ચોપડામાં ચુકવણીની નોંધ જે તારીખે કરવામાં આવી હોય તે તારીખ અથવા જે તારીખે તેના બેંકના ખાતામાં ચુકવણી ઉધારવામાં આવી હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય તે; અથવા

(ખ) ભરતિયું અથવા પુરવઠાકારે તેને બદલે ગમે તે નામે ઓળખાતો કોઇ દસ્તાવેજ કાઢી આપ્યાની તારીખથી સાઠ દિવસ પછી તરત આવતી તારીખ:

પરંતુ ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ પુરવઠાનો સમય નક્કી કરવાનું શક્ય ન હોય, ત્યારે પુરવઠાનો સમય, પુરવઠો પ્રાપ્ત કરનારના હિસાબના ચોપડામાં જે તારીખ નોંધવામાં આવી હોય તે તારીખ ગણાશે:

વધુમાં, સંલગ્ન ઉદ્યોગ-સાહસ દ્વારા આપવાના પુરવઠાના કિસ્સામાં, સેવાનો પુરવઠાકાર, ભારત બહાર રહેતો હોય, ત્યારે પુરવઠાનો સમય, પુરવઠો પ્રાપ્ત કરનારના હિસાબના ચોપડામાં જે તારીખ નોંધવામાં આવી હોય તે તારીખ અથવા ચુકવણીની જે તારીખ હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય, તે તારીખ ગણાશે.

(૪) પુરવઠાકારે કરેલા વાઉચરોના પુરવઠાના કિસ્સામાં, પુરવઠાનો સમય-

(ક) તે સમયે પુરવઠો ઓળખપાત્ર હોય, તો વાઉચર કાઢી આપ્યાની તારીખ; અથવા

(ખ) બીજા તમામ કિસ્સામાં, વાઉચરની ચુકવણીની તારીખ.

(૫) પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪)ની જોગવાઇઓ હેઠળ પુરવઠાનો સમય નક્કી કરવાનું શક્ય ન હોય, ત્યારે પુરવઠાનો સમય-

(ક) મુદતી પત્રક ફાઇલ કરવાનું હોય, ત્યારે તેવા કિસ્સામાં, જે તારીખે આવું પત્રક ફાઇલ કરવામાં આવે તે તારીખ; અથવા

(ખ) બીજા કોઇ કિસ્સામાં, જે તારીખે વેરો ભરવામાં આવ્યો હોય તે તારીખ.

(૬) કોઇ અવેજની વિલંબિત ચુકવણી માટે, વ્યાજ, વિલંબ-ફી અથવા શિક્ષા સ્વરૂપે પુરવઠાના મૂલ્યમાં થતા વધારાને સંબંધિત હોય તેટલા પ્રમાણમાં પુરવઠાનો સમય, પુરવઠાકાર આવા મૂલ્યમાં જે તારીખે વધારો મેળવે, તે તારીખ ગણાશે.

INDEX

માલ અથવા સેવાના પુરવઠાના સંબંધમાં વેરાના દરમાં ફેરફાર બાબત.

૧૪. કલમ ૧૨ અથવા કલમ ૧૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, માલ અથવા સેવાના પુરવઠાના અથવા તે બન્નેના સંબંધમાં વેરાના દરમાં ફેરફાર હોય, ત્યારે પુરવઠાનો સમય, નીચેની રીતે નક્કી કરવો જોઇશે:-

(ક) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં માલ અથવા સેવા અથવા તે બન્નેનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો હોય, તેવા કિસ્સામાં,-

(૧) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી તે માટેનું ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય અને ચુકવણી પણ મેળવેલી હોય, ત્યારે પુરવઠાનો સમય, ચુકવણી મળ્યાની તારીખ અથવા ભરતિયું કાઢી આપ્યાની તારીખ, બેમાંથી જે વહેલું હોય, તે તારીખ ગણાશે; અથવા

(૨) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય, પરંતુ વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી ચુકવણી મેળવેલી હોય, ત્યારે પુરવઠાનો સમય, ભરતિયું કાઢી આપ્યાની તારીખ ગણાશે; અથવા

(૩) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં ચુકવણી મેળવેલી હોય, પરંતુ તે માટેનું ભરતિયું વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી કાઢી આપવામાં આવ્યું હોય, ત્યારે પુરવઠાનો સમય, ચુકવણી મળ્યાની તારીખ ગણાશે;

(ખ) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં,-

(૧) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી ચુકવણી મેળવેલી હોય, પરંતુ વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય, ત્યારે પુરવઠાનો સમય, ચુકવણી મળ્યાની તારીખ ગણાશે; અથવા

(૨) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય અને ચુકવણી મેળવેલી હોય, ત્યારે પુરવઠાનો સમય, ચુકવણી મેળવ્યાની તારીખ અથવા ભરતિયું કાઢી આપ્યાની તારીખ, બેમાંથી જે વહેલું હોય તે તારીખ ગણાશે; અથવા

INDEX

(૩) વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે ત્યાર પછી ભરતિયું કાઢી આપવામાં આવ્યું હોય પણ વેરાના દરમાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં ચુકવણી મેળવેલી હોય, ત્યારે પુરવઠાનો સમય, ભરતિયુ કાઢી આપ્યાની તારીખ ગણાશે :

પરંતુ ચુકવણી મળ્યાની તારીખ, આવી (રકમ) વેરાના દરમાં ફેરફાર થયાની તારીખથી કામકાજના ચાર દિવસ પછી બેંક ખાતામાં જમા કરવામાં આવી હોય, તો બેંક ખાતામાં (રકમ) જમા કર્યાની તારીખ ગણાશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુ માટે, "ચુકવણી મળ્યાની તારીખ" એ, પુરવઠાકારના હિસાબના ચોપડામાં જે તારીખે ચુકવણીની નોંધ કરવામાં આવી હોય તે તારીખ અથવા જે તારીખે તેના બેંક ખાતામાં (રકમ) જમા કરવામાં આવી હોય તે તારીખ, બેમાંથી જે વહેલું હોય, તે તારીખ ગણાશે.

વેરાપાત્ર પુરવઠાનું મૂલ્ય (કિંમત).

૧૫. (૧) માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાનું મૂલ્ય, પુરવઠાકાર અને પુરવઠો પ્રાપ્ત કરનાર સંબંધિત ન હોય અને કિંમત જ પુરવઠા માટે એકમાત્ર અવેજ હોય, ત્યારે સદરહુ માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા માટે ખરેખર ચૂકવેલી અથવા ચૂકવવાપાત્ર જે કિંમત હોય, તે કિંમતની લેવડદેવડનું મૂલ્ય રહેશે.

(૨) પુરવઠાના મૂલ્યમાં-

(ક) આ અધિનિયમ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ તથા માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમ સિવાયના, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ લેવામાં આવેલા કોઇ વેરા, શુલ્ક, ઉપકર, ફી અને ખર્ચ (ચાર્જિસ) પુરવઠાકાર દ્વારા અલગથી વસૂલ કરવામાં આવ્યા હોય તો તેનો;

(ખ) આવા પુરવઠાના સંબંધમાં પુરવઠાકાર ચૂકવવા માટે જવાબદાર હોય, પરંતુ જે રકમ પુરવઠો પ્રાપ્ત કરનાર દ્વારા ચૂકવવામાં આવેલ હોય તેવી કોઇ રકમ અને માલ અથવા સેવા અથવા તે બન્ને માટે ચૂકવેલી અથવા ચૂકવવાપાત્ર ખરેખર કિંમતમાં તેનો સમાવેશ થયો ન હોય, તો તેનો;

(ગ) પુરવઠો પ્રાપ્ત કરનાર પાસેથી પુરવઠાકારે ચાર્જ કરેલા કમિશન અને માલ ભરવાના (પેકિંગ) ખર્ચ સહિતના આનુષંગિક ખર્ચનો, માલ અથવા સેવાના પુરવઠાના વિતરણના સમયે અથવા તે પહેલાં, માલ અથવા

INDEX

સેવા અથવા તે બન્નેના પુરવઠાના સંબંધમાં પુરવઠાકારે કરેલા કોઇ કામ માટે ચાર્જ (વસૂલ) કરેલી કોઇ રકમનો;

(ઘ) કોઇ પુરવઠા માટેના કોઇ અવેજની વિલંબિત ચુકવણી માટેના વ્યાજની(રકમ) અથવા વિલંબિત ફી અથવા દંડનો; અને

(ચ) કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે પૂરી પાડેલ સબસિડી (સહાયકી) સિવાયની કિંમત સાથે સીધી સંકળાયેલી સબસિડીનો.

સમાવેશ કરવો જોઇશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુ માટે, સબસિડીની રકમમાં, સબસિડી પ્રાપ્ત કરનાર પુરવઠાકારના પુરવઠાના મૂલ્યનો સમાવેશ કરવો જોઇશે.

(૩) પુરવઠાના મૂલ્યમાં-

(ક) આવા પુરવઠાના સંબંધમાં કાઢી આપેલા ભરતિયામાં યોગ્ય રીતે નોંધ કરી હોય, તો પુરવઠો આપતા પહેલા અથવા તે વખતે આપવામાં આવેલા કોઇ વળતરનો; અને

(ખ) (૧) આવો પુરવઠો આપતી વખતે અથવા તે પહેલાં કરેલ કોઇ કરારની બોલીમાં આવું વળતર નક્કી કરવામાં આવ્યું હોય અને ખાસ કરીને તે સંબંધિત ભરતિયા સાથે સંકળાયેલું હોય; તો અને

(૨) પુરવઠાકારે કાઢી આપેલા દસ્તાવેજના આધારે વળતરના કારણે મળેલ ઇનપુટ વેરા શાખ, પુરવઠો પ્રાપ્ત કરનાર દ્વારા ઉલટાવવામાં આવી હોય; તો

પુરવઠો મોકલવામાં આવ્યો હોય તે પછી આપવામાં આવેલા કોઇ વળતરનો સમાવેશ થશે નહિ.

(૪) માલ અથવા સેવા અથવા બન્નેના પુરવઠાનું મૂલ્ય, પેટા-કલમ (૧) હેઠળ નક્કી કરી શકાય તેમ ન હોય ત્યારે, તે ઠરાવવામાં આવે તેવી રીતે નક્કી કરવું જોઇશે;

(૫) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૪)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કાઉન્સિલની ભલામણને આધારે સરકાર જાહેર કરે તેવા પુરવઠાનું મૂલ્ય, ઠરાવવામાં આવે તેવી રીતે નક્કી કરવું જોઇશે.

સ્પષ્ટીકરણ.- આ અધિનિયમના હેતુ માટે,-

(ક) વ્યક્તિઓ "સંબંધિત વ્યક્તિઓ" હોવાનું ગણાશે, જો-

INDEX

(૧) તેવી વ્યક્તિઓ, એક બીજાના ધંધાના અધિકારીઓ અથવા ડિરેક્ટર હોય;

(૨) તેવી વ્યક્તિઓ, ધંધામાં કાયદાકીય રીતે માન્ય ભાગીદાર હોય;

(૩) તેવી વ્યક્તિઓ, માલિક (કામે રાખનાર) અને કર્મચારી હોય;

(૪) કોઇ વ્યકિત પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, આઉટસ્ટેન્ડિંગ વોટિંગ સ્ટોક અથવા શેર અથવા તે બંને પર પચીસ ટકા અથવા તેથી વધારે માલિકી ધરાવતી હોય, નિયંત્રણ ધરાવતી હોય અથવા કબજો ધરાવતી હોય;

(૫) તે બે પૈકીમાંથી એક પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે બીજા ઉપર નિયંત્રણ ધરાવતી હોય;

(૬) તે બન્ને ઉપર પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઇ ત્રીજી વ્યક્તિનું નિયંત્રણ હોય;

(૭) તે બન્ને સાથે મળીને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ત્રીજી વ્યક્તિ ઉપર નિયંત્રણ ધરાવતી હોય; અથવા

(૮) તેઓ એક જ કુટુંબના સભ્યો હોય;

(ખ) "વ્યક્તિ" એ શબ્દપ્રયોગમાં કાયદામાન્ય વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.

(ગ) એક બીજાના ધંધામાં સંકળાયેલી હોય એવી વ્યક્તિઓ પૈકીની કોઇ એક વ્યક્તિ, બીજાનો (બીજી વ્યકિતનો) ગમે તે રીતે વર્ણવેલો, એકમાત્ર એજન્ટ અથવા એકમાત્ર વિતરણકર્તા અથવા એકમાત્ર વિશેષાધિકારી હોય તેવી વ્યકિતઓ, સંબંધિત વ્યકિતઓ હોવાનું ગણાશે.

પ્રકરણ ૫

ઇનપુટ વેરા શાખ

ઇનપુટ વેરા શાખ લેવા માટેની યોગ્યતા અને શરતો.

૧૬. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, કલમ ૪૯માં ઠરાવવામાં આવે અને નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, તેને માલ અથવા સેવા અથવા તે બન્નેનો કોઇ પુરવઠો કે જે તેના ધંધાના કામકાજ અથવા તેની પ્રગતિ માટે વાપરવામાં આવતો હોય અથવા વાપરવાનો ઇરાદો હોય, તેની ઉપર ચાર્જ કરવામાં આવેલા ઇનપુટ વેરાની શાખ લેવા માટે હકદાર થશે અને સદરહુ રકમ, આવી વ્યક્તિના ઇલેક્ટ્રોનિક કેડિટ લેજર (વીજાણુ શાખ ખાતાવહી)માં જમા કરવી જોઇશે.

INDEX

(૨) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રજિસ્ટર થયેલી કોઇપણ વ્યક્તિ, માલ અથવા સેવા અથવા તે બન્નેના કોઇ પુરવઠાના સંબંધમાં કોઇ ઇનપુટ વેરાની શાખ માટે હકદાર રહેશે, સિવાય કે,-

(ક) તે આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલા પુરવઠાકારે કાઢી આપેલું વેરા ભરતિયું અથવા ઉધારપત્રનો કબજો ધરાવતો હોય અથવા ઠરાવવામાં આવે તેવા બીજા વેરો ભરવાના દસ્તાવેજોનો કબજો ધરાવતો હોય;

(ખ) તેણે માલ અથવા સેવા અથવા બન્ને મેળવેલી હોય.

સ્પષ્ટીકરણ.- આ ખંડના હેતુ માટે, પુરવઠાકાર દ્વારા પ્રાપ્ત કરનારને અથવા આવી રજિસ્ટર થયેલી વ્યક્તિના આદેશથી એજન્ટ તરીકે અથવા અન્યથા કાર્ય કરતી, બીજી કોઇ વ્યક્તિને, માલની હેરફેર પહેલાં અથવા તે દરમિયાન, માલના માલિકીહકના દસ્તાવેજોની તબદીલીથી અથવા અન્ય રીતે માલ મોકલવામાં આવે, ત્યારે રજિસ્ટર થયેલ વ્યક્તિએ માલ મેળવેલો હોવાનું ગણાશે ;

(ગ) કલમ ૪૧ની જોગવાઇઓને અધીન રહીને, આવા પુરવઠાના સંબંધમાં ચાર્જ (વસૂલ) કરવામાં આવેલા વેરાની, સરકારને, રોકડમાં અથવા સદરહુ પુરવઠાના સંબંધમાં મળવાપાત્ર ઇનપુટ વેરા શાખનો ઉપયોગ કરીને ખરેખર ચુકવણી કરવામાં આવી હોય; અને

(ઘ) તેણે કલમ ૩૯ હેઠળ પત્રક રજૂ કર્યું હોય:

પરંતુ ભરતિયા સામે માલ અનેક હપ્તામાં મેળવ્યો હોય, ત્યારે રજિસ્ટર થયેલી વ્યક્તિ, છેલ્લા જથ્થા અથવા હપ્તાની પહોંચને આધારે શાખ લેવા માટે હકદાર રહેશે :

વધુમાં, પુરવઠો પ્રાપ્ત કરનાર, માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકારને ચુકવણી કરવામાં નિષ્ફળ રહે, ત્યારે, વિપરીત ચાર્જના અધારે વેરો ભરવાપાત્ર હોય તેવા પુરવઠા સિવાય, પુરવઠાના મૂલ્ય ઉપર પુરવઠાકાર દ્વારા ભરતિયું કાઢી આપવામાં આવે તે તારીખથી એકસો એંસી દિવસની મુદતની અંદર, ભરવાપાત્ર વેરા સહિત પુરવઠાના મૂલ્ય માટેની રકમ તેમજ પ્રાપ્ત કરનારે મેળવેલી ઇનપુટ વેરા શાખની જેટલી રકમ હોય તેટલી રકમ તેની આઉટપુટ વેરા જવાબદારીમાં તેના વ્યાજ સહિત, ઠરાવવામાં આવેલી રીતે ઉમેરવી જોઇશે :

INDEX

વળી, માલ અથવા સેવા અથવા તે બન્નેના, તેના ઉપર ભરવાપાત્ર વેરા સહિતના પુરવઠા મૂલ્ય સામે ભરવાની થતી રકમ ભર્યેથી, પુરવઠો પ્રાપ્ત કરનાર, ઇનપુટ વેરાની શાખ મેળવવા માટે હકદાર રહેશે.

સન ૧૯૬૧નો

(૩) રજિસ્ટર થયેલી વ્યક્તિએ, આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ મૂડીગત માલ તથા પ્લાન્ટ અને મશિનરી(યંત્રસામગ્રી) ની કિંમત (ખર્ચ)ના વેરા ઘટક ઉપર ઘસારા ચાર્જનો દાવો કર્યો હોય, ત્યારે સદરહુ વેરા ઘટક ઉપર ઇનપુટ વેરા શાખની મંજૂરી આપવી જોઇશે નહિ.

(૪) રજિસ્ટર થયેલી વ્યક્તિ, આવું ભરતિયું અથવા આવા ઉધારપત્રને લગતું ભરતિયું જે નાણાકીય વર્ષને લાગુ પડતું હોય તે નાણાકીય વર્ષ પૂરું થયા પછી સપ્ટેમ્બર મહિના માટે કલમ ૩૯ હેઠળ પત્રક પૂરુ પાડવાની અથવા સંબંધિત વાર્ષિક પત્રક પૂરુ પાડવાની નિયત તારીખ, બન્નેમાંથી જે વહેલી હોય તે તારીખ પછી, માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા માટે, કોઇ ભરતિયું અથવા ઉધારપત્રના સંબંધમાં ઇનપુટ વેરા શાખ લેવા માટે હકદાર રહેશે નહિ.

શાખ અને બ્લોક કરેલા શાખની વહેંચણી બાબત.

૧૭. (૧) રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા આંશિક રીતે ધંધાના હેતુ માટે અને આંશિક રીતે બીજા હેતુ માટે માલ અથવા સેવા અથવા તે બન્નેનો ઉપયોગ કરવામાં આવતો હોય, ત્યારે શાખની રકમ, તેના ધંધાના હેતુઓ માટે આપવા યોગ્ય હોય તેટલા પ્રમાણમાં ઇનપુટ વેરા પૂરતી મર્યાદિત રહેશે.

(૨) રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા, આ અધિનિયમ હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ શૂન્ય દરવાળા પુરવઠા સહિતના વેરાપાત્ર પુરવઠાને આંશિક રીતે અસર થાય તે માટે અને આંશિક રીતે સદરહુ અધિનિયમ હેઠળ મુક્તિ આપવામાં આવી હોય તેવા પુરવઠાને અસર થાય તે માટે, માલ અથવા સેવા અથવા તે બન્નેનો ઉપયોગ કરવામાં આવતો હોય, તો શાખની રકમ, શૂન્ય દરવાળા પુરવઠા સહિતના સદરહુ વેરાપાત્ર પુરવઠા માટે આપવા યોગ્ય હોય તેટલા પ્રમાણમાં ઇનપુટ વેરા પૂરતી મર્યાદિત રહેશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ મુક્તિ આપવામાં આવ્યા હોય તેવા પુરવઠાનું મૂલ્ય, ઠરાવવામાં આવે તેટલું રહેશે અને તેમાં પુરવઠો પ્રાપ્ત કરનાર, જે પુરવઠા પર વિપરીત ચાર્જના આધારે વેરો ભરવા, જામીનગીરીથી લેવડદેવડ કરવા, જમીનનું વેચાણ કરવા અને અનુસૂચિ ૨-ના પરિચ્છેદ ૫-ના ખંડ (ખ) ને અધીન રહીને, મકાનનું વેચાણ કરવા માટે જવાબદાર હોય તેવા પુરવઠાનો સમાવેશ થશે;

INDEX

(૪) અનામત (ડિપોઝિટ) સ્વીકારીને, લોન અથવા પેશગી આપીને સેવાઓ પૂરી પડવામાં રોકાયેલી નોન-બેંકિંગ નાણાકીય કંપની સહિતની બેંકિંગ કંપની અથવા નાણાકીય સંસ્થા પાસે, પેટા-કલમ (૨)ની જોગવાઇઓનું પાલન કરવાનો અથવા દર મહિને, તે મહિનાના ઇનપુટ, મૂડીગત માલ અને ઇનપુટ સેવાઓ ઉપરની યોગ્ય ઇનપુટ વેરા શાખના પચાસ ટકા રકમ જેટલી રકમ મેળવવાનો વિકલ્પ રહેશે અને બાકીની રકમ રદ થશે:

પરંતુ એક વાર જે વિકલ્પ ઉપયોગમાં લીધો હોય, તે વિકલ્પ, નાણાકીય વર્ષના બાકીના ભાગ માટે પાછો ખેંચી શકાશે નહિ:

વધુમાં, પચાસ ટકાની મર્યાદા, સમાન કાયમી ખાતા નંબર ધરાવતી રજિસ્ટર થયેલી કોઇ વ્યક્તિ બીજી રજિસ્ટર થયેલી વ્યક્તિને પુરવઠો આપે, તે પુરવઠા ઉપર ભરવાના વેરાને લાગુ પડશે નહિ.

(૫) કલમ ૧૬ની પેટા-કલમ (૧) અને કલમ ૧૮ની પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ઇનપુટ વેરા શાખ, નીચેની બાબતના સંબંધમાં ઉપલભ્ય રહેશે નહિ:-

(ક) મોટર વાહન અને બીજા વાહન સિવાય કે તેમનો ઉપયોગ-

(૧) નીચેનો વેરાપાત્ર પુરવઠો પૂરો પાડવા માટે થયો હોય:-

(ક) આવા મોટર વાહનો અથવા વાહનોના વધુ પુરવઠા માટે થયો હોય; અથવા

(ખ) ઉતારૂઓની હેરફેર માટે થયો હોય; અથવા

(ગ) આવા મોટરવાહનો અથવા બીજા વાહનો ચલાવવાની (ડ્રાઇવીંગ), તેના ઉડ્ડયન (ફલાઇંગ)ની, દિશાસૂચન (નેવીગેટીંગ) ની તાલીમ આપવા માટે થયો હોય.

(૨) માલની હેરફેર માટે થયો હોય;

(ખ) નીચેના માલ અથવા સેવા અથવા તે બન્નેનો પુરવઠો:-

(૧) રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા, કોઇ ચોક્કસ વર્ગના માલ અથવા સેવા અથવા તે બન્નેનો વેરાપાત્ર જાવક પુરવઠો પૂરો પાડવા માટે અથવા વેરાપાત્ર સંયુક્ત અથવા મિશ્ર પુરવઠાના ભાગ તરીકે, તે જ વર્ગના માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક-પુરવઠાનો ઉપયોગ

INDEX

કરવામાં આવ્યો હોય તે સિવાય, ખોરાક અને પીણા, બાહ્ય આહાર વ્યવસ્થા, સૌદર્ય સારવાર, આરોગ્ય સેવા, કોસ્મેટિક (સૌંદર્ય પ્રસાધન) અને પ્લાસ્ટિક સર્જરિ (શસ્ત્રક્રિયા) ;

(૨) ક્લબ, હેલ્થ અને ફિટનેસ સેન્ટરનું સભ્યપદ;

(૩) (ક) સરકાર, તત્સમયે અમલમાં હોય, તેવા કાયદા હેઠળ માલિકે તેના કર્મચારીઓને પૂરી પાડવી અનિવાર્ય હોય તેવી સેવાઓ જાહેર કરે; અથવા

(ખ) રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા, કોઇ ચોક્કસ વર્ગના માલ અથવા સેવા અથવા તે બન્નેનો વેરાપાત્ર જાવક પુરવઠો પૂરો પાડવા માટે અથવા વેરાપાત્ર સંયુક્ત અથવા મિશ્ર પુરવઠાના ભાગ તરીકે, તે જ વર્ગના માલ અથવા સેવા અથવા તે બન્નેના આવા આવક-પુરવઠાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય; અને

તે સિવાય રેન્ટ-એ-કેબ, જીવન વીમો અને આરોગ્ય વીમો.

(૪) કર્મચારીને રજા અથવા વતન પ્રવાસ રાહત જેવા આપવામાં આવતા પ્રવાસ લાભો.

(ગ) બાંધકામ કરાર સેવાના વધુ પુરવઠા માટેની ઇનપુટ સેવા હોય તે સિવાય, (પ્લાન્ટ અને મશિનરી સિવાયની) સ્થાવર મિલકતના બાંધકામ માટે પૂરી પાડવામાં આવતી બાંધકામ કરાર સેવા;

(ઘ) આવા માલ અથવા સેવા અથવા તે બન્નેનો ઉપયોગ, ધંધાના કામકાજમાં અથવા પ્રગતિમાં કરવામાં આવ્યો હોય તે સહિત, વેરાપાત્ર વ્યક્તિ દ્વારા, (પ્લાન્ટ અથવા મશિનરી સિવાયની) સ્થાવર મિલકતના બાંધકામ માટે તેના પોતાના દ્વારા આવા માલ અથવા સેવા અથવા તે બન્ને મેળવવામાં આવ્યા હોય.

સ્પષ્ટીકરણ.- ખંડો (ગ) અને (ઘ)ના હેતુઓ માટે, "બાંધકામ" એ શબ્દમાં, મૂડીકરણના પ્રમાણમાં, સદરહુ સ્થાવર મિલકતમાં પુન: બાંધકામ, સમારકામ, વધારો અથવા ફેરફાર અથવા મરામત કરવાનો સમાવેશ થાય છે;

(ચ) કલમ ૧૦ હેઠળ જેના ઉપર વેરો ભરવામાં આવ્યો હોય, તે માલ અથવા સેવા અથવા તે બન્ને;

INDEX

(છ) બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિએ મેળવેલ, તેણે આયાત કરેલા માલ સિવાયના માલ અથવા સેવા અથવા તે બન્ને;

(જ) અંગત વપરાશ માટે વાપરેલો માલ અથવા સેવા અથવા તે બન્ને;

(ઝ) બક્ષિસ અથવા નિ:શુલ્ક નમૂના રૂપે ગુમાવેલા, ચોરાઇ ગયેલા, નાશ થયેલા, દુરસ્ત કરેલા અથવા નિકાલ કરેલા માલ;

(ટ) કલમો ૭૪, ૧૨૯ અને ૧૩૦ની જોગવાઇઓ અનુસાર ભરેલો કોઇ વેરો.

(૬) સરકાર, પેટા-કલમો (૧) અને (૨)માં ઉલ્લેખેલી શાખ જે રીતે આપી શકાશે તે રીત ઠરાવી શકશે.

સ્પષ્ટીકરણ.- આ પ્રકરણ અને પ્રકરણ ૬ના હેતુઓ માટે, " પ્લાન્ટ અને મશીનરી" એ શબ્દો એટલે પાયા અથવા માળખાકીય આધારથી જમીન સાથે જોડેલા સાધન, સાધનસામગ્રી અને મશીનરી કે જેનો ઉપયોગ, માલ અથવા સેવા અથવા તે બન્નેનો જાવક પુરવઠો તૈયાર કરવા માટે થતો હોય અને તેમાં આવા પાયાનો અથવા માળખાકીય આધારનો સમાવેશ થાય છે, પરંતુ-

(૧) જમીન, બાંધકામ અથવા બીજા આંતરિક માળખાનો;

(૨) ટેલિકોમ્યુનિકેશન ટાવરનો; અને

(૩) કારખાના જગ્યા બહાર લગાડેલી પાઇપલાઇનનો,

તેમાં સમાવેશ થતો નથી.

ખાસ સંજોગોમાં શાખની ઉપલબ્ધતા બાબત.

૧૮. (૧) ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણને અધીન રહીને,

(ક) કોઇ વ્યક્તિ નોંધણી (રજિસ્ટ્રેશન) માટે જવાબદાર બને, તે તારીખથી ત્રીસ દિવસની અંદર, આ અધિનિયમ હેઠળ તેણે નોંધણી માટે અરજી કરી હોય અને આવી નોંધણી કરી આપવામાં આવી હોય, તો તે આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ વેરો ભરવા માટે જે તારીખથી જવાબદાર બને, તે તારીખ પહેલા તરત આવતા દિવસે જથ્થા (સ્ટોક)માં રાખવામાં આવેલા ઇનપુટ અને જથ્થા (સ્ટોક)માં રાખેલા અર્ધ-તૈયાર કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટની શાખ લેવા માટે હકદાર થશે;

(ખ) કલમ ૨૫-ની પેટા-કલમ (૩) હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવે તે વ્યક્તિ, નોંધણી (રજિસ્ટ્રેશન) કરવામાં આવી હોય, તે તારીખ પહેલા તરત આવતા દિવસે સ્ટોકમાં રાખવામાં આવેલા ઇનપુટ અને સ્ટોકમાં રાખેલા અર્ધ-તૈયાર

INDEX

કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટની શાખ લેવા માટે હકદાર થશે;

(ગ) કલમ ૧૦ હેઠળ રજિસ્ટર થયેલી વ્યક્તિ, વેરો ભરવાનું બંધ કરે, ત્યારે તે કલમ ૯ હેઠળ વેરો ભરવા માટે જે તારીખથી જવાબદાર બને, તે તારીખ પહેલા તરત આવતા દિવસે સ્ટોકમાં રાખવામાં આવેલ ઇનપુટ, સ્ટોકમાં રાખેલા અર્ધ-તૈયાર કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટ અને મૂડીગત માલ ઉપર ઇનપુટ વેરા શાખ લેવા માટે હકદાર થશે:

પરંતુ મૂડીગત માલ ઉપરની શાખ, ઠરાવવામાં આવે તેટલી ટકાવારીના પોઇન્ટ મુજબ ઘટાડવી જોઇશે;

(ઘ) રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા મુક્તિ આપવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બન્ને વેરાપાત્ર પુરવઠો બને, ત્યારે આવી વ્યક્તિ, આવો પુરવઠો જે તારીખથી વેરાપાત્ર બને, તે તારીખ પહેલા તરત આવતા દિવસે સ્ટોકમાં રાખવામાં આવેલા ઇનપુટ, આવા મુક્તિ આપેલા સ્ટોક સંબંધિત રાખવામાં આવેલા અર્ધ-તૈયાર કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટ અને આવા મુક્તિ આપેલા પુરવઠા માટે જ વાપરવામાં આવતા મૂડીગત માલ ઉપર ઇનપુટ શાખ લેવા માટે હકદાર થશે:

પરંતુ મૂડીગત માલ ઉપરની શાખ, ઠરાવવામાં આવે તેટલી ટકાવારીના પોઇન્ટ મુજબ ઘટાડવી જોઇશે.

(૨) રજિસ્ટર થયેલી વ્યક્તિ, આવા પુરવઠાના સંબંધમાં કાઢી આપવામાં આવેલા વેરાના ભરતિયાની તારીખથી એક વર્ષની મુદત સમાપ્ત થાય ત્યાર પછી, માલ અથવા સેવા અથવા તે બન્નેના કોઇ પુરવઠાના સંબંધમાં પેટા-કલમ (૧) હેઠળ ઇનપુટ વેરા શાખ લેવા માટે હકદાર રહેશે નહિ.

(૩) રજિસ્ટર થયેલી વ્યક્તિએ કરેલી રચનામાં વેચાણ, જોડાણ, બિન-જોડાણ, એકીકરણ, જવાબદારીની તબદીલી માટે વિશિષ્ટ જોગવાઇઓ સાથે ધંધામાં પટે આપવાના અથવા તબદીલીના કારણે ફેરફાર થયો હોય, ત્યારે સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિને, આવા વેચાણ કરેલા, જોડાણ કરેલા, બિન-જોડાણ કરેલા, એકીકરણ કરેલા, ઠરાવવામાં આવે તેવી રીતે ધંધામાં પટે આપેલા અથવા તબદીલ કરેલા હોય તેવા તેના ઇલેક્ટ્રોનિક (વીજાણુ) શાખ ખાતાવાહીમાં ઉપયોગ કર્યો ન હોય, તેમ બતાવતું હોય, તેવા ઇનપુટ વેરા શાખને તબદીલ કરવાની મંજૂરી આપવી જોઇશે.

INDEX

(૪) ઇનપુટ વેરા શાખ લીધેલ હોય તેવી રજિસ્ટર થયેલી કોઇ વ્યકિત કલમ ૧૦ હેઠળ વેરો ભરવાનો વિકલ્પ પસંદ કરે અથવા તેના દ્વારા પૂરા પાડેલા માલ અથવા સેવા અથવા તે બન્નેને સંપૂર્ણ મુક્તિ આપવામાં આવેલી હોય, ત્યારે તેણે ઇલેક્ટ્રોનિક (વીજાણુ) શાખ ખાતાવાહી અથવા ઇલેક્ટ્રોનિક (વીજાણુ) રોકડ ખાતાવાહીમાં ઉધાર રાખીને, તેના દ્વારા આવા વિકલ્પનો ઉપયોગ જે તારીખથી કરવામાં આવે તે તારીખ અથવા યથાપ્રસંગ, આવી મુક્તિ જે તારીખે આપવામાં આવે તે તારીખની તરત પહેલા આવતા દિવસે, સ્ટોકમાં રાખવામાં આવેલા ઇનપુટ અને સ્ટોક સંબંધિત રાખવામાં આવેલા અર્ધ-તૈયાર કરેલા અથવા સંપૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટ અને મૂડીગત માલ ઉપર, ઠરાવવામાં આવે તેવી ટકાવારીના પોઇન્ટ મુજબ ઇનપુટના સંબંધમાં ઘટાડેલી, ઇનપુટ વેરાની શાખને સમકક્ષ રકમ ભરવી જોઇશે:

પરંતુ આવી રકમની ચુકવણી પછી, ઇનપુટ વેરા શાખની સિલક, તેની ઇલેક્ટ્રોનિક (વીજાણુ) શાખ ખાતાવાહીમાં કંઇ હોય તો, તે રકમ રદ થશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળની શાખની રકમ અને પેટા-કલમ (૪) હેઠળની ભરવાપાત્ર રકમની, ઠરાવવામાં આવે તેવી રીતે ગણતરી કરવી જોઇશે.

(૬) મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશિનરી, જેના ઉપર ઇનપુટ વેરા શાખ લેવામાં આવી હોય, તેના પુરવઠાના કિસ્સામાં, રજિસ્ટર થયેલી વ્યક્તિએ, ઠરાવવામાં આવે તેવા ટકાવારીના પોઇન્ટથી ઘટાડેલી અથવા સદરહુ મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશિનરી ઉપર લેવામાં આવેલી અથવા કલમ ૧૫ હેઠળ નક્કી કરેલી આવા મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશિનરીના લેવડદેવડ મૂલ્ય ઉપર લેવામાં આવેલી ઇનપુટ વેરા શાખને, બેમાંથી જે વધારે હોય, તેને સમકક્ષ રકમ ભરવી જોઇશે:

પરંતુ મજબૂત ઇંટો, ધાતુના બીબા અને નાણા પાડવાના બીબા, નક્શીકામવાળી અને જડિત વસ્તુઓને ભંગાર તરીકે પૂરી પાડવામાં આવી હોય, ત્યારે વેરાપાત્ર વ્યક્તિ, કલમ ૧૫ હેઠળ નક્કી કરેલા આવા માલના લેવડદેવડના મૂલ્ય ઉપર વેરો ભરી શકશે.

છૂટક કામ માટે મોકલેલ ઇનપુટ અને મૂડીગત માલના સંબંધમાં ઇનપુટ વેરા શાખ લેવા બાબત.

૧૯. (૧) મુખ્ય માલિકે, ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, છૂટક કામ માટે છૂટક કામદારને મોકલેલી ઇનપુટ (ઉત્પાદક સામગ્રી) ઉપર ઇનપુટ વેરા શાખ મંજૂર કરવી જોઇશે.

(૨) કલમ ૧૬ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, મુખ્ય માલિક, તેના ધંધાના સ્થળે પહેલા લાવ્યા વગર, છૂટક કામદારને છૂટક કામ માટે સીધું જ ઇનપુટ મોકલી આપેલ હોય તો પણ, તેવા ઇનપુટ ઉપર તે ઇનપુટ વેરાની શાખ લેવા માટે હકદાર રહેશે.

(૩) છૂટક કામ માટે મોકલેલી ઇનપુટ (ઉત્પાદક સામગ્રી) મુખ્ય માલિકને, છૂટક કામ પૂર્ણ થાય ત્યાર પછી અથવા અન્યથા પરત મળી ન હોય અથવા તે મોકલ્યાના એક વર્ષની મુદતની અંદર કલમ ૧૪૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા ખંડ (ખ) અનુસાર છૂટક કામદારના ધંધાના સ્થળેથી પૂરી પાડવામાં આવી ન હોય, ત્યારે આવી ઇનપુટ (ઉત્પાદક સામગ્રી), મુખ્ય માલિક દ્વારા છૂટક કામદારને જે દિવસે મોકલવામાં આવી હોય તે દિવસે સદરહુ ઇનપુટ પૂરી પાડવામાં આવી હોવાનું ગણાશે :

પરંતુ ઇનપુટ જ્યારે પ્રત્યક્ષ રીતે છૂટક કામદારને મોકલવામાં આવી હોય, ત્યારે એક વર્ષની મુદત, છૂટક કામદાર જે તારીખથી ઇનપુટ મેળવે, તે તારીખથી ગણવી જોઇશે.

(૪) મુખ્ય માલિકે, ઠરાવવામાં આવે તેવી શરતો અને તેવા નિયંત્રણોને અધીન રહીને, છૂટક કામ માટે છૂટક કામદારને મોકલેલા મૂડીગત માલ ઉપર ઇનપુટ વેરા શાખ મંજૂર કરવી જોઇશે.

(૫) કલમ ૧૬ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, મુખ્ય માલિક, મૂડીગત માલને પહેલાં તેના ધંધાના સ્થળે છૂટક કામ માટે લાવ્યા વગર છૂટક કામ માટે કોઇ છૂટક કામદારને સીધો જ મોકલી દે તો પણ, મૂડીગત માલ ઉપર, ઇનપુટ વેરા શાખ લેવા માટે હકદાર થશે.

(૬) છૂટક કામ માટે મોકલેલો મૂડીગત માલ, મુખ્ય માલિકને, મોકલવામાં આવ્યાના ત્રણ વર્ષની મુદતની અંદર પાછો મળે નહિ, ત્યારે તેમ માનવામાં આવશે કે મુખ્ય માલિક દ્વારા છૂટક કામદારને, જ્યારે સદરહુ મૂડીગત માલ મોકલવામાં આવ્યો હતો તે દિવસે છૂટક કામદારને મુખ્ય માલિક દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો:

પરંતુ છૂટક કામદારને મૂડીગત માલ સીધો જ મોકલવામાં આવે, ત્યારે ત્રણ વર્ષની મુદત, છૂટક કામદાર જે તારીખથી મૂડીગત માલ મેળવે, તે તારીખથી ગણવી જોઇશે.

(૭) પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૬)માંનો કોઇપણ મજકૂર છૂટક કામ માટે છૂટક કામદારને મોકલેલા ધાતુના બીબા અને નાણા પડવાના બીબા, નક્શીકામવાળી અને જડિત વસ્તુઓ અથવા સાધનોને લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુ માટે, "મુખ્ય માલિક" એટલે કલમ ૧૪૩માં ઉલ્લેખેલી વ્યક્તિ.

INDEX

ઇનપુટ સેવા વિતરક દ્વારા શાખ વિતરણની રીત.

૨૦. (૧) ઇનપુટ સેવા વિતરકે, રાજ્ય વેરાની શાખનું રાજ્ય વેરા તરીકે અથવા સંકલિત વેરા તરીકે અને સંકલિત વેરાનું સંકલિત વેરા તરીકે અથવા રાજ્ય વેરા તરીકે, ઠરાવવામાં આવે તેવી રીતે, વિતરણ કરવામાં આવેલી ઇનપુટ વેરા શાખની રકમ ધરાવતા દસ્તાવેજ કાઢી આપીને વિતરણ કરવું જોઇશે.

(૨) ઇનપુટ સેવા વિતરકે, નીચેની શરતોને અધીન રહીને, શાખનું વિતરણ કરવું જોઇશે:-

(ક) શાખ પ્રાપ્ત કરનારને, ઠરાવવામાં આવે તેવી માહિતી ધરાવતા દસ્તાવેજ સામે શાખનું વિતરણ કરી શકાશે;

(ખ) વિતરણ કરેલી શાખની રકમ, વિતરણ માટે ઉપલભ્ય હોય તેવી શાખની રકમથી વધુ હોવી જોઇશે નહિ;

(ગ) શાખ લેનારને આપવામાં આવેલી ઇનપુટ સેવાઓ ઉપર ચૂકવેલી વેરા શાખનું વિતરણ, તે શાખ પ્રાપ્ત કરનારને જ કરવું જોઇશે;

(ઘ) એક કરતાં વધુ શાખ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓને આપવામાં આવેલી ઇનપુટ સેવાઓ ઉપર ચૂકવેલી વેરા શાખનું વિતરણ, એવી શાખ પ્રાપ્ત કરનારની વચ્ચે કરવું જોઇશે જેમના માટે ઇનપુટ સેવા આપી શકાય અને આવું વિતરણ, સંબંધિત મુદત દરમિયાન એવી શાખ લેનારને રાજ્યમાંના અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંના ટર્નઓવરના ભાગે પડતા આધારે, તેવી તમામ શાખ લેનાર કે જેમને આવી ઇનપુટ સેવા આપી શકાય તેમ હોય અને ચાલુ વર્ષની જે સંબંધિત સદરહુ મુદત દરમિયાન તે અમલમાં હોય તેમના એકંદર ટર્નઓવરના પ્રમાણમાં કરવું જોઇશે ;

(ચ) તમામ શાખ પ્રાપ્ત કરનારને આપવામાં આવેલી ઇનપુટ સેવા ઉપર ચૂકવેલી વેરા શાખનું એવી શાખ પ્રાપ્ત કરનારની વચ્ચે વિતરણ કરવું જોઇશે અને આવું વિતરણ, સંબંધિત મુદત દરમિયાન તમામ શાખ લેનારના એકંદર ટર્નઓવર અને જે સદરહુ સંબંધિત મુદત દરમિયાન ચાલુ વર્ષમાં અમલમાં હોય, તેવા શાખ લેનારના રાજ્યમાંના ટર્નઓવર અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંના ટર્નઓવરના ભાગે પડતા આધારે, વિતરણ કરવું જોઇશે.

સ્પષ્ટીકરણ- આ કલમના હેતુઓ માટે,-

(ક) "સંબંધિત મુદત" એટલે-

INDEX

(૧) શાખ લેનારને, જે વર્ષ દરમિયાન શાખનું વિતરણ કરવાનું હોય તે વર્ષના અગાઉના નાણાકીય વર્ષમાં પોતાના રાજ્યો અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં ટર્નઓવર થયું હોય, તો સદરહુ નાણાકીય વર્ષ; અથવા

(૨) શાખ પ્રાપ્ત કરનારી અમુક અથવા તમામ વ્યકિતઓને, શાખનું વિતરણ કરવાનું હોય તે વર્ષ અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન, તેમના રાજ્યોમાંનું અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંનું કોઇ ટર્નઓવર ન હોય, તો શાખનું જે મહિના દરમિયાન વિતરણ કરવાનું હોય તે મહિના અગાઉના જે ત્રિમાસ માટેની શાખ લેનારી તમામ વ્યકિતઓના આવા ટર્નઓવરની માહિતી ઉપલભ્ય હોય, તેવો છેલ્લો ત્રિમાસ;

(ખ) "શાખ પ્રાપ્ત કરનાર" એ શબ્દપ્રયોગ એટલે ઇનપુટ સેવા વિતરક તરીકે સમાન કાયમી ખાતા નંબર ધરાવતા માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકાર;

(ગ) આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર માલ તેમજ વેરાપાત્ર ન હોય, તેવા માલના પુરવઠામાં સંકળાયેલી રજિસ્ટર થયેલી કોઇ વ્યક્તિના સંબંધમાં "ટર્નઓવર" એ શબ્દપ્રયોગના અર્થ, સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૧-ની નોંધ ૮૪ અને સદરહુ અનુસૂચિની યાદી ૨-ની નોંધ ૫૧ અને ૫૪ હેઠળ લેવાપાત્ર કોઇ શુલ્ક અથવા વેરાની રકમથી ઘટાડવામાં આવેલા ટર્નઓવરનું મૂલ્ય થાય છે.

વધારે વિતરણ કરેલી શાખ વસૂલ કરવાની પદ્ધતિ.

૨૧. ઇનપુટ સેવા વિતરક, કલમ ૨૦-માંની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, એવું વિતરણ કરે છે, જેના પરિણામસ્વરૂપ શાખના એક અથવા વધારે લેનારાને શાખનું વધારે વિતરણ થાય છે, ત્યારે આવી રીતે વધારે વિતરણ કરેલી શાખ, આવા શાખ લેનારા પાસેથી, વ્યાજ સહિત વસૂલ કરવું જોઇશે અને વસૂલ કરવા માટેની રકમ નક્કી કરવા અંગે કલમ ૭૩ અથવા યથાપ્રસંગ, કલમ ૭૪ ઉચિત ફેરફાર સાથે લાગુ પડશે.

પ્રકરણ-૬

રજિસ્ટ્રેશન (નોંધણી)

રજિસ્ટ્રેશન માટે જવાબદાર વ્યક્તિઓ.

૨૨. (૧) રાજ્યમાં માલ અથવા સેવા અથવા બન્નેનો વેરાપાત્ર પુરવઠો તૈયાર કરનાર દરેક પુરવઠાકાર, જો કોઇ નાણાકીય વર્ષમાં તેનું એકંદર ટર્નઓવર વીસ લાખ રૂપિયા કરતાં વધારે હોય, તો આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થવાને જવાબદાર રહેશે:

INDEX

પરંતુ આવી કોઇ વ્યક્તિ, ખાસ વર્ગના રાજ્યોમાં કોઇ રાજ્યમાંથી માલ અથવા સેવા અથવા બન્નેનો વેરાપાત્ર પુરવઠો પૂરો પાડતી હોય, ત્યારે તેનું એકંદર ટર્નઓવર, નાણાકીય વર્ષમાં દસ લાખ રૂપિયા કરતાં વધારે હોય, તો તે રજિસ્ટર થવાને જવાબદાર રહેશે.

(૨) નિયત દિવસની તરત પહેલાના દિવસે, વિદ્યમાન કાયદા હેઠળ રજિસ્ટર થયેલી હોય અથવા લાઇસન્સ ધરાવતી હોય તેવી દરેક વ્યકિત, આ અધિનિયમ હેઠળ નિયત દિવસથી અમલમાં આવે તેમ રજિસ્ટર થવા માટે જવાબદાર રહેશે.

(૩) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી વેરાપાત્ર વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતો ધંધો, ઉત્તરાધિકારના કારણોસર અથવા અન્યથા બીજી વ્યક્તિને ચાલુ ધંધા તરીકે તબદીલ કરવામાં આવે, તો તબદીલીથી પ્રાપ્ત કરનાર અથવા યથાપ્રસંગ, ઉત્તરાધિકારી, આવી તબદીલી અથવા ઉત્તરાધિકાર અમલમાં આવે તે તારીખથી રજિસ્ટર થવા માટે જવાબદાર રહેશે.

(૪) પેટા-કલમો (૧) અને (૩)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ યોજનાની મંજૂરી અથવા જોડાણની વ્યવસ્થા અનુસાર અથવા યથાપ્રસંગ, ઉચ્ચ ન્યાયાલય (હાઇકોર્ટ), ટ્રિબ્યુનલના હુકમ અનુસાર અથવા અન્યથા બે અથવા વધુ કંપનીના વિભાજનના કિસ્સામાં, તબદીલી કરાઇ હોય, ત્યારે તબદીલીથી પ્રાપ્ત કરનાર, ઉચ્ચ ન્યાયાલય (હાઇકોર્ટ) અથવા ટ્રિબ્યુનલના આવા હુકમનો અમલ કરીને, કંપનીના રજિસ્ટ્રાર, સંસ્થાપિત કરવા અંગેનું પ્રમાણપત્ર જે તારીખે કાઢી આપે, તે તારીખથી રજિસ્ટર થવા માટે જવાબદાર રહેશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે.-

(૧) "એકંદર ટર્નઓવર" એ શબ્દપ્રયોગમાં, વેરાપાત્ર વ્યક્તિએ, પોતે તૈયાર કરેલા કે તેના તમામ મુખ્ય માલિકો વતી તૈયાર કરેલા તમામ પુરવઠાનો સમાવેશ થાય છે;

(૨) રજિસ્ટર થયેલા છૂટક કામદાર (જોબવર્ક કરનાર) દ્વારા છૂટક કામ પૂર્ણ થયા પછી, માલનો પુરવઠો, કલમ ૧૪૩માં ઉલ્લેખેલા મુખ્ય માલિક દ્વારા કરેલો માલનો પુરવઠો ગણાશે અને આવા માલના મૂલ્યનો, રજિસ્ટર થયેલા છૂટક કામદારના એકંદર ટર્નઓવરમાં સમાવેશ થશે નહિ;

(૩) "ખાસ વર્ગના રાજ્યો" એ શબ્દપ્રયોગ એટલે સંવિધાનના અનુચ્છેદ ૨૭૯ક-ના ખંડ (૪)ના પેટા-ખંડ (જ)માં નિર્દિષ્ટ કરેલ રાજ્યો.

INDEX

રજિસ્ટ્રેશન માટે જવાબદાર ન હોય તેવી વ્યક્તિઓ .

૨૩. (૧) નીચેની વ્યક્તિઓ રજિસ્ટ્રેશન માટે જવાબદાર રહેશે નહિ:-

(ક) આ અધિનિયમ હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ વેરા માટે જવાબદાર (પાત્ર) ન હોય અથવા વેરાથી સંપૂર્ણ રીતે મુક્તિ મળેલી હોય, તેવી માલ અથવા સેવા અથવા બન્ને પૂરા પાડવાના ધંધા સાથે સુવાંગ રીતે સંકળાયેલી કોઇ વ્યક્તિ;

(ખ) ખેડૂત, જમીનની ખેતીના ઉત્પાદનના પુરવઠાના પ્રમાણ મુજબ.

(૨) સરકાર, કાઉન્સિલની ભલામણ પર, જાહેરનામા દ્વારા, આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવામાંથી મુક્તિ આપી શકાય તેમ હોય, તેવી વ્યક્તિઓના વર્ગને નિર્દિષ્ટ કરી શકશે.

અમુક કિસ્સામાં ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવા બાબત.

૨૪. કલમ ૨૨-ની પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નીચેના વર્ગની વ્યક્તિઓને આ અધિનિયમ હેઠળ, રજિસ્ટર કરાવવું જરૂરી રહેશે.-

(૧) કોઇ આંતર-રાજ્ય વેરાપાત્ર પુરવઠો પૂરો પાડનાર વ્યક્તિઓ;

(૨) વેરાપાત્ર પુરવઠો પૂરો પાડનાર પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિઓ;

(૩) વિપરીત (રિવર્સ) ચાર્જ હેઠળ જેને વેરો ભરવા ફરમાવ્યું હોય તેવી વ્યક્તિઓ;

(૪) કલમ ૯ની પેટા-કલમ (૫) હેઠળ જેને વેરો ભરવા ફરમાવ્યું હોય તેવી વ્યક્તિઓ;

(૫) વેરાપાત્ર પુરવઠો પૂરો પાડનાર બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિઓ;

(૬) કલમ ૫૧ હેઠળ વેરાની કપાત કરવા ફરમાવ્યું હોય, તેવી વ્યક્તિઓ, ભલે આ અધિનિયમ હેઠળ અલગથી રજિસ્ટર થયેલી હોય કે ન હોય;

(૭) એજન્ટ તરીકે અથવા અન્યથા, બીજી વેરાપાત્ર વ્યક્તિઓ વતી, માલ અથવા સેવા અથવા તે બન્નેનો વેરાપાત્ર પુરવઠો પૂરા પાડતી વ્યક્તિઓ;

(૮) ઇનપુટ સેવા વિતરક, ભલે આ અધિનિયમ હેઠળ અલગથી રજિસ્ટર થયેલો હોય કે ન હોય;

(૯) કલમ ૫૨ હેઠળ જેને મૂળ સ્થાનેથી વેરો ઉઘરાવવા ફરમાવ્યું હોય તેવા ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત, કલમ ૯ની પેટા-કલમ (૫) હેઠળ નિર્દિષ્ટ કરેલા પુરવઠા સિવાયના માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડતી હોય, તેવી વ્યક્તિઓ;

INDEX

(૧૦) દરેક ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર;

(૧૧) રજિસ્ટર થયેલી વ્યક્તિ સિવાયની, ભારત બહારના સ્થળથી ભારતમાં કોઇ વ્યક્તિને ઓનલાઇન માહિતી અથવા ડેટા બેઝ પ્રવેશ અથવા પુન:પ્રાપ્તિ સેવાઓ પૂરી પાડતી દરેક વ્યક્તિ; અને

(૧૨) સરકાર દ્વારા કાઉન્સિલની ભલામણ પર જાહેર કરવામાં આવે તેવી બીજી વ્યક્તિ અથવા વ્યક્તિઓનો વર્ગ.

રજિસ્ટ્રેશન માટેની કાર્યરીતિ.

૨૫. (૧) કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટર થવા જવાબદાર હોય, તેવી દરેક વ્યક્તિએ, તે જે તારીખથી રજિસ્ટ્રેશન કરાવવા માટે જવાબદાર બને તે તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, રજિસ્ટ્રેશન કરાવવા માટે અરજી કરવી જોઇશે:

પરંતુ પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ અથવા બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિ, ધંધાના આરંભના વધુમાં વધુ પાંચ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન માટે અરજી કરી શકશે.

સ્પષ્ટીકરણ.- ભારતના રાજ્યક્ષેત્રીય સમુદ્ર (સમુદ્રી સીમા)માંથી પુરવઠો પૂરો પાડતી દરેક વ્યક્તિએ, જ્યાં સમુચિત આધાર રેખાનું સૌથી નિકટવર્તી બિંદુ આવ્યું હોય, તેવા (દરિયાકાંઠાના) રાજ્યમાં રજિસ્ટ્રેશન મેળવવાનું રહેશે.

(૨) આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવા ઇચ્છતી વ્યક્તિને, એકનોંધી (single) રજિસ્ટ્રેશનની મંજૂરી આપવામાં આવશે:

પરંતુ રાજ્યમાં મલ્ટિપલ બિઝનેસ વર્ટિકલ (બહુવિધ વેપાર કાર્યક્ષેત્ર) ધરાવનાર વ્યક્તિને, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, દરેક બિઝનેસ વર્ટિકલ (વેપાર કાર્યક્ષેત્ર) માટે અલગ રજિસ્ટ્રેશનની મંજૂરી આપી શકાશે.

(૩) કોઇ વ્યક્તિ, કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટર થવા જવાબદાર ન હોય તેમ છતાં, પોતાને સ્વેચ્છાએ રજિસ્ટર કરાવી શકશે અને રજિસ્ટર થયેલી વ્યક્તિને લાગુ પડતી હોય, તેવી આ અધિનિયમની તમામ જોગવાઇઓ આવી વ્યક્તિને લાગુ પડશે.

(૪) એક રાજ્યમાં અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં અથવા એકથી વધુ રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં એક કરતા વધુ રજિસ્ટ્રેશન મેળવ્યું હોય અથવા મેળવવું જરૂરી હોય, તેવી વ્યક્તિને, આવા દરેક રજિસ્ટ્રેશનના સંબંધમાં, આ અધિનિયમના હેતુઓ માટે ભિન્ન વ્યક્તિઓ તરીકે ગણવી જોઇશે.

INDEX

(૫) કોઇ વ્યક્તિએ, કોઇ સંસ્થાના સંબંધમાં, રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં રજિસ્ટ્રેશન મેળવ્યું હોય અથવા મેળવવું જરૂરી હોય, તેની પાસે કોઇ બીજા રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં કોઇ સંસ્થા આવેલી હોય, તો આવી સંસ્થાઓને, આ અધિનિયમના હેતુઓ માટે ભિન્ન વ્યક્તિઓની સંસ્થા તરીકે ગણવામાં આવશે.

(૬) દરેક વ્યક્તિ, રજિસ્ટ્રેશન મેળવવાને પાત્ર થવા માટે, આવક વેરા અધિનિયમ, સન ૧૯૬૧નો ૪૩મો. ૧૯૬૧ હેઠળ કાઢી આપવામાં આવેલો કાયમી ખાતા નંબર (પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN) ધરાવતી હોવી જોઇશે:

પરંતુ કલમ ૫૧ હેઠળ વેરો કપાત કરવો જરૂરી હોય તેવી વ્યક્તિ, રજિસ્ટ્રેશન મેળવવાને પાત્ર થવા માટે, કાયમી ખાતા નંબરને બદલે, સદરહુ અધિનિયમ હેઠળ કાઢી આપવામાં આવેલા વેરા કપાત અને વસૂલાત ખાતા નંબર રાખી શકશે.

(૭) પેટા-કલમ (૬)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ઠરાવવામાં આવે તેવા બીજા દસ્તાવેજોના આધાર પર પેટા-કલમ (૧) હેઠળ બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિને રજિસ્ટ્રેશનની મંજૂરી આપી શકાશે.

(૮) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થવાને જવાબદાર હોય, તેવી વ્યક્તિ, રજિસ્ટ્રેશન મેળવવામાં નિષ્ફળ જાય, તો યોગ્ય અધિકારી, આ અધિનિયમ હેઠળ લેવામાં આવે તેવા કોઇ પગલાંને બાધ આવ્યા સિવાય અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદા હેઠળ, ઠરાવવામાં આવે તેવી રીતે, તેવી વ્યક્તિને રજિસ્ટર કરવા માટેની કાર્યવાહી કરી શકશે.

(૯) પેટા-કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તેમ છતાં,-

(ક) સંયુક્ત રાષ્ટ્ર સંગઠનની કોઇ ખાસ એજન્સી અથવા સંયુક્ત રાષ્ટ્ર સન ૧૯૪૭નો ૪૬મો. (વિશેષાધિકાર અને સુરક્ષિતતા) અધિનિયમ, ૧૯૪૭ હેઠળ જાહેર કરેલી બહુપક્ષીય નાણાકીય સંસ્થા અને સંગઠન, વિદેશી રાષ્ટ્રોના વાણિજ્ય-દૂતાવાસ અથવા રાજદૂતભવનને; અને

(ખ) કમિશનર જાહેર કરે તેવી બીજી કોઇ વ્યક્તિ અથવા વ્યક્તિઓનો વર્ગને,

ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા હેતુઓ માટે, તેમના દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બન્નેના જાહેર કરેલા પુરવઠા ઉપર વેરાનું રિફંડ આપવા સહિત, વિશિષ્ટ ઓળખ નંબર આપવામાં આવશે.

INDEX

(૧૦) રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબર, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર, યોગ્ય ખરાઇ કર્યા પછી મંજૂર કરવામાં આવશે અથવા નામંજૂર કરવામાં આવશે.

(૧૧) રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી તારીખથી અમલમાં આવે તે રીતે કાઢી આપવામાં આવશે.

(૧૨) રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબર, પેટા-કલમ (૧૦) હેઠળ ઠરાવવામાં આવે તેવી મુદતની સમાપ્તિ પછી, જો તે મુદતની અંદર અરજદારને કોઇપણ ખામી બાબતે જાણ કરાયેલી ન હોય, તો મંજૂર કર્યો હોવાનું ગણાશે.

રજિસ્ટ્રેશન થયું હોવાનું ગણવા બાબત.

૨૬. (૧) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબરની આપેલી મંજૂરીને, કલમ ૨૫-ની પેટા-કલમ (૧૦)માં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર, રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ માટેની અરજી નામંજૂર કરવામાં આવી નથી તે શરતને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબર અંગેની મંજૂરી આપી હોવાનું ગણાશે.

(૨) કલમ ૨૫-ની પેટા-કલમ (૧૦)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન અથવા વિશિષ્ટ ઓળખ નંબર માટેની અરજીની કોઇ નામંજૂરી, આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન માટેની અરજીની નામંજૂરી હોવાનું ગણાશે.

પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ અને બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિ સંબંધિત ખાસ જોગવાઇઓ.

૨૭. (૧) પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ અથવા બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિને કાઢી આપેલું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, રજિસ્ટ્રેશન માટેની અરજીમાં નિર્દિષ્ટ કરેલી મુદત માટે અથવા રજિસ્ટ્રેશન અમલમાં આવે તે તારીખથી નેવું દિવસ માટે, બેમાંથી જે વહેલું બને ત્યાં સુધી માન્ય રહેશે અને રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે, ત્યાર પછી જ આવી વ્યક્તિએ, વેરાપાત્ર પુરવઠો તૈયાર કરવો જોઇશે:

પરંતુ યોગ્ય અધિકારી, સદરહુ વેરાપાત્ર વ્યક્તિ દ્વારા દર્શાવવામાં આવેલા પૂરતા કારણસર, નેવું દિવસની સદરહુ મુદત, નેવું દિવસથી વધુ નહિ તેટલી બીજી મુદત માટે વધારી શકાશે.

(૨) પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ અથવા બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિએ, કલમ ૨૫-ની પેટા-કલમ (૧) હેઠળ રજિસ્ટ્રેશન માટેની અરજી રજૂ કરતી વખતે, જે મુદત માટે રજિસ્ટ્રેશન માગવામાં આવ્યું હોય, તે મુદત માટેની આવી વ્યક્તિની અંદાજિત વેરા જવાબદારીની રકમ જેટલો વેરો અગાઉથી જમા કરવો જોઇશે:

પરંતુ પેટા-કલમ (૧) હેઠળ સમય લંબાવી આપવાની માગ કરવામાં આવી હોય, ત્યારે આવી વેરાપાત્ર વ્યક્તિએ, જે મુદત માટે મુદત લંબાવી આપવાની માગ કરી હોય, તે મુદત માટેની આવી વ્યક્તિની અંદાજિત વેરા જવાબદારીની રકમ જેટલી વેરાની વધારાની રકમ જમા કરાવવી જોઇશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ જમા કરેલી રકમ, આવી વ્યક્તિની ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં જમા કરવી જોઇશે અને કલમ ૪૯ હેઠળ જોગવાઇ કરેલી રીતે ઉપયોગમાં લેવી જોઇશે.

રજિસ્ટ્રેશનનો સુધારો.

૨૮. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ અને જેને વિશિષ્ટ ઓળખ નંબર આપવામાં આવ્યો હોય તેવી કોઇ વ્યક્તિએ, રજિસ્ટ્રેશન વખતે અથવા ત્યાર પછી રજૂ કરેલી માહિતીમાં કોઇ ફેરફાર હોય, તો તેની જાણ યોગ્ય અધિકારીને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેવી રીતે અને તેવી મુદતની અંદર કરવી જોઇશે.

(૨) યોગ્ય અધિકારીએ, પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલી અથવા તેમણે (યોગ્ય અધિકારીએ) સુનિશ્ચિત કરેલી માહિતીના આધારે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર, રજિસ્ટ્રેશનની વિગતોમાંના, સુધારા મંજૂર કરવા જોઇશે અથવા નામંજૂર કરવા જોઇશે:

પરંતુ ઠરાવવામાં આવે તેવી વિગતોના સુધારાના સંબંધમાં યોગ્ય અધિકારીની મંજૂરી લેવી જરૂરી રહેશે નહિ:

વધુમાં, યોગ્ય અધિકારીએ, વ્યક્તિને સુનાવણીની તક આપ્યા સિવાય, રજિસ્ટ્રેશનની વિગતોમાંના સુધારા માટેની અરજી નામંજૂર કરવી જોઇશે નહિ.

(૩) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ સુધારાની કોઇ નામંજૂરી અથવા મંજૂરી, આ અધિનિયમ હેઠળની, નામંજૂરી અથવા મંજૂરી ગણાશે.

રજિસ્ટ્રેશન રદ કરવા બાબત.

૨૯. (૧) યોગ્ય અધિકારી, પોતાની મેળે અથવા રજિસ્ટર થયેલી વ્યક્તિએ અથવા આવી વ્યક્તિના મૃત્યુના કિસ્સામાં, તેના કાયદામાન્ય વારસદારે કરેલી અરજીના આધારે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર, નીચેના સંજોગોને લક્ષમાં લેતાં, રજિસ્ટ્રેશન રદ કરી શકશે,-

(ક) માલિકનું મૃત્યુ થવાથી, બીજી કોઇ કાનૂની વ્યકિત સાથે જોડાણ થવાથી, વિભાજન થવાથી અથવા અન્યથા તેનું વેચાણ કરવા સહિતના કારણોસર ધંધો બંધ થવાથી, સંપૂર્ણપણે તબદીલ થવાથી; અથવા

(ખ) ધંધાની રચનામાં કોઇ ફેરફાર થયો હોય; અથવા

INDEX

(ગ) કલમ ૨૫-ની પેટા-કલમ (૩) હેઠળ રજિસ્ટર થયેલી વ્યક્તિ સિવાયની કોઇ વેરાપાત્ર વ્યક્તિ, કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટ્રેશન માટે જવાબદાર રહેલ ન હોય.

(૨) (ક) રજિસ્ટર થયેલી વ્યક્તિએ, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેવી જોગવાઇઓનું ઉલ્લંઘન કર્યું હોય; અથવા

(ખ) કલમ ૧૦ હેઠળ વેરો ભરનાર વ્યક્તિએ, લાગલાગટ ત્રણ વેરા મુદત માટે પત્રક રજૂ ન કર્યું હોય; અથવા

(ગ) ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિ સિવાયની કોઇ વ્યક્તિએ, છ મહિનાની સળંગ મુદત સુધી પત્રક રજૂ ના કર્યું હોય; અથવા

(ઘ) કલમ ૨૫-ની પેટા-કલમ (૩) હેઠળ સ્વૈચ્છિક રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તેવી કોઇ વ્યક્તિએ રજિસ્ટ્રેશનની તારીખથી છ મહિનાની અંદર ધંધો ચાલુ કર્યો ન હોય; અથવા

(ચ) છેતરપીંડીથી, જાણીબૂજીને આપેલા ખોટા નિવેદનથી અથવા હકીકત છુપાવીને રજિસ્ટ્રેશન મેળવ્યું હોય:

ત્યારે યોગ્ય અધિકારી, પોતાને યોગ્ય જણાય તેવી કોઇ પાછલી તારીખ સહિતની તારીખથી રજિસ્ટ્રેશન રદ કરી શકશે :

પરંતુ યોગ્ય અધિકારીએ, વ્યક્તિને સુનાવણીની તક આપ્યા સિવાય, રજિસ્ટ્રેશન રદ કરવું જોઇશે નહિ.

(૩) આ કલમ હેઠળનું રજિસ્ટ્રેશન રદ થવાથી કોઇ વ્યકિતની, રદ કરવાની તારીખની અગાઉની કોઇ મુદત માટેની, આ અધિનિયમ હેઠળ વેરો ભરવાની અને બીજા લેણાં ભરવાની જવાબદારીને અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ કોઇ જવાબદારી અદા કરવાને અસર થશે નહિ. ભલે આવો કોઇ વેરો અથવા બીજા લેણાં, રદ કરવાની તારીખ પહેલાં અથવા ત્યાર પછી નક્કી કરવામાં આવ્યા હોય.

(૪) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ, રદ કરેલું રજિસ્ટ્રેશન, આ અધિનિયમ હેઠળ રદ કરેલું રજિસ્ટ્રેશન હોવાનું ગણાશે.

(૫) જેનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું હોય, તે દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, આવી રીતે જે તારીખે રજિસ્ટ્રેશન રદ કરવામાં આવે તે તારીખની તરત પહેલાની તારીખે, સ્ટોકમાં રાખવામાં આવેલા ઇનપુટના અને સ્ટોકમાં રાખવામાં આવેલા અર્ધ-

INDEX

તૈયાર કરેલા અથવા સંપૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તે ઇનપુટ અથવા મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશીનરીમાં સમાવિષ્ટ હોય, તે ઇનપુટના સંબંધમાં અથવા એવા માલ પર ભરવાપાત્ર આઉટપુટ વેરો, એ બેમાંથી જે વધુ હોય તેટલી ઇનપુટ વેરા શાખ જેટલી રકમ, ઠરાવવામાં આવે તેવી રીતે ઇલેક્ટ્રોનિક શાખ ખાતાવાહી અથવા ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવાહીમાં ઉધારીને ભરવી જોઇશે:

પરંતુ મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશીનરીના કિસ્સામાં, વેરાપાત્ર વ્યક્તિએ, સદરહુ મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશીનરી ઉપર લેવામાં આવેલી, ઠરાવવામાં આવે તેવી ટકાવારીના પોઇન્ટ મુજબ ઇનપુટના સંબંધમાં ઘટાડેલી ઇનપુટ વેરા શાખ જેટલી અથવા કલમ ૧૫ હેઠળ આવા મૂડીગત માલ અથવા પ્લાન્ટ અને મશીનરીના લેવડદેવડ મૂલ્ય ઉપરના વેરા જેટલી, બેમાંથી જે વધુ હોય, તે રકમ ભરવી જોઇશે.

(૬) પેટા-કલમ (૫) હેઠળ ભરવાપાત્ર રકમની, ઠરાવવામાં આવે તેવી રીતે ગણતરી કરવી જોઇશે.

રદ કરેલું રજિસ્ટ્રેશન રદ બાતલ કરવા બાબત.

૩૦. (૧) ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, રજિસ્ટર થયેલી કોઇ વ્યક્તિ જેનું રજિસ્ટ્રેશન, યોગ્ય અધિકારી દ્વારા આપમેળે રદ કરવામાં આવ્યું હોય, તે આવા અધિકારીને, રદ કર્યાનો હુકમ બજાવ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર, એવું રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કરવા માટે, ઠરાવેલી રીતે અરજી કરી શકશે.

(૨) યોગ્ય અધિકારી, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર, હુકમથી, રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કરી શકશે અથવા અરજી નામંજૂર કરી શકશે:

પરંતુ રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કરવા અંગેની અરજી, અરજદારને સુનાવણીની તક આપ્યા સિવાય, નામંજૂર કરવી જોઇશે નહિ.

(૩) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ, રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કરવું, તે આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કર્યું હોવાનું ગણાશે.

પ્રકરણ- ૭

વેરા ભરતિયું, શાખ અને ઉધાર નોંધ

વેરા ભરતિયું.

૩૧. (૧) વેરાપાત્ર માલ પૂરો પાડનાર રજિસ્ટર થયેલી વ્યક્તિએ, -

INDEX

(ક) પુરવઠામાં માલની હેરફેરનો સમાવેશ થતો હોય, ત્યારે (માલ) લેનારને પુરવઠો પૂરો પાડવા માટે, માલને દૂર કરતી વખતે; અથવા

(ખ) બીજા કોઇ કિસ્સામાં, માલની રવાનગી અથવા તે પુરવઠો લેનારને ઉપલભ્ય કરી આપતી વખતે,

અથવા તે પહેલાં માલનું વર્ણન, જથ્થો અને મૂલ્ય, તેના પર વસૂલ કરેલો વેરો અને ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો દર્શાવતું વેરા ભરતિયું કાઢી આપવું જોઇશે:

પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણ પર, જાહેરનામાથી, જેના સંબંધમાં વેરા ભરતિયું કાઢી આપવું જોઇશે, તે માલ અથવા પુરવઠાના વર્ગો, ઠરાવવામાં આવે તેટલા સમયમાં અને તેવી રીતે નિર્દિષ્ટ કરી શકશે.

(૨) વેરાપાત્ર સેવા પૂરી પાડનાર રજિસ્ટર થયેલી વ્યક્તિએ, સેવા પૂરી પાડતા પહેલાં અથવા તે પછી, પરંતુ ઠરાવેલી મુદતની અંદર, વર્ણન, મૂલ્ય, તેના પર વસૂલ કરેલો વેરો અને ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો દર્શાવતું વેરા ભરતિયું કાઢી આપવું જોઇશે:

પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણ પર, જાહેરનામાથી અને તેમાં જણાવેલી શરતોને અધીન રહીને, જેના સંબંધમાં-

(ક) પુરવઠાના સંબંધમાં કાઢી આપવામાં આવેલો બીજા કોઇ દસ્તાવેજ, વેરા ભરતિયું હોવાનું ગણાય; અથવા

(ખ) વેરા ભરતિયું કાઢી આપવું આવશ્યક ન હોય.

તેવી સેવાના વર્ગો નિર્દિષ્ટ કરી શકશે.

(૩) પેટા-કલમો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, -

(ક) રજિસ્ટર થયેલી વ્યક્તિ, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખથી એક મહિનાની અંદર અને ઠરાવવામાં આવે તેવી રીતે, રજિસ્ટ્રેશન અમલમાં આવે તે તારીખથી શરૂ કરીને, તેને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે તે તારીખ સુધીની મુદત દરમિયાન અગાઉ કાઢી આપેલા ભરતિયા સામે સુધારેલું ભરતિયું કાઢી આપી શકશે;

INDEX

(ખ) પૂરા પાડવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બન્નેનું મૂલ્ય, બસો રૂપિયા કરતાં ઓછું હોય, તો રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને અને તેવી રીતે, વેરા ભરતિયું કાઢી આપી શકશે નહિ;

(ગ) મુક્તિ આપવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડતી અથવા કલમ ૧૦ની જોગવાઇઓ હેઠળ વેરો ભરતી રજિસ્ટર થયેલી વ્યક્તિએ, વેરા ભરતિયાને બદલે, ઠરાવવામાં આવે તેવી વિગતો ધરાવતું અને તેવી રીતે, પુરવઠાનું બિલ કાઢી આપવું જોઇશે:

પરંતુ પૂરા પાડવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બન્નેનું મૂલ્ય, બસો રૂપિયા કરતાં ઓછું હોય, તો રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને અને તેવી રીતે, પુરવઠાનું બિલ કાઢી આપી શકશે નહિ;

(ઘ) રજિસ્ટર થયેલી વ્યક્તિએ, માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં અગ્રિમ ચુકવણી મળ્યેથી, આવી ચુકવણી મળ્યાના પુરાવારૂપે, ઠરાવવામાં આવે તેવી વિગતો ધરાવતા પહોંચ-વાઉચર અથવા બીજા દસ્તાવેજ કાઢી આપવા જોઇશે;

(ચ) માલ અથવા સેવા અથવા તે બંનેના કોઇ પુરવઠાના સંબંધમાં અગ્રિમ (ચુકવણી) મળ્યેથી, રજિસ્ટર થયેલી વ્યક્તિ, પહોંચ-વાઉચર કાઢી આપે, પરંતુ ત્યાર પછી કોઇપણ પુરવઠો પૂરો પાડવામાં આવ્યો ન હોય અને તદનુસાર કોઇ પણ વેરા ભરતિયું કાઢી આપવામાં આવ્યું ન હોય, તો સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિ, જેણે ચુકવણી કરેલી હોય તેવી વ્યક્તિને, આવી ચુકવણી સામે રિફંડ-વાઉચર કાઢી આપી શકશે;

(છ) કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ, વેરો ભરવા માટે જવાબદાર હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, રજિસ્ટર થયેલા ન હોય તેવા પુરવઠાકાર પાસેથી તેણે મેળવેલા માલ અથવા સેવા અથવા તે બંને મળ્યાની તારીખે, માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં ભરતિયું કાઢી આપવું જોઇશે;

(જ) કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ, વેરો ભરવા માટે જવાબદાર હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, પુરવઠાકારને ચુકવણી કરતી વખતે, ચુકવણી વાઉચર કાઢી આપવું જોઇશે.

INDEX

(૪) માલના સતત પુરવઠાના કિસ્સામાં, હિસાબના ક્રમવાર નિવેદન અથવા ક્રમવાર ચુકવણીનો સમાવેશ થતો હોય, ત્યારે આવું દરેક નિવેદન કરવામાં આવે અથવા યથાપ્રસંગ, આવી દરેક ચુકવણી મેળવવામાં આવે ત્યાર પહેલાં અથવા તે વખતે ભરતિયું કાઢી આપવું જોઇશે.

(૫) પેટા-કલમ (૩)ના ખંડ (ઘ)ની જોગવાઇઓને અધીન રહીને, સેવાના સતત પુરવઠાના કિસ્સામાં, -

(ક) ચુકવણીની નિયત તારીખ, કરાર પરથી સુનિશ્ચિત કરી શકાય તેમ હોય, ત્યારે ભરતિયું, ચુકવણીની નિયત તારીખે અથવા તે પહેલાં કાઢી આપવું જોઇશે;

(ખ) ચુકવણીની નિયત તારીખ, કરાર પરથી સુનિશ્ચિત કરી શકાય તેમ ન હોય, ત્યારે સેવા પૂરી પાડનારને ચુકવણી મળે તે પહેલાં અથવા તે વખતે ભરતિયું કાઢી આપવું જોઇશે;

(ગ) ચુકવણીને કોઇ ઘટના પૂર્ણ થાય તેની સાથે જોડવામાં આવે, ત્યારે તે ઘટના પૂર્ણ થાય તે તારીખે અથવા તે પહેલાં ભરતિયું કાઢી આપવું જોઇશે.

(૬) કરાર હેઠળનો સેવાનો પુરવઠો પૂરો થાય તે પહેલાં (સેવાનો) પુરવઠો બંધ થઇ જાય તેવા કિસ્સામાં, પુરવઠો બંધ થાય તેવા સમયે ભરતિયું કાઢી આપવું જોઇશે અને આવું ભરતિયું, આવો પુરવઠો બંધ થતા પહેલાં પૂરા પાડવામાં આવેલા પુરવઠાના પ્રમાણ મુજબ કાઢી આપવું જોઇશે.

(૭) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વેચાણ માટે મંજૂરીથી મોકલવામાં આવતો અથવા લેવામાં અથવા પરત કરવામાં આવતો માલ, પુરવઠો આપવામાં આવે તે પહેલાં દૂર કરવામાં આવે, ત્યારે ભરતિયું, પુરવઠો આપવામાં આવે તે પહેલા અથવા તે સમયે અથવા તે દૂર કરવામાં આવે તે તારીખથી છ મહિના સુધી, બેમાંથી જે વહેલું બને, ત્યારે કાઢી આપવું જોઇશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે, "વેરા ભરતિયું" એ શબ્દપ્રયોગના અર્થમાં, અગાઉ પૂરા પાડવામાં આવેલા પુરવઠાના સંબંધમાં પુરવઠાકારે કાઢી આપેલા કોઇ સુધારેલા ભરતિયાનો સમાવેશ થાય છે.

INDEX

અનધિકૃત વેરા વસૂલાત પર પ્રતિબંધ.

૩૨. (૧) રજિસ્ટર થયેલી ન હોય તેવી કોઇ વ્યક્તિએ, માલના અથવા સેવા અથવા તે બન્નેના કોઇ પુરવઠાના સંબંધમાં આ અધિનિયમ હેઠળ વેરા સ્વરૂપે કોઇ રકમની વસૂલાત કરવી જોઇશે નહિ.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર હોય તે સિવાય, કોઇપણ રજિસ્ટર થયેલી વ્યક્તિએ વેરાની વસૂલાત કરવી જોઇશે નહિ.

વેરા ભરતિયા અને બીજા દસ્તાવેજોમાં વેરાની રકમ દર્શાવવા બાબત.

૩૩. આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, અવેજના બદલામાં કોઇ પુરવઠો આપવામાં આવે ત્યારે, આવા પુરવઠા માટે વેરો ચૂકવવા માટે જવાબદાર હોય તેવી દરેક વ્યક્તિએ જે કિંમતે આવો પુરવઠો આપવામાં આવે તે કિંમતનો ભાગ બનતી હોય તેવી વેરાની રકમ, આકારણી, વેરા ભરતિયું અને બીજા સમાન દસ્તાવેજોને લગતાં તમામ દસ્તાવેજોમાં સ્પષ્ટપણે દર્શાવવી જોઇશે.

જમા નોંધ અને ઉધાર નોંધ.

૩૪. (૧) કોઇ માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના પુરવઠા માટે વેરા ભરતિયું કાઢી આપ્યું હોય અને તે વેરા ભરતિયામાંની વેરાપાત્ર કિંમત અથવા તેમાં ચાર્જ કરેલો વેરો, આવા પુરવઠાના સંબંધમાં ભરવાપાત્ર વેરાપાત્ર કિંમત અથવા તેમાં ચાર્જ કરેલા વેરાથી વધુ હોવાનું જણાય ત્યારે અથવા પૂરો પાડેલો માલનો પુરવઠો, લેનાર દ્વારા પરત કરવામાં આવે ત્યારે અથવા પૂરો પાડેલો માલ અથવા સેવા અથવા તે બન્ને ઓછા હોવાનું જણાય ત્યારે, આવો માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિ, લેનારને ઠરાવવામાં આવે તેવી વિગતો સમાવેશ કરતી જમા નોંધ કાઢી આપી શકશે.

(૨) માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાના સંબંધમાં જમા નોંધ કાઢી આપે તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, જે મહિના દરમિયાન આવી જમા નોંધ આપવામાં આવી હોય તે મહિના દરમિયાન પણ જે વર્ષમાં આવો પુરવઠો પૂરો પાડવામાં આંવ્યો હોય તે નાણાકીય વર્ષના અંત પછીના સપ્ટેમ્બર મહિનાથી મોડું નહિ તેટલા સમય અથવા સંબંધિત વાર્ષિક પત્રક રજૂ કરવાની તારીખ, એ બેમાંથી જે વહેલું હોય તેટલા સમયની અંદર પત્રકમાં આવી જમા નોંધની વિગતો જાહેર કરવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે વેરા જવાબદારી સરભર કરવી જોઇશે:

INDEX

પરંતુ આવા પુરવઠા પરના વેરા અને વ્યાજનું ભારણ, બીજી કોઇ વ્યક્તિ પર આગળ મોકલવામાં આવ્યું (નાંખવામાં આવ્યું હોય) હોય, તો પુરવઠાકારની આઉટપુટ વેરા જવાબદારીમાં કોઇપણ ઘટાડો કરવા દેવો જોઇશે નહિ.

(૩) કોઇ માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના પુરવઠા માટે વેરા ભરતિયું આપ્યું હોય અને તે વેરા ભરતિયામાંની વેરાપાત્ર કિંમત અથવા તેમાં ચાર્જ કરેલો વેરો, આવા પુરવઠાના સંબંધમાં ભરવાપાત્ર વેરાપાત્ર કિંમત અથવા ચાર્જ કરેલા વેરાથી ઓછો હોવાનું જણાય ત્યારે, આવો માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિ, લેનારને, ઠરાવવામાં આવે તેવી વિગતો સમાવેશ કરતી ઉધાર નોંધ આપી શકશે.

(૪) માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાના સંબંધમાં ઉધાર નોંધ કાઢી આપે તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, જે મહિના દરમિયાન આવી ઉધાર નોંધ આપવામાં આવી હોય તે મહિના માટેના પત્રકમાં આવી ઉધાર નોંધની વિગતો જાહેર કરવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે વેરા જવાબદારી સરભર કરવી જોઇશે.

સ્પષ્ટીકરણ.- આ અધિનિયમના હેતુઓ માટે, "ઉધાર નોંધ" એ શબ્દપ્રયોગમાં, પૂરક ભરતિયાનો સમાવેશ થાય છે.

પ્રકરણ ૮
હિસાબો અને રેકર્ડ.

હિસાબો અને બીજા રેકર્ડ.

૩૫. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, પોતાના ધંધાના મુખ્ય સ્થળે, રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં જણાવ્યા પ્રમાણે, નીચે પ્રમાણેના ખરા અને સાચા હિસાબો રાખવા અને જાળવવા જોઇશે-

(ક) માલના ઉત્પાદન અથવા તેની બનાવટ માટેના;

(ખ) માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાની આવક અને રવાનગીના;

(ગ) માલના સ્ટોકના;

(ઘ) લાભ લીધેલી ઇનપુટ વેરા શાખના;

(ચ) ચૂકવવાપાત્ર અને ચૂકવેલા આઉટપુટ વેરાના; અને

(છ) ઠરાવવામાં આવે તેવી બીજી વિગતોના:

INDEX

પરંતુ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં ધંધાના એકથી વધારે સ્થળ નિર્દિષ્ટ કરવામાં આવે ત્યારે, ધંધાના દરેક સ્થળને લગતાં હિસાબો, ધંધાના તેવા સ્થળોએ રાખવા જોઇશે:

વધુમાં, રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી રીતે ઇલેક્ટ્રોનિક સ્વરૂપ (ફોર્મ)માં તેવા હિસાબો અને બીજી વિગતો રાખી શકશે અને જાળવી શકશે.

(૨) માલના સંગ્રહ માટે ઉપયોગ કરાતી વખાર અથવા ગોદામ અથવા બીજા કોઇ સ્થળના દરેક માલિક અથવા ઓપરેટર (પ્રચાલક) અને દરેક પરિવાહક-એ ભલે તે રજિસ્ટર થયેલી વ્યકિત હોય કે ન હોય તેમ છતાં, ઠરાવવામાં આવે તેવી રીતે માલ મોકલનાર, માલ લેનાર અને માલને લગતી બીજી સંબંધિત વિગતોનો રેકર્ડ રાખવો જોઇશે.

(૩) કમિશનર, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા હેતુ માટે વધારાના હિસાબો અથવા દસ્તાવેજો જાળવવા માટે વેરાપાત્ર વ્યક્તિઓના વર્ગને જાહેર કરી શકશે.

(૪) કમિશનરને એવું જણાય કે વેરાપાત્ર વ્યક્તિઓનો કોઇ વર્ગ, આ કલમની જોગવાઇઓ અનુસાર હિસાબો રાખવા અને તેને જાળવવાની સ્થિતિમાં નથી, ત્યારે તેઓ કારણોની લેખિતમાં નોંધ કરીને, ઠરાવવામાં આવે તેવી રીતે હિસાબો જાળવવા માટે વેરાપાત્ર વ્યક્તિઓના તેવા વર્ગને પરવાનગી આપી શકશે.

(૫) નાણાકીય વર્ષ દરમિયાન જેનું ટર્નઓવર ઠરાવેલી મર્યાદાથી વધી જાય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, પોતાના હિસાબો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવવા જોઇશે અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે ઓડિટ થયેલા વાર્ષિક હિસાબો, કલમ ૪૪ની પેટા-કલમ (૨) હેઠળ હિસાબમેળ પત્રક અને તેવા બીજા દસ્તાવેજોની નકલ રજૂ કરવી જોઇશે.

(૬) કલમ ૧૭ની પેટા-કલમ (૫)ના ખંડ (ઝ)ની જોગવાઇઓને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યક્તિ, પેટા-કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર માલ અથવા સેવા અથવા તે બન્ને માટેનો હિસાબ આપવામાં ચૂક કરે,

INDEX

ત્યારે યોગ્ય અધિકારીએ, જેનો હિસાબ આપવામાં આવ્યો ન હોય તેવા માલ અથવા સેવા અથવા તે બન્ને પર ચૂકવવાપાત્ર વેરાની રકમ એવી રીતે નિર્ધારિત કરવી જોઇશે, જાણે કે આવો માલ અથવા સેવા અથવા તે બન્ને, આવી વ્યક્તિ દ્વારા પૂરી પાડવામાં આવી હતી અને કલમ ૭૩ અથવા યથાપ્રસંગ, કલમ ૭૪ની જોગવાઇઓ, તેવા વેરાના નિર્ધારણ માટે ઉચિત ફેરફારો સાથે લાગુ પડશે.

હિસાબો રાખવાની મુદત. ૩૬. કલમ ૩૫-ની પેટા-કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર હિસાબના ચોપડા અથવા બીજા રેકર્ડ રાખવા અને તેને જાળવવા ફરમાવ્યું હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, આવા હિસાબો અને રેકર્ડને લગતા વર્ષ માટે વાર્ષિક પત્રક રજૂ કરવાની નિયત તારીખથી બોતેર મહિના (ની મુદત) પૂરી થાય ત્યાં સુધી તેને જાળવી રાખવા જોઇશે:

પરંતુ અપીલ સત્તાધિકારી (એપેલેટ ઓથોરિટી) અથવા ફેરતપાસ સત્તાધિકારી (ઓથોરિટી) અથવા અપીલ ટ્રિબ્યુનલ અથવા કોર્ટ સમક્ષ રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા અથવા કમિશનર દ્વારા ફાઇલ કરેલી અપીલ અથવા ફેરતપાસ અથવા બીજી કોઇ કાર્યવાહીઓના પક્ષકાર હોય તેવી અથવા પ્રકરણ ૧૯ હેઠળના ગુના માટે તપાસ હેઠળ હોય તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિ, તેવી અપીલ અથવા ફેરતપાસ અથવા કાર્યવાહીઓ અથવા તપાસનો આખરી નિકાલ થયા પછી એક વર્ષની મુદત સુધી અથવા ઉપર નિર્દિષ્ટ કરેલી મુદત સુધી, એ બેમાંથી જે મોડું હોય તેટલી મુદત સુધી તેવી અપીલ અથવા ફેરતપાસ અથવા કાર્યવાહીઓ અથવા તપાસની વિષયવસ્તુને લગતા હિસાબના ચોપડાં અને બીજા રેકર્ડ રાખી શકશે.

પ્રકરણ ૯

પત્રક

જાવક પુરવઠાની વિગતો પૂરી પાડવા બાબત. ૩૭. (૧) ઇનપુટ સેવા વિતરક સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, વેરાપાત્ર બિન-નિવાસી વ્યક્તિ અને કલમ ૧૦ અથવા કલમ ૫૧ અથવા કલમ ૫૨-ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિએ, ઇલેક્ટ્રોનિક રીતે, સદરહુ વેરા મુદત પછીના મહિનાના દસમા દિવસે અથવા તે પહેલાં વેરા મુદત દરમિયાનના માલ અથવા સેવાના જાવક પુરવઠા અથવા તે બન્નેની વિગતો, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે રજૂ કરવી જોઇશે તથા આવી વિગતો,

INDEX

ઠરાવવામાં આવે તેટલા સમયમાં અને તેવી રીતે, સદરહુ પુરવઠાના લેનારને જણાવવી જોઇશે:

પરંતુ રજિસ્ટર થયેલી વ્યક્તિને, વેરા મુદત પછીના મહિનાના અગિયારમા દિવસથી પંદરમા દિવસ સુધીની મુદત દરમિયાનના જાવક પુરવઠાની વિગતો રજૂ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ:

વધુમાં, કમિશનર, કારણોની લેખિતમાં નોંધ કરીને, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી વેરાપાત્ર વ્યક્તિઓના તેવા વર્ગ માટે એવી વિગતો રજૂ કરવા માટેની સમયમર્યાદા વધારી શકશે:

વળી, કેન્દ્રીય વેરા કમિશનર દ્વારા જાહેર કરવાનો સમયમર્યાદાનો કોઇ વધારો, કમિશનર-એ જાહેર કર્યો હોવાનું ગણાશે.

(૨) જેને કલમ ૩૮ની પેટા-કલમ (૩) હેઠળની વિગતો અથવા કલમ ૩૮ની પેટા-કલમ (૩) હેઠળ ઇનપુટ સેવા વિતરકના આવક પુરવઠાને લગતી વિગતો જણાવવામાં આવી હોય તેવી દરેક રજિસ્ટર થયેલ વ્યકિત, વેરા મુદત પછીના મહિનાના સત્તરમા દિવસે અથવા તે પહેલાં પણ પંદરમા દિવસ પહેલાં નહિ તેટલા સમયમાં તેવી રીતે જણાવેલી વિગતો સ્વીકારી શકશે અથવા તેનો અસ્વીકાર કરી શકશે અને પેટા-કલમ (૧) હેઠળ તેણે રજૂ કરેલી વિગતો તદનુસાર સુધારેલી ગણાશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કોઇ વેરા મુદત માટેની અને કલમ ૪૨ અથવા કલમ ૪૩ હેઠળ અસંગત રહી હોય તેવી વિગતો રજૂ કરી હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, તેમાંની કોઇ ભૂલ અથવા ચૂક શોધી કાઢયેથી, ઠરાવવામાં આવે તેવી રીતે તેવી ભૂલ અથવા ચૂક સુધારવી જોઇશે અને તેવી વેરા મુદત માટે રજૂ કરવાના પત્રકમાં, તેવી ભૂલ અથવા ચૂકના કારણે વેરાની ઓછી ચુકવણી થાય તેવા કિસ્સામાં વેરો અને વ્યાજ, કોઇ હોય, તો તે ચૂકવવા જોઇશે:

પરંતુ પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલી વિગતોના સંબંધમાં ભૂલ અથવા ચૂકમાં કોઇ સુધારા કરવાની પરવાનગી, જે વર્ષને લગતી તેવી વિગતો હોય તેવું નાણાકીય વર્ષ પુરું થયા પછીના સપ્ટેમ્બર મહિના માટે કલમ ૩૯ હેઠળ પત્રક

INDEX

રજૂ કર્યા પછી અથવા સંબંધિત વાર્ષિક પત્રક રજૂ કર્યા પછી, એ બેમાંથી જે વહેલું હોય તે પછી આપવી જોઇશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ પ્રકરણના હેતુઓ માટે, "જાવક પુરવઠાની વિગતો" એ શબ્દપ્રયોગમાં, કોઇ વેરા મુદત દરમિયાન જાવક પુરવઠાના સંબંધમાં આપેલા ભરતિયા, ઉધાર નોંધો, જમા નોંધો અને સુધારેલા ભરતિયાની વિગતોનો સમાવેશ થશે.

આવક પુરવઠા ની વિગતો પૂરી પાડવા બાબત.

૩૮. (૧) ઇનપુટ સેવા વિતરક સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ અથવા વેરાપાત્ર બિન-નિવાસી વ્યક્તિ અથવા કલમ ૧૦ અથવા કલમ ૫૧ અથવા કલમ ૫૨-ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિએ, પોતાની આવક પુરવઠા અને જમા નોંધો અથવા ઉધાર નોંધોની વિગતો તૈયાર કરવા માટે, જરૂરી હોય, તો કલમ ૩૭ની પેટા-કલમ (૧) હેઠળ જાવક પુરવઠા અને જમા અથવા ઉધાર નોંધોને લગતી જણાવેલી વિગતોની, ખરાઇ કરવી જોઇશે, તેને માન્ય કરવી જોઇશે, તેમાં ફેરફાર કરવો જોઇશે અથવા તે કમી કરવી જોઇશે અને તેમાં, કલમ ૩૭ની પેટા-કલમ (૧) હેઠળ પુરવઠાકારે જાહેર કરેલી ન હોય તેવી, એવા પુરવઠાના સંબંધમાં તેણે મેળવેલી આવક પુરવઠાની અને જમા નોંધો અથવા ઉધાર નોંધોની વિગતોનો સમાવેશ કરી શકશે.

(૨) ઇનપુટ સેવા વિતરક સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ અથવા બિન-નિવાસી વેરાપાત્ર વ્યકિત અથવા કલમ ૧૦ અથવા કલમ ૫૧ અથવા કલમ ૫૨-ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિએ, જેના પર આ અધિનિયમ હેઠળ વિપરીત ચાર્જ (Reverse Charge)ને આધારે વેરો ચૂકવવાપાત્ર થાય તેવા માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક પુરવઠા અને સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર અથવા જેના પર કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫-ની કલમ ૩ હેઠળ સંકલિત માલ અને સેવા વેરો ચૂકવવાપાત્ર થાય તેવા માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક પુરવઠા અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે વેરા મુદત પછીના મહિનાના દસમા દિવસ પછી પણ તેના પંદરમા દિવસે અથવા તે પહેલાં વેરા મુદત દરમિયાન આવા પુરવઠાના સંબંધમાં મેળવેલી જમા નોંધો અથવા ઉધાર નોંધો સહિત વેરાપાત્ર માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના આવક પુરવઠાની વિગતો ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવી જોઇશે:

INDEX

પરંતુ કમિશનર, કારણોની લેખિતમાં નોંધ કરીને, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વેરાપાત્ર વ્યક્તિઓના વર્ગ માટે તેવી વિગતો રજૂ કરવા માટેની સમયમર્યાદા વધારી શકશે:

વધુમાં, કેન્દ્રીય વેરા કમિશનર-એ જાહેર કરેલી સમયમર્યાદાનો કોઇ વધારો, કમિશનર-એ જાહેર કર્યો હોવાનું ગણાશે.

(૩) લેનારે ફેરફાર કરેલી, કમી કરેલી અથવા સમાવેશ કરેલી અને પેટા-કલમ (૨) હેઠળ રજૂ કરેલી પુરવઠાની વિગતોની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર સંબંધિત પુરવઠાકારને કરવી જોઇશે.

(૪) કલમ ૩૯ની પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૪) હેઠળ રજૂ કરેલા પત્રકમાં લેનારે ફેરફાર કરેલી, કમી કરેલી અથવા સમાવેશ કરેલી પુરવઠાની વિગતોની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર સંબંધિત પુરવઠાકારને કરવી જોઇશે.

(૫) પેટા-કલમ (૨) હેઠળ કોઇ વેરા મુદત માટેની અને કલમ ૪૨ અથવા કલમ ૪૩ હેઠળ અસંગત હોય તેવી વિગતો રજૂ કરી હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, તેમાંની કોઇ ભૂલ અથવા ચૂક શોધી કાઢ્યેથી, જે મુદત દરમિયાન તેવી ભૂલ અથવા ચૂક, ધ્યાનમાં આવે તે વેરા મુદતમાં ઠરાવવામાં આવે તેવી રીતે તેવી ભૂલ અથવા ચૂક સુધારવી જોઇશે અને તેવી વેરા મુદત માટે રજૂ કરવાના પત્રકમાં, તેવી ભૂલ અથવા ચૂકના કારણે વેરાની ઓછી ચુકવણી થાય તેવા કિસ્સામાં વેરો અને વ્યાજ, કોઇ હોય, તો તે ચૂકવવા જોઇશે:

પરંતુ પેટા-કલમ (૨) હેઠળ પૂરી પાડેલી વિગતોના સંબંધમાં ભૂલ અથવા ચૂકમાં કોઇપણ સુધારા કરવાની, જે વર્ષને લગતી એવી વિગતો હોય તેવું નાણાકીય વર્ષ પુરું થયા પછીના સપ્ટેમ્બર મહિના માટેનું પત્રક કલમ ૩૯ હેઠળ રજૂ કર્યા પછી અથવા સંબંધિત વાર્ષિક પત્રક રજૂ કર્યા પછી, એ બેમાંથી જે વહેલું હોય તે પછી, કોઇ પરવાનગી આપવી જોઇશે નહિ.

પત્રકો રજૂ કરવા બાબત.

૩૯. (૧) ઇનપુટ સેવા વિતરક સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ અથવા બિન-નિવાસી વેરાપાત્ર વ્યકિત અથવા કલમ ૧૦ અથવા કલમ ૫૧ અથવા કલમ ૫૨-ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિએ, દરેક કેલેન્ડર મહિના અથવા તેના ભાગ માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવા

INDEX

દરેક કેલેન્ડર મહિના અથવા તેના ભાગ પછીના મહિનાના બારમા દિવસે અથવા તે પહેલાં, માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક અને જાવક પુરવઠા, મેળવેલી ઇનપુટ વેરા શાખ, ચૂકવવાપાત્ર વેરો, ચૂકવેલો વેરો અને ઠરાવવામાં આવે તેવી બીજી વિગતોનું પત્રક, ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૨) કલમ ૧૦ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી રજિસ્ટર થયેલી વ્યક્તિએ, દરેક ત્રિમાસ અથવા તેના ભાગ માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવો ત્રિમાસ પૂરો થયા પછીના અઢાર દિવસની અંદર રાજ્યમાંનું ટર્નઓવર, માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક પુરવઠા, ચૂકવવાપાત્ર વેરો અને ચૂકવેલા વેરાનું પત્રક, ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૩) કલમ ૫૧ની જોગવાઇઓ હેઠળ મૂળ સ્થાને વેરાની કપાત કરાવવી જરૂરી હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવો મહિનો પૂરો થયા પછીના દસ દિવસની અંદર, જે મહિનામાં આવી કપાત કરવામાં આવી હોય તે મહિના માટેનું પત્રક, ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૪) ઇનપુટ સેવા વિતરક તરીકે રજિસ્ટર થયેલી દરેક વેરાપાત્ર વ્યક્તિએ, દરેક કેલેન્ડર વર્ષ અથવા તેના ભાગ માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવો મહિનો પૂરો થયા પછીના તેર દિવસની અંદર, ઇલેક્ટ્રોનિક રીતે પત્રક રજૂ કરવું જોઇશે.

(૫) દરેક રજિસ્ટર થયેલી બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિએ, દરેક કેલેન્ડર મહિના અથવા તેના ભાગ માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, કેલેન્ડર મહિનો પૂરો થયા પછીના વીસ દિવસની અંદર અથવા કલમ ૨૭ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા રજિસ્ટ્રેશનની મુદતના છેલ્લા દિવસ પછીના સાત દિવસની અંદર, એ બેમાંથી જે વહેલું હોય તેટલા સમયમાં પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૬) કમિશનર, કારણોની લેખિતમાં નોંધ કરીને, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગ માટે આ કલમ હેઠળ પત્રકો રજૂ કરવા માટેની સમયમર્યાદા વધારી શકશે:

INDEX

પરંતુ કેન્દ્રીય વેરા કમિશનર-એ જાહેર કરેલો સમયમર્યાદાનો કોઇ વધારો, કમિશનર-એ જાહેર કર્યો હોવાનું ગણાશે.

(૭) જેણે પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૫) હેઠળ પત્રક રજૂ કરવું જરૂરી હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, જે છેલ્લી તારીખે તેણે આવું પત્રક રજૂ કરવું જરૂરી હોય તેવી તારીખ કરતાં વધુ મોડું નહિ તેટલા સમયમાં આવા પત્રક મુજબનો ચૂકવવાપાત્ર વેરો સરકારને ચૂકવવો જોઇશે.

(૮) જેણે પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ પત્રક રજૂ કરવું જરૂરી હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, આવી વેરા મુદત દરમિયાન કોઇ માલ અથવા સેવા અથવા તે બન્નેના કોઇ પુરવઠા પૂરા પાડ્યા હોય અથવા પૂરા પાડ્યા ન હોય તેવી દરેક વેરા મુદત માટે પત્રક રજૂ કરવું જોઇશે.

(૯) કલમો ૩૭ અને ૩૮ની જોગવાઇઓને અધીન રહીને, પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) અથવા પેટા-કલમ (૫) હેઠળ પત્રક રજૂ કર્યા પછી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, વેરા સત્તાધિકારી (ઓથોરીટી)ઓ, ચકાસણી, ઓડિટ, તપાસ અથવા અમલબજવણીની પ્રવૃત્તિને પરિણામે શોધી કાઢે તે સિવાય, તેમાંની કોઇ ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતો શોધી કાઢે, તો તેણે, આ અધિનિયમ હેઠળ વ્યાજની ચુકવણીને અધીન રહીને, જે સમય દરમિયાન આવી ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતો ધ્યાન પર આવે તે મહિના અથવા ત્રિમાસ માટે રજૂ કરવાના પત્રકમાં આવી ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતો સુધારવી જોઇશે:

પરંતુ કોઇપણ ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતોના તેવા સુધારાની પરવાનગી, નાણાકીય વર્ષ પૂરું થયા પછીના સપ્ટેમ્બર મહિના અથવા તેના બીજા ત્રિમાસ માટેનું પત્રક રજૂ કરવા માટેની નિયત તારીખ અથવા સંબંધિત વાર્ષિક પત્રક રજૂ કરવાની વાસ્તવિક તારીખ, એમાંથી જે વહેલું હોય તે સમય પછી આપવી જોઇશે નહિ.

(૧૦) રજિસ્ટર થયેલી વ્યક્તિએ, અગાઉની વેરા મુદતો પૈકીની કોઇ મુદત માટેનું પત્રક રજૂ કર્યું ન હોય, તો તેને, વેરા મુદત માટે પત્રક રજૂ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ.

INDEX

પ્રથમ પત્રક.

૪૦. દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, જે તારીખે રજિસ્ટ્રેશન કરાવવા માટે જવાબદાર બની હોય તે તારીખથી જે તારીખે રજિસ્ટ્રેશન મંજૂર કરવામાં આવ્યું હોય તે તારીખ સુધીની મુદતમાં પુરવઠો જાવક પુરવઠો પૂરો પાડેલ હોય, તો તેણે (દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ), રજિસ્ટ્રેશન મંજૂર કરાવ્યા પછી તેણે રજૂ કરેલા પ્રથમ પત્રકમાં તે જાહેર કરવું જોઇશે.

ઇનપુટ વેરા શાખનો દાવો અને તેનો કામચલાઉ સ્વીકાર.

૪૧. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી શરતો અને તેવા નિયંત્રણોને અધીન રહીને, પોતાના પત્રકમાં, સ્વ-આકારણી કર્યા પ્રમાણે, મળવાપાત્ર ઇનપુટ વેરા શાખ લેવા હકદાર થશે અને આવી રકમ, કામચલાઉ આધાર પર પોતાની ઇલેક્ટ્રોનિક શાખ ખાતાવહી (ક્રેડિટ લેજર)માં જમા કરવી જોઇશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી શાખનો ઉપયોગ, સદરહુ પેટા-કલમમાં ઉલ્લેખેલા પત્રક મુજબ ફક્ત સ્વ-આકારણી કરાયેલી આઉટપુટ વેરાની ચુકવણી માટે જ કરવો જોઇશે.

ઇનપુટ વેરા શાખની સરખામણી, ઉલટાક્રમ અને પાછી મેળવવા બાબત.

૪૨. (૧) રજિસ્ટર થયેલી વ્યક્તિએ (જેનો આ કલમમાં હવે પછી, "(માલ) લેનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) વેરા મુદત માટે રજૂ કરેલી દરેક આવક પુરવઠાની વિગતો, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર, નીચેની બાબતો સાથે સરખાવવી જોઇશે-

(ક) તત્સમાન રજિસ્ટર થયેલી વ્યક્તિએ (જેનો આ કલમમાં હવે પછી, "પુરવઠાકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) તે વેરા મુદત અથવા કોઇ પહેલાંની વેરા મુદત માટે પોતાના માન્ય પત્રકમાં રજૂ કરેલી જાવક માલની તત્સમાન વિગતો સાથે;

(ખ) તેણે આયાત કરેલા માલના સંબંધમાં, કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫-ની કલમ ૩ હેઠળ સંકલિત માલ અને સેવા વેરા ચુકવણી સાથે; અને — સન ૧૯૭૫-નો ૫૧મો.

(ગ) ઇનપુટ વેરા શાખના દાવા બેવડાતા હોય તે માટે.

(૨) તત્સમાન જાવક પુરવઠાની વિગતો સાથે અથવા તેણે આયાત કરેલા માલના સંબંધમાં કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫-ની કલમ ૩ હેઠળ ચૂકવેલા સંકલિત માલ અને સેવા વેરા સાથે, સમાન હોય તેવી, આવક માલ પુરવઠાને લગતાં ભરતિયા અથવા ઉધાર નોંધોના સંબંધમાં ઇનપુટ વેરા શાખનો દાવો, છેવટે સ્વીકારવો જોઇશે અને આવા સ્વીકારની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે લેનારને કરવી જોઇશે. — સન ૧૯૭૫-નો ૫૧મો.

(૩) આવક પુરવઠાના સંબંધમાં (માલ) લેનારે દાવો કરેલી ઇનપુટ વેરા શાખ, તે જ પુરવઠા માટે પુરવઠાકારે જાહેર કરેલા વેરાથી વધી જાય ત્યારે અથવા પુરવઠાકારે જાવક પુરવઠાને પોતાના માન્ય પત્રકોમાં જાહેર કર્યો ન હોય, ત્યારે વિસંગતતાની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે તેવી બન્ને વ્યક્તિઓને કરવી જોઇશે.

(૪) ઇનપુટ વેરા શાખના દાવા બેવડાતા હોય, તો તેની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે (માલ) લેનારને કરવી જોઇશે.

(૫) જે રકમના સંબંધમાં પેટા-કલમ (૩) હેઠળ કોઇ વિસંગતતાની જાણ કરવામાં આવે અને જે મહિનામાં વિસંગતતાની જાણ કરવામાં આવી હોય તે મહિના માટેના પોતાના માન્ય પત્રકમાં પુરવઠાકારે જેનો સુધારો કર્યો ન હોય તે રકમ, જે મહિનામાં વિસંગતતાની જાણ કરવામાં આવી હોય તે મહિના પછીના મહિના માટેના પોતાના પત્રકમાં, ઠરાવવામાં આવે તેવી રીતે, (માલ) લેનારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે.

(૬) દાવા બેવડાતા હોય તે કારણે જે વધારે હોવાનું જણાયું હોય તેવી ઇનપુટ વેરા શાખ તરીકે દાવો કરેલી રકમ, જે મહિનામાં તે બેવડાયા હોય તેની જાણ કરવામાં આવી હોય તે મહિના માટેના પોતાના પત્રકમાં લેનારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે.

(૭) પુરવઠાકાર, કલમ ૩૯ની પેટા-કલમ (૯)માં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર પોતાના માન્ય પત્રકમાં ભરતિયું અથવા ઉધાર નોંધની વિગતો જાહેર કરે, તો (માલ) લેનાર, પોતાની આઉટપુટ વેરા જવાબદારીમાંથી પેટા-કલમ (૫) હેઠળ ઉમેરેલી રકમ ઘટાડવા માટે પાત્ર ગણાશે.

(૮) જેની આઉટપુટ વેરા જવાબદારીમાં કોઇ રકમ, પેટા-કલમ (૫) અથવા પેટા-કલમ (૬) હેઠળ ઉમેરવામાં આવેલી હોય તેવા કોઇ (માલ) લેનાર, શાખ મેળવ્યાની તારીખથી સદરહુ પેટા-કલમો હેઠળ તત્સમાન ઉમેરા કરવામાં આવ્યા હોય તે તારીખ સુધી, તેવી રીતે ઉમેરેલી રકમ પર કલમ ૫૦ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા દરે વ્યાજ ચૂકવવા માટે જવાબદાર ગણાશે.

(૯) આઉટપુટ વેરા જવાબદારીમાંનો કોઇ ઘટાડો, પેટા-કલમ (૭) હેઠળ સ્વીકારવામાં આવે, ત્યારે પેટા-કલમ (૮) હેઠળ ચૂકવેલું વ્યાજ, ઠરાવવામાં આવે તેવી રીતે તેના ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીના તત્સમાન સદરમાં રકમ જમા કરીને (માલ) લેનારને રિફંડ કરવું જોઇશે:

INDEX

પરંતુ કોઇપણ કેસમાં જમા કરવાની વ્યાજની રકમ, પુરવઠાકારે ચૂકવેલી વ્યાજની રકમથી વધારે હોવી જોઇશે નહિ.

(૧૦) પેટા-કલમ (૭)ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડેલી રકમ, જે મહિનામાં આવું ઉલ્લંઘન કરવામાં આવે તે મહિના માટેના પોતાના પત્રકમાં લેનારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે અને આવો (માલ) લેનાર, કલમ ૫૦ની પેટા-કલમ (૩)માં નિર્દિષ્ટ કરેલા દરે તેવી રીતે ઉમેરેલી રકમ ઉપર વ્યાજ ચૂકવવા જવાબદાર ગણાશે.

આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડાની સરખામણી, ઉલટાક્રમ અને પાછી મેળવવા બાબત.

૪૩. (૧) રજિસ્ટર થયેલી વ્યક્તિએ (જેનો આ કલમમાં હવે પછી, "પુરવઠાકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે), વેરા મુદત માટે રજૂ કરેલી જાવક પુરવઠાને લગતી દરેક જમા નોંધની વિગતોને, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર,-

(ક) તે જ વેરા મુદત અથવા તે પછીની કોઇ વેરા મુદત માટેના પોતાના માન્ય પત્રકમાં તત્સમાન રજિસ્ટર થયેલી વ્યક્તિએ (જેનો આ કલમમાં હવે પછી, "લેનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) મેળવેલી ઇનપુટ વેરા શાખ માટેના દાવામાંના તત્સમાન ઘટાડા સાથે; અને

(ખ) આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડા માટેના દાવા બેવડાતા હોય તે માટે,

સરખાવવી જોઇશે.

(૨) લેનાર દ્વારા, ઇનપુટ વેરા શાખ માટે કરવામાં આવેલા દાવામાંના તત્સમાન ઘટાડાને સમાન હોય તેવો, પુરવઠાકાર દ્વારા આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડા માટે કરવામાં આવેલા દાવો છેવટે સ્વીકારવો જોઇશે અને તેની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે પુરવઠાકારને કરવી જોઇશે.

(૩) જાવક પુરવઠાના સંબંધમાં આઉટપુટ વેરા જવાબદારી, ઇનપુટ વેરા શાખ અથવા તત્સમાન જમા નોંધ માટેના દાવામાંના તત્સમાન ઘટાડાથી વધી જાય ત્યારે અથવા લેનારે, પોતાના માન્ય પત્રકોમાં તત્સમાન જમા નોંધ જાહેર કરી ન હોય, ત્યારે વિસંગતતાની જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે તેવી બન્ને વ્યક્તિઓને કરવી જોઇશે.

INDEX

(૪) આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડા માટેના દાવા બેવડાતા હોય તે જાણ, ઠરાવવામાં આવે તેવી રીતે પુરવઠાકારને કરવી જોઇશે.

(૫) જે રકમના સંબંધમાં પેટા-કલમ (૩) હેઠળ કોઇ વિસંગતતાની જાણ કરવામાં આવે અને જે મહિનામાં વિસંગતતાની જાણ કરવામાં આવી હોય તે મહિના માટેના પોતાના માન્ય પત્રકમાં પુરવઠાકારે જેનો સુધારો કર્યો ન હોય તેવી રકમ, જે મહિનામાં વિસંગતતાની જાણ કરવામાં આવી હોય તે મહિના પછીના મહિના માટેના પોતાના પત્રકમાં ઠરાવવામાં આવે તેવી રીતે, પુરવઠાકારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે.

(૬) દાવા બેવડાતા હોય તે કારણે જણાયું હોય તેવી આઉટપુટ વેરા જવાબદારીમાં કોઇ ઘટાડા સંબંધી રકમ, જે મહિનામાં તે બેવડાયા હોય તેની જાણ કરવામાં આવી હોય તે મહિના માટેના પોતાના પત્રકમાં પુરવઠાકારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે.

(૭) લેનાર, કલમ ૩૯ની પેટા-કલમ (૯)માં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર પોતાના માન્ય પત્રકમાં જમા નોંધની વિગતો જાહેર કરે, તો પુરવઠાકાર, પોતાની આઉટપુટ વેરા જવાબદારીમાંથી પેટા-કલમ (૫) હેઠળ ઉમેરેલી રકમ ઘટાડવા માટે પાત્ર ગણાશે.

(૮) જેની આઉટપુટ વેરા જવાબદારીમાં કોઇ રકમ, પેટા-કલમ (૫) અથવા પેટા-કલમ (૬) હેઠળ ઉમેરવામાં આવેલી હોય તેવો કોઇ પુરવઠાકાર, આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડા માટેના તેવા દાવાની તારીખથી સદરહુ પેટા-કલમો હેઠળ તત્સમાન ઉમેરા કરવામાં આવ્યા હોય તે તારીખ સુધી, તેવી રીતે ઉમેરેલી રકમના સંબંધમાં કલમ ૫૦ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા દરે વ્યાજ ચૂકવવા માટે જવાબદાર ગણાશે.

(૯) આઉટપુટ વેરા જવાબદારીમાંનો કોઇ ઘટાડો, પેટા-કલમ (૭) હેઠળ સ્વીકારવામાં આવે, ત્યારે પેટા-કલમ (૮) હેઠળ ચૂકવેલું વ્યાજ, ઠરાવવામાં આવે તેવી રીતે તેના ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીના તત્સમાન સદરમાં રકમ જમા કરીને પુરવઠાકારને રિફંડ કરવું જોઇશે:

INDEX

પરંતુ કોઇપણ કેસમાં જમા કરવાની વ્યાજની રકમ, લેનારે ચૂકવેલા વ્યાજની રકમથી વધારે હોવી જોઇશે નહિ.

(૧૦) પેટા-કલમ (૭)ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને આઉટપુટ વેરા જવાબદારીમાં ઘટાડેલી રકમ, જે મહિનામાં આવું ઉલ્લંઘન કરવામાં આવે તે મહિના માટેના પોતાના પત્રકમાં પુરવઠાકારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવી જોઇશે અને આવો પુરવઠાકાર, કલમ ૫૦ની પેટા-કલમ (૩)માં નિર્દિષ્ટ કરેલા દરે તેવી રીતે ઉમેરેલી રકમ ઉપર વ્યાજ ચૂકવવા જવાબદાર ગણાશે.

વાર્ષિક પત્રક.

૪૪. (૧) ઇનપુટ સેવા વિતરક સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, કલમ ૫૧ અથવા કલમ ૫૨ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિ, પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ અને બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિએ, તેવું નાણાકીય વર્ષ પૂરું થાય તે પછીના ડિસેમ્બર મહિનાની એકત્રીસમી તારીખે અથવા તે પહેલાં, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે દરેક નાણાકીય વર્ષ માટે ઇલેક્ટ્રોનિક રીતે વાર્ષિક અહેવાલ રજૂ કરવો જોઇશે.

(૨) કલમ ૩૫-ની પેટા-કલમ (૫)ની જોગવાઇઓ અનુસાર પોતાના હિસાબોનું ઓડિટ કરાવવું જરૂરી હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, ઓડિટ કરેલા વાર્ષિક હિસાબોની નકલ અને નાણાકીય વર્ષ માટે રજૂ કરેલા પત્રકમાં જાહેર કરેલી પુરવઠાની કિંમતનો ઓડિટ થયેલા વાર્ષિક નાણાકીય પત્રક સાથે મેળ કરતાં હિસાબમેળ પત્રક સહિત પેટા-કલમ (૧) હેઠળ વાર્ષિક પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

છેવટનું પત્રક.

૪૫. કલમ ૩૯ની પેટા-કલમ (૧) હેઠળ પત્રક રજૂ કરવું જરૂરી હોય અને જેનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, રદ કર્યાની તારીખ અથવા રદ કરતાં હુકમની તારીખ, એ બેમાંથી જે મોડું હોય તે તારીખથી ત્રણ મહિનાની અંદર ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે છેવટનું પત્રક રજૂ કરવું જોઇશે.

પત્રક રજૂ કરવામાં ચૂક કરનારાને નોટિસ.

૪૬. રજિસ્ટર થયેલી વ્યક્તિ, કલમ ૩૯ અથવા કલમ ૪૪ અથવા કલમ ૪૫ હેઠળ પત્રક રજૂ કરવામાં ચૂક કરે, ત્યારે તેને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને

તેવી રીતે પંદર દિવસની અંદર તેવું પત્રક રજૂ કરવાનું ફરમાવતી નોટિસ આપવી જોઇશે.

વિલંબ (લેઇટ) ફી લેવા બાબત.

૪૭. (૧) નિયત તારીખ સુધીમાં કલમ ૩૭ અથવા કલમ ૩૮ હેઠળ ફરમાવેલા જાવક અથવા આવક પુરવઠાની અથવા કલમ ૩૯ અથવા કલમ ૪૫ હેઠળ ફરમાવેલા પત્રકોની વિગતો રજૂ કરવામાં ચૂક કરે તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, વધુમાં વધુ પાંચ હજાર રૂપિયાની રકમને અધીન રહીને, જે દિવસ દરમિયાન આવી ચૂક કરવાનું ચાલુ રહે તેવા દરેક દિવસ માટે એક સો રૂપિયાની વિલંબ ફી ચૂકવવી જોઇશે.

(૨) નિયત તારીખ સુધીમાં કલમ ૪૪ હેઠળ ફરમાવેલું પત્રક રજૂ કરવામાં ચૂક કરે તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિ, રાજ્યમાંના તેના કુલ વેચાણના એક ચતુર્થાંશ ટકાવારીએ ગણેલી વધુમાં વધુ રકમને અધીન રહીને, જે દિવસ દરમિયાન આવી ચૂક કરવાનું ચાલુ રહે તેવા દરેક દિવસ માટે એક સો રૂપિયાની વિલંબ ફી ચૂકવવા માટે જવાબદાર રહેશે.

માલ અને સેવા વેરા વ્યવસાયીઓ.

૪૮. (૧) માલ અને સેવા વેરા વ્યવસાયીઓને માન્યતા આપવાની રીત, તેમની પાત્રતાની શરતો, ફરજો અને જવાબદારીઓ, દૂર કરવાની રીત અને તેમની કામગીરીને સંબંધિત બીજી શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી રીતે કલમ ૩૭ હેઠળ જાવક પુરવઠાની વિગતો, કલમ ૩૮ હેઠળ આવક પુરવઠા અને કલમ ૩૯ અથવા કલમ ૪૪ અથવા કલમ ૪૫ હેઠળ પત્રકની વિગતો રજૂ કરવા માટે માન્ય માલ અને સેવા વેરા વ્યવસાયીને સત્તા આપી શકશે.

(૩) પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પત્રકમાં રજૂ કરેલી કોઇ વિગતો અથવા માલ અને સેવા વેરા વ્યવસાયીએ રજૂ કરેલી બીજી વિગતોની ચોકસાઇ માટેની જવાબદારી, જેના વતી આવું પત્રક અને આવી વિગતો પૂરી પાડવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિને અધીન ચાલુ રહેશે.

INDEX

પ્રકરણ – ૧૦
વેરાની ચુકવણી

વેરા, વ્યાજ, દંડ અને બીજી રકમોની ચુકવણી.

૪૯. (૧) વ્યક્તિએ ઇન્ટરનેટ બેન્કિંગથી અથવા ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડ અથવા નેશનલ ઇલેક્ટ્રોનિક ફન્ડ ટ્રાન્સફર અથવા રિયલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટથી અથવા તેવી બીજી પદ્ધતિથી અને ઠરાવવામાં આવે તેવી શરતો અને તેવા નિયંત્રણોને અધીન રહીને વેરા, વ્યાજ, દંડ, ફી અથવા બીજી કોઇ રકમ પેટે કરેલી દરેક ડિપોઝિટ, ઠરાવવામાં આવે તેવી રીતે જાળવવાની, તેવી વ્યક્તિની ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં જમા કરવી જોઇશે.

(૨) રજિસ્ટર થયેલી વ્યક્તિના પત્રકમાં સ્વ-આકારણી કરેલી ઇનપુટ વેરા શાખ, કલમ ૪૧ અનુસાર, ઠરાવવામાં આવે તેવી રીતે જાળવવાની તેની, ઇલેક્ટ્રોનિક જમા ખાતાવહી (ક્રેડિટ લેજર)માં જમા કરવી જોઇશે.

(૩) ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં ઉપલભ્ય રકમનો ઉપયોગ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને તથા તેટલા સમયની અંદર આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ ચૂકવવાપાત્ર વેરો, વ્યાજ, દંડ, ફી અથવા બીજી કોઇ રકમ પેટે કોઇ ચુકવણી કરવા માટે કરી શકાશે.

(૪) ઇલેક્ટ્રોનિક જમા ખાતાવહી (ક્રેડિટ લેજર)માં ઉપલભ્ય રકમનો ઉપયોગ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને તથા તેટલા સમયની અંદર આ અધિનિયમ હેઠળના અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળના આઉટપુટ વેરા પેટે કોઇ ચુકવણી કરવા માટે કરી શકાશે.

(૫) રજિસ્ટર થયેલી વ્યક્તિની ઇલેક્ટ્રોનિક જમા ખાતાવહી (ક્રેડિટ લેજર)માં,-

(ક) સંકલિત વેરાને કારણે ઉપલભ્ય ઇનપુટ વેરા શાખની રકમનો, સૌથી પહેલાં સંકલિત વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે અને બાકી રહેતી રકમ, કોઇ હોય, તો તેનો, કેન્દ્રીય વેરા અને રાજ્ય વેરા અથવા યથાપ્રસંગ, સંઘ રાજયક્ષેત્ર વેરાની ચુકવણી પેટે તે ક્રમમાં ઉપયોગ કરી શકાશે;

INDEX

(ખ). કેન્દ્રીય વેરાને કારણે ઉપલભ્ય ઇનપુટ વેરા શાખની રકમનો, સૌથી પહેલાં કેન્દ્રીય વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે અને બાકી રહેતી રકમ, કોઇ હોય, તો તે સંકલિત વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરી શકાશે;

(ગ) રાજ્ય વેરાને કારણે ઉપલભ્ય ઇનપુટ વેરા શાખની રકમનો, સૌથી પહેલાં રાજ્ય વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે અને બાકી રહેતી રકમ, કોઇ હોય, તો તે સંકલિત વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરી શકાશે;

(ઘ) સંઘ રાજ્યક્ષેત્ર વેરાને કારણે ઉપલભ્ય ઇનપુટ વેરા શાખની રકમનો, સૌથી પહેલાં સંઘ રાજ્યક્ષેત્રના વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે અને બાકી રહેતી રકમ, કોઇ હોય, તો તે સંકલિત વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરી શકાશે;

(ચ) કેન્દ્રીય વેરાને કારણે ઉપલભ્ય ઇનપુટ વેરા શાખની રકમનો, રાજ્ય વેરા અથવા સંઘ રાજ્યક્ષેત્ર વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે નહિ;

(છ) રાજ્ય વેરા અથવા સંઘ રાજ્યક્ષેત્ર વેરાને કારણે ઉપલભ્ય ઇનપુટ વેરા શાખની રકમનો, કેન્દ્રીય વેરાની ચુકવણી પેટે ઉપયોગ કરવો જોઇશે નહિ.

(૬) આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ ચૂકવવાપાત્ર વેરો, વ્યાજ, દંડ, ફી અથવા બીજી કોઇ રકમની ચુકવણી કર્યા પછી, ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહી અથવા ઇલેક્ટ્રોનિક જમા ખાતાવહી (ક્રેડિટ લેજર)માંની સિલક, કલમ ૫૪ની જોગવાઇઓ અનુસાર રિફંડ કરી શકાશે.

(૭) આ અધિનિયમ હેઠળની વેરાપાત્ર વ્યક્તિની તમામ જવાબદારીઓ, ઠરાવવામાં આવે તેવી રીતે ઇલેક્ટ્રોનિક જવાબદારી રજિસ્ટરમાં નોંધવી જોઇશે અને તેને જાળવવી જોઇશે.

(૮) દરેક વેરાપાત્ર વ્યક્તિએ, નીચેના ક્રમમાં આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ પોતાના વેરા અને બીજા લેણા ચૂકવી દેવા જોઇશે:

(ક) અગાઉની વેરા મુદતોના પત્રકોને લગતો સ્વ-આકારણી કરેલો વેરો અને બીજા લેણા;

INDEX

(ખ) ચાલુ વેરા મુદતના પત્રકને લગતો સ્વ-આકારણી કરેલો વેરો અને બીજા લેણા;

(ગ) કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળની નિર્ધારિત કરેલી માંગણી સહિત આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ચૂકવવાપાત્ર બીજી કોઇ રકમ.

(૯) આ અધિનિયમ હેઠળ માલ અથવા સેવા અથવા તે બન્ને પર વેરો ચૂકવ્યો હોય તેવી દરેક વ્યક્તિ દ્વારા વિરુદ્ધ સાબિત કરવામાં આવે તે સિવાય, તેણે, આવા માલ અથવા સેવા અથવા તે બન્નેના લેનાર પર તેવા વેરાનું સંપૂર્ણ ભારણ નાખ્યું હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે,

(ક) અધિકૃત બેન્કમાં સરકારના હિસાબમાં શાખ (ઉધાર વ્યવહાર)ની તારીખ, ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં ડિપોઝિટ કર્યાની તારીખ તરીકે ગણાશે;

(ખ) (૧) "લેણાં વેરા" એટલે આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વેરા અને તેમાં વ્યાજ, ફી અને દંડનો સમાવેશ થશે નહિ; અને

(૨) "બીજા લેણાં" એટલે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ, દંડ, ફી અથવા બીજી કોઇ રકમ.

વેરાની વિલંબિત ચુકવણી પર વ્યાજ.

૫૦. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર વેરો ચૂકવવા જવાબદાર હોય પણ ઠરાવેલી મુદતની અંદર સરકારને વેરો અથવા તેનો કોઇ ભાગ ચૂકવવામાં ચૂક કરે તેવી દરેક વ્યક્તિએ, જે મુદત માટે વેરો અથવા તેનો કોઇ ભાગ વણચૂકવાયેલો રહે તે મુદત માટે, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા અઢાર ટકાથી વધારે નહિ તેટલા દરે વ્યાજ તેની પોતાની રીતે ચૂકવવું જોઇશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળનું વ્યાજ, જે તારીખે આવો વેરો ચૂકવવાપાત્ર થયો હતો તે તારીખ પછીના દિવસથી, ઠરાવવામાં આવે તેવી રીતે, ગણવું જોઇશે.

(૩) કલમ ૪૨-ની પેટા-કલમ (૧૦) હેઠળ ઇનપુટ વેરા શાખનો અનુચિત અથવા વધારાનો દાવો કરે તેવી અથવા કલમ ૪૩ની પેટા-કલમ (૧૦) હેઠળ

INDEX

આઉટપુટ વેરા જવાબદારીમાં અનુચિત અથવા વધારે ઘટાડો કરે તેવી વેરાપાત્ર વ્યક્તિએ, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા ચોવીસ ટકાથી વધુ નહિ તેટલા દરે વ્યાજ, તેવા અનુચિત અથવા વધારાના દાવાની રકમ અથવા યથાપ્રસંગ, તેવા અનુચિત અથવા વધારે ઘટાડાની રકમ પર ચૂકવવું જોઇશે.

મૂળ સ્થાને વેરા કપાત.

૫૧. (૧) આ અધિનિયમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, કરાર હેઠળ તેવા માલના પુરવઠાની કુલ કિંમત અઢી લાખ રૂપિયાથી વધી જાય, ત્યારે સરકાર,-

(ક) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારનો વિભાગ અથવા તેની સંસ્થાને; અથવા

(ખ) સ્થાનિક સત્તામંડળને; અથવા

(ગ) સરકારી એજન્સીને; અથવા

(ઘ) કાઉન્સિલની ભલામણોને આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી વ્યક્તિઓ અથવા તેવી કક્ષાની વ્યક્તિઓને,

(આ કલમમાં હવે પછી "કપાત કરનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને), વેરાપાત્ર માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકાર (આ કલમમાં હવે પછી "કપાત આપનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને કરેલી ચુકવણી અથવા તેના ખાતે જમા કરેલી રકમમાંથી, એક ટકાના દરે વેરાની કપાત કરવાનું ફરમાવી શકશે:

પરંતુ પુરવઠાકારનું સ્થાન અને પુરવઠાનું સ્થળ, લેનારના રજિસ્ટ્રેશનના રાજ્ય અથવા યથાપ્રસંગ, સંઘ રાજયક્ષેત્રથી જુદા હોય તેવા રાજ્ય અથવા સંઘ રાજયક્ષેત્રમાં આવેલું હોય, તો કોઇપણ કપાત કરવી જોઇશે નહિ.

સ્પષ્ટીકરણ.- ઉપર નિર્દિષ્ટ કરેલા વેરાની કપાત કરવાના હેતુ માટે, ભરતિયામાં દર્શાવેલા કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંકલિત વેરા અને ઉપકર (સેસ)ને બાકાત કરીને, પુરવઠાની કિંમતને રકમ તરીકે લેવી જોઇશે.

(૨) કપાત કરનારે, આ કલમ હેઠળ વેરા તરીકે કપાત કરેલી રકમ, જે મહિનામાં આવી કપાત કરવામાં આવી હોય તે મહિનો પૂરો થયા પછી, દસ દિવસની અંદર ઠરાવવામાં આવે તેવી રીતે સરકારને ચૂકવવી જોઇશે.

INDEX

(૩) કપાત કરનારે, ઠરાવવામાં આવે તેવી રીતે કરારની કિંમત, કપાતનો દર, કપાત કરેલી રકમ, સરકારને ચૂકવેલી રકમ અને તેવી બીજી વિગતો પ્રમાણપત્રમાં દર્શાવીને, તે પ્રમાણપત્ર, કપાત આપનારને મોકલવું જોઇશે.

(૪) કોઇ કપાત કરનાર, મૂળ સ્થાને વેરાની કપાત કર્યા પછી, તેવી રીતે કપાત કરેલી રકમ, સરકારમાં જમા કર્યાના પાંચ દિવસની અંદર કપાત આપનારને પ્રમાણપત્ર મોકલવામાં ચૂક કરે, તો કપાત કરનારે, વધુમાં વધુ પાંચ હજાર રૂપિયાની રકમને અધીન રહીને, (થયેલી) ચૂક સુધારવામાં આવે ત્યાં સુધી તેવી પાંચ દિવસની મુદત પૂરી થયા પછીના દિવસથી દિવસ દીઠ એક સો રૂપિયા-ની રકમ, વિલંબ ફી રૂપે ચૂકવવી જોઇશે.

(૫) કપાત મેળવનાર, પોતાની ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં, ઠરાવવામાં આવે તેવી રીતે, કલમ ૩૯ની પેટા-કલમ (૩) હેઠળ રજૂ કરેલા કપાત કરનારના પત્રકમાં કપાત કરીને દર્શાવેલા વેરાની, શાખ (જમા રકમ)નો દાવો કરી શકશે.

(૬) કોઇ કપાત કરનાર, પેટા-કલમ (૧) હેઠળ વેરા તરીકે કપાત કરેલી રકમ, સરકારને ચૂકવવામાં ચૂક કરે, તો તેણે, કપાત કરેલા વેરાની રકમ ઉપરાંત કલમ ૫૦ની પેટા-કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર વ્યાજ ચૂકવવું જોઇશે.

(૭) આ કલમ હેઠળ કસૂર થતાં રકમનું નિર્ધારણ, કલમ ૭૩ અથવા કલમ ૭૪માં નિર્દિષ્ટ કરેલી રીતે કરવું જોઇશે.

(૮) વધારાની અથવા ભૂલચૂકવાળી કપાતને કારણે કપાત કરનાર અથવા કપાત મેળવનારને આપવાના થતા રિફંડની તજવીજ, કલમ ૫૪ની જોગવાઇઓ અનુસાર કરવી જોઇશે:

પરંતુ કપાત કરેલી રકમ, કપાત આપનારની ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં જમા કરવામાં આવી હોય, તો કપાત કરનારને કોઇ રિફંડ આપવું જોઇશે નહિ.

મૂળ સ્થાને વેરાની વસૂલાત.

૫૨. (૧) આ અધિનિયમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, આવા પુરવઠાના સંબંધમાં ઇલેક્ટ્રોનિક વાણિજ્ય (કોમર્સ) ઓપરેટર (આ કલમમાં હવે પછી "ઓપરેટર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેના) દ્વારા અવેજની વસૂલાત કરવામાં આવે, ત્યારે એજન્ટ ન હોય તેવા દરેક ઓપરેટરે, બીજા પુરવઠાકારે તેના

INDEX

મારફત કરેલા વેરાપાત્ર માલના પુરવઠાની ચોખ્ખી કિંમતની, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા, એક ટકાથી વધુ નહિ તેટલા દરે ગણેલી રકમની વસૂલાત કરવી જોઇશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુઓ માટે, "વેરાપાત્ર પુરવઠાની ચોખ્ખી કિંમત" એટલે કોઇ મહિના દરમિયાન તમામ રજિસ્ટર થયેલી વ્યક્તિઓએ ઓપરેટર મારફત કરેલા કલમ ૯ની પેટા-કલમ (૫) હેઠળ જાહેર કરેલી સેવાઓના પુરવઠા સિવાયના વેરાપાત્ર માલ, સેવા અથવા તે બન્નેના પુરવઠાની એકંદર કિંમતમાંથી સદરહુ મહિના દરમિયાન પુરવઠાકારને પરત કરેલા વેરાપાત્ર માલની એકંદર કિંમત ઘટાડ્યા પછીની એકંદર કિંમત.

(૨) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી રકમની વસૂલાત કરવાની સત્તા, ઓપરેટર પાસેથી વસૂલાતની બીજી કોઇ પદ્ધતિને બાધ કર્યા સિવાય રહેશે.

(૩) ઓપરેટરે, પેટા-કલમ (૧) હેઠળ વસૂલાત કરેલી રકમ, જે મહિનામાં આવી વસૂલાત કરવામાં આવી હોય તે મહિનો પૂરો થયા પછી, દસ દિવસની અંદર ઠરાવવામાં આવે તેવી રીતે સરકારને ચૂકવવી જોઇશે.

(૪) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી રકમની વસૂલાત કરતા હોય તેવા દરેક ઓપરેટર-એ, તેવો મહિનો પૂરો થયા પછી દસ દિવસની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, મહિના દરમિયાન તેના મારફત પરત કરેલા માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના પુરવઠા અને પેટા-કલમ (૧) હેઠળ વસૂલાત કરેલી રકમ સહિત તેના મારફત કરેલા માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના જાવક પુરવઠાની વિગતોનો સમાવેશ કરતું પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૫) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી રકમની વસૂલાત કરતા હોય તેવા દરેક ઓપરેટરે, તેવું નાણાકીય વર્ષ પૂરું થયા પછીના ડિસેમ્બર મહિનાની એકત્રીસમી તારીખ પહેલાં, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેના મારફત પરત કરેલા માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના પુરવઠા અને નાણાકીય વર્ષ દરમિયાન સદરહુ પેટા-કલમ હેઠળ વસૂલાત કરેલી રકમ સહિત

INDEX

તેના મારફત કરેલા માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના જાવક પુરવઠાની વિગતોનો સમાવેશ કરતું વાર્ષિક પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

(૬) પેટા-કલમ (૪) હેઠળ પત્રક રજૂ કર્યા પછી કોઇ ઓપરેટર, વેરા સત્તાધિકારીઓ (ઓથોરિટી) બારીક ચકાસણી, ઓડિટ, તપાસ અથવા અમલબજવણીની પ્રવૃત્તિના પરિણામે શોધી કાઢે તે સિવાય, તેમાં કોઇ ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતો શોધી કાઢે, તો તેણે, કલમ ૫૦ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, વ્યાજની ચુકવણીને અધીન રહીને, જાણમાં આવે તે મહિના માટે રજૂ કરવાના પત્રકમાં આવી ચૂક અથવા ભૂલવાળી વિગતો સુધારવી જોઇશે:

પરંતુ કોઇ ચૂક થયેલી અથવા ભૂલવાળી વિગતોની આવી કોઇપણ સુધારણાની પરવાનગી, નાણાકીય વર્ષ પુરું થયા પછીના સપ્ટેમ્બર મહિના માટે પત્રક રજૂ કરવા માટેની નિયત તારીખ અથવા સંબંધિત વાર્ષિક પત્રક રજૂ કરવાની ખરેખર તારીખ, એ બેમાંથી જે વહેલું હોય તે સમય પછી આપવી જોઇશે નહિ.

(૭) ઓપરેટર મારફત માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા હોય તેવા પુરવઠાકારે, ઠરાવવામાં આવે તેવી રીતે, પેટા-કલમ (૪) હેઠળ રજૂ કરેલા ઓપરેટરના પત્રકમાં વસૂલાત કરીને દર્શાવેલી રકમની શાખનો, તેની ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં, દાવો કરવો જોઇશે.

(૮) પેટા-કલમ (૪) હેઠળ દરેક ઓપરેટરે રજૂ કરેલી પુરવઠાની વિગતો, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર, આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલા સંબંધિત પુરવઠાકારે રજૂ કરેલી જાવક પુરવઠાની તત્સમાન વિગતો સાથે સુસંગત હોવી જોઇશે.

(૯) પેટા-કલમ (૪) હેઠળ ઓપરેટર-એ રજૂ કરેલી જાવક પુરવઠાની વિગતો, કલમ ૩૭ હેઠળ પુરવઠાકારે રજૂ કરેલી તત્સમાન વિગતોની સાથે સુસંગત ન હોય, ત્યારે તે તફાવત, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર, બન્ને વ્યક્તિઓને જણાવવો જોઇશે.

INDEX

(૧૦) ઓપરેટરે પૂરા પાડેલા જાવક પુરવઠાની કિંમત, પુરવઠાકારે પૂરા પાડેલા જાવક પુરવઠાની કિંમત કરતાં વધી જાય, ત્યારે જે રકમના સંબંધમાં પેટા-કલમ (૯) હેઠળ કોઇ વિસંગતિ અંગેની જાણ કરી હોય અને જેના સંબંધમાં પૂરવઠાકારે તેના માન્ય પત્રકમાં અથવા ઓપરેટરે જે મહિનામાં આવી વિસંગતિ અંગેની જાણ કરવામાં આવી હોય તે મહિના માટેના પોતાના પત્રકમાં સુધારો ન કર્યો હોય તે રકમ, જે મહિનામાં આવી વિસંગતિ અંગેની જાણ કરવામાં આવી હોય તે મહિના માટેના સદરહુ પુરવઠાકારના પત્રકમાં, ઠરાવવામાં આવે તેવી રીતે, સદરહુ પુરવઠાકારની આઉટપુટ જેવા જવાબદારીમાં ઉમેરવી જોઇશે.

(૧૧) જેની આઉટપુટ વેરા જવાબદારીમાં કોઇ રકમ પેટા-કલમ (૧૦) હેઠળ ઉમેરવામાં આવેલી હોય તેવા સંબંધિત પુરવઠાકારે, જે તારીખથી આવો વેરો ચૂકવવાનો થયો હતો તે તારીખથી તેની ચુકવણીની તારીખ સુધીમાં તેવી રીતે ઉમેરેલી રકમ ઉપર કલમ ૫૦ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા દરે વ્યાજ સાથે તેવા પુરવઠાના સંબંધમાં ચૂકવવાપાત્ર વેરો ચૂકવવો જોઇશે.

(૧૨) નાયબ કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ સત્તાધિકારી, નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેમ,-

(ક) કોઇ મુદત દરમિયાન તેવા ઓપરેટર મારફત આપેલા માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા; અથવા

(ખ) એવા ઓપરેટર દ્વારા સંચાલિત થતાં અને તેવા પુરવઠાકાર દ્વારા ધંધાના વધારાના સ્થળો તરીકે જાહેર કરેલા, તેવા ઓપરેટર મારફત માલ પૂરો પાડતા પુરવઠાકારે ગમે તે નામે ઓળખાતા, ગોડાઉન અથવા વખારોમાં રાખેલા માલના સ્ટોકને લગતી વિગતો રજૂ કરવાનું ઓપરેટરને ફરમાવતી નોટિસ, આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહી કરતા પહેલાં અથવા તે દરમિયાન બજાવી શકશે.

(૧૩) જેની ઉપર પેટા-કલમ (૧૨) હેઠળ નોટિસ બજાવવામાં આવેલી હોય તેવા દરેક ઓપરેટર-એ, આવી નોટિસ બજાવ્યાની તારીખથી કામકાજના પંદર દિવસની અંદર જરૂરી માહિતી રજૂ કરવી જોઇશે.

INDEX

(૧૪) પેટા-કલમ (૧૨) હેઠળ બજાવેલી નોટિસથી ફરમાવેલી માહિતી રજૂ કરવામાં ચૂક કરે તેવી કોઇ વ્યક્તિ, કલમ ૧૨૨ હેઠળ લેવામાં આવે તેવા કોઇ પગલાંને બાધ કર્યા સિવાય, રૂપિયા પચ્ચીસ હજાર સુધાના દંડને પાત્ર થશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે, "સંબંધિત પુરવઠાકાર" એ શબ્દપ્રયોગનો અર્થ, ઓપરેટર મારફત માલ અથવા સેવા અથવા તે બન્નેનો પુરવઠા પૂરો પાડનાર પુરવઠાકાર થશે.

ઇનપુટ વેરા શાખની તબદીલી.

૫૩. કલમ ૩૯ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલા માન્ય પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે, કલમ ૪૯ની પેટા-કલમ (૫)ની જોગવાઇઓ અનુસાર સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ લેણાં થયેલા વેરાની ચુકવણી માટે આ અધિનિયમ હેઠળ મેળવેલી ઇનપુટ વેરા શાખનો ઉપયોગ કર્યેથી, રાજ્ય વેરા તરીકે વસૂલાત કરેલી રકમ, તેવી રીતે ઉપયોગ કરેલી એવી શાખની રકમ જેટલી રકમથી ઘટાડેલી ગણાશે અને રાજ્ય સરકારે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર, રાજ્ય વેરા ખાતામાંથી એવી રીતે ઘટાડેલી રકમ જેટલી રકમ, સંકલિત વેરા ખાતામાં તબદીલ કરવી જોઇશે.

પ્રકરણ ૧૧

રિફંડ

વેરાનું રિફંડ.

૫૪. (૧) કોઇ વેરાના રિફંડ અથવા તેવા વેરા ઉપર ચૂકવેલા વ્યાજ અથવા તેણે ચૂકવેલી બીજી રકમ, કોઇ હોય તો, તેનો દાવો કરતી કોઇ વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, સંબંધિત તારીખથી બે વર્ષ પૂરા થતાં પહેલાં અરજી કરી શકશે:

પરંતુ કલમ ૪૯ની પેટા-કલમ (૬)ની જોગવાઇઓ અનુસાર ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાંની કોઇ સિલકના રિફંડનો દાવો કરતી રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી રીતે કલમ ૩૯ હેઠળ રજૂ કરેલા પત્રકમાં તેવા રિફંડનો દાવો કરી શકશે.

(૨) સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન)ની વિશેષિત એજન્સી અથવા સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (વિશેષાધિકાર અને મુક્તિ) અધિનિયમ, ૧૯૪૭ હેઠળ જાહેર થયેલી કોઇ બહુપક્ષીય નાણાકીય સંસ્થા અને સંગઠન, વિદેશી રાષ્ટ્રોના વાણિજ્ય-દૂતાવાસ (કોન્સ્યુલેટ) અથવા રાજદૂતભવન (એમ્બેસિ) અથવા માલ અથવા સેવા અથવા તે બન્નેના આવક પુરવઠા પર

સન ૧૯૪૭નો ૪૬મો.

INDEX

પોતે ચૂકવેલા વેરાના રિફંડ માટે હકદાર થયેલી બીજી કોઇ વ્યક્તિ અથવા કલમ ૫૫ હેઠળ જાહેર કર્યા પ્રમાણેનો વ્યક્તિઓનો વર્ગ, જે ત્રિમાસમાં તેવો પુરવઠો મેળવ્યો હતો તે ત્રિમાસના છેલ્લા દિવસથી છ મહિના પૂરા થાય તે પહેલાં, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવા રિફંડ માટે અરજી કરી શકશે.

(૩) પેટા-કલમ (૧૦)ની જોગવાઇઓને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યક્તિ, કોઇ વેરા મુદત પૂરી થતાં કોઇ વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડનો દાવો કરી શકશે:

પરંતુ કોઇપણ વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડની પરવાનગી, નીચેના કિસ્સા સિવાયના અન્ય કિસ્સામાં આપવી જોઇશે:-

(૧) વેરાની ચુકવણી કર્યા સિવાય મોકલેલો શૂન્ય દરનો પુરવઠો;

(૨) કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવો માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા સિવાય, ઇનપુટ પરનો વેરાનો દર, (શૂન્ય દરના અથવા સંપૂર્ણ મુક્તિ આપેલા પુરવઠા સિવાયના) આઉટપુટ પુરવઠા પરના વેરાના દર કરતાં વધારે ઊંચો હોવાને કારણે શાખ, જમા થયેલી હોય છે ત્યારે :

વધુમાં, ભારતની બહાર નિકાસ કરેલો માલ, નિકાસ વેરાને અધીન હોય તેવા કિસ્સામાં વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના કોઇ રિફંડની પરવાનગી આપવી જોઇશે નહિ:

વળી, માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકાર, આવા પુરવઠા ઉપર ચૂકવેલા સંકલિત વેરાના રિફંડનો દાવો કરે, તો ઇનપુટ વેરા શાખના કોઇ રિફંડની પરવાનગી આપવી જોઇશે નહિ.

(૪) અરજીની સાથે નીચેના દસ્તાવેજો જોડવા જોઇશે-

(ક) અરજદારને રિફંડ ચૂકવવાપાત્ર થયું છે તેવું પ્રસ્થાપિત કરવા માટે ઠરાવવામાં આવે તેવો દસ્તાવેજી પુરાવો; અને

(ખ) જેના સંબંધમાં તેવા રિફંડનો દાવો કરવામાં આવે તેવા ચૂકવેલા વેરા અથવા બીજી કોઇ ચૂકવેલી રકમ ઉપર ચૂકવેલો કોઇ વેરો અને

INDEX

વ્યાજની રકમ, હોય તો, તે, તેની પાસેથી વસૂલાત કરવામાં આવી હતી અથવા તેણે ચૂકવેલી હતી અને આવા વેરા અને વ્યાજનું ભારણ બીજી કોઇ વ્યક્તિ પર આગળ મોકલવામાં આવ્યું ન હતું તેવું પ્રસ્થાપિત કરવા માટે અરજદાર રજૂ કરી શકે તેવો (કલમ ૩૩માં ઉલ્લેખેલા દસ્તાવેજો સહિતનો) દસ્તાવેજી અથવા બીજો પુરાવો:

પરંતુ રિફંડ તરીકે દાવો કરેલી રકમ, બે લાખ રૂપિયા કરતાં ઓછી હોય, ત્યારે કોઇ દસ્તાવેજી અને બીજા પુરાવા રજૂ કરવા અરજદાર માટે જરૂરી રહેશે નહિ પણ તે, આવા વેરા અને વ્યાજનું ભારણ બીજી કોઇ વ્યક્તિ પર આગળ મોકલવામાં આવ્યું ન હતું તેવું પ્રમાણિત કરતાં તેની પાસે ઉપલબ્ધ દસ્તાવેજી અથવા બીજા પુરાવાના આધારે એકરાર ફાઇલ કરી શકશે.

(૫) તેવી કોઇ અરજી મળ્યેથી, યોગ્ય અધિકારીને એવી ખાતરી થાય કે રિફંડ તરીકે દાવો કરાયેલી પૂરી રકમ અથવા તેનો ભાગ રિફંડપાત્ર હોય, તો તે તદનુસાર હુકમ કરી શકશે અને તેવી રીતે નિર્ધારિત કરેલી રકમ, કલમ ૫૭માં ઉલ્લેખેલા ફંડમાં જમા કરવી જોઇશે.

(૬) પેટા-કલમ (૫)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, યોગ્ય અધિકારી, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગ સિવાયની બીજી રજિસ્ટર થયેલી વ્યક્તિઓએ માલ અથવા સેવા અથવા તે બન્નેના શૂન્ય-દરના પુરવઠાને કારણે કરેલા રિફંડ માટેના કોઇ દાવાના કિસ્સામાં, કામચલાઉ આધાર પર ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતો, મર્યાદાઓ અને સલામતીને અધીન રહીને, પ્રસંગોપાત સ્વીકારેલી ઇનપુટ વેરા શાખની રકમને બાકાત કરીને, તેવી રીતે દાવો કરેલા કુલ રકમની નેવું ટકા રકમ રિફંડ કરી શકશે અને ત્યારપછી અરજદારે રજૂ કરેલા દસ્તાવેજોની યોગ્ય ખરાઇ કર્યા પછી, દાવો કરેલા રિફંડની આખરી પતાવટ માટે પેટા-કલમ (૫) હેઠળ હુકમ કરી શકશે.

(૭) યોગ્ય અધિકારી, તમામ બાબતોથી પૂર્ણ ભરાયેલી અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસની અંદર પેટા-કલમ (૫) હેઠળ હુકમ કરી શકશે.

(૮) પેટા-કલમ (૫)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રિફંડપાત્ર રકમ,-

INDEX

(ક) શૂન્ય-દરના માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા ઉપર અથવા આવા શૂન્ય-દરના પુરવઠા બનાવવામાં વપરાયેલી ઇનપુટ અથવા ઇનપુટ સેવા ઉપર ચૂકવેલા વેરાના રિફંડ;

(ખ) પેટા-કલમ (૩) હેઠળ વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડ;

(ગ) જે પુરવઠો સંપૂર્ણતઃ અથવા અંશતઃ પૂરો પાડવામાં આવ્યો ન હોય તેવા અને જેના માટે ભરતિયું આપવામાં આવ્યું ન હોય તેવા અથવા રિફંડ વાઉચર આપવામાં આવ્યું હોય ત્યારે તેવા પુરવઠા પર ચૂકવેલા વેરાના રિફંડ;

(ઘ) કલમ ૭૭ અનુસાર વેરાના રિફંડ;

(ચ) અરજદારે તેવા વેરા અને વ્યાજનું ભારણ બીજી કોઇ વ્યક્તિ પર આગળ મોકલ્યું ન હોય, તો તેણે ચૂકવેલો વેરો અને વ્યાજ, કોઇ હોય, તો તે અને બીજી કોઇ રકમ; અથવા

(છ) સરકાર, કાઉન્સિલની ભલામણોના આધારે, જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા અરજદારોના બીજા વર્ગ દ્વારા ભોગવાયેલા વેરા અથવા વ્યાજ,

-ને સંબંધિત હોય, તો તેવી રકમ, ફંડમાં જમા કરવાને બદલે, અરજદારને ચૂકવવી જોઇશે.

(૯) અપીલ ટ્રિબ્યુનલ અથવા કોઇ કોર્ટના અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની બીજી કોઇ જોગવાઇઓમાં અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાંના કોઇ ચુકાદા, હુકમનામા, હુકમ અથવા આદેશમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, પેટા-કલમ (૮)ની જોગવાઇઓ અનુસાર હોય તે સિવાય કોઇ રિફંડ કરવામાં આવશે નહિ.

(૧૦) કોઇ પત્રક રજૂ કરવામાં કસૂર કરેલી હોય તેવી અથવા નિર્દિષ્ટ તારીખ સુધીમાં કોઇ કોર્ટે, ટ્રિબ્યુનલે અથવા અપીલ સત્તાધિકારી (ઓથોરિટી)એ જે વેરા, વ્યાજ અથવા દંડ ચૂકવવાની મનાઇ કરેલી ન હોય તેવા કોઇ વેરા, વ્યાજ અથવા દંડ ચૂકવવાનું ફરમાવવામાં આવેલ તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિને, પેટા-કલમ (૩) હેઠળ કોઇ રિફંડ ચૂકવવાપાત્ર થાય ત્યારે-

INDEX

(ક) સદરહુ વ્યક્તિએ પત્રક રજૂ કર્યું હોય અથવા વેરો, વ્યાજ અથવા યથાપ્રસંગ, દંડ ચૂકવ્યો હોય ત્યાં સુધી ચૂકવવાપાત્ર રિફંડની ચુકવણી અટકાવી શકશે;

(ખ) જે રકમ વેરાપાત્ર વ્યક્તિ, ચૂકવવા જવાબદાર હોય પણ તે આ અધિનિયમ હેઠળ અથવા વિદ્યમાન કાયદા હેઠળ વણચૂકવાયેલી રહી હોય તેવી કોઇ વેરા, વ્યાજ, દંડ, ફી અથવા બીજી કોઇ રકમ ચૂકવવાપાત્ર રિફંડમાંથી કપાત કરી શકશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુઓ માટે, "નિર્દિષ્ટ તારીખ" એ શબ્દ પ્રયોગનો અર્થ, આ અધિનિયમ હેઠળ અપીલ ફાઇલ કરવા માટેની છેલ્લી તારીખ થશે.

(૧૧) રિફંડમાં વધારો કરતો હુકમ, અપીલ અથવા વધુ કાર્યવાહીઓનું વિષયવસ્તુ હોય, ત્યારે અથવા આ અધિનિયમ હેઠળ બીજી કોઇ કાર્યવાહીઓ અનિર્ણિત હોય અને કમિશનરનો એવો અભિપ્રાય હોય કે આવા રિફંડની મંજૂરીથી, કરેલા દુષ્કૃત્ય અથવા છળકપટને કારણે સદરહુ અપીલ અથવા બીજી કાર્યવાહીઓમાં મહેસૂલી આવકને પ્રતિકૂળ રીતે અસર થવાની સંભાવના છે, ત્યારે તે, વેરાપાત્ર વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી, પોતે નિર્ધારિત કરે તેટલા સમય સુધી રિફંડ અટકાવી શકશે.

(૧૨) પેટા-કલમ (૧) હેઠળ રિફંડ અટકાવવામાં આવ્યું હોય, ત્યારે વેરાપાત્ર વ્યક્તિ, અપીલ અથવા વધુ કાર્યવાહીઓને પરિણામે રિફંડ માટે હકદાર બની હોય, તો તે, કલમ ૫૬માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કાઉન્સિલની ભલામણોના આધારે જાહેર કરવામાં આવે તેવા છ ટકાથી વધુ નહિ તેટલા દરે વ્યાજ માટે હકદાર થશે.

(૧૩) આ કલમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિએ અથવા બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિએ જમા કરાવેલી વેરાની આગોતરી રકમ રિફંડ કરવી જોઇશે નહિ સિવાય કે આવી વ્યક્તિએ, જે મુદત માટે તેને આપેલું રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર અમલમાં ચાલું રહ્યું હતું તેવી સમગ્ર મુદતના સંબંધમાં, કલમ ૩૯ હેઠળ ફરમાવેલા તમામ પત્રકો રજૂ કરેલા હોય.

INDEX

(૧૪) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રકમ એક હજાર રૂપિયાથી ઓછી હોય, તો પેટા-કલમ (૫) અથવા પેટા-કલમ (૬) હેઠળ કોઇ રિફંડ અરજદારને ચૂકવવું જોઇશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે,-

(૧) "રિફંડ" એ શબ્દમાં, શૂન્ય-દરના માલ અથવા સેવા અથવા તે બન્નેના ઉપર અથવા આવા શૂન્ય-દરના પુરવઠા બનાવવામાં વપરાયેલી ઇનપુટ અથવા ઇનપુટ સેવા ઉપર ચૂકવેલા વેરાનું રિફંડ અથવા માની લીધેલી નિકાસ તરીકે ગણેલા માલના પુરવઠા પરના વેરાના રિફંડ અથવા પેટા-કલમ (૩) હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણેની વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડનો સમાવેશ થાય છે.

(૨) "સંબંધિત તારીખ" એટલે-

(ક) ભારતની બહાર મોકલેલા (નિકાસ કરેલા) માલના કિસ્સામાં, ચૂકવેલા વેરાનું રિફંડ, તેવા માલ અથવા યથાપ્રસંગ, તેવા માલમાં વપરાયેલી ઇનપુટ અથવા ઇનપુટ સેવાઓના સંબંધમાં ઉપલબ્ધ હોય ત્યારે,-

(૧) માલને સમુદ્ર અથવા હવાઇ માર્ગે નિકાસ કરવામાં આવે, તો જેમાં આવો માલ ભરવામાં આવ્યો હોય તે વહાણ અથવા વિમાન જે તારીખે ભારત છોડીને જાય તે તારીખ; અથવા

(૨) માલને જમીનમાર્ગે નિકાસ કરવામાં આવે તો, જે તારીખે આવો માલ સરહદના વિસ્તારને ઓળંગી જાય તે તારીખ; અથવા

(૩) માલને ટપાલથી નિકાસ કરવામાં આવે તો, ભારત બહારના સ્થળે સંબંધિત પોસ્ટ ઓફિસ દ્વારા માલની રવાનગી કર્યાની તારીખ;

(ખ) માની લીધેલી નિકાસ તરીકે ગણેલા માલના પુરવઠાના કિસ્સામાં, ચૂકવેલા વેરાનું રિફંડ તે માલના સંબંધમાં ઉપલબ્ધ હોય ત્યારે, જે તારીખે તેવી માની લીધેલી નિકાસ સંબંધી પત્રક રજૂ કરવામાં આવે તે તારીખ;

INDEX

(ગ) ભારતની બહાર નિકાસ કરેલી સેવાઓના કિસ્સામાં, ચૂકવેલા વેરાનું રિફંડ, તેવી સેવા અથવા યથાપ્રસંગ, તેવી સેવાઓમાં વપરાયેલા ઇનપુટ અથવા ઇનપુટ સેવાઓના સંબંધમાં ઉપલભ્ય હોય ત્યારે,

(૧) સેવાઓનો પુરવઠો તેવી ચુકવણી મળ્યાં પહેલાં પૂરો થયો હોય ત્યારે, વિનિમયપાત્ર વિદેશી હૂંડિયામણમાં ચુકવણી મળ્યાની તારીખ; અથવા

(૨) સેવાઓ માટેની ચુકવણી, ભરતિયું આપ્યાની તારીખ પહેલાં અગાઉથી મેળવેલી હોય ત્યારે, ભરતિયું આપ્યાની તારીખ;

(ઘ) અપીલ સત્તાધિકારી (ઓથોરિટી), અપીલ ટ્રિબ્યુનલ અથવા કોઇ કોર્ટના ચુકાદા, હુકમનામા, હુકમ અથવા આદેશને પરિણામે વેરો રિફંડપાત્ર બને તેવા કિસ્સામાં, તેવા ચુકાદા, હુકમનામા, હુકમ અથવા આદેશની જાણ કર્યાની તારીખ;

(ચ) પેટા-કલમ (૩) હેઠળ વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડના કિસ્સામાં, જે વર્ષમાં આવા રિફંડ માટેનો દાવો ઊભો થાય તે નાણાકીય વર્ષના અંતે;

(છ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ કામચલાઉ રીતે વેરો ચૂકવવામાં આવ્યો હોય તે કિસ્સામાં, તેની અંતિમ આકારણી પછી વેરાના સરભરની તારીખ;

(જ) પુરવઠાકાર સિવાયની બીજી વ્યક્તિના કિસ્સામાં, એવી વ્યક્તિ દ્વારા માલ અથવા સેવા અથવા બન્ને પ્રાપ્ત કર્યાની તારીખ; અને

(ઝ) બીજા કોઇ કિસ્સામાં, વેરાની ચુકવણીની તારીખ.

અમુક કિસ્સામાં રિફંડ.

૫૫. સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, જાહેરનામાથી, સંયુકત રાષ્ટ્ર (યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન)ની કોઇ વિશેષિત એજન્સી અથવા સંયુકત રાષ્ટ્ર (વિશેષાધિકાર અને મુકિત) અધિનિયમ, ૧૯૪૭ હેઠળ જાહેર કરેલી કોઇ બહુપક્ષીય નાણાકીય સંસ્થા (ઇસ્ટીટ્યુશન) અને સંગઠન (ઓર્ગેનાઇઝેશન), વિદેશી રાષ્ટ્રોના વાણિજ્ય- દૂતાવાસ (કોન્સ્યુલેટ) અથવા રાજદૂતભવન (એમ્બેસિ) અને આ અર્થે નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી કોઇ વ્યક્તિ અથવા વ્યક્તિઓના વર્ગોને, નિર્દિષ્ટ કરી શકશે, જે ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણને અધીન રહીને, તેઓએ પ્રાપ્ત કરેલા માલ અથવા સેવા

સન ૧૯૪૭નો ૪૬મો.

INDEX

અથવા બન્નેના જાહેર કરેલ પુરવઠા પર ચૂકવેલા વેરાના રિફંડનો દાવો કરવા હકદાર થશે.

વિલંબિત રિફંડ પર વ્યાજ.

૫૬. કોઇ અરજદારને કલમ ૫૪ ની પેટા-કલમ (૫) હેઠળ કોઇ વેરો રિફંડ કરવાનો હુકમ થયેલ હોય અને તે કલમની પેટા-કલમ (૧) હેઠળ અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસની અંદર રિફંડ કરવામાં ન આવે તો, કાઉન્સિલની ભલામણ પરથી સરકારે બહાર પાડેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા છ ટકાથી વધુ નહિ તેટલા દરે, સદરહુ પેટા-કલમ હેઠળ અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસ પૂરા થયાની તરત પછીની તારીખથી એવા વેરાના રિફંડની તારીખ સુધી, એવા રિફંડ માટે વ્યાજ ચૂકવવાપાત્ર થશે:

પરંતુ કોઇ ન્યાયનિર્ણય સત્તાધિકારી (ઓથોરિટી) અથવા અપીલ સત્તાધિકારી (ઓથોરિટી) અથવા અપીલ ટ્રિબ્યુનલ અથવા કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમ કે જે આખરી હોય તેના પરથી રિફંડનો કોઇ દાવો ઊભો થયો હોય અને એવા હુકમને પરિણામે ફાઇલ કરેલી અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસની અંદર એવું રિફંડ કરવામાં ન આવે ત્યારે, કાઉન્સિલની ભલામણ પરથી, સરકાર જાહેર કરે તેટલા નવ ટકાથી વધુ નહિ તેટલા દરે, અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસ પૂરા થયાની તરત પછીની તારીખથી રિફંડની તારીખ સુધી વ્યાજ ચૂકવવાપાત્ર થશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે, કલમ ૫૪ ની પેટા-કલમ (૫) હેઠળ યોગ્ય અધિકારીના હુકમની વિરુદ્ધ કોઇ અપીલ સત્તાધિકારી (ઓથોરિટી), અપીલ ટ્રિબ્યુનલ અથવા કોઇ કોર્ટ દ્વારા રિફંડનો કોઇ હુકમ પસાર કરવામાં આવ્યો હોય ત્યારે અપીલ સત્તાધિકારી (ઓથોરિટી), અપીલ ટ્રિબ્યુનલ અથવા કોર્ટે પસાર કરેલો હુકમ સદરહુ પેટા-કલમ (૫) હેઠળ પસાર કરેલો હુકમ ગણાશે.

ગ્રાહક કલ્યાણ ફંડ.

૫૭. સરકાર, ગ્રાહક કલ્યાણ ફંડ તરીકે ઓળખાતા એક ફંડની રચના કરશે અને ફંડમાં ઠરાવવામાં આવે તેવી રીતે, નીચેની રકમ જમા કરવામાં આવશે.

(ક) કલમ ૫૪ ની પેટા-કલમ (૫) માં ઉલ્લેખેલી રકમ;

(ખ) ફંડમાં જમા કરેલી રકમના રોકાણમાંથી થયેલી કોઇ આવક; અને

(ગ) તેને મળેલા એવા બીજા નાણા.

ફંડની ઉપયોગિતા.

૫૮. (૧) ફંડમાં જમા થયેલી તમામ રકમોનો, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવી રીતે, ગ્રાહકોના કલ્યાણ માટે ઉપયોગ કરવામાં આવશે.

INDEX

(૨) સરકાર અથવા તેણે નિર્દિષ્ટ કરેલું સત્તામંડળ (ઓથોરિટી), ફંડ સંબંધી યોગ્ય અને અલગ ખાતું અને બીજા સબંધિત રેકર્ડ નિભાવશે તથા ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના પરામર્શમાં ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હિસાબોનું વાર્ષિક પત્રક તૈયાર કરશે.

પ્રકરણ-૧૨
આકારણી

સ્વ-આકારણી. **૫૯.** દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વેરાની સ્વ-આકારણી કરવી જોઇશે અને કલમ ૩૯ હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે દરેક વેરા મુદત માટે પત્રક(રિટર્ન) પૂરું પાડવું જોઇશે.

કામચલાઉ આકારણી. **૬૦.** (૧) વેરાપાત્ર વ્યક્તિ, પેટા-કલમ (૨) ની જોગવાઇઓને અધીન રહીને, માલ અથવા સેવા અથવા બન્નેની કિંમત નક્કી કરવા અથવા તેને લાગુ પડતા વેરાનો દર નક્કી કરવા અસમર્થ હોય ત્યારે, તે યોગ્ય અધિકારીને લેખિતમાં, કામચલાઉ આધારે વેરાની ચુકવણી કરવા માટેના કારણો આપીને વિનંતી કરી શકશે અને યોગ્ય અધિકારી, એવી વિનંતી મળ્યાની તારીખથી નેવું દિવસથી મોડી નહિ તેટલી મુદતની અંદર, તેઓ નિર્દિષ્ટ કરે, તેટલા દરે અથવા તેટલી કિંમતે, કામચલાઉ ધોરણે વેરાની ચુકવણી કરવાની પરવાનગી આપતો હુકમ પસાર કરશે.

(૨) કામચલાઉ ધોરણે વેરાની ચુકવણી કરવા અંગેની પરવાનગી, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને યોગ્ય અધિકારીને ઉચિત જણાય તેવા જામીન અથવા જામીનગીરી સાથેનું બોન્ડ કરવામાં આવે તો, આપી શકાશે અને તે વેરાપાત્ર વ્યક્તિને આખરી આકારવામાં આવે તેટલી વેરાની રકમ અને કામચલાઉ ધોરણે આકારેલી વેરાની રકમની વચ્ચેના તફાવતની ચુકવણી કરવા માટે બંધનકર્તા રહેશે.

(૩) યોગ્ય અધિકારી, પેટા-કલમ (૧) હેઠળ કાઢી આપેલા હુકમની જાણ થયાની તારીખથી છ મહિનાથી વધુ નહિ તેટલી મુદતની અંદર, આકારણીને આખરી કરવા માટે જરૂરી હોય તેવી માહિતીને લક્ષમાં લઇને આખરી આકારણીનો હુકમ પસાર કરશે:

પરંતુ આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદત, પૂરતું કારણ દર્શાવવામાં આવ્યેથી અને લેખિતમાં કારણોની નોંધ કરીને, સંયુક્ત કમિશનર અથવા અધિક કમિશનર, છ મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે અને કમિશનર, ચાર વર્ષથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, લંબાવી શકશે.

INDEX

(૪) રજિસ્ટર થયેલી વ્યક્તિ, કામચલાઉ આકારણી હેઠળ માલ અથવા સેવા અથવા બન્નેના પુરવઠા પરના ચૂકવવાપાત્ર પણ કલમ ૩૯ ની પેટા-કલમ (૭) અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ નિર્દિષ્ટ કરેલી નિયત તારીખે નહિ ચૂકવેલા વેરા પર, કલમ ૫૦ ની પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલા દરે, સદરહુ માલ અથવા સેવા અથવા બન્નેના પુરવઠાના સંબંધમાં વેરાની ચુકવણીની નિયત તારીખ પછીના પ્રથમ દિવસથી ખરેખર ચુકવણીની તારીખ સુધી, વ્યાજ ચૂકવવા જવાબદાર થશે. ભલે પછી આખરી આકારણી માટેનો હુકમ બહાર પાડ્યા પહેલા અથવા પછી, આવી રકમ ચૂકવવામાં આવી હોય.

(૫) રજિસ્ટર થયેલી વ્યક્તિ, પેટા-કલમ (૩) હેઠળના આખરી આકારણીના હુકમને પરિણામે રિફંડ માટે હકદાર હોય, ત્યારે કલમ ૫૪ ની પેટા-કલમ (૮) ની જોગવાઇઓને અધીન રહીને, કલમ ૫૬ માં જોગવાઇ કર્યા પ્રમાણેના રિફંડ પર વ્યાજ ચૂકવવું જોઇશે.

પત્રક(રિટર્ન) ની ચકાસણી.

૬૧. (૧) યોગ્ય અધિકારી, પત્રકના ખરાપણાની ખરાઇ કરવા રજિસ્ટર થયેલી વ્યક્તિએ પૂરા પાડેલ પત્રક (રિટર્ન) અને સંબંધિત વિગતોની ચકાસણી કરી શકશે અને ઠરાવવામાં આવે તેવી રીતે, વિસંગતતા, કોઇ હોય તો, તેની તેને જાણ કરી શકશે તથા તેનું સ્પષ્ટીકરણ માંગી શકશે.

(૨) સ્પષ્ટીકરણ સ્વીકાર્ય જણાય તો, રજિસ્ટર થયેલી વ્યક્તિને તદનુસાર જાણ કરવી જોઇશે અને આ સબંધમાં કોઇ વધુ પગલું લેવું જોઇશે નહિ.

(૩) યોગ્ય અધિકારીએ જાણ કર્યાના ત્રીસ દિવસની મુદતની અંદર અથવા તે છૂટ આપે તેવી વધુ મુદતમાં કોઇ સંતોષકારક સ્પષ્ટીકરણ પૂરું પાડવામાં ન આવે તે કિસ્સામાં અથવા રજિસ્ટર થયેલી વ્યક્તિ, વિસંગતતા સ્વીકાર્યા પછી, વિસંગતતા જે મહિનામાં સ્વીકારી હોય તે મહિના માટેના તેના પત્રકમાં સુધારાત્મક પગલા ન લે તે કિસ્સામાં, યોગ્ય અધિકારી, કલમ ૬૫ અથવા કલમ ૬૬ અથવા કલમ ૬૭ હેઠળનાં પગલાં સહિતના ઉચિત પગલાં લઇ શકશે અથવા કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ વેરા અને બીજા લેણાં નક્કી કરવાની કાર્યવાહી કરી શકશે.

પત્રકો નહિ ભરનારની આકારણી.

૬૨. (૧) કલમ ૭૩ અથવા કલમ ૭૪ માં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૪૬ હેઠળ નોટિસની બજવણી કર્યા પછી પણ રજિસ્ટર થયેલી વ્યક્તિ, કલમ ૩૯ અથવા કલમ ૪૫ હેઠળ પત્રક પૂરું પાડવામાં ચૂક કરે ત્યારે, યોગ્ય અધિકારી, ઉપલબ્ધ અથવા તેણે ભેગી કરેલી સબંધિત તમામ સાધનસામગ્રીને વિચારણામાં લઇને, પોતાના ઉત્તમ નિર્ણય અનુસાર સદરહુ વ્યક્તિની વેરા જવાબદારીની આકારણી અંગેની કાર્યવાહી

INDEX

કરી શકશે અને જે વર્ષે વેરો ચૂકવ્યો ન હોય તે નાણાકીય વર્ષ માટેનું વાર્ષિક પત્રક પૂરું પાડવા માટે કલમ ૪૪ હેઠળ નિર્દિષ્ટ તારીખથી પાંચ વર્ષની મુદતની અંદર આકારણીનો હુકમ કાઢી શકશે.

(૨) રજિસ્ટર થયેલી વ્યક્તિ, પેટા-કલમ (૧) હેઠળના આકારણી હુકમની બજવણીના ત્રીસ દિવસની અંદર માન્ય પત્રક પૂરું પાડે ત્યારે, સદરહુ આકારણી હુકમ પાછો ખેંચી લીધેલો હોવાનું ગણાશે પણ કલમ ૫૦ ની પેટા-કલમ (૧) હેઠળ વ્યાજની ચુકવણી અથવા કલમ ૪૭ હેઠળ વિલંબ-ફીની ચુકવણી માટેની જવાબદારી ચાલુ રહેશે.

રજિસ્ટર થયેલી ન હોય તેવી વ્યક્તિઓની આકારણી.

૬૩. કલમ ૭૩ અથવા કલમ ૭૪ માં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, રજિસ્ટ્રેશન મેળવવા જવાબદાર હોય તેમ છતાં તે ન મેળવે અથવા કલમ ૨૯ ની પેટા કલમ (૨) હેઠળ જેનું રજિસ્ટ્રેશન રદ થયું હોય પણ જે વેરો ભરવા જવાબદાર હોય તેવી વેરાપાત્ર વ્યક્તિના કિસ્સામાં, યોગ્ય અધિકારી, સબંધિત વેરા મુદતો માટે પોતાના ઉત્તમ નિર્ણય પ્રમાણે, એવી વેરાપાત્ર વ્યક્તિની વેરાની જવાબદારી અંગેની આકારણી કરવા વધુ કાર્યવાહી કરી શકશે અને જે નાણાકીય વર્ષ માટે વેરો ભરવામાં ન આવ્યો હોય તે નાણાકીય વર્ષને લગતા વાર્ષિક પત્રક પૂરા પાડવા માટે, કલમ ૪૪ હેઠળ નિર્દિષ્ટ કરેલી તારીખથી પાંચ વર્ષની મુદતની અંદર આકારણી હુકમ કાઢી શકશે:

પરંતુ એવો કોઇપણ આકારણી હુકમ, વ્યક્તિને સુનાવણીની તક આપ્યા વિના પસાર કરવો જોઇશે નહિ.

અમુક ખાસ કિસ્સામાં સંક્ષિપ્ત આકારણી.

૬૪. (૧) યોગ્ય અધિકારી, વ્યક્તિની વેરાની જવાબદારી દર્શાવતો કોઇ પુરાવો પોતાની જાણમાં આવે ત્યારે, અધિક કમિશનર અથવા સંયુક્ત કમિશનરની પૂર્વ-મંજૂરીથી, મહેસૂલના હિતનું રક્ષણ કરવા માટે, એવી વ્યક્તિની વેરાની જવાબદારી અંગેની આકારણી કરવાની કાર્યવાહી કરી શકશે અને તેમને એમ માનવાને પૂરતાં કારણો હોય કે એમ કરવામાં કોઇ વિલંબ થયે, મહેસૂલના હિતને પ્રતિકૂળ અસર થશે તો તેઓ આકારણી હુકમ કાઢી શકશે :

પરંતુ જેની વેરાને લગતી જવાબદારી હોય તે વેરાપાત્ર વ્યક્તિની ખાતરી ન થઇ શકે અને એવી જવાબદારી માલના પુરવઠાને લગતી હોય ત્યારે, એવા માલનો હવાલો ધરાવતી વ્યક્તિને, આકારણીને પાત્ર અને વેરો અને આ કલમ હેઠળની બીજી કોઇ લેણી રકમ ચૂકવવાને જવાબદાર વેરાપાત્ર વ્યકિત હોવાનું ગણવામાં આવશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ પસાર કરેલો હુકમ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર વેરાપાત્ર વ્યક્તિએ કરેલી અરજી પરથી અથવા તેની પોતાની મેળે, અધિક કમિશનર

INDEX

અથવા સંયુક્ત કમિશનરને એવું લાગે કે આવો હુકમ ભૂલભરેલો છે, તો તેઓ એવા હુકમને પાછો ખેંચી શકશે અને કલમ ૭૩ અથવા કલમ ૭૪ માં ઠરાવેલી કાર્યરીતિને અનુસરી શકશે.

પ્રકરણ ૧૩

ઓડિટ

વેરા સત્તાધિકારી દ્વારા ઓડિટ.

૬૫. (૧) કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઇ અધિકારી, સામાન્ય અથવા ખાસ હુકમથી, રજિસ્ટર થયેલી વ્યક્તિનું ઠરાવવામાં આવે તેટલી મુદત માટે, તેટલી વખત અને તેવી રીતે ઓડિટ હાથ ધરી શકશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા અધિકારીઓ, રજિસ્ટર થયેલી વ્યક્તિના ધંધાના સ્થળે અથવા તેઓની કચેરીમાં ઓડિટ કરી શકશે.

(૩) રજિસ્ટર થયેલી વ્યક્તિને, ઓડિટ કરતાં પહેલાં, ઠરાવવામાં આવે તેવી રીતે, કામકાજના ઓછામાં ઓછા પંદર દિવસની નોટિસ આપીને જાણ કરવી જોઇશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળનું ઓડિટ, ઓડિટના આરંભની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર પૂરું કરવું જોઇશે:

પરંતુ કમિશનરને ખાતરી થાય કે એવી રજિસ્ટર થયેલી વ્યક્તિના સંબંધમાં ત્રણ મહિનામાં ઓડિટ પૂરું થઇ શકે તેમ નથી, તો તેઓ કારણોની લેખિતમાં નોંધ કરીને, છ મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, મુદત લંબાવી શકશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુઓ માટે, "ઓડિટનું આરંભ" એ શબ્દપ્રયોગ એટલે વેરા સત્તાધિકારી (ઓથોરિટી)એ માંગેલા રેકર્ડ અને બીજા દસ્તાવેજો, રજિસ્ટર થયેલી વ્યક્તિ જે તારીખે પૂરા પાડે તે તારીખ અથવા ધંધાના સ્થળે ઓડિટની ખરેખર શરૂઆત થાય તે તારીખ, એ બેમાંથી જે મોડું હોય તે તારીખ.

(૫) ઓડિટ દરમિયાન, અધિકૃત અધિકારી, રજિસ્ટર થયેલી વ્યક્તિને,

(૧) હિસાબોના ચોપડા અથવા તેને જરૂરી હોય તેવા બીજા દસ્તાવેજોની ખરાઇ કરવા જરૂરી સુવિધા પૂરી પાડવા;

(૨) તેને જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડવા અને સમયસર ઓડિટની પૂર્ણતા માટે સહાય કરવા,

ફરમાવી શકશે.

INDEX

(૬) ઓડિટ પૂરું થયે, યોગ્ય અધિકારી, ત્રીસ દિવસની અંદર જેના રેકર્ડનું ઓડિટ કરવામાં આવેલ હોય તે રજિસ્ટર થયેલી વ્યક્તિને નિષ્કર્ષ, તેના અધિકારો અને જવાબદારીઓ અને એવા નિષ્કર્ષ માટેના કારણોની જાણ કરશે.

(૭) પેટા - કલમ (૧) હેઠળ કરેલ ઓડિટના પરિણામે કોઇ વણ-ચૂકવાયેલા વેરાની અથવા ઓછા ભરેલા વેરાની અથવા ભૂલથી ચૂકવેલ રિફંડની અથવા ખોટી રીતે મળેલ અથવા ઉપયોગમાં લીધેલ ઇનપુટ વેરા શાખની ખબર પડે ત્યારે, યોગ્ય અધિકારી, કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ પગલું લઇ શકશે.

ખાસ ઓડિટ. **૬૬.** (૧) પોતાની સમક્ષની કોઇ ચકાસણી, તપાસ અથવા અન્વેષણની અથવા બીજી કોઇ કાર્યવાહીના કોઇ તબક્કે, મદદનીશ કમિશનરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ તેવા કોઇ અધિકારીનો, કેસના પ્રકાર અને જટિલતાને અને મહેસૂલના હિતને લક્ષમાં લેતા એવો અભિપ્રાય હોય કે કિંમત ખરી રીતે જાહેર કરવામાં આવી નથી અથવા ઉપલબ્ધ ક્રેડિટ, સામાન્ય મર્યાદામાં નથી તો, તે કમિશનરની પૂર્વ-મંજુરીથી, એવી રજિસ્ટર થયેલી વ્યક્તિને, કમિશનર નામનિયુક્ત કરે તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે તેના હિસાબોના ચોપડા સહિતના રેકર્ડની તપાસ અને ઓડિટ કરાવવા લેખિતમાં જાણ કરી શકશે.

(૨) એવી રીતે નામનિયુક્ત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે અથવા કોસ્ટ એકાઉન્ટન્ટે, નેવું દિવસની મુદતની અંદર, નિર્દિષ્ટ કરવામાં આવે તેવી અન્ય વિગતો તેમાં જણાવીને યોગ્ય રીતે સહી કરીને પ્રમાણિત કરેલો ઓડિટ રિપોર્ટ, સદરહુ મદદનીશ કમિશનરને રજૂ કરવો જોઇશે :

પરંતુ મદદનીશ કમિશનર, રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ ધ્વારા તેને આ અર્થે કરવામાં આવેલી અરજી પરથી અથવા કોઇ મહત્વના અને પૂરતાં કારણોસર, સદરહુ મુદતને નેવું દિવસની વધુ મુદત માટે લંબાવી શકશે.

(૩) પેટા-કલમ (૧)ની જોગવાઇઓ, રજિસ્ટર થયેલી વ્યક્તિના હિસાબોનુ ઓડિટ, આ અધિનિયમની અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદાની બીજી કોઇ જોગવાઇઓ હેઠળ થયેલ હોય તેમ છતાં અમલમાં રહેશે.

INDEX

(૪) રજિસ્ટર થયેલી વ્યક્તિને, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ તેની વિરુધ્ધની કોઇ કાર્યવાહીમાં ઉપયોગમાં લેવા ધાર્યું હોય તેવી, પેટા-કલમ (૧) હેઠળ ખાસ ઓડિટના આધારે એકત્ર કરેલી કોઇ સામગ્રીના સંબંધમાં સુનાવણીની તક આપવી જોઇશે.

(૫) આવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટના મળતર સહિત પેટા-કલમ (૧) હેઠળ રેકર્ડની તપાસ અને ઓડિટના ખર્ચ, કમિશનરે નક્કી કરવા અને ચૂકવવા જોઇશે અને આવો નિર્ણય આખરી ગણાશે.

(૬) પેટા-કલમ (૧) હેઠળ કરેલ ખાસ ઓડિટને પરિણામે, કોઇ વણ-ચૂકવાયેલા વેરાની અથવા ઓછા ભરેલા વેરાની અથવા ભૂલથી ચૂકવેલ રિફંડની અથવા ખોટી રીતે મેળવી અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની જાણ થાય ત્યારે, યોગ્ય અધિકારી, કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ પગલાં લઇ શકશે.

પ્રકરણ ૧૪
તપાસ, શોધ, જપ્તી અને ધરપકડ

તપાસ, શોધ અને જપ્તીની સત્તા.

૬૭. (૧) સંયુક્ત કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજ્જાનાં ન હોય તેવા યોગ્ય અધિકારીને એમ માનવાને કારણ હોય કે-

(ક) વેરાપાત્ર વ્યક્તિએ, માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાને અથવા હાથ પરના માલના સ્ટોકને લગતી કોઇ લેવડદેવડ છુપાવી છે અથવા આ અધિનિયમ હેઠળ તેની હકદારી ઉપરાંતની ઇનપુટ વેરા શાખ માટે દાવો કરેલ છે અથવા આ અધિનિયમ હેઠળ વેરો ટાળવા માટે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઈના ઉલ્લંઘનમાં સંડોવાયેલ છે; અથવા

(ખ) માલની હેરફેરના ધંધામાં રોકાયેલી કોઇ વ્યક્તિ અથવા કોઇ વખાર અથવા ગોડાઉન અથવા અન્ય કોઇ સ્થળનો માલિક અથવા સંચાલક, વેરો ભર્યા વિનાનો માલ રાખે છે અથવા પોતાના હિસાબો અથવા માલ એવી રીતે રાખે છે કે જેથી આ અધિનિયમ હેઠળ વેરો ટાળવાનું સંભવ હોય તો,

તે, રાજ્ય વેરાના કોઇ બીજા અધિકારીને, વેરાપાત્ર વ્યક્તિના અથવા માલની હેરફેરના ધંધામાં રોકાયેલી વ્યક્તિઓ અથવા વખાર અથવા ગોડાઉન અથવા

INDEX

કોઇ બીજા સ્થળના માલિક અથવા સંચાલકના ધંધાના કોઇ સ્થળોએ તપાસ કરવા, લેખિતમાં અધિકૃત કરી શકશે.

(૨) સંયુક્ત કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા યોગ્ય અધિકારીને, પેટા-કલમ (૧) હેઠળ કરેલી તપાસ પરથી અથવા અન્યથા, એમ માનવાને કારણ હોય કે જપ્તીને પાત્ર કોઇ માલ અથવા પોતાના અભિપ્રાય પ્રમાણે આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહી માટે ઉપયોગી થઇ શકે અથવા તેને સંબંધિત હોય તેવા કોઇ દસ્તાવેજો અથવા ચોપડા, કોઇ સ્થળે ગુપ્ત રાખવામાં આવેલ છે ત્યારે, તે, રાજ્ય વેરાના કોઇ બીજા અધિકારીને, તે શોધવા અને જપ્ત કરવા લેખિતમાં અધિકૃત કરી શકશે અથવા પોતે એવા માલ, દસ્તાવેજો અથવા ચોપડા અથવા વસ્તુઓ શોધ કરી શકશે અને જપ્ત કરી શકશે:

પરંતુ એવો કોઇ માલ જપ્ત કરવો વ્યવહાર્ય ન હોય ત્યારે, યોગ્ય અધિકારી અથવા તેઓ અધિકૃત કરે તેવા બીજા અધિકારી, માલના માલિક અથવા રખેવાળ ઉપર એવો હુકમ બજાવી શકશે કે તે, એવા અધિકારીની પૂર્વ-મંજૂરી વિના, એવા માલને ખસેડશે નહિ, અલગ કરશે નહિ અથવા અન્યથા તેની તજવીજ કરશે નહિ:

વધુમાં, એવી રીતે જપ્ત કરેલ દસ્તાવેજો અથવા ચોપડા અથવા વસ્તુઓને, એવા અધિકારીએ, આ અધિનિયમ હેઠળ તેની તપાસ માટે અને કોઇ તપાસણી અથવા કાર્યવાહી માટે જ્યાં સુધી જરૂર હોય ફક્ત ત્યાં સુધી જ રાખવા જોઇએ.

(૩) પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલા દસ્તાવેજો, ચોપડા અથવા વસ્તુઓ અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ નોટિસ કાઢવા માટેનો આધાર રાખેલ ન હોય તેવા વેરાપાત્ર વ્યક્તિ અથવા અન્ય કોઇ વ્યક્તિએ રજૂ કરેલ બીજા કોઇ દસ્તાવેજો, ચોપડા અથવા વસ્તુઓ, સદરહુ નોટિસ કાઢયાની તારીખથી ત્રીસ દિવસથી વધુ નહીં તેટલી મુદતની અંદર એવી વ્યક્તિને પરત કરવા જોઇશે.

(૪) પેટા-કલમ (૨) હેઠળ અધિકૃત કરેલ અધિકારીને, કોઇ ઇમારતને સીલ કરવા અથવા તેનો દરવાજો તોડીને ખોલવા અથવા જેમાં વ્યક્તિનો કોઇ માલ, હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજો છુપાવેલા હોવાની શંકા હોય તેવા કોઇ અલમારી, વિજાણું ઉપકરણો, પેટી, પાત્ર સુધી પહોંચી ન શકાય ત્યારે, એવી ઇમારતો, અલમારી, વિજાણુ ઉપકરણો, પેટી અથવા પાત્રને તોડવાની સત્તા રહેશે.

(૫) પેટા-કલમ (૨) હેઠળ જેના કબજામાંથી કોઇ દસ્તાવેજો જપ્ત કરવામાં આવેલ હોય તેવી વ્યક્તિ, અધિકૃત અધિકારી આ અર્થે સૂચવે તેવા સ્થળે અને સમયે તેવા

INDEX

અધિકારીની હાજરીમાં તેની નકલો કરવા અને તેમાંથી ઉતારા લેવા હકદાર રહેશે, સિવાય કે યોગ્ય અધિકારીના મતે, એવી નકલ કરવાથી અથવા ઉતારા લેવાથી તપાસને પ્રતિકૂળ રીતે અસર થઇ શકે તેમ હોય.

(૬) પેટા-કલમ (૨) હેઠળ એવી રીતે જપ્ત કરેલ માલને, અનુક્રમે ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા પ્રમાણમાં બોન્ડ કરીને અને જામીનગીરી આપીને અથવા યથાપ્રસંગ, લાગુ પડતા ભરવાપાત્ર વેરા, વ્યાજ અને દંડની ચુકવણી કર્યેથી, કામચલાઉ ધોરણે મુક્ત કરી શકાશે.

(૭) પેટા-કલમ (૨) હેઠળ કોઇ માલ જપ્ત કરવામાં આવે અને માલની જપ્તીના છ મહિનાની અંદર તેના સબંધમાં કોઇ નોટિસ આપેલી ન હોય ત્યારે, જેના કબજામાંથી માલ જપ્ત કરવામાં આવ્યો હતો તેવી વ્યક્તિને તે પરત કરવામાં આવશે:

પરંતુ છ મહિનાની મુદત, પૂરતું કારણ દર્શાવવામાં આવ્યે, યોગ્ય અધિકારી, વધુ છ મહિનાની મુદત સુધી લંબાવી શકાશે.

(૮) સરકાર, કોઇ માલના નાશવંત અથવા જોખમી પ્રકાર, સમયાંતરે માલની કિંમતમાં થનારા ઘટાડા, માલના સંગ્રહ માટેની જગ્યા અંગેની મર્યાદા અથવા બીજા કોઇ સંબંધિત કારણોને લક્ષમાં લઇને, જાહેરનામાથી, પેટા-કલમ (૨) હેઠળ જે માલની જપ્તી કર્યા પછી તરત જ, યોગ્ય અધિકારી દ્વારા જેનો ઠરાવવામાં આવે તેવી રીતે નિકાલ કરવો જોઇશે તેવા માલ અથવા માલના વર્ગ નિર્દિષ્ટ કરી શકશે.

(૯) પેટા-કલમ (૮) હેઠળ નિર્દિષ્ટ માલ હોય તેવો કોઇ માલ, યોગ્ય અધિકારી અથવા પેટા કલમ (૨) હેઠળ તેમણે અધિકૃત કરેલ કોઇ અધિકારીએ જપ્ત કરેલ હોય ત્યારે, તેમણે, ઠરાવવામાં આવે તેવી રીતે એવા માલની યાદી તૈયાર કરવી જોઇશે.

સન ૧૯૭૪નો રજો. (૧૦) જડતી અને જપ્તીને લગતી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઇઓ, શક્ય હોય ત્યાં સુધી, સદરહુ અધિનિયમની કલમ ૧૬૫ ની પેટા-કલમ (૫) માંનો "મેજિસ્ટ્રેટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે "કમિશનર" એ શબ્દ મૂકવો તે ફેરફારને અધીન રહીને, આ કલમ હેઠળની જડતી અને જપ્તીને લાગુ પડશે.

(૧૧) યોગ્ય અધિકારીને એમ માનવાને કારણો હોય કે કોઇ વ્યક્તિએ કોઇ વેરાની ચુકવણી ટાળી છે અથવા ટાળવાનો પ્રયાસ કરે છે ત્યારે, તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, પોતાની સમક્ષ રજૂ કરેલા તેવી વ્યક્તિના હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજો જપ્ત કરી શકશે અને તે બદલ પહોંચ આપી શકશે અને આ અધિનિયમ અથવા તે

હેઠળ કરેલા નિયમો હેઠળની કોઇ કાર્યવાહીના સંબંધમાં અદાલતી કાર્યવાહી (પ્રોસિક્યુશન) માટે જરૂરી હોય તેટલા સમય સુધી તેને રાખી શકશે.

(૧૨) કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારી, કોઇ વેરાપાત્ર વ્યક્તિ દ્વારા પુરવઠાના વેરા ભરતિયાં અથવા બિલ કાઢી આપ્યાની ચકાસણી કરવા, તેમણે અધિકૃત કરેલી વ્યક્તિ દ્વારા તેવા વેરાપાત્ર વ્યકિતના ધંધાના સ્થળેથી કોઇ માલ અથવા સેવાની અથવા તે બન્નેની ખરીદી કરાવી શકશે અને એવા અધિકારીએ ખરીદી કરેલ એવો માલ પરત કરવામાં આવ્યે, એવી વેરાપાત્ર વ્યક્તિ અથવા ધંધાની જગાનો હવાલો ધરાવતી કોઇ વ્યક્તિએ, અગાઉ કાઢી આપેલ પુરવઠાના વેરા ભરતિયાં અથવા બિલને રદ કર્યા પછી, માલ પેટે એવી ચૂકવેલ રકમ રિફંડ આપવી જોઇશે.

માર્ગસ્થ માલની તપાસ .

૬૮. (૧) સરકાર, નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કરતાં વધુ કિંમતના માલના કોઇ કન્સાઇનમેન્ટને લઇ જતા વાહનનો હવાલો ધરાવતી વ્યકિતને, ઠરાવવામાં આવે તેવા દસ્તાવેજો અને તેવા સાધનો પોતાની સાથે લઇ જવા ફરમાવી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ પોતાની સાથે લઇ જવા ફરમાવેલ દસ્તાવેજોની વિગતો, ઠરાવવામાં આવે તેવી રીતે માન્ય કરવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ કોઇ વાહનને, યોગ્ય અધિકારી દ્વારા કોઇ સ્થળે આંતરવામાં આવે ત્યારે, તે, સદરહુ વાહનનો હવાલો ધરાવતી વ્યકિતને, સદરહુ પેટા-કલમ હેઠળ ઠરાવેલ દસ્તાવેજો અને સાધનો ખરાઇ કરવા માટે રજૂ કરવા ફરમાવી શકશે અને સદરહુ વ્યકિત, દસ્તાવેજો અને સાધનો રજૂ કરવા જવાબદાર રહેશે અને માલની તપાસ કરવાની પણ છૂટ આપશે.

ધરપકડની સત્તા.

૬૯. (૧) કમિશનરને એમ માનવાને કારણો હોય કે વ્યક્તિએ, સદરહુ કલમની પેટા-કલમ (૧)ના ખંડ (૧) અથવા ખંડ (૨) અથવા પેટા-કલમ (૨) હેઠળ શિક્ષાપાત્ર હોય તેવો કલમ ૧૩૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા ખંડ (ખ) અથવા ખંડ (ગ) અથવા ખંડ (ઘ)માં નિર્દિષ્ટ કરેલો કોઇ ગુનો કરેલ છે ત્યારે, તે, હુકમથી, એવી વ્યક્તિની ધરપકડ કરવા રાજ્ય વેરાના કોઇ અધિકારીને, અધિકૃત કરી શકશે.

(૨) કલમ ૧૩૨ની પેટા-કલમ (૫) હેઠળ નિર્દિષ્ટ કરેલા ગુના માટે પેટા-કલમ (૧) હેઠળ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હોય, ત્યારે તે વ્યક્તિની ધરપકડ કરવા માટે અધિકૃત કરેલા અધિકારીએ એવી વ્યક્તિને ધરપકડના કારણોની જાણ કરવી જોઇશે અને ચોવીસ કલાકની અંદર તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જોઇશે.

INDEX

સન ૧૯૭૪નો ૨જો.

(૩) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની જોગવાઇઓને અધીન રહીને,

(ક) કલમ ૧૩૨ની પેટા-કલમ (૪) હેઠળ નિર્દિષ્ટ કરેલા કોઇ ગુના માટે વ્યક્તિની પેટા-કલમ (૧) હેઠળ ધરપકડ કરી હોય ત્યારે, તેને, જામીન આપવામાં આવશે અથવા જામીનમાં કસૂર બદલ, મેજિસ્ટ્રેટની કસ્ટડીમાં મોકલવામાં આવશે.

(ખ) પોલીસ અધિકાર સિવાયના અને જામીનપાત્ર ગુનાના કિસ્સામાં, નાયબ કમિશનર અથવા મદદનીશ કમિશનરને, ધરપકડ કરાયેલી વ્યક્તિને જામીન પર અથવા અન્યથા છોડવાના હેતુ માટે, પોલીસ સ્ટેશનના ઇન-ચાર્જ અધિકારીને હોય તેવી જ સત્તા રહેશે અને તેઓ તેવી જ જોગવાઇઓને અધીન રહેશે.

સન ૧૯૦૮નો ૫-મો.

૭૦. (૧) આ અધિનિયમ હેઠળના યોગ્ય અધિકારીને, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ની જોગવાઇઓ હેઠળ દીવાની કોર્ટના કિસ્સામાં જોગવાઇ કર્યા મુજબની રીતે કોઇ તપાસમાં પુરાવો આપવા માટે અથવા દસ્તાવેજ અથવા અન્ય કોઇ વસ્તુ રજૂ કરવા માટે જેની હાજરી પોતાને જરૂરી જણાય તેવી કોઇ વ્યકિતને બોલાવવાની સત્તા રહેશે. પુરાવા આપવા અને દસ્તાવેજો રજૂ કરવા માટે વ્યક્તિઓને બોલાવવાની સત્તા.

સન ૧૮૬૦નો ૪૫મો.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ એવી દરેક તપાસને, ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૯૩ અને કલમ ૨૨૮ ના અર્થ મુજબ "અદાલતી કાર્યવાહી" હોવાનું ગણવામાં આવશે.

૭૧. (૧) સંયુક્ત કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા યોગ્ય અધિકારીએ અધિકૃત કરેલ આ અધિનિયમ હેઠળના કોઇ અધિકારી, હિસાબોના ચોપડા, દસ્તાવેજો, કોમ્પ્યુટરો, કોમ્પ્યુટર પ્રોગ્રામ, કોમ્પ્યુટરમાં ઇન્સ્ટોલ કરેલા કે અન્ય કોમ્પ્યુટર સોફ્ટવેર અને પોતે ફરમાવે તેવી અને એવા સ્થળે ઉપલબ્ધ હોય તેવી અન્ય વસ્તુઓની, મહેસૂલના હિતનું રક્ષણ કરવા જરૂરી હોય તેવા કોઇ ઓડિટ, ચકાસણી, ખરાઇ અને તપાસ કરવાના હેતુઓ માટે, તપાસ કરવા, નોંધાયેલી વ્યક્તિના ધંધાના કોઇ સ્થળે પ્રવેશ કરી શકશે. ધંધાની જગામાં પ્રવેશ.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ સ્થળનો હવાલો ધરાવતી દરેક વ્યક્તિએ, માંગણી થયે, પેટા-કલમ (૧) હેઠળના અધિકૃત અધિકારી અથવા યોગ્ય અધિકારીએ નિયુકત કરેલ ઓડિટ પક્ષકારને અથવા કલમ ૬૬ હેઠળ નામનિયુકત થયેલા કોસ્ટ એકાઉન્ટન્ટ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને,-

(૧) નોંધાયેલી વ્યક્તિએ તૈયાર કરેલ અથવા નિભાવેલ અને ઠરાવવામાં આવે તેવી રીતે યોગ્ય અધિકારી સમક્ષ જાહેર કરેલ રેકર્ડ;

(૨) કાચું સરવૈયું (ટ્રાયલ બેલેન્સ) અથવા તેની સમકક્ષના દસ્તાવેજ;

(૩) ફરમાવવામાં આવે ત્યારે, યોગ્ય રીતે ઓડિટ કરેલ વાર્ષિક નાણાકીય હિસાબોના પત્રકો;

(૪) કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૪૮ હેઠળનો પડતર (કોસ્ટ) ઓડિટ અહેવાલ, કોઇ હોય તો; સન ૨૦૧૩નો ૧૮મો.

(૫) આવક-વેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૪૪કખ હેઠળનો આવક વેરાનો ઓડિટ અહેવાલ, કોઇ હોય તો; અને સન ૧૯૬૧નો ૪૩મો.

(૬) કોઇ અન્ય સંબંધિત રેકર્ડ;

એવી માંગણી કરવામાં આવી હોય તે દિવસથી કામકાજના પંદર કરતાં વધુ નહિ તેટલી મુદત અથવા સદરહુ અધિકારી અથવા ઓડિટ પક્ષકાર અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ છૂટ આપે તેટલી વધુ મુદતની અંદર, અધિકારી અથવા ઓડિટ પક્ષકાર અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટને ચકાસણી કરવા માટે ઉપલબ્ધ કરાવવું જોઇશે.

અધિકારીઓએ યોગ્ય અધિકારીને મદદ કરવા બાબત.

૭૨. (૧) પોલીસ, રેલવે, કસ્ટમ્સના તમામ અધિકારીઓએ અને ગ્રામ્ય અધિકારીઓ, કેન્દ્રીય વેરાના અધિકારીઓ અને સંઘ રાજ્યક્ષેત્રના વેરા અધિકારીઓ સહિતના જમીન મહેસૂલની વસૂલાત કરવામાં રોકાયેલા અધિકારીઓએ, આ અધિનિયમના અમલીકરણમાં યોગ્ય અધિકારીને મદદ કરવી જોઇશે.

(૨) સરકાર, જાહેરનામાથી, કમિશનર ધ્વારા એમ કરવાનું કહેવામાં આવે, ત્યારે આ અધિનિયમના અમલીકરણમાં, યોગ્ય અધિકારીઓને મદદ કરવા માટે અધિકારીઓના કોઇ બીજા વર્ગને સત્તા આપી શકશે અને ફરમાવી શકશે.

INDEX

પ્રકરણ ૧૫
માંગણી અને વસૂલાત

કપટ અથવા સ્વેચ્છાપૂર્વક કોઇ ખોટું નિવેદન આપવા અથવા હકીકત છુપાવવાના કારણ સિવાયના કોઇ કારણસર વેરો ન ચૂકવવા અથવા ઓછો વેરો ભરવા અથવા ભૂલથી રિફંડ આપવા અથવા ઇનપુટ વેરા શાખ ખોટી રીતે લેવા અથવા ઉપયોગ કરવાની બાબત અંગે નિર્ણય કરવા બાબત .

૭૩. (૧) યોગ્ય અધિકારીને એમ જણાય કે કપટ અથવા સ્વેચ્છાપૂર્વક કોઇ ખોટું નિવેદન આપવા અથવા હકીકત છુપાવવાના કારણ સિવાયના કોઇ કારણસર કોઇ વેરો ચૂકવવામાં આવેલ નથી અથવા ઓછો વેરો ભરેલ છે અથવા ભૂલથી રિફંડ આપેલ છે અથવા ઇનપુટ વેરા શાખ ખોટી રીતે લીધેલ છે અથવા ઉપયોગ કરેલ છે ત્યારે, તેણે, એવી વેરાપાત્ર વ્યક્તિ કે જેણે વેરો ચૂકવેલ ન હોય અથવા ઓછો ચૂકવેલ હોય અથવા જેને ભૂલથી રિફંડ આપેલ હોય અથવા જેણે ખોટી રીતે ઇનપુટ વેરા શાખ લીધી હોય અથવા ઉપયોગ કરેલ હોય તેવી વ્યક્તિ ઉપર, કલમ ૫૦ હેઠળ તેના પર ચૂકવવાપાત્ર વ્યાજ સહિત નોટિસમાં જણાવેલ રકમ અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ લેવાપાત્ર દંડ શા માટે તેણે ભરવો જોઇએ નહિ તેના કારણો દર્શાવવા ફરમાવતી નોટિસ બજાવવી જોઇશે.

(૨) યોગ્ય અધિકારીએ, હુકમ કાઢવા માટેની પેટા-કલમ (૧૦)માં જણાવેલ સમય-મર્યાદાના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાં, પેટા-કલમ (૧) હેઠળની નોટિસ બજાવવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કોઇ મુદત માટે નોટિસ કાઢવામાં આવેલ હોય ત્યારે, યોગ્ય અધિકારી, ન ભરેલ કે ઓછા ભરેલ વેરા અથવા ભૂલથી કરેલા રિફંડની અથવા પેટા-કલમ (૧) હેઠળ આવરી લીધેલ મુદત સિવાયની મુદતો માટે ખોટી રીતે લીધેલ અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની વિગતો ધરાવતું પત્રક, વેરાપાત્ર વ્યક્તિ ઉપર બજાવી શકશે.

(૪) એવા પત્રકની બજવણીને, પેટા-કલમ (૧) હેઠળ આવરી લીધેલ મુદત સિવાયની વેરા મુદતો માટે જેના પર આધાર રાખવામાં આવેલ હોય તે કારણો, અગાઉની નોટિસમાં જણાવેલ કારણો જ હતાં એવી શરતને અધીન રહીને, પેટા-કલમ (૧) હેઠળ એવી વ્યક્તિ ઉપર કરવામાં આવેલ નોટિસની બજવણી તરીકે ગણવામાં આવશે.

(૫) વેરાપાત્ર વ્યક્તિ, પેટા-કલમ (૧) હેઠળની નોટિસની અથવા યથાપ્રસંગ, પેટા કલમ (૩) હેઠળના પત્રકની બજવણી કરતાં પહેલાં, એવા વેરાની તેણે પોતે કરેલી ખાતરીના આધારે અથવા યોગ્ય અધિકારીએ ખાતરી કરેલ વેરાને આધારે, કલમ ૫૦

INDEX

હેઠળ તેના પર ચૂકવવાપાત્ર વ્યાજ સહિત વેરાની રકમ ચૂકવી શકશે અને એવી ચુકવણી કર્યાની જાણ, યોગ્ય અધિકારીને લેખિતમાં કરી શકશે.

(૬) યોગ્ય અધિકારીએ, એવી માહિતી મળ્યે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ એવી રીતે ચૂકવેલ વેરાના અથવા ચૂકવવાપાત્ર કોઇ દંડના સબંધમાં, પેટા-કલમ (૧) હેઠળની કોઇ નોટિસ અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૩) હેઠળના પત્રકની બજવણી કરવી જોઇશે નહિ.

(૭) યોગ્ય અધિકારીનો એવો અભિપ્રાય હોય કે પેટા-કલમ (૫) હેઠળ ચૂકવેલી રકમ, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી છે ત્યારે, તેણે, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી હોય તેવી રકમના સબંધમાં, પેટા-કલમ (૧)માં જોગવાઇ કર્યા પ્રમાણે નોટિસ કાઢવા અંગેની કાર્યવાહી કરવી જોઇશે.

(૮) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૩) હેઠળની કોઇ વેરાપાત્ર વ્યક્તિ, કારણદર્શક નોટિસ કાઢયાના ત્રીસ દિવસની અંદર, કલમ ૫૦ હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ સહિત સદરહુ વેરો ચૂકવે ત્યારે, કોઇ દંડ ચૂકવવાપાત્ર થશે નહિ અને સદરહુ નોટિસના સબંધમાંની તમામ કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

(૯) યોગ્ય અધિકારીએ, વેરાપાત્ર વ્યક્તિએ કરેલી રજૂઆત, કોઇ હોય તો, તેની વિચારણા કર્યા પછી, એવી વ્યક્તિ પાસેના લેણાં, વેરાના દસ ટકા જેટલી અથવા દસ હજાર રૂપિયા, એ બેમાંથી જે વધુ હોય તેટલી વેરા, વ્યાજ અને દંડની રકમ નક્કી કરવી જોઇશે અને હુકમ કરવો જોઇશે.

(૧૦) યોગ્ય અધિકારીએ, જે વર્ષ માટે વેરો ભરેલ ન હોય અથવા ઓછો ભરેલો હોય અથવા ખોટી રીતે ઇનપુટ વેરા શાખ લીધેલી હોય કે ઉપયોગ કરેલ હોય તે નાણાકીય વર્ષ માટેનું વાર્ષિક પત્રક પૂરું પાડવા માટેની છેલ્લી તારીખથી ત્રણ વર્ષની અંદર અથવા ભૂલથી રિફંડ આપેલ હોય તે તારીખથી ત્રણ વર્ષની અંદર, પેટા-કલમ (૯) હેઠળનો હુકમ કરવો જોઇશે.

(૧૧) પેટા-કલમ (૬) અથવા પેટા-કલમ (૮)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સ્વ-આકારેલ વેરાની કોઇ રકમ અથવા વેરા તરીકે વસૂલ કરેલ કોઇ રકમ, એવો વેરો ચૂકવવાની છેલ્લી તારીખથી ત્રીસ દિવસની મુદતમાં ભરેલ ન હોય, ત્યારે પેટા–કલમ (૯) હેઠળનો દંડ ચૂકવવો જોઇશે.

INDEX

કપટ અથવા સ્વેચ્છાપૂર્વક કોઇ ખોટું નિવેદન આપવા અથવા હકીકત છુપાવવાના કારણ સિવાયના કોઇ કારણસર વેરો ન ચૂકવવા અથવા ઓછો વેરો ભરવા અથવા ભૂલથી રિફંડ આપવા અથવા ઇનપુટ વેરા શાખ ખોટી રીતે લેવા અથવા ઉપયોગ કરવાની બાબત અંગે નિર્ણય કરવા બાબત.

૭૪. (૧) યોગ્ય અધિકારીને એમ જણાય કે કપટ અથવા સ્વેચ્છાપૂર્વક કોઇ ખોટું નિવેદન આપવા અથવા હકીકત છુપાવવાના કારણ સિવાયના કોઇ કારણસર કોઇ વેરો ચૂકવવામાં આવેલ નથી અથવા ઓછો વેરો ભરેલ છે અથવા ભૂલથી રિફંડ આપેલ છે અથવા ઇનપુટ વેરા શાખ ખોટી રીતે મેળવેલ છે અથવા ઉપયોગ કરેલ છે, ત્યારે તેણે એવી વેરાપાત્ર વ્યક્તિ કે જેણે વેરો ચૂકવેલ ન હોય અથવા ઓછો ચૂકવેલ હોય અથવા જેને ભૂલથી રિફંડ આપેલ હોય અથવા જેણે ખોટી રીતે ઇનપુટ વેરા શાખ લીધી હોય અથવા ઉપયોગ કરેલ હોય તેવી વ્યકિતને, નોટિસમાં નિર્દિષ્ટ કરેલી રકમ તેમજ કલમ ૫૦ હેઠળ તેની ઉપર ચૂકવવાપાત્ર વ્યાજની રકમ અને નોટિસમાં નિર્દિષ્ટ કરેલ વેરા જેટલો જ દંડ તેણે શા માટે ભરવો જોઇએ નહિ તેના કારણો દર્શાવવા ફરમાવતી નોટિસ બજાવવી જોઇશે.

(૨) યોગ્ય અધિકારીએ, હુકમ કાઢવા માટેની પેટા- કલમ (૧૦)માં જણાવેલ સમય-મર્યાદાના ઓછામાં ઓછા છ મહિના પહેલાં પેટા-કલમ (૧) હેઠળની નોટિસ બજાવવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કોઇ મુદત માટે નોટિસ કાઢવામાં આવેલ હોય ત્યારે, યોગ્ય અધિકારી, ન ભરેલ કે ઓછા ભરેલ વેરા અથવા ભૂલથી કરેલા રિફંડની અથવા પેટા-કલમ (૧) હેઠળ આવરી લીધેલ મુદત સિવાયની મુદતો માટે ખોટી રીતે લીધેલ અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખ ધરાવતું પત્રક, વેરાપાત્ર વ્યક્તિ ઉપર બજાવી શકશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ પત્રકની બજવણીને, પેટા-કલમ (૧) હેઠળ આવરી લીધેલ મુદત સિવાયની મુદતો માટે, કપટ અથવા સ્વેચ્છાપૂર્વકના કોઇ ખોટા નિવેદન અથવા વેરો ટાળવા કોઈ હકીકત છુપાવવાના કારણો સિવાયના જે કારણો પર આધાર રાખવામાં આવ્યો હોય તે કારણો, અગાઉની નોટિસમાં જણાવેલ કારણો જેવા જ હતાં એવી શરતને અધીન રહીને કલમ ૭૩ની પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલ નોટિસની બજવણી તરીકે ગણવામાં આવશે.

(૫) વેરાપાત્ર વ્યક્તિ, પેટા-કલમ (૧) હેઠળની નોટિસની બજવણી પહેલાં, એવા વેરાની તેણે પોતે કરેલી ખાતરીના આધારે અથવા યોગ્ય અધિકારીએ કરેલ ખાતરીને આધારે, કલમ ૫૦ હેઠળ તેના પર ચૂકવવાપાત્ર વ્યાજ અને એવા વેરાના પંદર ટકા જેટલા દંડ સહિત વેરાની રકમ ચૂકવી શકશે અને એવી ચૂકવણી કર્યાની જાણ, યોગ્ય અધિકારીને લેખિતમાં કરી શકશે.

INDEX

(૬) યોગ્ય અધિકારીએ, એવી માહિતી મળ્યે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ એવી રીતે ચૂકવેલ વેરાના અથવા ચૂકવવાપાત્ર કોઇ દંડના સબંધમાં, પેટા-કલમ (૧) હેઠળની કોઇ નોટિસની, બજવણી કરવી જોઇશે નહિ.

(૭) યોગ્ય અધિકારીનો એવો અભિપ્રાય હોય કે પેટા-કલમ (૫) હેઠળ ચૂકવેલી રકમ, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી છે ત્યારે, તેણે, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી હોય તેવી રકમના સબંધમાં, પેટા-કલમ (૧)માં જોગવાઇ કર્યા પ્રમાણે નોટિસ કાઢવા અંગેની કાર્યવાહી કરવી જોઇશે.

(૮) પેટા-કલમ (૧) હેઠળની કોઇ વેરાપાત્ર વ્યક્તિ, નોટિસ કાઢયાના ત્રીસ દિવસની અંદર, કલમ ૫૦ હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ સહિત સદરહુ વેરો અને એવા વેરાના પચીસ ટકા જેટલી રકમનો દંડ ચૂકવે ત્યારે, સદરહુ નોટિસના સબંધમાંની તમામ કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

(૯) યોગ્ય અધિકારીએ વેરાપાત્ર વ્યક્તિએ કરેલી રજૂઆત, કોઇ હોય તો, તેની વિચારણા કર્યા પછી, એવી વ્યક્તિ પાસેના લેણાં વેરા, વ્યાજ અને દંડની રકમ નક્કી કરવી જોઇશે અને હુકમ કરવો જોઈશે.

(૧૦) યોગ્ય અધિકારીએ, જે વર્ષ માટે વેરો ભરેલ ન હોય અથવા ઓછો ભરેલો હોય અથવા ખોટી રીતે ઇનપુટ વેરા શાખ લીધેલી હોય કે ઉપયોગ કરેલ હોય તે નાણાકીય વર્ષ માટેનું વાર્ષિક પત્રક પૂરું પાડવા માટેની છેલ્લી તારીખથી પાંચ વર્ષની અંદર અથવા ભૂલથી રિફંડ આપેલ હોય તે તારીખથી પાંચ વર્ષની અંદર, પેટા-કલમ (૯) હેઠળનો હુકમ કરવો જોઇશે.

(૧૧) કોઇ વ્યક્તિ તેના ઉપર પેટા-કલમ(૯) હેઠળ કાઢેલ હુકમની જાણ થયાના ત્રીસ દિવસની અંદર, કલમ ૫૦ હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ સહિત વેરો અને એવા વેરાના પચાસ ટકા જેટલી રકમનો દંડ ચૂકવે ત્યારે, સદરહુ નોટિસના સંબંધમાંની તમામ કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ ૧.- કલમ ૭૩ અને આ કલમના હેતુઓ માટે,-

(૧) "સદરહુ નોટિસના સંબંધમાંની તમામ કાર્યવાહીઓ" એ શબ્દપ્રયોગમાં, કલમ ૧૩૨ હેઠળની કાર્યવાહીઓનો સમાવેશ થશે નહીં ;

INDEX

(૨) તે જ કાર્યવાહીઓ હેઠળની નોટિસ, વેરો ચૂકવવા જવાબદાર મુખ્ય વ્યક્તિ અને કેટલીક અન્ય વ્યક્તિઓને આપવામાં આવે અને મુખ્ય વ્યક્તિ સામેની એવી કાર્યવાહીઓ કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ પૂરી થયેલી હોય ત્યારે, કલમો ૧૨૨, ૧૨૫, ૧૨૯ અને ૧૩૦ હેઠળ દંડ ચૂકવવા જવાબદાર તમામ વ્યક્તિઓ સામેની કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ ૨.- આ અધિનિયમના હેતુઓ માટે "માહિતી છુપાવવી" એ શબ્દપ્રયોગનો અર્થ, કોઇ વેરાપાત્ર વ્યકિતએ આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ પત્રક, નિવેદન, અહેવાલ અથવા પૂરા પાડેલ અન્ય કોઇ દસ્તાવેજમાં જાહેર કરવાનું જરૂરી હોય તેવી હકીકતો અથવા માહિતી જાહેર ન કરવી અથવા યોગ્ય અધિકારીએ જે માહિતી માંગેલી હોય તે માહિતી લેખિતમાં પૂરી ન પાડવી એવો થશે.

વેરા નિર્ધારણને લગતી સામાન્ય જોગવાઇઓ.

૭૫. (૧) જ્યારે કોઇ કોર્ટ અથવા અપીલ ટ્રિબ્યુનલના હુકમથી નોટિસની બજવણી કરવાની અથવા હુકમ કાઢવાની મનાઇ કરવામાં આવેલ હોય ત્યારે, આવી મનાઇ કરવામાં આવેલી મુદતને, કલમ ૭૩ની પેટા-કલમો (૨) અને (૧૦) અથવા યથાપ્રસંગ, કલમ ૭૪ની પેટા-કલમ (૨) અને (૧૦)-માં નિર્દિષ્ટ કરેલી મુદતની ગણતરી કરવામાં બાકાત કરવી જોઇશે.

(૨) કોઇ એપેલેટ ઓથોરિટી અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા કોર્ટ એવા નિષ્કર્ષ પર આવે કે કલમ ૭૪ની પેટા-કલમ (૧) હેઠળ કાઢેલી નોટિસ જે વ્યક્તિની સામે આવી નોટિસ કાઢવામાં આવી હોય તેની સામેના કપટ અથવા વેરો ટાળવા માટે સ્વેચ્છાપૂર્વકના ખોટા નિવેદન અથવા હકીકતો છુપાવવાના આરોપો સાબિત કરવામાં આવેલ નથી તે કારણસર, ટકી શકે તેમ નથી ત્યારે, યોગ્ય અધિકારીએ કલમ ૭૩ની પેટા-કલમ (૧) હેઠળ નોટિસ કાઢવામાં આવી હતી એમ માનીને એવી વ્યક્તિ દ્વારા ચૂકવવાપાત્ર વેરો નક્કી કરવો જોઇશે.

(૩) એપેલેટ ઓથોરિટી અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા કોર્ટના આદેશ અનુસાર કોઇ હુકમ કરવો જરૂરી હોય ત્યારે, એવો હુકમ, સદરહુ આદેશની જાણ થયાની તારીખથી બે વર્ષની અંદર કરવો જોઇશે.

INDEX

(૪) વેરો અથવા દંડ ચૂકવવાપાત્ર વ્યક્તિ તરફથી લેખિતમાં વિનંતી કરવામાં આવે ત્યારે અથવા એવી વ્યક્તિ વિરુધ્ધ કોઇ પ્રતિકૂળ નિર્ણય લેવા ધારેલ હોય ત્યારે, સુનાવણીની તક આપવી જોઇશે.

(૫) યોગ્ય અધિકારી, વેરાપાત્ર વ્યક્તિ પૂરતું કારણ દર્શાવે, તો સદરહુ વ્યક્તિને સમય આપશે અને લેખિતમાં કારણોની નોંધ કરીને સુનાવણી મુલતવી રાખશે :

પરંતુ કાર્યવાહીઓ દરમિયાન કોઇ પણ વ્યક્તિની સુનાવણી ત્રણ કરતાં વધુ વાર એવી રીતે મુલતવી રાખવામાં આવશે નહીં.

(૬) યોગ્ય અધિકારીએ, પોતાના હુકમમાં, પોતાના નિર્ણયની સંબંધિત હકીકતો અને આધાર જણાવવો જોઇશે.

(૭) હુકમમાં માંગેલ વેરો, વ્યાજ અને દંડની રકમ, નોટિસમાં નિર્દિષ્ટ રકમ કરતાં વધુ હોવી જોઇશે નહિ અને નોટિસમાં નિર્દિષ્ટ કરેલા કારણો સિવાયના બીજા કોઇ કારણસર માંગણીને બહાલી આપવી જોઇશે નહિ.

(૮) એપેલેટ ઓથોરિટી, અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા કોર્ટ, યોગ્ય અધિકારીએ નક્કી કરેલી વેરાની રકમમાં ફેરફાર કરે, ત્યારે વ્યાજ અને દંડની રકમ, એવી રીતે ફેરફાર કરેલી વેરાની રકમને લક્ષમાં લઇને, તદનુસાર ફેરફાર થયેલી રહેશે.

(૯) વેરા જવાબદારી નક્કી કરતા હુકમમાં નિર્દિષ્ટ કરેલ હોય કે ન હોય, તો પણ, ઓછા ચૂકવેલા અથવા નહિ ચૂકવેલા વેરા ઉપરનું વ્યાજ ચૂકવવાપાત્ર થશે.

(૧૦) કલમ ૭૩ની પેટા-કલમ (૧૦)માં જોગવાઇ કર્યા પ્રમાણે ત્રણ વર્ષની અંદર અથવા કલમ ૭૪ની પેટા-કલમ (૧૦)માં જોગવાઇ કર્યા પ્રમાણે પાંચ વર્ષની અંદર હુકમ કાઢવામાં ન આવે, તો ન્યાયનિર્ણય કાર્યવાહીઓ પૂરી થયેલી ગણાશે.

(૧૧) જે મુદ્દા પર એપેલેટ ઓથોરિટી અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા હાઇકોર્ટે પોતાનો નિર્ણય આપેલ હોય જે બીજી અમુક કાર્યવાહીમાંના મહેસૂલ હિતને પ્રતિકૂળ હોય અને એપેલેટ ઓથોરિટી અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા હાઇકોર્ટના એવા નિર્ણયની સામે એપેલેટ ટ્રિબ્યુનલ અથવા હાઇકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં અપીલ પડતર હોય ત્યારે, એપેલેટ ઓથોરિટીના નિર્ણયની અને એપેલેટ ટ્રિબ્યુનલના નિર્ણયની તારીખ

INDEX

વચ્ચેની અથવા એપેલેટ ટ્રિબ્યુનલના નિર્ણયની અને હાઇકોર્ટના નિર્ણયની તારીખ વચ્ચેની અથવા હાઇકોર્ટના નિર્ણયની અને સુપ્રીમ કોર્ટના નિર્ણયની તારીખ વચ્ચેની વીતેલી મુદતને, કલમ ૭૩ની પેટા-કલમ (૧૦) અથવા કલમ ૭૪ની પેટા-કલમ (૧૦) હેઠળ કારણદર્શક નોટિસ આપીને કાર્યવાહીઓ શરૂ કરવામાં આવી હોય, ત્યારે સદરહુ કલમોમાં ઉલ્લેખેલ મુદતની ગણતરી કરવામાંથી બાકાત રાખવી જોઇશે.

(૧૨) કલમ ૭૩ અથવા કલમ ૭૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૩૯ હેઠળ પૂરા પાડેલ પત્રક અનુસાર સ્વ-આકારેલી વેરાની રકમ, પૂર્ણતઃ અથવા અંશતઃ વણચૂકવાયેલી રહે અથવા એવા વેરા પર ચૂકવવાપાત્ર કોઇ વ્યાજની રકમ વણચૂકવાયેલી રહે ત્યારે, તેની વસૂલાત, કલમ ૭૯ની જોગવાઇઓ હેઠળ કરવી જોઇશે.

(૧૩) કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ કોઇ દંડ લાદવામાં આવેલ હોય, ત્યારે એવા જ કોઇ કૃત્ય અથવા ચૂક બદલ, આ અધિનિયમની કોઇ અન્ય જોગવાઇ હેઠળ તે જ વ્યક્તિ પર કોઇ દંડ લાદવામાં આવશે નહિ.

ઉઘરાવેલ વેરો સરકારને નહિ ચૂકવવા બાબત.

૭૬. (૧) કોઇ એપેલેટ ઓથોરિટી અથવા એપેલેટ ટ્રિબ્યુનલ અથવા કોર્ટના કોઇ હુકમ અથવા આદેશમાં અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદાની અન્ય કોઇ જોગવાઇઓમાં વિરુધ્ધનો કોઇપણ મજકૂર હોય તેમ છતાં, જેણે આ અધિનિયમ હેઠળ વેરા તરીકેની કોઇ રકમ કોઇ અન્ય વ્યક્તિ પાસેથી ઉઘરાવેલ હોય અને સરકારને સદરહુ રકમ ચૂકવેલી ન હોય તેવી દરેક વ્યક્તિએ, જે પુરવઠાના સંબંધમાં આવી રકમ વસૂલ કરવામાં આવી હોય તે પુરવઠો વેરાપાત્ર હોય કે ન હોય તે બાબત લક્ષમાં લીધા સિવાય, તરત જ, સદરહુ રકમ સરકારને ચૂકવવી જોઇશે.

(૨) કોઇ રકમ પેટા-કલમ (૧) હેઠળ સરકારને ચૂકવવી જરૂરી હોય અને એવી રીતે ચૂકવેલ ન હોય ત્યારે, યોગ્ય અધિકારીએ એવી રકમ ચૂકવવાને જવાબદાર હોય તેવી વ્યક્તિને, નોટિસમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સદરહુ રકમ એવી વ્યક્તિએ શા માટે સરકારને ચૂકવેલ નથી અને આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ નોટિસમાં નિર્દિષ્ટ કરેલ રકમ જેટલો દંડ શા માટે તેના પર ન લાદવો તેના કારણો દર્શાવવા ફરમાવતી નોટિસ બજાવવી જોઇશે.

INDEX

(૩) યોગ્ય અધિકારીએ, પેટા-કલમ (૨) હેઠળ જેની ઉપર નોટિસ બજાવવામાં આવેલ હોય તેવી વ્યક્તિએ કરેલ રજૂઆત, કોઇ હોય, તો તેની વિચારણા કર્યા પછી, તેવી વ્યક્તિ પાસેથી લેણી થતી રકમ નક્કી કરવી જોઇશે અને ત્યારપછી તેવી વ્યક્તિએ એવી રીતે નક્કી કરેલ રકમ ચૂકવવી જોઇશે.

(૪) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી વ્યક્તિ, પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલી રકમ ચૂકવવા ઉપરાંત, તેણે આવી રકમ વસૂલ કર્યાની તારીખથી તે સરકારને એવી રકમ ચૂકવે તે તારીખ સુધી, કલમ ૫૦ હેઠળ નિર્દિષ્ટ કરેલ દરે, તેના ઉપર વ્યાજ ચૂકવવા પણ જવાબદાર થશે.

(૫) કારણદર્શક નોટિસ જેને બજાવવામાં આવી હોય તેવી વ્યક્તિ તરફથી લેખિતમાં વિનંતી મળે ત્યારે, સુનાવણીની તક આપવી જોઇશે.

(૬) યોગ્ય અધિકારીએ, નોટિસ કાઢ્યાની તારીખથી એક વર્ષની અંદર હુકમ કાઢવો જોઇશે.

(૭) કોર્ટ અથવા એપેલેટ ટ્રિબ્યુનલના હુકમથી, એવા હુકમ કાઢવા પર મનાઇ કરવામાં આવેલ હોય ત્યારે, એવી મનાઇની મુદતને, એક વર્ષની મુદતની ગણતરી કરવામાંથી બાકાત કરવી જોઇશે.

(૮) યોગ્ય અધિકારીએ, તેના હુકમમાં, પોતાના નિર્ણયની સંબંધિત હકીકતો અને આધાર જણાવવા જોઇશે.

(૯) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૩) હેઠળ સરકારને ચૂકવેલી રકમને, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ પુરવઠાના સબંધમાં, વ્યક્તિએ, ચૂકવવાપાત્ર વેરો, કોઇ હોય તો, તેની સામે સરભર કરવી જોઇશે.

(૧૦) પેટા-કલમ (૯) હેઠળ સરભર કર્યા પછી કોઇ ફાજલ રકમ બાકી રહે ત્યારે, એવી ફાજલ રકમ ફંડમાં જમા કરવી જોઇશે અથવા એવી રકમનું ભારણ જેણે વેઠ્યું હોય તેવી વ્યક્તિને રિફંડ કરવી જોઇશે.

(૧૧) રકમનું ભારણ જે વ્યક્તિએ વેઠ્યું હોય તે વ્યક્તિ, કલમ ૫૪ની જોગવાઇઓ અનુસાર તેના રિફંડ માટે અરજી કરી શકશે.

INDEX

ખોટી રીતે વેરો વસૂલ કરીને કેન્દ્ર સરકારને અથવા રાજ્ય સરકારને ચૂકવવા બાબત.

૭૭. (૧) રજિસ્ટર થયેલી વ્યક્તિએ રાજ્યાંતર્ગત પુરવઠા તરીકે ગણીને કરેલી લેવડદેવડ પર કેન્દ્રીય વેરો અને રાજ્યવેરો ચૂકવેલ હોય, પણ પાછળથી તેને આંતર-રાજ્ય પુરવઠા તરીકે ઠરાવવામાં આવે ત્યારે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને એવી રીતે ચૂકવેલ વેરાની રકમ તેને રિફંડ કરવી જોઇશે.

(૨) નોંધાયેલી વ્યક્તિએ આંતર-રાજ્ય પુરવઠા તરીકે ગણીને કરેલી લેવડદેવડ પર સંકલિત વેરો ચૂકવેલ હોય, પણ પાછળથી તેને રાજ્યાંતર્ગત પુરવઠા તરીકે ઠરાવવામાં આવે ત્યારે, ચૂકવવાપાત્ર રાજ્ય વેરાની રકમ ઉપર તેણે કોઇ વ્યાજ ચૂકવવાનું રહેશે નહિ.

વસૂલાતની કાર્યવાહીઓ શરૂ કરવા બાબત.

૭૮. આ અધિનિયમ હેઠળ પસાર કરેલ કોઇ હુકમ અનુસાર વેરાપાત્ર વ્યક્તિએ ચૂકવવાપાત્ર કોઇ રકમ, એવી વ્યકિતએ, એવા હુકમની બજવણીની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર ચૂકવવી જોઇશે અને તેમાં ચૂક થયે વસૂલાતની કાર્યવાહીઓ શરૂ કરવામાં આવશે :

પરંતુ યોગ્ય અધિકારીને મહેસૂલી હિતમાં ઇષ્ટ જણાય ત્યારે, તેઓ, લેખિતમાં કારણોની નોંધ કરીને, સદરહુ વેરાપાત્ર વ્યક્તિને, તેઓ નિર્દિષ્ટ કરે તેટલી ત્રણ મહિનાથી ઓછી મુદતની અંદર, એવી ચુકવણી કરવા ફરમાવી શકશે.

વેરાની વસૂલાત.

૭૯. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇ હેઠળ કોઇ વ્યક્તિએ સરકારને ચૂકવવાપાત્ર કોઇ રકમ ચૂકવેલ ન હોય ત્યારે, યોગ્ય અધિકારીએ, નીચે પૈકીની એક અથવા વધુ રીતે, રકમ વસૂલવાની કાર્યવાહી કરવી જોઇશે:-

(ક) યોગ્ય અધિકારી અથવા એવા બીજા નિર્દિષ્ટ કરેલ અધિકારીના નિયંત્રણ હેઠળના એવી વ્યક્તિના કોઇ નાણામાંથી, યોગ્ય અધિકારી, એવી ચૂકવવાપાત્ર રકમની કપાત કરી શકશે અથવા એવા બીજા નિર્દિષ્ટ અધિકારીને તે રકમની કપાત કરવા ફરમાવી શકશે;

(ખ) યોગ્ય અધિકારી અથવા એવા બીજા નિર્દિષ્ટ અધિકારીના નિયંત્રણ હેઠળના એવી વ્યક્તિના માલને અટકાવીને અને વેચીને, યોગ્ય અધિકારી, એવી ચૂકવવાપાત્ર રકમ વસૂલ કરી શકશે અથવા એવા બીજા નિર્દિષ્ટ અધિકારીને તે રકમ વસૂલ કરવા ફરમાવી શકશે;

INDEX

(૧૧) (૧) યોગ્ય અધિકારી, લેખિતમાં નોટિસ આપીને, એવી વ્યક્તિના નાણા જેની પાસેથી લેણાં હોય અથવા લેણાં થઇ શકે તેવી કોઇ અન્ય વ્યક્તિને અથવા એવી વ્યક્તિ માટે અથવા તેના વતી નાણાં ધરાવતી હોય અથવા ત્યારપછીથી ધરાવી શકે તેવી વ્યક્તિને, લેણાં થતાં અથવા ધરાવેલ નાણા, તાત્કાલિક અથવા નાણા લેણા થાય કે ધરાવે તે પહેલાંની ન હોય તેવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલ મુદતમાં એવી વ્યકિત પાસેથી લેણી થતી રકમ ચૂકવવા પૂરતાં અથવા તે રકમ જેટલી જ રકમ હોય અથવા તેનાથી ઓછી રકમ હોય, ત્યારે સંપૂર્ણ નાણાં, સરકારને ચૂકવવા ફરમાવી શકશે;

(૨) પેટા-ખંડ (૧) હેઠળ જેના પર નોટિસ કાઢેલ હોય તેવી દરેક વ્યક્તિ, એવી નોટિસનું પાલન કરવા બંધાયેલી રહેશે અને ખાસ કરીને, જ્યારે એવી કોઇ નોટિસ ટપાલ કચેરી, બેકિંગ કંપની અથવા વીમો ઉતારનારને આપેલી હોય ત્યારે, વિરુદ્ધનો કોઇ નિયમ, પ્રણાલી અથવા કોઇ આવશ્યકતા હોય તેમ છતાં, ચુકવણી કરતાં પહેલાં, કરવાની કોઇ નોંધ, શેરા અથવા એવી અન્ય બાબતના હેતુ માટે, કોઇ પાસ-બુક, જમા-પહોંચ, પોલિસી અથવા કોઇ બીજો દસ્તાવેજ રજૂ કરવાનું જરૂરી રહેશે નહિ;

(૩) પેટા-ખંડ (૧) હેઠળ જેના પર નોટિસ કાઢેલી હોય તે વ્યક્તિના કિસ્સામાં, તદનુસાર સરકારને ચૂકવણી કરવામાં ચૂક કરે તો, તેને, નોટિસમાં નિર્દિષ્ટ કરેલ રકમના સબંધમાં કસૂરવાર ગણવામાં આવશે અને તે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળના તમામ પરિણામો ભોગવશે.

(૪) પેટા-ખંડ (૧) હેઠળ નોટિસ કાઢનાર અધિકારી, કોઇપણ સમયે, એવી નોટિસ સુધારી શકશે અથવા રદ કરી શકશે અથવા નોટિસ અનુસાર કોઇ ચુકવણી કરવાનો સમય લંબાવી શકશે.

INDEX

(૫) પેટા-ખંડ (૧) હેઠળ કાઢેલી નોટિસના પાલનમાં કોઇ ચુકવણી કરતી કોઇ વ્યક્તિએ, કસૂરવાર વ્યક્તિએ આપેલ અધિકાર હેઠળ ચુકવણી કરેલ હોવાનું ગણાશે અને એવી સરકારમાં જમા થયેલી રકમથી, રસીદમાં નિર્દિષ્ટ કરેલી રકમના પ્રમાણમાં એવી વ્યક્તિની કસૂરવાર વ્યકિત પ્રત્યેની જવાબદારી યોગ્ય અને પૂરતી રીતે અદા થયેલ હોવાનું ગણાશે.

(૬) પેટા-ખંડ (૧) હેઠળ કાઢેલી નોટિસની કસૂરવાર વ્યકિત ઉપર બજવણી કર્યા પછી કસૂરવાર વ્યક્તિ પ્રત્યેની કોઇ જવાબદારી અદા કરતી કોઇ વ્યકિત, તેણે નિભાવેલી જવાબદારીના પ્રમાણમાં, અથવા કસૂરવાર વ્યક્તિની વેરા, વ્યાજ અને દંડ માટેની જવાબદારીના પ્રમાણમાં, એ બેમાંથી જે ઓછું હોય તેટલા પ્રમાણમાં સરકારને વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે.

(૭) પેટા-ખંડ (૧) હેઠળ જેના ઉપર નોટિસ બજાવવામાં આવેલ હોય તે વ્યક્તિ, નોટિસ કાઢનાર વ્યક્તિને ખાતરી થાય તે રીતે સાબિત કરે કે માંગેલ નાણા કે તેના કોઇ ભાગ, તેને જ્યારે નોટિસ બજાવવામાં આવી ત્યારે, કસૂરવાર વ્યક્તિના લેણાં ન હતા અથવા કસૂરવાર વ્યક્તિ માટે અથવા તેના વતી તે કોઇ પણ નાણા ધરાવતી ન હતી અથવા માંગેલ નાણા અથવા તેનો કોઇ ભાગ, સદરહુ વ્યક્તિનો લેણો થવાનો નથી અથવા તેવી વ્યક્તિ માટે અથવા તેના વતી ધરાવવાની નથી, ત્યારે આ કલમના કોઇપણ મજકૂરથી, જેના પર નોટિસ બજાવવામાં આવેલી છે તેવી વ્યક્તિને એવા કોઇ પણ નાણાં અથવા તેનો ભાગ સરકારને ચૂકવવાનું ફરમાવેલ છે તેમ ગણાશે નહિ.

(ઘ) યોગ્ય અધિકારી, આ અર્થે કરવામાં આવે તેવા નિયમો અનુસાર, એવી વ્યક્તિની માલિકીની અથવા તેના નિયંત્રણ હેઠળની કોઇ જંગમ અથવા સ્થાવર મિલકત જપ્ત કરી શકશે અને ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી ન થાય ત્યાં સુધી તેને અટકમાં રાખી શકશે; અને ચૂકવવાપાત્ર સદરહુ રકમનો કોઇ ભાગ, અથવા

INDEX

જપ્તીનું અથવા મિલકત રાખવાનું ખર્ચ એવી કોઇ જપ્તી કર્યા પછીની ત્રીસ દિવસની મુદત સુધી વણચૂકવેલું રહે ત્યારે, સદરહુ મિલકતનું વેચાણ કરાવી શકશે અને એવા વેચાણની ઉપજથી, ચૂકવવાપાત્ર રકમ અને વણચૂકવેલ વેચાણના ખર્ચ સહિતના ખર્ચની રકમ સરભર કરી શકશે અને કોઇ ફાજલ રકમ હોય તો, એવી વ્યક્તિને આપી શકશે;

(ચ) યોગ્ય અધિકારી, એવી વ્યક્તિ પાસેથી લેણી થતી રકમ નિર્દિષ્ટ કરીને પોતે સહી કરેલું પ્રમાણપત્ર તૈયાર કરી શકશે અને એવી વ્યક્તિની કોઇ મિલકત જ્યાં આવેલી હોય અથવા તે જયાં રહેતી હોય અથવા પોતાનો ધંધો કરતી હોય તે જિલ્લાના કલેક્ટરને અથવા સરકારે અધિકૃત કરેલા કોઇ અધિકારીને મોકલી શકશે અને સદરહુ કલેક્ટર અથવા સદરહુ અધિકારીએ, એવું પ્રમાણપત્ર મળ્યે, તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ જાણે કે તે, જમીન મહેસૂલની બાકી હોય તેમ, એવી વ્યક્તિ પાસેથી વસૂલ કરવા માટેની કાર્યવાહી કરવી જોઇશે;

(છ) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, યોગ્ય અધિકારી, સમુચિત મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી ફાઇલ કરી શકશે અને એવા મેજિસ્ટ્રેટે તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ જાણે કે તે, તેમણે નાખેલ દંડ હોય તેમ, એવી વ્યક્તિ પાસેથી વસૂલ કરવા માટેની કાર્યવાહી કરવી જોઇશે. સન ૧૯૭૪નો ૨જો.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો અથવા વિનિયમો હેઠળ કરેલા કોઇ બોન્ડ અથવા લેખની શરતોમાં એવી જોગવાઇ કરેલી હોય કે એવા લેખ હેઠળ લેણી થતી કોઇ રકમ, પેટા-કલમ (૧)માં નિયત કરેલી રીતે વસૂલ કરી શકાશે ત્યારે, તે રકમ, વસૂલાતની અન્ય કોઇ રીતને બાધ આવ્યા સિવાય, તે પેટા-કલમની જોગવાઇઓ અનુસાર વસૂલ કરી શકાશે.

(3) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇ હેઠળ કોઇ વ્યક્તિ દ્વારા વેરા, વ્યાજ અથવા દંડની કોઇ રકમ સરકારને ચૂકવવાપાત્ર હોય અને તે વણચૂકવાયેલી રહે ત્યારે, કેન્દ્રીય વેરાના યોગ્ય અધિકારી, સદરહુ વેરાની બાકીની વસૂલાતના ક્રમ દરમિયાન, તે રકમ જાણે કે કેન્દ્રીય વેરાની બાકી હોય તેમ, સદરહુ

INDEX

વ્યક્તિ પાસેથી વસૂલ કરી શકશે અને એવી રીતે વસૂલેલી રકમ સરકારના ખાતામાં જમા કરી શકશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ વસૂલ કરેલી રકમ, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની લેણી થતી રકમ કરતાં ઓછી હોય ત્યારે, સંબંધિત સરકારોના ખાતામાં જમા કરવાની રકમ, એવી દરેક સરકારની લેણી થતી રકમના પ્રમાણસર રહેશે.

વેરા અને અન્ય રકમની હપતામાં ચુકવણી.

૮૦. વેરાપાત્ર વ્યક્તિ ધ્વારા અરજી કરવામાં આવ્યે, કમિશનર, લેખિતમાં કારણોની નોંધ કરીને, કલમ ૫૦ હેઠળ વ્યાજની ચુકવણીને અધીન રહીને અને ઠરાવવામાં આવે તેવી શરતો અને મર્યાદાને અધીન રહીને, ચુકવણી માટેનો સમય લંબાવી શકશે અથવા કોઇ પત્રકમાં સ્વ-આકારેલી જવાબદારી મુજબ લેણી થતી રકમ સિવાયની આ અધિનિયમ હેઠળ લેણી થતી કોઇ રકમની ચુકવણી, એવી વ્યક્તિ ધ્વારા ચોવીસ કરતાં વધુ નહિ તેટલા માસિક હપતામાં કરવાની છૂટ આપી શકશે:

પરંતુ તેની લેણી તારીખના રોજ કોઇ એક હપતાની ચુકવણી કરવામાં કસૂર થાય તો, એવી તારીખે ચૂકવવાપાત્ર સમગ્ર બાકી રકમ લેણી થશે અને તત્કાળ ચૂકવવાપાત્ર થશે અને એવી વ્યક્તિ ઉપર કોઇ વધુ નોટિસની બજવણી કર્યા વગર, વસૂલાતને પાત્ર થશે.

અમુક કિસ્સામાં મિલકતની તબદીલી રદ થવા બાબત.

૮૧. કોઇ વ્યક્તિ પાસેથી કોઇ રકમ લેણી થયા પછી, તે, પોતાની માલિકીની અથવા પોતાના કબજામાં રહેલી કોઇ પણ પ્રકારની મિલકતો પર, વેચાણ, ગીરો, ફેરબદલી અથવા અન્ય કોઇપણ તબદીલીની રીતે, કોઇ અન્ય વ્યક્તિની તરફેણમાં, સરકારી મહેસૂલ સાથે છેતરપિંડી કરવાના ઇરાદાથી, બોજો ઉભો કરે અથવા અથવા મિલકતની ફેરબદલી કરે ત્યારે, એવો બોજો અથવા તબદીલી, સદરહુ વ્યક્તિએ ચૂકવવાપાત્ર કોઇ વેરા અથવા કોઇ અન્ય રકમને સંબંધિત કોઇ દાવા સામે રદ થશે:

પરંતુ એવો બોજો અથવા તબદીલી પૂરતાં અવેજ આપીને, શુદ્ધબુદ્ધિપૂર્વક અને આ અધિનિયમ હેઠળની એવી કાર્યવાહીઓ પડતર હોવા અંગેની નોટિસ આપ્યા વિના અથવા સદરહુ વ્યક્તિએ ચૂકવવાપાત્ર એવા વેરા અથવા અન્ય રકમની નોટિસ આપ્યા વિના અથવા યોગ્ય અધિકારીની પૂર્વ-મંજૂરીથી કરેલ હોય તો રદ થશે નહિ.

INDEX

વેરો-એ મિલકત પરનો પ્રથમ બોજો ગણાશે.

૮૨. તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ઇન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી કોડ, ૨૦૧૬ માં અન્યથા જોગવાઇ કરેલ હોય તે સિવાય, સરકારને ચૂકવવા જવાબદાર હોય તેવા કોઇ વેરા, વ્યાજ અથવા દંડને લીધે વેરાપાત્ર વ્યક્તિ અથવા કોઇ અન્ય વ્યક્તિએ ચૂકવવાપાત્ર કોઇ રકમ, એવી વેરાપાત્ર વ્યક્તિ અથવા એવી વ્યક્તિની મિલકત ઉપર પ્રથમ બોજો રહેશે. સન ૨૦૧૬નો ૩૧મો.

અમુક કિસ્સામાં મહેસૂલનું રક્ષણ કરવા કામચલાઉ જપ્તી.

૮૩. (૧) કલમ ૬૨ અથવા કલમ ૬૩ અથવા કલમ ૬૪ અથવા કલમ ૬૭ અથવા કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળની કોઇ કાર્યવાહી પડતર હોય તે દરમિયાન, કમિશનરનો એવો અભિપ્રાય હોય કે સરકારી મહેસૂલના હિતના રક્ષણના હેતુ માટે એમ કરવું જરૂરી છે તો, તેઓ લેખિતમાં હુકમ કરીને, ઠરાવવામાં આવે તેવી રીતે વેરાપાત્ર વ્યક્તિની માલિકીની, બેંક ખાતા સહિતની કોઇ પણ મિલકત કામચલાઉ રીતે જપ્ત કરી શકશે.

(૨) આવી દરેક કામચલાઉ જપ્તી, પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલા હુકમની તારીખથી એક વર્ષની મુદત પૂરી થયા પછી, અમલમાં હોતી બંધ થશે.

વસૂલાતની અમુક કાર્યવાહીઓ ચાલુ રહેવા અને માન્ય રહેવા બાબત.

૮૪. આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર કોઇ વેરો, દંડ, વ્યાજ અથવા કોઇ અન્ય રકમ (આ કલમમાં, હવે પછી જેનો "સરકારી લેણાં" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સબંધમાં કોઇ માંગણીની નોટિસ, કોઇ વેરાપાત્ર વ્યક્તિ અથવા કોઇ અન્ય વ્યક્તિ ઉપર બજાવેલી હોય અને એવા સરકારી લેણાંના સબંધમાં કોઇ અપીલ અથવા ફેરવિચારણા અરજી ફાઇલ કરેલી હોય અથવા કોઇ અન્ય કાર્યવાહીઓ શરૂ કરેલી હોય ત્યારે-

(ક) એવી અપીલ, ફેરવિચારણા અથવા અન્ય કાર્યવાહીમાં વધારવામાં એવા સરકારી લેણાં આવે ત્યારે, કમિશનર, એવી વેરાપાત્ર વ્યક્તિ અથવા અન્ય કોઇ વ્યક્તિ ઉપર, જે રકમથી એવા સરકારી લેણાં વધાર્યા હોય તેટલી રકમના સંબંધમાં માંગણીની અન્ય નોટિસ બજાવશે અને એવી અપીલ, ફેરવિચારણા અથવા અન્ય કાર્યવાહીઓનો નિકાલ કરતાં પહેલાં તેના ઉપર બજાવેલી માંગણીની નોટિસથી આવરી લીધેલ હોય એવા સરકારી લેણાંને સંબંધિત કોઇ વસૂલાત કાર્યવાહીઓ, કોઇ નવી માંગણીની નોટિસની બજવણી કર્યા વિના, એવા નિકાલની તરત પહેલાં જે તબક્કે એવી કાર્યવાહીઓ હોય તે તબકકેથી ચાલુ રહેશે;

INDEX

(ખ) એવી અપીલ, ફેરવિચારણા અથવા અન્ય કાર્યવાહીઓમાં એવા સરકારી લેણાં ઘટાડવામાં આવે ત્યારે –

(૧) વેરાપાત્ર વ્યક્તિ ઉપર નવી માંગણીની નોટિસ બજાવવાનું કમિશનર માટે જરૂરી રહેશે નહિ;

(૨) કમિશનર, તેને અને જેની પાસે વસૂલાત કાર્યવાહીઓ પડતર હોય તેવા સમુચિત સત્તાધિકારીને એવા ઘટાડાની જાણ કરશે;

(૩) એવી અપીલ, ફેરવિચારણા અથવા અન્ય કાર્યવાહીઓનો નિકાલ કરતાં પહેલાં, તેના ઉપર બજાવેલી માંગણીના આધારે શરૂ કરેલી કોઇ વસૂલાત કાર્યવાહીઓ, એવા નિકાલની તરત પહેલાં જે તબક્કે એવી કાર્યવાહીઓ હોય તે તબક્કેથી એવી ઘટાડેલી રકમના સંબંધમાં ચાલુ રાખી શકાશે.

પ્રકરણ ૧૬

અમુક કિસ્સામાં ચૂકવવાની જવાબદારી

ધંધાની તબદીલીના કિસ્સામાં જવાબદારી.

૮૫. (૧) આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવા જવાબદાર હોય તેવી વેરાપાત્ર વ્યક્તિ, વેચાણ, બક્ષિસ, પટા, પરવાનગી અને લાઇસન્સ, ભાડેથી અથવા કોઇ પણ અન્ય રીતે , સમગ્રતઃ અથવા અંશતઃ રીતે પોતાનો ધંધો તબદીલ કરે ત્યારે, વેરાપાત્ર વ્યક્તિ અથવા જેને ધંધો એવી રીતે તબદીલ કરવામાં આવેલ હોય તે વ્યક્તિ, સંયુકત રીતે અને વ્યકિતગત રીતે, એવી તબદીલીના સમય સુધીના વેરાપાત્ર વ્યકિત પાસેથી લેણાં થતાં વેરા, વ્યાજ અથવા દંડની કોઇ રકમ સંપૂર્ણપણે અથવા એવી તબદીલીના પ્રમાણમાં ચૂકવવા જવાબદાર થશે, પછી આવી વેરા, વ્યાજ અથવા દંડની રકમ, આવી તબદીલી કરતાં પહેલાં નક્કી કરવામાં આવેલ હોય, પણ વણચુકવાયેલી રહેલ હોય અથવા ત્યાર બાદ નક્કી કરવામાં આવેલ હોય.

(૨) પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ ધંધાને તબદીલીથી લેનાર, તેના પોતાના નામે અથવા અમુક બીજા નામે એવો ધંધો ચલાવતો હોય ત્યારે, તેણે કરેલ માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠા પર એવી તબદીલીની તારીખથી વેરો ચૂકવવા જવાબદાર રહેશે અને તે, આ અધિનિયમ હેઠળ નોંધાયેલી વ્યક્તિ હોય, તો તેણે, ઠરાવેલ સમયની અંદર તેના નોંધણી પ્રમાણપત્રમાં સુધારો કરવા અરજી કરવી જોઇશે.

INDEX

એજન્ટ અને માલિકની જવાબદારી.

૮૬. એજન્ટ પોતાના માલિક વતી, કોઇપણ વેરાપાત્ર માલ મોકલે અથવા મેળવે ત્યારે, એવો એજન્ટ અને તેનો માલિક, સંયુકત રીતે અને વ્યકિતગત રીતે, આ અધિનિયમ હેઠળ એવા માલ ઉપર ચૂકવવાપાત્ર વેરો ભરવાને જવાબદાર થશે.

કંપની જોડાણ અથવા વિલય થવાના કિસ્સામાં જવાબદારી.

૮૭. (૧) કોર્ટના અથવા ટ્રિબ્યુનલના હુકમ અનુસાર અથવા અન્યથા બે અથવા વધારે કંપનીઓનું જોડાણ અથવા વિલીનીકરણ થાય અને હુકમની તારીખ પહેલાંની તારીખથી હુકમનો અમલ કરવાનો હોય અને આવી કોઇપણ બે અથવા તેથી વધુ કંપનીઓએ જે તારીખથી આવા હુકમનો અમલ થવાનો હોય તે તારીખથી શરૂ થતી અને હુકમની તારીખ સુધીની મુદત દરમિયાન કોઇ માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડેલ હોય અથવા એકબીજા પાસેથી મેળવેલ હોય ત્યારે, માલ મોકલવા અને મેળવવા અંગેની આવી લેવડદેવડોનો સંબંધિત કંપનીના મોકલેલ પુરવઠા અથવા મળેલ માલના ટર્નઓવરમાં સમાવેશ થશે અને તેઓ તદનુસાર વેરો ચૂકવવા જવાબદાર થશે.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે સદરહુ હુકમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સદરહુ બે અથવા વધુ કંપનીઓ, સદરહુ હુકમની તારીખ સુધીની મુદત માટે, વિશિષ્ટ કંપનીઓ તરીકે ગણાશે અને સદરહુ કંપનીના નોધણી પ્રમાણપત્રો સદરહુ હુકમની તારીખથી અમલમાં આવે તેમ રદ થયેલા ગણાશે.

ફડચામાં ગયેલી કંપનીના કિસ્સામાં કંપનીની જવાબદારી.

૮૮. (૧) કોઇ કોર્ટના અથવા ટ્રિબ્યુનલના હુકમ હેઠળ અથવા અન્યથા કોઇ કંપનીનું વિસર્જન કરવામાં આવે ત્યારે, કંપનીની કોઇપણ અસ્કયામતો મેળવનાર તરીકે નિમાયેલ દરેક વ્યકિતએ (જેનો આ કલમમાં હવે પછી, ફડચા અધિકારી (લિક્વીડેટર) તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે,) પોતાની નિમણૂક પછી ત્રીસ દિવસની મુદતની અંદર, કમિશનને પોતાની નિમણૂક અંગેની જાણ કરવી જાઇશે.

(૨) કમિશનરે, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી અને તેવી માહિતી મંગાવ્યા પછી, ફડચા અધિકારીની નિમણૂકની પોતાને જાણ થયાની તારીખથી ત્રણ મહિનાની મુદત અંદર, કમિશનરના અભિપ્રાય મુજબ કંપની દ્વારા તે સમયે ચૂકવવાપાત્ર હોય અથવા ત્યાર પછી ચૂકવવાપાત્ર બને તેવો સંભવ હોય તેવા કોઇ વેરા, વ્યાજ અથવા દંડ માટે જોગવાઇ કરવા માટે પૂરતી હોય તેટલી રકમની, ફડચા અધિકારીને જાણ કરવી જોઇશે.

(૩) કોઇપણ ખાનગી કંપનીનું વિસર્જન કરવામાં આવે અને કંપની ફડચામાં જતા પહેલા કે તે દરમિયાન અથવા તે પછી કોઇપણ મુદત માટે,*આ અધિનિયમ હેઠળ નક્કી કરેલ કોઇપણ વેરો, વ્યાજ અથવા દંડ કંપની પાસેથી વસૂલ કરી શકાયો ન હોય, ત્યારે જે મુદત દરમિયાન વેરો લેણો નીકળતો હોય તેવી મુદત દરમિયાનના કોઇપણ સમયે

INDEX

એવી કંપનીની ડિરેકટર હોય તેવી દરેક વ્યક્તિ એવા વેરા, વ્યાજ અથવા દંડ ભરવા માટે સંયુક્ત રીતે અને વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે, સિવાય કે તે કમિશનરને ખાતરી થાય તે રીતે પુરવાર કરે કે કંપનીના કામકાજના સંબંધમાં તેના પક્ષે થયેલ કોઇ ગંભીર ઉપેક્ષા, અપકરણ અથવા ફરજ ભંગ થવાના કારણે આવી બિનવસુલાત કરી શકાઇ ન હોય.

સન ૨૦૧૩નો ૧૮મો.

ખાનગી કંપનીના ડિરેકટરની જવાબદારી.

૮૯. (૧) કંપની અધિનિયમ, ૨૦૧૩-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇપણ મુદત માટે માલ અથવા સેવા પૂરી પાડવા અથવા તે બંનેના સંબંધમાં ખાનગી કંપની પાસેથી લેણો થતો કોઇ વેરો, વ્યાજ અથવા દંડ વસૂલ કરી શકાય નહિ, ત્યારે ખાનગી કંપનીની ડિરેકટર હોય તેવી દરેક વ્યક્તિ એવી મુદત દરમિયાન એવા વેરા, વ્યાજ અથવા દંડની ચુકવણી માટે સંયુક્ત રીતે અને વ્યકિતગત રીતે જવાબદાર રહેશે, સિવાય કે, તે એવું પુરવાર કરે કે કંપનીના કામકાજના સંબંધમાં તેના પક્ષે થયેલ કોઇ ગંભીર ઉપેક્ષા, અપકરણ અથવા ફરજના ભંગના કારણે આવી બિન-વસૂલાત કરી શકાઇ ન હોય.

(૨) કોઈ ખાનગી કંપનીનું જાહેર કંપનીમાં રૂપાંતર કરવામાં આવે અને આવી કંપની જે મુદત દરમિયાન ખાનગી કંપની હતી તેવી કોઈ મુદત માટે માલ અથવા સેવા અથવા તે બંનેના કોઈ પુરવઠાના સંબંધમાં વેરો, વ્યાજ અથવા દંડ, આવા રૂપાંતર પહેલાં વસૂલ કરી શકાયા ન હોય, ત્યારે પેટા-કલમ (૧)માંનો કોઈપણ મજકૂર, આવી ખાનગી કંપનીના માલ અથવા સેવા અથવા તે બંનેના આવા પુરવઠાને લગતા કોઈ વેરા, વ્યાજ અથવા દંડના સંબંધમાં ખાનગી કંપનીની ડિરેક્ટર હોય તેવી કોઈ વ્યક્તિને લાગુ પડશે નહિ:

પરંતુ આ પેટા-કલમમાંનો કોઇપણ મજકૂર, આવા ડિરેકટર પર નાખવામાં આવેલા કોઇપણ વ્યક્તિગત દંડને લાગુ પડશે નહિ.

વેરો ચૂકવવાની ભાગીદારી પેઢીની જવાબદારી.

૯૦. વિરુદ્ધના કોઇ કરાર અને તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ પેઢી આ અધિનિયમ હેઠળ કોઇ વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવા જવાબદાર હોય ત્યારે, પેઢી અને પેઢીના દરેક ભાગીદારો એવી ચુકવણી માટે સંયુક્ત રીતે અને વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે:

પરંતુ કોઇ ભાગીદાર પેઢીમાંથી નિવૃત્ત થાય ત્યારે, તેણે (ભાગીદારે) અથવા પેઢીએ, સદરહુ ભાગીદારની નિવૃત્તિની તારીખ અંગે, લેખિતમાં તે અંગેની નોટિસથી કમિશનરને જાણ કરવી જોઇશે અને આવો ભાગીદાર તે તારીખે નક્કી કરવામાં આવી

INDEX

હોય કે ન હોય તો પણ તેની (ભાગીદાર) નિવૃત્તિની તારીખ સુધીમાં બાકી વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવા માટે જવાબદાર થશે:

વધુમાં, નિવૃત્તિની તારીખથી એક મહિનાની મુદતની અંદર એવી માહિતી આપવામાં આવી ન હોય તો, પ્રથમ પરંતુક હેઠળની એવા ભાગીદારની જવાબદારી, જે તારીખે આવી માહિતી કમિશનરને મળે તે તારીખ સુધી ચાલુ રહેશે.

ગાર્ડિયન, ટ્રસ્ટીઓ વગેરેની જવાબદારી.

૯૧. જે ધંધાના સંબંધમાં આ અધિનિયમ હેઠળ કોઇ વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવાપાત્ર હોય તે ધંધો, કોઇપણ ગાર્ડિયન, ટ્રસ્ટી અથવા સગીરના એજન્ટ અથવા તે સગીર વતી બીજા અસમર્થ વ્યક્તિ દ્વારા અથવા એવા સગીર અથવા અન્ય અસમર્થ વ્યક્તિના ફાયદા માટે ચલાવવામાં આવતો હોય, ત્યારે એવા ગાર્ડિયન, ટ્રસ્ટી અથવા એજન્ટ પાસેથી, જાણે કે તે આવા કોઇ સગીર અથવા બીજા કોઇ અસમર્થ વ્યકિત માટે નક્કી કરેલ હોય અને તેની પાસેથી વસૂલ કરવાપાત્ર હોય, જાણે કે પોતે પુખ્ત અથવા સક્ષમ વ્યક્તિની જેમ ધંધો ચલાવતો હોય અને જાણે કે પોતે ધંધાનું સંચાલન કરતો હોય તે રીતે અને તેટલા પ્રમાણમાં, વેરો, વ્યાજ અથવા દંડ લેવો જોઇશે અને વસૂલવો જોઇશે અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ નિયમોની તમામ જોગવાઇઓ તદનુસાર લાગુ પડશે.

પાલ્ય કોર્ટ વગેરેની જવાબદારી.

૯૨. આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર હોય તેવા કોઇ વેરા, વ્યાજ અથવા દંડના સંબંધમાં, વ્યવસાય (ધંધા)ની માલિકી ધરાવતી વેરાપાત્ર વ્યક્તિની મિલકત (એસ્ટેટ) અથવા મિલકતનો કોઇ ભાગ, પાલ્ય કોર્ટ, કોર્ટના કોઇ હુકમથી અથવા તે હેઠળ નીમાયેલા મહાવહીવટદાર, સરકારી ટ્રસ્ટી અથવા કોઇ રિસીવર અથવા વાસ્તવમાં વ્યવસાય (ધંધા)નું સંચાલન કરતી હોય તેવી કોઇપણ હોદ્દો ધરાવતી કોઇ વ્યકિત સહિત) મેનેજરના નિયંત્રણ હેઠળ હોય, ત્યારે આવી પાલ્ય કોર્ટ, મહાવહીવટદાર, સરકારી ટ્રસ્ટી, રિસીવર અથવા મેનેજર પાસેથી, જાણે કે વેરાપાત્ર વ્યકિત પાસેથી વેરો, વ્યાજ અથવા દંડ નક્કી કરવામાં અને વસૂલ કરવામાં આવે અને જાણે કે તે પોતે જ વ્યવસાય (ધંધો) ચલાવતી હોય તે જ પ્રમાણે અને તેટલે અંશે વેરો, વ્યાજ અથવા દંડ લેવામાં આવશે અને વસૂલાતપાત્ર રહેશે અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની તમામ જોગવાઇઓ તદનુસાર લાગુ પડશે.

અમુક કેસોમાં વેરા, વ્યાજ અથવા દંડ ચૂકવવા સંબંધી ખાસ જોગવાઇઓ.

૯૩. (૧) ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી અધિનિમય, ૨૦૧૬માં અન્યથા જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવા જવાબદાર હોય તે વ્યક્તિ મૃત્યુ પામે અને તેના મૃત્યુ પહેલાં એવો વેરો, વ્યાજ અથવા સન ૨૦૧૬નો ૩૧મો.

INDEX

દંડ નક્કી કરવામાં આવ્યો હોય કે ન હોય, પરંતુ ચૂકવવાનો બાકી રહ્યો હોય અથવા તેના મૃત્યુ પછી નક્કી કરવામાં આવ્યો હોય ત્યારે,

(ક) તે વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતો ધંધો, તેના મૃત્યુ પછી તેના કાયદેસરના પ્રતિનિધિ અથવા કોઇ અન્ય વ્યક્તિ દ્વારા ચાલુ રાખવામાં આવે તો, તેવા કાયદેસર પ્રતિનિધિ અથવા અન્ય વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ આવી વ્યક્તિ પાસેથી બાકી નીકળતો વેરો, વ્યાજ અથવા દંડ ભરવાને જવાબદાર રહેશે; અને

(ખ) તે વ્યક્તિએ ચાલુ રાખેલો ધંધો તેના મૃત્યુ પહેલાં અથવા તે પછી બંધ કરવામાં આવે તો, તેનો કાયદેસર પ્રતિનિધિ, મૃતકની સંપત્તિમાંથી, જેટલા પ્રમાણમાં ચાર્જ વસૂલ કરી શકાય તેમ હોય તેટલા પ્રમાણમાં, આ અધિનિયમ હેઠળ એવી વ્યકિત પાસેથી બાકી નીકળતો વેરો, વ્યાજ અથવા દંડ ભરવાને જવાબદાર રહેશે;

સન ૨૦૧૬નો ૩૧મો. (૨) ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી અધિનિમય, ૨૦૧૬માં અન્યથા જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડ ચૂકવવા જવાબદાર વેરાપાત્ર વ્યક્તિ, હિન્દુ અવિભક્ત કુટુંબ અથવા વ્યક્તિઓનું એસોસિએશન હોય અને હિન્દુ અવિભક્ત કુટુંબ અથવા વ્યક્તિઓના એસોસિએશનની મિલકતો જુદા જુદા સભ્યો અથવા સભ્યોના જૂથો વચ્ચે વહેંચી દેવામાં આવી હોય, ત્યારે દરેક સભ્ય અથવા સભ્યોના જૂથો, આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર વ્યક્તિ પાસેથી બાકી હોય, તેવો વેરો, વ્યાજ અથવા દંડ, એવો વેરો, દંડ અથવા વ્યાજ વહેંચણી પહેલા નક્કી કરવામાં આવ્યો હોય કે ના હોય પરંતુ ચૂકવવાનો બાકી હોય અથવા વહેંચણી પછી નક્કી કરવામાં આવ્યો હોય તો પણ, મિલકતની વહેંચણી કરવામાં આવે ત્યાં સુધીની મુદત માટે, સંયુક્ત રીતે અથવા વ્યક્તિગત રીતે ભરવાને જવાબદાર રહેશે.

સન ૨૦૧૬નો ૩૧મો. (૩) ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી અધિનિમય, ૨૦૧૬માં અન્યથા જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડ ભરવાને જવાબદાર વેરાપાત્ર વ્યક્તિ, પેઢી હોય અને પેઢીનું વિસર્જન થાય ત્યારે, ભાગીદાર હોય તેવી દરેક વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ પેઢી પાસેથી બાકી હોય તેવા વેરા, વ્યાજ અથવા દંડ, એવો વેરો, વ્યાજ અથવા દંડ વિસર્જન પહેલા નક્કી કરવામાં આવ્યો હોય કે ના હોય પરંતુ ચુકવવામાં બાકી રહી ગયો હોય અથવા વિસર્જન પછી નક્કી કરવામાં આવ્યો હોય, તો પણ વિસર્જન કરવામાં આવે તે તારીખ સુધીની મુદત માટે, સંયુકત રીતે અને વ્યકિતગત રીતે ભરવાને જવાબદાર રહેશે.

INDEX

(૪) ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી અધિનિયમ, ૨૦૧૬માં અન્યથા જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડ ભરવાને જવાબદાર વેરાપાત્ર વ્યક્તિ,- સન ૨૦૧૬નો ૩૧મો.

(ક) જેના વતી ગાર્ડિયન દ્વારા ધંધો ચલાવવામાં આવતો હોય, તેવી સગીરનો ગાર્ડિયન હોય; અથવા

(ખ) લાભાર્થી માટે ટ્રસ્ટ હેઠળ ધંધો ચલાવનાર ટ્રસ્ટી હોય, ત્યારે,

ગાર્ડિયનશીપ અને ટ્રસ્ટને સમાપ્ત કરવામાં આવે તો, સગીર અથવા લાભાર્થી, ગાર્ડિયનશીપ અથવા ટ્રસ્ટની સમાપ્તિના સમય સુધી, વેરાપાત્ર વ્યક્તિ પાસેથી બાકી વેરો, વ્યાજ અથવા દંડ, એવો વેરો, વ્યાજ અથવા દંડ ગાર્ડિયનશીપ અથવા ટ્રસ્ટની સમાપ્તિ પહેલા નક્કી થયો હોય કે ન હોય પરંતુ ચુકવવાનો બાકી રહી ગયો હોય અથવા ત્યારબાદ નક્કી કરવામાં આવ્યો હોય, તે (વેરો, વ્યાજ અથવા દંડ) ચુકવવાને જવાબદાર રહેશે.

બીજા કેસોમાં જવાબદારી.

૯૪. (૧) વેરાપાત્ર વ્યક્તિ, કોઇ પેઢી, અથવા વ્યક્તિઓનું એસોસિએશન અથવા હિન્દુ અવિભક્ત કુટુંબ હોય અને આવી પેઢી, એસોસિએશન અથવા કુટુંબ દ્વારા ધંધો બંધ કરી દેવામાં આવ્યો હોય ત્યારે,-

(ક) એવો ધંધો બંધ કરવાનું નક્કી કરવામાં આવે તેવી તારીખ સુધીમાં એવી પેઢી, એસોસિએશન અથવા કુટુંબ દ્વારા આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વેરો, વ્યાજ અથવા દંડ, જાણે કે એવો ધંધો બંધ કરવામાં આવ્યો ન હોય તે રીતે નક્કી કરી શકાશે, અને

(ખ) દરેક વ્યક્તિ જે ધંધો આ રીતે બંધ કર્યાના સમયે, આવી પેઢીની ભાગીદાર હોય અથવા એસોસિએશન અથવા કુટુંબની સભ્ય હોય, તે (ધંધો) આ રીતે બંધ કર્યા હોય તેમ છતાં, નક્કી કરેલા અને લાદેલા દંડની ચુકવણી માટે સંયુક્ત અને વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે અને આ ધંધો આ રીતે બંધ કર્યા પહેલા અથવા તે પછી જે વેરો અને વ્યાજ નક્કી કરવામાં આવ્યા હોય અથવા દંડ લાદવામાં આવ્યો હોય તેટલો વેરો અને વ્યાજ અથવા દંડ, આવી પેઢી, એસોસિએશન અથવા કુટુંબ દ્વારા ચૂકવવાપાત્ર રહેશે અને આવી દરેક વ્યક્તિ અથવા ભાગીદાર, અથવા સભ્ય, પોતે વેરાપાત્ર વ્યક્તિ હોય તે રીતે ઉપર જણાવેલી બાબતને અધીન રહીને, આ અધિનિયમની જોગવાઇઓ લાગુ પડશે.

INDEX

(૨) પેઢી અથવા વ્યક્તિઓના એસોસિએશનની રચનામાં ફેરફાર કરવામાં આવ્યો હોય, ત્યારે પુન:રચના પહેલાના અને પુન:રચના પછીના તે પેઢીના ભાગીદારો અથવા એસોસિએશનના સભ્યો, કલમ ૯૦ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, તેની પુન:રચના પહેલાંની કોઇપણ મુદત માટે એવી પેઢી અથવા એસોસિએશન પાસેથી બાકી વેરો, વ્યાજ અથવા દંડ, સંયુકત રીતે અને વ્યકિતગત રીતે ભરવાને જવાબદાર થશે.

(૩) પેઢી અથવા વ્યકિતઓનું એસોસિએશન હોય તેવી વેરાપાત્ર વ્યકિતનું વિસર્જન થયેલ હોય, ત્યારે અથવા હિંદુ અવિભકત કુટુંબ હોય તેવી વેરાપાત્ર વ્યકિતનું વિભાજન થયેલ હોય, ત્યારે પેટા-કલમ (૧)ની જોગવાઇઓ, શકય હોય ત્યાં સુધી, તેના દ્વારા ચલાવવામાં આવતા ધંધાના સંબંધમાં લાગુ પડશે અને તદનુસાર તે પેટા-કલમમાંના 'ધંધો બંધ કરવાના' એ ઉલ્લેખનો અર્થ, 'વિસર્જન કરવાના' અથવા 'વિભાજન કરવાના' એ ઉલ્લેખ તરીકે થશે.

સ્પષ્ટીકરણ.- આ પ્રકરણના હેતુઓ માટે,-

સન ૨૦૦૯નો ૬૬.

(ક) મર્યાદિત જવાબદારી ભાગીદારી અધિનિયમ, ૨૦૦૮ની જોગવાઇઓ હેઠળ બનેલી અને રજિસ્ટર્ડ થયેલી ''મર્યાદિત જવાબદારી ભાગીદારી''ને પણ એક પેઢી તરીકે વિચારણામાં લઇ શકાશે.

(ખ) ''કોર્ટ'' એટલે જિલ્લા કોર્ટ, હાઇકોર્ટ અથવા સર્વોચ્ચ ન્યાયાલય.

પ્રકરણ ૧૭

અગ્રિમ ચુકાદો

૯૫. આ પ્રકરણમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,- વ્યાખ્યા.

(ક) ''અગ્રિમ ચુકાદો'' એટલે અરજદાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલ અથવા હાથ ધરવા ધાર્યું હોય તેવા માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાના સંબંધમાં કલમ ૯૭ની પેટા-કલમ (૨)માં અથવા કલમ ૧૦૦ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ બાબતો અંગે અથવા નિર્દિષ્ટ કરેલા મુદ્દા અંગે અરજદાર માટે સત્તામંડળે અથવા અપીલ સત્તામંડળે કરવાનો નિર્ણય.

(ખ) ''અપીલ સત્તામંડળ'' એટલે કલમ ૯૯ હેઠળ રચાયેલ અગ્રિમ ચુકાદા માટેનું અપીલ સત્તામંડળ.

INDEX

(ગ) "અરજદાર" એટલે આ અધિનિયમ હેઠળ રજિસ્ટર્ડ થયેલ અથવા રજિસ્ટ્રેશન મેળવવા ઇચ્છતી કોઇપણ વ્યક્તિ;

(ઘ) "અરજી" એટલે કલમ ૯૭ની પેટા-કલમ (૧) હેઠળ સત્તામંડળને કરેલી અરજી;

(ચ) "સત્તામંડળ" એટલે કલમ ૯૬ હેઠળ રચાયેલ અગ્રિમ ચુકાદા માટેનું સત્તામંડળ.

અગ્રિમ ચુકાદા માટે સત્તામંડળની રચના.

૯૬. (૧) સરકાર, જાહેરનામાથી, ગુજરાત અગ્રિમ ચુકાદા સત્તામંડળ તરીકે ઓળખાતા સત્તામંડળની રચના કરશે:

પરંતુ સરકાર, કાઉન્સિલ (પરિષદ)ની ભલામણના આધારે, રાજ્ય માટે સત્તામંડળ તરીકે કાર્ય કરવા માટે અન્ય રાજ્યમાં આવેલ કોઇપણ સત્તામંડળને જાહેર કરી શકશે.

(૨) સત્તામંડળ, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર અનુક્રમે નીમે તેવા,-

(૧) કેન્દ્રીય વેરા અધિકારીઓમાંથી એક સભ્ય; અને

(૨) રાજ્ય વેરા અધિકારીઓમાંથી એક સભ્ય;

-નું બનેલું રહેશે.

(૩) સભ્યોની લાયકાતો, નિમણૂકની પદ્ધતિઓ અને તેમની સેવાની બોલીઓ અને શરતો, ઠરાવવામાં આવે તેવી રહેશે.

અગ્રિમ ચુકાદા માટેની અરજી.

૯૭. (૧) આ પ્રકરણ હેઠળ અગ્રિમ ચુકાદો મેળવવા ઇચ્છતા અરજદાર, જે મુદ્દા અંગે અગ્રિમ ચુકાદો માગ્યો હોય, તે મુદ્દો દર્શાવીને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે અને તેટલી ફી સાથે અરજી કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ જે મુદ્દા અંગે અગ્રિમ ચુકાદો માગવામાં આવ્યો હોય તે મુદ્દો, નીચેની બાબતોના સંબંધમાં રહેશે,-

(ક) કોઇપણ માલ અથવા સેવા અથવા તે બંનેના વર્ગીકરણ;

(ખ) આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામું લાગુ પડવા બાબત;

(ગ) માલ અથવા સેવા અથવા તે બંને પૂરા પાડવા માટેનો સમય અને મૂલ્ય નક્કી કરવું ;

INDEX

(ઘ) ચૂકવેલ અથવા ચૂકવેલ હોવાનું ગણાતી તેવા ઇનપુટ વેરા શાખની સ્વીકાર્યતા;

(ચ) કોઇપણ માલ અથવા સેવા અથવા તે બંને ઉપર વેરો ચૂકવવાની જવાબદારી નક્કી કરવી;

(છ) અરજદારનું રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે કે કેમ;

(જ) કોઇ માલ અથવા સેવાના અથવા તે બંનેના સંબંધમાં અરજદારે કોઇ ખાસ કૃત્ય કરેલ હોય, તો તે શબ્દપ્રયોગના અર્થ મુજબ, તે (કૃત્ય) માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠામાં પરિણમે છે કે કેમ.

અરજી મળ્યે કરવાની કાર્યરીતિ.

૯૮. (૧) અરજદારની અરજી મળ્યે, સત્તામંડળ તેની નકલ સંબંધિત અધિકારીને મોકલાવશે અને જરૂર જણાય તો, સંબંધિત રેકર્ડ પૂરૂ પાડવા માટે તે (અરજદાર)ને બોલાવી શકશે:

પરંતુ કોઇપણ કેસમાં, સત્તામંડળ દ્વારા કોઇપણ રેકર્ડ મંગાવવામાં આવ્યું હોય ત્યારે, એવું રેકર્ડ શક્ય હોય તેટલું જલ્દી સંબંધિત અધિકારીને પરત કરવું જોઇશે.

(૨) સત્તામંડળ, અરજદારની અરજી અને મંગાવેલ રેકર્ડની તપાસ કર્યા પછી અને અરજદાર અથવા તેના અધિકૃત પ્રતિનિધિ અને સંબંધિત અધિકારી અથવા તેના અધિકૃત પ્રતિનિધિની સુનાવણી કર્યા પછી હુકમથી અરજી ગ્રાહ્ય રાખી શકશે અથવા નકારી શકશે:

પરંતુ સત્તામંડળ અરજીમાં ઊભો કરવામાં આવેલો મુદ્દો પહેલેથી જ અનિર્ણિત હોય અથવા આ અધિનિયમની કોઇપણ જોગવાઇઓ હેઠળ અરજદારના કિસ્સામાં કોઇપણ કાર્યવાહીમાં તેનો નિર્ણય કર્યો હોય, ત્યારે અરજીને ગ્રાહ્ય રાખી શકશે નહિ:

વધુમાં, કોઇપણ અરજી આ પેટા-કલમ હેઠળ નામંજૂર કરી શકાશે નહિ, સિવાય કે અરજદારને સુનાવણીની તક આપવામાં આવેલી હોય:

વળી, અરજી નામંજૂર કરવામાં આવે ત્યારે, એવી નામંજૂરી માટેના કારણો હુકમમાં નિર્દિષ્ટ કરવા જોઇશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ કરેલ દરેક હુકમની નકલ, અરજદારને અને સંબંધિત અધિકારીને મોકલવી જોઇશે.

INDEX

(૪) પેટા-કલમ (૨) હેઠળ અરજી ગ્રાહ્ય રાખવામાં આવી હોય, ત્યારે સત્તામંડળે, અરજદાર દ્વારા તેની (સત્તામંડળ) સમક્ષ મુકવામાં આવે તેવી, અથવા સત્તામંડળ દ્વારા મેળવવામાં આવે તેવી વધુ મહત્વની હકીકત (મટીરીયલ્સ)ની તપાસ કર્યા પછી અને અરજદાર અથવા તેના અધિકૃત પ્રતિનિધિને તેમજ સંબંધિત અધિકારી અથવા તેના અધિકૃત પ્રતિનિધિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, અરજીમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ મુદ્દા અંગે પોતાનો અગ્રિમ ચુકાદો સંભળાવવો જોઇશે.

(૫) જે કોઇપણ મુદ્દા અંગે અગ્રિમ ચુકાદો આપવામાં આવે તે અંગે, સત્તામંડળના સભ્યોમાં મતભેદ હોય ત્યારે, તેઓ જે મુદ્દા અંગે મતભેદ હોય તે કહેશે અને એવા મુદ્દા અંગે સુનાવણી અને નિર્ણય માટે અપીલ સત્તાધિકારીને પુછાણ કરી શકશે.

(૬) સત્તામંડળ, અરજી મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર લેખિતમાં પોતાનો અગ્રિમ ચુકાદો સંભળાવશે.

(૭) સત્તામંડળ દ્વારા સંભળાવવામાં (આપવામાં) આવેલ અગ્રિમ ચુકાદાની નકલ ઉપર, એવા નિર્ણય (ચુકાદો) બાદ સભ્યો દ્વારા યોગ્ય રીતે સહી કરેલી અને ઠરાવવામાં આવે તેવી રીતે પ્રમાણિત કરેલી નકલ અરજદારને, સંબંધિત અધિકારીને અને હકૂમત ધરાવતા અધિકારીને મોકલવી જોઇશે.

અગ્રિમ ચુકાદો (નિર્ણય) આપવા માટે અપીલ સત્તામંડળની રચના.

૯૯. સરકાર, જાહેરનામાથી, અગ્રિમ ચુકાદો આપતા સત્તામંડળ દ્વારા સંભળાવવામાં આવેલ ચુકાદા સામે અપીલની સુનાવણી માટે માલ અને એવા વેરા માટેના અગ્રિમ ચુકાદા માટે, નીચેના સભ્યોના બનેલા ગુજરાત અપીલ સત્તામંડળ તરીકે ઓળખાતા સત્તામંડળની રચના કરશે:

(૧) બોર્ડ દ્વારા મુકરર કરવામાં આવેલ મુખ્ય કેન્દ્રીય વેરા કમિશનર; અને

(૨) રાજ્ય વેરા કમિશનર:

પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણોના આધારે, રાજ્યમાં અપીલ સત્તામંડળ તરીકે કાર્ય કરવા માટે બીજા રાજ્યમાં અથવા સંઘ પ્રદેશમાં આવેલ કોઇપણ અપીલ સત્તામંડળની જાહેરાત કરી શકશે.

અપીલ સત્તામંડળને કરવાની અપીલ.

૧૦૦. (૧) કલમ ૯૮ની પેટા-કલમ (૪) હેઠળ સંભળાવવામાં આવેલ કોઇપણ અગ્રિમ ચુકાદાથી નારાજ થયેલ સંબંધિત અધિકારી, હકૂમત ધરાવતા અધિકારી અથવા અરજદાર, અપીલ સત્તામંડળને અપીલ કરશે.

INDEX

(૨) આ કલમ હેઠળની દરેક અપીલ, જે તારીખે અગ્રિમ ચુકાદો આપવામાં આવ્યો હોય તેની વિરુદ્ધ કરવાની અપીલ અંગે સંબંધિત અધિકારી, હકૂમત ધરાવતા અધિકારી અને અરજદારને જાણ કરવામાં આવે તે તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ફાઇલ કરવી જોઇશે:

પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનારને ત્રીસ દિવસની સદરહુ મુદતની અંદર અપીલ કરવામાં પૂરતા કારણોસર અટકાવવામાં આવ્યો હતો, તો ત્રીસ દિવસથી વધુ નહિ તેટલી વધુ મુદતની અંદર તે રજૂ કરવાની પરવાનગી આપી શકશે.

(૩) આ કલમ હેઠળની દરેક અપીલ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવી જોઇશે, તેની સાથે ઠરાવવામાં આવે તેટલી ફી જોડેલી હોવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે તેની ખરાઇ કરેલી હોવી જોઇશે.

અપીલ સત્તામંડળનો હુકમ.

૧૦૧. (૧) અપીલ સત્તામંડળ, અપીલના અથવા જેણે પુછાણ કરેલ હોય તે પક્ષકારોને સુનાવણીની તક આપ્યા પછી, પોતાને યોગ્ય લાગે તેમ, જેની સામે અપીલ અથવા પુછાણ કરવામાં આવેલ હોય તે ચુકાદાને બહાલી આપતો અથવા તેમાં ફેરફાર કરતો હુકમ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ હુકમ, કલમ ૧૦૦ હેઠળ અપીલ કર્યાની તારીખથી, અથવા કલમ ૯૮ની પેટા-કલમ (૫) હેઠળ પુછાણ કર્યાની તારીખથી, નેવું દિવસની મુદતની અંદર કરી શકાશે.

(૩) અપીલ અથવા પુછાણમાં ઉલ્લેખેલ કોઇ મુદ્દો અથવા મુદ્દા પર અપીલ સત્તામંડળના સભ્યોમાં મતભેદ હોય ત્યારે, અપીલ અથવા પુછાણ હેઠળના મુદ્દાના સંબંધમાં કોઇ અગ્રિમ ચુકાદો આપી શકાશે નહિ એવું માની લેવામાં આવશે.

(૪) અપીલ સત્તામંડળ દ્વારા જાહેર કરવામાં આવેલ અગ્રિમ ચુકાદાની, સભ્યો દ્વારા યોગ્ય રીતે સહી કરેલી અને ઠરાવવામાં આવે તેવી રીતે પ્રમાણિત કરેલી નકલ, એવા નિર્ણયની જાહેરાત પછી અરજદાર, સંબંધિત અધિકારી, હકૂમત ધરાવતા અધિકારી અને સત્તામંડળને મોકલવી જોઇશે.

અગ્રિમ ચુકાદા સુધારવા બાબત.

૧૦૨. સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળ, રેકર્ડમાં અંકિત થયેલ દેખાઇ આવતી કોઇપણ ભૂલ, જો એવી ભૂલ, હુકમ થયાની તારીખથી છ મહિનાની અંદર સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળને સ્વયં ધ્યાન પર આવી હોય અથવા સંબંધિત અધિકારી, હકૂમત ધરાવતા અધિકારી અથવા અરજદાર અથવા અપીલ કરનાર દ્વારા ધ્યાન પર

INDEX

લાવવામાં આવી હોય, તો તે સુધારવા માટે, કલમ ૯૮ અથવા કલમ ૧૦૧ હેઠળ પોતે કરેલો કોઇપણ હુકમ સુધારી શકશે:

પરંતુ વેરા જવાબદારીનો વધારો અથવા મળવાપાત્ર ઇનપુટ વેરા શાખની રકમના ઘટાડાને લગતો કોઇ સુધારો કરવો જોઇશે નહિ, સિવાય કે અરજદાર અથવા અપીલ કરનારને સુનાવણીની તક આપવામાં આવેલી હોય.

અગ્રિમ ચુકાદો લાગુ પડવા બાબત.

૧૦૩. (૧) આ પ્રકરણ હેઠળ સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળ દ્વારા સંભળાવવામાં આવેલ અગ્રિમ ચુકાદો ફકત,-

(ક) અગ્રિમ ચુકાદા માટે કલમ ૯૭ની પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલ કોઇપણ બાબતના સંબંધમાં, જે અરજદાર દ્વારા તે માગવામાં આવ્યો હોય, તે અરજદારને,

(ખ) અરજદારના સંબંધમાં સંબંધિત અધિકારી અથવા હકૂમત ધરાવતા અધિકારીને જ બંધનકર્તા રહેશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ અગ્રિમ ચુકાદો બંધનકર્તા રહેશે, સિવાય કે મૂળ અગ્રિમ ચુકાદાના સમર્થનમાં કોઇ કાયદા, હકીકત અથવા સંજોગો બદલાયાં હોય.

અમુક સંજોગોમાં અગ્રિમ ચુકાદાને રદબાતલ ગણવા બાબત.

૧૦૪. (૧) સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળને એમ જણાય કે કલમ ૯૮ની પેટા-કલમ (૪) હેઠળ અથવા કલમ ૧૦૧ની પેટા-કલમ (૧) હેઠળ તેના (સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળ) દ્વારા આપવામાં આવેલ અગ્રિમ ચુકાદો, અરજદાર અથવા અપીલ કરનાર દ્વારા કપટથી અથવા મહત્વની હકીકતો છુપાવીને અથવા હકીકતોની ખોટી રજૂઆત કરીને મેળવવામાં આવ્યો છે, ત્યારે તેઓ, હુકમથી, એવા ચુકાદાને પ્રારંભથી જ રદબાતલ તરીકે જાહેર કરી શકશે અને તેમ થયે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની તમામ જોગવાઇઓ જાણે કે એવો અગ્રિમ ચુકાદો ક્યારેય આપવામાં આવ્યો ન હતો તેમ અરજદારને અથવા અપીલ કરનારને લાગુ પડશે:

પરંતુ અરજદારને અથવા અપીલ કરનારને સુનાવણીની તક આપવામાં આવી હોય તે સિવાય, આ પેટા-કલમ હેઠળ કોઇ હુકમ કરી શકાશે નહિ.

સ્પષ્ટીકરણ - કલમ ૭૩ની પેટા-કલમો (૨) અને (૧૦) અથવા કલમ ૭૪ની પેટા-કલમો (૨) અને (૧૦)માં નિર્દિષ્ટ કરેલ મુદતની ગણતરી કરતી વખતે, એવા અગ્રિમ ચુકાદાની તારીખથી શરૂ થતી અને આ પેટા-કલમ હેઠળના હુકમની તારીખે પૂરી થતી મુદત બાકાત કરવી જોઇશે.

INDEX

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલા હુકમની નકલ અરજદાર, સંબંધિત અધિકારી અને હકૂમત ધરાવતા અધિકારીને મોકલવી જોઇશે.

સત્તામંડળ અને અપીલ સત્તામંડળની સત્તા.

૧૦૫. (૧) સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળને-

(ક) શોધ કરવા અને તપાસણી કરવા;

(ખ) કોઇપણ વ્યક્તિને હાજર રહેવાની ફરજ પાડવા અને સોગંદ પર તેને તપાસવા;

(ગ) કમિશનો કાઢવા અને હિસાબોના ચોપડા અને અન્ય રેકર્ડ રજૂ કરવાની ફરજ પાડવા,

સન ૧૯૦૮નો ૫મો.

-ને લગતી પોતાની સત્તા વાપરવા હેતુ માટે, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે.

સન ૧૯૭૪નો ૨જો.

સન ૧૮૬૦નો ૪૫મો.

(૨) સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળ, કલમ ૧૯૫ના હેતુઓ માટે દીવાની કોર્ટ હોવાનું ગણાશે, પણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ના પ્રકરણ ૨૬ના હેતુઓ માટે ગણાશે નહિ અને સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળ સમક્ષની દરેક કાર્યવાહી, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ના અર્થ મુજબ અને કલમ ૧૯૬ના હેતુ માટે ન્યાયિક કાર્યવાહી હોવાનું ગણાશે.

સત્તામંડળ અને અપીલ સત્તામંડળની કાર્યરીતિ.

૧૦૬. સત્તામંડળ અથવા અપીલ સત્તામંડળને, આ પ્રકરણની જોગવાઇઓને અધીન રહીને, તેની પોતાની કાર્યરીતિનું નિયમન કરવાની સત્તા રહેશે.

પ્રકરણ ૧૮

અપીલ અને ફેરતપાસ

અપીલ સત્તાધિકારી અપીલ કરવા બાબત.

૧૦૭. (૧) ન્યાયનિર્ણય સત્તાધિકારીએ આ અધિનિયમ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ કરેલા કોઇ નિર્ણય અથવા હુકમથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, જે તારીખે સદરહુ નિર્ણય અથવા હુકમ અંગેની જાણ એવી વ્યક્તિને કરવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર, ઠરાવવામાં આવે તેવા અપીલ સત્તાધિકારીને અપીલ કરી શકશે.

(૨) કમિશનર, સદરહુ નિર્ણય અથવા હુકમની કાયદેસરતા અથવા ઔચિત્ય અંગે જાતે ખાતરી કરવાના હેતુ માટે, આપમેળે અથવા કેન્દ્રીય વેરા કમિશનર તરફથી કરવામાં આવેલી વિનંતી પરથી, આ અધિનિયમ હેઠળ અથવા કેન્દ્રીય માલ અને સેવા

INDEX

વેરા અધિનિયમ હેઠળ જે કોઇપણ કાર્યવાહીમાં ન્યાયનિર્ણય સત્તાધિકારીએ કોઇ નિર્ણય અથવા હુકમ કર્યો હોય તેવી કોઇ કાર્યવાહીનું રેકર્ડ મંગાવી શકશે અને તેની તપાસ કરી શકશે અને કમિશનર દ્વારા પોતાના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સદરહુ નિર્ણય અથવા હુકમમાંથી ઊભા થતાં મુદ્દાના નિકાલ માટે, સદરહુ નિર્ણય અથવા હુકમની જાણ થયાની તારીખથી છ મહિનાની અંદર, અપીલ સત્તાધિકારીને અરજી કરવા માટે પોતાના તાબાના કોઇપણ અધિકારીને આદેશ કરી શકશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળના હુકમ અનુસાર, અધિકૃત કરેલ અધિકારી, અપીલ સત્તાધિકારીને અરજી કરે, ત્યારે એવી અરજીની, અપીલ સત્તાધિકારી દ્વારા એવી રીતે તજવીજ કરવામાં આવશે, જાણે કે તે ન્યાયનિર્ણય સત્તાધિકારીના નિર્ણય અથવા હુકમ વિરુદ્ધની અપીલ હોય અને એવા અધિકૃત અધિકારી અપીલ કરનાર હોય અને અપીલને લગતી આ અધિનિયમની જોગવાઇઓ એવી અરજીને લાગુ પડશે.

(૪) અપીલ સત્તાધિકારી ખાતરી થાય કે અપીલ કરનારને ત્રણ મહીના અથવા યથાપ્રસંગ, છ મહિનાની ઉપર્યુક્ત મુદતની અંદર અપીલ રજૂ કરવામાં પૂરતા કારણસર અટકાવવામાં આવ્યો હતો, તો તે, તેને (અપીલ કરનારને) વધુ એક મહિનાની મુદતની અંદર અપીલ રજૂ કરવા દેવાની પરવાનગી આપી શકશે.

(૫) આ કલમ હેઠળની દરેક અપીલ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે તેની ખરાઇ કરેલી હોવી જોઇશે.

(૬) અપીલ કરનારે-

(ક) વાદગ્રસ્ત હુકમમાંથી ઊભા થતા વેરા, વ્યાજ, દંડ, ફી અને શિક્ષાની રકમના પોતે કબૂલ કર્યા હોય તેવા ભાગની સંપૂર્ણ રકમની, અને

(ખ) જેના સંબંધમાં અપીલ દાખલ કરવામાં આવી હોય તેવા સદરહુ હુકમમાંથી ઊભા થતા વિવાદગ્રસ્ત વેરાની બાકી રહેતી રકમના દસ ટકા જેટલી રકમની,

-ચુકવણી કરી હોય તે સિવાય, પેટા-કલમ (૧) હેઠળ કોઇ અપીલ દાખલ કરી શકાશે નહિ.

(૭) અપીલ કરનારે પેટા-કલમ (૬) હેઠળ રકમની ચુકવણી કરેલી હોય ત્યારે, બાકી રકમ (બેલેન્સ) માટે વસુલાતની કાર્યવાહી સ્થગિત કરી હોવાનું ગણાશે.

(૮) અપીલ સત્તાધિકારીએ અપીલ કરનારને સુનાવણીની તક આપવી જોઇએ.

INDEX

(૯) અપીલ સત્તાધિકારી, અપીલની સુનાવણીના કોઇપણ તબક્કે પૂરતા કારણો દર્શાવેલા હોય તો, પક્ષકારો અથવા તેમનામાંથી કોઇપણને સમય આપી શકશે અને લેખિતમાં કારણોની નોંધ કરીને, અપીલની સુનાવણી મુલતવી રાખી શકશે:

પરંતુ અપીલની સુનાવણી દરમિયાન પક્ષકારને વધુમાં વધુ ત્રણ વખત, અપીલની સુનાવણી એવી રીતે મુલતવી રાખવાની છૂટ આપી શકાશે.

(૧૦) અપીલ સત્તાધિકારીને અપીલની સુનાવણી વખતે એમ ખાતરી થાય કે અપીલના કારણોમાંથી તે કારણનો કાર્યલોપ જાણીબૂઝીને અથવા ગેરવાજબી રીતે થયેલ ન હતો, તો અપીલ સત્તામંડળ, અપીલ કરનારને અપીલના કારણોમાં નિર્દિષ્ટ કરેલ ન હોય તેવું અપીલનું કોઇપણ કારણ ઉમેરવાની પરવાનગી આપી શકશે.

(૧૧) અપીલ સત્તાધિકારીએ, જરૂરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી, પોતાને ન્યાયી અને વાજબી લાગે તેવો, જેની સામે અપીલ કરવામાં આવી હોય તેવા નિર્ણય અથવા હુકમને બહાલી આપતો, તેમાં ફેરફાર કરતો અથવા તેને રદ કરતો હુકમ કરવો જોઇશે પણ જેણે સદરહુ નિર્ણય અથવા હુકમ કર્યો હોય તેવા ન્યાયનિર્ણય સત્તાધિકારીને આ કેસ પાછો મોકલવો જોઇશે નહિ:

પરંતુ અપીલ કરનારને સૂચિત હુકમ સામે કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય, વધુ કિંમતના માલની જપ્તી અથવા જપ્ત કરવાને બદલે કોઇ ફી અથવા શિક્ષા અથવા દંડ વધારતો અથવા રિફંડ અથવા ઇનપુટ વેરા શાખની રકમ ઘટાડતો કોઇ હુકમ કરી શકાશે નહિ:

વધુમાં, અપીલ સત્તાધિકારીનો એવો અભિપ્રાય હોય કે કોઇ વેરો ચૂકવવામાં આવ્યો નથી અથવા ઓછો ચૂકવવામાં આવ્યો છે અથવા ભૂલથી રિફંડ કરવામાં આવ્યો છે, ત્યારે અથવા ઇનપુટ વેરા શાખ ખોટી રીતે પ્રાપ્ત કરવામાં આવી છે અથવા ઉપયોગ કરવામાં આવી છે ત્યારે એવો વેરો અથવા ઇનપુટ વેરા શાખ ચૂકવવા માટે અરજદારને ફરમાવતો કોઇ હુકમ કરી શકાશે નહિ, સિવાય કે અરજદારને સૂચિત હુકમ સામે કારણ દર્શાવવાની નોટિસ આપવામાં આવી હોય અને કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલ સમય મર્યાદાની અંદર હુકમ કરવામાં આવ્યો હોય.

(૧૨) અપીલનો નિકાલ કરતો અપીલ સત્તાધિકારીનો હુકમ લેખિતમાં હોવો જોઇશે તેમજ તેમાં અપીલનો નિકાલ કરવા માટેના મુદ્દાઓ, તેની ઉપરના નિર્ણય અને એવા નિર્ણય માટેના કારણો જણાવવા જોઇશે.

INDEX

(૧૩) અપીલ સત્તાધિકારીએ, તેમ કરવાનું શક્ય હોય, ત્યારે જે તારીખે તે (અપીલ) ફાઇલ કરવામાં આવી હોય તે તારીખથી એક વર્ષની મુદતની અંદર દરેક અપીલની સુનાવણી કરીને નિર્ણય કરવો જોઇશે:

પરંતુ કોર્ટ અથવા ટ્રીબ્યુનલના હુકમથી, હુકમ કરવાનુ મુલતવી રાખવામાં આવે, ત્યારે મુલતવી રાખવામાં આવેલી એવી મુદતને, એક વર્ષની મુદતની ગણતરી કરવામાંથી બાકાત રાખવી જોઇશે.

(૧૪) અપીલનો નિકાલ થયે, અપીલ સત્તાધિકારીએ, અપીલ કરનારને,પ્રતિવાદીને અને ન્યાયનિર્ણય સત્તાધિકારીને તેણે કરેલા હુકમ અંગેની જાણ કરવી જોઇશે.

(૧૫) અપીલ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હુકમની નકલ, કમિશનરને અથવા આ અર્થે તેમણે મુકરર કરેલા સત્તાધિકારીને અને કેન્દ્રીય વેરાની હકૂમત ધરાવતા કમિશનરને અથવા આ અર્થે તેમણે મુકરર કરેલા સત્તાધિકારીને પણ મોકલવી જોઇશે.

(૧૬) આ કલમ હેઠળ કરેલ દરેક હુકમ, કલમ ૧૦૮ અથવા કલમ ૧૧૩ અથવા કલમ ૧૧૭ અથવા કલમ ૧૧૮ની જોગવાઇઓને અધીન રહીને આખરી ગણાશે અને તે પક્ષકારોને બંધનકર્તા રહેશે.

ફેરતપાસ સત્તાધિકારીની સત્તા.

૧૦૮. (૧) કલમ ૧૨૧ અને તે હેઠળ કરેલા કોઇપણ નિયમોની જોગવાઇઓને અધીન રહીને, ફેરતપાસ સત્તાધિકારી, આપમેળે અથવા તેને મળેલી માહિતી પરથી અથવા કેન્દ્રીય વેરા કમિશનર તરફથી થયેલી વિનંતી પરથી, કોઇ કાર્યવાહીનું રેકર્ડ મંગાવીને તપાસી શકશે અને તેને એવું જણાય કે તેના તાબાના કોઇ અધિકારી દ્વારા આ અધિનિયમ હેઠળ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ કરેલો કોઇ નિર્ણય અથવા હુકમ ભૂલભરેલો છે જે મહેસૂલી હિતોને લાગે વળગે તેટલે સુધી, પ્રતિકૂળ છે તેમજ કાયદા વિરુદ્ધનો અને ગેરવાજબી છે અથવા ચોક્કસ મહત્વની હકીકતોને ધ્યાનમાં લેવામાં આવી નથી, પછી તે ચોક્કસ મહત્વની હકીકત સદરહુ હુકમ કરવાના સમયે ઉપલબ્ધ કરાવવામાં આવી હોય કે ન હોય અથવા ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા કરવામાં આવેલા નિરીક્ષણના પરિણામરૂપ હોય, તો તે, જરૂર જણાય તો, પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી, એવા નિર્ણય અથવા હુકમના અમલને સ્થગિત કરી શકશે અને સંબંધિત વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી અને જરૂરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી, પોતાને ન્યાયી અને વાજબી લાગે તેવો, સદરહુ નિર્ણય અથવા હુકમમાં વધારા કરવા, અથવા તેમાં ફેરફાર કરવા અથવા તેને રદ કરવા સહિતનો હુકમ કરી શકશે.

(૨) (ક) કલમ ૧૦૭ અથવા કલમ ૧૧૨ અથવા કલમ ૧૧૭ અથવા કલમ ૧૧૮

INDEX

હેઠળની અપીલને અધીન રહીને હુકમ કરવામાં આવ્યો હોય; અથવા

(ખ) કલમ ૧૦૭ની પેટા-કલમ (૨) હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદત હજુ સુધી સમાપ્ત થઇ ના હોય અથવા સુધારો કરવાનો નિર્ણય અથવા હુકમ કર્યા પછી ત્રણ વર્ષ કરતાં વધુ મુદત પુરી થઇ હોય; અથવા

(ગ) હુકમને, અગાઉના તબક્કે, જ આ કલમ હેઠળ ફેરતપાસ માટે ધ્યાનમાં લેવામાં આવ્યો હોય; અથવા

(ઘ) પેટા-કલમ (૧) હેઠળ સત્તા વાપરીને હુકમ કરવામાં આવ્યો હોય, તો,

- ફેરતપાસ સત્તાધિકારી, પેટા-કલમ (૧) હેઠળની કોઇપણ સત્તા વાપરી શકશે નહિઃ

પરંતુ ફેરતપાસ સત્તાધિકારી, એવી અપીલમાં કરેલા હુકમની તારીખથી એક વર્ષની મુદત પૂરી થયા પહેલાં અથવા તે પેટા-કલમના ખંડ (ખ)માં ઉલ્લેખેલ ત્રણ વર્ષની મુદત પૂરી થયા પહેલાં, આ બેમાંથી જે મોડી હોય તે મુદ્દત પહેલાં, જે કોઇ મુદ્દો, પેટા-કલમ (૨)ના ખંડ (ક)માં ઉલ્લેખેલ અપીલમાં ઉભો કરવામાં આવ્યો ન હોય અને નિર્ણય કરવામાં આવ્યો ન હોય તે મુદ્દા અંગે પેટા-કલમ (૧) હેઠળ હુકમ કરી શકશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ ફેરતપાસમાં કરેલ દરેક હુકમ, કલમ ૧૧૩ અથવા કલમ ૧૧૭ અથવા કલમ ૧૧૮ની જોગવાઇઓને અધીન રહીને, આખરી ગણાશે અને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(૪) સદરહુ નિર્ણય અથવા હુકમમાં એવો કોઇ મુદ્દો સમાવિષ્ટ હોય કે જે મુદ્દા અંગે અપીલ ટ્રિબ્યુનલે અથવા હાઇકોર્ટે કોઇ અન્ય કાર્યવાહીમાં નિર્ણય આપ્યો હોય અને અપીલ ટ્રિબ્યુનલ અથવા હાઇકોર્ટના એવા નિર્ણયની સામે હાઇકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં અપીલ અનિર્ણીત હોય, તો અપીલ ટ્રિબ્યુનલના નિર્ણયની તારીખ અને હાઇકોર્ટના નિર્ણયની તારીખ અથવા હાઈકોર્ટના નિર્ણયની તારીખ અને સુપ્રીમ કોર્ટ (સર્વોચ્ચ ન્યાયાલય)ના નિર્ણયની તારીખ વચ્ચે પસાર થયેલી મુદત (સમય)ને, આ કલમ હેઠળ નોટિસ કાઢીને ફેરતપાસ માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હોય, ત્યારે, પેટા-કલમ (૨)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ મર્યાદાની મુદતની ગણતરી કરવામાંથી બાકાત રાખવામાં આવશે.

INDEX

(૫) પેટા-કલમ (૧) હેઠળ હુકમ કરવાનું, કોર્ટ અથવા અપીલ ટ્રિબ્યુનલના હુકમથી મુલતવી રાખવામાં આવે ત્યારે એવી રીતે મુલતવી રાખેલા હુકમની મુદતને, પેટા-કલમ (૨)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ મર્યાદાની મુદતની ગણતરી કરવામાંથી બાકાત રાખવી જોઇશે.

(૬) આ કલમના હેતુઓ માટે,-

(૧) "રેકર્ડ" એ શબ્દપ્રયોગમાં, ફેરતપાસ સત્તાધિકારી દ્વારા તપાસવાના સમયે ઉપલબ્ધ હોય તેવા, આ અધિનિયમ હેઠળની કોઇપણ કાર્યવાહીને લગતા તમામ રેકર્ડનો સમાવેશ થશે;

(૨) "નિર્ણય" એ શબ્દપ્રયોગમાં, ફેરતપાસ સત્તાધિકારી કરતા નીચલા દરજ્જાના કોઇપણ અધિકારીએ કરેલી જાણનો સમાવેશ થશે.

અપીલ ટ્રિબ્યુનલ અને તેની બેન્ચ.

૧૦૯. (૧) આ પ્રકરણની જોગવાઇઓને અધીન રહીને, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રચાયેલ માલ અને સેવા વેરા ટ્રિબ્યુનલ, આ અધિનિયમ હેઠળ અપીલ સત્તાધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હુકમોની સામે અપીલોની સુનાવણી કરવા માટે અપીલની ટ્રિબ્યુનલ ગણાશે.

(૨) રાજ્યમાં આવેલ રાજ્ય બેન્ચ અને ક્ષેત્રીય બેન્ચની રચના અને તેની હકૂમત, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૦૯ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસારની રહેશે.

અપીલ ટ્રિબ્યુનલના પ્રમુખ અને સભ્યો, તેમની લાયકાત, નિમણૂક, સેવાની શરતો વગેરે.

૧૧૦. રાજ્ય બેન્ચ અને ક્ષેત્રીય બેન્ચના પ્રમુખ અને સભ્યોની લાયકાતો, તેમની નિમણૂક, પગાર અને ભથ્થાં, હોદ્દાની મુદત, રાજીનામુ અને રુખસદ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૧૦ની જોગવાઇઓ અનુસારની રહેશે.

અપીલ ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યરીતિ.

૧૧૧. (૧) અપીલ ટ્રિબ્યુનલ, પોતાની સમક્ષની કોઇપણ કાર્યવાહી અથવા પોતાની સમક્ષની અપીલનો નિકાલ કરતી વખતે દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮માં નિયત કરેલી કાર્યરીતિને બંધનકર્તા રહેશે નહિ પરંતુ કુદરતી ન્યાયના સિદ્ધાંતો દ્વારા અને આ અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની અન્ય જોગવાઇઓને અધીન રહીને, માર્ગદર્શન મેળવશે અને અપીલ ટ્રિબ્યુનલને પોતાની કાર્યરીતિનું નિયમન કરવાની સત્તા રહેશે. સન ૧૯૦૮નો ૫મો.

(૨) અપીલ ટ્રિબ્યુનલને, આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો કરવાના હેતુઓ માટે, સન ૧૯૦૮નો નીચેની બાબતોના સંબંધના દાવાની ઇન્સાફી કાર્યવાહી કરતી વખતે, દીવાની કાર્યરીતિ ૫મો. અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટમાં નિહિત થયેલી હોય તેવી જ સત્તા રહેશે:-

(ક) કોઇપણ વ્યક્તિને બોલાવવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની અને તેની સોગંદ ઉપર જુબાની લેવાની;

(ખ) દસ્તાવેજો મેળવવા (શોધવા) અને તે રજૂ કરવા ફરમાવવાની;

(ગ) સોગંદનામા પર પુરાવો મેળવવાની;

સન ૧૮૭૨નો ૧લો. (ઘ) ભારતના પુરાવા અધિનિયમ, ૧૮૭૨ની કલમો ૧૨૩ અને ૧૨૪ની જોગવાઇઓને અધીન રહીને, કોઇપણ કચેરીમાંથી કોઇપણ જાહેર રેકર્ડ અથવા દસ્તાવેજ અથવા એવા રેકર્ડ અથવા દસ્તાવેજની નકલ માંગવાની;

(ચ) સાક્ષીઓ અથવા દસ્તાવેજો તપાસવા માટે કમિશનો કાઢવાની;

(છ) કોઇ કસૂર કરવામાં આવ્યો હોય તેવા કારણસર રજૂઆત ને રદ કરવાની અને તે અંગે એકતરફી નિર્ણય કરવાની;

(જ) કોઇ કસૂર કરવામાં આવ્યો હોય તેવા કારણસર કોઇ રજૂઆતને રદ કરવાનો કોઇ હુકમ અથવા તેણે એકતરફી કરેલા કોઇ હુકમને રદબાતલ કરવાની; અને

(ઝ) ઠરાવવામાં અવે તેવી અન્ય બાબત.

(૩) અપીલ ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવેલો કોઇપણ હુકમનો, તે અપીલ ટ્રિબ્યુનલ દ્વારા, જાણે કે તે, કોઇ કોર્ટમાં અનિર્ણિત દાવા અંગે કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમનામું હોય તે જ રીતે અમલ કરી શકાશે, અને

(ક) કંપનીની વિરુદ્ધના હુકમના કિસ્સામાં, જેની હકૂમતમાં કંપનીની રજિસ્ટર્ડ કચેરી આવેલી હોય; અથવા

(ખ) કોઇ અન્ય વ્યક્તિની વિરુદ્ધના હુકમના કિસ્સામાં, જેની હકૂમતમાં સંબંધિત વ્યક્તિ સ્વેચ્છાએ રહેતી હોય અથવા ધંધો ચલાવતી હોય અથવા લાભ માટે વ્યક્તિગત રીતે કામ કરતી હોય;

-તેની સ્થાનિક હદોમાં આવેલી કોર્ટને પોતાના હુકમોની અમલબજવણી માટે મોકલવાનું અપીલ ટ્રિબ્યુનલ માટે કાયદેસર ગણાશે.

INDEX

(૪) અપીલ ટ્રિબ્યુનલ સમક્ષની તમામ કાર્યવાહી, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ ના અર્થ મુજબ અને કલમ ૧૯૬ના હેતુઓ માટે ન્યાયિક કાર્યવાહી હોવાનું ગણાશે અને અપીલ ટ્રિબ્યુનલ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૫ અને પ્રકરણ ૨૬ ના હેતુઓ માટે દીવાની કોર્ટ હોવાનુ ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો. સન ૧૯૭૪નો ૨જો.

અપીલ ટ્રિબ્યુનલને અપીલો કરવા બાબત.

૧૧૨.(૧) આ અધિનિયમની કલમ ૧૦૭ અથવા કલમ ૧૦૮ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ પોતાની વિરુદ્ધ કરેલા હુકમથી નારાજ થયેલ કોઇપણ વ્યક્તિ, જેની સામે અપીલ કરવા ધાર્યું હોય તેવા હુકમની જાણ અપીલ કરતી વ્યક્તિને કરવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર એવા હુકમની વિરુધ્ધ અપીલ ટ્રીબ્યુનલને અપીલ કરી શકશે.

(૨) અપીલ ટ્રિબ્યુનલ, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર, જેમાં વેરા અથવા ઇનપુટ વેરા શાખનો સમાવેશ થયેલ હોય અથવા જેમાં વેરા અથવા ઇનપુટ વેરા શાખના તફાવતનો સમાવેશ થયેલ હોય અથવા એવા હુકમથી નક્કી કરેલ દંડ, ફી અથવા શિક્ષાની રકમ, પચાસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય, ત્યારે એવી કોઇ પણ અપીલ સ્વીકારવાનો ઈનકાર કરી શકશે.

(૩) કમિશનર, પોતાની મેળે, અથવા કેન્દ્રીય વેરા કમિશનરની વિનંતી પરથી, સદરહુ હુકમની કાયદેસરતા અથવા ઔચિત્ય અંગે પોતાને ખાતરી કરાવવાના હેતુ માટે, આ અધિનિયમ હેઠળ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ અપીલ સત્તાધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારી ધ્વારા કરવામાં આવેલ કોઇપણ હુકમનું રેકર્ડ મંગાવીને તપાસી શકશે અને કમિશનર ધ્વારા પોતાના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સદરહુ હુકમમાંથી ઉભા થતા મુદ્દાના નિકાલ માટે, જે તારીખે સદરહુ હુકમ કરવામાં આવ્યો હોય તે તારીખથી છ મહિનાની અંદર, અપીલ સત્તાધિકારીને અરજી કરવા માટે, પોતાના તાબાના કોઇ પણ અધિકારીને, હુકમથી, આદેશ આપી શકશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળના હુકમ અનુસાર, અધિકૃત અધિકારી, અપીલ ટ્રિબ્યુનલને અરજી કરે, ત્યારે એવી અરજી બાબતે અપીલ ટ્રિબ્યુનલે, જાણે કે, તે કલમ ૧૦૭ની પેટા કલમ (૧૧) હેઠળ અથવા કલમ ૧૦૮ની પેટા-કલમ (૧) હેઠળના હુકમ સામે અપીલ કરવામાં આવી હતી તે રીતે તજવીજ કરવી જોઇશે અને આ અધિનિયમની જોગવાઇઓ, પેટા-કલમ (૧) હેઠળ દાખલ કરવામાં આવેલ અપીલોના સબંધમાં લાગુ પડતી હોય તેવી જ રીતે આવી અરજીને લાગુ પડશે.

(૫) આ કલમ હેઠળ અપીલ કરવામાં આવી હોય તેવી નોટિસ મળ્યેથી, જે પક્ષકાર વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તે પક્ષકાર, પોતે આવા હુકમ અથવા તેના ભાગ

વિરુદ્ધ અપીલ કરી શક્યો ન હોય તેમ છતાં, જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેવા હુકમના કોઇ ભાગ સામે, નોટિસ મળ્યાના પિસ્તાળીસ દિવસની અંદર, ઠરાવેલી રીતે ખરાઇ કરેલા, સામા-વાંધાની યાદી દાખલ કરી શકાશે અને આવી યાદીનો નિકાલ, જાણે કે તે, પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર રજૂ કરેલી અપીલ હોય તેમ અપીલ ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવશે.

(૬) અપીલ ટ્રિબ્યુનલ, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ મુદત પૂરી થયા પછી ત્રણ મહિનાની મુદતની અંદર અપીલ ગ્રાહ્ય રાખી શકશે અથવા તેને (અપીલ ટ્રિબ્યુનલને), એવી ખાતરી થાય કે, તે મુદતની અંદર તે (અપીલ) રજૂ ન કરવા માટેના પુરતા કારણો હતા તો, પેટા-કલમ (૫)માં ઉલ્લેખેલ મુદત પૂરી થયા પછી પિસ્તાળીસ દિવસની અંદર સામા વાંધાની યાદી દાખલ કરવાની પરવાનગી આપી શકશે.

(૭) અપીલ ટ્રિબ્યુનલને કરવાની અપીલ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવી જોઇશે, તેવી રીતે ખરાઇ કરેલી હોવી જોઇશે અને તેની સાથે ઠરાવવામાં આવે તેટલી ફી જોડેલી હોવી જોઇશે.

(૮) પેટા-કલમ (૧) હેઠળ કોઇ અપીલ દાખલ કરી શકાશે નહી, સિવાય કે અપીલ કરનારે,-

(ક) વિરુધ્ધના હુકમમાંથી ઉત્પન્ન થયેલ વેરા, વ્યાજ, દંડ, ફી અને શિક્ષાની રકમના પોતાના દ્વારા મંજૂર કરવામાં આવેલ ભાગની પૂરેપૂરે રકમ, અને

(ખ) જેના સંબંધમાં અપીલ દાખલ કરવામાં આવી હોય તેવા સદરહુ હુકમમાંથી ઉત્પન્ન થયેલી, કલમ ૧૦૭ની પેટા-કલમ (૬) હેઠળ ચૂકવેલી રકમ ઉપરાંત, વિવાદી વેરાની બાકી રકમની વીસ ટકા જેટલી રકમ ચૂકવેલ હોય.

(૯) અપીલ કરનારે, પેટા-કલમ (૮) મુજબ રકમ ચૂકવી હોય, ત્યારે બાકી રકમ (બેલેન્સ) માટેની વસૂલાતની કાર્યવાહી, અપીલનો નિકાલ થાય ત્યાં સુધી સ્થગિત કરવામાં આવી હોવાનું ગણાશે.

(૧૦) અપીલ ટ્રિબ્યુનલ સમક્ષની,-

(ક) ભૂલને સુધારવા માટે અથવા બીજા કોઇ હેતુ માટેની અપીલમાં; અથવા

(ખ) અપીલ અથવા અરજીના પુન:સ્થાપન માટે,

કરવામાં આવેલી દરેક અરજી સાથે ઠરાવવામાં આવે તેવી ફી જોડેલી હોવી જોઇશે.

અપીલ ટ્રિબ્યુનલના હુકમો.

૧૧૩. (૧) અપીલ ટ્રિબ્યુનલ, અપીલના પક્ષકારોને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, જેની સામે અપીલ કરવામાં આવી હોય તેવા નિર્ણય અથવા હુકમને બહાલી આપતા, તેમાં ફેરફાર કરતા અથવા તે રદ કરતા, પોતાને યોગ્ય લાગે તેવા, તે અંગેના હુકમો કરી શકશે અથવા આવો કેસ, જરૂરી હોય તો, વધારાનો પુરાવો લીધા પછી નવા ચુકાદા અથવા નિર્ણય માટે પોતાને યોગ્ય લાગે તેવા આદેશો સાથે અપીલ સત્તાધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારીને અથવા મૂળ ન્યાયનિર્ણય સત્તાધિકારીને પાછો મોકલી શકશે.

(૨) અપીલ ટ્રિબ્યુનલ, અપીલની સુનાવણીના કોઇપણ તબક્કે, પૂરતા કારણ બતાવવામાં આવ્યા હોય, તો પક્ષકારોને અથવા તે પૈકીના કોઇને પણ સમય (મુદત) આપી શકશે અને લેખિતમાં કારણોની નોંધ કરીને, અપીલની સુનાવણી મોકૂફ રાખી શકશે:

પરંતુ અપીલની સુનાવણી દરમિયાન પક્ષકારને વધુમાં વધુ ત્રણ વખત અપીલની સુનાવણી આવી રીતે મોકૂફ રાખવાની છૂટ આપી શકાશે.

(૩) હુકમની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદરજો એવી ભૂલ આપમેળે (પોતાના) ધ્યાનમાં આવી હોય અથવા કમિશનર ધ્વારા અથવા કેન્દ્રીય વેરા કમિશનર દ્વારા અથવા અપીલના અન્ય પક્ષકાર ધ્વારા તેના ધ્યાન પર લાવવામાં આવી હોય, તો અપીલ ટ્રિબ્યુનલ, પેટા-કલમ (૧) હેઠળ પોતે કરેલ કોઇ પણ હુકમ સુધારી શકશે જેથી કરીને, રેકર્ડમાં સ્પષ્ટ રીતે દેખાઇ આવતી કોઇ પણ ભૂલ સુધારી શકાય :

પરંતુ પક્ષકારોને સુનાવણીની તક આપવામાં આવી હોય તે સિવાય, આકારણીનો વધારો કરતો અથવા રિફંડ અથવા ઇનપુટ વેરા શાખનો ઘટાડો કરતો અથવા અન્યથા બીજા પક્ષકારોની જવાબદારીમાં વધારો કરતો કોઇ સુધારો કરવો જોઇશે નહી.

(૪) અપીલ ટ્રિબ્યુનલે શક્ય હોય ત્યાં સુધી, જે તારીખે અપીલ દાખલ કરવામાં આવી હોય તે તારીખથી, એક વર્ષની મુદતની અંદર દરેક અપીલની સુનવણી કરીને તેનો નિર્ણય કરવો જોઇશે.

(૫) અપીલ ટ્રિબ્યુનલે આ કલમ હેઠળ કરેલ દરેક હુકમની નકલ, અપીલ સત્તાધિકારીને, અથવા ફેરતપાસ સત્તાધિકારીને અથવા યથાપ્રસંગ, મૂળ ન્યાયનિર્ણય સત્તાધિકારીને, અપીલ કરનાર અને કમિશનર અથવા કેન્દ્રીય વેરાના હકૂમત ધરાવતા કમિશનરને મોકલવી જોઇશે.

INDEX

(૬) કલમ ૧૧૭ અથવા કલમ ૧૧૮માં જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, અપીલ પર અપીલ ટ્રિબ્યુનલે કરેલા હુકમ આખરી ગણાશે અને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

રાજ્યના પ્રમુખની નાણાકીય અને વહીવટી સત્તા.

૧૧૪. રાજ્યના પ્રમુખ, રાજ્યમાંની રાજ્ય બેન્ચ અને અપીલ ટ્રિબ્યુનલની ક્ષેત્રીય બેન્ચ ઉપર ઠરાવવામાં આવે તેવી, નાણાકીય અને વહીવટી સત્તા વાપરશે:

પરંતુ, રાજ્ય પ્રમુખને, રાજ્ય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચના કોઇ બીજા સભ્ય અથવા કોઇ પણ અધિકારીને, એવો સભ્ય અથવા અધિકારી તેને સોંપવામાં આવેલી સત્તા વાપરતી વખતે રાજ્યના પ્રમુખના આદેશ, નિયંત્રણ અને દેખરેખ હેઠળ કાર્ય કરવાનું ચાલુ રાખશે, તે શરતને અધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવી, તેની નાણાકીય અને વહીવટી સત્તા સોંપવાનો અધિકાર રહેશે.

અપીલ દાખલ કરવા માટે ચૂકવેલ રકમના રિફંડ ઉપર વ્યાજ ચૂકવવા બાબત.

૧૧૫. અપીલ કરનાર દ્વારા કલમ ૧૦૭ની પેટા-કલમ (૬) હેઠળ અથવા કલમ ૧૧૨ ની પેટા-કલમ (૮) હેઠળ ચૂકવેલ રકમનું, અપીલ સત્તાધિકારી અથવા અપીલ ટ્રિબ્યુનલના કોઈ પણ હુકમના પરિણામે રિફંડ આપવાનું ફરમાવવામાં આવ્યું હોય ત્યારે, એવા રિફંડના સંબંધમાં, એવી રકમની ચુકવણીની તારીખથી એવી રકમના રિફંડની તારીખ સુધી, કલમ ૫૬ હેઠળ નિર્દિષ્ટ કરેલ દરે વ્યાજ ચૂકવવાપાત્ર થશે.

અધિકૃત કરેલ પ્રતિનિધિ દ્વારા હાજર થવા બાબત.

૧૧૬. (૧) આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહીના સંબંધમાં આ અધિનિયમ હેઠળ નિમણૂક પામેલ અધિકારી અથવા અપીલ સત્તાધિકારી અથવા અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થવા હકદાર હોય તેવી અથવા હાજર થવા ફરમાવવામાં આવ્યું હોય તેવી કોઇ વ્યક્તિ, સોગંદ અથવા સોગંદનામા ઉપર જુબાની આપવા માટે વ્યક્તિગત રીતે હાજર રહેવા ફરમાવ્યું હોય તે સિવાય, તે આ કલમની અન્ય જોગવાઈઓને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ ફરમાવવામાં આવ્યું હોય ત્યારે, અધિકૃત પ્રતિનિધિ દ્વારા હાજર રહી શકશે.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે, "અધિકૃત પ્રતિનિધિ" એટલે પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ વ્યક્તિ દ્વારા, પોતાના વતી હાજર થવા માટે, નીચે જણાવેલ વ્યક્તિઓ પૈકીની અધિકૃત કરેલ વ્યક્તિ -

(ક) તેનો સંબંધી અથવા નિયમિત કર્મચારી હોય; અથવા

INDEX

(ખ) ભારતની કોઈપણ કોર્ટમાં વકીલાત કરવા હકદાર હોય તેવો વકીલ અને ભારતની કોઈપણ કોર્ટમાં વકીલાત કરતી રોકવામાં આવી ન હોય તેવી વ્યક્તિ; અથવા

(ગ) કોઈ પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટ અથવા કંપની સેક્રેટરી, જે પ્રેક્ટિસ કરવા માટે પ્રમાણપત્ર ધરાવતા હોય અને જેને પ્રેક્ટિસ કરતાં રોકવામાં આવી ન હોય તેવી વ્યક્તિ; અથવા

(ઘ) કોઈ પણ રાજ્ય સરકાર અથવા સંઘ રાજયક્ષેત્રના વાણિજ્યિક વેરા વિભાગના અથવા બોર્ડના નિવૃત અધિકારી જેણે, સરકાર હેઠળની તેની સેવા દરમિયાન, બે વર્ષથી ઓછી નહિ તેટલી મુદત સુધી, ગ્રુપ-બી રાજપત્રિત અધિકારીના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપર કામ કર્યું હોય :

પરંતુ એવો અધિકારી પોતાની નિવૃત્તિની અથવા રાજીનામાની તારીખથી એક વર્ષની મુદત માટે આ અધિનિયમ હેઠળ કોઈપણ કાર્યવાહી સમક્ષ હાજર થવાને હકદાર થશે નહિ; અથવા

(ચ) સંબંધિત રજિસ્ટર થયેલ વ્યક્તિ વતી માલ અને સેવા વેરા વ્યવસાયી તરીકે કાર્ય કરવા અધિકૃત કરવામાં આવી હોય તેવી કોઇ વ્યક્તિ.

(૩) (ક) સરકારી સેવામાંથી બરતરફ કરવામાં આવી હોય અથવા દૂર કરવામાં આવી હોય તેવી કોઇ વ્યક્તિ, અથવા

(ખ) આ અધિનિયમ, કેન્દ્રિય માલ અને સેવા વેરા અધિનિયમ, સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંઘ રાજ્ય ક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ અથવા કોઈ વિદ્યમાન કાયદા હેઠળ અથવા માલના વેચાણ અથવા માલ અને સેવાના પુરવઠા અથવા તે બંને ઉપર વેરા નાખવા સંબંધી રાજ્ય વિધાનમંડળે પસાર કરેલા અધિનિયમ પૈકી કોઈપણ અધિનિયમ હેઠળની કોઈ પણ કાર્યવાહી સાથે સંકળાયેલા ગુના માટે દોષિત જાહેર થયેલ વ્યક્તિ, અથવા

(ગ) ઠરાવેલ સત્તામંડળ દ્વારા ગેરવર્તણૂક માટે દોષિત જણાયેલ હોય તેવી વ્યક્તિ ;

(ઘ) નાદાર તરીકે જાહેર કરવામાં આવી હોય તેવી વ્યક્તિ,

INDEX

(૧) ખંડો (ક), (ખ) અને (ગ) માં ઉલ્લેખેલ વ્યક્તિના કિસ્સામાં તમામ સમય માટે; અને

(૨) ખંડ (ઘ) માં ઉલ્લેખેલ વ્યક્તિના કિસ્સામાં, જે સમય દરમિયાન નાદારી ચાલુ હોય તે મુદત સુધી,

પેટા કલમ (૧) હેઠળ કોઈ વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરવા ગેર લાયક ગણાશે.

(૪) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા બીજા કોઇ રાજયના માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંઘ રાજયક્ષેત્રના માલ અને સેવા વેરા અધિનિયમની જોગવાઇઓ હેઠળ ગેરલાયક ઠરાવવામાં આવી હોય તેવી કોઇ વ્યકિત, આ અધિનિયમ હેઠળ ગેરલાયક ઠરાવવામાં આવી છે એમ ગણાશે.

૧૧૭. (૧) અપીલ ટ્રિબ્યુનલની રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા કરવામાં આવેલા કોઇ હુકમથી નારાજ થયેલી કોઇ વ્યકિત, હાઇકોર્ટને અપીલ કરી શકશે અને હાઇકોર્ટને ખાતરી થાય કે કેસમાં કાયદાના મહત્વના પ્રશ્નનો સમાવેશ થાય છે, તો તે આવી અપીલ સ્વીકારી શકશે. **હાઇકોર્ટને અપીલ.**

(૨) નારાજ થયેલી વ્યકિતએ, જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેવો હુકમ મળ્યાની તારીખથી એકસો એંસી દિવસની મુદતની અંદર પેટા-કલમ (૧) હેઠળ અપીલ રજૂ કરવી જોઇશે અને તે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે તેની ખરાઈ કરેલી હોવી જોઇશે :

પરંતુ હાઇકોર્ટને ખાતરી થાય કે આવી મુદતની અંદર અપીલ રજૂ ન કરવા માટે પૂરતું કારણ હતું, તો તે, સદરહુ મુદત પૂરી થયા પછી, અપીલ સ્વીકારી શકશે.

(૩) હાઇકોર્ટને ખાતરી થાય કે કોઇ કેસમાં કાયદાના મહત્વના મુદ્દાનો સમાવેશ થયો છે, ત્યારે કોર્ટે મુદ્દો ઘડવો જોઇશે અને આ રીતે ઘડેલા મુદ્દાના આધારે જ અપીલની સુનાવણી કરવી જોઇશે તથા પ્રતિવાદીને, અપીલની સુનાવણી વખતે, કેસમાં એવા મુદ્દાનો સમાવેશ થતો નથી તેવી દલીલ કરવાની પરવાનગી આપવી જોઇશે :

પરંતુ હાઇકોર્ટને ખાતરી થાય કે કેસમાં આવા મુદ્દાનો સમાવેશ થાય છે, તો આ પેટા-કલમમાંના કોઇપણ મજકૂરથી, કારણોની નોંધ કરીને, તેણે (હાઇકોર્ટે) ઘડેલા ના હોય તેવા કાયદાના બીજા કોઇ મહત્વના મુદ્દા અંગે કોર્ટની અપીલ અંગે સુનાવણી કરવાની સત્તા લઇ લીધી અથવા ટૂંકાવેલી (ઓછી કરી) હોવાનું ગણાશે નહિ.

INDEX

(૪) હાઇકોર્ટે આ રીતે ઘડેલા કાયદાના મુદ્દા અંગે નિર્ણય કરવો જોઇશે અને જેના આધારે આવો નિર્ણય કરવામાં આવ્યો હોય તેવાં કારણોનો સમાવેશ કરતો તે અંગેનો ચુકાદો આપવો જોઇશે તથા પોતે યોગ્ય ગણે તેવો ખર્ચ અંગેનો હુકમ કરી શકશે.

(૫) હાઇકોર્ટ-

(ક) રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા નક્કી કરવામાં આવી હોય તેવી કોઇ બાબત; અથવા

(ખ) અહીં પેટા-કલમ (૩)માં ઉલ્લેખ્યા પ્રમાણે, કાયદાના આવા મુદ્દાના નિર્ણયના કારણે, રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા ખોટી રીતે નકકી કરવામાં આવી હોય તેવી કોઇ બાબત નક્કી કરી શકશે.

(૬) હાઇકોર્ટ સમક્ષ અપીલ રજૂ કરવામાં આવી હોય, ત્યારે હાઇકોર્ટના ઓછામાં ઓછા બે ન્યાયાધીશની બનેલી બેન્ચ દ્વારા તેની સુનાવણી કરવી જોઇશે અને આવા ન્યાયાધીશના અભિપ્રાય અનુસાર અથવા આવા ન્યાયાધીશની બહુમતી હોય તો, તે અનુસાર તે અંગે નિર્ણય કરવો જોઇશે.

(૭) આવી કોઇપણ બહુમતી ન હોય, ત્યારે ન્યાયાધીશ જે કાયદાના મુદ્દા અંગે ભિન્ન અભિપ્રાય ધરાવતા હોય તે કાયદાનો મુદ્દો જણાવવો જોઇશે અને હાઇકોર્ટના એક અથવા બીજા વધુ ન્યાયાધીશે માત્ર તે મુદ્દા પર જ કેસ અંગે ત્યાર પછી સુનાવણી કરવી જોઇશે તથા જે ન્યાયાધીશે તે કેસ અંગે પ્રથમ સુનાવણી કરી હોય તે ન્યાયાધીશ સહિતના કેસ અંગે જેમણે સુનાવણી કરી હોય તેવા બહુમતી ન્યાયાધીશોના અભિપ્રાય અનુસાર આવા મુદ્દા અંગે નિર્ણય કરવો જોઇશે.

(૮) હાઇકોર્ટ, આ કલમ હેઠળ તેની સમક્ષ રજૂ કરવામાં આવેલી અપીલ અંગે ચુકાદો આપે, ત્યારે ચુકાદાની પ્રમાણિત નકલના આધારે બેમાંથી એક બાજુથી આવા ચુકાદાનો અમલ કરાવવો જોઇશે.

(૯) આ અધિનિયમમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, હાઇકોર્ટને અપીલ કરવાને લગતી દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ની જોગવાઇઓ, શકય હોય ત્યાં સુધી, આ કલમ હેઠળની અપીલના કિસ્સામાં લાગુ પડશે. સન ૧૯૦૮નો ૫-મો.

સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ.

૧૧૮. (૧) (ક) અપીલ ટ્રિબ્યુનલની રાષ્ટ્રીય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચ દ્વારા કરવામાં આવેલા કોઇ હુકમ પરથી; અથવા

INDEX

(ખ) કોઇ કેસમાં કલમ ૧૧૭ હેઠળ કરવામાં આવેલી અપીલના સંબંધમાં, ચુકાદો અથવા હુકમ થયા પછી તરત જ નારાજ થયેલા પક્ષકાર દ્વારા આપમેળે અથવા તેના દ્વારા અથવા તેના વતી કરવામાં આવેલી અરજી પરથી, સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ કરવા માટે હાઇકોર્ટ તેને યોગ્ય હોવાનું પ્રમાણિત કરે, તેવા હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલા કોઇ ચુકાદા અથવા હુકમ પરથી;

- સર્વોચ્ચ ન્યાયાલય (સુપ્રિમ કોર્ટ)ને અપીલ કરી શકાશે.

(૨) સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ કરવાને લગતી દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ની જોગવાઇઓ, શકય હોય ત્યાં સુધી, હાઇકોર્ટના હુકમનામાને કારણે કરવામાં આવતી અપીલના કિસ્સામાં તે લાગુ પડે છે તે જ રીતે આ કલમ હેઠળની અપીલના કિસ્સામાં લાગુ પડશે. સન ૧૯૦૮નો ૫-મો.

(૩) કોઈ અપીલમાં હાઇકોર્ટના ચુકાદામાં ફેરફાર કરવામાં આવ્યો હોય અથવા તેને રદ કરવામાં આવ્યો હોય, ત્યારે હાઇકોર્ટના ચુકાદાના કિસ્સામાં કલમ ૧૧૭માં જોગવાઇ કરેલી રીતે, સર્વોચ્ચ ન્યાયાલયના હુકમને અસર આપવી જાઇશે.

અપીલ વગેરે રજૂ કરી હોવા છતાં, ચૂકવવાપાત્ર બાકી નીકળતી રકમ.

૧૧૯. હાઇકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય) અથવા સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ કરવામાં આવી હોય તેમ છતાં, કલમ ૧૧૩ની પેટા-કલમ (૧) હેઠળ અપીલ ટ્રિબ્યુનલની રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક બેન્ચ દ્વારા કરવામાં આવેલા હુકમ અથવા કલમ ૧૧૩ની પેટા-કલમ (૧) હેઠળ અપીલ ટ્રિબ્યુનલની રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા કરવામાં આવેલા હુકમ અથવા યથાપ્રસંગ, કલમ ૧૧૭ હેઠળ હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલા હુકમના કારણે, સરકારને ચૂકવવાપાત્ર રકમ, આ રીતે કરવામાં આવેલા હુકમ અનુસાર ચૂકવવાપાત્ર રહેશે.

અમુક કિસ્સામાં અપીલ રજૂ ન કરવા બાબત.

૧૨૦. (૧) કાઉન્સિલની ભલામણો પરથી કમિશનરે, આ પ્રકરણની જોગવાઇઓ હેઠળ, રાજય વેરાના અધિકારી દ્વારા અપીલ અથવા અરજી દાખલ કરવાની બાબતનું નિયમન કરવાના હેતુઓ માટે, પોતે યોગ્ય ગણે તેટલી નાણાકીય મર્યાદા નક્કી કરતા હુકમો અથવા સૂચના અથવા આદેશો વખતોવખત આપવા જોઇશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ આપેલા હુકમો અથવા સૂચના અથવા આદેશો અનુસાર, રાજય વેરાના અધિકારીએ, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ કરવામાં આવેલા કોઇ નિર્ણય અથવા હુકમ વિરુદ્ધ અપીલ અથવા અરજી દાખલ કરી ન હોય, ત્યારે આવા અથવા આ પ્રકારના મુદ્દા અથવા કાયદાના પ્રશ્નોનો સમાવેશ કરતા બીજા કોઇ કેસમાં, રાજ્ય વેરાના આવા અધિકારીને અપીલ અથવા અરજી રજૂ કરતા રોકી શકાશે નહિ.

INDEX

(૩) પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલા હુકમો અથવા સૂચના અથવા આદેશો અનુસાર, રાજય વેરાના અધિકારી દ્વારા કોઇપણ અપીલ અથવા અરજી દાખલ કરવામાં આવી ન હોય તેવી હકીકત હોવા છતાં, અપીલ અથવા અરજીમાંની પક્ષકાર હોય તેવી કોઇપણ વ્યકિતએ એવી દલીલ કરવી જોઇશે નહિ કે રાજય વેરાના અધિકારીએ, અપીલ અથવા અરજી રજૂ ન કરીને, વિવાદિત મુદ્દા પરના નિર્ણયમાં વાંધો ઉઠાવ્યો નથી.

(૪) આવી અપીલ અથવા અરજી પર સુનાવણી કરતી અપીલ ટ્રિબ્યુનલ અથવા કોર્ટે, પેટા-કલમ (૧) હેઠળ આપેલા હુકમો અથવા સૂચના અથવા આદેશો અનુસાર, રાજય વેરાના અધિકારી દ્વારા જે સંજોગો હેઠળ અપીલ અથવા અરજી રજૂ કરવામાં આવી ન હોય તે સંજોગો ધ્યાનમાં લેવા જાઇશે.

જેની સામે અપીલ ન કરી શકાય તેવા નિર્ણયો અને હુકમો.

૧૨૧. આ અધિનિયમની કોઇ જોગવાઇઓમાં કંઇપણ વિરુદ્ધનું હોય તેમ છતાં, નીચેની બાબતો પૈકીની કોઇ એક અથવા વધુ બાબતોને લગતો નિર્ણય લેવામાં આવ્યો હોય અથવા હુકમ કરવામાં આવ્યો હોય, તો રાજય વેરા અધિકારી દ્વારા કરવામાં આવેલા કોઇ નિર્ણય અથવા લેવામાં આવેલા આવા હુકમ વિરુદ્ધ કોઇપણ અપીલ કરી શકાશે નહિ:-

(ક) એક અધિકારી પાસેથી બીજા અધિકારી ને કાર્યવાહી તબદીલ કરવા માટે નો આદેશ આપવા ની સત્તા આપતો કમિશનર અથવા બીજા સત્તાધિકારીનો હુકમ; અથવા

(ખ) હિસાબના ચોપડા, પત્રક (રજિસ્ટર) અને બીજા દસ્તાવેજાની જપ્તી અથવા તેને રાખવા સંબંધી હુકમ; અથવા

(ગ) આ અધિનિયમ હેઠળ ફોજદારી કાર્યવાહી મંજૂર કરતો હુકમ ; અથવા

(ઘ) કલમ ૮૦ હેઠળ કરવામાં આવેલો હુકમ.

પ્રકરણ ૧૯

ગુના અને શિક્ષા

અમુક ગુના માટે શિક્ષા.

૧૨૨. (૧) વેરાપાત્ર વ્યકિત કે જે-

(૧) કોઇ ભરતિયું કાઢી આપ્યા સિવાય, કોઇ માલ અથવા સેવાઓ અથવા બંને પૂરી પાડે અથવા આવા કોઇ પુરવઠાના સંબંધમાં, અયોગ્ય અથવા ખોટું ભરતિયું કાઢી આપે;

INDEX

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માલ અથવા સેવાઓ અથવા બંને પૂરી પાડયા સિવાય, કોઇ ભરતિયું અથવા બિલ કાઢી આપે;

(૩) કોઇ રકમ વેરા તરીકે વસૂલ કરે પણ આવી ચુકવણી જે તારીખે ચૂકવવાપાત્ર હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદતથી વધારે મુદતની અંદર સરકારને તે ચૂકવવામાં નિષ્ફળ જાય;

(૪) આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, કોઇ વેરો વસૂલ કરે પણ આવી ચુકવણી જે તારીખે ચૂકવવાપાત્ર હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદતથી વધારે મુદતની અંદર સરકારને તે ચૂકવવામાં નિષ્ફળ જાય;

(૫) કલમ ૫૧ની પેટા-કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર, વેરાની કપાત કરાવવામાં નિષ્ફળ જાય અથવા સદરહુ પેટા-કલમ હેઠળ કપાત કરાવવાની જરૂરી હોય તેવી રકમ કરતાં ઓછી રકમની કપાત કરાવે અથવા તેની પેટા-કલમ (૨) હેઠળ સરકારને વેરા તરીકે કપાત કરેલી રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય;

(૬) કલમ ૫૨-ની પેટા-કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર, વેરો વસૂલ કરવામાં નિષ્ફળ જાય અથવા સદરહુ પેટા-કલમ હેઠળ વસૂલ કરવી જરૂરી હોય તેટલી રકમ કરતાં ઓછી રકમ વસૂલ કરે અથવા કલમ ૫૨-ની પેટા-કલમ (૩) હેઠળ વેરા તરીકે વસૂલ કરેલી રકમ સરકારને ચૂકવવામાં નિષ્ફળ જાય;

(૭) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માલ અથવા સેવાઓ અથવા બંનેની સંપૂર્ણત: અથવા અંશત: ખરેખર પ્રાપ્તિ સિવાય, ઇનપુટ વેરા શાખ લે અથવા તેનો ઉપયોગ કરે;

(૮) આ અધિનિયમ હેઠળ વેરાનું રિફંડ છળકપટથી મેળવે;

(૯) કલમ ૨૦ અથવા તે હેઠળ કરેલા નિયમોનું ઉલ્લંઘન કરીને, ઇનપુટ વેરા શાખ લે અથવા તેનું વિતરણ કરે;

(૧૦) આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વેરાની ચુકવણી ટાળવાના હેતુથી, નાણાકીય રેકર્ડમાં કપટથી ફેરફાર કરે અથવા બદલે અથવા બનાવટી હિસાબો અથવા દસ્તાવેજો રજૂ કરે અથવા કોઇ ખોટી માહિતી અથવા પત્રક પૂરા પાડે;

(૧૧) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થવાને પાત્ર હોય પણ રજિસ્ટ્રેશન (નોંધણી) કરાવવામાં નિષ્ફળ જાય;

INDEX

(૧૨) રજિસ્ટ્રેશન (નોંધણી) માટે અરજી કરતી વખતે અથવા ત્યાર પછી રજિસ્ટ્રેશનની વિગતોના સંબંધમાં, કોઇ ખોટી માહિતી પૂરી પાડે ;

(૧૩) આ અધિનિયમ હેઠળ કોઇ અધિકારીને તેમની ફરજો બજાવતા અવરોધે અથવા અટકાવે;

(૧૪) આ અર્થે નિર્દિષ્ટ કરવામાં આવે તેવા દસ્તાવેજોનો સમાવેશ કર્યા સિવાય કોઇ વેરાપાત્ર માલની હેરફેર કરે;

(૧૫) પોતાનું ટર્નઓવર છુપાવે જેના કારણે આ અધિનિયમ હેઠળ વેરો (ચૂકવવાનું) ટાળવામાં આવે;

(૧૬) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર, હિસાબના ચોપડા અને બીજા દસ્તાવેજો રાખવામાં, તેને નિભાવવામાં અથવા પોતાના કબજામાં રાખવામાં નિષ્ફળ જાય ;

(૧૭) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર, અધિકારી દ્વારા માંગવામાં આવેલી માહિતી અથવા દસ્તાવેજો પૂરા પાડવામાં નિષ્ફળ જાય અથવા આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહી દરમિયાન, ખોટી માહિતી અથવા દસ્તાવેજો પૂરા પાડે;

(૧૮) આ અધિનિયમ હેઠળ જપ્તીને પાત્ર છે તેવું માનવાને એને કારણ હોય એવો કોઇ માલ પૂરો પાડે, તેની હેરફેર કરે અથવા તેનો સંગ્રહ કરે;

(૧૯) બીજી રજિસ્ટર થયેલી વ્યકિતના રજિસ્ટ્રેશન (નોંધણી) નંબરનો ઉપયોગ કરીને, કોઇ ભરતિયું અથવા દસ્તાવેજ કાઢી આપે;

(૨૦) કોઇ મહત્વના પુરાવા અથવા દસ્તાવેજો સાથે ચેડાં કરે અથવા તેનો નાશ કરે;

(૨૧) આ અધિનિયમ હેઠળ અટકાયત કરવામાં આવ્યા હોય, જપ્ત કરવામાં આવ્યા હોય અથવા ટાંચમાં લેવામાં આવ્યા હોય તેવા કોઇ માલનો નિકાલ કરે અથવા તેની સાથે ચેડાં કરે;

તો તે દસ હજાર રૂપિયાના દંડ અથવા જેટલો વેરો ચૂકવવાનું ટાળ્યું હોય તેના જેટલી રકમ અથવા કલમ ૫૧ હેઠળ કપાત ન કરવામાં આવેલો વેરો અથવા ઓછો કપાત કરવામાં આવેલો વેરો અથવા કપાત કરવામાં આવેલો પણ સરકારને ચૂકવવામાં ન આવેલો વેરો અથવા કલમ ૫૨ હેઠળ વસૂલ ન

INDEX

કરવામાં આવેલો વેરો અથવા ઓછો વસૂલ કરવામાં આવેલો વેરો અથવા વસૂલ કરવામાં આવેલો પણ સરકારને ચૂકવવામાં ન આવેલો વેરો અથવા અનિયમિતપણે લીધેલી હોય અથવા આગળ પહોંચાડેલી અથવા વહેંચેલી ઇનપુટ વેરા શાખ અથવા છળકપટપૂર્વક દાવો કરેલ રિફંડ, આમાંથી જે વધુ હોય તેટલી રકમ ચૂકવવાને જવાબદાર રહેશે.

(૨) (ક) વેરો ટાળવા માટે, છળકપટ કર્યાના અથવા જાણીબૂજીને કોઇ ખોટી રજૂઆત કર્યાના અથવા હકીકતો છુપાવવાના કારણ સિવાયના કોઇ કારણસર, જેના પર કોઇ વેરો ચૂકવવામાં આવ્યો ન હોય અથવા ઓછો વેરો ચૂકવવામાં આવ્યો હોય અથવા ખોટી રીતે રિફંડ લેવામાં આવ્યું હોય અથવા ઇનપુટ વેરા શાખનો લાભ ખોટી રીતે મેળવવામાં આવ્યો હોય અથવા ખોટી રીતે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવા કોઇ માલ અથવા સેવાઓ અથવા તે બંને પૂરી પાડતી હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિ, દસ હજાર રૂપિયાના દંડ અથવા આવી વ્યક્તિએ ચૂકવવાપાત્ર વેરાના દસ ટકા, એ બેમાંથી જે વધુ હોય તેટલી રકમ ચૂકવવાને જવાબદાર રહેશે;

(ખ) વેરો ટાળવા માટે, છળકપટ કર્યાના અથવા જાણીબૂજીને કોઇ ખોટી રજૂઆત કર્યાના અથવા હકીકતો છુપાવવાના કારણસર, જેના પર કોઇ વેરો ચૂકવવામાં આવ્યો ન હોય અથવા ઓછો વેરો ચૂકવવામાં આવ્યો હોય અથવા ખોટી રીતે રિફંડ લેવામાં આવ્યું હોય અથવા ઇનપુટ વેરા શાખનો લાભ ખોટી રીતે મેળવવામાં આવ્યો હોય અથવા ખોટી રીતે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવા કોઇ માલ અથવા સેવાઓ અથવા તે બંને પૂરી પાડતી હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિ, દસ હજાર રૂપિયા જેટલો દંડ અથવા આવી વ્યક્તિએ ચૂકવવાપાત્ર વેરો, બેમાંથી જે વધુ હોય તેટલી રકમ ચૂકવવાને જવાબદાર રહેશે.

(૩) જે કોઇ વ્યક્તિ -

(ક) પેટા-કલમ (૧) ના ખંડો (૧) થી (૨૧) માં નિર્દિષ્ટ કરેલા ગુના પૈકીના કોઇ ગુનામાં સહાય કરે અથવા તેમાં મદદગારી કરે;

(ખ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ જપ્તીને પાત્ર છે, તેવું તે જાણતો હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવા કોઇ માલનો કબજો સંપાદિત કરે અથવા તેવા માલની હેરફેર કરવામાં, માલને દૂર કરવામાં, જમા કરવામાં, રાખવામાં, છૂપાવવામાં, પૂરો પાડવામાં અથવા ખરીદવામાં પોતે કોઇ રીતે સંકળાયેલી હોય અથવા બીજી કોઇ રીતે તેવા માલની તજવીજ કરે;

INDEX

(ગ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે, તેવું તે જાણતો હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવી સેવાઓનો કોઇ પુરવઠો મેળવે અથવા તેના પુરવઠા સાથે કોઇ રીતે સંકળાયેલી હોય અથવા બીજી કોઇ રીતે તેની તજવીજ કરે;

(ઘ) તપાસમાં પુરાવો આપવા માટે ઉપસ્થિત થવા અથવા દસ્તાવેજ રજૂ કરવા સમન પાઠવવામાં આવ્યું હોય, ત્યારે રાજય વેરાના અધિકારી સમક્ષ ઉપસ્થિત થવામાં નિષ્ફળ જાય;

(ચ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર, ભરતિયું કાઢી આપવામાં નિષ્ફળ જાય અથવા હિસાબના તેના ચોપડામાં ભરતિયા અંગેનો હિસાબ આપવામાં નિષ્ફળ જાય,

તે, પચીસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

માહિતી પત્રક પૂરું પાડવામાં નિષ્ફળ થયા બદલ દંડ.

૧૨૩. કલમ ૧૫૦ હેઠળ માહિતી પત્રક પૂરું પાડવાનું ફરમાવ્યું હોય તેવી વ્યક્તિ, તેની પેટા-કલમ (૩) હેઠળ કાઢી આપવામાં આવેલી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર આવું કરવામાં નિષ્ફળ થાય, તો યોગ્ય અધિકારી, જે મુદત માટે આવું પત્રક પૂરું પાડવામાં ન આવે તે મુદતના દરેક દિવસ માટે એકસો રૂપિયાનો દંડ ચૂકવવાને એવી વ્યકિત જવાબદાર થશે તેવો આદેશ આપી શકશે :

પરંતુ આ કલમ હેઠળ નાખવામાં આવેલો દંડ, પાંચ હજાર રૂપિયા કરતાં વધુ હોવો જોઇશે નહિ.

આંકડા પૂરા પાડવા માટેની નિષ્ફળતા બદલ દંડ.

૧૨૪. કલમ ૧૫૧ હેઠળ કોઇ માહિતી અથવા પત્રક પૂરું પાડવા માટે ફરમાવ્યું હોય તેવી કોઇ વ્યકિત,-

(ક) વાજબી કારણ સિવાય, તે કલમ હેઠળ ફરમાવવામાં આવે તેવી માહિતી અથવા પત્રક પૂરું પાડવામાં નિષ્ફળ જાય; અથવા

(ખ) તે ખોટું હોવાનું જાણતો હોય તેવી કોઇ માહિતી અથવા પત્રક જાણીબૂજીને પૂરું પાડે અથવા પૂરું પડાવે,

તો તે, દસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે અને ગુનો કરવાનું ચાલુ રહયું હોય તે કિસ્સામાં, જે સમય દરમિયાન ગુનો ચાલુ રહયો હોય તેના પ્રથમ દિવસ પછીના દરેક દિવસ માટે, પચીસ હજાર રૂપિયાની મહત્તમ મર્યાદાને અધીન

INDEX

રહીને, એકસો રૂપિયા સુધીના વધુ દંડની શિક્ષાને પાત્ર થશે.

૧૨૫. આ અધિનિયમમાં જેના માટે કોઇપણ દંડની અલગથી જોગવાઇ કરવામાં ન આવી હોય તેવી આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમોની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કરે, તેવી કોઇ વ્યકિત, પચીસ હજાર રૂપિયા સુધીના દંડને પાત્ર થશે. સામાન્ય દંડ.

૧૨૬. (૧) આ અધિનિયમ હેઠળના કોઇપણ અધિકારી, વેરા નિયમન અથવા કાર્યરીતિવિષયક આવશ્યકતાના નાના (ગૌણ) ભંગ બદલ અને ખાસ કરીને, જે સહેલાઇથી સુધારી શકાય તેવી અને છળકપટપૂર્વકના ઉદ્દેશ અથવા ગંભીર બેદરકારી સિવાય કરવામાં આવેલી દસ્તાવેજીકરણમાંની કોઇ ચૂક અથવા ભૂલ બદલ કોઇ દંડ નાખી શકશે નહિ. દંડને લગતા સામાન્ય નિયમો.

સ્પષ્ટીકરણ .- આ પેટા-કલમના હેતુ માટે,-

(ક) સંબંધિત વેરાની રકમ, પાંચ હજાર રૂપિયા કરતાં ઓછી હોય, તો એવો ભંગ-, "નાના (ગૌણ) ભંગ" તરીકે ગણાશે.

(ખ) દસ્તાવેજીકરણમાંની ચૂક અથવા ભૂલ, રેકર્ડ પરની દેખીતી ભૂલ હોય, તો તે સહેલાઇથી સુધારી શકાય તેવી ભૂલ હોવાનું ગણાશે.

(૨) આ અધિનિયમ હેઠળ નાખવામાં આવેલો દંડ, દરેક કેસની હકીકતો અને તેના સંજોગો પર આધારિત રહેશે અને તે દંડ કરવામાં આવેલા ભંગની માત્રા તથા તેની ગંભીરતા અનુસાર લેવામાં આવશે.

(૩) કોઇ વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, તેના પર કોઇપણ દંડ નાખવામાં આવશે નહિ.

(૪) કોઇ કાયદા, વિનિયમ અથવા કાર્યરીતિવિષયક જરૂરિયાતના ભંગ બદલ હુકમ દ્વારા દંડ નાખતી વખતે આ અધિનિયમ હેઠળના અધિકારીએ, ભંગનો પ્રકાર અને જેના હેઠળ ભંગ બદલ લેવાના દંડની રકમ નિર્દિષ્ટ કરવામાં આવી હોય તે લાગુ પડતો કાયદો, વિનિયમ અથવા કાર્યરીતિ નિર્દિષ્ટ કરવા જોઇશે.

(૫) આ અધિનિયમ હેઠળ અધિકારીને ભંગ થયા અંગેની જાણ થાય તે પહેલાં કોઇ વ્યક્તિ, સ્વૈચ્છિક રીતે વેરા કાયદા, વિનિયમ અથવા કાર્યરીતિવિષયક જરૂરિયાતનો ભંગ કર્યા અંગેના સંજોગો, આ અધિનિયમ હેઠળના અધિકારી સમક્ષ જાહેર કરે, ત્યારે

INDEX

યોગ્ય અધિકારી, તે વ્યક્તિ માટે દંડનું પ્રમાણ નક્કી કરતી વખતે, આ હકીકતને, શિક્ષા હળવી કરતાં પરિબળ તરીકે ગણી શકશે.

(૬) આ કલમની જોગવાઇઓ, આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલો દંડ, નક્કી કરેલી (નિયત) રકમ હોય અથવા નક્કી કરેલી (નિયત) ટકાવારી તરીકે દર્શાવવામાં આવ્યો હોય, તેવા કેસમાં લાગુ પડશે નહિ.

અમુક કિસ્સામાં દંડ નાખવાની સત્તા.

૧૨૭. યોગ્ય અધિકારી, એવો અભિપ્રાય ધરાવતા હોય કે વ્યક્તિ દંડને પાત્ર છે અને તેને કલમ ૬૨ અથવા કલમ ૬૩ અથવા કલમ ૬૪ અથવા કલમ ૭૩ અથવા કલમ ૭૪ અથવા કલમ ૧૨૯ અથવા કલમ ૧૩૦ હેઠળની કોઇ કાર્યવાહીઓ હેઠળ આવરી લેવામાં આવ્યો નથી, ત્યારે તેઓ આવી વ્યક્તિને, સુનાવણીની વાજબી તક આપ્યા પછી, આવો દંડ નાખતો હુકમ કાઢી શકશે.

દંડ અથવા ફી અથવા બંને જતાં કરવાની સત્તા.

૧૨૮. સરકાર, જાહેરનામાથી, કાઉન્સિલની ભલામણો પર તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વેરાદાતાના વર્ગ માટે અને તેવા હળવા કરતાં સંજોગો હેઠળ કલમ ૧૨૨ અથવા કલમ ૧૨૩ અથવા કલમ ૧૨૫-માં ઉલ્લેખ કરવામાં આવેલો કોઇ દંડ અથવા કલમ ૪૭ માં ઉલ્લેખ કરવામાં આવેલી કોઇ વિલંબ ફીને અંશતઃ અથવા સંપૂર્ણતઃ જતાં કરી શકશે.

માર્ગસ્થ હોય તેવા માલ અને વાહનની અટકાયત, જપ્તી અને તેને મુક્ત કરવા બાબત.

૧૨૯. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ વ્યક્તિ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માર્ગમાં હોય તેવા કોઇ માલની હેરફેર કરે અથવા સંગ્રહ કરે, ત્યારે આવો તમામ માલ અને સદરહુ માલ અને આવા માલને લગતાં દસ્તાવેજો લઇ જવા માટે, હેરફેરના સાધન તરીકે વાપરવામાં આવતા વાહન, અટકાયત અથવા જપ્તીને પાત્ર થશે અને આવી અટકાયત અથવા જપ્તી પછી, તેને,-

(ક) માલનો માલિક, આવા વેરા અને દંડની ચુકવણી માટે તૈયાર થાય, ત્યારે લાગુ પડતો વેરો અને આવા માલ પર ચૂકવવાપાત્ર વેરાના એકસો ટકા જેટલો દંડ અને મુક્તિ (માફી) આપવામાં આવેલા માલના કિસ્સામાં, માલની કિંમતના બે ટકા જેટલી રકમ અથવા પચીસ હજાર રૂપિયા, બેમાંથી જે ઓછું હોય તેની ચુકવણી કર્યેથી;

(ખ) માલનો માલિક, આવા વેરા અને દંડની ચુકવણી માટે તૈયાર થાય નહિ, ત્યારે લાગુ પડતો વેરો અને માલ પર ચૂકવેલી વેરા રકમ ઘટાડીને, માલની કિંમતના પચાસ ટકા જેટલા દંડની ચુકવણી કર્યેથી અને મુકિત (માફી) આપેલા

માલના કિસ્સામાં, માલની કિંમતના પાંચ ટકા જેટલી રકમ અથવા પચીસ હજાર રૂપિયા, બેમાંથી જે ઓછું હોય, તેની ચુકવણી કર્યેથી;

(ગ) ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે ખંડ (ક) અથવા ખંડ(ખ) હેઠળ ચૂકવવાપાત્ર રકમ જેટલી જામીનગીરી પૂરી પાડયેથી,

-મુક્ત કરવામાં આવશે:

પરંતુ માલની હેરફેર કરતી વ્યક્તિને, અટકાયત અથવા જપ્તીનો હુકમ બજાવ્યા વિના, આવા કોઇપણ માલ અથવા વાહનની અટકાયત કરી શકાશે નહિ અથવા તેને જપ્ત કરી શકાશે નહિ.

(૨) કલમ ૬૭ની પેટા-કલમ (૬) ની જોગવાઇઓ, ઉચિત ફેરફારો સાથે, માલ અને વાહનોની અટકાયત અને જપ્તી માટે લાગુ પડશે.

(૩) માલ અથવા વાહનોની અટકાયત કરતા અથવા તેને જપ્ત કરતા યોગ્ય અધિકારીએ, ચૂકવવાપાત્ર વેરા અને દંડ નિર્દિષ્ટ કરતી નોટિસ આપવી જોઇશે અને ત્યાર પછી ખંડ (ક) અથવા ખંડ (ખ) અથવા ખંડ (ગ) હેઠળ વેરા અને દંડની ચુકવણી માટે હુકમ કરવો જોઇશે.

(૪) સંબંધિત વ્યક્તિને સુનાવણીની તક આપ્યા સિવાય, પેટા-કલમ (૩) હેઠળ કોઇપણ વેરા, વ્યાજ અથવા દંડ નક્કી કરવા જોઇશે નહિ.

(૫) પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલી રકમની ચુકવણી કર્યેથી, પેટા-કલમ (૩) માં નિર્દિષ્ટ કરેલી નોટિસના સંબંધમાં તમામ કાર્યવાહીઓ, પૂર્ણ થયેલી છે એમ ગણાશે.

(૬) કોઇ માલની હેરફેર કરતી વ્યક્તિ અથવા માલનો માલિક, આવી અટકાયત અથવા જપ્તીના સાત દિવસની અંદર પેટા-કલમ (૧) માં જોગવાઇ કર્યા પ્રમાણે, વેરા અને દંડની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, ત્યારે કલમ ૧૩૦ની જોગવાઇઓ અનુસાર, વધુ કાર્યવાહીઓ કરવી જોઇશે:

પરંતુ અટકાયત કરવામાં આવેલો અથવા જપ્ત કરવામાં આવેલો માલ, ખરાબ થઇ જાય તેવો અથવા જોખમી પ્રકારનો હોય અથવા સમય જતાં તેની કિંમત ઘટવાની સંભાવના હોય, ત્યારે સાત દિવસની સદરહુ મુદત, યોગ્ય અધિકારી ઘટાડી શકશે.

માલ અથવા વાહનોની જપ્તી અને દંડ લેવા બાબત.

૧૩૦. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ વ્યક્તિ-

INDEX

(૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, વેરાની ચુકવણી ટાળવાના ઉદ્દેશ સાથે કોઇ માલ પૂરો પાડે અથવા મેળવે; અથવા

(૨) આ અધિનિયમ હેઠળ જેના પર વેરો ચૂકવવાને તે પાત્ર હોય તેવા કોઇ માલનો હિસાબ આપે નહિ; અથવા

(૩) રજિસ્ટ્રેશન (નોંધણી) માટે અરજી કર્યા સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવાને પાત્ર હોય તેવો કોઇ માલ પૂરો પાડે; અથવા

(૪) વેરાની ચુકવણી ટાળવાના ઉદ્દેશ સાથે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે; અથવા

(૫) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માલ લઇ જવા માટે, હેરફેરના સાધન તરીકે કોઇ વાહનનો ઉપયોગ કરે સિવાય કે વાહનનો માલિક પુરવાર કરે કે માલિકની પોતાની, તેના એજન્ટ, હોય તો, તેની અને વાહનનો હવાલો ધરાવતી વ્યક્તિની જાણ અથવા મૂક સંમતિ વિના આ રીતે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો,

તો આવા તમામ માલ અથવા વાહનો, જપ્તી ને પાત્ર રહેશે અને કલમ ૧૨૨ હેઠળ વ્યક્તિ, દંડને પાત્ર રહેશે.

(૨) આ અધિનિયમથી કોઇ માલ અથવા વાહનની જપ્તીને અધિકૃત કરવામાં આવે, ત્યારે તેનો ન્યાયનિર્ણય કરતાં અધિકારીએ, પોતાને યોગ્ય લાગે તેટલો દંડ, જપ્તીને બદલે ચૂકવવાનો વિકલ્પ માલના માલિકને આપવો જોઇશે:

પરંતુ આવો લેવાપાત્ર દંડ, જપ્ત કરેલા માલ ઉપર લેવાપાત્ર વેરાને બાદ કરતાં તેની (જપ્ત કરેલા માલની) બજાર કિંમત કરતાં વધવો જોઇશે નહિ :

વધુમાં, લેવાપાત્ર આવા દંડ અને શિક્ષાની એકંદર રકમ, કલમ ૧૨૯ ની પેટા-કલમ (૧) હેઠળ લેવાપાત્ર શિક્ષાની રકમ કરતાં ઓછી હોવી જોઇશે નહિ:

વળી, આવું કોઇ વાહન, ભાડા માટે માલ અથવા મુસાફરો લઇ જવા માટે ઉપયોગમાં લેવાતું હોય, ત્યારે વાહનના માલિકને, વાહનની જપ્તીના બદલે, તેના પર હેરફેર કરવામાં આવતા માલ પર ચૂકવવાપાત્ર વેરા જેટલો દંડ ચૂકવવાનો વિકલ્પ આપવો જોઇશે.

INDEX

(૩) પેટા-કલમ (૨) હેઠળ માલ અથવા વાહનની જપ્તીને બદલે, કોઇ દંડ નાખવામાં આવ્યો હોય, ત્યારે આવા માલ અથવા વાહનનો માલિક અથવા પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલી વ્યક્તિ, વધુમાં, આવા માલ અથવા વાહનના સંબંધમાં ચૂકવવાપાત્ર કોઇ વેરા, દંડ અને ચાર્જ (ખર્ચ)ને પાત્ર થશે.

(૪) માલ અથવા વાહનની જપ્તી માટે અથવા દંડ નાખવા માટેનો કોઇપણ હુકમ, વ્યક્તિને સુનાવણીની તક આપ્યા વિના કરવો જોઇશે નહિ.

(૫) આ અધિનિયમ હેઠળ કોઇ માલ અથવા વાહનને જપ્ત કરવામાં આવે, ત્યારે આવા માલ અથવા વાહનનો માલિકી હક, તેમ થતાં, સરકારમાં નિહિત થશે.

(૬) જપ્તી અંગેનો ન્યાયનિર્ણય આપતા યોગ્ય અધિકારીએ, જપ્ત કરેલી વસ્તુ લઇ લેવી જોઇશે અને તેનો કબજો લેવો જોઇશે અને પોલીસના દરેક અધિકારીએ, આવા યોગ્ય અધિકારીની માંગણી પર, આવો કબજો લેવામાં તથા તેને ધરાવવામાં તેમની સહાય કરવી જોઇશે.

(૭) યોગ્ય અધિકારી, જપ્ત કરેલા માલ અથવા વાહનની આ અધિનિયમ હેઠળની બીજી કોઇ કાર્યવાહીઓમાં આવશ્યકતા નથી તે અંગેની પોતાને ખાતરી થયા પછી અને જપ્તીને બદલે દંડ ચૂકવવા માટે ત્રણ મહિનાથી વધુ નહિ તેટલો વાજબી સમય આપ્યા પછી, આવા માલ અથવા વાહનનો નિકાલ કરી શકશે અને તેની વેચાણ ઉપજ, સરકારમાં જમા કરી શકશે.

જપ્તી અથવા દંડથી બીજી શિક્ષામાં દરમિયાનગીરી (હસ્તક્ષેપ) થશે નહિ.

સન ૧૯૭૪નો ૨-જો.

૧૩૧. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ માં સમાવિષ્ટ જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ કરવામાં આવેલી કોઇપણ જપ્તી અથવા નાખવામાં આવેલો દંડથી, આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદાની જોગવાઇઓ હેઠળની બીજી કોઇ શિક્ષા, તેનાથી અસર થયેલ હોય તેવી વ્યક્તિને કરવામાંથી અટકાવી શકાશે નહિ.

અમુક ગુના માટેની શિક્ષા .

૧૩૨. (૧) જે કોઇ વ્યકિત, નીચેના ગુના પૈકીનો કોઇ ગુના કરે,-

(ક) વેરો ટાળવાના ઉદ્દેશ સાથે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, કોઇ ભરતિયું કાઢી આપ્યા સિવાય, કોઇ માલ અથવા સેવાઓ અથવા તે બંને પૂરી પાડે;

(ખ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માલ અથવા સેવાઓ અથવા બંને પૂરી પાડયા સિવાય, કોઇ

INDEX

ભરતિયું અથવા બિલ કાઢી આપે, જેનાથી ઇનપુટ વેરા શાખ અથવા વેરાના રિફંડની ખોટી રીતે પ્રાપ્તિ થાય અથવા ખોટી રીતે તેનો ઉપયોગ થાય;

(ગ) ખંડ (ખ)માં ઉલ્લેખેલું ભરતિયું અથવા બિલ વાપરીને ઇનપુટ વેરા શાખ પ્રાપ્ત કરે;

(ઘ) કોઇ રકમ વેરા તરીકે વસૂલ કરે પરંતુ આવી ચુકવણી જે તારીખે ચૂકવવાપાત્ર થતી હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદત કરતાં વધુ મુદતમાં સરકારને તે ચૂકવવામાં નિષ્ફળ જાય;

(ચ) વેરો ચૂકવવાનું ટાળે અથવા છળકપટપૂર્વક ઇનપુટ વેરા શાખ પ્રાપ્ત કરે અથવા છળકપટપૂર્વક રિફંડ મેળવે; અને આવો ગુનો ખંડો (ક) થી (ઘ) હેઠળ આવરી લીધેલો ન હોય.

(છ) આ અધિનિયમ હેઠળ બાકી નીકળતી વેરાની ચુકવણી ટાળવાના ઉદ્દેશ સાથે, નાણાકીય રેકર્ડ ખોટી રીતે રજૂ કરે અથવા તેને બદલી નાખે અથવા બનાવટી હિસાબો અથવા દસ્તાવેજો રજૂ કરે અથવા કોઇ ખોટી માહિતી પૂરી પાડે;

(જ) આ અધિનિયમ હેઠળ કોઇ અધિકારીને પોતાની ફરજો બજાવવામાં અવરોધે અથવા અટકાવે;

(ઝ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ જપ્તીને પાત્ર હોય તેવા તેની જાણમાં હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવા કોઇ માલનો કબજો સંપાદિત કરે અથવા માલની હેરફેર કરવામાં, તેને દૂર કરવામાં, તેને જમા કરવામાં, રાખવામાં, છુપાવવામાં, તેને પૂરો પાડવામાં, તેની ખરીદી કરવામાં પોતે કોઇ રીતે સંડોવાય અથવા બીજી કોઇ રીતે તેની તજવીજ કરે;

(ટ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરવામાં આવતું હોય તે તેની જાણમાં હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવી સેવાઓ મેળવે અથવા તે પૂરી પાડવામાં કોઇ રીતે તે સંડોવાય અથવા એવી સેવાઓના કોઇ પુરવઠા સાથે બીજી કોઇ રીતે તજવીજ કરે;

(ઠ) કોઇ મહત્વના પુરાવા અથવા દસ્તાવેજો સાથે ચેડાં કરે અથવા તેનો નાશ કરે;

INDEX

(ડ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ તેને પૂરી પાડવાનું ફરમાવ્યું હોય તેવી કોઇ માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ જાય અથવા, (તેણે પૂરી પાડેલી માહિતી સાચી છે તે સાબિત કરવાનો બોજો, તેના પર રહેશે તેવી વાજબી માન્યતા હોય તે સિવાય) ખોટી માહિતી પૂરી પાડે; અથવા

(ઢ) આ કલમના ખંડો (ક) થી (ડ) માં ઉલ્લેખેલા ગુના પૈકીનો કોઇ ગુનો કરવાનો પ્રયત્ન કરે અથવા તે કરવામાં મદદગારી કરે,

તેને, નીચે જણાવ્યા મુજબની શિક્ષા થશે-

(૧) ટાળવામાં આવેલી વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ પાંચસો લાખ રૂપિયા કરતાં વધુ હોય તેવા કિસ્સામાં, પાંચ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે;

(૨) ટાળવામાં આવેલી વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ બસો લાખ રૂપિયા કરતાં વધુ પણ પાંચસો લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તેવા કિસ્સામાં, ત્રણ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે;

(૩) બીજા કોઇ ગુનાના કિસ્સામાં, ટાળવામાં આવેલી વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ એકસો લાખ રૂપિયા કરતાં વધુ પણ બસો લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તેવા કિસ્સામાં, એક વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે;

(૪) ખંડ (છ) અથવા ખંડ (જ) અથવા ખંડ (ઠ)માં નિર્દિષ્ટ કરેલો ગુનો કરે અથવા ગુનો કરવામાં મદદગારી કરે, ત્યારે તે કિસ્સામાં, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

(૨) આ કલમ હેઠળ કોઇ વ્યક્તિને કોઇ ગુના માટે દોષિત ઠરાવવામાં આવી હોય તેને ફરીથી આ કલમ હેઠળના ગુના માટે દોષિત ઠરાવવામાં આવે, ત્યારે તે વ્યક્તિ,

INDEX

બીજા અને ત્યાર પછીના દરેક ગુના માટે, પાંચ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે.

(૩) વિરુદ્ધના ખાસ અને પૂરતા કારણો ન હોય, ત્યારે, કોર્ટના ચુકાદામાં તેની નોંધ કરીને, પેટા-કલમ (૧)ના ખંડો (૧), (૨) અને (૩) તથા પેટા-કલમ (૨) માં ઉલ્લેખેલી કેદની શિક્ષા, ઓછામાં ઓછા છ મહિનાની મુદત માટે રહેશે.

(૪) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પેટા-કલમ (૫)માં ઉલ્લેખેલા ગુના સિવાયના, આ અધિનિયમ હેઠળના તમામ ગુના, પોલીસ અધિકાર બહારના અને જામીનપાત્ર રહેશે. સન ૧૯૭૪નો ૨જો.

(૫) પેટા-કલમ (૧) ના ખંડ (ક) અથવા ખંડ (ખ) અથવા ખંડ (ગ) અથવા ખંડ (ઘ)માં નિર્દિષ્ટ કરેલા અને તે પેટા-કલમના ખંડ (૮) હેઠળના શિક્ષાપાત્ર ગુના, પોલીસ અધિકારના અને બિન-જામીનપાત્ર રહેશે.

(૬) કમિશનરની પૂર્વ-મંજૂરી સિવાય, આ કલમ હેઠળ કોઇ ગુના માટે કોઈ વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી ચલાવી શકાશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે, "વેરા" એ શબ્દમાં આ અધિનિયમ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની જોગવાઇઓ હેઠળ ટાળવામાં આવેલા વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ, માલ અને સેવા વેરા (રાજ્યોને વળતર આપવા) બાબત અધિનિયમ હેઠળ લેવામાં આવેલા સેસ (ઉપકર) નો સમાવેશ થશે.

અધિકારીઓ અને અમુક બીજી વ્યક્તિઓની જવાબદારી.

૧૩૩. (૧) કલમ ૧૫૧ હેઠળ આંકડાના સંગ્રહ અથવા તેના સંકલન અથવા કોમ્પ્યુટરાઈઝેશનના સંબંધમાં રોકાયેલી કોઇ વ્યક્તિ અથવા કલમ ૧૫૦ ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ માહિતી પ્રાપ્ત કરતા કોઇ રાજ્ય વેરા અધિકારી અથવા કોમન (સામાન્ય) પોર્ટલ પર સેવા પૂરી પાડવાના સંબંધમાં રોકાયેલી કોઇ વ્યક્તિ અથવા કોમન પોર્ટલના એજન્ટ, સદરહુ કલમો હેઠળ તેની ફરજોની અમલ બજવણી કરતી વખતે હોય તે સિવાય અથવા આ અધિનિયમ હેઠળના અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ અધિનિયમ હેઠળના ગુના બદલ ફોજદારી કાર્યવાહીના હેતુઓ માટે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ પૂરા પાડેલા કોઇ પત્રકની કોઇ માહિતી અથવા વિગતો જાણીબુજીને પ્રગટ કરે, ત્યારે તે છ મહિનાની મુદત સુધીની કેદની અથવા પચીસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

INDEX

(૨) (ક) સરકારી કર્મચારી હોય તેવી કોઈ વ્યક્તિ વિરુદ્ધ સરકારની પૂર્વ-મંજૂરી થી હોય તે સિવાય, આ કલમ હેઠળ કોઇ ગુના માટે ફોજદારી કાર્યવાહી કરી શકાશે નહિ;

(ખ) સરકારી કર્મચારી ન હોય તેવી કોઈ વ્યક્તિ વિરુદ્ધ કમિશનરની પૂર્વ-મંજૂરીથી હોય તે સિવાય, આ કલમ હેઠળ કોઇ ગુના માટે ફોજદારી કાર્યવાહી કરી શકાશે નહિ.

ગુનાની ન્યાયિક નોંધ.

૧૩૪. કોઇપણ કોર્ટ, કમિશનરની પૂર્વ-મંજૂરીથી હોય તે સિવાય, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શિક્ષાપાત્ર હોય તેવા કોઇ ગુનાની ન્યાયિક નોંધ લઇ શકશે નહિ અને પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટથી ઊતરતા દરજ્જાની હોય તેવી કોઇપણ કોર્ટ, આવા કોઇ ગુના બદલ અદાલતી કાર્યવાહી કરી શકશે નહિ.

દોષપાત્ર માનસિક સ્થિતિની પૂર્વધારણા.

૧૩૫. આરોપીના ભાગે દોષપાત્ર માનસિક સ્થિતિની આવશ્યકતા હોય તેવા આ અધિનિયમ હેઠળના ગુના માટેની કોઇ અદાલતી કાર્યવાહીમાં, કોર્ટે આવી માનસિક સ્થિતિ અસ્તિત્વમાં છે તેમ માની લેવું જોઇશે પણ આરોપીને પોતાના બચાવ માટે તે હકીકત પુરવાર કરવી જોઇશે કે તે અદાલતી કાર્યવાહીમાં ગુના તરીકેનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવા કૃત્યના સંબંધમાં તેની આવી કોઇ માનસિક સ્થિતિ (અસ્તિત્વમાં) ન હતી.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે, -

(૧) "દોષપાત્ર માનસિક સ્થિતિ" એ શબ્દપ્રયોગ એટલે ઇરાદો, આશય, હકીકતની જાણ અને હકીકતમાં માન્યતા અથવા તે માનવાનું કારણ;

(૨) જ્યારે હકીકત, વાજબી શંકા સિવાય અસ્તિત્વમાં છે તેવું કોર્ટ દ્વારા માનવામાં આવે અને જયારે માત્ર મોટી શક્યતા દ્વારા તેનું અસ્તિત્વ પુરવાર કરવામાં ન આવે ત્યારે જ હકીકત સાબિત થયેલી હોવાનું ગણાશે.

અમુક સંજોગો હેઠળ પત્રકોની સુસંગતતા.

૧૩૬. આ અધિનિયમ હેઠળની કોઇ તપાસ અથવા કાર્યવાહીઓની પ્રક્રિયા દરમિયાન કલમ ૭૦ હેઠળ આપવામાં આવેલા કોઇ સમન્સના પ્રત્યુતરમાં વ્યક્તિએ ઉપસ્થિત થયેથી તૈયાર કરેલું અને સહી કરેલું પત્રક, આ અધિનિયમ હેઠળના ગુના માટેની કોઇ અદાલતી કાર્યવાહીમાં નીચે જણાવેલી હકીકતોના તથ્યને પુરવાર કરવાના હેતુ માટે સુસંગત રહેશે,-

(ક) જેણે પત્રક તૈયાર કર્યું હોય તેવી વ્યક્તિ મૃત્યુ પામી હોય અથવા તેને શોધી શકાય તેમ ન હોય અથવા પુરાવો આપવા માટે અસમર્થ હોય અથવા વિરુદ્ધના પક્ષકાર

INDEX

દ્વારા બહાર રાખવામાં આવી હોય અથવા કોઇ પણ અંશે વિલંબ અથવા ખર્ચ કર્યા વિના જેની હાજરી મેળવી શકાય તેમ ન હોય તેવા કેસના સંજોગો હેઠળ, કોર્ટ બિનવાજબી ગણે ત્યારે; અથવા

(ખ) જેણે પત્રક તૈયાર કર્યું હોય તેવી વ્યક્તિને કોર્ટ સમક્ષના કેસમાં સાક્ષી તરીકે તપાસવામાં આવી હોય અને કેસના સંજોગોને લક્ષમાં લેતાં, કોર્ટનો અભિપ્રાય હોય કે ન્યાયના હિતમાં પત્રકને પુરાવા તરીકે સ્વીકારવું જોઇશે ત્યારે .

કંપનીએ કરેલા ગુના.

૧૩૭. (૧) આ અધિનિયમ હેઠળ ગુનો કરનારી વ્યકિત, કંપની હોય, ત્યારે જે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે કંપનીનો હવાલો સંભાળતી હોય અને કંપનીના કાર્યસંચાલન માટે કંપનીને જવાબદાર હોય તેવી દરેક વ્યક્તિ, તેમજ કંપની, ગુનાની દોષિત હોવાનું ગણાશે તથા તેમની વિરુદ્ધ કાર્યવાહી ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

(૨) પેટા-કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ કંપની દ્વારા ગુનો કરવામાં આવ્યો હોય અને તેવું પુરવાર કરવામાં આવે કે કંપનીના કોઈ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા મૂકસંમતિથી ગુનો કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે કોઈ બેદરકારીના કારણે થયો છે, ત્યારે આવા ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી, તે ગુના માટે દોષિત હોવાનું ગણાશે અને તેમની સામે ફોજદારી કાર્યવાહી ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

(૩) આ અધિનિયમ હેઠળનો ગુનો, ભાગીદારી પેઢી અથવા મર્યાદિત ભાગીદારી જવાબદારી (પેઢી) અથવા હિંદુ અવિભક્ત કુટુંબ અથવા ટ્રસ્ટ હોય તેવી વેરાપાત્ર વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો હોય, ત્યારે ભાગીદાર અથવા કર્તા અથવા મેનેજિંગ ટ્રસ્ટી તે ગુનાના દોષિત હોવાનું ગણાશે અને તેમની સામે કાર્યવાહી ચલાવી શકાશે તથા તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે અને પેટા-કલમ (૨) ની જોગવાઈઓ, ઉચિત ફેરફારો સાથે આવી વ્યક્તિઓને લાગુ પડશે.

(૪) આ કલમમાંના કોઈપણ મજકૂરથી, આવી કોઈ વ્યક્તિ આ અધિનિયમમાં જોગવાઈ કરેલી કોઈ શિક્ષાને પાત્ર ઠરશે નહિ, જો તે પુરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તેવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ પૂરતી કાળજી રાખી હતી.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુઓ માટે-

INDEX

(૧) "કંપની" એટલે સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા એસોસિએશનનો સમાવેશ થાય છે; અને

(૨) પેઢીના સંબંધમાં "ડિરેક્ટર" એટલે પેઢીમાંનો ભાગીદાર.

ગુનાની માંડવાળ.

૧૩૮. (૧) આ અધિનિયમ હેઠળના કોઈ ગુનાની માંડવાળ, અદાલતી કાર્યવાહી શરૂ થતા પહેલાં અથવા ત્યારપછી, કમિશનર દ્વારા, ગુનાની આરોપી વ્યક્તિએ કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારને, ઠરાવવામાં આવે તેવી રીતે તેટલી માંડવાળની રકમની ચુકવણી કરીને કરી શકાશે.

પરંતુ આ કલમમાંનો કોઈ પણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ.

(ક) કલમ ૧૩૨-ની પેટા-કલમ (૧) ના ખંડો (ક) થી (છ) માં નિર્દિષ્ટ કરેલા ગુના પૈકીના કોઈ ગુના અને સદરહુ પેટા-કલમ ના ખંડો (ક) થી (છ) માં નિર્દિષ્ટ કરેલા ગુનાને સંબંધિત હોય તેવા ખંડ (ઢ) માં નિર્દિષ્ટ કરેલા ગુનાના સંબંધમાં, જેને એક વખત માંડવાળ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યક્તિને;

(ખ) એક કરોડ રૂપિયા કરતાં વધુ કિંમતના પુરવઠાના સંબંધમાં, આ અધિનિયમ અથવા કોઇ રાજ્ય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંઘરાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની જોગવાઈઓ હેઠળના, ખંડ (ક) માં ઉલ્લેખેલા હોય તે સિવાયના, કોઈપણ ગુનાના સંબંધમાં, જેને એક વખત માંડવાળ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યક્તિને;

(ગ) આ અધિનિયમ હેઠળનો ગુનો જે તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ પણ ગુનો હોય તેવો ગુનો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યક્તિને;

(ઘ) આ અધિનિયમ હેઠળ કોર્ટે ગુના માટે ગુનેગાર ઠરાવી હોય તેવી વ્યક્તિને;

(ચ) કલમ ૧૩૨-ની પેટા-કલમ (૧) ના ખંડ (જ) અથવા ખંડ (ઠ) અથવા ખંડ (ડ) માં નિર્દિષ્ટ કરેલો ગુનો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યક્તિને; અને

(છ) ઠરાવવામાં આવે તેવા વ્યક્તિઓના અથવા ગુનાના બીજા કોઈ વર્ગને:

INDEX

વધુમાં, આ કલમની જોગવાઈઓ હેઠળ કોઈ માંડવાળની પરવાનગી આપવામાં આવી હોય તો તેનાથી બીજા કોઈ કાયદા હેઠળ શરૂ કરવામાં આવેલી કાર્યવાહીઓ, હોય તો તેને અસર થશે નહિ:

વળી, આવા ગુનાને સંબંધિત વેરા, વ્યાજ અને દંડની ચુકવણી કર્યા પછી જ માંડવાળની પરવાનગી આપવી જોઈશે.

(૨) આ કલમ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેની રકમ, દસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી ન્યૂનતમ રકમ અથવા સંબંધિત વેરાના પચાસ ટકા બેમાંથી જે વધુ હોય તેને અને ત્રીસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી મહત્તમ રકમ અથવા વેરાના એકસો અને પચાસ ટકા, બેમાંથી જે વધુ હોય તેને અધીન રહીને ઠરાવવામાં આવે તેટલી રહેશે.

(૩) કમિશનર નક્કી કરે તેટલી માંડવાળની રકમની ચુકવણી કર્યેથી, તે જ ગુનાના સંબંધમાં, આરોપી વ્યક્તિ વિરુદ્ધ આ અધિનિયમ હેઠળ વધુ કોઈપણ કાર્યવાહી શરૂ કરવી જોઈશે નહિ અને કોઈ ફોજદારી કાર્યવાહી, સદરહુ ગુનાના સંબંધમાં અગાઉથી શરૂ કરવામાં આવી હોય, તો તે સમાપ્ત થયેલી ગણાશે.

પ્રકરણ ૨૦

વચગાળાની જોગવાઈઓ.

વિદ્યમાન વેરાદાતાનું સ્થળાંતર.

૧૩૯. (૧) નિયત તારીખે અને તે તારીખથી વિદ્યમાન કાયદા પૈકીના કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી અને માન્ય (કાયદેસર) કાયમી ખાતા નંબર ધરાવતી વ્યક્તિને, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને અને તેવા નમૂનામાં અને તેવી રીતે કામચલાઉ ધોરણે રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર આપવું જોઈશે, જે પેટા-કલમ (૨) હેઠળ છેવટના (આખરી) રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્રથી બદલવામાં આવ્યું હોય તે સિવાય, આ રીતે ઠરાવવામાં આવેલી શરતોનું પાલન કરવામાં આવ્યું ન હોય, તો રદ થવાને પાત્ર ગણાશે.

(૨) છેવટનું (આખરી) રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે તથા તેવી શરતોને અધીન રહીને, આપવામાં આવશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ વ્યક્તિને આપવામાં આવેલું રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર, આવી વ્યક્તિ, કલમ ૨૨ અથવા કલમ ૨૪ હેઠળ રજિસ્ટ્રેશન (નોંધણી)ને

INDEX

પાત્ર ન હતી તેવી તેણે આપેલી અરજી અનુસાર સદરહુ નોંધણી રદ કરવામાં આવે, તો આપવામાં આવેલું ગણાશે નહિ.

ઈનપુટ વેરા શાખ માટે વચગાળાની જોગવાઈઓ.

૧૪૦. (૧) કલમ ૧૦ હેઠળ વેરો ચૂકવવા ઈચ્છતી વ્યક્તિ સિવાયની રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી રીતે વિદ્યમાન કાયદા હેઠળ તેણે પૂરા પાડેલા નિયત દિવસની તરત પહેલા આવતા દિવસે પૂરી થતી મુદતને લગતા પત્રકમાં આગળ લઇ જવામાં આવેલ મૂલ્યવર્ધિત વેરા અને પ્રવેશ વેરાની રકમની, શાખ, હોય તો તેને વીજાણુ શાખ ખાતાવહી (ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર) માં લેવા માટે હકદાર રહેશે:

પરંતુ રજિસ્ટર થયેલી વ્યક્તિને, નીચેના સંજોગોમાં શાખ લેવાની પરવાનગી આપવામાં આવશે નહિ:-

(૧) શાખની સદરહુ રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર ન હોય ત્યારે; અથવા

(૨) નિયત તારીખની તરત પહેલાની છ મહિનાની મુદત માટે, વિદ્યમાન કાયદા હેઠળ જરૂરી હોય તેવા તમામ પત્રકો તેણે પૂરા પાડ્યા ન હોય ત્યારે; અથવા

(૩) શાખની સદરહુ રકમ, તારીખ :૩૧મી ડિસેમ્બર, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૫૧) જીએસટી- ૨૦૦૧ એસ.૪૯ (૩૫૫)૭, તારીખ : ૧૧મી ઓકટોબર, ૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૨૪) વીએટી- ૨૦૧૩/ એસ.૪૦ (૧) (૮)-૭ અને વેચેલા માલ પર ચૂકવેલ મૂલ્યવર્ધિત વેરાના રિફંડનો દાવો કરતા બીજા કોઇ જાહેરનામા હેઠળ વેચેલા માલને લગતી હોય ત્યારે:

વધુમાં, કેન્દ્રીય વેચાણવેરા (રજિસ્ટ્રેશન અને ટર્નઓવર) બાબતના નિયમો, ૧૯૫૭ ના નિયમ ૧૨-માં ઠરાવેલી રીતે અને ઠરાવેલી સમયમર્યાદાની અંદર જેને પ્રમાણભૂત ઠરાવવામાં આવી ન હોય તેવી કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩, કલમ ૫-ની પેટા-કલમ (૩), કલમ ૬, કલમ ૬-ક અથવા કલમ ૮ ની પેટા-કલમ (૮) ને સંબંધિત કોઇ દાવાને જવાબદાર હોય તેવી મોટા પ્રમાણની સદરહુ શાખ, વીજાણુ શાખ ખાતાવહી (ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર) માં જમા કરાવવાને પાત્ર રહેશે નહિ:

વળી, બીજા પરંતુકમાં નિર્દિષ્ટ કરેલી શાખ જેટલી રકમ, કેન્દ્રીય વેચાણવેરા (રજિસ્ટ્રેશન અને ટર્નઓવર) બાબતના નિયમો, ૧૯૫૭ ના નિયમ ૧૨-માં ઠરાવેલી રીતે સદરહુ દાવાને પ્રમાણિત ઠરાવવામાં આવે, ત્યારે વિદ્યમાન કાયદા હેઠળ રિફંડ કરવી જોઈશે.

INDEX

(૨) કલમ ૧૦ હેઠળ વેરો ચૂકવવા ઈચ્છતી વ્યક્તિ સિવાયની રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી રીતે, નિયત દિવસ પહેલા તરત આવતા દિવસે પૂરી થતી મુદત માટે, વિદ્યમાન કાયદા હેઠળ, તેણે પૂરા પાડેલા પત્રકમાં, મૂડીરૂપ માલના સંબંધમાં, આગળ લઈ જવામાં ન આવેલી વણભોગવેલી ઈનપુટ વેરા શાખની શાખને તેની વીજાણુ શાખ ખાતાવહી (ઇલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લેવાને હકદાર રહેશે:

પરંતુ રજિસ્ટર થયેલી વ્યક્તિને, વિદ્યમાન કાયદા હેઠળ, સદરહુ શાખ, ઈનપુટ વેરા શાખા તરીકે મળવાપાત્ર હોય અને આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે પણ મળવાપાત્ર હોય તે સિવાય, શાખ લેવાની પરવાનગી આપવી જોઈશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે, "વણભોગવેલી ઈનપુટ વેરા શાખ" એ શબ્દપ્રયોગનો અર્થ, વિદ્યમાન કાયદા હેઠળ, સદરહુ મૂડીરૂપ માલના સંબંધમાં, સદરહુ વ્યક્તિ જેને હકદાર હોય તે ઈનપુટ વેરા શાખની એકંદર રકમમાંથી વિદ્યમાન કાયદા હેઠળ વેરાપાત્ર વ્યક્તિ દ્વારા મૂડીરૂપ માલના સંબંધમાં, અગાઉ મેળવેલી (ભોગવેલી) ઈનપુટ વેરા શાખની રકમ બાદ કર્યા પછી, બાકી રહેતી રકમ એવો થાય છે.

(૩) વિદ્યમાન કાયદા હેઠળ, રજિસ્ટર થવાને પાત્ર ન હોય અથવા ગમે તે નામે ઓળખાતા મુક્તિ આપેલા માલ અથવા વેરામુક્ત માલના વેચાણના અથવા રાજયમાં પ્રથમ તબક્કે જે માલ માટે વેરો ચૂકવ્યો હોય તેવા માલ અને વિદ્યમાન કાયદા હેઠળ પરંતુ આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવાને પાત્ર હોય તેવા રાજ્યમાંના વેરાને અધીન ન હોય તેવા ત્યાર પછીના વેચાણમાં રોકાયેલી રજિસ્ટર થયેલી વ્યક્તિ અથવા માલનું વેચાણ હોય તો તે સમયે વ્યક્તિ ઈનપુટ વેરા શાખને હકદાર હોય, ત્યારે તે નીચેની શરતોને અધીન રહીને, નિયત દિવસે જથ્થા (સ્ટોક)માં ધરાવેલી ઉત્પાદક સામગ્રી (ઇનપુટ) અને અમુક અંશે તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ ઉત્પાદક સામગ્રીના સંબંધમાં, મૂલ્યવર્ધિત વેરા અને પ્રવેશ વેરાની શાખ તેની વીજાણુ શાખ ખાતાવહી (ઇલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લેવા માટે હકદાર રહેશે:-

(૧) આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર પુરવઠો તૈયાર કરવા માટે એવી ઉત્પાદક સામગ્રી અથવા માલ વાપરવામાં આવતા હોય અથવા વાપરવાનો ઈરાદો હોય;

(૨) આ અધિનિયમ હેઠળ આવા ઈનપુટ પર ઈનપુટ વેરા શાખ માટે સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિ પાત્ર હોય;

(૩) આવા ઈનપુટના સંબંધમાં, વિદ્યમાન કાયદા હેઠળ, સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિ, વેરાની ચુકવણી અંગેનો પુરાવો દર્શાવતા ભરતિયાં અથવા બીજા ઠરાવેલા દસ્તાવેજોનો કબજો ધરાવતી હોય; અને

INDEX

(૪) આવા ભરતિયાં અથવા બીજા ઠરાવેલા દસ્તાવેજો, નિયત દિવસ પહેલાની તરતના બાર મહિના કરતા વહેલા ન હોય તેમ કાઢી આપવામાં આવ્યા હોય :

પરંતુ સેવાઓના ઉત્પાદક અથવા સેવાઓ પૂરી પાડનાર સિવાયની રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઈનપુટના સંબંધમાં, વેરાની ચુકવણી અંગેનો પુરાવો દર્શાવતા ભરતિયાં અથવા બીજા કોઈ દસ્તાવેજોનો કબજો ધરાવતી ન હોય ત્યારે, આવી રજિસ્ટર થયેલી વ્યક્તિને ઠરાવવામાં આવે તેવી શરતો, મર્યાદા અને બાંયધરીને અધીન રહીને અને સદરહુ વેરાપાત્ર વ્યકિતએ ઘટાડેલી કિંમતે સેવા મેળવનારને આવી શાખનો લાભ આપવો જોઇશે એ હકીકતને પણ અધીન રહીને, ઠરાવવામાં આવે તેટલા દરે અને તેવી રીતે શાખ લેવાની પરવાનગી આપવી જોઇશે.

(૪) વિદ્યમાન કાયદા હેઠળ પરંતુ આ અધિનિયમ હેઠળ વેરાને પાત્ર હોય તેવા ગમે તે નામે ઓળખાતા વેરાપાત્ર માલ તેમજ મુક્તિ આપી હોય તેવા માલ અથવા વેરામુક્ત માલના વેચાણમાં રોકાયેલી રજિસ્ટર થયેલી વ્યક્તિ,-

(ક) પેટા-કલમ (૧) ની જોગવાઈઓ અનુસાર વિદ્યમાન કાયદા હેઠળ તેણે પૂરા પાડેલા પત્રકમાં આગળ લઈ જવામાં આવેલો મૂલ્યવર્ધિત વેરો અને પ્રવેશ વેરો હોય, તો તેની શાખની રકમ; અને

(ખ) પેટા-કલમ (૩) ની જોગવાઈઓ અનુસાર ગમે તે નામે ઓળખાતા આવા મુક્તિ આપેલા માલ અથવા વેરામુકત માલને સંબંધિત નિયત દિવસે જથ્થામાં ધરાવેલી ઇનપુટ અને જથ્થામાં ધરાવેલા અર્ધ તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે (સંપૂર્ણતઃ) તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ ઇનપુટના સંબંધમા મૂલ્યવર્ધિત વેરો અને પ્રવેશ વેરો હોય તો તેની શાખની રકમ

તેની વીજાણુ શાખ ખાતાવહી (ઇલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લેવા માટે હકદાર રહેશે.

(૫) રજિસ્ટર થયેલી વ્યક્તિ, નિયત તારીખે અથવા તે પછી મેળવેલી ઇનપુટના સંબંધમાં મૂલ્યવર્ધિત વેરો અને પ્રવેશ વેરો, હોય તો, તેની શાખને, પરંતુ તે ભરતિયાં અથવા વેરો ચૂકવતાં બીજા કોઈ દસ્તાવેજને નિયત દિવસથી ત્રીસ દિવસની મુદતની અંદર આવી વ્યક્તિના હિસાબના ચોપડામાં નોંધવામાં આવ્યાં હોય તે શરતને અધીન રહીને, વિદ્યમાન કાયદા હેઠળ પુરવઠાકાર દ્વારા જેના સંબંધમાં વેરો ચૂકવવામાં આવ્યો

INDEX

હોય તેવી વેરાની શાખને, તેની વીજાણુ શાખ ખાતાવહી (ઇલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લઈ જવાને હકદાર રહેશે :

પરંતુ ત્રીસ દિવસની મુદત, કમિશનર દ્વારા ત્રીસ દિવસથી વધુ ન હોય તેટલી વધુ મુદત માટે પૂરતું કારણ દર્શાવ્યેથી લંબાવી શકાશે:

વધુમાં, આ પેટા-કલમ હેઠળ જેના સંબંધમાં શાખ લેવામાં આવી હોય તેના સંબંધમાં ઠરાવવામાં આવે તેવી રીતે સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિએ, પત્રક પૂરું પાડવું જોઇશે.

(૬) વિદ્યમાન કાયદા હેઠળ નક્કી કરેલા દરે વેરો ચૂકવતી અથવા ચૂકવવાપાત્ર વેરાના બદલે નક્કી કરેલી રકમ ચૂકવતી હોય તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિ, નીચેની શરતોને અધીન રહીને, નિયત દિવસે જથ્થામાં ધરાવેલી ઇનપુટ અને જથ્થામાં ધરાવેલા અર્ધ તૈયાર કરેલા અથવા સંપૂર્ણપણે તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ ઇનપુટના સંબંધમાં, મૂલ્યવર્ધિત વેરા શાખને,
તેની વીજાણુ શાખ ખાતાવહી (ઇલેકટ્રોનિક ક્રેડિટ લેજર)માં લેવા માટે હકદાર રહેશે:

(૧) આવા ઇનપુટ અથવા માલ, આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર પુરવઠો તૈયાર કરવા માટે વાપરવામાં આવતો હોય અથવા વાપરવાનો ઇરાદો હોય;

(૨) સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિ, કલમ ૧૦ હેઠળ વેરો ચૂકવતી ન હોય;

(૩) સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ આવા ઈનપુટ પર ઈનપુટ વેરા શાખ માટે પાત્ર હોય;

(૪) સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિ, ઇનપુટના સંબંધમાં, વિદ્યમાન કાયદા હેઠળ વેરાની ચુકવણી દર્શાવતા ભરતિયાં અથવા બીજા ઠરાવેલા દસ્તાવેજોનો કબજો ધરાવતી હોય; અને

(૫) આવાં ભરતિયાં અથવા બીજા ઠરાવેલા દસ્તાવેજો, નિયત દિવસ પહેલાની તરતના બાર મહિનાથી પહેલા નહિ તેમ કાઢી આપવામાં આવ્યાં હોય.

(૭) પેટા-કલમો (૩), (૪) અને (૬) હેઠળની શાખની રકમની ગણતરી, ઠરાવવામાં આવે તેવી રીતે કરવી જોઇશે.

છૂટક કામ (જોબ વર્ક)ને લગતી વચગાળાની જોગવાઈઓ .

૧૪૧. (૧) કામકાજના સ્થળે મેળવેલી કોઇ ઇનપુટને, નિયત દિવસ પહેલા, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર તે તરીકે મોકલવામાં આવી હોય અથવા વધુ પ્રક્રિયા (પ્રોસેસિંગ), ચકાસણી (ટેસ્ટિંગ), મરામત (રિપેર), રિકન્ડિશનિંગ અથવા બીજા કોઇ હેતુ માટે, છૂટક કામદાર(જોબ વર્ક કરનારને)ને અંશતઃ પ્રક્રિયા કર્યા પછી, તે મોકલવામાં આવી હોય અને નિયત દિવસે અથવા તે પછી, સદરહુ સ્થળે આવી ઈનપુટને પરત મોકલવામાં આવી હોય, ત્યારે આવી ઈનપુટ , છૂટક કામ પૂર્ણ થયા પછી અથવા અન્યથા નિયત દિવસથી છ મહિનાની અંદર સદરહુ સ્થળે મોકલવામાં આવે તે કિસ્સામાં, કોઇપણ વેરો ચૂકવવાપાત્ર રહેશે નહિ:

પરંતુ છ મહિનાની મુદત, કમિશનર દ્વારા બે મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, પૂરતું કારણ દર્શાવ્યેથી લંબાવી શકાશે:

વધુમાં, આવી ઇનપુટ આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પરત કરવામાં આવી ન હોય, તો કલમ ૧૪૨-ની પેટા-કલમ (૮) ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર ઇનપુટ વેરા શાખ, વસૂલ થવાને પાત્ર રહેશે.

(૨) કોઇ અર્ધ તૈયાર કરેલા માલને, નિયત દિવસ પહેલા, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર અમુક ઉત્પાદન પ્રક્રિયા કરવા માટે, કામકાજના સ્થળથી બીજી કોઇ જગા સુધી મોકલવામાં આવ્યો હોય અને આવા માલ (જેનો આમાં હવે પછી, આ પેટા-કલમમાં "સદરહુ માલ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને નિયત દિવસે અથવા તે પછી, સદરહુ સ્થળે પરત મોકલવામાં આવ્યો હોય, ત્યારે ઉત્પાદન પ્રક્રિયા કર્યા પછી અથવા અન્યથા નિયત દિવસથી છ મહિનાની અંદર સદરહુ માલ પરત મોકલવામાં આવે તે કિસ્સામાં, કોઇપણ વેરો ચૂકવવાપાત્ર થશે નહિ:

પરંતુ છ મહિનાની મુદત, કમિશનર દ્વારા બે મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, પૂરતું કારણ દર્શાવ્યેથી લંબાવી શકાશે:

વધુમાં, સદરહું માલને, આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પરત મોકલવામાં ન આવે, તો કલમ ૧૪૨-ની પેટા-કલમ (૮) ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર ઇનપુટ વેરા શાખ વસૂલ થવાને પાત્ર રહેશે:

વળી, માલ મોકલતી (રવાના કરતી) વ્યક્તિ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર, આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, ભારતમાં વેરાની ચુકવણી કર્યેથી અથવા નિકાસ માટે વેરાની ચુકવણી સિવાય, કોઇ રજિસ્ટર થયેલી વ્યકિતની જગાએથી માલને મોકલવાના હેતુથી, સદરહુ માલને રજિસ્ટર થયેલી વ્યકિતની જગાએથી તબદીલ કરી શકશે.

INDEX

(૩) કોઇ માલને, નિયત દિવસ પહેલા, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર ચકાસણી અથવા બીજી કોઇ પ્રક્રિયા હાથ ધરવા માટે, કામકાજના સ્થળેથી રજિસ્ટર થયેલી હોય અથવા ન હોય તેવી બીજી કોઈ જગાએ મોકલવામાં આવે અને આવો માલ, નિયત દિવસે અથવા તે પછી, કામકાજના સદરહુ સ્થળે પરત મોકલવામાં આવે, ત્યારે, સદરહુ માલ, ચકાસણી અથવા બીજી કોઇ પ્રક્રિયા કર્યા પછી, નિયત દિવસથી છ મહિનાની અંદર આવા સ્થળે પરત મોકલવામાં આવે તે કિસ્સામાં, કોઇપણ વેરો ચૂકવવાપાત્ર રહેશે નહિ :

પરંતુ છ મહિનાની મુદત, કમિશનર દ્વારા બે મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, પૂરતું કારણ દર્શાવ્યેથી લંબાવી શકાશે:

વધુમાં, સદરહુ માલને, આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પરત મોકલવામાં ન આવે, તો કલમ ૧૪૨-ની પેટા-કલમ (૮) ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર ઇનપુટ વેરા શાખ વસૂલ થવાને પાત્ર રહેશે:

વળી, માલ મોકલતી (રવાના કરતી) વ્યક્તિ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર, આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, ભારતમાં વેરાની ચુકવણી કર્યેથી અથવા નિકાસ માટે વેરાની ચુકવણી સિવાય, સદરહુ માલને સદરહુ બીજી જગાએથી તબદીલ કરી શકશે.

(૪) પેટા-કલમો (૧), (૨) અને (૩) હેઠળનો વેરો, માલ મોકલતી વ્યક્તિ અને છૂટક કામ પર રાખેલી વ્યક્તિ, સદરહુ વ્યક્તિ વતી કામે રાખેલા કામદારે જથ્થામાં ધરાવેલી ઇનપુટ અથવા માલની વિગતો ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે અને તેટલા સમયની અંદર, નિયત દિવસે, જાહેર કરે તે કિસ્સામાં જ ચૂકવવાપાત્ર રહેશે નહિ.

પ્રકીર્ણ વચગાળાની જોગવાઇઓ.

૧૪૨. (૧) જેના પર નિયત દિવસ પહેલા છ મહિનાથી વહેલું નહિ તેમ તેના વેચાણના સમયે, વિદ્યમાન કાયદા હેઠળ વેરો, હોય તો, તે ચૂકવવામાં આવ્યો હોય તે માલ, નિયત દિવસે અથવા તે પછી, કામકાજના કોઇ સ્થળે પરત મોકલવામાં આવે ત્યારે, આવા માલને નિયત દિવસથી છ મહિનાની મુદતની અંદર રજિસ્ટર થયેલી વ્યક્તિ સિવાયની વ્યક્તિ દ્વારા કામકાજના સદરહુ સ્થળે પરત મોકલવામાં આવે તથા આવો માલ, યોગ્ય અધિકારીને ખાતરી થાય તે મુજબ ઓળખી શકાય તેમ હોય ત્યારે, રજિસ્ટર થયેલી વ્યક્તિ, વિદ્યમાન કાયદા હેઠળ ચૂકવેલા વેરાના રિફંડ માટે પાત્ર રહેશે:

પરંતુ રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા સદરહુ માલને પરત મોકલવામાં આવ્યો હોય, તો આવો માલ પરત મોકલવાની બાબત માલનો પુરવઠો હોવાનું ગણાશે.

INDEX

(૨) (ક) નિયત દિવસ પહેલાં કરવામાં આવેલા કરાર અનુસાર કોઇ માલની કિંમત, નિયત દિવસે અથવા તે પછી વધારવામાં આવે, ત્યારે આવા માલનું વેચાણ કર્યું હોય તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિએ, આવી કિંમત સુધારણાના ત્રીસ દિવસની અંદર ઠરાવવામાં આવે તેવી વિગતોનો સમાવેશ કરતું પૂરક ભરતિયું અથવા ઉધાર નોંધ (માલ) મેળવનારને આપવું જોઇશે અને આ અધિનિયમના હેતુઓ માટે, આવું પૂરક ભરતીયું અથવા ઉધાર નોંધ, આ અધિનિયમ હેઠળ જાવક પુરવઠાના સંબંધમાં કાઢી આપેલું હોવાનું ગણાશે;

(ખ) નિયત દિવસ પહેલાં કરવામાં આવેલા કરાર અનુસાર કોઇ માલની કિંમત, નિયત દિવસે અથવા તે પછી ઘટાડવામાં આવે, ત્યારે આવા માલનું વેચાણ કર્યું હોય તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિ, આવી કિંમત સુધારણાના ત્રીસ દિવસની અંદર ઠરાવવામાં આવે તેવી વિગતોનો સમાવેશ કરતી જમા નોંધ (માલ) મેળવનારને આપી શકશે અને આ અધિનિયમના હેતુઓ માટે, આવી જમા નોંધ, આ અધિનિયમ હેઠળ જાવક પુરવઠાના સંબંધમાં કાઢી આપેલી હોવાનું ગણાશેઃ

પરંતુ રજિસ્ટર થયેલી વ્યક્તિને, શાખ આપવાના કારણે તેની વેરા જવાબદારી ઘટાડવાની પરવાનગી તે કિસ્સામાં જ આપવી જોઇશે કે જમાનોંધ મેળવનારે, વેરા જવાબદારીના આવા ઘટાડાને અનુરૂપ તેની ઇનપુટ વેરા શાખ ઘટાડી હોય.

(૩) કોઇ વ્યક્તિએ નિયત દિવસ પહેલાં, તે દિવસે અથવા તે પછી, વિદ્યમાન કાયદા હેઠળ ચૂકવેલી ઇનપુટ વેરા શાખ, વેરા, વ્યાજ અથવા બીજી કોઇ રકમના રિફંડ માટે રજૂ કરેલા રિફંડ માટેના દરેક દાવાનો નિકાલ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર કરવો જોઇશે અને તેને આખરે જમા મળતી કોઇ રકમ, સદરહુ કાયદાની જોગવાઇઓ અનુસાર તેને રોકડમાં ચૂકવવી જોઇશેઃ

પરંતુ ઇનપુટ વેરા શાખની રકમના રિફંડ માટેનો કોઇ દાવો, સંપૂર્ણતઃ અથવા અંશતઃ રીતે નામંજૂર કરવામાં આવે, ત્યારે આ રીતે નામંજૂર કરેલી રકમ રદ થશેઃ

વધુમાં, ઇનપુટ વેરા શાખની કોઇ રકમનું કોઇપણ રિફંડ આ અધિનિયમ હેઠળ સદરહુ રકમની સિલક, નિયત દિવસે આગળ લઇ જવામાં આવી હોય, ત્યારે મંજૂર કરવામાં આવશે નહિ.

INDEX

(૪) નિયત દિવસ પહેલાં અથવા તે પછી નિકાસ કરેલા માલના સંબંધમાં, વિદ્યમાન કાયદા હેઠળ ચૂકવેલા કોઇ વેરાના રિફંડ માટે, નિયત દિવસ પછી રજૂ કરેલા રિફંડ માટેના દરેક દાવાનો નિકાલ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર કરવો જોઇશે:

પરંતુ ઇનપુટ વેરા શાખના રિફંડ માટેનો કોઇ દાવો સંપૂર્ણત: અથવા અંશત: નામંજૂર કરવામાં આવે, ત્યારે આ રીતે નામંજૂર કરેલી રકમ રદ થશે:

વધુમાં, ઇનપુટ વેરા શાખની કોઇ રકમનું કોઇપણ રિફંડ, નિયત દિવસના રોજની સદરહુ રકમની સિલક આ અધિનિયમ હેઠળ આગળ લઇ જવામાં આવી હોય, ત્યારે મંજૂર કરવામાં (આપવામાં) આવશે નહિ.

(૫) આ અધિનિયમમાં વિરુદ્ધનો કોઇપણ મજકૂર હોય તેમ છતાં, નિયત દિવસ પહેલાં ઉલટાવવામાં આવેલી ઇનપુટ વેરા શાખની કોઇ રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર રહેશે નહિ.

(૬) (ક) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, તે દિવસે અથવા તે દિવસ પછી, શરૂ કરવામાં આવેલા ઇનપુટ વેરા શાખ માટેના દાવાને લગતી અપીલ, ફેર તપાસ, સમીક્ષા અથવા સંદર્ભ (પૂછાણ) ની દરેક કાર્યવાહીનો નિકાલ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર કરવો જોઇશે અને દાવો કરનારને મળવાપાત્ર હોવાનું જણાયેલી શાખની કોઇ રકમ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર, તેને રોકડમાં રિફંડ કરવી જોઇશે તથા નામંજૂર કરેલી રકમ, હોય તો, તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરાશાખ તરીકે મળવાપાત્ર રહેશે નહિ :

પરંતુ ઇનપુટ વેરા શાખની કોઇ રકમનું કોઇપણ રિફંડ, નિયત દિવસના રોજની સદરહુ રકમની સિલક આ અધિનિયમ હેઠળ આગળ લઇ જવામાં આવી હોય, ત્યારે મંજૂર કરવામાં આવશે નહિ;

(ખ) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી, ઇનપુટ વેરા શાખની વસૂલાતના સંબંધમાં શરૂ કરાયેલી કોઇ અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભની દરેક કાર્યવાહીનો નિકાલ, વિદ્યમાન કાયદાની જોગવાઈઓ અનુસાર કરવો જોઇશે અને એવી અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભના પરિણામે વસૂલવાપાત્ર વેરા શાખની કોઇ રકમ, વિદ્યમાન કાયદા હેઠળ વસૂલ કરી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરાની

INDEX

બાકી તરીકે વસૂલ કરવી જોઇશે અને આવી રીતે વસૂલ કરેલી રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(૭) (ક) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી, કોઇપણ આઉટપુટ વેરાની જવાબદારીના સંબંધમાં શરૂ કરાયેલી કોઇ અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભની દરેક કાર્યવાહીનો નિકાલ, વિદ્યમાન કાયદાની જોગવાઈઓ અનુસાર કરવો જોઇશે અને એવી અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભના પરિણામે વસૂલવાપાત્ર વેરા શાખની કોઇ રકમ, વિદ્યમાન કાયદા હેઠળ વસૂલ કરી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરાની બાકી તરીકે વસૂલ કરવી જોઇશે અને આવી રીતે વસૂલ કરેલી રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(ખ) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી, આઉટપુટ વેરાની જવાબદારીના સંબંધમાં શરૂ કરાયેલી કોઇ અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભની દરેક કાર્યવાહીનો નિકાલ, વિદ્યમાન કાયદાની જોગવાઈઓ અનુસાર કરવો જોઇશે અને દાવેદારને ચૂકવવાપાત્ર જણાય તેવી કોઇ રકમ, વિદ્યમાન કાયદાની જોગવાઇઓ અનુસાર, તેને રોકડમાં રિફંડ કરવી જોઇશે અને મંજૂર ન કરેલી રકમ, હોય તો, તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(૮) (ક) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી શરૂ કરાયેલી કોઇ આકારણી અથવા ન્યાયનિર્ણયની કાર્યવાહીમાં કોઇ વ્યક્તિ પાસેથી કોઇ વેરા, વ્યાજ અથવા દંડ અથવા શિક્ષાની કોઇ રકમ વસૂલવાપાત્ર હોય, ત્યારે એવી રકમ, વિદ્યમાન કાયદા હેઠળ વસૂલ કરેલી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરાની બાકી તરીકે વસૂલ કરવી જોઇશે અને આવી રીતે વસૂલ કરેલી રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(ખ) વિદ્યમાન કાયદા હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી શરૂ કરાયેલી કોઇ આકારણી અથવા ન્યાયનિર્ણયની કાર્યવાહીમાં કોઇ વેરાપાત્ર વ્યક્તિ, કોઇ વેરા, વ્યાજ, દંડ અથવા શિક્ષાની કોઇ રકમનું રિફંડ મેળવવાને પાત્ર થતી હોય, ત્યારે એવી રકમ, સદરહુ કાયદા હેઠળ રોકડમાં તેને

INDEX

રિફંડ તરીકે આપવી જોઇશે અને મંજૂર ન કરેલી રકમ, હોય તો, તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(૯) (ક) વિદ્યમાન કાયદા હેઠળ રજૂ કરેલું કોઇ પત્રક, નિયત દિવસ પછી સુધારવામાં આવ્યું હોય અને આવી સુધારણા પછી, કોઇ રકમ વસૂલવાપાત્ર હોવાનું અથવા ઇનપુટ વેરા શાખની કોઇ રકમ મળવાપાત્ર ન હોવાનું જણાય, તો એવી રકમ, વિદ્યમાન કાયદા હેઠળ વસૂલ કરેલી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ વેરાની બાકી તરીકે વસૂલ કરવી જોઇશે અને આવી રીતે વસૂલ કરેલી રકમ, આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(ખ) વિદ્યમાન કાયદા હેઠળ પૂરા પાડેલા કોઇ પત્રકમાં, નિયત દિવસ પછી પરંતુ વિદ્યમાન કાયદામાં સુધારણા માટે નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર સુધારો કરાયેલ હોય અને એવી સુધારણા અનુસાર, કોઇ વેરાપાત્ર વ્યક્તિને કોઇ રકમ રિફંડ પાત્ર જણાય અથવા કોઇ ઇનપુટ વેરા શાખ આપવાનું જરૂરી જણાય તો, એવી રકમ, વિદ્યમાન કાયદા હેઠળ રોકડમાં તેને રિફંડ તરીકે આપવી જોઇશે અને મંજૂર ન કરેલી રકમ, હોય તો, તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ તરીકે મળવાપાત્ર થશે નહિ.

(૧૦) આ પ્રકરણમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, નિયત દિવસ પહેલાં કરાયેલ કોઇ કરાર અનુસાર નિયત દિવસે અથવા તે પછી પૂરા પાડેલા કોઇ માલ અથવા સેવા અથવા તે બન્ને, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ વેરાને પાત્ર થશે.

(૧૧) (ક) કલમ ૧૨ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ કોઇ માલ પર લેવાપાત્ર થતાં વેરાના પ્રમાણ સુધી, આ અધિનિયમ હેઠળ સદરહુ માલ પર કોઇ વેરો ચૂકવવાપાત્ર થશે નહિ. સન ૨૦૦૫ નો ગુજરાતનો ૧લો.

(ખ) કલમ ૧૩ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નાણા અધિનિયમ, ૧૯૯૪ના પ્રકરણ ૫ હેઠળ કોઇ સેવા પર લેવાપાત્ર થતાં વેરાના પ્રમાણ સુધી, આ અધિનિયમ હેઠળ સદરહુ સેવા પર કોઇ વેરો ચૂકવવાપાત્ર થશે નહિ. સન ૧૯૯૪નો ૩૨ મો.

(ગ) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ અને નાણા અધિનિયમ, ૧૯૯૪ના પ્રકરણ ૫-એ બન્ને હેઠળ કોઈ પૂરવઠા પર વેરો ચૂકવવામાં આવ્યો હોય, ત્યારે આ અધિનિયમ હેઠળ વેરો લેવાપાત્ર થશે અને વેરાપાત્ર વ્યક્તિ, નિયત દિવસ પછી પૂરા પાડેલા પુરવઠાના પ્રમાણમાં વિદ્યમાન કાયદા હેઠળ સન ૨૦૦૫ નો ગુજરાતનો ૧લો. સન ૧૯૯૪નો ૩૨મો.

INDEX

ચૂકવેલા મૂલ્યવર્ધિત વેરા અથવા સેવા કરની શાખ મેળવવા હકદાર થશે અને એવી શાખની ગણતરી, ઠરાવવામાં આવે તેવી રીતે કરવામાં આવશે.

(૧૨) નિયત દિવસની અગાઉના છ મહિના કરતાં વહેલો નહિ તેમ મંજૂરીને આધારે મોકલેલો હોય તેવો કોઇ માલ, ખરીદનાર સ્વીકારે નહિ અથવા તે નામંજૂર કરે અને નિયત દિવસે અથવા તે પછી વેચનારને પરત મોકલે, ત્યારે આવો માલ, નિયત દિવસથી છ મહિનાની અંદર પરત મોકલવામાં આવ્યો હોય, તો તેના પર કોઇ વેરો ભરવાપાત્ર થશે નહિ:

પરંતુ કમિશનર, છ મહિનાની સદરહુ મુદત, પૂરતું કારણ દર્શાવ્યેથી, બે મહિના કરતાં વધુ નહિ તેટલી વધુ મુદત સુધી લંબાવી આપી શકશે:

વધુમાં, એવો માલ આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય અને આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદત પછી પરત કર્યો હોય, તો માલ પરત કરનાર વ્યક્તિ, વેરો ભરવા જવાબદાર થશે:

વળી, એવો માલ, મંજૂરીને અધીન રહીને મોકલ્યો હોય અને આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય તથા આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પરત કર્યો ન હોય, તો જેણે માલ મોકલ્યો હોય તે વ્યક્તિ, વેરો ભરવા જવાબદાર થશે.

સન ૨૦૦૫ નો ગુજરાતનો ૧લો.

(૧૩) પુરવઠાકારે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ મૂળ સ્થાને વેરાની કપાત કરવાનું જરૂરી હોય તેવા કોઇ માલનું વેચાણ કર્યું હોય અને નિયત દિવસ પહેલાં તે માલ માટે ભરતિયું પણ કાઢી આપ્યું હોય, ત્યારે સદરહુ પુરવઠાકારને નિયત દિવસે અથવા તે પછી ચુકવણી કરવામાં આવી હોય, તો કપાત કરનારે, સદરહુ કલમ ૫૧ હેઠળ કોઇ વેરાની મૂળ સ્થાનેથી કપાત કરવી જોઇશે નહિ.

(૧૪) નિયત દિવસે મુખ્ય માલિકનો કોઇ માલ અથવા મૂડીગત માલ, એજન્ટની જગ્યામાં પડેલો હોય, તો એજન્ટ નીચેની શરતોને પરિપૂર્ણ કરીને એવા માલ અથવા મૂડીગત માલ પર ભરેલા વેરાની શાખ લેવા હકદાર થશે:-

(૧) એજન્ટ, આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી વેરાપાત્ર વ્યક્તિ હોય;

(૨) મુખ્ય માલિક અને એજન્ટ બન્ને, નિયત દિવસની તરત અગાઉના દિવસે એવા એજન્ટ પાસે પડેલા માલ અથવા મૂડીગત માલના સ્ટોકની વિગતો, આ અર્થે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે તથા તેટલા સમયની અંદર જાહેર કરે;

INDEX

(૩) એવા માલ અથવા મૂડીગત માલ માટેના ભરતિયાં, નિયત દિવસની તરત અગાઉના બાર મહિના કરતાં વહેલાં નહિ તેમ કાઢી આપ્યા હોય; અને

(૪) મુખ્ય માલિકે, એવા-

(ક) માલ; અથવા

(ખ) મૂડીગત માલ

ના સંબંધમાં ઇનપુટ વેરા શાખ ઉલટાવેલી હોય અથવા લીધેલી ન હોય અથવા એવી શાખ લીધેલી હોય અને એવી શાખ તેણે લીધેલી શાખના પ્રમાણમાં ઉલટાવેલી હોય.

સ્પષ્ટીકરણ.- આ પ્રકરણના હેતુઓ માટે "મૂડીગત માલ" એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩માં જે આપેલો છે તે જ થશે. સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

પ્રકરણ ૨૧
પ્રકીર્ણ

છૂટક કામ (જોબ વર્ક)ની કાર્યરીતિ.

૧૪૩. (૧) રજિસ્ટર થયેલી કોઇ વ્યક્તિ (જેનો આમાં હવે પછી, "મુખ્ય માલિક" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) જાણ હેઠળ અને ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, વેરાની ચુકવણી કર્યા વગર કોઇ છૂટક કામદાર (જોબ વર્ક કરનાર)ને છૂટક કામ (જોબ વર્ક) માટે કોઇ ઇનપુટ અથવા મૂડીગત માલ મોકલી શકશે અને ત્યાર પછી ત્યાંથી બીજા છૂટક કામદારને અને તે જ પ્રમાણે આગળ મોકલી આપી શકશે અને તે વ્યકિત,-

(ક) છૂટક કામ પૂરૂ થયાં પછી અથવા અન્યથા, મોલ્ડ(ધાતુ ઢાળવાના બીબા) અને ડાઇ(નાણા પાડવાના બીબા), જીગ્સ અને ફીક્સચર્સ અથવા ઓજારો સિવાયના ઇનપુટ અથવા કેપિટલ ગુડઝ, તે બહાર મોકલ્યાના અનુક્રમે એક અને ત્રણ વર્ષની અંદર તેના ધંધાના કોઇ સ્થળે કોઇ વેરાની ચુકવણી કર્યા વગર પાછા મંગાવી શકશે;

(ખ) છૂટક કામ પૂરું થયાં પછી અથવા અન્યથા, મોલ્ડ(ધાતુ ઢાળવાના બીબા) અને ડાઇ(નાણા પાડવાના બીબા), જીગ્સ અને ફિકસ્ચર (નકશીકામવાળી અને જડિત વસ્તુ) અથવા ઓજારો સિવાયના આવા ઇનપુટ અથવા કેપિટલ ગુડઝ, છૂટક કામ (જોબ વર્ક) કરનારના ધંધાના સ્થળેથી તે બહાર મોકલ્યાના અનુક્રમે એક અને ત્રણ વર્ષની અંદર, વેરો ભરીને ભારતની અંદર મોકલી શકશે અથવા યથાપ્રસંગ, વેરો ચૂકવીને અથવા વેરાની ચુકવણી કર્યા વગર તેની નિકાસ કરી શકશેઃ

INDEX

પરંતુ-

(૧) છૂટક કામ (જોબ વર્ક) કરનાર કલમ ૨૫ હેઠળ રજિસ્ટર થયો હોય; અથવા

(૨) મુખ્ય માલિક, કમિશનર જાહેર કરે તેવો માલ પૂરો પાડવામાં રોકાયેલો હોય,

તે કિસ્સામાં હોય તે સિવાય, મુખ્ય માલિક છૂટક કામ (જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળને પોતાના ધંધાના વધારાના સ્થળ તરીકે જાહેર ન કરે ત્યાં સુધી સદરહુ માલિક આ ખંડની જોગવાઇઓ અનુસાર છૂટક કામ (જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળેથી માલ મોકલી શકશે નહિ

(૨) ઇનપુટ અથવા મૂડીગત માલ માટેના યોગ્ય હિસાબો રાખવાની જવાબદારી મુખ્ય માલિકની રહેશે.

(૩) છૂટક કામ (જોબ વર્ક)માટે મોકલવામાં આવેલી ઇનપુટ, પેટા-કલમ (૧)ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર છૂટક કામ (જોબ વર્ક) પૂરું થયાં પછી અથવા અન્યથા મુખ્ય માલિકને પરત મળી ન હોય અથવા પેટા-કલમ(૧)ના ખંડ (ખ) ની જોગવાઇઓ અનુસાર છૂટક કામ (જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળેથી તે બહાર મોકલાવ્યાના એક વર્ષની અંદર મોકલવામાં આવી ન હોય, ત્યારે મુખ્ય માલિકે એવી ઇનપુટ તે બહાર મોકલ્યાની તારીખથી છૂટક કામ (જોબ વર્ક) કરનારને પૂરી પાડેલા છે એમ ગણાશે.

(૪) છૂટક કામ (જોબ વર્ક) માટે મોકલવામાં આવેલ મોલ્ડ અને ડાઇ, જિગ્સ અને ફીક્સચર અથવા ઓજારો સિવાયના કેપિટલ ગુડઝ પેટા-કલમ (૧)ના ખંડ (ક) ની જોગવાઇઓ અનુસાર મુખ્ય માલિકને પરત મળ્યા ન હોય અથવા પેટા-કલમ (૧)ના ખંડ (ખ) ની જોગવાઇઓ અનુસાર છૂટક કામ (જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળેથી તે બહાર મોકલાવ્યાના ત્રણ વર્ષની અંદર (ખરીદનારને) મોકલવામાં આવ્યાં ન હોય, ત્યારે મુખ્ય માલિકે એવા મૂડીગત માલ, તે બહાર મોકલ્યાની તારીખથી છૂટક કામ (જોબ વર્ક) કરનારને પૂરા પાડેલ છે એમ ગણાશે.

(૫) પેટા-કલમો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, છૂટક કામ (જોબ વર્ક) દરમિયાન ઉત્પન્ન થયેલા કોઇ કચરા અથવા ભંગાર, છૂટક કામ (જોબ વર્ક) કરનાર રજિસ્ટર થયો હોય, તો તેણે અને રજિસ્ટર થયો ન હોય, તો મુખ્ય માલિકે વેરો ભરીને, છૂટક કામ (જોબ વર્ક) કરનારના કામકાજના સ્થળેથી સીધા જ પૂરા પાડી શકાશે.

INDEX

સ્પષ્ટીકરણ.- છૂટક કામ (જોબ વર્ક)ના હેતુઓ માટે, ઇનપુટમાં, તેની ઉપર મુખ્ય માલિકે અથવા છૂટક કામ (જોબ વર્ક) કરનારે કરેલી કોઇ ક્રિયા અથવા પ્રક્રિયાના લીધે મળતાં કોઇ વચગાળાના માલનો સમાવેશ થાય છે.

અમુક કેસોમાં દસ્તાવેજો માની લેવા બાબત.

૧૪૪. કોઇ દસ્તાવેજ,-

(૧) કોઇ વ્યક્તિએ આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય બીજા કોઇ કાયદા હેઠળ રજૂ કર્યો હોય; અથવા

(૨) આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય બીજા કોઇ કાયદા હેઠળ કોઇ વ્યક્તિના કબજા અથવા નિયંત્રણમાંથી જપ્ત કર્યો હોય; અથવા

(૩) આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળની કોઇ કાર્યવાહી દરમિયાન ભારતની બહારના કોઇ સ્થળેથી મેળવવામાં અવ્યો હોય,

અને એવો દસ્તાવેજ, એવી વ્યક્તિ અથવા તેની સાથે સંયુકત રીતે જેની સામે કેસ ચાલતો હોય તેવી બીજી કોઇ વ્યક્તિ સામે પુરાવા તરીકે ફરિયાદ પક્ષ તરફથી સોંપવમાં આવ્યો હોય, ત્યારે કોર્ટ,-

(ક) એવી વ્યક્તિે વિરુધ્ધનું પુરવાર કરે તે સિવાય, માની લેશે કે-

(૧) એવા દસ્તાવેજમાંની વિગતો સાચી છે;

(૨) એવા દસ્તાવેજમાંની સહી અને બીજો દરેક ભાગ જે કોઇ ચોક્કસ વ્યક્તિના હસ્તાક્ષરમાં હોવાનું અભિપ્રેત હોય અથવા કોર્ટ એવું વાજબીપણે માની લેશે કે તેના પર જે કોઈ ચોક્કસ વ્યક્તિની સહી હોવી જોઇએ અથવા જેના હસ્તાક્ષરમાં તે હોવો જોઇએ તે જ વ્યક્તિએ તેના પર સહી કરી છે અથવા તેના જ હસ્તાક્ષર છે અને દસ્તાવેજ કરવાના અથવા તે પ્રમાણિત કરવાના કિસ્સામાં, તે જેણે આવી રીતે કરવાનું અથવા પ્રમાણિત કરવાનું અભિપ્રેત હોય તે જ વ્યક્તિએ તે દસ્તાવેજ કરેલો અથવા પ્રમાણિત કરેલો છે;

(ખ) જો એવો દસ્તાવેજ અન્યથા પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય તેમ હોય, તો તેના પર યોગ્ય સ્ટેમ્પ ન લગાડેલ હોય તેમ છતાં, તે દસ્તાવેજને પુરાવા તરીકે સ્વીકારી શકશે.

INDEX

દસ્તાવેજની માઇક્રો ફિલ્મસ , ફેસિમાઇલ નકલ અને કોમ્પ્યુટર પ્રિન્ટઆઉટને પુરાવા તરીકે સ્વીકારવા બાબત.

૧૪૫. (૧) તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં,-

(ક) દસ્તાવેજની માઇક્રો ફિલ્મ અથવા એવી માઇક્રો ફિલ્મમાં સમાવિષ્ટ દ્રશ્ય અથવા દ્રશ્યોની પ્રતિકૃતિ(વિસ્તૃત કરેલી હોય અથવા ના હોય); અથવા

(ખ) દસ્તાવેજની ફેસિમાઇલ નકલ; અથવા

(ગ) દસ્તાવેજમાંનું કોઇ નિવેદન જે ઠરાવવામાં આવે તેવી શરતોએ કોઇ કોમ્પ્યુટરમાંથી મેળવેલી છાપેલી સામગ્રીમાં સમાવિષ્ટ હોય; અથવા

(ઘ) કોઇ માહિતીની હાર્ડ કોપી (પ્રત્યક્ષ નકલો) સહિત કોઇ ડિવાઇસ(સંરચના) અથવા માધ્યમમાં ઇલેકટ્રોનિક સ્વરૂપે સંગ્રહ કરેલી કોઇ માહિતી,

આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોના હેતુઓ માટે દસ્તાવેજ હોવાનુ ગણાશે અને જેના માટે પ્રત્યક્ષ પુરાવો ગ્રાહ્ય રાખવો જોઈએ તેવી અસલ દસ્તાવેજની કોઈ વિગતના અથવા તેમાં જણાવેલી કોઈ હકીકતના પુરાવા તરીકે, વધુ પુરાવો અથવા અસલ દસ્તાવેજ રજૂ કર્યા સિવાય તે હેઠળની કોઇ કાર્યવાહીમાં તેને પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળની કોઇ કાર્યવાહીમાં, આ કલમની રૂએ પુરાવા તરીકે કોઇ નિવેદન આપવાનું ઈચ્છનીય હોય, ત્યારે-

(ક) નિવેદન ધરાવતા દસ્તાવેજની ઓળખ અને તે જે રીતે રજૂ કર્યુ હોય તે રીત દર્શાવતું પ્રમાણપત્ર;

(ખ) એવો દસ્તાવેજ કોમ્પ્યુટર દ્વારા રજૂ કરવામાં આવ્યો છે તે દર્શાવવાના હેતુ માટે યોગ્ય હોય તે પ્રમાણે તે દસ્તાવેજ રજૂ કરવામાં સંકળાયેલી કોઇ ડિવાઇસની વિગતો આપતું પ્રમાણપત્ર,

એવા પ્રમાણપત્રમાં જણાવેલી કોઇ બાબતનો પુરાવો ગણાશે અને આ પેટા-કલમના હેતુઓ માટે, એવી બાબત જણાવતી વ્યક્તિની ઉત્તમ જાણ અને માન્યતા અનુસાર જણાવાયેલી બાબત માટે તે પર્યાપ્ત ગણાશે.

કોમન પોર્ટલ.

૧૪૬. સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, રજિસ્ટ્રેશન, વેરાની ચુકવણી, પત્રક રજૂ કરવા, એકત્રિત વેરાની ગણતરી અને પતાવટ, ઇલેકટ્રોનિક વે બિલ વગેરેને સરળ

INDEX

બનાવવા અને ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો કરવા અને તેવા હેતુઓ માટે કોમન ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ (માલ અને સેવા વેરા) ઇલેકટ્રોનિક પોર્ટલ જાહેર કરી શકશે.

માની (ગણી) લીધેલી નિકાસ.

૧૪૭. સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, માલનું ઉત્પાદન ભારતમાં થયું હોય તો, પૂરો પાડેલો માલ ભારતની બહાર જતો ન હોય અને એવો માલ પૂરો પાડવા બદલની ચુકવણી ભારતીય રૂપિયામાં અથવા વિનિમયયોગ્ય વિદેશી હૂંડિયામણના સ્વરૂપમાં મળતી હોય, ત્યારે માલના અમુક પુરવઠાને "માની લીધેલી નિકાસ" તરીકે જાહેર કરી શકશે.

અમુક પ્રક્રિયાઓ માટે ખાસ કાર્યરીતિ.

૧૪૮. સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી અને ઠરાવવામાં આવે તેવી શરતો અને સાવચેતીઓને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યક્તિઓના અમુક વર્ગો અને રજિસ્ટ્રેશનના સંબંધમાં અનુસરવાની કાર્યરીતિ સહિત એવી વ્યક્તિઓએ અનુસરવાની ખાસ કાર્યરીતિ, પત્રક રજૂ કરવા, વેરાની ચુકવણી અને એવી વ્યક્તિઓના વહીવટ સહિતની બાબતો જાહેર કરી શકશે.

માલ અને સેવા કર અનુપાલન રેટિંગ.

૧૪૯. (૧) દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિને સરકાર દ્વારા માલ અને સેવા વેરા અનુપાલન રેટિંગ સ્કોર આપી શકાશે જે તેના આ અધિનિયમની જોગવાઇઓના પાલનના રેકર્ડ પર આધારિત હશે.

(૨) માલ અને સેવા વેરા અનુપાલન રેટિંગ સ્કોર, ઠરાવવામાં આવે તેવા માપદંડોને આધારે નક્કી કરી શકાશે.

(૩) માલ અને સેવા વેરા અનુપાલન રેટીંગ સ્કોર, સમયાંતરે અદ્યાવત કરવામાં આવશે અને તેની જાણ રજિસ્ટર થયેલી વ્યક્તિને કરવામાં આવશે અને ઠરાવવામાં આવે તેવી રીતે જાહેર ડોમેઇન(જાહેર ક્ષેત્રવિસ્તાર)માં પણ તે મૂકી શકાશે.

માહિતી પત્રક(રિટર્ન) રજૂ કરવાની જવાબદારી.

૧૫૦. (૧) કોઇ વ્યક્તિ-

(ક) જે વેરાપાત્ર વ્યક્તિ હોય; અથવા

(ખ) સ્થાનિક સત્તામંડળ અથવા જાહેર મંડળ અથવા એસોસિએશન હોય; અથવા

(ગ) મૂલ્ય વર્ધિત વેરા અથવા વેચાણ વેરા અથવા રાજય આબકારી જકાત વસૂલવા માટે જવાબદાર હોય તેવું રાજય સરકારનું કોઇ સત્તામંડળ અથવા આબકારી જકાત અથવા કસ્ટમ ડયુટિ (સીમા શુલ્ક) વસૂલવા માટે જવાબદાર હોય તેવું કેન્દ્ર સરકારનું કોઇ સત્તામંડળ હોય; અથવા

INDEX

સન ૧૯૬૧નો ૪૩મો. (ઘ) આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ નિમાયેલું આવક વેરા સત્તામંડળ હોય; અથવા

સન ૧૯૩૪નો ૨ જો. (ચ) ભારતીય રિઝર્વ બેન્ક અધિનિયમ, ૧૯૩૪ની કલમ ૪૫-ક ના ખંડ(ક)ના અર્થ મુજબની કોઇ બેંકિંગ કંપની હોય; અથવા

સન ૨૦૦૩નો ૩૬મો. (છ) રાજય વિદ્યુત બોર્ડ અથવા વીજળી અધિનિયમ, ૨૦૦૩ હેઠળ વીજ વિતરણ અથવા પ્રવહનનો લાઇસન્સધારક અથવા કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર દ્વારા તેવી કામગીરી સોંપાયેલી હોય તેવું બીજું કોઈ એકમ હોય; અથવા

સન ૧૯૦૮નો ૧૬મો. (જ) રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ની કલમ ૬ હેઠળ નિમાયેલા રજિસ્ટ્રાર અથવા સબરજિસ્ટ્રાર હોય; અથવા

સન ૨૦૧૩નો ૧૮મો. (ઝ) કંપની અધિનિયમ, ૨૦૧૩ના અર્થ મુજબનો રજિસ્ટ્રાર હોય; અથવા

સન ૧૯૮૮નો ૫૯મો. (ટ) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ મોટર વાહનોનું રજિસ્ટ્રેશન કરવા સત્તા અપાયેલ રજિસ્ટર કરનાર સત્તામંડળ હોય; અથવા

સન ૨૦૧૩નો ૩૦મો. (ઠ) જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતરના અધિકાર અને પારદર્શિતા અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૩ના ખંડ (ગ)માં ઉલ્લેખેલા કલેક્ટર હોય; અથવા

સન ૧૯૫૬નો ૪૨ મો. (ડ) જામીનગીરી કરાર (નિયમન) અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨ ના ખંડ (છ)માં ઉલ્લેખેલું માન્ય સ્ટોક એકસચેન્જ હોય; અથવા

સન ૧૯૯૬નો ૨૨મો. (ઢ) ડિપોઝિટરિ અધિનિયમ, ૧૯૯૬ની કલમ ૨ ની કલમ ૨-ની પેટા- કલમ (૧) ના ખંડ (ચ)માં ઉલ્લેખેલી ડિપોઝિટરિ હોય; અથવા

સન ૧૯૩૪નો ૨ જો. (ત) ભારતીય રિઝર્વ બેન્ક અધિનિયમ, ૧૯૩૪ની કલમ ૩ હેઠળ રચાયેલી ભારતીય રિઝર્વ બેન્કનો કોઇ અધિકારી હોય; અથવા

સન ૨૦૧૩નો ૧૮મો. (થ) કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રજિસ્ટર થયેલું માલ અને સેવા વેરા તંત્ર(નેટવર્ક), એક કંપની હોય; અથવા

(દ) કલમ ૨૫ ની પેટા-કલમ (૯) હેઠળ જેને યુનિક આઇડેન્ટિટી નંબર (વિશિષ્ટ ઓળખ નંબર) આપવામાં આવ્યો હોય તેવી વ્યક્તિ હોય; અથવા

INDEX

(ધ) કાઉન્સિલની ભલામણ પરથી, સરકાર નિર્દિષ્ટ કરે તેવી બીજી કોઇ વ્યક્તિ, જે રજિસ્ટ્રેશનનું રેકર્ડ અથવા હિસાબોનું પત્રક અથવા કોઇ સામયિક પત્રક અથવા વેરાની ચુકવણીની વિગતો ધરાવતા અને માલ અને સેવા અથવા તે બન્નેના વ્યવહારની અથવા બેન્ક ખાતાને લગતાં વ્યવહારો અથવા વીજ વપરાશ અથવા માલની ખરીદી, વેચાણ અથવા વિનિમયના વ્યવહાર અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ કોઇ મિલકતમાંના હક અથવા હિતને લગતી બીજી વિગતો ધરાવતા દસ્તાવેજનું રેકર્ડ જાળવવા માટે જવાબદાર હોય, તેણે ઠરાવવામાં આવે તેવી મુદત માટેના, તેટલા સમયની અંદર, તેવા નમૂનામાં અને તેવી રીતે તથા તેવા સત્તામંડળ અથવા એજન્સીને તે સંબંધી માહિતી પત્રક પૂરું પાડવું જોઇશે.

(૨) કમિશનર અથવા તેણે આ અર્થે અધિકૃત કરેલા કોઇ અધિકારીને એમ જણાય કે માહિતી પત્રકમાં પૂરી પાડવામાં આવેલી માહિતી ક્ષતિયુક્ત છે, તો તે આવું માહિતી પત્રક પૂરી પાડનાર વ્યક્તિને તે ક્ષતિ અંગે જાણ કરી શકશે અને આવી જાણ કર્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર અથવા આ અર્થે કરેલી અરજી પરથી સદરહુ સત્તાધિકારી છૂટ આપે તેટલી વધુ મુદતની અંદર તે ક્ષતિ સુધારવા માટેની તક આપી શકશે અને ત્રીસ દિવસની સદરહુ મુદત અથવા એવી રીતે છૂટ આપેલી વધારાની મુદત દરમિયાન ક્ષતિ સુધારવામાં ન આવે, તો આ અધિનિયમની બીજી કોઈ જોગવાઇઓમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, એવું માહિતી પત્રક રજૂ ન કરેલું ગણાશે અને આ અધિનિયમની જોગવાઇઓ લાગુ પડશે.

(૩) જેને માહિતી પત્રક રજૂ કરવા ફરમાવેલું હોય તેવી કોઇ વ્યક્તિએ, પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર માહિતી પત્રક રજૂ ન કર્યું હોય, તો સદરહુ સત્તાધિકારી તેના પર એવું માહિતી પત્રક, એવી નોટિસ બજવ્યાની તારીખથી નેવું દિવસથી વધુ નહિ તેટલી મુદતની અંદર રજૂ કરવા ફરમાવતી નોટિસ બજાવી શકશે અને એવી વ્યક્તિએ માહિતી પત્રક રજૂ કરવું જોઇશે.

આંકડા એકઠા કરવાની સત્તા.

૧૫૧. (૧) કમિશનર, તેમને એમ કરવું જરૂરી જણાય, તો આ અધિનિયમથી તજવીજ કરાયેલી અથવા તેની સાથે સંકળાયેલી કોઇ બાબતને લગતા આંકડા એકઠા કરવાં, જાહેરનામાથી આદેશ કરી શકશે.

(૨) આવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યેથી, કમિશનર અથવા તેમણે આ અર્થે અધિકૃત કરેલી વ્યક્તિ, જેના સંબંધમાં આંકડા એકઠા કરવાના હોય તે સંબંધમાં,

INDEX

સંબંધિત વ્યક્તિઓને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે એવી માહિતી અથવા પત્રકો રજૂ કરવા ફરમાવી શકશે.

માહિતી જાહેર કરવાને બાધ.

૧૫૨. (૧) કલમ ૧૫૦ અથવા કલમ ૧૫૧ના હેતુઓ માટે કોઇ બાબતના સંબંધમાં કોઇ વ્યક્તિગત પત્રક અથવા તેના કોઇ ભાગમાં આપેલી કોઇ માહિતી, સંબંધિત વ્યક્તિ અથવા તેના અધિકૃત પ્રતિનિધિની લેખિત સંમતિ સિવાય, એવી રીતે પ્રસિદ્ધ કરી શકાશે નહિ જેથી કરીને તે કોઇ ચોક્કસ વ્યક્તિને લગતી છે એમ ઓળખાઇ જાય અને એવી કોઇપણ માહિતીનો, આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહીના હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

(૨) આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ અધિનિયમ હેઠળના ફોજદારી કામના હેતુઓ માટે હોય તે સિવાય, આ અધિનિયમના હેતુઓ માટે આંકડા એકઠા કરવા અથવા તેના સંગ્રહ અથવા કોમ્પ્યુટરીકરણમાં રોકાયેલી ન હોય તેવી કોઇપણ વ્યક્તિને, કલમ ૧૫૧માં ઉલ્લેખેલી કોઇ માહિતી અથવા કોઇ વ્યક્તિગત પત્રક જોવા અથવા તેને ઉપલબ્ધ કરાવાની પરવાનગી આપી શકાશે નહિ.

(૩) કમિશનરના અભિપ્રાય પ્રમાણે એવી માહિતી પ્રસિદ્ધ કરવાનું જાહેર હિતમાં ઇચ્છનીય હોય, તો આ કલમમાંનો કોઇપણ મજકૂર, કોઇ વેરાપાત્ર વ્યક્તિઓના વર્ગ અથવા વ્યવહારોના વર્ગને લગતી કોઇ મહીતીની પ્રસિદ્ધિને લાગુ પડશે નહિ.

તજજ્ઞની સહાય લેવા બાબત.

૧૫૩. મદદનીશ કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ અધિકારી, કેસના પ્રકાર અને તેની જટિલતાને ધ્યાનમાં રાખીને તથા મહેસૂલના હિતમાં, તેમની સમક્ષની કાર્યવાહીની ચકાસણી, તપાસ, તપાસણી (અન્વેષણ)ના કોઇ તબક્કે અથવા બીજી કોઈ કાર્યવાહીઓમાં કોઇ તજજ્ઞની સહાય લઇ શકશે.

નમૂના લેવાની સત્તા.

૧૫૪. કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઇ અધિકારી, પોતે જરૂરી ગણે ત્યારે, કોઇ વેરાપાત્ર વ્યક્તિના કબજામાં હોય તેવા માલના નમૂના લઇ શકશે અને આવી રીતે લીધેલા કોઇ નમૂનાની પહોંચ આપી શકાશે.

સાબિતીનો બોજો.

૧૫૫. કોઇ વ્યક્તિ એવો દાવો કરતી હોય કે તે આ અધિનિયમ હેઠળ ઇનપુટ વેરા શાખ માટે પાત્ર છે, તો તેવો દાવો સાબિત કરવાનો બોજો તેવી વ્યક્તિ પર રહેશે.

વ્યક્તિઓ જાહેર સેવકો ગણવા બાબત.

સન ૧૮૬૦નો ૪૫ મો.

૧૫૬. આ અધિનિયમ હેઠળ કાર્ય કરતી તમામ વ્યક્તિઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ જાહેર સેવકો ગણાશે.

આ અધિનિયમ હેઠળ લીધેલા પગલાંને રક્ષણ .

૧૫૭. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કૃત્ય બદલ અપીલ ટ્રિબ્યુનલના પ્રમુખ, રાજય પ્રમુખ, સભ્યો, અધિકારીઓ અથવા બીજા કર્મચારીઓ અથવા સદરહુ અપીલ ટ્રિબ્યુનલે અધિકૃત કરેલી કોઇ બીજી વ્યક્તિ સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કૃત્ય બદલ આ અધિનિયમ હેઠળ નિમાયેલા અથવા અધિકૃત કરેલા અધિકારી સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

જાહેર સેવક દ્વારા માહિતી જાહેર કરવા બાબત.

૧૫૮. (૧) આ અધિનિયમ અનુસાર કરેલા કોઇ નિવેદન, રજૂ કરેલા પત્રક અથવા હિસાબો અથવા દસ્તાવેજ અથવા આ અધિનિયમ હેઠળની (ફોજદારી કોર્ટ સમક્ષની કાર્યવાહી સિવાયની) કાર્યવાહીમાં પુરાવા તરીકે આપેલા કોઇ રેકર્ડ અથવા આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહીના કોઇ રેકર્ડમાં સમાવિષ્ટ તમામ વિગતો, પેટા-કલમ (૩)માં જોગવાઇ કરેલી હોય તે સિવાય, જાહેર કરવા જોઇશે નહિ.

(૨) ભારતના પુરાવા અધિનિયમ, ૧૮૭૨ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ કોર્ટ, પેટા-કલમ (૩)માં અન્યથા જોગવાઇ કરેલી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ નિમાયેલા અથવા અધિકૃત કરેલા કોઇ અધિકારીને પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી વિગતોના સંબંધમાં, પોતાની સમક્ષ રજૂ કરવા અથવા પુરાવો આપવા ફરમાવી શકશે નહિ. સન ૧૮૭૨ નો ૧લો.

(૩) આ કલમમાંનો કોઇ મજકૂર, નીચેની માહિતી જાહેર થવાને લાગુ પડશે નહિ,-

(ક) ભારતના ફોજદારી અધિનિયમ અથવા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળ ફોજદારી કામ ચલાવવાના હેતુ માટે કોઇ નિવેદન, પત્રક, હિસાબો, દસ્તાવેજો, પુરાવા, સોગંદનામું અથવા જુબાની સંબંધી કોઇ વિગતો; અથવા સન ૧૮૬૦નો ૪૫ મો. સન ૧૯૮૮નો ૪૯મો.

(ખ) આ અધિનિયમના ઉદ્દેશો પાર પાડવા માટે, આ અધિનિયમના અમલ માટે કામ કરતી કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા કોઇ વ્યક્તિની કોઇ વિગતો; અથવા

INDEX

(ગ) કોઇ નોટિસની બજવણી અથવા કોઇ માગણાની વસૂલાત માટેની કોઇ પ્રક્રિયામાં આ અધિનિયમ હેઠળની કોઇ કાયદેસર કાર્યવાહી દરમિયાન એવી જાહેરાત થઈ હોય તેની કોઇ વિગતો; અથવા

(ઘ) આ અધિનિયમ હેઠળની અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળની કોઇ સત્તા વાપરવા માટે કોઇ સત્તામંડળને અધિકૃત કરતી આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળની કોઇ કાર્યવાહીમાંથી ઉદભવતી કોઇ બાબતને લગતા, સરકાર અથવા આવા કોઇ સત્તામંડળ જેમાં પક્ષકાર હોય તેવા કોઇ દાવા અથવા કાર્યવાહીઓમાંની દીવાની કોર્ટને લગતી કોઇ વિગતો; અથવા

(ચ) આ અધિનિયમ હેઠળ લાદેલા વેરાની આવક અથવા વેરાના રિફંડના ઓડિટના હેતુ માટે નિમાયેલા કોઇ અધિકારીની કોઇ વિગતો; અથવા

(છ) આ અધિનિયમ હેઠળ નિમાયેલા અથવા અધિકૃત કરેલા કોઇ અધિકારી અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદા હેઠળ તપાસ અધિકારી તરીકે નિમાયેલી કોઇ વ્યક્તિ અથવા વ્યક્તિઓની વર્તણૂકની કોઇ તપાસના હેતુઓ માટે સુસંગત હોય તેવી કોઇ વિગતો; અથવા

(જ) સરકાર, કોઇ વેરા અથવા જકાત લઇ શકે અથવા વસૂલ કરી શકે તે હેતુ માટે જરૂરી હોય તેવી, કેન્દ્ર સરકાર અથવા કોઇ રાજય સરકારના અધિકારીને લગતી કોઇ વિગતો; અથવા

(ઝ) તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ જાહેર સેવકે તેની અથવા બીજા કોઇ વૈધાનિક સત્તામંડળે પોતાની સત્તા વાપરતી વખતે, તેના (જાહેર સેવક) અથવા પોતાના (બીજા કોઇ વૈધાનિક સત્તામંડળ) દ્વારા કાયદેસર રીતે બહાર પાડેલી હોય તેવી કોઇ વિગતો; અથવા

(ટ) કાયદા વ્યવસાયી, કોસ્ટ એકાઉન્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા યથાપ્રસંગ, કંપની સેક્રેટરીના વ્યવસાયમાં કામ કરતાં સભ્યો સામે શિસ્તવિષયક પગલાં લેવા સત્તા આપેલા સત્તામંડળ દ્વારા કોઇ વ્યવસાયી એડવોકેટ, વેરા વ્યવસાયી, વ્યવસાયી કોસ્ટ એકાઉન્ટન્ટ, વ્યવસાયી કંપની સેક્રેટરી સામે ગેરવર્તણૂક સંબંધી આરોપને લગતી કોઇ તપાસ સંબંધી આ અધિનિયમ હેઠળની કાર્યવાહીને લગતી કોઇ વિગતો; અથવા

(ઠ) કોઇ ઓટોમેટેડ સિસ્ટમ (સ્વચાલિત પ્રણાલી)માં કોઇ ડેટા એન્ટ્રી કરવાના હેતુ માટે અથવા કોઇ ઓટોમેટેડ સિસ્ટમ (સ્વચાલિત પ્રણાલી)નું સંચાલન કરવા, તેને અદ્યાવત કરવા અથવા તેની જાળવણી કરવાના હેતુ માટે કોઇ એજન્સીને નીમેલી હોય અને એવી એજન્સી ઉપર્યુક્ત હેતુઓ સિવાયના હેતુઓ માટે એવી વિગતોનો ઉપયોગ ન કરવા અથવા તેને જાહેર ન કરવા માટે કરારથી બંધાયેલી હોય તેવી કોઇ વિગતો; અથવા

(ડ) તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાના હેતુઓ માટે જરૂરી હોય તેવી સરકારના કોઇ અધિકારીને લગતી કોઇ વિગતો; અને

(ઢ) કમિશનરના અભિપ્રાય મુજબ જાહેર હિતમાં કોઇ માહિતી પ્રસિધ્ધ કરવાનું ઇચ્છનીય હોય, તો પ્રસિધ્ધ કરવા માટેની વેરાપાત્ર વ્યક્તિઓના કોઈ વર્ગ અથવા વ્યવહારોના કોઇ વર્ગને લગતી માહિતી.

અમુક કેસમાં વ્યક્તિઓ સંબંધી માહિતી પ્રસિદ્ધ કરવા બાબત.

૧૫૯. (૧) કમિશનર અથવા તેમણે આ અર્થે અધિકૃત કરેલા બીજા કોઇ અધિકારીનો એવો અભિપ્રાય હોય કે કોઇ વ્યક્તિનું નામ અથવા આવી કોઇ વ્યક્તિના સંબંધમાં આ અધિનયમ હેઠળની કોઇ કાર્યવાહી અથવા ફોજદારી કામને લગતી બીજી કોઇ વિગતો પ્રસિદ્ધ કરવાનું જાહેર હિતમાં જરૂરી અથવા ઇષ્ટ છે, તો તેઓ, પોતે યોગ્ય ગણે તેવી રીતે એવું નામ અથવા વિગતો પ્રસિદ્ધ કરાવી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ નાખેલા કોઇ દંડના સંબંધમાં, કલમ ૧૦૭ હેઠળ અપીલ સત્તાધિકારીને અપીલ રજૂ કરવાનો સમય, કોઇ અપીલ રજૂ કર્યા વિના પૂરો થઇ ગયો હોય અથવા અપીલ, રજૂ કરવામાં આવી હોય તો નિકાલ કરવામાં આવ્યો હોય તે સિવાય, આ કલમ હેઠળ કોઇ પ્રસિદ્ધિ કરી શકાશે નહિ.

સ્પષ્ટીકરણ.- કમિશનર અથવા તેમણે આ અર્થે અધિકૃત કરેલા બીજા કોઇ અધિકારીનો એવો અભિપ્રાય હોય કે કેસના સંજોગો અનુસાર એમ કરવું વાજબી છે, તો કોઇ પેઢી, કંપની અથવા વ્યક્તિઓના બીજા એસોસિએશનના કિસ્સામાં, પેઢીના ભાગીદારો, કંપનીના ડિરેકટર, મેનેજિંગ એજન્ટ, સેક્રેટરી અને ખજાનચી અથવા મેનેજર અથવા યથાપ્રસંગ, એસોસિએશનના સભ્યોના નામ પણ પ્રસિદ્ધ કરી શકાશે.

અમુક કારણોસર આકારણીની કાર્યવાહી વગેરે અમાન્ય ન ઠરવા બાબત.

૧૬૦. (૧) આ અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઇ જોગવાઇ અનુસાર કરેલ, સ્વીકારેલ, આપેલ, બહાર પાડેલ, શરૂ કરેલ અથવા કરેલ, સ્વીકારેલ, આપેલ, બહાર પાડેલ, શરૂ કરેલ હોવાનું અભિપ્રેત હોય તેવી કોઇ આકારણી, ફેર આકારણી, ન્યાયનિર્ણય, સમીક્ષા, ફેરતપાસ, અપીલ, સુધારણા, નોટિસ, સમન્સ અથવા બીજી

કાર્યવાહી, જો એવી આકારણી, ફેર આકારણી, ન્યાય નિર્ણય, સમીક્ષા, ફેરતપાસ, અપીલ, સુધારણા, નોટિસ, સમન્સ અથવા બીજી કાર્યવાહી આ અધિનિયમ અથવા કોઇ વિદ્યમાન કાયદાના ઉદ્દેશો, હેતુઓ અને જરૂરિયાતો અનુસાર મહત્વની અને સુસંગત હોય, તો તેમાંની કોઇ ભૂલ, ક્ષતિ અથવા કાર્યલોપના કારણ માત્રથી જ તે અમાન્ય ઠરશે નહિ અથવા અમાન્ય હોવાનુ ગણાશે નહિ.

(૨) કોઇ નોટિસ, હુકમ અથવા યથાપ્રસંગ, પત્રવ્યવહાર જેની સાથે કરવામાં આવ્યા હોય તે વ્યક્તિએ તે બાબતે અગાઉથી જરૂરી કામગીરી કરી હોય અને તેની અગાઉના તબક્કે તે અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો ન હોય અથવા એવી નોટિસ, હુકમ અથવા પત્રવ્યવહાર સંબંધી કાર્યવાહી અગાઉથી જ શરૂ થયેલી હોય, ચાલુ હોય અથવા આખરી કરવામાં આવેલી હોય, તો આવા નોટિસ, હુકમ અથવા યથાપ્રસંગ, પત્રવ્યવહાર સામે કોઇ પ્રશ્ન ઉઠાવી શકાશે નહિ.

રેકર્ડની દેખીતી ભૂલો સુધારવા બાબત.

૧૬૧. કલમ ૧૬૦ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય અને આ અધિનિયમની કોઇ બીજી જોગવાઇઓમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ નિર્ણય અથવા હુકમ અથવા નોટિસ અથવા પ્રમાણપત્ર આપ્યું હોય તેવા કોઇ સત્તાધિકારી, એવા કોઇ નિર્ણય અથવા હુકમ અથવા નોટિસ અથવા પ્રમાણપત્ર અથવા બીજા કોઇ દસ્તાવેજમાં કોઇ ભૂલ હોય તો, તેઓ પોતાની મેળે અથવા આ અધિનિયમ હેઠળ નિમાયેલા કોઇ અધિકારી અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ નિમાયેલા કોઇ અધિકારી અથવા અસર પામેલી વ્યક્તિ, એવી ભૂલ પોતાને ધ્યાને લાવી હોય, તો એવો કોઇ નિર્ણય અથવા હુકમ અથવા નોટિસ અથવા પ્રમાણપત્ર અથવા યથાપ્રસંગ, બીજો કોઇ દસ્તાવેજ કાઢી આપ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર રેકર્ડની કોઇ દેખીતી હોય તેવી કોઇ ભૂલ સુધારી શકશેઃ

પરંતુ એવા કોઇ નિર્ણય અથવા હુકમ અથવા નોટિસ અથવા પ્રમાણપત્ર અથવા બીજો કોઇ દસ્તાવેજ કાઢી આપ્યાની તારીખથી છ મહિનાની મુદત પૂરી થયા પછી એવો કોઇ સુધારો કરી શકાશે નહિઃ

વધુમાં, આકસ્મિક ચૂક અથવા કાર્યલોપને કારણે ઊભી થતી હોય તેવી સંપૂર્ણપણે કારકુની અથવા ગાણિતિક પ્રકારની હોય તેવી ભૂલના સુધારાને છ મહિનાની સદરહુ મુદત લાગુ પડશે નહિઃ

વળી, એવા સુધારાથી કોઇ વ્યક્તિને પ્રતિકૂળ અસર થતી હોય, તો એવો સુધારો કરતા સત્તાધિકારીએ કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસરવા જોઇશે.

INDEX

દીવાની કોર્ટની હકૂમતને બાધ .

૧૬૨. કલમો ૧૧૭ અને ૧૧૮માં જોગવાઇ કરેલી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ કરેલાં અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કૃત્યને લીધે ઊભા થતા અથવા તેને લગતાં કોઇ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તેનો નિર્ણય કરવાની કોઇ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ.

ફી લેવા બાબત.

૧૬૩. કોઇ વ્યક્તિએ તે હેતુ માટે કરેલી અરજી પરથી તેને કોઇ હુકમ અથવા દસ્તાવેજની નકલ પૂરી પાડવાની હોય, ત્યારે ઠરાવવામાં આવે તેટલી ફી ચૂકવવાની રહેશે.

નિયમો કરવાની સરકારની સત્તા.

૧૬૪.(૧) સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવા માટે જાહેરનામાથી નિયમો કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, સરકાર, જેના માટે આ અધિનિયમથી નિયમો કરવા જરૂરી હોય અથવા જરૂરી બની શકે તેવી ઠરાવવામાં આવે તેવી બાબતો અથવા જેના સંબંધમાં નિયમો કરીને જોગવાઇઓ કરવાની હોય અથવા કરી શકાય તેવી બાબતો માટે નિયમો કરી શકશે.

(૩) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તામાં, નિયમોને અથવા તેમાંના કોઇ નિયમને, આ અધિનિયમની જોગવાઇઓ અમલમાં આવે તેનાથી વહેલી નહિ તેવી કોઇ તારીખથી પશ્ચાદ્વર્તી અસર આપવાનો સમાવેશ થાય છે.

(૪) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ કરેલા કોઇ નિયમોથી એવી જોગવાઇ કરી શકાશે કે તેનું ઉલ્લંઘન કરનાર દસ હજાર રૂપિયાથી વધારે નહિ તેટલા દંડની શિક્ષાને પાત્ર થશે.

વિનિયમો કરવાની સત્તા .

૧૬૫. સરકાર જાહેરનામાથી, આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવા માટે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો સાથે સુસંગત હોય તેવા વિનિયમો કરી શકશે.

નિયમો, વિનિયમો અને જાહેરનામા રજૂ કરવા બાબત.

૧૬૬. આ અધિનિયમ હેઠળ સરકારે કરેલો દરેક નિયમ, સરકારે કરેલો દરેક વિનિયમ અને બહાર પાડેલું જાહેરનામું, તે કરવામાં અથવા બહાર પાડવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ તેનું સત્ર ચાલુ હોય, ત્યારે ત્રીસ દિવસની કુલ મુદત જે એક અથવા બે અથવા વધુ સત્રોની બનેલી હોય તેટલી મુદત સુધી મૂકવા જોઇશે અને તે સત્રની તરત પછીનું સત્ર પૂરું થતાં પહેલા અથવા ઉપર્યુક્ત ત્યાર પછીના સત્રોમાં રાજય વિધાનમંડળ નિયમ, વિનિયમ અથવા યથાપ્રસંગ, જાહેરનામામાં કોઇ ફેરફાર કરવા સંમત થાય અથવા એમ સંમત થાય કે નિયમ, વિનિયમ અથવા જાહેરનામું કરવા જોઇશે નહિ, તો નિયમ, વિનિયમ અથવા યથાપ્રસંગ, જાહેરનામું એવા

સુધારેલા સ્વરૂપમાં અમલી રહેશે અથવા યથાપ્રસંગ, અમલમાં રહેશે નહિ; તેમ છતાં આવા સુધારા અથવા રદ થવાથી, નિયમ, વિનિયમ અથવા યથાપ્રસંગ, જાહેરનામાથી અગાઉ કરેલા કોઇ કૃત્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

સત્તાની સોંપણી .

૧૬૭. કમિશનર, જાહેરનામાથી, એમ આદેશ કરી શકશે કે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ કોઇ સત્તાધિકારી અથવા અધિકારીએ વાપરવાની કોઇ સત્તા, એવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા બીજા સત્તાધિકારી અથવા અધિકારી પણ વાપરી શકશે.

સૂચનાઓ અથવા આદેશો બહાર પાડવાની સત્તા .

૧૬૮. કમિશનર, આ અધિનિયમના અમલીકરણમાં સમાનતા લાવવાના હેતુ માટે જરૂરી અથવા ઇષ્ટ ગણે, તો રાજય વેરા અધિકારીઓને પોતે યોગ્ય ગણે તેવા હુકમો, સૂચનાઓ અથવા આદેશો આપી શકશે અને તેમ થયેથી, આ અધિનિયમના અમલમાં કામે રાખેલા તમામ અધિકારીઓ અને તમામ બીજી વ્યક્તિઓએ તેવા હુકમો, સૂચનાઓ અથવા આદેશોનું અનુસરણ અને પાલન કરવું જોઇશે.

અમુક સંજોગોમાં નોટિસની બજવણી .

૧૬૯. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળના કોઇ નિર્ણય, હુકમ, સમન્સ, નોટિસ અથવા બીજા પત્રવ્યવહારની બજવણી નીચેની પૈકી કોઇ એક પદ્ધતિથી કરવી જોઇશે:-

(ક) સીધી રીતે અથવા કુરિયર સહિતના સંદેશવાહક મારફત જેને તે (નિર્ણય, હુકમ, સમન્સ, નોટિસ અથવા બીજો પત્રવ્યવહાર) મોકલ્યો હોય તે વ્યક્તિને અથવા વેરાપાત્ર વ્યક્તિને અથવા વેરાપાત્ર વ્યક્તિ વતી કાર્યવાહીમાં હાજર રહેવાનો અધિકાર ધરાવતા તેના મેનેજર અથવા અધિકૃત પ્રતિનિધિને અથવા એડવોકેટને અથવા વેરા વ્યવસાયીને અથવા તેણે તેના કામકાજના સંબંધમાં નિયમિત રીતે કામે રાખેલી વ્યક્તિને અથવા વેરાપાત્ર વ્યક્તિની સાથે રહેતા કુટુંબના કોઇ પુખ્ત સભ્યને આપી અથવા સોંપીને; અથવા

(ખ) જેને તે મોકલવા ધાર્યું હોય તેને અથવા તેના અધિકૃત પ્રતિનિધિને, તેના કામકાજના અથવા નિવાસના છેલ્લા જાણીતાં સ્થળે પહોંચવાળી રજિસ્ટર્ડ પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટ અથવા કુરિયર મારફત; અથવા

(ગ) રજિસ્ટ્રેશનના સમયે તેણે પૂરા પાડેલા અથવા વખતોવખત સુધાર્યા પ્રમાણેના તેના ઇ-મેઇલ એડ્રેસ પર મેઇલ (પત્ર) મોકલીને; અથવા

(ઘ) કોમન પોર્ટલ પર તેને ઉપલબ્ધ કરાવીને; અથવા

INDEX

(ચ) વેરાપાત્ર વ્યક્તિ અથવા જેના નામે બજવણી કરવાની હોય તે વ્યક્તિએ વસવાટ કર્યો હોય, ધંધો ચલાવ્યો હોય અથવા લાભ માટે અંગત રીતે કામ કર્યું હોય તેવી છેલ્લી જાણીતી જગ્યામાં ફેલાવો ધરાવતા વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરીને ; અથવા

(છ) ઉપર્યુક્ત પૈકીના કોઇ પ્રકાર વ્યવહાર્ય ન હોય, તો તેના ધંધા અથવા રહેઠાણના છેલ્લા જાણીતા સ્થળે અમુક દેખાઇ આવે તેવી જગ્યાએ ચોંટાડીને અને કોઇ કારણસર આવો પ્રકાર પણ વ્યવહાર્ય ન હોય, તો જેણે આવો નિર્ણય અથવા હુકમ કર્યો હોય અથવા એવું સમન્સ અથવા નોટિસ કાઢી હોય તે સંબંધિત અધિકારી અથવા સત્તાધિકારીની કચેરીના નોટિસ બોર્ડ પર તેની એક નકલ ચોંટાડીને.

(૨) દરેક નિર્ણય, હુકમ, સમન્સ, નોટિસ અથવા કોઇ પત્રવ્યવહાર, તે સોંપવામાં આવે અથવા પ્રસિદ્ધ કરવામાં આવે અથવા તેની નકલ પેટા-કલમ (૧)માં જોગવાઇ કરેલી રીતે ચોંટાડવામાં આવે તે તારીખથી બજાવ્યો છે એમ ગણાશે.

(૩) આવો નિર્ણય, હુકમ, સમન્સ, નોટિસ અથવા કોઇ પત્રવ્યવહાર રજિસ્ટર્ડ ટપાલ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવામાં આવ્યો હોય, ત્યારે વિરુદ્ધનું પુરવાર થાય તે સિવાય, આવી ટપાલને પહોંચતા સામાન્ય રીતે થતો સમય પૂરો થતાં જેને તે મોકલ્યો હોય તે(વ્યક્તિ)ને તે મળી ગયો છે એમ ગણાશે.

વેરા વગેરેની પતાવટ.

૧૭૦. વેરા, વ્યાજ, શિક્ષા, દંડની રકમ અથવા ચૂકવવાપાત્ર બીજી કોઇ રકમ અને આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ રિફંડની અથવા બીજી કોઇ લેણી રકમની ગણતરી, રૂપિયાના તેના સૌથી નજીકના ગુણાંક સાથે કરવી જોઇશે અને આ હેતુ માટે, એવી રકમ રૂપિયાના કોઇ ભાગ જેટલા પૈસાની બનેલી હોય, ત્યારે, એવો ભાગ પચાસ પૈસા અથવા તેના કરતાં વધુ હોય, તો તેને એક રૂપિયા સુધી વધારવો (ગણવો) જોઇશે અને જો એવો ભાગ પચાસ પૈસા કરતાં ઓછો હોય, તો તેને ગણતરીમાં લેવો જોઇશે નહિ.

નફાખોરી વિરુદ્ધના પગલાં.

૧૭૧. (૧) કોઇ માલ અથવા સેવા પૂરી પાડવા ઉપર વેરાના દરમાં કોઇ ઘટાડો અથવા ઇનપુટ વેરા શાખનો લાભ, કિંમતમાં સમપ્રમાણ ઘટાડો કરીને પ્રાપ્તકર્તાને (લેનારને) પહોંચાડવો જોઇશે.

(૨) કેન્દ્ર સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, જાહેરનામાથી, કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિએ મેળવેલી ઇનપુટ વેરા શાખ અથવા વેરા દરમાં ઘટાડાના પરિણામે તેણે પૂરા પાડેલા માલ અથવા સેવાની કિંમતમાં ખરેખર કોઇ સમપ્રમાણ ઘટાડો થયો છે કે કેમ તે

ચકાસવા કોઇ સત્તામંડળ રચી શકશે અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ રચાયેલા કોઇ વિદ્યમાન સત્તામંડળને સત્તા આપી શકશે.

(૩) પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલું સત્તામંડળ, ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો કરશે.

મુશ્કેલી દૂર કરવા બાબત.

૧૭૨. (૧) આ અધિનિયમની કોઇ જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો સરકાર, કાઉન્સિલની ભલામણો પરથી, રાજપત્રમાં, સામાન્ય અથવા ખાસ હુકમ પ્રસિદ્ધ કરીને, સદરહુ મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે જરૂરી અથવા ઇષ્ટ હોય તેવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા વિનિયમોની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

રદ કરવા બાબત.

૧૭૩. (૧) આ અધિનિયમમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, આ અધિનિયમના આરંભની તારીખે અને તે તારીખથી,-

સન ૨૦૦૧ નો ગુજરાતનો ૨૨

(૧) ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧;

સન ૧૯૭૭નો ગુજરાતનો ૨૪મો.

(૨) ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭; અને

સન ૧૯૭૭નો ગુજરાતનો ૧૬મો.

(૩) ગુજરાત મનોરંજન કર અધિનિયમ,૧૯૭૭

(જેનો આમાં હવે પછી, "રદ થયેલા અધિનિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), આથી, રદ કરવામાં આવે છે.

(૨) રદ થયેલા કોઈ અધિનિયમ અથવા રદ થયેલી આવી જોગવાઈ હેઠળ આપવામાં આવેલા દરેક રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, લાઈસન્સ અથવા યથાપ્રસંગ, પરવાનગી, નિયત તારીખથી અમલમાં આવે તે રીતે રદ થયેલી ગણાશે અને નિયત તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર આવા પ્રમાણપત્ર, લાઈસન્સ અથવા યથાપ્રસંગ, પરવાનગી રદ કરવા માટેના સક્ષમ સત્તાધિકારીને તે રદ કરવા માટે પરત કરવા જોઈશે. સક્ષમ સત્તાધિકારીએ, સદરહુ પ્રમાણપત્ર, લાઈસન્સ અથવા

INDEX

પરવાનગીની તેની પોતાની નકલ અને તેમને પરત કરવામાં આવેલી નકલને પણ રદ કરવી જોઈશે અને તેને રદ કર્યા પછી, રદ કરેલી નકલ, આવા પ્રમાણપત્ર, લાઈસન્સ અથવા પરવાનગી અગાઉ ધરાવનારને પરત કરવી જોઈશે.

અપવાદ . **૧૭૪.** (૧) કલમમાં નિર્દિષ્ટ કરેલા અધિનિયમો રદ થવાથી,-

(ક) આવા સુધારા અથવા રદ થવાના સમયે અમલમાં ન હોય અથવા વિદ્યમાન ન હોય તેવી કોઈ બાબત ફરી પ્રચલિત થશે નહિ; અથવા

(ખ) સુધારેલા અધિનિયમો અથવા રદ થયેલા અધિનિયમો અને હુકમોના અગાઉ થયેલા અમલને અથવા તે હેઠળ યોગ્ય રીતે કરેલા અથવા થયેલા કૃત્યોને અસર થશે નહિ; અથવા

(ગ) રદ થયેલા અધિનિયમો અથવા આવા રદ થયેલા અધિનિયમો હેઠળના હુકમો હેઠળ સંપાદિત કરેલા, મેળવેલા અથવા પ્રાપ્ત કરેલા કોઈ હક, વિશેષાધિકાર, ફરજ અથવા જવાબદારીને અસર થશે નહિઃ

પરંતુ કોઇ જાહેરનામાથી કોઇ રોકાણ સામે પ્રોત્સાહન તરીકે આપવામાં આવેલી કોઇ વેરા મુક્તિ, સદરહુ જાહેરનામું નિયત દિવસે અથવા તે પછી રદ કરવામાં આવ્યું હોય, તો વિશેષાધિકાર તરીકે ચાલુ રહેશે નહિ; અથવા

(ઘ) લેણા હોય અથવા લેણા થાય તેવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજને અથવા રદ થયેલા અધિનિયમોની જોગવાઇઓ વિરુધ્ધ કરેલા કોઇ ગુના અથવા ઉલ્લંઘનના સંબંધમાં કરવામાં આવેલી કોઈ જપ્તી અથવા લાદવામાં આવેલ કોઇ શિક્ષાને અસર થશે નહિ; અથવા

(ચ) ઉપર્યુક્ત પ્રમાણેના કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ, હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી, જપ્તી અથવા શિક્ષાના સંબંધમાંની કોઇ તપાસણી, તપાસ (અન્વેષણ), ખરાઇ (ચકાસણી અને ઓડિટ સહિત), આકારણીની કાર્યવાહી, ન્યાયનિર્ણય અને બીજી કોઇ કાનૂની કાર્યવાહી અથવા બાકી લેણાની વસૂલાત અથવા ઉપાયને અસર થશે નહિ અને એવી કોઇ તપાસણી, તપાસ, ખરાઇ (ચકાસણી અને ઓડિટ સહિત), આકારણીની કાર્યવાહી, ન્યાયનિર્ણય અને કોઇ બીજી કાનૂની કાર્યવાહી અથવા બાકી લેણાની વસૂલાત અથવા ઉપાય જાણે કે આ અધિનિયમો એવી રીતે રદ કરવામાં આવ્યા ન હોય તે રીતે જ શરૂ કરી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં લાવી શકાશે

INDEX

અને એવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ, જપ્તી અથવા શિક્ષા એવી રીતે જ લઇ શકાશે અથવા કરી શકાશે; અથવા

(છ) સદરહુ રદ થયેલા અધિનિયમો હેઠળ નિયત દિવસ પહેલાં, નિયત દિવસે અથવા તે પછી, શરૂ કરેલી હોય તેવી અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા પુછાણને લગતી કોઇ કાર્યવાહીને અસર થશે નહિ અને એવી કાર્યવાંહીઓ, જાણે કે આ અધિનિયમ અમલમાં આવ્યો ન હોય અને સદરહુ અધિનિયમો રદ કરવામાં આવ્યા ન હોય તેવી જ રીતે રદ થયેલા અધિનિયમો હેઠળ ચાલુ રાખવામાં આવશે.

સન ૧૯૦૪નો મુંબઇનો ૧લો. (૨) કલમ ૧૭૩માં ઉલ્લેખેલી ચોક્કસ બાબતોના નિર્દેશથી, ગુજરાત સામાન્ય કલમ અધિનિયમ ૧૯૦૪ની કલમ ૭ અથવા કલમ ૭ક અથવા કલમ ૨૫ ના સામાન્ય અમલને બાધ આવશે નહિ અથવા અસર થશે નહિ.

અનુસૂચિ ૧

(જુઓ કલમ ૭ (૧) (ગ))

અવેજ વિના કરવામાં આવી હોવા છતાં પુરવઠા તરીકે હોવાનું ગણવામાં આવે તેવી પ્રવૃત્તિઓ

૧. ધંધાની અસ્કયામતો પર ઇનપુટ વેરા શાખ મેળવેલી હોય તો તેવી અસ્કયામતોની કાયમી તબદીલી અથવા તેનો નિકાલ.

૨. કલમ ૨૫માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સંબંધિત વ્યક્તિઓ અથવા ચોક્કસ વ્યક્તિઓ વચ્ચે ધંધાનું કામકાજ ચલાવવા અથવા તે આગળ ધપાવવા દરમિયાન માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડવામાં આવ્યા હોયઃ

પરંતુ કામે રાખનાર દ્વારા કર્મચારીને કોઇ નાણાકીય વર્ષમાં આપવામાં આવેલી પચાસ હજાર રૂપિયા કરતાં વધુ નહિ તેટલા મૂલ્યની ભેટને, માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા છે એમ ગણાશે નહિ.

૩. (ક) મુખ્ય માલિક વતી કોઇ માલ પૂરો પાડવાની જવાબદારી કોઇ એજન્ટે લીધી હોય, ત્યારે મુખ્ય માલિકે તેના એજન્ટને પૂરો પાડેલો આવો માલ; અથવા

(ખ) મુખ્ય માલિક વતી કોઇ માલ સ્વીકારવાની જવાબદારી કોઇ એજન્ટે લીધેલી હોય, ત્યારે એજન્ટે તેના મુખ્ય માલિકને પૂરો પાડેલો આવો માલ.

INDEX

૪. ધંધાનું કામકાજ ચલાવવા અથવા તે અગળ ધપાવવા દરમિયાન, કોઇ વેરાપાત્ર વ્યક્તિએ તેની સાથે સંકળાયેલી વ્યક્તિ અથવા ભારત બહારની તેની બીજી કોઇ સંસ્થા પાસેથી કરેલી સેવાની આયાત.

અનુસૂચિ ૨

(જુઓ કલમ ૭ (૧) (ઘ))

માલના પુરવઠા અથવા સેવાના પુરવઠા તરીકે હોવાનું ગણવામાં આવે તેવી પ્રવૃત્તિઓ

૧. તબદીલી

(ક) માલના માલિકી હકની કોઇ તબદીલી એ માલનો પુરવઠો છે;

(ખ) માલ પરના હકની કોઇ તબદીલી અથવા માલના માલિકી હકની તબદીલી વિના માલમાંના વણવહેંચાયેલા હિસ્સાની તબદીલી એ સેવાનો પુરવઠો છે;

(ગ) માલમાંની મિલકત ભવિષ્યની કોઇ તારીખે કબૂલાત મુજબના પૂરા અવેજની ચુકવણી કર્યેથી તબદીલ થશે એમ નિયત થયેલું હોય તેવી કોઇ કબૂલાત હેઠળ માલના માલિકી હકની કોઇ તબદીલી એ માલનો પુરવઠો છે;

૨. જમીન અને મકાન

(ક) કોઇ જમીનનો ભોગવટો કરવા માટેનો કોઇ ભાડાપટો, ગણોતહક, સુખાધિકાર, લાઇસન્સ એ સેવાનો પુરવઠો ગણાશે;

(ખ) ધંધા અથવા વ્યાપાર માટે વાણિજ્યિક, ઔદ્યોગિક અથવા રહેણાક સંકુલ સહિતનું કોઇ સંપૂર્ણ મકાન અથવા તેનો કોઇ ભાગ ભાડાપટે અથવા ભાડે આપવો એ સેવા પૂરી પાડેલી ગણાશે.

૩. ક્રિયા અથવા પ્રક્રિયા

બીજી કોઇ વ્યક્તિના માલ પર કરવામાં આવેલી કોઇ ક્રિયા અથવા પ્રક્રિયા એ સેવાનો પુરવઠો ગણાશે.

૪. ધંધાકીય અસ્કયામતોની તબદીલી

(ક) કોઇ માલ કોઇ ધંધાની અસ્કયામતનો ભાગ બનતો હોય અને એ ધંધો ચલાવતી વ્યક્તિના આદેશથી અથવા તે હેઠળ એવા માલની તબદીલી અથવા તેનો નિકાલ કરવામાં આવે જેથી તે એવી અસ્કયામતનો ભાગ હોતો બંધ થાય, તો આવી તબદીલી અથવા નિકાલ, ભલે કોઇ અવેજ સાથે અથવા અવેજ વિના કર્યો હોય, તો પણ તે વ્યક્તિ દ્વારા માલ પૂરો પાડ્યો છે એમ ગણાશે;

(ખ) કોઇ ધંધો ચલાવતી વ્યક્તિના આદેશથી અથવા તે હેઠળ, ધંધાના હેતુ માટે રાખેલા અથવા ઉપયોગ કરવાના માલનો કોઇ ખાનગી ઉપયોગ કરવામાં આવે અથવા કોઇ વ્યક્તિને ધંધા સિવાયના ઉપયોગ માટે તે ઉપલબ્ધ કરાવવામાં આવે, ત્યારે ભલે કોઇ અવેજ સાથે અથવા અવેજ વિના કર્યો હોય, પરંતુ એવો ઉપયોગ અથવા એવી રીતે માલ ઉપલબ્ધ કરાવવાની બાબત સેવાનો પુરવઠો છે એમ ગણાશે.

(ગ) કોઇ વ્યક્તિ વેરાપાત્ર વ્યક્તિ હોતી બંધ થાય, ત્યારે તેના દ્વારા ચલાવાતા કોઇ ધંધાની અસ્કયામતોનો ભાગ બનતો હોય તેવો કોઇ માલ, તે એવી રીતે વેરાપાત્ર વ્યક્તિ હોતો બંધ થયો તેની તરત પહેલાં તેના ધંધાનું કામકાજ ચલાવવા અથવા આગળ ધપાવવા દરમિયાન પૂરો પાડ્યો છે એમ ગણાશે, સિવાય કે-

(૧) ધંધો પુરોગામી તરીકે બીજી વ્યક્તિને તબદીલ કર્યો હોય; અથવા

(૨) ધંધો કોઇ અંગત પ્રતિનિધિ દ્વારા ચલાવાતો હોય જે વેરાપાત્ર વ્યક્તિ હોવાનું ગણાશે.

૫. સેવા પૂરી પાડવા બાબત

નીચેની બાબતો એ સેવાનો પુરવઠો છે એમ ગણાશેઃ-

(ક) કોઇ સ્થાવર મિલકત ભાડે આપવી;

(ખ) કોઇ ખરીદનારને સમગ્રતઃ અથવા અંશતઃ વેચવા ધાર્યું હોય તેવા સંકુલ અથવા મકાન સહિતના કોઇ સંકુલ, મકાન, બાંધકામના માળખા અથવા તેના ભાગનું બાંધકામ સિવાય કે સંપૂર્ણ અવેજ, જરૂરી હોય ત્યાં, કોઇ સક્ષમ સત્તાધિકારી દ્વારા પૂર્ણતા પ્રમાણપત્ર કાઢી આપ્યા પછી અથવા તેના પ્રથમ ભોગવટા પછી એ બન્નેમાંથી જે વહેલું હોય તે પછી મળ્યું હોય.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે-

(૧) "સક્ષમ સત્તાધિકારી" એ શબ્દપ્રયોગ એટલે સરકાર અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ પૂર્ણતા પ્રમાણપત્ર આપવા અધિકૃત કરેલ કોઇ સત્તાધિકારી અને એવું પ્રમાણપત્ર એવા સત્તાધિકારી પાસેથી લેવું જરૂરી ન હોય, ત્યારે નીચેના પૈકી કોઇપણઃ-

(૧) આર્કિટેકટ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ રચાયેલી કાઉન્સિલ ઓફ આર્કિટેકચરમાં રજિસ્ટર થયેલા કોઇ આર્કિટેકટ; અથવા સન ૧૯૭૨ નો ૨૦મો.

INDEX

(૨) ઇન્સ્ટિટયુટ ઓફ એન્જિનિયર્સ (ભારત)માં રજિસ્ટર થયેલા કોઇ ચાર્ટર્ડ એન્જિનિયર; અથવા

(૩) શહેર અથવા નગર અથવા ગામના સંબંધિત સ્થાનિક મંડળ અથવા વિકાસ અથવા આયોજન સત્તામંડળના લાઇસન્સ ધરાવતા સર્વેયર;

(૨) "બાંધકામ" એ શબ્દપ્રયોગમાં, કોઇ વિદ્યમાન મકાનના માળખામાં કોઇ વધારા, સુધારા, ફેરબદલી અથવા તેના આકારમાં ફેરફારનો સમાવેશ થશે;

(ગ) કોઇ બૌદ્ધિક મિલકત હકની હંગામી તબદીલી અથવા તેનો ઉપયોગ કરવા અથવા તે ભોગવવાની પરવાનગી;

(ઘ) કોઇ ઇન્ફર્મેશન ટેકનોલોજી સોફ્ટવેરનો વિકાસ, ડિઝાઇન, પ્રોગ્રામિંગ, કસ્ટમાઇઝેશન (અનુકૂલન), એડેપ્ટેશન, અપગ્રેડેશન (અદ્યાવત કરવા), એન્હેન્સમેન્ટ (વધારો) અથવા તેનો ઉપયોગ(ઇમ્પ્લિમેન્ટેશન);

(ચ) કોઇ કૃત્ય કરવાથી દૂર રહેવાની ફરજ સ્વીકારવી અથવા કોઇ કૃત્ય અથવા સ્થિતીને ચલાવી લેવી અથવા કોઇ કૃત્ય કરવું; અને

(છ) રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિંમતી અવેજ બદલ કોઇ હેતુ માટે કોઇ માલનો ઉપયોગ કરવાના અધિકારની (નિર્દિષ્ટ મુદત માટે હોય કે ન હોય તેવી) તબદીલી.

૬. સંયુક્ત પુરવઠો પૂરો પાડવા બાબત

નીચે પ્રમાણે પૂરો પાડેલો સંયુકત પુરવઠો એ સેવાના પુરવઠા તરીકે ગણાશેઃ-

(ક) કલમ ૨ ના ખંડ (૧૧૯)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો વર્કસ કોન્ટ્રાકટ; અને

(ખ) સેવા અથવા તેના કોઇ ભાગ તરીકે અથવા બીજી કોઇ રીતે માનવ વપરાશ માટેની ખાદ્ય અથવા બીજી કોઇ ચીજવસ્તુ અથવા કોઇ પીણું (માનવ વપરાશ માટેના આલ્કોહોલયુક્ત દારૂ સિવાયનું) પૂરું પાડવું જયારે આવો પુરવઠો, રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિંમતી અવેજ બદલ પૂરો પાડયો હોય.

૭. માલ પૂરો પાડવા બાબત.

નીચેની બાબત એ માંલના પુરવઠા તરીકે ગણાશેઃ-

INDEX

વ્યક્તિઓના બિન-સંસ્થાપિત એસોસિએશન અથવા મંડળ દ્વારા તેના સભ્યને રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિંમતી અવેજ બદલ પૂરો પાડેલો માલ.

અનુસૂચિ 3

(જુઓ કલમ ૭ (૨) (ક))

માલના પુરવઠા કે સેવાના પુરવઠા તરીકે ગણી ન શકાય તેવી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડ

૧. કર્મચારીએ તેના રોજગાર દરમિયાન અથવા તેના (રોજગારના) સંબંધમાં તેના માલિકને આપેલી સેવા.

૨. તત્સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ સ્થપાયેલી કોઇ કોર્ટ અથવા ટ્રિબ્યુનલે આપેલી સેવા.

૩. (ક) સંસદ સભ્યો, રાજય વિધાનમંડળના સભ્યો, પંચાયતના સભ્યો, નગરપાલિકાઓના સભ્યો અને બીજા સ્થાનિક સત્તામંડળના સભ્યોએ કરેલા કાર્યો.

(ખ) સંવિધાનની જોગવાઇઓ અનુસાર તે હેસિયતથી હોદ્દો ધરાવતી કોઇ વ્યક્તિએ બજાવેલી ફરજો; અથવા

(ગ) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળે સ્થાપેલા મંડળમાં અધ્યક્ષ અથવા સભ્ય અથવા ડિરેકટર તરીકે હોય અને જે આ કલમના આરંભ પહેલાં કર્મચારી તરીકે ગણાતી ન હોય તેવી કોઈ વ્યક્તિએ બજાવેલી ફરજો.

૪. મૃતકની હેરફેર સહિત અંત્યેષ્ટિ, સ્મશાન અથવા શબઘરની સેવાઓ.

૫. જમીનનું વેચાણ અને અનુસૂચિ ૨ ના પરિચ્છેદ ૫ ના ખંડ (ખ)ને અધીન રહીને મકાનનું વેચાણ.

૬. લોટરી, સટ્ટા અને જુગાર સિવાયના દાવાપાત્ર હક.

સ્પષ્ટીકરણ.- પરિચ્છેદ ૨ ના હેતુઓ માટે, "કોર્ટ" એ શબ્દમાં, જિલ્લા કોર્ટ, હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટનો સમાવેશ થાય છે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 163

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JUNE 9, 2017/JYAISTHA 19, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જૂન, ૨૦૧૭.

તારીખ : ૯મી જૂન, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર,(અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંક:૨૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 26 OF 2017.

THE GUJARAT VALUE ADDED TAX (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૭ના મે** મહિનાની **૧૭મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 26 OF 2017.

AN ACT

further to amend the Gujarat Value Added Tax Act, 2003.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૬ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના જૂન મહિનાની ૯મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૫-નો ગુજરાતનો ૧લો.

સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની દીર્ઘ સંજ્ઞાનો સુધારો.

૨. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, દીર્ઘ સંજ્ઞામાં, ''અથવા ખરીદીઓ'' એ શબ્દો કમી કરવા.

સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨-માં,-

(૧) ખંડો (૧), (૧ક) અને (૨) કમી કરવા;

(૨) ખંડ (૪)માં, પેટા-ખંડ (૨)માં, ''પ્લાન્ટ, યંત્રસામગ્રી, કાચા પદાર્થો, પ્રક્રિયાનો માલસામાન, પેકીંગ માટેની સામગ્રી, ખોખાં, વપરાશી માલ, વેસ્ટમાંની બનાવટોનો અથવા એવા વેપાર, વાણિજય, ઉત્પાદન, સાહસ અથવા કામકાજને સહાયક અથવા આનુષંગિક અથવા તેમાંથી પરિણમતો એવો બીજો માલ અથવા તેમાંનો વેસ્ટ અથવા ભંગાર,'' એ શબ્દોને બદલે, ''કાચા પદાર્થો, પ્રક્રિયાનો માલસામાન, વપરાશી માલ, વેસ્ટમાંની બનાવટોનો અથવા એવા વેપાર, વાણિજય, ઉત્પાદન, સાહસ અથવા કામકાજને સહાયક અથવા આનુષંગિક અથવા તેમાંથી પરિણમતો એવો બીજો માલ'' એ શબ્દો મૂકવા;

(૩) ખંડો (૫) અને (૯) કમી કરવા;

(૪) ખંડ (૧૦)માં, અપવાદો (૧) થી (૩) કમી કરવા;

(૫) ખંડ (૧૧) કમી કરવો;

(૬) ખંડ (૧૩)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''(૧૩) ''માલ'' એટલે ભારતના સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨-ની નોંધ ૫૪ હેઠળ આવરી લીધેલો માલ ;'';

(૭) ખંડ (૧૯)માં, ''માલના પેકિંગમાં ઉપયોગમાં લીધેલ સામગ્રી'' એ શબ્દો કમી કરવા ;

(૮) ખંડ (૨૭)માં, ''આ અધિનિયમ હેઠળ માલના વેચાણો અથવા ખરીદીઓ ઉપર લેવાપાત્ર અને ચુકવવાપાત્ર વેરો અને તેમાં કલમ ૧૪, ૧૪ક, ૧૪ખ, ૧૪ગ અથવા ૧૪ઘ હેઠળ લેવાપાત્ર અથવા ચુકવવાપાત્ર ઉચકવેરાનો સમાવેશ થાય છે; '' એ શબ્દો, આંકડા અને અક્ષરોને બદલે, ''આ અધિનિયમ હેઠળ માલના વેચાણ ઉપર લેવાપાત્ર અને ચૂકવવાપાત્ર વેરો ;'' એ શબ્દો મૂકવા;

(૯) ખંડ (૨૯)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

INDEX

''(૨૯) ''વેરાપાત્ર માલ'' એટલે જે માલ પર કલમ ૫ હેઠળ કોઈપણ વેરો ચૂકવવાપાત્ર ન હોય તે સિવાયનો કલમ ૭ હેઠળ વેરાને પાત્ર હોય તેવો માલ;'';

(૧૦) ખંડ (૩૦)માં,-

(૧) ''અથવા ખરીદીઓ'' એ શબ્દો કમી કરવા;

(૨) પેટા-ખંડ (ખ)માં, ''કલમ ૫ની પેટા-કલમ (૧) હેઠળ અથવા'' એ શબ્દો, આંકડા અને કૌંસ કમી કરવા;

(૧૧) ખંડ ૩૪માં, પેટા-ખંડ (ક)માં, બે જગ્યાએ આવતાં ''અથવા ખરીદીઓ'' એ શબ્દો કમી કરવા.

(૧૨) ખંડ (૩૭) કમી કરવો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-માં,- સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫-નો સુધારો.

(૧) પેટા-કલમો (૧) અને (૧ક) કમી કરવી;

(૨) પેટા-કલમ (૨)માં, જયાં જયાં ''અથવા ખરીદીઓ'' એ શબ્દો આવતાં હોય ત્યાં તે કમી કરવા.

(૩) પેટા-કલમ (૩)માં, ''પેટા-કલમ (૧ક) અને'' એ શબ્દો, કૌંસ, આંકડો અને અક્ષર કમી કરવા.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-ક કમી કરવી. સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫-ક કમી કરવા બાબત.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં,- સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭-નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

"(૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, સામાન્ય રીતે મોટર સ્પિરિટ તરીકે જાણીતા પેટ્રોલ, હાઇ સ્પીડ ડીઝલ, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ, પેટ્રોલિયમ ક્રુડ, કુદરતી વાયુ અને માનવ વપરાશ માટેના આલ્કોહોલયુક્ત દારૂના વેચાણના ટર્નઓવર ઉપર, અનુસૂચિ ૩માં નિર્દિષ્ટ તે દરેકની સામે જણાવેલા દરે વેરો લેવામાં આવશે :

પરંતુ સરકાર, આયાતકાર અથવા ઉત્પાદક અથવા ઓઈલ માર્કેટિંગ કંપની પાસેથી, સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી રીતે છૂટક કિંમત ઉપર પૂરા દરે વેરો લઈ શકશે.";

(૨) પેટા-કલમ (૧ક) કમી કરવી;

(૩) પેટા-કલમ (૨)માં, ખંડ (૧) કમી કરવો.

સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૯ કમી કરવા બાબત.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯ કમી કરવી.

સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૦ બદલવા બાબત.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦ ને બદલે, નીચેની કલમ મૂકવી :-

પેકિંગ સામગ્રી માટે જોગવાઈ ગણવાની બાબત.

"૧૦. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, માલની કિંમત, પેકિંગ સામગ્રીની કિંમત સહિતની ગણાશે, સિવાય કે પેકિંગ સામગ્રીની કિંમત, અલગથી ચાર્જ કરેલી હોય અને વેરો, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ઉઘરાવવામાં આવ્યો હોય.". સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૧નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (ક)માં, પેટા-ખંડો (૨) અને (૩) કમી કરવા ;

(૨) પેટા-કલમ (૩)માં,-

(૧) ખંડ (ક)માં,-

(ક) પેટા-ખંડ (૬)માં, "અથવા એવી રીતે બનાવેલ માલના પેકીંગમાં ઉપયોગના હેતુ માટે"એ શબ્દો કમી કરવા;

(ખ) પેટા-ખંડ (૭) કમી કરવો.

(૨) ખંડ (ખ)માં,-

(ક) પેટા-ખંડ (૨)માં, ''બનાવટ અથવા પેકીંગમાં'' એ શબ્દોને બદલે, ''બનાવટમાં''એ શબ્દ મૂકવો;

(ખ) પેટા-ખંડ (૩)માં, ''માલની બનાવટમાં'' એ શબ્દોને બદલે, ''વેરાપાત્ર માલની બનાવટમાં''એ શબ્દો મૂકવા;

(૩) પેટા-કલમ (૫)માં,-

(૧) ખંડ (ગ) કમી કરવો;

(૨) ખંડ (જ)માં, ''અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ માલ અથવા'' એ શબ્દો કમી કરવા;

(૩) ખંડ (ઝ)માં,-

(ક) ''અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ માલની અથવા'' એ શબ્દો કમી કરવા;

(ખ) ''અથવા એવી રીતે બનાવેલ માલના પેકીંગમાં'' એ શબ્દો કમી કરવા;

(૪) ખંડો (ટ) અને (ઠ) કમી કરવા;

(૫) ખંડ (ઢઢ)માં, '', ક્રુડ ઓઈલ અથવા લિગ્નાઈટની'' એ શબ્દોને બદલે, ''અને પેટ્રોલિયમ ક્રુડની'' એ શબ્દો મૂકવા;

(૬) ખંડો (તત) અને (થથ) કમી કરવા;

(૭) સર્વોપરી ખંડ (૧) અને (૩) કમી કરવા.

(૪) પેટા-કલમ (૭ક)માં, તે હેઠળના પહેલા અને બીજા પરંતુક કમી કરવા;

(૫) પેટા-કલમ (૮)ને બદલે, નીચેનો પરંતુક ઉમેરવો :-

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

''પરંતુ ફેરબદલીથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં રજિસ્ટર થયેલ વેપારી, ૫ (પાંચ) વર્ષની મર્યાદાની બાકી રહેતી મુદત પૂરી થાય ત્યાં સુધી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ કેપિટલ ગુડ્ઝ (મૂડીગત માલ)નો સતત ઉપયોગ કરે, ત્યારે તેવી મુદત માટે વેરા શાખ ઘટાડવી જોઈશે નહિ.''.

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

(૬) પેટા-કલમ (૮) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:-

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૬મો.

''(૮ક)(૧) વેપારીએ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવે તે તારીખે, સ્ટોકમાં રાખેલા ઈનપુટ અને સ્ટોકમાં રાખેલા અર્ધ-તૈયાર કરેલા અથવા પૂર્ણ તૈયાર કરેલા માલમાં સમાવિષ્ટ હોય તેવા ઈનપુટના સંબંધમાં માલની ખરીદીઓ ઉપર ચૂકવેલા વેરા માટેની વેરાશાખ મેળવેલી હોય અને તે, ગુજરાત માલ અને સેવા વેરા

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૦ હેઠળ પતાવટ માટેનો વિકલ્પ પસંદ કરે, ત્યારે આવી વેરા શાખ ઉલટાવેલી (રિવર્સ) ગણાશે. ઉલટાવેલી (રિવર્સ) વેરા શાખની આવી રકમ, વેરા શાખની ઉપલબ્ય વર્તમાન સિલકમાંથી સરભર કરવી જોઈશે. આવા વેપારી પાસે ઉલટાવેલી (રિવર્સ) વેરા શાખને સરભર કરવા માટે ઉપલબ્ય વેરા શાખ સિલકમાં ન હોય, તો તેણે સરભર ન કરી હોય તેવી ઉલટાવેલી (રિવર્સ) વેરા શાખની રકમ જેટલી રકમ સરકારી તિજોરીમાં ભરવી જોઈશે.

(૨) વેપારીએ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવે તે તારીખે કેપિટલ ગુડ્ઝ (મૂડીગત માલ)ની ખરીદીઓ ઉપર ચૂકવેલા વેરા માટેની વેરા શાખ મેળવેલી હોય અને તે, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૦ હેઠળ પતાવટ માટેનો વિકલ્પ પસંદ કરે પણ પાંચ વર્ષની મુદત પૂરી ન થઈ હોય, ત્યારે આવી વેરા શાખ ઉલટાવેલી (રિવર્સ) થયેલી ગણાશે. ઉલટાવેલી (રિવર્સ) વેરા શાખની આવી રકમ, વેરા શાખની ઉપલબ્ય વર્તમાન સિલકમાંથી સરભર કરવી જોઈશે. આવા વેપારી પાસે ઉલટાવેલી (રિવર્સ) વેરા શાખને સરભર કરવા માટે ઉપલબ્ય વેરા શાખ સિલકમાં ન હોય, તો તેણે સરભર ન કરી હોય તેવી ઉલટાવેલી (રિવર્સ) વેરા શાખની રકમ જેટલી રકમ સરકારી તિજોરીમાં ભરવી જોઈશે.''. સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૬મો. સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૨ કમી કરવા બાબત.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨ કમી કરવી.

સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમો ૧૪ થી ૧૪ઘ કમી કરવા બાબત.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમો ૧૪, ૧૪ક, ૧૪ખ, ૧૪ગ અને ૧૪ઘ કમી કરવી.

સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમો ૧૬નો સુધારો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં,-

(૧) પેટા-કલમ (૧)ને બદલે, નીચેનો પરંતુક ઉમેરવોઃ-

''પરંતુ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ નિમાયેલા અધિકારીઓ, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નિમાયેલા અધિકારીઓ તરીકે ગણાશે.''. સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

(૨) પેટા-કલમ (૨)માં, નીચેનો પરંતુક ઉમેરવો :-

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

''પરંતુ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ નિમાયેલા અધિકારીઓ, આ પેટા-કલમ હેઠળ અમલબજવણીમાં કમિશનરને સહાય કરવા માટે, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નિમાયેલા અધિકારીઓ તરીકે ગણાશે.''.

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં, પેટા-કલમ (૨) કમી કરવી. સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૨૧નો સુધારો.

૧૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩ કમી કરવી. સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૨૩ કમી કરવા બાબત.

૧૫. કલમ ૨૭ પછી, નીચેની કલમ દાખલ કરવી- સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમમાં નવી કલમ ૨૭ક દાખલ કરવા બાબત.

વેપારીઓ રજિસ્ટર થયેલા ન હોવાનું ગણાશે.

''૨૭ ક. કલમ ૨-ના ખંડ (૧૩) હેઠળ વ્યાખ્યાયિત કરેલા માલની તજવીજ ન કરતાં તમામ રજિસ્ટર થયેલા વેપારીઓ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવ્યાની તારીખથી રજિસ્ટર ન થયેલા હોવાનું ગણાશે અને તેમના રજિસ્ટ્રેશન *પ્રમાણપત્રો* રદ થયેલા ગણાશે.''.

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૬મો.

૧૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૦માં, પેટા-કલમ (૧)માં, પરંતુકમાં,- સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૬૦નો સુધારો.

(૧) ખંડ (ક)માં, ''અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલ અથવા'' એ શબ્દો અને આંકડો કમી કરવા;

(૨) ખંડ (ખ) કમી કરવો.

૧૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૩માં, પેટા-કલમ (૧)માં, નીચેના પરંતુકો દાખલ કરવા:- સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૬૩નો સુધારો. સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

''પરંતુ જેનું વેરાપાત્ર ટર્નઓવર પચીસ લાખ કરતાં વધુ હોય તેવા રજિસ્ટર થયેલા વેપારીએ, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવ્યાના નિયત

દિવસ અગાઉના છેલ્લા દિવસે પૂરી થતી મુદત સુધીનું હિસાબના ચોપડામાંથી ઠરાવવામાં આવે તેવી વિગતો દર્શાવતું આખરી (છેવટનું) પત્રક ઠરાવવામાં આવે તેવી રીતે ફાઈલ કરવું જોઈશે :

વધુમાં, વેરા શાખની પાંચ લાખ રૂપિયા કરતાં વધુ રકમ આગળ લઈ જવામાં આવે ત્યારે, આવા આખરી પત્રકને લગતાં હિસાબના ચોપડા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે યોગ્ય રીતે ઓડિટ કરાવવા જોઈશે.''.

સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૦૦નો સુધારો.

૧૮. કલમ ૧૦૦માં, પેટા- કલમ (૨) પછી, નીચેની પેટા- કલમ ઉમેરવી :- સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૬મો.

''(૨ક) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ના સુધારાથી-

(ક) આવા સુધારા અથવા રદ કરવાના સમયે અમલમાં ન હોય અથવા વિદ્યમાન ના હોય તેવુ કંઇ પણ ફરી ચાલુ કરી શકાશે નહિ; અથવા

(ખ) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવતાં પહેલાં આ અધિનિયમના અગાઉના અમલ અને તે હેઠળ કરેલા હુકમો, યોગ્ય રીતે કરેલા કોઇ પણ કૃત્યો અથવા લીધેલા પગલાને અસર થશે નહિ; અથવા સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૬મો.

(ગ) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અથવા તે હેઠળ કરેલા હુકમો અમલમાં આવતાં પહેલાં આ અધિનિયમ હેઠળ સંપાદિત કરેલ, ઉપાર્જિત કરેલ, વહોરેલ કોઇ હક, વિશેષાધિકાર, ફરજ અથવા જવાબદારીને અસર થશે નહિ : સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૬મો.

પરંતુ જાહેરનામા દ્વારા મૂડીરોકાણ સામે *પ્રોત્સાહક તરીકે આપવામાં* આવેલી કોઇ વેરા માફી, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવે તે તારીખે અથવા તે પછી, સદરહુ જાહેરનામું રદ કરવામાં આવ્યું હોય તો વિશેષાધિકાર તરીકે ચાલુ રહેશે નહિ; અથવા સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૬મો.

(ઘ) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવતાં પહેલાં આ અધિનિયમની જોગવાઇઓ વિરુદ્ધ કરેલા કોઇ ગુના અથવા ઉલ્લંઘનના સંબંધમાં લેણા હોય અથવા લેણા થાય તેવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ અથવા વહોરેલી કોઇ જપ્તી અથવા કરેલી કોઇ સજાને અસર થશે નહિ ; અથવા સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૬મો.

INDEX

(ચ) ઉપર્યુક્ત *પ્રમાણે*ના એવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ, હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી, જપ્તી અથવા શિક્ષાના સંબંધમાંની કોઇ તપાસણી (અન્વેષણ), તપાસ, ખરાઇ (ચકાસણી અને ઓડિટ સહિત), આકારણીની કાર્યવાહીઓ, ન્યાયનિર્ણય અને બીજી કોઇ કાનૂની કાર્યવાહીઓ અથવા બાકી લેણાંની વસૂલાત અથવા ઉપાયને અસર થશે નહિ અને એવી કોઇ તપાસણી (અન્વેષણ), તપાસ, ખરાઇ (ચકાસણી અને ઓડિટ સહિત), આકારણીની કાર્યવાહીઓ, ન્યાયનિર્ણય અને બીજી કોઇ કાનૂની કાર્યવાહીઓ અથવા બાકી લેણાની વસૂલાત અથવા ઉપાય શરૂ કરી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં લાવી શકાશે અને એવા કોઇ વેરા, સરચાર્જ, શિક્ષા, દંડ, વ્યાજ, જપ્તી અથવા શિક્ષા લઇ શકાશે અથવા કરી શકાશે; અથવા

(છ) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવતાં પહેલાં શરૂ કરાયેલ હોય તેવા અપીલ, ફેરતપાસ, સમીક્ષા અથવા સંદર્ભને લગતી કાર્યવાહી સહિત કોઇ કાર્યવાહીઓને અસર થશે નહિ અને એવી કાર્યવાહીઓ, સદરહુ સુધારા અધિનિયમ હેઠળ ચાલુ રાખવામાં આવશે.''. સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૬મો.

સન ૨૦૦૫-ના ૧૯. ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૧ અને અનુસૂચિ ૨ કમી કરવા બાબત.

મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧ અને અનુસૂચિ ૨ કમી કરવી.

સન ૨૦૦૫-ના ૨૦. ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૩ બદલવા બાબત.

મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૩-ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:-

"અનુસૂચિ ૩
(જુઓ કલમ ૭)

જેના વેચાણ વેરાપાત્ર હોય તે માલ અને વેરાના દર

અનુક્રમાંક	માલનું વર્ણન	વેરાનો દર
૧	હાઈ સ્પીડ ડીઝલ	રૂપિયે ચોવીસ પૈસા
૨	(સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું) મોટર સ્પિરિટ	રૂપિયે છવ્વીસ પૈસા
૩	પેટ્રોલિયમ ક્રુડ	રૂપિયે પાંચ પૈસા
૪	એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ડ્યુટિ પેઈડ)	રૂપિયે ત્રીસ પૈસા
૫	એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (બોન્ડેડ)	રૂપિયે આડત્રીસ પૈસા
૬	કુદરતી વાયુ (ગેસ)	રૂપિયે પંદર પૈસા
૭	માનવ વપરાશ માટેનો આલ્કોહોલયુકત દારૂ	રૂપિયે પાંસઠ પૈસા.".

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 164 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JUNE 14, 2017/JYAISTHA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**–ના **તારીખઃ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંકઃ પીટી/૨૦૧૭/૧/એમવીડી/૧૦૨૦૧૬/૨૧૦૯/ખ**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Government Notification, Home Department No. GHG-98-99-MTA-3397-4514-KH, dated the 22nd April, 1998.

ગૃહ વિભાગનું તારીખ. ૨૨મી એપ્રિલ, ૧૯૯૮નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીએચજી-૯૮-૯૯-એમટીએ-૩૩૯૭-૪૫૧૪-ખ. સુધારવા સંબંધી
જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ફેબ્રુઆરી,૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક:પીટી/૨૦૧૭/૧/એમવીડી/૧૦૨૦૧૬/૨૧૦૯/ખ:-ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન૧૯૫૮ના મુંબઇના ૬૫-મા)ની કલમ ૨-ના ખંડ (૭) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,ગૃહવિભાગનું તારીખ. ૨૨મી એપ્રિલ, ૧૯૯૮નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીએચજી-૯૮-૯૯-એમટીએ-૩૩૯૭-૪૫૧૪-ખ.નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૫૪ પરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

અધિકારીઓનો હોદ્દો	વિસ્તારો
૧	૨
" ૫૫ મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ (ગ્રામ્ય), બાવળા અને તેમની કચેરી (ઓફિસ) સાથે સંકળાયેલા મોટર વાહનના ઇન્સ્પેક્ટરો.	અમદાવાદ જિલ્લાના ધોળકા, બાવળા, સાણંદ, વિરમગામ, માંડલ અને ધંધુકા તાલુકા."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સુનિલ આર.સોની,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 165 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JUNE 14, 2017/JYAISTHA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**–ના **તારીખઃ ૨૩મી મે, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંકઃ પીટી/૨૦૧૭/૧૪/એમવીડી/ ૧૦૨૦૧૭/૪૩૫/ખ** –નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Gujarat Motor Vehicles Rules, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી મે,૨૦૧૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ પીટી/ ૨૦૧૭/ ૧૪/ એમવીડી/ ૧૦૨૦૧૭/ ૪૩૫/ ખઃ– મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના પ૯મા)ની કલમ ૩૮ની પેટા–કલમ (૨)ના ખંડ (૧) અને કલમ ૬૫ની પેટા–કલમ (૨)ના ખંડ (ઘ) સાથે વાંચતા અને કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ ૪ના ખંડ (૧૧)ની સાથે વાંચતા, આ અધિનિયમ ની કલમ ૨૮ની પેટા–કલમ (૨)ના ખંડ (ડ) હેઠળ કાઢવા ધારેલો નિયમોનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા–કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ નિયમોનો મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં કોઇપણ વ્યકિત તરફથી અગ્ર સચિવ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર–ને જે કોઇ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ પીટી/ ૨૦૧૭/ ૧૪/ એમવીડી/ ૧૦૨૦૧૭/ ૪૩૫/ ખઃ– કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ ૪ના ખંડ (૧૧)ની સાથે વાંચતા, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના પ૯મા)ની કલમ ૨૮ની પેટા–કલમ (૨)ના ખંડ (ડ), કલમ ૩૮ની પેટા–કલમ (૨)ના ખંડ (૧) અને કલમ ૬૫ની પેટા–કલમ (૨)ના ખંડ (ઘ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં "(જેનો આમાં હવે પછી 'સદરહુ નિયમો' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૮ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:–

"૮ક. ઉંમરનો પુરાવો અને રહેઠાણનો વધુ પુરાવો.

ડ્રાઇવીંગ લાઇસન્સ કાઢી આપવાના હેતુ માટે "આધાર"ને ઉંમરના પુરાવા અને રહેઠાણનાં વધારાના પુરાવા તરીકે ગણવામાં આવશે."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૭ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:–

"૨૭ક. ઉંમરનો પુરાવો અને રહેઠાણનો વધુ પુરાવો.

કંડકટર લાઇસન્સ કાઢી આપવાના હેતુ માટે, "આધાર" ને ઉંમરના પુરાવા અને રહેઠાણનાં વધારાના પુરાવા તરીકે ગણવામાં આવશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪૫ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:–

"૪૫ખ. રહેઠાણનો વધુ પુરાવો.

વાહનની નોંધણીના હેતુ માટે, "આધાર" ને રહેઠાણનાં વધારાના પુરાવા તરીકે ગણવામાં આવશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 166

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, JUNE 17, 2017/JYAISTHA 27, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ–ના તારીખ:૩૧મી જાન્યુઆરી, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીએન/૨૩/૨૦૧૬/ઈએસટી/૧૦/૨૦૧૬/૮/જી.**– નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

The Tracer, Class III, in the subordinate service of the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department, Recruitment Rules, 2017.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની તાબાની સેવામાં
ટ્રેસર, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી
જાહેરનામું.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ:૩૧મી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએન/૨૩/૨૦૧૬/ઈએસટી/૧૦/૨૦૧૬/૮/જી :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ટ્રેસર, વર્ગ–૩–ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની તાબાની સેવામાં, ટ્રેસર, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ટ્રેસર, વર્ગ–૩–ની જગા પરની નિમણૂંક સીધી ભરતીથી કરવામાં આવશે.

૩. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,–

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ)(૧) ટેકનિકલ (તકનિકી) પરીક્ષા બોર્ડ અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સિવિલ ડ્રાફ્ટસમેનશીપમાં ડિપ્લોમાની લાયકાત ધરાવતો હોવો જોઈશે; અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી અથવા સરકાર માન્ય સંસ્થામાંથી મેળવેલી ડ્રાફ્ટસમેન સિવિલ ટ્રેડ સર્ટિફિકેટ કોર્સની લાયકાત ધરાવતો હોવો જોઈશે અથવા રાષ્ટ્રીય વ્યાવસાયિક તાલીમ પરિષદ (કાઉન્સિલ) દ્વારા માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે અને રાષ્ટ્રીય વ્યાવસાયિક તાલીમ પરિષદ (કાઉન્સિલ) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલી ડ્રાફ્ટસમેન સિવિલ ટ્રેડમાં એક વર્ષની એપ્રિન્ટિસશિપ સફળતાપૂર્વક પૂર્ણ કરેલી હોવી જોઈશે.

(૩) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(૪) ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

INDEX

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી જોઈશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. પટેલ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 167

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, JUNE 17, 2017/JYAISTHA 27, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૭થી જૂન, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ** વિભાગ– ના તારીખ: **૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીપી/૫/કેઆરવી/૧૦૨૦૧૫/ ૧૧૩૨/ચ.**– નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

The X-Ray Assistant, Class III, in the subordinate service of the Directorate of Medical Services, Employees' State Insurance Scheme, Recruitment Rules, 2016.

નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરીની તાબાની સેવામાં એકસ–રે મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીપી/૫/કેઆરવી/૧૦૨૦૧૫/૧૧૩૨/ચ:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, એકસ–રે મદદનીશ, વર્ગ–૩–ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, એકસ–રે મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, એકસ–રે મદદનીશ, વર્ગ–૩–ની જગા પરની નિમણૂંક,-

(ક) (૧) જેણે નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, વર્ગ–૪ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય, જેમાંથી ઓછામાં ઓછી ૩ વર્ષની સળંગ સેવા એકસ–રે વિભાગમાં હોય;

(૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ–માંથી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી એવી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨ માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર–

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને અંગ્રેજી વિષયો સાથે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ–માંથી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે.

(ગ) સરકારી સંસ્થા અથવા માન્ય તબીબી કોલેજ દ્વારા સંચાલિત એક્સ રે ટેકનિશિયન ટ્રેનિંગ કોર્સ ઠરાવેલી રીતે પાસ કર્યાનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે;

INDEX

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 168

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, JUNE 20, 2017/JYAISTHA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **માર્ગ અને મકાન વિભાગ** ના તારીખ : ૧૨મી એપ્રિલ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજે/૨/૨૦૧૭/ઈએસટી/૧૨૨૦૦૮/૨૭૩૨/૪૪(૩)/જી** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Regarding
The Head Wireman, Class III, under the Roads and Buildings Department, Recruitment Rules, 2017.

માર્ગ અને મકાન વિભાગ હેઠળ, હેડ વાયરમેન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૭

સંબંધી

જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.૧૨મી એપ્રિલ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીજે/૨/૨૦૧૭/ઇએસટી/૧૨૨૦૦૮/૨૭૩૨/૪૪(૩)/જી.:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, હેડ વાયરમેન, વર્ગ ૩ની જગ્યા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, માર્ગ અને મકાન વિભાગ હેઠળ, હેડ વાયરમેન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગ હેઠળની તાબાની સેવામાં, હેડ વાયરમેન, વર્ગ ૩- ની જગા પરની નિમણૂક,-

(૧) જેણે માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, વાયરમેન, વર્ગ ૩- ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
રમેશ પટેલ,
સરકાર ના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 169

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, JUNE 20, 2017/JYAISTHA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ**ના તારીખ: ૧૬મી મે, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીયુ/૨૦૧૭/૧૬/યુકેએમ/૧૧૨૦૦૮/૯૨૫/ડી-૧,-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Superintendent, Class III, Recruitment Rules, 2015.

સુપરિન્ટેન્ડેન્ટ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૬મી મે, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/૨૦૧૭/૧૬/યુકેએમ/૧૧૨૦૦૮/૯૨૫/ડી–૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સુપરિન્ટેન્ડેન્ટ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો સુપરિન્ટેન્ડેન્ટ, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. સુપરિન્ટેન્ડેન્ટ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, ''૩૦ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૫ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.જી.ચૌધરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 170

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JUNE 21, 2017/JYAISTHA 31, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** ના તારીખ : ૨જી મે, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએન-૨૦૧૭નો/૮/આરઆરઆર/ ૧૦૨૦૧૪/૭૨૨૮૮૧/ઈ(૩)** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

NOTIFICATION

Regarding

Amendment to the Assistant Research Officer, Class II, Recruitment Rules, 2017.

મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો,૨૦૧૭ સુધારવા સંબંધી

જાહેરનામું.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી મે, ૨૦૧૭.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીએન–૨૦૧૭ નો ૮મો/આરઆરઆર/૧૦૨૦૧૪/૭૨૨૮૮૧/ઈ–૩:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી,નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૭માં, નિયમ ૪માં, પેટા–નિયમ (ખ) (૧)માં, પેટા ખંડ (૧) અને (૨), ના બદલે, નીચેનો મજકૂર મૂકવો.

(૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની તાબાની સેવામાં, જુનિયર વિજ્ઞાન મદદનીશ, વર્ગ ૩– ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો જળસંપત્તિ અથવા સિંચાઇ અથવા માર્ગ અને મકાનના ક્ષેત્રમાં સંયુક્ત અથવા અલગ સંશોધનનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની તાબાની સેવામાં, જુનિયર વિજ્ઞાન મદદનીશ, વર્ગ ૩– ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો, સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં જળસંપત્તિ અથવા સિંચાઇ અથવા માર્ગ અને મકાનના ક્ષેત્રમાં સંયુક્ત અથવા અલગ સંશોધનનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

હેમેશ મારડિયા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 171

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, JUNE, 29, 2017/ASADHA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂન, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ**-ના તારીખ : **૨૩મી સપ્ટેમ્બર,** ૨૦૧૬ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીકે/૫૮/ ૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી/** (ભાગ-૪)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૫૮/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪) :- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ ૪ની પેટા-કલમ (૧), કલમ ૫-ની પેટા-કલમ (૧) અને કલમ ૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ જિલ્લા કોર્ટ, રાજકોટ અને સુરેન્દ્રનગર-ને સંબંધિત હોય તેટલે સુધી, આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨-જી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જિલ્લા કોર્ટોની સ્થાપના કરે છે અને તે દરેકની સામે કોલમ (૩) માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, તેમના સદર મથક નક્કી કરે છે અને અનુસૂચિના કોલમ (૪)માં, દરેક જિલ્લા કોર્ટની તાબાની દીવાની કોર્ટ નીચે પ્રમાણે નિર્દિષ્ટ કરે છે:-

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લા કોર્ટનું નામ	સદર મથક	તાબાની કોર્ટ	
(૧)	(૨)	(૩)	(૪)	
૧.	રાજકોટ, ધોરાજી, ગોંડલ, જામ કંડોરણા, જસદણ, જેતપુર, કોટડા સંગાણી, લોધિકા, ઉપલેટા, પડધરી અને વિંછીયા તાલુકા ધરાવતા રાજકોટના મહેસૂલી જિલ્લાની બનેલી જિલ્લા જજની કોર્ટ, રાજકોટ.	રાજકોટ	(૧)	મુખ્ય સિનીયર દીવાની જજની કોર્ટ, રાજકોટ.
			(૨)	મુખ્ય સિનીયર દીવાની જજની કોર્ટ, ધોરાજી.
			(૩)	મુખ્ય સિનીયર દીવાની જજની કોર્ટ, ગોંડલ.
			(૪)	મુખ્ય દીવાની જજની કોર્ટ, જામ-કંડોરણા.
			(૫)	મુખ્ય દીવાની જજની કોર્ટ, જસદણ.
			(૬)	મુખ્ય દીવાની જજની કોર્ટ, જેતપુર.
			(૭)	મુખ્ય દીવાની જજની કોર્ટ, કોટડા-સંગાણી.
			(૮)	મુખ્ય દીવાની જજની કોર્ટ, ઉપલેટા.
			(૯)	મુખ્ય દીવાની જજની કોર્ટ, પડધરી.

INDEX

અનુ-ક્રમાંક	જિલ્લા કોર્ટનું નામ	સદર મથક	તાબાની કોર્ટ	
(૧)	(૨)	(૩)	(૪)	
૨.	વઢવાણ, ચોટીલા, ચૂડા, દસાડા, ધ્રાંગધ્રા, લખતર, લીમડી, મૂળી, સાયલા અને થાનગઢ તાલુકા ધરાવતા સુરેન્દ્રનગરના મહેસૂલી જિલ્લાની બનેલી જિલ્લા જજની કોર્ટ, સુરેન્દ્રનગર.	સુરેન્દ્રનગર	(૧)	મુખ્ય સિનીયર દીવાની જજની કોર્ટ, સુરેન્દ્રનગર.
			(૨)	મુખ્ય સિનીયર દીવાની જજની કોર્ટ, ધ્રાંગધ્રા.
			(૩)	મુખ્ય સિનીયર દીવાની જજની કોર્ટ, લીમડી.
			(૪)	મુખ્ય દીવાની જજની કોર્ટ, વઢવાણ.
			(૫)	મુખ્ય દીવાની જજની કોર્ટ, ચોટીલા.
			(૬)	મુખ્ય દીવાની જજની કોર્ટ, ચૂડા.
			(૭)	મુખ્ય દીવાની જજની કોર્ટ, પાટડી.
			(૮)	મુખ્ય દીવાની જજની કોર્ટ, લખતર.
			(૯)	મુખ્ય દીવાની જજની કોર્ટ, મૂળી.
			(૧૦)	મુખ્ય દીવાની જજની કોર્ટ, સાયલા.
			(૧૧)	મુખ્ય દીવાની જજની કોર્ટ, થાનગઢ.
૩.	મોરબી, માળીયા, વાંકાનેર, ટંકારા અને હળવદ તાલુકા ધરાવતા મોરબીના મહેસૂલી જિલ્લાની બનેલી જિલ્લા જજની કોર્ટ, મોરબી.	મોરબી	(૧)	મુખ્ય સિનીયર દીવાની જજની કોર્ટ, મોરબી.
			(૨)	મુખ્ય દીવાની જજની કોર્ટ, માળીયા.
			(૩)	મુખ્ય દીવાની જજની કોર્ટ, વાંકાનેર.
			(૪)	મુખ્ય દીવાની જજની કોર્ટ, ટંકારા.
			(૫)	મુખ્ય દીવાની જજની કોર્ટ, હળવદ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એમ.વર્મા,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 172

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, JUNE, 29, 2017/ASADHA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂન, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**-ના તારીખ : **૨૯મી નવેમ્બર, ૨૦૧૬**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/ ૨૦૧૬ નો ૨૧૬/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૧)-એલ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બ્લોક નંબર. ૧૪, ૯મો માળ, સચિવાલય
ગાંધીનગર.
તારીખ: ૨૯મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૬ નો ૨૧૬/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૧)-એલ: ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક:૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૨ની પેટા-કલમ (૧), (૨), (૨-ક), કલમ ૨૨ની પેટા-કલમ (૫), કલમ ૨૩ની પેટા-કલમ (૩) અને કલમ ૧૦૮-હેઠળ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૦૯/૧૨/૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૨૦૧૫નો ૩૨૮/યુડીએ-૧૦૨૦૧૪/૫૦૨૬(૧)-એલ. થી, નવસારી વિસ્તાર વિકાસ સત્તામંડળ (જેનો આમાં હવે પછી, ''સદરહુ સત્તામંડળ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના વિસ્તારો અને તેની આસપાસના ગામોનું જોડાણ કરીને શહેરી વિકાસ વિસ્તાર જાહેર કરે છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૨૨ની પેટા-કલમ (૨-ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે અનુસૂચિમાં જણાવેલ વિસ્તારને, નવસારી શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવેશ કરવામાં આવશે અને સદરહુ અધિનિયમની સંબંધિત જોગવાઈ, સદરહુ વિસ્તારને લાગુ પડતી બંધ થશે.

અનુસૂચિ

જિલ્લાનું નામ	**તાલુકો**	**ગામ / નગરનું નામ**
૧	**૨**	**૩**
નવસારી	નવસારી	છાપરા, કબીલપોર,
	જલાલપોર	વીજલપોર (એમ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
નીલા મુન્શી,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 173

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, JUNE 29, 2017/ASADHA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂન, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગ-ના** તારીખ : ૫મી મે, ૨૦૧૭ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએચટી/૨૦૧૭/૬/પીઆરસી/૧૦૨૦૧૩/૧૦૦૯/એ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ જાહેરનામું.

માહિતી અને પ્રસારણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૦૫/૦૫/૨૦૧૭.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક. જીએચટી/૨૦૧૭/૬/પીઆરસી/૧૦૨૦૧૩/૧૦૦૯/એ :- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ના કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટના કોલમ ૩-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જે સમયમર્યાદાની અંદર સેવાઓ પૂરી પાડવી જોઇશે, તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક	અધિનિયમની કલમ-૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ.	નિયત સમયમર્યાદા
૧	૨	૩
૧	ટેલિવિઝન પ્રદર્શન પર ડાયરેક્ટ-ટુ-હોમ (ડીટીએચ) પ્રસારણ સેવાની સહાય સાથે મનોરંજન પૂરું પાડતા માલિકને રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર કાઢી આપવું.	૭ દિવસ
૨	મનોરંજન કર ચૂકવનારને રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર કાઢી આપવું	૭ દિવસ
૩	સુખસુવિધા કર ચૂકવનારને રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર કાઢી આપવું.	૭ દિવસ
૪	મનોરંજન કરનો આકારણી હુકમ કાઢી આપવો.	૩૦ દિવસ
૫	સુખસુવિધા કરનો આકારણી હુકમ કાઢી આપવો.	૩૦ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એ. પટેલ,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 174

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JUNE 30, 2017/ASADHA 9, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ- ના** તારીખ : **૨૭મી એપ્રિલ, ૨૦૧૭ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીજી/૧૦/પીએસટી/૧૦૨૦૧૨/૫૪૦/પાર્ટ-૧/વી.-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department, No.GG/66/PST/102012/540/ V, dated 27th September, 2013.

ગૃહ વિભાગનું તારીખ: ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૬૬/પીએસટી/૧૦૨૦૧૨/૫૪૦/વી. સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૭મી એપ્રિલ, ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીજી/૧૦/પીએસટી/૧૦૨૦૧૨/૫૪૦/પાર્ટ-૧/વી:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)ની કલમ ૨-ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ: ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી / ૬૬/ પીએસટી/ ૧૦૨૦૧૨/ ૫૪૦/વી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,

(૧) અનુક્રમાંક ૨ ઉપરની વિદ્યમાન નોંધને બદલે, નીચેની નોંધો મૂકવી:-

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૨	નવસારી	જલાલપોર	જલાલપોર	-	મટવાડ ઓ.પી	(૧) મટવાડ
						(૨) અબ્રામા
						(૩) આંટ
						(૪) ચીચગામ
						(૫) કલથાણ
						(૬) કરનેરા
						(૭) ખંભલાવ
						(૮) ખરસાડ
						(૯) કૃષ્ણપુર
						(૧૦) ઓંજલ
						(૧૧) માછીવાડ
						(૧૨) પનાર
						(૧૩) સુલતાનપુર
				દાંડી બીટ	-	(૧) દાંડી
						(૨) બોદાલી
						(૩) એધાણ
						(૪) મછાડ
						(૫) કોથમડી

INDEX

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						(૬) સામાપોર
						(૭) પેથાણ
						(૮) કરાડી
				ગામડા બીટ	–	(૧) ભુતસાડ
						(૨) એરૂ
						(૩) હાંસાપોર
						(૪) કરોડ કોઠવા
						(૫) મંદિર
						(૬) સરાવ
						(૭) વેડછા (રેલવે લાઈનની પશ્ચિમ બાજુ)
				ટાઉન બીટ	–	(૧) પુનેશ્વર
						(૨) ગૌરીશંકર મહોલ્લા
						(૩) બંધ ફળિયા
						(૪) અમૃતનગર
						(૫) શિવનગર
						(૬) પારસી ચાલ
						(૭) આનંદભુવન ચાલ
						(૮) ઋષિકેશ અપાર્ટમેન્ટ
						(૯) સત્યમનગર
૨૬.	નવસારી	જલાલપોર	મરોલી	–	ઉંભરાટ ઓ.પી	(૧) ઉંભરાટ
						(૨) માંગરોળ
						(૩) પરસોલી
						(૪) નિમલાઇ
						(૫) દાંતી
						(૬) દીપલા
						(૭) વાંસી
						(૮) બોરસી
						(૯) માછીવાડ
						(૧૦) ભાઠા
						(૧૧) મગોબ
						(૧૨) કશંખટ (કરાંખર)
						(૧૩) દેલવાડા
						(૧૪) ભીનાર
						(૧૫) પરૂજણ
						(૧૬) વડોલી
				ટાઉન બીટ	–	(૧) મરોલીગામ
						(૨) મહુવર
						(૩) વાડા

INDEX

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						(૪) પોંસરા
						(૫) નડોદ
						(૬) કડોલી
				ગામડા બીટ-૧	–	(૧) કોલાસણા
						(૨) માણેકપોર
						(૩) ટંકોલી
						(૪) તવડી
						(૫) ચોખડ
						(૬) ડાંભેલ
						(૭) સીમલક
						(૮) આસણા
						(૯) કાળાકાછા
				ગામડા બીટ-૨	–	(૧) સાગરા
						(૨) મીરજાપોર
						(૩) છીણમ
						(૪) અલુરા
						(૫) ડાલકી
						(૬) સીમલગામ
		નવસારી				(૭) અરસાણા";

(૨) અનુક્રમાંક ૩ ઉપરની વિદ્યમાન નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૩.	નવસારી ડિવિઝન	નવસારી	નવસારી ગ્રામીણ	–	મુનસાડ ઓ.પી	(૧) મુનસાડ
						(૨) અંબાડા
						(૩) અષ્ટગામ
						(૪) ઉગત
						(૫) ખડસુપા
						(૬) નાગધરા
						(૭) સાતેમ
						(૮) કુંભાર ફળિયા
						(૯) ઉન
						(૧૦) કંબાડા
						(૧૧) કણબાડ
						(૧૨) ખેરગામ
						(૧૩) ટોળી
						(૧૪) ડભલાઇ
						(૧૫) નવાપરા
						(૧૬) પુણી

INDEX

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						(૧૭) મહુડી
						(૧૮) પારડી (સરપોર)
						(૧૯) બોરીઆચ
						(૨૦) બુટલાવ
						(૨૧) ભુનવાડી
						(૨૨) રજવાડી
						(૨૩) વછરવાડ
						(૨૪) વસર
						(૨૫) શાહુ
						(૨૬) સીંગોદ
						(૨૭) સરપોર
						(૨૮) સદલાવ
						(૨૯) ભુલાફળિયા
						(૩૦) નવાતળાવ
				–	વેસ્મા ઓ.પી	(૧) વેસ્મા
						(૨) આલક
						(૩) કુચેદ
						(૪) પારડી (આલક)
						(૫) રણોદરા
						(૬) સંદલપોર
						(૭) સીસોદરા (આલક)
						(૮) સડોદરા
						(૯) આમરી
						(૧૦) ઘામણ
						(૧૧) વેજલપોર
						(૧૨) પડઘા
						(૧૩) આસુંદર
						(૧૪) આમડપોર
						(૧૫) તેલાડા
						(૧૬) પરથાણ
						(૧૭) પીનસાડ
						(૧૮) સરઈ
						(૧૯) સરોણા
				છાપરા બીટ	–	(૧) છાપરા
						(૨) ઈટારવા
						(૩) તીઘરા
						(૪) જલાલપોર
						(૫) વાડા (અડદા)
						(૬) અડદા

INDEX

અનુ–ક્રમાંક	ડિવિઝન/સબ–ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી	આઉટ–પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						(૭) કછોલી
						(૮) પરતાપપોર
				વિરાવળ બીટ	–	(૧) વિરાવળ
						(૨) કસ્બા
						(૩) કાદીપોર
				જી.આઇ.ડી.સી. બીટ	–	(૧) ગણેશ સીસોદ્રા
						(૨) ભઠાઈ
						(૩) નસીલપોર
						(૪) દંડેસર
						(૫) તરસાડી
						(૬) સુપા
						(૭) પેરા
						(૮) કુરેલ (કરેલ)
						(૯) મોલધરા
						(૧૦) ઓણછી
						(૧૧) વીરવાડી
				કબીલપોર બીટ	–	(૧) કબીલપોર
						(૨) કાલિયાવાડી
						(૩) કાછીયાવાડી
						(૪) ઓવીસી
						(૫) ઘારાગીરી.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગુંજન વોરા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 175

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] **FRIDAY, JUNE 30, 2017/ASADHA 9, 1939**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ- ના** (૧) તારીખ : **૭મી ઓક્ટોબર, ૨૦૧૬ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીજી/૧૧૦/પીએસટી/૧૦૨૦૧૦/૮૪૮/વી,** અને (૨) તારીખ : **૫મી ડિસેમ્બર, ૨૦૧૬ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીજી/૧૧૯/પીએસટી/૧૦૨૦૧૨/૫૯૮/ભાગ-૧/વી.-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department, No. GG/87/PST/102010/848/V, dated the 15th December, 2010.

ગૃહ વિભાગનું તારીખ: ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૮૭/પીએસટી/૧૦૨૦૧૦/૮૪૮/વી. સુધારવા સંબંધી

જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૭મી ઓક્ટોબર, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીજી/૧૧૦/પીએસટી/૧૦૨૦૧૦/૮૪૮/વી: ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

(૧) ગૃહ વિભાગનું તારીખ: ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીજી /૮૭ /પીએસટી/ ૧૦૨૦૧૦/૮૪૮/વી, નીચે પ્રમાણે સુધારે છે:–

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,–

(૧) ''ડિવિઝન/પેટા–ડિવિઝન'' એ શીર્ષક હેઠળ કોલમ ૨–માં નિર્દિષ્ટ કરેલી ''ધોળકા પેટા–ડિવિઝન''ને લગતી અનુક્રમાંક ૧૧ પરની નોંધમાં, ''પોલીસ મથક '' એ શીર્ષક હેઠળ કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''ધંધુકા''ને લગતી નોંધમાં, ''સ્થાનિક વિસ્તાર/ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૩માં, નિર્દિષ્ટ કરેલ ''ગામો''ને લગતી નીચેની નોંધો ઉમેરવી:–

''(૩૭) ઉમરગઢ,
(૩૮) ફેદરા,
(૩૯) પચ્છમ,
(૪૦) ફતેપુર,
(૪૧) રતનપુર'';

(૨) ''ડિવિઝન/પેટા–ડિવિઝન'' એ શીર્ષક હેઠળની કોલમ ૨–માં નિર્દિષ્ટ કરેલી ''ધોળકા પેટા–ડિવિઝન''ને લગતી અનુક્રમાંક ૧૪ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળ કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''ધોલેરા''ને લગતી નોંધમાં,–

(ક) ''સ્થાનિક વિસ્તાર/ ગામો'' એ શીર્ષક હેઠળની કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી '' (૨૧) ઉમરગઢ'' ગામને લગતી નોંધ કમી કરવી;

(ખ) ''સ્થાનિક વિસ્તાર/ ગામો'' એ શીર્ષક હેઠળની કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી ''ગામો'' ને લગતી નીચેની નોંધો અંતે ઉમેરવી:–

''(૩૩) હેબતપુર,

(૩૪) સોઢી,

(૩૫) સંગાસર'';

(૩) ''ડિવિઝન/પેટા–ડિવિઝન'' એ શીર્ષક હેઠળ કોલમ ૨–માં નિર્દિષ્ટ કરેલી ''ધોળકા પેટા–ડિવિઝન'' ને લગતી અનુક્રમાંક ૧૪૬ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળ કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''ધોલેરા'' ને લગતી નોંધમાં, 'આઉટ–પોસ્ટ'' એ શીર્ષક હેઠળની કોલમ ૬માં નિર્દિષ્ટ કરેલી ''ફેદરા'' ને લગતી નોંધમાં, ''સ્થાનિક વિસ્તાર/ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી, ''ગામો'' ને લગતી નીચેની નોંધો કમી કરવી:–

''(૧) ફેદરા,

(૩) પચ્છમ અને

(૫) ફતેપુર'';

(૨) ગૃહ વિભાગનું તારીખ: ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૧૮/પીએસટી/૧૦૨૦૧૩/૬૭૬/વી, નીચે પ્રમાણે સુધારે છે:–

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,–

(૧) ડિવિઝન/પેટા–ડિવિઝન'' એ શીર્ષક હેઠળની કોલમ ૨–માં નિર્દિષ્ટ કરેલી ''બોટાદ'' ને લગતી અનુક્રમાંક ૨ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળ કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''પાળીયાદ'' ને લગતી નોંધમાં, ''સ્થાનિક વિસ્તાર/ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી, ''રતનપુર'' ગામ ને લગતી નોંધ કમી કરવી;

(૨) ડિવિઝન/પેટા–ડિવિઝન'' એ શીર્ષક હેઠળની કોલમ ૨–માં નિર્દિષ્ટ કરેલી ''બોટાદ'' ને લગતી અનુક્રમાંક ૫ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળ કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''બરવાળા'' ને લગતી નોંધમાં, ''સ્થાનિક વિસ્તાર/ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી, ''ગામો'' ને લગતી નીચેની નોંધો કમી કરવી:–

''હેબતપુર,

સોઢી,

સંગાસર''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.આર.ભમ્મર,

સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department No. GG/14/PST/102013/683/V, dated the 18th January, 2014.

ગૃહ વિભાગનું તારીખ: ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૧૪/પીએસટી/૧૦૨૦૧૩/૬૮૩/વી. સુધારવા સંબંધી

જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૫મી ડિસેમ્બર, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક. જીજી/૧૧૯/પીએસટી/૧૦૨૦૧૨/૫૯૮/ભાગ-૧/વી:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)ની કલમ ૨ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ: ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૧૪/પીએસટી/૧૦૨૦૧૩/૬૮૩/વી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિ-૧માં, જૂનાગઢ જિલ્લાને લગતી, અનુક્રમાંક ૭ પરની નોંધને બદલે નીચેની નોંધ મૂકવી:-

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
''૭.	જૂનાગઢ	વિસાવદર	વિસાવદર	-	-	૧. વિસાવદર ટાઉન ૨. માંડાવડ ૩. મોણિયા ૪. નવી ચાવંડ ૫. જૂની ચાવંડ ૬. ખંભાળિયા ૭. વીરપુર ૮. લેરીયા ૯. વાજડી ૧૦. માંગનાથ પીપળી ૧૧. નાના કોટડા ૧૨. મોટા કોટડા ૧૩. નવાણિયા ૧૪. મોટા હડમતિયા ૧૫. પીરવડ ૧૬. હાજાણી ૧૭. પીપળિયા ૧૮. શીરવાણિયા ૧૯. ઈશ્વરિયા ૨૦. રૂપાવટી ૨૧. વીછાવડ

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						૨૨. છાલડા ૨૩. રાવણી કૂબા ૨૪. કૂબા ૨૫. રબારિકા ૨૬. દેસાઇ વડાળા ૨૭. સુખપુર ૨૮. ભુતડી ૨૯. છેલણકા ૩૦. મહુડા ૩૧. મહુડી ૩૨. નાના ઝાંઝેસર ૩૩. મોટા ઝાંઝેસર ૩૪. ઢેબર ૩૫. નાની પિંડાખાઇ ૩૬. શોભાવડલા ૩૭. નાના હડમતિયા ૩૮ જેતલવડ ૩૯. પિંડાખાઇ મોટી ૪૦. કાના વડલા ૪૧. કાલસારી ૪૨. કાલાવડ ૪૩. અંબાળા ૪૪. લાલપુર ૪૫. વેકરિયા ૪૬. મુંડીયા રાવણી ૪૭. ઘોડાસણ ૪૮. ભટ વાવડી ૪૯. કાંકચિયાળા ૫૦. જાંબુડા ૫૧. લીમધ્રા ૫૨. ઘંટીયાળ ૫૩. લીલાપાણી (નેસ) ૫૪. ખાંભડા ૫૫. બાજરીયા ૫૬. કરમદડી ૫૭. સુવેડી ૫૮. કુટીયા ૫૯. બારવાણીયા ૬૦. આલાવાણી નવી ૬૧. આલાવાણી જૂની

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકા	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						૬૨. કાસીયા ૬૩. જાંબુથાળા ૬૪. ડેડકડી ૬૫. ભલગામ
					સતાધાર	૬૬. સતાધાર (આપાગીગાની જગ્યા) ૬૭. જાંબુડી ૬૮. રાજપરા ૬૯. હસ્નાપુર ૭૦. દુધાળા ૭૧. માણંદીયા ૭૨ ગોવિંદપરા ૭૩. જાવલડી ૭૪. પ્રેમપરા ૭૫. રામપરા ૭૬. કનકાઇ
					સરસઇ	૭૭. સરસઇ ૭૮. જાંબાળા ૭૯. બરડીયા ૮૦. ચાપરડા ૮૧. દાદર ૮૨. ઇશ્વરિયા (ગીર) ૮૩. હરિપુર ૮૪. ખાંભા (ગીર) ૮૫. ખીજડીયા ૮૬. લીલિયા ૮૭. મોટી મોણપરી ૮૮. નાની મોણપરી ૮૯. મિયાવડલા ૯૦. પીયાવા (ગીર) ૯૧. રતાંગ ૯૨. શેત્રંજ વડાળા ૯૩. શોભાવડલા (ગીર)''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.આર.ભમ્મર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 176

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, JULY, 1, 2017/ASADHA 10, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઇ, ૨૦૧૭

તારીખ : ૧લી જુલાઇ, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંક:૨૭** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

GUJARAT ACT NO.27 OF 2017.

THE CIGARETTES AND OTHER TOBACCO PRODUCTS (PROHIBITION OF ADVERTISEMENT AND REGULATION OF TRADE AND COMMERCE, PRODUCTION, SUPPLY AND DISTRIBUTION) (GUJARAT AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાન મંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ **સન ૨૦૧૭**ના જૂન મહિનાની **૨૦મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 27 OF 2017.

AN ACT

further to amend the Cigarettes and Other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003 in its application to the State of Gujarat.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૭ .

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણ રાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

૨. સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી,''મુખ્ય અધિનિયમ''તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩માં, ખંડ (ચ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :- સન ૨૦૦૩નો ૩૪મો.

''(ચચ) ''હુક્કાબાર'' એટલે એવી જગા કે જયાં લોકો એકઠા થઈને સહિયારા હુક્કા અથવા વ્યકિતગત નાળચા વડે તમાકુનું ધૂમ્રપાન કરતાં હોય;''.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૪ક દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪ પછી, નીચેની કલમ દાખલ કરવી.-

હુક્કાબાર પર પ્રતિબંધ.

''૪ક. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ વ્યકિત પોતે અથવા કોઈ બીજી વ્યકિતવતી, વીશી (ઈટિંગ હાઉસ) સહિતના કોઈ સ્થળે કોઈ હુક્કાબાર ખોલી અથવા ચલાવી શકશે નહિ.

સ્પષ્ટીકરણ.-''વીશી (ઈટિંગ હાઉસ)'' એ શબ્દનો અર્થ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨-ના ખંડ (૫-ક)માં જે આપ્યો છે તે જ થશે.''. સન ૧૯૫૧નો મુંબઈનો ૨૨મો.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમની કલમ ૧૨-નો સુધારો.

૪.મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨-માં, પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડ (ખ)માં, કરવામાં આવી રહી હોય તેવી'' એ શબ્દો પછી, ''અથવા''એ શબ્દ ઉમેરવો અને ''બીજી કોઈ જગામાં દાખલ થઈ ઝડતી લઈ શકશે'' એ શબ્દો કમી કરવા;

(૨) ખંડ (ખ) પછી, નીચેનો ખંડ ઉમેરવો :-

''(ગ) જયાં કોઈ હુક્કાબાર ચલાવવામાં આવી રહ્યો હોય તેવી, બીજી કોઈ જગામાં દાખલ થઈ ઝડતી લઈ શકશે.''.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૧૩ક દાખલ કરવા બાબત.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩ પછી, નીચેનીકલમદાખલકરવી :-

કબજે લેવાની સત્તા.

''૧૩ક.રાજય સરકારે અધિકૃત કરેલા સબ-ઈન્સ્પેકટરથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારીને એવું માનવા માટે કારણ હોય કે કલમ ૪ક-ની જોગવાઈઓનું ઉલ્લંઘન થયું છે અથવા ઉલ્લંઘન થઈ રહયું છે, તો તેઓ, હુક્કાબારના વિષય વસ્તુ અથવા સાધનો તરીકે વાપરવામાં આવતી કોઈ સાધનસામગ્રી અથવા ચીજવસ્તુને કબજે લઈ શકશે.''.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૨૧ક દાખલ કરવા બાબત.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧ પછી, નીચેની કલમ દાખલ કરવી :-

હુક્કાબાર ચલાવવા માટે શિક્ષા.

''૨૧ક. કોઈપણ વ્યકિત, કલમ ૪ક-ની જોગવાઈઓનું ઉલ્લંઘનકરે, તો તે, ત્રણ વર્ષ સુધીની, પણ એક વર્ષ કરતાં ઓછી નહિ તેટલી કેદની શિક્ષાને પાત્ર થશે અને પચાસ હજાર રૂપિયા સુધીના, પણ વીસ હજાર રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષાને પાત્ર થશે.''.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૨૭ક દાખલ કરવા બાબત.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭ પછી, નીચેનીકલમદાખલકરવી :-

કલમ ૪ક હેઠળનો ગુનો, પોલીસ અધિકારનો હોવા બાબત.

''૨૭ક.કલમ ૪ક હેઠળનો ગુનો, પોલીસ અધિકારનો ગણાશે.''.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 177

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, JULY 3, 2017/ASADHA 12, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુલાઇ, ૨૦૧૭.

તારીખ: ૩જી જુલાઇ, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **સન, ૨૦૧૭ના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૧**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

INDEX

કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩જી જુલાઈ, ૨૦૧૭.

GUJARAT ORDINANCE NO. 1 OF 2017

AN ORDINANCE

further to amend the Gujarat Co-operative Societies Act, 1961.

સન ૨૦૧૭નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૧ .

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજયપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો વર્તે છે; સન ૧૯૬૨ નો ગુજરાતનો ૧૦મો.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧) થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજયપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**- (૧) આ વટહુકમ ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૧૯૬૨-નો ગુજરાતનો ૧૦મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**- સન ૧૯૬૨-નો ગુજરાતનો ૧૦મો.

આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમ ૩માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે.

૩. **સન ૧૯૬૨-ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૭૪- ગગ કમી કરવા બાબત.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૪-ગગ કમી કરવી.

નિવેદન

સંસદે, સહકારી મંડળીઓના કામકાજમાં વિશાળ સ્વાયત્તતા, લોકશાહી કામગીરી અને વ્યાવસાયિક વ્યવસ્થાપન લાવવાના હેતુથી, સંવિધાન (સત્તાણુંમા સુધારા) અધિનિયમ, ૨૦૧૧-ને અધિનિયમિત કર્યો છે, તેનાથી ભારતના સંવિધાનમાં ભાગ ૯-ક પછી સહકારી મંડળીઓને લગતી જોગવાઈઓ ધરાવતો ભાગ ૯-ખ દાખલ કર્યો છે. ભાગ-૯ ખની જોગવાઈઓ મુખ્યત્વે વ્યવસ્થાપક સમિતિના સભ્યોની સંખ્યા અને તેમના હોદ્દાની મુદત, વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી, વ્યવસ્થાપક સમિતિની પદચ્યુતિ અને મોકૂફી, સહકારી મંડળીના હિસાબોનું ઓડિટ, સામાન્ય સભાની બેઠક બોલાવવી, સહકારી મંડળીઓએ ફાઈલ કરવા જરૂરી હોય તેવા પત્રકો વગેરે બાબતોને સંબંધિત છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧, વર્ષ ૨૦૧૩માં સુધારવામાં આવ્યો હતો, જેથી કરીને તેની જોગવાઈઓને, ભારતના સંવિધાનના ભાગ ૯-ખમાં સમાવિષ્ટ જોગવાઈઓને અનુરૂપ કરી શકાય. સદરહુ સુધારા અધિનિયમ, ૨૦૧૩થી કલમ ૭૪-ગગ દાખલ કરવામાં આવી હતી, જેથી કરીને, જે સત્તાધિકારી દ્વારા સમિતિની અને નિર્દિષ્ટ મંડળીઓ સિવાયની મંડળીઓના હોદ્દેદારોની ચૂંટણી યોજવામાં આવશે તે સત્તાધિકારીને જાહેર કરવાની રાજય

INDEX

સરકારને સત્તા મળી શકે તેમજ સત્તાધિકારી દ્વારા જે રીતે, સમિતિની અને નિર્દિષ્ટ મંડળીઓ સિવાયની મંડળીઓના હોદ્દેદારોની ચૂંટણી યોજવામાં આવશે તે રીત ઠરાવવાની પણ રાજય સરકારને સત્તા મળી શકે.

હવે, સદરહુ કલમ ૭૪-ગગ મુજબ, કોઈ ચૂંટણી સત્તાધિકારી દ્વારા ચૂંટણી યોજવામાં આવે, તો સહકારી મંડળીઓના તમામ કર્મચારીઓને રોકવાનું જરૂરી રહેશે અને જેના લીધે, મંડળીના નિયમિત કામકાજને થઈ શકે છે. વધુમાં, ચૂંટણી સત્તાધિકારી નિયત સમયમાં તમામ કાર્યરીતિ પૂરી કરવા અસમર્થ બને, તો કસ્ટોડિયનની નિમણૂક કરવાનું જરૂરી રહેશે. એ પણ દર્શાવવામાં આવ્યું છે કે સિંચાઈ, શ્રમ, વનસ્પતિ વગેરેના ક્ષેત્રમાંથી જુદી જુદી સહકારી મંડળીઓના સભ્યો, મંડળીના ખૂબ જ નિમ્ન વર્ગના છે અને તેઓ ચૂંટણી ખર્ચનો બોજો સહન કરી શકશે નહિ.

સંવિધાન (સતાણુંમા સુધારા) અધિનિયમ, ૨૦૧૧, જેનાથી અનુચ્છેદ ૨૪૩-વઝ થી ૨૪૩-વબ ધરાવતાં ભાગ ૯-ખ દાખલ કરવામાં આવ્યો છે, જેને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રિટપિટિશન (પીઆઈએલ) નં. ૨૦૧૨ના ૧૬૬-માં, રાજય વિધાન મંડળોની બહુમતી દ્વારા મંજૂરી માટે જોગવાઈ કરતા સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ (૨)નો આધાર ન લેવા માટે સત્તા બહારનો પણ જાહેર કરવામાં આવ્યો છે. તેમ છતાં, ગુજરાત હાઈકોર્ટના સદરહુ હુકમને પડકારતી સ્પેશિયલ લીવ પિટિશન ૨૦૧૩ની નં. ૨૫૨૬૬ અને ૨૫૨૬૭ નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ પડતર છે.

ઉપરના તમામ પાસાની વિચારણા કરીને અને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સદરહુ સંવૈધાનિક સુધારાના ભાગ ૯-ખની જોગવાઈઓને સત્તાબહારની જાહેર કરવામાં આવી હોવાથી, સદરહુ અધિનિયમની કલમ ૭૪-ગગ કમી કરવાનું જરૂરી બને છે. સદરહુ અધિનિયમમાં જરૂરી સુધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમ, ૨૦૧૭ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઓ.પી.કોહલી,

ગુજરાતના રાજયપાલ.

તારીખ : ૧લી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડૉ. એસ.મુરલીકિશ્રા,

સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 178

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, JULY 3, 2017/ASADHA 12, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુલાઇ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ-ના તારીખ : ૨૦મી મે ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૧૬/૩૯/એમવીડી/૧૦૨૦૧૫/ ૨૩૯૪ /ખ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Bombay Motor Vehicles Tax Rules, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ ૨૦મી મે, ૨૦૧૬.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંકઃ પીટી / ૨૦૧૬ / ૩૯ / એમવીડી / ૧૦૨૦૧૫ / ૨૩૯૪ / ખઃ-ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮(સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ સાથે વાંચતા, કલમ ૧૨ખના પરંતુક હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૩ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યારપછી નિયમોનો સદરહુ મુસદ્દો ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અગ્રસચિવ (વાહનવ્યવહાર), બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને કોઈ વાંધો અથવા સૂચન મળશે તેને સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંકઃ પીટી / ૨૦૧૬ / ૩૯ / એમવીડી / ૧૦૨૦૧૫ / ૨૩૯૪ / ખઃ-ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮(સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, કલમ ૧૨ખના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો મુંબઈ મોટર વાહન વેરા(ગુજરાત સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, નિયમ ૧૮ પછી, નીચેનો નિયમ દાખલ કરવોઃ-

"૧૮ક. હરાજીની રીત.-

(૧) મોટર વાહન વિભાગના અધિકારીએ, જે વાહન માટે આ અધિનિયમ હેઠળ લેણાં નીકળતા વેરા, દંડ, વ્યાજની રકમ ભરવામાં ન આવી હોય તે વાહનની, અધિનિયમની કલમ ૧૨ખ હેઠળ પોતે કરેલી અટકાયતના સંબંધમાં, પોતે જેની હકૂમત હેઠળ કામ કરતા હોય તે કરવેરા સત્તાધિકારીને તાત્કાલિક લેખિતમાં રિપોર્ટ કરવો જોઈશે.

(૨) જેની હકૂમતમાં વાહનની અટકાયત કરવામાં આવી હોય તે કરવેરા સત્તાધિકારી, મૂળ કરવેરા સત્તાધિકારી ન હોય, તો તેણે, વાહનની અટકાયત અંગે મૂળ કરવેરા સત્તાધિકારીને તાત્કાલિક જાણ કરવી જોઈશે. મૂળ કરવેરા સત્તાધિકારીએ, જેની હકૂમતમાં વાહનની અટકાયત કરવામાં આવી હોય તે કરવેરા સત્તાધિકારીને, આવી રીતે રિપોર્ટ કર્યાની તારીખથી ત્રણ (૩) દિવસની અંદર, લેણાં નીકળતા વેરા, દંડ અને વ્યાજની તથા અનિર્ણિત ગુના અંગેની વિગતો જણાવવી જોઈશે.

સ્પષ્ટીકરણઃ- આ નિયમોના હેતુ માટે, "મૂળ કરવેરા સત્તાધિકારી" એટલે જેની હકૂમતમાં, અટકાયત થયેલા વાહનની નોંધણી કરવામાં આવી હોય અથવા છેલ્લું ફેરફાર થયેલું સરનામું મળી આવતું હોય તે સત્તાધિકારી.

INDEX

(૩) જેની હકૂમતમાં વાહનની અટકાયત કરવામાં આવી હોય તે કરવેરા સત્તાધિકારીએ, અટકાયતનો રિપોર્ટ મળ્યાની અથવા યથાપ્રસંગ, મૂળ કરવેરા સત્તાધિકારી પાસેથી વેરા, દંડ અને વ્યાજની તથા અનિર્ણિત ગુના અંગેની વિગતો મળ્યાની તારીખથી સાત (૭) દિવસની અંદર, રજિસ્ટર થયેલા માલિકને અથવા વાહનનો કબજો અથવા નિયંત્રણ ધરાવનાર વ્યક્તિને, વેરા, દંડ અને વ્યાજની બાકી (રકમ)ની વસૂલાત માટેની માગણા નોટિસ મોકલવી જોઈશે અને નોટિસ મળ્યાની તારીખથી પંદર (૧૫) દિવસની અંદર વેરાની બાકી (રકમ) ચૂકવવા માટે અથવા વેરા, દંડ અને વ્યાજની બાકી (રકમ)ની વસૂલાત માટે શા માટે અટકાયતમાં રાખેલ વાહનને રાજ્ય સરકારમાં સરકાર-દાખલ ન કરવું તે માટેના કારણો દર્શાવવા જણાવવું જોઈશે. નોટિસની ડિલિવરી યોગ્ય રીતે કરવામાં આવેલ છે તે બાબત સુનિશ્ચિત કરવા માટે, નોટિસ રજિસ્ટર ટપાલ એડી (આરપીએડી)થી અથવા સીધી સેવા (બજવણી)થી મોકલવી જોઈશે.

(૪) નોટિસ સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવેલ છે તેવી નોંધ (તેવા શેરા) સાથે નોટિસ અનડિલિવર્ડ રહે, ત્યારે તેની ડિલિવરી કરી દેવામાં આવી હોવાનું ગણાશે. 'ઘર ખાલી કરી ગયેલ છે' તેવી નોંધ (તેવા શેરા) સાથે નોટિસ પરત આવે અથવા એવું જણાય કે રજિસ્ટર થયેલા માલિક અથવા વાહનનો કબજો અથવા નિયંત્રણ ધરાવનાર વ્યક્તિના સરનામામાં ફેરફાર થયેલ છે અને તે (સરનામું) કચેરીની જાણમાં નથી તેવા કિસ્સામાં, તે નોટિસ, માહિતી અને પ્રસારણ વિભાગ મારફત સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવી જોઈશે.

(૫) ઉપલભ્ય રેકર્ડની ખરાઈ કર્યેથી, એવું જણાય કે વાહન હપતા-ખરીદી અથવા પટા-કરાર હેઠળ ખરીદવામાં આવેલ હતું અને તે કરાર સમાપ્ત થયેલ નથી, તો કરવેરા સત્તાધિકારી, ઉપર જણાવેલ નોટિસની એક નકલ ફાઈનાન્સરને (નાણાં પૂરા પાડનારને) મોકલી શકશે અને તેમાં જણાવી શકશે કે રજિસ્ટર થયેલા માલિક અથવા વાહનનો કબજો અથવા નિયંત્રણ ધરાવનાર વ્યક્તિ દ્વારા ચૂકવવાપાત્ર મોટર વાહન વેરો, અધિનિયમની કલમ ૧૨-ગ મુજબ વાહન પરનો પ્રથમ બોજો ગણાશે અને મોટર વાહન વેરા, દંડ અને વ્યાજની વસૂલાત પછી, બાકી રહેતી વધારાની રકમ, હોય તો, તે, લોનની બાકી રકમ અંગેની અધિકૃત સાબિતી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના રિપોર્ટ (રજૂ કરવા)ને અધીન રહીને, ફાઈનાન્સરને ચૂકવી શકાશે.

(૬) નોટિસ મળ્યા પછી, રજિસ્ટર થયેલા માલિક અથવા વાહનનો કબજો અથવા નિયંત્રણ ધરાવનાર વ્યક્તિ, કરવેરા સત્તાધિકારીને પોતાની રજૂઆત કરી શકશે. કરવેરા સત્તાધિકારીએ, સદરહુ રજૂઆતને વિચારણામાં લીધા પછી અને લેણી નીકળતી વેરા, દંડ અને વ્યાજની (રકમની) વસૂલાત માટે વાહનની હરાજી કરવી જરૂરી છે તે બાબતની પોતે ખાતરી કરીને, વાહનને સરકારમાં, સરકાર-દાખલ કરવા માટેનો અને વાહનની હરાજી કરવા અંગેનો હુકમ કરવો જોઈશે અને તેમાં (તે હુકમમાં) લેણી નીકળતી વેરા, વ્યાજ અને દંડની મુખ્ય રકમ દર્શાવવી જોઈશે. રજૂઆત કરવામાં ન આવી હોય, તો તેવા કિસ્સામાં, કરવેરા સત્તાધિકારી, આવો હુકમ એક-તરફી કરી શકશે.

(૭) મોટર વાહન ઉપયોગ માટે અયોગ્ય હોય અથવા ભંગારની (નકામી) હાલતમાં પડ્યું હોય, ત્યારે કરવેરા સત્તાધિકારીએ, આવા વાહનનું રજિસ્ટ્રેશન રદ કરવું જોઈશે. કરવેરા સત્તાધિકારી, આવા રજિસ્ટ્રેશન નંબરને રદ કર્યા પછી, આવા વાહનના એન્જિન અને ચેસીસ નંબરનો નાશ પણ કરી શકશે.

(૮) કરવેરા સત્તાધિકારી, વાહનને સરકાર-દાખલ કરવા માટેના અને તેની હરાજી કરવા અંગેના હુકમની તારીખથી ૧૫ દિવસની અંદર, નીચેની સમિતિ મારફત, વાહનની પહેલી બોલીની કિંમત નક્કી કરી શકશે:-

(ક) મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી અથવા સિનિયર મોટર વાહન નિરીક્ષક;

(ખ) મોટર વાહન નિરીક્ષક અથવા મદદનીશ મોટર વાહન નિરીક્ષક; અને

(ગ) મોટર વાહન વેરાની વસૂલાત કરવા માટે નીમાયેલા સ્થાનિક અધિકારી / વસૂલાત નાયબ મામલતદાર / વર્તુળ અધિકારી અને આવા વસૂલાત અધિકારી અથવા સ્થાનિક વસૂલાત અધિકારી / નાયબ મામલતદાર અથવા વર્તુળ અધિકારીની ગેરહાજરીમાં, કલેક્ટર કચેરી અથવા એસ.ડી.એમ. કચેરીના સ્થાનિક નાયબ મામલતદાર અથવા મામલતદાર:

પરંતુ સમિતિની ભલામણ ઉપરથી કરવેરા સત્તાધિકારીએ રચેલી પેનલ દ્વારા વાહનની પહેલી બોલીની કિંમત નક્કી કરવા માટે, સરકારે મંજર કરેલો વાહનનો રિપોર્ટ, સર્વેયર (મોજણીદાર) અથવા વેલ્યૂર (મૂલ્ય-

નિર્ધારક) પાસેથી મેળવવો કે કેમ એ સમિતિની મુનસફી અનુસાર રહેશે. કરવેરા સત્તાધિકારી, આવા રિપોર્ટ માટે યોગ્ય ફી ચૂકવી શકશે:

વધુમાં સમિતિની ભલામણ ઉપરથી, કરવેરા સત્તાધિકારી, તરત જ, તેમના (વાહન સર્વેયર (મોજણીદાર) અથવા વેલ્યુર (મૂલ્ય-નિર્ધારક)ના) બાયોડેટા અને ફી મંગાવતી જાહેરાત સ્થાનિક વર્તમાનપત્રમાં આપીને, સરકારે મંજૂર કરેલા ઓછામાં ઓછા બે વાહન સર્વેયર (મોજણીદાર) અથવા વેલ્યુર (મૂલ્ય-નિર્ધારક)ની પેનલ બનાવી શકશે. સમિતિએ, સરકારે મંજૂર કરેલા વાહન સર્વેયર (મોજણીદાર) અથવા વેલ્યુર (મૂલ્ય-નિર્ધારક)ની પસંદગી સ્પર્ધાત્મક દરે (ધોરણે) કરવી જોઈશે. વીમા કંપનીનું પેનલ તરીકેનું નામ પણ એક તૈયાર સંદર્ભ તરીકે ગણતરીમાં લઈ શકાશે.

(૯) કરવેરા સત્તાધિકારીએ, વાહન ઉપયોગ કરી શકાય તેવી હાલતમાં છે કે ભંગારની (નકામી) હાલતમાં છે તેને આધારે સમિતિએ મેળવેલી પહેલી બોલીની કિંમત અનુસાર વાહનની જાહેર હરાજી માટે, માહિતી અને પ્રસારણ વિભાગ મારફત, બહોળી પ્રસિદ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવી જોઈશે. જાહેર નોટિસમાં નીચેના ત્રણ તબક્કા પ્રસિદ્ધ કરવા જોઈશે:

તબક્કા	તારીખ અને સમય
હરાજીપાત્ર વાહનનું નિરીક્ષણ	જાહેરાતની પ્રસિદ્ધિની તારીખથી સાત દિવસની અંદર, કચેરીના કામકાજના સમય દરમિયાન, કરવેરા સત્તાધિકારીએ નિયત કરેલ સમયે.
સીલબંધ પરબીડિયામાં બોલી રજૂ કરવી	જાહેરાતની પ્રસિદ્ધિની તારીખથી આઠમા દિવસે સાંજના ૫.૦૦ વાગ્યા સુધી. એ દિવસ રાજ્ય સરકારે જાહેર કરેલો જાહેર રજાનો દિવસ હોય, તો ત્યાર પછીના કામકાજના દિવસથી.
બોલી ખોલવા બાબત	બોલી રજૂ કર્યાના તરત પછીના દિવસે, કરવેરા સત્તાધિકારીએ નિયત કરેલા સમયે. એ દિવસ રાજ્ય સરકારે જાહેર કરેલો જાહેર રજાનો દિવસ હોય, તો ત્યાર પછીના કામકાજના દિવસથી.
સફળ રહેલ ખરીદનારને વાહનના વેચાણ માટે હુકમ કાઢી આપવો	શક્ય હોય ત્યાં સુધી, બોલી ખુલ્યાની તારીખથી ત્રણ દિવસની અંદર.
કિંમતની ચુકવણી (બોલીની રકમ)	હરાજીમાં સફળ રહેલા ખરીદનારને વાહનનું વેચાણ કરવા માટે આપેલો હુકમ મળ્યાની તારીખથી ત્રણ દિવસની અંદર.

સ્પષ્ટીકરણ.– સમયની ગણતરી માટે, હરાજીની જાહેર નોટિસની પ્રસિદ્ધિની તારીખનો સમાવેશ કરેલ છે.

(૧૦) ઉપર ગમે તે મજકૂર હોય તેમ છતાં, વાહનવ્યવહાર કમિશનર, કોઈપણ માહિતીલક્ષી ટેકનોલોજીનો ઉપયોગ કરીને હરાજી કરવાની રીત અંગે કરવેરા સત્તાધિકારીને અથવા કરવેરા સત્તાધિકારીઓને, વખતોવખત સૂચનો આપશે.

(૧૧) હરાજીમાં ભાગ લેવાનો ઈરાદો ધરાવતી વ્યક્તિએ, પાન (PAN) કાર્ડની સ્વયં પ્રમાણિત નકલ, સરનામાનો પુરાવો, આધાર (કાર્ડ), મતદાર ઓળખપત્ર અને પેશગી અનામતના ડિમાન્ડ ડ્રાફ્ટ સહિતનો પ્રસ્તાવ, જાહેર નોટિસમાં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયે સીલ કરેલા પરબીડિયામાં રજૂ કરવો જોઈશે. પેશગી અનામત, નક્કી કરેલી ઓછામાં ઓછી કિંમતના ૧૦ ટકા અથવા રૂા.૫,૦૦૦/-, બેમાંથી જે વધુ હોય, તેટલી હોવી જોઈશે. સીલ કરેલું પરબીડિયું, બિન-રિફંડપાત્ર ફી રૂા.૫૦૦/- ના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે રજૂ કરવું જોઈશે.

(૧૨) કરવેરા સત્તાધિકારી, વાહનવ્યવહાર કમિશનરના સૂચનો મુજબ, આવા સીલ કરેલા પરબીડિયાની રજિસ્ટરમાં વખતોવખત નોંધ કરી શકશે. વાહનવ્યવહાર કમિશનર, વખતોવખત, સીલ કરેલા પરબીડિયામાં જણાવવાની જરૂરી વિગતોના સંબંધમાં તમામ કરવેરા સત્તાધિકારીઓને સૂચનો આપી શકશે.

(૧૩) મેળવેલ સીલ કરેલું પરબીડિયું, કરવેરા સત્તાધિકારી, સમિતિ અને હરાજીમાં તમામ બોલી બોલનારાની સામે ખોલવું જોઈશે. કોઈ બોલી બોલનાર હાજર ન રહે, તો હરાજીમાં લેવાયેલ નિર્ણય તેને બંધનકર્તા રહેશે.

(૧૪) સીલ કરેલું પરબીડિયું ખોલ્યા પછી, તમામ બોલી બોલનારામાંથી જેણે નક્કી કરેલી ઓછામાં ઓછી કિંમત કરતાં સૌથી વધુ કિંમતનો પ્રસ્તાવ મૂકેલ હોય, તેવી વ્યક્તિને સફળ ખરીદદાર તરીકે જાહેર કરવી જોઈશે. કરવેરા સત્તાધિકારીએ, હરાજીથી સફળ ખરીદદારને વાહન વેચવા અંગેનો હુકમ કરવો જોઈશે. પેશગી અનામતનો ડિમાન્ડ ડ્રાફ્ટ, તમામ અસફળ રહેલ હરાજીમાં બોલી બોલનારાને પરત કરવો જોઈશે.

(૧૫) સફળ ખરીદદાર, આપવા કહેલી (ઓફર કરેલી) રકમ, હરાજી દ્વારા વાહનના વેચાણનો હુકમ મળ્યાથી ત્રણ દિવસની અંદર, ડિમાન્ડ ડ્રાફ્ટથી ચૂકવવાને પાત્ર રહેશે, જેનો પહેલા વેરાની મુદ્લની રકમ સાથે મેળ બેસાડી શકાશે અને ત્યાર પછી તદ્નુસાર તેનો શિક્ષા અને વ્યાજની રકમ સાથે મેળ બેસાડી શકાશેઃ

પરંતુ સફળ બોલી બોલનાર, તેટલા સમયની અંદર આપવા કહેલી (ઓફર કરેલી) રકમ ચૂકવવામાં નિષ્ફળ રહે, તો તેની પેશગી અનામત જપ્ત કરવી જોઈશે અને સરકારી તિજોરીમાં જમા કરવી જોઈશે.

(૧૬) સીલ કરેલ પરબીડિયું ખોલ્યા પછી, એક સરખી કિંમતવાળી બે અથવા તેથી (બે કરતાં) વધારે બોલી બોલવામાં આવેલ હોય, તો કરવેરા સત્તાધિકારીએ, આવા બોલી બોલનારાને, તાત્કાલિક નવા પ્રસ્તાવ રજૂ કરવાની તક પૂરી પાડવી જોઈશે.

(૧૭) નક્કી કરેલી ઓછામાં ઓછી કિંમત કરતાં ટાંકેલ કિંમત ઓછી છે તેમ જણાય, તો તે કિસ્સામાં, બોલી રદ થવાને પાત્ર રહેશે. હરાજીમાં ભાગ લેનાર તમામ ઉમેદવારો (વ્યકિતઓ)ની બોલીમાં ટાંકેલ કિંમત, નક્કી કરેલી ઓછામાં ઓછી કિંમત કરતાં ઓછી હોય, તો હરાજી રદ કરવી જોઈશે અને પેશગી અનામતનો ડિમાન્ડ ડ્રાફ્ટ, હરાજીમાં તમામ બોલી બોલનારાને પરત કરવો જોઈશે તથા કરવેરા સત્તાધિકારીએ નવી હરાજીના પ્રકિયા ઉપર જણાવેલી રીતે હાથ ધરવી જોઈશે.

(૧૮) કરવેરા સત્તાધિકારી, સફળ ખરીદદારને ૭(સાત) દિવસની અંદર વાહનનો કબજો લેવા માટેની જાણ કરી શકશે. સફળ બોલી બોલનારને વાહનનો કબજો, વાહન ક્યા સ્થળે છે તેને આધારે સોંપવો જોઈશે. સફળ બોલી બોલનારે વાહન સ્વખર્ચે લઈ જવાનું રહેશે.

(૧૯) કરવેરા સત્તાધિકારી, મોટર વાહનની સોંપણી વખતે, મોટર વાહન રસ્તા ઉપર ચાલી શકે તેવી સારી સ્થિતિમાં હોય, તો ખરીદદારના નામે વાહન તબદીલ કરવું જોઈશે.

(૨૦) તમામ લાગુ પડતા વેરા, શુલ્ક અથવા વાહનની ડિલિવરી લીધાની તારીખ પછી લાગુ પડતા બીજા કોઈ કર-ને લગતી હરાજીથી કબજો લીધા પછી ઉભી થતી તમામ કાયદાકીય જવાબદારી માટે, ખરીદદાર જવાબદાર રહેશે.

(૨૧) સફળ ખરીદદારની હરાજીની જે કિંમત હોય, તે વેરા, શિક્ષાના વ્યાજ કરતાં વધુ હોય, ત્યારે કરવેરા સત્તાધિકારી, રજિસ્ટર થયેલા માલિકને અથવા વાહનનો કબજો અથવા નિયંત્રણ ધરાવતી હોય તેવી વ્યકિતને રજિસ્ટર્ડ (રસીદી)ટપાલ એડી (RPAD) થી આવી વધારાની રકમ મેળવવાની તક આપી શકશેઃ

પરંતુ આવી વધારાની રકમ માટે જાણ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર, દાવો કરવામાં ન આવે, તો આવી રકમ, સરકારી તિજોરીમાં જમા કરાવવી જોઈશે અને કોઈપણ વ્યકિતનો તે રકમ ઉપર કોઈ હક રહેશે નહિઃ

વધુમાં, વાહનને નાણા ધીરધાર કરનાર સાથે સાનગીરો કરાર અથવા પટા કરાર હેઠળ રજિસ્ટર કરવામાં આવેલ હોય અને હરાજી પછી તેમ જણાય કે સફળ ખરીદદારે ચૂકવેલી રકમ વેરો, દંડ અને વ્યાજની પાછલી બાકી રકમની રકમ કરતાં વધારે છે, તો કરવેરા સત્તાધિકારી, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૧૨-ગ અનુસાર, આવો પત્ર મળ્યાની તારીખથી ૩૦ દિવસની મુદતની અંદર, આવશ્યક પુરાવો રજૂ કર્યા પછી આવી વધારાની રકમ મેળવી લેવા અંગેની જાણ કરી શકશે. કરવેરા સત્તાધિકારીએ, આવી રકમ મેળવવા માટે કોઈ નાણા ધીરધાર કરનાર આવે નહિ, તો તે રકમ સરકારી તિજોરીમાં જમા કરવી જોઈશે અને તે રકમ ઉપર કોઈ વ્યકિતનો હક રહેશે નહિ.

વળી, કરવેરા સત્તાધિકારી, આવી રકમ નાણા ધીરધાર કરનારને મોકલતા પહેલા, રજિસ્ટર થયેલા માલિક અથવા વાહનનો કબજો ધરાવનાર અથવા તેના ઉપર નિયંત્રણ ધરાવનાર વ્યક્તિને સુનાવણીની તક આપી શકશે.

(૨૨) બીજી વાર કરવામાં આવેલ હરાજીમાં કોઇ વ્યક્તિ ભાગ લેવા આવે નહિ, તો કરવેરા સત્તાધિકારીએ, વાહનવ્યવહાર કમિશનરને રિપોર્ટ મોકલવો જોઇશે અને તેઓ વાહનના નિકાલ માટે પોતાને યોગ્ય જણાય તેવી રીતે યોગ્ય નિર્ણય લઇ શકશે.

(૨૩) હરાજીની પ્રક્રિયા પહેલા અથવા તે દરમિયાન, કરવેરા સત્તાધિકારીને એવું માનવાને કારણ હોય કે હરાજીમાં ભાગ લેનારા ઉમેદવારો (વ્યક્તિઓ), જાહેર હિતમાં ઉત્પાદકોના મંડળમાં અથવા વ્યવસાયસંઘમાં અથવા બીજા કોઇ વહીવટી કારણસર પ્રવૃત્ત છે, તો કરવેરા સત્તાધિકારીને, કોઇપણ કારણ દર્શાવ્યા વગર કોઇપણ તબક્કે હરાજી રદ કરવાની સત્તા રહેશે. હરાજી રદ કર્યાનો હુકમ, કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવો જોઇશે. કરવેરા સત્તાધિકારીએ, હરાજી રદ કરવાના કારણોની વાહનવ્યવહાર કમિશનરને જાણ કરવી જોઇશે અને બોલી, જો કોઇ મળે, તો હરાજી રદ થયા પછી અરજદારને તે પરત કરવી જોઇશે.

(૨૪) હરાજી થયા પછી, તેમ જણાય કે બાકી વેરો, દંડ અને વ્યાજ પૂરેપુરું વસૂલાત કરવામાં આવ્યું ન હોય, તો કરવેરા સત્તાધિકારીને, ગુજરાત મોટર વાહન અધિનિયમ, ૧૯૫૮ ની જોગવાઇઓ અનુસાર, આવી રકમ વસૂલ કરવાનો હક રહેશે.

(૨૫) કરવેરા સત્તાધિકારીને, કોઇપણ કારણ દર્શાવ્યા વગર કોઇ તબક્કે હરાજી રદ કરવાનો હક રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. આર. સોની,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 179

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, JULY 3, 2017/ASADHA 12, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧લી જુલાઈ,૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગના** તારીખ: **૯મી નવેમ્બર, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા ક્રમાંક: **જીએસ/૨૦૧૬/૬૧/ટીએલએમ/ ૧૧૨૦૧૪/૧૫૧૮/એલ.**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

The Probationary officers of the Gujarat Education Service (Administrative Branch), Class I and Class II (Pre-service Training and Examination) Rules, 2016.

ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ–૧, અને વર્ગ–૨–ના અજમાયશી (પ્રોબેશનરિ) અધિકારીઓ (પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૦૯/૧૧/૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીએસ/૨૦૧૬/૬૧/ટીએલએમ/૧૧૨૦૧૪/૧૫૧૮/એલ:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને,ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ ૧, અને ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ ૨–ની જગા પર સુધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તે જ્યાં સુધી તેમની સંસ્થાકીય તાલીમ અને પૂર્વ–સેવા પરીક્ષા પાસ કરવાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટે, જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત.–

(૧) ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા),વર્ગ–૧, અને વર્ગ–૨–ના અજમાયશી (પ્રોબેશનરિ) અધિકારીઓ (પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) આ નિયમોના હેતુ માટે, ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ ૧, અને ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ ૨, પરિશિષ્ટ–૧–માં સમાવિષ્ટ જગાઓની બનશે. નીચલી જગા પરથી બઢતીથી હોય તે સિવાય, ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ ૧ અને ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ ૨–માં અજમાયશી અધિકારીઓ તરીકે સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.–

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો–

(૧) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(૨) ''બોર્ડ'' એટલે રાજ્ય પરીક્ષા બોર્ડ;

(૩) "નિયામક"એટલે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઈઆરટી)ના નિયામક;

(૪) "સીધી ભરતીથી નિમાયેલા અજમાયશી અધિકારી"એટલે ગુજરાત જાહેર સેવા આયોગની ભલામણના આધારે ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ–૧ અથવા યથાપ્રસંગ, ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ–૨ હેઠળની જગાઓ પૈકીની કોઈપણ જગામાં અજમાયશી અધિકારી તરીકે નિમણૂક પામેલી વ્યક્તિ;

(૫) "સંસ્થા (ઇન્સ્ટિટ્યૂટ)" એટલે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઈઆરટી);

(૬) "સંસ્થાકીય તાલીમ" એટલે સીધી ભરતીથી નિમાયેલા અજમાયશી અધિકારીઓને સંસ્થા દ્વારા આપવામાં આવતી તાલીમ;

(૭) "પૂર્વ–સેવા તાલીમ"એટલે જેના માટે પસંદગી પામેલા હોય તે જગાઓ પર નિમણૂક માટે પૂર્વ–શરત તરીકે, પરિશિષ્ટ ૪–માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સીધી ભરતીથી નિમાયેલા અજમાયશી અધિકારીઓ માટે ઠરાવવામાં આવેલી પરીક્ષા;

૩. સીધી ભરતીથી નિમાયેલા અજમાયશી અધિકારીએ, સંસ્થામાં સંસ્થાકીય તાલીમ લેવાની રહેશે. સંસ્થાકીય તાલીમ અને અભ્યાસક્રમ વગેરેની વિગતો, નીચે મુજબની રહેશે:–

(૧) સંસ્થાકીય તાલીમ,પાંચ અઠવાડિયાની મુદત સુધીની રહેશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલા અજમાયશી અધિકારી, તેમની સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન નિયામક,જીસીઈઆરટી–ના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) સંસ્થાકીય તાલીમ દરમિયાન, સીધી ભરતીથી નિમાયેલા અજમાયશી અધિકારીને, શિક્ષણ વિભાગને લગતા વિષયો, યોજનાઓ, પરિયોજનાઓ (પ્રોજેક્ટ) વગેરેના વિવિધ પાસાં અંગે માહિતગાર જોઈશે.

(૪) (ક) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ ૨ પ્રમાણેનો રહેશે.

(ખ) સંસ્થાકીય તાલીમ કાર્યક્રમમાં વ્યાખ્યાનનો સમાવેશ થશે. સંસ્થાકીય તાલીમ માટેનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ ૨–માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો હોવો જોઈશે.

(ગ) સીધી ભરતીથી નિમાયેલા અજમાયશી અધિકારીઓને રાજ્ય સરકારનું માળખું, તેની બહુવિધ કામગીરીઓ, જવાબદારીઓ, ફરજો અને વિવિધ સ્તરે સોંપવામાં આવતી સત્તા વગેરેથી પરિચિત કરવાના ઉદ્દેશથી અભ્યાસક્રમમાં આ વિષયોનો સમાવેશ કરવામાં આવે છે.

૪. સંસ્થાગત તાલીમના અંતે, સીધી ભરતીથી નિમાયેલા અજમાયશી અધિકારીઓએ પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે, જેમાં બહુવિધ પસંદગી પ્રશ્નપત્રો(મલ્ટિપલ ચોઈસ ક્વેશ્ચન)નો સમાવેશ થશે. પ્રશ્નપત્રોની વિગતો, પરિશિષ્ટ–૪–માં નિર્દિષ્ટ કરવામાં આવી છે તે મુજબની રહેશે. પૂર્વ–સેવા પરીક્ષા, બોર્ડ દ્વારા યોજવામાં આવશે.

૫. (૧) (ક) ત્રણથી વધારે નહિ તેટલી તકો, નિર્દિષ્ટ મુદતમાં પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓને, જે, સામાન્ય છેલ્લી તક લીધી હોય તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવી જોઈશે, તેવી એક વધારાની તક આપવામાં આવશે.

(ખ) પરીક્ષામાં ઉપસ્થિત નહિ થવાની બાબત,એક તક તરીકે ગણાશે.

(ગ) પૂર્વ–સેવા તાલીમ પરીક્ષા ગુજરાતી માધ્યમમાં યોજાશે.

(૨) સીધી ભરતીના અજમાયશી અધિકારી આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય, તો તેની સેવા સમાપ્ત કરવામાં આવશે:

પરંતુ આવા કિસ્સામાં, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તે વ્યક્તિ પોતાના કાબૂ બહારના કારણોસર છેલ્લી તકની અંદર પરીક્ષા પાસ કરી શકી નથી, તો રાજ્ય સરકાર, કારણોની લેખિતમાં નોંધ કર્યા પછી, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી પરીક્ષા ફી ભર્યે, તેને આવી પરીક્ષામાં બેસવા માટે બે કરતા વધુ નહિ તેટલી વધારાની તકો આપી શકશે.

૬. (૧) પરીક્ષા પાસ કરવાનું ધોરણ દરેક પ્રશ્નપત્રને આપેલા કુલ ગુણના પચાસ ટકાનું રહેશે. પરિશિષ્ટ–૪માં જણાવ્યા પ્રમાણે વિષયવસ્તુના પ્રશ્નપત્રોના જવાબો, પુસ્તકો સાથે અથવા પુસ્તકો સિવાય આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ.– પુસ્તકો સાથે એટલે, કોઇપણ વિવરણ (ટીપ્પણી) અથવા કેસ લો (પૂર્વ–કાયદાઓ) સિવાયનું મૂળ (ફક્ત) અધિનિયમ અને/અથવા નિયમો ધરાવતું વિષયનું અસલ (મૂળ) પુસ્તક અને તેમાં ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમ–સંગ્રહોનો અને સંસ્થાએ પૂરી પાડેલ અભ્યાસ–સામગ્રીનો સમાવેશ થશે.

(૨) નાપાસ (અસફળ) થયેલા જે ઉમેદવારે કોઇ એક કે તેથી વધુ પશ્નપત્રોમાં સાઠ ટકા કે તેથી વધુ ગુણ મેળવે તેને, ત્યાર પછીની પરીક્ષામાં તે પશ્નપત્રોમાં બેસવામાંથી સરકાર વખતોવખત નિર્દિષ્ટ કરે તેટલી ફી ભર્યે, મુકિત આપવામાં આવશે.

૭. સંસ્થાગત તાલીમની મુદત અને પૂર્વ–સેવા પરીક્ષાના અંતે, નિયામક, પૂર્વ–સેવા પરીક્ષાના પરિણામની સાથે સીધી ભરતીથી નીમાયેલા અજમાયશી અધિકારીઓના સંબંધમાં અહેવાલ સરકારને રજૂ કરશે. સરકાર, બીજી બાબતોની સાથે, સીધી ભરતીથી નીમાયેલા અજમાયશી અધિકારીએ તેનો અજમાયશી સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ કરેલ છે કે કેમ, અથવા સીધી ભરતીથી નિમાયેલા અજમાયશી અધિકારીનો અજમાયશી સમયગાળો લંબાવવો જરૂરી છે કે કેમ અથવા તેનો અજમાયશી સમય સમાપ્ત કરીને તેને સેવામાંથી છૂટો કરવોતે અંગે નિર્ણય લેતી વખતે, આ અહેવાલ અને પરીક્ષાના પરિણામને વિચારણામાં લેશે.

૮. રજા અને અન્ય બાબતના હેતુઓ માટે સીધી ભરતીથી નીમાયેલા અજમાયશી અધિકારીઓને ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ની જોગવાઇઓ લાગુ પડશે; અને તાલીમ વર્ગમાંની ગેરહાજરી, ફરજમાંથી ગેરહાજર ગણાશે.

૯. અભ્યાસક્રમમાં લઘુત્તમ પાત્ર હાજરી, તાલીમના વ્યાખ્યાનોના સામાન્ય રીતે પંચ્યાશી ટકા (૮૫%) રહેશે.

૧૦. સીધી ભરતીથી નીમાયેલા અજમાયશી અધિકારીઓ, સામાન્ય રીતે સંસ્થાગત તાલીમના વહીવટી હવાલામાં હોય તેવા અધિકારીની પૂર્વમંજૂરી સિવાય વર્ગમાંથી ગેરહાજર રહી શકશે નહિ.

૧૧. સંસ્થાએ, તેઓને જે વિભાગમાં ફાળવવામાં આવેલ છે તેની, ઠરાવેલ તાલીમાંત–પરીક્ષા પૂરી થાય કે તરત જ પુસ્તકો સંસ્થાને પરત કરવા જોઇશે અને તે ખોવાયાના કિસ્સામાં પુસ્તકની કિમત સંબંધિત સીધી ભરતીથી નીમાયેલા અજમાયશી અધિકારી પાસેથી વસૂલ કરીને સંબંધિત વિભાગ દ્વારા નિયામકને ચૂકવવી જોઇશે, એવી બાંયધરીને અધીન રહીને, સંસ્થાગત તાલીમ અને પરીક્ષાના અભ્યાસક્રમમાં નિયત કરેલ પ્રશિક્ષણ પુસ્તકો કોઇ જામીનગીરી અનામત લીધા વિના પૂરા પાડવા જોઇશે.

૧૨. નિયામક, પ્રવર્તમાન સંજોગો અનુસાર જ્યારે પણ જરૂરી જણાય ત્યારે, તાલીમની વ્યાપક યોજનામાં નિયત કરેલ કોઇપણ પ્રતિરોધ સિવાય, તાલીમ કાર્યક્રમમાં ઉચિત મેળ (ફેરફારો) કરી શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એમ.મિસણ,
સરકારના નાયબ સચિવ.

પરિશિષ્ટ ૧

(જુઓ નિયમ ૧(૩))

(૧) સિનિયર અધિક્ષક, ગુજરાત શિક્ષણ સેવા, (વહીવટી શાખા), વર્ગ ૨.

(૨) ગુજરાત શિક્ષણ સેવા, (વહીવટી શાખા), વર્ગ ૨, શાળાના આચાર્ય, શિક્ષણ અધિકારી/ઇન્સ્પેક્ટર અને સંલગ્ન જગાઓ.

(૩) ગુજરાત શિક્ષણ સેવા, (વહીવટી શાખા), વર્ગ ૧, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને સંલગ્ન જગાઓ.

INDEX

(૪) સંયુક્ત નિયામક, ગુજરાત શિક્ષણ સેવા, (વહીવટી શાખા), વર્ગ ૧.

(૫) નિયામક, ગુજરાત શિક્ષણ સેવા, (વહીવટી શાખા), વર્ગ ૧.

પરિશિષ્ટ–૨

(જુઓ નિયમ ૩(૪) (ક))

ખાતાકીય પરીક્ષા માટે નો અભ્યાસક્રમ

ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા) વર્ગ–૧ અને વર્ગ–૨

અનુક્રમાંક	પ્રશ્નપત્રનું નામ	અભ્યાસક્રમની વિગતો	સંદર્ભ સામગ્રીની ઉપલબ્ધતાની વિગતો
પ્રશ્નપત્ર–૧	અભ્યાસક્રમ માળખું અને સંશોધનની કાર્યપદ્ધતિ.	• રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬ (સન ૧૯૯૨ના સુધારા સાથે). • રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું–૨૦૦૫. • નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશન પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન (NUEPA), નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (NCTE), ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફએજ્યુકેશન(AICTE),નેશનલ કાઉન્સિલ ઓફએજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT),કાઉન્સિલ બોર્ડસઓફ સ્કૂલ એજ્યુકેશન (COBSE), નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન (NAAC). • સંશોધન (રિસર્ચ) કાર્યપદ્ધતિ (સંશોધન પેપર, સંશોધન અભ્યાસ, કેસ સ્ટડીઝ (કેસોનો અભ્યાસ), નવીનીકરણ (ઈનોવેશન) અને દસ્તાવેજીકરણ).	માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD), ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), સંસ્થાઓ ની વેબસાઇટ્સ અને વિકિપીડિયા વેબસાઈટ.
પ્રશ્નપત્ર–૨	વિવિધ શિક્ષણ યોજના (પરિચય, સૂચિતાર્થ અને અસર).	• રાષ્ટ્રીય કક્ષાએ અને રાજ્ય કક્ષાએ શિક્ષણ અંદાજપત્રમાં નાણાની ફાળવણી. • કેન્દ્ર પુરસ્કૃત યોજનાનો ઉદ્દેશ– સર્વ શિક્ષા અભિયાન (SSA), સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA), રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન(RUSA), નેશનલ ટેલેન્ટ સર્ચ એક્ઝામ (રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા) (NTS), નેશનલ મેરિટ કમ મીન સ્કોલરશિપ (NMMS).	• કેન્દ્રીય અંદાજપત્રનું પુસ્તકઅને માનવ સંસાધન મંત્રાલય (MHRD). • રાજ્ય અંદાજપત્રનું પુસ્તકઅને શિક્ષણ વિભાગ/ ભાગ. • માનવ સંસાધન વિકાસ મંત્રાલય(MHRD)– સંબંધિત સંસ્થાઓની વેબસાઈટ્સ, રાજ્ય– સંબંધિત સંસ્થાઓની વેબસાઈટ્સ

અનુક્રમાંક	પ્રશ્નપત્રનું નામ	અભ્યાસક્રમની વિગતો	સંદર્ભ સામગ્રીની ઉપલબ્ધતાની વિગતો
		● આયોજન પ્રક્રિયા,કેન્દ્ર પુરસ્કૃત યોજનાનું અમલીકરણ. ● રાજ્ય પુરસ્કૃત યોજનાના ઉદ્દેશો, સૂચિતાર્થ અને અસર(વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાદીપ માનનીય મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અને સંબંધિત બીજી શૈક્ષણિક યોજના).	● સર્વ શિક્ષા અભિયાન (SSA), સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA), રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA), નેશનલ ટેલેન્ટ સર્ચ એક્ઝામ(રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા) (NTS), નેશનલ મેરિટ કમ મીન સ્કોલરશિપ (NMMS) ●સંબંધિત વિભાગના તમામ વડા(HOD)
પ્રશ્નપત્ર– 3	● શૈક્ષણિક આંકડાકીય માહિતી,તે લાગુ પાડવા બાબત અને તેની અસર. ● કોર્ટ(કેસ)ને લગતી બાબતો	● એજ્યુકેશન મેનેજમેન્ટ ઈન્ફોરમેશન સિસ્ટમ (EMIS) શૈક્ષણિક સંચાલનને લગતી માહિતીની પદ્ધતિની સમજ, સૂચિતાર્થ અને અસર, યુ–ડી.આઈ.એસ.ઈ. (U-DISE)/ ડી.આઈ.એસ.ઈ. (DISE), ડી.આઈ.એસ.ઈ. (DISE) રિપોર્ટ, ડી.આઈ.એસ.ઈ (DISE) રિપોર્ટના સૂચકો અને પૃથકકરણ. ● મહત્વના શૈક્ષણિક નિર્દેશકો (જી.ઈ.આર, એન.ઈ.આર, ડ્રોપ આઉટ (અધવચ્ચેથી અભ્યાસ છોડી દેવો), જાતિ તફાવત (જેન્ડર ગેપ), જાતિ સમાનતા સૂચકાંક (જેન્ડર પેરિટી ઈન્ડેક્ષ) વગેરે. ● શૈક્ષણિક પછાત વિસ્તારો (EBB) વિસ્તારમાંના ધારણા, સૂચિતાર્થ અને અસર, કૌલગી (Kawulgi) સમિતિએ નિશ્ચિત કરેલા ખારાપાટ વિસ્તાર અને જંગલ વિસ્તારમાંના બ્લોક. ● કોર્ટ કેસના પ્રકારોની સમજૂતી, કાર્યરીતિ, પેરા મુજબની નોંધ (રિમાર્ક્સ) સોગંદનામું. ● કોર્ટના હુકમની સમજૂતી, કોર્ટ હુકમના અમલીકરણની કાર્યરીતિ, કોર્ટનો અનાદર, કોર્ટ નોટિસ.	● સર્વ શિક્ષા અભિયાન (SSA), સામાન્ય વહીવટ વિભાગ, સંબંધિત વિભાગના વડા (HOD'S), વેબસાઈટ સ્ત્રોત.

અનુક્રમાંક	પ્રશ્નપત્રનું નામ	અભ્યાસક્રમની વિગતો	સંદર્ભ સામગ્રીની ઉપલબ્ધતાની વિગતો
પ્રશ્નપત્ર– ૪	અધિનિયમ, નિયમો અને વિનિયમો	• ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ– ૧૯૪૭. • પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯. • બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ અને સુધારા. • બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨. • ગ્રાન્ટ ઈન એઈડ અધિનિયમ, ૧૯૬૪. • ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨. • ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨(સુધારા સાથે). • માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજોમાં વર્તમાન ગ્રાન્ટ ઈન એઈડ નીતિઓ અનેભરતી.	• સંબંધિત વિભાગોના તમામ વડા (HOD)
પ્રશ્નપત્ર– ૫	રાજ્ય શિક્ષણ સંગઠન	• શિક્ષણ વિભાગ અને વિવિધ શાખાઓનો પરિચય. • શિક્ષણ વિભાગ હેઠળ કામ કરતાં વિવિધ વિભાગના વડા(HOD)નો પરિચય. • શિક્ષણ વિભાગ હેઠળ કામ કરતી શાખા અને વિભાગના વડાનો પરિચય અને કાર્ય. • પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી. • શાળાઓના કમિશનરની કચેરી. • ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ. • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ કમિશનરની કચેરી. • ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી. • ટેક્નિકલ શિક્ષણ કમિશનરની કચેરી. • ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ. • સાક્ષરતા નિયામકની કચેરી.	શિક્ષણ વિભાગ સંબંધિત વિભાગોના તમામ વડા(HOD)

INDEX

અનુક્રમાંક	પ્રશ્નપત્રનું નામ	અભ્યાસક્રમની વિગતો	સંદર્ભ સામગ્રીની ઉપલબ્ધતાની વિગતો
		● રાજ્ય પરીક્ષા બોર્ડ. ● મધ્યાહન ભોજન કમિશનરની કચેરી. ● ગુજરાત શૈક્ષણિક સંસોધન અને તાલીમ પરિષદ (GCERT) નિયામકની કચેરી. ● માધ્યમિક શિક્ષક તાલીમ સંસ્થા (STTI) ● વિભાગના વડા (HOD's) ને સંબંધિત કોર્ટ કેસની સમજૂતી, પેરા મુજબની નોંધ, સોગંદનામું, કોર્ટના હુકમ, અને કોર્ટના હુકમની સમજૂતી અને કાર્યરીતિ, અપીલની કાર્યરીતિ.	

પરિશિષ્ટ–૩

(જુઓ નિયમ ૩(૪) (ખ))

અનુ ક્રમાંક	વિભાગના વડાનું નામ	તાલીમનો સમયગાળો
(૧)	● શાળાઓના કમિશનરની કચેરી– વિવિધ શાખાઓનું જ્ઞાન અને તેની કાર્યપદ્ધતિ. ● માધ્યમિક શિક્ષક તાલીમ સંસ્થા (STTI).	૧ અઠવાડિયું
(૨)	● પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી–વિવિધ શાખાઓનું જ્ઞાન અને કાર્યપદ્ધતિ. ● રાજ્ય પરિયોજના અધિકારી (સર્વ શિક્ષા અભિયાન).	૧ અઠવાડિયું
(૩)	● જિલ્લા શિક્ષણ કચેરી– વિવિધ શાખાઓ/ (સંબંધિત) ટેબલનું જ્ઞાન અને કાર્યપદ્ધતિ. ● જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સોપેંલ પ્રત્યક્ષ કાર્યનો મહાવરો. ● જિલ્લા સાક્ષરતા કચેરી અને તેનું કામ.	૨ અઠવાડિયા
(૪)	● જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી–વિવિધ શાખાઓ/ (સંબંધિત) ટેબલનું જ્ઞાન અને કાર્યપદ્ધતિ. ● જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા સોપેંલ પ્રાયોગિક કાર્યનો મહાવરો. ● જિલ્લા સર્વ શિક્ષા અભિયાનની કચેરી અને તેનું કાર્ય.	૨ અઠવાડિયા
(૫)	● ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી– વિવિધ શાખાઓનું જ્ઞાન અને તેની કાર્યપદ્ધતિ.	૧ અઠવાડિયું
(૬)	● ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, વિવિધ શાખાઓનું જ્ઞાન અને તેની કાર્યપદ્ધતિ.	૧ અઠવાડિયું
(૭)	● ગુજરાત રાજ્યશાળા પાઠ્યપુસ્તક મંડળ– વિવિધ શાખાઓનું જ્ઞાન અને તેની કાર્યપદ્ધતિ.	૨ દિવસ

અનુ ક્રમાંક	વિભાગના વડાનું નામ	તાલીમનો સમયગાળો
(૮)	• મધ્યાહન ભોજન કમિશનરની કચેરી – વિવિધ શાખાઓનું જ્ઞાન અને તેની કાર્યપદ્ધતિ.	૧ દિવસ
(૯)	• રાજ્ય પરીક્ષા બોર્ડ.	૧ દિવસ
(૧૦	• સાક્ષરતા શિક્ષણ નિયામકની કચેરી.	૧ દિવસ
	• કુલ	૧૦ અઠવાડિયા

પરિશિષ્ટ–૪

(જુઓ નિયમ ૪)

ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા) વર્ગ–૧ અને ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા)વર્ગ–૨ માં સીધી ભરતીથી નિમણૂક પામેલ અજમાયશી અધિકારીઓ માટે પરીક્ષા

અનુક્રમાંક	સમય મર્યાદા	ગુણ	પ્રશ્નના પ્રકારો	વિષય
પેપર ૧	૩ કલાક (પુસ્તક સાથે)	૧૦૦	બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો અને વર્ણનાત્મક	અભ્યાસક્રમ માળખું અને સંશોધનની પદ્ધતિ.
પેપર ૨	૩ કલાક (પુસ્તક સાથે)	૧૦૦	બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો અને વર્ણનાત્મક	વિવિધ શિક્ષણ યોજના (પરિચય, સૂચિતાર્થ અને અસર).
પેપર ૩	૩ કલાક (પુસ્તક સાથે)	૧૦૦	બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો અને વર્ણનાત્મક	શૈક્ષણિક આંકડાકીય માહિતી,તે લાગુ પાડવા બાબત અને તેની અસર, કોર્ટને લગતી બાબતો.
પેપર ૪	૩ કલાક (પુસ્તક સાથે)	૧૦૦	બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો અને વર્ણનાત્મક	અધિનિયમો, નિયમો અને વિનિયમો.
પેપર ૫	૩ કલાક (પુસ્તક સાથે)	૧૦૦	બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો અને વર્ણનાત્મક	રાજ્ય શિક્ષણ સંગઠન.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. મિસણ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 180 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JULY, 5, 2017/ASADHA 14, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ** -ના તારીખ : **૨૩મી જૂન,** ૨૦૧૭ના સરકારી **જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૨૭)**જીએસટી-૨૦૧૭-એસ.૧૦(૧)-ઠ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Goods and Services Tax Act, 2017.
ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૩મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક:(જીએચએન-૨૭)જીએસટી-૨૦૧૭-એસ.૧૦(૧)-૬- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, કાઉન્સિલની ભલામણો પરથી, આથી, ઠરાવે છે કે અગાઉના નાણાકીય વર્ષમાં જેનુ એકંદર ટર્નઓવર પંચોતેર લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તેવી રજિસ્ટર થયેલી પાત્ર વ્યકિત, તેણે ભરવાપાત્ર વેરાને બદલે, નીચેના દરે ગણતરી કરેલી રકમ ચૂકવવાનો વિકલ્પ પસંદ કરી શકશે.

(૧) ઉત્પાદકના કિસ્સામાં, રાજ્યમાં ટર્નઓવરના એક ટકા,

(૨) સદરહુ અધિનિયમની અનૂસૂચિ ૨-ના પરિચ્છેદ ૬-ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ પુરવઠો મોકલવામાં રોકાયેલી વ્યકિતઓના કિસ્સામાં, રાજ્યમાં ટર્નઓવરના અઢી ટકા, અને

(૩) અન્ય પુરવઠાકારોના કિસ્સામાં, રાજ્યમાં ટર્નઓવરના અડધા ટકા:

પરંતુ રજિસ્ટર થયેલી વ્યકિત, નીચેના કોષ્ટકના કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વર્ણન મુજબ અને સદરહુ કોષ્ટકના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની તત્સમાન નોંધ પ્રમાણે ટેરિફ વસ્તુ, પેટા-શીર્ષક, શીર્ષક અથવા યથાપ્રસંગ પ્રકરણ હેઠળ આવતાં માલનો ઉત્પાદક હોય તો સદરહુ અધિનિયમની કલમ ૧૦ની પેટા-કલમ (૧) હેઠળ, તેવી વ્યકિત પતાવટ-વેરાના વિકલ્પ માટે પાત્ર થશે નહિ.

કોષ્ટક

અનુક્રમાંક	ટેરિફ વસ્તુ, પેટા-શીર્ષક, શીર્ષક અથવા પ્રકરણ	વર્ણન
(૧)	(૨)	(૩)
૧.	૨૧૦૫ ૦૦ ૦૦	કોકો ઘરાવતા હોય કે ન હોય તેવા આઇસ્ક્રીમ અને અન્ય ખાદ્ય બરફ
૨.	૨૧૦૬ ૯૦ ૨૦	પાન મસાલા
૩.	૨૪	તમામ માલ એટલે કે તમાકુ અને ઉત્પાદિત તમાકુની અવેજી (વસ્તુઓ)

INDEX

સ્પષ્ટીકરણ. –

(૧) આ કોષ્ટકમાં, "ટેરિફ વસ્તુ", પેટા–શીર્ષક", "શીર્ષક" અને "પ્રકરણ"નો અર્થ અનુક્રમે કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫(સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, ટેરિફ વસ્તુ, પેટા–શીર્ષક, શીર્ષક અને પ્રકરણ થશે.

(૨) પહેલી અનુસૂચિની કલમ અને પ્રકરણ નોંધો અને સામાન્ય સ્પષ્ટીકર્ણાત્મક નોંધો સહિત કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫(સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનુસૂચિના અર્થઘટન માટેના નિયમો, શક્ય હોય ત્યાં સુધી આ જાહેરનામાના અર્થઘટનને લાગુ પડશે.

(૩) આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 181

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JULY, 7, 2017/ASADHA 16, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઈ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ** વિભાગ-ના તારીખ : **૧૮મી મે, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા ક્રમાંક : **(જીએચટી/૨૦૧૭/૮)એમએનઆર/૧૦૨૦૧૭/૫૦૬/એ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Entertainments Tax Act, 1977.
ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ
જાહેરનામું.

માહિતી અને પ્રસારણ વિભાગ,

૨/૯, સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૮મી મે, ૨૦૧૭.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક: (જીએચટી/૨૦૧૭/૮)એમએનઆર/૧૦૨૦૧૭/૫૦૬/એ:– ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે,

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૯ની પેટા–કલમ (૧)ના ખંડ (ક) અને (ખ)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મેસર્સ સુપર કેસેટ્સ ઈન્ડસ્ટ્રિઝ પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ–એ નિર્માણ કરેલી હિન્દી ફિચર ફિલ્મ ''**હિન્દી મીડિયમ (Hindi Medium)**''–ને, નીચેની શરતોને અધીન રહીને, અધિનિયમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર કરના ૧૦૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુક્તિ આપે છે.

(૧) મનોરંજન કર ભરવામાંથી આ મુક્તિ, આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી મળી શકશે.

(૨) પ્રવેશ દરો, લેવાપાત્ર કરની રકમ જેટલા ઘટાડવા.

(૩) મનોરંજન કર ભરવામાંથી આ મુક્તિ, અધિનિયમની જોગવાઈઓ અનુસાર મળી શકશે.

(૪) માહિતી અને પ્રસારણ વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક. બીજીટી/૧૦૨૦૧૧/૫૧૨/એ, તા. ૦૨–૦૨–૨૦૧૬માં ઉલ્લેખ કરવામાં આવેલી તમામ જોગવાઈઓ અને શરતોનું સંપૂર્ણપણે પાલન કરવું જોઈશે.

(૫) ઉપર જણાવેલી શરતો પૈકીની કોઈપણ શરતના અથવા અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓના ભંગના પ્રસંગે, નિયત અધિકારીએ, અધિનિયમની કલમ ૩૦ હેઠળ પગલાં લેવાં જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ. પટેલ,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 182

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JULY 14, 2017/ASADHA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ**–ના **તારીખઃ૧૭મી મે, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીકે/૩૫/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૧૩/ડી,(ભાગ ૯)**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી મે, ૨૦૧૭.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫.

ક્રમાંકઃ જીકે/૩૫/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૧૩/ડી,(ભાગ ૯):– ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૫, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે અગાઉ બહાર પાડેલા તમામ જાહેરનામાં રદ કરીને,ગુજરાત સરકાર, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૭ના મે મહિનાની ૨૧મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન સિનિયર દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ–

૧. મુખ્ય દીવાની જજ, **મહુવા**ની કોર્ટ, **ભાવનગર** જિલ્લામાં **મહુવા** ખાતેની અધિક દીવાની જજની કોર્ટ તરીકે ગણાશે;

૨. જિલ્લા કોર્ટ, **ભાવનગર**–ના તાબા હેઠળની **મહુવા** ખાતે સિનિયર દીવાની જજની કોર્ટ રહેશે;

૩. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય સિનિયર દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ **મહુવા** ખાતે ભરશે;

૪. સિનિયર દીવાની જજ, **મહુવા**–ની કોર્ટની સામાન્ય હકૂમતની સ્થાનિક હદો, મહેસૂલી જિલ્લા **ભાવનગર**ના **મહુવા,તળાજા** અને **જેસર** (અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ બાકાત કરતા) તાલુકાના ગામોના વિસ્તારોની બનશે;

૫. **મહુવા, તળાજા** અને **જેસર** તાલુકાની સ્થાનિક હદો, મુખ્ય સિનિયર દીવાની જજ, **ભાવનગર**–ની કોર્ટની સામાન્ય હકૂમતની સ્થાનિક હદોમાંથી બાકાત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 183

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JULY 14, 2017/ASADHA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**–ના **તારીખઃ ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬ના** જાહેરનામા **ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૬નો ૧૯૬/એમઆઈએસ–૧૦૨૦૧૬–૩૨૮૧૪૫–એલ** – નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

The Gujarat Real Estate (Regulation and Development) (Matters Relating to the Real Estate Regulatory Authority) Rules, 2016.

ગુજરાત સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) (સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળને લગતી બાબતો) નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬.

સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬.

ક્રમાંક: જીએચ / વી / ૨૦૧૬નો ૧૯૬ / એમઆઈએસ - ૧૦૨૦૧૬ - ૩૨૮૧૪૫ - એલ:- સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬ના ૧૬મા)ની કલમ ૮૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-**

(૧) આ નિયમો 'ગુજરાત સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) (સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળને લગતી બાબતો) નિયમો, ૨૦૧૬' કહેવાશે.

(૨) તે, આ જાહેરનામાની તારીખથી અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.-**

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અધિનિયમ'' એટલે સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬નો ૧૬મો);

(ખ) ''પ્રમાણિત નકલ'' એટલે આ નિયમો હેઠળ કોઈ વ્યક્તિએ પૂરી પાડવી જરૂરી હોય તેવી કોઈ દસ્તાવેજની સ્વ-પ્રમાણિત નકલ;

(ગ) ''સત્તામંડળ'' એટલે અધિનિયમની કલમ ૨૦ની પેટા-કલમ (૧) હેઠળ સ્થપાયા પ્રમાણેનું ગુજરાત સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ;

(ઘ) ''નમૂનો'' એટલે આ નિયમો સાથે જોડલો નમૂનો;

(ચ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(છ) ''લે-આઉટ પ્લાન'' એટલે જમીનના, પ્લોટ (ટુકડા), રસ્તા, ખુલ્લી જગ્યા, સુખસગવડ વગેરેમાં વિભાજન અથવા સૂચિત વિભાજનને અને જરૂરી હોય તેવી બીજી વિગતોને રજૂ કરતા પ્રોજેક્ટનો પ્લાન (યોજના);

(જ) ''કલમ'' એટલે અધિનિયમની કલમ; અને

(ઝ) ''પસંદગી સમિતિ'' એટલે અધિનિયમની કલમ ૨૨માં ઉલ્લેખ્યા પ્રમાણેની પસંદગી સમિતિ.

(૨) અહીં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા, પણ અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે.

INDEX

૩. **સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોની પસંદગીની રીત.**- (૧) સત્તામંડળમાં અધ્યક્ષ અથવા સભ્યની ખાલી જગા હોય અથવા ઊભી થાય અથવા ઊભી થવાની સંભાવના હોય, ત્યારે અને તે પ્રમાણે સરકાર, ભરવાની હોય તેવી ખાલી જગાના સંબંધમાં પસંદગી સમિતિને પુછાણ કરી શકશે.

(૨) પસંદગી સમિતિ, સત્તામંડળના અધ્યક્ષ અથવા સભ્યની પસંદગીના હેતુ માટે, જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતી હોય અને સત્તામંડળના અધ્યક્ષ અથવા સભ્ય તરીકેની નિમણૂક માટે વિચારણાર્થે યોગ્ય હોય તેવી વ્યક્તિઓના નામની પેનલની દરખાસ્ત કરવા માટે પસંદગી સમિતિને યોગ્ય જણાય તેવી વ્યક્તિઓની બનેલી શોધ સમિતિની નિમણૂક કરવા સહિત યોગ્ય જણાય તેવી કાર્યરીતિનું પાલન કરી શકશે.

(૩) પસંદગી સમિતિએ, દરેક ખાલી જગા માટે બે વ્યક્તિઓની પસંદગી કરવી જોઈશે અને સરકારને તેની ભલામણ કરવી જોઈશે.

(૪) પસંદગી સમિતિએ, પેટા-નિયમ (૧) હેઠળ કરેલા પુછાણની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, સરકારને પોતાની ભલામણ કરવી જોઈશે.

(૫) સરકારે, પસંદગી સમિતિની ભલામણની તારીખથી ત્રીસ દિવસની અંદર, અધ્યક્ષ અથવા યથાપ્રસંગ, સભ્યની ખાલી જગા માટે, પસંદગી સમિતિએ ભલામણ કરેલી બે વ્યક્તિઓમાંથી એક વ્યક્તિની નિમણૂક કરવી જોઈશે.

૪. **સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો.**- (૧) સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં નીચે મુજબ રહેશેઃ-

(ક) અધ્યક્ષને બે લાખ પચાસ હજાર રૂપિયાનો એકત્રિત માસિક પગાર ચૂકવવામાં આવશે અને તેઓ ઘર અને વાહનને લગતું કોઈ ભથ્થું મેળવવા માટે હકદાર રહેશે નહિ.

(ખ) પૂર્ણકાલીન સભ્યને બે લાખ રૂપિયાનો એકત્રિત માસિક પગાર ચૂકવવામાં આવશે અને તેઓ ઘર અને વાહનને લગતું કોઈ ભથ્થું મેળવવા માટે હકદાર રહેશે નહિ.

(ગ) સરકારના કર્મચારી ન હોય તેવા દરેક અંશકાલિક સભ્યને, સત્તામંડળની બેઠકમાં તેઓ હાજર રહે તેવા દરેક દિવસ માટે, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી બેઠક-ફી ચૂકવવામાં આવશે અને તેઓ ઘર અને વાહનને લગતું કોઈ ભથ્થું મેળવવા માટે હકદાર રહેશે નહિ.

(૨) અધ્યક્ષ અને પૂર્ણકાલીન સભ્યો, સેવાના દરેક વર્ષ માટે, ત્રીસ દિવસની પ્રાપ્ત રજા મેળવવા માટે હકદાર રહેશે.

(૩) અધ્યક્ષ અને પૂર્ણકાલીન સભ્યના બીજા ભથ્થાં અને સેવાની બીજી શરતો, સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા રહેશે.

૫. **નિયમનકારી સત્તામંડળના અધ્યક્ષની વહીવટી સત્તા.**- સત્તામંડળના અધ્યક્ષની વહીવટી સત્તામાં, નીચેની બાબતો અંગેના નિર્ણયો લેવાનો સમાવેશ થશેઃ-

(ક) સ્ટાફના સંખ્યાબળ અને તેમના વેતન અને પગાર-માળખા, મળતર, અનુલાભો અને કર્મચારીગણ અંગેની નીતિઓને લગતી બાબતો;

(ખ) જગાઓ ઊભી કરવા અને નાબૂદ કરવાને લગતી બાબતો;

(ગ) તમામ જગાઓ માટેની નિમણૂકો, બઢતીઓ અને નોકરીમાં કાયમી કરવાને લગતી બાબતો;

(ઘ) કોઈ સભ્ય, અધિકારી અથવા કર્મચારી દ્વારા આપવામા આવેલા રાજીનામાના સ્વીકારને લગતી બાબત;

(ચ) મંજૂર થયેલી જગાઓ પર કાર્યકારી ફરજ બજાવવી;

(છ) કોઈ સભ્ય, અધિકારી અથવા કર્મચારી દ્વારા ભારતની અંદર અને ભારત બહાર કરવાના પ્રવાસને અધિકૃત કરવા અને તે માટે મંજૂર કરવાના ભથ્થા બાબત;

(જ) તબીબીવિષયક દાવા ભરપાઈ કરવાને લગતી બાબતો;

(ઝ) રજા મંજૂર કરવા અથવા નામંજૂર કરવાને લગતી બાબતો;

(ટ) સત્તાવાર (સરકારી) ઉપયોગ માટે વાહનો ભાડે કરવાની પરવાનગી આપવા બાબત;

(ઠ) ભારતમાં અથવા વિદેશમાં સેમિનારો, કોન્ફરન્સ અને તાલીમ અભ્યાસક્રમોમાં હાજર રહેવા માટેની નામનિયુક્તિ બાબત;

(ડ) તાલીમ અભ્યાસક્રમ ચલાવવા માટે અતિથિઓને આમંત્રણ આપવા માટેની પરવાનગી આપવા બાબત;

(ઢ) સ્ટાફના કલ્યાણવિષયક બાબતોને લગતા ખર્ચાને લગતી બાબતો;

(ત) સામાન્ય વપરાશથી થતા ઘસારાને કારણે વાપરી શકાય તેવી ન રહી હોય અથવા વાજબી (કિફાયતી) મરામત થઈ શકે તેમ ન હોય તેવી મૂડી અસ્કયામતને કાઢી નાખવા અથવા તેનો વિનાશ કરવાને મંજૂરી આપવા બાબત;

(થ) કોઈ સભ્ય, અધિકારી અથવા કર્મચારી સામે શિસ્તવિષયક પગલાંને લગતી બાબત;

(દ) સત્તામંડળની અસરકારક કામગીરી માટે અને અધિનિયમ અને આ નિયમોની જોગવાઈઓના અમલ માટે જરૂરી હોય તેવી બીજી કોઈ સત્તા.

૬. **સત્તામંડળના અધિકારીઓ અને બીજા કર્મચારીઓને તથા સત્તામંડળે રોકેલા નિષ્ણાતો અને સલાહકારોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો.**- (૧) પગાર, ભથ્થાં, રજા, (નોકરીમાં) જોડાવાની તારીખ, (નોકરી પર) હાજર થવાની મુદતનો પગાર, નિવૃત્તિ-વય-ને લગતી બાબતોમાં સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓ તથા બીજી કોઈ કક્ષાના કર્મચારીઓની સેવાની શરતો અને સેવાની બીજી શરતોનું, તત્સમાન પગાર-માળખું મેળવતા સરકારના અધિકારીઓ અને કર્મચારીઓને વખતોવખત લાગુ પડતા હોય તેવા નિયમો અને વિનિયમો અનુસાર નિયમન કરવું જોઈશે.

(૨) સત્તામંડળ દ્વારા રોકવામાં આવે તેવા સલાહકારો અને નિષ્ણાતોને-

(ક) સરકાર વખતોવખત નક્કી કરે તેટલું માસિક માનદ વેતન ચૂકવવું જોઈશે;

(ખ) સત્તામંડળના મહેકમ પર રાખેલા સ્ટાફના નિયમિત સભ્યો હોવાનું ગણાશે નહિ;

(ગ) એક વર્ષની મુદત માટે નીમી શકાશે, જે મુદત વર્ષોવર્ષ લંબાવી શકાશે;

(ઘ) સત્તામંડળ દ્વારા એક મહિનાની નોટિસ આપીને તેની સેવા સમાપ્ત કરી શકાશે.

(૩) સરકારને, કોઈપણ વર્ગ અથવા કક્ષાના અધિકારીઓ અથવા કર્મચારીઓ અથવા યથાપ્રસંગ, સલાહકારો અને નિષ્ણાતોના સંબંધમાં, આ નિયમો પૈકીના કોઈપણ નિયમની જોગવાઈઓમાં છૂટછાટ આપવાની સત્તા રહેશે.

૭. **સત્તામંડળની કામગીરી.**- (૧) સત્તામંડળની કચેરી, સરકાર જાહેરનામાથી નક્કી કરે તેવા સ્થળે આવેલી રહેશે.

(૨) સત્તામંડળના કામકાજના દિવસો અને કચેરીનો સમય, સરકારના કામકાજના દિવસો અને કચેરીના સમય જેટલા જ રહેશે.

(૩) સત્તામંડળનું સત્તાવાર કોમન સીલ અને તેની મુદ્રા (ચિહ્ન), સરકાર નિર્દિષ્ટ કરે તેવા રહેશે.

૮. **સત્તામંડળની વધારાની સત્તા.**- (૧) કલમ ૩૫ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી સત્તા ઉપરાંત, સત્તામંડળને, નીચેની વધારાની સત્તા રહેશે:-

(ક) પોતે જરૂરી ગણે તેટલા વાજબી સમયની અંદર, પોતે જરૂરી ગણે તેવી માહિતી અથવા ખુલાસો લેખિતમાં આપવા અથવા તેવા દસ્તાવેજો રજૂ કરવા, પ્રમોટર (પ્રવર્તક), એલોટી (હિસ્સો મેળવનાર) અથવા સ્થાવર મિલકત એજન્ટને ફરમાવવું;

(ખ) ભારતના પુરાવા અધિનિયમ, ૧૮૭૨ (સન ૧૮૭૨ના ૧લા)ની કલમો ૧૨૩ અને ૧૨૪ની જોગવાઈઓને અધીન રહીને, કોઈપણ કચેરી પાસેથી, કોઈ જાહેર રેકર્ડ અથવા દસ્તાવેજ અથવા આવા રેકર્ડ અથવા દસ્તાવેજની નકલ મંગાવવી.

(૨) સત્તામંડળ, કોઈ તપાસ કરવામાં અથવા તેના સમક્ષની કાર્યવાહીમાં સત્તામંડળને સહાય કરવા માટે, અર્થશાસ્ત્ર, વાણિજ્ય, હિસાબ-પદ્ધતિ, સ્થાવર મિલકત, હરીફાઈ, બાંધકામ, આર્કિટેક્ચર (સ્થાપત્ય) અથવા એન્જિનિયરીંગના ક્ષેત્રમાંથી અથવા પોતાને યોગ્ય જણાય તેવી બીજી કોઈ વિદ્યાશાખામાંથી, તેવા નિષ્ણાત અથવા સલાહકારોને બોલાવી શકશે.

(૩) સત્તામંડળ, એલોટી (હિસ્સો મેળવનાર)ના હિતમાં, પ્રમોટરે (પ્રવર્તકે)-

(ક) કલમ ૪ની પેટા-કલમ (૨)ના ખંડ (૧)ના પેટા-ખંડ (ઘ) હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે નિભાવેલા ખાતામાંથી સદરહુ રકમ ઉપાડી નથી; અથવા

(ખ) જેના માટે દંડ, વ્યાજ અથવા વળતર ચૂકવવાપાત્ર હોય તેવા સ્થાવર મિલકત પ્રોજેક્ટ અથવા બીજા કોઈ સ્થાવર મિલકત પ્રોજેક્ટ માટે, એલોટીએ (હિસ્સો મેળવનારે) આવા પ્રમોટર (પ્રવર્તક)ને ચૂકવેલી કોઈ રકમ વાપરી નથી;

(ગ) સંબંધિત સ્થાવર મિલકત પ્રોજેક્ટ અથવા બીજા કોઈ સ્થાવર મિલકત પ્રોજેક્ટના એલોટી (હિસ્સો મેળવનાર) પાસેથી, દંડ, શિક્ષા અથવા વળતર તરીકે ચૂકવેલી રકમ વસૂલ કરી નથી,

એ બાબત સુનિશ્ચિત કરવા માટે, પ્રમોટરે (પ્રવર્તકે) ચૂકવેલી અથવા ચૂકવવાપાત્ર દંડ, વ્યાજ અથવા વળતર તરીકે લાદેલી રકમની ચુકવણી અંગે તપાસ કરી શકશે.

૯. **વ્યાજ, દંડ અને વળતરની વસૂલાતની રીત.**- કલમ ૪૦ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓને અધીન રહીને, જમીન મહેસૂલની બાકી તરીકે લેણી નીકળતી રકમની વસૂલાત, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯નો મુંબઈનો પમો)માં જોગવાઈ કરેલી રીતે કરવી જોઈશે.

૧૦. **વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવાની વિગતો.**- (૧) કલમ ૩૪ના ખંડ (ખ)ના હેતુ માટે, સત્તામંડળે એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે રજિસ્ટર કરવામાં (નોંધવામાં આવેલા) દરેક પ્રોજેક્ટના સંબંધમાં, નીચેની માહિતી પોતાની વેબસાઈટ ઉપર ઉપલભ્ય કરવામાં આવશે-

(ક) નીચેની બાબતો સહિતની પ્રમોટરની વિગતો:

(૧) વિકાસકાર અથવા જૂથ (Group)ની રૂપરેખા:

(ક) ઉદ્યોગ-સાહસના નામ, રજિસ્ટર થયેલા (નોંધાયેલા) સરનામા, ઉદ્યોગ-સાહસના પ્રકાર (માલિકી, મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી, મંડળી, ભાગીદારી, કંપની, સક્ષમ સત્તામંડળ) સહિતની તેના ઉદ્યોગ-સાહસની સંક્ષિપ્ત વિગત અને રજિસ્ટ્રેશન (નોંધણી)ની વિગતો અને નવા સંસ્થાપિત થયેલા અથવા રજિસ્ટર થયેલા (નોંધાયેલા) એકમના કિસ્સામાં, મૂળ એકમના નામ, રજિસ્ટર થયેલા (નોંધાયેલા) સરનામા, ઉદ્યોગ-સાહસના પ્રકાર (માલિકી, મંડળીઓ, મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી, ભાગીદારી, કંપનીઓ, સક્ષમ સત્તામંડળ) સહિતની મૂળ એકમની સંક્ષિપ્ત વિગતો;

(ખ) પ્રમોટર (પ્રવર્તક)ની પાર્શ્વભૂમિકા - શૈક્ષણિક લાયકાત, કાર્યાનુભવ અને નવા સંસ્થાપિત થયેલા અથવા રજિસ્ટર થયેલા (નોંધાયેલા) એકમના કિસ્સામાં, મૂળ એકમનો કાર્યાનુભવ;

(ગ) કોઈ વ્યક્તિના કિસ્સામાં, પ્રમોટર (પ્રવર્તક)નું નામ, સરનામું, સંપર્કની વિગતો અને ફોટોગ્રાફ અને અધ્યક્ષ, ડિરેક્ટર અને યથાપ્રસંગ, ભાગીદારના અને અધિકૃત વ્યક્તિઓના નામ, સરનામાં, સંપર્કની વિગતો અને ફોટોગ્રાફ.

(૨) પ્રમોટર (પ્રવર્તક)નો ટ્રેક રેકોર્ડ:

(ક) પ્રમોટર (પ્રવર્તક)ના અથવા રાજ્ય / સંઘપ્રદેશમાં સ્થાવર મિલકતના બાંધકામમાંના મૂળ એકમના અનુભવના વર્ષોની સંખ્યા;

(ખ) પ્રમોટર (પ્રવર્તક)ના અથવા બીજા રાજ્યો અથવા સંઘપ્રદેશોમાં સ્થાવર મિલકતના બાંધકામમાંના મૂળ એકમના અનુભવના વર્ષોની સંખ્યા;

(ગ) પૂરા કરેલા પ્રોજેક્ટની સંખ્યા અને આજની તારીખ સુધી બાંધકામ કરેલા વિસ્તાર;

(ઘ) ચાલુ પ્રોજેક્ટની સંખ્યા અને બાંધકામ કરવાનો સૂચિત વિસ્તાર;

(ચ) કલમ ૪ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે ચાલુ પ્રોજેક્ટ અને છેલ્લા ૫ (પાંચ) વર્ષમાં પૂરા કરેલા પ્રોજેક્ટની વિગતો અને રૂપરેખા.

(૩) લિટિગેશન (દાવો): પ્રમોટરે (પ્રવર્તકે) વિકસાવેલા અથવા તેના દ્વારા વિકસાવવામાં આવી રહેલા સ્થાવર મિલકતના પ્રોજકેટના સંબંધમાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલા દાવાની વિગતો.

(૪) વેબસાઈટ:

(ક) વિકાસકાર અથવા જૂથ વેબસાઈટની વેબ લિન્ક;

(ખ) પ્રોજેક્ટ વેબસાઈટની વેબ લિન્ક.

(ખ) નીચેની બાબતો સહિતની સ્થાવર મિલકતના પ્રોજેક્ટની વિગતો:

(૧) પાલન (પૂર્તતા) અને રજિસ્ટ્રેશન:

(ક) કલમ ૪ની પેટા-કલમ (૨)ના ખંડ (ગ) હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે સક્ષમ સત્તામંડળ પાસેથી મેળવેલી મંજૂરીની અને આરંભ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ;

(ખ) પ્રોજેક્ટ અથવા તેના તબક્કાના મંજૂર થયેલા પ્લાન, લે-આઉટ પ્લાન અને વિગતો અને કલમ ૪ની પેટા-કલમ (૨)ના ખંડ (ઘ) હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે સક્ષમ સત્તામંડળે મંજૂર કર્યા પ્રમાણેનો સંપૂર્ણ પ્રોજેક્ટ;

(ગ) સત્તામંડળે કરેલા રજિસ્ટ્રેશનની વિગતો.

(૨) એપાર્ટમેન્ટ (ફ્લેટ) અને ગેરાજ સંબંધિત વિગતો.–

(ક) કલમ ૪ની પેટા–કલમ (૨) ના ખંડ (ઝ) હેઠળ જોગવાઇ કર્યા મુજબ, પ્રોજેકટ (પરિયોજના)માં વેચાણ માટેના એપાર્ટમેન્ટ (ફ્લેટ)ના નંબર, પ્રકાર અને ભોંયતળિયાના ક્ષેત્રફળની વિગતો;

(ખ) કલમ ૪ની પેટા–કલમ (૨) ના ખંડ (ટ) હેઠળ જોગવાઇ કર્યા મુજબ, પ્રોજેકટમાં વેચાણ માટેના ગેરાજનો નંબર અને તેના વિસ્તારોની વિગતો;

(ગ) સ્થાવર મિલકત પ્રોજેકટમાં ઉપલભ્ય ખુલ્લા પાર્કિંગ માટેના વિસ્તારોના નંબરની વિગતો.

(૩) રજિસ્ટર કરેલા (નોંધાયેલા) એજન્ટ.– કલમ ૪ની પેટા–કલમ (૨) ના ખંડ (ઠ) હેઠળ જોગવાઇ કર્યા મુજબ, સ્થાવર મિલકતના એજન્ટના નામ અને સરનામા

(૪) પરામર્શક.– કોન્ટ્રાક્ટર, આર્કિટેક્ટ (સ્થપતિ), સ્ટ્રકચરલ એન્જિનિયર (સંરચના ઇજનેર) અને કલમ ૪ની પેટા–કલમ (૨) ના ખંડ (ડ) હેઠળ જોગવાઇ કર્યા મુજબ, સ્થાવર મિલકતના વિકાસ સાથે સંબંધિત બીજી વ્યકિતઓના નામ અને સરનામા સહિતની વિગતો, જેમ કે,-

(ક) પેઢીનું નામ અને સરનામું

(ખ) પ્રમોટર (પ્રવર્તક)ના નામ

(ગ) સ્થાપનાનું વર્ષ

(ઘ) અગત્યના જે પ્રોજેક્ટ પૂર્ણ કર્યા હોય, તેના નામ અને તેની રૂપરેખા

(૫) સ્થળ.– કલમ ૪ની પેટા–કલમ (૨) ના ખંડ (છ) હેઠળ જોગવાઇ કર્યા મુજબ, પ્રોજેક્ટના સીમાબિંદુ (એન્ડ પોઇન્ટ)ના અક્ષાંશ અને રેખાંશ સહિતની, પ્રોજેક્ટ માટે આપવામાં આવેલી જમીનનું તેની હદો સાથેનું સ્પષ્ટ સીમાંકન સાથેની પ્રોજેક્ટના સ્થળની વિગતો.

(૬) વિકાસ યોજના.–

(ક) સૂચિત પ્રોજેક્ટમાં કરવાના વિકાસ કામોની યોજના અને કલમ ૪ની પેટા–કલમ (૨) ના ખંડ (ચ) હેઠળ જોગવાઇ કર્યા મુજબ અગ્નિશમન સુવિધા, પીવાના પાણીની સુવિધા, તત્કાલ ખાલી કરાવવાની સેવા, નવીકરણપાત્ર ઊર્જાનો ઉપયોગ વગેરે સહિતની તેમાં પૂરી પાડવાની સૂચિત સુવિધા;

(ખ) સુખસગવડ.– પ્રોજેક્ટમાં પ્રવેશ, રસ્તાની લાઇટ સહિત વીજ પુરવઠા માટેની ડિઝાઇન, પાણી પુરવઠાની વ્યવસ્થા અને વરસાદી તથા ગટરના પાણીના નિકાલ અને શુદ્ધીકરણ માટેના સ્થળ, બીજી કોઇ સુવિધાઓ અને સુખસગવડો અથવા પ્રોજેક્ટમાં પૂરી પાડવાની સૂચિત જાહેર આરોગ્યની સેવાઓ સહિતના સૂચિત પ્રોજેક્ટના મુખ્ય લક્ષણો વર્ણવતી વિગતવાર નોંધ;

(ગ) અનુદાન (ગ્રાન્ટ)ના આલેખ અને પ્રોજેક્ટની અનુસૂચિ.– પ્રોજેક્ટમાં કરવાના વિકાસ કામોની યોજના અને તેમાં પૂરી પાડવાની સૂચિત સુવિધાની વિગતો.

(૭) પ્રમોટર (પ્રવર્તક)ની નાણાકીય બાબતો.–

(૧) પ્રમોટર (પ્રવર્તક)ના પાન (PAN) કાર્ડની પ્રમાણિત નકલ;

(૨) ઓડિટ કરેલ નફા અને નુક્સાનનો હિસાબ, સરવૈયું, રોકડ પ્રવાહ પત્રક, ડિરેક્ટરનો રિપોર્ટ (અહેવાલ) અને તરત પહેલાંના ત્રણ નાણાકીય વર્ષ માટેનો પ્રમોટર (પ્રવર્તક)નો ઓડિટર–એ આપેલ રિપોર્ટ (અહેવાલ) સહિતનો વાર્ષિક રિપોર્ટ (અહેવાલ) અને વાર્ષિક રિપોર્ટ (અહેવાલ) ઉપલભ્ય ન હોય, ત્યારે ઓડિટ કરેલ નફા અને નુક્સાનનો હિસાબ, સરવૈયું, રોકડ પ્રવાહ પત્રક અને તરત પહેલાંના ત્રણ નાણાકીય વર્ષ માટેનો પ્રમોટર (પ્રવર્તક)નો ઓડિટર–એ આપેલ રિપોર્ટ (અહેવાલ) અને નવા સંસ્થાપિત અથવા રજિસ્ટર થયેલ (નોંધાયેલ) એકમના કિસ્સામાં, આવી માહિતી મૂળ એકમ માટે જાહેર કરવી જોઇશે;

(ઘ) પ્રમોટરે (પ્રવર્તકે), દર ત્રિમાસ પૂર્ણ થયાના સાત દિવસની અંદર, પ્રોજેક્ટ માટે નીચેની માહિતી વેબપેજ ઉપર અપલોડ કરવી જોઇશે.–

(૧) નોંધાવવામાં આવેલા એપાર્ટમેન્ટ (ફ્લેટ) અથવા યથાપ્રસંગ, પ્લોટની સંખ્યા અને તેના પ્રકારની યાદી;

(૨) નોંધાવવામાં આવેલા ગેરાજની સંખ્યાની યાદી;

(૩) પ્રોજેક્ટની સ્થિતિ.–

(ક) દરેક મકાનની ફોટોગ્રાફ સાથેની બાંધકામની સ્થિતિ;

(ખ) દરેક માળની ફોટોગ્રાફ સાથેની બાંધકામની સ્થિતિ;

(ગ) આંતરિક માળખાની અને સહિયારા (સામાન્ય) વિસ્તારોની ફોટોગ્રાફ સાથેની બાંધકામની સ્થિતિ.

(૪) મંજૂરીની સ્થિતિ.–

(ક) મળેલી મંજૂરી;

(ખ) મંજૂરી માટે કરેલી અરજી અને તે મળ્યાની તારીખ;

(ગ) મંજૂરી માટે કરવાની અરજી અને અરજી માટે આયોજન કરેલી તારીખ;

(ઘ) પ્રોજેક્ટ માટેના કોઈ લાઈસન્સ, પરમિટ અથવા મંજૂરીના સંબંધમાં સક્ષમ સત્તામંડળે બહાર પાડેલા ફેરફારો, સુધારો અથવા સુધારણા, કોઈ હોય, તો તે.

(ચ) ડાઉનલોડ.–

(૧) મંજૂરી.–

(ક) ના–વાંધા પ્રમાણપત્ર

– સ્થાપિત કરવા અને ચલાવવાની સંમતિ;

– પર્યાવરણવિષયક મંજૂરી;

–અગ્નિશમન માટેનું ના–વાંધા પ્રમાણપત્ર (NOC);

– ભારતીય હવાઈ મથક સત્તામંડળ (ઓથોરિટી) દ્વારા ઊંચાઈ અંગેની મંજૂરી;

– પ્રોજેક્ટ માટે જરૂરી હોય અને મેળવેલી હોય તેવી બીજી મંજૂરી.

(ખ) પ્રોજેક્ટ માટે લાગુ પડતા કાયદા અનુસાર મેળવેલ લાઈસન્સ અથવા જમીન ઉપયોગમાં લેવાની મંજૂરી, મકાનનો મંજૂર કરેલ પ્લાન અને સક્ષમ સત્તામંડળ (ઓથોરિટી) પાસેથી મેળવેલા આરંભ કરવા અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને પ્રોજેક્ટને તબક્કામાં વિકાસ કરવાનું સૂચિત કરેલ હોય, તેમાં તેવા દરેક તબક્કા માટે લાઈસન્સ અથવા જમીન ઉપયોગમાં લેવાની મંજૂરી, મકાનનો મંજૂર કરેલ પ્લાન અને આરંભ કરવા અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ;

(ગ) મહેસૂલ સંપત્તિના નામ, સરવે નંબર, આકારણી નંબર, ખાસરા નંબર અને પ્રોજેકટની જમીનના દરેક ભૂમિખંડના વિસ્તાર સહિત, પ્રોજેક્ટની જમીનનું સ્થળ દર્શાવતો સ્થળનો પ્લાન અથવા સ્થળના નકશાની પ્રમાણિત નકલ;

(ઘ) પ્રોજેક્ટના લે–આઉટ પ્લાન અથવા તેના તબક્કાની અને સક્ષમ સત્તામંડળ (ઓથોરિટીએ) મંજૂર કર્યા પ્રમાણેના સમગ્ર પ્રોજેક્ટના લે–આઉટ પ્લાનની પણ પ્રમાણિત નકલ;

(ચ) દરેક ટાવર અને બ્લોકના ક્લબહાઉસ, સુખસગવડ અને સહિયારા વિસ્તારો સહિતનો ફ્લોર પ્લાન (ભોંયતળિયાનો નકશો);

(છ) લાગુ પડતા કાયદા હેઠળ આવશ્યક હોય તેવી બીજી કોઈ પરવાનગી, મંજૂરી અથવા લાઈસન્સ;

(જ) અરજી (ના–વાંધા પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી) સહિત, ભોગવટા પ્રમાણપત્ર અને કામ પૂરું થયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

(૨) કાનૂની દસ્તાવેજો.–

(ક) અરજીનો નમૂનો, ફાળવણી પત્ર, વેચાણ માટેનો કરાર અને માલિકીફેર ખતના પ્રોફોર્મા સહિતની વિગતો;

(ખ) વિકાસ કરવાની દરખાસ્ત કરવામાં આવી હોય, તે જમીન જો અન્ય વ્યક્તિની માલિકીની હોય, તેવી જમીન પર પ્રમોટર (પ્રવર્તક)નો માલિકી હક દર્શાવતા કાનૂની માલિકી હક ખતની, તો આવા માલિકી હકના પ્રમાણીકરણ સાથેની કાયદા માન્ય દસ્તાવેજો સાથેની પ્રમાણિત નકલ;

(ગ) જમીન સંબંધિત બાબતોમાં ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ ધરાવતા વકીલ પાસેથી મેળવેલ જમીન માલિકી હક તપાસ અહેવાલ (રિપોર્ટ);

(ઘ) જે જમીન ઉપર વિકાસ વિકાસ કાર્ય કરવા માટેની દરખાસ્ત કરવામાં આવી હોય, તેવી જમીનમાં તેના ઉપર કોઇ પક્ષકારના હક, માલિકી હક, હિતસંબંધ અથવા નામ હોય, તેની વિગતો સહિતની બોજાની વિગતો અથવા જમીન સંબંધિત બાબતોમાં ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ ધરાવતા વકીલ પાસેથી મેળવેલ ના–બોજા પ્રમાણપત્ર;

(ચ) વિકાસ કાર્ય કરવા માટેની દરખાસ્ત કરવામાં આવી હોય, તે જમીનનો પ્રમોટર (પ્રવર્તક), માલિક ન હોય તેવા કિસ્સામાં, પ્રમોટર (પ્રવર્તક) અને આવા માલિક વચ્ચે કરવામાં આવેલા જોડાણ કરાર, વિકાસ કરાર, સંયુક્ત વિકાસ કરાર અથવા યથાપ્રસંગ, અન્ય કોઇ કરારની નકલ સહિતની માલિકની સંમતિની વિગતો અને વિકાસ કાર્ય કરવા માટેની દરખાસ્ત કરવામાં આવી હોય, તે જમીનના આવા માલિકનો માલિકી હક દર્શાવતી માલિકી હકની અને બીજા દસ્તાવેજોની નકલો;

(છ) મંજૂરી પત્રો.–

– બાંધકામની નાણા–વ્યવસ્થા માટે બેંક તરફથી (મંજૂરી પત્રો) ;

– આવાસન (હોમ) લોન અનુસંધાને બેંક તરફથી (મંજૂરી પત્રો);

(છ) સંપર્કની વિગતો.– પ્રોજેક્ટ ચલાવતા પ્રમોટર (પ્રવર્તક) અને અન્ય અધિકારીગણના સંપર્ક માટેનું સરનામું, સંપર્ક માટેના નંબર અને ઇમેઇલ– આઇડી.

(જ) અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા બીજા દસ્તાવેજો અથવા માહિતી.

(૨) કલમ ૩૪ના ખંડ (ગ) ના હેતુ માટે, નિયમનકારી સત્તામંડળ (ઓથોરિટી)એ, રદ કરવામાં આવેલ અથવા યથાપ્રસંગ, તે (પ્રોજેકટ) કરવાનો મનાઇ હુકમ કરવામાં આવેલ દરેક પ્રોજેક્ટના સંબંધમાં, માહિતી રાખવી જોઇશે અને એ બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે તેમાં નિર્દિષ્ટ કરેલી માહિતી, તેની વેબસાઇટ ઉપર ઉપલભ્ય બની રહે.

(૩) કલમ ૩૪ના ખંડ (ઘ) ના હેતુ માટે, નિયમનકારી સત્તામંડળ (ઓથોરિટી)એ બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે તેમાં રજિસ્ટર થયેલા (નોંધાયેલા) દરેક સ્થાવર મિલકતના એજન્ટ અથવા જેની રજિસ્ટ્રેશન (નોંધણી) માટેની અરજી સ્વીકારવામાં આવી ન હોય અથવા રદ કરવામાં આવી હોય તેના સંબંધમાં, નીચેની માહિતી, તેની વેબસાઇટ ઉપર ઉપલભ્ય બની રહે.

(ક) સતામંડળ સાથે રજિસ્ટર થયેલા (નોંધાયેલા) સ્થાવર મિલકતના એજન્ટ માટે:

(૧) નિયમનકારી સત્તામંડળમાં સ્થાવર મિલકતના એજન્ટનો રજિસ્ટ્રેશન (નોંધણી) નંબર અને રજિસ્ટ્રેશન (નોંધણી)ની કાયદેસરતાની મુદત;

(૨) ઉધોગ–સાહસના નામ, રજિસ્ટર (નોંધણી) થયેલું સરનામું, ઉધોગ–સાહસનો પ્રકાર (માલિકી, મંડળી, ભાગીદારી, કંપની વગેરે.) સહિતની ઉધોગ–સાહસની સંક્ષિપ્તમાં વિગતો;

(૩) પેટા–કાયદા, મંડળ (એસોસિએશન)ના ઉદ્દેશ–પત્ર, યથાપ્રસંગ, મંડળના ધારાધોરણો વગેરે સહિતની રજિસ્ટ્રેશન (નોંધણી)ની વિગતો;

(૪) વ્યક્તિગત હોય, તો સ્થાવર મિલકતના એજન્ટનો ફોટોગ્રાફ અને બીજી વ્યક્તિઓના કિસ્સામાં, ભાગીદાર, ડિરેક્ટર વગેરેના ફોટોગ્રાફ;

(૫) પાન (PAN) કાર્ડની પ્રમાણિત નકલ;

(૬) કામકાજના સ્થળના સરનામાની સાબિતી અંગેની પ્રમાણિત નકલ અને સ્થાવર મિલકતના એજન્ટ, અન્ય જવાબદાર અધિકારીગણના સંપર્કના સરનામા, સંપર્ક નંબર અને ઇ–મેઇલ– આઇડી .

(ખ) સ્થાવર મિલકતના એજન્ટ તરીકે રજિસ્ટ્રેશન (નોંધણી) માટેની જેની અરજી નામંજૂર કરવામાં આવી હોય અથવા નિયમનકારી સત્તામંડળ દ્વારા જે સ્થાવર મિલકતના એજન્ટના રજિસ્ટ્રેશન (નોંધણી)ને રદ કરવામાં આવ્યું હોય, તેવા અરજદારના કિસ્સામાં :

(૧) નિયમનકારી સત્તામંડળમાં સ્થાવર મિલકતના એજન્ટનો રજિસ્ટ્રેશન (નોંધણી) નંબર અને રજિસ્ટ્રેશન (નોંધણી)ની કાયદેસરતાની મુદત;

(૨) ઉદ્યોગ–સાહસના નામ, રજિસ્ટર (નોંધણી) થયેલું સરનામું, ઉદ્યોગ–સાહસનો પ્રકાર (માલિકી, મંડળી, ભાગીદારી, કંપની વગેરે.) સહિતની ઉદ્યોગ–સાહસની સંક્ષિપ્તમાં વિગતો;

(૩) વ્યક્તિગત હોય, તો સ્થાવર મિલકતના એજન્ટનો ફોટોગ્રાફ અને બીજી વ્યક્તિઓના કિસ્સામાં, ભાગીદાર, ડિરેક્ટર વગેરેના ફોટોગ્રાફ;

(ગ) અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા હોય તેવા બીજા દસ્તાવેજો અથવા માહિતી.

(૪) સત્તામંડળે, આ નિયમની શરતો મુજબ, તેની વેબસાઇટની વિગતોનો બેક–અપ, ડિજિટલ સ્વરૂપે નિભાવવો જોઇશે અને સુનિશ્ચિત કરવું જોઇશે કે આવો બેક–અપ, દરેક મહિનાના છેલ્લા દિવસે અદ્યતન રાખવું જોઇશે.

૧૧. **સત્તામંડળમાં ફરિયાદ નોંધાવવાની રીત અને સત્તામંડળે કરવાની (યોજવાની) તપાસની રીત.**– (૧) નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો હેઠળના કોઇ ઉલ્લંઘન માટે, ન્યાયનિર્ણય આપનાર અધિકારીએ ન્યાયનિર્ણય અંગે જોગવાઇ કરી હોય તે સિવાય, સતામંડળને નમૂના 'ક' પ્રમાણે ફરિયાદ નોંધાવી શકશે, તે ફરિયાદની સાથે નિયમનકારી સત્તામંડળની તરફેણમાં રાષ્ટ્રીયકૃત બેંકના નામે ડિમાન્ડ ડ્રાફ્ટના સ્વરૂપમાં એક હજાર રૂપિયાની ફી જોડવી જોઇશે અને તે સદરહુ નિયમનકારી સત્તામંડળની બેઠક જે સ્થળે આવેલ હોય, તે મથક ખાતેની બેંકની મુખ્ય શાખામાં ચૂકવવાપાત્ર રહેશે.

(૨) સત્તામંડળે, પેટા–નિયમ (૧) હેઠળ નિર્દિષ્ટ કર્યા મુજબ, કોઇપણ ફરિયાદના હેતુઓ નક્કી કરવા માટે, તપાસ માટેની સંક્ષિપ્ત કાર્યપદ્ધતિ નીચેની રીતે અનુસરવી જોઇશે:

(ક) ફરિયાદ મળ્યેથી, સત્તામંડળે, કહેવાતા ઉલ્લંઘનની વિગતો અને સંબંધિત દસ્તાવેજો સહિતની નોટિસ પ્રતિવાદીને આપવી જોઇશે;

(ખ) નોટિસમાં ત્યાર પછીની સુનાવણી માટેની તારીખ અને સમય નિર્દિષ્ટ કરવા જોઇશે;

(ગ) આવી રીતે નક્કી કરેલી તારીખે, સત્તામંડળે, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમોની કોઇપણ જોગવાઇઓના સંબંધમાં, કરવામાં આવેલ કહેવાતા ઉલ્લંઘન બાબતે પ્રતિવાદીને સ્પષ્ટતા કરવી જોઇશે અને જો પ્રતિવાદી.–

(૧) ગુનો કબૂલ કરે, તો નિયમનકારી સત્તામંડળે, દલીલની નોંધ કરવી જોઇશે અને અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો અનુસાર પોતાને યોગ્ય લાગે, તેવો દંડ નાખવાનો સમાવેશ થઇ જાય, તેવા હુકમ કરવા જોઇશે;

(૨) ગુનો કબૂલ ન કરે અને ફરિયાદ સામે વાંધો ઉઠાવે, તો નિયમનકારી સત્તામંડળે, પ્રતિવાદી પાસેથી સ્પષ્ટતા માંગવી જોઇશે;

(ઘ) સત્તામંડળને કરવામાં આવેલી રજૂઆતને આધારે એવી ખાતરી થાય કે ફરિયાદમાં વધુ કોઇ તપાસની આવશ્યકતા નથી, તો તેવા કિસ્સામાં, તે, ફરિયાદ રદ કરી શકશે;

(ચ) સત્તામંડળને કરવામાં આવેલી રજૂઆતને આધારે એવી ખાતરી થાય કે ફરિયાદમાં વધુ કોઇ સુનાવણીની આવશ્યકતા છે, તો તેવા કિસ્સામાં, તે, તેના દ્વારા નક્કી કરવામાં

INDEX

આવી હોય તેવી તારીખે અને તેવા સમયે દસ્તાવેજો અથવા બીજા પુરાવા રજૂ કરવા માટે હુકમ કરી શકશે;

(છ) સત્તામંડળને, દસ્તાવેજો અને રજૂઆતને આધારે, ફરિયાદ અંગે તપાસ ચાલુ રાખવાની સત્તા રહેશે;

(જ) આવી રીતે નક્કી કરેલી તારીખે, સત્તામંડળને, તેની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવો અને બીજા રેકર્ડ તથા રજૂઆત ઉપર વિચારણા કર્યેથી એવી ખાતરી થાય કે–

(૧) પ્રતિવાદીએ, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરેલ છે, તો સત્તામંડળે, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો અનુસાર પોતાને યોગ્ય લાગે, તેવો દંડ નાખવાનો સમાવેશ થઈ જાય, તેવા હુકમ કરવા જોઈશે;

(૨) પ્રતિવાદી અધિનયમની અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે નહિ તો, સત્તામંડળ લેખિતમાં હુકમથી, લેખિતમાં કારણોની નોંધ કરીને ફરિયાદને કાઢી નાખી શકશે.

(ઝ) જો કોઈ વ્યકિત સત્તામંડળ સમક્ષ ફરમાવ્યા પ્રમાણે હાજર થવામાં ચૂક કરે, બેદરકારી દાખવે અથવા ના પાડે તો તેમ કરવા માટેના કારણોની નોંધ કર્યા પછી, આવી વ્યકિત અથવા વ્યકિતઓની ગેરહાજરી અંગેની તપાસ કરાવવાની, સત્તામંડળને સત્તા રહેશે.

૧૨. **ન્યાયનિર્ણય આપનાર અધિકારીને ફરિયાદ નોંધાવવાની રીત અને ન્યાયનિર્ણય આપનાર અધિકારીએ તપાસની રીત.–** (૧) નારાજ થયેલ કોઈપણ વ્યકિત, કલમ ૧૨, ૧૪, ૧૮ અને ૧૯ હેઠળ વળતર માટે ન્યાયનિર્ણય આપનાર અધિકારીને ફરિયાદ નોંધાવી શકશે, અને નમૂના ''ખ'' પ્રમાણે સત્તામંડળની તરફેણમાં, રાષ્ટ્રીયકૃત બેંન્કના નામે ડિમાન્ડ ડ્રાફ્ટના સ્વરૂપમાં એક હજાર રૂપિયાની ફી જોડવી જોઈશે અને તે ફી સદરહુ સત્તામંડળ જયાં આવેલ હોય, તે મથક ખાતેની બેંકની મુખ્ય શાખામાં ચૂકવવાપાત્ર રહેશે.

(૨) ન્યાયનિર્ણય આપનાર અધિકારીએ, ન્યાયનિર્ણિત વળતરના હેતુ માટે તપાસ માટેની નીચેની સંક્ષિપ્ત કાર્યવાહી અનુસરવી જોઈશે.

(૮) ફરિયાદ મળતાં ન્યાયનિર્ણય આપનાર અધિકારી તથાકથિત (કહેવાતા) ભંગની વિગતો અને સુસંગત દસ્તાવેજો સાથે પુરસ્કર્તાને નોટિસ કાઢી આપશે;

(૯) નોટિસમાં વધુ સુનાવણી માટેની તારીખ અને સમય નિર્દિષ્ટ કરવો જોઈશે;

(૧૦) આવી રીતે તારીખ નક્કી થયે, ન્યાયનિર્ણય આપનાર અધિકારીએ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ નિયમો અને વિનિયમોની જોગવાઈઓ પૈકીની કોઈપણ જોગવાઈના સંબંધમાં પ્રવર્તકે કોઈ કહેવાતું ઉલ્લંઘન કર્યું હોય તો તેના (પ્રવર્તકને) તે અંગે ખુલાસો કરવા કહેવું જોઈશે અને જો પ્રવર્તક,-

(૩) ગુનો કબૂલ કરે, (તો) ન્યાયનિર્ણય આપનાર અધિકારી કેફિયતની નોંધ કરશે અને પોતે યોગ્ય ગણે તેમ, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓ અનુસાર એવા વળતરનો ચુકાદો આપશે.

(૪) ગુનો કબૂલ ન કરે અને ફરિયાદ અંગે વિવાદ ઉભો કરે, (તો) ન્યાયનિર્ણય આપનાર અધિકારી પ્રવર્તક પાસેથી ખુલાસો માંગી શકશે;

(૧૨) આવા કિસ્સામાં, ન્યાયનિર્ણય કરતા અધિકારીને રજૂઆતના આધારે ખાતરી થાય કે ફરિયાદ અંગે કોઈ વધુ તપાસ જરૂરી નથી, તો (તે) ફરિયાદ કાઢી નાંખી શકશે.

(ત) આવા કિસ્સામાં, ન્યાયનિર્ણય આપનાર અધિકારીને રજૂઆતના આધારે ખાતરી થાય કે ફરિયાદમાં પછીની સુનાવણીની જરૂર છે, તો (તે) તેણે નક્કી કરેલા તારીખ અને સમયે દસ્તાવેજો અથવા અન્ય પુરાવા રજૂ કરવા હુકમ કરી શકશે;

(થ) ન્યાયનિર્ણય આપનાર અધિકારીને દસ્તાવેજો અને રજૂઆતોના આધારે ફરિયાદ(ની બાબત)માં તપાસ કરવાની સત્તા રહેશે.

(દ) આવી રીતે નક્કી કરેલ તારીખે, ન્યાયનિર્ણય આપનાર અધિકારીને તેની સમક્ષ રજૂ કરવામાં આવેલા પુરાવા ઉપર વિચારણા કરીને અને અન્ય નોંધ અને રજૂઆતોથી ખાતરી થયે પ્રવર્તક,–

(૩) વળતરની ચૂકવવા જવાબદાર હોય તો ન્યાયનિર્ણય આપનાર અધિકારી, પોતે યોગ્ય ગણે તેમ, પ્રવર્તક દ્વારા ફરિયાદીને એવા વળતરનો એવો ચુકવણીનો એવો હુકમ, લેખિતમાં કરી શકશે; અથવા

(૪) કોઈપણ વળતરની ચુકવણી માટે જવાબદાર ન હોય, (તો) ન્યાયનિર્ણય આપનાર અધિકારી, લેખિતમાં કારણોની નોંધ કરીને, લેખિતમાં હુકમ દ્વારા, ફરિયાદનો નિકાલ કરી શકશે.

(ધ) જો કોઈ વ્યક્તિ ન્યાયનિર્ણય આપનાર અધિકારી સમક્ષ હાજર થવામાં નિષ્ફળ જાય, અવગણના કરે અથવા અસ્વીકાર કરે અથવા ફરમાવ્યા પ્રમાણે પોતાની જાતે હાજર થાય તો, ન્યાયનિર્ણય આપનાર અધિકારીને આવી વ્યક્તિ અથવા વ્યક્તિઓની તેમ કરવા માટેના કારણોની નોંધ કર્યા પછી, ગેરહાજરી અંગે તપાસ કાર્યવાહી કરવાની સત્તા રહેશે.

૧૩. અંદાજપત્ર, હિસાબ અને ઓડિટ.– સત્તામંડળ અંદાજપત્ર તૈયાર કરશે, યોગ્ય હિસાબ અને અન્ય સુસંગત રેકર્ડ જાળવશે અને નમૂના 'ગ' મુજબ કલમ ૬૭માં જોગવાઈ કર્યા પ્રમાણે વાર્ષિક પત્રક તૈયાર કરશે.

૧૪. અહેવાલ અને પત્રક.– સત્તામંડળ, નમૂના 'ઘ' મુજબ કલમ ૬૮માં જોગવાઈ કર્યા પ્રમાણે વાર્ષિક અહેવાલ તૈયાર કરશે.

નમૂનો 'ક'

[જુઓ નિયમ ૧૧(૧)]

નિયમનકારી સત્તામંડળને ફરિયાદ

અધિનિયમની કલમ ૩૧ હેઠળ ફરિયાદ

નિયમનકારી સત્તામંડળ (સત્તામંડળો)ની કચેરીના ઉપયોગ માટે:
ફાઈલ કરવાની તારીખ: _____
ટપાલ દ્વારા મળ્યાની તારીખ: _____
ફરિયાદ નં.: _____
સહી: _____
રજિસ્ટ્રાર: _____

નિયમનકારી સત્તામંડળોની કચેરીમાં (જગ્યાનું નામ)

વચ્ચે

_____ ફરિયાદી (ફરિયાદીઓ)

અને

_____ પ્રતિવાદી (પ્રતિવાદીઓ)

INDEX

દાવાની વિગતો:

૧. ફરિયાદી (ફરિયાદીઓ)ની વિગતો:

(૧) ફરિયાદીનું નામ:

(૨) ફરિયાદીની વર્તમાન કચેરી/ રહેઠાણનું સરનામું:

(૩) તમામ નોટિસની બજવણી માટેનું સરનામું:

૨. પ્રતિવાદી (પ્રતિવાદીઓ)ની વિગતો:

(૧) પ્રતિવાદીનું નામ (નામો):

(૨) પ્રતિવાદીની વર્તમાન કચેરીનું સરનામું:

(૩) તમામ નોટિસની બજવણી માટેનું સરનામું:

૩. નિયમનકારી સત્તામંડળની હકૂમત:

ફરિયાદી જાહેર કરે છે કે દાવાની ફરિયાદ હકૂમત વિષયની બાબત નિયમનકારી સત્તામંડળની હકૂમતની અંદર આવે છે.

૪. કેસની હકીકતો:

[ફરિયાદ માટેની હકીકતો અને કારણોનું સંક્ષિપ્તમાં નિવેદન આપવું]

૫. માંગેલ રાહત (રાહતો) :

ઉપરના પરિચ્છેદ ૪માં ઉલ્લેખેલ હકીકતોની દૃષ્ટિએ, ફરિયાદી નીચેના રાહત (રાહતો) માટે વિનંતી કરે છે.....

[દાવા (દાવાઓ) માટેના આધારો અને જેની ઉપર આધાર રાખ્યો હોય તેવી કાયદાકીય જોગવાઈઓ (કોઈ હોય, તો તે)ની સ્પષ્ટતા કરતા દાવો કરાયેલ રાહત (રાહતો) નીચે નિર્દિષ્ટ કરવા]

૬. વચગાળાનો હુકમ, જો તે માટે વિનંતી કરેલ હોય તો:

ફરિયાદનો અંતિમ નિર્ણય અનિર્ણિત હોય ત્યારે ફરિયાદી નીચેનો વચગાળાનો હુકમ કરવા જણાવી શકશે.

[અહીં વિનંતી કરેલ વચગાળાના હુકમનો પ્રકાર, કારણો સાથે જણાવવો]

૭. કોઈ અન્ય કોર્ટમાં અનિર્ણિત ન હોય તેવા દાવા વગેરે. :

અરજદાર વધુમાં જાહેર કરે છે કે જેના સંબંધમાં આ અપીલ કરવામાં આવેલી છે તે બાબત, કાયદાની કોઈ કોર્ટ અથવા કોઈ અન્ય સત્તામંડળ અથવા કોઈ અન્ય ટ્રિબ્યુનલ (ટ્રિબ્યુનલ્સ) સમક્ષ અનિર્ણિત નથી.

૮. નિયમ ૩૬ના પેટા–નિયમ (૧)ના ફીની બોલીઓ સંબંધી બેંક ડ્રાફ્ટની વિગતો:

(૧) રકમ

(૨) જેની ઉપર લખાયેલ હોય તે બેંકનું નામ

(૩) ડિમાન્ડ ડ્રાફ્ટ નંબર

૯. બિડાણોની યાદી:

[ફરિયાદની સાથે બિડાણોની વિગતો નિર્દિષ્ટ કરવી]

ખરાઇ

હું,..... (મોટા અક્ષરોમાં પૂરેપુરૂં નામ), ... નો પુત્ર/ પુત્રી અરજદાર આથી, ખરાઇ કરું છું કે પરિચ્છેદો [૧ થી ૯]ની વિષયવસ્તુઓ, મારી વ્યકિતગત જાણ અને માન્યતા મુજબ ખરી છે અને મેં કોઇ મહત્વની હકીકત (હકીકતો) છુપાવી નથી.

સ્થળ:

તારીખ: ફરિયાદી (ફરિયાદીઓ)ની સહી

નમૂનો 'ખ'

[જુઓ નિયમ ૧૨(૧)]

ન્યાયનિર્ણય આપનાર અધિકારીને અરજી

અધિનિયમની કલમ ૭૧ સાથે વાંચતા કલમ ૩૧ હેઠળ વળતર માટે દાવો

ન્યાયનિર્ણય આપનાર અધિકારીઓની કચેરીના ઉપયોગ માટે:

ફાઇલ કરવાની તારીખ: _____

ટપાલ દ્વારા મળ્યાની તારીખ: _____

અરજી નં.: _____

સહી: _____

અધિકૃત અધિકારી: _____

ન્યાયનિર્ણય આપનાર અધિકારીઓની કચેરીમાં (જગ્યાનું નામ)

વચ્ચે

_____ અરજદાર (અરજદારો)

અને

_____ પ્રતિવાદી (પ્રતિવાદીઓ)

દાવાની વિગતો:

૧. અરજદાર (અરજદારો)ની વિગતો:

(૧) અરજદારનું નામ:

(૨) અપીલ કરનારની વર્તમાન કચેરી/ રહેઠાણનું સરનામું:

(૩) તમામ નોટિસની બજવણી માટેનું સરનામું:

(૪) હિસ્સો મેળવનારાઓના એપાર્ટમેન્ટ, પ્લોટ અથવા મકાનની વિગતો:

૨. પ્રતિવાદી (પ્રતિવાદીઓ)ની વિગતો:

(૧) પ્રતિવાદીનું નામ (નામો):

(૨) પ્રતિવાદીની વર્તમાન કચેરી/ રહેઠાણનું સરનામું:

(૩) તમામ નોટિસની બજવણી માટેનું સરનામું:

(૪) નોંધણી ક્રમાંક અને પરિયોજનાનું સરનામું:

૩. ન્યાયનિર્ણય આપનાર અધિકારીની હકૂમત:

અરજદાર જણાવે કે દાવાની ફરિયાદની વિષય બાબત ન્યાયનિર્ણય આપનાર અધિકારીના હકૂમતની અંદર આવે છે.

૪. કેસની હકીકતો:

[ફરિયાદ માટેની હકીકતો અને કારણોનું સંક્ષિપ્તમાં નિવેદન આપવું]

૫. માંગેલ વળતર (વળતરો) :

ઉપરના પરિચ્છેદ ૪માં ઉલ્લેખેલ હકીકતોની દૃષ્ટિએ, અરજદાર નીચેના વળતર (વળતરો) માટે વિનંતી કરે છે.....

[દાવા (દાવાઓ) માટેના આધારો અને જેની ઉપર આધાર રાખ્યો હોય તેવી કાયદાકીય જોગવાઈઓ (કોઈ હોય, તો તે)ની સ્પષ્ટતા કરતા દાવો કરાયેલ વળતર (વળતરો) નીચે નિર્દિષ્ટ કરવા]

૬. કોઈ અન્ય કોર્ટમાં અનિર્ણિત ન હોય તેવા દાવા વગેરે. :

અરજદાર વધુમાં જાહેર કરે છે કે જેના સંબંધમાં આ અપીલ કરવામાં આવેલી છે તે બાબત, કાયદાની કોઈ કોર્ટ અથવા કોઈ અન્ય સત્તામંડળ અથવા કોઈ અન્ય ટ્રિબ્યુનલ (ટ્રિબ્યુનલો) સમક્ષ અનિર્ણિત નથી.

૭. નિયમ ૩૬ના પેટા-નિયમ (૧)ના ફીની બોલીઓ સંબંધી બેંક ડ્રાફટની વિગતો :

(૪) રકમ

(૫) જેની ઉપર લખાયેલ હોય તે બેંકનું નામ

(૬) ડિમાન્ડ ડ્રાફટ નંબર.

૮. બિડાણોની યાદી :

[અરજી સાથેના બિડાણોની વિગતો નિર્દિષ્ટ કરવી]

ખરાઈ

હું,..... (મોટા અક્ષરોમાં પૂરેપૂરું નામ), ... નો પુત્ર/ પુત્રી અરજદાર, આથી, ખરાઈ કરું છું કે પરિચ્છેદો [૧ થી ૮]ની વિષયવસ્તુઓ, મારી વ્યકિતગત જાણ અને માન્યતા મુજબ ખરી છે અને મેં કોઈ મહત્વની હકીકત (હકીકતો) છુપાવી નથી.

સ્થળ :

તારીખ : અરજદાર (અરજદારો)ની સહી.

નમૂનો 'ગ'

[જુઓ નિયમ ૧૩]

વાર્ષિક હિસાબ-પત્રક

.....વર્ષના અંત સુધીનું આવક અને ચૂકવણી ખાતું

(રૂપિયામાં)

હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	આવકો	ચાલુ વર્ષના .....ના રોજ સુધીની	પાછલા વર્ષના .....ના રોજ સુધીની	હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	ચૂકવણીઓ	ચાલુ વર્ષના .....ના રોજ સુધીની	પાછલા વર્ષના .....ના રોજ સુધીની
૧.	બાકી આગળ લાવ્યા			૧૩.	અધ્યક્ષ અને સભ્યો :		
૧.૧.	બેંક			૧૩.૧.	પગાર અને ભથ્થાં		
૧.૨.	હાથ પર રોકડ			૧૩.૨.	અન્ય લાભો		
૨.	ફી, ચાર્જિસ અને દંડ :			૧૩.૩.	મુસાફરી ખર્ચ :		

INDEX

હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	આવકો	ચાલુ વર્ષના .....ના રોજ સુધીની	પાછલા વર્ષના .....ના રોજ સુધીની	હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	ચૂકવણીઓ	ચાલુ વર્ષના .....ના રોજ સુધીની	પાછલા વર્ષના .....ના રોજ સુધીની
૨.૧.	ફી			૧૩.૩.૧.	પરદેશમાં (ઓવરસીઝ)		
૨.૨.	ચાર્જિસ			૧૩.૩.૨.	દેશમાં (ડોમેસ્ટિક)		
૨.૩.	દંડ			૧૪.	અધિકારીઓ:		
૨.૪.	અન્ય (નિર્દિષ્ટ કરવું)			૧૪.૧.	પગાર અને ભથ્થાં		
૩.	અનુદાન (ગ્રાન્ટ) :			૧૪.૨.	નિવૃત્તિ લાભો		
૩.૧.	સરકાર સાથેના હિસાબો			૧૪.૩.	અન્ય લાભો		
૩.૨.	અન્ય (નિર્દિષ્ટ કરવું)			૧૪.૪.	મુસાફરી ખર્ચ :		
૪.	બક્ષિસો			૧૪.૪.૧.	પરદેશમાં (ઓવરસીઝ)		
૫.	સેમિનાર અને કોન્ફરન્સો			૧૪.૪.૨.	દેશમાં (ડોમેસ્ટિક)		
૬.	પ્રકાશનોનું વેચાણ			૧૫.	સ્ટાફ :		
૭.	રોકાણો અને ડિપોઝિટો પરની આવક			૧૫.૧.	પગાર અને ભથ્થાં		
૭.૧.	રોકાણો પરની આવક			૧૫.૨.	નિવૃત્તિ લાભો		
૭.૨.	ડિપોઝિટો પરની આવક			૧૫.૩.	અન્ય લાભો		
૮.	લોન :			૧૫.૪.	મુસાફરી ખર્ચ :		
૮.૧.	સરકાર			૧૫.૪.૧.	પરદેશમાં (ઓવરસીઝ)		
૮.૨.	અન્ય (નિર્દિષ્ટ કરવું)			૧૫.૪.૨.	દેશમાં (ડોમેસ્ટિક)		
૯.	અસ્કયામતોનું વેચાણ			૧૬.	વાહન ભાડું		
૧૦.	નાણાં રોકાણનું વેચાણ			૧૭.	વેતનો		
૧૧.	પગાર બિલોમાંથી વસૂલાતો			૧૮.	ઓવર ટાઈમ		
				૧૯.	માનવેતન		
				૨૦.	કચેરીનું અન્ય ખર્ચ		
				૨૧.	સંશોધન ખર્ચ		
				૨૨.	પરામર્શ ખર્ચ		
				૨૩.	સેમિનારો અને કોન્ફરન્સો		
				૨૪.	સત્તામંડળના પ્રકાશનો		
				૨૫.	ભાડું અને વેરા		
				૨૬.	લોન ઉપરનું વ્યાજ		
				૨૭.	પ્રોત્સાહન અંગે ખર્ચ		
				૨૮.	સભ્યપદ ફી		
				૨૯.	લવાજમ		
				૩૦.	સ્થાવર અસ્કયામતોની ખરીદી(નિર્દિષ્ટ કરવી)		
				૩૧.	રોકાણો અને ડિપોઝિટો :		

INDEX

હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	આવકો	ચાલુ વર્ષના .....ના રોજ સુધીની	પાછલા વર્ષના .....ના રોજ સુધીની	હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	ચૂકવણીઓ	ચાલુ વર્ષના .....ના રોજ સુધીની	પાછલા વર્ષના .....ના રોજ સુધીની
				૩૧.૧	રોકાણો		
				૩૧.૨	ડિપોઝિટો		
				૩૨.	સિકયુરીટી ડિપોઝિટો		
				૩૩.	લોન અને પેશગી :		
				૩૩.૧	કર્મચારીઓ :		
				૩૩.૧.૧.	વ્યાજુકી		
				૩૩.૧.૨.	બિન-વ્યાજુકી		
				૩૩.૨.	વિકેતાઓ(સપ્લાયર્સ)/ કોન્ટ્રાકટરો		
				૩૩.૩	અન્ય (નિર્દિષ્ટ કરવું)		
				૩૪.	લોન ભરપાઇ		
				૩૫.	અન્ય		
				૩૫.૧.	રજા પગાર અને પેન્શન		
				૩૫.૨.	ફાળા		
				૩૫.૩.	ઓડિટ ફી		
				૩૫.૪.	પરચૂરણ		
				૩૬.	બાકી આગળ લઇ ગયા (નીચે લઇ ગયા).		
				૩૬.૧	બેંક		
				૩૬.૨	હાથ પર રોકડ		
	કુલ				કુલ		

સભ્ય (સભ્યો)(ની સહી) અધ્યક્ષ (સહી)

તારીખ ૧લી એપ્રિલ, ...થી તારીખ ૩૧મી માર્ચ, ... સુધીનું
આવક અને ખર્ચ ખાતું. (રૂપિયામાં)

હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	ખર્ચ	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના	હિસાબ નો કોડ (Code) (એકા. કોડ)	આવક	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના
૩૭.	અધ્યક્ષ અને સભ્યો			૬૧.	ફી, ચાર્જિસ અને દંડ		
૩૭.૧.	પગાર અને ભથ્થાં			૬૧.૧.	ફી		
૩૭.૨.	અન્ય લાભો			૬૧.૨.	ચાર્જિસ		
૩૭.૩.	મુસાફરી ખર્ચ :			૬૧.૩.	દંડ		
૩૭.૩.૧.	પરદેશમાં (ઓવરસીઝ)			૬૧.૪.	અન્ય (નિર્દિષ્ટ કરવું)		
૩૭.૩.૨.	દેશમાં (ડોમેસ્ટિક)			૬૨.	અનુદાનો (ગ્રાન્ટ)		

INDEX

હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	ખર્ચ	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના	હિસાબ નો કોડ (Code) (એકા. કોડ)	આવક	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના
૩૮.	અધિકારીઓ			૬૨.૧.	સરકાર સાથેના હિસાબ		
૩૮.૧.	પગાર અને ભથ્થાં			૬૨.૨.	અન્ય (નિર્દિષ્ટ કરવું)		
૩૮.૨.	નિવૃત્તિ લાભો			૬૩.	બક્ષિસો		
૩૮.૩.	અન્ય લાભો			૬૪.	સેમિનારો અને કોન્ફરન્સો		
૩૮.૪.	મુસાફરી ખર્ચા :			૬૫.	પ્રકાશનોનું વેચાણ		
૩૮.૪.૧.	પરદેશમાં (ઓવરસીઝ)			૬૬.	રોકાણો અને ડિપોઝિટો પરની આવકો		
૩૮.૪.૨.	દેશમાં (ડોમેસ્ટિક)			૬૬.૧.	રોકાણો પરની આવકો		
૩૯.	સ્ટાફ			૬૬.૨.	ડિપોઝિટો પરની આવક		
૩૯.૧.	પગાર અને ભથ્થાં			૬૬.૩.	લોન અને પેશગી પરનું વ્યાજ		
૩૯.૨.	નિવૃત્તિ લાભો			૬૭.	પરચૂરણ આવક		
૩૯.૩.	અન્ય લાભો			૬૭.૧.	અસ્કયામતોના વેચાણ ઉપરનો નફો		
૩૯.૪.	મુસાફરી ખર્ચ			૬૭.૨.	આવક કરતાં ખર્ચનો વધારો		
૩૯.૪.૧.	પરદેશમાં (ઓવરસીઝ)			૬૭.૩.	(મૂડી ભંડોળ હિસાબ ખાતે તબદીલ કરેલા)		
૩૯.૪.૨.	દેશમાં (ડોમેસ્ટિક)						
૪૦.	વાહનોનું ભાડું						
૪૧.	વેતન						
૪૨.	ઓવરટાઇમ						
૪૩.	માન વેતન						
૪૪.	કચેરીનું અન્ય ખર્ચ						
૪૫.	સંશોધન ખર્ચ						
૪૬.	પરામર્શ ખર્ચ						
૪૭.	સેમિનારો અને કોન્ફરન્સો						
૪૮.	રીયલ એસ્ટેટ નિયમન સત્તામંડળ (સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ)ના પ્રકાશનો						
૪૯.	ભાડું અને વેરા						

INDEX

હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	ખર્ચ	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના	હિસાબ નો કોડ (Code) (એકા. કોડ)	આવક	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના
૫૦.	લોન પરનું વ્યાજ						
૫૧.	પ્રોત્સાહન અંગે ખર્ચ			-	--		
૫૨.	સભ્યપદ ફી						
૫૩.	લવાજમ						
૫૪.	અન્ય						
૫૪.૧.	રજા પગાર અને પેન્શન						
૫૪.૨.	ફાળો						
૫૪.૩.	ઓડિટ ફી						
૫૪.૪.	પરચૂરણ						
૫૫.	ઘસારો						
૫૬.	અસ્કયામતોના વેચાણ ઉપરની ખોટ						
૫૭.	માંડી વાળેલ ઘાલખાધ						
૫૮.	ઘાલખાધ અને શકમંદ દેવાંની જોગવાઇ						
૫૯.	ખર્ચ કરતાં આવકનો વધારો						
૬૦.	(મૂડી ભંડોળ હિસાબ ખાતે તબદીલ કરેલ)						
	કુલ				કુલ		

સભ્ય (સભ્યો) (ની સહી) અધ્યક્ષ (સહી)

તારીખ ૩૧મી માર્ચ .....ના રોજનું

પાકું સરવૈયું (રૂપિયામાં)

હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	જવાબદારીઓ	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના	હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	મિલકતો (અસ્કયામતો)	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના
૬૮.	ભંડોળો			૭૨.	સ્થાવર મિલકતો		
૬૮.૧	મૂડી ભંડોળ			૭૨.૧.	પડતર કિંમતે ગ્રોસ બ્લોક		
૬૮.૨	ઉમેરો : ખર્ચ કરતાં આવકના વધારામાંથી : આવક કરતાં ખર્ચનો વધારો બાદ કરો			૭૨.૨.	બાદ એકત્રિત ઘસારો		
૬૮.૩	અન્ય ભંડોળો (નિર્દિષ્ટ કરવા)			૭૨.૩.	નેટ બ્લોક		
૬૯.	અનામતો			૭૩.	ચાલુ મૂડી		

હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	જવાબદારીઓ	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના	હિસાબનો કોડ (Code) (એકા. કોડ)	મિલકતો (અસ્કયામતો)	ચાલુ વર્ષના .....ના રોજ સુધીના	પાછલા વર્ષના .....ના રોજ સુધીના
૭૦.	લોનઃ			૭૪.	રોકાણો અને ડિપોઝિટો (થાપણો)		
૭૦.૧	સરકારી			૭૪.૧.	રોકાણ		
૭૦.૨	અન્ય			૭૪.૨.	ડિપોઝિટો		
૭૧.	ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ			૭૫.	લોન અને પેશગી		
				૭૫.૧.	સરકાર સાથેના હિસાબ		
				૭૬.	નાના દેવાદારો		
				૭૭.	રોકડ અને બેન્ક સિલક		
				૭૮.	અન્ય ચાલુ અસ્કયામત		
	કુલ				કુલ		
હિસાબી નીતિઓ અને નોંધો :							

સભ્ય (સભ્યો) (ની સહી) અધ્યક્ષ (સહી)

નમૂનો 'ઘ'

[જુઓ નિયમ ૧૪]

સત્તામંડળે તૈયાર કરવાનો વાર્ષિક અહેવાલ

૧. પ્રમોટરો અને રિયલ એસ્ટેટ એજન્ટોની નોંધણી (રજિસ્ટ્રેશન) અંગેનું પત્રક

ક. પ્રમોટરોના સંબંધમાં

અનુક્રમ નંબર	પ્રમોટરનું નામ	પ્રમોટરનું સરનામું	જેના માટે નોંધણી (રજિસ્ટ્રેશન) કરી આપેલ હોય તેવી પરિયોજના (પ્રોજેકટ)નું વર્ણન	ચૂકવેલ ફી	નોંધણી (રજિસ્ટ્રેશન) ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬

નોંધણી (રજિસ્ટ્રેશન) કરી આપ્યા તારીખ	જે તારીખે નોંધણી (રજિસ્ટ્રેશન) પૂરી થાય તે તારીખ	મુદત વધારી આપ્યા સાથે નોંધણી (રજિસ્ટ્રેશન) વધારી આપ્યા તારીખ	વિશેષ નોંધ
૭	૮	૯	૧૦

INDEX

ખ. રિયલ એસ્ટેટ એજન્ટોના સંબંધમાં :

અનુક્રમ નંબર	રિયલ એસ્ટેટ એજન્ટનું નામ	રિયલ એસ્ટેટ એજન્ટનું સરનામું	ચૂકવેલ નોંધણી (રજિસ્ટ્રેશન) ફી	નોંધણી (રજિસ્ટ્રેશન) પ્રમાણપત્ર કાઢી આપ્યા તારીખ	નોંધણી (રજિસ્ટ્રેશન) પ્રમાણપત્ર પૂરૂં થવાની તારીખ	નોંધણી (રજિસ્ટ્રેશન) પ્રમાણપત્ર તાજુ કરવાની તારીખ અને મુદત	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮

૨. નિયમન સત્તામંડળ અને તકરારોની પતાવટ અને ન્યાયનિર્ણય માટે ન્યાયનિર્ણય આપનાર અધિકારી સમક્ષ ફાઈલ કરેલા અને ન્યાયનિર્ણય કરાયેલ કેસોની સંખ્યા અંગેનું પત્રક.

અનુક્રમ નંબર	નિયમન સત્તામંડળ દ્વારા છેલ્લા ત્રિમાસમાં અનિર્ણીત કેસોની સંખ્યા	નિયમન સત્તામંડળને ત્રિમાસ દરમિયાન મળેલા કેસોની સંખ્યા	નિયમન સત્તામંડળ-એ નિકાલ કરેલા કેસોની સંખ્યા

અનુક્રમ નંબર	ન્યાયનિર્ણય અધિકારી દ્વારા છેલ્લા ત્રિમાસમાં અનિર્ણીત કેસોની સંખ્યા	ન્યાયનિર્ણય અધિકારીને ત્રિમાસ દરમિયાન મળેલા કેસોની સંખ્યા	ન્યાયનિર્ણય અધિકારીએ નિકાલ કરેલા કેસોની સંખ્યા

૩. પ્રમોટરો, હિસ્સો મેળવનાર (એલોટી) અને રિયલ એસ્ટેટ એજન્ટોએ અધિનિયમની જોગવાઈઓના કરેલ પાલનનું દેખરેખ-નિયંત્રણ કરવા માટે નિયમન સત્તામંડળ-એ કરેલાં સામયિક સરવે (મોજણી) અંગેનું પત્રક.

અનુક્રમ નંબર	વિગતો સાથે ત્રિમાસ દરમિયાન કરેલા સરવે	સત્તામંડળનું નિરીક્ષણ	લીધેલા ઉપાયાત્મક પગલાં

૪. પ્રમોટરો, હિસ્સો મેળવનારાઓ (એલોટી) અને રિયલ એસ્ટેટ એજન્ટોએ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓના કરેલ કોઈ અપાલન ઘટાડવા માટે લીધેલા પગલાં અંગેનું પત્રક

અનુક્રમ નંબર	વિષય	લીધેલાં પગલાં	મેળવેલા પરિણામો

૫. અધિનિયમના અને નિયમન સત્તામંડળ અને ન્યાયનિર્ણય અધિકારીના આદેશોના ઉલ્લંઘનો માટે નિયમન સત્તામંડળ-એ નાંખેલા દંડ ઉપરનું પત્રક.

અનુક્રમ નંબર	પ્રમોટરનું નામ	બહાર પાડેલા આદેશોની વિગતો	નાંખેલા દંડ	ચૂકવેલ છે કે કેમ

INDEX

અનુક્રમ નંબર	હિસ્સો મેળવનાર (એલોટી)નું નામ	બહાર પાડેલા આદેશોની વિગતો	નાંખેલા દંડ	ચૂકવેલ છે કે કેમ

અનુક્રમ નંબર	રિયલ એસ્ટેટ એજન્ટનું નામ	બહાર પાડેલા આદેશોની વિગતો	નાંખેલા દંડ	ચૂકવેલ છે કે કેમ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી

અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 184

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, JULY 18, 2017/ASADHA 27, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર. ૧૮મી જુલાઇ,૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃજીએચ/વી/૨૦૧૭નો ૨૫/ડીવીપી/ ૧૯૨૦૧૬/૧૫૬૫/એલ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

NOTIFICATION

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOMPENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:જીએચ/વી/૨૦૧૭નો ૨૫/ડીવીપી/૧૯૨૦૧૬/૧૫૬૫/એલ – ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૨૨ની પેટા–કલમ (૧), (૨), (૨–ક), કલમ ૨૨ની પેટા કલમ ૫, કલમ ૨૩ની પેટા–કલમ (૩) અને કલમ ૧૦૮–થી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૦૭/૦૭/૨૦૦૮ના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૨૦૦૮નો ૯૩/યુડીએ/૧૧૨૦૦૩/૨૬૧૦/વી હેઠળ, શહેરી વિકાસ વિસ્તારને, જૂનાગઢ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ (જેનો આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં અને આસપાસના ગામડાના વિસ્તારોમાં જોડવામાં આવ્યો હોવાનું જાહેર કરે છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૨૨ની પેટા–કલમ (૨ ક)થી મળેલી સત્તા રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે અનુસુચિમાં જણાવેલ વિસ્તારને, જૂનાગઢ શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ કરવો અને સદરહુ અધિનિયમની સંબંધિત જોગવાઇ સદરહુ વિસ્તારને લાગુ પડતી બંધ થશે.

અનુસૂચિ

જિલ્લાનું નામ	તાલુકો	ગામ/નગરનું નામ
૧	૨	૩
જૂનાગઢ	જૂનાગઢ	પાલસવા, પાદરિયા, વડાલ, માખિયાળા, મજેવડી, પત્રાપસર, ચોકલી, બામણગામ, ડેરવાણ, તલિયાઘર, વીજાપુર, સોડવદર, પાતાપુર, ખડિયા, ઇંટાલા, સલાથા, આણંદપુર, ડુંગરપુર.
	વંથલી	ઘંઘુસર, કોયલી, બાલોટ, નવલખી, વાડલા, લુવારસાર, સેલરા, ઘુડવદર, રાયપુર, સોનારડી, ઘણકુલિયા, સુખપુર, વંથલી, શાપુર (જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદને જોડતા વિસ્તાર સિવાયના વિસ્તાર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી

અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 185

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, JULY 18, 2017/ASADHA 27, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૨૯મી જૂન, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૨૮)-વીએટી-૨૦૧૭-એસ.૧(૨)-ઠ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Value Added Tax Act, 2003.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૯મી જૂન, ૨૦૧૭

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩

ક્રમાંક : (જીએચએન-૨૮)વીએટી-૨૦૧૭-એસ.૧(૨)-૬:- ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ,૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૬મા)ની કલમ ૧ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ,ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ, જે તારીખે અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 186 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JULY 19, 2017/ASADHA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર. ૧૯મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૪થી નવેમ્બર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ પીટી/૨૦૧૬/૫૨/એમટીએ/૧૮૨૦૧૫/૭૫/ખ.–** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Under
The Motor Vehicles Tax Act, 1988.
મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૮૮ હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી નવેમ્બર, ૨૦૧૭.

મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮.

ક્રમાંક : પીટી/૨૦૧૬/૫૨/એમટીએ/૧૮૨૦૧૫/૭૫/ખ:– આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં, જામનગર મહાનગરપાલિકા, જામનગર દ્વારા નિયંત્રિત, સી.એમ.જાડેજા, જામનગર દ્વારા સ્ટેજ કેરેજ બસો ચલાવવામાં આવનાર છે;

અને મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૬૭ની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, સ્ટેજ કેરેજ, કોન્ટ્રાક્ટ કેરેજ અને ગુડ્સ કેરેજ માટે, ભાડાં અને નૂર (તેને લગતા મહત્તમ અને લઘુત્તમ સહિતના) નક્કી કરવાના સંબંધમાં, રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળ અને પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળને આદેશો આપવા માટેની સત્તા મળે છે;

અને લોકોને કાર્યક્ષમ, પર્યાપ્ત, કરકસરયુક્ત અને યોગ્ય રીતે સંકલિત માર્ગ વાહનવ્યવહાર સેવા પૂરી પાડવા માટે, જામનગર મહાનગરપાલિકા–એ રાજ્ય સરકારને ભાડાં અને નૂરના દર નક્કી કરવા માટે રજૂઆત કરેલ છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૭ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, ગુજરાત સરકાર–એ બહાર પાડેલા અગાઉના જાહેરનામાં રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, નીચેની શરતોને અધીન રહીને, સી.એમ.જાડેજા, આનંદ કોલોની, માર્ગ નં. ૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલની પાછળ, જામનગર દ્વારા અનુસૂચિના કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં ચલાવવાના સ્ટેજ કેરેજ માટે, ભાડાં અને નૂર (તેને લગતા મહત્તમ અને લઘુત્તમ સહિતના) નક્કી કરવા, રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને અને જામનગરના પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને આદેશો આપે છે:–

(૧) મૂળ (આધારરૂપ) ભાડું, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું રહેશે;

(૨) વિદ્યાર્થીએ કરેલી કોઈ મુસાફરીના કિસ્સામાં, આવો કોઈ વેરો લેવાપાત્ર ન હોય, તો આવી મુસાફરી માટેના ભાડાં એવી રીતે સરભર કરવામાં આવશે કે જેથી આવા વેરાની રકમ તેમાંથી બાદ કરી શકાય;

(૩) સ્ટેજ કેરેજ ઓપરેટરે, વખતોવખત સુધાર્યા પ્રમાણેના સદરહુ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ આપેલી સ્ટેજ કેરેજ પરમિટની (શરતો)નો ભંગ કરવો જાઈશે નહિ. આવા કોઈ ભંગના કિસ્સામાં, આપેલી સ્ટેજ કેરેજ પરમિટ તરત જ રદ થવાને પાત્ર થશે;

અનુસૂચિ

વિસ્તારો	રૂટ	ઉતારુ વેરા સહિત વધુમાં વધુ ભાડું	માલસમાનના દાગીના દીઠ નૂર
૧	૨	૩	૪
૧૫ કિલોમીટરની હદ સુધીના માન્ય કરેલા રૂટ ધરાવતા અને જામનગર મહાનગરપાલિકામાં સમાવેશ થયેલા વિસ્તારો અને તેમાંના કોઈ વિસ્તારની લગોલગના અન્ય વિસ્તારો અને ઉપર્યુક્ત વિસ્તારોમાંથી કોઈ વિસ્તારનીવચ્ચેના વિસ્તારો.	(૧) જામનગર મહાનગરપાલિકાના વિસ્તારોની અંદરના તમામ રૂટો. (૨) ગુજરાત મોટરવાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા)ની કલમ ૩ના પરંતુક હેઠળ મંજૂર કર્યા મુજબના જામનગર મહાનગરપાલિકાના વિસ્તારોની હદના લગોલગના વિસ્તારોમાં સેવા પૂરી પાડવામાં આવતી હોય તેવા રૂટો.	(૧) પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારુ દીઠ રૂ.૫.૦૦ (ફક્ત પાંચ રૂપિયા); (૨) ત્યાર બાદ, ત્રીજા સ્ટેજ પછીના દરેક સ્ટેજ અથવા તેના ભાગ માટે, સ્ટેજ દીઠ અથવા તેના ભાગ માટે ઉતારુ દીઠ રૂ. ૧.૦૦ (ફક્ત એકરૂપિયા)નો વધારો.	(૧) એકંદરે ૨૫ કિલોગ્રામથી વધુ ન હોય તેવા પરવાનગીપાત્ર દાગીના ઉપર ચાર્જ લેવામાં આવશે નહિ.

નોંધ:–

(૧) આ જાહેરનામાના હેતુ માટે, ''સ્ટેજ'' એ શબ્દ એટલે બે કિલોમીટરનું અંતર.

(૨) આ જાહેરનામામાં, ''ઉતારુ'' એ શબ્દનો, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૨ના ખંડ (ઝ) અને નિયમ ૧૧૯ના પેટા–નિયમ (૧)માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 187

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JULY 19, 2017/ASADHA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઈ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૧૯૭/એમઆઈએસ-૧૦૨૦૧૬-૩૨૮૧૪૫-એલ-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,

સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

The Gujarat Real Estate (Regulation and Development) (Matters Relating to the Gujarat Real Estate Appellate Tribunal) Rules, 2016.

ગુજરાત સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) (ગુજરાત સ્થાવર મિલકત અપીલ ટ્રિબ્યુનલને લગતી બાબતો) નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬.

સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬.

ક્રમાંક: જીએચ / વી / ૨૦૧૬નો ૧૯૭ / એમઆઈએસ - ૧૦૨૦૧૬ - ૩૨૮૧૪૫ - એલ:- સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬ના ૧૬મા)ની કલમ ૮૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-**

(૧) આ નિયમો 'ગુજરાત સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) (ગુજરાત સ્થાવર મિલકત અપીલ ટ્રિબ્યુનલને લગતી બાબતો) નિયમો, ૨૦૧૬' કહેવાશે.

(૨) તે આ જાહેરનામાની તારીખથી અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.-**

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અધિનિયમ'' એટલે સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬નો ૧૬મો);

(ખ) ''એનેક્ષર'' એટલે આ નિયમો સાથે જોડેલું એનેક્ષર;

(ગ) ''પ્રમાણિત નકલ'' એટલે આ નિયમો હેઠળ કોઈ વ્યક્તિએ પૂરી પાડવી જરૂરી હોય તેવી કોઈ દસ્તાવેજની સ્વ-પ્રમાણિત નકલ;

(ઘ) ''સત્તામંડળ'' એટલે અધિનિયમની કલમ ૨-ના ખંડ (૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ;

(ચ) ''નમૂનો'' એટલે આ નિયમો સાથે જોડલો નમૂનો;

(છ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(જ) ''કલમ'' એટલે અધિનિયમની કલમ; અને

(ઝ) ''અપીલ ટ્રિબ્યુનલ'' એટલે અધિનિયમની કલમ ૪૩ હેઠળ સ્થપાયેલી ગુજરાત સ્થાવર મિલકત અપીલ ટ્રિબ્યુનલ.

(૨) અહીં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા, પણ અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે.

INDEX

૩. **અપીલ દાખલ કરવાનો નમૂનો અને ચૂકવવાપાત્ર ફી બાબત.-**

(૧) કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ દાખલ કરેલી દરેક અપીલની સાથે, અપીલ ટ્રિબ્યુનલની તરફેણમાં કાઢેલા રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટના સ્વરૂપે એક હજાર રૂપિયાની ફી હોવી જોઈશે અને તે ફી સદરહુ અપીલ ટ્રિબ્યુનલ જ્યાં આવેલી હોય તે સ્થળ ખાતેની તે બેંકની મુખ્ય શાખામાં ચૂકવવી જોઈશે.

(૨) દરેક અપીલ, નીચે જણાવેલા દસ્તાવેજો સહિત, નમૂના 'ક'માં દાખલ કરવી જોઈશેઃ

(ક) જે હુકમ વિરુદ્ધ અપીલ દાખલ કરવામાં આવી હોય તે હુકમની પ્રમાણિત કરેલી ખરી નકલ;

(ખ) અપીલ કરનારે જે દસ્તાવેજો પર આધાર રાખેલ હોય અને અપીલમાં જેનો સંદર્ભ આપવામાં આવેલ હોય તે દસ્તાવેજોની નકલો;

(ગ) દસ્તાવેજોની સૂચિ.

(૩) અપીલ દાખલ કરવા માટેની કાર્યરીતિ અપીલ ટ્રિબ્યુનલ દ્વારા નક્કી કરવામાં આવે તેવી રહેશે.

૪. **અપીલ ટ્રિબ્યુનલના સભ્યોની પસંદગીની રીત.-**

(૧) અપીલ ટ્રિબ્યુનલમાં સભ્યની ખાલી જગા હોય અથવા ઊભી થાય અથવા ઊભી થવાની સંભાવના હોય, ત્યારે અને તે પ્રમાણે, સરકાર, ભરવાની હોય તેવી ખાલી જગાના સંબંધમાં પસંદગી સમિતિને પુછાણ કરી શકશે.

(૨) પસંદગી સમિતિ, અપીલ ટ્રિબ્યુનલના સભ્યની પસંદગીના હેતુ માટે, જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતી હોય અને અપીલ ટ્રિબ્યુનલના સભ્ય તરીકેની નિમણૂક માટે વિચારણાર્થે યોગ્ય હોય તેવી વ્યક્તિઓના નામની પેનલની દરખાસ્ત કરવા માટે પસંદગી સમિતિને યોગ્ય જણાય તેવી વ્યક્તિઓની બનેલી શોધ સમિતિની નિમણૂક કરવા સહિત યોગ્ય જણાય તેવી કાર્યરીતિનું પાલન કરી શકશે.

(૩) પસંદગી સમિતિએ, દરેક ખાલી જગા માટે બે વ્યક્તિઓની પસંદગી કરવી જોઈશે અને સરકારને તેની ભલામણ કરવી જોઈશે.

(૪) પસંદગી સમિતિએ, પેટા-નિયમ (૧) હેઠળ કરેલા પુછાણની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, સરકારને પોતાની ભલામણ કરવી જોઈશે.

(૫) સરકારે, પસંદગી સમિતિની ભલામણની તારીખથી ત્રીસ દિવસની અંદર, સભ્યની ખાલી જગા માટે, પસંદગી સમિતિએ ભલામણ કરેલી બે વ્યક્તિઓમાંથી એક વ્યક્તિની નિમણૂક કરવી જોઈશે.

૫. **અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો.-** (૧) અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં નીચે મુજબ રહેશેઃ

(ક) અધ્યક્ષને, હાઈ કોર્ટના ન્યાયાધીશ તરીકે આવી વ્યક્તિએ છેલ્લે મેળવેલા પગારને સમકક્ષ માસિક પગાર ચૂકવવો જોઈશે.

(ખ) સભ્યને, અપીલ ટ્રિબ્યુનલના સભ્ય તરીકેની તેની નિમણૂક પહેલાં, આવી વ્યક્તિએ ધરાવેલી જગા પર છેલ્લે મેળવેલા પગારને સમકક્ષ માસિક પગાર ચૂકવવો જોઈશે.

(ગ) સરકારના કર્મચારી ન હોય તેવા દરેક સભ્યને, સરકારના સચિવને સમકક્ષ માસિક પગાર ચૂકવવો જોઈશે.

(૨) અધ્યક્ષ અને સભ્યો, સેવાના દરેક વર્ષ માટે, ત્રીસ દિવસની પ્રાપ્ત રજા મેળવવા માટે હકદાર રહેશે.

INDEX

(૩) અધ્યક્ષ અને સભ્યના બીજા ભથ્થાં અને સેવાની બીજી શરતો, સરકાર દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવે તેવા રહેશે.

૬. સત્તામંડળના અધ્યક્ષ અથવા સભ્ય અથવા અપીલ ટ્રિબ્યુનલની વિરુદ્ધના આરોપની તપાસ માટેની કાર્યપદ્ધતિ.–

(૧) કલમ ૨૬ની પેટા–કલમ (૧)ના ખંડ (ઘ) અથવા ખંડ (ચ)માં નિર્દિષ્ટ કરેલા સંજોગો પૈકીના કોઈપણ સંજોગો બન્યા અંગે સરકાર વાકેફ થાય (ત્યારે) સત્તામંડળના અધ્યક્ષ અથવા સભ્યના કિસ્સામાં અથવા કલમ ૪૯ની પેટા–કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલા અધ્યક્ષ અથવા અપીલ ટ્રિબ્યુનલના સભ્યના કિસ્સામાં, આ અંગે ફરિયાદ મળતાં અથવા યથાપ્રસંગ, આપ મેળે, સરકાર, નિયમનકારી સત્તામંડળ અથવા યથાપ્રસંગ અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યની વિરુદ્ધ આવા આરોપોની બાબતમાં પ્રાથમિક ચકાસણી કરી શકશે.

(૨) પ્રારંભિક ચકાસણી કરતાં, સરકારને જરૂરી જણાય તેવા આરોપની બાબતમાં તપાસ કરવાનું જરૂરી છે તો, તે હાઇકોર્ટના જજ સમક્ષ, ફરિયાદ સાથે જે કોઈપણ સહાયક સામગ્રી (પુરાવા) પ્રાપ્ય હોય (તે) રજૂ કરી શકશે.

(૩) સરકાર –

(ક) સત્તામંડળ અથવા યથાપ્રસંગ અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યની વિરુદ્ધના આરોપ (અંગે)ના નિવેદન; અને

(ખ) તપાસને સુસંગત મહત્વના દસ્તાવેજોની નકલો,

જજને મોકલી શકશે.

(૪) જજે, આ અર્થે નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સમય મર્યાદાની અંદર, સત્તામંડળ અથવા યથાપ્રસંગ અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યને આરોપના સંબંધમાં સુનાવણીની વાજબી તક આપવી જોઇશે.

(૫) જ્યાં તથાકથિત આરોપ (મૂકવામાં આવ્યો) હોય કે અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ હોય અથવા સભ્ય કોઈપણ શારીરિક અથવા માનસિક અસમર્થતાને કારણે તેની કાર્યક્ષમ રીતે પોતાના હોદ્દાની ફરજો બજાવવા માટે અસમર્થ છે અને એવા મૂકવામાં આવેલ આરોપનો અસ્વીકાર (ઇનકાર) કરે ત્યારે, જજ, અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યના તબીબી તપાસ માટે વ્યવસ્થા કરી શકશે.

(૬) તપાસના પૂર્ણ થયા પછી, જજ પોતાને યોગ્ય લાગે તેમ અને કારણોને લગતાં પ્રત્યેક આરોપના વિષયવસ્તુ પોતાને યોગ્ય લાગે તેવી રીતે અલગ દર્શાવીને સમગ્ર કેસના આવા નિરીક્ષણોનો અહેવાલ સરકારને રજૂ કરી શકશે.

(૭) સરકાર, ત્યાર બાદ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિનિમય કરીને, સત્તામંડળ અથવા અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યને દૂર કરવા અથવા દૂર નહી કરવા તે અંગે નિર્ણય કરશે.

૭. અપીલ ટ્રિબ્યુનલના અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બોલીઓ અને શરતો.–

(૧) અપીલ ટ્રિબ્યુનલના અધિકારીઓ અને કર્મચારીઓની સેવાની શરતો અને અન્ય કક્ષાના કર્મચારીઓના પગાર, ભથ્થાં, રજા, હાજર થવાનો સમય, હાજર થવાની મુદતનો પગાર, નિવૃત્તિ વય અને સેવાની અન્ય શરતો તત્સમાન પગાર–ધોરણ ઉપાડતા સરકારના અધિકારીઓ અને

કર્મચારીઓને વખતોવખત લાગુ પડતા હોય તેવા નિયમો અને વિનિયમો અનુસાર વિનિયમિત કરવી જોઈશે.

(૨) સરકારને અધિકારીઓ અથવા કર્મચારીઓ અથવા યથાપ્રસંગ પરામર્શી અને નિષ્ણાતો કોઈપણ વર્ગ અથવા કક્ષાના સંબંધમાં આ નિયમોની કોઈપણ જોગવાઈઓ હળવી કરવાની છૂટ રહેશે.

૮. **અપીલ ટ્રિબ્યુનલની વધારાની સત્તાઓ.–** અપીલ ટ્રિબ્યુનલ અર્થશાસ્ત્ર, વાણિજ્ય, નામાના મૂળતત્વ, રિઅલ એસ્ટેટ, સ્પર્ધા, બાંધકામ, સ્થાપત્ય અથવા ઈજનેરી ક્ષેત્રમાંથી અથવા જરૂરી ગણે તેવા કોઈ અન્ય વિદ્યાશાખાના ક્ષેત્રમાંથી એવા નિષ્ણાત અથવા પરામર્શી પોતાની સમકક્ષ, કોઈપણ તપાસ અથવા કાર્યવાહીના સંચાલનમાં અપીલ ટ્રિબ્યુનલની મદદ માટે બોલાવી શકશે.

૯. **અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષની વહીવટી સત્તાઓ.–** અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષની વહીવટી સત્તાઓમાં નીચેના સંબંધમાં નિર્ણય લેવાનો સમાવેશ થશે.

(ક) કચેરીનું સંખ્યાબળ (કર્મચારીગણ), વેતન અને પગારના માળખાં, મળતર, અનુલાભ અને કર્મચારીઓ માટેની નીતિને લગતી બાબતો;

(ખ) જગા ઉભી કરવા અને તે નાબૂદ કરવાને લગતી બાબતો;

(ગ) તમામ જગાઓ માટે નિમણૂકો, બઢતી અને બહાલીને લગતી બાબતો;

(ઘ) કોઈપણ સભ્ય, અધિકારી અથવા કર્મચારીના રાજીનામાઓનો સ્વીકાર કરવો;

(ચ) મંજૂર થયેલ જગા સામે કાર્યકારી નિમણુંક;

(છ) કોઈ પણ સભ્ય, અધિકારી અથવા કર્મચારી ભારતની અંદર તેમજ ભારત બહાર પ્રવાસ (કરવા)ની ટૂરની અધિકૃતિ આપવી: અને તે (પ્રવાસ)ને માટે ભથ્થું મંજૂર કરાવવું.

(જ) તબીબી દાવાની ભરપાઈને સંબંધિત બાબતો;

(ઝ) રજા મંજૂર કરવા અથવા રદ કરવા સંબંધિત બાબતો;

(ટ) કચેરીના ઉપયોગ માટે વાહનો ભાડે કરવા માટે પરવાનગી;

(ઠ) ભારતમાં અથવા વિદેશમાં ચર્ચાસત્રો, પરિષદો (કોન્ફરન્સ) અને તાલીમ અભ્યાસક્રમોમાં હાજર રહેવા માટેની નામનિયુક્તિ;

(ડ) તાલીમ અભ્યાસક્રમો હાથ ધરવા અતિથિઓને નિમંત્રણ આપવા માટેની પરવાનગી;

(ણ) કર્મચારીવર્ગ કલ્યાણ ખર્ચને લગતી બાબતો;

(ત) સામાન્ય ઘસારાને લીધે વાપરી ન શકાય તેવી અથવા આર્થિક (રીતે) વિચારતાં વધારે સારી સ્થિતિમાં નથી તેવી મૂડી અસ્ક્યામતને ભંગારમાં કાઢવા અથવા માંડવાળ કરવા માટે મંજૂરી આપવી;

(થ) કોઈપણ સભ્ય, અધિકારી અથવા કર્મચારી વિરુદ્ધ શિસ્તના પગલાંને લગતી બાબતો;

(૬) અપીલ ટ્રિબ્યુનલ કાર્યક્ષમ ફરજ બજાવવા માટે અને અધિનિયમની અને આ નિયમોની જોગવાઇના અમલ કરવા માટે જરૂરી હોય તેવી બીજી કોઇપણ સત્તાઓ.

નમૂનો 'ક'

[જુઓ નિયમ ૩(૨)]

અપીલ ટ્રિબ્યુનલને અપીલ

અધિનિયમની કલમ ૪૪ હેઠળ અપીલ

દરેક અપીલ અંગ્રેજીમાં કરવી જોઇશે અને તે (અપીલ) કોઇ અન્ય ભારતીય ભાષામાં હોય ત્યારે તેવા કિસ્સામાં (અપીલ)ની સાથે અંગ્રેજીમાં અનુવાદ કરેલી એક નકલ જોડવી જોઇશે અને (તે અપીલ) યોગ્ય અને સુવાચ્ય રીતે ટાઇપ કરેલી, લિથોગ્રાફ્ડ અથવા પ્રમાણભૂત અરજ પત્રકની એક બાજુએ અંદરના હાંસિયે ટોચ પર આશરે ચાર સેન્ટિમીટરની પહોળાઇએ અને ૨.૫ સેમી. જમણે હાંસિયે અને ૫ સેમી. ડાબા હાંસિયા સાથે ડબલ સ્પેસીંગ (બમણું અંતર)માં છાપેલી, યોગ્ય રીતે પૃષ્ઠને ક્રમાંક આપેલી, અનુક્રમણિકાવાળી અને પેપર બુકના સ્વરૂપમાં એકસાથે બાંધેલી (ટાંકેલી) હોવી જોઇશે.

અપીલ ટ્રિબ્યુનલની કચેરીના ઉપયોગ માટે:

ફાઈલ દાખલ કર્યાની તારીખ:

ટપાલથી મળ્યા તારીખ: .....

નોંધણી(રજિસ્ટ્રેશન) ક્રમાંક.: .....

સહી: .....

રજિસ્ટ્રાર: .....

ગુજરાત સ્થાવર મિલકત અપીલ ટ્રિબ્યુનલ (જગ્યાનું નામ)

વચ્ચે

..... અપીલ કરનાર(કરનારા)

અને

..... પ્રતિવાદી(પ્રતિવાદીઓ) અપીલની વિગતો :

૧. અપીલ કરનારાની વિગતો:

(૧) અપીલ કરનારનું નામ:

(૨) અપીલ કરનારની વર્તમાન કચેરી / રહેઠાણનું સરનામું:

(૩) તમામ નોટિસની બજવણી માટેનું સરનામું:

૨. પ્રતિવાદીઓની વિગતો: (૧) પ્રતિવાદીનું નામ (નામો):

(૨) પ્રતિવાદીની કચેરીનું સરનામું:

(૩) તમામ નોટિસની બજવણી માટેનું સરનામું:

૩. અપીલ ટ્રિબ્યુનલની હકૂમત–

અપીલ કરનાર જાહેર કરે છે કે અપીલની વિષયવસ્તુ અપીલ ટ્રિબ્યુનલની હકૂમતની અંદર આવે છે.

૪. મુદત(મુદત મર્યાદા):

અપીલ કરનાર જાહેર કરે છે કે અપીલ કલમ ૪૪ની પેટા–કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ મુદત(મર્યાદામાં કરેલ) છે

અથવા

અપીલ કરનારે મુદત પૂરી થયા બાદ અપીલ કરેલ હોય તો, કલમ ૪૪ની પેટા–કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિલંબ થવાના કારણો નિર્દિષ્ટ કરવા .....

૫. કેસની હકીકતો:

નિયમનકારી સત્તામંડળ અથવા ન્યાયનિર્ણય આપનાર અધિકારીના અથવા યથાપ્રસંગ, અધિનિયમની કલમ (કલમો)..... હેઠળના નિર્દિષ્ટ હુકમની વિરુદ્ધમાં સંક્ષિપ્ત હકીકત અંગેનું નિવેદન અને અપીલ કરવા માટેના આધાર આપવા.

૬. માંગેલ રાહત(રાહતો):

ઉપર્યુક્ત પરિચ્છેદ ૫–માં જણાવેલ હકીકતોની દ્રષ્ટિએ, અપીલ કરનારે નીચે પ્રમાણેની રાહત(રાહતો) માટે વિનંતી કરે છે .....

[રાહત(રાહતો) માટેના આધારો અને જેની ઉપર આધાર રાખ્યો હોય તેવી કાયદાકીય જોગવાઈ (કોઈ હોય તો, તે) નીચે નિર્દિષ્ટ કરવી]

૭. વચગાળાનો હુકમ, જો તે માટે વિનંતી કરેલ હોય તો:

અપીલનો અંતિમ નિર્ણય અનિર્ણિત હોય ત્યારે અપીલ કરનાર નીચેનો વચગાળાનો હુકમ કરવા જણાવી શકશે:

[અહીં વિનંતી કરેલ વચગાળાના હુકમનો પ્રકાર, કારણો સાથે જણાવવો.]

૮. કોઈ અન્ય કોર્ટમાં અનિર્ણીત ન હોય તેવી બાબત, વગેરે.:

અપીલ કરનાર વધુમાં જાહેર કરે છે કે જેના સંબંધમાં આ અપીલ કરવામાં આવી છે તે બાબત, કાયદાની કોઈ કોર્ટ અથવા કોઈ સત્તામંડળ અથવા કોઈ અન્ય ટ્રિબ્યુનલ (ટ્રિબ્યુનલ્સ) સમક્ષ અનિર્ણિત નથી.

૯. નિયમ ૨૮ના પેટા–નિયમની (૧)ની ફીની બોલીઓ સંબંધી બેંક ડ્રાફ્ટની વિગતો:

(૧) રકમ

(૨) જેની ઉપર લખાયેલ હોય તે બેંકનું નામ

(૩) ડિમાન્ડ ડ્રાફ્ટ નંબર

૧૦. બિડાણોની યાદી:

(૧) જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમની એક પ્રમાણિત ખરી નકલ

(૨) અપીલ કરનારે જેના પર આધાર રાખ્યો હોય તે અને અપીલમાં ઉલ્લેખેલ દસ્તાવેજોની નકલો

INDEX

(૩) દસ્તાવેજોની સૂચિ

ખરાઈ

અપીલ કરનાર હું.....(મોટા અક્ષરે નામ),..... નો પુત્ર/પુત્રી, આથી, ખરાઈ કરું છું કે પરિચ્છેદ [૧થી ૧૦]માંની વિગતો મારી વ્યક્તિગત જાણ અને માન્યતા મુજબ સાચી છે અને મેં કોઈ મહત્વની હકીકત(હકીકતો) છુપાવી નથી.

સ્થળ:

તારીખ: અપીલ કરનાર(કરનારા)ની સહી

.....

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 188

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, JULY 19, 2017/ASADHA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઇ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૪થી જુલાઇ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૫૧) વીએટી-૨૦૧૭/એસ.૬૮(૧)(૬)-ઠનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Value Added Tax Act, 2003.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૪થી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક: (જીએચએન-૫૧) વીએટી-૨૦૧૭/એસ.૬૮(૧)(૬)-૮ :- ગુજરાત સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની કલમ ૨૧ સાથે વાંચતા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૬૮ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબના સ્થળો પૈકીના દરેક સ્થળ ખાતે સ્થાપવામાં આવેલી ચેક-પોસ્ટ અને આડશો ઊભી માટે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરે છે.

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

અનુસૂચિ

અનુક્રમાંક.	ચેક-પોસ્ટ.	આડશો.
૧	તલવાડા-ભીલાડ	તલવાડા-ભીલાડ
૨	વાંકવેલ-સોનગઢ	વાંકવેલ-સોનગઢ
૩	કંડલા-બંદર	કંડલા-બંદર
૪	મુંદ્રા-બંદર	મુંદ્રા-બંદર
૫	દહેજ-બંદર	દહેજ-બંદર
૬	મગદલ્લા-બંદર	મગદલ્લા-બંદર
૭	બેડી-બંદર	બેડી-બંદર
૮	મોરબી-બંદર	મોરબી-બંદર
૯	ભાવનગર-બંદર	ભાવનગર-બંદર
૧૦	અલંગ-બંદર	અલંગ-બંદર
૧૧	સુરત-બંદર	સુરત-બંદર
૧૨	પીપાવાવ-બંદર	પીપાવાવ-બંદર
૧૩	સીક્કા-બંદર	સીક્કા-બંદર
૧૪	જખુ-બંદર	જખુ-બંદર
૧૫	પોરબંદર-બંદર	પોરબંદર-બંદર
૧૬	વેરાવળ-બંદર	વેરાવળ-બંદર
૧૭	કડોદરા	કડોદરા
૧૮	વાસદ	વાસદ
૧૯	સેવાલીયા	સેવાલીયા
૨૦	વેજલપુર	વેજલપુર
૨૧	રાધનપુર	રાધનપુર
૨૨	ધંધુકા	ધંધુકા

INDEX

૨૩	વલ્લભીપુર	વલ્લભીપુર
૨૪	લીમડી (ચાર રસ્તા)	લીમડી (ચાર રસ્તા)
૨૫	લખતર (બસ સ્ટેન્ડ નજીક)	લખતર (બસ સ્ટેન્ડ નજીક)
૨૬	ગોંડલ	ગોંડલ
૨૭	કામરેજ	કામરેજ
૨૮	પાળિયાદ ઘંઘુકા રોડ	પાળિયાદ ઘંઘુકા રોડ
૨૯	પાટડી (બજાર રોડ)	પાટડી (બજાર રોડ)
૩૦	બગોદરા	બગોદરા
૩૧	વિરમગામ	વિરમગામ
૩૨	વડોદરા મકરપુરા	વડોદરા મકરપુરા
૩૩	વાપી નજીક દેહગામ (જીઆઈડીસી)	વાપી નજીક દેહગામ (જીઆઈડીસી)
૩૪	તારાપુર ચાર રસ્તા ક્રોસિંગ	તારાપુર ચાર રસ્તા ક્રોસિંગ
૩૫	ફાજલપુર	ફાજલપુર
૩૬	આટકોટ હદ	આટકોટ હદ
૩૭	જામનગર– પવન ચક્કી નજીક	જામનગર– પવન ચક્કી નજીક
૩૮	જામનગર– બેડેશ્વર ૭ રોડ ક્રોસિંગ	જામનગર– બેડેશ્વર ૭ રોડ ક્રોસિંગ
૩૯	જામનગર – ગુલાબનગર નાકા	જામનગર – ગુલાબનગર નાકા
૪૦	સાંબલપુર– જુનાગઢ હાઈવે ક્રોંસિગ નજીક	સાંબલપુર– જુનાગઢ હાઈવે ક્રોંસિગ નજીક
૪૧	ધોરાજી–પાસ– જેતપુર રોડ ક્રોંસિગ નજીક	ધોરાજી–પાસ– જેતપુર રોડ ક્રોંસિગ નજીક
૪૨	જૂનાગઢ ગોંડલ બાય–પાસ, ગોંડલ રોડ ક્રોસિંગ નજીક	જૂનાગઢ ગોંડલ બાય–પાસ, ગોંડલ રોડ ક્રોસિંગ નજીક
૪૩	રાણાવાવ	રાણાવાવ
૪૪	ત્રાપજ	ત્રાપજ
૪૫	ભચાઉ, હાઈવે રોડની નજીક	ભચાઉ, હાઈવે રોડની નજીક
૪૬	સંજાણ	ક્રોસ રોડ, સ્ટેટ હાઈવે (રાજ્ય ધોરીમાર્ગ) નજીક, જિલ્લો–વલસાડ.
૪૭	ભાવનગર– વટામણ હાઈવે (ગામ–પીપળી)	ભાવનગર– વટામણ હાઈવે (ગામ–પીપળી)
૪૮	રાજકોટ–અમદાવાદ રોડ (વાંકાનેર)	રાજકોટ–અમદાવાદ રોડ (વાંકાનેર)
૪૯	સિદ્ધપુર (સિદ્ધપુર)	સિદ્ધપુર (સિદ્ધપુર)
૫૦	કડી (કડી)	કડી (કડી)
૫૧	થોળ ચાર રસ્તા (કડી)	થોળ ચાર રસ્તા (કડી)
૫૨	અડાલજ ચાર રસ્તા (ગાંધીનગર)	અડાલજ ચાર રસ્તા (ગાંધીનગર)
૫૩	શાકત શનાળા બાય–પાસ ક્રોસ–રોડ (મોરબી)	શાકત શનાળા બાય–પાસ ક્રોસ–રોડ (મોરબી)
૫૪	જામખંભાળીયા	જામખંભાળીયા
૫૫	બલીઠા	બલીઠા
૫૬	ઘનોલી–ભીલાડ	ઘનોલી–ભીલાડ
૫૭	પખરી–સોનગઢ	પખરી–સોનગઢ

૫૮	પુસરી–દાહોદ	પુસરી–દાહોદ
૫૯	રંગપુર–શામળાજી	રંગપુર–શામળાજી
૬૦	અમીરગઢ	અમીરગઢ
૬૧	ગુંદરી–ડીસા	ગુંદરી–ડીસા
૬૨	થાવર–ડીસા	થાવર–ડીસા
૬૩	થરાદ	થરાદ
૬૪	ચલા	ચલા
૬૫	ચણોદ	ચણોદ
૬૬	સામખિયાળી	સામખિયાળી
૬૭	કપરાડા	કપરાડા
૬૮	નેત્રંગ– નવાગામ રોડ (સાગબારા)	નેત્રંગ– નવાગામ રોડ (સાગબારા)
૬૯	અંબાજી	અંબાજી
૭૦	ઝાલોદ	ઝાલોદ
૭૧	અહમદપુર માંડવી	અહમદપુર માંડવી
૭૨	સાપુતારા	સાપુતારા
૭૩	નરોલી	નરોલી

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 189

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] **FRIDAY, JULY, 21, 2017/ASADHA 30, 1939**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુલાઇ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ-ના તારીખ : ૧૩મી જુલાઇ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી-૨૦૧૭-૨૭-એમવીડી-૧૦૨૦૧૬-૨૧-ખ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Port and Transport Department No. PT-2016-47-MVD-102016-21-KH dated the 29th September, 2016.

તારીખ: ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬નું બંદરો અને વાહનવ્યવહાર વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: પીટી-૨૦૧૬-૪૭-એમવીડી-૧૦૨૦૧૬-૨૧-ખ. સુધારવા સંબંધી જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તારીખ.૧૩/૦૭/૨૦૧૭.

કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯.

ક્રમાંક: પીટી - ૨૦૧૭ - ૨૭ - એમવીડી - ૧૦૨૦૧૬ - ૨૧ - ખ:- માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના તારીખ: ૧૫.૦૪.૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક: જીએસઆર ૨૯૦(ઈ) અને તારીખ: ૦૧.૧૦.૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક: ૨૬૮૭(ઈ) અને તારીખ: ૧લી મે, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જી.એસ.આર. ૪૨૪(ઈ)થી સુધાર્યા પ્રમાણેના, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૧૧૮ના પેટા-નિયમ ૨-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ: ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬નું બંદરો અને વાહનવ્યવહાર વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: પીટી-૨૦૧૬-૪૭-એમવીડી-૧૦૨૦૧૬-૨૧-ખ. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, કોષ્ટકમાં, અનુક્રમાંક: ૧ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:-

''૧ક. ચાર પૈડાંવાળા અને ડ્રાઈવરની બેઠક (એમ૧ કક્ષા) ઉપરાંત વધુમાં વધુ આઠ ઉતારુઓની બેઠક-ક્ષમતા સાથેના અને વધુમાં વધુ ૩૫૦૦ કિલોગ્રામ કુલ વાહન વજનવાળા, ઉતારુઓને અને તેમના સામાનને લઈ જવા માટે વપરાતા.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

-Extra No. 190

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] **THURSDAY, JULY, 27, 2017/SRAVANA 5, 1939**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**-ના તારીખ: **૩૦મી જૂન, ૨૦૧૭**-ના સરકારી **જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૪૨)** જીએસટી-૨૦૧૭-એસ.૧૧(૧) (૫)-ઠ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Under
Gujarat Goods and Services Tax Act, 2017.
ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું.

નાણા વિભાગ

જાહેરનામા ક્રમાંક. ૯/૨૦૧૭– રાજ્ય વેરા (૬૨)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક:(જીએચએન–૪૨) જીએસટી–૨૦૧૭–એસ.૧૧(૧) (૫)–૬– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૧ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણોને આધારે, ગુજરાત સરકારને એમ કરવું જાહેર હિતમાં જરૂરી છે તેવી ખાતરી થયેથી, સદરહુ અધિનિયમની કલમ ૨૪ના પેટા–ખંડ (૬) હેઠળ અન્યથા રજિસ્ટર થવાને પાત્ર ન હોય તેવા કપાત કરનારને – તે શરતને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમની પેટા–કલમ (૪) હેઠળ તેની ઉપર લેવાપાત્ર સમગ્ર રાજ્યવેરામાંથી, રજિસ્ટર થયેલ ન હોય તેવા કોઈ પુરવઠાકાર પાસેથી, સદરહુ અધિનિયમની કલમ ૫૧ હેઠળ કપાત કરનારે મેળવેલ માલ અથવા સેવા અથવા તે બંનેને રાજ્યાંતર્ગત (રાજ્યની અંદર) પુરવઠામાંથી મુક્તિ આપે છે.

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 191

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, JULY, 27, 2017/SRAVANA 5, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદારભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો** વિભાગ-ના તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીટીએચ/૨૦૧૭/૧૧/પીડીએસ/૧૦.૨૦૧૬/ ૧૬૬૭/સી-૧.**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

The National Food Security Act, 2013.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૧/૦૩/૨૦૧૭.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૭/૧૧/પીડીએસ/૧૦.૨૦૧૬/૧૬૬૭/સી-૧:– રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૧૬ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ અધિનિયમના અમલીકરણની દેખરેખ અને સમીક્ષાના હેતુ માટે રાજ્ય અન્ન આયોગની રચના કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રોનક મહેતા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 192

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JULY 28, 2017/SRAVANA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૨૧મી જુન, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) (જીએચએન-૨૩)-જીએસટી-૨૦૧૭-એસ.૧(૧)-ઠ, (૨) (જીએચએન-૨૪)-જીએસટી-૨૦૧૭-એસ.૧૪૬(૧)-ઠ, (૩) (જીએચએન-૨૫)-જીએસટી-૨૦૧૭-એસ.૨૩(૧)-ઠ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી જૂન, ૨૦૧૭

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.(જીએચએન-૨૩) જીએસટી-૨૦૧૭-એસ.૧(૧)-૬.-ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની કલમો ૧, ૨, ૩, ૪, ૫, ૧૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૧૩૯, ૧૪૬ અને ૧૬૪ની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૨૦૧૭ના જૂન મહિનાની ૨૨મી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી જૂન, ૨૦૧૭

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.(જીએચએન-૨૪) જીએસટી-૨૦૧૭-એસ.૧૪૬(૧)-૬.- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૪૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,કાઉન્સિલની ભલામણથી પરથી રજિસ્ટ્રેશન, વેરાની ચુકવણી, રિટર્ન (પત્રક), રજૂ કરવા, સંકલિત વેરાની ગણતરી અને પતાવટ અને ઇલેક્ટ્રોનિક વે બિલને સુવિધાજનક બનાવવાના હેતુ માટે www.gst.gov.in ને કોમન ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ ઇલેક્ટ્રોનિક પોર્ટલ તરીકે જાહેર કરે છે.

સ્પષ્ટીકરણ.- આ જાહેનામાના હેતુઓ માટે, ''www.gst.gov.in'' એટલે કંપની અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૧૮મા)ની કલમ ૮ની જોગવાઈઓ હેઠળ સંસ્થાપિત કંપની,ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ નેટવર્ક(માલ અને સેવા વેરા તંત્ર) દ્વારા સંચાલિત વેબસાઈટ.

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જૂન મહિનાની ૨૨મી તારીખે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી જૂન, ૨૦૧૭

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.(જીએચએન-૨૫) જીએસટી-૨૦૧૭-એસ.૨૩(૧)-૬-ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ,ગુજરાત સરકાર, આથી, જે માલ અથવા સેવા અથવા તે બંન્ને મેળવનાર, વિપરિત ચાર્જ (રિવર્સ ચાર્જ)ના આધારે કુલ વેરો ચુકવવા માટે જવાબદાર થાય છે, ફક્ત તેવા વેરા પાત્ર માલ અથવા સેવા અથવા તે બંન્ને પૂરા પાડવામાં રોકાયેલી વ્યક્તિઓની કક્ષાને ઉપર્યુક્ત અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવામાંથી મુક્તિ આપેલ હોવાથી તેવી વ્યક્તિઓને નિર્દિષ્ટ કરે છે.

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જૂન મહિનાની ૨૨મી તારીખે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 193

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JULY 28, 2017/SRAVANA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઇ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**–ના **તારીખ : ૧૫મી જુલાઇ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: કેવી–૨૦૧૭નો ૨૧૫–એનપીએમ–૧૨૨૦૧૭–એસ.એફ–૧૫–આર**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Essential Services Maintenance Act, 1972.

ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૫મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક: કેવી - ૨૦૧૭નો ૨૧૫ - એનપીએમ - ૧૨૨૦૧૭ - એસ.એફ - ૧૫- આર:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે ગુજરાત રાજ્યની તમામ મ્યુનિસિપાલટીઓ (નગરપાલિકાઓ)માંના તમામ રોજગારો, જે ગુજરાત રાજ્યની તમામ નગરપાલિકાઓની સમગ્ર વસ્તીને ઈમરજન્સી રિસ્પોન્સ સર્વિસ (કટોકટી સમયની પ્રતિભાવાત્મક સેવા) પૂરી પાડવાની કામગીરી કરે છે અને તે કામગીરીથી ખાસ કરીને કટોકટીની પરિસ્થિતિમાં સામાન્ય વસ્તીને પૂરી પાડવામાં આવતી પાણીના પુરવઠા, ગટર-વ્યવસ્થા, આરોગ્યલક્ષી સફાઈ-પગલાં, શેરીની દીવાબત્તી અને અગ્નિશમન સેવાઓની ઉપલભ્યતા સુધારે છે, તેમાં હડતાલથી જાહેર ઉપયોગી સેવાઓની જાળવણીને અને સમાજ (સમૂહ) જીવનને આવશ્યક હોય તેવી સેવાઓની જાળવણીને પ્રતિકૂળ અસર થશે અને આવી હડતાલથી સમાજ (સમૂહ)ને ભારે હાડમારી ભોગવવી પડશે;

તેથી, હવે, ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨ના ગુજરાતના ૨૩મા)ની કલમ ૨-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ઉપર્યુક્ત અધિનિયમના હેતુ માટે, ગુજરાત રાજ્યની મ્યુનિસિપાલટીઓ (નગરપાલિકાઓ) દ્વારા પૂરી પાડવામાં આવતી ઈમરજન્સી રિસ્પોન્સ સર્વિસને, આવશ્યક સેવા તરીકે જાહેર કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સ્મિતા શાહ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 194

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JULY 28, 2017/SRAVANA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઇ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**–ના **તારીખ : ૨૦મી એપ્રિલ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીજી–૦૯–પીએસટી–૧૦૨૦૧૩–૬૬૭–વી**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department, No. GG/18/PST/102013/667/V, dated the 23rd January, 2014.

ગૃહ વિભાગનું તારીખઃ ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીજી/૧૮/પીએસટી/૧૦૨૦૧૩/૬૬૭/વી. સુધારવા સંબંધી

જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ,૧૯૭૩.

ક્રમાંકઃ જીજી/૦૯/પીએસટી /૧૦૨૦૧૩/૬૬૭/વીઃ– ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨–ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખઃ ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીજી/૧૮/પીએસટી/૧૦૨૦૧૩/૬૬૭/વી. નીચે પ્રમાણે સુધારે છેઃ–

સદરહુ જાહેરનામામાં,

(૧) આમુખમાં,અનુક્રમાંક (૨) પરની વિદ્યમાન નોંધમાં,"મોરબી જિલ્લો" એ શબ્દોને બદલે, "બોટાદ જિલ્લો" એ શબ્દો મૂકવા;

(૨)અનુસૂચિમાં, અનુક્રમાંક ૪ પરની વિદ્યમાન નોંધને બદલે, નીચેની નોંધ મૂકવીઃ–

અનુ–ક્રમાંક	ડિવિઝન/પેટા–ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસચોકી (ઓ)	આઉટ–પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
"૪.	બોટાદ	ગઢડા	ઢસા			ઢસા ગામ
				-	-	જલાલપુર
						માંડવા
						વીકલીયા
						અણીડા
						પાટણા
						ભંડારીયા
						નાના ઉમરડા
						મોટા ઉમરડા
						ખીજડીયા
						માલપરા
						રસનાળ
						લીંબાળા
						ચોસલા
						પાડાપાણ
						આંકડીયા
						ઘોઘાસમડી
						જુનવદર

અનુ–ક્રમાંક	ડિવિઝન/પેટા–ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસચોકી (ઓ)	આઉટ–પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
						સીતાપર
						લીંબાડીયા
						પીપરડી
						ઇંગોરાળા(ગીર)
						મોટીકુંડળ
				ઢસા જંકશન		(૧) ગાયત્રી નગર
						(૨)વાલ્મિકિ નગર (૩)કટારીયા નગર (૪)શિવ નગર (૫)ઢસા જંકશનનો સમગ્ર વિસ્તાર.”

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.આર.ભમ્મર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 195

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, JULY 28, 2017/SRAVANA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ**–ના **તારીખ: ૯મી જાન્યુઆરી, ૨૦૧૭**ના સરકારી **જાહેરનામા ક્રમાંક: જીયુ–૨૦૧૭–૦૨–બીઆરટી–૧૦૨૦૦૮–૩૧૭–ડી–૩.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

The Care Taker (Deionizer), Class-III, in the, Commissionerate of Geology and Mining, Recruitment Rules, 2017.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, કેર ટેકર(ડિઓનાઈઝર/Deionizer), વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૦૯/૦૧/૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ–૨૦૧૭–૦૨–બીઆરટી–૧૦૨૦૦૮–૩૧૭–ડી–૩:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કેર ટેકર (ડિઓનાઈઝર/Deionizer),વર્ગ–૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો,ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, કેર ટેકર(ડિઓનાઈઝર/Deionizer), વર્ગ–૩,ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કેર ટેકર (ડિઓનાઈઝર/Deionizer), વર્ગ–૩ની જગા ઉપરની નિમણૂક, જેણે:-

(ક) (૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર, ગુજરાત રાજ્યની કચેરીની તાબાની સેવામાં, સિનિયર લેબોરેટરી આસિસ્ટન્ટ, વર્ગ–૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારીની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ

INDEX

કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ–૨–માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,–

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે,

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી રસાયણશાસ્ત્ર (અકાર્બનિક/ઇનઓર્ગેનિક, પૃથક્કરણાત્મક/એનાલીટિકલ,ભૌતિક/ફિઝિકલ)માં દ્વિતિય વર્ગની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(૩) ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક–ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.જી.ચૌધરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 196

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, JULY 29, 2017/SRAVANA 7, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઇ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ** ના તારીખ : ૧૨મી જુલાઇ, ૨૦૧૭ ના (૧) **જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૫૮) જીએસટી-૨૦૧૭-એસ.૯૬(૧)-ઠ**, અને (૨) **જાહેરનમા ક્રમાંક: (જીએચએન-૫૯) જીએસટી-૨૦૧૭-એસ.૯૯(૧)-ઠ** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT GOODS AND SERVICES TAX ACT, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જુલાઇ, ૨૦૧૭

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭

ક્રમાંકઃ (જીએચએન-૫૮) જીએસટી-૨૦૧૭-એસ.૯૬(૧)-ઠ.– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા) ની કલમ ૯૬ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અગ્રિમ ચુકાદા (નિર્ણય) માટે, નીચેના સભ્યોની બનેલી ગુજરાત અગ્રિમ ચુકાદા (નિર્ણય) માટેનું સત્તામંડળની રચના કરે છે :–

(૧) કેન્દ્ર સરકાર દ્વારા નામનિયુક્ત કર્યા પ્રમાણે જ્ઞાન ચંદ જૈન, સંયુક્ત કમિશનર, કેન્દ્રીય જી.એસ.ટી., અમદાવાદ ઉત્તર; અને

(૨) શ્રી રાજન બી. મંકોડી, રાજ્ય વેરા સંયુક્ત કમિશનર (કાયદા).

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

Under

THE GUJARAT GOODS AND SERVICES TAX ACT, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જુલાઇ, ૨૦૧૭

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭

ક્રમાંકઃ (જીએચએન-૫૯) જીએસટી-૨૦૧૭-એસ.૯૯(૧)-ઠ.– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા) ની કલમ ૯૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અગ્રિમ ચુકાદો (નિર્ણય) આપતા સત્તામંડળ દ્વારા સંભાળવામાં આવેલ ચુકાદાની સામે અપીલની સુનાવણી માટે માલ અને સેવા વેરા માટેના અગ્રિમ ચુકાદા (નિર્ણય) માટે નીચેનાની બનેલી ગુજરાત એપેલેટ (અપીલ) સત્તામંડળની રચના કરે છે :–

(૧) બોર્ડ દ્વારા મુકરર કર્યા પ્રમાણેના કેન્દ્રીય વેરા મુખ્ય કમિશનર; અને

(૨) રાજ્ય વેરા કમિશનર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 197 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, JULY 29, 2017/SRAVANA 7, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ-ના તારીખ : ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીપી-૪૬-એમકેએમ-૨૦૧૦૧૩-૧૭૯૧(૪)-છ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

The Lecturer (Homeopathy), Class II in the General State Service, under the Directorate of Indian System of Medicine and Homeopathy, Recruitment Rules, 2016.

નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, વ્યાખ્યાતા (લેક્ચરર) (હોમિયોપથી), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય,ગાંધીનગર, ૩૧મી ઓગસ્ટ,૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીપી-૪૬-એમકેએમ/૨૦૧૦૧૩-૧૭૯૧(૪)-છ:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી હેઠળની સરકારી હોમિયોપથી કોલેજો અને સંલગ્ન હોમિયોપથી સંસ્થાઓમાં સામાન્ય રાજ્ય સેવામાં, વ્યાખ્યાતા (લેક્ચરર) (હોમિયોપથી), વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે.-

૧. આ નિયમો, નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, વ્યાખ્યાતા (હોમિયોપથી) વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી હેઠળ, એનેક્ષરમાં દર્શાવેલી વિવિધ વિદ્યાશાખાઓમાં, સામાન્ય રાજ્ય સેવા, વર્ગ ૨-માં, વ્યાખ્યાતા (હોમિયોપથી)ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકશે;

(૨) "સક્ષમ સત્તામંડળ" એટલે રાજ્યના કાયદા હેઠળ પરવાનગીઓ આપવા અથવા કાઢી આપવા માટેની સત્તા અને જવાબદારીઓ સોંપવામાં આવેલ હોય તેવો રાજ્ય સરકારનો કોઈ વિભાગ અથવા એજન્સી, અધિકૃત એજન્સી, ગ્રામપંચાયત, નગરપાલિકા અથવા અન્ય સ્થાનિક મંડળ;

(૩) "જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (District Level Facilitation Committee) (DLFC)" એટલે કલમ ૫ હેઠળ રચાયેલી સમિતિ;

(૪) "ધંધો કરવા માટેની સુવિધા (સુગમતા) (Ease of Doing Business)" એટલે ઔદ્યોગિક નીતિ અને વૃદ્ધિ વિભાગ, ભારત સરકાર–ની,ધંધો કરવા માટેની સુવિધા અંગેની પહેલ;

(૫) "ઔદ્યોગિક અન્ડરટેકિંગ" એટલે ઉત્પાદન અથવા પ્રક્રિયા અથવા તે બંનેમાં અથવા સેવા પૂરી પાડવામાં અથવા બીજો કોઈ ધંધો અથવા વાણિજ્યિક પ્રવૃત્તિ કરવામાં રોકાયેલાં હોય તેવાં રાજ્ય સરકારે આ અર્થે નિર્દિષ્ટ કરેલાં અન્ડરટેકિંગ્સ;

(૬) "મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી" એટલે કલમ ૮ હેઠળ જાહેર કરેલી એજન્સી;

(૭) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૮) "સંબંધિત અધિનિયમો" એટલે રાજ્ય સરકારે કલમ ૩ હેઠળ નિર્દિષ્ટ કરેલા અધિનિયમો;

(૯) "એક–બારી સરલીકરણ સમિતિ (Single Window Facilitation Committee) (SWFC)" એટલેકલમ ૬ હેઠળ રચાયેલી સમિતિ;

(૧૦) "રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (State Level Facilitation Committee) (SLFC)" એટલે કલમ ૭ હેઠળ રચાયેલી સમિતિ;

(૧૧) "સમયમર્યાદા" એટલે જે મુદતની અંદર અરજીઓ અંગેની પ્રક્રિયા કરીને તેનો નિકાલ લાવવાનું ફરજિયાત હોય તે મુદત.

પ્રકરણ ૨

જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ, એક–બારી સરલીકરણ સમિતિ, રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીની રચના, સત્તા અને તેના કાર્યો

સંબંધિત અધિનિયમો નિર્દિષ્ટ કરવા બાબત.

૩. રાજ્યમાં ઉદ્યોગ ઊભો કરવા અને રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા સંબંધિત અધિનિયમો હેઠળ પરવાનગી મેળવવા ઇચ્છતો ઉદ્યોગ–સાહસિક, કલમ ૪ હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની નાણાકીય હકૂમત ધરાવતી સમિતિને અરજી કરી શકશે.

સમિતિઓની નાણાકીય હકૂમત.

૪. રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, મૂડીરોકાણની જે મર્યાદા સુધીમાં જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ, એક–બારી સરલીકરણ સમિતિ અથવા રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિને પરવાનગી માટેની અરજી કરવી જોઈશે તે મૂડી રોકાણની મર્યાદા નિર્દિષ્ટ કરી શકશે.

જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિની રચના, સત્તા અને કાર્યો.

૫. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, દરેક જિલ્લા માટે,જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિની રચના કરી શકશે, જે અધ્યક્ષ તરીકે જિલ્લા કલેક્ટર અને રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલા બીજા સભ્યોની બનેલી રહેશે. જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, આવી સમિતિના સભ્ય–સચિવ રહેશે.

(૨) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો કરશે:–

(૧) સમિતિના અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે અને સ્થળે મહિનામાં ઓછામાં ઓછું એક વખત બેઠક યોજવી અને ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ અનુસાર કામકાજનું સંચાલન કરવું જોઈશે;

INDEX

(૨) ઉદ્યોગ–સાહસિકે લાગુ પડતા રાજ્ય કાયદા અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું પાલન કરવાને અધીન રહીને,સક્ષમ સત્તામંડળોએ, કલમ ૧૩ હેઠળ નિયત કરેલી સમયમર્યાદાની અંદર જરૂરી પરવાનગી કાઢી આપવા માટેની કાર્યવાહી કરવી જોઈશે;

(૩) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC)–એ, જુદા જુદા વિભાગોમાં સમયમર્યાદા ઉપરાંત અનિર્ણીત રહેલી તમામ અરજીઓની સમીક્ષા કરવી જોઈશે. અનિર્ણીત અરજીઓની યાદી, મૂડીરોકાણકાર સરલીકરણ પોર્ટલમાંથી મેળવી શકાશે.

(૪) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC), ઠરાવેલી સમયમર્યાદા ઉપરાંત અનિર્ણીત રહેલી અરજીઓ અંગે નિર્ણય લેવા માટે સમુચિત સત્તામંડળોને આદેશ આપી શકશે.

(૫) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC), વિલંબ સંબંધી રેકર્ડની ચકાસણી કરી શકશે અને તેને એવું જણાય કે જાણીબૂઝીને કરેલા કસૂરને કારણે વિલંબ થયો છે, તો તે, સક્ષમ સત્તામંડળ સામે યોગ્ય શિસ્તવિષયક પગલાં લેવા માટે એક–બારી સરલીકરણ સમિતિને ભલામણ કરી શકશે.

(૬) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC)–એ, જિલ્લામાંના ઔદ્યોગિક મૂડીરોકાણો અંગેની સહાય પૂરી પાડવા માટેના જરૂરી તમામ પગલાં લેવા જોઈશે, જેમાં મૂડીરોકાણ કરવા અંગેના ઈરાદાની સમીક્ષા કરવાનો સમાવેશ થાય છે અને તેણે, મૂડીરોકાણકાર સરલીકરણ પોર્ટલ મારફત રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિને અહેવાલ મોકલવો જોઈશે.

(૭) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC)–એ, રાજ્યની મૂડીરોકાણ અંગેની પરિસ્થિતિમાં સુધારો કરવા માટે, એક–બારી સરલીકરણ સમિતિને નીતિવિષયક સૂચનો સૂચવવા જોઈશે.

(૮) સક્ષમ સત્તામંડળોએ અરજીઓની પ્રક્રિયાની સમીક્ષા કરવી અને તેના પર દેખરેખ રાખવી;

(૯) સક્ષમ સત્તામંડળને અરજી મળ્યાની તારીખ અંગે અને આવી અરજી કઈ તારીખે મંજૂર અથવા નામંજૂર કરવામાં આવી તે તારીખ અંગે અરજદારને જાણ કરવી;

(૧૦) કલમ ૧૪ હેઠળ નિર્ણય કરવા માટે એક–બારી સરલીકરણ સમિતિને વિશેષ નોંધ અને સંબંધિત દસ્તાવેજો સાથે કેસ મોકલી આપવા;

(૧૧) સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય–સચિવ ઈચ્છે ત્યારે જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિની કોઈ બેઠકમાં ખાસ આમંત્રિતો તરીકે,સમિતિના સભ્યો ન હોય, તેવા સક્ષમ સત્તાધિકારીઓ અથવા નિષ્ણાતોને આમંત્રિત કરવા;

(૧૨) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિના સભ્યએ, ખંડ (૧) હેઠળ બોલાવેલી બેઠકમાં વ્યકિતગતરીતે હાજરી આપવી જોઈશે અને તે, બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં, તેઓ બેઠકમાં યોગ્ય નિર્ણય લેવા માટે લેખિતમાં અધિકૃત કરીને કોઈ સિનિયર કક્ષાના અધિકારીને પ્રતિનિધિ તરીકે મોકલી શકશે;

(૧૩) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા અને તેવા બીજા કાર્યો.

એક–બારી સરલીકરણ સમિતિની રચના, સત્તા અને તેના કાર્યો.

૬. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અધ્યક્ષ તરીકે ગુજરાત રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષપદ હેઠળ અને રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી સંખ્યાના બીજા સભ્યોની બનેલી એક–બારી સરલીકરણ સમિતિની રચના કરી શકશે. ઉદ્યોગ કમિશનર, આવી સમિતિના સભ્ય–સચિવ રહેશે.

(૨) સમિતિ, નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશે:–

(૧) સમિતિના અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે અને સ્થળે મહિનામાં ઓછામાં ઓછી એક વખત બેઠક યોજવી અને ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ પ્રમાણે કામકાજનું સંચાલન કરવું જોઈશે;

(૨) સક્ષમ સતામંડળોએ, લાગુ પડતા કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું ઉદ્યોગ–સાહસિકે પાલન કરવાને અધીન રહીને, કલમ ૧૩ હેઠળ નિયત કરેલી સમયમર્યાદાની અંદરજરૂરી પરવાનગી આપવા કાર્યવાહી કરવી જોઈશે;

(૩) સક્ષમ સત્તામંડળો અને જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિએ અરજીઓની પ્રક્રિયાની સમીક્ષા કરવી અને તેના પર દેખરેખ રાખવી;

(૪) સક્ષમ સત્તામંડળને જે તારીખે અરજી મળી હતી તે તારીખ અને આવી અરજી જે તારીખે મંજૂર અથવા નામંજૂર કરવામાં આવી હોય તે તારીખની અરજદારને જાણ કરવી;

(૫) કલમ ૧૬ હેઠળ નિર્ણય માટે રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિને વિશેષ નોંધ અને સંબંધિત દસ્તાવેજો સાથે કેસ મોકલી આપવા;

(૬) સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય–સચિવ ઈચ્છે ત્યારે રાજ્ય સમિતિની કોઇ બેઠકમાં ખાસ આમંત્રિતો તરીકે, સમિતિના સભ્યો ન હોય, તેવા સક્ષમ સત્તાધિકારીઓ અથવા નિષ્ણાતોને આમંત્રિત કરવા;

(૭) સમિતિએ, મૂડીરોકાણ સરલીકરણ પોર્ટલ (Investment Facilitation Portal) હેઠળની સમયમર્યાદા ઉપરાંત અનિર્ણિત રહેલી તમામ અરજીઓ અને ફરિયાદોની સમીક્ષા કરવી જોઈશે અને જરૂરી પગલાં લેવા માટે સક્ષમ સત્તામંડળને આદેશો આપવા જોઈશે;

(૮) સમિતિને, જેની અરજીઓ અને ફરિયાદો, ઠરાવેલી સમયમર્યાદા ઉપરાંત અનિર્ણિત રહેલી હોય તેવા સક્ષમ સત્તામંડળને વિલંબનું કારણ પૂછવાની સત્તા રહેશે અને જરૂરી માહિતી માટે અને સ્વયં ઉપસ્થિત રહેવા માટે બોલાવી શકશે;

(૯) સમિતિનો એવો અભિપ્રાય હોય કે અરજીઓ અને ફરિયાદોની મંજૂરીની પ્રક્રિયામાં ઈરાદાપૂર્વક વિલંબ કર્યો છે, તો સમિતિ, જરૂરી તપાસ હાથ ધરીને, સક્ષમ સત્તામંડળ સામે પગલાં લેવાની ભલામણ કરી શકશે;

(૧૦) સમિતિ, અરજદારે કરેલી અરજીઓનો અથવા ફરિયાદોનો નિકાલ કરવામાં સક્ષમ સત્તામંડળે કરેલાવિલંબ અંગેના કારણોની તપાસ કરવા માટે, કોઇ સિનિયર અધિકારીની નિમણૂક કરી શકશે;

(૧૧) તે, રાજ્યના ઔદ્યોગિક મૂડીરોકાણની સમીક્ષા કરી શકશે અને રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC)ને તે અંગે જરૂરી ભલામણો કરી શકશે;

(૧૨) એક–બારી સરલીકરણ સમિતિના સભ્યએ, ખંડ (૧) હેઠળ બોલાવેલી બેઠકમાં પોતે હાજરી આપવી જોઇશે અને બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં, તેઓ બેઠકમાં યોગ્ય નિર્ણય લેવા માટે લેખિતમાં અધિકૃત કરીને કોઇ સિનિયર કક્ષાના અધિકારીને મોકલી શકશે;

(૧૩) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા અને તેવા બીજા કાર્યો.

રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિની રચના, સત્તા અને તેના કાર્યો.

૭. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કોઇ નિર્દિષ્ટ હેતુ માટે અથવા નિર્દિષ્ટ ક્ષેત્ર માટે, મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદ હેઠળ અને રાજ્ય સરકાર યોગ્ય ગણે તેટલી બીજી સંખ્યાના સભ્યોની બનેલી રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) ની રચના કરી શકશે તથા તેને આ અધિનિયમની જોગવાઇઓ સાથે સુસંગત હોય તેવી સત્તા અને તેવા કાર્યોની સોંપણી કરી શકશે.

(૨) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ, નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશે:–

(૧) રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી હોય તેવા નવા આંતરમાળખાના વિકાસ અંગે નિર્ણય કરી શકશે;

(૨) ક્ષેત્રના વિશિષ્ટ વિકાસ અંગે નીતિવિષયક નિર્ણયો કરી શકશે;

(૩) સક્ષમ સત્તામંડળને અરજીઓના ઝડપી નિકાલ માટે આદેશ આપી શકશે;

(૪) તેના (સમિતિના) કામકાજ પાર પાડવા માટે જરૂરી હોય તેટલી વાર બેઠક યોજવી જોઇશે, પરંતુ એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) ના અને જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC) ની કામગીરીની સમીક્ષા કરવા માટે અને આવશ્યક હોય ત્યારે જરૂરી ભલામણો કરવા માટે, રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) ના અધ્યક્ષ નક્કી કરે તે પ્રમાણે દર વર્ષે ઓછામાં ઓછી બે વાર બેઠક યોજવી જોઇશે;

(૫) એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) અને રાજ્ય સરકારે ઉલ્લેખેલી બાબતો પણ વિચારણામાં લઇ શકશે અને તે બાબતો ઉપર યોગ્ય નિર્ણય કરી શકશે;

(૬) રાજ્યમાં મૂડીરોકાણ સંબંધિત વાતાવરણ વિકસાવવા માટે ભલામણો કરી શકશે/ સૂચનો આપી શકશે;

(૭) રાજ્યના બીજા કોઇપણ વિકાસલક્ષી પાસાં અંગે પણ નિર્ણય કરી શકશે;

(૮) સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય–સચિવ ઇચ્છે ત્યારે કોઇ બેઠકમાં ખાસ આમંત્રિતો તરીકે, સમિતિના સભ્યો ન હોય, તેવા સક્ષમ સત્તાધિકારીઓ (ઓથોરિટી) અથવા નિષ્ણાતોને આમંત્રિત કરી શકશે;

(૯) સમિતિએ,–

(ક) કલમો ૧૫ અને ૧૭ હેઠળ કેસ અંગે વિચારણા કરવી જોઇશે અને નિર્ણય કરવો જોઇશે;

(ખ) ઠરાવવામાં આવે તેવી બીજી સતા વાપરવી જોઇશે અને તેવા બીજા કાર્યો કરવા જોઇશે.

(૩) રાજ્ય સ્તરની સમિતિના સભ્યએ, ખંડ (૧) હેઠળ બોલાવેલી બેઠકમાં પોતે હાજરી આપવી જોઇશે અને બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં, તેઓ બેઠકમાં યોગ્ય નિર્ણય લેવા માટે લેખિતમાં અધિકૃત કરીને કોઇ સિનિયર કક્ષાના અધિકારીને પ્રતિનિધિ તરીકે મોકલી શકશે;

(૪) સમિતિના નિર્ણયો, એક–બારી સરલીકરણ સમિતિ, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ અને સક્ષમ સત્તામંડળોને બંધનકર્તા રહેશે.

મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીની રચના, સત્તા અને તેના કાર્યો.

૮. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, રાજ્ય સ્તરની મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી નીમી શકશે, જે, ફરમાવવામાં આવે તેવા બીજા સુપરવાઇઝરિ (અવેક્ષક) અને દફતરી કર્મચારીવર્ગ સહિતના ઉદ્યોગ કમિશનરના વડપણ હેઠળનું સેલ રહેશે. મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી, આ અધિનિયમના હેતુઓ માટે નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.

(૨) મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીના કાર્યોમાં, બીજા કાર્યો સહિત, નીચેનાકાર્યોનો સમાવેશ થશે:–

(ક) રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટે ઉદ્યોગ–સાહસિકોને માર્ગદર્શન આપવું અને મદદ કરવી;

(ખ) મૂડીરોકાણ પ્રોત્સાહનની પ્રવૃત્તિઓ હાથ ધરવી;

(ગ) ઔદ્યોગિક પ્રગતિ માટે નીતિ નિર્ધારણમાં જરૂરી સહાય આપવી;

(ઘ) મૂડીરોકાણકારોની અરજીઓ માટે મૂડીરોકાણકાર સરલીકરણ પોર્ટલ સાથે વેબસાઇટના સંકલન અને મૂડીરોકાણકાર સરલીકરણ પોર્ટલના સરળ કામકાજ માટે ફરમાવવામાં આવે તેવી કોઈ સહાય માટે રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો સાથે સંકલન કરવું;

(ચ) ઠરાવવામાં આવે તેવી રીતે કોઈ મંજૂરી/પ્રોત્સાહનો/જમીન સંબંધિત વિવાદો/ટેકનિકલ બાબતો અને બીજા કોઇ વિવાદો સંબંધી મૂડીરોકાણકારની ફરિયાદોનું નિરાકરણ કરવું;

(છ) જિલ્લા સ્તર સુધી ઉપલભ્ય કરાવવાના હોય તેવા, અંદાજપત્ર તૈયાર કરવા (બજેટિંગ), માનવબળ, માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા સહિતના એવા કાર્યો કરવા.

(જ) ગુજરાત સરકાર સાથે વિચારવિનિમય કરીને, ધંધો કરવાને સુગમ બનાવતી બાબતો માટે ઔદ્યોગિક નીતિ અને ઉત્તેજન (પ્રમોશન) વિભાગ, ભારત સરકાર સાથે માહિતીની આપ–લે કરવી;

(ઝ) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ, એક–બારી સરલીકરણ સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિને દફતરી સહાય પૂરી પાડવી;

(ટ) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ, એક–બારી સરલીકરણ સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિની દેખરેખ, તેના આદેશ અને નિયંત્રણ હેઠળ, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી, સંયુક્ત અરજીપત્રક બહાર પાડવાની વ્યવસ્થા કરશે, સંબંધિત સમિતિ સમક્ષ ફાઇલ કરેલી તમામ અરજીઓ સ્વીકારશે. મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીએ, સક્ષમ સત્તામંડળો પાસેની અરજીઓની પરવાનગી મેળવવામાં બીજી કોઇ આગળની કાર્યવાહી હાથ ધરવી જોઇશે;

(ઠ) રાજ્ય સરકાર તેને સોંપે તેવા કોઈ બીજા કાર્ય કરવા.

(૩) મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી, પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલા કાર્યો ઉપરાંત, નીચેની બાબતોને લગતી સંપૂર્ણ વિગતો પૂરી પાડતું ઉદ્યોગ–સાહસિકોનું માહિતી પુસ્તક (એન્ટ્રપ્રિન્યર્સ ગાઇડ) તૈયાર કરીને તેને નિયમિતપણે અદ્યતન પણ કરશે–

(ક) રાજ્ય અને કેન્દ્રીય ઔદ્યોગિક નીતિઓ.

(ખ) વિભાગો અને સત્તામંડળો પાસેથી જરૂરી પરવાનગીઓ મેળવવા માટેની કાર્યરીતિ.

(ગ) રાજ્યમાં વિદ્યમાન ઔદ્યોગિક સ્થિતિ અને લાભો અંગેની માહિતી.

(ઘ) ઔદ્યોગિક અન્ડરટેકિંગને લાગુ પડતાં અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમોની મુખ્ય લાક્ષણિકતાઓ, અને

(ચ) ઉદ્યોગ સાહસિકોને ઉપયોગી હોય તેવી બીજી કોઈ માહિતી.

પરવાનગી માટેની અરજી.

૯. પરવાનગી માટેની તમામ અરજીઓ, સક્ષમ સત્તામંડળને એવા નમૂનામાં અને એવી પ્રોસેસિંગ (પ્રક્રિયા) ફી સાથે પરવાનગી મેળવવા માટે મોકલવી જોઇશે.

પ્રકરણ ૩

પ્રકીર્ણ

વધારાની માહિતી મંગાવવાની સત્તા.

૧૦. (૧) કલમ ૮ની પેટા–કલમ (૨) હેઠળ અરજી મળ્યેથી, સક્ષમ સત્તામંડળને, અરજદારને તેની આગોતરી નકલ મોકલીને મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી મારફત અરજદાર પાસેથી પોતે ફરમાવ્યા પ્રમાણેની વધારાની માહિતી મેળવવાની સત્તા રહેશે.

(૨) અરજદારે, સક્ષમ સત્તામંડળને અને મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીને પણ શક્ય તેટલી ઝડપથી જરૂરી માહિતી એકસાથે પૂરી પાડવી જોઇશે.

(૩) સક્ષમ સત્તામંડળે, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીને અરજી મંજૂર કરતા અથવા યથાપ્રસંગ, નામંજૂર કરતા પોતાના આદેશો મોકલવા જોઇશે.

સંયુક્ત અરજી પત્રક.

૧૧. (૧) રાજ્ય અધિનિયમન હેઠળના વિદ્યમાન નમૂના અથવા વિદ્યમાન નમૂનાને બદલે નવા નમૂનાના બનેલા હોય તેવા સંયુક્ત અરજી પત્રક ઠરાવવા માટે રાજ્ય સરકાર સક્ષમ રહેશે અને તે, આવા નમૂના રજૂ કરવાની રીત ઠરાવી શકશે.

(૨) સંબંધિત તમામ વિભાગો અથવા સક્ષમ સત્તામંડળોએ જરૂરી પરવાનગી અંગેની પ્રક્રિયા કરવા અને તે (જરૂરી પરવાનગી) આપવા માટે આવા અરજીના નમૂના સ્વીકારવા જોઇશે.

સ્વ–પ્રમાણીકરણ.

૧૨. (૧) દરેક ઉદ્યોગ–સાહસિક અથવા અરજદાર પેઢીના અધિકૃત પ્રતિનિધિએ, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીને અરજીનો નમૂનો રજૂ કરવાના સમયે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, પોતે સંબંધિત અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમોની લાગુ પડતી જોગવાઇઓનું પાલન કરશે એવી બાંયધરી આપતું સ્વ–પ્રમાણીકરણ (સેલ્ફ–સર્ટિફિકેશન) પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૨) સંબંધિત વિભાગો અથવા સક્ષમ સત્તામંડળોએ, પરવાનગી આપવા અને તેને મંજૂર કરવાના હેતુથી ઉદ્યોગ–સાહસિક અથવા તેના અધિકૃત પ્રતિનિધિએ રજૂ કરેલું સ્વ–પ્રમાણીકરણ સ્વીકારવું જોઇશે.

અરજીની પ્રક્રિયા કરવા માટેની સમય મર્યાદા.

૧૩. તત્સમયે અમલમાં હોય તેવા સંબંધિત કાયદાની જોગવાઇઓને અધીન રહીને–

(૧) રાજ્ય સરકાર, અરજીઓની પ્રક્રિયા અને તેના નિકાલની રીત ઠરાવી શકશે;

(૨) રાજ્ય સરકાર, સંપૂર્ણ અરજી માટેની સમય મર્યાદા ઠરાવી શકશે, જે, સક્ષમ સત્તામંડળો દ્વારા અરજીઓની પ્રક્રિયા કરી અને તેનો નિકાલ કરવા માટે ફરજિયાત રહેશે. અરજદાર પાસેથી વધારાની માહિતી મંગાવવામાં આવી હોય ત્યારે, અરજીના નિકાલ માટેની સમયમર્યાદા પણ રાજ્ય સરકાર ઠરાવી શકશે;

(૩) સક્ષમ સત્તામંડળ,આવી પરવાનગીના નિકાલ માટે નિયત કરેલ મુદત પૂરી થાય તે પહેલાં અરજદારને પણ તેની આગોતરી નકલ મોકલીને મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી મારફત વધારાની માહિતી મંગાવી શકશે:

પરંતુ સક્ષમ સત્તામંડળે ચુસ્તપણે એ સુનિશ્ચિત કરવું જોઈશે કે પરવાનગીમાં થતો વિલંબ નિવારવા અને અરજદારની બિનજરૂરી સતામણી દૂર કરવા માટે એક જ પત્રવ્યવહારમાં જરૂરી તમામ માહિતી એક સાથે મંગાવવામાં આવે;

(૪) વધારાની માહિતી મળ્યા પછી, સક્ષમ સત્તામંડળે, આવી વધારાની માહિતી મળ્યાની તારીખથી ઠરાવેલ સમય મર્યાદા પૂરી થતાં પહેલાં અરજી અંગેના હુકમો કરવા જોઈશે.

જિલ્લા સ્તરના કેસોની સમીક્ષા.

૧૪. તત્સમયે અમલમાં હોય તેવા સંબંધિત કાયદાની જોગવાઈઓને અધીન રહીને–

(૧) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (ડીએલએફસી), આપમેળે અથવા કોઈ સંદર્ભના આધારે, કોઈ સક્ષમ અધિકારી દ્વારા કોઈ પરવાનગી નામંજૂર કરતાં અથવા તેને સુધારા સાથે મંજૂર કરતાં આપેલા કોઈ હુકમની ચકાસણી કરી શકશે અને જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ એવું માનતી હોય કે આવા નિર્ણયમાં ફેરફાર માટે કોઈ માન્ય કારણો છે, તો તે, વિશેષ નોંધ અને સંબંધિત દસ્તાવેજો સાથે, એક–બારી સરલીકરણ સમિતિ (એસ.ડબલ્યુ.એફ.સી.)ને તેવો કેસ નિર્ણય માટે મોકલશે.

(૨) એક–બારી સરલીકરણ સમિતિ (એસ.ડબલ્યુ.એફ.સી.), જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિએ તેને મોકલેલા તમામ કેસોની ચકાસણી કરશે અને યોગ્ય હુકમો કરશે:

પરંતુ સક્ષમ સત્તામંડળ (સત્તાધિકારી) તરીકે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ હુકમોને લગતા સંબંધિત કેસને, ડરાજય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) ને નિર્ણય માટે મોકલવા જોઈશે.

(૩) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) દ્વારા લેવાયેલ નિર્ણય, જિલ્લા સમિતિ અને સક્ષમ સત્તાધિકારીઓને બંધનકર્તા રહેશે.

એક–બારી સરલીકરણ સમિતિ દ્વારા જિલ્લા સ્તરના કેસની ફેરતપાસ.

૧૫. તત્સમયે અમલમાં હોય તેવા કોઈ સુસંગત કાયદાની જોગવાઈઓને અધીન રહીને, એક–બારી સરલીકરણ સમિતિ, આપમેળે અથવા સંદર્ભના આધારે, જિલ્લા સમિતિ દ્વારા કરવામાં આવેલા કોઈપણ હુકમને તપાસી શકશે અને પોતાને ઉચિત જણાય તેવા યોગ્ય હુકમો કરી શકશે અને આવા હુકમો આખરી ગણાશે.

રાજ્ય સ્તરના કેસની સમીક્ષા.

૧૬. તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાને અધીન રહીને,–

(૧) એક–બારી સરલીકરણ સમિતિ, કોઈ અરજીના નિકાલ સંબંધી તકનિકી, કાર્યરીતિ વિષયક અથવા અન્ય મુદ્દાઓને લગતા ફેરફાર અંથવા ફરિયાદો સાથે કોઈ પરવાનગીને નામંજૂર કરતા અથવા તેને મંજૂર કરતા કોઈ સક્ષમ સત્તામંડળ દ્વારા કરવામાં આવેલા કોઈ હુકમને આપમેળે અથવા સંદર્ભના આધારે તપાસ કરી શકશે અથવા સુધારા સાથે માન્ય રાખી શકશે અને એક–બારી સરલીકરણ સમિતિને આવા નિર્ણયમાં ફેરફાર કરવા માટેના માન્ય કારણો હોય, તો તેણે આવા કેસ રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિને કોઈ નિર્ણયાર્થેવિશેષ નોંધ અને સંબંધિત દસ્તાવેજો સહિત મોકલવા જોઈશે.

(૨) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિએ,એક–બારી સરલીકરણ સમિતિ દ્વારા તેને સોંપવામાં આવેલ તમામ કેસ તપાસવા જોઇશે અને તે અંગે યોગ્ય હુકમ કરવો જોઇશે.

(૩) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) દ્વારા કરવામાં આવેલ હુકમો, રાજ્ય એક–બારી સરલીકરણ સમિતિ, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ અને સક્ષમ સત્તામંડળોને બંધનકર્તા રહેશે અને તે આખરી ગણાશે.

રાજ્યસ્તરની સરલીકરણ સમિતિ દ્વારા રાજ્ય સ્તરના કેસોની ફેરતપાસ.

૧૭. તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની જોગવાઇઓને અધીન રહીને, રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) આપમેળે અથવા સંદર્ભના આધારે, રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ દ્વારા કરવામાં આવેલા કોઇપણ હુકમ તપાસી શકશે અને પોતાને ઉચિત જણાય તેવો યોગ્ય હુકમ પસાર કરી શકશે અને આવા હુકમો આખરી ગણાશે.

દંડ

૧૮. (૧) એજન્સીને આપવામાં આવેલ એકરાર મુજબની શરતો અથવા બાંહેધરીનું પાલન કરવામાં ચૂક કરે તેવા કોઇ ઉદ્યોગ–સાહસિક અથવા ખોટી માહિતી પૂરી પાડે તો તે (ઉદ્યોગ–સાહસિક)ની અરજી નામંજૂરીને પાત્ર થશે અને આવા ઉદ્યોગ–સાહસિકે, જરૂરી દસ્તાવેજો સાથે નવેસરથી અરજી કરવાની રહેશે.

(૨) જે અધિકારી કોઇ વાજબી કારણ સિવાય, ઠરાવેલી સમયમર્યાદાની અંદર અરજીને મંજૂરી આપવામાં અથવા તેનો નિકાલ કરવામાં ચૂક કરે તો તેમને ઊચક દંડ કરી શકાશે, જે ઓછામાં ઓછા એક હજાર રૂપિયા અને વધુમાં વધુ પાંચ હજાર રૂપિયા સુધીનો હોવો જોઇશે.

નિરીક્ષણ.

૧૯.(૧)લાગુ પડતા અધિનિયમો અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળનું નિરીક્ષણ, જુદા જુદા સત્તામંડળોએ સંયુક્ત રીતે હાથ ધરવું જોઇશે.

(૨) વિભાગ, સંબંધિત અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ઠરાવવામાં આવે તેવી કોમ્પ્યુટરાઇઝ્ડ જોખમની આકારણીના આધારે નિરીક્ષણ કરી શકશે. તેમ છતાં, ફરિયાદોના સંબંધમાં, વિભાગના વડાની અધિકૃતિ હેઠળ નિરીક્ષણ હાથ ધરી શકાશે.

(૩) સંબંધિત વિભાગની ચોક્કસ પરવાનગી સાથે ઓચિંતુ નિરીક્ષણ કરી શકાશે.

અધિનિયમ બીજા કોઇ અધિનિયમ (ની કોઇ જોગવાઇ) ઉપરાંતનો ગણાશે.

૨૦. આ અધિનિયમની જોગવાઇઓ, કોઇ વિદ્યમાન કાયદાની કોઇ જોગવાઇ ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું (કોઇ વિદ્યમાન કાયદાની કોઇ જોગવાઇનું) અલ્પીકરણ થશે નહિ.

આદેશો આપવાની સત્તા.

૨૧. રાજ્ય સરકારને, આ અધિનિયમ, તે હેઠળ કરેલા નિયમો અને તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદાની જોગવાઇઓના પાલન માટે વખતોવખત જરૂરી હોય, આદેશો આપવાની સત્તા રહેશે અને એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) અથવા જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC), આવા આદેશોનું પાલન કરવા માટે બંધાયેલી રહેશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ .

૨૨. આ અધિનિયમ હેઠળ કોઇ સમિતિના અધ્યક્ષ અથવા બીજા સભ્યો સામે અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલા અથવા કરવા ધારેલા કોઇપણ કૃત્યના સંબંધમાં, આવી સમિતિના કોઇ કર્મચારી સામે કોઇપણ દાવો અથવા કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૨૩. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આ અધિનિયમથી સ્પષ્ટ રીતે જરૂરી હોય અથવા પરવાનગી આપી હોય તેવી નિયમોથી ઠરાવવાની તમામ બાબતો અથવા તે પૈકીની કોઇ બાબત માટે, આવા નિયમોથી જોગવાઇ કરી શકશે.

INDEX

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાંજે કોઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઈ રદ કરે અથવા કોઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૨૪. (૧)આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તો, રાજય સરકાર, રાજપત્રમાંહુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી, આ કલમ હેઠળ આવો કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલ દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

ઉદ્દેશો અને કારણો

ઉદારીકરણ અને વૈશ્વિકરણની રાજયમાં ઔધોગિક વિકાસ પર હકારાત્મક અસર થઇ છે. મૂડીરોકાણ આકર્ષવાના અને ઉધોગોને ઉત્તેજન આપવાના સરકારના પ્રયત્નો છતાં એમ અનુભવાયું છે કે ધંધો કરવાની સુવિધામાં સુધારણા લાવવી તે, સૌથી વધુ વિકટ એવા સુધારાલક્ષી પડકારો પૈકીનો એક પડકાર છે.આ ઉદ્દેશને સુનિશ્ચિત કરવાના હેતુથી, રાજયમાં ધંધાકીય વાતાવરણને સુધારવા માટેની એક યોજના તૈયાર કરવાનું જરૂરી જણાયું છે. રાજય સરકારે, ઔધોગિક ક્ષેત્રમાંના સંભવિત મૂડીરોકાણકારોના દ્રષ્ટિકોણથી ઉધોગોની સ્થાપના માટેની વિવિધ પ્રક્રિયાના સરલીકરણ અંગેની પ્રવૃત્તિઓ હાથ ધરેલ છે.

સંભવિત મૂડીરોકાણકારો માટે ઔધોગિક અન્ડરટેકિંગ ઉભા કરવા માટેની અને વિવિધ લાઇસન્સ, જુદા જુદા કાયદા હેઠળ 'ના વાંધા પ્રમાણપત્ર' આપવાની પ્રક્રિયા હળવી બનાવવાના હેતુથી અને ગુજરાત રાજયમાં ઔધોગિક ક્ષેત્રમાં મૂડીરોકાણકાર માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે એક નવો કાયદો અધિનિયમિત કરવાનું જરૂરી જણાયું છે.

અધિનિયમનથી, સંયુક્ત અરજીનો નમૂનો પૂરો પાડીને એક બારી પદ્ધતિ માટે એવી અરજીઓની પ્રક્રિયા માટે સમયમર્યાદા, નિયત સમયમર્યાદામાં એવી અરજી અંગે આખરી હુકમ કરવામાં સક્ષમ સત્તાધિકારીની ચૂકના કિસ્સામાં, ભૂલ કરનાર અધિકારીની સામે દંડ નાખવા માટેની જોગવાઇ અને રાજયમાં ઉધોગો સ્થાપવામાં ઉધોગસાહસિકને માર્ગદર્શન અને સહાય કરવા માટે મૂડીરોકાણ સરલીકરણ એજન્સીની નિમણૂક માટે ત્રણ સ્તરીય સત્તામંડળની રચના માટેની જોગવાઇ કરેલ છે.

આ અધિનિયમથી ઉપર્યુક્ત હેતુ સિધ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક મહત્વની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવી છે:–

કલમ ૧.– આ કલમથી અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ માટે જોગવાઇ કરી છે.

કલમ ૨.– આ કલમથી વિધેયકમાં વપરાયેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

કલમ ૩.– આ કલમથી રાજયમાં ઉધોગ સ્થાપવા અને પરવાનગી મેળવવા ઇચ્છતો ઉધોગસાહસિક, જે અધિનિયમોની જોગવાઇઓ હેઠળ નાણાકીય હકૂમત ધરાવતી સમિતિને અરજી કરી શકશે તે સંબંધિત અધિનિયમોનો નિર્દિષ્ટ કરવાની જોગવાઇ કરી છે.

કલમ ૪.– આ કલમથી રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, પરવાનગી માટેની અરજીઓ, જે મૂડીરોકાણમર્યાદા અનુસાર જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC), એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) અથવા રાજય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC)ને કરવી જોઇશે તે નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમો ૫ થી ૮.– આ કલમોથી અનુક્રમે જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC), એક–બારી સરલીકરણ સમિતિ (SWFC), રાજય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) અને મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીની રચના, સત્તા અને કાર્યો માટે જોગવાઇ કરી છે.

કલમ ૯.– આ કલમથી પરવાનગી આપવા માટેની અરજીઓ માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૦.– આ કલમથી, સક્ષમ સત્તાધિકારીની, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી મારફત, તેણે ફરમાવ્યા પ્રમાણે અરજદાર પાસેથી વધારાની માહિતી મંગાવીને મેળવવાની સત્તા માટે જોગવાઇ કરી છે.

INDEX

કલમ ૧૧.– આ કલમથી, વિધમાન નમૂના(ફોર્મ) અથવા રાજય અધિનિયમનો હેઠળના વિધમાન નમૂનાને બદલે નવા નમૂના ઘરાવતી સંયુક્ત અરજી અને એવા નમૂના રજૂ કરવાની રીત માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૨.– આ કલમથી, ઉદ્યોગસાહસિક અથવા અરજદાર પેઢીના અધિકૃત પ્રતિનિધિએ રજૂ કરવાના દસ્તાવેજોના સ્વ–પ્રમાણીકરણ માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૩.– આ કલમથી, પરવાનગી આપવા માટેની અરજીઓ અંગેની પ્રક્રિયા અને તેના નિકાલની રીત, સમયમર્યાદા વગેરે માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૪.– આ કલમથી, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC) અને એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) દ્વારા જિલ્લા સ્તરના કેસોની સમીક્ષા માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૫.– આ કલમથી, જિલ્લા સ્તરનીસરલીકરણ સમિતિ (DLFC) એ કરેલ કોઇ હુકમ સામે એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) દ્વારા જિલ્લા સ્તરના કેસોની સમીક્ષા માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૬.– આ કલમથી, એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) દ્વારા રાજય સ્તરની કેસોની સમીક્ષા માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૭.– આ કલમથી, એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) દ્વારા રાજય સ્તરની કેસોની ફેરતપાસ માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૮.– આ કલમથી, ઠરાવેલી સમયમર્યાદાની અંદર કોઇ યથાર્થ કારણ સિવાય અરજીને મંજૂરી આપવામાં અથવા તેનો નિકાલ કરવામાં ચૂક કરે તેવા અધિકારી સામે નાખવાના ઓછામાં ઓછા એક હજાર રૂપિયા અને વધુમાં વધુ પાંચ હજાર રૂપિયા સુધીના દંડ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૯.– આ કલમથી, વિવિધ સત્તામંડળો દ્વારા સંબંધિત અધિનિયમો હેઠળ યોજવાની તપાસ માટે જોગવાઇ કરી છે.

કલમ ૨૦.– આ કલમથી એવી જોગવાઇ કરી છે કે આ અધિનિયમની જોગવાઇઓ, કોઇ વિધમાન કાયદાની કોઇ જોગવાઇ ઉપરાંતની અને તેનું અલ્પીકરણ કરતી ન હોય તેવી રહેશે.

કલમ ૨૧.– આ કલમથી, રાજય સરકારે, આ અધિનિયમ, તે હેઠળ કરેલા નિયમો અને તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની જોગવાઇઓના પાલન માટે એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) અથવા જિલ્લા સ્તરીય સુવિધા સમિતિ (DLFC) ને આદેશ આપવા માટે જોગવાઇ કરી છે.

કલમ ૨૨.– આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલા કૃત્યો માટે સામાન્ય ક્ષતિપૂર્તિ માટે જોગવાઇ કરી છે.

કલમ ૨૩.– આ કલમથી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સામાન્ય રીતે અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અને ખાસ કરીને તેમાં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૪.– આ કલમથી, રાજય સરકારને, અધિનિયમના આરંભથી ત્રણ વર્ષની મુદતની અંદર ઉભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા,

નાણાકીય ચાદી

ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયક, ૨૦૧૭થી, રાજયમાં ઔધોગિક વિકાસના ઉત્તેજન અર્થે ઔધોગિક અંડરટેકિંગની સ્થાપના માટે વિવિધ લાઇસન્સ, પરવાનગીઓ અને જરૂરી પ્રમાણપત્રો કાઢી આપવાની ઝડપી પ્રક્રિયાની જોગવાઇ કરવા અને મૂડીરોકાણકારોને સાનુકૂળ હોય તેવું વાતાવરણ પૂરું પાડવાની પણ જોગવાઇ કરવા ધાર્યું છે. સંબંધિત અધિનિયમોની જોગવાઇઓના અમલ માટે વહીવટી તંત્ર અગાઉથી અસ્તિત્વમાં છે અને તેથી, તેને અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે તો રાજયના એકત્રિત ફંડમાંથી કોઇ વધારાનું ખર્ચ થશે નહિ.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,

ધારાકીય સત્તા સોંપવાની ચાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીની જોગવાઇ કરી છે:–

કલમ ૩.– આ કલમથી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, રાજયમાં ઉધોગ સ્થાપવા ઇચ્છતા ઉધોગ–સાહસિક, જે સંબંધિત અધિનિયમો હેઠળ પરવાનગીઓ મેળવવા માટે નાણાકીય હકૂમત ધરાવતી સમિતિને અરજી કરી શકશે તે અધિનિયમો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૪.– આ કલમથી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે મૂડીરોકાણની મર્યાદામાં, પરવાનગીઓ માટેની અરજીઓ, જિલ્લા સ્તરની એક–બારી સરલીકરણ સમિતિને, એક–બારી સરલીકરણ સમિતિને અથવા રાજય સ્તરની સરલીકરણ સમિતિને કરવાની રહેશે તે નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૫.– (૧) આ કલમની પેટા–કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, દરેક જિલ્લા માટે જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિની રચના કરવાની સત્તા મળે છે; તેનાથી, રાજપત્રમાં જાહેરનામાથી, સમિતિના બીજા સભ્યોની સંખ્યા નિર્દિષ્ટ કરવાની પણ સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા–કલમ (૨)ના પરિચ્છેદ(૧)થી, રાજય સરકારને, જિલ્લા સમિતિની બેઠકના કામકાજ માટેની કાર્યરીતિ નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમની પેટા–કલમ (૨)ના પરિચ્છેદ(૧૩)થી, રાજય સરકારને, તેમાં નિર્દિષ્ટ કરેલ સત્તા અને કાર્યો સિવાયના, જિલ્લા સમિતિની સત્તા અને કાર્યો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬.– (૧) આ કલમની પેટા–કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, એક–બારી સરલીકરણ સમિતિ રચવાની સત્તા મળે છે; તેનાથી, રાજપત્રમાં જાહેરનામાથી, સમિતિના બીજા સભ્યોની સંખ્યા નિર્દિષ્ટ કરવાની પણ સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા–કલમ (૨)ના પરિચ્છેદ (૧)થી, રાજય સરકારને, એક–બારી સરલીકરણ સમિતિની બેઠકનાં કામકાજ માટેની કાર્યરીતિ નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમની પેટા–કલમ (૨)ના પરિચ્છેદ (૧૩)થી, રાજય સરકારને, તેમાં નિર્દિષ્ટ કરેલ સત્તા અને કાર્યો સિવાયના,એક–બારી સરલીકરણસમિતિની સત્તા અને કાર્યો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૭.– (૧) આ કલમની પેટા–કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, રાજય સ્તરની સરલીકરણ સમિતિ (એસએલએફસી) રચવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા–કલમ (૨)ના પરિચ્છેદ(૯)ની બાબત (ખ)થી, રાજય સરકારને, તેમાં નિર્દિષ્ટ કરેલ સત્તા અને કાર્યો સિવાયના રાજય સ્તરની સરલીકરણ સમિતિની સત્તા અને કાર્યો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૮.– (૧) આ કલમની પેટા–કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, રાજય સ્તરે મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી નીમવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા–કલમ (૨)ના પરિચ્છેદ(ચ)થી, રાજય સરકારને, જે રીતે મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીએ, મૂડીરોકાણકારોની કોઇ મંજૂરી/ પ્રોત્સાહનો/ જમીન સંબંધી પ્રશ્નો/ ટેકનિકલ પ્રશ્નો અને અન્ય કોઇ પ્રશ્નો સંબંધી ફરિયાદોનું નિવારણ કરવું જોઇશે તે રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમની પેટા–કલમ (૨)ના પરિચ્છેદ (છ)થી, જિલ્લા સ્તર સુધી ઉપલભ્ય કરવાના હોય તેવા અંદાજપત્ર તૈયાર કરવું (બજેટીંગ), માનવબળ, માળખાકીય સુવિધા પૂરી પાડવા સહિતના કરવાના કાર્યો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૯.–આ કલમથી, પરવાનગી માટેની તમામ અરજીઓ જે નમૂનામાં અને જે પ્રક્રિયા ફી સાથે સક્ષમ સત્તાધિકારીને સાદર કરવી જોઇશે તે નમૂનો અને ફી નિયમોથી ઠરાવવાના રાજય સરકારને સત્તા મળે છે.

કલમ ૧૧.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજય સરકારને, વિધમાન નમૂના અથવા રાજય કાયદા હેઠળના વિધમાન નમૂનાને બદલે, નવા નમૂનાનો બનેલો સંયુકત અરજી નમૂનો (સીએએફ), નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે અને સંયુકત અરજી નમૂનો (સીએએફ) જે રીતે રજૂ કરવો જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની પણ સત્તા મળે છે.

કલમ ૧૨.– આ કલમથી, પેટા–કલમ (૧)થી, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીને અરજી નમૂનો રજૂ કરતી વખતે, અરજદાર પેઢીના ઉધોગ–સાહસિક અથવા અધિકૃત પ્રતિનિધિ દ્વારા એવી બાંહેધરી સાથે ''સ્વપ્રમાણીકરણ''પૂરું પાડવાનું રહેશે કે તે સંબંધિત અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમોની લાગુ પડતી જોગવાઇઓનું પાલન કરશે એવુ નિયમોથી ઠરાવવાની રાજય સરકારને સત્તા મળે છે.

કલમ ૧૩.– (૧) આ કલમની પેટા–કલમ (૧)થી, રાજય સરકાર જે રીતે પરવાનગી અંગેની અરજીના સંબંધમાં કાર્યવાહી કરી શકશે અને તેનો નિકાલ કરી શકશે તે રીત, નિયમોથી ઠરાવવાની રાજય સરકારને સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા–કલમ (૨)થી, સંપૂર્ણ અરજી માટેની સમયમર્યાદા કે જે સક્ષમ સત્તામંડળ (સત્તાધિકારી) દ્વારા અરજી અંગેની પ્રક્રિયા અને તેના નિકાલ માટે ફરજીયાત રહેશે તે સમયમર્યાદા નિયમોથી ઠરાવવાની રાજય સરકારને સત્તા મળે છે અને અરજદાર પાસેથી વધારાની માહિતી મંગાવવામાં આવે, ત્યારે રાજય સરકારને, જે સમયમર્યાદાની અંદર અરજીનો નિકાલ કરી શકાશે તે સમયમર્યાદા, નિયમોથી ઠરાવવાની પણ સત્તા મળે છે.

કલમ ૧૮.–આ કલમની પેટા–કલમ (૧)થી, રાજય સરકારને, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૨.– આ કલમથી, રાજય સરકારને, સામાન્ય રીતે આ અધિનિયમોના હેતુઓ પાર પાડવા માટે અને ખાસ કરીને, આ અધિનિયમથી સ્પષ્ટ રીતે ફરમાવ્યું (જરૂરી) હોય અથવા પરવાનગી આપી હોય તેવી તમામ બાબતો અથવા તે પૈકીની કોઇ બાબત માટે, રાજપત્રમાં જાહેરનામાથી, નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૩.– આ કલમથી, અધિનિયમના આરંભથી ત્રણ વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવા માટે, રાજય સરકારને સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૪થી ઓગસ્ટ, ૨૦૧૭.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૪થી ઓગસ્ટ, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 212 વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, AUGUST 8, 2017/SRAVANA 17, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૮મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ-ના તારીખ: ૨૫મી એપ્રિલ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા (૧) જીએચ / એસએચ/ ૧૬ / બીએમએસ / ૧૧૧૭ / ૮૩ / છ, (૨) જીએચ / એસએચ/ ૧૭ / બીએમએસ / ૧૧૧૭ / ૮૩ / છ, (૩) જીએચ / એસએચ/ ૧૮ / બીએમએસ / ૧૧૧૭ / ૮૩ / છ (૪) જીએચ / એસએચ/ ૧૯ / બીએમએસ / ૧૧૧૭ / ૮૩ / છ, (૫) જીએચ / એસએચ/ ૨૦ / બીએમએસ / ૧૧૧૭ / ૮૩ / છ; અને (૬) તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક જીએચ/એસએચ/ ૧૫/ બીએમએસ/ ૧૧૧૭/૮૩/છ .ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યા છે.

કે.એમ.લાલા
સરકારના સચિવ.

INDEX

Notification
Regarding

The Gujarat Self Financed Schools (Regulation Of Fees) Rules, 2017.

ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું

શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૫મી એપ્રિલ, ૨૦૧૭.

ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક:જીએચ/એસએચ/૧૬/બીએમએસ/૧૧૧૭/૮૩/છ:- ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૦મા)ની કલમ ૨૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ:-** (૧) આ નિયમો, ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા:-** (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "અધિનિયમ"એટલે ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૦મો);

(ખ) "આરંભ" એટલે આ નિયમો જે તારીખે અમલમાં આવે તે તારીખ;

(ગ) "ફી નિયમન સમિતિ" એટલે કલમ-૩ હેઠળ રચાયેલી ફી નિયમન સમિતિ;

(ઘ) "ફી ફેરતપાસ સમિતિ" એટલે અધિનિયમની કલમ ૧૨ હેઠળ **રચાયેલી ફી ફેરતપાસ સમિતિ;**

(ચ) "નમૂનો" એટલે આ નિયમોને જોડેલ નમૂનો;

(૨) આ નિયમોમાં વપરાયેલા હોય પણ વ્યાખ્યાયિત કરેલા ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપવામાં આવ્યો હોય તે જ થશે.

INDEX

૩. **ફી નિયમન સમિતિ અને ફી ફેરતપાસ સમિતિના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક.-** (૧) રાજ્ય સરકાર, અધિનિયમની કલમ ૧૨ અને કલમ ૩ની જોગવાઇઓ અનુસાર, આ નિયમોના આરંભની તરત પછી ફી નિયમન સમિતિ અને ફી ફેરતપાસ સમિતિના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરશે.

(૨) એવી સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય તરીકે નામનિયુક્ત થયેલ હોય તેવી કોઈ વ્યક્તિએ, હોદ્દો સ્વીકારતા પહેલાં કોઈપણ સ્વનિર્ભર શાળાની બાબતમાં તેમનું હિત, હોય તો, તે જાહેર કરવું જોઈશે. આવા હિતથી, આવી સમિતિની કામગીરીમાં જો અડચણ થાય, તો તેમની નામનિયુક્તિ રદ થશે.

(૩) (૧) એવી સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય તરીકે નામનિયુક્ત થયેલ હોય તેવી કોઈ વ્યક્તિએ, બેઠક ખાતે થયેલી મંત્રણા અને ચર્ચા અને સમિતિ દ્વારા લીધેલા નિર્ણયો અત્યંત ગોપનીય અને ગુપ્ત રાખવા જોઈશે. આવી કોઈ બાબત અથવા નિર્ણય ગમે તે રીતે જાહેર થવાથી તે આવી સમિતિમાંથી દૂર કરવાને પાત્ર થશે.

(૨) આવી રીતે દૂર કરાયેલા અધ્યક્ષ અથવા સભ્ય, પુનઃ નિમણૂક માટે પાત્ર (લાયક) થશે નહિ.

(૪) અનુક્રમે અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૪)ના ખંડ (ઘ) અને કલમ ૧૨ની પેટા-કલમ (૨)ના ખંડ (મ) હેઠળ, અનુક્રમે રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા સભ્ય હોય તે સિવાય, કોઇ સ્વનિર્ભર શાળાના વ્યવસ્થાપન (મેનેજમેન્ટ)ની બાબતો સાથે કોઈપણ રીતે જોડાયેલ હોય તેવી વ્યક્તિ ઉપરોક્ત સમિતિઓના સભ્ય બનવા માટે પાત્ર (લાયક) બનશે નહિ.

૪. **ફી નિયમન સમિતિ અને ફી ફેરતપાસ સમિતિના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક માટેની બોલીઓ અને શરતો.-** (૧) ફી નિયમન સમિતિ અને ફી ફેરતપાસ સમિતિના હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના અધ્યક્ષ અને સભ્યોને, ચૂકવવાપાત્ર માનદવેતન અને બીજા ભથ્થાં અને પૂરી પાડવાની સુવિધાઓ, રાજ્ય સરકાર તે અર્થે વખતોવખત બહાર પાડે તેવા સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી અને નિર્દિષ્ટ કરવામાં આવે તેવા રહેશે.

(૨) અધ્યક્ષ અને સભ્યોની હોદ્દાની મુદત તેમનો હોદ્દો સંભાળ્યાની તારીખથી ત્રણ વર્ષની રહેશે. ગમે તે કારણોથી ખાલી જગા પડે તેવા કિસ્સામાં, તે અધિનિયમની જોગવાઈઓ અનુસાર

INDEX

ભરવામાં આવશે. આવા સભ્યની મુદત, જેની જગા પર તેની નિમણૂક થઇ હોય તેવા અધ્યક્ષ અથવા યથાપ્રસંગ સભ્યની બાકીની મુદતનો સમયગાળો રહેશે.

(૩) અધ્યક્ષ અથવા યથાપ્રસંગ, સભ્ય, બે મુદતથી વધારો મુદત માટે નિમણૂકને પાત્ર (લાયક) થશે નહિ.

(૪) અધ્યક્ષ અથવા સભ્યો રાજય સરકારને એક મહિનાની નોટિસ આપીને હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને રાજ્ય સરકાર, તે સ્વીકારે તે તારીખે અને તે તારીખથી રાજીનામાનો અમલ થશે. રાજીનામના લીધે ખાલી થયેલી જગા, જગાના ખાલી થયાની તારીખથી શકય હોય તેટલી જલદી ભરવી જોઈશે.

૫. **ફી નિયમન સમિતિની બેઠક.-**

(૧) અધ્યક્ષ ફી નિયમન સમિતિની બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે. સમિતિ, પોતાનું કામકાજ ચલાવવા માટે પોતાને જરૂરી લાગે તેવી કાર્યરીતિ અપનાવી શકશે.

(૨) બેઠકની તારીખ, સમય, અને સ્થળ અધ્યક્ષ દ્વારા નક્કી કરવામાં આવશે અને સમિતિના સંયોજક દ્વારા તે પ્રમાણે સભ્યોને જણાવવામાં આવશે.

(૩) સમિતિ દ્વારા નક્કી કર્યા પ્રમાણે સ્વીકૃતિ પહોંચવાળી રજિસ્ટર્ડ ટપાલ દ્વારા અથવા ઇલેકટ્રોનિક સહિત બીજી કોઈ રીત દ્વારા બેઠકની કાર્યસૂચિની બાબતો સાથે નમૂના ૧માંની નોટિસ ઓછામાં ઓછા સ્પષ્ટ સાત દિવસ અગાઉ સમિતિના દરેક સભ્યોને આપવી જોઈશે.

(૪) ફી નિયમન સમિતિના અધ્યક્ષ, ૨૪ કલાકની ટૂંકી મુદતની નોટિસથી આકસ્મિક બેઠક બોલાવી શકશે.

(૫) સમિતિની બેઠક ખાતે કોરમ સમિતિની કુલ સંખ્યાના ઓછામાં ઓછા બે તૃતિયાંશ સભ્યોથી બનશે. જો બેઠક ખાતે કોરમ ન થાય, તો અડધા કલાક માટે બેઠકને મોકૂફ કરવી જોઇશે. ત્યાર બાદ કામકાજ ચલાવવા બેઠક યોજી શકાશે.

(૬) ઝોનલ હેડક્વાર્ટર (મુખ્ય મથક)ના જિલ્લા શિક્ષણ અધિકારી, અથવા યથાપ્રસંગ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સમિતિના સંયોજક રહેશે જે અધ્યક્ષના નિદેશ અનુસાર કાર્ય કરશે અને બેઠકની કાર્યનોંધ તૈયાર કરશે અને તે પ્રમાણે બેઠકના સાત દિવસની અંદર તમામ સભ્યોને પરિપત્રિત કરશે.

INDEX

(૭) વહીવટી પ્રકારને સંબંધિત તમામ સત્તાવાર પત્રવ્યવહારો સંકલનકર્તાના હસ્તાક્ષર હેઠળ જારી કરવા જોઈશે.

૬. ફી અથવા ફીનું માળખું નક્કી કરવા માટે સ્વનિર્ભર શાળાઓ દ્વારા દરખાસ્ત રજૂ કરવાની પ્રક્રિયા.-

(૧) સ્વનિર્ભર શાળાએ, ફી અને ફીનું માળખું નિર્ધારિત કરવા, દરખાસ્તના વર્ષની ૩૧મી ઓક્ટોબર પહેલા તેની વિચારણા અને મંજૂરી માટે, તેમાં નિર્દિષ્ટ વિગતો સાથે, નમૂના ૨-માં એક દરખાસ્ત, તૈયાર કરીને ફી નિયમન સમિતિને રજૂ કરવી જોઈશે.

(૧) દરખાસ્ત આગામી ત્રણ વર્ષ માટે ફી અથવા ફીના માળખાના નિર્ધારણ માટે હોવી જોઈશે;

(૨) અગાઉના બે નાણાકીય વર્ષોના ઓડિટ થયેલા હિસાબો;

(૩) જે તે વર્ષની તારીખ ૧લી એપ્રિલથી ૩૧મી ઓગસ્ટ સુધીના કામચલાઉ હિસાબો કે જેમાં અલગ-અલગ સદર હેઠળ નિર્દિષ્ટ કરેલી આવકો અને ખર્ચા દર્શાવવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે દરખાસ્ત મૂકવામાં આવી હોય.

(૪) સંબંધિત રેકર્ડ અને પુરાવા સાથે દરખાસ્તના વર્ષના સંબંધમાં સૂચિત બજેટનો અંદાજ; અને

(૫) સમાન અથવા સંબંધિત ટ્રસ્ટીઓ અને ડિરેક્ટર્સ, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, ધરાવતી હોય તેવી સંલગ્ન/હિસ્સેદાર અથવા સહાયકારી કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવેલી શિક્ષણ સંબંધિત સેવાઓ માટે થયેલ ખર્ચ.

(૨) ફી નિર્ધારણ માટે ઠરાવેલ સમયમર્યાદાની અંદર દરખાસ્તન રજૂ ન કર્યાના કિસ્સામાં અથવા અધૂરી વિગતો આપી હોય તો ફી નિયમન સમિતિ આપમેળે ફીનું માળખું નક્કી કરશે જે, આવી શાળાઓને બંધનકર્તા રહેશે. ફી નિયમન સમિતિએ આપમેળે નક્કી કરેલું ફીનું માળખું આગામી ત્રણ શૈક્ષણિક વર્ષ માટે લાગુ પડશે.

(૩) સ્વનિર્ભર શાળાએ, દરખાસ્ત સહિત, રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેવી, રકમ અથવા પ્રક્રિયા ફી ચૂકવવી જોઇશે.

INDEX

(૪) સ્વનિર્ભર શાળા સમિતિ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સમયમર્યાદાની અંદર, ફી નિયમન સમિતિ દ્વારા ફરમાવવામાં આવે તેવી કોઇ વધુ માહિતી અથવા નિવેદન પૂરા પાડવા બંધાયેલી રહેશે.

૭. ફી અને ફીનું માળખું નિર્ધારિત કરવા માટે ફી નિયમન સમિતિ દ્વારા અપનાવવામાં આવેલ કાર્યપદ્ધતિ.- ફી નિયમનકારી સમિતિએ, સ્વનિર્ભર શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલી સુવિધા સાથે ફી અથવા ફીનું માળખું અથવા અનુરૂપ ફી નિર્ધારીત કરવા માટે નીચેની કાર્યપદ્ધતિ અપનાવવી જોઈશે.

(૧) (ક) નમૂના ૨-માં સ્વનિર્ભર શાળા તરફથી દરખાસ્ત મળ્યે, ફી નિયમન સમિતિએ, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસાર આ દરખાસ્તની ચકાસણી કરવી જોઈશે.

(ખ) સમિતિ, નિર્દિષ્ટ સમય-મર્યાદાની અંદર સ્વનિર્ભર શાળા પાસેથી સૂચિત ફી અથવા ફીના માળખાની ચકાસણી માટે જરૂરી હોય તેવી વધુ માહિતી અથવા નિવેદનો મંગાવી શકશે અને સંબંધિત શાળાને સુનાવણી માટે બોલાવી શકશે.

(ગ) સમિતિ, દસ્તાવેજો અને શાળાની ઈમારતો, વગેરેની સ્થળ ચકાસણી માટે કોઈપણ સભ્ય અથવા અધિકારીને અધિકૃત કરી શકશે.

(૨) સમિતિ, કાર્યવાહીના સમયગાળા દરમિયાન સામાન્ય રીતે ત્રણ કરતા વધુ નહિ તેટલી મોકૂફીની મંજૂરી નહિ આપી શકશે નહિ.

(૩) અધિનિયમ અને નિયમોમાં પૂરા પાડવામાં આવેલા તમામ સંબંધિત પરિબળોને ધ્યાનમાં લેતા, ફી નિયમન સમિતિ દરખાસ્ત મળ્યા તારીખથી નેવું દિવસના મુદતની અંદર આવી દરખાસ્ત પર નિર્ણય લઈ શકશે.

(૪) ફી નિયમન સમિતિએ, એક જ સદર હેઠળ કુલ ફી નિર્ધારિત કરવી જોઈશે, જે લઇ શકાશે અથવા વસૂલ કરી શકાશે. નમૂના ૨-માંના હુકમમાં, નિર્ધારિત કરવામાં આવેલી કુલ ફી ત્રણ વર્ષની મુદત માટે અમલમાં રહેશે.

(૫) અધિનિયમ અથવા નિયમોના ઉલ્લંઘનના પ્રસંગે, ફી નિયમન સમિતિ,-

(ક) શાળાએ વધુ ફી ઉઘરાવી હોય તેવા કેસમાં તફાવતની રકમ પરત કરવી; અને

INDEX

(ખ) અધિનિયમ અથવા નિયમોની જોગવાઇઓના ઉલ્લંઘનના કોઇ કેસમાં દંડ, માટેનો હુકમ કરવો જોઇશે.

(૬) પૂર્વ-પ્રાથમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરાયેલ ફી આવી દરેક સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા તેના નોટિસ બોર્ડમાં ગુજરાતી અને અંગ્રેજીમાં તેમજ તેમની સત્તાવાર વેબસાઇટ પર દર્શાવવી જોઇશે.

(૭) કોઈ સ્વ-નિર્ભર શાળા, કોઈ સમયે, કોઈપણ વિદ્યાર્થી પાસેથી એકથી વધુ સત્ર સુધી ફી ઉઘરાવી શકશે નહિ અને એક જ સમયે એકથી વધુ સત્ર માટે ઉઘરાવેલ ફી, કેપિટશન ફી માથાદીઠ ફીના સંગ્રહ તરીકે ગણવામાં આવશે અને અધિનિયમની જોગવાઈઓ અનુસાર આવી શાળા કાર્યવાહી કરવા પાત્ર બનશે.

(૮) ફી નિયમન સમિતિ દ્વારા ફી નક્કી કરવાના આદેશ, જ્યાં સુધી ફેરતપાસ અરજીનો ફી ફેરતપાસ સમિતિ દ્વારા આખરી નિર્ણય કરવામાં આવે ત્યાંસુધી, સ્વ-નિર્ભર શાળાને બંધનકર્તા રહેશે. ફી ફેરતપાસ સમિતિ દ્વારા ફીમાં વધારો કરવાના કિસ્સામાં, સ્વ-નિર્ભર શાળા આગામી કવાર્ટરમાં વિદ્યાર્થી/વાલીઓ પાસેથી તફાવતની રકમ ઉઘરાવવા માટે સ્વતંત્ર રહેશે.

૮. **શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે ફી અથવા ફી માળખા માટે ખાસ જોગવાઇઓ.**- (૧) સ્વનિર્ભર શાળાએ, આ સાથે જોડેલી માહિતી સાથે નમૂના-૨-માં, ફી અથવા ફી માળખું નક્કી કરવા માટેની દરખાસ્ત, ફી નિયમન સમિતિને, આ નિયમોના આરંભના ત્રીસ દિવસના સમયમાં કરવી જોઇશે:-

(૧) આવક અને ખર્ચ દર્શાવતા અને છેલ્લા બે વર્ષ, એટલે કે, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ના ઓડિટ થયેલા હિસાબો અને ; ચાર્ટડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ના કામચલાઉ હિસાબો

(૨) અગાઉના શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલી ફી અને ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક વર્ષ માટે;

INDEX

(૩) ફી નિયમન સમિતિ દ્વારા જરૂરી હોય તેવી અન્ય બાબતો સહિત આવક અને ખર્ચ સંબંધિત જરૂરી હિસાબો અને પત્રકો સાથે સૂચિત ફી અથવા ફી માળખાને વિગતવાર સમર્થન આપવામાં આવશે;

(૪) જો સ્વ-નિર્ભર શાળાએ, અગાઉના શૈક્ષણિક વર્ષના દરે ફી એકત્રિત કરી હોય અને તે ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી ફી કરતાં વધુ હોય, તો તે ઉઘરાવેલી ફી અને ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી ફીનો તફાવત, શૈક્ષણિક વર્ષના બાકીના સત્રમાં સરભર કરવામાં આવશે. વાર્ષિક ફી એડવાન્સમાં લીધેલ હોય તેવા કિસ્સામાં, વધારાની ફી ત્રીસ દિવસની અંદર પરત કરવી જોઇશે.

(૨) ફી નિયમન સમિતિ દરખાસ્તની ચકાસણી કરશે અને સાંભળવાની એક તક આપ્યા પછી દરખાસ્તની મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર નિર્ણય લેશે.

૯. **ફી નિયમન સમિતિની સત્તા અને કાર્યો.-** અધ્યક્ષ અને ફી નિયમન સમિતિની સત્તા અને કાર્યો અન્યો પૈકી નીચે મુજબ રહેશે:-

(૧) ફી નિયમન સમિતિના અધ્યક્ષ,-

(૧) અધિનિયમની કલમ ૬ની પેટા-કલમ (૩) હેઠળ સમિતિના આવા નિર્ણયો અને આવા આદેશોના પ્રમાણીકરણ માટે કોઇપણ અધિકારી અથવા વ્યક્તિને હુકમથી અધિકૃત કરી શકશે;

(૨) ફી નિયમન સમિતિના, કોઇપણ સભ્યને કોઇપણ શાળાની ખરાઇ અંગેની મુલાકાત લેવા માટે અધિકૃત કરી શકશે;

(૩) કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ સ્વનિર્ભર શાળાના હિસાબો અને રેકર્ડની તપાસ માટે કોઇપણ અધિકારીને અધિકૃત કરી શકશે;

(૪) અધિનિયમ અને નિયમોની જોગવાઇઓના કડક અમલની દેખરેખ રાખશે.

(૨) ફી નિયમન સમિતિ –

(૧) સ્વનિર્ભર શાળા દ્વારા ફી ફેરતપાસ સમિતિને કરવામાં આવેલી ફેરતપાસ અરજી અન્વયે જરૂરી દસ્તાવેજો પૂરા પાડશે;

INDEX

(૨) ફીનું માળખું નક્કી કરવા માટે જરૂરી હોય તેવી અન્ય માહિતી અથવા નિવેદનો મંગાવશે અથવા સ્વનિર્ભર શાળાની જવાબદાર વ્યક્તિને હાજર થવા ફરમાવી શકશે.

(૩) કુલ ફી નક્કી કરવા અંગેના સમિતિના હુકમમાં, ફીના તફાવતને નિયત સમયમર્યાદામાં રિફંડ કરવા અંગેના આદેશનો પણ સમાવેશ હોવો જોઇશે.

૧૦. **પ્રક્રિયા ફી.-** રાજ્ય સરકાર, ફી નિયમન સમિતિને, ફી અથવા ફી માળખા નક્કી કરવાને લગતી દરખાસ્તની રજૂઆત માટે અને ફી ફેરતપાસ સમિતિ સમક્ષ ફેરતપાસ અરજી કરવા માટેની પ્રક્રિયા ફી, હુકમ દ્વારા નક્કી કરવામાં આવશે.

૧૧. **મુક્તિ.-** (૧) ફી નિયમન સમિતિ, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી, ઠરાવેલી ફી કરતાં ઓછી ફીની રકમ વસૂલ કરતી હોય તેવી સ્વનિર્ભર શાળાઓને ફી નિર્ધારણમાંથી મુક્તિ આપી શકશે. આવી સ્વનિર્ભર શાળાએ તે મતલબનું નમૂના ૪માં સોગંદનામું દાખલ કરવું પડશે.

(૨) ફી નિયમન સમિતિના અભિપ્રાયમાં, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી, ઠરાવેલી ફી કરતાં ઓછી ફીની રકમ વસૂલ કરતી હોય, તેવી કોઇ સ્વનિર્ભર શાળા, ગેરવાજબી રીતે ફી વધારે, તો, તે, ફી નિયમન આવી શાળાના રેકર્ડને મંગાવી શકશે.

(૩) કોઇ શાળા સાથે જોડાયેલ ન હોય તેવા, માત્ર પૂર્વ-પ્રાથમિક વર્ગો/ પ્લે ગ્રુપ્સ/ક્રેશ (ઘોડિયાઘર)ને, અધિનિયમની કલમ ૯ હેઠળ મુક્તિ આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ.- કલમ ૯ની પેટા-કલમ (૧)ના બીજા પરંતુક અને પેટા-નિયમ (૩)ના હેતુ માટે, આવા કોઇ પૂર્વ-પ્રાથમિક વર્ગો/પ્લે ગ્રુપ્સ/ક્રેશ (ઘોડિયાઘર)નું કોઇપણ સ્વનિર્ભર શાળા સાથેનો પ્રત્યક્ષ અથવા પરોક્ષ સંબંધ, કરાર, સહયોગ, અથવા તે વહીવટી મંડળ અથવા સંબંધીઓ સાથે કાર્યલક્ષી/નાણાકીય અથવા વહીવટી નિયંત્રણ હેઠળનું સંચાલન, અથવા પ્રાથમિક શાળાઓ દ્વારા પૂર્વ-પ્રાથમિક શાળાઓ ફ્રેન્ચાઇઝ અથવા એજન્સી તરીકે ચલાવવામાં આવતી હોય તો તે આવી શાળા સાથે જોડાયેલ છે તેમ ગણવામાં આવશે.

INDEX

૧૨. **કલમ ૧૩ હેઠળ હિસાબો અને રેકર્ડનો નિભાવ.-** દરેક સ્વનિર્ભર શાળાએ, નીચેની રીતે રેકર્ડ નિભાવવા જોઇશે:-

(૧) (ક) દરેક સ્વનિર્ભર શાળાએ, વસૂલ કરેલ ફી, કેન્દ્ર/રાજ્ય સરકાર/સ્થાનિક સત્તામંડળ પાસેથી મેળવેલ અનુદાન, મેળવેલ દાન અને નાણાકીય સહાય, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારી વર્ગ (સ્ટાફ)ના પગાર અને ભથ્થાંની ચુકવણી, મશીનરી, સાધનસામગ્રી, પ્રયોગશાળાની વસ્તુઓ અને કન્સ્યુમેબલ, ગ્રંથાલયના પુસ્તકો, સ્ટેશનરી, કોમ્પ્યુટર સોફ્ટવેર અને શાળાના નિર્માણ/પુનઃર્નિર્માણ/વિસ્તરણ વગેરે જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે કરવામાં આવેલા આવા અન્ય ખર્ચ જેવા જુદા જુદા પ્રકારના વ્યવહારો માટે હિસાબો નિભાવવા જોઇશે;

(ખ) શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારી વર્ગ (સ્ટાફ)ના પગાર માટે સ્થળ પર કરેલી કર કપાત (ટીડીએસ)ને લગતું પ્રમાણપત્ર;

(ગ) સંબંધિત ટ્રસ્ટ અથવા સંલગ્ન શાળા/હોલ્ડિંગ/પેટા-કંપની, શૈક્ષણિક, સંચાલન સેવા અથવા ગૃહસંચાલન સેવાઓ માટે એક જ ટ્રસ્ટીઓ/સંચાલકો/સભ્યો અથવા સંબંધીઓ તરફ કરવામાં આવેલ ખર્ચ.

(૨) સ્વનિર્ભર શાળાએ, ફી નિયમન સમિતિ અથવા અધિકૃત અધિકારી દ્વારા તપાસ માટે તમામ વાજબી સમયે રજિસ્ટરો, હિસાબો અને રેકોર્ડ્સ તેની જગ્યામાં રાખવા જોઇશે.

(૩) વિવિધ વસ્તુઓ અથવા આવકો અને ખર્ચને લગતા તમામ વાઉચરો સાથે સ્વનિર્ભર શાળા દ્વારા જાળવવામાં આવેલા હિસાબો, હિસાબોનું ઑડિટ પૂરૂ થાય અને, જો કોઇ વાંધા ઉપસ્થિત કરેલ હોય તો તેની પતાવટ થાય ત્યાં સુધી અથવા સાત વર્ષ, સુધી એ બેમાંથી જે મોડું હોય, ત્યાં સુધી, તે શાળા દ્વારા સાચવવામાં આવશે.

(૪) (ક) સ્વનિર્ભર શાળાએ અધિનિયમ અને નિયમોના હેતુ માટે, નીચેના રજિસ્ટરો અને રેકોર્ડ નિભાવવા જોઇશે:-

(૧) જનરલ રજિસ્ટર,

(૨) પ્રવેશ રજિસ્ટર,

(૩) ફી રસીદ,

INDEX

(૪) ફી વસૂલાત રજિસ્ટર,

(૫) રોકડમેળ (કેશબૂક),

(૬) ગ્રંથાલય રજિસ્ટર,

(૭) કર્મચારી વર્ગ (સ્ટાફ) હાજરીપત્રક,

(૮) વિદ્યાર્થી હાજરીપત્રક,

(૯) વાઉચર ફાઇલ,

(૧૦) ચેક રજિસ્ટર,

(૧૧) સેવાપોથીઓ,

(૧૨) સ્ટોક રજિસ્ટરો,

(૧૩) ટ્રાન્સફર પ્રમાણપત્ર પુસ્તિકા,

(૧૪) આકસ્મિક ખર્ચ રજિસ્ટર,

(૧૫) મિલકત રજિસ્ટર,

(૧૬) મકાન ભાડા રજિસ્ટર,

(૧૭) શિક્ષણ માટેનું જિલ્લા માહિતી ફોર્મ (ડીઆઇએસઇ),

(૧૮) શિક્ષણ માટેનું એકીકૃત જિલ્લા માહિતી ફોર્મ (યુ-ડીઆઇએસઇ),

(૧૯) શાળા સંચાલનની કાર્યવાહી નોંધ પુસ્તિકા,

(૨૦) ટીડીએસ પ્રમાણપત્ર માટેનું રજિસ્ટર.

(ખ) હિસાબો, રેકોર્ડ્સ અને રજિસ્ટરોની જાળવણી માટે સ્વનિર્ભર શાળાના આચાર્ય/હેડ-માસ્ટર/સંચાલક ટ્રસ્ટી અથવા અધિકૃત વ્યક્તિ જવાબદાર રહેશે.

૧૩. **અલગ બેંક ખાતું.**- (૧) સ્વનિર્ભર શાળાએ, વ્યક્તિગત રીતે રજિસ્ટર કરાયેલી શાળા માટે, "....." નામથી ફક્ત એક બેંક ખાતું ખોલાવવું અને વાપરવું જોઇશે. વિદ્યાર્થીઓ/ માતાપિતાએ, સંબંધિત શાળાના ઉપરોક્ત બેંક ખાતાની અંદર ઠરાવેલી ફીની સીધી જ ચુકવણી કરવી જોઇશે. વિદ્યાર્થીઓ/માતાપિતા પાસેથી ઉઘરાવેલી કુલ ફી મળ્યાની પહોંચ, બેંક અથવા યથાપ્રસંગ, સબંધિત શાળાએ, અડધિયાવાળી પહોંચના સ્વરૂપમાં આપવી જોઇશે.

(૨) સંચાલન, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારી વર્ગ (સ્ટાફ), ગૃહસંચાલન વગેરે તરફના તમામ ખર્ચ આ ખાતામાંથી કરવા.

INDEX

(૩) શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારી વર્ગ (સ્ટાફ)ના પગાર અને ભથ્થાં તરફનો ખર્ચ, ઉપર્યુક્ત બેંક ખાતામાંથી સીધો તેમના ખાતામાં જમા કરવો.

૧૪. ફેરતપાસ અરજી.- (૧) અધિનિયમની કલમ ૧૦ હેઠળ કરેલા ફી નિયમન સમિતિના હુકમથી નારાજ થયેલી કોઇપણ સ્વનિર્ભર શાળા, આવો હુકમ મળ્યાની તારીખથી એકવીસ દિવસની મુદતની અંદર, પ્રોસેસ ફીની ચૂકવણી સાથે, ફી ફેરતપાસ સમિતિ સમક્ષ, નમૂના ૫-માં ફેરતપાસ અરજી કરી શકશે.

(૨) ફેરતપાસ અરજી રજૂ કરવા માટેના કારણો જણાવતું નિવેદન, નમૂના -૫ સાથે રજૂ કરવું જોઇશે.

(૩) ફેરતપાસ અરજી રજૂ કરવામાં વિલંબ થવાના કિસ્સામાં, અરજી કરનાર સ્વ-નિર્ભર શાળાએ સુધારા અરજી સાથે વિલંબ બદલ માફીની અરજી પણ ફાઇલ કરી શકશે.

(૪) ફી ફેરતપાસ સમિતિ, ઉમેદવાર પાસેથી ફેરતપાસ અરજી હોવાનું નક્કી કરવા માટે જરૂરી ગણાય તેવી વધારાની માહિતીની માંગણી કરી શકશે. ફી ફેરતપાસ સમિતિ ફી નિયમન સમિતિની કાર્યવાહીના રેકોર્ડઝ (વિગતો)ની માગણી કરી શકશે અને તે અંગે વિચારણા કર્યા પછી અને ઉમેદવારને સુનાવણીની વાજબી તક આપીને, રજૂ કરવામાં આવી હોય તેવી અરજીના હુકમને બહાલી આપી શકશે અથવા તેની (અરજી) સામેના હુકમને રદ કરી શકશે. ફી ફેરતપાસ સમિતિનો નિર્ણય અંતિમ અને નિર્ણાયક રહેશે અને તે સ્વ-નિર્ભર શાળાને બંધનકર્તા રહેશે.

(૫) ફી ફેરતપાસ સમિતિ સદરહુ અરજી મળ્યા તારીખથી નેવુ દિવસ સુધીમાં ફેરતપાસ અરજી અંગે નિર્ણય લઇ શકશે.

૧૫. ફી ફેરતપાસ સમિતિની બેઠક.-

(૧) અધ્યક્ષ ફી ફેરતપાસ સમિતિની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે. ફી ફેરતપાસ સમિતિ પોતાને યોગ્ય લાગે તેમ કામકાજ ચલાવવા માટે પોતાની રીતે કાર્યરીતિ અપનાવી શકશે.

(૨) સમિતિની બેઠક (મીટીંગ)ની તારીખ, સમય અને સ્થળ અધ્યક્ષ નક્કી કરશે અને સમિતિના સભ્ય-સચિવ સમિતિના સભ્યોને બેઠક અંગેની જાણ કરશે.

INDEX

(૩) રજિસ્ટર્ડ પોસ્ટ પહોંચ દ્વારા અથવા સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે તેવી ઇલેક્ટ્રોનિક પદ્ધતિ સહિત કોઇ બીજી પદ્ધતિથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલા સમિતિના દરેક સભ્યને, બેઠકની કાર્યસૂચિની વિગતો સાથે નમૂના ૬માં નોટિસ આપવી જોઇશે. પહોંચ (સ્વીકૃતિ) એક વર્ષની મુદત સુધી સાચવી રાખવી જોઇશે.

(૪) ૨૪ કલાકની ટૂંકી મુદતની નોટિસ આપીને અધ્યક્ષ ફી ફેરતપાસ સમિતિની તાકીદની બેઠક (મીટીંગ) બોલાવી શકશે.

(૫) સમિતિની બેઠક (મીટીંગ)ની કોરમ સમિતિની કુલ સભ્ય સંખ્યાના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોનું હોવું જોઇશે. જો બેઠક (મીટીંગ) ખાતેનું કોઈ કોરમ ન હોય, તો તે અડધો કલાક સુધી મુલતવી રાખવું જોઇશે. ત્યારબાદ બેઠક (મીટીંગ) તેના કામકાજ ચલાવવા માટે યોજવું જોઇશે.

(૬) સમિતિના સભ્ય-સચિવ (મેમ્બર-સેક્રેટરી) બેઠક (મીટિંગ)ની મીટિંગની કાર્યવાહી તૈયાર કરશે અને તે બેઠક (મીટિંગ)ની તારીખથી સાત દિવસની અંદર તમામ સભ્યોને પરિપત્રિત કરશે.

(૭) વહીવટી પ્રકારનો સંબંધિત તમામ સરકારી પત્રવ્યવહાર સમિતિના સભ્ય-સચિવની સહીથી બહાર પાડવામાં આવશે. સભ્ય-સચિવ દ્વારા સમિતિના આદેશો અને નિર્ણયો અંગે પણ જણાવવામાં આવશે. સમિતિ સમિતિના કોઇપણ સભ્યને શાળાની મુલાકાત લેવા તેમજ હિસાબ અને રેકોર્ડના નિરીક્ષણ માટે કોઇપણ અધિકારીને અધિકૃત કરી શકશે.

૧૬. ફી ફેરતપાસ સમિતિ દ્વારા ફેરતપાસ અરજી નક્કી કરવા માટેની કાર્યરીતિ.- ફેરતપાસ સમિતિએ સ્વ-નિર્ભર શાળા દ્વારા નમૂના -૫માં રજૂ કરેલ ફેરતપાસ અરજીનો નિર્ણય કરવા માટે નીચે પ્રમાણેની કાર્યરીતિ અપનાવવી જોઇશે:-

(૧) ઠરાવવામાં આવેલ રીતે સ્વ-નિર્ભર શાળા તરફથી ફેરતપાસ અરજી મળ્યે, ફી ફેરતપાસ સમિતિ,-

(૧) ફી નિયમન સમિતિની કાર્યરીતિની માંગણી કરી શકશે;

(૨) સ્વ-નિર્ભર શાળાએ ફી ફેરતપાસ સમિતિ સમક્ષ રજૂ કરેલી દરખાસ્ત અને એવી દરખાસ્ત સાથે જોડેલા સુસંગત દસ્તાવેજો અને પુરાવાઓની ચકાસણી કરી શકશે.

INDEX

(૩) જે કારણોસર ફેરતપાસ અરજી રજૂ કરવામાં આવી હોય તે કારણોની ચકાસણી કરી શકશે;

(૪) નિર્દિષ્ટ સમયમર્યાદાની અંદર સ્વ-નિર્ભર શાળા મારફત રજૂ કરવાની અરજીના નિર્ણય માટે જરૂરી જણાય તેવી કોઇ માહિતી અથવા પુરાવા માંગી શકશે;

(૫) જે પરિબળોને ધ્યાનમાં રાખીને ફી નિયમન સમિતિએ ફીનું માળખું નિર્ધારિત કર્યું છે, તે પરિબળોને ધ્યાનમાં લઇ શકશે;

(૬) જરૂરી જણાય તેવી બીજી બાબતોની વિચારણા કરી શકશે.

(૨) પેટા-નિયમ (૧)માં દર્શાવેલા તમામ સુસંગત પરિબળોને ધ્યાનમાં લઇને ફી ફેરતપાસ સમિતિ સદરહુ ફેરતપાસ અરજી મળ્યાની તારીખથી નેવું દિવસ સુધી ફેરતપાસ અરજી અંગે નિર્ણય લઇ શકશે.

(૩) ફી નિર્ધારણ સમિતિના નિર્ણયની, શાળા સંચાલક (મંડળ)ને જાણ કરવી જોઇશે અને તેની એક નકલ ફી નિર્ધારણ સમિતિને શેરો મારીને મોકલવી જોઇશે.

(૪) ફી ફેરતપાસ સમિતિના આદેશમાં ત્રણ વર્ષ માટે લેવાની થતી ફી નિર્ધારિત કરવાનું અને ઉલ્લંઘનના કિસ્સામાં દંડ લાદવાનું સ્પષ્ટપણે નિર્દિષ્ટ કરવું જોઇશે.

૧૭. ફી ફેરતપાસ સમિતિની સત્તા અને કાર્યો-. અધ્યક્ષ અને ફી ફેરતપાસ સમિતિના સત્તા અને કાર્યો નીચે મુજબ રહેશે:-

(૧) સમિતિ સ્વ-નિર્ભર શાળા તરફથી મળેલ ફેરતપાસ અરજીનો નિર્ણય કરવા માટે જરૂરી જણાય તેવી કોઇપણ માહિતી અથવા પુરાવાઓ માંગી શકશે;

(૨) સમિતિ અધિનિયમની કલમ ૧૪માં નિર્દિષ્ટ બાબતોના સંબંધમાં નિર્ણયની જાણ કરવાના હેતુથી જરૂરી લાગે તેવા આદેશો બહાર પાડી શકશે.

૧૮. સ્વ-નિર્ભર શાળાની જવાબદારીઓ.-

(૧) સ્વ-નિર્ભર શાળાએ અધિનિયમની જોગાવઇઓ અને નિયમો અનુસાર ઠરાવેલ સમયમર્યાદામાં ફી નિર્ધારિત કરવા માટેની પૂર્ણ દરખાસ્ત રજૂ કરવી જોઇશે.

INDEX

(૨) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી ઠરાવેલ ફી કરતા ઓછી રકમની ફી ચાર્જ કરતી શાળા, ફી નિયમન સમિતિને સોગંદનામું ફાઇલ કરાવી શકશે.

(૩) સમિતિ દ્વારા આપવામાં આવેલ સમય મર્યાદાની અંદર શાળાએ, ફી નિયમન સમિતિ અને ફી ફેરતપાસ સમિતિને માગ્યા મુજબ સંપૂર્ણ માહિતી અથવા પત્રક મોકલવા જોઇશે.

(૪) જ્યારે જરૂર હોય ત્યારે શાળાના સંચાલક મંડળે/ અધિકૃત વ્યક્તિએ, સમિતિ સમક્ષ હાજર રહેવું જોઇશે.

(૫) શાળાએ સમયમર્યાદાની અંદર, સમિતિના આદેશો મુજબ ફી પાછી આપવી જોઇશે.

(૬) તે, ફી નિયમન સમિતિને (નીચેની બાબતો માટે) જાણ પણ કરી શકશે,-

(૧) કોઈ પણ પૂર્વ-પ્રાથમિક શાળા / પ્લેગ્રુપ સાથેના પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈપણ પ્રકારના જોડાણ, કરાર, સહયોગ સંબંધી,

(૨) તે જ સંચાલક મંડળ અથવા તેના સગાસંબંધીઓના નિયંત્રણ શેઠળ કાર્યકારી, નાણાકીય અથવા વહીવટ હેઠળ ચલાવાતી પૂર્વ પ્રાથમિક શાળા માટે સંચાલક મંડળ દ્વારા અપાયેલ કોઇપણ પરવાના સંબંધી.

(૩) તે જ ટ્રસ્ટી / ડિરેક્ટર્સ / સભ્યો અથવા સંબંધીઓ ધરાવતા સંબંધિત ટ્રસ્ટ અથવા સંલગ્ન / હોલ્ડિંગ / સબસિડિયરી કંપનીએ કરેલ ખર્ચ સંબંધી;

(૪) પૂર્વ-પ્રાથમિક શાળાઓ અથવા પ્લેગ્રુપો સાથે જોડાણ, સમજૂતી, સમજણ અથવા પરવાના ધરાવતા હોય.

મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૩ની જગા પર નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારે, નિમણૂકનો હુકમ મળ્યાની તારીખથી ૩૦ દિવસોની અંદર તેમના નિમણૂકના સ્થળ પર હાજર થવાનું રહેશે. ઉમેદવાર, ૩૦ દિવસોની અંદર તેમના નિમણૂકના સ્થળ પર હાજર થવામાં ચૂક કરે, તો તેની નિમણૂકનો હુકમ રદ થશે. આમ છતાં, એવું સાબિત કરવામાં આવે કે ઉમેદવાર તેના કાબૂ બહારના કારણોને લીધે ૩૦ દિવસોમાં નિમણૂકના સ્થળે હાજર થઈ શક્યો ન હતો, તો, સક્ષમ અધિકારી, કારણોની લેખિતમાં નોંધ કરીને, ૩૦ દિવસો પૂરા થઈ ગયા પછી પણ આવા ઉમેદવારોને નિમણૂકના સ્થળ પર હાજર થવાની છૂટ આપી શકશે. તેમ છતાં, આવા ઉમેદવારની પ્રવરતા, તેની જગા પર હાજર થવાની વાસ્તવિક તારીખના સંદર્ભ સાથે આ અર્થે સરકારે નિયત કરેલા તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ ઠરાવેલી જોગવાઈઓ અનુસાર નિર્ધારિત કરવી જોઈશે.

૨૪. પૂર્વ–સેવા તાલીમ.–

(૧) મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની જગા માટે પસંદ કરવામાં આવેલ ઉમેદવારોએ, તેમની નિયમિત નિમણૂક થાય તે પહેલાં, પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને સરકાર ઠરાવે તેવા તાલીમ અને પરીક્ષા નિયમો અનુસાર નિર્દિષ્ટ કરેલ મુદત અને તકોમાં તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૨) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ–ના મહાનિયામક, આ નિયમો હેઠળ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૩ની જગાઓ પર નિમણૂક આપવા માટે પસંદ કરવામાં આવેલા ઉમેદવારો માટે, પૂર્વ–સેવા તાલીમ આપવાની અને પરીક્ષા લેવાની ગોઠવણ કરશે. જેમાં ઉમેદવારોની નિમણૂક કરવામાં આવી હોય તેવી સંબંધિત કચેરીઓએ, આવા ઉમેદવારોને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા હેઠળના તાલીમ કેન્દ્રોમાં તાલીમ માટે મોકલવાના રહેશે.

૨૫. **ખાતાકીય પરીક્ષા.–** મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૩ની જગા માટે પસંદ કરવામાં આવેલા ઉમેદવારે, તેની નિમ્ણૂક પછી, ખાતાકીય પરીક્ષા, હોય તો, તે સરકાર દ્વારા વખતો વખત ઠરાવવામાં આવે તેવા ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદતમાં અને તકોમાં પાસ કરવાની રહેશે.

૨૬. **નિયંત્રક સત્તાધિકારી.–** નિયામક, આ નિયમોના અમલ માટે નિયંત્રક અને સંકલન સત્તાધિકારી રહેશે.

૨૭. **સંદિગ્ધતાના કિસ્સામાં અર્થઘટન.–**

આ નિયમોના અર્થઘટન બાબતમાં કોઈ પણ પ્રશ્ન ઊભો થાય તો, તે પ્રશ્ન નિર્ણય અર્થે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સચિવશ્રીને મોકલવો જોઈશે અને તે બાબતમાં તેમનો નિર્ણય આખરી રહેશે.

પરિશિષ્ટ –"ક"

(જુઓ નિયમ ૧૦)

પરીક્ષા માટેનો અભ્યાસક્રમ **૩ કલાક**

૧	ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ	૨૫ ગુણ
૨	ગુજરાતી વ્યાકરણ	૨૦ ગુણ
૩	અંગ્રેજી વ્યાકરણ	૨૦ ગુણ
૪	ભારત અને ગુજરાતની પ્રવર્તમાન બાબતો અને સામાન્ય જ્ઞાન.	૩૫ ગુણ
૫	ભારતનું સંવિધાન (બંધારણ) અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, અશકત વ્યક્તિઓ વગેરે માટે ચોક્કસ સંદર્ભો સાથે ભારતીય સમાજના નબળા વર્ગો માટે સંબંધિત જોગવાઈઓ.	૩૫ ગુણ
૬	અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, અશકત વ્યક્તિઓ વગેરે માટે ચોક્કસ સંદર્ભો સાથે રાજ્ય અને કેન્દ્ર સરકારની મહત્વની કલ્યાણ યોજનાઓ.	૨૫ ગુણ
૭	કોમ્પ્યુટરની પાયાની જાણકારી.	૨૦ ગુણ
૮	જથ્થાત્મક અભિરુચિ (કવોન્ટીટેટીવ એપ્ટીટયુડ) અને તર્કશકિત કસોટી	૨૦ ગુણ
	કુલ	**૨૦૦ ગુણ**

નોંધ:

૧– પરીક્ષા ઓ.એમ.આર. (ઓપ્ટિકલ માર્ક રીડર) પદ્ધતિમાં રહેશે. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૨– ઉમેદવારે, તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૩– દરેક પ્રશ્નમાં, ''પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ)''નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૪– ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો પછી, તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

INDEX

પરિશિષ્ટ–ખ
(જુઓ નિયમ ૪ (૧))

વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરીમાં, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૩ની .....થી.....સુધી આગામી ભરતી વર્ષમાં ભરવાની થતી ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ ક્રમાંક	જગાનું નામ અને પગાર ધોરણ	અપેક્ષિત ખાલી જગાઓ			અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૩+૪+૫)	ખાલી જગાઓ (કોલમ ૬)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૬)માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની ખાલી જગાઓની સંખ્યા					
		ખરેખર ખાલી જગાઓ	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શકયતા હોય એવી નવી જગાઓ	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓ		સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઈ.બી.સી.)	સ્ત્રીઓ				શારીરિક ખોડ–ખાંપણવાળા / અપંગ વ્યકિતઓ	ભૂતપૂર્વ સૈનિકો
										સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઈ.બી.સી.)		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧															

પરિશિષ્ટ–ગ

(જુઓ નિયમ ૪ (૨))

વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરીમાં, આગામી ભરતી વર્ષમાં, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૩ની ભરવાની થતી ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ ક્રમાંક	જગાનું નામ અને પગાર ધોરણ	અપેક્ષિત ખાલી જગાઓ			અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૩+૪+૫)	ખાલી જગાઓ (કોલમ ૬)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૬)માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની ખાલી જગાઓની સંખ્યા					
		ખરેખર ખાલી જગાઓ	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શકયતા હોય એવી નવી જગાઓ	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓ		સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)	સ્ત્રીઓ				શારીરિક ખોડ–ખાંપણવાળા/ અપંગ વ્યકિતઓ	ભૂતપૂર્વ સૈનિકો
										સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧															

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવિન પટેલ,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

BND

Extra No. 216

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, AUGUST, 10, 2017/SRAVANA 19, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓગષ્ટ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**-ના તારીખ: **૩૦મી જૂન, ૨૦૧૭**ના સરકારી **જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૪૩) જીએસટી-૨૦૧૭-એસ.૭(૨) (૧)-૬.-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification
Under
Gujarat Goods and Services Tax Act, 2017.
ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું.

નાણા વિભાગ
જાહેરનામા ક્રમાંક. ૯/૨૦૧૭– રાજ્ય વેરા (૬૨)
સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક:(જીએચએન–૪૩) જીએસટી–૨૦૧૭–એસ.૭(૨) (૧)–૬ઃ– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૭ની પેટા–કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, કાઉન્સિલની ભલામણો પર, આથી, જાહેર કરે છે કે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તામંડળ દ્વારા હાથ ધરવામાં આવતી નીચેની પ્રવૃતિઓ અથવા લેવડદેવડ કે જેમાં તેઓ જાહેર સત્તામંડળ તરીકે રોકાયેલા હોય, તે માલના પુરવઠા અથવા સેવાના પુરવઠા તરીકે ગણાશે નહિઃ–

"સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–જ હેઠળ, પંચાયતને સોંપેલી કામગીરીના સંબંધમાં કોઈપણ પ્રવૃતિ દ્વારા સેવાઓ."

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 217

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, AUGUST 11, 2017/SRAVANA 20, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ-ના તારીખ: પમી માર્ચ, ૨૦૧૬ના હુકમ ક્રમાંક: જીટીએચ-૨૦૧૬-૧૬-પીડીએસ-૧૦-૨૦૧૬-૧૫૪/સી-૧ અને તારીખ: ૧૨મી એપ્રિલ, ૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક: જીટીએચ-૨૦૧૬-૨૧-પીડીએસ-૧૦-૨૦૧૬-૬૩૧/સી-૧.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Order
Under
The Essential Commodities Act, 1955.
આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ
હુકમ.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૫મી માર્ચ, ૨૦૧૬.

ક્રમાંકઃ જીટીએચ-૨૦૧૬-૧૬-પીડીએસ-૧૦-૨૦૧૬-૧૫૪/સી-૧:- ભારત સરકાર, ગ્રાહક બાબતોના મંત્રાલય, અન્ન અને જાહેર વિતરણ, અન્ન અને જાહેર વિતરણ વિભાગ, નવી દિલ્હી દ્વારા બહાર પાડવામાં આવેલો નીચેનો હુકમ, સર્વ લોકોની જાણ સારુ ફરી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય
(અન્ન અને જાહેર વિતરણ વિભાગ)
નવી દિલ્હી, તારીખઃ ૨૦મી માર્ચ, ૨૦૧૫.

ક્રમાંકઃ જીએસઆર.૨૧૩(ઈ):- કેન્દ્ર સરકારનો એવો અભિપ્રાય છે કે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજ જેવી આવશ્યક ચીજવસ્તુનો પુરવઠો જાળવી રાખવા માટે અને તેની ઉપલબ્યતા અને વિતરણ સુનિશ્ચિત કરવા માટે તેમ કરવું જરૂરી અને ઈષ્ટ છે;

તેથી, હવે, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫ના ૧૦મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ અને જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૦૧ રદ કરીને, આવી રીતે રદ કરતાં પહેલાં કરેલી અથવા કરવાની બાકી હોય તેવી બાબતોના સંબંધમાં હોય તે સિવાય અને તે હેઠળ અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, કેન્દ્ર સરકાર, આથી, નીચેનો હુકમ કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-** (૧) આ હુકમ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૧૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશેઃ

પરંતુ અન્ન સુરક્ષા અધિનિયમનો અમલ ન કર્યો હોય અથવા સદરહુ અધિનિયમનો ફક્ત આંશિક અમલ કરી રહ્યું હોય તેવા કોઈ રાજ્યમાં, જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૦૧ની જોગવાઈઓ, આ હુકમની તદનુરૂપ જોગવાઈઓની સામે અમલમાં ચાલુ રહેશે.

૨. **વ્યાખ્યા.-** આ હુકમમાં,-

(ક) **"અધિનિયમ"** એટલે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫નો ૧૦મો);

(ખ) **"ફાળવણીનો મહિનો"** એટલે જે મહિના માટે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ માટે અનાજની ફાળવણી કરવામાં આવે તે મહિનો;

(ગ) **"એનેક્ષ"** એટલે આ હુકમ સાથે જોડેલું એનેક્ષ;

(ઘ) **"અપીલ અધિકારી"** એટલે આ હુકમના ખંડ ૧૫ના પેટા-ખંડ (૧) હેઠળ, રાજ્ય સરકાર દ્વારા તે તરીકે નિમાયેલા અધિકારી;

(ચ) **"અંત્યોદય અન્ન યોજના"** એટલે કેન્દ્ર સરકારે સન ૨૦૦૦ના ડિસેમ્બર મહિનાની ૨૫મી તારીખે શરૂ કરેલી અને વખતોવખત સુધાર્યા પ્રમાણેની સદરહુ નામની યોજના;

(છ) **"અંત્યોદય પરિવારો"** એટલે અંત્યોદય અન્ન યોજના હેઠળ અનાજ મેળવવા માટે રાજ્ય સરકારે અલગ તારવેલા પરિવારો;

(જ) **"અધિકૃત એજન્સી"** એટલે રાજ્ય સરકારનો સંબંધિત વિભાગ અથવા સંસ્થાપિત મંડળ અથવા તેની માલિકીની કંપની અથવા સહકારી (મંડળી);

(ઝ) **"કોર્પોરેશન"** એટલે અનાજ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૬૪ (સન ૧૯૬૪ના ૩૭મા) હેઠળ રચાયેલું ભારતનું અનાજ કોર્પોરેશન;

(ટ) **"મુકરર અધિકારી"** એટલે રાજ્ય સરકારમાં અન્ન અને નાગરિક પુરવઠા નિરીક્ષકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી;

(ઠ) **"વાજબી ભાવની દુકાનના માલિક"** એટલે જેના નામે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુનું વિતરણ કરવા માટેનું લાઈસન્સ આપવામાં આવ્યું હોય તેવી કોઈ વ્યક્તિ અને તેમાં તેવી કોઈ સહકારી મંડળી અથવા સંસ્થાપિત મંડળ અથવા રાજ્ય સરકારની કંપની અથવા ગ્રામ પંચાયત અથવા અન્ય કોઈ મંડળનો સમાવેશ થાય છે;

(ડ) **"અન્ન સુરક્ષા અધિનિયમ"** એટલે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩નો ૨૦મો);

(ઢ) **"સ્થાનિક સત્તામંડળ"**માં, પંચાયત, નગરપાલિકા, જિલ્લા બોર્ડ, કેન્ટોનમેન્ટ બોર્ડ, નગરરચના સત્તામંડળ અને આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને ત્રિપુરા રાજ્યોમાં, જ્યાં પંચાયત અસ્તિત્વ નથી, ત્યાં ગ્રામ પરિષદ અથવા સમિતિ અથવા સ્વરાજ્ય માટે સંવિધાન અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ અધિકૃત કરવામાં આવેલું, ગમે તે નામે ઓળખાતું હોય તેવું, બીજું કોઈ મંડળ અથવા નિર્દિષ્ટ સ્થાનિક વિસ્તારની અંદર નગર સેવાઓનું નિયંત્રણ અને સંચાલન જેમાં નિહિત થયેલું હોય તેવા બીજા કોઈ સત્તામંડળ અથવા મંડળનો સમાવેશ થાય છે;

(ત) **"સામાજિક ઓડિટ"** એટલે એવી પ્રક્રિયા કે જેમાં લોકો દ્વારા લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાના આયોજન અને અમલનું સંયુકત રીતે દેખરેખ અને મૂલ્યાંકન થતું હોય;

(થ) **"રાજ્ય"**માં કેન્દ્રશાસિત પ્રદેશનો સમાવેશ થાય છે;

(દ) **"રાજ્ય સરકાર"**માં કેન્દ્રશાસિત પ્રદેશ / વહીવટીતંત્રનો સમાવેશ થાય છે;

(ધ) **"તકેદારી સમિતિ"** એટલે રાજયમાં, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરી ઉપર નિયમિત રીતે દેખરેખ રાખવા માટે રચાયેલી કોઈ સમિતિ;

(ન) આ હુકમમાં વ્યાખ્યાયિત ન કરેલા, પરંતુ અધિનિયમ અથવા અથવા અન્ન સુરક્ષા અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, તે અધિનિયમોમાં અનુક્રમે તેમનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થશે.

૩. **પાત્ર પરિવારોની ઓળખ.**- (૧) લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સહાયકીયુક્ત અનાજ મેળવવા માટે, અનુક્રમે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં, અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળના પાત્ર પરિવારોનો રાજ્ય પ્રમાણેની ટકાવારીનો વ્યાપ, એનેક્ષ-૧ના કોલમ ૪માં દર્શાવ્યા પ્રમાણેનો રહેશે.

(૨) એનેક્ષ-૧ના કોલમ ૫-માં દર્શાવ્યા પ્રમાણે, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ, સહાયકીયુક્ત અનાજ મેળવવા માટેના પાત્ર પરિવારોની વ્યક્તિઓની સંખ્યાના વ્યાપ પરની રાજ્ય પ્રમાણેની ટોચમર્યાદા, નીચેની બે કક્ષાઓ હેઠળ રહેશે:-

(૧) વિદ્યમાન અંત્યોદય પરિવારો;

(૨) બાકીના પરિવારોને, આ હુકમની અન્ય જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકાર દ્વારા વિકસાવવાના માપદંડો અનુસાર, રાજ્ય સરકારે ઓળખી કાઢવાના અગ્રતાપ્રાપ્ત પરિવારોની કક્ષા હેઠળ આવરી લેવા જોઈશે.

(૩) અંત્યોદય પરિવારોની રાજ્ય પ્રમાણેની સંખ્યા, એનેક્ષ-૧ના કોલમ ૬માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની તે રાજ્યમાંના અંત્યોદય પરિવારોની સ્વીકારેલી સંખ્યા કરતા વધવી જોઈશે નહિ:

પરંતુ રાજ્ય બહાર સ્થળાંતર, સામાજિક અથવા આર્થિક દરજ્જામાં થયેલા સુધારા, મૃત્યુ વગેરે કારણસર, કોઈ અંત્યોદય પરિવાર અપાત્ર બને, ત્યારે તે રાજ્યમાં કોઈ નવું અંત્યોદય પરિવાર અલગ તારવવું જોઈશે નહિ અને અંત્યોદય પરિવારોની કુલ સંખ્યામાં તેટલા પ્રમાણમાં ઘટાડો કરવો જોઈશે.

(૪) અંત્યોદય પરિવારોની સંખ્યામાં ઘટાડો થયેથી, રાજ્યો, પેટા-ખંડ (૨)માં ઠરાવેલી ટોચમર્યાદાને અધીન રહીને, અગ્રતાપ્રાપ્ત કક્ષામાં, વ્યક્તિઓના વ્યાપમાં, તેટલા પ્રમાણમાં વધારો કરી શકશે.

INDEX

(૫) રાજ્ય સરકારે, સમાજના તમામ સહાયપાત્ર અને જરૂરિયાતમંદ વર્ગોના વ્યાપ પર ખાસ ધ્યાન આપીને, ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાંના અગ્રતાપ્રાપ્ત પરિવારોની ઓળખ માટે, માર્ગદર્શિકાઓ તૈયાર કરીને જાહેર કરવી જોઈશે અને આ માર્ગદર્શિકાઓ રાજ્યના વેબ પોર્ટલ સહિત જાહેર વિસ્તારોમાં પ્રદર્શિત કરવી જોઈશે.

(૬) કેન્દ્ર સરકાર દ્વારા, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સહાયકીયુક્ત અનાજની ફાળવણી કરવાના હેતુ માટે, આ હુકમના આરંભ પછી, હવે પછીની વસ્તી-ગણતરીમાંથી માહિતી ઉપલબ્ધ થાય ત્યાં સુધી, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવરી લીધેલી વ્યક્તિઓની રાજ્ય પ્રમાણેની સંખ્યામાં કોઈ વધારો કરવો જોઈશે નહિ.

(૭) મુકરર અધિકારીએ, તેમની હકૂમત હેઠળના વિસ્તારના સંબંધમાં, પાત્ર પરિવારોની યાદી તૈયાર કરવી જોઈશે.

(૮) રાજ્ય સરકારે, સ્થાનિક સત્તામંડળની કચેરી સહિતના જાહેર વિસ્તારોમાં અને રાજ્યના વેબ પોર્ટલ પર પ્રદર્શિત કરેલી, પાત્ર પરિવારો અને તેમના સભ્યોની કક્ષા પ્રમાણેની યાદી દર્શાવતી, પાત્ર પરિવારોની કામચલાઉ યાદી મેળવવી જોઈશે.

(૯) રાજ્ય સરકારે, પાત્ર પરિવારો અને તેમના સભ્યોની યાદીની ઊલટ-ચકાસણી અને ખરાઈ કરવા માટે, રજિસ્ટ્રાર જનરલ અને વસ્તીગણતરી કમિશનરે ભારતની વસ્તીગણતરી દરમિયાન સંકલિત કરેલી વ્યક્તિઓની યાદી અથવા ભારતના ચૂંટણી પંચે જાહેર કરેલી મતદાર યાદી અથવા સામાજિક-આર્થિક અને જાતિવિષયક વસ્તીગણતરીની માહિતી (Socio Economic and Caste Census data) અથવા માહિતીના બીજા કોઈ પ્રમાણભૂત સ્રોતનો ઉપયોગ કરવો જોઈશે.

(૧૦) રાજ્ય સરકારે, બીજી બાબતોની સાથોસાથ, યાદીનો મુસદ્દો તૈયાર કરવાની પ્રક્રિયા, ગ્રામ સભા અથવા શહેરી વિસ્તારોમાંના તેને સમકક્ષ મંડળની બેઠકોમાં યાદી વાંચવા સહિત જાહેર વિસ્તારોમાં યાદીનો મુસદ્દો મૂકવા (પ્રદર્શિત કરવા), વાંધા મંગાવવા, વાંધાનો નિકાલ લાવવા, અપીલ અને તેના જેવા પાસાઓને આવરી લઈને, પાત્ર પરિવારોની યાદી આખરી કરવા માટેની વિગતવાર કાર્યરીતિ ઠરાવવી જોઈશે.

(૧૧) સ્થાનિક સત્તામંડળના વડા અને મુકરર અધિકારીએ સંયુક્ત રીતે પાત્ર પરિવારોની આખરી યાદીની ખરાઈ કરવી જોઈશે અને તેને પ્રમાણિત કરવી જોઈશે અને સ્થાનિક સત્તામંડળે પાત્ર પરિવારોની આખરી યાદી સ્વીકારતો ઠરાવ કરવો જોઈશે.

(૧૨) પાત્ર પરિવારો અને તેમના સભ્યોના કક્ષા પ્રમાણેના નામ દર્શાવતી, પાત્ર પરિવારોની આખરી યાદી, સ્થાનિક સત્તામંડળની કચેરી સહિત જાહેર વિસ્તારોમાં અને રાજ્યના વેબ પોર્ટલ પર પ્રદર્શિત કરવી જોઈશે.

(૧૩) રાજ્ય સરકારે, અપાત્ર પરિવારોને કમી કરવાના અથવા પાત્ર પરિવારોનો સમાવેશ કરવાના હેતુથી, પાત્ર પરિવારોની યાદીની નિયમિત સમીક્ષા કરવી જોઈશે.

(૧૪) સમીક્ષા દરમિયાન, રાજ્ય સરકારે, બીજી બાબતોની સાથોસાથ, રાજ્યમાં કરવામાં આવેલા સ્થળાંતર, જન્મ, લગ્ન, સામાજિક અને આર્થિક દરજ્જામાં થયેલા ફેરફારને કારણે પાત્ર પરિવારો અને તેમના સભ્યોની સંખ્યામાં થયેલા વધારાને અથવા રાજ્ય બહાર કરવામાં આવેલા સ્થળાંતર, મૃત્યુ, લગ્ન, સામાજિક અને આર્થિક દરજ્જામાં થયેલા ફેરફારને કારણે પાત્ર પરિવારો અને તેમના સભ્યોની સંખ્યામાં થયેલા ઘટાડાને, લક્ષમાં લેવા જોઈશે:

પરંતુ સમીક્ષા કર્યા પછીની પાત્ર પરિવારોની કુલ સંખ્યા, પેટા-ખંડ (૨)માં ઠરાવેલી ટોચમર્યાદાથી વધુ હોવી જોઈશે નહિ.

૪. **રેશન કાર્ડ.**- (૧) રાજ્ય સરકારે, ખંડ ઉના પેટા-ખંડ (૧૨) હેઠળ નિર્દિષ્ટ કરેલી આખરી યાદીમાં જણાવ્યા પ્રમાણેના પાત્ર પરિવારોને રેશન કાર્ડ કાઢી આપવા જોઈશે :

પરંતુ પાત્ર પરિવારોને રેશન કાર્ડ કાઢી આપતી વખતે, રાજ્ય સરકારે એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે પાત્ર પરિવારોની સંખ્યાનો વ્યાપ, પાત્ર પરિવારોની સંખ્યાની રાજ્ય પ્રમાણેની ટોચમર્યાદાનો અભ્યાસ કરવાના હેતુ માત્રથી જ કરવામાં આવેલ નથી.

(૨) રાજ્ય સરકારે, તે રાજ્યના નિવાસી હોય અને રાજ્ય સરકાર ઠરાવે તેવી રેશન કાર્ડ મેળવવા માટેની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા ભારતના નાગરિકને જ રેશન કાર્ડ કાઢી આપવું જોઈશે:

પરંતુ રાજ્ય સરકાર, શરણાર્થીનો દરજ્જો મેળવેલ હોય તેવા પરિવાર અથવા વ્યક્તિની રૂએ તે રાજ્યમાં રહેતા હોય અને કેન્દ્ર સરકાર દ્વારા માનવતાવાદી કારણસર લાભો મેળવવા માટે હકદાર હોય તેવા પરિવાર અથવા વ્યક્તિને પણ રેશનકાર્ડ કાઢી આપી શકશે.

(૩) રાજ્ય સરકારે, એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા અથવા અન્ન સુરક્ષા અધિનિયમમાં જણાવેલી યોજના અથવા આવશ્યક ચીજવસ્તુઓના વિતરણ માટેની રાજ્ય સરકારની કોઈ ચોક્કસ યોજના હેઠળના ઉપયોગ માટે, કાગળ આધારિત અથવા સ્માર્ટ કાર્ડ સ્વરૂપે, રેશન કાર્ડ કાઢી આપવામાં આવેલ છે.

(૪) સ્માર્ટ કાર્ડ કાઢી આપતી વખતે, રાજ્ય સરકારે એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે સ્માર્ટ કાર્ડ રીડ કરવા (વાંચવા) માટેના સેલ ઈલેક્ટ્રોનિક ડિવાઈઝનો એક પોઈન્ટ વાજબી ભાવની દુકાને લગાડેલો છે.

(૫) રાજ્ય સરકારે, અંત્યોદય પરિવારો અને અગ્રતાપ્રાપ્ત પરિવારોને અલગ અને ભિન્ન રેશન કાર્ડ કાઢી આપવું જોઈશે.

(૬) રેશન કાર્ડનો ઉપયોગ, ઓળખના દસ્તાવેજ અથવા રહેઠાણની સાબિતી તરીકે કરવો જોઈશે નહિ.

(૭) રાજ્ય સરકારે, નવા રેશન કાર્ડ અને વિદ્યમાન રેશન કાર્ડમાં ફેરફાર કરવા માટેના યોગ્ય અરજીપત્ર ઠરાવવા જોઈશે.

(૮) પેટા-ખંડ (૭)માં ઉલ્લેખેલા કોઈપણ ફેરફાર, રહેઠાણ બદલવા, જન્મ અથવા મૃત્યુ, લાભાર્થીની કક્ષામાં ફેરફાર થવાના, કાર્ડમાં જણાવેલી વિગતોમાં સુધારા થવાના અથવા એવા બીજા કોઈ કારણસર હોઈ શકે.

(૯) પેટા-ખંડ (૭)માં ઉલ્લેખેલા અરજીપત્રમાં, આધાર નંબર, બેંકના ખાતાની વિગતો અને મોબાઈલ ટેલિફોન નંબર સહિતની જરૂરી વિગતોનો સમાવેશ કરી શકાશે.

(૧૦) રાજ્ય સરકારે, આ ખંડ હેઠળની તમામ માહિતી, નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર દ્વારા તૈયાર કરાયેલા સોફ્ટવેરમાં અથવા કેન્દ્ર સરકારે ઠરાવેલા ક્ષેત્રો અને ધોરણો મુજબ રાખવી જોઈશે.

(૧૧) રાજ્ય સરકારે, રેશન કાર્ડની માહિતી ડિજિટાઈઝ્ડ ડેટાબેઝમાં (આંકડાકીય સ્વરૂપે) રાખવી જોઈશે અને એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે નવા રેશન કાર્ડ કાઢી આપવા અને વિદ્યમાન રેશનકાર્ડમાં ફેરફાર કરવા અંગેની કાર્યવાહી સોફ્ટવેર પ્રોગ્રામ મારફત હાથ ધરવામાં આવેલ છે કે જેથી માહિતી (ડેટાબેઝ) આપમેળે અદ્યતન થતી રહે.

(૧૨) રાજ્ય સરકારે, રેશન કાર્ડ કાઢી આપવા અથવા રેશન કાર્ડમાં ફેરફાર કરવા માટેની અરજી સ્વીકારવા, રજિસ્ટર કરવા (નોંધવા), તેની પહોંચ આપવા અને તે અંગેની કાર્યવાહી કરવા માટે સત્તામંડળ અને કચેરી મુકરર કરવા જોઈશે.

(૧૩) રાજ્ય સરકાર, ઈ-સર્વિસ સેન્ટર, કીઓસ્ક્સ (kiosks)ના ઉપયોગ સહિતની ઓનલાઈન કાર્યપદ્ધતિ મારફત અરજી સ્વીકારવા માટેની કાર્યરીતિ પણ ઠરાવી શકશે.

(૧૪) મુકરર અધિકારીએ, જરૂરી તપાસ અને ખરાઈ કર્યા પછી, અરજી મળ્યાની તારીખથી એક મહિનાથી વધુ નહિ એવા વાજબી સમયની અંદર પાત્ર અરજદારને રેશન કાર્ડ કાઢી આપવું જોઈશે.

(૧૫) રાજ્ય સરકારે, વિદ્યમાન રેશન કાર્ડ ખોવાઈ ગયું હોય અથવા નુકસાન થવાના અથવા વિકૃત થવાના કારણે ઉપયોગ માટે અયોગ્ય બન્યું હોય અથવા સંપૂર્ણ નાશ પામેલ હોય અથવા રેશન કાર્ડમાં ફેરફાર કરવા માટેની વિનંતી મળેલ હોય ત્યારે જ વિદ્યમાન રેશન કાર્ડને બદલે નવું રેશન કાર્ડ કાઢી આપવું જોઈશે.

(૧૬) રાજ્ય સરકારે, રેશન કાર્ડને લગતી સેવાઓ અંગેની અને સેવાઓ પૂરી પાડવા માટેની સમયમર્યાદા અંગેની વિગતો જાહેર કરવી જોઈશે અને રાજ્યના વેબ પોર્ટલ સહિત જાહેર વિસ્તારોમાં પ્રદર્શિત કરવી જોઈશે.

(૧૭) રેશન કાર્ડધારકોની યાદી, સ્થાનિક સત્તામંડળની કચેરી સહિતના જાહેર વિસ્તારોમાં પ્રદર્શિત કરવી જોઈશે અને તેમાં પાત્ર પરિવારો અને તેમના સભ્યોના કક્ષા પ્રમાણેના નામ દર્શાવેલા હોવા જોઈશે.

(૧૮) રાજ્ય સરકારે, એક સતત ચાલતી પ્રક્રિયા તરીકે, બનાવટી અથવા અયોગ્ય રેશન કાર્ડને દૂર કરવા માટેના તમામ પ્રયત્નો કરવા જોઈશે.

(૧૯) રાજ્ય સરકારે, બનાવટી અથવા અયોગ્ય રેશન કાર્ડને દૂર કરવા માટે, દરેક નાણાકીય વર્ષના અંત પહેલાં, વાર્ષિક ખાસ ઝુંબેશ યોજવી જોઈશે.

(૨૦) રાજ્ય સરકારે, કમી કરેલા અથવા રદ કરેલા રેશન કાર્ડનો અહેવાલ, ત્રિમાસિક ધોરણે, એનેક્ષ-૨ પર આપેલા ફોર્મેટમાં કેન્દ્ર સરકારને રજૂ કરવો જોઈશે.

૫. **(અનાજનું વિતરણ કરવા માટેના) ધોરણો અને તે માટેની કિંમત.**- કેન્દ્ર સરકારે, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ પાત્ર પરિવારોને વિતરણ કરવા માટે, કેન્દ્રીય સમુચ્ચય (Central Pool)માંથી રાજ્ય સરકારને, અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ધોરણે અને કિંમતે અનાજ ઉપલબ્ધ કરવું જોઈશે.

૬. **અનાજની સોંપણી.–(૧)** રાજ્ય સરકાર પાસેથી ચુકવણી મળ્યેથી, કામકાજના સાત દિવસની અંદર કેન્દ્ર સરકારની ફાળવણી અનુસાર, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ, દરેક રાજ્યમાં વિતરણ માટે મુકરર

ડેપો (અનાજના ભંડાર)સુધી ઠરાવેલી ગુણવત્તાના વિસ્તૃત વિગતવર્ણન ધરાવતા અનાજની પ્રત્યક્ષ સોંપણી કોર્પોરેશનને સુનિશ્ચિત કરવી જોઈશે.

(૨) લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ, વિકેન્દ્રિત ઉપલબ્ધિનો વિકલ્પ લેનાર રાજ્યના કિસ્સામાં, રાજ્ય સરકાર અથવા તેની એજન્સીઓએ કેન્દ્રિય સમુચ્ચય માટે સંગ્રહ કરેલ જથ્થામાંથી કેન્દ્ર સરકાર દ્વારા ફાળવણી કર્યા અનુસાર રાજ્ય સરકારે અનાજ છૂંટું કરવું જોઈશે કોઈપણ ઘટાડાના કિસ્સામાં, કોર્પોરેશને ઉપલબ્ધ કરાવાયેલ અને પેટા–ખંડ (૧)માં ઠરાવ્યા પ્રમાણેની રીતે, અનાજનો જથ્થો મુકરર ડેપોને પૂરો પાડવો જોઈશે.

(૩) રાજ્ય સરકારે, ફાળવણીના અગાઉના મહિના દરમિયાન કોર્પોરેશનને અનાજની પડતર કિમત જમા કરાવવી જોઈશે, જેથી ખંડ ૭ના પેટા–ખંડ (૯)માં ઠરાવેલ સમય અનુસાર અનાજની હેર–ફેર કોર્પોરેશનમાંથી કરી શકાય.

૭. **રાજ્યો દ્વારા અનાજની હેર–ફેર.** –(૧) રાજ્ય સરકારે, કોર્પોરેશનના મુકરર અનાજના ભંડારમાંથી તેની અધિકૃત એજન્સીઓ મારફત અનાજની હેર–ફેર કરવી જોઈશે.

(૨) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારમાંથી અનાજની ફાળવણી મળ્યેથી, તેમની અધિકૃત એજન્સીઓને કોર્પોરેશનમાંથી અનાજની હેર–ફેર માટે ફાળવણીના હુકમ કરવા જોઈશે અને આવા હુકમમાં બીજી બાબતોની સાથોસાથ નીચેની બાબતો નિર્દિષ્ટ કરવી જોઈશે.–

(૧) કાર્ડ અને એકમોની સંખ્યા;

(૨) હાથ પરની સિલક; અને

(૩) વાજબી ભાવની દુકાન બાબતમાં દરેક મહિનાની ફાળવણી.

(૩) વાજબી ભાવની દુકાનને ફાળવણી કરતી વખતે મુકરર સત્તાધિકારીએ, વાજબી ભાવની દુકાનના માલિક પાસે અનુગામી ફાળવણી માટે, વિતરણ ન કરાયેલ જથ્થો, કોઈ હોય, તો તે ધ્યાનમાં લેવો જોઈશે.

(૪) મુકરર સત્તાધિકારીએ એ સુનિશ્ચિત કરવુ જોઈશે કે સ્થાનિક સત્તામંડળ, તકેદારી સમિતિઓ અને વાજબી ભાવની દુકાનની કામગીરીની દેખરેખના કાર્ય માટે રાજ્ય સરકાર દ્વારા નામનિર્દિષ્ટ કોઈપણ બીજા મંડળને વાજબી ભાવની દુકાનને કરાયેલ ફાળવણીના હુકમની એક નકલ પહોંચાડવામાં આવેલ છે.

(૫) રાજ્ય સરકારે, એ સુનિશ્ચિત કરવું જોઈશે કે વાજબી ભાવની દુકાનોને મહિના દરમિયાન ફાળવેલ અનાજનો જથ્થો દર્શાવતો ફાળવણી હુકમ, રાજ્ય વેબ પોર્ટલ સહિત જાહેર ડોમેઈન પર પ્રદર્શિત કરવામાં આવેલ છે.

(૬) કોર્પોરેશન પાસેથી અનાજ લેતાં પહેલાં, અન્ન અને નાગરિક પુરવઠા નિરીક્ષકની નીચેના દરજ્જાના ન હોય તેવા રાજ્ય સરકારના અધિકારી અને કોર્પોરેશનના અધિકારીએ અનાજનો આપવા ધારેલ જથ્થો, ઠરાવેલ લાક્ષણિક ગુણવત્તાયુક્ત છે કે નહીં તેની સંયુક્ત રીતે તપાસ કરવી જોઈશે.

(૭) સંયુક્ત તપાસ પછીથી, કોર્પોરેશને, ગોદામમાંથી અનાજની રવાનગી પહેલાં, સંયુક્ત રીતે જથ્થા દીઠ કાઢેલ એક સીલબંધ અનાજનો નમૂનો વાજબી ભાવની દુકાન ખાતે પ્રદર્શિત કરવા રાજ્ય સરકારને આપવો જોઈશે અને તેનો બીજો નમૂનો ભવિષ્યના સંદર્ભ માટે કોર્પોરેશને પોતાની પાસે રાખવો જોઈશે:

પરંતુ રાજ્ય સરકારની અધિકૃત એજન્સીઓ વાજબી ભાવની દુકાનના વ્યાપારીઓને સોંપતા પહેલાં કોર્પોરેશન પાસેથી અનાજની સોંપણી મેળવે અને વચગાળામાં ગોદામમાં સંગ્રહ કરે, તો રાજ્ય સરકારની અધિકૃત એજન્સીએ વચગાળાના ગોદામ ખાતે આ પેટા–ખંડ હેઠળની, કાર્યરીતિ અનુસરવી જોઈશે:

વધુમાં રાજ્યોમાં અનાજની વિકેન્દ્રિત ઉપલબ્ધિ અમલમાં હોય, ત્યાં રાજ્ય સરકારની અધિકૃત એજન્સીએ આ પેટા–ખંડ હેઠળની, કાર્યરીતિ અનુસરવી જોઈશે.

(૮) લેવાનો નમૂનાનો જથ્થો, તેને રાખવાનો સમયગાળો અને તેના નિકાલ કેન્દ્ર સરકાર વખતોવખત આપે તેવી સૂચના અનુસાર, હોવા જોઈશે.

(૯) રાજ્ય સરકારે ફાળવણીના મહિનાની અગાઉના મહિનાના છેલ્લા દિવસે અનાજની હેર–ફેર સુનિશ્ચિત કરવી જોઈશે.

(૧૦) કોર્પોરેશનમાંથી અનાજની હેર–ફેર માટેનો સમય લંબાવી આપવાની બાબતે કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ સૂચના અનુસાર, ખૂબ જ થોડા અને યોગ્ય કિસ્સાઓમાં જ કોર્પોરેશન અથવા કેન્દ્ર સરકારે વિચારણામાં લેવા જોઈશે.

(૧૧) રાજ્ય સરકારે, કોર્પોરેશનના ગોદામમાંથી કે વચગાળાના ગોદામ સુધી અને વાજબી ભાવની દુકાનના દ્વાર સુધી અનાજની સોંપણી માટે અનાજના પરિવહન માટે યોગ્ય પદ્ધતિની યોજના ગોઠવવી જોઈશે:

પરંતુ રાજ્ય સરકાર પોતે જ કોર્પોરેશનના ગોદામમાંથી અનાજનું પરિવહન સીધે– સીધું વાજબી ભાવની દુકાનને કરી શકશે અને તેણે વાજબી ભાવની દુકાન સુધી તેની સોંપણી સુનિશ્ચિત કરવી જોઈશે.

(૧૨) રાજ્ય સરકારે, કેન્દ્ર સરકારને ત્રિમાસિક ધોરણે સોંપણીને લગતો અહેવાલ એનેક્ષ–૩ ના નમૂનામાં પૂરો પાડવો પડશે.

(૧૩) રાજ્ય સરકારે તેમણે મેળવ્યા પ્રમાણેનો અને તે જ ગુણવત્તા વાળો સંપૂર્ણ જથ્થો ગોદામ સુધી અને તે જ રીતે વાજબી ભાવની દુકાન સુધી પહોંચે તે માટેની જરૂરી તપાસણી સુનિશ્ચિત કરવી જોઈશે.

૮. **રાજ્યો દ્વારા અનાજનું વિતરણ**–(૧) લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમની જોગવાઈઓ અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કરાયેલ અનાજની ફાળવણીનો ઉપયોગ માત્ર વિતરણ માટે થવો જોઈશે અને બીજા કોઇ પણ હેતુ માટે થવો જોઈશે નહીં.

(૨) રાજ્ય સરકારે એનેક્ષ–૪ માંના નમૂના પ્રમાણે, દર વર્ષે ઉપયોગનું (અધિકૃતિનું) પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

(૩) રાજ્ય સરકારે, અધિકૃત એજન્સીઓ દ્વારા, સુનિશ્ચિત કરવું જોઈશે કે વાજબી ભાવની દુકાનને અનાજની પ્રત્યક્ષ સોંપણી ફાળવણીના મહિનાના અગાઉના મહિનાના અંત સુધી અને કોઈપણ કિસ્સામાં ફાળવણીના મહિનાના પહેલા સપ્તાહ પછી નહિ તેમ કરવામાં આવેલ છે.

(૪) રાજ્ય સરકારે, વાજબી ભાવની દુકાનને ફાળવેલ અનાજની સોંપણી થયા અંગેનું અને ફાળવણીના મહિના દરમિયાન પાત્ર પરિવારને તેના વિતરણનું માસિક પ્રમાણપત્ર, ઈલેકટ્રોનિક માધ્યમ મારફતે મેળવવું જોઈશે.

(૫) માસિક પ્રમાણપત્ર વાજબી ભાવની દુકાનના માલિકે અથવા રાજ્ય સરકાર અધિકૃત કરે તેવા સ્થાનિક સત્તામંડળના વડા, કારોબારી અધિકારી, સ્થાનિક સત્તામંડળના સચિવ, અન્ય મહિલા સ્વાવલંબન જૂથ વચ્ચે તકેદારી સમિતિના અને મહિલા સ્વસહાય જૂથના સભ્યોમાંથી બે અથવા વધારે વ્યક્તિઓએ આપવું જોઈશે.

૯. **વાજબી ભાવની દુકાનના પરવાના અને વિનિયમો** –(૧) આવશ્યક ચીજવસ્તુઓના વેચાણ અને વિતરણનું નિયમન કરવા માટે, રાજ્ય સરકાર અધિનિયમની કલમ ૩ હેઠળ, પણ આ હુકમ સાથે અસંગત ન હોય તેવો હુકમ કરી શકશે.

(૨) વાજબી ભાવની દુકાનોના માલિકોને સદરહુ હુકમ હેઠળ, લાઈસન્સ કાઢી આપવામાં આવશે અને રાજ્ય સરકારે કાઢી આપેલ હુકમ જાહેર કરવો જોઈશે અને તે વેબ પોર્ટલ પર પ્રદર્શિત કરવો જોઈશે.

(૩) રાજ્ય સરકારે નીમેલ મુકરર સત્તાધિકારી, વાજબી ભાવની દુકાનના માલિકોને લાઈસન્સ કાઢી આપશે.

(૪) રાજ્ય સરકારે, વાજબી ભાવની દુકાનના લાઈસન્સ આપવા માટે જાહેર સંસ્થાઓ અથવા જાહેર મંડળો, જેવા કે પંચાયતો, સ્વસહાય જૂથોને અને વાજબી ભાવની દુકાનોના સંચાલન માટે, મહિલાઓ અથવા તેમના સમૂહોને અગ્રતા આપવી જોઈશે.

(૫) વાજબી ભાવની દુકાનના માલિકોને વાજબી ભાવની દુકાનની આર્થિક સદ્ધરતા ધ્યાનમાં રાખીને લાઈસન્સ કાઢી આપવું જોઈશે.

(૬) રાજ્ય સરકારે સુનિશ્ચિત કરવું જોઈશે કે વાજબી ભાવની દુકાન સાથે જોડાયેલા રેશન કાર્ડ ધારકોની સંખ્યા વાજબી હોય, વાજબી ભાવની દુકાન એવી જગાએ સ્થિત હોય કે ગ્રાહક અથવા રેશનકાર્ડ ધારકોને વાજબી ભાવની દુકાને પહોંચવા મુશ્કેલીનો સામનો કરવો ન પડે અને પર્વતીય, રણ, આદિજાતિ અને દુર્ગમ વિસ્તારોને યોગ્ય રીતે આવરી લીધેલ હોય.

(૭) રાજ્ય સરકાર, વાજબી ભાવની દુકાનના માલિક માટેની (ભાવ) વળતરની રકમ ઠરાવવી જોઇશે, જેની વાજબી ભાવની દુકાનની કામગીરીની સતત સદ્ધરતા સુનિશ્ચિત કરવા માટે સમયાંતરે સમીક્ષા કરવી જોઇશે.

(૮) રાજ્ય સરકારે, વાજબી ભાવની દુકાનના માલિકને તેનુ વળતર વિના વિલંબે મળે તેવી વ્યવસ્થા ગોઠવવાનું સુનિશ્ચિત કરવું જોઈશે.

(૯) રાજ્ય સરકાર, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વાજબી ભાવની દુકાનની કામગીરીની સદ્ધરતા સુધારવા વાજબી ભાવની દુકાને અનાજ સિવાયની અન્ય ચીજ વસ્તુંઓના વેચાણની પરવાનગી આપી શકશે.

૧૦. **વાજબી ભાવની દુકાનની કામગીરી.** (૧) વાજબી ભાવની દુકાનનો માલિક, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ હકદારી મુજબ રેશન કાર્ડ ધારકને અનાજ પૂરું પાડશે.

(૨) રેશન કાર્ડ ધારક, એક કરતાં વધુ હપ્તામાં અનાજની તેની સંપૂર્ણ હકદારીનો ઉપાડ કરી શકશે.

(૩) વાજબી ભાવની દુકાનનો માલિક, અનાજ પૂરું પાડ્યા પછી રેશન કાર્ડ રાખી શકે નહીં.

(૪) રાજ્ય સરકાર દ્વારા વાજબી ભાવની દુકાનના માલિકને અપાયેલા લાઈસન્સથી, વાજબી ભાવની દુકાનના માલિકની ફરજો અને જવાબદારી નિયત થશે જેમાં બીજી બાબતોની સાથોસાથ, નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવશે.-

(૧) અનાજનું વેચાણ રેશનકાર્ડ ધારકની હકદારી પ્રમાણે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઠરાવેલ છૂટક વેચાણ કિમત;

(૨) દુકાનમાં દૈનિક ધોરણે નીચે પ્રમાણેની સંબંધિત માહિતી નોટિસ બોર્ડ પર દેખાઈ આવે તેવી જગ્યાએ પ્રદર્શિત કરવી (ક) અનાજના હકદારો, (ખ) આપવાના જથ્થાનું ધોરણ, (ગ) છૂટક વેચાણ કિમત, (ઘ) વાજબી ભાવની દુકાન શરૂ અને બંધ થવાનો, મધ્યાહ્ન ભોજન માટે વિરામ સહિતનો સમય, કોઈ હોય તો (ચ) મહિના દરમિયાન મળેલ અનાજનો જથ્થો; (છ) પ્રારંભિક (ઉઘડતો) અને બંધ થતો (છેલ્લો) જથ્થો; (જ) લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જથ્થા અને ગુણવત્તા ને સંબંધિત ફરિયાદ-નિવારણ સત્તાધિકારી સહિતની વ્યવસ્થા, અને (ઝ) ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર;

(૩) રેશનકાર્ડ ધારકોના દફતરની જાળવણી, ઉદા. સ્ટૉક (રજિસ્ટર) પત્રક, રવાનગી અથવા વેચાણ પત્રક, રાજ્ય સરકારે ઠરાવેલા નમૂના (સ્વરૂપ)માં જેમાં પ્રગતિશીલ રીતે ઈલેકટ્રોનિક ઢાંચામાં તે માહિતી સમાવિષ્ટ હોવી જોઇશે;

(૪) વાજબી ભાવની દુકાન દ્વારા પૂરા પાડેલા અનાજના નમૂના પ્રદર્શિત કરવા બાબત;

INDEX

(૫) તપાસણી એજન્સી સમક્ષ અનાજની ફાળવણી અને તેના વિતરણને લગતા પુસ્તકો તથા રેકર્ડ રજૂ કરવા અને મુકરર અધિકારી દ્વારા માંગવામાં આવે તેવી માહિતી પૂરી પાડવી;

(૬) વાજબી ભાવની દુકાન ખાતે મહિનાના અંતે અનાજના ખરેખર વિતરણ અને બાકી જથ્થાના હિસાબો, રાજ્ય સરકારના મુકરર અધિકારીને મોકલવામાં આવશે અને તેની સાથે સ્થાનિક અધિકારીને એક નકલ મોકલવામાં આવશે.

(૭) નોટિસ બોર્ડ પર દર્શાવેલા તેમજ ઠરાવવામાં આવેલા સમયનિર્ધારણ પ્રમાણે, વાજબી ભાવની દુકાનને ખોલવી અને તેને બંધ કરવી.

(૫) વાજબી ભાવની દુકાનના માલિકના રેકર્ડમાંથી ઉતારો મેળવવા ઈચ્છતો કોઈપણ રેશન કાર્ડ ધારક, રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલી ફી જમા કરવા સહિત, માલિકને લેખિત વિનંતી કરી શકશે. વાજબી ભાવની દુકાનના માલિકે, રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલી ફી અને વિનંતીપત્ર મળ્યાની તારીખથી ચૌદ દિવસની અંદર રેશન કાર્ડ ધારકને આવા રેકર્ડના ઉતારા પૂરા પાડવા જોઈશે:

વાજબી ભાવની દુકાનના માલિક દ્વારા રેશન કાર્ડ ધારકને રેકર્ડ પૂરા પાડવા માટે જેટલા સમયગાળા સુધી તેને (રેકર્ડને) રાખી મૂકવા જોઈશે તેટલો સમયગાળો રાજ્ય સરકાર ઠરાવી શકશે.

(૬) વાજબી ભાવની દુકાનનો માલિક, નિયત સમયગાળામાં રેશન કાર્ડ ધારકને પેટા-ખંડ (૫)માં ઉલ્લેખેલી રીતે રેકર્ડ પૂરા ન પાડે તેવા કિસ્સામાં, રાજ્ય સરકારે, મુકરર અધિકારીને અનુસરવાની કાર્યરીતિ ઠરાવવી જોઈશે અને મુકરર અધિકારીએ, દરેક કિસ્સામાં, કોઈપણ અનુચિત વિલંબ વગર રેશન કાર્ડ ધારકને રેકર્ડ પૂરા પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈશે.

(૭) વાજબી ભાવની દુકાનના માલિક દ્વારા કરવામાં આવેલી કોઈપણ અનિયમિતતા સહિતની લાઈસન્સની કોઈ શરતના ઉલ્લંઘનના સંબંધમાં, મુકરર અધિકારીએ ત્વરિત કાર્યવાહી હાથ ધરવી જોઈશે, જેમાં વાજબી ભાવની દુકાનના માલિકના લાઈસન્સને મોકૂફ રાખી શકાય છે અથવા તેને રદ કરી શકાય છે.

(૮) રાજ્ય સરકારે, વાજબી ભાવની દુકાનના માલિક દ્વારા કરવામાં આવેલી અનિયમિતતા અંગેની તપાસ સંબંધિત કાર્યવાહી, જે મહત્તમ સમયગાળાની અંદર પૂર્ણ કરવી જોઈશે તે સમયગાળો ઠરાવવો જોઈશે, જેના પરિણામ સ્વરૂપે, પેટા-ખંડ (૭) હેઠળ કોઈપણ કાર્યવાહી કરવામાં આવશે.

(૯) રાજ્ય સરકારે, લાઈસન્સને મોકૂફ અથવા તેને રદ કરવાના કિસ્સામાં, પાત્ર પરિવારોને અનાજનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈશે:

પરંતુ વાજબી ભાવની દુકાનના માલિકનું લાઈસન્સ રદ કરવામાં આવે તેવા કિસ્સામાં, (લાઈસન્સ) રદ કરવાના એક મહિનાની અંદર નવું લાઈસન્સ કાઢી આપવામાં આવશે.

(૧૦) રાજ્ય સરકારે, દર વર્ષે એનેક્ષ-૫ પર આપેલા ફોર્મેટમાં, કેન્દ્ર સરકારને આ ખંડ હેઠળ વાજબી ભાવની દુકાનના માલિક સામે કરેલી કાર્યવાહીની સંપૂર્ણ માહિતી પૂરી પાડવી જોઈશે.

૧૧. દેખરેખ.- (૧) રાજ્ય સરકારે મુકરર અધિકારી દ્વારા ત્રણ મહિનામાં ઓછામાં ઓછી એક વખત વાજબી ભાવની દુકાનોની નિયમિત તપાસ સુનિશ્ચિત કરવી જોઈશે. રાજ્ય સરકારે, તપાસની સૂચિ (કાર્યક્રમ), તપાસના મુદ્દાની યાદી અને સદરહુ હુકમો સાથે અનુપાલન સુનિશ્ચિત કરવા માટે જવાબદાર અધિકારીને નિર્દિષ્ટ કરતા હુકમો બહાર પાડવા જોઈશે.

(૨) રાજ્ય સરકાર, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ, કોર્પોરેશનના ગોદામોમાંથી મોકલવામાં આવ્યા હોય તેવા, અનાજના જથ્થાને સંગ્રહ, હેરફેર અથવા રેશન કાર્ડ ધારકને સોંપણી સુધીના બીજા કોઈપણ તબક્કા દરમિયાન બદલવામાં ન આવે અથવા તેની સાથે ઘાલમેલ ન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈશે.

INDEX

(૩) લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજના વિતરણ અને તેની ચઢાવવા–ઉતારવાની વ્યવસ્થામાં રોકાયેલા હોય તેવા આ અર્થે આ અધિકૃત કરવામાં આવેલા કોઈપણ અધિકારીએ અથવા કોઈ વ્યક્તિએ અથવા બીજી કોઈ વ્યક્તિએ, રેશન કાર્ડ ધારકને સોંપણી સુધીના કોઈપણ તબક્કે જથ્થાની અવેજી અથવા તેની ભેળસેળ અથવા તેના માર્ગાન્તર અથવા તેની ચોરીમાં સહાય કરવી જોઈશે નહિ.

સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુ માટે,–

(૧) "માર્ગાન્તર" એટલે ગોદામોમાંથી વિતરણ કરવામાં આવેલ અનાજની અનધિકૃત હેરફેર અથવા સોંપણી કરવી પરંતુ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અભિપ્રેત લાભાર્થીઓ સુધી અનાજ ન પહોંચવું.

(૨) "અવેજી" એટલે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અભિપ્રેત લાભાર્થીઓને વિતરણ માટે ગોદામોમાંથી વિતરણ કરવામાં આવેલા અનાજની, ઊતરતી ગુણવત્તાની તેવી ચીજવસ્તુ સાથે ફેરબદલી.

(૪) રાજ્ય સરકારે, સદરહુ અધિનિયમમાં નિર્દિષ્ટ કર્યા મુજબની કામગીરી બજાવવા માટે, અન્ન સુરક્ષા અધિનિયમની જોગવાઈ પ્રમાણે રાજ્ય, જિલ્લા, બ્લોક અને વાજબી ભાવની દુકાનના સ્તરે જાહેર વિતરણ વ્યવસ્થા માટે, તકેદારી સમિતિઓની રચના કરવી જોઈશે.

(૫) તકેદારી સમિતિઓની બેઠકો, તમામ સ્તરે દર ત્રણ મહિને ઓછામાં ઓછી એક વખત યોજવી જોઈશે અને બેઠકની તારીખ અને સામયિકતા, રાજ્ય સરકારોએ જાહેર કરવી જોઈશે તથા તેનો બહોળો પ્રચાર કરવો જોઈશે.

(૬) રાજ્ય સરકારે, એનેક્ષ–૬ પર આપેલા ફોર્મેટમાં તકેદારી સમિતિઓની કામગીરી અંગે કેન્દ્ર સરકારને દર વર્ષે અહેવાલ (રિપોર્ટ) મોકલવો જોઈશે.

(૭) તકેદારી સમિતિઓ દ્વારા યોજવામાં આવતી બેઠકોની સંખ્યા, રાજ્યના વેબ પોર્ટલ પર દર્શાવવી જોઈશે અને તકેદારી સમિતિઓની બેઠકોમાં ચર્ચા કરવામાં આવેલા મુદ્દાઓ પર લેવામાં આવેલા પગલાં અંગે આગામી બેઠકમાં સમીક્ષા કરવી જોઈશે.

(૮) રાજ્ય સરકારે, જેમાં ટોલ ફ્રી કોલ સેન્ટર અને સ્ટેટ વેબ પોર્ટલના ઉપયોગને આવરી લેવામાં આવેલ હોય, તેવું આંતરિક ફરિયાદ નિવારણ તંત્ર નિર્દિષ્ટ કરવું જોઈશે.

(૯) રાજ્ય સરકારે, ફરિયાદ નિવારણ અધિકારીનું નામ, તેમના મોબાઈલ નંબર સહિતનો ટેલિફોન નંબર, તેમની કચેરીનું સરનામું અને ફરિયાદ નિવારણ તંત્ર જેવી અદ્યતન વિગતોનો બહોળો પ્રચાર કરવો જોઈશે.

(૧૦) રાજ્ય સરકારે, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મળવાપાત્ર અનાજના વિતરણને લગતી બાબતોથી નારાજ થયેલી વ્યક્તિઓની ફરિયાદોના ઝડપી અને અસરકારક નિવારણ માટે, અન્ન સુરક્ષા અધિનિયમની જોગવાઈઓ મુજબ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીઓ નીમવા જોઈશે.

(૧૧) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના હુકમની સામે કરવામાં આવેલી અપીલ, અન્ન સુરક્ષા અધિનિયમની કલમ ૧૬ હેઠળ રચવામાં આવેલા રાજ્ય અન્ન આયોગ સમક્ષ દાખલ કરવી જોઈશે.

(૧૨) રાજ્ય સરકારે, ફરિયાદો અંગેની કામગીરીના સંબંધમાં, કેન્દ્ર સરકારને દર ત્રણ મહિને એનેક્ષ–૭ના ફોર્મેટમાં રિપોર્ટ (અહેવાલ) પૂરો પાડવો જોઈશે.

(૧૩) રાજ્ય સરકારે, કાયદા હેઠળ નિયત કર્યા પ્રમાણે અથવા કેન્દ્ર સરકારે બહાર પાડેલા નમૂનારૂપ નાગરિક અધિકાર–પત્રને આધારે, નાગરિક અધિકાર–પત્ર પ્રસિદ્ધ કરવું જોઈશે અને તેને સ્વીકારવું જોઈશે.

(૧૪) રાજ્ય સરકારે, વાજબી ભાવની દુકાનોની કામગીરીના સંબંધમાં, રાજ્યની અંદર જુદી જુદી કક્ષાએ, ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મના ઉપયોગ સહિતની, સામયિક રિપોર્ટ (અહેવાલ)ની પદ્ધતિ ઠરાવવી જોઈશે.

(૧૫) રાજ્ય સરકારે, ઇલેક્ટ્રોનિક પ્લેટફોર્મના ઉપયોગ દ્વારા લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાની સંપૂર્ણ કામગીરી (end-to-end operations) અંગેનું દેખરેખ–નિયંત્રણ સુનિશ્ચિત કરવું જોઇશે.

સ્પષ્ટીકરણ.– આ પેટા–ખંડના હેતુ માટે, "સંપૂર્ણ કામગીરી (end-to-end operations)''માં, લાભાર્થી, રેશન–કાર્ડની આંકડાવિષયક માહિતી અને બીજી માહિતી (databases), સપ્લાઇ– ચેઇન મેનેજમેન્ટની કોમ્પ્યુટર દ્વારા તૈયાર કરેલી માહિતી, ટ્રાન્સ્પેરન્સિ પોર્ટલ, ફરિયાદ નિવારણ તંત્ર ઊભું કરવા અને વાજબી ભાવની દુકાનનું ઓટોમેશન કરવાને લગતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

(૧૬) રાજ્ય સરકારે, વીજાણુ (ઇલેકટ્રોનિક) અને મુદ્રણ (પ્રિન્ટ) માધ્યમ તેમજ વાજબી ભાવની દુકાનોની બહાર પ્રદર્શન (ડિસ્પ્લે) બોર્ડના ઉપયોગ દ્વારા રેશનકાર્ડ ધારકોને તેમના હકો અને વિશેષાધિકારો અંગેની તાલીમ આપવા માટે જરૂરી પગલાં લેવા જોઇશે.

૧૨. પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ.– (૧) તમામ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા સંબંધી રેકર્ડ, જાહેર વિસ્તારમાં મૂકવા જોઇશે અને રાજ્ય સરકાર ઠરાવે તેવી રીતે, લોકોને જોવા માટે ખુલ્લા રાખવા જોઇશે.

(૨) દરેક સ્થાનિક સત્તામંડળે અથવા રાજ્ય સરકાર અધિકૃત કરે તેવા કોઇ બીજા સત્તામંડળે અથવા સંસ્થાએ, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા વિષે સામયિક સામાજિક ઓડિટ કરવું જોઇશે અથવા કરાવવું જોઇશે અને રાજ્ય સરકાર ઠરાવે તેવી રીતે તેના તારણો જાહેર કરવા જોઇશે તથા જરૂરી પગલાં લેવા જોઇશે.

(૩) કેન્દ્ર સરકાર, તેને જરૂરી જણાય તો, સામાજિક ઓડિટ કરવાનો અનુભવ ધરાવતી સ્વતંત્ર એજન્સીઓ મારફતે આવું ઓડિટ કરાવી શકશે અથવા કરાવડાવી શકશે.

૧૩. શિક્ષા.– જો કોઇ વ્યકિત આ હુકમની કોઇપણ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે, તો તે અધિનિયમની કલમ ૭ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

૧૪. ઝડતી અને જપ્તીની સત્તા.– (૧) રાજ્ય સરકારે અધિકૃત કરેલા અધિકારી, તપાસ માટે તેમને જરૂરી જણાય તેવા રેકોર્ડ અથવા દસ્તાવેજો તપાસવા અથવા તે રેકોર્ડ અથવા દસ્તાવેજો મંગાવવા માટે અને તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલા કોઇપણ રેકર્ડ અથવા દસ્તાવેજોના ઉતારા અથવા નકલો લેવા માટે સક્ષમ રહેશે.

(૨) પેટા–ખંડ (૧)માં ઉલ્લેખેલા કોઇ અધિકારીને, ફરિયાદ મળ્યેથી અથવા અન્યથા, એમ માનવાને કારણો હોય કે આ હુકમની જોગવાઇઓનું કોઇ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે, તો અથવા આ હુકમના પાલનને સુનિશ્ચિત કરવાના ઇરાદાથી, તેઓ, વાજબી ભાવની દુકાન અથવા વાજબી ભાવની દુકાનના કામકાજના સંચાલન સાથે સંબંધિત કોઇપણ જગ્યામાં પ્રવેશી શકશે, તપાસ કરી શકશે અથવા તેની ઝડતી લઇ શકશે.

(૩) પેટા–ખંડ (૧)માં ઉલ્લેખેલા કોઇ અધિકારીને, એમ માનવાને કારણ હોય કે હિસાબના ચોપડા અથવા અનાજનો જથ્થો આ હુકમની જોગવાઇઓનું કોઇ ઉલ્લંઘન કરવામાં વપરાયેલ છે અથવા વપરાશે, તો તે, આવા હિસાબના ચોપડા અથવા અનાજના જથ્થાની ઝડતી લઇ શકશે , તેને જપ્ત કરી શકશે અથવા તેને દૂર પણ કરી શકશે.

(૪) પેટા–ખંડ (૧)માં ઉલ્લેખેલા, પેટા–ખંડ (૩) હેઠળ ઝડતી અને જપ્તી કરનાર અધિકારીએ, કરવામાં આવેલી ઝડતી અને તે ખંડ હેઠળ તેમના દ્વારા આ રીતે જપ્ત કરવામાં આવેલા અનાજના જથ્થા અંગેની વિગતોની માહિતી, રાજ્ય સરકાર અથવા આ અર્થે અધિકૃત કરવામાં આવેલા કોઇ બીજા અધિકારીને આપવી જોઇશે.

(૫) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૦૦ની ઝડતી અને જપ્તી સંબંધી જોગવાઇઓ, શક્ય હોય ત્યાં સુધી, આ હુકમ હેઠળની ઝડતી અને જપ્તીને લાગુ પડશે.

૧૫. અપીલ.– (૧) રાજ્ય સરકારોએ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય, તેવા કોઇ તે સરકારના અધિકારીની, આ હુકમ હેઠળ તેમને મળેલી સત્તા વાપરવા અને કાર્યો બજાવવા અપીલ અધિકારી તરીકે નિમણૂક કરવી જોઇશે:

પરંતુ જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૦૧ હેઠળ નીમેલા અપીલ અધિકારી સમક્ષ અનિર્ણિત હોય, તેવી અપીલનો, તેવા અધિકારીએ, આ હુકમ કરવામાં આવ્યો ન હોય, તે રીતે તેનો નિકાલ કરવો જોઇશે.

(૨) મુકરર સત્તાધિકારીએ રેશનકાર્ડ કાઢી આપવા અંથવા તેને તાજું કરી આપવાનો ઇનકાર કરતાં અથવા રેશનકાર્ડ રદ કરતાં હુકમથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ, હુકમ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર અપીલ અધિકારીને અપીલ કરી શકશે.

(૩) મુકરર સત્તાધિકારીએ વાજબી ભાવની દુકાનના માલિકને લાઇસન્સ કાઢી આપવા અથવા તેને તાજું કરી આપવાનો ઇનકાર કરતાં અથવા લાઇસન્સ રદ કરતાં હુકમથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ, હુકમ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર અપીલ અધિકારીને અપીલ કરી શકશે અને અપીલ અધિકારીએ, વ્યવહાર્ય હોય ત્યાં સુધી, સાઠ દિવસની મુદતની અંદર, અપીલનો નિકાલ કરવો જોઇશે :

પરંતુ અપીલ અધિકારી દ્વારા એક વાર અપીલનો નિકાલ કરવામાં આવ્યો હોય, તો ખંડ ૧૦ના પેટા–ખંડ (૯)માં ઉલ્લેખેલા મુકરર અધિકારીએ, વાજબી ભાવની દુકાનના માલિકને કાઢી આપવાના અથવા તાજું કરી આપવાના લાઇસન્સની મુદત, અપીલ અંગે અપીલ અધિકારીએ આપેલા નિર્ણયની તારીખથી શરૂ થશે.

(૪) કોઇપણ અપીલનો નિકાલ, નારાજ થયેલી વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપવામાં આવેલી હોય તે સિવાય કરવો જોઇશે નહિ.

(૫) અપીલનો નિકાલ અનિર્ણિત રાખીને, પેટા–ખંડ (૪) હેઠળ બીજા પક્ષને વાજબી તક આપવી જરૂરી છે તેમ જણાય, તો અપીલ અધિકારી આદેશ કરી શકશે કે અપીલ હેઠળના તે હુકમને તેટલી મુદત માટે અથવા અપીલનો નિકાલ કરવામાં આવે નહિ ત્યાં સુધી, બેમાંથી જે વહેલું, હોય ત્યાં સુધી અમલમાં મૂકવો જોઇશે નહિ.

૧૬. હુકમ હેઠળ શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ.– આ હુકમ અનુસાર, શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇપણ કૃત્ય માટે, કોઇપણ વ્યક્તિ સામે કોઇ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

૧૭. કેન્દ્ર સરકારની આદેશો આપવાની સત્તા.– આ હુકમની તમામ અથવા તે પૈકીની કોઇપણ જોગવાઇઓના અમલ માટે, પોતે જરૂરી ગણે તેવા આદેશો રાજ્ય સરકારને આપી શકશે.

[એફ.નં.૯(૪)/ ૨૦૧૨–પીડી.૨]
દીપક કુમાર, સંયુકત સચિવ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

મૂકેશ મોદી,
સરકારના સંયુકત સચિવ,
અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ.

INDEX

INDEX

એનેક્ષર–૧

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૩ની પેટા–કલમ (૨)ને અધીન રહીને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (જુઓ ખંડ ૩)

ક્રમ નં.	રાજ્ય/ સંઘ પ્રદેશ	વસ્તી (વસ્તી ગણતરી ૨૦૧૧)	વ્યાપ					અંત્યોદય અન્ન યોજના (પરિવારોની સંખ્યા)*
			વસ્તી પ્રમાણે ટકાવારી		આવરી લેવામાં આવનાર વ્યક્તિઓની સંખ્યા			
			ગ્રામીણ	શહેરી	ગ્રામીણ	શહેરી	કુલ	
૧	૨	૩	૪(૧)	૪(૨)	૫(૧)	૫(૨)	૫(૩)	૬
૧	આંધ્રપ્રદેશ	૮૪,૬૬૫,૫૩૩	૬૦.૯૬	૪૧.૧૪	૩૪,૩૨૭,૬૬૬	૧૧,૬૬૪,૭૩૧	૪૫,૯૯૨,૩૯૭	૧,૫૫૭,૮૦૦
૨	અરૂણાચલપ્રદેશ	૧,૩૮૨,૬૧૧	૬૬.૩૧	૫૧.૫૫	૭૦૮,૯૬૩	૧૬૧,૫૮૧	૮૭૦,૫૪૫	૩૮,૦૦૦
૩	આસામ	૩૧,૧૬૯,૨૭૨	૮૪.૧૭	૬૦.૩૫	૨૨,૫૪૧,૧૬૦	૨,૬૪૮,૬૧૪	૨૫,૧૮૯,૭૭૫	૭૦૪,૦૦૦
૪	બિહાર	૧૦૩,૮૦૪,૬૩૭	૮૫.૧૨	૭૪.૫૩	૭૮,૩૭૪,૨૬૪	૮,૭૪૨,૦૭૮	૮૭,૧૧૬,૩૪૧	૨,૫૦૧,૦૦૦
૫	છત્તીસગઢ	૨૫,૫૪૦,૧૯૬	૮૪.૨૫	૫૯.૯૮	૧૬,૫૧૬,૦૮૨	૩,૫૬૦,૭૩૫	૨૦,૦૭૬,૮૧૭	૭૧૮,૯૦૦
૬	દિલ્હી(એનસીટી)	૧૬,૭૫૩,૨૩૫	૩૭.૬૯	૪૩.૫૯	૧૫૮,૦૪૧	૭,૧૧૯,૯૫૪	૭,૨૭૭,૯૯૫	૧૫૬,૮૦૦
૭	ગોવા	૧,૪૫૭,૭૨૩	૪૨.૨૪	૩૩.૦૨	૨૩૨,૬૧૭	૨૯૯,૨૬૩	૫૩૨,૧૮૧	૧૮,૪૦૦
૮	ગુજરાત	૬૦,૩૮૩,૬૨૮	૭૪.૬૪	૪૮.૨૫	૨૫,૮૭૮,૨૯૮	૧૨,૪૦૬,૪૩૧	૩૮,૨૮૪,૭૨૯	૮૧૨,૮૦૦
૯	હરિયાણા	૨૫,૩૫૩,૦૮૧	૫૪.૬૧	૪૧.૦૫	૯,૦૨૭,૮૪૮	૩,૬૨૧,૨૬૨	૧૨,૬૪૯,૧૧૦	૩૦૨,૫૦૦
૧૦	હિમાચલ પ્રદેશ	૬,૮૫૬,૫૦૯	૫૬.૨૩	૩૦.૯૯	૩,૪૬૮,૧૫૭	૨૧૩,૪૨૯	૩,૬૮૧,૫૮૬	૧૯૭,૧૦૦
૧૧	જમ્મુ અને કાશ્મીર	૧૨,૫૪૮,૯૨૬	૬૩.૫૫	૪૭.૧૦	૫,૮૦૫,૧૭૮	૧,૬૦૮,૦૪૪	૭,૪૧૩,૨૨૨	૨૮૨,૨૦૦
૧૨	ઝારખંડ	૩૨,૯૬૬,૨૩૮	૮૬.૪૮	૬૦.૨૦	૨૧,૬૫૧,૯૫૧.	૪,૭૭૩,૪૩૪	૨૬,૪૨૫,૩૮૫	૯૧૭,૯૦૦
૧૩	કર્ણાટક	૬૧,૧૩૦,૭૦૪	૭૬.૦૪	૪૯.૩૬	૨૮,૫૫૪,૯૪૩	૧૧,૬૩૮,૧૮૭	૪૦,૧૯૩,૧૩૦	૧,૧૯૯,૭૦૦
૧૪	કેરાલા	૩૩,૩૮૭,૬૭૭	૫૨.૬૩	૩૯.૫૦	૯,૧૮૬,૮૩૩	૬,૨૯૩,૨૦૮	૧૫,૪૮૦,૦૪૦	૫૯૫,૮૦૦
૧૫	મધ્યપ્રદેશ	૭૨,૫૯૭,૫૬૫	૮૦.૧૦	૬૨.૬૧	૪૨,૦૮૨,૮૫૭	૧૨,૫૫૯,૩૫૭	૫૪,૬૪૨,૨૧૪	૧,૫૮૧,૬૦૦
૧૬	મહારાષ્ટ્ર	૧૧૨,૩૭૨,૯૭૨	૭૬.૩૨	૪૫.૩૪	૪૬,૯૭૧,૪૮૧	૨૩,૦૪૫,૨૦૩	૭૦,૦૧૬,૬૮૩	૨,૫૦૫,૩૦૦
૧૭	મણિપુર	૨,૮૫૫,૭૯૪	૮૮.૫૬	૮૫.૭૫	૧,૭૯૦,૩૬૪	૭૧૫,૨૮૭	૨,૫૦૫,૬૫૧	૬૩,૬૦૦
૧૮	મેઘાલય	૨,૯૬૪,૦૦૭	૭૭.૯૯	૫૦.૮૭	૧,૮૪૨,૮૨૩	૩૦૨,૬૯૫	૨,૧૪૫,૫૧૭	૭૦,૨૦૦
૧૯	મિઝોરમ	૧,૦૯૧,૦૧૪	૮૧.૮૮	૪૮.૬૦	૪૩૩,૧૭૫	૨૭૩,૧૨૧	૭૦૬,૨૯૬	૨૬,૧૦૦
૨૦	નાગાલેન્ડ	૧,૯૮૦,૬૦૨	૭૯.૮૩	૬૧.૯૮	૧,૧૨૩,૦૯૭	૩૫૫,૬૦૫	૧,૪૭૮,૭૦૨	૪૭,૫૦૦
૨૧	ઓરિસ્સા	૪૧,૯૪૭,૩૫૮	૮૨.૧૭	૫૫.૭૭	૨૮,૭૧૯,૪૨૯	૩,૯૦૧,૭૩૮	૩૨,૬૨૧,૧૬૭	૧,૨૬૪,૫૦૦
૨૨	પંજાબ	૨૭,૭૦૪,૨૩૬	૫૪.૭૯	૪૪.૮૩	૯,૪૮૭,૮૭૫	૪,૬૫૬,૬૮૮	૧૪,૧૪૪,૫૬૨	૧૭૯,૪૦૦
૨૩	રાજસ્થાન	૬૮,૬૨૧,૦૧૨	૬૯.૦૯	૫૩.૦૦	૩૫,૬૦૯,૧૪૯	૯,૦૫૨,૮૧૧	૪૪,૬૬૧,૯૬૦	૯૩૨,૧૦૦

ક્રમ નં.	રાજ્ય/ સંઘ પ્રદેશ	વસ્તી (વસ્તી ગણતરી ૨૦૧૧)	વ્યાપ					અંત્યોદય અન્ન યોજના (પરિવારોની સંખ્યા)*
			વસ્તી પ્રમાણે ટકાવારી		આવરી લેવામાં આવનાર વ્યક્તિઓની સંખ્યા			
			ગ્રામીણ	શહેરી	ગ્રામીણ	શહેરી	કુલ	
૧	૨	૩	૪(૧)	૪(૨)	૫(૧)	૫(૨)	૫(૩)	૬
૨૪	સિક્કીમ	૬૦૭,૬૮૮	૭૫.૭૪	૪૦.૩૬	૩૪૫,૩૪૬	૬૧,૨૩૭	૪૦૬,૫૮૨	૧૬,૫૦૦
૨૫	તામિલનાડુ	૭૨,૧૩૮,૯૫૮	૬૨.૫૫	૩૭.૭૯	૨૩,૨૬૧,૮૬૩	૧૩,૨૦૭,૫૦૩	૩૬,૪૬૯,૩૬૫	૧,૮૬૪,૬૦૦
૨૬	ત્રિપુરા	૩,૬૭૧,૦૩૨	૭૪.૭૫	૪૯.૫૪	૨,૦૨૫,૭૬૩	૪૭૬,૦૭૦	૨,૫૦૧,૮૩૩	૧૧૩,૧૦૦
૨૭	ઉત્તરપ્રદેશ	૧૯૯,૫૮૧,૪૭૭	૭૯.૫૬	૬૪.૪૩	૧૨૩,૪૦૬,૩૨૯	૨૮,૬૫૨,૩૧૪	૧૫૨,૦૫૮,૬૪૩	૪,૦૯૪,૫૦૦
૨૮	ઉત્તરાખંડ	૧૦,૧૧૬,૭૫૨	૬૫.૨૬	૫૨.૦૫	૪,૫૮૪,૮૯૫	૧,૬૦૮,૯૫૩	૬,૧૯૩,૮૪૯	૧૯૦,૯૦૦
૨૯	પશ્ચિમ બંગાળ	૯૧,૩૪૭,૭૩૬	૭૪.૪૭	૪૭.૫૫	૪૬,૩૩૦,૫૨૫	૧૩,૮૫૩,૨૪૬	૬૦,૧૮૩,૭૭૦	૧,૯૮૫,૭૦૦
૩૦	આંદામાન અને નિકોબાર ટાપુઓ	૩૭૯,૯૪૪	૨૪.૯૪	૧.૭૦	૬૦,૯૫૬	૨,૩૦૪	૬૩,૨૬૦	૧૦,૭૦૦
૩૧	ચંદીગઢ	૧,૦૫૪,૬૮૬	૩૮.૫૪	૪૭.૨૬	૧૧,૧૭૮	૪૮૪,૭૩૭	૪૯૫,૯૧૫	૮,૮૦૦
૩૨	દાદરા અને નગર હવેલી	૩૪૨,૮૫૩	૮૪.૧૯	૫૧.૫૪	૧૫૪,૦૮૮	૮૨,૩૭૬	૨૩૬,૪૬૪	૬,૯૦૦
૩૩	દમણ અને દીવ	૨૪૨,૯૧૧	૨૬.૬૬	૫૬.૪૭	૧૬,૦૮૪	૧૦૩,૧૦૩	૧૧૯,૧૮૭	૧,૫૦૦
૩૪	લક્ષદ્વીપ	૬૪,૪૨૯	૩૫.૩૦	૩૩.૫૬	૪,૯૮૫	૧૬,૮૮૩	૨૧,૮૬૮	૧,૨૦૦
૩૫	પોંડિચેરી	૧,૨૪૪,૪૬૪	૫૯.૬૮	૪૬.૯૪	૨૩૫,૩૪૩	૩૯૯,૦૪૮	૬૩૪,૩૯૦	૩૨,૨૦૦
કુલ		૧,૨૧૦,૩૨૭,૪૬૩	૭૫	૫૦	૬૨૪,૯૨૯,૯૦૬	૧૮૮,૫૬૧,૨૨૯	૮૧૩,૪૯૧,૧૩૫	૨૪,૯૯૯,૮૦૦

*રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ની કોલમ– ૫(૩)માં દર્શાવ્યા પ્રમાણે રાજ્ય દીઠ આવરી લેવામાં આવનાર લોકોની સંખ્યા.

INDEX

એનેક્ષર– ૨

જૂન/સપ્ટેમ્બર/ડિસેમ્બર/માર્ચમાં પૂરા થતા ત્રિમાસિક સમયગાળા માટે અપાત્ર કે બોગસ રેશનકાર્ડને કમી કરવા અને પાત્ર પરિવારોનો સમાવેશ કરવા માટેનું પત્રક [જુઓ ખંડ ૪નો પેટા ખંડ (૨૦)]

૧. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ (એનએફએસએ)ના અમલીકરણના તબક્કા.

પરિવાર/ લાભાર્થી કક્ષા	ત્રિમાસની શરૂઆતમાં વિદ્યમાન રેશનકાર્ડની સંખ્યા	જૂનમાં પૂરો થતો પ્રથમ ત્રિમાસિક સમયગાળો		સપ્ટેમ્બરમાં પૂરો થતો દ્વિતીય ત્રિમાસિક સમયગાળો		ડિસેમ્બરમાં પૂરો થતો તૃતીય ત્રિમાસિક સમયગાળો		માર્ચમાં પૂરો થતો ચતુર્થ ત્રિમાસિક સમયગાળો		ત્રિમાસ/ વર્ષના અંતે રેશનકાર્ડની સંખ્યા
		કમી કરેલ/ રદ કરેલ રેશનકાર્ડની સંખ્યા	નવા કાઢી આપેલ રેશનકાર્ડની સંખ્યા	કમી કરેલ/રદ કરેલ રેશનકાર્ડની સંખ્યા	નવા કાઢી આપેલ રેશનકાર્ડની સંખ્યા	કમી કરેલ/રદ કરેલ રેશનકાર્ડની સંખ્યા	નવા કાઢી આપેલ રેશનકાર્ડની સંખ્યા	કમી કરેલ/ રદ કરેલ રેશનકાર્ડની સંખ્યા	નવા કાઢી આપેલ રેશનકાર્ડની સંખ્યા	
અગ્રતા										
અંત્યોદય અન્ન યોજના (એએવાય)										
અન્ય (નિર્દિષ્ટ કરો એટલે કે ભરતી દ્વારા આવરી લેવાયેલ ફાળવણી)										
કુલ										

INDEX

૨. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ (એનએફએસએ)નું અમલીકરણ હજી શરૂ કરવાનું હોય તેવા તબક્કા.

પરિવાર/લાભાર્થી કક્ષા	ત્રિમાસની શરૂઆતમાં વિદ્યમાન રેશનકાર્ડની સંખ્યા	જૂનમાં પૂરો થતો પ્રથમ ત્રિમાસિક સમયગાળો		સપ્ટેમ્બરમાં પૂરો થતો દ્વિતીય ત્રિમાસિક સમયગાળો		ડિસેમ્બરમાં પૂરો થતો તૃતીય ત્રિમાસિક સમયગાળો		માર્ચમાં પૂરો થતો ચતુર્થ ત્રિમાસિક સમયગાળો		ત્રિમાસ/વર્ષના અંતે રેશનકાર્ડની સંખ્યા
		કમી કરેલ/રદ કરેલ રેશનકાર્ડની સંખ્યા	નવા કાઢી આપેલ રેશનકાર્ડની સંખ્યા	કમી કરેલ/રદ કરેલ રેશનકાર્ડની સંખ્યા	નવા કાઢી આપેલ રેશનકાર્ડની સંખ્યા	કમી કરેલ/રદ કરેલ રેશનકાર્ડની સંખ્યા	નવા કાઢી આપેલ રેશનકાર્ડની સંખ્યા	કમી કરેલ/રદ કરેલ રેશનકાર્ડની સંખ્યા	નવા કાઢી આપેલ રેશનકાર્ડની સંખ્યા	
અંત્યોદય અન્ન યોજના (એએવાય)										
ગરીબી રેખાની નીચે (બીપીએલ)										
ગરીબી રેખાની ઉપર (એપીએલ)										
કુલ										

નોંધ: દરેક ત્રિમાસ પૂરો થયા પછી બે અઠવાડિયાની અંદર માહિતી પૂરી પડવી જોઇશે.

એનેક્ષર– ૩

જૂન/સપ્ટેમ્બર/ડિસેમ્બર/માર્ચ માસમાં પૂરા થતા ત્રિમાસિક સમયગાળા માટે ઘર–આંગણે વિતરણથી વાજબી ભાવની દુકાનો માટેનું પત્રક

(જુઓ ખંડ–૭નો પેટા–ખંડ (૧૨))

રાજ્ય/સંઘ રાજ્ય પ્રદેશમાં જિલ્લાઓની કુલ સંખ્યા:_____ રાજ્ય/સંઘ રાજ્ય પ્રદેશમાં વાજબી ભાવની દુકાનોની કુલ સંખ્યા: _____

ક્રમ	એજન્સીનું નામ	એજન્સીનો પ્રકાર	એજન્સી દ્વારા ઘર–આંગણે વિતરણ હેઠળ આવરી	એજન્સી દ્વારા ઘર–આંગણે વિતરણ હેઠળ આવરી
૧				
૨				
૩				
૪				
કુલ				

*એજન્સીના પ્રકારના સંબંધમાં રાજ્ય નાગરિક પુરવઠા નિગમ અથવા અન્ય સર્વોચ્ચ સંસ્થા (મંડળ), સહકારી મંડળીઓ, જથ્થાબંધ વેપારીઓ, એલએએમપીએસ (LAMPS), પીએસીએસ(PACS) વગેરે જેવી ખાનગી એજન્સી અથવા બીજી કોઈ એજન્સી છે કે કેમ તે દર્શાવો. એક જ જિલ્લામાં એક કરતાં વધુ એજન્સી ઘર–આંગણે વિતરણ કરતી હોય તેવા કિસ્સામાં, તે બાબત પણ દર્શાવવી.

નોંધ: દરેક ત્રિમાસ પૂરો થયા પછી બે અઠવાડિયાની અંદર માહિતી પૂરી પડવી જોઈશે.

એનેક્ષર– ૪

દર વર્ષે ૩૧મી માર્ચ સુધીનો સમયગાળો પૂરો થતાં, કેન્દ્રીય સમુચ્ચયમાંથી ભારત સરકાર દ્વારા ફાળવાયેલ અનાજનું વિતરણ પૂરું પાડતા ઉપયોગ પ્રમાણપત્ર(યુ.સી.)નો નમૂનો (જુઓ ખંડ–૮નો પેટા–ખંડ (૨))

.....વર્ષનું ઉપયોગ પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે _____(વર્ષ) દરમ્યાન _____(જથ્થો) ટન અનાજનું ભારત સરકાર દ્વારા ટીપીએસ(TPS)/વધારાની ફાળવણી કરવામાં આવેલ અને તેનું નીચે જણાવ્યા પ્રમાણેના લાભાર્થીઓને વિતરણ કરવામાં આવેલ.

(આંકડા ટનમાં)

વસ્તુ	ભારત સરકાર દ્વારા કરાયેલ ફાળવણી	રાજ્ય સરકાર દ્વારા ઉપાડવામાં આવેલ જથ્થો	ફાળવેલ જથ્થામાંથી ઉપાડ્યા વગરનો (બાકી રહેલો) જથ્થો (કોલમ ૨–કોલમ ૩)	વિતરણ કરવામાં આવેલ જથ્થો	ઉપાડેલા જથ્થામાંથી બાકી રહેલ જથ્થો (કોલમ ૩–કોલમ ૫)	ઉપાડ્યા વગરના/વિતરણ કર્યા વગરના જથ્થા માટેના કારણો, જો કોઈ હોય તો.
૧	૨	૩	૪	૫	૬	૭
ચોખા						
ઘઉં						
બરછટ અનાજ						
કુલ						

તારીખ_____

સ્થળ_____

સહી_____

અધિકારીનું નામ_____

(રાજ્ય સરકાર/ સંઘ રાજ્ય પ્રદેશ વહીવટીતંત્રના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સચિવે સહી કરવી)

નોંધ: આગામી નાણાકીય વર્ષની ૩૦મી જૂને કે તે પહેલાં માહિતી પૂરી પાડવી જોઈશે.

એનેક્ષર– ૫

(૩૧મી માર્ચ,૨૦.....સુધીમાં પૂરા થતા સમયગાળા માટે) લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા અને લેવાયેલ પગલાંની દેખરેખ અંગેનું વાર્ષિક પત્રક

[જુઓ ખંડ ૧૦નો પેટા–ખંડ (૧૦)]

(ક)

કરવામાં આવેલ નિરીક્ષણની સંખ્યા	પાડવામાં આવેલ દરોડાની સંખ્યા	વાજબી ભાવની દુકાનના લાયસન્સની સંખ્યા				દાખલ કરવામાં આવેલ એફઆઈઆર(FIR)ની સંખ્યા	ઘરપકડ કરાયેલ લોકોની સંખ્યા	વિશેષ નોંધ
		મોકૂફ રાખેલ	પાછું સોંપેલ	રદ કરેલ	નિર્ણય માટે બાકી રહેલ			

(ખ)

૧. રાજ્ય/ સંઘ રાજ્ય પ્રદેશમાં વાજબી ભાવની દુકાનોની કુલ સંખ્યા:_____

૨.નાણાકીય વર્ષ દરમ્યાન લાયસન્સ મોકૂફ કરાયેલ વાજબી ભાવની દુકાનના માલિકોની કુલ સંખ્યા:_____

૩.ઉપરના– ૨માંથી, છ મહિના કરતાં વધારે સમયગાળા માટે જેમનું લાયસન્સ મોકૂફ કરાયેલ હોય તેવા વાજબી ભાવની દુકાનના માલિકોની સંખ્યા:_____

(ગ)

છ મહિના કરતાં વધારે સમયગાળા માટે જેમનું લાયસન્સ મોકૂફ કરાયેલ હોય તેવા વાજબી ભાવની દુકાનના માલિકોની માહિતી			
મોકૂફ કરાયેલ લાયસન્સની સંખ્યા	પાછા સોંપેલ લાયસન્સની સંખ્યા	રદ કરેલ લાયસન્સની સંખ્યા	નિર્ણય માટે બાકી રહેલ

નોંધ: આગામી નાણાકીય વર્ષની જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલા માહિતી પૂરી પાડવી જોઈશે.

એનેક્ષર–૬

તકેદારી સમિતિ (VCs)ની કામગીરી અંગેનું વાર્ષિક પત્રક (વર્ષની ૩૧મી માર્ચ સુધીમાં પૂરા થતા સમયગાળા માટે)

[જુઓ ખંડ–૧૧નો પેટા–ખંડ (૬)]

૧. રાજ્ય/સંઘ પ્રદેશમાં જિલ્લાઓની કુલ સંખ્યા:_____

૨. રાજ્ય/સંઘ પ્રદેશમાં તહેસીલોની કુલ સંખ્યા:_____

૩. રાજ્ય/સંઘ પ્રદેશમાં બ્લોકની કુલ સંખ્યા:_____

૪. રાજ્ય/સંઘ પ્રદેશમાં વાજબી ભાવની દુકાનોની કુલ સંખ્યા:_____

	રચાયેલ તકેદારી સમિતિની કુલ સંખ્યા	રાજ્ય/સંઘ પ્રદેશે ઠરાવેલ તકેદારી સમિતિની બેઠકોની સામયિકતા (એટલે કે માસિક/બે મહિને એકવાર/ ત્રિમાસિક)	નાણાકીય વર્ષ દરમ્યાન યોજાયેલ મુલાકાતોની સંખ્યા
રાજ્ય/સંઘ પ્રદેશ સ્તર			
જિલ્લા સ્તર			
તહેસીલ સ્તર			
બ્લોક સ્તર			
વાજબી ભાવની દુકાન સ્તર			
કુલ			

નોંધ: આગામી નાણાકીય વર્ષની જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલા માહિતી પૂરી પાડવી જોઈશે.

INDEX

એનેક્ષર–૭

(જૂન/સપ્ટેમ્બર/ડિસેમ્બર/માર્ચમાં પૂરા થતા ત્રિમાસિક સમયગાળા માટે) ફરિયાદ નિવારણ માટેનું પત્રક [જુઓ ખંડ–૧૧નો પેટા–ખંડ (૧૨)]

ક. ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર (રો): :_____

ખ. ફરિયાદ નોંધણી અને વિવારણ માટેના રાજ્યના પોર્ટલનું વેબ એડ્રેસ: :_____

૧ ફરિયાદ નોંધણી અને નિવારણનું પત્રક:

જગ્યા/ સ્ત્રોત	ઉઘડતી (ખુલતી) સિલકે ફરિયાદોની સંખ્યા	ત્રિમાસ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	ત્રિમાસ દરમ્યાન નિકાલ કરેલ ફરિયાદોની સંખ્યા	ત્રિમાસના અંતે બંધ થતી સિલકે ફરિયાદોની સંખ્યા
૧	૨	૩	૪	૫
કોલ સેન્ટર				
રાજ્ય પોર્ટલ				
જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી (ડીજીઆરઓ)				
અન્ય કોઈ સ્ત્રોત				
કુલ				

નોંધ: દરેક ત્રિમાસ પૂરો થયા પછીના બે અઠવાડિયાની અંદર માહિતી પૂરી પાડવી જોઈશે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૨મી એપ્રિલ, ૨૦૧૬.

ક્રમાંક: જીટીએચ-૨૦૧૬-૨૧-પીડીએસ-૧૦-૨૦૧૬-૬૩૧/સી-૧:- ભારત સરકાર, ગ્રાહક બાબતોના મંત્રાલય, અન્ન અને જાહેર વિતરણ, અન્ન અને જાહેર વિતરણ વિભાગ, નવી દિલ્હી દ્વારા બહાર પાડવામાં આવેલ નીચેનું જાહેરનામું, સર્વ લોકોની જાણ સારુ ફરી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

Notification
Regarding
The Food Security Allowance Rules, 2015.
અન્ન સુરક્ષા ભથ્થાં નિયમો, ૨૦૧૫ હેઠળ
જાહેરનામું.

ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય

(અન્ન અને જાહેર વિતરણ વિભાગ)

નવી દિલ્હી, ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

ક્રમાંક: જીએસઆર.૪૮(ઈ):- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૮ સાથે વાંચતા, કલમ ૩૯ની પેટા–કલમ (૨)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર સાથે વિચારવિનિમય કરીને, નીચેના નિયમો કરે છે:–

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.–

(૧) આ નિયમો અન્ન સુરક્ષા ભથ્થાં નિયમો, ૨૦૧૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.– (૧) આ નિયમોમાં, અન્યથા અપેક્ષિત ન હોય, તો,-

(ક) "અધિનિયમ" એટલે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩નો ૨૦મો);

(ખ) "નોડલ અધિકારી" એટલે અધિનિયમની કલમ ૧૪ હેઠળ રાજ્ય સરકારે તે તરીકે મુકરર કરેલા અધિકારી;

(ગ) "હકદાર વ્યક્તિ" એટલે રાજ્ય સરકારે, અધિનિયમ હેઠળ જેની પાત્ર પરિવારોની વ્યક્તિ હોય તે તરીકે અલગ તારવેલા હોય અને કાયદેસરનું રેશન–કાર્ડ ધરાવતી હોય તેવી વ્યક્તિ.

(૨) આ નિયમોમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો તે અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થશે.

૩. અનાજની ફાળવણી માટેની સમયમર્યાદા.– કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ, અનાજની ફાળવણી માટેની અને તે અધિનિયમ હેઠળની હકદાર વ્યક્તિઓને વિતરણ માટે અનાજ ઉપલબ્ધ કરી આપવા માટેની જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૦૧ અથવા કેન્દ્ર સરકારે વખતોવખત બહાર પાડેલા બીજા કોઈ હુકમોમાં જોગવાઇ કરેલી સમયમર્યાદાનું ચુસ્તપણે પાલન કરવું જોઈશે.

INDEX

૪. **અનાજનો પુરવઠો પૂરો પાડવામાં ન આવે તે કિસ્સામાં અન્ન સુરક્ષા ભથ્થાંની ચુકવણી.-**

(૧) નોડલ અધિકારીએ, દર મહિનાના અંતે અને દરેક વાજબી ભાવની દુકાને, અધિનિયમ હેઠળ તેમની હકદારી પ્રમાણે, દરેક વાજબી ભાવની દુકાન હેઠળ આવરી લેવામાં આવેલા હકદાર વ્યક્તિઓને પૂરો પાડવામાં આવેલા અનાજના પુરવઠાની સ્થિતિ અંગે ખરાઇ કરવી જોઇશે.

(૨) નોડલ અધિકારીએ, કોઇપણ હકદાર વ્યક્તિને, અનાજનો મળવાપાત્ર જથ્થો પૂરો ન પાડવા અંગેના કારણોની લેખિતમાં નોંધ કરવી જોઇશે.

(૩) નોડલ અધિકારીએ, વાજબી ભાવની દુકાને અનાજ ઉપલભ્ય ન હોવાથી અથવા બીજા કોઇ અણધાર્યા કારણોસર અનાજનો મળવાપાત્ર જથ્થો પૂરો પાડવામાં આવેલ ન હોય, તેવા દરેક કિસ્સામાં, અન્ન સુરક્ષા ભથ્થાંની ચુકવણી સુનિશ્ચિત કરવી જોઇશે.

(૪) નોડલ અધિકારી, જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીને, કોઇ વાજબી ભાવની દુકાનના વેપારીઓએ જાણીબૂજીને કરેલી કોઇ ચૂકને કારણે અનાજ પૂરું પાડવામાં આવેલ ન હોય, તો જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીને તરત જ ફરિયાદ નોંધાવી શકશે.

૫. **પુરવઠાની સ્થિતિની ખરાઇ બાબત.**– રાજ્ય સરકારે, યોગ્ય આધાર માળખાની ઉપલભ્યતાને અધીન રહીને,–

(૧) અનાજના વિતરણની સ્થિતિની મહિનાના અંતે ખરાઇ કરવા; અને

(૨) દરેક વાજબી ભાવની દુકાનના સંબંધમાં, વિતરણ કરવામાં આવેલ ન હોય તેના કારણો, કોઇ હોય, તો તેની નોંધ કરવા અને તેવી વિગતોને જાહેર વિસ્તારમાં મૂકવા માટે, ઇલેકટ્રોનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઇશે.

૬. **અન્ન સુરક્ષા ભથ્થાંની ગણતરી.**– હકદાર વ્યક્તિઓને મળવાપાત્ર અન્ન સુરક્ષા ભથ્થાંની રકમની ગણતરી, તે ખરીદ–વેચાણ મોસમ માટેની સંબંધિત અનાજની ૧.૨૫ ગણી ન્યૂનતમ સમર્થન ભાવ (કિમત) અને અધિનિયમની અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી કિમત વચ્ચેના તફાવતની, પુરવઠો પૂરો પાડવામાં ન આવેલા જથ્થાં સાથે ગુણાકાર કરીને કરવી જોઇશે.

૭. **અન્ન સુરક્ષા ભથ્થું જે મુદતમાં ચૂકવવાનું રહેશે તે મુદત બાબત.**– નોડલ અધિકારીએ, જે મહિનામાં પુરવઠો પૂરો પાડવામાં આવ્યો ન હોય, તે પછીના મહિનાના ત્રીજા અઠવાડિયાના અંત સુધીમાં અન્ન સુરક્ષા ભથ્થાંની ચુકવણી સુનિશ્ચિત કરવી જોઇશે.

૮. **અન્ન સુરક્ષા ભથ્થાંની ચુકવણીની પદ્ધતિ.**–

(૧) રાજ્ય સરકારે, હકદાર વ્યક્તિઓને બેંક ખાતા મારફત અન્ન સુરક્ષા ભથ્થાંની ચુકવણી કરવાનું સુનિશ્ચિત કરવું જોઇશે.

(૨) કોઇ હકદાર વ્યક્તિએ બેંકમાં ખાતું ખોલાવેલ ન હોય, તો આવી વ્યક્તિને અન્ન સુરક્ષા ભથ્થાંની પ્રારંભિક ચુકવણી રોકડમાં કરવી જોઇશે :

પરંતુ નોડલ અધિકારીએ તે બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે અન્ન સુરક્ષા ભથ્થાંની પ્રારંભિક ચુકવણી કરવામાં આવ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર, આવી વ્યક્તિએ બેંકમાં ખાતું ખોલાવેલ છે.

૯. **અન્ન સુરક્ષા ભથ્થું ચૂકવવાપાત્ર ન હોય તેવા કિસ્સાને લગતી બાબત.**– અન્ન સુરક્ષા ભથ્થું, મહિના દરમિયાન તેની હકદારીનો દાવો કરવા વાજબી ભાવની દુકાનની મુલાકાત લે નહિ, તેવી હકદાર વ્યક્તિને ચૂકવવાપાત્ર રહેશે નહિ:

પરંતુ નોડલ અધિકારી, કોઇ વ્યક્તિને વાજબી ભાવની દુકાનની મુલાકાત લેવામાંથી અને તેની હકદારીનો દાવો કરવામાંથી, લેખિતમાં કારણોની નોંધ કરીને મુક્તિ આપી શકશે:

વધુમાં, અનાજની ગુણવત્તાના કારણસર અથવા તેવા બીજા કારણોસર પોતાની હકદારીનો દાવો કરવાનો ઇનકાર કરતી હકદાર વ્યક્તિને, અન્ન સુરક્ષા ભથ્થું ચૂકવવાપાત્ર રહેશે નહિ.

૧૦. **નોડલ અધિકારીએ રજૂ કરવાનો સંક્ષિપ્ત અહેવાલ (રિપોર્ટ).**– નોડલ અધિકારીએ, નિયમ ૪માં નિર્દિષ્ટ કરેલા અનાજના પુરવઠાની સ્થિતિની માસિક ખરાઇને આધારિત, હકદાર વ્યક્તિઓને અનાજનો પુરવઠો પૂરો પાડવામાં ન આવ્યાના કિસ્સાના કારણો સાથેનો અને જરૂર જણાઇ હોય ત્યારે લીધેલ ઉપાયાત્મક પગલાંનો નિર્દેશ કરતો સંક્ષિપ્ત અહેવાલ (રિપોર્ટ), વિતરણ કર્યાના પછીના મહિનાની પંદરમી તારીખ સુધીમાં, જિલ્લા મેજિસ્ટ્રેટને અથવા આ હેતુ માટે રાજ્ય સરકારે અધિકૃત કરેલા બીજા કોઇ અધિકારીને રજૂ કરવો જોઇશે.

૧૧. **અનાજની ગુણવત્તાના સંબંધમાં ફરિયાદ.**– અનાજની ગુણવત્તાના સંબંધમાં કરવામાં આવેલી કોઇપણ ફરિયાદ, તેની ફરિયાદનું નિવારણ ઇચ્છતા ફરિયાદી દ્વારા લેખિતમાં ફરિયાદ નિવારણ અધિકારીને કરવી જોઇશે, જેની તપાસ અને જેનો નિર્ણય, જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલા બીજા કોઇ અધિકારી દ્વારા વધુમાં વધુ પંદર દિવસની અંદર કરવામાં આવશે.

૧૨. **એક મહિના કરતાં વધુ સમય માટે હકદારીનું વિતરણ.**– રાજ્ય સરકારો, એક જ સમયે એક મહિના કરતાં વધુ સમય માટેની હકદારીઓ આપવાની પ્રથાનો અમલ કરતી હોય, ત્યારે સંબંધિત રાજ્ય સરકારે, હકદાર વ્યક્તિઓને આવી હકદારી આપવા માટેની બાબતની ખરાઇ કરવા માટે યોગ્ય ગોઠવણો હાથ ધરવી જોઇશે કે જેથી હકદારીઓ પ્રમાણે અનાજનું વિતરણ અથવા અનાજનો મળવાપાત્ર જથ્થો ન પૂરો પાડવાના કિસ્સામાં, પાત્ર વ્યક્તિઓને અન્ન સુરક્ષા ભથ્થાંની ચુકવણી કરવાની બાબત સુનિશ્ચિત કરી શકાય.

૧૩. **રાજ્ય સરકારો આદેશો આપવા માટે સક્ષમ ગણાશે.**– રાજ્ય સરકારો, જરૂર જણાય તો, આ નિયમોના અમલીકરણ માટે પોતે યોગ્ય ગણે તેવા આદેશો આપી શકશે.

[ફાઇલ નં. ૧૫–૫૯/૨૦૧૩–એનએફએસએ]

દીપક કુમાર, સંયુક્ત સચિવ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મૂકેશ કે. પંડિત,
સરકારના ઉપસચિવ,
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 218

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, AUGUST 14, 2017/SRAVANA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગ** ના **તારીખ : ૧૭મી જૂન, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ/એસએચ/૪૬/બીએમએસ/૧૧૭૮/૮૩/છ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Self Financed Schools (Regulation of Fees) Rules, 2017.

ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૨૦૧૭.

ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: જીએચ/એસએચ/૪૬/બીએમએસ/૧૧૧૭/૮૩/છ:- ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૦મા)ની કલમ ૨૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૭માં, પેટા-નિયમ (૪)માં "નમૂના ૩માં" એ શબ્દો અને આંકડાને બદલે "સમિતિના" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (૨)માં, "સન ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક વર્ષ માટે" એ શબ્દો પછી, "ઉઘરાવેલી / ઉઘરાવવાની ફી પણ" એ શબ્દો દાખલ કરવા.

૪. સદરહુ નિયમોમાં,

(૧) નમૂના રમાં,-

(૧) "નમૂનો ૨" શીર્ષક હેઠળ, કૌંસમાં, "નિયમ ૬ (૧)" એ શબ્દ, આંકડા અને કૌંસને બદલે, "નિયમ ૬ (૧)/૮" એ શબ્દ, આંકડા અને કૌંસ મૂકવા;

(૨) એનેક્ષર-૧માં, "બાંયધરી" શીર્ષક હેઠળ, કૌંસમાં, "નિયમ ૬" એ શબ્દ અને આંકડાને બદલે, "નિયમ ૬/૮" એ શબ્દ અને આંકડા મૂકવા;

(૩) એનેક્ષર-રમાં, ભાગ-૪માં, પેરા ૬માં,-

(ક) વિદ્યમાન શીર્ષકને બદલે, નીચેનું શીર્ષક મૂકવું:-

"આવકની વિગતો: નાણાકીય વર્ષ સન:.....થી.....

(નીચે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોની આવકની વિગતો અલગ પત્રકોમાં જણાવવી. તે ઉપરાંત, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે દરખાસ્તના વર્ષની ૧લી એપ્રિલથી ૩૧મી ઓગસ્ટ સુધીની આવકની વિગતો આપવી જોઇશે).";

(ખ) કોષ્ટકની નીચે, નીચેની નોંધ ઉમેરવી:-

"**નોંધ.**– શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે, નિયમ ૮ના પેટા-નિયમ (૧) ના ખંડ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, હિસાબો અને પ્રમાણપત્ર પૂરા પાડવા.";

(૪) પેરા ૭માં,-

(ક) "**પગાર અને ભથ્થાની વિગતો**" શીર્ષક હેઠળ, "શૈક્ષણિક વર્ષ" એ શબ્દોને બદલે, "નાણાકીય વર્ષ" એ શબ્દો મૂકવા;

INDEX

(ખ) સૂચના **ગ**–માં, "(છેલ્લા બે શૈક્ષણિક વર્ષના અલગ પત્રકો જોડવા)" એ કૌંસ અને શબ્દોને બદલે, "(છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના અલગ પત્રકો જોડવા)" એ કૌંસ અને શબ્દો મૂકવા;

(ગ) સૂચના **ઘ**–માં,

(૧) "શૈક્ષણિક વર્ષ" એ શબ્દોને બદલે, "નાણાકીય વર્ષ" એ શબ્દો મૂકવા;

(૨) "(છેલ્લા બે શૈક્ષણિક વર્ષના અલગ પત્રકો જોડવા)" એ કૌંસ અને શબ્દોને બદલે, "(છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના અલગ પત્રકો જોડવા)" એ કૌંસ અને શબ્દો મૂકવા;

(૨) નમૂનો ૩ કમી કરવો;

(૩) નમૂના ૪માં, કોષ્ટકમાં, કોલમ (૭)માં, "**ઉઘરાવેલ ફી**" એ શબ્દોને બદલે "**ઉઘરાવેલ / ઉઘરાવવાની ફી**" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અજય ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 219

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, AUGUST 14, 2017/SRAVANA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ** ના **તારીખ : ૩૦મી જૂન, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૩૩)જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૧)-૬** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ જાહેરનામું.

નાણા વિભાગ

જાહેરનામા ક્રમાંક.૪/૨૦૧૭ રાજ્ય વેરો (૬૨)

સચિવાલય, ગાંધીનગર, 30મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.(જીએચએન-૩૩)જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૧)-૬:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના રપમા)ની કલમ ૯ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણો પરથી, ગુજરાત સરકાર, આથી, નીચેના કોષ્ટકના કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વર્ણન મુજબ અને સદરહુ કોષ્ટકના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની તત્સમાન નોંધ પ્રમાણે ટેરિફ વસ્તુ, પેટા-શીર્ષક, શીર્ષક અથવા યથાપ્રસંગ, પ્રકરણ હેઠળ આવતા, કોલમ (૪) માંની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ માલનો પુરવઠો નિર્દિષ્ટ કરે છે, જેના સંદર્ભમાં રાજ્ય વેરો કોલમ (૫)માંની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કર્યા મુજબ આવા માલના રાજ્યાંતર્ગત પુરવઠા મેળવનાર દ્વારા વિપરીત વેરા (રિવર્સ ચાર્જ) આધારે ચુકવણી કરવામાં આવશે અને સદરહુ અધિનિયમની તમામ જોગવાઈઓ આવા પ્રાપ્તકર્તાને લાગુ પડશે:-

કોષ્ટક

અનુક્રમાંક	ટેરિફ આઇટમ, પેટા-શીર્ષક, શીર્ષક અથવા પ્રકરણ	માલના પુરવઠાનું વર્ણન	માલ પૂરો પાડનાર	પુરવઠો મેળવનાર
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧.	૦૮૦૧	ફોતરાં વગરના અથવા છોલ્યાં વગરના કાજુ	ખેડૂત	કોઇપણ રજિસ્ટર્ડ વ્યક્તિ
૨.	૧૪૦૪ ૯૦ ૧૦	બીડી વીંટવાના પાંદડા (તેંદુ)	ખેડૂત	કોઇપણ રજિસ્ટર્ડ વ્યક્તિ
૩.	૨૪૦૧	તમાકુના પાંદડા	ખેડૂત	કોઇપણ રજિસ્ટર્ડ વ્યક્તિ
૪.	૫૦૦૪ થી ૫૦૦૬	સિલ્ક યાર્ન	રેશમ યાર્નના પુરવઠા માટે કાચી રેશમ અથવા રેશમ કૃમિ કોકોનમાંથી રેશમ યાર્નનું ઉત્પાદન કરતી કોઈપણ વ્યક્તિ	કોઇપણ રજિસ્ટર્ડ વ્યક્તિ

INDEX

સ્પષ્ટીકરણ.–

(૧) આ કોષ્ટકમાં, "ટેરિફ વસ્તુ", "પેટા-શીર્ષક", "શીર્ષક" અને "પ્રકરણ" નો અર્થ, કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, અનુક્રમે ટેરિફ વસ્તુ, પેટા-શીર્ષક, શીર્ષક અથવા પ્રકરણ થશે.

(૨) પહેલી અનુસૂચિની કલમ અને પ્રકરણ નોંધો અને સામાન્ય સ્પષ્ટીકર્ણાત્મક નોંધો સહિત, કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનુસૂચિના અર્થઘટન માટેના નિયમો, શક્ય હોય ત્યાં સુધી, આ જાહેરનામાના અર્થઘટનને લાગુ પડશે.

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 220

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, AUGUST 14, 2017/SRAVANA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ ના તારીખ : ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી-૨૦૧૬-૪૭-એમવીડી-૧૦૨૦૧૬-૨૧-ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

INDEX

Notification

Under

The Central Motor Vehicles Rules, 1989

કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯.

ક્રમાંક: પીટી-૨૦૧૬-૪૭-એમવીડી-૧૦૨૦૧૬-૨૧-ખ:- સડક(માર્ગ) પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના, તારીખ: ૧૫.૦૪.૧૫ના જાહેરનામા ક્રમાંક: જેએસઆર ૨૯૦ (ઈ) અને તારીખ: ૦૧.૧૦.૧૫ના જાહેરનામા ક્રમાંક: ૨૬૮૭ (ઈ)થી વખતોવખત સુધાર્યા પ્રમાણેના, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૧૮ના પેટા-નિયમ ૨થી મળેલી સત્તાની રૂએ અને તારીખ: ૦૩.૦૮.૨૦૦૯નું સરકારી જાહેરનામું ક્રમાંક: પીટી/૨૦૦૯/૨૯/એમવીડી/૧૦૦૭/કોર્ટ-૧૧૯-૧/ખ. રદ કરીને, ગુજરાત સરકાર, આથી, સ્પીડ ગવર્નર (ઝડપ નિયંત્રિત કરતું સાધન), ઝડપ મર્યાદિત કરતી ડિવાઈસ (સંરચના) અથવા ઝડપ મર્યાદિત કરતાં સાધન બેસાડેલ ન હોય તેવા અને નિયમ ૧૧૮ના પેટા-નિયમ ૧ના પહેલા પરંતુક હેઠળ આવરી લીધેલ ન હોય તેવા, હેરફેર વાહનોની કક્ષા નિર્દિષ્ટ કરે છે, જેમાં નીચેના કોષ્ટક પછીની નિર્દિષ્ટ શરતો અને માર્ગદર્શક સૂચનાનું પાલન કરવાને અધીન રહીને, વાહનોના ચાલકોએ સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ સ્પીડ ગવર્નર (ઝડપ નિયંત્રિત કરતું સાધન) લગાડવા અથવા બેસાડવા જોઈશે.

અનુક્રમ ક્રમાંક	હેરફેર (પરિવહન)ના વાહનોના પ્રકાર	અગાઉથી નિર્ધારિત ઝડપ
૧	ઉતારૂઓ અને તેમના સામાન લાવવા/લઈ જવા માટે ઉપયોગમાં લેવાતાં, ડ્રાઈવર સિવાય (ઉપરાંત) ૧૨ કરતાં વધારે ઉતારૂઓની બેઠક ક્ષમતા ધરાવતાં કોન્ટ્રાક્ટ કેરેજ વાહનો.	૭૦ કિલોમીટર પ્રતિ કલાક
૨	૭૫૦૦ કિલોથી વધારે એકંદર વાહન વજન ધરાવતાં માલ વાહનો.	૭૦ કિલોમીટર પ્રતિ કલાક
૩	ડ્રાઈવર સિવાય ૧૨ વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતાં પ્રાઇવેટ સર્વિસ (ખાનગી સેવા)ના વાહનો.	૭૫ કિલોમીટર પ્રતિ કલાક
૪	ડ્રાઈવર સિવાય ૧૨ વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓની માલિકીની ઓમ્નિ બસો.	૬૦ કિલોમીટર પ્રતિ કલાક
૫	ડ્રાઈવર સિવાય ૧૨ વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ સાથે કરાર હેઠળ ઉપયોગમાં લેવાતી કોન્ટ્રાક્ટ કેરેજ ઓમ્નિ બસો.	૬૦ કિલોમીટર પ્રતિ કલાક
૬	ડમ્પર	૫૦ કિલોમીટર પ્રતિ કલાક
૭	ટેન્કરો	૫૦ કિલોમીટર પ્રતિ કલાક
૮	જોખમી માલસામાન વહન કરતાં ૭૫૦૦ કિલોથી વધારે એકંદર વાહન વજન ધરાવતાં માલ વાહનો.	૬૦ કિલોમીટર પ્રતિ કલાક

INDEX

શરતો અને માર્ગદર્શક સૂચનાઓ

(૧) ઝડપ નિયંત્રિત કરતું સાધન (SLD), કેન્દ્રીય મોટર વાહન નિયમોના નિયમ ૧૨ક હેઠળ, અધિકૃત કરેલી નીચેની કોઈપણ એજન્સી દ્વારા માન્ય કરેલ પ્રકારનું હોવું જોઇશે:-

(૧) ઓટોમોટિવ રિસર્ચ અસોસિએશન ઓફ ઇન્ડિયા (એ.આર.એ.આઈ)

(૨) સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ રોડ ટેક્નોલોજી (સી.આઇ.આર.ટી)

(૩) ઇન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમોટિવ ટેક્નોલોજી (આઇ.સી.એ.ટી)

(૪) વેહીકલ રિસર્ચ એન્ડ ડેવલપ્મેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (વી.આર.ડી.ઈ) તથા AIS (એ.આઈ.એસ)-૦૧૮ પાલન માટે,

(ક) વખતોવખત સુધાર્યા પ્રમાણેના, AIS (એ.આઈ.એસ)-૦૩૭ /૨૦૦૪માં ઠરાવ્યા પ્રમાણે માન્ય કરેલ પ્રકારનું અથવા સી.ઓ.પી (COP) નું પ્રમાણપત્ર.

(ખ) વખતોવખત સુધાર્યા પ્રમાણેના, AIS (એ.આઈ.એસ)-૦૧૮ /૨૦૦૧ પ્રમાણે માન્ય કરેલા વાહનોના વિવિધ મોડલ અને તેમના વેરીઅન્ટ (ફેરફાર કરેલા સ્વરૂપ)નો પરફોર્મન્સ ટેસ્ટ રિપોર્ટ, ઘરાવતું હોવું જોઈશે.

(૨) વખતોવખત સુધાર્યા પ્રમાણેના, AIS (એ.આઈ.એસ)-૦૦૪ (ભાગ-૩)/૧૯૯૯ની જરૂરીયાતો મુજબ, ઝડપ નિયંત્રિત કરતું સાધન (SLD) ઇલેક્ટ્રોમેગ્નેટિક કોમ્પેટીબીલિટી (EMC) ઘરાવતું હોવું જોઈશે.

(૩) લગાડવાના એવા દરેક ઝડપ નિયંત્રિત કરતું સાધન (SLD)ના બેસાડવાના ભાગો તેની ગુણવત્તા અંગેના ચિહ્નો (બારકોડ ઘરાવતા સ્ટીકરના આકારમાં હોઈ શકે છે) ઘરાવવા જોઈશે, જેમાં નીચેની માહિતી સમાવિષ્ટ હોવી જોઈશે:-

(ક) ટ્રેડમાર્ક (વ્યાપાર ચિહ્ન) /ઉત્પાદન ચિહ્ન.

(ખ) ઉત્પાદક દ્વારા અપાયેલ સીરીયલ નંબર (અનુક્રમાંક).

(ગ) વખતોવખત સુધાર્યા પ્રમાણેના, AIS (એ.આઈ.એસ)-૦૩૭/૨૦૦૪ મુજબ માન્ય કરાયેલ પ્રકારનો સંદર્ભ, ટેસ્ટ એજન્સી દ્વારા ફાળવેલ છ અક્ષરના આલ્ફાન્યુમેરિક (અક્ષર+ આંકડા) સંજ્ઞા ઘરાવતા ચિહ્ન દ્વારા દર્શાવવો જોઈશે.

(૪) એ રીતે બેસાડેલા સ્પીડ ગવર્નર, સરકારે, નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની મહત્તમ ઝડપ સુધી વાહનની ગતિ મર્યાદિત કરવા ક્રિયાત્મક રીતે સક્ષમ હોવા જોઇશે;

(૫) સ્પીડ ગવર્નરના ઉત્પાદકે, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૨ક હેઠળ નિર્દિષ્ટ કરેલી કોઇપણ અધિકૃત ટેસ્ટીંગ(ચકાસણી) એજન્સી પાસે, બેસાડવાના સ્પીડ ગવર્નરના સંદર્ભમાં, ટાઇપ કરેલું મંજૂરી પ્રમાણપત્ર મેળવવું જોઇશે.

(૬) એ રીતે પ્રમાણિત કરેલ દરેક સ્પીડ ગવર્નર, માત્ર અધિકૃત ટેસ્ટીંગ એજન્સી દ્વારા પ્રમાણિત કર્યા પ્રમાણેના વાહનની એવી બનાવટ અને મોડલ માટે જ વાપરવું જોઈશે. સ્પીડ ગવર્નરની કોઇ બનાવટ અથવા મોડેલના દરેક વેરીયન્ટ(ફેરફાર કરેલ સ્વરૂપ) માટે અધિકૃત ટેસ્ટીંગ એજન્સી એમ પણ પ્રમાણિત કરશે કે એવા સ્પીડ ગવર્નર અથવા તેના વેરીયન્ટ વાહનોના કયા મોડલ અથવા વેરીયન્ટમાં વાપરવા જોઇશે.

(૭) શરત 'પ' હેઠળ પ્રમાણપત્ર મેળવ્યા પછી, એવા ઉત્પાદક દ્વારા સી.ઓ.પી. (CoP) મેળવવાની જરૂરિયાતને અધીન રહીને, સ્પીડ ગવર્નરના ઉત્પાદક અથવા આવા ઉત્પાદકના અધિકૃત વેપારી, રાજ્ય સરકારે નિર્દિષ્ટ કરેલા પરિવહન વાહનોમાં સ્પીડ ગવર્નર બેસાડવા માટે અધિકૃત થશે.

INDEX

(૮) ઝડપ નિયંત્રિત કરતાં સાધનનો મંજૂર કરેલ પ્રકાર અને અનુક્રમ નંબર ઓડિટ/ નિરીક્ષણના હેતુ માટે ''વાહન (VAHAN) (વેબસાઈટ)''ના ડેટાબેઝ સાથે સંકલિત કરવો જોઈશે, જેથી એન.આઈ.સી (NIC) જ્યારે ''વાહન'' ડેટાબેઝમાં આવી સુવિધા સમાવિષ્ટ કરે, ત્યારે વાહનવ્યવહાર સત્તાધિકારી તેની ખરાઇ કરી શકે.

(૯) ઉપર (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આગળના વિન્ડ સ્ક્રીન પર ઉપરની ડાબી બાજુએ, અંદરની તરફથી ૧૦૦ મિ.મિ × ૬૦ મિ.મિના ધારાધોરણ પ્રમાણેના માપનું સ્ટીકર ચોટાડવું જોઇશે. જેમાં ૫૫ મિ.મિના વર્તુળમાં નિયત ગતિ મર્યાદા દર્શાવવી જોઈશે અને બાકીની જગ્યાનો ઉપયોગ (૩)માં દર્શાવેલ માહિતી માટે કરવો જોઈશે, માર્કિંગની માહિતી સમાવિષ્ટ કરતું ડીસ્ટ્રક્ટિબલ (નાશ પામે તેવું) સ્ટીકર, આર.સી બુકના સંદર્ભ વિના, ઝડપી ઓડિટના હેતુ માટે ચોંટાડવું જોઇશે.

(૧૦) ઉત્પાદક(કો) અથવા તેમના અધિકૃત વેપારીઓ દ્વારા ઝડપ નિયંત્રિત કરતું સાધન યોગ્ય પોઇન્ટ (જગ્યા) પર સીલ કરવું જોઇશે, સ્પીડ ગવર્નર સાથે કોઇપણ ચેડાં થવા બાબતની જવાબદારી, વાહન માલિકની રહેશે, આવા બનાવના કિસ્સામાં, અમલીકરણ અધિકારી યોગ્ય પગલાં લઇ શકશે.

(૧૧) દરેક ઝડપ નિયંત્રિત કરતાં સાધનના ઉત્પાદકે વાહનો પર ઇન્સ્ટોલ કરેલા (બેસાડેલા) દરેક ઝડપ નિયંત્રિત કરતાં સાધન (SLD)નો રેકોર્ડ રાખવા તેમજ કોઇપણ સમયે ઓડિટ/ઝડપી માહિતી માટે મેનેજમેન્ટ ઇન્ફોરમેશન સિસ્ટમ (MIS) નિભાવવી જોઇશે.

(૧૨) વાહનવ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-એ, વાહન માલિકને ફિટનેસ (યોગ્યતા) પ્રમાણપત્ર આપતા પહેલાં, ઝડપ નિયંત્રિત કરતાં સાધનનું યોગ્ય ઇન્સ્ટોલેશન સુનિશ્ચિત કરવું જોઇશે. માન્ય કરેલ પ્રકારનું પ્રમાણપત્ર (TAC) રદ કરવા સહિત, માર્કિંગ, સીલિંગ અને પરફોર્મન્સ (કામગીરી)ને સંબંધિત કોઇપણ ફેરફારની જાણ વગેરે યોગ્ય પગલા લેવા માટે સડક(માર્ગ) પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય (MoRTH) ને કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 221

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, AUGUST 16, 2017/SRAVANA 25, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગ ના તારીખ : ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૧૬/૨૦૧૭/કેએસએમ/૧૦૧૫/૭૦૧૯૯૬/કે.૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Administrative Officer, Class I, in the Directorate of Agriculture, Recruitment Rules, 2017.

ખેતી નિયામકની કચેરીમાં, વહીવટી અધિકારી, વર્ગ–૧, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું

કૃષિ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૦/૦૨/૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીએચકેએચ/૧૬/૨૦૧૭/કેએસએમ/૧૦૧૫/૭૦૧૯૯૬/કે.૧:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, વહીવટી અધિકારી, વર્ગ-૧ ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ખેતી નિયામકની કચેરીમાં, વહીવટી અધિકારી, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, વહીવટી અધિકારી, વર્ગ ૧ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વહીવટી અધિકારી, વર્ગ-૨ ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ:

INDEX

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;

(ગ) (૧) ખેતી નિયામકની કચેરી- ગુજરાત રાજ્ય હેઠળ, કચેરી અધીક્ષક, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા;

(૨) ખેતી નિયામકની કચેરી- ગુજરાત રાજ્ય હેઠળ, કચેરી અધીક્ષક, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો સરકારમાં, સરકાર હસ્તક બોર્ડ, કોર્પોરેશન, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં અથવા બિન-સરકારી સંસ્થામાં વહીવટના ક્ષેત્રમાં આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવિતા રાઠોડ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 222

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, AUGUST 18, 2017/SRAVANA 27, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ–ના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: (જીએચએન–૩૦) જીએસટી–૨૦૧૭/અત્ર.૫૦, ૫૧ અને ૫૬(૧)–૬ –નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.(જીએચએન-૩૦)જીએસટી-૨૦૧૭/એસ.૫૦,૫૪ અને ૫૬(૧)-૬:-ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૫૦ની પેટા-કલમો (૧) અને (૩), કલમ ૫૪ની પેટા-કલમ (૧૨) તથા કલમ ૫૬થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણો પરથી, ગુજરાત સરકાર, આથી, નીચેના કોષ્ટકના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની કલમોના હેતુઓ માટે, સદરહુ કોષ્ટકના કોલમ (૩)માંની તત્સમાન નોંધમાં જણાવ્યા પ્રમાણે પ્રતિવર્ષ વ્યાજનો દર નક્કી કરે છે.

કોષ્ટક

અનુક્રમાંક	કલમ	વ્યાજનો દર (ટકાવારીમાં)
(૧)	(૨)	(૩)
૧.	કલમ ૫૦ની પેટા-કલમ (૧)	૧૮
૨.	કલમ ૫૦ની પેટા-કલમ (૩)	૨૪
૩.	કલમ ૫૪ની પેટા-કલમ (૧૨)	૬
૪.	કલમ ૫૬	૬
૫.	કલમ ૫૬નો પરંતુક	૯

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 223

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, AUGUST 19, 2017/SRAVANA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસુલ વિભાગના તારીખ : ૧૮મી જુલાઈ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૨૦૧૭-એમ-૫૧-એસટીપી-૧૧૨૦૧૬-૮૩૫-એચ.૧.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants form Eviction form Premises in Disturbed Areas Act, 1991.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ ૧૯૯૧, હેઠળ

જાહેરનામું.

મહેસૂલ વિભાગ,

તારીખ: ૧૮મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ ૧૯૯૧.

ક્રમાંક.જીએચએમ-૨૦૧૭-એમ-૫૧-એસટીપી-૧૧૨૦૧૬-૮૩૫-એચ.૧:- ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ ૧૯૯૧ (સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨મા)ની કલમ ૧૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ઉપર્યુકત અધિનિયમની કલમ ૪, ૫ અને ૫-ક હેઠળ કલેકટર, સુરત દ્વારા વાપરવાપાત્ર તમામ સત્તા નાયબ કલેકટર, (શહેર પ્રાંત) સુરત, જિલ્લો-સુરતને સોંપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. વી. ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 224

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, AUGUST 21, 2017/SRAVANA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગના તારીખ : ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૨૦૧૭-૬-ટીએલએમ-૧૦૨૦૦૮-૧૫૧૬૬૧-આર(૧).-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Principal Class II/ Senior Surveyor Class II/ Technical Officer Class II/ Training cum Placement Officer/ Trade Testing Officer/ Senior Training Officer, Recruitment Rules, 2009.

આચાર્ય વર્ગ ૨/ સિનિયર સર્વેયર વર્ગ ૨/ તકનિકી અધિકારી વર્ગ ૨/ તાલીમ–સહ–નોકરી પ્રબંધ અધિકારી/ વ્યવસાય પરીક્ષણ અધિકારી/ સિનિયર તાલીમ અધિકારી, ભરતી નિયમો, ૨૦૦૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.કેએચઆર–૨૦૧૭–૬–ટીએલએમ–૧૦૨૦૦૮–૧૫૧૬૬૧–આર(૧):– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, આચાર્ય વર્ગ ૨/ સિનિયર સર્વેયર વર્ગ ૨/ તકનિકી અધિકારી વર્ગ ૨/ તાલીમ–સહ–નોકરી પ્રબંધ અધિકારી/ વ્યવસાય પરીક્ષણ અધિકારી/ સિનિયર તાલીમ અધિકારી, ભરતી નિયમો, ૨૦૦૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો આચાર્ય વર્ગ ૨/ સિનિયર સર્વેયર વર્ગ ૨/ તકનિકી અધિકારી વર્ગ ૨/ તાલીમ–સહ–નોકરી પ્રબંધ અધિકારી/ વ્યવસાય પરીક્ષણ અધિકારી/ સિનિયર તાલીમ અધિકારી, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. આચાર્ય વર્ગ ૨/ સિનિયર સર્વેયર વર્ગ ૨/ તકનિકી અધિકારી વર્ગ ૨/ તાલીમ–સહ–નોકરી પ્રબંધ અધિકારી/ વ્યવસાય પરીક્ષણ અધિકારી/ સિનિયર તાલીમ અધિકારી, ભરતી નિયમો, ૨૦૦૯ (જેનો આમાં હવે પછીથી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪માં, ખંડ (ક)માં, નીચેનો મજકૂર કરવો:–

"(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય–મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ના ખંડ (ઘ) પછીનો પરંતુક કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અંકિતા સંગાડા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 225 વાર્ષિક લવાજમનોદર₹. ૩૫૦૦/-

सत्यमेव जयते

The GujaratGovernment Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, AUGUST 21, 2017/SRAVANA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : **૩૦મી જૂન, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: (જીએચએન-૩૯) જીએસટી/૨૦૧૭/એસ.૧૧(૧) (૪)-ઠ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Goods and Services Tax Act, 2017.
ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ,

જાહેરનામા ક્રમાંક: ૦૮/૨૦૧૭ – રાજ્ય વેરો (૬૨)

સચિવાલય, ગાંધીનગર,૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક:(જીએચએન-૩૯)જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૪)-૬:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૧ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણોને આધારે, એમ કરવું જાહેર હિતમાં જરૂરી છે તેવી ખાતરી થયેથી ગુજરાત સરકાર, આથી, રજિસ્ટર થયેલ ન હોય તેવા કોઇ પૂરવઠાકાર પાસેથી, રજિસ્ટર થયેલ વ્યક્તિએ મેળવેલ માલ અથવા સેવા અથવા બંનેના રાજ્યાંતર્ગત (રાજ્યની અંદર) પૂરવઠાને, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ હેઠળ લેવાપાત્ર સમગ્ર રાજ્ય વેરા માંથી મુક્તિ આપે છે:

પરંતુ રજિસ્ટર્ડ થયેલ ન હોય તેવા કોઇ અથવા તમામ પુરવઠાકાર પાસેથી,રજિસ્ટર્ડ થયેલ વ્યક્તિએ મેળવેલ માલ અથવા સેવા અથવા બંનેના આવા પુરવઠાનું એકંદર (કુલ) મૂલ્ય, દિવસમાં રૂપિયા પાંચ હજારથી વધારે હોય ત્યારે, આવી મુક્તિ લાગુ પડશે નહિ.

૨.આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 226 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, AUGUST 22, 2017/SRAVANA 31, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસુલ વિભાગના તારીખ : ૧લી ઓગસ્ટ ૨૦૧૬ના સરકારી જાહેરનામા કમાંક : જીએચએમ/૨૦૧૭/૬૨/એનએપી /૧૦૨૦૧૭/ ૬૭૩ /કે.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ,૨૦૧૭.

ગુજરાત(જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર)અધિનિયમ.૨૦૧૩

ક્રમાંક.જીએચએમ/૨૦૧૭/૬૨/એનએપી/૧૦૨૦૧૭/૬૭૩/કે:- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ની કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટની કોલમ ૩-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે, તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક	અધિનિયમની કલમ ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ	નિયત સમયમર્યાદા
૧	જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૬૯ની કલમ ૬૫ હેઠળ બિન- કૃષિવિષયક પરવાનગી	૩ મહિના

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અશોક પટેલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 227

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, AUGUST 23, 2017/BHADRA 1, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૭

તારીખ : ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,

સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO.28 OF 2017.

THE GUJARAT CO-OPERATIVE SOCIETIES (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાન મંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૧૭ના ઓગસ્ટ મહિનાની ૨૨મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,

ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

GUJARAT ACT NO. 28 OF 2017.

AN ACT

further to amend the Gujarat Co-operative Societies Act, 1961.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ૨૮ .

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના ઓગસ્ટ મહિનાની ૨૩મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણ રાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧.(૧) આ અધિનિયમ ગુજરાત સહકારી મંડળી(સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૩જી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન૧૯૬૨-નો ગુજરાતનો ૧૦મો.

સન ૧૯૬૨-ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૭૪- ગગ કમી કરવા બાબત.

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ''તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૭૪-ગગ કમી કરવી.

સન ૨૦૧૭નો ગુજરાતનો વટહુકમ ૧લો.

રદ કરવા બાબત અને અપવાદ.

૩ (૧) ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમ, ૨૦૧૭, આથી, રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 228

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, AUGUST 23, 2017/BHADRA 1, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૭.

તારીખ : ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૭ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ૨૯ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 29 OF 2017.

THE GUJARAT SINGLE WINDOW CLEARANCES ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૭**ના ઓગસ્ટ મહિનાની **૨૨મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 29 OF 2017.

AN ACT

to provide for speedy process for issue of various licences, clearances and certificates required for setting up of industrial undertakings for the promotion of industrial development and also to provide for an investor friendly environment in the state and for matters connected therewith or incidental thereto.

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૯ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના ઓગસ્ટ મહિનાની ૨૩મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ઔદ્યોગિક વિકાસની વૃદ્ધિ માટે ઔદ્યોગિક અન્ડરટેકિંગ ઊભા કરવા માટે જરૂરી હોય તેવા જુદા જુદા લાઈસન્સ, પરવાનગી અને પ્રમાણપત્ર કાઢી આપવા માટેની ઝડપી પ્રક્રિયા માટે જોગવાઈ કરવા અને રાજ્યમાં મૂડીરોકાણકારોને સાનુકૂળ હોય તેવા વાતાવરણ માટેની પણ જોગવાઈ કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ–

INDEX

પ્રકરણ ૧
પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો–

(૧) "પરવાનગી (મંજૂરી) (Clearances)" એટલે સંબંધિત અધિનિયમો હેઠળ રાજ્યમાં ઔદ્યોગિક અન્ડરટેકિંગ ઊભું કરવાના સંબંધમાં કોઈ સક્ષમ સત્તામંડળ અથવા સત્તામંડળોએ ના–વાંધા પ્રમાણપત્ર, ફાળવણી, સંમતિ, માન્યતા, પરવાનગી, રજિસ્ટ્રેશન, ઉદ્દેશ–પત્ર (memorandum), નામ–નોંધણી, લાઇસન્સ અને તેના જેવી પરવાનગી આપવી અથવા કાઢી આપવી અને તેમાં, ઔદ્યોગિક અન્ડરટેકિંગ વાણિજ્યિક ઉત્પાદન શરૂ ન કરે ત્યાં સુધી આવશ્યક હોય તેવી તમામ પરવાનગીઓનો સમાવેશ થશે;

(૨) "સક્ષમ સત્તામંડળ" એટલે રાજ્યના કાયદા હેઠળ પરવાનગીઓ આપવા અથવા કાઢી આપવા માટેની સત્તા અને જવાબદારીઓ સોંપવામાં આવેલ હોય તેવો રાજ્ય સરકારનો કોઈ વિભાગ અથવા એજન્સી, અધિકૃત એજન્સી, ગ્રામ પંચાયત, નગરપાલિકા અથવા અન્ય સ્થાનિક મંડળ;

(૩) "જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (District Level Facilitation Committee) (DLFC)" એટલે કલમ ૫ હેઠળ રચાયેલી સમિતિ;

(૪) "ધંધો કરવા માટેની સુવિધા (સુગમતા) (Ease of Doing Business)" એટલે ઔદ્યોગિક નીતિ અને વૃદ્ધિ વિભાગ, ભારત સરકાર–ની, ધંધો કરવા માટેની સુવિધા અંગેની પહેલ;

(૫) "ઔદ્યોગિક અન્ડરટેકિંગ" એટલે ઉત્પાદન અથવા પ્રક્રિયા અથવા તે બંનેમાં અથવા સેવા પૂરી પાડવામાં અથવા બીજો કોઈ ધંધો અથવા વાણિજ્યિક પ્રવૃત્તિ કરવામાં રોકાયેલાં હોય તેવાં, રાજ્ય સરકારે આ અર્થે નિર્દિષ્ટ કરેલાં અન્ડરટેકિંગ્સ;

(૬) "મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી" એટલે કલમ ૮ હેઠળ જાહેર કરેલી એજન્સી;

(૭) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૮) "સંબંધિત અધિનિયમો" એટલે રાજ્ય સરકારે કલમ ૩ હેઠળ નિર્દિષ્ટ કરેલા અધિનિયમો;

(૯) "એક–બારી સરલીકરણ સમિતિ (Single Window Facilitation Committee) (SWFC)" એટલે કલમ ૬ હેઠળ રચાયેલી સમિતિ;

(૧૦) "રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (State Level Facilitation Committee) (SLFC)" એટલે કલમ ૭ હેઠળ રચાયેલી સમિતિ;

(૧૧) "સમયમર્યાદા" એટલે જે મુદતની અંદર અરજીઓ અંગેની પ્રક્રિયા કરીને તેનો નિકાલ કરવાનું ફરજિયાત હોય તે મુદત.

INDEX

પ્રકરણ ૨

જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ, એક–બારી સરલીકરણ સમિતિ, રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીની રચના, સત્તા અને તેના કાર્યો

સંબંધિત અધિનિયમો નિર્દિષ્ટ કરવા બાબત.

૩. રાજ્યમાં ઉદ્યોગ ઊભો કરવા અને રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા સંબંધિત અધિનિયમો હેઠળ પરવાનગી મેળવવા ઇચ્છતો ઉદ્યોગ–સાહસિક, કલમ ૪ હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની નાણાકીય હકૂમત ધરાવતી સમિતિને અરજી કરી શકશે.

સમિતિઓની નાણાકીય હકૂમત.

૪. રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, મૂડીરોકાણની જે મર્યાદા સુધીમાં જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ, એક–બારી સરલીકરણ સમિતિ અથવા રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિને પરવાનગી માટેની અરજી કરવી જોઈશે તે મૂડી રોકાણની મર્યાદા નિર્દિષ્ટ કરી શકશે.

જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિની રચના, સત્તા અને કાર્યો.

૫. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, દરેક જિલ્લા માટે, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિની રચના કરી શકશે, જે, અધ્યક્ષ તરીકે જિલ્લા કલેક્ટર અને રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલા બીજા સભ્યોની બનેલી રહેશે. જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, આવી સમિતિના સભ્ય–સચિવ રહેશે.

(૨) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો કરશેઃ–

(૧) સમિતિના અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે અને સ્થળે મહિનામાં ઓછામાં ઓછું એક વખત બેઠક યોજવી અને ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ અનુસાર કામકાજનું સંચાલન કરવું જોઈશે;

(૨) ઉદ્યોગ–સાહસિકે લાગુ પડતા રાજ્ય કાયદા અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું પાલન કરવાને અધીન રહીને, સક્ષમ સત્તામંડળોએ, કલમ ૧૩ હેઠળ નિયત કરેલી સમયમર્યાદાની અંદર જરૂરી પરવાનગી કાઢી આપવા માટેની કાર્યવાહી કરવી જોઈશે;

(૩) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC)–એ, જુદા જુદા વિભાગોમાં સમયમર્યાદા ઉપરાંત અનિર્ણીત રહેલી તમામ અરજીઓની સમીક્ષા કરવી જોઈશે. અનિર્ણીત અરજીઓની યાદી, મૂડીરોકાણકાર સરલીકરણ પોર્ટલમાંથી મેળવી શકાશે.

(૪) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC), ઠરાવેલી સમયમર્યાદા ઉપરાંત અનિર્ણીત રહેલી અરજીઓ અંગે નિર્ણય લેવા માટે સમુચિત સત્તામંડળોને આદેશ આપી શકશે.

(૫) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC), વિલંબ સંબંધી રેકર્ડની ચકાસણી કરી શકશે અને તેને એવું જણાય કે જાણીબૂઝીને કરેલા કસૂરને કારણે વિલંબ થયો છે, તો તે, સક્ષમ સત્તામંડળ સામે યોગ્ય શિસ્તવિષયક પગલાં લેવા માટે એક–બારી સરલીકરણ સમિતિને ભલામણ કરી શકશે.

(૬) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC)–એ, જિલ્લામાંના ઔદ્યોગિક મૂડીરોકાણો અંગેની સહાય પૂરી પાડવા માટેના જરૂરી તમામ પગલાં લેવા જોઈશે, જેમાં, મૂડીરોકાણ કરવા અંગેના ઈરાદાની સમીક્ષા કરવાનો સમાવેશ થાય છે અને તેણે,

મૂડીરોકાણકાર સરલીકરણ પોર્ટલ મારફત રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિને અહેવાલ મોકલવો જોઈશે.

(૭) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC)–એ, રાજ્યની મૂડીરોકાણ અંગેની પરિસ્થિતિમાં સુધારો કરવા માટે, એક–બારી સરલીકરણ સમિતિને નીતિવિષયક સૂચનો સૂચવવા જોઈશે.

(૮) સક્ષમ સત્તામંડળોએ અરજીઓની પ્રક્રિયાની સમીક્ષા કરવી અને તેના પર દેખરેખ રાખવી;

(૯) સક્ષમ સત્તામંડળને જે તારીખે અરજી મળી હતી તે તારીખ અને આવી અરજી કઈ તારીખે મંજૂર અથવા નામંજૂર કરવામાં આવી તે તારીખની અરજદારને જાણ કરવી;

(૧૦) કલમ ૧૪ હેઠળ નિર્ણય કરવા માટે એક–બારી સરલીકરણ સમિતિને વિશેષ નોંધ અને સંબંધિત દસ્તાવેજો સાથે કેસ મોકલી આપવા;

(૧૧) સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય–સચિવ ઇચ્છે ત્યારે જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિની કોઈ બેઠકમાં ખાસ આમંત્રિતો તરીકે, સમિતિના સભ્યો ન હોય, તેવા સક્ષમ સત્તાધિકારીઓ અથવા નિષ્ણાતોને આમંત્રિત કરવા;

(૧૨) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિના સભ્યએ, ખંડ (૧) હેઠળ બોલાવેલી બેઠકમાં વ્યકિતગતરીતે હાજરી આપવી જોઇશે અને તે, બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં, તેઓ બેઠકમાં યોગ્ય નિર્ણય લેવા માટે લેખિતમાં અધિકૃત કરીને સિનિયર કક્ષાના અધિકારીને પ્રતિનિધિ તરીકે મોકલી શકશે;

(૧૩) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા અને તેવા બીજા કાર્યો.

એક–બારી સરલીકરણ સમિતિની રચના, સત્તા અને તેના કાર્યો.

૬. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અધ્યક્ષ તરીકે ગુજરાત રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષપદ હેઠળ અને રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી સંખ્યાના બીજા સભ્યોની બનેલી એક–બારી સરલીકરણ સમિતિની રચના કરી શકશે. ઉદ્યોગ કમિશનર, આવી સમિતિના સભ્ય–સચિવ રહેશે.

(૨) સમિતિ, નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશે:–

(૧) સમિતિના અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે અને સ્થળે મહિનામાં ઓછામાં ઓછી એક વખત બેઠક યોજવી અને ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ પ્રમાણે પોતાના કામકાજનું સંચાલન કરવું;

(૨) સક્ષમ સતામંડળોએ, લાગુ પડતા કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉદ્યોગ–સાહસિકે પાલન કરવાને અધીન રહીને, કલમ ૧૩ હેઠળ નિયત કરેલી સમયમર્યાદાની અંદર જરૂરી પરવાનગી આપવા કાર્યવાહી કરવી જોઇશે;

(૩) સક્ષમ સત્તામંડળો અને જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિએ અરજીઓની પ્રક્રિયાની સમીક્ષા કરવી અને તેના પર દેખરેખ રાખવી;

INDEX

(૪) સક્ષમ સત્તામંડળને જે તારીખે અરજી મળી હતી તે તારીખ અને આવી અરજી જે તારીખે મંજૂર અથવા નામંજૂર કરવામાં આવી હોય તે તારીખની અરજદારને જાણ કરવી;

(૫) કલમ ૧૬ હેઠળ નિર્ણય માટે રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિને વિશેષ નોંધો અને સંબંધિત દસ્તાવેજો સાથે કેસ મોકલી આપવા;

(૬) સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય–સચિવ ઈચ્છે ત્યારે રાજ્ય સમિતિની બેઠકમાં ખાસ આમંત્રિતો તરીકે, સમિતિના સભ્યો ન હોય, તેવા સક્ષમ સત્તાધિકારીઓ અથવા નિષ્ણાતોને આમંત્રિત કરવા;

(૭) સમિતિએ, મૂડીરોકાણ સરલીકરણ પોર્ટલ (Investment Facilitation Portal) હેઠળની સમયમર્યાદા ઉપરાંત અનિર્ણિત રહેલી તમામ અરજીઓ અને ફરિયાદોની સમીક્ષા કરવી જોઈશે અને જરૂરી પગલાં લેવા માટે સક્ષમ સત્તામંડળને આદેશો આપવા જોઈશે;

(૮) સમિતિને, જેની અરજીઓ અને ફરિયાદો, ઠરાવેલી સમયમર્યાદા ઉપરાંત અનિર્ણિત રહેલી હોય તેવા સક્ષમ સત્તામંડળને વિલંબનું કારણ પૂછવાની સત્તા રહેશે અને જરૂરી માહિતી માટે અને સ્વયં ઉપસ્થિત રહેવા માટે બોલાવી શકશે;

(૯) સમિતિનો એવો અભિપ્રાય હોય કે અરજીઓ અને ફરિયાદોની મંજૂરીની પ્રક્રિયામાં ઈરાદાપૂર્વક વિલંબ કર્યો છે, તો સમિતિ, જરૂરી તપાસ હાથ ધરીને, સક્ષમ સત્તામંડળ સામે પગલાં લેવાની ભલામણ કરી શકશે;

(૧૦) સમિતિ, અરજદારે કરેલી અરજીઓનો અથવા ફરિયાદોનો નિકાલ કરવામાં સક્ષમ સત્તામંડળે કરેલા વિલંબ અંગેના કારણોની તપાસ કરવા માટે, કોઈ સિનિયર અધિકારીની નિમણૂક કરી શકશે;

(૧૧) તે, રાજ્યના ઔદ્યોગિક મૂડીરોકાણની સમીક્ષા કરી શકશે અને રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC)ને તે અંગે જરૂરી ભલામણો કરી શકશે;

(૧૨) એક–બારી સરલીકરણ સમિતિના સભ્યએ, ખંડ (૧) હેઠળ બોલાવેલી બેઠકમાં પોતે હાજરી આપવી જોઈશે અને તે, બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં, તેઓ બેઠકમાં યોગ્ય નિર્ણય લેવા માટે લેખિતમાં અધિકૃત કરીને કોઈ સિનિયર કક્ષાના અધિકારીને મોકલી શકશે;

(૧૩) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા અને તેવા બીજા કાર્યો.

રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિની રચના, સત્તા અને તેના કાર્યો.

૭. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈ નિર્દિષ્ટ હેતુ માટે અથવા નિર્દિષ્ટ ક્ષેત્ર માટે, મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદ હેઠળ અને રાજ્ય સરકાર યોગ્ય ગણે તેટલી બીજી સંખ્યાના સભ્યોની બનેલી રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC)ની રચના કરી શકશે તથા તેને આ અધિનિયમની જોગવાઈઓ સાથે સુસંગત હોય તેવી સત્તા અને તેવા કાર્યોની સોંપણી કરી શકશે.

INDEX

(૨) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ, નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશે:–

(૧) રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી હોય તેવા નવા આંતરમાળખાના વિકાસ અંગે નિર્ણય કરી શકશે;

(૨) ક્ષેત્રના વિશિષ્ટ વિકાસ અંગે નીતિવિષયક નિર્ણયો કરી શકશે;

(૩) સક્ષમ સત્તામંડળને અરજીઓના ઝડપી નિકાલ માટે આદેશ આપી શકશે;

(૪) તેના (સમિતિના) કામકાજ પાર પાડવા માટે જરૂરી હોય તેટલી વાર બેઠક યોજવી જોઈશે, પરંતુ એક–બારી સરલીકરણ સમિતિ (SWFC)ની અને જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC)ની કામગીરીની સમીક્ષા કરવા માટે અને આવશ્યક હોય ત્યારે જરૂરી ભલામણો કરવા માટે, રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC)ના અધ્યક્ષ નક્કી કરે તે પ્રમાણે દર વર્ષે ઓછામાં ઓછી બે વાર બેઠક યોજવી જોઇશે;

(૫) એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) અને રાજ્ય સરકારે ઉલ્લેખેલી બાબતો પણ વિચારણામાં લઇ શકશે અને તે બાબતો ઉપર યોગ્ય નિર્ણય કરી શકશે;

(૬) રાજ્યમાં મૂડીરોકાણ સંબંધિત વાતાવરણ વિકસાવવા માટે ભલામણો કરી શકશે/ સૂચનો આપી શકશે;

(૭) રાજ્યના બીજા કોઇપણ વિકાસલક્ષી પાસાં અંગે પણ નિર્ણય કરી શકશે;

(૮) સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય–સચિવ ઇચ્છે ત્યારે કોઇ બેઠકમાં ખાસ આમંત્રિતો તરીકે, સમિતિના સભ્યો ન હોય, તેવા સક્ષમ સત્તાધિકારીઓ (ઓથોરિટી) અથવા નિષ્ણાતોને આમંત્રિત કરી શકશે;

(૯) સમિતિએ,-

(ક) કલમો ૧૫ અને ૧૭ હેઠળ કેસ અંગે વિચારણા કરવી જોઇશે અને નિર્ણય કરવો જોઇશે;

(ખ) ઠરાવવામાં આવે તેવી બીજી સતા વાપરવી જોઇશે અને તેવા બીજા કાર્યો કરવા જોઇશે.

(૩) રાજય સ્તરની સમિતિના સભ્યએ, ખંડ (૧) હેઠળ બોલાવેલી બેઠકમાં પોતે હાજરી આપવી જોઇશે અને તે, બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં, તેઓ બેઠકમાં યોગ્ય નિર્ણય લેવા માટે લેખિતમાં અધિકૃત કરીને કોઇ સિનિયર કક્ષાના અધિકારીને પ્રતિનિધિ તરીકે મોકલી શકશે;

(૪)સમિતિના નિર્ણયો, એક–બારી સરલીકરણ સમિતિ, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ અને સક્ષમ સત્તામંડળોને બંધનકર્તા રહેશે.

મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીની રચના, સત્તા અને તેના કાર્યો.

૮. (૧)રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, રાજ્ય સ્તરની મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી નીમી શકશે, જે, ફરમાવવામાં આવે તેવા બીજા સુપરવાઇઝરિ (અવેક્ષક) અને દફતરી કર્મચારીવર્ગ સહિતના ઉદ્યોગ કમિશનરના વડપણ હેઠળનું સેલ રહેશે. મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી, આ અધિનિયમના હેતુઓ માટે નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.

INDEX

(૨)મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીના કાર્યોમાં, બીજા કાર્યો સહિત, નીચેના કાર્યોનો સમાવેશ થશે:–

(ક) રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટે ઉદ્યોગ–સાહસિકોને માર્ગદર્શન આપવું અને મદદ કરવી;

(ખ) મૂડીરોકાણ પ્રોત્સાહનની પ્રવૃત્તિઓ હાથ ધરવી;

(ગ) ઔદ્યોગિક પ્રગતિ માટે નીતિ નિર્ધારણમાં જરૂરી સહાય આપવી;

(ઘ) મૂડીરોકાણકારોની અરજીઓ માટે મૂડીરોકાણકાર સરલીકરણ પોર્ટલ સાથે વેબસાઈટના સંકલન અને મૂડીરોકાણકાર સરલીકરણ પોર્ટલના સરળ કામકાજ માટે ફરમાવવામાં આવે તેવી કોઈ સહાય માટે રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો સાથે સંકલન કરવું;

(ચ) ઠરાવવામાં આવે તેવી રીતે કોઈ મંજૂરી/પ્રોત્સાહનો/જમીન સંબંધિત બાબતો/ટેકનિકલ બાબતો અને બીજા કોઈ બાબતો સંબંધી મૂડીરોકાણકારની ફરિયાદોનું નિરાકરણ કરવું;

(છ) જિલ્લા સ્તર સુધી ઉપલભ્ય કરાવવાના હોય તેવા, અંદાજપત્ર તૈયાર કરવા (બજેટિંગ), માનવબળ, માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા સહિતના એવા કાર્યો કરવા;

(જ) ગુજરાત સરકાર સાથે વિચારવિનિમય કરીને, ધંધો કરવાને સુગમ બનાવતી બાબતો માટે ઔદ્યોગિક નીતિ અને વૃદ્ધિ વિભાગ, ભારત સરકાર સાથે માહિતીની આપ–લે કરવી;

(ઝ) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ, એક–બારી સરલીકરણ સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિને દફતરી સહાય પૂરી પાડવી;

(ટ) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ, એક–બારી સરલીકરણ સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિની દેખરેખ, તેના આદેશ અને નિયંત્રણ હેઠળ, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી, સંયુક્ત અરજીપત્રક બહાર પાડવાની વ્યવસ્થા કરશે, સંબંધિત સમિતિ સમક્ષ ફાઈલ કરેલી તમામ અરજીઓ સ્વીકારશે. મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીએ, સક્ષમ સત્તામંડળો પાસેની અરજીઓની પરવાનગી મેળવવામાં બીજી કોઈ આગળની કાર્યવાહી હાથ ધરવી જોઈશે;

(ઠ) રાજ્ય સરકાર તેને સોંપે તેવા કોઈ બીજા કાર્ય કરવા.

(૩) મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી, પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલા કાર્યો ઉપરાંત, નીચેની બાબતોને લગતી સંપૂર્ણ વિગતો પૂરી પાડતું ઉદ્યોગ–સાહસિકોનું માહિતી પુસ્તક (એન્ટ્રપ્રિન્યર્સ ગાઈડ) તૈયાર કરીને તેને નિયમિતપણે અદ્યતન પણ કરશે–

(ક) રાજ્ય અને કેન્દ્રીય ઔદ્યોગિક નીતિઓ.

(ખ) વિભાગો અને સત્તામંડળો પાસેથી જરૂરી પરવાનગીઓ મેળવવા માટેની કાર્યરીતિ.

(ગ) રાજ્યમાં વિદ્યમાન ઔદ્યોગિક સ્થિતિ અને લાભો અંગેની માહિતી.

(ઘ) ઔદ્યોગિક અન્ડરટેકિંગને લાગુ પડતાં અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમોની મુખ્ય લાક્ષણિકતાઓ, અને

(ચ) ઉદ્યોગ સાહસિકોને ઉપયોગી હોય તેવી બીજી કોઈ માહિતી.

પરવાનગી માટેની અરજી.

૯. પરવાનગી માટેની તમામ અરજીઓ, સક્ષમ સત્તામંડળને એવા નમૂનામાં અને એવી પ્રોસેસિંગ (પ્રક્રિયા) ફી સાથે પરવાનગી મેળવવા માટે મોકલવી જોઈશે.

પ્રકરણ ૩

પ્રકીર્ણ

વધારાની માહિતી મંગાવવાની સત્તા.

૧૦. (૧) કલમ ૮ની પેટા–કલમ (૨) હેઠળ અરજી મળ્યેથી, સક્ષમ સત્તામંડળને, અરજદારને તેની આગોતરી નકલ મોકલીને મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી મારફત અરજદાર પાસેથી પોતે ફરમાવ્યા પ્રમાણેની વધારાની માહિતી મેળવવાની સત્તા રહેશે.

(૨) અરજદારે, સક્ષમ સત્તામંડળને અને મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીને પણ શક્ય તેટલી ઝડપથી જરૂરી માહિતી એકસાથે પૂરી પાડવી જોઈશે.

(૩) સક્ષમ સત્તામંડળે, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીને અરજી મંજૂર કરતા અથવા યથાપ્રસંગ, નામંજૂર કરતા પોતાના આદેશો મોકલવા જોઈશે.

સંયુક્ત અરજી પત્રક.

૧૧. (૧) રાજ્ય અધિનિયમો હેઠળના વિદ્યમાન નમૂના અથવા વિદ્યમાન નમૂનાને બદલે નવા નમૂનાના બનેલા હોય તેવા સંયુક્ત અરજી પત્રક ઠરાવવા માટે રાજ્ય સરકાર સક્ષમ રહેશે અને તે, આવા નમૂના રજૂ કરવાની રીત ઠરાવી શકશે.

(૨) સંબંધિત તમામ વિભાગો અથવા સક્ષમ સત્તામંડળોએ જરૂરી પરવાનગી અંગેની પ્રક્રિયા કરવા અને તે (જરૂરી પરવાનગી) આપવા માટે આવા અરજીના નમૂના સ્વીકારવા જોઈશે.

ા–પ્રમાણીકરણ.

૧૨. (૧) દરેક ઉદ્યોગ–સાહસિક અથવા અરજદાર પેઢીના અધિકૃત પ્રતિનિધિએ, મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સીને અરજીનો નમૂનો રજૂ કરવાના સમયે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, પોતે સંબંધિત અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમોની લાગુ પડતી જોગવાઈઓનું પાલન કરશે એવી બાંયધરી આપતું સ્વ–પ્રમાણીકરણ (સેલ્ફ–સર્ટિફિકેશન) પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૨) સંબંધિત વિભાગો અથવા સક્ષમ સત્તામંડળોએ, પરવાનગી આપવા અને તેને મંજૂર કરવાના હેતુથી ઉદ્યોગ–સાહસિક અથવા તેના અધિકૃત પ્રતિનિધિએ રજૂ કરેલું સ્વ–પ્રમાણીકરણ સ્વીકારવું જોઈશે.

અરજીની પ્રક્રિયા કરવા માટેની સમય મર્યાદા.

૧૩. તત્સમયે અમલમાં હોય તેવા સંબંધિત કાયદાની જોગવાઈઓને અધીન રહીને–

(૧) રાજ્ય સરકાર, અરજીઓની પ્રક્રિયા અને તેના નિકાલની રીત ઠરાવી શકશે;

(૨) રાજ્ય સરકાર, સંપૂર્ણ અરજી માટેની સમય મર્યાદા ઠરાવી શકશે, જે, સક્ષમ સત્તામંડળો દ્વારા અરજીઓની પ્રક્રિયા કરી અને તેનો નિકાલ કરવા માટે ફરજિયાત રહેશે. અરજદાર પાસેથી વધારાની માહિતી મંગાવવામાં આવી હોય ત્યારે, અરજીના નિકાલ માટેની સમયમર્યાદા પણ રાજ્ય સરકાર ઠરાવી શકશે;

(૩) સક્ષમ સત્તામંડળ, આવી પરવાનગીના નિકાલ માટે નિયત કરેલ મુદત પૂરી થાય તે પહેલાં અરજદારને પણ તેની આગોતરી નકલ મોકલીને મૂડીરોકાણકાર સરલીકરણ એજન્સી મારફત વધારાની માહિતી મંગાવી શકશે:

પરંતુ સક્ષમ સત્તામંડળે ચુસ્તપણે એ સુનિશ્ચિત કરવું જોઈશે કે પરવાનગીમાં થતો વિલંબ નિવારવા અને અરજદારની બિનજરૂરી સતામણી દૂર કરવા માટે એક જ પત્રવ્યવહારમાં જરૂરી તમામ માહિતી એક સાથે મંગાવવામાં આવે;

(૪) વધારાની માહિતી મળ્યા પછી, સક્ષમ સત્તામંડળે, આવી વધારાની માહિતી મળ્યાની તારીખથી ઠરાવેલ સમય મર્યાદા પૂરી થતાં પહેલાં અરજી અંગેના હુકમો કરવા જોઈશે.

જિલ્લા સ્તરના કેસોની સમીક્ષા.

૧૪. તત્સમયે અમલમાં હોય તેવા સંબંધિત કાયદાની જોગવાઈઓને અધીન રહીને–

(૧) જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (ડીએલએફસી), આપમેળે અથવા કોઈ સંદર્ભના આધારે, કોઈ સક્ષમ અધિકારી દ્વારા કોઇ પરવાનગી નામંજૂર કરતાં અથવા તેને સુધારા સાથે મંજૂર કરતાં આપેલા કોઈ હુકમની ચકાસણી કરી શકશે અને જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ એવું માનતી હોય કે આવા નિર્ણયમાં ફેરફાર માટે કોઈ માન્ય કારણો છે, તો તે, વિશેષ નોંધ અને સંબંધિત દસ્તાવેજો સાથે, એક–બારી સરલીકરણ સમિતિ (એસ.ડબલ્યુ.એફ.સી.)ને તેવો કેસ નિર્ણય માટે મોકલશે.

(૨) એક–બારી સરલીકરણ સમિતિ (એસ.ડબલ્યુ.એફ.સી.), જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિએ તેને મોકલેલા તમામ કેસોની ચકાસણી કરશે અને યોગ્ય હુકમો કરશે:

પરંતુ સક્ષમ સત્તામંડળ (સત્તાધિકારી) તરીકે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ હુકમોને લગતા સંબંધિત કેસને, રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) ને નિર્ણય માટે મોકલવા જોઈશે.

(૩) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) દ્વારા લેવાયેલ નિર્ણય, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ અને સક્ષમ સત્તાધિકારીઓને બંધનકર્તા રહેશે.

એક–બારી સરલીકરણ સમિતિ દ્વારા જિલ્લા સ્તરના કેસની ફેરતપાસ.

૧૫. તત્સમયે અમલમાં હોય તેવા કોઈ સુસંગત કાયદાની જોગવાઈઓને અધીન રહીને, એક–બારી સરલીકરણ સમિતિ, આપમેળે અથવા સંદર્ભના આધારે, જિલ્લા સમિતિ દ્વારા કરવામાં આવેલા કોઇપણ હુકમો તપાસી શકશે અને પોતાને ઉચિત જણાય તેવા યોગ્ય હુકમો કરી શકશે અને આવા હુકમો આખરી ગણાશે.

રાજ્ય સ્તરના કેસની સમીક્ષા.

૧૬. તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાને અધીન રહીને,-

(૧) એક–બારી સરલીકરણ સમિતિ, કોઈ અરજીના નિકાલ સંબંધી તકનિકી, કાર્યરીતિ વિષયક અથવા અન્ય મુદ્દાઓને લગતા ફેરફાર અથવા ફરિયાદો સાથે કોઈ પરવાનગીને નામંજૂર કરતા અથવા તેને મંજૂર કરતા કોઈ સક્ષમ સત્તામંડળ દ્વારા કરવામાં આવેલા કોઈ હુકમને આપમેળે અથવા સંદર્ભના આધારે તપાસ કરી શકશે અથવા સુધારા સાથે માન્ય રાખી શકશે અને એક–બારી સરલીકરણ સમિતિને આવા નિર્ણયમાં ફેરફાર કરવા માટેના માન્ય કારણો હોય, તો તેણે આવા કેસ રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિને કોઈ નિર્ણયાર્થે વિશેષ નોંધ અને સંબંધિત દસ્તાવેજો સહિત મોકલવા જોઈશે.

(૨) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિએ, એક–બારી સરલીકરણ સમિતિ દ્વારા તેને સોંપવામાં આવેલ તમામ કેસ તપાસવા જોઇશે અને તે અંગે યોગ્ય હુકમ કરવો જોઇશે.

(૩) રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) દ્વારા કરવામાં આવેલ હુકમો, રાજ્ય એક–બારી સરલીકરણ સમિતિ, જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ અને સક્ષમ સત્તામંડળોને બંધનકર્તા રહેશે અને તે આખરી ગણાશે.

રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ દ્વારા રાજ્ય સ્તરના કેસોની ફેર–તપાસ.

૧૭. તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની જોગવાઇઓને અધીન રહીને, રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ (SLFC) આપમેળે અથવા સંદર્ભના આધારે, રાજ્ય સ્તરની સરલીકરણ સમિતિ દ્વારા કરવામાં આવેલા કોઇપણ હુકમ તપાસી શકશે અને પોતાને ઉચિત જણાય તેવો યોગ્ય હુકમ પસાર કરી શકશે અને આવા હુકમો આખરી ગણાશે.

દંડ.

૧૮. (૧) એજન્સીને આપવામાં આવેલ એકરાર મુજબની શરતો અથવા બાંહેધરીનું પાલન કરવામાં ચૂક કરે તેવા કોઇ ઉદ્યોગ–સાહસિક અથવા ખોટી માહિતી પૂરી પાડે તો તે (ઉદ્યોગ–સાહસિક)ની અરજી નામંજૂરીને પાત્ર થશે અને આવા ઉદ્યોગ–સાહસિકે, જરૂરી દસ્તાવેજો સાથે નવેસરથી અરજી કરવાની રહેશે.

(૨) જે અધિકારી કોઇ વાજબી કારણ સિવાય, ઠરાવેલી સમયમર્યાદાની અંદર અરજીને મંજૂરી આપવામાં અથવા તેનો નિકાલ કરવામાં ચૂક કરે તો તેમને ઊચક દંડ કરી શકાશે, જે ઓછામાં ઓછા એક હજાર રૂપિયા અને વધુમાં વધુ પાંચ હજાર રૂપિયા સુધીનો હોવો જોઇશે.

નિરીક્ષણ.

૧૯. (૧) લાગુ પડતા અધિનિયમો અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળનું નિરીક્ષણ, જુદા જુદા સત્તામંડળોએ સંયુક્ત રીતે હાથ ધરવું જોઇશે.

(૨) વિભાગ, સંબંધિત અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ઠરાવવામાં આવે તેવી કોમ્પ્યુટરાઇઝડ જોખમની આકારણીના આધારે નિરીક્ષણ કરી શકશે. તેમ છતાં, ફરિયાદોના સંબંધમાં, વિભાગના વડાની અધિકૃતિ હેઠળ નિરીક્ષણ હાથ ધરી શકાશે.

(૩) સંબંધિત વિભાગની ચોક્કસ પરવાનગી સાથે ઓચિંતુ નિરીક્ષણ કરી શકાશે.

અધિનિયમ બીજા કોઇ અધિનિયમ (ની કોઇ જોગવાઇ) ઉપરાંતનો ગણાશે.

૨૦. આ અધિનિયમની જોગવાઇઓ, કોઇ વિદ્યમાન કાયદાની કોઇ જોગવાઇ ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું (કોઇ વિદ્યમાન કાયદાની કોઇ જોગવાઇનું) અલ્પીકરણ થશે નહિ.

આદેશો આપવાની સત્તા.

૨૧. રાજ્ય સરકારને, આ અધિનિયમ, તે હેઠળ કરેલા નિયમો અને તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદાની જોગવાઇઓના પાલન માટે વખતોવખત જરૂરી હોય, આદેશો આપવાની સત્તા રહેશે અને એક–બારી સરલીકરણ સમિતિ (SWFC) અથવા જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (DLFC), આવા આદેશોનું પાલન કરવા માટે બંધાયેલી રહેશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ .

૨૨. આ અધિનિયમ હેઠળ કોઈ સમિતિના અધ્યક્ષ અથવા બીજા સભ્યો સામે અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કૃત્યના સંબંધમાં, આવી સમિતિના કોઈ કર્મચારી સામે કોઈપણ દાવો અથવા કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૨૩. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આ અધિનિયમથી સ્પષ્ટ રીતે જરૂરી હોય અથવા પરવાનગી આપી હોય તેવી, નિયમોથી ઠરાવવાની તમામ બાબતો અથવા તે પૈકીની કોઈ બાબત માટે, આવા નિયમોથી જોગવાઇ કરી શકશે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા કોઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૨૪. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તો, રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી, આ કલમ હેઠળ આવો કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૨)આ કલમ હેઠળ કરેલ દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 229

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, AUGUST 24, 2017/BHADRA 2, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૭

તારીખ: **૨૪મી ઓગસ્ટ, ૨૦૧૭**ના **ગુજરાત રાજપત્ર,(અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૭**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૩૦** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,

સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILLNO.30 OF 2017.

THE GUJARAT VALIDATION OF OCCUPANCY AND ALLOTMENT OF CERTAIN LANDS OF EXCESS VACANT LAND VESTED IN THE STATE GOVERNMENT (UNDER THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976) (AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૧૭ના ઓગસ્ટ મહિનાની ૨૩મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 30 OF 2017.

AN ACT

further to amend the Gujarat Validation of Occupancy and Allotment of Certain Lands of Excess Vacant Land Vested in the State Government (under the Urban Land (Ceiling and Regulation) Act, 1976) Act, 2017.

સન ૨૦૧૭નોગુજરાત અધિનિયમ ક્રમાંકઃ૩૦.

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના ઓગસ્ટ મહિનાની ૨૪મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત (શહેરીજમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા. ૧. આ અધિનિયમ ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

સન ૨૦૧૭નો ગુજરાતનો ૭મો. સન ૨૦૧૭ના ગુજરાતના ૭મા અધિનિયમની કલમ૭નો સુધારો. ૨. ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત અધિનિયમ, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખકર્યો છે તે)માં, કલમ ૭માં, પેટા-કલમ (૩)માં, ''પેટા-કલમ (૨) હેઠળ નોટિસ મળ્યેથી એક મહિનાની મુદતની અંદર'' એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, ''ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર'' એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૭મા અધિનિયમની કલમ૮નો સુધારો. ૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮માં, નીચેનો પરંતુક ઉમેરવોઃ-

''પરંતુ આ કલમમાંના કોઈપણ મજકૂરથી, કોઈ રાષ્ટ્રીયકૃત બેંકને, પંદર વર્ષ પૂરા થયા પહેલાં પણ, ભોગવટો ધરાવનાર પાસેથી, સંબંધિત કાયદા હેઠળના પોતાના કાયદેસરના લેણાંની વસૂલાત કરતાં રોકી શકાશે નહિ.''.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 230

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, AUGUST 29, 2017/BHADRA 7, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસૂલ વિભાગના તારીખ : ૨૯મી જુલાઈ, ૨૦૧૭ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૨૦૧૭/૬૧/આરજીએન/૧૦૨૦૧૬/૧૦૫૬/એચ.૧**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૯મી જુલાઈ, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક : જીએચએમ/૨૦૧૭/૬૧/આરજીએન/૧૦૨૦૧૬/૧૦૫૬/એચ.૧:–રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી)ને મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઇચ્છે છે;

અને,રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ સામેલ કરે છે તેવી **મહેસૂલ વિભાગને** સંલગ્ન **દસ્તાવેજોના રજિસ્ટ્રેશનની સેવા** હેઠળ **ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશનની કચેરી હેઠળની સબ રજિસ્ટ્રાર કચેરીઓ** રોકાયેલી છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, **સ્થાવર મિલકત તેમજ બીજા દસ્તાવેજોને સંબંધિત રજિસ્ટર કરેલા દસ્તાવેજોનો કાયમી રેકોર્ડ નિભાવવા**ના હેતુથી, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, **રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, ગાંધીનગર–દ્વારા લોકોના લાભો માટે શરૂ કરેલ "ગરવી" એપ્લિકેશન**થી, **ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશનની કચેરી હેઠળની સંબંધિત સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રજિસ્ટર કરેલા દસ્તાવેજોના રજિસ્ટ્રેશનની** સેવા જાહેર કરે છે:–

૧.(૧) દસ્તાવેજોના રજિસ્ટ્રેશનની સેવા મેળવવાપાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા નથી અથવા હજુ સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી નથી તેવા, પણ દસ્તાવેજોના રજિસ્ટ્રેશન હેઠળના લાભો મેળવવા ઇચ્છુક, **દસ્તાવેજોના રજિસ્ટ્રેશનની સેવા** મેળવવા હકદાર લાભાર્થીએ, **શક્ય તેટલું ઝડપી, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ)** માટે અરજી કરવી પડશે:

પરંતુ તેઓ ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઇઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા **લાભાર્થીઓ,** નામ–નોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઇપણ નજીકના આધાર નોંધણી કેન્દ્રની મુલાકાત લઇ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામ–નોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, **લાભાર્થીઓ**ને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઇઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવાઓ મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરજ પાડતા વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામ–નોંધણી (એનરોલમેન્ટ) અને અનુકૂળ જગ્યાઓએ

INDEX

નામ–નોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન સહિતના યોગ્ય પગલાંથી નામ–નોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની થાય તેવા લાભાર્થીઓની નામ–નોંધણી (એનરોલમેન્ટ)ની ખાતરી કરવી જોઇશે:

પરંતુ આધાર નંબર **લાભાર્થીઓ**ને આપવામાં આવેત્યાં સુધી, આવા **લાભાર્થીઓ**ને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, દસ્તાવેજોના રજિસ્ટ્રેશન હેઠળ લાભો આપવા જોઇશે.–

(ક) લાભાર્થીની નામ–નોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો,-

(૧) તેઓનો આધાર નામ–નોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID) પહોંચ, અથવા

(૨) ઉપરના પેરા ૨ના પેટા–પેરા (ખ)માં નિર્દિષ્ટ આધાર નામ– નોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઇ એક,-

(૧) મતદાર ઓળખ પત્ર,

(૨) ડ્રાઇવિંગ લાઇસન્સ,

(૩) પાસપોર્ટ,

(૪) પાન (PAN) કાર્ડ,

(૫) રાજ્ય સરકાર/કેન્દ્ર સરકાર, જાહેર ક્ષેત્રના ઉપક્રમ (PSU), સ્થાનિકમંડળ અથવા જાહેર લિમિટેડ કંપનીઓ–એ તેઓના કર્મચારીઓને ફોટોગ્રાફ સાથે આપેલ ઓળખ પત્ર,

(૬) ફોટોગ્રાફ સાથે બેન્ક પાસબુક, ફોટોગ્રાફ સાથે પોસ્ટ ઓફિસ (પાસબુક) અને કિસાન પાસબુક (ખેડૂતપોથી),

(૭) ફોટોગ્રાફ સાથે રજિસ્ટર કરેલા મિલકતના દસ્તાવેજો,

(૮)સક્ષમ સત્તાધિકારીએ આપેલ અનુસૂચિત જાતિ (SC)/અનુસૂચિત આદિજાતિ (ST)/અન્ય પછાત વર્ગ (OBC)નું ફોટોગ્રાફ સાથે પ્રમાણપત્ર,

(૯) ફોટોગ્રાફ સાથે પેન્શન પ્રમાણપત્ર, એટલે કે,પેન્શન બુક/એક્સ–સર્વિસમેન (માજી સૈનિક)નો પેન્શન ચૂકવણી હુકમ,એક્સ–સર્વિસમેન (માજી સૈનિક)નું વિધવા/આશ્રિત પ્રમાણપત્ર, વરિષ્ઠ નાગરિકનો પેન્શન હુકમ, વિધવાનો પેન્શન હુકમ,

(૧૦) સ્વાતંત્ર્ય સેનાનીના ફોટોગ્રાફ સાથે ઓળખપત્ર,

(૧૧) સક્ષમ સત્તાધિકારીએ ફોટોગ્રાફ સાથે આપેલ શસ્ત્ર લાઇસન્સ ,

(૧૨) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૧૩) શ્રમ મંત્રાલય હેઠળની આરોગ્ય વીમા યોજનાનું ફોટોગ્રાફ સાથે સ્માર્ટ કાર્ડ,

(૧૪) ફોટોગ્રાફ સાથે રેશન કાર્ડ,

(૧૫) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઇ દસ્તાવેજો:

વધુમાં **રજિસ્ટર કરનાર અધિકારી**એ, ઉપરના દસ્તાવેજોની **ખરાઇ કરવી/સ્વીકારવા** જોઇશે.

૨. રાજ્ય સરકારે,લાભાર્થીઓને દસ્તાવેજના રજિસ્ટ્રેશનની અનુકૂળ અને તકલીફ વગરની સેવા પૂરી પાડવા માટે, નીચે પ્રમાણેની, તમામ જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે:-

(૧) પ્રસારણ માધ્યમથી વ્યાપક પ્રચાર (કરવાનો રહેશે) અને લાભાર્થીઓને **દસ્તાવેજોના રજિસ્ટ્રેશન હેઠળ** આધાર નંબરની જરૂરિયાતોથી માહિતગાર કરવા **ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશનની કચેરી**એથી લાભાર્થી સૂચનાઓ આપવાની રહેશે અને તેઓની અગાઉ નામ–નોંધણી થયેલ ન હોય તો,તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ અથવા તે પહેલાં પોતાની નામ–નોંધણી કરાવવા સલાહ આપી શકાશે.

(૨) **ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશનની કચેરી હેઠળની સંબંધિત સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રજિસ્ટર કરેલા દસ્તાવેજોના રજિસ્ટ્રેશન**ના લાભાર્થીઓ નજીકના વિસ્તારમાં નામ–નોંધણી કેન્દ્રોની બિન–ઉપલભ્યતાને લીધે, આધાર નંબર માટે નામ–નોંધણી કરાવવા સક્ષમ ન હોય તો, **ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન**ને, **ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશનની કચેરી હેઠળની સંબંધિત સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રજિસ્ટર કરેલા દસ્તાવેજોના રજિસ્ટ્રેશન**ના લાભાર્થીઓ માટે **રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, ગાંધીનગર–એ શરૂ કરેલ "ગરવી" એપ્લિકેશન** સાથે પરિચ્છેદ ૧ (૩) (ક) (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અથવા તે હેતુ માટે પૂરા પાડવામાં આવેલ વેબ પોર્ટલથી તેઓનું નામ, સરનામું, મોબાઇલ નંબર અને બીજી વિગતો આપીને આધાર નામ–નોંધણી (એનરોલમેન્ટ) માટેની તેઓની વિનંતી રજિસ્ટર કરવા (નોંધવા) અનુકૂળ જગ્યાઓએ આધાર નામ–નોંધણી (એનરોલમેન્ટ) સુવિધાઓ ઊભી કરવા ફરમાવવું જરૂરી રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. વી. ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 231 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, AUGUST 29, 2017/BHADRA 7, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ ના તારીખ: ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૧૭ના જાહેરનામા (૧) ક્રમાંક: જીએચઆર / ૨૦૧૭ / ૧૬ / એલબીએલ / ૧૯ / ૨૦૧૬ / ૭૬૯૯૨૦ (૨) / એમ-૩, અને (૨) જીએચઆર / ૨૦૧૭ / ૧૭ / એલબીએલ / ૧૯ / ૨૦૧૬ / ૭૬૯૯૨૦ (૩) / એમ-૩. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Inter-State Migrant Workmen (Regulation of Employment and Conditions of Service) Act, 1979

આંતર રાજ્ય સ્થાનાંન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯ હેઠળ

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭.

આંતર રાજ્ય સ્થાનાંન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૧૬/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૨)/એમ-૩ :- ગુજરાત રાજ્યને લાગુ પડતા, આંતર રાજ્ય સ્થાંનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯.(સન ૧૯૭૦ના ક્રમાંક ૩૦માં) (જેનો આમાં હવે પછી, " સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩ ની પેટા કલમ (ક) અને કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ:૨૯/૦૩/૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક: જીઆર-૪૭-એમઆઈએસ-૧૦૯૭-૧૦૭૧૬-એમ-(૩) અને તારીખ:૧૪/૦૭/૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક: જીઆર-૨૦૦૦/૧૪૦/એમઆઈએસ/૧૦૯૭/૧૦૭૧૬/એમ-(૩) અનુસાર,ગુજરાત સરકાર, આથી,-

ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલી વ્યકિતને, સદરહું અધિનિયમના હેતુઓ માટે રજિસ્ટરિંગ (નોંધણી) અધિકારીઓ અને લાઈસન્સિંગ અધિકારીઓ તરીકે નીમે છે,અને

ખ) સદરહું અનુસૂચિના કોલમ-૩ માં તેમની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારને,જે સ્થાનિક હદોની અંદર તેઓ તેમના કાર્યો કરશે, તે સ્થાનિક હદો તરીકે નક્કી કરે છે.

અનુસૂચિ

ક્રમાંક ૧	અધિકારીઓનો હોદ્દો ૨	હકૂમત ૩
૧	મદદનીશ શ્રમ આયુકત, સાબરકાંઠા	અરવલ્લી જિલ્લો
૨	મદદનીશ શ્રમ આયુકત, પંચમહાલ	મહીસાગર જિલ્લો
૩	મદદનીશ શ્રમ આયુકત, મોરબી	મોરબી જિલ્લો
૪	મદદનીશ શ્રમ આયુકત, દેવભૂમિ-દ્વારકા	દેવભૂમિ-દ્વારકા જિલ્લો
૫	મદદનીશ શ્રમ આયુકત, જૂનાગઢ	ગીર-સોમનાથ જિલ્લો
૬	મદદનીશ શ્રમ આયુકત, બોટાદ	બોટાદ જિલ્લો
૭	મદદનીશ શ્રમ આયુંકત, છોટા ઉદેપુર	છોટા ઉદેપુર જિલ્લો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.આર.મકવાણા,
સેક્શન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

Notification

Under

The Inter-State Migrant Workmen (Regulation of Employment and Conditions of Service) Act, 1979

આંતર રાજ્ય સ્થાનાંન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭.

આંતર રાજ્ય સ્થાનાંન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક: જીએચઆર/૨૦૧૭/૧૭/એલબીએલ/૧૯/૨૦૧૬/૭૬૯૯૨૦(૩)/એમ-૩ :- ગુજરાત રાજ્યને લાગુ પડતા, આંતર રાજ્ય સ્થાંનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૦ના ક્રમાંક ૩૦માં) (જેનો આમાં હવે પછી, " સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૦ ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ:૨૯/૦૩/૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક: જીઆર-૪૮-એમઆઈએસ-૧૦૯૭-૧૦૭૧૬-એમ-(૩) અનુસાર,ગુજરાત સરકાર, આથી,-

ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલી વ્યકિતને, સદરહું અધિનિયમના હેતુઓ માટે ઇન્સ્પેક્ટર(નિરીક્ષકો) તરીકે નીમે છે,અને

ખ) (સદરહું) અનુસૂચિના કોલમ-૩ માં તેમની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારને,જે સ્થાનિક હદોની અંદર તેઓ તેમના કાર્યો કરશે, તે સ્થાનિક હદો તરીકે નક્કી કરે છે.

અનુસૂચિ

ક્રમાંક ૧	અધિકારીઓનો હોદ્દો ૨	હકૂમત ૩
૧	સરકારી શ્રમ અધિકારી / મદદનીશ શ્રમ આયુકત, સાબરકાંઠા	અરવલ્લી જિલ્લો
૨	સરકારી શ્રમ અધિકારી / સરકારી શ્રમ આયુકત, પંચમહાલ	મહીસાગર જિલ્લો
૩	સરકારી શ્રમ અધિકારી / મદદનીશ શ્રમ આયુકત, મોરબી	મોરબી જિલ્લો
૪	સરકારી શ્રમ અધિકારી / મદદનીશ શ્રમ આયુકત, દેવભૂમિ-દ્વારકા	દેવભૂમિ-દ્વારકા જિલ્લો
૫	મદદનીશ શ્રમ અધિકારી / મદદનીશ શ્રમ આયુકત, જૂનાગઢ	ગીર-સોમનાથ જિલ્લો
૬	સરકારી શ્રમ અધિકારી / મદદનીશ શ્રમ આયુકત, બોટાદ	બોટાદ જિલ્લો
૭	સરકારી શ્રમ અધિકારી / મદદનીશ શ્રમ આયુકત, છોટા ઉદેપુર	છોટા ઉદેપુર જિલ્લો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.આર.મકવાણા,
સેક્શન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 232 વાર્ષિક લવાજમનોદરરૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The GujaratGovernment Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, AUGUST 30, 2017/BHADRA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અન વાહનવ્યવહાર વિભાગના તારીખ : **૧૯મી ઓગસ્ટ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: પીટી/૨૦૧૭/૩૨/એમટીએ /૧૦૨૦૧૦/૪૦૬/ખ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Motor Vehicles Tax Act, 1958.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર,૧૯મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: પીટી / ૨૦૧૭ / ૩૨/ એમટીએ / ૧૦૨૦૧૦ / ૪૦૬ / ખ: મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૮ના પેટા–નિયમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા મોટર વાહનોના સંબંધમાં,જાહેર હિતમાં,મોટર વાહન વેરો ભરવા માટેની સમયમર્યાદા તારીખ: ૨૦/૦૮/૨૦૧૭ સુધી વધારે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 233

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, AUGUST 30, 2017/BHADRA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ અને સહકાર વિભાગના તારીખઃ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃજીએચકેએચ/૧૧/૨૦૧૭/બીઆરએન/૧૧૧૫/૪૩૧૭૮૪/ કે.૧.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

NOTIFICATION

Regarding

THE ASSISTANT DIRECTOR OF AGRICULTURE, CLASS-II, IN THE GUJARAT AGRICULTURE SERVICES, RECRUITMENT RULES, 2017.

ગુજરાત ખેતી સેવામાં, મદદનીશ ખેતી નિયામક, વર્ગ–૨, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

કૃષિ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીએચકેએચ/૧૧/૨૦૧૭/બીઆરએન/૧૧૧૫/૪૩૧૭૮૪/કે.૧ :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, ગુજરાત ખેતી સેવામાં, મદદનીશ ખેતી નિયામક, વર્ગ ૨–ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો,ગુજરાત ખેતી સેવામાં, મદદનીશ ખેતી નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યહેઠળની,ગુજરાત ખેતી સેવામાં, મદદનીશ ખેતી નિયામક, વર્ગ ૨–ની જગા ઉપરની નિમણૂક;–

(ક) (૧) જેમણે ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, ગુજરાત ખેતી સેવામાં, ખેતી અધિકારી, વર્ગ ૨–ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેરહિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર નિર્દિષ્ટ કરેલી મુદતના બે–તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અને

(૨) સરકારે ઠરાવેલ ખાતાકીય પરીક્ષા પાસ કરેલ હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો,૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે: અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો અનુક્રમે ૩:૧ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ ૨–માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે,ઉમેદવાર,–

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય, ત્યાં સુધી લાગુ પડશે નહિ;

INDEX

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ઓછામાં ઓછી દ્વિતીય વર્ગ સાથેની ખેતી(બી.એસસી. ખેતી સાથે)માં અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ઓછામાં ઓછી દ્વિતીય વર્ગ સાથેની ખેતીમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;અનેજરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી, સરકારમાં, સરકારી અન્ડરટેકિંગ બોર્ડ,કોર્પોરેશન, સ્થાનિક મંડળો, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની, કૃષિ યુનિવર્સિટી અથવા સરકારી કૃષિ સંશોધન સંસ્થામાં,કૃષિ સંશોધન, કૃષિ શિક્ષણ, કૃષિ વિસ્તરણ સેવા, જમીન સંરક્ષણ, કૃષિ ઈજનેરી ક્ષેત્રનો, ગુજરાત સરકારની તાબાની સેવામાં, વર્ગ ૩–ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો,આશરે બે વર્ષનો પૃથક અથવા સંયુક્ત અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે,કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવાતાલીમ અને પરીક્ષા નિયમો૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર,પૂર્વ–સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસારખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવિના રાઠોડ,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 234

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, AUGUST 31, 2017/BHADRA 9, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૧૫મી જુલાઈ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/૨૦૧૭નો ૨૧૬/બીએચઆરટી-૧૦૨૦૧૩-૩૩૮૧-વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Head Draftsman, Class III, in the subordinate service of the Town Planning and Valuation Department, Recruitment Rules, 2017.

નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાની તાબાની સેવામાં, મુખ્ય નકશાગર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઇ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચ/૨૦૧૭નો૨૧૬/બીએચઆરટી–૧૦૨૦૧૩-૩૩૮૧–વીઃ– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, મુખ્ય નકશાગર, વર્ગ–૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો, નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાની તાબાની સેવામાં, મુખ્ય નકશાગર, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મુખ્ય નકશાગર, વર્ગ–૩ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, નગર આયોજન નકશાગર, વર્ગ–૩ તરીકે ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય, અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ–૨ માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય–મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી આર્કિટેક્ચર (સ્થાપત્ય)માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા રાજ્ય ટેકનિકલ એજ્યુકેશન બોર્ડમાંથી મેળવેલો આર્કિટેક્ચર અથવા સિવિલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે; અને નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાની તાબાની સેવામાં, મદદનીશ નગર આયોજન નકશાગર, વર્ગ૩–ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ–૯કની જોગવાઇ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આનંદ ઝીંઝાલા,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 235

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 5, 2017/BHADRA 14, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૭/૧૨/બીઆરટી/૧૦૨૦૦૮/૬૯૭/ડી-૨. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Deputy Director (Technical), Class I, Recruitment Rules, 2014.

નાયબ નિયામક(તાંત્રિક) (ટેકનિકલ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીયુ/૨૦૧૭/૧૨/બીઆરટી/૧૦૨૦૦૮/૬૯૭/ડી–૨:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નાયબ નિયામક (તાંત્રિક) (ટેકનિકલ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નાયબ નિયામક (તાંત્રિક) (ટેકનિકલ), વર્ગ ૧ ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નાયબ નિયામક (તાંત્રિક) (ટેકનિકલ), વર્ગ૧, ભરતી નિયમો, ૨૦૧૪માં, નિયમ ૫–માં, ખંડ (ક)માં,-

(૧) "૩૩ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૮ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:–

"વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય), ૧૯૬૭ના નિયમ ૮ ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણે ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.એમ.ડાભી,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 236

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, SEPTEMBER 6, 2017/BHADRA 15, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ** ના **તારીખ : ૩૦મી જૂન, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૪૪)જીએસટી-૨૦૧૭/એસ.૫૪(૩)(૧)-ઠ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

જાહેરનામા ક્રમાંકઃ ૫/૨૦૧૭ - રાજ્ય વેરો (૬૨)

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ (જીએચએન-૪૪) જીએસટી - ૨૦૧૭ / એસ.૫૪(૩)(૧).૬ઃ- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૫૪ની પેટા-કલમ (૩)-ના પ્રથમ પરંતુકના ખંડ (૨)-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કાઉન્સિલની ભલામણોને આધારે, નીચે આપેલા કોષ્ટકના કોલમ (૩)માં જેનું વર્ણન નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે તેવા અને સદરહુ કોષ્ટકના કોલમ (૨)-માંની તદનુરૂપ (સંબંધિત) નોંધમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ટેરિફની બાબત, શીર્ષક, પેટા-શીર્ષક અથવા યથાપ્રસંગ, પ્રકરણ હેઠળ આવતા માલ, આથી, નિર્દિષ્ટ કરે છે, જેના સંબંધમાં, આવા માલના ઈનપુટ પરનો વેરાનો દર (શૂન્ય દરના અથવા સંપૂર્ણ મુક્તિ આપેલા પુરવઠા સિવાયના) આવા માલના ઉત્પાદન પુરવઠા પરના વેરાના દર કરતાં વધારે ઊંચો હોવાને કારણે શાખ એકઠી થયેલી હોય, ત્યારે વણવપરાયેલી ઈનપુટ વેરા શાખનું રિફંડ આપવું જોઈશે નહિઃ-

અનુક્રમાંક	ટેરિફની બાબત, શીર્ષક, પેટા-શીર્ષક અથવા પ્રકરણ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
૧.	૫૦૦૭	સિલ્કનું અથવા રદ્દી સિલ્કના વણાટનું કાપડ.
૨.	૫૧૧૧ થી ૫૧૧૩	ઊનનું અથવા પ્રાણીના વાળના વણાટનું કાપડ.
૩.	૫૨૦૮ થી ૫૨૧૨	સૂતરના વણાટનું કાપડ.
૪.	૫૩૦૯ થી ૫૩૧૧	બીજા વનસ્પતિજન્ય કાપડના રેસા, પેપર યાર્નના વણાટનું કાપડ.
૫.	૫૪૦૭, ૫૪૦૮	માનવસર્જિત કાપડની સામગ્રીના વણાટનું કાપડ.
૬.	૫૫૧૨ થી ૫૫૧૬	માનવસર્જિત રેસા-તંતુના વણાટનું કાપડ.
૭.	૬૦	ગૂંથેલું અથવા ભરતગૂંથણ કરેલું કાપડ. (તમામ માલ)
૮.	૮૬૦૧	વીજળીના બાહ્ય સ્રોતમાંથી મેળવેલ ક્રિયાશક્તિથી અથવા વિદ્યુત સંચાલિત બેટરી (electric accumulators)થી ચાલતા રેલ-એંજિન (rail locomotives).
૯.	૮૬૦૨	બીજા રેલ-એંજિન; એંજિન સાથે જોડેલા ડબા (locomotive tenders); જેવા કે ડિઝલ-ઈલેક્ટ્રિક એંજિન, સ્ટીમ એંજિન અને તેની સાથે જોડેલા ડબા.
૧૦.	૮૬૦૩	સ્વયંસંચાલિત રેલવે અથવા ટ્રામવે કોચ, શીર્ષક ૮૬૦૪ હેઠળના હોય તે

INDEX

અનુક્રમાંક	ટેરિફની બાબત, શીર્ષક, પેટા-શીર્ષક અથવા પ્રકરણ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
		સિવાયના વાન અને ટ્રક.
૧૧.	૮૬૦૪	સ્વયંસંચાલિત હોય કે ન હોય તેવા રેલવે અથવા ટ્રામવે મેન્ટેનન્સ અથવા સર્વિસ વાહનો (દા.ત. વર્કશોપ, ક્રેન, બાલાસ ટેમ્પર, ટ્રેકલાઈનર, ટેસ્ટિંગ કોચ અને ટ્રેક ઈન્સ્પેકશન વાહનો)
૧૨.	૮૬૦૫	સ્વયંસંચાલિત ન હોય તેવા રેલવે અથવા ટ્રામવે ઉતારુ કોચ; સ્વયંસંચાલિત ન હોય તેવા લગેજ (માલસામાન) વાન, પોસ્ટ ઓફિસ કોચ અને બીજા ખાસ હેતુ માટેના રેલવે અથવા ટ્રામવે કોચ (શીર્ષક ૮૬૦૪ હેઠળના હોય તે સિવાયના)
૧૩.	૮૬૦૬	સ્વયંસંચાલિત ન હોય તેવા રેલવે અથવા ટ્રામવે ગુડ્ઝ વાન અને વેગન.
૧૪.	૮૬૦૭	રેલવે અથવા ટ્રામવે એંજિન અથવા રોલિંગ-સ્ટોકના ભાગો; જેવા કે બોગી, બિસ્સેલ બોગી (bissel bogies), ધરી અને પૈડાં (axles and wheel) અને તેના ભાગો.
૧૫.	૮૬૦૮	રેલવે અથવા ટ્રામવે ટ્રેકની જડિત વસ્તુઓ અને જોડાણો; (ઈલેક્ટ્રો-મિકેનિકલ સહિત) મિકેનિકલ સિગ્નલીંગ, રેલવે, ટ્રામવે, રસ્તા, અંતર્દેશીય જળમાર્ગ, પાર્કિંગની સુવિધા, પોર્ટ ઈન્સ્ટોલેશન અથવા વિમાનમથક માટેના સલામતીના અથવા ટ્રાફિક નિયંત્રણ સાધનો; અને તેના (અહીં આગળ જણાવેલ તમામના) ભાગો.

સ્પષ્ટીકરણ.-

(૧) આ કોષ્ટકમાં, ''ટેરિફની બાબત'', ''પેટા-શીર્ષક'', ''શીર્ષક'' અને ''પ્રકરણ''નો અર્થ, અનુક્રમે, કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ''ટેરિફની બાબત'', ''પેટા-શીર્ષક'', ''શીર્ષક'' અથવા ''પ્રકરણ'' એમ થશે.

(૨) સદરહુ કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ની પ્રથમ અનુસૂચિના અર્થઘટન માટેના નિયમો, પ્રથમ અનુસૂચિની કલમ અને પ્રકરણ-નોંધો અને સામાન્ય સ્પષ્ટીકરણાત્મક નોંધો સહિત, શક્ય હોય ત્યાં સુધી, આ જાહેરનામાના અર્થઘટનને લાગુ પડે છે.

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 237

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER, 7, 2017/BHADRA 16, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગષ્ટ, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**-ના તારીખ: **૩૦મી જૂન, ૨૦૧૭**ના સરકારી **જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૪)** જીએસટી-૨૦૧૭-એસ.૯(૩)(૨)-ઠ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Goods and Services Tax Act, 2017.
ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું.

જાહેરનામા ક્રમાંક. ૧૩/૨૦૧૭– રાજ્ય વેરા (૬૨)
નાણા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૩૪) જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૨)-ઠ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ ની પેટા-કલમ (૩)-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, જાહેર કરે છે કે, નીચે આપેલા કોષ્ટકના કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની વ્યક્તિએ પૂરા પાડેલા, સદરહુ કોષ્ટકના કોલમ (૨)માં જણાવેલ વર્ગના સેવાના પુરવઠા પર, સદરહુ માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૯ હેઠળ લેવા પાત્ર સમગ્ર રાજ્ય વેરો, સદરહુ કોષ્ટકના કોલમ (૪)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના સેવા લેનાર (મેળવનાર) દ્વારા, વિપરિત ચાર્જ (reverse charge)ને આધારે ભરવો જોઈશે:-

અનુ-ક્રમાંક	સેવાના પુરવઠાનો વર્ગ	સેવા પૂરી પાડનાર	સેવા લેનાર (મેળવનાર)
(૧)	(૨)	(૩)	(૪)
૧	(ક) કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા) હેઠળ રજિસ્ટર થયેલા અથવા તેના દ્વારા સંચાલિત કોઈ કારખાનાને; અથવા (ખ) મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૬૦ના ૨૧મા) અથવા ભારતના કોઈ ભાગમાં તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી કોઈ મંડળીને; અથવા (ગ) કોઈ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલી કોઈ સહકારી મંડળીને; અથવા (ઘ) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ અથવા રાજ્ય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા કેન્દ્રીય સંઘપ્રદેશ માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી કોઈ વ્યક્તિને; અથવા (ચ) કોઈ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલા કોઈ સંસ્થાપિત મંડળને; અથવા (છ) વ્યક્તિઓના એસોસિએશન સહિત કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી અથવા ન થયેલી કોઈ ભાગીદારી પેઢીને; અથવા (જ) પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિને, સડક (રસ્તા) માર્ગે કરવામાં આવતી માલની હેરફેરના સંબંધમાં, માલહેરફેર એજન્સી (GTA) દ્વારા પૂરો પાડવામાં આવતો સેવાનો પુરવઠો.	માલ હેરફેર એજન્સી (GTA)	વેરાપાત્ર પ્રદેશમાં આવેલ- (ક) કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા) હેઠળ રજિસ્ટર થયેલા અથવા તેના દ્વારા સંચાલિત કોઈ કારખાના; અથવા (ખ) મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૬૦ના ૨૧મા) અથવા ભારતના કોઈ ભાગમાં તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી કોઈ મંડળી; અથવા (ગ) કોઈ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલી કોઈ સહકારી મંડળી; અથવા (ઘ) કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ અથવા રાજ્ય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા કેન્દ્રીય સંઘપ્રદેશ માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી કોઈ વ્યક્તિ; અથવા (ચ) કોઈ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલા કોઈ સંસ્થાપિત મંડળ; અથવા (છ) વ્યક્તિઓના એસોસિએશન સહિત

			કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી અથવા ન થયેલી કોઈ ભાગીદારી પેઢી; અથવા (જ) પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ.
૨	સિનિયર વકીલ સહિત વ્યક્તિગત વકીલ દ્વારા વેરાપાત્ર પ્રદેશમાં આવેલા કોઈ વ્યાપાર-એકમને, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા સત્તામંડળ સમક્ષ, પ્રતિનિધિક (લાક્ષણિક) સેવારૂપે પૂરી પાડવામાં આવતી તેમજ બીજા વકીલ અથવા વકીલોની પેઢી મારફત અથવા વકીલોની પેઢી દ્વારા આવી સેવા પૂરી પાડવાનો કરાર કરવામાં આવ્યો હોય, ત્યારે કોઈ વ્યાપાર-એકમને કાનૂની સેવારૂપે પૂરી પાડવામાં આવતી સેવા.	સિનિયર વકીલ સહિત વ્યક્તિગત વકીલ અથવા વકીલોની પેઢી.	વેરાપાત્ર પ્રદેશમાં આવેલું કોઈ વ્યાપાર-એકમ.
૩	લવાદી પંચ દ્વારા વ્યાપાર-એકમને પૂરી પાડવામાં આવતી સેવા.	લવાદી પંચ.	વેરાપાત્ર પ્રદેશમાં આવેલું કોઈ વ્યાપાર-એકમ.
૪.	કોઈ સંસ્થાપિત મંડળ અથવા ભાગીદારી પેઢીને સ્પોન્સરશિપરૂપે પૂરી પાડવામાં આવતી સેવા.	કોઈ વ્યક્તિ.	વેરાપાત્ર પ્રદેશમાં આવેલું કોઈ સંસ્થાપિત મંડળ અથવા ભાગીદારી પેઢી.
૫	કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સંઘ રાજ્યક્ષેત્ર અથવા સ્થાનિક સત્તામંડળ દ્વારા કોઈ વ્યાપાર-એકમને પૂરી પાડવામાં આવતી નીચેની સેવા સિવાયની સેવા,- (૧) સ્થાવર મિલકત ભાડે આપવી, અને (૨) નીચે નિર્દિષ્ટ કરેલી સેવા- (૧) સ્પીડ પોસ્ટ, એક્સપ્રેસ પાર્સલ પોસ્ટ રૂપે ટપાલ ખાતા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા સ્થાનિક સત્તામંડળ સિવાયની વ્યક્તિને પૂરી પાડવામાં આવતી જીવનવીમા અને એજન્સી સેવા; (૨) બંદર અથવા હવાઈ મથકની હદની અંદર અથવા બહાર, વિમાન અથવા વહાણના સંબંધમાં પૂરી પાડવામાં આવતી સેવા; (૩) માલ અથવા ઉતારુઓની હેરફેર.	કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સંઘ રાજ્યક્ષેત્ર અથવા સ્થાનિક સત્તામંડળ.	વેરાપાત્ર પ્રદેશમાં આવેલું કોઈ વ્યાપાર-એકમ.
૬.	કંપની અથવા સંસ્થાપિત મંડળના ડિરેક્ટર દ્વારા સદરહુ કંપનીને અથવા સંસ્થાપિત મંડળને પૂરી પાડવામાં આવતી સેવા.	કંપની અથવા સંસ્થાપિત મંડળના ડિરેક્ટર.	વેરાપાત્ર પ્રદેશમાં આવેલી કોઈ કંપની અથવા સંસ્થાપિત મંડળ.
૭.	વીમા એજન્ટ દ્વારા વીમાનો વ્યવસાય કરતી કોઈ વ્યક્તિને પૂરી પાડવામાં આવતી સેવા.	વીમા એજન્ટ.	વીમાનો વ્યવસાય કરતી વેરાપાત્ર પ્રદેશમાં આવેલી કોઈ વ્યક્તિ.
૮.	વસૂલાત એજન્ટ દ્વારા બેંકિંગ કંપની અથવા નાણાકીય સંસ્થા અથવા નોન-બેંકિંગ નાણાકીય કંપનીને પૂરી પાડવામાં આવતી સેવા.	વસૂલાત એજન્ટ.	વેરાપાત્ર પ્રદેશમાં આવેલી બેંકિંગ કંપની અથવા નાણાકીય સંસ્થા અથવા નોન-બેંકિંગ નાણાકીય કંપની.
૯.	સાહિત્ય, નાટક, સંગીત અથવા કલાને લગતી મૂળ કામગીરી સંબંધી કોપીરાઈટ અધિનિયમ, ૧૯૫૭ની કલમ ૧૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ આવરી લીધેલા કોપીરાઈટ	લેખક અથવા મ્યુઝિક કમ્પોઝર, ફોટોગ્રાફર, કલાકાર અથવા તેના	વેરાપાત્ર પ્રદેશમાં આવેલા પ્રકાશક, મ્યુઝિક કંપની, નિર્માતા અથવા તેના જેવી બીજી

INDEX

	વાપરવાના અથવા ભોગવવાના હકની તબદીલી કરીને અથવા કોપીરાઈટ વાપરવાની પરવાનગી આપીને, લેખક, મ્યુઝિક કમ્પોઝર, ફોટોગ્રાફર, કલાકાર અથવા તેના જેવી બીજી વ્યક્તિઓ દ્વારા, પ્રકાશક, મ્યુઝિક કંપની, નિર્માતા અથવા તેના જેવી બીજી વ્યક્તિઓને આપવામાં આવતો સેવાનો પુરવઠો.	જેવી બીજી વ્યક્તિઓ.	વ્યક્તિઓ.

સ્પષ્ટીકરણ.- આ જાહેરનામાના હેતુ માટે,-

(ક) સડક માર્ગે ગુડ્ઝ કેરેજમાં માલની હેરફેર કરવા માટે નૂર ચૂકવતી હોય અથવા નૂર ચૂકવવા જવાબદાર હોય તેવી વેરાપાત્ર પ્રદેશમાં રહેતી વ્યક્તિ, આ જાહેરનામાના હેતુ માટે સેવા લેનાર વ્યક્તિ હોવાનું ગણાશે.

(ખ) ''સંસ્થાપિત મંડળ''નો, કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૨-ના ખંડ (૧૧)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે.

(ગ) દાવો કરનાર, અરજી કરનાર અથવા યથા પ્રસંગ, અરજદાર હોય તેવું વેરાપાત્ર પ્રદેશમાં આવેલું વ્યાપાર-એકમ, આ જાહેરનામાના હેતુ માટે કાનૂની સેવા લેનાર વ્યક્તિ હોવાનું ગણાશે.

(ઘ) આ જાહેરનામામાં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા, પણ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ અને સંઘ રાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દ પ્રયોગોનો, તે અધિનિયમોમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે.

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 238

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 7, 2017/BHADRA 16, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ** ના **તારીખ : ૩૦મી જૂન, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૪૫)જીએસટી-૨૦૧૭/એસ.૫૪(૩)(૨)-ઠ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭

હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ,

જાહેરનામું ક્રમાંક. ૧૫/૨૦૧૭– રાજ્ય વેરો (૬૨)

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭:

ક્રમાંક: (જીએચએન–૪૫)જીએસટી–૨૦૧૭/એસ.૫૪(૩)(૨)–૬:– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૫૪ની પેટા–કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, કાઉન્સિલની ભલામણ પરથી, આથી જાહેર કરે છે કે વણવપરાયેલા ઈનપુટ વેરા શાખના કોઈપણ રિફંડની પરવાનગી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની અનુસૂચિ–૨–ની બાબત ૫–ની પેટા–બાબત (ખ)માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ પૂરી પાડવાના કિસ્સામાં, સદરહુ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫૪ની પેટા–કલમ (૩) હેઠળ આપવી જોઈશે નહિ.

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 239

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, SEPTEMBER 8, 2017/BHADRA 17, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭

તારીખઃ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **અધિનિયમ ક્રમાંકઃ ૩૧** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO.31 OF 2017.

THE CODE OF CRIMINAL PROCEDURE (GUJARAT AMENDMENT) ACT, 2017.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ **સન ૨૦૧૭**ના **ઓગસ્ટ** મહિનાની **૩૦મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે.એમ.લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 31OF 2017.

AN ACT

further to amend the Code of Criminal Procedure, 1973 in its application to the State of Gujarat .

સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંક:૩૧ .

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના સપ્ટેમ્બર મહિનાની ૮મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકીસંજ્ઞા. ૧. આ અધિનિયમ ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

સન ૧૯૭૪નો ૨-જો. સન૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૨૭૩નો સુધારો. ૨. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨૭૩માં,''તેના વકીલની હાજરીમાં'' એ શબ્દો પછી, ''અથવા, યથાપ્રસંગ, કોર્ટ તેની પોતાની મેળે અથવા અરજીના આધારે ન્યાયના હિતમાં તેવો આદેશ કરે ત્યારે ઈલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે'' એ શબ્દો ઉમેરવા.

સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૨૭૮નો સુધારો. ૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭૮માં, પેટા-કલમ (૩) પછી, નીચેની પેટા-કલમો ઉમેરવી :-

''(૪) કલમ ૨૭૩ હેઠળ ઈલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે પુરાવો લેવામાં આવે, ત્યારે પેટા-કલમો (૧) થી (૩)માંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

INDEX

(૫) ઇલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે ઇલેકટ્રોનિક સ્વરૂપે લીધેલ પુરાવો, ઇન્ફર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ની કલમ ૨-ના ખંડ (બ)ના અર્થ પ્રમાણે ઇલેકટ્રોનિક રેકર્ડ ગણાશે.''. સન ૨૦૦૦નો ૨૧મો.

સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૨૮૧નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૮૧માં, પેટા-કલમ (૬)માં, ''કાર્યવાહી દરમિયાનની'', એ શબ્દો પછી, ''અથવા ઇલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે લીધેલ'' એ શબ્દો ઉમેરવા.

સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૨૯૧નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૯૧માં, પેટા-કલમ (૧)માં, ''આરોપીની હાજરીમાં'', એ શબ્દો પછી, ''અથવા, યથાપ્રસંગ, ઇલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે'' એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૩૧૭નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૧૭માં, નીચેનું સ્પષ્ટીકરણ ઉમેરવું :-

''સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુ માટે, ''આરોપીને જાતે હાજર રહેવા''માં, કલમ ૨૭૩માં જોગવાઇ કર્યા પ્રમાણે ઇલેકટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ મારફતે તેની હાજરીનો સમાવેશ થશે.''.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 240

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 12, 2017/BHADRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૭૮)-જીએસટી-૨૦૧૭/એસ.૧૨૮(૧)-ઠ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી, એન, શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ

જાહેરનામા ક્રમાંક.૨૮/૨૦૧૭–રાજ્ય વેરો

સચિવાલય, ગાંધીનગર, તારીખ : પમી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન–૭૮) જીએસટી–૨૦૧૭/એસ.૧૨૮ (૧)–ઠ:– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૨૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કાઉન્સિલની ભલામણોને આધારે, જેણે નિયત તારીખ સુધીમાં, સન ૨૦૧૭ના જુલાઈ મહિના માટે, **નમૂના જીએસટીઆર–૩બી** માં પત્રક રજૂ કરવામાં ચૂક કરી હોય તેવી રજિસ્ટર થયેલી તમામ વ્યક્તિઓ માટે, ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૭૭ હેઠળ ચૂકવવાપાત્ર વિલંબ (લેઇટ) ફી જતી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 241

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 12, 2017/BHADRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** વિભાગ-ના તારીખ : **૨૫મી એપ્રિલ, ૨૦૧૭**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીવાયસી/૦૫/૨૦૧૭/જીટીએલ-૧૦૨૦૦૮/ /૧૯૫૧/એફ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Assistant Director of Libraries, Class-II, Recruitment Rules, 2015.

મદદનીશ ગ્રંથાલય નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૫મી એપ્રિલ,૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીવાયસી/૦૫/૨૦૧૭/જીટીએલ-૧૦૨૦૦૮/ /૧૯૫૧/એફ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ ગ્રંથાલય નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, મદદનીશ ગ્રંથાલય નિયામક, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. મદદનીશ ગ્રંથાલય નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૩માં, ખંડ (ક)માં,-

(૧) "૩૬ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૪૧ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માં સમાવિષ્ટ કરેલો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતના સંબંધમાં હોય તેટલે સુધી, લાગુ પડશે નહિ;".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવેશ એરડા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 242

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER, 12, 2017/BHADRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ**-ના તારીખ : **૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬**ના **સરકારી જાહેરનામા ક્રમાંક** (૧) જીકે/૬૬/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪), (૨) જીકે/૬૩/૨૦૧૬/ સીસીએ/૧૦૨૦૧૪/ ૧૧૬૧/ડી, (ભાગ-૪), (૩) **તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક** : જીકે/૧૦૩/૨૦૧૬/સીસીએ/**૧૦૨૦૧૪/૧૧૬૧**/ડી, (ભાગ-૨), અને (૪) જીકે/૧૦૪/ ૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/ ૧૧૬૧/ડી, (ભાગ-૨), ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક:જીકે/૬૬/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬,૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨-જી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, રાજકોટના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, ટંકારા હવે જિલ્લા કોર્ટ, મોરબીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ ટંકારા ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, ટંકારાની હકૂમતની સ્થાનિક હદો, મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૬૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪):-ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨-જી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, રાજકોટના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, મોરબી હવે જિલ્લા કોર્ટ, મોરબીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષ સ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ મોરબી ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, મોરબીની હકૂમતની સ્થાનિક હદો,મોરબી જિલ્લાના મોરબી તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૧૦૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૨):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૪મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, વડોદરાના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, છોટાઉદેપુર હવે જિલ્લા કોર્ટ, છોટાઉદેપુરના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષ સ્થાન દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ છોટાઉદેપુર ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, છોટાઉદેપુરની હકૂમતની સ્થાનિક હદો, છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૧૦૪/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૨):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાની ૨૪મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, વડોદરાના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, જેતપુર-પાવી હવે જિલ્લા કોર્ટ, છોટાઉદેપુરના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષ સ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ જેતપુર-પાવી ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, જેતપુર-પાવીની હકૂમતની સ્થાનિક હદો, છોટાઉદેપુર જિલ્લાના જેતપુર-પાવી તાલુકાના ગામોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 243

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 14, 2017/BHADRA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ–ના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: (જીએચએન–૪૭) જીએસટી–૨૦૧૭/એસ.૫૫(૨).૬–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

જાહેરનામા ક્રમાંકઃ ૧૬/૨૦૧૭ - રાજ્યવેરો (૬૨)

નાણાવિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ (જીએચએન-૪૭) જીએસટી - ૨૦૧૭ / એસ.૫૫(૨).૭ :- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૫૫-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

(૧) સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા અથવા નિર્દિષ્ટ આંતરરાષ્ટ્રીય સંગઠનને; અને

(૨) વિદેશી રાજદ્વારી મંડળ (Foreign diplomatic mission) અથવા ભારતમાંના વાણિજ્ય-દૂતની કચેરી (consular post) (કોન્સલ કચેરી) અથવા રાજદ્વારી એજન્ટ (diplomatic agents) અથવા તેમાં નિમાયેલા વ્યવસાયી વાણિજ્ય-દૂત અધિકારી (career consular officers)ને,

સદરહુ કલમના હેતુઓ માટે, નીચેની શરતોને અધીન રહીને, નિર્દિષ્ટ કરે છેઃ-

(ક) સંયુક્ત રાષ્ટ્ર અથવા નિર્દિષ્ટ આંતરરાષ્ટ્રીય સંગઠન, માલ અને સેવાનો સંયુક્ત રાષ્ટ્ર અથવા નિર્દિષ્ટ આંતરરાષ્ટ્રીય સંગઠનના સત્તાવાર વપરાશ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે અથવા ઉપયોગ કરવાનો ઈરાદો છે એ મતલબના, સંયુક્ત રાષ્ટ્ર અથવા તે નિર્દિષ્ટ આંતરરાષ્ટ્રીય સંગઠન પાસેથી મેળવેલા પ્રમાણપત્રને અધીન રહીને, તેમણે મેળવેલા માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠા પર ભરેલા રાજ્ય વેરાના રિફંડનો દાવો કરવા હકદાર રહેશે.

(ખ) વિદેશી રાજદ્વારી મંડળ અથવા ભારતમાંના વાણિજ્ય-દૂતની કચેરી અથવા રાજદ્વારી એજન્ટ અથવા તેમાં નિમાયેલા વ્યવસાયી વાણિજ્ય-દૂત અધિકારી, નીચેની બાબતોને અધીન રહીને, તેમણે મેળવેલા માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠા પર ભરેલા રાજ્ય વેરાના રિફંડનો દાવો કરવા હકદાર રહેશે,-

(૧) વિદેશી રાજદ્વારી મંડળ અથવા ભારતમાંના વાણિજ્ય-દૂતની કચેરી અથવા રાજદ્વારી એજન્ટ અથવા તેમાં નિમાયેલા વ્યવસાયી વાણિજ્ય-દૂત અધિકારી, વિદેશ મંત્રાલયના પ્રોટોકોલ ડિવિઝને કાઢી આપેલા પ્રમાણપત્રમાં નિયત કર્યા પ્રમાણે, પારસ્પરિકતાના સિદ્ધાંત (principle of reciprocity)ને આધારે, રાજ્ય વેરાના રિફંડ માટે હકદાર છે;

(૨) સેવાના પુરવઠાના કિસ્સામાં, વિદેશી રાજદ્વારી મંડળ અથવા વાણિજ્ય-દૂતની કચેરીના વડા અથવા તેમણે અધિકૃત કરેલી આવા મંડળ અથવા કચેરીની કોઈ વ્યક્તિએ, મેળવેલી સેવાનો પુરવઠો સદરહુ વિદેશી રાજદ્વારી મંડળ અથવા વાણિજ્ય-દૂતની કચેરીના સત્તાવાર હેતુ માટે છે અથવા સદરહુ રાજદ્વારી એજન્ટ અથવા વ્યવસાયી વાણિજ્ય-દૂત અધિકારી અથવા તેના/તેણીના કુટુંબના સભ્યોના અંગત ઉપયોગ માટે છે એમ જણાવતી, પોતે અથવા અધિકૃત વ્યક્તિએ સહી કરેલી, બાંયધરીની અસલ પ્રત રજૂ કરવી જોઈશે;

(૩) માલના પુરવઠાના કિસ્સામાં, સંબંધિત રાજદ્વારી મંડળ અથવા કોન્સલ કચેરી અથવા તેમણે યોગ્ય રીતે અધિકૃત કરેલા અધિકારીએ,-

INDEX

(૧) માલનો, મંડળ અથવા કોન્સલ કચેરી માટે ઉપયોગ કરવામાં આવ્યો છે અથવા યથાપ્રસંગ, ઉપયોગ થઈ રહ્યો છે;

(૨) માલ મળ્યાની તારીખથી ત્રણ વર્ષ પૂરાં થતાં પહેલાં, માલ બીજા કોઈને પૂરો પાડવામાં આવશે નહિ અથવા અન્યથા તેનો નિકાલ કરવામાં આવશે નહિ; અને

(૩) ખંડ (૧)નું પાલન ન કરવાના પ્રસંગે, રાજદ્વારી અથવા વાણિજ્ય-દૂતનું મંડળ, તેમને ચૂકવવામાં આવેલી રિફંડની રકમ પરત કરશે,

-એ મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે;

(૪) વિદેશ મંત્રાલયનું પ્રોટોકોલ ડિવિઝન, કોઈ વિદેશી રાજદ્વારી મંડળ અથવા ભારતમાંના વાણિજ્ય-દૂતની કચેરીને પ્રમાણપત્ર કાઢી આપ્યા પછી પાછળથી તે (પ્રમાણપત્ર) પાછું ખેંચવાનું નક્કી કરે તેવા કિસ્સામાં, તેણે, પ્રમાણપત્રને આવી રીતે પાછા ખેંચી લેવા અંગે વિદેશી રાજદ્વારી મંડળ અથવા વાણિજ્ય-દૂતની કચેરીને જાણ કરવી જોઈશે;

(૫) વિદેશી રાજદ્વારી મંડળ અથવા ભારતમાંના વાણિજ્ય-દૂતની કચેરીને સત્તાવાર હેતુ માટે અથવા અંગત ઉપયોગ માટે અથવા તેમના કુટુંબના સભ્યોના ઉપયોગ માટે આપવામાં આવેલ સમગ્ર રાજ્ય વેરાનું રિફંડ, આવું પ્રમાણપત્ર પાછું ખેંચ્યાની તારીખથી આપવું જોઈશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ જાહેરનામાના હેતુઓ માટે, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો ''નિર્દિષ્ટ આંતરરાષ્ટ્રીય સંગઠન'' એટલે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (વિશેષાધિકાર અને મુક્તિ) અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના ૪૬મા)ની કલમ ૩ અનુસાર કેન્દ્ર સરકારે જાહેર કરેલું, જેને સદરહુ અધિનિયમની અનુસૂચિની જોગવાઈઓ લાગુ પડે છે તેવું, આંતરરાષ્ટ્રીય સંગઠન.

૨. આ જાહેરનામું સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 244

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 14, 2017/BHADRA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ–ના તારીખ: ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના** જાહેરનામા **ક્રમાંક: (જીએચએન–૭૯)જીએસટી–૨૦૧૭–આર૧૨૩(૧).૬–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Goods and Services Tax Rules, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭.

ક્રમાંક.(જીએચએન-૭૯)જીએસટી-૨૦૧૭-આર૧૨૩(૧)-૬:-ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ના નિયમ ૧૨૩ના પેટા-નિયમ (૨)ની જોગવાઇઓ અનુસાર, ગુજરાત સરકાર, આથી, નફાખોરી અટકાવવા માટે નીચેના સભ્યોની બનેલી રાજ્ય કક્ષાની તપાસ સમિતિની રચના કરે છે:-

૧. કમિશનરે નામ નિયુક્ત કરેલ શ્રી સુપ્રીત સિંઘ ગુલાટી, અધિક રાજ્ય વેરા કમિશનર, (મહેકમ-તકેદારી) ગુજરાત રાજ્ય, અમદાવાદ; અને

૨. મુખ્ય કેન્દ્રીય વેરા કમિશનરે નામ નિયુક્ત કરેલ શ્રી સુનિલ કુમાર સિંઘ, કમિશનર, જીએસટી, ગાંધીનગર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 245

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 14, 2017/BHADRA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહવ્યવહાર** વિભાગ– ના તારીખ : **૨૯મી જુન, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : પીટી/૨૦૧૭/૨૩/એમટીએ/ ૧૦૨૦૧૭/૧૦૪૨/કેએચ– નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Motor Vehicles Act, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુન, ૨૦૧૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ પીટી/૨૦૧૭/૨૩/ એમટીએ/૧૦૨૦૧૭/૧૦૪૨/ખઃ– મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના અધિનિયમ ક્રમાંકઃ ૫૯મા)ની કલમ ૬૭ની પેટા–કલમ (૧) ના ખંડ(ઘ)(૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, સદરહુ પેટા–કલમ (૧)ના ખંડો (ક) થી (ઘ)ની જોગવાઈઓને લક્ષમાં લઈને, આ સંબંધમાં તમામ જાહેરનામાં રદ કરીને, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવે તે રીતે, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના વિસ્તારોમાં ફરતા, **ત્રિષા ચેરિટેબલ ટ્રસ્ટ, વેરાવળ,** દ્વારા ચલાવાતા સ્ટેજ કેરેજો માટે, ભાડાંના દર નક્કી કરવા સંબંધી, ગીર સોમનાથ(વેરાવળ) ક્ષેત્રના રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને, આથી, આદેશો આપે છેઃ–

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧ અને ૨–માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં અને રૂટો પર ફરતા સ્ટેજ કેરેજો માટેના (તત્સમયે અમલમાં હોય તેવા ગુજરાત મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) હેઠળ લીધેલા અથવા પાત્ર ઉતારુ વેરાની રકમ, હોય તો, તે સહિતના) ભાડાં અને નૂર, સદરહુ અનુસૂચિના અનુક્રમે કોલમ ૩ અને ૪માં, તેમની સામે નિર્દિષ્ટ કર્યા હોય તેવા ભાડાં અને નૂરના વધુમાં વધુ દરને અધીન રહેશેઃ

પરંતુ વિદ્યાર્થીએ કરેલી કોઈ મુસાફરીના કિસ્સામાં, આવો કોઈ વેરો પાત્ર ન હોય, તો આવી મુસાફરી માટેના ભાડાં એવી રીતે સરભર કરવામાં આવશે કે જેથી આવા વેરાની રકમ તેમાંથી બાદ કરી શકાયઃ

વધુમાં, સ્ટેજ કેરેજ ઓપરેટરે, વખતોવખત સુધાર્યા પ્રમાણેના અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો પ્રમાણેની, સ્ટેજ કેરેજ પરમિટનો કોઈ ભંગ કરવો જોઈશે નહિ. આવા ભંગના કિસ્સામાં, મંજૂર કરેલી સ્ટેજ કેરેજ પરમિટ તરત જ રદ થવાને પાત્ર થશે.

INDEX

અનુસૂચિ

વિસ્તારો	રૂટ	વધુમાં વધુ ભાડું (ઉતારુ વેરા સહિત)	નૂર
૧.	૨.	૩.	૪.
જ્યાં સ્ટેજ કેરેજો (શહેરી ઉતારુ બસ સેવા), ત્રિષા ચેરિટેબલ ટ્રસ્ટ – વેરાવળ દ્વારા ચલાવાતા હોય તેવા વધુમાં વધુ દસ(૧૦) કિલોમીટરની હદ સુધીના મંજૂર કરાયેલા રૂટો ધરાવતા પાટણ–વેરાવળ નગરપાલિકા વિસ્તારો.	ગુજરાત મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩ના પરંતુક હેઠળ મંજૂર કરેલા પાટણ–વેરાવળ નગરપાલિકાની હદના લગોલગના વિસ્તારોમાં સેવા પૂરી પાડવામાં આવતી હોય તેવા તમામ રૂટો.	(૧) પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારુ દીઠ રૂા.૫.૦૦ (પાંચ રૂપિયા). (૨) ત્યારબાદ, પ્રથમ સ્ટેજથી તૃતીય સ્ટેજ સુધી ઉતારુદીઠ વધુ રૂા. ૧.૦૦નો વધારો. (૩)તૃતીય સ્ટેજ પછીના દરેક ત્રણ સ્ટેજ અથવા તેના ભાગ માટે વધુ રૂા.૧.૦૦નો વધારો.	(૧) પ્રથમ બે સ્ટેજ અથવા તેના ભાગ માટે માલસામાનના દાગીના દીઠ રૂા. ૫.૦૦ (પાંચ રૂપિયા). (૨) ત્યાર પછી, દરેક ત્રણ સ્ટેજ માટે, માલસામાનના દાગીના દીઠ રૂા.૧.૦૦ (એક રૂપિયા)નો વધારો. પરંતુ વજનમાં એકંદરે ૨૫ કિલોગ્રામથી વધુ ન હોય તેવા દાગીના ઉપર ચાર્જ લેવામાં આવશે નહિ.

નોંધ:

(૧) આ જાહેરનામાના હેતુ માટે, "સ્ટેજ" એ શબ્દ એટલે બે કિલોમીટરનું અંતર.

(૨) આ જાહેરનામામાં, "ઉતારુ" એ શબ્દનો, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૨–ના ખંડ(ઝ) અને નિયમ ૧૧૯ના પેટા–નિયમ (૧)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX SIS-12 Work-2017\Extra-2017\[4] Ex. 245 ...

Extra No. 246

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 14, 2017/BHADRA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**-ના તારીખ : **૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના સરકારી હુકમ ક્રમાંક:** (જીએચએન-૭૬) વિએટી-૨૦૧૭/એસ.૪૧ (૧)/(૧૮)-ઠ અને જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૭૭) વિએઆર-૨૦૧૭(૪૬)/ઠ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order
Under
The Gujarat Value Added Tax Act, 2003.
ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ

હુકમ.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. પમી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક. (જીએચએન-૭૬)વીએટી-૨૦૧૭/એસ.૪૧ (૧) (૧૮)-ઠ:-ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાયું છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૪૧ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, રાજ્યમાં, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા) હેઠળ આવરી લીધેલા માલના ઉત્પાદનમાં, કુદરતી વાયુનો (વીજળી ઉત્પન્ન કરવામાં અથવા ખાતરોના ઉત્પાદનમાં તેવા વાયુનો ઉપયોગ કરવામાં આવે તે સિવાય) ઉપયોગ કરતાં ઉત્પાદકોને કરેલા તેવા વાયુના વેચાણના ટર્નઓવર પર રજિસ્ટર થયેલ વેપારીએ ચૂકવવાપાત્ર નવ ટકાના દરે વેરાની રકમ, નીચેની શરતોને અધીન રહીને,માફ કરે છે:-

૧. વેચનાર વેપારીએ, વીજળી ઉત્પન્ન કરવામાં ઉપયોગ કરવા માટે અથવા ખાતરોના ઉત્પાદન માટે કુદરતીવાયુ ખરીદતા હોય તેવા વેપારી માટે હોય તે સિવાય, રાજ્યમાંના ખરીદનાર વેપારીઓ પાસેથી કુદરતી વાયુના પોતાના વેચાણ પર છ ટકાના દરે વેરો ચાર્જ કરીને વસૂલ કરવો જોઇશે.

૨. વેચનાર વેપારીએ, આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાનના વેચાણો પર અધિનિયમની અનુસૂચિ ૩-માં નિર્દિષ્ટ કરેલા દર મુજબ લાગુ પડતો સમગ્ર વેરો ચાર્જ કરીને વસૂલ કરવો જોઇશે અને તે એવા વેચાણો પર કોઇ માફી માટે હકદાર થશે નહિ.

૩. વેચનાર વેપારીઓએ, આકારણી સત્તાધિકારીને, એવું પ્રમાણિત કરતી વિગતો પૂરી પાડવી જોઇશે કે રાજ્યમાંના ખરીદનાર વેપારીને વેચેલા કુદરતી વાયુનો ઉપયોગ, રાજ્યમાં, જે મહિના દરમિયાન આવા વેચાણો કરવામાં આવ્યા હતા તે મહિનાના તરત પછીના મહિનાના અંત સુધીમાં,ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ આવરી લીધેલા (વીજળી ઉત્પન્ન કરવામાં અથવા યથાપ્રસંગ, ખાતરોના ઉત્પાદન માટે તેવા કુદરતી વાયુના ઉપયોગ સિવાયના) વેરાપાત્ર માલના ઉત્પાદનમાં કરવામાં આવેલો છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

Notification
Regarding
Amendment to the Gujarat Value Added Tax Rules, 2006
ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી
જાહેરનામું
નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. પમી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક. (જીએચએન-૭૭)વીએઆર-૨૦૧૭ (૪૬) /૬:-ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા માટે તાત્કાલિક પગલાં લેવાનું અને તેની પૂર્વ-પ્રસિધ્ધ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (૬ઠ્ઠો સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૨)માં, પરંતુકમાં, ''બે વર્ષ'' એ શબ્દોને બદલે, ''ત્રણ વર્ષ'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 247

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, SEPTEMBER, 16, 2017/BHADRA 25, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : **૨૪મી ઓક્ટોમ્બર**, ૨૦૧૬ના ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંકઃ પીટી-૨૦૧૬-૫૦-એમવીડી-૧૦૨૦૧૬-૨૧-ખ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Government Notification, Ports and Transport Department, No. PT-2016-47-MVD-102016-21-KH, dated 29th September, 2016
બંદરો અને વાહનવ્યવહાર વિભાગનું તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક. પીટી–૨૦૧૬–૪૭–એમવીડી–૧૦૨૦૧૬–૨૧–ખ.સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૬.

કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯.

ક્રમાંક: પીટી–૨૦૧૬–૫૦–એમવીડી–૧૦૨૦૧૬–૨૧–ખ:–સડક(માર્ગ) પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના તારીખ: ૧૫–૦૪–૧૫ના જાહેરનામા ક્રમાંક: જીએસઆર ૨૯૦ (ઈ) અને તારીખ: ૦૧–૧૦–૧૫ના જાહેરનામા ક્રમાંક: ૨૬૮૭ (ઈ).થી સુધાર્યા પ્રમાણેના કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૧૮ના પેટા–નિયમ ૨–થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક. પીટી–૨૦૧૬–૪૭–એમવીડી–૧૦૨૦૧૬–૨૧–ખ. નીચે પ્રમાણે સુધારે છે:

સદરહુ જાહેરનામામાં, કોષ્ટકને બદલે, નીચેનું કોષ્ટક મૂકવું:–

અનુ–ક્રમાંક	હેરફેર (પરિવહન)ના વાહનનો પ્રકાર	અગાઉથી નિર્ધારિત ઝડપ
૧	ઉતારુઓ અને તેમના સામાન લાવવા/લઈ જવા માટે ઉપયોગમાં લેવાતાં,ડ્રાઈવર સિવાય (ઉપરાંત) ૧૨ કરતાં વધારે ઉતારુઓની બેઠક ક્ષમતા ધરાવતાં કોન્ટ્રાક્ટ કેરેજ વાહનો.	૮૦ કિલોમીટર પ્રતિ કલાક
૨	૭૫૦૦ કિલોથી વધારે એકંદર વાહન વજન ધરાવતાંમાલ વાહનો.	૮૦ કિલોમીટર પ્રતિ કલાક
૩	ડ્રાઈવર સિવાય ૧૨ વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતાં પ્રાઈવેટ સર્વિસ (ખાનગી સેવા)ના વાહનો.	૮૦ કિલોમીટર પ્રતિ કલાક
૪	ડ્રાઈવર સિવાય ૧૨ વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓની માલિકીની ઓમ્નિ બસો.	૬૦ કિલોમીટર પ્રતિ કલાક
૫	ડ્રાઈવર સિવાય ૧૨ વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ સાથે કરાર હેઠળ ઉપયોગમાં લેવાતી કોન્ટ્રાક્ટ કેરેજ ઓમ્નિ બસો.	૬૦ કિલોમીટર પ્રતિ કલાક
૬	ડમ્પર	૬૦ કિલોમીટર પ્રતિ કલાક
૭	ટેન્કર	૬૦ કિલોમીટર પ્રતિ કલાક
૮	જોખમી માલસામાન (સામગ્રી) વહન કરતાં ૭૫૦૦ કિલોથી વધારે એકંદર વાહન વજન ધરાવતાં માલ વાહનો.	૬૦ કિલોમીટર પ્રતિ કલાક

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 248

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 19, 2017/BHADRA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી** વિભાગ-ના તારીખ : **૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭**ના **સરકારી જાહેરનામા ક્રમાંક (૧)** જીએસટી/૮/૨૦૧૬/ડીઆઈટી/ ૧૦/૨૦૧૬/ સંયુક્ત નિયામક/આઈટી, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Joint Director of IT, Class I, in the General State Service, under the Directorate of Information and Communication Technology and e-Governance Recruitment Rules, 2016.

ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત આઇટી નિયામક, વર્ગ ૧ ભરતી નિયમો, ૨૦૧૬, સુધારવા સંબંધી

જાહેરનામું.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએસટી/૮/૨૦૧૬/ડીઆઇટી/૧૦/૨૦૧૬/સંયુક્ત નિયામક/આઇટી:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત આઇટી નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત આઇટી નિયામક, વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત આઇટી નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૩માં, ખંડ (ક)નો બીજો પરંતુક કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મનોજ વાઘ,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 249

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 19, 2017/BHADRA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ-ના તારીખ : ૧૧મી જુલાઇ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી-૨૦૧૭નો ૨૧૩/એએમએન-૨૦૨૦૦૦/૭૧૨૨-પી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Provincial Municipal Corporations Act,1949.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ

જાહેરનામું.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૧મી જુલાઇ, ૨૦૧૭.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક: કેવી–૨૦૧૭નો ૨૧૩/એએમએન–૨૦૨૦૦૦/૭૧૨૨–પીઃ–મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન– એ જણાવ્યું છે કે અમદાવાદ શહેરની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવા, મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ચલાવાતી શેઠ વી.એસ. જનરલ હોસ્પિટલ, તબીબી કોલેજ અને હોસ્પિટલ, બી.આર.ટી.એસ. અને સાબરમતી રિવર ફ્રન્ટ સેવા હડતાલનો આશરો લે તેવી સંભાવના છે;

અને ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી,"સદરહુ અધિનિયમ"તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની અનુસૂચિ–કના પ્રકરણ૪માં વર્ગ–૧, ૨, ૩માં જણાવેલી અને સદરહુ અધિનિયમની કલમ ૬૨ માં જણાવેલી આવશ્યક સેવાઓમાંની કોઈપણ સેવા બજાવવામાં રૂકાવટ થવાથી અથવા તેના બંધ થવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શહેરમાં સમુદાયના જીવનની સલામતી અથવા તેમના આરોગ્ય અથવા તેમના માટે જરૂરી એવી આવશ્યક સેવાઓની જાળવણીને પ્રતિકૂળ રીતે અસર થશે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ૬૨ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર,આથી જાહેર કરે છે કે અમદાવાદ શહેરમાં કટોકટી પ્રવર્તે છે અને તેના પરિણામે, સદરહુ અધિનિયમની અનુસૂચિ–કના પ્રકરણ૪માં,વર્ગ–૧,૨અને ૩માંજણાવેલી આવશ્યક સેવામાંના કોઈપણ સભ્યે, તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા અથવા કોઈ કરારમાં ગમે તેમ જ કૂર હોય તેમ છતાં, તારીખ:૧૭.૦૭.૨૦૧૭ના રોજ અને તે તારીખથી શરૂ થતી ૧૮૦ દિવસની મુદત માટે;

(ક) પોતાની ફરજો બજાવવામાં તેને અશકત બનાવે તેવી માંદગી અથવા અકસ્માતના કિસ્સામાં હોય તે સિવાય,પોતાની ફરજો છોડીને ચાલ્યા જવું નહિ અથવા તેવી ફરજો ઉપર ગેરહાજર રહેવું નહિ,અથવા.

(ખ) પોતાની ફરજો બજાવવામાં બેદરકારી રાખવી નહિ અથવા તે બજાવવાની ના પાડવી નહિ અથવા અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનરના અને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવાના ટ્રાન્સપોર્ટ મેનેજરના અભિપ્રાય પ્રમાણે બિનકાર્યક્ષમ હોય તેવી રીતે જાણી બૂઝીને તેવી ફરજો બજાવવી નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 250

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 19, 2017/BHADRA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ–ના તારીખ: ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીકે–૬૮–૨૦૧૬–સીસીએ–૧૦૨૦૧૪–૧૧૬૧–ડી, (ભાગ–૪)–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Legal Department

No. GK/63/2016/CCA/102014/1161/D (Part-4), dated 23rd September, 2016.

તારીખ: ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬નું કાયદા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: જીકે/૬૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪). સુધારવા સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ ૨૦૦૫.

ક્રમાંક:જીકે/૬૮/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪):-ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬,૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કાયદા વિભાગનું તારીખ: ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬નું સરકારી જાહેરનામું **ક્રમાંક: જીકે/૬૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪)**, નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુક્રમાંક: ૨ પરના પરિચ્છેદમાં, 'મુખ્ય' શબ્દ કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 251

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, SEPTEMBER 20, 2017/BHADRA 29, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખ: ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જીએચએમ-૨૦૧૭-૧૫૪-સીટીએસ-૧૩૨૦૧૭-૭૧૧-એચ (ભાગ-૧).-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
Gujarat Land Revenue Code, 1879.

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ હેઠળ
જાહેરનામું
મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯.

ક્રમાંક: જીએચએમ-૨૦૧૭-૧૫૪-સીટીએસ-૧૩૨૦૧૭-૭૧૧-એચ (ભાગ-૧):- ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના પમા)ની કલમ ૧૨૫ ક ની પેટા-કલમ (૫) અને કલમ ૧૨૫ છ ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, પરિવર્તનીય વિસ્તારોમાં પૂરક મહેસૂલ સેટલમેન્ટ માટેની માંડવાળ ફી નીચે મુજબ નિર્દિષ્ટ કરે છે:-

૧. જમીનનો ઉપયોગ રહેણાક હેતુઓ માટે કરવામાં આવે ત્યારે, નીચેની એકત્રિત રકમની બે ગણી રકમ,-

(૧) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના પમા)ની કલમ ૬૫ના સંબંધમાં શરતો અથવા યથાપ્રસંગ, જોગવાઈઓના કરેલા ભંગ માટે લેવાપાત્ર રકમ; અને

(૨) ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૪૦મા)ની જોગવાઈઓ પ્રમાણે લેવાપાત્ર અને ચાર્જ કરવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીની રકમ.

૨. જમીનનો ઉપયોગ વાણિજ્યિક અને/અથવા ઔદ્યોગિક હેતુઓ માટે કરવામાં આવે, ત્યારે નીચેની એકત્રિત રકમની ત્રણ ગણી રકમ,-

(૧) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના પમા)ની કલમ ૬૫ના સંબંધમાં શરતો અથવા યથાપ્રસંગ, જોગવાઈઓના કરેલા ભંગ માટે લેવાપાત્ર રકમ; અને

(૨) ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૪૦મા)ની જોગવાઈઓ પ્રમાણે લેવાપાત્ર અને ચાર્જ કરવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીની રકમ:

પરંતુ રહેણાક મિલકતના કોઈ નાના ભાગનો ઉપયોગ, રહેણાક મિલકતના માલિક અથવા તેના પરિવારના સભ્યો દ્વારા દરજીકામ, સુથારીકામ, માટીકામ, લુહારીકામ, વાળંદકામ વગેરે જેવા પરિવારના ઘરગથ્થું વ્યવસાય ચલાવવા માટે કરવામાં આવે, ત્યારે રહેણાક હેતુ માટેની માંડવાળ ફીનો દર લાગુ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર.વી.ભટ્ટ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 252

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, SEPTEMBER 20, 2017/BHADRA 29, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ–ના તારીખ: ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએચ–એસએચ–૦૩–૨૦૧૭–એમકેએમ–૧૦૨૦૦૭–૮૪૧–જે.–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Social Welfare Inspector, Class lll, in the Directorate of Scheduled Castes Welfare, Gujarat State, Recruitment Rules, 2017.

અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવાઓમાં,

સમાજ કલ્યાણ નિરીક્ષક, વર્ગ૩, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૦૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીએચ/એસએચ/૦૩/૨૦૧૭/એમકેએમ/૧૦૨૦૦૭/૮૪૧/જે:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવાઓમાં, સમાજ કલ્યાણ નિરીક્ષક, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઇ કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકની કચેરીમાં, સમાજ કલ્યાણ નિરીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવાઓમાં, સમાજ કલ્યાણ નિરીક્ષક, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામક, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવાઓમાં, સિનિયર કારકુન, વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂક, અનુક્રમે ૩:૨ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

INDEX

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલીઅથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યાપ્રમાણે,કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯૬–ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ થશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કમલેશ શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 253

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER, 21, 2017/BHADRA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર** વિભાગ-ના તારીખ : **૧૯મી ઓગષ્ટ , ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક** પીટી/૨૦૧૭/૩૧/એમટીએ/૧૨૨૦૧૭/ આરએ.કે.મંત્રી-૨૦ /ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Motor Vehicles Tax Act, 1958.

ગુજરાત મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૯/૦૮/૨૦૧૭.

ગુજરાત મોટરવાહનવેરા અધિનિયમ,૧૯૫૮

ક્રમાંકઃપીટી/૨૦૧૭/૩૧/એમટીએ/૧૨૨૦૧૭/આરએ.કે.મંત્રી–૨૦/ખઃ–શ્રી સ્વામી નારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ, વલસાડ (જેનો આમાં હવે પછી, "સદરહુ ટ્રસ્ટ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ (સન૧૯૫૦ના મુંબઈના ૨૯મા) હેઠળ, સખાવતી હેતુઓ માટે રજિસ્ટ્રેશન નંબર. ઈ/૯૯૦/વલસાડ–થી, રજિસ્ટર થયેલું ટ્રસ્ટ છે;

અને સદરહુ ટ્રસ્ટની માલિકીનું એંજિન નં. ડીક૩૦૩૨૭૩૨ અને ચેસિસ નં.ઈજબીકિએ૭એચપી૦૩૬૭૯ ધરાવતુંમોટર વાહન, ગુજરાત મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની પહેલી અનુસૂચિની નોંધ ૪–ક 'ખાનગી સેવા વાહન'ની જોગવાઈઓ હેઠળ વેરો ભરવાને પાત્ર થાય છે;

અને વાહન, સદરહુ ટ્રસ્ટની એકમાત્ર મિલકત છે અને તેને નહિ નફાના ધોરણે, સખાવતી હેતુઓ માટે જાહેર હિતમાં વાપરવામાં આવે છે, એ કારણે સદરહુ ટ્રસ્ટ–એ તેની માલિકીના સદરહુ મોટર વાહન પર વેરો ભરવામાંથી મુક્તિ આપવા માટે રાજ્ય સરકારને રજૂઆત કરી છે;

અને રાજ્ય સરકારે, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬ક–ની જોગવાઈઓ અનુસાર સદરહુ ટ્રસ્ટની રજૂઆત પર વિચારણા કરી છે;

તેથી, હવે, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬ક સાથે વાંચતા, ગુજરાત મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા–કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ ટ્રસ્ટની માલિકીના એંજિન નં. ડીક૩૦૩૨૭૩૨ અને ચેસિસ નં.ઈજબીકિએ૭એચપી૦૩૬૭૯ ધરાવતું મોટર વાહન– ટેમ્પો ટ્રાવેલર–ને, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવે તેમ, તેના સખાવતી હેતુઓ/ઉદ્દેશો આગળ ધપાવવા માટે તે વાહન વાપરવાનું ચાલુ રાખવામાં આવે અથવા વાપરવા માટે રાખવામાં આવે ત્યાં સુધી, રૂા.૩૩,૦૦૦/– (રૂા. તેત્રીસ હજાર માત્ર) સુધીનો વાર્ષિક મોટર વાહન વેરો ભરવામાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 254

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER, 21, 2017/BHADRA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**-ના તારીખ : **૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭**ના **સરકારી જાહેરનામા ક્રમાંક** જીએચ/૨૦૧૭/૦૪/એસએસપી/૧૫૨૦૧૨/૩૮૦૮૫૯ /એ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Joint Director (Developing Caste Welfare) Class I, under the Directorate of Developing Caste Welfare, Recruitment Rules, 2016.

વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરી હેઠળ સંયુક્ત નિયામક (વિકસતી જાતિ કલ્યાણ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીએચ/૨૦૧૭/૦૪/એસએસપી/૧૫૨૦૧૨/૩૮૦૮૫૯/એ :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરી હેઠળ સંયુક્ત નિયામક (વિકસતી જાતિ કલ્યાણ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરી હેઠળ સંયુક્ત નિયામક (વિકસતી જાતિ કલ્યાણ), વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરી હેઠળ સંયુક્ત નિયામક (વિકસતી જાતિ કલ્યાણ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૭માં, "હિન્દી અથવા ગુજરાતી" એ શબ્દોને બદલે "હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંન્ને" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવિન પટેલ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 255

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, SEPTEMBER 25, 2017/ASVINA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ–ના તારીખ: ૨જી મે, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીપી–૨૦–કેઆરવી–૧૦૨૦૧૪–૪૮૩–ચ.–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The X-Ray Technician, Class III, in the subordinate service of the Directorate of Medical Services, Employees' State Insurance Scheme Recruitment

Rules, 2017.

નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં,એક્સ–રે

ટેકનિશિયન (ક્ષ–કિરણ તકનિકવિદ), વર્ગ ૩, ભરતી નિયમો,૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી મે, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીપી/૨૦/કેઆરવી/૧૦૨૦૧૪/૪૮૩/ચ.:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક,તબીબી સેવાઓ, કામદાર વીમા યોજનાની–કચેરી,ગુજરાત રાજ્યની તાબાની સેવામાં,એક્સ–રે ટેકનિશિયન (ક્ષ–કિરણ તકનિકવિદ), વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વિમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં,એક્સ–રે ટેકનિશિયન (ક્ષ–કિરણ તકનિકવિદ), વર્ગ ૩,ભરતી નિયમો,૨૦૧૭ કહેવાશે.

૨. નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વિમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં,એક્સ–રે ટેકનિશિયન (ક્ષ–કિરણ તકનિકવિદ), વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક,જેમણે–

(ક) (૧) નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના–ની કચેરીની તાબાની સેવામાં, એક્સ–રે ટેકનિશિયન (ક્ષ–કિરણ તકનિકવિદ),વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ભૌતિક વિજ્ઞાન,રસાયણ શાસ્ત્ર અને અંગ્રેજી વિષય સાથે ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ માન્ય કરેલી એવી સરકારી સંસ્થા અથવા તબીબી કોલેજ દ્વારા સંચાલિત એક્સ–રે ટેકનિશિયન (ક્ષ–કિરણ તકનિકવિદ)કોર્સ (અભ્યાસક્રમ) પાસ કરેલ હોય; અને

(૪) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતા વાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદ્દતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતિયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

INDEX

૩. નિયમ (૨)માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર–

(ક) ૩૬ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી અથવા તે તરીકે માન્ય થયેલી કોઇ બીજી સંસ્થામાંથી મેળવેલી વિજ્ઞાન પ્રવાહમાં મુખ્ય વિષય તરીકે ભૌતિક શાસ્ત્ર સાથે સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અને સરકારી સંસ્થા અથવા સરકાર માન્ય કોલેજ દ્વારા સંચાલિત ઓછામાં ઓછા એક વર્ષનો એક્સ–રે ટેકનિશિયન (ક્ષ–કિરણ તકનિકવિદ)કોર્સ (અભ્યાસક્રમ) પાસ કરેલ હોવો જોઈશે;અથવા

(૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ભૌતિક વિજ્ઞાન,રસાયણ શાસ્ત્ર અને અંગ્રેજી વિષય સાથે ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોય અને સરકારી સંસ્થા અથવા સરકાર માન્ય કોલેજ દ્વારા સંચાલિત ઓછામાં ઓછા બે વર્ષનો એક્સ–રે ટેકનિશિયન (ક્ષ–કિરણ તકનિકવિદ)કોર્સ (અભ્યાસક્રમ) પાસ કરેલ હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય), ૧૯૬૭ના નિયમ ૯–કની જોગવાઇઓ,સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમુનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 256

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, SEPTEMBER 25, 2017/ASVINA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ–ના તારીખ: ૧૯મી એપ્રિલ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીયુ–૨૦૧૭–૧૪–બીઆરટી–૧૧૨૦૦૮–૬૫૧–ડી–૧. –નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Assistant Commissioner of Industries, Class I, Recruitment Rules, 2017.

મદદનીશ ઉદ્યોગ કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીયુ/૨૦૧૭/૧૪/બીઆરટી/૧૧૨૦૦૮/૬૫૧/ડી-૧ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત રાજ્ય (હેઠળ)ની, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, મદદનીશ ઉદ્યોગ કમિશનર, વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો મદદનીશ ઉદ્યોગ કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, ગુજરાત ઔદ્યોગિક સેવામાં,ઉદ્યોગ કમિશનર, વર્ગ ૧ની જગા પરની નિમણૂક, જેમણે,-

(ક) (૧) ગુજરાત રાજ્ય (હેઠળ)ની, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, ઉદ્યોગ અધિકારી (ટેકનિકલ) અને મેનેજર (કાચો માલ), વર્ગ ૨ અથવા ઉદ્યોગ અધિકારી, વર્ગ-૨ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ઠરાવેલ ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂકો ૧:૨ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ-૨માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

INDEX

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય–મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ:

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ એન્જિનિઅરિંગ અથવા ટેકનોલોજિ (સિવિલ એન્જિનિઅરિંગ સિવાય)માં ઓછામાં ઓછા દ્વિતીય વર્ગમાં મેળવેલી પદવી અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અથવા મેનેજમેન્ટ અથવા ઑન્ટ્રપ્રનરશિપ ડેવલપમેન્ટમાં ઓછામાં ઓછા દ્વિતીય વર્ગમાં અનુસ્નાતકની પદવી અથવા ડિપ્લોમા અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશને માન્ય કરેલી અન્ય કોઈ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૨) ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર (પ્રવર) ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો, આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૩) ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર (પ્રવર) ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સરકારમાં, સ્થાનિક મંડળ, સરકાર હસ્તક બોર્ડ, કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં અથવા સરકાર અથવા સ્થાનિક મંડળ દ્વારા ચલાવવામાં આવતી જાહેર ખાનગી ભાગીદારી પરિયોજનાઓમાં વહીવટનો અથવા અવેક્ષકની કાર્યક્ષમતા (સુપરવાઈઝરી કેપેસિટી)માં અથવા તે ક્ષેત્રના અનુભવમાં શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો, આશરે ત્રણ વર્ષનો સંયુક્ત અથવા અલગ અનુભવ ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

આ નિયમોના હેતુ માટે સ્પષ્ટીકરણ,–

(૧) ''અવેક્ષકની ક્ષમતા (સુપરવાઈઝરી કેપેસિટી)'' એટલે ઉત્પાદન અને ગુણવત્તાના રૂપમાં લક્ષ્યાંકને પહોંચી વળવા માટે ઝડપી–અસરકારક નિર્ણાયકતા અને સમસ્યાના ઉકેલ દ્વારા કાર્યના પ્રવાહનું સંચાલન (વ્યવસ્થાપન) કરી શકે તેવી કાર્યલક્ષી ભૂમિકા ધરાવનાર કોઈપણ વ્યક્તિ. જે નેતૃત્વની ભૂમિકા ધરાવતો હોય અને પોતાની ટીમ (ટુકડી)ના સભ્યો અથવા કર્મચારીઓના (સમૂહ)ને પ્રોત્સાહિત કરતા હોય, સમર્થન (ટેકો) આપતા હોય અને પ્રેરિત કરતા હોય અને સંચાલકો અને તાબા હેઠળના (કર્મચારીઓની) વચ્ચે દ્વિ માર્ગીય વાહક તરીકેની ભૂમિકા બજાવતા હોય.

(૨) ''ક્ષેત્રનો અનુભવ'' એટલે કે સરળ વહીવટ માટેના સંસ્થા (સંગઠન)ના ધ્યેયને પહોંચી વળવા માટે સમાન રીતે કરવાના કાર્યોની યાદી સહિતના રાબેતા મુજબના કચેરીના કાર્યોનું સંચાલન કરવાની કામગીરી.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઈશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

INDEX

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. ચૌધરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 257

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, SEPTEMBER 25, 2017/ASVINA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ-ના તારીખ : ૧૫મી સપ્ટેમ્બર,** ૨૦૧૭ના સરકારી **જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૮૨)/જીએસટી-૨૦૧૭/એસ.૧(૩).૪**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT GOODS AND SERVICES TAX ACT, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭

જાહેરનામા ક્રમાંકઃ ૩૩/૨૦૧૭ - રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭

ક્રમાંકઃ (જીએચએન-૮૨) / જીએસટી - ૨૦૧૭ / એસ.૧(૩).૬ઃ- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧ની પેટા-કલમ (૩)-ના પરંતુક-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની કલમ ૫૧ની પેટા-કલમ (૧)ના ખંડો (ક) અને (ખ) હેઠળ નિર્દિષ્ટ કરેલી વ્યક્તિઓ અને સદરહુ અધિનિયમની કલમ ૫૧ની પેટા-કલમ (૧)ના ખંડ (ઘ) હેઠળ નીચે નિર્દિષ્ટ કરેલી વ્યક્તિઓના સંબંધમાં, સદરહુ અધિનિયમની કલમ ૫૧ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૨૦૧૭ના સપ્ટેમ્બર મહિનાની ૧૮મી તારીખ નક્કી કરે છેઃ-

(ક) (૧) સંસદના અથવા રાજ્ય વિધાનમંડળના અધિનિયમથી રચાયેલું; અથવા

(૨) કોઈ સરકાર દ્વારા સ્થાપવામાં આવેલું,

-ઈક્વિટી અથવા કન્ટ્રોલ (નિયંત્રણ) સ્વરૂપે એકાવન ટકા અથવા તેથી વધુ હિસ્સો ધરાવતું સત્તામંડળ અથવા બોર્ડ અથવા બીજું કોઈ મંડળ;

(ખ) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ દ્વારા મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૬૦ના ૨૧મા) હેઠળ સ્થપાયેલી મંડળી;

(ગ) જાહેર ક્ષેત્રનું અન્ડરટેકિંગઃ

પરંતુ સદરહુ વ્યક્તિઓ, વેરાપાત્ર માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારને કરેલી ચુકવણી અથવા તેના ખાતે જમા કરેલી રકમમાંથી, કાઉન્સિલની ભલામણને આધારે, ગુજરાત સરકાર દ્વારા પાછળથી જાહેર કરવામાં આવે તેવી તારીખથી અમલમાં આવે તેમ, વેરાની કપાત કરાવવાને પાત્ર રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 258

વાર્ષિક લવાજમનોદરરૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The GujaratGovernment Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, SEPTEMBER 25, 2017/ASVINA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના** તારીખ : **૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચકેએચ / ૧૩૨ / ૨૦૧૭ / પીઆરસી / ૧૨ / ૨૦૧૭ / ૧૦૩૭ /કે.૫** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકારવિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ જીએચકેએચ / ૧૩૨ / ૨૦૧૭ / પીઆરસી / ૧૨ / ૨૦૧૭ / ૧૦૩૭ / કે.પઃ- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર" ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) ને મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭(સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા) ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભ માટે, નીચેની પાત્રતા / જરૂરિયાત સાથે, કૃષિ નિયામક મારફત, **"ખેતી વિષયક યંત્રીકરણમાં વૃદ્ધિના ઉદ્દેશથી એજીઆર-૩, ખેતી વિષયક યંત્રીકરણ"** જાહેર કરે છેઃ-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય,પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશેઃ

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામ નોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈ પણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, કૃષિ નિયામકે, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓ એ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો / મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશેઃ

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઈશેઃ-

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો-

(૧) તેઓનો આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટID)ની પહોંચ, અથવા

INDEX

(૨) પરિચ્છેદ-૨-ના પેટા-પરિચ્છેદ(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,-

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખપત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ,

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:-

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલબ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલબ્ય કરવામાં આવશે.

(૨) **"એજીઆર-૩, ખેતી વિષયક યંત્રીકરણ"**ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલબ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામકે, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા **"એજીઆર-૩, ખેતી વિષયક યંત્રીકરણ"**ના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર.પટેલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 259

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, SEPTEMBER 25, 2017/ASVINA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ–ના તારીખ: ૧૯મી જુલાઇ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીયુ–૨૦૧૭–૨૪–બીઆરટી–૧૦૨૦૧૪–૧૦૩૮–ડી–૨. –નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Project Manager, Class I, in the Commissionerate of Cottage and Rural Industries, Recruitment Rules, 2017.

કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં, પ્રોજેક્ટ મેનેજર, વર્ગ–૧, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઇ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીયુ–૨૦૧૭–૨૪–બીઆરટી–૧૦૨૦૧૪–૧૦૩૮–ડી–૨ :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, પ્રોજેક્ટ મેનેજર, વર્ગ–૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં, પ્રોજેક્ટ મેનેજર, વર્ગ–૧ ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, પ્રોજેક્ટ મેનેજર, વર્ગ–૧ની જગા પરની નિમણૂક,–

(ક) (૧) જેણે કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ઔદ્યોગિક ઉત્તેજન અધિકારી–વર્ગ–૨ના સંવર્ગમાં ઓછામાં ઓછું આઠ વર્ષ કામ કર્યું હોય;

(૨) સરકારે ઠરાવેલી ખાતાકીય પરીક્ષા, કોઇ હોય તો તે પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ, બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને, બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૨ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ–૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,–,

(ક) ૪૨ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા મુજબની ઉપલી વય–મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી, સિવિલ એન્જિનિયરિંગ સિવાયની ઓછામાં ઓછા દ્વિતિય વર્ગ સાથેની સ્નાતકની પદવી અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, મેનેજમેન્ટ, રૂરલ મેનેજમેન્ટ અથવા એન્ટરપ્રીનિયોરશિપ ડેવલપમેન્ટમાં અનુસ્નાતક પદવી અથવા ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે અથવા ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૨) શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, તકનિકી મદદનીશ (ટેકનિકલ આસિસ્ટન્ટ), વર્ગ ૩ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૩) શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, તકનિકી મદદનીશ (ટેકનિકલ આસિસ્ટન્ટ), વર્ગ–૩ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો સરકારમાં અથવા સ્થાનિક સતામંડળોમાં અથવા સરકાર હસ્તકના બોર્ડમાં અથવા કોર્પોરેશનમાં અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થાપિત લિમિટેડ કંપનીમાં વહીવટ ક્ષેત્રમાંનો, આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર, હિન્દીમાં અથવા ગુજરાતીમાં અથવા બન્નેમાં પરીક્ષા પાસ કરવી જોઇશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઇશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એમ. ડાભી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 260

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, SEPTEMBER 25, 2017/ASVINA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ અને સહકાર વિભાગ–ના તારીખ: ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/૧૦–૨૦૧૭/આરસીટી/૧૧૨૦૧૧/૧૬૯૨/પી/૨.–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Livestock Inspector, Class III, in the subordinate services of the Directorate of Animal Husbandry, Recruitment Rules, 2016.

પશુપાલન નિયામકની કચેરીની તાબાની સેવાઓમાં, પશુધન નિરીક્ષક, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

કૃષિ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએચકેએચ/૧૦–૨૦૧૭/આરસીટી/૧૧૨૦૧૧/૧૬૯૨/પી/૨ :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, પશુપાલન નિયામકની કચેરીની તાબાની સેવાઓમાં, પશુધન નિરીક્ષક, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો પશુપાલન નિયામકની કચેરીની તાબાની સેવાઓમાં, પશુધન નિરીક્ષક, વર્ગ–૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. પશુપાલન નિયામકની કચેરીની તાબાની સેવાઓમાં, પશુધન નિરીક્ષક, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૩માં, ખંડ (ખ)માં, પેટા–ખંડ (૨)માં, "ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ (ICAR)" એ શબ્દો પછી, નીચેના શબ્દો ઉમેરવા :–

"અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી હોવાનું જાહેર થયેલી અન્ય શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ઓછામાં ઓછા એક વર્ષના સમયગાળાનું પશુધન નિરીક્ષકના અભ્યાસક્રમનું પ્રમાણપત્ર;"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ધર્મેશ મોદી,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 261

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 26, 2017/ASVINA 4, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ** ના તારીખ : **૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી/૧૨૧/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૦૫/વી.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department, No.GG/84/TTC-10(2002)1305-V, dated the 17th August, 2006.

ગૃહ વિભાગનું તારીખ: ૧૭મી ઓગસ્ટ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું

ક્રમાંક: જીજી/૮૪/ટીટીસી-૧૦(૨૦૦૨)૧૩૦૫-વી. સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીજી/૧૨૧/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૦૫/વી:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)ની કલમ ૨-ના ખંડ (ક્ષ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ: ૧૭મી ઓગસ્ટ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીજી/૮૪/ટીટીસી-૧૦(૨૦૦૨)૧૩૦૫-વી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૦ ઉપરની વિદ્યમાન નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ- ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી (ચોકીઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૧૦.	વાપી ડિવિઝન	કપરાડા	કપરાડા	-	-	કપરાડા
						માંડવા
						ચાંદવેગણ
						વેરીભવાડા
						મેણધા
						નાંદગામ
						માતુનીયા
						જગીરી ભવાડા
						ટોકરપાડા
						માની
						દાબખલ
						દાભાડી
						લવકર
						દીવસી
						વરવટ
						નિલોસી
						સિલ્ધા
						નાનીપલસાણ
						મોટીપલસાણ
						ચેપા

INDEX

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ- ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી (ચોકીઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						એકલેરા
						તેરીચીખલી
						રોહીયાળ જંગલ
						અસલકાંટી
						ખડકવાલ
						બોરપાડા (વાઘણપાડા)
						બીલોનીયા
						સીગારટાટી
						લીખવડ
						રોહીયાળ તલાટ
						ઘોટવળ
						મનાલા
						સરવરટાટી
						બામણવાડા
						ઘાણવેરી
						માલુંગી
						ભુરવડ
						ચુલીયા
						ડીઘી
						ટીટુમાળ
						નિરવડ
						વાડી
					ચુથારપાડા	ચાવશાળા
						દીક્ષલ
						ઘોટણ
						પીપરોટી
						ચીંચપાડા
						રાહોર
						ફળી
						કાસટવેરી
						ચુથારપાડા
						બારપુડા
						પાંચવેરા
						કેળઘા
						વાવર

અનુ– ક્રમાંક	ડિવિઝન/ સબ– ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી (ચોકીઓ)	આઉટ– પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						ઠુડા
						નારવડ
						ગીરનારા
						પીપલસેત
						વડોલી
						વિરક્ષેત
						માલઘર
						આસલોણા
						કોતલગામ
						બીલીયા
						શાઠુડા
						વાલવેરી
						વડસેત
						કોલવેરા
						કરજુન
						ઘામણવેગણ
						આંબા જંગલ.”.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. આર. ભમ્મર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 262

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 26, 2017/ASVINA 4, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **આદિજાતિ વિકાસ વિભાગ-ના તારીખ : ૪થી એપ્રિલ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ એમકેએમ/૨૦૧૪/૬૦૫-ખ.-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Assistant Commissioner, Class I, Recruitment Rules, 2015.

મદદનીશ આયુક્ત (કમિશનર), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

આદિજાતિ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : એમકેએમ/૨૦૧૪/૬૦૫/ખ :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ આયુક્ત (કમિશનર), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો મદદનીશ આયુક્ત (કમિશનર), વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. મદદનીશ આયુક્ત (કમિશનર), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, ખંડ (ખ)માં, "સીધી પસંદગીથી" એ શબ્દો કમી કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩માં, "સીધી પસંદગીથી" એ શબ્દો પછી "અને" શબ્દ ઉમેરવો.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં, ખંડ (ક)માં, "૩૦ વર્ષથી" એ આંકડા અને શબ્દોને બદલે "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દો મુકવા.

૫. સદરહુ નિયમોમાં,જ્યાં જ્યાં "સીધી પસંદગીથી" એ શબ્દો આવતા હોય ત્યાં ત્યાં તેને બદલે, "સ્પર્ધાત્મક કસોટીના પરિણામને આધારે" એ શબ્દો મુકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિદ્યુત પંડ્યા,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 263 વાર્ષિક લવાજમનોદરરૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The GujaratGovernment Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 26, 2017/ASVINA 4, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ: ૨૩**મી ફેબ્રુઆરી,૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચઆર / ૨૦૧૭ / ૩૪ / પીડબ્લ્યુએ / ૧૯ / ૨૦૧૭ / ૧૫૯૯૦ /એમ-૩.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Payment of Wages Act, 1936.

વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬

હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૨૩મી, ફેબ્રુઆરી ૨૦૧૭.

વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬.

ક્રમાંકઃ જીએચઆર/૨૦૧૭/૩૪/પીડબ્લ્યુએ/૧૯/૨૦૧૭/૧૫૯૯૦/એમ-૩ :- ગુજરાત રાજ્યને લાગુ પડતા વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬ (સન ૧૯૩૬ના અધિનિયમ ક્રમાંક. ૪થા)ની કલમ ૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નિર્દિષ્ટ કરે છે કે કારખાના અધિનિયમ ૧૯૪૮ (સન ૧૯૪૮ના અધિનિયમ ક્રમાંક. ૬૩માં)ની જોગવાઈઓ હેઠળ કારખાના તરીકે નોંધાયેલ હોય અથવા ન હોય તેવી ઔદ્યોગિક અથવા અન્ય સંસ્થામાં, નિયોક્તા (માલિક) આવી ઔદ્યોગિક અથવા અન્ય સંસ્થામાં, નિયુક્ત (કરાયેલી) દરેક વ્યક્તિને, માત્ર ચેક દ્વારા અથવા તેમના બેંકના ખાતા (એકાઉન્ટ)માં વેતન જમા કરીને ચૂકવણી કરી શકશે.

પરંતુ, રેલવે હવાઇ પરિવહન સેવાઓ, ખાણ અને (ખનિજ) તેલ વિસ્તાર (ક્ષેત્ર)ની બાબતમાં કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના અધિનિયમ ક્રમાંક. ૬૩મા) ની જોગવાઈઓ હેઠળ કારખાના તરીકે નોંધાયેલ હોય અથવા ન હોય તેવી ઔદ્યોગિક અથવા અન્ય સંસ્થાના કિસ્સામાં, ઉપર્યુક્ત (જોગવાઈઓ) લાગુ પાડી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 264

વાર્ષિક લવાજમનોદરરૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The GujaratGovernment Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 28, 2017/ASVINA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૨૩.૧.૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ / વી / ૨૦૧૭નો ૧૫ / ડીવીપી-૩૨૨૦૧૫-૨૬૦૪(૧)- એલ.** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Town Planning and Urban Development Act, 1976.
ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
જાહેરનામું ક્રમાંક.જીએચ/વી/૨૦૧૭ નો ૧૫/ડીવીપી-૩૨૨૦૧૫-૨૬૦૪(૧)-એલ
સચિવાલય, ગાંધીનગર.૨૩મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક.જીએચ/વી/૨૦૧૭નો ૧૫/ડીવીપી-૩૨૨૦૧૫-૨૬૦૪(૧)-એલ:- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ.૨૮.૦૮.૨૦૧૨ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/ વી/૨૦૧૨નો ૧૪૦/યુડીએ -૨૮૨૦૧૨ -૭૪૩-એલ-હેઠળ,ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મા)ની કલમ ૨૨ની પેટા-કલમ (૧), (૨), (૨-ક),કલમ ૨૨ ની પેટા-કલમ (૫), કલમ ૨૩ની પેટા-કલમ (૩) અને કલમ ૧૦૮ હેઠળ,ગુજરાત સરકાર, આથી,આણંદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, વલ્લભવિદ્યાનગર વિસ્તાર વિકાસ સતામંડળ અને કરમસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ (જેનો આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)વિસ્તારોનું એકત્રીકરણ કરીને,આણંદ-વલ્લભવિદ્યાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ જાહેર કરે છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) સાથે વાંચતાં,કલમ ૨૨ની પેટા-કલમ (૨ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે, અનુસૂચિમાં જણાવેલ વિસ્તાર આણંદ-વલ્લભવિદ્યાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તામંડળમાંથી બાકાત કરવો અને સદરહુ અધિનિયમની સંબંધિત જોગવાઈ, સદરહુ વિસ્તારને લાગુ થવાનું બંધ થશે.

અનુસૂચિ

જિલ્લાનું નામ	તાલુકો	ગામ/નગરનું નામ
આણંદ	આણંદ	બોરીયાવી, સામરખા, ચીખોદ્રા, ગામડી,લાંભવેલ, જોળ, વઘાસી, હાડગુડ, જિટોડીયા, મોગરી, વલાસણ, સંદેસર, ગાના, નાવલી, ગોપાલપુરા, મેઘવા-ગાના, ખાંધલી, વાંસ ખીલીયા, વાસદ, રાજપુરા, આંકલાવડી, અડાસ, નાપાડ તળપદ, નાપાડ વાંટો, વડોદ, જાંખરિયા, મોગર
	પેટલાદ	બોરીયા, મોરડ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
નીલા મુન્શી,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 265 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 28, 2017/ASVINA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ–ના તારીખ: ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક. (૧) જીકે–૦૨–૨૦૧૭–એચસીટી–૧૦૨૦૧૫–૨૧૦–ડી (ભાગ–૧), અને (૨) જીકે–૦૩–૨૦૧૭–એચસીટી–૧૦૨૦૧૫–૨૧૦–ડી (ભાગ–૫)**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE FAMILY COURTS ACTS, 1984.

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭.

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪.

ક્રમાંક.જીકે/૦૨/૨૦૧૭/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૧):- ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ૬૬મા)ની કલમ ૩-ની, પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી, મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર-વિનિમય કરીને, આથી, સન ૨૦૧૭ના ફેબ્રુઆરી મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલા હિંમતનગર નગર(ટાઉન)ની નગરપાલિકાના વિસ્તારોની સ્થાનિક હદોમાંના વિસ્તારો માટે અને સાબરકાંઠા મહેસૂલી જિલ્લાના હિંમતનગર તાલુકાની સ્થાનિક હદો માટે બે ફેમિલી કોર્ટની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી.એમ.વ્યાસ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

Under

THE FAMILY COURTS ACTS, 1984.

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭.

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪.

ક્રમાંક.જીકે/૦૩/૨૦૧૭/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (ભાગ-૫):- ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ૬૬મા)ની કલમ ૩-ની, પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી, મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચાર-વિનિમય કરીને, આથી, સન ૨૦૧૭ના ફેબ્રુઆરી મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલા પાટણ નગર (ટાઉન)ની નગરપાલિકાના વિસ્તારોની સ્થાનિક હદોમાંના વિસ્તારો માટે અને પાટણ મહેસૂલી જિલ્લાના પાટણ તાલુકાની સ્થાનિક હદો માટે ફેમિલી કોર્ટની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી.એમ.વ્યાસ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 266

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 28, 2017/ASVINA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ–ના તારીખ: ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/૧૧૫–૨૦૧૭/કે એસએમ/૧૨૧૫/૧૦૯૯/કે–૧.–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Assistant Administrative Officer, Class II, in the Directorate of Agriculture, Recruitment Rules, 2017.

કૃષિ નિયામકની કચેરીમાં, મદદનીશ વહીવટી અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચકેએચ/૧૧૫/૨૦૧૭/કેએસએમ/૧૨૧૫/૧૦૯૯/કે-૧: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વહીવટી અધિકારી, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો,કૃષિ નિયામકની કચેરીમાં, મદદનીશ વહીવટી અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વહીવટી અધિકારી, વર્ગ ૨-ની જગા ઉપરની નિમણૂક,જેમણે;-

(ક)(૧) કૃષિ નિયામકની કચેરી,ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કરેલું હોય:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો,૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશેઃઅથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૩૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

INDEX

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકીની કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે માન્ય થયેલી અથવા તે તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;અને

(૧) કૃષિ નિયામકની કચેરી,ગુજરાત રાજ્ય–ની તાબાની સેવા હેઠળ, મુખ્ય કારકુન, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતાં દરજ્જાની ન હોય તેવી જગા ઉપર આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) કૃષિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવા હેઠળ, મુખ્ય કારકુન, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતાં દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપર, સરકારમાં, સરકાર હસ્તક બોર્ડ, કોર્પોરેશન,કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલ લિમિટેડ કંપની અથવા બિન–સરકારી સંસ્થામાં વહીવટ અને હિસાબી કાર્યના ક્ષેત્રમાં આશરે ત્રણ વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે,કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી [પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા] નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્નેમાં પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવિતા રાઠોડ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 267 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 28, 2017/ASVINA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ-ના તારીખ : ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર-૨૦૧૭-૧૩૬-એફએસી-૧૪૨૦૧૭-૪૭૭૪૪૬-એમ(૩)-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Gujarat Factories Rules, 1963.
ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ સુધારવા સંબંધી
જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

કારખાના અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંકઃ કેએચઆર - ૨૦૧૭ - ૧૩૬ - એફએસી - ૧૪૨૦૧૭ - ૪૭૭૪૪૬ - એમ(૩):- કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા)ની કલમ ૧૧૨ સાથે વાંચતા, કલમ ૬-ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા નિયમોનો નીચેનો મુસદ્દો, ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૧૧૫ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી પિસ્તાળીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી સદરહુ મુસદ્દો ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યકિત તરફથી અગ્રસચિવ, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર-ને કોઈ વાંધો અથવા સૂચન મળશે તેને સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંકઃ કેએચઆર - ૨૦૧૭ - ૧૩૬ - એફએસી - ૧૪૨૦૧૭ - ૪૭૭૪૪૬ - એમ(૩):- કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા)ની કલમ ૧૧૨ સાથે વાંચતા, કલમ ૬-ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત કારખાના (ચોથા સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩માં, વિદ્યમાન નિયમ ૮૬-ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

"**૮૬. લાઈસન્સ ક્યારે આપ્યું અથવા તાજું કર્યું હોવાનું ગણાશે.-**

લાઈસન્સ આપવા અથવા તાજું કરવા માટેની અરજી, આ નિયમો અનુસાર યોગ્ય રીતે કરવામાં આવી હોય, ત્યારે જેના સંબંધમાં લાઈસન્સ આપવાનું અથવા યથાપ્રસંગ, તાજું કરવાનું હોય તે કારખાનાને, નેવું દિવસની અંદર, (લાઈસન્સ) આપવું અથવા યથાપ્રસંગ, તાજું કરી આપવું જોઈશે અને આવું લાઈસન્સ આપવામાં અથવા તાજું કરી આપવામાં ન આવે ત્યાં સુધી, આવી વ્યક્તિને કોઈ હુકમ મોકલવામાં ન આવે ત્યાં સુધી અથવા આવી વ્યક્તિને લાઈસન્સ આપવાનો અથવા તાજું કરી આપવાનો ઈનકાર કરવામાં આવ્યો છે તે અંગેની જાણ કરવામાં ન આવે ત્યાં સુધી, લાઈસન્સ યોગ્ય રીતે આપવામાં આવ્યું હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણઃ- (૧) આ નિયમના હેતુ માટે, લાઈસન્સ આપવા અથવા તાજું કરી આપવા માટેની અરજી, તેના માટે નિર્દિષ્ટ કરવામાં આવેલા નમૂનામાં કરવામાં આવી હોય અને તેમાં તમામ સંબંધિત વિગતો ભરવામાં આવી હોય તો જ અને વધુમાં નિયમ ૪ સાથે જોડેલી અનુસૂચિ અનુસાર ફી-ની ચુકવણી માટેની તિજોરીની પહોંચ, ક્રોસ કરેલો ચેક, ક્રોસ કરેલો ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર અથવા યથાપ્રસંગ, હિસાબ-સમાયોજન માટેનું ભરતિયું તેની સાથે જોડેલું હોય તો જ, યોગ્ય રીતે કરવામાં આવી હોવાનું ગણાશે.

(૨) નેવું દિવસની ગણતરી, લાઈસન્સ પૂરું થયાની તારીખથી કરવી જોઈશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 268

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 28, 2017/ASVINA 6, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ–ના તારીખ: ૧૧મી ઓગ્સ્ટ, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચઆર–૨૦૧૬–૧૫૩–એલબીએલ–૧૯૨૦૧૬–૮૨૩૫૮ (૧)–એમ–૩.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Industrial Disputes Act, 1947.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક: જીએચઆર /૨૦૧૬ / ૧૫૩/ એલબીએલ / ૧૯૨૦૧૬ / ૮૨૩૫૮ (૧) /એમ-૩: ગુજરાત રાજ્યને લાગુ પડતા ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના ૧૪મા)ની કલમ ૩૧ ક-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નિર્દિષ્ટ કરે છે કે સદરહુ અધિનિયમની કલમો ૨૫-ન, ૨૫-પ, ૨૫-ભ, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦-ક અને કલમ ૩૧ની પેટા-કલમ (૧) અને (૨) હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની, ફોજદારી કાર્યવાહી શરૂ થતાં પહેલાં અથવા તે પછી, ગુનેગાર (અપરાધી) દ્વારા અરજી કર્યેથી,-

(૧) આ સાથે જોડેલી અનુસૂચિ ૧ના કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા અધિકારી દ્વારા, પોતાની હકૂમતના વિસ્તારો માટે, સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉપર્યુક્ત કલમો હેઠળ શિક્ષાપાત્ર ગુનાના સંબંધમાં, સદરહુ અનુસૂચિ ૧ના કોલમ (૩)માં નિર્દિષ્ટ કરેલી રકમ સુધીની માંડવાળ કરી શકશે.

(૨) આ સાથે જોડેલી અનુસૂચિ ૨-ના કોલમ (૭)માં નિર્દિષ્ટ કરેલા અધિકારી દ્વારા, પોતાની હકૂમતના વિસ્તારો માટે, કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉદ્યોગમાં કામે રાખેલા કામદારોની આવી સંખ્યાના સંબંધમાં અને સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉપર્યુક્ત કલમો હેઠળ શિક્ષાપાત્ર ગુનાના સંબંધમાં, સદરહુ અનુસૂચિ ૨-ના કોલમ (૪)થી (૬)માં નિર્દિષ્ટ કરેલી રકમ સુધીની માંડવાળ કરી શકશે.

અનુસૂચિ ૧

અનુ-ક્રમાંક	કલમ	માંડવાળની રકમ	ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારીઓ / સત્તાધિકારીઓ	મર્યાદાનો વિસ્તાર
૧	૨	૩	૪	૫
૧.	૨૫-ન અને ૩૦-ક	દરેક કામદાર દ્વારા છેલ્લે ઉપાડવામાં આવેલું ૨૫ દિવસનું વેતન	નાયબ શ્રમ કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	તેમની સંબંધિત હકૂમતની અંદર
૨.	૨૫-પ	દરેક કામદાર દ્વારા છેલ્લે ઉપાડવામાં આવેલું ૬૦ દિવસનું વેતન	ઉપર મુજબ	ઉપર મુજબ
૩.	૨૫-ભ	(૧) દરેક કામદાર દ્વારા દરેક દિવસના રૂ.૧૫૦/- પરંતુ એકંદર રૂ. ૩૦૦૦/-થી વધુ નહિ	ઉપર મુજબ	ઉપર મુજબ
		(૨) માલિક (કામે રાખનાર) દ્વારા દરેક દિવસના રૂ. ૩૦૦/- પરંતુ નીચે દર્શાવ્યા મુજબની એકંદર રકમથી વધુ ન હોય તેટલી રકમ:		

INDEX

અનુ-ક્રમાંક	કલમ	માંડવાળની રકમ		ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારીઓ / સત્તાધિકારીઓ	મર્યાદાનો વિસ્તાર
૧	૨	૩		૪	૫
		ઉદ્યોગમાં કામે રાખેલા કામદારોની સંખ્યા	નીચેનાથી વધુ ન હોય તેટલી રકમ રૂ.	ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારીઓ/ સત્તાધિકારીઓ	મર્યાદાનો વિસ્તાર
		૧ થી ૫૦	૭,૦૦૦/-	મદદનીશ શ્રમ કમિશનર	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૧ થી ૧૦૦	૧૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
		૧૦૧ થી ૫૦૦	૧૫,૦૦૦/-	નાયબ શ્રમ કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૦૦ થી વધુ	૨૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
૪.	૨૬, ૨૭ અને ૨૮	(૧) ગેરકાયદેસર હડતાલના કિસ્સામાં, દરેક કામદાર દ્વારા દરેક દિવસના રૂ. ૧૫૦/- પરંતુ એકંદર રૂા. ૩૦૦૦/-થી વધુ ન હોય તેટલી.		નાયબ શ્રમ કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	તેમની સંબંધિત હકૂમતની અંદર
		(૨) ગેરકાયદેસર તાળાબંધીના કિસ્સામાં માલિક દ્વારા દરેક દિવસના રૂ. 300/-થી વધુ ન હોય તેટલી પરંતુ નીચે દર્શાવ્યા મુજબની એકંદર રકમથી વધુ ન હોય તેટલી રકમ:			
		ઉદ્યોગમાં કામે રાખેલા કામદારોની સંખ્યા	નીચેનાથી વધુ ન હોય તેટલી રકમ રૂ.	ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારીઓ/ સત્તાધિકારીઓ	મર્યાદાનો વિસ્તારો
		૧ થી ૫૦	૭,૦૦૦/-	મદદનીશ શ્રમ આયુક્ત	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૧ થી ૧૦૦	૧૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
		૧૦૧ થી ૫૦૦	૧૫,૦૦૦/-	નાયબ શ્રમ કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૦૦ થી વધુ	૨૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
૫.	૨૯	દરેક કામદારના સંબંધમાં દરેક દિવસના રૂ. ૨૦૦/-		નાયબ શ્રમ કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	તેમની સંબંધિત હકૂમતની અંદર

અનુસૂચિ ૨

અનુ-ક્રમાંક	કલમો	ઉદ્યોગમાં કામે રાખેલા કામદારોની સંખ્યા	પહેલા ગુના માટે રૂા.	બીજા ગુના માટે રૂા.	ત્રીજા ગુના માટે રૂા.	ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારીઓ / સત્તાધિકારીઓ	મર્યાદાનો વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	૩૧(૧)	૧ થી ૫૦	૧૦,૦૦૦/-	૧૫,૦૦૦/-	૨૦,૦૦૦/-	મદદનીશ શ્રમ કમિશનર	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૧ થી ૧૦૦	૧૫,૦૦૦/-	૨૦,૦૦૦/-	૨૫,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
		૧૦૧ થી ૫૦૦	૨૦,૦૦૦/-	૨૫,૦૦૦/-	૩૦,૦૦૦/-	નાયબ શ્રમ કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૦૦ થી વધુ	૩૦,૦૦૦/-	૩૫,૦૦૦/-	૪૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
૨.	૩૧(૨)	(૧) દરેક કામદાર માટે, પહેલા ગુના માટે રૂ. ૧૦૦૦/-, બીજા ગુના માટે રૂ. ૨૦૦૦/- અને ત્રીજા ગુના માટે રૂ. ૩૦૦૦/-				નાયબ શ્રમ કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	તેમની સંબંધિત હકૂમતની અંદર
		(૨) માલિક માટે					
		૧ થી ૫૦	૧,૫૦૦/-	૩,૦૦૦/-	૬,૦૦૦/-	મદદનીશ શ્રમ કમિશનર	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૧ થી ૧૦૦	૩,૦૦૦/-	૬,૦૦૦/-	૧૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
		૧૦૧ થી ૫૦૦	૪,૦૦૦/-	૮,૦૦૦/-	૧૫,૦૦૦/-	નાયબ શ્રમ કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૦૦ થી વધુ	૫,૦૦૦/-	૧૦,૦૦૦/-	૨૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

INDEX

એનેક્ષર–ક

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેની અરજી

પ્રતિ,

વિષય – ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ હેઠળ ગુનાની માંડવાળ કરવા બાબત

શ્રીમાન,

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૧ક ની પેટા–કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે,

૧. હું/અમે, આથી, નીચેની કલમો હેઠળના શિક્ષાપાત્ર ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું/ કરીએ છીએ. (સંબંધિત કલમ સામે (✓) કરો.)

( ) કલમ ૨૫–ન અને ૩૦– ક
( ) કલમ ૨૫–પ
( ) કલમ ૨૫–ભ
( ) કલમ ૨૬
( ) કલમ ૨૭ અને ૨૮
( ) કલમ ૨૯
( ) કલમ ૩૧(૧) અને ૩૧(૨)

૨. સદરહુ ગુના માટે, નિરીક્ષણ સત્તાધિકારી .....(નામ), ...(હોદ્દો),.....(જિલ્લો)–એ, તારીખ:.....ના રોજ કાનૂની નોટિસ કાઢેલ છે અને કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરવા માટેની ૨૧ દિવસની નિયત મુદત પૂરી થઈ ગયેલ છે.

નીચેના (ક) અથવા (ખ)માંથી લાગુ પડતું હોય તેની સામે (✓) કરો.

(ક) હું / અમે, નિયત મુદતની અંદર કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી, હું / અમે, આ સાથે, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું / કરીએ છીએ.

(ખ) હું / અમે, કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી અને અમારી સામે ફોજદારી કાર્યવાહી દાખલ કરી હોવાથી અને તે હાલમાં ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ અનિર્ણિત હોવાથી, હું / અમે, આ સાથે, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું / કરીએ છીએ.

૩. હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવા અંગેના હુકમની તારીખથી ૨૧ દિવસની અંદર, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૧–ક માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની નિયત રકમ ભરવાની બાંયધરી આપું છું / આપીએ છીએ.

૪. હું / અમે, આથી, જાહેર કરું છું / કરીએ છીએ કે અમારી સંસ્થા / અન્ડરટેકિંગ–એ, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ હેઠળ પહેલા / બીજા / ત્રીજા (લાગું પડતું હોય તેની નિશાની કરવી) ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરેલ છે. તમામ સંબંધિત વિગતો, આ સાથે જોડેલા ઠરાવેલા એનેક્ષરમાં આપેલ છે. તેથી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૧–ક હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે ગુનાની માંડવાળ કરવા માટેની પરવાનગી આપવા વિનંતી છે.

તારીખ : **આપનો વિશ્વાસુ,**

સ્થળ : **અરજદારોની સહી અને તેમનો હોદ્દો**

INDEX

(ત્રણ નકલમાં રજૂ કરવું)

૧. સંસ્થા / અન્ડરટેકિંગનું નામઃ

ઈ–મેઈલ સહિતના સરનામાઃ

લેન્ડલાઈન ટેલિફોન અને મોબાઈલ (સેલ) નંબરઃ

૨. અરજદારનું નામ અને તેનો હોદ્દોઃ

૩. કામે રાખેલા કામદારોની કુલ સંખ્યાઃ

૪. (૧) ગુનાનો પ્રકાર અને અધિનિયમની જે કલમ હેઠળ સદરહુ ગુનો શિક્ષાપાત્ર હોય તે કલમ.

(૨) ગુનાથી અસર પામેલ કામદારો, હોય તો, તેની સંખ્યા, તેના નામ અને સરનામાં.

(જરૂર હોય, તો અલગ યાદી જોડવી)

૫. (૧) સંસ્થા દ્વારા ગુનાની માંડવાળ કરવા માટેની અરજી પ્રથમ વખત કરવામાં આવી છે કે કેમ?

(૨) પ્રથમ વખત કરવામાં ન આવી હોય, તો અધિનિયમ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેના અગાઉના હુકમની વિગતો.

૬. અન્ડરટેકિંગના કામનો પ્રકાર.

૭. ઈન્સ્ટોલ્ડ કેપેસિટિ, લાઈસન્સ્ડ કેપેસિટિ અને યુટિલાઈઝ્ડ કેપેસિટિને લગતી વિગતો.

૮. ગુનો કર્યાની તારીખઃ

(૧) ગુનો વારંવાર કરવામાં આવેલ છે કે કેમ?

(૨) ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે કેમ?

(૩) જો એમ હોય, તો ફોજદારી કાર્યવાહીની વિગતો, કોર્ટનું નામ, કોર્ટ કેસ નંબર અને (કેસ) દાખલ કર્યાની તારીખ.

(૪) માલિક દ્વારા ગુના અંગેની પૂર્તતા કરવામાં આવેલ છે કે કેમ?

(૫) પૂર્તતા અંગેની વિગતો.

૯. તેની વિગતો અંગેનું કોઈ સંબંધિત કારણ (પરિબળ) હોય તો તે જણાવો.

તારીખ : **આપનો વિશ્વાસુ,**

સ્થળ : **અરજદારોની સહી અને તેમનો હોદ્દો-**

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 269

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, SEPTEMBER 29, 2017/ASVINA 7, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ–ના તારીખ: ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/૧૩૩–૨૦૧૭/પીઆરસી/૧૨/૨૦૧૭/૧૦૩૭/કે.૫–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ જીએચકેએચ/૧૩૩ /૨૦૧૭/પીઆરસી/૧૨/૨૦૧૭/૧૦૩૭/કે.પઃ- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭(સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, **આદિજાતિના લાભાર્થીઓના** લાભ માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિનિયામક મારફત, **"એજીઆર-૩, આદિજાતિ વિસ્તાર પેટા-યોજના (TASP)માંના કૃષિ આધારિત કાર્યક્રમમાં અને પ્રકીર્ણ (છૂટીછવાઈ) આદિજાતિઓમાં સહાયકીયુક્ત દરે અધિક ઊપજ આપતી જાતોના વિશિષ્ટ બિયારણ અને રાસાયણિક ખાતર પૂરા પાડવાના ઉદ્દેશથી, આદિજાતિ વિસ્તાર (TASP)માંના આદિવાસી ખેડૂતોને, સહાયકીયુક્ત દરે ઉત્પાદનની બીજી જાતોના બિયારણનું/ સંકર જાતોના બિયારણનું અને રસાયણી ખાતર વગેરેનું વિતરણ"**જાહેર કરે છેઃ-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશેઃ

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, કૃષિ નિયામકે, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે

INDEX

સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઈશે:-

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો-

(૧) તેઓનો આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ-૨-ના પેટા-પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,-

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA(નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં,રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:-

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલબ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે.સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલબ્ય કરવામાં આવશે.

(૨) **"એજીઆર-૩, આદિજાતિ વિસ્તાર (TASP)માંના આદિવાસી ખેડૂતોને, સહાયકીયુક્ત દરે ઉત્પાદનની બીજી જાતોના બિયારણનું / સંકર જાતોના બિયારણનું અને રસાયણી ખાતર વગેરેનું વિતરણ"**ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલબ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામકે, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા **"એજીઆર-૩, આદિજાતિ વિસ્તાર (TASP)માંના આદિવાસી ખેડૂતોને, સહાયકીયુક્ત દરે ઉત્પાદનની બીજી જાતોના બિયારણનું / સંકર જાતોના બિયારણનું અને રસાયણી ખાતર વગેરેનું વિતરણ"**ના લાભાર્થીઓએ,પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
વી. આર. પટેલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 270

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, OCTOBER 3, 2017/ASVINA 11, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓક્ટોબર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ : **૨૦મી ઓક્ટોબર, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી/૧૧૨/પીએસટી/૧૦૨૦૧૦/૨૭૯/વી.-**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Government Notification, Home Department,
No. GG/87/PST/102010/848/V, dated the 2nd June, 2010.

ગૃહ વિભાગનું તારીખ: ૨જી જૂન, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૮૭/પીએસટી/૧૦૨૦૧૦/૮૪૮/વી. સુધારવા સંબંધી

જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓક્ટોબર, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીજી/૧૧૨/પીએસટી/૧૦૨૦૧૦/૨૭૯/વી:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨-ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

(૧) ગૃહ વિભાગનું અમરેલી જિલ્લા સંબંધી તારીખ: ૨જી જૂન, ૨૦૧૦નુંસરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૮૭/પીએસટી/૧૦૨૦૧૦/૮૪૮/વી.નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,-

(૧) ''ડિવિઝન/પેટા-ડિવિઝન'' એ શીર્ષક હેઠળ કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી ''અમરેલી''ને લગતી અનુક્રમાંક ૮ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળ કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''બગસરા''ને લગતી નોંધમાં,''સ્થાનિક વિસ્તારો/ગામો''એ શીર્ષક હેઠળ કોલમ ૭માંનિર્દિષ્ટ કરેલ ''ગામો''ને લગતી નીચેની નોંધો ઉમેરવી:-

''૩૩.શાપર

૩૪.લુંધીયા

૩૫.સુડાવડ'';

(૨) ''ડિવિઝન/પેટા-ડિવિઝન'' એ શીર્ષક હેઠળની કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી ''સાવર કુંડલા''ને લગતી અનુક્રમાંક ૧૮ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળ કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''વંડા''ને લગતી નોંધમાં,''સ્થાનિક વિસ્તારો/ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માંનિર્દિષ્ટ કરેલ ''ગામો''ને લગતી નીચેની નોંધો કમી કરવી:-

''૬. ઘોબા

૧૬. કાંત્રોડી

૧૭. વિરડી

૧૮.પીપરડી

૨૦.હીપાવડલી

૨૧. ઝડકલા

૨૨. નાળ

૨૩. રબારીકા

૨૪. કેદારીયા

૨૫. ઠવી'';

(૨) ગૃહ વિભાગનું જૂનાગઢ જિલ્લા સંબંધી તારીખ: ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીજી/૧૪/પીએસટી/૧૦૨૦૧૩/૬૮૩/વી.નીચે પ્રમાણે સુધારે છે:–

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,-

(૧) ''ડિવિઝન/પેટા–ડિવિઝન'' એ શીર્ષક હેઠળ કોલમ ૨–માં નિર્દિષ્ટ કરેલી ''જૂનાગઢ''ને લગતી અનુક્રમાંક ૭ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળ કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''વિસાવદર''ને લગતી નોંધમાં, ''સ્થાનિક વિસ્તારો/ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માંનિર્દિષ્ટ કરેલ ''ગામો''ને લગતી નીચેની નોંધો કમી કરવી:–

''૩૮.શાપર

૫૦.લુંધીયા

૫૪. સુડાવડ'';

(૩) ગૃહ વિભાગનું ભાવનગર જિલ્લા સંબંધી તારીખ: ૨૧મી જુલાઈ, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીજી/૬૭/પીએસટી/૧૦૨૦૧૧/૧૧૫૫(ભાગ–૧)/વી.નીચે પ્રમાણે સુધારે છે:–

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,-

(૧) ''ડિવિઝન/પેટા–ડિવિઝન'' એ શીર્ષક હેઠળ કોલમ ૨–માં નિર્દિષ્ટ કરેલી ''પાલીતાણા''ને લગતી અનુક્રમાંક ૧૩ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળ કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''જેસર''ને લગતી નોંધમાં, ''આઉટ–પોસ્ટ'' એ શીર્ષક હેઠળ કોલમ ૬માંનિર્દિષ્ટ કરેલ ''કદમગીરી''ને લગતી નોંધમાં, ''સ્થાનિક વિસ્તારો/ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી ''ગામો''ને લગતી નીચેની નોંધોઉમેરવી:–

'' ઘોબા

કાંત્રોડી

વિરડી

પીપરડી

હીપાવડલી

ઝડકલા

નાળ

રબારીકા

કેદારીયા

ઠવી'';

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.આર.ભમ્મર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 271

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, OCTOBER 3, 2017/ASVINA 11, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓક્ટોબર, ૨૦૧૭.

તારીખ : ૩જી ઓક્ટોબર, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાતના વટહુકમ ક્રમાંક : ૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૩જી ઓકટોબર, ૨૦૧૭.

GUJARAT ORDINANCE NO. 2 OF 2017.

AN ORDINANCE

to provide for the constitution of a Road Safety Authority for the implementation of road safety programmes in the State and to act as a lead agency for road safety; for the establishment of road safety fund and for matters connected therewith and incidental thereto.

સન ૨૦૧૭નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૨.

***રાજ્યમાં માર્ગ સુરક્ષા કાર્યક્રમોના અમલ માટે માર્ગ સુરક્ષા સત્તામંડળની રચનાકરવા માટે અને માર્ગ સુરક્ષા માટેની મુખ્ય એજન્સી તરીકે કાર્ય કરવા માટે; માર્ગ સુરક્ષા ફંડની સ્થાપના માટે અને તેની સાથે સંકળાયેલી તથા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત* વટહુકમ.**

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે રાજ્યમાં માર્ગ સુરક્ષા કાર્યક્રમોના અમલ માટે માર્ગ સુરક્ષા સત્તામંડળની રચના કરવા માટે અને માર્ગ સુરક્ષા માટેની મુખ્ય એજન્સી તરીકે કાર્ય કરવા માટે અને માર્ગ સુરક્ષા ફંડની સ્થાપના માટેની જોગવાઈ કરવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧) થી (તેમને) મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:–

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**– (૧)આ વટહુકમ ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વટહુકમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.**– (૧) આ વટહુકમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો–

(ક) "અકસ્માત" એટલે જાહેર માર્ગ ઉપર મોટર વાહનના ઉપયોગને કારણે, જેમાં કોઇ વ્યક્તિનું મૃત્યુ થાય, તેને શારીરિક ઈજા થાય અથવા કોઇ વ્યકિતને અથવા યથાપ્રસંગ, મિલકતને નુકસાન થાય તેવો કોઇ બનાવ;

(ખ) "સત્તામંડળ" એટલે કલમ ૩ હેઠળ રચાયેલું ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ;

INDEX

(ગ) "અધ્યક્ષ" એટલે સત્તામંડળ અથવા યથાપ્રસંગ, કારોબારી સમિતિના અધ્યક્ષ;

(ઘ) "અમલબજવણી અધિકારી" એટલે આ વટહુકમ હેઠળ નિમાયેલા અને તેમાં મુખ્ય અમલબજવણી અધિકારી અથવા યથાપ્રસંગ, નાયબ અમલબજવણી અધિકારીનો સમાવેશ થતો હોય તેવા અમલબજવણી અધિકારી;

(ચ) "કારોબારી સમિતિ" એટલે કલમ ૮ હેઠળ રચાયેલી સત્તામંડળની કારોબારી સમિતિ;

(છ) "ફંડ" એટલે કલમ ૧૦ હેઠળ રચાયેલું ગુજરાત માર્ગ સુરક્ષા ફંડ;

(જ) "સ્થાનિક સત્તામંડળ" એટલે,-

(૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયેલું મ્યુનિસિપલ કોર્પોરેશન; સન ૧૯૪૯ નો મુંબઈનો ૫૯મો.

(૨) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલી નગરપાલિકા; સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રચાયેલી પંચાયત; સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો

(ઝ) "જાહેર માર્ગ"માં લોકો જેમાં પ્રવેશ કરી શકતા હોય તેવા કોઇ માર્ગ અને માર્ગની વચ્ચે રાખેલી અવરજવરની સુરક્ષિત જગ્યા (Traffic island medians) તેમજ પગદંડી (ફુટપાથ)નો પણ સમાવેશ થશે;

(ટ) "ઠરાવેલું" એટલે આ વટહુકમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઠ) "વિનિયમો" એટલે કલમ ૩૪ હેઠળ કરેલા વિનિયમો;

(ડ) "માર્ગ સુરક્ષા કમિશનર" એટલે આ વટહુકમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ માર્ગ સુરક્ષા કમિશનરના કાર્યો બજાવવા માટે, રાજ્ય સરકારે નીમેલા કોઇ અધિકારી અને તેમાં સંયુક્ત માર્ગ સુરક્ષા કમિશનર તથા નાયબ માર્ગ સુરક્ષા કમિશનરનો સમાવેશ થાય છે;

(ઢ) ''રાજય, જિલ્લા અથવા શહેર માર્ગ સુરક્ષા સમિતિ'' એટલે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૨૧૫ હેઠળ રચાયેલી રાજય, જિલ્લા અથવા યથાપ્રસંગ, શહેર માર્ગ સુરક્ષા કાઉન્સિલ અથવા સમિતિ; સન ૧૯૮૮નો ૫૯મો.

(ત) "વાહન" એટલે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વાહનો અથવા મોટર વાહનો અને તેમાં માણસો, પશુઓ અથવા માલસામાનની હેરફેર માટે ઉપયોગમાં લેવામાં આવતા અથવા ઉપયોગમાં લઇ શકાતા હોય તેવા કોઇ સાધનનો સમાવેશ થશે; સન ૧૯૮૮નો ૫૯મો.

(થ) "ભોગ બનનાર" એટલે અકસ્માતનો ભોગ બનનાર;

(૨) આ વટહુકમમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ અને મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮માં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે. સન ૧૯૮૮નો ૫૯મો. સન ૧૯૫૮નો મુંબઈનો ૬૫-મો.

૩. **ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળની રચના.**–(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરે તેવી તારીખથી અમલમાં આવે તેમ "ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ (GUJROSA)" તરીકે ઓળખાતા સત્તામંડળની રચના કરી શકશે.

(૨) સત્તામંડળ એ ઉપર્યુક્ત નામ ધરાવતું, શાશ્વત ઉત્તરાધિકાર ધરાવતું અને આ વટહુકમની જોગવાઇઓને અધીન રહીને, બંને જંગમ અને સ્થાવર મિલકત સંપાદિત કરવાની, ધરાવવાની અને તેનો નિકાલ તથા કરાર કરવાની સત્તાવાળું સામાન્ય સીલ ધરાવતું સંસ્થાપિત મંડળ રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે તથા તેના ઉપર દાવો માંડી શકાશે.

(૩) સત્તામંડળ, નીચેના સભ્યોનું બનશે:–

(૧) વાહનવ્યવહાર મંત્રી, જેઓ સત્તામંડળના અધ્યક્ષ રહેશે;

(૨) સરકારના સચિવ, વાહનવ્યવહાર વિભાગ, જેઓ સત્તામંડળના ઉપાધ્યક્ષ રહેશે;

(૩) સરકારના સચિવ, ગૃહ વિભાગ;

(૪) સરકારના સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ;

(૫) સરકારના સચિવ, શિક્ષણ વિભાગ;

(૬) સરકારના સચિવ, માર્ગ અને મકાન વિભાગ;

(૭) પોલીસ મહાનિયામક, ગુજરાત રાજ્ય;

(૮) વહીવટી સંચાલક (મેનેજિંગ ડાયરેકટર), ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન (GSRTC);

(૯) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર;

(૧૦) મુખ્ય ઇજનેર, ભારતનું રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ (NHAI);

(૧૧) અધ્યક્ષ, વેસ્ટર્ન ઇન્ડિયા ઓટોમોબાઇલ એસોસિયેશન (WIAA);

(૧૨) વાહનવ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્ય;

(૧૩) રાજ્ય સરકારે નામનિયુકત કરવાની, માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં તજજ્ઞ હોય તેવી બે વ્યકિતઓ;

(૧૪) મુખ્ય અમલબજવણી (એન્ફોર્સમેન્ટ) અધિકારી, જેઓ સત્તામંડળના સભ્ય–સચિવ રહેશે.

૪. ***સત્તામંડળના કાર્યો.***– સત્તામંડળે, નીચેના કાર્યો કરવાના રહેશે:–

(ક) માર્ગ સુરક્ષા નીતિઓ અંગે રાજ્ય સરકારને સલાહ આપવી;

(ખ) રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા નીતિ અથવા ગુજરાત માર્ગ સુરક્ષા નીતિનો અમલ કરવો;

(ગ) માર્ગ સુરક્ષા અંગેની સર્વોચ્ચ અદાલતની સમિતિના આદેશોનો અમલ કરવો;

(ઘ) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, નામદાર ન્યાયાલયો અથવા વિશ્વ આરોગ્ય સંસ્થા–એ વખતોવખત આપેલા આદેશો અને બહાર પાડેલી ભલામણોનો અમલ કરવો;

INDEX

(ચ) સરકારી વિભાગો, રાજ્ય માર્ગ સુરક્ષા સમિતિ, જિલ્લા અને શહેર માર્ગ સુરક્ષા સમિતિ અને માર્ગ સુરક્ષા સંબંધી બીજી વ્યકિતઓ–ને આદેશ આપવા;

(છ) માર્ગ સુરક્ષા સમિતિ સાથે સંકલન કરવું;

(જ) વળતર રાહત ફંડ યોજનાનું સંકલન કરવું;

(ઝ) માર્ગ સુરક્ષા માટેની રાજ્યની મુખ્ય એજન્સી તરીકે કાર્ય કરવું;

(ટ) માર્ગ સુરક્ષાના ધોરણો અને તેની કાર્યરીતિ ઠરાવવી અને તેનો અમલ કરવો;

(ઠ) માર્ગ સુરક્ષાને લગતી યોજનાઓ, પરિયોજનાઓ અને કાર્યક્રમો ઘડવા;

(ડ) સંબંધિત તમામ એજન્સીઓ અને વિભાગો સાથે માર્ગ સુરક્ષાને લગતાં કાર્યનું સંકલન કરવું;

(ઢ) જુદા જુદા ઉપાયો અથવા માધ્યમ દ્વારા માર્ગ સુરક્ષા અંગેના કાર્યક્રમોનો અમલ સરળ બનાવવો;

(ત) ફંડનો વહીવટ કરવો;

(થ) સત્તામંડળના કાર્યક્ષમ વહીવટ અને સંચાલન માટે યોગ્ય નિર્ણયો લેવા અને માર્ગ સુરક્ષા માટેની રોજબરોજની કામગીરી સરળ બનાવવા માટે આચાર–સંહિતા, શિસ્તવિષયક પગલાં, ફરિયાદ–નિવારણ તંત્ર અને બીજી તમામ જરૂરી નીતિઓ અને માર્ગદર્શક સૂચનાઓ માટેની નીતિઓ ઘડવી;

(દ) માર્ગ સુરક્ષા સત્તામંડળના ક્ષેત્રમાં કાર્ય કરતા માનવબળના ક્ષમતા–વર્ધનના હેતુ માટે, તાલીમ કાર્યક્રમોની જોગવાઇ કરવીઅને ગોઠવણ કરવી તેમજ પરિષદ, પરિસંવાદો, કાર્યશાળાઓ (વર્કશોપ્સ), સમારોહ પ્રવૃત્તિઓ અને તેવી બીજી તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(ધ) સંબંધિત ક્ષેત્રોમાંના નિર્દિષ્ટ સંશોધનને પ્રસિદ્ધ કરવું અને તે માટે નાણાંની વ્યવસ્થા કરવી અને સત્તામંડળની પ્રવૃત્તિઓને આવરી લેતા સંબંધિત કાગળો, અહેવાલો, પુસ્તકો, જર્નલ્સ, સામયિકો અને પત્રિકાઓ (ન્યૂઝલેટર) પ્રસિધ્ધ કરવા;

(ન) માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં વ્યાવસાયિકોના આદાન–પ્રદાન, અભ્યાસ પ્રવાસો, તાલીમ પરિસંવાદો (સેમિનાર) અને કાર્યશાળાઓ (વર્કશોપ), સંયુકત પરિયોજનાઓનું સંચાલન કરવા, તકનીકી (ટેકનિકલ) સહાય માટેની સત્તામંડળની પ્રવૃત્તિઓને લગતા વિશેષિત ક્ષેત્રોમાંની આંતરરાષ્ટ્રીય/ રાષ્ટ્રીય સ્તરે માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં રોકાયેલી સંશોધન એજન્સીઓ/ સંસ્થાઓ/ યુનિવર્સિટીઓ અથવા તેના જેવી જ સંસ્થાઓ સાથે સમજૂતી કરવી;

(પ) સત્તામંડળના ઉદ્દેશો જેવા જ ઉદ્દેશો ધરાવતી અન્ય સંસ્થાઓ સાથે સહકાર સાધવો અથવા સહયોગ કરવો;

(ફ) ખાસ કરીને માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ,વ્યવસાયીઓ અને સંશોધકોની વાંચન, સંદર્ભ (રેફરન્સ) અને સંશોધન સુવિધાઓ પૂરી પાડવા અને તેમની જરૂરિયાતો પૂરી પાડવા માટે ગ્રંથાલય સ્થાપવું અને તેને નિભાવવું;

(બ) ફંડ મેળવવું, તેની વ્યવસ્થા કરવી અને તેમાંથી ચુકવણી કરવી અને મેળવેલા ફંડ માટે હિસાબો નિભાવવા;

(ભ) સત્તામંડળના કામકાજના સંચાલન અને તેની વ્યવસ્થા માટેના નિયમો અને વિનિયમો કરવા અને વખતોવખત તેમાં ઉમેરો કરવો, સુધારો કરવો, ફેરફાર કરવો અથવા તેને રદ કરવા;

(મ) માર્ગ સુરક્ષાને લગતી યોજનાઓ અને કાર્યક્રમોના અમલ માટે ખર્ચ મંજૂર કરવું;

(ચ) માર્ગ સુરક્ષા પરિયોજનાઓ માટે અને માર્ગ સુરક્ષા સાથે જાડાયેલા સાધનો અને ઉપકરણો ખરીદવા અને તેના સ્થાપન માટે ખર્ચ મંજૂર કરવું;

(૨) માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં કાર્ય કરતાં સંગઠનો અને સંસ્થાઓને નાણાકીય સહાય મંજૂર કરવી;

(ત) માર્ગ સુરક્ષાને લગતી બાબતો પરના અભ્યાસ, પરિયોજનાઓ અને સંશોધન યોજવા માટે ખર્ચ મંજૂર કરવું;

(વ) અકસ્માતોના ભોગ બનેલાઓ સુધી સહાય આપવી;

(કક) ટ્રોમા–કેર કાર્યક્રમો અથવા પ્રવૃત્તિઓ માટે ખર્ચ મંજૂર કરવું;

(કખ) સત્તામંડળનો વહીવટી ખર્ચ મંજૂર કરવો;

(કગ) માર્ગ સુરક્ષા માટેનાં પગલાં સાથે જાડાયેલી બાબતો અંગેનું ખર્ચ મંજૂર કરવું;

(કઘ) આ વટહુકમના ઉદ્દેશોને લક્ષમાં લઈને, ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો કરવા.

૫. ***સત્તામંડળની બેઠકો.***–(૧) સત્તામંડળની બેઠક, સત્તામંડળના અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે અને સ્થળે મળશે અને બેઠકના કામકાજના વ્યવહાર માટે કાર્યરીતિના તેવા નિયમોને અનુસરશે.

(૨) સત્તામંડળની દરેક બેઠકનું અધ્યક્ષસ્થાન, અધ્યક્ષ લેશે અથવા તેમની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ લેશે.

(૩) સત્તામંડળની બેઠક માટેનું કોરમ, પાંચ સભ્યોનું રહેશે.

(૪) સત્તામંડળની બેઠક, છ મહિનામાં ઓછામાં ઓછી એક વખત યોજવી જોઈશે.

(૫) સત્તામંડળે નક્કી કરવાની દરેક બાબતનો,હાજર રહેલા સભ્યોના બહુમતી નિર્ણય અનુસાર સત્તામંડળની બેઠકોમાં વિચારણા કરીને નિકાલ કરવામાં આવશે. અધ્યક્ષને અથવા અધ્યક્ષ સ્થાન લેનાર ઉપાધ્યક્ષને નિર્ણાયક મત રહેશે.

(૬) સત્તામંડળની કોઈ જગા ખાલી હોવાના અથવા તેની રચનામાં ખામી હોવાના કારણ માત્રથી જ સત્તામંડળના કોઈ કાર્ય અથવા કાર્યવાહી અંગે પ્રશ્ન કરી શકાશે નહિ અથવા તે અમાન્ય ગણાશે નહિ.

૬. ***સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓ.***– રાજ્ય સરકાર, આ અધિનિયમની જોગવાઈઓને અમલમાં લાવવાના હેતુ માટે, બનતી ત્વરાએ,આ વટહુકમ હેઠળના સત્તામંડળના કાર્યો અસરકારક રીતે બજાવવા માટે, જરૂરી હોય તેટલા અધિકારીઓ અને કર્મચારીઓ સત્તામંડળને પૂરા પાડશે અને અધિકારીઓને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો તેમજ અધિકારીઓ અને બીજા કર્મચારીઓની સેવાની શરતો, રાજ્ય સરકાર નક્કી કરે તેવી રહેશે.

૭. ***પગાર અને ભથ્થાં.***– સત્તામંડળના બિન–સરકારી સભ્યોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને અધિકારીઓ અને બીજા કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં સહિત વહીવટી ખર્ચ, આ વટહુકમ હેઠળ, સત્તામંડળને આપવામાં આવતી ગ્રાન્ટ(અનુદાન)માંથી ચૂકવવાના રહેશે:

INDEX

પરંતુ સત્તામંડળને,વખતોવખત,સરકારની મંજૂરી લઈને, પગાર અને ભથ્થાં તેમજ કરારાધારિત કર્મચારીઓના કિસ્સામાં સેવાની શરતો, યોગ્યતા અંગેની શરતો નક્કી કરવાની તથા તેમને લાગુ પડતા પગાર–ધોરણ અને ભથ્થાં નક્કી કરવાની પણ સત્તા રહેશેઃ

વધુમાં, સતામંડળે, પોતે તૈયાર કરેલી અને વખતોવખત રાજ્ય સરકારે મંજૂર કરેલી કર્મચારી ભરતી કાર્યરીતિ(પ્રક્રિયા) અનુસરવી જોઈશે.

૮. **કારોબારી સમિતિ..-** (૧) સત્તામંડળ માટેની કારોબારી સમિતિ,નીચેના સભ્યોની બનશે:–

(ક) અગ્ર સચિવ (વાહનવ્યવહાર), જેઓ અધ્યક્ષ રહેશે;

(ખ) વાહનવ્યવહાર કમિશનર, જેઓ ઉપાધ્યક્ષ રહેશે;

(ગ) આરોગ્ય કમિશનર, ગુજરાત રાજ્ય;

(ઘ) પ્રાથમિક શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય;

(ચ) પોલીસ મહાનિરીક્ષક (ટ્રાફિક);

(છ) મુખ્ય ઈજનેર (માર્ગ અને પુલ);

(જ) મુખ્ય ઈજનેર (રાષ્ટ્રીય ધોરીમાર્ગ(નેશનલ હાઈવે)

(ઝ) ટ્રાફિકના સંયુક્ત કમિશનર;

(ટ) નાયબ મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન;

(ઠ) પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ;

(ડ) સંયુક્ત નિયામક, વાહનવ્યવહાર કમિશનર અથવા યથાપ્રસંગ, ખાસ ફરજ પરના અધિકારી;

(ઢ) નાયબ અમલ બજવણી અધિકારી, સભ્ય–સચિવ;

(ત) સત્તામંડળ નામનિયુક્ત કરે તેવા માર્ગ સુરક્ષા શિક્ષણ અને આપાતકાલીન સારસંભાળના ક્ષેત્રમાંથી બે નિષ્ણાત;

(૨) સત્તામંડળ દ્વારા લાદવામાં આવે તેવા નિયંત્રણો, શરતો અને મર્યાદાને અધીન રહીને, કારોબારી સમિતિ,સત્તામંડળ, તેને સોપેં તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો બજાવશે.

(૩) સત્તામંડળના નિર્ણયોના અમલ માટે કારોબારી સમિતિ જવાબદાર રહેશે.

૯. **કારોબારી સમિતિની બેઠક.–** (૧) કારોબારી સમિતિના અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે અને સ્થળે કારોબારી સમિતિ મળશે અને વિનિયમો દ્વારા કરવામાં આવે તેવી રીતે, બેઠકનું કામકાજ ચલાવવાને સંબંધિત કાર્યરીતિના એવા નિયમો નક્કી કરી શકશે અને અનુસરશે.

(૨) કારોબારી સમિતિની દરેક બેઠકનું અધ્યક્ષ સ્થાન અધ્યક્ષ લેશે અથવા તેમની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ બેઠકનું અધ્યક્ષ સ્થાન લેશે

(૩) કારોબારી સમિતિ,કારોબારી સમિતિના અધ્યક્ષ નક્કી કરે તે પ્રમાણે, દર બે મહિને એકવાર અથવા તે પહેલાં મળશે.

(૪) કારોબારી સમિતિની બેઠક માટે કોરમ (કાર્યસાધક સંખ્યા)પાંચ સભ્યોનું રહેશે.

(૫) કારોબારી સમિતિની બેઠકમાં, કારોબારી સમિતિ દ્વારા નક્કી કરવાની દરેક બાબત,હાજર રહીને મત આપતા બહુમતી સભ્યોના નિર્ણયો અનુસાર વિચારણામાં લેવી જોઈશે અને તેનો નિકાલ કરવો જોઈશે. અધ્યક્ષને નિર્ણાયક મત રહેશે.

(૬) કારોબારી સમિતિની રચનામાં કોઈ ખાલી જગા અથવા તેમાં ખામી હોવા કારણમાત્રથી કારોબારી સમિતિનું કોઇ કાર્ય અથવા તેની કોઇ કાર્યવાહી વિરુદ્ધ વાંધો ઉઠાવી શકાશે નહિ અથવા અમાન્ય ઠરાવી શકાશે નહિ.

૧૦.ફંડની સ્થાપના.- (૧) સત્તામંડળની રચના પછી, બનતી ત્વરાએ, "ગુજરાત માર્ગ સુરક્ષા ફંડ"એ નામે ઓળખાતા ફંડની સ્થાપના કરવી જોઈશે.

(૨) (ક) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ ટ્રાફિકના ભંગ માટેના અથવા આ વટહુકમ હેઠળના ભંગ માટે વસૂલ કરેલ માંડવાળ ફીના ભાગરૂપે મળેલ અનુદાન અથવા સરકાર દ્વારા વખતો વખત નક્કી કરેલ અનુદાન, રાજ્ય તરફથી મળેલી લોન અથવા પેશગી;

(ખ) ભારત સરકાર તરફથી મળેલી ગ્રાન્ટ (અનુદાન), લોન અથવા પેશગી;

(ગ) જાહેર અથવા ખાનગી સંસ્થાઓ અથવા સંગઠનનો ફાળો;

(ઘ) જપ્ત કરેલા વાહનની હરાજીથી (મળેલ રકમ).

ફંડમાં જમા કરાવવામાં આવશે.

૧૧.ફંડ નિહિત થવા અને તેનો વહીવટ કરવા બાબત.- (૧) આ વટહુકમ હેઠળ રચાયેલ સત્તામંડળમાં ફંડ નિહિત થશે અને સત્તામંડળ દ્વારા તેનો વહીવટ કરવામાં આવશે.

(૨) સત્તામંડળ, વખતોવખત રાજ્ય સરકારની મંજૂરીથી સત્તામંડળ દ્વારા નક્કી કરવામાં આવે તેવી રીતે, તેનામાં નિહિત થયેલા ફંડનો વહીવટ કરશે.

(૩) ફંડનો ભાગ બનતા તમામ નાણાં, સત્તામંડળ નક્કી કરે તેવી અનુસૂચિત વાણિજિયક બેન્કમાં જમા કરાવવા જોઈશે અને સત્તામંડળ નક્કી કરે તેવી રીતે સત્તામંડળના મુખ્ય અમલબજવણી અધિકારી દ્વારા ખાતાનું સંચાલન કરવામાં આવશે.

૧૨. ફંડનો ઉપયોગ.- કલમ ૭માં જણાવેલ સત્તામંડળના તમામ અથવા તે પૈકીના કોઈ કાર્યો માટે ફંડનો ઉપયોગ થશે.

INDEX

૧૩. અકસ્માત થવાના કારણો દૂર કરવા બાબત.– (૧)તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ વ્યકિતએ કરેલા રિપોર્ટ પરથી અથવા અન્યથા સત્તામંડળને ખાતરી થાય કે–

(૧) જાહેર માર્ગ પરના બાંધકામ અથવા તોરણો (આર્ચ), બેનર, ડિસ્પ્લે બોર્ડ, હોર્ડિંગ, તંબુ (ટેન્ટ),પેન્ડલ, થાંભલા, પ્લેટફોર્મ, પ્રતિમાઓ, સ્મારકો સહિતની ચીજવસ્તુઓ અથવા બીજા કોઇ બાંધકામો;

(૨)જાહેર માર્ગની નજીક આવેલ કોઈ પાર્કિંગ એરિયા (વિસ્તાર)ની, વૃક્ષની, બાંધકામ અથવા મકાનની સ્થિતિ; અથવા

(૩) જાહેર માર્ગની નજીકમાં કોઈ મકાન અથવા જગાનો પ્રવેશ માર્ગ અથવા બહાર જવાનો (પ્રસ્થાન) માર્ગ અકસ્માતનું કારણ બની શકે અથવા ટ્રાફિકના મુકત પ્રવાહમાં અવરોધ ઊભો કરી શકે અથવા કોઈ વાહન ચાલકના ધ્યાનમાં ખલેલ ઊભી કરી શકે અથવા દ્રષ્ટિમાં અવરોધ ઊભો કરી શકે તેવું હોય,

(તો) સત્તામંડળ, તેના કારણોની નોંધ કર્યા પછી, સંબંધિત વ્યકિતને સામાન્ય અથવા ખાસ હુકમથી પોતે જરૂરી ગણે તેવા પગલાં લેવા આદેશ કરી શકશે અને એવી વ્યકિત,સત્તામંડળ દ્વારા નિર્દષ્ટ કરવામાં આવે તેટલા સમયગાળાની અંદર આદેશનું પાલન કરવા બંધાયેલી રહેશે.

(૨) પેટા–કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કટોકટીના કિસ્સામાં, અકસ્માત અથવા યથાપ્રસંગ, અવરોધને રોકવા જરૂરી હોય તેવા પગલાં માર્ગ સુરક્ષા કમિશનર અથવા સંયુકત માર્ગ સુરક્ષા કમિશનર લઈ શકશે અથવા યથાપ્રસંગ, ઠરાવવામાં આવે તેવી રીતે જવાબદાર વ્યકિત પાસેથી તેનું ખર્ચ વસૂલી શકશે:

પરંતુ ઉપર જણાવેલી સત્તાનો, માર્ગ સુરક્ષા કમિશનર અથવા સંયુકત માર્ગ સુરક્ષા કમિશનર ઉપયોગ કરી શકશે.

૧૪. વાહનોની જપ્ત કરવાની સત્તા.– (૧) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, અમલબજવણી અધિકારી અથવા પોલીસના બીજા અધિકારીઓ અથવા મોટર વાહન વિભાગ અથવા આ અર્થે અધિકૃત કરેલા રાજ્ય સરકારના કોઈ અધિકારીને, કોઈ વ્યકિતએ કરેલા રિપોર્ટ પરથી અથવા અન્યથા ખાતરી થાય કે જાહેર માર્ગ ઉપર કોઈ વાહન ઊભું રાખવાથી અથવા મૂકવાથી અથવા જાહેર માર્ગ પર વાહનની હેરફેરથી, અકસ્માત થવાની અથવા વાહનોની (ટ્રાફિકની) મુકત અવરજવરમાં અવરોધ ઊભો થવાની અથવા કોઈ વાહનના ચાલકના ધ્યાનમાં ખલેલ પહોંચવાની અથવા તો તેને માર્ગ પર જોવામાં અવરોધ ઊભો થવાની સંભાવના છે, ત્યારે તેઓ–

(૧) ઠરાવેલી રીતે વાહન જપ્ત કરી શકશે અને આ હેતુ માટે, વાહનની કામચલાઉ સુરક્ષિત કસ્ટડી માટેના પોતે યોગ્ય ગણે તેવા કોઈ પગલાં લઈ શકશે અથવા લેવડાવી શકશે; અથવા

INDEX

(૨) વાહનને જપ્ત કરવાને બદલે, વાહનની નોંધણીનું પ્રમાણપત્ર જપ્ત કરી શકશે અને તેના સંબંધમાં પહોંચ આપશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ મોટર વાહન જપ્ત કરવામાંઆવ્યું હોય, ત્યારે મોટર વાહનના માલિક અથવા તેનો હવાલો ધરાવતી વ્યકિત, વાહનને મુકત કરાવવા માટે, મુખ્ય અમલબજવણી અધિકારી અથવા રાજ્ય સરકારે આ અર્થે અધિકૃત કરેલા કોઈ અધિકારીને, સંબંધિત દસ્તાવેજો સાથે અરજી કરી શકશે અને આવા અધિકારી, આવા દસ્તાવેજાની ખરાઈ કર્યા પછી, હુકમ કરીને, પોતાને નાંખવી જરૂરી લાગે તેવી શરતોને અધીન રહીને, વાહન મુકત કરી શકશે.

(૩) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પેટા–કલમ (૧) હેઠળ જપ્ત કરેલા વાહનને મુકત કરાવવાનો પ્રયત્ન કરવામાં ન આવે અથવા વાહનને મુકત કરાવવાની કોઈ પણ અરજી કરે નહિ અથવા પેટા–કલમ (૧) હેઠળ કોઈ વાહનને ત્રણ વખત જપ્ત કરવામાં આવ્યું હોય તેના કારણે બે મહિના કરતા વધુ મુદત માટે તેવું (જપ્ત કરવામાં આવેલું) વાહન, સત્તામંડળ પોતાની પાસે રાખી શકશે, અમલબજવણી અધિકારી અથવા પોલીસ અધિકારી અથવા મોટર વાહન વિભાગ અથવા આ અર્થે અધિકૃત કરેલા રાજ્ય સરકારના કોઈ અધિકારી, વાહનના માલિક અથવા તેનો હવાલો ધરાવતી વ્યકિતને સુનાવણીની તક આપ્યા પછી, રાજ્ય સરકારના નામે વાહનને જપ્ત કરી શકશે.

(૪) આવી રીતે જપ્ત કરેલા મોટર વાહનની, સત્તામંડળ નક્કી કરે તેવા જપ્ત કરનાર અધિકારી હરાજી કરી શકશે.

(૫) હરાજીમાંથી ઊભી થયેલી આવક, સત્તામંડળના ફંડમાં જમા કરવી જોઇશે.

૧૫. **કામગીરી અંગેના હુકમ કરવાની સત્તા.**–(૧)તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જાહેર માર્ગ પરની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, આવા માર્ગ પર, પોતાને જરૂરી જણાય તેવી કોઈ કામગીરી અથવા સુધારા કરવાનો હુકમ કરવાનું, માર્ગ સુરક્ષા કમિશનર અથવા સંયુક્ત માર્ગ સુરક્ષા કમિશનર માટે કાયદેસર ગણાશે અને દરેક વિભાગ અથવા સ્થાનિક સત્તામંડળ અથવા બીજા કોઈ સંબંધિત સત્તામંડળ માટે, સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર, આવી કામગીરી અથવા આવા સુધારા કરવાનું બંધનકર્તા રહેશે:

પરંતુ આ પેટા–કલમ હેઠળ કોઇપણ હુકમ, અગાઉથી લેખિત નોટિસ અને સુનાવણીની તક આપ્યા સિવાય, બહાર પાડી શકાશે નહિ. આવા કોઈ જાહેર સત્તામંડળ–એ, માર્ગ સુરક્ષા કમિશનર અથવા સંયુકત માર્ગ સુરક્ષા કમિશનરને ખાતરી થાય તેમ તેવો પ્રતિભાવ અથવા જવાબ આપવામાં નિષ્ફળ જાય, તો કાયદેસરનો એક હુકમ બહાર પાડવો જોઇશે અને આવા માર્ગની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુસર આવી કામગીરી કરવાને આવા જાહેર સત્તામંડળ બંધનકર્તા રહેશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળની કામગીરીનો અમલ કરવામાં સત્તામંડળની સહાય કરવાને લગતી કાર્યવાહી કરવાની સરકારના દરેક અધિકારી, સ્થાનિક સત્તામંડળ અથવા બીજા કોઈ સત્તામંડળની ફરજ રહેશે.

INDEX

(૩) પેટા–કલમ (૧) હેઠળ લેખિત હુકમ જેને બજાવવામાં આવ્યો હોય તેવી કોઈ વ્યકિત અથવા આવા જાહેર સત્તામંડળનો હવાલો ધરાવનાર અધિકારી, સત્તામંડળે નક્કી કરેલી સમય મર્યાદાની અંદર આવા હુકમનું પાલન કરવાનો ઈનકાર કરે અથવા તેમ કરવામાં નિષ્ફળ જાય, તોમાર્ગ સુરક્ષા કમિશનર અથવા સંયુક્ત માર્ગ સુરક્ષા કમિશનર, આવા અધિકારી અથવા આવી વ્યકિતને સુનાવણીની તક આપ્યા પછી, ૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ)રૂપિયા સુધીનો દંડ નાખી શકશે અને જાહેર જનતા માટેના જોખમને અટકાવવા અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાને લગતા તેવા પગલાં લઈ શકશે અને એવી વ્યકિત અથવા એવા અધિકારી પાસેથી તેનો ખર્ચ વસૂલ કરી શકશે.

૧૬. જમીન મહેસૂલની બાકી તરીકે રકમ વસૂલ કરવા બાબત.–
આ વટહુકમ હેઠળ સત્તામંડળની લેણી નીકળતી કોઈ રકમ, વસૂલાતની બીજી કોઈ પદ્ધતિને બાધ આવ્યા સિવાય, જમીન પરની લેણી થતી જાહેર મહેસૂલની બાકી તરીકે, તે જ રીતે વસૂલાતપાત્ર રહેશે.

૧૭. હુકમનું પાલન ન કરવા બદલ શિક્ષા.–
કલમ ૧૫–માં ગમે તે મજકૂર હોય તેમ છતાં,-

(૧) કલમ ૨૨ હેઠળ, માર્ગ સુરક્ષા કમિશનર અથવા સંયુક્ત માર્ગ સુરક્ષા કમિશનર અથવા બીજા કોઈ અધિકારીના કોઈ લેખિત હુકમ અથવા આદેશનું પાલન કરવાનો ઈનકાર કરે અથવા તેમ કરવામાં નિષ્ફળ જાય તેવી, જાહેર સેવક સહિતની, કોઈ વ્યકિતને, ત્રણ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

(૨) ગુનો ચાલુ રહે તેવા કિસ્સામાં, ગુનો ચાલુ રહે તેવા દરેક દિવસ માટે, એક હજાર રૂપિયાનો દંડ નાખી શકાશે.

(૩) પ્રથમ વર્ગના અદાલતી મેજિસ્ટ્રેટ, આ વટહુકમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરશે.

૧૮. ફંડના હિસાબો.– ફંડના હિસાબો, મુખ્ય અમલીકરણ અધિકારીની એકંદર દેખરેખ અને તેમના નિયંત્રણ હેઠળ, હિસાબ અધિકારી દ્વારા, સત્તામંડળ વખતો વખત ઠરાવે તેવી રીતે જાળવવા જોઈશે.

૧૯.અહેવાલો(રિપોર્ટ)ની રજૂઆત.– દરેક જિલ્લા અથવા શહેર માર્ગ સુરક્ષા સમિતિએ, સત્તામંડળ વખતો વખત ફરમાવવામાં આવે તેવા અહેવાલ અને પત્રકો રજૂ કરવા જોઈશે તથા તેવી માહિતી પૂરી પાડવી જોઈશે.

૨૦. વાર્ષિક અહેવાલ.– (૧)સત્તામંડળે, દરેક નાણાકીય વર્ષ દરમિયાન, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવા સમયે, અગાઉના વર્ષમાંની પોતાની પ્રવૃત્તિઓનો સાચો અને સંપૂર્ણ હિસાબ આપતો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઈશે અને રાજ્ય સરકાર, હુકમથી, નિર્દિષ્ટ કરે તેવી તારીખ પહેલાં, આવો અહેવાલ રાજ્ય સરકારને રજૂ કરવો જોઈશે .

(૨) સરકારે, આવો દરેક અહેવાલ, તે મળ્યા પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકાવડાવવો જોઈશે.

૨૧. હિસાબોનું ઓડિટ.– (૧) સત્તામંડળના હિસાબોનું ઓડિટ દર વર્ષે કરવું જોઈશે.

(૨) સત્તામંડળે, દર વર્ષે, પોતે યોગ્ય ગણે તેવા અધિકારીઓ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા, હિસાબોના સહવર્તી ઓડિટ સહિત આંતરિક ઓડિટ પણ કરાવી શકશે.

(૩) ઓડિટર–એ પ્રમાણિત કર્યા મુજબના સત્તામંડળના હિસાબો, તેની ઉપરના ઓડિટના અહેવાલ સાથે અને સત્તામંડળે તેની ઉપર કરેલી વિશેષ નોંધ સાથે, રાજ્ય સરકારને મોકલવા જોઈશે અને રાજ્ય સરકારે તે હિસાબો રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકાવડાવા જોઈશે .

(૪) સત્તામંડળે, અહેવાલ અનુસાર સરકાર હુકમ કરે તેવા સુધારાત્મક પગલાં લેવા જોઈશે.

૨૨. સોંપણી (સત્તા અને કાર્યો).– સત્તામંડળ, રાજ્ય સરકારની પૂર્વ–મંજૂરી લઈને, માર્ગ સુરક્ષા કાર્યક્રમોના અસરકારક અમલીકરણ માટે, પોતે યોગ્ય ગણે તેવા નિયંત્રણોને અધીન રહીને, સામાન્ય અથવા ખાસ હુકમથી, પોતે જરૂરી ગણે તેવી સત્તા અને તેવા કાર્યો, કારોબારી સમિતિ અથવા માર્ગ સુરક્ષા કમિશનર અથવા મુખ્ય અમલબજવણી અધિકારી અથવા જિલ્લા અથવા શહેર માર્ગ સુરક્ષા સમિતિ અથવા સત્તામંડળના બીજા કોઈ અધિકારી અથવા કોઈ રાજપત્રિત અધિકારીને સોંપી શકશે .જિલ્લા અથવા શહેર માર્ગ સુરક્ષા સમિતિ, સત્તામંડળ વખતોવખત સોંપે તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો કરશે .

૨૩. ગુનાની માંડવાળ.– આ વટહુકમ હેઠળનો શિક્ષાપાત્ર કોઈ ગુનો, ફોજદારી કાર્યવાહી શરૂ થતાં પહેલાં અથવા તે પછી, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા અધિકારીઓ અથવા સત્તામંડળો દ્વારા અને તેટલી રકમ બદલ માંડવાળ કરી શકાશે.

૨૪. કંપનીઓએ કરેલાં ગુના.– આ વટહુકમ હેઠળનો શિક્ષાપાત્ર કોઈ ગુનો, કોઈ સમયે કોઈ કંપનીએ કર્યો હોય, તો ગુનો કરવામાંઆવ્યો હોય તે વખતે કંપનીનો હવાલો સંભાળતી હોય અને કંપનીના કામકાજના સંચાલન માટે કંપનીને જવાબદાર હોય તેવી દરેક વ્યકિત અને કંપની, તે ગુના માટે જવાબદાર હોવાનું ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે તથા તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે:

પરંતુ આ વટહુકમ હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને તે ગુનો કંપનીના કોઈ ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા તેમની મૂક સંમતિથી કરવામાંઆવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીને કારણે થયો છે એમ સાબિત થાય, ત્યારે તેવા ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા અધિકારી તે ગુના માટે જવાબદાર હોવાનું ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે તથા તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

સ્પષ્ટીકરણ –.આ કલમના હેતુ માટે,-

(ક) ''કંપની'' એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં કોઈ પેઢી અથવા વ્યકિતઓના બીજા મંડળનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં ''ડિરેકટર (વ્યવસ્થાપક/ સંચાલક)'' એટલે તે પેઢીમાંનો ભાગીદાર.

૨૫.અપીલ.– (૧) સત્તામંડળના કોઈ અધિકારીએ આ વટહુકમ હેઠળ કરેલા હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત, તે હુકમની તારીખથી સાઠ દિવસોની અંદર, સંયુકત માર્ગ સુરક્ષા કમિશનરને અપીલ કરી શકશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ કરેલી દરેક અપીલની સાથે, રૂપિયા ૫૦૦૦/–ની ફી જોડવી જોઈશે.

(૩) પેટા–કલમ (૧) હેઠળ કોઈ અપીલ મળ્યા પછી, અપીલ સત્તાધિકારી, આ બાબતમાં અપીલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી, શક્ય હોય તેટલું જલદી અપીલનો નિકાલ કરવો જોઇશે.

૨૬. ફેરતપાસ.– માર્ગ સુરક્ષા કમિશનર, આપમેળે અથવા નારાજ થયેલી વ્યક્તિએ તેમને કરેલી અરજી પરથી, સત્તામંડળના કોઈ તાબાના અધિકારીએ કલમ ૧૩, ૧૪, ૧૫ અથવા ૨૪ હેઠળ, કોઇ કેસમાં હુકમ કર્યો હોય તો તેવા કોઇ કેસનો રેકર્ડ મંગાવી શકશે અને માર્ગ સુરક્ષા કમિશનરને તેવું જણાય કે હુકમ અયોગ્ય અથવા ગેરકાયદેસર છે, તો માર્ગ સુરક્ષા કમિશનર, પોતે યોગ્ય ગણે તેવો હુકમ કરી શકશે.

૨૭.સમિતિના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવક ગણાશે.– આ વટહુકમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતાં હોય અથવા કાર્ય કરવાનું અભિપ્રેત હોય તેવા સત્તામંડળના તમામ સભ્યો અને કર્મચારીઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક ગણાશે. કલમ ૧૮૬૦નો ૪૫-મો.

૨૮. શુદ્ધિબુદ્ધિપૂર્વક લીધેલા પગલાંને રક્ષણ.– આ વટહુકમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ અથવા તે અનુસાર, શુદ્ધબુદ્ધિ પૂર્વકથી કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇપણ કાર્યના સંબંધમાં, સરકાર અથવા સત્તામંડળ અથવા સરકારના કોઈ અધિકારી અથવા સત્તામંડળના કોઈ સભ્ય અથવા બીજા કર્મચારીઓ સામે કોઇપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

૨૯. ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત.– સત્તામંડળ અથવા યથાપ્રસંગ, કારોબારી સમિતિ અથવા મુખ્ય અમલબજવણી અધિકારીની પૂર્વ– પરવાનગી સાથે રજૂ કરેલી હોય,તેવી આવો ગુનો બનાવતી હકીકતો અંગે લેખિતમાં રિપોર્ટ કર્યો હોય તે સિવાય, કોઇપણ કોર્ટ, આ વટહુકમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની ન્યાયિક નોંધ લઈ શકશે નહિ.

૩૦. દીવાની કોર્ટની હકૂમતને બાધ.–રાજ્ય સરકારે અથવા સત્તામંડળે અથવા રાજ્ય સરકાર અથવા સત્તામંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલા કોઈ અધિકારીએ આ વટહુકમથી અથવા તે હેઠળ પતાવટ કરવાનું, નિર્ણય કરવાનું અથવા તજવીજ કરવાનું ફરમાવ્યું હોય, તેવા કોઈ પ્રશ્નની પતાવટ કરવાની, તેનો નિર્ણય કરવાની અથવા તેની તજવીજ કરવાની અથવા કોઈ બાબત નક્કી કરવાની કોઇપણ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ.

૩૧. અધિનિયમથી, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાનું અલ્પીકરણ થશે નહિ.– આ વટહુકમની જોગવાઇઓ, મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઇઓ ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ. સન૧૯૮૮નો ૫૯મો.

૩૨. રાજ્ય સરકારની આદેશો આપવાની સત્તા.–

(૧) રાજ્યસરકાર, -

(ક) રસ્તાના ટ્રાફિકને અંકુશમાં રાખવા અને તેનું નિયમન કરવા માટે આ વટહુકમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઇઓના અસરકારક અમલીકરણની ઇચ્છનીયતા,

(ખ) માર્ગ અકસ્માતો થતા અટકાવવાની ઇચ્છનીયતા,

(ગ) માર્ગ વ્યવસ્થાને વધુ બગડતી અટકાવવાની ઇચ્છનીયતા,

ને લક્ષમાં રાખીને, રાજપત્રમાં જાહેરનામાથી, માર્ગ સુરક્ષા સત્તામંડળને નીચે જણાવેલા આદેશો વખતો વખત આપી શકશે.

(૧) જાહેર જનતાના વિશાળ લાભમાં,સત્તામંડળ,યોગ્ય પ્રક્રિયા અનુસર્યા પછી,કોઈજાહેર અથવા ખાનગી એજન્સીની નિમણૂક કરવા અંગે; કોઇ નિર્દિષ્ટ વિસ્તાર અથવા વિસ્તારમાં માર્ગ સુરક્ષાના પગલાં (લેવા) ના હેતુ માટે, ટ્રાફિકથી (ઊભા) થતાં ઉપદ્રવને દૂર કરવા, ટ્રાફિકને લગતાં ગુના શોધી કાઢવા, પતાવટ ફી સ્વીકારવા, દંડ અથવા શિક્ષાની રકમ વસૂલ કરવા માટે, ટ્રાફિક ઉપદ્રવને લીધે થતા નુકસાનની કિમત વસૂલવા, માર્ગ સુરક્ષાને લગતાં બીજા કોઈ પગલાંને નિયમિત કરવા માટે,

(૨) આવી એજન્સી દ્વારા નાખવામાં આવે તેવા સેવાવેરા (ચાર્જ) નક્કી કરવા સંબંધી:

પરંતુ સંબંધિત અધિનિયમો અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ માંડવાળ ફી, શિક્ષા અથવા દંડનો દર નિર્દિષ્ટ કરવો જોઈશે:

વધુમાં, આવી એજન્સી દ્વારા માંડવાળ ફી, દંડ, શિક્ષા અથવા ખર્ચને સરકારી તિજોરીમાં જમા કરવા જોઈશે. તેમ છતાં, આવી એજન્સી, સેવા વેરા પોતાની પાસે રાખવા હકદાર થઈ શકશે.

(૨) સત્તામંડળ અથવા રાજ્ય માર્ગ સુરક્ષા સમિતિ અથવા જિલ્લા અથવા શહેર માર્ગ સુરક્ષા સમિતિ–એ, વિભાગના કોઈ અધિકારી અથવા જાહેર જનતામાંની કોઈ વ્યક્તિ, જાહેર અથવા ખાનગી સંસ્થાઓને, માર્ગ સુરક્ષાના હેતુ માટે કાર્ય કરવા હુકમથી, આદેશો આપી શકશે.

૩૩.નિયમો કરવાની સત્તા.- (૧) રાજ્ય સરકાર, પૂર્વ–પ્રસિદ્ધિની શરતને અધીન રહીને, આ વટહુકમના હેતુઓ પાર પાડવામાટે, નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈની વ્યાપકતાને બાધ આપ્યા સિવાય, રાજ્ય સરકાર, નીચેના તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે નિયમો કરી શકશે:–

(ક) કલમ ૪માં જોગવાઈ કરેલા કાર્યો ઉપરાંત, સત્તામંડળ દ્વારા બજાવવાના કાર્યો;
(ખ) સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારી વર્ગ (સ્ટાફ)ની પદ, નિમણૂકની પદ્ધતિ અને સેવાની બીજી શરતો;
(ગ) કલમ ૨૦ હેઠળ વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટેનો નમૂનો અને સમય;
(ઘ) ફરમાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા નિયમથી એવી જોગવાઈ કરી શકાશે કે એવા નિયમમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન કર્યેથી, એક હજાર સુધીના દંડની શિક્ષા થશે.

(૪) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઇશે.

(૫) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો, એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ, તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજય વિધાનમંડળ, તેમાં તેવા ફેરફારો કરે તેને તે અધીન રહેશે.

(૬) રાજય વિધાનમંડળ, એવી રીતે જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવું જોઇશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

૩૪.*વિનિમયો કરવાની સત્તા.* –સત્તામંડળ, બેઠકો માટે અને સત્તામંડળ, કારોબારી સમિતિ અથવા યથાપ્રસંગ, અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવતી બાબતોમાં નિકાલ માટે, સત્તામંડળે, કારોબારી સમિતિએ અને સત્તામંડળના અધિકારીઓએ અપનાવવાની કાર્યરીતિના સંબંધમાં વિનિમયો કરી શકશે.

૩૫.*મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.* –(૧) આ વટહુકમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો, રાજ્ય સરકાર, રાજપત્રમાં સામાન્ય અથવા ખાસ હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે તેને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ વટહુકમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ વટહુકમના આરંભ(ની તારીખ)થી બે વર્ષ થયા પછી, આવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા–કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનંડળ સમક્ષ મૂકવો જોઈશે.

નિવેદન

માર્ગ સુરક્ષાએ રાજ્ય સરકાર માટે સૌથી મહત્વપૂર્ણ અગ્રતાની બાબત છે. દાવા અરજી,(પીઆઇએલ) નંબર ૨૯૫/૨૦૧૨–માં, નામદાર સુપ્રિમ કોર્ટે, નિવૃત્ત ન્યાયમૂર્તિ ડો. કે. એસ. રાધાકિષ્નન–ના અધ્યક્ષપદ હેઠળ, સન ૨૦૧૪ના જાન્યુઆરી મહિનાની ૨૨–મી તારીખે માર્ગ સુરક્ષા અંગેની સમિતિની રચના કરી છે. સુપ્રિમ કોર્ટે સૂચવ્યુંછે કે માર્ગ સુરક્ષા સમિતિના આદેશનું માર્ગ અકસ્માતો ઘટાડવા માટે પાલન કરી શકાશે અને તેમાં માર્ગ સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે સત્તા, ફંડ અને માનવશક્તિ ઘરાવતી મુખ્ય એજન્સીની રચના કરવાનું પણ સૂચવ્યું છે. એ બાબત પણ સૂચવવામાં આવી હતી કે માર્ગ સુરક્ષાના હેતુ માટે, અલગથી સત્તામંડળ અને અંદાજપત્ર બનાવવા માટે, ખાસ જોગવાઇ હોવી જોઇશે. રાજ્ય સરકારે, અકસ્માતમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કરવાના લક્ષ્યાંક સાથે સન ૨૦૧૬ના માર્ચ મહિનામાં માર્ગ સુરક્ષા નીતિ જાહેર કરી છે.

નામદાર સુપ્રિમ કોર્ટની સદરહુ સમિતિના ઉપર્યુક્ત સૂચનોનું પાલન કરવા માટે અને રાજ્ય માર્ગ સુરક્ષા નીતિનો ખરા અર્થ અને સ્વરૂપમાં અસરકારક અમલ કરવા માટે, એક માર્ગ સુરક્ષા સત્તામંડળની સ્થાપના કરવા ધાર્યુ છે કે જે અલગ સરકારી વિભાગો, તેમજ અમુક બિન–સરકારી સંગઠનો (NGOs), સ્વયં સેવકો વગેરે સાથેના સંકલનથી માર્ગ સુરક્ષા અંગેનું કામ હાથ ધરી શકે તેવી મુખ્ય એજન્સી રહેશે. સૂચિત માર્ગ સુરક્ષા સત્તામંડળ, માર્ગ સુરક્ષા માટે મુખ્ય એજન્સી રહેશે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વટહુકમ, ૨૦૧૭ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર,
તારીખ: ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ઓ.પી.કોહલી,
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

વિપુલ મિત્રા,
સરકારના અગ્ર સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 272

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, OCTOBER 3, 2017/ASVINA 11, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓક્ટોબર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૩૦મી જૂન, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૩૬)-જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૧)-ઠ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી, એન, શેખ,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

જાહેરનામું ક્રમાંક : ૨/૨૦૧૭ - રાજ્યવેરો (૬૨)

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક : (જીએચએન-૩૬) જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૧)-ઠ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૧ની પેટા-કલમ (૧)-થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણોને આધારે, એમ કરવું જાહેર હિતમાં જરૂરી છે તેવી ખાતરી થયેથી ગુજરાત સરકાર, આથી આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૩)માં જેનું વર્ણન નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે તેવા અને સદરહુ અનુસૂચિના કોલમ (૨)-માંની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ટેરિફની બાબત, પેટા-શીર્ષક, શીર્ષક અથવા યથાપ્રસંગ, પ્રકરણ હેઠળ આવતા ÜëáÑા આંતરરાજ્ય પુરવઠાને, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૯ હેઠળ તેના પર લેવાપાત્ર સમગ્ર રાજ્ય વેરામાંથી મુક્તિ આપે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	ટેરિફનીબાબત/ શીર્ષક/ પેટા-શીર્ષક/પ્રકરણ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
૧.	૦૧૦૧	જીવતા ગધેડા, ખચ્ચર અને ખચ્ચરની ઓલાદ
૨.	૦૧૦૨	જીવતા ગો(ગાય કે બળદ)–પ્રાણીઓ
૩.	૦૧૦૩	જીવતા ડુક્કર
૪.	૦૧૦૪	જીવતા ઘેટાં અને બકરાં
૫.	૦૧૦૫	જીવંત મરઘા એટલે કે પાળેલા મરઘા, બતક વગેરેની જાતના બતક, હંસ(માદા), ટર્કી મરઘાં અને સફેદ ટપકાવાળા બતક જેવા પક્ષી
૬.	૦૧૦૬	સસ્તન પ્રાણીઓ જેવા બીજા જીવતા પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુઓ
૭.	૦૨૦૧	ગો(ગાય કે બળદ જેવા) પ્રાણીઓનું તાજું અને ઠંડુ માંસ.
૮.	૦૨૦૨	[ઠંડુ અને યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું] ગો(ગાય કે બળદ જેવા) પ્રાણીઓનું ઠંડુ માંસ.
૯.	૦૨૦૩	[ઠંડુ અને યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું]તાજું, ઠંડુ અથવા ઠંડુ કરેલું ડુક્કરનું માંસ.
૧૦.	૦૨૦૪	[ઠંડુ અને યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું] તાજું, ઠંડુ અથવા ઠંડુ કરેલું ઘેટાં અથવા બકરાંનું માંસ.
૧૧.	૦૨૦૫	[ઠંડુ અને યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું] તાજું, ઠંડુ અથવા ઠંડુ કરેલું ઘોડા, ગધેડા, ખચ્ચર અથવા ખચ્ચરની ઓલાદનું માંસ
૧૨.	૦૨૦૬	[ઠંડુ અને યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું] તાજું, ઠંડુ અથવા ઠંડુ કરેલું ગો(ગાય કે બળદ જેવા) પ્રાણીઓ, ડુક્કર, ઘેટાં, બકરાં, ઘોડાં, ગધેડાં, ખચ્ચર અથવા ખચ્ચરની ઓલાદનું ખાઈ શકાય તેવું મુંડદાલ માંસ.

INDEX

અનુક્રમાંક	ટેરિફનીબાબત/ શીર્ષક/ પેટા-શીર્ષક/પ્રકરણ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
૧૩.	૦૨૦૭	[ઠંડુ અને યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું] તાજું, ઠંડુ અથવા ઠંડુ કરેલું, ૦૧૦૫–ના શીર્ષકવાળા મરઘાનું માંસ અને ખાઇ શકાય તેવું મુડદાલ માંસ.
૧૪.	૦૨૦૮	[ઠંડુ અને યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું]તાજું, ઠંડુ અથવા ઠંડુ કરેલું બીજું માંસ અને ખાઇ શકાય તેવું મુડદાલ માંસ.
૧૫.	૦૨૦૯	[ઠંડુ અને યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું]પીગાળેલું ન હોય અથવા રસ ખેંચી કાઢેલો હોય તેવું તાજું, ઠંડુ અથવા ઠંડુ કરેલું વધારાની ચરબી વિનાની ડુક્કરની ચરબી અને મરઘાંની ચરબી.
૧૬.	૦૨૦૯	(યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું) પીગાળેલું ન હોય અથવા રસ ખેંચી કાઢેલો હોય તેવું ખારા પાણીમાં બોળી મીઠાવાળું કરેલી, સૂકી અથવા શેકેલી વધારાની ચરબી વિનાની ડુક્કરની ચરબી અને મરઘાંની ચરબી.
૧૭.	૦૨૧૦	યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું ખારા પાણીમાં બોળી મીઠાવાળું કરેલું, સૂકું અથવા શેકેલું માંસ અને ખાઇ શકાય તેવું મુડદાલ માંસ, માંસ અને મુડદાલ માંસનો ખાઇ શકાય તેવો લોટ અને ભોજન.
૧૮.	૩	[પ્રકરણ ૩ હેઠળ આવતાં અને ૨.૫% વેરા–વાળા માલ સિવાયના] પ્રક્રિયા કરેલ(પ્રોસેસ્ડ), મીઠું પાઇને ટકાવી રાખેલ અથવા ઠંડી સ્થિતિમાં રાખેલ માછલીના ઇંડા, મોટા ઝીંગા/નાના ઝીંગાના ઇંડા
૧૯.	૦૩૦૧	જીવતી માછલી.
૨૦.	૦૩૦૨	માછલાના હાડકા વિનાના કકડા અને શીર્ષક ૦૩૦૪–ના અન્ય માછલાના માંસ સિવાયના તાજા અથવા ઠંડા માછલા.
૨૧.	૦૩૦૪	તાજા અને ઠંડા (ખીમો બનાવેલા અથવા નહિ બનાવેલા) માછલાના હાડકા વિનાના કકડા અને અન્ય માછલાનું માંસ.
૨૨.	૦૩૦૬	કવચ ચડાયેલું હોય કે ન હોય તેવું જીવંત, તાજું અથવા ઠંડુ દરિયાઇ પ્રાણી; કવચમાં હોય તેવું વરાળથી અથવા પાણીમાં ઉકાળીને રાંધેલું જીવંત, તાજું અથવા ઠંડુગર દરિયાઇ પ્રાણી.
૨૩.	૦૩૦૭	કવચ ચડાયેલું હોય કે ન હોય તેવું જીવંત, તાજું અથવા ઠંડુ મોલસ્ક(બહુધા કવચવાળું પ્રાણી); દરિયાઇ પ્રાણી અને મોલસ્ક(બહુધા કવચવાળું પ્રાણી) સિવાયનું કરોડ વિનાનું જીવંત, તાજું અથવા ઠંડુ દરિયાઇ પ્રાણી.
૨૪.	૦૩૦૮	દરિયાઇ પ્રાણી અને મોલસ્ક(બહુધા કવચવાળું પ્રાણી) સિવાયનું કરોડ વિનાનું જીવંત, તાજું અથવા ઠંડુ દરિયાઇ પ્રાણી.
૨૫.	૦૪૦૧	મલાઇ કાઢી લીધેલા દૂધ સહિતનું તાજું અને જીવાણુંરહિત દૂધ, બાળીને ઘટ્ટ ન કરેલું હોય અથવા વધારાની ખાંડ અથવા બીજા ગળપણ ધરાવતા પદાર્થ ન હોય તેવું અલ્ટ્રા હાઇ ટેમ્પરેચર (યુએચટી) દૂધ સિવાયનું દૂધ અને મલાઇ
૨૬.	૦૪૦૩	દહીં, લસ્સી; છાસ
૨૭.	૦૪૦૬	યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનુંઅને રજિસ્ટર થયેલ બ્રાન્ડ નામ ધરાવતા ચીઝ અથવા પનીર;
૨૮.	૦૪૦૭	તાજા, સાચવી રાખેલા અથવા રાંધેલા કોચલાવાળા પક્ષીઓના ઇંડા

INDEX

અનુક્રમાંક	ટેરિફનીબાબત/ શીર્ષક/ પેટા-શીર્ષક/પ્રકરણ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
૨૯.	૦૪૦૯	યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય તે સિવાયનું અને રજિસ્ટર થયેલ બ્રાન્ડ નામ ધરાવતું કુદરતી મધ
૩૦.	૦૫૦૧	ઓળ્યા વગરના, સાફ કરેલા અથવા સાફ નહિ કરેલા માનવ વાળ; માનવ વાળનો કચરો
૩૧.	૦૫૦૬	તમામ માલ જેમ કે હાડકાં અને શીંગડાનો અંદરનો ભાગ, વાપર્યા વગરનો, ચરબી વગરનો, કેવળ તૈયાર કરેલો (પરંતુ આકારમાં કાપેલો ન હોય તેવો), એસિડ અથવા જિલેટિનથી પ્રક્રિયા કરેલો; આ ઉત્પાદિત માલનો ભૂકો અને કચરો
૩૨.	૦૫૦૭૯૦	તમામ માલ જેમ કે પગની ખરીનું ભોજન, શીંગડાનું ભોજન, પગની ખરી, પગના પંજા, નખ અને ચાંચ;ચાંચ; નર સાબરના શીંગડાં વગેરે.
૩૩.	૦૫૧૧	ઠંડું કરી રાખેલા વીર્ય સહિતનું વીર્ય
૩૪.	૬	જીવંત વૃક્ષો અને બીજા છોડ, બલ્બ્સ (વનસ્પતિની ગાંઠ), મૂળિયાઅને તેના જેવા આકાર આપેલા ફૂલો અને અલંકારિક પાંદડા
૩૫.	૦૭૦૧	તાજા અથવા ઠંડા બટાટા
૩૬.	૦૭૦૨	તાજા અથવા ઠંડા ટામેટા
૩૭.	૦૭૦૩	કાંદાં, નાના કાંદાં, લસણ, કાંદાં (લીક) અને લસણની જાતની વનસ્પતિના બીજા તાજા અથવા ઠંડા શાકભાજી.
૩૮.	૦૭૦૪	કોબીજ, દાંડાવાળી કોબીજની એક જાત(કોલાબિ) , કાળા અને તે જ રીતે ખાઇ શકાય તેવા તાજા અથવા ઠંડા કોબીના છોડ.
૩૯.	૦૭૦૫	તાજા અને ઠંડા લેટિસ (લૈક્ટૂકા સૈટાઇવા)(કચુંબર માટે વપરાતી એક જાતની ભાજી) અને ચિકરિ (Chichorium spp.)
૪૦.	૦૭૦૬	ગાજર, ટર્નિપ(સલગમનો છોડ), બીટરૂટ સલાડ, સોલ્સિફાઇ(પીળા મૂળિયાવાળો એક છોડ), સિલેરિએક (સેલરીની એક જાત), મૂળાઅને તે પ્રકારના બીજા તાજા અથવા ઠંડા કંદ.
૪૧	૦૭૦૭	તાજી અથવા ઠંડી કાકડી અને નાની કાકડી (ગર્કિન)
૪૨.	૦૭૦૮	ફોલેલા અથવા ફોલ્યા વગરના, તાજા અથવા ઠંડા સીંગોવાળી જાતના શાકભાજી.
૪૩.	૦૭૦૯	તાજા અથવા ઠંડા બીજા શાકભાજી.
૪૪.	૦૭૧૨	સૂકવેલા શાકભાજી, આખા, કાપેલા, ચીરીઓ કરેલા, તોડેલા અથવા ભૂકો કરેલા પરંતુ વધુ કોઇ પ્રક્રિયા કરી ન હોય તેવા.
૪૫.	૦૭૧૩	ફોલેલા અથવા ફોલ્યા વગરના અથવા ચીરીઓ કરેલા સીંગોવાળી જાતના સૂકવેલા શાકભાજી.
૪૬.	૦૭૧૪	તાજા અથવા ઠંડા મેનિઅક(કસાવના છોડમાંથી બનાવેલ સ્ટાર્ચ કે લોટ), આરારૂટ, સલેપ(Salep)જેરુસલેમ આર્ટિચોક(કાંટાળી ખાદ્ય વનસ્પતિ), શક્કરિયા અને તે જ પ્રકારના કંદમૂળતથા વધુ સ્ટાર્ચ અથવા ઇન્યૂલિન તત્વ ધરાવતા ટ્યૂબર (કંદ); સાબુદાણાનો માવો.
૪૭.	૦૮૦૧	કાચલી કાઢેલા અથવા કાચલી ન કાઢેલા અથવા ફોલેલાં તાજાં અથવા સૂકાં નાળિયેર.

અનુક્રમાંક	ટેરિફનીબાબત/ શીર્ષક/ પેટા-શીર્ષક/પ્રકરણ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
૪૮.	૦૮૦૧	કાચલી કાઢેલા અથવા કાચલી ન કાઢેલા અથવા ફોલેલાં તાજાં બ્રાઝિલ નટ્સ
૪૯.	૦૮૦૨	કાચલી કાઢેલા અથવા કાચલી ન કાઢેલા અથવા ફોલેલાં તાજાં બદામ, હેઝલનટ્સ અથવા ફિલ્બર્ટ(હેઝલની બદામ) (Coryius spp.), વોલનટ, ચેસ્નટ (Castanea spp.), પીસ્તા, મકેડેમિઆ નટ્સ, કોલા નટ્સ (Cola spp.), સોપારી જેવા બીજા નટ્સ
૫૦.	૦૮૦૩	તાજા અથવા સૂકાં પ્લેન્ટિન (કેળ) સહિતના કેળાં
૫૧.	૦૮૦૪	તાજા ખજૂર, અંજીર, અનાનસ, એવકાડો(જમરૂખ જેવું ફળ), જામફળ, કેરી અને મેંગોસ્ટીન.
૫૨.	૦૮૦૫	નારંગી, (ટેંજરીન અને સેટસૂમે સહિતના) સંતરા; ક્લેમન્ટાઇન, વિલ્કિંગ અને તે પ્રકારના સાઇટ્રસ હાઇબ્રિડ, પોમેલો સહિતની દ્રાક્ષ, તાજા લીંબુ (સાઇટ્રસ લિમોન, સાઇટ્રસ લિમોનમ) અને લીંબુ (સાઇટ્રસ ઓરાન્ટિફિલિઆ, સાઇટ્રસ લાટિફોલિઆ).
૫૩.	૦૮૦૬	તાજી દ્રાક્ષ
૫૪.	૦૮૦૭	તાજા (તરબૂચ સહિતના) મેલન અને પપૈયા.
૫૫.	૦૮૦૮	તાજા સફરજન, પેર(જામફળના આકારનું ફળ)અને ક્વિન્સ (સફરજનની જાતનું ફળ)
૫૬.	૦૮૦૯	તાજા અખરોટ, ચેરી, (નેક્ટરિન સહિતના) પીચ, પ્લમ્સ, સ્લોસ.
૫૭.	૦૮૧૦	તાજા સ્ટ્રોબેરી, રાસબરિ, બ્લેકબરિ, મલબરિ અને લોગન્બરિ, કાળા, સફેદ અથવા લાલ કરમદા અને ગુઝબરિ, ક્રેનબરિ, બિલ્બરિજેવા બીજા ફળો અને જીનસ વેક્સિનિઅમ, કિવિ ફળ, ડ્યુરિઅન, પર્સિમન, દાડમ, આમલી, સેપોટ(ચીકું), સીતાફળ(ata),બોર, લીચી.
૫૮.	૦૮૧૪	સાઇટ્રસ ફળોની છાલ અથવા તાજા (તરબૂચ સહિત) મેલન(તરબૂચ અથવા ટેટી).
૫૯.	૯	બિયા હોય તે પ્રકારનો તમામ માલ
૬૦.	૦૯૦૧	શેકેલ ન હોય તેવા કોફીના દાણા
૬૧.	૦૯૦૨	પ્રક્રિયા ન કરેલી હોય તેવા ચા–ના લીલા પત્તાં
૬૨.	૦૯૦૯	સુવા, બેડિઅન, વરિયાળી, ધાણા, જીરું, શાહજીરુંના દાણા;જૂનિપર બરિ [દાણાની ગુણવત્તાના]
૬૩.	૦૯૧૦૧૧૧૦	પ્રક્રિયા કરેલી હોય તે સિવાયના સ્વરૂપનું તાજું આદું
૬૪.	૦૯૧૦૩૦૧૦	પ્રક્રિયા કરેલી હોય તે સિવાયના સ્વરૂપની તાજી હળદર
૬૫.	૧૦૦૧	[યુનિટ કન્ટેનરમાં રાખેલા હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયના] ઘઉં અને મેસલિન
૬૬.	૧૦૦૨	[યુનિટ કન્ટેનરમાં રાખેલી હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતી હોય તે સિવાયની] રાઇ
૬૭.	૧૦૦૩	[યુનિટ કન્ટેનરમાં રાખેલા હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયના] જવ

INDEX

અનુક્રમાંક	ટેરિફનીબાબત/ શીર્ષક/ પેટા-શીર્ષક/પ્રકરણ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
૬૮.	૧૦૦૪	[યુનિટ કન્ટેનરમાં રાખેલા હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયના] ઓટ
૬૯.	૧૦૦૫	[યુનિટ કન્ટેનરમાં રાખેલી હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતી હોય તે સિવાયની] મકાઈ
૭૦.	૧૦૦૬	[યુનિટ કન્ટેનરમાં રાખેલા હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયના] ચોખા
૭૧.	૧૦૦૭	[યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયનો] બાજરી, જુવાર વગેરેનો સાંઠો
૭૨.	૧૦૦૮	[યુનિટ કન્ટેનરમાં રાખેલા હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયના]બકવીટ(એક જાતનું અનાજ), બાજરી અને કનેઅરિ સીડ; જુવાર, બાજરા, રાગી જેવા બીજા સિરિઅલ (અનાજ)
૭૩.	૧૧૦૧	[યુનિટ કન્ટેનરમાં રાખેલા હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયના]ઘઉં અથવા મેસલિનનો લોટ
૭૪.	૧૧૦૨	[યુનિટ કન્ટેનરમાં રાખેલા હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયના]ઘઉં અથવા મેસલિનનો લોટ સિવાયના સિરિઅલ લોટ [મકાઇ (કોર્ન)નો લોટ, રાઇનો લોટ વગેરે]
૭૫.	૧૧૦૩	[યુનિટ કન્ટેનરમાં રાખેલા હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયના] સિરિઅલ ગ્રોટ્સ (અનાજ), (અનાજ)નો દળેલો લોટ અને પેલેટ(ગોળી)
૭૬.	૧૧૦૪	ભરડેલા સિરિઅલ અનાજના દાણા
૭૭.	૧૧૦૫	[યુનિટ કન્ટેનરમાં રાખેલો હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયનો] બટાટાનો લોટ
૭૮.	૧૧૦૬	[રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયનો] [ગુઆરનો દળેલો લોટ ૧૧૦૬ ૧૦ ૧૦ અને ગુઆર ગમ રિફાઇન્ડ સ્પ્લિટ ૧૧૦૬ ૧૦ ૯૦ સિવાયનો]શીર્ષક ૦૭૧૩ ((કઠોળ) ઉપરના સીંગવાળા સૂકા શાકભાજીનો લોટ, શીર્ષક ૦૭૧૪–ઉપરના સાબુદાણા અથવા મૂળિયા અથવા પ્રકરણ ૮ પરની ચીજવસ્તુઓ જેમ કે આમલી, સિંગોડાનો લોટ, આંબોળિયાનો લોટ વગેરે.
૭૯.	૧૨	બિયારણની ગુણવત્તાવાળો તમામ માલ
૮૦.	૧૨૦૧	ફોલેલા અથવા ન ફોલેલા બિયારણની ગુણવત્તાવાળા સોયાબીન.
૮૧.	૧૨૦૨	બિયારણની ગુણવત્તાવાળી શેકેલી અથવા અન્યથા રાંધેલી, ફોલેલી અથવા ન ફોલેલી મગફળી.
૮૨.	૧૨૦૪	બિયારણની ગુણવત્તાવાળા ફોલેલા અથવા ન ફોલેલાલિન્સીડ (અળસી).
૮૩.	૧૨૦૫	બિયારણની ગુણવત્તાવાળા ફોલેલા અથવા ન ફોલેલા તેલીબિંયા અથવા કલ્ઝાના બીજ.
૮૪.	૧૨૦૬	બિયારણની ગુણવત્તાવાળા ફોલેલા અથવા ન ફોલેલા સૂર્યમુખીના બીજ.
૮૫.	૧૨૦૭	બિયારણની ગુણવત્તાવાળા ફોલેલા અથવા ન ફોલેલા અન્ય ઓઇલ સીડ્સ અને તેલિયા ફળો (ઓલિએજિનસ ફ્રૂટસ) (જેમ કે પામ નટ્સ (નાળિયેર)

INDEX

અનુક્રમાંક	ટેરિફનીબાબત/ શીર્ષક/ પેટા-શીર્ષક/પ્રકરણ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
		અને કોપરું, કાલા (કોટન સીડ્સ), દિવેલિયાં (કેસ્ટર ઓઇલ સીડ્સ),સીડ્સ), સીસેમમ સીડ્સ, મસ્ટર્ડ સીડ્સ (રાઇના દાણાં), સેફોવર (Saffower) (કાર્થામસ ટિંકટોરિયસ) સીડ્સ, તરબૂચ અથવા ટેટીના બિયાં, ખસખસના બિયાં, અજમો, કેરીનો ગર, નાઇજિર સીડ, કોકમ)
૮૬.	૧૨૦૯	બી રોપવા વાપરવામાં આવતાં બિયાં, ફળ અને તેના બીજ.
૮૭.	૧૨૧૦	તાજા હોપ કોન્સ.
૮૮.	૧૨૧૧	તાજા અથવા ઠંડા રાખેલા (બિયાં અને ફળ સહિતના) છોડ અને છોડના ભાગ જેનો ઉપયોગ પ્રાથમિક રીતે સુગંધિત વસ્તુઓ બનાવવામાં, ફાર્મસીમાં(દવાઓ બનાવવામાં)અથવા જીવજંતુ મારવાની દવા બનાવવામાં, ફૂગ વિનાશક દ્રવ્ય બનાવવામાં અથવા તેના જેવા હેતુઓ માટે કરવામાં આવે છે.
૮૯.	૧૨૧૨	તાજા અથવા ઠંડા રાખેલા તીડ(લોકસ્ટ)ના બિયાં, દરિયાઇ વનસ્પતિ અને બીજી શેવાળ, શુગર બીટ(સફેદ બીટ) અને શેરડી.
૯૦.	૧૨૧૩	તૈયાર ના કરેલા, કાપીને ઝીણા કટકા કરેલા અથવા ન કરેલા, દળેલા, દબાવીને રસ કાઢેલા અથવા પેલેટ(ટીકડી)ના રૂપમાં સિરિઅલ સ્ટ્રો(અનાજનું ઘાસ)અને ફળ કે બીજના છોતરાં.
૯૧.	૧૨૧૪	સ્વીડ્સ(સલગમ), મેન્ગોલ્ડ(મોટા કદના બીટ), સૂકાં ઘાસના મૂળિયા, કાપણી કરેલું ઘાસ(હે), લૂસર્ન (મેથી જેવું દેખાતું એક ઘાસ) (અલ્ફાલફા), ક્લોવર (ચારા માટે વપરાતું ત્રિદલ ઘાસ), સેન્ફોઇન (ઢોરની ચાર માટેનો છોડ), ફોરેજ કેલ, લૂપાઇન, વેચિઝ(કઠોળનો છોડ) અને પેલેટ(ટીકડી)ના રૂપમાં હોય કે ન હોય તેવી બીજી ફોરેજ પ્રોડક્ટસ (ઘાસચારાની પેદાશો).
૯૨.	૧૩૦૧	લાખ અને શેલક
૯૩.	૧૪૦૪ ૯૦ ૪૦	નાગરવેલના પાન
૯૪.	૧૭૦૧ અથવા ૧૭૦૨	શેરડીના ગોળ અને વાંસના ગોળ(gur) સહિતનો તમામ પ્રકારનો ગોળ
૯૫.	૧૯૦૪	સામાન્ય રીતે મૂરી તરીકે ઓળખાતા મમરા(પફ્ડ રાઇસ), સામાન્ય રીતે ચિરા તરીકે ઓળખાતા દબાયેલા અથવા દાબેલા ચોખા, સામાન્ય રીતે ખોઇ તરીકે ઓળખાતા શેકેલા ચોખા, સામાન્ય રીતે મુર્કી તરીકે ઓળખાતા શેકેલા ચોખા અથવા ખાંડ અથવા ગોળના થરવાળાં ચોખા
૯૬.	૧૯૦૫	ખાવા માટે પીરસવામાં આવેલ હોય તે સિવાય, પાપડ, બીજા જે નામથી તે જાણીતું હોય તે.
૯૭.	૧૯૦૫	ખાવા માટે પીરસવામાં આવેલ હોય તે સિવાય, બ્રેડ (બ્રાન્ડ નામવાળી અથવા અન્યથા) અને પીઝા બ્રેડ
૯૮.	૨૧૦૬	મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા, દરગાહ વગેરે જેવા ધાર્મિક સ્થળોએ પૂરો પાડવામાં આવતો પ્રસાદ.
૯૯.	૨૨૦૧	પાણી [વાયુમિશ્રિત, ખનિજ દ્રવ્ય મિશ્રિત (મિનરલ), શુદ્ધિકરણ કરેલું, ડિસ્ટિલ્ડ, મેડિસિનલ(ઔષધીય), આયોનિક, બેટરી, ડી–મિનરલાઇઝ્ડ અને બંધ કરેલા કન્ટેનરમાં વેચાતું પાણી]

અનુક્રમાંક	ટેરિફનીબાબત/ શીર્ષક/ પેટા-શીર્ષક/પ્રકરણ	માલનું વર્ણન
(૧)	(૨)	(૩)
૧૦૦.	૨૨૦૧	બિન–મધ્યાર્કયુક્ત તાડી (ટોડિ), ખજૂર અને નાળિયેરના નીરા સહિતનો નીરા.
૧૦૧.	૨૨૦૨ ૯૦ ૯૦	યુનિટ કન્ટેનરમાં રાખેલું હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયનું લીલા નાળિયેરનું પાણી
૧૦૨.	૨૩૦૨, ૨૩૦૪, ૨૩૦૫, ૨૩૦૬, ૨૩૦૮, ૨૩૦૯	શ્રિમ્પ(નાના ઝીંગા)ના ખોરાક અને પ્રોન (મોટા ઝીંગા) ના ખોરાક સહિતનો જળચર ખોરાક, ઘાસ, સૂકું ઘાસ (hay) અને તણખલા સહિતનુંમરઘાં ચણ અને ઢોરનું નીરણ, અનાજનો પૂરક આહાર અને ભૂસુંભૂસું, પશુદાણ અને ઉમેરો કરેલ ઘઉંનું ભૂંસુ અને ડી–ઓઇલ્ડ કેક.
૧૦૩.	૨૫૦૧	તમામ પ્રકારનું મીઠું
૧૦૪.	૨૭૧૬ ૦૦ ૦૦	ઇલેક્ટ્રિકલ ઊર્જા
૧૦૫.	૨૮૩૫	આઇએસ (IS)સ્પેસિફિકેશન(વિશિષ્ટ વિગતવર્ણન) નંબર ૫૪૭૦:૨૦૦૨ પ્રમાણે નક્કી કરેલા ગ્રેડ મુજબનું પશુદાણનું ડિકેલ્શિયમ ફોસ્ફેટ (DCP)
૧૦૬.	૩૦૦૨	માનવ લોહી અને તેના ઘટકો
૧૦૭.	૩૦૦૬	તમામ પ્રકારના ગર્ભનિરોધક સાધનો
૧૦૮.	૩૧૦૧	[યુનિટ કન્ટેનરમાં રાખેલા હોય અને રજિસ્ટર થયેલ બ્રાન્ડનું નામ ધરાવતા હોય તે સિવાયનો]તમામ માલ અને ઓર્ગેનિક ખાતર
૧૦૯.	૩૩૦૪	[કાજલ પેન્સિલ સ્ટીક સિવાયનું] કાજલ, કુમકુમ, બિંદી, સિંદુર, ઓલ્ટા
૧૧૦.	૩૮૨૫	નગરપાલિકાનો કચરો, ગટરના ગંદા પાણીના કાદવનો થર, નૈદાનિક કચરો (કિલનિકલ વેસ્ટ)
૧૧૧.	૩૯૨૬	પ્લાસ્ટિકની બંગડીઓ
૧૧૨.	૪૦૧૪	નિરોધ અને ગર્ભનિરોધક સાધનો
૧૧૩.	૪૪૦૧	બળતણ અથવા બળતણ માટેનું લાકડું
૧૧૪.	૪૪૦૨	(શેલ અથવા નટ–ના કોલસા સહિતનો) અગ્નિજન્ય હોય કે ન હોય તેવો લાકડાનો કોલસો
૧૧૫.	૪૮૦૨/૪૯૦૭	અદાલતી, બિન–અદાલતી સ્ટેમ્પ પેપર્સ, સરકારી તિજોરી અથવા સરકારે અધિકૃત કરેલા વિક્રેતા દ્વારા વેચવામાં આવે ત્યારે કોર્ટ ફી સ્ટેમ્પ્સ
૧૧૬.	૪૮૧૭/૪૯૦૭	સરકાર દ્વારા વેચવામાં આવતી પરબીડિયું, પોસ્ટ કાર્ડ વગેરે જેવી ટપાલને લગતી વસ્તુઓ
૧૧૭.	૪૮/૪૯૦૭	રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને વેચવામાં આવે ત્યારે રૂપિયાની નોટ
૧૧૮.	૪૯૦૭	છૂટક અથવા પુસ્તક સ્વરૂપમાં ચેક
૧૧૯.	૪૯૦૧	બ્રેઇલ પુસ્તક સહિતના પ્રિન્ટ કરેલ પુસ્તકો
(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) **"ડાંગ જિલ્લાની ૧૦૦% ઓર્ગેનિક ખેતી હેઠળ જાહેરાત"**ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામક-એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા **"ડાંગ જિલ્લાની ૧૦૦% ઓર્ગેનિક ખેતી હેઠળ જાહેરાત"**ના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો, કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર.પટેલ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭હેઠળ જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ:૧/૦૯/૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક : જીએચકેએચ/૧૩૮/૨૦૧૭/પીઆરસી/૨૦૨૦૧૭/૬૪૪/કે.૬ :- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાય કી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ"તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ-૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિનિયામક મારફત, "એજીઆર-૪, અનુસૂચિત જાતિના ખેડૂતોના ઉત્કર્ષ માટે, તેમની કૃષિવિષયક ઉત્પાદકતા, ઉત્પાદન અને જીવન ધોરણમાં વૃદ્ધિ કરીને કૃષિ વિષયક ઇનપુટ માટે અનુસૂચિત જાતિના ખેડૂતોને સહાય પૂરી પાડવાના હેતુથી, અનુસૂચિત જાતિના ખેડૂતોને સહાયકી યુક્ત દરે બિયારણ અને રસાયણી ખાતરની ઇનપુટ કીટના વિતરણ માટેની અનુસૂચિત જાતિ પેટા-યોજના" જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ-૩ની જોગવાઈઓ મુજબ, કોઇ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, કૃષિ નિયામક-એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન

INDEX

(મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઈશે:-

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો-

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ-૨-ના પેટા-પરિચ્છેદ(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,-

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખપત્ર,

(૩) કિસાન ક્રેડિટકાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:-

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) "એજીઆર-૪, અનુસૂચિત જાતિના ખેડૂતોને સહાયકીયુક્ત દરે બિયારણ અને રસાયણી ખાતરની ઈનપુટ કીટના વિતરણ માટેની અનુસૂચિત જાતિ પેટા-યોજના" ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામક-એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા **"એનજીઆર-૪, અનુસૂચિત જાતિના ખેડૂતોને સહાયકીયુક્ત દરે બિયારણ અને રસાયણી ખાતરની ઈનપુટ કીટના વિતરણ માટેની અનુસૂચિત જાતિ પેટા-યોજના"** ના લાભાર્થીઓએ,પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનીબીજી વિગતો, કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુમાટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબપોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર.પટેલ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.
ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: જીએચકેએચ - ૧૬૩ - ૨૦૧૭ -પરચ -૧૦૨૦૧૭–૭૬૨–ટી :- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ માછીમાર (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭(સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફત, નાણાકીય સહાય (આપવાના) ઉદ્દેશથી એફએસએચ-૨, આદિજાતિ વિસ્તારમાં અંતર્દેશીય મત્સ્યોદ્યોગ વિષયક વિકાસ જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી/ લાભાર્થીઓ,ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થીઓ, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીઓને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, કોઈ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીએ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન

INDEX

(મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઈશે:-

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો-

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ-૨-ના પેટા-પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,-

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૪) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ દસ્તાવેજો:

વધુમાં,રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરનાલાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:-

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલબ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલબ્ય કરવામાં આવશે.

(૨) "એફએસએચ-૨, આદિજાતિ વિસ્તારમાં અંતર્દેશીય મત્સ્યોદ્યોગ વિષયક વિકાસ"ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલબ્ય ન હોવાન કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો મત્સ્યોદ્યોગ કમિશનર-એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા "એફએસએચ-૨, આદિજાતિ વિસ્તારમાં અંતર્દેશીય મત્સ્યોદ્યોગ વિષયક વિકાસ"ના લાભાર્થીઓએ,પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દીપક એરડા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 286

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, OCTOBER 12, 2017/ASVINA 20, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના **તારીખ: ૭મી ડિસેમ્બર, ૨૦૧૫** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જી/જી/૭૪/૨૦૧૫/એફએસએલ/૧૦૨૦૦૮/૧૭૯૨/એ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Scientific Officer, Class II, (in the Directorate of Forensic Science) Recruitment Rules, 2015.

(ન્યાયસહાયક વિજ્ઞાનના નિયામકની કચેરીમાં) વિજ્ઞાન અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૭મી ડિસેમ્બર, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. ૭/૭/૭૪/૨૦૧૫/એફએસએલ/૧૦૨૦૦૮/૧૭૯૨/એ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સામાન્ય રાજ્ય સેવામાંની, ન્યાયસહાયક વિજ્ઞાનના નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળના સેક્શન્સ/ડિવિઝન્સના સંબંધિત જૂથમાં, વિજ્ઞાન અધિકારી, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો (ન્યાયસહાયક વિજ્ઞાનના નિયામકની કચેરીમાં) વિજ્ઞાન અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. સામાન્ય રાજ્ય સેવામાંની, ન્યાયસહાયક વિજ્ઞાનના નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળના સેક્શન્સ/ડિવિઝન્સના સંબંધિત જૂથમાં, વિજ્ઞાન અધિકારી, વર્ગ ૨-ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) ન્યાયસહાયક વિજ્ઞાનના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાંની, ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં, સેક્શન્સ/ડિવિઝન્સના સંબંધિત જૂથમાં, વિજ્ઞાન મદદનીશ, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કરેલું હોય, અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય:

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં, સેક્શન્સ/ડિવિઝન્સના સંબંધિત જૂથમાં, બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો ૧:૧ના પ્રમાણમાં કરવી જોઇશે.

INDEX

૪. નિયમ-૨ માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી, સેક્શન્સ/ ડિવિઝન્સના સંબંધિત જૂથ માટે આ નિયમો સાથે જોડેલ એનેક્ષરમાં નિર્દિષ્ટ કરેલી અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે માન્ય કરેલ એવી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(ક) ન્યાયસહાયક વિજ્ઞાનના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાંની, ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં, સેક્શન્સ/ડિવિઝન્સના સંબંધિત જૂથમાં પ્રયોગશાળા વિશેષજ્ઞ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા ખાનગી અથવા જાહેર ક્ષેત્રની પ્રયોગશાળા અથવા સંશોધન સંસ્થા અથવા હોસ્પિટલ અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની અથવા યુનિવર્સિટી અથવા કોલેજમાં, ન્યાયસહાયક વિજ્ઞાનના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાંના પ્રયોગશાળા વિશેષજ્ઞ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો સંશોધન અથવા વિશ્લેષણાત્મક કાર્યનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી, સેક્શન્સ/ડિવિઝન્સના સંબંધિત જૂથમાં આ નિયમો સાથે જોડેલ એનેક્ષરમાં નિર્દિષ્ટ કરેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે માન્ય કરેલ એવી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(ક) ન્યાયસહાયક વિજ્ઞાનના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાંની, ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં, સેક્શન્સ/ડિવિઝન્સના સંબંધિત જૂથમાં પ્રયોગશાળા વિશેષજ્ઞ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા ખાનગી અથવા જાહેર ક્ષેત્રની પ્રયોગશાળા અથવા સંશોધન સંસ્થા અથવા હોસ્પિટલ અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની અથવા

યુનિવર્સિટી અથવા કોલેજમાં, ન્યાયસહાયક વિજ્ઞાનના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાંના પ્રયોગશાળા વિશેષજ્ઞ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો, સંશોધન અથવા વિશ્લેષણાત્મક કાર્યનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

સ્પષ્ટીકરણ.– સેક્શન્સ/ડિવિઝન્સનું સંબંધિત જૂથ એટલે આ નિયમો સાથે જોડેલ એનેક્ષરમાં દર્શાવેલ સેક્શન/ડિવિઝનનું જૂથ.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશી સમય પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાના અજમાયશી સમય દરમિયાન ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા અને તાલીમ પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર તે અર્થે ઠરાવે તેવા નમૂનામાં, તેટલી મુદત માટે અને તેટલી રકમની જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

એનેક્ષર

(જુઓ નિયમ ૪ (ખ) (૧))

અનુક્રમાંક	જૂથ	ડિવિઝન/સેક્શનનું નામ	શૈક્ષણિક લાયકાત
૧.	ક	રસાયણશાસ્ત્ર (Chemistry) અથવા ઝેરવિજ્ઞાન (Toxicology) અથવા નિષેધાત્મક કબજો (Prohibition Possession) અથવા બ્લડ આલ્કોહોલ અથવા કેફી દ્રવ્યો (Narcotics) અથવા સ્ફોટક પદાર્થો (Explosives).	(૧) રસાયણ વિજ્ઞાન (Chemical Science) અથવા રસાયણશાસ્ત્ર (Chemistry) અથવા જીવ-રસાયણશાસ્ત્ર (Bio-Chemistry) અથવા ન્યાયસહાયક ઔષધશાળા (Forensic Pharmacy) અથવા ન્યાય સહાયક સૂક્ષ્મવિજ્ઞાન પ્રૌદ્યોગિકી (Forensic Nano-technology) અથવા ઔષધ-નિર્માણ શાળા (Pharmacy) અથવા ઔષધવિજ્ઞાન (Pharmacology)માં વિશેષજ્ઞતા સાથેની ન્યાય સહાયક વિજ્ઞાન (Forensic Science)માં અનુસ્નાતકની પદવી; અથવા

INDEX

અનુક્રમાંક	જૂથ	ડિવિઝન/સેક્શનનું નામ	શૈક્ષણિક લાયકાત
			(૨) રસાયણ-ઇજનેરી (Chemical Engineering) અથવા ન્યાય સહાયક વિજ્ઞાન (Forensic Science) અથવા રસાયણશાસ્ત્ર (Chemistry) અથવા જીવ-રસાયણશાસ્ત્ર (Bio-Chemistry) અથવા ઔષધ-નિર્માણ શાળા (Pharmacy) અથવા ઔષધવિજ્ઞાન (Pharmacology)માં મુખ્ય વિષય તરીકેની સ્નાતકની પદવી.
૨.	ખ	ભૌતિક વિજ્ઞાન (Physics) અથવા અસ્ત્રવિદ્યા (Ballistics) અથવા કોમ્પ્યુટર અથવા ન્યાયસહાયક (Forensic).	(૧) ભૌતિક વિજ્ઞાન Physical Science) અથવા ન્યાય સહાયક સૂક્ષ્મવિજ્ઞાન પ્રૌદ્યોગિકી (Forensic Nano-technology) અથવા ભૌતિક વિજ્ઞાન (Physics) અથવા ભૌતિક રસાયણશાસ્ત્ર (Physical Chemistry) અથવા માહિતી પ્રૌદ્યોગિકી (Information Technology) અથવા ડિજિટલ ફોરેન્સિક (Digital Forensic) અથવા કોમ્પ્યુટર વિજ્ઞાન (Computer Science) અથવા કોમ્પ્યુટર સિક્યુરિટી (Computer Security) માં વિશેષજ્ઞતા સાથેની ન્યાય સહાયક વિજ્ઞાન (Forensic Science) માં, અનુસ્નાતકની પદવી; અથવા (૨) ન્યાય સહાયક વિજ્ઞાન (Forensic Scinece) અથવા ભૌતિક વિજ્ઞાન (Physics) અથવા કોમ્પ્યુટર વિજ્ઞાન (Computer Science)માં મુખ્ય વિષય તરીકેની સ્નાતકની પદવી.
૩.	ગ	જીવવિજ્ઞાન (Biology) અથવા તબીબીવિજ્ઞાન (Serology) અથવા ડી.એન.એ. (DNA) અથવા ફૂડ પોઇઝન (Food Poison).	(૧) જૈવિક વિજ્ઞાન (Biological Science) અથવા ન્યાયસહાયક ઔષધશાળા (Forensic Pharmacy) અથવા ન્યાય સહાયક સૂક્ષ્મવિજ્ઞાન પ્રૌદ્યોગિકી (Forensic Nano technology) અથવા વનસ્પતિવિજ્ઞાન (Botany) અથવા પ્રાણીવિજ્ઞાન (Zoology) અથવા જીવ-રસાયણશાસ્ત્ર (Bio-Chemistry) અથવા સૂક્ષ્મ જીવવિજ્ઞાન (Micro-biology) અથવા લાઇફ સાયન્સ (Life Science) અથવા જીવ વિજ્ઞાન (Bio-Science) અથવા બાયોટેકનોલોજી (Bio-technology) અથવા જનનવિદ્યા (Genetics)માં વિશેષજ્ઞતા સાથેની ન્યાય સહાયક વિજ્ઞાન (Forensic Science)માં અનુસ્નાતકની પદવી; અથવા (૨) જૈવ ઇજનેરી (Bio-Engineering) અથવા ન્યાયસહાયક વિજ્ઞાન (Forensic Science) અથવા વનસ્પતિવિજ્ઞાન (Botany) અથવા

અનુક્રમાંક	જૂથ	ડિવિઝન/સેક્શનનું નામ	શૈક્ષણિક લાયકાત
			પ્રાણીવિજ્ઞાન (Zoology) અથવા જીવ-રસાયણશાસ્ત્ર (Bio-Chemistry) અથવા સૂક્ષ્મ જીવવિજ્ઞાન (Micro-biology) અથવા લાઇફ સાયન્સ (Life Science) અથવા જીવ વિજ્ઞાન (Bio-Science) અથવા બાયોટેકનોલોજી (Bio-technology) અથવા જનનવિદ્યા (Genetics) અથવા ઔષધશાળા (Pharmacy)માં મુખ્ય વિષય તરીકેની સ્નાતકની પદવી.
૪.	ઘ	ન્યાયસહાયક મનોવિજ્ઞાન (Forensic Psychology) અથવા મગજના તરંગોની છાપ (Brain Fingerprinting) અથવા નાર્કો એનાલિસિસ (Narco Analysis).	(૧) નૈદાનિક ચિકિત્સા મનોવિજ્ઞાન (Clinical Psychology) અથવા માનસ મનોવિજ્ઞાન (Neuro Psychology) અથવા ન્યાયસહાયક મનોવિજ્ઞાન (Forensic Psychology) અથવા તપાસ મનોવિજ્ઞાન (Investigation Psychology)માં વિશેષજ્ઞતા સાથેની મનોવિજ્ઞાન (Psychology)માં અનુસ્નાતકની પદવી; અથવા (૨) મનોવિજ્ઞાન (Psychology)માં મુખ્ય વિષય તરીકેની સ્નાતકની પદવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ધિમંત પટેલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 287

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, OCTOBER 12, 2017/ASVINA 20, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**-ના **તારીખઃ ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી/૧૧૩/૨૦૧૬/એચજીડી/૧૦૨૦૧૬/૭૧૧/એફ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Sub-Inspector instructor, Class III,

(Competitive Examination for Direct Recruitment) Rules, 2016.

સબ–ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રક્ટર(પ્રશિક્ષક), વર્ગ ૩, (સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત હોમ ગાર્ડ બાબતનો અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક: જીજી/૧૧૩/૨૦૧૬/એચજીડી/૧૦૨૦૧૬/૭૧૧/એફ.:– ગુજરાત હોમ ગાર્ડ બાબતનો અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના મુંબઈના ૩જા)ની કલમ ૮ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, હોમ ગાર્ડ ઓર્ગેનાઇઝેશન (ગૃહ રક્ષક દળ)ની તાબાની સેવામાં, સબ–ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રક્ટર(પ્રશિક્ષક), વર્ગ ૩ની જગા પર ભરતી માટેની પરીક્ષાની પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. ટૂંકી સંજ્ઞા અને લાગુ પાડવા બાબત.–

(૧) આ નિયમો સબ–ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રક્ટર(પ્રશિક્ષક), વર્ગ ૩ (સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. વ્યાખ્યા.– આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,–

(ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) ''મંડળ'' એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર અથવા રાજ્ય સરકારે આ અર્થે રચેલું એવું બીજું મંડળ;

(ગ) ''પરીક્ષા'' એટલે હોમ ગાર્ડ ઓર્ગેનાઇઝેશન (ગૃહ રક્ષક દળ)માં, સબ–ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રક્ટર, વર્ગ ૩ની જગા પરની સીધી ભરતીના હેતુ માટે સદરહુ નિયમો હેઠળ મંડળ દ્વારા યોજવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા.

(ઘ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ચ) ''સંબંધિત ભરતી નિયમો'' એટલે હોમ ગાર્ડ ઓર્ગેનાઇઝેશન (ગૃહ રક્ષક દળ)માં, સબ–ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રક્ટર, વર્ગ ૩ની જગા માટેના ઠરાવેલા ભરતી નિયમો.

૩. શૈક્ષણિક લાયકાત અને વય મર્યાદા.–

(૧) સંબંધિત ભરતી નિયમો હેઠળ ઠરાવેલી, સબ–ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રક્ટર, વર્ગ ૩ની જગા પરની નિમણૂક માટેની જરૂરી શૈક્ષણિક લાયકાતો, બીજી લાયકાતો ધરાવતો હોય અને જરૂરિયાતોનું પાલન કરતો હોય તેવો ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

(૨) ઉમેદવારે પરીક્ષામાં પ્રવેશ માટે, મંડળે જાહેરખબરમાં નિર્દિષ્ટ કરેલી તારીખે સંબંધિત ભરતી નિયમો હેઠળ ઠરાવેલી લઘુત્તમ વય પ્રાપ્ત કરેલી હોવી જોઈશે અને મહત્તમ વય પ્રાપ્ત કરેલી હોવી જોઈશે નહિ.

૪. માંગણી પત્રક તૈયાર કરવા માટેની કાર્યરીતિ.–

(૧) દર વર્ષે, ગૃહ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ, હોમ ગાર્ડ ઓર્ગેનાઇઝેશન (ગૃહ રક્ષક દળ)ના મહાનિયામકે, પરિશિષ્ટ–૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના પત્રકમાં અથવા સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તે રીતે, પરિશિષ્ટ–૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આગામી વર્ષ માટે જગા પરની નિમણૂક માટેની વ્યક્તિઓની જરૂરિયાતો દર્શાવતું માંગણી પત્રક, રાજ્ય સરકારને મોકલવું જોઈશે.

(૨) ગૃહ વિભાગે, ત્યાર પછી, કોઈ વર્ષમાં મોડામાં મોડું એપ્રિલ મહિનાની ૧લી તારીખ સુધીમાં, પરિશિષ્ટ–પમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના પત્રકમાં અથવા સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તે રીતે, જાન્યુઆરી મહિનાથી શરૂ થતા આગામી વર્ષ માટે, સબ–ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રકટર, વર્ગ ૩ની જગા પરની નિમણૂક માટેની તેમની કુલ જરૂરિયાત દર્શાવતું માંગણી પત્રક મંડળને મોકલવું જોઈશે .

(૩) ઉમેદવારોની (જગાની સંખ્યાની) અપેક્ષિત જરૂરિયાતોનો અંદાજ, કોઈ ચોક્કસ તારીખે વિદ્યમાન હોય તેવી ખાલી જગાઓની ખરેખરી સંખ્યા અથવા ઊભી થવાનો સંભવ હોય તેવી જગાઓ પર આધારિત રહેશે નહિ, પણ આ નિયમો લાગુ પડતા હોય તેવી કચેરીઓએ, રાજીનામાં અને અન્ય કારણોસર ખાલી થનાર સંભવિત જગાઓ તથા અપેક્ષિત વિકાસ વગેરેને કારણે ઊભી થનાર નવી જગાઓના આધારે ભૂતકાળના અનુભવ પરથી, તેમની સંભવિત ભરતીનો અંદાજ તૈયાર કરવો જોઈશે . આમ, આ અંદાજ ચોક્કસ સમયગાળા દરમિયાન ખાલી થનાર જગાઓની ચોક્કસ ઉપલભ્ય સંખ્યાનો અંદાજ જ ગણાશે નહિ, પણ તે સમયગાળા દરમિયાનની અપેક્ષિત જરૂરિયાતોનો સંપૂર્ણ આંકડાકીય (સંખ્યાત્મક) અંદાજ ગણાશે. આ અંદાજ (માંની સંખ્યા), કોઈ વર્ષના જાન્યુઆરી મહિનાથી તે વર્ષના ડિસેમ્બર મહિના સુધીના એક વર્ષની ખરેખરી જરૂરિયાત અથવા ભરતીના વર્ષમાં આપવામાં આવેલી મંજૂરી કરતાં વધુ ન હોય તેની અત્યંત કાળજી લેવી જોઈશે . મહાનિયામક, હોમ ગાર્ડસ, ગુજરાત રાજ્યએ, આવું માંગણી પત્રક પરિશિષ્ટ ૫ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મંડળને મોકલવું જોઈશે .

૫. પરીક્ષા યોજવા બાબત.–

(ક) મંડળે, મહાનિયામક, હોમ ગાર્ડસ, ગુજરાત રાજ્ય પાસેથી માંગણી પત્રક મળ્યેથી, રાજ્યમાં બહોળી પ્રસિદ્ધિ ધરાવતા સમાચારપત્રોમાં જાહેરખબર પ્રસિદ્ધ કરીને, જગા પરની નિમણૂક માટેના પાત્ર ઉમેદવારો પાસેથી ઠરાવેલા નમૂનામાં અરજી મંગાવવી જોઈશે .

(ખ) અરજી મંગાવવાની અને અરજીઓની ચકાસણી કરવા માટેની કાર્યરીતિ મંડળે નક્કી કરવી જોઈશે.

(ગ) મંડળે, ઉમેદવારોની પસંદગી કરવા માટેની પરીક્ષા યોજવી જોઈશે.

(ઘ) પરીક્ષાની તારીખ, સમય અને સ્થળ, મંડળ દ્વારા નક્કી કરવામાં આવશે.

(ચ) ઉમેદવારે, મંડળ જાહેર કરે તેવી તારીખોએ, સમયે અને સ્થળોએ, સ્વ–ખર્ચે, પરીક્ષાના તમામ તબક્કે ઉપસ્થિત રહેવું પડશે.

૬. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.–

(ક) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા ઉમેદવારે, મંડળ દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી સમયમર્યાદાની અંદર, સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે અરજી કરવાની રહેશે.

(ખ) મંડળ આદેશ કરે તેવી રીતે ફી ભરવાની રહશે. એક વખત ભરવામાં આવેલી ફી પરત કરવામાં આવશે નહિ અથવા આગામી પરીક્ષા માટે રાખી મૂકવામાં આવશે નહિ.

(ગ) અરજી પાછી ખેંચવા અંગેની અને ફી પરત આપવા અંગેની ઉમેદવારની વિનંતી કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

૭. મંડળનો નિર્ણય આખરી ગણાશે.–

(૧) (ક) ઉમેદવાર, હોમ ગાર્ડ ઓર્ગેનાઇઝેશન (ગૃહ રક્ષક દળ)માં, સબ–ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રકટર, વર્ગ ૩ની જગા માટેના સંબંધિત ભરતી નિયમો હેઠળની જરૂરી લાયકાત ધરાવે છે અને બીજી જરૂરિયાતો પરિપૂર્ણ કરે છે;

(ખ) તેણે, અરજીના નમૂના સાથે જરૂરી ફી ભરેલી છે;

(ગ) ઉમેદવાર, તમામ બાબતોમાં યોગ્યતા (પાત્રતા) ધરાવે છે અને તેણે તમામ જરૂરિયાતોનું પાલન કરેલ છે,

તે બાબતોની મંડળને ખાતરી થાય તે સિવાય, કોઈ પણ ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવારની પાત્રતાના સંદર્ભમાં, મંડળનો નિર્ણય આખરી ગણાશે.

(૩) અનુક્રમે, કોઈ પણ સમયે, ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અપાત્ર જણાય, તો તેની ઉમેદવારી રદ થયેલી ગણાશે અને તેની પસંદગી થઈ ગયેલ હોય અને નિમણૂક થઈ ગયેલ હોય, તો તેની નિમણૂક શરૂઆતથી જ રદબાતલ ગણાશે અને તેની સેવા તરત જ સમાપ્ત કરવામાં આવશે:

પરંતુ આવા ઉમેદવારની સેવા સમાપ્ત કરતાં પહેલાં તેને સુનાવણીની તક આપવી જોઈશે .

૮. પરીક્ષાનું સંચાલન અને નિયમન.–

મંડળે, પોતે અપનાવેલી કાર્યરીતિ અને તે અર્થે કરવામાં આવેલા નિયમો અને સરકારના આદેશો અનુસાર, પરીક્ષકો, સુપરવાઈઝરોની નિમણૂક, તેમને ચૂકવવાપાત્ર મહેનતાણાં અને પરીક્ષાના સંચાલનને લગતી તમામ બાબતોનું નિયમન કરવું જોઈશે .

૯. પરીક્ષા પદ્ધતિ અને તબક્કા.–

(૧) મંડળે, ઉમેદવારો પાસેથી અરજી મળ્યા બાદ, આ નિયમો અનુસાર ઉમેદવારોની પાત્રતાના સંબંધમાં અરજીની ચકાસણી કરવી જોઈશે અને યોગ્યતા ધરાવતા ઉમેદવારોને (પાત્ર ઉમેદવારોને) લેખિત કસોટી માટે બોલાવવા જોઈશે .

(૨) પરીક્ષા નીચે પ્રમાણે ત્રણ ક્રમિક તબક્કામાં લેવામાં આવશે:–

(ક) પ્રિલિમિનરી પરીક્ષા:–

ઉમેદવારોની પ્રિલિમિનરી પરીક્ષા–એ સ્ક્રીનીંગ ટેસ્ટ(તપાસ કસોટી) રહેશે. પરીક્ષા પરિશિષ્ટ ૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની પદ્ધતિથી યોજવામાં આવશે.

(ખ) શારીરિક પરીક્ષા:–

પ્રિલિમિનરી પરીક્ષામાં લાયક ઠરેલ ઉમેદવાર, સરકાર ઠરાવે તે પ્રમાણેની શારીરિક ક્ષમતા કસોટી અને શારીરિક ધોરણ કસોટીને અધીન રહેશે. શારીરિક ક્ષમતા કસોટી માટે બોલાવેલા ઉમેદવારોની સંખ્યા, માંગણી કરેલ ખાલી જગાઓની ૧૫ ગણી હોવી જોઈશે. શારીરિક ક્ષમતા કસોટી પરિશિષ્ટ ૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉમેદવારોના શારીરિક ધોરણો ચકાસવા માટે થશે.

(ગ) મુખ્ય પરીક્ષા (લેખિત કસોટી)

શારીરિક ક્ષમતા કસોટી અને શારીરિક ધોરણ કસોટીમાં લાયક ઠરેલ ઉમેદવારોને મુખ્ય પરીક્ષા(લેખિત કસોટી)માં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે. પરીક્ષા, પરિશિષ્ટ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની યોજના અનુસાર લેવામાં આવશે.

(૩) ઉમેદવારને, શારીરિક ક્ષમતા કસોટીમાં તેમના દેખાવના આધારે ગુણ આપવામાં આવશે. ગુણ, પરિશિષ્ટ ૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે દેખાવના આધારે આપવામાં આવશે. શારીરિક ક્ષમતા કસોટી અને શારીરિક ધોરણ કસોટીમાં મેળવેલા ગુણ મુખ્ય પરીક્ષામાં મેળવેલા ગુણમાં ઉમેરવામાં આવશે.

(૪) લેખિત કસોટીના પોતાના ગુણની પુનઃચકાસણી કરાવવા ઇચ્છતો ઉમેદવાર, લેખિત કસોટીનું પરિણામ જાહેર થયાની તારીખથી પંદર (૧૫) દિવસની મુદતની અંદર, મંડળ નકકી કરે તેટલી ફી સાથે, મંડળને અરજી કરી શકશે.

૧૦. પરીક્ષાનો અભ્યાસક્રમ.–

પ્રિલિમીનરી પરીક્ષા અને અને મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ, અનુક્રમે પરિશિષ્ટ–૧ અને ૨ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

૧૧. લાયકી ધોરણ અને ગુણ.–

મંડળે, મુખ્ય કસોટી માટેનું લાયકી ધોરણ અને અનામત કક્ષાના અને બિન–અનામત કક્ષાના ઉમેદવારોની શારીરિક કસોટી માટેનું અલગ લાયકી ધોરણ, વખતોવખત નક્કી કરવું જોઈશે તેમ છતાં, મંડળ દ્વારા નક્કી કરવામાં આવે તેવું લઘુત્તમ લાયકી ધોરણ, કોઈ પણ સંજાગોમાં, લેખિત કસોટી માટે ૪૦% ગુણ કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

૧૨. પરીક્ષાનું માધ્યમ.–

પ્રશ્નપત્ર–૨, જેનું માધ્યમ પ્રશ્નપત્રમાં આપેલી સૂચના અનુસાર રહેશે તે સિવાય, પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

૧૩. પરીક્ષા ફી.–

(૧) દરેક ઉમેદવારે, પેટા–નિયમ (૨) હેઠળ મુક્તિ આપવામાં આવેલ હોય તે સિવાય, સદરહુ નિયમો હેઠળ પોતે કરેલી અરજીના સંબંધમાં, મંડળ ઠરાવે તેવી રીતે સરકારે નિયત કરેલી ફી ચૂકવવી જોઈશે અને આવી અરજીની સાથે આવી રીતે ચૂકવેલી ફીનો પુરાવો આપતો દસ્તાવેજ જોડવો જોઈશે.

(૨) (સરકારના હુકમો મુજબ) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, અથવા વિચરતી અને વિમુક્ત આદિજાતિના સભ્ય હોય અથવા અશક્ત વ્યક્તિ હોય તેવા ઉમેદવારને, પેટા–નિયમ (૧) હેઠળ ઠરાવવામાં આવેલી ફીમાંથી મુક્તિ આપવામાં આવશે.

૧૪. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઈ).–

(ક) ઉમેદવારે, પરીક્ષાના તમામ પ્રશ્નપત્રોના જવાબ સ્વ–હસ્તાક્ષરમાં આપવાના રહશે.

(ખ) ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર, ટેબ્લેટ, આઈ–પેડ અથવા સંદેશા–વ્યવહારના બીજા કોઈ પણ ઈલેક્ટ્રોનિક સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૫. શિસ્તવિષયક કાર્યવાહી.–

કોઈ પણ ઉમેદવાર,–

(ક) પોતાની ઉમેદવારી માટે કોઇપણ રીતે ટેકો મેળવવા માટે; અથવા

(ખ) બીજાનું નામ ધારણ કરવા માટે; અથવા

(ગ) બીજી કોઈ વ્યક્તિ પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે; અથવા

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા માટે; અથવા

(ચ) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે; અથવા

(છ) પરીક્ષા માટે પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઈ નિયમ વિરુદ્ધના અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે; અથવા

(જ) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે; અથવા

(ઝ) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે; અથવા

(ટ) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે; અથવા

(ઠ) પરીક્ષાના સંચાલન માટે મંડળે કામે રાખેલ કર્મચારીવર્ગને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુક્સાન કરવા માટે; અથવા

(૬) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગારી કરવા માટે; અથવા

(૭) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રમાં ઠરાવવામાં આવેલી અને નિર્દિષ્ટ કરવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યો હોય અથવા મંડળે તેને દોષિત જાહેર કરેલ હોય,

તે, તેની સામે ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર થશે, તે ઉપરાંત

(૧) તે, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી મંડળ દ્વારા તેને ગેરલાયક ઠરાવવાને; અથવા

(૨) (ક) મંડળ દ્વારા કોઈપણ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અથવા સંબંધિત જગા પરની તેની ઉમેદવારી માટે; અથવા

(ખ) સરકાર દ્વારા તેના પોતાના હેઠળના કોઈપણ રોજગારમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને પાત્ર થશેઃ

પરંતુ ઉમેદવાર તે અર્થે કરવા માંગતો હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને તક આપ્યા સિવાય અને ગુજરાત સરકારના સચિવ, સામાન્ય વહીવટ વિભાગ (કર્મચારીગણ)ના સચિવની પૂર્વ–મંજૂરી લીધા સિવાય, પેટા–ખંડ (ક) અથવા (ખ) હેઠળની કોઈ શિક્ષા કરી શકાશે નહિ; અથવા

(૩) જો તે અગાઉથી સરકારી સેવામાં હોય, તો સંબંધિત નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને પાત્ર થશે.

૧૬. શારીરિક કસોટી અને પ્રમાણપત્રનોની ચકાસણીમાં ઉપસ્થિત રહેવામાં ચૂક બાબત.–

(૧) લેખિત કસોટી લાયક ઠરેલ હોય અને શારીરિક ક્ષમતા કસોટી અને શારીરિક ધોરણ કસોટી માટે બોલાવવામાં આવ્યો હોય, પણ નિર્દિષ્ટ તારીખે અને સમયે સદરહુ કસોટીઓમાં ઉપસ્થિત રહેવામાં ચૂક કરે તેવા ઉમેદવારને, લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે નહિ.

(૨) ઉમેદવાર, શારીરિક ક્ષમતા કસોટી અને શારીરિક ધોરણ કસોટીમાં લાયક ઠરેલ હોય અને મુખ્ય લેખિત પરીક્ષામાં માટે બોલાવવામાં આવ્યો હોય અને તે મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં ચૂક કરે તેવો ઉમેદવાર, પસંદગીને પાત્ર ગણાશે નહિ.

૧૭. પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદી કરવા માટેની કાર્યરીતિ.–

(૧) લેખિત કસોટી અને શારીરિક ક્ષમતા કસોટી (લાયકી કસોટી)ના અંતે દરેક ઉમેદવારે મેળવેલા એકંદર (કુલ) ગુણના આધારે ગુણવત્તા ક્રમમાં, તમામ સફળ ઉમેદવારોનું અંતિમ પરિણામ, મંડળ દ્વારા, ભાગ–૧માં તૈયાર કરવામાં (ગોઠવવામાં) આવશે, જેમાં ઉમેદવારોના નામ, બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરવામાં આવશે અને તે પરિણામ નોટિસ બોર્ડ અને / અથવા વેબ સાઈટ પર પ્રસિદ્ધ કરાવવામાં આવશે અને આવી રીતે પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ સરકારના ગૃહ વિભાગને મોકલવામાં આવશે.

(૨) મંડળે, મંડળ દ્વારા નક્કી કરવામાં આવે તે રીતે, અંતિમ પરિણામ પછી, ઉમેદવારોના ગુણાનુક્રમ મુજબ, તેમને બોલાવવા જોઈશે.

(૩) મંડળે, સંબંધિત જગ્યા માટે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, મહિલાઓ, અશક્ત વ્યક્તિઓ અને ભૂતપૂર્વ સૈનિકોની કક્ષાના સફળ ઉમેદવારોની યાદી, (આવી કક્ષા) આવા વર્ગો માટે અનામત રાખેલી જગાઓની સંખ્યાના પ્રમાણમાં તૈયાર કરવી જોઈશે.

(૪) મંડળે, ભાગ–૨ માં પ્રતિક્ષા યાદીના સફળ ઉમેદવારોના નામોની યાદી તૈયાર કરાવવી જોઈશે, જે શક્ય હોય ત્યાં સુધી ઉમેદવારોની કુલ સંખ્યાના વીસ ટકા જેટલી રહેશે.

(૫) મંડળે, ભાગ–૧ અને ભાગ–૨માં જેનો સમાવેશ ન થયો હોય તેવા અસફળ ઉમેદવારોની એક યાદી તૈયાર કરવી જોઈશે.

INDEX

૧૮. પસંદગી યાદી તૈયાર કરવા બાબત.–

(૧) મંડળે, નિયમ ૧૭ની જોગવાઈઓ અનુસાર પસંદગી યાદી, માંગણીપત્રક મુજબની ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, દરેક ઉમેદવારે મેળવેલા એકંદર (કુલ) ગુણના આધારે ગુણવત્તા ક્રમમાં તૈયાર કરાવવી જોઈશે.

(૨) મંડળે, સંબંધિત જગ્યા માટે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, મહિલાઓ, અશકત વ્યકિતઓ(સરકારના હુકમો અનુસાર) અને ભૂતપૂર્વ સૈનિકોની કક્ષાના સફળ ઉમેદવારોની યાદી, આવા વર્ગો માટે અનામત રાખેલી જગાઓની સંખ્યાના પ્રમાણમાં તૈયાર કરાવવી જોઈશે.

૧૯. પરીક્ષાનું પરિણામ.–

મંડળે, પરીક્ષાનું પરિણામ નીચે મુજબના બે ભાગમાં જાહેર કરવું જોઈશે:–

ભાગ ૧: (ક) મંડળે સફળ ઉમેદવારોનું પરિણામ તેમના નામ, બેઠક ક્રમાંક અને ઉમેદવારે મેળવેલા કુલ ગુણ અને જગાની ફાળવણી દર્શાવીને ગુણવત્તાક્રમમાં ગોઠવવું જોઈશે, તે જ માહિતી નોટિસ બોર્ડ અને/ અથવા સત્તાવાર વેબસાઈટ પર મૂકવી જોઈશે અને આ રીતે પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ સરકારના ગૃહ વિભાગને અને મહાનિયામક, હોમ ગાર્ડસ, ગુજરાત રાજ્યને તે જ દિવસે મોકલવી જોઈશે. મંડળે, પરિણામ રાજપત્રમાં પ્રસિદ્ધ કરાવવું જોઈશે અને આ રીતે રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ સાથે સરકારના ગૃહ વિભાગને અને મહાનિયામક, હોમગાર્ડ, ગુજરાત રાજ્યને મોકલવી જોઈશે.

(ખ) મંડળ, નક્કી કરે તે રીતે સફળ ઉમેદવારોને વ્યકિતગત પરિણામની જાણ, મંડળ કરશે. મંડળ, પરિણામની જાણ કર્યા પછી સફળ ઉમેદવારો સાથે વધુ કોઈ પત્રવ્યવહાર કરશે નહિ.

ભાગ ૨: મંડળ, જેમનો ભાગ ૧–માં સમાવેશ કરવામાં આવેલ નથી તેવા અસફળ ઉમેદવારોની યાદી તેમના નામો, બેઠક નંબરો અને તેમણે મેળવેલ કુલ ગુણના ઉલ્લેખ સાથે તૈયાર કરશે અને તે મંડળની વેબ–સાઈટ અને નોટિસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરશે.

૨૦. ભલામણ અને ફાળવણી.–

મંડળે, ગૃહ વિભાગ દ્વારા મંડળને મોકલવામાં આવેલ તેમની માંગણીપત્રમાં જણાવેલી તેમની જરૂરિયાતો અનુસાર, નિમણૂકને પાત્ર હોય તેવા ઉમેદવારોની ભલામણ કરવી જોઈશે. ગૃહ વિભાગે અથવા ગૃહ વિભાગના તાબાની સંબંધિત વહીવટી કચેરીઓએ, ત્યાર પછી, માંગણીપત્રકમાં જણાવેલી તેમની જરૂરિયાતો અનુસાર તેના વહીવટી નિયંત્રણ હેઠળની સંબંધિત કચેરીઓમાં ઉમેદવારોની ફાળવણી કરવી જોઈશે. ત્યારબાદ સંબંધિત નિમણૂક કરનાર સત્તામંડળોએ, આ રીતે ફાળવેલા ઉમેદવારોની નિમણૂકોના હુકમો કરવા જોઈશે અને આવા હુકમો સંબંધિત ઉમેદવારોને, રજિસ્ટર્ડ રસીદી ટપાલ (R P A D) દ્વારા મોકલવા જોઈશે.

૨૧. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.–

પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને નિમણૂક કરનાર સત્તાધિકારીને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે ઉમેદવાર બધી રીતે જગા પરની અને જાહેર સેવા માટેની નિમણૂક માટે યોગ્ય છે, ત્યાં સુધી કોઈ ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

INDEX

૨૨. તબીબી કસોટી.–

નિમણૂક માટે ભલામણ કરવામાં આવેલ હોય તેવા ઉમેદવારે, ગુજરાત મુલકી સેવાઓ (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨–ની જોગવાઈઓ અનુસાર તબીબી તપાસ કરાવવાની રહેશે.

૨૩. નિમણૂક.–

પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક, મંડળે તૈયાર કરેલ ગુણવત્તા યાદીમાંના તેમના ક્રમ મુજબ ચુસ્ત રીતે કરવાની રહેશે.

૨૪. પૂર્વ–સેવા તાલીમ.–

(૧) સંબંધિત જગા માટે પસંદ કરવામાં આવેલ ઉમેદવારોએ, તેમની નિયમિત નિમણૂક થાય તે પહેલાં, પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને સરકાર ઠરાવે તેવા તાલીમ અને પરીક્ષા નિયમો અનુસાર નિર્દિષ્ટ કરેલ મુદત અને નિર્દિષ્ટ કરેલ તકોમાં તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૨) સબ–ઈન્સ્પેક્ટર પ્રશિક્ષક, વર્ગ–૩ની તાલીમ આપતી સંસ્થાએ, સરકારે ઠરાવે તેવા તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ સંબંધિત જગાઓ પર નિમણૂક આપવા માટે, પસંદ કરવામાં આવેલા ઉમેદવારો માટે પૂર્વ–સેવા તાલીમ આપવાની અને પરીક્ષા લેવાની ગોઠવણ કરશે. જેમાં ઉમેદવારોની નિમણૂક કરવામાં આવી હોય તેવી સંબંધિત કચેરીઓએ, આવા ઉમેદવારોને તાલીમ કેન્દ્રોમાં તાલીમ માટે મોકલવાના રહેશે.

૨૫. નિયંત્રક સત્તાધિકારી.–

સરકારના સચિવ, ગૃહ વિભાગ, આ નિયમોના અમલ માટે નિયંત્રક અને સંકલન સત્તાધિકારી રહેશે. તે અપવાદરૂપ સંજોગોમાં ઉમેદવારોને ફાળવવા અથવા પુન: ફાળવવા માટેની પણ સત્તા ધરાવતા અધિકારી ગણાશે.

૨૬. નિયમોનું અર્થઘટન.–

આ નિયમોના અર્થઘટન બાબતમાં કોઈપણ પ્રશ્ન ઊભો થાય તો, તે પ્રશ્ન નિર્ણય અર્થે ગુજરાત સરકારના ગૃહ વિભાગના સચિવને મોકલવો જોઈશે અને તે બાબતમાં તેમનો નિર્ણય આખરી રહેશે.

પરિશિષ્ટ ૧
(જુઓ નિયમો ૯(૨) અને ૧૦)

પ્રારંભિક પરીક્ષા

૧. **પ્રશ્નપત્ર:** સામાન્ય જ્ઞાન ગુણ: ૧૦૦ સમય: ૧ કલાક.

૨. અભ્યાસક્રમ: સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન, માનસિક ક્ષમતા.

નોંધ:

૧ હેતુલક્ષી પ્રશ્નોનું ધોરણ સ્નાતક કક્ષાનું હોય તે મુજબ રહેશે.

૨ હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, મલ્ટીપલ ચોઈસ કવેશ્ચન (MCQ) અને ઓ.એમ.આર. (ઓપ્ટિકલ માર્ક રીડર) પદ્ધતિનો સમાવેશ થશે.

૩ દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૪ ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૫ ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

INDEX

પરિશિષ્ટ ૨
(જુઓ નિયમ ૯(૨))

શારીરિક ક્ષમતા કસોટી (લાયકાતપાત્ર કસોટી)

કસોટી અને લાયકાતનું ધોરણ નીચે મુજબ રહેશે:

ઉમેદવાર	કસોટી	લાયકાતનું ધોરણ
તમામ પુરુષ	૫૦૦૦ મીટર દોડ	૨૫ મિનિટમાં
તમામ મહિલા	૧૬૦૦ મીટર દોડ	૯.૩૦ મિનિટમાં
ભૂતપૂર્વ સૈનિક (એક્સ સર્વિસમેન)	૨૪૦૦ મીટર દોડ	૧૨ મિનિટ અને ૩૦ સેકન્ડમાં

ઉમેદવારોને, શારીરિક ક્ષમતા કસોટીમાં તેમના દેખાવના આધારે નીચેની રીતે ગુણ ફાળવવામાં આવશે:–

(ક) પુરૂષ ઉમેદવારો.

૨૫ મિનિટમાં પૂર્ણ કરવાની ૫૦૦૦ મીટર દોડ. – મહત્તમ ગુણ ૫૦

૨૦ મિનિટ અથવા તે કરતાં ઓછી મિનિટમાં દોડ પૂર્ણ કરનારને	૫૦ ગુણ
૨૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૦:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૪૮ ગુણ
૨૦:૩૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૧ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૪૫ ગુણ
૨૧ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૧:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૪૨ ગુણ
૨૧:૩૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૨ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૩૯ ગુણ
૨૨ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૨:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૩૬ ગુણ
૨૨:૩૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૩ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૩૩ ગુણ
૨૩ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૩:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૩૦ ગુણ
૨૩:૩૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૪ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૨૭ ગુણ
૨૪ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૪:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૨૪ ગુણ
૨૪:૩૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૨૫ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૨૦ ગુણ
૨૫ મિનિટ કરતાં વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર	નાપાસ

(ખ) મહિલા ઉમેદવારો.

૯:૩૦ મિનિટમાં પૂર્ણ કરવાની ૧૬૦૦ મીટર દોડ. – મહત્તમ ગુણ ૫૦

૭ મિનિટ અથવા તે કરતાં ઓછી મિનિટમાં દોડ પૂર્ણ કરનારને	૫૦ ગુણ
૭ મિનિટ કરતાં વધુ પરંતુ ૭:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૪૫ ગુણ
૭:૩૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૮ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૪૦ ગુણ
૮ મિનિટ કરતાં વધુ પરંતુ ૮:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૩૫ ગુણ
૮:૩૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૯ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૩૦ ગુણ
૯ મિનિટ કરતાં વધુ પરંતુ ૯:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૨૦ ગુણ
૯:૩૦ મિનિટ કરતાં વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર	નાપાસ

(ગ) ભૂતપૂર્વ સૈનિક (એક્સ સર્વિસમેન) ઉમેદવારો.

૧૨:૩૦ મિનિટમાં પૂર્ણ કરવાની ૨૪૦૦ મીટર દોડ. – મહત્તમ ગુણ ૫૦

૧૦ મિનિટ અથવા તે કરતાં ઓછી મિનિટમાં દોડ પૂર્ણ કરનારને	૫૦ ગુણ
૧૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૧૦:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૪૫ ગુણ
૧૦:૩૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૧૧ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૪૦ ગુણ
૧૧ મિનિટ કરતાં વધુ પરંતુ ૧૧:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૩૫ ગુણ
૧૧:૩૦ મિનિટ કરતાં વધુ પરંતુ ૧૨ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૩૦ ગુણ
૧૨ મિનિટ કરતાં વધુ પરંતુ ૧૨:૩૦ મિનિટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનારને	૨૦ ગુણ
૧૨:૩૦ મિનિટ કરતાં વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર	નાપાસ

નોંધ: શારીરિક ક્ષમતા કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોએ, શારીરિક માપદંડ કસોટીમાંથી પસાર થવાનું રહેશે.

પરિશિષ્ટ ૩
(જુઓ નિયમ ૧૦)
મુખ્ય પરીક્ષા (લેખિત કસોટી)

મુખ્ય પરીક્ષા, ૪૦૦ ગુણના (હેતુલક્ષી પ્રકારના) ચાર પ્રશ્નપત્રોની રહેશે.

દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, સમયગાળો અને ગુણ નીચે મુજબ રહેશે:–

૧. **પ્રશ્નપત્ર–૧ ગુજરાતી.** સમયગાળો: ૯૦ મિનિટ ૧૦૦ ગુણ

પ્રશ્નપત્રમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, શબ્દભંડોળ, રૂઢિપ્રયોગો, અર્થગ્રહણ (કોમ્પ્રિહેન્શન) વગેરેનો સમાવેશ થશે.

૨. **પ્રશ્નપત્ર–૨ અંગ્રેજી.** સમયગાળો: ૯૦ મિનિટ ૧૦૦ ગુણ

પ્રશ્નપત્રમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, શબ્દભંડોળ, રૂઢિપ્રયોગો, અર્થગ્રહણ (કોમ્પ્રિહેન્શન) વગેરેનો સમાવેશ થશે.

નોંધ: ગુજરાતી અને અંગ્રેજી પ્રશ્નપત્રોનું ધોરણ રાજ્યમાં સંચાલિત ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષાનું રહેશે.

૩. **પ્રશ્નપત્ર–૩ સામાન્ય જ્ઞાન (વર્તમાન પ્રવાહો અને કોમ્પ્યુટર જ્ઞાન સહિત) અને મનોવૈજ્ઞાનિક કસોટી.**

સમયગાળો: ૯૦ મિનિટ ૧૦૦ ગુણ

નોંધ: સામાન્ય જ્ઞાન અને મનોવૈજ્ઞાનિક કસોટી પ્રશ્નોનું ધોરણ સ્નાતક કક્ષાનું રહેશે અને કોમ્પ્યુટર વિષય માટે રાજ્ય બોર્ડના બારમા ધોરણની કક્ષાનું રહેશે.

૪. **કાનૂની બાબતો.**

સમયગાળો: ૯૦ મિનિટ ૧૦૦ ગુણ

પ્રશ્નોમાં, નીચેના કાયદાનો સમાવેશ થશે:–

૧. ભારતનું સંવિધાન.
૨. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.
૩. ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦.
૪. પુરાવા અધિનિયમ, ૧૮૭૨.
૫. ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧.
૬. ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.
૭. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.
૮. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.
૯. મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

નોંધ: પ્રશ્નો પાયાના સ્તરના રહેશે.

૧. હેતુલક્ષી પ્રકારની મુખ્ય પરીક્ષા (લેખિત કસોટી)માં, મલ્ટીપલ ચોઇસ કવેશ્ચન (MCQ) અને ઓ.એમ.આર. (ઓપ્ટિકલ માર્ક રીડર) પદ્ધતિનો સમાવેશ થશે.

૨. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૩. ઉમેદવારે, તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા, દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

INDEX

પરિશિષ્ટ ૪
(જુઓ નિયમ ૪ (૧))

.....કચેરીમાં.....થી.....સુધી આગામી ભરતી વર્ષમાં ભરવાની થતી સબ–ઇન્સ્પેકટર પ્રશિક્ષક, વર્ગ–૩ની ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ–ક્રમાંક	જગાનું નામ અને જગાનુંપગાર ધોરણ	અપેક્ષિત ખાલી જગાઓ			અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા	સીધી ભરતીથી ભરવાની જગા	ખાલી જગાઓ (કોલમ ૭)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૭) માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની જગાઓની સંખ્યા				
		ખરેખર ખાલી જગાઓની સંખ્યા.	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શકયતા હોય એવી જગાઓની સંખ્યા.	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓની સંખ્યા.			સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ	સ્ત્રીઓ				ભૂતપૂર્વ સૈનિકો
											સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
	(.....૩)														

INDEX

પરિશિષ્ટ–૫

(જુઓ નિયમ ૪(૨))

ગૃહ વિભાગમાં આગામી ભરતી વર્ષમાં ભરવાની થતી સબ–ઇન્સ્પેક્ટર પ્રશિક્ષક, વર્ગ–૩ની ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ–ક્રમાંક	જગાનું નામ અને જગાનુંપગાર ધોરણ	અપેક્ષિત ખાલી જગાઓ			અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા	સીધી ભરતીથી ભરવાની જગા	ખાલી જગાઓ (કોલમ ૭)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૭) માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની જગાઓની સંખ્યા				
		ખરેખર ખાલી જગાઓની સંખ્યા	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શકયતા હોય એવી જગાઓની સંખ્યા	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓની સંખ્યા			સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ	સ્ત્રીઓ				ભૂતપૂર્વ સૈનિકો
											સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
	(.....૩)														

પરિશિષ્ટ ૬

(જુઓ નિયમ ૧૭(૧))

વિશેષ ગુણ ભારાંક (મુખ્ય લેખિત પરીક્ષા બાદ આપવામાં આવશે)

૧. રાષ્ટ્રીય કેડેટ કોર (N .C .C .)નું 'સી' સ્તરનું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારને વધારાના ૦૨ (બે) ગુણ આપવામાં આવશે.

૨. રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા અપાતી કોઈપણ પદવી અથવા અનુ–સ્નાતક ડિપ્લોમા પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારને નીચે મુજબ વિશેષ ગુણ ભારાંક આપવામાં આવશે.

રક્ષાશક્તિ યુનિવર્સિટીની પદવી/અનુ–સ્નાતક ડિપ્લોમામાં મેળવેલ વર્ગ.	**આપવાપાત્ર વિશેષ ગુણ.**
વિશેષ યોગ્યતા (ડિસ્ટીન્કશન)	૧૫
પ્રથમ વર્ગ (ફર્સ્ટ કલાસ)	૧૨
દ્વિતીય વર્ગ (સેકન્ડ કલાસ)	૦૯
પાસ કલાસ	૦૫

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિજય બઘેકા,
સરકારના ઉપ સચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 288

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, OCTOBER 12, 2017/ASVINA 20, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ** ના (૧) તારીખ: ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૧૨૯/૨૦૧૭/પીઆરસી/૧૨/૨૦૧૭/૧૧૫૪/કે.૫, (૨) તારીખ: ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૧૪૮/જેવીએન/૨૦૧૭/૬૮૧/કે.૪, (૩) તારીખ: ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૧૪૭/જેવીએન/૨૦૧૭/૬૮૧/કે.૪, અને (૪) તારીખ: ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ-૧૬૯-૨૦૧૭-૫૨૫-૧૦૨૦૧૭-૭૬૨-ટી. ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: જીએચકેએચ/ ૧૨૯/ ૨૦૧૭/ પીઆરસી/ ૨૦૧૭/ ૧૧૫૪/ કે.પ:— રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિ નિયામક મારફત, **''આકસ્મિક જંતુ અને રોગના ઉપદ્રવને લીધે થતા નુકસાનને ઓછું કરવાના ઉદ્દેશથી, સમયસર થતા રોગ અને સ્થાનિક તથા આકસ્મિક રીતે થતા ઉપદ્રવમાં જંતુનાશક નિયંત્રણ માટે તમામ ખેડૂતોને સહાયકી (સબસિડી)"** જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી, ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, કોઇ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ,

INDEX

કૃષિ નિયામક-એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID) ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઈશે:-

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો-

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ,

અથવા

(૨) પરિચ્છેદ-૨-ના પેટા-પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,-

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:-

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, કૃષિ નિયામક-એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઈશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) કઠોળના પાકમાં આંતરપાક ખેતી પદ્ધતિના પ્રદર્શનના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામક–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા કઠોળના પાકમાં આંતરપાક ખેતી પદ્ધતિના પ્રદર્શનના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.ડી.દવે,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.ક્રમાંક: જીએચકેએચ-૨૦૬-૨૦૧૭-પરચ-૧૨૨૦૧૭-૧૩૭૫-પી.૧:- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી)ને મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભ માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, પશુપાલન નિયામક મારફતે, સમગ્ર વર્ષ દરમિયાન પશુધન માટે લીલા ઘાસચારાનો લાભ લેવાના હેતુથી, એસસી કેટેગરી(વર્ગ)ના લાભાર્થીઓને પોલી-પ્રોપીલીન સિલેજ બેગ માટે સહાય જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, પશુપાલન નિયામક-એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઈશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, પશુપાલન નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) એસસી કક્ષાના લાભાર્થીઓને પોલી–પ્રોપીલીન સિલેજ બેગ માટે સહાયના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો પશુપાલન નિયામક–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા એસસી કક્ષાના લાભાર્થીઓને પોલી–પ્રોપીલીન સિલેજ બેગ માટે સહાયના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો પશુપાલન નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દીપક એરડા,
સરકારના સંયુક્ત સચિવ.

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.ક્રમાંક: જીએચકેએચ-૨૦૭-૨૦૧૭-પરચ-૧૨૨૦૧૭-૧૩૭૫-પી.૧:- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભ માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, પશુપાલન નિયામક મારફતે, પશુધન માલિકોને શુદ્ધ સંવર્ધન, મૂલ્ય વધારો(વેલ્યુ એડીશન), ડેરી ઉદ્યોગો માટે નવી ટેકનોલોજી, જૈવિક ખેતી, આદર્શ સંવર્ધન, આહાર, રહેઠાણ અને પાલનપોષણ પ્રથાઓ અપનાવવા પ્રોત્સાહન આપવાના હેતુથી, **શ્રેષ્ઠ પશુધન રક્ષક એવોર્ડ સમારંભ માટેના આયોજનની યોજના** જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થીઓ ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થીઓ, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીઓને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, પશુપાલન નિયામક-એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઈશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ,અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, પશુપાલન નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) **શ્રેષ્ઠ પશુધન રક્ષક એવોર્ડ સમારંભ માટેના આયોજનની યોજના**ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો પશુપાલન નિયામક–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા **શ્રેષ્ઠ પશુધન રક્ષક એવોર્ડ સમારંભ માટેના આયોજનની યોજના**ના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો પશુપાલન નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દીપક એરડા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 298

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, NOVEBER 6, 2017/KARTIKA 15, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ** -ના **તારીખ: ૨૬મી ઓક્ટોબર, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : પીટી/૨૦૧૬/૫૧/એમવીડી/૧૦૨૦૧૫/૨૩૯૪/ખ** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Bombay Motor Vehicles Tax Rules, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી
જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓક્ટોબર, ૨૦૧૭

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: પીટી/૨૦૧૬/૫૧/એમવીડી/૧૦૨૦૧૫/૨૩૯૪/ખ:– ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા–કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ:૨૦મી મે, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: પીટી/૨૦૧૬/૩૯/એમવીડી/૧૦૨૦૧૫/૨૩૯૪/ખ, હેઠળ તારીખ: ૨૫મી મે, ૨૦૧૬ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ–૪–બી–ના પાના ૩૯૭–૨–થી ૩૯૭–૫–માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની *રાજપત્ર*માં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, સરકારને કોઈ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૨ખ–ના પરંતુકોથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, નિયમ ૧૮ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:–

"૧૮ક. <u>હરાજીની રીત.–</u>

(૧) મોટર વાહન વિભાગના અધિકારીએ, જે વાહન માટે આ અધિનિયમ હેઠળ લેણાંનીકળતા વેરા, દંડ, વ્યાજની રકમ ભરવામાં ન આવી હોય તે વાહનની, અધિનિયમની કલમ ૧૨ખ હેઠળ પોતે કરેલી અટકાયતના સંબંધમાં, પોતે જેમની હકૂમત હેઠળ કામ કરતા હોય તે કરવેરા સત્તાધિકારીને તાત્કાલિક લેખિતમાં રિપોર્ટ કરવો જોઈશે.

(૨) જેમની હકૂમતમાં વાહનની અટકાયત કરવામાં આવી હોય તે કરવેરા સત્તાધિકારી, મૂળ કરવેરા સત્તાધિકારી ન હોય, તો તેમણે, વાહનની અટકાયત અંગે મૂળ કરવેરા સત્તાધિકારીને તાત્કાલિક જાણ કરવી જોઈશે. મૂળ કરવેરા સત્તાધિકારીએ, જેમની હકૂમતમાં વાહનની અટકાયત કરવામાં આવી હોય તે કરવેરા સત્તાધિકારીને, આવી રીતે જાણ થયાની તારીખથી ત્રણ (૩) દિવસની અંદર, લેણાં નીકળતા વેરા, દંડ અને વ્યાજની તથા અનિર્ણિત ગુના અંગેની વિગતો જણાવવી જોઈશે.

સ્પષ્ટીકરણ:– આ નિયમોના હેતુ માટે, ''મૂળ કરવેરા સત્તાધિકારી'' એટલે જેમની હકૂમતમાં, અટકાયત થયેલા વાહનની નોંધણી કરવામાં આવી હોય અથવા છેલ્લું ફેરફાર થયેલું સરનામું મળી આવતું હોય તે સત્તાધિકારી.

(૩) જેમની હકૂમતમાં વાહનની અટકાયત કરવામાં આવી હોય તે કરવેરા સત્તાધિકારીએ, અટકાયતનો રિપોર્ટ મળ્યાની અથવા યથાપ્રસંગ, મૂળ કરવેરા સત્તાધિકારી પાસેથી વેરા, દંડ અને વ્યાજની તથા અનિર્ણિત ગુના અંગેની વિગતો મળ્યાની તારીખથી સાત (૭) દિવસની અંદર, રજિસ્ટર થયેલા માલિકને અથવા વાહનનો કબજો અથવા તેનું નિયંત્રણ ધરાવનાર વ્યક્તિને, વેરા, દંડ અને વ્યાજની બાકી (રકમ)ની વસૂલાત માટેની માગણા નોટિસ મોકલવી જોઈશે અને નોટિસ મળ્યાની તારીખથી પંદર (૧૫) દિવસની અંદર વેરાની બાકી (રકમ) ચૂકવવા માટે અથવા વેરા, દંડ અને વ્યાજની બાકી (રકમ)ની વસૂલાત માટે શા માટે અટકાયતમાં રાખેલ વાહનને રાજ્ય સરકારમાં સરકાર–દાખલ ન કરવું તે માટેના કારણો દર્શાવવા જણાવવું જોઈશે. નોટિસની સોંપણી (ડિલિવરી) યોગ્ય રીતે કરવામાં આવેલ છે તે બાબત સુનિશ્ચિત કરવા માટે, નોટિસ, રજિસ્ટર ટપાલ એડી (આરપીએડી)થી અથવા સીધી સેવા બજવણીથી મોકલવી જોઈશે.

(૪) નોટિસ સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવેલ છે તેવી નોંધ (તેવા શેરા) સાથે નોટિસ પહોંચાડવામાં આવી ન હોય, ત્યારે (નોટિસ) પહોંચાડવામાં આવી હોવાનું ગણાશે. 'ઘર ખાલી કરી ગયેલ છે' તેવી ટપાલ નોંધ (તેવા શેરા) સાથે નોટિસ પરત આવે અથવા એવું જણાય કે રજિસ્ટર થયેલા માલિક અથવા વાહનનો કબજો અથવા તેનું નિયંત્રણ ધરાવનાર વ્યક્તિના સરનામામાં ફેરફાર થયેલ છે અને તે (સરનામું) કચેરીની જાણમાં નથી તેવા કિસ્સામાં, તે નોટિસ, માહિતી અને પ્રસારણ વિભાગ મારફત સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવી જોઈશે.

(૫) ઉપલભ્ય રેકર્ડની ખરાઈ કર્યેથી, એવું જણાય કે વાહન, હપતા–ખરીદી અથવા પટા–કરાર હેઠળ ખરીદવામાં આવેલ હતું અને તે કરાર સમાપ્ત થયેલ નથી, તો કરવેરા સત્તાધિકારી, ઉપર જણાવેલ નોટિસની એક નકલ, ફાઈનાન્સરને (નાણાં પૂરા પાડનારને) મોકલી શકશે અને તેમાં જણાવી શકશે કે રજિસ્ટર થયેલા માલિક અથવા વાહનનો કબજો અથવા તેનું નિયંત્રણ ધરાવનાર વ્યક્તિ દ્વારા ચૂકવવાપાત્ર મોટર વાહન વેરો, અધિનિયમની કલમ ૧૨–ગ મુજબ વાહન પરનો પ્રથમ બોજા ગણાશે અને મોટર વાહન વેરા, દંડ અને વ્યાજની વસૂલાત પછી, બાકી રહેતી વધારાની રકમ, હોય તો, તે, લોનની બાકી રકમ અંગેની અધિકૃત સાબિતી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના રિપોર્ટ (રજૂ કરવા)ને અધીન રહીને, ફાઈનાન્સરને ચૂકવી શકાશે.

(૬) નોટિસ મળ્યા પછી, રજિસ્ટર થયેલા માલિક અથવા વાહનનો કબજો અથવા તેનું નિયંત્રણ ધરાવનાર વ્યક્તિ, કરવેરા સત્તાધિકારીને પોતાની રજૂઆત કરી શકશે. કરવેરા સત્તાધિકારીએ, સદરહુ રજૂઆતને વિચારણામાં લીધા પછી અને લેણી નીકળતી વેરા, દંડ અને વ્યાજની (રકમની) વસૂલાત માટે વાહનની હરાજી કરવી જરૂરી છે તે બાબતની પોતે ખાતરી કરીને, વાહનને સરકારમાં, સરકાર–દાખલ કરવા માટેનો અને વાહનની હરાજી કરવા અંગેનો હુકમ કરવો જોઈશે તથા તેમાં (તે હુકમમાં) લેણી નીકળતી વેરા, વ્યાજ અને દંડની મુખ્ય રકમ દર્શાવવી જોઈશે. કોઈપણ રજૂઆત કરવામાં ન આવી હોય, તો તેવા કિસ્સામાં, કરવેરા સત્તાધિકારી, આવો હુકમ એકતરફી કરી શકશે.

(૭) મોટર વાહન ઉપયોગ માટે અયોગ્ય હોય અથવા ભંગારની (નકામી) હાલતમાં પડ્યું હોય, ત્યારે કરવેરા સત્તાધિકારીએ, આવા વાહનનું રજિસ્ટ્રેશન રદ કરવું જોઈશે. કરવેરા સત્તાધિકારી, આવો રજિસ્ટ્રેશન નંબર રદ કર્યા પછી, આવા વાહનના એન્જિન અને ચેસિસ નંબરનો નાશ પણ કરી શકશે.

(૮) કરવેરા સત્તાધિકારી, વાહનને સરકાર–દાખલ કરવા માટેના અને તેની હરાજી કરવા અંગેના હુકમની તારીખથી ૧૫ દિવસની અંદર, નીચેની સમિતિ મારફત, વાહનની પહેલી બોલીની કિંમત નક્કી કરી શકશે:–

(ક) મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી અથવા સિનિયર મોટર વાહન નિરીક્ષક;

(ખ) મોટર વાહન નિરીક્ષક અથવા મદદનીશ મોટર વાહન નિરીક્ષક; અને

(ગ) મોટર વાહન વેરાની વસૂલાત કરવા માટે પ્રતિનિયુક્ત કરેલા સ્થાનિક અધિકારી / વસૂલાત નાયબ મામલતદાર / વર્તુળ અધિકારી અને આવા વસૂલાત અધિકારી અથવા સ્થાનિક વસૂલાત અધિકારી

/ નાયબ મામલતદાર અથવા વર્તુળ અધિકારીની ગેરહાજરીમાં, કલેક્ટર કચેરી અથવા એસ.ડી.એમ. કચેરીના સ્થાનિક નાયબ મામલતદાર અથવા મામલતદારઃ

પરંતુ સમિતિની ભલામણ ઉપરથી કરવેરા સત્તાધિકારીએ રચેલી પેનલ દ્વારા વાહનની પહેલી બોલીની કિંમત નક્કી કરવા માટે, સરકારે મંજૂર કરેલો વાહનનો રિપોર્ટ, સર્વેયર (મોજણીદાર) અથવા વેલ્યુર (મૂલ્ય-નિર્ધારક) પાસેથી મેળવવો કે કેમ એ સમિતિની વિવેકબુદ્ધિ અનુસાર રહેશે. કરવેરા સત્તાધિકારી, આવા રિપોર્ટ માટે યોગ્ય ફી ચૂકવી શકશેઃ

વધુમાં, સમિતિની ભલામણ ઉપરથી, કરવેરા સત્તાધિકારી, તરત જ, તેમના (વાહન સર્વેયર (મોજણીદાર) અથવા વેલ્યુર (મૂલ્ય-નિર્ધારક)ના) બાયોડેટા અને ફી મંગાવતી જાહેરાત સ્થાનિક વર્તમાનપત્રમાં આપીને, સરકારે મંજૂર કરેલા ઓછામાં ઓછા બે વાહન સર્વેયર (મોજણીદાર) અથવા વેલ્યુર (મૂલ્ય-નિર્ધારક)ની પેનલ બનાવી શકશે. સમિતિએ, સરકારે મંજૂર કરેલા વાહન સર્વેયર (મોજણીદાર) અથવા વેલ્યુર (મૂલ્ય-નિર્ધારક)ની પસંદગી સ્પર્ધાત્મક દરે (ધોરણે) કરવી જોઈશે. વીમા કંપનીનું પેનલ તરીકેનું નામ પણ એક તૈયાર સંદર્ભ તરીકે ગણતરીમાં લઈ શકાશે.

(૯) કરવેરા સત્તાધિકારીએ, વાહન ઉપયોગ કરી શકાય તેવી હાલતમાં છે કે ભંગારની (નકામી) હાલતમાં છે તેને આધારે સમિતિએ મેળવેલી પહેલી બોલીની કિંમત અનુસાર વાહનની જાહેર હરાજી માટે, માહિતી અને પ્રસારણ વિભાગ મારફત, બહોળી પ્રસિદ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવી જોઈશે. જાહેર નોટિસમાં નીચેના ત્રણ તબક્કા પ્રસિદ્ધ કરવા જોઈશેઃ

તબક્કા	**તારીખ અને સમય**
હરાજીપાત્ર વાહનનું નિરીક્ષણ	જાહેરાતની પ્રસિદ્ધિની તારીખથી સાત દિવસની અંદર, કચેરીના કામકાજના સમય દરમિયાન, કરવેરા સત્તાધિકારીએ નિયત કરેલ સમયે.
સીલબંધ પરબીડિયામાં બોલી રજૂ કરવી	જાહેરાતની પ્રસિદ્ધિની તારીખથી આઠમા દિવસે સાંજના ૫.૦૦ વાગ્યા સુધી. એ દિવસ રાજ્ય સરકારે જાહેર કરેલો જાહેર રજાનો દિવસ હોય, તો ત્યાર પછીના કામકાજના દિવસથી.
બોલી ખોલવા બાબત	બોલી રજૂ કર્યાના તરત પછીના દિવસે, કરવેરા સત્તાધિકારીએ નિયત કરેલા સમયે. એ દિવસ રાજ્ય સરકારે જાહેર કરેલો જાહેર રજાનો દિવસ હોય, તો ત્યાર પછીના કામકાજના દિવસથી.
સફળ રહેલ ખરીદનારને વાહનના વેચાણ માટે હુકમ કાઢી આપવો	શક્ય હોય ત્યાં સુધી, બોલી ખુલ્યાની તારીખથી ત્રણ દિવસની અંદર.
કિંમતની ચુકવણી (બોલીની રકમ)	હરાજીમાં સફળ રહેલા ખરીદનારને વાહનનું વેચાણ કરવા માટે આપેલો હુકમ મળ્યાની તારીખથી ત્રણ દિવસની અંદર.

સ્પષ્ટીકરણ.- સમયની ગણતરી માટે, હરાજીની જાહેર નોટિસની પ્રસિદ્ધિની તારીખની સમાવેશ કરેલ છે.

(૧૦) ઉપર ગમે તે મજકૂર હોય તેમ છતાં, વાહનવ્યવહાર કમિશનર, કોઈપણ માહિતીલક્ષી ટેકનોલોજીનો ઉપયોગ કરીને હરાજી કરવાની રીતે અંગે કરવેરા સત્તાધિકારીને અથવા કરવેરા સત્તાધિકારીઓને, વખતોવખત સૂચનો આપી શકશે.

(૧૧) હરાજીમાં ભાગ લેવાનો ઈરાદો ધરાવતી વ્યક્તિએ, પાન (P A N) કાર્ડની સ્વયંપ્રમાણિત નકલ, સરનામાનો પુરાવો, આધાર (કાર્ડ), મતદાર ઓળખપત્ર અને પેશગી અનામતના ડિમાન્ડ ડ્રાફ્ટ સહિતનો પ્રસ્તાવ, જાહેર નોટિસમાં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયે સીલ કરેલા પરબીડિયામાં રજૂ કરવો જોઈશે. પેશગી અનામત, પહેલી બોલીની કિંમતના ૧૦ ટકા અથવા રૂા. ૫,૦૦૦/-,બે માંથી જે વધુ હોય, તેટલી હોવી જોઈશે. સીલ કરેલું પરબીડિયું, બિન-રિફંડપાત્ર ફી રૂા. ૫૦૦/- ના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે રજૂ કરવું જોઈશે.

(૧૨) કરવેરા સત્તાધિકારીએ, વાહનવ્યવહાર કમિશનરએ વખતોવખત બહાર પાડેલી સૂચનાઓ મુજબ, રજિસ્ટરમાં આવા સીલબંધ કવરોની નોંધ લેવી જોઇશે. વાહનવ્યવહાર કમિશનર, તમામ કરવેરા સત્તાધિકારીઓને, વખતોવખત, સીલબંધ કવરમાં/પર વિગતો સંબંધિત સૂચનાઓ આપી શકશે.

(૧૩) સીલબંધ મળેલા કવરો, કરવેરા સત્તાધિકારી, સમિતિ અને બોલી બોલનારા સમક્ષ ખોલવા. જો કોઇ બોલી બોલનાર હાજર ન રહે તો, હરાજીનો નિર્ણય તેને બંધનકર્તા રહેશે.

(૧૪) સીલબંધ કવર ખોલ્યા પછી, જે વ્યક્તિએ, બધા જ બોલી બોલનારામાંથી, નક્કી કરેલી ઓછામાં ઓછી કિમત કરતાં સૌથી ઊંચી કિમત આપવાની તૈયારી બતાવેલ હોય તે સફળ ખરીદનાર તરીકે જાહેર કરવામાં આવશે. કરવેરા સત્તાધિકારી, સફળ ખરીદનાર માટે હરાજી દ્વારા વાહનના વેચાણ માટે હુકમ બહાર પાડશે. બાનાની થાપણની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ, તમામ અસફળ બોલી બોલનારાને પરત કરવામાં આવશે.

(૧૫) સફળ ખરીદનાર, હરાજી દ્વારા વાહનના વેચાણ માટેના હુકમની પ્રાપ્તિથી ત્રણદિવસની અંદર, તૈયારી બતાવેલ રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ વડે ભરપાઇ કરવા માટે જવાબદાર થશે, જે પહેલાં વેરાની મુદ્દલ રકમના સામે સમાયોજિત (સરભર) કરવામાં આવશે અને ત્યારબાદ તે તદ્દનુસાર વ્યાજ અને દંડની સામે સમાયોજિત (સરભર) કરવામાં આવશે:

પરંતુજો સફળ બોલી બોલનાર, નિયત સમયની અંદર તૈયાર રકમ ભરવામાં નિષ્ફળ રહે તો, તેની બાનાની થાપણ રકમ જપ્ત કરવામાં આવશે અને સરકારી તિજોરીમાં જમા કરવામાં આવશે.

(૧૬) સીલબંધ કવર ખોલ્યા બાદ, જો બે અથવા બેથી વધારે બોલી (હરાજી) માટેની સમાન કિમત હોય તો કરવેરા સત્તાધિકારીએ આવા બોલી બોલનારાઓને નવેસરથી રજૂ કરવા માટે એક તક પૂરી પાડવી જોઇશે.

(૧૭) એવું લાગે કે ટાંકેલ કિમત, નક્કી કરેલી ઓછામાં ઓછી કિમત કરતાં ઓછી છે તેવા કિસ્સામાં બોલી રદ કરવામાં આવશે. બોલીમાં ભાગ લેનારા બધાની ટાંકેલ કિમત, નક્કી કરેલી ઓછામાં ઓછી કિમત કરતાં ઓછી હોય તો, હરાજી રદ કરવી જોઇશે અને બાનાની થાપણ રકમના ડિમાન્ડ ડ્રાફ્ટ તમામ બોલી બોલનારાઓને પરત કરવા જોઇશે, અને કરવેરા સત્તાધિકારી દ્વારા ઉપર જણાવેલી રીત મુજબ હરાજીની નવી કાર્યવાહી હાથ ધરવી જોઇશે.

(૧૮) કરવેરા સત્તાધિકારી, સફળ ખરીદનારને ૭ દિવસની અંદર વાહનનો કબજો લેવા માટે જાણ કરી શકશે. જેમ છે જ્યાં છેના આધારે સફળ બોલી બોલનારને વાહનનો કબજો સોંપવામાં આવશે. સફળ બોલી બોલનારે વાહન પોતાના ખર્ચે લઇ જઇ શકશે.

(૧૯) જો વાહન માર્ગને લાયક હશે તો, કરવેરા સત્તાધિકારી, મોટર વાહનની સોંપણી વખતે ખરીદનારના નામે વાહનની તબદીલી કરી શકશે.

(૨૦) હરાજી દ્વારા કબજો લીધા પછી, વાહનની સોંપણી લીધા પછી, ખરીદનાર, તમામ પ્રકારની કાનૂની જવાબદારીઓ, બધા લાગુ પડતા કર, વેરા અથવા અન્ય કોઇપણ લાગુ પડતી વસુલાત (લેવી)માટે જવાબદર રહેશે.

(૨૧) સફળ ખરીદનારની હરાજી કિમત વેરો, વ્યાજ, દંડ કરતાં વધારે હોય તે સંજોગોમાં, કરવેરા સત્તાધિકારીએ નોંધાયેલા (રજિસ્ટર્ડ) માલિક અથવા વ્યક્તિ કે જે વાહનનો કબજો અથવા નિયંત્રણ ધરાવે છે તેને પહોંચવાળી રજિસ્ટર્ડ ટપાલ (આર.પી.એડી.)થી આવી વધારાની રકમ મેળવવા તક આપવી જોઇશે:

પરંતુ જાણ મળ્યાના ૩૦ દિવસની અંદર આવી વધારાની રકમનો દાવો કરવામાં ન આવે તે સંજોગોમાં, તે સરકારી તિજોરીમાં જમા થશે અને કોઇ વ્યક્તિનો તે રકમ ઉપર કોઇ અધિકાર રહેશે નહિ:

INDEX

વધુમાં, વાહન સાનગીરો કરાર અથવા ભાડાપટ્ટા કરાર હેઠળ નાણાં ધીરનાર સાથે નોંધાયેલ હોય અને હરાજી પછી એવું જણાય કે સફળ ખરીદનાર દ્વારા ચૂકવવામાં આવેલ રકમ, વેરા, વ્યાજ અને દંડની પાછલી બાકી રકમ કરતાં વધારે છે, તો કરવેરા સત્તાધિકારી, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૧૨–ગ અનુસાર, નાણાં ધીરનારને આવી વધારાની રકમ, આવો પત્ર મળ્યાના ૩૦ દિવસની અંદર જરૂરી પુરાવો રજૂ કરીને મેળવવા માટે જાણ કરી શકશે. જો કોઈ નાણાં ધીરનાર આવી રકમ મેળવવા માટે આગળ ન આવે તો, કરવેરા સત્તાધિકારી આવી રકમ સરકારી તિજોરીમાં જમા કરાવી શકશે અને તે રકમ ઉપર કોઈ વ્યક્તિનો હક રહેશે નહિ:

વળી કરવેરા સત્તાધિકારીએ નાણાં ધીરનારને આવી રકમ મોકલતાં પહેલાં વાહનનો કબજો અથવા નિયંત્રણ ધરાવતા નોંધાયેલા માલિક અથવા વ્યક્તિને સાંભળવાની તક આપવી જોઈશે.

(૨૨) બીજી હરાજીમાં ભાગ લેવા માટે કોઈ વ્યક્તિ આગળ ન આવે તો, કરવેરા સત્તાધિકારીએ પરિવહન કમિશનરને એક અહેવાલ મોકલવો જોઈશે અને તે પોતાને યોગ્ય લાગે તેમ અન્ય કોઈપણ રીતે વાહનના નિકાલ માટે યોગ્ય નિર્ણય લઈ શકશે.

(૨૩) હરાજીની કાર્યવાહી પહેલાં અથવા દરમ્યાન જો કરવેરા સત્તાધિકારીને એમ માનવાને કારણ હોય કે, હરાજીના ભાગ લેનારાઓ સંઘ અથવા મંડળ બનાવી રહ્યા છે અથવા જાહેર હિતમાંના અન્ય કોઈ વહીવટી કારણસર, કરવેરા સત્તાધિકારી, હરાજીના કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વગર હરાજી રદ કરી શકાશે. કચેરીના નોટિસ બોર્ડ ઉપર હરાજી રદ કર્યાનો હુકમ પ્રકાશિત કરવો જોઈશે. કરવેરા સત્તાધિકારીએ હરાજી રદ કર્યાની જાણ પરિવહન આયુક્તને કરવી જોઈશે અને કોઈ બોલી મળેલ હોય તો હરાજી રદ થયા પછી તે અરજદારોને પરત કરવી જોઈશે.

(૨૪) હરાજી પછી એવું જણાય કે, વેરો, વ્યાજ અને દંડની બાકી રકમ પૂરેપૂરી વસુલ થયેલ નથી, તો કરવેરા સત્તાધિકારીને, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઈઓ અનુસાર આવી રકમ વસુલ કરવાનો અધિકાર રહેશે.

(૨૫) કરવેરા સત્તાધિકારીને કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વગર હરાજી રદ કરવાનો અધિકાર રહેશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 299

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, NOVEMBER 13, 2017/KARTIKA 22, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી નવેમ્બર, ૨૦૧૭

તારીખ : **૧૩મી નવેમ્બર, ૨૦૧૭** ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના ગુજરાત **વટ હુકમ ક્રમાંક: ૩** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૩મી નવેમ્બર, ૨૦૧૭.

GUJARAT ORDINANCE NO. 3 OF 2017.

AN ORDINANCE

further to amend the Gujarat Money-Lenders Act, 2011.

સન ૨૦૧૭નો ગુજરાત વટહુકમ ક્રમાંક :૩.

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

સન ૨૦૧૧નો ગુજરાતનો ૧૪મો.

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી (તેમને) મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**– (૧) આ વટહુકમ ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા)વટહુકમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૨૦૧૧નો ગુજરાતનો ૧૪મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**– આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમ ૩માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે. **સન ૨૦૧૧નો ગુજરાતનો ૧૪મો.**

૩. **સન ૨૦૧૧ના ગુજરાતના ૧૪મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.**– મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં, પેટા-કલમ (૨)માં, "ગ્રામ પંચાયત" એ શબ્દોને બદલે,"ગ્રામ સભા" એ શબ્દો મૂકવા.

INDEX

નિવેદન

રાજ્ય સરકારે, રાજ્યમાં, નાણાંની ધીરધારના વ્યવહારોનું નિયમન કરવા માટે, ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ અધિનિમિત કર્યો છે. સદરહુ અધિનિયમનો અમલ કરતી વખતે એવું અનુભવાયું છે કે અધિનિયમની કેટલીક જોગવાઇઓ યોગ્ય રીતે સુધારવી જરૂરી છે, જેથી કરીને, નાણાંની ધીરધાર કરનારા દ્વારા ભોગવવી પડતી હાડમારી(મુશ્કેલી) દૂર કરી શકાય.

સદરહુ અધિનિયમની કલમ-૧૭ ની પેટા-કલમ (૨)થી એવી જોગવાઇ કરી છે કે કોઇપણ નાણાંની ધીરધાર કરનારે,ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખ કર્યા પ્રમાણે રાજ્યના અનુસૂચિત વિસ્તારોમાં રહેતા અનુસૂચિત આદિજાતિના સભ્યને તે ગામની ગ્રામ પંચાયતની પૂર્વ-મંજૂરી લીધા સિવાય, કોઇ નાણાં ધીરવા જોઈશે નહિ. પંચાયતની જોગવાઇઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા) બાબત અધિનિયમ,૧૯૯૬ની કલમ ૪ (ત) (મ) હેઠળ, સદરહુ સત્તા, યોગ્ય સ્તરે પંચાયતોને તેમજ ગ્રામ સભાને પણ સોંપવામાં આવી છે. રાજ્ય સરકારે, ગુજરાત પંચાયતની જોગવાઇઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા) બાબત નિયમો, ૨૦૧૭ પણ ઘડ્યા છે, જેના નિયમ ૪૦થી, ગામમાં નાણાંની ધીરધારના વ્યવહારો ઉપર નિયંત્રણ રાખવા માટે ગ્રામસભાની શાંતિ સમિતિને સત્તા આપવામાં આવે છે.

તેથી,સદરહુ અધિનિયમની કલમ ૧૭ની સદરહુ પેટા-કલમ (૨) સુધારવી જરૂરી જણાયું છે, જેથી કરીને, ગ્રામસભાને અનુસૂચિત આદિજાતિના સભ્યને નાણાંની ધીરધાર કરવા માટે, પોતાની મંજૂરી આપવાની સત્તા આપી શકાય.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વટહુકમ, ૨૦૧૭ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઓ. પી. કોહલી,
ગુજરાતના રાજ્યપાલ.

તારીખ: ૨૪મી ઓકટોબર, ૨૦૧૭.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. કે. પટેલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 300

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, NOVEMBER 13, 2017/KARTIKA 22, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ** -ના તારીખ: **૩જી જુલાઇ, ૨૦૧૭** ના જાહેરનામા **ક્રમાંક: જીવાયસી/૦૮/૨૦૧૭/પીઆરવી/૧૦૨૦૦૯/૧૧૫૧/એ.** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Publication Assistant, Directorate of Archeology and Museums, Class-III, Recruitment Rules, 2014.

પ્રકાશન સહાયક, પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી જાહેરનામું

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુલાઇ, ૨૦૧૭

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીવાયસી/૦૮/૨૦૧૭/પીઆરવી/૧૦૨૦૦૯/૧૧૫૧/એ.— ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, પ્રકાશન સહાયક, પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો પ્રકાશન સહાયક, પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. પ્રકાશન સહાયક, પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૩માં, ખંડ(ક)માં, ''૩૧ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૬ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪-ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

''ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ ૯ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.''

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૫ અને નિયમ ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવેશ એરડા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 301

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, NOVEMBER 13, 2017/KARTIKA 22, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**-ના **તારીખ : ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : પીટી/૨૦૧૭/૪૦/એમવીડી/૧૦૨૦૧૭/૨૦૩૨/ખ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Road Safety Authority Ordinance, 2017.

ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વટહુકમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭.

ક્રમાંક : પીટી/૨૦૧૭/૪૦/એમવીડી/૧૦૨૦૧૭/૨૦૩૨/ખ.-- ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વટહુકમ, ૨૦૧૭ની કલમ-૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સરકારી રાજપત્રમાં, જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ (GUJROSA) ની રચના કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. આર. સોની,
સરકારના ઉપ સચિવ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 302

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, NOVEMBER 13, 2017/KARTIKA 22, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર. ૧૩મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**ના તારીખ : **૧૧મી ઓગસ્ટ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા ક્રમાંક : **(જીએચએન-૬૭)પીઆર-૨૦૧૭(૧)-૬.-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Bombay Partnership Rules, 1932.

મુંબઈ ભાગીદારી નિયમો, ૧૯૩૨ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૭.

ભારતનો ભાગીદારી અધિનિયમ,૧૯૩૨.

(૧) ક્રમાંક : (જીએચએન-૬૭)પીઆર-૨૦૧૭(૧)-ઠ:- ભારતના ભાગદારી અધિનિયમ, ૧૯૩૨ (સન ૧૯૩૨ના ૯મા)ની કલમ ૭૧ની પેટા-કલમ (૨) હેઠળ કાઢવા ધારેલા નિયમોનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૭૧ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી નિયમોનો સદરહુ મુસદ્દો ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

(૨) ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના સચિવ(આર્થિક બાબતો), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને કોઈ વાંધો અથવા સૂચન મળશે તેને સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : (જીએચએન-૬૭)પીઆર-૨૦૧૭ (૧)-ઠ:- ભારતના ભાગદારી અધિનિયમ, ૧૯૩૨ (સન ૧૯૩૨ના ૯મા)ની કલમ ૭૧ની પેટા-કલમ (૨)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ ભાગીદારી નિયમો, ૧૯૩૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો મુંબઈ ભાગીદારી (ગુજરાત સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે ગુજરાત રાજ્યને લાગુ પડશે.

૨. મુંબઈ ભાગીદારી નિયમો, ૧૯૩૨માં, નિયમ ૩ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

''**૩ક. નોંધણી**- અરજી યોગ્ય રીતે કરવામાં આવી હોય અને નમૂના-ક-માં જણાવેલી જરૂરિયાતો અંગે રજિસ્ટ્રારને ખાતરી થાય, તો અરજી મળ્યાની તારીખથી કામકાજના એક દિવસની અંદર, આવી નોંધણી કર્યા અંગેની નોંધ રજિસ્ટરમાં કરવી જોઈએ''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 303

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, NOVEMBER 14, 2017/KARTIKA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર. ૧૪મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૧૮મી ઓકટોબર, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ પીટી/૨૦૧૭/૩૯/એમટીએ/ ૧૦૨૦૧૦/ ૪૦૬/ખ.–** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Motor Vehicles Tax Act, 1958

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓકટોબર, ૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮.

ક્રમાંક : પીટી/૨૦૧૭/૩૯/એમટીએ/૧૦૨૦૧૦/૪૦૬/ખઃ– મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ–૮ના પેટા નિયમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા મોટર વાહનોના સંબંધમાં જાહેર હિતમાં, મોટર વાહન વેરો ભરવા માટેની સમયમર્યાદા તારીખઃ ૧૮/૧૦/૨૦૧૭ સુધી વધારે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. આર. સોની,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 304

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, NOVEMBER 14, 2017/KARTIKA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**–ના તારીખ: **૧૧મી મે, ૨૦૧૭ના** સરકારી **જાહેરનામા ક્રમાંક: જીપી–૨૩–એમસીજી–૧૦૦૮–૫૮૭–જે–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સાર** પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and fixation of Fees) Act, 2017.

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ હેઠળ

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૨૦૧૭.

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭

ક્રમાંક: જીપી-૨૩-એમસીજી-૧૦૦૮-૫૮૭-જે:- ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૩જા)ની કલમ ૯ સાથે વાંચતા, કલમ-૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ: ૧૯મી જૂન, ૨૦૦૮ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીપી-૧૬-એમસીજી-૧૦૦૮-૫૮૭-જે.- હેઠળ વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક અભ્યાસક્રમો માટે ફી નિયમન સમિતિની રચના કરેલી છે;

અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ: ૧૩મી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીપી-૩૬-એમસીજી-૧૦૦૮-૫૮૭-જે. થી નામનિયુક્ત થયેલા, ઉપર્યુક્ત સમિતિના અધ્યક્ષ, ન્યાયમૂર્તિ અક્ષય મહેતા, ગુજરાત હાઇકોર્ટના નિવૃત ન્યાયધીશ-ની મુદત, તારીખ: ૨૦મી એપ્રિલ, ૨૦૧૭ના રોજ પૂરી થયેલ છે;

તેથી, હવે, ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૩જા)ની કલમ ૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ન્યાયમૂર્તિ અક્ષય મહેતા, ગુજરાત હાઇકોર્ટના નિવૃત ન્યાયધીશ-ને, તારીખ: ૨૧મી એપ્રિલ, ૨૦૧૭થી, વધુ એક વર્ષની મુદત માટે, ઉપર્યુક્ત સમિતિના અધ્યક્ષ તરીકે નામનિયુક્ત કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. વણઝારા,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 305

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, NOVEMBER, 15, 2017/KARTIKA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** વિભાગ-ના તારીખ : **૨૬મી એપ્રિલ, ૨૦૧૭**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીવાયસી-૨૦૧૭/૦૭/ એસએચએલ/ ૧૦૨૦૦૭/૨૨૯૫/એ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Picture Restorer, Class III, Recruitment Rules, 2013.

પિક્ચર રિસ્ટોરર (Picture Restorer), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૩ સુધારવા

સંબંધી

જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૬/૪/૨૦૧૭.

ભારતનું સંવિધાન

ક્રમાંક. જીવાયસી-૨૦૧૭/૦૭ /એસએચએલ/૧૦૨૦૦૭/૨૨૯૫/એ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, પિક્ચર રિસ્ટોરર (Picture Restorer), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો પિક્ચર રિસ્ટોરર (Picture Restorer), વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો,૨૦૧૭ કહેવાશે.

૨. પિક્ચર રિસ્ટોરર (Picture Restorer), વર્ગ ૩, ભરતી નિયમો,૨૦૧૩ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ-૩માં,-

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો મજકૂર કરવો:-

''(ક) ૩૬ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ૮-ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલીવય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;''

(૨) ખંડ (ઘ) પછીનો પરંતુક કમી કરવો.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

''૪.ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯- ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવેશ એરડા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 306

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, NOVEMBER 15, 2017/KARTIKA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ-** (૧) તારીખ : ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૦૪/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૧૨/ડી,** (ભાગ-૧) **અને** (૨) તારીખ : ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૬૬/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૭/૨૬૩૫/ડી.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક:જીકે/૦૪/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૧૨/ડી, (ભાગ-૧) :- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને,સન ૨૦૧૭ના જાન્યુઆરી મહિનાની ૩૦-મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, **બનાસકાંઠા**-ના તાબા હેઠળની **લાખણી** ખાતે દીવાની જજની એક નવી કોર્ટ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષ સ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ **લાખણી** ખાતે ભરશે;

૩. દીવાની જજની કોર્ટ, **લાખણી**ની સામાન્ય હકૂમતની સ્થાનિક હદો, મહેસૂલી જિલ્લો, બનાસકાંઠાના લાખણી તાલુકાના ગામોના વિસ્તારોની બનશે;

૪. **લાખણી** તાલુકાની સ્થાનિક હદો, **ડીસા, થરાદ** અને **દીયોદર** ખાતે દીવાની જજની કોર્ટની સામાન્ય હકૂમતની સ્થાનિક હદોમાંથી બાકાત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ .

ક્રમાંક:જીકે/૬૬/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૭/૨૬૩૫/ડી:- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ ૬ની પેટા-કલમ (૩), કલમો ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, **સન ૨૦૧૭ના ઓક્ટોબર મહિનાની ૨- જી** તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન અધિક જિલ્લા જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. **પંચમહાલ** જિલ્લામાં, **હાલોલ** ખાતે અધિક જિલ્લા જજની એક નવી કોર્ટ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષ સ્થાન અધિક જિલ્લા જજ લેશે, જેઓ તેમની કોર્ટ **હાલોલ** ખાતે ભરશે;

૩. અધિક જિલ્લા જજની કોર્ટ, **હાલોલ**ની સામાન્ય હકૂમતની સ્થાનિક હદો, પંચમહાલ જિલ્લાના **હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા** અને **કાલોલ** ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 307

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, NOVEMBER 15, 2017/KARTIKA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫ મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના તારીખ : ૫મી જૂન, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૩૯/૨૦૧૭/જેએસઆર/૧૯૮૨/૯૯૪/ડી (પાર્ટ-૩).-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat State Judicial Service Rules, 2005.

ગુજરાત રાજ્ય ન્યાયિક સેવા નિયમો, ૨૦૦૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૫ મી જૂન, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીકે/૩૯/૨૦૧૭/જેએસઆર/૧૯૮૨/૯૯૪/ડી(પાર્ટ-૩):- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૩૪ સાથે વાંચતા, અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કર્યા પછી, આથી, ગુજરાત રાજ્ય ન્યાયિક સેવા નિયમો, ૨૦૦૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત રાજ્ય ન્યાયિક સેવા (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય ન્યાયિક સેવા નિયમો, ૨૦૦૫ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ-૫માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ખ)માં, સ્પષ્ટીકરણ કમી કરવું.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૭માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ખ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

''(ખ) અરજી સ્વીકારવા માટે નિયત કરેલી છેલ્લી તારીખના રોજ દીવાની (સિવિલ) અને/અથવા ફોજદારી (ક્રિમિનલ) કોર્ટના હકૂમતક્ષેત્રમાં વકીલ તરીકે પ્રેક્ટિસ કરતો હોવો જોઇશે અથવા અરજી સ્વીકારવા માટે નિયત કરેલી છેલ્લી તારીખના રોજ કોર્ટમાં અથવા બીજા સંલગ્ન વિભાગોમાં કામ કરતો હોવો જોઇશે.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 308

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, NOVEMBER 15, 2017/KARTIKA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ**–ના તારીખ: **૯મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના** સરકારી **જાહેરનામા ક્રમાંક: કેએચઆર–૨૦૧૭–૨૬–ઈએસઆઈ–૧૮૨૦૧૫–૪૬૩૯૮૧–એમ(૩).**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Employee's State Insurance Act, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૭.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક: કેએચઆર-૨૦૧૭-૨૬-ઈએસઆઈ-૧૮૨૦૧૫-૪૬૩૯૮૧-એમ(૩):- કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૯૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, **''ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા અને તેની ગૌણ કંપનીઓ"-ને તારીખ: ૩૦-૧૦-૨૦૧૬થી તારીખ: ૨૯-૧૦-૨૦૧૭ સુધીની એક વર્ષની** મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુક્તિ આપે છે.

૨. ઉપર જણાવેલી મુક્તિ, નીચેની શરતોને અધીન રહેશે:-

૧) જેમાં કામદારોને કામે રાખેલ હોય તે ઉપર્યુકત સંસ્થા/કારખાનાએ મુક્તિ આપેલા કામદારોના નામો અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર નિભાવવું જોઈશે.

૨) આ મુક્તિ આપવામાં આવી હોય તેમ છતાં, કામદારો, આ જાહેરનામાથી અપાયેલી મુક્તિ જે તારીખથી અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના ધોરણે સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તેવા લાભો તેમને મળવાનું ચાલુ રહેશે.

૩) સદરહુ સંસ્થા/કારખાનાના માલિકે, જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને અધીન હતું તે મુદત (જેનો આમાં હવે પછી, ''સદરહુ મુદત'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તેવા પત્રકો, તેવા નમૂનામાં અને તેવી વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવાં જોઈશે.

૪) મુક્તિ અપાયેલી મુદત માટેના ફાળા, અગાઉ ચૂકવાઇ ગયા હોય, તો તે પાછા આપી શકાશે નહિ.

૩. સદરહુ અધિનિયમની કલમ ૪૫ની પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઇ ઇન્સ્પેકટર અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના બીજા અધિકારીને-

(૧) સદરહુ મુદત માટે, કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલા કોઇપણ પત્રકમાંની વિગતોની ખરાઇ કરવાના હેતુ માટે; અથવા

(૨) સદરહુ મુદત માટે, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦થી ફરમાવ્યા પ્રમાણે, રજિસ્ટર અને રેકર્ડ રાખવામાં આવ્યા હતા કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુક્તિ આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસ રૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કર્મચારીઓ હકદાર તરીકે ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૪) અધિનિયમની જોગવાઇઓ પૈકીની કોઇપણ જોગવાઇ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી ત્યારે તે મુદત દરમિયાન આવી કોઇપણ જોગવાઇનું પાલન કરવામાં આવ્યું હતું કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે–

(ક) પોતાને જરૂરી જણાય તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય અથવા તરતના માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ખ) આવા મુખ્ય અથવા તરતના માલિકના કબજામાં હોય તેવા કોઇપણ કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગ્યામાં કોઇ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઇપણ વ્યક્તિને, વ્યક્તિઓના રોજગાર અને વેતનની ચુકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજો, ચોપડા અને અન્ય દસ્તાવેજો, આવા ઇન્સ્પેક્ટર અથવા બીજા અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂરી લાગે તેવી માહિતી તેમને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગ્યામાં જણાયેલ મુખ્ય અથવા તરતના માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઇ વ્યક્તિને અથવા સદરહુ ઇન્સ્પેક્ટરને અથવા બીજા અધિકારીને જે કોઇ વ્યક્તિ માલિક તરીકે હોવાનું માનવાને પોતાને વાજબી કારણ હોય તેવી કોઇ વ્યક્તિને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગ્યામાં નિભાવવામાં આવતા કોઇ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલો કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. આર. મકવાણા,
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 309

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, NOVEMBER 15, 2017/KARTIKA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર** વિભાગ-ના **તારીખ: ૩૧મી માર્ચ,** ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક: પીટી/૨૦૧૭/૪/એમવીડી/૨૦૧૭/૬૯૯/ખ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Motor Vehicles Tax Act, 1958.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૧૭.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ–૧૯૫૮.

ક્રમાંક: પીટી/૨૦૧૭/૪/એમવીડી/૨૦૧૭/૬૯૯/ખ:– ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૫મા)ની કલમ ૩ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ જાહેરનામાઓ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨માંની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કરેલા, ગુજરાત રાજ્યમાં વપરાતા અથવા વાપરવા માટે રાખેલા મોટર વાહનો પર, સદરહુ અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલા વેરાના ઊચક દર નક્કી કરે છે.

અનુસૂચિ

	મોટર વાહનનો પ્રકાર	**વેરાનો ઊચક દર**
૧	૨	૩
	ગુજરાત રાજ્યમાં સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં રજિસ્ટર થયેલા મોટરવાહનો.	
(ક)	(૧) આઠ કરતાં વધારે ન હોય તેટલા ઉતારુઓ લઇ જવા માટે લાઇસન્સ આપેલ મુકરર ઓમ્નિબસ.	વાહનની કિમતના ૮ ટકા.
	(૨) આઠ કરતાં વધારે પરંતુ બાર કરતાં વધારે ન હોય તેટલા ઉતારુઓ લઇ જવા માટે લાઇસન્સ આપેલ મુકરર ઓમ્નિબસ.	વાહનની કિમતના ૧૨ ટકા
(ખ)	મુકરર ઓમ્નિ બસો સિવાયના ભાડેથી ચલાવાતા અને ઉતારુ ઓને લઇ જવા માટે ઉપયોગ કરાતા (ટ્રાઇસિકલો સહિતના) મોટર વાહનો:	વાહનની કિમતના ૨ ટકા.
	પરંતુ કોઇ સ્થાનિક સત્તામંડળ દ્વારા મોટર વાહન પર વેરો લેવામાં આવતો હોય ત્યારે, માત્ર આવા સ્થાનિક સત્તામંડળની હદની અંદર વાપરવા માટે રજિસ્ટર થયેલા મોટર વાહનો માટે, આ ખંડ હેઠળ વેરાનો વધુમાં વધુ દર,– (૧) આવા મોટર વાહનોને આવા સ્થાનિક સત્તામંડળ દ્વારા લેવાતા વેરામાંથી આવા સ્થાનિક સત્તામંડળે સંપૂર્ણત: અથવા અંશત: મુકિત આપેલી હોય તેવા કિસ્સામાં, આ ખંડમાં નિર્દિષ્ટ કરેલો દર; (૨) બીજા કોઇ કિસ્સામાં, એ રીતે નિર્દિષ્ટ કરેલા દરના બે–તૃતીયાંશ.	
(ગ)	ખાનગી સેવા વાહનો–	વાહનની કિમતના ૮ ટકા.
(ઘ)	શૈક્ષણિક સંસ્થાની માલિકીના અને કેવળ શૈક્ષણિક સંસ્થાની કોઇપણ પ્રવૃત્તિ અર્થે વિદ્યાર્થીઓ અથવા કર્મચારી વર્ગ (સ્ટાફ)ના પરિવહન માટે ઉપયોગમાં લેવાતા ખાનગી સેવા વાહનો.	વાહનની કિમતના ૩.૫ ટકા.
(ચ)	માલ સામાનની હેરફેર માટે વપરાતાં ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે કુલ (ગ્રોસ) વજન ધરાવતા મોટર વાહનો:	વાહનની કિમતના ૬ ટકા.
	પરંતુ કોઇ સ્થાનિક સત્તામંડળ દ્વારા મોટર વાહન પર વેરો લેવામાં આવતો હોય ત્યારે આવા સ્થાનિક સત્તામંડળની હદની અંદર એકમાત્ર વાપરવા માટે રજિસ્ટર થયેલા મોટર વાહનો માટે, આ ખંડ હેઠળ વેરાનો વધુમાં વધુ દર,–	

	(૩) આવા મોટર વાહનોને આવા સ્થાનિક સત્તામંડળ દ્વારા લેવાતા વેરામાંથી આવા સ્થાનિક સત્તામંડળે સંપૂર્ણત: અથવા અંશત: મુકિત આપેલી હોય તેવા કિસ્સામાં, આ ખંડમાં નિર્દિષ્ટ કરેલો દર; (૪) બીજા કોઇ કિસ્સામાં, એ રીતે નિર્દિષ્ટ કરેલા દરના બે–તૃતીયાંશ.	
(૭)	રિગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઇપણ સાધનસામગ્રી બેસાડેલી હોય કે ન હોય તેવા અને કોઇ ઉતારુ, માલ અથવા બીજા ભારને લઇ જવા ઘારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, ક્રોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઇ સાધનસામગ્રી બેસાડેલ હોય અને કોઇ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે અથવા કોઇ બાંધકામ સાધનસામગ્રી વાહનો તરીકે ઉપયોગ કરાતો હોય તેવા ભાર લાધા વગર ૨૦૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજન, પણ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજન ઘરાવતા ન હોય તેવા મોટર વાહનો.	વાહનની કિમતના ૩ ટકા.

સ્પષ્ટીકરણ ૧.–

(૧) આ અનુસૂચિના હેતુ માટે, ''કિમત'' એટલે ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩માં વ્યાખ્યાયિત કરેલી વેચાણ કિમત.

(૨) રાજ્ય બહાર નોંધાયેલ વાહનોના કિસ્સામાં અને રજિસ્ટ્રેશન માટે ગુજરાત રાજ્યમાં ઉપયોગ માટે લાવેલા અને વાહનોનો કબજો અથવા નિયંત્રણ ઘરાંવતાં માલિક અથવા વ્યકિત, આ જાહેરનામા હેઠળ, વેરો ચૂકવવાનું પસંદ કરે, તો વાહનની કિમત રાજ્યમાં સમાન પ્રકારના વાહનો પર, ગુજરાત રાજ્યમાં ચૂકવવાપાત્ર પ્રવર્તમાન કિમત પ્રમાણેની રહેશે.

(૩) ગુજરાત રાજ્યમાં નોંધાયેલા વાહનોના કિસ્સામાં અને વાહનોનો કબજો અથવા નિયંત્રણ ઘરાંવતાં માલિક અથવા વ્યકિત આ જાહેરનામા હેઠળ, વેરો ચૂકવવાનું પસંદ કરે, તો વાહનની કિમત, ગુજરાત રાજ્યમાં તત્સમાન વર્ષની ૧લી એપ્રિલે ચૂકવવાપાત્ર પ્રવર્તમાન પ્રમાણે સમાન પ્રકારના વાહનની કિમત પ્રમાણે ગણતરી કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ ૨.– આ અનુસૂચિ હેઠળ, ઊચક વેરાની ગણતરી કરવાના હેતુ માટે, જ્યાં બોડી ને અલગથી તૈયાર કરવામાં આવે છે તેવા મોટર વાહનોના સંદર્ભમાં, વેચાણ કિમત એ ચેસીસની વેચાણ કિમત અથવા ડીલર અથવા ઉત્પાદક દ્વારા વેચવામાં આવેલી સંપૂર્ણપણે તૈયાર કરેલા વાહનની વેચાણ કિમત.

સ્પષ્ટીકરણ ૩.– આ અનુસૂચિ હેઠળ, ઊચક વેરાની ગણતરી કરવાના હેતુ માટે, જોડાણવાળું વાહન અને ટ્રેકટર ટ્રેલરના જોડાણના કિસ્સામાં, વેચાણ કિમત, એ ટ્રેકટરની વેચાણ કિમત અને ટ્રેલરની અથવા યથાપ્રસંગ, સેમી ટ્રેકટરની વેચાણ કિમતનો સરવાળો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 310

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, NOVEMBER 16, 2017/KARTIKA 25, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ**-ના **તારીખ : ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૭**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીકે/૧૧૬/૨૦૧૭/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Scheduled Castes and the Scheduled Tribes(Prevention of Atrocities) Act,1989.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૭મી ઓક્ટોબર,૨૦૧૭.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.

ક્રમાંક:જીકે/૧૧૬/૨૦૧૭/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી:– અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ના ૩૩મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૪ની પેટા–કલમ (૧)ના પ્રથમ પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ સાથે, આથી, સદરહુ અધિનિયમના હેતુ માટે, અનુસૂચિના કોલમ (૨)માં દર્શાવ્યા પ્રમાણેના નિર્દિષ્ટ જિલ્લાઓમાં, કોલમ (૩)માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત રાજ્યની તાબાની કોર્ટમાંના સબ–ડિવિઝનોમાં કાર્ય કરતી અધિક જિલ્લા અને સેશન્સ જજની કોર્ટને,તાત્કાલિક અસરથી, વિશેષ કોર્ટ તરીકે નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	જિલ્લાનું નામ	સબ–ડિવિઝનનું નામ
(૧)	(૨)	(૩)
૧.	દાહોદ	લીમખેડા
૨.	પંચમહાલ	હાલોલ
૩.	જૂનાગઢ	કેશોદ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 311

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, NOVEMBER 16, 2017/KARTIKA 25, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને **શહેરી ગૃહનિર્માણ વિભાગના** તારીખ **૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૭**ના **શુદ્ધિપત્ર ક્રમાંક : જીએચ / વી / ૨૦૧૭નો ૨૭/ડીવીપી-૧૯૨૦૧૬-૧૫૬૫-એલ.** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

CORRIGENDUM

to

The Government Notification, Urban Development and Urban Housing Department, No. GH/V/25 of 2017/DVP-192016-1565-L, dated the 14.02.2017.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧૪.૦૨.૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૨૦૧૭નો ૨૫/ડીવીપી-૧૯૨૦૧૬-૧૫૬૫-એલ.નું શુદ્ધિપત્ર.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
જાહેરનામા ક્રમાંક.જીએચ/વી/૨૦૧૭નો ૨૭/ડીવીપી-૧૯૨૦૧૬-૧૫૬૫-એલ,
બ્લોક નં. ૧૪, ૯મો માળ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ:૧૫/૦૨/૨૦૧૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૭નો ૨૭/ડીવીપી-૧૯૨૦૧૬-૧૫૬૫-એલ:- ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મા)ની કલમ ૨૨ની પેટા-કલમ (૨-ક) હેઠળ, જૂનાગઢ શહેરી વિકાસ સત્તામંડળમાંથી વિસ્તાર બાકાત કરવા સંબંધી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧૪.૦૨.૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૨૦૧૭નો ૨૫/ડીવીપી-૧૯૨૦૧૬-૧૫૬૫-એલ-માં નીચેનો સુધારો કરવામાં આવે છે:-

૧. પરિચ્છેદ નં. ૩ની લીટીમાં ''સત્તામંડળમાં સમાવિષ્ટ કરવો'' એ શબ્દોને બદલે''સત્તામંડળમાંથી બાકાત કરવો'' એ શબ્દો મૂકવામાં આવેછે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 312

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER 17, 2017/KARTIKA 26, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**ના તારીખ : ૦૬/૧૧/૨૦૧૭ના જાહેરનામા **ક્રમાંક : જીજી/૬૮/એસબી-૧/ઈએલસી/૧૦૨૦૧૭/૭૯.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Representation of the People Act, 1951.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ
જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી નવેમ્બર ૨૦૧૭.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક: જીજી/૬૮/એસબી-૧/ઈએલસી/૧૦૨૦૧૭/૭૯:-લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૮-કની જોગવાઇઓ અનુસાર અને સદરહુ વિષય અંગે ભારતના ચૂંટણી પંચના તારીખ. ૨૪મી ઓક્ટોબર, ૧૯૯૪ના પત્ર ક્રમાંક. ૪૩૪/ઈએસઓ ૨૬/૯૪/એમસીએસ-માં જણાવેલ આદેશોને ધ્યાનમાં લઇને, ગુજરાત સરકાર, આથી, ડિસેમ્બર, ૨૦૧૭ના મહિના દરમિયાન ગુજરાત રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓનું સંચાલન કરવા માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૮-કના હેતુ માટે, નીચેના પોલીસ અધિકારીઓને મુકરર કરે છે:-

૧. પોલીસ મહાનિયામક/ અધિક પોલીસ મહાનિયામક/ પોલીસ મહાનિરીક્ષક; અને
૨. સામાન્ય ચૂંટણીમાં, પોલીસ મહાનિયામકથી નીચેની કક્ષાના રાજ્ય સરકારના તમામ પોલીસ અધિકારીઓ.

આ હુકમ તારીખ: ૧૪/૧૧/૨૦૧૭થી અસરકર્તા રહેશે અને સદરહુ સામાન્ય ચૂંટણીઓની કાર્યવાહી પૂર્ણ થયાની તારીખ સુધી અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પંકજ દવે,
સરકારના ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 313

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER, 17, 2017/KARTIKA 26, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૭મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ-ના તારીખ : ૨૪મી માર્ચ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજે/૧૨/૨૦૧૬/ઈએસટી/૧૦/૨૦૧૫/ ૪/જી.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Leboratory Assistant, Class-III, in the subordinate service of the Directorate of Gujarat Engineering Research Institute under the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department, Recruitment Rules, 2016.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થાના નિયામકની કચેરીની તાબાની સેવામાં, પ્રયોગશાળા મદદનીશ, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી માર્ચ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીજે/૧૨/૨૦૧૬/ઇએસટી/૧૦/૨૦૧૫/૪/જી :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, પ્રયોગશાળા મદદનીશ, વર્ગ–૩–ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થાના નિયામકની કચેરીની તાબાની સેવામાં, પ્રયોગશાળા મદદનીશ, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થાના નિયામકની કચેરીની તાબાની સેવામાં, પ્રયોગશાળા મદદનીશ, વર્ગ–૩–ની જગા પરની નિમણૂક સીધી ભરતીથી કરવામાં આવશે.

૩. નિયમ ૨–માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,–

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોવી જાઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જાઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.પટેલ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 314

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, NOVEMBER, 20, 2017/KARTIKA 29, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**-ના હુકમ ક્રમાંકઃ **(૧) કેપી/ ૨૦૧૭ નો ૨૬/ એનટીપી/ ૧૦૨૦૧૭/ ૪૨૦૭૨૭/** જે તારીખઃ **૨૬મી જુલાઈ, ૨૦૧૭, (૨) કેપી/ ૨૦૧૭ નો ૨૭/ એનટીપી/ ૧૦૨૦૧૭/ ૪૨૦૭૨૭/** જે તારીખઃ **૨૬મી જુલાઈ, ૨૦૧૭**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ssd\M\All Gazatte BackUp\2017\Extra Ordinary\Extra-2017\IX\IX Ex.314-NarmadaWater--22-11-2017.doc

INDEX

Order
Under
The Gujarat Panchayats Act, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૬મી જુલાઇ, ૨૦૧૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી/૨૦૧૭ નો ૨૬/એનટીપી/૧૦૨૦૧૭/૪૨૦૭૨૭/જે:– ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઇના પમા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, મહેસૂલ વિભાગના તારીખ: ૩જી એપ્રિલ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ/૨૦૧૭/ ૧૯/એમ/ પીએફઆર/૩૭૨૦૧૬ /૯૪૧/એલ–૧ હેઠળ, **લીમખેડા** તાલુકાના વિસ્તારોનું, **લીમખેડા** તાલુકો અને **સિંગવડ** તાલુકો એમ બે તાલુકામાં વિભાજન કર્યુ હતું;

અને આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા તાલુકાઓના વિસ્તારોને, વિધમાન **લીમખેડા** તાલુકામાંથી બાકાત કરવામાં આવેલ છે અને તેમનો નવેસરથી રચાયેલા **સિંગવડ** તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ છે;

અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩ એવી જોગવાઈ કરે છે કે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના પમા) હેઠળ વખતોવખત રચાયેલા દરેક તાલુકા માટે એક તાલુકા પંચાયત હોવી જોઇશે અને તેથી, **સિંગવડ** તાલુકા માટે તાલુકા પંચાયતની રચના કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા–કલમ(૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,–

(૧) **સિંગવડ તાલુકા** પંચાયતની રચના કરે છે;

(૨) વચગાળાના ધોરણે, વિધમાન **લીમખેડા તાલુકા** પંચાયતના સભ્યોની સંખ્યા ઘટાડીને **૩૪** થી **૨૧** કરે છે;

(૩) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૪)માં દર્શાવેલા **લીમખેડા તાલુકા** પંચાયતમાંથી બાકાત કરેલા, **લીમખેડા તાલુકા**ના વિસ્તારોની અંદર આવતા, કોલમ (૩)માં નિર્દિષ્ટ કરેલા મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા સદરહુ તાલુકા પંચાયતના સભ્યોના હોદ્દા સમાપ્ત કરે છે ;

(૪) **સિંગવડ** તાલુકામાં એવી રીતે સમાવિષ્ટ, સદરહુ અનુસૂચિના કોલમ (૪)માં દર્શાવેલ **સિંગવડ** તાલુકાના વિસ્તારોની અંદર આવતા, કોલમ (૩)માં નિર્દિષ્ટ કરેલા મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા તે જ ચૂંટાયેલા સભ્યોની, **સિંગવડ** તાલુકા પંચાયતના સભ્યો તરીકે નિમણૂક કરે છે; અને

(૫) જાહેર કરે છે કે એવી રીતે **સિંગવડ તાલુકા** પંચાયતમાં નિમાયેલા **લીમખેડા તાલુકા** પંચાયતના સભ્યો, **લીમખેડા તાલુકા** પંચાયતની બાકીની મુદત સુધી હોદ્દા ધરાવશે.

અનુસૂચિ

લીમખેડા તાલુકા પંચાયતના વિભાજનને કારણે **સિંગવડ તાલુકા** પંચાયતમાં સમાવિષ્ટ કરેલ વિસ્તારોની વિગતો અને અન્ય માહિતી.

અનુ–ક્રમાંક	**કોલમ નં.૩–માં દર્શાવેલ સિંગવડ તાલુકા પંચાયતના મતદાર વિભાગોના પ્રતિનિધિઓના નામ અને સરનામા.**	**તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર.**	**વિસ્તારોની વિગતો.**
(૧)	**(૨)**	**(૩)**	**(૪)**
૧.	કાશીબેન બુધાભાઈ પટેલ, મુ.પો.છાપરવડ	૩–છાપરવડ (સામાજિક અને શૈક્ષણિક	છાપરવડ લિંબોદરા

		રીતે પછત વર્ગ–સ્ત્રી)	વાઘનલા બારેલા પાલ્લા નવાગામ પતંગડી ખુદરા
૨.	શાંતાબેન ઘનાભાઇ બૈણિયા, મુ. જામદરા, પો. તોચણી	૧૪–મછેલાઇ (સામાન્ય–સ્ત્રી)	મછેલાઇ ઢબુડી કેસરપુર કુમપુર ઝરોલા(રંઘીકપુર) જામદરા
૩.	લાલસિંગભાઇ કાનજીભાઇ બારીયા, મુ.પો.મંડેર	૧૫–મંડેર(૨) (અનુસૂચિત આદિજાતિ)	મંડેર બરોડા વડાપીપલી કેલકૂવા માતાના પલ્લા મલેકપુર
૪.	વિમલભાઇ ગોરઘનભાઇ તવિયાડ, મુ.પો.મેથાણ	૧૭–મેથાણ (અનુસૂચિત આદિજાતિ)	મેથાણ મોટા આંબલિયા
૫.	સુમિત્રાબેન રૂપસિંહ મછાર, મુ.રાઠોડના ડુંગરપુર, પો.અગારા(રંઘીકપુર)	૨૦–નાની સંજેલી (અનુસૂચિત આદિજાતિ – સ્ત્રી)	નાની સંજેલી પાંતા રાઠોડના ડુંગરપુર ભૂતખેડી નવીપુરી ચાચકપુર
૬.	રોહિતભાઇ લક્ષ્મુભાઇ પરમાર, મુ.પો.પીપલિયા(રંઘીકપુર)	૨૪–પીપલિયા(રંઘીકપુર) (અનુસૂચિત આદિજાતિ)	પીપલીયા(રંઘીકપુર) જેતપુર(રંઘીકપુર) ઘામણતારી રાણીપુરા કાલિયાગોટા(કોટા) આરોડા

૭.	ચતુરભાઇ કાનજીભાઇ કિશોરી, મુ.પો.રંઘીકપુર.	૨૬–રંઘીકપુર (અનુસૂચિત આદિજાતિ)	રંઘીકપુર સાકરિયા નાના આંબલિયા સુરપુર(રંઘીકપુર) ભાણપુર(રંઘીકપુર)
૮.	શાંતાબેન અલકેશભાઇ હઠિલા, મુ.પો.સરજુમી	૨૭–સરજુમી (અનુસૂચિત આદિજાતિ – સ્ત્રી)	સરજુમી ઝોલિયાપાડા ફોફણ હીરાપુર પાણીવેલા કટારાની પલ્લી
૯.	ઉષાબેન આપસીંગભાઇ આમલીયાર, મુ.પો.ફૂલપરી	૨૮–સિંગાપુર (અનુસૂચિત આદિજાતિ – સ્ત્રી)	સિંગાપુર મુનાવાણી કાલિયારઇ સણગિવા
૧૦.	કલ્યાણસિંહ ભેમાભાઇ બારિયા, મુ.પિસોઇ પો.સિંગવડ	૨૯–સિંગવડ (સામાન્ય)	સિંગવડ બોરગોટા દાસા પિસોઇ
૧૧.	જશોદાબેન હિંમતભાઇ નિસરતા, મુ.પો.સુડિયા	૩૦– સુડિયા (અનુસૂચિત આદિજાતિ – સ્ત્રી)	સુડિયા છાપરી કરમાદી જામરી ચોકી અનોપપુરા
૧૨.	કીકલીબેન કાળુભાઇ બારિયા, મુ.તારવી પો.સુડિયા	૩૧– તારવી (અનુસૂચિત આદિજાતિ – સ્ત્રી)	અગારા(રંઘીકપુર) હાંડી
૧૩.	મોહનસિંહ બળવંતસિંહ પટેલ, મુ.પો.ચુંદડી	૩૩– વાલાગોટા (સામાન્ય)	વાલાગોટા ચુંદડી ખુંટા

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વનરાજસિંહ પઢારિયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

Under

The Gujarat Panchayats Act, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૬મી જુલાઇ, ૨૦૧૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી/૨૦૧૭ નો ૨૭/એનટીપી/૧૦૨૦૧૭/૪૨૦૭૨૭/જે:– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૨ની પેટા–કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર, ગુજરાત સરકાર, આથી, આદેશ કરે છે કે નવેસરથી રચાયેલ **સિંગવડ તાલુકા** પંચાયતનું મુખ્ય મથક **સિંગવડ** ખાતે રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વનરાજસિંહ પઢારિયા,
સરકારના નાયબ સચિવ.

———————

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No.315

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, NOVEMBER 20, 2017/KARTIKA 29, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૦મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**- ના (૧) તારીખ : **૧૨/૦૪/૨૦૧૭**ના જાહેરનામા ક્રમાંક :જીપી-૧૮-એમકેએમ-૧૦૨૦૦૯-૧૬-છ, અને (૨) તારીખ : **૧૧/૦૫/૨૦૧૭**ના જાહેરનામા ક્રમાંક :જીપી-૧૯-એમકેએમ-૧૦૨૦૦૯-૧૬-છ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ssd\M\All Gazatte BackUp\2017\Extra Ordinary\Extra-2017\IX\IX Ex.315Amendmenttolecturer22-11-2017_SBP.doc

INDEX

Notification
Regarding
Amendment to the Lecturer, (Selection Scale) (Professor), Class I, in Gujarat Ayurved Service, in the Government Ayurvedic Colleges, Recruitment Rules, 2016.

ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી
જાહેરનામું.
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૨મી એપ્રિલ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીપી–૧૮–એમકેએમ–૧૦૨૦૦૯–૧૬–છ:–ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુક મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ)(પ્રાધ્યાપક),વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક),વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ (જેનો આમાં હવે પછી,"સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, વિદ્યમાન "એનેક્ષર ૧" ને બદલે,નીચેનું"એનેક્ષર ૧" મૂકવું:–

એનેક્ષર ૧

ક્રમાંક.	વિષય	શિક્ષણ/ લાયકાત	અનુભવ
"(૧)	(૨)	(૩)	(૪)
૧	સંહિતા	એમ.ડી. (સંહિતા)	સંહિતામાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા સંહિતામાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૨	રચના શારીર	એમ.ડી. (રચના શારીર)	રચના શારીરમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા રચના શારીરમાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૩	ક્રિયા શારીર	એમ.ડી. (ક્રિયા શારીર)	ક્રિયા શારીરમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા ક્રિયા શારીરમાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે

ક્રમાંક.	વિષય	શિક્ષણ/ લાયકાત	અનુભવ
''(૧)	(૨)	(૩)	(૪)
૩	ક્રિયા શરીર	એમ.ડી. (ક્રિયા શરીર)	અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૪	દ્રવ્યગુણ	એમ.ડી. (દ્રવ્યગુણ)	દ્રવ્યગુણમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા દ્રવ્યગુણમાં વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદઅથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૫	રસશાસ્ત્ર અને ભૈષજ્યકલ્પના	એમ.ડી. (રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના)	રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પનામાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પનામાં વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૬	રોગનિદાન અને વિકૃતિ વિજ્ઞાન	એમ.ડી. (રોગનિદાન અને વિકૃતિ વિજ્ઞાન)	રોગનિદાન અને વિકૃતિ વિજ્ઞાનમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા રોગનિદાન અને વિકૃતિ વિજ્ઞાનમાં વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૭	સ્વસ્થવૃત્ત	એમ.ડી. (સ્વસ્થવૃત્ત)	સ્વસ્થવૃત્તમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા સ્વસ્થવૃત્તમાં વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૮	અગદતંત્ર અને વિધિ આયુર્વેદ	એમ.ડી. (અગદતંત્ર અને વિધિ આયુર્વેદ)	અગદતંત્ર અને વિધિ આયુર્વેદમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા અગદતંત્ર અને વિધિ આયુર્વેદમાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ

ક્રમાંક.	વિષય	શિક્ષણ/ લાયકાત	અનુભવ
''(૧)	(૨)	(૩)	(૪)
			રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૯	પ્રસૂતિ અને સ્ત્રી રોગ	એમ.ડી./એમ. એસ. (પ્રસૂતિ અને સ્ત્રી રોગ)	પ્રસૂતિ અને સ્ત્રી રોગમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા પ્રસૂતિ અને સ્ત્રી રોગમાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૧૦	કૌમાર ભૃત્ય (બાળરોગ)	એમ.ડી. (કૌમાર ભૃત્ય)	કૌમાર ભૃત્યમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા કૌમાર ભૃત્યમાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૧૧	કાયા ચિકિત્સા	એમ.ડી. (કાયા ચિકિત્સા)	કાયા ચિકિત્સામાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા કાયા ચિકિત્સામાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૧૨	શલ્ય તંત્ર	એમ.ડી./એમ. એસ. (શલ્ય તંત્ર)	શલ્ય તંત્રમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા શલ્ય તંત્રમાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૧૩	શલાક્ય તંત્ર	એમ.ડી./એમ. એસ. (શલાક્ય તંત્ર)	શલાક્ય તંત્રમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા શલાક્ય તંત્રમાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.
૧૪	પંચકર્મ	એમ.ડી. (પંચકર્મ)	પંચકર્મમાં અધ્યાપનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ અથવા પંચકર્મમાં વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) (રીડર) તરીકે

ક્રમાંક.	વિષય	શિક્ષણ/ લાયકાત	અનુભવ
''(૧)	(૨)	(૩)	(૪)
			અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા પાંચ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.''.

૩. સદરહુ નિયમોમાં, એનેક્ષર–૨–માં,

(૧) અનુક્રમાંકપ અને ૮ પરની નોંધોને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

'' ૫	ક્રિયા શરીર	આયુર્વેદ સંહિતા અને સિદ્ધાંત અથવા કાયાચિકિત્સા
૮	બાળરોગ	પ્રસૂતિ અને સ્ત્રી રોગ અથવા કાયા ચિકિત્સા''

(૨) અનુક્રમાંક–૧૦ પરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:–

''૧૧	પ્રસૂતિ અને સ્ત્રી રોગ	શલ્ય તંત્ર''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

Amendment to the Lecturer (Senior Scale) [Reader (Ayurved)], Class I, in the Government Ayurvedic Colleges, in Gujarat Ayurved Service, Recruitment Rules, 2016.

ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગાર ધોરણ) [રીડર(આયુર્વેદ)], વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૧મી મે, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીપી–૧૯–એમકેએમ–૧૦૨૦૦૯–૧૬–છ:–ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ)[રીડર(આયુર્વેદ)],વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)],વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)], વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, વિદ્યમાન "એનેક્ષર ૧" ને બદલે, નીચેનું "એનેક્ષર ૧" મૂકવું:–

એનેક્ષર ૧

ક્રમાંક	વિષય	શિક્ષણ/ લાયકાત	અનુભવ
(૧)	(૨)	(૩)	(૪)
૧	સંહિતા	એમ.ડી. (સંહિતા)	સંહિતામાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૨	રચના શરીર	એમ.ડી. (રચના શરીર)	રચના શરીરમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૩	ક્રિયા શરીર	એમ.ડી. (ક્રિયા શરીર)	ક્રિયા શરીરમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૪	દ્રવ્યગુણ	એમ.ડી. (દ્રવ્યગુણ)	દ્રવ્યગુણમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૫	રસશાસ્ત્ર અને ભૈષજ્યકલ્પના	એમ.ડી. (રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના)	રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પનામાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૬	રોગનિદાન અને વિકૃતિ વિજ્ઞાન	એમ.ડી. (રોગનિદાન અને વિકૃતિ વિજ્ઞાન)	રોગનિદાન અને વિકૃતિ વિજ્ઞાનમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.

ક્રમાંક	વિષય	શિક્ષણ / લાયકાત	અનુભવ
(૧)	(૨)	(૩)	(૪)
૭	સ્વસ્થવૃત્ત	એમ.ડી. (સ્વસ્થવૃત્ત)	સ્વસ્થવૃત્તમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૮	અગદતંત્ર અને વિધિ આયુર્વેદ	એમ.ડી. (અગદતંત્ર અને વિધિ આયુર્વેદ)	અગદતંત્ર અને વિધિ આયુર્વેદમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૯	પ્રસૂતિ અને સ્ત્રી રોગ	એમ.ડી./એમ.એસ. (પ્રસૂતિ અને સ્ત્રી રોગ)	પ્રસૂતિ અને સ્ત્રી રોગમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૧૦	કૌમાર ભૃત્ય	એમ.ડી. (કૌમાર ભૃત્ય)	કૌમાર ભૃત્યમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૧૧	કાયા ચિકિત્સા	એમ.ડી. (કાયા ચિકિત્સા)	કાયા ચિકિત્સામાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૧૨	શલ્ય તંત્ર	એમ.ડી./એમ.એસ. (શલ્ય તંત્ર)	શલ્ય તંત્રમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૧૩	શલાક્ય તંત્ર	એમ.ડી./એમ.એસ. (શલાક્ય તંત્ર)	શલાક્ય તંત્રમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર

ક્રમાંક	વિષય	શિક્ષણ / લાયકાત	અનુભવ
(૧)	(૨)	(૩)	(૪)
			અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.
૧૪	પંચકર્મ	એમ.ડી. (પંચકર્મ)	પંચકર્મમાં અધ્યાપનનો ઓછામાં ઓછો પાંચવર્ષનો અનુભવ અથવા માન્ય જર્નલમાં ઓછામાં ઓછા ત્રણ પેપર પ્રકાશિત થવા સાથેનો કેન્દ્ર સરકારની સંશોધન પરિષદ અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા યુનિવર્સિટી અથવા રાષ્ટ્રીય સંસ્થામાં નિયમિત નોકરીમાં સંશોધનનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.''.

૩. સદરહુ નિયમોમાં, એનેક્ષર–૨–માં,–

(૧) અનુક્રમાંક ૫ અને ૮ પરની નોંધોને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

'' ૫	ક્રિયા શરીર	આયુર્વેદ સંહિતા અને સિદ્ધાંત અથવા કાયા ચિકિત્સા
૮	બાળરોગ	પ્રસૂતિ અને સ્ત્રી રોગ અથવા કાયા ચિકિત્સા''

(૨) અનુક્રમાંક–૧૦ પરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:–

''૧૧	પ્રસૂતિ અને સ્ત્રી રોગ	શલ્ય તંત્ર''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એલ. ખાંટ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No.316

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, NOVEMBER 21, 2017/KARTIKA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ** -ના તારીખ: **૪થી માર્ચ ૨૦૧૭**ના જાહેરનામા ક્રમાંક :જીએસ / ૨૦૧૭ / ૦૭ / એએકે / ૧૦૨૦૧૪ / ૭૮૦ / એસ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The DeputyDirector in the Gujarat Statistical Services, Class I, (Special Competitive Examination)Rules, 2017.

ગુજરાત આંકડાશાસ્ત્ર સેવાઓમાં,નાયબ નિયામક, વર્ગ ૧ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો,૨૦૧૭ સંબંધી જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૪થી માર્ચ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.જીએસ/૨૦૧૭/૦૭/એએકે/૧૦૨૦૧૪/૭૮૦/એસઃ– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–માં, ગુજરાત આંકડાશાસ્ત્ર સેવાઓમાં, નાયબ નિયામક, વર્ગ ૧–ની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ–

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભઃ–

(૧) આ નિયમો ગુજરાત આંકડાશાસ્ત્ર સેવાઓમાં, નાયબ નિયામક, વર્ગ ૧ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે,રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે, ગુજરાત આંકડાશાસ્ત્ર સેવાઓમાં, નાયબ નિયામક, વર્ગ ૧ ભરતી નિયમો, ૨૦૧૨ (જેનો આમાં, હવે પછી, "સદરહુ ભરતી નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના નિયમ ૩–ના ખંડ (ક)ના પેટા–ખંડ (ખ) હેઠળ નાયબ નિયામક,વર્ગ ૧–(ની જગા ઉપર) તરીકે નિમણૂક પામવાને પાત્ર હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યાઃ–

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો–

ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

ખ) "આયોગ" એટલે ગુજરાત જાહેર સેવા આયોગ (જી.પી.એસ.સી.);

ગ) "નિયામક" એટલે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગાંધીનગર;

ઘ) "પરીક્ષા"એટલે સદરહુ ભરતી નિયમોના નિયમ ૩–ના ખંડ (ક)ના પેટા–ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલ વ્યક્તિને, ગુજરાત આંકડાશાસ્ત્ર સેવામાં,નાયબ નિયામક, વર્ગ ૧–ની જગા ઉપર બઢતી આપવાના હેતુથી, આ નિયમો હેઠળ આયોગે યોજેલી ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા;

ચ) "સરકાર"એટલે ગુજરાત સરકાર.

છ) "પ્રશ્નપત્ર" એટલે પરિશિષ્ટ–૧માં નિર્દિષ્ટ કરેલ પરીક્ષાના પ્રશ્નપત્રો પૈકીનું કોઇ પ્રશ્નપત્ર.

૩. ઉમેદવારોની વિગત દર્શાવતું પત્રક.–

સામાન્ય વહીવટ વિભાગે,તે વર્ષમાં યોજાનાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા પાત્ર ઉમેદવારોની વિગતો દર્શાવતું પત્રક, દર વર્ષે તારીખ ૧લી ફેબ્રુઆરી પહેલાં આયોગને મોકલવું જોઇશે.

૪.પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતાઃ–

સન ૨૦૧૨ના ભરતી નિયમો હેઠળ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧–ની જગા ઉપર બઢતી માટે જરૂરી લાયકાતો અને અનુભવ ધરાવતા હોય તેવા, ગુજરાત આંકડાશાસ્ત્ર સેવામાં હોય તેવા સંશોધન અધિકારી, વર્ગ ૨, પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર (લાયક) ગણાશે.

૫. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.–

(ક) (૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા પાત્ર ઉમેદવારે, "સચિવશ્રી, જી.પી.એસ.સી."ની તરફેણમાં લખેલા ક્રોસ કરેલા ભારતીય પોસ્ટલ ઓર્ડરના સ્વરૂપમાં, રાજ્ય સરકાર દ્વારા

INDEX

વખતોવખત નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે, પરિશિષ્ટ–૨–માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં, નિયામકને અરજી કરવી જોઇશે.

(૨) નિયામક,અરજીપત્રકની વિગતોની ખરાઇ કરશે અને પરિશિષ્ટ–૨–માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં, પરીક્ષામાં ઉપસ્થિત રહેવા અંગેની ઉમેદવારની પાત્રતા પ્રમાણિત કરશે.

(ખ) એક વખત ભરી દીધેલી ફી, રિફંડ (પરત) કરવામાં આવશે નહિ અથવા તે ફી,ત્યાર પછીની પરીક્ષા માટે રોકી (અટકાવી) રાખવામાં આવશે નહિ.

૬. પરીક્ષા યોજવા બાબત.–

આયોગ, સામાન્ય રીતે અમદાવાદ અથવા ગાંધીનગર ખાતે પરીક્ષા યોજશે. ઉમેદવારે, લેખિત પરીક્ષામાં અને ઇન્ટરવ્યૂ (રૂબરૂ મૂલાકાત)માં, સ્વ–ખર્ચે ઉપસ્થિત રહેવું પડશે.

૭. પરીક્ષાનો અભ્યાસક્રમ.–

પરીક્ષામાં, પરિશિષ્ટ–૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ૪ (ચાર) પ્રશ્નપત્રોનો સમાવેશ થશે. પરીક્ષાનું ધોરણ અને અભ્યાસક્રમ આયોગ દ્વારા ઠરાવવામાં અને જાહેર કરવામાં આવે તેવો રહેશે.

૮. પરીક્ષાનું માધ્યમ.–

અંગ્રેજી પ્રશ્નપત્ર સિવાય, પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

૯. પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.–

પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ, આયોગે વખતોવખત નક્કી કર્યા પ્રમાણેનું રહેશે.

લેખિત પરીક્ષામાં એવા લઘુતમ લાયકી ગુણ મેળવે તેવા ઉમેદવારને રૂબરૂ મુલાકાત કસોટી માટે બોલાવવામાં આવશે. રૂબરૂ મુલાકાત કસોટી માટે બોલાવવાના ઉમેદવારની સંખ્યા, ખાલી જગાની સંખ્યાથી આશરે ત્રણ ગણી હોવી જોઇશે. રૂબરૂ મુલાકાત કસોટી કોઇપણ લઘુતમ લાયકી ગુણ સિવાય ૬૦ ગુણની રહેશે.

લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાત કસોટીમાં, ઉમેદવારે મેળવેલા ગુણ પરથી તેમનો આખરી (ગુણવત્તા) ક્રમ નક્કી થશે.

૧૦. પરિણામની પ્રસિદ્ધિ.–

આયોગ, પરીક્ષાનું પરિણામ આયોગના નોટિસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરશે. તે પરિણામ,સામાન્ય વહીવટ વિભાગને મોકલશે, જે (સામાન્ય વહીવટ વિભાગ), તેને રાજપત્રમાં પ્રસિધ્ધ કરશે.

૧૧. ગુણ અને ગુણપત્રકની ફેરચકાસણી.–

(ક) પરીક્ષાના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઇચ્છતો ઉમેદવાર, પરીક્ષાનું આખરી પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, દરેક પ્રશ્નપત્ર માટે આયોગ નક્કી કરે તેટલી ફી સાથે આયોગને અરજી કરી શકશે.

(ખ) લેખિત પરીક્ષાનું પોતાનું ગુણપત્રક મેળવવા ઇચ્છતા ઉમેદવાર, આયોગ નક્કી કરે તેટલી ફી સાથે પરીક્ષાનું આખરી પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર,આયોગને અરજી કરી શકશે.

૧૨. પરીક્ષા ખંડમાં અમુક સાધનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ.–

ઉમેદવારને, પરીક્ષા ખંડમાં સેલ્યુલર ફોન, કૅલ્ક્યુલેટર (ગણક યંત્ર),પેજર, લેપટોપ વગેરે જેવા કોઇ ઇલેક્ટ્રોનિક સંદેશા–વ્યવહારના સાધનો પોતાની સાથે લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૩. સફળ ઉમેદવારોની બઢતી અને નિયુક્તિ.–

નિયમ ૧૦ હેઠળ જાહેર થયેલા પરિણામને આધારે, સદરહુ નિયમો હેઠળ બઢતી માટે અન્યથા યોગ્ય હોય તેવા સફળ ઉમેદવારને, ગુણવત્તાક્રમ અનુસાર જુદા–જુદા વિભાગો/કચેરીઓમાં, નાયબ નિયામક, વર્ગ ૧ તરીકે બઢતી આપવી જોઇશે.

પરિશિષ્ટ ૧

વિભાગ–૧

(જુઓ નિયમ ૭)

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, નાયબ નિયામક, વર્ગ–૧ની જગા પર બઢતી દ્વારા નિમણૂક આપવા માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાની પદ્ધતિ અને વિષયો.–

પ્રશ્નપત્ર ક્રમાંક	વિષય	ગુણ	સમયગાળો
૧.	ગુજરાતી	૧૦૦	૩ કલાક
૨.	અંગ્રેજી	૧૦૦	૩ કલાક
૩.	રાજ્ય આયોજન અને વહીવટ	૧૦૦	૩ કલાક
૪.	ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર	૨૦૦	૩ કલાક

નોંધ :

૧. ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના ગુજરાતી વિષય (ઉચ્ચ સ્તર)ને સમકક્ષ રહેશે.

૨. અંગ્રેજીના પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના અંગ્રેજી વિષય (નિમ્ન સ્તર)ને સમકક્ષ રહેશે.

૩. પ્રશ્નપત્ર ૪નું ધોરણ અને અભ્યાસક્રમનું વિષયવસ્તુ પદવી કક્ષાનું રહેશે.

૪. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

૫. પરીક્ષાના પ્રશ્નપત્રો વર્ણનાત્મક પ્રકારના રહેશે.

વિભાગ ૨

ઇન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) – ૬૦ ગુણ

પરિશિષ્ટ ૨

(જુઓ નિયમ ૫)

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, નાયબ નિયામક, વર્ગ ૧–ની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.

અરજીનો નમૂનો

૧. અરજદારનું પૂરું નામ (અટક પહેલાં) :–
(અંગ્રેજી અને ગુજરાતીમાં).

૨. હોદ્દો (અંગ્રેજી અને ગુજરાતીમાં). :–

૩. હાલમાં જે ઓફિસ (કચેરી)માં સેવા બજાવતા હોય તેનું નામ. :–

૪. જન્મ તારીખ અને ઉંમર. :–

૫. હાલના સંવર્ગમાં નિમણૂકની તારીખ અને સેવાના કુલ વર્ષ. :–

૬. હાલના સંવર્ગમાં સળંગ પાંચ વર્ષની સેવા પૂરી કર્યાની તારીખ. :–

૭. સંશોધન અધિકારી, વર્ગ ૨, સંવર્ગની પ્રવરતા યાદીમાં પ્રવરતા ક્રમાંક. :–

૮. શૈક્ષણિક લાયકાતો :–

ક. પદવીનું નામ :–

ખ. પરીક્ષા પાસ કર્યાનું વર્ષ :–
(ગુણપત્રક અને પદવી પ્રમાણપત્રની પ્રમાણિત ખરી નકલો જોડવી)

૯. તમે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર છો? (જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલો જોડવી) :–

૧૦. પરીક્ષા ફી : આઇ.પી.ઓ. નં:_____ :–
રકમ રૂપિયામાં :_____
(આઇ.પી.ઓ. જોડવો)

INDEX

૧૧. ઉમેદવારે, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલ છે કે કેમ? જો હા, તો વિગતો આપો..... :–

પરીક્ષાનું નામ :–

પાસ કર્યાનો મહિનો અને વર્ષ

૧૪. વિશેષ નોંધ, કોઇ હોય તો તે. :–

સ્થળ :_____

તારીખ :_____

_____

અરજદારની સહી

INDEX

યોગ્યતા પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની ગુજરાત આંકડાશાસ્ત્ર સેવા, વર્ગ–૨–માં, સંશોધન અધિકારી, વર્ગ ૨, શ્રી/શ્રીમતિ/કુ._____ગુજરાત આંકડાશાસ્ત્ર સેવામાં,નાયબ નિયામક, વર્ગ ૧ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૫ની જોગવાઇઓ હેઠળ યોજવામાં આવનાર ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા પાત્ર છે, અને તેણે ભારતીય પોસ્ટલ ઓર્ડરથી રૂા._____ ની પરીક્ષા ફી ભરેલી છે. અરજીપત્રકમાં આપેલી માહિતી, વિભાગના રેકર્ડ સાથે ચકાસણી કરીને ખરાઇ કરેલ છે અને તે સાચી હોવાનું જણાયેલ છે.

સ્થળ :_____
તારીખ :_____

_____
નિયામક
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

* લાગુ ન પડતું હોય તે છેકી નાખવું.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.જે.પટેલ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 317 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, NOVEMBER 22, 2017/AGRAHAYANA 1, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **માર્ગ અને મકાન વિભાગ**–ના તારીખ: **૧૨મી એપ્રિલ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીજે/૩/૨૦૧૭/ઇએસટી/૧૨૨૦૦૮/૨૭૩૨/૪૪/(૩)જી.–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ACER-2\Work-2017\Extra Ordinary\IX\Ex. 317 R & B Electrician Refrigerating Mechanics Lift Mechanics Dept..@..Dt..23-11-17.doc

INDEX

Notification

Regarding

The Electrician/Refrigerating Mechanics/Lift Mechanics, Class III, under the Roads and Buildings Department, Recruitment Rules, 2017.

માર્ગ અને મકાન વિભાગ હેઠળ, ઈલેક્ટ્રિશિયન/રેફ્રિજરેટિંગ મિકેનિક/લિફ્ટ મિકેનિક, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૨મી એપ્રિલ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીજે/૩/૨૦૧૭/ઈએસટી/૧૨૨૦૦૮/૨૭૩૨/૪૪(૩)/જી:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, ઈલેક્ટ્રિશિયન/રેફ્રિજરેટિંગ મિકેનિક/લિફ્ટ મિકેનિક, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો માર્ગ અને મકાન વિભાગ હેઠળ, ઈલેક્ટ્રિશિયન/રેફ્રિજરેટિંગ મિકેનિક/લિફ્ટ મિકેનિક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, ઈલેક્ટ્રિશિયન/રેફ્રિજરેટિંગ મિકેનિક/લિફ્ટ મિકેનિક, વર્ગ ૩ની જગા પરની નિમણૂક,–

(૧) જેણે માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, હેડ વાયરમેન, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કરેલું હોય અથવા માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, હેડ વાયરમેન, વર્ગ ૩ અને/અથવા વાયરમેન, વર્ગ ૩ના સંવર્ગમાં આશરે દસ વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોય;

(૨) ઈલેક્ટ્રિકલ સુપરવાઈઝર (વીજળી અવેક્ષક)ની પરીક્ષા પાસ કરેલી હોય અથવા ગુજરાત રાજ્ય હેઠળના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સચિવ, પરવાના બોર્ડ દ્વારા કાઢી આપવામાં આવેલું યોગ્યતાનું પ્રમાણપત્ર ધરાવતો હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે–તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રમેશ પટેલ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No.318 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, NOVEMBER 22, 2017/AGRAHAYANA 1, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૨મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના**-ના તારીખ: **૩૦મી ઓગસ્ટ ૨૦૧૭**ના જાહેરનામા ક્રમાંક : જીપી-૪૧-એમકેએમ-૧૦૨૦૦૯-૧૯૦૩-છ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ssd\M\All Gazatte BackUp\2017\Extra Ordinary\Extra-2017\IX\IX Ex.318Amendmenttolecturer23-11-2017_SBP.doc

INDEX

Notification

Regarding

Amendment to the Administrative Officer, Class-I, Gujarat Ayurved Service Recruitment Rules, 2016.

વહીવટી અધિકારી, વર્ગ–૧,ગુજરાત આયુર્વેદ સેવા ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૩૦મી ઓગસ્ટ,૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીપી–૪૧–એમકેએમ–૧૦૨૦૦૯–૧૯૦૩–છ:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી,વહીવટી અધિકારી, વર્ગ–૧, ગુજરાત આયુર્વેદ સેવા ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો,વહીવટી અધિકારી, વર્ગ–૧, ગુજરાત આયુર્વેદ સેવા ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. વહીવટી અધિકારી, વર્ગ–૧, ગુજરાત આયુર્વેદ સેવા ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૩માં, ખંડ (ખ)માં, પેટા–ખંડ (૩)માં– "કચેરી અધિક્ષક, વર્ગ ૩ અથવા મુખ્ય કારકુન, વર્ગ ૩ની જગા" એ શબ્દોને બદલે, "કચેરી અધિક્ષક/ મુખ્ય કારકુનથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. ડી. ચૌધરી,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 319

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER 24, 2017/AGRAHAYANA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **માર્ગ અને મકાન વિભાગ**–ના તારીખ: **૧લી જૂન, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીજે/૬/૨૦૧૭/ઈએસટી/૧૨૨૦૧૦/૪/જી.–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Assistant Superintendent (Division)/ Assistant Superintendent (Circle), Class III, in the subordinate service of the Roads and Buildings Department Recruitment Rules, 2017.

માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, મદદનીશ અધીક્ષક (પ્રભાગ/ડિવિઝન)/ મદદનીશ અધીક્ષક (વર્તુળ/સર્કલ), વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી જૂન, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીજે/૬/૨૦૧૭/ઈએસટી/૧૨૨૦૧૦/૪/જી:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, મદદનીશ અધીક્ષક (પ્રભાગ/ડિવિઝન)/ મદદનીશ અધીક્ષક (વર્તુળ/સર્કલ), વર્ગ–૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, મદદનીશ અધીક્ષક (પ્રભાગ/ડિવિઝન)/ મદદનીશ અધીક્ષક (વર્તુળ/સર્કલ), વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મદદનીશ અધીક્ષક (પ્રભાગ/ડિવિઝન)/ મદદનીશ અધીક્ષક (વર્તુળ/સર્કલ), વર્ગ–૩ની જગા ઉપરની નિમણૂક,–

(૧) જેણે માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર કારકુન અથવા સિનિયર કારકુન (ભંડાર/સ્ટોર) અથવા સિનિયર કારકુન (હિસાબ), વર્ગ ૩– ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યકિત, બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ટી. પી. મહેતા,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 320

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER 24, 2017/AGRAHAYANA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૭મી ઓક્ટોબર, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચએન-(૯૪)પીઆર-૨૦૧૭(૨)-ઠ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન. શેખ,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Bombay Partnership Rules, 1932.

મુંબઇ ભાગીદારી નિયમો,૧૯૩૨ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય,ગાંધીનગર, તારીખ: ૭મી ઓક્ટોબર,૨૦૧૭.

ભારતનો ભાગીદરી અધિનિયમ, ૧૯૩૨.

ક્રમાંક: જીએચએન(૯૪) પીઆર-૨૦૧૭(૨)-ઠ:- ભારતના ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સન ૧૯૩૨ના ૯મા)ની કલમ ૭૧ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, નાણા વિભાગના તારીખ:૧૧મી ઓગસ્ટ, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક:(જીએચએન-૬૭)પીઆર-૨૦૧૭(૧)-ઠ હેઠળ તારીખ: ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૭ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-બી-માં, પાના ૩૪૬-માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધો અથવા સૂચન મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, સરકારને કોઈ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ભારતના ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સન ૧૯૩૨ના ૯મા)ની કલમ ૭૧ની પેટા-કલમ (૨)-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઇ ભાગીદારી નિયમો, ૧૯૩૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો મુંબઇ ભાગીદારી (ગુજરાત સુધારા) નિયમો,૨૦૧૭ કહેવાશે.

(૨) તે ગુજરાત રાજ્યને લાગુ પડશે.

૨. મુંબઈ ભાગીદારી નિયમો, ૧૯૩૨માં, નિયમ ૩ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"**૩ક.નોંધણી**-અરજી યોગ્ય રીતે કરવામાં આવી હોય અને નમૂના-ક-માં જણાવેલી જરૂરિયાતો અંગે રજિસ્ટ્રારને ખાતરી કે સંતોષ થાય, તો અરજી મળ્યાની તારીખથી કામકાજના એક દિવસની અંદર, આવી નોંધણી કર્યા અંગેની નોંધ રજિસ્ટરમાં કરવી જોઇશે".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 321

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER 24, 2017/AGRAHAYANA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**-ના (૧) તારીખ : ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જીએચ/ કેએચ/ ૧૮૨/ ૨૦૧૭/ ટીએલએમ/ ૧૦૨૦૧૭/ ૧૨/કે.૭, (૨) તારીખ : ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/ ૨૧૨/ ૨૦૧૭/ ૫૨૫/ ૧૨૨૦૧૭/ ૧૩૭૫/પી.૧, અને (૩) તારીખ : ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/ ૨૧૩/ ૨૦૧૭/ ૫૨૫/ ૧૨૨૦૧૭/૧૩૭૫/પી.૧.-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ જીએચ/કેએચ/૧૮૨/૨૦૧૭/ટીએલએમ/૧૦૨૦૧૭/૧૨/–કે.૭:- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો(જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિ નિયામક મારફત, એજીઆર-૨, કૃષિ વિષયક માનવ શ્રમકાર્યને સરળ બનાવવા માટે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિના ખેડૂતો સિવાયના નાના અને સીમાંત ખેડૂતોને નાણાકીય સહાય કરવાના ઉદ્દેશથી, નાના અને સીમાંત ખેડૂતોને હેન્ડ ટૂલ (હાથ ઓજાર) કિટ માટેની સહાય જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, **કૃષિ નિયામકે,** વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જઈશે:-

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો-

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ ૨-ના પેટા-પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,-

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:-

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, **કૃષિ નિયામક** મારફત, યોજનાના અમલીકરણનો ઠવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) એજીઆર-૨, અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિના ખેડૂતો સિવાયના નાના અને સીમાંત ખેડૂતોને હેન્ડ ટુલ (હાથ ઓજર) કિટ માટેની સહાયના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો **કૃષિ નિયામકે**, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા એજીઆર-૨, અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિના ખેડૂતો સિવાયના નાના અને સીમાંત ખેડૂતોને હેન્ડ ટૂલ (હાથ ઓજર) કિટ માટેની સહાયના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો **કૃષિ નિયામકને** આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. ડી. દવે,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ જીએચકેએચ-૨૧૨-૨૦૧૭-પરચ-૧૨૨૦૧૭-૧૩૭૫-પી.૧:- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, **લાભાર્થીઓ**ના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે,પશુપાલન નિયામક મારફતે, **ઘાસચારાનો બગાડ ઘટાડવા અને ઘાસચારાના કાર્યક્ષમ ઉપયોગના હેતુથી, ગુજરાત રાજ્યના પશુપાલકોને પાવર સંચાલિત ચાફકટર માટે સહાય** જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશેઃ

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, પશુપાલન નિયામકે, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/ મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જઈશે:-

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો-

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ ૨-ના પેટા-પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,-

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:-

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, પશુપાલન નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) **ગુજરાત રાજ્યના પશુપાલકોને પાવર સંચાલિત ચાફકટર માટે સહાયના** લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય,તો પશુપાલન નિયામકે, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા **ગુજરાત રાજ્યના પશુપાલકોને પાવર સંચાલિત ચાફકટર માટે સહાયના** લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો પશુપાલન નિયામક-ને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દીપક એરડા,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ જીએચકેએચ-૨૧૩-૨૦૧૭-૫૨૫-૧૨૨૦૧૭-૧૩૭૫-પી.૧:- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે,પશુપાલન નિયામક મારફતે, ''શુદ્ધ દૂધ ઉત્પાદન'' સંકલ્પના અને પશુઓ દોહવા માટે સમયની બચતને પોત્સાહન આપવાના હેતુથી, **દૂધ ઉત્પાદક સ્તરે સહકારી મંડળીઓ ખાતે ૨૭૫૦ એકમ દોહવાના યંત્ર (મશીન) સ્થાપિત કરવા માટે સહાય(VDCS)** જાહેર કરે છેઃ-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશેઃ

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, પશુપાલન નિયામકે, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશેઃ

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જઈશે:-

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો-

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ ૨-ના પેટા-પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,-

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:-

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, પશુપાલન નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) **દૂધ ઉત્પાદક સ્તરે સહકારી મંડળીઓ ખાતે ૨૭૫૦ એકમ દોહવાના યંત્ર (મશીન) સ્થાપિત કરવા માટે સહાય (VDCS)**ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય,તો પશુપાલન નિયામકે, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા **દૂધ ઉત્પાદક સ્તરે સહકારી મંડળીઓ ખાતે ૨૭૫૦ એકમ દોહવાના યંત્ર (મશીન) સ્થાપિત કરવા માટે સહાય (VDCS)**ના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો પશુપાલન નિયામક-ને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દીપક એરડા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 322

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER 24, 2017/AGRAHAYANA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગ-ના તારીખ : ૨૨મી નવેમ્બર, ૨૦૧૭**ના જાહેરનામા **ક્રમાંક : (જીએચટી/૨૦૧૭/૨૧) એમઆઈએસ/૧૦૨૦૧૭/૨૨૯/એ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Cinemas (Regulation) Act, 2004.
ગુજરાત સિનેમા (નિયમન) અધિનિયમ, ૨૦૦૪ હેઠળ
જાહેરનામું.
માહિતી અને પ્રસારણ વિભાગ,
૨/૯, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૨મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત સિનેમા (નિયમન) અધિનિયમ, ૨૦૦૪.

ક્રમાંકઃ (જીએચટી/૨૦૧૭/૨૧) એમઆઇએસ/૧૦૨૦૧૭/૨૨૯/એઃ– ગુજરાત સરકારને જાહેર હિતમાં અને ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા એમ કરવું જરૂરી જણાય છે;

તેથી, હવે, ગુજરાત સિનેમા (નિયમન) અધિનિયમ, ૨૦૦૪ (સન ૨૦૦૪નો ગુજરાતનો ૨૧મો) (જેનો આમાં હવે પછી,"અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૬ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્યની હકૂમતની અંદર, વાયાકોમ ૧૮ મોશન પિક્ચર્સ અને ભણસાલી પ્રોડક્શન્સ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા નિર્મિત હિન્દી ફિચર ફિલ્મ **"પદ્માવતી"** પર પ્રતિબંધ મૂકે છે.

(૧) આ પ્રદર્શન પર પ્રતિબંધ આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૨) કોઇપણ સિનેમા માલિકો અથવા વિતરકોએ, ગુજરાત રાજ્યની હકૂમતની અંદર, કોઇપણ સિનેમા/ મલ્ટિપ્લેક્સિસ/ વિડિઓ સિનેમા/ ટુરીંગ સિનેમા, વિ.–માં સદરહુ મૂવી (ચલચિત્ર) પ્રદર્શિત કરવું નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ. પટેલ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 323

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER 24, 2017/AGRAHAYANA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ-ના તારીખ : ૧૪/૯/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જીએચ/કેએચ/૧૮૧/૨૦૧૭/બીજેટી/૧૦૨૦૧૬/૩૦૭૯/કે.૭.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: જીએચ/કેએચ/૧૮૧/૨૦૧૭/બીજેટી/૧૦૨૦૧૬/૩૦૭૯/કે.૭:–રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઇચ્છે છે;

અને રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિ નિયામક મારફત,ખેતીવિષયક યંત્રીકરણ મારફતે કૃષિને વધુ નફાકારક બનાવવાના ઉદ્દેશથી એજીઆર-૬૧ એગ્રો સર્વિસ પ્રોવાઇડર યુનિટની સ્થાપના–ને જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, **કૃષિ નિયામક–એ**, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/ મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જઈશે:-

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો-

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ-૨-ના પેટા-પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,-

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઇ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:-

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, **કૃષિ નિયામક** મારફત, યોજનાના અમલીકરણનો ઠવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલબ્ધ નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલબ્ધ કરવામાં આવશે.

(૨) એજીઆર-૬૧ એગ્રો સર્વિસ પ્રોવાઇડર યુનિટની સ્થાપનાના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલબ્ધ ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો **કૃષિ નિયામક-એ**, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવાએજીઆર-૬૧ એગ્રો સર્વિસ પ્રોવાઇડર યુનિટની સ્થાપનાના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. ડી. દવે,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 324

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEBER 24, 2017/AGRAHAYANA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**-ના (૧) તારીખ : ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/ ૧૪૩/ ૨૦૧૭/પીઆરસી/ ૨૦૨૦૧૭/ ૬૪૪/કે.૬,** (૨) તારીખ : ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/ ૧૪૧/ ૨૦૧૭/ પીઆરસી/ ૨૦૨૦૧૭/૬૪૪/કે.૬,** અને (૩) તારીખ : ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/ ૧૭૧/ ૨૦૧૭/ ૫૨ચ/ ૧૦૨૦૧૭/૭૬૨/ટી.**-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.જીએચકેએચ/૧૪૩/૨૦૧૭/પીઆરસી/૨૦૨૦૧૭/૬૪૪/કે.૬:–રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિ નિયામક મારફત,એકમ વિસ્તાર અને આર્થિક સ્થિતિ માટે વધુ ઉત્પાદન મેળવવા માટે સ્થાનિક સંભવિત વાતાવરણમાં ફાર્મ ઇનપુટ્સનો મહત્તમ ઉપયોગ કરવાના લક્ષ્યાંક સાથે તેલીબિયાંના પાકોમાં ઇન્ટરક્રોપિંગ ફાર્મિંગ (આંતરપાક) પદ્ધતિ અંગેના નિદર્શન–ને જાહેર કરે છે:–

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, કૃષિ નિયામકની કચેરી–એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/ મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી

(એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઇશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઇશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,
(૨) મતદાર ઓળખ પત્ર,
(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,
(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,
(૫) ડ્રાઈવિંગ લાઇસન્સ, અથવા
(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઇ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) તેલીબિયાંના પાકોમાં ઇન્ટરક્રોપિંગ ફાર્મિંગ (આંતરપાક) પદ્ધતિના નિદર્શનના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામકે, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા તેલીબિયાંના પાકોમાં ઇન્ટરક્રોપિંગ ફાર્મિંગ (આંતરપાક)પદ્ધતિના નિદર્શનના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.પટેલ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.જીએચકેએચ/૧૪૧/૨૦૧૭/પીઆરસી/૨૦૨૦૧૭/૬૪૪/કે.૬:–રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઇચ્છે છે;

અને રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિ નિયામક મારફત,ખેડૂતોને દેશી કપાસના પ્રમાણિત બીજની સરળ પ્રાપ્યતા માટે અને રાજ્યમાં દેશી કપાસની ઉત્પાદકતા વધારવા માટેની કપાસની વિવિધતાના સ્થાનિક દેશી પ્રમાણિત બીજના ઉત્પાદનની યોજના–ને જાહેર કરે છે:–

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઇચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઇઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઇપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઇઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, કૃષિ નિયામકની કચેરી–એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/ મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી

(એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઇશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઇશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,
(૨) મતદાર ઓળખ પત્ર,
(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,
(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,
(૫) ડ્રાઈવિંગ લાઇસન્સ, અથવા
(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઇ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામ નોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) કપાસની વિવિધતાના સ્થાનિક દેશી પ્રમાણિત બીજના ઉત્પાદનની યોજનાના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામકે, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા કપાસની વિવિધતાના સ્થાનિક દેશી પ્રમાણિત બીજના ઉત્પાદનની યોજનાના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.પટેલ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.જીએચકેએચ-૧૭૧-૨૦૧૭-પરચ-૧૦૨૦૧૭-૭૬૨-ટી:-રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઇચ્છે છે;

અને રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ માછીમારો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફતે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે,નાણાકીય મદદ કરવાના હેતુથી, ૨૦ મીટરથી ઓછી લંબાઈવાળા યાંત્રિક માછીમારી વહાણોના હાઇ સ્પીડ ડીઝલ પર વેચાણ વેરા સહાયકી (સબસિડી) એફ.એસ.એચ.-૧૬ જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઇચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી/લાભાર્થીઓ ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થીઓ, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી-એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/ મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઇશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) ડ્રાઈવિંગ લાઇસન્સ, અથવા

(૪) બાયો–મેટ્રિક કાર્ડ અથવા

(૫) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઇ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) ૨૦ મીટરથી ઓછી લંબાઈવાળા યાંત્રિક માછીમારી વહાણોના હાઇ સ્પીડ ડીઝલ પર વેચાણ વેરા સહાયકી (સબસિડી) એફ.એસ.એચ.–૧૬ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા ૨૦ મીટરથી ઓછી લંબાઈવાળા યાંત્રિક માછીમારી વહાણોના હાઇ સ્પીડ ડીઝલ પર વેચાણ વેરા સહાયકી (સબસિડી) એફ.એસ.એચ.–૧૬ના લાભાર્થીઓ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિપક એરડા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 325 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER 24, 2017/AGRAHAYANA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ**-ના **તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ/૨૦૧૭/ ૧૩ / બીઆરટી/ ૧૦૨૦૧૪/ ૧૦૩૯/ડી.૨.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Industrial Promotion Officer, Class II, in the Commissionerate of Cottage and Rural Industries, Recruitment Rules, 2017.

કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં, ઔદ્યોગિક ઉત્તેજન અધિકારી (ઈન્ડસ્ટ્રિઅલ પ્રમોશન ઓફિસર), વર્ગ–૨, ભરતી નિયમો, ૨૦૧૭

સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ૩૧મી માર્ચ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીયુ/૨૦૧૭/૧૩/બીઆરટી/૧૦૨૦૧૪/૧૦૩૯/ડી.૨: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ઔદ્યોગિક ઉત્તેજન અધિકારી (ઈન્ડસ્ટ્રિઅલ પ્રમોશન ઓફિસર), વર્ગ–૨ ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં,ઔદ્યોગિક ઉત્તેજન અધિકારી (ઈન્ડસ્ટ્રિઅલ પ્રમોશન ઓફિસર), વર્ગ–૨, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ઔદ્યોગિક ઉત્તેજન અધિકારી (ઈન્ડસ્ટ્રિઅલ પ્રમોશન ઓફિસર), વર્ગ–૨–ની જગા પરની નિમણૂક,–

(ક) (૧) જેણે કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજય હેઠળની તાબાની સેવામાં, તકનિકી મદદનીશ (ટેકનિકલ આસિસ્ટન્ટ), વર્ગ– ૩ અથવા કચેરી અધીક્ષક, વર્ગ–૩ના સંવર્ગમાં ઓછામાં ઓછું સાત વર્ષ કામ કર્યું હોય અથવા અધીક્ષક (તાલીમ), વર્ગ–૩ અથવા આર્થિક તપાસનીસ, વર્ગ– ૩–ના સંવર્ગમાં ઓછામાં ઓછું દસ વર્ષ કામ કર્યું હોય:

પરંતુ બઢતીથી ભરવાની જગા, અનુક્રમે તકનિકી મદદનીશ (ટેકનિકલ આસિસ્ટન્ટ), વર્ગ– ૩ અથવા કચેરી અધીક્ષક, વર્ગ– ૩ અને અધીક્ષક (તાલીમ), વર્ગ–૩ અથવા આર્થિક તપાસનીસની જગા પર કામ કરતી વ્યક્તિઓમાંથી ૩:૨–ના પ્રમાણમાં ભરવી જોઈશે;

(૨) સરકારે ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ, બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી

INDEX

વ્યક્તિને, બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૩ ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ–૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,–

(ક) ૩૯ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં,ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનોકોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા મુજબની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ.

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી, સિવિલ એન્જિનિયરિંગ સિવાયની એન્જિનિયરિંગ અથવા ટેકનોલોજીમાં ઓછામાં ઓછા દ્વિતિય વર્ગ સાથેની સ્નાતકની પદવી અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અથવા મેનેજમેન્ટ અથવા રુરલ મેનેજમેન્ટ અથવા એન્ટરપ્રીનિયોરશિપ ડેવલપમેન્ટમાં અનુસ્નાતક પદવી અથવા ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) (૧) કુટિર અથવા ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ–૩ અથવા મદદનીશ પ્રશિક્ષક, વર્ગ–૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે બે વર્ષનો અનુભવ હોવો જોઈશે; અથવા

(૨) કુટિર અથવા ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ–૩ અથવા મદદનીશ પ્રશિક્ષક, વર્ગ–૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો, સરકારમાં,સરકાર હસ્તકના બોર્ડમાં, કોર્પોરેશનમાં, સ્થાનિક સત્તામંડળોમાં, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થાપિત લિમિટેડ કંપનીમાં વહીવટ ક્ષેત્રમાંનો, આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે,બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

INDEX

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવી જોઇશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી જોઇશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર, હિન્દીમાં અથવા ગુજરાતીમાં અથવા બન્નેમાં પરીક્ષા પાસ કરવી જોઇશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જાગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૯. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઇશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.એમ.ડાભી,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 326

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER 24, 2017/AGRAHAYANA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**-ના (૧) તારીખ : ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/ ૧૩૯/ ૨૦૧૭/પીઆરસી/ ૨૦૨૦૧૭/ ૬૪૪/કે.૬,** (૨) તારીખ : ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/ ૧૪૨/ ૨૦૧૭/ પીઆરસી/ ૨૦૨૦૧૭/૬૪૪/કે.૬,** અને (૩) તારીખ : ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/ ૧૭૨/ ૨૦૧૭/ ૫૨ચ/ ૧૦૨૦૧૭/૭૬૨/ટી.**-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ssd\M\All Gazatte BackUp\2017\Extra Ordinary\Extra-2017\IX\IX Ex.326Gujarat-Aadhaar(Targeted)DeliveryofServiceAct-28-11-2017.docx

INDEX

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.
ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ જીએચકેએચ/૧૩૯/૨૦૧૭/પીઆરસી/૨૦૨૦૧૭/૬૪૪-કે/૬:- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી)ને મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઇચ્છે છે;

અને રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિ નિયામક મારફતે, રાજ્યમાં ઘાસચારો અને ઘાસચારાના બીજની સારી ગુણવત્તાના નિર્માણ માટે, પશુઓના ઘાસચારા પાક બીજના પ્રોત્સાહન અને વિકાસના હેતુથી, (AGR-59) સઘન કૃષિ જિલ્લા કાર્યક્રમ જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઇચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશેઃ

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, કૃષિ નિયામકે વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/ મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશેઃ

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઇશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઇસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઇ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) (AGR -59)સઘન કૃષિ જીલ્લા કાર્યક્રમના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામ નોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામકે, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા (AGR -59) સઘન કૃષિ જીલ્લા કાર્યક્રમના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો કૃષિ નિયામક–ને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.પટેલ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.જીએચકેએચ/૧૪૨/૨૦૧૭/પીઆરસી/૨૦૨૦૧૭/૬૪૪/કે.૬:–રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી)ને મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઇચ્છે છે;

અને રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિ નિયામક મારફત, ઓર્ગેનિક (સેન્દ્રિય) ખેતીને પ્રોત્સાહન આપવા 'ઓર્ગેનિક ઉત્પાદન પ્રમાણીકરણ એજન્સી–(GOPCA)' જાહેર કરે છે:–

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નામ નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, કૃષિ નિયામકે વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/ મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઈશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઇસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઇ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) ઓર્ગેનિક ઉત્પાદન પ્રમાણીકરણ એજન્સી–(GOPCA)ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામકે, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા ઓર્ગેનિક ઉત્પાદન પ્રમાણીકરણ એજન્સી–(GOPCA)ના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.પટેલ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક.જીએચકેએચ-૧૭૨-૨૦૧૭-પરચ-૧૦૨૦૧૭-૭૬૨-ટી:- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી)ને મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઇચ્છે છે;

અને રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ માછીમારો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે,મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફતે નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, નાણાકીય સહાય કરવાના હેતુથી,નાના માછીમાર બોટ માલિકોને કેરોસીન માટે નાણાકીય સહાયની યોજના જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નામનોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઇચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, કોઈપણ નજીકના આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી-એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/ મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જાઈશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ, અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૪) બાયો–મેટ્રિક કાર્ડ અથવા

(૫) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા કોઈ બીજા દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઇ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત યોજનાના લાભાર્થીઓને વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) નાના માછીમાર બોટ માલિકોને કેરોસીન માટે નાણાકીય સહાયની યોજનાના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા નાના માછીમાર બોટ માલિકોને કેરોસીન માટે નાણાકીય સહાયની યોજનાના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિપક એરડા,
સરકારના સંયુક્ત સચિવ.

———————

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 327

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, NOVEMBER 28, 2017/AGRAHAYANA 7, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ** ના તારીખ : ૧૨મી જૂન, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૨૨) એમઆઈએસ-૧૦૨૦૧૬-૧૦૪૯-એન.** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Prize Chits and Money Circulation Schemes (Banning) (Gujarat) Rules, 2017.
ઈનામી ચિટ અને નાણાં પરિચલન યોજનાઓ (પ્રતિબંધ) (ગુજરાત) નિયમો,૨૦૧૭. સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૨૦૧૭.

ઈનામી ચિટ અને નાણાં પરિચલન (પ્રતિબંધ) અધિનિયમ,૧૯૭૮.

ક્રમાંક: (જીએચએન-૨૨) એમઆઈએસ-૧૦૨૦૧૬-૧૦૪૯-એન.:-ઈનામી ચિટ અને નાણાં પરિચલન યોજનાઓ (પ્રતિબંધ) અધિનિયમ, ૧૯૭૮ (સન ૧૯૭૮નો અધિનિયમ ક્રમાંક ૪૩)ની કલમ ૧૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર; આથી ભારતીય રિઝર્વ બેંક સાથે વિચાર-વિનિમય કરીને અધિનિયમની જોગવાઈઓને અમલમાં લાવવાના હેતુ માટે નીચેના નિયમો કરે છે.

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.-

૧. આ નિયમો ઈનામી ચિટ અને નાણાં પરિચલન યોજનાઓ (પ્રતિબંધ) (ગુજરાત) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. તે, રાજપત્રમાં, તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) **"અધિનિયમ"** એટલે ઈનામી ચિટ અને નાણાં પરિચલન યોજનાઓ (પ્રતિબંધ) અધિનિયમ,૧૯૭૮ (૧૯૭૮નો અધિનિયમ ક્રમાંક ૪૩);

(ખ) **"સક્ષમ સત્તાધિકારી"** એટલે નાણા પરિચલન યોજના સાથે સંકળાયેલ વ્યવસાય એકમોને આટોપી લેવા માટે અને આ અધિનિયમને અમલમાં લાવવાના હેતુ માટે,રાજ્ય સરકાર દ્વારા સોંપવામાં આવતા અન્ય કાર્યો બજાવવા માટે, રાજ્ય સરકારે જાહેર કરેલ સત્તાધિકારી;

(ગ) **"વળતર યોજના"** એટલે સ્પષ્ટ રીતે જણાવેલ હોય કે ન હોય તેવી યોજનાઓ, પણ ગ્રાહકોના લાભ વિતરણ માટે વ્યવસાય એકમો દ્વારા અમલમાં મૂકવામાં આવતી યોજનાઓ;

(ઘ) **"ડાઉનલાઈન ગ્રાહક"** એટલે પિરામિડના નીચલા સ્તરે આવતો હોય તેવો ગ્રાહક;

(ચ) **"સભ્ય નોંધણી"** એટલે એક કે તેથી વધુ ગ્રાહકોની નોંધણી કરાવતા ગ્રાહક;

(છ) **"રાજ્યપાલ"** એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૫૫ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂંક કરવામાં આવેલી વ્યક્તિ;

(જ) **"નોડલ પોલીસ સત્તાધિકારી"** એટલે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલા રાજ્યમાના અને જેને નાણા પરિચલન યોજના સંબંધી બીજા રાજ્યો, કેન્દ્ર સરકાર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને નાણા પરિચલન યોજના સંબંધી અન્ય સાથે માહિતી એકત્રિત કરવાની, વિગતવાર સરખાવવાની અને તેનું આદાનપ્રદાન કરવાની જવાબદારી સોંપવામાં આવી હોય તેવા પોલીસ સત્તાધિકારી,

(ઝ) **"પ્રવર્તક (પુરસ્કર્તા)** એટલે ઈનામી ચિટ અથવા નાણા પરિચલન યોજનાન ચલાવતી અને (આવી ચિટ અથવા યોજનાને લગતો વ્યવસાય આટોપી લેવા માટે કલમ ૧૨ની પેટા-કલમ (૧) અનુસાર) આવી યોજના ચાલુ રાખવા ઈચ્છતી વ્યક્તિ તેમાં, આવી યોજનાની કામગીરી સાથે પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે સંકળાયેલી વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે, તેમ છતાં તેઓ આવી યોજનાના પ્રવર્તક તરીકે કામ કરતા હોવાનું રેકર્ડ પર ન હોય;

(ટ) **"પિરામિડ"** એટલે યોજનાના વધારાના ગ્રાહકોની નામ-નોંધણીની કાર્યવાહી અથવા કામગીરીના પરિણામે, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઇ લાભો મેળવવાના હેતુસર એક અથવા તેથી વધુ ગ્રાહકોની બનેલી યોજનાના ગ્રાહકોનું બહુસ્તરીય નેટવર્ક (માળખું); વધુ ગ્રાહકોની નામ-નોંધણી કરાવતા ગ્રાહકો ઉચ્ચ સ્થાન ધરાવતા હોય અને નામ-નોંધણી થયેલ ગ્રાહક નીચુ સ્થાન ધરાવે તેવી એક પછી એક (ક્રમિક) કરવામાં આવતી નામ-નોંધણી સાથે, તેઓ ગ્રાહકોનું બહુસ્તરીય નેટવર્ક બનાવતા હોય;

(ઠ) **"અનુસૂચિ"** એટલે આ નિયમોની અનુસૂચિ;

(ડ)**"યોજનાઓ"** એટલે નાણાં પરિચલન યોજનાઓ અથવા યથાપ્રસંગ, કલમ ૨ના અનુક્રમે ખંડો (ગ) અને (ચ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની ઈનામી ચિટ;

(ઢ) **"કલમ"** એટલે અધિનિયમની કલમ;

(ત) **"ગ્રાહક"** એટલે ઈનામી ચિટ અથવા નાણા પરિચલન યોજનાના ગ્રાહક.

(થ) **"અપલાઈન ગ્રાહક"** એટલે પિરામિડમાં ઉચ્ચસ્તર પર રહેલ ગ્રાહક.

(૨) આ નિયમોમાં ઉપયોગમાં લેવાયેલ હોય, પણ વ્યાખ્યાયિત કરેલ ન હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ આ અધિનિયમમાં અનુક્રમે જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

૩. કોઈ વ્યકિત અથવા કંપની અથવા પેઢી અથવા વ્યવસાયી એસોસિએશન કોઈપણ સ્વરૂપે નિયમ ૨ હેઠળના ખંડ (૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણે પ્રછન્ન નાણા પરિચલન યોજના સહિત નાણા પરિચલન યોજના ચલાવી શકશે નહિ અથવા ભાગ લઈ શકશે નહિં.

સ્પષ્ટીકરણ: પ્રોત્સાહન આપવું, ચલાવવું અથવા ભાગ લેવો એટલે યોજનાની પ્રોત્સાહન સંબંધી પ્રવૃત્તિઓ માટે ભાડા પર અથવા અન્યથા કોઈ મકાન, જગ્યા અથવા કોઈ નિવાસસ્થાન આપવું.

૪. કોઈપણ સ્વરૂપે કોઈ વ્યકિત અથવા કંપની અથવા પેઢી અથવા વ્યવસાયી એસોસિએશને–એ, નામ નોંધણીની કાર્યવાહી અથવા વધારાના ગ્રાહકોની કામગીરીના પરિણામે ગ્રાહકોએ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, જેમાં, અમુક લાભો મેળવવાનો હકદાર થવા માટે એક અથવા તેથી વધુ ગ્રાહકોની નામ નોંધણી કરવી પડતી હોય તેવી વળતર યોજના સાથેની યોજના ચલાવવી જોઈશે નહિ.

૫. કોઈપણ સ્વરૂપે કોઈ વ્યકિત અથવા કંપની અથવા પેઢી અથવા વ્યવસાયી એસોસિએશન–એ ડાઉન– લાઈન સભ્યો દ્વારા વેચાણ અથવા માલ અથવા સેવાના, અભિપ્રેત વેચાણ જેવા પગલાં અથવા કામગીરીના કારણો પિરામિડમાં ગમે તે નામે ઓળખાતા અભ્યોને અપ–લાઈન કરવા માટે લાભો અથવા કમિશન આપીને નવા સભ્યોની નામ–નોંધણી કરવાનું પ્રલોભન આપતી હોય તેવી કોઈ યોજના ચલાવવી જોઈશે નહિ.

૬. કોઈપણ સ્વરૂપે કોઈ વ્યકિત અથવા કંપની અથવા પેઢી અથવા વ્યવસાયી એસોસિએશન–એ ડીપોઝિટ અથવા પ્રવેશ ફી અથવા સામાયિક લવાજમ મેળવવાનો ઈજારો ઘરાવતી હોય અને નવા ગ્રાહકોની નામ નોંધણી માટે આ ફંડમાંથી ગ્રાહકોને પ્રોત્સાહન આપતી હોય તેવી વળતર યોજના સહિતની કોઈ યોજના ચલાવવી જોઈશે નહિ.

૭. રાજ્યમાનાં નોડલ પોલીસ સત્તાધિકારી, અન્ય રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને એવી સરકાર હેઠળની એજન્સીઓને અને ભારતીય રિઝર્વ બેંક સાથે સંકલન કરવા માટે જવાબદાર રહેશે અને ભારતીય રિઝર્વ બેંક સાથે વિચાર વિનિમય કરીને, રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેવા (ફોર્મેટ) નમૂનામાં અને સમયાંતરે ભારતીય રિઝર્વ બેંકને પણ માહિતી પૂરી પાડવાને જવાબદાર રહેશે.

સ્પષ્ટીકરણ: આથી, સ્પષ્ટ કરવામાં આવે છે કે, તપાસ કરવાના હેતુ માટે, અન્ય રાજ્ય સરકાર અને અન્ય એજન્સીઓ સાથે પરસ્પર થતી અસરમાંથી તપાસ કરતી એજન્સીઓને રોકવામાં આવશે નહિ.

૮. સક્ષમ સત્તાધિકારી,કોઈપણ સ્વરૂપે પ્રચ્છન્ન નાણા પરિચલન યોજના સહિતની નાણા પરિચલન યોજના સાથે જોડાયેલી કંપની/પેઢી/વ્યવસાયિક એસોસિએશનને આટોપી લેવાના સંબંધમાં તમામ જરૂરી પગલાં લેવાને જવાબદાર રહેશે.

૯. આવી યોજનાઓ, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રજિસ્ટર થયેલી કંપનીઓ દ્વારા ચલાવવામાં આવતી હોય અથવા અન્ય વ્યવસાયિક એકમો પર તેના માટે જવાબદાર હોય છતાંપણ નાણા પરિચલન યોજનાના પ્રવર્તક જ વ્યકિતગત રીતે જવાબદાર રહેશે.

૧૦. તપાસકર્તા અધિકારી તરફથી મળેલ રિપોર્ટ પરથી અને પ્રચ્છન્ન નાણા પરિચલન યોજના સહિત ચાલી (અમલ) રહી છે એવા પ્રથમ દ્રષ્ટિએ પુરાવા અસ્તિત્વ ઘરાવે છે તેવી ખાતરી થયેથી, પોલીસ અધીક્ષકના દરજ્જાથી ઉતરતાં દરજ્જાનો ન હોય તેવો અધિકારી અથવા આ સંબંધમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા બીજા અધિકારીઓ, વ્યવસાય જગાઓ સીલ (બંધ કરવાનો) કરવાનો હુકમ કરી શકશે અને આવી યોજના સાથે સંકળાયેલા અધિકારીઓ, આ સંબંધમાં સંબંધિત

બેંક સત્તાધિકારીઓને નોટિસ આપીને, આવી યોજના સાથે સંકળાયેલા બેંક ખાતાનો વ્યવહાર (કામગીરી) સ્થગિત કરી શકશે અને આવી યોજનાઓને લગતી વ્યવસાયી કામગીરી બંધ કરવા માટે જરૂરી હોય તેવા અન્ય પગલાં લઇ શકશે.

૧૧. તપાસ પૂરી થયે, કંપની અથવા પેઢી અથવા વ્યવસાયી એસોસિએશન દ્વારા નાણા પરિચલન યોજના ચલાવવામાં આવી રહી છે એવા પૂરતા પુરાવા અસ્તિત્વમાં હોય તો, તપાસકર્તા અધિકારીએ આ અધિનિયમ હેઠળ કામ ચલાવવા ઉપરાંત નિયમ ૨ના ખંડ (ખ) હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણે, સંબંધિત પોલીસ અધીક્ષક મારફતની તપાસ દરમિયાન ભેગા કરેલ પુરાવાની વિગતો આપતો રિપોર્ટ (અહેવાલ) સક્ષમ અધિકારીને મોકલવો જોઇશે. સક્ષમ અધિકારીને, રાજ્ય સરકારમાં નિહિત થયેલા હોય તેવા વ્યવસાયી એકમોને આટોપી લેવાની સત્તા હોય ત્યારે, સક્ષમ અધિકારી તેવા કિસ્સામાં વ્યવસાયો આટોપી લેવાના પગલાં લેશે. કંપનીઓ અને અન્ય વ્યવસાયી એકમોને કેન્દ્ર સરકારમાં નિહિત કરવાની તેવી સત્તા હોય ત્યારે, સક્ષમ સત્તાધિકારી, તેને આટોપી લેવાના પગલાં લેવા માટે કેન્દ્ર સરકારમાં સંબંધિત મંત્રાલયને તેની ભલામણ સાથેનો રિપોર્ટ મોકલશે.

૧૨.૧ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ મધ્યવર્તી (nodal)પોલીસ અધિકારીએ, સંબંધિત જિલ્લાના પોલીસ અધીક્ષક મારફત આ સંબંધમાં, કોઇપણ ગ્રાહક તરફથી થતી ફરિયાદ અથવા તકરારને સીધી રીતે નોંધણી કરવા/મેળવવા માટે ખાસ તંત્રનો વિકાસ કરવો જોઇશે.

૧૨.૨ આ અર્થે, તપાસ કર્તા દરેક અધિકારીએ નોડલ સત્તાધિકારી દ્વારા વધુ અસરકારક પગલાં માટે આ સંબંધમાં ગુના સંબંધી તપાસનો સાપ્તાહિક પ્રગતિ અહેવાલ નોડલ પોલીસ સતાધિકારીને મોકલવો જોઇશે.

૧૨.૩ ગ્રાહક, કૌભાંડનો ભોગ બનનાર અથવા કોઇ વ્યકિત પાસેથી સીધી રીતે તેમને મળેલી ફરિયાદના આધારે આવી પ્રવૃત્તિ કરતી કંપની/વ્યવસાયી એકમો સામે ફરિયાદ નોંધાવવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનને આદેશ કરવાની નોડલ પોલીસ અધિકારીને અને સક્ષમ સત્તાધિકારીને સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સંજીવ કુમાર,
સરકારના સચિવશ્રી.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 328

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, NOVEMBER 29, 2017/AGRAHAYANA ૮, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ–ના તારીખ: **૩૦મી મે, ૨૦૧૭ના** જાહેરનામા **ક્રમાંક: જીએચ/વી/૨૦૧૭નો ૧૧૦/પીઆરસી/ ૧૦૨૦૧૭/ ૨૬૬૯૧૫/એલ.–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Real Estate (Regulation and Development) Act, 2016.

સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ,૨૦૧૬હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે,૨૦૧૭.

સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬.

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૭નો૧૧૦/પીઆરસી-૧૦૨૦૧૭-૨૬૬૯૧૫-એલ: સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬ના ૧૬મા)ની કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,આ અધિનિયમ હેઠળ તેને મળેલી સત્તાઓનો ઉપયોગ કરવા માટે અને તેને સોંપેલા કાર્યો કરવા માટે ગુજરાત સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળની સ્થાપના કરે છે.

સદરહુ અધિનિયમની કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, રાજ્ય સરકાર,ડો. મંજુલા સુબ્રમણ્યમ્, ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી-ને ગુજરાત સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળના વચગાળાના અધ્યક્ષ તરીકે નિમણૂક આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 329

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, NOVEMBER 29, 2017/AGRAHAYANA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ**–ના તારીખ: **૧૫મી ઓક્ટોબર, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: કેએચઆર/૨૦૧૬/૧૮૨/એફએસી/૧૪૨૦૧૪/૨૭૭૯૭૨/એમ–(૩).–નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Factories Rules, 1963.

ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ સુધારવા સંબંધી

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ઓક્ટોબર, ૨૦૧૬.

કારખાના અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક: કેએચઆર / ૨૦૧૬ / ૧૮૨ / એફએસી / ૧૪૨૦૧૪ / ૨૭૭૯૭૨ / એમ-(૩):- કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૧૫ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ વધુ સુધારતા અમુક નિયમોનો મુસદ્દો, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ: ૧૫મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર - ૨૦૧૬ / ૩૭ / એફએસી / ૧૪૨૦૧૪ / ૨૭૭૯૭૨ / એમ-(૩). હેઠળ તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪-એ-માં, પાના ૫૫-૧ થી ૫૫-૬-માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી પિસ્તાળીસ દિવસની અંદર વાંધા અથવા સૂચનો મંગાવ્યા હતા;

અને, સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળેલ નથી;

તેથી, હવે, કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા)ની કલમ ૧૧૨ સાથે વાંચતા, કલમ ૮૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત કારખાના (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૦૨માં, વિદ્યમાન અનુસૂચિ ૨૩ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:-

''અનુસૂચિ ૨૩

ખૂબ જ અવાજ અને કંપન (vibration)ની તીવ્રતાવાળા કાર્યો.

ભાગ-૧ ઊંચા અવાજનું સ્તર:-

૧. **લાગુ પડવા બાબત:-** અનુસૂચિનો આ ભાગ ખૂબ જ અવાજવાળી કોઈપણ ઉત્પાદન પ્રક્રિયાઓના તમામ કાર્યોને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા:-** આ અનુસૂચિના હેતુ માટે,-

(ક) ''અવાજ'' એટલે કોઈપણ અણગમતો અવાજ.

(ખ) ''ઊંચા અવાજનું સ્તર'' એટલે 'A' વેઈટેડ સ્કેલ ઉપર માપેલું કોઈપણ અવાજનું સ્તર ૮૫ ડેસિબલ અથવા તેથી વધારે (ઉપર) હોય.

(ગ) ''ડેસિબલ'' એટલે ''બેલ''ના એક દશાંશ, જે બે નિર્દિષ્ટ અથવા ગર્ભિત જથ્થાનું પ્રમાણ વ્યક્ત કરવા માટે વાપરેલ લોગરિધમિક સ્કેલનું ફન્ડામેન્ટલ ડિવિઝન છે, ''બેલ્સ''ની સંખ્યા, આ પ્રમાણના ૧૦ના આધારે લોગરિધમ હોય તેવું પ્રમાણ જણાવે છે. અવાજનું સ્તર (અથવા સાઉન્ડ પ્રેશર લેવલ) ચોરસ મીટર દીઠ ૨૦ x ૧૦.૬ ન્યુટનના અથવા ચોરસ સેન્ટિમીટર દીઠ ૦.૦૦૦૨ ડાઈન્સના રેફરન્સ પ્રેશરને મળતું આવે છે, જે બેરિંગ થ્રેશોલ્ડ છે એટલે કે સામાન્ય તંદુરસ્ત શ્રોતા (હેલ્થિ લિસનર)માં સાંભળવાના સંવેદન રજૂ કરવા માટેનું અવાજનું જરૂરી નીચામાં નીચું દબાણ. ડેસિબલનું સંક્ષિપ્ત સ્વરૂપ dB છે.

(ઘ) ''ફ્રિકવન્સી'' એટલે સેકન્ડ અથવા હર્ટઝ દીઠ સાઈકલમાં વ્યક્ત કરવામાં આવતો પ્રેશર વેરિએશનનો દર.

(ચ) ''dBA'' એ સ્લો મીટર રિસ્પોન્સ સાથે એ-વેઈટિંગ નેટવર્ક ઉપર ચાલતા સાઉન્ડ લેવલ મીટર ઉપર માપ્યા પ્રમાણે દશાંશમાં સાઉન્ડ લેવલનો ઉલ્લેખ છે.

(છ) ''એ-વેઈટિંગ'' એટલે અવાજ માપવાના હેતુ માટે, વિવિધ ફ્રિકવન્સીના અવાજની તીવ્રતામાં ક્રમબદ્ધ ગોઠવણ કરવી, જેથી સાધન (ઈન્સ્ટ્રુમેન્ટ) દ્વારા માપવામાં આવેલું અવાજના દબાણનું સ્તર, માપવામાં આવેલા અવાજ પ્રત્યે વ્યક્તિના કાનનો ખરેખર પ્રતિસાદ દર્શાવી શકે.

૩. **અવાજ સામે રક્ષણઃ-**

(૧) દરેક કારખાનામાં, વાજબી રીતે વ્યવહાર્ય હોય ત્યાં સુધી, કોઈપણ કામદાર, કોષ્ટક ૧ અને ૨માં નિર્દિષ્ટ કરેલા વધુમાં વધુ પરવાનગીપાત્ર અવાજના એક્સપોઝર લેવલથી વધુ અવાજ ન કરે તે બાબત સુનિશ્ચિત કરવા માટે, યોગ્ય એન્જિનિયરીંગ નિયંત્રણ અથવા વહીવટી પગલાં લેવાં જોઈશે.

કોષ્ટક - ૧

સતત ચાલતા અવાજના કિસ્સામાં પરવાનગીપાત્ર એક્સપોઝર

એક્સપોઝરનો કુલ સમય (સતત ટૂંકા ગાળાના એક્સપોઝર)	અવાજના દબાણનું સ્તર અથવા dBAની સંખ્યા, દિવસ દીઠ, કલાકમાં
૮	૮૫
૬	૮૭
૪	૯૦
૩	૯૨
૨	૯૫
૧ ૧/૨	૯૭
૧	૧૦૦
૩/૪	૧૦૨
૧/૨	૧૦૫
૧/૪	૧૧૦

નોંધઃ- ૧. ૧૧૦ dBAથી વધુ હોય તેવા એક્સરપોઝરની પરવાનગી આપવામાં આવશે નહિ.

૨. કોઈપણ સંખ્યા અને કોલમ ૧માં દર્શાવ્યા પ્રમાણેની તેની તરત પછીની મોટી અથવા નાની સંખ્યા વચ્ચે આવતા એક્સપોઝરની કોઈપણ મુદત માટે, અનુમાન દ્વારા, પ્રમાણસર ધોરણે, પરવાનગીપાત્ર અવાજના દબાણનું સ્તર નક્કી કરવું જોઈશે.

કોષ્ટક - ૨

આવેગજન્ય (impulsive) અથવા પ્રભાવલક્ષી (impact) અવાજના કિસ્સામાં પરવાનગીપાત્ર એક્સપોઝરનું સ્તર

અવાજનું ઉચ્ચતમ દબાણ dBમાં	દિવસ દીઠ આવેગ અથવા પ્રભાવની પરવાનગી પ્રાપ્ત સંખ્યા
૧૪૦	૧૦૦
૧૩૫	૩૧૫
૧૩૦	૧૦૦૦
૧૨૫	૩૧૬૦
૧૨૦	૧૦૦૦૦

INDEX

નોંધઃ- ૧. ૧૪૦ dB અવાજના ઉચ્ચતમ દબાણના સ્તરથી વધુ હોય તેવા એક્સરપોઝરની પરવાનગી આપવામાં આવશે નહિ.

૨. કોઈપણ સંખ્યા અને કોલમ ૧માં દર્શાવ્યા પ્રમાણેની તેની તરત પછીની મોટી અથવા નાની સંખ્યા વચ્ચે આવતા અવાજના ઉચ્ચતમ દબાણના સ્તર માટે, અનુમાન દ્વારા, પ્રમાણસર ધોરણે, આવેગ અથવા પ્રભાવની પરવાનગી પ્રાપ્ત સંખ્યા નક્કી કરવી જોઈશે.

(૨) આ અનુસૂચિના હેતુ માટે, અવાજના સ્તરમાંનું વેરિએશન મહત્તમ એક સેકન્ડ અથવા તેથી ઓછા સમયના અંતરે થતું હોય, તો અવાજને સતત ચાલતા અવાજ તરીકે ગણતરીમાં લેવો અને કોષ્ટક ૧માં આપવામાં આવેલા માપદંડો લાગુ પડશે. અન્ય કિસ્સામાં, અવાજને આવેગજન્ય (impulsive) અથવા પ્રભાવલક્ષી (impact) અવાજ તરીકે ગણતરીમાં લેવો અને કોષ્ટક ૨માં આપવામાં આવેલા માપદંડો લાગુ પડશે.

(૩) દૈનિક એક્સપોઝરમાં જુદાજુદા સ્તરના અવાજના એક્સપોઝરની બે અથવા વધુ મુદતો સમાવિષ્ટ હોય, ત્યારે દરેકની વ્યક્તિગત અસરને વિચારણામાં ન લેતાં તેની સંયુક્ત અસરને વિચારણામાં લેવી. C1/T1 + C2/T2 ..... Cn/Tn અપૂર્ણાંકનો સરવાળો યુનિટીથી વધુ હોય, તો લિમિટ વેલ્યુને વધારવા મિક્સ્ડ એક્સપોઝરને ગણતરીમાં લેવું, જ્યાં C1, C2 વગેરે અવાજના નિર્દિષ્ટ સ્તરે થતા ખરેખર એક્સપોઝરનો કુલ સમય દર્શાવે છે અને T1, T2વગેરે એક્સપોઝરનો સમય સૂચવે છે, ૯૦ dBAથી ઓછા એક્સપોઝરને ઉપરની ગણતરીમાં અવગણી શકાશે.

(૪) પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી કક્ષાએ અવાજના એક્સપોઝર(જોખમ)ને, વાજબી એન્જિનિયરિંગ નિયંત્રણથી અથવા વહીવટી પગલાંથી ઘટાડવું શક્ય ન હોય, ત્યારે અવાજના એક્સપોઝરને આવા નિયંત્રણના પગલાંથી તેને મહત્તમ શક્ય હોય તેટલો ઘટાડી શકાશે અને આ રીતે અસુરક્ષિત સ્થિતિમાં જોખમમાં મૂકાયેલા (એક્સપોઝ કરેલ) દરેક કામદારને, સુસંગત રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ યોગ્ય ઇઅર પ્રોટેક્ટર (કાનના રક્ષણ માટેનું સાધન) પૂરું પાડવું જોઇશે. જેથી કરીને અવાજના એક્સપોઝર (જોખમ)ને પેટા–ખંડ ૩ (૧)માં નિર્દિષ્ટ કરેલી કક્ષા જેટલો ઘટાડી શકાય. ભોગવટો કરનારે, કામદારોને,–

(ક) વાજબી રીતે વ્યવહાર્ય હોય તેટલી ઓછી કક્ષાએ, જોખમ દૂર કરવા અથવા ઓછું કરવા માટે;

(ખ) સંબંધિત કર્મચારીઓ અથવા તેમના સંબંધીઓ (પ્રતિનિધિઓ) સાથે વિચારવિનિમય કર્યા પછી;

– વ્યક્તિગત હિઅરિંગ પ્રોટેક્ટર (સાંભળવા માટે કાનના રક્ષણ માટેના સાધનો) પૂરા પાડવા જોઇશે.

(ગ) હિઅરિંગ પ્રોટેક્ટર (સાંભળવા માટે કાનના રક્ષણ માટેના સાધનો) સંપૂર્ણ અને યોગ્ય રીતે લગાવવામાં આવ્યા છે, અસરકારકતા માટે સમયાંતરે ચકાસવામાં આવ્યા છે, સારી ચાલુ સ્થિતિમાં અને મરામત સાથે તેનો ઉપયોગ કરવામાં આવ્યા છે અને તેને નિભાવવામાં આવ્યા છે, તે બાબત સુનિશ્ચિત કરવી જોઇશે.

(ઘ) કામદારોને, વ્યક્તિગત હિઅરિંગ પ્રોટેક્ટર (સાંભળવા માટે કાનના રક્ષણ માટેના સાધનો)ના ઉપયોગ, તેના સંભાળ અને નિભાવ અંગેની સમયાંતર તાલીમ આપવામાં આવે છે, તે બાબત સુનિશ્ચિત કરવી જોઇશે.

(૫) પેટા–ખંડ ૩ (૪) અનુસાર, ઇઅર પ્રોટેક્ટર (કાનના રક્ષણ માટેના સાધનો) પૂરું પાડવામાં આવ્યું હોય અને કામદાર દ્વારા તે લગાવવામાં આવે, ત્યારે તે લગાવ્યા પછી પણ અવાજ તેના કાન નજીક, સંબંધિત ઇઅર પ્રોટેક્ટર (કાનના રક્ષણ માટેના સાધનો)ની અવાજની તીવ્રતાનું મૂલ્ય dBA(Decibels Adjusted) ઘટાડીને નક્કી કર્યા મુજબના માપેલા અવાજના દબાણના સ્તરમાંથી તેને કોષ્ટક ૧ અથવા યથાપ્રસંગ, કોષ્ટક ૨ હેઠળ, પરવાનગી પાત્ર હોય તે સ્તર જેટલો મંદ આવી શકતો ન હોય, તો અવાજના એક્સપોઝરનો સમયગાળો, પેટા–ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલા પરવાનગી પાત્ર અવાજના એક્સપોઝર અનુસાર યોગ્ય રીતે ઘટાડવો જોઇશે.

(૬) (ક) પ્રવર્તમાન અવાજના સ્તર, પેટા–ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલા પરવાનગી પાત્ર સ્તર કરતાં વધી જતા હોય તેવા તમામ કિસ્સામાં, જેમાં બીજા સાંભળવા માટેના સુરક્ષા વિષયક ઉપાયો (હિઅરિંગ કન્સર્વેશન મેઝર્સ), પૂર્વ– રોજગારી અને પરવાનગી પાત્ર સ્તરથી વધી જતા અવાજના એકસપોઝર (જોખમ) અંગે કામદારો વિશે કરવામાં આવેલા સમયાંતર શ્રવણશક્તિ અંગેના સર્વેક્ષણ અને એક્સપોઝર (અવાજના જોખમ)ને અવાજના સ્તર સુધી ઘટાડીને, આવા કામદારોનો પુર્નવસવાટ કરવા અથવા જ્યાં અવાજના સ્તર તુલનાત્મક રીતે ઓછા હોય અથવા કોઇ યોગ્ય ઉપાય દ્વારા તેમનું એવા સ્થળો ઉપર સ્થળાંતર કરવા સહિતના બીજા સાંભળવા માટેના સુરક્ષા વિષયક અસરકારક કાર્યક્રમ (હિઅરિંગ કન્સર્વેશન પ્રોગ્રામ)નું સંચાલન કરવું જોઇશે.

(ખ) પેટા–ખંડ (૧) માં નિર્દિષ્ટ મહત્તમ પરવાનગી પાત્ર એક્સપોઝર (અવાજના જોખમના) સ્તરથી અવાજ વધી જતો હોય તેવા વિસ્તારોમાંનો દરેક કામદાર, તેમને પ્રથમ વખત રોજગારમાં રાખવામાં આવે તેના ૧૪ દિવસની અંદર પ્રમાણક સર્જન દ્વારા શ્રવણ શક્તિની કોઇપણ તપાસ કરાવવાને અધીન રહેશે અને ત્યાર પછી, દર ૧૨ મહિને ઓછામાં ઓછી એક વખત પુન:તપાસ કરાવવાની રહેશે. આવી પ્રારંભિક અને સમયાંતર તપાસમાં, પ્રમાણક સર્જન ઉચિત ગણે તેવી ચકાસણીનો સમાવેશ થશે અને દર સેકન્ડ–એ, ૧૨૫, ૨૫૦, ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦, ૪૦૦૦ અને ૮૦૦૦ સાઇકલ (શ્રેણી)–ની અવાજની શુદ્ધ માત્રા માટેની શ્રવણશક્તિની તીવ્રતાની સીમા (ઓડિટરી થ્રેશોલ્ડ) નક્કી કરવાની બાબતનો સમાવેશ થશે.

ભાગ– ખ ઉચ્ચ (તીવ્ર) કંપનના (વાઇબ્રેશન)ના સ્તરો.–

(૧) લાગુ પડવા બાબત.– અનુસૂચિનો આ ભાગ, ઊંચા અનિચ્છનીય કંપનો (વાઇબ્રેશન)વાળી પ્રક્રિયાના ઉત્પાદન ભાગ (મેન્યુફેકચરિંગ પાર્ટ)માં થતી તમામ કામગીરીને લાગુ પડશે.

(૨) વ્યાખ્યા.– આ અનુસૂચિના હેતુ માટે,–

(ક) "દૈનિક એક્સપોઝર (daily exposure)" એટલે કામકાજના દિવસ દરમિયાન કામદાર જેટલા યંત્ર સંબંધી કંપન (મિકેનિકલ વાઇબ્રેશન)માં કામ કરતો હોય તેનું પ્રમાણ, જેમાં કંપન (વાઇબ્રેશન)ના પરિમાણ અને સમયગાળાને લક્ષમાં રાખવામાં આવે છે.

(ખ) "કંપન (વાઇબ્રેશન)" એટલે યાંત્રિક સ્થિતિ (mechanical phenomenon) જેનાથી સંતુલન બિંદુએ આંદોલન ઉત્પન્ન થાય છે (આવર્તનની ગતિ વધી જાય છે). આંદોલન (આવર્તનની ગતિ) સમયાંતરે અથવા આકસ્મિક ઉત્પન્ન થઇ શકે.

(ગ) "તીવ્ર કંપન (High Vibration)" એટલે ખંડ–૩માં નિર્દિષ્ટ કરેલી એક્સપોઝર મર્યાદાની માત્રા કરતાં વધારે હોય તેવું કોઇ એક્સપોઝર અને ક્રિયાની માત્રા (એકશન વેલ્યૂ).

(ઘ) "એક્સપોઝર ક્રિયાની માત્રા (એકશન વેલ્યૂ)" એટલે કોઇપણ કામદાર માટે ખંડ (૩)–માં નક્કી કરેલું દૈનિક એક્સપોઝરનું સ્તર, જેના સુધી પહોંચવામાં આવે અથવા તે વધી જાય,તો જોખમ ઘટાડવા માટે નિર્દિષ્ટ પગલાં લેવા આવશ્યક બની રહે.

(ચ) ''એકસપોઝર લિમિટ વેલ્યૂ (જોખમની મર્યાદાની માત્રા)'' એટલે પેટા–ખંડ (૩)માં કોઇ કામદાર માટે દૈનિક એક્સપોઝર (જોખમ)નું સ્તર જે વધવું ન જોઇએ.

(છ) "હેન્ડ–આર્મ વાઇબ્રેશન (હાથ–બાહુ કંપન)'' એટલે યાંત્રિક કંપન (મિકેનિકલ વાઇબ્રેશન) જેનું કામની પ્રવૃત્તિ દરમિયાન હેન્ડ (હાથ) અને આર્મ (બાહુ)માં વહન થાય છે.

(જ) "યાંત્રિક કંપન (મિકેનિકલ વાઇબ્રેશન)" એટલે યંત્રસામગ્રી અથવા સાધનસામગ્રી અથવા વાહનના ભાગમાં તેની કામગીરીને પરિણામે ઉત્પન્ન થતું કંપન (વાઇબ્રેશન); અને

(ઝ) "સમગ્ર શરીરમાં કંપન (whole-body vibration)"એટલે કામને લગતી પ્રવૃત્તિ દરમિયાન અથવા પેટા–ખંડ ૩(૨)માં વર્ણવ્યા મુજબ, બેઠા હોય અથવા ઊભા હોય, ત્યારે ટેકો આપતી સપાટી મારફત શરીરમાં વહન થતું યાંત્રિક કંપન.

(૩) એક્સપોઝર મર્યાદાની માત્રા (Exposure limit values) અને ક્રિયાની માત્રા (action values).

(૧) હેન્ડ–આર્મ વાઇબ્રેશન (હાથ–બાહુ કંપન) માટે

(ક) દૈનિક એક્સપોઝરની મર્યાદાની માત્રા (Exposure limit value) ૫ મીટર/સેકન્ડ (m/s) ૨–એ (૮) છે;

(ખ) દૈનિક એક્સપોઝરની ક્રિયાની માત્રા (action value) ૨.૫ મીટર/સેકન્ડ (m/s) ૨–એ (૮) છે;

અને દૈનિક એક્સપોઝર, નીચે આપેલા કોષ્ટક ૧માં નિર્દિષ્ટ કરેલા સંબંધિત રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય ધોરણોમાં આપ્યું હોય તેના આધારે નક્કી કરવું જોઈશે.

(૨) સમગ્ર શરીરમાં કંપન (whole-body vibration) માટે

(ક) દૈનિક એક્સપોઝરની મર્યાદાની માત્રા (Exposure limit value) ૧.૫ મીટર/સેકન્ડ (m/s) ૨–એ (૮)છે;

(ખ) દૈનિક એક્સપોઝરની ક્રિયાની માત્રા (action value) ૦.૫ મીટર/સેકન્ડ (m/s)૨–એ (૮) છે;

અને દૈનિક એક્સપોઝર, (નીચે આપેલા કોષ્ટક ૧માં નિર્દિષ્ટ કરેલા) સંબંધિત રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય ધોરણોમાં આપ્યું હોય તેના આધારે નક્કી કરવું જોઈશે.

કોષ્ટક –૧

ત્રિપરિમાણી તંત્રમાં ઘરીની X , Y અથવા Z દિશામાં, હેન્ડ ટુ વાઇબ્રેશન (હાથ કંપન) માટે તીવ્રતાની મર્યાદાની માત્રા (Threshold Limit Values (TLVs)) નીચે આપ્યા મુજબની રહેશે:

કુલ દૈનિક એક્સપોઝરનો સમયગાળો. (કલાક)	**કોઈપણ દિશામાં આવર્તન આધારિત વેગ (frequency weighted acceleration મીટર/સેકન્ડર (m/s2)ની મહત્તમ માત્રા.**
૪ થી વધુમાં વધુ ૮ કલાક (નો સમયગાળો)	૪
૨ થી વધુમાં વધુ ૪ કલાક (નો સમયગાળો)	૬
૧થી વધુમાં વધુ ૨ કલાક (નો સમયગાળો)	૮
૧ કલાકથી ઓછો (સમયગાળો)	૧૨

(૩) કંપન (વાઇબ્રેશન) એ વેક્ટર ક્વોન્ટિટિ (પરિમાણ અને દિશા) હોવાથી, દરેક લાગુ પડતી દિશા (X, Y, Z) માટે વાઇબ્રેશન (કંપન) એક્સપોઝરનું મૂલ્યાંકન કરવું જોઇશે.યાંત્રિક સાધન, યંત્ર(મશીન)અથવા કામમાં વપરાતા સાધન (વર્ક પીસ) ની સામાન્ય કામગીરી દરમિયાન, દરેક દિશામાં કંપન (વાઇબ્રેશન)નું પરિમાણ,મીટર/સેકન્ડર (m/s2) મુજબ મીટરના યુનિટમાં, આવર્તન આધારિત ઘટકના વેગ (frequency weighted component acceleration) ની root-mean-square (RMS) ની માત્રાથી રજૂ કરવું જોઇશે.

(૪) કામના સ્થળે કંપન (વાઈબ્રેશન) થી થતાં આરોગ્યવિષયક જોખમનું મૂલ્યાંકન.–

(ક) કામદારને કંપન (વાઈબ્રેશન)નો અનુભવ થતો હોય તેવું કામ કરાવતા માલિકે, તેમના આરોગ્ય અને સલામતીને તે કામથી રહેતા જોખમનું યોગ્ય અને પૂરતું મૂલ્યાંકન કરવું જોઈશે અને જોખમના મૂલ્યાંકનથી નિયંત્રણ અંગેના જે પગલાં લેવા આવશ્યક હોય તે નક્કી કરવા જોઈશે.

(ખ) પ્રક્રિયામાં ફેરફારો થવાથી પહેલાં કરવામાં આવેલું જોખમ અંગેનું મૂલ્યાંકન હવે વધારે પ્રમાણભૂત રહ્યું નથી તેવું જણાય, ત્યારે જોખમ અંગેના મૂલ્યાંકનની સમીક્ષા કરવી જોઈશે.

(૫) એન્જિનિયરીંગ નિયંત્રણ અંગેના પગલાં.–

(૧) માલિકે(કબજો ધરાવનારે)એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે કામદારોને કંપન (વાઈબ્રેશન)થી રહેતા જોખમને મૂળમાંથી દૂર કરવું જોઈશે અથવા તેમ કરવું જ્યાં વાજબી રીતે વ્યવહાર્ય ન હોય, ત્યારે વાજબી રીતે વ્યવહાર્ય હોય તેટલા નીચા સ્તર સુધી તેને ઘટાડવું જોઈશે.

(૨) ખંડ (૪) (ક) અનુસાર, જોખમને મૂળમાંથી દૂર કરવું વાજબી રીતે વ્યવહાર્ય ન હોય અને એક્સપોઝરની ક્રિયાની માત્રા (action values) વધી જવાની અથવા અતિશય વધી જવાની સંભાવના હોય, ત્યારે માલિકે,આ પ્રકારની પ્રવૃત્તિને ઉચિત હોય તેવા એન્જિનિયરીંગ નિયંત્રણ પગલાં અંગેનો કાર્યક્રમ શરૂ કરીને અને તેનો અમલ કરીને વાજબી રીતે વ્યવહાર્ય હોય તેટલા નીચા સ્તર સુધી એકસપોઝરને ઘટાડવું જોઈશે.

(૩) માલિકે (કબજો ધરાવનારે) સુનિશ્ચિત કરવું જોઈશે કે કામદારો માટે નીચેના પગલાં લેવામાં આવ્યા છે:–

(ક) યોગ્ય અર્ગનોમિક્સ ડિઝાઈન ધરાવતા સાધનો જે કરવા ધારેલ કામમાં શક્ય તેટલી ઓછું કંપન (વાઈબ્રેશન) પેદા કરે છે;

(ખ) સહાયક સાધનોની જોગવાઈઓ, જે વાઈબ્રેશનથી થતી ઈજાનું જોખમ ઘટાડે છે અને કામના સાધનો, કામની જગ્યા અને કામની જગ્યાની પદ્ધતિ માટે યોગ્ય જાળવણી માટે (મેન્ટેનન્સ) પ્રોગામ (કાર્યક્રમ) રાખવો.

(૪) પેટા–ખંડ ૫ ને અધીન રહીને, માલિકે એ સુનિશ્ચિત કરવું જોઈશે કે તેના કામદારોને એક્સપોઝર (સંપર્ક) મર્યાદાના મૂલ્ય કરતાં વધારે વાઈબ્રેશનના સંપર્ક ન આવે અને મર્યાદાના વધારાના કારણો જાણવા જરૂરી પગલા લેવા જોઈશે અને એક્સપોઝર (સંપર્ક) ઘટાડવા વાઈબ્રેશનની મૂલ્ય મર્યાદા ઘટાડવા યોગ્ય પગલા લેવા જોઈશે:

પરંતું કામદારોનો વાઈબ્રેશન સાથેનો સંપર્ક સામાન્ય રીતે સંપર્ક કાર્ય મૂલ્ય નીચું હોય છે પરંતુ વખતોવખત સ્પષ્ટ રીતે બદલાઈ શકે છે અને પ્રસંગોપાત સંપર્ક મર્યાદાનું મૂલ્ય વધી શકે છે:

વધુમાં, સંપર્કની મૂલ્ય મર્યાદા કરતા કોઈપણ સપ્તાહના સરેરાશ વાઈબ્રેશન મર્યાદા મૂલ્ય કરતાં ઓછું હોય અને તે દર્શાવવા પુરાવા હોય કે સંપર્કની મૂલ્ય મર્યાદામાં સતત સંપર્કમાંથી અનુરૂપ જોખમ કરતા સંપર્કના વાસ્તવિક માળખામાં ઓછું જોખમ છે; અને ખંડ (૪) (ખ)ને ખાસ સંજોગોમાં ધ્યાનમાં લેતા, જોખમનું સ્તર વાજબી રીતે વ્યવહાર્ય હોય તેટલે સુધી ઓછું છે.

(૬) તબીબી તપાસ.

(૧) કબજેદારે સુનિશ્ચિત કરવું જોઈશે કે સંપર્ક કાર્ય મૂલ્યથી વધારે વાઈબ્રેશનના સંપર્કમાં આવતા હોય તેવા કામદારોની વર્ષમાં એકવાર સામયિક તબીબી તપાસ કરવામાં આવે છે. તબીબી તપાસમાં સામાન્ય અને શારીરિક તપાસની સાથોસાથ રેઈનાઉડ ફીનોમેનનની વિશિષ્ટ તપાસનો સમાવેશ થશે .

INDEX

(૨) કબજેદારે, છેલ્લી તપાસની તારીખથી પાંચ વર્ષની મુદત સુધી કામદારના આરોગ્યનો રેકોર્ડ જાળવવો જોઈશે અને માંગવામાં આવે ત્યારે કારખાનાના નિરીક્ષકને રજૂ કરવો જોઈશે .

(૩) પ્રમાણપત્ર આપનાર સર્જન/કારખાના તબીબી અધિકારીનો એવો અભિપ્રાય હોય કે કામદાર સદરહુ પ્રક્રિયામાં કામ કરવા માટે યોગ્ય નથી અને સતત મહેનતથી કામદારનું આરોગ્ય જોખમાય છે તે તથ્યો પર તે સદરહુ પ્રમાણપત્રમાં અને આરોગ્ય રજિસ્ટરમાં તેના તારણોની નોંધ કરવી જોઈશે.આવા સંજોગોમાં અનફીટ (અયોગ્ય) જાહેર થયેલા વ્યક્તિને વૈકલ્પિક પ્લેસમેન્ટ (રોજગાર) સુવિધા પૂરી પાડવી જોઈશે. જો પ્રમાણપત્ર આપનાર સર્જનનો એવો અભિપ્રાય હોય કે (કામદાર)સંપૂર્ણપણે અશક્ત છે,તો તેવા કિસ્સામાં અસરગ્રસ્ત વ્યક્તિને યોગ્ય રીતે ફેર નિમણૂંક આપવી જોઈશે.

(૭) વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો.

(૧) કબજેદારે–એ સુનિશ્ચિત કરવું જોઈશે કે કંપન (વાઈબ્રેશનન)ના વધુ સંપર્કમાં આવતા હોય તેવા કામદારોને રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે અનુરૂપ વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો અને રક્ષણાત્મક કપડા પૂરા પાડવામાં આવે છે. આવા વ્યક્તિગત રક્ષણાત્મક સાધનોમાં હાથ મોજા અને સુરક્ષાત્મક પગરખાનો સમાવેશ થશે. રક્ષણાત્મક કપડા કામદારને ઠંડી અને કચરાથી રક્ષણ કરવા સમર્થ હોવા જોઈશે.

(૨) કબજેદારેએ સુનિશ્ચિત કરવું જોઈશે કે કામદારોને સમયાંતરે વ્યક્તિગત રક્ષણાત્મક સાધનોના ઉપયોગ, કાળજી અને જાળવણીની તાલીમ આપવામાં આવે.

(૮) વહીવટી નિયંત્રણ પગલાં .

(૧) કબજેદારે–એ સુનિશ્ચિત કરવું જોઈશે કે અનુસૂચિનો સદરહુ ભાગ જેને લાગુ પડતી હોય તેવી પ્રક્રિયામાં કામ કરતાં કામદારોના સ્વાસ્થ્યને અનિચ્છનીય કંપન (વાઈબ્રેશન)ની અસર ન થાય તે સુનિશ્ચિત કરવા શક્ય હોય ત્યાં સુધી વાજબી રીતે વ્યવહાર્ય જરૂરી નિયંત્રણ પગલાં લેવામાં આવે છે.

(૨) કબજેદારે, પેટા–ખંડ (૩)માં નિયત કર્યા પ્રમાણે, તમામ કામદારોને માહિતી, પ્રશિક્ષણ અને નિર્ધારિત કરેલ સંપર્ક મર્યાદા મૂલ્ય અને કાર્ય મૂલ્યની તાલીમ પૂરા પાડવા જોઈશે.

(૩) ખંડ ૮ (૧)ની વ્યાપકતાને બાધ આપ્યા સિવાય, ખંડની જોગવાઈઓ હેઠળ પૂરી પાડવામાં આવેલી માહિતી, પ્રશિક્ષણ અને તાલીમમાં નીચેનાનો સમાવેશ થશે:–

(૧) પેટા–ખંડ ૩ હેઠળ નિર્ધારિત કરેલ સંપર્ક મર્યાદા મૂલ્ય અને કાર્ય;

(૨) વાઈબ્રેશન (કંપન)ના સંપર્કને ઘટાડવા માટે સલામત કામ કરવાની રીત;

(૩) કામદારો માટે યોગ્ય અને પર્યાપ્ત માહિતી અને તાલીમ, જેનાથી આવા કામના સાધનોનો ઉપયોગ યોગ્ય રીતે અને સલામત રીતે થઈ શકે અને વાઈબ્રેશનનો સંપર્કને ઘટી શકે;

(૪) સમયગાળાની મર્યાદા અને નિર્ધારિત સંપર્ક મર્યાદા મૂલ્ય;

(૫) પર્યાપ્ત આરામના ગાળા યોગ્ય કાર્ય સમયપત્રક;

(૬) ખંડ (૮) (૨)થી જરૂરી માહિતી, પ્રશિક્ષક અને તાલીમ, માલિક દ્વારા ઉપયોગમાં લેવાતી કાર્યપદ્ધતિ અથવા હાથ ધરવામાં કામના પ્રકારમાંના નોંધપાત્ર ફેરફારોને ધ્યાનમાં લઈને અદ્યાવત કરવામાં આવશે.

(૪) કબજેદારે જ્યાં કામદારોને અનિચ્છનીય વધુ કંપનનો સંપર્ક થવાની શક્યતાઓ હોય,ત્યાં તરત નજરે ચડે તેવા સ્થળોએ સચિત્ર ચેતવણી આપનાર નોટિસ / ચેતવણી ચિહ્નો દર્શાવવા જોઈશે.

(૯) મહિલાઓ, નાની વયની અને દિવ્યાંગ (અપંગ) વ્યક્તિઓનો કામે રાખવા પર પ્રતિબંધ.

અનુસૂચિના સદરહુ ભાગથી સમાવેશ કરવામાં આવેલી કાર્યવાહીમાં કોઈપણ મહિલા, નાની અને દિવ્યાંગ (અપંગ) વ્યક્તિઓને કામે રાખી શકાશે નહિ.

(૧૦) મુક્તિ: કોઈપણ કારખાના સંબંધમાં, મુખ્ય ઈન્સ્પેક્ટરને એવી ખાતરી થાય કે કોઈપણ સંજોગોને કારણે, અથવા પ્રક્રીયાની અનિશ્ચિતતા, અથવા કોઈપણ બીજા કારણે, આવા કારખાનામાં કામે રાખેલ વ્યક્તિઓના રક્ષણ માટે સદરહુ અનુસૂચિની કોઈપણ અથવા તમામ જોગવાઈઓ લાગુ પાડવી જરૂરી નથી, તો તે લેખિતમાં હુકમથી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર, આવા કારખાનાને સદરહુ બાબતે નિર્દિષ્ટ કરે તેવી શરતોને અને તેવી મુદત માટે લાગુ પડતી તમામ અથવા તે પૈકીની કોઈ જોગવાઈ રદ કરી શકશે અથવા તેમાંથી મુક્તિ આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 330

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, NOVEMBER 30, 2017/AGRAHAYANA 9, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ–ના તારીખ: ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના** જાહેરનામા **ક્રમાંક: જીકે–૫૮–૨૦૧૭–એચસીટી–૧૦૨૦૧૬–૨૮૬૫–ડી.**– નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE FAMILY COURTS ACTS, 1984.

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪.

ક્રમાંક: જીકે-૫૮-૨૦૧૭-એચસીટી-૧૦૨૦૧૬-૨૮૬૫-ડી :- ફેમિલી કોર્ટ અધિનિયમ,૧૯૮૪ (સન ૧૯૮૪ના ૬૬મા)ની કલમ ૩-ની, પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી, મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચાર-વિનિમય કરીને, આથી, સન ૨૦૧૭ના સપ્ટેમ્બર મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલી મોડાસા નગરપાલિકાની સ્થાનિક હદોમાંના વિસ્તારો માટે અને અરવલ્લી મહેસૂલી જિલ્લાના મોડાસા તાલુકાની સ્થાનિક હદો માટે, આથી ફેમિલી કોર્ટની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. જે. વોરા,

સચિવ અને સરકારના કાયદા પરામર્શી.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 331

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, NOVEMBER 30, 2017/AGRAHAYANA 9, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ–ના તારીખ: પમી જૂન, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએચ/૨૦૧૭નો ૧૧૬/બીએચઆરટી–૧૦૨૦૧૩–૩૩૮૪–વી.**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Tracer, Class III, in the Town Planning and Valuation Department Recruitment Rules, 2017

નગર આયોજન અને મૂલ્યાંકન ખાતામાં,

અનુરેખક વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૦૫મી જૂન, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએચ/૨૦૧૭નો ૧૧૬/બીએચઆરટી–૧૦૨૦૧૩–૩૩૮૪–વી :– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, અનુરેખક, વર્ગ–૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો, નગર આયોજન અને મૂલ્યાંકન ખાતામાં, અનુરેખક, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, અનુરેખક, વર્ગ–૩ની જગા પરની નિમણૂક, સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ–૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણુકને પાત્ર થવા માટે, ઉમેદવારે,–

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ;

(ખ) સરકાર દ્વારા માન્ય થયેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી મેળવેલું ડ્રાફ્ટસમેન/નકશાગર (સિવિલ)નું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈશે;

પરંતુ ઓટો–કેડ (Auto-CAD કોમ્પ્યુટર એઇડેડ ડિઝાઈન) સોફ્ટવેરની જાણકારી ધરાવતા ઉમેદવારને પસંદગી આપવામાં આવશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

(૪) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણુક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

(૫) પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઈશે.

(૬) પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમુનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પુરા પાડવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આનંદ ઝીંઝાલા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 332

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, NOVEMBER 30, 2017/AGRAHAYANA 9, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ–ના તારીખ: ૫મી જૂન, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએચ–૨૦૧૭નો ૧૧૫–બીએચઆરટી–૧૦૨૦૧૩–૩૩૮૩–વી.**–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Assistant Town Planning Draftsman, Class III, in the Town Planning and Valuation Department, Recruitment Rules, 2017.

નગર આયોજન અને મૂલ્યાંકન ખાતામાં મદદનીશ નગર આયોજન નકશાગર, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, પમી જૂન, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચ/૨૦૧૭નો ૧૧૫/બીએચઆરટી–૧૦૨૦૧૩-૩૩૮૩–પીઃ– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, મદદનીશ નગર આયોજન નકશાગર, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો, નગર આયોજન અને મૂલ્યાંકન ખાતામાં, મદદનીશ નગર આયોજન નકશાગર, વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મદદનીશ નગર આયોજન નકશાગર, વર્ગ–૩ની જગા પરની નિમણૂક, જેણે

(ક) (૧) નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, અનુરેખક, વર્ગ–૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલ હોય, અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા–ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતી અને સીધી પસંદગીથી કરવાની નિમણુક, અનુક્રમે ૩:૧ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ–૨ માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિઃ

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા રાજ્ય ટેકનિકલ એજ્યુકેશન બોર્ડ–એ એનાયત કરેલો

INDEX

આર્કિટેક્ચરલ આસિસ્ટન્ટશિપમાં ડિપ્લોમા અથવા સિવિલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) સરકાર દ્વારા માન્ય થયેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી મેળવેલું નકશાગર (સિવિલ)નું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈશે;

(ક) સરકારમાં, અનુરેખક, વર્ગ૩–ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો ત્રણ વર્ષનો અનુભવ હોવો જોઈશે; અથવા

(ખ) સરકારમાં અથવા સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં અનરેખણની કામગીરી અથવા નગર આયોજનની નકશાગીરી અથવા સ્થાપત્યની કામગીરીમાં ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે.

(૩) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો ‘

(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

(૫) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક–ની જોગવાઈ, સીધી પસંદગીથી નિમણુક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

(૬) સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ, લેવી જોઈશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઈશે.

(૭) પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આનંદ ઝીંઝાલા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 333

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2017

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, DECEMBER 4, 2017/AGRAHAYANA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**–ના તારીખ: **૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : ૧) જીએચ–કેએચ–૧૮૦–૨૦૧૭–બીજેટી–૧૦૨૦૧૭–૪૪૮૦–કે–૭,** અને **૨) એમઆઈએસ–૧૦૨૦૧૭–૧૩૨૭–કે–૨.ના** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭

ક્રમાંક: જીએચ-કેએચ-૧૮૦-૨૦૧૭-બીજેટી-૧૦૨૦૧૭-૪૪૮૦-કે-૭:- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, કૃષિ નિયામક મારફત કૃષિને વધુ નફાકારક બનાવવાના ઉદ્દેશથી લણણી પછીની પ્રક્રિયા અને વ્યવસ્થાપન (મૂલ્ય વૃદ્ધિ) માટે ખેડૂતોને ઉત્તેજન આપવાની યોજનાને જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવો લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, કોઈ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, કૃષિ નિયામક-એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID) ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો

INDEX

સ્થાપવા માટે,જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશેઃ

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઈશેઃ–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ,
અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજાકોઈ દસ્તાવેજોઃ

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશેઃ–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, કૃષિ નિયામક મારફત,યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) લણણી પછીની પ્રક્રિયા અને વ્યવસ્થાપન (મૂલ્ય વૃદ્ધિ) માટે ખેડૂતોને ઉત્તેજન આપતી યોજનાના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો કૃષિ નિયામક–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા લણણી પછીની પ્રક્રિયા અને વ્યવસ્થાપન (મૂલ્ય વૃદ્ધિ) માટે ખેડૂતોને ઉત્તેજન આપતી યોજનાના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો, કૃષિ નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.ડી.દવે,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭

ક્રમાંક: એમઆઈએસ/૧૦૨૦૧૭/૧૩૨૭/કે-૨:- રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ મારફત એઈઆર-૧ કૃષિ શિક્ષણ-નેજાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવો લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, કોઈ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, (રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ-એ,)વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે,જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન

INDEX

કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઇશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી(એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ,
અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણમાધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ મારફત,યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) એઈઆર–૧ કૃષિ શિક્ષણ–ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા એઈઆર–૧ કૃષિ શિક્ષણ–ના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો, રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.ડી.દવે,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 334

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, DECEMBER 4, 2017/AGRAHAYANA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**–ના તારીખ: **૩જી ફેબ્રુઆરી, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક : જીએસ–૨૦૧૭–૦૬–બીઆરટી–૧૦૨૦૧૬–૧૦૫૦(૬૫૪૮૨૩)–કે–.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Gujarat Administrative Service, Class I and the Gujarat Civil Service (Class I and Class II), Competitive Examination Rules, 2017.

ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧ અને ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨), સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૭ સંબંધી

જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીએસ/૨૦૧૭/૦૬/બીઆરટી/૧૦૨૦૧૬/૧૦૫૦(૬૫૪૮૨૩)/કે:– ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે અગાઉ કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેના નિયમો કરે છે:

૧. **ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત.–** (૧) આ નિયમો ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧ અને ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨), સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં, તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે અનુસૂચિ ૧માં, નિર્દિષ્ટ કરેલી જગા પર નિમણૂકને પાત્ર વ્યક્તિઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.–** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો –

(ક) "આયોગ" એટલે ગુજરાત જાહેર સેવા આયોગ;

(ખ) "પરીક્ષા" એટલે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ ઉપર ભરતી માટેની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અને તેમાં નિયમ ૪માં ઉલ્લેખેલ, પ્રારંભિક પરીક્ષા, મુખ્ય પરીક્ષાનો સમાવેશ થાય છે;

(ગ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(ઘ) "ઠરાવેલું" એટલે આયોગે કરેલા વિનિયમોથી ઠરાવેલું;

(ચ) "અનુસૂચિ" એટલે આ નિયમોને જોડેલી અનુસૂચિ;

(છ) "અનુસૂચિત જગાઓ" એટલે અનુસૂચિ ૧માં, નિર્દિષ્ટ કરેલી ગુજરાત મુલકી સેવામાંની જગાઓ.

૩. **પરીક્ષા લેવા બાબત.–** આયોગ, સરકાર તરફથી માંગણી પત્રક મળ્યે, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ ઉપર ભરતી માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા લેશે.

૪. **પરીક્ષાનો પ્રકાર.–** (૧) પરીક્ષા લાગલગાટ બે તબક્કામાં લેવામાં આવશે:–

(૧) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી માટે (હેતુલક્ષી પ્રકારની) પ્રારંભિક પરીક્ષા; અને

(૨) અનુસૂચિત જગાઓ માટે ઉમેદવારોની આખરી પસંદગી માટે મુખ્ય પરીક્ષા (લેખિત અને વ્યક્તિત્વ કસોટી)

(૨) પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષા, અનુસૂચિ ૨–માં નિર્દિષ્ટ કરેલી રીતે લેવામાં આવશે.

૫. **અભ્યાસક્રમ.–** આયોગ, દરેક વિષયના અભ્યાસક્રમની વિગતો નક્કી કરશે અને આવો અભ્યાસક્રમ,ઉમેદવારને અરજીપત્ર સાથે પૂરો પાડવામાં આવશે.

૬. **પરીક્ષાનું માધ્યમ.–** (૧)અનુસૂચિ ૨ હેઠળના વિભાગ ૨ અને વિભાગ ૩ની પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે.

(૨) અનુસૂચિ ૨ હેઠળના વિભાગ ૩ ના પેપર ૧ની પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે અને અનુસૂચિ ૨ હેઠળના વિભાગ ૩ના પેપર ૨–ની પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.

૭. **પરીક્ષાનું સ્થળ.–** (૧) આયોગ, કઈ તારીખે અને કયા સ્થળે, પ્રારંભિક અને મુખ્ય પરીક્ષા (લેખિત) યોજવી, તે નક્કી કરશે.

(૨) વ્યક્તિત્વ કસોટી, ગાંધીનગર ખાતે લેવામાં આવશે.

(૩) ઉમેદવારોએ, લેખિત પરીક્ષા અને વ્યક્તિત્વ કસોટીમાં, તેમના પોતાના ખર્ચે હાજર રહેવું પડશે.

૮. **પરીક્ષા માટેની અરજી.–** (૧) પ્રારંભિક પરીક્ષામાં બેસવા ઈચ્છતા ઉમેદવારે, આયોગ ઠરાવે તેવા નમૂનામાં, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરવી જોઇશે.

(૨) આયોગે, મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક હોવાનું જાહેર કરેલા ઉમેદવારોએ, આયોગ ઠરાવે તેવા નમૂનામાં, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી ફી સાથે ફરીથી અરજી કરવી જોઇશે.

(૩) ફી, આયોગ ઠરાવે તેવી રીતે ભરવી જોઇશે અને એક વખત ફી ભર્યા પછી પરત આપવામાં આવશે નહિ અથવા ત્યાર પછીની પરીક્ષા માટે ગણવામાં આવશે નહિ.

(૪) ઉમેદવારે કરેલી અરજી પાછી ખેંચવાની વિનંતી, કોઇપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૯. **પસંદગીનો અગ્રતાક્રમ.–**(૧) ઉમેદવારે, વ્યક્તિત્વ કસોટી વખતે, તેણે પોતાના હસ્તાક્ષરમાં જે જગા ઉપરની નિમણૂક માટે ગણાવા ઈચ્છતા હોય તેનો પસંદગીનો અગ્રતાક્રમ, આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવી રીતે જણાવવો જોઇશે:

પરંતુ ઉમેદવારે, એક વખત આપેલો અગ્રતાક્રમ આખરી ગણાશે અને પસંદગીમાં સુધારા, વધારા, ફેરફાર અથવા તે બદલવા અંગેની કોઇ વિનંતી આયોગ અથવા સરકાર ધ્યાન પર લેશે નહિ.

(૨) (ક) ઉમેદવારે જણાવેલી જગાઓ માટેના અગ્રતાક્રમથી, તે જગાઓ ઉપર નિમણૂકનો કોઇ હક મળતો નથી. ગુણવત્તાક્રમમાં દરજ્જા અને પ્રાપ્ય જગાઓની સંખ્યાને ધ્યાનમાં લઇને, ઉમેદવારે આપેલ અગ્રતાક્રમને તેની નિમણૂક વખતે સરકાર વિચારણામાં લેશે.

(ખ) જ્યારે ઉમેદવારે કોઇપણ જગા માટે અગ્રતાક્રમ આપેલ ન હોય અથવા ઉમેદવારે ફક્ત થોડીક જ જગાઓ માટે અગ્રતાક્રમ આપેલ હોય અને જેને માટે અગ્રતાક્રમ આપેલ હોય તેટલી સંખ્યાની જગાઓ, ઉમેદવારને તેના અગ્રતાક્રમ પ્રમાણે સમાવી લેવા ઉપલભ્ય ન હોય, ત્યારે તમામ ઉમેદવારોને, તેમણે આપેલા અગ્રતાક્રમ અનુસાર જગાઓની ફાળવણી કર્યા પછી ખાલી રહેતી બાકીની કોઇ જગા તેને ફાળવવામાં આવશે.

(૩) ચોક્કસ જગા ઉપર ઉમેદવારની નિમણૂક, તે જગાના સંબંધમાં અમલમાં હોય તેવા ભરતી નિયમોની જોગવાઇઓને અધીન રહેશે.

(૪) ઉમેદવાર, તેને ફાળવેલ જગા ઉપર નિયત સમયમાં ન જોડાય તો, નિમણૂક માટે આયોગે ભલામણ કરેલ ઉમેદવારોની યાદીમાંથી તેનું નામ કમી કરવામાં આવશે.

(૫) ઉમેદવારને ચોક્કસ જગા ઉપર નીમવામાં આવ્યો હોય, ત્યારે બીજી જગા ઉપર નિમણૂક બદલવાની કોઇ વિનંતી સરકાર ધ્યાનમાં લેશે નહિ.

INDEX

૧૦. યોગ્યતા માટેની શરત. – (૧) ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે લાયક ગણાશે નહિ સિવાય કે તે,–

(ક) ભારતનો નાગરિક, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા

(ઘ) પાકિસ્તાન, મ્યાનમાર, શ્રીલંકા, પૂર્વ આફ્રિકાના કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયાના સંયુક્ત પ્રજાસત્તાક, ઝામ્બિયા, મલાવી, ઝૈર, ઈથીઓપીયા વગેરે દેશોમાંથી અને વિયેટનામમાંથી સ્થાળાંતર કરીને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સ્થળાંતર કર્યુ હોય તેવી ભારતીય મૂળની વ્યક્તિ હોય:

પરંતુ ખંડો (ખ), (ગ) અથવા (ઘ)માંની કક્ષાના ઉમેદવારે, સરકારે કાઢી આપેલું યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે.

(૨) જેણે યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી હોય તેવા ઉમેદવારને, આયોગ દ્વારા લેવાતી પરીક્ષામાં બેસવાની છૂટ આપી શકાશે અને તેને યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવાને અધીન રહીને, કામચલાઉ નિમણૂક પણ આપી શકાશે.

૧૧. એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાત:–

(૧) (ક) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી વ્યક્તિ સાથે જેણે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કરેલ હોય તેવી કોઈ વ્યક્તિ, અથવા

(ખ) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી કોઈ વ્યક્તિએ, અન્ય વ્યક્તિ સાથે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તેવી કોઈ વ્યક્તિ,

અનુસૂચિત જગાઓ ઉપર નિમણૂકને પાત્ર થશે નહિ:

પરંતુ, તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકારને, એવી ખાતરી થાય કે તેમ કરવા માટેના ખાસ કારણો છે, તો તે, આ પેટા–નિયમના અમલમાંથી કોઈ વ્યક્તિને મુક્તિ આપી શકશે.

(૨) ઉમેદવારે, તે અથવા યથાપ્રસંગ, તેણી, પરીણિત છે કે કેમ અને પુરુષ ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતાં વધુ હયાત પત્ની છે કે કેમ અને સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં જેને બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે, તેણીએ લગ્ન કરેલ છે કે કેમ તે અરજીપત્રમાં જાહેર કરવું પડશે.

૧૨. વય મર્યાદા:– પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર, આયોગે, જાહેરાતમાં જણાવેલ તારીખે ૨૦ વર્ષ કરતાં ઓછી અને ૩૫ વર્ષ કરતાં વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ.

૧૩. શૈક્ષણિક લાયકાતો:– (૧) અનુસૂચિત જગાઓ માટેના સંબંધિત ભરતી નિયમો હેઠળ, નિમણૂક માટેની જરૂરી શૈક્ષણિક લાયકાતો અને બીજી જરૂરિયાતો ધરાવતો હોય તેવો ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે:

પરંતું કોઈ ઉમેદવાર પદવી પરીક્ષામાં બેઠો હોય, જે પરીક્ષા પાસ કરવાથી તે નિયમ ૩માં જણાવેલી પરીક્ષા માટે શૈક્ષણિક રીતે લાયક થતો હોય, પણ પરિણામ જાહેર થયું ન હોય, તે ઉમેદવાર પણ પ્રારંભિક પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણાશે, પણ આયોગે જાહેરાતમાં જણાવેલ તારીખે લઘુત્તમ વય પ્રાપ્ત કરેલી હોવી જોઈશે.

(૨) મુખ્ય પરીક્ષામાં બેસવા માટે, આયોગે–એ લાયક જાહેર કરેલા હોય તેવા તમામ ઉમેદવારોએ, મુખ્ય પરીક્ષા માટેની પોતાની અરજી સાથે ડિગ્રી (પદવી) પરીક્ષા પાસ કર્યાની સાબિતી (કર્યાનો પુરાવો) રજૂ કરવી/કરવો જરૂરી રહેશે. કોઈ ઉમેદવાર, ઉપર જણાવ્યા પ્રમાણેની ડિગ્રી (પદવી) પરીક્ષા કર્યાની સાબિતી (કર્યાનો પુરાવો) પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ જાય, તો તે ઉમેદવાર, તે મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર રહેશે નહિ:

પરંતુ પેટા–નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલી લાયકાત ઉપરાંત, ઉમેદવાર, સંબંધિત જગાના સંબંધિત ભરતી નિયમોમાં ઠરાવ્યા પ્રમાણેની જરૂરી લાયકાતો ધરાવતો હોવો જોઈશે.

(૩) જે ઉમેદવારે, આખરી વ્યાવસાયિક એમ.બી.બી.એસ અથવા બીજી તબીબી પરીક્ષા પાસ કરી હોય, પણ મુખ્ય પરીક્ષા માટેની તેની અરજી રજૂ કરવાના સમયે તેની ઈન્ટર્નશીપ પૂરી કરી ન હોય અને મુખ્ય પરીક્ષામાં બેસવા માટે આયોગે લાયક જાહેર કર્યો હોય તેને, એવી શરતને અધીન રહીને, મુખ્ય પરીક્ષામાં બેસવાની કામચલાઉ પરવાનગી આપી

INDEX

શકાશે કે આવા ઉમેદવારે, તેની અરજીની સાથે તેણે આખરી વ્યાવસાયિક તબીબી પરીક્ષા પાસ કરી છે તે મતલબનું યુનિવર્સિટીના અથવા સંસ્થાના સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવેલ પ્રમાણપત્રની એક નકલ, રજૂ કરવી જોઈશે. એવા ઉમેદવારે, વ્યક્તિત્વ કસોટી સમયે, અસલ પદવી પ્રમાણપત્ર અથવા તેણે પદવી લેવા માટેની તમામ જરૂરિયાતો (ઈન્ટર્નશિપ પૂરી કર્યા સહિતની) પૂરી કરી છે, તે મતલબનું યુનિવર્સિટીના અથવા સંસ્થાના સંબંધિત સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે.

૧૪. **આયોગનો નિર્ણય આખરી હોવા બાબત:** – (૧) આયોગને એવી ખાતરી થાય કે ઉમેદવાર તમામ બાબતોમાં પાત્રતા ધરાવે છે અને તેણે જરૂરી ફીની ચુકવણી સહિતની તમામ જરૂરિયાતોનું પાલન કરેલ છે, તે સિવાય ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં બેસવા માટેની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૨) મુખ્ય પરીક્ષામાં, પ્રવેશ માટેની ઉમેદવારની પાત્રતાની બાબતમાં આયોગનો નિર્ણય આખરી ગણાશે.

૧૫. **પરીક્ષાને લગતું નિયંત્રણ:–** (૧)ઉમેદવારે, તમામ પ્રશ્નપત્રોના ઉત્તરો, તેના સ્વ–હસ્તાક્ષરમાં આપવાના રહેશે. તેમ છતાં, અંધ ઉમેદવારોને, આયોગ તે અર્થે વખતોવખત બહાર પાડે તેવી સૂચનાને અધીન રહીને, પરીક્ષામાં લહિયા (Scribe) ની મદદથી લખવાની પરવાનગી આપવામાં આવશે.

(૨) (ક) ઉમેદવારને, સેલ્યુલર ફોન, પેજર અથવા બીજા કોઈ સંદેશાવ્યવહારના મોબાઈલ સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ;

(ખ) ઉમેદવારને, પ્રારંભિક પરીક્ષામાં કેલક્યુલેટર (ગણક યંત્ર)નો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ:

પરંતુ ઉમેદવારને, આયોગ ઠરાવે તેવા વર્ણનાત્મક પ્રકારના પેપરમાં, સાદી બેટરીથી સંચાલિત નોન–પ્રોગ્રામેબલ પોકેટ કેલક્યુલેટર (ગણક યંત્ર) લાવવાની અને તેનો ઉપયોગ કરવાની પરવાનગી આપી શકાશે. પણ પરીક્ષા ખંડમાં, ઉમેદવારોની વચ્ચે કેલક્યુલેટર (ગણક યંત્ર)નું આદાન–પ્રદાન અથવા સ્થાનફેર કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૬. **મુખ્ય પરીક્ષામાં બેસવા બાબત.–** પ્રારંભિક પરીક્ષામાં, આયોગ નક્કી કરે તેવા લઘુત્તમ લાયકી ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવારને, મુખ્ય પરીક્ષામાં બેસવાની છૂટ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા (લેખિત)માં આયોગ નક્કી કરે, તેવા લઘુત્તમ લાયકી ગુણ મેળવેલ હોય તે ઉમેદવારને વ્યક્તિત્વ કસોટી માટે બોલાવવામાં આવશે:

પરંતુ આયોગનો અભિપ્રાય એવો હોય કે અનુસુચિત જાતિ અથવા અનુસુચિત આદિજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (વિચરતી અને વિમુક્ત આદિજાતિ સહિત)ના ઉમેદવારો માટે, અનામત રાખેલી ખાલી જગાઓ ભરવા માટેના, સામાન્ય ધોરણના આધારે વ્યક્તિત્વ કસોટી માટે, પૂરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલભ્ય થવાનો સંભવ નથી, તો તે, પ્રારંભિક પરીક્ષા તેમજ મુખ્ય પરીક્ષા (લેખિત)માં ધોરણો હળવા કરીને, આવા સમુદાયોના ઉમેદવારોને વ્યક્તિત્વ કસોટી માટે બોલાવી શકશે.

૧૭. **ગુણવત્તા ક્રમની યાદી:** – આયોગે, મુખ્ય પરીક્ષાના અંતે, મુખ્ય પરીક્ષામાં દરેક ઉમેદવારને મળેલા એકંદર આખરી ગુણના આધારે, ગુણવત્તા ક્રમમાં ઉમેદવારોના નામો ગોઠવવા જોઇશે. ત્યારપછી, બિનઅનામત જગાઓના ઉમેદવારોના ભલામણના હેતુ માટે, મુખ્ય પરીક્ષાના આધારે ભરવાની જગાઓ, (જેનો આમાં હવે પછી, સામાન્ય લાયકી ધોરણ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, બિનઅનામત સંખ્યાના પ્રમાણમાં આયોગ લાયકી ગુણ નક્કી કરશે. અનામત વર્ગના ઉમેદવારોના ભલામણના હેતુ માટે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (વિચરતી અને વિમુક્ત આદિજાતિ સહિતની)ના ઉમેદવારો માટે અનામત રાખેલી ખાલી જગાઓ, સામાન્ય કક્ષા માટે નક્કી કરેલા એકંદર પાત્રતા ગુણના આધારે ભરી ન શકાય, ત્યારે આયોગ, અનામત જગામાં પડેલી જગામાં પડેલી ખોટ પૂરવા માટે, એકંદર ગુણનું ધોરણ હળવું કરી શકશે:

પરંતુ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિ સહિત)ના ઉમેદવારો કે જેમણે, મુખ્ય પરીક્ષામાં યોગ્યતા અથવા પસંદગીના માપદંડમાં કોઈ રાહત અથવા છૂટછાટ મેળવેલ ન હોય અને જે સામાન્ય લાયકી ધોરણોને ધ્યાનમાં લીધા પછી, આયોગને ભલામણ માટે યોગ્ય જણાય તો તેની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિ સહિત) માટેની અનામત ખાલી જગાઓ માટે ભલામણ કરવી જોઇશે નહિ.

INDEX

(૨) અગ્રતાક્રમને વિચારણામાં લેતી વખતે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિ સહિત)ના ઉમેદવારો કે જેમની ભલામણ બિનઅનામત ખાલી જગાઓ માટે કરેલ હોય, તેમને અનામત ખાલી જગાઓ માટે આયોગ દ્વારા ગોઠવી શકાશે, જો આ પ્રક્રિયાથી તેઓ અગ્રતાક્રમ અનુસારની તેમની પસંદગીની ઉપલી કક્ષાની જગા મેળવી શકે તેમ હોય.

(૩) આ નિયમની જોગવાઈથી ઊભી થયેલી બિનઅનામત ખાલી જગાઓ પર નિમણૂક કરવા માટે ઉમેદવારોની કોઈપણ ઘટ ઊભી ન થાય અને અનામત ખાલી જગાઓ પર ઉમેદવારોની સંખ્યા વધી ન જાય, તે બાબતની કાળજી લેવા માટે, આયોગ, લાયકી ધોરણમાં વધુ ઘટાડો કરી શકશે.

(૪) પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે નહિ. ઉમેદવારોના (કે જેમને ગુજરાત વહીવટી સેવા, વર્ગ–૧ અને ગુજરાત મુલકી સેવા, વર્ગ– ૧ અથવા યથાપ્રસંગ, વર્ગ ૨–ની જગાઓ ફાળવવામાં આવી હોય તેમના) કોઈપણ કારણસર સેવામાં ન જોડાવાને લીધે, તે સેવાની બાકી રહેલી જગાઓ, કોઈ હોય તો, તે ત્યારપછીની ભરતી વખતે, નવેસરથી (નવી જગાઓ તરીકે ગણીને) ભરવામાં આવશે.

૧૮. **વ્યક્તિત્વ કસોટીમાં ઉપસ્થિત રહેવામાં ચૂક થયેથી અપાત્રતા.**– જે ઉમેદવાર વ્યક્તિત્વ કસોટી માટે લાયક ઠરેલ હોય, પણ ઉપસ્થિત રહેવામાં ચૂક કરે તેવો ઉમેદવાર, પસંદગી માટે પાત્ર ગણાશે નહિ.

૧૯. **પરીક્ષાનું પરિણામ.**– (૧) અનુસૂચિત જગાઓ ઉપરની નિમણૂક માટે સરકારને જેમના નામની ભલામણ કરવાની હોય તેવા ઉમેદવારોનું પરિણામ, દરેક ઉમેદવારના બેઠક નંબર અને તેણે મેળવેલ કુલ ગુણ સાથે ઉમેદવારોના ગુણવત્તાક્રમ અનુસાર ગોઠવવું જોઈશે.

(૨) આયોગે, તેના નોટિસ બોર્ડ ઉપર, અસફળ ઉમેદવારોના નામ, બેઠક નંબર અને તે દરેક ઉમેદવારે, મેળવેલ કુલ ગુણ સહિતનું પરિણામ પણ પ્રદર્શિત કરવું જોઈશે.

(૩) આયોગે, ત્યારપછી રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા પરિણામની એક નકલ સરકારને મોકલવી જોઈશે.

૨૦. **મુખ્ય પરીક્ષાના ગુણની પુન:ચકાસણી બાબત.**–(૧) જે ઉમેદવાર, મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની પુન: ચકાસણી કરાવવા ઇચ્છતો હોય તે ઉમેદવાર, આયોગને, મુખ્ય પરીક્ષાના આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, દરેક પ્રશ્નપત્ર દીઠ આયોગ નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરી શકશે.

(૨) જે ઉમેદવાર, મુખ્ય પરીક્ષા અથવા તેના ભાગનું ગુણપત્રક મેળવવા ઇચ્છતો હોય તે ઉમેદવાર, આયોગને, આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, આયોગ નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરી શકશે.

(૩) કોઈપણ સંજોગોમાં મુખ્ય પરીક્ષાના કોઈપણ ભાગના ગુણ, આખરી પરિણામની સત્તાવાર જાહેરાત પહેલા જાહેર કરવા જોઈશે નહિ.

૨૧. **સરકારને પરિણામ મોકલવા બાબત.**– પરિણામની જાહેરાત થયે, આયોગે, ઉમેદવારનો વર્ગ, તેની જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, જગા માટેનો અગ્રતાક્રમ અને રાજ્ય સરકાર આદેશ કરે તેવી બીજી અન્ય વિગતો સાથે નિમણૂક માટે ભલામણ કરેલ હોય તેવા ઉમેદવારોની યાદી, સરકારને મોકલવી જોઈશે.

૨૨. **નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.**– પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ નિમણૂક અંગેનો કોઈપણ હક મળશે નહિ અને સરકારને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે તે જગા પર નિમણૂક માટે ઉમેદવાર તમામ રીતે યોગ્ય છે તે સિવાય, કોઈ ઉમેદવારની તે જગા પર, સરકાર નિમણૂક કરી શકશે નહિ.

૨૩. **તબીબી પરીક્ષણ.**– પસંદ થયેલા ઉમેદવારે, સરકારે આ અર્થે કરેલા સંબંધિત ભરતી નિયમો અનુસાર, તબીબી યોગ્યતા (કસોટી) પાસ કરવી જોઇશે અને/અથવા શારીરિક માપદંડો પરિપૂર્ણ કરવા જોઇશે:

પરંતુ ઉમેદવારે, વ્યક્તિત્વ કસોટીના દિવસે આયોગ દ્વારા યોજવામાં આવતી નશાબંધી અને આબકારી અધીક્ષક તથા નાયબ પોલીસ અધીક્ષકની જગાઓ માટેની શારીરિક કસોટીમાં ઉપસ્થિત રહેવું પડશે. સદરહુ જગા

માટે જણાવ્યા મુજબના શારીરિક માપદંડ પરિપૂર્ણ ન કરે તેવા ઉમેદવારો, આવી જગા માટે વિચારણામાં લેવામાં આવશે નહિ અને તદનુસાર આવા ઉમેદવાર, આવી જગાને અગ્રતાક્રમ આપવા માટે હકદાર ગણાશે નહિ.

૨૪. **અજમાયશી મુદત.–** પસંદ થયેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે. અજમાયશી મુદત, ગુજરાતી મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અનુસાર વધારી શકશે.

૨૫. **તાલીમ અને પરીક્ષા.–** પસંદ થયેલા ઉમેદવારે, સરકાર વખોતવખત ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે અને ઠરાવે તેવી પરીક્ષા પાસ કરવી જોઈશે.

૨૬. **શિસ્ત વિષયક પગલાં.–**

આયોગે જે ઉમેદવારને,–

(૧) કોઈપણ સાધનો દ્વારા પોતાની ઉમેદવારી માટે ટેકો મેળવવા માટે;

(૨) ખોટું વ્યક્તિત્વ ધારણ કરવા માટે;

(૩) કોઈ વ્યક્તિને ખોટું વ્યક્તિત્વ ધારણ કરાવવા માટે;

(૪) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા માટે;

(૫) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદન કરવા માટે;

(૬) પરીક્ષા માટેની પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઈ નિયમ વિરુદ્ધના(અનિયમિત) અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે;

(૭) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે;

(૮) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે;

(૯) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે;

(૧૦) પરીક્ષાના સંચાલન માટે આયોગે કામે રાખેલ (રોકેલા) કર્મચારીવર્ગ (સ્ટાફ)ને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકસાન કરવા માટે;

(૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, તેમાં મદદગારી કરવા માટે; અથવા

(૧૨) પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની ઉમેદવારોને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્ર સાથે તેમને આપેલ કોઈપણ સૂચના પૈકીની કોઈ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો, તેના ઉપર ફોજદારી કાર્યવાહી ચલાવવા ઉપરાંત, તે–

(ક) આયોગ દ્વારા, તે જે પરીક્ષામાં ઉમેદવાર હોય તે પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવાને: અથવા

(ખ) (૧) આયોગે યોજવાની થતી સીધી પસંદગી માટેની કોઈ પરીક્ષામાં અથવા રૂબરૂ મુલાકાત (કસોટી)(ઈન્ટરવ્યૂ)માં ઉપસ્થિત રહેવામાંથી; અથવા

(૨) રાજ્ય સરકાર દ્વારા તેની હેઠળના કોઈ રોજગારમાંથી,

કાયમી ધોરણે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત થવાને પાત્ર થશે:

પરંતુ તે અર્થે પોતે રજૂઆત કરવા ઇચ્છે, તો ઉમેદવારને લેખિતમાં એવી રજૂઆત કરવાની તક આપવામાં આવે તે સિવાય, ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ કોઈ દંડ નાખી શકાશે નહિ.

(ગ) જો તે અગાઉ સરકારી સેવામાં હોય, તો યોગ્ય નિયમો હેઠળ શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

INDEX

૨૭. અપવાદ.– આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ નિયમોના આરંભ પહેલાં અગાઉના નિયમો હેઠળ શરૂ કરવામાં આવેલ કોઈપણ કાર્યવાહી, પૂરી ન થાય ત્યાં સુધી તે (કાર્યવાહી) કાયદેસર ગણાશે.

અનુસૂચિ–૧

(જુઓ નિયમ ૨(ચ))

વર્ગ ૧ની જગાઓ

૧. ગુજરાત વહીવટી સેવાઓ હેઠળની જગાઓ.

૨. સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રાર.

૩. નશાબંધી અને આબકારી અધીક્ષક.

૪. નાયબ પોલીસ અધીક્ષક.

વર્ગ ૨ની જગાઓ

૧. મામલતદાર

૨. તાલુકા વિકાસ અધિકારી અથવા ઘટક વિકાસ અધિકારી.

૩. સરકારી શ્રમ અધિકારી.

૪. જિલ્લા જમીન દફતર નિરીક્ષક.

૫. નશાબંધી અને આબકારીના અધીક્ષક.

૬. સહકારી મંડળીઓના મદદનીશ રજિસ્ટ્રાર.

૭. સચિવાલયના વિભાગો અને સંલગ્ન કચેરીઓના સેક્શન અધિકારી.

૮. નાગરિક પુરવઠાના મદદનીશ નિયામક.

અનુસૂચિ ૨

(જુઓ નિયમ ૪)

વિભાગ–૧

પરીક્ષાની રૂપરેખા

પરીક્ષા બે ક્રમિક તબક્કામાં લેવામાં આવશે.–

(ક) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે, પ્રારંભિક પરીક્ષા (હેતુલક્ષી પ્રકારની); અને

(ખ) અનુસૂચિત જગાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે, મુખ્ય પરીક્ષા(લેખિત) અને પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી).

(ક) પ્રારંભિક પરીક્ષા.–

પ્રારંભિક પરીક્ષામાં આ અનુસૂચિના વિભાગ–૨ માં દર્શાવ્યા પ્રમાણે, હેતુલક્ષી પ્રકારના (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળા) બે પ્રશ્નપત્રો રહેશે અને તે કુલ મહત્તમ ૪૦૦ ગુણના રહેશે. આ પરીક્ષા માત્ર ચકાસણી કસોટી પ્રકારની રહેશે. મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક જાહેર કરવામાં આવે તેવા ઉમેદવારોએ, પ્રારંભિક પરીક્ષામાં મેળવેલા ગુણની ગણતરી તેમનો આખરી ગુણવત્તા ક્રમ નકકી કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ. મુખ્ય પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવે તેવા ઉમેદવારોની સંખ્યા, એવી રીતે જાહેરખબરમાં

INDEX

આપવામાં આવેલી કુલ ખાલી જગાઓની સંખ્યાથી આશરે પંદર ગણી રહેશે. આયોગ દ્વારા પ્રારંભિક પરીક્ષામાં લાયક જાહેર કરવામાં આવેલ ઉમેદવાર જ, તે અન્યથા મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક છે, તે શરતને અધીન રહીને, મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક ગણાશે.

ખ. મુખ્ય પરીક્ષા.–

મુખ્ય પરીક્ષા, કુલ ૯૦૦ ગુણની લેખિત પરીક્ષા અને ૧૦૦ ગુણની પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી)ની રહેશે. આ અનુસૂચિના વિભાગ–૩માં દર્શાવ્યા પ્રમાણે, લેખિત પરીક્ષા છ પ્રશ્નપત્રોની રહેશે અને વિભાગ–૪માં દર્શાવ્યા પ્રમાણે પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી)ની રહેશે.

મુખ્ય પરીક્ષાના લેખિત ભાગમાં આયોગ નક્કી કરે તેવા લઘુત્તમ પાત્રતા ગુણ મેળવે તેવા ઉમેદવારોને, પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી) માટે બોલાવવામાં આવશે. પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી) માટે બોલાવવામાં આવે તેવા ઉમેદવારોની સંખ્યા આવી રીતે જાહેરખબરમાં આપવામાં આવેલી ખાલી જગાઓની સંખ્યાથી આશરે ત્રણ ગણી હોવી જોઇશે. પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી) કોઇ લઘુત્તમ પાત્રતા ગુણ સિવાય ૧૦૦ ગુણની રહેશે.

મુખ્ય પરીક્ષામાં ઉમેદવારોએ મેળવેલા ગુણ પરથી આખરી (ગુણવત્તા) ક્રમ નકકી કરવામાં આવશે.

વિભાગ ૨

પ્રારંભિક પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયો

પ્રારંભિક પરીક્ષામાં નીચે પ્રમાણેના બે પ્રશ્નપત્રો કુલ–૪૦૦ ગુણના રહેશે:–

પ્રશ્નપત્ર	પરીક્ષાનો પ્રકાર	વિષય	કુલ ગુણ	સમયગાળો
૧	હેતુલક્ષી	સામાન્ય અભ્યાસ–૧	૨૦૦	૧૨૦ મિનિટ
૨		સામાન્ય અભ્યાસ–૨	૨૦૦	૧૨૦ મિનિટ
		કુલ	૪૦૦	

નોંધ:

૧. બંને પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

૨. સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રો માટેના અભ્યાસક્રમનું ધોરણ અને તેની વિષયવસ્તુ, પદવી કક્ષાના રહેશે.

૩. પ્રશ્નપત્રો હેતુલક્ષી પ્રકારના (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળા) રહેશે.

૪. અંધ ઉમેદવારોને, દરેક પ્રશ્નપત્ર દીઠ વીસ મિનિટનો વધારાનો સમય આપી શકાશે.

વિભાગ–૩

મુખ્ય પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયો

મુખ્ય પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયોમાં, નીચેના પ્રશ્નપત્રોનો સમાવેશ થશે:–

પ્રશ્નપત્ર નં.	પરીક્ષાનો પ્રકાર	વિષય	ગુણ	સમયગાળો
૧	તમામ પ્રશ્નપત્રો વર્ણનાત્મક (રૂઢિગત પ્રકાર)ના છે.	ગુજરાતી ભાષા	૧૫૦	૩ કલાક
૨		અંગ્રેજી ભાષા	૧૫૦	૩ કલાક
૩		નિબંધ	૧૫૦	૩ કલાક
૪		સામાન્ય અભ્યાસ –૧	૧૫૦	૩ કલાક
૫		સામાન્ય અભ્યાસ –૨	૧૫૦	૩ કલાક
૬		સામાન્ય અભ્યાસ – ૩	૧૫૦	૩ કલાક
		કુલ ગુણ	**૯૦૦**	

નોંધ :

૧. ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના ગુજરાતી વિષય (ઉચ્ચતર સ્તર)ને સમકક્ષ રહેશે.

૨. અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના અંગ્રેજી વિષય (નિમ્ન સ્તર)ને સમકક્ષ રહેશે.

૩. સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રો માટેના અભ્યાસક્રમનું ધોરણ અને તેની વિષયવસ્તુ, પદવી કક્ષાના રહેશે.

૪. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

૫. મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્રો, રૂઢિગત પ્રકારના (વર્ણનાત્મક) રહેશે.

૬. અંધ ઉમેદવારોને, દરેક પ્રશ્નપત્ર દીઠ ત્રીસ મિનિટનો વધારાનો સમય આપી શકાશે.

વિભાગ–૪

પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી) – ૧૦૦ ગુણ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એચ. મન્સુરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 335

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, DECEMBER 4, 2017/AGRAHAYANA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૭ના** સરકારી **જાહેરનામા ક્રમાંકઃ પીટી/૨૦૧૭/૩૪/એમવીડી/૧૦૨૦૧૭/૪૩૫/ખ :–** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Motor Vehicles Rules, 1989

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત મોટર વાહન અધિનિયમ,૧૯૮૮.

ક્રમાંક : પીટી/૨૦૧૭/૩૪/એમવીડી/૧૦૨૦૧૭/૪૩૫/ખ :– મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના પ૯મા)ની કલમ ૨૧૨–ની પેટા–કલમ (૧) હેઠળ ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ: ૨૩મી મે, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક. પીટી/૨૦૧૭/૧૪/એમવીડી/૧૦૨૦૧૭/૪૩૫/ખ. હેઠળ તારીખ: ૨૩મી મે, ૨૦૧૭ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ–૪–એ–માં, પાના ૬૯–૧, ૬૯–૨–માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધો અથવા સૂચન મંગાવવામાં આવ્યા હતાં.

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, સરકારને કોઇ વાંધો અથવા સૂચન મળેલ નથી.

તેથી, હવે, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ ૪ના ખંડ (૧૧) સાથે વાંચતા, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮(સન ૧૯૮૮ના પ૯મા)ની કલમ ૨૮ની પેટા–કલમ (૨)ના ખંડ (ડ), કલમ ૩૮ની પેટા–કલમ (૨)ના ખંડ (ઢ) અને કલમ ૬૫–ની પેટા–કલમ (૨)ના ખંડ (ધ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૮ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:–

" ૮ક. ઉંમરનો પુરાવો અને રહેઠાણનો વધુ પુરાવો.

ડ્રાઇવિંગ લાઇસન્સ કાઢી આપવાના હેતુ માટે, 'આધાર' ને ઉંમરના પુરાવા અને રહેઠાણનાં વધારાના પુરાવા તરીકે ગણવામાં આવશે.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૭ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:–

" ૨૭ક. ઉંમરનો પુરાવો અને રહેઠાણનો વધુ પુરાવો.

કંડક્ટર લાઇસન્સ કાઢી આપવાના હેતુ માટે, 'આધાર' ને ઉંમરના પુરાવા અને રહેઠાણનાં વધારાના પુરાવા તરીકે ગણવામાં આવશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪૫–ક પછી, નીચેનો નિયમ દાખલ કરવો:–

" ૪૫ખ. રહેઠાણનો વધુ પુરાવો.–

વાહનની નોંધણી (રજિસ્ટ્રેશન) ના હેતુ માટે, "આધાર" ને રહેઠાણનાં વધારાના પુરાવા તરીકે ગણવામાં આવશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 336 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, DECEMBER 5, 2017/AGRAHAYANA 14, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, પમી ડિસેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**–ના **જાહેરનામા ક્રમાંક : (૧) ક્રમાંકઃ જીએચકેએચ – ૧૯૪ – ૨૦૧૭ – પરચ – ૧૨૨૦૧૭ – ૧૩૭૫ – પી.૧,** તારીખ : ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭, અને **(૨) ક્રમાંકઃ જીએચકેએચ – ૧૯૫ – ૨૦૧૭ – પરચ – ૧૨૨૦૧૭ – ૧૩૭૫ – પી.૧,** તારીખ : ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ –નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭

ક્રમાંક: જીએચકેએચ – ૧૯૪ – ૨૦૧૭ – પરચ – ૧૨૨૦૧૭ – ૧૩૭૫ – પી.૧ :– રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, પશુપાલન નિયામક મારફત, અનુસૂચિત જાતિના લોકોના સામાજિક-આર્થિક દરજ્જાને બકરાં-ઉછેર મારફત ઊંચું લાવવાના ઉદ્દેશથી, **અનુસૂચિત જાતિ માટે બકરાં-એકમ (૧૦+૧) સ્થાપવા માટેની સહાય આપતી યોજનાને** જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભ મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભ મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભ મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થીઓ ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવા લાભાર્થીએ, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, પશુપાલન નિયામક–એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID) ની

INDEX

નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઈશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી (એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ,

અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, પશુપાલન નિયામક મારફત, યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઈશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) **અનુસૂચિત જાતિ માટે બકરાં-એકમ (૧૦+૧) સ્થાપવા માટેની સહાય આપતી યોજનાના** લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો પશુપાલન નિયામક-એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા **અનુસૂચિત જાતિ માટે બકરાં-એકમ (૧૦+૧) સ્થાપવા માટેની સહાય** આપતી યોજનાના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો પશુપાલન નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિપક એરડા,

સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭

ક્રમાંક: જીએચકેએચ – ૧૯૫ – ૨૦૧૭ – પરચ – ૧૨૨૦૧૭ – ૧૩૭૫ – પી.૧ :– રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, પશુપાલન નિયામક મારફત, **રાજ્યમાં** બકરાં-**ઉછેર પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાના** ઉદ્દેશથી, **સામાન્ય વર્ગ માટે, બકરાં-એકમ (૧૦+૧) સ્થાપવા માટેની સહાય આપતી યોજનાને** જાહેર કરે છે:-

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશે:

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવો લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, કોઈ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, પશુપાલન નિયામક–એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID) ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે, જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશે:

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઇશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી(એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ,

અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઇસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, પશુપાલન નિયામક મારફત,યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) **સામાન્ય વર્ગ માટે, બકરાં-એકમ (૧૦+૧) સ્થાપવા માટેની સહાય આપતી યોજનાના** લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો પશુપાલન નિયામકે, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા **સામાન્ય વર્ગ માટે, બકરાં-એકમ (૧૦+૧) સ્થાપવા માટેની સહાય** આપતી યોજનાના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો પશુપાલન નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિપક એરડા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 337

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, DECEMBER 7, 2017/AGRAHAYANA 16, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ડિસેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**–ના તારીખ: **૯મી માર્ચ, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક : જીએસ–૨૦૧૭–૦૮–બીઆરટી–૧૦૨૦૧૬–૧૦૫૦(૬૫૪૮૨૩)–કે–.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to The Gujarat Administrative Service, Class I and the Gujarat Civil Service (Class I and Class II), Competitive Examination Rules, 2017.

ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧ અને ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨), સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીએસ/૨૦૧૭/૮/બીઆરટી/૧૦૨૦૧૬/૧૦૫૦(૬૫૪૮૨૩)/કે:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧ અને ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨), સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧ અને ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨), સ્પર્ધાત્મક પરીક્ષા (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

બાબત ૨,૩,૪ અને ૫. ગુજરાતી ભાષાંતરમાં સુધારો જરૂરી નથી.

૬. સદરહુ નિયમોમાં, અનુસૂચિ– ૧માં,–

(૧) વર્ગ ૧ની જગ્યાઓ–એ શીર્ષક હેઠળ, અનુક્રમ નંબર ૪ પછી, નીચેનો મજકૂર ઉમેરવો:–

''૫. મદદનીશ કમિશનર, આદિજાતિ વિકાસ''.

(૨) વર્ગ ૨ની જગ્યાઓ–એ શીર્ષક હેઠળ, અનુક્રમ નંબર ૮ પછી, નીચેનો મજકૂર ઉમેરવો:–

''૯. આદિજાતિ વિકાસ અધિકારી''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.એચ.મન્સુરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 338

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, DECEMBER 7, 2017/AGRAHAYANA 16, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ડિસેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસૂલ વિભાગના તારીખ : ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૨૦૧૭/એમ/૩૦૭/પરચ/૧૦૨૦૧૧/૨૭૫૦/એચ.૧.-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed areas Act, 1991.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ હેઠળ

જાહેરનામું.

મહેસૂલ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ:૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ક્રમાંક: જીએચએમ-૨૦૧૭-એમ-૩૦૭-પરચ-૧૦૨૦૧૧-૨૭૫૦-એચ.૧:- આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા કપડવંજ નગરના વિસ્તારોના સંબંધમાં તોફાનો અને ટોળાની હિંસાની તીવ્રતા અને સમયગાળાને ધ્યાનમાં લઈને, ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે સદરહુ વિસ્તારોમાં તોફાનો અથવા ટોળાની હિંસાને કારણે જાહેર વ્યવસ્થામાં મહત્વપૂર્ણ સમયગાળા માટે વિક્ષેપ પડયો હતો;

તેથી, હવે, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧(સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૨માં દર્શાવેલા ખેડા જિલ્લાના કપડવંજ નગરના સંબંધિત પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવતા, સદરહુ અનુસૂચિની કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલ શહેર મોજણી નંબરો ધરાવતા, સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિસ્તારોને અશાંત વિસ્તારો તરીકે જાહેર કરે છે; અને

(ખ) ઉપર્યુક્ત અધિનિયમના હેતુઓ માટે મહત્વપૂર્ણ સમયગાળા તરીકે પાંચ વર્ષનો સમયગાળો એટલે કે ૧લી જૂન, ૨૦૧૭ થી ૩૧મી મે, ૨૦૨૨ નિર્દિષ્ટ કરે છે.

ઉપર્યુક્ત નિર્દિષ્ટ સમયગાળા દરમિયાન અશાંત વિસ્તારોમાં આવેલી સ્થાવર મિલકતોની કરેલી તમામ તબદીલીઓ રદબાતલ ગણાશે અને ઉપર દર્શાવેલા સમયગાળા દરમિયાન, સદરહુ અશાંત વિસ્તારોમાં આવેલી કોઇપણ સ્થાવર મિલકત, ખેડા જિલ્લાના કલેકટરની પૂર્વ-મંજૂરી સિવાય તબદીલ કરી શકાશે નહીં.

અનુસૂચિ

અનુક્રમાંક ૧	પોલીસ સ્ટેશન ૨	વિસ્તારોના નામ ૩	શહેર મોજણી નંબરો ૪
૧	કપડવંજ નગર	જટવાડા	૩૫૦૫ થી ૩૫૫૦, ૩૬૧૩ થી ૩૭૭૨, ૩૭૭૭, ૩૭૭૮, ૩૭૭૯ અને નજીકના કોટ વિસ્તાર સાથે
		અંતીસર દરવાજા	૧૬૪૪ થી ૧૬૫૦, ૫૯૯૦ થી ૬૦૨૯ અને નજીકના કોટ વિસ્તાર સાથે
		નદી દરવાજા	૩૫૬૧ થી ૩૬૦૦, ૩૬૦૧ થી ૩૬૯૧, ૩૭૮૨ થી ૩૮૫૦ અને નજીકના કોટ વિસ્તાર સાથે
		ગોરવાડા	૫૪૯૦ થી ૫૬૦૦, ૫૬૦૧ થી ૫૯૫૦ અને નજીકના કોટ વિસ્તાર સાથે
		કડિયાવાડ ચકલા	૧૬૫૧ થી ૧૭૦૦, ૧૭૩૮ થી ૧૯૦૭ અને નજીકના કોટ વિસ્તાર સાથે

INDEX

		ભાવસાર વાડો	૪૬૦૧ થી ૪૭૮૬, ૪૭૮૭ થી ૪૮૧૩ અને નજીકના કોટ વિસ્તાર સાથે
		હોળી ચકલા	૧૩૬૧ થી ૧૬૪૨, ૫૬૪૧ થી ૫૭૦૦, ૫૯૪૪ થી ૫૯૮૯ અને નજીકના કોટ વિસ્તાર સાથે
		ખડાયતા વાડી	૩૮૪૮ થી ૩૮૮૦, ૩૮૯૪ થી ૩૯૩૧, ૩૯૩૫ થી ૩૯૭૭, ૩૯૭૯ થી ૪૪૦૦ અને નજીકના કોટ વિસ્તાર સાથે
		ઝાપલી પોળ	૪૩૩૭ થી ૪૩૪૬, ૪૩૫૨, ૪૩૫૩, ૪૩૫૪ અને નજીકના કોટ વિસ્તાર સાથે
		નાની વ્હોરવાડ	૮૦૨ થી ૯૯૨
		મોટી વ્હોરવાડ	૩૯૯ થી ૮૦૧
		કારખાનીયા વાડ	૧૧ થી ૧૬૮

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રવિણ ઘંઘુકિયા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 339

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, DECEMBER 12, 2017/AGRAHAYANA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**ના તારીખ: **૧૫મી નવેમ્બર, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા ક્રમાંક : **(૧) (જીએચએન-૧૨૨)જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૭)-૬, (૨) (જીએચએન-૧૨૩) જીએસટી-૨૦૧૭/એસ.૫૪(૩) (૪)-૬;** અને (૩) **(જીએચએન-૧૨૮) જીએસટી-૨૦૧૭/એસ.૧૪૮ (૨)-૬.** ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department, No. (GHN-33) GST-2017/S.9(3)(1)-TH, Dated The 30th June, 2017, Notification No.4/2017-State Tax (Rate).

નાણાં વિભાગનું તારીખ: ૩૦મી જૂન ૨૦૧૭નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૩) જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૧)-ઠ, ક્રમાંક: ૪/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૨૦૧૭.

જાહેરનામા ક્રમાંક: ૪૩/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૧૨૨)જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૭)-ઠ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણો પરથી, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: ૪/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) એટલે કે તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૩)જીએસટી-૨૦૧૭/એસ.૯(૩)(૧)-ઠ. માં નીચેના સુધારા કરે છે :-

સદરહુ જાહેરનામામાં, કોષ્ટકમાં,-

૧. અનુક્રમાંક ૪ અને તેને લગતી નોંધો પછી, નીચેનો અનુક્રમાંક અને નોંધો દાખલ કરવી:-

"૪ક.	૫૨૦૧	કાચો કપાસ (કાચું રૂ)	ખેડૂત	કોઈપણ રજિસ્ટર્ડ વ્યક્તિ".

૨. આ જાહેરનામું, સન ૨૦૧૭ના નવેમ્બર મહિનાની ૧૫મી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department, No. (GHN-44) GST-2017/S.54(3)(1)-TH, Dated The 30th June, 2017, Notification No.5/2017-State Tax (Rate).

નાણા વિભાગનું તારીખ: ૩૦મી જૂન ૨૦૧૭નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૪૪) જીએસટી-૨૦૧૭/એસ.૫૪(૩)(૧)-ઠ, ક્રમાંક: ૫/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૨૦૧૭.

જાહેરનામા ક્રમાંક: ૪૪/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૧૨૩)જીએસટી-૨૦૧૭/એસ.૫૪(૩)(૪)-ઠ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૫૪ની પેટા-કલમ (૩)ના પરંતુકના ખંડ (૨)થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણો પરથી, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: ૫/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) એટલે કે તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૪૪)જીએસટી-૨૦૧૭/એસ.૫૪(૩)(૧)-ઠ. માં નીચેના વધુ સુધારા કરે છે :-

સદરહુ જાહેરનામામાં, કોષ્ટકમાં, અનુક્રમાંક ૬ક અને તેને લગતી નોંધોને બદલે, નીચેની નોંધો મૂકવી :–

"૬ ક	૫૬૦૮	વળ આપીને ગૂંથેલી જાળ, દોરીદોરડા અથવા દોરડું; બનાવેલી માછલાં પકડવાની જાળ અને કાપડ સામગ્રીની અન્ય બનાવટની જાળ,
૬ ખ	૫૮૦૧	કોર્ડરોય કાપડ
૬ ગ	૫૮૦૬	શીર્ષક ૫૮૦૭ના માલ સિવાયનું ઝીણું વણેલું કાપડ; ગુંદર (બોલ્ડક્સ)ના ઉપયોગથી જોડેલા વાણા (વણાટ) વગર દોરાનું બનેલું ઝીણા વણાટનું કાપડ.

૨. આ જાહેરનામું, સન ૨૦૧૭ના નવેમ્બર મહિનાની ૧૫મી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

Under

the Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૨૦૧૭.

જાહેરનામા ક્રમાંક: ૫૭–૨૦૧૭–રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક:(જીએચએન–૧૨૮)જીએસટી–૨૦૧૭/એસ.૧૪૮(૨)–૬ :– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણો પરથી, ગુજરાત સરકાર, આથી, અગાઉના નાણાકીય વર્ષ અથવા ચાલુ નાણાકીય વર્ષમાં રૂપિયા ૧.૫ કરોડ સુધીનું એકંદર વેચાણ ધરાવતી રજિસ્ટર્ડ વ્યક્તિઓને, જેમણે માલ અથવા સેવા અથવા તે બંનેના જાવક પુરવઠાની વિગતો પૂરી પાડવા માટે નીચેની વિગતવાર આપ્યા પ્રમાણેની ખાસ કાર્યરીતિ અનુસરવી જોઈશે તેવા રજિસ્ટર્ડ વ્યક્તિઓના વર્ગ તરીકે જાહેર કરે છે :–

૨. સદરહુ વ્યક્તિઓએ, સદરહુ કોષ્ટકની કોલમ (૩)માં તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના સમયગાળા સુધી, નીચેના કોષ્ટકની કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ત્રિમાસ દરમિયાન કરવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બન્નેના જાવક પુરવઠાની વિગતો નમૂના જી.એસ.ટી આર.–૧માં પૂરી પાડવી જોઈશે. :–

કોષ્ટક

અનુક્રમાંક	જે ત્રિમાસ માટે નમૂના જી.એસ.ટી.આર.–૧માં વિગતો રજૂ કરવામાં આવી હોય તે ત્રિમાસ	નમૂના જી.એસ.ટી.આર.–૧માં વિગતો રજૂ કરવા માટેનો સમયગાળો
(૧)	(૨)	(૩)
૧	જુલાઈ–સપ્ટેમ્બર, ૨૦૧૭	૩૧મી ડિસેમ્બર, ૨૦૧૭
૨	ઓક્ટોબર–ડિસેમ્બર, ૨૦૧૭	૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૮
૩	જાન્યુઆરી–માર્ચ, ૨૦૧૮	૩૦મી એપ્રિલ, ૨૦૧૮

૩. જુલાઈ, ૨૦૧૭ થી માર્ચ, ૨૦૧૮ના મહિનાઓ માટે, અધિનિયમની કલમ ૩૮ની પેટા–કલમ (૨) અને કલમ ૩૯ની પેટા–કલમ (૧) હેઠળ વિગતો અથવા યથાપ્રસંગ, પત્રક રજૂ કરવા માટેની ખાસ કાર્યરીતિ અથવા તેની સમય–મર્યાદાનો વધારો, રાજપત્રમાં પછીથી, જાહેર કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 340 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, DECEMBER 15, 2017/AGRAHAYANA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણાં વિભાગ**ના સરકારી જાહેરનામા ક્રમાંક : **(૧) (જીએચએન–૭૩)જીએસટી–૨૦૧૭–એસ.૯(૩)(૩)–ઠ,** તારીખ: ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૭; અને **(૨) ક્રમાંક (જીએચએન–૭૪)જીએસટી–૨૦૧૭–એસ.૯(૫)(૨)–ઠ,** તારીખ: ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૭–ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-34) GST-2017/S.9(3)(2)-TH, Dated the 30th June, 2017, Notification No.13/2017-State Tax (Rule).

નાણાં વિભાગના જાહેરનામા ક્રમાંક: ૧૩/૨૦૧૭–રાજ્ય વેરો (દર), તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭નું ગુજરાત સરકારનું જાહેરનામું ક્રમાંક: (જીએચએન–૩૪) જીએસટી–૨૦૧૭/એસ.૯(૩)(૨)–ઠ. સુધારવા સંબંધી

જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૭.

જાહેરનામા ક્રમાંક: ૨૨/૨૦૧૭–રાજ્ય વેરો (દર)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન–૭૩) જીએસટી/૨૦૧૭–એસ.૯(૩)(૩)–ઠ:– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ની પેટા–કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કાઉન્સિલની ભલામણોને આધારે, નાણા વિભાગના જાહેરનામા ક્રમાંક: ૧૩/૨૦૧૭–રાજ્ય વેરો (દર), તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક: (જીએચએન–૩૪)જીએસટી–૨૦૧૭–એસ.૯(૩)(૨)–ઠ. માં નીચેના સુધારા કરે છે :–

સદરહુ જાહેરનામામાં,–

૧. કોષ્ટકમાં, અનુક્રમાંક ૧ સામે, કોલમ (૨)માં, "માલ હેરફેર એજન્સી (GTA) દ્વારા પૂરો પાડવામાં આવતો સેવાનો પુરવઠ:ઓ", એ શબ્દો અને કૌંસ પછી, "જેણે ૬%ના દરે રાજ્ય વેરો ચૂકવ્યો નથી" એ શબ્દો અને આંકડા મૂકવા;

૨. સ્પષ્ટીકરણમાં, ખંડ (ઘ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

"(ચ) મર્યાદિત જવાબદારી ભાગીદારી અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૯ના ૬૯)ની જોગવાઈઓ હેઠળ રચેલી અને રજિસ્ટર થયેલી "મર્યાદિત જવાબદારી ભાગીદારી"–ને એક ભાગીદારી પેઢી અથવા એક પેઢી તરીકે પણ ગણવી."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-35) GST-2017/S.9(5)(1)-TH, dated the 30th June, 2017, Notification No.17/2017-State Tax (Rule).

નાણાં વિભાગના જાહેરનામા ક્રમાંક: ૧૭/૨૦૧૭–રાજ્ય વેરો (૬૨), તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭નું ગુજરાત સરકારનું જાહેરનામું ક્રમાંક: (જીએચએન–૩૫) જીએસટી–૨૦૧૭/એસ.૯(૫)(૧)–૬. સુધારવા સંબંધી

જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૭.

જાહેરનામા ક્રમાંક: ૨૩/૨૦૧૭–રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન–૭૪) જીએસટી–૨૦૧૭/એસ.૯(૫)(૨)–૬:– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ની પેટા–કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કાઉન્સિલની ભલામણોને આધારે, નાણા વિભાગના જાહેરનામા ક્રમાંક: ૧૭/૨૦૧૭–રાજ્ય વેરો (૬૨), તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક: (જીએચએન–૩૫)જીએસટી–૨૦૧૭–એસ.૯(૫)(૧)–૬. માં નીચેના સુધારા કરે છે :–

સદરહુ જાહેરનામામાં, પ્રથમ પરિચ્છેદમાં, ખંડ (૨) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :–

"(૩) સદરહુ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૨૨ની પેટા–કલમ (૧) હેઠળ રજિસ્ટ્રેશન માટે જવાબદાર હોય તેવી ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફતે આવી સેવા પૂરી પાડતી હોય તે વ્યક્તિ સિવાય, પ્લમ્બિંગ, સુથારીકામ, વગેરે.... જેવી ઘર–સંભાળની સેવા.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 341

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, DECEMBER 15, 2017/AGRAHAYANA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગ–ના **તારીખ: ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭ના** સરકારી જાહેરનામું **ક્રમાંક: (જીએચએન–૧૧૨)જીએસટી–૨૦૧૭ એસ.૯(૧)(૧૩) – નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ssd\M\All Gazatte BackUp\2017\Extra Ordinary\Extra-2017\IX\IX Ex.341GST-2017DSPDt.21-12-2017.doc

INDEX

Notification
Under
The Gujarat Goods and Services Tax Act, 2017.
ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું.

નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭.

જાહેરનામું ક્રમાંક: ૩૯/૨૦૧૭–રાજ્ય વેરો (દર)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન–૧૧૨)જીએસટી–૨૦૧૭/એસ.૯(૧)(૧૩):– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણોને આધારે, ગુજરાત સરકાર, આથી, નીચેના કોષ્ટકના કોલમ (૩)માં જેનું વર્ણન નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે તેવા, કોલમ (૨)–માંની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ટેરિફ આઈટમ, પેટા–શીર્ષક, શીર્ષક અથવા યથાપ્રસંગ, પ્રકરણ હેઠળ આવતાં માલના રાજ્યાંતર્ગત પુરવઠા પર, નીચેના કોષ્ટકના કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ શરતને અધીન, રાજ્ય વેરા દર ૨.૫ ટકા જાહેર કરે છે:–

કોષ્ટક

અનુક્રમાંક	ટેરિફ આઈટમ, પેટા–શીર્ષક, શીર્ષક અથવા પ્રકરણ	માલનું વર્ણન	શરત
(૧)	(૨)	(૩)	(૪)
૧.	૧૯ અથવા ૨૧	કેન્દ્ર સરકાર અથવા કોઈ રાજ્ય સરકાર દ્વારા યોગ્ય રીતે મંજૂર કરાયેલ કાર્યક્રમ હેઠળ યુનિટ કન્ટેઈનર્સમાં મૂકેલી અને સમાજના આર્થિક રીતે નબળા વર્ગોને નિ:શુલ્ક વિતરણ કરવા ઘારેલી ખાદ્ય બનાવટો.	જ્યારે આવી ખાદ્ય બનાવટોનો પુરવઠાકાર, આવા માલની પુરવઠાની તારીખથી પાંચ મહિનાની મુદત અંદર અથવા કેન્દ્રીય વેરાની હકૂમત ધરાવતા કમિશનર અથવા યથાપ્રસંગ, રાજ્ય વેરાની હકૂમત ધરાવતા કમિશનર, આ સંદર્ભમાં છૂટ આપે તેવી વધારાની મુદતની અંદર, કેન્દ્ર સરકાર અથવા સંબંધિત રાજ્ય સરકાર દ્વારા યોગ્ય રીતે મંજૂર કરાયેલ કાર્યક્રમ હેઠળ આવી ખાદ્ય બનાવટોને સમાજના આર્થિક રીતે નબળા વર્ગોને નિ:શુલ્ક વિતરણ કરવામાં આવેલ છે તે મતલબનું, ભારત સરકારના નાયબ સચિવ અથવા સંબંધિત રાજ્ય સરકારના નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી પાસેથી મેળવેલ પ્રમાણપત્ર રજૂ કરે ત્યારે.

સ્પષ્ટીકરણ. –

(૧) આ જાહેરનામામાં, " ટેરિફ આઈટમ", પેટા–શીર્ષક", "શીર્ષક" અને "પ્રકરણ"નો અર્થ અનુક્રમે, કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫(સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, "ટેરિફ આઈટમ", "શીર્ષક", "પેટા–શીર્ષક" અને પ્રકરણ થશે.

(૨) સદરહુ કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ની પ્રથમ અનુસૂચિના અર્થઘટન માટેના નિયમો, પ્રથમ અનુસૂચિની કલમ અને પ્રકરણ નોંધો અને સામાન્ય સ્પષ્ટીકર્ણાત્મક નોંધો સહિત, શક્ય હોય ત્યાં સુધી, આ જાહેરનામાના અર્થઘટનને લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 342

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, DECEMBER 15, 2017/AGRAHAYANA 24, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદારભવન, સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગ-ના તારીખ : ૨૭મી જુલાઈ, ૨૦૧૭ના સરકારી શુદ્ધિપત્ર **ક્રમાંક. (જીએચએન-૬૫) જીએસટી-૨૦૧૭-એસ.૧૧(૧)(૯)ઠ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી, એન, શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Corrigendum

to

The Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-36) GST-2017/S.11(1) (1)-TH; dated the 30th June, 2017. Notification No.2/2017-State Tax (Rate).

ગુજરાત સરકાર, નાણા વિભાગના તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૩૬)જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧) (૧) -ઠ. જાહેરનામા ક્રમાંકઃ૨/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨).નું

શુદ્ધિપત્ર.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૭મી જુલાઈ, ૨૦૧૭.

ક્રમાંકઃ (જીએચએન-૬૫) જીએસટી-૨૦૧૭-એસ.૧૧(૧)(૯)ઠઃ- ગુજરાત સરકાર, નાણા વિભાગના તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક.(જીએચએન-૩૬)જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૧)-ઠ. જાહેરનામા ક્રમાંકઃ૨/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨)માં,-

અનુસૂચિમાં,-

(૧) અનુક્રમાંક ૫૯માં, કોલમ (૨)માં, ''૯'' ને બદલે ''૭, ૯ અથવા ૧૦'' વાંચવું;

(૨) અનુક્રમાંક ૧૦૨-માં, કોલમ (૨)માં, ''૨૩૦૨'' ને બદલે, ''૨૩૦૧, ૨૩૦૨'' વાંચવું''.

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 343

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, DECEMBER 19, 2017/AGRAHAYANA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૭ના શુદ્ધિપત્ર **ક્રમાંક : (જીએચએન-૧૩૬) જીએસટી-૨૦૧૭-એસ.૧૧(૧)(૨૩)ઠ** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Corrigendum

to

The Government Notification, Finance Department,

No. (GHN-39)GST-2017/S.11(1)(4)-TH dated the 30th June, 2017.

નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૯)

જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૪)-ઠ.નું

શુદ્ધિપત્ર.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૭.

ક્રમાંક. (જીએચએન-૧૩૬) જીએસટી-૨૦૧૭-એસ.૧૧(૧) (૨૩) ઠ:- નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૯)જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૪)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૮/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨)માં,-

પરિચ્છેદ ૧માં, ''કલમ ૯ હેઠળ'' એ શબ્દો અને આંકડાને બદલે, ''કલમ ૯ની પેટા-કલમ (૪) હેઠળ'' એમ વાંચવું.

આ શુદ્ધિપત્ર સન ૨૦૧૭ના જૂન મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 344

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, DECEMBER 21, 2017/AGRAHAYANA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંકઃ (૧) (જીએચએન-૩૨) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૨)-ઠ. તારીખઃ ૩૦મી જૂન,૨૦૧૭ અને (૨) (જીએચએન-૭૧) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૮)-ઠ. તારીખઃ ૨૨મી ઓગસ્ટ,૨૦૧૭.ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

\\Acer-2\I\Work-2017\Extra Ordinary\IX\Ex No. 344-GST ACT 2017 -Dt. 05-01-2018_SBP.doc

INDEX

Notification
Under
The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણાવિભાગ,

જાહેરનામા ક્રમાંક. ૧૧/૨૦૧૭–રાજ્ય વેરો (દર)

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ (જીએચએન–૩૨) જીએસટી–૨૦૧૭/એસ.૯(૧)(૨)–૬:– ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ની પેટા–કલમ (૧), કલમ ૧૧ની પેટા–કલમ (૧), કલમ ૧૫ની પેટા–કલમ (૫) અને કલમ ૧૬ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણોના આધારે અને તેમ કરવાનું જાહેર હિતમાં જરૂરી છે એવી ખાતરી થયેથી, ગુજરાત સરકાર, આથી,નીચેના કોષ્ટકની કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વર્ણનની સેવાના રાજ્યાંતર્ગત પુરવઠા પર, કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સેવા વર્ગીકરણના પ્રકરણ, કલમ અથવા યોજનાના શીર્ષક હેઠળ આવતાં રાજ્ય વેરા, સદરહુ કોષ્ટકની કોલમ (૫)માં તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શરતોને અધીન રહીને, કોલમ (૪)માં તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના દરે લેવો જોઇશે એવું જાહેર કરે છે:–

કોષ્ટક

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	**પ્રકરણ ૯૯**	**તમામ સેવા**		
૨	**કલમ ૫**	**બાંધકામ સેવા**		
૩	**શીર્ષક ૯૯૫૪ બાંધકામ સેવા**	(૧) કોઇ ખરીદનારને સમગ્રતઃ અથવા અંશતઃ વેચવા ધારેલ હોય તેવા સંકુલ અથવા મકાન સહિતના કોઇ સંકુલ, મકાન, જાહેર બાંધકામના માળખા અથવા તેના ભાગનું બાંધકામ, સિવાય કે સક્ષમ સત્તા મંડળે એમ ફરમાવેલ હોય કે સંપૂર્ણ અવેજ પૂર્ણતા પ્રમાણપત્ર મળ્યા પછી અથવા તેના પ્રથમ ભોગવટા પછી એ બન્નેમાંથી જે વહેલું હોય તે પછી મળેલ હોય.	૯	–
		(આ જાહેરનામાના પરિચ્છેદ ૨–ની જોગવાઇઓ, આ સેવાના મૂલ્યાંકન માટે લાગુ પડશે)		
		(૨) ગુજરાત માલ અને સેવા વેરા	૯	–

અનુ-ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨ના ખંડ ૧૧૯માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે વર્કસ કોન્ટ્રાકટનો સંયુક્ત પુરવઠો પૂરો પાડવા બાબત		
		(૩) ઉપરોક્ત (૧) અને (૨) સિવાયની અન્ય બાંધકામ સેવા	૯	
૪	**કલમ ૬**	**વેપાર વિતરણ સેવા; આવાસ, ખોરાક અને પીણા સેવા; હેરફેરની સેવા; ગેસ અને વીજ વિતરણ સેવા.**		–
૫	**શીર્ષક ૯૯૬૧**	**જથ્થાબંધ વેપારમાંની સેવા.** સ્પષ્ટીકરણ– આ સેવામાં, માલના વેચાણ અથવા ખરીદીનો સમાવેશ થતો નથી, પરંતુ તેમાં નીચેનાનો સમાવેશ થાય છે: – ફી અથવા કમિશન માટે, ખરીદનાર અને વેચનારાઓ વચ્ચે જથ્થાબંધ વેચાણ વાણિજ્યના વ્યવહારોનો સોદો કરતાં હોય તેવા કમિશન એજન્ટો, ચીજવસ્તુઓના દલાલો અને હરાજી કરનારાઓ અને અન્ય તમામ વેપારીઓની સેવા. – ઇલેક્ટ્રોનિક જથ્થાબંધ (માલના) એજન્ટો અને દલાલોની સેવા, – જથ્થાબંધ હરાજી કરનાર હરાજી ગૃહોની સેવા	૯	–
૬	**શીર્ષક ૯૯૬૨**	છૂટક વેપારમાંની સેવા. સ્પષ્ટીકરણ– આ સેવામાં, માલના વેચાણ અથવા ખરીદીનો સમાવેશ થતો નથી.	૯	–
૭	**શીર્ષક ૯૯૬૩** (આવાસ, ખોરાક અને પીણા સેવા)	(૧) વર્ષ દરમિયાન કોઇપણ સમયે સંસ્થાના કોઇપણ ભાગમાં એર-કન્ડિશનીંગ (વાતાનુકૂલન) અથવા કેન્દ્રવર્તી એર-હિટીંગની સુવિધા ન ધરાવતા અથવા લાઇસન્સ કે પરમીટ ન ધરાવતા રેસ્ટોરન્ટ, મેસ, કેન્ટીન સહિતના અથવા માનવ વપરાશ માટે	૬	–

અનુ-ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		આલ્કોહોલયુક્ત દારૂ પૂરો પાડવા માટે ગમે તે નામે ઓળખાતા સંયુક્ત ખાણીપીણીના સ્થળોએ પૂરી પાડેલ સેવા અથવા તેના કોઇ ભાગ તરીકે અથવા ગમે તે કોઇ રીતે માનવ વપરાશ માટેની ખાદ્ય અથવા કોઇ બીજી ચીજવસ્તુ અથવા પીણું પૂરું પાડવું, જયારે આવો પુરવઠો, રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ પૂરો પાડેલ હોય.		
		(૨) દિવસ દીઠના દરેક યુનિટ માટે એક હજાર રૂપિયા અને તેથી વધુ પણ બે હજાર પાંચસોથી વધારે નહિ તેટલા રૂપિયા અથવા તેને સમકક્ષ આવાસ એકમનો જાહેર કરેલ પ્રશુલ્ક (ટેરિફ) ધરાવતા રહેણાક અથવા નિવાસ હેતુઓ માટે હોટેલો,ઇન,ગેસ્ટ હાઉસો, કલબો, કેમ્પના સ્થળો અથવા અન્ય વાણિજ્યિક સ્થળોમાંનો આવાસ. સ્પષ્ટીકરણ.– "જાહેર કરેલ પ્રશુલ્ક (ટેરિફ)"માં, (રોકાવા માટે ભાડે આપેલ) આવાસ એકમમાં પૂરી પાડેલ તમામ સુખસગવડો જેવી કે ફર્નિચર, એર કન્ડિશનર, રેફ્રિજરેટર્સ અથવા અન્ય કોઇ સુખસગવડોના ચાર્જિસ (ખર્ચાઓ)નો સમાવેશ, તેવા એકમ માટે પ્રસિધ્ધ કરેલા ચાર્જિસ (ખર્ચાઓ) પર આપેલ કોઇ વટાવને બાકાત કર્યા સિવાય થશે.	૬	–
		(૩) લાઇસન્સ કે પરમિટ ધરાવતા રેસ્ટોરન્ટ, મેસ, કેન્ટીન સહિતના અથવા માનવ વપરાશ માટે આલ્કોહોલયુક્ત દારૂ પૂરો પાડવા માટે ગમે તે નામે ઓળખાતા સંયુક્ત ખાણીપીણીના સ્થળોએ પૂરી પાડેલ સેવા અથવા તેના કોઇ ભાગ તરીકે	૯	–

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		અથવા ગમે તે કોઇ રીતે માનવ વપરાશ માટેની ખાદ્ય અથવા કોઇ બીજી ચીજવસ્તુ અથવા કોઇ પીણું પૂરૂં પાડવું, જ્યારે આવો પુરવઠો, રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ પૂરો પાડેલ હોય.		
		(૪) વર્ષ દરમિયાન કોઇપણ સમયે સંસ્થાના કોઇપણ ભાગમાં એર–કન્ડિશનીંગ અથવા કેન્દ્રવર્તી એર–હિટીંગની સુવિધા ધરાવતા રેસ્ટોરન્ટ, મેસ, કેન્ટીન સહિતના સંયુક્ત ખાણીપીણીના સ્થળોએ પૂરી પાડેલ માલની કોઇ સેવા અથવા તેના ભાગ તરીકે અથવા ગમે તે કોઇ રીતે માનવ વપરાશ માટેનો ખાદ્ય પદાર્થ હોય તેનો અથવા કોઇ બીજી ચીજવસ્તુ અથવા કોઇ પીણું પૂરૂં પાડવું, જ્યારે આવો પુરવઠો અથવા સેવા રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ પૂરી પાડી હોય.	૯	–
		(૫) કોઇ પણ સેવા રૂપે અથવા તેના કોઇ ભાગ તરીકે અથવા ઘર બહારની આહાર વ્યવસ્થા, જેમાં ગમે તે કોઇ રીતે માનવ વપરાશ માટેનું ખાદ્ય હોય તેવો માલ અથવા કોઇ બીજી ચીજ વસ્તુ અથવા કોઇ પીણું (માનવ વપરાશ માટેના આલ્કોહોલયુક્ત દારૂ હોય કે ન હોય તે), તેવી બાહ્ય આહાર વ્યવસ્થા (આઉટડોર કેટરીંગ)ના ભાગરૂપે, પૂરૂં પાડવું અને આવો પુરવઠો, રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ પૂરો પાડેલ હોય.	૯	–
		(૬) દિવસ દીઠના દરેક યુનિટ માટે અઢી હજાર રૂપિયા અને તેથી વધુ પણ સાત હજાર પાંચસોથી વધારે નહિ તેટલા રૂપિયા અથવા તેને સમકક્ષ		

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		આવાસ એકમનો જાહેર કરેલ પ્રશુલ્ક (ટેરિફ) ધરાવતા રહેણાક અથવા નિવાસના હેતુઓ માટે હોટેલો, ઇન, ગેસ્ટહાઉસો, કલબો, કેમ્પના સ્થળો અથવા અન્ય વાણિજ્યિક સ્થળોમાંના આવાસ. સ્પષ્ટીકરણ.– "જાહેર કરેલ પ્રશુલ્ક (ટેરિફ)"માં, (રોકાવા માટે ભાડે આપેલ) આવાસ એકમમાં પૂરી પાડેલ તમામ સુખસગવડો જેવી કે ફર્નિચર, એર કન્ડિશનર, રેફ્રિજરેટર્સ અથવા અન્ય કોઇ સુખસગવડો માટે ના ચાર્જિસ (ખર્ચાઓ) નો, તેવા એકમ માટે પ્રસિધ્ધ કરેલા ચાર્જિસ (ખર્ચાઓ) પર આપેલ કોઇ વટાવને બાકાત કર્યા સિવાય સમાવેશ થશે.	૯	–
		(૭) મકાન ભાડા સહિત (પ્રસંગ ગોઠવવા માટે ખાસ રીતે વ્યવસ્થા કરેલ હોટેલ, સંમેલન કેન્દ્ર, કલબ, પંડાલ, શમિયાણા અથવા કોઇ અન્ય સ્થળ સહિતના) મકાનોમાં કોઇ સેવા અથવા તેના કોઇ ભાગ તરીકે અથવા ગમે તે કોઇ રીતે માનવ વપરાશ માટેની ખાદ્ય અથવા કોઇ બીજી ચીજવસ્તુ અથવા કોઇ પીણા (માનવ વપરાશ માટેના આલ્કોહોલયુક્ત દારૂ સિવાયનું) સહિત પણ તે સુધી મર્યાદિત ન હોય તે પૂરું પાડવું, જયારે આવો પુરવઠો, રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ પૂરો પાડેલ હોય.	૯	–
		(૮) દિવસ દીઠના દરેક યુનિટ માટે સાત હજાર પાંચ સો રૂપિયા અને તેથી વધુ અથવા તેને સમકક્ષ આવાસ એકમનો જાહેર કરેલ પ્રશુલ્ક (ટેરિફ) ધરાવતા રહેણાક અથવા નિવાસના હેતુઓ માટે ફાઇવ સ્ટાર (પંચતારા)	૧૪	–

INDEX

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		હોટેલો સહિતની હોટેલો, ઇન, ગેસ્ટહાઉસો, કલબો, કેમ્પના સ્થળો અથવા અન્ય વાણિજ્યિક સ્થળોમાંના આવાસ. સ્પષ્ટીકરણ.– "જાહેર કરેલ પ્રશુલ્ક (ટેરિફ)"માં, (રોકાવા માટે ભાડે આપેલ) આવાસ એકમમાં પૂરી પાડેલ તમામ સુખ સગવડો જેવી કે ફર્નિચર, એરકન્ડિશનર, રેફ્રિજરેટર્સ અથવા અન્ય કોઇ સુખ સગવડો માટેના ચાર્જિસ (ખર્ચાઓ) નો, તેવા એકમ માટે પ્રસિધ્ધ કરેલા ચાર્જિસ (ખર્ચાઓ) પર આપેલ કોઇ વટાવને બાકાત કર્યા સિવાય સમાવેશ થશે.		
		(૯) ઉપરના (૧), (૨), (૩), (૪), (૫), (૬), (૭) અને (૮) સિવાયના આવાસ, ખોરાક અને પીણાની સેવા.	૯	–
૮	**શીર્ષક ૯૯૬૪** (ઉતારુ હેરફેર સેવા)	(૧) રેલવે દ્વારા પ્રથમ વર્ગ અથવા એર–કન્ડિશન્ડ કોચમાં થતી સરસામાન સાથે અથવા તે વગરની ઉતારૂઓની હેરફેર.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલના સંબંધમાં વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખનો ઉપયોગ, સેવા પૂરી પાડવા ઉપર રાજ્ય વેરો અથવા સંકલિત વેરા ચૂકવવા માટે કરવામાં આવ્યોન હોય.
		(૨) (ક) મોટર કેબ સિવાય અન્ય એર કન્ડિશન્ડ કોન્ટ્રાકટ કેરેજ; (ખ) એર કન્ડિશન્ડ સ્ટેજ કેરેજ (ગ) રેડિયો ટેક્સી, દ્વારા થતી સરસામાન સાથે અથવા તે વગરની ઉતારૂઓની હેરફેર. સ્પષ્ટીકરણ.– (ક) "કોન્ટ્રાકટ કેરેજ" એ શબ્દોનો અર્થ, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અથવા સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય.

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		(સન ૧૯૮૮ના પ૯મા)ની કલમ ૨–ના ખંડ (૭)માં તેનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ છે; (ખ) "સ્ટેજ કેરેજ" એ શબ્દોનો અર્થ, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના પ૯મા)ની કલમ ૨–ના ખંડ (૪૦)માં તેનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ છે; (ગ) "રેડિયો ટેક્સી" એટલે કેન્દ્રીય નિયંત્રણ કચેરી સાથે દ્વી માર્ગી રેડિયો માહિતીની આપ–લે ધરાવતી, ગમે તે નામે ઓળખાતી રેડિયો કેબ સહિતની ટેક્સી અને જેને, ગ્લોબલ પોઝીશનીંગ સિસ્ટમ (જી.પી.એસ.) અથવા જનરલ પેકેટ રેડિયો સર્વિસ (જી.પી.આર.એસ.)નો ઉપયોગ કરી તેનું સ્થાન શોધી શકાતું હોય.		[સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
		(૩)હવાઇ માર્ગે ઇકોનોમી કલાસમાં થતી સરસામાન સાથે અથવા તે વગરની ઉતારૂઓની હેરફેર.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
		(૪) નાગરિક ઉડ્ડયન મંત્રાલયે (મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશને) જાહેર કર્યા પ્રમાણે રિજયોનલ કનેક્ટીવીટી સ્કીમ એરપોર્ટમાંથી જતાં અથવા તેમાં આવતાં, હવાઇમાર્ગે સરસામાન સાથે અથવા તે વગરની ઉતારૂઓની હેરફેર.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
		(૫) કોઇ અન્ય ઇકોનોમી કલાસમાં સરસામાન સાથે અથવા તે વગર હવાઇ માર્ગે ઉતારૂઓની હેરફેર.	૬	–
		(૬) સેવા મેળવનાર પાસેથી વસૂલ (ચાર્જ) કરેલા અવેજમાં ઇંધણ ખર્ચનો		પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		સમાવેશ કરવામાં આવે ત્યારે મોટરકેબ દ્વારા થતી ઉતારૂઓની હેરફેર.	૨.૫	સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઈનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
		(૭) ઉપરના (૧), (૨), (૩), (૪), (૫) અને (૬) સિવાયની અન્ય ઉતારૂ હેરફેર સેવા.	૯	–
૯	**શીર્ષક ૯૯૬૫** (માલ હેરફેર સેવા)	(૧) રેલવે દ્વારા માલની હેરફેર(બાબત નં. (૪) પર નિર્દિષ્ટ કરેલ સેવા સિવાયની અન્ય સેવા).	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં (વપરાયેલા) માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઈનપુટ વેરા શાખનો ઉપયોગ, સેવા પૂરી પાડવા ઉપર રાજ્ય વેરો અથવા સંકલિત વેરા ચૂકવવા માટે કરવામાં આવ્યો નહોય.
		(૨) સમુદ્રી જહાજમાં માલની હેરફેર.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા(બલ્ક કેરિયર્સ અને ટેન્કર્સ સહિતના વહાણો, જહાજો સિવાયના અન્ય પરના)માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઈનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
		(૩) (વ્યકિતગત વપરાશ માટે ઉપયોગ કરેલા ઘરગથ્થું માલ સહિત) માલની હેરફેરના સંબંધમાં માલ હેરફેર એજન્સી (જી.ટી.એ.)ની સેવા. સ્પષ્ટીકરણ.– "માલ હેરફેર એજન્સી" એટલે માર્ગ દ્વારા માલની હેરફેર કરવાના સંબંધમાં સેવા પૂરી પાડે અને ગમે તે નામે ઓળખાતી, માલ રવાનગી	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઈનપુટ વેરા શાખ લીધેલ નથી. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		નોંધ કાઢી આપે તેવી કોઇપણ વ્યકિત.		
		(૪) ભારતીય રેલવે સિવાયની કોઇપણ વ્યકિતએ રેલવે દ્વારા કન્ટૈનર્સમાં કરેલ માલની હેરફેર.	૬	–
		(૫) ઉપરના (૧), (૨), (૩) અને (૪) સિવાય માલ હેરફેર સેવા.	૯	–
૧૦	**શીર્ષક ૯૯૬૬** (હેરફેર વાહનો–ની ભાડા સેવા)	(૧) સેવા મેળવનાર પાસેથી વસૂલ (ચાર્જ) કરેલા અવેજમાં ઇંધણ ખર્ચનો સમાવેશ કરવામાં આવે ત્યારે મોટર કેબ ભાડે આપવું.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
		(૨)ઉપર(૧) સિવાયના, ઓપરેટરો સાથે અથવા તેમના વગર હેરફેર વાહનોની ભાડાં આધારિત સેવા	૯	–
૧૧	**શીર્ષક ૯૯૬૭** (હેરફેર–માં સહાય–રૂપ સેવા)	(૧) (વ્યકિતગત વપરાશ માટે ઉપયોગ કરેલા ઘરગથ્થું માલ સહિત) માલની હેરફેરના સંબંધમાં માલ હેરફેર એજન્સી (જી.ટી.એ.)ની સેવા. સ્પષ્ટીકરણ.– "માલ હેરફેર એજન્સી" એટલે માર્ગ દ્વારા માલની હેરફેર કરવાના સંબંધમાં સેવા પૂરી પાડે અને ગમે તે નામે ઓળખાતી, માલ રવાનગી નોંધ કાઢી આપે તેવી કોઇપણ વ્યકિત.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
		(૨) ઉપર (૧) સિવાયની હેરફેરમાં સહાયરૂપ સેવા.	૯	–
૧૨	**શીર્ષક ૯૯૬૮**	પોસ્ટલ અને કુરિયર સેવા	૯	–
૧૩	**શીર્ષક ૯૯૬૯**	વિજળી, ગેસ, પાણી અને અન્ય વિતરણ સેવા.	૯	–
૧૪	**કલમ ૭**	**નાણાકીય અને તેને સંબંધિત સેવા; સ્થાવર મિલકત સેવા; અને ભાડે અને પટે આપવાની સેવા.**		
૧૫	**શીર્ષક ૯૯૭૧**	(૧) ચીટ ફંડના ફોરમેને ચીટના સંબંધમાં પૂરી પાડેલી સેવા.	૬	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
	(નાણાકીય અને તેને સંબંધિત સેવા)	સ્પષ્ટીકરણ.– (ક) "ચીટ" એટલે ચીટ, ચીટફંડ, ચીઙ્કી, કુરી અથવા જે સમજૂતિ દ્વારા અથવા તે હેઠળ ગમે તે નામથી ઓળખાતી હોય તેવી સમજૂતિ, જેમાં કોઇ વ્યકિત નિર્દિષ્ટ સંખ્યાની વ્યકિતઓ સાથે કરે કે તેઓ પૈકીની દરેક વ્યકિત નિશ્ચિત મુદત સુધી નિયતકાલિક હપતા સ્વરૂપે નાણાની ચોક્કસ રકમ (અથવા બદલામાં ચોક્કસ જથ્થામાં અનાજ)નો ફાળો આપવો જોઇશે અને પોતાના વારામાં, ચીઙ્કી નાંખીને અથવા હરાજીથી અથવા ટેન્ડરથી અથવા ચીટ સમજૂતિમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી અન્ય રીતે ઇનામી રકમ માટે હકદાર રહેશે; (ખ) "ચીટ ફંડના ફોરમેન (કાર્યદેશક)" એટલે ચીટ ફંડ અધિનિયમ, ૧૯૮૨ (સન ૧૯૮૨ના ૪૦મા)ની કલમ ૨–ના ખંડ (ઠ)માં "ફોરમેન"નો જે અર્થ આપવામાં આવ્યો છે તે અર્થ થશે.		સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરાશાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
		(૨) રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ (નિર્દિષ્ટ મુદત સુધીના હોય અથવા ન હોય તેવા) કોઇ હેતુ માટે કોઇ માલનો ઉપયોગ કરવાના હકની તબદીલી.	માલમાંના માલિકી હક–ની તબદીલી–નો સમાવેશ કરતાં સમાન પ્રકારના માલના પુરવઠા પર રાજ્ય વેરા તરીકેનો સમાન દર.	–
		(૩) તેના માલિકી હકની તબદીલી વગર માલમાંના હકની અથવા માલમાંના અવિભાજિત હિસ્સાની કોઇ તબદીલી.	માલમાંના માલિકી હક–ની તબદીલી–નો સમાવેશ	–

INDEX

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
			કરતાં સમાન પ્રકારના માલના પુરવઠા પર રાજ્ય વેરા તરીકેનો સમાન દર.	
		(૪) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની અનુસૂચિ ૨–ના પરિચ્છેદ ૫–ના ખંડ (છ)થી આવરી લીધેલા વ્યવહાર રૂપે નિર્ધારિત હવાઇ હેરફેર સેવા અથવા નિર્ધારિત હવાઇ માર્ગે માલની હેરફેર (એર કાર્ગો) સેવા ચલાવવા માટે ઓપરેટર દ્વારા હવાઇ જહાજોનો ભાડાપટો. સ્પષ્ટીકરણ– (ક) "ઓપરેટર" એટલે હવાઇ જહાજની કામગીરીઓમાં રોકાયેલી અથવા તેમાં રોકાવાની તૈયારી બતાવતી વ્યક્તિ, સંસ્થા અથવા ઉદ્યોગ સાહસ; (ખ) "નિર્ધારિત હવાઇ હેરફેર સેવા" એટલે જાહેર જનતાના સભ્યો દ્વારા ઉપયોગ કરવા માટે ઉપલભ્ય હોય તેવા પ્રસિદ્ધ કરેલા સમય–પત્રક અનુસાર અથવા દરેક ઉડ્ડયન, ઓળખી શકાય તેવી પદ્ધતિસરની શ્રેણીઓની રચના કરે એવી રીતે નિયમિત અથવા રોજિંદા ઉડ્ડયનો સહિત સંચાલિત થયેલા કોઇ બે અથવા તેથી વધુ સ્થળો વચ્ચે હાથ ધરેલ હવાઇ હેરફેર સેવા; (ગ) "નિર્ધારિત હવાઇ માર્ગે માલની હેરફેર સેવા" એટલે ઉતારૂઓ દ્વારા ઉપયોગ કરવા માટે ઉપલભ્ય હોય તેવા પ્રસિદ્ધ કરેલા સમય–પત્રક અનુસાર અથવા ઉડ્ડયનોને ઓળખી શકાય તેવી પદ્ધતિસરની શ્રેણીઓની રચના કરે	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		એવી રીતે નિયમિત અથવા દરરોજના ઉઠ્ઠયનો સહિત નિર્ધારિત આધાર પર જહાજી માલ અથવા ટપાલની હવાઇ હેરફેર;		
		(૫) ઉપરની (૧), (૨), (૩) અને (૪) સિવાયની નાણાકીય અને તેને સંબંધિત સેવા.	૯	–
૧૬	**શીર્ષક ૯૯૭૨**	સ્થાવર મિલકતને લગતીસેવા	૯	–
૧૭	**શીર્ષક ૯૯૭૩ (ઓપરેટર સાથે અથવા તે વગર પટે અથવા ભાડે આપવાની સેવા.**	(૧) ઇન્ફર્મેશન ટેકનોલોજી સોફ્ટવેર સિવાયના માલના સંબંધમાં બૌદ્ધિક સંપત્તિ (આઇ.પી.)ના હક અથવા ભોગવટાની કામચલાઉ અથવા કાયમી તબદીલી કરવી અથવા તેની પરવાનગી આપવી.	૬	–
		(૨) ઇન્ફર્મેશન ટેકનોલોજી સોફ્ટવેરના સંબંધમાં બૌદ્ધિક સંપત્તિ (આઇ.પી.)ના હક અથવા ભોગવટાની કામચલાઉ અથવા કાયમી તબદીલી કરવી અથવા તેની પરવાનગી આપવી.	૯	–
		(૩) રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિમતી અવેજ બદલ (નિર્દિષ્ટ મુદત સુધીના હોય અથવા ન હોય તેવા) કોઇ હેતુ માટે કોઇ માલનો ઉપયોગ કરવાના હકની તબદીલી કરવી.	માલમાંના માલિકીહક–ની તબદીલી–નો સમાવેશ કરતાં સમાન પ્રકારના માલના પુરવઠા પર રાજ્ય વેરા તરીકેનો સમાન દર.	–
		(૪) તેના માલિકીહકની તબદીલી વગર માલમાંના હકની અથવા માલમાંના અવિભાજિત હિસ્સાની કોઇ તબદીલી કરવી.	માલમાંના માલિકીહક–ની તબદીલી–નો સમાવેશ કરતાં સમાન પ્રકારના માલના પુરવઠા પર રાજ્ય વેરા	

અનુ-ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
			તરીકેનો સમાન દર.	
		(૫) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની અનુસૂચિ ૨-ના પરિચ્છેદ ૫-ના ખંડ (છ)થી આવરી લીધેલા વ્યવહાર સ્વરૂપે નિર્ધારિત હવાઇ હેરફેર સેવા અથવા નિર્ધારિત હવાઇ માર્ગે માલની હેરફેર (એર કાર્ગો) સેવા ચલાવવા માટે ઓપરેટર દ્વારા હવાઇ જહાજોનો ભાડાપટો આપવો. સ્પષ્ટીકરણ.- (ક) "ઓપરેટર" એટલે હવાઇ જહાજની કામગીરીઓમાં રોકાયેલી અથવા તેમાં રોકાવાની તૈયારી બતાવતી વ્યકિત, સંસ્થા અથવા ઉદ્યોગ સાહસ; (ખ) "નિર્ધારિત હવાઇ હેરફેર સેવા" એટલે જાહેર જનતાના સભ્યો દ્વારા ઉપયોગ કરવા માટે ઉપલભ્ય હોય તેવા પ્રસિદ્ધ કરેલા સમય-પત્રક અનુસાર અથવા દરેક ઉડ્ડયન, ઓળખી શકાય તેવી પદ્ધતિસરની શ્રેણીઓની રચના કરે એવી રીતે નિયમિત અથવા રોજિંદા ઉડ્ડયનો સહિત સંચાલિત થયેલા કોઇ બે અથવા તેથી વધુ સ્થળો વચ્ચે હાથ ધરેલ હવાઇ હેરફેર સેવા; (ગ) "નિર્ધારિત હવાઇ માર્ગે માલની હેરફેર સેવા" એટલે ઉતારૂઓ દ્વારા ઉપયોગ કરવા માટે ઉપલભ્ય હોય તેવા પ્રસિદ્ધ કરેલા સમય-પત્રક અનુસાર અથવા ઉડ્ડયનોને ઓળખી શકાય તેવી પદ્ધતિસરની શ્રેણીઓની રચના કરે એવી રીતે નિયમિત અથવા હંમેશના ઉડ્ડયનો સહિત નિર્ધારિત આધાર પર જહાજી માલ અથવા ટપાલની હવાઇ	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		હેરફેર;		
		(૬) ઉપરના (૧), (૨), (૩), (૪) અને (૫) ઓપરેટર સાથે અથવા તે સિવાય ભાડે અથવા પટે આપવાની સેવા.	માલમાંના માલિકીહક–ની તબદીલી–નો સમાવેશ કરતાં સમાન પ્રકારના માલના પુરવઠા પર રાજ્ય વેરા તરીકેનો સમાન દર.	–
૧૮	**કલમ ૮**	**વેપાર અને ઉત્પાદન સેવા**		
૧૯	**શીર્ષક ૯૯૮૧**	સંશોધન અને વિકાસ સેવા	૯	–
૨૦	**શીર્ષક ૯૯૮૨**	કાયદાવિષયક અને હિસાબી સેવા	૯	–
૨૧	**શીર્ષક ૯૯૮૩** (અન્ય વ્યાવસા–યિક, તકનિકી અને ધંધાકીય સેવા)	(૧) પ્રિન્ટ મીડિયામાં જાહેરાત માટેની જગ્યાનું વેચાણ કરવા	૨.૫	–
		(૨) ઉપર (૧) સિવાયના અન્ય વ્યાવસાયિક, તકનિકી અને ધંધાકીયસેવા	૯	–
૨૨	**શીર્ષક ૯૯૮૪**	દૂરસંચાર, પ્રસારણ અને માહિતી પૂરી પાડવાની સેવા	૯	–
૨૩	**શીર્ષક ૯૯૮૫** (સહાયરૂપ સેવા)	(૧) ટુર ઓપરેટરની સેવા પૂરી પાડવી. સ્પષ્ટીકરણ.– "ટુર ઓપરેટર" એટલે હેરફેરની કોઇ પદ્ધતિ દ્વારા આયોજન, અનુસૂચિત કરવું, વ્યવસ્થા કરવી, ટુર (પ્રવાસો) ગોઠવવા (જેમાં આવાસન, જોવાલાયક સ્થળોનો પ્રવાસ અથવા અન્ય સમાન સેવાનો થઇ શકશે તેવી)ના કામકાજમાં રોકાયેલી કોઇપણ વ્યકિત.	૨.૫	૧. પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો] ૨. આ સેવા પૂરી પાડવા માટે કાઢી આપેલા

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				બિલમાં એમ દર્શાવેલું હોય કે તે, તેવા પ્રવાસ માટે જરૂરી આવાસન અને હેરફેરના ખર્ચ સહિતનું છે અને બિલમાં વસૂલ કરેલ રકમ,તેવા પ્રવાસ માટે જરૂરી આવાસન અને હેરફેરના ખર્ચ સહિતના તેવા પ્રવાસ માટે વસૂલ કરેલી એકંદર રકમ છે.
		(૨) ઉપર (૧) સિવાયની સહાયરૂપ સેવા	૯	–
૨૪	**શીર્ષક ૯૯૮૬**	(૧)ખેતી, વનવિજ્ઞાન, માછીમારી, પશુપાલનને સહાયરૂપ સેવા. સ્પષ્ટીકરણ.– ખેતી, વનવિજ્ઞાન, માછીમારી, પશુપાલનને સહાયરૂપ સેવા એટલે– (૧) (ક) ખેડ, લલણી, છડવું, યંત્ર રક્ષણ અથવા પરીક્ષણ સહિત કોઇ ખેત ઉત્પન્નના ઉત્પાદનને લગતી પ્રત્યક્ષ ખેતીવિષયક કામગીરીઓ; (ખ) ખેતમજૂર પૂરા પાડવા; (ગ) (પાકની) કાળજી લેવી, (ટેન્ડિંગ), કાપણી કરવી (પ્રુનિંગ), લલણી કરવી, સુકવણી કરવી, સાફ કરવા, કાપકૂપથી બિનજરૂરી ભાગો કાપવા (ટ્રીમીંગ) સૂર્ય પ્રકાશમાં સૂકવણી કરવી, જંતુ રહિત કરવા, ઉપાય કરવા (ક્યુઅરીંગ), જુદા પાડવા (સોર્ટીંગ), વર્ગીકરણ કરવું (ગ્રેડિંગ), ઠંડુ કરવું (કૂલિંગ) અથવા બલ્ક પેકેજિંગ સહિત ખેતીવિષયક ફાર્મ ખાતે પ્રક્રિયાઓ હાથ ધરવી અને ખેત ઉત્પન્નની મૂળભૂત લાક્ષણિકતામાં ફેરફાર ન કરે પણ મૂળ બજાર માટે તેને	શૂન્ય	–

અનુ-ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		ફક્ત વેચાણયોગ્ય બનાવે તેવી સમાન કામગીરીઓ; (ઘ) ખેત યંત્રસામગ્રી અથવા ખાલી પડેલી જમીનના ઉપયોગને આનુષંગિક માળખા સાથે અથવા તે વગર તેને ભાડે આપવી અથવા પટે આપવી; (ચ) ખેત-ઉત્પન્ન ચઢાવવું, ઉતરાવવું, તેને પેક કરવું, સંગ્રહ કરવો અથવા તેની વખાર-વ્યવસ્થા; (છ) ખેત વિસ્તરણ સેવા; (જ) કોઇ ખેત-ઉત્પન્ન બજાર-વ્યવસ્થા સમિતિ અથવા મંડળ દ્વારા સેવા અથવા ખેત-ઉત્પન્નના વેચાણ અથવા ખરીદી માટે કમિશન એજન્ટે પૂરી પાડેલી સેવા. (૨) ફળો અથવા શાકભાજીની મૂળભૂત લાક્ષણિકતામાં ફેરફાર અથવા બદલાવ ન કરે તેમ સદરહુ ફળો અને શાકભાજીના પૂર્વ-અનુકૂલન, શીતલ, પકાવવું, મીણ ચોપડવું, છૂટક પેકિંગ કરવું તેને લેબલ લગાવવા સ્વરૂપની સેવા; (૩) ખાદ્ય, રેસાવાળા પદાર્થ, ઇંધણ, કાચો માલસામાન અથવા અન્ય સમાન પેદાશો અથવા ખેત-ઉત્પન્ન માટે, અશ્વોના ઉછેર સિવાય, છોડની ખેતી અને પ્રાણીઓના જીવનના સ્વરૂપોના ઉછેરના સંબંધમાં છૂટક કામ તરીકે મધ્યવર્તી ઉત્પાદન પ્રક્રિયા હાથ ધરવી.		
		(૨) ખાણકામ, વિદ્યુત, ગેસ અને જળ વિતરણને સહાયરૂપ સેવા.	૯	–
૨૫	**શીર્ષક ૯૯૮૭**	નિભાવ, રિપેર (મરામત) અને ગોઠવણી (બાંધકામ સિવાયની) સેવા.	૯	–
૨૬	**શીર્ષક ૯૯૮૮** (અન્યો	(૧) નીચેનાના સંબંધમાં છૂટક કામ (જોબ વર્ક) સ્વરૂપે સેવા- (ક) વર્તમાનપત્રોનું મુદ્રણ;		

અનુ-ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
	દ્વારા ધરાવાતા ભૌતિક સ્વરૂપના ઇનપુટ્સ (માલ) પરની ઉત્પાદન સેવા.)	(ખ) (માનવસર્જિત રેસા સિવાયના) વણાટના રેસા (યાર્ન) અને વણાટનું કાપડ; (ગ) કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પ્રથમ અનુસૂચિમાં પ્રકરણ ૭૧ હેઠળ આવતા કાપીને પોલિશ કરેલા હીરા;કીમતી અને ઓછા કીમતી રત્નો; અથવા સાદા અને રત્ન-તારા જડિત સોનાના ઝવેરાત અને અન્ય કિમતી ધાતુઓ; (ઘ) (બ્રેઇલ પુસ્તકો સહિત)પુસ્તકો, સામયિકો (જર્નલ) અને સામયિક પત્રોના મુદ્રણ; (ચ) કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પ્રથમ અનુસૂચિમાં પ્રકરણ ૪૧ હેઠળ આવતા ખાલ, ચર્મ અને ચામડાની પ્રક્રિયા કરવી; સ્પષ્ટીકરણ.- "માનવસર્જિત રેસા (યાર્ન)" એટલે,- (ક) પૉલિએમાઇડ્સ, પૉલિસ્ટર્સ, પૉલિઓલેફિન્સ અથવા પૉલિયુરેથિન્સ જેવા પૉલિમર્સનું ઉત્પાદન કરવા માટે ઓર્ગેનિક મોનોમર્સના પૉલિમરાઇઝેશન દ્વારા અથવા આ પ્રક્રિયા દ્વારા ઉત્પાદન કરેલા પૉલિમર્સ [ઉદાહરણ તરીકે, પૉલિ (વિનાઇલ ઍસિટેટ)ના હાઇડ્રોલિસિસ દ્વારા તૈયાર કરેલા પૉલિ (વિનાઇલ ઍસિટેટ)]ના રાસાયણિક ફેરફાર દ્વારા; અથવા (ખ) ક્યુપ્રાએમોનિયમ રેયોન (ક્યુપ્રા) અથવા વિસ્કોસ રેયોન જેવા પૉલિમર્સનું ઉત્પાદન કરવા માટે કુદરતી ઓર્ગેનિક પૉલિમર્સ (ઉદાહરણ તરીકે સેલ્યુલોઝ)ના વિસર્જન અથવા રાસાયણિક પ્રક્રિયા દ્વારા અથવા	૨.૫	-

અનુ–ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		સેલ્યુલોઝ એસિટેટ અથવા એલ્ગિનેટ્સ જેવા પોલિમર્સનું ઉત્પાદન કરવા માટે કુદરતી ઓર્ગેનિક પૉલિમર્સ (ઉદાહરણ તરીકે સેલ્યુલોઝ, કેસિન અને અન્ય પ્રોટિન્સ અથવા એલ્ગિનિક એસિડ)ના રાસાયણિક ફેરફાર દ્વારા, ઉત્પાદનની પ્રક્રિયાઓથી ઉત્પાદિત કરેલ ઓર્ગેનિક પૉલિમર્સના રેસા–તંતુઓ અને તંતુઓ (ફિલામેન્ટ્સ).		
		(૨) ઉપરના (૧) સિવાય, અન્યો (અન્ય વ્યક્તિઓ)દ્વારા ઘરાવાતા ભૌતિક ઇનપુટ (માલ) પરની ઉત્પાદન સેવા.	૯	–
૨૭	**શીર્ષક ૯૯૮૯**	અન્ય ઉત્પાદન સેવા; પ્રસિદ્ધ કરવાની, મુદ્રણની અને પુનરુત્પાદન સેવા; માલસામગ્રી વસૂલાત સેવા.	૯	–
૨૮	**કલમ ૯**	**સામુદાયિક, સામાજિક અને વ્યક્તિગત સેવા અને અન્ય પ્રકીર્ણ સેવા.**		–
૨૯	**શીર્ષક ૯૯૯૧**	જાહેર વ્યવસ્થા અને સંપૂર્ણ તરીકે સમુદાયને પૂરી પાડેલી અન્ય સેવા; ફરજિયાત સમાજ સુરક્ષા સેવા.	૯	–
૩૦	**શીર્ષક ૯૯૯૨**	શૈક્ષણિક સેવા	૯	–
૩૧	**શીર્ષક ૯૯૯૩**	માનવ સ્વાસ્થ્ય અને સામાજિક કાળજી સેવા.	૯	–
૩૨	**શીર્ષક ૯૯૯૪**	મળપાણી અને બગાડ એકત્રીકરણ, પ્રક્રિયા અને નિકાલ અને અન્ય પર્યાવરણ રક્ષણ સેવા.	૯	–
૩૩	**શીર્ષક ૯૯૯૫**	સભ્યપદ સંગઠનોની સેવા	૯	–
૩૪	**શીર્ષક ૯૯૯૬** (મનો–રંજન, સાંસ્કૃતિક	(૧) સર્કસ, લોકનૃત્ય, નાટ્ય રજૂઆત, નાટક સહિત ભારતીય શાસ્ત્રીય નૃત્યમાં પ્રવેશ (એડમિશન) અથવા પ્રવેશ સ્વરૂપે સેવા.	૯	–

અનુ-ક્રમાંક.	પ્રકરણ, કલમ અથવા શીર્ષક	સેવાનું વર્ણન	દર (ટકાવારી)	શરત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
	અને રમત-ગમત અંગેની સેવા)	(૨) જ્યાં પ્રવેશ ટિકિટની કિમત રુપિયા એક સો અથવા તેથી ઓછી હોય તેવા સિનેમા ફિલ્મોના પ્રદર્શનમાં પ્રવેશ સ્વરૂપે સેવા	૯	–
		(૩) સિનેમા ફિલ્મોનું પ્રદર્શન, થીમ પાર્ક્સ, વોટર પાર્ક્સ, જોય રાઇડ્સ, મેરી-ગો-રાઉન્ડ, ગો-કાર્ટીંગ, કેસિનો, રેસ-કોર્સ, સંગીત નૃત્યનાટિકા, ઇન્ડિયન પ્રિમીયર લીગ અને તેના જેવા કોઇ રમતગમતના કોઇ પ્રસંગ (કાર્યક્રમ) સહિત મનોરંજનના પ્રસંગોમાં પ્રવેશ અથવા મનોરંજન (એમ્યુઝમેન્ટ) સુવિધાઓમાં પ્રવેશ સ્વરૂપે સેવા.	૧૪	–
		(૪) કોઈ રેસ ક્લબ દ્વારા, આવી ક્લબમાંના બુક મેકરને, ટોટલાઇઝેટર અથવા લાઇસન્સ સ્વરૂપેઆપવામાં આવતીસેવા;	૧૪	–
		(૫) જુગાર (ગ્લેમ્બલીંગ);	૧૪	–
		(૬) ઉપરના (૧), (૨), (૩), (૪) અને (૫) સિવાયની મનોરંજન, સાંસ્કૃતિક અને રમતગમત અંગેની સેવા	૯	–
૩૫	**શીર્ષક ૯૯૯૭**	અન્ય સેવા(કપડા ધોવાની, સ્વચ્છ કરવાની અને તેને રંગવાની સેવા; સૌદર્ય અને શારીરિક તંદુરસ્તીની સેવા અને બીજે વર્ગીકૃત કરેલ ન હોય તેવી સેવા સહિત પ્રકીર્ણ સેવા).	૯	–
૩૬	**શીર્ષક ૯૯૯૮**	ઘરગથ્થું સેવા	૯	–
૩૭	**શીર્ષક ૯૯૯૯**	રાજ્યક્ષેત્રાતીત સંગઠનો અને સંસ્થાઓ દ્વારા પૂરી પાડેલી સેવા.	૯	–

૨. જમીનમાંની મિલકત અથવા યથાપ્રસંગ, જમીનના વણ વહેંચાયેલ હિસ્સાની તબદીલીનો સમાવેશ કરતાં, ઉપરના કોષ્ટકના અનુક્રમાંક ૩ સામેની બાબત (૧) પરની નોંધની કોલમ (૩)માં નિર્દિષ્ટ કરેલ સેવાના પુરવઠાના કિસ્સામાં, સેવાના પુરવઠા અને તેવા પુરવઠામાંના માલના ભાગની કિમત, તેવા પુરવઠા માટે વસૂલ કરેલ કુલ રકમમાંથી જમીન અથવા યથાપ્રસંગ, જમીનના વણ વહેંચાયેલ હિસ્સાની કિમત બાદ કર્યા પછી બાકી રહેતી રકમને

INDEX

સમકક્ષ રહેશે અને તેવા પુરવઠામાં જમીન અથવા યથાપ્રસંગ, જમીનના વણ વહેંચાયેલ હિસ્સાની કિમત, તેવા પુરવઠા માટે વસૂલ કરેલ કુલ રકમના એક તૃતીયાંશ તરીકે ગણાવી જોઇશે.

સ્પષ્ટીકરણ.– પરિચ્છેદ ૨ ના હેતુઓ માટે, "કુલ રકમ" એટલે,–

(ક) ઉપર્યુક્ત સેવા માટે વસૂલ કરેલ અવેજ; અને

(ખ) જમીન અથવા યથાપ્રસંગ, જમીનના વણ વહેંચાયેલ હિસ્સાની તબદીલી માટે વસૂલ કરેલ રકમ,

–નો કુલ સરવાળો.

૬૪૭	**જૂથ ૯૯૯૪૫**		**આરોગ્યલક્ષી સફાઇ અને તેની સમાન સેવા**
૬૪૮		૯૯૯૪૫૧	સફાઇ અને હિમ (બરફ) ખસેડવાની સેવા
૬૪૯		૯૯૯૪૫૯	બીજે વર્ગીકૃત ન કરેલ અન્ય આરોગ્યલક્ષી સફાઇ સેવા
૬૫૦	**જૂથ ૯૯૯૪૯**		**અન્ય**
૬૫૧		૯૯૯૪૯૦	બીજે વર્ગીકૃત ન કરેલ અન્ય પર્યાવરણ રક્ષણ સેવા
૬૫૨	**શીર્ષક ૯૯૯૫**		**સભ્યપદ સંસ્થાઓની સેવા**
૬૫૩	**જૂથ ૯૯૯૫૧**		**વેપારી પેઢી, નિયોક્તાએ પૂરી પાડેલી સેવા અને વ્યાવસાયિક સંસ્થાની સેવા**
૬૫૪		૯૯૯૫૧૧	**વેપારી પેઢી અને નિયોક્તા સંસ્થાઓએ પૂરી પાડેલી સેવા**
૬૫૫		૯૯૯૫૧૨	**વ્યાવસાયિક સંસ્થાઓએ પૂરી પાડેલી સેવા**
૬૫૬	**જૂથ ૯૯૯૫૨**		**કામદાર (મજૂર) સંઘોએ પૂરી પાડેલી સેવા**
૬૫૭		૯૯૯૫૨૦	કામદાર (મજૂર)સંઘોએ પૂરી પાડેલી સેવા
૬૫૮	**જૂથ ૯૯૯૫૯**		**અન્ય સભ્યપદ સંસ્થાઓએ પૂરી પાડેલી સેવા**
૬૫૯		૯૯૯૫૯૧	ધાર્મિક સેવા
૬૬૦		૯૯૯૫૯૨	રાજકીય સંસ્થાઓએ પૂરી પાડેલી સેવા
૬૬૧		૯૯૯૫૯૩	માનવ અધિકાર સંસ્થાઓએ પૂરી પાડેલી સેવા
૬૬૨		૯૯૯૫૯૪	સાંસ્કૃતિક અને મનોરંજન મંડળો
૬૬૩		૯૯૯૫૯૫	પર્યાવરણ સહાયક જૂથોએ પૂરી પાડેલ સેવા
૬૬૪		૯૯૯૫૯૬	યુવા એસોસિએશનોએ પૂરી પાડેલ સેવા
૬૬૫		૯૯૯૫૯૭	અન્ય નાગરિક અને સમાજ સંસ્થાઓ
૬૬૬		૯૯૯૫૯૮	ઘર માલિક એસોસિએશન
૬૬૭		૯૯૯૫૯૯	બીજે વર્ગીકૃત ન કરેલ અન્ય સભ્યપદ સંસ્થાઓએ પૂરી પાડેલી સેવા
૬૬૮	**શીર્ષક ૯૯૯૬**		**મનોરંજન, સાંસ્કૃતિક અને રમતગમતને લગતી સેવા**
૬૬૯	**જૂથ ૯૯૯૬૧**		**દૃશ્ય-શ્રાવ્ય અને તેને સંબંધિત સેવા**
૬૭૦		૯૯૯૬૧૧	અવાજ રેકોર્ડિંગ સેવા
૬૭૧		૯૯૯૬૧૨	મોશન પિક્ચર, વિડીયો ટેપ, ટેલિવિઝન અને રેડિયો કાર્યક્રમ બનાવવા (તૈયાર કરવા)ની સેવા
૬૭૨		૯૯૯૬૧૩	દૃશ્ય-શ્રાવ્ય પોસ્ટ પ્રોડક્શન તૈયાર કરવાની સેવા
૬૭૩		૯૯૯૬૧૪	મોશન પિક્ચર, વિડીયો ટેપ, ટેલિવિઝન અને રેડિયો કાર્યક્રમ વિતરણ સેવા

અનુ–ક્રમાંક	પ્રકરણ, કલમ, શીર્ષક અથવા જૂથ	સેવા કોડ (ટેરિફ)	સેવા વર્ણન
(૧)	(૨)	(૩)	(૪)
૬૭૪		૯૯૯૬૧૫	મોશન પિક્ચર પ્રોજેક્શન સેવા
૬૭૫	**જૂથ ૯૯૯૬૨**		**અભિનય કલા અને અન્ય જીવંત મનોરંજન પ્રસંગની રજૂઆત અને પ્રોત્સાહન સેવા**
૬૭૬		૯૯૯૬૨૧	અભિનય કલા પ્રસંગના પ્રોત્સાહન અને તેના વ્યવસ્થા–તંત્રની સેવા
૬૭૭		૯૯૯૬૨૨	અભિનય કલા પ્રસંગ બનાવવા (તૈયારકરવા)ની અને તેની સેવા
૬૭૮		૯૯૯૬૨૩	અભિનય કલાસુવિધા સંચાલન સેવા
૬૭૯		૯૯૯૬૨૯	બીજે વર્ગીકૃત ન કરેલ અન્ય અભિનય કલા અને અન્ય જીવંત મનોરંજન સેવા
૬૮૦	**જૂથ ૯૯૯૬૩**		**પ્રદર્શન અને અન્ય કલાકારોની સેવા**
૬૮૧		૯૯૯૬૩૧	કલાકારો, વાચકો, સંગીતકારો, ગાયકો, નૃત્યકારો, ટેલિવિઝન વ્યક્તિઓ (હસ્તીઓ), સ્વતંત્ર મોડલો અને તેના જેવા સહિત પ્રદર્શન કલાકારોની સેવા
૬૮૨		૯૯૯૬૩૨	પ્રદર્શન કલાકારો સિવાય લેખકો, રચનાકારો, શીલ્પીઓ અને અન્ય કલાકારોની સેવા
૬૮૩		૯૯૯૬૩૩	પ્રદર્શન કલાકારો, ચિત્રકારો અને શિલ્પીઓ સિવાય લેખકો, રચનાકારો અને અન્ય કલાકારોની સેવા
૬૮૪	**જૂથ ૯૯૯૬૪**		**સંગ્રહાલય અને પરિરક્ષણ સેવા**
૬૮૫		૯૯૯૬૪૧	સંગ્રહાલય અને ઐતિહાસિક સ્થળો અને મકાનોની પરિરક્ષણ સેવા
૬૮૬		૯૯૯૬૪૨	વનસ્પતિ, પ્રાણી અને પ્રકૃતિ માટે ખાસ જગા રાખવાની સેવા
૬૮૭	**જૂથ ૯૯૯૬૫**		**રમતગમત અને મનોરંજક રમતગમત સેવા**
૬૮૮		૯૯૯૬૫૧	રમતગમત અને મનોરંજક રમતગમત પ્રસંગના પ્રોત્સાહન અને વ્યવસ્થા–તંત્ર સેવા
૬૮૯		૯૯૯૬૫૨	રમતગમત અને મનોરંજક રમતગમત સુવિધા સંચાલન સેવા
૬૯૦		૯૯૯૬૫૯	બીજે વર્ગીકૃત ન કરેલ અન્ય રમતગમત અને મનોરંજક રમતગમત સેવા
૬૯૧	**જૂથ ૯૯૯૬૬**		**એથ્લેટ્સની સેવા અને તેને લગતી આધાર સેવા**
૬૯૨		૯૯૯૬૬૧	એથ્લેટ્સની સેવા
૬૯૩		૯૯૯૬૬૨	રમતગમત અને મનોરંજનને લગતી સહાયક સેવા
૬૯૪	**જૂથ ૯૯૯૬૯**		**અન્ય મનોરંજન અને મનોરંજક સેવા**
૬૯૫		૯૯૯૬૯૧	એમ્યુઝમેન્ટ પાર્ક અને તેના જેવા અન્ય સ્થળોની સેવા
૬૯૬		૯૯૯૬૯૨	જુગાર અને શરત સેવા સહિત સમાન ઓનલાઇન સેવા
૬૯૭		૯૯૯૬૯૩	સિક્કા–સંચાલિત મનોરંજન યંત્ર સેવા
૬૯૮		૯૯૯૬૯૪	લોટરી સેવા

અનુ–ક્રમાંક	પ્રકરણ, કલમ, શીર્ષક અથવા જૂથ	સેવા કોડ (ટેરિફ)	સેવા વર્ણન
(૧)	(૨)	(૩)	(૪)
૬૯૯		૯૯૯૬૯૯	બીજે વર્ગીકૃત ન કરેલ અન્ય મનોરંજન અને મનોરંજક સેવા
૭૦૦	**શીર્ષક ૯૯૯૭**		**અન્ય સેવા**
૭૦૧	**જૂથ ૯૯૯૭૧**		**ધોવાની, સફાઈની અને રંગવાની સેવા**
૭૦૨		૯૯૯૭૧૧	સિક્કા–સંચાલિત કપડાં ધોવાની જગ્યાની સેવા
૭૦૩		૯૯૯૭૧૨	કોરા કપડાંની–સફાઈ સેવા (રુંવાટીવાળી બનાવટની સફાઈ સેવા સહિત)
૭૦૪		૯૯૯૭૧૩	અન્ય કાપડ સફાઈ સેવા
૭૦૫		૯૯૯૭૧૪	ઈસ્ત્રી સેવા
૭૦૬		૯૯૯૭૧૫	રંગવાની અને રંગકામની સેવા
૭૦૭		૯૯૯૭૧૯	બીજે વર્ગીકૃત ન કરેલ ધોવાની, સફાઈની અને રંગવાની અન્ય સેવા
૭૦૮	**જૂથ ૯૯૯૭૨**		**સૌદર્ય અને ભૌતિક સુખાકારી સેવા**
૭૦૯		૯૯૯૭૨૧	હેરડ્રેસિંગ અને વાળંદ સેવા
૭૧૦		૯૯૯૭૨૨	સૌદર્યવર્ધક સારવાર (સૌદર્યવર્ધક અથવા પ્લાસ્ટિક સર્જરી સહિત), હાથોના સૌદર્ય પ્રસાધન અને ઉપચાર તેમજ પગની સંભાળ સેવા
૭૧૧		૯૯૯૭૨૩	હેલ્થ ક્લબ અને ફિટનેસ સેન્ટર સહિત ભૌતિક સુખાકારી સેવા
૭૧૨		૯૯૯૭૨૯	બીજે વર્ગીકૃત ન કરેલ અન્ય સૌદર્ય પ્રક્રિયા સેવા
૭૧૩	**જૂથ ૯૯૯૭૩**		**અંત્યેષ્ટિ/અંતિમ સંસ્કાર, અગ્નિસંસ્કાર અને તેની વ્યવસ્થાની સેવા**
૭૧૪		૯૯૯૭૩૧	કબ્રસ્તાનો અને અગ્નિસંસ્કાર સેવા
૭૧૫		૯૯૯૭૩૨	અંત્યેષ્ટિ/અંતિમને લગતી વ્યવસ્થા સેવા
૭૧૬	**જૂથ ૯૯૯૭૯**		**અન્ય પ્રકીર્ણ સેવા**
૭૧૭		૯૯૯૭૯૧	કોઈપણ પ્રસંગના વાણિજ્યિક વપરાશ અથવા ઉપયોગ સહિતની સેવા
૭૧૮		૯૯૯૭૯૨	કાર્ય કરવા સંમત થવું
૭૧૯		૯૯૯૭૯૩	કાર્ય કરવાથી અટકાવવા સંમત થવું
૭૨૦		૯૯૯૭૯૪	કાર્ય ચાલુ રહેવા દેવા સંમત થવું
૭૨૧		૯૯૯૭૯૫	વ્યક્તિઓએ ધાર્મિક સમારંભો અથવા કર્મકાંડોનું સંચાલન કરવું
૭૨૨		૯૯૯૭૯૯	બીજે વર્ગીકૃતન કરેલ અન્ય સેવા
૭૨૩	**શીર્ષક ૯૯૯૮**		**ઘરકામ સેવા**
૭૨૪	**જૂથ ૯૯૯૮૦**		**ઘરકામ સેવા**
૭૨૫		૯૯૯૮૦૦	અંશકાલિક અને પૂર્ણકાલિક બન્ને પ્રકારની ઘરકામ સેવા
૭૨૬	**શીર્ષક ૯૯૯૯**		**દેશ બહારના સંગઠનો અને સંસ્થાઓએ પૂરી પાડેલ સેવા**
૭૨૭	**જૂથ ૯૯૯૯૦**		**દેશ બહારના સંગઠનો અને સંસ્થાઓએ પૂરી પાડેલ સેવા**
૭૨૮		૯૯૯૯૦૦	દેશ બહારના સંગઠનો અને સંસ્થાઓએ પૂરી પાડેલ સેવા

INDEX

Notification
Regarding
Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-32) GST-2017/S.9(1)(2)-TH, Dated 30th June, 2017, Notification No.11/2017-State Tax (Rate).

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ:૩૦મીજૂન, ૨૦૧૭નું જાહેરનામું

ક્રમાંક: (જીએચએન-૩૨) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૨)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૧/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણાવિભાગ,

સચિવાલય,ગાંધીનગર.

જાહેરનામા ક્રમાંક. ૨૦/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨)

તારીખ: ૨૨મી ઑગસ્ટ, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૭૧) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૮)-ઠ.-ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ની પેટા-કલમ (૧), કલમ ૧૧ની પેટા-કલમ (૧), કલમ ૧૫ની પેટા-કલમ (૫) અને કલમ ૧૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણોના આધારે અને તેમ કરવાનું જાહેર હિતમાં જરૂરી છે એવી ખાતરી થયેથી, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગનું જાહેરનામું ક્રમાંક. ૨૦/૨૦૧૭-રાજ્ય વેરા (૬૨) એટલે કે તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૨) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૨)-ઠ.માં નીચેના સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, કોષ્ટકમાં,-

(૧) અનુક્રમાંક ૩ સામે, કોલમ (૩)માંની બાબત (૩) અને કોલમ (૩), (૪) અને (૫)માંની તેને લગતી નોંધોને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

(૩)	(૪)	(૫)
"(૩) (ક) પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળ અને અવશેષ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના અધિનિયમ ૨૪મા) હેઠળ નિર્દિષ્ટ કરેલા ઐતિહાસિક સ્મારક, પુરાતત્વીય સ્થળ અને મહત્વના રાષ્ટ્રીય, પુરાતત્વીય ઉત્ખનનના અવશેષો, પ્રાચીનકાળના અવશેષો; (ખ) નહેર, બંધ અથવા અન્ય સિંચાઈના કાર્યો; (ગ) (૧) પાણી પુરવઠા (૨) જળ પ્રક્રિયા, અથવા (૩) ગંદા-પાણી પરની પ્રક્રિયા અથવા તેના નિકાલ માટે પાઈપલાઈન, નહેર અથવા પ્લાન્ટ, -ના બાંધકામ કરીને, ઊભું કરીને, શરૂ કરીને, સ્થાપન કરીને, કામ પુરૂં કરીને, જોડાણ (ફીટીંગ) કરીને, જાળવણી, નવીનીકરણ અથવા ફેરફાર કરીને સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ અથવા સરકારી સત્તામંડળને પૂરો પાડેલો, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨ ના		

ખંડ (૧૧૯)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે વર્ક્સ કોન્ટ્રાક્ટનો સંયુક્ત પુરવઠો.	૬	–
(૪) (ક) જાહેર જનતા દ્વારા ઉપયોગ કરવા માટે રસ્તો, પુલ, બોગદું અથવા રસ્તા પરની હેરફેર માટેના ટર્મિનલ; (ખ) જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય શહેરી રિન્યુઅલ મિશન અથવા રાજીવ આવાસ યોજના હેઠળની યોજનાને લગતાં જાહેર બાંધકામ અથવા અન્ય કોઈ મૂળ કાર્યો; (ગ) સૌના માટે ઘર (શહેરી) મિશન/પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ ફક્ત વિદ્યમાન ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ માટે જ "ખાનગી સહભાગિતા મારફત સંપત્તિ તરીકે જમીનનો ઉપયોગ કરતાં વિદ્યમાન ઝૂંપડપટ્ટીના રહેવાસીઓનું તેમની મૂળ જગ્યાએ પુન:સ્થાપન"ને લગતાં જાહેર બાંધકામ અથવા અન્ય કોઈ મૂળ કાર્યો; (ઘ) સૌના માટે ઘર (શહેરી) મિશન/પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ"લાભાર્થી દ્વારા વ્યક્તિગત મકાન બાંધકામ/તેને વધારવાનું કાર્ય"ને લગતાં જાહેર બાંધકામ અથવા અન્ય કોઈ મૂળ બાંધકામ; (ચ) ફેકટરીના ભાગ તરીકે આવેલી હોય તે સિવાય, પ્રદૂષણ નિયંત્રણ અથવા ગંદા પાણીનો પ્રક્રિયા પ્લાન્ટ;અથવા (છ) મૃતકની અંતિમવિધિ, દફન અથવા અગ્નિસંસ્કાર માટેનું અભિપ્રેત માળખા, –નું બાંધકામ કરીને, ઊભું કરીને, શરૂ કરીને, સ્થાપન કરીને, કામ પુરું કરીને, જોડાણ કરીને, મરામત કરીને, જાળવણી, નવીનીકરણ અથવા ફેરફાર કરીને પૂરો પાડેલો, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨ ના ખંડ (૧૧૯)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે વર્ક્સ કોન્ટ્રાક્ટ (બાંધકામ કરાર)નો સંયુક્ત પુરવઠો.	૬	–
(૫) (ક) મોનોરેલ અને મેટ્રો સિવાયની રેલવે; (ખ) રહેણાંક કોમ્પ્લેક્ષના ભાગ તરીકે હોય તે સિવાયના એકલ રહેણાંક એકમ; (ગ) ભારત સરકારના આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયે ઘડેલી 'સહભાગિતાથી પોષણક્ષમ આવાસની યોજના' હેઠળ સત્તા અપાયેલ સક્ષમ સત્તામંડળે મંજૂર કરેલ આવાસન પરિયોજનામાં ઘર દીઠ ૬૦ ચોરસ મીટરના કાર્પેટ એરીયા સુધીના ઓછી કિમતના મકાન; (ઘ) (૧) સૌના માટે ઘર (શહેરી) મિશન/પ્રધાન મંત્રી આવાસ યોજનાના અંગભૂત ભાગ "સહભાગિતાથી પોષણક્ષમ આવાસ"; (૨) રાજ્ય સરકારની કોઈ આવાસ યોજના, હેઠળ સક્ષમ સત્તામંડળે મંજૂર કરેલ આવાસન પરિયોજનામાં ઘર દીઠ ૬૦ ચોરસ મીટરના કાર્પેટ એરીયા સુધીના ઓછી કિમતના મકાન; (ચ) તેવા હેતુઓ માટે કોલ્ડ સ્ટોરેજ સહિત ખેત–ઉત્પન્નના લલણી/કાપણી પછીનું પાક સંગ્રહ માટેનું આંતરમાળખું (ઈન્ફ્રાસ્ટ્રક્ચર); અથવા (છ) આલ્કોહોલયુક્ત પીણાં સિવાય ખાદ્યાન્ન તરીકે ખેત–ઉત્પન્નની પ્રક્રિયા		

કરતા એકમો માટે યાંત્રિક અનાજ સંચાલન પદ્ધતિ, યંત્રો અથવા સાધનસામગ્રી, –ને લગતાં મૂળ બાંધકામોનું બાંધકામ કરીને, ઊભું કરીને, શરૂ કરીનેઅથવા સ્થાપન કરીનેપૂરો પાડેલો, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨ ના ખંડ (૧૧૯)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે બાંધકામ કરારનો સંયુક્ત પુરવઠો.	૬	–
(૬) ઉપરના (૧), (૨), (૩), (૪) અને (૫) સિવાય બાંધકામ સેવા	૯	–";

(૨) અનુક્રમાંક ૮ સામેની, કોલમ (૩)માંની બાબત (૬) અને કોલમ (૩), (૪) અને (૫)માંની તેને લગતી નોંધોને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

(૩)	(૪)	(૫)
"(૬) સેવા મેળવનાર પાસેથી વસૂલ કરેલ અવેજમાં ઇંધણની કિંમતનો સમાવેશ કરવામાં આવેલ હોય, ત્યારે મોટરકેબ દ્વારા ઉતારુઓની હેરફેર.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
	અથવા	
	૬	–";

(૩) અનુક્રમાંક ૯ સામેની, કોલમ (૩)માંની બાબત (૩) અને કોલમ (૩), (૪) અને (૫)માંની તેને લગતી નોંધોને બદલે, નીચેનોમજકૂરમૂકવો:–

(૩)	(૪)	(૫)
"(૩) (વ્યક્તિગત ઉપયોગ માટે વાપરેલા ઘરગથ્થું માલ સહિતના) માલના પરિવહનના સંબંધમાં માલ પરિવહન એજન્સી (GTA)ની સેવા. સ્પષ્ટીકરણ.– "માલ પરિવહન એજન્સી" એટલે રસ્તા (સડક) દ્વારા માલના પરિવહનના સંબંધમાં સેવા પૂરી પાડે અને ગમે તે નામે ઓળખાતી, માલ રવાનગી નોંધ કાઢી આપે તેવી કોઇપણ વ્યક્તિ.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
	અથવા	
	૬	પરંતુ આ નોંધ હેઠળ ૬% @ રાજ્ય વેરો ચૂકવવાનો વિકલ્પ પસંદ કરતી માલ પરિવહન એજન્સી, ત્યારપછીથી, પૂરી પાડેલી પોતાની તમામ માલ પરિવહન સેવાઓ પર૬% @ રાજ્ય વેરો ચૂકવવા જવાબદાર રહેશે.";

(૪) અનુક્રમાંક ૧૦ સામેની, કોલમ (૩)માંની બાબત (૧) અને કોલમ (૩), (૪) અને (૫)માંની તેને લગતી નોંધોને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

(૩)	(૪)	(૫)
"(૧) સેવા મેળવનાર પાસેથી વસૂલ કરેલ અવેજમાં ઇંધણની કિંમતનો સમાવેશ કરવામાં આવેલ હોય, ત્યારે મોટરકેબ ભાડે આપવા બાબત.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલ ન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
	અથવા	
	૬	–";

(૫) અનુક્રમાંક ૧૧ સામેની, કોલમ (૩)માંની બાબત (૧) અને કોલમ (૩), (૪) અને (૫)માંની તેને લગતી નોંધોને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

(૩)	(૪)	(૫)
"(૧) (વ્યક્તિગત ઉપયોગ માટે વાપરેલા ઘરગથ્થું માલ સહિતના) માલના પરિવહનના સંબંધમાં માલ પરિવહન એજન્સી (GTA)ની સેવા. સ્પષ્ટીકરણ.– "માલ પરિવહન એજન્સી" એટલે રસ્તા દ્વારા માલના પરિવહનના સંબંધમાં સેવા પૂરી પાડે અને માલ રવાનગી નોંધ કાઢી આપે તેવી ગમે તે નામે ઓળખાતી, કોઇપણ વ્યક્તિ.	૨.૫	પરંતુ સેવા પૂરી પાડવામાં વપરાયેલા માલ અને સેવા પર વસૂલ (ચાર્જ) કરેલ ઇનપુટ વેરા શાખ લીધેલન હોય. [સ્પષ્ટીકરણ ક્રમાંક (૪)નો સંદર્ભ લેવો]
	અથવા	
	૬	પરંતુ આ નોંધ હેઠળ ૬% @ રાજ્ય વેરો ચૂકવવાનો વિકલ્પ પસંદ કરતી માલ પરિવહન એજન્સી, પછીથી, GTA–એ પૂરી પાડેલી પોતાની તમામ સેવાઓ પર ૬% @ રાજ્ય વેરો ચૂકવવા જવાબદાર રહેશે.";

(૬) અનુક્રમાંક ૨૬ સામે,–

(ક) કોલમ (૩)માં, બાબત (૧)માં,–

(ક) પેટા–બાબત (ખ)ને બદલે, નીચેની પેટા–બાબત મૂકવી:–

INDEX

"(ખ) (કસ્ટમ ટેરિફ) સીમા (જકાત) શુલ્ક અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પ્રથમ અનુસૂચિમાં પ્રકરણ ૫૦ થી ૬૩ હેઠળ આવતાં કાપડ અને કાપડની બનાવટો;";

(ખ) સ્પષ્ટીકરણ કમી કરવું.

(ખ) કોલમ (૩)માંની બાબત (૨) અને કોલમ (૩), (૪) અને (૫)માંની તેને લગતી નોંધોને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

(૩)	(૪)	(૫)
"(૨) (ક) વર્તમાનપત્રોના મુદ્રણ; (ખ) (બ્રેઇલ લિપીમાંના પુસ્તકો સહિતના) પુસ્તકો, સામયિકો અને સામયિક પત્રોના મુદ્રણ, –ના સંબંધમાં બીજી કોઇ વ્યકિતના માલ પર કોઇ ક્રિયા (ટ્રીટમેન્ટ) અથવા પ્રક્રિયા (પ્રોસેસ) સ્વરૂપની સેવા	૨.૫	–
(૩) ઉપરના (૧) અને (૨) સિવાય અન્યો દ્વારા માલિકી ધરાવાતા ભૌતિક ઇનપુટ (માલ) પરની ઉત્પાદન સેવા.	૯	–";

(૭) અનુક્રમાંક ૨૭ અને તેને લગતી નોંધોને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
"૨૭	**શીર્ષક ૯૯૮૯**	(૧) પ્રકાશકે ફકત વિષયવસ્તુ પૂરી પાડી હોય ત્યારે, વર્તમાનપત્રો, (બ્રેઇલ લિપીના પુસ્તકો સહિતના) પુસ્તકો, સામયિકો અને સામયિક પત્રોના મુદ્રણના સંબંધમાં, મુદ્રણ માટે વાપરેલા કાગળ સહિત ભૌતિક ઇનપુટ મુદ્રકના હોય ત્યારે આપેલી મુદ્રણ સ્વરૂપની સેવા	૬	–
		(૨) ઉપરની (૧) સિવાયની, અન્ય ઉત્પાદન સેવા; પ્રકાશન, મુદ્રણ અને પુન:ઉત્પાદન સેવા; સામગ્રી પુન:પ્રાપ્તિ સેવા.	૯	–";

(૩) અનુક્રમાંક ૩૪ સામે, કોલમ (૩)માં, બાબત (૧)માં, "નાટક" એ શબ્દ પછી, "અથવા પ્લેનેટોરિયમ" એ શબ્દો દાખલ કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 345 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, DECEMBER 21, 2017/AGRAHAYANA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંકઃ (૧) **જીએચકેએચ/ ૧૫૦/ જેવીએન/ ૨૦૧૭/ ૬૮૧/ ક.૪**, તારીખઃ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭; (૨) **જીએચકેએચ/ ૧૪૯/ જેવીએન/ ૨૦૧૭/ ૬૮૧/ ક.૪**, તારીખઃ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭; (૩) **જીએચકેએચ/ ૧૬૭/ ૨૦૧૭/ ૫૨ચ/ ૧૦૨૦૧૭/૭૬૨/૮,** તારીખઃ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ અને (૪) **જીએચકેએચ/ ૧૭૭/ ૨૦૧૭/ બીજીટી/૨૦૧૭/૧૪૫૬/ક.૮,** તારીખઃ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭. ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

વી, એન, શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ssd\M\All Gazatte BackUp\2017\Extra Ordinary\Extra-2017\IX\IX Ex.345-SecDepartment-Dt.27-12-2017.doc

INDEX

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ જીએચકેએચ/૧૫૦/જેવીએન/૨૦૧૭/૬૮૧/કે–૪ઃ– રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસી (ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ) મારફત (એસએલસી–૨૧) અસ્કયામતની મરામત, બંધાયેલા કાંપનિવારક જળક્ષેત્રો અને ખેડૂતના ખેતરમાં જળસંગ્રહ સ્ત્રોતોની રચના–ને જાહેર કરે છેઃ–

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશેઃ

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવો લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, કોઈ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસીએ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે,જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશેઃ

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઇશે:–

(ક) લાભાર્થીની નામનોંધણી(એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ,

અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ દસ્તાવેજોઃ

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસી મારફત,યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) જીએસએલડીસી મારફત (એસએલસી–૨૧) અસ્કયામતની મરામત, બંધાયેલા કાર્યનિવારક જળક્ષેત્રો અને ખેડૂતના ખેતરમાં જળસંગ્રહ સ્ત્રોતોની રચનાના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસી–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા જીએસએલડીસી મારફત (એસએલસી–૨૧) અસ્કયામતની મરામત, બંધાયેલા કાર્યનિવારક જળક્ષેત્રો અને ખેડૂતના ખેતરમાં જળસંગ્રહ સ્ત્રોતોની રચનાના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો, મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસી–ને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.પટેલ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું.
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃજીએચકેએચ/૧૪૯/જેવીએન/૨૦૧૭/૬૮૧/કે.૪:– રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, મેનેજિંગ ડિરેક્ટર, જીએસએલડીસી (ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ) મારફત, જંગલી પ્રાણીઓથી પાકનું રક્ષણ કરવા તેમના ખેતરોની આસપાસ કાંટાળા તારની વાડ ગોઠવવા ખેડૂતોને નાણાકીય સહાય,જાહેર કરે છેઃ–

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશેઃ

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવો લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, કોઇ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, મેનેજિંગ ડિરેક્ટર, જીએસએલડીસી–એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે,જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશેઃ

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઇશે:–

(ક)લાભાર્થીની નામનોંધણી(એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ,

અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,

(૨) મતદાર ઓળખ પત્ર,

(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,

(૪) NREGA(નરેગા) જોબ કાર્ડ,

(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા

(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ દસ્તાવેજો:

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસી મારફત,યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસી (ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ) મારફત, જંગલી પ્રાણીઓથી પાકનું રક્ષણ કરવા તેમના ખેતરોની આસપાસ કાંટાળા તારની વાડ ગોઠવવા ખેડૂતોને નાણાકીય સહાયના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસી–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસી (ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ) મારફત, જંગલી પ્રાણીઓથી પાકનું રક્ષણ કરવા તેમના ખેતરોની આસપાસ કાંટાળા તારની વાડ ગોઠવવા ખેડૂતોને નાણાકીય સહાયના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો, મેનેજિંગ ડિરેકટર, જીએસએલડીસી–ને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.પટેલ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃજીએચકેએચ–૧૬૭–૨૦૧૭–પરચ–૧૦૨૦૧૭–૭૬૨–ટ. :– રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફતે, નાણાકીય સહાયના હેતુ સાથે નૌપરિવહનના સાધનો (નેવિગેશનલ એઇડ) અને બીજી માળખાકીય સગવડોની યોજના પૂરી પાડતી એફએસએચ–૭–ને જાહેર કરે છેઃ–

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશેઃ

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવો લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈપણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, કોઈ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી–એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે,જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશેઃ

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઇશેઃ–

(ક)લાભાર્થીની નામનોંધણી(એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ,

અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર

નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,
(૨) મતદાર ઓળખ પત્ર,
(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,
(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,
(૫) ડ્રાઈવિંગ લાઈસન્સ, અથવા
(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ દસ્તાવેજોઃ

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશેઃ–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફત,યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામ નોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફતે, નાણાકીય સહાયના હેતુ સાથે નૌપરિવહનના સાધનો (નેવિગેશનલ એઇડ) અને બીજી માળખાકીય સગવડોની યોજના પૂરી પાડતી એફએસએચ–૭ના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી મારફતે, નાણાકીય સહાયના હેતુ સાથે નૌપરિવહનના સાધનો (નેવિગેશનલ એઇડ) અને બીજી માળખાકીય સગવડોની યોજના પૂરી પાડતી એફએસએચ–૭ના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
દિપક એરડા,
સરકારના સંયુકત સચિવ.

Notification
Under
The Gujarat Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2017.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃજીએચકેએચ/૧૭૭/૨૦૧૭/બીજીટી/૨૦૧૭/૧૪૫૬/કે.૮ઃ– રાજ્ય સરકાર, લાભાર્થીઓ, બહુવિધ દસ્તાવેજો રજૂ કરવાને બદલે, "આધાર નંબર"ને ઓળખ દસ્તાવેજો પૈકીના એક ઓળખ દસ્તાવેજ તરીકે વાપરે છે, તેવી સેવાઓ, લાભો અથવા સહાયકી (સબસિડી) મેળવવા માટેની સરકારી વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા અને કાર્યકુશળતા લાવવા ઈચ્છે છે;

અને, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આવર્તક ખર્ચ કરવામાં આવે છે તેવી યોજના હેઠળ ખેડૂતો (જેનો આમાં હવે પછી, "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રોકાયેલા છે;

તેથી, હવે, ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૩જા)ની કલમ ૩ સાથે વાંચતા, કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, લાભાર્થીઓના લાભો માટે, નીચેની પાત્રતા/જરૂરિયાત સાથે, બાગાયત નિયામકની કચેરી મારફતે ખેડૂતની આવક વધારવાના હેતુથી, ડાંગ જિલ્લામાં બાગાયતની ગુણવત્તાયુકત ઉપજની ઉત્પાદકતા અને વ્યવસ્થાપન પર ધ્યાન આપીને ડાંગ જિલ્લાના, વિશેષ આદિજાતિ કાર્યક્રમ માટેની એચઆરટી–૧૦ યોજના જાહેર કરે છેઃ–

૧. (૧) યોજના હેઠળના લાભો મેળવવા પાત્ર વ્યક્તિઓએ, આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે અથવા આધાર પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

(૨) આધાર નંબર ધરાવતા ન હોય અથવા હજી સુધી આધાર નંબર માટે નોંધણી કરાવી ન હોય, પણ યોજના હેઠળના લાભો મેળવવા ઈચ્છતા, યોજના હેઠળના લાભો મેળવવા હકદાર હોય તેવા પાત્રતા ધરાવતા લાભાર્થીએ, સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, આધાર નંબર નોંધણી (એનરોલમેન્ટ) માટે અરજી કરવી પડશેઃ

પરંતુ લાભાર્થી ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ આધાર નંબર મેળવવા હકદાર રહે છે અને આવો લાભાર્થી, નામનોંધણી (એનરોલમેન્ટ) માટે, સૌથી નજીકના કોઈ પણ આધાર નામનોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકશે.

(૩) ભારત સરકારે પ્રકાશિત કરેલા આધાર (નામનોંધણી અને સુધારા) વિનિયમો, ૨૦૧૬ના વિનિયમ ૧૨ મુજબ, કે જેમાં લાભાર્થીને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની જોગવાઈઓ મુજબ, કોઈ સહાયકી (સબસિડી), લાભો અથવા સેવા મેળવવા માટેની શરત તરીકે પ્રમાણીકરણ પ્રક્રિયામાંથી પસાર થવા અથવા આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવા ફરમાવવામાં આવેલ છે તે મુજબ, બાગાયત નિયામકની કચેરી–એ, વિશિષ્ટ ઓળખ નંબર (UID)ની નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવા માટે અને અનુકૂળ જગ્યાઓએ નામનોંધણી કેન્દ્રો સ્થાપવા માટે,જિલ્લા રજિસ્ટ્રારો/મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) સાથે સંકલન કરવા સહિતના યોગ્ય પગલાં લઈને, નામનોંધણી (એનરોલમેન્ટ) કરાવવાની બાકી હોય તેવા તેના લાભાર્થીઓની નામનોંધણી (એનરોલમેન્ટ) સુનિશ્ચિત કરવી જોઈશેઃ

INDEX

પરંતુ લાભાર્થીને આધાર નંબર આપવામાં આવે ત્યાં સુધી, આવા લાભાર્થીને, નીચેના દસ્તાવેજો રજૂ કરવાની શરતને અધીન રહીને, યોજના હેઠળના લાભો આપવા જોઇશે:–

(ક)લાભાર્થીની નામનોંધણી(એનરોલમેન્ટ) કરેલ હોય, તો–

(૧) તેઓની આધાર નામનોંધણી ઓળખ (એનરોલમેન્ટ ID)ની પહોંચ,

અથવા

(૨) પરિચ્છેદ–૨–ના પેટા–પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, આધાર

નામનોંધણી (એનરોલમેન્ટ) માટે કરેલ વિનંતીની એક નકલ; અને

(ખ) નીચેના દસ્તાવેજોમાંથી કોઈ એક દસ્તાવેજ,–

(૧) ફોટોગ્રાફ સાથેની બેંકની પાસબુક,
(૨) મતદાર ઓળખ પત્ર,
(૩) કિસાન ક્રેડિટ કાર્ડ,
(૪) NREGA (નરેગા) જોબ કાર્ડ,
(૫) ડ્રાઈવિંગ લાઇસન્સ, અથવા
(૬) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા બીજાકોઈ દસ્તાવેજોઃ

વધુમાં, રાજ્ય સરકારે તે હેતુ માટે મુકરર કરેલા અધિકારીએ, ઉપરના દસ્તાવેજોની ખરાઈ કરવી જોઇશે.

૨. રાજ્ય સરકારે, લાભાર્થીઓને યોજના હેઠળના અનુકૂળ અને તકલીફ (અવરોધ) વગરના લાભો

પૂરા પાડવા માટે, નીચે પ્રમાણેની વ્યવસ્થા સહિત, તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઇશે:–

(૧) લાભાર્થીઓને યોજના હેઠળ આધાર નંબરની જરૂરિયાત અંગે માહિતગાર કરવા માટે, પ્રસારણ માધ્યમથી અથવા યોજનાના લાભાર્થીઓને, બાગાયત નિયામકની કચેરી મારફત,યોજનાના અમલીકરણનો હવાલો ધરાવતા વિભાગ મારફત વ્યક્તિગત નોટિસથી વ્યાપક પ્રચાર કરવો જોઇશે અને તેઓની અગાઉ નામનોંધણી થયેલ ન હોય, તો તેઓને તેઓના વિસ્તારમાં ઉપલભ્ય સૌથી નજીકના આધાર નામનોંધણી (એનરોલમેન્ટ) કેન્દ્ર પર સન ૨૦૧૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પોતાની નામનોંધણી કરાવવા સલાહ આપી શકાશે. સ્થાનિક વિસ્તારમાં આવેલા નામનોંધણી કેન્દ્રોની યાદી તેમને ઉપલભ્ય કરવામાં આવશે.

(૨) બાગાયત નિયામકની કચેરી મારફતે ખેડૂતની આવક વધારવાના હેતુથી, ડાંગ જિલ્લામાં બાગાયતની ગુણવત્તાયુકત ઉપજની ઉત્પાદકતા અને વ્યવસ્થાપન પર ધ્યાન આપીને ડાંગ જિલ્લાના, વિશેષ આદિજાતિ કાર્યક્રમ માટેની એચઆરટી–૧૦ યોજનાના લાભાર્થીઓ, નજીકના વિસ્તારમાં નામનોંધણી કેન્દ્રો ઉપલભ્ય ન હોવાને કારણે, આધાર નંબર માટે નામનોંધણી કરાવવા સક્ષમ ન હોય, તો બાગાયત નિયામક–એ, અનુકૂળ જગ્યાઓએ આધાર નામનોંધણી સુવિધાઓ ઊભી કરવાની રહેશે અથવા બાગાયત નિયામકની કચેરી મારફતે ખેડૂતની આવક વધારવાના હેતુથી, ડાંગ જિલ્લામાં બાગાયતની ગુણવત્તાયુકત ઉપજની ઉત્પાદકતા અને વ્યવસ્થાપન પર ધ્યાન આપીને ડાંગ જિલ્લાના, વિશેષ આદિજાતિ કાર્યક્રમ માટેની એચઆરટી–૧૦ યોજનાના લાભાર્થીઓએ, પોતાના નામ, સરનામાં, મોબાઈલ નંબર અને પરિચ્છેદ ૧(૩)(ક)(૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની બીજી વિગતો, બાગાયત નિયામકને આપીને અથવા આ હેતુ માટે જોગવાઈ કર્યા પ્રમાણે વેબ પોર્ટલ મારફત રજૂ કરીને તેમની વિનંતી રજિસ્ટર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.ડી.દવે,

સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 346

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, DECEMBER 22, 2017/PAUSA 1, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૧૧૦) જીએસટી-૨૦૧૭/એસ.૧૪૭(૧)-ઠ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ssd\M\All Gazatte BackUp\2017\Extra Ordinary\Extra-2017\IX\IX Ex.346-GSTACT2017-Dt.27-12-2017_SBP.doc

INDEX

Notification

Under

The Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

જાહેરનામું ક્રમાંક: ૪૮/૨૦૧૭ – રાજ્ય વેરો

તારીખ: ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન–૧૧૦)જીએસટી–૨૦૧૭/એસ.૧૪૭(૧)–૬:–ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૪૭ થી મળેલી સત્તાની રૂએ, કાઉન્સિલની ભલામણોને આધારે, ગુજરાત સરકાર, આથી, નીચેના કોષ્ટકના કોલમ (૨)માંની યાદીમાં દાખલ કરેલ માલના પુરવઠાને માની લીધેલા નિકાસ તરીકે જાહેર કરે છે.

કોષ્ટક

અનુક્રમાંક	**પુરવઠાનું વર્ણન**
(૧)	**(૨)**
૧.	અગાઉ આપવામાં આવેલી અધિકૃતિ સામે રજિસ્ટર થયેલ વ્યક્તિ દ્વારા પૂરો પાડવામાં આવતો માલનો પુરવઠો.
૨.	નિકાસને પ્રોત્સાહન આપતા મૂડીગત માલ અંગેની (આપવામાં આવેલી) અધિકૃતિ સામે રજિસ્ટર થયેલ વ્યક્તિ દ્વારા પૂરો પાડવામાં આવતો મૂડીગત માલનો પુરવઠો.
૩.	રજિસ્ટર થયેલ વ્યક્તિ દ્વારા નિકાસલક્ષી એકમને પૂરો પાડવામાં આવતો માલનો પુરવઠો.
૪	અગાઉ આપવામાં આવેલી અધિકૃતિ સામે, તારીખ:૩૦મી જૂન, ૨૦૧૭ના (સુધારો કર્યા મુજબના) જાહેરનામા ક્રમાંક. ૫૦/૨૦૧૭–સીમાશુલ્ક–માં નિર્દિષ્ટ થયેલ બેંક અથવા જાહેર ક્ષેત્રના અન્ડરટેકિંગ દ્વારા પૂરું પાડવામાં આવતું સોનું.

સ્પષ્ટીકરણ.–

આ જાહેરનામાના હેતુઓ માટે,–

૧. "અગાઉ આપવામાં આવેલી અધિકૃતિ" એટલે વિદેશી વ્યાપાર નીતિ ૨૦૧૫–૨૦ના પ્રકરણ ૪ હેઠળ વિદેશી વ્યાપારના મહાનિયામક–એ પ્રત્યક્ષ (વાસ્તવિક) નિકાસ માટે પૂર્વ– આયાતના આધારે, આયાત અથવા ઘરગથ્થુ પ્રાપ્તિ માટે આપેલી અધિકૃતિ.

૨.નિકાસને પ્રોત્સાહન આપતા મૂડીગત માલ અંગેની (આપવામાં આવેલી) અધિકૃતિ એટલે વિદેશી વ્યાપાર નીતિ ૨૦૧૫–૨૦ના પ્રકરણ ૫ હેઠળ વિદેશી વ્યાપારના મહાનિયામક–એ પ્રત્યક્ષ (વાસ્તવિક) નિકાસ માટે મૂડીગત માલની આયાત માટે આપેલી અધિકૃતિ.

૩. "નિકાસલક્ષી એકમ"એટલે વિદેશી વ્યાપાર નીતિ ૨૦૧૫–૨૦ના પ્રકરણ ૬ની જોગવાઇઓ અનુસાર મંજૂર થયેલ કોઇ નિકાસલક્ષી એકમ અથવા ઇલેક્ટ્રોનિક હાર્ડવેર ટેકનોલોજી પાર્ક યુનિટ(એકમ) અથવા સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક યુનિટ(એકમ) અથવા બાયોટેકનોલોજી પાર્ક યુનિટ(એકમ).

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

– – – – – –

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 347

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, DECEMBER 22, 2017/PAUSA 1, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૧૧૧) જીએસટીઆર-૨૦૧૭/આર.૮૯(૨)(૧)-ઠ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ssd\M\All Gazatte BackUp\2017\Extra Ordinary\Extra-2017\IX\IX Ex.347-GSTACT2017-Dt.27-12-2017_SBP.doc

INDEX

Notification

Under

The Gujarat Goods and Services Tax Rules, 2017.

ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

જાહેરનામું ક્રમાંક: ૪૯/૨૦૧૭ – રાજ્ય વેરો

તારીખ: ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭.

ક્રમાંક:(જીએચએન-૧૧૧)જીએસટીઆર-૨૦૧૭/આર.૮૯(૨)(૧)-ઠ:-ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ના નિયમ ૮૯ના પેટા-નિયમ (૨)ના ખંડ (જ)થી મળેલી સત્તાની રૂએ, નાણા વિભાગના તારીખ: ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭ના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચએન-૧૧૦) જીએસટી-૨૦૧૭/એસ.૧૪૭(૧)- ઠ.થી પ્રસિદ્ધ થયેલ તારીખ: ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: ૪૮/૨૦૧૭-રાજ્ય વેરો. સાથે વાંચતા, ગુજરાત સરકાર આથી, નીચેના કોષ્ટકના કોલમ (૨)માં વિગતવાર દર્શાવ્યા મુજબની નીચેની બાબતોને પુરાવા તરીકે જાહેર કરે છે, જે માની લીધેલા નિકાસ પુરવઠાના પુરવઠાકાર દ્વારા રિફંડનો દાવો કરવા માટે રજૂ કરવાનું ફરમાવવામાં આવ્યું છે:-

કોષ્ટક

અનુક્રમાંક	**પુરાવો**
(૧)	**(૨)**
૧	અગાઉ (આપવામાં આવેલી)ની અધિકૃતિના ધારક અથવા યથાપ્રસંગ, નિકાસને પ્રોત્સાહન આપતા મૂડીગત માલ અંગેની (આપવામાં આવતી) અધિકૃતિના ધારકના હકૂમત સંબંધી વેરા અધિકારી દ્વારા આપવામાં આવતી પહોંચ જેમાં દર્શાવવામાં આવ્યું હોય કે સદરહુ અગાઉની અધિકૃતિ અથવા નિકાસને પ્રોત્સાહન આપતા મૂડીગત માલ અંગેની અધિકૃતિના ધારક દ્વારા સદરહુ માની લીધેલો નિકાસ પુરવઠો મેળવવામાં આવ્યો છે અથવા જેના હેઠળ પુરવઠાકાર દ્વારા આવો પુરવઠો મોકલવામાં આવ્યો હોય તેવા પુરવઠો લેનાર નિકાસલક્ષી એકમ દ્વારા યોગ્ય રીતે સહી કરેલ વેરા ભરતિયાની નકલ જેમાં દર્શાવવામાં આવ્યું હોય કે તેણે (પુરવઠો લેનાર નિકાસલક્ષી એકમ-એ) સદરહુ માની લીધેલો નિકાસ પુરવઠો મેળવ્યો છે.
૨	માની લીધેલા નિકાસ પુરવઠા લેનાર દ્વારા આપવામાં આવતી બાંયધરી કે જેમાં દર્શાવ્યું હોય કે આવા પુરવઠા પર તેણે (માની લીધેલા નિકાસ પુરવઠા લેનારે) કોઇપણ ઇનપુટ વેરા શાખ મેળવેલ નથી.
૩.	માની લીધેલા નિકાસ પુરવઠા લેનાર દ્વારા આપવામાં આવતી બાંયધરી કે જેમાં દર્શાવ્યું હોય કે આવા પુરવઠાના સંબંધમાં તેણે (માની લીધેલા નિકાસ પુરવઠા લેનારે) રિફંડ અંગેનો દાવો કરવો જોઇશે નહિ અને પુરવઠાકાર, રિફંડ અંગેનો દાવો કરી શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 348 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, DECEMBER 26, 2017/PAUSA 5, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ડિસેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**–ના તારીખ: **૧૪મી માર્ચ, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક : જીએસ–૨૦૧૭–૦૯–બીઆરટી–૧૦૨૦૧૬–૧૦૫૦(૬૫૪૮૨૩)–કે–.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

\\ssd\M\All Gazatte BackUp\2017\Extra Ordinary\Extra-2017\IX\IX Ex.0348GujaratCivilServices..@..Dt..30-12-17.doc

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Administrative Service, Class I and the Gujarat Civil Service (Class I and Class II), Competitive Examination Rules, 2017.

ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧ અને ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨), સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી

જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી માર્ચ, ૨૦૧૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીએસ/૨૦૧૭/૦૯/બીઆરટી/૧૦૨૦૧૬/૧૦૫૦(૬૫૪૮૨૩)/કે:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧ અને ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨), સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧ અને ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨), સ્પર્ધાત્મક પરીક્ષા (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧ અને ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨), સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૩માં, પેટા–નિયમ (૧)માં, વિદ્યમાન પરંતુક ને બદલે, નીચેનો પરંતુક મૂકવો:–

"પરંતુ ઉમેદવારો, જેઓ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય, જે પરીક્ષા પાસ કરવાથી તેઓ પ્રારંભિક પરીક્ષા માટે શૈક્ષણિક રીતે લાયક ઠરતા હોય, પણ પરિણામની તેમને જાણ કરવામાં આવેલ ન હોય, તેમજ એવી લાયકી પરીક્ષામાં બેસવા માગતા હોય તેવા ઉમેદવારો પણ પ્રારંભિક પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે. મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે આયોગે જેને લાયક જાહેર કરેલ હોય તેવા તમામ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા માટે રજૂ કરેલી તેમની અરજીની સાથે જરૂરી પરીક્ષા પાસ કર્યાની સાબિતી (પુરાવો) રજૂ કરવી જરૂરી રહેશે; જેમાં નિષ્ફળ રહ્યે, એવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહિ, પણ ઉમેદવાર આયોગે જાહેરાતમાં જણાવેલ તારીખે લઘુત્તમ વયનો માપદંડ પૂર્ણ કરતો હોવો જોઇશે."

૩. સદરહુ નિયમોમાં, અનુસૂચિ ૨–માં,–

(૧) વિભાગ–૨ હેઠળની, વિદ્યમાન નોંધ:૪ને બદલે, નીચેની નોંધ મૂકવી:–

"૪. અંધ ઉમેદવારોને, દરેક પ્રશ્નપત્ર દીઠ દર કલાકે, વીસ મિનિટનો વળતર સમય આપી શકાશે.";

(૨) વિભાગ–૩ હેઠળની, વિદ્યમાન નોંધ–૬ને બદલે, નીચેની નોંધ મૂકવી:–

"૬. અંધ ઉમેદવારોને, દરેક પ્રશ્નપત્ર દીઠ દર કલાકે, વીસ મિનિટનો વળતર સમય આપી શકાશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.એચ.મન્સુરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.